[redacted]RMA KAVITA

OR

[redacted]HE POETICAL WORKS

OF

[redacted]KAVI NARMADASHANKER LALSHANKER.

IN TWO VOLUMES VOL. I.

Bombay

GUJARATI PRINTING PRESS SERIES.

1888.

Price Rs 7

Copy Right.

BOMBAY:

PRINTED AT THE "GUJARATI" PRINTING PRESS,
BY RATANJEE N. ANTIA.

નર્મ કવિતા.

(કવિ નર્મદાશંકર લાલશંકરની સંપૂર્ણ કવિતાનો સંગ્રહ.)

બે ગ્રંથમાં—ગ્રંથ ૧ લો.

જયશંકર નર્મદાશંકર લાલશંકરે

છપાવી પ્રસિદ્ધ કીધી.

આવૃત્તિ ત્રીજી.

મુંબઈ

"ગુજરાતી" પ્રેસ સીરીઝ.

૧૮૮૮

બંનો ભાગની કિમ્મત રૂ ૭.

કવિતાનાં ભણવાંથકી, મનરંજન થઈનય;
નીતિવાત મનમાં ઠસે, **અચ્યુત**ઓળખ થાય.—૧.

ધર્મનીતિના જ્ઞાનથી, અહિં ને તહિં સુખ થાય;
સર્વે વિઘ્ન આધાં ખસે, મનમળ નિકળીજાય.—૨.

વિદ્યા ધરસુધરાઇ ને, સ્વદેશનૂં અભિમાન–
આણે સુખસંપત બહૂ, ઝટ દેશમાં જાણ.—૩.

પ્રીતીથી કુમળૂં બને, હૈડૂં ટેક અણાય;
વિવિધ વિષય અનુભવ વધે, સારાસાર જણાય.—૪.

રચના રૂડી છંદમાં, તે કવિતા નવ હોય;
અર્થચમત્કૃતિચિત્ર તે, **કવિતા**;–રસથી રહેવાય.—૧

HARIPRASAD SANTOKRAM DESAI ESQ.

~~JUSTICE OF THE PEACE.~~

BHAVNAGAR.

SIR,

You were intimate with my late father for over twenty years, and fully appreciate his poetry. Of noble lineage, you are a scholar and a statesman and withal have a cultivated taste for poetry and literature ; you are a great promoter of female education; you are ever ready with charities to the poor and the destitute; you have established charitable *annasattras* and have ever been extending your charitable hand in various cases unknown to the world ; you are noble of heart, and religious minded. In respectful remembrance of your above noble virtues, and in accordance with a desire expressed by my deceased father, I beg to dedicate this volume of "*Narma Kavita*" complete, to you, and trust you will accept the same.

Yours obediently

JAYASHANKER NARMADASHANKER LALSHANKER.

રાજ્યમાન્ય રાજશ્રી

હરિપ્રસાદ સંતોકરામ દેસાઈ

જે. પી.

રાજશ્રી, આપ મારા કૈલાસવાસી પિતાજીના ૨૦ કર્તાં વધુ વર્ષના સ્નેહિ છો; ને તેમની કવિતાના મોટા આસક્ત છો. ઉચ્ચ સકુળોત્પન્ન, મહાનુભાવ, વિદ્વાન, ને રાજકાજમાં નિપુણ સાથે એક ઉત્તમ રસીક જન છો. સ્ત્રી કેળવણીના મુખ્ય સહાયક છો, નિરાશ્રિતોને દાન ધર્મ કરવામાં સદાદ્રિત ઉમંગી છો, તમોએ અન્નછત્રો બાંધ્યાં છે, ને ગુપ્તદાન પણ સારે સારે સ્થળે કીધાં છે. રાજકાજમાં તમારૂં કૌશલ્ય ઉચ્ચ સદ્‌ગુણોથી ભરેલું છે, હૃદયે ઉદાર છો, ને ધર્મબુદ્ધિવાળા છો, એ સઘળાના સ્મરણાર્થ કૈલાસવાસી મારા પૂજ્ય પિતાજીની ઇચ્છાનુસાર આ સંપૂર્ણ **નર્મ કવિતા**નો ગ્રંથ તમોને અર્પણ કરૂં છું તે સ્વીકારશો.

તમારો કૃપાકાંક્ષી

જયશંકર નર્મદાશંકર લાલશંકર.

પ્રસ્તાવના.

નર્મકવિતાને પ્રસ્તાવનાની જરૂર શી? પ્રસ્તાવના, એટલે ગ્રંથના ગુણપરિશ્રમાદિક સંબંધી જે પૂર્વકથની, તે તો નવા-અજાણ્યા પુસ્તકને માટે હોય. પ્રસિધ્ધ પુસ્તકોનું નામ એજ તેની મોટી પ્રસ્તાવના છે. સોનાને રસવું શું, અને સૂર્યને ઓળખાવવો શો?

એ તો કયારનું સર્વાનુમતે સિધ્ધ થઈ ચૂકયું છે કે આ જમાનાના કવિ તે બેજ:—નર્મદાશંકર અને દલપતરામ. આ સમે કવિતા કરનારા તો જોઇએ તેટલા છે, અને તેમાં થોડાક સારા કવિ પણ છે, પરંતુ જ્યાં કવિ શબ્દનું ઉચ્ચારણ કર્યું ત્યાં પ્રથમ પ્રતીતિ સર્વે ગુજરાતીના મનમાં આ બેમાંનાજ કોઇએકની થાય છે. ગુજરાતના આ છેડાથી પેલા છેડા સુધી અને બાળ કે યુવાથી વૃદ્ધ પર્યંત સર્વેને જાણીતા એવા તો આ જમાનાના કવિ એજ બે છે. એ બંનેની પ્રસિદ્ધિમાં ફેર હશે, બંનેની પરસ્પર ગણનામાં મત ભેદ છે, અને વખતે એકથી મોહિત જનો બીજાને દોષ-પાત્રજ ઠેરવવા મથતા હશે, તોપણ નિષ્પક્ષપાત ગંભીર બુદ્ધિને તો એ બંને આ જમાનાની કાવ્ય મૂર્ત્તિના પ્રતિબિંબ રૂપે સમાનજ પ્રકાશતા માલમ પડે છે. દેશ કાળથી પર એવી જે સામાન્ય કવિ રૂપ ગણના તે તો એ બંનેની હવે પછીના જમાનામાં યથાર્થપણે થાય, પરંતુ જો એ બંનેની શૈલીનું કાંઈ પ્રથકરૂપણે સ્વરૂપ જાણ્યું હોય, તો મિથ્યા ખેંચાખેંચ કોઇને રહે નહિ.

દલપતરામની કવિતા શાંત બુદ્ધિની, વ્યવહારમાં કુશળ, ચતુરાઇની ભરી, અને સભારંજની છે. એ નવે રસમાં પ્રસંગોપાત વિચરે છે, પણ તે શાંતિ અને વિવેકની સાથે. વ્યવહારની મર્યાદા એજ આ કવિતામાં રસના સંભવાસંભવની મર્યાદા છે. કોઇપણ રસની મસ્તિ એ આ કવિતાને મન ગાંડાઇ છે. સંસારનું શાંત બુદ્ધિથી અવલોકન કરવું અને તેમાંથી વ્યવહારોપયોગી બોધ લેવો,

એ દલપત શૈલીને સૌથી વધારે રૂચિકર છે. એ શૈલી જાતે દર્દથી મુક્ત હોવાને લીધે બે ઘડી નવરાશની વેળાએ વિનોદ કરવો એમાંજ મોટું સુખ માણે છે. ડાઊકું હાસ્ય (HUMOUR), મર્માળાં કટાક્ષ (WIT), વાણીની મીઠાશ, અને રચનામાં વિવિધ પ્રકારનાં ચાતુર્ય, એ વડે દલપત શૈલીનાં શાંત ને સુબોધક વર્ણનો ઝગઝગી રહ્યાં છે. દલપતરામની સદા ચોટ સભાનાં મનરંજન કરવા ઉપરજ રહેલી હોય છે, અને તેમાં તે બરાબર ફતેહ પામે છે, કેમકે શ્રોતાના મનમાં ઉતરીને તેને કેમ લાગે છે તે જોવાની શક્તિ આ કવિતામાં છે.

નર્મદ શૈલીનું સ્વરૂપ તથા ઉદ્દેશ આથી ઉલટાંજ છે. એ સભાને રંજન કરવા નહિ, પણ પોતાના અંતરનો ઉભરો બહાર કાઢવાજ કવિતા કરે છે. કવનવેળા દલપતરામની સમક્ષ જેમ શ્રોતાની મૂર્ત્તિ આવીને ઉભી રહે છે અને તે તરફ જોઇ જોઇનેજ એ પોતાની શૈલીનો ઘાટ ઘડે છે; તેમ અહિંયા કવિતા કરવાને સમે અમુક લાગણી કવિની રગેરગમાં વ્યાપી રહે છે, અને તે જેમ પ્રેરે છે, તેમજ એ ઉદ્‌ગાર કરે છે. નર્મદની લાગણી ક્વચિત્‌જ વિનોદી, પણ બહુધા તો ગંભીર અને આતુર એટલે દર્દથી ઉછળતી હોય છે. એ કારણથી નર્મદ શૈલી હમેશાં પોતાનાજ તાનમાં મસ્ત રહે છે. વખતે મદોન્મત્ત થઈ ભાષા તથા વ્યવહારનાં બંધનો પણ એ તોડી નાંખે છે. શાંતવૃત્તિમાં પણ નર્મદની કાવ્યદેવી વ્યવહારના પટને ભેદી શાસ્ત્રીય, કે કાલ્પનિક પ્રદેશમાંજ ભ્રમણ કરવાનું પસંદ કરે છે. નર્મદ શૈલીમાં સ્વભાવ તથા શાસ્ત્રનું બળ ઘણું, પણ ચાતુર્યનું થોડુંજ દીઠામાં આવે છે.

પ્રાકૃત કવિઓ કવિતાના અંગમાં રસ ને ચાતુર્ય એવાં બે વાનાં જૂદાં ગણાવતા આવ્યા છે. કોઇ પૂછશે કે ચાતુર્ય તે જૂદું અંગ કેમ સંભવે? રસ વિનાની તે કવિતાજ કેમ કહેવાય? અમારી સમજમાં એનું સમાધાન આ પ્રમાણે છે. આ ઠેકાણે રસ શબ્દનો અર્થ "रसात्मकंवाक्यंकाव्यं" એ સિદ્ધાંતમાં જેટલા બાહુલ્યથી થાય છે તેમ કરવો નહિ, પણ એમાં ગંભીર મસ્ત રસ છે તેટલાજ ગણવા, અને હાસ્યાદિક લલિત રસોને અથવા રસનાં લલિત રૂપોને

ચાતુર્યના પેટામાં મૂકવાં; કવનવેળા કવિના ચિત્તની સ્વસ્થતા, પદ્ય-બંધ કળાનું પરિપૂર્ણ કૌશલ્ય, અને શ્રોતાને રંજન કરવાની વૃત્તિ તથા શક્તિ, એ ચાતુર્ય શૈલીની કવિતાનાં મુખ્ય લક્ષણ છે. ચાતુર્ય શૈલી રાજદરબાર તથા સભાઓમાં બહુ પોષાય છે, અને તેથી અમે તેને અહિંયા સભારંજની કહી છે.

છેવટે ટુંકામાં એકજ શબ્દમાં કહીએ, તો દલપતરામની શૈલી સભારંજની, અને નર્મદાશંકરની તે મસ્ત. આ શૈલીઓ પરસ્પર અપ્રમેય (INCOMMENSURABLE) એટલે એક બીજા સાથે માપી શકાય એવીજ નથી. તે પોતપોતાને સ્થળે ઉત્તમજ છે. દેશ સુધા-રણાના વિષયમાં આ પ્રથક્ પ્રથક્ શૈલીઓ આ બે કવિઓએ વાપરી છે, અને તેમનું ફળ જૂદે જૂદે રૂપે પણ એકજાતનું અને સમાનજ થયું છે. દલપતરામે હસાવી રમાડી ધીમે ધીમે લોકને વહેમો ઉપર અનાદર કરાવ્યો; અને નર્મદાશંકરે "યાહોમ કરીને પડો" એવી મસ્ત વાણીથી તેમને તે છોડવા પ્રવર્ત્તમાન કર્યા. આ બંનેની કવિતાનો કેટલોક ભાગ ગુજરાતી ભાષામાં અપૂર્વ અને લાંબા વખત સુધી રહે એવો છે.

સુધારણાનું નામ લેતાં અમને સાંભરી આવે છે કે નર્મદા-શંકર કવિ રૂપેજ નહિ પણ અનેક રૂપે આ જમાનાના એક મુખ્ય અગ્રણી હતા. ગુજરાતી ભાષામાં પ્રથમ કોશકાર, પ્રથમ પિંગળકાર, પ્રથમ રસાલંકારની સમજ આપનાર, અને પ્રથમ રૂઢ ગદ્ય લખનાર તે નર્મદાશંકરજ છે. નોકરી ધંધો છોડી કલમનેજ પોતાનું સર્વસ્વ જીવન અર્પણ કરવાનું મહામાન નર્મદાશંકરનેજ છે. દેશાભિમાન શબ્દ પેહેલ વેહેલો નર્મદાશંકરેજ ગુજરાતી ભાષાને આપ્યો, અને તે લાગણીના ઉત્તમ નમુના રૂપ એમનું જીવન હતું. રાજકીય બાબતો ઉપર પેહેલ વેહેલો વિચાર કરનાર ને લખનાર પણ આ કવિજ, કે જે વેળા આખા સુધારા સાથ માત્ર ઉચ્છેદક સંસાર સુધારાની ચર્ચામાંજ ગુંથાએલો હતો. સંસાર સુધારાને તો કવિએ આખા દેશમાં એકવાર ગજાવી મૂકયો હતો, અને તેને ઉચ્છેદક રૂપ આપનારામાં કવિ સૌથી મોખરે હતા. આજ કાલ જે આખા

ભરતખંડમાં સર્વ ઠેકાણે જમાનાની ઝોક ધર્મ સંરક્ષણ તરફ દેખાય છે તેની અસર પણ ગુજરાત ખાતે પેહેલ વેહેલી નાજુક પારદ્ય યંત્રની (BAROMETER) પેઠે નર્મદાશંકરનાજ અંતઃકરણ ઉપર થઇ; અને તે થઇ એટલે એણે પોતાનું મતાંતર જાહેર કરવામાં કાંઇપણ ખોટી લજ્જા ન રાખતાં, તે દૃષ્ટિએજ દેશહિતના વિચાર પ્રબોધનારામાં અગ્રણી પદ ધારણ કર્યું. ટુંકામાં આ જમાનાની, એટલે પાછલા ત્રીશ પાંત્રીશ વર્ષમાં ગુર્જર મંડળના ચિન્મય આકાશમાં જે જે લીલાઓ થઇ છે તેની ખરેખરી મૂર્ત્તિ નર્મદાશંકર છે. નર્મદાશંકરનેજ આ કાળની સમયમૂર્ત્તિ અમે ગણીએ છિયે.

આવો સમયમૂર્ત્તિ પુરૂષ જે કવિ હોય છે, તો તેનાં કાવ્યમાં તે સમયનું સર્વાંગ ચિત્ર તેના વિવિધ રંગ, પ્રકાશ ને છાયા સહિત આવી જાય છે. નર્મકવિતા આવી જાતનું પુસ્તક છે, અને તેથી તે જેટલું મસ્ત શૃંગારના ભોગીને તેટલુંજ ઉછળતા સુધારકને, અને જેટલું ઉછળતા સુધારકને તેટલુંજ વિચારતવંત દેશ હિતૈષીને પ્રિય છે. સ્વાતંત્ર્ય તથા દેશભક્તિનું મસ્તપાન કરવાનું તો આખા ગુર્જર કાવ્ય પ્રદેશમાં આજ વિરલું સ્થળ છે.

આવી અનેક રસમય, અનેક ગુણમય, ને આ જમાનાના અંતરાત્માની પ્રત્યક્ષજ આરસી તેનો તે પ્રસ્તાવ અમે શું કરીએ? વાંચો, એનો રસ ચાખો, ઉચ્ચ વૃત્તિઓ ખીલવો, ને નર્મદ કવિની દેશાભિમાન રૂપી અમૂલ્ય પ્રસાદી પામી "ભવ રણમાં પ્રેમ શૌર્યથી ઘૂમો!" તથાસ્તુ!

રાજકોટ
તા૦ ૧-૧૨-૮૭.

નવલરામ લક્ષ્મીરામ.

કવિજીવન.*

(લખનાર નવલરામ લક્ષ્મીરામ.)

દુહા.

હે! નર્મદ! મમ મિત્ર! તુજ કરું શ્રાદ્ધ હું આજ!
લે! અર્પું યશ અંજલી—પિતૃ લોક પ્રિય ખાજ.

શ્રદ્ધાથી સંભારવા, ગંભિર થઇ ગત જંન,
તેનું નામજ શ્રાદ્ધ છે, બુદ્ધિ શુદ્ધિ સાધંન.

શ્રાદ્ધ મિત્રનું શાસ્ત્રમાં, લખી ગયા રસ ભણ,
સહજ સ્વભાવે આજ હું કરું છું તે નિર્વાણ.

પિંડદાન, જલદાન, એ આદિક વિધિ વિવિધ;
તથાપિ પંડિત શ્રાદ્ધમાં યશાંજલી જ ઉચિત.

કવિ નર્મદાશંકરનો જન્મ સુરત શહેરમાં સંવત ૧૮૮૯ ના પહેલા ભાદરવા શુદ દશમને શનિવારે, એટલે, ઇસપીસન ૧૮૩૩ ના આગસ્ટ મહીનાની ૨૪ મી તારીખે વાહાણાના પહોરમાં સૂરજ ઉગતાં થયો હતો. એમના બાપનું નામ લાલશંકર પુરૂષોત્તમ દવે હતું, અને તે જ્ઞાતે સુરતવાસી વડનગરા નાગર બ્રાહ્મણ હતા.

દવે લાલશંકરની સંસારીસ્થિતિ મધ્યમપણે સારી હતી, એટલે તેઓ ખાતાપીતા અને નાતજાતમાં સારા કહેવાતા હતા. તેમને કેટલોક વેદાભ્યાસ તથા સંસ્કૃત ભાષાનું પણ સાધારણ જ્ઞાન હતું, પરંતુ તે યાચકવૃત્તિ ન કરતાં પોતાનો નિર્વાહ પોતાના બાપનું લહીઆનું જ કામ કરીને ચલાવતા. કર્નલ જર્વિસના ઉપરીપણા હેઠે નિશાળોને વાસ્તે જે તે

---

*આ જીવનનિરૂપણ ગ્રંથકાર તરીકેનું જ અને તે પણ સંક્ષેપમાં લખીશું. લખાણમાં આવેલી હકીકતોનો લગભગ બધો આધાર કવિએ પોતેજ સને ૧૮૬૬ "મારી હકીકત" એ નામે સ્વજીવન (Auto-biography) લખીને છપાવી બાનગી રાખી મૂકયું હતું તે ઉપર રાખવામાં આવ્યો છે.

વેળા ગ્રંથો શીલા છાપથી મુંબઇમાં છપાતા હતા તેમાં એ ૩૦ રૂપિયાને પગારે લખવા ઉપર કેટલાંક વર્ષ સુધી હતા, અને પછીથી મુંબાઇની સદર અદાલતમાં ૧૫ થી ૩૦ સુધીની કારકુની ઉપર પોતાનો જન્મારો પૂરો કીધો. દવે લાલશંકરની રીતભાત પ્રતિષ્ઠિત, પ્રેમી ને શાણી હતી. એ વ્યવહારમાં કુશળ, અને સ્વભાવે ઉદ્યોગી તથા સંતોષી હતા. સદર અદાલતમાં હતા ત્યારે આડે રસ્તે પાઇ પણ મેળવવાની કાંઇ દાનત ન રાખતાં ખાનગી રીતે પોતાનું જે પુસ્તકો લખવાનું મૂળ કામ તેજ કરીને પોતાની ટુંકી કમાઇમાં વધારો કરતા. એ ગાઈ જાણતા, અને શામળભટની વાર્ત્તાઓ પહેલ વહેલી બાપુ હરશેઠે બહાર પાડી તેને તે કામની પ્રેરણા કરનાર તથા પુસ્તકો આણી આપનાર આ નર્મદ કવિના પિતાજ હતા.

કવિની માનું જન્માક્ષર નામ નવદુર્ગા, પણ તેને સૌ નાની તથા સાસરેથી રૂકમણીવહુ કહેતા. એને લખતાં વાંચતાં, ભરતાં શીવતાં, ને ગીતો ગાતાં સારૂં આવડતું, અને તે ઘર કામમાં કુશળ, સુઘડ, ઉદ્યોગી, કરકસર સમજનારી, તથા સંતોષી હતી. એનો સ્વભાવ ગરીબ, મળતાવડો, ને દયાળુ હતો. કવિ લખે છે કે "એને પોતાનાં ગરીબ સગાંની ઘણી દાઝ હતી, ને વેળાએ વેળાએ તેઓને લૂગડાં વિગેરે આપી મદદ કરતી. એ એકલી પડતી ત્યારે પોતાનાં મરી ગએલાં વાહ્લાંને સંભારી રડતી. એને પૂજા પાઠનું બહુ ગમતું હતું–કોઇ માગનારને ભીખ આપ્યા વિના પાછું કાઢતી નહિ." આવી કોમળ પ્રકૃતિ છતાં એ પોતાના છોકરાને ધાકમાં રાખવા ઘણી ખંતી હતી, કેમકે બાપનો તો છેવટની ઘડી સુધી પોતાના પુત્રની ઉપર એટલો બધો પ્યાર હતો કે તેને કદી કાંઇ પણ કહેતા નહિ.

ધાકમાં રાખવાની જરૂર પડે એવી આ કવિની બાળપણમાં તો પ્રકૃતિજ નહોતી. પોતે લખે છે કે "નાનપણમાં મારી તબિયેત ધિકા મસ્તી વાળી તોફાની નહીં, પણ ઠાવકી; તોપણ મરજી મુજબ ન થયેથી મીંઢો થઇ ખુણામાં ભરાઇ ધીમે ધીમે રડયા કરૂં તેવી ખરી–ચ્હીડીને હાથ પગ અફાળું તેવી નહી. હું માબાપ સિવાય બીજા કોઇને દેખું કે શરમાઇ ખુણામાં અથવા માની સ્હોડમાં ભરાઈ જતો; ચ્હીકણુ પણ હતો."

પોતેજ આમ લખે છે એટલે તે ખરૂં, પણ બાકી નર્મદાશંકરનેતે ચ્હીકણુ કે શરમાળ કોણ ધારત ? નાહનપણમાં આવી પ્રકૃતિ થઇ જવાનું

કારણ મુંબાઇમાં બાળકો ભેળાં મેદાનમાં રમવાનું થોડું જ, એ હશે એમ અમને લાગે છે. કવિ લખે છે કે "નાહનપણમાં છોકરાઓમાં હું ઘણું રમ્યો નથી. સુરતમાં વેળાએ હું છોકરાઓના ટોળામાં જતો ખરો, પણ રમતમાં સામેલ ન થતાં આઘો રહી જોયાં કરતો." મુંબઇમાં ઉછરેલા છોકરા સુરત આવે છે, ત્યારે આવોજ દેખાવ બહુધા આપે છે. વળી લખે છે કે "મને જન્મથી રમવા ઉપર ઘણો શોખજ નહિ—" એ અમને આબેહુબ ખરૂં લાગે છે, કેમકે આતો અમારા અનુભવની વાત છે કે કવિ મોટપણે જે વેળા લાલાઇને માટે લોકની બત્રીશીએ બહુજ ચઢ્યા હતા તે વેળાએ પણ એની વૃત્તિ મિત્ર મંડળમાંએ રમતીઆળ નહિ, પણ ગંભીર, આતુરતાભરેલી, અને વિચારવંતજ દેખાતી. તે છતાં જો તે વેળા નિશાળોમાં "ક્રિકેટ" ને "ફૂટ બૉલ" જેવી ઉત્સાહી તથા સ્પર્ધાની રમતો હોત તો આ બાળ કવિ તેમાં ઘૂમ્યા વિના રહેત નહિ એમ અમને લાગે છે. રમતો, જે શરીર કેળવણીનું મોટું સાધન છે, તે આ કારણોથી નર્મદાશંકરને બાળપણમાં મળી શકી નહિં, પણ એણે સમજીને કિશોરાવસ્થામાં ડંડ મુગદળનો કાંઇક અભ્યાસ કર્યો હોય એમ એના બાંધા ઉપરથી તો જણાતું હતું. કવિનું કાઠું મધ્યમ પણ ભરેલું અને કસાએલું હતું, અને એનું ઉછળતું લોહી એજ ઘણા એના ચાંચલ્યનું કારણ અમે સમજીયે છિયે. કવિનું શરીર બાળપણથી નિરોગી હતું—માત્ર સાતમે વર્ષે છએક મહીનાનો મોટો પછાડો ખાધો હતો.

પાંચ વર્ષની ઉમર થઇ કે આ બાળકવિને ગામઠી નિશાળે બેસાડયો. ત્યાં આંક વિગેરે ભણી રહ્યો, કે સરકારી નિશાળે મૂકયો. અહિંયાં સાડાત્રણ વર્ષે ગુજરાતી અભ્યાસ બધો પૂરો કરી બાર વર્ષની ઉમરે પ્રોફેસર હાર્કનેસના મોંઢાગળ પરીક્ષા આપી એલ્ફિન્સ્ટન સ્કૂલમાં એ દાખલ થયો. જાણવું જોઈએ કે નર્મદાશંકરનો જન્મ સુરતમાં થયલો, પણ બાપને મુંબાઇ નોકરી હોવાથી એ ત્યાંજ ઉછર્યા તથા કેળવાયા હતા. વતન હોવાથી પ્રસંગોપાત્ સુરત પણ બે માસ આવવું જવું થતું, પરંતુ સ્થાયી નિવાસ મુંબઇમાંજ.

કવિ નોંધે છે કે "સને ૧૮૪૫ ની ૬ઠી જાનેવારીએ હું મારી ૧૧ વરસને ૪ મહિનાની ઉમરે ઇંગ્રેજી સ્કૂલમાં દાખલ થયો." પોતાના બધા મારતરોનું વર્ણન કવિ સ્નેહભાવથી કરે છે. દેશી મારતરોમાં કોઇ

"*બમનજી પેસ્તનજી માસ્તર જે હાલ વિલાયતમાં વેપારી ખાતામાં છે," તેની શિક્ષણકળા અને સારા સ્વભાવનાં ખાસ વખાણ કર્યાં છે. એ વેળા એલ્ફિન્સ્ટન સ્કૂલના ઉમેદવાર વર્ગમાં ચાર પાંચ ઈંગ્રેજી માસ્તરો જુદા જુદા વિષયો શીખવતા, અને તે બધા નર્મદાશંકરના અભ્યાસથી રાજી હતા. મિ૰ ગ્રેહામ જે સુરત સ્કૂલના હેડમાસ્તરની જગોએ પછીથી આવી પોતાની વિદ્યા ને બુધ્ધિ તેમજ મિજાજને માટે આખા ગુજરાતમાં હજી મશહુર છે, તેનો પણ નર્મદાશંકરને કોઇ દહાડો માર ખાવો પડયો નહોતો. તેનું કારણ એકે અક્ષરગણિત ને ભૂમિતિ જે મિ૰ ગ્રેહમના વિષય હતા, તેમાં નર્મદાશંકરની બુધ્ધિ સારી ચાલતી. સાક્ષરત્વના શોખવાળા ઘણી વખત ગણિત શાસ્ત્રોનો અનાદર બતાવી પોતાની મેળે મિથ્યા માન માની લેછે, પણ કવિ નર્મદાશંકર તો લખે છે કે, "અંગ્રેજી ભાષાની ચોપડીઓ વાંચતાં મને જે હોંશ ને આનંદ થતાં તે, મને બીજગણિતનાં સમીકરણો છોડવતાં ને ભૂમિતિના સિદ્ધાંતો કરતાં પણ થતાં–રે વધારે–હું નવાં નવાં સમીકરણો છોડવતો ને નવા નવા સિદ્ધાંતો (EXERCISES) કરી બતાવતો" જ્યારે પાછળથી નર્મદાશંકરનું સુરત સ્કૂલમાં આવવું થયું, ત્યારે ગ્રેહામ સાહેબ એને (GEOMETRICIAN) ભૂમિતિવેત્તા કહેતા અને એ કારણની પ્રીતિથી એના ગેરહાજરી વિગેરે દોષો ઉપર દુર્લક્ષ કરતા એમ અમારા સાંભળવામાં છે. ભૂમિતિથી તોલન શકિત કેળવાય છે તેનો એ પ્રત્યક્ષ દાખલો છે. કવિ રસ તરંગે પોતાના કવનમાં ગમે એટલા ચડે છે, તોપણ તેની વાણી હમેશાં સકારણ, સયુક્તિક, અને યથાર્થતાથીજ ગોઠવાએલી માલમ પડે છે તે આ તોલન શક્તિને પ્રતાપે. ખંડનમંડનના વાદમાં નર્મદાશંકરની કલમ તલવારની માફક કાપતી ચાલી જાય છે તેનું પણ કારણ એજ. કોશાદિક ગંભીર ગ્રંથોની રચનામાં તો આ શકિત ખાસ જરૂરની હતી, અને તે હોવાથીજ એ ગ્રંથો સારા બન્યા છે.

આ ઈંગ્રેજી સ્કૂલનો અભ્યાસ નર્મદાશંકરે પાંચ વર્ષમાં પૂરો કર્યો, અને સને ૧૮૫૦ના એપ્રિલમાં કૉલેજમાં દાખલ થવાની પરીક્ષા થઇ તેમાં પાસ થઇ ૩૧૦)ની સ્કોલરશિપ મેળવી. જ્યુનમાં રજા ખૂલતાં નર્મદાશંકરે આપણા દેશના મહાવિદ્યાલયમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કર્યો, પણ આઠ મહી-

* હમણા મુંબઈની કોરપોરેશનના મેંબર છે તેઓ.

નામાંજ કૉલેજ છોડી સુરત જઇ વસવું પડયું. કેમકે, મૂળતો એજ કે આપણી બાળલગ્નની વિદ્યા વિરોધક રૂઢિ. કવિનાં લગ્ન સને ૧૮૪૪માં સૂરજરામ શાસ્ત્રી, જે સદર અદાલતમાં તે સમે હતા, તેમની દીકરી સાથે કયારનાંએ થઇ ચૂકયાં હતાં, અને હાલ તે વેશમાં આવી જવાથી સસરા તરફથી તાકીદ થઇ કે હવે નર્મદાશંકરે સુરત આવીને ઘર માંડવું જોઇએ. કવિના બાપને તો એમ થયું ખરૂં, કે વહુને મુંબઇ તેડાવીએ તો છોકરાનો અભ્યાસ કાયમ રહે, અને બાપ દિકરાને વખૂટા પડવું ન પડે. કવિનાં મા આજ વર્ષના નવેંબર માસમાં ગૂજરી ગયાં હતાં તેથી દીકરાને એકલો સુરતમાં રાખવો એ સુજ્ઞ ને પ્રેમી લાલશંકરને વશમુંજ લાગ્યું હશે, પણ કેટલાંક કારણોને લીધે તેમજ કરવું પડયું. કવિએ સુરત ગયા પછી પાછા ત્રણેક વર્ષે આવીને કાલેજમાં બેએક વર્ષ કાઢયાં અને કુલ કૉલેજનો અભ્યાસ કવિનો ત્રણેક વર્ષનો થવા જાય છે, તોપણ એ એવો ખંડિત અને અસ્વસ્થ ચિત્તનો હતો કે આ પ્રસંગેજ કવિની કેળવણીનું પ્રકરણ પુરૂં કરી તેનો એમણે કેટલો ભંડોળ એકઠો કર્યો હતો, તે સમગ્રપણે જોઇએ.

ગૂજરાતી કેળવણી તે વેળા મળી શકે તેટલી બધીજ કવિએ પ્રાપ્ત કરી હતી, અને આ યાદ રાખવું જરૂરનું છે કે તે વેળાની કેળવણીમાં હાલ મળે છે તે કરતાં ગુજરાતી ભાષાનું જ્ઞાન ઘણુંજ વધારે મળતું. ગૂજરાતી કવિતા તો તે વેળા નિશાળોમાં નહોતી અને ખાનગી રીતે નર્મદાશંકરે કાંઇ પણ વાંચ્યું જણાતું નથી–અલબત્ત ગીત ભજનો વિગેરે થોડુંક કાંઇ સાંભળ્યું હશેજ, પણ તે વિદ્યાર્થીના ભાવથી નહિ. સુરતમાં આવ્યા પછી એ કહે છે કે મેં શામળભટની વાર્તાઓ વાંચી અને પ્રેમાનંદનું ઓખાહરણ વાંચ્યું કે સાંભળ્યું તો હશેજ. પણ બસ, ગુજરાતી કાવ્યનો અભ્યાસ આ સમે એટલોજ. કવિપણું કરવા ધાર્યું તે વખત પછી નર્મદાશંકરે અલબત્ત ગુજરાતી કવિતા ઘણી વાંચેલી પણ બાળ કેળવણીની આ ખામીને લીધેજ અમે ધારીએ છિયે કે એનો પદ્યબંધ જોઇએ તેવી સરળતાને ઘણા વખત સુધી પામી શકયો નહિ. તે છતાં આ તો ખરૂં છે કે જ્યારે ગુજરાતી શિષ્ટ કાવ્યો વાંચવા માંડેલાં, ત્યારે તે હાલના નિશાળીઆઓને જેમ કવિતા ભણ્યા છતાં પણ દુર્ગમ્ય લાગે છે તેમ નર્મદાશંકરને લાગ્યું નહિ હોય, કેમકે બોડંના વખતની વાંચનમાળાથી શબ્દજ્ઞાન તો બહુજ મળતું.

ઇંગ્રેજી સ્કૂલોનું આથી કાંઈ તે વેળા જૂદુંજ સ્વરૂપ હતું. એ સ્કૂ-

લોમાં પાંચ વર્ષ ભણ્યા પછી જે જ્ઞાન મળતું તે હાલના માટ્રિકયુલેટેડના જેટલું કુલ સર્વાળે ગણાય, પણ એ બે જ્ઞાનની જાતિમાં બહુ ફેર છે. હાલ સામાન્યજ્ઞાન અને વ્યવહારોપયોગી કેળવણી વધારે મળે છે. તે વેળા કરતાં હાલ અક્ષર, ઉચ્ચાર, અને અનુલેખન (Dictation) ઉપર બહુજ વધારે ધ્યાન અપાય છે. હાલ ચોથા ધોરણવાળા અક્ષર લખે છે તેવા તે વેળા કાલેજમાં જનારા પણ ભાગ્યેજ લખતા, અને વખતે તે જોડણીની પણ મોટી ભૂલો કરતા. એના બદલામાં ગણિતજ્ઞાન તે વેળાનું વધારે હતું. વર્ગ સમીકરણ અને ભૂમિતિના છ સ્કંધ મનોયત્ન સહ તો બધીજ સ્કૂલોમાં શીખવતા, અને સુરત જેવીમાંતો ગણિત શૂન્યલબ્ધિ પર્યંત ચાલતું, જે હાલ એમ. એ.નાજ અભ્યાસમાં છે. ઇતિહાસ હિંદુસ્તાન અને ઈંગ્લાંડનો લગભગ હાલના જેટલો શીખવાતો, પણ જગત્‌ના પ્રાચીન અને અર્વાચીન ઈતિહાસનાં ટેલરકૃત બે મોટાં પૂસ્તકો વધારામાં. ખગોળાદિક વિદ્યાઓ હાલના કરતાં વિગત ભાગે થોડી અને સિદ્ધાંત ભાગે વધારે શીખવાતી. કોઇ કોઇ ઠેકાણે અર્થ વિદ્યા પણ ચાલતી. પરંતુ આટલું બધું જ્ઞાન તે વેળા બધાજ છોકરા મેળવતા એમ સમજવું નહિ. ગણિત અને વાંચનના તો તે વેળા વર્ગજ જૂદા હતા, અને જેની જેમાં બુધ્ધિ ચાલે તેમાં તે આગળ વધતા. વળી વર્ગના તમામ છોકરાને સમાન કેળવણી આપવા ઉપર તે વેળા કાંઇ વિશેષ આગ્રહ નહોતો, કેમકે વાર્ષિક પરીક્ષામાં છોકરાવાર કોઈ અભ્યાસ જોતું નહિ, પણ વર્ગે સામાન્ય દેખાવ કેવો દીધો તે ઉપરજ શિક્ષક સારો નઠારો કહેવાતો– અગરજો તે વેળાના શિક્ષકો સુધાભાવથી પોતાના કામમાં ઉત્સાહીજ હતા. વળી, તે વેળાના અભ્યાસ ક્રમમાં ઇંગ્રેજી વાંચનની ચોપડીઓ હાલ કરતાં થોડી આવતી. ઇંગ્રેજી ગદ્ય કે પદ્યના શિષ્ટ ગ્રંથો તે વેળા સ્કૂલમાં ચાલતા નહિ, અગરજો તે હાલ ફાયદોજ કરે છે કે કેમ એ શક પડતું છે, કારણ કે બહુધા તે છોકરાના જ્ઞાનશક્તિની ઉપરાંતનાજ હોય છે, અને સાક્ષરત્વની કેળવણીમાં એ અવશ્યનું છે કે જે પુસ્તકો વાંચવાં તે વેઠ દાખલ તૈયાર કરવાનાં નહિ, પણ સરળતાથી સમજાઇ જઇ રસ ઉપજાવે એવાં જોઇએ. બીજું, તે વેળા ઉપલા વર્ગ સિવાય ગુજરાતીનો ઇંગ્રેજીમાં તર્જુમો કરાવતા નહિ, પણ ઇંગ્રેજીનું ગુજરાતીમાં શબ્દશઃ ભાષાંતર કરાવવા ઉપરજ મુખ્ય લક્ષ રહેતું. આ કારણથી અંગ્રેજી ભાષા

સમજવાની શક્તિ સારી આવતી–બલ્કે હાલ કરતાં કાંઇક વધારે–,પણ તે **બોલવા લખવાનું** સામર્થ્ય હાલ કરતાં થોડું.

ઇંગ્રેજી કે ગુજરાતી તે સમયની કેળવણી વિષે આ વાત પણ નોંધવા જોગ છે. એ બંને વાંચનમાળાઓ સામાન્ય કે વ્યવહારી જ્ઞાનથી રહિત, પણ ધર્મનીતિ બોધક વાર્ત્તા કે વિવેચનોથીજ ભરપૂર હોવાને લીધે બાળકોની ઉચ્ચ લાગણીઓ બહુ કેળવાતી, અને તે ધર્મ, નીતિ, તથા દેશ સુધારાના ઉત્સાહી થઇ નીકળતા.

આતો સામાન્ય પક્ષે બોલાયું, અને તેનું ગમે તેમ હો, પણ નર્મદાશંકરની બાબતમાં તો એ બરાબર લાગુ પડે છે, કેમકે તે સમયની શિક્ષણ પદ્ધતિથી જે થોડા પણ ખરા સુશિક્ષિત છોકરાઓ તૈયાર થતા તેનો એ એક સારો નમુનો હતો. ગુજરાતી અને અંગ્રેજી બંને નિશાળોમાં એનો ઘણું કરીને પહેલો, બીજો, કે પાંચની અંદરતો નિશ્ચયજ નંબર દરેક વર્ગમાં રહેતો. એણે બંને નિશાળમાં કેટલાંક ઇનામો મેળવ્યાં હતાં, અને એવા એક ટાંકણે કોઇ ગવર્નર સાહેબ પધારેલા તેમણે આ બાળકવિની અંગ્રેજી કવિતા વાંચવાની (તે વેળા ગોખણનો ધારો નહોતો) ઘાટીનાં ખાસ વખાણ કર્યાં હતાં. તા૦ ૮મી ફેબ્રુવારી સને ૧૮૫૧ ને રોજ એણે કૉલેજ છોડી ત્યારે પ્રોફેસરોએ એના જવા માટે દિલગીરી બતાવતાં સારાં સર્ટિફિકેટો આપ્યાં. પ્રિન્સિપાલ ગ્રીન (ગૂજરાતના નામીચા ગ્રીન સાહેબ) લખે છે કે 'ગઇ કલેર સ્કોલરશિપની પરીક્ષામાં ઘણા ઉમેદવારો હતા, પણ તેમાંથી ૧૧ પાસ થયા અને તેમાં નર્મદાશંકરનો ત્રીજો નંબર આવ્યો હતો.' પ્રોફેસર રીડ એની બુદ્ધિની પ્રશંસા કરી કહે છે કે 'એનું ઇંગ્રેજી જ્ઞાન વખતના પ્રમાણમાં અસાધારણ સારૂં છે.' કેટલાક વર્ષ પછી જ્યારે આ લખનારને કવિ સાથે ગાઢો ને લાંબો પરિચય થયો, તે વેળા પણ ઇંગ્રેજી ભાષાનું જ્ઞાન કવિમાં બહુ સારૂં જણાતું હતું. બાઇરન શેકસપિયર વિગેરે કવિઓ, અને એકન લૉકા વિગેરે ફિલસુફીના ગ્રંથો પણ તેની ખૂબીની સાથે સમજી શકતા. કાવ્ય વિવેચન તથા કવિ ચરિત્રોનાં પુસ્તકો બહુ વાંચેલાં હતાં, અને "એડિનબરો રીવ્યુ" નાતો ૩૦–૪૦ વાલ્યુમો ખરીદજ કરી રાખેલા હતા. બીજા ગ્રંથો (ઇંગ્રેજી, સંસ્કૃત, મરાઠી, હિંદી, ગૂજરાતી) પણ કવિની ખાનગી પુસ્તકશાળામાં બહુ હતા–ભાગ્યેજ એટલા બીજા કોઇપણ દેશી ગૃહસ્થના

ઘરમાં હશે. કવિ પોતાનો બધો વખત વિદ્યાનંદમાં અને સ્વદેશહિતની ચર્ચામાંજ કાઢતા. એની પાસે જે આવે તેની સાથે એજ વાત. ગ્રામ્ય વાર્ત્તા બિલકુલ પસંદ નહોતી, અને વિદ્વાન મિત્રોનું મંડળ હોય તો તેમાં પાંચ છ કલાક સુધી પણ એવી ઉંચીજ વાતચિતમાં નિમગ્ન રહેતા. એવી વાતચિતમાં ડોળ, ડમાક, કે પોતેજ બહુ બોલવું એવો સ્વભાવ જરાપણ હતો નહિ. તેમજ દુરાગ્રહથી પોતાનો વાદ પકડી રહેવો એમ પણ નહિ. સામાનો પક્ષ સકારણ દેખે તો તે સ્વીકારવો, અને નહિ તો તેના રદીયા આપી કેવળ સત્યનોજ નિર્ણય કરવા તર્ફ એમનું વળણ રહેતું. વિદ્યાવૃધ્ધિ અને દેશોન્નતિના વિષયજ સર્વાંગે આવા વખતપર ચર્ચાતા. આવી ચર્ચામાં કવિ એવો તો કાંઇ અજબ ઉત્સાહ નાંખતા કે તે વિષયમાં બરાબર નહિ સમજી શકે એવા સાંભળનારને પણ એનો રંગ લાગતો. વિદ્યાનો શોખ, દેશની દાઝ, અને સ્વતંત્રતાની બુધ્ધિ એ ગુણોનો કેટલોક પાસ જે કોઇ કવિના સહવાસમાં આવતા તેને લાગ્યાવિના રહેતો નહિ. ખરે, કવિમાં સ્વાભાવિક લોહચુંબકત્વજ (Magnetism) હતું, જે વડે સર્વેનાં મન હરતા અને પોતાનો અંશ-કોઇ બીજામાં તેની પાત્રતા પ્રમાણે પ્રેરતા.

વિદ્યાનો આટલો પરિપાક આ વખતે એટલે ૧૮૫૧માં નર્મદાશંકરને થએલો નહોતોજ. આ વખતે તો એની ઉમર હજી ૧૭ વર્ષનીજ હતી અને એનું મન પેહેલ વેહેલુંજ જુવાનીને ચગડોળે ચડયું હતું. બધા માણસની જિંદગીમાં આ સમય કાંઇ કારમોજ કહેવાય છે. એ સમે પેહેલાં નહિ અનુભવેલી એવી અનેક ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે, આત્મા ચગડોળે ચડે છે, અને છેવટ જે સ્થાયી વળણ તે લે છે તેની ઉપરજ ઘણોખરો આખા ભવના અને પરલોકના પણ સુખ દુઃખનો આધાર રહે છે. આ આત્મમંથનમાંથી વિવિધ રત્નો પણ નીકળે અને ઝેર પણ નીકળે. કવિની જિંદગીમાં ૧૭થી ૨૨ વર્ષની ઉમ્મર સુધીના સમયને અમે એનો આત્મ મંથન કાળ કહીએ છિયે. આપણામાં ૧૬ થી ૨૫ વર્ષ સુધીનો વખત સાધારણ રીતે ગદ્ધાપચ્ચીસી કહેવાય છે, અને જોતે માણસને વિષયની ગદ્ધાઠમાંજ ઘુણાવી મારે તો તે નામ ખરું છે. પણ આ સમે સ્ત્રી વાસનાનોજ **ઉદય** થાય છે એમ નથી. આ સમે આત્માની તમામ મહેચ્છાઓ વ્યક્ત થઇ પ્રવૃત્તિ શોધે છે. આ સમે જેટલો સ્ત્રી

વાસનાનો તેટલોજ પરાક્રમ કરવાનો કે નામાંકિત થવાનો જુસ્સો પણ આત્માને ડોહોળી નાંખે છે. કવિની શબ્દ વર્ગણીમાં બોલીએ, તો પ્રેમ અને શૌર્ય એ બંનેનો ઉદય આ સમે વાંસના ઉગવાની પેઠે મોટા ઉછાળાની સાથે થાય છે, અને એ ઉછાળાથીજ આખો આત્મા ડોહોવાઇ જાય છે. પછી જેનો જેવો સંસ્કાર તે પ્રમાણે તેનું રૂપ ધડાય છે. સ્ત્રી વાસના સારા સંસ્કારે પ્રફુલ્લિત થઈ કોઇનામાં પૂર્ણ પ્રેમ એટલે શુદ્ધ નિઃસ્વાર્થી સ્વાર્પણનું દિવ્યરૂપ ધારણ કરે છે, કેટલાકમાં વિલાસીપણેજ અટકે છે, કેટલાકમાં વ્યવહાર મર્યાદિત થઇ જાય છે, અને કેટલાકમાં પશુવત્ શઠતામાંજ ઉતરી પડે છે. તેમજ પ્રસિદ્ધિની ઇચ્છાએ કોઇને ઘેલાઇ ને પતરાજી કરવા, કોઇને ધન પ્રાપ્તિ કરવા, કોઇને માન મર્તબો મેળવવા, અને કોઇને વિદ્યા, ધર્મ, કે યુદ્ધનાં પરાક્રમો કરવા પ્રેરે છે. છેલ્લા વર્ગના પુરૂષોમાં આ લાગણી પર્યંતે નિર્મળ વિદ્યાભક્તિ, ધર્મભક્તિ, કે દેશભક્તિમાં કૈવલ્યને પામે છે. ઘણામાં તો પ્રેમ ને શૌર્ય એ બંને વૃત્તિઓ પચીશ વર્ષની ઉમ્મર સુધીમાં શિથિળ થઈ જઇ તેમને માત્ર દુનિયાદારીનાં માણસ બનાવે છે. કમાવું, કુટુંબને પોષવું, અને બે પૈસા મળે તો ખરચી નાત જાતમાં સારા કહેવડાવવું, એજ આ કાળમાં સાધારણ હિંદુઓ પોતાનું કર્ત્તવ્ય સમજે છે. એથી ઉચ્ચ લાગણીઓ આ કે પરલોકની ક્વચિતજ જોવામાં આવે છે, અગરજો સ્વધર્મ શ્રદ્ધા મોટે તો અપ્રવૃત્તિ કાળે બહુ બોલાય છે.

આ કારમા ચગડોળે નર્મદાશંકરનું ચિત્ત ચડયું હતું એજ એને આ વેળા કૉલેજ છોડવનારૂં ખરૂં કારણ હતું. એના બાપે આ જોઇનેજ એમ વિચારેલું, કે સુરતમાં જઇ ઘર માંડી સસરાની શિફારસથી સારી નોકરીએ લાગી જાય, તો છોકરો ઠેકાણે પડે. સસરાએ જગન્નનાથ શંકર શેઠના વિનાયકરાવ પાસે સુરત હાઇસ્કૂલના હેડમાસ્તર મિ૦ ગ્રેહામ ઉપર ભલામણનો કાગળ લખાવ્યો હતો, પણ નર્મદાશંકરે ૧૯ મી ફેબ્રુઆરી સને ૧૮૫૧ માં સુરત જઇ બે ચાર દહાડે નોકરીને માટે તે સાહેબને અર્જ કરી, ત્યારે તેણે તો કહ્યું કે બોડનો હુકમ અહિંયાના છોકરાનેજ આસિસ્ટંટે રાખવાનો છે, અને તેથી તું સ્કૂલમાં આવતો રહેશે, તો હું પ્રસંગ આવે જોઈશ. નર્મદાશંકરને ઘણી નાઉમેદી થઇ, પણ "નોકરીની લાલચે મેં એક બે મહિના હાઇસ્કૂલમાં ફર્સ્ટ કલાસમાં નામ

પણ દાખલ કરાવી રાખ્યું હતું, પણ હું કાંઈ બરોબર જતો નહિ, ને પછવાડેથી મેં જવું મૂકી દીધું હતું," એમ કવિ પોતાની હકીકતમાં લખે છે. તે છતાં ગ્રેહામને મુંબાઇથી નર્મદાશંકરના ગણિતજ્ઞાનને માટે સારો અભિપ્રાય હોવાને લીધે રાંદેરના મેહતાજીની જગા ખાલી પડી ત્યારે એને બોલાવી ૧૮૫૨ ની ૧ લી મેએ આપી, અને પછીથી એની સગવડને માટે સુરત શેહેરમાંજ નાનપરાની નિશાળ ઉપર ૧૮૫૩ ના માર્ચમાં બદલી કરી. પગાર ૩ ૧૫) નોજ અને લોકમાં મહેતાજીની આબરૂ થોડી, તેથી નર્મદાશંકરે આ નોકરી "બેહાથી બેગાર ભલો" એમ જાણી કમને જ લીધી હતી.

કવિએ ઘર સંસાર માંડયો હતો તે ૧૮૫૩ ની ૪ થી અકટોબરે પૂરો થયો. એની આ પહેલીવારની સ્ત્રીનું નામ પિહેરથી નાનીગૌરી અને સાસરેથી ગુલાબવહુ હતું. કવિનો એની ઉપર ઝાઝો પ્રેમ નહોતો, અને તે પણ કવિને બહાર રખડવાની આ વખતે ટેવ બહુ હોવાથી મનમાં કાંઈક નારાજ રહેતી. આ સ્ત્રીને અધરણીની છોકરી આવી તે ૧૫ દહાડાની થઇને મરી ગઈ, અને સંવત ૧૯૦૯ માં ફરી દહાડા રહ્યા ત્યારે આઠ મહિનાનું મૂએલું છોકરૂં અવતર્યાથી તે મૃત્યુ પામી.

હવે નર્મદાશંકરને સુરતમાં રહેવાનું કાંઇ પ્રયોજન રહ્યું નહિ, અને એનું મન પણ હાલ મુંબાઇ જવાને તત્પર થઇ રહ્યું હતું. લખે છે કે "વિદ્વાન દાખલ કોઇ રીતની પ્રસિદ્ધિ મેળવું એવો જે મારો ઇંગ્રેજી શીખતો ત્યારનો જોરસો, તે પાછો તાજો ઉઠીને ચલચલ મુંબાઇ એમ ઉસ્કેર્યા કરતો હતો," અને એ વાત ખરી છે. આ ભવિષ્યનો કવિ અને ઉંચો દેશભક્ત આ સમે બે ત્રણ વર્ષ મોજ મઝામાંજ ડુબેલો દેખાતો હતો, તોપણ એનો આત્મા એને અંદરથી ચટકા મારી નિરંતર પ્રબોધતો હતો કે 'અલ્યા તું ઉઠ, અને મોટાં કામ કર.' નર્મદાશંકરે મહાવિદ્યાલયમાં પ્રવેશ કર્યો તે વેળાથીજ પ્રસિદ્ધિ પામવાના પ્રયત્નો કરવા માંડયા હતા. ત્યાં આઠ મહિના જે કાઢયા તે દરમ્યાન પણ નિયમિત વિદ્યાભ્યાસ ઉપર મુખ્ય લક્ષ ન રાખતાં "જુવાન પુરૂષોની અન્યોઅન્ય બુધ્ધિવર્ધક" એ નામની સભા ઉભી કીધી હતી, અને તેમાં પોતે પ્રમુખ અને મયારામ શંભુનાથ સેક્રેટરી થઇ એવો ઠરાવ કર્યો હતો કે મહિનામાં ચારવાર મળવું, તેમાં બેવાર સભાસદોએ નિબંધો લખી

માંહોમાંહેજ વાંચવા, અને બે વાર જાહેર સભા ભરી લોકોનો સુધારો કરવો. 'મંડળી મળવાથી થતા લાભ' વિષે એણે તેમાં મોઢેથી પેહેલુંજ ભાષણ આપ્યું હતું. પણ એ સભા રસ્તે પડવા આવી એટલામાં આપણે ઉપર કહ્યું તે પ્રમાણે એને સુરત જઈ વસવું પડયું. આ સભાએજ આ વખત પછી દશ પંદર દહાડે પ્રાણલાલ મથુરાદાસ, મોહનલાલ રણછોડદાસ વિગેરે કૉલેજના વિદ્યાર્થીઓ આવી મળવાથી "બુદ્ધિવર્ધક હિંદુ સભા" એવું નામ ધારણ કર્યું, અને જે નામે ગુજરાતના સુધારા ઉપર તેણે પછીથી મોટી અસર કરી, અને જેના ચોપાનીયામાંજ નર્મદાશંકરની કલમે પહેલવહેલો પોતાનો પ્રકાશ કર્યો.

સુરતમાં આવ્યા પછી પણ થોડા વખતમાં "મેં મારી ગમતને સારૂ એક મંડળી ઉભી કરવા ધારી, ને પછી તે વાત મેં મારા સગા દોલતરામને કહી. એણે મંડળીની સાથે એક છાપખાનું કહાડવાનું કહ્યું, અને પછી હમે ભાગીદારો કરી 'સ્વદેશ હિતેચ્છુ' એ નામની મંડળી ઉભી કરી. એક પાસથી છાપખાનામાં 'જ્ઞાનસાગર' નામનું ન્યુસપેપર અઠવાડિયે એકવાર નિકળવા માંડયું, ને બીજી પાસથી ભાષણો થવા માંડયાં. પહેલું ભાષણ મેં 'મંડળી મળવાથી થતા લાભ' વિષે લખીને તા૦ ૪થી જુલાઈએ કર્યું હતું. એ 'જ્ઞાનસાગર' આસરે ૧ વરસ ચાલ્યું. પછી તે મંડળી ભાગી ગઇ ને અસ્તવ્યસ્ત થઈ ગઇ." આ પ્રસંગે 'જ્ઞાનસાગર'ના છાપનાર જદુરામ (જે હિંદુસ્તાની કવિતો અને કાંઇક પિંગળ જાણે છે)તેની સાથે નર્મદાશંકરને દોસ્તી બંધાઇ. કવિ લખેછે કે "એ કોઇ કોઇ દહાડો વાતમાં દોહરા ચોપાઇની માત્રા સંબંધી બોલતો, તે હું બેદરકારીથી સાંભળતો."

આજ અરસાપર કવિ દલપતરામ સુરતમાં ફાર્બસ સાહેબની પાસે હતા, અને તે પોતાની ઉગતી કવિતા વાંચી નવી કેળવણી પામેલાને પહેલ વહેલોજ ગુજરાતી કવિતાનો સ્વાદ લગાડતા હતા. આ સંબંધમાં નર્મદાશંકર લખે છે કે "આધેથી હું એને ઓળખતો કે આ દલપતરામ કવિ છે–નહિ જેવા કોઇ આશ્ચર્યથી હું તેની તરફ જોતો ખરો પણ કોઈ દહાડો તેની પાસે ગયો નથી. * * * તેઓ કિલ્લા આગળ પરહેજગાર મંડળીમાં કેફ ન કરવા સંબંધી ગરમી, લાવણીઓ વાંચતા, પણ હું કોઇ દહાડો સાંભળવા ગયો નથી. એણે જ્યારે ૧૯૦૭ માં લાઇબ્રેરીમાં હુન્નર-

ખાનનું ભાષણ આપ્યું ત્યારે હું ત્યાં ગયેા હતેા. * * * એજ વરસમાં મનમેાહનદાસ રણછેાડદાસે પણ કવિતામાં એક ભાષણ કર્યું હતું ત્યાં વળી હું ફરતેા ફરતેા જઇ ચ્હડયેા હતેા.”

આ બધા પ્રસંગેાથી આપણા આ ભવિષ્યના કવિ ઉપર શી અસર થઇ તે કહેવું મુશ્કેલ છે. પેાતે તેા “હું મારી જુવાનીની–લહેરમાંજ મસ્ત હતેા” એમ કહી તે બાબત બેદરકારીજ બતાવે છે, અને એ પણ ખરૂં છે કે સને ૧૮૫૫ સુધી એણે કવિતા તરફ કાંઇ પણ વૃત્તિ દેખાડી નથી, પણ અમે ધારીએ છિયે કે અવ્યક્ત રૂપે પણ આ પ્રસંગેાની કાંઇ તેા અસર થએલીજ, પણ તે એને મેાહ નિદ્રામાંથી જાગ્યા પહેલાં માલમ પડેલી નહિ.

આ મેાહનિદ્રા તે મેાહનિદ્રાજ હતી. આ ત્રણ વર્ષમાં એ કહે છે કે “મેં કેાઇ અંગ્રેજી કે ગૂજરાતી ચેાપડી વાંચી ન હેાતી, ને એક હાકનેંસને કાગળ લખ્યેા હતેા તે સિવાય બીજું કંઇ ઈંગ્રેજીમાં લખ્યું પણ નહેાતું. ગુજરાતીમાં પણ ત્રણેક ભાષણ લખેલાં બીજું કાંઈ નહિં. ‘જ્ઞાનસાગર’માં મેં કંઈજ લખ્યું નથી; તે દેાલતરામ લખતા. હું ભાંગ પીતેા, પાક ખાતેા (બીજી જાતની કેાઇ પણ કેફ કરતેા નહિ.) * * * એકાંતમાં હું નામ મેળવવાના (પૈસા મેળવવાના નહિ) અને પ્રેમ સંબંધી વિચારેા કરતેા. સુધારાના અને તેને પછી અમલમાં આણવાના વિચાર, પછી ખાનગી કે જાહેર તે વખત બીલકુલ ન હેાતા. જાતિભેદ, પુનર્વિવાહ, મૂર્ત્તિ પૂજા, અભક્ષ્યા ભક્ષ્ય, વગેરેના સુધારા સંબંધી વિચારેાનું મને સપનું પણ નહિ હતું. ઉદ્યેાગ કરવેા, સંપ રાખવેા, ભાષણ કરવાં, નિબંધેા વાંચવા, ગ્રંથેા લખવા અને દેશનું ભલું કરવું એટલુંજ હું સુધારા સંબંધી જાણતેા.”

આ મેાહ નિદ્રામાંથી જગાડનાર એની સ્ત્રીનું મરણ હતું. એ મરણ પછી ત્રણ મહીનામાંજ એટલે ૧૮૫૪ના જાનેવારી માસમાં નર્મદાશંકર પાછા પેાતાના બાપની પાસે મુંબઇમાં જઇ વસ્યા. ત્યાં જઇને જીવરાજ બાલુવાળાને ત્યાં ખાનગી શિક્ષક દાખલ ૩ ૨૫)ને પગારે ૧૧ થી તે ૪ વાગ્યા સુધીની નેાકરી લીધી. પાછા કૅાલેજમાં દાખલ થવાની સુમતિ સુઝાડવાનું માન આપણા પ્રસિદ્ધ નર ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિકને છે. બાપે પણ એજ સલાહ આપી, અને પછી તા૦ ૧૩મી જુનને પેઇંગ સ્ટુડંટ દાખલ નર્મદાશંકરે મહાવિદ્યાલયમાં પુનઃ પ્રવેશ કર્યેા.

કાલેજમાં ફરીથી દાખલ થવા પછી છ મહીને ડીસંબરમાં પરીક્ષા થઇ તેમાં નર્મદાશંકરે સેંકડે સાઠ દોકડા મેળવ્યા, અને રૂ ૧૫)ની વેસ્ટ રકાલરશિપ મળી, અગરજો એ છ મહિનામાં વહુનું વરસી વાળવા સુરત જવું પડયું, અને તે વખતપર કાકાનું મૃત્યુ થવાથી ત્યાં કુલ બે મહીના ભાગવા પડયા હતા. તોપણ વિદ્યાર્થી અવસ્થાને યોગ્યની જે નિર્મળ મનઃ સ્થિરતા તે નર્મદાશંકરને પુનઃ પ્રાપ્ત થઇ નહિજ. હાલ ઇસ્કીપણું નરમ પડયું હતું, પણ પ્રસિદ્ધિ પામવાના જે કોડ તે એના મનમાં તોફાની દરીઆની પેઠે ધૂધવી રહ્યા હતા. ભભકાદાર હોદ્દો મેળવી, કે મહાવિદ્યા ભણી, કે મોટા સુધારાનાં કામ કરી, કે કોઇપણ પ્રકારે હું દુનિયામાં નામાંકિત શી રીતે થાઉં તેનીજ લલુતા અને બુદ્ધાઓ એના મનમાં રાત દિવસ ઉઠયા કરતા હતા. "येनकेनप्रकारेणपुरुषः प्रसिद्धोभवेत्." એ વાક્યમાં વર્ણવેલી વૃત્તિજ એના અંતરાત્મામાં વ્યાપી રહી હતી. આવી અવસ્થામાં તે સ્થિર અભ્યાસ શી રીતે થાય? આ પહેલાં છ માસનું પરિણામ આવું સારૂં આવ્યું હતું, તોપણ એ વખતે પ્રોફેસરો (દાદાભાઇ નવરોજજી સિવાય) કોણ હતા અને શો અભ્યાસ ચાલતો તે "મને સાંભરતું નથી." એમ એને પોતાની હકીકતમાં લખવું પડયું છે. સને ૧૮૫૫ને માટે તો લખે છે કે "ધુંધવાતો ને ધુંધવાતો રહેતો. હું ગપ્પાં માર્યા કરતો, વિલાત જવાના તડાકા મારતો, બીજા લેસન કરતા ત્યારે હું મારા પોતાનાજ વિચાર કર્યા કરતો, પ્રોફેસરનાં લેકચર પણ મન દઇ સાંભળતો નહિ. * * * હું લેસન બેસન કાંઈ કરતો નહિ, પણ જ્યારે હાર્કનેસના કલાસમાં ફાલ્ક નરના શિપરેકની કવિતા અને વર્ડઝવર્થની કવિતા ચાલતી ત્યારે હું એક ચિત્તે સાંભળતો ખરો * * * વળી, મને સાંભરે છે કે મેં આગસ્ટમાં સો એક લાઈન અંગ્રેજીમાં પરચુરણ પરચુરણ બાબતની જોડીને નિ. રીક્ષને બતાવી હતી પણ એણે તે જોઇને મને હસી કાઢયો હતો."

પર્યંતે સને ૧૮૫૫ના સપ્ટેંબરમાં ગુજરાતી કવિતા કરવા તર્ફ મન લાગ્યું. એ મહાપ્રસંગના સંબંધમાં કવિ લખે છે કે "સપ્ટેંબરની શરૂઆ-તમાં ધીરા ભગતનાં બે ત્રણ પદ મારા વાંચવામાં આવ્યાં તે ઉપરથી હું દહાડોરાત તેનીજ લવારી કરતો. એ પદોના વિચાર મારી વૈરાગ વૃત્તિને મળતા હતા. ચોથે કે પાંચમે દહાડે મારા મનમાં સહજ આવ્યું કે હું પણ એ ઢાળનું કંઇ બનાવું. પછી મેં 'પરબ્રહ્મ જગકર્ત્તારે, સ્મરોની

ભાઇ હરઘડી' એ પદ બનાવ્યું ને બીજે દહાડે 'જીવ તૂં મૂરખ સમજરે, કહું છું ઘેલા ફરીફરી ' એ બનાવ્યું. પછી વિચાર કર્યો કે આવી રીતે હું જાતે બનાવવાની ટેવ રાખું તો મારી વૃત્તિ ઠરીઠામ થાય ખરી. * * * વળી વિચાર્યું કે ભણવું, કમાવવું, બૈરી કરવી એ સહુ આનંદને માટે છે ને મને જરે પદો બનાવવાથી આનંદ થાય છે તારે હું તો એજ કામ કરીશ. ને શેર જુવારતો મળી રહેશે." આ વખતે કવિની ઉમર બાવીશની લગભગ પૂરી થઇ હતી, અને પોતાની જન્મગાંઠ જે સને ૧૮૫૫ના સપટેંબરની ૨૧મીએ આવી હતી તે દિવસથીજ કવિ પોતાની કવિતાનો પ્રારંભ ગણતા.

કાલેજની પરીક્ષા ડીસંબરમાં થઇ તે વેળા, ઉપલી વૃત્તિને લીધે સ્કાલરશિપ ન મળી, એ સ્વાભાવિકજ છે. સેંકડે પચાસ દોકડા આવી. ફ્રી સેકંડ નાર્મલ સ્કાલર દાખલ રહેવાયું એજ ભાગ્ય સમજવું, કેમકે કવિતા કરવા માંડવાની સાથે તે જાહેરમાં વાંચી પ્રસિદ્ધ કરવાનો ઉદ્યોગ તજવીજની સાથે મહા હોંશથી આરંભ્યો હતો. સને ૧૮૫૫માં બુધ્ધિવર્ધક સભામાં "મંડળી મળવાથી થતા લાભ વિષે ભાષણ કર્યું હતું, ને વ્યભિચાર તથા રંડીબાજી નકરવા વિષે નિબંધ વાંચ્યો હતો; તેમ ઇતિહાસ વાંચવાના ફાયદા અને કેફ કરવાના ગેરફાયદા વિષે કવિતા વાંચી હતી. એ બે કવિતામાંની પહેલી ખોવાઇ ગઇ છે."

આ પ્રમાણે નર્મદાશંકરે કવિપણું સ્વીકાર્યું. એ કામને માટે પ્રકૃતિ, બુદ્ધિ, ઉમ્મર, ને સમયાનુસાર કેળવણી એમનામાં જોઇએ તેવી હતી. સંસ્કૃત ભાષાનું કેટલુંક જ્ઞાન તો ગુજરાતી કવિને અવશ્યનું જ છે, અને તે નર્મદાશંકરે મેળવેલું હતું, અગરજો અમે તેની નોંધ અત્યાર સુધી પ્રસંગ ન આવ્યાથી લઈ શકયા નથી. જનોઈ દીધું તેની સાથેજ એના બાપે એક તરફથી એને સરકારી નિશાળે મુકા બીજી તરફથી દક્ષિણી બ્રાહ્મણ પાસે સંધ્યા, રૂદ્રી, અને વેદ ભણાવવા માંડયો હતો, અને ત્યાં એણે વેદનો એક આઠો પૂરો કર્યો. પછી ઇંગ્રેજી અભ્યાસની વેળાએ દરરોજ સવારમાં બે કલાક કોઈ શાસ્ત્રીની પાસે સારસ્વતનો અભ્યાસ ચાલતો, અને તે દોઢ વૃત્તિ સુધી થયો હતો. બોહ કાળમાં તો અલબત્ત એ પણ બીજા અભ્યાસની પેઠે બંધ રહ્યો, પરંતુ મુંબાઇ પાછા આવી નર્મદાશંકરે જે પાંચ છ મહીના કૉલેજમાં ન જતાં બુદ્દાઓમાં

કાઢયા, તે સમે પણ સંસ્કૃત અભ્યાસતો તુર્તજ જારી કર્યો હતો, અને તે દરરોજ સવારથી ૯ વાગ્યા સુધી ચાલતો. આ પ્રસંગે સિધ્ધાંત કૌમુદી લીધી હતી, અને તે 'અપત્યાધિકાર' સુધી ચાલી. આ ઉપરથી જણાય છે કે આ સમે નર્મદાશંકરનો કવિ નહિ, તો ગુજરાતી ગ્રંથકાર થવાનો તો વિચાર ખરોજ; અને આ બધી તેની તૈયારીઓ હતી, કેમકે બુધ્ધિમાન માણસ પોતે સારો વિદ્વાન થયાવિના તે વર્ગમાં પેસવાનો પ્રયત્નજ કરતા નથી. ખરે, નર્મદાશંકરે પોતાના કામને લાયકની યોગ્યતા મેળવવા જે વિદ્યુત્ વેગી ભગીરથ પ્રયત્નો કર્યાછે તે હાલના દરેક ઉત્કંઠિત લેખકને બોધ લેવા જોગ છે. અમે હજી પણ સને ૧૮૫૫ થી ૧૮૫૮ સુધીના વખતને કવિના જીવનમાં પ્રયત્ન કાળ ગણીએ છિયે, અગરજો આ અરસામાં કવિએ ઘણીક કવિતા બનાવી, અને પોતે કવિ ઉપનામથી ઓળખાતા પણ થયા. પરંતુ હવે આ પ્રયત્નોનું વર્ણન કરવા પહેલાં કૉલેજ સાથના એના સંબંધની જુજ હકીકત પતાવી દેવી જોઇએ. આવી રીતે કવિતામાં તલ્લિન થયાથી વર્ષ આખરની પરીક્ષામાં પાસજ થવાનો સંભવ નહિ, તો સ્કોલરશિપ મળવાની તો શી આશા? સ્કોલરશિપ વિના કૉલેજમાં ભણવું મુશ્કેલ; બાપનો કાંઇ ધંધો કરવાનો આગ્રહ; અને પોતાની કાવ્ય શાસ્ત્રોનોજ અભ્યાસ વધારવાની અભિવાંચ્છના; એ બધાં કારણોથી નર્મદાશંકરે ૧૮૫૬ની ૨૮મી જ્યુને રાજીનામું આપી એ વિદ્યામંદિરને છેલ્લા નમસ્કાર કર્યા. એ સાક્ષરી માતાના ચરણાંબુજ સ્તવી ઘણા સુપુત્રો વિદાય થયા છે, પણ હજી તેમાંથી કોઇએ પણ તેના નામને પોતાના ગુર્જર સાક્ષરત્વથી નર્મદાશંકરના જેટલું યશસ્વી કર્યું નથી.

હાલ કવિ થવાને નર્મદાશંકરમાં બધી યોગ્યતા, પણ પિંગળ જ્ઞાનની મોટી ખામી હતી. હાલના જમાનાને આ આશ્ચર્ય જેવું લાગશે, પણ યાદ કરવું કે તે વેળા ગુજરાતી ભાષામાં તો એકે પિંગળ લખાએલુંજ નહોતું, અને વ્રજ ભાષાનાં પણ આખા દેશમાં બોળી વળે, તો બણે બોચરેથી થોડાંજ મળે. પિંગળ મળ્યું, તો તે શીખવનાર મળવો એથી પણ મુશ્કેલ. કવિ દલપતરામે ૧૮૫૫ના અકટોબરથી ૧૮૫૬ના અકટોબર સુધીના બુદ્ધિ પ્રકાશના કેટલાક અંકોમાં પિંગળ કાંઇક આપવા માંડયું હતું, પણ તેમાં માત્ર ૧૬ માત્રાના વૃત્ત લગીનુંજ હતું—અક્ષર વૃત્ત તો મૂળગાંજ નહોતાં ને દોહરાની રીત પણ આવી નહોતી; અને વળી

તે લખાણ એવા ધીમા વેગથી ચાલતું હતું કે તે દશ વર્ષે પણ પૂરું થાય એવાં ચિન્હ જણાતાં નહોતાં. આવી સ્થિતિમાં નર્મદાશંકરને કેટલીક મુઝવણી પડી હશે તે કહેવા કરતાં કલ્પનાથીજ વધારે સમજાશે. મુંબઈમાં તપાસ કરતાં સંસ્કૃત પિંગળનો કાળીદાસકૃત શ્રુતબોધ ગ્રંથ મળ્યો, અને શીખવનાર પણ કોઇ શાસ્ત્રી ખૂણામાંથી મળી આવ્યો. કૉલેજમાંથી વખત કાઢી એને ત્યાં શીખવા જવું પડતું, અને એ શીખી રહ્યા ત્યારે માલમ પડયું કે આ ભણવાથી કેટલાંક અક્ષરવૃત્તોની કુંચી મળી પણ દોહરા ચોપાઇ સરખા હલકા છંદોની પણ બનાવટ તો પહેલાના જેટલીજ અગમ્ય રહી, કેમકે એવા માત્રિક છંદ સંસ્કૃત નહિં પણ ભાષાનાજ પિંગળમાં હોય છે. આ પ્રસંગે દલપતરામને પૂછતાં નર્મદાશંકરને આચકો પડયો, પણ ભરૂચના કવિ મનમોહનદાસ ઉપર એક ઘણા આર્જવપૂર્વક વિનંતિ કરી લખ્યું કે તમારી પાસે ભાષાનું કોઇ પિંગળ હશેજ અને કહો તો હું તમારી પાસે તે શીખવા આવું. પણ આ પત્રનો જવાબજ મળ્યો નહિં. છેવટે જાતે પિંગળની શોધ કરવા ગુજરાતમાં જવાનું ઠેરવ્યું, પણ એ દરમ્યાન વૃત્તરત્નાકર અને રઘુવંશનો અભ્યાસ એક શાસ્ત્રી પાસે કરવા માંડયો. વૃત્તરત્નાકર તો પૂરો કર્યો, અને રઘુવંશનો બીજો તથા ત્રીજો સર્ગ ચાલ્યો.

સને ૧૮૫૬ના નવેંબરમાં સુરત આવી પિંગળની ખોળમાં પડવા માંડયું. સારા ભાગ્યે 'જ્ઞાન સાગર'ના પેલા છાપનાર જદુરામ સાથે દોસ્તી થઇ હતી તે આવા ઠેકાણાનો ખરો ભોમિયો હતો. તેથી તેની મદદે એક કડીઓ હાથ લાગ્યો તેના ઘરમાં દાદુપંથી સાધુ કવિ લાલદાસ જે સુરતમાંજ થોડા વર્ષ ઉપર થઇ ગયા હતા, તેના બનાવેલા કાવ્યોનો તમામ સંગ્રહ હતો. તેણે કહ્યું કે "કાલે આવજો, એમાં કોઇ પિંગળ છે કે નહિ તે જોઇશું. પછી બીજે દહાડે તેની પાસે ગયો ને ત્યાં પેટારો ઉઘાડયો તેમાંથી છંદરત્નાવળી નામનું પુસ્તક નિકળ્યું. તેણે મને કહ્યું કે હું ઘેરતો નહીં આપું, પણ અહીં આવી લખી લો. પછી હું રોજ સવારે કલમ ખડિયો કાગળ લઇને તેને ઘેર જતો ને પિંગળ લખતો. તે કડિયા પાસે લાલદાસનાં કરેલાં ચાળીસેક રંગેલાં ને સારા અક્ષરથી લખેલાં ચિત્ર કાવ્ય હતાં તે મને તેણે દેખાડયાં ને વાંચી બતાવ્યાં–મારૂં મન તે ઉતારી લેવાનું થયું." આ કડિયાના ઘરમાં દાદુપંથી

વેદાંતની ચર્ચા હમેશા ચાલતી તેથી નર્મદાશંકરથી નિરાંતે લખી શકાતું નહિ. થોડા દહાડા પછી તે ભગત કડીયાએ દરરોજ થોડાંક પાનાં ને ચિત્ર-કાવ્ય ઘેર ઉતારવા આપવાનું કબુલ કર્યું. "પછી હું રોજ ચાર પાંચ ચિત્ર-કાવ્ય લઉં ને રસ્તામાં ચિતારાની દુકાને નકલ ચિતરવાને આપું–ઘેર જઇ જમું ને પાછલે પહોરે પાછો ચિતારા પાસથી લઈ આવું–રાતે તેમાં અક્ષર લખું ને વળી રત્નાવળી લખું. એ રીતે મેં સઘળાં ચિત્ર કાવ્ય ચિતરાવી લખી રાખ્યાં ને રત્નાવળી પણ લખી લીધી. એ પિંગળનાં પુસ્તકની મતલબ મેં મારી મેળે સંસ્કૃતને જોરે સમજી લીધી. એ પુસ્તકથી મને દોહરા ચોપાઇ વિગેરે માત્રા વૃત્તોના નિયમ જણાયા" આવી મુશીબતો હાલ પણ પડતી હોત, તો વારૂ કેટલા છોકરાઓ કવિ કહેવડાવવાને તૈયાર થાત? અરે તેઓ તો હાલ પિંગળ જ્ઞાનનો આટલો પ્રસાર છતાં પણ કયે દહાડે એક પણ છંદ સશુદ્ધ બનાવવાની પરવાહ રાખે છે? તેઓ તો જાણે છે કે નામની જોડે **ક** ને **વિ** લખતાં આવડયું એટલે કવિ થઇ ચૂકયા. અને વખતે **વિ** દીર્ઘ થઇ જાય તો પણ શું? બહુ સારૂં, આપણું કવિ-પણું દીર્ઘતાને પામ્યું:–કાંઈ લઘુતા તો એથી આવી નથી?

આ કામમાં કવિને દોઢેક મહિનો ભાગ્યો. એ કામ થયાથી હરખભેર મુંબાઇ આવી એકાદ કાવ્ય બનાવવા માંડે છે એવામાં એમના બાપે કહ્યું કે તું ગુજરાતીમાં પિંગળ લખે ત્યારે ખરો. એ ઉપરથી નર્મદાશંકરે પિંગળ પ્રવેશનો આરંભ કર્યો, અને તે બનાવી છપાવી એ ગુણી પિતાને જ અર્પણ કરી ૧૮૫૭ની ૬ ઠી અપ્રેલે લોકમાં પ્રગટ કર્યો. એ પહેલી આવૃત્તિ શીલા છાપની છે, અને તેના હસ્તાક્ષર કવિના બાપના પોતાનાજ છે.

પિંગળનું થયું, પણ અલંકાર ને રસ જાણવાના રહ્યા. તે માટે પિંગળ પ્રવેશ કાઢયા પછી તુર્તજ ચંદ્રાલોક * તથા તેની સાથે નૃસિંહ ચંપુનો અભ્યાસ કરવા માંડયો, અને તે ભણી રહી ૧૮૫૮ના જાનેવારીમાં એક તર્ફથી અલંકાર પ્રવેશ લખવા માંડયો, અને બીજી તર્ફથી પ્રતાપ-રૂદ્રમાંથી રસ પ્રકરણ શીખવા માંડયું. રસનું જ્ઞાન થતાંજ રસ પ્રવેશ

* એ જયદેવકૃત અલંકારનો ગ્રંથ છે, અને એ ઉપરથીજ જયસિંહ મહારાજે વ્રજમાં ભાષાભૂષણ રચ્યું છે. ચંદ્રાલોક પ્રાચીન (મમ્મટના વખત પછી રદ ગણાએલા) કાવ્યશાસ્ત્રનો ગ્રંથ છે. હાલ અલંકારનો સર્વમાન્ય ગ્રંથ તો કુવલયાનંદ અને કાવ્યશાસ્ત્રનો કાવ્યપ્રકાશ છે.

લખી કાઢયો, અને એ બંને પ્રવેશો જુલાઇ સુધીમાં બે અઢી મહીને તડાકા બંધ પ્રગટ કરી દીધા. નર્મદાશંકરની રીત એવી હતી કે કોઈ વિષય શીખવો કે તુર્તજ તે બાબત કાંઇ બનાવવું.

આટલા અભ્યાસથી બધરાતાં એજ વર્ષના ડીસંબરમાં પૂને જઈ "નીલકંઠ શાસ્ત્રી પાસે લઘુ કૌમુદી અને વિષ્ણુ શાસ્ત્રી પાસે વિક્રમોર્વશી નાટક શીખવા માંડયા. લઘુ કૌમુદિની બિજી વૃત્તિ અને નાટક પૂરાં કીધાં. બાળ શાસ્ત્રી દેવ જે વ્યાકરણ ને કાવ્ય શાસ્ત્રમાં નિપુણ છે અને પોતાને ઘેર પંદરેક વિદ્યાર્થિયોને ભણાવે છે તેની પાસે હું કાવ્યચંપુ નાટકમાંના પ્રસ્તાવિક શ્લોકો (સાહિત્ય) લખી લેતો ને કાવ્ય શાસ્ત્રના રંગો જોતો–કવિતા તે શું? ઉત્તમ કવિતા તે શું? અલંકાર ને રસમાં અંતર શું આદિલઇ પ્રશ્નો હું તેને કરતો, તેના ઉત્તરમાં તે ગ્રંથોના પ્રમાણ સાથે મારી પતીજ કરતા. એની પાસે મેં મારાં પિંગળ, અલંકાર, ને રસ શુધ્ધ કરાવ્યાં; તેમ વૃત્તરત્નાકર ઉપર એક જૈને મોટી ટીકા કરી છે તે ગ્રંથ હું તેની પાસે શીખ્યો—એમાં આર્યા ગીતિનો પ્રસ્તારાદિક વિષય સવિસ્તર છે તેપણ જોઇ લીધો. રાતે હું લિંગપુરાણ ને અધ્યાત્મ રામાયણ વાંચતો." પુનેથી ૧૮૫૯ના માર્ચની ૨૦ મીએ પાછું મુંબાઈ આવવું થયું. એજ વરસમાં "મેં ચિંતામણિપિંગળ, સુંદરશ્રૃંગાર, ભાષાભૂષણ, રસિકપ્રિયા એ હિંદુસ્તાની ગ્રંથોની મતલબ ઉપર ઉપરથી એ ભાષા જાણનારા કચ્છ તરફના મારા મિત્રો પાસેથી જાણી લીધી" એમ નર્મદાશંકર નોંધે છે.

આ પ્રમાણે કવિપણાને યથાસ્થિત યોગ્ય થવાનો મહા પ્રયત્ન નર્મદાશંકરનો છેક સને ૧૮૫૯ની આખર સુધી ચાલ્યો, અને હવે પછી પણ પ્રસંગ આવે કાવ્યશાસ્ત્રનું જ્ઞાન વધારવાને ચૂકતા નહોતા, તો પણ આ પ્રયત્ન કાળનો આપણે અંત ૨૩મી નવેંબર સને ૧૮૫૮થીજ ગણીશું તો સુગમ પડશે, કેમકે આ દિવસે નર્મદાશંકરે પોતાની આખી જિંદગીનો જેપર આધાર એવું એક પગલું ભર્યું. આ દિવસે * નોકરીનું રાજીનામું આપ્યું (અત્યાર સુધી કાંઇ કાંઇ નોકરી

* નોકરી છોડયા પછી ઉદર નિર્વાહને અર્થે ચાર પાંચેક વર્ષ સાહેબ લોકને ગુજરાતી ભણાવવાનું કામ નર્મદાશંકરે કર્યું હતું ખરૂં, અને એ દરમ્યાન હરદાસ થવાનો, કાઠીયાવાડના નવા સ્વામીનારાયણ સાથે મળી જવાનો, તથા

કર્યા કરતા હતા), અને વળી મનથી નિશ્ચય કર્યો કે હવે પછી નોકરી ન કરતાં બધું જીવન શારદા સેવનનેજ અર્પણ કરવું. કવિ લખે છે કે "મેં ઘેર આવી કલમના સામું જોઇ આંખમાં ઝળઝળીયાં સાથે તેને અરજ કરી કે હવે હું તારે ખોળે છઉં." ઉભરાઇ જતા હૈયાના આ બોલ વાંચી કયા વાંચનારની આંખ પણ સાનંદાશ્ચર્યની સાથે સજળ થયા વિના રહેશે? અને જ્યારે વિચાર કરીએ છિયે કે આ પ્રતિજ્ઞાથીજ પૈસા ટકા સંબંધી તો કવિને પોતાની લગભગ અર્ધી જિંદગી બહુ દુઃખમાં કાઢવી પડી, ત્યારે એ સાનંદાશ્ચર્યમાં વધારે ગરકાવ થઇ આપણાથી એમ બોલાઇ ગયા વિના રહેવાતું નથી કે "ધન્ય છે, કવિ, તારી આ ઊંચી મનોવૃત્તિને!" નર્મદાશંકરની આ નિસ્પૃહી ઉચ્ચ મનોવૃત્તિએ દેશને તો બેહદ લાભ કીધોજ છે, અને એના પણ આત્માની ઉત્તરોત્તર વૃદ્ધિમાં એજ મહા સાધનભૂત થઇ હતી.

આજ વરસમાં (સને ૧૮૫૮ ના એપ્રિલમાં) ઉપર મુજબ કાવ્ય શાસ્ત્રોનું સારૂં જ્ઞાન મેળવ્યા પછીજ—નર્મદાશંકરે અત્યાર સુધીમાં જે કવિતાઓ બનાવી હતી તેને 'નર્મ કવિતા' એ નામથી પહેલ વહેલી અંકોમાં પ્રગટ કરવા માંડી. આ વખત બે અંક બહાર પડયા, અને એજ વરસના પાછલા ભાગમાં ત્રીજો પણ છપાયો. નર્મકવિતા અંક રૂપે હમણાંજ બહાર પડી, પણ ખાનગી કે જાહેરમાં કવિ મુખે વંચાયાથી, એના ગદ્ય નિબંધ બે ચાર છપાયા હતા તેમાં કેટલીક આવી જવાથી તથા બુદ્ધિવર્ધકમાં કેટલીક છપાયાથી, નર્મદાશંકરનું કવિરૂપે દર્શન તો કયારનું ગૂજરાતમાં બધે થઇ ચૂકયુંજ હતું. પિંગળ પ્રવેશથી એ કીર્ત્તિમાં ઘણો વધારો થયો હતો, અને અલંકાર તથા રસ પ્રવેશો પ્રગટ થતાંજ બધાને એમ ભાસ્યું કે કવિતાના પ્રદેશમાં આ કોઇ નવો સૂર્ય ઉગે છે. મુંબાઈમાં તો

છેવટ સુધારાવાળા પાસે 'મિશન' કઢાવી તેના એક પ્રચારક થવાનો, વિગેરે ઘણાક મનસુબા તથા કાંઈ કાંઈ પ્રયત્નો કર્યા હતા કે તેથી બહોળી જીવાઈ મળે અને બધો કાળ વિદ્યાને લગતા કામોમાંજ જાય. આ હેતુ તો હાલ આપણા દેશમાં કેળવણીખાતાની નોકરીથીજ ઘણે દરજ્જે પૂરો પડી શકે છે, પણ તે તો કવિને પસંદ ન પડવાથી આવા બુટ્ટા ઉઠાવ્યા અને તે કાળ વિરૂદ્ધ હોવાથી નિષ્ફળ ગયા. એકવાર મુંબઈમાં હરદાસની કથા કરી પણ હતી, ને ૫૦ રૂપિયા મળ્યા હતા.

વિશેષ કરીને બધાજ નર્મદાશંકરની રસમસ્ત શૈલી ઉપર મોહિત થઇ ગયા. આ વખતે ગુજરાતી પંડિત દાખલ એની ખ્યાતિ સરકાર સુધી પહોંચી જવાથી ગુજરાતી જોડણી છેવટની મુકરર કરવા જે કમિટી નીમાઇ તેમાં કવિ નર્મદાશંકરને તે વેળાના ડિરેકટર આવ પબ્લિક ઇન્સ્ટ્રકશન મિ૦ હાવર્ડની તર્ફથી માનપૂર્વક આમંત્રણ થયું, અને તે એણે કબુલ રાખ્યું.

સને ૧૮૫૯ ના મે માસમાં આંખનું ઓસડ કરાવવા સારૂ કવિ દલપતરામનું મુંબાઇમાં આવવું થયું. આથી મુંબાઇમાં એ બંને કવિનો સ્વાભાવિકપણેજ લોકો મુકાબલો કરવા લાગ્યા. કેટલાકની ઇચ્છા બંનેને ભેગા કરી તે દરેકની કેવી કવિતા છે તે જોવાની થઇ, અને એવો એક મુકાબલો વાલકેશ્વરમાં ભગવાનદાસને બંગલે વિનાયકરાવ (તે વેળાના ઓરિએન્ટ ટ્રાન્સ્લેટર) ના આગ્રહથી થઈ પણ ગયો. દલપતરામે હોપ સાહેબને દોલતરામ એ બે નામની બાહ્યાંતરલાપિકાનું ચાતુર્ય દેખાડયા પછી જાદવાસ્થલી મોટેથી પોતાના ભાણેજની મદદથી ગાઇ સંભળાવી. નર્મદાશંકરે હાલજ રસપ્રવેશ બનાવ્યો હતો તેના છંદ મોઢેથી ગાઇ બતાવ્યા. વર્તમાનપત્રોમાં ચર્ચા ઉઠી કે એ બેમાં શ્રેષ્ઠ કવિ કોણ, અને કેટલાક નર્મદાશંકરની કવિતાને વધારે વિદ્વત્તા ભરેલી છે એમ કહી દલપતરામને વખોડવા લાગ્યા. બંને કવિ જાતે પણ સરસાસરસીપર આવેલા ખરાજ, પણ તે દરેકનો આ અનિષ્ટ ઝગડામાં કેટલો ભાગ હતો તે નિર્ણય કરવાનું આ સ્થળ નથી. 'પારસી પંચે' તો એક રમુજી ચિત્રમાં બંનેને એક બીજાની ચોટલી પકડાવી ખૂબ લડાવ્યા છે! આ ઝગડાનું ફળ એ થયું કે એ બનેનાં મન એક બીજાથી ઊંચાં થયાં, અને તે થયાં તે થયાંજ–હવેથી તેઓ એક બીજાપર પોત પોતાની રીતે કટાક્ષજ ફેંકતા રહ્યા.

આજ વરસમાં આઠલી બહારની ઉપાધિ છતાં નર્મ કવિતાના અંક ૪-૫-૬-૭-૮ બહાર પડયા. ૫ મો તથા ૬ ઠો અંક એ વૈધવ્ય ચિત્રથીજ ભરેલા છે. આ વૈધવ્ય ચિત્રે દેશમાં હો હા કરી મૂકી, સુધારા પક્ષ બહુ જોર પર આવ્યો, અને જૂના પક્ષને લાગ્યું કે આ કોઈ સમર્થ પુરૂષ સામો આવ્યો છે. આ વખતથી કવિની કીર્ત્તિ ઇંગ્રેજી ભણેલા ને સુધારાવાળાની હદમાંથી બહાર નીકળી સામાન્ય લોકમાં પ્રસરી.

આ જે કીર્ત્તિ જામી તેમાં નર્મદાશંકરે વર્ષોવર્ષ નવી નવી તરેહની કવિતાઓ પ્રગટ કરી સને ૧૮૬૬ સુધી ઉત્તરોત્તર વધારોજ કર્યો કર્યો. નર્મદાશંકરને લોક પાસે નાણાં કઢાવવાની જુક્તિ નહોતી આવડતી અથવા તેમાં જે ખટપટ ને ખુશામત કેટલેક દરજ્જે જોઈએજ છે તે કરવા ઉપર એનું મન નહોતું, પણ લોકમાં પોતાની કીર્ત્તિ તાજી ને તાજીજ રાખવાની એને ઘણીજ ચીવટ તથા આવડત હતી. વૈધવ્ય ચિત્રનો મોહ લોકોમાં ઓછો થવા નહોતો આવ્યો એટલામાં ૧૮૬૦માં નર્મકવિતાના ૯ ને ૧૦ મો અંક છપાવ્યા તેમાં રૂક્મિણી હરણ વગેરે જૂદીજ બાનીની કવિતા લોકની આગળ રજુ કરી. કવિએ કવિતા વિષે વિવેચન શૈલીનાં રસિક ભાષણો આપ્યાં તથા છપાવ્યાં, અને સને ૧૮૬૧ માં ઋતુવર્ણન નામે નાનું પણ પંડિત શૈલીનું મહા રસિક કાવ્ય પ્રગટ કરી વિદ્વાન વાચકોને એકદમ છક કરી નાંખ્યા. સને ૧૮૬૨માં સાતે વર્ષની કવિતાનું એક પુસ્તક કાઢયું, અને તેમાં વન વર્ણનથી ગુજરાતી પ્રજાને માટે એક નવોજ કાવ્યપ્રદેશ ઉઘાડયો. પ્રવાસ વર્ણન પણ એજ નવી શૈલીની કવિતા છે. ૧૮૬૩માં નર્મકવિતા પુસ્તક બીજાના અંકો પ્રથમ એકઠા અને પછી સામટા છપાવ્યા, તેમાં વજેસંગ ને ચાંદબાની વાર્ત્તા લખી શામળભટની શૈલીનો રસ દેખાડયો. ૧૮૬૪માં "હિંદુઓની પડતી"ના ઉછળતા રોલા છંદોથી વ્હેમોનું જડ મૂળમાંથી ખંડન કરી નાંખ્યું, અને પોતે કોઇ વખત અભિમાનમાં કહેતા તેમ નર્મકવિતાના પુસ્તકને "સુધારાના બાઇબલ"નું રૂપ આપી દીધું. સને ૧૮૬૬માં "નાયિકા વિષય પ્રવેશ" પ્રગટ કરી કાવ્ય શાસ્ત્રોના ગ્રંથોની પરિસીમા કીધી. સને ૧૮૫૮-૫૯થી તે ૧૮૬૫-૬૬ સુધીનો કાળ કવિની જિંદગીમાં પૂર્ણ યશનો હતો, અને એ સમે જેવી એની કીર્ત્તિ પ્રકાશતી હતી તેવી બીજા થોડાજ કવિની આટલા થોડા વખતમાં પ્રકાશી હશે. આ વખત પછી નર્મદાશંકરે કવિતા તો કેટલીક કરી, અને કવિ રીતે ગણના એમના મરણ પર્યંત સારીજ થતી, પણ આ વખતનો કીર્ત્તિરંગ ન્યારોજ હતો.

નર્મદાશંકરનો કવિ રૂપે ઉદય વર્ણવતાં, તેણે જે ગુર્જર ગદ્યકાર દાખલ એથી પણ વધારે કીર્ત્તિ આ સમે મેળવી હતી, તે બાબત તો બોલવાનુંજ રહી ગયું છે. ગુજરાતી ગદ્ય તો ૧૮૫૫ થી નિઃશંકપણેજ લખવા માંડયું હતું. અત્યાર સુધી જે આડંબરી સંસ્કૃત-ગુજરાતી ચાલતી

હતી તે કાઢી નાંખી રૂઢ, રમતી, મર્માળી વાણી ગુજરાતી ગદ્યમાં દાખલ કરવાનું મહામાન નર્મદાશંકરનેજ છે. હોપ સાહેબે ગુજરાતી નિશાળોને માટે જે વાંચનમાળા રચાવી તેમાં કેવળ સરળતા ઉપરજ લક્ષ રાખતાં ભાષાનો મરોડ પણ નીકળી ગયો હતો. નર્મદાશંકરનું ગદ્ય જેવું સરળ તેવુંજ રૂઢ, અને જેવું રૂઢ તેવુંજ પ્રસંગસર પ્રૌઢ પણ હતું. આ કારણથી એનું ગદ્ય જેના વાંચવામાં આવતું તે મોહ પામતા. ભણેલા ને ન ભણેલા સઘળાને એ વાહાલું લાગતું. અંગ્રેજી વિદ્વાન અને સંસ્કૃત વિદ્વાન એ બંનેને તે સમાનજ પ્રીતિકર હતું. આ નવી શૈલીનું લખાણ બુદ્ધિવર્દ્ધક ચોપાનીયામાં આ સમે ઘણું આવતું અને તે ખાતર તેના નવા અંકને માટે વાંચનાર તલપી રહેતા હતા. કવિએ કેટલાક માસ ૧૮૫૮ માં બુદ્ધિ-વર્ધકનું અધિપતિપણું પણ ચલાવ્યું હતું.

આ બધા લખાણના સામટા સંગ્રહનું મોટું પુસ્તક "નર્મગદ્ય" એ નામે છપાઇને ૧૮૬૫માં બહાર પડયું. ૧૮૬૪ના પાછલા ભાગમાં કવિએ "ડાંડિયો" નામનું એક પખવાડીયાનું નાનું સરખું પત્ર (કે ચોપાનીઉં જે કહો તે) કાઢયું હતું. તેણે તો તેના હસામણા પણ વજ્રપાત જેવા લખાણથી આખી ગુજરાતને ઉથલપાથલ કરી નાંખી. એમાં કવિએ પંડેતો કોઇની જાત ઉપર હુમલો કવચિતજ કર્યો છે, પણ જેની ઉપર આ વજ્રપાત પડયા તે બધાની સાથ વેરતો અલબત્ત નર્મદાશંકરનેજ બંધાયું, કેમકે એડિટર પોતે. એ અદાવત પાછળથી એને કેટલેક દરજ્જે નડી પણ ખરી, પરંતુ આ વેળાતો કવિની કલમ વખણાઇ, અને ડંકો થઇ રહ્યો—મોટા મોટા પણ ડરવા લાગ્યા.

નર્મદાશંકરે આજ અરસામાં ગુજરાતી વ્યાકરણ લખવા માંડયું હતું, પણ તેના બેજ ભાગ લખી બંધ રાખ્યું. એ બંને અને પહેલો તો વિશેષે કરીને સારોજ છે.

અરદેસર ફરામજી મુસવાળી શાળોપયોગી અંગ્રેજી-ગુજરાતી ડિક્શનેરી, જે પાછળથી ઝવેરીલાલકૃત એવડીજ ડિકશનેરીમાં ભળી ગઇ છે, તેના ત્રણ લખનારમાં એક નર્મદાશંકર પણ હતા. એ લખે છે કે "એ પુસ્તકના વેચાણથી મને ત્રીજે હિસ્સે પણ સારી પેઠે નફો થયો." મતલબ કે કવિતા વગેરેના બીજા પુસ્તકોથી કદના પ્રમાણમાં આટલો નફો થયો નહોતો. એમજ છે. ગ્રંથકારના ધંધાની આ એક સામાન્ય લીલા છે.

નર્મકોશ એ નર્મદાશંકરના લાંબા ધીર ઉદ્યોગ, ભાષાજ્ઞાન, અને શાંત-સૂક્ષ્મબુદ્ધિનો મોટો કીર્તિસ્તંભ છે. ગુજરાતી ભાષામાં મૂળ કોશ નહિ, ત્યાં આવડો મોટો અને આવો સારો, એકજ માણસના ઉદ્યોગથી, અને તે પણ બીજાં સાક્ષર કામો અને સંસારી અને ઉપાધિની વચમાં બનવો એ ગુર્જર ભાષાને ખરેખરી અભિવંદના આપવા યોગ્ય વાર્ત્તા છે. હિંદુસ્તાની મરાઠીમાં અંગ્રેજી સમજુતીવાળા કોશ આથી પણ સારા છે ખરા, પણ સ્વભાષાજ જાણનારને ઉપયોગી પડે એવો મોટો એકે નથી. આ મહા કોશનો પ્રથમ મનસુબો નર્મકવિતામાં આવેલા તમામ કઠણ શબ્દોની ટીપ તૈયાર કરતાં ઉઠ્યો, અને તે આગળથી ધરાકો મેળવી ભાગોમાં કાઢવાનું ઠર્યું. એનો પહેલો ભાગ ૧૮૬૧માં, બીજો ૬૨માં, અને ત્રીજો ૬૪માં બહાર પડ્યો. ચોથો ૬૬માં છપાઈને તૈયાર થયો તે બહાર ન કાઢ્યો, કેમકે મૂળ ધરાકોમાંના ઘણા ખરા તે વેળા ટુટી ગયા હતા. આ વખતે "તગારૂં" શબ્દ સુધી કોશ આવી પહોંચ્યો હતો અને કામ હજી અર્ધો અર્ધ બાકી હતું. આ જોઇ, કાંઇ પણ આશ્રય નહિ, અને આ વેળા સંસારની પણ ચિંતાઓ ઘણી, તેથી નર્મદાશંકરનું મન ભાગી ગયું; અને બે એક વર્ષ કોશને પડતો મૂક્યો. પણ ધીરવીર નર્મદ આરંભેલું કામ અધૂરૂં મૂકે એવો નહોતો. જાણે એકદમ ચમકી ઉઠ્યો હોય તેમ તેણે ૧૮૬૮માં કોશનું કામ પાછું હાથમાં લીધું, અને રાતને દહાડો તેનીજ પછાડી મંડી એ વર્ષ પૂરૂં થતાં પહેલાં ગ્રંથની સમાપ્તિ કરી નાંખી. હવે એમ વિચાર થયો કે આટલો ભાગ છૂટો છપાવવા કરતાં પાછલા ભાગો પણ સુધારા વધારા સાથે ફરી છપાવી એક સામટો મોટો ગ્રંથજ બહાર પાડવો. ગ્રંથ મોટો લખવા કરતાં પણ તે છપાવવો એ ગરીબ ગ્રંથકારને મહા મહા મુશ્કેલી અને દુઃખનું મૂળ છે, તે બિચારા નર્મદાશંકરે પૂરેપૂરૂં આ વેળા અનુભવ્યું. આશ્રય સારૂ એણે જે આ પ્રસંગે તર્ફડીયાં માર્યાં, અને ચોતર્ફથી એને જે અન્યાય કે બે કદરપણું મળ્યું તે ત્રાસ ઉપજાવે એવું છે, પણ તે વર્ણવાનો અત્રે અવકાશ નથી. ધન્ય છે નર્મદાશંકરની સબુરીને કે આવા મોટા ગ્રંથની પ્રસ્તાવનામાં આ કે પોતાના બીજા પરિશ્રમ વિષે કાંઇ પણ ન બોલતાં આટલુંજ લખ્યું છે "પ્રવૃત્તિવાળી સ્થિતિમાં તથા આશ્રય વિનાની સ્થિતિમાં પણ ઉત્સાહ વાળા ઉદ્યુક્તપણાવડે આ કોશ રચાયો છે ને છપાયો છે." આ કેવા

મોટા મનનો સ્વાભિમાની આત્મસંતોષ! મહારાજાની ધૂળ ઝાડકી નાંખનાર અને ડાંડીયામાં ભલ ભલાને ઘુમાવનારી કલમમાં તે આ શી પ્રૌઢ શાંતિ! પણ ખરી વાત એ હતી કે કવિએ નાના પ્રકારના કોડમાં રમી, દુનિયાને દોરંગી દેખી, ઉચ્છેદક સુધારાવાળાનું મિથ્યાત્વ સમજી, તેમનાથી વિરક્તતા પામી, પોતાના આત્માને નિવૃત્તિ માર્ગ તરફ વાળવા માંડયો હતો, અને આ વેળા તે નિવૃત્તિ તો હજી સાધ્ય થઇ નહોતી, પણ અણસમજુને ઠોક મારવા પણ વૃથા છે એમ જાણી નર્મદાશંકરે તે સમયની લાગણી અને પોતાની ઉચ્ચવૃત્તિ એ મહાગ્રંથ ગુજરાત દેશનેજ અર્પણ કરી વ્યંગ્યમાં દર્શાવી, કે હાલના બેકદર બડેખાંઓમાંથી કોઇ પણ આ ગ્રંથાર્પણને પાત્ર નથી. સમસ્ત દેશને આ ગ્રંથ અર્પણ થયો એજ સારૂં થયું છે. આવી મહેનતે અને આવા ભોખમે આવો મોટો ગ્રંથ પ્રગટ કરવાની હિંમત જે દેશના સુપુત્રે કરી તે દેશને તો અભિનંદનજ ઘટેછે કે

"જય જય ગરવી ગુજરાત!
જય જય ગરવી ગુજરાત,
દીયે અરૂણું પરભાત,
ધ્વજ પ્રકારાશે ઝળળળળ કસુમ્બી, પ્રેમ શૌર્ય અંકીત
તું ભણુવ ભણુવ નિજસંતતિ સહીને પ્રેમભક્તિની રીત–
ઊંચી તુજ સુંદર જાત
જય જય ગરવી ગુજરાત."

આથી પણ વધારે ઉચ્ચવૃત્તિ નર્મ કવિતાના મોટા પુસ્તકના ગ્રંથાર્પણ પ્રસંગે અમારા ખુદ જોવામાં આવી હતી. બધો ચોપડો છપાઈ રહી છેલ્લાં પ્રુફ આવ્યાં હતાં. તે દિવસે રવિવાર કે શનિવાર હોવાથી હું મારા હમેશના રિવાજ પ્રમાણે સાંજના ચાર વાગે કવિને મળવા જાઉં છું, તો તેમને બારીએ મારી રાહ જોઈનેજ ઉભેલા દીઠા. ઉપર જઇને જોતાં કોઈ દિવસ પણ નહિ દીઠેલી એવી ઉદાસીમાં તેમને દીઠા. જાણવું જોઈએ કે મારી સાથે સાત આઠ વર્ષનો ગાઢો પરિચય હતો, તોપણ પોતાની ખાનગી મુંઝવણો (દ્રવ્ય સંબંધી કે બીજી) કદીપણ ઉચારતા નહિ, અને કોઇની આગળ પણ તે પ્રદર્શિત કરવાનો સ્વભાવજ નહોતો. આવું એનું ધૈર્ય જોઇ બધાને આશ્ચર્ય થતું. આજે તો મને જતાં વારજ બહુ ખિન્ન અવાજથી કહ્યું કે "તમે કાંઇ જાણોછો? કરસનદાસ ભાગ્યા!" શેઠ કરસનદાસ

માધવદાસ કવિના મોટા મિત્ર અને ગુણગ્રાહક હતા. નર્મદા કવિને મોજ તે એજ. નર્મદાશંકરને કોઈની તરફથી પણ સારો આશ્રય મળ્યો એમ કહેવાય, તો એની આખી જિંદગીમાં આ કરસનદાસ તરફથીજ. અત્યાર સુધીમાં એની તરફથી નર્મદાશંકરને ૧૦–૧૨ હજાર રૂપિયા મળ્યા હશે– બીજાઓ તરફથી કવચિત મળેલા તે સો બસેજ અને તે બધાનો કુલ સર્વાળો ભાગ્યે એક હજાર થાય. આ ઉપકાર બદલ નર્મદાશંકરનો વિચાર આ મોટો ચોપડો કરસનદાસનેજ અર્પણ કરવાનો હતો, અને છપાઈ ખર્ચ જેટલું તો મળશેજ એમ ખાત્રી હતી. પણ નર્મદની સઘળી આશાનો આ સ્તંભ તો શેરસટ્ટાના ઝપાટામાં એકાએક આ રીતે ભાગી પડ્યો. તેની ખબર એજ દહાડે સુરતમાં આવી હતી. કવિએ મને શોકનિમગ્ન હૃદયના ફીકા હાસ્યથી કહ્યું કે "જોયું, યોગનું મહાત્મ? પુરૂષ પ્રયત્ન શું ચાલે!!" પછીથી કરવું શું તેની મસલત ચાલી. કોઇ વ્યવહાર બુદ્ધિના મિત્રે સલાહ આપી હતી કે કરસનદાસને મૂકી હવે ગ્રંથાર્પણ કોઇ બીજાને કરવું અને તેની પાસે છપાઈ ખરચ મેળવવો. આ વાત કવિને ગળે ઉતરી નહોતી, અને એનો ટેકી આત્મા બહુ ગભરાતો હતો. એના મનમાં મૈત્રી ધર્મમાં ચૂકવું નહિ એવો તો દૃઢ નિશ્ચય અને તેની સાથે વ્યવહાર નીતિમાં ભૂલ્યો એમ પણ કહેવાય નહિ તેની મોટી લોલુપતા. જ્યાં એ બેનો વિરોધજ આવી પડેલો, ત્યાં તે બંનેનું સમાધાન શી રીતે થઇ શકે? મેં કવિને પૂછ્યું કે તમે કરસનદાસ સાથે અર્પણ કરવાને બંધાઇ ચૂકયા છો? એણે કહ્યું કે "બંધાઇ ચૂકયા જેટલે દરજ્જે તો વાત થઈ નથી; અને તેમ એણે પણ હું છપાઇ ખરચ આપીશ એમ કાંઇ સ્પષ્ટ કહ્યું નથી; પણ હું ગ્રંથ અર્પણ કરીશ અને એ મને ખરચ કરતાં પણ વધારે આપશે એમ અમારા એકેકના મનમાં તે સમયની વાતચિત ઉપરથી લાગેલું· ખરૂંજ." હું જાણતો હતો કે કવિને માથે આ વખતે ભારે કરજ હતું (કવિએ તો હજી સ્પષ્ટ ન કહેલું તોપણ) અને હાલ આ મોટા ગ્રંથની છપાઇનો ખરચ એનાથી કદી પણ આપી શકાવાનો નથી. તેથી મેં કહ્યું કે કરસનદાસ સમજુ માણસ છે, અને તેથી તમે જો વખત ને માન આપશો તો હું નથી ધારતો કે તેને ખોટું લાગે. સાચો સ્નેહી હોય તો તેજ આ વખતે તમને એમ કરવાની સલાહ આપે. કવિએ કહ્યું કે એતો ખરૂં, પણ સવાલ એ છે કે 'એ બિચારો હાલ પૈસા

આપવાની સ્થિતિમાં ન રહ્યો, માટે મારે શું જે પ્રેમવૃત્તિ દેખાડેલી તેમાંથી પાછા હઠવું જોઇએ?' આનો જવાબ શો દેવાય? ચર્ચાતો ગંભીર રસ સાથે કલાકેક ચાલી, પણ એનું પરિણામ એજ થયું કે એ પ્રકૃતિની સાથે અર્પણપત્રિકા કરસનદાસના નામનીજ કવિએ બીજે દહાડે લખી મોકલી. "ધીર ધર ધીર ધર"નું પદ છે તે કવિએ આ પ્રસંગ ઉપરજ બનાવીને મોકલ્યું હતું, અને તે લખવાનો ઉદ્દેશ કરસનદાસ કરતાં પણ પોતાના જિવને ધીરજ આપવાનો વધારે હતો. આ સમેનો કવિના મનનો દ્રવ્ય સંબંધી ગભરાટ આ મોટા પુસ્તકને અંતે "દુઃખ છે દુઃખ સંસારમાં" તેમાંથી કાંઇક માલમ પડી આવશે.

આ રીતે કવિનાં બધાંજ ગ્રંથાર્પણ જોશો તો તે અર્થ બુદ્ધિથી નહિ, પણ રસવૃત્તિએજ થએલાં માલમ પડશે. પિંગળ પ્રવેશ પોતાના પિતાને, અલંકાર પ્રવેશ ને નર્મગદ્ય દાક્તર ભાઉ દાજીને, ઋતુવર્ણન તો 'સકળ રસિક નરનારિઓ'નેજ, રસપ્રવેશ નભુલાલ કવિને, નાયકા વિષય પ્રવેશ કાંઇક શ્લેષ ભાવે પોતાની સ્ત્રી ડાહીગૌરીને, અને નર્મકોશ સમગ્ર ગુર્જર જનનીનેજ અર્પણ કર્યો છે.

આ જોતાં ગ્રંથાર્પણથી તો દ્રવ્ય પ્રાપ્તિ કવિએ ઇચ્છેલીજ નહિ–કોઇ પોશિંદો ખુશીથી આપે તો તે અને પુસ્તકોના વેચાણ ઉપરજ આધાર રાખેલો. કરસનદાસ સિવાય બીજા તો કેટલા પોશિંદા નીકળ્યા તે આપણે ઉપર સૂચવી ગયા છિયે. પુસ્તકોના વેચાણથી શરૂઆતમાં તો કાંઇક ઠીક કમાઇ થયેલી ખરી, તોપણ પૂરું થાય એટલી નહિ. બહાલી નોકરી છોડી દીધા પછી ઈંગ્રેજીને ગુજરાતી ભણાવી તથા કન્યાશાળામાં કે ખાનગી ગૃહસ્થોને ઘેર કવિતા શીખવી નર્મદાશંકર મુંબાઇમાં હતા ત્યાં સુધી પોતાનું પૂરું કરતા એની "હકીકત"માં નાણાંની તાણનો પોકાર અને કરજના ભણકારા તો મૂળથીજ છે, પણ સને ૧૮૬૪થી તે બહુજ વધવા માંડે છે–આ વખતે ચોપડીઓનું વેચાણ તો લગભગ બંધજ થઇ ગયું હતું, અને એનું કારણ એમ લાગે છે કે અત્યાર સુધી એમનાં પુસ્તકો પારસીઓમાં બહુ ખપતાં, તેમણે બે એક વર્ષથી કવિની કાંઇક વર્ત્તણુકથી ગુસ્સે થઇ તે વાંચવાંજ બંધ પાડયાં હતાં. કવિનું મન પણ એ પ્રસંગ પછી મુંબાઇ છોડી પ્રવાસે રખડવા તરફ લાગ્યું હતું, અને છેવટ સને ૧૮૬૫ના જુલાઇમાં સુરત આવીનેજ નિવાસ કર્યો ત્યારેજ

એના મનની વ્યગ્રતા સમી. સુરતમાં વસવાનાં કારણો કવિ સંક્ષેપમાં આ પ્રમાણે દેખાડે છેઃ "શેર બજારની પડતી આવેથી ચોપડીઓનું વેચાણ બંધ પડેથી, લોકને શીખવવા જવાનું તો બે વરસ થયા બંધ રાખેલું તેથી કમ ખરચ રાખવાના હેતુથી, મિત્રોની ઘણી આવજાવથી મારા લખવાના કામમાં ઘણી ખલેલ પહોંચવા લાગી તેથી અને મુસાફરી કરવાને જીવ વલખાં મારે છે માટે આગળથી સ્ત્રીને સુરતમાં ઘર માંડી આપું કે નિરાંત થાય એ મતલબથી, મેં મારો ઉઘાળો મુંબાઇમાંથી ઉઠાવી સુરતમાં નાંખ્યો."આ લખનારને ગાઢો પરિચય આ વખતથી થયો, અગરજો એ પહેલાં પાંચ છ વરસથી સારો સ્નેહભાવ બંધાએલો હતો.

નર્મદાશંકરના સાક્ષર પરિશ્રમો વર્ણવતાં આપણે બે માલમ રીતે એના સ્વભાવ તથા સંસાર સ્થિતિ ઉપર ઉતરી પડયા, અને ખરેખરો હવે તે વર્ણનનોજ સમય આવ્યો છે, પણ તેમ કરવા પહેલાં આ ઠેકાણે આપણે નર્મદાશંકરના સાક્ષર ઉદ્યોગનો હુંડો જોઇ લઇએ તો ઠીક. કવિતા રૂપ એનું તમામ લખાણ તો જે ગ્રંથના સંબંધમાં આ કવિજીવન લખીએ છિયે તેની અનુક્રમણિકા ઉપરથી યથાસ્થિત માલમ પડશે. મુખ્ય મુખ્ય ગદ્ય ગ્રંથો વિષે અમે અત્રે કાંઇ બોલી ગયા છિયે, અને હવે પછી લખાનાર મુખ્ય ગ્રંથ "ધર્મ વિચાર", જેમાં કવિના સુધારાના વિચારોએ ઉચ્છેદકપણું છોડી સંરક્ષણપણું સ્વીકાર્યું છે તે બાબત અન્ય સંબંધે કાંઇકિ બોલાશે. માટે અહિંયા નર્મદાશંકરના કરેલા તમામ ગદ્ય ગ્રંથોના નામની યાદી આપીએ છિયે. એમાંના ઘણાકનો "નર્મગદ્ય" એ નામના જાણીતા પુસ્તકોમાં સંગ્રહ થએલો છે, પણ તે કયા કયા અને કેવા વિષયો ઉપર છે તે જાણવા માટે અમે તેની વિષયવાર ગોઠવણી કરી છે, અને તેની સામા તે *કયા નર્મગદ્યમાંથી વાંચનારને મળશે તે પણ દર્શાવ્યું છે.

---

* નર્મ ગદ્ય એ નામનાં હાલ ગુજરાતીમાં બે પુસ્તક છેઃ—નર્મદાશંકરે પોતે છપાવેલું તે અને બીજું સરકાર તરફથી છપાએલું નિશાળોમાં ચાલે છે ત. સરકારે છપાવેલામાં કેટલાક ગ્રંથો નવાજ અને કેટલા જૂનામાંના છે. જે જૂનામાંના છે તે જૂનામાંજ અમે ગણાવ્યા છે કેમકે તેમાંથી નર્મદાશંકરનું મૂળ લખાણ (રા. સા. મહીપતરામે ફેરફાર કર્યા વિનાનું) માલમ પડશે. એ ફેરફાર નિશાળોના સંબંધમાં યોગ્યાયોગ્યતાને વિચારે કરેલો છે, પણ સાક્ષર વાંચકને તો મૂળ લખાણનીજ અપેક્ષા રહે.

નર્મદાશંકર કૃત ગદ્ય ગ્રંથોની યાદી–બનાવ્યાના વર્ષ સાથે.

સંસાર સુધારા સંબંધી.

(નર્મદાશંકરે છપાવેલા નર્મ ગદ્યમાં છે.)

૧ મંડળી મળવાથી થતા લાભ. (૧૮૫૦–૫૧)
૨ મુઆં પછવાડે રોવા કુટવાની ઘેલાઈ. (૧૮૫૬)
૩ સ્વદેશાભિમાન. (૧૮૫૬)
૪ પુનર્વિવાહ. (૧૮૬૦)
૫ રણમાં પાછાં પગલાં ન કરવાં. (૧૮૬૪)
૬ તુલજી–વૈધવ્ય ચિત્ર સંવાદ ૩પે. (૧૮૫૯–૬૩)

(સરકારે છપાવેલા નર્મગદ્યમાંજ છે.)

૭ કેળવણી વિષે. (૧૮૬૮)
૮ કુળ મોટપ (૧૮૬૯)
૯ *ગુજરાતીઓની સ્થિતિ. (૧૮૬૮–૬૯)
૧૦ લગ્ન તથા પુનર્લગ્ન. (૧૮૬૦)
૧૧ †સ્ફુટ વિષયો.

નીતિ સંબંધી.

(નર્મદાશંકરે છપાવેલા નર્મગદ્યમાં છે.)

૧૨ વ્યભિચાર નિષેધક. (૧૮૫૫)
૧૩ નિરાશ્રિત પ્રત્યે શ્રીમંતના ધર્મ. (૧૮૫૬)
૧૪ સંપ. (૧૮૫૯)
૧૫ ગરીબાઇ વિષે ભિખારીદાસનો સંવાદ (૧૮૫૮)

(સરકારે છપાવેલા નર્મગદ્યમાંજ છે.)

૧૬ ઉદ્યોગ તથા વૃદ્ધિ. (૧૮૬૮)

---

* આ નર્મદાશંકરે છૂટો પણ છપાવેલો છે.

† આ સ્ફુટ વિષયોને ગોઠવણ ખાતર સંસાર સુધારાના પેટામાંજ અમે લખ્યા છે, પણ તેના વિષય વિવિધ વર્ગના છે. તેમાં સાક્ષરત્વના ચૂટકા, અને ઢાંડીયાને સંબંધે વર્ત્તમાન ચર્ચા પણ છે.

૧૭ સુખ. (૧૮૬૯)
૧૮ સ્ત્રીના ધર્મ. (૧૮૫૭)
૧૯ સ્ત્રી કેળવણી. (૧૮૬૮)

ધર્મ સંબંધી.

(નર્મદાશંકરે છપાવેલા નર્મ ગદ્યમાં છે.)

૨૦ ગુરૂ અને સ્ત્રી (૧૮૫૭)
૨૧ વિષયી ગુરૂ (૧૮૫૯)
૨૨ ગુરૂની સત્તા (૧૮૫૯)
૨૩ ભક્તિ (૧૮૬૦)
૨૪ સાકાર (૧૮૬૦)
૨૫ *ધર્મ વિચાર (૧૮૮૫)

સાક્ષરત્વ સંબંધી.

(નર્મદાશંકરે છપાવેલા નર્મગદ્યમાં છે.)

૨૬ કવિ અને કવિતા (૧૮૫૮)
૨૭ કવિચરિત્ર (ગુજરાતી કવિઓનાં ચરિત્ર–૧૮૬૫)
૨૮ સજીવારોપણ (૧૮૬૮)

ઇતિહાસ સંબંધી.

(સરકારે છપાવેલા નર્મ ગદ્યમાંજ છે.)

૨૯ રામાયણનો સાર (૧૮૭૦)
૩૦ મહાભારતનો સાર (૧૮૭૦)
૩૧ ઇલિયડનો સાર (૧૮૭૦)
૩૨ મહા પુરૂષોનાં ચરિત્ર (૧૮૭૦)
૩૩ મેવાડની હકીકત (૧૮૬૭)
૩૪ †સુરતની મુખતેસર હકીકત (૧૮૬૬)
૩૫ મહાદર્શન ૧ લું (એટલે જગત્‌ના પ્રાચીન ઇતિહાસનું સમગ્રદર્શન–૧૮૭૪)

---

* જે પુસ્તકની સામા કાંઈ લખ્યું નથી તે નર્મદાશંકરે છૂટાં છપાવેલાં છે અથવા બીજાનાં છપાવેલાં છે એમ સમજવું. ધર્મ વિચાર "ગુજરાતી" છાપખાનાના માલિકે છપાવ્યો હતો. †આ નર્મદાશંકરે છુટી પણ છપાવેલી છે.

૩૬ રાજ્ય રંગ (એટલે સોળ દર્શનમાં જગતનો પ્રાચીન ને અર્વાચીન ઇતિહાસ–૧૮૭૪)
૩૭ રાજ્યરંગ પુસ્તક ૨ જું.
૩૮ *આર્યદર્શન.

ભાષાસંબંધી.

૩૯ નર્મકોશ (મોટો–૧૮૭૩)
૪૦ કથાકોશ (૧૮૭૦)
૪૧ નર્મ વ્યાકરણ ભાગ ૧ લો. વર્ણવિચાર.
૪૨ ,, ,, ૨ જો. નામવિચાર.

નાટકો.

૪૩ કૃષ્ણા કુમારી નાટક.
૪૪ શ્રી દ્રૌપદી દર્શન નાટક. (૧૮૭૮)
૪૫ સીતાહરણ નાટક. (રચ્યો ૧૮૭૯. છપાયો નથી.)
૪૬ શ્રી સાર શાકુંતલ. (૧૮૮૧)
૪૭ †બાળકૃષ્ણ વિજયનાટક. (૧૮૮૬)

બીજા કવિના સંશોધી છપાવેલા ગ્રંથો.

૧ દયારામકૃત કાવ્યસંગ્રહ (નાનો તથા મોટો–૧૮૬૫)
૨ ‡પ્રેમાનંદ કૃત દશમ સ્કંધ (૧૮૭૨)
૩ મનહરપદ (મનોહર સ્વામીનાં પદ–૧૮૬૦)
૪ નાગર સ્ત્રીઓનાં ગીત. (૧૮૭૦)
૫ પ્રેમાનંદકૃત નળાખ્યાન. (૧૮૭૫)

ભાષાંતર.

૧ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા.
૨ §કાઠિયાવાડ સર્વ સંગ્રહ (૧૮૮૭)
૩ ‖ગુજરાત સર્વ સંગ્રહ (છપાય છે)

---

* છૂટું છપાયું નથી, પણ સ્વદેશવત્સળ માસીકમાં છપાયું છે. †"ગુજરાતી" છાપખાનાના માલિકે છપાવ્યો છે. ‡ આ "સોદાગરપ્રેસ"ના માલિકે છપાવ્યો હતો. § કાઠિયાવાડના રાજાઓના આશ્રયથી ન મી૦ કેમ્બેલ સી. આઇ. ઈ.ની ભલામણ ઉપરથી. ‖ "ગુજરાત સર્વ સંગ્રહ" મુંબઇ સરકાર તરફથી છપાવવામાં આવે છે.

હવે કવિની સંસાર સ્થિતિ ઉપર આવીએ. પ્રથમતો લાલશંકર કાકાને વદાય કરી દઈએ. એમણે હવે છોકરાનું બહુ સુખ જોયું. "છોકરો ઠેકાણે પડે, છોકરો ઠેકાણે પડે" એવી જે પહેલાં ચિંતા રહેતી તે બદલ આ ભલા ડોસાએ જોયું કે મારો નર્મદાશંકર મુંબઇમાં એક મોટો ગણનીય પુરૂષ થઈ પડયો છે. પોતાને ઘેર મોટા માણસોને દરરોજ આવતા જોયા અને છોકરા સાથે સભામાં જઇ પોતે સન્માન પામી એની કીર્ત્તિ પ્રત્યક્ષ જોવાનો એણે વિરલો આનંદ અનુભવ્યો. દ્રવ્યની પણ (તેમની ગુંજાસ પ્રમાણે તો) તેમણે રેલછેલજ આ સમે જોઇ. હવે પછી જે નાણાંની દારૂણ ભીડ તથા નાત જાતના રોળા ઉઠવાના હતા તે જોવા આ ભાગ્યશાળી ડોસા રહ્યા નહિ એ પણ એક મોટી સંતોષકારક વાત છે, અગર જો તે જીવતા હોત તો તેની મર્યાદાથી આ બાબતોએ કેવું સ્વરૂપ પકડયું હોત તે આપણાથી નિશ્ચય પૂર્વક કહી શકાતું નથી. હવે લાલશંકરે પોતાના શરીરની નબળાઇ વધતી જોઇ ૧૮૬૩માં પેન્શન લીધું, અને આર્યોની એક* બળવત્તર લાગણીથી જન્મભૂમિમાં મરવાને સારૂ આવી વસ્યા. ત્યાં કેટલોક મંદવાડ ભોગવી ૬૪ના જાનેવારીમાં પોતાની† ૫૬ વર્ષની ઉમરે એ સંતોષથી દેવશરણ થયા. પોતાના દીકરાને કુળદીપકજ નહિ, પણ દેશદીપક જેવો પૂર્ણ તેજમાં મૂકી મરવું એ સમાન આવા પુત્ર વાત્સલ્યલીન લાલશંકરને મરણ સમે બીજું સુખ શું હોઈ શકે? એ વેળા નર્મદાશંકરની સાક્ષર કીર્ત્તિ તેના શિરોબિંદુએ પહોંચી હતી.

કવિનું રાંડયા પછી ફરીથી લગ્ન સને ૧૮૫૬ના અપ્રેલમાં પંડયાજી નામથી આખા સુરતમાં પંકાતા કુળના શાસ્ત્રી ત્રિપુરાનંદની દીકરી ડાહીગૌરી સાથે થયું હતું, પણ તે સાસરેઆવવા જોગ ૧૮૬૦માં થઇ; તેથી ૧૮૫૭થી તે ૧૮૬૦ સુધી અથવા ૨૦થી ૨૭ વર્ષની ઉમર સુધી નર્મદાશંકરનો ઘરસંસાર ફરીથી મંડાયો નહોતો, અને એ વાત એને લાગેલા લોકાપવાદનો વિચાર કરતાં કાંઇક લક્ષમાં રાખવા જોગ છે. આ ડાહી ગૌરી નામ પ્રમાણેજ ડાહી ને

---

* નર્મદાશંકરે પણ છેલ્લા મંદવાડમાં "અશ્વિનિકુમારનો કાંઠો"જ સંભાર્યો કર્યો હતો અને જે દિવસે તેમનો દેહ પડયો તે દિવસેજ એમને સુરત આણવાનો આગલી રાતે નિશ્ચય થયો હતો.

† લાલશંકરના બાપ ૬૨ ને એક ભાઇ ૫૪ વર્ષે મૂઆ હતા, અને કવિ પણ "વન"માંજ ગયા.

સુશીલ છે, અને તે હાલ બિચારી વૈધવ્ય ભોગવવા હયાત છે. એને કાંઇ સંતતિ થઇ નથી.

એ લોકાપવાદ સંબંધી આ ટુંકા ચરિત્રમાં એજ બોલ બસ છે. મુંબાઇ સંબંધીના છે તે છેકજ ખોટા હોય એમ દેખાતું નથી, પણ તેમાં અતિશયોક્તિ ઘણી છે. સુરત આવ્યા પછી તો અમે જાણીએ છિયે કે કોઈની પણ પત્નિ તરફ એણે કનજર કરેલી કોઇના પણ સાંભળવામાં નથી. સુરત ખાતે લોકપ્રકોપ ઉઠવાનું કારણ તો એ હતું, કે નર્મદાશંકરે સને ૧૮૬૫-૬૬માં એક વિધવાને પોતાના પણ જોડના ઘરમાં આશ્રય આપ્યો હતો. તે સ્વજ્ઞાતિનીજ હોવાથી નાતીલાઓ રીસે ભરાયા, અને નર્મદાશંકરને સહકુટુંબ વ્યવહાર બહાર કર્યા. આ સઘળાનું નાતે સમાધાન કરી નાંખ્યા પછી થોડા વખતમાં નર્મદાશંકરે પાછો બીજી પણ સ્વજ્ઞાતિની સ્ત્રીનેજ આશ્રય આપ્યો. આથી જે લોકપ્રકોપ ઉઠયો તે કદી પણ પૂરેપૂરો સમ્યો નહિ. એમ કહેવાય છે કે આ સ્ત્રી સાથે કવિએ ૧૮૬૯-૭૦માં ખાનગી રીતે પણ યથાવિધિ પુનર્લગ્ન કર્યું. આ લગ્ન જાહેર રીતે થયું હોત, તો બેશક બહુજ સારૂં હતું, પણ નાગરી નાતમાં છતી બાઇડીએ બીજી કરવાની બંધી હોવાથી એમ કરવું એ કાયદેસર ગણાય કે નહિ એ બાબત નર્મદાશંકરના મનમાં બહુ વસવસો રહેતો. મારો વિચાર તો મૂળથીજ એ હતો કે અમુક જ્ઞાતિના બંધથી કાંઇ હિંદુપણાના સામાન્ય હક રદ થઇ શકતા નથી. તે છતાં એ ખરૂં છે કે જાહેરમાં કવિએ લગ્ન કર્યું હોત, તો લોકો તો એથી પણ સોગણા વધારે ગુસ્સે થાત. તેમને તો કવિએ આ વિધવાનો છોકરો જીવાડયો અને પાળ્યો એજ ખરેખરૂં જોઇએ તો પરવડતું નહોતું. ઘણાએ પોતાની કે પરજ્ઞાતિની રાંડીરાંડો સાથે ખુલ્લો આડકતરો સંબંધ રાખે છે, પણ તેનું કોઇએ નામ લેતું નથી–કેમકે તે શઠ પુરૂષો કાંઇ પુનર્લગ્ન કરતા નથી, અને જ્યારે ગર્ભ રહે છે ત્યારે તે અભાગિણી વિધવાને તેને સરજેલાં ઘોર કર્મો કરવાને રખડતી મૂકે છે અથવા પોતેજ તે કામમાં મદદ કરે છે. આ શો અન્યાય જેવો ધર્મને નામે અધર્મ!

નર્મદાશંકરના સંબંધની આ વિધવા વર્ત્તણુકો એટલું તો સાબીત કરી આપે છેજ કે દેશમાં પુનર્વિવાહની લાંબી ચર્ચાઓ ચાલ્યાથી બીજા ફાયદા થયા હોય કે નહિ, પણ આટલું તો નિશ્ચય છે કે કેટલીક વિધવા-

ઓ બાળહત્યા તો નજ કરવી એવો દૃઢ ટેક ધરાવતાં શીખી, અને એ ફેરફાર સુધારકોના પ્રયત્નોને મોટી મુબારકબાદીજ આપવા જોગ છે.

સુધારા સંબંધી નર્મદાશંકરના મૂળ વિચારો નર્મકવિતા વગેરેમાં મોજુદ છે. એ લખે છે કે હું પહેલ વહેલો 'સંસ્કારી' સુધારાવાળો ૧૮૫૯માં થયો. એ વિચારો પછીથી બદલાઈને કેવા થયા હતા તે નર્મદાશંકરે પોતેજ 'ધર્મ વિચાર'માં તેનાં કારણ સાથે દર્શાવ્યા છે. એ બાબત અમારો તો અભિપ્રાય એવો છે કે નર્મદાશંકર કેટલીક બાબતમાં એક છેડેથી છેક બીજે છેડેજ જઈ બેઠા હતા, પણ અતિ ઉત્સાહી પ્રકૃતિ મધ્યમપણામાં રહી શકતીજ નથી એ આપણે ભૂલવું જોઇએ નહિ. તે છતાં આ વિચારોનો વ્યત્યય એકાએક નહિ, પણ ક્રમાનુસાર અને દેશહિતની લાગણીથી ઘણે કાળે થયો હતો એ અમે અમારા ખાનગી જ્ઞાનને આધારે ખાત્રી પૂર્વક કહી શકીએ છિયે.

જદુનાથજી મહારાજ સાથે પુનર્વિવાહનો વાદ ઉઠાવ્યો તે વેળા કરસનદાસ બાવો (જે જબરો તાલીમબાજ હતો) તેને સાથે લઇ એકલા જવું પડયું ત્યારથીજ કવિનું સુધારાવાળાપરથી તો દિલ ઉઠવા માંડયું હતું. જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ ખાત્રી થવા લાગી કે સુધારાવાળામાં લોક વિચારની સામા ખુલ્લી રીતે પડવાની હિંમત નથી. એ હિંમત આણવી એ વીરરસના પદ્યોનો એક હેતુ હતો. સુધરેલ "મિશન હાઉસ" કાઢવાના તરંગો પણ આ હેતુસર હતા. એ બધું કરતાં પણ જ્યારે કાંઇ ફાવ્યું નહિ, ત્યારે એને સહજ ભ્રાંતિ પડવા લાગી કે આ જે સુધારાની વાતો કરીએ છિએ તે કોઈ દિવસ પણ લોકમાં માન્ય થવાને સંભવ છે કે નહિ? તે છતાં હજી સુધારાની હોંસ જેવીને તેવીજ હતી. મને યાદ છે કે "ગુજરાતીની સ્થિતિ" વિષે નિબંધ લખ્યો ત્યારે તેમાં છેવટે જે ત્રીસ વર્ષમાં આટઆટલા સુધારા થશે એમ તડાકા માર્યા છે તે બાબત મારે ઘણી તકરાર થઇ હતી, અને તે વેળા એમ કબુલ કર્યું હતું કે એ માત્ર મારૂં મન રીઝવવાની અટકળો છે, અને શાંત રીતે જોતાં તો આપણા ધર્મબંધ લોકો કદી પણ સુધારાની વાત સ્વીકારશે કે નહિ એ શક પડતું છે. હવેથી નર્મદાશંકરના મનની સ્થિતિ કેટલોક વખત આ પ્રમાણે રહીઃ—સુધારો ખરા દિલથી પસંદ, પણ તેની શકયત

બાબત અંદરખાને ગંભીર સંદેહ. એવામાં રાજ્યરંગ લખવાનો પ્રસંગ આવ્યો.

"રાજ્યરંગ" લખવાની તૈયારીમાં નર્મદાશંકરે ઘણા ઈતિહાસ વાંચ્યા* અને તેથી પણ વધારે તે બાબત વિચાર કર્યા, અને તે બધામાંથી એ સિદ્ધાંત હાથ લાગ્યો કે કોઈ પણ દેશની સ્થિતિ કે વિચારો લાંબા કાળના પરિપાકથીજ બદલાઇ શકે છે, અને એ દરમ્યાન ગમે એવો પુરૂષ ગમે એવા પ્રયત્નો કરે તોપણ તે ફલીભૂત થતા નથી. આવું જ્ઞાન અનુભવમાં તો કેટલાક વખતથી આવેલુંજ, અને તે જ્યારે શાસ્ત્રીય સિદ્ધાંતથી પ્રતિપાદિત થયું ત્યારે નર્મદાશંકરને લાગ્યું કે અરે મેં દેશહિતને સારૂ જે જે પ્રયત્નો અત્યાર સુધી કર્યા તે બધા ઉંધા માર્ગનાજ હતા, અને એવે માર્ગે દેશનું કદી પણ શ્રેય થવાનું નથી. આવી મનની સ્થિતિમાં સુધારા સંબંધી જે પોતાના મૂળ ઉચ્છેદક વિચારો હતા તેનું ફરીથી તોલ કરવા માંડયું અને તેમાં એને ઘણી ખામીઓ દેખાઇ, અને તે જેમ જેમ દેખાતી ગઇ તેમ તેમ એણે પોતાના વિચાર ફેરવવા માંડયા. ધર્મ સંબંધી જોઈએ તો નર્મદાશંકરના વિચાર ઘણું તો ૧૮૬૦–૬૧ સુધીજ બ્રહ્મસમાજી અથવા જેને કેટલાક કટાક્ષમાં ખ્રીસ્ત વિનાનો ખ્રીસ્તી ધર્મ કહે છે તેવા હતા. પછીથી તે કાંઇક કપોલ કલ્પિત વેદાંતના થયા હતા. એને એક જાતનું જડ અદ્વૈત (Material Pantheism) કહીએ તો કહી શકાય. એમાં પ્રવૃત્તિનુંજ ઐશ્વર્ય મનાએલું હતું. ૧૮૬૫–૬૬થી એમાં ચિદ્‌ભાગ અને કાળ કે યોગ બળ રૂપે પ્રારબ્ધ દાખલ થવા લાગ્યું. નર્મદાશંકરના ધર્મ વિચારોનું આ ઉત્તરોત્તર રૂપાંતર એના આ વખતના ગદ્યપદ્ય લખાણમાં પણ વિચક્ષણ વાંચનારને દૃષ્ટિગોચર છે. પછીથી જ્યારે ઇતિહાસના અધ્યયનથી કાળ માહાત્મ્ય વધારે મનમાં ઠસ્યું, ત્યારેજ છેવટે પરમસુખસાધનમાંથી પ્રવૃત્તિને કાઢી નિવૃત્તિને ગણવા માંડી. નિવૃત્તિની દૃષ્ટિએ જોતાં આર્ય નીતિ રીતિઓ વધારે પ્રીતિકર લાગવા માંડી, અને તેમ થતાં અધ્યાત્મિક જ્ઞાને પૌરાણિક વેદાંતનું રૂપ પકડવા માંડયું. આમ થતાં ચાર પાંચ વર્ષ લાગ્યાં, અને એ દરમ્યાન કવિ ચુપજ રહ્યા હતા,

* કવિ એકવાર કહેતા હતા કે રાજ્યરંગ લખવા માટે નાના મોટા ૨૦૦ ને આશરે ગ્રંથનું અવલોકન કીધું છે.

પણ આ સંશયી સ્થિતિમાં એને બહુ અકળામણ થતી, અને કોઇપણ એક સિદ્ધાંત ઉપર આવવાની મનમાં બહુ આતુરતા રહેતી.

પોતાના સુધારા સંબંધી વિચારો (ઉપર કહ્યું તે પ્રમાણે) જ્યારે બદલાઇ ગયા, ત્યારે તે જાહેર કરવાજ જોઇએ એમ એને પ્રતિપળે લાગવા માંડયું. એને માલમ હતું કે આમ કરવાથી હું મારા સુધારાના સાથીઓમાં અળખામણો થઈ પડીશ, અને કોઇને પણ "ભૂલ્યા ત્યાંથી ફરી ગણો" એમ પોતાને માટે જાહેરમાં બોલવું એ સ્વાભાવિક અભિમાનવૃત્તિથીજ ગમતું નથી. તે છતાં નર્મદાશંકરનો સ્વભાવ મૂળથીજ પોતાના મનમાં જે મનાયું તે નિડરપણે લોકમાં પ્રકાશવાનો હોવાથી તે બાબત "ગુજરાતી" પત્રમાં ધીમે ધીમે પોતાના નામ સાથે એણે લખવા માંડયું અને છેવટે તે બધું પુસ્તકના આકારમાં છપાવ્યું. અમે જાણીએ છીએ કે આવે પ્રસંગે ઘણા માણસો પોતાના બદલાયલા વિચારો પોતાના મનમાંજ રહેવા દેછે અથવા ખાનગી મંડળો માંજ સાથીઓનાં મોં જોઇ જોઇ ધીમે ધીમે ઉચ્ચારે છે, અને જાહેરમાં તો થોડો ઘણો સુધારાનો જ ડોળ રાખ્યા કરે છે. આવી અપ્રમાણિક ભીરૂ કેહેણી રહેણી નર્મદાશંકરે ન રાખી તે માટે અમે તો એને ઘણીજ શાબાસી આપીએ છિયે. એના જેવા અભિમાની માણસે પોતાના બોલ પોતાની મેળે જાહેરમાં પાછા ખેંચવા એ ખરેખરા સ્વાર્પણનુંજ કામ હતું. પણ અભિમાન તથા કીર્ત્તિ લોભ જઇને આવેળા નર્મદાશંકરના મનમાં શુધ્ધ દેશહિતનીજ બુધ્ધિ રહેલી હતી, અને તેથી એને જે દેશહિતનો માર્ગ હાલ ખરો ભાસ્યો તે દેશીઓને પોતાનું ખાસ કર્ત્તવ્ય સમજીને જણાવ્યો.

નર્મદાશંકરના ફેરવાએલા વિચાર ખરા છે કે ખોટા એ જુદો સવાલ છે, પણ એણે વિચાર ફેરવ્યા માટે એની બુધ્ધિ ક્ષિણતાને પહોંચી હતી એમ મનાવવાને કોઇક સુધારાવાળા પ્રયત્ન કરે છે તે અમે બિલકુલ નાપસંદ કરીએ છિયે. છેવટની ઘડી સુધી નર્મદાશંકરની બુદ્ધિ હતી તેવીને તેવીજ તેજદાર અને સ્વસ્થ રહી હતી. ધર્મનો વિષયજ એવો છે કે તેમાં ભલા ભલામાં પણ મત ભેદ પડયા વિના રહેતો નથી. તેમજ એકવાર અંગીકાર કરેલા મતનો ત્યાગ કરવો એ* પાંડિત્યને દૂષણ લગાડનારૂં છે

* ખરૂં જોઇયે તો મત ફરવો એ જ્ઞાનવૃદ્ધિનું એક અવશ્યનું પગથીયું છે. અધિક અનુભવ ને વિચારને યોગે નિરંતર પોતાની ભૂલો છોડી નવા વિચાર

એમ બોલવાનેજ અમે અપાંડિત્ય ગણીયે છિયે. દુનિયામાં કેટલાક મહા પંડિતોએ પોતાના વિચાર ફેરવ્યા છે. એનો તાજો દાખલો ઈંગ્લંડમાં દાક્તર ન્યુમેનનો મશહુર છે. એ આકસફર્ડ વીદ્યાલયનો બેનમુન હીરો અને એપિસ્કોપલ માર્ગનો એક મહા કુશળ અને ઉત્સાહી ધર્મગુરૂ હતો. આ પ્રમાણે વીશ વર્ષ સુધી જાહેરમાં બોલ્યા તથા લખ્યા પછી એણે પોતાના વિચાર ફેરવ્યા, અને એ *રોમન કાથોલિક માર્ગ (જે ત્યાં વહેમનોજ ભંડાર મનાય છે) તેમાં દાખલ થયો. એણે આમ કર્યું તે બધાને નહારૂં લાગ્યું, પણ તેટલા માટે કોઈએ પણ એમ તો ન કહ્યું કે એને બુદ્ધિભ્રમ થયો છે. એણે હવે રોમન કાથોલિક ધર્મના (તમારી નજરમાં આવે તો કહો વહેમના) પ્રતિપાદક ગ્રંથો ઘણાક રચ્યા, અને સર્વે કબુલ કરે છે કે તે ગ્રંથો એના બુદ્ધિ વિદ્યા બળના ઉત્તમ નમુના છે, અગરજો એમ કહેનારને એ ગ્રંથના સિદ્ધાંતો માન્ય નથીજ. કેટલાક વર્ષ ઉપર કોઈ લખનારે એની ઉપર આ ધર્માંતર બાબત હુમલો કર્યો, તેને એણે એક દશ લીટીનાજ ચબરાપત્રથી એવો શેહેમાત કરી નાખ્યો હતો, કે આખું યુરોપ હસી પડયું, અને બધાએ કહ્યું કે, અલ્યા તને તે તારી કાદંબરીઓ મૂકી આ જમાનાના સર્વોપરી નૈયાયિકનીજ સાથે વાદના રણમાં ઉતરવાનું તે કયાંથી સૂઝ પડયું; મતલબ કે સમજુ માણસો બીજાના ધર્માદિક વિષયમાં જૂદા મત જોઇ તેની બુદ્ધિ, વિદ્યા, કે પ્રમાણિકપણા વિષે કદી પણ ઉંધો વિચાર લઇ જતા નથી.

આપણા દેશમાં તો હાલ આવી મતાંતરક્ષમા (Spirit of Toleration) રાખવી એ ખાસ જરૂરનું અને ખરી સ્વદેશભક્તિનું કામ છે. આપણો દેશ હાલ ઉગમણા અને આથમણા સુધારાનું મોટું રણક્ષેત્ર થઇ પડયું

ગ્રહણ કરવાથીજ માણસ ડાહ્યું થતું જાય છે, અને દુનિયાનો સઘળો સુધારો આમ પાછલા વિચારો છોડી નવાને અંગીકાર કરવાથીજ થએલો છે. માટે, પોતાના વિચાર ન ફેરવવા જોઇએ એવી મતાંધ સમજને કોઇએ અને તેમાં વિશેષ કરીને સુધારા પક્ષે તો નજ ઉત્તેજન આપવું જોઇએ. વિચારનું સ્વાતંત્ર્ય એજ તેમણે તો પોતાનું મહા વાક્ય કરીને રાખવું જોઈએ–પછી તે સ્વાતંત્ર્ય પોતાની તરફે કે પોતાની સામા વપરાય તોપણ શું ?

* લાર્ડ રિપન સાહેબ–ધર્મ મૂર્ત્તિ રિપન–એણે પણ પ્રોટેસ્ટંટ ધર્મ છોડી રોમન કાથોલિક માર્ગ ૧૫–૨૦ વર્ષથી સ્વીકારેલો છે એ તો સર્વેના જણ્યામાં હશેજ. એને કોણ કહેવાની હિંમત ધરશે કે ધર્મભ્રમ અથવા બુદ્ધિભ્રમ થયો છે ? અલબત ઈંગ્લાંડના મતાંધ પ્રોટેસ્ટંટો તો એમ કહે છેજ.

છે, અને જ્યાં સુધી એ બંનેનું સમાધાન થયું નથી, ત્યાં સુધી આપણે જો મતાંતરક્ષમા નહિ રાખીશું, તો પ્રજા ઐકયને તોડનારો મોટો કુસંપ આપણામાં એક નવોજ પેસનાર છે. આપણામાં જૂના વિચારના અને નવા વિચારના એવા બે પક્ષ તો એક બીજા સાથે હાડવેર બાંધી બેઠાજ છે, અને તેમાં હવે નવા વિચારવાળામાં પણ એક મોટી ફાટ પાડવાની બડી તજવીજ ચાલી છે; અને જો તેમાં આપણે ભોળવાયા, તો પછી આપણા કુસંપનો કાંઇપણ પાર રહેવાનો નથી. અત્યારમાંજ ઘર સંસારી સુધારક અને રાજકીય સુધારક એવા શબ્દો બોલવા લાગ્યા છે, અને અમે ઉંડા ખેદથી જોઇએ છિયે કે એ નામના અન્યોન્ય દ્રોહી બે પક્ષ આપણા કેળવણી પામેલા પુરૂષોમાં પડી જવાનો સમય બહુજ પાસે આવતો જાય છે.

એવાં રૂપાંતર (Transition)ને સમે માણસ નવિન વિચારો બાંધે, બાંધેલા ફેરવે, ફેરવીને પાછા ઠેકાણે આવે, એવા અનેક ચમત્કારો સ્વાભાવિકપણેજ થાય તે જોઇ આપણે ચકિત કે કોપિત થવું ન જોઇએ. મતાંતર ગ્રહણ એ આવા સમયની એક સાધારણ નીપજ છે. આપણે વારંવાર જોઇએ છિયે કે આપણા જુવાનો ભણતા હોય છે ત્યારે અને ભણી રહ્યા પછી થોડાંક વર્ષ સુધી 'સુધારા' ને રંગે ખૂબ ચઢે છે અને પછી તે ધીમે ધીમે મોળા પડી કયાંના કયાં ભરાઇ જાય છે કે તેનો પત્તોજ લાગતો નથી. આ વેળા જે નવું જુવાન ટોળું ઉભું થયું હોય છે તે તેમને જુઠા, ખંધા, કે બાઇલા કહી પાછલો તેમજ ઉઠાવેલો સુધારાનો પોકાર જારી રાખે છે. એ ટોળીનું પણ કેટલેક વર્ષે એમનું એમ થાય છે. આ શી વિપરીત વાત! શું સમજ, સત્ય, અને દેશ દાઝ એ આપણા દેશમાં કાચી તરૂણાવસ્થામાંજ રહેલી છે, અને જ્યાં પચ્ચીશી પૂરી થવા આવી કે તેનો નાશ થઇ જાય? ઘણા સમજે છે કે હા એમજ છે. તેઓ માને છે કે સંસારમાં પડયા પછી ભણેલા આપસ્વાર્થી થઇ જઇ સત્ય ને દેશદાઝનો ત્યાગ કરે છે. જો આ અપવાદ ખરો હોય, તો આપણને એમજ માનવું પડશે કે કેળવાએલામાંથી સેંકડે ૯૫* તો જુઠા અને એકલપેટા બાઇલાજ પર્યંતે નીવડે છે.

* આ હપતો જુના પક્ષમાં બધી રીતેજ એક સરખો થઇ રહે છે. બાકી જે પાંચ રહ્યા તે વિચાર અને વાણીમાં સુધારા પક્ષે રહે છે, પણ

અમે તો આ અપવાદને આપણા દેશી ભણેલાઓ ઉપર દુષ્ટ મિથ્યારોપ (લાઇબલ) ગણીએ છીએ, અગરજો આપણામાંજ ઘણા જણ એ પ્રમાણે માને છે. એ દેશીઓએ પોતા ઉપર બિનસમજે પોતેજ અંગીકાર કરેલી મિથ્યાબદનામી છે. આ આરોપનું તકલેદીપણું જો હાલ સુધારાનો મત આપણા પ્રત્યેક જણમાં કેમ ઘડાય છે તેનો વિચાર કરીશું, તો ઝટ માલમ પડી આવશે. બાળપણથી આપણને પાશ્ચિમાત્ય કેળવણી મળે છે અને તે આધારે ૧૫–૨૦ વર્ષની ઉમરમાં ધર્મ અને સંસાર સુધારાના વિચારો અમુક રૂપ પકડે છે. હવે, આટલી ઉમરમાં બાંધેલા વિચારો આગળ જતાં ફેરવવા પડે, તો એમાં શું મોટું આશ્ચર્ય કે ગુન્હા ભરેલું છે? અમે તો એ વિચારો ન ફેરવવા પડે એનેજ મોટું આશ્ચર્ય સમજીએ છિયે. આખી દુનિયા ઢુંઢી વળીશું તોપણ એવો એક માણસ નહિ માલમ પડે કે જેને ૨૦ વર્ષની ઉમરે બાંધેલા વિચારોમાંથી કાંઈપણ ફેરવવું પડયું નહિ હોયઃ દુનિયામાં પણ આપણા દેશી તરૂણોની તો સ્થિતિ ખાસ જુદી છે. તેમની તમામ કેળવણી વિદેશીજ–વિદેશીધર્મ ને વિદેશી સંસારસ્થિતિજન્ય છે. તેમને આ વેળા સ્વધર્મ કે સ્વદેશની સંસારી સ્થિતિનું કાંઇપણ જ્ઞાન હોતું નથી. હવે આવા જુવાનોને જ્યારે સંસારમાં પડયા પછી આ વિષયોનું જ્ઞાન થવા લાગે, ત્યારે તેમને તેમના વિદેશી વિચારોમાં કાંઇ ફેરફાર કરવે, પડે અથવા તદન બદલી નાખવા પડે, તોપણ તેમાં શી મોટી નવાઇની વાત છે? તેમ નહી, ને તે વિચારો અમલમાં આવી શકતા નથી એમ માલમ પડવાથી તેને તે અળસાવે, તોપણ તેના આ કૃત્યને સંસાર ભીરૂત્વ (Moral Cowardice) કહી જગતમાં વગોવવું એ કાંઈ વાજબી જણાતું નથી. રાજકીય અને સંસારી કર્ત્તવ્યોની યોગ્યાયોગ્યતા ભૂમિતિ કે પદાર્થ વિજ્ઞાનના સિદ્ધાંતની પેઠે કાલ્પનિક તોલનથી નિર્ણય થતી નથી. એમાં તો અમુક કરવા ધારેલો સુધારો શક્ય છે કે નહિ તે ઉપરથીજ તેની યોગ્યાયોગ્યતાનો નિર્ણય થાય છે. જો આપણામાંથી સેંકડે ૯૫ અ-

તેની એ રહેણી તો (અળે કે બળે) બધાના સરખીજ–અગર જો ખાનગી ખાન પાનાદિકમાં 'સંસ્કારી' સુધારાપણું પ્રસંગોપાત ખરૂં. એ પાંચમાંના ચાર તો બાળલગ્ને કરે, અને પુનર્લગ્ન કરનાર સાથે ભોજન વ્યવહાર રાખનાર તો હજારમાં પણ એકે નહિ. જાહેર રહેણી લેવા બેસીએ, તો સોએ સોજ પાછા જુના પક્ષમાં ભળી જાય છે.

થવા ખરૂં કહીએ તો સોએ સોની રહેણી એમ કહે છે કે અમારા વિદ્યાર્થી અવસ્થાના ઉચ્છેદક વિચારો હાલની હિંદુ સંસાર સ્થિતિને લીધે અમલમાં આવી શકે એવા નથી, તો તેમની ઉપર ભીરૂત્વનો ફેર આરોપ મૂકવા કરતાં એ વિચારો હાલ શક્ય (Practicable) નથી એમ કહેવું જ અમને વધારે ન્યાયયુક્ત લાગે છે. "શક્ય નહિ હોય તેજ કરે તે શૂરો" એમ જો અમને કોઇ નર્મદની અસલ શૈલીમાં કેહેશે, તો અમે તેને એટલોજ જવાબ આપીશું કે એ બધું બોલવું કવિતાનું છે, વ્યવહારનું નહિ. વ્યવહારમાં તો કોઇ કામની શક્યતા એજ તેની યોગ્યતાની મોટી કસોટી છે. સૌ જાણે છે કે ઈંગ્લંડમાં પોતાની મરનાર વહુની બહેન સાથે કોઈ લગ્ન થઇ શકતાં નથી, અને એ બંધી કાઢી નાખવા ત્રીસ ત્રીસ વર્ષથી મહા પ્રયત્નો ચાલે છે અને છેલ્લે બે ચાર વર્ષથી તો રાણી સાહેબ પણ એ સુધારાને ખાનગી રીતે ઉત્તેજન આપતાં સંભળાય છે, તોપણ હજી ત્યાંના સુધારકોથી કાંઇપણ થઇ શક્યું નથી. માટે શું આપણે તેમને સંસારભીરૂ તથા બીજા બધા જનસમૂહને ધર્મોધ કહી ભાંડવા એ વાજબી છે? નહિજ. તેમજ આપણા કેળવાએલા દેશીભાઇઓ ભીરૂ એ નથી, ને કવિતાની લહેરને રંજિત કરનારા શૂરવીરે નથી; પણ માત્ર સંસારમાં રહેવા ને ઇચ્છતા વ્યવહાર બુધ્ધિના બધે હોય છે તેવા તેપણ માણસો છે. સંસારને છોડી પોતાના ઉન્નત વિચારોની લહેરમાં એકલાજ રહેવું જે અંગીકાર કરે છે તેને અમે દિવ્ય પુરૂષ દાખલ સંપૂજન કરવાને તત્પર છઇએ, પરંતુ એવી સમાધીષ્ટ મૂર્ત્તિને ઉભી કરી તેનેજ માપે સંસાર વ્યવહારી માણસોને માપી તેમને નિંદવા એ કેવળ ગેરવાજબી છે. સંસાર વૈરાગી થયો નથી અને થવાનો પણ નથી, તો પછી તેની સઘળી નીતિરીતિ વૈરાગ્યના ધરની નહિ, પણ વ્યવહાર બુધ્ધિનીજ હોવાની, અને તે પ્રમાણેજ સઘળા દેશોમાં થાય છે, અને તે કારણથીજ સઘળે સંસાર સુધારો બહુ *મોડો

* આ બાબત ઉપર મહાપંડિત પ્રોફેસર વર્ડસ્વર્થ 'બોંબે ગેઝિટ'માં ગ્રોડાક વખત ઉપર આપેલા ગંભીર વિચારો જોવા. અમે ભૂલતા નહિ હોઇએ તો સર આલેકઝાંડર ગ્રાંટે આ દેશ છોડતી વેળા જે ભાષણ કર્યું હતું તેમાં પણ સંસારી સુધારાનો વેગ બહુજ ધીમો છે એ વાત બતાવી હિંદુ કેળવાએલાઓને ભીરૂત્વના આરોપમાંથી મુક્ત કરતાં ઉલટું એમ કહ્યું હતું કે 'વિદેશી આચારો ગ્રહણ કરવામાં વિલંબ એ બુદ્ધિના ગાંભીર્યનીજ નિશાની છે.'

થાય છે. માટે હાલ આપણે અધીરા કે આકળા ન થતાં સૌએ પોતપોતાના વિચાર મીઠાશથી લોકમાં ફેલાવવાને સતત પ્રયત્ન કર્યા કરવું એજ સુધારકનો વ્યવહાર ધર્મ છે. અલબત્ત વૈરાગ્ય બુદ્ધિનો ધર્મ જુદોજ છે, પણ તેવો પુરૂષ કોઇ દેખાયો નથી ત્યાં સુધી તો સંસારીઓ પોતપોતાની રીતે વ્યવહાર બુધ્ધિએ ચાલ્યા જતા હોય તેમાં તેને નકામા વખોડી નાઉમેદ કરવાથી દેશને ફાયદા કરતાં ગેરફાયદા વધારે થાય છે. પોતે પોતાનેજ ભીરૂ માને, એના જેવું ઉત્સાહને હાનિકર બીજું શું હોવાનું હતું ?

પણ હવે એ સુધારક ધર્મોનું સામાન્ય વિવેચન પડતું મૂકી નર્મદાશંકરની ખાસ આર્થીય સ્થિતિ ઉપરજ લક્ષ આપવાની જરૂર છે. નર્મ કવિતાના ગ્રંથાર્પણ પ્રસંગે અમે એટલું તો સૂચવી ગયા છઇએ કે તે વેળા એને માથે કેટલુંક કરજ હતું. આ કરજ થવાનું વિશેષ કારણ એનું સરસ્વતી મંદીર એટલે પોતાના ઘરની સામે જમીન લઇ એક બંગલો બાંધ્યો તેજ હતું. આ બંગલો પોતાના કરતાં જાહેરના ઉપયોગ માટે વધારે હતો; અને તેથીજ જ્યારે પાછળથી વેચવા કાઢયો હતો ત્યારે તેનું કોઇપણ ઘરાક મળી શકયું નહિ. આ બંગલામાં કવિની ખાનગી પુસ્તકશાળા રહેતી, અને કોઇ વખતે ત્યાં લખવાનું કામ કરતા હતા. બહુધા તેનો ઉપયોગ ભાષણની બેઠકને માટેજ હતો. આ બંગલો કાંઇક વિશાળ, અને એક માળ તથા સળંગ અગાશી સહિત બાંધેલો હતો. આગળ બે નાના ફુલ બાગના કિત્તા પાડયા હતા, અને મોટા દરવાજાની કમાન ઉપર "કવિ નર્મદાશંકર લાલશંકર" એમ લખી નીચે એક ગુલાબનું ફૂલ તથા કલમ ચીતરી તેની સાથે પોતાનું જીવનસૂત્ર (Motto) "પ્રેમ શૌર્ય" એ બાલબોધ અક્ષરે લખ્યું છે. આ બંગલો બાંધતાં ૧૨–૧૩ હજાર રૂપિયા આશરે ખરચ થયા હતા.

આ વેળા કવિને આઠેક હજારનું કરજ થઇ ગયું હતું, અને તે વાળવાનું સાધન નહોવાથી એમાં દહાડે દહાડે વધારો થતો ગયો. કેટલાક વખતથી પોતાના ઘર ખરચ જેટલી પણ નર્મદાશંકરને પ્રાપ્તિ થતી નહોતી. એનો ઘર ખરચ સારા ગૃહસ્થની રીતનો હતો, અને કોઇ કોઈ બાબત તેથી પણ વધારે. રોજ એક રૂપિયો તો પાનસોપારી અને ચાહના પતાસાં દૂધને સારૂજ ભાગતો. મુંબાઇમાં હતા ત્યારે પારસી મિત્રોની રીતનો સરભરા ખરચ થતો હશે તે તો જાણેજ. ઘણું કરીને હમેશાં બે કારકુનો અને

કોઇ વેળા ત્રણ પણ રાખવા પડતા હતા. સુરતમાં હતા ત્યારે ઓછામાં ઓછા મહીને સોએક રૂપિયાનો ખરચ હશે એમ અમારૂં ધારવું છે.*

આ વખતે દાકતર ખુલ્લર જે આ પ્રાંતના એજ્યુકેશનલ ઈન્સ્પેકટર અને એની કદર પિછાનનારા હતા, તેણે એના પુસ્તકોને નિશાળોની લાઇબ્રેરી વગેરેને સારૂ ખરીદ કરી તથા નર્મગદ્ય વગેરે, ખાતાને માટે તૈયાર કરવાનું કામ સોંપી પોતાથી બનતી મદદ સારી કરી હતી. આ મદદથી થયું એટલું કે કેટલાક વખત સુધી કવિનો ગુજારો ચાલ્યો, પણ નર્મકોશ છપાવ્યા પછી કુલ કરજ (અમારા જાણવા પ્રમાણે) બાર તેર હજારનું થઇ ગયું હતું તે વાળવાનું કોઈપણ બારૂં દેખાયું નહિ. આ વખતે કવિના મનની મુંઝણ અપાર વધી પડી, અને છેવટે નિશ્ચય કર્યો કે પાછાં મુંબઇ જઇ વસવું અને જો બીજો માર્ગ હાથ ન લાગે, તો પોતાના જન્મનો ટેક મૂકી નોકરી લઈને પણ પોતાનું દેવું વાળવા બનતો પ્રયત્ન કરવો.

ઈ. સ. ૧૮૭૬માં મુંબાઇમાં જઇ નર્મદાશંકરે નાટકશાળાને માટે લખવાનું તથા એવાં બીજાં કેટલાંક પરચુરણ કામો ઉદર નિમિત્તે કરવા માંડ્યાં. આ †નાટકો જેવા ઉદ્દેશથી લખાયલાં તેવાંજ છે એટલે તે કવિની કીર્ત્તિમાં કાંઇ વધારો કરે એવાં નથી. આ વખતની સમર્થ કૃતિ તો "ધર્મવિચાર" અને તે જાતનાં લખાણોજ છે. એમાં ભાષા, શૈલી, અને વિચાર એ ત્રણેમાં નર્મદાશંકર પોતાનાં પૂર્વનાં લખાણો કરતાં જૂદોજ દેખાવ આપે

---

*પાછળથી સ્થિતિથી સંકડાયલા કવિએ મુંબઈમાં રૂપ૦)થી વધારે ખરચ રાખ્યો નહોતો. મુંબઈમાં એકાદ બે વખતે રૂ૬)ની માસીક આવકનો આવરેજ આવ્યો છે.

† નર્મદાશંકરનું કવિત્વ સ્વાનુભવ રસિક (Subjective)જ હોવાથી, નાટકાદિમાં બરાબર સિદ્ધિને પામી શકતું નહોતું. પાત્રપરત્વે રસવર્ણન કરવામાં સર્વાનુભવ રસિક (Objective) કવિત્વ જોઈએ છિયે. એ કવિત્વ ગૂજરાતીમાં તો પ્રેમાનંદ ભટ્ટમાંજ પરિપૂર્ણપણે જોવામાં આવે છે.

પ્રથમ દ્રૌપદિદર્શન નાટક લખ્યું છે. એ નાટકના ૨૬ પ્રયોગ થયા હતા. સીતાહરણ નાટક, મુંબઈની 'નાટક ઉત્તેજક મંડળી' માટે રચ્યો હતો, તેના વીસેકને આશરે પ્રયોગ થયા હતા. સાર શાકુન્તલ નાટકના ૬ પ્રયોગ થયા હતા. બાળકૃષ્ણ વિજય નાટકના ૩ પ્રયોગ થયા હતા, પણ તે નાટકની સીનરી વગેરેનો મોટો ખરચ નાટક મંડળી કરી શકી નહિં તેથી બરાબર ફતેહ પામ્યો નહિં. પરંતુ એ નાટકના ત્રણે પ્રયોગ વખતે નાટકશાળામાં ૧૦૦૦ થી ૧૨૦૦ માણસ આવતું–ને ટીકીટ મળતી નહિ. મૂચ્છકટીક નાટક લખવા માંડયો હતો, પણ તેનો પ્રારંભજ થયો. પર્શુરામની માતા રેણુકાનો નાટક પણ લખવો શરૂ કીધો હતો. નાટકથી કવિને આશરે રૂ ૧૩૦૦) મળ્યા હતા.

છે, અને તેમાં વિવેચન જોગ ઘણાં સ્થળો છે, તોપણ એટલું તો કહેવુંજ જોઇએ કે એ લખાણ ગંભીર અને ઘણા વિચારનું ફળ છે. એમાં કવિના વિચાર બુદ્ધિવાદ (Rationalism) મૂકી અગમ્યવાદ (Mysticism)તરફ ઘણે દરજ્જે ઝોકી ગયા છે, અને તે ઝોક નર્મદાશંકરે જાણી બુઝી, વિચારીનેજ આપી છે એમ અમે જાણીએ છિયે, અગરજો "સુખે સોની ને દુઃખે રામ" એ કહેવત બુજબ પણ કવિના મનને કેટલુંક અજાણતાં થએલું ખરૂંજ.

પણ આવાં પરચુરણ કામોથી કાંઈ નિર્વાહ ચાલી શકયો નહિ,* અને છેવટે પોતાનો મમત મૂકી નોકરી શોધવી પડી. એક મિત્રની ભલામણથી ઇ. સ. ૧૮૮૨માં ગોકલદાસ તેજપાલના ધર્માદાખાતાના સેક્રેટરીની ૩ ૧૦૦) ની જગા મળી.† (પાછળથી ૩ ૨૦૦ થયા હતા.) આમ નોકરી લીધાથી કવિનો નિર્વાહ તો નિશ્ચિંતે ચાલતો થયો, પણ પોતાના જન્મનો ટેક મૂકતાં એનું કલેજું બળીને ખાખ થઇ ગયું. આ વખત પછી કવિને કદીપણ

---

* મુંબઈમાં આવ્યા પછી એક પારસી ગૃહસ્થે ननामे ૩ ૫૦૦) ની બ્યાંક નોંટ બક્ષીસ તરીકે મોકલી હતી.

† ગોકળદાસ તેજપાળના ધર્માદા ખાતામાં નોકરી કરવાની કવિની જરાપણ ઈચ્છા હોયજ કયાંથી? પરંતુ કવિની સ્થિતિ તરફ જોઈ બે ત્રણ મિત્રોએ ભળામણ કીધી. કવિએ એ ખાતામાં નોકરી લેવાને અરજી સરખી પણ કરેલી નહિ, તે છતાં ભાઈશંકર નાનાભાઈના આગ્રહથી કવિની નિમણુક થઈ. નોકરીનો પત્ર મળ્યા પછી પણ કવિએ ઘણો વિચાર કર્યા કીધો હતો. અંતે નોકરીએ જવાનું ઠરાવ્યું. ખાસ કરીને મિત્રો ને કુટુંબના આગ્રહથી. તા. ૨૦મી જનેવારીને દિને ઘેરથી નોકરીએ જતી વખતે બે ત્રણ મિત્રો હતા, તેઓએ કંઈ હસીને કવિ સામું જોયું, એટલે કવિ ગ્લાનવદને બોલ્યા, 'શું જુઓછા! ચોવિસમા વર્ષે ટેક મુકાવ્યો છે. ચોવીસ અવતારે પણ લજ્જા નથી રાખી એ પણ પ્રારબ્ધની લીલા છે. જોતાજાઓ હવે વળી શું બને છે તે. આ જુઓ આજે દાસપણું કરવા અમે ચાલ્યા!" આટલું બોલી નિચે મોઢેજ દાદરેથી ઉતરી પડયા. જેઓએ આ ચિત્ર જોયું હતું તેઓ કહે છે કે કવિના ટેકનો વિચાર કરતા તેઓને પણ બહુ સંતાપ થયો હતો.

કવિએ ધર્મખાતામાં પણ ઘણાં કામો કીધાં છે. બોર્ડિંગ સ્કૂલ, સંસ્કૃતપાઠશાળા, ભાટિયા નિરાશ્રિત ખાતાંઓ, નળિયા, વિંજાણા, જખાઉની સ્કૂલો ઉઘાડી છે ધર્મખાતાની વ્યવસ્થા રાખવા માટે જે ધારા ઘડયા છે તે પણ કવિનાજ છે, ને તે પ્રમાણે અદ્યાપીપર્યંત સઘળું કામકાજ ચાલે છે. ધર્મખાતાની મેનેજીંગ કમીટી અદ્યાપી માને છે કે કવિના મૃત્યુથી તે ખાતાને મોટી ખોટ ગઈ છે. કવિએ એ ખાતામાંથી તા. ૧૯ મી જુલાઈ ૧૮૮૫ને દિને રાજીનામું આપ્યું હતું; એટલે આ નોકરી સાડા ત્રણ વર્ષ હતી.

મેં ખરા આનંદથી હાસ્ય કરતા જોયા નથી, અને આ નોકરી કરતા તે સંબંધી તો કોઇ દહાડો પણ એકે શબ્દ બોલવો ગમતો નહિ. એ સંબંધી કોઇ વાત પૂછે તો પણ તે ઉડાવી નાંખતા અથવા ઉંડો નિસાસો નાંખી સ્પષ્ટજ એમ કહેતા કે જવાદો એ અપ્રિય વાત.

અમને પણ આ અપ્રિય, કવિની જીંદગીનો અત્યંત દુઃખકારી કાળ વિસ્તારીને વર્ણવવો બહુ અળખામણો લાગે છે. માથે કરજ, ઉપજ નહિં, ઘેર ખરચ તો હાથીનો, એવી સ્થિતિમાં કવિએ આટ આટલાં વરસ કેમ કાઢયાં તે એનુંજ મન જાણે. આ લખવા માંડયા પછી હમણાંજ ભરોસાદાર ઠેકાણેથી અમારા સાંભળવામાં આવ્યું છે કે એક વખત બે દહાડા સુધી કવિને ફકત પહુંઆ દૂધ ઉપરજ મુંબાઇમાં રહેવાની જરૂર પડી હતી !

૪ કવિને છેલ્લામાં છેલ્લો મોટો આશ્રય કર્નલ વાટસનની ભલામણથી કાઠીયાવાડ ગેઝેટિયરના ભાષાંતરનું કામ મળ્યું એ હતો. એ પુસ્તક લખી સાથેજ છપાવી આપ્યા બદલ નર્મદાશંકર મૂઆ અગાઉ મહીના ઉપરજ એને અઢી હજાર રૂપિયા મળ્યા હતા. આ મદદ અને કવિના બીજા પરિશ્રમોથી એનું બધું દેવું છેવટ સુધીમાં પતી રહ્યું હતું કે નહિ એ અમે જાણતા નથી; પણ ઘણું કરીને કાંઈ પણ બાકી હશે, ને બાઇડી છોકરાં તો નિરાધારજ રહ્યાં છે એમાં કાંઇ શક નથી. કવિની પાછળ રાંડનાર બાઇ–ડાહીગૌરી, નર્મદાગૌરી અને તેણીનો સત્તર અઢાર વર્ષનો એક છોકરો હયાત છે તેના નિર્વાહને માટે કાંઈ પ્રયત્ન ચાલ્યો હતો જેમાં થોડાંક નાણાં જમા થયાં છે.*

આધિ દુઃખમાં તો કવિની લગભગ અર્ધી જિંદગીજ ગઈ હતી, પણ છેવટે વ્યાધિએ આવી તે તમામ પૂરી કીધી. સંધિવા કે એવી જાતના કોઇ બીજા રોગથી છેલ્લા ૭–૮ મહિના કવિના પગ અટકી ગયા હતા–કોઈની મદદવિના ઉઠાતું બેસાતું નહિ. છેલ્લા મંદવાડમાં જો કોઇ કવિને બેઠેલા જોય ને એમનું ઉત્સાહ ભર્યું બોલવું સાંભળે તો તેને કદીપણ નહિ લાગે કે કવિને કાંઇ મંદવાડ હશે. દેહ છોડયો તેના એક કલાક અગાઉ એમની બુદ્ધિ હતી તેવીને તેવીજ

---

* આસરે અઢી હજાર રૂપિયાનું ફંડ થયું છે.

રહી હતી. અનેક વૈદ્ય ડાક્તરોનાં ઔષધ કર્યાં, પણ તેથી કાંઇ ફાયદો ન થતાં સને ૧૮૮૬ના ફેબ્રુઆરીની તા૦ ૨૫ મી ને ગુરૂવારે આ આપણા ગુર્જર કવિ અને *સાચા દેશભક્તે આ દુઃખરૂપ સંસારનો ત્યાગ કરી કૈલાશવાસ કર્યો. આ સમર્થ, ટેકી, અને સાચા નરના મરણથી આખા ગુર્જર પ્રાંતને ભારે ખેદ થયો, અને ઠેકાણે ઠેકાણેથી એના ગુણ સંભારી દુઃખના પોકાર ઉઠવા લાગ્યા. વિરૂદ્ધ મતન' પણ તમામ આર્યો એના ગુણજ સંભારવા લાગ્યા; અને વસ્તુતઃ બધાને એમ લાગ્યું પણ ખરૂં કે ગમે એવો હતો તોપણ આજે જે આ નર આપણા દેશમાંથી ઉપડી ગયો તેની ખોટ જલદીથી પૂરી પડવાની નથી. વિદ્યાનો આનંદ, દેશાભિમાનની મસ્તી, સ્પષ્ટવાણી, નિસ્પૃહીભાવના, ઉંચો ટેક, અને સાચી દેશદાઝ એ ગુણો નર્મદાશંકરમાં મૂળથી છેવટ સુધી અખંડિત જ્યોતથીજ પ્રકાશી રહ્યા હતા. આવા જીવનને તે કોણ ધન્ય નહિ કહે? અને ભાગ્યશાળી પણ શા માટે નહિ? સંસારી દુઃખતો બહુ વેઠવાં પડયાં, પણ ધન્ય છે, નર્મદ તને કે તેં ટેક સત્યાદિકની ઉંચ નીતિ તારા જિવનને માટે ઉછળતી જુવાનીમાંજ ઓળખી કાઢી, અને તે પ્રમાણેજ તારૂં આખું જિવન તું પૂર્ણ કરવાને શક્તિમાન થયો! "નવ કરશો કોઇ શોક" એવું જે પદ તેં આવા અશુભ ટાંકણાને માટે અગાઊથી લખી રાખેલું તે અમને હાલ યાદ આવે છે, અને અમે તે હજારોવાર વાંચેલું સાંભળેલું તોપણ આજે જ્યારે ફરીથી જોઇએ છીયે ત્યારે માલમ પડે છે કે અહો તે વેળા પણ કવિએ પોતાને માટે કેવા ઉંચા જિવનની મૂર્ત્તિ (Ideal of life) બાંધી રાખી હતી, અને તેવા દારૂણ તપોબળથી આખરે અક્ષરે અક્ષર ખરી પાડી! તેં તારૂં જિવન ખરેખરૂં જ કૃતકૃત્ય કર્યું છે, અને તેમ છે તો પછી આ નિરૂપણ, તને સદા અણગમતો શબ્દ "બિચારો" બોલીને, શા માટે પુરૂં કરવું જોઇએ? તુંજ ખરો યશસ્વી ને ભાગ્યશાળી હતો!

---

* આર્યજનથી પોતાનું જતીસૌજન્ય કદીપણ વીસરાતું નથી. હિંદુ ગમે એવો હશે, પણ કોઈના મૃત્યુ સમે તેની નિંદા નહિજ કરે. મડદાને ચથવું એ કાગડાનું કામ છે અને તેજ કરે. મુંબાઇમાં કવિની નાતના જુદે જુદે ઠેકાણેના અને અત્યાર સુધી એની ઉપર બહુજ કોપેલા હતા, તોપણ આ સમે ડહાપણ વાપરી પ્રેતદહન ક્રિયામાં કાંઇપણ આનાકાની વિના સામેલ થયા હતા, અને પછીથી સુરતની નાતે ડાહીગૌરીને નાતમાં લેવાની પણ ઈચ્છા દેખાડી હતી.

વાંચનાર, તને છેલ્લી સલામ કરતાં પહેલાં અમે છેવટે એ પદ નીચે આપીએ છિયે તે વાંચ, એમાં સહજ શૃંગારનો ભાવ છે તે પ્રસંગ વિરૂદ્ધ જાણીને છોડી દે, અને પછી તું જોકે એમાં નર્મદાશંકરે પોતાનું પ્રકૃતિ ચિત્ર કેવું ઓળખ્યું છે, તે કેવી ઊંચી પ્રતિનું છે, અને તે લખાએલું તે વેળા આપણને ગમે એવું અભિમાનની ઉક્તિ જેવું ભાસતું, પણ પર્યંતે તે આખેહુબ કેવું ખરૂં પડયું છે, અને પછી તું કહે કે અમે નર્મદાશંકરને કૃત કૃત્ય અને ભાગ્યશાળી કહીએ છિયે તેમાં શું ખોટું છે? આ દુઃખમય સંસારમાં દુઃખ તો કોઇને કોઈ પ્રકારનાં સર્વેને માથે સરજેલાંજ છે, પણ જે તેનાથી પરાભવ ન પામતાં પોતાના ધર્મ કર્મમાં અચળ ટેકીજ રહે છે, અને એવી આંચમાં પોતાના આત્માને કંચનવત્ અધિક શુધ્ધિએ પહોંચાડી આ જગત્માં પોતાનો જશ અને બીજાને સારૂ ઉત્તમ નમુનો મૂકી જાય છે તેનુંજ જિવન ધન્ય, કૃતકૃત્ય, અને ભાગ્યશાળી છે!

૫૬.

"નવ કરશો કોઇ શોક,–રસિકડાં, નવ કરશો કોઇ શોક." ટેક.
"યથા શક્તિ રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી.—રસિકડાં૦–"
"પ્રેમિ અંશને રૂદન આવશે, શઠ હરખાશે મનથી.—રાસકડાં૦–"
" * * * "
"હતો દૂખિયો થયો સૂખિયો, સમજો છૂટયો રણથી.—રસિકડાં૦–"
"મુઓ હું તમે પણ વળિ મરશો,મુક્ત થશો જગતમથી.—રસિકડાં૦–"
"હરિ કૃપાથિ મમલેખ ચિત્રથી, જીવતો છઉં હું દમથી.—રસિકડાં૦–"
"વીર સત્ય ને રસિક ટેકિપણું, અરિ પણ ગાશે દિલથી.—રસિકડાં૦–"
" * * * "
"જગત નીમ છે જવન મરણનો, દૃઢ રહેજો હિંમતથી.—રસિકડાં૦–"
"મને વિસારી રામ સમરજો, સુખિ થાશો તે લતથી.—રસિકડાં૦–"

પેહેલા આવૃત્તિના સૂચના.

પ્રથમ તો, ૧૦ વર્ષની કવિતાનો સંગ્રહ રાખવાનું ઠેરવી આ ગ્રંથ છપાવવા માંડયો હતો પણ એ છપાતાં વરસ ૧૧। થયું તેમાં મારાથી કેટલીએક નવી કવિતા બની.–એ નવી કવિતાને પણ આમાં દાખલ કરવી એટલે આજદીન લગીની કવિતાનો સંગ્રહ રાખવો એ વધારે સારૂં છે એમ સમજી મેં પૂરવણી કરીને કુલ્લે ૧૧ વરસ ને ૩ મહિનાની કવિતા આ ગ્રંથમાં છપાવી છે.

એમાં પ્રથમ, મોટી કવિતાને તથા નહાની કવિતા જોને એકાદા વિષયરૂપે નામ આપી શકાય તેને કવિતા કર્યાના સમય પ્રમાણે ઉત્તરોત્તર ગોઠવી છે; અને બાકીની છુટક કવિતાને વિષયના વર્ગ કરી તેમાં ગોઠવી છે–ઈશ્વર સંબંધી નીતિસંબંધી, દેશાભિમાનસંબંધી, સ્ત્રીશિક્ષણ સંબંધી, ઘરસંસાર સંબંધી, પ્રીતિસંબંધી, ગ્રામ તથા સૃષ્ટિસૌંદર્ય સંબંધી અને વિવિધ વિષય સંબંધી–તેમ, એ અક્કેકા વિષયમાં પ્રથમ, માત્રાકવિતા, પછી અક્ષરકવિતા ને પછી દેશીકવિતા એમ રચનાવર્ગ રાખ્યા છે–ને એમાં પણ એકવૃત્તની કવિતા જોડે જોડે મુકી છે.

અક્કેકી કવિતાની નીચે ટીપ છે તેમાં જે કવિતા જે પ્રસંગથી થયલી અથવા કરેલી તે કવિતાનો તે પ્રસંગ બતાવ્યો છે; તેમ, શબ્દના અર્થ અને શબ્દ–અર્થ–જોરસા–તર્ક આદિકની ચમત્કૃતિ બતાવવાને પણ ટીપ લખી છે. એ ટીપ લખી ગ્રંથને જ્હોટો કરી છપાઇનો ખરચ વધારી ગ્રંથને મોંઘી કિંમતે વેચવાની મારી ઇચ્છા જ્હોતી પણ મારી કવિત, ઘણા લોકથી સમજાતી નથી એવો ચારપાસ પોકાર ઉઠી રહેલો તેથી, તે સમજાવવાને મારૂં મન ઉસકેરાયું. આ ઠેકાણે મારે દલગીરીથી કેહેવું પડે છે કે જે રીતની જે સ્ જે મેં કવિતા લખી છે તે રીતની તે સમજને પોંહોંચ્યા હોય તેવા મારા પ્રસંગમાં આવેલા સેંકડો જનોમાં (આપણા ગુજરાતીઓમાં) મારા તો જાણ્યામાં થોડાકજ છે–કાંતો હજી લોકમાં કવિતા સમજવાની શક્તિ આવી નથી, કાંતો મારી કવિતા દોષવાળી છે કે કાંતો મારી કવિતા તે કવિતાજ નથી. એ ત્રણ જણે મને

કહ્યું કે તમારી કવિતાની સમજ તમેજ આપશો તો તેથી વાંચનાર સાંભળનારની સમજ હદમાં રહી જશે–કોઇ કંઇ ને કોઇ કંઇ સમજે તેમાંજ મઝા છે ને તેમાંજ કવિને વધારે માન મળે છે. મેં કહ્યું કે તે સઘળું ઠીક છે પણ લોકને તેટલા સમજતા થવાને હજી બહુ વાર છે અને લોકને કવિતાના અર્થ ને તેની ચમત્કૃતિ સમજવાને હાલમાં કોઇ ગ્રંથ પણ નથી.–માટે, નથી સમજતા એવા ઘણા લોકને સમજતા કરવા સારૂ મેં કેટલેક ઠેકાણે વિસ્તારથી ટીકા કરી છે.

અક્કેકી કવિતાને છેડે નંબરો મુકી મેં મારી કવિતાનું મારી મેળેજ તોલ કર્યું છે. ૧–૧, એ એમ બતાવેછે કે પેહેલા વર્ગની પેહેલી ટુકડીની તે કવિતા છે; ૧–૨, પેહેલા વર્ગની બીજી ટુકડી; ૨–૧, બીજા વર્ગની પેહેલી ટુકડી; ૨–૨, બીજા વર્ગની બીજી ટુકડી; ૩–૧, ત્રીજા વર્ગની પેહેલી ને ૩–૨, ત્રીજા વર્ગની બીજી ટુકડી એમ ઉતરતો અનુક્રમ છે. કેટલેક ઠેકાણે હું નંબરો મુકવા વીસરી ગયોછ ને કેટલેક ઠેકાણે ઉતાવળમાં મારાથી તે ગમે તેમ મુકાયા હશે.

કવિતા કરવી, કવિતા વાંચવી, કવિતાનો અર્થ સમજવો, કવિતાના અર્થનું ચિત્ર જોવું, કવિતાની બોલીને ટીકા કરવી અને કવિતાની લખીને ટીકા કરવી એ જુદી જુદી વાતો છે. કવિનામાં ટીકાકારનો ગુણ હોવોજ જોઇયે એવો કંઇ નિયમ નથી–કેટલાક ઘણા સારા કવિયો ટીકા કરવાની શક્તિ ધરાવી શકતા નથી–એ શક્તિ મારામાં કેટલી છે તે લોકમાં થતી ચરચાથી જાણી લેવાને મેં સભ્યતા મુકયાનો દોંષ માથે હોરી ટીકા ને નંબર મુકયા છે.

ન૦ લા૦

સાંકળીયું.

	પૃ૪.
વિભાગ ૧ લો.	
કેફ.....	૧
શ્રીમંતને પરમાર્થ વિષે શિક્ષા.	૧૦
ગંગી–સ્ત્રીયોને છુટ આપવા વિષે	૧૫
લલીતા.	૧૮
લઘુહિતોપદેશ	૨૪
સાહસ દેસાઇ	૩૬
વજી	૪૬
આત્મબોધ.	૪૮
વૈધવ્ય ચિત્ર–ભાગ ૧લો.	૫૩
વાંઢા વિલાપ.....	૬૨
એક વાણિયા શેઠને વિધવાની વિનંતિ.....	૬૪
દૃષ્ટાંત.....	૬૫
"લુહાણાની ન્યાતમાં"....	,,
"માતપિતા સંયોગે"....	૬૭
વૈધવ્ય ચિત્ર–ભાગ ૨જો.	,,
"જય જય જય જગદંબા."	,,
'શક્તિમાન નેકૃપાનિધાન.'	,,
બાળરાંડનું રુદન.....	૬૮
'પિયુ એકલડો યમ લીધો.	૬૯
વેશ ઉતારતી વખતની અકળામણ.....	૭૦
વિધવાને સાસરે દુઃખ.....	૭૧

	પૃ૪.
વિધવા ગ્રેહ.....	૭૨
રાંડીરાંડનું રડવું.	૭૩
વિધવાની પરાધીનતા....	૭૪
વિધવાનો પશ્ચાત્તાપ.....	૭૬
"શું સુવાડી ઊઠયો".....	,,
વિધવા, માતાને વિનંતિ કરેછે.	૭૭
વિધવાની ન્યાતને વિનંતિ.	૭૮
એક વિધવાની બિજી વિધવાઓને સૂચના.....	૭૯
એક વિધવાની સોવાસણોને સૂચના.	૮૧
વાદ.....	૮૨
"હવે સાંભળ શાસ્ત્ર ભણેલા"	,,
"હવે સમજ્યો ખરે તું કાંઈ"	૮૪
લોકોને વિનંતી.....	૮૫
"ઉઠો હવે સજ્જન શાણા સહુ".....	૮૬
પુનર્વિવાહ સમયે ગાવાનું ગીત	૮૭
સ્વતંત્રતા.	
પરદેશી રાજાનો પ્રજાપ્રતિ ધર્મ	૮૯
પ્રજાનો રાજાપ્રતિ ધર્મ...	૯૩
સ્વતંત્રતા–ખરી હિંમત..	૯૪
"દેશીયો ભણો ભણો રે"	૧૦૩

	પૃષ્ઠ.
(ઈશ્વરપ્રાર્થના.)	
"આ સંધૂં કહિયે હમે"	૧૦૪
મૂળાક્ષરો ને શિક્ષા.....	૧૦૫
ગોપીગીત.....	૧૦૯
રુકિમણિ હરણ.....	૧૧૪
ઋતુવર્ણન.....	૧૨૮
ગ્રીષ્મ.....	૧૩૪
વર્ષા	૧૪૩
શરદ્.....	૧૫૬
હેમંત	૧૬૧
શિશિર્	૧૬૩
વસન્ત.....	૧૬૫
સંયોગવર્ણન	૧૭૧
સાંબસ્તુતિ.....	૧૭૩
નીતિ	૧૭૬
લઘુઋતુવર્ણન.....	,,
"કેવું નિર્મળ રે આકાશ"	,,
"શો પ્રચંડ તપતો સૂર."	૧૭૮
"શી છાયી ઘટા ઘનઘોર."	૧૭૯
"પડી રહ્યો પરદેશ".....	૧૮૧
પ્રેમનીશો	૧૮૨
પ્રેમનીતિ	૧૮૪
રાયરંકની પ્રીતિ.....	,,
પૈસાની આપ લેથી પ્રીતિ ટકતી નથી.....	૧૮૫
પ્યારીની જુદાઇના દરદથી રિબાતા દોસ્તને દિલાસો.	,,
પ્યાર નિભાવવા વિષે.....	૧૮૬
પ્રેમી કીડો–પ્રીતિનું સુખ-દુઃખ.....	૧૮૮
પ્યારી–કવિતા ઉપર પ્યારા	

	પૃષ્ઠ.
કવિનો પ્યાર.....	૧૯૦
પ્યાર બાંધવા વિષે.....	૧૯૨
પ્યારીની વરસગાંઠે પ્યારાએ મોકલેલી ભેટ.....	૧૯૪
નિરાસ થયલા આશકે માશુકને કહેલા બોલ.....	,,
પ્રેમવર્ણન.....	,,
"જોતાં સુણતાં કહેતાં"...	,,
પ્રેમભક્તિ.....	૧૯૮
"આગ્રહ ધરિને એક જો"	,,
સ્નેહ.....	૧૯૯
"સજ્જન નેહ જો બાંધવો"	,,
માતાનું સ્તવન.....	૨૦૦
પતાનું સ્તવન.....	૨૦૨
આગગાડી.	૨૦૫
બ્રહ્માંડલીલા.....	૨૦૮
પાતાળ	,,
પૃથ્વિ	૨૧૦
આકાશ.....	૨૧૧
બ્રહ્માંડ	૨૧૨
વનવર્ણન	૨૧૩
"થળને ઠામે જળ કરે"..	,,
શીયાળામાં.....	૨૧૪
ઉનાળામાં	૨૧૫
ચોમાસામાં.....	૨૧૮
"પ્રેમચંદાની બલિહારીરે"	૨૨૧
પ્રવાસવર્ણન	૨૨૨
"મ્હારી ભણી ખરી અડી વખતે.".....	,,
મુંબઈથી તે રણુતુંડી સુધી આગગાડીમાંથી જોયલો	


	પૃષ્ઠ.
દેખાવ.	૨૨૪
નાશક અને ત્રયંબક એની વચમાનો માર્ગ.....	૨૨૫
ત્રયંબકયાત્રાક્રમણ.....	૨૨૬
ઇગતપોરથી નાશક જતાં અને ત્રયંબકથી નાશક આવતાં સવારની શોભા.	૨૨૯
ગોદાવરી અને તેનું તટ–સાંજે.....	૨૩૦
"દિલનું દરદ ડાખ્યું છેક મુસાફરીએ".....	,,
સુરતથી તે મેમદાવાદ સુધી આગગાડીમાંથી જોયલો દેખાવ.	૨૩૧
મેમદાબાદથી તે અમદાબાદ જતાંને અમદાબાદથી ખેડે આવતાં–સવારની શોભા.	૨૩૨
"સપ્ત ઋષિતો ગયા".....	૨૩૩
અમદાવાદથી ખેડે જતાં લાલીગામ આગળ રાતની શોભા.....	,,
ભરૂચથી કબીરવડ જતાં હોડીમાંથી જોયલી નર્મદાની શોભા.....	૨૩૪
કબીરવડ	૨૩૫
સુરતથી મુંબઈ આવતાં દરિયામાં ચંદનીની શોભા	૨૩૮
જગકર્ત્તાની સ્તુતિ.....	,,
શૂરવીરનાં લક્ષણો.....	૨૪૦
"ફરી જોબનિયું આપે."	૨૪૧
"વાદળ ફાટવા"	,,
"દેશતણું હિત ચહાવું"...	,,
"રડયાં કરે શું વળશે"...	૨૪૨
"વાવા ભાભીજી"	,,
"ખરું તે કાં ના કહેવું"...	૨૪૩
"બૈરાંને ના જોર બતાવો"	,,
'નબળાપર ના હાથ ઉગામો"	૨૪૪
'પેટ બળે પણ ગામ ન બાળો'	૨૪૫
"ઝાંસા શા ખાવા ભાઇ"...	૨૪૬
"દાસપણું કાહાંસૂધી".....	૨૪૭
"સહુ જન હક ઉઠી માગો."	,,
"થઇ મરણિયાં ધસવું....."	૨૪૮
"બ્હોડે બકેથી શું થયું."	,,
"શકુનકાળ તો ના જોવો"	૨૪૯
"વાગે વાજાં જોરમાં"...	,,
"પગલાં ભરવા માંડોરે"...	૨૫૦
"સજિલો સહુ સરદારો રે"	૨૫૧
"ડગલું ભર્યું કે ના હઠવું"	,,
"રણ તો ધીરાનું".....	૨૫૨
"કદિ ના હિંમત મૂકોરે"...	૨૫૩
"સજિલઈ સાહસિક થાઓરે"	,,
"આહા કેવાં યશગીત"...	૨૫૪
"જય જય જય જય જય જય".....	,,
"ઝટ ઝટ ચાલોજી".....	૨૫૫
વ્હેમનો કોટ તોડી પાડવા વિષે.....	૨૫૬
"બહુ ધર્મ વ્હેમે".....	,,
'શૂરવીર તે નીજ મરણને.'	૨૫૭
(ભણવા વિષે).....	
"સરસ નરસ સહુ".....	૨૫૮

	પૃષ્ઠ.
(સંપ રાખવા વિષે.)	
"તમે કદિ ના જુઓ".....	૨૫૯
(સાહસ)	
"સહુ ચલો જીતવા જંગ"...	૨૬૧
(વેહેમની સામે સજવા સુધારાને ઉત્તેજન.)	સા૨
"ચલ ઉઠ સુધારા સજી"...	૨૬૨
'ચલો ચલો!શું વાર લગાડો.'	૨૬૪
વજેસંગ ને ચાંદબા...	૨૬૬
નર્મટેકરી અને તેપર કરેલા વિચાર.....	૨૯૮
મિત્રાઇ.....	૩૦૩
આપત્કાળ.....	,,
તૃષ્ણા.....	૩૦૪
સુખ.....	૩૦૫
મિથ્યાગર્વ..... ..	,,
ઇશ્વર શકતી.....	૩૦૬
પૈસાદારોનો મ્હોટો ભાગ સુખી નથી.....	૩૦૭
પૈસાદારને ગરીબ જેવું સુખ નથી.....	૩૦૮
પૈસાદારનો મ્હોટો ભાગ નીતિમાન નથી.....	૩૦૯
(આશા).....	
"ધારયું ન થાએ થવાનું તે થાએ".....	,,
(ધીરજ).....	
"ધીરાં થઈને સ્હેવું પડે તે"	૩૧૦
દેશીયોને સંકટમાં મદદ કરવા વિષે.....	૩૧૧
શિકારી ને હરણીની વાત.	૩૧૫

	પૃ ૪.
હિંદુઓની પડતી.....	૩૨૧
સરસ્વતીની આરાધના....	૩૨૩
પ્રવેશક.....	૩૨૪
વિદ્યાસંબંધી પડતી.....	૩૨૮
ધર્મસંબંધી પડતી.....	૩૩૦
રૂઢીસંબંધી પડતી.....	૩૩૭
વેહેમસંબંધી પડતી.....	૩૪૩
દેશીરાજસંબંધી પડતી...	૩૪૫
પરદેશીરાજસંબંધી પડતી.	૩૫૧
નીતિસંબંધી પડતી.....	૩૫૪
હિંદુઓની પડતી-ભાગ ૨ જો.....	૩૫૭
પ્રેમશૌર્ય.....	,,
જુદ્ધના ૭ પ્રસંગો.....	૩૬૧
પંન્નાબની લડાઈ.....	૩૬૩
રજવાડાના શૂરવીરો.....	૩૬૪
મેવાડના શૂરવીરો.....	૩૬૫
મારવાડના શૂરવીરો.....	૩૬૮
બીકાનેરના શૂરવીરો.....	૩૬૯
જસલમેરના શૂરવીરો.....	,,
જેપૂરના શૂરવીરો.....	,,
બુંદીના શૂરવીરો.....	,,
ગુજરાતના શૂરવીરો.....	૩૭૦
દક્ષણના શૂરવીરો.....	૩૭૨
નાગર શૂરવીરો.....	૩૭૩
બ્રહ્મક્ષત્રી શૂરવીરો.....	૩૭૪
અર્પણપત્રિકા	૩૮૦
હિંદુઓની પડતી-ભાગ ૩ જો.	
આશા.....	૩૮૧

	પૃષ્ઠ.
અનુભવલહરી.....	૩૬૦
કુમુદચંદ્ર-પ્રેમ પત્રિકા...	૩૬૭
સુરત શહેર.....	૪૪૩
દુહનરસિક.....	૪૫૦
કમાઇના કર વિષે.....	૪૬૬
જીવરાજ.....	૪૬૮
ચોપાટીની ટેકરીપરથી જોયલો દેખાવ.....	૪૭૧
શેરની ચડતી પડતી....	૪૭૩
"ગાઓ ગાઓરે સટ્ટાનો રાજ થયો જે ગુજરાતે"...	૪૭૮
"જુઓ જુઓરે સટ્ટાખોર સિંહ પડયો થઇ લાંબો તે"	૪૭૯
"ભુંડી લાલ્ય છે ઉઠીરે મુંબઇ શેહેરમાં જો".....	૪૮૧
"શેરો લાગતા ઉંફાળાં લૂગડાં જો".....	,,
"ધીર ધર ધીર ધર ધીર ધર સિંહ મુજ".....	૪૮૨
"ધંન લોભમાં અંગઉમંગે કરયા તમે સટ્ટા".....	,,
"પ્યારી ખેલવી શી હવે હોળી".....	૪૮૩
વીરસિંહ.....	૪૮૪
સર્ગ ૧ લો.....	૪૮૬
સર્ગ ૨ જો.....	૪૯૨
સર્ગ ૩ જો.....	૪૯૫
અદ્‌ભુત યુદ્ધ.....	૪૯૭

વિભાગ ૧ લો સમાપ્ત.



(દોહરો.)

ચિદાનન્દમાં હોલવી, ત્રિવિધતાપ ભવલ્હાય ;
નર્મશર્મસૂચક કવન, સંગ્રહ કરું હું અહીંય. ૧

કેફ.†

(દોહરા.)

સાંભળ પ્યારા મિત્ર તું, કેફતણા કહું દોષ;
છાંડી દે સહુ મનથકી, વણ જોયે બહુ જોષ. ૧
માનવ મોટો ધર્મ જે, આપ શરિર રક્ષણ ;
કરે કેફિ નવ મૂળગું, કુરુપ જોઈ દર્પણ. ૨

---

*ચિત્–જ્ઞાન અને આનંદ એ બેમાં અથવા એ સ્વરૂપ જે છે તે (બ્રહ્મ)-માં અથવા એ સ્વરૂપ જે હું તેમાં (મારામાં) અથવા જ્ઞાને કરીને થતા આનંદમાં, આધિ વ્યાધિ ઉપાધિ એ જે ત્રણ તાપ અને એ જે ભવની લાહ્ય તેને (પેહેલાં આનંદનાં પાણીમાં) હોલવી, નર્મ–શૃંગારરસથકી ઉત્પન્ન થતું સુખ અને શર્મ–શાંતરસથકી ઉત્પન્ન થતું સુખ એ બે સુખની સૂચના કરનારૂં એવું જે (મારૂં) કવન (દશ વર્ષનું) તેનો હું આ પુસ્તકમાં સંગ્રહ કરી રાખું છઉં.–નર્મશર્મના ખરા અર્થ તો ઉપર પ્રમાણે છે, પણ એ બન્ને શબ્દોનો સાધારણ અર્થ (લોકમાં) સુખ એવો છે. નર્મકવિતા એ શબ્દમાં જો કે મારાં નામના પેહેલા બે અક્ષરો છે તોપણ તે શબ્દમાં સુખની સૂચના કરનારી–સુખ આપનારી કવિતા એવો અર્થ રહ્યો છે.—(નર્મ સૂચિકા કવિતા, નર્મકવિતા.–મધ્યમપદલોપી સમાસ)

†એ કવિતા મેં સને ૧૮૫૫ના અકટોબરની તા૦ ૨૯ મીએ ખુ૦ વ૦ સભામાં વાંચી હતી. એ જોડી ત્યારે દોહરો કેમ કરવો તે હું જાણતો ન્હોતો–કવિ સામળભટની કવિતા મેં ન્હાનપણમાં મારી મેળે ગમે તેવે ઢાળે વાંચેલી તે ધુન પ્રમાણે અને કંઇ દલપતરામનું ને કંઇ મનમોહનદાસનું જોઈ જોઇ દોહરા ચોપાઇ કર્યા હતા. (નિયમ જાણતો ન્હોતા) એ વખત થોડાક અક્ષરવૃત્તના નિયમ જાણતો ખરો. હાલ નિયમ પ્રમાણે જુજ ફેરફાર કર્યો છે.

બળ્યો ઝળ્યો રેહે સદા, સૂઝે નહિં કંઇ કાજ;
બાળેલા કોઠા વિષે, અગ્નિ દારૂનાં રાજ. ૩

જુલમી રાજા થઇ ગયા, કરી અમલ બહુવાર;
અગ્નિ દારૂ ગાંજાતણા, અમલો અદકા ધાર. ૪

કેફીને ન વછર કો, શેજોરી બહુ જાણ;
દ્વાર શરિરનાં રૂંધતો, ધરી લગામી તાણ. ૫

(ચોપાઇ.)

રૂધિરતણૂં પરવૂં ચોપાસ, થવૂં તેનું ધાતૂ ને માંસ;
મૂત્ર મળોના ધર્મો સાર, તે થોભાવે કેફી યાર. ૬

(પાયાકુલક.)

શરીર આત્મા જે કેવાએ, કો જાણે તેનૂં શૂં થાએ;
છાનો રેહ શત્રૂની છાકે, જેમ દેવ દૈતોને ધાકે. ૭

(દોહરા.)

શરિર બગાડે કેફિજન, અંત તેડતો પાસ;
લૌકિક પરલૌકિક વિના, કેમ બચે યમપાશ. ૮

સગાં ઇષ્ટ તે કોણ છે, વળી પારકાં કોણ;
સમજે નહીં ખુમારિમાં, કેફી ઘેલો ટોણ. ૯

બૈરી છોરૂ રડિ રહી, ચિથરે ઢાંકે જાત;
પિડિત થઇ ખાવે પિવે, મુકે શીર નિજ હાથ. ૧૦

માન ન કંઇ સંસારમાં, ફિટ ફિટ કેફી થાય;
ભંગિ અગ્નિણ દારૂડિયો, તુચ્છ નામે બોલાય. ૧૧

ગુણિજન હોય ભણેલ પણ, સુણે ન તેનૂં કોઇ;
પિધલ પિધલ છાકે ભરેયો, મૂકો હાંકી બોઇ. ૧૨

નીચ લોક દારૂ પિયે, કામથિ આવી સાંજ;
દઇ મુસાર કલાલને, રહે રડવડી પ્યાજ. ૧૩

દરજી ધોબિ કમાટિયો, એ હાલે દેખાય;
કાલનિ તે કાલે થશે, આજે જીવ પિલાય. ૧૪

(ચોપાઇ.)

અફિણી રાજ થયા છે ઘણા, નામ ધરી રજપૂતોતણાં;
નાક અડકતાં ભૂમીસાથ, એમ ઝોકતા જનના નાથ. ૧૫
સુખા કસુંબા ઘોળે ઝાઝ, પછી કરે મીઠાં મુખ રાજ;
લુલિ કેડે જે ખાંડું ધરે, ધ્રુજતે કર પ્રાક્રમ શું કરે. ૧૬
હુખ્યું દારૂએ રોમન રાજ, અફિણે વેઠયું રજપુત રાજ;
ગયું કુસંપે મોગલ રાજ, હૂંપદથી શ્રીમંતનું રાજ. ૧૭

(દોહરા.)

અફિણ ગાંજા દારૂ તે, સાથે લાવે હાય;
ટેવ પડી જાયે નહીં, નાણાં ઘરનાં જાય. ૧૮
કેફી ટેવ તજે નહીં, ચોરી કરવા જાય;
તે પૈસો ભેગો થયે, બે વાટે વ્હેચાય. ૧૯
રૂસ્તમજી પીઠા તરફ, કરે જવાનું મંન;
ભલે ભરો જી બેવડો, છે મુજ પાસે ધંન. ૨૦
દરજી ઘોળે રાવણે, બીજા ડુંકે ચલંમ;
ઊંચિ ન્યાત વાપૂ કરે, પીને ભાંગ કરંમ. ૨૧
રાંડ ઘેર પૈસો વધે, જાય દારૂક વિકરાળ;
એ રીતે ખૂમારિમાં, મરે ભુખે ચંડાળ. ૨૨
ઘર માણસ ભૂખે મરે, ભૂખે નવ રહેવાય;
પડે દુકાળ ન હરિ કરે, વિપ્ર માંસ મિન ખાય. ૨૩
ભૂખ્યો તે શું નવ કરે, કરે પાપ બહુ ભાત;
બ્યાજ મિનીવત્ આચરે, પડરે નીચી વાત. ૨૪
કફિ હોય વેશ્યાગૃહે, વેશ્યા ઘર નિજ ધામ;
જાર કરી સ્ત્રીઓ સહુ, જમે રમે આરામ. ૨૫

(ચોપાઇ.)

એ સહુ પાપનું કારણ જેહ, અરે! રામ છૂટે કયમ તેહ;
અહીં ભોગવે દુઃખ અપાર, ત્યાં પણ ખાશે મોટો માર. ૨૬

(હરિગીત.)

ન્યાય ઉંચિ અભિમાનિ ભારિ, હોય છે દુર્હાલમાં;
સમજિ તેણે ખોડ હણવા, ઢંગ જોવા સાનમાં. ૨૭
શોખમાં ઝૂલાઈ જઇ તે, અફિણ ખાયે મોજમાં;
પતિત પતિ નવ ગમે વહુને, સુતો જોવો સોડમાં. ૨૮

(દોહરા.)

આગ્રહ કરે સુધારવા, ઘર બૈરી નાજૂક;
આપ ટેવ છોડે નહીં, ધણિની મોટી ચૂક. ૨૯
વામી બહુ સેવક થઇ, મદ્ય વાપરે જંન;
ભરૂસો કરવો તેમનો, ખોવાં તન મન ધંન. ૩૦
થાય મંન પીવાતણૂં, સેવે અંબા માત;
નાણાં ધૂતે જોરથી, કપટ ભરી તે જાત. ૩૧

(છપ્પય.)

કરો કેફનો ત્યાગ, કેફ તો તંન બગાડે,
કરો કેફનો ત્યાગ, કેફ તો મન બહુ બાળે;
કરો કેફનો ત્યાગ, કેફ તો માન ગુમાવે,
કરો કેફનો ત્યાગ, કેફ તો જાન હણાવે;
થઈ કેફથકી હેરાન બહુ, તાપ ત્રિવિધને સેવવો.
એ કાળિનાગવત્ કેફ તે, દૂધ પાઇ ઊછેરવો. ૩૨

(દોહરા.)

વડોદરા શેહેરમાં, બ્રાહ્મણ ભંગી જંન;
મોટિ કોડિ ભાંગે ભરે, બીજા હોરે અંન. ૩૩

(ચોપાઇ.)

વાણોતર પ્હેડીના બહૂ, નામે શોખી જિવડા સહૂ;
બપોર વીતે બ્રાહ્મણ ઘેર, લીલાંપાણી પીએ ઝેર. ૩૪
તે બ્રાહ્મણ ગૂન્નરો કરે, ભાંગ પાઇ સોદાને ખરે;
પીનારા દે બીસાં જોઈ, ધમકાવે બહુ બ્રાહ્મણ ભોઇ. ૩૫
બોલ ન બોલ ન જાણે કોઇ, થશૂં ફજેત સગાંને જોઇ;
એમ કહીને કહાડે દામ, તે બ્રાહ્મણનું થાએ કામ. ૩૬

ભાંગ પિઇને ચઉટે જાય. અફિણતણી લેવા તે લ્હાય;
શરિરતણૂં ના રેહે ભાન, એવા વ્યસની એ દી જાણુ. ૩૭
અફીણ ૩ બરફી ને પાન, લઇ સાથે બોલાવે જન;
એકાદા વાડામાં મળે, ગપાં ગોષ્ટિઓ કરતા ભલે. ૩૮
અફિણ ચુરો મૂકે ૩માંહ્ય, પાણીથી ભીંજાવે તાંહ્ય;
લાલ કસુંબા નિકળે જેમ, વધે ખુશી મિત્રોને તેમ. ૩૯

(પાયાકુલક.)

સાંજ પડી કે ચઉટે બેસી, પરનિંદા તે કરતા નેસી;
ત્યાંથી તે કાર્યોનાં શોધી, કર્મ કરેજ સુબુદ્ધિવિરોધી. ૪૦

(ચોપાઇ.)

એ રીતે પૂરા ચકચૂર, નેન કહી દે ઝટઝટ નૂર;
પાય મુંકે ભૃગુટીની ધાર, થઇ બાંકા છળતા બહુ નાર. ૪૧
એરીતે સમજે તે સુખી, દિવસ ગાળતા સાચે દુખી;
નવ જાણે શો માનવધર્મ, નવ જાણે શો દૈવીમર્મ. ૪૨

(સોરઠા.)

શંકર સ્વામીનાથ, એક સમે પરવાસમાં;
લિધા શિષ્ય સહુ સાથ, સહજ પરિક્ષાકારણે. ૪૩

(ચોપાઈ.)

એક જગેથી લીધો મદ્ય, પીધો સહુ જોતાં અનહદ્ય;
અચરજ પામ્યા શિષ્યો ઘણૂં, કિધૂ મંન ત્યાં પીવાતણૂં. ૪૪
વળી ગયાં જ્યાં સિસું ઉકળાય, ભરિ બોબો હાંસી મકલાય;
નાથ કહે શિષ્યોને જોઈ, કરો તમે પીવાની સોઈ. ૪૫
ક્ષમા ક્ષમા કરજોજી સ્વામ, બહુ અપરાધ કરયો આ ઠામ;
હમે સર્વ લલચાયા ઘણા, પણ તમ શિક્ષામાં શી મણા ? ૪૬

(દોહરા.)

એણીપેરે સમજાવે, કૂડા કેરી જંન;
દાઇ દખલો વૃદ્ધનો, ના સેવો દુર્જન. ૪૭

મનુષ્યના ગુણમાંહ્યથી, ઊપાડો સદ્‌ગૂણ;
છાંડી દુખદાયક ઘણા, હોયે જે દુર્ગૂણ. ૪૮

(ચંચળા.)

એકવાર નાટકે હું સાંચરયો બહૂ રૂચીથિ,
ઉપજયો ઘણોજ મોહ સૂત્રધારની છટાથિ;
સૂણિ અંકિપાત્ર યોગ્ય હર્ષ તો વધ્યો અધીક,
જોઇશે ભજેછ કેમ કેફવેશ આજ ઠીક! ૪૯

(શંખનારી.)

રડી ભાંગ આવી, બકી જોશ લાવી,
છઉં નારિ સાચી, કહી એમ નાચી. ૫૦
છરી પેટ રાખી, ભલી ટેકિ ભાખી,
ઘણી હૂં નઘેારી, કરૂં સૌ કજોરી. ૫૧
રૂપે નારિ રેહૂં, અરી ગૂણ લેહૂં,
થઇ કાલિ ભારી, કરૂં વાઇ જારી. ૫૨
વરૂં ગોળવેરે, પિડૂં સ્વમ ઝેરે,
દિપૂં ખાંડ ખાધે, ગળે સોસ વાધે. ૫૩
કરી મંદ ગર્મી, કરૂં મોહ મર્મી,
વિના પાંખ ઉડૂં, સહૂનેજ કૂડૂં, ૫૪

(વિમોહા.)

સર્પ શૂં ડોલશે, દેહ વા તોળશે;
જીવ તો ઘૂમશે, ભાંગ બા ઘૂણશે. ૫૫

(મલ્લિકા.)

પ્રેતની પડેમ ખાઇ, તાવ લાવું ધાઇ ધાઇ;
કામકાજની હું રીપુ, દેહમાં વિકાર સીંપુ. ૫૬

(સોરઠા.)

જીજી માં પ્રૂલૈશ, બોલ્યા માજમ પાક તે;
ખૂણે બેસી રૈશ, જસો હમારા જાણિને. ૫૭

ખલે મસાલો વાટિ, ભાંગધિમાં બહુ કાલવી;
ઉલટો ગૂણજ લાવિ, ગરમી કરિયે સામટી. ૫૮
પાકતણૂં મુલ નાંહિ, ખપે કસ્તુરી ભાવમાં;
હોય હાર બહુ તાંહિ, ઝડપે ટાંકી પરમિયા. ૫૯

(ચોપાઇ.)

ગડાકુ બોલ્યો ડાહે મૂખ, શાપ દંઉ પ્રત્યક્ષે દૂખ;
બળું છ ચલમ અંગારે જેમ, જળો દેહ વ્યસનીની તેમ. ૬૦

(પાયાકુલક.)

આવી ત્હાં તંબાકૂ સાદી, ઘાત પાણિ કરૂં હૂં શાહજાદી;
પગ તોડાવૂં સૂએ તારે, જારે જીવ પિલાયે ભારે, ૬૧
લાજ ચારમાં રહે ન લેશે, ઉભો કરૂં કંઈ કારજમીશે;
ખૂણો શોધાવૂં તે પાસે, આખ આખ થુંકવા જહાં જાસે. ૬૨

(દોહરા.)

મોહ વાસ મારે સદા, દાંતો પોલા થાય;
સુધડ ટળી પૂવડ બને, એજ મૂજ મહિમાય. ૬૩
પાંચ મિનિટની જાગૃતી, ફકત ફાયદો એજ;
ઘણું તો વળિ સાવધ કરૂં, હોય વાધનો પેજ. ૬૪
ભૃગુશિષ્યણિ વળતી વદી, મારી જાળ અપાર;
ભીતરમાં મ્હાલૂં ઘણી, કરૂં તીરના માર. ૬૫

(છપ્પય.)

વિચારનો વેપાર, બીગડે છે બહુ જોશે;
મગજે ફચરો થાય, નાક ગંધાતૂં થાસે;
કદિ ના હોય ટેવ, છીંકથી થાકી મરશે,
જે સુંઘસે મુજ વીખ, નાકને બહૂ પુલવશે;
વળિ વસ્ત્ર અધીક બગાડશે, મલીનતા દેહે ઘણી,
બહુ મનવિકાર ઉપજાવશે, કરતાં ભક્તી મુજતણી. ૬૬

(ચોપાઇ.)

સૂર પૂર કરતો દેખાય, તેનો કોડો ભઠ્ઠી થાય;
બહુ બાવા બૂડયા જળમાંહ,તરચા હુલવવા જ્યારે દાહ. ૬૭

ડોળા ફાટા તામસિ ક્રૂર, હૈયે જેને ચાહું જરૂર;
લૈયાજીઓ ખરા ભગત્ત, પીયે જે દસ ચલમ અગત્ત. ૬૮
વ્યવહારાંધજ ક્રોધી જાણુ, નીતીનો તો વાળે ધાણુ;
પૂંછ કુમતિનૂં પકડે ધાર, કેમ તરે વૈતરણી પાર. ૬૯
વદે અરીણુ કસુંબા લાલ, શૂં કહિયે કીધેલા હાલ;
પુછી જુઓ રજપૂતી સાથ, પછી ઝાલજો હમને હાથ. ૭૦

(કવિત.)

રૂપ કૃષ્ણુ સ્વાદ કટૂ લેવાને સ્વભાવ ખાટો,
આવજો હમારી પાસ કહિયે ખરેખરૂં;
તંન રોગ મંન રોગ પ્રાપ્ત કરી લેવાસારૂ,
ઝાઝું ધ્યાન હમારૂંજ ધરજો નરેનરૂં;
વેળાએ ન મળિએરે તારે હાલ બુરા ઘણા,
શરીર પીડિત થઈ જીવ કરે મરૂં મરૂં;
આંખ અંધે પૂરા થઇ દીલમાં કપટ ભરી,
ધરદાઝ જાણી નહીંજ કરાં અરૂંપરૂં. ૭૧

(દોહરા.)

ઝુલતો ઝુલતો આવિને પટ ઝટ કહાડી દેય;
ફૂડ નેણુ તે બહુ કરે, અબળા કયમ ખમિલેય. ૭૨
ગરમીથી બળતો રહે, હોઇ કેફને સાધ્ય;
ડોળા મીંચી ડોલતો, કરતો કાજ અસાધ્ય. ૭૩
નીજ વાસ ભૂલી જઇ, સુવે પારકી જાગ;
મરીજાવ સહુ ભાંડુઓ, બોલે કુમતિ અભાગ. ૭૪
એ છંદોથી દુર્દશા, આવે વ્હેલી જાણુ;
ખાવા પીવા ના મળે, રેહ અથડાતો પ્હાણુ. ૭૫

(ગરબી.)

તેં દુખડામ, કઇ પેરે દીધા રે કેરી કંથડા,
કામણ કીધાં, શેણે વંઠી સુધ બુધ રે ઓ ચંતડા. તેં દુખ૦ ટેક.
ગંડૂઝે છાક મુખે મારી, કેફની ગંધે લવરી ભારી,
તે તો સાપઝેર જેવી ફાલી—તેં દુખડામ૦ ૧

વ્હાઇ મુજને ભુરકી આણી, નિર્લજ કીધી દેહ સૂહાણી,
મેં આગળ આ રિત નવ જાણી—તેં દુખડામ૦ ૨
ગળે હાર હાડના નીહાળી, તુટિ કેડે નહિ પોતડિ ભાળી,
મને માણુસડાંમાંથી ટાળી—તેં દુખડામ૦ ૩
લુગડે મેલે તૂટે ફાટે, તૂં તો ચાલે પગલે રાંટે,
રઝળે પીટયો નરસી વાટે—તેં દુખડામ૦ ૪
શિરકેશ બળ્યો અંગે કાળો, મ્હોડે દ્વિણ પરપોટાવાળો,
જેમ ફેફરૂં લાવે ભૂતાળો—તેં દુખડામ૦ ૫
બહુ કૂડ લવી ઘેલૂંજ હસે, તનનો બાંધો તૂટેલ દિસે,
હંસાસાથે તૂં કાગ વસે—તેં દુખડામ૦ ૬
મુને છેતરિ તેં કપટી ખારે, લઇ લાંચો માબાપો મારે,
આવો ન્હોતો કંઈ તેવારે—તેં દુખડામ૦ ૭
તારિ તેં આબરૂ ગૂમાવી, સહુ સહિ મારે મ્હેણાં ચાવી,
હૂં શિદને તુજ કરમે આવી—તેં દુખડામ૦ ૮
ઇચ્છત તૂંને વ્હેલો મરવો, નહિ ચાલ બિજો તે કયમ વરવો,
નહિ મૈયર કયાં ભસ્તો ભરવો—તેં દુખડામ૦ ૯
હરિ વ્હેલો કર છુટકો મ્હારો, દુર્બળ પિયુથી મુજ પંથ ન્યારો,
હાય લાહ્ય લાવે પીટયો ઢાંડો—તેં દુખડામ૦ ૧૦
કેવાં ઉપનામ તૂંને પીટે, ચોરી શીખ્યો કેફની ભેટે,
થયો રાંડબાજ કયમ હૂં બેઠે—તે દુખડામ૦ ૧૧
હસિ લઉં છાંજિયાં તુને પ્હેલી, ફોહુ તું મરે ચુડો વ્હેલી,
ઘેલચંદ્રાથી થઇ છૂં ઘેલી—તેં દુખડામ૦ ૧૨
હાય હાય હાય તુંને નફફટ, મરજે વ્હેલો કરિને ઝટપટ,
પીટયાની તો ભારી ખટપટ—તેં દુખડામ૦ ૧૩
સાહેલડી સાચૂં વીચારો, પિયુ કેફિ નવ જાણો સારો,
દળદરનો નવ આવે આરો—તેં દુખડામ૦ ૧૪
કહે નર્મદા કેરીજાયા, સહુ જન તજજો કેરી માયા,
કંથ કાચથકી કાપૂં કાયા—તેં દુખડામ૦ ૧૫

(૩-૧)

શ્રીમંતને પરમાર્થવિષે શિક્ષા.

(લલિત.)

*વિનતિ હું કરું દેશિયો રૂડા, ગરિબ જાતને લક્ષ દો વડા;
જરણુ આંધળા પાંગળા બહૂ, ખબર રોગિની લેવિરે સહૂ. ૧
નિકટ[૧] સ્નેહિનાં કારજે સરો, પરજનોતણું દુઃખડાં હરો;
દરદ મંનનાં દોહલાં કતી[૨], શ્રમ લઇ તમે રૂઝવો અતી. ૨
લુ વરસે ઘણી ચૈત્ર માસમાં, નથિ અનાથને સૂખ ધૂપમાં;
તરપડી બહૂ આંગ તો ત્રુટે, મન શરીરની લાહ્ય ના ખુટે. ૩

---

*એ કવિતા બનાવવાનો પ્રસંગ આ કે ૧૮૫૬ ના જુલાઇની શરૂઆતમાં એક ચોપડી વેચનારની દુકાને દક્ષણી વામનપંડિતનુ કરેલું મરેહી "ગોપીગીત" મારા જોવામાં આવ્યું હતું, તે મને નિરાશ્રિતનો નિબંધ લખતી વેળા સાંભરી આવ્યું; એટલા માટે કે નિબંધને અંતે 'ગોપીગીત'ના ઢાળમાં બાર મહિના લખી તેમાં ગરીબની હાલત બતાવું. એ વખત કાલિદાસના શ્રુતબોધમાં આવેલા અક્ષરવૃત્તોના નિયમ જે મેં નાશકના દાદાદેવ શાસ્ત્રી પાસે સમજી લીધા હતા તેટલાજ જાણતો હતો. ગોપીગીતનાં વૃત્તનો નિયમ જાણતો ન્હોતો, પણ મનમાં એવું કે ગોપીગીતના ઢાળમાં કંઇ કરવું તો ખરૂં. તે ઉપરથી તે ચોપડી લેવાનું મન કર્યું, પણ એ વખત મારા ઘરમાં કોઇ ન્હોતું તેથી એક શ્રીમાળી બ્રાહ્મણની પાસથી આનાના પૈસા ઉછીતા લઈને ચોપડી લઇ આવ્યો, પછી લઘુ ગુરૂ અક્ષરો જોઇ જોઇને સાંજના પાંચ વાગાથી તે દસ વાગાલગીમાં પ્હેલા બે ને પછી બાર મહિનાના બાર એમ ચૌદ શ્લોક બનાવ્યા. બીજે દહાડે તે મેં મારા મિત્ર ઝવેરીલાલને બતાવ્યા. તે ઘણો ખુશી થયો ને બોલ્યો કે બીજા અગિયાર કરીને પચ્ચીસ પુરા કરો. મેં તેમ કીધું, ને પછી તારીખ ૨૧ મીએ નિબંધને અંતે વાંચી બતાવ્યા. એ વેળા મિ૦ હોપ અને ઓરિએન્ટલ ટ્રાન્સલેટર રા૦ વિનાયક વાસુદેવ મારી સામું આશ્ચર્યથી જોયા કરતા હતા. સભા વિસર્જન થયા પછી વિનાયકરાવે મને કહ્યું કે હું તમારી કવિતાથી ઘણોજ ખુશી થયોછું. ઋતુનું વર્ણન ઘણુંજ સારૂં કર્યું છે. તે દહાડેથી તે આજની ઘડીસુધી એ ગૃહસ્થ મારી કવિતાનો મોટો આશક્ત થઇ રહ્યો છે. એણે પાંચ પ્રસંગે મારી કવિતા મારે મ્હોડે સારી પેઠે સાંભળી છે. ઉપલી બુદ્ધિવર્ધકમાં, રસપ્રવેશની ભગવાનદાસના મહાલક્ષ્મીના બંગલામાં, ઘણીએક પોતાને બંગલે, ને કેટલીએક મંગળદાસને ઘેર. એ કવિતા મ્હારી સહજ નિકળેલી કવિતામાં પ્હેલી લાંબી છે. પ્હેલી ટુંકી ટુંકી તો છુટક છુટક પદોની છે. એ કવિતા પ્રથમ નિરાશ્રિતના નિબંધની પછવાડે ૧૮૫૬માં અને પછી "નર્મકવિતા" અંક બિન્નમાં (૧૮૫૮માં) છપાઈ છે. એ ગોપીગીતના ઢાળને લલિતવૃત્ત એ નામ પછવાડેથી આપ્યું છે તે સુરતમાં થઇ ગયલા લાલદાસ નામના દાદુપંથી સાધુના બનાવેલાં પિંગળ ઉપરથી. એ લલિતવૃત્ત બિન્ન હિંદુસ્તાની પિંગળોમાં આપેલું નથી. દલપતરામ કવિએ પણ મારે મોહડેથી સાંભળ્યા પછી પોતાનાં પિંગળમાં દાખલ કર્યું છે. એ વૃત્ત કરૂણારસકવિતાને ઘણુંજ અનુકુળ છે.

૧પાસેના. ૨કેટલાંએક.

દિવસ મોટ વૈશાખ માસના, પવન વાદળાં વીજ નાદના;
ગરિબ પાડતા ચીસ આકરી, 'કયમ થશે હવે રક્ષણેા હરી.' ૪
રજનિ જેઠની બાફતી ઘણી, સ્ત્રિ પતિને વઢે લાજને હણી;
'વરસતેા ઋતૂ આવશે હવે, ઘર રૂએ બધૂં ભૂખને દવે.' ૫
દુખ ઘણૂંજ આપાડ આવવે, ઘરચુએથકી છેાકરાં રૂએ;
શરદિ વ્યાપિને રેાગિયાં બને, કણ જુવારનાં ભેાજને કને. ૬
પવન શ્રાવણે દુઃખવે બહૂ, થરથરે ઘણાં ટહાડથી સહૂ;
અવનિ ખેડવા ભીંજવે તનેા, પછિ ખમેછ તે જેશ તાવનેા. ૭
ભદરવે દિસે હાલ તેા બુરા, ઘર કલેશને કેફથી પુરા;
રઝળિ આવિને માતને દમે, બળતિ બાપડી તે સહૂ ખમે. ૮
પરવ આશ્વિને દીપવાળિનૂં, નિરધની લહે પેટબાળિનૂં;
ઘરનિ સ્ત્રી કહે 'લાવની મુઆ, વગર અન્નથી પેટમાં કુવા.' ૯
ભરણ પેટનૂં હેારિ કાર્તકે, મજુરિ ખેતમાં શેાધતા ટકે;
ગરિબ એ રિતે દીસતા હિણા, વગર વસ્ત્રથી રેાગ ઠીંગણા. ૧૦
સુક્રતુ માર્ગશીર્ષે પિડા સહે, દિવસ નેવું તેા ટહાડ તે રહે;
નથિ રજાઇ ને ગેાદડાં વળી, હરઘડી ધ્રુજે અન્નને દળી. ૧૧
ઉલટ પેાષમાં આણિને હસે, મકરરાશિનેા સૂર્ય તેા થશે;
'વિવિધ દાન શ્રીમંત આપશે, ભવતણાં દુઃખેા આપણા જશે.' ૧૨
લગન ઘેર શ્રીમંત માઘમાં, મરણ કાંણ દીસે અપંગમાં;
અધમ ચેારિથી જાય કેા ખુશી, ન પિછશે રડૂં ભૂંડુ એ બુસી. ૧૩
ગરમિ રેાગ તેા માસ ફાગણે, શિરૂ થઇ કરી છેાકરાં હણે;
સબળિ પાસની આફતેા સહી, રડવડે બહૂ દીનતા લઇ. ૧૪
રૂદન માસ બારે અપંગનાં, સુણિ થશેા દુખી આપ મંનના;
ધ્રુણિજ દુર્દશા તેમની દિસે, વલણ બુદ્ધિનૂં આપજ્યે ખિસે. ૧૫
ધ્રુજત હાડ ને નાડિ મંદનાં, કયમ સહે મુંગાં રેાગવેદના;
સ્ત્રિ જણતી ઘણાં છેાકરાં ઢળ્યાં, ટળવળે બહૂ ટહાડથી કળ્યાં. ૧૬
વગર મા અને બાપ ભાંડુઓ, જણતરેા કયમે ઉછરે જુઓ;
અસર લાગશે વજ્ર છાતિમાં, રડિ દયા ધસે ધર્મકાજમાં. ૧૭
પિડિત લેાકને રેહવા કરેા, ધન જમે બહૂ બાંધવા ધરેા;
પિડિત લેાકની મીટવેા ભુખેા, ધસપિટાલથી ટાળિને દુખેા. ૧૮

હુનર કામના શિખવો વળી, દિન અનાથને ભીખ દો ગળી;
કુપ તળાવને વાવ ચોતરા, તજવિજે કરી બાંધજો ખરા. ૧૯
સમજણો દિસે આટલીજ કે, દુખિ નિરાશ્રિતો પાળવા હકે;
સુઅભિમાન દેશીતણુંજ એ, કમર બાંધિને કષ્ટ કાપિએ. ૨૦
ઉકરડો વધી ગંધ મારશે, અતિસ કુવ્યયી[૩] નર્કમાં જશે;
સમજ હોરવાનીજ છે ધણી, જમતણી સજા ખાય તે ધણી. ૨૧
ધન ન આવશે સાથ આપણી, ધિરવું ધર્મને પાપને હણી;
જગત આ વિષે માન સંચિયે, જિવ ગયા પછી મુક્તિ પામિયે. ૨૨
જમણવારના છાંડજો કરો, વરવધૂતણાં હાદને હરો;
ગરવ હોય જો કર તે આણવા, ન દઈ ધૂર્તને દીન પાળવા. ૨૩
જડથડેયકા વ્હેમ બાળજો, સુધરવે ધણી ચોંપ રાખજો;
દળદરીતણાં દુઃખડાં તજો, ધરમરૂપિ વર્ણાંગિને સજો. ૨૪
ગરિબ યોગ્યને ધર્મદાન જો, નથિ બિજી મતી તુલ્ય એનિ જો;
નર્મદો કહે વીનવી તમો, મદદ દીનને દેઇને રમો. ૨૫

(૨–૧)

(દોહરા.)

*હેતે હિતની વીનતી, સુણો શાહ સહુ શેઠ;
ગરિબ જંનની જોઈ દશા, દાન ન જાણો વેઠ. ૧
ન્યુસપેપર ભાષકતણી, બોલી છે ધનવીજ;
નવી ચમક ચટકે ધણી, થાય પછી તમ રીઝ. ૨

(ઓખાહરણનો ચાલતો ઢાળ.)

સુણો શેઠ વણિક બહુ વટિયા, હવે ઝાઝા ન થાશો હઠિયા;
અંધ પંગ નિરાશ્રિત માંદા, દીલે દાદ ધરો તજી ફાંદા. ૩
તમે ગાડી વાડી લાડી પાળી, નહીં પુણ્ય સુકીરતી ઝાલી;
લવી હા હા અને ટીપ ધારી, તે તો વાણિયાગતજ ભારી. ૪
નિરાશ્રિતનિબંધ સુણી વાંચી, તમે હૈયે દયા ઘણી સાંચી;
પુરૂં વર્ષ થયૂં એક આખૂં, શેઠ દીલે ગરીબ દુખ ઝાંખૂં. ૫

---

૩ નઠારે રસ્તે ખરચ કરનારો.

* બળવાની વખતમાં રંડાયલી અંગ્રેજ બૈરીઓને માટે—રીલીફફંડને સારૂ (૧૮૫૭ માં) ટાઉનહાલમાં સભા મળી હતી તે ઉપરથી એ કવિતા જોડી સત્યપ્રકાશમાં પ્રથમ છપાવી હતી.

પડયા બળવે જોહ્યા બહુ ભારે, તેના કુટુંબતણું સહૂ ધારે;
દુઃખ પામતા જે પરીવારો, તેને 'રીલીફ ફંડે' ઉગારો. ૬
ઘણાં પુણ્યતણું છે એ કામ, જેથી રેહે ઘણીવાર નામ;
પણ જૂઓ સ્વજાત ગરીબાઇ, લાવી ખૂણેથી વીવેક સહાઈ. ૭
તમે દેખો જમસરખો જમાઈ, વળી ખરચો કવાટે કમાઈ;
છતે પૈસે ધરો બખીલાઈ, કેમ જાતા નથી લજવાઈ. ૮
તમને આપનું સારૂં ન લાગે, રૂપ ગૂણ જે હોય અથાગે;
બુદ્ધિવર્ધક વિનવે સારે, તેતો લાગે સહૂ ભારે મારે. ૯
સ્વજાતી હિંદૂ બુદ્ધીવાન, તે તો સમજો તમે ગાડીવાન;
પરમારથે કાલાવાલા, તમે જાણો સવારથવાળા. ૧૦
ટાઉનહાલમાં ભૂપને જોઈ, સટોસટ્ટ કરો સહૂ સોઈ;
રખે માન વજન વટ જાએ, ઝટોઝટ્ટ બિલાડાં ખેંચાએ. ૧૧
એના દીસો હીણા તમે શેઠો, જાણે ગરિબ તો દૈવની વેઠો;
માટે ફંડ નિરાશ્રિત કહાડો, પછે દેવનિ સાથે લાડો. ૧૨
હતા બીરાજીયા રવીવારે, બુદ્ધીવર્ધકસભામાં જારે;
શેઠ કલીભાઇ ભાઇસાથ, વીજભૂખણ જગન્નાથ. ૧૩
"શેઠ કલીભાઇ બુદ્ધીવાન, તમે થાઓ હવે આગેવાન;
તમવીના પાર ન પામે, નવ ફંડ નિરાશ્રિત જામે." ૧૪
એવી કીધી વિનંતી સભાએ, દીલ ધરજો તે વ્હેલ બધાએ;
હવે શેઠ લગાડો ન વાર, કરો ધર્મનું કામ અપાર. ૧૫
જાણો દેશી ગરીબ કુટુંબી, દુઃખી લોકોની તજવો તુંબી;
થોડૂં આપીને પામો અપાર, એવું ફંડ નિરાશ્રીત સાર. ૧૬
થોડી સૂચનાને હૈયે રાખો, દુઃખ દોહેલાં કાપી નાખો;
પડો બંધ રે કહાડતા મીષ, સહૂ દેશે ગરીબ આશીષ. ૧૭

(છપ્પય.)

ધનિ નિરધનિને આપ, એજ પુણ્ય કર હાથે,
ધનિ નિરધનિને આપ, એજ ધરમ છે સાથે;
ધનિ નિરધનિને આપ, એજ વાત મન ગોખે,
ધનિ નિરધનિને આપ, એજ તૂંને સંતોખે;

જાઇ નાગાં નાગૂં જવૂં, જિવ એવૂં વીમાસ રે,
કૃપણુતા લોભ આધો કરી, નિરાશની પુર આશરે. ૧૮
પરમારથને કાજ, પ્રભૂ દરસાવી લીલા,
પરમારથને કાજ, પ્રભૂ આપ્યા બહુ કીલા;
પરમારથને કાજ, જગત સહુ દીસે આંહી,
પરમારથને કાજ, પ્રભૂ મનખાદેહ લાહી;
રે મન કર કર લાંબો હવે, પામર પીડા કાપજો;
એમ કરિશ પામિશ ઘણું, ખરાં દિલે તૂં આપજો. ૧૯
તે સજ્જનને ધંન, ધંનથી પેટ જમાડે,
તે સજ્જનને ધંન, ધંનથી અંગ હુરાડે;
તે સજ્જનને ધંન, ધંનથી રોગ નસાડે,
તે સજ્જનને ધંન, ધનથી જ્ઞાન દેખાડે;
રે ધની થઇ ધન પરકાજમાં, જે વવરાયૂં તે સહી,
રે ધની થઇ ધન ડાટયૂં અહીં,નહિં આવે કામે કહીં. ૨૦
નામ અમર મન જાણુ, બળી હરિચંદર રાજા,
નામ અમર મન જાણુ, વિક્રમ દુખભંજી સાજા;
નામ અમર મન જાણુ, ભૂપ અવર બહુ શેડો,
નામ અમર મન જાણુ, ભાવે જે ભાંજે વેઠો;
શઠ જેહાના રૂખ કાપવે, નહિ પરમારથ જાણુવો,
વળિ બાપુના ધા રૂઝયાથકી, ખરો પરમારથ માનવો. ૨૧

(મલ્લિકા.)

જાણુ જાણુ જાણુ ઝાઝ, દીન લોકનીજ દાઝ;
આપ આપ આપ હામ, મામ કામ હામ ચામ. ૨૨

(માલિની.)

નિરધનિ જન સામૂં, જોય જે રીતથી રે,
તન મન ધનથી જે, પાળવે પ્રીતથી રે;
બહુ પરઉપકારે, મોખરે થાય છે રે,
અનુપ સુખડું સાંચી, સ્વર્ગે જાય છે રે. ૨૩

(દોહરા.)

પડતીમાં આવી પડયૂં, તે કુળને તું ઉઠાવ;
રાખ ટેકના ટેકને, લઈ ધર્મિનેા લ્હાવ. ૨૪
ચડતી પડતી સર્વની, એવેા છે સંસાર;
દીનહીન ભણિ જોય તેા, જોય તુને પ્રભુધાર. ૨૫
(૨-૨)

---

* ગંગી-સ્ત્રીયેાને છુટ આપવાવિષે.

(લલિત.)

પ્રથમ ધ્યાન તેા બ્રહ્મનૂં ધરૂં, સકળ કામમાં નામ તે ખરૂં;
વિનતિ ગંગિની ઉરમાં ધર, પિડ વિચારિ વ્હારે હવે સર. ૧
ધનવડે કરી કૂળ ખ્યાતિમાં, વણિક ચાતુરી ભારિ લાતિમાં[૧];
જનમ તેા ધરયેા ઉંચિ ન્યાતિમાં, કુલિનની[૨] કળે કૂંળિ છાતિમાં. ૨
સરવ વાતથી સાનકૂળ રે, પણ વિચારમાં મૂર્ખ કૂળ રે;
ઘરનિ છાનિ તે ખ્હાર ના કહૂં, અંતરજામિ તૂં જાણતેા સહૂ. ૩
બળાતરા બહૂ મૂજ માન રે, ભિતર ભેદ છે વજ્ર બાણ રે;
ગરિબ ઘેર જે જન્મિહેાત રે, અતિસ અહાવિ ના પીડ જોત રે. ૪
નહિંજ દેખવૂં દાજવૂં ન રે, ગરિબિ તેા ધણી સૂખકાર રે;
હરઘડી અહીં હૂં બળૂં હવે, મુરખ ગેાઠ ધેાડે નહીં હવે. ૫
દરદ મંનનાં દંમતાં બહૂ, પ્રભુ તું પ્રેમથી રઝવે સહૂ;
નજર કડિ છે કૂમળીપર, વડિલની ધણી તે હરી હર. ૬

---

* એ કવિતા લખવાનું આમ સુઝયું કે એક વાણિયાશેઠની મેાટી ઉમરની પુત્ર ડાહી ભણેલી ને સુધરેલા વિચારની દીકરીથી તેનાં ઘરનાં વડિલેાનેા જુલમ સંખાતેા નહીં, ને તે મનમાંની મનમાં બળી જતી.—એ સ્ત્રી સાથે મારે પ્રસંગ પડયેા હતેા. એણે એક દહાડે પેાતાનું દુખ મારી આગળ રડયું-અને પછવાડેથી કંઇ એવેા ઇસારેા પણ કર્યેા કે એ બાબતની કવિતા કરેા તેા સારૂં. તે ઉપરથી મેં તરત ઉપલી કવિતા ૧૮૫૭ ના જુનમાં જોડી કહાડી હતી. તે નર્મકવિતા અંક ૨ જા (૧૮૫૮)માં છપાવી પ્રગટ કરી છે. એ વાતનું સ્મરણ રાખવાને એજ કવિતામાં એક ઠેકાણે શબ્દ રચનામાં તે બાઇને આશીરવાદ પણ લખ્યેા છે.

૧ બંદર-માંડવીમાં.

૨ હું કુળવંતીની કુમળી છાતીમાં કળે છે-દુઃખ થાય છે.

સમજતી નહીં તે સમે વરી, પરવરી પિડા[૩] પાંજરે વળી;
વરવહૂતણી રીત પ્રીતડી, હરિ હરી અરે ના હળી મળી! ૭
પિયરમાં ધણી કેદિ સમ રે, નહિં સુખી બહૂ સાસરે હું રે;
સખિ બધી દિસે લાંછની ખરે, નથિ જગે કંઇ વાતની અરે! ૮
ચુપચુપે રહી મારની બ્હિકે, શિશુપણે શિખી સેવકોથકે;
હું લતલક્ષથી મૂળ અક્ષર, જય[૪] થતે ભયે રાખિ મેં ધર. ૯
પ્રભુકૃપાથકી શિક્ષકે ધરી, દિન થતા ગયા તેમ સૂધરી;
નિતિસમારની પોથિ વાંચુછું, સુધરવા ધણી હોંસ રાખુછું. ૧૦
સત સમાગમે માટિ સૂધર્યો, મુજ સુબુદ્ધિવીચારને મળ્યો;
નથિ ધણો ભણ્યો છે બહૂ સુધો, ઉતર આપતાં તે નહીં ઊંધો. ૧૧
ધણિનિ પાસથી થૈ નિચિંત રે, પણ વડીલની દુષ્ટ ખંત રે;
સહુ સુધૂં લવે લોકમાં બહૂ, ધરતણી પ્રજેતી શિ રે કહૂં. ૧૨
અવર લોક તે જાત જાતના, નિરખવા ધસે ગામ ગામનાં;
અગનિપંત્ર જે નામ નામના, સરસ ધામ જે કામ કામનાં. ૧૩
સપનમાં નહીં કોઇ ધારશે, ચમતકાર મેં ના દિઠા હશે;
નથિ દિઠૂં અરે કાંઇ કામ રે, નવિન વસ્તુ ના જોઇ રામ રે, ૧૪
શરિર રોગ તો સ્હેલથી સહૂં, મનદુખો ખરે દોહ્યલાં લહૂં;
ધણિ સમારની નીતિ જાણવે, મનડું ડાખ્યું કેમે રહે હવે. ૧૫
ભુત પિશાચ ને જાદુ જાતનાં, સહુ કલંક વ્હેમો કુભાતના;
ગરક તેવિષે શેઠ લોક છે, જતિ ભુવા પુજાયાજ જાય છે. ૧૬
મુગલનો જનાનો ખરેખરો, સુધરવાનિ વાતેજ ખર્ખરો;
અવર જાતિમાં બોલતા ફરે, છુટ ધણી હમે આમિયે ખરે. ૧૭
"ઉંમર ન્હાનિયે લગ્ન માહું રે, વર મરી ગયે લગ્ન સારૂં રે;
કપટ રંડિબાજી હિણુંજ છે, વણિક વ્હેમ તો નીતિભાંજ છે" ૧૮
વજન માન જામે વધ્યું રખે, ઉપર રીતનું બોલવું બકે;
મનડું પુષ્ટ લેશે નહીં અરે, સમય જોઇને શેઠ ઓચરે. ૧૯
વડિલ શેઠજી માનજો ખરે, નહિં વડાઈ તેમાં કંઇ સરે;
મરણવેળ તો શો જવાબ રે, કપટિ શેઠ દેશો વળી અરે. ૨૦

---

૩ પીડા રૂપી પાંજરામાં હું પરવરી-ગઇ-પેઠી. ૪ ધાસ્તીમાં કામ કરતાં જો ફતેહ મળે તો પછી બિજાં મોટાં સાહસ કરવાની હિંમત આવે છે.

અબળ જાતિને યોગ્ય છૂટરે, કયમ નથી તમે આપતા અરે;
સજ્જન સંગતી કાં થવા ન દો, ગુણિ પુરૂષ સંગે જવા ન દો. ૨૧
મનુષ દેહમાં સ્ત્રી પુરૂષ રે, સરવ ધર્મમાં સારખાં ખરે;
પશુ ગુલામ ના જાણશો તમે, ધણિ ખરી રિતે શ્રેષ્ઠ તો હમે. ૨૨
તનદુરસ્તિ સારૂ હવા ખપે, કદિજ તે મળે શેઠ એ છુપે;
નટ ચાલ જે લાજ ઘૂંમટી, અતિસ ગૂંગળાવે અરે વટી, ૨૩
પગરખાં હમે કાં ન પ્હેરિયે, છતરિયો હમે કાં ન ઝ્હોડિયે;
સમજતાં થયે લગ્ન કાં નહીં, લગન કેમ રાંડેલિને નહીં ? ૨૪
ગરિબ સૂધરેલા બહૂ ખરે, ધનવિના સુધારો શું તે કરે;
ધનથંકી થતૂં કાજ જે હશે, અવરથી નહીં થાયું તે જશે. ૨૫
લઈ સલામ શેઠો સુણો બહૂ, પ્રતિનિધી થઇ સ્ત્રીતણી સહૂ;
પ્રથમ પ્હેલ તો શેઠજી કરો, ગરિબ દુઃખડાં ભારિ તે હરો. ૨૬
સહુ સમારનાં મૂળ તો હમે, કરિ ગુમાન ના ફૂલશો તમે;
સુધરિ જ્યાં નહીં સ્ત્રી બકી બદી,ઝ્હડતિ ના થશે દેશની કદી. ૨૭
મજ સખી ધણી રાંકડી સહૂ, હિણ ધણીથકી દુઃખિ છે બહૂ;
અકરમી પતી સ્ત્રીપ્રતી શુરા, અધરમે કરે હાલ તે બુરા. ૨૮
પુરૂષ ભાગ્યહિન જે કહ્યા વળી, જરૂર રાખજો રોનિએ ભલી;
અબળિ બેનિઓ બોલશે દુવા, હિણ કમાઉથી ઊગર્યા મુવા. ૨૯
ભણિ ગણી હમે ચાતુરીથકી, તજવિશું ગુણીકાચરો નકી;
છુટ બહૂ હમોને ધિરો સહૂ, બહુજ રીઝવીશું ખરે કહું. ૩૦
સમય દેશ જોઈ ભિડો સહૂ, જન સુધરવા હામ તો બહૂ;
પ્રથમ નીજ ધામો સુધારજો, પછિ કથા કરો ભારિ ઝ્હારજો. ૩૧
તજવિ બેડિ દો રે સ્વતંત્રતા, નહિં કંઈજ ખાશો તમે ખતા;
કુમળિજાત સામૂં જુલ્મો કહું, જુલમ જોર શોશી કયમે રહૂ. ૩૨
જયમ ભણે ત્રિયા કૃત્રિમો ખસે, તિરથ નીતિનાં સ્નાન રે થસે,
ઘટતિ પ્રેમદાને છુટો મળે, સુખ કુટુંબિ નર્મદાને ફળે. ૩૩

(૨–૧)

લલિતા.*

(દોહરા.)

ધર કર હરિહરબ્રહ્મ તૂં, એ વર હૂં જાચીશ;
ધોરી રાહ મતિ દોરિને, લીલારસ ચાખીશ. ૧
બ્રહ્મનામ મંગળકરણ, સર્વ સિદ્ધિ દાએક;
થયલા દોષો દાબિને, કરે કાજ લાએક. ૨
નર્મદશંકર પાળજે, હેતથકી તૂં રોજ;
શિક્ષા લખિ જે તેં સરસ, ઘર ઘર ઉર સત ખોજ. ૩
'તજિ દુરગુણ ભણિ ગણિ લઈ, કદર કરજ સહુ જાણ';
'ભજિ ભગવત સદ્‌ગુણ સજી, સ્વરગ સરવ સુખ આણ.' ૪

(ચોપાઇ.)

ભિમડિયકી દુર ગાઉ સાત, થાનક વજરાબાઈ માત;
રાન રમ્ય હુંગર છે જયાંહ, આણ ફરે માતાની ત્યાંહ. ૫
જાગતિ દેવી પરતો સાચ, કેથે નહીં રચીલો રાચ;
અગિયાર માસ છે વેરાન, ચૈતરમાં[1] ધરે તે માન. ૬
અધોર તે જંગલમાં જાણુ, વાઘ વરૂ સંહિની એધાણુ;
નહિં ત્યાં દીસે માનવરુપ, માતા છે તે અવની ભૂપ. ૭

---

* એ કવિતા મેં સન ૧૮૫૭ના જુલાઈમાં લખીને આગષ્ટના ખુ૦ વ૦ ચોપાનિયાંમાં પ્રથમ છાપી. પછી તે ન૦ ક૦ અં૦ ૨ જામાં ૧૮૫૮માં છાપી. એ વખત હું પ્રીતિના મરણથી નિપજતા દુઃખથી ઘણો ઉદાસ રેહતો હતો ને એવામાં મેં મારા બાપની (મારી માના મરણને લીધે) સ્થિતિ ઉપર વિચાર કરવા માંડયો ને એ વિચાર કરતાં એમ સુઝયું કે હું જો મરી જાઉં તો પછી મારા બાપને કેટલું દુઃખ થાય ને તે શી રીતે દહાડા કહાડે.--એની સાથે અંગ્રેજીમાં વર્ડસ્વર્થની 'લ્યૂસી ગ્રે' યાદ આવી. એ બધો જોસ્સો મેં પછી કવિતામાં બાહાર કાહાડયો. મેં હજી વજાબાઇ જોઇ નથી—એ જગાનું વર્ણન જો કે મેં અટકળથી કર્યું છે તો પણ તાંહાં જઇ આવનારાના કેહેવાથી ખરૂં પડયું છે. એ કવિતાથી મારા જણ્યામાં આવેલાં એવાં ઓછાંમાં ઓછાં ૫૦ ડોસાડોસીઓએ આંસુ પાડેલાં છે. એમાં બાપે પોતાની દીકરીનાં રૂપનું વર્ણન કીધું છે તે કેટલાક અસલી વિચારના કવિયોને પસંદ નથી પડયું—બેર. પેહેલા ચાર દોહરા તે વખતની મારી મનની બીજી એક સ્થિતિ બતાવે છે--કે હું તે વેળા ઘણો ધર્મોંધ હતો—સેજ વાતમાં ઇશ્વરની પાસે માફ માગતો, અને અનીતિ કરવાથી બહુ ડરતો--ને જો થતી તો ઘણું પસ્તાતો. મારામાં એ ઉદાસીવાળો જોસ્સો એટલો આવ્યો હતો કે જેને હું ઘેલછા હતી એમ હાલ સમજું છઉં.

[1] ચૈતરમાં જાતરા ભરાય છે.

તડકો તીત ને ઠારી ટહાડ, વરસાદે ભરયા સ્હે ખાડ;
એવો છે ઋતનો મહિમાય, ત્હાં એકલ માનવ નવ જાય. ૮
તપસીનૂં તે વ્હાલૂં ધામ, કરે જોગિ તપ આઠે જામ;
ઇંદ્રિજીતને નહિ કંઇ ભાન, ગાય સદા ગોવિંદનાં ગાન. ૯
એક સમે કહું ફાગણમાંહિ, છૂટયો બહુ વાયૂ વનમાંહિ;
થઇ તેથી શોકાતુર હાણુ, તે તણિ જાણુ કરૂં આ ટાણુ. ૧૦

(દોહરા.)

સેવક બ્રાહ્મણ દેવિનો, સહિત પુત્રિ ત્યાં જોહ;
સમય જોઇ પૂજન કરી, ગુફે ગુપ્ત તે રોહ. ૧૧
ખુટો પુજાપો જાણિને, પુત્રી તેડી પાસ;
કહ્યું 'જા એની ભીમડી, લાવ પુજાપો ખાસ.' ૧૨
'થયૂં અસુર આજે ઘણૂં, જજે પ્રભાતે કાલ';
'પરમદિયે તૂં આવજે, સાવધ રે મુજ વ્હાલ.' ૧૩

(દોધક.)

સાંભળિ હૂકમ રાચિ ધણી રે, તર્તજ બાળ તૈયાર બની રે;
'બાપુજિ સાવધ ભારિ રહો જો,ઘોર ઘણે વગડે તમ જોજો.' ૧૪
'ફીકર મારિકરો નવ બાપા,વેલિજ લેઇ હું'આવિશ આફા[૨];'
એમ કહી લલિતા તરૂણીરે, દોડિ ગઇ રમતી હરણી રે. ૧૫

*(હરિગીત.)

ઉદ્યમે બહુ ચપળ આશે, ચંપવરણી[૩] ચાલતી,
જઇ કસબે લઇ પુજાપો, પાછું વળવૂં ધારતી;
થાક લઇ ભોજન જરી તે, કરિ વિચારે જેટલે,
આજ જો વળિ જાઉં માતા, બાપ હરખે તેટલે. ૧૬

(દોહરો.)

ઉમેદ હોંસ ભરી બહુ, રમઝમ કરતી જાય;
પળ પછિ આફત આવશે, તે નહિં જાણે કાંય. ૧૭

---

૨ આ તરફ.
* મારા હરિગીતમાં ૧૪ ને ૧૨ એમ ૨૬ માત્રા, ને અંતે ૨ ગણ હોય છે. વળી, ૧ લી, ૮ મી, ૧૫ મી અને ૨૨--૨૩ મી ઉપર તાલ આવે છે.
૩ ચાંપાના રંગ જેવા રંગની.

(ચરચરી.)

'ઓ[૪] ભયંકર ભમર બહુ, વાદળ કાળું રે સહુ,
ઝટ ઝટ ઝટ થયૂં શું કહું, દશ દિશ અંધાર છે;
સરરર સપાટા બંદ, ધરરરર નાશકંદ,
વળ વમળ વંટોળ ઝંડ,[૫] નૂકસાનકાર છે.
અટ કટ કટ ખટ ખટ ઘટ, તટ થટ ઘટ પટ પટ ફટ,
ભટ ભટ રટ સટ સટ સટ, તડ ધડ ભડ સ્હોર છે;
તરૂ ગિર જનાવર અવર, જીવજંત અવલ[૬] નવલ,[૭]
સવલ[૮]-બલ કરિ અવલ-બલ, હણે વાતોર છે. ૧૮

(હરિગીત.)

મીનિટમાં પછિ વાદળે તો, ઝટ ઝપાટે તાકિ રે,
ન્હાનિને દોડાવિ ઝાઝી, પાડિ વમળે નાખિ રે. ૧૯
વૃક્ષ ધુળ વળિ પ્હાણ પડતા, ખુબ ઉપરથી ભારિરે;
ગોરિ અબળા એકદમ તે, ક્રૂર વાયે મારિરે. ૨૦
કહાં પડી ઘસડાઇ નહિં, કંઇ હામ ઠેકાણૂં મળે;
દૈવની ગતિ હોય આડી, ધાર્યું કાંઇ ના વળે. ૨૧
હોંસ મનની મન રહી ને, અમૂઝણમાં તે મરી;
નિષ્કલંકી ગોરિ બાળા, સ્વર્ગમાં જઇ તે ઠરી. ૨૨
દુઃખ કેવૂં બાપને તે, ધારજો સહુ જન વટી,[૯]
અંધ લાકડિ હતી તે પણ, ઘડપણે ગઇ સામટી. ૨૩

(દોહરા.)

વૉયદાસર ના આવિ તે, તલપાપડ જિવ બાપ.
માનિ માતને માનતા, અનુષ્ઠાન બહુ જપ. ૨૪
(તોયે) બાપ ધિરજ રેહે નહીં, ચાલ્યો નિર્ભય વંન;
બન્યો બનૉવ નિર્દય બહૂ, ભાળી ઢાળ્યૂં તંન. ૨૫

---

૪ એ પ્રમાણે રસ્તે ચાલતાં એકાએક વાદળ ચઢી આવ્યું તે જોઇને તે ચોંકી ઊઠી. ૫ ઝડ એટલે ઝુંડ--ઉપરા ઉપરી થતા વંટોળિયા.
૬ અવલ--પેહેલા દરજ્જાના--સારા રોશીતા. ૭ નવા.
૮ સવળાં ને અવળું અને સબળાંને.-જોરાવરને અબળ--કમજોર કરી હણે છે--નાશ કરે છે, એવો વાયુનો તોર છે. ૯ વટ રાખનારા--સમજુક લોકો.

ધડિ બેએ મુરછા વળી, બકે બાવરો બાપ;
'વન્યદેવિ જોઇ દશા, લલિતા મુજને આપ'. ૨૬
'લલિતા લલિતા લવિલવી, વને શોધતો જાય;
ઢગો પડયા જ્યાં સામટા, પગલાં ના દેખાય. ૨૭
સવારથી સાંઝયા સુધી, રખડયો વન વિકરાળ;
શોક પોકથી ગદગદિત, પણ નહિ લલિતા ભાળ. ૨૮
થાકે નિદ્રાવશ થઇ, સુતો ટેકરી પાસ;
મધરાતે તે ઝંખને, ઝબ જાગ્યો નીરાસ. ૨૯
ચિસ પચ્ચિસ બહુ કારમી, પાડી બહુ શુરભેર,
'લલિતા લલિતા ગઇ ગઇ, થયો કારમો કહેર. ૩૦
તનમનભાન ભુલી જઇ, શોકાવેશે[૧૦] જેહ;
વનભયથી નિર્ભય હવો, દીન દુઃખિયો તેહ. ૩૧
અતિ પરભાતે સામટો, ઉભરો છેલ્લો એક;
નાખ્યો કહાડી બ્રાહ્મણે, જવા સ્વરગમાં નેક. ૩૨
પુત્રપુત્રિ વીજોગ દુખ, અતી દોહ્યલાં હોય;
પ્રીત પ્રીતની ગાંઠમાં, વળો વળોને જોય. ૩૩
બ્રાહ્મણકેરું જે રૂદન, બાણવજ્ર વીલાપ;
તે તણું વર્ણવ શું કરું, પામું બહુ સંતાપ. ૩૪

(લલિત.)

'વરસ તેરની, તું તરૂણી રે, શરિર બાંધમાં, સારિ દીપિ રે;'
'સરૂપ સાનમાં,શી મણા કહું,ખુટડું તું સમું, કાંઇ ના લહું.' ૩૫
'દિકરિ ડાહિ તું,વીજળી[૧૧] સમી,ગુણ પ્રકાશથી,વ્હાલને જમી;'
'વદન ગોરું લાંબું જરાવળી, હરણિનેનમાં કાળિ કીકલી.' ૩૬
'સરખિ નાસિકા શેવટે અણી,ચળક દંત હીરાતણી કણી;'
'અધર[૧૨] તાહરો કૂમળો ખરે,રસિક હીંગળોકીજ લાલરે.' ૩૭
'ધનુષ આકૃતી ભમરો દિસે,ભ્રમર[૧૩] કાળિ પાંપેણુ તો હસે;'
'અરર હાય રે હાય બેટડી,મુખડું કાં નથી આપતીવડી[૧૪].' ૩૮

---

૧૦ શોકના આવેશમાં--દલગીરીના જોરસામાં
૧૧ વિજળીના જેવી શોભતી અને ગુણકરનારી--વરસાદ આણી ઠંડક કરનારી (દીકરીને જોઇને બાપ કરતો) ૧૨ નીચલો ઓઠ.
૧૩ ભમરાના જેવી કાળી. ૧૪ મોટી (ઓ મારી)

'શરિર નાજુકાઇ સહૂ ભલી, પુતળિ વિક્રમી[૧૫] આસનેવળી;'
'અતિસ ઊંફ રે ધૂતિ તાહરી, ગતિ ભુંડી થશે શી હવે હરી.' ૩૯
'લલિત લક્ષણી લાડકી બની, લલિતિને ધણી લાલિ મુખની;'
'મધુરિ મીઠિ લોલા[૧૬]બહૂ ભણી, વનવિષે છતે સૂન્ન તૂં ધણી.' ૪૦
'દલગિરીતણી હોળિ પ્રાગિ છે, અરર પેટમાં લાહ્ય લાગિ છે;'
'સહજમાં કયમે છેતર્યો મને, મરણવેળ મેં ના દિઠી તને.' ૪૧
'જોબનપૂલ[૧૭]ઊગ્યૂં પુરૂં ન રે, ખિલત દેખતાં તે ખર્યૂં ખરે;"
'બહુજ કારમી બેટિ બાપડી, હિણ હરામિને તોડવે પડી.' ૪૨
'અરર શૂં અરે સ્વપ્ન કહેર રે, અરર શું કહૂં.દૈવમાર રે;'
'અ અ અ હાય અં અં અ હાય રે, અરર હાય એ.....' ૪૩

(દોહરા.)

એ રીતે પ્રેમેપિડિત, મુકે નિસાસે આસ;
બંધ બોલતો બાપ થઇ,સુતો વને વણસ્વાસ. ૪૪
ઘડિ બેએ તે ફરિ વળી,થયો જાગતો જાણ;
ધુંમ થઈ ગયલો બાપડો, વદે વિલાપી વાણ. ૪૫

(લલિત.)

'અરર બેનિ રે, તારિ માતણો,[૧૮]નથિ નથી કિધો,શોક મેં ઘણો;'
'ગુજરિ તે વહૂ મેં ન જાણિ રે,નિરખિ તૂજને સૂખ માનિ રે.' ૪૬
'કળિ ગુલાબ ને મોગરાતણી, ખરિપડી તુટી વાયુએ હણી;'
'રૂપ સુગંધ જે પારિજાતનાં, કમળપૂલનાં પ્હોર એકનાં.' ૪૭
'જતિ દિઠી તને ખૂશમાં બહૂ, સમય રૂપ તો શૂં કહૂં સહૂ;'
'દિપતિ ધાધરી ધાટડી ઘણી, થઇજ ધાટડી ઠાઠડીતણી.' ૪૮
'અરર ઠાઠડી તે વળી નહીં,અરર ચાંપિ તે વાયુએ કહીં;'
'હસતિ તૂં ઘણી ગાલમાં ગળી, લટકતી લટો રૂપમાં હળી.' ૪૯
'દુરગુણો નહીં લેશ તૂજમાં, નિશકલંકિ રૂપાળિને ખમાં;'
'સરળ બ્રહ્મની ખૂબસૂરતી,[૧૯]ખિલતિ છે નહીં બીજિ મૂરતી.' ૫૦

---

૧૫ વિક્રમના સિંહાસને જડેલી પુતળીના જેવી. ૧૬ જીભ.
૧૭તૂં, હરામીને તોડવે (વાયુથી) પડી–જોબન ફુલ વાયુથી ખરી પડયું.
૧૮એ લીટીયો લલિતાના બાપની અથવા મારા બાપની મનઃસ્થિતિ બતાવે છે. ૧૯ઇશ્વરે આપેલી ખુબસુરતીની આગળ માણસની ઘણી ઘણી ગુચવણવાળી કરામતથી બનાવેલી ખુબસુરતી કંઇજ નથી.

'ધણિ કરામતો માણસે ધરી, તજવિજે બહૂ શોભતી કરી;'
'ભુષણથી સજી તે નહીં વડી, સરસ વસ્તુ તો ઇશ્વરે ઘડી.' ૫૧
'જઈ તું કહાં વળી બેઠિ છેટિ રે, પ્રિતડિ બાપને ના તું ભેટિરે;'
'ઉલટિ આજ ગંગા વહી જુઓ,અરર વ્હાલિ હું કેમ ના મુઓ.' ૫૨
'સ્વરગમાં મળીશે સુતા અરે! અરર કાલિ લૈ લે હવે ખરે;'
'હહહ હાહહા હંહહ[૨૦]અઅ, અ અ અ.....' ૫૩

(દોહરા.)

અતી આકરા શોકથી, શરિર સમાયૂં સાર;
બાપ બાપડો ત્યાં પડ્યો, ખાઇ મુરછાનો માર. ૫૪
બાપો બેટી બે જણાં, મુઆં વંનમોઝાર;
પડી રઝળતી લાસ તે, શરણ તૂજ કિરતાર. ૫૫
ઘોર વને બે એકલાં, નહિં જ્યાં માનવ જંન;
પિતા પુત્રિ ઘરસૂત્રનૂં, થયૂં ભારિ ભંજંન. ૫૬
જનક જનુનિ જણુતરતણી, પ્રીતી ઉતમ સાર;
ઊતરતી છે સહુ અવર, નક્કી ને નિરધાર. ૫૭
વર વહુ હેત પરસ્પરે, જ્યાંલગિ નહિં સંતાન;
પ્રસુત હવૂં કે ઉભયમાં, થાયે તે ઘટમાન. ૫૮
ઠરે બાળકે બેહુનૂં, હેત બહૂ માબાપ;
સંસ્કારીને જન્મનૂં, હોયજ હેત અમાપ. ૫૯
પૂજે આજ્ઞા પાળિ જે, પુત્ર પુત્રિ માબાપ;
સુખ શીતળ તે ભોગવે, દઇ છાંટી ભવતાપ. ૬૦
માબાપો અદકો કરે, બોધ સુવિધા સાર;
બાળક પાળે પ્રેમથી, પ્રેમતણો ભંડાર. ૬૧
પરસ્પરે તે પ્રીતથી, શોભાવે ઘરસૂત્ર;
તે નિરખી બળતાં રહે, હોય હમેશ અપૂત્ર[૨૧]. ૬૨
ધન્યજ લીલા બ્રહ્મની, ધન્ય તેહની રીત;
ધન્ય પ્રીત માબાપપર, ધન્ય તેમની રીત ૬૩

૨૦દીવો વડો થાય છે તેની અગાઉ બે ત્રણ મોટા ચળકારા કરે છે તેવી રીતના મોટાં હુસકાં ભરીને પછી અવાચક થઇ રહ્યો. ૨૧વાંઝિયાં.

પિતાપ્રીત પુત્રીપ્રતી, પુત્રિપ્રીત પ્રતિતાત;
ઘેર ઘેર અહાવી હવી, કવિ કહિ શિક્ષિત વાત.
(૧-૨)

લઘુહિતોપદેશ. *

૧. સદાચરણ ને દુરાચરણ.

(દોહરા.)

સદાચરણમાં કહાડવી, પોતાની વય રોજ;
એ માણસનો ધર્મ છે, કહું છું કરજે ખોજ. ૧
જંન પ્રમાણિક હોય જે, સર્વ લોકમાં માન;
પામે રૂડું તે બહુ, શાણાની તે સાન. ૨
ઇચ્છે જેમ બિજાકને, તું તુજ ગમતું સૂખ;
રૂડી રીતે તેપ્રતી, ચાલ નિત્ય નહિં દુઃખ. ૩
દુરાચારિ દુર્જનતણું, કદિ કલ્યાણ ન થાય;
દુરાચારને ભેટવા, બુદ્ધિમાન નવ ધાય. ૪
દુષ્ટ કર્મ કરનારની, ટકે નહીં મોટાઇ;
દુષ્ટ કર્મ કરવાથકી, અનેક દુખડાં ભાઇ. ૫
રૂઢી રૂડી પૂર્વની, તજવી તે ન લગાર;
રૂઢી ભૂંડી પૂર્વની, તજવી તે નિરધાર. ૬
પાણીથી વળિ થાયછે, સ્વચ્છ નિરોગી દેહ;
વિના સુબુદ્ધી આતમા, શૂદ્ધ પવિત્ર ન રેહ. ૭
કુકર્મથી લાજે ન જે, એકાંત ન પસ્તાય;
કુકર્મ કરવા ચારમાં, લાજ મૂકિ હિણ થાય. ૮
આપપાપ બીજાથકી, જો કે થોડું હોય;
કદિ સંતોષ ન માનવો, પાપ કર્યાથી કોય. ૯

---

* કેટલાક મેહેતાજીઓની ભલામણ ઉપરથી ગદ્યલઘુહિતોપદે શને મેં કવિતામાં મુકયો છે—મારે પુને જવાની તાકીદ હતી તેથી ઉતાવળમાં જેવો તેવો કરી નાખ્યો છે. એ કવિતા મારી ગેરહાજરીમાં મારા બાપે અમેરિકન મિશનમાં નર્મકવિતા અંક ૩ જો એ નામે છપાવી પ્રગટ કરી હતી—૧૮૫૮ અકટોબરમાં. એમાં છેલ્લે ઇશ્વર વિષે વચનો ભુજંગીમાં છે તે કવિતા ભાષાંતર નથી પણ નવીજ છે.

જહાંસૂધી ફોલ્લો રહે, તંન નિરોગિ ન હોય;
દુરાચરણથી જીવ તો,અભય સૂખ નવ જોય. ૧૦

૨. વડિલોનું માન.

વળી વિવેકે રાખિયે, માબાપોનૂં માન;
ઇશ્વર વર શુભ આપશે, કરશે લોક વખાણ. ૧
માત પિતા ગુરૂ ને ધણી, કહે તે કરવૂં તર્ત;
નવ કરવો કદિ વાયદો,રમવી નહિં કંઇ સર્ત. ૨
ઉછાછળાં છોરૂતણી, સંગત મુકવા ફેહ;
વડીલઆજ્ઞા માનવી, હિતવચની છે તેહ. ૩
દાતા વિદ્યા અન્નના, ભયથી બચાવનાર;
એ ત્રંણે હિતકારિ છે, બાપ સમાનજ ધાર. ૪
મર્યાદામાં વૃદ્ધની, આપણ રહિયે રોજ;
આગળ છોરૂ રાખશે, ભારબોજ રે તોજ. ૫

૩. ઉપકાર ને અપકાર.

ગુણિ માણસનૂં કામ છે, કરવો પરઉપકાર;
દુઃખ દેવૂં તે અવરને, મોટૂં પાપજ ધાર. ૧
ઉત્તમ પુરૂષજ જાણવો, વિરલો જન તે હોય;
ઉપકાર અપકારિને, કરી ક્ષમાથી જોય. ૨
શરણાગતનૂં પ્રેમથી, રક્ષણ કરવૂં રોજ;
એ સમાન નહિં પુણ્ય કંઇ, એમાં મોટી મોજ. ૩
નિરિછપણાથી અવરનૂં, સારૂં કરિયે જેમ;
ઇશ્વર કરશે આપણૂં, સારૂં સારૂં તેમ. ૪
પરઉપકારી કાજથી, જિવને જે સંતોષ;
વિલાસ ક્રીડાથી નહીં, જાયે ઉલટા હોંસ. ૫

૪. વર્ત્તાણુક.

સોળ વર્ષ થાતાંલગી, વડિલ બુદ્ધિએ ચાલ;
નિજ બુદ્ધીથિ ન ચાલવૂં, ભૂંડા થાયે હાલ. ૧
ઘરમાં આજ્ઞા માનવી, માત તાત કહે જેહ;
નિશાળમાં ગુરૂજીતણી, ભણજે લગાડિ લેહ. ૨

બાળપણે જે ચોંટતી, સારી નરસી ટેવ;
મરણાંતે તે છૂટતી, માટે સદ્‌ગુણ સેવ. ૩
કુમળું ઝાડ નમાવતાં, તરત નમેછે જેમ;
કઠણ થયે નમતું નથી, બુદ્ધિ મનુષની તેમ. ૪
નિશાળની વેળા કદી, નહીં ગાળવી લેશ;
રોજ રોજ જવું અને, ભણવા ગ્રંથો બેશ. ૫
બીજા કર્તાં હું ભણિશ, વ્હેલો મારો પાઠ;
અભિમાની મન રાખવું, પણ નહિં બીજે ઠાઠ. ૬
આજ નવું હું કેટલું, શીખ્યો તેનો રોજ;
વિચાર કરતાં રેહવું, તો તો રેહે બોજ. ૭
કંઈ પણ નવું શીખ્યા વગર, દીન જવા દે એક;
નીતી શીખી પ્રેમથી, ઘર પંડિતનો ટેક. ૮
નિશાળ જતાં વાટમાં, ઉછાછળાંની સંગ;
મંન થયે રમવું નહીં, વ્રતમાં થાયે ભંગ. ૯
સ્મરણ રાખતાં આવડે, બાળપણામાં સેજ;
મોટપણે વિધાતુભવ, સમાધાન આણેજ. ૧૦

૫. રીસ.

જેથી રિસ ઝાઝી ચ્હડે, કર તેવાં જુજ કામ;
ક્ષમા શાંતિ સજ્જનાથકી, રાચે રૂડો રામ. ૧
લાગે વાર ઘણીજ રે, ચઢતાં જેને રીસ;
ઉત્તમ પુરૂષજ જાણવો, કરે માફિ બક્ષિસ. ૨
ભાષણ વચન વિવેકથી, મધુરૂં કીધું હોય;
કદિ કેથે કનિયો નહીં, માનથકી સહુ રહોય. ૩

૬. માફી.

મારી કરવી વાંકની, મોટ મનિપનૂં કામ;
કો કે દીધું દુઃખ તો, કર તૂં સુખ તે હામ. ૧
માફ કરીશું આપણે, બીજાઓનાં વાંક;
ઇશ્વર કરશે આપણા, વાંક માફ લહિ રાંક. ૨

૭. નઠારી ટેવ.

દારૂ પીવો નહિં અને, કેફ ન કરવો કાંઈ;
એણે કરિને થાયછે, બહૂ ખરાબી ભાઇ. ૧
વ્યભિચાર કરવો નહીં, નહિં રમવો જૂગાર;
જ્હાં રમાતો હોય ત્યાં, રહો ઊભા ન લગાર. ૨
જુગાર રંડીબાજિથી, ચોરીનું મન થાય;
ચોરીથી જીવ જાય ને, કૂળલાજ પણ જાય. ૩
ધૂતદ્રવ્યથી કોઇ પણ, થયો સુખી નહિં લેશ;
થયાદરિદ્રી બહુ બહૂ, ખોયા જિવ હિણુ વેશ. ૪
દુર્વ્યસને પૈસો ખપ્યો, ફોગટ ગયોજ ધાર;
સતસંગતથી ખોઇને, ચેવટ ધરી સુધાર. ૫
સારાં માણસમાં દિસે, જો વળિ કંઇપણ ખોડ;
તે સંધરિશ નહિં સમજિને,અંગે ડહાપણ જોડ. ૬

૮. પ્રમાણિકપણું.

ચોરી તો કરવી નહીં, નહિં લેવી કંઇ લાંચ;
હિસાબ ચોખ્ખો રાખતાં, કોદી નાવે આંચ. ૧
જુઠાં કાટલાં ત્રાંજવાં, રાખે ધૂના હોય;
તંટા રિતુરી વાતમાં, કદિ ના જઇ તૂં જોય. ૨

૯. સત્ય.

સત્ય સર્વદાં બોલવૂં, જૂઠે રૂઠે ઇશ;
સત્યે તો વ્હેવાર છે, સત્ય કદિ ન છાંડીશ. ૧
જૂઠી સાક્ષી જે પુરે, જૂઠૂં બોલે જેહ;
જૂઠી વાત ચલાવતો, પાપી હીણો તેહ. ૨
જૂઠાં વચનો ઉપરે, રાખ નહીં વિશ્વાસ;
કરિશ કામ તારૂં કહી, કરતો નહીં નિરાસ ૩
લવે કંઇ ને કંઇ કરે, તે જો બોલે સાચ;
લોક ન માને તેહને, તે તો નરસો કાચ. ૪
કરે ઘાત વિશ્વાસનો, કરે વચનનો ભંગ;
પાપી તે સમ નહિં બીજો,સગડયો જ્યાં મનરંગ. ૫

૧૦. ચાડી.

નિંદા ચાળા ચાડિ તે, કરવી કદી ન કોઇ;
કર તું ચાડિયાસંગ ના, સદ્‌ગુણ વખાણ જોઇ. ૧

૧૧. લોભ ને ઉદારતા.

નિજ વૈભવનો એકલો, કરશે જે ઉપભોગ;
જિવવું અસાર્થક જાણજે, લેશે ઝડપી રોગ. ૧
લોભિ દ્રવ્યની આશથી, કને હોય તે ખોય;
પછિ પસ્તાઈ આખરે, બની બાવરો રોય. ૨
સખિ જનઉપર સર્વની, મમતા મોટી હોય;
માટે તેને અડચણો, ઘણીવાર નહિં જોય. ૩
ઉડાઉપણું નવ રાખવું, યથાશકિત ઔદાર્ય;
રાખ સદા સતસંગ તું, સરસે સઘળાં કાર્ય. ૪

૧૨. અદેખાઇ.

અદેખાઈથી આપણું, શરિર ઘણું લેવાય;
પાપ બહૂ થાયે અને, ધારયું ના લેવાય. ૧
બીજાનું સુખ જોઇને, સાંભળિ વળી વખાણ;
દુખી અદેખો થાય ને, ધારે કરવા હાણ. ૨
બીજાનું દુખ જોઇને, નિંદા સુણિને કાન;
સુખી અદેખો થાય ને, પછિ માંડે તોફાન. ૩
દુખ દેવાને અવરને, દુખ તે સહેજ આપ;
અદેખાઇ ગુણ હીણ છે, નડ્યો મોટો શાપ. ૪

૧૩. અહંકાર ને નમ્રતા.

બહૂ નમ્રતા રાખવી, કરવો નહિં કંઇ ગર્વ;
કન્યિાનું મુળ ગર્વ છે, ગર્વે હલકા સર્વ. ૧
છઉં મ્હોટો હૂં એમ કંઇ, મનમાં નહિં તૂં આણ;
દિસે મૂર્ખતા સામટી, નિજ ગુણ કરે વખાણ. ૨
હોય બોલતો કોઇ ત્યાં, જુકતીથી નહિં આણ;
નીજ બડાઇવારતા, વજન ન પડતૂં જાણ. ૩

જે માણ સઅભિમાની તે,એઆખર થઇ જાય;
માટે તજિદે ગર્વને, સભ્ય નમ્ર તૂં થાય. ૪

૧૪. દયા.

જોઇ ગરક જન દુઃખમાં, કર કરૂણા હમેશ;
રંકભણી તૂં જોય તો, જોય તને પરમેશ. ૧
શત્રૂ ભૂખ્યો હોય તો, તેને પણ તૂં આલ;
જનાવરો જે રાખવાં, તો તો રૂડા પાળ. ૨

૧૫. મેહનત.

સર્વ કામ મ્હેનતથકી, કરતા હોયે લોક;
થાય સહાય સદા હરી, ફળ નવ થાયે ફોક. ૧
જે કરિ શકિયે આપણે, કરે ન પરબળ કોય;
'આપસમાન ન બળ કંઇ, મેઘસમાન ન તોય'. ૨

(શાર્દુલવિક્રીડિત.)

મોટી હોય ઈમારતો નિમથકી, બંધાતિ નિત્યે પુરી,
થાયેછે મુખપાઠ તે નિમથકી, વાંચેથિ પોથી ખરી;
વિદ્યા તે પણ આવડે નિમથકી, લક્ષેજ્ઞ શીખેથકી,
સંસારે વળિ નીતિ ઉદ્યમ થકી, થાયે સુખોની વકી. ૩

(દોહરા.)

ભાગ્ય ભરૂંસો રાખ નહિં, કરજે મ્હેનત મોટ;
ભાગ્ય લુલૂં છે શ્રમવિના, ધંધે આવે ખોટ. ૪
થઈ આળસ જોરાવરૂં, ઘણી થાય તન મંન;
તજી દેઈ ઝટ તેહને, કર ઉદ્યમ સજ્જનં. ૫
સારું કામ કરવાતણી, ઇચ્છા જયારે થાય;
તત્ક્ષણ તે કરવૂં ભલૂં, નહિં તો તક વહિજાય. ૬
દરિદ્ર દુખનો બાપ તે, આળસ સમજી લેય;
ઊંઘ વ્હાલિ કરવી નહીં, દરિદ્ર તાકી રેહ. ૭

૧૬. સંગત ને મૈત્રી.

ભંગ કરે મિત્રાઇનો, મસ્કરિ શત્રૂ વ્હેલ;
મિત્રપરિક્ષા થાયછે, સંકટવેળા રહેલ. ૧

ભલા માણસો મૂંકિને, ભુંડી મૈત્રિ નવ શોધ;
ભલા મિત્રની સાથ રહિ, લે તૂં સદા સુબોધ. ૨
આડી વાટે ચાલતાં, તેનો નહિં કર સંગ;
કપટ કરી ગુણિ મિત્રસૂં, મૈત્રી નહિં કર ભંગ. ૩
દુષ્ટતણી સંગતથકી, બગડે સાર સ્વભાવ;
ઉત્તમ લોકો કેહ તે, મૈત્રી કરી નિભાવ. ૪
ભૂંડાં જેને વ્યસન છે, ઉભો ન ઓળે રેહ;
દુષ્ટ બગાડે આપણે, સારી સંગત લેહ. ૫

૧૭. બુદ્ધિ ને ભણતર.

(સાખી-મરેઠી રીતે.)

પ્રાતઃકાળે, વિદ્યાભ્યાસે, વિદ્યા વ્હેલી આવે;
બાળકપણુના, સારાભ્યાસો, મોટપણે સુખ લાવે. ૧
જ્ઞાનીને વળિ બુદ્ધિમાનને, માત્ર મૂર્ખ તે ચાવે;
વિદ્યા વગર ન,શાણપણ કંઇપણ,આબરૂ નહિંજન પાવે. ૨
સોના કર્તાં, શાણપણ સારૂં, માટે વિદ્યા સેવો;
બુદ્ધિમાન જે, હોય છોકરો, દે સુખ તાતને કેવો? ૩
મૂર્ખ છોકરો, જોઇ બાપ તે, દુખી નિરંતર હોયે;
ડાહ્યા જનની ગરજ પડેછે, મૂર્ખ ન પૂછે કોયે. ૪
બાળકપણુમાં, વિદ્યા આવે, તોવ ન મોટપણે રે;
માટે સમજી, બાળકપણુમાં, વિદ્યા ભારિ ભણે રે. ૫
બીજાં ધનને, જાય ચોર લઇ, વિદ્યાધનને ન બ્હીક;
કાળ અમસ્તો, નાખી મા દે, વિષય તો ગંદી નીક. ૬
અંધારાથી અજવાળું બહુ, સારૂં તે દેખાયે;
અજ્ઞાન કર્તાં, જ્ઞાન ભલૂં તે, શ્રેષ્ઠ વળી કેવાયે. ૭
બીજૂં ધંન તે, ખરચે ખૂટે, તેમ ન વિદ્યા હોયે;
તેતો જ્યમ જ્યમ,ખરચાયે ત્યમ, વધિ વધિને બહુ સોયે. ૮

૧૮. માન.

(દોહરા.)

વધતી ધનકર્તા ધણી, વળી પ્રતિષ્ઠા જંન;
ગયું માન નહિં આવશે, ફરી આવશે ધંન. ૧

જો નવ હોયે માન તો, સંતોખાય ન મંન;
દ્રવ્ય સુવિદ્યાથી પ્રકત, ઝાડ વગરનૂં વંન. ૨
જો હોયે ખંપ માનનો, અવગુણ તજવા જાણ;
દુર્જન ઓળે રમ નહીં, વાળે તેતો ધાણ. ૩

૧૯. ઉપકાર.

(હરિગીત.)

અન્યના ઉપકાર સઘળા, સ્મરણ રાખી વાળવા;
ઇચ્છિ એમ કૃતજ્ઞતાના, ધર્મ રૂડા પાળવા. ૧
બીજું કાંઇ કૃતજ્ઞતાથી, મંન રંજન ના કરે;
અવર સદ્‌ગુણ પાળવા તે, કઠણ દુખદાયક ખરે. ૨
માન તો વ્યવહારમાં બહુ, એથિ માણે માનવી;
લાજ રાખે દેવ વળિ કહુ, જરૂર તેની માનવી. ૩
પાડ વાળે નમ્રતાથી, તેહને સહુ સાદ્ય રે;
ગૂણ ને અવગૂણ કહે તે, ખુબ ગોથાં ખાય રે. ૪

૨૦. સંતોષ.

(દોહરા).

હરિએ આપ્યૂં જેટલૂં, તેથી સંતોખાય;
અસંતોષિને સુખ નહીં, કોઇ રીતે થાય. ૧
બીજનાં જોઇ સુણી, વસ્ત્રાભૂષણ ઝટ;
બાબાપો પાસે કદી, માગ નહીં કરિ હઠ. ૨
હોય ગજૂં નહિ તેમનૂં, ગજવૂં ખાલી હોય;
આપે ક્યાંથી બાપડા, સમજી ધરાઈ જોય. ૩
જે સંતોષી નિત્યનો, તે સાચો ધનવાન;
લોભી ઇચ્છા જેહની, દરિદ્રિ તે તો માન. ૪
હું દુખિયારો છઉં ખરે, થાયે જનમાં આમ;
અદકા દુખિયા જોઈને, સમાધાન તૂં પામ. ૫

૨૧. ભાષાણ.

(તોટક.)

હસતાં હસતાં વદતો નહિં રે, અભિમાનથકી વદતો નહિં રે;
લજવાઈ કરી વદતો નહિં રે, વળી સત્યપણે વદજે સહિ રે. ૧

હિતકારક મીહું જ નિર્ભય રે, કરજે શુભ ભાષણ નિર્મળ રે,
પરનું સુણિ દે સત ઉત્તર રે, વચમાંજ ઉતાવળ ના કર રે. ૨

૨૨. કરજ.

(દોહરા.)

જનસ ઉધાર ન આણવી, ચડાવવો ન હિસાબ;
કરજ કરીને ખરચતાં, ઘણ્યા ખાય ઘમાળ. ૧
આવકથી જાવક અધિક, કરજદારને થાય;
કરજદારને દુઃખ છે, બહુ બહુ તે પસ્તાય. ૨
જો ચૂકાવ્યો વાયદો, રસ્તે આબરૂ લેય;
સાહુકાર જે માંગતો, શરમ બીજિ શી કેહ. ૩

૨૩. ધીરજ.

વિપત્તિ મૃત્યૂ આદિથી, સંકટમાં બહુ વાર;
ધીરજ રાખી સહન કર, કરશે પ્રભૂ નિવાર. ૧
સંકટમાં બહુ ડગમગે, બાવરૂ મંન ધડક્ક;
ધીરજવાન ડગે નહીં, જેમ સમુદ્ર ખડક્ક. ૨

૨૪. ભીખ.

પ્રતિષ્ઠીત જે જંન છે, તેને તો બહુ લાજ;
કરવા આળસને લિધે, ભીખારીનું કાજ. ૧
ભરે શરીરે કસ છતાં, થઈ ભિખારી પેટ;
જિવતો મૂંઓ જાણવો, ઊપાડે તે વેઠ. ૨
નિજ મ્હેનતથી મેળવી, જીવિશ જમિ હું અન્ન;
નિજ મ્હેનતથી મેળવી, થઇશ વળી સંપન્ન. ૩
એ રીતે કરવાથકી, મારિ પ્રતિષ્ઠા છેજ;
અભિમાન એ રાખવું, ટેક ન તજવો રહેજ. ૪
ગુણ મોટાઇ ત્યાંલગી, જ્યાંલગિ માગિ ન ભીખ;
નીભે ત્યાંલગિ જાચ ના, અન્ન સદાવૃત્ત ધિઃક. ૫
મનમાં નક્કી સમજવું, આપ સર્વે કલ્યાણ;
સાચું નિશ્ચયઊપરે, ઊદ્યમ ઊપર જાણ. ૬

૨૫ પૈસો.

(શાર્દુલવિક્રીડિત.)

સારાં કામથિ મેળવી ધન અને, કામો ભલે વાવર,
મોટો ધર્મ પરોપકાર કરને, ના રાખ ખોટો છર;
ખોટી રીતથિ મેળવી મમતથી, ના ખર્ચે મોટો કર,
બીજા જે ધન ભોગવે પણ વળી,છે દોષ તો તૂંપર. ૧

૨૬. વિચાર.

(દોહરા.)

વગર વિચારયૂં કર નહીં, કંઈપણ સાહસ કામ;
જન અવિચારી થાયછે, દુઃખી આઠે જામ. ૧
કિયે ઉપાયે કરિ થશે, કેવાં આપણુ કાજ;
વિચારથી સમજાયછે, જેથી રહે છે લાજ. ૨
પદાર્થ સારો હોઇને, નરસો તે દેખાય;
નરસ હોઇ સારો દિસે, સમજાયે પરખાય. ૩

૨૭. લુગડાં ધરેણાં.

હલકો માણસ માનશે, મોટી શોભા નીજ;
વસ્ત્રધરેણાંથી બહૂ, પણ સહુની ન પતીજ. ૧
ગુણથી શોભિત જે થયો, તે ખરિ શોભા જાણ;
માન પ્રતિષ્ઠા પામતો, લુગડાંથી ન વખાણ. ૨

૨૮. નાણું સંભાળી રાખવું.

વ્યય ઓછો કરતાં જવૂં, નિજ પેદાશ વિચાર;
સંકટવેળાકાજ ધન, કર સંગ્રે આ હાર. ૧
ભાવિપ્રાપ્તિઊપર બહુ, રાખીને વિશ્વાસ;
ખરચ ન કરવો આગમચ, થઇશ સહુનો દાસ. ૨
દમડી દમડી એકઠી, થયે રૂપૈયો હોય.
માટે દમડીની કરો, અવગણના ના કોય. ૩

૨૯. સારી રીતે વખત ગુજારવો.

એક વખત વેળા વટી, ફરી ન આવે તેહ;
માટે કાળ ન ગાળવો, સમજી મનમાં લેય. ૧
યોગ્ય ઉદ્યમે સમયને, કહાડે જે કો રંક;
કો કાળે રાજા બને, જાણુ ભાઇ નિઃશંક. ૨
માણુસ પૂરે છે ઘણાં, જરૂર જરૂરનાં કામ;
ફોગટ પળ ન વટાવિયે, તો ફળ આપે રામ. ૩

૩૦. ગાળાગાળીનું બોલવું

ગાળ દિયે નિંદા કરે, હલકો દીસે તેહ;
સુણતાં રીસ ચડે વળી, મુખથી ગાળ ન દેય. ૧
ગાળ દિયે જો તેહને, ઉઘડો દંડ ન થાય;
સાહ્યતણાં કારણથિ પણ, લાજ પ્રતિષ્ઠા જાય. ૨

૩૧. હિતનાં વચનો.

(હરિગીત).

હિત કહ્યું સૂણે ન કંઇ તે, બહિર સરખો જાણવો;
થાય સ્વાધિન ક્રોધને તે, આંધળાસમ માનવો. ૧
સારૂં જોઇ બોલી ન જાણે, મૂંગ સરખો ધારવો;
સારૂં માઠું નહિં સમજતાને, પશૂ સમજી કહાડવો; ૨
તેજ મોટો જાણવો જે, નીત પરઉપકારિ છે;
ધીર તેને ધારવો જે, રણે નિર્ભય ભારિ છે. ૩
ધન જુવાની ઉમરપર જે, નાથ ભરોસો રાખતો;
ચતુર સ્યાણો જાણવો તે, મંનનો સૂખી થતો. ૪
સાંભળી સ્તુતિ આપણી રે, ભૂલિ ખાવી ના ખતા;
સ્વાર્થસારૂ લોક લુચ્ચા, જૂઠ ઝાઝૂં બોલતા. ૫
નિંદે કોઇ આપણે તો, લડવું નહિં તે સાંભળી;
પીઠ પાછળ લોક હલકા, ભૂડું બોલે તે વળી. ૬
ગરિબ કોને જોઇ તેનો, અનાદર કરવો નહીં;
કોઈ કાળે આપણી પણ, રે દશા તેવી સહી. ૭

પાસ પૈસો હોય તો સહુ, સ્નેહ કરવા આવશે;
દુઃખ વેળા પાસ નહિ કો, સર્વ વેરાઇ જશે. ૮
હિતૂજનની શીખકેરૂં, કટૂ ભાષણ છે ખરૂં;
તોય તે હિતકાર માટે, વેર શૂં કરવા કરૂં. ૯
છાનિ વાતો આપણી તે, ભરોસે કેહેવી નહીં;
સાચ સ્નેહી હોય તો વળિ, ભરોસે કહેવી સહી. ૧૦
આમદાની ખર્ચ લખવે, જંન સાવધ રેહ છે;
વેહવારે શરમ રાખે, હાની હોરી લેય છે. ૧૧
લેવિ નહાનાં પાસથી પણ, ચાતુરીની વારતા;
પતે કન્યિો ધેરમેળે, કાજિ પાસે ના જતા. ૧૨
ભૂંડું બોલો ના કદી કો, મુએલાનૂં સર્વથા;
વૈરભાવ ન રાખવો ના, ઉધાડો છાની કથા. ૧૩
મિઠૂં જમવા જીભને રે, ઝાઝિ ટેવ ન પાડવી;
કોઈ કન્યિો હોરિ લેવા, ડોકિ બ્હાર ન કહાડવી. ૧૪
એક કામ પૂરૂં થયેથિ, હાથ બીજે ઘાલવો;
બેનિ વાતોમાં તિજાએ, ઝટ વિચાર ન આલવો. ૧૫

(ચામર.)

આપણે બિજાને વાત, કેહતાજ હોઇયે,
ચિત્ત દેઇ સાંભળે ન, જોરથી ન કેહિયે,
પાંચ સાત કામ તે ન, એકદંમ લેઇયે,
ક્રમકે થયૂં ન કોય, પૂરૂ વ્હેલું જોઈયે. ૧૬

(દોહરા.)

આપણ હઈયે કામમાં, બીજો લાવે કામ;
બોટી કરવો નહિં વળી, ઝટ કરવૂં તે હામ. ૧
ડાહ્યાં થઈ વદવૂં નહીં, જગમાં હાંસી થાય;
આગળ આગળ બોલતાં, રહેજ આબરૂ જાય. ૨
જો ચૂકયા કંઇ આપણે, એમ મન સમજાય;
કબૂલ કરવૂં તે સમે, વાદવિવાદ ન થાય. ૩
ધણિ મમતાથી છોકરાં, વ્હેલાં બગડી જાય;
કરવી મમતા એવિ કે, સદાચારિ સહુ થાય. ૪

ધણી સદ્‌ગુણી દુરગુણી, ચાકરથી સમજાય;
જેવા શેઠો હોય રે, ચાકર તેવા થાય. ૫
લોકવિષે નહિં સ્હેજમાં, ખોટિ કલ્પના આણ;
હિત વચનો સુણશે ન તે, થશે દરિદ્રી જાણ. ૬

(શાર્દુલવિક્રીડિત.)

જેવા ધા સુશરીરને જિવ વિષે, તેવાજ દુર્ગુણ રે,
રૂઝાશે પણ રાખશે કંઇ વળી, પોતાતણી ખૂણરે; ૧
સાલ્યાં તે કરશે બહૂ હરઘડી, એવા હિણા ધારને,
સારૂં, સાવધ હોઇ જે ભયથકી, હાંકે દુરાચારને. ૨

૩૨. ઈશ્વરવિષે વચનો.

(ભુજંગી.)

સવારે અને રાત્રિયે એકચિત્ત, દયાળૂ પ્રભૂ ઇશ સંભાર નિત્ય;
સુદાતા પદાર્થોતણો સર્વ તે છે, બહૂ નિર્મળા ઊપકારો કરે છે. ૧
વળી ન્યાયકર્ત્તા જગત્‌નો ધણીરે, કરે પાપ શિક્ષાજ તેને ધણીરે;
ભરોસો ખરો બ્રહ્મનો રાખવોરે, સદા અશ્વઉદ્યોગને પાળવોરે. ૨
સહૂ સાર વસ્તૂજ ઉત્પન્ન કીધી, અને તેહમાં સારિ શિક્ષાજ દીધી;
પ્રભૂ ઈશની બ્હીક રાખી મનેથી, કહેલી સુઆજ્ઞાથી રહેવૂં સુખેથી. ૩
અરે! કલ્પના ભૂંડિ તે ના પવિત્ર,ન ખાવા પિવામાં પવિત્રાઇ અત્ર;
ન ન્હાવા ધુવામાં પવિત્રાઇ હોય, પ્રભૂ મનની શુદ્ધિને રોજ જોય. ૪
સહૂ આપણૂં નિત્ય તે જોય છેરે, શુભાશુભ જે કર્મ ને બોલ તે રે;
વિચારી કરી કામ સર્વે કરોરે, પિતા બ્રહ્મતો રાયરો તે ખરોરે. ૫
અહીં મ્હોટ નાના થઇ જાય છેરે, પ્રભૂની સુસત્તાથકી થાય છેરે;
કિયા હેતુથી જન્મ આપ્યો હરીએ, વિચારો રૂડા રોજ કર્ત્તા રહીયે. ૬

(૩-૨)

*સાહસદેસાઇ.

(દોહરા.)

દયાસિંધુ જગનાથ મુજ, મૂઢ મતીનેં કાપ;
સુઝ સારી દરસાવ ને, વાણીરસ તૂં આપ. ૧

---

*સીરીઝ આવ લેસન્સમાં સાહસીનો લાઇ વિલ્યમ વાંચતાં તેમાંનાં વર્ણનની

મત્સર નદિ તીરે વસે, મંન કરીને ગામ;
ત્હાં દેસાઇ રેહતો, સાહસ જેનૂં નામ. ૨
દોષ ઘણા સાહસથકી, થયા વળી બહુ પેર;
તે સર્વે સમઝી કરી, શીખામણ લો ઘેર. ૩
સાહસ જેવાં કામથી, જન્મ થાય છે ફોક;
સુળ સાલે હૈયાવિષે, મૂકાવે તે પોક. ૪
વિનતી મારી એટલી, માની લેજો લોક;
સાહસ જેવૂં ના કરો, કો દી નાંવે શોક. ૫
સાહસને વળિ બંધુ તે, ધીર નામનો જાણ;
પણ તેની[૧] સંગતથકી, થયો વીર કહું ભાણ[૨]. ૬
સાહસમતિથિ ન ચાલતો, સાચે રાહે જાય;
દેશ લાભમાં સત્યથી, શત્રૂવાંસે ધાય. ૭
સ્ત્રી પણ તેની સાધવી, વર વહુ શૂભ બનાવ;
સાકર દુધમાં જહાં મળે, નહીં કોઇની રાવ. ૮
ભાવે[૩] જહાં વર વહુ મળે, કોઇ ખાય નહિં ભાવ[૪];
ભાવ[૫]થકી લાભો લિયે, સુખના ઝાઝા લ્હાવ. ૯

છાપ મારા મન ઉપર એટલી તો ઉંડી પડેલી (જેનું મને તે વેળા હમણાના જેવું શુદ્ધ જ્ઞાન તો નોહોતું, પણ તે ઘણુંજ ગંભીર ને આનંદકારક લાગતું) કે તે ચોપડી મોટપણે મારા હાથમાં આવી કે તેનું સ્મરણ મને થઇ આવ્યું ને પછી મેં ઉપલી કવિતા જોડી. જો કે મારામાં પણ કાકાભત્રીજાની વાત છે ને કેટલેક ઠેકાણે વર્ણન મળતું આવે છે તોપણ સાઉધીની ને માહારી કવિતામાં દેશપરત્વે અને રીતભાતપરત્વે વર્ણન ઘણુંજ જુદું છે. એ કવિતા તા૦ ૨૫મી નવેમ્બર ૧૮૫૮એ પુરી કરી પેહેલી ૧૮૫૯માં ન૦ ક૦ અંક ૪થામાં છપાવી હતી. એક વખત સદર અદાલતના એક શિરસ્તદાર નામે નદવરાય, મારા પિતાની આગળ કવિ દલપતરામની તારીફ કરતા, ને મારે વિશે હલકું મત જણાવતા—તેઓ એક વખત જ્યારે હું બુ૦ વ૦ સભામાં એ કવિતા વાંચતો હતો ત્યારે સભામાં આવ્યા હતા—તેઓ એ કવિતાથી એટલા તો પિગળી ગયા હતા કે તેઓની આંખે ઝળઝળિયાં લગિ આવ્યાં હતાં; એ વખતથકી તેઓએ મારે વિશે ઘણુંજ સારૂં મત બાંધ્યું છે. તેમ હલકું એક મારા અંગ્રેજી ભણેલા સ્નેહી જેણે સુરતમાં પોતાની મેળે એ કવિતા ઉપર ઉપરથી વાંચેલી તેણે કોઇને મોહોડે કહ્યું છે કે લાઈ વિલ્યમની ખુબી સાહસમાં આવી નથી.

૧ સાહસનોજ ભાઇ એટલે જેવસો તો હોયસ્તો પણ વિવેકી;–ને તેથી તે વીર.
૨ જાણે સૂરજ. ૩ અંતઃકરણના હેતથી.
૪ મોઘાં થાવું તે; માન ધરવું તે; રીસામણાં મનામણાં.
૫ હોંસ; હલટ.

એક સમે ધીરો ગયો, શત્રુ ગામમોઝાર;
કરી પરાક્રમ આકરૂં, મૃત્યૂ પામ્યો સાર. ૧૦
કામરૂ ગામ ગરાસિયો, કામસંગ કહેવાય;
જુલમ જુલમ તે ગામમાં, પાપ ઘણેરાં થાય. ૧૧
લેવા લ્હેણૂં કામરૂ, ગયો ધીર એકવાર;
ચરચા જોઇ કામની, મન ઉપન્યો બહુ ખાર. ૧૨
કામસંગ કાળૂં કરે, સર્વ ગામમાં કામ[૬];
કામકાજમાં ચિત્ત નહિં,નહિં નીતી નહિં રામ. ૧૩
ઠામ ઠામ રતિ[૭] કામ છે, નહિં કંઇ વિદ્યાભ્યાસ;
બાપ રળ્યૂં બહુ વાવરે, નહિં રળવાની આસ. ૧૪
જવાબ તો દેઈ નહિં, દેણદારની દાર[૮];
ઘરમાં રમતી જારૂં તે, અભિમાની તે ઠાર. ૧૫
દેણદાર જે બ્હાર તે, કરતો રંડીબાજિ;
પરાક્રમી પરઘેર પણ, ઘરમાં ઢોઓ પાજિ. ૧૬
ઘેર ઢંગ જોતાં નરસ, લાવે નહિં કંઇ વેર;
'હૂં ત્યાં તે અહિં હોયરે,' નહિં રીસ વહુવેર[૯]. ૧૭
દેવાં દેવા વાયદા, દેવોના સમ ખાય;
નહિં રળવાની રીત જ્હાં,ત્યાં અધરમ બહુ થાય. ૧૮
રીસ વસી ધિરમંનમાં, થયો આકળો જાણ;
નિશ્ચય કર્યો ખુનિ મારવા, છેક કહાડવા ધાણ. ૧૯
કામસંગ પાસે ગયો, 'કૃપાળા ઠાકોર';
'ઝટ અપાવો' કહે ધિરો, 'ઉભે થયો અ્હાં ખ્હોર'. ૨૦
કામસંગ રતિસંગ[૧૦] બહુ, માતો મ્હોલે રંગ;
અડ્રિણ કસુંબા ઝૂમમાં, સૂધ બૂધનો ભંગ. ૨૧
કામસંગ કહે ધીરને, 'જા જા અહિંથી પાપ;'
ધીરો કહે 'સુધ રાખ કંઇ,ચિતમાં કંઇ સત થાપ.' ૨૨

---

૬ કામદેવનીજ વાતો. ૭ કામદેવની સ્ત્રી. ૮ સ્ત્રી. ૯ વહુ સાથે.
૧૦ કામસંગ ગરાસીયો પોતાની રતિ નામની વહુ સાથે.

તોપણ ના માને ભુંડો, કામ[૧૧] પાપ સરદાર;
ક્રોધ કરીને ઊઠિયો, કરયા તીરના મા૨. ૨૩
કપટ મોહ મદ ધીરનો, પકડે જોરે તોટ;
બહુ બહુ તીક્ષ્ણાં શસ્ત્રથી, કામ મારતો ચોટ. ૨૪
મોટા એહ પ્રહારથી, ધિરને કંઈ નવ થાય;
સ્થીર મંન છે જેહનૂં, ગુણ ગોવિંદના ગાય. ૨૫
ભણે નીતિની વારતા, બ્રહ્મ નામ મહિમાય;
ઉપદેશો વિધાતણા, કીધા વિધ વિધ ત્હાંય. ૨૬
એક વર્ષ તો વહિ ગયૂં, કોઇ ખાય નહિ હા૨;
પણ અંદરથી ધીરના, થાતા જયજયકા૨. ૨૭
કામ ઘણો નબળો થયો, જોર ગયૂં વિખરાઈ;
થઇ તાબે તે બોલિયો, 'ધીર, દાસ હું ભાઇ.' ૨૮
એવે સમયે ઓચિતૂં, થયૂં ધીરનૂં મોત;
થયો બંધ સૂબોધ પણ, કામે ખોયૂં પોત; ૨૯
ધીરકાળને સાંભળી, મંન ગામ દલગી૨;
ઘેર ઘેર શોકો થયા, ધીરકાળ તો તી૨. ૩૦
પ્રિય પતિ મૃત્યૂ સાંભળી, થઇ ગાભરી નાર;
'પ્રાણનાથ પ્રિય આવની,' બોલી બહુ તે વા૨. ૩૧
શોક ઘણો ક૨તી અને, મનમાં બહુ મૂંઝાય;
(પણ) છાતી માથાં કૂટવા, ગાંડી તે નવ થાય. ૩૨
બોળે રમતા પુત્રને, નીહાળી તે જોય;
'બેટા બેઠૂં આપણૂં, ઘ૨' કહિ ડગ ડગ રોય. ૩૩
સાહસ બોલ્યો ભાભિ રે, 'નહીં લગાડો વા૨;'
'ઝટ ઝટ ઝટ ઉઠો વળી, સતિ થાવા તૈયા૨.' ૩૪
વ૨ વ્રેહે પીડીત તે, બોલી અબળા નાર;
'કરો ખમા ઓ જેઠજી, દીલે દુઃખ અપા૨.' ૩૫
'નથિ નથિ આજ્ઞા સ્વામિની, સતિ થાવાની લેશ;'
'નિજ હત્યાનો દોષ છે, બોલ્યા રૂડે વેશ.' ૩૬

---

૧૧ કામસંગ.

'માટે હૂં નહિં બળું અરે, માનો શાણા જેહ;'
'રઝળી રડિ મરસે વળી, મારૂં વ્હાલૂં પેટ.' ૩૭
સાહસ કપટથિ બોલિને, સમઝાવે બહુ પેર;
ધીરથકી ભણિ ભારજા, તેમાં નહિ કંઇ ફેર. ૩૮
ધીર માનિતો સર્વનો, તેની રૂડી નાર;
આગ્રહ લઇ બેઠી બહૂ, ઇશ્વરનો આધાર. ૩૯
લોકવળૂં જોઇ કરી, સાહસ બેહો ચૂપ;
પણ મનમાં કીનો ઘણો, રાખ્યો તેણે ગૂપ[૧૨]. ૪૦
ધીર પત્નિ ડાહી ખરી, દીલાસો દિલ દીધ;
પુત્ર પાળતી પ્રેમથી, ઘર સંભાળી લીધ. ૪૧
વ્રેહતીર વાગ્યૂં હતૂં, તેથી પીડ અપાર;
હૈયાશોકે ધીર ત્રિય, નબળી થઇ તે ધાર. ૪૨
વ્રેહ દુઃખ વધતૂં ગયૂં, સાહસ રૂઠ્યો જેમ;
ચિંતાતુર થઇ બાપડી, નહીં કોઇનો પ્રેમ. ૪૩
હસકે તસકે જેઠ તે, મ્હેણાં મારે રોજ;
નિંદે ભાભી ભતરિજો, નહિં શાણાનો બોજ. ૪૪
સર્વ તરફની વેદના, પણ ન જણાવે બ્હાર;
આખર વિધવા બાપડી, પડી બધમોંઝાર. ૪૫
હરી ભરૂંસો રાખતી, નીતી પાળે રોજ;
હરીથકી સહુ સૂખ છે, દુખમાં માણે મોજ, ૪૬
વર્ષ પાંચ ગુજરી ગયાં, પછિ તો તે ગભરાઇ;
મોતે તેડૂં મોકલ્યૂં, 'ચલ ચલ વ્હેલી બાઇ.' ૪૭
સાત વર્ષનો છોકરો, લીધો બોળામાંહ્ય;
ગદગદીત કંઠે ભણી, શીખામણ તે તાંહ્ય. ૪૮
એ હાલતમાં કંઠ તો, રૂંધાયો બહુ ધાર;
આંખ મિંચાઇ તે સમે, શબ થઇ રહિ તે નાર. ૪૯
શ્રીફળ[૧૩] નામે દીકરો, ટક ટક જોતો જેહ;
ચીસ કારમી પાડિને, 'જી જી' બોલ્યો તેહ. ૫૦

---

૧૨ ગુપ્ત; છાનો. ૧૩ ઉત્તમ ફળ (નાળિયેર. સાતમે મહિને અધરણીની રીતમાં બોળામાં મુકવામાં આવે છે કે નિર્વિઘ્ન છોકરૂં જણે. એ ઉપરથી.)

'ઓ મા જી જી બોલની, કેમ થઈગઇ આમ;'
'આંખો તેં કાં મીચિ બા, ઉઠની કરની કામ.' ૫૧
ઘણિ ઢંઢોળી પણ નહીં, જાગી તેની માત;
પછિ રડતો રડતો ગયો, માડી તેની વાત. ૫૨
સાહસ પાસે દોડતો, જઇને શ્રીફળ કેહ;
'મા તો કંઇ વદતી નથી, બેસી રહિ છે તેહ.' ૫૩
ધમકાવી હાંકી અને, કહાડયાં નરસાં વેંણ;
હાદૂકાકે[૧૪] સાહસે, ક્રોધ ભરયાંછે નેણ ૫૪
પણ પછિ જોવા ચાલિયો, લોકલાજથી જાણ;
ભાભી મુઇ દીઠી ખરી, મનમાં મગંન માન. ૫૫
મૃતકક્રિયા કીધી અને, મૂકયા પોકેપોક;
બ્હારથકી પાળ્યો ઘણો, ભોજાઇનો શોક. ૫૬
શ્રીફળની બરદાસતની, કરવા માંડી બોજ;[૧૫]
સર્વ તરફથી ચ્હેનમાં, રાખે તેને રોજ. ૫૭
કરે જતન સાહસ ઘણું, જસનો લ્હાવો લેય;
પણ અંદરથી ખૂનિ તે, વિપરિત કરતો રહેય. ૫૮
એક સમે વીચારતો, સાહસ ભૂંડો પાપ;
ધડું ઘાટ શ્રીફળતણો, લઉં વારસો આપ. ૫૯
ભાદરવે ઘન ગાજતો, નિશ અંધારી કીલ;
વીજતણા ચમકાર તે, ધૂજાવે દઢદીલ.[૧૬] ૬૦
મધરાતે ઊઠી ગયો, ભતરીજાની પાસ;
'ઉઠ ઉઠ બેટા બાપુ તું, જોવા જૈયે રાસ.' ૬૧
તેલ કસુંબા દૂધનું, ખૂબ કરાવ્યું પાન;
ગાલેં બોકી દીધિ ને, ખવરાવ્યાં વળિ પાન. ૬૨
જમણી કેડે છોકરો, ડાબી કેડે શસ્ત્ર;
એમ તબેલે તે ગયો, પ્હેરી સાદાં વસ્ત્ર. ૬૩
બંને બેઠા ઘોડિયે, ચાલ્યા વગડામાંહ્ય;
ગાઉઉપર વડથડતળે, ઉતરયા બેજણ તાંહ્ય. ૬૪

---

૧૪ મ્હોડું જોઇને બ્હીક લાગે તેવાને હાદુકાકો કેહે છે. ૧૫ તજવીજ. ૧૬ કઠણ છાતીનાને પણ ધુજાવે.

આં આં કરતો ઉદમુઓ, સૂવાડયો શ્રીફળ;
વળતી કહાડી કાળિને, કરતી ઝટ ઝળઝળ. ૬૫
ઢૂપટ્ટે મુખ ઢાંકિયૂં, કાપી ગરદન પ્હેલ;
અંગ અંગ જૂદાં કરયાં, ખૂનીને સહુ સ્હેલ. ૬૬
નાક કાન ને આંખના, ચૂરેચૂરા કીધ;
મોટાં હાડ શરીરને, તેણે વેરીદીધ. ૬૭
મેધ જળે ધોયાં વળી, ખુની દેહ ને શસ્ત્ર;
ફાડી ફેંકી ચોતરફ; દીધાં સઘળાં વસ્ત્ર. ૬૮
કરી કરમ પાછી વળી, હીણી સાહસદેહ;
ઘોડીપર થઇ સ્વાર ને, ઘેર આવિ ઝટ તેહ. ૬૯
ઘેર જઈ સૂતો ખરો, ઉંઘ ન આવે કાંઇ;
જાણીતો જાગે નહીં, ઘોરે બમણૂં ભાઇ. ૭૦
પ્રાત સમે સાહસતણી, રડી ધર્મી નાર;
અળગી[૧૭] હૂતી જે વળી, આવી તે તે હાર. ૭૧
પતી જગાડી પ્રેમથી, પૂછે ભોળી નાર;
'શ્રીફળ બેટો ક્યાં ગયો', 'હું' બોલ્યો ગૂમાર. ૭૨
બની બ્હાવરો શોધતો, ધમકાવે બહુ પેર;
છૈયાં વ્હાલાં ચાકરો, ધમ ધમ કીધૂં ઘેર. ૭૩
મ્હેલ્લા ચકલાના મળ્યા, થયો ગામ હોકાર;
'શ્રીફળ ગેબ થયો કયમે,' પૂછપાછ બહુ ધાર. ૭૪
નવ લાગ્યૂં એંધાણ કંઇ, તારે વિપરિત વાત;
કીધી ખૂની સાહસે, કરવા બીજી ઘાત. ૭૫
ચાકર ચંચળ એક પર, તેણે મૂક્યૂં આળ;
'શ્રીફળ પુત્ર તું લાવ રે, નહિં મૂકૂં તુજ ખ્યાલ[૧૮].' ૭૬
સાહસબોલ્યૂં સાંભળી, ઉલટયા સઘળા લોક;
ચાકરને ખુબ મારિયો, 'માર માર ને ઠોક.' ૭૭
આખર શોધ કરયો ઘણો, પણ લાગી નહિં ભાળ;
ચાકર મસ્તક છેદિયૂં, દઇને દસ વિસ ગાળ. ૭૮

---

૧૭ (પાસે સુતી હોય તો સાહસ ઉઠયો તે જણે, પણ દુર હતી.) ૧૮ કેડો; પૂઠ.

ગામવિષે કલપાંતનો, કાંઇ ન આવે પાર;
નસંતાન ગયું ધીરનું, ત્રાહ્ય ત્રાહ્ય જન ધાર. ૭૯
ઘેર ઘેર શોકો થયા, હાય હાય શો કહેર;
નર નારી બાળક ભણે, 'હાય હાયરે વેર'. ૮૦
છાતી ધબ ધબ ચાલતી, દડ દડ આંસૂ વેહ;
'અહ અહ' બોલે મૂખડું, ગાત્ર શિથળ થઇ રેહ. ૮૧
કામકાજ તો બંધ ને, સહુ ખ્હાવરૂં જોય;
ગામવિષે હડતાળ ને, હસતૂં નહિરે કોય. ૮૨
તડકા પીળા[૧૯] લાગતા, શોક શોક સહુ ઠામ;
ઝાડ જનાવર તો દિસે, શોકાતુર એ રામ. ૮૩
મંદ ઉદાસી દીસતા, નહીં અંગમાં જોર;
પળે પળે તે હબકતાં, શોકતણો બહુ રહોર. ૮૪
આ ટાણે તે ગામમાં, શોક[૨૦] નારિ સ્વરૂપ;
નિરખ્યૂં સર્વે ભારિ ને, બેહા તજિ મદ ચૂપ ૮૫
સહુ લોકો શોકો કરે, શ્રીફળને બહુ રોય;
સાહાસપત્ની સાધવી, તેને મૂર્છા હોય. ૮૬
તે કાકી શ્રીફળપ્રતી, રાખી અદકો પ્રેમ;
પેટપુત્ર સમ પાળતી, રાચે ઇશ્વર જેમ. ૮૭
થઇ નિરાશ તે બાપડી, મનમાં દુઃખી જાણ;
બાળક રોતાં રાખિયાં, નિજ મનમાં મોક્કાણ. ૮૮
સાહસડો ખૂની કરે, આકરંદ બહુ પેર;
શ્રીફળનૂં નહિં કર્મનૂં, જેથી બાળક ઠેર. ૮૯
કૂટી માથાં છાતિ બહુ, દેખાડે તે શોક;
મૂકે પોકે પોકને, પાડે આંસૂથોક. ૯૦
કંઈ સમાવી શોકને, વિધવિધ કીઆ કોધ;
શ્રાધ શુદ્ધ થઇ બહુ કરયાં, દાન ગરિબને દીધ. ૯૧
તેર દિવસ તો વહિગયા, ધીર વારસો લીધ;
ધન ઘર ચાકર સર્વને, નીજ કબજામાં કોધ. ૯૨

---

૧૯ એકાંતમાં દલગીરીમાં બેઠાથી તેજીવાળો તડકો શોકોપીળો લાગે છે ખરેખર. ૨૦ શોકરૂપી કોઇ સ્ત્રી. (કલ્પિત)

પણ મનમાં સાહસ ખુની, દુઃખી અપરમપાર;
ઘાણ વાળિ કરિ હાણુને, તે સુળ સાલે યાર. ૯૩
કામકાજ બહુ ભાતનાં, સાહસ કરતો તોય;
ચિત્ત ન લાગે કોઇમાં, પસ્તાઇ તે રોય. ૯૪
ડગલે ડગલે જગજગે, કામ કામમાં ધાર
પળે પળે તે નિરખતો, શ્રીફળનો આકાર. ૯૫
ઊંઘે નહિં રાતે કંઈ, ઝપ ઝપકીને જોય;
શ્રીફળ મૃત્યુ અકાળ તે, 'કાકા' કરતું હોય. ૯૬
વર્ષી વાળ્યું તેહનું, કરી શ્રાદ્ધ જે દિન્ન;
સાણું રાતે લાધિયું, તેથી તે અતિ ખિન્ન. ૯૭
તે દહાડો તે રાત પણ, ચંદ ઝગારે જાય;
સાણે ગાજે ઘોર ઘન, વીજ ચમક બહુ થાય. ૯૮
પ્યાલું પાયું ઝેરનું, કેડે જેને લીધ;
ઘોડી ઉપર બેસિને, એડી જબ્બર દીધ. ૯૯
વડ હેઠે સૂવાડિને, કાપ્યું કુમળું શીશ;
તે કમા ને વસ્તુઓ, શિશુની હળવી ચીસ. ૧૦૦
એ સઘળું સાણે જુએ, નહીં ભૂલ સાક્ષાત;
ભાષણ ક્રોધી સાંભળે, સાલે તેને ઘાત. ૧૦૧
ઘોડી બોલી 'નીચ રે, હું ભોળી ભરમાઈ;'
'પાપી સાધન સાક્ષિ થઇ, ચાંપૂં તૂંને આંહિ.' ૧૦૨
વડ બોલ્યો 'ચંડાળ રે, શૂં મ્હેં ગુન્હો કીધ?'
'મને કરયો તેં ભ્રષ્ટ' કહિ, થડમાં વીટી લીધ. ૧૦૩
ચાકર બોલ્યો 'કમબખત, ખડગે કાપૂં શીર;'
'વડે ટાગું હું પ્રેમથી, ભોકૂં આ સહુ તીર'. ૧૦૪
જમદૂતો શસ્ત્રે ભરયા, દાત પીસિ રિસ ભેર;
અતી ભયાનક રૂપથી, બિવડાવે બહુ પેર. ૧૦૫
ભાઈ ભોજાઇ વળી, તે પણ ખૂણે દીઠ;
તે તો બોલ્યાં 'ધિઃક છે, દગો દીધ તેં પીઠ.' ૧૦૬
સર્વ જોઇને ઘ્હીકથી, નીચે જોયે જેમ;
'કાકા ઠિક કરયું' બોલતો, બાળક દીઠો તેમ. ૧૦૭

ચીસ આકરી પાડિને, પડયો ચતો તે પાટ;
'શ્રીફળ બેટા ખૂન હું, મુઓ' પછાડયો[૨૧] ખાટ. ૧૦૮
વળિ પાછો જાગ્યો કંઇ, જોએ તો ચોપાસ;
ઘોડિ પગે બંધાયલો, ઘસડાએ નીરાસ. ૧૦૯
તે ઘોડી વડથડકને, લઇ ગઇ તેવાર;
પગ ઉંચકીને છાતિપર, મૂક્યો તેણે ધાર. ૧૧૦
મરતક ચાકર છેદતો, જોએ તે જે વાર;
ચીસ પાડિને તે મુઓ, 'લેવાયોરે[૨૨] ખાર.' ૧૧૧
એ રીતે સાહસ મુઓ, ભૂંડું મૃત્યું કેહ;
કિધાં કરમ તે ભોગવ્યાં, ભોગવશે હજિ તેહ. ૧૧૨
આ ભવ પામ્યો દુઃખ ને, નરકે ખાસે નર્ક;
શિક્ષા[૨૩]બીજિ બિહામણી, ભોગવશે અધગર્ક. ૧૧૩
અકસ્માત મરવૂં ભલૂં, સાહસ રીબાયોજ;
ચાર પાસ ભયત્રાસથી, જોતો જમની ફોજ. ૧૧૪
સાહસ પાપી જીવનો, ઘડયો પ્રભૂએ ઘાટ;
પડે ખણે જે પ્હેલ તે, ભૂલે જન સત વાટ. ૧૧૫
વગર વિચારયું આદરે, ખોટી લતમાં હોય;
નિજ પર હાની જે કરે, પાછળથી તે રોય. ૧૧૬
લેવાઇ જે લોભમાં, સૂખ હોરવાક જ;
ઘડે ઘાટ અઘટિત સહુ, તેમાં ખોયે લાજ. ૧૧૭
આ ઊપર ખુબ મનનાં સહુ, કરશે જે સજ્જંન;
ધીર થઇ વીચારશે, સાચી બુદ્ધી મંન. ૧૧૮
કામક્રોધ ને લોભ મદ, તજિ મત્સર ને મોહ;
ક્ષમા દયા ઔદાર્ય ને, સદગુણ સજિ સહુ રોહ. ૧૧૯
સન અઢાર અઠ્ઠાવને, નોવેંમ્બર પચ્ચીસ;
પૂરી કીધી વારતા, જય જય જય જગદીશ. ૧૨૦
ઋગ્વેદિ દ્વીવેદિ ને, નરમદશંકર નામ;
કરી કવીતા વર્ષ ત્રણ, જય બ્રહ્મ સત નામ. ૧૨૧

---

૨૧ એમ કહીને ખાટલો પછાડયો. (હું મારાં નાનપણમાં રાતે બ્હીતો ને ચીસ પાડી ખાટલો પછાડતો. મને ભયંકર સ્વપ્નાં આવતાં). ૨૨ એમ બોલીને. ૨૩ જમરાજાને તાંહાં.

સન અઢાર પંચાવને, સમ્મર આખર;
રચી કરી કવિતાભણી[૨૪],ભણી[૨૫]કરી નહિ છ૨[૨૬]. ૧૨૨
વડનગરો નાગર છઊં, સર્વ કવીનો દાસ;
વિરસ વિકટ મુજ કવન છે,ગ્રીષ્મતણૂં તે ઘાસ.[૨૭] ૧૨૩
જન્મભૂમિ છે સુરત પણ, છૂં મૂંબઇમાં હાલ;
વ્યગ્રચિત્તથી [૨૮] કાવ્ય કિધ, તેથી તે બેહાલ. ૧૨૪
માટે સહુ જન કરિ ખમા, લેજો કંઇ પણ સાર;
પણ હમણાં તો બ્રહ્મનો, બોલો જયજયકાર. ૧૨૫

(૧-૨)

૧૯૮.*

(ચોપાઇ.)

ઝુંપડીમાં રહેનારી એક, છોડીનો દીઠો મેં ટેક;
જ્હારે તે ન્હાનીને મળ્યો,વચન સાંભળી હૂં બહુ ગળ્યો.[૧] ૧
વાળ વાંકડા ગુચ્છાભેર, છુટો ચોટલો મોટો ઘેર;
કુમળી કન્યા બોલી કહૂં, 'આઠ વર્ષની હૂં તો છઊં'. ૨
'તમે કેટલાં ન્હાની બ્હેન,' 'સર્વ મળીને ભાઇ બ્હેન?'
'સહૂ કેટલાં'? "છૈયે સાત," મ્હારી જોડે કીધી વાત. ૩
આશ્ચર્યે જે જોતી હતી, તેને વળતી પૂછી કથી;
'કહાંછે તે ભાંડૂઓ વળી,'? "સાત હમે તો" બોલી ભલી. ૪
"બે જણ રેહછે ભાઠે[૨]જાણ,ને બે જણ તે ખેડે વ્હાણ";
"બે જણનો છે મસાણવાસ, એક બેનડી ભાઇ ખાસ[૩]" ૫

---

૨૪ કવિતાતરફ મન કીધું. ૨૫ શીખીને કરી.
૨૬ કવિતા કરૂંછ પણ ભિન્ન કવિયોની પઠે મારામાં છ૨ નથી આવ્યો.
૨૭ જેમ હુનાળાનું ઘાસ રસવનાનું ચાવવું કઠણ પડેછે, તેવું મારૂં કવન વિરસ ને વિકટ (સમજવું અઘરૂં) છે.
૨૮ મુંબઈસ્થળ કવિતા કરવાને લાયક નથી; કવિને નિરાંતનું ઠેકાણું જોઇયે. ધાંધલિયા શેહેરમાં હજર ઠેકાણે મન દોડેછે. તેમાં વળી હું ઘણીરીતે મનનો દુઃખી.
* એ, વર્ડસ્વર્થની 'ઉવી આર સેવન'ની કવિતાનું ભાષાંન્તર છે, પણ નામ ઠામ તથા ઘોરની વાત બદલી એક બારવણને લાગુ પાડીછે. ૧૮૫૮ માં કરી પણ પ્રથમ છાપી ૧૮૫૯ માં ન૦ ક૦ અં૦ ૪ થામાં.
૧પિગળ્યો (પ્રીતિની કુમળી વાણીથી મારૂં હૈડું પિગળ્યું.) ૨ તાપી કાંઠે એક ગામડું છે. સુરતના નાવડી ઓવારાને સામે કાંઠે. ૩ ખાસો; ભલો.

"આ કુલપાડા[૪] નામે ગામ, મસાણકાંઠે ઝુંપડી ઠામ";
"તેમાં હું ને મારી માત, રહિયે તે પાસે દિન રાત". ૬
'તૂં કહેછે બે ભાઠે રેહ, દરિયો બેડે બીજા બેય;'
'તમે સાત તે શાનાં હજી, એમ હોય કયમ મીઠી વજી'?. ૭
વાળ્યો વજિયે વળી જવાબ, "સાત ભાંડુ ને મા નહિં[૫] બાપ";
"બે જણ તો છે મસાણમાંહ્ય, ઝાડ પાસ બાળ્યાં છે ત્યાંહ". ૮
'અહિં તહિં તૂં તો દોડયા કરે, તુજ સાંધા છે ચંચલ ખરે;'
'જો બે બાળ્યાં મસાણ સાચ, માત્ર તમે તો ત્હારે પાંચ.' ૯
"ધાસથકી લીલી કુંજર, ન્હાની સરખી મ્હરડી[૬] ધાર;
"ઝુંપડીથી દુર ડગલાં બાર, બાળ્યાં તેની પાસે સાર." ૧૦
ન્હાની બોલી "હું તે ઠાર, ધાધરિ સીવું વારંવાર;"
"ઓટું બેસી તહાં રૂમાલ, ગાઉં તેમના ગુણ હેવાલ". ૧૧
"ધણીવાર સૂર્યાસ્તે શેઠ, રળિયામણું ચાંદરણું ઠેઠ;"
"લઇ કટોરો જઉં ભરૂં, વાળૂ ત્હાં બેસી હું કરૂં." ૧૨
"ખ્હેલી મુઇ તે રામલિ ખ્હેન, નિરબળ તનમાં તો બહુ ઘેન;"
"પાથરણાંમાં રડતી બહૂ, રીબાયામાં કસર ન કહૂં". ૧૩
"દેવદયાએ બહુ દુખ[૭] સહી, છુટી બચારી જાતિ રહી";
"પછી મસાણે બાળી દીધ, એવી વજિયે વાતો કીધ. ૧૪
"વળી હુનાળો છાયામાંહ્ય, કહાડયો સઘળો રમવામાંહ્ય;"
"મેં ને ભાણાએ રે ખાસ, રામલિ બાળી તેની પાસ". ૧૫
"વરસાદે કાદવની ભાંય[૮], લપસી દોડી જાતી ત્હાંય;"
"જવા ભાઈને પડી જરૂર, રામલિ પાસે તે ન ગરૂર". ૧૬
'હવે કેટલાં ઝહો છો તમે, પૂછું છું તૂંતો બહુ ગમે,'
'જો તે બે છે સ્વર્ગે ખરે, અમથી તૂંતો હઠજ કરે.' ૧૭
નાજુકડી બોલી તેવાર, "શેઠ હમે તો ત્રણ ને ચાર;"
"આંખાગળ દેખૂં તેમને, તમે કેમ ભૂલાવો મને?" ૧૮

---

૪ સુરતની પાસે ગામ છે–જ્યાંહાં તાપીને કાંઠે મુડદાંને બાળવામાં આવે છે. ૫ બાપ નથી–સાત ભાંડુ ને મા છૈયે. ૬ ઝાડની બખોલનો બનાવેલો ગોખલો. ૭ દુઃખ સહન કરનારી. ૮ કાંઠાપર ઢોળાવવાળો લપસણો કાદવ. બારવાના ઘણાક છોકરાં ઊંચેથી નીચે સરી જવાની રમત રમેછે. (હું ને મારા દોસ્તો પણ એમ ઊંચેથી નીચે સરી જતા)

'નક્કી તેઓ તો છે મુઆં, જીવ તેમના સ્વર્ગે ગયા;'
'વધૂ પૂછવૂં ફોગટ જશે, તેની મરજી તેમજ હશે.' ૧૯
'વ્હાલી વજિને પૂરણ પ્રેમ, ભાંડૂનું ઈચ્છે બહુ ક્ષેમ;'
'તેના તે બોલે તે વેણુ,' "સાત હમે તો ભાઇ બ્હેન". ૨૦

(૩-૧)

આત્મબોધ.*

(શિખરિણી.)

થયાં પૂરાં આજે, વળિ વરસ સોળે નવ સરે[૧]
થઇ માયાઅંધો, નિજ મનનું રાખ્યું ન વસ રે
વિચારયું ના કો દી, ભજનતણું લેવું નવસ[૨] રે
હવે કામો વ્હારાં, બહુજ પસતાયે નવ સરે[૩]. ૧
પિધૂં પાપી પ્રાણી, અતિ પતિત પાણી પર[૪]ભગે
ન પાણીયે[૫] પાણી[૬], મુકયું ત્રિશુળ[૭] પાણીયિ ન ડગે

* સંવત ૧૯૧૪ ના ભાદરવા સુદ ૧૦ એ (તા૦ ૧૭ મી સપ્ટેમબર ૧૮૫૮) મ્હને ૨૫ વરસ પૂરાં થઈ ૨૬ મું બેઠું તે દહાડે-વરસગાંઠને દાહાડે મેં ઉપલી કવિતા જોડી કહાડી; પણ છાપી પ્રગટ કરી ૧૮૫૯ માં ન૦ ક૦ અંક ૪ થામાં. એ વેળા હું ઘણો ભાવિક, ત્યાગી, પશ્ચાત્તાપ કરનારો, અને પાપ, મરણ, ઇશ્વર ભયના વિચારથી ઉદાસ રેહેનારો હતો. એ વખત મારી મૂર્ત્તિ-પૂજા ઉપરથી આસ્થા ઉઠી ગઈ હતી ને તેને છોકરાંની રમત સમજતો થયો હતો;- એ કંઇ ઈશ્વર ભક્તિનો માર્ગ નથી એમ જાણતો હતો. મારા વિચાર એવા હતા કે એક નિરાકાર ઈશ્વરને તેના ગુણ ગાઈ ભજવો, અનીતિથી દુર રેહેવું, ઇશ્વર પાપીને શિક્ષા કરે છે ને નીતિમાન ભક્તના ઉપર પ્રસન્ન રેહે છે. એ વિચાર એટલા તો જોસથી ઉભરાતા હતા કે મારો વિચાર ધર્મના પુસ્તકો વાંચવાનો અને પછી પોતે સમજી બીજાને સમજાવવાનો-ધર્મોપદેશક થવાનો-જન્મસુધિ એજ ઉદ્યોગ રાખવાનો હતો-ને ઘણાં ફાંફાં મારતો હતો કે કયારે કોઇપણ ધર્મના ખાતામાં ભરાઉં-કાઠિયાવાડમાં કોઇ નવો સ્વામી નારાયણ-હરિશંકર થયલો સંભળાતો હતો તેને મળવાને પણ ઘણો આતુર થયો હતો. એવી મનની હાલતમાં ઉપલી કવિતા જોડીને છેલ્લીવારે કેટલીક પ્રતિજ્ઞા પણ કરી છે. એમાં પાપનું વર્ણન કરતાં જે જે પાપ મેં નથી કીધાં તેપણ લખ્યાં છે; તેનું કારણ કે મારી જુજ વાત ઉપરથી પછી મહારાજને ઉપર સારી પેઠે ઉતરી પડાયું છે. એ કવિતા કોઈ તરણ જોસાધનો લાલ, જેણે પુષ્કળ અનીતિનાં કર્મ કર્યાં હોય અને પછવાડેથી પસ્તાયો હોય અને પછી કેટલાક નિયમ પાળવાની પ્રતિજ્ઞા કરી હોય તેને બરાબર લાગે છે.

૧ (સોળમાં નવ પેસે એટલે પચ્ચીસ થાય) ૨ નીમ; માનતા; બાધા. ૩ થાય; પાર પડે. ૪ પારકી સ્ત્રીની ઇદ્રીને વિષે. ૫ હાથે. ૬ પાણી મુક્યું; નીમ લીધો. ૭ શિવ; ઇશ્વર. ત્રિશુળ છે હાથમાં જેના તે (અનીતિનાં કામ ન કરવાં

અનીતીપીડે[૮] તેં, નિરખિ નરિ[૯] નારી જગ જગે
કરી જરી[૧૦] જારી, વિખ બહુ પસારયૂં રગ રગે. ૨
જુવંતી જોઇને, જકથિ જખમારી જમિ કરી
પશૂ પંખીયેરે, ધરરર ધસ્યેા ના જરિ હરી
બડી રંડીબાજી, પદરિ[૧૧] ખુનિ ખારી[૧૨] અઘભરી
ગુમાવી બાજી તેં, અવતરિ ન સેવ્યેા નરહરી. ૩
છિનાળી છાની તેં, છકિ છબિ[૧૩] છુપાવી કરિ મથી
કિધાં કાળાં કાલાં, કુડ કરમ કામી કપટથી
ભમાયેા ભારી એા, પડરિપુ[૧૪]તણાતેા કટકથી[૧૫]
સુણીને વંઠયેા રે, તું કનકલતા[૧૬]ચેટકકથી. ૪
કર્યા કાલાવાલા, પણ કંઇ વળ્યૂં ના શરમ રે
પરાણે તેં કીધી રતિ નવલ કૂડાં કરમ રે
જુઠી ગપ્પાંથી તેં, હરણ મન કીધૂં ત્રિયતણૂં
જુઠી પ્રીતી બાંધી, હરણ મન કીધૂ ત્રિયતણૂં ૫
ઋતુસ્રાવે મૂખાં, ભય ન કંઇ રાખી મન ભિંડયેા
પછિ રેાગે રેાળ્યેા, બહુ બહુ પછાડયેા તવ રડયેા
સમેાસાજ્યે ઊઠી, ધડિભર ન થેાભ્યેા ભડ પડયેા
વળી પાછેા ખાડે, ધિકધિક તુને તૂં અદધડયેા. ૬
બહૂ બાળા વીંધી, રતિભર[૧૭]ન ધારી રતિ કરી
મુકી ના રાંડેલી, ગરભવતિ નારી ઝટ ધરી
કરી હત્યા ભારી, અરરરર પાપી મદભરી
હવે મુકતી ત્હારી, કઠણ ધણિ થાવી હરિહરી! ૭

એવેા તેં નીમ ન લીધેા અને ઇશ્વરથી તું ડગતેા નથી–તે શિક્ષા કરશે તેની બીહીક રાખતેા નથી.)

૮ અનીતિનેા બન્દર. ૯ માત્ર. ૧૦ છિનાળી (જરી–શરૂ કરી)

૧૧ પાલવે–છેડે બાંધીને. ૧૨ ખાર–વેર રાખનારી (વળી અઘ–પાપથી ભરી, અને ખુની એવી રંડીબાજી)

૧૩ પેાતાની મનુષ્યરૂપ છબી; આચાર્યપણું.

૧૪ કામ ક્રેાધ, લેાભ, મેાહ, મદ ને મત્સર.

૧૫ સેન; લશ્કર. ૧૬ કનકલતા–સુનાની વેલી–(સુંદર સ્ત્રી) નાં ચેટકસંબંધી વાતેા. ૧૭ જરાકે; લગાર પણ.

સ્વકીયાને[૧૯] છોડી, ગ્રહણ પરકીયા[૧૯] કરિ નકી
સહૂ સામાન્યાની[૨૦], ખબર પણ લીધી ધનથકી
ભણ્યાં ભૂંડા[૨૧]ભૂંડાં, રસભરિત કાવ્યો મન દઈ
અનંગી[૨૨]રંગોમાં, કરિ કુરતિ[૨૩] તેથી થઇ ખઇ. ૮
સહૂ આઠે જામે, મદ મદન સંગે રમણમાં
વિલાસી રંગોમાં, ખલિત તું થયોરે સપનમાં
નહીં ઊંધ્યો પૂરૂં, ઝબ ઝબકિ જાગ્યો ભ્રમણમાં
ગમે તાંહાં ઊડી, પડિશ કંઇ કાળ[૨૪] કમણમાં. ૯
અરે જાણી જોઇ, સમજિ મનમોટા મરમને[૨૫]
ન માની નીતીને, ઉલટથકિ આપી અવરને
જણાએ લોકો જો વિકધિક કરે તો મર[૨૬] મને
ભણ્યાં હીણાં વેણો, મદથિ નવ રાખી શરમને. ૧૦
બન્યો બાવો બાહ્યો, બહુજ બગસાધૂ ભગભજૂ
વળી લોભી લુચ્ચો, મિષ[૨૭] થકિ થયો તૂં પરગજૂ
સુખોનાં સાહિત્યો[૨૮], અમર કરિ રહેવા ખુશિ હજૂ
પરંતૂ તારૂં ઓ, નથિ મુરખ પાપી કંઇ ગજૂં. ૧૧
બહૂ ધાતૂ માટી, વળિ પુરૂષ મૂર્તી હરખથી
પુજા તેની કીધી, વિધવિધ પુજાપે ઉલટથી
રુપૂજા[૨૯] પૂંજામાં, સતત સત પૂંજી રૂડિ ઘણી
ગુમાવી ભાવી ના, છટછટ તુને નિર્ગુણતણી. ૧૨
સહૂ મંત્રી તંત્રી છળ વિવિધ વિશ્વાસાથ ભણી
કલંઠી કંઠીમાં, અતિસ મનગંઠી ભ્રમતણી[૩૦]

---

૧૯ પોતાની પણિયત સ્ત્રી. ૧૯ પારકાની સ્ત્રી. ૨૦ વેશ્યાઓ. ૨૧ ઓ ભુંડા પ્રાણી. ૨૨ કામદેવ સંબંધી. ૨૩ અઘટિત રતિસંબધ. ૨૪ કાળનો ફેરો—ચક્કર. ૨૫ મર્મ. (નીતિ ધર્મના.) ૨૬ મર (છાને લોક મ્હને ધિક્કારતા) ૨૭ બાહાનું. ૨૮ શૃંગાર સામગ્રી અમાર રેહે એટલે જીવું ત્હાંસુધી શૃંગાર રસનુ સુખ લેયાંજ કરૂં એવી ઇચ્છા.

૨૯ ધાતુ માટીનાં પુતળાંની, અને માણસોની વિધવિધ સામગ્રીએ પુજા કીધી; પણ એ કુપુજા--નઠારી પુજા છે; ને એ જે પુંજે—ચરો તેમાં નિર્ગુણ બ્રહ્મની જે પુજા તે અથવા એ જે હંમેશની સાચી પુંજી તે, તેં, ખોઈ નાખી—તુને નિરાકાર ભજવો ન ગમ્યો પણ તેં મૂર્તિપજામાં ફાંફાં માર્યાં કીધાં.

૩૦ ભ્રમની કંઠી (રૂદ્રાક્ષ તુળસી વગેરેની) જે કલંઠી છે તેમાં તેં તારૂં મન ગંઠીને બીજા ભુત પિતરૂ દેવ સંબંધી જ્હેમોને પણ સારી પઠે ગણ્યા-માન્યા.

ગણ્યા વ્હેમો બીજા, ભુત પિતર દેવો નવ ડરી
ન જાણ્યો માન્યો તેં, અમળ અજ અદ્વૈતજ હરી. ૧૩
અરે જોતાં જોતાં, તરૂણિ સુત બંને વટિજશે
અરે જોતાં જોતાં, ભર તુજ જુવાની વહિજશે
અરે જોતાં જોતાં, ભ્રમિ મુરખ પાપી મરિજશે
લિધી ના શિક્ષા તેં, અમળ સુખ જેથી બહુ થશે. ૧૪
ખરે ઠાલા ઠામી, ઠિક ઠિક તું ચેત્યો હજિ કંઈ
કરે પસ્તાવો ઓ, ઠિક ઠિક તું ચેત્યો હજિ કંઇ
ડરે ભાવી[૩૧] દુઃખે, ઠિક ઠિક તું ચેત્યો હજિ કંઇ
અરે ભાવી નીતી, ઠિક ઠિક તું ચેત્યો હજિ કંઇ. ૧૫
જુવાનીમાં જે કો, સમજિ તજિદે રે વિષયને
ખરો શૂરો તે તે, ઉલટથકિ છોડે કપટને
સહૂ માયા ઘેરે, પણ ચિતહું રાખે નિજકને
ખરો શૂરો તેતો, અપટલપટોને ઝટ હણે. ૧૬
થયે ધર્ડા ભાઇ, વિષય સહુ તૂને તજિદિયે
તું તે વેળા કેહે, રતિ તજિ હમે રોજ ફરિયે
થયે ધર્ડા ભાઇ, ભગત થઇ સાધૂ તું જણાવે
રુડી નીતી મોડી, નહિજ પુરુષાર્થી તું ભણવે. ૧૭
સવારે ઊઠીને, શરિર મન શુદ્ધી કરિ અને
નિરાંતે એકાંતે, ઘડિભર હરી તૂં ખુબ ભજે
પછી બીજે કામે, વળગ રૂડિ રીતે જયમ રચે
પરંતૂ નીતીને, લવ નવ વિસારીશ જિવ રે. ૧૮
હસાડે રોવાડે, સુખ દુખ અહીંનાં હરઘડી
સહૂ ખોટૂં અંતે, સત વગર સાથે નહિં કંઈ
ન ધારયૂં થાયે તો, ધિરજ મન રાખી હરિતણી
વિનંતી જો ભાઇ, કરિશ મટિ જાશે ભિડ ઘણી. ૧૯
'ક્ષમાવંતો[૩૨] થાજે, બહુજ સહુ ઇંદ્રીયજિત તૂં,
'દયાળૂ અક્રોધી, ભયરહિત વૈરાગ્યસુખિ તૂં'

---

૩૧ ભવિષ્યના–મુઆ પછી ઇશ્વરની શિક્ષાથી થતાં દુઃખના વિચારથી.
૩૨(એ વિસમી કડી એક સંસ્કૃત શ્લોકનું ભાષાંતર છે.)

'સુદાતા નિર્લોભી, સરવ જનને પ્રીતિકર તૂં'
'વળી શોકે છૂટો, દશગુણથિ જ્ઞાની સમજ્જુ તૂં.' ૨૦
હરિ ઓ ઓ બાપા, અતિસ અપરાધી હું છું ખરે
પ્રતિજ્ઞા આજે હું, ખરિ કરંછું તે તૂં પળવજે
સજી નીતીવસ્ત્રો, સમરિશ હું અદ્વૈત હરિ રે
ગુણો ગાઈ સાચા, કરિશ મનપૂજા પરમ રે. ૨૧
ધણી જે વાતોમાં, નથિ વરતતો નિર્ભયપણે[૩૩]
હવે તે સંભાળી, કરિશ હું વિચારી જયમ બને
બહૂ લોકો બોલે, નરસું ન લગાડી મનવિષે
કૃપા તારી હોશે, જયજય કરૂં રે જગવિષે. ૨૨
કૃપાળૂ ઓ નાથા, નિયમ શુભ રૂડા ગુણભર
સહૂ છાનૂં જાણે, જગતકરપાળૂ લયકર
નિતીધર્મોરૂપી, મધુરમણમાં[૩૪] નિત્ય સધર
ઉમંગી રંગીલો, કર મધુ પિતો તૂં મધુકર. ૨૩
દયા કીધી તેથી, સજનતણિ મૈત્રી રૂડિ કરી
સુવિધા શીખીને, મુજ મન મનાવ્યું કરગરી
પરંતૂ સત્યર્મે, ભવભવ[૩૫] કથા તે રસભરી
ભણાવી લેજે રે, કરિ તું હરિરંગે મદ્દિ કરી[૩૬]. ૨૪
સહૂ લીલા શિક્ષા, સુગુણ ધન મ્હારે મન વસી
કિધૂં નક્કી મેંતો, જય જય વિચારી કસકસી
હરિઃ વ્હારે મ્હારે, અધભય ન કોદી પિડ કંઇ
હરિઃ વ્હારે મ્હારે, અમળ સુખ નિત્યે અહીં તહીં. ૨૫
(૧-૨)

૩૩(લોકનો ડર લાગે છે.) ૩૪(નીતિધર્મ એ રૂપી જે મધુરમણ-વસંત ઋતુનું રમણ તેમાં મને નિત્યનો પુક્ત અને ઉમંગી રંગીલો એવો મધુકર એટલે ભમરો કરી રાખજે.-શું કરતો? તો કે, મધુ-મધ-તત્વસાર પીતો, એટલે બ્રહ્મના જશગુણ ગાતો કરજે.)

૩૫ ભવ-સંસાર. ભવ-કલ્યાણ. (પોતાનો જે ભવ-સંસાર-જન્મારો તેનું ભવ-કલ્યાણ થાય તેવી કથા.)

૩૬ હરિના રંગને વિષે મદમાતો કરી-હાથી કરી રાખજે.

*વૈધવ્યચિત્ર.—ભાગ ૧ લો.

(દોહરો.)

પુરુષ પ્રકૃતિ શિવ શક્તિ જે, રસરંગે ભરપૂર;
દીજે વર મતિ શુભ તરૂં, વ્હેમનદીનું પૂર. ૧

(લલિત.)

અરર અંબિકા માત માહરી, અરર રોતિ હૂં શોકથી ભરી;
હ હ હ શૂં કહૂં પીડ પેટની, ધાડ ન આવતી કેમ ઠેકની? ૧
અબળા જાતિ હૂં લાજથી ભરી, પણ હકીકતો કેહવી ખરી;
મનવિષે ઘણીરે મુઝાઉં છૂં, અતિસ ઊભરો આજ કહાડું છૂં. ૨
બહુ અધીર ને શૂરિ હૂં બની, થઇશ આકળી બોલવે ઘણી;
બળતરા બહૂ કહાડતાં અરે, કદિ ચુકીશ હૂં બોલતાં ખરે. ૩
શરમ લાજને મૂકિને ભણૂં, વિધવાને પડયૂં દુઃખ જે ઘણૂં;
કરિ ખમા અરે દીલમાં ધરો, અબળા દુઃખને દૂર રે કરો. ૪
સમજિ હૂં નહીં કોણ તે વર, સમજિ ના દિધો કૂમળો કર;
વર અને વહૂ લગ્નથી મળ્યાં, વગર અર્થના શબ્દ તે બળ્યા. ૫

---

*માહારી પેહેલીવારની પ્રિયાનાં મરણ પછી તે માહારી બીજીવારની પ્રિયા મારે ઘેર રેહેતી થઇ ત્યાંહાંસુધીનાં દરમિયાનમાં હું વિષયવાસનાના જોરસાથી અને તેમાં પછી અનીતિ તો ન કરવી એવી રીતે મન મારયાથી ઘણો ઘણો રીબાતો હતો, અને તેમાં પાછી માહારી પ્રિયા સાંભરી આવતી. તેથી મને કહી ન શકાય તેટલું દુઃખ થતું;—તે એટલે સુધી કે વેળાએ હું મારા એકાંતમાં સારી પેઠે રડતો—એ હાલતમાં મારૂં વલણ શૃંગાર રસ લખવા તરફ થયું. પણ સુધારામાં એવી વાત લખવાની પેહેલ કરવાની હિંમત ચાલે નહીં. એવામાં વળી માહારી સગી કેટલીએક બાળવિધવાનાં અસહ્ય દુઃખો માહારા જોવામાં આવ્યાં. તેઉપરથી મને ઉપલી કવિતા લખવાનું ઉત્તેજન મળ્યું—બે મતલબ કે, વિધવાનું દુઃખ દરશાવું ને તેમાં હું મારૂં દુઃખ રહું. બીજું ઉત્તેજન આવું કે કવિ દલપતરામ અત્રે આવેલા તે પોતાની ઘણા વરસની કવિતા લાવ્યા હશે ને મને તો કવિતા બનાવતાં થોડાંકજ વર્ષ થયાં છે માટે માહારે નવિ નવિ કવિતા કરી સરસાઇ રાખવી જોઇએ.—એ સહુ કારણોથી વિધવાવિલાપમાં મગ્ન થઈને સપાટાની સાથે મેં આ વૈધવ્યચિત્ર લખી કાહાડયું છે. એ પ્રથમ તો સંવત ૧૯૧૫ સને ૧૮૫૯ના ચોમાસામાં નર્મકવિતા અંક ૫ મો—૬ ઠ્ઠો એ નામે ૫૦૦—૫૦૦ નકલ છપાવી પ્રગટ કર્યું હતું. એ કવિતાથી ખુશ થઈને એક પારસી દોસ્તે પોતાની તરફથી ટામસચેહામ છાપનારનું રૂ ૧૦૦)નું બિલ પગાર કર્યું હતું. એ બે ભાગ એકઠાની બીજી આવૃતિ ૫૦૦ નકલમાં થઇ ચુકી છે; ને આ ત્રીજી, હજાર નકલમાં થાય છે. એ કવિતાના પુરફ તપાસતી વખત લાડની વાડીમાં મારી ઓરડીમાં કવિ દલપતરામ મારી પાસે બેઠા હતા તેઓએ તે સાંભળીને કહ્યું કે 'કવિતા સારી છે.'

વરસ તેરની જે સમે થઇ, ચિતનિ ચેતના તો ઉડી ગઈ;
સહિયરોતણી વાત સાંભળી, હું ચરચાઇ[૧] તો તેથિ રે બળી. ૬
સઘળિ બેનિયો ગ્હેનમાં ફરે, ધણિધરોતણી વારતા કરે;
પગવિષે બહૂ જોર તે ધરે, સરવ નેનને મોહથી ભરે. ૭
ગુપચુપે કરે વાત માહરી, દલગિરી ઝરે અંગથી ખરી;
નિરખિ મૂજને દીનતા ભરી, હરઘડી જુએ તે દયા કરી. ૮
જઇ કરી પુછ્યું માતને ભલી, "જઇશ કે દિ હું સાસરે વળી;"
પુછવું સાંભળી ઢાંકિ મૂખને, રડિ વિલાપથી જોઇ કૂખને. ૯
પણ સમાવિ તે નીજ શોકને, રડતિ તેણિયે રાખી રે મ્હને;
સમજિ હૂં પછી સંધિ વાતને, કરમ ફૂટયું તે વંઠિ જાતને. ૧૦
વયવિષે વધી જેમ જેમ રે, બળિ બળી થઈ તેમ તેમ રે;
અહરનીશ રે ઝંખના દમે, વરતણી કથા ચિત્તમાં રમે. ૧૧
જણુતિ તો મ્હને દે શિખામણ, "વૈધવધર્મનૂં રાખજે પણ;
"ધરની બ્હાર તૂં ના જઇશરે, પુરુષસૂં કદી ના વદીશરે." ૧૨
"ધરખુણો અરે પાળવો રિતે, ભણુવિ નીતિની વાતને નિતે;"
"સખિપણાં કદી ના કંઈ કર, સહનતા ધરી છાંડજે છર." ૧૩
ધરગુલામ તો હૂં થઇ રહી, ધરનિ ગાય રે દુઃખની સહી;
શું ચરવા નહીં ગાય[૨] છૂટતી? પણ સદાનિ રે કેદિ હૂં હતી. ૧૪
પુરુષ જે સગા ઘેર આવતા, સજનસૂં નહીં ભાષણો થતાં;
ધરતણૂં સહૂ કામ હૂં કરૂં, ધરવહીતરી દુઃખિ રે ફરૂં. ૧૫
ઋતુ[૩] મને થયો પ્રાપ્ત જાહરે, દિવસ તે પછી મંન ના ઠરે;
ધિરજ તો ગઇ સામટી અરે, ચરચરી બળી દેહ તો ખરે. ૧૬
ધરનું કામ તે આટપી કરી, કદિ હું બેસતી બારિયે વળી;
પુરુષ દેખતાં ફૂટડા બહૂ, મન વિંધાય શૂં માહરૂં કહૂં. ૧૭
કબજામાં બહૂ રાખિ જેમ રે, અતિસ ઊલટી વાધિ તેમ રે;
ભણિ હું ભાવથી બેનિયોથકી, કરમ ભૂંડું ને રે ગઇ છકી. ૧૮
નજર ચૂકવી માતની જતી, નિમિત[૪] કહાડિને બ્હાર રેહતી;
પણ નિરાંતથી ત્હાં ન રે હરૂં,[૫] હરૂં ન કાળજે પાપિ હું ઠરૂં.[૬] ૧૯

---

૧ હાયરે હું અભાગણી ચરચાઊંછ જો! ૨ ગાય તો બ્હાર ચરવા પણ જાય છે ને ચરતાં રંગમાં રહે છે. ૩ ઋતુ; અટકાવ. ૪ બાહાનાં. ૫ ઝંપથી સંતોષ પામું. ૬ મનાઉં, ગણાઉં (લોકમાં)

બહુજ બ્હીકમાં કાજ જે બને, તૃપત ના કરે તંનમંનને;
ચિત ન કામમાં કોઇ રે ઠરે, મનવિષે ધુમે જાર[૭] ઠેઠ રે. ૨૦
વળિ પ્રસંગ બે આડિ રે ચળી, સમજિ હું પછી પ્રીતની ગળી[૮];
ઉલટિ રે વધી ભૂખ ના ટળી, છ સુરતી[૯] થયે ગર્ભ હું રળી. ૨૧
ઋતુસરાવ તો વેહતો ઠર્યો, વદન છાતિનો રંગ તે ફર્યો;
સમજિ મંનમાં માત માહારી,ધમકિ દીધિ ને બાંધિ માકરી[૧૦]. ૨૨
હું પસતાઇને બ્હાવરી બની, જાણતિ તે ખરી શોકમાં ઘણી;
વિવિધ રીતનાં ઓસડો દિધાં, શરમ લાજથી ઝટ મેં પિધાં. ૨૩
ગરભ તો ગળ્યો હું છુટી થઇ, પણ પછી ખરે ચોર થૈ રહી;
અતિસ સન્નિ તો માવડી કરે, મનવિષે બહૂ દુઃખ તે ધરે. ૨૪
હું ન ચળું છળું આડિ ના ફરું, પણ સદા બહૂ નીતિ આદરું;
તજવિજે સહૂ તેવિ મા કરે, બબડતી અને રોતિ તે ફરે. ૨૫
તજવવા અરે વેશ માહરો, સમય શોધતી આણવા મરો;
હું ગભરાઇ રે મનમાં બહૂ, સમજિ માતણી ધારણા સહૂ. ૨૬
ગુરુપુરાણિથી પાઠ હું ભણું, ભજનમાં ધરું ચિત્ત રે ઘણું;
સુરુપ દેખિને ગોરતો ચળ્યો, બહુજ જુક્તિની વાતમાં વહ્યો. ૨૭
બિનિ હતી બહૂ તેથી ના ભણી, ધમકિ ગોરને દીધિ મેં ઘણી;
(પણ)મન ગમે ખરું તેથિ આખરે, ગુરુવિનંતિને ઝીલિ મેં ખરે, ૨૮
સરસ રંગનો પ્રેમ આદરી, સુરતિ મ્હાલિ હું મોટિ ઠાકરી[૧૧];
દિ ગળતા રહ્યા તે ન જાણું હું, દુઃખડું પેટનું જોરથી સહું. ૨૯
પ્રભુ કળા અરે ઢાંકિ ના રહે, તરત ચિન્હ તો સર્વ રે લહે;
ઘરવિષે સહૂ ધિઃક તો કહે, બળતરા બહૂ જીવના સહે. ૩૦
સહુ વિચારતાં ઝેર આપવા, જુગતિ તો કરે અંત આણવા;
મમત[૧૨] જન્મથી ભારિરે હતો, કુડ વિચાર તે તો ફરી જતો. ૩૧
બહુ દવા લિધી કે કયમે ઝરે, પણ સર્યું નહીં કોઇ કાજરે;
ત્રણ અને વળી માસ એકરે, ગરભ ને થયા જાય ટેકરે. ૩૨

---

૭ છિનાળું કરવાનો જોરસો. ૮ મિઠાસ. ૯ ભોગ(છ વખત બગડયા પછી)
૧૦ મમત; હઠ.-(જરેતારે સાંમીની સામી આવે; મારી ઇચ્છા તોડી પાડે)
૧૧ ઠકરાણી-(પેલો રસિક માટે) ૧૨ પ્રીતીથી જેમ મત તે.

બહુબહૂ મથે ગર્ભ ના ગળે, અતિસ બાપનૂં કાળજૂં બળે;
ધરનિ વાતથી દાઝતો બહૂ, અતિસ આકળો ટેકિલો કહૂં. ૩૩
'તિરથ જાતરા જાવું છે અરે, દિકરિવેશ તો કહાડવો મરે;'
નિમિત કહાડિને જૂહું રે કહી,(હમે)દિકરિ માત બે નીકલ્યાં સહી. ૩૪
અટણ[૧૩] તો થયૂં માસ પાંચનૂં,તિરથ જાવું તે માત્ર નામનૂં;
નવ પુરા થયે બેસતે દશે, ગરભનૂં પછી શૂં હવે થશે. ૩૫
અરર વાટમાં ચાલતાં થયો, પ્રસવ પુત્રનો ના દિઠો ગયો;
અહહ કૂમળો રૂપ શૂં રૂડૂં, અરર ધિઃક હૂં મેં કર્યું ભુંડૂં. ૩૬
તરત ઓરથી મૂખ ઢાંકતી, જાણુતિ ભૂંડિ જે સોડમાં હતી;
"ન ન ન" મેં કહ્યૂં હાથને ધરી, પણ તછોડિ તે મૂકતી છરી. ૩૭
ત્રણ ઘડી લગી હૂં અચેત રે, કંઈ ન જાણ્યું મેં કહાં ગયો અરે,
જાણુતિ પાપિણી ફેંકિ આવિરે, રડતિ તે ખરે આંસુ લાવિરે. ૩૮
પછિ ગયાં હમે જાતરે વળી, તિરથ જોઈને ગાભરી ઠરી;[૧૪]
દુખ શું વીસરૂં પુત્રનૂં અરે, દુખ બિજૂં કને આવતૂં ખરે. ૩૯
સમય તો દિઠો આવતો ખુરો, અરર વેશને કહાડવો પુરો;
મુંડણ જે સમે મ્હારૂં રે થયૂં, શરિર સામટૂં સોસિ તે ગયૂં. ૪૦
સમય તે હજી હૂં ન વીસરૂં, અરર હાય હૂં કેમ ના મરૂં;
કરિ વિલાપ ને ચીસ પાડતી, ગઇ હન્મમની પાસ લાજતી. ૪૧
કરમ ચૂડિનૂં રે વળી થયૂં, કરમ ફૂટિ રે તે દિને ગયૂં;
વર મુઓ હું તો જાણું તે દિ રે, અરર કોઇ ના રાંડશો જિ રે. ૪૨
તિરથ કામને આટપિ જિને, નિકળવૂં વળી ઘેર જે દિને;
ધરથિ ખેપિઓ આવિને ઉભો, દુખથિ બાપડો બાપ તે મુઓ. ૪૩
ખબર સાંભળી દુઃખ તો કર્યાં, અધમ દીલ તો શોકથી ભરચાં;
ધિરજ મંનમાં આણિને ફરચાં,દિવસ સારિ[૧૪]ને ઘેર સંચરચાં. ૪૪
અતિસ પાપ જે રે કર્યાં હતાં, જાણુતિને સહૂ ભારિ સાલતાં;
રડતિ વાટમાં મા મરી ગઇ, પછિ હું બાવરી એકલી થઇ. ૪૫
ધણિ મુસીબતે ઘેર આવિરે, ઝટ હું ઓટલે વ્હેલિ ધાઇરે[૧૫];
વળિ પછાડિઓ ભારિ ખાધિરે, દુખ સમુદ્રમાં ઠેઠ લાધિરે.[૧૬] ૪૬

---

૧૩ ફરવું; રખડવું. ૧૪ અટકી; પાછી હઠી; ખંચાઇ. ૧૪ શ્રાદ્ધ કરીને.
૧૫ એકદમ ઓટલા તરફ દોડી(માથું કુટયું) ૧૬ તળિયે બેઠી.

સહુ કુટુંબ ને નાતિલાં મળ્યાં, દરદ જોઈને દુઃખથી ગળ્યાં;
હડડ તો કરી ઓછ ના મુકી, અધમ પાપિણી ખૂનિ હું ચુકી. ૪૭
પછિ દયા કરી દુઃખ જોઇને, 'કરિશ શૂં ભુંડી છોડિ રોઈને;'
'પડિ શિરે હવે સોસવૂં ખરે,' કહિ કરી વળ્યા લોક ઘેરરે. ૪૮
પિહરમાં મને પોતિકાં નહીં, દુર સગાં સહૂ દુશ્મનો સહી;
દિકરિઓ[૧૭] કને ના જવાદિએ, બગડશે રખે મંનમાં લિએ. ૪૯
ન ગમતૂં મને સાસરે જવૂં, વર મરી ગયો તેથિ તેહવૂં;
ઘરવિષે રહૂં એકલી અલી, સહુજ બોલશે અન્યથા[૧૮] વળી. ૫૦
મન વિચારિને કાકિને કહ્યું, 'જ જ જ શંખિણી' બોલિ તે સહ્યું;
બહુ બિજતણૂં બોલવૂં થયૂં, મન મનાવિને સર્વ તે ખમ્યૂં. ૫૧
વળિ વિનંતિ મેં પાછિ કાકિની, કિધિ ઘણી અરે ડાહિ દક્ષણી;
"સમજ છોકરી રે ન રાખું હૂં, મરજિ હોય તો સાસરે કહૂં." ૫૨
ઠિક મને કરો સાસુ હાથરે, જબર છે બહૂ સર્વ સાથરે;
'કહિશ સાસુને' કાકિ બોલિરે, શિખ દિધી કંઈ દીલ ખોલિરે. ૫૩
(પણ) શું સસરો અને સાસુ માનશે? વગર કારણે ખેન હોરશે?
શું ઉપજવશે સૂળ હાથથી? શું સખણી વહૂ રેહ જતથી?[૧૯] ૫૪
અતિસ આજ્ઞવો[૨૦] કાકિએ કર્યા, શ્વશુર[૨૧] સાસુથી વેણ નીસર્યાં;
જુકતિ કીધિરે કાકિએ ઘણી, સમજિ સાસુએ 'હા' વળી ભણી, ૫૫
અહરનીશ રે સાસરે રહૂં, હરઘડી સહૂ વેણ હૂં સહૂં;
બહુબહૂ સહૂં બ્હાર ના કહૂં, સરવ વાતને મંનમાં લહૂં. ૫૬
જયમ પિહેરમાં તેમ સાસરે, વધતું ઉલટૂં સાસરે ખરે;
દુખ પડયું વળી તાંહ જે બહૂ, જુલુમની કથા શી કહૂં સહૂ. ૫૭
અતિસ લાંબિ મેં વાત છે કરી, પણ હજી રહી છે બહૂ ખરી;
પણ હવે અરે આટપૂં છઉં, સમજજો ટુંકામાં ઘણૂં કહૂં ૫૮
વરસ બે વિત્યાં વેણ સાંભળે, ગુજરિ મૂકું તે કેમ આભલે[૨૨];
વર હતો ભલો જે નણંદનો, ઘરજમાઇ તે રંગિલો ઘણો. ૫૯

---

૧૭ લોકો પોતાની દીકરીઓને મારી સાથે બોલવા ન દે. ૧૮ ઉલટું; નઠારૂં (એકલી રેહછે તે નઠારૂં કામ કરતી હશે) ૧૯ (એ બોલવું ગ્રંથકારનું છે) ૨૦ કાલાવાલા. ૨૧ સસરો.

૨૨ ઊંચે; આકાશે; ટોલ્લે (એવી તો જોસ્સામાં હું આવી ગઇ કે મારો ઉભરો કેમ ડામી રાખું—નહીંજ રાખું; આજ તો હું સઘળું બોલી દેવાની)

નણુદિ જહાં સુવા તે કને જતી, મજ સુવાતણી કોટડી હતી;
વળિ રમે બહૂ રંગ રોજરે, હું તડમાંથિ તે જોતિ મોજરે. ૬૦
અરર પાપિણી જોઇ રોતિરે, કરમ હાથ હૂં મુકતીતિરે;
મરિ ગઈ નહીં મોતને તિરે,[૨૩] ભવ તરી કયમે ઊતરૂં તિરે?[૨૪] ૬૧
પુરુષ તે ગમ્યો ફાંકડો મને, ગમિ હું તેહને ખૂબ રે બને;
બહુજ વાતતો રોજ રે બને, બહુજ વેળ તો રેહ તે કને. ૬૨
વિતિ હતી વળી સાંભરી ખરે, પુરુષ પ્હેલ તો નિત્ય તે કરે;
રમિ હું રંગ તે નીતિ ભંગરે, હલકુ[૨૫] તો થયૂં સર્વ અંગરે. ૬૩
વરતિ[૨૬] દુઃખની ખાડિમાં પડી, વરતિ[૨૭] ગર્ભને ભારિ રે રડી;
વિવિધ ઓસડો દાયણોતણાં, અમસતાં કરયાં બ્હીકથી ઘણાં. ૬૪
અળગિ જૂઠિ[૨૮] હૂં બેસતી ખરે, તજવિજે છુપૂં રાખતી અરે;
જ્યમત્યમે કરી માસ ચાર રે, વળિ નિભાવિયૂં એમ ધારરે. ૬૫
દશ ઉણા[૨૯] રહ્યા પાંચ માસરે, થરથરી અને મૂકિ આસરે;
છુપું ન રેહ ને જાય લાજરે, કરૂં ઉપાય તો કાલ આજરે. ૬૬
ભયથકી અરે નાસિ હૂં ગઈ, ગઇ તળાવમાં ડૂબવા અઈ[૩૦];
ખિલિ હતી બહૂ ચંદની જહીં, ન અજવાળું[૩૧] રે મંનમાં કહીં. ૬૭
મરદ એક મેં ત્હાં દિઠો ખરો, થઈ હું ગાભરી જોઇ આકરો;
કંઇ વિચારતી એટલે ઢળ્યો, મુજ કને ધસી આવિ તે રહ્યો. ૬૮
પછિ મને ખુણે તેડિ તે ધસ્યો, કરમ જોરથી આટપી ફસ્યો;
અતિશ્રમે કરી છોકરૂં જણ્યૂં, અધુરૂં કૂમળૂં ગોરૂં તે ઘણૂં. ૬૯
મરણતુલ્ય તો હૂં થઈ રહી, ચિતનિ શુદ્ધિ તો રે ગઇ વહી;
અધુરૂં છોકરૂં જો ન જીવતૂં, પગથિ ચાંપ્યું મેં ત્રાસથી હતૂં. ૭૦
ખટપટો થતે વ્હાણું વાયું રે, રહિત શુદ્ધિ હૂં કાંહ જાઉં રે;
લઇ ગયો મને ચોકિદાર તે, બહુ બિવાડતો વાટમાં જતે. ૭૧
નર હરામિ તો નાસિરે ગયો, રહિજ એકલી જીવ કાં રહ્યો ?
'ધરતિ માગ તૂં આપની અરે, તરત પેસિ હૂં જાઉંરે ખરે.' ૭૨

---

૨૩ હથિયાર. ૨૪ કાંઠો; પાર; ઓવારો. ૨૫ ઘણા દાહાડા બંધ હોવાથી શરીર જે ભારી થયું હતું તે હલકું થયું; સંતોષ વળ્યો.
૨૬ પછી; વળતી. ૨૭ પારખી; જણીને. ૨૮ (કેટલાંક બૈરાં પોતાના પ્રીતમને મળવાસારૂ ઘરનાંને શક ન આવે માટે તેમ કરેછેજ) ૨૯ ઓછા.
૩૦ અરે. ૩૧ (બાહાર ખરેખરી ચાંદનીહતી પણ પેલીના મનમાં ગભરાટ તેથી તે એમજ જાણતી કે રાત અંધારીજ છે)

લઇ હું છોકરૂં ચાલતી હતી, સરવ લોકની ભીંડ તો થતી;
નગરમાં બહૂ ત્રાહ્ય ત્રાહ્ય રે, હહહ હો હ હો હોય થાય રે. ૭૩
કહિજ વાત મેં કોટવાલને, શરમ લાજને ઉંચિ મેલિને;
કરમ તો કરચાં મેં હિણાં ભુંડાં, મરતિ હૂં નથી માર તૂં રૂડા. ૭૪
વિગત વાતને સાંભળી સહૂ, હૃદય સર્વનાં પીગજ્યાં બહૂ;
ઘટતિ આસનાવાસના કિધી, ઇસપિતાલમાં મોકલી દિધી. ૭૫
વિવિધ વેણથી કોટવાલ તો, સકળ લોકને શીખ આલતો;
'કંઇક રીતથી મંનમાં ધરો, ફરિથિ રાંડિનાં લગ્ન રે કરો.' ૭૬
'નફટ હિંદુની ચાલ છે અરે, શરમ રે હિણા હિંદુઓ ખરે;'
'અબળ દુઃખથી કેમ ના રૂઓ, અધમ પાપને કેમ ના જીુઓ?' ૭૭
તરત તો સહૂ હા ભણી ગયા, વળતિ તેમના તેમ તે રહ્યા;
ગઇજ લાજરે બાકિ ના રહી, સઘળિ વેદના હિંમતે સહી. ૭૮
હું મહિને ત્રણે બ્હાર નીકળી[૨૩], જઇ કરી ભલા મુખ્યને[૩૩] મળી;
બુદ્ધિ શિખામણો તેમણે દિધી, ઉંડજિ નીતિ મેં મંનમાં લિધી. ૭૯
મુક્ત કેદમાં નક્કિ જાણતી, બહુ વિચાર હૂં મંન આણતી;
પ્રભુતણો અને કોટવાલનો, દિલથિ પાડ હૂં માનું છૂં ઘણો. ૮૦
હમણાં ન્યાતની બ્હાર છૂં અરે, ફિટફિટો સહૂ થાયછે ખરે;
ઘણું શું બોલું રે ધિઃક ધિઃક રે, ધણિજ પાપિણી ભોળિ છેકરે. ૮૧
મજ કને નહીં કોઈ માણસ, ઉદર વ્હેરતી કર્મ[૩૪] કાનસ;
રડતિ કર્મને પોક મૂકતી, અરર હો પ્રભૂ શી હવે ગતી. ૮૨
થઇછું ઊંમરે વીસ ને ત્રણ, મરણ તો નથી આવતૂં પણ;
છું કસુવાવડે રોગિ હૂં અરે, ખબર દીનની નાત લે ન રે. ૮૩
રઝળતી ખરી રોજરે ફરૂં, ધણિ ધણી અરે વાત સાંભળૂં;
નરસિ ને વળી સારિ તે પણ, પણ દિલે ધરૂં નીતિનૂં પણ[૩૫]. ૮૪
નિયુસપેપરો વાંચતાં સુણૂં, મન વિષે બહૂ ચેવટો[૩૬] ધરૂં;
અબળ રાંડિની વારતા સુણૂં, મન વિષે બહૂ ઊલટો ધરૂં. ૮૫

---

૩૨ ઈસ્પિટાલમાંથી. ૩૩ કોટવાલને ૩૪ કાપેલાં દુષ્ટ પાપી કામરૂપી કાનસ, મારૂં પેટ વેહેરી નાખતી (મને પસ્તાવો થતો.)
૩૫ ટેક; વચન પાળવાનું અભિમાન. ૩૬ કાળજી; ખંત.

અધિપતી કને શોધિને ગઈ, સરવ વીતિ તે સાભટી કહી;
રહુછું તે કને રોજ હાલમાં, સમજિ મ્હાલુછું નીતિમાળમાં. ૮૬

સમરિ હું છઉં ના હવે ચુકું, પણ હું નીતિનું ના હવે મુકું;
સધળિ પાસથી હું ધડાઇરે, સરવ મારથી હું છુંદાઇરે. ૮૭
પરણવું નથી માહરે હવે, અવર રાંડિઓ તે બળે દવે[૩૭];
'કંઈ કરો અરે રોયરે દુખી, ઝટ કરો અરે લોક ઓ સુખી.' ૮૮
'ગરિબ રાંડિને દુઃખ છે ઘણાં, સધળિ પાસથી ખાય મેહણાં;'
'સુકન ના જુએ કોઇ તેમના, હડહડોતણી નહિંરે મણા.' ૮૯
'નરસિ વાતમાં હું ન એકલી, સહુજ રાંડિ તે તેવિ ભલ્ભલી;'
'ચ્હુલ મટોડિની ઘેર ઘેર રે, સહુજ રાંડિઓ પાપિણી ખરે.' ૯૦
'ઇશકભૂખિ કો દ્રવ્યભૂખિરે, વિવિધ રીતથી રાંડિ લૂખિરે;'
'દરદ જે હમે બોલિયે છિયે, સમજિ લોક રે દીલ લીજિયે. ૯૧
'ધણિજ દુર્દશા છે અમારિરે, સજ્જન લો તમે તે વિચારિરે,'
'કહિજ રાંડિની પીડ માંડિને[૩૮], વળિ કહું સુણો કાન માંડિને[૩૯]. ૯૨
'અભડવા જવું રોજ રોજરે, સરવ રાંડિની એજ મોજરે;'
'તજિ જ લાજને રાજિઆ અરે, ગજવવા પિટી બોલિ હાયરે.' ૯૩
'શુભ સહૂ બને કાજ જેહરે, થડથડી અરે હાંકિ દે ખરે,'
'શું અપરાધ તે રે હમે કીધા? ગરથ શા હમે રે લુહી લિધા?' ૯૪
'પુરુષનું બને કેમ લગ્નરે? વહુ મરી ગયે તે ફરી અરે?'
'પશુથકી હમે શું અરે ગયાં? સમજિ નાતરાં તે કરો કહ્યાં.' ૯૫
'દુખ અનેક તે સંકટો પડે, દિવસ કેમ તે જાયરે રડે;'
'પતિવના બિજા કોનિ આગળ, અરર વાંચિએ દુઃખ કાગળ.' ૯૬
'ઘર ખુણે રહી રોઈયે નિતે, નથિજ જાણિયે સર્વ સૃષ્ટિ[૪૦] તે;'
'બકરિની પડે બમ પાડિએ, રિત[૪૧] કસાઈની પાળિ સાંખિયે.' ૯૭

---

૩૭ વિધવાપણાંનાં દુઃખરૂપી અગ્નિ. જેમ દવ વનને બાળી નાખે છે તેમ વિધવાપણારૂપી દવ વિધવાઓને બાળે છે. વિરહાગ્નિ તો જુદાઈનુંજ દુઃખ પણ દવમાં એ અને વિધવાપણાંના વેહેમના દુઃખો પણ આવ્યાં.

૩૮ પેહેલેથી; શરૂથી. રાખીને; ધરીને. ૩૯ કામ કરીયે છૈયે.)

૪૦ (હમારે મને દુનિયાં છેજ નહીં એવાં મરણિયાં થઇને ન કરવાનાં

૪૧ વિધવાના ઉપર જુલમ ગુજરવાની જે રીત અને એ રીતરૂપી જે કસાઇ તેની પાળી-છરી-(જુલમ) સાખિયેછ.

'હહહ હાય હા હાય હાયરે, મરિ ગયાં અરે જીવ જાયરે;'
'અરર છૂટિએ પાડ માનિયે, જિવ નથી જતો કેમ રાખિયે?' ૯૮
'જનમ વેળ રે કાં મુઆં નહીં? વરનિ સાથ રે કાં મુઆં નહીં!'
'શરિર રોગથી કાં મુઆં નહીં? જયમત્યમેકરી કાં મુઆં નહીં?' ૯૯
'અરર મા અને બાપ ભાંડુઓ, દુખ તમે અરે કેમ છો જુઓ?'
'વિખ તમે અરે કાં ન દીધું રે? અરર મોતને જોત સીધું રે.' ૧૦૦
'શું કરિએ અરે આતમઘાતરે? શું કરિએ અરે બાળઘાતરે?'
'શું કરિએ અરે જારકર્મ રે? શું ભુલિએ અરે ધર્મમર્મરે?' ૧૦૧
'પુરુષ દેહ શું ભાગ્યશાલિરે? અબળ નારિની શું નકારિ રે?'
'સરજિઆ તમે પુણ્યકારણે? સરજિઆં હમે પાપકારણે?' ૧૦૨
'પશુદયા તમે તો કરો બહૂ, અમતણી કયમે ના કરો સહૂ;'
'બહુજ દીનને દાન દો ખરે, ગરિબ-રંકને દોષ દો અરે.' ૧૦૩
'મનુષજાતમાં ઊંચ નીચ જે, સરવ માનવી[૪૨] કલ્પનાજ તે;'
'પ્રભુતણે મને સર્વ એક છે, પતિત તે વળી નીચ છેક છે.' ૧૦૪
'અગર રાંડિ જો માંડતી થશે, ફરક ઊંચ ને નીચનો જશે;'
'નહિંજ બોલવું એવું સજજન, પતિત[૪૩] આપણે નીચ દુર્જન.' ૧૦૫
'કહિજ આજ તે રીત ચાલશે, સરવ નાતની કીર્ત્તિ વાધશે;'
'થઇશું ઊંચ રે નીચથી ટળી, જન સહૂ સુખી આશિષે વળી.' ૧૦૬
'દિયરસૂં થતાં રાંડિ નારનાં, પુરવ કાળમાં લગ્ન લાડનાં;'
'બહુ સુધા હતા તે સમે સહૂ, પરણતી ખરી વીધવા કહૂં.' ૧૦૭
'કળિયુગે[૪૪] બહૂ પાપ થાય છે, રતન બાળકો તો મરાયછે;'
'ભયથિ સ્ત્રીતણા જીવ જાયછે, ઘર કુટુંબમાં હાય હાય છે.' ૧૦૮
'સમય દેશને લો વિચારિરે, સરવ શાસ્ત્રના ગ્રંથ ધારિરે;'
'સરસ પુણ્ય તે લાભકારિરે, સમજિને કરો કામ જારિરે[૪૫]. ૧૦૯
'હું લવિ હોઉ જો કાંઇ ઊલટૂં, કરિ ખમા અને લેવું સૂલટૂં;'
'કરવું માનિને હૈયું ખૂલતૂં, ભરિ ઝરો દયા રાખિ ઝૂલતૂં.'[૪૬] ૧૧૦

---

૪૨ એ માણસનાં મનની કલ્પના છે અથવા એ વિચારને કલ્પનાજ જાણવી. ૪૩ પાપી; ભ્રષ્ટ; પડેલા. ૪૪ જ્યારે સદાચારી લોક હતા તારે પુના વૈવાહ થતા અને જ્યારે દુરાચારી લોક છે તારે ન કરવા? ન કરી પાપ વધારવું? ૪૫ શરૂ.

૪૬ દયા ભરીને પછી હૈયાને ઝૂલતું રાખી તે દયાનું ઝરણ હમને

'વિધવા લગ્નની વાતથી ઠરો,[૪૭] અમલમાં હવે આણતી કરો;'
'શુભ ઉપાર તે ઝટ આદરો, જય જયો કરી સ્વર્ગ સાંચરો.' ૧૧૧

વાંઢાવિલાપ.

(હરિગીત.)

શું શું કહું હેવાલ ભાઇ, અન્યા હાલ હવાલ રે;
દિવસ કહાડું રોઈ રોઇ, લોકનું નહિં વ્હાલ રે. ૧
કર્મકથની સર્વ જનને, શ્રવણ કરવા જોગ છે;
ભૂંડિ હાલત વેઠું છું હું, તંન મનમાં રોગ છે. ૨
રાંડિ તે પરણે નહીં કાં, જુલુમ શો એ મોટ છે;
વ્હેમથી હું રખડિ થાકયો, લાભ નહિ પણ ખોટ છે. ૩
ગરીબીને કારણે હું, કુલિન પણ પરણ્યો નહીં;
મ્હોટ પલ્લાં ન્યાતમાં ને, બાળકી થોડી સહી. ૪
નીતિથી ઉદ્યમે મેં રહિ, ગર્થ ગાંઠે રે કરયો;
વીસ વરસે પરણતાં કે, થયો ન્હાલ હું તો ઠરયો. ૫
સોળથી વિશ વર્ષ સૂધી, દિવસ દુખમાં કહાડિયા;
બ્હાર નિકળ્યાં હાડ ને બહુ, તાવ પીડે હાડિયા. ૬
ટાળ્યું મ્હેણું લગ્નથી બહુ, ના કુંવારા તો રહ્યા;
કાલ વ્હાણે મોટિ થાશે, આશથી દુખડાં સહ્યાં. ૭
ન્હાનિ પરણ્યો હું વહૂ તે, વરસ નવની દૂબળી;
આવિ આણે ચૌદ વર્ષે, પ્હેલિ તો લાગી ગળી. ૮
વર્ષ સાતક દુઃખ ભારી, નારિવણ મેં ભોગવ્યું;
નારિ પર[૧] ને નાયકાસું, તંન મન નવ જોગવ્યું. ૯
સોળની તે મોટિ થઇ વહુ, વિચાર કંઈ સારા નહીં;
યુકિતથી સમજાવિ હેને, આણિ ઠેકાણે સહી. ૧૦
સૂખ ભોગવ્યું દોઢ વર્ષજ, ગર્ભ પછિ તેણે ધર્યો;
કોડથી બહુ અધરણીનો, ખર્ચ રૂડો મેં કરયો. ૧૧

પાઓ—હમારાપર દયા કરી હમને ફરી પરણવાની છુટ આપો. ૪૭ સંતોષ પામો. ૧ પારકી નારી.

બાયડી વ્હાલી ઘણી પણ, છાજિ નહિં રે તે કંઇ;
પામિ મૃત્યૂ જણુતિ જણુતાં, દુઃખકાંઠો શો અંહી. ૧૨
શોકમાં પછિ હૂં ડુબ્યો રે, વર્ષ બે વીતી ગયાં;
ત્રીસની વય થઇ પુરીને, કુંવારા પાછા થયા. ૧૩
પર્ણુવાને મંન મુજ પણુ, શૂં કરૂં રે હૂં રડી;
ઘેર આવે બિજાં પાંચે, રૂડિ બૂંડી બાયડી. ૧૪
તરૂણવસ્થા ગઈ ઘસાઇ, ના દિઠૂં સ્ત્રીસુખ ખરે;
ચાલ હત ફરિલગ્નનો તો, સૂખિ વ્હેલો થાત રે. ૧૫
ન્હાનિ પરણી શૂં કરૂં હૂં, પંડે કરવી વેઠ રે;
ચાલ હત ફરિલગ્નનો તો, થાત સૂખી નેટ[૨] રે. ૧૬
રાંડ ને પરનારઊપર, કાં હવે નજર કરૂં;
નીતિભંગજ થાય પણુ રે, કેમ મંન વિષે ઠરૂં. ૧૭
પાપ જે એ સર્વ થાયે, તે તમારે શીશ રે;
ચાલ કાંકે હિણુ તમારો, રૂઠે પાપે ઈશ રે. ૧૮
વૃદ્ધને કન્યા મળે નહિં, નિર્ધની પણુ રોય છે;
વેઠિ અડચણુ કામ ઘરને, દુઃખિ બહુબહુ હોય છે. ૧૯
શાસ્ત્ર કહે પણુ જન ન માને, દુઃખ દિલમાં શૂં ધરૂં;
નર[૩] માંહિ સ્વતંત્રતા નહિં, બૈરિ બૈરી હૂં કરૂં. ૨૦
દેખું સ્ત્રી સહુ કામમાં ને, જોઇ ગાંડો થાઉછૂં;
માર ખાઊં બહુ જગાયે, બ્રહ્મનીતી વાહુછૂં. ૨૧
મર્દ કરવે નર છૂટો, એમ વળિ કહેવાય રે;
મ્હોટિ એ લુચ્ચાઇ પણુ રે, નર્ક તે નર જાય રે. ૨૨
કામ ઘરનાં ચૂકિયે સહુ, ઉદ્યમે નહિં મંન રે;
નિત્ય સ્ત્રી સુખનેજ ઇછિયે, કરો કાજ સજંન રે. ૨૩
નીતિથી વર્ત્તું હું તોપણુ, સર્વ વાંઢા ના રહે;
ગર્ક થઇ કૂકર્મમાં નિત, નીતિને જૂઠી કહે. ૨૪
સ્વપ્ન પીડે રાત્રિયે બહુ, ધાત મિથ્યા જાય રે;
બંધ રહે કોસમે ત્યારે, પર્મિયા વળિ થાય રે. ૨૫

---

૨ નક્કી. ૩ છિનાળામાં.

લોક મૂંકે આળ મોટાં, જૂઠ તેહ મનાય રે;
દુઃખ વાંઢો અતિસ વેઠે, મુખે શું કહેવાય રે. ૨૬
પાળું નીતી નિત્ય પણ કો, ના કરે વિશ્વાસ રે;
ઘરસ્થ થઇને ડાટ વાળે, હોય તે તો ખાસ રે. ૨૭
દુઃખિ વિધવા દુઃખિ વાંઢો, નિત્ય આતુર હોય છે;
ખુંદ સ્વાતી[૪] ઝીલિ લેવા, વાટ ચાતક જોય છે. ૨૮
થાય રાંડી માંડિ વ્હેલી, જાય વાંઢા[૫] નામ રે;
ઘર વધે પરજા વધે ને, થાય દિલથી કામ રે. ૨૯
પાપ ઝારી પુણ્ય ભારી, ધારિ વાઢાકાજ રે;
લગ્ન વિધવાનાં કરી દો, ઇશિગમતું કાજ રે. ૩૦

એક વાણિયા શેઠને વિધવાનો વિનંતિ.

(લલિત.)

વૃજનિવંન[૧] તૂં પ્રેરણા કર, વૃજનિવંનના[૨] પ્રેહને હર;
સુમતિ આપ તૂં આ સમે હરી, દરદ રાંડિનાં તો સમે વળી. ૧
મરણ પતિનૂં સાલતૂં અરે, વૃજનિવંનરે દુઃખિ તૂં ખરે;
અકળ છે કળા ઇશ્વરી ધણી, જુગતિ ના રહી માનવીતણી. ૨
તનિ દઇ હવે શોકને સહૂ, પ્રુટડિ ડાહિ તૂં શોધને વહૂ;
ચુકિશ તૂં નહીં આપુછૂં પણ, વરતિ મંનને હૂં ભલામણ. ૩
વળિ વિવેકથી જોઇને વટી[૩], જુલુમ વ્હેમના વાટને વટી[૪];
લગન જો કરે તો કહૂં કર, અકળ બાળકી વીધવા વર. ૪
પ્રથમ ચાલ તે ચાલશે તુંથી, જયજયો થશે દેશમાં તુંથી;
સરવ વીધવા આશિષો બહૂ, ઉમળકાથકી આપશે સહૂ. ૫
ગરિબ જંનને લોક તો હસે[૫], (પણ) ઉલટિ શેઠની વાહવા ભણે;
ઊલટિઊલટી[૬] ઉલટે[૭] કહે, વિવિધ રીતથી "ધન્ય" આંગણે. ૬
હિંમત હારિ તૂં પૂઠ ફેરવે, અવર તે કયમે કાર્ય ઠેરવે;
તુજ વિષે બહૂ સિંહશૂર છે, વણિકબુદ્ધિ તો ધર્મધૂર[૮] છે. ૭

૪ સ્વાતિનક્ષત્રનું બુંદ. ૫ વાંઢા એ જે હલકાં નામ તે.
૧ કૃષ્ણ; વૃજનું જીવન. ૨ શેઠિયાનું નામ. ૩ હે વટવાળા. ૪ વટાવી—ઓળંગીજઇને. ૫ હસ્યામાં કહાડી નાખે. ૬ ઉલટી—ઉછળી ઉછળીને. ૭ ઉમંગથી. ૮ ધર્મ કરવામાં ધૂરિ—આગળ પડતી.

મધુર સ્વાદ છે દીન પાળવે, અબળા જાત તો તૂજ પાલવે[૯];
અવર લોકમાં તૂં ધણો લવે, કર તું પાલવે[૧૦] કે ન પાલવે. ૮
સમજિ આ સમે વીધવા પણુ, વળગશે નહીં કાંઇ ખાંપણુ;
અબળિહૂં છઊં વીંધ[૧૧]વા[૧૨] પણ[૧૩], ઘણું ભુંડૂં અરે વીધવાપણુ[૧૪]. ૯
બળતિ વીધવા ત્રેહને દવે, રડતિ વીધવા દુખિ આ ભવે:
પ્રભુ કુટુંબનૂં ભૂંડું તે લવે, કર દયા અરે શેઠ તૂં હવે. ૧૦
ધિરજ તો ધરી આટલી અરે, પણ હવે નહીં ધીરિ હૂં ખરે;
સમય આ રૂડો તે ફરી નહીં, લગન રાંડિનૂં લે કરી સહી. ૧૧
વિનવું છૂં તને પ્રૌઢ શેઠિયા, કર ગરીબનૂં કાજ શેઠિયા;
નહિ ભુંડૂં કહે કોઈ લોકરે, ઉલટિ તારિફો લોક તો કરે. ૧૨
વ્રજનિવંન દે ચિત્ત વાતમાં, વ્રજ[૧૫] જિ શેઠ તૂં સૂધિ વાટમાં;
વરજ[૧૬] વ્હેમ ને બ્હીકને બહૂ, વર[૧૭] જ[૧૮]વીધવા આકળી કહૂં. ૧૩

દૃષ્ટાંત.

(સાખી)

લૂહાણાની ન્યાતમાં, નો'તો આગળ ચાલ;
વિધવા તો પરણે નહીં, ન્યાત ધણી બેહાલ–સમજ કંઇ શેઠ આ ટાણે. ટેક.
ન્યાત શેઠની દીકરી, બાળક વિધવા જેહ;
સમજૂ ડાહી તે ખરી, કામેપીડાઇ તેહ–સમજ૦ ૧
વશ થઇને તે કામને, રમી જરૂં ધૂપાઇ;
પેટે દાહાડા તો રહ્યા, તારે બહૂ ગભરાઇ–સમજ૦ ૨
મનમાં તો અકળાઇ તે, પણ હત્યા નહિ ક્રોધ;
રડિ પડિ જઇ બંધૂકને, જેણે દિલાસો દીધ–સમજ૦ ૩
તે બોલી "ઓ ભાઈ રે, વિધવા દુઃખ અપાર"
"તે પિડમાં પડિ બાપડી, પાપ કરે બેસુમાર"–સમજ૦ ૪

---

૯ શરણે; આસરે. ૧૦ (પછી તુને ગમે કે ન ગમે તોપણ)
૧૧ મારી નાખ. ૧૨ અથવા. ૧૩ લગન કર. ૧૪ વિધવાપણુ.
૧૫ જા; ફર (જી, શેઠ–ઓ શેઠ) ૧૬ ત્યાગ કર; છોડ. ૧૭ લગન કર; પરણુ.
૧૮ (નકી અર્થમાં)

"પરણે વિધવા બાળકી, અનાચાર લોપાય";
"સુખ સંસારી ભોગવે, આશિષ બહુ દેવાય"–સમજ૦ ૫
બ્હેનવેણને સાંભળી, સમજ્યો મનમાં ભાઈ;
'બ્હેને દાટજ વાળીઓ', બોલ્યો તે ગભરાઇ–સમજ૦ ૬
વ્હાલ તેનું બહુ બ્હેનસૂં, તેથી દાઝ્યો છેક;
પણ ક્રોધ મંન સમાવિને, બ્હાર ધર્યો વીવેક–સમજ૦ ૭
બ્હેનવદન દયામણૂં, તરુણી તેજ અપાર;
ડાહાપણમાં તો નહિ મણા, નિરખ્યાં વારંવાર–સમજ૦ ૮
વિધવાપિડ મનમાં વસી, રોમ રોમ બહુ શોક;
બ્હેન બંધુ બેહુ એક કોટ, રોયાં મૂકી પોક–સમજ૦ ૯
વળતી ધીરજ ધારિને, આણી હિંમત અંગ;
વચન બ્હેનને આપિયૂં, રડતી રાખી રંક–સમજ૦ ૧૦
પિતા કને બંધૂ જઇ, સમઝાવ્યો બહુ પેર;
શેઠ પીગળ્યા આખરે, પ્રથમ ઉડયા રિસભેર–સમજ૦ ૧૧
ન્યાત બોલાવી તે સમે, સહુને જુહાર કીધ;
પુનર્વિવાહના લાભ તે, ઝાઝા કરયા પરસીધ–સમજ૦ ૧૨
ભાષણ સુંદર ઓચર્યું, વિસ્તારી કરી વાત;
કરૂણારસ ઉપજાવિયો, ન્યાત રડી તે વાર–સમજ૦ ૧૩
પોતાની કહી વારતા, આણી આંસૂ આંખ;
ત્યમ ત્યમ સહુ દુઃખથી ભરયા, વીચારે દુઃખરાંક–સમજ૦ ૧૪
સહુ મળી નિશ્ચય ઠેરવ્યો, શાસ્ત્ર પ્રમાણે થાય;
પુનર્વિવાહ વિધવાતણો, લેશ ન દોષ કેહવાય–સમજ૦ ૧૫
એ પરમાણે ન્યાતમાં, શેઠે કીધી પ્હેલ;
જેને આશિષ હરઘડી, વિધવા દે છે સ્હેલ–સમજ૦ ૧૬
શેઠતણૂં શુભ નામતો, વિસરીછું હું હાલ;
ધન્ય ધન્ય એ શેઠને, કહુંછું ધરી બહૂ વ્હાલ–સમજ૦ ૧૭
લૂહાણાનો શેઠિયો, જેણે કહાડી પ્હેલ;
વિધવા બંધો છોડવ્યા, નામ અમર ભણ વ્હેલ–સમજ૦ ૧૮
ધન્ય બ્હેન ને ભાઈની, સાચી પ્રીતી જેહ;
ધીરો વીરો વીર તે, જાણે જીવે હજી તેહ–સમજ૦ ૧૯

(ગીતિ.)

માતપિતાસંયોગે, ભૂડાં યોગે[૧] થઈ પ્રગટ ગરભે;
વિધવાવસ્થા વેઠું હું, ના જાણું કિયાં જનમ કરમે ?! ૧
બાળકરાંડી હું છું,વિધવાપિડમાં પડી બહુ કસાઈ[૨];
વીતે તે તો જાણે,વિધવાપણું તે ખરેખરું કસાઇ[૩]. ૨
સરવે દેશી મિત્રો, ભાઇ બ્હેનો પિતા અને માતા;
ઉભરો ઝીલી મ્હારો, વિવાહ પાછા કરો હવે થાતા. ૩

વૈધવ્યચિત્ર—ભાગ ૨ જો.

(ગીતિ.)

જય જય જય જગદંબા, રંબાં[૧] જબાં સદાય શિવસંગે;
હર હર હર મમ માતા, માતા તાતા વિકાર જે અંગે. ૧
જિવજંતૂ પશુ પંખી, મનુષ્ય વિધ વિધ ઘટઘટ જગમાતા;
પોષણતોષણદાતા[૨], તાપ સમાવી કર સહુ સુખસાતા. ૨
સકળસુરાસુર[૩] સેવી, એવી દેવી ક્ષમા કરી વાંક;
વિનતિ કરું કર જોડી, વિધવાબંધો તું છોડ તે રાંક. ૩
વિધવાપણુની પીડો, પાપો તેથી ઘડાય જે મોટાં;
કરુણા[૪] ત્રાસજ[૫] ઉપજે, કંપો ઝૂટે વિચારતાં જોતાં. ૪
કુમળીજાતી[૬] દાઝે; કુમળીછાતી[૭] કયમેકરી સાંખે;
આંખે કવિજન જોઇ, ઉભરા તે કયમ દબાવિ રે રાખે. ૫
વિધવાપણુની મૂર્ત્તિ, રસ[૮] કરુણા ને બિભત્સથી ચિતરી;
ભાવોથી[૯]કરિ મિશ્રિત,કવિમતિ પિછિ તે ધણીલુલીચિથરી. ૬

(ચામર)

શક્તિમાન ને કૃપાનિધાન પાપના અરી,
જ્ઞાનવાન વિશ્વમાન્ય નાન્યદેવ હે હરી;

---

૧ જારે માબાપ પ્રથમ મળેલાં તારે કોઇ નઠારું નક્ષત્ર હશે. ૨ અનુભવ લીધો. ૩ ઘાતકી; પ્રાણીનો ઘાત કરનાર. ૧ જેનાં રમવાં ને જમવાં–જેનો સઘળો વેહેવાર શિવ સાથે છે એવી તું જગદંબા. ૨ પોષણ તોષણની આપનારી. પોષણ–પાળવું તે; તોષણ–સુખ આપવું તે. ૩ સુર–દેવતા ને અસુર–દાનવ બંનેએ સેવેલી એવી. ૪ પીડાથી કરુણા. ૫ પાપથી ત્રાસ. ૬ અબળા જાતી. ૭ હરકોઈ કુમળી છાતીનું માણસ. ૮ એ ગ્રંથમાં બે રસ છે–કરુણા ને બીભત્સ. ૯ વ્યભિચારી ભાવ (રસ પ્રકરણમાંના)

માંગિ લેઉંછું હું રંક રૂડિ બુદ્ધિ આલજો,
વાણિમાં મચાવિ રંગ કામ પાર પાડજો. ૧
આજ આ સમે સમાજને મને વસે બહૂ,
રાંડિરાંડનાં અસહ્ય પાપ ને પિડા સહુ;
તેમના વિવાહમાં પ્રસંન તો તું છે હરી,
પ્રેરણા કરીજ એમ સાહ્ય થા કૃપા કરી. ૨

બાળરાંડનું રુદન.

(ગીતિ.)

સાત વરસની રાંડી, પણ ના જાણ્યું સુખે રમી પુત્રી;
સમજતિ મુગ્ધા[૧] જરે, તારે જેવી હડખઇ થઇ કુત્રી. ૧
મુગ્ધા જોબનવંતી, સંસારી સુખ સકળ સરસ રૂડી;
માગ્યું પણ ના પામી, તારે ફોડી કપાળમાં ચૂડી. ૨
જૂવાનીની જે જે, બાળક તલપે[૨] અનુભવવા મોજ;
આશાભંગ જ તેમાં, ઉલટ ઉલટથી ઉછળતિ હતિ રોજ. ૩
સ્વામીનૂં સુખ નહિં કંઇ, સૂણી વેણો સખીતણાં કાંને;
મૂર્છા ખાધી મેં રે,પણ પછિ બોલી 'હું કયાંથિ આ રાને[૩]'. ૪
ઘરમાળો રે ભાગ્યો, પેટીયેાયે પડયાં હવે તાળાં;
પોપટજી કહાં ઊડયા, એકે બચ્ચું કને નહીં વ્હાલા. ૫
કાં રઝળાવી ઘેલા, મારે કરવા વિલાપ ઓ વ્હાલા;
માથું મુકાવી ખોળે, ના સંભળાવ્યા અલાપ[૪]જે કાલા[૫]. ૬
રણમાં[૬] ખરે બપોરે, પંચાગ્નીથી[૭] બળી બળી થાઉં;
કહે વ્હાલા કહાં જાઉં, ધુળ ફાકૂં હું વિરામ કહાં પાઉં. ૭

---

૧ સાસરે રેહેવાલેાગ થયલી તેટલી મોટી છોકરી.
૨ બાળક છોકરાંઓને મોટાં થવાનું ઘણું કોડ હોય છે–કે કયારે મોટાં થઇને મોટેરા જે મોજમઝા મારે છે તે મારિયે.
૩ રંડાપાના રાનમાં. ૪ રૂડાં ગીતો.
૫ પ્યારૂં પ્યારૂં લાગતું ગદગદ બોલવું (પ્યારીનું. જેવું બાળકનું અચકાતું બોલવું પ્યારૂં લાગે છે તેવું.) ૬ રંડાપાના રાનમાં.
૭ પોતાની બધી દિશાયે સળગેલો એવેા દેહ ને વ્હેમરૂપ જે અગ્નિ તેને ભડકે (જોગી હુનાળામાં પંચાગ્નિ સાધન કરે છે તે ઉપરથી.)

(આ જોબન આગે આગે[૮], બાળી કીધી વનસ્પતી બાખ;
આ કંઇ મુળિયાં છે તે, દુષ્ટ આગની પુરે કંઇ શાખ. ૮
જિવિ બળું વ્રેહે[૯] વ્હેમે, દિવસો દુખમાં ઘણા હજી લેવા;
ભોગ કરમના મારા, છુટકો કર તૂં કરગરિ કહું દેવા. ૯

(ગરબી.)

પિયુ એકલડો કયમ કીધો સ્વર્ગે વાસ રે;સરવ સખી તે અંગ ઉમંગે જાય જો,
વરની સંગે રંગ રમે છે સાસરે; કરમ આરસી ફૂટી મારી હાય જો, પિયુ૦
મૃત્યુમારે[૧] ચમ ચમ થાયે ચામડું; મ્હેણાં[૨] રૂપી મીઠે ચણુચણ થાય જો,
તડકે[૩] હું થઇ રહીછું સૂકું કામડું; કટકટ[૪] થાતે ઓછું આવે હાય જો, પિયુ૦
નંગ જોબનનું નંદવ્યું તેં રે કારમૂં; દેહ[૫] પ્રત્યક્ષ તે સ્વમાવત્ વહી જાય જો,
પિયૂવિના પ્રીતે હું વ્હાલા કયાં રમું; ઝંપ નહીં કંઇ દહાડે રાતે હાય જો, પિયુ૦
વાધ[૬] વરના જંગલમાં હું એકલી; સેજ[૭] પથારી મુજને ખાવા ધાય જો,
નથિ થાતી પિયુ સેજ[૮] પથારી રે અલી;પાડજ માનું પ્રભુ હું તારો હાય જો,પિયુ૦
સગાં સહુંને રાંડ એકલી હું નડું; હડહડ ફિટફિટ સઘળેથી સંભળાય જો,
પિયૂવિના હું ભૂંડી અચેતન છું મડું[૯];સખિ મંડળમાં હું જ અભાગી હાયજો,પિયુ.

---

૮ રંડાપાની આગે આ મારા જોબનના બાગની બધી વનસ્પતી બાળી નાખી છે. (જોબનનો ખ્હાર જતો રહ્યો છે). વનસ્પતિમાં, શરિરના અવયવો, શણગારો વગેરે સહુ આવ્યું. મુળિયાં–શરીરના બેસી ગયલા કદરૂપા અવયવો. (નુરવનાનું મ્હોડું)–એ સાક્ષી પુરે છે કે અંતરમાં રંડાપારૂપ મોટી આગ લાગી છે.

૯ વ્રેહે એટલે પિયુના સંભોગસુખવનાની થઇછ તે દુઃખ દેતા જોરસાથી અને વ્હેમે એટલે શણગાર ન સજાય તથા બધે હડહડ થાય એ દુઃખના જોરસાથી.

૧ તારાં મોતરૂપી માર પડવાથી. ૨ (ગુન્હેગારને બાંધી માર્યા પછી ઉપરથી મીઠાંનું પાણી છાંટે છે તેમ રંડાયાં એટલુંજ નહીં પણ ઉપરથી મ્હેણાં, હડહડ ખમવાં પડે છે.)

૩ રંડાપાના તડકાથી સુકાં કામડાં જેવી થઇ ગઇછું.

૪ (મ્હેણાં, તુચ્છકાર એ રૂપી કટકટ સાંભળીને મને ઓછું આવે છે કે મારો વર શાને મરી ગયો કે મ્હારે આ સહુનું સાંખવું પડે છે. સુકું કામડું વ્હેલું કટકટ ભાગી જાય છે તેમ હું રાત દહાડાના વ્રેહથી બળેલીને ઝટલઇ ઓછું આવી જાય છે.)

૫ (આ દેહ જેને હું દેખું છ ને જેવડે હું કામ કરું છ તે સ્વપ્ના જેવી છે. હું જીવું છ તે નજીવ્યા સરખી. મને કંઇ દેહ સુખનો અનુભવ મળવાનોછ? કંઈ નહીં.)

૬ (સાસરિયાં, પિહેરિયાં, લોકો જે મને તરછોડયાં કરવાનાં તે રૂપી જે વાધ વરઓ તેના જંગલમાં–એવા રંડાપાના રાનમાં) ૭ શય્યા; પાથરણું.

૮ સેહેજ; વ્હેલી વ્હેલી. ૯ સુકાઇને લાકડાંની ગાંઠ જેવું થઇ ગયલું મડદું.

જનમારો લાંબો બહુ લેવો છે હજી; શી શી ઉઠશે અંગે મારે લ્હાય જો,
આ શણગારો દેવા સહુ છે રે તજી; સજિકરિ હું કંહિન ફરિ ભૂંડી હાયજો, પિયુ૦
ઓ વ્હાલા મ્હેલીને પિયુ કેમ રે ગયા; સુળ સાલેથી નીસાસા નંખાય જો,
વરવહુના મેળાપો રે કંહી ના થયા; મ્હારા તમારા મનની મનમાં હાય જો, પિયુ૦
ભોગ ભોગ રે મારા તે પિયુ ભોગ રે; 'ધણી વગર તે ઢોર સુના' કેહેવાય જો,
રવે રવે પસર્યો છે વ્રેહનો રોગ રે; હાય હાય છે હાય મને રે હાય જો, પિયુ૦

વેશ ઉતારતી વખતની અકળામણ.

(ગરબી.)

આખર[૧] આ દીન આવ્યો રે, આખર કેમ ન લાવ્યો. ટેક.
કુમળી વયે હું દુબળી બની પિઉ, કેમ કરી નીરાશ;
શણગરાઇ ધરાઇ નહીં નહીં, કીધા ભોગ વિલાસ. આ૦ ૧
ચુડી ચાંલ્લો ને ચોટલો ચારૂ, દેવાં તજી જીવ આજ;
કસુંબ કમખા[૨] કાજળ ને કંથ, હાય સોવાસણ સાજ. આ૦ ૨
હાથ પગ ડોકી મ્હોડું ને માથું, અડવાં અડવાં દેખાય;
જીવવું કડવૂં મરવું ભલૂં રે, અડવાં તે નાજ રેવાય. આ૦ ૩
વરનું કંઈ કારજ યાર[૩] સારે પણ, સ્વતંત્રતા ના પાઉં;
જાણ પડેથી હૂં લાજી મરૂં રે, જારે[૪] તો પાપી થાઉં. આ૦ ૮
આ શણગાર અંગાર થયા પિયુ, ભાર[૫] ખોયો મેં ધાર;
બોડકી બોડકી કહેશે કરશે, હડહડ મ્હેણાં માર. આ૦ ૫
રસોડું મારે સ્વાધીન થાશે, ધંધો આઠે જામ[૬];
સખ્ત મજૂરી કરતી કેદી,[૭] કે દી હૂં છૂટીશ રામ. આ૦ ૬
ભોગજોગે વળી સાંમી જાઉં, લોક કરે ફિટકાર;
સૂતાંસૂધી ગાળો ખાઉં, 'રંડા તે ભૂંડી નાર.' આ૦ ૭
વાલંદપણ પ્હેલું બોડવા માથું, આવે બોલાવ્યો ન ઘેર;
હળવી પડૂં હૂં ઠામ ઠામે બહુ, એથી રડૂં પીવૂં ઝેર. આ૦ ૮

---

૧ અંતે વેશ ઉતારવાનો દહાડો આવ્યો; પણ મારી આખર ન આવી.
૨ કાંચળી. ૩ યાર–જે પુરૂષ સાથે છીનાળું કરૂં તે.
૪ જારે–છીનાળું કીધાથી. ૫ ભારબોજ (ઘરમાં) ૬ પોહોર.
૭ હું કેદી, કેદી–જિયે દહાડે છુટીશ.

વાલંદ આગળ ધરવૂં માથું, હાયરે હૂં લાચાર;
રંડાપો તે મેં આજજ જાણ્યો, હાયરે ઓ શણગાર. આ૦ ૯

વિધવાને સાસરે દુઃખ.

(ગરબી).

ધણૂં હીણૂં વિધવાપણૂં રે, જેને વીતે તે જોય;
હૈયાશોકે ખૂણે રહી: પોકો મૂકીને રોય. ધ૦
જહારે ધણી મુઓ માહરો રે, વરશ ચૌદની હું ધાર;
રહેતી નવીજ વળી સાસરે: આશા રાખી મેં સાર. ધ૦ ૨
ઉત્તમ મુરત દસરાતણૂં[૧] રે, જોશી બોલે છે એમ;
ભોળાને ભરમાવે બામણા: હાય તેણે તજવ્યાંજ હેમ.[૨] ધ૦ ૩
પરણ્યો હતો મનગંમતો રે, તેને થયો આજાર;
ધણી ધણી સહી વેદના: આંખે આંસૂની ધાર. ધ૦ ૪
મંદવાડની મેં ચાકરી રે, કીધી ધણી બહુવાર;
પણ ના તુઠ્યો[૩] જગદેવલો: કંઇ ના રહ્યો આધાર. ધ૦ ૫
આંબે[૪] ચ્હડી ઉમંગથી રે, ધણી અધીર હું નાર;
કેરી ઉડાવી વંટોળીએ: ડાળે ધ્રૂજૂં અપાર. ધ૦ ૬
લુગડે ધરેણે હલ્લકી રે, જ્યારે સખીને જોઉં;
ચ્હડે ધણું મુખ માહરૂં: ભારે દમી હું રોઉં. ધ૦ ૭
સાસૂ નણંદ છે વાધણો રે, ઘર તો અધોર રાન;
તેમાં બકરી હું ત્રાસથી: નીત થાઉં હેરાન. ધ૦ ૮
ઘરમાં આવે કોઇ બ્હારનું રે, નાશી બૂણે ઘલાઉં;
જોવા સુણવાનું નવું હોય પણ: હાય સદા કેદી હૂં થાઉં. ધ૦ ૯
મારાં ધરેણાં લૂગડાં રે, સહૂ સાસુએ લીધ;
પીયરતણાં તે પણ ખરાં: કળો પેટીએ દીધ. ધ૦ ૧૦

---

૧ ગુજરાતીયોમાં ઘણું કરીને દસેરાને દહાડે વરવહુના જુદા ઓરડા થાય છે. ૨ સુનાના ઘરેણાં.

૩ પ્રસંન થયો. ૪ (હું જુવાનીના અંબાપર ચડી, કેરી–ધણીનું સુખ લેવાને આતુર થઇ એટલામાં મોતના ઝપાટાથી તે કેરી દુર તુટી પડી ને હવે હું આ પાતરાંવનાની ભાગી તુટી ડાળે–શણગારવનાની માઠી હાલતમાં ઘુમ્યાં કરૂં છું.)

છ પ્હોર તે રડતી કરું દે, ધરધંધો હું રોજ;
રાંધું દળું ધોઉં ને વિણું; પાસે જમની રે ફોજ. ધ૦ ૧૧
નણદીતણાં બહૂ છોકરાં રે, અધે મુતરે બહુ વાર;
ધોવા કરવાં તે માહરેઃ મુજ બળ્યો અવતાર. ધ૦ ૧૨
ઓડવા પેરવાને લૂગડાં રે, નહીં સાજાં લગાર;
માંદી પડું હું જાહરેઃ નહીં કો કહેવાનો ઠાર. ધ૦ ૧૩
જ્યારે અકળાઉં હું સામટી રે, ભુંડા કરું વીચાર;
નિકળી જાઉં કે કૂવે પડું: સુળ સાલે હજાર. ધ૦ ૧૪
જનમ ભુંડો બાઇરાંતણો રે, મોટું રાંડયાંનું દૂખ;
છુટકો કરે હવે તું હરીઃ નથિ અહિં લગાર સૂખ. ધ૦ ૧૫

વિધવાવ્રેહ.*

(ઢાળ 'વણજારા' નો પણ જરા જુદો.)

રહું શું હું મુજ દુઃખને, સાહેલી રે, આંતરડાંજ કપાય,.બની બહુ ઘેલીરે;
વ્રેહપીડા બહુ દોહેલી, સાહેલીરે, ક્યમે કીધી ન સમાય, કર સુખહેલીરે. ૧
આમ તેમ ભટકયાં કરું, સાહેલીરે, હોલવવા તનઆગ, બની બહુ ઘેલીરે;
ત્યમ ત્યમ હું વધતી બળું, સાહેલીરે, કાંઇ ન ફાવે લાગ[૧],કર સુખહેલીરે. ૨
હાય હાય વર કહાં ગયો, સાહેલીરે, લઇ ન ગયો કાં સાથ, બની બહુઘેલીરે;
શરિરસંબંધ કરયો નથી, સાહેલીરે, માત્ર ધરયો છે હાથ, કર સુખહેલીરે. ૩
ઝટ મરવું હું ભડું કહું, સાહેલીરે, રીબાવું ન સંખાય, બની બહુ ઘેલીરેઃ
અહીંથી તહીં હું તફડું, સાહેલીરે, દશ[૨] દિશ ખાવા ધાય, કર સુખહેલીરે. ૪
ચૂલે ચ્હડયું તેલ ખૂબ તપે,સાહેલીરે,ધૂમાડો ગોટે ગોટ,બની બહુ ઘેલીરે;
છણકો[૩] જળ તેમાં પડે,સાહેલીરે,છણ છણ થાએ મોટ,કર સુખહેલીરે. ૫
તેજ સમે ભડ ભડકોજ,સાહેલીરે,સળગી ઉભરાએ તેલ,બની બહુ ઘેલીરે;
તેવી હું કઢાઇ તેલ છું,સાહેલીરે;બળી[૪] સહું બાળું સ્હેલ, કર સુખહેલીરે. ૬

---

*એ લખતાં તો હું ખરેખરજ રડયો હતો.

૧ (છિનાળું કરવાનો.) ૨ ચાર દિશા, ચાર ખુણા ને હેઠળ.—બધી પાસથી. ૩ તુચ્છકાર. ૪ હું તો બળું છ તે પછી નઠારાં કામ કરીને-ઘણી ચિડાયાથી સામી થઇને બીજાને બાળું છું—દુખ દઉં છું.

ખાનપાનની વસ્તુઓ,સાહેલીરે,કડવી[૫] ગમે ન લગાર, બની બહુ ઘેલીરે;
લુગડાં ઘરેણાં ભાતનાં, સાહેલીરે, ધગધગતા અંગાર, કર સુખહેલીરે. ૭
રાત્ર દિવસ ઝંપૂં નહીં,સાહેલીરે,સૂતી ઉઠૂ ઝખ જાણુ, બની બહુ ઘેલીરે;
સાણાં આવે બનિ બાવરી,સાહેલીરે, નહિં તેને દેઉં દાણુ, કર સુખહેલીરે. ૮
અ ૨ ૨ ૨ કાંહાં વસૂં, સાહેલીરે,વસમા[૬] છે ઘરબાર,બની બહુ ઘેલીરે;
અનેક ઉઠે બુટ્ટા દીલે, સાહેલીરે, ચિંતા ચિતાસમ ધાર, કર સુખહેલીરે. ૯
અણસમજૂ સમજી નહીં,સાહેલીરે,હવે સમજી હૂં હાય,બની બહુ ઘેલીરે;
વૈધવ્ય[૭] કર જુલમી અતી,સાહેલીરે,ભાર[૮] તે કયમઝીલાય,કર સુખહેલીરે.૧૦
હું નાજુક નારી નાનડી,સાહેલીરે,આ શા મુજ અવતાર! બની બહુ ઘેલીરે;
આશા રાખી મેં ભોગની,સાહેલીરે,દુખભોગ થઈ લાચાર,કર સુખહેલીરે. ૧૧
પોપટ બેઠો બારીએ,સાહેલીરે, જોમી હૂં દોડી ઝટ્ટ, બની બહુ ઘેલીરે;
ઝડપતાં હૂં ચૂકી ખરે, સાહેલીરે,ભાંયે પડી હૂં ભટ્ટ, કર સુખહેલીરે. ૧૨
પોપટ તો ઉડી ગયો,સાહેલીરે,દીઠો રંગીલો કામ, બની બહુ ઘેલીરે;
જોતાં જોતાંમાં ગયો, સાહેલીરે, હાથ ઘસી રહી આમ,કર સુખહેલીરે. ૧૩
જનમારો દુખથી કહાડવો,સાહેલીરે,કેમ ગળાશે દીન,બની બહુ ઘેલીરે;
કહાં જઇ દીલાસા લઉં,સાહેલીરે,હરઘડી થાઉં ખિન્ન, કર સુખહેલીરે. ૧૪
હવે પ્રભુ છુટકો કરે, સાહેલીરે, સંકટ સઘળૂં જાય, બની બહુ ઘેલીરે;
પેટ ડાબીને રહું છું, સાહેલીરે, પ્રગટી પેટે બહુ લ્હાય, કર સુખહેલીરે. ૧૫

રાંડીરાંડનું રડવું.*

(દિંડીની એક ચાલ–મરેઠી રીત.)

બુણે રોઊં હૂં બહુ વિધવા નારી, ઘણી રીતે છૂં બહુજ નિરાધારી;
કહૂં સાચૂં છે તન મન આજરી, બિહૂં જોઇ રે જમદુતની[૧] સ્વારી. ૧
શિયાળે કાયા થરથર તો કંપે, ધણીસ્હોડે હૂં જારે સુતિ ના ઝંપે;
સુવાયૂ વાયે મદન[૨] ઉદે થાયે, ઉના ગોટાથી[૩] રૂદન કરૂં લ્હાયે. ૨

---

૫ મને કડવી લાગેછે અથવા એ વસ્તુઓ દાંતે કડવી ગમતી નથી. ૬ ભયંકર; મેહેનત–દુઃખ આપે તેવું. ૭ વિધવાપણારૂપી કર (સરકાર કર મુકેછે તે ઉપરથી.) ૮ કરનો ભાર–જુલમ.

* (એમાં શેાકુંક ઋતુનું વર્ણન છે.) ૧ દુઃખ દેતાં સગાં.

૨ કામદેવ–સંભોગની ઇચ્છા. ૩ પેટમાં ઉના ગોટા થઇ આવેછ.

દિશાએ[૪] જોઉં પુલ ફળ કોકીલાં, વંસતી લીલા ઘગઘગતા ખીલા;
રમૂ કહાં રંગો ઉદર[૫]વિષે ચૂંકો,પિયુ વિના ઠારે હઇડું રડતૂં કો? ૩
તપે ઊંનાળો તન તળસે તાવે, પુવારા બાગે વધુ બળતાં લાવે;
સુવાસી થંડા સુખઉપચારો તે,ગુજરૂં જોઇ નિશદિન હૂં રોતે. ૪
વળી ચોમાસે ઘન વરસે ઘોર,બહૂ ગાજેથી બિહુંછું સુણી સ્હોર;
આકાશે જોઉં ચમકતિ વીજેરે,ભયે બોલૂં"ઓ પીયુ" મુખથી જોરે. ૫
કોકીલો મેના જલચર[૬] દાદૂરો, બપૈયો બોલે પિયુપિયુ માધૂરો;
ટપૂકે મોરો પરવતમાથે રે,રમૂં જાઉં કહાં પિયુ નહિં સાથે રે. ૬
દિ લાગે લૂખા બહુ દિપવાળીના,રસોઇ ભાવે નહિંજ પિયૂ વિના;
ઉમંગો થાએ નહિં ગરબા ગાવા,બતાવો કોરે પિયુ મુજ કહાં આવ્યા. ૭
રઢીઆળી[૭] તે સુખદ ઋતૂની જે,સહૂ સામગ્રી નિરખિ રતી[૮] ખીજે;
અરે વ્રેહાગ્ની બહુ સમકોરાએ, બળ્યો રંડાપો કાળજું કોરાએ. ૮

વિધવાની પરાધીનતા.

(શિખરિણી.)

જિ દાડેથી મૂઓ, વર સુગુણવંતો ચતુર તે,
તે દાડેથી હૂં તો, થઇછુંજ પરાધીન તુરતે;
ધણીધેરે સાસૂ, પતિભગિનિ[૧] જેહાણિ મુજને,
બળ્યાં રેહે જોઇ, ગતસ્મરણ[૨] થાયે સરવને. ૧
સહૂ ધિક્કારે રે, હરઘડિજ બ્હાને લડિ પડે,
કરાવે કામો ને, મમ મરણઘાટો બહુ ઘડે;
ગમે તાંહાં રહેવૂં, નહિં કંઇ મને જ્હાં હડ્હડે,
કયમે કીધા જાયે, દિવસ નહિં મારાં રડરડે. ૨
લઇ પલ્લૂં હૂં તો, પરવરિ પિહેરે દુખથકી,
પિતા માતા પાસે, અદબ ધરિ રહેતી નહિં છકી;

---

૪ બ્હારે દિશાયે. ૫ પેટ. ૬ પાણીમાં રેહેનાર.
૭ સુંદર. ૮ સુખ દેનાર–આપનાર એવો જે અકેકો ઋતુ તેની જે સહુ સુંદર સામગ્રી તે નિરખીને; મારી રતિ–ભોગ કરવાની ઈચ્છા ખીજેછે–ચિડાઈ જાયછે.
૧ નણંદ. ૨ મરી ગયલાનું યાદ આવવું તે.

પતિવ્રહે દુઃખો, બહુ બહુ થયેથી રહું ખુણે,
(પણ)બિજી વાતે હૂતી,સુખિ વચન કહાડયું નહિં કુણે[૩]. ૩
પિતાએ દેવાળું, વરસ પછિ કહાડયું વણ ધને,
મુઓ હૈયાશોકે, બહુ રઝળતાં રાખિ હમને;
ભઈ ભોજાઈનાં, પછિ વળિ થયાં રાજ જુલમી,
શિર પાછી પીડા, થઇ ખરિ હું ને મા અકરમી[૪]. ૪
પ્રદેશે ભાઈ તો, પ્રથમજ કમાવા ધન ગયો,
બચારો એકેલો, ફિકરથકિ માંદો બહુ થયો;
વહૂને તેડાવી, ઝટ મદદ માટે નિજકને,
રહ્યાં રોતાં હાથો, ઘસિ ઘસિ હમે તો પછિ અને. ૫
પ્રદેશેથી ના'વે, ઘરખરચ સારૂ કંઇ પણ,
ઘરેણૂં ગીરો હૂં, મુકિ છુપું મટાડૂં અડચણ;
જુઠાં આળો મૂકે, તરણિ પડિ તેથી જન સહૂં,
વળી મા તે બુઢ્ઢી, દુખતણિ હું વાતો શું શું કહૂં. ૬
બન્નરે જાવૂં તે, નજ બનતું કાંઇ રખડવૂં,
ઓશીઆળે મ્હોડે, નિશદિન હમારે નિરખવૂં;
ખુશામત્તો મોટી, કરવિ પડતી લોકનિ ખરે,
ભણ્યાવીનાનાંનો, પુરૂષ બહુ લુચ્ચા છળ કરે. ૭
જવાએ ના જંખા, લુગડું નવ સારૂં દિલ અડે,
ખસૂસે લોકોને, નજર વિધવાની બહુ નડે;
પિડાઉં વ્રહે તે, કહું દુખડું થોડું પણ અરે,
ભુંડો છે રંડાપો, અતિસ હિણ વ્હેમે દુખિ અરે. ૮
વિત્યા થોડા માસો, ખબર ભુંડિ સૂણી મરણની,
મુઓ ભાઇ રોગે, કરમરણરેતી[૫] તપિ ઘણી;
વળી ભૂંડે દૈવે, ઘરડિ જણતીને પણ હણી,
નિરાધારે રોઉં, નથિ કંઇ જગા રે શરણની. ૯

---

૩ કોઈયે. ૪ હું ને મારી મા તે ખરાં અકરમી. ૫ નઠારૂં નસીબ એ રૂપી જે રણ તેની રેતી તપી–ઘણીજ દુર્દશામાં આવ્યાં.

વિધવાનો પશ્ચાત્તાપ.

(પદ.)

રે રે હું ભૂડી, આવું તે શું કરાવ્યું;
જણતી થઇ જણતર, કુમળું મેં મરાવ્યું. રે રે હું૦ ટેક.
હીણ કર્મ કરાવી, પાપિણીજ થઇછું;
દુનીઆદારીમાં, હદની બ્હાર ગઇછું;
ધગધગતે ખુટડે, ન્હાનું મ્હોડું ભરાવ્યું. રે રે હું૦ ૧
રાખી ધીર ન લેશ, ચૂકી હીણી ઘણી છું;
આ સાહસ કરવામાં, શંખીણી હું બની છું;
સોયાણી પાસે, કુમળું ડોકું મરડાવ્યું. રે રે હું૦ ૨
મીની બચ્ચાં ખાએ, હાડો રેહવા દઇને;
હું ચંડાલણી ખૂની, જીવ કહાડી લઇને;
આઘે ઊકરડે, ફેંકી તે દેવડાવ્યું. રે રે હું૦ ૩
કીધું મેં કાળું, દુઃખો ના સંખાયે;
છતે હું જિવતી, કરડી કૃતકર્મો[1] ખાયે;
સદ્ધર્મકેરું,[2] નૈવેદ ના ધરાવ્યું. રે રે હું૦ ૪
ધિક ધિક છે મુજને, ધિક સોયાણી તૂને;
ધિક ધિક રંડાપો, હત્યાથી બચું કેમ ખૂને;
પ્રાયશ્ચિતે[3] હાવાં, કીયું દેવા ઠરાવ્યું; રે રે હું૦ ૫

(ગીતિ.)

શું સૂવાડી ઊડયો, આશપાશસુખ[1] વહ્યું સ્વપન જેવું!?
એકલિ જંગલમાં હું, આસપાસ આ બિહામણૂ કેવું?! ૧
કહા મુજ જીવનગાળો[2], હાય હવે કયમ જશે દિવસ મ્હારા;

---

૧ કીધેલાં કામો–પાપો. ૨ એ પ્રભુ મેં તને સદ્ધર્મનું નૈવેદ ન ધરાવ્યુ. એટલે નીતિથી રેહેવાની જે મારી ફરજ તે અદા કરીને મેં તને રાજી ન રાખ્યો. ૩ અરે દેવ, મારા પાપથી હું છુટું તેને માટે તેં કિયું પ્રાયશ્ચિત–કઈ શિક્ષા ઠરાવી છે?

૧ આશાના પાશ–બંધનનું સુખ. ૨ જે દ્રવ્યથી સંસાર નિભે તે–ધરેણું

પેટ ભરૂં શી રીતે, હાય ગયો કહાં અરે ખુની પ્યારા! ૨
કુળને ડાઘ લગાડયો, માત પિતાએ પિધાં હશે ઝેર;
ફિટ ફિટ ન્યાત નગરમાં, શરમે[૩] રેહેતાં હશે સગાં ઘેર. ૩
ઓ માવડિ છળિ તૂને, કામાંધી હૂં ફસાઈ બહુ વાર;
જોબનમદ[૪] ભુંડિ સંગત, મદન રૂઢીથી થઇજ લાચાર. ૪
હાય કર્યાં બહુ પાપો, બાળક કુમળાં મરાવિયાં મેં તો;
કેમ ન પીડા પામૂં, જમડા દેશે હુના[૫] હુના ત્હાંતો. ૫
જાઉં હવે હૂં કહાં રે, કેમ કરીને તજૂં અહીં પ્રાણ;
નાથ કો જુક્તી જડતી, બળ્યું જિવવૂં આ ધણી પડી તાણ. ૬
ઓ વનદેવી કોઇ, રાક્ષસણીને અહીં તું મોકલિ દે;
પશુ પક્ષિણિ કો અથવા, દાવાનળ કે તુને તુળજિ[૬] બળિ દે. ૭

વિધવા, માતાને વિનંતિ કરેછે.

(લલિત.)

જગત માવડી આ ઘડી વડી,[૧] નિરખિ આવડી શોકથી સડી;
મુકવ બાપડી પાપમાં પડી, રૂઝવ ઘા જડી[૨] તૂં મને જડી[૩]. ૧
અગનિ આંચથી હૂં સિઝાઇરે, નુરબળી બની કાળિ સ્હાઇરે;
અતિસઓ હવે છૂં મુંઝાઇરે, શરણ થાઉં લે કાળિ સ્હાઇરે. ૨
હું ઇઝરાઇ સૂકાઇ રે ગઈ, બહુજ પીળિ રે દેડકી થઈ;
થઇજ દેહ તો પાપડી[૪] લુખી, થઈજ છાતિ છે રે વડી[૫] સુકી. ૩
ભરજુવાનિમાં બુદ્ધિ બાતલ, પ્રકૃતિ તો વળી ભારિ પિત્તળ;[૬]
વિષયરંગમાં હૂં મચી બહુ, મનડું હાથ રે ના રહ્યું કહું. ૪

વગેરે. ૩ શરમને લીધે સંગાંવાહલાંથી બાહાર મોહડાં નહીં દેખડાંતાં હોય.
૪ જોબનના મદથી, ભુંડીસંગતથી, કામ વિકારથી અને નઠારી રૂઢીથી (વિધવા સબંધી.) ૫ ડાહ્યમ.
૬ તુળજી નામની છોકરી પોતાનું બળીદાનપોતાને હાથે આપે.
૧ મોટી (માવડી.) ૨–૩ તું જડીબુટી છે ને તે મને જડી–મળીછ માટે તું મારો ઘા રૂજવ. મેં મારા ઘા રૂઝાડવાને ઘણાં ઓસડ કીધાં પણ કશાંથી તે રૂઝાતો નથી–આખરે તુંનેજ મેં જડીબુટી જાણીછે માટે હવે તું રૂઝાડ.
૪ ભોજનનાં એક પદાર્થ–(પાપડ પાપડી અથવા શાક–વાલપાપડી.) ૫ મારી વડી–મોટી ભરી છાતી સુકાઇ ગઇછ. ૬ (માણસ પિત્તળ કેહેવાય છે તે

થઈજ પાપિણી હું ધણી ભુલી, લટકું તાપની[૭] સૂળિએ ઝુલી;
રખવ તોડતી ટાંટિઆ અઈ, તરફડી બહૂ ના મરી ગઈ. ૫
કરિ ખમા મને વ્હાલમાં ઘર, અબળ રાંડિનાં દુઃખને હર;
સરવ કાનમાં પ્રેરણા ભર, મરતિ ગાયને જીવતી કર. ૬
નમન હું કરૂં આઠ[૮]અંગથી, કરગરી કહૂં આશભંગથી;
મુકવ વ્હેલિ તૂં વ્હેમતંગથી, કરવ રંકનાં લગ્ન રંગથી. ૭

વિધવાની, ન્યાતને વિનંતિ.

(ગરબી.)

વિનતિ કરૂંછૂં રે ન્યાતને, નથી વિત્યામાં ઉણું લેશ;
છઉં હેરાન રે રાનમાં, બળ્યો રંડાપો હિણ ન્હેશ, વિનતિ ક૦. ૧
બહુ બાળહત્યા રે મેં કરી, ભુંડું જારૂં બેસૂમાર;
રમવે રાખિ ન રે ઓછ કંઈ,મને કંઇ ન રહ્યો આધાર,વિનતિ ક૦. ૨
હાય બહુ પાપો રે મેં કર્યાં, અરે આત્મઘાત ઘણિવાર;
ધારચા કરવા મેં મંનમાં,થયો નગરવિષે હોકાર, વિનતિ ક૦. ૩
ધરલાજ ગઇ છે રે લોકમાં, રુઠિ[૧]મુજપર બહુ સરકાર;
નાખી અબળાને કેદમાં,તમે લોક કરો કાં ખાર,[૨] વિનતિ ક૦. ૪
સજ્જન લેજો રે ધ્યાનમાં, બહુ વ્રેહ અને રિત વ્હેમ;
કુમતિ સુઝાડે રે રાંડિને, અધવચ્ચ રહેવાયે કેમ, વિનતિ ક૦. ૫
મહાજન વિનતી રે માનજો, ખરે લાચાર અનાચાર;
થાયે ભારી રે રાંડિથી,ઝટ ઝટ કરી દો સૂધાર,[૩] વિનતિ ક૦. ૬
સમજુકને શું રે કેહવું, શુભ પુનર્ વિવાહનો ચાલ;
વ્હેલ ચલાવો રે વ્હાલથી,બહુ દૂર થશે સહુ આળ, વિનતિ ક૦. ૭

ઉપરથી) પિત્તળ પ્રકૃતિ–ચિહિડિયો સ્વભાવ. ૭ પસ્તાવાની સુળી. (સુળીપર જેમ ટાંટિયા તરફડે છે તેમ રે હું સુળિયે તો ચઢીછ, હવે ધણીવાર ટાંટિયાં જે આટલી બધીવાર થઇ તરફડયાં કરેછે તે તો બંધ કરવા. (જીવ જતાં વાર કેમ લાગે છે ?)

૮ આઠ અંગથી પ્રણામ. સાષ્ટાંગ પ્રણામ. છાતી,–માથું,–આંખ ભાંયે અરકાડીને, બોલીને, અંતઃકરણમાં સમજીને, પગ–હાથ–ધુંટણ જમીનને અરકાડીને નમન કરવું તે. 'ઉરસા શિરસા દૃષ્યા વચસા મનસા તથા પદભ્યાં કરાભ્યાં જાનુભ્યાં પ્રણામોષ્ટાંગ ઉચ્યતે.' ૧ ગુસ્સે થઇ. ૨ વેર. ૩ સુધારો;

કુળ ન્યાત રહેશે રે લાજમાં, ભિડિ હામ કરો સહુ કાજ;
વિધવા દુઃખોને પરહરો, જુઓ જાણો વિધવાદાઝ, વિનતિ ક૦. ૮
નમિ નમિ કહું છું રે નાતિલા, લોક મારથકી ન ડરો;
પુણ્ય ઘણું છે રે એહમાં, મુજ ઝીલીલો ઉભરો, વિનતિ ક૦. ૯

---

* એક વિધવાની બીજી વિધવાઓને સૂચના.

(ગરબી.)

ચિંતન કરિ ચિતમાંહિ, ચિદ-આનંદનું રે:
હીત તમારૂં કહું આંહિ, જે સુખકંદનું રે. ૧
ભલી સહુ વિધવા નાર, ફરીથી લગ્ન કરો;
ઘણા દિવસ સહ્યો માર, નિજ દુખ મંન ધરો. ટેક.
કુચાલ નામે રોગ, પસરયો લોકે[૧] રે;
વિધવાના છે ભોગ, બળતી શોકે રે. ભલી૦ ૧
સમય રૂડો છે હાલ, ચાલ ચલાવો રે;
ધરી રંકપર વ્હાલ, આળ મુકાવો રે. ભલી૦ ૨
પુરુષતણું નહીં કામ, એમાં કંઇ પણ રે;
સમરીને શ્રી રામ, લો પણવે પણ[૨] રે. ભલી૦ ૩
હિંમત ધરીને અંગ, જંગો[૩] જીતો રે;
રમો જમો પિયુસંગ, સુખને ચિંતો[૪] રે. ભલી૦ ૪
કરો કામ કરિ સંપ, કુડું ફળ જોશો રે;
તજી દઇ ભય કંપ, ઝંપે બેશો રે. ભલી૦ ૫
પુરુષ મુરખ વળિ કોય, કંઇ વાંધો લે રે;
ઉત્તર દો કે જોય, ઝટ દિલ ખોલે રે. ભલી૦ ૬
'કહો શું કરીએ પાપ, બાળહત્યાનાં રે;'
'જઇયે જીવથી આપ, કરિ અધ[૫] છાનાંરે;'

સમાર. * એ ગરબી રાજેશ્રી ભાઉદાજીને ઘણી ઘણીજ પસંદ છે—જ્યાંહાં ત્યાંહાં ને જ્યારે ત્હારે મારી પાસે એ વંચાવી સાંભળતા.

૧ લોકમાં—ઊંચવર્ણ હિંદુઓમાં. ૨ હઠ; આગ્રહ; મમત. ૩ વેહેમ અને સુધારાની વચમાં ચાલેલી જંગો—લડાઇયો. ૪ ચિંતન કરો (સુખને તાકો). ૫ પાપ.

'નિકળી જઇયે લોક[૬], દેશ વિદેશે રે;'
'પછિ મુકિયે શૂં પોક, ભૂંડે વેશે રે.' ભલી૰ ૮
'મદ જોબનનો દુષ્ટ, ધર્મ ભુલાવે રે;'
'તન મન નહિં સંતુષ્ટ, કર્મ[૭] કરાવે રે.' ભલી૰ ૯
'તમે અમે સહુ એક, સરખા જીવો રે;'
'પુરુષપણાંનો ટેક, છેક તજીદો રે.' ભલી૰ ૧૦
'તમે વરો વળિ કેમ, બીજી વેળા રે;'
'નહીં હમે કાં તેમ, ન બનો ઘેલા રે.' ભલી૰ ૧૧
ઉત્તર દઇને એમ, સખીઓ ઝડપે રે;
લગ્ન કરો ફરિ જેમ, પ્રાણ ન તલપે રે. ભલી૰ ૧૨
ન્યાત તજવશે લોક, ઘણું હિણું કહેશે રે;
કંઇ ન ધરો દિલ શોક, લવતા રહેશે રે. ભલી૰ ૧૩
નહિ કંઇ છાનાં આમ[૮], થાયે પાપો રે;
ફરી લગ્નનું કામ, કરિ દુખ કાપો રે. ભલી૰ ૧૪
મનમાં છો તૈયાર, હિંમત લેજો રે;
છે તે છે આચાર, રાખી રહેજો રે. ભલી૰ ૧૫
સાચાંને નહિં આંચ, ઝડપો બીડાં રે;
લવ નવ ખાઓ ખાચ, હાંકો પીડા રે. ભલી૰ ૧૬
શાસ્ત્ર પ્રમાણે થાય, નિજ બુદ્ધી કેહ રે;
સરવે પાપ પળાય[૯], લે નરકે જેહ રે. ભલી૰ ૧૭
સરવ મનુષનો ધર્મ, સૂખી થાવૂં રે;
કરિને રૂડાં કર્મ, સ્વર્ગે જાવૂં રે. ભલી૰ ૧૮
પુનર્વિવાહની રીત, કહાડો વ્હેલી રે;
પુનપરમારથ પ્રીત, કરી દો સ્હેલી રે. ભલી૰ ૧૯
હવે થશે જે નાર, બાળક વિધવા રે;
આશિષ દેશે સાર, તમને તે ભારૂ. ભલી૰ ૨૦
સત્ય કર્મનેકાજ, ભય નવ પામો રે;
પ્રથમ કરંતાં કાજ, ભીડો હામો રે. ભલી૰ ૨૧

---

૬ ઓ લોકો ?. ૭ નઠારાં કર્મ.
૮ આ રીતે—પુનર્વિવાહ કરશો તો. ૯ નાહાસી જાય—જશે.

થોડા લોક ગવાંર, ફિટફિટ લવશે રે;
ઘણા જંન જયકાર, કીર્ત્તિ ગજવશે રે. ભલી૦ ૨૨
કરો વિચાર ન ઘ્હેન, જલદી કરવી રે;
ખેન તજીને ચ્હેન, ચિતમાં ધરવી રે. ભલી૦ ૨૩
સમજી વિધવા શૂર, લગ્નો કરજો રે;
પુણ્ય કરી ભરપૂર, દિલ સુખ ભરજો રે. ભલી૦ ૨૪
નર્મદ મદભરપૂર, લગ્ન કરવવે રે;
ચિંતામાં ચકચૂર, વ્હેમ તજવવે રે. ભલી૦ ૨૫

એક વિધવાની સોવાસણોને સૂચના.

(ગરબી.)

સુણો સૂચના તે સર્વ સોવાસણો જો;
રાંડી રાંડને તે આસરો દેવો ઘણો જો, સુણો૦ ૧
વિધવા દુઃખ તે પતીને કહિ જણાવજો જો;
સમજાવિને દયા રૂડી ઉપજાવજો જો, સુણો૦ ૨
દઇ ઉત્તેજનો રાંડિને આગળ કરો જો;
પછી સર્વ ધણી સાથ મદદે ફરો જો, સુણો૦ ૩
વિધવા પીડ નીવારવી ધારશો જો;
રૂડું કાજ પરમાર્થ પાર પાડશો જો, સુણો૦ ૪
ફરી લગ્ન રાંડીતણાં તમ હાથ છે જો;
કરો ઝટ હવે દેશ સહુ સાથ છે જો, સુણો૦ ૫
થાય હેંસુ[1] ને રાંડેલી ભેળી સહુ જો;
પછી પુરૂષનું શું ચાલશે કહો બહુ જો, સુણો૦ ૬
તમે છોજ કરનાર ચતુર નારિયો જો;
કરું દુઃખથી જે સૂચના તે લિયો જો, સુણો૦ ૭
માની વાત મંગળકાજ રૂડું કરો જો;
કહે નર્મદા ખરું તે ઉરમાં ધરો જો, સુણો૦ ૮

---

૧ સોવાસણ.

વાદ.*

(ઓખાહરણનો ચાલતો ઢાળ.)

હવે સાંભળ શાસ્ત્ર ભણેલા, ભણેલા પણ નહીં રે ગણેલા;
આપું રેચ તું લે શાસ્ત્રવાદી, તુજ નડ્યો જશે વ્હેમખાદી. ૧
સહુ લોકને અનુકુળ આવે, વળી વીવેકબુદ્ધીને ભાવે;
જેથિ લોકો સદાચારી થાયે, તેવી રીતી તે શાસ્ત્ર કહેવાયે. ૨
બહૂ જોઇ સુણી અનુભવથી, મ્હોટા તર્ક કરી બુદ્ધિબળથી;
સતમાર્ગની શિક્ષાસારૂ, કર્યાં ભટ્ટોએ[૧] શાસ્ત્રો ચારૂ.[૨] ૩
નથી કીધાં શાસ્ત્ર પ્રભૂએ, તે તું વિદ્યાવિવેકે જૂએ;
જેવા પંડીત જે દેશ કાળે, તેવાં ત્યાંહાં ત્યારે મત ચાલે. ૪
જે જે હમણાં આપણને વીતે,તે તે સઘળૂં ન સમજે રીતે;
જાણે તર્કથી કંઇએક કોએ,તે ન આપણો[૩] અનુભવ હોએ. ૫
જો એકજ શાસ્ત્ર અનાદી, હોય શાંનીજ વાદવિવાદી;
જુદા ઋષીયોનાં જૂદાં મત્ત, જેમાં ફાવ્યું તે તેમાં રત્ત. ૬
જોઇ દેશ સમય સ્થિતિ રહામૂં, કર્યું ઘણું એક શાસ્ત્ર નકામૂં;
અરે જો ન કીધૂં હત એમ, પછી શાસ્ત્ર કહેવાતજ કેમ ? ૭
જે શીક્ષાથી લોક ન રાજી, પણ ભયથિ કરે હાજી હાજી;
જેથી રહે અનાચાર ગાજી, તેવાં શાસ્ત્રને નાખજ સાજી. ૮
સહૂ લોકની રીત સમાન, તેમાં ધારા ફરેછે માન;
એક વાર જે ધારા રૂડા, તે થાયે બીજી વાર ભૂંડા. ૯
એમાં શાસ્ત્રતણો નહીં વાંક, ભટ્ટમાન ઉણૂં નહીં ટાંક;
વાંક દેશ કાળ સ્થિતીનો રે, લાવી સાન ને સાચૂં જો રે. ૧૦
માટે થાતું આવ્યું તેમ કરવૂં, વળી વીવેકનો અનુસરવૂં;
પડે શાસ્ત્ર કદાપિ અવળૂં, તજીને બીજું રચવૂં સવળૂં. ૧૧

---

* રાજેશ્રી ભાઉદાજી, એ વાદ સાંભળીને બોલ્યા હતા કે 'નાહાનો સરખો વાદ છે પણ એમાં ઘણું કહેલું છે ને ઘણોજ સારો છે'

૧ વિદ્વાનોએ. ૨ રૂડાં.

૩ (અલબત તર્કથી ભવિષ જાણે પણ આપણાં સુખ દુખનો જેવો આપણને અનુભવ છે તેવો તેઓને તો નહીંજ.)

વિરમિત્રોદય [૪] મયૂખ બોલે,*સમજી મૂઢ તું દિલ તુજ ખોલે;
યુક્તીહીન વિચાર જો હોએ, તેમાં ધર્મની હાનીજ જોએ. ૧૨

માટે સમજીને વાદજ મારો, ગર્વ પક્ષ તજી દે તારો;
ફરી લગ્ન રાંડીને કરાવ, ધર્મનીતીને મંન સરાવ. ૧૩

કદી શાસ્ત્રવિષે આડ હોએ, તો તે માનવી નાહીં કોએ;
પણ હિંદુઓ જે દયાવાન, તેના શાસ્ત્ર છે તેજ સમાન. ૧૪

ઘણા ઋષિઓએ વાતજ થાપી,ફરી લગ્નની સંમતી આપી;
કોઇ થોડાએ વાત ઉથાપી, માટે ફાંસી તું નાખજ કાપી. ૧૫

પૂર્વયુગમાં રીત જેવારે, આ યૂગમાં કાં ન તેવારે;
કોઇ મતિયાએ લુચ્ચાઈ કીધી,તેની સહુએ પૂજા કરી લીધી. ૧૬

કળી કહેવાયે પાપી નકારો, શૂં તેમાં રે કરવો વધારો ?;
ભુંડાં પાપો બહૂ બહૂ થાયે, શુદ્ધ ધર્મ તે ન્હાસીજાયે. ૧૭

કળી[૫]વર્જ કર્યા જે ચાલ, તેમ સઘળા ન ચાલે હાલ;
ખરે આજ્ઞા[૬]બીજી જન તોડે, કયમ રાખવી ભૂંડી જોડે ? ૧૮

કુળાં બાળકના જીવ જાયે, વળી સ્ત્રીતણા પ્રાણ હણાયે;
ઠામઠામ છીનાળાં થાયે, અનાચાર તે નાજ ગણાયે. ૧૯

વિધવા દુઃખો બીજાં બહુ વેઠે,વિધવા નારી તો સહુની હેઠે;
વિધવા નારી તો હારી હવે છે,સારી કરવાને ના તું લવેછે. ૨૦

---

૪ એ નામના, ધર્મશાસ્ત્રના પ્રસિદ્ધ ગ્રંથ છે.

* " केवलंशास्त्रमाश्रित्यनकर्त्तव्योहिनिर्णय : ॥ युक्तिहीनेविचारेतुधर्महानि : प्रजायते " અર્થ–કેવળ શાસ્ત્રનો આશ્રય લઈને કોઈ કામ કરવું નહીં એજ સિદ્ધાંત સમજવો. જે વિચાર આપણી અક્કલ કબૂલ કરતી નથી તે વિચાર પછી શાસ્ત્રમાં હોય તોપણ તેને ન માનવો.–કેમકે તેથી ધર્મને નુકસાન પોંહોંચેછે.

શાસ્ત્રમાં એમ નથી કહ્યું કે વિધવાને ન પરણાવવી, અને પછી છિનાળાં અને બાળહત્યા કરાવવાં. શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વિધવાની પાસે તેના ધર્મ જેમ બને તેમ પળાવતા આવ્યા છૈયે; પરંતુ એમ છતાં પણ અસંખ્યાત છિનાળાં, અસંખ્યાત બાળહત્યા, અને અસંખ્યાત આત્મઘાત થાયછે. હવે એ જોઈને આપણી વિવેકબુદ્ધિ કેહે છે કે પુનર્વિવાહ કરવો જોઇયે. શાસ્ત્રમાં કહેલું છે કે પુનર્વિવાહ કરવો. હવે શાસ્ત્ર કેહ ને બુદ્ધિ કેહ તારે શાસારૂ ન કરવો ?

૫ કળિયુગમાં ન પાળવા એવા જે ધર્મો તે.

૬ કળિયુગમાં બીજી આજ્ઞા લોકો તોડેછે તારે પુનર્વિવાહ ન કરવો એવું કેટલાકે કહ્યું છે તે શા સારૂ માનવું ?

માટે જિદ્દી તું મનમાં લેજે, વિધવાબંધ તું છોડવી દેજે;
થશે જગતમાં તારી જે જે, પછી સ્વર્ગ નીરાંતે રહેજે. ૨૧

(૨)

હવે સમજયો ખરો તૂં કાંઇ,માટે બોલાવું છું કહી ભાઇ;
ઊંચ નીચ વિષે ઘણૂં બોલે,પણ એતો તું મૂકજ ટોલ્લે.[૭] ૨૨
પ્રભુ ધામે છે સઘળાં સમાન,નહીં ઊંચ ને નીચ તું માન;
સદાચારથી રેહ પ્રમાણ,તેને ઊંચ તું સમજી જાણ. ૨૩
જરે ભારી અનાચાર કરિયે,તારે ઊંચ તે શેના ઠરિયે ?
ઊંચા હોઇયે તો દેખી મરિયે, નીચ માટેજ રીત અનુસરિયે [૮] ૨૪
દેવ દાનવ ને ઋષી રાજ,તેમાં નાતરાંની નહિં લાજ;
શું હૂતા ભુંડા તેઓ નીચ, ? શરમાઇ કંઇ આંખ મીચ. ૨૫
જાંહાંસુધી રીત ન ભાગે, તાંહાંસુધી એમજ લાગે;
માટે હવે કંઇ ભૂડા જાગે,થાનિ વ્હેલો તું સહુની આગે. ૨૬
નહીં આબરૂ એમાં જાયે, જાયે જે અનાચારો થાયે;
એમ આબરૂ જાતી હોયે, થાયે બિજવર નર નહિં કોયે. ૨૭
જેમ પુરૂષ પરણે બીજી તેમ,રૂડી નારી ન પરણે કેમ ?
શબ્દ માણસમાં[૯] બે છે તે, કેમ નારીને રાખે છેટે. ૨૮

(૩)

'આપદાદા શું મૂરખ હૂતા,' રોજ આળસૂ રહેતા સૂતા;
કેમ ચાલ ન છોડયો ખોટો, માટે હેતુ હશે કોઇ મોટો. ૨૯
પૂર્વ કાળે હતો રૂડો ચાલ, કોઇ કારણે બંધ બેહાલ;
જોઇ દેશ સમો શક્તિ રૂપ, હશે બેઠા નીરાંતે ચૂપ. ૩૦
જરે ગોરતણૂં જોર ભારે, તારે ડાહ્યા તે શીદ ઉચારે;
જરે જુલમી હતાં સહુ રાજ,રહે સ્વતંત્રતાનિ શી લાજ ? ૩૧
કદી આપદાદાની વેળા વિધવાને પડી નહીં વેલા;

---

૭ ઊંચે–દુર રાખ. ૮ નકારી રીતને વળગી રહિયેછ. ૯ માણસ શબ્દમાં સ્ત્રી ને પુરૂષ બે છે તારે પુરૂષને કેમ છુટ્ટી ને સ્ત્રીને કેમ નહીં?

હશે માણસ મરતાં મોડાં, કહું હોશે અનાચાર થોડા. ૩૨
કોથી એમ નહીં કહેવાયે, સઘળું ડાહપણ તે વેળાએ;
એટા બાપથી ના શું વાધે ? અદકિ વિદ્યા વિચાર ન સાધે ? ૩૩
બાપદાદા જો મૂરખ હોએ, શું આપણે રેહેવું કોએ;
રે તે વેળા હશે કોઇ જૂદી, માટે તેઓ પડયા નહીં કૂદી. ૩૪
જાણી જોઇને પાપો કરિયે,જાણી જોઈ હાંસી કરી લઇયે;
જાણી જોઇને ખાડે રહિયે,તેમાં દુઃખ તો આપણે સહિયે. ૩૫
આ છે કાળ ઘણો અનુકૂળ, માટે રાખવાં લાજમાં કૂળ;
હવે ફાંફાંબામા નવ મારી, ચાલ કહાડ તું સદાચારી. ૩૬

લોકોને વિનંતી.

(દોહરા.)

વિધવા દુખ દરસાવતું, દરસાવ્યું નાટક;
આજે આ જે તેથિ રે, જૂઓછો ટકટક. ૧
દીન હીન વિનતી કરે, રડતી વિધવા નાર;
તે સહુ મનમાં લેઈને, કરો દુઃખ નીવાર. ૨
યથાશક્તિ દરસાવિયું, અલ્પબુદ્ધિકૃત કામ;
ભાવ અભાવે આણજો,સાર અનલ ધરિ હામ. ૩
એકચિત્તથી વાંચજો, વિધવા પિડ પોકાર;
એકચિત્તથી સૂણજો, થશે સફળ શ્રમ ધાર. ૪
અર્થઅર્થથી[૧] નહિં રચ્યું, રચ્યું સુધારાકાજ;
વિધવાદુખ સાલે બહુ, તમને સાલે આજ. ૫
સાર્થક લખ્યું તેનું થશે, અમલ આણશો કાજ;
એકદમે તોડો અરે, વ્હેમબેડિ તજિ લાજ. ૬
બહુ જોયું ને સાંભળ્યું, શું કહું તેનું તેહ;
ફરી ફરીને બોલું છું, કરો કાજ ઝટ એહ. ૭
ઘર માંડે રાંડેલિયો, પીડ પાપ લોપાય;
વાધે ઉદ્યમ નીતિ ને, સુખડાં ઝાઝાં થાય. ૮

---

૧ પૈસાને માટે નથી રચ્યું. ૨ ગેપ થઇ જાય–ન દેખાય.

ઇશ્વર તમ મનમાં વસો, સજ્જન સમજો સાર;
પુનર્વિવાહનો ચાલ તે, સુખ સંપત દેનાર. ૯

(લાવણી.)

ઉઠો હવે સજ્જન શાણા સહુ, બહૂ સહી પીડા રણમાં;[૧]
પુનર્વિવાહનો ચાલ ચલાવો, લાવો હિમત મન[૨] તનમાં. ટેક.
આજ કાલ તો લાજ ખુએ છો, કાજ જુએ છો બહુ ભૂંડાં;
દાઝ નથી અબળાની તમને, સાજરહિત કરતી કૂડાં. ઉઠો૦ ૧
બ્હેન મા દિકરી ભોજાઇ, પુત્રવધૂ[૩] બ્હેકે ઘરમાં;
તે સહુ નજરે જુઓ ખરા પણ, ડાહપણ રાખો જે ખરમાં.[૪] ઉઠો૦ ૨
ધિક્ક ધિક્ક મરવું બહુ સારૂં, જારૂં જોવું બહુ ખોટું:
પુરૂષાતનમાં[૫] આગ લગાડો, ગાડો ડહાપણ જુઠ મોટું. ઉઠો૦ ૩
છતે જોર જે રેહે ઘેને,[૬] તેને તો કાયર કહેવા;
મગન,[૭] મતીપર કાટો જોયે, હોયે મૂરખ તે કેવા? ઉઠો૦ ૪
શાસ્ત્ર વડિલનાં બ્હાનાં કહાડી, આળસુ થઇ બેઠા રો'છો;
શરમ તજીને કરમ કરોછો, ધરમભરમને ભૂલોછો. ઉઠો૦ ૫
સારાસાર[૮] સમજવાસારૂ, આપી બુદ્ધિ કીરતારે;
જાણી જોઇને ધાત[૯] કરે તે, શેનાં જાએ ઉતારે.[૧૦] ઉઠો૦ ૬
બાળ સ્ત્રી હત્યા ના કરવી, એવું એવું તો કહોછો;
બ્રહ્મ શસ્ત્રથી બન્યો મારો, હત્યારા પાપીઓ છો. ઉઠો૦ ૭
દુષ્ટ ચાલનો ભારજ મોટો, માથે જુલમી વેઠોછો;
મનમાં લાવી મોટી બીકો, દુઃખ ઘણું હોરી લોછો. ઉઠો૦ ૮
રણમાં[૧૧] પાણી તરસ પીડાવે, પાગ બહૂ થાકેલારે;
પણ એમાં જૂહાં સપડાવે, ભય કલ્પિત માનેલારે. ઉઠો૦ ૯

---

૧ વેહેમનાં રણમાં. ૨ આગળથી વિચારમાં લઇ પછી અમલમાં આણો. ૩ છોકરાની વહુ. ૪ (ઘઘેડામાં જેવું ડાહાપણ હોયછ (લાત મારવાનું) તેવું તમે રાખોછો.) ૫ મરદાઇમાં. ૬ વેહેમરૂપી કેફનાં ઘેનમાં સુસ્ત. ૭ (જેઓ પોતાની રૂડી બુદ્ધિ ઉપર કાટ વળગેલો જોઇને મગન–ખુશી રેહે છે તેને કેવો મૂરખ જણવા?)
૮ સાર ને અસાર. ૯ રૂડી બુદ્ધિનો ઘાત. ૧૦ છેલ્લે રૂડે મુકામે; સ્વર્ગે.
૧૧ એ લીટીમાં વરણેલાં દુઃખ પ્રમાણે હાલત આપણી છે. પણ એ જે

બુદ્ધિનો જોર જે મનમાં છે તે, લાવો ઝટ ઝટ તનમાંરે;
જોર કસીને ફેંકો ભારને,[૧૨] સુખીઆરા થાજો હાં રે. ઉઠો૦ ૧૦
હાંરે સહુ મનમાં તો સમજો, કાં ના હિંમત ધારો રે;
હાંરે હવે ઉઠો સહુ શૂરો, પૂરો શત્રૂ[૧૩] મારો રે. ઉઠો૦ ૧૧

પુનર્વિવાહ સમયે ગાવાનું ગીત.

(ગરબી.)

ગીતો ગાઇયે તે અંગના ઊમંગથી જો;
દહાડો દીઠો તે આ સુધારાસંગથી જો, ગીતો૦ ૧
ભલે ભાંગિ ભલિ ભાવટો[૧] ભવતણી જો;
ગઈ નીકળી તે સામટિ સૂળો ઘણી જો. ગીતો૦ ૨
રિબાતાં પિબાતાં બહૂ હરઘડી જો;
સહૂ આવતાં તરછોડવા ચ્હડી ચ્હડી જો. ગીતો૦ ૩
રંડાપાનિ પીડા સહી મથી મથી જો;
હાસ! છૂટયાં તે સિંહના[૨] શીકારથી જો. ગીતો૦ ૪
અરે પીડા પામ્યાં તે વર્ષ શેંકડો જો;
હવે બળવા માંડયા દવે[૩] વ્હેમના થડો જો. ગીતો૦ ૫
રંડાપાતણો ભાર ઊતારવા જો;
ખરે અવતર્યા અંગ્રેજ સૂધારવા જો. ગીતો૦ ૬
ધન ધન વર્તમાનપત્ર પ્રબંધો કથી[૪] જો;
તમે ક્રોધી ન થાય તેતો કોઇથી જો. ગીતો૦ ૭
ભલો પાડયો તે કોટ વ્હેમોતણો જો;
વાંવા શૂરો વાધ્યો મહીમા ઘણો જો. ગીતો૦ ૮
છૂટયા બંધ બંધિવાનના ભવતણા જો;
હરખ[૫] દેશમાં રમે કુદે સોહામણા જો. ગીતો૦ ૯

દુઃખ તે ખરેખરૂં નથી પણ ખોટું માની લીધેલું છે. (કવિનો જોરસો, બે વાકયોના અર્થસંબંધને કેટલો દૂર રાખે છે તે એ નવમી કડીમાંથી માલમ પડી આવે છે. ૧૨ વેહેમનો ભારી બોજો. ૧૩ વેહેમશત્રુ.

૧ પીડા. ૨ વ્હેમ રૂપી સહીં. ૩ સુધારાનાં તેજરૂપી દવે કરીને વ્હેમરૂપી ઝાડનાં થડો બળવા માંડયાં. ૪ વાતો. ૫ હરખરૂપી માણસો.

થાયે સાથીઓને ઘેર રૂડા ઓચ્છવો જો;
એકી વારે આનંદનો ધનક હવો જો. ગીતો૦ ૧૦
મોટો માનીયે તે પાડ સર્વ સાથિનો જો;
જેની મ્હેનતે લિધોજ લ્હાવો ઘણો જો, ગીતો૦ ૧૧
દિવસ આજનો લખાશે ઇતિહાસમાં જો;
કથા ચાલશે તે દેશ વીદેશમાં જો, ગીતો૦ ૧૨
વાગે વાજાં વીલાતી ભાતનાં જો;
શા શા કહિયે વળી મ્હાર પુટકા ૭નાચના જો, ગીતો૦ ૧૩
મંગળમૂખી ગાએ તે મંગળગીતને જો;
સાકર પાન ને ગૂલાબ મળે સર્વને જો, ગીતો૦ ૧૪
સખી જમીયે જરૂર કંસાર ઘી જો;
હવે હ્હાસી સંતાઇ ગયો પારધી ૮ જો, ગીતો૦ ૧૫
નહીં સ્વપ્નમાં દીઠૂ તે કદી ભાળિએ જો;
સ્વર્ગસૂખ પુનર્લગ્ન૯ અહીં હ્હાલિએ જો, ગીતો૦ ૧૬
જેટલું દૂખ તેથી સોગણૂં સૂખડૂ જો;
મનમાન્યું તે સર્વ અંગે અડયું જો, ગીતો૦ ૧૭
વરો જે મળ્યા તે આપણિ પ્રસન્નતા જો;
ચતુર ડાહ્યા ગૂણીજનો સૂધારતા જો, ગીતો૦ ૧૮
મોટી એજ રે ખુશી કે વ્હેના ફરી જો;
થયા તે વડીલ સંમતી લઇ કરી જો, ગીતો૦ ૧૯
પેહેલૂં માન મોટૂં મળ્યું આપણે જો;
બહુ કીર્તિ કવી લોક ગ્રંથે ભણે જો, ગીતો૦ ૨૦
હવે આપણૂં જોઇને બીજી કરે જો;
રૂડી રીત તે ફેલાય દેશે ખરે જો, ગીતો૦ ૨૧
નીતી ઉદ્યમો વધે ને પરજા વધે જો;
જેથી થાશે સુધારો ઝટ રે હવે જો, ગીતો૦ ૨૨
આજજ ઊઘડયો દરવાજો સુધારાતણો જો;
થજો સર્વનું કલ્યાણ આશિષ ભણો જો, ગીતો૦ ૨૩

---

૬ વરસાદ. ૭ એક રીતનો અંગ્રેજી નાચ છે.
૮ વેહેમરૂપી પારધી. ૯ હમારે મને પુનર્લગ્ન તે સ્વર્ગસુખજ છે.

મંગળ મંગળ ગાઓની સહુ માનની[૧૦] જો;
બોલો જે જે જે જે બ્રહ્મની ધણી જો, ગીતો૦ ૨૪

---

*સ્વતંત્રતા.

(દોહરો.)

વીરપુરુષ ચરણે[૧] નમી, પ્હેરે જે યશહાર,
રાજનીતિ સંક્ષેપમાં, કહું મતિને અનુસાર.[૨] ૧

પરદેશી રાજાનો પ્રજાપ્રતિ ધર્મ.

(ચામર.)

રાય હોય જે પ્રજા પિતા સમાન પાળતો,
રાજનીતિ સર્વ પાસ યોગ્ય જે પળાવતો;
પક્ષપાતને તજી સજે વિવેક અંતરે,
તેજ ધીર વીર રાજ[૩] રાજ્યસિંધુને તરે. ૧
અન્ય[૪] ધર્મ જાત રંગના ગુણી પ્રજાજનો,
તેહનાં ન દુઃખવે કદી કહીં તનો મનો;
આપ અન્યમાં સદા સમાન ભાવ જે ધરે,
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૨

---

૧૦ સ્ત્રીયો.

* તા૦ ૩ જી અક્ટોબર ૧૮૫૯ એ, બેટમાં અંગ્રેજોએ વાઘરોને હરાવ્યા ને તાંહાંનાં દેહેરાં લુટ્યાં તે બાબતની હકીકત તા૦ ૨૩ મી અક્ટોબર ૧૮૫૯ નાં રાસ્તગોફ્તારમાં થોડાક પોતાની તરફના ઠોકસાથે છાપવામાં આવી હતી. તે વાંચતાંવારને મને એકદમ જોસ્સો થઈ આવ્યો તેથી મેં ઉપલી કવિતા બે દાહાડામાં જોડી હતી. એ બે દાહાડામાં હું જબરા આવેશમાં હતો, ને ઘર-માંથી બાહાર તો ગયોજ નોહોતો, પણ માહારી એક નહાની ઓરડીમાં, ભરાઇ રહ્યો હતો, ને ફક્ત ઘણાંજ જરુરનાં કામસારૂ નીચે ઉત-રતો. એ કવિતા, પછી, મેં તા૦ ૨૧ મી નવંબરે પાયધોણી ઉપરની છોકરીઓની નિશાળનાં મકાનમાં મળેલી બુ૦ વ૦ સભામાં વાંચી હતી—એ વેળા કવિ દલપતરામ અને દયારામનો સાગ્રીદ રણછોડ એ બેજણ પણ હતા.

૧ મહાદેવ; ઇશ્વર. (જે સદા નાનાપ્રકારના યશરૂપી ફૂલોનો હાર પેહેરે છે તે વીરપુરુષને પગે પડીને) ૨ (બુદ્ધિને અનુસરતું આવ્યું તે પ્રમાણે; બુદ્ધિ પ્રમાણે) ૩ રાજા. (તે રાજા રાજ્યરૂપી સમુદ્રને તરે, બીજો નહીં) ૪ બિજા—(ધર્મના—

અન્ય ધર્મને ન નિંદતો કદી ભમાઈને,
સેજમાંહિ ના કરે જુલૂમ ખીજવાઇને;
બાળકો[૫] પ્રજા ઉપેર મોટ ભાર ના કરે,
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૩
શત્રુ હોય જો સમાન તોજ હાથ દાખવે,
આગ્રહી[૬] દિસે સમીપ સૂજ્ઞ મંત્રિ રાખવે;
ઉદ્યમે ઉમંગિ ઝટ્ટ રંકદાદ સાંભળે,
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૪
નીજ જાતને વધારિ તોડતો ન રૈયત,
કારભાર સોંપતાં કરે નહીં કહીં ગત[૭];
યોગ્ય દેશિને દિયે પદો ઉંચાંજ આદરે[૮],
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૫
લોકથી ઝિલાય ભાર એમ મૂકતો કર[૯],
જ્ઞાન જો પ્રસારતોજ હોય તે પ્રભાકર[૧૦];
લોકદાઝ જાણિ હીત તેમનૂં કરે ખરે,
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૬
ખુલ્લિ ને છુપેલિ રીતથી ન ચાંટલી ચુંટે,
ટેક રાખિ જે ન જાત ધર્મ ધનને લુંટે;
રહે જો પ્રજાતણાજ[૧૧] દેશમાં નિરંતરે,
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૭
માનિ[૧૨] જો પ્રજાતણી પતીજ કામ સોંપતો,
સ્વાર્થસારૂ રાખતો કદી જુઠો ન રોપ તો;

જાતના–રંગના ગુણવંતા પ્રજાજનો–રૈયત લોક) ૫ દીકરી. (પ્રજા એ દિકરી ને રાજા એ બાપ) ૬ એક નિશ્ચય રાખનારો. (જેને પોતાની સમીપ–પાસે સૂજ્ઞ–સારી જાણવાળા મંત્રિ–પ્રધાનો રાખવાનો નિશ્ચય–ટેક હોય તેવો) ૭ ખંધાઇ; તાલમેલ; જુકતીવાળી આનાકાની. ૮ આદર–માનથી (પદો–હદ્દાજા આપે) ૯ વેરો; છાપો; જગાત; દાણ. ૧૦ સૂર્ય (જેમ સૂર્ય પોતાનો પ્રકાશ પ્રસારે છે તેમ રાજા, જ્ઞાન–વિદ્યાધર્મદિકનું જ્ઞાન લોકમાં પ્રસારતો હોય તો)
૧૧ (પરદેશી રાજા પરદેશી પ્રજા ઉપર રાજ કરે તો તેમાં ઘણાજ ગેરફાયદા તે પ્રજાને છે) (એવિષે વિસ્તારે 'હિંદુઓની પડતી' માં 'પરદેશીરાજ્યસંબંધી' પ્રકરણમાં જોવું.) ૧૨ (પ્રજાએ આપેલા ભરોસાને માની–કબુલ રાખી.)

કારભારિયો કરે પ્રજા હકે વિચાર રે,
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૮
રાજ્ય આમદાનિ ખર્ચ મૂકતો પ્રજાકને,
પૂછિને કરે લડાઈ જે પ્રજાં સુપાત્રને[૧૩];
સંપ હુન્નરો વધારિ દેશકોશ[૧૪] જે ભરે,
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૯
જે પ્રજા અનીતિયે કદાપિ આડિ પર્વરે;
સામ[૧૫] દામ ભેદ દંડ યોગ્ય ન્યાય જે કરે;
સર્વ સંપતે સુખી પ્રજા નિહાળિ જે ઠરે,
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૧૦
આજ એમ કાલ તેમ ફેરવે ન કાયદા,
જેથિ તો પ્રજા સહે ઘણાજ ગેરફાયદા;
પુખ્ત ધારણા વિના ચઢે નહીંજ દાદરે[૧૬],
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૧૧
સ્વાર્થિયા ખળોતણૂં સુણે નહીં લગાર જે,
તીક્ષ્ણ બુદ્ધિ રાખિ રોજ સાવધાન રેહ જે;
હંસની[૧૭] પઠેમ પીઇ દૂધ પાણિ પરહરે,
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૧૨
સારૂં મારૂં જાણવા ભણાતું હોય લોકમાં,
નગ્રમાં પરે હરે ન રાખિ દીલ બેતમા;
કલેશ સંકટે પ્રજા ખમે પિડાતિ ના પુરે[૧૮],
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૧૩
રોજ જે પ્રજાનિ સાથ મિત્રતા વધારતો,
ખાનગી વ્યવહારમાં મળી જવૂંજ ધારતો;

---

૧૩ (સુપાત્ર–યોગ્ય એવી પ્રજાને). ૧૪ દેશનો ભંડાર; તીજોરી. ૧૫ (સામ–સમજાવવું પટાવું તે; દામ–લાલચ બતાવવી તે; ભેદ–જુકતી પ્રપંચ કરવા; દંડ–શિક્ષા કરવી તે. ભય દેખાડવું તે. એ ચાર રીત અથવા એમાંની થોડીક ઘટતી કામે લગાડી ઇનસાફ કરતો હોય તે.) ૧૬ (પુખ્ત વિચારવના કાયદો કરી તે અમલમાં લાવવાને ઉતાવળ ન કરે.) ૧૭ (એવી દંતકહેણી ને કવિતા કહેણી છે કે હંસ દુધપાણીમાંથી દુધ પીઇજઇ પાણી રેહવાદેછે.) ૧૮ (પુરમાં–નગ્રમાં. પ્રજાને કલેશ–સંકટે પીડાતી જોવી જે સાંખી શકતો નથી.)

જોઈ રીત ભાત નાત જાત ના કરે હવે[૧૯],
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૧૪
પાસ આવિયા વિના દિસે ન દુઃખ દૂરથી,
જાણિ એમ આવતો તણાઇ પ્રેમપૂરથી;
રોગને નિવારવા કરે ઉપાય સાર રે,
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૧૫
રાજ્ય તે કુટુંબમાં[૨૦] વડીલ રાય રાજતો,
પુત્રિ સાથ લાડતાં કદી નહીંજ લાજતો;
કામ દેખિ દેશિનાં ઉતેજનો દિયે જરે[૨૧],
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૧૬
મંત્રિયોનિ હાનિહાથિ ના ફુલાય લેશ જે,
આપ મોટ થૈ ભણેલ લે સ્વિકારી બેશ જે;
રંક જાત પાસ ઊપડાવતો ન વેઠ રે,
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૧૭
રોજરોજ મેળવેજ પ્યાર જે પ્રજાતણો,
નીજ રાજનો ટકાવ સેલથી કરે ઘણો;
સૂખ દૂખ વ્હેંચિ લે ખુશીથકી પરસ્પરે,
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૧૮
પંખિ તે ફળો રહીત ઝાડને તજે ખરૂં,
'છોડિને જશેજ લોક લાભ જો હું ના કરૂં;'
એમ સમજી પ્રજાની રૂચિયે[૨૨] અનૂસરે,
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૧૯
દેડકૂં બપૈયું મોર મેઘને ઈછે વળી,
તેમ રાયને ચહે ઉમંગથી પ્રજા ભલી;
જે ગભીરતા દયાદિ મેઘગૂણ આચરે[૨૩],
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૨૦

---

૧૯ પ્રજાની, જુદી રીતભાત પોતાનાથી (નાતજાત જોઈને) તુચ્છકાર નથી કરતો. ૨૦ (રાજ્યરૂપી કુટુંબમાં રાજા વડીલ છે.) ૨૧ (પૈસાથી પદવીથી વગેરેથી.) ૨૨ (રૈયતની મરજી મુજબ.) ૨૩ (જેમ બપૈયું મેઘવેમાટે તરસેછ તેમ રૈયત રાજાને માટે તરસે એવો પ્રેમ રાજાના ઉપર પ્રજાનો થાય તેવું રાજાએ આચરણ કરવું.

દુષ્ટ શત્રુ મારતો ઘણે ઘણે પરાક્રમે,
ઇષ્ટ જંનનાં સુખો વધારતો અનુક્રમે;
નીતિમાન ભક્તિમાન હોય દેવથી ડરે,
તેજ ધીર વીર રાજ રાજ્યસિંધુને તરે. ૨૧

પ્રજાનો રાજાપ્રતિ ધર્મ.

(નારાચ.)

ખરા ઠરેલ કાયદા ઉમંગ લાવિ પાળતી,
કહેલું સાનમાં[૧] લહી ખસૂસ જે બજાવતી;
સ્વદેશનાભિમાનથી ફ્રિતૂર બંડ ના કરે,
પ્રજા સજાત[૨] જાણવી સુરાજભક્તિ આચરે. ૧
પિતાનિ કાળજી વડે નિરાંતથી જમી સુતી,
ન તે ભણી ઉઠે સુપુત્રિ મારવા કદી જુતી;
તજી કૃતઘ્નતા[૩] સજે કૃતજ્ઞતા[૪] રૂડી દિલે,
પ્રજા સજાત જાણવીજ જેહની ખુખી ખિલે. ૨
બહૂજ ધતરાજિ રાયની કદાપિ થાય જો,
ક્ષમાની ઢાલ[૫] રાખિ બ્હાર હાનિ હાનિ ગાયતો;
સમો વટાવિ કાયદો અયોગ્ય ફેરવાવતી,
પ્રજા સજાત જાણવી સુરાજનીતિમાં ગતી[૬]. ૩
પડયૂં વિપત્તિ આભ તૂટિ જોઇ બાપ ઉપર,
કદાપિ ના તજે જતે જિવોજ ખાઈને ડર;
અનંત તંન મંન ધંનથી દિયે સુઆશ્રય,
પ્રજા સજાત નીજ કામમાંહિ મેળવે જય. ૪
પિતા ઉપર સામટો બધો ન બોજ મૂકતી,
સ્વદેશને સુધારવાતણો સ્વશક્તિયે છતી[૭];

---

૧ (થોડામાં ઘણું સમજી જાય.) ૨ ઊંચ કુલની–જેનાં ઘરડાંઓએ મોટા જસ મેલ્યા હોય તેવી.) ૩ ઉપકારના બદલામાં અપકાર કરવાની બુદ્ધિ. ૪ ઉપકાર જાણી–માની પાછો સામો કરવાની જે બુદ્ધિ તે. ૫ (સર્વત્ર ક્ષમા બડું કહેવાય છે પણ બડુંમાં તીક્ષ્ણ ગુણ રહ્યો હોય છે માટે મેં ઢાલ કહી છે.) ૬ પોંહોંચ; માહીતી. ૭ છતી સ્વશક્તિયે–(પોતાનામાં શક્તિ છતે).

સ્વહીત દેશહીત રાજહીત રીત નીત તે,
પ્રજા સજાત તુર્ત ઝંપી લે વળી ભલી ગતે[૯]. ૫
કુસંપ લોભ ગર્વને સદૈવ ચાનકે હણે,
સુયત્ન ધોડજોડ જોડિ સંપ ચારકે ભણે;
'સદા રહોજ રામરાજ અંગના ઉમંગમાં,'
પ્રજા સજાત વીર તો જિંતેજ રંગ જંગમાં[૯]. ૬
દગા છળો જુગાર જાર ચોરિ ને ખુનો સહૂ,
સ્વદેશમાંથિ કહાડવા કરેજ મ્હેનતો બહૂ;
બચાવિ નાણું એમ જે નખાવતી સમારમાં[૧૦],
પ્રજા સજાત લાભ લે રહેજ બાપલાડમાં. ૭
વિયોગ રાયદીપનો સહે નહી કદી ખરે,
મુયેલવત્ પડી રહે પતંગ દીવસે અરે;
સુદીપ દેખતાંજ ઝંપલાવિ તેલમાં પડે,
પ્રજા સજાત રાજભક્તિ અર્પિ[૧૧]આપ પ્રાણ દે. ૮
ન એવું આચરે કદી પ્રલાપ જાય રાયરે,
ખુશામતો કરી નહીં ગુલામ આપ થાયરે;
રહીજ નીજ ભારખોજમાં નહીં ચળે[૧૨]છળે,
પ્રજા સજાત રાજભક્તિ અર્પિ આપ સૂખ લે. ૯

સ્વતંત્રતા–ખરો હિમ્મત.

(ચામર.)

હિંદુઓ હવે ખસૂસ હોંસ દીલ આણજો,
યોગ્ય જે સ્વતંત્રતામતા ન તુચ્છ જાણજો;

---

૮ જાગતીથી. (સંપરૂપી ચારકે સુયત્ન–રૂડા ઉદ્યોગરૂપી ઘોડાની જોડી, ઉમળકાથી બોલી કે 'આવું રામરાજ સદા રોહો' હુંકારે—રાજ્યમાં વર્તે).

૯ તે પ્રજા,જંગમાં–જુદ્ધમાં–નાના પ્રકારના સંસારી ખટરાગમાં જીતેજ. રંગ–બાજી જીતે અથવા એને રંગ–ધન્ય છે.) ૧૦ સુધારામાં (બગાડામાં નહીં.)

૧૧ જેમ દીવાને પતંગ ચાહેછે તેમ રૈયત રાજાને ચાહતી થાય તો પ્રસંગે તે રૈયત પોતાના રાજાને માટે પોતાની રાજભક્તિમાં પ્રાણ પણ આપી દે.

૧૨ ચળે–વિચારમાં ફરે. છળે–દગો કરે.

છો તમો ગુલામગીરિ શત્રુશસ્ત્ર ઘાયલ,[૧]
રોગમાં રિબાઇ છો થયા પથારિઝાયલ. ૧
એક વાતથી નહી પરંતુ સંધિ વાતથી,
વેઠિઆ દિશો દુખી છું લાજું શું કહું કથી;
રાજ ધર્મ રૂઢિના અયોગ્ય હીણુ દાસ છો,
શત્રુ રે સરસ્વતીતણા થયે નિરાસ છો. ૨
આજ આ દશા તમારિ ભૂંડિ શાથિ આવિ છે,
પૂછશો તમે વળી કહું છું વાત સાચિ છે;
દાસ રે ગુલામ જુલ્મિ રાજના થયાથકી,
બ્હેમબંધને ફસાઇ તો ગયાથકી નકી. ૩
ચ્હેનમાં છુટા ફર્યા અગાઉ પોપટો પણુ,
હાલમાં પડયાછ પાંજરે ગુમાવિને પણુ;
વર્ષ તો વહી ગયાં ગયા પગો બંધાઈ રે,
ના ગમે છુટૂં થવૂં ગયૂંજ વીર્ય ભાઇ રે. ૪
રે હતા સ્વતંત્ર ભારિ પૂર્વકાળમાં ખરા,
હાલમાં ગમે અરે ઉંટો પઠેમ ઝાંખરાં;
જોરમાં કુદી ઉઠો હવે બનોજ ડાંખરા,[૨]
આબરૂતણા બહૂ કરોછ કેમ કાંકરા. ૫
રાય સિંધુની પઠે હદ્દે રહ્યોજ કામનો;
જે સમે સિમો વટી વધ્યો જણાય તે ધણો;
પર્વતો ઉન્હા કદાપિ મધ્યમાંથિ નીકળે,
પૃથ્વિ નીપજે નવી જુની ડુબેજ રે જળે.[૩] ૬
ધર્મ હેમની પઠે રહ્યોજ શુદ્ધ કામનો,
જે સમે હિણો થયો અનીતિભેગથી ઘણો;

---

૧ ગુલામગીરી એ કોઇ શત્રૂ અને એનું જે શસ્ત્ર અને એ લાગવાથી ઘાયલ. અને એ રોગમાં રિબાયાથી પથારી ઝાયલ. ઘરમાં બેઠા બેઠા મરદુમી બતાવોછો પણ બહાર નિકળતા નથી.

૨ મરણિયા; હિંમતવાળા. ૩ (દરિયો પોતાની સીમ–હદ્દ મુકીને વધે તારે જાણવું કે માંહેથી કોઇ જ્વાળામુખી અથવા એવું કંઈ બાહાર નિકળવાનું છે તેમ રાજા હદ્દથી બહાર જઇ રૈયતના હક ઉપર હુમલો કરે તારે જાણવું કે હવે બંડો થવાનાં ને પછી વખતે નવું રાજ થવાનું.)

કોઇ વેળ બંધનો તુટી પડે તડાતડ,
દેશમાં ધસી વસે લડાલડી રડારડ, ૭
બુદ્ધિ લોહની પઠે ઘસાઇ રેહ ઊજળી,
સર્વ કામમાં સદાય ધારિ આવતી ભલી;
કાટ જહાં ચ્હડ્યો અને વધ્યૂ બહૂજ આળસ,
હીજડા બની કદી ન મેળવો રુડા જસ. ૮
રાજ-ધર્મ-રૂઢિને ઘટીત માન આપવૂં,
નીચ વાતમાં કબૂ ગુલામ છેક ના થવૂં;
જે બજાવવાથકી ઘટે વજન આપણૂં,
તે વિષે સ્વતંત્રતાથિ રાખવૂંજ કૂંપણૂં. ૯
રાય જો પુછે સલાહ માત્ર દ્રવ્યવાનમાં,
જ્ઞાનિ ડાહિ રાંકડી પ્રજાનિ રાખિ બેતમા;
તર્ત તેણિયે થવૂં જરૂર રહામું રાયની,
રાખવી પરંતુ વર્તવા સુસભ્યતા ઘણી. ૧૦
સ્વાર્થિયા ખળોતણો હુકૂમ નાજ માનવો,
કાર્ય કહાડવા જુઠોજ પ્રેમ દાખવે નવો;
કેમકે દિસે સમીપ અંતકાળ આવતો,
નીજ જન માલ ને સુખાદિ હક્ક ટેકનો.[૫] ૧૧
કોઇયે અતીસ છૂટ લીધિ સાંખવી નહી,
તર્ત ત્રાસ આપિને કમી કરાવવી સહી;
જો નહી સજા કરી મુકાવિ દો કટેવને,
લોભિતો પછાડશે સુસંપદેશદેવને[૬]. ૧૨
પૂર્વ કાળમાં થયાંછ મોટ મોટ કામ તે,
સર્વ છૂટના પ્રતાપ જેથિ રાજી રામ છે;

---

૪ (રાજને, ધર્મને, રૂઢીને.) ૫ (જુઠો પ્રેમ દેખાડનાર ખળ-લુચ્ચાઓનો હુકમ નજ માનવો કેમકે તે માન્યાથી આપણાં જન-માલ-સુખ-હક-ટેકનો અંત પછી વેહેલો આવેછે-આપણે સર્વસ ખોઈ બેસિયે છૈયે.)

૬ (રૂડો એવો સંપ અને એજ કોઇ, આખા દેશનો ઇષ્ટ દેવ તે.-જેમ કુળદેવી તેમ દેશદેવ.)

દેશહીત ધારવા હલાવવી સ્વતંત્રતા,[૭]
વર્તવૂં રિતે કરી પડે ન ખાવિ કો ખતા.[૮] ૧૩
કોઇ કોઇનૂં દેખેલ જો ન હોત વિશ્વમાં,
હામ હામ જો અતીશ વ્યાપિ હોત બેતમા;
ના નિભાત વિશ્વથી ટચાક નીમ તૂટતે,
સર્વ ખૂનિ નાશધૂળઢગ્ગ એકઠો થતે. ૧૪
એવું છે તથાપિ કોઇ એમ કેહેશે નહીં,
મૂળગી સ્વતંત્રતા ન જોઇયે કદી કહીં;
જો ન હોત તો ન દી રૂડા કદાપિ દેખતે,
માર ખાઇ ખાઇને ધ્રુંકાઇતો ગયા હતે. ૧૫
મા ન પથ્ય પાળતી બિગાડિદેછ ગર્ભને,
નીજ જાન કહાડિ તે બિહવાડિદેજ માતને;
બાળ દોડિ ધાવવા કને જિજ્ઞિ જાયછે,
પેટ ના ભરાયતો અતીસ ખીજવાય[૯] છે. ૧૬
આથિ દોર જાણવો ભલો સ્વતંત્રતાતણો,
ઇશ્વરે ઉપાય કામ લાગતો દિધો ઘણો;
શસ્ત્ર તે સ્વતંત્રતા ન હોય માનવી કને,
ઢોર પેર જોરવાન મારશે કજોરને. ૧૭
જે વિવેકપેટ જન્મિ હોય મર્જિદીકરી,
મર્હુ માર મારતાં મરે નહીં કદી ખરી;
જ્વલિમ દાહમાંથિ છે સિતા સમાન નીસરે,
શુદ્ધ મર્જિશક્તિ તે સ્વતંત્રતા ભલી ખરે.[૧૦] ૧૮

---

૭ (અતિ અજ્ઞાનની થંડીથી શરીરમાં બંધાઇ ગયલો સ્વતંત્રતા રૂપી જે રગડો તેને હલાવી છેક પ્રવાહીરૂપે કરી રૂવે રૂવે પસરતો કરવો અથવા સ્વતંત્રતારૂપી જે શસ્ત્રાદિક તેને હલાવવું.) ૮ છકકડ; હાર.

૯ ગર્ભધારણ કરનારી ધટતી કરી નથી પાળતી તો તેથી ગર્ભને નુકસાન પોંહોંચેછે અને તેથી પાછું ગર્ભ ધારણ કરનારીને નુકસાન પોંહોંચેછે. ગર્ભની ધટતી બરદાસ્ત, માથી નથી લેવાતી તો ગર્ભ પોતાનો જાન કાહાડી માનો લેવાનું તાકેછે અને બાલક ધાવવાને દોડે ને પછી તેનું જો પેટ નથી ભરાતું તો તે ખીજવાઈ જાયછે–એ બધું શું ?–એ કુદરતથી એમ સમજાયછે કે પ્રાણી ગર્ભરૂપે ને બાળકરૂપે પણ પોતાની છુટનો દાવો કરેછે તો મોટા સમજુકે ન કરવો ?

૧૦ (એમાં સ્વતંત્રતા એટલે શું એ બતાવ્યું છે; સ્વતંત્રતાની વ્યાખ્યા કરીછે)

જે કમાનની[૧૧] પકે દબાયલી રહે નહીં,
સોયની[૧૨] પકે ઇચ્છેલ ધ્રુવ દાખવે સહી;
શ્વાનપુચ્છની[૧૩] પકે ન તાણિ સીધિ થાય જે,
તેજ જાણવી સ્વતંત્રતાનિ શક્તિ ને મઝે. ૧૯

યોગ્ય રીતનો પટો સ્વતંત્રતા સુશસ્ત્રનો,
ખેલવો છટાથિ ભારિ દિવ્ય[૧૪] માનટેકનો;
દુષ્ટ શત્રુ આવતો દિસે સમીપ શૂરમાં,
યુક્તિથી સુવાડવો ઉગામિ હાથ ધૂળમાં. ૨૦

છૂટ જો ન હોત કામ વિશ્વનૂં ન ચાલત,
રાયરંકમાં કદી ન ફેરફાર હાલત;
શેઠના જુલૂમથી સુસેવકો મરી જતે,
વ્હેલ વિશ્વનો ખુરોજ અંત એમ આવતે. ૨૧

આપ આપ સીમમાં રમે કજોર જોર તે,
યોગ્ય તોલથી વધે ન એજ છૂટ દોર છે;
જાણવો સ્વતંત્રતા ભલોજ દેવ દિગ્ગજ,
જેનિ કાળજીથકી કિડા હણે નહીં ગજ[૧૫]. ૨૨

વિવેક નામની સ્ત્રીને પેટે ઈચ્છા નામની દીકરી જન્મી હોય એટલે યોગ્ય-અયોગ્યનો વિચાર કીધા પછી યોગ્ય વસ્તુ મેળવવાની જે ઇચ્છા થઇ હોય, અને એ ઇચ્છા-એ જોરસો (શુદ્ધ છે કે નહીં એ જાણવાને) ખુબ માર્યા છતે પણ ડબાય નહી-મરી ન જાય અને પ્રથમ પ્રમાણેજ રેહે;-એવી જે ઇચ્છાશક્તિ-અથવા એ જે જોરસો તેનું નામ સ્વતંત્રતા.-સીતાના ઉપર ધોબીયે આળ મુકયું હતું અને તેથી રામચંદ્રે તેનું સત જોવાને અગ્નિકુંડ રચ્યો હતો ને સીતા એમની એમ બળ્યાવગર પાછી શુદ્ધ થઇ નિકળી આવી હતી તેમ. ૧૧ ઘડિયાળ, કોચ વગેરેમાં સ્થિતિસ્થાપક ગુણ રાખનાર જે લ્હોહું-સ્પ્રીંગ હોય છે તે. નેતરને વાળિયે તો વળે પણ જોર મુકી દીધું કે પાછી અસલ જેવીજ થઈ રેહેછે એ જે તેનામાં સ્વભાવિક ગુણ રહ્યો હોય છે તે; રબરને તાણીને મુકી દીધું કે પાછું તેવુંને તેવુંજ. ૧૨ હોકાયંત્રમાંની સોય જે ઉત્તર દિશા-ધ્રુવ બતાવે છે તે.-એને ગમે તાંહાં ફેરવિયે પણ જોર મુકી દીધું કે તે પાછી ઉત્તર દિશા તરફ અણી કરી રેહે છે. ૧૩ કુતરાની પુછડી-વાંકી તે વાંકી. એ ઠેકાને પુછડીના વાંકા આકાર ઉપર વિચારવાનું નથી પણ તેના સ્વભાવ ઉપર. ૧૪ શોભતો. ૧૫ નબળાં ને સબળાં પોત પોતાની મીનમાં ધાસ્તીવગર રેહે-જોરાવર, કમજોરને ડબાવીને તેનું લઈ ન લે એજ છુટ-સ્વતંત્રતાનો દોર છે-કુદરતી હક છે.-યુરોપખંડમાં નાનાં મોટાં ઘણાંક રાજ્યોછે પણ પોત પોતાના સ્વતંત્ર હકથી આબાદ રેહેછે. દિગ્ગજ એટલે દિશાનો દેવ (કલ્પિત). જેમ ખેતરપાળ તેમ દિગ્ગજ. સ્વતંત્રતા એ દિગજ્જ છે જે સર્વના હકને વધતો ઓછો થવા દેતો નથી.-હાથી-જોરાવર-રાય, કીડા-કમજોર-રંકને હણી શકતો નથી.

છૂટથી વધેજ નૂર તેજ માનવીતણું,
શોભતું ખિલી રહેજ મર્દમાનવીપણું;
વીરવીર્ય[૧૬] દાખવે સ્વતંત્રતા પરાક્રમ,
જેનિ હાક સાંભળી ખુણે ભરાય રે જમ. [૧૭] ૨૩

જો સ્વતંત્રતા મળે નહીં ખરે સુજ્ઞાણને,
બુદ્ધિ ધૂમ થાય છે કટાઈ કાર્ય ના બને;
જો કળી[૧૮]ચંપાઇ તો ફુલો ફળો ના નીપજે,
શોધ ના નવા ઉગે ન જીવ ભૂષણો સજે. ૨૪

સારિ વાતમાં વધે સવાદ વાદ[૧૯] સર્વનો,
લોક માનમાં રહી હણેજ દોર ગર્વનો;
હુન્નરી કળા વધે વધેજ દામ નામ તો,
શુદ્ધ ધર્મ જાણિ લોક વ્હેમને કરે જતો. ૨૫

લોક તે ભણેલ ને ગણેલ થાય હોંસથી,
કોઇ કોઇની નહીંજ ગાંઠ[૨૦] વાળતું મથી;
રાય રંક સર્વ તે કરે સ્વિકાર સારનો,
જોરમાં ચઢે જુંવાળ દેશના સમારનો. ૨૬

કોઇનો નથીજ હક્ક રાયરંકનો કદા,
છેક તો થવા બનાવવા ગુલામ વિશ્વમાં;
માણસાઈ છે તહાં ગુલામિ હોવિ ના ખરે,
જુલ્મિ વાત[૨૧] જોઇ શુભ ન્યાયફૂલ તે ખરે. ૨૭

મૂર્ખહાથ છૂટ શસ્ત્ર નૂકસાનકાર છે,
જ્ઞાનિહાથ તેજ શસ્ત્ર ભારિ લાભકાર છે;
મૂર્ખ[૨૨] આપ અન્યને હણેજ ઉદ્ધતાઇથી,
જ્ઞાનિ કાર્ય કહાડતો ખિહવાડિ સાલસાઇથી. ૨૮

---

૧૬ વીર પુરૂષનું વીર્ય છે–મરદનો બચ્ચો છે એમ દેખાડે છે. કોણ દેખાડે છે? તોકે સ્વતંત્રતા. ૧૭ જીવને લઈ જનારા–જુલમગારો. ૧૮ સ્વતંત્રતાની કળી ચંપાઇ તો પછી તેમાંથી જે ફુલ, ફળ–મોટા લાભરૂપી સારાં પરિણામ નિપજવાનાંજ નહીં. ૧૯ સ્વતંત્રતાથી રસ ને ઇર્ષા વધે છે. ૨૦ વેર–ખારરૂપી ગાંઠ. ૨૧ જુલમી પવનથી ન્યાયરૂપી ફુલ ખરી પડે છે–જુલમની આગળ ઈનસાફ ચાલેજ નહીં. વાત એટલે વાયુ અથવા વારતા. ૨૨ મુરખ, પોતાનું ને બિજનું બનેનું નુકસાન કરી લેછે.

જેટલા દિસેછ માનવીહકો ઘણા ઘણા,
મૂખ્ય છે સ્વતંત્રતા નથીજ તેહમાં મણા;
આવશે દિ કેદિ કેદિ છુટશું ગુલામિથી ?,
વા નિરાશ થાવું ભાઇ દેવ લાવશે મિતી[૨૩]. ૨૯
સર્વ સાર એટલો સ્વતંત્રતા હિરાકણી,
છે વિટી અગત્યની કહો અરે જરૂરની;
સૂક્ષ્મ તે પરંતુ દેવદત્ત જાણવો વર,
શ્રેષ્ટ સૃષ્ટિમાં અનૂપ જેથિ શોભતો કર.[૨૪] ૩૦
લાભ થાય છૂટથી ગણીતથી ગણાય ના,
કાવ્યમાં લખાય ના કવીથિ તે ભણાય ના;
દુઃખને દળો[૨૫] ન કેમ શૂર છૂપું રે છતે,
લો હવે વિરો સહૂ ઉઠોજ યોગ્ય હિમ્મતે. ૩૧
રાજકાજમાં પ્રવીણ થાવું ચોંપ રાખિને,
રાયપાસ માંગવા હકો પ્રસંગ તાકિને;
કારભાર લેઇને કરાવવા સુકાયદા,
જેથિ રાય તો ડરી વહી ન જાયરે કદા. ૩૨
જે વિવેકબુદ્ધિ શાસ્ત્ર કેહ તે કરો હવે,
ન્યાત-પિત્રુબંધ[૨૬] જીર્ણ ઘાસ બાળિદો દવે;
નિત્યદેવને ભજો સદાય નીતિ આચરો,
હિમ્મતે ન હારિ ભાઈ ઝટ્ટ નાતરાં કરો. ૩૩
શૂભ ને અશૂભ કાર્ય હાઠ દો તજી અરે,
દ્રવ્ય કાંકરાનિપેર વ્યર્થ ના ખુવો ખરે;
બંધ બાળલગ્ન ને મરેલ શોક ના કરો,
દેશને તરાવવા બિજા પ્રદેશમાં ફરો. ૩૪

---

૨૩ તિથિ; દાહાડો. ૨૪ સ્વતંત્રતા એ હિરાકણી છે.—એ અથવા એ જડીત વીટી જરૂરની છે—એ ઝીણી છે તોપણ ઇશ્વરની પ્રસાદિ છે. એ હક, દુનિયામાં સહુથી ઊંચો છે રે એના જેવો બીજો કોઈ નથી. એ નંગથીજ ખરેખર માણસનો હાથ—માણસના હાથની આંગળી શોભે છે. ૨૫ (ધણની પેઠે) દળી નાખો.

૨૬ ન્યાત અને પિતૃસબંધી જે વેહેમબંધનો તે અને એ રૂપી જે જુનું ઘાસ તેને દવે—સ્વતંત્રતાના પ્રતાપરૂપી અગ્નિયે બાળી નાખો.

આળસાઇ આટિને ભણ્યો ગણ્યો સુઉદ્યમે,
જ્ઞાન બુદ્ધિ શુદ્ધિ વૃદ્ધિ મંનમાં કરો જમે;
મંત્ર તંત્ર વ્હેમને તજી સુસંપ સેવિલો,
યંત્ર આણિ દેશમાં બજારને[૨૭] વધારિદો. ૩૫
સાચિ હિમ્મતે હણાય શત્રુ સો કરોડ તે,
સાચિવાતમાં દબેલ રોહ ના કજા[૨૮] થતે;
સાચિ તે સ્વતંત્રતા શુરી ધણી જગાડવી,
સાચિ વાતમાં ખરે સુઉદ્યમે લગાડવી. ૩૬

(માલિની.)

બનવું બ્હિકણ પાવૈ[૨૯], કાયરાં હીણું કૂડું,
બનવું મરદ શૂરાં, હિમ્મતી તેજ રૂડું;
ગરમ લુધીર[૩૦] વ્હેતે, પામવું મોત સારું,
સમજિ સુજન મંડો,ભાંજવા બેડિ[૩૧] તાળું. ૩૭
અતિસ બનિ ગયાછો, બ્હાવરા ને જનાની,
ગમતિ ધણિ થઇ છે, વાત શૃંગારમાંની[૩૨];
પણ બચિત વિચારો, ચિત્ત શૃંગાર બોલે,
પુરુષ પણથિ[૩૩] રાખે, વીર મર્દાઇ દીલે. ૩૮
પુરુષ સશુર[૩૪] હોયે, તો બને સ્ત્રી કુપાળી,
ઉલટથકિજ વાગે, પ્રેમની રંગ તાળી;
સમય નથિ હવે કે, રોજ શૃંગાર બેલો,
સમજિ સમય જાણો, આ વળી છેક છેલ્લો. ૩૯

---

૨૭ વેપારની બજાર. ૨૮ અકાળ મૃત્યુ; કમોત. ૨૯ હીજડા.
૩૦ રીબાઇને મરવાના કર્તા, આપણા શરીરમાં ગરમ લોહી વેહતું હોય તેવી હાલતમાં–પરાક્રમ કરતાં મરી જવું એ વધારે સારું છે. કેહેવાય છે કે જુદ્ધમાં મરવાથી સ્વર્ગ મળે છે. ૩૧ વ્હેમરૂપી બેડીનું તાળું. ૩૨ શૃંગાર રસમાંની વાતો. ૩૩ ચિત્તમાં બચિત વિચારો–જાણો કે શૃંગાર રસની પૂરી મઝા કાહારે પડે છે કે જરે પુરુષ પણ–ટેકથી, વીર–શુરવીર પુરુષોની જે મરદાઇ તે મરદાઇ રાખતા હોય છે તારેજ. ૩૪ પુરુષો જે સશૂર–શૂર સહિત–શૂરવાળા–શૂરા હોય (તને મને) તો તેઓથી થતી જે છોકરીયો અને પછી સ્ત્રીયો તે રૂપાળી બને છે.–કમનેરના છોકરાં કમનેર ને બદસુરતજ હોય. જે દેશમાં પુરુષ શૌર્યવાળા અને સ્ત્રીયો રૂપસુંદરી હોય છે તાંહાંજ પ્રેમની રંગતાળી જોઈયે તેવી વાગે છે–અહીંજ શૃંગારરસનો ખરેખરો બ્હાર હોય છે. ઘણું બરું જોવામાં આવે છે કે ઉંચ કુળની રૂપસુંદરીયો લશ્કરી મરદો સાથેજ સંબંધ કરે છે.

શરમ શરમ લોકો, આળસે આપિ દીધૂં,
અવતરિ ઉંચ કૂળે, ખાઇને ખોટું કીધૂં;
વિજળિચમકધક્કા[૩૫], લો તમે છૂટરૂપ,
અતિશ પસરિરહેશે, અંગમાં ભારિ ઝૂમ. ૪૦
અમૃત છુટ ઝરો[૩૬] જે,આળસે છે પુરાયો,
બહુ બહુ શ્રમથી તે, ખોદવા ઝટ ધાઓ;
નિરમળ નિર થંડૂં, દેખિને રાજિ થાઓ,
હલકું જળ પિઇને, રોગથી છૂટી જાઓ. ૪૧
ઘણું શું કહું હું લોકો,ઝખ્ખકી ઝટ જાગો,
ઘટિત સકળ રીતે, આપના હક્ક માંગો;
અગર નહિંજ માંગો, આમનાઆમ ભાઈ,
હડ હડ ખમિ સૂશો, રે ચિતામાં રિખાઈ. ૪૨
છતિ પણ[૩૭] તલવારે,કાં લુટાઓછ લોકો,
પછિ વળિ પસતાઈ, કેમ ભૂકોછ પોકો;
સબબ વગર સંધૂં, જાણિ જોઈ ગુમાવો,
કદર ફરજ ભૂલી, કાં બગાડોછ દાવો? ૪૩
મનથિ કરિ સુભગતી, જુક્તિ ઝાઝી લગાવો,
રુડી છુટ બલિહારી, રોજને રોજ ગાવો;
રુડું છુટસુખ લેવા, જળવો હક્ક ભારી,
છુટ છુટ છુટ બોલો, દેશિયો સૂખકારી. ૪૪
છુટ છુટ છુટ બોલી,આચરો તેજઅર્થે,[૩૮]
શુભ શુભ શુભ કર્મો, જે ભરે કોશ અર્થે;[૩૯]

---

૩૫ આનરથી માણસની ધંદ્રીઓ બ્હેર મારી ગઇ હોય છે ને તેને જેમ ડાક્તરો વિજળીના ચમક ધક્કા આપી જાગતી કરે છે તેમ ઓ ભાઇયો તમે અજ્ઞાન આળસે સજ્જડ થઇ ગયાછ તે છુટ–સ્વતંત્રતારૂપ–દેશાભિમાન રૂપ વિજળીચમક ધક્કા લો કે (એ જોસ્સાથી) સુસ્તી ઉડી જઇ આંગમાં જોમ આવે.

૩૬ અમૃત સરખો મીઠો સ્વતંત્રતાનો ઝરો આળસ અજ્ઞાનરૂપી મટોડો પથરાયથી પુરાઇ ગયો છે તેને મેહેનતથી ખોદો ને પછી તેમાંનું નિરમળું નીર જોઇને પ્રથમ તો રાજી થાઓ અને પછી તે હલકું–અજીરણને પાચન કરનાર પાણી પીને રોગથી છુટો. (સ્વતંત્રતાના લાભ લેઇ સુખી થાઓ)

૩૭ પણ–ટેક–પોતાપણું–હું પદુ અથવા એ જોસ્સો અને એ રૂપી જે તલવાર તે.

૩૮ છુટનેસારૂજ કર્મો આચરો–રૂડાં આચરણથી કર્મ કરો.

૩૯ (એવાં કર્મો કે) જે (દેશના) કોષને દ્રવ્યથી ભરી નાખે.

સુખ સુખ સુખ હોરો, દુઃખને દો દળી ઓ, ૪૦
જય જય જય દેશે, દો ગળાવી વળી ઓ ! ૪૫

(ગરબી.)

દેશિયો ભણો ભણો રે ભણો ભણો. ટેક.
હાંરે જે કોઈ ભણી સમજણાં થાશે,
તેના વ્હેમો સમૂળા[૧] જાશે રે. દે૦ ૧
હાંરે જે કોઇ ભણ્યા વિના દિન ગાળે,
હાથો મૂકે પછાઈ તે કપાળે રે. દે૦ ૨
હાંરે જે કોઇ ભણ્યા વિના સુખ જાચે,
તે તો હોરે બહુ દુઃખ કહું સાચેરે. દે૦ ૩
હાંરે કરો ભણવે વિચાર નહીં ઊંધો,
દઈ વીવેકમાણ[૨] મન ગૂંદો રે. દે૦ ૪
હાંરે તમે ભણી છકેલ ના થાશો,
ખરેખાતે પાછળ રહી જાશો રે. દે૦ ૫
હાંરે ઝટ જાગો હવે સહુ લોકો,
તમે છતે શૂરે ન વાળો ચોકો[૩] રે. દે૦ ૬
હાંરે દેશવેરો[૪] નથી કાંઇ ખોટા,
તમે ખોટા થયેથિ ખોયા લોટા રે. દે૦ ૭
હાંરે કરો હુન્નર વધારિ દેશ તાજો,
ખુદ્ધિ રૂઢી[૫] ન છોડવે લાજો રે. દે૦ ૮

---

૪૦ ઓ–અરે (લોકો)—આતુરતાથી ઉતાવળે બોલતાં. દુઃખને દળી દો ને સુખ તે હોરી લો.

૧ મુળિયાં સુદ્ધાં. ૨ જેમ લોટમાં ઘીનું માણ તેમ મનરૂપી લોટમાં વિવેકનું માણ દઇ તે મનરૂપી કણેકને ગુંદી કેળવો. ૩ ચોકો વાળવો–માંડી વાળવું; આટપી બેસવું. (બ્હાર ન પડવું પણ ઘરમાં બેસી રેહેવું)

૪ દેશના વેશ–ઢંગ ખોટા–નઠારા નથી, પણ તમેજ હાડકાના ખોટા થયા તેથી તમે તમારા લોટા ખોઇ નાખ્યા છે. લોટા–મેળવેલી આબરૂ ને મેળવેલો પૈસો ભળવી રાખવાના ગલ્લા–વાસણો–પાત્રો–પાત્ર પુરષો. તમે સારાં સારાં માણસો ખોઇ બેઠા કે જેથી તમારૂં સર્વસજ્જ ગયું.

૫ રૂઢિબાઇ નામની બુદ્ધિને–જુની એવી જે નઠારી રૂઢી–રીતભાત તેને છોડી દેતાં લાજો નહીં.–એ ડોસીને કહાડી મુકો.

હાંરે તમે નીતે નીતીમાન થાજો,
ધર્મચંબૂ[૬] કટાયો ધસિ સાજો રે. દે૦ ૯
હાંરે સહૂ સંપે સદા બહુ રેહેા,
ફળો પામેા રૂડાં જે કેાહેા રે. દે૦ ૧૦
હાંરે ધર્મ રાજા રૈયતના સમજો,
પછે માંહેામાંહે ઝંપ જમજો રે. દે૦ ૧૧
હાંરે તમે દરબારી કામમાં પેશેા,
અભિમાનેા જગાવી માન લેશેા રે. દે૦ ૧૨
હાંરે હક ટેકેા પેાતાના જાણેા,
ખરી સ્વતંત્રતાયશ[૭] આણેા રે. દે૦ ૧૩
હાંરે હવે વળગેા હમણાવતી કામે,
ચિત્તે કરેા મ્હેનત આઠ જામે[૮] રે. દે૦ ૧૪
હાંરે દાઝ લાવી નર્મદ હું ભાખૂ,
વટ[૯] જાયે ઉઠેા કેમ સાંખૂં રે. દે૦ ૧૫

ઈશ્વરપ્રાર્થના.

(શાર્દૂલવિક્રીડિત.)

આ સંધૂં કહિયે હમે પણ થશે, તારી કૃપા જો હશે,
નક્કિ છે મનમાં ખરે, તુજવિના મિથ્યા વિચારેા જશે;
માટે દેવ દયાળુ બાપ જગના, કાંઇ ન વંકાઇશ[૧],
આ બેાલ્યૂં સમજીશ મા નિસરયું છે, ગર્વેાથકી એેા ઇશ. ૧
છૈયે સર્વ નિમિત્તમાત્રજ હમે, કર્ત્તા તું હર્તા ખરે,
રૂડૂં કાર્ય ઉપાડવે પ્રભુ લુલી, બાંહ્યેા[૨] હમારી ધરે;

---

૬ ચંબુ નામનું ગેાળ મેાટાં પેટાંનું અને લાંબાં સાંકડાં મ્હેાડાંનું વાસણ. એ અંદરથી તેા સન્નયજ નહીં. આપણેા ધર્મ, ચંબુ જેવેા છે, માંહેથી તેા સન્નય તેવેા છેજ નહીં, પણ વારૂ બ્હારથી તેા જેટલેા સન્નય તેટલેા સાજી ઉજળેા રાખવેા ? બ્રહ્મજ્ઞાનની વાત તેા દૂર રહી પણ નીતિ તેા સમજો.

૭ સ્વતંત્રતાવડે મળતા જે જસ તે. ૮ આઠે પેાહેાર. ૯ પણ–ટેક. (ઉંચ કુળના ગુણેા રાખવાનેા જે આપણેા ટેક તે જતેા રેહે છે માટે હવે ઉઠેા–હું કેટલું સાંખું–મને તમે પડેલાની દાઝ આવેછ માટે આટલું બેાલું છ)

૧ (આ હમારૂં ગર્વનું વચન છે એમ જાણીને વંકાઇશમા–ક્રેાધે મા ભરાઇશ–એ વચન તેા બળાપાનાં છે). ૨ હાથ.

ચારે પાસથિ વાગપાશ[૩] ફરતો આવી રહ્યો છે અરે,
પ્રેમે જોઇ હવે અનાથભણિ તૂં, દાસત્વથી[૪] છોડરે. ૨
જો જો જો જગજીવના[૫] બહુ સહ્યાં, સંકષ્ટ તો સામટાં,
રાજા-ધર્મ-રૂઢીતણા જુલમથી[૬], અંગે ઉઠ્યાં ચામઠાં;
બહૂં ખોઇ બહૂ રડી રહિ થયા, બીહામણા બ્હાવરા,
મ્હોડે નૂર નહીં કંઈ ધમનિ[૭] તો, ટહાડીજ જેવી કરાં. ૩
રીબાવીશ ન આપતૂં મરણ રે, વા[૮] છોડ દાસત્વથી,
સંખાતો નથિ બ્હેમનો જુલુમ તે, છૂટા થયે સત્વથી[૯];
દેખાડી રમતા પડોશિ[૧૦] છુટમાં, હોમેછ કાં તેલ રે,
બાપા આ વિનતી સુણી કરિ કૃપા, પાશોથિ[૧૧] મૂકાવરે. ૪

(૧-૧)

*મૂળાક્ષરોને શિક્ષા.

(ચોપાઇ)

૧. અ આ અચ્યુતને[૧] આરાધ, જેના છે જસ ગૂણ અગાધ;
અક્ષય કિરતી તેનિજ એક, બીજાની ઝટ જાયે છેક;
કર્મ કરંતાં નાવે બાધ, અ આ અચ્યુતને આરાધ.

૨. કક્કા કર કંસારી[૨] સેવ, છાંડીદઇ ખોટો અહમેવ;
દોષ વિનાનો તેને જાણ, ગુણસાગર નાગર નિરવાણ[૩];
તજી કરી સહુ નરસી ટેવ, કક્કા કર કંસારી સેવ.

૩. ખખ્ખા ખગપતિપતિને[૪] ખોળ, અવર ન આવે તેને તોલ;

---

૩ જુલમરૂપી નાગપાશ. ૪ ગુલામગીરીથી. ૫ એ જગજીવના-ઈશ્વર. (જગતના જીવન) ૬ રાજાના જુલમથી, ધર્મના જુલમથી, રૂઢીના જુલમથી. ૭ નાડી. ૮ અથવા. ૯ શૌર્ય. (દેશાભિમાન રહિત થયેથી). ૧૦ આપણી પડોસમાં આવી રહેલા લોકો-અંગ્રેજ વગેરે; અથવા આપણા દેશની પડોસના દેશના ઈરાની, તાતારી, ચિના જેવા લોક જે સ્વતંત્ર છે તે દેખાડીને હમારા બળાપામાં તેલ શું કરવા હોમેછે-વધારો શું કરવા કરે છે? ૧૧ બંધનથી; બેડીથી.

* કાળીદાસનો, પ્રીતમદાસનો અને દયારામનો કક્કો જોઈને મને કક્કો કરવાનું મન થયું હતું. (સને ૧૮૬૦ માં). મારા કક્કામાં વિશેષ આ છે કે સઘળા અક્ષરનાં વિષ્ણુ-કૃષ્ણનાં નામ છે.

૧ વિષ્ણુ (જેનો નાશ નથી તે). ૨ કૃષ્ણ (કંસનો અરિ-શત્રુ). ૩ નક્કી-મુક્તિ પદ. ૪ વિષ્ણુ (ખ-આકાશ; ખગ-પક્ષી; ખગપતિ-ગરૂડ; ખગપતિપતિ-

દેવ દૈત્યના દર્પો[૫] હરચા, ભક્તજંન સુખિયારા કરયા;
પાપ ધુએ તે નામનિ[૬] છોળ, ખખ્ખા ખગપતિપતિને ખોળ.

૪. ગગ્ગા ગાની ગુરુ ગોવંદ, તાપ હરે ભવના વૃજચંદ;
રાસ રમ્યો ગોપીની સંગ, તોપણ નહિં નીતીનો ભંગ;
સહુ જનનાં સુખનો તે કંદ, ગગ્ગા ગાની ગુરુ ગોવંદ.

૫. ધધ્ધા ઘટઘટમાં ઘનશ્યામ, જાણીલે તે અંતરજામ;
મોહમદે મા ભૂલિશ લેશ, તેથી તો વાગે બહુ ઠેસ;
ભય રાખીને કરજે કામ, ધધ્ધા ઘટઘટમાં ઘનશ્યામ.

૬. ચચ્ચા ચતુર્ભુજે ચિત રાખ, માયામાંથી કહાડી નાખ;
અહિંનું સંધૂં અહિયાં રેહ, પુણ્યવિના શૂં સાથે કેહ;
કાયા તેપણ થાયે ખાખ, ચચ્ચા ચતુર્ભુજે ચિત રાખ.

૭. છછ્છા છેલછબીલો લાલ, જોયાં કર ના ડંસે કાળ,
નવરસને સરજ્યા સાર, જેમાં મોટો છે શૃંગાર;
અંમૃત પાએ રૂપ રસાળ, છછ્છા છેલછબીલો લાલ.

૮. જજ્જા જગજીવનને જાણ, તન મન ધન અર્પી પરમાણ;
ખરો ભરોંસો તેનો માન, સંકટમાં સંભાળે જાન;
સાચે ભાવે નીતી નાણ, જજ્જા જગજીવનને જાણ.

૯. ઝઝ્ઝા ઝગમગજ્યોતી ભાળ, મનકોઠે કરિ ઝાકઝમાળ,
સંશય કચરો દૂર પળાય, જ્ઞાનખાણ તે ઝટ ખોદાય;
રહેલી થઇ જાયે જંજાળ, ઝઝ્ઝા ઝગમગજ્યોતી ભાળ.

૧૦. ટટ્ટા ટેકે ટેડો હરી, ન્યાળી લે નહિં નરતન ફરી;
કજિયા ટંટા ટાળી કરી, નીતી ટેકે ધરજે ખરી;
સમરણ કરતાં મારે અરી, ટટ્ટા ટેકે ટેડો હરી.

૧૧. ઠઠ્ઠા ઠાકુરજી આધાર, જેણે પેરચા યશપ્રુલહાર,
કનકતણા સંગી છે સહુ, નથિ સંગી પ્યારી પણ વહુ;
ઠાઠમાઠ ઠકે નહિં સાર, ઠઠ્ઠા ઠાકુરજી આધાર.

૧૨. ડડ્ડા ડાકુરનો શ્રી ભૂપ, મનમાં રાખી રહેજે ચૂપ;

વિષ્ણુ). ૫ ગર્વ. ૬ વિષ્ણુ એ નામરૂપી પ્રવાહની છોળ.

વલવતો ના થઈ લગાર, ધરજે અંગે નીતીભાર;
પાર પાડશે પ્રભૂ અનૂપ, ઢઢ્ઢા ડાકુરનો શ્રી ભૂપ.

૧૩. **ઢઢ્ઢા ઢોરચરાવનહાર,**[૭] ઢૂંઢીલે તે ઠારોઠાર;
ઢોરરૂપ મનઇંદ્રી જાણુ, કૃષ્ણ કરે આકર્ષણ માન;
રહેજ ચલાવે તે સંસાર, ઢઢ્ઢા ઢોરચરાવનહાર.

૧૫ **તત્તા ત્રીકંમ સર્વોત્તંમ,** તેનિ કૃપાથી હણજે તંમ[૮];
ભજવાની ત્રેવડમાં રેહ, અળસાઈશ મા કરી તરેહ;
મનમાન્યૂં લેવાને નંમ, તત્તા ત્રીકમ સર્વોત્તંમ,

૧૫ **થથ્થા થંભજગતનો આદ,** યાદ કરંતાં પડે સવાદ;
થાપણ ભક્તી ને દાનની,તેજમાત્ર અહિં તહિં કામની;
મદી પુરુષના તોડે નાદ, થથ્થા થંભજગતનો આદ.

૧૬ **દદ્દા દામોદર** છે દક્ષ,[૯] તેપર આલ તું પૂરો લક્ષ;
દીનહીનને દેજે દાન, સાન રાખજે નહિં કહિં કાન;
ખરી વાતનો કરજે પક્ષ, દદ્દા દામોદર છે દક્ષ.

૧૭ **ધધ્ધા ધરણીધર** ભજ વીર,ભવરણમાં રાખી મન ધીર;
સરે ધિરજથી સઘળૂં કામ, પણ કર મ્હેનત આઠેજામ;
સદા આંખમાં રાખી હીર[૧૦],ધદ્ધા ધરણીધર ભજ વીર.

૧૮ **નન્ના નારાયણથી** રાચ, નરહરિ કોની ના લે લાંચ;
રખે માનતા માને કદી, એમ કરેથિ વળે નવ દી;
જોબનમાં મા થન થન નાચ,નન્ના નારાયણથી રાચ,

૧૯ **પપ્પા પ્રેમાનંદસું** પ્રીત, કરવાસારૂ બીજી[૧૧] ઝીંત;
લપટાયો બીજીમાં ગયો, તો તો દુખિયો પૂરો થયો;
બંધાશેજ કસાતાં નીત, પપ્પા પ્રેમાનંદસું પ્રીત.

૨૦ **ફફ્ફા ફણિપરનાચ્યો** જેહ, કૃષ્ણ ધ્યાન તૂં ધરતો રેહ;
પરમાર્થે તે કાળો[૧૨] થયો, તોપણ ના કંટાળી ગયો;
આપે તે પરમાર્થે દેહ, ફફ્ફા ફણિપરનાચ્યો જેહ.

૨૧ **બબ્બા બાળકૃષ્ણ** પરતાપ,જોતો જા કહાડયા પરિતાપ;

---

૭ કૃષ્ણ. ૮ અંધારૂં (અજ્ઞાનનું). ૯ ચતુર. ૧૦ રેહેમ. ૧૧ કનક કામિનિ આદિક જે ધુર્તમાયા તેની પ્રીતીને જીત એટલે તેમાં તું ન લપટા. ૧૨ કૃષ્ણ પ્રથમ તો ગૈાર પણ કાળિનાગનાથ્યા પછી કાળો થયો.

ન્હાને મોટાં કીધાં કામ, વીર શિખામણ દે છે આમ;
સમાવિદે સંધા સંતાપ, બબ્બા બાળકૃષ્ણ પરતાપ.

૨૨ **ભભ્ભા ભૂધર** ભાવે ભજી, પછી છોડ મૃત્યૂકાળજી;
યમના દંડતણી નહિં બ્હીક, પાપ રિસે તૂં આણૂં ઝીંક;
લાભો લેજે નીતી સજી, ભભ્ભા ભૂધર ભાવે ભજી.

૨૩ **મમ્મા મુરલીધર મોહનં**, સમજ તુને આપેછે અંન;
પારખતાં શીખાડે વળી, વસ્તૂ સુંદર સાચી ભલી;
કરિ મયા શોભાવે વંન, મમ્મા મુરલીધર મોહનં.

૨૪ **યય્યા યજ્ઞપુરુષ** યશવંત,ધડિભર ભણુ તૂં રાખી ખંત;
મનમાન્યાં કર પશ્ચાત્તાપ, એ યજ્ઞે બળશે સહુ પાપ;
સાહ્ય કરે આવે જો અંત, યય્યા યજ્ઞપુરુષ યશવંત.

૨૫ **રરરા રામ**તણો વિસ્વાસ,રાખ નહીં પરની કો આશ;
સ્વારથિયા જન કરે નિરાસ, માટે કોનો ના થા દાસ;
સાચવટે છોડાવે પાશ,[૧૩] રરરા રામતણો વિસ્વાસ.

૨૬ **લલ્લા લક્ષ્મીપતી** અનાદ, સાચામાં શો વાદવિવાદ;
મતવાદોને પડતા મ્હેલ, વેદવાટ છે સહુથી સ્હેલ;
વરસાવે મંગળ વરસાદ, લલ્લા લક્ષ્મીપતી અનાદ.

૨૭ **વવ્વા વેદે વિષ્ણૂ** ગાય, મુકતીપદ સુખસાતા થાય;
વેદ મહીમા અપરમપાર, જ્ઞાનતણો સાચો પરકાર;
ધ્યાયે બ્રહ્માદીક સદાય, વવ્વા વેદે વિષ્ણૂ ગાય.

૨૮ **શશ્શા શંખાસુરસંહાર**[૧૪],ભય રાખી નિત તૂં સંભાર;
શકુન સર્વ વ્હેમીને હોય, ડાહ્યો સંધે ઇશ્વર જોય;
ઊતાર્યો ભૂમીનો ભાર, શશ્શા શંખાસુરસંહાર.

૨૯ **ષષ્ષા ષડ્રીંદ્રૂનૂં**[૧૫]નામ, એજ આવશે સંધે કામ;
નામવડે મૂર્તીને માન, નામવડે સાધૂ સનમાન;
રટ રટ મૂકીદઈ દમામ, ષષ્ષા ષડ્રીંદ્રૂનૂં નામ.

૩૦ **સસ્સા સારંગપાણી** સાધ,કો વાતે પડશે નહિ ખાધ;

---

૧૩ ભવના પાશ. ૧૪ વિષ્ણુનો મચ્છાવતાર. ૧૫ વિષ્ણુ.

ઓઢે સામળિયો કામળી, પણ વર દેવે તો તે બળી [૧૬];
મૂકી દઈતું ખાધાખાધ, સસ્સા સારંગપાણી સાધ,
૩૧ હહ્હા હરિહર હૃદે ધરે, હેતુ જન્મનો વ્હેલો સરે;
પાપતણી પીડા પરહરે, મંનકામના પૂરણ કરે;
નર્મગીત ગા રસના ખરે, હહ્હા હરિહર હૃદે ધરે.

મૂળાક્ષરપર સહુ વ્હેવાર, એથી સૂઝે વિશ્વાધાર;
એ પણ અક્ષર બ્રહ્મ ભણાય, અક્ષરપર પણ અક્ષર થાય;
સમજ્યેછે સારાસાર, મૂળાક્ષરપર સહુ વ્હેવાર. ૧
(૨-૨)

---

*ગોપીગીત.

(લલિત.)

૧

શ્રીજિ[૧] જન્મથી શ્રી[૨] દશે અહીં, ચપળ તે છતે સ્થીર રે રહી;
વૃજ બધું બહૂ પામતું જય, નહિંજ કોઈને કોઇનું ભય. ૧
ગમત આ વૃજે ભારિ દીસતી, તમવડે હમે સંધિ જીવતી;
તમવિષે ધર્યા પ્રાણ રે હમે, છળ કરી ગયા કેમ રે તમે? ૨
દશ દિશા હમે ઢૂંઢિયે છિયે, ભુખડુ દાસિયો કેમ જીવિયે;
કરિ કૃપા ક્ષમા દેવ દીનના, દરશ[૩] દો તમે લાલ નંદના. ૩

---

૧૬ બળિયો * હું હરદાસના ઉદ્યોગને અર્થે આખ્યાનો બનાવતો હતો તેમાં રાસપંચાધ્યાયીનું આખ્યાન અડધુંક તૈયાર થયું હતું.-(૧૮૬૦). એ કવિતામાં ગોપીગીત અને વાંસળી ('ગોપીયો ખેંચાઈ હરીનીભણી તે' એ કટાવ) સિવાયે બાકીની ખોવાઈ ગઈ છે. એ, સંસ્કૃત શ્લોકોનું યથાર્થ અને સહજ સ્પષ્ટ સમજાય તેવું ભાષાંતર છે-અલબત શ્લોકના પાદ પૂરતાં કેટલેક ઠેકાણે મારી તરફથી જુજ ઉમેરો થયો હશે ખરો.

૧ કૃષ્ણ. ૨ લક્ષ્મી; શોભા (એ દશ પ્રકારની કેહેવાય છે-સ્ત્રી, પુત્ર, ભાઈ, બેહેન, રેહેવાનું ઘર, ગાય ભેંસ વગેરે, ખેતર જમીન વગેરે, બેસવાને મોટું વાહન-હાથી ઘોડા પાલખી વગેરે, રોકડ થાપણ-ભંડાર, બીજી સુખભોગની વસ્તુઓ-સમૃદ્ધિ અને ગામ વગેરેની હકુમી. એ પાંચ પ્રકારની પણ કેહેવાયછે તે આ રીતે-ધાન્ય, ધન (રોકડ ને માલ મિલકત વગેરે), પશુ (ગાય, ભેંસ, હાથી ઘોડા વગેરે,) પુત્ર (છોકરાં ભાંડુ સગાં વગેરે), અને સો વરસનું આવરદા. લક્ષ્મીનો સ્વભાવ ચંચળ છે, ઘણીવાર તેને તેજ ઠેકાણે તેવીજ રેહેતી નથી તોપણ કૃષ્ણના જન્મથી તે વૃજમાં નિરંતર ઠરી રહી. ૩ દર્શન.

૨

શરદ સ્વચ્છ એવાં સરોવરે, કમળ[૪] ગર્ભશ્રી નેન જે હરે;
વધ થઈ ચુકો તેથિ છે ખરે, વધ વિયોગ તે શો હવે કરે? ૪
સુવર[૫] આપવે છોનિ લાયક, સુરતનાથ[૬] છો મુક્તિદાયક;
વગર મૂલની દાસિયો હમે, દરશ જાચિયે દો હરી તમે. ૫

૩

સરપરૂપ તે જોઇ રાક્ષસ, બળદરૂપ તે જોઇ રાક્ષસ;
મયતનૂજ[૮] તે જોઇ રાક્ષસ, મસળિ મેળવ્યા છે જસો મ્હસ[૯]. ૬
અસુરદુષ્ટથી ઝેરિ નીરથી, પવન વીજ ને વૃષ્ટિકોપથી;
હમતણાં ઘણાં રક્ષણો કરયાં, સહુ અસહ્ય જે કષ્ટ તે હરયાં. ૭
રતિપતી પ્રભૂ પ્રાણવલ્લભ[૧૦], દરશ આ સમે કેમ દુર્લભ[૧૧];
ત્રફડિયેછિયે વ્રેહતાપથી, ટટળિયે જઈ છેક આપથી[૧૨]. ૮

૪

સુત છતે નથી ગોપિના તમે, કરયું છ નક્કિ એ કયારનૂં હમે;
જગતજીવના[૧૩] સાક્ષિભૂત રે, જગતજીવના[૧૪] જીવ દો હરે. ૯
અવનિ ભાર ઊતારવા બહૂ, ભગત જંનને તારવા સહૂ;
વિનતિ સાંભળી બ્રહ્મદેવની, યદકુળે લિધો જન્મ ઓ ધણી. ૧૦

૫

ભવભયેથિ જે[૧૫] શર્ણું આવતો, અભય[૧૬] તેહને શ્રેય આપતો;
પુરિજ પાડતો મંનકામના[૧૭], વરદ હસ્ત જે કાંત ગોપિના—૧૧

---

૪ શરદ ઋતુનાં નિર્મળાં-સરોવર અને એ સરોવરમાં થતાં કમળો અને એ કમળોનો કમળો ને તેજસ્વી ગર્ભ એની શોભામાં શું ઉણું? કંઈ નહીં—એતો મોટામાં મોટી શોભા પણ એ શોભાને જે નેન હરે છે એ શોભા જે નેનની શોભા આગળ કંઈજ નથી તે નેનથી (કૃષ્ણનાં નયનથી) હમારો વધ થઈ ચુકોછ (હમે ઘાયલ થયાંજ છૈયે) હવે વિજોગથી શો વિશેષ વધ થવાનો છે? ૫ સારૂં વરદાન. ૬ શૃંગારક્રીડાના નાથ; રતિસુખના આપનાર. ૭ વેશ્યાની પેઠે પૈસાને માટે સંભોગ કરાવનારી નહી. પણ શુદ્ધપ્રીતિના ઉમળકાથી પ્રીતી લઇનેજ સંભોગ ઈચ્છનારી. ૮ મય દૈત્યનો છોકરો. ૯ પુષ્કળ; ઘણા. ૧૦ પ્રાણને પ્યારા. ૧૧ ન મળે તેવું; દુઃખે મળે તેવું. ૧૨ છેક આપથી જઇ—હમે પોતાને ભુલી જઇને—હમે હમારો અબળાનો ને ઊંચ કુળનો ટેક મુકી દઇને. ૧૩ જગતના જે જીવો તેના. ૧૪ ઓ જગતના જીવન! ૧૫ જે માનવી. ૧૬ અભયવચન. ૧૭ મનની ઇચ્છા.

ગ્રહણ લક્ષ્મિનૂં પ્રેમથી ભર્યૂં, કમળ દિવ્ય જે હસ્તથી કર્યૂં;
અભય હસ્ત તે મસ્તકે કુંળો, મુકિ સમાવિ દો લાગતો પુળો. ૧૨

૬

સ્વજન ગર્વનો નાશ તો કરે, હસવું એહવું છે સખે ખરે;
વૃજજનોતણી પીડને હરો, મુખ ન કિંકરી[૧૮] સામું કાં કરો? ૧૩
કયમ નથી તમે પ્રેમ આણુતા, અબળ નારિનાં દુઃખ જાણુતા?
કમળમૂખડું વીર દાખવો, સુરત સુર્તથીજ[૧૯] માત્ર ચાખવો. ૧૪

૭

નમન ભાવથી પ્રાણિ જે કરે, સકળ તેમનાં પાપ જે હરે;
વળિ સુશોભિતૂં ધેનુની પુઠે, ચરણ ચાલતૂં સર્વને તુઠે. ૧૫
સરપ ફેણ ઊપેર જે રમ્યૂં, ચરણું ચારુ તે તો બહૂ ગમ્યૂં;
સ્તનવિષે પ્રભૂ તે તમે ધરો, દુખદ[૨૦] કામને શાંત રે કરો. ૧૬

૮

સમજુનેં ઘણાં છે મનોહર, મધુર વાણિયે વાકય સુંદર;
કમળનેત્ર હે તે ગિરાથકી, અતિસ મોહમાં તો પડી નકી. ૧૭
તરસિ એવિ જે દાસિયો હમે, તૃપત તેહને રે કરો તમે;
અધર[૨૧]પાનથી; જે વળી હરે[૨૨], અમૃતગૂણને સ્હેજમાં ખરે. ૧૮

૯

સ્તુતિ કરી સહૂ જ્ઞાનિયે ઘણી, સરસ સર્વમાં શ્રેષ્ઠ રે ભણી;
શુભ કથાસુધા આપની હરી, મૃતસજીવની તે ખરેખરી. ૧૯
ભવતણે હુને તાપથી તપે, તરત તે સમો થાય આપવે;
સુખદ શોભતી પાપને હરે, જિવનમુકત તે તો ખરે કરે. ૨૦

(ભવભયથી શરણ આવનારને અભય આપતો, મનકામના પુરી પાડતો એવો વરદ–વરદાન આપતો હાથ કે જે હાથે લક્ષ્મીનું ગ્રહણ કીધું છે, વળી જે હાથમાં કમળ રાખ્યું છે એવોતે હાથ હે ગોપિના કાંત હમારે માથે મુકીને હૃદયમાં જે પુળો લાગી રહ્યો છે તેની બળતરા સમાવો).

૧૮ કિંકરી–દાસીસામું મુખ કેમ નથી કરતા? ૧૯ તમારી સુરતથીજ હમને સુરત ચખાડો–તમારૂં મ્હોહું જોઈશું એટલે હમે રતિરસ ચાખ્યો એમ માની લઇશું. ૨૦ દુઃખ દેનાર.

૨૧ નીચલા હોઠપર ચુંબન કરવું તે. ૨૨ (જે અધરપાન, અમૃતના ગુણને હરે છે એટલે અધરપાનના ગુણની આગળ અમૃતનો ગુણકંઇજ લેખામાં

શ્રવણ[૨૩] ધૂંટડે શેરડો પડે, પ્રરિથિ જીવ ના ભૂમિયે પડે;
ભય નહીં કદી કોથિ કો નડે, યશ[૨૪] ધનુષ્ય તે રોજ રે ચ્હડે. ૨૧
વિગતવાર જે તે સુધાતણાં[૨૫], જગતમાં કરે વર્ણવો ઘણાં;
સુજ્ઞન તે સુદાતાર જાણવા, દરશ દો પ્રભૂ તાપ હાણવા. ૨૨

૧૦

હસવું જોવું તે પ્રેમ પૂર્વક, વળિ વિલાસ તે યુકિતપૂર્વક;
સુખદ થાય ધ્યાને કરી બહૂ, ભુલિ ગયા તમે દાસિને સહૂ. ૨૩
હૃદયમાં કરે સ્પર્શ ને રમે, હસતિ વાત સંકેતની ગમે;
સધળિ તે હવે ભારિરે દમે, કપટિ કાંત હે નક્કિ છો તમે. ૨૪

૧૧

વ્રજથિ જે સમે ગાયઢોરને, વળિ ચરાવતા ચાલતા તમે;
કમળપાદ તે કલેશ પામતા, ત્રણખક્ષાં બહૂ ખૂબ ખૂંચતાં. ૨૫
જિવ નથી કંઇ સ્થીર બેસતો,સલુણ સામળા સ્વામિ આજ તો;
વ્રત લિધેલ રે દાસિયો છિયે, મુખડું જોઇને રોજ ખાઇયે. ૨૬

૧૨

દિન સમાપ્તિયે[૨૬] ચિત્રવેશ[૨૭] છે,ફરફરે મુખે સ્યામ કેશ તે;
કમળ[૨૮] દીપતૂં વીટળાયલૂં, લલિત ફૂંમળા તંતુથી ભલૂં. ૨૭
ગિરદધૂળ જે ધેનુથી ઉડી, દ્રિપિ રહી મુખે જે ઘણી રુડી;
મુખડું વીર તે નિત્ય દાખવો, મનવિષે તમે કામ[૨૯] જાગવો. ૨૮

૧૩

ચરણ સેવતો બ્રહ્મદેવ જે, ભુપણ પૃથ્વિનૂં સૂખકાર જે;
નમનકારની કામના ભરે, વિપતકાળમાં સાથજે કરે. ૨૯
ચરણ પદ્મ તે છાતિયે ધરો, મનડું શાંત રે સ્વામિજી કરો;
મનનિ વેદના ટાળનાર છો, રમણ હો તમે કામબીજ[૩૦] છો. ૩૦

નહીં). ૨૩ ચરિત્ર સાંભળવાથી કલેજે થંડક થઇ જાયછે. ૨૪ જસનું કામડું. ૨૫ અમૃતનાં.

૨૬ સાંજે. ૨૭ ચિત્ર જેવી તમારી કાંતિ બની રેહે છે. ૨૮ જેમ.કમળ તંતુથી વિંટલાયલું હોય છે તેમ મુખ ઉપર માથાના કેશ છુટા વિખરાતા પડેલા છે ને એ ઘણીજ શોભા આપે છે. ૨૯ તમે હમારા મનમાં કામ–સંભોગ ઇચ્છાને જાગતી કરોછો. ૩૦ કામદેવના મંત્રનું બીજ–તમેજ છો.

૧૪

સુરતરંગને વૃદ્ધિ આપતું, ચુંબન વાંસળી લેતિ સૂરનું;
અવર સૂખ જે વીસરાવતું, અધરપાન તે વીર છે મિઠું. ૩૧

૧૫

દિન પડે જવું થાય છે વને, દુચકી યૂગવત્ જાય હંમને;
મુખડું દેખતાં ના ધરાઇયે, તરસ ભૂખને સ્હેજ વ્હાઇયે. ૩૨
કુટિલ કેશથી વીટળાયલું, મુખડું શોભિતું શ્રીજિનું ભલું;
નિરખનારને પાંપણો[૩૧] કરી, વિધિ ધણોજ છે મૂર્ખ ઓ હરી. ૩૩

૧૬

પતિ સુતો અને ભાઇ બાંધવ, સહુ સગાં કુટુંબી તજી ભવ;
કરિ ઉલંઘનો હર્ષનો રવ[૩૨], સધળિ આવિયો પાસ માધવ. ૩૪
ગતિ તમારિતો સર્વ જાણતી, મધુર ગીતથી મોહ પામતી;
અબળ નારિયો એવિનો ખરે, કપટિ ત્યાગ કો રાત્રિયે કરે! ૩૫

૧૭

ઉદય કામનો તો કરે મને, હસિત મૂખડું જે બહૂ અને;
હસવું ગુપ્ત સંકેતનું કુહું, સરસ જોવું તે કારમું કુડું. ૩૬
હૃદય પદ્મ જહાં લક્ષ્મિ રેહછે, નિરખવાનિ ઇચ્છાજ થાયછે;
મનડું મોહ પામેછ રે બહૂ, અધિરતાથકી જોઇયે સહૂ. ૩૭

૧૮

વૃજવનોતણાં રેહનારનાં, દુઃખ મટાડવા સામટાં ઘણાં;
દરશ આપનું પૂરતુંજ છે, જગતને બહૂ લાભકાર છે. ૩૮
તમવિષે અધીરાં અમે છિયે, હૃદય રોગથી કેમ જીવિયે;
દરદ કહાડતું દો જિ ઓસડ, તમવિના ન કો કહાડશે જડ.[૩૩] ૩૯

---

૩૧ વિધિ–બ્રહ્માએ પાંપણો શું કરવા કરી? અરે એ પાંપણોથી જરા-વાર પણ કૃષ્ણનું મુખ જોતાં અટકાવ શું કરવા થવો જોઇયે? બ્રહ્મા મૂરખ છે.
૩૨ ઘોષ; ગોંધાટ. ૩૩ (રોગનું મૂળ).

૧૯

(વસંતતિલકા.)

લેતાં વિરેરહિજ કર્કશ છાતિયે જ્યે,
પાદારવિંદ[૩૪]મૃદુ[૩૫]લાગતિ બ્હીક છે તો;
પીડે ન શું ચરણુને વન કાંકરીરે,?
આયુષ્ય છો; હમતણી ભમતી મતીરે. ૪૦

૨૦

(અનુષ્ટુપ.)

એ પ્રકારે પ્રલાપે ને, ગીતે ઊંચે સ્વરે રુએ;
કૃષ્ણ અર્થે ગોપિયો તે, બ્હાવરી પડિને જુએ. ૪૧

---

*રુકિમણિહરણ.

(ગીતિ.)

વૈદ્રભદેશે કુંદનપુરનો ભીષ્મક રુડો મહારાજ;
પુત્રી રુકિમણિ તેની, રુપગુણથી જે પ્રસિદ્ધ સહસાજ[૧]. ૧
ભણિ વિદ્યા બહુ આળા, ઘરકામોની લઈ સમજ સારી;
થઈતે ડાહી ચતુરા,સતિ ભગવતિ[૨]પરમ[૩]મંગળાચારી[૪]. ૨

---

૩૪ પદકમળ: કમળ જેવા પગ.

૩૫ કુમળા. (એ જીવન તમારાં ચરણકમલને હમારી છાતીપર લેતાં બ્હીક લાગતી કે રખેને તમારા કુમળા પગમાં હમારી ડીટીયો ખુંચે–રે એવા નાજુક પગને વનની કાંકરી ખુંચતી હશે તે તમારાથી કેમ સંખાતી હશે? તમે હમારૂં આયુષ્ય છો; રે હમારી મતી તો ભમતી છે.)

*ઇશ્વર સંબંધી વિચારોમાં મારૂં મન એટલું ગુંથાયલું રેહેતું કે મને કોઈ બીજે ઉદ્યોગ ગોઠતો નહીં ને તેથી એવું ઈચ્છતો કે કોઇ છે તે પંથમાં અથવા સુધારાવાળાની તરફથી કોઇ નવો નિકળે તો તેમાં ભરાઇને ધર્મોપદેશકનું કામ કરું; પણ છે તેમાં ભરાયાથી કેટલાક બ્હેમને માન આપવું પડે અને નવું નિકળવું તો હાલ મુશ્કેલ છે માટે હરદાસનું કામ કરૂં તો સારૂં–ગુજરાતીમાં હરદાસ છેજ નહીં માટે એ કામ કરૂં કે જેથી રાતદહાડો ઇશ્વરસંબંધી વિચારમાં, સુબોધ કરવામાં, કવિતા રચવામાં, અને ગાવા બનવવામાં વખત ગુજરશે ને વળી ગુજરાન પણ ચાલશે. એમ સમજી એ ઉદ્યોગ કરવો ધાર્યો–પણ એ કામનેમાટે શ્લોક બદ્ધ આખ્યાનો જોઈયે ને એ આપણામાં ન હોવાથી દક્ષણી હરદાસોના નમુના પ્રમાણે મેં આખ્યાનો રચવા માંડયાં હતાં તેમાં ઉપલું રચાયું છે–(૧૮૬૦માં.)

૧ સાજ–ભૂષણ–શોભા સાથે (રૂપગુણથી શોભિત,) ૨ ભગવાન ઉપર નિત્ય લક્ષ રાખનારી. ૩ શ્રેષ્ઠ; મોટી. ૪ મંગળ–રુડું આચરણ કરનારી.

થઇ પણવાને લાયક, તારે રાજા વિચારિને બોલે;
'સુણતાં અદ્‌ભુત કીર્ત્તી,અવર વર નહીંજ કૃષ્ણને તોલે.' ૩
સ્નેહિ સગાં પુરજનને, રાજની તે ઘણી ગમી વાત;
ન ગમી મોટા સુતને, વગોવિ જેણે મુરારનિ૫ જાત. ૪
રુક્મ ભમેલો ભાખે, 'શિશુપાળજ છે સહોદરી૬ લેવા;'
બહુ ગુણ ગાયા તેના,'અવર ન દમઘોષના તનુજ૭ જેવા.' ૫
અતિશય રાઢે આવ્યા, પુત્ર પિતા બે તપી જઇ છેક;
પાટવિ રુક્મે કહાડયાં, ના કહેવાનાં વચંન તજિ ટેક. ૬
રાણી આવી વ્હારે, 'કંકાસે ઘર ઘલાય છે ભારી;'
'સમજો સ્વામી મારા, થાશે વાતો હરીતણી ધારી.' ૭
રાજા ઉદાસિ થઇને, આઘો જઇ કરિ વિચારમાં બેસે;
બીજાં સહુ પણ ઊઠયાં, ધબરાઇને 'શું રુક્મ તે કહેશે.' ૮

(ભુજંગી.)

પછી રુક્મ આ સંધિનો લાભ લેછે,સુમૂહૂર્ત તે જોષિયોને પુછેછે;
રુડો દી ઠરે ગોરને બોલવેછે, શિશૂપાળને ફોફળો મોકલેછે. ૯
ઘણી ધામધૂમે પુરી જાગતીછે,ઠરો લોકની જાતિ ને આવતીછે;
સરંજામ તૈયાર સંઘો થયો છે,પરંતૂ રુડો રંગ૮ જ્હાસી ગયોછે. ૧૦
પિતા ભાઇ માતા સગાં ને પ્રધાનો,થયા શોચને છાંડિ સામેલ જાણો;
બહૂ ઉદ્યમે તે રખે લાજ જાએ, વિવાહી સમારંભ સારો બનાવે. ૧૧
શિશૂપાળના મિત્ર રાજા બિજાઓ,સહૂ સૈન્ય સંગાથે આવે ઘણાઓ;
જરાસન્ધ ને કાશિરાજા ગુમાને,બધાથીજ પેહેલ આવ્યાછ જાને. ૧૨
શિશૂપાળ તે આવશે આજ કાલે,ભુંડો ભાઇ તો આમ ને તેમ હ્માલે;
બહૂ બ્હાવરૂં બ્હાવરૂં લોક ભાળે,નહીં રાયનૂં તો શું તેઓનું ચાલે. ૧૩

(ચામર.)

જે દિથી અલૌકિકી સુકીર્તિ કૃષ્ણની સુણી,
તે દિથી ઇચ્છે ઘણીજ રુક્મિણી મણી૯ ગુણી;

---

૫ કૃષ્ણની. ૬ બેહેન. ૭ દમઘોષ નામના રાજાનો તનુજ–છોકરો શિશુપાળ. ૮ (ઉમળકા વનાનું છે માટે સહુને રંગ લાગતો નથી; સઘળો ઠાઠ ફીકો દેખાય છે.) ૯ ગુણ કરનારૂં અથવા ગુણવાળું–ગુણવંતુ જે મણી તે (કૃષ્ણ.)

નિત્ય તે મનાવતી બનાવિ ગોર માટિની,[૧૦]
માંગતી થઇ અધીર રહેાઉ કૃષ્ણ માટિની.[૧૧] ૧૪
ઉધમે કરે સુદાન યજ્ઞ ને તપેા વ્રતેા,
લેશ ના વિસારિ મૂક્તિ મુખેથિ નામ તેા;
લેાકને મુખેથિ સાંભળે ચરિત્ર[૧૨] આર્જવે,[૧૩]
પૂછતી સખીપ્રતી શું જુક્તિયેા કરૂં હવે. ૧૫

(દોહરા.)

રાયે કહાડી જાહરે, વ્હીવાકેરી વાત;
હલકિ[૧૪] હરિણિ રુકમણિ કુદી,થઇ અતિશેં રળિયાત. ૧૬
પિતાદિ સર્વ કુટુંબ તે, વિચારતાં વર કહાન;
તેમ તેમ ફૂલાઇ ને, ગાય ગીત લઇ તાન. ૧૭
કાંતિ વધી શશિમૂખની, આંખેા થઇ વિશાળ;
હઇડૂં ફૂલ્યૂ હરખથી, તન મેાટૂં થયું ભાળ. ૧૮
રહ્યેા હરખ ઘડિ એક તે, એભકથી કંપાય;
રુકમવચન તિર વાગતાં, પડી મૂર્છાથી ભાંય. ૧૯

(સાખી–મરેઠી રીત.)

મૂર્છા વળેથી, વદે સકુમારી, 'હારિ હવે હૂં ભારી;'
'હવે કયમ થાશે,' રડે તે હુસકે, મુરારિને સંભારી. ૨૦
લગ્ન તયારી, જોયે જયમ જ્યમ,ત્યમ ત્યમ બહુ મૂઝાય;
શાણી સમજુક,લવ ન જણાવે,ખ્હાર જે ભીતર[૧૫]થાય. ૨૧
જેવિ ઉમંગી, હુતી સુરંગી, તેવિજ આશાભંગ;
ચટપટિ મનમાં, વર હરિ કરવા, જડવા કુંદન નંગ.[૧૬] ૨૨

(લલિત.)

ધિરજ લાવિને જુક્તિ શેાધતી, સજનિ એકને આમ બેાધતી;
'કહિશ મા સખી કેાઇને ભલી, લખિ હું પત્ર તેા મેાકલૂં વળી.' ૨૩

---

૧૦ મટેાડીની. ૧૧ ધણીની. ૧૨ કૃષ્ણ ચરિત્ર. ૧૩ હાલાવાલા કરી કરીને; ખંત રાખીને. ૧૪ (માણસ ખુશીથી હલકુ ને દલગીરીથી ભારી થતું હેાય એમ લાગે છે.) ૧૫ દીલમાં.
૧૬ કૃષ્ણરૂપી નંગને, પેાતે (રુકમિણી) જે કુંદન તેમાં જડવાને.

(ગીતિ.)

આશ્રિત ઘરનો બ્રાહ્મણ, બોલાવી કરિ વિનંતિ પુનિ પાગ;
બ્હીતી બ્હીતી બોલી, મનમાંની જે અસહ્ય[૧૭]હુતિ આગ. ૨૪
દખણા દઇને વળતી, વાડવને[૧૮]રુક્મિણી કહે આ[૧૯] લો;
સંદેશો તે મારો, દ્વારામતિ જઇ મુરારિને આલો[૨૦].' ૨૫
તે વિશ્વાસુ ભટ્ટે, ઉતાવળે પત્ર કૃષ્ણને આપ્યો;
હઇયાસરસો જેણે, વ્હાલીનો લહિ ઉમંગથી ચાંપ્યો. ૨૬
જોઇ આંસુ ડાઘો, કંઠે ગદગદ, થયા સજળ આંખે;
કૃષ્ણ કહે 'ગુરુ વાંચો, બીજૂં વ્હાલૂં મ્હને ન તે પાખે.' ૨૭

કાગળ.

(ઘોળ.)

દ્વારિકાં પૂરી પૂરી સોહામણી, તાંહાં બીરાજે શ્રીકૃષ્ણ;'
જીવણ[૨૧] વ્હેલા આવજો.
'માન મૂકી લુખી ભૂખી વીનવૂં, કાળચક્ર ભમે શીર ઉષ્ણ.' જી૦ ૧
'કો દી નજરે જોયા નથી આપને, ઓળખાણ વિના ધરૂં હામ;' જી૦
'માટે માફ કરી હરી મૂજને, વ્હાલા વ્હેલા વળો કહું આમ.' જી૦ ૨
'છોડી[૨૨]છોડી[૨૩] હૂં વાટ વિવેકની, દોડૂં ભૂલી ભણેલી હું આજ;' જી૦
'ન્હાસૂં હરણી હું પારધી આવવે, આણી દાઝ રાખો મૂજ લાજ.' જી૦ ૩
'હૈડું ભઠ્ઠીપેરે ભારી ધમધમે, ઉન્હા કુંડપેરે નેન વેહ;' જી૦
'ઝાડડાળીપેરે હાથ થરથરે, ચિત્ત ચોરપેરે છુપું રેહ.' જી૦ ૪
'લખવૂં સૂઝે મને નહીં આ સમે, સૂઝે માને નહીં વળી હાથ;' જી૦
'માને હાથ તોએ નેનનીર તે, ધોઈને કરે સાતડે સાત.' જી૦ ૫
'જેવું તેવું થોડૂં ઘણૂં માનજો, તમે છો સહુ અંતરજ્ઞમ;' જી૦
'બકરી[૨૪]ઈછે મને વર સિંહને, સિંહ કેમ કરે તે કામ?' જી૦ ૬
'હ્યારી છાતી દોડે ધસી તમભણી, ઝીલીલેજો વેળાસર યાર;' જી૦
'પૂઠે ભમતો શિશુપાળ કાળ તે, મૂઓ આવશે સાંજ સવાર. જી૦ ૭

---

૧૭ ન સંખાય તેવી. ૧૮ બ્રાહ્મણને; ગોરને. ૧૯ આ સંદેશો.
૨૦ આપો. ૨૧ જેથી જીવાય તે.-વસ્તુ, માણસ વગેરે.
૨૨ મુકી દઇને. ૨૩ છોકરી.
૨૪ રુક્મિણી બકરી ઈચ્છે છે કે કૃષ્ણસિંહ ક્યારે મારો વર થાય.

અહો રાય હું છૂં હીણ કિંકરી, ઉલટયો ધરનો સહુ સાથ;' જી૦
'મારૂં અમળાનૂં શૂં જોર ફાવશે, માટે આવી ગ્રહો મુજ હાથ.' જી૦ ૮
'સૂણે તાપ હરે ભારી મંનના, જોએ થાએ મનોરથ સિદ્ધ;' જી૦
'એવી રૂપ ગુણ કીરતી શ્યામની, નવે ખંડમાં વ્યાપી પ્રસિદ્ધ.' જી૦ ૯
'વિદ્યારૂપસ્વભાવથી યોગ્ય જે, વળી યોગ્ય વયે ધને વીર,' જી૦
'એવા આનંદકંદસુ[૨૫] પરણવા, કન્યા કૂલીન કો ધરે ધીર[૨૬]?' જી૦ ૧૦
'મારૂં ચિત્ત પ્રોવાયૂં તમમાંહે, વરૂં તો વરૂં શ્રીજદુરાય,' જી૦
'પ્રીતિજોશ તે નારીની જાતમાં, દૂધઊભરો નાજ સમાય.' જી૦ ૧૧
'માગૂં માન મુકી સામું હૂં કરૂં, માની[૨૭] રાખો કરી તમ વામ;'[૨૮] જી૦
'અર્પ્યા પ્રાણ મેંતો વાસુદેવને, હવે ભયથી ઊગારજો સ્વામ.' જી૦ ૧૨
'દેશે દેશના જાચકો આવીને, પુણ્યશ્લોક[૨૯] ચરિત્રો ગાય;' જી૦
'તેથી ભીષ્મકરાય સભાવીષે, નીત ભારી પ્રસન્નજ થાય; જી૦ ૧૩
'છાની છાની અટારીથી હૂં સૂણૂં, કૃષ્ણલીલા રસાળી ગવાય; જી૦
'તેથી પ્રેમલતા[૩૦] ઉર ઊપની, જીવ આકુળ વ્યાકુળ થાય.' જી૦ ૧૪
'પણવા યોગ્ય બાપે દીઠી જાહરે, કહ્યૂં કૂટુંબને નથી ઢીલ;' જી૦
'કન્યાકાજ કો વર શોધી આણવો,જોઇ કુળ રૂપ ગૂણ ને શીલ.'[૩૧] જી૦ ૧૫
'મોટા મોટા રાજગુણ સાંભળ્યા, નહીં ભીષ્મકમંન મનાય;' જી૦
'પછી બોલ્યો મોટો ભાઈ રૂકમ તે, યોગ્ય એક શીશૂપાળરાય.' જી૦ ૧૬
'ભારી ગજવી કીરતી તેહની, તારે બાપે ઘરચો કંઈ કાન; જી૦
'વચ્ચે બોલિ ઉઠયો રૂકમકેશ[૩૨] તે, બ્હેન લાયક છે નંદકહાંન.' જી૦ ૧૭
'નામ સુણતાં ગમ્યો વર રાયને, સાચી વાત કહી રૂકમકેશ;' જી૦
'નથી એની સમાન કો લોકમાં, એતો ગુણ રૂપ રૂડે વેશ.' જી૦ ૧૮
'ક્રોધ આવેશમાં રૂકમ ભાઈ તો, ઘણી નિંદા બકયો બહુવાર;' જી૦
'ઘણાં વચનો કહ્યાં વળી બાપને, નથી શિશુપાળસમ[૩૩] કો સાર. જી૦ ૧૯

---

૨૫ આનંદનું મૂળ એવા કૃષ્ણસાથે. ૨૬ (સ્ત્રીયે સામું માગું તો કરવું ન જોઇયે પણ આવો આવો જે યોગ્ય તેની સાથે પરણવાને અને જરે તે બીજે ઠેકાણે ઝડપાઈ જતો હોય અને જરે મને મૂરખ સાથે પાનું પડવાનું થતું હોય તારે હું કુળવંતી પણ સામું માગું ન કરૂં?) ૨૭ કબુલ રાખી. ૨૮ વામા; સ્ત્રી. ૨૯ સ્તુતિપાત્ર; પવિત્ર; ધર્મસંબંધી કૃત્યોથી કીર્ત્તિ થઈ હોય તેવાં.

૩૦ હૈયામાં પ્રીતિની વેલી ઉગી (વ્હાલો લાગવા માંડયો.) ૩૧ સ્વભાવ; આચરણ. ૩૨ રૂક્મિણીના નાના ભાઈનું નામ. ૩૩ સરખો.

'તારે કંકાસનું હોડું ખાળવું, એમ જાણી ભણે હા રાય;' જી૦
'શિશુપાળને ટીકો મોકલ્યો, તે તો ભાએગવાન મનાય.' જી૦ ૨૦
'દેશ દેશ નરેશ છે જાનમાં, આવ્યા આવશે સેનસંગાત; જી૦
'શિશુપાળ ઢળ્યો વળી આવશે, મને ઝંપ નથી દીન રાત.' જી૦ ૨૧
'નથી ખાતી પીતી પણ રોઉછું, નથી દાખવતી બ્હાર મૂખ;' જી૦
'સંધા શણગાર અંગાર તે બળે, પેટે પીડે અહોનીશ[૩૪] ચૂંક.' જી૦ ૨૨
'પીઠી લાગે કોવચવત ખૂંચતી, આ શી ચરચાઉંછું બધે ગામ;' જી૦
'અરે કીધાં સુકૃત આડાં આવજો, મારે મન તો વસ્યા શ્રીરામ.' જી૦ ૨૩
'જો મેં યજ્ઞ વ્રતો કીધાં હોય તો, પાળી નિયમો દીધાં હોય દાન;' જી૦
'હોએ બંધાવ્યા કુવા વાવજો, હોય આરાધ્યા ભગવાન.' જી૦ ૨૪
'વીરભાગને[૩૫] શીશૂપાળ તે, નાજ અડકે તેવૂં કરો કામ;' જી૦
'સિંહભાગને જેમ શીયાળવૂં, ભીડે અડવા નહીં લવ હામ.' જી૦ ૨૫
'આવો ગુપ્ત પ્રથમ પ્રભુ ને પછી, સેનસાથે પ્રગટ કરી રૂપ;' જી૦
'શિશુપાલ જરાસંધ સેનને, ખાતરનીશાં કરી દો ભૂપ.' જી૦ ૨૬
'મારે પલ્લૂં નથી કંઇ જોઇતૂં, પલ્લું[૩૬] મોટૂં પરાક્રમ દેવ;' જી૦
'માટે રાક્ષસવીધીએ[૩૭] વરો, વ્હેલા થાઓ જ્યારે કરૂં સેવ.' જી૦ ૨૭
'સગાં વ્હાલાં હશે અંતઃપૂરમાં,[૩૮] તેનો ઘાત થશે કેહેશો એમ;' જી૦
'તો હું જુક્તી બતાવું છું તે રીતે, કોઈ જાણે નહીં કાંઇ તેમ.' જી૦ ૨૮
'અંબામંદીર પૂરીની બ્હાર છે, હૂં ત્હાં આવીશ પૂજવા માત;' જી૦
'તમે વેહેલા પધારજો ત્હાં ખરા, પછી થાશે ત્યાંહાં સંધી વાત.' જી૦ ૨૯
'ભારી વ્રત્ત કરી દેહ સૂકવી, હવે માં તલપાવશો રાજ;' જી૦
'મેં તો લીધો નીયમ વરવાતણો, કરૂં સો જનમે પણ કાજ.' જી૦ ૩૦
'ઉમાનાથ ચરણરજ ઇછતા, એવા તમનાશક[૩૯] તમ પાદ,' જી૦
'માટે દો પરસાદી તે ભાવતી, નહીં તો પ્રાણ દેઉં અનાદ[૪૦].' જી૦ ૩૧
'હવે ઘડીએ તે ઘૂંટ ભરાયછે, માટે આવીને લેજ સંભાળ;' જી૦
'મૂર્ખસાથે તે શૂં ઘર માંડવૂં, તેથી બંન્યો બને બેહાલ.' જી૦ ૩૨

---

૩૪ રાત દાહડો. ૩૫ જેમ સિંહના મેળવેલા શિકારને શિયાળ અડકી શકતું નથી તેમ એ મારા વીર હું તમારી શિકાર છઊ માટે મને શિશુપાળ ન અડકે એવું કરો. તમેજ વરો. ૩૬ તમારૂં પરાક્રમ છે એજ મોટું પલ્લું છે. ૩૭ બળથકી છિનવી લઇને. ૩૮ જનાનામાં.

૩૯ અજ્ઞાન-પાપનો નાશ કરનારા તમારા પગ છે. ૪૦ એ અનાદિ સિ-

'પૂરી પાડવા આસ સમર્થ છો, ભક્તકાજ કર્યાં બહૂ વાર;' જી૦
'દીનાનાથવિના છઉં આંધળી, હું તો ઘેલી થઈ રહી નાર.' જી૦ ૩૩
રંક રુકિમણી કીંકરી દાસીના, સ્વામ સ્વીકારજ્યો સાષ્ટાંગ;' જી૦
'પાણી પીવા રેહેશો નહીં નાથજી, આવી રાખી કરો અરધાંગ[૪૧].' જી૦ ૩૪
'કાલાવાલા હવે બીજા શા કરૂં, આવી ભેટો મને કહું હાસ[૪૨];' જી૦
'બીજું પૂછવૂં હોએ તો પૂછજ્યો, સંધું કેહેશે નર્મદભટ [૪૩]ખાસ.' જી૦ ૩૫

(દોહરા.)

વાંચ્યો કાગળ વાડવે, કૃષ્ણે સૂણ્યો સર્વ;
સંકટમાં છે પ્રેમદા[૪૪], રુકમ તણો બહુ ગર્વ. ૩૬
કાગળ પાછો લેઇને, ડાબ્યો છાતી સાથ;
કૃષ્ણ કહે રુકિમણી તણો, ઝાલિશ નક્કી હાથ. ૩૭
મેં પણ સુણિ હતિ રુકિમણી, નારદ મુખથી પ્હેલ;
આતુર હૂતો ત્યારથી, પણવાનો બહુ ઘેલ. ૩૮
સંધી આવી છે હવે, ચાલો જઇયે દેવ;
તલપેછે મુજ કામિની, કરવા મારી સેવ. ૩૯
બે જણ પછિ ઊઠયા તરત, રથ મંગાવ્યો જાણ;
ઉગ્રસેનને ચેતવી, હંકાવ્યો નિરવાણ[૪૫]. ૪૦

(માલિની.)

વન તરુ[૧] પશુ પક્ષિ, વાટમાં આવતાં તે,
નિરખિ મજલ મ્હોટી, ચેનમાં કાપતા તે;
સરસ નગર ગામો, વાટ ને ઘાટ જોતા,
સફળ[૨] શકુન સાધી, રુકિમણીપૂર પોંતા. ૧

(ગીતિ.)

તેમાં કરયો ઉતારો, ભીષ્મક રાયજિતણે સુઆરામે[૩];
થંડી છાંએ થંડા, થાક ઉતારી થયાજ આરામે.[૪] ૨

---

૪૧ પુરૂષ. ૪૧ (સ્ત્રી, પુરૂષનું અડધું અંગ કેહેવાય છે.) ૪૨ સંતોષના ધ્વનિ-શબ્દ. ૪૩ કાગળ પોંચાડનારો બ્રાહ્મણ. ૪૪ સ્ત્રી; પ્રેમને આપનારી; પ્રીતિ કરનારી. ૪૫ એક નીશ્ચયથી; એકજ ઠરાવ મનમાં રાખીને; આનાકાની નહીં.
૧ ઝાડ. ૨ ઇચ્છા સફળ કરે એવા સુકન સાધી–જોઇને. રમણીય એવો જે બાગ તે ૩ વિશ્રાંતિ; આશાએશ. ૪ સુખ કરે તેવા તડકો અને દુઃખ કરે

કૃષ્ણ કહે 'મ્હારાજા, જઈ રુક્મિણિસું વધામણી જાચો;'
'કહિયે 'ધીરજ રાખી, વિસારિ દુઃખો ઉમેદમાં રાચો.' ૩

(ચોપાઇ.)

બ્રાહ્મણ ચાલ્યો મંદિર ભણી, રસ્તે ભીંડાભીંડજ ઘણી;
શિશૂપાળ હૂતો આવિયો, પડયો નહીં જેને ઓરિઓ. ૪
હતો લગનનો પ્હેલો દીન, રુક્મિણિતો મનમાં અતિ ખીન;
હજી કેમ ના આવ્યા હરી, અળખામણો તે જાશે વરી. ૫
વારે ઘડિયે બારી પાસ, આવી જાએ થઈ નિરાશ;
બાવરી થઇ તે ફીકી ફરે, જેવી ચંદનિ વ્હાણે ખરે, ૬
મનમાં તર્કવિતર્કો[૫] કરે, સંકલ્પો[૬] વીકલ્પો ભરે;
વિરહભયજ[૭] તાવે થર થરે, અંબાને ઘડિ ઘડિ કરગરે. ૭

(ગીતિ.)

જઈ પોંચ્યો તે બ્રાહ્મણ, બોલ્યો લાગે મળીજ એકાંતે;
'સાવધ હરિ આવ્યા છે, તત્પર રહેજ્યો, કહ્યું છ તે કાંતે.[૮] ૮

(ઓખાહરણનો ઢાળ.)

દ્વારિકાંથી ગયા હરી જ્યારે, સંધા જાદવ બોલે તારે;
કૃષ્ણ સાંને ગયા એકેલા, ત્યાં તો જોદ્ધા થયા બહુ ભેળા. ૯
ઉગ્રસેન ઘણા ગભરાયા, બળદેવને પાસ બોલાવ્યા;
કહ્યું સેના લઇ સહુ જાઓ, સાહ્ય ભાઇને વ્હેલા થાઓ. ૧૦
બળદેવ દોડયા હરિ વાંસે,[૯] તર્ત પોંતા જઈ તે પાસે;
બંધે બંધૂ પુરે[૧૦] જોડે પેઠા, રાજવાડીમાં જઇ બેઠા. ૧૧

(ગીતિ.)

રાએ જાણ્યૂં જ્યારે, કહ્યું સાષ્ટાંગે પ્રણામ કરિ તારે;
'પૂરયો મનોર્થ મારો, દર્શન દીધાં પ્રસંગ શુભ મારે.' ૧૨

રે તેવા તર્કો. ૬ સંકલ્પ-મનમાં નિશ્ચય થવા તે; વિકલ્પ મનમાં ધચુપચુ થયાંકરવું તે. ૭ જુદાઈની બ્હીકથી પેદા થતો એવો જે તાવ તેથી. ભયજ એટલે ભયથી ઉત્પન્ન થયલો.-વિરહભય એટલે જુદાઇમાં એક બીજાને માથે આવી પડવાની આફતોની તરફની ધાસ્તી. ૮ સ્વામીયે (કૃષ્ણે.)
૯ પાછળ; પુઠે. ૧૦ નગરમાં.

નગ્નજનો થઇ થોકે, દર્શન કરવા હરીતણાં જાએ;
'રુકિમણિજોગા ઓ[૧૧] છે,' એમ કહીને ગુણો ઘણાગાએ. ૧૩
રુકમ ઘણો કોપાઈ, ધમકાવી તે પિતાપ્રતી ભાખે;
કપટી કૃષ્ણો આવ્યો, વણબોલાવ્યો તું કેમ તે સાંખે. ૧૪
પછિ જઇ રાજાઓને, ભણે ભુંડો તે 'સજી કરી રહેજો';
'ધાંધલ મચાવતા છે, ઉત્પાતીઆ ઘણા દિસે એતો.'[૧૨] ૧૫

(હરિગીત.)

રાજાઓપણ, ગભરાયા બહુ, ચિંતાતુર થઇ બાપડા;
કૃષ્ણપરાક્રમ વિચારિ બોલે, 'આવી મોટી આપદા.' ૧૬
રુકમ કહે છે, 'ગભરાઓ કાં, ક્ષણમાં જાદવ મારું રે;'
આહિરબાળક, તે શું જાણે, જુદ્ધની રીતી ચારું રે.' ૧૭

(નારાચ.)

'કૃપાનિધાન કાલ છે વિવાહ દીન તે થકી,'
'પ્રમાણ કૂળ રીત આજ દેવિ પૂજવી નકી;'
'હું આવું તે સમે તમે ગરીબ લાજ રાખજો,'
'ન જાય જીવ કોઇનો ભુદેવ[૧૩] એમ ભાખજો.' ૧૮

(દોહારા.)

સુગંધ અત્તર તેલના, લેપ કરીને ન્હાઇ;
વસ્ત્રાભૂષણ શુભ સજી, થઇ ડાહી ન છરાઈ.[૧૪] ૧૯
અંબા પુજવા નીસરી, લીધી સહિ સહુ સાથ;
વધામણીની તાસકો, છે ગોરાણી હાથ. ૨૦
વાજંતે ગાજંતે આસતે, રથ હંકાવે તેહ;
સાંજપોરની[૧૫] શોભતી, અરુણી[૧૬] તરુણી જેહ. ૨૧
શૂરા સહુ રખવાળને, સાથ મોકલે રાય;
શોભાની શોભા અને, બંડ દગા નવ થાય. ૨૨

---

૧૧ આ કૃષ્ણ. ૧૨ કૃષ્ણ ને બળરામ. ૧૩ ગોર; (એ શબ્દ બ્રાહ્મણને લગાડવામાં આવેછે.) ૧૪ મ્હોડું ઠાવકું જ રાખ્યું. વેવલું–છરાંયું નહીં. ૧૫ સાંજને પોહોરે; સાંજે. ૧૬ ઉગતા સૂરજના રંગ જેવો રંગ છે જેનો એવી તરૂણી સાંજે શોભતી હતી અથવા સાંજે, અરૂણ–સુરજના રંગ થાય છે તેવા રંગની

શિશુપાળે પણ મોકલ્યા, જોદ્ધા શૂરાવીર;
જે ફરતી ચોકી કરે, લઇ ખડગ ને તીર. ૨૩

(ગીતિ.)

વિધિએ પૂજી અંબા, રુક્મિણિ પાછી વળે ઉલટભેર;
એવામાં શ્રીકૃષ્ણે,આણ્યો રથ નિજ નજીક નહિ ડેર.[૧૭] ૨૪
સખિ બોલી 'ઓ રુક્મિણિ,જો આ આવ્યા મુરારિ અહિં' જરે;
ઉભી રહીને તેણે, હરિ નિરખ્યા કેશવારણે[૧૮] તારે. ૨૫
વાદળ સરખા કેશો, લટકામાં તે ખસેડતા દૂર;
વ્રતાળમુખડું[૧૯] શોભ્યું, જેવો માધવિ બપોરનો સૂર. ૨૬
જેને જોઈ ન સકે,રખવાળો સહુ બળ્યા બળ્યા હોય;
ટક ટક જોદ્ધા સર્વે, નીચે મોડે વિમાસિને[૨૦] જોય. ૨૭
જેમ વધૂદર્શનથી, મૂર્છાંગત સહુ થયા પુરુષ ભારી:
તેમજ વરદર્શનથી મૂર્છાંગત બહુ થઇ સરવ નારી; ૨૮
મંદ હસિ કહે તેને, 'આવો પ્રીતમ કને હવે હાસ;'
ઉત્તર વાળી નેને, આણે રથ હરિ વધૂતણી પાસ. ૨૯
જેવી રુક્મિણિ જાયે, ભેંટી પડવા વધારિને હાથ;
પ્રભુએ ઉપાડિ લઇને, ઝટ બેસાડી દિધી રથે સાથ. ૩૦

(દોહરા.)

કૃષ્ણ સિંહ રુક્મિણિ અજા, ભક્ષણ લઇને જાય;
જેનો શુભ મહિમા ઘણો, સંઘે રોજ ગવાય. ૩૧

તે તરૂણી શોભતી અથવા સાંજે તે તરૂણી, અરૂણ–સુરજનો નમતો પ્રકાશ તેના મોડાંપર પડવાથી તે અરૂણી–સુરજ રંગ સરખી બનીને શોભતી.

૧૭ વાર; વિલંબ. ૧૮ માથાના કેશ જે છુટા વિખરાયલા હતા તેને હાથ વતી ખસેડીને હરિને જોયા.

૧૯ વ્રતવાળું; હોંસીલું મ્હોડું. જરે ઉમંગમાં હોઇયેછ ત્યારે લોહીના ફરવાની ગતિ વધેછે ને તેથી મ્હોડાંપર વિશેષ તેજ મારેછે. જે પ્રમાણે માધવી–વૈશાખ મહિનાનો બપોરનો સુરજ તપે છે તે પ્રમાણે રુક્મિમણીનું મુખ તેજસ્વી શોભ્યું. એ ઉત્પ્રેક્ષા રખવાળો જોઇ ન શક્યા તેને માટેછે. વૈશાખના બપોરના સૂરજની સામાં કોઇ જોઈ શકતું નથી, તેમ રખવાળો પેલીના તેજસ્વી મ્હોંડા સામું જોઇ ન શક્યા પણ જોવા જતાંમાંજ મૂરછા ખાઇને પડયા.

૨૦ પસ્તાઈને; ફીકાં પડીને.

કરી ઘસારો રામ પણ, સહૂ સેનની સાથ;
જઇ મળ્યા શ્રીકૃષ્ણને, ખરા દીનના નાથ. ૩૨

(ચોપાઈ.)

ધ્રુજતી સંકોચાતી તેહ, ચાલિ કરી હરિસંગે સ્નેહ;
કૃષ્ણ ધિરજ આપે છે બહૂ, બે બોલોમાં સુણુજો સહૂ. ૧

(ગીતિ.)

'શોચ સભાવ તું સુંદરિ, ભય હું હણિશ શંખનાદ કરિ હમણાં';
'દ્વારીકાં ઝટ જઇને, વેદવિધીએ વરીશ મમ રમણા[૧].' ૨
માળા આપી વહુને, ચુંબન કરિ હરિ વગાડતા શંખ;
ચોંકિઉઠયા રખવાળો, કાળાં મ્હોડાં થયાંજ નિઃશંક. ૩

(દોહરા.)

હરણ[૨] જાણ થયું નગ્રમાં, હરણ હરિણિ શુભ રહોય;
જરાસન્ધ શિશુપાળ તે, હાથ ઘસંતા રોય. ૪
સકળ કટક[૩] કરિ એકઠું, કૃષ્ણનિ પૂઠે ધાય;
કહે 'ક્ષત્રિ કાયર થયો, ચોર ચોર કહાં જાય?' ૫
સુણતાં યાદવ તો ફર્‌યા, મચ્યો મ્હોટ સંગ્રામ;
એક પાસ રાજા સહૂ, એક પાસ બળરામ. ૬

(ગીતિ.)

બંને સેના સજિને, એકમેકને ધણું ધુરકતી તે;
પ્રથમ ઘસારો અસુરે, ગજ પાડા સમ કર્‌યો ભુંડી રીતે. ૭
શાલવ શૂરો જોદ્ધો, તેણે પજવ્યા બહૂજ બળદેવ;
જાદવસેન નસાડયૂં, મુકાવિ દીધી પ્રુલાસની ટેવ. ૮
હરિખંધૂ બહુ દાઝયા, હાર થઇ તે ખમાઇ નહિં તેથી;
જાને જોઇ કેહે, 'ન થાય હે હરિ હવે કંઈ મેથી[૪].' ૯
ગર્વો ઉતર્‌યા જાણી, અંતરજામી ભિડાવતા હામ;
તેથી ડોકું ધુણાવી, ખડ્‌ગ લઇને ઉભા થયા રામ. ૧૦

---

૧ મારી રમણા–મને રમાડનારી. ૨ રુક્મિણીનું હરણ–(વરવહુ, હરણ હરણી જેવાં શોભતાં.) ૩ લશ્કર. ૪ મારાથી.

હારેલું વિખરેલું, દળ પાછું ઝટ થયું બધું ભેળું;
જાદવજોદ્ધા વિફર્યા, શત્રુકટકને મુઙાં કરી મ્હેલ્યું. ૧૧

(ઓખાહરણનો ઢાળ.)

મથ્યો ભારી શિશૂપાળ રાજે, છેક હારી ગયો બહુ લાજ્યો;
જીવ જાળવી પાછો વળતો, મુખે બાપડો બહુ કલકલતો. ૧૨
આવ્યો હૂતો મુગટ સજી કોડે, તે તો જાય હવે માથે ખોડે;
આવ્યો હૂતો ચ્હડીને ઘોડે, 'મુઓ મુઓ' કહી પગે દોડે. ૧૩
આવ્યો હૂતો મૂછમરોડે, જાયે માર ખાતો બહુ રોડે[૫];
આવ્યો હૂતો લઇ સેન જોડે, નહીં ચાકર કો તે સોડે. ૧૪
આવ્યો હૂતો રુડો દેવગોડે,[૬] જાય ભૂંડો થઇ કાળે મ્હોડે;
આવ્યો હૂતો સજી પગ તોડે,[૭] તે તો ચાલે હવે વણજોડે. ૧૫
આવ્યો હૂતો ચોળીકરી પીઠી, તેને દીસે બહૂ રાખ દીઠી;
આવ્યો હૂતો નજર કરી મીઠી, તેને લોક જાણેજ અજીઠી[૮]. ૧૬

(દોહરો.)

ગયો ઘેર લજવાઇને, શિશૂપાળ રાજંન;
અસ્તાવસ્તાએ[૯] કરી, હસે નયનાં જંન. ૧૭

(કટાવ.)

સહૂ સેનને, રાજાઓને, હારી ગયલા, નિરાસ થયલા, જોઇ કરીને, પ્રગટ સભામાં, સહુના સાંમાં, કરે પ્રતિજ્ઞા[૧૦], જો ન મરીને[૧૧], ચોરહરીને, માનું ધરીને, નાવું કરીને, પુરમાં પાછો, એવું પણ લઇ, નીજ સેનને, જાદવ સામાં, લડવાનું કહિ, બહુ ક્રોધમાં, બહુ શૂરમાં, સકળ સેનથી, જુદો થઈને, આડી વાટે, જલદી માટે, કૃષ્ણપુઠે તો, પડયો ધસીને, જઈ સાંમો તે, બોલ્યો જોરે, 'કપટિ કૂડા, ઢોરચારુ ઓ, ભીખારુ ઓ, કાયર થઇને, કહાં નાસે છે, બાળકપણમાં, દહીંદૂધની, ચોરી કરિ તેં, તે પરમાણે, આ અબળાને, મમ ભગિનીને, હું દેખું ને, હરિલઇ જવા, મનમાં ધારે, શરમજ ભારે, નક્કિ રાખ તું, લવ નવ ફાવે,' એમ કહીને, મુકયાં તીર ત્રણ, બિજાં

---

૫ ઇટના કકડા. ૬ દેવની પેઠે; દેવ સરખો બનીને. ૭ સુનાનો તોડો પેરીને. ૮ મેલી; ગંદી; અપવિત્ર. ૯ ભુંડી હાલતમાં. ૧૦ પ્રતિજ્ઞા કરવી એટલે સમખાવા; પણ લેવું; નીમ લેવો. ૧૧ શત્રુને.

પાંચ પણુ, જે સર્વેને, હરિયે રોધી[૧૨], થઇને ક્રોધી, મુકયાં બાણ ત્રણ. સફાઈથી કે, શીર સાર્થિનું, સટ કપાયું, ઉડચા અશ્વ ને, રથ ધસડાયો, ભાગિ ગયો સહુ, તુટયું ધનુષ શુભ, એવિ અવસ્થા, દીઠી જારે, ધણો બળીને બળાકારે, મથી મથીને, કુકમ મુકતો, સરો[૧૩] ધણું પણ, છેદાઇ તે જાયે સઘળાં, જોઇ દોડયો, ખડ્ગ ઢાલ લઈ, તારે તો શ્રી કૃષ્ણ કહાડતા, ખડ્ગ સામું પણ, એવામાં શ્રી રુકિમણિજીયે, વચ્ચે પડિ કરિ કાલાવાલા, ઘણા આગ્રહથિ, હરિ અટકાવ્યા, જેણે જોતાં, રુકમે મારી, ગદા રથપર, તર્તજ પટકી, ધરી તેહને, તસતસતો બહુ, બાંધ્યો જબ્બર, સાંગીસાથે, પછી અશ્વ હરિ, થયા ખેડતા; એવાં છે બહુ,પુણ્ય ચરિત્રો, દેવ દૈત્યના, દોરતોર-ને, તોડિ નાખતાં, શ્રી દ્વારિકાધીશનાં તે, બોલો શ્રી રણછોડરાયની જે. ૧૮

(ચોપાઇ.)

'મા મારો મારા ભાઈને,' ભણિ રાણી છેડો સ્હાઇને;
તે વીનંતી માની કરી, દેહદંડ ના કીધો હરી. ૧૯

(દોહરો.)

ખડ્ગે મૂડયાં ડાડિ મુછ, અડધાં અડધાં ન્હેશ;
પાટા પાડયા મસ્તકે, કર્યો વિચિત્રજ વેશ. ૨૦

(ગીતિ.)

શત્રૂનું દળ દળિને, હળધર[૧૪]આવ્યા હરીકને ધાઇ;
રુકમને બાંધ્યો દેખી,કહે 'અરેરે કરયું શું આ ભાઇ.' ૨૧
મનમાં તો બહુ ગમતું,પણ રુકિમણિને મનાવવા રૂડું;
રામ કહે 'દો છોડી, સાળાને બાંધવો ઘણું ભૂડું.' ૨૨

(દોહરા.)

કૃષ્ણે છોડયો રુકમને, શરમાતો એ જાય;
પણ [૧૫]પરમાણે પૂરમાં, તેથી નાજ જવાય. ૨૩
કુંદનપુર હરગીસ તે, નાજ ગયો ધરિ ટેક;
રાજપુત્ર આખર ખરો, કચ્છ વસાવ્યું નેક. ૨૪

---

૧૨ અટકાવીને. ૧૩ બાણ; તીર. ૧૪ બળરામ. ૧૫ સમ બાધા હતા માટે તે પોતાના પુરમાં નજ ગયો.

(માલિની.)

જય જય જય શબ્દે, દ્વારિકામાંહિ પેઠા,
જય જય જય શબ્દે, તે સભામાંહિ બેઠા;
વધુસહ હરિરામે, રાયને[૧૬] આઠ અંગે,
ઘટિત નમન કીધૂં, જંન જોયે ઉમંગે. ૨૫

(દોહરો)

દિન નિરધારી લગ્નનો, સમારંભ સહુ કીધ;
કંકોતરિ સહુ રાજમાં, તર્ત મોકલી દીધ. ૨૬

(ચોપાઈ.)

દ્વારીકાં શોભે છે ઘણી, શું ગાઉં કીર્તી તેતણી;
મંડપરચના છે વીશાળ,મણિમય કનક સ્તંભ રસાળ. ૨૭
સહૂ દેવ ને રાજા સહૂ, આવીને બેઠા છે કહૂં;
વિપ્ર ભાટ ચારણ છે બહૂ, ગાંધર્વોને ગાતા લહૂં. ૨૮
વધૂં વર બે ચોરીમાં જાય,માનુનિ તે સહુ મંગળ ગાય;
થૈ થૈ થૈ અપ્છરાથિ થાય, જંનમંન હરખે ઉભરાય. ૨૯

(દોહરા)

પ્રતિનિધિ રૂપે કોઇ બે, થઈ માત ને તાત;
દીધૂં કન્યાદાન શુભ, સહૂ થયા રળિયાત—૩૦.
વેદવિધી થયું કર્મ ને, થયો હસ્તમેલાપ;
મંગળફેરા તો ફર્યાં, વધુવર કોડે આપ—૩૧.
જય જય શબ્દે વરવધૂં, પરણી ઊઠ્યાં રંગ;
આશિષ લીધો સર્વનો,માય હરખ નહિં અંગ—૩૨.
દાને ભેટે ભોજને, સંતોષ્યાં સહુ જંત;
છોડયા કોડે દોરડા, સહુ ગાતાં ધનધંન—૩૩
રુક્મિણિ પરણ્યાં કૃષ્ણને, વર્ત્યો જેજેકાર;
કથા રસાળી સૂણતાં, તરે જંન સંસાર—૩૪

---

૧૬ ઉગ્રસેનને (રુક્મિણી, કૃષ્ણ અને બલરામ એ ત્રણેએ નમન કીધું.

(શિખરિણી.)

કરે સાચે ભાવે, હરિભજન રૂડું વણુ છકે,
ખરે પામે કો દી, ફળ શુભ ઇચ્છેલું મનથકે;
જુવાનીને તોરે, અવરથિ ભમાઇ કુકું કરે,
કુવામાં બૂડે તે,હુરમત ગુમાવી બહૂ ખરે—૩૫
બહૂ શૂરાસાથે,બળ વગર બાથો બહુ ભિડે,
સહૂ ખોઇને તે, શરમથકિ માંદો થઇ પડે;
પિતા આડો ચાલે,સુતતણિ કુમુદ્ધી પત કરી,
ચિતામાં તે બાળે,જિવ જિવનગાળોકરિ અરી—૩૬

(દોહરો.)

ગાય ગવાડે પ્રેમથી, કહે નર્મદ કર જોડ;
કોડ કરે પૂરાં સહૂ, દાતા શ્રીરણુછોડ—૩૭

(૧–૨)

*ઋતુવર્ણન.

* એક દહાડો હું ને મારી પ્રિયા પરસ્પર વાત કરતાં હતાં, એવામાં એકાએક મારાં મનમાં એવો તુરંગ ઉઠયો કે મારો ને તેનો વિયોગ થાય, તો તે બચારીને કેટલું ખમવું પડે? એ તુરંગથી મારૂં મ્હોં ઉતરી ગયું જોઇને પેલીએ પરાણે મારી પાસથી મારાં મનની વાત કહેડાવી, ને પછી તે પણ દલગીર થઈ ગઇ. એ વાત ઉપરથી મને વિયોગ સંબંધી કંઇ લખવાનું મન થયું; અને ઘણા દહાડાનો ઋતુ સંબંધી લખવાનો મારો વિચાર તો હતોજ;–એ બે કારણોથી મને આ ગ્રંથ લખવો સુઝયો. (સને ૧૮૬૧ ની ૬ ઠ્ઠી અપ રેલે.) પછી મે મહિનાની આખરે ગ્રંથ આરંભી, ગ્રંથ લખવાનો અભિપ્રાય તથા મંગળાચરણનો એક શ્લોક તા૦ ૬ ઠ્ઠી જુને સાંજે ફરવા ગયા હતા ત્યાંહાં એક મારા મિત્રને કહી સંભળાવ્યા હતા. તેણે કહ્યું કે ઘણો સારો ગ્રંથ થશે–જેમ બને તેમ તાકીદથી પુરો થવો જોઇએ. પછી મેં, તે, રપ મી સપટેમ્બરે સમાપ્ત કરી અકટોબરમાં છાપી પ્રગટ કરયો. એ વાતનું સ્મરણ રાખવાને ગ્રંથમાં એકાદ્દે ઠેકાણે શબ્દરચનામાં મેં મારી પ્રિયાને આશીરવાદ પણ લખ્યો છે. એ કવિતા મ્હારાથી નિરાંતે જોડાઇ નથી, પણ રસ્તે એકલાં ચાલતાં નિત ચાર પાંચ શ્લોક જોડાતા ને ઘેર રાતે લખતાં થોડાક બીજા શ્લોક વધતા; એ રીતે પણ હોંસભેર જાણે હું મ્હારીજ પ્રિયાને માટે લખતો હોઉં અને ગ્રંથની નાયિકા તે પણ માહારીજ પ્રિયા હોય એવી રીતે આ ઋતુવર્ણન લખાયું છે.

આ ગ્રંથમાં આવી કલ્પના કરી છે કે, મારી ન્યાત જેવી કોઇ ઉત્તમ સુઘડ ન્યાતની કોઈ દેશાઈની સત્તર અઢાર વરસની નવી સાસરે રહેલી સ્ત્રી, પોતાના પતિસાથે છ સાત મહિના થયા સંસાર માંડી રહેલી; તેના પતિને કોઇ

અગતનાં કામસારૂ પરદેશ જવું પડેલું, તે વખતમાં પેલી પરણેલી (શ્રીમંતને ઘેર તેથી) પોતાના વાડીબંગલામાં પોતાની સાસુ અને એક પચ્ચીસ વરસની દાસીસાથે રહી હતી–અલબત ઘરમાં બીજા ચાકર મુસદ્દીઓ તો ખરાજ. તે કુલીન, ભણેલી, ડાહી, રસિક તરૂણીને ઋતુઋતુ પરત્વે જે જે વિરહવેદના થતી તે તે પોતાની દાસી (સખી) આગળ કહેતી.

આ ગ્રંથમાં વિરહવર્ણન છે માટે મારી નાયિકાને સ્વકીયા પ્રોષિતભર્તૃકા સુમધ્યા કહું છું. સ્વકીયા એટલે પોતાની પરણેલી; પ્રોષિતભર્તૃકા એટલે વિરહિણી–પતિના વિરહથી દુઃખી અને મધ્યા એટલે સોળ ને વીસની વચમાંની ઊમરની તરૂણી.–જેને કામનો જોશ ઘણો હોયછે ને જે બ્હારથી ઘણી (એકાંતમાં થોડી) લાજાળ હોય છે તે.–પણ પાછી સુમધ્યા એટલે મધ્યા છતે સારીપેઠે સમજતી–કાવ્યશાસ્ત્ર, કામશાસ્ત્ર ભણીને સ્નેહશાસ્ત્રમાં પ્રૌઢા જેવી થયલી એવી સુઘડ રસિકસુંદરી.–સુઘડ એટલા માટે કે વિરહવેદનાથી ઘણીજ પિડીત છતે વ્રત્તભંગ ન કરે એવી નીતિમાન.

આ કવિતા લખતી વખતમેં કાળિદાસનો ઋતુસંહાર નામનો નાહાનો ગ્રંથ અને ટામસનના સીઝન્સ નામનો મોટો ગ્રંથ એ બે જોયા હતા. પણ એ ગ્રંથથી આ ગ્રંથ કેવળ જુદોજ છે. ઉપલા બે ગ્રંથોમાં ઋતુઋતુના સૃષ્ટિમાં જે બ્હારના ચમત્કાર જોવામાં આવેછે, તેનુંજ વિશેષ વર્ણન છે. પણ આ ગ્રંથમાં બ્હારના દેખાવોનો આબેહુબ ચિતાર આપી તેના સરખો અથવા ઉલટો દિલના નેસ્સાનો પણ આબેહુબ ચિતાર આપેલો છે. અને એજ આ ગ્રંથની ખુબી છે. અલંકાર પણ નવા છે.

કોઇને શક ઉપજશે કે કુદરતના દેખાવ સંબંધી વિચારો મારા પોતાના અનુભવના નથી, પણ સંસ્કૃત અંગ્રેજી ચોપડીઓમાંના હશે, પણ એમ નથીજ. કુદરતના દેખાવની છાપ મારા મનઉપર મારાં બાળપણમાંથીજ સારી પેઠે પડી હતી; અલબત આંખી તો ખરી. (એ વિષે બીજે ઠેકાણે સારીપેઠે બોલીશ.) એ આંખી છાપો જ્યારે હું સુરતમાં ત્રણ વરસ રહ્યો હતો ને ગામડાંઓમાં ફરતો હતો ત્યારે ચિત્રરૂપે થવા આવી હતી તે, કવિતા સરૂ કર્યાપછી પ્રસંગ તથા વિચારને જોરે આપોઆપ આબેહુબ ચિત્રરૂપ બ્હાર નિકળી પડી છે.

સંસ્કૃત ને અંગ્રેજી ગ્રંથઉપરથી મને રૂચી થઇ છે એમ નથી. મેં કવિતા કરવી શરૂ કીધી ત્યાર પછી જે જે મોટા ગ્રંથો લખવાનો વિચાર કીધો હતો, તેમાં પેહેલો 'વિદ્યાભ્યાસ કીધાથી સ્ત્રીપુરૂષને લાભ થાયછે' એ વિષે એક વાત જોડવાનો હતો–જેનો પ્રારંભ પણ કરેલો હતો ને બીજો, છ ઋતુનું વર્ણન કુદરતના બ્હારના દેખાવોનોજ કરવાનો હતો; પણ પછી એ બે ગ્રંથોનો વિચાર બંધ રાખી, મારા પિતાની ઇચ્છાથી મારે પિંગળ પ્રવેશ કરવો પડયો હતો. તોપણ કહેવાનું આ કે ઋતુનું વર્ણન કરવાની મારી પ્રથમથીજ ઈચ્છા, કે જે સંબંધી પિંગળ પ્રવેશમાં કંઇ કંઈ દૃષ્ટાંતરૂપ લખ્યું પણ છે.

મેં કોઈ ગ્રંથના વિચારો આ ગ્રંથમાં લીધા નથી. સંસ્કૃત ગ્રંથોમાંના શબ્દો લખાઇ ગયા હશે ખરા. મારે મારા ગ્રંથ વિશે બોલવું યોગ્ય નથી તોપણ અજ્ઞાનીઓને રૂચી કરાવવાને માટે કહેવું પડે છે કે 'ઋતુવર્ણન' સરખો નાહાનો શાસ્ત્રીય ગ્રંથ અંગ્રેજીમાં ને સંસ્કૃતમાં મારા જોવામાં આવ્યો નથી; ને સાંભળ્યા પ્રમાણે ફારસીમાં પણ નથી.

આ ગ્રંથમાં અક્ષરવૃત્તોજ રાખ્યાં છે, સંસ્કૃત રીતિ પ્રમાણે; પણ પ્રકરણ સમાપ્તીયે સંસ્કૃતમાં મોટાં વૃત્ત લખ્યાં હોય છે તેમ મેં ન કરતાં ઉલટાં નાહાનાં વૃત્ત અનુષ્ટુપ રાખ્યાં છે. આ ગ્રંથમાં જે જે અલંકારો આવ્યા છે તે-

(દોહરા.)

સકળ રસિક નર નારિયો, વાંચો ધરી ઉમંગ
માનસીક[૧] તપનો સમે, ધરતાં ધીરજ અંગ. ૧

માંના મુખ્ય મુખ્યનાં નામ પ્રસંગે પ્રસંગે લખ્યાં છે. સઘળાનાં નથી લખ્યા તેનું કારણ આ કે, સંસ્કૃત પ્રમાણે અલંકારોના અસંખ્ય નામ લખી વાંચનારાને ગુંચવણમાં ન નાખવા.

મને સંસ્કૃત ગ્રંથોની અલંકાર આપવાની સ્વછંદી રીત શાસ્ત્રીય નથી લાગતી. એવિષે મારા અલંકાર પવેશમાં કહ્યું છે. ગુજરાતી ભાષામાં આરંભથી તે ઇતીસુધી અક્ષરવૃત્તમાં લખેલો ગ્રંથ તે આજ છે. એમાં અર્થની જે ટીકા કરી છે તે વ્યાકરણ રીતે અન્વય પુરસ્સર અને પછી તેમાંથી નિકળતી જે રસવ્યંજના તે અનુભવીજનને સેહેલથી સમજાય તેવી રીતે બતાવી છે.

સંસ્કૃત ગ્રંથોમાં સંક્રાંતિ ઉપર ઋતુનું ધોરણ રાખ્યું છે—જેમકે જ્યાંસુધી મીન ને મેષ એ બે સંક્રાંતિ હોય ત્યાંલગીનો કાળ તે વસંતઋતુ, વૃષભ ને મિથુન સંક્રાંતિમાં ગ્રીષ્મઋતુ, કર્ક ને સિંહમાં વર્ષાઋતુ, કન્યા ને તુલામાં શરદ્ ઋતુ, વૃશ્ચિક ને ધનમાં હેમંતઋતુ અને મકર ને કુંભમાં શિશિરઋતુ. એ સંક્રાંતિનાં ધોરણ પ્રમાણે ઋતુનો ફેરફાર આપણા પ્રાંતમાં જોવામાં આવતો નથી. (ઉત્તર હિંદુસ્તાનની વાત ત્યાંના લોક જાણે.) અહીંયા ફાગણમાં વસંતનો બ્હાર ને આષાડમાં વર્ષાનો બ્હાર સારીપઠે જોવામાં આવેછે ને એ ઉપરથી આપણામાં શિયાળો, હુનાળો ને ચોમાસું એ રીતે કાળની જે વેંહેંચણ કરી છે તે ખરેખરી છે. મેં આ ગ્રંથમાં વર્ષના કાળની વેંહેંચણ નીચે પ્રમાણે કરી છેઃ—

શિયાળો	હેમંત	કારતક ને માગસર
	શિશિર	પોષ ને માહા
હુનાળો	વસંત	ફાગણ ને ચૈતર
	ગ્રીષ્મ	વૈશાખ ને જેઠ
ચોમાસું	વર્ષા	આશાડ ને શ્રાવણ
	શરદ	ભાદરવો ને આસો

સંસ્કૃત ગ્રંથકારો સઘળાજ, વસંતની બિજા બાકીનાના કરતા ઘણીજ વધતી પ્રશંસા કરેછે, પણ મારા વિચારમાં સહુથી સરસ ઋતુ વર્ષાછે—એમાં સૃષ્ટિસૌંદર્ય, વસંતના કર્તા ઘણુંજ વધારે પ્રફુલ્લિત જોવામાં આવે છે.

આ મારા ગ્રંથમાં કેટલેક ઠેકાણે ઘણું ઉઘાડું લખેલું જોવામાં આવશે અને તેથી કેટલાક જણ પોતાના ખભા સંકોચશે એ હું સારીપઠે સમજું છું, હું કંઇ અવિવેકી નથી; તોપણ ગ્રંથને અપૂર્ણતાનો દોષ ન આવે તેને માટે સંસ્કૃત ને હિંદુસ્તાની ગ્રંથોની રીત પ્રમાણે કામશાસ્ત્રના રંગો પણમેં બતાવ્યાછે.

આ ગ્રંથ કેવળ નીતિમાન તથા ઊંચી પ્રતીનાં રસિક જનની નીતિ અને તેઓનો વિનોદ એ બતાવવાને માટે છે; અને અનીતિમાન અને નીચા પ્રતિના અણસમજુ શઠોને નીતિમાન અને શુદ્ધ રસિક કરવાને માટે પણ છે; એમ છતાં અને ગ્રંથને છેડે આપેલી નીતિ ન લેતાં જે કોઇ આડે રસ્તે ઉતરી કરાડીમાં પડી વહ્યા જાય અથવા અધવાસાની ખાડીમાં ગળચિયાં ખાયાં કરે તો તેમાં ભોમિયા ગ્રંથકારનો કંઇજ વાંક નહીં.

૧ મનસંબંધી પરિતાપ—અંતરનું ધીકતુ—ઢીલનું દરદ.

સકળ રસિક નર નારિયેા, વાંચેા ધરી ઉમંગ;
ખચિત સૂખ અહિંતહિં મળે, નહિંજે નીતીભંગ. ૨
સકળ રસિક નરા નારિયેા, વાંચેા ધરી ઉમંગ;
હુલ્લડાઈ સહુ જાય જો, બાહ્યાંતર [૨] હરરંગ. ૩
સકળ રસિક નર નારિયેા, વાંચેા ધરી ઉમંગ;
બહુ લ્હેણું[૩] તેા રેહ રે, ઈષ્ટ મિત્રની સંગ. ૪
સકળ રસિક નરનારિયેા, વાંચેા ધરી ઉમંગ;
નેહતણેા[૪] અનુભવ કરે, જીવ્યું સાર્થક નંગ. ૫

(લલિત.)

નરમ દીલથી, ડાહિ વૃત્તિથી, સમજિ વાંચશેા, સૂખિયાં થશેા;
અનુભવી હશેા, શુદ્ધ[૫] જાણુશેા, વળિ વખાણુશેા, પાડ માનશેા. ૬

મંગળાચરણ.

(શાર્દૂલવિક્રીડિત.)

પીડા પામતિ પીળિ તે વિરહિણી, યેાગીવિયેાગે મદી,
સ્વભાવસ્થ વિચારમાં ઢળિપડી, રૈયાથિ 'વ્હાલા' વદી;
એ વેળા પ્રરતેા પ્રભૂ તરજનીઅંગુષ્ટવચ્ચે ધરે,
પ્યાલાંઢાંકણુટેાચકૂં રસપુરે, તે **સાંભ** આશા ભરે. [૧] ૧

---

૨ બાહાર ને માંહ્ય–લેાકમાં ને પેાતાનાં અંતરમાં. (જો, તમે, હર–સાંભ–ઈશ્વરના રંગ એટલે તેની લીલા અથવા તેની લીલા ઉપરથી નિકળતી નીતિ પ્રમાણે બાહાર–લેાકમાં વર્તશેા અને બાહાર બતાવવાનેજ નહીં, પણ ખરાં અંતઃકરણથી રૂડી રીતે વર્તશેા તેા) અથવા (ઇશ્વરે બાહાર–સૃષ્ટિમાં અને આપણાં ભિતર–મંનમાં જે જે રંગ મુકયા છે તેના ઉપર વિચાર કરશેા તેા) અથવા (બાહાર ને ભિતર–કાયિક, વાચિક ને માનસિક) એ ત્રંણે રીતે હરના રંગમાં લીન થશેા તેા.

૩ (આ ગ્રંથ વાંચવાથી વાહાલાંની પાસથી ખરૂં સુખ મળવાનેા હક થાય છે–જાણે પૂર્વે સંચિત હેાયની શું ?)

૪ (નેહ–સ્નેહ–સાચા સ્નેહનેા જે અનુભવી થાય છે તે. જીવ્યું સાર્થક–સફળ છે તે નંગ એટલે અમૂલ્ય ધન્ય છે.)

૫ સ્વચ્છ–નિર્દોષ (પ્રેમ છે આ ગ્રંથમાં એટલુંજ નહીં જાણેા; પણ ગ્રંથને વખાણી પાડ માનશેા.)

૧ યેાગી (શંભુ)ના વિયેાગથી (ઘરમાં એકલી રાખીને તપશ્ચર્યાદિક કારણે ગયેલેા તેથી) મદી–જુવાનીના જોસ્સાવાળી (મદનેા અર્થ જોસ્સેા પણ થાય છે) વિરહિણી (પાર્વતી) પીડા પામતી પામતી છેક પીળિ થઈ ગયલી ('પિયુકારન

પ્રવેશક.

(ઉપેન્દ્રવજ્રા.)

જમી ઉઠીને અગિયાર વાગે, જુએ ઉભી તે તડકો સુભાગે;
દિસે વિચારે પણ નાવિચારે, ભર્યું જણાયે રણ તપ્ત વારે.[૧] ૧

(તોટક.)

(દાસી)–'બદલોનિ અબોટિયું વાર થઈ,મુખવાસ કરો ઘડિ વાગિ ગઈ';
'શું વિચાર કરોછ વિશેષ તમે, હજિ તો દિન ચાર થયાછ ગયે.' ૨[૨]

પીરી ભઇ, લોક લહે પિંડ રોગ; છાની લંઘન મેં કરૂં, પીય મિલનકો શોગ'.) એવી તે (એક દિવસ) સ્વપ્નાવાળી હાલતમાં સેજ ઉપરથી 'ઓ વ્હાલા' એમ વદી–બોલીને નીચે ઢળી પડી. (પડતાં પડતાં પણ 'ઓ વ્હાલા' એટલું તેનાથી બોલાઇ જવાયું). (હવે) પ્રભુ–પ્રીતમ–શિવ, ફરતો–સર્વવ્યાપક–અંતરયામી (જે, તે વાત જાણી તરતજ આવી પોંહોંતો છે ને જે પોતાની પાસેના), અમૃતના પ્યાલાંનાં ઢાંકણાંનું ટોચકું, (પોતાની) તર્જની–(અંગુઠાની જોડેની આંગળી) અને અંગુઠો એ બેની વચમાં પકડી રાખી (અને મંત્ર ભણતાં–ઓઠમાં પ્રેમવચન બોલતાં) રસ પુરે છે–જીવ મુકે છે–મુર્છા વાળે છે (એવો જે) તે સાંભ (અંબા સહવર્તમાન છે માટે) આશા (સહુની) ભરે–ભરો–પૂર્ણ કરો.

વ્યંગ્યાર્થ.—પ્યાલું–સ્તન, ઢાંકણ–ઉપરનું શ્યામવર્ણકુંડાળું, ટોચકું–ડીટી; તર્જની ને અંગુઠો એ બેવતી ડીટી પકડીને રસ પુરે છે–ઊંક આપે છે એવો જે સાંભ (જુગલ રૂપ) તે. પ્યાલાંઢાંકણ એટલે બે પ્યાલાંના ઢાંકણ નહીં, એકજ પ્યાલું ને તેનુ ઢાંકણ. મંગળાચરણ ત્રણ રીતનાં હોય છે–નમનાત્મક એટલે જેમાં નમન કરૂં છઊં એવું આવે, આશીર્વાદાત્મક એટલે દેવપાસે આશીર્વાદ દેવાડયો હોય એવું આવે અને વસ્તુનિર્દેશાત્મક એટલે નમન ન કરતાં, આશીર્વાદ ન લેતાં, એકદમ પોતાની વસ્તુ–ગ્રંથનો ઉદ્દેશ બતાવી દીધો હોય એવું આવે. ઉપલું મંગળાચરણ આશીર્વાદાત્મક છે, પણ તેમાં વસ્તુનિર્દેશ ગુપ્ત રહ્યા છે, કારણ કે આ ગ્રંથમાં એકલું વિયોગ વર્ણનજ નથી;–સંયોગ વર્ણન પણ છે તે ઉપરથી મંગળાચરણમાંથી સમજાય છે. (વર્ણન, ચિતરી દેખડાવાય તેવું છે.)

૧ જમીને અબોટિયાં સાથેજ બારિયે ઉભી રહીને પોતાના સુંદર બાગમાં ઉનાળાનો તીત તડકો પડેલો તે જોતાં તટસ્થ થઇ રહી છે એવી તે સ્ત્રી, પોતે કંઇજ વિચારમાં નથી તોપણ બીજાઓને, તે વિચારમાં હોય એવી દેખાય છે. (એ સ્થિતિની સમજ અનુભવી જનને સેહેજ છે, બીજાની સમજમાં ઉતરવાનીજ નહીં) તે કેવી દેખાતી તોકે જેમ તપ્ત–તપી ગયલું ક્ષારવાળું પાણી વનાનું રણ, વાર–વારિ–પાણીથી ભરેલું જણાતું હોય–મૃગજલ–ઝાંઝવાનું જળ હોય તેવી. (એ ઉપમા અલંકાર દૃષ્ટાંતને નામે પ્રસિદ્ધ છે.) (વર્ણન, ચિતરી દેખડાવાય તેવું છે.)

૨ મુખવાસ–પાન સોપારીની બીડી. (છેલ્લી બે લીટીમાં દાસીએ વ્યંગવચન કહી પેલીની મશ્કરી કરી છે.)

(ઇન્દ્રવજ્રા.)

આથાલગી રે ચ્હડિ ખૂબ ઝાંઝ,દાસીતણી તે સુણી વેણુઝાંઝ;
શોકે પડયો ઝટ્ટ પછી મિઝાજ, ડૂબે દરીયે ભર જેમ ઝાંઝ. ૩૩
ભૂલીગઈતે ધમકાવવાનૂં, ઝૂલીપડી રે ન ટટાર જાનૂ;
સાપેણુ જોરે કડવાજ ધાયે,(પણ)તાપે કરીને ચતિપાટ થાયે. ૪૪
એ જોઇ દાસી ગઇ ઝંખાવાઈ,રે રોઈ પાણી પછિ લાવિ ધાઈ;
માથે સુધારા કરિ આંખ ડાબે, હાથેથિ કર્પૂરકપાળ ચાંપે. ૫૫
મૂર્છા વળી ને ઉઠિબેઠિ બાઈ, દેખાઇ જાણે કરમાઇ જાઈ;
દાસી અડી તે દિડિ તેથિ ઝાજી, લાજ્જળિપેરે કુમળીજ લાજી. ૬૬

(શાલિની.)

દાસી બોલી, 'બાઇ મૂને ક્ષમા રે,'
'બોલ્યૂં ચાલ્યૂં, મંન લાવોજ મા રે;'
'મેં તો જ્હોતૂં, આવડૂં જાણ્યું હેત,'
'તેમાં, બાકી, ના કદાપી હું કહેત.' ૭

---

૩ દાસીની વેણુઝાંઝ એટલે દાસીનાં વચનરૂપી જે ઝાંઝ કુટાઈ તે સાંભળીને પેલીને (પગથી તે) માથાંલગી ઝાંઝ ચડી ગઇ–એટલે ગુસ્સો ચડયો કે 'તું મારી મશ્કરી કરનાર કોણ'? પણ જેવો મિજાજ ચઢ્યો તેવોજ પાછો તે શોક (સાગરમાં) એકદમ ડુબી ગયો–જેમ ભરદરિયે વહાણ એકાએક (ધીમે ધીમે નહીં) ગળપ થઇ જાય છે તેમ. વ્યંગ્યાર્થ–કે દાસીને ચીડવા જતી હતી એટલામાં પેલીને પોતાનો પ્રિયને સાંભરી આવ્યો તેથી તે એકદમ દલગીર થઇ ગઇ. (ઉપમાલંકાર.)

૪ જાનૂ–ઘૂંટણ ટટાર ન રહ્યાં ને તે ઝુલી પડી. જેમ રાફડામાં લાકડી ઘાલી સાપેણને છંછેડિયે ને તે કરડવાને બ્હાર દોડી આવે, પણ પાછી બ્હારની સખ્ત તપેલી ભાંય ઉપર ચાલતાં તરફડી ચતીપાટ થઇ રેહે છે તેમ–તે ધમકાવવાનું ભુલી ગઇ પણ ઊલટી, સ્મૃતિથી–પ્રગટેલા શોક અગ્નિથી નીચે–ભાંયપર મુર્છા ખાઇને પડી. (એ કવિતાની અતિશયોક્તિ લાગશે, પણ મેં જાતે કેટલીએક સકુમાર છોકરીઓને પોતાના પ્રિયની સેહેજ સ્મૃતિથી બેશુધ્ધ થઇ જતી જોઇયો છે.) (ઉપમાં–દૃષ્ટાંત.)

૫ દાસીને રડવું આવી ગયું, પણ પછી દોડીને પાણી લઇ આવી. સુધારા એટલે ઝીણી ધાર; કર્પૂરકપાળ એટલે કપૂરના સરખું તેજસ્વી ગોરૂં કપાળ. (કર્પૂર કપાળ એ, ઉપમા–વાચકલુપ્ત છે.)

૬ મૂર્છા વળ્યા પછી તે કેવી દેખાતી કે જાણે જાઈનું નાજુક ફુલ કરમાઈ ગયું હોયની શું તેવી (ઉત્પ્રેક્ષા.) પણ પોતાનાં અંગને દાસી અડકેલી જોઇ કે તરત તે પાછી શરમાઇ ને સંકોચાઇ જેમ નાજુક છોડવો લાજણી સેહેજ સ્પર્શથી બીડાઇ જાય છે તેમ (ઉપમા.) કુમળીજ–ખરેખરી નાજુક.

(ભુજંગી.)

"ક્ષમા માગિને તું વધૂ વ્હાલ તાણે,"
" ન દાસી ગણું આજથી બ્હેન જાણે;"
" વિના કોણ તું વૈદ ધા આ રુઝાડે," ?
" દિલાસે નવી પીડ થાતી મટાડે" ? ૮૮

(અનુષ્ટુપ્.)

ઘરકામ અટોપીને, વાતો કરતિ સુંદરી;
ઋત ઋત વિલાસોની, રોજે તે રસમાં પુરી. ૯૯

ગીષ્મ.

(ઇંદ્રવજ્રા.)

"નાળાં નદીનું જળ જેમ પીધું, સૂર્યે વિયોગે તુર ચૂસિ લીધું;"
"ખારે ભરી હું ખડિયાં સ્વરૂપે, ખૂંચું સગાંને ધણિ હ્વનિ ધૂપે." ૧૧
"અત્યન્ત તાપે તપિ ખારભૂમી, મારે મૃગોને લલચાવિ ખૂની;"
"જાણી સુવાણી રસ જે પિપાવે, તેને ભુંડી આ બતરીસિ ચાવે." ૨૨

---

૮ અરે તુને દાસી નથી ગણતી, પણ જાણે તું મારી બેહેન હોય તેવી ગણું છઊં. તું વૈદવિના આ ઘા (વિરહ દુઃખનો) કોણ રૂઝાડશે અને નવી પીડ એટલે નવા નવા તર્હોથી થતું નવું નવું દુઃખ.

૯ શૃંગાર રસમાં પૂરી–મગ્ન–ડુબેલી–મસ્ત એવી તે.

૧ જેમ સૂરજે પોતાને તાપે નાળાં નદીનું જળ પીધું–સોસી લીધું (છો) તેમ વિયોગરૂપી સૂર્યે (રૂપકાલંકાર) મારૂં નુર ચુસી લીધું છે–વિયોગથી મારી તેજ જતી રહી છે. (ઉપમાં). (હવે જ્યારે નાળાં અને નાહાની નદિયોનાં પાણી સુકાઇ જાય છે ત્યારે ખાર વળગેલો એવાં–ખારવાળાં અને વચમાં ફાડ પડેલી એવાં ઢેફાં પોતાની ઉપર ચાલનારા જે લોકો તેને ખુંચે છે તેમ–હું ખડિયાં જેવી બનીને ખારે ભરી–ખારીલી થઇને–ચિડિયણ થઇને સગાંને ખુંચું છું–જે કોઇ મને મળવા આવે છે તેને હું અપમાન આપું છું–બરોબર આદર સત્કાર કરતી નથી–મનમાં કહું છું કે કાંથી પાપ આવ્યું–જાય તો સારૂં–મને મારે એકલી પડી રેહેવા દે તો સારૂં;–કારણ કે હું વિજોગને ધૂપે–વિજોગના તાપથી ઘણી હુનિ–બળી બળી થઈ રહીછું તેથી. ખડિયાં સ્વરૂપે, ખારે ભરી, વળી ધૂપે ઘણિ હુનિ થઇ એવી હું, સગાંને ખુચું છઊં–એવો, અન્વય કરવો.

૨ ખારવાળી જમીન (મૃગજળ) અતીસે તાપથી ખૂબ તપી જઇ ચળકાટવાળી થઇને ખુની (બનીને) હરણને પાણીસારૂ લલચાવી મારી નાખે છે અથવા લલચાવી મારી નાખે છે એ રીતે ખુની બને છે; (તેમ), જેઓ મારી સુવાણી જાણી રસ પીવાવે–પીવા આવે છે. (મારી કોમળ મધુરી વાણી છે માટે

"દાવાનળે તે સુકું બાળ્યું રાન, વ્રેહાનળે આ લિલું કુંજધામ;"
"એને ધુમાડે થઇ પૂરિ અંધ, તાપે બળું ને દઉં દુષ્ટ ગંધ." ૩
"આદાસિસીયે અકળાઈ વાધે, મૂકામ કીધો વડવૃક્ષહેઠે;"
"કમ્નેર થૈ તે જિભને હલાવે,તેવી બનીછું સખિ હું અભાવે." ૪
"જેડા તપે ને છતરી તપે રે, થાકે પ્રવાસી મુખ 'આહ' કહે રે;"
"થાતું હશે શું પ્રિય માહરાને,? ગાડી ખરી, તોપણ માહરાને." ૫
"મારૂં વિસારૂં પ્રિયનૂં વિચારૂં,? તોએ હું દેખૂં સરખૂંજ ધારૂં;"
"મોટો પડયો કેમ હું ઘા સમારૂં? સંભારતાં તો દુખને વધારૂં." ૬

મારી પાસે જીવનો ખુલાસો કરવા–આનંદમાં ઘડિ કાઢાડવા–સુખ કરિ લેવા-સગાં સ્નેહિયો આવે છે તેને) આ ભુંડિ બતરીસી–બતરીસ દાંતની પંક્તી–આ બતરીસ દાંત કડવા દોડે છે. (ઉપમા–દૃષ્ટાંત)

૩ દાવાનળે–દ્રવ અગ્નિયે તો સુકું રાન બાળી નાખ્યું છે. (હુનાળામાં એમ થાય છેજ) (પણ તેમાં શું?) વ્રેહાનળે–વિરહના અનળે–વિરહના અગ્નિયે–જુદાઈની આગે લીલું એવું જે કુંજનું ઠેકાણું તે બાળી નાખ્યું છે. (મારાં જોબનરૂપી-લીલી વાડી બાળી નાખીછે–જોબનનનો બ્હાર જતો રહ્યોછે) (સુકું બાળવું સેહેલું ને લીલું બાળવું અઘરૂં છે, પણ એ અઘરૂં કામ વ્રેહાનળ સેહેલથી કરી નાખેછે, માટે વ્રેહાનળ વધારે જબરો.) (ઉપમા–વ્યતિરેક.) બાહાર આગ છે ને ભિતર આગ છે.—એ બે આગને ધુમાડે હું આંધળી થઇછ, (કામકાજ સુ-ઝતું નથી–વિચારશૂંન્ય થઇછ) ને તાપથી જીવતી બળી જીઉંછું એટલુંજ નહીં પણ (જેમ બળતાં મુડદાં પોતાની નઠારી ગંધ પાસે ઉભાં રહેનારાંને આપેછે તેમ) હું દુષ્ટ ગંધ આપું છઊં (બીજાંને–મારી પાસેનાંને–મારી પાસે આવ-નારાંને ચિડિયાં કરૂંછ–માહું લગાડુંછ, અને પછી મારે વિષે દયા ઉપજાવી તેઓને દુઃખી કરૂંછઊં.)

૪ અભાવે–ખ્હરાણે. (જેવી હુનાળાને બપોરે વાધની માઠી હાલત હોય છે, તેવી હાલતમાં આવવાનું (જાણી જોઈને) મન થાયજ નહીં, તોપણ પિયુ-ના વિજોગથી તેવી હાલતમાં આવી જવાયું છે.) (ઉપમા.)

૫ જોડા અને છત્રી જે તાપથી રક્ષણ કરનાર તેપણ તપી જાયછે. ને પ્રવાસીઓ–વટેમાર્ગુઓ–બેપીયા આંગડીયાઓ આહ આહ એમ હાંફતા ચાલે છે. ગાડી તો હશે પણ મોટા રાનમાં જો! (રોજ તડકામાં ફરનારને તે દુઃખ જણાતું નથી, પણ ઘરમાંથી બ્હાર ન નિકળતા એવી સકુમાર દેહવાળાથી થોડો તડકો પણ ન સંખાય તો પછિ આ ભરઉનાળાનો તડકો ને તે વળી રાનમાં તેનાથી કેમ ખમાતો હશે?! કેળ, મોગરો તો અતીસે તાપે કરમાય જો! મારા એ, કંઇ થુએર ખરસાણી નથી).

૬ જો હું મારૂં દુઃખ વિસારૂંછ ને પ્રિયનું (એકલાનુંજ) વિચારૂંછ તો તેથી પણ (મારાં કાળજાંમાં) સરખુંજ–પ્રથમ પ્રમાણેજ ધારૂં (પડેલું દેખુંછ) —આ જે વિજોગનો મોટો ઘા પડયોછ તેને કેઇ રીતે સમારૂં–દુરસ્ત કરૂં–રૂઝાડું? અરે એ ઘા (જુદાઈનો વખત) સાંભરી આવેછ કે મારૂં દુઃખ વધી પડેછ.

(ભુજંગી.)

"ટુંકી દૃષ્ટિ થાયે દિશા શૂન્ય તાપે,લુની વૃષ્ટિ થાયે ઘણૂં ઝેર વ્યાપે;"
"ખરે ખ્હાર જેવૂં દિસે માંહ્ય તેવૂં,સિઝાતાં સહૂ દુઃખ ઝાઝૂં શું કહેવૂં," ૭૭
"ભયંકાર દીસે સુકાં ખેતરો તો, ગધેડો હડીલો ભમે ભૂંકિ રોતો;"
"સહૂ મંનની વૃત્તિયો શુષ્ક થાયે, બહૂ જીવ તો આમ ને તેમ ધાયે." ૭૮
"પશૂ પક્ષિયો ને બધાં જીવજંત, બપોરે બખોલે ઘસે રાખિ ખંત;"
"નહીં મંનમેદાનમાં કોઇ ઓથ, બધે તરફડી જીવ તો જોય મોત." ૭૯
(દાસી)–"મથી તાપમાં ખેડુતો ઘાસ કાપે,બહૂ શ્રમથી થાકિ ભીંજાઈ જાયે;'
(બાઈ)–"જળેતંનચળકેરિઝેમંનકલ્લે,પરંતૂફિકીદેહ આ જીવ તલ્પે." ૧૦૧૦

---

૭ દૃષ્ટિ ટુંકી થાયછે–ઘણો તાપ પડવાથી પ્રાણીઓ એક બિજાને જોઇ શકતાં નથી. દિશાઓ શૂન્ય થાયછે–કોઇ પ્રાણી ફરતું દેખાતું નથી કે કોઈ પ્રાણીનો શબ્દ સંભળાતો નથી. લુની વૃષ્ટિ થાયછે–લુ વરસી રહેછે, (ને તેમાં સાપવગેરેના ઝેરી દમથી હવામાં ઝેર વ્યાપી રેહેછે.) પણ એ જે બધું ખ્હાર છે તેવુંજ વળી મારા અંતરમાં છે (ખુની જુદાઇના વિચારથી.) અરે સીઝાઇ જઈંછું–ખ્હાર ને માંહ્ય ધીકુંછ–દુઃખ ખમુંછ, રે વધારે શું કહું?

૮ કોઇ નથી હોતું તોપણ હડીલો ગધેડો ભુંકતો (ને પછી ચરવાનું ન મળેથી) રડતો ભમેછે. (વિયોગને તાપે) મનની વૃત્તિયો સુકાઈ ગઈછે–મનની સ્થિતિરૂપી ખેતરો સુકાઈ ગયાંછ–(વિચારશૂન્ય થઇ ગઇછ). (તોપણ પેલા મુરખ ગધેડાની પેઠે મારો) જીવ, મન–વિચારનાં સુકાં ખેતરોમાં આમ તેમ ભટકેછે (પણ તેને કેથે ગોઠતું નથી). (ઉપમા–દૃષ્ટાંત).

૯ પશુપક્ષી સહુ હુનાળામાં બપોરે ખંત રાખીને બખોલોમાં ઘસેછે–(તાપમાંથી બચવાને તેઓને ઓથ હોયછે) પણ મારાં મનરૂપી મેદાનમાં (જેમાં વિજોગનોતીત તડકો પડેલો છે તેમાં મારે) કોઈની ઓથ નથી. (કે જેથી હું જરા આરામ પામું. મારો જીવ તો આમ તેમ તરફડીને મોતને જોયછે–મોતની વાટ જોયછે કે કહારે છુટું?). (ઊલટાપણું બતાવ્યું છે માટે, વિરોધ અલંકાર અથવા વિષમ અલંકાર.)

૧૦ (ઉપલી બે લીટીયો બોલીને દાસીએ કહ્યું કે જો, એ દુઃખ શું ગોહું છે?–તે ખેડુતના જેવું તો બેન તને દુઃખ નથી.) (એ બોલવાના જવાબમાં પેલી બોલી કે:–બેન, તું ભુલેછ) ખેડુતોનાં તન–શરીર, જળે–પાણીથી ચળકે છે) દૃષ્ટ પુષ્ટ કાળાં કાળાં શરીર, મેહેનતથી વળેલા પરસેવાનાં બુંદોમાં સૂરજનાં કિરણો પડવાથી કેવાં રૂપાં સરખાં ચળકી શોભી રહ્યાં છે) (અને તેઓનાં) મન–જીવ ઘાસને કલ્લે રીઝે છે.) (જમણે હાથે દાતરડે ઘાસ કાપતા જાયછે ને ડાબે હાથે ઘાસના કલ્લા ભરી ભરીને ખુશીમાં ઊંચા મુક્તા જાયછે તેથી તેઓને મેહેનત થાક લાગતાં નથી–દુઃખ થતું નથી—તેઓ ઉમંગમાં છે.) (પણ વિયોગના તાપથી મનનાં સુકાં ખેતરમાં આ મારી) દેહ રીકી પડી ગઇછ ને જીવ તલ્પેછે, આકુળ વ્યાકુળ થઇ ગયોછે (વિરોધ–વિષમ અલંકાર.)

(ઇંદ્રવજ્રા.)

"મોટાં વનોમાં ધુળકોટ થાયે, પક્ષી પશૂઓ ધસડાઇ જાયે;"
"સમુદ્ર મોજાં ગગને ચ્હડાવે, થઇ ઘણો મસ્તજ ઝાઝ ડાખે." ૧૧
"રે તે પ્રમાણે સ્મૃતિવાયુ વાએ, ડહોળાઇ જાયે દિલ ના સમાએ;"
"સંકલ્પ સંતાયે વિકલ્પહાકે, મારી ઉછાળા જિવ ચાંપિ નાખે." ૧૨૧૨
"પોચી કરે ખેડુત ભાંય ખેડી, આશા કરે તે પછિ મેઘકેરી;"
"આશા દઇ તેં તઇયાર કીધી, સૂકી છું કે દી હું થઇશ ભીની?" ૧૩
"કર્યે ઘણા માકણ મચ્છરો જે, ના ના જણાએ નિજ દુઃખમાં તે;"
"પ્રયાણરૂપી વિષદંશ સાલે, કહેવાય શત્રૂ પ્રિય વ્હાલ આવે." ૧૪૧૪
"લાંબા છતે દી વધુ થાય લાંબા, દીલે દિલાસા દઉં શા હું સાંબા;"?
"મધ્યાન્હવેળા બનિ સુસ્ત સૂઉં, સાણે રમીને રડતી રહું હું." ૧૫૧૫
"ખુલ્લો ખમૂં તાપ હું જેમ તેમ, આસક્ત તે વાદળિ તાપ કેમ;"?
"રાતે હતી આશ જ સૂખ થાશે, વા બંધ છે દેહ બફાઇ જાશે." ૧૬૧૬

---

૧૨ (જેમ ધુળકોટ થાયછે આદિલઇ૦ તેમ એકાએક થઈ આવતી પિયુની જે) સ્મૃતિ (તે) રૂપક વંટોળિયાથી (રૂપક) દિલ (દિલદરિયો) ડહોળાઈ જાય છે. (દિલ) ના સમાએ–ધીરૂં પડતું નથી (દિલ દરિયાની મસ્તી નરમ પડતી નથી).

વિકલ્પહાકે સંકલ્પ સંતાઈ જાય છે એટલે પીયુસંબંધી તરેહ તરેહવાર ગાંડા ઘેલા તુરંગોનું જોર એટલું બધું છે કે બળાત્કારે કોઈ પણ વાતનો ઠરાવ કરવા જઉંછું તો તે કરી શકતી નથી—(કામકાજમાં પડી દુઃખને વિસારવાને ઘણુંએ પ્રયત્ન કરૂંછપણ તેમ થતું નથી). હાક એટલે દોર, ડરાવે તેવી વર્તણુક (જેવો રાજનો હાક તેવો વિકલ્પ એટલે આ કરૂં કે તે કરૂં એ જે વૃત્તિ તેનો હાક). (વળી, તે) વિકલ્પ), (જેમ સમુદ્ર મોજાં ગગને ચહાડાવેછ ને ઘણો મસ્ત થઈ વ્હાણને ડાબી નાંખેછે તેમ) ઉછાળા મારી મારીને મારા જીવને ચાંપી નાંખેછે.

(૧૨ મો શ્લોક એ ઉપમેય છે ને ૧૧ મો ઉપમાન છે ને એ રીતે ૧૧ મો ૧૨ મો એ બે મળીને ઉપમા અલંકાર છે. ને એજ મુખ્ય છે પણ પાછા ૧૨ મામાં રૂપક નામના પેટા અલંકારો છે).

૧૪ (હુનાળામાં માકણ મચ્છરનું જોર હોયછે ને તે જે દુઃખ દેછે તે) મને મારાં પોતાનાં દુઃખમાં જણાતું નથી–રે (મારા પિયુનાં) પ્રયાણ (જવાં) રૂપી વિષદંશ–ઝેરી ડંખ બહુ બહુ સાલેછ જો! (તારા જવાથી મને દુઃખ થયું માટે) તું (મારો) શત્રુ કહેવાય ખરો; (પણ ઓ) પ્રિય–પ્યારા (તારા ઉપર તો) વ્હાલજ આવેછે. (તું મારો દુશ્મન નથી–તું તો મારો પ્યારોજ છે પણ તારૂં જુદું પડવું તે મને સર્પ વિછુના ઝેરી ડંખ જેવું થઇ પડયુંછે અને એ ડંખ મારો દુશ્મન–કાળ છે).

૧૫ (એક તો હુનાળાના દાહાડા લાંબા તેમાં વળી દલગીરીમાં રીબાયાં કર્યાથી તે વધારે લાંબા લાગેછે). (બપોરીવેળા હુનાળામાં સહુનેજ ઊંઘ આવેછે).

૧૬ (ખુલ્લો–વાદળી વગરનો તાપ ગમે તેવો સખત હોય તોપણ વાદળી

"જેવો તપે સૂરજ આ રતે રે, લોકો કહે વૃષ્ટિ પડે છતે રે;"
"તે તો કદાપી કંઇ સાચું થાશે, દાધેલિનો ના ઉકળાટ જાશે." ૧૭[૧૭]
"તાપે કરીને જળ બાષ્ફ થાયે, પાણી કુવાનાં બહુ હેઠ જાય;"
"રોયાં કર્યાથી ગયું પાણિ આલી,આંખોરુપી વાવડિયોજ ખાલી." ૧૮[૧૮]
"બાગો બગીચા ફુલવાસવાળા, વાડી વજીફા ફળથી રસાળાં;"
"દેખી અદેખી બહુ થાઉં આલી,ફૂટે નસીએ નહિં આહિં માળી." ૧૯[૧૯]
"ફૂટે ફુવારા ઘણિ જુકિતવાળા, કુંડે પડે શીતળ ખુંદ ધારા;"
"ધારા તિખાં તીર જ ખુંદ ગોળા,વ્હાલા વિના તો ચ્હડિજાય ડોળા." ૨૦[૨૦]

તાપ વધારે દુઃખ દેછે) (પવનવના મુઝાવી નાખેછે) (વૈશાખમાં વાદળાં પણ થવા માંડયાં હોયછે). આસક્ત–આ સખત (તાપ). (એટલું બાહારનું મુખ્ય કરવાનું વર્ણન છે તોપણ તેમાંથી બીજી મતલબ પણ નિકળેછે કે સંજોગમાં પિયુ મને રડાવે–મારા ઉપર સખતી કરે તો તે જેમ તેમ ખમાય, પણ આ સક્ત–આ સખત વાદળી તાપ (પિયુસૂરજના પ્રેમકિરણને મારાપર પડતાં અટકાવતો એવો જે વિજોગ તે) મારાથી નથી સંખાતો જો !) હું જુદાઇરૂપી વાદળીમાંથી મારા પિયુસુરજને ઝાંખો જોઉંછું તારે વળી ઘણીજ દલગીર થઇ જાઉંછું કે મારા પ્રીતમનો પ્રેમ શું ઝાંખો થયો?). (એ બે લીટીના વર્ણનમાં દૃષ્ટાંતરૂપક–સમાસોક્તિ અલંકાર છે) (પણ જો એ બે લીટીના વર્ણનને પેટાવર્ણન ગણી વિરહવર્ણનને મુખ્યગણિયે તો તેમાં બિજી રીતનું દૃષ્ટાંતરૂપક–અપ્રસ્તુત પ્રશંસા નામનો અલંકાર બનેછે) (પણ ઋતુવર્ણનમાં બંનેને મુખ્ય ગણીયે તો તે રીતે દૃષ્ટાંતરૂપકજ કેહેવું). (વળી આસક્તનો બિજો અર્થ આ નિકળેછે કે(–હું જે) આસક્ત–આશક પિયુઉપર છઉં તે, વાદળી તાપ–જુદાઇનો તાપ કેમ ખમું ?)

(હુનાળામાં રે દિવસે તો તાપ હોયછે પણ રાતે ચંદની ને વાયુ હોવાથી સહુને સુખ થાય છે (ચૈત્રની ચાંદની વખણાય છે) પણ મને તો રાતે પણ ભિતરની આગે વા બંધ લાગેછે ને આ દેહ હવે બફાઇ જવાની)–(વિરોધ–વિષમ અલંકાર.) (રાતે સુખ થશે તેવું પણ નથી એમ અર્થ લેતાં વિરોધ–વિષાદ અલંકાર થાય છે). ૧૭ છતે–સારીપઠે. (જેવો તાપ પડેછે તેવોજ વરસાદ પડશે એ વાત સાચી થશે પણ હું જે દાધેલી–બળેલી તેનો ઉકળાટ કદાપી (હાલ થોડાક મહિના તો) જવાનો નથી).

૧૮ આલી–સખી. (એ સખી.) પાણી ગયું એટલે એટલું તો હું રડી ચુકીછ કે હવે આંસુ પણ આવતાં નથી (અથવા મારાં જોબનનો ભ્હાર જતો રહ્યો છે). (એ ઉપમા–દૃષ્ટાંત છે).

૧૯ (પણ ઓ સખી મારૂં નસીબ તો ફુટેલુંછે કે મારો માળી–મારા આ તનબાગનો માળી–મારો પ્રીતમ આંહિ–પાસે નથી).

૨૦ (તરેહતરેહવાર રીતની ધારો અને તરેહતરેહવાર રીતનાં ખુંદ–ટીપાં, શીતળ–થંડાં પડેછે, પણ એ થંડી ધારો તો મને તીખાં તીર જેવી અને થંડાં ખુંદો તોપના ગોળા જેવાં સખત લાગેછે; રે વ્હાલા વિના તો મારા ડોળા ઊંચા ચ્હડી જાયછ જો ! (વિરોધ અથવા વિરોધનું એક પેટું–વિરોધાભાસ એ નામનો અલંકાર).

"દીનાન્ત લાંબા રળિયામણા રે, દેખાય રાને દરિયે કિનારે;
"મોટે વિચારે પડિ હું નિસાસે, દહાડો ગયો ને વળિ રાત જાશે." ૨૧[૨૧]
"ગાજે તળેથી ધુધુધૂ દરીયો, સૂણી સહૂની ઇંદરી ઠરીયો;"
"લહેરો રસાળી પવને કરીયો, શોકે ભુંડી હું અબળા પડી ઓ!"૨૨[૨૨]
"ઊંચી નિચી થાય કંઇ સપાટી, ધીમે ધિમેથી પથરા ઝપાટી;"
"મેદાન મોટું રળિયામણું રે, ઊપેર વ્હાણો રમતાં ઘણું રે." ૨૩[૨૩]
"આ મંનસિંધૂ બહુ રે તુફાની, ગોંગાટ ભારી પવને ગુમાની;"
"મેદાન વિસ્તીર્ણ બિહામણ રે, ઊપેર તર્કો દમતા ઘણું રે. ૨૪[૨૪]
"કાંઠાથકી વાય સવાર સાંજે, કુંજોથકી વાસિત શીત વા જે;"
"ઊભી કરેછે ઝટ તે રુઆંટી, પેટે હુનું ને ઉર શોક આંટી." ૨૫[૨૫]
"લેલી ફરે ચક્કર ઢેંચલી ને, માળે ભરાયે પછિ તે નિદાને;"
"દહાડે હું લેલી ચકરીજ ખાઇ, સાંજે રિબાઊં પડિ શોચખાઈ." ૨૬[૨૬]

---

૨૧ દીનાન્ત એટલે દિવસનો અંત. (પણ એ શબ્દ જેને આપણે સવારનું ને સાંજનું ઝળઝળું–અંધારા અજવાળાની વચમાંનું સૌંદર્ય કહિએ છૈયે તે.–એ સૌંદર્ય જે રાનમાં અથવા દરિયાકિનારે ઘણીવાર સુધી હોયછે તે જોતાં જોતાં હું) મોટે વિચારે–મોટા વિચારમાં પડી (અથવા) મોટે વિચારે (રહી) (અને) (પછી), પડી–ધૂમ થઈ સુધ જઇ, નિસાસે (બોલું છું કે) 'દાહાડો ગયો ને વળિ રાત જાશે' (પણ પિયુ કાંહાં ?). (પ્રથમ દલગીરીના વિચારમાં ને પછી ધૂમ થઇ ગયલી હાલતમાં આવી રહી પછી જગતી વેળા નિસાસો મુકીને બોલું છું કે 'દહાડો ગયો.'

૨૨ (સાંજની ઠંડી શોભાથી સહુ પ્રાણીમાત્રની ઈંદ્રીયો શાંતરસથી ઠરે છે–સુખ પામે છે પણ) ઓ–અરે હું (જ) અબળા ભુંડી (કે) શોકમાં પડી (છું–રીબાઊંછું).

૨૩ (દરિયાની સપાટી મોજાંથી કઇ કંઇ ઊંચી નીચી થાયછે). (કાંઠાના પથરાપર અથડાય છે). (દરિયાનું મેદાન–જેના ઉપર વ્હાણો રમતાં દેખાય છે). (જેમ મેદાનમાં બકરાં ઘેટાં ઉમંગથી કુદેછે, રમેછે, તેમ સમુદ્રમાં વ્હાણો ઉમંગથી કુદતાં રમતાં દેખાયછે).

૨૪ (પણ) આ (મારો) મનસિંધુ–મનનો દરિયો તોફાની છે. ગોંગાટ–આકળું આકળું બોલવું–ચિહડવું તે. પવને એટલે ગઇ ગુજરીનું સાંભરી આવવું એ જે કોઈ પવન તેથી. એ પવન ગુમાની છે એટલે ઘણો જોશવાળો છે. (જેમ દરિયામાં વ્હાણો તેમ મન દરિયામાં તર્કો–કુતર્કો. વ્હાણો રમેછે ને તર્કો દમેછે.)

૨૫ કુંજ–ઝાડી. વાસિત–સુગંધવાળો. શીત–ટહાડો. (નદિ દરિયાના કાંઠા તરફથી અથવા કુંજોમાંથી જે સુગંધ યુકત ટહાડો વા વાયછે–આવેછે, તેથી મારી રૂઆંટી ઉભી થાયછે, પેટમાં હુનું હુનું થઈ જાયછે, અને ઉર શોક–એટલે હૈડામાં શોકની–(શોકથી) આંટી–આંકડીયો આવેછે.

૨૬ લેલી ને ઢેંચલી (એ બે પક્ષીઓ સાંજે આગળથી ગોળકુંડાળામાં ચક્કર

"થાઉં ફરીથી દુખિ તંભરે રે, ખીન્નઇ બોલું તમરાનિપેરે;"
"ઘેલી ભમૂંછું તમ તામસેરે, કહારે ઉજાસો થિરતા થશેરે." ૨૭[૨૭]
"મેના પરોઢે બહુ રોવડાવે, કોયલ્ અપોરે અતિસેં ચ્હિડાવે;"
"ચકલી જ સાંજે કરિ બ્હાવરી દે,બુલ્બૂલ્ રાતે જિવ પીખિ નાખે." ૨૮[૨૮]
"બેસૂં હું ખાવા રુચિ નાજ હોયે, ઉંડે વિચારે પડિ જીવ જોય;"
"થાળી ખસેડી ઝટ ઊઠિ જાઉં, વારે ઘડીયે તરસે પિડાઉં." ૨૯[૨૯]
"સૂતાં પછી સ્વેદજ આ સતાવે, નીરાંતથી ના મિઠિ ઊંઘ આવે;"
"વ્હાણે ન વ્હેલું ખુશિમાં ઉઠાયે, મ્હોડું કટાણું તન સુસ્ત થાયે." ૩૦[૩૦]

ફરે (છે) (ને પછી) નિદ્રાને–આખરે (પોત પોતાના) માળામાં ભરાય છે (પોતાના નરની ઊંકથી સુખ પામેછે) પણ હું લેલી (પક્ષી લેલી અથવા ફારસી હિસ્સાનાં મજનુનની માશુક **લેલી-લેલે**) દહાડે પેલાં પક્ષીની પેઠે ઉમંગમાં નહીં પણ દલગીરીમાં ચકરી ખાઉં છઉં–(મને ફેર આવેછે ને) સાંજે–રાતે (પેલાં પક્ષીની પેઠે ઊંકમાં નહીં પણ) સોચ ખાઇ–શોકની ખાઇ–શોકની ખાડી (માં) પડીને રીબાયાં કરૂંછઉં.

૨૭ (એ દલગીરીના) તંભર–ફેર–ચકરીથી એકાએક વળી) ફરીથી દુઃખી–(બીજીવારના જોસ્સાથી) થાઉંછું તો તમરાંની પેઠે ખીજાઈને બોલુંછ (લવારી કરૂંછ ને સહુને ચ્હીડું છું.) (અરે) તમ–અંધારૂં (અંધકારરૂપ જે) તામસ તેથી ભમ્યા કરૂંછ (વિચારમાં ઘેલી બનીને ઘરમાં અહિંથી તહિં ને તહિંથી અહીં ફાંફાં મારૂંછ) (વગર મતલબના ફેરા મારૂંછ) અરે! મારા મનમાં ઉજાસો (વિચારશૂન્યપણું જતું રહિને સારી સુઝ આવવી તે) અને થિરતા (જોસ્સાઓનું નરમ પડી જવું તે) ક્યારે થશે ?

૨૮ (મેનાને સાંભળવાની મઝા સવારની, કોયલની બપોરી વખતના એકાંતમાં, ચકલીની સાંજે (સવારે થોડી) અને બુલ્બુલની રાતે હોયછે).

૨૯ (હુનાળામાં દિવસે ખાવામાં લ્હેજત લાગતી નથી) (હું બળાત્કારે ખાવા તો બેસુંછ પણ ત્યાંહાં ભાણાંઉપર પાછી એકાએક દલગીરીના ઊંડા વિચારમાં પડી જાઉંછ). તરસે પીડાઊંછ–પાણીની તરસ ઘણી લાગ્યાં કરેછે–પાણીની તરસથી પીડાઊંછ. (વારેવારે પાણી સારૂ ઉઠવું અથવા પાણી મંગાવવું ગમતું નથી) (ને પીયુની તરસથી તો પીડાતી હોઊંછું જ.)

૩૦ સ્વેદજ–મચ્છર, માકણ, ચાંચણ. (૧૪ મા શ્લોકમાં કહેછે કે માકણ મચ્છરનું દુઃખ જણાતું નથી, ને અહિં કેહેછ કે તે દુઃખ દેછે તે જણાય છે, એ બે ઉલટી વાત છે તોપણ તે ખોટી નથી. એક વખત પોતાનાં વિરહદુઃખની આગળ પેલું દુખ જણાતું નથી એમ કહ્યું, ને બીજીવાર એમ કહ્યું કે પિયુની દલગીરીના ખ્યાલમાં થાકી જઈ જરા ઝંપુંછ–સુઊંછ તો ત્યાંહાં પાછાં પેલાં જીવડાં સુવા દેતાં નથી. (કોઇને શંકા ઉઠશે કે શ્રીમંતને ઘેર જીવડાંનો ઉપદ્રવ હોય નહીં, એ વાત ખરી; પણ દુખમાં શ્રીમંતને ઘેર પણ ઝાઝી સાફસુફ રહી શકતી નથી એ પણ વાત ખરીછે. દુખિયારી ગમે તાંહાં પડતી, પોતાનું સુવાનું ઠેકાણું અવાવરૂં રાખતી, પોતાને સુવા બેસવાને ઠેકાણે તે સાફસુફ કરવા દેતી નોતી, અને વળી કુમળીને એકાદ જંતુની પીડા પણ ઘણી થાયછે ને પાછી વળી તેવી ઝંખના પણ થાતી તેથી ઉપદ્રવ). (શ્લોકની નીચલી બે

(માલિની.)

"કર પ્રુલ ગજરાંથી, શોભતા ખ્હેકતા છે,"
"શિર સળિ ખુશબોની, ભાળમાં આરચા છે;"
"અમલથકિ જનો કો, દીપતા ખૂજતા છે,"
"રસિક જનસું સાંજે સર્વ એ ડહામતાં છે." ૩૧[૩૧]
"પનઘટપર આવી, જાય સૌ ભામની તે,"
"રસથકિ ભરિ ખ્હેડાં, પાછલે પ્હોર નીતે;"
"રમત ગમત માંડે, ભંગિ છેલાનિ લોક,"
હરખ અતિસ દેખી દાઝિ, હૂં મૂકું પોક." ૩૨[૩૨]

(શાલિની.)

"જાઈ જૂઈ મોગરો નેં ગુલાબ, ચંપા ચંપેલી અને સેવતી જ;"
'એ તો ખીલી શોભિ ખ્હેકી રહી જો, પ્રૂલી વેલી આ ન ખ્હેકીગઇ જો!' ૩૩[૩૩]
"આંબાગાળો એકલાં હોય શાનો? પેઠો ભાલો નીકળે નાજ છાનો;"
"ઓ કાલેરા સૈયડો ધાણ વાળો, પિત્રાઈ, કાકા મને કેમ ના લો?!' ૩૪[૩૪]
"લીલી દ્રાક્ષો ફાળસાં રાયણોજ, જાંબૂ ખડ્બૂચાં અનેનાસ પૂટ;"
"ચાંપાં સેતૂરો પપૈયા મહૂડાં, લેઈ ફેંકી દેઉં હૂં જાણિ રોડાં." ૩૫[૩૫]

લીટી ઉનાળાના પ્રાતઃકાળની સર્વ મનુષ્યની સ્થિતિ બતાવે છે; તેમ વિરહિણીની પણ.)

૩૧ (એ શ્લોકમાં સાંજે પનઘટપર અથવા ગુજરીમાં ફરતા છેલાની લોકનું વર્ણન છે). (કર–હાથ, પ્રુલના ગજરાંથી શોભતા ને સુગંધ આપતા છે; શિરે–માથે પાઘડીની બાજુએ ખુશબો–અત્તરની સળી અને ભાળ–કપાળમાં આરચા–ચંદનના લેપ હોયછે; અમલ–કેફથી કેટલાક દીપતા ને ધુજતા હોયછે–એ સઘળું જોઈને દુખિયાં રસિકજનો બળી જયછે–કે આપણે એવાં રંગીલાં કેમ નહીં?) ડહામતાં–ડહામ દેનારાં. ૩૨ ભામિની–સ્ત્રીયો (ખ્હેડામાં પાણી નથી ભરી જતી પણ) રસ (પ્રીતમોને મળવું અને મળીને રંગ રમવો એ રૂપી જે આનંદ તે) ભરીને જાયછે. (રૂપક–અપન્હુતિ. ઉત્પ્રેક્ષા પણ).

૩૩ એ બધી પ્રુલ વાડીયો ખીલીને બેહેકી–સુગંધ આપતી થઈ રહીછે (પણ) આ (મારાં જોબનની) વેલી પ્રુલી ન–નહીં; (ઉલટી) ખ્હેકી–વંઠી–બગડી ગઇછે.

૩૪ આંબાગાળો–સગાં સ્નેહીયે એકઠાં મળીને વરસ દાહાડાનો મેવો જે કેરી તેનો રસ ખાવા–ભોજનના બીજ પદાર્થો સાથે તે. ભાલો (વિજોગનો). છાનો–બ્હાર કોઇને ન દેખાય તેવો. (હુનાળામાં કાલેરા અથવા ઓધોકનો રોગ અને સૈયડનો રોગ એ બે રોગ વિશેષે હોયછે માટે તેને સંબોધન). (સૈયડ તો કાકા કેહેવાયછેજ અને કાલેરાને પિત્રાઈ એટલે પિત્રાઈભાઈ કહ્યોછે).

૩૫ રોડાં–ઈંટોના કકડા. (જો કે પેલાં ફળો મને લલચાવેછ તોપણ પિયુવના એકલાં કોણ ખાય એમ કહીને રોડાં છે એમ જાણી ફેંકી દઉછ) (ઉત્પ્રેક્ષા).

(ઈંદ્રવજ્રા.)

"લીલાજ આંબા વડ પીપળા રે, શોભી રહ્યા આ જિવ બાળવાને;"
"મોરો ખસ્યા ને પસરી અળાઈ, કેરી ભરાતી રસથી સુકાઈ." ૩૬[૩૬]
"ઘોળી અગાસી ખુબ ઢોળિ ચૂને, ચારૂ ખિલી ચંદનિ ચાર ખૂણે;"
"ઘોળાંસુવસ્ત્રો નરનારિ પ્હેરી, ગાયે રસીલાં બહુ સૂર ભેળી." ૩૭[૩૭]
"એવી સુરાત્રી કરમે ન આવી, રંગીલિ હૂં કેમ લગેં નિભાવી;"
"છૂટે નિમાળે પગતાલ મારી, હાથે વગાડી ન સતાર સારી." ૩૮[૩૮]
"વાળાતણા ના વિજણા ઉરાડયા, છાંટી ગુલાબે પ્રિય ના સુવાડયા;"
"કૂંળે અને ચંદનયુક્ત હાથે, માથૂં ન ચાંપ્યૂં રસ પાઈ ગાતે.'" ૩૯[૩૯]
"પંચાગ્નિયે સાધન સપ્ત સીધૂં, જોગીથકી મેં વધતૂંજ કીધૂં;"
"પૂરા થયા બે મહિનાગિરીશ, પીયૂ ન આવ્યો અરપૂં શું શીશ. ?" ૪૦[૪૦]

(અનુષ્ટુપ્.)

તંનમંનતણા થાકે, નિદ્રાવશ થઇ સહૂં;
રસસિંધુવિષે તર્તી, શબરુપે દીસે કહૂં. ૧[૧]

---

૩૬ (હુનાળામાં ઝાડો નવાં પાંદડાંથી પ્રફુલ્લિત થાયછે, આંબા વડ પીપળા વગેરે; પણ હું જે આંબો તેના મોરો ખરી પડયા છે ને રસથી ભરાતી કેરી સુકાઇ ગઇછે (પિયુના દર્શનથી અથવા હાથની ઊંફથી મારાં સ્તન આતુર ઊંચાં થઈ રેહેતાં તે વિજોગના દુષ્ટ વાયુથી અને દુષ્ટ તાપથી સુકાઇ--બેસી ગયાં છે). (વિરોધ) ૩૭ ચારુ--સુંદર. ૩૮ કરમે એટલે ભુંડે કરમે--નસીબે. (વર્ણન, ચિતરી દેખડાવાય તેવું છે.) ૩૯ કુંળે--કુમળે. ચંદનયુકત--સુગંધીનાલેપવાળા. રસ પાઈ--સંભોગ કરાવ્યા પછી (થાકેલાનું માથું મેં ચાંપ્યું નહીં).

૪૦ (જોગી પંચાગ્નિ સાધેછે એટલે પોતાની ચારે બાજુએ ઉત્તર દક્ષિણ પૂર્વ પશ્ચિમ ધુણી લગાવીને અને માથા ઉપર ગ્રીષ્મનો સૂર્યરૂપ અગ્નિ તો હોયજ એ રીતે પાંચ અગ્નીનો તાપ ખમી તપશ્ચર્યા કરેછે તે. એ જોગીનું પંચાગ્નિ સાધન, મેં જે પંચાગ્નિસાધન સીંધું--વિક્ષેપવનાનું--કંઇપણ કસર--ગફલત વગરનું--એક સરખું જરી રાખેલું કીધુંછે તેની આગળ કંઇજ નથી. મારા પંચાગ્નિ તે આ--વિરહાગ્નિ--પિયુના સંભોગસંબંધી કામાગ્નિ,ગ્રીષ્મનો દાવાગ્નિ (હુનાળાની બાહારની ગરમી), જઠરાગ્નિ (ખાતી નથી તેથી જે ભુખ પીડેછે તે ગરમી), ક્રોધાગ્નિ (ઘરમાં ને બાહાર ચિડિયાં કરૂંછ તે જોસ્સો) અને ચિંતાગ્નિ (પિયુને શું શું દુખ પડતું હશે તે સંબંધી ચિંતા--કુતર્ક). ઓ ગિરીશ--કૈલાસ પર્વતના ઇશ--શિવ, બે મહિના તો થયા ને હજી પિયુ તો આવ્યો નહીં હવે હું શું શીશ અર્પું? મસ્તક રૂપી કમળ અર્પું? મસ્તક છેદી તુને ચડાવું ?)

૧ (અતિ દુઃખના વિચારથી થાક ચડેછે ને તેથી નિદ્રા આવી જાયછે) તે નિદ્રાવશ થઇ પડી. તે સુતેલી કેવી દેખાતી હતી કે (જાણે) શૃંગાર રસના સાગરમાં શબ--મુડદાંરૂપે તરતી હોયની કહું--શુ ?! (ઉત્પ્રેક્ષા).

વર્ષા.

(માલિની.)

*ઘડિ ઘડિ તડકોને, છાંયડો ફેરવાયે,
ગરમિથિ ઉકલાટો, પ્રાણિને ભારિ થાયે;
અહિં તહિં બહુ દીસે, દોડતાં અભ્ર[૧] કાળાં,
સકળ જન કહે એ, વૃષ્ટિના થાય ચાળા. ૧

ફડ ફડ ફફડાવે, ધૂળમાં ચલ્લિ પાંખ,
પસરિ જ બગ, બેસે પાંખ પોતાનિ સાફ;
અરણુવથિ[૨] કિનારે, આવતાં પંખિ ભાળ્યાં,
સકળ જન કહે એ, વૃષ્ટિના થાય ચાળા. ૨

ફરફરફર આવે, થંડ વા રાત દહાડો,
ખરર થરર શબ્દે, હાલતાં થાય ઝાડો;
રસ[૩] બહુ ઉતરે છે, યંત્ર[૪] માંહે કુપાળા,
સકળ જન કહે એ, વૃષ્ટિના થાય ચાળા. ૩

અધિક ભિનિ હવા તો, નિત્યકર્તા જણાયે,
પસરિ પુલસુગંધી, આવતી ખૂબ થાયે;
દુરથકિ સંભળાયે વાગતા ઘંટ[૫] હાલા,
સકળ જન કહે એ, વૃષ્ટિના થાય ચાળા. ૪

કમિગરમિ હવાએ, ખાર તે પીગળાયે,
ઉઘાઈ કિડિ મકોડી, જોરમાં ઊભરાયે;
તજવિજ કરતા રહે, બાંધવે પંખિ[૬] માળા,
સકળ જન કહે એ, વૃષ્ટિના થાય ચાળા. ૫

---

* એ છ શ્લોકમાં વર્ષાદનાં ચિન્હ વર્ણવ્યાં છે.--(ગ્રંથો ઉપરથી અને બેહુતેરાના કહેવા પ્રમાણે). ૧ વાદળાં. ૨ અર્ણવ--સમુદ્ર; દરિયો. (કેટલાંક ગુલાબી રંગનાં ઉડતાં જીવડાં જોને રેલિયાં કહે છે તેવાં જીવડાંઓ પણ કિનારા તરફ આવે છે) (વળી કેહવત છે કે 'વાદળમાં વાદળ પેસે, સમડી પાંખ પખાળે; જો ચલિયાં ધુળમાં ન્હાય, તો નિશ્ચે વરસાદ આવે.')

૩ પારો. ૪ વાયુમાપક યંત્ર--બરામિટર. (વરસાદના તોફાનથી હવાનો ડાબ થોડો થાયછે ને તેથી સાધારણ નિયમ કર્ત્તા યંત્રમાંનો પારો ઘણો નીચે ઉતરેછે) અથવા સતાર સારંગી વગેરે વાજિત્રોના સૂર એ રતમાં વિશેષે કરીને ઘણા મધુર નિકળેછે. ૫ (ઘંટના ટકોરા નક્કર નથી સંભળાતા પણ ખાલી-પોલા સંભળાય છે). ૬ (વિશેષે કરીને કાગડાઓ)

રુડું ધનુષ જણાયે, પીત[૭] સૂર્યાસ્તભાસ,
અતિ ઉજળું[૮] કુંડાળું, ચંદ્રની આસપાસ;
વિજળિ ધણિ ઇશાને[૯], નૈરુતા[૧૦] વા શિતાળા,
સકળ જન કહે એ, વૃષ્ટિના થાય ચાળા. ૬

ચમક ચમક વીજે, વ્યોમને[૧૧] ફાડિ નાખ્યું,
ગડગડ ગગડાટે, બ્રુજવ્યૂં[૧૨] અંડ આખૂં;
સરર ધરર ગાજ્યો, તોરિ[૧૩] વંટોળ વાત[૧૪],
વળગિપડિજ[૧૫] ચોંકી, દાસિને જણિ નાથ. ૭

અવનિ[૧૬] નભ[૧૭] જુએ તો, ઊલટાં રે થયેલાં,
જન સહુ ચકડોળે, નેન ઊંચે ગયેલાં;
ચકર ભમર ફરૂં, વિશ્વ સંધૂં જણાયે,
તડિત[૧૮] પડતિ ઝાડે, પૃથ્વિ ફાટી જ જાયે. ૮[૧૯]

---

૭ સૂર્યાસ્તનો ભાસ પીળો હોય તો; અસ્ત પામતો સૂરજ ખૂબ પીળો દેખાયતો. ('હસતો ભાણ ને વરસ્યા વગર વ્હાણું ન વાય'–સાંજે જો ઉપર પ્રમાણે સૂરજ દેખાય તો તે રાતે વરસાદ આવેજ આવે.)

૮ ઉજળું કુંડાળું એ વરસાદનું ચિન્હ કેહેવાય છે (રાતું કુંડાળુ એ, મોટી આગ અથવા બીજી મોટી આકૃતની નિશાની છે એમ લોકમાં મનાય છે). (મને નહાનપણની વાત સાંભરેછ કે જ્યારે હું ને મારી મા સુરતમાં નહાની છીપવાડમાંથી–માસીને ઘેરથી રાતે સાત વાગે હમારે ઘેર આવતાં હતાં તે વખત મેં રાતું કુંડાળું જોયું હતું ને તેજ રાતે ૧૧ વાગે, આતમારામ ભુખણના તબેલામાં આગ લાગી હતી ને ઘોડાઓ બળી મુઆ હતા).

૯ ઉત્તર તથા પૂર્વ એ બેની વચમાંનો ખુણો.

૧૦ (ચોમાસામાં વાયુની દિશાનો નિયમ નથી તોપણ તે ઘણું કરીને, દક્ષિણ, પશ્ચિમ અથવા એ બેથી થતો જે નૈરૂતકોણ તે દિશાયેથી વાયુ ફુકતો હોયછે).

૧૧ (ઉપર પ્રમાણે ચિન્હ જણાયાં–ને વિજળીએ) આકાશને ફાડી નાખ્યું (વિજળીથી હવા ફાટી ગઇ ને પછી તે પોતાના સ્થિતિસ્થાપક ગુણથી, હતી તેવી ઝટ થતાં ગગડાટો થાવા લાગ્યા).

૧૨ બ્રહ્માંડ. ૧૩ મિનજી; તોફાની. ૧૪ વાયુ; વા.

૧૫ (એ બધા ગભરાટથી પેલી સ્ત્રી જે થાકથી જરા નિદ્રાવશ થઇ હતી તે ચોંકી ઉઠી અને પોતાના પિયુની જંખનામાં હતી તેથી પાસે દાસી સુતી હતી તે પોતાનો પિયુછે એમ સમજીને તેને ભેટી પડી).

૧૬ પૃથ્વિ. ૧૭ આકાશ. ૧૮ વિજળી.

૧૯ (જે વેળા પેલી ઉઠીછ ને દાસીને ભેટી પડીછ તે વખત તેના જીવનો જે ગભરાટ–તેની આંખે જે જે જોયું હશે તેનું વર્ણન એ શ્લોકમાં છે.–ઊંઘ, જંખના, ને ભય એ ત્રણના એકઠા ગભરાટમાં એમજ થાય છે.)

(શાલિની.)

ધીમી પાડી દાસિયે બાઇ ડાહી,જુકતીયે તે પ્રેમઘેલીજ વાહી[૨૦];
તે બોલી તૂં, મૂજસૂં ભેટિ ભારે,'સ્વામીનૂં શૂં,છે હવે કામ હ્યારે?' ૯

(મંદાક્રાંત.)

"જો જો જ્હેની, પૃથિવિપર આ, મેહુલે મ્હેર કીધી,"
"હૂં માંદીની, ખબર કંઈયે, નાવલે નાજ લીધી;"
"ટહાડેકી તો, થઇ ન મુજને, ટહાડિયો તાવ આવ્યો,"
"અગ્ની મેઘે, અતિસ પવને, સ્નેહરૂપે વધાર્યો." ૧૧
"અંધ્રાએલો, ખુબ ઝુમિ રહે, ગાજ ને વીજ સાથે,"
"મીઠૂં આપે, ધન ધન પડી, થંડ પાણી હવા તે;"
"પાડૂં ચીસો, ચમકતિ રહૂં, ધૂમરાયેલિ રોજે,"
"ખારૂં હૂનૂં, ધિક જળ દઉં, પ્રકૃતી તાતિ સોજે." ૨૨

---

૨૦ ફેાસલાવી--પટાવી--સમજાવી થંડી પાડી.—(પ્રેમના જોસ્સાથી ઘેલી થઈ ગયલીને.) ૧ (પેલી ઝબકી ઉઠયા પછી જરાવાર ટકટક જોયાં કર્યા પછી પાછી પેાતાનું દુઃખ રડવા લાગી તે આ પરમાણે.)—(એા) જ્હેની (તું) જો જો,—પૃથ્વિ (હુનાળાથી તપી ગઈ હતી તે) ઉપર મેહુલાએ તેા મ્હેર કીધી, પણ હું (જે વિજોગ દુઃખથી) માંદી (પડી રિબાઞ્છ તે) ની ખબર કંઇયે (હજી લગી મારા) નાવલાએ–પરણ્યાને વરસ પણ ન થયલું એવા પ્રીતમે નાજ લીધી (જો)!. (વરસાદથી બધે ટહાડેક થઈ પણ) મને ટહાડેકી ન થઇ–ટહાડેક કરે તેવી ચીજ ન મળી; પણ ઉલટેા, (વરસાદના ઝાપટાં દેખીને કંઇ કંઇ થાય છે તેથી આ) ટહાડિયેા તાવ (વિરહદુઃખની સાથે ખરેખરેા તનનેા વ્યાધિ પણ) આવ્યેા (છે); (એ અગ્નિ–વિરહાગ્નિ–તાવને મેઘે–વરસાદે સ્નેહરૂપે થઇ રહીને (અને) અતિશય પવનને સાથે રાખીને વધારેલેા (છે). (એ તાવવાળી પાછી જ્યારે હું વરસાદની ઝાડિયેા જોઉંછ ને પવનના ઝપાટા લઉંછ તારે મારેા તાવ ઘણેાજ વધે છે. અગ્નિ બે રીતે વધે.—એક તેા તેમાં સ્નેહ–ચિકણેા પદાર્થ પડેથી અને બીજું કે તેને પવન લાગ્યાથી. મારેા તાવ, બાહારનેા પવન લાગ્યાથી અથવા જોસ્સાના પવન--ઘેલછાથી અને મારે મન વરસાદનું પાણી જે ઘી તેલજ છે તેથી અથવા પ્રીતિની ચીકાસથી--ચિકણી પ્રીતીને લીધે વધ્યેાછે.) (વિરેાધ--વિષમ અલંકાર).

૨ ધન એટલે વરસાદરૂપી પુરુષ--(કલ્પેલેા). (એ) ધનને ધન--ધન્ય (છે કે પ્રથમ તેા તે) અંધરાયલેા ખુબ ઝુમી રહેછે–પડુંછ પડુંછ એવું ડેાળ ઘાલી રહેછે (પણ પછી ગાજવીજની સાથે પડીને તે) મિઠું ને થંડું પાણી અને મિઠી--ખુશકરતી ને થંડી હવા આપે (છે); (પણ હું તેા) રેાજ--રેાજજ ધુમરાયલી રહુંછ, (વચમાં વચમાં) ચમકતી રહુંછ (મને ચમક વા થાયછ), ચીસેા પાડુંછ (પણ મને) ધિક (છે કે હું) ખારૂં ને હુનું પાણી આપુંછ—આંસુ પાડુંછ (ને) સેાજે—વિરહરેાગના સેાજાથી પ્રકૃતિ તાતી—ચિહડાયલી આપુંછ—દરસાવુંછ. (મેઘ અંધરાયલેા ને હું ધુમરાયલી; તાંહાં વિજળી થાયછ ને અહીં મને

"જો જો પેલી, જડકૃથિ જતી, હાથણી વાદળીઓ,"
"ભેંટે કેવી, જુગતિથકિ રે, પર્વતોને વળી ઓ;!"
"કામેધૂરી, મદ ઝરતિ હૂં, કોદિ ના ચાલિ ધિક્ક,"
"લેઈ આંટી, સરપનિ પઠે, ભેંટિ ભર્થારને ન." ૩૩
"જો જો પેલી, ચતુર ચપળા, વીજ સંભોગઅર્થે,"
"ઊઠાડેછે, સુપતિ ઋતુને, વક્ત્રકાંતી કટાક્ષે,"
"ના ઊઠ્યો તે, તજવિજ છતે, તાહરે પાછિ ઊઠી,"
"ફેંકી જોરે, જળનિ મટુકી, સ્હોડ વાળી જ સૂતી." ૪૪
"પાસે હોયે, વર વધુ કરૂં, ચાતુરી વીજકર્ત્તાં,"
"શોભે પ્રેમે, વરવધુપણૂં, હોય સાથેજ તર્ત્તાં;"

ચમક થાયછ; તાંહાં ગગડાટ ને અહીં આ હું ચીસ પાડુંછ—એટલી વાતે તો હમે મળતાં છૈયે પણ તેને ધન્યછે કે તે સારૂં કરેછ ને મને ધિક છે કે હું દુઃખી થઇને બીજાંને દુઃખી કરૂંછ).

૩ હાથણી જેવી દેખાતી ને ચાલતી વાદળિયો. વળી—નીચે વળીને (સ્ત્રી દોડતી દોડતી આવી પછી પોતાના પિયુની કોટે વળગી નીચે—શરમાતે મ્હોડે ટંગાઈ રેહે છે તેમ). ઓ—જોઈને આશ્ચર્ય પામ્યાનો પણ પછી નિસાસો મુકતાં કહાડેલો જે ધ્વનિશબ્દ તે. કામેધુરી—પ્રીતિરતિના જોસ્સામાં આગળ પડતી—ઉસકેરાયલી. મદ ઝરતી—જુવાનીના મદવાળી (મદ ઝરતી એ શબ્દોથી હાથણીની લક્ષણા થાયછે અને એ લક્ષણા પછી હસ્તિની જાતની સ્ત્રી એમ વ્યંજના નિકળે છે.) (મને) ધિક્ક છે કે હું હાથણીની પેઠે ડોલતી ન ચાલી (ગજગામિની ન કેહેવાઈ).

૪ (અરે બેન તું) જો જો,—પેલી ચતુર ને ચપળ વિજળી (એ નામની સ્ત્રી) સંભોગસારૂ (પોતાનો) રૂડો પતિ જે ઋતુ (વર્ષાઋતુ એ નામનો પુરૂષ) તેને વક્ત્રકાંતિ કટાક્ષે—(પોતાનાં) મ્હોડાંનો ચળકાટ બતાવીને (અને) આંખની ઈસારતો—નેનની અદાઓ કરીને ઉઠાડે છે. (નિમાળા ગાલપર ફેરવીને પણ જગાડવામાં આવે છે.) (થોડીવાર બતાવી પાછી જરા જગતી સુઈ રેહે છે, વળી પાછી ઉઠીને તેમ કરે છે) (માનિની—સ્ત્રીનું લક્ષણ છે કે મ્હોડેથી બોલવું નહીં—એમ કેમ કેહવાય કે પ્યારા મારી પાસે આવ) (ઘણુંએ મથી તોપણ તે પિયુ જાગ્યો નહીં ત્યારે પેલી પાછી ઉઠી અને પાણીથી ભરેલું બેહેડું ફોડી નાખ્યું ને પછી સ્હોડવાળીને સુઈ ગઈ.—એથી પેલો જાગી ઉઠયો ને પછી સંભોગ કીધોજ હશે તો). (પેહેલી થાય છે વિજળી. પછી ગગડાટ ને પછી પાણી પડે છે—સ્ત્રીયે ચળકાટ દેખાડયો, પછી બ્હેડું ફોડયું ને પછી તેમાંથી પાણી પડયું ને તેથી પછી પાણી પડયું. (મુખ્ય અલંકાર દૃષ્ટાંતરૂપક—સમાસોક્તિ છે, પણ વિજળીયે વરસાદ પાડવાની જે તજવીજ કીધી છે તે. તજવીજનું વર્ણન હેતુઉત્પ્રેક્ષા અલંકાર છે—જે કારણ નથી તેને કારણ કલ્પ્યું છે—બ્હેડાં વગેરેનું. સ્ત્રીપુરૂષની કલ્પના છે તેથી રૂપક તો છેજ.)

"ભેળાએ જો, અધરકણ તે, દૂધ થાઉં દહીં હું,"
"દૈવે નાખ્યું, ગમન ગુણ રે, તેથિ ફાટીગઈછું. ૫૫
"શોભે રાતી, પૃથિવિ જનુની, ઇંદ્રગોપે ભરીરે,"
"માતેલી તું, ધરડિ જ છતે, કાગછત્રે કરીરે;"
"લાલી બેઈ, ફિકિ પડિ છઉં, સ્વામિ જાવાથકીરે,"
"સૂકી બેટી, તરુણિ હું છતે, છત્ર શીરે નહીં તે." ૬૬
"અંધારી આ, રજનિ સજની, મેઘબીહામણીરે,"
"વારે વારે, દરશન દઈ, ચોકવે દામણી રે;"
"ઘો ઘો ઘો ઘો, ઉદક પડતૂં, પ્હાણુઊપેર ભારી,"
"દેખી સંધૂ, કયમ ન ટટળૂં, નાથસારૂ હું નારી." ૭૭
"કેવા આવે, છરરરર આ, મેઘ ઊતાવળેરે,"!
"કેવા વાએ, સરરરર આ, વાયુ મોટા બળેરે;"!
"કેવાં વાગે, સર સર શરો, કુમળે કાળજેરે,"!
"કેવા લાગે, છર છર છરા, પાંસળાંમાં ખરે રે."! ૮૮

---

૫ (અરે વિજળીયે શું ચતુરાઈ લડાવી ? કંઈજ નહી) (મારો) વર (મારી) પાસે હોય તો વિજળીના કર્તાં વધારે ચતુરાઈ ચલાવું—(કારણ કે જરે વરવહુ) પ્રેમે—પ્રેમના કુંડમાં સાથેજ તર્તાં હોયછે તારેજ વરવહુપણું શોભેછે—(લઘુમાન ગુરૂમાન વગેરે શૃંગાર સાહિત્ય ખુલી નિકળેછે); (રે) તે–પિયુરૂપી અધરકણ–મેળવણ હું (જે) દુધ (છઉં તે)માં ભેળાય તો હું દહીં–દહીં જેવી બંધાયલી–હૃષ્ટ પુષ્ટ થાઉં—(સુકલકડી સરખી ન રહું), (પણ) રે દૈવે–મારે ભુંડે નસીબે ગમન ગુણ—પિયુનું જવું એ રૂપી જે મીઠું નાખ્યું (હું દુધમાં) તેથી ફાટી ગઇછું. (દુધમાં મીઠું પડવાથી તે ફાટી જાય છે) (હું બેહેકી ગઇછ—ચ્હિડિયણ થઇછ, રડયાં કરૂંછ વગેરે).

૬ ઇંદ્રગોપ—વરસાદના દાહાડામાં રાતાં રાતાં જીવડાંઓના ઝુમખા જમીનઉપર પથરાયલા દેખાય છે તે. છત્ર—મુરબ્બી—પિયુ. (રે પૃથ્વિ મા તું ઇંદ્રગોપથી ભરાયલી રાતી શોભે છે, રે તું ધરડી—ઘણા કાળની છતે કાગછત્રથી—દાંડી ને ઉપર છત્રી એવા જે નાહાના છોડવા ચોમાસામાં ઠામ ઠામ ઉગે છે તેથી માતેલી દેખાય છે. તું ધરડી છે પણ રાતી ને માતેલી છે અને હું તારી બેટી જુવાન છઉં તોપણ રીકી—પિંડરોગિયણ અને સુકલકડી છઉં).

૭ સજની—એ સજની—સહી. રજની—રાત. મેઘબિહામણી—કાળાંવાદળાં પવન ગગડાટ વગેરેથી બિહામણી લાગતી (રાત). દામણી—વિજળી. ઉદક–પાણી. પ્હાણુ–પાહાણા–પથરા.

૮ છરરરર મેઘ આવેછ તેતો મારે કુમળે કાળજે સરસર શરો–તીરો વાગેછે અને સરરરર વા આવે છે તે તો મારાં પાંસળાંમા છર છર છરા લાગેછે.

"માથાસાથે, પરવતતણાં અભ્ર ઠોકાયછે જો,"
"પાણી પાણી, વન ઉપવને, રેહ સંધે થઈ જો;"
"માથા સાથે, ભિતર વિષયી, તર્ક ફૂટાયછે ઓ,"
"અગ્ની અગ્ની, પછિ તન વિષે, રોમ રોમે બળે જો." ૯૯
"મેઘે વાએ, મ્હસ ફ્રિણુ અને, રંગ કાળો કરીરે,"
"સિંધૂ ગર્વે, ઉછળિ ઉછળી, ધૂમ પાડે ભરી રે,"
"મેઘે વાએ, મુખ ફ્રિણુ અને, રંગ ફીકો કરી રે."
"હૂંતો દુઃખે, ઉછળિ ઉછળી, ચીસ પાડું નરી રે." ૧૦૧૦
"રેલંરેલા, જમિનપર તો, ઝાપટાંથી થઈ જો,"
"રેલંરેલા, વિષયસુખની, મૂજને ના થઈ જો;"
"થાયે જેવા, વળિ શરવડે, શ્રાવણે રમ્ય છાંટા;"
"તેવા એ રે, નથિ સુખતણા, રોજ ભોંકાય કાંટા." ૧૧૧૧
"આ તોફાને, ખુબ કરિ કળા, ડુંગરે નાચતા રે,"
"'ટેહૂ' 'ટેહૂ,' વદિ હરખમાં, મોર તે વૃંદમાંરે;"
"દેખી દાઝૂં, ઉંચકિ તન ના, જંગિ વીલાસ કીધો,"
"માદા પેરે, ઝિલિ સુરસ મેં, હાયરે નાજ પીધો!" ૧૨૧૨
"દીલાસાથી, ધિરજ ધરતી, ચાતકા જોઇ તૂંને,"
"તારૂં સીઝ્યૂં, મુજ નવ સિંઝ્યૂં, લ્હાય વાધીજ મૂને;"
"રે દાદૂરા, ધન વરસતો, જોઇ ફૂલાઇનેરે,"
"'ડ્રોઉ 'ડ્રોઉ,' અતિસ લવિ કાં, ચ્હીડવેછે મનેરે." ૧૩૧૩

---

૯ (વાદળાંઓ પવનના ધકેલવાથી પર્વતના માથાંઓ સાથે ઠોકાય છે.) ઉપવન–વાડી–બાગ. માથાંસાથે—મારાં માથાંસાથે (માંથામાં નીચેથી ઊંચેના ભાગ તરફ) વિષયી–વિષય સંબંધી તર્કો ફુટાયાં કરે છે ને પછી તન વિષે—શરિરમાં રોમ રોમ–રૂવે રૂવે આગ આગ બળે છે–વ્યાપી રેહે છે. (વિરોધ—વિષમ). ૧૦ મેઘે–વરસાદને લીધે. વાએ–વાયુને લીધે. મ્હસ–બહુ. ભરી ધૂમ–ઘણો ભર્યો અવાજ. નરી–તીણી. નરી ચીસ–કારમી તીણી ચીસ. (વિરોધ–વિષમ.)

૧૧ કાંટા—વિયુસંબંધી ખ્યાલો.

૧૨ વૃંદ–ટોળું–જુથ. (ઘણી ઢેલોમાં એક મોર ઘુમેછે). (મોરનેવિષે કેહેવાય છે કે તે સારીપેઠે નાચીને પછી હરખનાં આંસુ ઢાળે છે તે તેની ઢેલ પોતાનાં મ્હોડાંમાં ઝીલી લેછે ને એથી પેલી ગાભણી થાયછે). (મોરને ને ઢેલને વરસાદના તોફાનમાં તોફાન કરતાં દેખીને હું બળી જાઉંછ; રે મેં મારૂં શરીર ઊંચુ કરી જંગી એટલે તોફાની વિલાસ ન ઝીધો અને મેં ઢેલનીપેઠે સારો રસ—રતિરસ ઝીલી નાજ પીધો જો!) ૧૩ ચાતક—બપૈયો. (તું વરસાદની

"શાસારૂ ઓ, દરદિ હું છતાં, બ્હેનિ કોઅેલડીરે,"
"'ટૂઊ' ટૂઊ,' કરતિ હું વના, મેઘસૂરે ચ્હડીરે;"
"તોબ્બાકારી, તિણિજ ચિસથી, સારસા ભાઇ તારી,"
"કેશો ઊભા, કરિ કણુકણે, પેટ બાળેછ ભારી." ૧૪૧૪

(ઉપજાતી.)

"આકાશ પેરે સુપ્રકાશ ખોઊં, મને ધુમાડો સબળેજ જોઊં;"
"શોકોતણાં વાદળ ઘોર રાખે, વિચારકેરો રવિ ઢાંકિ નાંખે." ૧૫૧૫
"શોભેછ આ વાદળ જાંબુરંગી, ધનુષ્ય પેલૂં ખુબ પંચરંગી;"
"પ્હેલાં હું ભારી નવરંગિ સોહી, નઠારિ આજે નહિં રંગિ કોહોઇ." ૧૬૧૬
"ઢાંકેછ છાયાધન ચંદ્ર જેમ, વિરાગવાર્ત્તા રસબુદ્ધિ તેમ;"
"ઢાંકેછ નક્ષત્ર જ મેઘ જેમ, વિરાગવાર્ત્તા રસવૃત્તિ તેમ." ૧૭૧૭

(શિખરિણી.)

"પરંતૂં ચંદા હૂં, મથિ મથિ પડૂં બ્હાર રસિલ્લી,"
"ગયેથી મૂઝાઈ, બુધિર બગડેથી છઉં પિળિ;"

વાટ જોતો હતો ને હું મારા પીયુની વાટ જોતી હતી;–તું ને હું બે સરખાં હતાં. તારૂં કામ થયું—વરસાદ આવ્યો ને મારૂં કામ ન થયું—પિયુ ન આવ્યો). દાદુર—દેડકો.

૧૪ (ઓ બેહેન કોયલડી તુંપણ ગાનારી ને હુંપણ ગાનારી. આ હું માંદી મરૂંછ ને તું એકલીએકલીજ વરસાદનો જેવો ઊંચો જોસ છે તેવા ઊંચા સૂરમાં રે શાસારૂ ગાવા મંડી પડીછ? ઓ સારસ ભાઈ! તારી તીણી ચિસથી તો તોબ્બા! તું કણુકણાં આણી રૂવાં ઉભાં કરી પેટ બાળી નાખેછ;–શા સારૂ વારૂ?

૧૫ (ચોમાસામાં આકાશમાં સારો પ્રકાશ નથી હોતો તેવું મારાં મન રૂપી આકાશમાં છે; આકાશમાં વાદળાં સૂરજને ઢાંકયો રાખેછ તેમ દલગીરીનાં વાદળાં વિવેકવિચારના સૂરજને ઢાંકયો રાખેછે).

૧૬ નવરંગી–ઘણી ઘણી રીતે ખુશ મિજાજી–રંગીલી. સોહી–શોભી. (આજે હું નઠારી છઊં–રંગી એટલે રંગીલી નથી–કોહી છઊં–કોઈ સાથે બોલતીચાલતી નથી પણ ધુમરાયલી ઘરમાં બેસી રહુંછ).

૧૭ (જેમ છાયાધન એટલે મેઘવાદળની છાયા ચંદ્રને ઢાંકેછ તેમ વિરાગ વાર્તા મારી રસબુદ્ધિને ઢાંકેછ; વળી જેમ મેઘ નક્ષત્રોને ઢાંકેછ તેમ વિરાગ વાર્તા મારી રસવૃત્તિને ઢાંકેછે) વૈરાગ્યની વાતો સાંભળવાથી મારો જોસ્સો અને મારા જોસ્સાની વર્તણુક નરમ પડેછે). (એ શ્લોક લખાઇ ગયો પણ પછી હુ ગભરાયો કે હવે આગળ ગ્રંથ લખવો નકામો છે–વિરહના જોસ્સાનું તો આગળ વર્ણન કરવું છે ને અહીં વૈરાગ્યથી તે જોસ્સો નરમ પાડી દીધો છે–પેલીનું દુઃખ જોરે વૈરાગ્યથકી જવા લાગ્યું તારે તેણે તે વાતોથીજ મનનું સમાધાન કરવું ને રડવું બંધ કરવું હતું. મેં એ શ્લોક કાહાડી નાખવો ધાર્યો પણ

"રિઆઊં વાગી છે, મૃદુ દિલ વિષે લોહનિ ખિલી,"
"મને થાયે મ્હોટી, ચટપટિ જ કહારે રહું ખિલી." ૧૮[૧૮]
"નદી જૂવાની આ, મદભરપુરી જાયજ વહી,"
"વધે પાણી દોડે, અતિસ ગભરાટે મળ સહી;"
"મણીમોતીવાળૂં, લુગડું ધસડાતૂં કરિ ધસે,"
"મને એવૂં કહારે, રસિક પતિને હૂં મળું રસે." ૧૯[૧૯]
"પશૂ પક્ષી સર્વે, ખુશ કરિ વિહારો સુખ લહે,"
"અવશ્યે આ રૂતે, સરવ જિવ નામે રતિ ચહે;"
"સુણૂં સંભારૂં ને, નજરથકિ જોઉં કયમ સહૂં,"
"ચુંથાઈ જાયે રે, દુખણું અતિ પેટે શું શું કહૂં!." ૨૦
"નવે ધાસે ધાન્યે, રમણિય બન્યાં ખેતર ઘણાં,"
"થયાં તેથી હૈડાં, હરખહલકાં ખેડુતતણાં;"
"વને મેદાંને તો, તૃણ ઉપર ધેટાં હરણ તે,"
"ચરે છે ઉલ્હાસે કયમ ન મુજ આવ્યૂં મરણ રે!' ૨૧[૨૧]

પાછો વિચાર કીધો કે એ લખ્યો શ્લોક કાઢાડવો તો નહીંજ ને આગળ ગ્રંથ તો લખવો ખરો.–પછી તર્ક દોડાવીને એ શ્લોક રાખીને આગળ ગ્રંથ ચલાવ્યો).

૧૮ (ગમે તેટલી વૈરાગની વાતો સાંભળું છું પણ પાછી ઠેકાણેની ઠેકાણે.–જેમ વાદળાંથી ચંદ્ર જરાવાર ઢંકાય છે તોપણ તે મથીમથીને તેમાંથી બાહાર નિકળી આવેછે તેમ) (બે જુદાં જુદાં વર્ણન હતાં તેનું એક કરી નાખ્યું છે)–હું રસીલી–રસ ભરેલી એવી ચંદ્રા (ચંદ્રને સ્ત્રીરૂપે કલ્પતાં) મથી મથીને બાહાર પડું છું. મુઝાઇ ગયેથી અને રૂધિર બગડેથી હું પીળી છઉં (ચોમાસાનો ચંદ્ર પણ પીળો દેખાય છે) મૃદુદીલ વિષે–કુમળાં દિલમાં લહોડાંની ખીલી (વિલેગરૂપી) વાગીછે તેથી રીબાઊંછું.

૧૯ આ નદી ને આ જુવાની. નદીમાં પાણી વધી ગયાંછ તેથી તે દોડેછ ને ઘણું જલદીથી દોડેછ તે ગભરાટથી તેમાં મળ હોયછે; (રેલનું પાણી મેલું હોયછે); (એ દોડતાં રેલનાં પાણીપર વરસાદના ખુંદ પડેછ ને તેથી કુંડાળાં થાય છે એ શોભાને મણીમોતીવાળું લુગડું કલ્પ્યું છે) એ લુગડું ધસડાતું રાખીને નદી ધસીધસીને દોડે છે–મનમાં એવું છે કે કહારે હું મારા રસિકપતિ સમુદ્રને મળું. રસે–જોરસામાં. મારી જુવાનીનું પાણી વધ્યું છ–જુવાની વહી જાય છે ને પિયુ પાસે નથી એ વિચારના અતિ ગભરાટથી હું પરસેવા વગેરેથી મલીન છઉં–આ મારૂં (મારી જુવાનીનું) મોતી હીરાની ઝુલવાળું લાંબું પોહોળું અંમર પિયુને મળવાની ઉતાવળમાં જમીન ઉપર ઘસડાય છે; મારાં–મારી જુવાનીનાં મનમાં પણ છે કે હું મારા પ્રીતમને કહારે ઉલટ ભેર મળી ભેટી રહું! ૨૧ હરખથી હલકાં હૈડાં (ખુશી ખુશીના પવનથી ફુલાઈને ઊંચાં આવેલાં). તૃણ–કુમળું ઘાસ; લીલી ચાર. (ઘાસ ઘણી જાતનાં હોય છે–ધઉલો, કુતરિયું, મોસી, ખડી વગેરે).

"હળે છે ચાસે છે, ઉલટ ધરિને ખેતર સહૂ,"
"નિદે છે ગોડે છે, ભિંજવિ તનને ખેડુત બહૂ;"
"ન ખેડાયે આ રે, અધવચ કુડો ખેડુત ગયો,"
"પટાવીને ઊડયો, વિષયસુખવર્ષાદ ન રહ્યો." ૨૨[૨૨]
"નવાં પાણીયેાગે, જળ થળ જિવો જે બહુ થયા,"
"રૂપાળા રંગે તે, વિવિધ રિત શોભી સહુ રહ્યા;"
"ખરેજહાં જહાં જોઉં, લલિત લિલિ લીલા હસિ રમે,"
"નિસાસે રે રોઉં, કઠણ હુનિ પીડા બહુ દમે." ૨૩[૨૩]

(હરિણિપ્લુતા.)

"લિલિ આમલિ ને વડ પીપળા, નિરખતાં કદલીવન પાનનાં;"
"હુનિ આંખથિ સંધિ લિલોતરી,શું શું વિચાર પિયૂ કરતો હશે!" ૨૪[૨૪]
"વન કેતકિનાં બહુ બ્હેકતાં, ભ્રમરઝુંડ કરે અતિ ગુંજરે;"
"ખુબ આશકમાશુક રંગ તે, શું શું વિચાર પિયૂ કરતો હશે.!" ૨૫[૨૫]

---

૨૨ ચાસવું એટલે હળ ફેરવી કોરી જમીનનાં ઢેફાં કહાડવાં–(અંદર પાણી જલદીથી પચે તેને સારૂ) (વાવ્યા પેહેલાં). હળવું એટલે અનાજના કરસણા ઉગ્યા હોય તેવી ભાંયને ઘણી પોચી પાડવા સારૂ ચાસોની વચમાંથી પણ ઉપર ઉપરથી હળ ફેરવવી. (વાવ્યા પછી). ગોડવું એટલે શાકભાજી વગેરે વનસ્પતીના છોડવાઓની ચારે કોર વેંહેતહાથને અંતરે ખોદી ભાંયને પોચી પાડવી. નિદવું એટલે નકામા છોડ–મૂળિયાં વગેરેને ખેતર બાહાર કાહાડી નાખવાં. 'ન ખેડાયે આ રે'–આ હુંરૂપી ખેતર. ખેડુત–પિયુ. ખેડુત ગયો રે પટાવીને–થોડા દહાડામાં હું પાછો આવીશ એમ સમજાવીને ઉડયો. (ખેડુત થોડું'ક ખેડીને પછી ન ખેડે અને જો સારો વરસાદ આવે તો ધાન્ય પાકે ખરૂં પણ મને તો વરસાદજ–પાણીજ જોઇયે તેવી કંઇ લલુતા નહીં તો પછી મારે વ્યભિચાર કર્મથી વિષયસુખ મેળવવાનું તો હોયજ શાનું ને એટલે મારા પિયુ–ખેડુતની સાથે વિષયસુખવર્ષાદ પણ ગયો–ન રહ્યો).

૨૩ લલિત—કુમળી—નાજુક. લીલા–સૃષ્ટિસૌંદર્ય—કુદરત.

૨૪ (એમ વિચારે છે કે પિયુ મારી તરફ આવતો હશે પણ આ ચોમાસામાં રસ્તે તેને શા શા વિચાર આવતા હશે રે!) કદલી વન–કેળનાં વન અને વન પાનનાં–ખાવાનાં પાનનાં વન. (એ ઠેકાણે વન શબ્દથી ઉપવન સમજીયે તો વધારે સારૂં) હુંનિ આંખ એટલા માટે કે વરસાદના દહાડામાં શરીરની અંદરની ગરમી આંખના તેજ રૂપે વધારે બાહાર નિકળતી જણાય છે;—પિયુ રસિક છે ને સાથવગર એકલો હશે તેથી તેની આંખ કેફ ભરેલી હશે;—તેને હું સાંભરતી હોઇશ અને તેથી તેને દલગીરી હશે. (બપોરે).

૨૫ કેતકી–કેવડાની એક જાત. કેતકીનાં વનમાં ભમરાઓ ગુંજાર કરી રહ્યા છે રે એ તો આશકમાશુકનો રંગ છે—કેતકી માશુક ને ભ્રમર આશક.—(એ રંગ જોઈને પિયુને હું નહીં સાંભરતી હોઉં ને તે દલગીર નહીં થતો હોય?) (પાછલે પોહોરે).

"છુટતો બહુ સન્મુખ વાયુને, ડગમગે તર તો ધિમિ ખાડિમાં;
"ક્રિણના અટળાય તુરંગ તે, શું શું વિચાર પિયૂ કરતો હશે!" ૨૬[૨૬]
"ચમકે વિજળી પિળિ ધોળિ ને, ગડગડે ધુમ સંધુ ખગોળ તે;"
"તહુકે રિસમાં ગજ સિંહડા, શું શું વિચાર પિયૂ કરતો હશે!" ૨૭[૨૭]
"ઘનઘોર ઝુમ્યૂ અસમાન આ, ઉતરતાં નદિયે સમિસાંજરે;"
"લિલિ ને ભિનિ ચારકુપેર તો, શું શું વિચાર પિયૂ કરતો હશે!" ૨૮
"ધુમતા તનશોભિત આગિયા, તમતમે તમરાં તમમાં સુરે;"
"સુણતાં વળિ ધંટડિ ખેલની, શું શું વિચાર પિયૂ કરતો હશે!" ૨૯[૨૯]
"મનદુઃખ અને તનદુઃખ તે, અડચણો રસને પડતી ઘણી;"
"કરવી બળિ એમ મુસાફરી, શું શું દુઃખ પિયૂ તુજને હશે!" ૩૦

(ઇંદ્રવજા.)

"ખેલ્યોનહીં ચોપટ સાંમસામાં, બેસી સજીને પ્રિય ને હું રામા;"
"મારી મરાવી નવ સોકટીયો, લ્હાવો ન લીધો ઋતુનાં સુખોનો." ૩૧[૩૧]
"ખેલ્યો નહીં નાથસું સેતરંજ, હૈડે ધુમે આજ વિજોગરંજ;"
"ત્રંણે રમ્યાં ના વળિ ગંજિફે તો, લ્હાવો ન લીધો ઋતુનાં સુખોનો." ૩૨[૩૨]
"માંડી નહીં પ્રીતનિ કોઇ બાજી, નીશો કરીને થઇ હું ન રાજી;"
"હારી હરાવી રસ નાજ ચૂસ્યો, લ્હાવો ન લીધો ઋતુનાં સુખોનો." ૩૩[૩૩]

---

૨૬ સન્મુખ–સામો. તર–મોટો મચ્છવો; પોહોળા ઘાટની હોડી. ખાડિ–દરિયાની જે ખાડીમાં તોફાન થતાં હોય તે ખાડી. તુરંગ–મોજાંઓ (હુબ્યા! ઓ હુબ્યા! એવી વખતે મારા સંબંધી તે શું શું વિચાર કરતો હશે) (સમીસાંજે).

૨૭ રિસમાં એટલા સારૂ કે સિંહ હાથી એમ સમજે કે હમારાથી કોણ વધારે બળીયો છે જે હમારાથી મોટી ગર્જના કરે છે? (આકાશના ગડગડાટ સંબંધી ઉત્પ્રેક્ષા.)

૨૯ તન શોભિત–જેનાં આંગ ચળકતાં છે એવા આગિયા. તમમાં–અંધારામાં તમરાં–જીવડાં તમતમ એવો ધ્વનિશબ્દ કરે છે. ગાડીને જોડતા બેલની કોટની ઘંટડી. (રાતે). (પછી તો ઘરમશાળામાં–ઉતારે જાય ને ખાવ પિવાની ખટપટમાં પડે એટલે દુઃખ વિસરી જાય).

૩૧ રામા–સ્ત્રી. સજીને–સણગારાઇને. (વરસાદનાં ઝાપટાં પડતાં જાય ને સોકટી ટીચાતી–મરાતી જાય.

૩૨ વિજોગ રંજ–જુદાઇનું દુઃખ; જુદાઇમાં ઘણા દહાડા કાઢયાથી ચઢતો થાક. (ત્રણચના ગંજીફો રમાય નહીં.–હું, પિયુ ને દાસી–સહી કરવા બીજું કોઈ.)

૩૩ પ્રીતની બાજી માંડવી એટલે કોઈપણ રીતે એક મેક સાથે લાડવું (માંગવું, રમવું, માન ધરવું, સરત કરવી વગેરે) આજ જોયે કોણ હારેછ એવું કહીને બાજી બેલતાં હારી અથવા હરાવી મેં રસ–અધરામૃત આદિ લઇ

"સાથે ન કાંઈ પિધિ ચાહ સારી, દૂંનાં જમ્યાં ના દુધપાક ધારી;"
"જોતાં પડંતો વરસાદ મોટો, લ્હાવો ન લીધો ઋતુનાં સુખોનો." ૩૪
"પાકાં ભરી ચેવલિ પાન રંગે, કાથે ચુને એલચિયે લવંગે;"
"ધાલી ન બીડી મુખ લૈ ચુમીઓ, લ્હાવો ન લીધો ઋતુનાં સુખોનો." ૩૫
"ગાયાં ગવાડયાં નવ ગીત બાગે, તાનોથકી સોરઠ મેધરાગે;"
"ઘેલી બની મસ્ત ન નાથ ચાંપ્યો, લ્હાવો ન લીધો ઋતુનાં સુખોનો." ૩૬૩૬
"સેતાર સારંગિ મૃદંગ ચંગ, કાનૂં વિણા સાંભળું ના ઉમંગ;"
"ગાથા ગપાંસો કવિતા પુરાણો, લ્હાવો ન લીધો ઋતુનાં સુખોનો." ૩૭૩૭
"મેળે ન જાઉં વળિ મંદિરે રે, ધાલી ધરેણાં બહુ જુક્તિયે રે;"
"સાળૂ અને ચૂંદડિભાત વસ્ત્રો, લ્હાવો ન લીધો ઋતુનાં સુખોનો." ૩૮૩૮
"ધીરે રહી શીતળ વાયુ વાયે, વૃષ્ટી બપોરે ઝુમઝૂમ થાયે;"
"ઝૂલ્યાં હિંડોળે નવ સાથ બંન્યો, લ્હાવો ન લીધો ઋતુનાં સુખોનો." ૩૯
"બાગે હું જોઉં દિન ગાળું રોજ, ફૂલો સુરંગી બટમોગરો જ;"
"ગુલ્બાસ સાહેલિ ગુલાબ ગોટો, લ્હાવો ન લીધો ઋતુનાં સુખોનો." ૪૦૪૦
"અર્જૂન સર્જ વનકેસરો જ, નીપો કદંબો ખિલિ દેખ મોજ;"
"લીલાં તરૂ છોડ વળી લતાઓ, લ્હાવો ન લીધો ઋતુનાં સુખોનો." ૪૧૪૧
"આ જાસવંની ખિલિ પારિજાત, ધંતૂર ને સૂરજ બોરિયાં જ;"
"ચંપેલિ ને તન્મનિયાં બકૂલો, લ્હાવો ન લીધો ઋતુનાં સુખોનો." ૪૨૪૨

રસ નાજ ચૂસ્યો)—(' હાડૂંગી તો કયા મુઝાખા હૈ, જિતૂંગી તો લાલ હમારા હૈ–સરારારે.–અરે બલ્બુલ૦') (એનું નામ તે વિલાસ બાકી તે ધૂળ; એજ કોકશાસ્ત્રમાં કહેલો મોટો વિલાસ ને એજ કોકશાસ્ત્રનું બીજ કે પ્રથમ સ્ત્રીયે સંતોખાવું.)

૩૬ (ચોમાસામાં મેઘમલ્હાર રાગ અને સોરઠ રાગણીનો વિશેષ બ્હાર હોયછે.)

૩૭ (ચોમાસામાં બીજા દહાડા કર્તાં સહુને વધારે નવરાસ હોય છે ને તેથી તેઓ ગાથા ગપાંસો કવિતા ગાયન વગેરેની મઝા જે ચોમાસાના દાહાડાનાં હવાપાણીને વિશેષ અનુકુળ હોય છે તે લેછે.)

૩૮ (ચોમાસામાં મેળાઓ–જતરા બહુ ભરાય છે.—અગિયારસ, દીવાસા, નાગપંચમી, સોમવારો, બળેવ વગેરે. શ્રાવણમાં ભાત ભાતના સાળુ ને ચુંદડી પેરીને મંદિરોમાં ભાત ભાતના હિંડોળાનાં દર્શન કરવા નથી જતી.)

૪૦ સુરંગી—સારા રંગનાં. ગોટો–ગલગોટો (પીળો અથવા રાતો.)

૪૧ અર્જુન—સાદડાનું ઝાડ. સર્જ–રહાળ. વનકેસર–નાગકેસર. લતા–વેલી.

૪૨ જાસવંની—જાસવન ફુલનું ઝાડ.

"બિંદૂ પડેછે ભરપાણિમાંહે, ઝાઝાં કુંડાળાં પરપોટ થાયે."
"લ્હેરે ન ખોળે પિયુને સુતી એ, લ્હાવો ન લીધો ઋતુનાં સુખોનો." ૪૩[૪૩]
"રાતેજ રેલે સુકુસુંબ વસ્ત્રે, વર્ષાદથી છેક ભિંજાઈ રસ્તે;"
"ચોંટેલ ચીરે નથિ નાથ જોતો, લ્હાવો ન લીધો ઋતુનાં સુખોનો." ૪૪[૪૪]
"ટાણે સુપર્વે રહુંછૂં ઉદાસી, આખાડિ પાંચેમ બળેવ આ શી;"
"વ્રતો હું પાળૂં પણ શો ભરોસો, લ્હાવો ન લીધો ઋતુનાં સુખોનો." ૪૫[૪૫]

(મંદાક્રાંત.)

"અભ્રો રાતાં, રજનિ પડતે, આ ભયંકાર થાયે,"
"મોટી લાગી, ચમકિ ઉઠું છૂં, આગ જેવૂં જણાયે;"
"સાચી આગે, બળુ બળું અરે, ને વળી જોઉં આને,"
"આરો આવે, છુટું હું મરું તો, મોત તો નાજ આવે." ૪૬[૪૬]
"પેલો આવે, ગડડડ ધુમ્, ગાજતો હાથિયો જો,"
"વાયૂ વેગે, સકળ ચિજને, દોડિ ઊરાડતો જો;"
"ચારે પાસે, જળભરિત તે, ફેરવે સૂંઢ ગાંડો,"
"તેવો નાથે, મુજસું રસિલો, દેખડાવ્યો ન દહાડો." ૪૭[૪૭]

---

૪૩ (બપોરી વેળા કુંડાળાં ને પરપોટાની મઝા જોતાં લ્હેરમાં પિયુને ખોળે ન સુતી જો!)

૪૪ (જેમ સ્ત્રીયોને એવું કોડ હોયછે તેમ પુરુષને પણ હોયછે–રજવાડામાં ઠાકોર કસુંબા પીને ઘોડાપર સ્વારી કરીને વરસાદથી લાલચોળ પાઘડીનો રંગ અંગરખાપર ઉતરેલો જોવાનું અને એ હાલતમાં સ્ત્રીપુરુષોને મ્હોહું દેખાડવાનું ઘણું કોડ રાખે છે.)

૪૫ આખાડી–આષાઢી પુનમ. પાંચેમ–શ્રાવણ સુદ પાંચેમ–નાગપંચમી. (રે) આ શી આખાડી–પાંચેમ–બળેવ (એ ટાણાં શા કામનાં પિયુવનાં); (ચોમાસામાં વ્રત કરવાનાં ઘણાં હોય છે: હું એ–) વ્રતો કરૂં છઊં (કે વેહેલુ વેહેલુ મારાથી પિયુનું મ્હોહું જોવાય) પણ રે (વ્રત ઉપર) ભરોસો શો? –ભરોસો નથી પડતો કે તે ફળે–(એટલું જુદાઈનાં દર્દના જોસ્સાનું અને તેથી થનથન કરતા તરફના તોફાની ઘોડાઓનું જોર છે.)

૪૬ (હું મારી પ્રિયા સાથે વાત કરતો હતો ને એવામાં એકાએક આકાશ તરફ જોતાં તે લાલચોળ ભયંકર દેખાયાથી હું ચોંકયો હતો કે શું આગ લાગી?). (આકાશમાં તો આગ જેવું જણાય)છે, પણ હું તો સ્નેહની આગે જે ખરેખરી આગ છે તેથી બળી બળી થાઊંછ; રે તેમાં વળી) આને–આ ભયંકર આકાશને જોઊંછ (એટલે મને ભય પણ બહુ લાગેછ) હું મરૂં તો (દુઃખથી) છુટું–દુઃખનો આરો–પાર આવે (પણ રે) મોત (પણ) નથી આવતું).

૪૭ હાથિયો—હસ્ત નક્ષત્રમાં મોટા ગાજવીજ સાથે થતો વરસાદ. (એ નક્ષત્ર શરદ ઋતુમાં આવે છે, પણ વર્ષાનાં બીજાં નક્ષત્રોની મસ્તિ વર્ણી છે

(ઇંદ્રવજ્રા.)

"વર્ષાતણા આ ઉતપાત રોળે, મોટાં તપસ્વીમન છેક ડોલે;"
"જોહા સહૂ તે પડતા વિચારે, શા આસરા તે અબળાતણારે." ૪૮૪૮
"જે વાવડીયો સર ને તળાવ, પાણી ભરાયે ઉભરાઇ જાય;"
"પાણી ભરાવ્યૂં મુજને અનંગે, પાણી ભરાયાં નથિ લોહિ અંગે." ૪૯૪૯

(વસંતતિલકા.)

"અત્યન્ત વૃષ્ટિથિ વધ્યો વરહાગ્નિ જાણું;"
"અત્યન્ત અગ્નિ વધવે બિજિ વૃષ્ટિ માણું;"
"અત્યન્તવૃષ્ટિથકિ છેક તણાઈ જાઉં."
"ઓ પ્રાણનાથ તુજસૂં નહિં રે મળાયૂં." ૫૦૫૦
"વક્ત્રારવિંદ કરમાઇ ગયૂં જળે છે,"
"આ જીવહંસ વણુઓથ રડી મરેછે;"
"આ દેહ-હોડિ નબળી પવને ડુબેછે,"
"ઓ ન્હેનિ વ્હાલિ પિયુને ધણિ ધીર દેજે." ૫૧૫૧

તેની સાથે માંહે મળતી હસ્તની પણ વર્ણી છે) (રૂપક). (હાથિયાની પેઠે તોફાન કીધું છ એવો દહાડો-એ રસિલો દાહાડો પિયુએ ન દેખાડયો જો !--પિયુને દેખાડવાનો વખત ન આવ્યો.)

૪૮ ઉત્પાત--તોફાન. તપસ્વીમન--તપસ્વીજનોનાં મન. વિચારે પડતા--વિચારમાં પડતા--ડરતા. (એ શ્લોકમાં મુખ્ય અલંકાર એક રીતનો વિરોધ છે--કાવ્યાર્થાપત્તિ-પણ પેટા અલંકાર અતિશયોક્તિ છે.)

૪૯ સર--સરોવર. અનંગે-કામદેવે.--પાણી ભરાવ્યું--(મને) હરાવી--થકવી--હેરાન હેરાન કરી નાખી. (મારાં) પાણી ભરાયાં--આ તન વાહાણમાં પાણી ભરાઇ ગયાં--સોજા આવ્યા--મારૂં મોત પાસે આવ્યું છે.-અંગમાં લોહી નથી (લોહીને ઠેકાણે પાણી ભરાઇ ગયાં છે.) (એમાં યમક નામનો શબ્દાલંકાર છે.)

૫૦ (અનર્ગળ વરસાદથી મારો વિરહ અગ્નિ વધ્યો જાણું છું--વધ્યો છે, અગ્નિ--અગ્નિથી થતો બાફ વધવાથી બીજી વૃષ્ટી--પાછો બીજીવાર વરસાદ થાય છે પણ એ ઉપરથી વ્યંજના કે, વિરહાગ્નિ અતિસે વધવાથી મને આ જોભો છુટી જાય છે-ગયો છે. અતીસે વરસાદ થયાથી--રેલ આવેથી ઝાડ, પશુ, પક્ષી વગેરે તણાઇ--ધસડાઈ જાય છે પણ એ ઉપરથી વ્યંજના, કે, જોભો છુટવાથી--છુટયો છે ને હવે આ હું તણાઇ જઊંછું--મને તાણ ચાલીછ--આ હું મરી જઊંછ; ઓ પ્રાણનાથ તુંને ન મળાયું જો!) (એ શ્લોકમાં ઉત્કૃષ્ટ રસ વ્યંજના અને અનુક્રમ--કારણમાળા અલંકાર છે.)

૫૧ વક્ત્ર-મ્હોડું. અરવિંદ-કમળફુલ. વક્ત્રારવિંદ-મુખરૂપ કમળ અથવા મુખ અને કમળ (જળે-વરસાદથી-ડહોળાતાં પાણીથી કરમાઇ ચકદાઇ-તેજ વગરનું થંયુ છે.-આ વરસાદથી વધી ગયલી એવી વિરહ જવાળાથી મારૂં મ્હોં

(અનુષ્ટુપ.)

શરદિ આધિથી ગાત્રો, શિથિળ તે થઇ પડી;
સજ્જડ ટહાડિ ને ટીકી, જાણે કરાંકુપે ઘડી. ૧[૧]

૨૨૬.

(વસંતતિલકા.)

"એ જ્હેનિ વ્હાલિ પિયુને ધણી ધીર દેજે,"
એ વાણિ દાસિ સુણિ એભકથી ઉઠી રે;
ઢંઢેળિ તો સળવળી નહિં તે લગારે,
બોલાવિ તો ન વદિ મૂર્છિત[૧] નાર ભારે. ૧
જોઇ દશા અતિસ તે દિન દાસિ રોઇ,
બોલી ધ્રુજી 'પ્રથમ[૨] હાય હું કાં ન મોઇ;
માથે પડી ધિરજથી લિધિ તે નિભાવી,
તાકીદથી સમજિ બોલવિ વૈદ લાવી. ૨

(ઇંદ્રવજ્રા.)

સીસી[૩] સુંઘાડી વળિ વૈદરાજે, માત્રા ચટાડી પછિ નારિ જાગે[૪];
સારી થઈ પંદરએક દહાડે, તે તો કહૂં દાસિતણે સપાડે[૫]. ૩

કરમાઈ ગયું છે અથવાં મુખરૂપ કમળ કરમાઇ ગયું છે,) (હંસાદિક જે, સરોવર ને તળાવ ઉપર રેહેનારાં તેને વરસાદથી બચાવાને ઓથ નથી હોતી–તેઓને દુઃખ હોય છે.–મારો જીવ પણ પિયુની ઓથ વના રડયાં કરે છે. અથવા જીવરૂપ હંસ રડે છે;) (દરિયામાં નબળી હોડી જબરા પવનથી દુખે છે–આ નબળી દેહ, (જીવતર–ભવદરિયામાં) પવનથી–અતી થંડા વરસાદની સાથે આવતા પવનથી–મોતના પવનથી દુખે છે–ઢળી પડે છે–તળિયે બેસે છે–મરે છે અથવા દેહ હોડી દુખે છે,) એ જ્હેની વ્હાલી મારા મુવા પછી મારા પિયુને ધીરજ આપજે–તેને શોક કરવા દેજશ નહીં.) (ઉપમા–પરિણામ અલંકાર.)

૧ (બાહારની શરદીથી અને ઘણા જેસ્સાથી ઘણીવાર રડવાથી જે થાક ને પછી શરદી થાય છે તે અંદરની શરદીથી અને આધિ–ચિંતાથી તે સ્ત્રી, ગાત્રે ઢીલી થઇ પડી–તેના માત્ર–શરીરના સાંધા અવયવો નરમ ઘેંસ ઢીલા થઇ ગયા ને પછી તે સજ્જડ હાલે ન ચાલે તેવી, ટહાડી ને ટીકી થઇ પડી–જાણે કોઇ કેહેશે કે આકાશથી પડતાં કરાં–બરફ રૂપે તેને ઈશ્વરે ઘડી હોયની શું ?) (ઉત્પ્રેક્ષા.)

૧ મૂર્છા આવેલી–બેહોસ થયલી. ૨ (પેહેલી કાં ન મોઇ–શેઠને શો જવાબ આપીશ?) ૩ ઓસડની–આમોનિયા વગેરેની. ૪ જાગે છે–જાગતી–હોશિયાર થવા લાગે છે. ૫ સપાડું–સાંમો પાડ–ઉપકાર.

એવી કરે તે તનવીજ રોજ, બાઈ કરે નાજ વિજોગશોક;
વાયૂ ફરયો ને રચના ફરી તે[૬], જોવાથિ બોલી સખિને ફરી તે.[૭] ૪
"વૈદો ઉપાયે તનવ્યાધિ કહાડે, રે ના સમાવે મનઆધિ કાંકે;"
"ઉપાય થાયે સઘળા અપાય, ધારયું થયે કારજ એ ઉપાય." ૧[૧]
"આકાશ આ સુંદર સ્વચ્છ શોભે, ધોળાં રુપેરી શ્લેક વાદળાંએ,"
અંધારુ કોઠે વિરહાગ્નિધૂમે, ચારે ખુણે વાધ કુતર્ક ધૂમે. ૨[૨]
"તારા ગ્રહો ને સુઉપગ્રહો ત્હાં, આકાશગંગા ન ધરાઉં જોતાં;"
"એવી સુરાતે નહિં નાથ પાસ, નીચે હું જોઈ રહું છું નિરાસ." ૩[૩]
"જેવો ભુંડો આ તડકો શરદ્નો, તેવો ભુંડો નાથવિજોગકેરો;"
"દીસે સતાવેછ ભલો શરદ્નો, દીસે નિશાએ નરસો બિજો તો." ૪[૪]

(શાર્દુલવિક્રીડિત.)

"જો જો બિંબ તું પૂર્વમાં શુભ કંઈ પીળૂં ઘણૂં લાલ તે,"
"થાળી જેવડું મ્હોટું પોડશ કળે, સંપૂર્ણ શોભી રહે;"
"ધીમે ન્હાનું સફેત થાય ચ્હડતાં, આકાશમાં તેહ રે,"
"હૈડૂં કોમળ કોરણે નયનમાં, પેસીજ ઠારે ખરે." ૫[૫]

---

૬ રચના. ૭ તે સ્ત્રી.

૧ કાંકે–કંઇએ; કેમકે. અપાય–નઠારૂં ફળ થાય તેવા ઇલાજ (મનનું દુઃખ કહાડવાને વૈદો જે ઉપાયો કરે છે તે અપાયજ થાય છે–જે ઉપાયો કરે છે તથી તબિયત સારી થયાને બદલે ઉલટી વધારે બગડે છે–કારણકે નિરોગી પણ નબળા કોઠામાં ઓસડ ગયેથી શરીર રોગી થાય છે. મનનું દરદ તો, ધાર્યુંકારજ થાય તારેજ મટે ને એ થાય એટલે એને ઉપાય થયો જાણવો.–કાર્ય તેજ કારણ).

૨ કોઠે–મારા કોઠામાં–મનમાં વિરહ અગ્નીના ધુમાડાથી અંધારૂં થઇ ગયું છે (વિચાર શૂન્ય છઊં); મન જંગલમાં ચારેખુણે કુતર્કરૂપી વાઘ ધુમે છે---(ભય દુખ થાય છે). (આકાશ તો સુંદર સ્વચ્છ છે, પણ મારી આ દશા છે).--(વિરોધ–વિષમ અલંકાર).

૩ ત્હાં–ઊંચે આકાશમાં. ગ્રહ–બુદ્ધશુક્રાદિક. ઉપગ્રહ–મુખ્ય ગ્રહની આસપાસ ફરતા અને વળી તેની સાથે સૂર્યની આસપાસ તો ખરૂંજ એવા ગ્રહો ચંદ્રાદિક. આકાશ ગંગા–ઝીણા ઝીણા તારાઓના ઝુમખાઓથી આકાશમાં જે લાંબો સફેત લીસોટો પડેલો દેખાય છેતે. (એ લીસોટો નદીના જેવો દેખાયાથી ગંગા નામ કલ્પ્યું છે–આકાશમાં જે ગંગા તે આકાશગંગા–સપ્તમિતત્પુરુષ). નીચે--ઊંચે જોઈ પછી દલગીર થઇ નિસાસો મુકી ભાંય તરફ (જોવું).

૪ (શરદનો તડકો તો હજી ભલો કે દિવસે દુખ દેછે--રાતે તો ચાંદની સુખ આપેછ પણ બિજો તો—નાથ વિજોગનો તડકો તો એવો નરસો છે કે દિવસે ને રાતે પણ સતાવે છે--બારી નાખેછ--દુઃખ દેછ).

૫ (બાણેકઠારી પુનેમના ઉગતા ચંદ્રનું વર્ણન છે--ચિતરી દેખડાવાય તેવું

"રાતે એ શશિ નિર્મળો અમૃતથી, તાજી કરે ઔષધી,"
"પ્રાણીનાં તનમંનતાપ સમવી, આનંદ આપે વળી;"
"એવો એ પણ માહરી બળતરા, જાયે ન ભારી વધે,"
"દોષો શું દઉં એહને કરમના, લેખો નડે રે બધે." ૬
"આહા પેલું ચકોર પંખિ ખવિષે, કેવું પડ્યું ધીકું છે,"
"ચાંદાને સુખથી સુધા પિઇ કરી, ટહાડીજ આંખે જુએ;"
"આકે જામ હું વલ્વલાટ કરછું, કહારે પડું ધીરિ રે,"
"ચાંદાને નથિ દેખતી સુરજથી, તોભા થઈ ભારિ રે." ૭
"પાણીમાં રમણીય મંદ પવને, હલ્હેરો ધિમી ચાલતી,"
"તેમાં ચંદનિ ખીલતી શશિલિટી, શોભા અતી આલતી;"
"એ વેળા વળિ હોડિ તે હળુહળૂ, ચાલે ચ્હડાવી ચ્હડો,"
"તેમાં ગાઉં ન નાથસૂં વળગિને, એસી હું જીવ્યૂં જળો." ૮
"આજે માણકહારિ આ પિયુ વિના, જાયે વૃથા ચ્હેનરે,"
"એસી સાથ અગાસિમાં દુધ અને, પૈંઆ ન ખાઊં અરે;"

છે. ચિતારાએ એ ચંદ્ર ચિતરતાં કોઈ સ્ત્રીને અગાસીમાં અથવા મેદાનમાં-એકાંતમાં એકલીનેજ તે ચંદ્રને જોતી--તેનાં કિરણો આખમાં લેતી એસાડવી-ઉભી રાખવી). ઉગતો ચંદ્ર જરાક પીળો ને ઘણો લાલ-કેસર જેવો હોય છે. ષોડશ-સોળ. તે બિંબ, પોતાના કુમળા કીરણને યોગે--કીરણરૂપ તેજ લીટી જે ચંદ્રને ને આંખની કીકીને જોડી નાખે છે તેની મારફતે આંખમાં પેસીને હૈડું ઠારે છે--ખરેખર (સહુનું પણ મારૂ નહી).

૬ શશિ--ચંદ્ર. અમૃત--ચંદ્રકિરણરૂપ અમૃત (અમૃતના જેવી થંડક કરે છે માટે). ઔષધિ--વનસ્પતિ (દિવસના તાપે કરમાઇ ગઈ હોય તેને તાજી કરે છે).

૭ ચકોર (કલ્પિતપક્ષી--એને વિષે એમ કેહેવાય છે કે એ ઘણું ચંચળ છે તથાપિ ચંદ્રને દેખે છે કે ઉડતું બંધ થઈ અદ્ધર સ્થિર રેહે છે અને મ્હોડું વકાસી ચંદ્રની અમી પિયાં કરે છે). ખવિષે--આકાશમાં. ચકોરપંખી સુધા--અમૃત પીઇ કરીને સુખેથી સંતોષે ટહાડીજ એવી આંખથી ચાંદાને જોયાં કરે છે. જામ--પોહોર. ચાંદાને નથી દેખતી--પિયુને નથી દેખતી; સૂરજથી તોભા--વિજોગરૂપીસૂરજથી તોભા.

૮ શશિલીટી--ચંદ્રના કિરણો પાણી ઉપર જહાં સીધા પડે છે તાંહાં કંઇક લાલ એવો પ્રકાશનો લીસોટો પડેલો જોવામાં આવે છે. (શશિથી--શશિનાં સિધા પડતા કિરણોથી થતી જે લીટી તે શશિલિટિ. (તૃતિયાતત્પુરુષ સમાસ). હળુહળૂ--ધિમેધિમે. (મારૂં) જીવ્હું જળો--જીવવાને ધિક્ક છે. (હોડીના ભંડારઉપર ધણીધણિયાણી નિશો કરી જમીને બેઠાં હોઇયે, થોડેક દૂર ગવૈયા ગાતા હોય અથવા બંને ગાતાં હોઇએ, વળગતાં હોઇયે, હોડી ધીમે ધીમે ચાલતી હોય, સ્હડોમાં થોડો થોડો પવન ભરાતો હોય, ચાંદની ખુલી રહી હોય, એવી સ્હેલ મેં ન કીધી જો !)

"આગે ફૂલનિ વાડિમાં જઇ કરી, ગાનો હું સૂણું ન રે,"
"સૂઉં માણક ઝીલવા સજિ કરી, ના ના પલંગે હરે!" ૯
"આજે માછલિ ચંદ્રની અમિ પિઈ, મોતી કરે અંગમાં,"
"તેવી ગર્ભ હું નાથની રતિ પિઈ, રે ના ધરૂં રંગમાં;"
"લ્હાવો લેઇશ કેદિ રે અધરણીકેરો વળી જંનમાં,"
"ફૂલાઇશ હું કેદિ પુત્ર જણિને, સંતોષથી મનમાં." ૧૦

(તોટક.)

"નદિનાં સરનાં નિર થીર રહ્યાં, મળથી છુટિ આરસશુદ્ધ થયાં;
"સઘળે સ્થિરતાજ સફાઇ થઈ, પણ જેવિ હું તો હતિ તેવિ રહી." ૧૧
"દરિયો તજિ ગર્વ ધિમોજ પડયો, બહુ થાકથિ વ્હાણસું નાજ નડયો;"
"સહુ બંદરકેરિ જુદાઇ મટી, પણ જેવિ હું તો હતિ તેવિ રહી." ૧૨
"જુથમાં સર ઊપર રોજ રમે, બતકો બહુ હંસ કલોલ કરે ૧૪
"હિલવે નિજ માછલિયો રસથી, પણ જેવિ હું તો હતિ તે
"ખુબ ઇદિવરો સુરબિંબથકી, કુમુદી વળિ કૈરવ (ઝીલવા)
"સરમાં ફુલ શોભિ રહ્યાંજ ખિલી, પણ જેવિ હું ત્યોમાં બૈરાં બાહાર જાય પેહેરે છ--તેમાં ઘણેક ઠેકાણે

હરવાનું લુગડું જુદું કરી મુકેલું.
૯ ગાનો-- ગાયનો. માણક--માણેક ઘણીની સાથે સુતી વખત નઠારૂં સજી--સણગરાઇને. (અફસોસની વાત છે ઓનો વિલાસ છે.--ના ઠીકજ છે, લોકને છે તાહારે સણગરાય છે ને ઘરમાં નીની પાસ સુતી વખત મેલાં ગંધાતાંજ ચોખ્ખાઈને બાહાને બૈરાંઓને સુતી હોય છે--જે ઘણે દાહાડે ધોવામાં નાંસારો). લુગડું બૈરાં પ્હેરે છે એવો ગ વરણીરાત થવાનું ઘણું કોડ હોય છે). મ્હોં દેખાડવાને બૈરાંએ બનાવ. નીર--પાણી. આરસપાહાણનાં જેવાં શુદ્ધ--સાફ. લુગડાં પેહેરવાં!) હરે--એ
૧૦ (બૈરાંને અધ તોફાની હોય છે તે શરદઋતુમાં ધિમો પડે છે-જાણે લાગ્યો હોયનીશું?) (વરસાદના તોફાનને લીધે બંધ
૧૧ સર--સરોવ (વિરોધ--વિષમ--વિષ ચાલવાં નરી થયેથી) બંદરોની એકમેકની જુદાઇ મટી. કલ્લોલ--ખુશીનો પોકાર. પાણી સ્વચ્છ થયેથી માછલીયો
૧૨ (વર્ષામાં કે તેને મસ્તીનેક છે ને રસથી--ખાવાનું મળેથી--મળવાની આશાથી જીભ પડેલાં વાહાણે.
૧૩ જાંદવર લાલ કમળ એ સુરજથી ખીલે છે ને કુમુદી--પોયણી અને નિર્ભય ઉપનળો ચંદ્રથી પ્રફુલીત થાય છે.
હલાવ્યાં

"રાતે એ શશિ નિર્મળો અમૃતથી, તાજી કરે ઔષધી,"
"પ્રાણીનાં તનમંનતાપ સમવી, આનંદ આપે વળી;"
"એવો એ પણ માહરી બળતરા, જાયે ન ભારી વધે,"
"દોષો શું દઉં એહને કરમના, લેખો નડે રે બધે." ૬
"આહા પેલું ચકોર પંખિ ખવિષે, કેવું પડ્યું ધીકું છે,"
"ચાંદાને સુખથી સુધા પિઇ કરી, ટહાડીજ આંખે જુએ;"
"આડે જામ હું વલ્વલાટ કરછું, કહારે પડું ધીરિ રે,"
"ચાંદાને નથિ દેખતી સુરજથી, તોભા થઈ ભારિ રે." ૭
"પાણીમાં રમણીય મંદ પવને, લ્હેરો ધિમી ચાલતી,"
"તેમાં ચંદનિ ખીલતી શશિલિટી, શોભા અતી આલતી;"
"એ વેળા વળિ હોડિ તે હળુહળૂ, ચાલે ચ્હડાવી રહેડો,"
"તેમાં ગાઉં ન નાથસૂં વળગિને, બેસી હું જીવ્યું જળો." ૮
"આજે માણકઠારિ આ પિયુ વિના, જાયે વૃથા ચ્હેનરે,"
"બેસી સાથ અગાસિમાં દુધ અને, પૈંઆ ન ખાઊં અરે;"

છે. ચિતારાએ એ ચંદ્ર ચિતરતાં કોઈ સ્ત્રીને અગાસીમાં અથવા મેદાનમાં-એકાંતમાં એકલીનેજ તે ચંદ્રને જોતી--તેનાં કિરણો આખમાં લેતી બેસાડવી--ઉભી રાખવી). ઉગતો ચંદ્ર જરાક પીળો ને ઘણો લાલ-કેસર જેવો હોય છે. ષોડશ-સોળ. તે બિંબ, પોતાના કુમળા કીરણને યોગે--કીરણરૂપ તેજ લીટી જે ચંદ્રને ને આંખની કીકીને જોડી નાખે છે તેની મારફતે આંખમાં પેસીને હૈડું ઠારે છે--ખરેખર (સહુનું પણ મારૂં નહી).

૬ શશિ--ચંદ્ર. અમૃત-ચંદ્રકિરણરૂપ અમૃત (અમૃતના જેવી થંડક કરે છે માટે). ઔષધિ--વનસ્પતિ (દિવસના તાપે કરમાઇ ગઈ હોય તેને તાજી કરે છે).

૭ ચકોર (કલ્પિતપક્ષી--એને વિષે એમ કેહેવાય છે કે એ ઘણું ચંચળ છે તથાપિ ચંદ્રને દેખે છે કે ઉડતું બંધ થઈ અદ્ધર સ્થિર રેહે છે અને મ્હોડું વકાસી ચંદ્રની અમી પિયાં કરે છે). ખવિષે-આકાશમાં. ચકોરપંખી સુધા-અમૃત પીઇ કરીને સુખેથી સંતોષે ટહાડીજ એવી આંખથી ચાંદાને જોયાં કરે છે. જામ-પોહોર. ચાંદાને નથી દેખતી-પિયુને નથી દેખતી; સૂરજથી તોભા-વિજોગરૂપીસૂરજથી તોભા.

૮ શશિલીટી-ચંદ્રના કિરણો પાણી ઉપર જહાં સીધા પડે છે તાંહાં કંઇક લાલ એવો પ્રકાશનો લીસોટો પડેલો જોવામાં આવે છે. (શશિથી-શશિનાં સિધા પડતા કિરણોથી થતી જે લીટી તે શશિલિટિ. (તૃતિયાતત્પુરુષ સમાસ). હળુહળૂ--ધિમેધિમે. (મારૂં) જીવ્હું જળો--જીવવાને ધિક્ક છે. (હોડીના ભંડારઉપર ઘણીધણિયાણી નિશો કરી જમીને બેઠાં હોઇયે, થોડેક દૂર ગવૈયા ગાતા હોય અથવા બંને ગાતાં હોઇએ, વળગતાં હોઇયે, હોડી ધીમે ધીમે ચાલતી હોય, સ્હડોમાં થોડો થોડો પવન ભરાતો હોય, ચાંદની ખુલી રહી હોય, એવી સ્હેલ મેં ન કીધી જો !)

"બાગે ફૂલનિ વાડિમાં જઇ કરી, ગાનો હું સૂણું ન રે,"
"સૂઉં માણુક ઝીલવા સજિ કરી, ના ના પલંગે હરે!" ૯૯
"આજે માછલિ ચંદ્રની અમિ પિઈ, મોતી કરે અંગમાં,"
"તેવી ગર્ભ હું નાથની રતિ પિઈ, રે ના ધરૂં રંગમાં;"
"લ્હાવો લેઇશ કેદિ રે અધરણીકેરો વળી જંનમાં,"
"ફૂલાઇશ હું કેદિ પુત્ર જણિને, સંતોષથી મનમાં." ૧૦૧૦

(તોટક.)

"નદિનાં સરનાં નિર થીર રહ્યાં, મળથી છુટિ આરસશુદ્ધ થયાં;
"સઘળે સ્થિરતાજ સફાઇ થઈ, પણ જેવિ હું તો હતિ તેવિ રહી." ૧૧૧૧
"દરિયો તજિ ગર્વ ધિમોજ પડયો, બહુ થાકથિ વ્હાણસું નાજ નડયો;"
"સહુ બંદરકેરિ જુદાઇ મટી, પણ જેવિ હું તો હતિ તેવિ રહી." ૧૨૧૨
"જુથમાં સર ઊપર રોજ રમે, બતકો બહુ હંસ કલોલ કરે;"
"હિલવે નિજ માછલિયો રસથી, પણ જેવિ હું તો હતિ તેવિ રહી." ૧૩૧૩
"ખુબ ઇંદિવરો સુરબિંબથકી, કુમુદી વળિ કૈરવ ચંદ્રથકી;"
"સરમાં ફુલ શોભિ રહ્યાંજ ખિલી, પણ જેવિ હું તો હતિ તેવિ રહી." ૧૪૧૪

---

૯ ગાનો-- ગાયનો. માણુક--માણુકના રંગ જેવું રેત--ધાતુમુંદ (ઝીલવા) સજી--સણગરાઇને. (અફસોસની વાત છે કે ગુજરાતીઓમાં બૈરાં બાહાર જાય છે તાહારે સણગરાય છે ને ઘરમાં નઠારાં લુગડાં પેહેરે છ--તેમાં ઘણેક ઠેકાણે ચોખ્ખાઈને બાહાને બૈરાંઓને સુતી વેળા પેહેરવાનું લુગડું જુદું કરી મુકેલુ હોય છે--જે ઘણે દાહાડે ધોવામાં આવે છે. ધણીની સાથે સુતી વખત નઠારૂં લુગડું બૈરાં પ્હેરે છે એવો ગંદુ ગુજરાતીઓનો વિલાસ છે.--ના ઠીકજ છે, લોકને મ્હો દેખાડવાને બૈરાંએ બનવું ને ધણીની પાસ સુતી વખત મેલાં ગંધાતાંજ લુગડાં પેહેરવાં!) હરે--એ રામ (નિસાસો).

૧૦ (બૈરાંને અધરણીનું-અધરણીરાત થવાનું ઘણું કોડ હોય છે).

૧૧ સર--સરોવર, તળાવ. નીર--પાણી. આરસપાહાણનાં જેવાં શુદ્ધ--સાફ. (વિરોધ--વિષમ--વિષાદ).

૧૨ (વર્ષામાં દરિયો તોફાની હોય છે તે શરદઋતુમાં ધિમો પડે છે-જાણે કે તેને મસ્તીનો થાક લાગ્યો હોયનીશું?) (વરસાદના તોફાનને લીધે બંધ પડેલાં વાહાણો પાછાં ચાલવાં જરી થયેથી) બંદરોની એકમેકની જુદાઇ મટી.

૧૩ જુથ--ટોળું. કલ્લોલ--ખુશીનો પોકાર. પાણી સ્વચ્છ થયેથી માછલીયો નિર્ભય ઉપર રેહે છે ને રસથી--ખાવાનું મળેથી--મળવાની આશાથી જીભ હલાવ્યાં કરે છે.

૧૪ ઇંદિવર લાલ કમળ એ સુરજથી ખીલે છે ને કુમુદી--પોયણી અને કૈરવ એ કમળો ચંદ્રથી પ્રફુલીત થાય છે.

"ખુલતૂંજ બપોરિયું માલતિ ને, પૃથિવી ભરપૂર સફેત ફુલે;"
"વળિ કાશતણી દિપતી ચમરી, પણ જેવિ હું તો હતિ તેવિ રહી." ૧૫૧૫

(ચામર.)

"બાજરી જુવાર કેટલાંક તો કઠોળ ને;"
"ભાત આદિ ધાન્ય તે તયાર પાકિને બને."
"પંખિયો કરે કલોલ લૂટતાં અનાજને;"
"ગોફણો ધણી ઉડે જમે સુરંગ ખેતરે." ૧૬૧૬
"દેહડી ફુલી રસે ન દીસતીજ દેઅડી;"
"થાય લીલ રે પરંતુ ન્હેસ હૂનિ આ પડી."
"લોક હર્ષ પામતા પિયૂ વળી ચ્હિડાયરે;"
"હાય હાય રંગ આ જમ્યો ન દિવ્ય ખેતરે." ૧૭૧૭

(ભુજંગી.)

"સવારે ફુલો શ્વેત ધારે ભિંજાએ, ઘણી લ્હેજતે વાસ આપેછ ભારે;"
"અહૂ મોડિ ઊઠી કરું ચ્હાડિયાંઓ, નહીં ગાઉં ભેરો અને ભેરવીઓ." ૧૮૧૮
"બપોરે દિશા શોભતી જોઉ રંગે, ફુલોથી ભર્યાં વૃક્ષ ને વેલિ કંપે;"
"ફરી ના દશા છેક ફીકિ હું અંગે, સુકો એકલો જીવ તો નાજ ઝંપે." ૧૯૧૯

---

૧૫ કાશ–એક જાતનું ઘાસ. એ ઘાસની ચમરી સુરજના પ્રકાશથી દીપે છે.

૧૬ (એ ધાન્યો વર્ષામાં વવાયલાં શરદ્‌માં તૈયાર થાય છે) જમે–જમે; મચે.

૧૭ (મારી દેહડી–દેહ, રસે–ખુશીથી ન ફુલી, પણ ઉલટી સન્યાસીની–સાધુની દેઅડી–સમાધ જેવી દેખાય છે. રે દેઅડી તો સારી કે તે ઉપર લીલ હોય છે (કંઇ પણ લીલોતરી હોય છે પણ આ દેહ તો ભિતરના તાપથી હુની થઇ રહી છે–જોબનની લીલોતરી બળી ગઇ છે એવી નેહેસ છે. (હું ને મારો ધણી સાથે ચાલતાં હોઇયે ને લોક મારા સામું જોતા જતા હોય ને મારો ધણી મનમાં ચ્હિડાતો હોય એ રંગ આ (પ્રથમ શોભીતું પણ ઝમણાં નહીં એવા) દિવ્ય ખેતરમાં ન મચ્યો જો!) (આ શ્લોકનો ઉપરના ૧૬મા શ્લોક સાથે સંબંધ છે. ખેતર શોભતાં છે, આ ખેતર શોભતું નથી; તાંહાં પંખીયો લુટે, અહીં લોક પોતાની નેનોએ મારી ખુબસુરતીનો રસ લુટે; એહુતો ગોફણો ઉરાડે, પિયુ ચ્હિડાય–વેળાયે કોઈ મશ્કરી કરે તો તેને ગાળ દે–તેની સાથે લડે વગેરે.)

૧૮ શ્વેત–ધોળાં. ભેરવ રાગ અને ભેરવી રાગણી.–(એ રાગ ગાવા–સાંભળવાની વિશેષ લેહેજત શરદ્ ઋતુનાં પરોઢિયાંના પ્રારંભમાં હોયે છે.

૧૯ વેલિકંપે–વેલ હાલતી હોય તે (જેઉછું.) દશા ના ફરી–મારી અહૂ દશા ના ફરી. સુકો–રસહીણ. ઝંપે–નિરાંતે બેસે.

"સમી સાંજરે વંન ગોવાળું શોભે, સહૂ પક્ષિઓ પર્વતે સાથ બેસે;"
"છુટી જાય ઇંદ્રી પડે ફીકિ જોભે, અરે સ્હોડમાં કોનિ તે જીવ પેસે?." ૨૦૨૦

(ઇંદ્રવજ્રા.)

"જોયાં નહીં રે સસરાતણાં મેં, સાચ્યાં સરાધો પિયુએ કુડાં તે;"
"જોયા નહીં બ્રાહ્મણને જમેલા, જે દક્ષણાના બહુ થાય ઘેલા." ૨૧૨૧
"ગાઉં શું ગબ્બા સહિસંગ રંગે, હોળી ઉઠીછે દિન રાત અંગે;"
"તેલાં કસ્યાં તોપણ નાજ સીઝે, આજે દસેરા નહિં મંન રીઝે." ૨૨૨૨
"આનંદ મોટો સહુને દિવાળી, મારે બળાપો કરિ રોવું આલી;"
"મંદીર સર્વે દિપતાં અતીસ, મંદીર આ આપણું છે મસીત." ૨૩૨૩

(અનુષ્ટુપ.)

રચના જોઇને લ્હેરે, આવ્યૂં ઝોકું જ તેહને;"
દીસે નમી ગઈ પીળી, પાકેલાં શાળછોડવત્." ૧૧

હેમંત.

(ઈંદ્રવજ્રા.)

ઝોકૂં ઉઙ્યૂને થઇ જાગતી તે, વાતો ચલાવે સખિસાથ નીતે;
પૂરો કસ્યો કાળ શરદ્ વળી તે, આવે શિઆળો વદિ આવિ રીતે.—૧

---

૨૦ વનમાં ચરતું—વનમાંથી પાછું વળતું. ગોવાળું—ગાય ભેંસ બકરાં વગેરે. (એ બધું જોઇને—એ સાંજની શોભા જોઈને એકદમ દલગીરી થઈ આવેથી જોભો છુટછ ને તે જોભેથી ઇંદ્રીઓ છુંટી જાય છે ને ફીકી પડી જાયછ—ગાત્ર ભંગ થાય છે ને હું ફિકી પડી જાઉંછ).

૨૧ (ભાદરવા મહિનામાં શ્રાધપક્ષ આવે છે.) રૂડાં—યથાવિધિ—ભાવથી. કપાળે આરચા, છાતીને ભુજે મળિયાગડાં—ચંદનના લેપ, ગળે ફુલના હાર, અબોટિયાં પેહેરેલાં, હાથમાં વાસણ રહી ગયલાં, મ્હોડાં તકતક થતાં વગેરે વિચિત્રના વેશના, જમેલા ને દક્ષણાથી સંતોષાયલા એવા બ્રાહ્મણોને મેં ન જોયા.)

૨૨ (આસો સુદમાં—નવરાતમાં સાહેલીઓની સાથે ગરબા ન ગાયાં) નવરાત્રીનું નવ દિવસનું વ્રત તો નહીં પણ એમાં ત્રણ દિવસ ઉપવાસ કરવાનું માતાનું જે વ્રત તે કીધું પણ કંઈ સિઝ્યું નહીં—પિયુ ન આવ્યો; રે આજ દસેરા છે પણ મન નથી રીઝતું જો!)

૨૩ મંદીર—મોટાં ઘરો; દેવસ્થાનો. આપણું મંદિર—આપણું ઘર મસીદ જેવું છે. (તારો ને મારો કોઠો એ જે અક્કેકું મંદિર તે ખુશીના દીવાવના મસીદ જેવું છે.)

૧ રચના—શરદ્ ઋતુની શોભા. શાળ—ભાત—ડાંગરના છોડવા સરખી.

"ઝાડો ફુલે ને ફળથી ભરેલાં, વાએ કરીને હિલતાં થયેલાં;"
"પત્રે દિસે ઓસતણાં સુમોતી, શોભા સવારે અતિસેં હું જોતી." ૧[૧]
"ધાન્યો સિમાડે પરિપક્વ શોભે, પોંખો પડે તે જન ખાય હોંસે;"
"ખેડૂ કરે કાપણિ ગીત ગાયે, જેની મઝે તો કહિ નાજ જાયે." ૨[૨]
"જોતાં કુદે તે હરણો વનાંતે, શબ્દો સુણે ક્રૌંચપિકોતણા તે;"
"જાગે રૂડો દેવ અનંગ એથી, બાળેછ મૂને બળિ ના મળેથી." ૩[૩]

(શાલિની.)

"વાવા માંડી, લોકને ટહાડ ઝાઝી, થાયે એવું, મૂજને દાઝિ દાઝી;"
"જે જે વસ્તૂ, લોકનાં દુઃખ કાપે, તે તે મૂને, ઋહીડવી દુઃખ આપે." ૪[૪]
"મ્હારે માટે બ્હેનિ તૂં કહાડ મા રે, પેટીમાંથી વસ્ત્ર તે ઊનનાં રે;"
"સાડી ચોળી કામળી શાલજોડ, મારી તૂને આણ છે રોજ હોડ." ૫[૫]

(ચામર.)

"હૂનું પાણિ નાહતાં પિતાંજ હૂનું દૂધ ને;"
"હૂનિ ચાહ હૂનિ કાફિ હૂનું ખાવું ભોજને;
"સૂર્યકીર્ણ અગ્નિકીર્ણ ધૂપ અત્તરો વળી,"
"ભોગરેલ તેલ દેખિ થાઉછૂં બળી બળી." ૬[૬]

---

૧ પત્રે–પાંદડાં ઉપર. ઓસ–એક જાતનો ઠાર. (સવારનાં પોરમાં ઘાસ-પાંદડાં ઉપર જે પાણીનાં ઝુંદો દેખાય છે તે) મોતી–મોતી જેવાં ગોળ ને ચળકતાં ઝુંદ (ઠારનાં.)

૨ સિમાડે–ખેતરોમાં. (બૈરાં ને ભાયડા કાપણી કરતાં 'સખિ આવિયો કારતક માસ કે કંથ સધાવીયા૦' એવા એવા ગરબાઓ ગાય છે.)

૩ વનાંતે--વનના મધ્યમાં અથવા છેડાના ભાગમાં. ક્રૌંચ ને પીક એ પક્ષીયોનાં નામ છે. (હરણોને કુદતાં જોતાં અને પક્ષીયોના શબ્દો સુણે–સુણતાં–સુણવાથી) રૂડો દેવ અનંગ--કામદેવ જાગી ઉઠે છે પણ જાગ્યો કે તરત એને બળી–ભોગ મળવો જોઇએ–ખાવાનું જોઈએ તે ન મળેથી તે રૂડો છતે ઝુંડો થઇને મનેજ બાળી નાખે છે.) (સ્ત્રી પુરૂષના સંભોગરૂપી બળી). (એ વિચાર, ભૈરવ, કાળી વગેરેની સાધના કરનારાઓ, પેલાંઓ જે ખાઉખાઉ કરતાં આવે છે તેઓને આગળથી બળિદાન તૈયાર રાખી મુકે છે તે ઉપરથી લીધો છે.)

૪ (લોકને શિયાળામાં ટહાડ વાય છે પણ મને તો અંદરના બળાપા રૂપી ગરમીથી ઓ દાઝી ઓ દાઝી એમ થાય છે).

૫ દાસી પેટીમાંથી શાલ કામળીયો વગેરે કાઢવા માંડે તો તેને પેલી કહે કે મારે માટે ન કહાડ--એ કહાડીને તું તારે હોડ;–મારી આણ છે–મારા સમ છે તુને.) ૬ (શિયાળામાં હુનિ વસ્તુ તો પ્રિયકર હોય છે પણ પેલી કહે છે કે એ ગરમ વસ્તુઓ મારી ગરમીમાં વધારો કરે છે) અગ્નિકીર્ણ–સગડીમાં ધગધગતા દેવતાનાં કીરણો.

"જાડિ રૂતણી તળાઇ ઓસિકાં રજાઇ ને,"
"કસ્તુરી લવંગ એલચી જ દાલચીનિ ને;"
"ચારૂ ચારૂળી દરાખ પીસતાં બદામ ને,"
"ભાત ભાત પુષ્ટિપાક પાન ના ગમે મ્હને." ૭
"દૂધધીતણા પદાર્થ સાકરે મળેલ ને,"
"જોઇ શાક ભાજિ તાજિ રાજિ થાઉં ના મને;"
"સેરડી સિતાફળો લિંબૂ સુપેર હુંડિમો,"
"જોઈ સંતરાં વળી ચ્હડીજ આવતો ડિબો." ૮

(ધરવ.)

વા કુલ ચંદન ચંદ્ર અગાસિ જલાશય બારિક વસ્ત્ર ધરેણાં,
એ જનને ગમતાં ન ગમે ભલું ઓઢવું બાવું સુવું દિન રેનાં;
તોપણ પેલિ કરે બહુ સેવન વર્ચસમાં હુંઠવાતિ ડરે ના,
રીસથકી કરિ દૂર સહૂ પછિ રોઈ વદે "પ્રિય પાસ તું શેંના."?૧

(અનુષ્ટુપ્.)

હુંઠવાતી ધુમાતીનો, ચાળો કાંઇ પ્રસ્યો કહું;
સંકોડાઇ દિસે ટહાડે, જેવું સાપનું ગૂંછળું. ૨

શિશિર.

(શાલિની).

દાસી આપે હોડવા વસ્ત્ર જારે, ફેંકી દેછે રીસમાં બાઇ તારે;
ઊંધે તારે છેક હોરાડતી તે[૧], ઊંડાળી જે શાલ ઊંચી હતી તે[૨]. ૧

---

૭ દાલચીની–તજ. (શિયાળામાં શરીર પુષ્ટિને માટે નાના પ્રકારના પાક બાવામાં આવે છે.–બૈરાંઓ ગુંદરપાક, મેથીના લાડવા વગેરે બાય છે–પેલી કહે છે કે એમાંનું મને કંઇજ ગમતુ નથી–પિયુ વના એકલી શું બાઉં?)

૮ (શિયાળામાં શાક ભાજીની છત વિશેષે હોય છે.) ડિબો—દલગીરીથી એકદમ છાતી બંધ થઇ જવી તે.

૧ વા–પવન. જલાશય–પાણીનાં ઠેકાણાં–નદી, સરોવર, તલાવ, કુવા વગેરે–(એ થંડા ઉપચારો જનને–લોકને ગમતા નથી;–તેઓને તો ઓઢવું, બાવું ને સુવું ગમે છે; વળી દાહાડો ને રાત બંને ગમે છે, તોપણ પેલી વર્ચસમાં–મમતથી–વેરમાં–ચ્હિડમાં એજ થંડી વસ્તુનું સેવન કરે–હુંઠવાય પણ બીહે નહીં; બીજાં વસ્ત્ર પેહેરે કે ટહાડ વાય; ધરેણાં ધાલે કે ટહાડા લાગે; પણ થોડીવાર પછી રીસમાં કાહાડી દુર ફેંકી દઈને રડે ને કેહે કે એ "પ્રિય તું મારી પાસે કેમ નથી?")

૧ તે–દાસી. ૨ તે–શાલ.

જાગે તેની પેહલાં પાછિ લેતી, એવી રીતે રોજ સંભાળ લેતી;
દાસી બોલે 'ના થવૂં આકળાં રે,' બાઈ બોલે "કેમ સંખાય આ[૩] રે.' ૨

(ઇંદ્રવજ્રા.)

"સૂંઆળિ આ ચામડિ ફાટિ જાયે, ચીરા પડેથી બહુ દુઃખ થાયે;'
"ચાહાં પડયાં છે સધળેજ અંગે, થાતે હતે તો ચિકણી હું રંગે.' ૧[૧]
"કંપેછ કાયા નયનો તણાયે, રૂવાં ઉભાં ને કટિમાં પિડાયે,"
"વાએકરી આ ચિથરાં ઉડે રે, હીમેકરી આ ધઉં તો બળે રે." ૨[૨]
"ના ના સુઆલિંગન થાય રોજ, ભેંટી સુતાની ધણી છેજ મોજ;"
"વાએ નહીં ટહાડ પછી જરાએ, નીરાંતની ઊંઘથિ સૂખ થાએ." ૩[૩]
"નાનાવિધે ચુંબન થાય ગાલે, હોઠે કુચે મસ્તક ડોક આંખે;"
"ઉછવાસથી ઊંફ વળે અતીસેં, આવ્યો ન દહાડો શુભ એ નસીબે." ૪[૪]
"છાતી કરો ને ઢગરાં સુગંધ, ના ના પિયૂના કરથી ડખાય;"
"સંભોગ મેં ના રગડી કરાવ્યો, થંડો ન વાયૂ દુર મેં નસાડયો." ૫[૫]

---

૩ આ—આ દુઃખ.

૧ (શિયાળામાં ચામડી ફાટી જાય છે માટે તેલ મોગરેલ લગાડવાં પડે છે) (મારો પિયુ જો મારી પાસે હોત તો હું રંગે-રંગવિલાસે—ખુશીથી ચીકણી થાત). અથવા (ખુશીમાં હોત તો મોગરેલ વગેરે ચોળીને નાહાત કરત ને તેથી મારી ચામડી સુંવાળી રહત).

૨ કટિમાં—કંમરમાં વાની સુળ આવેછ. (એ ઋતુમાં પવન ઘણો ફુંકેછ.) પવનથી આ મારાં પેહેરેલાં ફાટાં તુટાં લુગડાં પણ ઉડે છે—આ ઋતુની મજા એટલી બધી છે કે તેનો ઉપભોગ કરવા તરફ મન દોડે છે તેને હું અટકાવી શકતી નથી—હું ઘણી ચિહ્નુંછ—ફાટેલ થાઉંછ ને એથી મળવા આવનારામાં—લોકમાં હું ઘેલી ગણાઉંછ. ચિથરાં ઉડવાં—એટલે નહારૂં કેહેવાવું, આબરૂ જવી. હીમ પડવાથી ઘઉં બળી જાય છે. વિયોગ રૂપી હીમથી આ ઘઉં—આ હું બળુંછ.

૩ સુઆલિંગન—રૂડાં આલિંગનો—(કોક શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે) ભેટવું તે; કોટી કરવી તે. (એ) આલિંગનો (રે) ના, ના થાય—નથી થતાં (એ બોલવું ચ્હીડનું છે). (આલિંગન જો થતાં હોય તો ટહાડ ન વાય વગેરે) (શિયાળામાં—ટહાડમાં (આલિંગન જોઇયેજ) (કોકશાસ્ત્રમાં એવો વિધિ છે કે પુરુષે ધીર રાખી પ્રથમ બાહ્યોપચાર—બાહારના વિલાસ કરવા ને એથી પેલીને તૈયારીપર આણી પછી સુરત કરવું—એમ કીધેથી ખરો વિલાસ થાય છે. સ્ત્રી પ્રથમ દ્રવે છે ને બંને એક બિજનપર પ્રસંન રેહે છે—કોઇ વ્યભિચાર કરતું નથી).

૪ નાનાવિધે—ઘણી ઘણી રીતે. ઉછવાસ—ઊંચો શ્વાસ. (ચુંબન કરતાં જરા ઊંચો શ્વાસ લેવો પડે છે) (ટહાડમાં ચુંબનથી પણ કંઇ ઊંફ વળે છે.)

૫ કરો—હાથ (બે.)

"સીત્કાર શબ્દો પિસતાંજ હોઠો, થાયે વળી રે કકડે સુદાંતો;"
"સીત્કાર શબ્દો સુરતાંતકાળે, કહાડયા નહીં મૂખથિ શીતકાળે." ૬૬
"જાયે ધનુર્માસ જમી ન વ્હાણે, ધાયૂ ધનુર્ છે હું તણાઉ ટાણે;"
"સંક્રાંતિ આવી પણ શૂં ઉકાળે,? ભાગ્યો વિના શૂં શિવરાત્રિ આલે?." ૭૭

(અનુષ્ટુપ્.)

ટૂંટિયાં વાળિને સૂતી, ટહાડે ને પવનેકરી,
વિલીન અબ્જનીપેરે, ચૂંથાએલિ પડી રહી. ૧૧

વસન્ત.

(માલિની.)

વળિ રત બદલાઇ, પૂર્વનો[૧] વાયુ વાએ,
પુલ ખગ[૨] ખુબ ખીલે, ખેલ ખેલે સહૂએ;
રતનિ અસર ભારી, નારિ ઊપેર દીસે,
તનમન રુપરંગે, નિર્મળાં છે અતીસેં. ૧
પણ પછિ ચ્હિડિ બોલી, દાસિને તે અધીરી,
"જુહું જુહું સમજાવી, કાં તું પાડેછ ધીરી;"
"વરસ થયું જ પૂરું, રે થયાં બાર લાંબાં,"
"રહિ કરવિ હવે તો, આત્મહત્યાજ સાંબા." ૧૧

---

૬ સુદાંત--શોભીતા દાંત. સીત્કાર શબ્દો--ટહાડથી દાંત ને ઓઠ પીસતાં જે 'સીઇઈ સી', એવો ઊંચો શબ્દ નિકળે છે તે. સુરતાંત કાળે--સુરત પૂરું થતે--(સ્ત્રી દ્રવી કે તે સંતોષમાં 'સીઇઇ' એવો જે નીચો શબ્દ કહાડે છતે પણ સીત્કાર શબ્દ.)

૭ ધનુર્માસ--માગસર પોસ મહિનામાં--ધન સંક્રાંતિમાં સવારના પોહોરમાં ટહાડમાં લાહુ ને ખીચડી ધી જમવાં તે. (એ ભોજનનો મહિમા ગણાય છે). ધનુર એટલે વાગ્યા ઉપર ખાટું અથવા નબળે કોઠે કેળાં ચાંપાં વગેરે ખાધાથી શરીરમાં તાણ છુટે છે ને પછી બકવા ચાલી મોત થાય છે તે રોગ; ધનુરવા. (ધનુર ધાયું એમ કેહેવાય છે (ધનુરવા ધાયો--દોડયો). ટાણે--સપરમે દાહાડે. સંક્રાંતિ--મકરસંક્રાંતિ. શિવરાત્રી--મોટી શિવરાત્રી જે માહા વદ તેરસે આવે છે તે--એ વ્રત કીધું પણ ભાગ્યવનાં ફળ કેમ મળે--પિયુ કેમ વ્હેલો આવે?

૧ વિલીન--ચકદાઇ ગયલું. અબ્જ--કમળ.

૧ (આપણા ગુજરાતમાં વસંતમાં વાયુ પૂર્વનો અથવા દક્ષિણનો અથવા અગ્નિકોણનો હોય છે.) ૨ પક્ષી.

૧ (પિયુને ગયાને એક વરસ થવા આવ્યું રે લાંબાં લાંબાં બાર વરસ થયાં હોય એમ મને લાગે છે). સાંબા--એ સાંબ!

"અરરર શું આ તે, આત્મહત્યા ન હોયે?"
"રિબિ રિબિ રિબિ મારે, રોજ વીજોગડો રે;"
"કયમ મરિ નથિ જાતી, લાવિ દે ઝેર મૂને"
"અતિશય પુન સાચે, લાગશે જ્હેનિ તૂને." ૨૨

(ઇંદ્રવજ્રા.)

"નીહારમાં વાયુ મળોથ થંડો, ઝાડોનિ સાથે અથડાઇ મંદો;"
"ફૂલો હિલે થાય સુગંધવાળો, બાળે મને ના વધુ શું સુખાળો." ૩૩
"વ્હાણે ખગો ગાય બહૂ ઉમંગે, આવી રહે પૂલઘટા સુરંગે;"
"કુંજે ફરી ના લઇ પીયુસંગે, સાલે મને ના કયમ સૂળ અંગે?" ૪
"થાકી ગયે તો વળિ બેસિ બાગે, જોયો પુવારો ઉડતો ન આગે;"
"જોયો ન કૂંળો તડકો સુકાચે, જોતી નથી શું પરિતાપ સાચે?" ૫૫
"બેઠો ન દીઠો પિયુ આંગણે જે, થંડું થયેલું ખુબ છંટકાવે;"
"જોતો મને ને મુજ સાથિયાને, સાથી વના શું નથિ ઘેલિ રાને?" ૬૬

(શાલિની.)

"ગુલ્લાલા ગૂલાબ મુચકુંદ જાઈ, પારીજાતે કેવડે વાડિ છાંઈ;"
"જૂઇ ચાંપાં મોગરો ને બકૂલો, બાળે ફૂકી વાસને અબ્જફૂલો." ૭૭

---

૨ (તલવાર વગેરેથી અથવા તાપીકુવો કરેથી અથવા ઝેર વગેરે પીધાથી પોતાનું મોત આણવું તે આત્મહત્યા કેહેવાય છે. આત્મહત્યા એટલે પોતાને હાથે પોતાની-પ્રાણની હત્યા કરવી તે. પેલી કેહેછ કે વિજોગના દુઃખથી આ હું રિબાયાં કરૂંછ તે શું આત્મઘાત નથી? મોટી હત્યા તો એ છે).

૩ નીહાર-પાહાડના ઝરણનાં થંડાં ખુંદ; પાણીના થંડાગાર જેવા લાગતા કણો. (શીત મંદ ને સુગંધયુક્ત એવો વાયુ. શીત શાથી, મંદ શાથી ને સુગંધ યુક્ત શાથી? એનો ખુલાસો એ શ્લોકમાં કર્યો છે). સુખાળો-સુખથી ભરેલો-સુખ આપતો (લોકોને) તે શું મને વધારે નથી બાળતો?

૫ આગે-આગળ (હમારી સાંમે.) કુંળો-કુંમળો (સવાર અથવા સાંજનો કુમળો તડકો-કુમળાં કીરણો બંગલાના કાચ ઉપર પડી ચકચક થાય તે) (એ બધું હું નથી જોતી પણ સાચે-ખરેખરો જે ભિતરમાં પરિતાપ થાય છે-લાહ્ય બળે છે તે પણ શું હું નથી જોતી?)

૬ (સાંજની વખતે આંગણે-ઘરના ઉમરા આગળ જ્હાં છંટકાવ થયલો હોય, જ્હાં મે સાથિયા પુરેલા હોય ત્હાં પિયુ ખુરસી માંડીને બેઠો હોય ને વચમાં વચમાં મને ને મારા કાહારેલા સાથિયાને જોતો હોય એ મઝા તો મે ન લીધી જો?) (રે) સાથીવના હું (જુદાઈના) રાનમાં ઘેલી નથી શું?

૭ અબ્જ કૂલો-કમળનાં કૂલો. (એ બધાં કુલો) પોતાના વાસને કૂકી-સુગંધી આપી (મને બાળે છે). (સજીવારોપણરૂપક)

"ફૂલો શોભેછે કરમ્દીકડાનાં, કેસૂડાનાં સાગસામેરકેરાં;"
"ખૂલે રાતાં આ ખપોર્યાં કરેણાં, ખૂણે મારાં તો રડેછે ધરેણાં." ૮૮
"આશોપાલો મલ્લિકા ઘટ્ટ ખૂલે, આ શો મારો હાલ કે ચર્મ ઝૂલે;"
"કેવી ખ્હેકે ચારુ વેલી લવંગ, કેવી ચ્હીડે દેહ આ રે અપંગ." ૯૯
"આંબાઓળો લ્હેકતી ચારુ શોભે, ઝૂમે ડાળો ગુચ્છમાં લાલ મોરે;"
"ઊંચે સૂરે ગાય કોએલ ડાળે, બાંધી હારો રંગમાં ભૃંગ મ્હાલે. ૧૦૧૦
"હાલે રાતાંચોળ ખાખેરપત્ર, દીપે ફૂળાં ત્હાં તમાલે સુપત્ર;"
"કુંજે ઝાડે ગુચ્છમાં પીમળે તે, ફૂલો જોતાં આંસુડાં ના ખળેરે." ૧૧૧૧

(માલિની-)

"ચુતરસમદમાતો મર્દ કોકીલ પેલો,"
"પળપળ ચુમિ લેતાં સ્ત્રીસું થાકે ન ઘેલો;"
"મધુરસુર મધૂપો જૂથમાં આ ઘુમેછે,"
"કમળગરભ હર્ષે ઠેઠ પેસી ચુમેછે." ૧૨૧૨
"કહુકુહુહુ કરેછે પીક કોએલ ટૂઊ,"
"ગુનુનુનુનુ ભૃંગો ને કપોતો ઘુઘૂઊં;"
"સુરુપ મયુર મેના કીર કલ્લોલ કુંજે,"
"સરવર નદિ તીરે સારસો હંસ રીઝે." ૧૩૧૩

---

૮ ધરેણાં પેહેરતી નથી (પિયુવના કોને દેખડાવું?)

૯ (આશોપાલો એ નામનું મોટું ઝાડ થાય છે–એની ઘટા ઘણી હોય છે). આ મારો હાલ શો થઇ ગયોછ કે મારાં—આ ચામડાં ઝુલી ગયાંછ રે! લવંગની વેલી કેવી ખ્હેકી રહી છે. (અપંગ–એક બે અંગ ગયલાં એવી–આંધળી લુલી બેહેરી વગેરે અથવા જેમ સ્ત્રી, પુરૂષનું અર્દ્ધાગ તેમ પુરૂષ, સ્ત્રીનું અર્દ્ધાગ ને એ રીતે પિયુરૂપી અડધું અંગ મ્હોડમાં નથી એવી હું અપંગ)

૧૦ આંબાઓળો–આંબાઓની હાર. (હારોહાર આવી રહેલા એવા આંબાઓ). ભૃંગ–ભમરાઓ. મ્હાલે–ઘુમે.

૧૧ ખાખેરપત્ર–ખાખરનાં પાનડાં, આંસુડાં ના ખળે–આંસુ પડતાં ન અટકે–આંસુની ધાર ચાલ્યાંજ કરે છે.

૧૨ ચૂત–આંબો. (આંબાના મોરના રસે મદમાતો થયલો એવો નર કોકીલ–કોયલનો નર, સ્ત્રીસું–કોયલને ચુંમી લયાં કરે છે). મધુર સુર મધૂપ–મધુર છે સુર જેના એવા ભમરાઓ–(ઉભંગથી ઠેઠ અંદર પેસીને કમળના ગરભને ચુમેછે–ચુસેછે.)

૧૩ કપોતો–ખબુતર. મયુર–મોર. કીર–પોપટ. સરવર–તળાવ.

"મછ કછ બતકો તે પાણિમાંહે રમેછે,"
"ખુશિથિ હરણુ ઘેટાં ઢોર બાણે ભમેછે;"
"વિધવિધ કલ મીઠા સૂણતાં કાં ન ફાટું?"
"નિરખિ નવલશોભા રે બળી કાં નજાઉં." ૧૪[૧૪]

(ઇંદ્રવજ્રા.)

"ફૂંળાં નવાં પલ્લવયુક્ત ડાળાં, કંપે વળી વૃક્ષ સુપુષ્પવાળાં;"
"વેલી ફુલો મંડપની ઘટાઓ, આણેછ પેલા સુરતીવિચારો!" ૧૫[૧૫]
"તે પર્વતો વાસિત પુષ્પવૃક્ષે, શોભે સુનેરી સુરને પ્રકાશે;"
"હારો ન ટોંચોપર મ્હારિ હાલે, શેનીજ ટોંચો ગઈ બેસિ ભાલે!" ૧૬[૧૬]
"જોડાઇ પક્ષી કરતાં વિહાર, જોતાં ન થાયે દુખ કેમ ધાર?"
"દીસે લડેલાં નરનારિ ભેગાં, થાયે નિશાએ પણ જાઉં કાંહાં!" ૧૭[૧૭]
"દી રંગિ રાત્રી સુખકારિ રમ્ય, ભાનૂ સુંઆળો શશિ શીત સ્વચ્છ;"
"દી જંગિ મારે ચ્હિડતાંજ જાએ, રાતે સુંતાંતો રડવૂંજ આવે." ૧૮[૧૮]
"નાના તરંગો નદિના સરોના, મીઠાં જ થંડાં ઝરણો નગોનાં;"
"નાના તરંગો દમતા ઉઠે છે, ખારો ઘણો સ્વેદ તને ઝરે છે." ૧૯[૧૯]

---

૧૪ બાણ–નદિ દરિયા કાંઠાને લગતું જે વિશાળ મેદાન તે. ફ્લ પક્ષીઓના અવ્યકત શબ્દ–પુરા સ્પષ્ટ નહીં તેવા તોતલા શબ્દો (સુણીને હું મિજાજમાં કેમ ન ફાટી જાઉં? એ મઝામાં મને પિયુ કેમ ન સાંભરે?) નવલ–નવી.

૧૫ (કુમળાં નવાં નાનાં પાનડાંવાળી ડાળીયો હાલે છે તે, વળી શોભીતાં ને સુગંધી આપતાં ફુલનાં ઝાડો હાલે છે તે, વેલીયો, ફુલના માંડવાઓની ઘટાઓ,—એ બધાં, આગળ જે હમે વિલાસો કીધાછ તેના વિચારો સ્મૃતિમાં આણેછ) સુરતી–સુરત–રતિક્રીડા સંબંધી.

૧૬ સુર–સૂરજ. જેવી પર્વતની ટોંચો (શિખરો) તેવી મારી પણ ટોંચો ને એ ઉપર–છાતી ઉપર ફુલના હારો નથી હાલતા જો! રે શેની ટોંચો? (એ પણ બચારી) ભાલે–વિજોગને ભાલે–દુખથી બેસીજ ગઈ છે.

૧૭ (વસંતઋતુમાં કેટલાંક પક્ષીના જોડાં બંધાય છે. નરમાદા થઈને વિહાર કરે છે) (ઓ બેન તું) ધાર–સમજ. (વસંતઋતુનો એવો મહિમા છે કે દિવસે ઘણી ઘણીઆણી એક બીજા સાથે ચડભડેલાં હોય તોપણ રાત્રે માન–રીસ મુકીને ભેગાં થઇ રંગ રમે છે પણ હું કહાં જાઉં.)

૧૮ રમ્ય–રમાડે તેવી ખુશી ઉપજાવે તેવી. ભાનુ–સૂરજ. સુંવાળો–કુમળો લીસો. (સૂરજ સુંવાળો ને શશિ–ચંદ્ર સ્વચ્છ ને ટહાડો); (પણ મ્હારો તો) દી–દિવસ જંગી–તોફાની–લડાઇના જેવો ગભરાટ કરાવતો હોય છે.

૧૯ તરંગ–લેહેરો. (નદિ સરોવરના પાણીમાં થતા તરેહતરેહવાર તરંગો એટલે પવનથી થતી પાણીની સપાટીની આકૃતી. ઘણો પવન હોય તારે મોજાં, છેકજ મંદ હોય તારે લેહેરો પણ એઅને એ બેની વચમાં જે જે રચના થાય

"પાકયાં ઘઉં સેલડિ ૩ અનેક, પાકયૂં ન મારૂં ગયું પાકિ છેક;"
"વસંતપૂજા કરવી જ ભાવે, તોએ ન કાંઈ પિયુ મૂજ આવે." ૨૦૨૦
"હોળી ન ખેલી સહિસ્વામિસંગે, હોળી ન ગાઈ સુરમાં ઉમંગે;"
"હોળી ન મેં ચંતનિ ચોટલી રે, લાવૂં ન કાં ઓ ઘડિ અંતરની રે?" ૨૧૨૧
"હોળી ગઈને પિયુડો ન આવ્યો, હોળીતણા રંગ ન સાથ લાવ્યો;"
"હોળી હુલાઈ પણ આ ન હોળી, સૂઉં ન કાં પી અપ્રુ તેલ ઘોળી?" ૨૨૨૨

(અનુષ્ટુપ્.)

શોધિ મૂક્યું હતૂં છાનૂં, પેટીમાંથિ અરીણ જે;
ઘોળી તે તેલમાં રાખી, સંધી જોતિ હતી અરો ૧

(શાર્દૂલવિક્રીડિત.)

ટાણૂં સાધિ કુટુંજ રામનવમી આઠેક વાગે નિશે,
પ્યાલૂં ઝેરનું તે લઈ ગઇ છુપી શૂરે અગાસી વિષે;
ચાંદાને નમનો કરી સુતિ થઈ લાંખી ચતીપાટ ને,
ઊધાડી મુખ મીચિ આંખ કરથી લેતી હતી પ્યાલું તે. ૨૧
મૂર્છા તર્તજ આવિને ઢળિગયૂં ઘોળે સુવસ્ત્રે વિષ,
આહા તૂં વણ કો કરે પિડિતની સંભાળ તો ઓ પ્રશ;

છે તે બધાંને માટે તરંગ શબ્દ છે) તરંગો છે, ને નગોનાં–પર્વતોનાં થંડા ઝરણો ભીઠાં છે; (પણ મારા મનમાં) તરેહ તરેહવાર તરંગો–તુરંગો–ખુટ્ટાઓ દુઃખ દેતા ઉઠે છે અને ઘણો ખારો અથવા ખારો એવો સ્વેદ–પરસેવો તને–શરીરથી શરીરે–શરીર ઉપર ઘણો ઝરી આવે છે.

૨૦ (વસંતમાં એ સહુ પાકે છે). મારૂં ન પાકયું--સીઝયું (પિયુ ન આવ્યો), મારૂં છેક પાકી ગયું છે (માથું)--હું અકળાઈ ગઈછ. વસંતપૂજન--બ્રાહ્મણો પાસે વેદના મંત્ર ભણાવી ઇશ્વરસ્તવન કરવાની એક રીત છે અથવા વસંતના આનંદ નિમિત્ત જે પૂજન કરાવવી તે. ભાવે–ભાવથી–સાચે મને.

૨૧ હોળી–ગુલાલ અબીલ કેસર કેસુડી વગેરેથી ખેલવું તે (સખીયો સાથે ને સ્વામી સાથે), હોળી—માહા સુદ પાંચેમથી તે ફાગણ વદ ૧ લગી ગાવાનાં અમુક જાતના ગાયનો. હોળી–ધુપેલ ધાલી કાંસકીથી ચંતની–જેની ચિંતા કરયાં કરૂંછ–જેનું હું ચિંતન કરૂંછ તે પિયુની ચોટલી. (ન હોળી).

૨૨ હોળી–હોળીના દાહાડા. હોળી હોલાઇ--હોળીનું તાપણું હોલાયું (પણ) આ હોળી (ભિતરની) ન–નથી હોલાઇ–નથી હોલાતી. અપ્રુ–અરીણ.

૨ રામનવમી–ચૈતર સુદ નોમ. નિશે–રાત્રિયે. શૂરે—જોરસામાં. (સાક્ષીભૂત) ચાંદાને નમન કરી લાંખી થઈ ચતીપાટ સુતી ને (પછી) આંખ મીચી, મુખ ઉધાડું રાખી, કરથી–હાથેવતી ઝેરનું પ્યાલું ઉઠાવીને મ્હોડામાં રેડવા જતી હતી–એટલામાં)—(એ વર્ણન, ચિતરી દેખડાવાય તેવું છે.)

એવામાં પતિ દૂર દેશ ગયલો આવીજ પ્હોંચ્યો વળી,
જાણે આંખથકી પતીજ કરવા સ્ત્રીવ્રત્તપીડાતણી. ૩
ઊધાડ્યાં ઉઠિ દાસિયે ઝટ લઈ મંદીરનાં બારણાં,
કહેવા દોડતિ બાઇને હરખમાં 'લ્યો લ્યો સુઓવારણાં';
દેખાઈ ન પથારિમાં ઉડિ ગયે જીવેજ પાછી વળી,
દાસી ને ધણિ બે જણાં લઇ દિવો શોધેછ સાથે મળી. ૪
પેસંતાજ અગાસિમાં શબરુપે ફીકી પડી નારિ તે,
દાસી ને ધણિ કાળમાં સુમ થઈ ઊભાં રહી જોય રે;
નાથે ધીરજ લાવિને ઉચલિને વ્હાલીસું બેસીકરી,
ખોળામાં લઇ ફેરવ્યો કર બધે પેલી પ્રિયાને વળી. ૫
થોડીવાર પછી બહૂ તજવિજે નારીસું ઊંહો વળી,
શુદ્ધી આવતિ તેમ તેમ નિરખે રૂપાળિ વાંકી વળી;
વીચારે ચિતમાં ઘણૂં પણ નહીં બોલાય તો તેથકી,
પ્રેમીસ્નેહહડ એ સેકથી રસિકડી ઊઠી કળેથી નકી. ૬

(માલિની.)

ટક ટક ટક જોએ બેજણાં પ્રેમઅંધ,
ગદ ગદ ગદ બોલે બેજણાં પ્રેમબંધ;
ઝર ઝર ઝર ચાલે આંસુની ધાર અંગ,
(પણ) કંઇ કંઈ કંઇ ભાસે ગાલ ઊપેર રંગ. ૭

---

૩ (મ્હોડામાં રેડવા જતાંમાં તેને મૂર્છા આવી ગઇ). (આ કંઈ તાલમેલ નથી. કેટલીક નાનુકડીયો એમ બેહોશ થઇ જાય છે ખરી). (પિયુ આવ્યા પછી તેની આગળ પેલી જે પોતાની વાત કહેત તો વેળાએ તે માનત નહીં, પણ આ તે એવી વખત આવી પોંહોંચ્યો કે તેની પતીજ થયા વગર રહીજ નહીં) સ્ત્રીવ્રત પીડા–પોતાની સ્ત્રીનું પતિવ્રત–પણ અને પીડા–વિરહવેદના.

૬ વાંકી વળીને પોતાના પિયુને નિરખતી. પ્રેમી–પિયુની જે સ્નેહ ને એ રૂપી જે સેક–ગરમી તેથી પેલી બેહોશ–થંડી થઇ ગયલી રસિકડી–રસિક સુંદરી, કળેથી–તજવીજથી (આળસ મરડીને) ઉઠી.–નકી–નક્કી–ખરી.

૭ પ્રેમઅંધ–સંકટના ધાસકાથી અને પાછાં પ્રેમથી એવાં તો બાવરાં ને ગાભરાં થઇ ગયાં હતાં કે જોકે એક બીજાની સામે જોતાં હતાં તોપણ તે જોવાથી મનમાં જે જે સામાંની છાપ પડવી જોઇયે તે તે નોતી પડતી.–એટલે મુડદાંની—આંધળાંની—વગેરેની ખુલ્લી આંખ જેવી તેઓની આંખ હતી—અર્થાત્—અંધજ. પ્રેમબંધ—અતિસ પ્રેમથી ગળાં બંધ થઇ ગયલાં એવાં. (એટલું છતાં પણ તેઓના ગાલ ઉપર કંઈ કંઈ રંગ આવતો—ભાસતો હતો ખરો.)

(ઈંદ્રવજ્રા.)

છૂટાં પડીને વળગ્યાંજ પાછાં, અંગે ચુમીઓ લઈનિજ રાચ્યાં;
ઘેલાઈ ઘેલાં કરતાં હતાં તે, જોઈ ગયાં રે ઘરમાં બિજાં તે. ૮૮
રાંધી જમાડયાં વળિ રાંધનારે, સૂએ સુવાડયાં પછિ દાસિયે રે;
બિજે દિથી તો ખુબ રંગ મ્હાલે, આનંદમાં બે જણ કાળ ગાળે ૯

સંયોગવર્ણન.

સંયોગ ટૂંકો વરણું હવે તે, વાંચી સુણીને સુખિ રોહ હેતે;
ડાહ્યાં થઈ જે કરશે વિલાસ, તેને જ સાચી સુકતીનિ આશ. ૧૧
વ્હાણે ઉઠી સાથ ૫રે સુબાગે, જોતાં ફુલો સાંભળતાં ખગોને;
આવી ૫રી તે દુધ ચાહ પીએ, વાંચે લખે ને ઘરકામ જોએ. ૨૨
સ્હાડેદશે તો જમવાનું થાએ, કામે પિયૂડો પછિ રોજ જાએ;
કોટી કરીને ચુમિઓ લઈને, આંખો ધણી ચંચળ મેળવીને. ૩૩
સીવે ભરે ને લખતી હિસાબ, સૂએ બપોરે પછિ થોડિ વાર;
ત્રંણેક વાગે ઉઠિ કેશ હોળે, ધોઈ પછી તે ધસિ મ્હોડું લોહે. ૪૪
૫હેરે ધણી તસ્તસ કાંચળી જ, જે લાલ કાળી લિલિ ને સફેત;
સાડિ જુદી રેશમિ લાંબી ૫હોળી, કાળી પિળી લાલ ગુલાબિ ઘોળી. ૫૫
શોભે સુનાની કર ૫ાટલીઓ, જાંબૂડિયા બેસતિ બંગડીઓ;
કંઠો બિરાજે મણિયુક્ત કંઠે, મોતીતણા હાર રમે સુહેડે. ૬૬

---

૮ ઘેલાં—પેલાં પ્રેમઘેલાં સ્ત્રી પુરુષો. (બીજાં માણસો તેઓની પા સથી ઉઠીને ઘરમાં જતાં રહ્યાં).

૧ વસંતમાં ચૈતર સુદ ૯ સુધી વિજોગ રહ્યો ને પછી સંયોગ થયો. હવે એ બાકીના વસંતમાં જે રંગભોગ કીધા તેનું વર્ણન કરૂં છઊં. શૃંગાર મુખ્ય બે છે:—સંયોગ ને વિયોગ.—તેમાં વિયોગ વર્ણન કર્યું હવે સંયોગ વર્ણન કરૂં છઊં. એમાં ઉઠે ત્યારથી તે સુએ તાંહાં સુધીનું વર્ણન છે. (તેઓ નિત્ય એ પ્રમાણે કરતાં એમ ન લેવું—ઘણું ખરૂં એવીજ રીતે તેઓ વસંતકાળ ગમન કરતાં).

૨ (બાગમાં ફરે;—ફુલોને જોય ને ખગો—પક્ષીયોને સાંભળે).

૩ (જે વેળા પિયુ પોતાને કામે જાય તે વખત તે પોતાની પ્યારીને કોટી કરે, ચુમીઓ લે, ચંચળ આંખોને સામસામી મેળવી—થોડીવાર તેમ રાખી પછી ઉતાવળે પગે ચાલી ગાડીમાં બેસે). ૪ પેલો ગયો કે પેલી સીવવા ભરવાનું કરે, ઘરનો હિસાબ લખવાનો હોય તે લખે ને એમ કરતાં ઊંઘ આવે તો થોડી વાર સુઇ જાય.) ૫ (જે રંગની સાડી હોય તેથી જુદા, પણ મળીને વધારે શોભે તેવા રંગની કાંચળી). ૬ કરપાટલી—હાથને કાંડે પેરવાની સુનાની ચાપચપટી બંગડી અકકેકીજ હોય છે તે. જાંબુડિયા—જાંબુના રંગની. બેસતી—ઢીલી નહીં—ઝુલતી નહીં. કંઠે—ગળે, મણીવાળો કંઠો—હીરાનો હાર.

ઝીણી સુચાંઈ કરિ હીંગળોકે, વસ્ત્રો સુવાસે ભરિ નાખિને તે;
શૃંગાર એવો જુગતે સજીને, જોતાં સુખાપે રસથી ડૂલી રે. ૭૭
આવ્યો ઉમંગે પિયુ એટલામાં, બેસે સુબાગે પછિ સામસામાં;
જાઈ જુઈ ને ખુલતા ગુલાલા, તેની ઘટામાં રમતાંજ કાલાં. ૮૮
પ્હેરે પ્રુલો ને સુંઘતાં પ્રુલો ને, ખાતાં સુમેવો જ લિલો સુકો તે;
દીપે પિઇને પનિયાં સુમારે, ઘેલે મુખે તે હસતાં સુગાલે. ૯૯
વસંત ખીલે બહુ ચાર પાસ, વસંત જમે ખુબ તાનસાથ;
અતીસ જોરે છુટતાં કટાક્ષ, ઉહાડિ ભેંટાડિ જ દે ન લાજ. ૧૦૧૦
નીશા પડેથી પછિ તે ઉઠેછે, ધીમે ધિમે ચાંદનિમાં ફરેછે;
સાતેક વાગે ઘરમાં જઈને, વસ્ત્રો ઉતારિ જમવા જ બેસે. ૧૧૧૧
ગાએ પછી બે લઈ તાન રાગ, વાંચે કવીતા રસની સુહાગ;
એ રીતથી તે રહિ ખૂબ રંગે, ઊંઠે પછી તો ઝટ તે ઉમંગે. ૧૨૧૨
ધોળાં ઝિણાં વસ્ત્ર જ પ્હેરિ બંને, જાએ સુવાને ઉલટે પલંગે;
જાએ છુટી બંધન સેજ જોતાં, જાએ છુટી બંધન સેજ જોતાં. ૧૩૧૩

---

૭ સુવાસ—સુગંધિવાળા પદાર્થો. અત્તર, ગુલાબજળ વગેરે. જુગતે--ખોચ નહીં—આછા પણ ખુબ શોભે તેવી રીતે. (સણગાર કરીને પછી સુખાપે--રૂડા આરસામાં પોતાનું મ્હોડું જોય છે તો તે જોતાં ઘણી સારી દેખાઊંછ એવા મનોભાવના આનંદથી ફુલીછ એવું તેને લાગ્યું).

૮ બાગમાં જઇ જુઇ ને ગુલ્લાલાની ઘટામાં તેઓ બેઠાંછ.

૯ (એવામાં માળીયે પ્રુલો આણ્યાં, જેમાંના કેટલાંક તેઓએ હારગજરાંરૂપે અંગે ધારણ કીધાં છે ને કેટલાંકને તેઓ હાથમાં રાખી સુંઘે છે; એટલામાં ચાકરે આવીને પનિયાં—થોડો કેફ હોય એવો પાતળો પ્રવાહી—ભાંત, કસુંબો, દારૂ વગેરે--આપે છે તે પીઇને ઉપરથી લીલો ને સુકો મેવો ખાય છે ને પછી ઘેલે મ્હોડે ગુલાબી ગાલોમાં હસે છે) (એ વર્ણન, ચિતરી દેખડાવાય તેવું છે).

૧૦ વસંત--ઝાડપાન ને પક્ષીયોઓની શોભા. વસંત--વસંતરાગ (થોડેક દૂર ગવૈયા બેઠેલા તેના મ્હોડાંનો). કટાક્ષ નેનની ચંચળ અદાઓ (તીરની પેઠે) છુટી રહી છે.—(જેથી તેઓ વચમાં વચમાં પોતાને આસનેથી ઉઠતાં જાય છે ને એક બિજાને ભેટતાં જાય છે--શ્રીમંત અને વળી ધણિ ધણિયાણી એટલે પછી લાજ હોયજ શાની(!)

૧૧ (પછી નીશા--રાત પડવા આવી કે બાગમાંથી ઉઠે છે ને ચંદનીમાં ચાલતાં ચાલતાં ઘેર આવીને વાળુ કરવા બેસે છે).

૧૨ (જમ્યા પછી આઠ નવ વાગે) સંયોગ શૃંગાર ને હાસ્ય રસની કવિતાઓ વાંચેછ, સાથે સુર મેળવીને ગાયછ વગેરે વગેરે. સુહાગ–કુમળા કુમળા શબ્દો હોય તેવી.

૧૩ ઉલટે–ઉમંગથી. બંધન—પ્હેરેલાં લુગડાંની ગાંઠો, સટકિયાં વગેરે. સેજ--શય્યા પાથરણું. બંધન ધાતુનું બંધન (બંધન છુટવું ખલિત થઇ જવું). સેજ સેહેજ જોતાં જોતાંમાં (ઘણીવારનાં ગભરાએલાં તેથી ઝટ દ્રવ્યાં).

આળોટતાં તે વળગીજ સૂઈ, પ્યારા અને પ્યારિ વદે તુરૂં ઈ;
પાછાં ઉઠીને ખુબ ચાંપિને તે, ઊંચે દમે કોટિ કરેછ હેતે. ૧૪૧૪
બાહ્યોપચારો કરિ લેઈ પ્હેલાં, સંગ્રામ માંડે પછિ મોટ ઘેલાં;
નાનાપ્રકારે રમતાં રસીલાં, અંતે પછી ખૂબ જણાય ઢીલાં. ૧૫૧૫
આંખો મિચાએ બહુ લ્હેર આવે, મ્હોડૂં હસંતૂં રહિ ઘેલું જાએ;
વાંસો અને મૂખડું ખૂબ ફાટે, છૂટ્યા નિમાળા વિટલાય ગાલે. ૧૬૧૬
ચૂમી કરીને પછિ હાથ નાખી, ઊંઘે પછી બેહુ નિરાંત રાખી;
પ્રીતીજ આનંદ સુખાળ શીત, એવો બિજો તો અહિંયાં નથીજ. ૧૭૧૭

(અનુષ્ટુપ્.)

એ પ્રમાણે સુખી જોડૂં, આનંદો ઉરમાં ભરે,
ઋતઋતતણા રંગી, કામકલ્લોલને[1] તરે. ૧
દંપતી[2] સાંબકેરી તે, પૂજા નિત્ય કરે ઘણી,
માને પાડ વળી ઝાઝા, ગાઈને સ્તુતિ તેતણી. ૨

*સાંબસ્તુતિ.

(ગીતિ.)

આહા આ શી લીલા, લાહી લાલા લખી સમજ લાખો;
ચાતુરિ ડહાપણ શક્તી,અનંત એવો પ્રપંચછે આખો. ૧૧

---

૧૪ પ્યારમાં એવાં ગદ્‌ગદિત કે સ્પષ્ટ શબ્દ પણ બોલતાં નથી. એ ને ઓ એ સંબોધનને બદલે ઈ બોલતાં. તુરૂં પ્યારો ને પ્યારી સ્પષ્ટ નહીં પણ અડધા અડધા બોલરૂપે. ઉંચે દમે કોટિ કરવી અને ઉંચે દમે સુરત કરવું એ ઉત્તમ નાયકનો વિલાસ છે (કામશાસ્ત્રમાં). ૧૫ બાહ્યોપચાર—આલિંગન, ચુંબન વગેરે. સંગ્રામ--રતિયુદ્ધ. ૧૬ (એમાં સુરતાંતનું--સંભોગ કરી રહ્યાપછીનુ. વર્ણનછે). ૧૭ પ્રીતીજ--પ્રીતીથી ઉત્પન્ન થયલો (આનંદ). સુખાળ--સુખથી ભરેલો--સુખ આપતો. શીત--ઠંડો મીઠો. અહિંયાં આ દુનિયામાં.

૧ કામકલ્લોલ એટલે કામ--રતિવિલાસરૂપી સમુદ્રના ઘોડાઓ--મોજાંઓ.

૨ સ્ત્રી પુરૂષ (બે) ; વહુવર; પ્યારી પ્યારો.

* એમાં એવું કલ્પ્યું છે કે આ પૃથ્વિ, રંગભૂમિ છે; પાતાળ, રંગભૂમીની અંદરનું ભાંયરૂં છે કે જેમાંથી પણ કોઇ વેશ આવે ; આકાશ, એ રંગભૂમીની ઉપરની છાજ અથવા ઉપરનો ચંદરવો છે. ઋતઋતના જે ફેરફારો છે તે રંગભૂમીપર દેખાડવાના પડદાપરનાં ચિત્રો છે જેને અંગ્રેજમાં 'સીન્સ' કેહે છે તે. એ રંગભૂમી ઉપર ઈશ્વર, નટ છે--સોંગ આણનારો--વેશ ભજવનારો છે.--એણે જુદા જુદા વેશો ભજવીને જોનારાઓના ઉપર--માણસ જાત ઉપર જે અસર કરીછે તે અસરનાં ચિન્હો અહીં વર્ણ્યાં છે. પ્રત્યેક રસના અનુભાવોનુ વર્ણન છે.)

૧ (જેમ કોઈ ગૃહસ્થ નાતમાં લ્હાણું કરેછે ને લ્હાણાંની વસ્તુ ઉપર

ઋત ઋત બદલાબદલી, બાહ્યાંતરમાં રહી રસે ખૂલી;
ગુણ ગંભીરા રસિયા, ગાતાં જઇયે બની બગો ભૂલી. ૨[૨]
રે ઓ નટવર રંગી, મંડપરચના સુરંગિ આ તે શી?
નવરસ મ્હસ દરસાવે, ભાવે શિક્ષા મળેછ જેમાંથી. ૩[૩]
પાતાળે સહુ શોભે, ધાતૂઓના થરો ઘણે રૂપે;
યૂગાંતરનાં પ્રાણી, ઉદ્‌ભિજ સંધાં બનેલ પથ્થર તે. ૪[૪]
પૃથ્વીપર સહુ શોભે, ઝાડ જનાવર ઘણાંક માણસ જ;
નદિ નાળાં સર સિંધૂ, પર્વત ખિંડો વિશાળ મેદાન. ૫
આકાશે સહુ શોભે, સૂરજ તારા ગ્રહો ઉપગ્રહને;
કેતૂપ્રકાશ ન્યારા, વાયુ હવા ને બગો બહુ બહુ તે. ૬
અતિશય તાપે બાફે, ધામે થાકે નુરે ફિકાસે ને;
ઝાડે પુલ ફળ ઝૂમે, **ગ્રીષ્મ**ઋતૂ તે રસેથિ આવે રે. ૭
વિજ ગર્જન તોફાનો, પાણીપાણી બધી જગામાં ને;
લિલોતરિ જિવજંતો, મૃતક સજીવન કરેછ **વર્ષા** તે. ૮
સ્વચ્છાકાશ શશી ને, ધાન્યો પાકેલ ખેતરે જોય;
જળથળ નિર્મળસધળાં, જનતન મનધન **શરદ્‌**વિષેસ્હોય. ૯[૯]
કંઇ કંઇ વધતી ટહાડે, ધાન્ય કપાએ નિરોગિ રંગેજ;
પીપળપાન ખરેથી, ઓસ પડેથી જણાય **હેમંત**. ૧૦
અતિશય ટહાડે વાએ, ઠુંઠવાતે છે તને તરૂ પ્રાણી;
દી ટૂંકા નિશ લાંબી, ખાવે પીવે મઝો **શિશર** જાણી. ૧૧

પોતાનું નામ લખેછે તે પ્રમાણે ઓ રસિક) લાલા તેં લાખ્યો લીલા, **માંહ્ય** સમજ લખીને લાહીછે--બધે વેહેંચી છે. (જેની ખુબીયોની સમજ ઉપરથી તું ઓળખાઈ આવેછે). અનંત--પારવનાનો--ખુબીનો પાર ન આવે તેવો **પ્રપંચ**-સંસાર છે.

૨ જેવો બાહાર ફેરફાર થાય છે તેવો આપણી અંદર પણ થાય છે. (ઘડીમાં શૂરવીરના જેરસામાં, ઘડીમાં પ્યારના જેરસામાં, ઘડીમાં દલગીરીમાં, ઘડીમાં ગુરસામાં વગેરે એ પ્રમાણે હોય છે. ખુલી—શોભી રહી. રસિયો—**રસ** ઉપજાવનારો. બગો—બગલા (તટસ્થ—હાલતા ચાલતા બંધ આશ્ચર્યથી)

૩ નટવર—નાટક નૃત્ય કરનારાઓમાં જે સહુથી શ્રેષ્ટ તે. ભાવે—**રસ** પ્રકરણના અનુભાવે અથવા આરથાથી—દિલની ચાહેનાથી. ૪ યુગયુગનાં.

૯ (જનનાં તન નિરોગી બની દીપેછે, જનનાં મન, સારી હવાથી લખવાને અને વિચારવાને પ્રવૃત્ત થાયછે અને જનનાં ધન પણ શોભેછે—**ધનતેરસ** જે આસોમાં આવેછે તે દિવસે ધન પોવાય છે; વળી એ ઋતુમાં ટાણાં ઘણાં આવેછે તેથી લોક ઘરેણાં ગાંઠાં પેહેરીને બાહાર નિકળેછે).

શીતળ સુગંધ વાયૂ, કલોલિ પંખી લતા નવલ ફૂલો;
રાગ વસંત હિંડોળો, સહુએ આણે વસંત ઋતુ ફૂલો ૧૨[૧૨]
પ્રીતિતણા તે ઉભરા, મુખહાસ્યે ચપળ ચક્ષુ ચળકાટે;
હર્ષપુલેલે હૈડે, સ્નેહુ જણાતે તને તુજ ભાખે. ૧૩[૧૩]
હાસ્યતણા તે ઉભરા, દાંતો કહાડે કંઈ સજળ આંખે;
ડૂંટિઉમળકે દુખતૂં, પેટ ડબાયે જણાય છે ગાલે. ૧૪
શોકતણા તે ઉભરા, આંસૂ લાળે લિંટે બહૂ નિસરે;
કમ્પ ભરેલે કંઠે, કુકણુકણુાએ ઉભે નિમાળે રે. ૧૫
ક્રોધતણા તે ઉભરા, ડોળા કહાડે પિસે ઘણા દાંત;
ઊંચે જાડે શબ્દે, કપાળ ખેંચે ઉભા કરે હાથ. ૧૬
ઉત્સાહતણા ઉભરા, ઉંચકાએલે તને શુરે મોટે;
ધીરી સાવધ નજરે, ને ભારેખમ મુખે ખુલે હોઠે. ૧૭
ભયકેરા તે ઉભરા, ધ્રૂજતી દેહુ મિચાતિ આંખે ને;
ધબધબ છાતિ થયેથી, હુસકાં ખાતાં ફુલેજ પાગે રે. ૧૮
કંટાળાના ઉભરા, કરચલિવાળે મુખે છિછી બોલે;
આંખ મિચાએ ધ્રૂજે, પાછે હઠતે શરીરથી જોરે. ૧૯
આશ્ચર્યતણા ઉભરા, ડોંકૂં હાલે ઉતાવળે શબ્દે;
ઊંચી ફરતી આંખે, પછી થયેથી તટસ્થ પડિ ધીમે. ૨૦
રામથી સમતા ઉભરા, ગરદન નાખે નિરાંતમાં સ્કંધે;
નીચી નજરે જોએ, સંકોચાતે તને ભિતર થંડે. ૨૧[૨૧]
એ પરમાણે નિત્યે, તૂં ને તારી જુદી જુદી શકતી;
રપ અનેક ધરીને, નાચે ગાએ કરાવવાસક્તી ૨૨[૨૨]

---

૧૨ (વસંતમાં વસંતરાગનો ને હિંડોળરાગનો મહિમા વધારેછે.) ફૂલો—ખુશ મિજાજ ફાંકડો સખી દીલનો છેલ અથવા પરણવા જતી વખત સણગરાઇને ઘોડે ચહુડેલો જે વરરાજા તે.

૧૩ (એ શ્લોકથી માંડીને તે ૨૧ મો શ્લોક પૂરો થાયછે ત્હાંસુધી પ્રીતિ, હાસ્ય, શોક વગેરે જે શબ્દો છે તે નવ સ્થાયીભાવ છે.)

૨૧ સમતા—સમીજતા—જતા રેહેતા. સ્કંધ—ખભો.

૨૨ કરાવવાસક્તી એટલે આસક્તિ પ્રીતિ (તારા ઉપર) કરાવવાસારૂ.

માણસઅર્થે સંધૂ, સર્વ પ્રસંગે સુનીતિયે ચાલે;
સુખદુખ સમાન માની, જ્ઞાનથયે તે સુમુકિતયે મ્હાલે. ૨૩
જારે તારી ઇચ્છા, આવી સંધે જણાય છે **યાર**;
કાં ના ભક્તી કરિયે, જોઈ રંગો શરીરમાં બ્હાર. ૨૪[૨૪]
જય જય જય **જગજીવન**, તારૂં નામ જ સદા ટુકું સાચે;
જુગલ સ્વરૂપ **સાંબા**, શુભ દર્શનથી જિવો જરૂર રાચે. ૨૫[૨૫]

નીતિ.

(દોહરા.)

સિંહણ ભુખથી જો મરે, તોય ઘાસ નવ ખાય;
પતિવ્રતા મદને[૧] મરે, પરપાસે નવ જાય. ૧
મેઘ વીજ વાયૂથકી, ડોલે નહિં ગિરિરાય;
આધિવ્યાધિઉપાધિથી[૨], વ્રતાળિ[૩] ચળિત[૪] ન થાય. ૨
(૧-૧)

લઘુઋતુવર્ણન.

(લાવણી.)

કેવું નિર્મળ રે આકાશ, રૂપેરી ભાસ, મંન નીરાસે;
થઇ હાય ગઈ તે હાસ, કેમ રહેવાસે! ટેક.
આ ઉભાં ખેત ચોપાસ, નરસ મુજ રાસ[૧], જોબનૂં જોસે;
આ ઉડી ગયો પ્રુલવાસ[૨], આશ[૩] નહિં પાસે. ૧

---

૨૪ યાર દોસ્ત; સાચા સ્નેહી!
૨૫ જગજીવન—જગતનુંજીવન; ઈશ્વર. જીવો પ્રાણીયો.
૧ મદને—મદનથી; કામની પિડાથી; કામદેવના કોપથી.
૨ આધિ—મનનું દુઃખ,—વ્યાધિ તનનું દુઃખ, ઉપાધિ—સંસારસંબંધી જે બાહારની ખટપટ તે. ૩ વ્રતવાળી—પતિવ્રતા.
૪ વિચારમાં ફરતી; ધચુપચ્યુ.
૧ રાશી, ગ્રહ, નસીબ. ૨ હુંરૂપી જે પ્રુલ તેનો વાસ.
૩ જેથી મને સુખ થવાનું તે વસ્તુ પિયુ અથવા બાળક.

જયમ હસાય ત્યમરે હાસ[૪], મને તું ખાસ, રિસાયો ભાસે;
રે વણમોલી[૫] જે દાસ, મારા પણ ખાસે. ૨

(ઝુલ.)

શાં સ્વચ્છ શોભતાં નીર!
રડે ઝાંખું નેનનૂં હીર[૬]!

આ તીર કાળજૂંકોર, કરાવે સ્હોર, પ્રેમને પાશે. થઇ૦કે૦ ૧
વહિન્નય શિઆળો આમ, ઘણૂં છે કામ, પિડાઊં કામે;
પિયુ પડયો દૂર પરગામ, રંગ શો જામે! ૧
જિવ જપે ભાવથી નામ, સુનૂં આ ધામ, સિદ્ધિ[૭] ના પામે;
રહું ઉદાસ આઠે જામ, જોઈ છબિ સાંમે. ૨

(ઝુલ.)

છબિ જોઉં નાજ ચૂમાય[૮],
દિલ કંપથકી[૯] મૂઝાય,

સહુઝાડ[૧૦]પઠે મેં બ્હાર, ગુમાવ્યો યાર, ઝંપ નહિ નામે. થ૦કે૦૨
ઘણી ટહાડવાય છે બ્હેન[૧૧], મને નહિ ચ્હેન, ખાલિ આ પ્યાલૂં;
લહું ખાવું પીવું સહુ ખેન, અરે કયમ ફાલૂં. ૧
મને ઘણી વાતનૂં કોડ, સરખિ છે જોડ, જીવવૂં ઠાલૂં;
રે શેમાં હૂં વણ સ્હોડ[૧૨] સ્હોડવણ ઘાલૂં? ૨

---

૪ તુ મારાથી આઘો જાય છ—રેહેછે, પણ મારો તો તું ખાસ છે; તારા જેવું મને કોઈ વાહાલું નથી; તું મને રિસાયલો દેખાય છે (એવા પેલીનાં મનમાં ઘુટા ઉઠેછે.)

૫ પૈસા લઇને પ્યાર બાંધ્યોછ એવું કંઇ નથી.

૬ તેજ (આંખનું તેજ રડી રડીને ઝાંખુ થયુંછ.)

૭ જપ ફળવો જોઇએ તે ફળતો નથી–તું ઝટ આવતો નથી.

૮ વિચારમાં તારી છબી જોઊંછ પણ તેને ખરેખરી બચ્ચી કરીશકતી નથી.

૯ શિયાળામાં પવન ઘણો ફુંકે છે તેથી ઝાડ જનાવર ધ્રુજયાં કરે છે તેમ મારૂં દીલ ધ્રુજે છે; મને કણકણા આવી કંપારી છુટે છે. ૧૦ શિયાળામાં ઝાડે પાતરાં નથી હોતાં. ૧૧ સખી. ૧૨ પાસું; બાજુ; (પણ કવિતામાં આધારને બદલે આધેય મુકાય છે માટે સ્હોડ ઉપર ઓઢવાનું ઊંઢાળું ઉનનુ. કપડું, ગોદડું વગેરે; પણ એ ઠેકાણે સ્હોડે સુનારો પિયુ; સ્હોડ ઉપર લેવાનુ. પિયુરૂપ ગોદડું. પણ એવાં ઉનનાં કપડાં ગોદડામાં પાછું પાતળું લીસું ધોયલુ. કપડું–સ્હોડવણ–સ્હોરણ ઘાલવામાં આવે છે તેમ એ ઠેકાણે સ્હોડવણ એટલે પ્રેમવિલાસ. એ પ્રેમવિલાસ પિયુવના બીજા કોનામાં ઘાલું–કોની સાથે કરૂં?

(ઝુલ.)

દી ટુંકા[૧૩] લાગતા મોટ,
મને છટ સાતમની ઓટ[૧૪],
કહાં પુનેમથી તે વીળ[૧૫], નર્મદા[૧૬] દીલ, થયૂંછે આળું[૧૭] ય૦કે૦ ૩

શો પ્રચંડ[૧] તપતો સૂર, ધગધગે ઊર, બળી બળી થાઉં;
રે કાળું પડી ગયું નૂર, પિયૂ કહાં પાઉં[૨]. ટેક.
આ ઉંનાળો તો કાળ[૩], વરસિ રહિ ઝાળ, તપી ગયું લ્હોઇ;
આ મરવાજેવી ભાળ, થતી નથિ મોઈ[૪]. ૧
ચુડિ કેરિ[૫] તણો આ ફાલ, પાસ નહિ લાલ, બની ગઇ કહોઈ[૬]
રે કરે[૭] કૂદું હું ભાળ[૮], રહ્યું છૂં રોઈ. ૨

(ઝુલ.)

વડ પીપળ લીલા જોઈ,
જન રહે રંગમાં મ્હોઇ,
શા ઋતૂતણા વીલાસ, પીયૂ નહિ પાસ, મુઝાઈ જાઉં. રે કાળું૦ ૧
ખુબ બન્યો નદીતટ[૯]બાગ, નામ નહિ આગ, ફળ્યો[૧૦] ને ફૂલ્યો
પણ ફાવે નહિ કંઇ લાગ[૧૧], જીવડો ભૂલ્યો. ૧
રે દિપક [૧૨]ગ્રાષ્મનો રાગ, તોય આ જાગ, મલ્હારજ ધૂમ્યો;
પણ મને નહીં અનુરાગ[૧૩], વધૂ જીવ ધૂમ્યો[૧૪]. ૧

---

૧૩ શિયાળાના દાહાડા ટુંકા હોયછે, પણ દલગીરીમાં બેસી રહ્યાથી મોટા લાગેછે. ૧૪ છટ સાતેમે દરિયામાં ઓટ ઘણી હોયછે તેવી મને સુખની ઓટ છે.
૧૫ ભરતી (પુનેમ અમાસના જુંવાળ મોટા હોયછે) ભોગવેલું સુખ.
૧૬ સુખ આપનારીનું દીલ. ૧૭ જરા જરા વારમાં અને જરા જરા વાતમાં લાગી જાય—દુઃખ થાય તેવું. ૧ આકરો. ૨ મળે; જોઉં. ૩ મોત.
૪ મુએલી થતી નથી—મરતી નથી. ૫ ઉનાળામાં આંબે કેરી આવેછે (કેરી-સ્તન). ૬ કેરી કહોઇ ગઈ (ઠંડારા પવનથી જુદ્દાઇથી) અથવા હું ચિહુડિયણ થઇ ગઇછું; કોઈ સાથે બોલતી ચાલતી નથી. ૭ હાથે. ૮ કપાળ.
૯ કિનારો. ૧૦ બાગ ફળ્યો ને ફુલ્યો—બાગ ફળ ફુલે ભરેલો.
૧૧ બાગમાં મઝા મરાતી નથી (પિયુવનાં એકલાં). ૧૨ મુખ્ય ૭ રાગ તેમાંના એકેકને એકેકો ઋતુ વિશેષે અનુકુળ કહ્યોછે.—ગ્રીષ્મઋતુ છે પણ આ બાગમાં મલ્હારજ ધુમ્યો છે—ચોમાસાની ઠંડક છે. ૧૩ પ્રીતિ. ૧૪ ધુમાયોછે—મલ્હારની અસર નથી પણ દીપકનીજ છે—બળી બળી થાઉંછ.

(ઝુલ.)

બળ્યા ગ્રીષ્મતણા ઉપભોગ,
બહુ વધારિ દે મુજ રોગ,
રે પીયૂવના કઈ થંડ, સૂખનૂં કંદ, ગ્રહેવા[૧૫]ધાઊં. રે કાળું પડી. ૨
ખિલી ચૈત્રચાંદની ખૂબ, રહૂં શૂં ચૂપ, એકલી આંહીં;
રે મારે મન છે ધૂપ, શીળૂં નહિ કાંહીં. ૧
મુજ તંનભુવનના ભૂપ, છેલ રસકૂપ, ગયો શૂં વાહી ? (મને)
રે આવી જો મુજરૂપ[૧૬], નથી તેં ચાહી ?

(ઝુલ.)

જયમ ચહે ચકોરૂં ચંદ,
જયમ ચાતક સ્વાતીયુંદ[૧૭],
છું દુખી નર્મદા[૧૮]નાર, આવ દિલદાર, તુનેજ હું ગાઊં. રે કા. ૩

શી છાયી ઘટા ઘનઘોર, વૃક્ષનો દોર[૧], લીલોછમ ડોલે;—
કોયલ મોર કરે શો શ્હોર, બપૈયો બોલે ! ટેક.
પણ કહાં પિયૂડો આજ, કરૂં શૂં સાજ, એકલી હૂંતો;
બળ્યાં ખાનપાન સહુ કાજ, હશે કહાં સૂતો ? !
અરે પ્રાણતણા આધાર, કહાં તું આ વાર[૨], ખૂંચેછે ખૂંટો[૩];
થઈ પૂરી થંડી હું ગાર, ગમે ત્યમ ચૂંટો[૪].

(ઝુલ.)

બહુ ધુજે[૫] પંખિયો ખૂબ,
પણ રહે શ્હોડમાં ચૂપ,
અરે પંખિ[૬] પાંખમાંહોઉં, પછી શી શ્હોઊં, રંગ સહુ ખૂલે. કોયલ.૧

---

૧૫ લેવાને દોડું. ૧૬ વિલેગના દુઃખે બગડી ગયલું રૂપ—અરે તેં મને આગળ કેવી ચાહી હતી ને હમણાં શું તું નથી ચાહતો ? ૧૭ સ્વાતીનક્ષત્રના વરસાદનું ટીપું. ૧૮ (તેમ) સુખ આપનારી છતે દુઃખી છઊં.

૧ ભભકો (ઝાડનો લીલો ભભકો ડોલેછે) ૨ આ વખત. ૩ વિલેગરૂપી. ૪ (જેમ જેની નજરમાં આવે તેમ મને ટુંપી ખાઓ.) ૫ ચોમાસામાં પક્ષીયોને દુખછે પણ નર માદા એકમેકની પાંખમાં ભરાઈ રેહેછે. ૬ ઓ મારા પંખી–

શો બ્હેકી રહ્યો આ બાગ,[૭] મારે મન આગ, ધુમાડે ઝાંખી;
રે કહારે આવશે લાગ, કરૂં પિયુઝાંખી[૮].
અરે માળિ કેમ રહે દૂર, આવ્યુંછે પૂર,[૯] કેમ રહું સાંખી;
પડિ રહૂં બ્હડયૂં જવ[૧૦] શૂર, તેલમાં માંખી.

(ઝુલ.)

જયમ હસાય હસ ગૂલાબ[૧૧],
રસ વધૂ કેતકી આપ,
પુલસેજવિષે ના રમૂં, રસે ના જમૂં, ભોગરો ઝૂલે. કોયલ શી૦ ૨.
જો ગગડાટો આ થાય, વિજે ચમકાય, કોને હૂં ભેટૂં;
બહુ ધસે પડી જાઉંહાય, ધણૂં છે છેટૂં.
રે હરણ નાચતૂં જોહ, થયૂં છે તેહ, ગરિબડૂં ધેટૂં.
જયમ માંહુ જીવતૂં રેહ, ચાર વણ ભેટૂં[૧૨]

(ઝુલ.)

શૂં પડે પાણિ તિર ધાર!
વા છરા લાગતા યાર!
મુઇ મુઈ કરૂં પોકાર, ચકવિ આ પાર, પિયૂડો ઓલે[૧૩] કો૦ ૩.
પિયુ થતૂં હશે નહિં તને, થાય જયમ મને, રસિકડો ખ્યારો;
નહિં હોય કોઇ તુજ કને, સાથિડો સારો!
ભુંડિ[૧૪] ઝટ મૂકી દે શોક, હસે સહુ લોક, ભુંડો છે મારો[૧૫];
કહું દર્દિ કહાડશે કોક[૧૬], વાંક નહિં ત્હારો

પિયુ. ૭ બાહારનો અને તન જોબનનો. ૮ દરશન; જોવું તે. ૯ નદીનું પૂર; આંસુની રેલ. ૧૦ જરે. (મળવાનું શૂર ચઢયુ છ તારે હું. તેલમાં માખી પડી હોય તેવી થઇ આ રહું છ. ૧૧ ગુલાબકુલનો ને કેતકીનો બ્હાર ચોમાસામાં ખુબ હોયછે. (ઓ ગુલાબ, ઓ કેતકી) ૧૨ મંદવાડથી ભેડેલ થયલું. 'ફરે તે ચરે ને ભેહું ભૂખે મરે.' (હરણરૂપ હું). ૧૩ પેલે પાર ચકવો. 'ચાકર ચકવા ચતુર નર, નિત પત રહત ઉદાસ.' ૧૪ (સંબોધન) પોતે પોતાનેજ સીખામણ દેછે. ૧૫ મેહેણાં; નિંદા. ૧૬ (કોઇ તારા જેવો દર્દી હશે તે તારો વાંક બ્હીં કહાડે એમ પોતાનેજ કેહેછે.)

(ઝુલ.)

જોજો સૃષ્ટીના બંગ[૧૭],
વર્ષા પછિ વસંત રંગ,
રતવ પ્રભૂ નર્મદા હાલ, મળી સુખ કાલ, હોલિ[૧૮] હોલો લે. કો૦ ૪.

(લાવણી—બિજો ઢાળ.)

પડી રહ્યો પરદેશ કેમ તૂં પ્રાણજીવન પ્યારા,
દયા આણિ ઉર[૧] આવ અહીં છે હાલ બુરા મારા !–ટેક.

આ શીયાળો ઊંફવના તુજ કહેડાય કયમકાઘો,
વિજોગડે આ નવલ[૨] જોબનનો હર્ખ હરીલીધો;
વિરહ[૩]અગ્નિયે જહરઅગ્નિને ખુબ ડાખી દીધો,
તન મન બગડે મરી જઈશ કહિ[૪] રસ મેં ના પીધો!

(ઝુલ.)

સહુ ઝુમી રહ્યાં ખેતરો[૫] ધાન્યભર ભારી,
ધણિ ટહાડ વાય થરથરૂં સેજ સુનકારી,
બહુ ખાનપાન ઉપભોગ કરે નર નારી,
વળી વસ્ત્ર ઊંફાંળા ઊંચ સજે સુખકારી,
આ[૬] હિમે બળે જોબંન રાત દિન વિચારમાં તારા–દયા૦પડી૦ ૧

હુનાળે કયમ લાલવિના[૭] રહે લલનાની[૮] લાલી,
વિરહઅગ્નિ આ નાજુકડો બહુ છોડ દિએ બાળી;
સહૂ સહિઅરો ઝાડપઠે ખુબ જોબનમાં ફાલી,
હિણા કરમની વાલિ વંગરની ચ્હીડાઉં ખાલી;

---

૧૭ રચના. ૧૮ હું હોલી ને મારો પિયુ હોલો. હોલી હોલો (નર માદા પક્ષી.)

૧ દિલમાં. ૨ નવાં. ૩ જુદાઈના આતશે, ખોરાક પચવનારા આતશને ડાબી નાખ્યો—મને છેક નબળી કરી નાખી છે. ૪ રસ મેં ના પીધો એવું કેહેતી મરી જઈશ. ૫ ખેતરો ઝુમી રહ્યાં, પણ મારૂં તનખેતર નહીં એમ સમજવું. ૬ જુદાઇના હીમથી (ધણીની પઠે). ૭ પ્યારો. ૮ પ્યારી.

(ઝુલ.)

ઋત વસંતકેરો ખ્હાર ખિલ્યો ચોપાસે,
ફુલ નવાં નવાં રંગીન દિસે ભરઆશે[૯],
સુખદેતિ ચાંદની મને કેવારે થાશે,
શું લ્હેર પ્રમાણે ખરે જોબનિયું જાશે,
આ બળ્યું જીવવું સજન સજન ઊમંગ સહુ હાસ્યા-દયા૦૨.

ચોમાસાંમાં ઝાડજંતુની તેજીને ચ્હાઊ[૧૦],
પણ પ્રીતમપય [૧૧]પિધાવિના કયમ તરસી સોહાઊં,
લાલવિના કયમ એકલડી હું બાગોમાં જાઊં,
ઝાડવગરની વેલ જીવું કયમ ઉશીઆળી થાઊં;

(ઝુલ.)

આ લીલાંછમ શાં ઝાડ બુંદે નીગળતાં[૧૨],
વળી રમે વાયુથી સર્વ કેવાં તે ઢળતાં;
નભ[૧૩] દિસે કેવું જુક્તિએ રંગ બહુ મળતાં,
સજી નારી નીરખી કેમ મરૂં નહીં ઢળતાં;
હવેઝટ આવ નર્મદ રસિકનર અંમૃતપાનારા-દયા.૫ડી.દયા.૩.

(૧-૨)

પ્રેમનીશા.

(ગરબી.)

પ્રેમનીશા મા કરશો કદારે, કહુછૂં સાચૂં.
વલખાં મારીને મરશો મા યાર, તનડે તાવ ધીકે હો–કહુંછૂં૦ટેક.
ઉનું ઉનું આ થઇ જાયછે રે, કહુંછૂં સાચૂં.
ઊંચો નીચો ના ઠરતો તે તાર[૧],તનડે તાવ ધીકે હો. કહુંછૂં૦ ૧.

---

૯ આશાભેર. ૧૦ જેવાં ઝાડ જંતુ તેજદાર થાયછે તેવી થવાને હું ઈછુછું.
૧૧ પિયુના મિલાપરૂપી પાણી. ૧૨ વરસાદના ઝાપ થી ઝાડના પાંદડા-પરથી મોટાં મોટાં ટીપાં નીચે પડેછે. જેવાં ઝાડો પાણીથી નિગળતાં થાયછે તેવી હું રસે નિગળતી ન થઇ એવી વ્યંજના લેવી. ૧૩ આકાશ.

૧ નીશાનો તાર ઠેહેવાયછેજ; તંબુરાનો તાર અથવા તેનું સુર. એ તાર કાંતો છેક ઊંચો રેહેછ અથવા છેક નીચો રેહેછ પણ ઠરતો જેવો જોઇયે તેવો

હોળાઇજાએ જીવ આંખડી રે, કહુંછૂં સાચૂં.
ઉછળે તોફાને દરીયો તે જેમ, તનડે તાવ ધીકે હો. કહુંછૂં.
કરવત વ્હેરે જતી આવતી રે, કહુંછૂં સાચૂં.
ચ્હડતો પડતો દમ તો છે પ્રેમ, તનડે તાવ ધીકે હો. કહુંછૂં૰ ૨.
જેરવવો તે બહુ દોહ્યલોરે, કહુંછૂં સાચૂં.
ડસકાં ખાયાં કરવાં ધૂમાઇ, તનડે તાવ ધીકે હો. કહુંછૂં સાચૂં.
કહુંછૂં તેવૂં સાચે સાચ છે રે, કહુંછૂં સાચૂં.
તોયે[૩] ઘેલાં જવાય કહડાઇ, તનડે તાવ ધીકે હો. કહુંછૂં સાચૂં.૩.
મારૂં હું મન[૪] દૃઢજ્ઞાનથી રે, કહુંછૂ સાચૂં.
તોયે સેહેજ જવાય પીવાઇ[૫], તનડે તાવ ધીકે હો. કહુંછૂં.
લેખ લખ્યા ન ટળાય તેરે, કહુંછૂં સાચૂં.
પીવો પડતો તે ચ્હાઇ ધાઈ, તનડે તાવ ધીકે હો. કહુંછૂં. ૪.
પ્રેમ આગળ નેમ ના નભેરે, કહુંછૂં સાચૂં.
હીરો કાળો ચૂરો થઈ જાઉં, તનડે તાવ ધીકે હો. કહુંછૂં સાચૂં.
નેમ રાખે છે પ્રભુ એટલો રે, કહુંછૂં સાચૂં.
પ્રીતી ઉજળીમાં ઝંપલાઉ, તનડે તાવ ધીકે હો. કહુંછૂં. ૫.
થઇને મરણીયાં વર્તવૂંરે, કહુંછૂં સાચૂં.
કરતાં નીશો નીશો દીનનીશ[૬], તનડે તાવ ધીકે હો. કહુંછૂં.
રખડી લથડી મરવૂં ભલેરે, કહુંછૂં સાચૂં.
અથવા પાડયાં તે કરવી ચીસ, તનડે તાવ ધીકે હો. કહુંછૂં. ૬.
કાળું ગોરૂં સહુ સમાન છેરે, કહુંછૂં સાચૂં.
વ્હરવૂ ફુટડૂં કાંઈ ન જોઉં, તનડે તાવ ધીકે હો. કહુંછૂં સાચૂં.
જોઉં ખરો પ્રીત શુદ્ધ છે કે, કહુંછૂં સાચૂં.
સ્હોળાં[૭] સાથ કે ઉલટો ખોઉં, તનડે તાવ ધીકે હો. કહુંછૂં. ૭.

નથી રેહેતો. છેક ખુશીમાં અથવા છેક દલગીરીમાં રાખે છે. ૨ ચ્હડતો પ્રેમ–થતો પ્રેમ–દમેછ–મેહેનત આપેછ.—પૂરી પ્રીત બંધાતાં ઘણું સોસવું પડેછ. પડતો પ્રેમ તો દુઃખ દેજ છે–(થંડુ થઈ જવું–ખેવચની થવું–પ્રદેશ જવું–મરી જવું આદિ લઈ કારણોથી જે દુખ થાયછે તેથી સર્વ રસિક જન જાણીતાં છેજ). ચડતો પ્રેમ જે મેહેનત આપેછ તે ઘણી છે તોપણ આશાનેલીધે ઘણી જણાતી નથી. ૩ (તોપણ ઘેલાં કહડાઇ જવાય છે.) ૪ (હું મન મારૂંછ.) ૫ (નિશ્ચે કરૂંછ કે કોઇ સાથે પ્રીત નહીં બાંધું તોપણ પ્રેમ પ્યાલો પીવાઈ જવાય છે.)
૬ દાહાડો ને રાત. ૭ ઘણીવાર નીભે કે પછી ખોઈ બેસું ગમે તે થાઓ.

કરમે લખાવ્યૂં એહવૂં રે, કહું છૂં સાચૂં.
પીવો પીવો તે પ્રેમરસ રોજ, તનડે તાવ ધીકે હો. કહું છૂં સાચૂં.
એમ કરતાં કદી જો બનેરે, કહું છૂં સાચૂં.
પ્રેમી જીવડો તે શીવ [૮] મોજ, તનડે તાવ ધીકે હો. કહું છૂં. ૮.
નામ મારૂં નર્મદ રૂડૂં રે, કઉછૂં સાચૂં.
કુળે ઊંચું તે નાગર નામ, તનડે તાવ ધીકે હો. કહું છૂં.
બાહાર રંગીલો બહુ દીસતો રે, કહું છૂં સાચૂં.
રહૂં દાધ્યો [૯] અંતર આઠ જામ, તનડે તાવ ધીકે હો. કહું છૂં. ૯.
જ્ઞાની ઘણો છઊં તોય હૂં રે, કહું છૂં સાચૂં.
સ્હેજે સ્હેજ લાગી જાય દીલ, તનડે તાવ ધીકે હો. કહું છૂં સાચૂં.
નર્મદ તો પ્રેમચૂર છૂં રે, કહું છૂં સાચૂં.
ઠાંસ્યા ઉપર ઠાંસૂં વણ ઢીલ, તનડે તાવ ધીકે હો. કહું છૂં. ૧૦.

(૧-૨)

પ્રેમનીતિ-(દોહરા-૨૦૦)

રાયરંકની પ્રીતિ.

માયા તૂં બાંધે ઘણી, રંકનિસાથે એમ;
રડાવવા શૂં આખરે, કહિ દે સાચૂં કેમ? ૧
બહૂ બિહૂંછૂં મંનમાં, કરતાં તુજસૂં પ્રીત;
આડું પડે વળિ સ્હેજમાં, એ મોટાંની રીત. ૨
પ્રીત થવી તો સ્હેલ છે, નિભાવવી નહિં સ્હેલ;
'પીતાં કેફ પડે મઝો, જોરવતાં મુશ્કેલ.' ૩
બિલોર વાપરવો ભલો, પણ ટકવે નહિં ઠીક,
નિર્મળ નદિ તે પ્રીતની, થાયે ગંદી નીક. ૪
જનમ ધરી અનુભવ્યું નથી, બ્હેનતરફનૂં સૂખ;
એ સુખ લેવા બહુ ફર્યો, દીઠૂં સગળે દૂખ. ૫
ઈશ્વરની મરજીથકી, તુજ મુજ થયો મિલાપ;
નથી થયો કંઇ મ્હેનતે, સ્હેજે ઈશ્વર આપ. ૫

---

૮ અહીંની સુંધડ પ્રીત ઉપરથી પ્રભુ સાથે પ્રીત બંધઇને જીવનો શિવ થાયછે.) ૯ બળેલો.

એથી હું જાણું છઊં, પ્રીતી નિભશે સાર;
જોરજુલુમની પ્રીત તે, ના ના ટકે લગાર. ૭
જે જે મરજી થાય તે, કહિદે ઝટ નિઃશંક;
આશ પુરી કરશે પ્રભૂ, સત કહું છું હું રંક. ૮

પૈસાની આપલેથી પ્રીતિ ટકતી નથી.

પ્રીત પ્રીતથી પ્રીતડી, પિંડ[૧] બંધાએ પ્રાણ;
તે જીવે જમિ પ્રીતને, નહિં જમિ જરને જાણ. ૧
જુગાર જુસ્સો જાર જર, જમિન જુવંતીનાર;
વનસ્પતી ઝેરી ઘણી, આણે પ્રીતડિકાળ. ૨
રાયરંક જરથી જુદા, તૂં ને હું નરમૂઢ;
એકરૂપ બે પ્રીતથી, તૂં તે હું નરમૂઢ. ૩
માટે મોટી પ્રીતડી, આ સંસારે સાર;
સમજી સજ્જન સમવયી[૨], નિત નિત તેજ વધાર. ૪
બક્ષિસ આપે તૂં ઘણું, એ મોટો ઉપકાર;
ઝીલું કયમ આ ભારને[૩], દાખવ રે સરદાર. ૫
આગળથી જાણુત વળી, કરત વિચારી કાજ;
કિધા પછી પસતાવ તે, થાય મને બહુ આજ. ૬
શરમાવેછે રે મને, હારૂં રૂડું નામ;
દલગિર થઇને માનું છું, તારૂં બોજૂં કામ. ૭
હું નથિ ભૂખ્યો દ્રવ્યનો, પ્રીતભુખ્યો છું સાર;
સમજીને પ્રિય ચાલજે, પ્રીત ટકે બહુવાર. ૮
પરમેશ્વર જાણું તુને, સર્વ પ્રીતના બાપ;
રાયરંકની પ્રીતડી, અમર અમર કરિ થાપ. ૯

પ્યારીની જુદાઈના દરદથી રિબાતા દોસ્તને દિલાસો.

રસબૂબેલા દોસ્તને, કહાડું હું શી પેર;
કેમ કરી આણું ફરી, ઝટ તેને નિજ ઘેર. ૧

---

૧ કલ્પિત શરીર જીવ. ૨ સરખી ઉમરનો. ૩ આ બોજ અથવા આભાર-ઉપકાર.

મુઓ નથી પણ પાણિમાં, લીલાં રાતાં જોય;
બહુબહુ તે મૂઝાય છે, થાકયો ગુંગળ્યો રોય. ૨[૧]
માથાને જળ ડાબતૂં, દ્વારોમાં જળ જાય;
જિવ ચિકણો જાયે નહીં, હોલાયે નહિં લ્હાય. ૩
તરફડ તરફડ બહુ કરે, જિવવાને ના ચ્હાય;
મોતસું મળવા આકળો, મોત ન તેને સ્હાય. ૪
ઘણા આદ્રથી મોત પણ, સુખિ કરવાનેકાજ;
તેને લઇલેશે અરે, પછિ મારી શી લાજ?. ૫
હૂં તારો[૨] અનુભવિ છતે,કયમ ડુબવાદઉં યાર;
હરિ સુઝાડ જુકતી મને, પ્રેર હામ આ ઠાર. ૬
કિયે હામ ડૂબ્યો વળી, તે હું જાણૂં સાચ;
ધસડાઈ અન્દર ગયો, તેહૂં તણૂં ખાંચ. ૭
હરિનું ધ્યાન કીધા પછી, વિચારતાં ઊપાય;
સૂઝી આવ્યા તે ખરા, જેથી સંકટ જાય. ૮
મન મારી ધીરો થશે, રાખી હરિવિશ્વાસ;
ઊગરસે તે[૩] ઘાતથી, નહિં બીજની આશ. ૯
ધીરજ ધીરજ રાખવી, ગાવા હરિના ગૂણ;
શી માયા[૪] છે તેહની, નથિ તેમાં કંઇ ઊણ[૫]! ૧૦
રસદરિયો હરિયે કર્યો, સુખ દુખ માન સમાન;
દુખમાં પણ મીઠાસ રે, અંશિ[૬] કરે રસપાન. ૧૧
એ રસ પીતાં જે જનો, જે ગભરાયાં જાણ;
દુખિયાં તે હંમેશનાં, નહિં આરો[૭] નિરવાણ[૮]. ૧૨
શુભ વિચાર જે મેં કર્યો, મિત્રે[૯] કીધો તેજ;
હરીકૃપાથી ઊગર્યો, સુખી થયો તે સ્હેજ. ૧૩
માટે તૂંને પણ કહૂં, તે નહિં ખોટી લેશ[૧૦];
ધીરજ રાખી રામને, સંભારે સુખ લેશ[૧૧]. ૧૪

---

૧ ૨ ૩ ૪ એ દોહરામાં ડુબતાં માણસના ધભરાટનું વર્ણન છે; પણ એ ઠેકાણે પ્રેમસાગરમાં ડુબતાંનું સમજવું. ૨ તરનારો. ૩ મારો દોસ્ત.
૪ કુદરત. ૫ કસર. ૬ જેને ઈશ્વરેજ પ્રેમી કીધો હોય તેજ પ્રેમનું પાન કરે છે. ૭ કાંઠો; પાર. ૮ નક્કી. ૯ એક મારા બીજા મિત્રે.
૧૦ જરા. ૧૧ તૂં લઇશ.

જુવાનિને વશ નવ થવું, ખુબ વશ કરવી તેહ;
રસસાગર બીહામણો, સમજી સાવધ રેહ. ૧૫

પ્યાર નિભાવવાવિષે.

ડહાપણ ભણતર ગુણ ઘણા,તેણે [1]ડહોળ્યું ચીત;
મંથનથી [2] તરિ નીકળી, લક્ષ્મનિ મર્જિ ખચીત. ૧
ચાતુરિ બાબત શક હતો, પણ જોઉંજ અપાર;
ચતુરો પણ ચૂકયો ખરે, છે તૂં જીવન યાર. ૨
તપ કીધૂં મેં રાત દિન, પૂરા મહિના પાંચ;
સફળ મનોરથ માહરો, નહિં આવે કો આંચ. ૩
રાતે જે હિંમત ધરૂં, દીસે ન્હાસી જાય;
એવી રીતે પળપળે, પેટે ઊનૂં થાય. ૪
થઇ મરણિયો આખરે, હિંમત કીધી કાલ;
પસ્તાયો પછિ કે રખે, નહિં હોયે તુજ વ્હાલ. ૫
પ્યાર ઘણો જે મંનમાં, નથી લખાતો પ્રાણ;
સુખદુખની તૂં ભાગિયણ, ખરેખરી દિલજાન. ૬
ચતૂરને ના હોય પણ, યાદ કરૂંછૂ શીખ;
ચતુર જંનની રાખજે, મૂરખની નહિં ખ્હીક. ૭
પ્રેમતણે મ્હાસાગરે, વિધનો અપરમપાર;
જો ડર ખાધો લવ કંઇ, ડુબિ જાતાં નહિં વાર. ૮
તરતાં રહેવૂં રંગમાં, એકમેકને જોઇ;
રહેવૂં સાવધ સર્વથી, નહિં તો મરવૂં રોઇ. ૯
ભીતરની ખરિ પ્રીતડી, દેખડાવ નહિં બ્હાર;
રહિયે ઊંડે પાણિ જો, તોજ પ્રીતનો બ્હાર. ૧૦
ધણી નમ્રતા દાખવે, તેથી બહુ શરમાઉં;
મનશુદ્ધી તૂં રાખજે, કે કરિ [3] સુખી હું થાઉં. ૧૧
એક દુઃખ તો વીસર્યો, બીજૂં ના વિસરાય;
વખત મળેથી સામટૂં, વિસ્તારે કહેવાય. ૧૨

---

૧ તારા ગુણોથી મારૂં ચીત ડોહોળાયું. ૨ વલ્હોવવાથી.
૩ તને સુખી કરી પછી હું થાઉં.

ઘણું આજે લખતો નથી, કાંકે નથિ પરવાર;
સુખમાં રાખે રામજી, એ આશિષ નિરધાર. ૧૩

પ્રેમીકીડા–પ્રીતિનું સુખદુઃખ.

પ્રેમથકી[૧] પેદા થયો, પ્રેમે ઉછર્યો જેહ;
પ્રેમથકી જીવી મરે, પ્રેમી કીડો તેહ. ૧
પ્રેમકુંડમાં કેલિ[૨] તે, કરતાં સુખિ દુખિ થાય;
તરતાં ડુબકી મારતાં, થાકી તળિયે જાય. ૨
જરે તળિયે જાય[૩] તે, સુખિ દુખિ ના દેખાય;
શઠ[૪] જન સહુ હરખાય ને, રસિકદીલ દુઃખાય. ૩
પ્રેમકેલિને અનુભવી, મથિ મથિ વરણે તોય[૫];
થઇ નિસસ ડૂએ ખરે, અથાક કુંડે તોય[૬]. ૪
મનમાં તો બહુ છે ખરૂં, મ્હોડે ના બોલાય;
તોપણ બુડિ મરતાં કહે[૭], જે જે તેને થાય. ૫
હશે વીત્યું તે જાણશે, બીજા જૂઠું કેહ;
નથી તમા કંઇ કોઇની, અજબ ચીજ છે એહ. ૬
બલિહારી તો એજ છે, અનુભવિ જાણે ઝેર[૮];
તોપણ અંમૃત માનિને, પિઇ મરે નહિં ફેર. ૭
પ્રીત કરવિ તે પામવા, અતિશય પીડા મોત;
ધારિ કરાએ નહિ અરે, થઇ જઇ તજવે પોત[૯]. ૮
મરવૂં ચંપાઈ વળી, એવૂં જોકે હોય;
તોપણ તે ગળિ લાગતી, હોંસે પ્રેમી જોય. ૯
પ્રીત કરી રડવૂં અને, માથું કૂટવૂં રોજ;
તોપણ છોડાએ નહીં, એજ તેહની મોજ. ૧૦
પ્રેમી પીડિત જોઈને, પ્રેમી[૧૦] પીડિત થાય;
જાણી જોઈ નહિં ખરે, પ્રીતથકીજ થવાય[૧૧]. ૧૧

---

૧ (સ્ત્રીપુરૂષના પ્રેમસંભોગથી છોકરૂં થાય છે.)
૨ ક્રીડા; રમત. ૩ મરી જાય. ૪ (છિનાળવો મુઓ તો સારૂં થયું એમ કહિને શઠ હરખાય છે.)
૫ તોપણ. ૬ પાણી–(પ્રેમનું.) ૭ (પ્રેમી કીડો–પ્રેમી જન પ્રેમમાં દુખી મરી જતાં પોતાની હકીકત કહી જાય છે.–) ૮ (પ્રીતીને ઝેર જાણે છે.)
૯ ટેક; વટ. ૧૦ બીજું પ્રેમી. ૧૧ પીડિત થવાય.

આંખ નાકનાં ચીકણાં, પાણી જે ઉભરાય;
પ્રીતભીંત તેનાંથકી, ખુબ મજબૂત ચણાય. ૧૨
ધન ધન ઈશ્વરકેરિ એ, માયા[૧૨] અપરમપાર;
માયાની[૧૩] માયા[૧૪] ભુંડી, પાઈ મારે ઠાર. ૧૩
દુઃખ ઘણું રતિસાગરે, તોપણ અંશી ન્હાય;
જેણે એ જાણ્યું નહીં, ફોગટ જાંયું[૧૫] જાય. ૧૪
એ અનુભવ વણ ઈશ્વરી, પ્રીત નાજ બંધાય;
એકતરફિ જો હોય તો, જલદી તૂટીજાય. ૧૫
સંધા કહેછે પાપ બહુ, પ્રીત[૧૬] કરંતાં થાય;
પાપ નથી તે પુણ્ય છે, તપથી સંપાદાય. ૧૬
સંધા કહેછે દેવ તહિં, કરશે શિક્ષા મ્હોટ;
વાત જૂઠિ તે જાણવી, અહિ નથિ મુકતો ઓછ[૧૭]. ૧૭
પ્રીત કસાતી જુલમિ છે, જાણે ક્રૂર કસાઇ;
અતિ કુમળિ કસાયા પછી, શુદ્ધ ઈશ્વરી ભાઇ. ૧૮
દુઃખ ઘણું વીજોગનું, તોપણ કંઇ નહિં જાણ;
પાસ છતે ન મળાય તો, દુઃખ મરણતુલ માન. ૧૯
એ વેળા ગભરાટથી, ઘણો થાય ઉત્પાત;
ગાભવીજ વંટોળિયો, પણ નહિં રે ધનપાત[૧૮]. ૨૦
એવી વેળા અનુભવી, પીશે પાણી યાર;
જોર કરી ધીરૂં થશે, દઈ દિલાસા સાર. ૨૧
તજવીજે ઊઠી જશે, પ્રેમિ પ્રેમિથી દૂર;
દૂર છતે મથિ કામમાં, મચીજશે ભરપૂર. ૨૨
ગમે ન કરવું તોયપણ, કરવું જરૂર જાણ;
નહિ તો કોઈ પ્રેમિની, ઘાત થાય પરમાણ. ૨૩
એક કદાપી જાણશે, મરણે છૂટું ભાઇ;
બે દુખથી બીજો મરે, એપણ છે સાચાઇ. ૨૪
આવે મરણ ન માગતાં, તન દુઃખે મનસાથ;
ફળ પાકે મોઢું અને, આવે મોઢું હાથ. ૨૫

---

૧૨ કુદરત; લીલા. ૧૩ પ્રીતી. ૧૪ ભાંગ. ૧૫ જન્મ્યું તે. ૧૬ અલબત ઉત્તમ જાતની સુઘડ પ્રીત. ૧૭ (થોડું દુખ નથી દેતો) ૧૮ વરસાદનું પડવું (મળવું.)

ગભરાએ નહિં ફાયદો, સમજી મંન મરાય;
થાય કાયદો ફાયદો, ધીરજથી સુખ થાય. ૨૬
દશા ફરેછે સર્વની, ઈશ્વર કરશે સાચ્;
પ્રથમ દુઃખિ તે સુખિ પછી, એવો સાચો ન્યાય. ૨૭

પ્યારી-કવિતા ઉપર પ્યારા-કવિનો પ્યાર.

મિઠિ[૧] કવિતા મેં તૂજસૂં, પૂરણ બાંધી પ્રીત;
સૂખ આપ દુખ આપ વા, હૂં ત્હારે વશ નીત. ૧
મિઠિ કવિતા હૂં તાહરાં, રોજ ગાઉં ગુણગીત;
ઝાંખિકરી હૈડે પુજ્જૂં, જહાંલગિ મનમાં વીત[૨]. ૨
મિઠિ કવિતા ઇશ્વરથકી, ભય દુખડાં ન ખચીત;
નિભાવ જહેવૂં દાખવે, પ્રોવાયૂં મુજ ચીત. ૩
મિઠિ કવિતા વીજોગની, આડિ પડે કદિ ભીંત[૩];
ક્ષણ વિસરૂં નહિં તૂજને, ખરા પ્યારની રીત. ૪
મિઠિ કવિતા ગમતી મને, અવર વાતની છીત[૪];
પ્રેમ પરસ્પર સત હશે, મળશે મનવાંછીત[૫]. ૫
મિઠિ કવિતા ગુણ તાહરા,કહાડે તનમન પીત[૬];
જીતી લીધો તેં ખરે, હૂં તો હતો અજીત. ૬
મિઠિ કવિતા તૂં સમજજે, મુજને આજ્ઞાંકીત;
થઇશ થયોછૂં તૂંથકી, જગમાં નામાંકિત. ૭
મિઠિ કવિતા હૂં તૂજપર, રાખૂં રીસ કવચીત;
માફ કરી કરજે ધિરો, ગાઈ ગીત કવીત. ૮
મિઠિ કવિતા બીજા ભણે, થાઉં વેરિ નહિં શીત[૭];
યોગ્ય હોઉં તો રાખજે, મુજપર પ્યાર અમીત[૮]. ૯
મિઠિ કવિતા સંકટ સમે, કર ઉપાય ઊદીત[૯];
શત્રુ શીરપર ચાલતો, કર છઉં નીરાશ્રીત. ૧૦

---

૧ પ્યારીને મીઠીપણ કેહેછે. ઓ મિઠી અથવા ઓ મિઠિ કવિતા.
૨ કૈાવત (બુદ્ધિનું.)
૩ કવિતા ન લખાય અથવા પ્યારીને ન મળાય તોપણ. ૪ કંટાળો.
૫ મનનું ઈછેલું. ૬ રોગ. ૭ થંડો. ૮ માપ વગરનો-ઘણોજ.
૯ ઉદય થયલા; દેખાતા.

મિઠિ કવિતા વણુ વાંક જો, કરિશ મને વર્જીતઃ
ઘર છોડી રખડયાં કરૂં, ઘેલો થઈ અતીત[૧૦]. ૧૧
મિઠિ કવિતા હૂં તૂજથી, થયો છઉં નવનીત[૧૧];
પથ્થરરૂપે રહિ વળી, કરતો કામ અનીત[૧૨]. ૧૨
મિઠિ કવિતા મુજસૂં જડી, કુંદન નંગ જડીત;
પંડિત પ્રીછે[૧૩] મુરખ ના, પ્રીતિ રહે મંડીત[૧૪]. ૧૩
મિઠિ કવિતા તુજ વ્હાલને, જોઇ થયો વિસ્મીત[૧૫];
ભાવીનો[૧૬] કરૂં શોક શૂં, થશે હશે સર્જીત[૧૭]. ૧૪
મિઠિ કવિતા મન તાહરૂં, રોજ કરૂં પીડીત;
બદલામાં ખુશ રાખતી, પ્યાર ન કરે ચળીત[૧૮]. ૧૫
મિઠિ કવિતા છે તાહરી, સુંદર જાત લલીત[૧૯];
કે દી જોઇશ તૂજને, થયલી પ્રપુલ્લીત ૧૬
મિઠિ કવિતાસૂં દેખતાં, ચમકે ચિત્ત તડીત[૨૦];
કહારે પડશે પાણિ કે, સુખથી સુઉં નચીંત. ૧૭
મિઠિ કવિતા ઉત્તમ સુઘડ, હું તો હીણુ પલીત[૨૧];
ચતુર ડાહિ ને ધર્મિ તૂં, હું તો મૂઢ પતીત[૨૨]. ૧૮
મિઠિ કવિતા કરવીશ મા, કોઇ કાજ અઘટીત;
ગુંચવણુમાંથી કહાડજે, કરવિ કાજ નિયમીત. ૧૯
મિઠિ કવિતા મા બ્હેન રે, બેટિ વહૂ શોભીત;
નીતિલાડમાં રાખજે, રોજે જ યથાસ્થીત[૨૩]. ૨૦
મિઠિ કવિતા રસમાં પુરી, કરતી જો વિપરીત[૨૪];
ધન નર્મદનૂં અહિં તહીં, ખરે કરે બહુ હીત. ૨૧

---

૧૦ ફકીર; જોગી. ૧૧ કુમળો માખણ.
૧૨ અનીતીનાં. ૧૩ પ્રીતિની વાત પંડિત સમજે, મૂરખ નહિ.
૧૪ શોભીતી. ૧૫ અજબ. ૧૬ ભવિષ્યનાં દુખનો. ૧૭ ઈશ્વરે ઠેરવેલું.
૧૮ ખસેલો; ફરતો. ૧૯ નાજુક. ૨૦ વિજળી. ૨૧ મેલું; પિશાચ; મેલો. ૨૨ પાપી; નાપાક.
૨૩ જેવી ને તેવી; ઘટતી હાલતમાં. ૨૪ (ઉલટું આસન આપીશ અથવા નુકશાન કરીશ–દુખ દઇશ તોપણ તું અંતે મને સુખીજ કરીશ.)

પ્યાર બાંધવા વિષે.

રસ પાનારો ચંદ્ર છઉં, પણ પીનારી ક્યાંહ;
પ્યારિ પોયણી તૂં વિના, જિવ તલપાપડ આંહ. ૧[૧]
આશથકી વધું ને ઘટું, આશભંગથી રોજ;
સ્થિર વૃત્તી નહિ માહરી, એમાં સંધૂં ખોજ. ૨[૨]
સૂર્ય ચંદ્ર સાથે મળ્યા, એવું નહિં કો વાર;
તોપણ સૂર્ય ઉપર સદા, ચંદ્રતેજ આધાર. ૩[૩]
ચતુર જાણિને ચેતવું, ચિતમાં મા ચોળીશ;
પ્રેમિઅંશ[૪] તૂં સામું જો, તજી શરમ ને રીસ. ૪
રસ સમજે છે પોયણી, કમળ કેતકી જેહ;
ચંપા તો સમજે નહીં, શી વસ્તૂ છે નેહ. ૫
'કમળપાસનો દેડકો, સમજે નહિ રસભોગ;'
'ભ્રમર ભોગિ તે દુરથકી, કરે આવિ સંજોગ.' ૬
લોકથકી બહુ સાંભળ્યો, રૂપગૂણ મહિમાય;
ચતુર ડાહિ તૂં હોય તો, જન્મજોડું બંધાય. ૭
તૂંતો મન મારે વસી, હું શું વસ્યો તુજ મંન?
જણાવજે અક્ષર લખી, હોય ખરી સજ્જંન. ૮
મારાપર તુજ ભાવ તો, શીલ[૫] રાખિને રેહ;
મરી જતે પરપુરુષને, કદી ન આલિશ દેહ. ૯
સ્ત્રી તો હોવી સુંદરી, પુરુષ પ્રતાપી[૬] જાણ;
સુઘડ રસિક બંને મળે, સાચાં અને સુજાણ. ૧૦

---

૧ (ચંદ્ર જગતને આનંદ પમાડે છે.—સંજોગમાં પ્રીતમ પ્યારીને સુખ કરેછે. પોયણી સફેત ફુલ થાયછે તે ચંદ્રથીજ ખીલેછે—જેમ સુરજકુલ સુરજથી તેમ. હું ચંદ્ર છઊં ને તું પોયણી અથવા કુમુદ છે.) ૨ ચંદ્ર વધેછે ને ઘટેછે—હું ચંદ્ર તારી આશાથી સારો રહું છું, પણ તું નહિ મળે એ વિચારથી આશા ભંગથી મારૂં નુર ઉતરી જાયછે.—તું ચતુર હોય તો એટલાજ ઉપરથી સમજજે કે મારો પ્યાર તારાપર કેટલો ને કેવોછે.) ૩ (ચંદ્ર પ્રકાશે છે તે અસ્ત થયલા સૂર્યનાં કીરણો ચંદ્ર ઉપર પાછાં પડવાથી.—જેમ ચંદ્ર પ્રકાશને માટે સૂરજ ઉપર આધાર રાખેછે તેમ તાહારા પ્યારની ઉપર મારાં નુરસુખની વધઘટ છે.)

૪ (જનમથીજ પ્રેમમાં સમજનારી—દેખાદેખીથી અલ્યાસે નહિ.)

૫ (પતિવ્રત.) ૬ (સ્ત્રીને વિશેષે રૂપ ને પુરૂષને વિશેષ પરાક્રમ—યશ

પ્રેમ-ઉપરનો, ઉકરડો[૭], જન અપ્રેમી ભૂંડ;
રગડોળાયે રત્ન ત્હાં, નસીબ એવું કૂડ. ૧૧
પ્રેમ–ભિતરનો, બાગ છે, પ્રેમી માળી જેહ;
કળી કેળવી ફુલ કરે, શોભિત વાસિત[૮] તેહ. ૧૨
પડયું ઉકરડે રત્ન તે, ખોળું રાખી ચોટ;
ઘસી જડી પછિ કુંદને, દિપવી દિપવું કોટ. ૧૩[૯]
પ્રેમભિતરના બાગનો, ધણી માળિ હું થાઉં;
ફુલ ગૂંથી કરૂં માળ ને, માળે પછી ગુંથાઉં. ૧૪૧૦
કર મુજ સાથે પ્રીતડી, નિભાવવી જે હોય;
સગાં લોક ફિટફિટ કરે, તોય ન પાછું જોય. ૧૫
નથી ભુખ્યો સંભોગનો, સ્નેહભુખ્યો છું સાર;
વિજોગિસ્નેહતણો નહીં, સ્હોડસ્નેહનો ધાર. ૧૬
ખરાં દીલથી ચાહતાં, ખમવું દુઃખ અપાર;
દુઃખ ઘણું સુખ તો કંઈ, પ્રીત ન પાડે પાર! ૧૭
લેખ લખાયા જો હશે, તો કયમ થાશે ફોક;
એક મેકનાં મન મળ્યાં, પછી કરે શું લોક. ૧૮
પ્યારાના સમ ખાઇને, કહે 'મ્હારે તૂં એક';
મન વાણી ને કર્મથી, રાખ પ્રીતનો ટેક. ૧૯
'મરીજાઇશ પણ નહિં મુકૂં', વચન એમ આપીશ;
બનશે આપણને બહૂ, જસ દેશે જગદીશ. ૨૦
જેમ બને ત્યમ રાખવો, છુપો આપણો પ્યાર;
મૂર્ખ ન સમજે પ્યારને, માટે મારે માર. ૨૧

જોઇએ) ૭ (ઉપર ઊપરનો છાલકો પ્રેમ તે ઉકરડો અને શુદ્ધ પ્રેમને નથી સમજતા તે ભુંડ છે.) ૮ (સુગંધ આપનારી.—લોકમાં ગુણ ગવાય કે ધન્ય છે પેલીને કે પોતાના પ્રીતમને મરતાંસુધી વળગી રહી ને બીજી સ્ત્રીઓને પોતાના દાખલાથી સુઘડ પ્રીતની રીત શિખવી ગઈ.) ૯ (મારી ટેવ એવીછે કે ઉકરડે પડેલાં રત્નને ચાનક રાખી બોળવું અને પછી તેને ઘસી સુનામાં જડી શોભિતું કરી પછી મારી કોટને શોભાવવી—તને રસિક બનાવી તુંથી હું વધુ શોભું—કોની પ્યારી? તોકે કલાણાની). ૧૦ (ખરા પ્યારના બાગનો હું ધણી પણ છઊં ને માળી પણ છઊં. ફુલ ગુંથી—મારી પ્યારીને સારી કેળવણી આપી પૂરી રસિક બનાવુ ને પછી તેવી પ્યારીના પ્યારની જાળીમાં હું રોજ ગુંચવાયલો રહું.)

મનન કરી આ કવનનૂં, ફરિ ફરિ વાંચી જોઇ;
હિંમત ને ચતુરાઇથી, મને જોઇ રહે મોહિ. ૨૨
પ્રીતભુખી કે ધનભુખી, કહિદે સાચૂં નાર;
મ્હોંજોણાંમાં ધન દઉં, કે અધરામૃત[૧૧] સાર?. ૨૩
જહાંલગિ તજવિજ ના બને, મળવાની એકાંત;
ઉભરા કહાડી કાગળે, કરજે મૂને શાંત. ૨૪
પુક્ત વિચાર કર્યા પછી, કરજે મુજસૂં પ્યાર;
નર્મદ[૧૨] તો ઘેલો અને, ડાહિ નર્મદા[૧૩] નાર. ૨૫

પ્યારીની વરસગાંઠે પ્યારાએ મોકલેલી ભેટ.

સહુથી ઉમદા પ્યાર છે, આ દુનિયામાં જાણ;
તે હૂં સાચો આપુછૂં, આજ તને એ પ્રાણ. ૧
કુળ–ધન–રૂપ–ગુણથી દિપી, ઝરતી રસ હરદંમ;
હૂં સાચો આશિષ દઉં, 'અહિં તહિં સુખમાં રંમ.' ૨[૨]

નિરાસ થયલા આશકે માશુકને કહેલા બોલ.

થઇ નિરાસ ભમરો જશે, કેતકિ ચતુર સુજાણ;
મનમાંની મનમાં રહી, શરમે વાળી ધાણ. ૧
પ્રેમવાત તો સમજશે, હશે કેતકી જેહ;
લવ નવ સમજે રે કદી. ચંપા સુંદરિ તેહ. ૨
જેવી પ્રીતી દાખવે, તેવી સદા નિભાવ;
આચર ના એવૂં કદી, આવે વેરી ભાવ. ૩

પ્રેમવર્ણન.

જોતાં સુણતાં કેહતાં, જુસ્સો પેદા થાય;
સ્હોડે રહિ સુખ પામવે, પ્રેમનામ કહેવાય. ૧
પરસ્પરે મળિ રેહવે, નરનારી સંબંધ;
ચમકપ્હાણ ને લોહ જ્યમ, તેવો તે અનુબંધ. ૨

---

૧૧ નીચલે હોઠે ચંબુન. ૧૨ સુખ આપનારો. ૧૩ સુખ આપનારી નાર.
૨ (તું દરેક દમ—શ્વાસ લેછ તેનીસાથે તારા સઘળાં અંગમાંથી રસ ઝરેછે—બોલતાં કામ કરતા તારો અંદરનો પ્રેમરસ બાહાર ઝરી આવેછે તે નિમાળા ઉભા થયેથી ને પછી અંગ જરાક થંડું થયેથી માલમ પડેછે).

પ્યારી ટૂંકામાં કહું, પ્રેમનીતિની રીત;
સાચાં આશકમાશુકે, કેમ ચાલવું નીત. ૩
પ્યાર થવાનાં કારણો, જાણી લેવાં પ્હેલ;
રૂપ-ભોગ[૧] જો કારણો, જાણ પ્યારને ફેલ. ૪
એથી[૨] થાયે પ્યાર તે, જાયે સાંજ સ્હવાર;
જોકે કો કો ઠામમાં, ટકયો જણાયે યાર! ૫
ટકવાનાં કારણ બિજાં, પછી મળેલાં જાણ;
દયા ચાતુરી આદિ ત્હાં, સાચ પ્યારને નાણ. ૬
અરણી[૩] અરણીને મળે, બળે ઘસારે જેમ;
આંખ આંખને જો મળે, કાન કાનને તેમ[૪]. ૭
પ્રેમીયોનાં કાળજાં, સળગી બળતાં રેહ;
સાચાં[૫] ધીરાં હોય તો, હોલાયે[૬] નહિં તેહ. ૮
પ્યાર અગન પ્રગટે તહાં, લગન[૭] ચ્હાય સહુ કોય;
લગનમાંહિ તે રહે મગન, વધન પડે બહુ તોય. ૯
મિલાપમાં તે આગ તો, સમિજઇ થાયે બર્ફ;
જુદાઇમાં બહુ બાળતી, જેમ ઝેરિ સ્ત્રી-સર્પ. ૧૦
આકળવ્યાકળ જીવ તે, બિજું ન ચ્હાયે કાંઇ;
ચિંતે[૮] નિશદિન ચિંત્યને[૯], બળે જુદાઈમાંહિ. ૧૧
પ્રેમિ પ્રેમિને જો મળે, તો સુખસાતા થાય;
રામબાણ ઓસડ બિજું, કોથિ કો ન કહેવાય. ૧૨
ઠામ ઠામ ને કાળ ને, વચલું જન નવ જ્યાંહ;
આશકમાશુકનો કદી, રોગ જાય નહિ ત્યાંહ. ૧૩
વિવેકિ ને નિર્લોભિ ને, રસીક બંને હોય;
પ્રેમરંગ જામે ઘણો, તેજથકી બહુ સ્હોય. ૧૪

---

૧ સંભોગ. ૨ રૂપથકી ને સંભોગઇછાથી.
૩ એક જાતનું ઝાડ—લાકડું. ૪ એકબિજાને જોયાથી અથવા એકબિજાને વિષે સાંભળ્યાથી પ્રેમનો અગ્નિ પેદા થાયછે ને તેથી પ્રેમીયો બળેછે.
૫ કાળજાં. ૬ (પ્રેમ નિભ્યો જાય.) ૭ મેલાપ—સંજોગ. ૮ ચિંતા—ચિંતન કરે. ૯ ચિંતા—ચિંતન કરવાજોગ. (આશક અથવા માશુક.)

કોને કો વળિ ભાવતું, જોકે સરખાં[૧૦] ધાર;
કો ઈચ્છે કો નર અને, કો ઈચ્છે કો નાર. ૧૫
ગમે તેમ બંધાય પણ, ટકતી સાચી પ્રીત;
લોભ અને બહુ હઠથકી, ખોટિ ધટે છે નીત. ૧૬
સાચિ પ્રીત તે ઊજળી, ટકતી પુણ્યે યાર;
ખોટિ પ્રીત પાપી બલા, ટકે ન ઝાઝી વાર. ૧૭
જાય ધંન ને માન ને, થાય પ્રાણની હાણ;
તોપણ જે પણ[૧૧]ના મુકે, તે પામે નિરવાણ[૧૨]. ૧૮
પ્રેમીજનથી પણ પળે, પ્રેમામૃત પીવાય;
જંગલમાં મંગળ મળે, સત્ય સદા સચવાય. ૧૯
એમ કરંતાં એક જો, નિજપણ મૂકીદેય;
દુખી બિજો પણ, પણથકી, કદી ન નિંદે તેહ[૧૩]. ૨૦
દુઃખ થાય તે જ્ઞાનથી, વિસરીજાયે છેક;
કદી ખુશામત ના કરે, એજ ટેકિનો ટેક. ૨૧
(પણ) ધિક્ પડો એવચનિને, ધિક્ તેહ અવતાર;
નીચ કૂળ તે જાણવું, મૂરખમાં સરદાર. ૨૨
ફરવાથી[૧૪] મરવું ભલું, સમાલિલેવું યાર;
પ્રથમ ચાહિને છોડતું, તે જન જાણ ગવાંર. ૨૩
(તેમ) એવચને દુઃખી થયું; તે જો રાખે ખાર;
તો તે પણ ખોટું કરે, ઉત્તમ તે ન વિચાર. ૨૪
પ્રેમીયો પણ પાંળતા, દુઃખી થાયે રોજ;
ડંખીને ઉડવાતણી, કાં ન મારવી મોજ? ૨૫[૧૫]

---

૧૦ જાણે રૂપગુણમાં ઘણુંકરીને સરખી એવી સ્ત્રીયો બેઠી હોય ને તેની સામે રૂપગુણમાં ઘણુંકરીને સરખા એવા પુરૂષો બેઠા હોય તો ત્હાં એકજ સ્ત્રીના ઉપર સઘળા પુરૂષની આંખ ઠરે અથવા એક પુરૂષની ઉપર સઘળી સ્ત્રીયોની આંખ ઠરે એવું તો બનવાનુંજ નહીં—એ કેવી કુદરત! કોઈની નજર કહાં ઠરવાની ને કોઇની કહીં. ૧૧ વચન; ટેક. ૧૨ મુક્તિપદ; પરમપદ.

૧૩ એવચની થનારને.

૧૪ વચનમાં ફરવાથી.

૧૫ (જેમ અરસિકજનો ચૂસીને ફેંકી દેછ ને તેને દુઃખ નથી થતું તેવું

કાચી કેરી લીલિ તે, ધણી મનોહર હોય;
તાપ ખાઇ પીળી બને, તોજ રસેભરિ રહોય. ૨૬
રૂડી નવી પ્રિત લાગતી, પણ નહિ ગળપણ ત્યાંહ;
અનેક દુખથી પાકિ થઇ, એ રસ તેમાં[૧૬] ક્યાંહ? ૨૭
પ્રથમ પ્રેમિને દુખ બહૂ, પણ તે પ્રેમીનેજ;
અપ્રેમિને દુખ નહીં, ખરૂં સૂખ નહિ તેમ. ૨૮
સાચિ પ્રીતડી થાયછે, ઘણિવારે સુખકાર;
અંતલગિ રહિ હ્રેવિ તો, અમૃત તે પાનાર. ૨૯
ગમે તેમ લોકો કહે, જ્ઞાનિ ન નિંદે કોય;
સાચિ પ્રીતથી પ્રેમિ તો, હરીભક્ત થઇ સ્હોય. ૩૦
શુદ્ધ પ્રેમથી થાય જન, અપાત્ર[૧૭] તેપણ પાત્ર;
દૂષણ તે ભૂષણ બને, દુખ તે સુખ દિન રાત્ર. ૩૧
પ્યારિ પ્રેમબળ શૂં કહૂં, શૂરો કાયર થાય;
કાયર ઝટ શૂરો બને, ગમેતેમ થઇ જાય. ૩૨
પ્યારિ પ્રેમબળ શૂં કહૂં, છળે ચતુર ને સ્હેજ;
જોગિભક્તને પણ છળે, ધન્ય ધન્ય તે તેજ. ૩૩
પ્યારિ પ્રેમબળ એહવૂં, રનેહે[૧૮] જોડી દેય;
જાત રંગ જાણ્યા વિનાં, આશકમાશુક ખેય. ૩૪
પ્યારિ પ્રેમબળ કેટલૂં, વરણું પામર રંક;
પ્રેમાકર્ષણથી[૧૯] થયા, ગોલ અનંત નિશંક. ૩૫
પ્રેમિ પ્રેમિ તે નહિ દુખી, દુખી અધૂરો હોય;
રહ્યો તવાઇ[૨૦] ધાટ તે, નવા રંગનો સ્હોય. ૩૬
બળવામાં મળ જાય છે, શુદ્ધ સોનું જ્યમ તેહ;
શુદ્ધ પ્રેમથી જીવ તો, ઝટ શીવ થઈ રેહ. ૩૭
એ પરમાણે ચીતરયૂં, ચારૂ[૨૧] પ્રેમ ચરીત[૨૨];
પ્રેમશુદ્ધિથી મુક્તિ છે, નર્મદની ખચ્ચીત. ૩૮

કેમ ન કરવું?) ૧૬ (કાચીમાં). ૧૭ નાલાયક; નાપાક. ૧૮ ચિકાસે.
૧૯ પ્રેમ—ઇચ્છા અને આકર્ષણ એ બેથી અનંત સૃષ્ટિયો થઈ છે.
૨૦ (પ્રેમ દુઃખથી જે પુરો રહ્યો તે પછી ઈશ્વરી થાય છે.) ૨૧ સુંદર.
૨૨ ચરિત્ર.

પ્રેમભિક્ત.

આગ્રહ ધરિને એક જો, બિજાસું કડવૂં કેહ;
પ્રેમ તકતકે ત્હાંલગી, બીજે કરવૂં તેહ. ૧
કરે તોજ ભક્તિ બરી, પછી ગમે તે હોય;
મુખ્ય ધર્મ સેવાતણો, પ્રેમભક્તિમાં રહોય, ૨
જો ન કરાયે જે કહ્યૂં, કરવૂં જે કંઇ થાય;
રીસ મંનમાં રાખતાં, ભક્તીનૂં પણ જાય. ૩
સખાપણાંમાં દાસનૂં, કામ કહેવું નહિ જોગ;
તોય કહ્યૂં જો ના બને, થાય પ્રેમને રોગ. ૪
વિચારિને કરશૂં પછી, એમ કહે સહુ લોક;
(પણ) મૈત્રીમાં અદકૂં હવૂં, એજ મૈત્રિની નોક. ૫
પ્રેમભક્તિ ત્હાં ભેદ નહિ, મ્હારૂં ત્હારૂં ના હોય;
સંસારી સહુ વાતમાં એકરૂપ બે જોય. ૬
સ્વભાવ જૂદા તોય પણ, કો ન ધરે કો ગર્વ;
જુવો પાંડુના પુત્ર તો, એકસંપ તે સર્વ. ૭
એક સૂખ બહુ ભોગવે, બીજૂં પામે દૂખ;
ધિક્ક ધિક્ક તે સૂખિને, બરે કરે તે ચૂક. ૮
પ્રસંગ નહિ તાંહાંલગી, મિત્ર ન ગણુવો કોય;
પ્રસંગપર આધાર સહુ, કોણ હસે ને રોય. ૯
દુખમાં સાથે રેહિને, સેવા કરતો હોય;
નીજ ભૂંડું કદિ થાય તો, કો દિ ન રડતો જોય. ૧૦
સાચૂં રહેવૂં સ્નેહમાં, કહિદેવા નિજ વાંક;
'મિત્ર ભૂલ થઇ મૂજથી,' માર ગમે તો સાંખ. ૧૧
ટેક રાખવો સ્નેહમાં, મરતાં લગી નિભાવ;
સંકટ સમયે સાથ રહિ, ધરવો મરવે ભાવ. ૧૨
કનક કામિનીથી અધિક, એકકને જે ચ્હાય;
પ્રેમભક્ત સાચા પુરા, મરવા તત્પર થાય. ૧૩
ચાર મળ્યા ત્હાં એક જો, સાહસ કરવા ધાય;
સમજાવ્યો સમજે ન તો, ત્રંણે સામિલ થાય. ૧૪

આજકાલ સંસારમાં, સ્વાર્થ સાધવા કાજ;
મિત્ર થાય એકેકનાં, અંતે ખોયે લાજ. ૧૫
કનક કામિની ચોરવા, પદવી લેવા જંન,
પ્રેમ દાખવે મિત્રનો, રાખે મન પરસંન. ૧૬
ધિક્ મૈત્રિ તે મિત્રની, કપટ હૃદેમાં હોય;
ચોરબુદ્ધિ ને વેશ બહુ, વેર ઘણું જહાં કહોય. ૧૭
પ્રેમ નહીં તો મૈત્રિ કહાં, એ નહિતો કહાં ભક્તિ?
ભક્તિવિના મુક્તી કહાં, કહાં પ્રેમ–આસક્તિ? ૧૮
સાચું બોલવું પ્રેમમાં, મરવું તેને કાજ;
પ્રેમ શૌર્ય એ ગૂણ વણ, કદી ન સુધરે કાજ. ૧૯
પ્રેમ શૌર્યના લાભ તો, હિંદુ ન સમજે હાલ;
દેશતણું હિત કયમ કરે, અનીતિથી બેહાલ. ૨૦
યુરોપકેરા લોક તો, પાળે સદ્‌ગુણ તેહ;
પ્રેમશૂરના ટેકથી, દીપાવે નિજ દેહ. ૨૧
એ વસ્તૂ શું તેહનું, નથી આપણે ભાન;
ઝગમગ જ્યોત દિપે તહાં, પાસે સુખની ખાણ. ૨૨
એ પ્રભુ દહાડો કાહરે, હમે જોઇશું તેહ;
પુરુષ અને સ્ત્રી કાહરે, સમજીશું સત્સ્નેહ. ૨૩
પ્રેમભક્તિથી ઐક્ય ને, ઐક્યથકી જય થાય;
ભણીગણીને સાધિયે, તો ત્રૂઠે જગરાય. ૨૪

સ્નેહ.

સજ્જન નેહ જો બાંધવો, બાંધ જોઇને જાત;
થાય ન પસ્તાવો કદી, સુખ રહે દિન રાત. ૧
સજ્જન નેહ નીભાવવો, ઘણો દોહ્યલો યાર;
તરવો સાગર હોડકે, સુવૂં શસ્ત્રપર ધાર. ૨
સજ્જન નેહ ત્હાં ભેદ શો, ભેદ તહાં શો નેહ;
ભેદ તહાં તો છેદ છે, મર્મ ઊઘડી રેહ. ૩
સજ્જન નેહ કરવા ઘણા, સુખમાં મળે અનેક;
દુખમાં ના છોડે અને, રહોડ દિયે કો એક. ૪

સજ્જન નેહ કરવો ભલો, ભુંડો તેહનો છેહ;
નિર્દોષી જિવતો મુઓ, ગાંડો થઇ તે રેહ. ૫
સજ્જન નેહ તો દેહને, અર્પી પામે નાશ;
સુકેડપેરે આપતો, કપાય તો પણ વાસ. ૬
સજ્જન નેહમાં દુઃખ પણ, એ દુખ ઉત્તમ સૂખ;
મરે દુઃખમાં અશિ પણ, કરે કોદિ નવ ચૂક. ૭
સજ્જન નેહ નાણે નહીં, કરે નેહની વાત;
નિંદે જન જે નેહને, જાણ પાપિ કમજાત. ૮
સજ્જન નેહ શો શઠકને, સુખ દુખ ઊર સમાવ;
રાખે કૂવો છાંયને, પોતામાં એ ભાવ. ૯
સજ્જન નેહ તો આદ છે, નેહથકી સંસાર;
નેહ દેહ શોભાવતો, નેહ ઊતારે પાર. ૧૦
સજ્જન નેહ ઊંચો કરે, પડેલને તો સ્હેજ;
નેહતણા અગ્રીથકી, આવે મ્હોડે તેજ. ૧૧
સજ્જન નેહ અમૃત ખરૂં, મુંવૂં સજીવન થાય;
પણ સંસ્કારિ ન હોય તો, જાન મરી ઝટ જાય. ૧૨
સજ્જન નેહનાં નીરમાં, જ્ઞાનીથીજ તરાય;
ઉતાવળો શઠ મૂર્ખ તે, તણાઇ દૂખી જાય. ૧૩
સજ્જન નેહ શીતળ ઝરો, પણ કાચાને ચેહ;
જ્ઞાનિ, નેહમદઝરણનાં, રમણે રંગી રેહ. ૧૪
સજ્જન નેહ સંસ્કારિ ને, શુદ્ધ થયેલો હોય;
ખરે નર્મદો નેહમાં, મુક્તિ પદારથ જોય. ૧૫
(૧-૧)

માતપિતાનું સ્તવન.

માતાનું.

(ભુજંગી.)

થયો ગર્ભરૂપે જિદહાડેથિ પેટે, ઉછેર્યો સુસંભાળથી ભારિ નેટે[૧];
જમ્યાં સારુ[૨] સારૂં રહ્યાં રાત્રિ રાજી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧

---

૧ ખરેખર; નક્કી. ૨ (કેમકે ગર્ભને સારી સેવાળ જાય. અધરણીરાતને–પેહેલી

થયા પાંચ જરે અભાવો[૩] થયા જી, તિખૂં ખાટું ખારૂં ન ખાવે ગયાં જી;
કદાપી થતી રૂચિ તોએ ઉં ના જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૨
થયો પૂર્ણ હું ને પડયૂં માથું હેઠાં[૪], તમે દુઃખ મારે લિધે મોટ વેઠયાં;
અરે છેક જાંહાંસુધી થાળિ વાજી[૫], વળાએ નહીં પાડ માયાળુ માજી. ૩
નહીં એટલેથી તમે આટખ્યાં જી, અસંખ્યાત દુઃખો પછી તો સહ્યાંજી;
કર્યાં કાજ તે સાનમાં જે કહ્યાં જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૪
ભુખે રોઉં તો થાનનૂં દૂધ પાતાં, જમાડી પછી પ્રેમથી આપ ખાતાં;
સુવાડયા વિના દૂર તો ના જતાં જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૫
દુખે રોઉં તો મીઠડાં ગીત ગાતાં, કિલા ભાઇ બાપૂ કહી પેટ વ્હાતાં[૬];
વદી પ્રેમ ને ગોદ[૭] ઊછાળતાં જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૬
રમાડયો કરાવી બહૂ વાર 'ઝા,' 'ઝા' બહૂ વાર કહાડયાંજ ગૂમૂત્ર ઝાઝાં;
ન્હાડાવી નહીં સૂક લેશે કદા જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૭
સુકામાં સુવાડી ભિની બાંય વેઠી, સુતાં ભારી ભેંટી પથારી ન છેટી;
ગમી જો ન પીધી તથાપી દવા[૮] જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૮
રમૂં ઝાલિને જો કને આસપાસ, ઉછાળી ઉંચાં[૧૦] પ્રેમશૂરે જ હાસ!;
પ્રિતે દાંત ને હોઠ સંકોચતાં જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૯
પછી ઊપરા ઊપરી ઝટ્ટ ઝટ્ટ, બહૂ બોકિથી ચૂસતાં પ્રેમઘટ્ટ[૧૧];
કંઈ વ્હાલમાં ઊણું ના રાખતાં જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૦
પ્રિતે ધાવતો ધાવિને મારિ માથૂં, ઉમંગેથિ હૈડૂં તમારૂં ભરાતૂં;
સદા સ્નેહના રંગમાં રોળતાં જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૧
રડયો ભારિ તો ઘોડિયે હાલહાલ,[૧૨] સુવાડી ભણ્યાં ગીત જે હાલવ્હાલ[૧૩];
તજી કામ ને હીંચકા નાંખતાં જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૨

વખતની દાહાડાવાળીને સારૂં સારૂં જમાડવાનો ચાલ છે; પછી બીજી વાર દાહાડાવાળીની કોઈ દરકાર રાખતું નથી.)

૩ સારૂં ખાવા ઉપર રૂચી નથી થાતી પણ તીખું ખાટું ખાવાપર મન દોડે છે પણ એથી નુકસાન થશે એમ સમજીને તમે એવું ન ખાધું મારી ખાતર ઊઃ કહીને ના કેહેતાં. ૪ પૂરે મહિને એવી ગર્ભની સ્થિતિ હોય છે.

૫ વાગી. (હું જન્મ્યો.)

૬ કિલા, ભાઇ, બાપુ, પેટ એવે શબ્દે મને બોલાવી વ્હાતાં—સમજાવતાં.

૭ ખોળો—(ખોળામાં રાખી પ્રેમનાં વચન બોલતાં જઇ ખોળો હલાવ્યાં કરતાં. ૮ આહું સીધું જોઈ રમાડવાની એક રીત છે. ૯ દવા પીવી નોતી ગમતી તોપણ મારે માટે પીતાં. ૧૦ ઉભાં રહીને બાળકને ઊંચકી ઊછાળી ઝીલી લેવાનું લાડ. ૧૧ પ્રેમનો ઘાટ જે હું તેને. ૧૨ તરતને તરત. ૧૩ ઘો-

સુતો પારણે નીરખી આંસુ આણ્યાં, નહીં સૂખડાં તો વિના પ્રેમ[૧૪] જાણ્યાં;
બહૂ બેસિને પાસ સંભાળતાં જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૩
રડયો દુઃખને મંદવાડે હું જરે, ભયે જોયું આંખોભણી ધારિ તારે;
રડયાં દુઃખથી મોત વીચારતાં જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૪
પડૂં આખડૂં ને બગાડૂં હું ભાગૂં, લડૂં લોક સાથે વળી મારિ ભાગૂં;
કરી માફ ને સ્હોડ તો આપતાં જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૫
અરે લાત ને ટપ્પલા[૧૫] ટપ્પ માર્યા, તમે વેર ને ખારના નાજ ધાર્યા;
ક્ષમાથી સહૂ વાંક સૂધારતાં જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૬
કદી વાગતૂં ખેલતાં ઝટ્ટ લેતાં, ફુંકો ચુંમિ દૈ કૂમળા શબ્દ કહેતાં;
જુઠી વાત ગાયાથિ ઊંધાડતાં જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૭
મને અન્ન ખાવાનું પાણી પિવાનૂં, વળી બોલવા ચાલવા ફ્હેરવાનૂં;
ઘણી મ્હેનતે શીખવ્યૂં વાચતાં જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૮
કુડી નીતિની વાત જથૂ જણાવી, પ્રભૂપ્રાર્થના રીત પ્રીતે ભણાવી,
કુછંદો તજાવ્વા બહૂ બોધતાં જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૧૯
ખરેખાત માપુત્રસંબંધ કેવો, ખરે જાણવો પૃથ્વિ ને વૃક્ષ જેવો;!
કૃતઘ્ની છતાં વ્હાલ તો આણતાં જી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૨૦
અરે કેમ હૂં વીસરૂં ઊપકાર, ગણેથી નથી આવતો કાંઇ પાર;
કૃપાવૃષ્ટિ જોઈ રહ્યોછૂંજ લાજી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૨૧
હજી પ્રીત મોટી દિસે તેવિ તેવી, કરૂં કાં નહીં હૂં તમારાજ જેવી;
બહૂ ધારું છૂં વાળવા પ્રીત ઝાઝી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૨૨
થશો જી અવસ્થા થયેથી અશક્ત, કરૂં તો ખરો ચાકરી રૂડિ સપ્ત;
પ્રભુ રાખશે જો વળી દેહ સાજી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૨૩
પિડા પામશો મંદવાડેથિ ભારે, પથારી[૧૬] કને રોજ બેસીશ તારે;
ન સંભાળ લેઉં ઠરૂં હીણ પાજી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૨૪

ડિયામાં હીચ ઘાલતાં ગાવાનું ગીત; હાલોહાલો. ૧૪ મને વ્હાલ કરવામાંજ તમે સૂખ જણ્યું–બીજા કશામાં નહીં. ૧૫ (મને સાંભરેછે કે એકવાર મેં ટપલા માર્યા હતા–કહારે કે જરે હું બાળપણામાં એકવાર નવરાતરમાં રાતે ચોકી ઉઠતો તેને લીધે મારી માએ એક ગુણીની પાસે એક દાહાડો મગ અડદ મારાપર નંખાવ્યા હતા. તે મંતર ભણીને મારાપર દાણા નાખતો હતો ને હું ચિહડાઇને માને ટપલા મારતો હતો.)

૧૬ (હું નોતો બેસતો–તે બચારી ખાટલામાં પડી મને તેડાવતી ને પછી મારૂં માથું તેના પેટપર મુકાવતી ને પ્રેમના આંસુ પાડતી–પણ હું વ્હેલો

રહેવા સુસ્વર્ગે અરે જીવ જાશે, તમારે વિજોગેથિ ગાલો ભિંજાશે;
પ્રિતી ના ભુલાવે પ્રભૂ રોજ તાજી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૨૫
અરે નિર્મળી પ્રીત આનંદકારી, અરે ના ભુલૂં પ્રીત માજી તમારી;
જગે રેહશે સર્વદા પ્રીત ગાજી, વળાએ નહીં પાડ માયાળુ માજી. ૨૬
રડાં છોકરાં સર્વ તે એવિ રીતે, નિતે માનશે માતણા પાડ પ્રીતે;
થશે સંધિ વાતે સુખી રોજ રહેજે, કહ્યું નર્મદાશંકરે એમ છે જે. ૨૭

પિતાનું.

(ભુજંગી.)

હતો માતણાં પેટમાં ગર્ભરૂપ, ધર્યો માહરે કાજ વીવેક ખૂબ;
જરા દુઃખ ના દીધું રાખ્યાંજ રાજી[૧], વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧
બહૂ કષ્ટથી માજિ જારે રિબાતાં, દિલાસે ઉપાયે કરી સૂખસાતા;
રડયો[૨] સૂણવા રાખિ આતૂરતા જી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૨
કર્યાં માજિને સૂખ જે મૂજમાટે, નથી આપવાનૂં કને તેનિ સાટે;
સુણી જન્મ મારો પ્રુલાઈ જતા જી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૩
વધાઇ[૩] કહેનારને આપિ ઝટ્ટ, પહેરાવિ સોંયાણિને સાડિ સટ્ટ;
ખરો પ્રેમ પ્હેલાંથિ દેખાડતા જી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૪
બહૂ હર્ષથી ઉદ્યમે જન્મ જાણે, કરાવ્યાં ગળ્યાં લોકને ગોળ ધાણે;
અરે[૪] ગૂણ ને રૂપ જોયા વિના જી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૫
ઘણી રીતથી પાળિ પોષી ઉછેર્યો, વિવેકે[૫] વધૂ પ્રેમપાશેજ ઘેર્યો;
ધન્યરે તમે ખ્હાર તેડી જતા જી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૬
કરી કામ ને ખ્હારથી ઘેર આવ્યા, મને આપવાને કુડૂં ખાવું લાવ્યા;
પછી પાસ પ્રેમેજ બોલાવતા જી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૭

વ્હેલો તાંથી ખસી જતો. મારૂં ચિત ભણવાનાં કામમાં મસ્ત રેહેતું–માનાં વ્હાલની મને અસર થતી નોતી. હવે મને ઘણા ઘણા વિચાર આવે છે.) (એ કવિતા, મા મરી ગયા પછીની છે.)

૧ તમે મારી માને દુખ ન દીધું તે મારે માટે કે હું દુખ ન પામું. ૨ મારો જનમ થયો એમ સાંભળવાને. બાળક રડવા માંડે કે અડોસીપડોસીને માલમ પડેછે કે જનમ થયો. ૩ વધામણી. ૪ (એવું તમારૂં હેત) ૫ જેમ બીજના બાપ, છોકરાને હદથીજ્યાદે લડાવે છે તેમ નહિં પણ વિવેકે પણ એ વિવેક સાથે પાછો વધારે પ્રેમ રાખ્યો.

ધણૂં નીરખી ને નમાં નીર આણી, દઈ ઝટ્ટ બોકી લિધો પાસ તાણી;
કરી કોટિ ને ખૂબ ખીલાવતા જી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૮
અરે બોલતો કાલું કાલું હું બાપ, ઉમંગે તમે મારતા પ્રેમથાપ;
વળી મંદ[૬] નીહાળિ સંભાળતા જી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૯
ઘણી વાર સામૂં બહૂ બોલતો જી, ઘણાં નૂકસાનો પહોંચાડતો જી;
ક્ષમા આપિને આપ[૭] તો બોધતા જી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૦
અરે છાતિ ને મૂછના વાળ તાણ્યા, તમે રીસ ને વેર લેશે ન આણ્યાં;
દઈ શીખ ને બોડ ભંગાવતા જી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૧
ધણૂં દ્રવ્ય ખર્ચી શિખાડ્યો મને જી, ઘણી મ્હેનતો જાતથી લૈ અને જી;
બતાવ્યાજ સંસાર રસ્તા ઘણા જી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૨
ભરી મૂજમાં નીતિ તો હાંસિ હાંસી, થયો યોગ્ય વિદ્યા વિવેકે ન રાસી[૮];
કુડા વ્હેમિ વીચાર સુધારતા જી, વળાએ નહીં પાડ વ્હાલ પિતાજી. ૧૩
હતો છેક ન્હાનો ઘણી ધામધૂમે, કર્યાં લગ્ન મારાં બહુ પ્રેમઝૂમે[૯];
સહૂ કામકાજે સજી મ્હાલતા જી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૪
અભીમાન રાખીજ હૂં દીકરાનૂં, લડાવ્યો કરી વ્હાલ મોટી તરહાંનૂં;
થઈ પ્રેમઘેલા બહૂ ઘૂમતા જી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૫
વયે મોટ મારે પડે નાજ ભારી, કિધાં લગ્ન વ્હેલાં ખરે એમ ધારી;
અતી પીડ મારે લિધે સોસતા જી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૬
પુઠો ફેરવી ખર્ચતાં ના લગારે, શિખાડી લગાડયો રૂડે રોજગારે;
ઇછી શૂભ પાણી[૧૦] શિરે મૂકતા જી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૭
સુધો રાહ નીતીતણો તે જણાવ્યો, તમે બ્રહ્મનો ધર્મ હેતે ભણાવ્યો;
ઘણીવાર રે સાક્ષાતા આપતા જી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૮
કદી ના સુણ્યાં કુડાં વેણ કોઇ, હસ્યા કાળજે રોજ પ્રેમે હું જોઇ;
કહ્યું મેં કંઈ તો ભણ્યા હાજિ હાજી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૧૯
કમાઉં છઉં ધંન ને આબરૂ હૂં, શરીરે સુખી આ જુઓ રૂબરૂ[૧૧] હૂં;
અનૂકૂળતાના[૧૨] તમે તાત તાજી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૨૦
તમે તાત કીધા ઘણા ઊપકાર, ગણાએ નહીં કેમ કીધા અપાર;
અરે વીસરૂં તો ઠરૂં મૂર્ખ પાજી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૨૧

---

૬ માંદો; આજરી. ૭ તમે. ૮ નઠારો (નહી). ૯ પ્રેમના નીસાની ઝુમ.
૧૦ હાથ (શુભ કલ્યાણ ઇછી મારે માથે હાથ મુકી આશીરવાદ દેતા).
૧૧ પ્રત્યક્ષ. ૧૨ તાજી અનુકુળતાના–મને જે સર્વ ચીજ મળી આવેછે

કદાપી કર્યો હોય જો કોઇ વાંક, પિતા માફ આપો તમારો છું રાંક;
ઘસું નાક કીધાં ભુલું જો હું લાજી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૨૨
તજી સર્વ કામો કરું સેવ સારી, ફરી ના મળે મા અને બાપ ધારી;
ખરા સ્નેહમાં બેજ માતા પિતાજી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૨૩
કરે મા અને બાપ તે નાજ થાએ, ખરે કોઇ બીજાથિ સૌ હારિજાએ;
તમે આસરો ઝાડ ને હું લતા [૧૩] જી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૨૪
થશે વૃદ્ધ કાળે અશકતી શરીરે, વિહલા [૧૪] નાજ મૂકું તમોને જરી રે;
હયાતી તમારી મને રોહ છાજી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૨૫
સદા પૂછિને કામ જો હું કરંજી, નિરાંતે વિના કાળજી હું ફરંજી;
કદી કોથિ ખાઊં નહીં રે ખતાજી, વળાએ નહીં પાડ વ્હાલા પિતાજી. ૨૬
રુડાં છોકરાં સર્વ તે એવિ રીતે, નિતે માનશે તાતના પાડ પ્રીતે;
થશે સંધિ વાતે સુખી રોજ રહેજે, કહ્યું નર્મદાશંકરે એમ છે જે. ૨૭
(૧–૨)

આગગાડી.*

(કટાવ.)

ખસા ખસો સહુ, બાજૂ આવો, જુઓ જુઓ રે, પેલું ઘેલું, જંગલી ગજનું, જુથનું મ્હોટું, ખૂબ હાંફતું, ફૂંફૂંફૂંફૂં, ફૂંફૂં કરતું, વરાળરૂપે, દંભ કાઢતું, ચીંઈ શબ્દે, ચીસ પાડતું, સાવધ કરવા, મુકામપરના, રખેવાળને, બેસનારને, જોનારાને, કે હું આવું, સહુ સલામત છે વા ગરબડ, નીજ જાતને, રસતામાંની પગથીયેાને, અથવા બીજી, મારગમાં કો, થઈ હોય તે, પ્રથમ જણાવે, તારઘંટથી; ભય બહુ હોએ, ચીંઈઈ કરીને, ચીસ કારમી, તાણી પાડી; ત્યમ ચેતવણી, મુકામપરના, રખેવાળ તે, નીજ તરફથી જો કંઈ હોયે, તો બતલાવે, ઉંચે કાષ્ટની, ફળી ટાંગિને, વાવટા

તેના પણ તમે બાપ છો–તમારી કાળજીથી મને પ્રાપ્ત થાયછે. ૧૩ વેલી.

૧૪ (મને મોટો સંતોષછે કે મેં મારા પિતાને તો વીહીલા નથીજ મુકયા, જેટલી બનીછ તેટલી સેવા કીધીછ ને તેપણ વીરપુરુષની પેઠે મોટા સંતોષે મુઆછે (માની સેવા ન થયલી તેથી મને પસ્તાવો થયલો ને તે ઉપરથી બાપની સેવા કીધી એમ નથી, પણ હું પ્રેમમાં સમજતો થયો હતો તેથી.)

* એમાં જંગલી હાથીનું સેન ડોલતું આવતું હોય તેવી કલ્પના લેવી. આગગાડીનું વર્ણન હાથીને નામે કર્યુંછે. (૩૫૬.)

ઉડવી, દીવા રાખી, સિગનલ રૂડી, રાતી જણુવે, ભય છે માટે, ઊભૂં રેહવૂં, લીલી જણુવે, સંભાળીને, હળવે હળવે, જોતાં આવ્વૂં, ધોળી જણુવે, નથી હરકતો, પુરી દોડથી, ઝટ ઝટ આવ્વૂં, વળિ કો હામે, હવા ધુમસથી, જણાય નહિં ત્હાં, સીસાંકેરા, દારુ ભરેલા, ડબ્બા જાણે હોય પતાસાં, તેને રાખે, વળગાડીને, પગથીસાથે, આગળથી કે, જેના ઊપર, પગલાં પડતાં, થાય અવાજો, જાણે ફૂટી તોપ હોયની, એ તજવીજે, સાવધ રહે જુથ, ઘણૂં ડાહ્યું તે, સમજવાળૂં, ખુબી ભરેલૂં રમાડનારૂં, ગુણકરનારૂં, તોપણ દીસે, બ્હારથકી તે, ગાંડૂં ઘેલૂં, ઘણીક રીતે, બરાડવામાં, વળી ચાલવે, પગલાં મુકવે, સરખી રીતે, વેળાએ તો, ધીમે ધીમે, વેળાએ તો, ઉતાવળાં ખુબ, વાયુપઠે તે, ઊડી જાએ, જે કારણથી, પગથી બોલે, ઠબ્બ ઠબ્બ ઠબ્બ, ઠબ્બ ઠબ્બ ઠબ્બ ઠબ્બ, ધપ ધપ ધપ ધપ, ટકઢક ટકઢક, ટૂકટૂક ટૂકટૂક ટૂકટૂક ટૂકટૂક, ખડ ખડ ખડ ખડ, ખરરર ખરરર, સરરર સરરર, ઢક ઢક ઢક ઢક ઢક ઢક ઢક ઢક ઢક ઢક ઢક ઢક, વાયૂં બોલે ખરરરરરર ખરરરરરર, હાંફો ચાલે, ફૂંઊંફૂંઊં, વચમાં મોટી, બોલે સૂઉઉ, પાછી પગથી, ટૂક ઢક ટૂક ઢક, ઉભૂં રેતાં, કર્યૂં ઊં ઊં ઊં, ધન્ય જૂથને, પીઠે આણે, બોજા મોટા, માલ અને સહુ જનાવરોને, લોકોને પણ, બેસાડીને, અંબાડીમાં, જેમાં શોભે, છાજેવાળા, ઘણા ઓરડા, કો કો દીસે, સણગારેલા, શ્રીમંતસારૂ, કો કો સાદા, ગરીબસારૂ, એ સંઘાને આંચવગરની, ખૂશાલીમાં, સૂખ આપતાં, આણેછે જુથ, કાપી ઝટઝટ, લાંબા મારગ, જે બહુ શોભે, સડક થવાએ, સડક જોઈ જે, અનહદ્દ લાંબી, જેની વચ્ચે, પગથી રૂડી, એકમેકથી, પાંચ પુટ નવ ઇંચ દૂરછે, લોઢાની કહું, જમીનસાથે, બેસાડેલી, થાય ઘસાઈ, લીસી ચકચક, તડકે ચળકે, રૂપાંસરખી, જે વળિ કદમાં, પુણા પાંચ ઇંચ ઊંચાઇમાં, પોળાઇમાં અઢી ઇંચ પણ, જુથ પગ મુકતૂં, સફાઇથી રે, જેમ જાદુગર, દોરડિઊપર, દોડે તેમજ; સડકતણી બે બાજુઓએ, હદ્દકટેરા, એક પાસ તો વિજળીકેરા તારો ઊંચે, લટકે શોભે, થંભે બાંધ્યા, જેનૂં અંતર, એકમેકથી, સાઠ વાર છે; હદ્દ પેલિગમ, બે પાસે છે, રૂડાં ખેતર, જે ચોમાસે, લીલે ઘાસે, લીલે ઝાડે વાયુલ્હેરમાં, રમ્યજ લાગે, વળી પર્વતો, લિલોતરીથી, ભરેલ સુંદર, પણ જરે જુથ, નદિ દરિયાપર, પૂલોપરથી, આવે તારે, શોભા અનુપમ, વિશેષ વર્ણૂં ચોમાસામાં, ભરપુર પાણી, રગડો રાતો, થંડુ ભારી, ખુબ

વિસ્તારો, ચાદરરૂપે, દેખાયે ને દોડે જબ્બર, ઝુમઝુમ ઝુમઝુમ, મેહુલો વરસે, પર્વત ભૂરા, જણાય સારા, મીઠો લાગે, શબ્દ પાણિનો, મળેલ જેને, ગજ જુથડાંનો, ધધધધધધધધ, ખરે બપોરે, ધન અંધારાએ, તારા ચળકે, જુથ દોડે જહાં, લોઢાના પુલ, કારિગરીનાં, કમાન ઊપર, બંધાએલા, વળિ કો મારગ, પ્હાડો વચ્ચે, ખોદી કાઢયા, બાજૂ જોતાં, કાપ્યા લાગે, કરવતથી ખુબ, સફાઇથી તે, જેમાં જુથડૂં, ચીંઇંઇ કરીને, જાએ તારે, અંધારૂ ઘન, અજબ પમાડે, પછી જતૂં રેહ, ને અજવાળું, પાછું આવે, આહ કેવું, વિસ્મય કરતૂં, બેસનારને, પવન મઝેનો, દીલે લાગે, એ સઘળાંથી, તન મન ઊપર, થાય અસર બહુ, હરખ હરખમાં, લ્હેરે ઊંધે, એવી રીતે એક જગેથી, બિજી જગોએ, કામકાજપર, મોજ મારવા, થોડે પૈસે, ત્રીજે વર્ગે, બે પાઇમાં, બીજે વર્ગે અડધે આને, પેહેલે વર્ગે એકજ આને, એક મૈલની, લોકો કરતા, સવારિ ખાસી, જુથપર બેસી, તે કેવૂં ?! તો, બહૂ દોડતૂં, સરતી ઘોડો, તેની આગળ, શૂંજ દોડશે ?, જરૂર પડેથી એક તાસમાં, સાઠ મૈલનૂં, અંતર કાપે; રોજ કામમાં, ઘણીક વેળા, લોકોનો તો, હજાર પંદર, મુંબઈ મણુનો, ભાર લઈને, તિસનૂં જુથડૂં, દર કલ્લાકે, વીસ મૈલનૂં, ફકત માલનો, કહું પિસતાળિસ હજાર મણુનો, બોજો લઈને, પચાસનૂં જુથ, બાર મૈલનૂં અંતર કાપે; અવધડ વેળા, અતીસ ચાલે, કદી ન થાકે, બેસનારનૂં પાણિ ન ઉછળે, એવૂં દોડે, ઝુલતૂં ઝુલતૂં, મદે ભરયૂં પણ માવધકેરી, આજ્ઞા ઝટલઈ, માનિ કરીને, અટકે ચાલે; સહૂ ખરૂં પણ, જરે કરિયે, વિચાર કે એ રૂડૂં જુથડૂં, માનવિ જાતે, બુધ્ધી જોરે, ઘણી મ્હેનતે, ઘણેજ પૈસે, ઉપજાવ્યૂં છે, તારે તો વળિ, આંખો ફાટે, મ્હોડાંમાંથી થાએ હેં હેં, ધન્ય ધન્ય છે, માનવિ તૂને, તૂં ન કરે શૂં ? ; લાભ થાય તે, ગણાય નહિં રે, સહુ જન કેહે, લાભો મોટા, દેશાટન ને, વેપારોથી, થાએછે પણુ, તેનાં સાધન આવાં જુથ છે, ઘણે દૂરથી, માલ લોક તે, આવે રહેજે, એક જગે જો, પડે કાળ તો, બિજી જગેથી, ધાન્યો આવી, છત થઈ રેહે, એક જગે જો, બંડો થાએ, બિજી જગેથી, ઝટકરિ આવે, લશકર મોટું, એક દેશની, વસ્તૂ રીતો, બિજા દેશમાં, આવી મચતી, વળિ વેપારો, શરાફિ ધંધા, વિદ્યા હુનર, વધે બહૂ જહાં, અછત હોય ત્હાં, કુસંપ અંતર, તૂટી જાએ, સંપ વધેથી, સુખ ને સંપત, વધે દેશમાં, ખરે કહૂંછૂં, આવાં જુથડાં, જગે જગેરે,

ભમતાં થાશે, રમતાં રહેશે, પ્રવાસવધશે, ધંધો વધશે, તારે પાછી ભર્તખંડની બઢતી થાશે, નક્કી નક્કી, શુકન થાયછે, ભાવી વાતો, હમણ દીસે, ન્હોતૂં આવું, દીસે આવું, લાભ જોઇયે, એ ઊપરથી, જણાય છે કે, હરિ અનુકુળ છે, એણે ધારી, પાપ કરેથી, સર્વ માનવી, રીત ભાતમાં, વિચારમાં બહુ, જુદાં પડીને, ખૂબ રિબાયાં, હવે ફરીથી, ખરૂં સૂખ તે, તેઓ પામે, થાય એકઠા, જમિન હવા ને, ભોલીકેરા, વિચારકેરા, તફાવતો તે, જતા રેહ ને, એકમેકનૂં, જોઈ લઇને, વ્હેમો કાઢે, રીત સુધારે, તેને સારૂ, જેમ્સ વાટને, કરી પ્રેરણાં, જેણે બુદ્ધી, ઘણી વાપરી, વરાળબળને ઘણીક રીતે, યંત્રોમધ્ય, લાગૂ પાડ્યૂં, તેમાં આ પણ, ગજ જુથડાંનો, અને તેમની, રીત ભાતનો, ચાલ ચલણનો, રસ્તાઓનો, કસ્યો સુધારો, જોનેયોગે, સૂખ સર્વને, થાએછે બહુ, શોધક નરને, છે સાબાશી; એ પરમાણે, ઇશ્વર બાપો, પુત્ર પુત્રિને, સુખિ કરવાને, નિજ કુદરતની જાણ કરે કે, તેઓ તેની, સ્તુતિ પ્રાર્થના, કરે અહોનિશ, નીતી પાળે, સૂખી થાએ, માણસ અમથું, તેના વણ શું, કરી શકેરે, ભિતરતણી જે, કૂંચિ ફેરવે, ઘટતી રીતે, તે હરિ જગપતિ, અતી દયાળૂ, દરિદ્રિ સામૂં, જોએ હમણાં, તેની સેવા, ખરા ભાવથી, રોજે કરવી, જરૂર છે પણ, છતૂં ટાણું ને, સમરણ કાં ના, કરવું સાચે, માટે તેના આજ પ્રસંગે, પાડ માનવે, સામેલ સહુ જન થાઓ થાઓ; જય જય શબ્દે ગુણ ગાઓ ગાઓ.

(૨–૧)

બ્રહ્માંડલીલા.

પાતાળ.

(કટાવ.)

અદ્‌ભૂત કૃત્ય પાતાળે,
સંતોષે હર્ષે ભાળે,
સૃષ્ટિક્રમ કાળે કાળે,
કીધાં જે દેવ દયાળે,
મૂએલાંને પણ પાળે,
આવે નહિં ખૂબી ખ્યાલે ખ્યાલે;
ખ્યાલે,

બહુ બહુ ઢાળે,
બહુ બહુ તાળે,
બહુ બહુ ચાળે,
મમતે ઠાલે,
શું ગાઉં રાળે,——

ભિન્ન ભિન્ન બહુ, પ્રવાહિ નક્કર, અધવચરા વાળ, ધાતુ થોક તે થ-રરૂપે સહુ, જેની સંખ્યા, ચાળિસ ઊપર, જેનામાં કો, સરખા ગૂણો, જણાય તેથી, ગણાય દશ તળ, જે સર્વે છે, એકમેકપર, અમુક ક્રમે ને, વિસ્તારે પણ, અમુક જગામાં, આડિ હારમાં, અગ્નિ પાણિથી, બન્યા થરો તે, રેતિ માટિના, અનેક જાતી, છાકું કાંકરી, ચૂના પથ્થર, રેતીપ-થ્થર, સ્લેટી પથ્થર, ધંટીપથ્થર, પથ્થરચૂરો, સ્લેટી ચૂનો, ખ્હાડી ચૂનો, ચાક સફેતો, ચકમક સાથે, ચકમક વીના, અબરખનાં પડ, કોયલાનાં પડ, ઇત્યાદી સહુ, સુથાર કડિયા, કુંભાર ખેડુત, લુહાર વગેરે, કારિગરોને, ઉ-પયોગી બહુ; માણુસ જાતી, બિજાં જનાવર, હમણાંદીસે, તે પૃથ્વીપર, નહી, પ્રથમથી, તેમજ પૃથ્વી, નહીં ઉજડ પણ, જુદાં પ્રાણિને વનસ્પતીથી, અનુક્રમે તે વસેલિ હૂતી, એમ માનવા, ઘણાં કારણો, જૂગ જૂગનાં, જે જે પ્રાણિ, જે જે ઉદ્‌ભિજ, ભૂચર જલચર, દાટેલાં સહુ, પથ્થરરૂપે, આ-ખાં મજબુત, પડે દૃષ્ટિએ, તે સઘળાં કો, કોઇ વાતથી, હમણાંનાંને, નથીજ મળતાં, અસ્થિશૃંગ વળિ. ખાંગડ કોડાં, શંખ ચક્ર ને, સીપ જાત તો, લ્હરેલ્હરેની, ચિત્ર વિચિત્રજ, રમ્ય ભયાનક, કો કો પડમાં, આ સૃષ્ટીમાં ઘણીજ સુંદર, ધાતુ ખાણમાં, હીરા માણક, સોનૂં રૂપૂં, તાંબૂં લ્હોડૂ, ઉપયોગીને, શોભિતી ચિજ, દિસે અતીસેં; ફેરફાર સહુ, થયા સૃષ્ટિના-શામાટે ને, શી શી રીતે, તેનો જ્ઞાતા, નહીં માનવી, મથી મથીને, કરે કલ્પના, તોપણ હારે, એવિ ગહન ગતિ, અતિ પ્રભૂની, નાયક મોટો, રં-ગભૂમિમાં, નાટક ખેલે, વેશો અદ્‌ભુત, ભજાવિ ભારિ, પરબ્રહ્મ ને, દયા-નિધી તે, આ સૃષ્ટીમાં, સઘળાં કરતાં, માણુસને બહુ, વ્હાલું કરીને, અ હિં ને તહિંનાં, સુખનાં સાધન આલે આલે, આવે નહિં ખુબી ખ્યાલે ખ્યાલે. ૧

પૃથ્વી.

(કટાવ.)

અદ્‌ભૂત કૃત્ય આ લોકે,
સઘળે છે થોકે થોકે,
ગુણ રૂપે રંગે નોકે,
નહિં ખુખીવનાનું કોકે,
સર્વસ રસમય જ અશોકે,
જોતાંજોતાંદીલચોંકેચોંકે;
ચોંકે,
રસલીન ઝોંકે,
પણ પછિ ઓકે.
સ્તુતિ સંતોષે,
યશ બહુ ગોખે,
ભૂલે જોખે—

પૃથ્વિ નામનો, નક્કર ગોળો, અધર રહેલો, આસમાનમાં, પૃષ્ટ ભાગ તે, ચારે મેરે, વાતાવરણે, વીટલાયલો, જમીન જળેથી, દિસે ભરેલો, જળવિશેષ તો, મહાસાગરો, સાગર ને વાળ, ઊપસાગરો, જળસંયોગી, અખાત, ખાડી, નદી સરોવર, વળી ધોધવા, કેટલાંકને, ભરતિ ઓટ છે, પ્રવાહ અંતર, નરમ તુપ્રાની, દિશા દિશાના વાયૂએકરિ અસર થાયછે, જેને યોગે, મોડાં વ્હેલાં, ચાલે વહાણો, એક જગેથી, બિજી જગોએ, બંદર શોભા, દીવાદાંડી, પુસ્તા કિલ્લા, ગોદી ધાટો, દરિયા વચ્ચે, જમીન તેતો, દ્વીપ નામથી, ઓળખાય છે, કો કો ઠામે, જનાવરોએ, પરવાળાંના, કરેલ પ્હાડો, લાંબા પ્હોળા, બેટરૂપ વળિ, બીજા ખડગો, જનાવરો ને, મચ્છ માછલી, વનસ્પતીયો, દરિયામાં ને, કાંઠે કાંઠે, જાત જાતની, જણાય ભારી,—જમિન વિશેષે, મહાદ્વીપ બે, ખંડ ચાર વળિ, ખંડ ખંડમાં, ઘણા ઘણા છે, નાના મોટા, દેશો પ્રાંતો, શ્હેરો કસ્બા, ગામ ગામડાં, રસાળ ઉજજડ, જમીન કિલ્લા, મેદાનો તે, લીલાં સૂકાં, અઘોર રાનો, બિંડ ટેકરી, પ્હાડો પ્હોટા, કો કો બળતા, જાત જાતનાં, પશૂ પક્ષિઓ અનેક ક્રીડા, ઝાડપાન ને, ધાતુ સર્વ ને, માણુસ જાતી, ત્હરે ત્હરેની, રૂપરંગ ને, પ્હેરવેશમાં,

વળી બોલવે, રીત ભાતમાં, કામકાજમાં, તેમજ બુદ્ધી, નીતિ ધર્મમાં, વિદ્યામાં ને સ્વભાવમાં પણ, એમ છતે તે, ઘણીક વાતે, સરખાં દીસે, એજ બુધી છે, કરનારાની, આ સૃષ્ટીમાં, ઈશ્વર કૃત ને મનુષ્યકૃત સહુ, અદ્‌ભુત કામો, પડે દૃષ્ટિએ, તે સઘળાંઓ, બાળકથી તે, ઘરડાંઓની, સ્ત્રી પૂરુષની, આંખે આણે, ઝળઝળિયાં બહુ, સૂખ દુઃખનાં, વારેઘડિએ, ઈશ્વરકેરા સ્તવન કરવવા, જીવને બહુ બહુ ટોકે ટોકે, જોતાં જોતાં દિલ ચોંકે ચોંકે–૧.

આકારા.

(કટાવ.)

અદ્‌ભૂત કૃત્ય આકાશે,
વ્હાણૂં ને સાંજ પ્રકાશે,
બહુ વર્ષ થયાં ને થાશે,
દેખાયૂં ને દેખાશે,
તોપણ પ્રાણી હરખાશે,
શૂં ભક્ત કવી યશ ગાશે ગાશે;
ગાશે,
હારી જાશે,
મમત ભરાશે,
ઠોકર ખાશે,
એમ અવિનાશે,
રચ્યું ચોપાસે,—

સૂર્યમંડળે, મધ્ય બિરાજે, સૂર્ય તેજમય, ગ્રહો ઘણા પણ, કહૂં મુખ્ય અહિં, ગ્રહ એકાદશ, બુદ્ધ શુક્ર આ પૃથ્વી ચંદ્ર સહ, મંગળ વેરતા, જુનો સાતમો, પાલસ સીરિઝ, બૃહસ્પતી તે, ચાર ચંદ્રસહ, સાત ચંદ્રસહ, શનિ તો શોભે, હરશલ નામે, ગ્રહ જે આઘો, છ ચંદ્રસાથે, પ્રદક્ષિણા શુભ, કરે સૂર્યની, અનેક અચલિત, પાર વનાના, સૂર્ય સરીખા, તારા મ્હોટા, દીઠા તેના, બાંધ્યા રૂડા, ગણ સત્તાવિશ—અશ્વિનિ ભરણી, તથા કૃત્તિકા, રોહિણી મૃગસર, આરદ્રા ને, પુનરવસુ પુષ, અશ્લેષા વળિ, ભલીમધા તો, પૂર્વા ઉત્તરા, હસ્ત તેરમૂં, ચિત્રા ચૌદે, સ્વાતિ વિશાખા, અનુરાધા ને, જ્યેષ્ઠા રૂડૂં, કહૂં મૂળ પછિ, પૂર્વષાઢા, ઉત્તરાષાઢા, શ્રવણ ધનિષ્ટા, શત્ત-

તારકા, પૂર્વા ઉત્તરા ભાદ્રપદા ને, રેવતિ છેલ્લે, નક્ષત્રો એ, અનુક્રમે સહુ, પડે દૃષ્ટિએ, ઠામ ઠામમાં, બાર રાશિ તે, મેષ વૃષભ ને મિથુન કર્ક સિંહ, કન્યા તૂલા, વૃશ્ચિક ધન ને, મકર કુંભ મિન, ધ્રુવનો તારો, અચળજ અ-ળગો, ખુબી ભરેલો, શોભે સારો, વ્હાણવટી ને, જ્યોષીઓને, ઘણું કામનો, ચમત્કાર બહુ, ધૂમકેતુના, અસંખ્યાત છે, અતી ભયાનક, ગતી તેમની, થાય દિવસ ને, રાત્ર ઋતૂઓ, ભરતિ ઓટ વળિ, ગ્રહણ ચંદ્ર ને, સૂર્યત-ણા સહુ, રાહુકેતુને, નામે થાંયે, એ સર્વે તો, આકર્ષણ ને, ગમનથકી છે, પરસ્પરે બહુ, શું શું વર્ણું, નંગ જડિત શુભ, છાજ અનૂપમ, પોલી સ-ઘળી, ઘડી ઘડીના, ચિત્ર વિચિત્રજ, બને નવા રંગ, વાદળકેરા, ઇં-દ્રધનુષ ને, વીજ ચમક વળિ, ગરગડાટ ધુમ, ઇત્યાદિ કૃતિ, રમ્ય મનોહર, વળી ભયાનક, પ્રૌઢપણે તે, દરસાવે છે, ગુપ્ત શક્તિને, છે જે કર્ત્તા, સર્વેશ્વર હરિ, સર્વ શક્તિમાન, સર્વ જાણુતો, અંતરજામી, બહુ બહુ નામી, અવિચ-ળ ધામી, ઘટ ઘટ વ્યાપક, આપ અલેપજ, નિરંજન ને, નિરાકાર ઓમ્, તથાપિ જ્ઞાને ભાસે ભાસે, શું ભક્ત કવી યશ ગાશે ગાશે. ૧

બ્રહ્માંડ.

(હટાવ.)

અદ્‌ભૂત ચૌદ બ્રહ્માંડે,
નીતીમય જોત અખંડે,
કરે બંડ ખંડ બહુ દંડે,
હરે ઝટ ભક્તપિડ પંડે,
મનવાંછિત દેવા મંડે,
સચ્ચિદાનંદ રૂપ હરિ વંદે વંદે;
વંદે,
શીતળ ચંદે,
આનંદકંદે,
મુકતા નંદે,
કીર્ત્તિ વૃંદે,
શું ગાઉ છંદે;—

એક અજર અજ, અમર અમળ ઝળ, ઝળ ઝળ ઉજવળ, અચ

ળ અકળ કળ, અરૂપ સરૂપરમ, અનાદિ અનુપમ, અગમ નિગમ ગમ, અગાધ ગુણ ધન, જન તન મન ધન સુખતણું કારણ, ખળબળ મારણ, ભક્ત ઉધારણ, સતત નરાયણ, બ્રહ્મ પરાયણ, જગતકરણ તૂં, નાટકરમણું, તાપોસમનં, વેદે મનનં, જનનં મરણું, ભવભયહરણું, ધરણીધરણું, તારણતરણું, અભરાભરણું, અંમૃતઝરણું, પ્રભુ તવ ચરણું, અશરણશરણું, જય જગજિવંન વિજયાનંદે, સચ્ચિદાનંદરૂપ હરિ વંદે વંદે. ૧

(૨-૧)

વનવર્ણન.*

(દોહરો.)

થળને ઠામે જળ કરે, વળિ થળ જળને ઠામ;
ભેગાંનાં જૂદાં કરે, જૂદાં ભેગાં રામ. ૧

(ઈંદ્રવજ્રા.)

જાણીશ મા કે કદિ ભૂલું તૂને, લાગે ભયો ને દુખ થાય મૂને;
ચ્હીડાઉં ભારી વળિ દેહધર્મે, તોએ હું પાછો ભજું ભક્તિમર્મે. ૧૨

---

*એવચનીપણાં–એવકાઇનાં જખમથી હું રાત દાહડો એટલો રીબાતો હતો કે જોકે દર્દી ગ્રંથો વાંચવામાં, નાટકો જોવામાં, ગાનતાન સાંભળવામાં, મિત્રોને મળવામાં ઘણો કાળ ગાળતો, તોપણ એકલો પડતો કે પાછો 'મ્હેલ કરવત મોચીના મોચી'–એ હાલતમાં આવી રેહેતો–ગઈ વસ્તુના શોકથી નહી, પણ સાચને આંચ કેમ લાગેછ, ને ઈશ્વર પણ એમ સાચ ને આંચ કેમ લાગવા દેછ અને અપરાધીને અહીં શિક્ષા કેમ નથી કરતો–એ વિચારોથી હું ઘણોજ ખિન્ન રેહેતો—મને ઘરમાં રેહેવું કે કોઇને મળવું ગમતું નહીં. મેં મહાલક્ષ્મી, વાલકેશ્વર, કુલાબા, પરેલ વગેરે મુંબઈનાં દૂરનાં એકાંત ઠેકાણાંમાં, અને બ્હાર ગામડાંઓમાં ફરવા માંડયું. હું ભરચોમાસાંમાં એ હુંગરોપર જઈ જઈને બેસતો, ને એ રીતે મને સૃષ્ટિસૌંદર્યમાં જરા વિશ્રામ મળવા લાગ્યો. હું એકાંતમાં કુદરતના વિચારમાં બેસતો ત્યારે મને લાગતું કે હું મૃષ્ટિસૌંદર્યનાઆનંદમાં તંકું છઊં—એ આનંદમાં મેં વનવર્ણન રચ્યું છે. (આગસ્ટ ૧૮૬૨.) પેહેલો દોહરો ને પછીના પાંચ શ્લોક ઉપલી વાતનું સ્મરણ કરાવેછે. એ લખવું બે મતલબ સારેછે —જેમ પ્યારાપ્યારીને લાગેછે તેમ જીવશિવને પણ લાગેછે–ઈશ્કે મીનજી ને ઈશ્કે હકીકી.

૧ માણસને અત્યંત દુખ પડેછ અને તેમાં સગાં માણસને સાચવટથી ચાલતાં ઘણીવારસુધી ઘણું દુખ સોસવું પડેછ તારે તેનાથી ઘણું ચ્હિડાઇજવાય છે અને ઈશ્વરનેવિષે ખોટા વિચાર થઇજાયછે (એવો દેહનો ધર્મજછે) તોપણ, જ્ઞાનીજન જ્ઞાનથી પાછો ભક્તિનો મર્મ સમજી (કે ઈશ્વર કરેછે), ઈશ્વરપાસે ક્ષમા માંગી તેની સારીપઠે ભક્તિ કરેછે.

તારે ગમે તો સુખ પાછું આપ, તારે ગમે તો દુખમાંજ દાબ,
તારો ગયો જે કદિ છેક પ્યાર, મારો વધ્યોછે નકિ જાણ યાર. ૨
પ્હેલાં ઘણો તેં રસ જે ચખાડયો, તેનો મને તો ગળકોજ લાગ્યો;
પાછો ન પાએ હદથી કદાપી, તોએ હું રાજી રહું ગૂણ ગાઈ. ૩
સંયોગકેરાં ફરિ સૂખ નાવે, તોએ વિયોગી ખમું દુઃખ ભાવે;
કાંકે દિધૂં એ પણ મૂજ યારે, મારે ઉગારે મન જેમ ધારે. ૪૪
તારાં ચરિત્રો ખુશિથી હું ગાઉં, સંતોષિ એમાં બહુ નિત્ય થાઉં;
લીલાનિમાંહિ મન મેળવૂં કે, તૂંમાંજ ભેળ્યૂં સમજૂં ખરૂં રે. ૫૫

શીયાળામાં.

કેવાં દિપે જે સહુ ખેતરો જે, લીલાં પિળાં નૂતન ભાતથી તે;
કોણે ગલીચો ખુબ છે બિછાવ્યો ? જેની પટીએ જરને લજાવ્યો. ૧૧
છોડો નમેલા કણથી ભરેલા, ગર્ભે પુરે કષ્ટિત જેમ બાલા;
જોએછ તે વાટ જ દાઇકેરી, જોએો થઇછે હરખાઇ લ્હેરી. ૨૨
ઊભૂં કુડું ખેતર જ્વારકેરૂં, જોતાં રસેથી દિલ થાય ભીનૂં;
શોભે ઉભામારગ આરપાર, બેપાસ છોડો ઝુમતાજ ધાર. ૩૩

---

૪ મિલાપના અથવા આગળ ચ્હડતી હાલત હતી તે વખતનાં સૂખ. વિ-યોગનાં દુઃખવના સંયોગ સુખની લ્હેજત નથી. (તેંજ મને ચ્હડાવ્યો હતો ને તેંજ મને પાડયોછ—ચ્હડાવનાર પણ દોસ્ત ને પાડનાર પણ દોસ્ત ખરો, માટે દોસ્તિની ખાતર દુઃખ પણ ખમીશ ને તે વળી બબડયા વગર.)

૫ તેં જે લીલા કીધીછે તેમાં હું મનગમાડો કરીશ ને એટલે મેં તારામાંજ મન મેળવ્યું—મને તારો સંયોગ થયો એમ હું માનીલઇશ.

૧ નૂતન—નવાં. ભાત—ડાંગેરનાં ખેતરો પાકી તૈયાર થયાં હોય ને તેનાપર તડકો પડતો હોય તો તે દુરથી જાણે એક મોટો ગલીચો પાથરેલો હોય તેવું દેખાયછે. ગાલીચાને પટી હોયછ તે એ ઠેકાણે ભાતનો એકેકો પાતળો લાંબો નાજુક છોડ સમજવો—એના ચળકાટની આગળ જરકસબનું તેજ કંઈજ લેખામાં નથી. (પ્રતીપ અલંકાર.)

૨ જેમ કોઇ સકુમાર ઠિંગણી છોકરી પૂરા દાહાડાવાળી નીચી વળીગયલી જણવાની તૈયારીમાં કષ્ટાતી માલમ પડેછે, તેમ પેલા છોડવાઓ જાણે પોતાનો ભાર ઓછો કરવાની કાળજીમાં વળીગયલા હોયની તેવા લાગેછે. જેમ પેલી, દાઇ—સોયાણીની વાટ જોયછે તેમ છોડવાઓ ખેડુત કાપનારની વાટ જોયછે. જેમ સોયાણીને કમાઈ જગેથી તે હરખાયછે તેમ ખેડુઓ ખેતર પાકેલાં જોઇને હરખાઇને લ્હેરી—આનંદી રંગીલા બની જયછે (તૈયાર છે તે હવે કાપણી કરશુંજ તો ? થાયછે એવું લ્હેરનું બોલવું.)

૩ ઉભું—પાકીને તૈયાર બનેલું. ઉભામારગ—ચાસથી પડેલા જુવારના સાંટાઓની વચમાંના તે;—જેનીઉપર લીલી પાતરીયો વાંકી ઝુમીરહી હોયછે. (ખરેખર ઘણા રમણીય લાગેછે.)

હીઆ સુડા તીતર કાગડાઓ, કાબેર ચક્ષી ઠિઠ જીવજંતો;
ઊપેર નીચે ધુમતાંજ રંગે, તે જોઇ કોને નહિં ખૂશિ અંગે. ૪૪
આનંદમાં બેહુત બેસિ માળે, ફેંકે ભુંડી ગોકૃણ પંખિ ભાળે;
ટાંપી રહીછે બ્હિક ચોભણી જો, પક્ષી લુટે અંન ઉમંગથી જો !. ૫૫
કાપે અનાજો વળિ બેહુ કોઈ, ગાએ જ ગીતો શુભ રંગ જોઈ;
ઉદ્યોગિ સાચા જ નિરોગિ રાતા, થાએ નહીં કો દિ મદેથિ માતા. ૬
પત્રે ઠર્યાં ઝાકળ બિંદુ સોએ, મેદાન સંધૂં થયું ભીનું જોએ;
કેવૂં મઝેનૂં ફરવૂં પ્રભાતે, લાગે જનોને ખુબ છે હવા તે. ૭
વાએ ઘણી ટહાડ સવાર સાંજે, બેડૂ ઉંફાળાં પટ કાંથિ લાવે;
બેસે કુંડાળે કરિ તાપણી ને, ખાએછ પોંખો પછિ પાડિને તે. ૮
બ્હાણે ચઢતો શ્રમથીજ દીઠો, લાગે રવી ધૂમરમાંથિ મીઠો;
શોભી રહેછે વન તેમ સાંજે, પ્હાડો સુનાના ઢગ જેમ ભાસે. ૯૯
વાએ ઘણો જોરથિ વાયરો ને, કંપે ઘણાં ઝાડ જનાવરો ને;
ઝાડોતણાં પાન ખરી પડે તે, જોતાં દિલાસો દિલને મળે રે. ૧૦૧૦

ઉનાળામાં.

(માલિની.)

સરસ પવન ટહાડો મંદ વાસીત આવે,
સકળ વસતુ અંગે હોંસ આનંદ લાવે;
વન ઉપવન સંધા દીસતાં રમ્ય રંગી,
નવલ જ અનુરાગે પ્રાણિઓ છે ઉમંગી. ૧૧

---

૪ ઉપેર–પક્ષી; નીચે–જીવજંત.

૫ ગોકૃણ હત્યા કરનારી છે માટે ભુંડી. ભાળે–ભાળીને–જોઇને–તાકીને. જોકે ચાર પાસ બીક પક્ષીયોનો કાળ આણવાને ટાંપી રહીછ. જોકે પક્ષીઓ જાણેછ કે અહીં ગોકૃણો પડશે ને આપણે મરણની ધાસ્તી છે તોપણ અનાજની લુટાલુટ કરી મેહેલે છે (શી કુદરત) ?!

૯ એટલું તો ધુમર વરસી રહ્યું હોયછે કે સુરજને ઊંચે ચ્હડતાં ઘણી મેહેનત પડેછે એવું લાગેછે.

૧૦ શિયાળામાં ઝાડોનાં પાંદડાં ખરી પડેછે તે જોઇને દિલને દિલાસો મળેછ કે ચડતી પડતી સહુની છે–ઝાડ ઉનાળા ચોમાસામાં શોભી રેહેછે ને હમણાં આવાં છે; પ્યારી પ્યારાની–ઇશ્વરની કૃપા હતી તારે મારો પણ બ્હાર હતો–હમણાં વળી નથી–હોય સંસારજ ફેરફારનો છે તારે મારે શું કરવા રડવું જોઇયે.)

૧ (એકથી તે પાંચ શ્લોકલગી વસંતનું વર્ણન છે.)

વિધ વિધ વિધ રંગે.ફૂલડાં શોભિ બ્હેકે,
ઉંચિ નિચિ ધટ પત્રે વેલિયેા ખૂબ લ્હેકે;
મધુરરસપ્રળેા તે સર્વને પાસ તેડે,
વળિ મિહું પચરંગી પંખિયેા ગાય કોડે. ૨૨

વિવિધ પુલલતાએ ખૂલતા માંડવાએા,
તરુણ તરુતણા છે ડોલતા છાંયડાએા,
હરખથિ નર માદા પંખિ ઝૂલે હિંડોળે,
મધુરસ સુખ તે લે ભાગ્યશાલી જ હોએ. ૩૩

પરવતતણિ ટોંચે મોર કોએલ આંબે,
મધુર રવ કરે છે ધન્ય સાદે જ લાંબે;
ચૂત તરુપર તાજા મોરના ગુચ્છમાં તે,
મધુકરજુથ ધૂમે હર્ષ ઘેલાઇમાં રે. ૪૪

દિવસ સુરખિ મારે કૂમળે સૂર્યતાપે,
નિરમળ શશિયેાગે રાત તેા રમ્ય લાગે;
સરસ પુલ પરાગેા હામહામે જ ઊડે,
નિરખિ સકળ તૂમાં ભાવથી કેા ન બૂડે. ૫૫

---

૨ ખીચેાખીચ પાનડાં આવી રહ્યાંછે એવી વેલીયેા (પવનથી) ઊંચી નીચી થયાં કરેછે અથવા લ્હેકેા કરી કરીને ઊંચી નીચી થાયછે, અર્થાત્ ઝાડ વેલીયેાનું મંદ મંદ પવને હાલવું થાયછે તે ઘણું આનંદ કરનાર છે. મધુર–મીઠા છે રસ–સ્વાદ જેનેા એવાં ફળેા સહુને–લેાકને પેાતાની પાસ તેડેછે. લેાકેા લલચાઈને ફળેાનાં ઝાડ પાસે જાયછે.

૩ ખુલતા–શેાભતા–તરુણ–લીલાંછમ–નવાં જોબનના બ્હારવાળાં ઝાડ નહીં પણ તેના ઓળાએા ડોલેછે. (ઓળાએા હાલેછે તે ઉપરથી.) અને જ્યારે ડાળીએા ઉપર નર માદા પક્ષીએા બેઠાં હોયછે, ને પવનથી જે ડાળીએા–ડાળીઓના ઓળાએા હાલેછે, તારે એમજ લાગેછે કે આ પક્ષીએા પણ હિંડોળાનેા વિલાસ કરેછે. સાથે બેઠેલાં છે–હીંચકા ખવાતા જાયછે, મ્હોડામાં મ્હેા ઘલાતાં જાયછે વગેરે. મધુના ઘણા અરથ થાયછે–વસંતઋતુ, આકારા, મદિરા, ભમરેા, દુધ, પાણી, મધ, અમૃત આદિલઇ, પણ એ ઠેકાણે વસંતઋતુજ.

૪ ટોંચે મોર ને આંબે કોયલ. મધુર રવ–મીઠા શબ્દ. (ધન્યછે તેમને). ચુત–આંબેા. મધુકરજુથ–ભમરાઓના ઝુંડ. હર્ષ ઘેલાઇમાં–હરખની ઘેલાઇ.

૫ જેમ હિંગળેાકિયા ગુલાલ ઉડી રહ્યું હોય ને તેની કેવી દુરથી સુરખી મારેછે તે પ્રમાણે વસંતઋતુના દાહાડાનેા રંગ ભાસેછે–મતલબ કે સૂરજનેા પ્રકાશ કુમળેા હોયછે; વાદળ પણ સુશેાભિત હોયછે વગેરે. નિર્મળ શશિયેાગે

અતિશ ગરમ કીર્ણે સૂર્ય સંધે પ્રકાશે,
મૃગજલ બહુ ભાસે ક્ષારવાળી જગાએ;
સખત લુ વરસે ને ચોદિશા શૂન્ય થાએ,
નદિ સરવરકેરાં પાણિ સૂકાઇ જાએ. ૬
બહુ ડર ઉપજાવે ખેતરો તો તપેલાં,
ઘર મુકિ કરવા તે રે પ્રવાસો ન રહેલા;
અતિશય ઉકળાટો વાદળી તાપ લાવે,
શ્રમ સહજ કરંતાં લોક થાકીજ જાએ. ૭
ખુબ લટકતિ આંબે દીસતી કેરિઓ ને,
અવર ફળ ઘણાંઓ દે રસો મિષ્ટ મોને;
હરિત ગુચ્છ તરૂઓ શોભતાં પાતરાંથી,
સુખ સરવ જિવોને આપતાં છાંયડાથી. ૮
પરવતનિ તળેથી તેથિ થોડેક દૂરે,
સુણું અટકતિ ગાતી કુંજ ધીમેજ સૂરે;
સરખિ મધુર ચૂં ચૂ કૂપ સારંગિ વાગે,
છરર પડતું પાણી નિર્મળું રમ્ય લાગે. ૯
ચરિ કરિ વળતૂં તે પાછું ગોવાકું જોઉં,
કુકું કરતુંજ બેં બેં ટોળું ઘેટાનું જોઉં;
વળિ રમણિય જોઉં થંડ દીનાંત સીમા,
રસ પિઇ બનિ કેરી રે સમૂં પોકળીમાં. ૧૦

(સુદમાં છઠ પછીનો અને વદમાં દસમેમ લગીનો) આકાશ સ્વચ્છ તેથી ચંદ્ર પણ સ્વચ્છ પ્રકાશતો (આંખો નહીં) તેને લીધે. એ વસંતલીલા જોઇને તુમાં-ઓ ઇશ્વર તારામાં ભાવથી-પ્રેમથી કોણ ન બુડે એટલે લીલા જોતાં તારા વિચારમાં કોણ ધ્રૂમ ન થઇ જાય-હું તારી લીલાના દરિયામાં કેમ ન બુડી જાઉં-હું તારામાં કેમ ન સમાઇ જાઉં.

૮ હરિત-લીલા રંગનાં. ગુચ્છ-મોટા. તરૂ ઝાડો.

૯ (જેણે સુરતની પાસેનાં કતારગામમાં, પુનાની પાસેની પર્વતી આગળ, અને પાહાડની તળેટીમાં કેટલાંક ગામોમાં સમીસાંજ ગુજરી હશે તેને એ શ્લોકની મજા લાગશે). કુંજને ધીમેજ-ધણે ધીમે સુરે (જાણે ખરજમાં) અટકતિ-રહી રહીને ગાતી (કુંજમાંના પક્ષીયોને માળામાં ભરાતાં અથવા ભરાયા પછી તરત થોડીકવાર બોલેછે તે). કૂપ સારંગી-કુવાની સારંગી-કોસ-રેંટ. રેંટનું પાણી જે હવાડામાં પડેછે તે. છરર પડતું પાણી.

૧૦ દીનાન્તસીમા-સાંજનાં ઝળઝળાંની આખર અથવા એ સમેની જે શોભા

ચોમાસામાં.

(મંદાક્રાંત.)

તૈયારી છે ચુપચુપ કહે કાગડાઓ નકીબ,
સંધૂં દીસે પવન ન હિલે શાંત રૂડું ગભીર;
શોભા વર્ણૂં શું હું ઝટ પછી મેઘરાજા પધાર્યા,
વૃક્ષાદીએ હરખથિ નમી સ્વસ્તિ શબ્દો પુકાર્યા. ૧[૧]
કેવો થંડો પવન અતિસેં જોરમાં આવતો રે,
ઓ આ આવી ઝડપથિ બહૂ વાદળી કાળિ જો રે;
આહા કેવૂં પડું પડું કરે ઘોર આકાશ ભારે,
ઓહોઃ આવ્યો ખુબ તુટિ પડયો મેઘ મોટીજ ધારે. ૨[૨]
ચારે પાસે વિજળિ ચમકે ઊપરા ઊપરીરે,
ગાજી રેહે ગરજનથકી રાન આખૂં વળીરે;
વ્યાઘ્રો સિંહો અતિસ તહુકે ઝાડ મોટાં પડે રે,
જોતાં ત્રાસે પ્રથમ નિકળ્યો તે પ્રવાસી મરે રે. ૩
જોગી બીજા જન હું સરખા કષ્ટ જોને પડેલાં,
તેઓ રાને લવ નવ બિહે જોઇ ઉત્પાત ઘેલા;
જોગી હર્ષે ચિંતન કરતા સચ્ચિદાનંદનૂં ને,
દુઃખી અજ્ઞાઃ મરણ ઇછતા સુજ્ઞ તે રંગ જૂએ. ૪[૪]

અથવા એ શોભા બીજી શોભાની સીમા–હદ છે–હવે બીજું કંઈ જોવાનું રહ્યું જ નહીં. એ શોભા જોતાં વિચારની પોકળીમાં–આકાશમાં કેરીનીપેઠે ધુમ થઈ જાઉંછ.

૧ કોઈ સભામાં કોઈ રાજા–સુબા આવવાનો હોયછે ને તેની આવવાની તૈયારી થઈ રહીછે તો નેકીદાર–સિપાઇયો સહુને કેહેછે કે મુગા રોહો મુગા રોહો ને પછી કોઈ બોલતું કે ચાલતું નથી, પણ આમ કરીને રાજા પધારેછે કે સભાના બેસનારાઓ હરખથી નમન કરીને કલ્યાણ કલ્યાણ એવા શબ્દો ઉચ્ચારે છે. વન એ કચેરી, ઝાડ પશુ પક્ષી આદિ લઈ એ સહુ કચેરીમાં બેસનાર. મેઘ એ રાજા, કાગડા–આદિપક્ષી–એ નકીબ–સીપાઇ. (એવું ઘણીવાર જોવામાં આવે છે કે વરસાદ આવવાની પેહેલાં પવન બંધ થઇ જાયછે, ઝાડ હાલતાં નથી, પક્ષી બોલતાં નથી ને સુનકાર જેવું થઇ રેહેછે, પણ વચમાં વચમાં કાગડાઓ બોલતા હોયછે–એ લુચ્ચા સખણા રેહેતા નથી માટે એ નકીબ; એને જાણે છુટ્ટી–પણ આમ કરીને ઝાપટું આવ્યું કે પવન છુટેછે, ઝાડો ડોલવા માંડેછે ને શબ્દો કરેછે–સિંહાદિ ગર્જના કરેછે. ઝાડો ડોલેછે એ જાણે નમન કરેછે, ઝાડને પ્રાણી શબ્દ કરેછે તે જાણે સ્વસ્તિ સ્વસ્તિ બોલતાં હોયની શું?)

૨ (વરસાદ નહીં પણ આકાશજ પડું પડું કરી રહ્યું છે.)

૪ હું સરખા એ બોટું નથી. (પ્યાર અને પૈસા સંબંધી જે મારી

ચાલ્યા જાએ ગડ ગડ ગડી આ ભડાકા કડાકા,
વીજો ચળકે જળ ખુબ પડે વાયુ લેતા તડાકા;
વાંસો ફૂટે તડ તડ કરી રાન થાએ કરાળ,
ઓથો વીના સરવરતટે ભૂમ પાડે મરાળ. ૫

પ્હાડે મોરો થન થન કરે સૂર ઊંચું લઈને,
આંબા ડાળે કરતિ ટઉકા ખૂબ કોએલડી તે;
દાદૂરો તે સરવર વિષે બોલતા કૂદતા ને,
પીએ તોએ પય પય કરે આકળા ચાતકા તે. ૬

પાણી પાણી સકળ વનની કુંજમાંહે મચે ને,
પ્હાડી ભૂમી ચકચક બને સાફ ધોવાઇને રે;
થંડી મીઠી અનુકુલ હવા થાય તાંહાં પછીરે,
દર્દી જાએ દરદ્રિ જનનાં રમ્ય પાણી હવાએ. ૭

ખેડું લોકો શરિર ભિજવી ખેતરે કામ કર્તાં,
જોને થાએ શરદિ ગરમી થોડિ રે અન્ય કર્ત્તાં;
આહા જોતાં બહુ નવ નવા રંગના જીવજંતો,
થાએ ડાહ્યો સમજણથકી જીવ મારો નચંતો. ૮

પ્હાડો લાગે રમણિય બહૂ છેક જંગાલિ લીલા,
કોઇ ભૂરા ધુમરથકિ તો કોઇ આછાજ લીલા;

ગભરામણ તે હુંજ જાણું. દયા ઉપજવવાને અથવા બડાઇ હાંકવાને એ શબ્દો નથી લખ્યા) એવાં તોફાનમાં જોગીને અને મારા સરખા જ્ઞાનીને સૂર ચડેછે ને તેઓ સચ્ચિદાનંદનું ચિન્તન કરેછ, પણ જેઓ અજ્ઞાઃ જ્ઞાની નથી તેઓ તો અતિ દુઃખથી કંટાળીને મરણ ઇછેછે–આત્મઘાત કરવા ધારેછે પણ સુજ્ઞ–સમજુકતો રંગ જુએછ–દુનિયાના ઢંગ જોઈને પછી કુદરતના રંગ જોયછે ને પછી ઇશ્વરની સ્તુતિ કરેછે.

૫ વાંસો–બાંહુઓ; વાંસનાં ઝાડ. કરાળ–બિહામણું. ઓથો–વરસાદથી બચવાના આશ્રમો. મરાળ–હંસ.

૬ પય પય–પાણી પાણી એમ બોલવાની ટેવ પડી ગયલી એવો જે ચાતક–બપૈયો–પપૈયો તે સારી પડે વરસાદ પડયા પછી તેનાથી પયપય બોલાઈ જવાય છે. ઘણાએક જણ કેહેછે કે પપૈયો પિયુપિયુ કરે છે પણ તે એવી કલ્પના ઉપરથી કે વિરહિણી પિયુ પિયુ કરે છે ને ચાતક પણ વરસાદને માટે તરસે છે તારે એ બે સમ દુઃખી છે માટે ચાતક પણ પિયુ પિયુ કરે છે એમ વિરહિણીને કાને ધ્વનિ પડેછે. આકળો–પ્રથમ પાણી ન મળેલું તેથી આકળા અને મળ્યા પછી પણ ફરી નથી મળવાનું એ વિચારથી જેટલું પીવાય તેટલું

ઊંચે જોઉં પરવત ચડી તો ઘણાં અભ્ર રંગી,
નીચે જોઉં ભરપુર ખુલ્યાં ઝાડનાં ઝુંડ રંગી. ૯
આડો જતો બહુ પવનથી મેઘ ઊંચેથિ જોવો,
એતો લાગે ધુળ ઉડિ રહી વા દિસે ધૂમ્ર ગોટો;
સિંધૂ પ્હાડો તરુ નભ સહૂ એક રંગે મળ્યાં રે,
માટી રાતી બિનિ બિનિ અને ઘાસ લીલાં બિનાં રે. ૧૦
ઊંચે તર્તા વિધ વિધ કહૂં શોભતાં વાદળાંઓ,
આકારે જે તરુ પશુ જિવો પંખિ જેવાં ઘણાંઓ;
કાંણાંવાળા ધું ધું ધું ધું ધું ધૂં વાંસ પોલા કરે રે,
તેતો કુંજે પ્રિય કરણને ખૂબ લાગે ખરે રે, ૧૧[૧૧]
કો કો હામે હુંગરપરથી ધોધ મોટા પડે રે,
જેમાં રૂડા સુરજ કિરણે રંગ ઝાઝા બનેરે;
એને જોતાં અચરત થઈ કાં ન તૂને સ્તવૂં રે,
ધો ધો ધો ધો મધુર સુણતાં કાં ન લ્હેરે સુઊં રે. ૧૨
વ્હાણે સાંજે રુડું ધનુષ જે આસમાને જણાએ,
જોતાં તેને નિરભય તરે કો ન આનંદમાંહે;
થાએ જોતાં નદિ ભરપુરી કેમ ના મંન મોટું,
સૂણે પાણી ખળ ખળ થતૂં કેમ ના સ્નેજ લોટું. ૧૩[૧૩]
હોડી ચાલે છર છર કરી કાપતી પાણિને ને,
ખેંચી બાંધ્યા પવનથકિ આ તોય ડૂલે સડો તે,
ભારા વાંગી નમિ રહિ જુએ બાજુ પાણી ભણીરે,
સંધ્યાકાળે તટ નિરખવૂં મોજ આહા ઘણી રે. ૧૪[૧૪]
શોભે કેવાં બહુ ખડ અને ધાન્ય તે ખેતરોમાં,
ઝાડો લીલાં વિવિધ ફુલડાં વંન ને વાડિઓમાં;

પીઇ લેવામાં–ધરાયલા તોપણ આકળા. ૧૧ વાદળાં તરેહ તરેહવાર આકારનાં તરતાં દેખાય છે.–કોઇ ઝાડ જેવાં, કોઇ પશુ જેવાં, કોઈ પક્ષી જેવાં વગેરે.

૧૩ આનંદમાં કોણ ન તરે? (નદીને ભરપૂર જોઈ મારૂં મન કેમ ન મોટું કરૂં–દુખ દેનારને મારી કેમ ન બક્ષું?–પેટ મોટું કેમ ન રાખું?.) લોટું–લ્હેરમાં ઊધી જાઉં. ૧૪ ભારો–રહડને નીચલે છેડે બાંધેલું દોરડું જે, રહડ છોડયા પછી ભંડાર તરફ બાંધવામાં આવે છે ને જેથી રહડ ઢીલો–તંગ થાયછે તે. એ ભારા તરફની હોડીની જે બાજુ તે નમી રહેલી હોય છે. (મેં હોડીની

મીઠાં ખાસાં સરવરતણાં નીરતો નિર્મળાં ને,
મેદાનોમાં હરણ બકરાં ગાય ધેટાં ચરે રે. ૧૫[૧૫]
આકાશે તો ચકચક થતો શ્વેત વાગો સજ્યો રે,
તારાઓ જે મુઝઈ રડતા શોક તેણે તજ્યો રે;
પીડાતો તે અતિસ કમળે ચંદ્ર સારો થયો ને,
પાવા માંડી ફરિ મિઠિ સુધા ધન્ય તેણે સહૂને. ૧૬[૧૬]
રાતે ચાંદો અધવચ્ચ હરે થંડ આકાશમાં ને,
તારા સંઘા ચળકિજ રહે ખૂબ ગંભીરતાએ;
શબ્દો લાગે દુરથકિ થતા માછિના મિષ્ટ કાને,
વાયૂ આવે ફરફર વળી એ મઝા કોણ જાણે!. ૧૭[૧૭]

(પદ.*)

પ્રેમચંદાની બલીહારી રે, રસીક જન સોએ;
પીએ અંમૃત તો નરનારી રે, અંશી જન હોએ. ટેક.
ચંદા મળે હવે માહરે રે, કરવી તે કોની આશ;
જંજાળથી છુટકો થશે રે, પીઉં અમૃત હોંસે હાસરે. અં૦ ૧

મોજ ઘણી કરી છે–રેલમાં પણ એરિયાં ખાધાં છે) તટ–કિનારો. ૧૫ (એ શ્લોકથી તે ૧૭ મા સુધી અને પાછું પદમાં શરદ્ વર્ણન છે.) ૧૬ (ચોમાસાંમાં આકાશે શ્યામ વસ્ત્ર પેહેરયું હોય છે તે તે બદલી સફેત વસ્ત્ર પેહેરેછે–આકાશ સ્વચ્છ સફેત દેખાય છે. કમળે–કમળાના રોગથી ચંદ્ર દુઃખી હતો (ચોમાસાની ચાંદની પીળી હોય છે) તે સારો થયો છે (શરદનું ચાંદરણું જેવું બીજું ચાંદરણું નહીં.) તેણે–ચંદ્રે સહુને નિર્જિવ સજીવ પદાર્થોને ફરીથકી મીઠું અમૃત પાવા માંડયું (ચાંદનીની લ્હેજત આપે છે) ધન્ય છે તેને! ૧૭ (એમાં મધરાતની ચાંદની ને એકાંતની મઝા વર્ણી છે)–એવી વેળા ખારવાઓના દુરથી સંભળાતા શબ્દો ખરેખર ઘણાજ સારા લાગે છે!

* (હું જ્યારે વાલકેશ્વરથી અંગ્રેજોને શિખવીને રાતરે ૧૧–૧૨ વાગતે ઘેર આવતો તારે બગીમાં એકલાં ચંદ્રનાં સામું જોયા કરતો. એમ જોતાં એક દાહાડે 'પ્રેમચંદાની બલિહારી રે રસિકજન રહોયે' એટલું મ્હોડાંમાંથી નિકળી ગયું ને પછી ઘણે દાહાડે તે કકડો હાથ લાગાથી પદ પુરૂં કરયું છે) એ પદમાં મૂળ ચંદ્રનું વર્ણન છે. પ્રેમચંદ્ર–પ્રિયા–પ્રીતમનું વર્ણન છે, અને બ્રહ્મ જ્ઞાનચંદ્રનુ વર્ણન છે અને ત્રણેને સરખી રીતે લાગુ પડે છે. એ પદની લ્હેજત ઉપલી ત્રણે વાતનો જે અનુભવી હશે તેનેજ પૂરી લાગશે. પ્રથમ એકાંતમાં સુવું ને સુતાં સુતાં ચંદ્રને જોયા કરવો–પછી એની મેળે ઊંઘ આવી જશે–પછી તેમાં ખુશીનું સ્વપ્નું આવે તે અનુભવવું–પછી ઘોર નિદ્રા થવાની–પછી ઉઠવું–ઉઠીને પાછું ચંદ્ર સામું જોવું–એ વખતે જે શરીર મનની હાલત તે હાલતમાં નિરંતર રેહેવાને કોણ ઇચ્છા ન કરે? એ શું મુક્તિ નથી? શૃંગાર રસનો સારી પઠે અનુભવ કરેલો એવા આશક માશુક કોઇ દાહાડો ધરાયલાં એકમેકની સામાં જોયા કરતાં હોય–જોતાં જોતાં બંનેને ઊંઘ આવી જાય ને ઉંધી ઉઠયા પછી તરત

એ અમૃત એવું વ્યાપિ રહે રે,તનમન ભરપૂર થાય;
બાહ્યાંતર આનંદમાં રે, સહુ તાપ સમૂળા જાય રે. અં૦ ૨
રૂવે રૂવે થંડક બહુ ઝરે રે, લ્હેરથી આંખ મીચાય;
ચંદા ચરીત્ર સંભારતાં રે, સેજ સૂમેથી ઊંઘાય રે. અં૦ ૩
સ્વપ્નમાંહે ફરી જો રમૂં રે, શુભ રંગ ચંદા સાથ;
રસ ઘૂંટડેપી પીપિ ધરૂં રે,છાતી સરસી સલૂણી જાતરે. અં૦ ૪
ઘોર નિદ્રા કરી જાયું તારે,સત્વ ગૂણી સોહાઊં;
ચંદા ફરી નીહાળતાં રે,બનું સચ્ચિદાનંદ શું ગાઊંરે. અં૦ ૫
ચંદા નર્મદ તે એક જગે રે, પાસે પરસ્પર જોય;
રંગેરૂપે બે સરીખડાં રે,ખૂબ અનુપમ રસમાં સોયરે. અં૦ ૬
ચંદા નર્મદ પછી બે નહીં રે, એકજ બીંબ દેખાય;
જે પિગળી ગંગા બન્યૂં રે, જેમાં બીજાં પ્રેમીજનો ન્હાયરે. અં૦ ૭

પ્રવાસવર્ણન.*

(તા. ૧૦ મી સપટેંબર ૧૮૬૨ થી તે ૯ મી અકટોબર ૧૮૬૨ સુધીનુ.)

ભાગ ૧. નારાકત્રયંબક.

(વસંતતિલકા વૃત્ત.)

મ્હારીભણી ખરિ અડી વખતેજ જોયૂં,
આંસૂથકી મલિન તેં મુખ માકું લોહ્યૂ;

એકમેકને જોતાં હોય (એ વેળા વિકાર હોતોજ નથી) એ શું મુક્તિ નથી ? ને જેને અનુભવ વેદાંતનું ચોખ્ખું ભાન થાય છે ને જે બ્રહ્માનંદમાં રેહેછ તે મુક્ત છે એ વિષે તો કેહેવુંજ શું ? કુમળાસને માટે પુલ્લિંગ ચંદ્રને બદલે સ્ત્રીલિંગ ચંદા લખી છે–ચંદા એટલ ચંદ્ર;–ચાંદરણું નહીં. જો કે પદ ત્રણ મતલબ સારે છે તોપણ વિશેષે વેદાંતને લાગુ પડે છે. એ–પદની ખુબી મને જે લાગેછ તેમાંની કંઇ પણ ખરેખર હું સમજાવી શકતો નથી.

૨ જ્ઞાનચંદ્રથી–જ્ઞાન થયા પછી આધિ વ્યાધિ ઉપાધિ એ ત્રણ તાપનું મુળજ જતું રેહે છે.

૬ જ્ઞાનચંદ્ર–બ્રહ્મ ને હું એક જગોએ છૈયે એવી અવસ્થા (સલોકતાં મુક્તિ); પછી પાસ પાસ આવી રહીછ (સમીપતા મુક્તિ); બે સરખાં (સરૂપતા મુક્તિ). ૭ એકજ બિંબ (સાયુજ્ય મુક્તિ)–'તત્વ' 'સોહં' 'કૈવલ્યં.' સચ્ચિદાનંદ રૂપ જે પ્રેમબિંબ તે પિગળી ગયું તેની પ્રેમગંગા થઈ ને એ પ્રેમગંગામા બિજાં મોક્ષને ઈચ્છનારાં પ્રેમીજનો નાહાયછે. અર્થાત્ જે સુધડ પ્રેમીઅંશ જનોછે તે સુધડ પ્રેમનો અનુભવ કરી–એ ગંગામાં ન્હાઈ અંતે પેલાં પ્રેમબિંબરૂપ થઈ રેહે છે.

*વનવર્ણન લખ્યાથી જીવને કરાર વળવા માંડયો, પણ કારી જખમ એવું

ડૂબેલને સહજમાં તરતો કરયો આ,
વિશ્વેશ તેં કરિ કૃપા કરુણાભર્યા આ!. ૧
આપી સુબુદ્ધિ મિહિને મળવાનિ મૂને,
જેથી હરયોજ જિવડો ઝટ ખોળિયે રે;
જો ના સુદર્શન[૧] થયું હત તો રિખાતે,
ભારે વિયોગથિ-સુદર્શનતાપથી[૨] રે. ૨

(ઇંદ્રવજ્રા વૃત્ત.)

(ક્રમકે) જેને ન ચાલે ઘડિ હું વિના તે, મૂને ન મ્હોડું શુભ દેખડાવે;
નક્કી લહ્યું મેં ઉતસ્યોછ પ્યાર, કીધી નથી કો તકશીર યાર. ૩
લાંબે વિયોગે અતિસેં પિડાયો, કાયાથિ છૂટાં પડવા હું ધાયો;
કાંકે શું રહેવું વણ હેત આંહી,સાચાનીસામૂં નવ જોય સાંઇ[૩]. ૪
રહેવું વિચાર્યું જઇ જંગલોમાં,પાછું ન આવ્યું અહિં ધાંધલોમાં;
થાતે અહીં[૪] શી ભુંડિ હાલતો તે,વર્ણું હવે શું ગઈ રે બલા તે. ૫
જેને કર્યો અર્પણ પ્રાણ મ્હારો, જેને વડે હું રહું રોજ સારો;
જેનાં હું વેણો અડધાંજ ઝીલું,જેની કરી ચાકરિ ખૂબ ખીલું. ૬

તો લાગેલું કે રહી રહીને ગટકા ભરીજ આવે. એવોજ તુરંગ ઉઠયો કે હવે મુંબઈમાંજ રેહેવું નહીં–બસ મુસાફરી કરયા કરવી ને અરણ્યોમાં ફરયાં કરવું પણ વળી ઘરડા બાપને એકલા મુકીને જવું તે મન કહ્યું ના કરે, માટે થોડા મહિના–દાહાડા પણ જવું તો ખરૂં એવું નક્કી કર્યું–મનના દુખથી શરીર પણ લેવાઇ ગયલું. એવામાં વળી જેની જુદાઇ હતી તેનું રહેજ મળવું થઇ ગયુ તેથી બાહાર જવાનો જોસ્સો નરમ પડી ગયો પણ ઘરમાં કહેલું તથા તૈયારી કરેલી તેથી અને શરીર બગડી ગયલું તેથી ભર ચોમાસે સૃષ્ટિસૌંદર્ય જોવા નિકળ્યો. વિશેષ વાત, પ્રવેશકમાંથી માલમ પડશે.

ખરેખર એ મહિનામાં હું સૃષ્ટિસૌંદર્યરૂપી બ્રહ્મમાં લીન હતો—ઝાડ કે પાહાડ, કે નદી કે નાળું, પશુ કે પક્ષી, રે ખરડાયલું તરણું દેખતો કે આનંદ થતો ને ઉપરા ઉપરી એવો આનંદ થયાં કરતો તેથી હું આનંદમય થઈ ગયો હતો. ચોમાસામાં મુસાફરીનું ઘણું દુઃખ અને તેમાં વળી નબળે શરીરે પાહાડો ઉપર ચઢવું, નદી નાળાં ઓળંગવાં અને કાદવ કીચડમાં ચાલવું એ ઘણુ દોહ્યલું તોપણ મને કંઈજ જણાતું નોતું–(એ વિષે વિસ્તારે બીજે ઠેકાણે લખીશ.) એ પ્રવાસવર્ણનમાં અતિશયોક્તિ જેવું થોડુંકજ છે–એ મારૂં કવન શુદ્ધ શાંતરસ ભરપૂર છે.

૧ (તારૂં સારૂં દર્શન.)

૨ સુદર્શન નામનું ચક્ર (વિષ્ણુનું આયુધ.) સુદર્શન તાપ એટલે તે ચક્ર વાગ્યાથી શરીરમાં થાતી વેદના. વિયોગ જે સુદર્શનતાપ તેથી. સુદર્શન તાપથી જે પીડા તેવીજ પીડા વિયોગની છે.

૩ ઈશ્વર. ૪ ઘેર, કુટુંબમાં.

તેણે મને ના પડતો મુકયો રે, દેખાડી મ્હોડું હસતો કર્યો રે;
ધીરોજ પાડયો કરિને ખુલાસો,હારે થયો આજ નચિંત ખાસો. ૭
છૂપા કરો જે હળવે ડખાયા, ચાવેલ દાણા ફરિથી ચવાયા;
ધીરે રહી જે થઇ વાત થોડી, ના હું ભુલું તે ઘડિકેરિ ગોડી. ૮
મ્હારે શરીરે નબળાઇ જોઇ, સલ્હા બતાવી ફરવા જવાની;
રે તે પ્રમાણે ફરિને હું આવ્યો,સાથે વળી ટિપ્પણ થોડું લાવ્યો. ૯
મિત્રે કહ્યું કે કવિતા રચીને, જોયું કુડું તે બધું ગા મચીને;
તેથી હું દહાડા તિસનો પ્રવાસ, વર્ણૂંછ તે તેનિ પુરોજ હાંસ. ૧૦

મુંબઇથી તે રણતુંડીમુધી આગગાડીમાંથી જોયલો દેખાવ.

(ઠઠાવ.)

ગાડીમાંથી, રચના જોતાં, હરખ્યું મન મુજ, હુંગર મ્હોટા, પડેલ લાંબા, અજગર જેવા, દેખાયા તે, રંગ રંગના, કેટલાકના, કળોઠિ જેવા, રંગ ચળકતા, કેટલાક તો, કાળાબલક, કેટલાક તો, ભૂરા રાતા, કેટલાક તો, ઝાડ ઝૂમખે, પાકા લીલા, કેટલાક તો, ફક્ત ઘાસથી, કાચા લીલા, જેની માંહે, વચ્ચે વચ્ચે, લાલ માટિના, ઢળતા લીટા, શોભે સારા, કો[1] લીલાપર, કાળિ વાદળી, ઝૂમી રહેલી, કો કો ઠામે, ઝાડ તાડનાં, ઊભાં ઊંચાં, આગળ જાતાં, ખેતર તેમાં, ઝાડો વચ્ચે, કંઇ કંઇ અંતર, જે માંહેથી, આરપાર ખુબ, નીરખતાં તો, ચકચકતો બહુ, દરિયો દીસે, હુંગરપરનાં ઝાડોકેરી, ઘટા અને બહુ, ઝાડ ઝૂંડનાં, વન રઢિઆળાં, જેમાં હજાર જીવજંતુનું, રક્ષણ થાએ, કોઇ ખાતાં, કોઇ વઢતાં, ક્રીડા કરતાં, સુતાં ચાલતાં, નાનાવિધના, વ્યાપારો તે, કરતાં હોશે, ગાડી જારે, જાય ટનલમાં[2] ચિંઈંઇં કરીને, તારે સહુ જન, થાય અજબ બહુ, એવી વેળા, થોડિવારનાં, અંધારાંમાં, નિજ પ્રિયજનને, છાતી સરસૂં, ખૂબ ચાંપવૂં, એ સુખડું તો, સ્વર્ગનું સાચે, વળી ટ્રેનને[3], કોઇ જગાએ, અડકતરાતી, વર્તુળાર્ધમાં[4], દોડી જાતી, અને ધુમાડો, તડકામાંથી, વિધવિધ રંગે, બહુ ચળકતો, કુંડાળામાં, ઊંચે જાતો, એ જોવૂં ને, ક્રમે[5] સુરંગો, ઘન અંધરાયે, ફુટતી ગંભિર, ઝરણો છણ છણ, કરતાં સુણવાં, એ સંધાંથી, વિસ્મય પામી,

---

૧ કોઇ હુંગર. ૨ કોરેલો હુંગર. ૩ આગગાડીની હાર. ૪ અડધા ગોળનો આકાર. ૫ એક પછી એક.

કુદરતકેરાં, વખાણ ઝાઝાં, કરતાં કરતાં, કોણ નહીં રે, થઇ આનંદી,
લ્હેર લ્હેરમાં, આંખ મીચીને, ડોલે ડોલે!

નાશક અને ત્ર્યંબક એ બેની વચમાંનો માર્ગ.

(ચંદ્રાવળા.)

મારગડો બહુ ઝાડે શોભે, વડ પીપળ ને સાગ;
જમફુખડી જાંબૂડી મ્હોડાં, આંબા જાગે જાગ;
આંબા જાગે જાગ તે આવે, છાયાનું સુખ લે જન ભાવે;
કેળ ભણી મન વળતું લોભે,—મારગ૦ વડ૦ ૧
વળી કરમદી બોરડી બાવળ, કાંટાસરિયા હોય;
થુએરિઆ[1] ઝુંમર જેવા ને, ઊંટકટાપુલ સ્હોય;
ઊંટકટા પુલ સ્હોય છે પીળાં, ખેતર તો દીસે બહુ લીલાં;
શાળ નાગલી[2] છતમાં આવલ[3],—વળી કર૦ કાં૦ ૨
ઊપરથી વરસે મ્હે ભારી, ઝાડ તળે પશુ જાય;
ભેંસ ગાય બકરાં ને ઘોડાં, બહુ દુબળાં દેખાય;
બહુ દુબળાં દેખાય પણ સારાં, કામ કરે પ્હાડે વસનારાં;
ધુંગટીમાં લપટાય રબારી,—ઊપરથી૦ ઝા૦ ૩
હોલા લક્કડખોદ બપોરે, વનમાં કરતા સ્હોર;
ચકલીઓ તો ચકચક કરતી, માખીનું બહુ જોર;
માખીનું બહુ જોર પણ લાગે, જાણે વાજું મધૂરૂં વાગે;
બોલે કુકકૂ કુઃ કુઃ તોરે,—હોલા૦ વન૦ ૪
ચઢયા એક ડુંગર કે આવે, બહુ મોટું મેદાન;
જેની પણ ચોપાસે ડુંગર, ઝાડવનાનું રાન;
ઝાડવનાનું રાન છે જાંહે, શાળ[4]તણાં ખેતર કો તાંહે;
ઝરણો વ્હેતાં તે મન ભાવે,—ચઢયા૦ બહુ૦ ૫
એવાં મેદાનો છે ક્રમમાં, કહું આસરે સાત;
એકલડો શૂરો પણ હબકે, કાયરની શી વાત;

---

૧ થુએરિઆની ઘણી જાત હોય છે તેમાંની એક—જેને કાંટાવાળા આડા ઉભા કોઇ કોઇ પાંદડાંવાળા દાંડા હોય છે તે. ૨ ઝીણું અનાજ છે. જેને દળીને ગરીબ લોકો રોટલા કરી ખાય છે. ૩ આવેલાં. ૪ ભાત ડાંગર.

કાયરનીશી વાત કહું જરે,થાય વીજ ગગડાટો તારે;
તપસી રહે આનંદી ધુનમાં,—એવાં૦ કહું૦ ૬
સૂર્ય અસ્ત થવાની વેળા, તડકો કુમળો થાય;
બહુ મ્હોટી લીલી ચકચકતી, જાજમ તે પથરાય;
જાજમ તે પથરાય મેદાને, લીલા ના વરણાએ પાને;
સમી જાય સંસારી વેલા[૫],—સૂર્યં૦ તડ૦ ૭
લીલું ઘાસ ઉગેલું તેથી, ડુંગર દુર શોભાય;
મેથીની ભાજીનાં તાજ્યુત, એ ઉપમા અપાય;
એ ઉપમા અપાય બહુ સારી,કો નગ[૬] પર લ્હેરિયાં ભારી;
લીલા ખાલી ઊંચી હેઠી,—લીલું૦ ડુંગ૦ ૮
ત્ર્યંબકના પ્હાડોમાં ભમતાં, જે છે બહુ વિખ્યાત;
બ્રહ્મતણી લીલાનાં દર્શન, થયાં શુભ સાક્ષાત;
થયાં શુભ સાક્ષાદાનંદે,[૭] કહે નર્મદ ચંદ્રાવળછંદે;
ભૂખ તરસ લેશ ન કો દમતાં,—ત્ર્યંબ૦ જે છે૦ ૯

ત્ર્યંબકયાત્રાક્રમણ.

(ઈંદ્રવજ્રા.વૃત્ત.)

ઊઠ્યો પ્રભાતે બહુ થાક તોએ, ચાલ્યો તળાવે[૧] અતિસે ઉમંગે;
નાહીકરી બ્રહ્મગિરી[૨] ભણી તે, માંડયું જવા મેં લઇ ભોમિયાને. ૧
ઊંચી ઘણી પાયરિ[૩] સાતશેં જે, માટી લિલેથી ચિકણી હતી તે;
સંભાળિ જોઇ ચઢતો ઉપેર, થાકે હું વચ્ચે વળિ બેસતોજ. ૨
હોંસે ભર્યાને પછિ તો જણાએ,સાંમે ઉંચે ગોમુખ[૪] જે મનાએ;
જેમાંથિ પાણી ટપકે પડે છે, થોડેક નીચે શિવલિંગ શીરે. ૩

---

૫ દુઃખ; સંસારની દુગ્ધા. ૬ પ્હાડ; ડુંગર.

૭ શુભ એટલે કલ્યાણકારી; સાક્ષાત એટલે પોતાની આંખે જોયલું એવું. એવું જે દર્શન થયું તે, નર્મદ, આનંદથી ચંદ્રાવળાના ઢાળમાં કહે છે એટલે ગાય છે.

૧ ગંગાસાગર નામનું તળાવ.

૨ પ્હાડનું નામ છે. એ પ્હાડ યાત્રાનું મોટું ઠેકાણું છે.

૩ ડુંગર ઊંચો છે તેની ઉપર જવાસારૂ પગથીયાં બંધાવ્યાં છે. (કરમસી રણમલે.) ૪ એને ગંગાદ્વાર કહે છે. (એની કથા પુરાણીઓથી સાંભળી લેવાની મારી ભલામણ છે.)

એની પડોસે લઘુ કુંડ એ છે, ઉંડાણમાં છાતિ બરાબરે છે;
પાણી હમેશાં બહુ વાસ મારે,(તોએ) ન્હાવે જનો[૫]ના નિજ મંન મારે. ૪
જાત્રાળુકેરી બહુ મોટી આશ[૬], તે જોઇ હું તો અતિસેં નિરાશ;
જોવાનું એમાં નથિ કાંઈ રૂડું, ન્હાવે[૭] પિવેથી તન થાય ભૂંડું. ૫
આવ્યા ઉંચેથી બહુ વાંદરાઓ, ખાવા ચણા–તે પછિ જોઇ રાચ્યો;
એકે પુલાવ્યૂં નિજ ડાચું એવું, ફાટીજશે તે હમણાંજ તેવું. ૬
ત્યાંથી ગયો હું પછિ કાંઇ છેટે, વર્ષાદથી તો બહુ ભીતું નેટે[૮];
જોયો ઉંચે ગૌતમ[૯] ગોખલો જ્યાં, સો આઠ લિંગો શિવનાં થપાયાં. ૭
ત્યાંથી વળી આગળ જો જવાત, દેખાત તો ગોરખની[૧૦] ગુફાય;
ત્યાં ના ગયો હું પડવાનિ બ્હીકે, ઉભો રહ્યો ગૌતમની[૧૧] નજીકે. ૮
જોતાં નિચે ડુંગરની અહીંથી, ઝાઝો થયો હું મનમાંહિં રંગી;
આહા શું શોભા વરણી શકૂં રે, જોતાં થયો સ્તબ્ધ જ છેક હું રે. ૯
ઝાડોતણા તો ઘટ ઝૂમખાઓ, ઘેરો લિલો છે બહુ રંગ જેનો;
કો કો જગાએ નરયું ઘાસ ઉગ્યું, રંગે દિસંતૂં ખુલતૂં જ લીલૂં ૧૦
વાંસો અને જંગલિ અંબવૃક્ષો, જોતાં મને રે ઉપજયા બહૂ ભો;
દેખાયું ટાંકી સરખૂં તળાવ[૧૨], મોટૂં ઘણૂં જે જિવતૂં મનાય. ૧૧
આઘે દિઠાં ત્રંબક છાપરાંઓ, ઉપર જેના જુજ ઝાડવાંઓ;
દેખાવ તેથી ખુશિ આપતો છે, નાના પ્રકારે ગિરિ શોભતો છે. ૧૨
ચોપાસ સંધૂં સુનકાર લાગે, વચ્ચે ઝરાના મૃદુ[૧૩] શબ્દ થાએ;
લ્હેરો વળી વાયુનિ મંદ આવે, જોઉં કુડો ડુગર પૂર્ણ ભાવે. ૧૩

---

૫ પાણી ગંધાય છે તોપણ ઘરમથેલા ભોળા ભાવિક લોકો તેમાં નાહે છે.

૬ એ ગંધાતા પાણીમાં નહાવાસારૂ લોકો આટલું કષ્ટ ભોગવી આવે છે એમ હું જાણતો નહતો. ખરેખર તેઓ કોઇ બીજી સૃષ્ટીની રચના જોવાસારૂ જાતરા કરવા આવતા નથી.

૭ તે પાણીમાં નહાયાથી અને તે પાણી મ્હોડાંમાં ઘાલ્યાથી શરીરમાં બગાડો થાય છે. (અસલ પાણી એવાં નહિં હોય.)

૮ ખરે; નક્કી.

૯ ગૌતમ ઋષીને રેહેવાનો ડુંગરમાંનો ગોખલો;–બાવાઓની બેઠક હોય છે તેવો, એણે ૧૦૮ શિવલિંગ પાસે પાસે થાપ્યાં છે.

૧૦ એ અંધારી ગુફામાં ગોરખનાથનાં પગલાં છે. એ ભયંકર છે ખરી. એમાં માણસને સેહેલથી લુંટી મારી સંતાડી રાખવામાં આવે ખરૂં. (એલુ ભોમિયાયે કહ્યું.)

૧૧ ગૌતમ ગોખલો. ૧૨ ગંગાસાગર. ૧૩ કુમળા.

જોતાં નવું વિસ્મય મંન પામે, ગંભીરતાથી ભય બારિ જામે;
આનંદ તોએ પછિ વ્યાપિ રેહે, એવો ચમત્કારિક પ્હાડ છે એ. ૧૪
ટોંચે દિસે બેઠક પેશવાની, કૈલાસ[૧૪] નામે રૂડિ ઓળખાતી;
કૈલાસ[૧૫] છે બ્રહ્મગિરી ઉંચાઇ, એમાં ન ચાલે તકરાર કાંઇ. ૧૫
સંસાર સંધો વિસરી જવાએ, પાપી પ્રપંચો મનમાંથિ જાએ;
લીલા પિતાં હું નથિરે ધરાતો, એવો તપસ્વી ગિરિ છેજ આ તો. ૧૬
એ સર્વ જોતાં ચિત તો સમાયું, વિશ્વેશમાં ને બિજું કૈં ન ભાવ્યું;
આનંદમાં નર્મદ છેક ડૂબ્યો, એવો દિઠો બ્રહ્મગિરી જ ઊભો. ૧૭
પાછો નિસંડી[૧૬] ઉતરી પડી મેં, નીલે[૧૭] ચઢી જોયું તળાવ[૧૮] છે તે;
ત્યાંથી પછી ત્ર્યંબકનાથ[૧૯] વાડી, જોઇ રૂડી તે ફળવૃક્ષવાળી. ૧૮
કેળો ખજૂરી બહુ નાળિએરી, શોભા રૂડી એળચિ ઝાડકેરી;
દાડેમ પૂગી[૨૦] ફળ રામ[૨૧] સીતા, અંજીર લીંબૂ જમરૂખ મીઠાં. ૧૯
નીલે[૨૩] ફરીથી ચઢિ હાંફતાં ત્હાં, કીધાં પછી દર્શન દેવિ[૨૪] કેરાં;
વિશ્રાંતિ પામ્યો લગરીક વાએ, થાકયો ભુખ્યો મેં કંઇ ના ચલાએ. ૨૦
ઊભાં રહી નીલ[૨૫] પલાંઠિ ખોળે, જોયો ફરી બ્રહ્મગિરી બપોરે;
વાંકો પડયો અંતરગોલ જેવો, જોતાં ધરાયો નવ તે હું તેવો. ૨૧
માથું ઉંચું વાદળિથી સફેત, ઝાંખું ભુરું પેટનું પથ્થરે જ;
ઝાડોથકી ચિન્હિત[૨૬] કાંઇ થાએ, જોતાં ન મારો જિવ તો ધરાયે. ૨૨
ઉલ્ટો[૨૭] સુદીનો બિજચંદ્ર જાણે, વક્રાકૃતી[૨૮] ને ભુરું ધાબું રાખે;
જેમાં કંઇ છે મૃગલાંછનો[૨૯] તે, જોતાં ન મારૂં મનતૃપ્ત થાએ. ૨૩
પાછો ઉતારે મથિને હું આવ્યો, તારે સુયંત્રે વળિ એક વાગ્યો;
ચારેક વાગે જમિ ખૂબ ઉઠયો, સાંજે ફરીથી ફરવા હું ચાલ્યો. ૨૪

---

૧૪ એ ઊંચી ટેકરી—શીખર શંકરે જટા પછાડી ગંગા કાઢાડી હતી.
૧૫ શિવનું ધામ. ૧૬ સાતશેં પાયરી. ૧૭ નીલ નામના પ્હાડની એક ટેકરી ૧૮ એ તળાવ બાંધેલું નથી. ૧૯ ત્ર્યંબક ગામમાં ત્ર્યંબકેશ્વર નામના મહાદેવ છે તેની વાડી એટલે તેનું ઉત્પન્ન તે મહાદેવને અર્પેજ વપરાય. ૨૦ સોપારી. ૨૧ રામફળ. ૨૨ સીતાફળ. ૨૩ નીલ પર્વતની બીજી ટેકરી. ૨૪ એ ઉપર એક દેવીનું દેરૂં છે.
૨૫ એ નીલની ટેકરી બ્રહ્મગીરીની સામે છે. ૨૬ ડાઘવાળું; નિશાણીવાળું.
૨૭ દેખાવમાં એ પ્હાડ, જાણે સુદબીજનો પણ ઉલટો ચંદ્ર હોયની એવો લાગે છે. ઉલટો એટલે પ્રકાસવાળો ભાગ જે નીચે હોય છે તે ઉપર ને ધાબું નીચે એમ સમજવું. એ ઉત્પ્રેક્ષાલંકાર છે.
૨૮ વાંકો આકાર. ૨૯ હરણના જેવો આકાર—આભાસ.

જોયાં ફરીને બહુ દેવ દહેરાં, અંધારું ધૂમે કહું ઝાઝું જેમ;
શોભીતું છે ત્ર્યંબકનાથદેરૂં, મોટી જગાથી ઠરયું મંન મારૂં. ૨૫
બાંધેલ મોટો બહુ ચોક ખુલ્લે, લીલે ભરયું ન્હાનું તળાવ ખૂણે;
દેરાંતણી બાંધણિ તો નમૂના, શોભે સુનાનાં કળશો ઉંચેનાં. ૨૬
અંધારુ ઝાઝું શિવ જયાં બિરાજે, ના ના જણાએ કંઇ લિંગ સાંજે;
ખાડોજ વચ્ચે ત્રણ બાજું ઢેકા, એવી રિતે તે ત્રિગુણેશ[૩૦] બેઠા. ૨૭

ઇગતપોરથી નાશક જતાં અને ત્ર્યંબકથી નાશક આવતાં સવારની શોભા.

(પ્રભાતિયું.)

જૂવો જૂવો રે, મેદાનોમાં આવી કે, વ્હાણેલાં કેવાં વાયેરે! ૧
કેવું કેવું રે, સહુ શાંત ગંભીર કે, વ્હાણેલાં કેવાં વાયેરે! ૨
ધોળાં ધોળા રે, નિરમળ નીર[૧] નીરજ[૨] કે, વ્હાણેલાં કેવાં વાયેરે! ૩
સૂણો સૂણો રે, છેટેના અવાજ કે, વ્હાણેલાં કેવાં વાયેરે! ૪
છૂપાં[૩] છૂપાં રે, ઝરણો કરે છણ છણ કે, વ્હાણેલાં કેવાં વાયેરે! ૫
વાયે વાયે રે, ધીમે શીતળ વાયુ કે, વ્હાણેલાં કેવાં વાયેરે! ૬
બોલે બોલે રે, પંખી દુર કમમાં કે, વ્હાણેલાં કેવાં વાયેરે! ૭
ઊગ્યો ઊગ્યો રે, પેલીગમ સૂરજ કે, વ્હાણેલાં કેવાં વાયાંરે! ૮
શોભે શોભે રે, હુંગર ને મેદાન કે, વ્હાણેલાં કેવાં વાયાંરે! ૯
અભ્રે[૪] અભ્રે રે, વીટલાયલ પ્હાડ કે, વ્હાણેલાં કેવાં વાયાંરે! ૧૦
જાયે જાયે રે, તરતાં સહુ અભ્ર કે, વ્હાણેલાં કેવાં વાયાંરે! ૧૧
દીપે દીપે રે, તડકે તરૂ[૫] લીલાં કે, વ્હાણેલાં કેવાં વાયાંરે! ૧૨
ગાયે ગાયે રે, જોગી જન ગીત કે, વ્હાણેલાં કેવાં વાયાંરે! ૧૩
વાગે વાગે રે, દેહેરાંઓના ઘંટ કે, વ્હાણેલાં કેવાં વાયાંરે! ૧૪
દેખી દેખી રે, નમંદ મન રીઝયું કે, વ્હાણેલાં ભલાં વાયાંરે! ૧૫

---

૩૦ એ ઢેકા બ્રહ્મા વિષ્ણું ને રૂદ્ર એ ત્રણને દેખાડે છે. ને એ ત્રણ, રજ સત ને તમ ગુણનાં રૂપકો છે.

૧ પાણી. ૨ કમળ ફુલ.
૩ હુંગર ઉપરનાં ઝાડથી ઢંકાયલાં.
૪ વાદળીએ ૫ ઝાડ.

ગોદાવરી અને તેનું તટ—સાંજે.

(ગરબી.)

હું તો ધારતો હતો તું મોટી અહીં[૧] જો;
તે આ જોઉં ચાતુરમાસમાં[૨] ન્હાની સહી જો. હું૦ ૧
બોલું વાત તે શું તારી મુગધાતણી[૩] જો;
મને તો ગમે છે પ્રૌઢ[૪] રસિકતા ઘણી જો. હું૦ ૨
તારો હાલો હમઠમાઠ[૫] ઝાઝો ખરે જો;
ઓછું પાત્ર જેમ શબ્દ મોટો કરે જો. હું૦ ૩
ધેનૂ[૬] એક પછી એક ઓળંગતી જો;
તારાં માનને ઊતારનારી મળી જો. હું૦ ૪

(શાર્દૂલવિક્રિડિત વૃત્ત.)

સાંમે પારથિ આવતી તરિ કરી ધેનૂ ઉંચી ડોકથી,
સંધ્યા કાળતણે સમે નદિવિષે જોવું શું રૂડું નથી!?
શોભીતા વડ પીપળા તરુ બિજાં બંને કિનારે બહુ,
દહેરાં પથ્થરનાં ઉંચાં નિરખીને હરખ્યો શું ઝાઝું કહું?!. ૧.

(ભાગ બીજો—ગુજરાત.)

(માલિની વૃત્ત.)

દિલનું દરદ ડાબ્યૂં છેક મૂસાફરીએ,
દરશન શુભ દીધું માહરે પ્રીય મિત્રે;
કરું બહુ જગલીલા પાન હર્ષે નિરાંતે,
દુખડું ગણું છું એ કે તે[૧] નહીં મારિસાથે. ૧.

---

૧ નાશકમાં. હું એમ જાણતો હતો કે, જેવી સુરત ભરૂચ આગળ તાપી નર્મદા તેવી નાશક આગળ ગોદાવરી હશે, પણ એતો મૂળ આગળ માટે ઘણી ન્હાની છે.

૨ વરસાદ નોતો પડયો તેથી. ચોમાસાંમાં તો મોટી હોવી જોઈએ તે પણ નહીં.

૩ બાળક જુવાન; સંસારની ઘણી વાત ન સમજે તેવું.

૪ ડાહ્યું; પુક્ત; ઊંડું.

૫ નદીમાં કુંડો બાંધ્યા છે તેથી પાણી ઊંચું નીચું વેહે છે તેથી ઘણો ગોંધાટ થાય છે. ૬ ગાય. ૧ પ્રિયમિત્ર.

દુખ બહુ બહુ થાએ તનને તો પ્રવાસે,
પણ નવું નવું જોઈ જીવને સૂખ થાએ;
અતિશય દુખ હોએ સર્વ પ્રેમીજનોને,
પણ સુખતણિ આશે તે જણાએ ન તેને;
વિરહપિડિત જે કો હોય લેમેલ[૨] જેવો,
નિજ જન નિરખી તે તુર્ત ઊઠેજ તેવો. ૨.

સુરતથી તે મેંબદાવાદ સુધી આગગાડીમાંથી જોયલો દેખાવ.

(કટાવ.)

બાવળિયાનાં, ઝાડો ઝાઝાં, છેટે છેટે, ઘાસખેતરાં, પવનલ્હેરથી, ઘણાં નમેલાં, પછી દૂરથી, ભરુચ શ્હેરને, બહુ શોભીતૂં, જોતાં ચાલ્યો, પૂલ ઉપરથી, એ ટાણે તો, કહૂં વિશેષે, પૂલ થાંભલા, પાણી વાદળ, કાંઠા હોડી, જોઈ રાચ્યો, ભરુચ મૂકતાં, આવ્યાં પાછાં, ચમરીવાળાં, ઘાસખેતરાં, પીળાં પુલનાં, આવળ રાનો, જેમાં હરણો, બહુ તડકામાં, દૂર દૂર પણ, પાંચ સાતના, જુથમાં ચરતાં, નિચી ડોકથી, કોક દોડતાં; રંગ રંગનાં, પતંગિયાંઓ, અહિં તહિં ઉડતાં; આગળ વધતાં, રસાળ ભૂમી, આવિ એટલે, તેમાં થઈને, પવન આવતો, તેની લ્હેરે, ગાડીમાં હૂં, લોટયોતો તે, જાગી ઊઠયો; ખેતર ઝાડો, જોયાં તેથી, વિસ્મયપૂર્વક, આનંદી બહુ, થઈ રહ્યો જો, જર બાજરો, જેમાં થાએ, ખુબ સુસવાટા, પ્રૌઢપણે સહુ, પાંદડિ ડોલે, ધાન્યો બીજાં, ઘણૂં કરીને, કહૂં કોદરા, વળી બાવટા, અનુક્રમે સહુ, આવ્યાં રૂડાં, તંબાકૂ ને, સણનાં ખેતર, ઉભી સોટિને, પીળાં પુલનાં; આંબાંઓ તો, અસંખ્યાત છે, કો કોને તો, વાંધા[૧] વળગ્યા, રાયણ ઝાડો, કોઠીઓએ, કોઠ લટકતાં, કેળ વાડિયો, એ પરમાણે, વડોદરાને, લગતી ભૂમી, રસાળ ઝાઝી, જોઈ આગળ, મહીનદીને, મહીકોતરાં, જેમાં પૂર્વે, ભીલ ધાતકી, વટેમાર્ગુને, લૂટી મારી, સંતાઈ ઝટ, રહેતા નિર્ભય, ખરે જગા એ, અહિં વસનારા, ભીલ લોક તે, અને નદી પણ, આકૃતિપરથી, કાળાં કામો, કરતાં હોએ, એમ નથી શું, જણાવતાં[૨] રે?, નદી વળી તે, ચંડિ

---

૨ મરવાની તૈયારીપર. ૧ એ વેલો આંબાને વિટલાઇ રેહે છે. એ, આંબાનો રોગ છે. એવા વાંધાવાળા આંબાને ફળ આવતાં નથી.

કાળિકા, એ દેવીના, મદનું ઝરણ થઇ, શું નથિ વ્હેતી,[૩]? ત્યાંથી દોડી, નડીયાદની, રસાળ ભૂમી, જોઈ જાંહાં, સાંજ સમે તો, રવિ આથમતે, પવને હિલતાં, લીલાં લીલાં, વિશાળ મોટાં, ઝાઝાં ખેતર, વાડીઓમાં, જાત જાતનાં, ફુલ ફળ ઝાડો, શોભિ રહ્યાં છે, વાયુસુગંધી, ફૂલોમાંથી, મંદ આવતી, એ સંધાંથી, આનંદે હું, સૃષ્ટ જાત પણ, બિજે મુકામે, જાવું હૂતું, તેથી શોભા, અનુપમ સાચે, આગળ ચાલી જોતો જોતો!! ૧.

મેમદાબાદથી તે અમદાબાદ જતાં ને અમદાબાદથી ખેડે આવતાં—સવારની શોભા.

(પ્રભાતિયાં.)

ઊઠની ઊઠ તૂં ઊઠ આળસ તજી, વ્હાણું વાયું રહ્યો સૂઈ કાં રે;
સરસ શોભા સહુ સીમને ચાંપતાં, જોઇ ગોવિંદના ગૂણ ગા રે. ઊ૦ ૧
ઝાડપર બેસિને સાંમસાંમાં કરે, મોર મોટા મિટાઊ મિટાઊ;
ઝાડિમાં જીવડાં ટૂન્ ટૂન્ ટૂન્ કરે, કાગ વચ્ચે કરે કા ધુતારૂ. ઊ૦ ૨
વાયુની લ્હેર તે જોરમાં આવતી, અંગને અડકતાં થંડિ લાગે;
વનતણા વાયુ ને માર્ગને સેવતાં, આધિવ્યાધિ સહૂ જાય આઘે. ઊ૦ ૩
એ સમે ખેડુના બૈલ ચરતા દિસે, સીમમાં પરસણો[૧]નીચિ ડોકે;
દાંતથી બળ કરી ચાર કો તોડતા, વાગતી ઘંટડી ખૂબ ઝોકે. ઊ૦ ૪
ચારૂ[૨]અજવાળું તે જાય વધતૂં અને, પૂર્વદીશા બહૂ લાલ થાએ;
બિંબ સૂનોરિ તે નીકળે ઝટ પછી, દિગતણો રંગ બદલાઇ જાએ. ઊ૦ ૫
નજર હરિ રાખતાં તેજમાં ઝાંખતાં, બિંબમાં બિંબ તરતૂં જણાએ;
ચક્ર આકારમાં ફરિ ઉંચૂં આવતૂં, કૂદતૂં દેખિ આનંદ થાએ. ઊ૦ ૬
ચિબરિ ટીટોડિયો લેલિ પીંજરિયો, ચલ્લિ કાબેર હોલા ઘણાએ;
કાગઋષિઓ[૩] અને લકડખોદો બહૂ, સુસ્વરાં ગાયનો ખૂબ ગાએ. ઊ૦ ૭
એ બધૂં જોઇને વળી ઉભાં[૪]ખેતરો, છાતિ નર્મદતણી ખૂબ ઠરતી;
પાપબુદ્ધી સહૂ જાય સંતાઈ ને, ધર્મબુદ્ધી બહૂ બ્હાર પડતી. ઊ૦ ૮

૨–૩ એ બંને ઠેકાણે ઉત્પ્રેક્ષાલંકાર છે. ૧ કાઠિયાવાડ તરફ પહર અથવા આડ કેહે છે. ૨ સુંદર. ૩ પાંખ કાળી અને શરીર રાતું એવું કાગડાના જેવડું પક્ષી. ૪ પાકીને તૈયાર થયલાં–(ઢળેલાં નહીં)

સપ્તઋષિ[૧]તો ગયા ન્હાઇ ઋષિ આવિયા,ધર્મશાળા બધી ખાલિ થઈ રે;
કિરણ કો ફૂટિયાં ઢોર સહુ છૂટિયાં, કીર્ત્તિ કરતારની ગા ઉઠીરે. સ૦ ૧
ને નદી[૨] નિરમળી નીલ[૩] અંબર સજી, ગંભિરાઈ ધરી બ્હાર નેટે;
ચોરિથી દોડતી વાટ ટુંકિ શોધતી,સંગ સખિ લેઈ સિંધૂસુ[૪] ભેટે. સ૦ ૨
પાણિમાં રહિ ઉભાં પાર બે નિરખતાં, સંધુ દીસે રળીઆમણૂંરે;
વૅચે વૅચે પગપ્રતિ માછલાં સળવળે, તાણુથી લાગતૂં ભય ઘણૂં રે. સ૦ ૩
આવિ રહિ ડાળિયો પાણિ ઉપેર કો, ઝાડની જેનું મોટૂંજ થાળૂં;
[૫]તટતણા ઝાડથી પાણિ આછૂં લિલૂં, ડાળઓળાથકી કાંઇ કાળૂં. સ૦ ૪
લાંબિ બહુ ડોકના ધોળિ બહુ પાંખના, બગ બધા બેસિ તાકે કિનારે;
કો તરી પાણિમાં મારતા આંચ ડબ, કો વળી બોલતા ઉડતા રેહ. સ૦ ૫
મળસકે ઊઠિને નદિતટે ચાલ ત્હાં, જ્હાં બિની ઠારથી ચાર દૂધાં;[૬]
જ્હાં નહીં બહુ જનો જ્હાં દિસે ઢોર કો,જ્હાં પડે[૭] દૂરના કલ[૮] મધૂરા. ૬
થંડિની લ્હેરમાં નદિતણી લ્હેર જો, મંનમાં લ્હેર આવીજ રહેશે;
સૃષ્ટિસૌંદર્ય તો ઠામ ઠામે બહૂ, પામરો નર્મદો શૂં શું કહેશે?! સ૦ ૭

અમદાવાદથી બેડે જતાં લાલીગામ આગળ રાતની શોભા.

(ઢાળ—ઓખાહરણનો,)

દીહું આકાશ ખુબ ઘનઘોર, નહીં બાકિ દિગંતની[૧] કોર;
બંને બાજૂએ તારા ચળકે, કોઇ કહે ઊડે તનખા સળગે. ૧
ઊડે આગીઆ ખેતરે ઝાઝા, તેમાં ચળકે તે લીલી માદા;
નરને લલચાવવાનો ઠાઠ, જેને હોતો નથી ચળકાટ ૨
એમ ખેતર તે શોભાયે, શબ્દ તમરાંના તમતમ થાયે;
બેલ બરડ બરડ ઘાસ ચાવે, કચ કચ્ચ વાગોળે તે ભાવે. ૩
શબ્દ ઘૂઅડ ને ધો કહાડે, તે તો ભારી ભયંકર લાગે;
વચ્ચે ગર્ધભ ભૂંકે એવો, જરા સંખાએ ના તેવો. ૪

---

૧ નક્ષત્ર; સાત તારાનો ઝુમખો. ૨ વાત્રક, સાબરમતી એવી. ૩ લાલે પોશાક; (રૂપક.) ૪ દરિયાને. (એ વર્ણન પ્રૌઢ વ્યભિચારિણીને પણ લાગેછે)
૫ કીનારો; કાંઠો. ૬ એક જાતનું કુમળું ઘાસ—ગણપતીને ચઢે છે)
૭ ગાયનનુ સુર બંધ થતી વખતે તે ઘણું મધુરૂં લાગે છે.
૮ અર્થ ન સમજાય તેવો પણ મીઠો લાગતો સ્વર.
૧ દીશાનો અંત બતાવનારી લીટી.

એવી બીહામણી કહી રાત, તોએ આનંદ રહે મુજ સાથ;
ઘણો ગંભીર દેખાવ જોઈ, રહ્યો ઝાઝો લીલાપર મોહી. ૫

ભરૂચથી કબારવડ જતાં હોડીમાંથી જોયલી નર્મદાની શોભા.

(ગરબી.)

નર્મદા શું ગાઉં શોભા સાંજની;
હાંરે પવન પાણિ વાદળ રંગના સુસાજની–હોજીરે. ન૦ ૧
હાંરે પાણી જોરમાં ઉછાળા નોતું મારતું;
હાંરે પ્હોળા પટથી દેખાતી પ્રૌઢ નાર તું–હોજીરે. ન૦ ૨
હાંરે વીળ[૧] ખળખળી ધીમે ચઢીને આવતી;
હાંરે તેતો હોડિમાંથી જોઇ સુણી ભાવથી–હોજીરે. ન૦ ૩
હાંરે ડહોળાએલ નીર રંગ તે ભૂરો હતો;
હાંરે ઝાંખો શ્વેત[૨] આસમાનતણો દીસતો–હોજીરે. ન૦ ૪
હાંરે પાકા રંગના ભૂરા તે સાંમે ડુંગરા;
હાંરે ગળી રંગનાં ટોંચે તો ભૂરા વાદળાં–હોજીરે. ન૦ ૫
હાંરે કાંઠે ઘાસ લીલાં ઝાડ બહૂ શોભતાં;
હાંરે ચાર ગાય ભેંસ ઢોર ખાતાં હતાં–હોજીરે. ન૦ ૬
હાંરે આવે મંદ મંદ વાયુ ખૂશ લાગતો;
હાંરે હોડી ચાલતી તેને ઘણો સવા[૩]હતો–હોજીરે. ન૦ ૭
હાંરે એક વાછડી કાંઠે રે મથતી ઘણી;
હાંરે પડી જાતી તે ઊંચે જતાં જી[૪]નીભણી–હોજીરે. ન૦ ૮
હાંરે ગુલાબી ઘેરો તે રંગ આસમાનનો;
હાંરે ગુલાબી પ્રકોનો પાણિના મેદાનનો–હોજીરે. ન૦ ૯
હાંરે સુદી તીજનો ઉગેલ ચંદ્ર તે સમે;
હાંરે લ્હેરિયાંની રંમ્ય લ્હેરમાંહી મન રમે–હોજીરે. ન૦ ૧૦
હાંરે પવન સામટો પડી ગયો પછી ખરે;
હાંરે લીલા બ્રહ્મની જોઈ શી આંખો ઠરે!–હોજીરે. ન૦ ૧૧

---

૧ ભરતી ૨ ધોળું. ૩ સારો પીઠનો પવન. ૪ ગાય; વાછરડીની મા.

કબીરવડ.

(શિખરિણી વૃત્ત.)

ભુરો ભાસ્યો ઝાંખો, દુરથિ ધુમસે પ્હાડસરખો,
નદીવચ્ચે ઊભો, નિરભયપણે એકસરખો;[૧]
દિસ્યો હાસ્યો જોદ્ધો, હરિતણું હૃદે ધ્યાન ધરતો,
સવારે એકાંતે, કબિરવડ એ શોક[૨] હરતો. ૧
કદે દેખાવે એ અચરતિ જણાએ જગતમાં,
ખરે એ પ્હોરાંનો, મગરુબ રહે દેશ નવ કાં?
મનાએ સત્સંગે,[૩] પવિતર કબીરાભગતમાં,
પ્રજાની[૪] વૃદ્ધીએ, નિત અમર કહેવાય નવ કાં? ૨
જતાં પાસે જોઉં, વડ નહીં વડોનું વન ખરે,
મળે આડા ઊભા, અતિ નિકટ[૫] નીચે ઉપર જે;
વડો ઝાઝા તોએ, સહુ ભળીગયે એક[૬] દિસતો,
વળી સંધાઓનું, અસલ જિવતું એક મુળ તો. ૩
કિયું ડાળું પ્હેલું, કંઇ ન પરખાએ શ્રમ[૭]કરે,
ધસેડયો પાડીને, અસલવડ[૮] રેલે જન કહે;
તણાયાછે ભાગો, ધણિ વખત જો એ વડ[૯] તણા,
તથાપી[૧૦]એ થાએ,પુટ વિસગુણ્યાસો[૧૧]પરિધમાં[૧૨] ૪
પુટી ડાળોમાંથી, પ્રથમ તવુકેરી[૧૩] નિકળતા,
ખુંચે તેવા તંતૂ, વધિજઈ નિચે જે લટકતા;

---

૧ ઢળતો નહીં પણ ટટાર સીધો.
૨ હારચો જોદ્ધો પોતાનો શોક કરતો હોય તેવો કબીરવડ છે. અથવા, કબીરવડ, જોનારનો શોક હરે છે.
૩ એવું કહેવાયછે કે–કબીર ફરતો એ ઠેકાણે આવ્યો અને પછી તેણે વડનાં મુળિયાંનું દાતણ કીધું ને પછી ઓલ ઉત્તારી ફેંકયું તે મુળિયાંમાંથી આ વડો મોટો વડ થયોછે. કારણ ગમે તે હો તોપણ એટલું ખરૂં ભાસેછે કે કબીરે થેડા દાહાડા પોતાની બેઠક અહીં રાખી હશે ને એ ઉપરી લોકોએ નામ પાડયું હશે. ૪ એક વડમાંથી ઘણી વડવાઈઓ થઈછે.
૫ પાસપાસે. ૬ એક વડ.
૭ શ્રમથી તજવીજ ને ખોળ કરતે. ૮ સહુથી પેહેલું ડાળું.
૯ બધા કબીરવડ–વડવાઈઓ મળીને.
૧૦ તોપણ. ૧૧ બેહન્દર (અંગ્રેજી ચોપડી ઉપરથી.)
૧૨ ઘેરાવો. ૧૩ ઝાડની.

જટાની[૧૪] શોભાથી, અતિશ શરમાઇ શિવ ઉઠયા,
જટાને[૧૫] સંકેલી, વડ તજિ ગિરીયે[૧૬] જઇ રહ્યા. ૫
જટા લાંબી લાંબી, મુળથડથિ થોડેક દુર જે,
નિચે ભૂમીસાથે, અટકિ પછિ પેસે મહિં[૧૭] જતે;
મળી મૂળીયાંમાં, ફરિ નિકળિ આવે તરુરુપે,
થડો બાંધી મોટાં, ઘણિક વડવાઇ[૧૮] કરિ રહે. ૬
વળી ડાળો મોટી, ઘણિક વડવાઇથિ નિકળે,
જટા પાછી જેને, અસલ પરમાણેજ લટકે;
નવાં બાંધી થાળાં, નવિન વડવાઇ ઉગિ બને,
નહીં ન્હાની ન્હાની, પણ મુળતરૂતુલ્ય[૧૯] જ કહે. ૭
કહું એવી રીતે, અગણિત વડો ઉત્પન[૨૦] થયા,
જિવે જે સંધાએ, અસલ મુળિયાંથી રસભર્યા;
બહૂ ડાળી ડાળાં, પરસપર પત્રો[૨૧] ભળિગયે,
ઘટાની શોભા તો, સરવ જનને વિસ્મિત[૨૨] કરે. ૧
વડો વચ્ચે વચ્ચે, તરુ અવર આસોપલવનાં,[૨૩]
વડોથી ઊંચાં છે, ખિચખિચ ભરયાં પત્રથિ ઘણાં;
ઘણાં આંબા ભેગા, વળિ ઘણિક સીતાફળિ ઉગે,
બિજાં ઝાડો છોડો, વડનિ વચમાં તે જઇ ઘુસે. ૯
ઉનાળાનો ભાનૂ,[૨૪] અતિશ મથિ ભેદી નવ શકે;
ઘટા ઊંચે એવી, જન શિતળ છાયા સુખ લિયે;
ખુલી બાનૂઓથી, બહુ પવન આવી જમિનને,
કરે ચોખ્ખી રૂડી, પછિ મિત[૨૫] થઇને ખુશિ કરે. ૧૦
ઘણાં જંતૂ પખી, અમળ સુખ પામે અહિં રહી,
ઘણા જાત્રાળૂઓ, અહિં ઉતરતા પુણ્ય સમજી;

---

૧૪ વડની જટા. ૧૫ પોતાના માંથાની જટા. ૧૬ કૈલાસ. (ઉત્પ્રેક્ષા) ૧૭ ભાંયની અંદર.

૧૮ એક વડની જટા જમીનમાં જઈ પાછી ઝાડરૂપે બ્હાર નિકળી આવે તેને વડવાઇ કહેછે.

૧૯ સરખી. ૨૦ ઉત્પન્ન; પેદા.

૨૧ પાંદડાં. ૨૨ અજબ પમાડે. આ તે શું એમ બોલાવી ટકટક જોયા કરાવે. ૨૩ આછોપાલવનાં ઝાડ. ૨૪ સુરજ. ૨૫ જેટલો જોઈએ તેટલો;

ઘણા શીકારીઓ, ગમત કરતા રેહ બહુ અહીં,
હળરેા લેાકેાને, અડચણ સમાતાં અહિં નહીં. ૧૧
અહીંયાંથી જોવી, ચકચકતિ વ્હેતી નદિ દુરે,
પશૂ કેા જેવાં જે, અહિંતહિં ચરે બેટ[૨૬] ઉપરે;
ઘટા ભારે જોવી, શબદ સુણવા કેાઈ બગના,[૨૭]
દિલે વાયૂ લેવેા, સુખ[૨૮] નત્ર હિણા લે કરમના. ૧૨
ઘટા થાળાં લીધે, ઘણિક ફરવાને ગલિ થઈ,
બખેાલેા બંધાઈ, રમણિય બહૂ બેઠક બની;
નિરાંતે જેમાં તેા, ખુશિથકિ રમે લાલ[૨૯] લલના,
નિરાંતે જેમાં તેા, ખુશિથકિ રહે જોગિ જપમાં. ૧૩
દિયે છાયી[૩૦] જાડાં, હરિત[૩૧] કુમળાં પત્ર ઘુમસાં,
વળી રાતા ટેટા, ચુગિ[૩૨] બહુ જિવેા પેટ ભરતા;
પડે બાજૂએથી, બહુ ખુસનુમાં રિંગકિરણેા,[૩૩]
નિચે ચળકે તડકે, બરફસરખાં ઠારથિ પડેા.[૩૪] ૧૪
ઠરી[૩૫] મારી આંખેા, કબિરવડ તૂને નિરખિને
ખરી[૩૬] પાપી બુદ્ધી, ખરિજ ચુડિ જાત્રા થઈ મને;
વિશેષે શેાભેછે, ગભિર[૩૭] વડ તૂંથી નરમદા,[૩૮]
કૃતાર્થી[૩૯] મેાટેા* હૂં, દરશન વડે છૂં નરમદા. ૧૫

માફકસર. ૨૬ જે બેટ ઉપર કબીરવડ છે તે બેટ મેાટેા છે. પંદર માઈલનેા આસરે ઘેરાવેા કહેવાય છે. હેાડીવાળાઓ કેહે છે કે સવારે નિકળ્યા હેાઇએ તેા સાંજે હેાડીએ પ્રદક્ષણા કરી રહેવાય. ઝણેાર નામના વાંસીઆ ઠાકેારના ગામ આગળથી નર્મદાના બે ફાંટા જુદા પડે છે.

૨૭ પક્ષી. ૨૮ એ સુખ કરમના હીણાથી નજ લેવાય. ૨૯ વરવહુ; આશક માશુક. ૩૦ છાયા કરીને. ૩૧ લીલાં. ૩૨ ચાંચ મારીનેં ખાઇને.

૩૩ રંગ રંગ બતાવે તેવા કિરણેા. ૩૪ જંતુઓનાં પડેા—જેવાં કરેાળિયાનાં તેવાં, પણ મેાટાં.

૩૫ સંતેાષ પામી. ૩૬ ખરી પડી; જતી રહી. ૩૭ ગંભીર; પ્રૌઢ. (એ વડ !) ૩૮ નર્મદા નદી. ૩૯ કરવાનું તે કરી ચુકેલેા; સુખી; ઈચ્છેલું ફળ પામેલેા. * એક ખુણે વાડી છે, કુવેા છે અને ઝુંપડીમાં એક બાવેા, રાતદાઢેા રેહે છે. અહિં કબીરની મૂર્તી છે.-તેની આંખ મેાટી કાળી અને ચપળ બુદ્ધિ દેખાડનારી છે. નાક લાંબુ છે. મ્હેાડું લાંબું છે પણ કદમાં પાતળું છે. (ભરાવ નથી). મૂછ આછી ને જરા સફેદ છે. માથે કબીર પંથના લેાક ધાલે છે તેવી ટેાપી છે, અંગમાં ઝભેા પેહેરેલેા છે અને પવિત્રી કેાટ ઉપર આવી

સુરતથી મુંબઈ આવતાં દરિયામાં ચંદનીની શોભા.

(રેખતો.)

આહા પૂરી ખીલી ચંદા,[૧] શિતળ માધુરી છે સુખકંદા.[૨] આહા૦
પાણીપર તે રહી પસરી, રૂડી આવે લેહર મંદા.[૩] આહા૦ ૧
શશીલીટી[૪] રૂડી ચળકે, વળી હીલે તે આનંદા.[૫] આહા૦ ૨
ઊંચે ભૂરૂં દીપે આસમાન, વચે ચંદા તે સ્વછંદા.[૬] આહા૦ ૩
નીચે ગોરી હારે નેનાં, રસે ડૂબ્યા નરમદ બંદા,[૭] આહા૦ ૪

જગતકર્ત્તાની સ્તુતી.

(લાવણી.)

શી શોભા ને શો સાજ, જગતના રાજ, ગાવે જસ તહારા,
કવિ ભક્તો હાર્યા હામ, કામ ખુબ ન્યારાં. ટેક.
કહું રચના શી પાતાળ, પોપડા ઢાળ, જમિનની જાતો,
જુનિ ચીજ જુદી ઉદભીજ,[૧] જીવ બહુ જહાં તો; ૧
ધણિ સૃષ્ટીઓ બદલાઇ, કમે મંડાઇ, જુઠી નહિ વાતો,
નમુના નિશાણી તેનિ, છેજ હમણાં તો;

(ઝૂલ.)

પડ માટિતણાં વિધવીધ, વળી કંકરનાં,
છે અનુક્રમે નહિ અહીં, ચુના પથ્થરનાં,
જડ ખોખાં પથ્થરરૂપ, ભુચરજલચરનાં,
સુનું લોહું વાપરે જંન, સરવ ધરધરનાં,

રહેલી છે. પલાંઠી મારેલી છે પણ તે ઝભામાં ઢંકાઇ ગયલી છે. મૂર્તી ઉપરથી તે ઘણો ચપળ બુદ્ધિનો માલમ પડે છે. ૧ ચંદની. ૨ સુખનું મૂળ એવી.
૩ ધીમી ધીમી. ૪ ચંદ્રના પ્રકાશનો પાણી ઉપર વધારે ચળકતો જે સેહો પડે છે તે (એ સેહો તથા એ સેહાનાં પાણી ભરતીથી ઉતાવળાં ઊંચાં નીચાં થયાં કરતાં—કુદતા હોય છે તે.) ૫ આનંદ આપનારી (શશિલીટી).
૬ (આસમાન અને જમીન એ બેની વચમાંની ચાંદની—હવામાં ઘુજતી ચાંદની પોતાની ઇચ્છામાં આવે તેવી જણાય છે—વખતે ઘણી સફેત, વખતે ફીકી લીલી અને વખતે ભુરી—હવાની હાલત પ્રમાણે દેખાય છે.)
૭ પોતે (રસેહુબ્યા—કુદરતના વિચારમાં ઘૂમ થઇ ગયા.)
૧ ઝાડપાન.

રચ્યું સર્વે માનવીકાજ,આણિ દિલ દાજ, કષ્ટ હરનારા,
તુજ ડહાપણના ભંડાર, યાર અપારા.—શી શોભા ને શો૦ ૧
કહું રચના શી આકાશ, સુરજ પ્રકાશ, ગ્રહોમાં રાજે,
ઉષ્ણુતા પૃથ્વિને દિયે, ઝાઝિવકાજે; ૧
વળિ રાતે રજનીરાજ,નખેતર સાજ, ખૂબ મીરાજે,
વાયુની આવતી લ્હેર, સ્થીરતા છાજે; ૨

(ઝૂલ.)

રવિ ચંદ્રતણા મારગો, રાશિ કહેવાએ,
સુદ વદે ચંદ્રની કળા, વધી ઘટિ જાએ,
ગંગા[૨] ચાંદરણૂં દેખિ, દીલ ખુસ થાએ,
વાદળના રંગ અપાર, વિવિધ સોહાએ,
રે અધર રહ્યા સહુગોલ, ગંભિર છે પોલ[૩],તું જગદાધારા,
ખટઋતૂતણા નિયમીત, કર્યા તેં ધારા—શી શોભા ને શો૦ ૨
આ સૃષ્ટીનો શો ઠાઠ, શોભિતાં હાટ ઘણે ઠેકાણે,
તરૂલતાથકી ભરપૂર, પાણિ પાષાણે; ૧
પશુ પંખી માનવ જાત, મચ્યો છે સાથ, નાટકો જાણે,
રુપ રંગે ગૂણે સ્હોય, હરે મન ગાણે; ૨

(ઝૂલ.)

સહુ ઉભાં ખેતરો હિલી, કરે ચળકારા,
કલ પંખિતણા દુખ હરે, મધૂરા પ્યારા,
સમિ સાંજ સિંધુ લેહરે, દિયે નદિ નાળાં,
નગ વન ઉપવન મેદાન, રાન રઢિઆળાં,
સહુ સાદું સલૂણૂ આમ,તોય બહુ કામ, ચતુર રચનારા,
ઘટઘટમાં શક્તિ અગાધ, બોધ સહુ સારા.—શી શોભા ને શો૦ ૩
કહું લીલાલાડી એમ, લલિત ને ક્ષેમ, લાડતી ભાવે,
ખુમ નાચે ઠામે ઠામ, પ્રીત ઉપજાવે, ૧

---

૨ આકાશગંગા. ૩ પોલાણ; આકાશ.

સજિ સાડી સુંદર નેક, રાખિ બહુ ટેક, નેન નચાવે,
નિત ગાય મધૂરાં ગીત, સર્વને ભાવે; ૨

(ઝૂલ.)

સર સિંધુ નદી જળ કરી, કૃપા તેં પાયૂં,
વન ઝાડ પ્હાડતણું રમ્યપણૂં દરસાવ્યૂં,
બહુ ખગોતણૂં સુસ્વરૂં ગાન સૂણાવ્યૂં,
વળિ બધે બતાવી ધર્મ દાન કરાવ્યૂં,
કર્યો નર્મદને મનશુદ્ધ,આપિ બહુ બુદ્ધ, પાપ દહનારા,
સ્તુતિ ગાઊં વધૂ શું ધન્ય,લિલામૃતધારા.—શી શોભા ને શો૦ ૪
(૧-૧)

શૂરવીરનાં લક્ષણો.*

---

*સંજોગ હોય તો શેહેરની ધાંધલમાં રેહેવું સારૂં છે, બાકી વિજોગ–દુખ નિવારવાને તો મુસાફરીજ ઓસડ છે. પણ શેહેરમાં રહ્યાવના તો ચાલે નહીં; પછી મેં મારૂં દુઃખ ઓછું કરવાને વીરરસનાં કાવ્ય વાંચવા માંડયાં—ને સારાં નસીબે 'ઈલિયડ' જે મેં કદી વાંચી નોહોતી તે મેં વાંચવા માંડી તેથી હું મારૂ દુઃખ વિસર્યો, ને પછી મેં તેવું કંઇ લખવું ધારયું. કબીરનાં પદમાં ઝડાકો સારો હોય છે તે વાંચતાં મને એવું લાગ્યું કે આહા! કબીરે પોતાનાં પદોમાં ધર્મસંબંધી વિષય ન લખતાં રાજસંબંધી ને દેશાભિમાનસંબંધી લખ્યું હોત તો દેશના હકમાં તે કેટલો ફાયદો કરત—ને મારી પણ કબીર–પદના ઢાળમાં કવિતા કરવાની ઇચ્છા થઇ હતી, તેથી મેં એ પદો બનાવ્યાં છ. એ પદો ચાર વાતને લાગુ પડે છે. યુદ્ધમાં શત્રુની સામે લડવા જવાને યોગ્ય થવામાં કિયા કિયા ગુણો રાખવા જોઈયે તે એક, આ ભવરણમાં માણસે પોતાની ઉપર આવી પડતી આપત્તિમાં–આધિ, વ્યાધિ, ઉપાધિ કુપી દુઃખમાં કેમ વર્તવું તે બીજી અને વ્હેમરૂપી શત્રુની ઉપર સુધારાએ કેવી રીતે સજ થઇ લડવું અને તેથી શા લાભ થાય છે તે ત્રીજી, અને ઉપરી સરકાર જુલમ કરતી હોય તો રૈયતે કેમ વર્તવું તે ચોથી. આ પદો જે અનુક્રમે છે તે અનુક્રમ પણ ધ્યાનમાં રાખવાનો જોગ છે. જોધ્ધો મરશે તો તે પણ દેશને માટે મરશે, માટે મરવાથી બીહીવું નહીં. (આહા કેવાં યશગીત ગવાયે). જોધ્ધો ફત્તેહ કરશે તો આવાં ગીત ગવાશે (જય જય જય જય જય જય, બોલો સહુ ભાઇ) માટે ઉઠો ચાલો–(ઝટ ઝટ ચાલોજી) આદિ લઇ. એ પદોમાં 'ખરૂં તે કાં ના કેહેવું' એ લખ્યું છે તે મને ઈનકમટાક્સસંબંધી સરચારજ થયો હતો તે ઉપરથી અને 'રણ તો ધીરાનૂં ધીરાનૂં' એ, પ્યાર પૈસાસંબંધી હું તે વખત ગભરાટમાં હતો તે ઉપરથી. એ પદોમાં માણસે–કુલીન ગૃહસ્થે સંસારરણમાં ખરા જોધ્ધા પ્રમાણે કેમ વર્તવું એસંબંધી ને બીજી ઘણીએક દુનિયાદારીસંબંધી નીતિ બતાવી છે.

પદ ૧ લું.

ફરી જોબનિયું આપે, હરિ તું ફરી જોબનિયું[૧] આપે—
હિંદુદેશને થાપે, હરિ તું નીજ[૨] કરીને થાપે—ટેક.
ભર જોબનમાં બન્યો વૃદ્ધ તે, હરે યોગ્ય સરાપે—હરી૦ ૧
તન[૩]મન[૪]ધન તે ગુમાવિ બેઠો, મદ[૫]આળસને પાપે—હરી૦ ૨
વ્હિલે[૬] મ્હોડે તે રઝળે ટટળે, રીબાએ ત્રણુ[૭] તાપે—હરી૦ ૩
ભણ્યો શૂર તે આજ જણાએ, વ્હેમી કાયર છાપે[૮]—હરી૦ ૪
પુત્ર પુત્રિ યશ અલાપ[૯] કરતો, તે રોએ છ વિલાપે—હરી૦ ૫
શિક્ષા ઘટતી થઇ ને લાગી, તૂં વણુ કો દુઃખ કાપે—હરી૦ ૬
પસ્તાતા ડાહ્યાપર[૧૦] કરવી, કૃપા હવે માબાપે—હરી૦ ૭
ડુબ્યું નામ તે ઝટ તરી આહે, કીર્તિ જગે ફરિ વ્યાપે—હરી૦ ૮
હિંદુ દેશ માનીતો તહારો, પ્રથમથકીજ અમાપે[૧૧]—હરી૦ ૯
ભણિગણિ શૂર થઈ તે[૧૨] લે જસ,નર્મદ બ્રહ્મપ્રતાપે[૧૩]—હરી૦ ૧૦

પદ ૨ જું.

વાદળ[૧]ફાટવા માંડયું હવે છે, ધ્રુવાદિ[૨]કંઈ કંઈ નજરે પડેછે.—વાદળ૦ ટેક.
રાત વીતી હવે વ્હાણું રે વાસે,ઠરતા[૩]બપોર પછી ઝટ થાસે—વાદળ૦ ૨
દરિયો તોફાની તે ધીમોજ હાલે,પૂઠના પવનથી ઘણું વ્હાણુ ચાલે—વાદળ૦ ૩
ભણિ સૂખ લો હરી અનુકૂળ[૪]જાણું, નર્મદજોપીનું પાકયું અખ્યાણું—વાદળ૦ ૪

પદ ૩ જું.

દેશતણું હિત ચ્હાવું, ભાઈ, દેશતણું હિત ચ્હાવું— ટેક.
દેશ કામમાં જુદાં પડીને, લડતાં નહિં પ[૧]ડ જાવું—ભા૦ ૧

---

૧ ચ્હડતી કળા. ૨ પોતાનો; પ્યારો. ૩ શરીરબળ (હિંદુઓમાં આગળના જેવું શરીરબળ નથી.) ૪ બુદ્ધિબળ. ૫ લક્ષ્મીથકી મદ ને આળસ ઉત્પન્ન થાયછે અને એથી પાછી લક્ષ્મી જાય છે. ૬ ઉદાસ; ખાવરૂં; રીકું પડેલું. ૭ આધિ, વ્યાધિ ને ઉપાધિ. ૮ જે ભણ્યો કેહેવાતો તે વ્હેમી અને શૂરો તે કાયરની છાપે ઓળખાય છે. ૯ ગીત ગાતો (જે દેશ પોતાનાં છોકરા છોકરીની બડાઇ કરતો.) ૧૦ પસ્તાતા ને ડાહ્યા એવા દેશ દીકરાપર. ૧૧ ઘણોજ. ૧૨ દેશ. ૧૩ પરાક્રમ કરવાની શક્તિથી (કૃપાથી.)

૧ વ્હેમ–દુઃખ–આકૃતનું તોફાની વાદળ. ૨ ધ્રુવગેરે તારા (સુધારો થવા માંડયો તેનાં ચિન્હો.) ૩ બપોરે સૂરજ ઠરતો માલમ પડે છે તેમ આબાદી ઠરે–રેહ. બપોરપછી નમતો પોહોર થાય છે તેમ ન થાય પણ દેશની આબાદાની હમેશ કાએમ રેહે. ૪ મેહેરબાન; મદદ કરનાર.

૧ પડતી હાલતમાં આવવું.

બે લડતા ત્હાં સ્વાર્થ સાધવા, થાય ત્રિજાનૂં આવવૂં–ભા૦ ૨
ધણે દીએ[૨] પણ કટુ[૩] ફળ મળતાં, કુસંપ વૃક્ષ ન વાવ્વૂં–ભા૦ ૩
દેશ લાભમાં સ્વાર્થ થાય છે, ડગલૂં કાં ન ઉઠાવ્વૂં–ભા૦ ૪
દેશ લાભમાં કામ હોય તે, સ્વાર્થ મુકીને બજાવ્વૂં–ભા૦ ૫
સ્વાર્થ કોકના કદી બગડતા, પણ સહુનૂં શુભ[૪] થાવૂં–ભા૦ ૬
દેશ બગડતે સ્વાર્થ સર્વના, બગડે ને શરમાવ્વૂં–ભા૦ ૭
હોય કુવામાં થાય હવાડે, જળ દૃષ્ટાંત બતાવૂં–ભા૦ ૮
રૂડો દેશ તો ઘેર ઘેર છે, રૂડૂં રૂડૂં ખાવૂં[૫]–ભા૦ ૯
'દેશસારૂ સહુ કરો કામ જન,' એવૂં સંધે ગાવૂં–ભા૦ ૧૦
ભણી ગણીને નર્મદ સહુએ, દેશનું નામ તરાવ્વૂં–ભા૦ ૧૧

પદ ૪ થું.

રડયાં કરે શૂં વળશે, ભાઈ, રડયાં કરે શૂં વળશે.– ટેક.
ભૂત[૧] તણો બહુ શોક કરંતાં, ભવિષ્યમાં શૂં મળશે?–ભા૦ ૧
શરમાઇને બેસિ રેહતાં, દળદર તે શૂં ટળશે?–ભા૦ ૨
નહિં નહિં એમ કંઇ નહિં સુધરે, ઉલટો જીવડો બળશે.–ભા૦ ૩
કમર કસી તજવીજે કરતાં, ઉદ્યમ ઝાઝો ફળશે.–ભા૦ ૪
ડાહાપણ ચાનક હિંમત ધરતાં, વિઘનો સંઘાં ગળશે[૨].–ભા૦ ૫
ભણે ગણે દલગીરી કહાડે, નર્મદ ભાગ્યેગ ભળશે.–ભા૦ ૬

પદ ૫ મું.

વાःચા ભાભીજી, આ ચોળી તમે હિક પ્હેરીજી– ટેક.
એમ વચન કો કહે આપણને, તે શૂં સાંખી રેહેવૂં;
મરદ છતે હિજડાંમાં ખપવૂં, કલંક કુલિને[૧] લેવૂં?–વાः૦ ૧
અસહ્ય[૨] કર્મો રાજા ગુરૂઓ, કરે તે નજરે જોવાં;
મરદ કરી થઇ દલાલ રેહવાં, પછી શું અંતે રોવાં?–વાः૦ ૨

---

૨ દીવસે. ૩ કડવાં. ૪ કલ્યાણ.
૫ ખાવા પીવાનું સુખ. (દેશ આબાદ હોય તો અકેક જણનું ઘર પણ આબાદ હોય.
૧ ભૂતકાળ–ગયો વખત. ૨ દુર થશે.
૧ ઊંચા કુળના–ખાનદાનના થઇને માથે બટ્ટો લેવો?
૨ ન સંખાય તેવાં.

બ્હિકણ બાયલા જીવ કરીને, નરરૂપને ધિકરાવ્વું;[૩]
હુરિયો હુરિયો કરે શત્રુઓ, તેથી ના શરમાવ્વું ?–વા:૦ ૩
પ્હાણાઓને[૪] કંઇ ના લાગે, ઉપરી શત્રૂ બોલે;
ખુની હાથ તે રાખે પોલો, ઉંદરપેઠે ફોલે.–વા:૦ ૪
હાય હાય એ શૂં ના લ્હેવું,[૫] હૈડામાં ના બળવું;
છતે ચૈતને પ્હાણા ઠરવું, કાંના અરિસું[૬] લડવું ? વા:૦–૫
ભણીગણી પુરૂષાતન નર્મદ, બતાવિ દો જન વ્હેલા;
ખરા મરદ તેવારે બાકી, હથેલિ કુટતા[૭] પેલા. વા:૦–૬

પદ ૬ ઠું.

ખરૂં તે કાં ના કહેવું, ભાઈ, ખરૂં તે કાં ના કહેવું?
ડરી શું બેસી રહેવું, ભાઈ, ખરૂં૦ ટેક.
નીજ કારણે ઉટાંગ બાંધી, ઉપરી ધન બહુ માંગે;
હાય નહીં સત્તા તોએ શૂં, ડરીને સંધું દેવું ?–ભાઈ૦ ૧
હાસ્યાને લૂટે તે જૂલ્મ, ચળી ખંડણી માંગે!;
એવાને આપી દઇને શૂં, પછી કોડીયું[૧] લેવું ?–ભાઈ૦ ૨
બકરાંને જુલમીઓ મારે, સંહિથી તો તે બ્હીએ;
સહીં છતે બકરાંથી ભુંડું, રિબાઇ દુખ શૂં સ્હેવું ?–ભાઈ૦ ૩
ભણી તું નર્મદ વિવેકસાથે, ખરૂં કહેતાં ના બ્હીએ;
મળી જનો સહુ કહો તો ફાવો,[૨] ડરે જૂલમી વ્હેવું,–ભાઈ૦ ૪

પદ ૭ મું.

બૈરાંને ના જોરા બતાવો, મરદોમાં બ્હાર આવો રે—ટેક.
બૈરા આગળ કરી બડાઈ, તેમાં શી મોટાઈ રે;
કુમળી ભોળી જોરસાળી, પિગળે વ્હેલી ભાઈ રે—૧.

---

૩ લોકો ધિક્કારે તેમ કરાવવું. ૪ પથરા; ઢોંડા. (પથરાને કંઈ ના લાગે એવું ઉપરીઓ બોલે.) ૫ સમજવું. ૬ દુશ્મન સાથે. ૭ હીજડા.

૧ કાચલું (ભીખ માંગવાને.)

૨ સંપ કરીને ઉપરીની સામે થઈને તેઓને ખરૂં કહેશો તો તેમાં ફાવશો અને વેળાએ એટલા ફાવી જશો કે જુલમીને પણ ડરવું પડશે.

'હું તો લાયક ભણ્યો ગણ્યો ને, સાહસિક છું મુજ પ્યારીરે;'
એમ તડાકાથી છળ[૧] કરતાં, જીતે આખર[૨] નારીરે—બૈ૦ ૨
પનઘટપર વિધ વિધ રિત તરતાં, ભુસકા મારી મારીરે;
બહુ ચતુર ને પરાક્રમી પણ, જીતે આખર નારીરે—બૈ૦ ૩
બૈરાંમાં પીરસતાં ઊંચલે, વાસણ વજને ભારીરે;
બણીહણીને દોડે ધમ ધમ, જીતે આખર નારીરે—બૈ૦ ૪
કો દાઢે ભોપાળું નિકળે, પ્યારી ન રેહે ત્હારીરે; ૮
ત્હારી એવી મોટિ જીત[૩] કે, રડે ગુમાવી પ્યારીરે—બૈ૦ ૫ ૯
બૈરાંઓને બતાવવાને, લશ્કરી વેષ[૪] ન રાખોરે; ૦
બૈરાંઓથી માન પામવા, સહસા વેણ[૫] ન ભાખોરે—બૈ૦ ૬ ૧
ચાર મરદમાં તનમનધનબળ, કાઢયું તે પુરૂષારથરે[૬];
જગે જગે જુગજુગ રેહે જસ, નવ જાએ શ્રમ વ્યર્થરે—બૈ૦ ૭
જનાની પોચા જુવાનીઆની, જુવાનિ તો ધિક્કારેરે;
મરદોને રણથંભે[૭] બાઝે, તેતો[૮] બહુ વખણાએરે—બૈ૦ ૮
ભણી ગણીને યોગ્ય પ્રસંગે, શસ્ત્ર તમારૂં કહાડોરે;
પુરૂષારથ દેખાડી નર્મદ, લો જસ જગમાં ધાડોરે[૯]—બૈ૦ ૯

પદ ૮ મું.

નબળાપર ના હાથ ઉગામો, નહિં તેમાં જસ પામોરે. ટેક.
નબળાને સબળો સપડાવી, કીરત માને ભારેરે;
તે માને પણ લોક ન માને, શૂરજનો ધિક્કારેરે. નબ૦ ૧
શૂર હોય તે શૂરને જોએ, રાજી ત્હારે થાએરે;
પરાક્રમી વખણાએ જગમાં, કદિ તે હારી[૧૦] જાયેરે. નબ૦ ૨

---

૧ ઠગાઇ; છેતરવું–ભોળવવું તે. ૨ બડાઈના તડાકાથી બૈરીને ફોસલાવી તો તેમાં શું ? આખરે બૈરીનેજ જીતી (કોઇ મરદને તો ન જીત્યો.)
૩ (વાંકામાં) મોટી કે જીતેલી વસ્તુ ગુમાવીને આખરે રડવું પડે.
૪ જવાંમરદી દેખાડવા તંગ લુગડાં પેરવાં. 'વાલનટીર કુર'માં કેટલાક જુવાન પારસીઓએ એજ મતલબે નામ નોધાવ્યાં હતાં.
૫ વગર વિચારે એકદમ બોલી દેવું તે.
૬ પુરૂષે અદા કરવાની જે ફરજ તે; મર્દાઈ.
૭ લડાઇના મેદાનમાં દાટેલો થાંભલો. ૮ તે જુવાની. ૯ પોલો નહીં; ભરેલો; મોટો. ૧૦ કાદ હારે તોપણ તે વખણાયછે.

શૂરની સામાં જોઈ શૂરની, છાતી ઊંચી આવેરે;
કીરતીની કલગીનેમાટે, લડે તે બંને ભાવેરે[૨]. નખ૦ ૩
હાથ કરે નબળાપર જે કો, પાપી તે કહેવાએરે;
જગે જગે નાદાન ગણાએ, નામરદોજ મનાએરે. નખ૦ ૪
ભણી ગણી નબળાનું રક્ષણ, સબળે કરવું જોયેરે;
દુખ દેતો નબળો હોય નર્મદ, કર[૩] ન ઉપાડો તોએરે. નખ૦ ૫

પદ ૯ મું.

પેટ[૧] બળે પણ ગામ ન બાળો, ઘર ટંટો ન ખ્હાર કહાડોરે. ટેક.
થોડા જણ તમને દુખ દે પણ, નથિ દેતા કંઇ સરવેરે;
સહુનુ ભૂડું કરવામાં તો, અન્યાયો[૨] બહુ થાએરે. પેટ૦ ૧
સહુનું ભૂડું કરવામાં તો, લાભ[૩] ન તમને લેશેરે;
સહુની સાથ તમે પણ પડશો, જગ સંધૂં ધિક કહેશેરે. પેટ૦ ૨
ધિરે રહિ સમજાવેથી તો, ઉપરાણું[૪] જન લેએરે;
વેર તમારૂં રહેજ વળે પણ, ગામ બળે સહુ બગડેરે. પેટ૦ ૩
જે ભૂમીએ જન્મ દઇને, પાળી મોટા કીધારે;
જે ભાંડૂઓ હિતૂ[૫] તમારા, જેણે સુબોધ[૬] દીધારે. પેટ૦ ૪
તે ભૂમી તે ભાંડૂઓના, કરવા ભૂંડા હાલરે;
તેના જેવી કૃતઘ્નતા[૭] કો, હિણી[૮] ન બીજી ચાલરે. પેટ૦ ૫
સ્વદેશસારૂ લડે શૂરા ને, ભગતો દેવ[૯] મનાવેરે;
તેને[૧૦] દાવાનળથી[૧૧] બાળે, તે[૧૨] ચંડાળ કહાવેરે. પેટ૦ ૬
દેશપ્રતી[૧૩] નિજદેણ આપવા, પાડ વાળવા બદલે રે;
પરમારથ કરવાને બદલે, ઉઠો ન હત્યા કરવા રે. પેટ૦ ૭

---

૨ ઉમંગે; ઉલટથી. ૩ હાથ.

૧ કોઇ એકે અથવા થોડા જણે આપણને નુકસાન કીધું હોય તો તેનું વેર લેવા જતાં આખા દેશની ખરાબી થાય તેમ ન કરવું.

૨ (એકતો) ગેર ઉનસાફ. ૩ (બીજું એકે) ફાયદો પણ નહીં કેમકે નરે બધાનું ખરાબ કરો તારે બધામાં તમે પણ આવ્યા. ૪ (ત્રીજું એકે) આકળા ન પડી કેટલાક આગળ પોતાનું દુખ જાહેર કરો તો તેઓ કળેવળે તમારી તરફથી લડીને તમારૂં વેર લઇ આપે. ૫ કલ્યાણ ઇચ્છનાર.

૬ ઉપદેશ; શીખામણ. ૭ નિમકહરામી. ૮ નરસી. ૯ નરે શરા લડવા જાયછે તારે ભક્તો દેવની પ્રાર્થના કરેછે કે હમારા દેશની જીત થાઓ. ૧૦ તે સ્વદેશને. ૧૧ દવ: વન બળેછે તે અગ્નિ. ૧૨ બાળનાર તે. ૧૩ તરફ.

હમે મરીશું દેશ રાખિશું, એમ અભીમાન કરવૂં રે;
મર્મ[૧૪]કહાડવો બ્હાર નહીં એ, લક્ષણ ઉત્તમ ધરવૂં રે. પેટ૦ ૮
ભણી ગણીને જુગતી શોધી, શત્રૂ જીતો જબરો રે;
જો ના ફાવે[૧૫] બળો તમે પણ, નર્મદ ગામ ન બાળો રે. પેટ૦ ૯

પદ ૧૦ મું.

ઝાંસા[૧] શા ખાવા ભાઇ, હિણપત[૨] મોટી નામરદાઇ. ટેક.
માનભંગથી[૩] મરવૂં સારૂં, એકવાર દુખ મરવે;
માનભંગથી નિત્ય નિત્ય દુખ, આંગળી કરશે સરવે. ઝાં૦ ૧
મેળવી જસ ને મરવૂં વ્હેલૂં, ઉત્તમ નર એ વ્હાએ;
અધમ કાયરો ઘણૂં જીવીને, અપજસમાં રીબાએ. ઝાં૦ ૨
માન સરીખૂં કલ્પવૃક્ષ કો, સંસારે નવ રહેએ[૪];
સૂખ આપિને અમર રાખતૂં, ઉત્તમ[૫] અંશી જોએ. ઝાં૦ ૩
ગયૂં ધંન તે પાછૂં આવે, ગયૂં માન ના આવે;
ગયૂં માન કે ત્રણે તાપો[૬], દુખડાં ઝાઝાં લાવે. ઝાં૦ ૪
રખે મળે અપજસ કો વાતે, માટે બ્હીતા ચાલે;
શૂરવીર સાહસ કરનારા, તલવારે ને ઢાલે. ઝાં૦ ૫
ભોગજોગ એ હારખાય ને, મદદ ન આવે આડે;
તસકા જમ રહેવાસેમાટે, જાતે જાનો કહાડે. ઝાં૦ ૬
વિના કારણે મદે ભરાઇ, ઉપરી તસકા તોડે;
થોડિવાર તો ખમી જવું પણ, પછી ન રહેવું જોડે. ઝાં૦ ૭
સમજાવે તે માને નહિં તો, ક્રોધ કરીને ઉઠવૂં;
વેર ધરીને શિક્ષા કરવી, સરવસ[૭] તેનૂં લુટવૂં. ઝાં૦ ૮
ભણી ગણીને ટેક રાખતાં, વળી રખાવી જાણે;
તે જન જસનૂં ખીડૂં ચાવે, નર્મદ બોલ પ્રમાણે. ઝાં૦ ૯

---

૧૪ છાની વાત. ૧૫ જો તમને ફાએદો ન થાય અને ઉલટું નુકસાન થાય તોપણ તે નુકસાન તમે ખમો, પણ દેશને નુકસાન ન પોંહોંચાડો.
૧ તસકા. મેહેણાં. ૨ શરમ. ૩ આબરૂ જવી તે. ૪ શોભે.
૫ જેનામાં ઇશ્વરે ઉત્તમ ગુણ મુકયા હોય તે. ૬ આધિ (મનનું દરદ.) વ્યાધિ (શરીરનું દરદ) ઉપાધિ (સંસાર સંબંધી ખટપટ.) ૭ બધું.

પદ ૧૧ મું.

દાસપણું[૧] જ્હાંસૂધી, કરવું દાસપણું કહાંસૂધી ?
રહી ભણ્યા પણ બૂંધી,[૨] કરવું દાસપણું કહાંસૂધી. ટેક.
મુક્કીએ[૩] મુક્કીએ મારે, બકરાને બહુ લોભી;
ચણા આપિને મ્હોડું ડાબે, દમને નાખે રૂંધી. કરવું૦ ૧
તસકા ખાતાં વેઠ ઉચલવી, ખરે નરે ખર[૪] થાવું;
એથી તો લડી મરવુંસારૂં, નથી મતી[૫] એ ઊંધી. કરવું૦ ૨
પડયા ઉપર જે પાટૂ મારી, ઝુંસરી મુકવા આવે;
સંપે[૬] સિંગડાં ભોંકી તેની, કંમર કરવી ખૂંધી. કરવું૦ ૩
ઇંદ્રિઓ બહુ બ્હેર મારિગઇ, ઘણે ઘણે સહવાસે;[૭]
વિદ્યારૂપી માત્રા[૮] ચાટે, આવે પાછી શુદ્ધી. કરવું૦ ૪
ભણી ગણીને હક સમજીને, રીતે[૯] સામૂં થાતાં;
કાળાગૃહથી[૧૦] મુક્ત[૧૧] થવાએ, કહે નર્મદ સદ્‌બુદ્ધી. કરવું૦ ૫

પદ ૧૨ મું.

સહુ જન હક ઉડી માંગો, હવે ઝટ ઉંઘમાંથી જાગો. ટેક.
માણસ થઇને હક ના સમજે, તો તો ઢોંડા જેવા;
જનાવરો પણ દુખ દે તેનાં, વેર લિએછે કેવાં ? સહુ૦ ૧
હું[૧] ને મારૂં જરૂરનાં છે, જનને જગમાં નીતે;
એથી છે દુનીઆંની તેજી, કામ કરે સહુ પ્રીતે. સહુ૦ ૨
યોગ્ય માગણું જે ના માંગો, તો પ્રભુનો નિમ તોડો;
માટે ઉપરીઓથી બ્હીને, સુએા ન તાણી રહેાડો. સહુ૦ ૩
વણ માંગે મા એના પિરસે, લુચ્ચા હક ડૂબાવે;
સાવધ રહિને સામૂં થાતાં, હક પોતાના આવે. સહુ૦ ૪

---

૧ ગુલામગીરી. ૨ અક્કલવગરનું: ધંધણધોરી. ૩ એમ કેહેવાય છે કે અસલના વખતમાં જ્યારે બ્રાહ્મણો બકરાનો ભોગ આપતા ત્યારે તેને હથિયારે નોતા મારતા પણ તેનાં મોડામાં ચણા આપીને તેનું મોહું ખુબ ડાબી ગુંગળાવીને પછી તેને મુક્કીયે મુક્કીયે મારી નાખતા. ૫ ગધેડાં. ૫ બુદ્ધિ.
૬ પડતી હાલતમાં આવેલાંને લાત મારી બળદ સમજી ઝુંસરી મુકવા આવે તો બળદ તો બળદ પણ બળદોએ સંપ કરીને સીંગડાં ભોકવાં.
૭ ઘણા વરસોના માહાવરાથી. ૮ ઓસડથી ગરમી આવે.
૯ વાજબી–ઘટતી રીતે. ૧૨ કેદખાનાંથી–ગુલામગીરીથી. ૧૧ છુટાં.
૧ સ્વારથ સહુને ઉસકેરે છે.

હકનેસારૂ રાજા લડતા, માણસ ઝાઝાં મરતાં;
હક લેવો એ છે પુરુષારથ, તજી ન દેવો ડરતાં. સહુ૦ ૫
હકો ગુમાવી ગુલામ રહિને, વેઠી સખ્તી ભારી;
તે જીવતામૂઆએ મિથ્યા, જણતી ભારી ભારી. સહુ૦ ૬
ભણી ગણીને હક જાળવવો, જેવો હોએ તેવો;
નર્મદ કહે જો હોય લુટારો, બોળિ લડીને લેવો. સહુ૦ ૭

પદ ૧૩ મું.

થઈ મરણીયાં ઘસવૂં, ભાઈ, થઈ મરણીયાં ઘસવૂં;
નહીં જળમાં ફસવૂં, ભાઈ, થઈ મરણીયાં ઘસવૂં. ટેક.
આમે મરવૂં તેમે મરવૂં, મરવૂં બંને પાસે;
થઈ મરણીયાં ઘસી જતામાં, રે વેળાએ બચવૂં. ભાઈ૦ ૧
આમે મરવૂં તેમે મરવૂં, કાં ના લડતાં મરવૂં;
છતે જોર ને છતે ઉપાયે, કાં કેદીમાં ખપવૂં. ભાઈ૦ ૨
સપડાયા કે ગભરાવ્વું નહિં, ધીરાં ઝટ થઈ જાવૂં;
હુની કરંતાં છાતિ હિંમતે, જોર હોય તે કસવૂં. ભાઈ૦ ૩
ભણ્યાંગણ્યાંને કામ લગાડી, લાગ પ્રાવતો જોઈ;
નર્મદ ઈશ્વર નામ લઈને, કુદીપડીને હસવૂં. ભાઈ૦ ૪

પદ ૧૪ મું.

મ્હોડે બકેથી શૂં થયૂં, બોલ્યું બાલ્વૂં તે ખરૂં. ટેક.
ઉપદેશ બીજાને કર્યો, પોતે ન સીધો તે ધર્યો,
કરિ બ્હાનું ને પાછો ફર્યો. મ્હોડે બકેથી શૂં થયૂં. ૧
ઉસકેરવા સંધે ભમ્યો, ધરણી[૧] ઉપર બહુ ધમધમ્યો,
સુણી શંખ[૨] પોતે કમકમ્યો[૩], મ્હોડે બકેથી શૂં થયૂં. ૨
ખુબ મેઘપેરે[૪] ગડગડ્યો, ઊમંગથી ઘોડે[૫] ચ્હડ્યો,
રણ[૬] જોઇને લથડી પડ્યો, મ્હોડે બકેથી શૂં થયૂં. ૩
મરતાંસુધી ખસવૂં નથી, પતરાજને કેહે કથી[૭],
થઈ હાર કે બ્હાસે મથી[૮], મ્હોડે બકેથી શૂં થયૂં. ૪

---

૧ પૃથ્વી; ધરતી. ૨ લડાઈની તૈયારીનુ વાજું. ૩ ધુજ્યો. ૪. વરસાદની પેઠે. ૫ લડાઈને ઘોડે. ૬ લડાઈનું મેદાન. ૭ લંબાવીને. ૮. બળાત્કારે.

ભણિ ટેકિ થા તું નર્મદા, અપમાન થાએ નહિં કદા,
જશ લેઇ રેહ સૂખી સદા. બોલ્યું બજાવવ્વું તે ખરું. ૫

પદ ૧૫ મું.

શકુનકાળ તો ના જોવો ના જોવા;
લાગ ફાવતો ના ખોવો ના ખોવો. ટેક.
મૂરત જોતાં સંધી ખોવી, હાથ ઘસીને રહેવું;
'લક્ષ્મી ચાંલો કરવા આવે, મ્હો ધુઈ આવું કહેવું. ભાઇ,શ૦ ૧
હજી હરી અનુકૂળ[૧] નહિં માટે, સંતોષે દુખ સ્હેવું;
હરીકૃપા તો દિસે શકુનમાં, બોલે વ્હેમી એવું. ભાઇ,શ૦ ૨
સંકટ પડતે ઈશ્વર કોપ્યો[૨], એમ કંઈ ના લ્હેવું[૩];
પ્રશ્ન[૪] પૂછવા રેહવામાંના, અરિનું[૫] ફાવાદેવું. ભાઇ,શ૦ ૩
ચારપાસથી જમાવિ[૬] સજવું, [૭]નિજબળ[૮] કુમકકેરું;
સંધિ તાકિને ઝડપી લેતાં, ઉડાવિ દેવો મેરૂ. ભાઇ,શ૦ ૪
કાયર ને વ્હેમી જાણે છે, શકુન પડે છે ખોટા;
તેઓ તેના ભાવિક[૯] થાએ, હાડતણા[૧૦] તે ખોટા. ભાઈ,શ૦ ૫
બળ ઉદ્યમ ને ખંત ઉપર છે, જસ અપજસનું ઠરવું;
તૈયારી થઇ કે હરિ સમરી, કુદી પડીને તરવું. ભાઇ,શ૦ ૬
ભણી ગણીને જોશ ન જોવો, ઉદ્યમ કરવો મોટો;
નર્મદ બ્રહ્મ પ્રતાપે તેમાં, કદી ન આવે તોટો. ભાઇ,શ૦ ૭

પદ ૧૬ મું.

વાગે વાજાં જોરમાં ઊંચે સુરે હો,
ચલો લૈયા જુદ્ધમાં પૂરે શુરે હો. ટેક.
ભ્યૂગલ બોં બોં બોં બોં ચ્હડાવે, જોદ્ધાને જોશ અંગે;
ભુંપુંભુંપુંભુંપુંપૂં રણસિંગ[૧] દોડાવે, સંગ્રામમાં[૨] તે ઉમંગે. ચ૦ ૧

---

૧ મેહેરબાન. ૨ ગુસ્સે થયો. ૩ ધારવું; સમજવું. ૪ જોષીને સવાલ. ૫ દુશ્મનનું. ૬ એકઠું કરી. ૭ તૈયાર કરવી. ૮ પોતાનું. કુમકકેરું–મદદે બોલાવેલું એવાં બે જોર (ભેળાં કરીને).
૯ દીલથી માનનારા; આસ્થિક (જોશ ખોટા પડેછ એમ લોકો જોયછે તોપણ ગ્રહઘડી બરાબર નહીં સધાંયાં હોય એવાં જોશીનાં બાનાથી ભમાઈ લોકો જોશને ખરા માનેછે.) ૧૦ હાડકાના ખોટા; આળસુ.
૧ રણસિંગડું. ૨ લડાઇનું મેદાન; રણભૂમિ.

વીરસિંધૂ[૩] ને નટ રણરાગો, મસ્ત ધુમે આ જાગે[૪];
આપણપણુ રણમાં જઈ ધુમિયે, શ્રીજય[૫] આરહ્યો આગે[૬] ચ૦ ૨
દુંદુભી ડમકાના ઘોર સુણીને, પાછા સજ્યો રજપૂતો;
ઢઢઢંઢઢઢં ઢેંઢેંઢેંઢેંઢેં, રણમાં ધસી રીપૂ[૭] લૂટો. ચ૦ ૩
ભણિ ગણિ ભેળા રહી સહુ જોદ્ધા, બ્હાર કરો ભરિ તોપો;
કહે નરમદ્ર હું જે જે ભણીને, ઝુંડો તમારો રોપો ચ૦ ૪

પદ ૧૭ મું.

પગલાં ભરવા માંડો રે, હવે નવ વાર લગાડો રે–ટેક.
આજ ઊઠશું, કાલ ઊઠશું લંબાવો નહિં દહાડા;
વિચાર કરતાં વિઘનો મોટાં, વચમાં આવે આડાં. પગલાં૦ ૧
કુટુંબમાયા કયમ છોડાયે, કુટુંબનું કયમ થાશે;
એમ ફર્યો તે જનાની પૂરો, રણમાં શું પછી જાશે. પગલાં૦ ૨
કુટુંબવાળો શૂર કરે નહિ, વિચાર એવો ઘેલો;
શંખનાદ સાંભળતાં તરતજ, ઊઠી સજશે વ્હેલો. પગલાં૦ ૩
વિચાર કરતાં ખાળો પડતાં, શત્રૂ છાપો મારે;
બચાવ કરવો ગભરાતાં તે, પછી પડે થઈ ભારે. પગલાં૦ ૪
આગ લાગતે કુવો ખોદવો, પચ્છમમુધિયા થાવું;
પાણી આવે પાળ બાંધવી, તેમાં તે શું ફાવ્યું ? પગલાં૦ ૫
સજી કરીને સહુ જણ સાથે, રણમાં લડવા ચાલો;
શત્રૂની સાંમે રહિ ઉભા, ધુરકાવીને ભાળો[૧]. પગલાં૦ ૬
ભણ્યો ગણ્યો તે વાર ન કરતો, કામ આટપી લેતો;
સજી કરી નર્મદ કહે જાતો, હોસે રણમાં તે તો[૨]. પગલાં૦ ૭

---

૩ વીર સિંધુ રાગ, અને નટ રાગ એ લડાઇમાં જોદ્ધાઓને ઉસકેરવાને અસલ ગવાતા. નટ વિષે એક સવૈયો આ છે—

"ચઢિ તુરંગ મચૈ જહ જંગ તહાં ખમ સ્હાઇકૈં શંખ બજાવૈ,"
"મુંડ કટૈ અરુ રૂંડ નચૈ જુરિ જોગનિ ખપ્પર સ્રોન પુરાવૈ;"
"હાથનમૈં સમશેર ધરૈં સબબીર ઘટારસ બીર જગાવૈ,"
"યા બિધિ ભૈરુંકિ રામનિહૈ નટ નકો ભયાનક રૂપ લિખાવૈ."

૪ જગાએ. ૬ આબાદીની ફતેહ; શોભીતો જશ. ૬ મ્હોડા આગળ; પાસે. ૭ શત્રૂ.

૧ જુઓ. ૨ તે તો હોંસે રણમાં જતો.

પદ ૧૮ મું.

સજિલો સહુ સરદારો રે, કરીદ્યો સેનાને સજ[૧] રે. ટેક.
માન ભરેલાં કામો કરવે, આતુર[૨] પ્રેમી[૩] રહેજો;
વધારિ દઇ તૃષ્ણા[૪] ઇર્પાયે[૫], રણે યશો બહુ લેજો; સ૦ ૧
હાર જીત સહુ તમારિ ઊપર, તમે ન ગાફિલ થાશો;
એક બિજાનૂં મત્સરથી[૬] કો, ભુડૂં કદી નવ ચ્હાશો. સ૦ ૨
સેના[૭] સેનાની[૮] નીમાં જો, પ્રીત પરસ્પર હોયે;
ખસે નહીં રણમાંથી સેના, સેનાની જસ જોએ. સ૦ ૩
જો પ્રીતી તો વેણુ નિકળતાં, તત્પર સેના થાયે;
વિપત્તિ સંકટ બહુ સપડાવે, તોય ન હારી ખાયે. સ૦ ૪
માન તમારૂં રાખે નિત ને, છકી ન જાયે લાડે;
કવાયતો શિખવેલી તેથી, ધાર્યું પારજ પાડે. સ૦ ૫
ઉલટ હોંસ શૂરામાં પ્રેરો, બ્હીકણુ મ્હેણે વીંધો;
ગરમ કરી જોરસા સંધાના, લો રણમારગ સીધો. સ૦ ૬
ભણ્યા ગણ્યા છો સહુ સરદારો, સામાદિક[૯] સહુ જાણો;
કહે નર્મદ સહુ સજી કરી સજ,રણયશથી સુખ આણો. સ૦ ૭

પદ ૧૯ મું.

ડગલું ભર્યું કે ના હઠવૂં ના હઠવૂં;
વેણુ કહાડયું કે ના લટવૂં ના લટવૂં. ટેક.
સમજીને તો પગલૂં મુકવૂં, મૂકીને ના બ્હીવૂં;
જવાય જો નહિં આગળ તોયે, ફરી ન પાછૂં લેવૂં–ડ૦વેણુ૦ ૧
સંકટ મ્હોટું આવી પડતે, મ્હોટું ન કરવૂં બ્હીલૂ;[૧]
કળે બળે ખુબ લડવૂં પણ ના કરવૂં પરવા[૨] ઊંચૂં–ડ૦વેણુ૦ ૨

---

૧ તૈયાર (તમે તૈયાર થઇ લશ્કરને તૈયાર કરો.) ૨ અધીરા; આકળા. ૩ હોંસીલા; ઉલટવાળા.
૪ તરસ. ૫ સરસાઇ; ચાનક લાગે એવી અદેખાઇ. ૬ ભુંડી ઘાતકી અદેખાઇ. ૭ સેના—ફોજ. ૮ સરદાર; સેનાને આગળ લઇ જનાર.
૯ સામાદિક ઉપાય. સામ એટલે નમ્રતાથી, વખાણથી સમજાવવું તે. દાન (દામ) એટલે પૈસા માલ વગેરેથી લલચાવવું તે. ભેદ એટલે ફુટફાટ કરાવવી તે. દંડ એટલે ધમકી—શિક્ષા.
૧ અપજસથી બીકું; ઉતરી ગયલું; ઉદાસ. ૨ પાછું ફરવા.

જ્યાં ઊભા ત્યાં ચોંટી રહિને, વચંન લેવૂં સબળૂં;
આભ[૩] પડો કે પૃથ્વી ફાટો, તાય ન કરીયે નબળૂં–ડ૦વેણ૦ ૩
કૃતેહ કરીને આગળ વધશૂં, અથવા અહિંયાં મરશૂં.
પણ[૪] લીધેલૂં તે પાળીશૂં, રે વજ્જરનું કરશૂં–ડ૦વેણ૦ ૪
તજી હામ ને ઠામ મૂકવા, ખૂણા જે કો ખાળે;
ધિઃક કાયર તે અપજસરૂપી ખાળકુંડીમાં બોળે–ડ૦વેણ૦ ૫
હાસી જાતાં હસે શત્રુઓ, સાથી ફિટ કહિ કહાડે;
બ્હીકણ બાયલા નામર્દા એ, નામ મળે ઊપાડે–ડ૦વેણ૦ ૬
પોતાનો પસ્તાવો થાયે, જખ મારી રે ભારે;
મુવા નહીં કાં કરી પરાક્રમ, રણે ઉઠાવ્યું[૫] જ્યારે–ડ૦વેણ૦ ૭
શૂર વીર તે જશનો લોભી, હિંમત મદિરા[૬] પીયે;
ઉમંગથી તે ધસી વધે વા,[૭] બખ્તૂ ટકાવી રાખે–ડ૦વેણ૦ ૮
ભણી ગણી જન પુખ્ત વિચારે, પાયો નાખે મજબૂત;
કો કાળે પણ જસ મોટો લે, નર્મદકેરૂં સાબૂત–ડ૦વેણ૦ ૯

પદ ૨૦ મું.

રણ તો ધીરાનૂં ધીરાનૂં, નહિ ઉતાવળા કાયરનૂં. ટેક.
ધીર વીર જે હોય તેજ ખુબ, સંકટ સાંમો થાયે;
પ્હાડ પઠે રણમાં રેહ ઊભો, લેશ નહીં ગભરાયે. રણતો. ૧
ધીર વીર કો પ્રસંગ શોધે, રહેવા[૧] કષ્ટો ભારે;
જાણિ જોઇને આફત હોરે, રાજી ઘા લે ત્હારે. રણતો. ૨
થતે બાવરાં ઉતાવળાંરે, હાર થાય છે મ્હોટી;
વિના કારણે ઘાત થાય ને, જાય કનેથી લોટી. રણતો. ૩
કાયર થઇને હાસી જાતાં, અધવચ મૃત્યૂ ઝાલે;
એ મરવાના ક રણમાં, કર્તાં ના મરવૂં ભાલે. રણતો. ૪
ડાહ્યો તે દેશાવર વેઠે, જ્ઞાની બહુ અથડાયે;
ધીરવીરના પગ સંકટમાં, કદી નહીં લથડાયે. રણતો. ૫

---

૩ આકાશ. ૪ પ્રતિજ્ઞા; વચન; ટેક. ૫ પાછું ઉઠાવ્યું. ૬ દારૂ. ૭ અથવા.
૧ કેટલાક શુરવીર, સાહસિક કામ કરવાની જોગવાઈ તાકયાંજ કરેછે, કે

ધાર્યું મેળવે વા ટકિ રેહે, વા તે મૃત્યુ પામે;
ત્રણેથી તેને બહુ જસ છે, શત્રૂ ધન્ય કહે સાંમે. રણુતો. ૬
પ્રપંચ[૨] રણમાં બહુ સપડાવે, મોટા ત્રણે તાપો;
શૂર વીર જન કળે વળેથી, મારે તેપર છાપો. રણુતો. ૭
ભણી વધારો જોરસા સહુ જન, પણ કબજામાં રાખો;
પ્હેલે એ જીતી જણો તો શત્રૂ નીચે નાખો. રણુતો. ૮
જાણિ જોઇ ના સંકટ હોરો, સંકટમાં ના બ્હીઓ;
કહે નર્મદ સહુ ધીરવીર થઈ,જસ લઇ જુગ જુગ જીવો. રણુતો. ૯

પદ ૨૧ મુ.

કદિ ના હિંમત મૂકોરે, સંધીને ના ચૂકોરે. ટેક.
વિચાર પ્હોંચે પાછું હઠતાં, શરમાઓ નહિં લેશે;
ઓળંગાયે ઝટ લઇ ખાડો, શસ્ત્ર જોરમાં પેશે. કદિ ના. ૧
ધીરજથી ગભરાટો કાપી, જુક્તી નક્કી કરવી;
હાજર તે હથિયારો લઇને, જૂમ આંગમાં ભરવી. કદિ ના૦ ૨
હાર થઈ લેખવવી નહિં રે, ચાનક સારી લાગે;
પગથી તે માથાલગિ જ્વાળા, [૧]પ્રગટે જોરસા જાગે. કદિ ના૦ ૩
એ જોરસાનો લાભ લઈને, હિંમત બાહેર કહાડો;
ભણ્યા ગણ્યા છો નર્મદ તાકી, શત્રૂકિલ્લો પાડો. કદિ ના૦ ૪

પદ ૨૨ મું.

સજિલઈ સાહસિક થાઓરે, રણમાં આગળ જાઓરે. ટેક.
સાહસિક થાતાં પ્હેલો કરવો, વિચાર ધીમે મ્હોટો;
પછી રણે ઝટ કુદી પડીને, વાપરવો ખુબ સોટો. સજિલઈ૦ ૧
હાર થયે અવિચારી ઉદ્ધત, મૂરખ બહુ જન કહેશે;
દીલ તમારૂં કદી ન કેહે, સમજુક માન જ દેશે. સજિલઈ૦ ૨
તમે વિચારી સારીપેઠે, મંડો કામો કરવા;
લોક વાત મન જરા ન લાવો, દો તેઓને બકવા. સજિલઈ૦ ૩
હાર જીતતો ઇશ્વર આધિન, પણ નિજ ધર્મ બજાવ્વા;
મ્હોટાઓ દૃષ્ટાંત બતાવી, નાનાને સમજાવ્વા. સજિલઈ૦ ૪

કહારે વખત આવે કે ઊતરી પડીએ. ૨ સંસાર રૂપી.
૧ ઝાળ; આગ.

ઘણાંક કામો થાય સાહસે, ધીમેથી ના થાયે;
ઘણા કાળનો વ્હેમ શત્રુ તે, સ્હેજ ન હારીજાયે. સજિલઈ૦ ૫
લડવાનો અવસર આવ્યો છે, લઈલો જસનો લ્હાવો;
ઘણીભણી જયમ વિરહિણિ[૧] ધસતી, આતુરરણમાંધાઓ. સ૦ ૬
પાછળનો ક્ષમણાંનો અનુભવ, તમને છે બહુ સારો;
ભણ્યા ગણ્યા નર્મદ સજિ દોડો, ફરી ફરી નહિં વારો[૨]. સજિલઈ૦ ૭

પદ ૨૩ મું.*

આહા કેવાં યશગીત ગવાએ, જોદ્ધો રણે લડતો પડી જાએ. ટેક.
લાંબો ચતોપાટ એ પડયો શોભે, વ્હે છાતી ઘાએ કપાળ તો જોભે. આ૦ ૧
શોક ઘણો થાય એ પડવાથી, સહુને ઉત્તેજન મળતું એનાથી. આ૦ ૨
દેશનેકાજ લડી ખૂબ મરૂં, યશના કલ્લોલમાં[૧] રંગથી તરવું. આ૦ ૩
ભણી ગણી નર્મદ શૂરવીર થાજે, જસ પીઇ સંતતીને[૨] પછી પાજે. આ૦ ૪

પદ ૨૪ મું:

જય જય જય જય જય જય, બોલો સહુ ભાઇ;
ઉત્સવ[૧] ઘેર ઘેર કરો, જિત્યા છે સિપાઈ. જય૦ ૧
તોપના ધડાકા થાય, વાજે સરણાઇ;
વાજાં બીજાં અનેક, હર્ષ રહે ફેલાઇ. જય૦ ૨
દહેરે જઈ પાડ માનો, વેદસ્તુતી ગાઈ;
મ્હાપુજા કરાવી મુકો,[૨] માનતા મનાઈ[૩]. જય૦ ૩
આબરૂ સ્વતંત્રતા બહુ, જાળવી રખાઈ;
બુઢ્ઢી બળ પરાક્રમ તે, છે ચુકાં લખાઇ. જય૦ ૪
મુવા તે નિરાંતે સુતા, જસમાં લપટાઈ;
તેની વાત છોડી આજ, કરો મોજ આંહીં. જય૦ ૫
થંડાં શરબત પીઓ, વ્હેંચી લો મીઠાઇ;
ખાન પાન ગાન કરો, રંગ રમો ચ્હાઈ. જય૦ ૬

---

૧ જુદાઇ–વિયોગથી અકળાઈ ગયલી સ્ત્રી. ૨ વખત.

* મારાં મરણ પછી મારી રાખ ઉપર દેવડી બંધાય તો તે ઉપર એ અથવા 'નવ કરશો કોઇ શોક' એ પદ ફેરવવું.

૧ મોજાં: તુરંગ ઘોડા (જસરૂપીદરિયાના.) ૨ છોકરાં–પ્રજાને.

૧ ઓચ્છવ. ૨ છોડો (માનતા) ૩ માનેલી; લીધેલી.

માતપિતા પુત્ર મળો, મળો બ્હેન ભાઈ;
હર્ખમાં ધસીને ટાળો, વરવહૂ જુદાઇ. જય૦ ૭
કીર્તિવંત સાથ કરો, કન્યાયો સગાઈ;
કીર્તિવંત થાય પછી, જાયો[૪] અને જાઈ[૫]. જય૦
વિપ્ર નર્મદાને આપો, દેશિઓ વધાઈ;
કવિ નર્મદાને ભેટ,[૬] કવિતા કરિ ગાઈ. જય૦ ૯

પદ ૨૫ મું.

ઝટ ઝટ ચાલોજી રણમાં ખૂબ લડોજી. ટેક.
શત્રૂ સંખ્યા જોઈ ડરો ના, અવિચળ રહિને તાકો;
જેમ જિતાએ વધારે શત્રૂ, વધારે જસરસ ચાખો. ઝટ૦ ૧
સર્વ વાતની તંગીમાં છો, જીત થયે સહુ મળશે;
ઉદ્યમનૂં ફળ મળે ખચીતે, ઘણોજ બદલો વળશે. ઝટ૦ ૨
ઉદ્યમખંતે શૂં ન બને રે, પ્હાડ પાણિ થઇજાએ;
આગગાડીની સડક જોઇને,[૭] ઉત્તેજન લેવાએ. ઝટ૦ ૩
છૂટ માનને જતાં જોઇને, કો ના દિલમાં દાઝે;
એક એક જણ બની સિપાઈ, લડે દેશનેકાજે. ઝટ૦ ૪
સ્થિતી પૂર્વની સંભારીને, ખરૂં ફૂંપદું[૧] રાખો;
હાર થાય તો ફરી લડીને, અરિને[૨] નીચે નાખો. ઝટ૦ ૫
માણસ[૩] મર્દ બહાદુર ટેકી, સાચા ઉદ્યમી રહેજો;
ધીરજથી બહુ ખંત રાખતાં, ગુમાવ્યું પાછૂં લેજો. ઝટ૦ ૬
ભણ્યા ભણ્યા છો ઝાઝુ કહૂં શૂં, કૂચ કરો સહુ વ્હેલા;
વીરજ[૪] નર્મદ હરીકૃપાથી, ઉઘાડીદો શ્રી[૫] ડહેલાં[૬]. ઝટ૦ ૭

(૧-૧)

---

૪ દીકરો. ૫ દીકરી. ૬ ભેટ આપો (બ્રાહ્મણદાખલ વધામણી ને કવિ-દાખલ બક્ષીસ).

૧ અભિમાન. ૨ દુશમનને. ૩ માણસાઇવાળા. ૪ શુરવીર બાપથી જન્મેલા અથવા નક્કી શૂરવીર. ૫ આબાદી; ઉત્કર્ષ.

૬ દરવાજા. (આબાદીના.)

વ્હેમનો કોટ તોડી પાડવા વિષે.*

(સખી.)

બહૂ ધર્મવ્હેમે, બહૂ ધર્મવ્હેમે,
બહૂ ધર્મવ્હેમે, આડાકોટ રચાયા;
શ્રીની[૧] પાસ જાતાં તમે તો ભમાયા. ૧
ભણી જુક્તિ જાણી, ભણી જુક્તિ જાણી,
ભણી જુક્તિ જાણી, સાથે સંપ રાખો;
સાહાસ[૨]તોપ ગોળે નીચે તોડિપાડો. ૨
નીચે તોડિપાડો, નીચે તોડિપાડો,
નીચે તોડિપાડો આડા વ્હેમકોટો;
કહે નર્મદ પ્રભૂ આસરો માનિ મોટો. ૩

(ઘોસો.)

જેને પ્રભુઆસરો મોટો, તેને નહિં આવતો તોટો,
સર્વ જન ઉઠી ઉભા થાઓ, કમર કસિ જુધમાં ઝટ્પટ જાઓ,
શત્રુપર ધસી ખૂબ દાવે, ફેરવો શસ્ત્ર જેમ ફાવે,
યશો પછી મેળવો ભાવે, અમર કરો નામ જંન ગાવે,
સંધિ ના ફરી ફરી આવે, સંગ જે લાભો બહુ લાવે,
માટે સહુ સજ્જો શુરા ભાઇ, તોજ નર્મદ કહે મરદાઇજી—
ઝટ ઉઠો ઉઠો. ૪

---

* શૂરવીરના જોસ્સાએ પ્રેમના જોસ્સાને ડાબી નાખ્યો ને મારૂં વલણ વીરરસસંબંધી લખવા તરફ થયું. કબીરનાં પદમાં વીરરસ ઉતારવો શોભેછે તેના કરતાં લાવણીમાં ઘણો સારો શોભેછે ને મારા ઘરમાં સવિતાનારાયણ એવી ફક્કડ રીતે લાવણી ગાતો કે તેવી લાવણીઓ ગુજરાતીમાં કરવાને મારૂં મન લલચાયું—એટલામાં કરસનદાસ મુળજીનું સુધારા સંબંધી વિષયનું બુદ્ધિવર્ધકમાં ભાષણ થવાનું હતું ને તે ભાઈએ મને વિનંતી કીધી હતી કે મારા ભાષણને અંતે તમે કાંઈ કવિતા વાંચજો તે ઉપરથી મેં ઉપલી કવિતા લખીછે, (૧૮૬૨ ની આખેરીએ). એમાં આવી કલ્પના છે—હિંદુદેશની શ્રીનું જે મંદિર તેની આસપાસ વ્હેમનો કોટ છે તેથી તે શ્રીનાં આપણાંથી દર્શન થતાં નથી માટે આગળથી ભણી, જુક્તિઓ જાણી લઇ પછી સંપ રાખીને એકદમ પેલા કોટને તોડી પાડવો. અર્થાત સુધારાનું જોર વધારી દેશની બઢતી કરવી.

૧ લક્ષ્મી; લક્ષ્મીનું મંદિર; આબાદી. ૨ વેળાએ જનપણ જોખમાય અથવા ધન માલ જય એવાં દુર્લભ–મુશ્કેલ–સાધારણ લોકને અશક્ય કામ કરવા વિષે છાતી–હિંમત ચલાવવાની મનની જે આતુરતા તે.

(સખી.)

શૂરવીર તે નીજ મરણુને કદી કંઇ નહિં ગણુકારેજી;
શૂરવીર તે નિર્બળસામાં કદી ધનુશ નાહં ટણુકારેજી;
શૂરવીર તે પરબળને કદી સંગ લેવું ના લવ[૩] ધારેજી;
શૂરવીર તે હિંમત કરિ તે[૪] આભ[૫] પડે પણ નવ[૬] હારેજી;
શૂરવીર તે છતે જોશ પણ કરે પાપ નહિં કહિં કહારેજી;
શૂરવીર તે ખરો નર્મદો શિકાર હલકો નહિં મારેજી. ૫
શૂરવીર તે રણથંભ[૭] જોઇ પ્રસન્ન થાએ બહુ લ્હારેજી;
શૂરવીર તે સંકટમાં થઇ ધીર ખોળતો કળ[૮] જ્હારેજી;
શૂરવીર તે સત્ય ટેકને મરતાં પાળે જે ભારેજી;
શૂરવીર તે જણાય ધા બહુ જેને અંગે તે[૯] આ રેજી;
શૂરવીર તે હરિ સમરીને યશધનસુખ લે સંસારેજી;
શૂરવીર તે ખરો નર્મદો દેશગરજ બહુ જે સારેજી. ૬

(ઘાસો.)

ગરજ છે દેશને આજી, રહ્યો છે તેથી તે લાજી,
ખાય છે બાજરી ભાજી, પીએ છે ઓસડે કાંજી,
કેદિ યજમાન[૧૦] તે હાજી, પરોણો છે થયો કાજી[૧૧],
હવે એ[૧૨] કેહછે પાજી, અરે કોઇ શૂર દીલ દાઝી,
મેઘની પેર ખૂબ ગાજી, આણિદે સંમૃદ્ધી[૧૩] તાજી,
કરે જો તખીએત સાજી, તોજ નર્મદ મન બહુ રાજીજી—
ઝટ ઉઠો ઉઠો. ૭

---

૩ જરાએ. ૪ હિંમત (હારે નહિં.)
૫ આસમાન. ૬ નહીં.
૭ લ્હડાઇનાં મેદાનમાંનો થાંભલો–વાવટો. ૮ જુગતી.
૯ આ, તે એમ જે ઘા જણાતા હોય તે.
૧૦ દેશ–યજમાન જે કેદી જેવો છે તે બચારાને હાજી હાજી કરવું પડે છે.
૧૧ ઈનસાફદાર. (પરોણો–પરદેશી તે કાજી થયો છે.)
૧૨ એ પરોણો કાજી, જજમાન કેદીને (દેશીઓને) પાજી–'કુછ નહિ સમજતા હૈ' એમ કહે છે.
૧૩ આબાદી; ભરણ પોષણ અને નાનાપ્રકારના સુખના સાહિત્યો. એ ઉપમાલંકાર છે.—જેમ મેઘ ખુબ ગાજી–વરસીને પછી ખેતરોને ધાન્યથી ભરપુર કરે છે તેમ સ્વદેશાભિમાનીએ પોતાના ઉદ્યોગથી દેશને આબાદ કરવો.

(સખી.)

ઉઠો ધરી ઊમંગ, અંગથી આળસ કહાડો,
વીર પુરુષનો સંગ, કરીને બ્હીક ન્હસાડો;
કરો નહીં દરકાર, વ્હેમ જો આવે આડો,
અપયશના વીચાર, કાયરધરમાં ગાડો;
સત્ય વચનને ટેક, મરતાં પણ નવ છાંડો,
તજી જનાની છેક, બાજિ મરદાની માંડો;
મચાવિ દો ભરપૂર, ઉદ્યમ રંગ અખાડો,
નક્કિ રાખજો ઊર, પડે નહિં ધરમાં ખાડો;
સમજિ સર્વનૂં કામ, નિજ અભિમાન જાડો,
તરે દેશનૂં નામ, સંપ જમાવો ધાડો[૧૪];
ક્રોધ અગ્નિથી રહેજ, જળાવો કંટક[૧૫] વાડો,
વધશે કીર્તિ તેજ, શિકંદર થાશે દહાડો;
કરિ કિકિયારી એમ, ઝટ ઝટ પગો ઉપાડો,
પછી નિરાંતે ક્ષેમ, સદા સુખસાથે લાડો;
કહું આગેવાન નર્મદ, ધરી ઝુંડાનો ડાંડો,
સહુ શૂર સાથ ઝટ થઈ, વ્હેમને તોડી પાડો,

ભણવા વિષે.

(લાવણી.)

સરસ નરસ સહુ રહેજ સમજશો, શ્રમથી જો ભણશો;
શ્રમથી જો ભણશો, પછી ઝટ વ્હેમો બહુ હણશો. સરસ૦ ૧
જ્હાં જે જ્હેવું ત્હાં તે ત્હેવું, ભણી ઘટિત[૧૬] ગણશો[૧૭];
દુનિયાદારી દે સુખ ભારી, ભણિ[૧૮] નારી પણશો;
ભણિ નારી૦ પછી ઝટ૦ સરસ૦ ૨

---

૧૪ છેકજ પાસે પાસે; ખુબ. ૧૫ કાંટાની–વ્હેમની વાડ.
૧૬ ઘટતું; યોગ્ય. ૧૭ વિવેકથી વિચારશો. ૧૮ ભણીને અથવા ભણેલી.

દેશી ભાઈ કરિ સરસાઇ,[૧૯] રસકસ ખુબ છણશો;
સંપે રહિ હિત સહુનું જોશો, તોજ હામ ચણશો;
તોજ હામ૦ પછી ઝટ૦ સરસ૦ ૩
જ્ઞાનદિપકે દિસે શત્રુઓ, કદબળમાં કણ સો[૨૦];
જડે હ્રાસતાં ચોળિનાખશો, રહેજે માંકણ સો;
રહેજે માંકણ૦ પછી ઝટ૦ સરસ૦ ૪
તર્કશક્તિયે સરસ યુક્તિયે, વિઘ્ન સર્વ ખણશો;
મધુર ઉક્તિયે[૨૧] નીતિ ભક્તિયે, યશ મળશે તણશો[૨૨];
યશ મળશે૦ પછી ઝટ૦ સરસ૦ ૫
ભણી ગણીને હિંમત ધરતાં, કદી ન ગણુગણશો;
કહું હું નર્મદ વિશેષ નિત શું, ખરા સુખી બણશો;
ખરા સુખી૦ પછી ઝટ૦ સરસ૦ ૬

સંપરાખવાવિષે.

(લાવણી.)

તમે કદી ના જુઓ વિવેકે હીત નીજ યારો,
નવ કરો સંપનો સાથ પછી શો લાભ થાય સારો. ટેક.
તંતૂઓનાં બન્યાં દોરડાં મળ્યા સાથ જ્યારે,
જે દુનિયાનાં કામ કરે બહુ ખેંચે બોજ ભારે;
કિડી એક શું હામ ભિડે પણ મળે સાથ ત્યારે,
ડુંગરિયો તે તર્ત રચીદે શ્રમથી નવ હારે;
ઝરણ ઝરણનૂં ભેળું પાણી ચિરે પ્હાડ ખારે[૨૩],
ઝાડ જનાવર જમીન ધસડી મળે સિંધુ પ્હારે;
મળી કરંતાં કામ કઠણ તે રહેજ થાય ધારો,
નવ કરો૦ તમે૦ ૧

---

૧૯ એક બીજાથી સરસ થવાને ચાનકસાથે જે ઉદ્યોગ ચલાવવો તે.
૨૦ કદ અને જોરમાં સો કણ-દાણા. ૨૧ બોલવું; ભાષણ. ૨૨ ઘણાએક.
૨૩ ઝરણો એકઠાં થઈ ખારે-ચીહીડાઇને પ્હાડને ફાડી નાખેછે અને પછી

દુઃખી[૨૪] રામે સુગરિવ સાથે મનસૂબો કીધો,
વાનરસાથે રાવણ રોળ્યો ગઢલંકાં લીધો;
પાંચ પાંડવે જિવતાંસુધી સંપ ખૂબ પીધો,
કૃષ્ણસાથથી પીખી નાખ્યાં કૌરવકુળગીધો;
ઘણા કામમાં કૃષ્ણસું રામે[૨૫] વિચાર શુભ દીધો,
'સિંહનિ ઉંફે ગજપર ચ્હડતાં બકરો[૨૬] નવ બીધો;'
વગર ધારિતયે ધર્યા[૨૭] રાખે તરો કાપિ હારો,
નવ ક૦ તમે૦ ૨

સંપ વગર તે સૂર્યચંદ્રકુળ નિર્વંશી આજે,
મુસલમાનનાં રાજ ગયાં ને નહિં તે કો લાજે;
તજી અખાડા લિધા જનાના સહુ રજપુતરાજે,
પ્રધાન જેના બહુ ખટપટિયા સ્વારથનેકાજે;
દ્રવ્ય દેશનૂં ચ્હડતાં જાએ તે કેમે છાજે[૨૮]?,
વ્હેમો ભારે અજ્ઞાને બહુ ઠામ ઠામ ગાજે;
માટે સહુ જન ભણી ગણીને કુસંપને મારો,
નવ ક૦ તમે૦ ૩

જાતીઓનો ભેદ ન ગણતાં સહૂ એક થાએ,
જૂદાં જૂદાં મત તજિદઇને સહૂ એક[૨૯] ગાએ;
ધનિ નિરધનિ તે દીલદાઝથી એકકસૂં ધાએ,
પંડિત જનને પ્રજા વિશેષે થાય નિત્ય સ્હાએ;
નર નારી સહુ ધરસંસારે એકદિલી ચ્હાએ,
રાજકાજમાં ચતુર પુરૂષ તે આગળ વધિજાએ;
દેશાટન ને વેપારો કરી સ્વદેશને તારો,
નવ ક૦ તમે૦ ૪

નદી રૂપે મોટા ભલકામાં દરિઆને મળેછે. ૨૪ સીતાના હરણથી.
૨૫ બળરામે. ૨૬ એ દાખલો ઘણે ઠેકાણે આપવામાં આવેછે.
૨૭ સરસાઇ. બે ચાર દોસ્તદારો એક બિજાની ઊંફથી વગર ધાસ્તી એ અને વળી સરસાઈથી નદીમાં હારની સામાં તરે છે તેમ સહુએ સંપ રાખી વ્હેમરૂપી હારની સામાં જવું.
૨૮ સંખાય; ખમાય; ઘટતું કેહવાય.
૨૯ એક ઇશ્વરને; બ્રહ્મને.

સંપવડે વિશ્વાસ પરસ્પર સહુકોને બેસે,
એક બિજાનૂં જોર પરસ્પર એકેકને દેશે;
એમ એકઠૂં જોર જમાવે ખુણો શત્રુ લેશે,
થોડિ મ્હેનતે કાર્ય સધાશે જન વાહવા કહેશે;
શૂર[૩૦] છતે પણ આગળ પાછળ મળી સાથ રેહશે,
દળદરથી થઇ મુકત[૩૧] દેશિઓ ફરશે શુભ વેશે;
કહે નર્મદો કોટિ[૩૨] કરો સહુ સંપસું નરનારો,
નવ કર તમે૦ ૫

સાહસ કરવા વિષે.

(લાવણી.)

સહુ ચલો જીતવા જંગ,[૩૩] ધ્યૂગલો[૩૪] વાગે,
યા હોમ કરીને પડો, ફતેહ છે આગે. ટેક.
કેટલાંક કરમો વિષે, ઢીલ નવ ચાલે,
શંકા ભય તો બહુ રોજ, હામને ખાળે;
હજિ સમય નથી આવિયો, કહી દિન ગાળે,
જન બ્હાનું કરે નવ સરે, અર્થ[૩૫] કો કાળે;
ઝંપલાવવાથી સિદ્ધિ[૩૬] જોઈ બળ લાગે,
યા હોમ૦ સહુ ચ૦ યા હોમ૦ ૧
સાહસે કર્યો પર્શુએ[૩૭] પુરો અર્જુનને,[૩૮]
તે પરશુરામ પરસિદ્ધ, રહ્યો નિજ વચને;
સાહસે ઈંદ્રજિત શૂર, હણ્યો લક્ષ્મણે,
સાહસે વીર વિક્રમ, જગત સહુ ભણે;
થઇ ગર્દ જંગમાં મર્દ હક્ક નિજ માંગે,
યા હોમ૦ સહુ ચ૦ યા હોમ૦ ૨

---

૩૦ શૂરાને પણ પોતાના જેવા સાથીઓની જરૂર છે. ૩૧ છુટા.
૩૨ સંપરૂપી પુરૂષને ભેટો, ૩૩ લડાઇ.
૩૪ લડાઇનું એક વાંજું; રણસીંગડું-(આકારમાં નહીં). ૩૫ મતલબ.
૩૬ ફળ; પાર પડવું તે. ૩૭ ફરસીથી. ૩૮ સહસ્રાર્જુનને.

સાહસે[૩૯] કોલંબસ ગયો, નવી દુનિયાંમાં,
સાહસે[૪૦] નેપોલ્યન ભિડયો, યુરપ આખામાં;
સાહસે[૪૧] લ્યુથર તે થયો, પોપની સામાં,
સાહસે[૪૨] રફાટે દેવું રે, વાળ્યું જેતામાં;
સાહસે[૪૩] શિંકદર નામ, અમર સહુ જાગે,
યા હોમ૦ સહુ ચ૦ યા હોમ૦ ૩
સાહસે જ્ઞાતિના બંધ, કાપિ ઝટ નાખો,
સાહસે જાઓ પરદેશ, બ્હીક નવ રાખો;
સાહસે કરો વેપાર, જમે બહુ લાખો,
સાહસે તજી પાખંડ, બ્રહ્મરસ ચાખો;
સાહસે નર્મદાદેશ, દુઃખ સહુ ભાગે,
યા હોમ૦ સહુ ચ૦ યા હોમ૦ ૪

વ્હેમની સામે સજવાસારૂ સુધારાને ઉત્તેજન.

(લાવણી.)

ચલ ઊઠ સુધારા સજી વ્હેમની સાંમે,
દુર કહાડ લડી ફરિ આવે ન કદિ આ ઠામે. ટેક.

(૧)

અ અ અમર સ્મરી મન થકી ઉભો તું થાએ,
ક ક કમર કસી કાફરની સામાં જાએ,
ખ ખ ખર્ગ ખંજરો ચળક ચળક સોહાએ,
ગ ગ ગદા ગુજર ઝટ લઈ હોંસથી ધાએ,
ધ ધ ધાણ કહાડ દુશ્મનનો પાણિ નવ પામે, ચલ૦

(૨)

ચ ચ ચિલખત સતનું સજી નિડર રહે નીતે,
છ છ છરા ઉડાવી માર તું ચલવે રીતે,

---

૩૯ (વેપાર સંબંધી) ૪૦ (રાજ્ય સંબંધી). ૪૧ (ધર્મ સંબંધી.)
૪૨ (શરીર બગડવાની ધાસ્તી ન રાખતાં રાત દાહાડો લખલખ કરવાં-જ કીધું.) ૪૩ (રાજ્ય સંબંધી.)

જ જ જંબુર વાપરિ જંગ કેમ ના જીતે,
ઝ ઝ ઝંપલાવ ઝટ રણે મર્દ એ પ્રીતે,
ટ ટ ટોપ પરાક્રમતણો આવશે કામે, ચલ૦

(૩)

ઠ ઠ ઠોર કરી શત્રુને ઠોર ખુબ ખાએ,
ડ ડ ડંકો વગાડી દિયે જગત જસ ગાએ,
ઢ ઢ ઢાલ ધીરજની ધરે ડરે નહિં ઘાએ,
ત ત તીર તાકિ પેસાડ અરી ઉરમ્હાંએ,
થ થ થરથરતો કર વ્હેમ જોર ના જમે, ચલ૦

(૪)

દ દ દક્ષ થઇને રચે સેન ચતરંગી,
ધ ધ ધુન્નવી નાખે ધરણી મળી સહુ સંગી,
ન ન નમ્ર કરી દે લુટી શત્રુ છે ભંગી,
પ પ પૂરી પડે સહુ આશ રહે નહિં તંગી,
ફ ફ ફના કરે ના રહે વંશ તે નામે, ચલ૦

(૫)

બ બ બુરાડી નાખે વ્હાણ વ્હેમનું ભારે,
ભ ભ ભડકો કરી ભડ લઇ તોપને ખ્હારે,
મ મ મચાવિ દે સંગ્રામ ધસીને ખારે,
ય ય યાદ કરે શૂરવીર થયા તે પ્યારે,
ર ર રત્ન મળે રોળતાં શત્રુને હામે, ચલ૦

(૬)

લ લ લઠ્ઠ લઈ ઝટ ઉઠી ધુમે ચોપાસે,
વ વ વીર વિચારી લાગ અરી ઘર પાસે,
શ શ શત્રૂને કર કેદિં ખેંચિ તુજ પાસે,
સ સ સંહારી દે દુષ્ટ જોધિ ભય ન્હાસે,
હ હ હાર પ્હેરિ યશતણો આવ નિજ ધામે, ચલ૦

(લાવણી.)

ચલો ચલો શૂં વાર લગાડો, ચલો નિડર[૧] રણમાં,[૨]
ધસી પડો શત્રૂપર નહિંતર મરીજશો ક્ષણમાં. ટેક.
કરી કલ્પના શત્રૂબળની કેમ કરો બ્હાનાં,
ફળે ન તેવાં કાં જોવડાવો જોષીનાં પાનાં;
દાના મર્દો છતે દિવાના બનો તમે શાના,
જાણિજોઇ કાં ખરાબ કરતા આબાદીખાનાં.

(ઝુલ.)

ખરે, ખરૂં[૩] નહીં તમમં ન તેથિ છો ખોટા,[૪]
ખરે, કહી કહીને એમ ગુમાવ્યા લોટા,
ખરે, ખાયાં કરશો રોજ ઉપરથી[૫] સોટા,
ખરે, ગુમાવિ નાખો પત્ત કેમ છો મોટા[૬],
ડગલું ભર્યું કે રિપૂ મારવો કાં મરવૂં પણમાં[૭],–ધસી૦ ૧
ઠરી ન બેસે હાર ખાઇને શૂરવીર ભાયા,
કાયર થઇ મૂકી દે રણ તે લુંડીના જાયા;
ઊંચ દૂધના માને કીર્તિ પડે રણે કાયા,
નીચ દૂધના સૂખ સમજતા ઘરમાં થઇ ઘાયા[૮].

(ઝુલ.)

ધિક કાયરને છે ધિક જનાની તેને,
ધિક સંપતોહુને ધિક અદેખાઈ જેને,
ધિક નીચ દાસને ધિક ખુશામતિયાને,
ધિક રીબાતાને ધિક બ્હિકણ થાતાને,
કરો ગર્જના ધીર વીર ને જયસિંહો[૯] વનમાં,–ધસી૦ ૨

---

૧ ડર નથી જેને એવા. ૨ રણસંગ્રામ.
૩ વિચારમાં પાકું નહીં–પૂરી ઈચ્છા નહીં (એવું મન)
૪ (હાડકાંના). આળસ કરતા; સુસ્ત.
૫ ઉપરીયોના સોટા (ખાશો તાબેદાર છો માટે.)
૬ રે તમે અસલ મોટા (કુળધનવિદ્યારૂપે) છો ને પત્ત કેમ ખુએાછ?
૭ લીધેલાં પણમાં–ટેકમાં (મરવું)
૮ ઘાયલ થયા કે ઘરમાં આવીને પડવું ને ખાયા કરવું એમાં કાયર જનો સુખ સમજે છે. રણમાં ઘાયલ નહીં પણ ઘરમાં.
૯ એા ધીરસિંહ વીરસિંહ ને જયસિંહ લઇ સિંહો વનરણ સંગ્રામમાં

કાળિ વાદળી ચારપાસથી ભેગી ચોમાસે,
ઘોર ધાલિ પય[૧૦] પછી નાખતી જેથી જન હાસે;
તેમ તમે સહુ સાથ મળી ઝટ રચો વ્યૂહ[૧૧] આશે[૧૨],
ધધડાવીને પડો શત્રુપર એ વેરઈ જાશે.

(ઝુલ.)

સહુ હથિયારો તૈયાર રાખતાં ભાઈ,
સહુ કવાયતો નિયમીત શીખતાં ચ્હાઈ,
સહુ હુકુમ માનતાં નહીં આણુશો વાઈ[૧૩],
સહુ પારપાડશો કામ સમયપર ધાઈ,
રે સાહસવણુ નહિં કદી વધારો કરશો રે ત્રણમાં[૧૪]–ધસી૦ ૩
હિંમત રાખી મળી સાથ સહુ કરો રંગ[૧૫] પાણી,
ઉલટ ઉલટથી વધારિદો ઝટ ખરૂં નીજ પાણી[૧૬];
જનાની વાતો કરવાનું તો હાલ મુકો પાણી[૧૭],
સજ થઈ રહો કે ઉસકેરાયાં શોભે પદ પાણી[૧૮].

(ઝુલ.)

ખુબ સ્વતંત્રનાં કાવ્ય ભણો ઉમંગે,
ખુબ જ્હાઓનાં ગીત સુણો સહુ રંગે,
ખુબ વાજાંઓને સુણો દોસ્ત જે જંગે,
ખુબ રમો શસ્ત્રથી જેહ રાખવા સંગે,
લાગ જોઈ ઝટ ધસી નર્મદ લઈલો જસ જનમાં,–ધસી૦ ૪

(૧-૧)

ગર્જના કરો. સિંહો વનમાં ગર્જના કરેછે. ૧૦ પાણી. ૧૧ સેનની રચના
૧૨ ઉમંગે. ૧૩ વાઈ આણવી–આનાકાની કરવી.
૧૪ તન મન ને ધનમાં અથવા માન કનક ને કામિનીસંબંધી.
૧૫ રંગપાણી–ખુશીમાં કેફ કરવો તે. ૧૬ કિંમત; નુર; શૌર્ય; જેસ્સો. રંગ પાણી લીધા પછી પોતાનાં આગલાં પરાક્રમોની વાતો કરીને તમારૂં તે પાણી ધારો. ૧૭ પાણી મુકો–નં કરવી એવો નીમ લો.
૧૮ હાથ. (પગ હાથ ઉસકેરાઇને શોભી રેહેછે.)

વજેસંગ ને ચાંદબા : એક વાત.

(દોહરા.)

રંગપૂરનો રાજિયો, વજેસંગ મ્હારાજ;
રાણી નામે ચાંદબા, એ બે વરણૂં આજ.* ૧
વરણૂં રસ શૃંગાર ને, અદ્‌ભુત કરુણા વીર;
પ્રધાન જેમાં વીર તે, શિક્ષાની તસવીર. ૨
પ્રેમકસુંબો પી કરી, રમવૂં વિધવિધ રીત;
એ સુખ મોટૂં છે ખરે, પણ નવ ૫સવૂ નીત. ૩
અવસર આવે એટલે, ધુણાવિ નાખી શીર;
જોર કસીને તોડવાં, જનાનિનાં[1] જંજીર[2]. ૪
સજી મચાવી દેવિ ખુબ, દુશ્મનસામાં જંગ.
રણધીરાં થઈ રાખવો, નિજ બાજીનો રંગ. ૫

(ચોપાઈ.)

વજેસંગ બેઠો આસંન, ત્હારે ઊંમર વિસ ને ત્રંણ;
સર્વ ગુણે દીસે સંપંન, રાજ કુડું ચલવે રાજંન. ૬
ભણ્યો ગણ્યો એ પંડિતરાજ, પરમારથમાં વિક્રમરાજ;
ચતુર કળા સમજે રસરાજ[1], શૂરવીર અર્જુન રણરાજ[2]. ૭
કિરતી પસરી ચારે દીશ, માગાં તો આવ્યાં દશ વીશ;
પ્રધાન મિત્રો કહે 'મ્હારાજ, શરણાગતની રાખો લાજ.' ૮
રાજા કહે 'પરણૂં હૂં એક, એજ ખરો માનવનો ટેક;'
'ધણિ રાણીનૂં શૂં છે કામ?, સીતાએ[3] સંતોખ્યો રામ.' ૯

---

* તા૦ ૬ઠી એપરેલ ૧૮૬૧ ને દીને માત્ર પેહેલા પાંચ દોહરા એક ચોપડીમાં લખી મેહેલ્યા હતા; તે ચોપડી પાછી તા૦ ૨૦ મી એપરેલ ૧૮૬૩ ને દીને હાથમાં આવેથી મેં એ વાત પાછી લખવી માંડી ને ૩૦ મી એપરેલે પુરી કીધી. મારી પ્રિયા જે ઘણીજ પ્રેમાળ છે તેને વિજોગમાં દિલાસો મળે એવે ઉદ્દેશે એ વાત લખી છે, તોપણ દેશી રાજાઓને અને વીર પુરૂષોને સારી શિક્ષારૂપ છે. એ વાત સામળનાં જેવાં ગપ્પાની નથી પણ ખરેખરા સ્વભાવ–પ્રેમવર્ણનની છે. ૧ એ શબ્દ વિશેષણ છે પણ મેં જનાનીપણું એવા નામના અર્થમાં વાપર્યો છે. ૨ બેડી; ઝાંઝરિયાં.

૧ કામદેવ. કોકદેવ. ૨ જેમ સિંહ વનરાજ તેમ અર્જુન રણ–લડાઇના મેદાનનો રાજા. (વિજેસંગ અર્જુન જેવો.)

૩ એકલી એક સીતાએ રામને સંતોષ પમાડ્યો.

'વિલાસવૈભવકેરૂં સૂખ, ખરી પ્રીત વીજોગી દૂખ;'
'એનો અનુભવ એકે થાય, ઘણીથકી પ્રીતીરસ જાય.' ૧૦
'મ્હારે તો પણવી છે એક, જોઇ રૂપ ને ગૂણ વિવેક;'
'વિચારમાં મળતાં બે હોય, કદી કોઇનૂં દીલ ન કહોય.' ૧૧
'માબાપોનૂં નહિં એ કામ, ઝંખવાય કો વેળા નામ;'
'જેને જેનીસાથે કાજ, તેણે[૪] જોવૂં કે રહે લાજ.' ૧૨
'મથે પ્રીત તો ના બંધાય, સ્હેજ સગાઈ રે થઇજાય;'
'એવી છે પ્રીતીની પેર[૫], વાળો પાછાં માગાં ઘેર.'[૬] ૧૩
એમ વિચારી રાખી ધીર, માગાંને તરછોડે વીર;
સગાંતરફથી માગાં થાય, નિરાશ થઇ તે[૭] પાછાં જાય. ૧૪
'જાતે જૈરી માગૂં કરે, તો તેપર ચિતડૂં કંઇ ઠરે;'
'જાતે જોઇ માગૂં કરૂં, તેમાં પણ ફળ સારૂં ખરૂં.' ૧૫
એમ કહી દી ગાળે સહી, સામૂં માગૂં આવે નહીં;
ત્યારે ખોળ કરાવે રાજ, 'કલગી વણ ના શોભે તાજ.' ૧૬
એવામાં વળિ આવ્યો લેખ, જેમાં વાત નવલ વીશેક;[૮]
કો કન્યાએ માગૂં કીધ, નામ ઠામ તો નહિં પરસીધ. ૧૭
તે ધાયો[૯] આ રીતે સ્હોય, ચતુર હોય તે ચેતીજોય;
ચતૂરાઇમાં મણા ન હોય, આજ લખે શૂં એવૂં કોય?[૧૦] ૧૮

(છપય.)

'કહાં કહારે ને કેમ, પ્રીત બંધાએ પ્હેલી?'
'કહાં કહારે ને કેમ, પ્રીત નીભેછે સ્હેલી?'
'કહાં કહારે ને કેમ, પ્રીત ટૂટેછે વ્હેલી?'
'કહાં કહારે ને કેમ, પ્રીત ડાહી ને ઘેલી?'
'હૂં ઊંચ સરોવર કમળની[૧૧], ખિલવા માંડૂંછૂ હવે;'
'ભોચતુરભ્રમર[૧૨]વરજે મને,સુખ મારૂં તૂં આ ભવે[૧૩].' ૧૯

---

૪ પણનારાં સ્ત્રીપુરૂષે. ૫ રીત; છટા. ૬ જ્યાંહાંથી આવ્યાં હોય ત્યાંહાં. ૭ માગાં (પાછાં જાય.) ૮ વિશેષ. ૯ લેખ (કલેજામાં ઘા લાગે તેવું લખાણ.) ૧૦ કોઇ સ્ત્રી (હાલના વખતની.)
૧૧ કમળનું ફુલ. (ઊંચ કુળની.) ૧૨ ભમરો. (કમળનું ફુલ અને ભમરો એ બેવચ્ચે આશક માશુકનો દાવો છે.) ૧૩ સંસાર; હયાતી.

(ચોપાઇ.)

રાજા મંન વિચારે એમ, 'ભણીગણી ચતુરા તે ક્ષેમ;'
'પણ જોયાવણ જાતે જાત, શી કરવી પણવાની વાત.?' ૨૦
'હશે લખ્યૂં તે લાવ્યૂં કોણ?; શૂં મુજ ભાયગ મળશે ઓણ?;'
(આ)'વારે વારે વાંચૂં લેખ, શૂં એ પ્રીતી નહીં વિશેક.?' ૨૧
'ચાર સવાલો પૂછે જેહ, તેથી દીસે ચતુરા તેહ';
'સવાલ જેવા તેવા નહીં, ઉત્તર મારી પાસે સહી.' ૨૨
'ઊંચા કુળની કહેછે વળી, જોબનની ખિલતી છે કળી';
'મારેસારૂ તલપે બહૂ, એવૂં તો નક્કી હૂં લહૂં, ૨૩
ખોળથકી ના લાગી ભાળ, ત્યારે નખશિખ[૧૪] પ્રગટી જવાળ[૧૫];
'મને બનાવ્યો[૧૬] કોઇએ આજ, એવૂં ભૂંડૂં કોનૂં કાજ'? ૨૪
મનમાં વિસ્મય પામે રાજ, પણ ધમકાવે નીજ સમાજ[૧૭];
'હેમી માને જાદૂ જેમ, માનીલેવૂં[૧૮] મ્હારે તેમ'? ૨૫
'લાવનાર તે જડે ન કોય,' ફરી ફરી રાજા લખ્યું જોય;
જાણે છપય[૧૯] છબીલી સ્નેહ, ચૂમી લેતાં ગગળી રેમ. ૨૬
'મારેમાટે દુઃખી રોય, વળી પારખૂં આરૂં જોય;'
'એવી તે કો ચતુરા નાર, મારે સજવો એ સણગાર.' ૨૭
'આજથકી હૂં તો લઉં નીમ, અંગ મ્હારૂં એ નીમેનીમ[૨૦];'
'પરણૂં તો વળિ પરણૂં એહ, નહિં તો પાડૂં દુઃખે દેહ.' ૨૮
ધમકાવી ચાકરને રહ્યો, પણ મચકુર કોને ના કહ્યો;
એવો ડાહ્યો રાજા ઘણો, પણ દિલમાં દીવાનો બન્યો. ૨૯

(દોહરા.)

મદનબાણથી[૨૧] ઉષ્ણતા, પ્રગટી રોમેરોમ[૨૨];
પ્રેમીપય[૨૩] પીધા વિના, ઉતરે કેમે જોમ[૨૪]? ૩૦

---

૧૪ પગથી તે માથાંસુધી. ૧૫ આગ. ૧૬ મશ્કરી કરીને એવકુફ બનાવ્યો. ૧૭ કચેરી; સભા; દરબારનાં માણસો. ૧૮ શું કોઈ વીર આવીને કાગળ મુકી ગયો.? ૧૯ છપય (પેલીનો લેખ) જાણે પોતાની પ્યારી હોયની શું તેમ રાજા તે છપયને વારે વારે ચુમી લયાં કરે અને ચુમીથી કાગળ ભીંજાય તે જાણે તેની છબીલી ગગળીને રડતી હોયની શું. (લેખની મતલબ એવી છે કે છબીલી રાજાને સારૂ ઘણી આતુર છે ને તેથી દલગીર રેહે છે). (ઉત્પ્રેક્ષા.)

૨૦ અડધો અડધ; અર્ધાંગ. ૨૧ કામદેવના તીરથી. ૨૨ રૂવે રૂવે; વાળે વાળે. ૨૩ માશુક રૂપી પાણી. ૨૪ જોશ.

(ચોપાઈ.)

પ્રધાનને તેડયો એકાંત, વાત કહી જે મનની ખાંત;
'ચતુર નારિ ઝટ આવે હાથ, તેમ જુગતની કહે તૂં વાત.' ૩૧
પ્રધાન કહે 'રાખોજી ધીર, ઉતાવળે ના થાએ ખીર;'
'ઉતાવળે ના પાકે આંબ, કષાય નહિં મારગડો લાંબ.' ૩૨
'ઉતાવળે ચહડિન્જએ થાક, ઉતાવળે સારો નહિં પાક;'
'ઉતાવળે ના જડે ઉપાય, ઉતાવળે ધાર્યૂ દુર જાય.' ૩૩
'ધીરજ પકડો મોટા વીર, પાર પાડશે શ્રીર ધુવીર;'
'ખાંતે ખોળ કરીશૂં રાજ, વ્હેલૂં મોડૂં થાશે કાજ.' ૩૪

(દોહરા.)

'પ્રધાનને રાજા કહે, 'જાણૂંછૂં એ વાત';
'પણ ધીરજ રહેતી નથી,બગડે છે મુજ જાત[૨૫].' ૩૫
'કામકાજ કરૂંછૂં મથી, નહિં ઉલ્હાસે જાણ';
'પરવશ કેદી હૂં છઊં, ખરેખરૂં તૂં માન.' ૩૬
'મને જંખના એહની, કહારે જોતી[૨૬] જોઉં';
'મને જંખના એહની, કહારે સાથે રહોઉં[૨૭].' ૩૭
'મને જંખના એહની, જોઉં ચાલતી કેમ?';
'મને જંખના એહની, વદતી[૨૮] સૂણૂં તેમ.' ૩૮
'મને ઝંખના એહની, કરતી મુજને સાથ;'
'આપે પ્રભુજી પાંખ તો, ઊડી આણૂં આંથ.;' ૩૯
'મને ઝંખના એહની, ઊંચી સાલસ જાત;'
'બિજ્જં કામમાં આંખ તો,અંધી છે એ ભ્રાત[૨૯].' ૪૦
'મને ઝંખના એહની, નયણે ઝાઝી રહેમ;'
'રાજકાયા રાંકની, બની નથી રે ક્ષેમ.' ૪૧
'કૂજેત થાઊં રે રખે, માટે છઉં અધીર;'
'રાજભાર શિરપર અને, કાળજડે આ તીર.' ૪૨

---

૨૫ શરીર. ૨૬ તે મારી સામે જોતી હોય તેવી હું કહારે જોઉં. ૨૭ રોઊં. ૨૮ બોલતી. ૨૯ વજીરભાઈ.

'પણવાકેરી વાત તો, પછી કરીશું કાલ;'
'મારનાર કો તીરનું, એ તો જાણું હાલ.' ૪૩
'પ્યારી લુચ્ચીએ રચ્યો, કજેતિનો શો ખેલ;'
'તાડિ[૩૦] પાઇને કાગડો, બનાવિ જોએ ગેલ.' ૪૪
'નહીં નામ ને ઠામ કંઈ, કહાં કહાં કરવી ખોળ;'
'ખોળ કરંતાં જન સહૂ, મ્હારૂં કરશે તોલ.' ૪૫
'આગળ તો માગાં નૃપે[૩૧], પાછાં વાળ્યાં ભાઇ;'
'હમણાં ત્હારે રોજ એ, ફાંફાં મારે ત્હાઇ.' ૪૬
'વળી લોક એ નારનું, કરશે ઘણું વખાણ;'
'નૃપનાં માથાંની મળી, મૂકાવ્યું અભિમાન.' ૪૭
'પ્યારીના ગુણગાનથી, થઇશ ઘણો રળિયાત;'
'પણ ન મળે જો મૂજને, તો ન રહૂં હઈયાત.' ૪૮
'જો મેં તો આવૂ લખ્યું, ઘટતો કે ન જબાપ;'
'જુગતી શી કરવી હવે, વિચાર તારો આપ.' ૪૯

(છપય.)

'જહાં જહારે ને જેમ, હોંસ તે સંતોખાએ;'
'જહાં જહારે ને જેમ, દયા[૩૨] પણ[૩૩] આડાં આવે;'
'જહાં જહારે ને જેમ, વાત ધારી ના થાએ;'
'જહાં જહારે ને જેમ, ભણ્યા[૩૪] અભણ્યાં[૩૫] બે ચ્હાએ;'
'હૂં તૂંમાટે કાળો થઈ, ભમરો ફૂંફૂં કમળની,'
'રે ભોગિ જોગિ થઇને જપૂં, વાટ જોઉં તૂં ચપળની.' ૫૦

---

૩૦ દિવસે કાગડા તાડી પીએ છે ને પછી ખુબ મારામારી કરે છે. ૪–૫ વાગતે ગામને પાદરે એકાંતમાં કાગડાને, તાડે બાંધેલાં ઘડુઆં આગળ ડાહ્યો થઈ બેઠેલો અને તેમાં ચાંચ બોળતો જોવો એ ઘણું આનંદકારક છે.

૩૧ રાજાએ. ૩૨ ગમે તેવી પ્રીતિ હોય તોપણ વેળાએ એક બીજનાં વિચારમાં અંતર પડે, પણ તે વખત દયા જો આડે આવે તો પ્રીતિ નીભે. —એક એમ સમજે કે જો હૂં બેવફા થઈશ તો તે બચારો રીબાઈને મરશે અને મને પણ પછવાડેથી પસ્તાવો થશે–કેમકે ગઈ ગુજરી બંનેને સાંભરેજ.—માટે, પોતાની અને બીજની દયા હોય તો નીભે.

૩૩ અરે જેને મેં પોતાનો કહ્યો છ તેને હું છોડૂં ?–નહીંજ છોડુ એવો ટેક. ૩૪–૩૫ ભણેલાં–સમજુકની વચમાં પ્રીત ડાહી હોય છે. અને મુરખ–અણસમજુકની વચમાં પ્રીત ઘેલી હોય છે.

(દોહરા.)

પ્રધાન કહે 'કહાડોછ શી, ધેલાઈ દિનરાત';
'ધીરા થઈ જંપો તમે, અલગતની એ વાત.' ૫૧
'ઉત્તર તો સારો લખ્યો, પણ મોકલવો કેમ?'
'ગભરાવો ગભરાઇને, તેમાં ન વળે તેમ.' ૫૨
'જેણે કાગળ આગ્રહે[૩૬], લખ્યોછ તમને સાર;'
'લાગ ન શૂં જોતી હશે, દુઃખિ ન શૂં તે નાર?' ૫૩
'મુદ્દો પકડાયોછ તે, પકડાશે વળિ ચોર;'
'ચોર ઈછે પકડાઉં[૩૭] પણ, ગેલ કરે જ્યમ મોર.' ૫૪
'કાગળ પેટીમાં મુકી, પુરથી નિકળો જ્હાર;'
'મુસાફરથી દુઃખ એ, વીસરશો સરદાર.' ૫૫
'શિકાર જ્હાને પરવરો, જુઓ મ્હાલનાં ગામ;'
'તજવિજની પુછપાછથી, કહાડીલેવૂં કામ.' ૫૬
'હૂં પણ ખોળ કરૂં અહીં, વળિ ખોળાવૂં જ્હાર;'
'ઉદ્યમ તો ફળશે નકી, જસવંતા સરદાર;' ૫૭
ગરમીથી અકળાયલે, પીધો નશિયત[૩૮] બર્ફ;
ચટકો લઈ થંડો થયો, સાંમો ન વધ્યો હર્ફ[૩૯]. ૫૮
વાત વસી ગઈ મંનમાં, રાખી રાએ ધીર;
કામકાજ આટોપતો, ચાર દીનમાં વીર. ૫૯
પ્રધાનને સોંપી સહૂ, નિકળ્યો પુરની જ્હાર;
થોડા જણ લઈ સાથમાં, જ્હાનૂં કરી શિકાર. ૬૦

(દોહરા.)

દિલ્હી મોગલરાજનો, ફતેજંગ સરદાર;
કરે નવાબી સાહ્યબી, ફતેપૂરમાં ધાર. ૧
રૈયત રાજી રોજ ને, ફતેપૂર આબાદ;
ફતેજંગ[૧] જંગે શુરો, કચેરિએ ઉસ્તાદ. ૨

---

૩૬ આજીજીથી; આતુરતાથી.
૩૭ કહારે પકડાઉં એવું ચોર ઈછેછે.
૩૮ શિખામણરૂપી બરફ–પેહેલાં અડકતાં તો ચટકો લાગે છે પણ પછી થંડક કરે છે. ૩૯ અક્ષર. ૧ લડાઈમાં.

ફતેપૂર ને ન્હાલ સહુ, ફતેજંગને ન્હાય;
'ધણૂં જિવો ઉમરાવ એ, કમાન ન્હડતી થાય.' ૩
એક સમે દિલ્હીતણો, બાદશાહ તૈમૂર;
જૈપ્રીએ[૨] મરવા પડયો, પડયો દુઃખમાં શૂર. ૪
ફતેજંગપર અસલથી, બાદશાહનો પ્યાર;
માટે ગાદી સોંપવા, કરતો હતો વિચાર. ૫
દિલ્હી બિનવારસ મરે, સમો આવતો જોઇ;
ફતેજંગને તેડતો, બાદશાહ તે રોઇ. ૬
રસ્તે હરિફ્રોએ[૩] કરયૂ, ફતેજંગનૂં ખૂન;
ફતેપૂરને લૂટિયું, રાખી નહિં કંઈ નૂન[૪]. ૭
ફતેજંગકેરાં સગાં, બન્યાં કેદિ સહુ રંક;
બેટિ જમાઈ બેજણાં, ન્હાશી આવ્યાં રંગ[૫]. ૮
રંગપૂર આવી રહ્યાં, વરવહુ બંને આપ;
જ્હાં ગુજરો વર કરે, લઈ સોદાગરછાપ[૬]. ૯
થોડા દીકેડે વળી, બેટી જનમી એક;
નામ પાડયું શુભ ચાંદબા, કૂળરૂપગુણટેક. ૧૨
માએ બહુ બરદાસ્તથી, બેટી મોટી કીધ;
કેળવણી ખાંતે કુડી, ઉર્દુ ફારસી દીધ. ૧૧
હતી એકની એક તે, ભાઈ બેનમાં સર્વ;
તેથી તો બહુ લાડકી, માબાપોનો ગર્વ. ૧૨
સોળ વરસની ચાંદબા, મિઠાં લોહિની જાણુ;
રંગે ધઉંવરણી છતે, મનહર કાંતીમાન[૭]. ૧૩
સ્યાદી જોવા બેટિની, ઝરે રોજ માબાપ;
વર ન મળે લાયેક કો, એ મોટો સંતાપ. ૧૪
એવામાં વળિ તો થયૂ, બીબીકેરૂં મોત;
સુખ જોવા મા ના રહી, કેવી હરખે જોત!. ૧૫

---

૨ ઘણેા ઘરડેા થયેથી.
૩ દુશ્મનોએ. ૪ બાકી; કસર. ૫ રંગપૂરમાં.
૬ સોદાગરનું નામ રાખીને રહ્યા.
૭ કાંતિ–ચળકાટવાળી (મનને હરીલે તેવી)

ઘરખટલો માથે પડ્યો, ચલવે રૂડી પેર;
આપે ધીરજ બાપને, કરે ન કોસૂં વેર. ૧૬
વળી જુવાની ખીલતી, તેથી ચટપટિ થાય;
સ્યાદીંનૂં સુખ પામવા, દીલ તેનું બહુ ચ્હાય. ૧૭
ઘણી મુઝાએ મંનમાં, પણ કોને ના કેહ;
સખીપણા કરવાતરફ, જાતી અટકીરેહ. ૧૮
તરુણ બિજાં બધરાં કરે, સાહસ કરમો જેમ;
સખી ધ્યા કો દાસિસૂં, દીલ ન ખોલે તેમ. ૧૯
વળી વિચારે મનમાં, 'મ્હારાથી દુખિ બાપ;'
'માટે પણવૂં ઝાટલઈ, આતો થાએ પાપ.' ૨૦

(ચોપાઇ.)

પછી વિચારે મનમાં એમ, 'ખબર મળે બહુ કરવૂં તેમ;
'કચેરિમાં બનતી દિનરાત, ઘટે જાણવી મ્હારે વાત.' ૨૧
પડોશમાં રેહતાં નરનાર, ગરીબાઇથી તો લાચાર;
સિપાઇગીરી બુઢ્ઢો કરે, બુદ્ધિ રહેંટિએ બહુ થરથરે. ૨૨
જુવાન જરે બુઢ્ઢો એહ, નવાબને ત્હાં નોકર તેહ;
તારે ધણો હતો બ્હાદૂર, સુખિઓ ને પૈસે ભરપૂર ૨૩
દશાનું ચક્કર આવ્યૂં જાણ, (તેણે) ફતેપૂરનો વાળ્યો ધાણ;
તેમાં બુઢ્ઢે થઇ હેરાન, મુસીબતે ઉગારયો જાન. ૨૪
ઘણાં ગામમાં કીધો વાસ, તોએ બુઢ્ઢો રહ્યો નિરાસ;
કેથે ગોઠે નહીં જરાય, ફરતો ફરતો અહિં તહિં જાય. ૨૫
એમ કરતાં આવ્યો જ્યાંહ, વજેસંગ રાજ છે ત્યાંહ;
રહ્યો માંડિ ઘર તે ઠરિઠામ, કચેરિમાં કંઇ કરતો કામ. ૨૬
થયૂં વરસ સૂમારે દહોડ, એને બીજિ ન દોડાદોડ;
સાત કુપડી લાવ્યાં કરે, તેમાં બંને પેટ જ ભરે. ૨૭
પાંચ ધરોને છેટે રેહ, સોદાગરથી બુઢ્ઢો તેહ;
નવાબને ત્હાં બંને હતા, (તોપણ) ઓળખવામાં ખાતા ખતા. ૨૮

(દોહરા.)

ગોર[૮] કરે છે ચાંદબા, 'બુઢ્ઢો કરશે ખોજ[૯];'
'એ નોકર છે રાજનો, ખબર લાવશે રોજ.' ૨૯

---

૮ વિચાર. ૯ શોધ.

કહે બાપને બેટિ તે, 'તેડો બુઢ્ઢો પાસ;'
'રાતે વાતો સૂણિએ, કચેરિની જે ખાસ'. ૩૦
'એ નોકર છે રાયનો, રાતે આવી રોજ;'
'દિવસતણી તે કહિજશે, થશે આપણે મોજ.' ૩૧
'વળી બિચારો છે ગરિબ, દેશું આપણ કાંઇ;'
'આભારી થાશે બહુ, પાડોશી છે આંહિ.' ૩૨
બાપે હા કહિ ને પછી, બુઢ્ઢો આવે નીત;
વાત કરે દરબારની, પરસ્પરે બહુ પ્રીત. ૩૩
વાતો કરતાં એક દી, બંને વિસ્મિત[૧૦] હોય;
સોદાગર સીપાઇ તે, પિછાન જૂની જોય. ૩૪
પછી ખુલાસા તો થયા, વાધી અદકી પ્રીત;
તેમ તેમ તો ચાંદબા, હરખાએ બહુ નીત. ૩૫
સોદાગર બ્હીતો કહે, 'સુણ તૂં બુઢ્ઢા ભાઇ;'
'કસમ તને છે કોઇને, કેહેવું નહીં આ કાંઇ.' ૩૬

(ચોપાઈ.)

ઘરમાં બેટી તો જૂવાન, તેથી સોદાગર હેરાન;
બીજે ગામ જવાએ નહીં, ઘરમાં પુરૂષ ન માણસ સહી. ૩૭
બુઢ્ઢાસાથે થઈ પિછાન, મળ્યો તેથિ તો દીલોજાન;
એક વખત સોંપીને ગયો, સોદાગર તો બ્હારજ રહ્યો. ૩૮
(એમ)મળ્યા દિવસ તો દસને ચાર, કરે ચાંદબા ખૂબ વિચાર;
'લાગ ન આવે આવો ફરી, કામ બજાવી નાખૂં ખરી.' ૩૯
રાજાની સુણતીતી વાત, પોતે તો અતિ પ્રેમી[૧૧]જાત;
રૂપ[૧૨]ગૂણથી ઉપની પ્રીત,ફૂળ[૧૩] ઉંચૂં તે જોતી નીત. ૪૦
પરાક્રમાદિક[૧૪] ગુણ બહુ સુણી,પ્રેમિ ચાંદબા હરખે ઘણી;
પછી છપય લખિ કહાડયો એક,જેમાં ચાતુરિ કરી વિશેક. ૪૧

---

૧૦ એકાએક અજબ પામેલા. ૧૧ પ્રેમમાં સમજનારી; કોઈના પ્રેમમાં જાય રેહ અને કોઈપર પ્રેમ કરે તેવી.
૧૨ (રાજાનાં.) ૧૩ (પણવાસારૂ.)
૧૪ પરાક્રમ એટલે મહાભારત કામો જસની સાથે પાર પાડવાની જે ઉભ લટવાળી શક્તિ તે; બાહાદૂરી. પરાક્રમાદિક એટલે પરાક્રમ, સાહસ, ઉધ-ધૈર્ય, બળ અને બુદ્ધિ.

ચોથિ સવારે ઊલટભેર, તેડાવ્યો બુઢ્ઢાને ઘેર;
દિસે ગાભરી ફીકી પડી, જાણે આફત આવી નડી. ૪૨
પગે પડી બુઢ્ઢાની કને, બોળે મૂકી માથૂં ભણે;
'બોલૂં જે હૂં મૂકી લાજ, પાર પાડ તે મ્હારૂં કાજ.' ૪૩
'વાત કરીશૂં ઝાઝી કાલ, પણ ચાચા તૂં જાએ હાલ;'
'વગરરહલાએ ન કરૂં કાજ,પણ હમણાં તૂં રાખે લાજ.' ૪૪
'કાગળ આપૂં બીડી જેહ, છૂપી રીતે મ્હેલે તેહ;'
'રાજની ગાદીપર છેક, સંભાળીને કે રહે ટેક.' ૪૫
'ચાચા કરજે પછી વિચાર,પણ હમણાં નવ કરતો વાર;'
'કસમ ખાઇ બેટીના જાય, તો તો તારૂં સાચ મનાય.' ૪૬
'નથિ ચાચા કંઇ બીજી વાત,લૂણહરામ[૧૫]ન કરવી જાંત;'
'ચતૂરાઇનો આ છે લેખ, ગરબડ થાશે મ્હોલે નેક.' ૪૭
'કેવી મઝો પડેછે ત્યાંહ, તે તૂં જોઈ કહેજે આંહ;'
'બીજાને ના કહેતો કાંઇ, મદદ થશે રે સાચો સાંઇ.[૧૬]' ૪૮

(દોહરા.)

ડરતી ધ્રુજતી બોલતી, રડતી પડતી જોઇ;
'લાવ બેટિ' બુઢ્ઢો કહે, 'નહિં નાખૂં તે બોઇ.' ૪૯
બુઢ્ઢે આગ્રહ જોઇને, વળી ઉતાવળ તેહ;
પૂછ્યૂં નહિં કે 'ચાંદબા, શી મતલબ છે કેહ.' ૫૦
'હશે જાણિશૂં સાંજરે, લખી હશે કંઈ બેત;
'પઢેલિ ખુબ છે તે થકી, રાજા કરશે હેત.' ૫૧
જાતિભેદ હોવાથકી, બુઢ્ઢાને નહિ વ્હેમ;
(કે)'સ્યાદી કરવા ચાંદબા, જુગતી કરશે તેમ.' ૫૨
કસમ ખાઇને ઊઠતાં, બુઢ્ઢો ધીરજ દેય;
પછી જતાં નિજ ઘેર તે, આ પરમાણે કહેય. ૫૩
'હમણાં તો નહિં જાઉંરે, પડે જણાઈ બેલ;'
'રોજનિ વેળાએ જઈ, જુગતી તાકૂં સ્હેલ.' ૫૪
'ગભરાઇશ ન બેટિ તૂં, નહીં જણાવૂં બ્હાર;'
'બુઢ્ઢીને પણ નહિં કહૂં, બૈરાં મારે ઠાર.' ૫૫

---

૧૫ નિમકહરામ; કૃતઘ્ની. ૧૬ ઇશ્વર.

'કામ કરી આવું ખરો, ઘણું કરીને આજ;'
'રાતે વાતો તો કરું, અલ્લા રાખે લાજ.' ૫૬
પછી ગયો નિજ ઘેર તે, રાખી ઝાઝી ધીર;
મુઠ્ઠીની પુછપાછને, ઊડાવે તે વીર. ૫૭

(ચોપા.ઈ)

જમી કરી જાએ દરબાર, કરે વાટમાં આમ વિચાર;
'વચન આપ્યું તે કયમ તોડાય,સાહસથી તો જિવડો જાય.' ૫૮
'જે પકડાયો મુકતાં લેખ, જવાબમાં ગભરાયો છેક;'
'તો તો જાય સમૂળો ટેક, બચવાનો ઉપાય ન એક.' ૫૯
'સોદાગરનો ગૂન્હેગાર, એમાં ખોટું નહીં લગાર;'
'સોંપણુ ખ્હેકે મારાથકી, વાંક ખરો મ્હારો તો નકી.' ૬૦
'રાજાનો પણ ગૂન્હેગાર, થઇશ વળી હું તો નિરધાર;
'કીધેલું માનું નહિં કાંઇ, આજ્ઞા તો તોડાએ તાંહિ.' ૬૧
'હવે વચન તો આપ્યું છેજ, એ તો ના તોડાએ સ્હેજ;'
'નવાબની બેટી છે જ્યાંહ, લૂણહરામિ ન કરવી ત્યાંહ.' ૬૨
'નવાબ મ્હારે પ્હેલો નકી, વજેસંગ પછવાડેથકી,'
'એ સાહસથી નહિં નુકસાન, વજેસંગ દેશે સન્માન.' ૬૩
'કદાપિ સારાં ફળ જો થાય, થાય ગુન્હા રૂડા ઉપાય;'
'કદાપિ રાજા ખુશ થઇ રેહ, કરમ ઉઘાડે મ્હારૂં તેહ,' ૬૪
'માટે એજ ખરો ઠેરાવ, કાગળ મુકવો જોઈ દાવ;'
'હોય થનારૂં તે તો થાય, મરિયે કે પછિ દળદર જાય.' ૬૫

(દોહરા.)

એમ વિચાર કરી ગયો, કચેરિમાં તે વ્હેલ;
જોએ તો કો ના દિઠું, પોતે સહુથી પ્હેલ. ૬૬
તખ્તઉપર મુકિ લેખ ઝટ, પાછો આવ્યો ઘેર;
બેટીને કહેવાથકી, 'રહેજે રૂડી પેર.' ૬૭
પછી તરત પાછો ગયો, કચેરિમાં સીપાઈ;
થંડુ પેટે જોય તે, જે જે બનતું ત્હાંઇ. ૬૮

(ચોપાઇ.)

રાજના કાગળ જે ખાસ, તે ના જાએ બીજાપાસ;
વજીરથી પણ ના વંચાય, બીજાથી કેમે લેવાય? ૬૯
રાજા ભણ્યો ગણ્યો કાબેલ, કો વાતે ના કાચો બેલ;
પ્રધાનને તાબે નહિં જેહ, નિજ બુદ્ધીએ વરતે તેહ. ૭૦
કાગળ વાંચી વિસ્મિત થાય,પછી ધિમે રહિ પૂછે રાય;
'જે કો લાવ્યો હોએ પત્ર, તે આવી ઉભો રહે અત્ર.' ૭૧
કચેરિમાં સહુ ચૂપાચૂપ, સિપાઇ તો થરથરતા ખૂબ;
સિપાઇયોને પૂછે રાય, પણ ઉતર કો દે ના ત્હાંય. ૭૨
ધમકાવે તે સહુને વળી, 'ખબરદારિ શી રાખો ભળી;'?
પછી અગતનાં કામો કરે, પણ ચિતડામાં તે ના ઠરે. ૭૩
કચેરિમાંથી ઊઠ્યો રાય, આંખ થયે ભારે ગભરાય;
સિપાઇ ઊપર ગુસ્સે થાય,પણ વાંચી કાગળ હરખાય. ૭૪

(દોહરા.)

પ્હેલે દિવસે જે બની, કચેરિમાં જે વાત;
બુઢ્ઢે બેઠીને કહી, કેવિ ધન્ય તે રાત! ૭૫
તે બંતી સીપાઇ તો, બબર કહાડતો રેહ;
રાજના ગભરાટની, વાત બેટિને કેહ. ૭૬
ચાચાને કહે ચાંદબા, 'પણવૂં એની સાથ;'
'પણ હમણાં કરતો રખે, સોદાગરસૂં વાત.' ૭૭
'સમો જોઇને હૂં કહું, વળિ તૂં ટેકો દેય;'
'કામ થાય ઝટ આપણું, એમાં શૂં સંદેહ.'? ૭૮
'કાગળકેરી વાત તો, કહેવી નહીં જરૂર;'
'થાય જુદાઇ આપણી, ઉતરીજાએ નૂર.' ૭૯
ચલ્લો જેવે મૂખડે, બુઢ્ઢો ટકટક જોય;
છાતીયે મૂઝાણ અને, આંખે ઝળઝળિ હોય. ૮૦
'ચાચા તૂં ગભરાય કાં,નહિં બોળૂ કુળનામ;'
'બાપાની મરજીવિના, નહિંજ કરૂં કો કામ.' ૮૧
'બાપો જલદી આવશે, પછી કરીશૂં બેત;'
'પણ હમણાં દરબારની, કહેજે બનતી ઠેઠ.' ૮૨

બુદ્ધો સડકજ થઇ રહ્યો, પામ્યો મનમાં ખેદ;
પણ બેટીને કેહતો, રાયમંનના ભેદ. ૮૩

(ચોપાઈ.)

મુદ્દતસર તે આવ્યો બાપ,જેનો જિવડો ઘરમાં આપ[૧૭];
બુદ્ધો રાતે વાતો કરે, પણ દિલમાં ઝાઝો તે ડરે. ૮૪
બેટી બહુ હૈડે હરખાય, તકને આવ્વી વ્હેલી ચ્હાય;
સુણે વાત "રાજા ગભરાય," તારે તો વળિ દુઃખી થાય. ૮૫
એમ થતાં દી આવ્યો એક, જેને જાણી લેવો નેક;
"શિકારસારૂ રાજા જાય," એમ બધે બહુ વાતો થાય. ૮૬
કહે ચાંદ્યા હૈયે 'હાય' ! 'દુખનો માર્યો જાયે રાય;'
'કહી બાપને હું પણ જાઉં, દુખમાં ભાગીદારજ થાઉં.' ૮૭
'ધીમે રહિ સમજાવું બાપ, ફરજ બજાવું રૂડી આપ;
'માને તો ઠિક રાણી થાઉં, નહિંતો મરવા વનમાં જાઉં.' ૮૮

(દોહરા.

"ગયો રાજ શીકારને,"સુણી ઉઠી તેવાર[૧૮];
બાપગોદમાં [૧૯]જઇપડી, નાજુકડી તે નાર. ૮૯
'બાપા મારા ઉગાર તું, રજા પરંતૂ આલ';
'વન્જેસંગ મારાથકી, રીબાએ બહુ હાલ.' ૯૦
'બહુ ગભરાઈ આખરે, ચાલ્યો વગડામાંહ્ય;'
'રખે આપહત્યા કરે, પાપ ઘણેરૂં થાય.' ૯૧
'રાજાનાં મરવાથકી, મરે રાજની માત;'
'ગરબડ થાએ રાજમાં, પાપી મારી જાત.' ૯૨
'રાય મરે તો હું મરૂં, નક્કિ જાણ તૂં બાપ;'
'કારણ હું સહુ પાપનૂં, રજા ઝટદઈ આપ.' ૯૩
'હસવાનૂં ખસવૂં થયૂં, બનીગઈ હોનાર;'
'રાજાસામૂં જોઇને, કર રૂડો વીચાર.' ૯૪
'મ્હારે મનપણ તે વસ્યો,તેને મન હું જેમ;'
'કમળભમરની પ્રીતડી, સમજી લે તૂં તેમ.' ૯૫

---

૧૭ પોતાનાં. ૧૮ તે વખતે. ૧૯ ખોળામાં.

'છપય એક મેં મોકલ્યો,નામવગરનો જાણુ;'
'તેણે ગરબડ બહુ કરી,આ દી આવ્યો માન.' ૯૬
'બુદ્ધાનો નથિ વાંક કંઈ, મારો સઘળો વાંક;'
'વાંક કરમના આંકનો, થયું, દુઃખ તે સાંખ.' ૯૭
'બાપા તૂં સમજે સહૂ, ઝટ મને પરણાવ;'
'પરણાવે તો રાયસું જ[૨૦],નહિંતો ઘોર ખણાવ[૨૧].' ૯૮
એમ બોલતી સાંભળી, બાપે કૂટયું ભાળ[૨૨];
શીર બસેડી ગોદથી, ઊઠયો તે તત્કાળ. ૯૯
જેવું શીર પડયું નિચે, તેવી ચમકી જાણુ;
ત્રાસથકી મુરછિત પડી, ડોળા ચડવી માન. ૧૦૦
સમ્યો બાપનો ક્રોધ ને, તત્ક્ષણ પાસે જાય;
પાણી શિર છાંટી લિયે, પાછી બોળામાંહ્ય. ૧૦૧
હૈયાસરસી ચાંપિ ને, બોકી ગાલે દીધ;
ઘણી આસનાવાસના, લાડકડીની કીધ. ૧૦૨
મનમાં તે મૂઝાય બહુ, 'શો કરવો ઊપાય;'
'વિચાર શી રીતે ફરે, ડાહી તે કયમ થાય.' ૧૦૩
'જુવાનિના મદને મળે, મદનજોશ જેવાર;'
'તે સાહસ ના કદિ હઠે, સાચે કહૂં લગાર.' ૧૦૪
દીન [૨૩] તરફનું બ્હાનું તે,બતાવતો પરમાણુ;
'રાજા તો હિંદૂ અને, આપણ મૂસલમાન.' ૧૦૫

(ચોપાઈ.)

પછી ચાંદબા બોલી 'બાપ', 'વાત કહૂં હૂકમ તૂં આપ;'
'તારી તો છે ડાહી જાત, રીસ તજી મુજસૂં કર વાત. ૧૦૬
'હૂં ઇચ્છૂં છૂં પણવા જેમ, હિંદુરાય પણ ઇચ્છે તેમ;'
'પણ હિંદૂ તે પણશે કેમ, અડચણ મોટી તો છે એમ.' ૧૦૭
'બિન સ્યાદી નવ રહું તે પાસ, કસમ ખાઇબોલૂં ભરઆશ[૨૪];'
'આપણને લાગેજ સવાબ[૨૫],(માટે)દીનતણા ફરમાનો થાપ[૨૬];' ૧૦૮

---

૨૦ રાજા સાથેજ. ૨૧ બોદાવ. ૨૨ કપાળ. ૨૩ ધરમ. ૨૪ આશા-ભેર; આશાવાળી. ૨૫ પુણ્ય; ધરમનું કામ–દીન વધારવી એવું જે ફોરાનમાં છે તે આપણાથી બની આવશે. ૨૬ કબૂલ રાખ; અમલમાં આણુ.

'કદાપિ નવ પરણે જો રાય હારે તો તુજ ગમતું થાય ?;'
'માટે શું કરવા અકળાય ?, મારાપર તું કાં રીસાય ?' ૧૦૯
'મને પરણશે હિંદુ જાણ, થશે ભિતર તે મૂસલમાન;'
'થશે છોકરાં મૂસલમાન, મૂસલમાનોનું બહુ માન.' ૧૧૦

(દોહરા.)

'માટે બાપા આપ તું, તુજ ઘોડી આવાર;'
'વેશ બદલિને જાઉંરે, ખેતરમાં નિરધાર.' ૧૧૧
'સાથે બુઢ્ઢો લઉં અને,પછી મળું જઇરાય;'
'તજવીજે કરું વાત સહુ, હોય થનારું થાય.' ૧૧૨
બાપે નીસાસો મુકી, મનમાં કર્યો નિકાલ;
'જો અટકાવું એહને, વિપરિત થાએ હાલ.[૨૭]' ૧૧૩
પછી બેટિને તે કહે, દેખાડી બહુ વ્હાલ;
'સમજી કરજે કામ તું, એજ શિખામણ હાલ.' ૧૧૪
વળી ચાંદબા બાપને, સમજાવે બહુ પેર;
ધીમે રહિ ટહાડો કરે, કે ના રહે કો ફેર[૨૮]. ૧૧૫
બાપ ધિરજથી બોલતો, 'ચુકે નહીં હોનાર;'
'કરમ મ્હારું ને એહનું, શો હું રાખું ખાર.' ૧૧૬
નબળું કારણ હોય પણ, સબળું કારજ થાય;'
'સબળું કારણ હોયને, નબળું તે[૨૯] થઈ જાય.' ૧૧૭
'અલ્લાનું કરવું હશે, તેવી રહેશે લાજ;'
'શોક કરું હમણાવતી, એ મૂરખનું કાજ.' ૧૧૮

(ચોપાઈ.)

બાપે બુઢ્ઢો તેડયો કને, જોસ્સાને કીધીછે મને[૩૦];
કરી નહીં કો આડી વાત,બોલ્યો કે 'તુમ જાઓ સાથ.' ૧૧૯
'આંચ ન લાગે કાંઇ લગાર, તેમ વરતજો રૂડું યાર;'
'રસ્તે મુકામ કરજો ખરા, ઉતાવળા મા થાશો જરા.' ૧૨૦

---

૨૭ હાલત; સ્થિતિ. ૨૮ વિચારમાં ફેર. અંતર ન રહે.
૨૯ કારજ ૩૦ ના; મના.

પછિ બુઢ્ઢાએ જુગતીથકી,લીધિ રજા દશ દીની નકી;
થયો જવા સાથે તઇયાર, કંમર બાંધી તે હુશિયાર. ૧૨૧
નમે ચાંદબા બાપાપ્રતી, સંભારે અલ્લા મનથકી;
એમ પછી તે ચાલ્યાં બેય, ઘોડીપર બેસીને તેહ. ૧૨૨

(દોહરા.)

તરુણ છોકરો ચાંદબા, બુઢ્ઢો બાપ જણાય;
રાજપાછળ પરવર્યાં, હોંસે બહુ દોડાય. ૧
મજલો મ્હોટી કાપતાં, મુકામ કરતાં રાત;
છઠ્ઠે દહાડે આવિયાં, જ્હાં રાજનો સાથ. ૨
બુઢ્ઢો તો દૂરજ રહ્યો, તરુણે કર્યો જુહાર;
'તમે એકલા કેમ છો, કયાં રક્ષણ કરનાર ?' ૩
'તેઓ કહે 'મ્હારાજ તો, અમને મૂકી આંહિ;'
'મૃગની પાછળ પરવર્યા, કો જાણે તે કાંહિ?' ૪
'અમને કહ્યું છે સાંજરે, આવિશ હું તમપાસ;'
'નહિંતો કાલે આતરફ, ખબર કહાડજો દાસ.' ૫
એમ વચન સુણતાં થયો, તરુણ છોકરો ખિન્ન;
'રાજા મરવાને ગયો, ઘણો બ્હડયો છે દિન ૧.' ૬
ફરી ફરી જૂહાર તે, વળ્યો દુઃખભરપૂર;
આડે રસ્તે ચાલિયો, શકને કરવા દૂર. ૭
થોડે જઇ બેએર મળી, માર્યા ઘોડા ખૂબ;
એક પ્રહર ખુબ દોડતાં, લાગ્યો સખ્તજ ધૂપ. ૮
નમતો પ્હોર થયેલ ને, વાગેલા વળિ ચાર;
નિરાશ થઇ તે બે રહ્યા, ખરેખરા લાચાર. ૯
પણ હિંમત નવ હારતા, આગળ ચાલ્યા જાય;
પણ બુઢ્ઢો મનમાં કહે, 'સાંજે સૂવું કહાંય.' ૧૦
તરુણ કહે નિજ મંનમાં, 'મરૂં રાયની સાથ;'
'ધન ભાગ્ય કે સ્વર્ગમાં, મેળવશું બે જાત.' ૧૧

૧ દહાડો ચઢયો છે; તડકો ઘણો છે. (કેમ તેને મળાશે એવો ચાંદબા વિચાર કરે છે.) ૨ ચાંદબા ને બુઢ્ઢો એ બેજણ એકઠા મળ્યા તે પછી.

બુઢ્ઢો બહુ સમજ્જવતો, તરુણ ન માને કાંય;
મંનમાં તો ગમતૂં નહીં, પણ તે કયમ કહેવાય. ૧૨
પાંચ વાગતે તો નદી, ઉતર્યા થઈ નિરાશ;
બેઠા તટપર તે પછી, આંબાકેરી પાસ. ૧૩
ત્યાંથી થોડે દૂર તો, આંબો મોટો એક;
ત્યાં ઘોડો ખંખારતો, દેખાયો વળિ નેક. ૧૪
હરણ પડયૂં લાંબૂં તહાં, ગરદન નાખી છેક;
થડનૂં ઓસીકૂં કરી, સૂતો માણુસ એક. ૧૫
કને તીર ને કામઠું, એવો તે દેખાવ;
જોઇ બહૂ ગભરાઇ તે, ચાલ્યા રાખી ભાવ. ૧૬
સાંજ્પ્હોરકેરો સમો, શરદે[૩] આસોમાસ;
પાણી ખળખળ વ્હે ધિમે, રંગ રંગ ચોપાસ. ૧૭
પંખી બોલે કુંજમાં, લિલોતરી દેખાય;
વાદળના રંગો ઘણા, નવા નવા શોભાય. ૧૮
પાસે જઇ જોતાં દિઠો, રંગપૂરનો રાય;
ભરનિદ્રામાં પાઘડી, પડીગયેલી ત્હાંય. ૧૯
એ વેળાની રાયની, કાંતી શી શોભાય !;
ધારિશકાય સ્હેજથી, મથે નહીં વરણાય. ૨૦
જોઇ દશા એ રાયની, ગભરાઈ તે નાર;
(પણ) સ્વાસ ચાલતો જોઇને, હિંમત રાખી ધાર. ૨૧
પછિ ધીમે રહિ મૂકિયો, તેણે કુમળો હાથ;
રાજાની છાતીઉપર, એવે જાગ્યો નાથ. ૨૨
બોલ્યો આંખ ઉઘાડતાં, 'અરે કમળની હાસ !';
ઝટ લઇ લીધો નારિયે, કર પાછો નિજપાસ. ૨૩
મનમાં સમજી ચાંદ્યા, 'મુજપર કેવો પ્યાર !';
'ધન ભાયગ છે માહરૂં, સફળ થયો અવતાર.' ૨૪
'મુખડાંની શી કાંતિ ને, વાણીતણી મિઠાસ!;'
'જોઉંછૂં તેવૂં કદી, સુણ્યૂં નથી ઓ આશ.'[૪] ૨૫

---

૩ શરદ ઋતુમાં. ૪ ઓ મારી આશા !

રાય વદે બેઠો થઇ, જોઇ માણસો પાસ;
'વટેમાર્ગુઓ કહાંથકી, આવો છો ભરઆશ.' ૨૬
'રહિયે પાસે ગામમાં,' કહે છોકરો 'રાજ';
'ફરતા ફરતા આવિયા, મુખડું જોવાકાજ.' ૨૭
'હમે ગામમાં સાંભળ્યું, રંગપૂરનો રાજ';
'છપ્પો વાંચીને બન્યો, પ્રેમઘેલડો રાજ.' ૨૮
'શિકાર બ્હાને નીસર્યો,વળી સાંભળ્યું એમ';
'બ્હોડું જોવા તેહનું, અહિંઆં આવ્યા ક્ષેમ.' ૨૯
'અમે કર્યુંછે નક્કિ કે, તે તો તમેજ રાજ;'
'હવે તમે શું કોહછો, બોલો મૂકી લાજ.' ૩૦
રાજા ટકટક જોય છે, પૂછનારનીસાંમ[૫];
ઉત્તર તો સૂઝે નહીં, બીજું ધારે આમ. ૩૧
'નથી છોકરો લાગતો, એ તો નારી જાત;'
'પણ કહેવાયે કેમ તે, બુઢ્ઢો એની સાથ.' ૩૨
એવે બુઢ્ઢો આવિયો, દૂર ઉભો તો જોહ;
'બેટા કયું ચલોગે અબી,' બોલ્યો એવું તેહ. ૩૩
સુણી શબ્દ બેટાતણો, પાછો કરે વિચાર;
'નર કે નારી શું હશે, પામું નહિં કંઈ પાર.' ૩૪
બેટો બુઢ્ઢાને કહે, 'કોઈ ગામ છે આંહ;'
'જોઇ આવિ મૂને કહો, કે જઈ રહિયે ત્યાંહ.' ૩૫
વાંકું વળિને કેહતો, 'ચાચા જલદી આવ;'
તેવામાં રાયે દિઠો, છાતીતણો ભરાવ. ૩૬
આમકરી બુઢ્ઢો ગયો, બાઝીપડિ તે નાર;
'પ્યારા હું તુજ કમળની, તું મારો ભરથાર.' ૩૭
રાજા વિસ્મય પામતો, 'આ શું સપનું થાય;'
ધીમે રહિને બાથ તે, ખસેડિ આયો જાય. ૩૮
'પ્યારા પ્યારા મેં લખ્યો,છપ્પો તૂને જાણ;'
'તું ભમરો હું કમળની, નક્કી તારી માન.' ૩૯

---

૫ સામે.

'બુઢ્ઢો તુજ સીપાઇ છે, લેખ તુને દેનાર;'
'પ્યારા આ ટાણે અહીં, રતીદાન દે યાર.' ૪૦
બાથ ભીડિને ડાબતી, છાતી છાતી સાથ;
અધરામૃતરસ ચૂસતી,કહિ કહિ 'વ્હાલા નાથ.' ૪૧
વચ્ચ વચ્ચે રાખતી, એક હાથની બાથ;
બીજે વાળ સમારતી, જોઈ સામું[૬] નાથ. ૪૨
'ઓ પ્યારા જો સાંજની, શોભા શી આ હામ !'
'શોભામાં શોભા મળે, રસના પીયે જમ[૭].' ૪૩
બોલ્યો ધીરજ લાવિને, તેવારે તે રાય;
'અરે પ્રેમદા આકળી, શાસારૂ તું થાય.' ૪૪
'જહાંલગી જાણું નહીં, નામ હામ ને ન્યાત;'
'તહાંલગી હું તો કબૂ, નાજ બગાડું જાત.' ૪૫
'હજીલગી તો નીમ છે, જો તે મૂકું આજ;'
'પણવી મ્હારે તે પડે, સારૂં નરસું કાજ.' ૪૬
પછી નરમ તે થઇ પડી, દીસે બહૂ ઉદાસ;
પણ સમજી પછિ તે કહે,'ધન્યધન્ય મુજઆશ.' ૪૭
'વાહુ રાય જો કમળની, હોયે મૂસલમાન;'
'પરણ્યો કે પરણ્યો નહીં,દો ઉત્તર ધરિ ધ્યાન.' ૪૮
રાજા કહે 'પરણ્યું જ હું, હોય ગમે તે જાત;'
'પ્યાર કરે સહુ પાક[૮]ને, કરે ઊંચ કમજાત[૯].' ૪૯
'ખરો પ્યાર ચોંટે તહાં,કો નવ જાતી જોય;'
'ઊંચ મનુષનો પ્યાર તે,નીચાંપર[૧૦]ના હોય.' ૫૦
'ડગલે ડગલે જાત છે, સ્વભાવમાં છે ફેર;'
'દેશ કર્મ ઊપેરથી, અનેક જાતો ખેર[૧૧].' ૫૧
'મુસલમાન અલ્લા કહી, માને છે મહમદ;'
'હીંદુ આતમજ્ઞાનથી, પીછાને અનહદ[૧૨].' ૫૨

---

૬ નાથસામું. ૭ કટોરા;પ્યાલા. ૮ પવિત્ર. ૯ હલકી જાતને ઊંચી કરે છે. ૧૦ ઊંચ મનુશનો પ્યાર નીચ મનુશ–વસ્તુસાથે થનારજ નહીં; ને કદાપી થાય તો તે ટકનાર નહીં. ૧૧ (અનેક જાત છે) અસો; હોઓ. ૧૨ ઇશ્વરને; બ્રહ્મને.

'અલ્લા ને કહું બ્રહ્મ ને, મહમદ આતમજ્ઞાન;'
'ખાનપાન કરવાવિષે, જાતી ગણૂં ન માન.' ૫૩
પછી ચાંદબા કેહછે, 'રંગપૂર મુજ ગામ;'
'મુસલમાન મુજ જાત ને, ખરૂં ચાંદબા નામ.' ૫૪
'હૂં છૂં તારી કમળની, રાખ ધ્યાને છોડ;'
'મરજિ પડે તો પરણિને, પૂરાં કર મુજ કોડ.' ૫૫
'આ ભગરબનો[૧૩] છે વખત, ખરૂં કહૂંછૂં રાજ;'
'હૂંજ કમળની ચાંદબા, ઊંચકૂળની લાજ.' ૫૬
રાજા કહે જો એમ તો, 'મ્હારે નઝકી છેજ;'
'જઈ શ્હેર સહુ દેખતાં, પરણ્યું તૂને શ્હેજ.' ૫૭
રાયે કીધી આખરે, બોકી ગાલે એક;
કુમળા કરમાં[૧૪] આપિયૂં, વચંન મ્હોટૂં નેક. ૫૮
એવે ખુટ્ઢો આવિયો, તે બે જણની પાસ;
'ચલો ઝટ્ટલઇ ગામમાં, બોળ્યો છે ઘરવાસ.' ૫૯
ત્રણ જણ તે પછિ જાયછે, ઘોડે બેસી જાણ;
મજુર આણુતો હરણને, પછવાડે તે માન. ૬૦
રાય ચાંદબા રહે નજિક, ખુટ્ઢો આગળ જાય;
ચંદનિમાં વાતો કરે, પરસપરે તે હાંય. ૬૧
પછી ગામમાં જઇકરી, કિધો ઉતારો ખાસ;
ઘોડાને દાણા દઈ, જળે મટાડી પ્યાસ[૧૫]. ૬૨
આઠ વાગતે મૃગ ભુંજી, રૂડાં પારણાં કીધ;[૧૬]
તેજ રકાબીમાં જમ્યાં, કર્યો પ્રેમને સિદ્ધ.[૧૭] ૬૩
થાકયાંલોથ સુતાં ખરાં, પણ ઊંઘે નહિં તેહ;
ઉઠી બેસિ વ્હાણાંલગી, વાત ન કરતાં રેહ. ૬૪

(ચોપાઈ.)

પછી કર્યો એવો સંકેત, બંનેનો મળતો છે બેત[૧૮];
'કોને કંઇ કહેવી નહિં વાત, પુરમાં જઇ મેળવવી જાત.' ૬૫

---

૧૩ સાંજ; સંધ્યાકાળ. ૧૪ હાથમાં ૧૫ તરસ (ઘોડાને પાણી પાયું.)
૧૬ ઘણા દિવસ વ્રત્ત પાળ્યા પછી નિરાંતે ખુબ ભોજન કરવું તે.
૧૭ નક્કી. ૧૮ વિચાર.

બંનેએ ખુબ કોટી કીધ, પરસ્પરે બોકીયો દીધ;
'પ્યારી' કહી સધાવ્યો રાય, એવામાં તો વ્હાણૂં વાય. ૬૬
મળ્યો સાથને વ્હેલો જઈ, જે સાંમે આવંતો સહી;
પછી રાય પોંચ્યો જઇ પૂર[૧૯], બદલાવૂં દીસે બહુ નૂર. ૬૭
ગઇ ચાંદબા બુઢ્ઢાસાથ, મજલ કાપતી દહાડો રાત;
(ચાંદબાએ)સોદાગરને વાતો કહી, જેણે પ્રથમ ન સાચી લહી. ૬૮
પ્રધાનને માંડીને વાત, કહી નૃપે તેડી એકાંત;
'થોડા દહાડા ગાળ્યાથકી, વ્હેમ લોકનો જાશે નકી.' ૬૯

(દોહરા.)

પંદર દહાડાની પછી, રાજા ધરી ઉલ્હાસ;
પ્રસંગ શોધી તેડતો, સોદાગર નિજપાસ. ૭૦
કચેરિમાં બેસાડતો, આપી અદકાં માન;
'મોટો એ સરદાર છે,' વજીરને કહે 'જાણ.' ૭૧
(તેણે) જાગીરો બહુ આપિને, તરતૂં કીધૂં કૂળ;
કહ્યું સાસરૂં જોઇતૂં, પોતાને અનુકૂળ. ૭૨
સિપાઇને પણ તજવિજે, મોટી પદવી દીધ;
ખાસ કરીને રાખિયો, જેણે મ્હેનત લીધ. ૭૩
પછી ધામધૂમો કરી, પરણ્યાં નૃપ ને નાર;
પ્રજા હરખમાં આવિને, આશિષ દે બહુ સાર. ૭૪

(ચોપાઇ.)

એ રીતે મનગમતી કીધ, રાણી તે તો છે નવનીધ[૧];
પ્રેમ પરસ્પર એમ કસાય, ત્હારે સાચૂં સુખ હોરાય. ૧
ભણી ગણી છે ડાહી નાર, ચતુર છતે સાંખી રહેનાર,
શીલધરી[૨] રસની[૩] રમનાર, પ્રિયને ઉત્તેજન[૪] દેનાર. ૨

---

૧૯ રંગપુર; નગર. ૧ કુબેરના નવ ભંડાર. [સુખનાં કીમતી સાધનો.]
૨ પતિવ્રત પાળનારી. ૩ શૃંગારરસની.
૪ ધણીના વિચારને ટેકો આપવો તે; ઉસકેરણી.

રાજાની ઉમ્મર પચ્ચીસ, રાણીની બે ઓછી વીસ;
રૂપવંતાં ગુણવંતા બેય, હળીમળીને પરણ્યાં તેહ. ૩
પરણ્યાં થઈ છતાં[૫] નરનાર, ધામધૂમ પુરમાં બહુ ધાર;
રૈયત રાજી થાયે ઘણી, જોડ જોઈ નૃપરાણીતણી. ૪
પરણ્યાકેરો કહાડે બની, રાણિ રાજ ઘેલાઈ ઘણી;
રંગમ્હોલમાં મહિનાલગી, ઇશ્કનિ[૬] ખૂબ કનકવી[૭] ચગી. ૫
પછી મ્હાલમાં ફરવાતણી, રાણીને ઈચ્છા થઈ ઘણી;
'જવું સજોડે' રાણી વદી, જોવાં રાનો ડુંગર નદી. ૬

(દોહરા.)

એકવાર કહું ચૈત્રમાં, વદ પડવાને દંન[૮];
ફરવા નિસર્યાં બેજણાં, રાણી ને રાજંન. ૭
નમતે પ્હોરે બેતરે, શોભા અદકી હોય;
ખુલ્લો વાયૂ સેવતાં, સૂર્ય-અસ્ત તે જોય. ૮
વાદળના રંગો જૂવે, એકકને વળિ જોય;
હસતાં દિપતાં સૂખડાં, અનુપમ[૯] રંગે સ્હોય. ૯
પછિ ચુંબનકરિ ભેટિને, પાછાં વળતાં જોમ;
સુણે ગાન મધુ[૧૦] કુંજમાં, પંખીયોનાં તેમ. ૧૦
વળી[૧૧] કુંજને મારગે, ટેકરિઊપર જાય;
જહાં સરવનાં ઝાડ બહુ, ઊંચાં શોભે ત્યાંય. ૧૧
બે બાજૂની ઝાડિયો, મળે ઉપરથી જોહ;
જ્હેક જ્હેક બહુ થઈ રહી, લ્હેકે[૧૨] કુંજે તેહ. ૧૨
ઝાડ સરવનાં સન્મુખે,[૧૩] તેની પેલી પાસ;
ચંદ્રોદય[૧૪] શુભ દીપતો, રાતો છે આભાસ. ૧૩
કુંજગલીમાંથી ઉંચે, ચ્હડતાં ટેકરિ ઊંચ;
જુયે ચંદ્ર ચ્હડતો ઉંચે, ઝાડીમાંથી ઊંચ. ૧૪
આંખ ઠરી બે જોઇને, વળી ઠર્યા બહુ કાન;
ગાન સુણી એકાંતમાં, બુલબુલકેરાં માન, ૧૫

---

૫ જાહેર. ૬ પ્રેમના જોરસાની. ૭ નાનો પતંગ.
૮ દિવસે. ૯ સરખાવી ન શકાય તેવું. ૧૦ મધુર.
૧૧ જઇ. ૧૨ હાલે; નીચે નમે. ૧૩ સામે. ૧૪ ચંદ્રનું ઉગવું.

મંદ વહ્યા વાસીત[૧૫] રે, વાયૂ અંગે સર્વ;
ઠરી ત્વચા[૧૬] ને નાસિકા,[૧૭] ઠર્‍યાં રુવાં તજિ ગર્વ. ૧૬
પછી ટેકરીએ ચ્હડી, પોંચ્યાં ડેરે[૧૮] આપ;
અગાસિમાં બેઠાં જઈ, રૈયતનાં માબાપ. ૧૭
જોતાં રચના ત્યાંથકી, પીતાં ખુન દુધસંગ;
રાણી કહે રાજપ્રતી, 'રમવો આજે રંગ.' ૧૮
ઉમંગથી ભોજન કરી, સુવા ઓરડે જાય;
આવ્યો દુત[૧૯] એવે સમે, કહેવાને તે ત્હાંય. ૧૯
'રંગપૂર તો રહાડ[૨૦] બહુ, નાખે છે મ્હારાજ;'
'ત્રાસે ન્હાસેછે જનો, આવી રાખો લાજ. ૨૦
'મ્હારવટૂં બહુએ કર્યૂં, પણ નહિં ઠગીસમાન;'
'ઘોળે દીસે ધાડ તે, પાડે હિંમતવાન.' ૨૧
'તમને અહિં આવ્યા સુણી,ઠગી નીકળ્યો મ્હાર,'
'લુચ્ચાનૂં ટોળૂં કરી, આપ બન્યો સરદાર.' ૨૨
'મ્હાલોમાં ખુમરાણ ને, ઝૂરે રૈયત નેક;'
'સિપાઇ જખમી થઇ પડે, જાય આપણો ટેક.' ૨૩
'જુદા વેશ લઈ મારતો, સિપાઇને તે પ્હેલ;'
'પછી કરે તોફાન કે, મળિઆવે સહુ સ્હેલ.' ૨૪
'બાળે ગંજી ઘાસની, બાળે કાલાંહાડ[૨૧];'
'બાળે સેરડિવ્હાડ[૨૨] ને, બાળે ખેતરવાડ.' ૨૫
'બાળે ગાડાં રહેંટ ને, બાળે બાગો જેહ;'
'બાળે કણસાં ખેતરે, બાળે ઘર બહુ તેહ.' ૨૬
'વટેમાર્ગુને મારતો, લૂટી લેતો માલ;'
'આવ્યો કે જન ગામના, જાણે તેને કાળ.' ૨૭

---

૧૫ સુગંધીવાળા. ૧૬ ચામડી.
૧૭ નાક. ૧૮ મુકામે. ૧૯ જાસૂસ; સંદેશો લાવનાર.
૨૦ કળકલાણ; ચીસ.
૨૧ કપાસના ઠોડવાં જ્યાંહાં ગોડીવાર ભરી રાખે છે તે વાડો. એ શબ્દ પુલિંગે છે. ૨૨ શેરડી વાવેલી એવા જમીનના કકડાને વ્હાડ કહે છે. એ શબ્દ પુલિંગે છે.

'માણસને પકડે અને, ઢોરોને લઇ જાય;'
'કોરીયો[૨૩] ઉધરાવતો, વળી ઢેબરાં[૨૪] ત્યાંહ.' ૨૮
'કોને લૂટે ગામમાં, કોને દંડે ખૂબ;'
'કોનાં માથાં કાપતો, પટેલ તે સહુ ચૂપ.' ૨૯
'બ્હાર[૨૫] આપણી બહુ ચ્હડે, ના પકડાયે ચોર;'
'એવો ખંધો છે ઠગી, રાખે છે બહુ તોર.' ૩૦
'ઠગીતણા ખુટ્ટાતણી, લાગી નહિં કંઇ દાદ;'
'પિતાજિકેરાં રાજમાં, એમ વેર થયું આદ.'[૨૬]' ૩૧
'એ ખુટ્ટો રીબાઇને, આખર પામ્યો મોત;'
'વેર તેનું લેવાથકી, ઠગી બતાવે પોત.' ૩૨
'માટે તાકિદથી હવે, પધારજો મ્હારાજ;'
'તમારિ ને રૈયતતણી, રાખો રૂડી લાજ.' ૩૩

(ચોપાઇ.)

દૂત વચન સૂણીને રાય, બોલ્યો ઘોડી 'લાવો આંહ્ય;'
'પ્યારિ ચાંદબા જઇશું હમે, કાલ આવજો સંધાં તમે.' ૩૪
'હવે નહીં ઢૂંથી રહેવાય, જિવડો આકુળવ્યાકુળ થાય;'
'કહારે જઇને પકડું ઠગી, વળશે નહિં કળ[૨૭] તો ત્યાંલગી.' ૩૫
'મૂકીદો દલગીરી હાલ, સંભાળી નીકળજો કાલ;'
'રંગમ્હોલમાં રહેજો જઇ, કો વાતે ગભરાશો નહીં.' ૩૬
'પ્યારી ધણો છઉં દલગીર, તને મને આ[૨૮] લાગ્યું તીર;'
'મને ચ્હડી છે શીરે ઝૂમ, તૂં તો બની ગઇ છે ઘૂમ.' ૩૭
'તૂંને મુકવી ગમતી નથી, દલગીરી વરણૂં શું કથી;'
'કહારે મળશૂં પાછાં ફરી, તે જાણે છે માત્રે હરી.' ૩૮
'મેં તો કરી પ્રતિજ્ઞા[૨૯] એમ, ઠગી મારું તો આવૂં ક્ષેમ[૩૦];'
'પકડાએ નહિં જો તે ચોર, પાછો ના આવૂં આકોર[૩૧].' ૩૯
'કાંતો મરૂં ઠગીથી જાણ, કાંતો તેનો કહાડું ધાણ;'
'કાયર થઈ ના પાછો હઠું, બાનવચે બોલ્યૂં ના લટું.' ૪૦

---

૨૩ રૂપીઆની ત્રણ કોરીઓ થાય છે. ૨૪ રોટલા. ૨૫ વાહારે–રક્ષણે–કુમકે ગયલું જે લશ્કર તે. ૨૬ પેહેલું. ૨૭ ચેહેન; નિરાંત. ૨૮ જુદાઇનું. ૨૯ વચન; સોગન. ૩૦ કુશળ; સલામત. ૩૧ આ તરફ.

'પણ હમણાં એ પ્યારી તને, છોડું તે લાગે બહુ મને;'
'તેમાં વળી અરે આજેજ? અહિંયાંસૂધી આવીનેજ!' ૪૧
'હશે વાત તું યાદ ન લાવ, પ્યારી ભેટી લઇયે આવ;'
'કોણે દીઠી છે રે કાલ, એ પ્યારી તારૂં બહુ વ્હાલ.' ૪૨
'સંકટ[૩૨] આવ્યૂં એકાએક, તેને મળવૂં[૩૩] એ મુજ ટેક;'
(પણ) 'હશે દેવની મરજી એમ, તારે કરવો શોકજ કેમ?' ૪૩
'થયો રંગમાં ભંગ જ મોટ, કાંઠે આવી બૂડી બોટ;'[૩૪]
'પીતાં અધવચ ઉઠવૂં પડયૂં, તારૂં મારૂં ભાયગ રડયૂં.' ૪૪
'ગભરાઇશ મા કાંઇ લગાર, આવીને રમશૂં શૃંગાર;'
'હમણાં મને વ્હડયૂં છે શૂર, શોક તજી દે સમજી ઊર.'[૩૫] ૪૫
'હવે નહીં વ્હાલો શૃંગાર, હૂં તો આ ટાણે જનાર;'
'ચતુર ડાહિ એ સમજૂ નાર, આપ મને ઉત્તેજન યાર.' ૪૬
'પ્યારી તારી આ તસવીર, હૈડાંપર રાખૂં હૂં વીર;'
'જોઇ જોઇ ઉત્તેજન લઉં, ઠગી મારિ જસ તૂને દઉં.' ૪૭

(દોહરા.)

જે જે રાજા બોલતો, ઉભો રહી પરમાણ;
તે તે રાણી સૂણતી, માંડીને બહુ કાન. ૪૮
રાણી ઊભી તોયપણ, ધ્રૂજે રેહ ન ટટાર;
આધી હૂતી તે કને, આવી પાસે નાર. ૪૯
જેમ વેલિ તે ઝાડને, વળગી શોભીરેહ;
તેમ રાણિ તે રાયને, ટેકી ગદગદ કેહ. ૫૦
જમણા કરની બાથ તો, રાયનિ કેડે સ્હોય;
ડાબો કર ચંપાયાલો, નૃપજમણામાં[૩૬] જોય. ૫૧
શીર રાયની છાતિયે, અઠીંગાયલૂં હોય;
દૃષ્ટી નીચી ભૂમિયે, વચ્ચે વચ્ચે રોય. ૫૨
'નથી આડિ હૂં આવતી, નથિ રોકતી જાણ;'
'નથી મૂર્ખ હૂં ડાહિ હૂં, જાવૂં તો પરમાણ.' ૫૩
'નથી બુદ્ધિ મુજ પ્હાનિયે,નથી આકળી માન;'
'નથી સ્વારથી પણ છઉં, પ્રેમઘેલડી પ્રાણ[૩૭].' ૫૪

---

૩૨ આફત દુઃખ. ૩૩ સામે થવું. ૩૪ હોડી. ૩૫ હૈયામાં.
૩૬ રાજાના જમણા હાથમાં. ૩૭ એ મારા પ્રાણ.

'પણ આપે જો તૂં રજા, બોલૂં હૂં બે બોલ;'
'થોડાંમાં બહુ સમજજે, કરજે પ્રેમી[૩૮] તોલ.' ૫૫
'ઓ પ્યારા ત્હારે જવૂં, જલદી સાચી વાત;'
'ભાગીલઉં છૂં એટલૂં, કહાડ આજની રાત.' ૫૬
'નુર તારૂં આજે પડે, આ કુખમાં શુભ સાર;'
'સંતોષે દુખ વીસરૂં, જોતાં તે[૩૯] તૂં યાર.' ૫૭
'જંગલમાં ભમશો તમે, ચૈતરના છે તાપ;'
'બ્હાર ભિતર ઉકળાટથી, થશે ઘણો સંતાપ.' ૫૮
'થોડાં લેશો માણસો, સાહસના કરનાર;'
'ધસશો તેને પણ મુકી, એવા છો સરદાર.' ૫૯
'સાવધ રેહવૂં નાથજી, નથી ઝડપનૂં કામ;'
'આજ રહી કાલે જજો, જસ દેશે શ્રીરામ.' ૬૦
'ફરી મળ્યાં કે ના મળ્યાં, થશે મૂજ શા હાલ;'
'ઓ પ્યારા સમજોછ તૂં, બે શીખામણ આલ.' ૬૧
એમ બોલતાં પડિગઈ, પ્રેમે ગદ્‌ગદ નાર;
વજેસંગ ઊઠાડતો, ધીરજ દેતો સાર. ૬૨
રાજા પણ ધીરો થયો, બંને બેઠાં પાસ;
ચૂમી લઇ ડાખી કરે, 'આ શૂં મારી આશ.?'
'બ્હારી તૂં કહેવાય ને, હિંમત મૂકે કેમ;?' ૬૩
'વીરપુરૂષની નારનો, યશપર હોયે પ્રેમ.'
'જોઇ પરાક્રમ માહરૂં, પરણી મારીસાથ;' ૬૪
'જાઉં પરાક્રમકાજ તો, શૃંગારી[૪૦] શી વાત.?'
'પ્રજાતણૂં ભય દુર કરી, આવૂં પાછો ઘેર;' ૬૫
'પ્રેમામૃત[૪૧] તુજ ત્યાંલગી, બ્હારે મન છે ઝેર.'
'કદી મુઓ તો શૂં થયૂં, મરવૂં એકજ વાર;' ૬૬
'રણમાં મરવૂં તેથકી, સારું ન બીજૂં ધાર.' ૬૭
'બ્હેલૂં મોડૂં સર્વને, મરવૂં છે પ્રિય નાર;'
'બ્હેલો જો કદિ હૂં મુઓ, પાછળ તૂં મરનાર.' ૬૮

---

૩૮ ઓ પ્રેમી–પ્રેમને સમજનારા તારે તોલ કરવું.
૩૯ ગર્ભને જોઇને એમ માનીલઉં કે તને–પ્યારા ધણીનેજ જોઉંછું.
૪૦ શૃંગાર સંબંધી ૪૧ પ્રેમરૂપી અમૃત. ૪૧ હદ; આખર.

'સર્વ વસ્તુ મરતી ખરે, એવો છે જગનીમ;'
'કીર્તિ એકલી ના મરે, બાકી સહુની સીમ[૪૨].' ૬૯
'રણયશ લઇ જરે મરૂં, ધીરજ રાખી રેહ;'
'ધીરજયશ મોટો બહુ, જ્ઞાની લોકો કેહ.' ૭૦
'ધીરજયશ ભવરણવિષે, દુખને સુખ કરનાર;'
'મરજે પાછળ તે મુકી, ઉત્તેજન દે નાર.' ૭૧
'થોડિવાર દુખ તો થશે, પણ તે રહેવું યાર;'
'દુખમાં ધીરજ રાખવી, લેવી લ્હેજત સાર.' ૭૨
'સંતતિસારૂ તલપવું, એ મોટું અજ્ઞાન;'
'વાત કહાડ ચિતમાંથકી,એમાં નહિં તુજ માન.' ૭૩
'તુજ[૪૩] મારૂં યશ માહરો,જનમાં તૂં આલોક[૪૪];'
'મંગળ મંગળ કર હવે, મુકી દઇને શોક.' ૭૪
'મ્હેલે જઇ નિશ્ચિંતથી, કચેરિને સંભાળ;'
'ઠગી હણી આ આવિયો, નકી ને નિરધાર.' ૭૫
ચૂમી લઇ ભેટી પછી, આપી વીટી નેક;
એધાણી નિજ પ્રેમમાં, જેમાં મ્હોટો ટેક. ૭૬
પછી રાય તે જાયછે, 'પ્યારી' કહિને બ્હાર;
'પ્યારા વ્હેલા આવજે,' કહેછે અબળા નાર. ૭૭
આંસૂ લૂછી બોલતી, હિંમત આણી ઊર;
'વ્હેલા વળજો નાથજી, જસસાથે ભરપૂર.' ૭૮
વળી રાયને જોયછે, પાછળથી તે નાર;
પછી રડે ઘરમાં જઈ, કહાડેછે સણગાર. ૭૯

(ચોપાઈ.)

રાણી રડે મુકીને પોક, દાસીયો મૂકાવે શોક;
અંતે થાકે ઊંધી ગઈ, નીસાસા મૂકીને રહી. ૧
વ્હાણે વાએ ઊઠી કરી, ધીરજ તો મનમાં બહુ ધરી;
દર્દ દીલનૂં જણવ્યૂં નહીં,થઈ બ્હાવરી નહિં તે કહીં. ૨

---

૪૩ મારો યશ તેજ મારૂં નુર સમજ. ૪૪ જો.

નમતે પ્હોરે નિકળ્યાં સહૂ, રાચરચીલો લઇને કહૂં;
વળી રસાલો મોટો બહૂ, જેમાં રાણી મૂખી લહૂં. ૩
મુકામ બે ક રતાં તે ગયાં, રંગપૂર આવીને રહ્યાં;
પ્રધાનને રાણી બે મળ્યાં, ભાઇ બેન જેવાં તે હળ્યાં. ૪
પ્રધાન કહે 'સો માણસ લઈ, રાયગયા અહિંથી થઇ સહી;'
'પચ્ચિ પચ્ચિની તુકડી ચાર, એકકમાં મોટો સરદાર.' ૫
'પોતે તો બદલ્યોછે વેશ, રાય જણાય નહીં તે લેશ;'
'સિપાઇ સાદો હોયે એમ, રાય સરવને જણવે તેમ. ૬
'કહી ગયાછે મૂને રાય, રાણી ના મૂઝાએ કાંય;'
'કંઇ સોંપન્યે એવું કામ, શોક રહે નહિં તેને નામ.' ૭
'રાણીજી સમજોછો સહૂ, વિશેષ તમ આગળ શૂં કહૂં;'
'ઝટ્ટ આવશે પાછા રાજ, કરો નીત મનગમતાં કાજ.' ૮

(દોહરા.)

પ્રધાન વેણો સૂણતાં, થઈ સજળ છે આંખ;
'કામ મને કંઇ સોંપન્યે,' બોલી રાણી રાંક[1]. ૯
કામકાજમાં ચિત્ત તે, રાખે ઝાઝું નીત;
દિવસે કંઇ દુખ વીસરે, રાતે રડે ખચીત. ૧૦
કુતકૅ ને સાણાંથકી, જ્યારે થાય ઉદાસ;
તારે પુસ્તક વાંચિને, જિવને આપે આશ. ૧૧
વાંચે દરદી[2] ગ્રંથને, ૫રવા રોજે જાય;
વીરવચન સંભારિને, શોક કહાડતી થાય. ૧૨
રાયતણા જસ ગાઇને, જોઇ જોઇ તસવીર;
શીખ વિચારી તેહની, રહેતી રાખી ધીર. ૧૩

(ચોપાઇ.)

એ પરમાણે રાણી જેહ, ડાહી ધીરજ રાખી રેહ;
હવે રાયનૂં શૂં તે કહૂં, ઠગી બોળતો વનમાં લહૂં. ૧૪
ચારે ટુકડી બોળ્યાં કરે, ઠગી કૅંઈ ના નજરે પડે;
એમ ગયા છે દહાડા સાત. ત્હારે આવી કાને વાત. ૧૫

---

૧ (વિજોગને દુખે.) ૨ સ્ત્રીપુરૂષના વિયોગસંબંધી.

પશ્ચિમ ટુકડીનો દુત જેહ, દોડી આવી પૂરવ કેહ;
જેમાં સિપાઇ વેશે રાજ, રૈયતની જાણે બહુ દાઝ. ૧૬
'થોડિએક લાગી છે ભાળ, નજિક આવશે તે અહિં કાલ;'
'તેને ખબર નથી કે રાજ, અહીં પધાર્યાછો આ કાજ.' ૧૭
'એના સાથી હેંસી એક, તેમાં ઝાઝા મૂરખ છેક;'
'પણ લડવામાં બ્હાદુર તેહ, એ ટુકડીમાં ફરતા રેહ.' ૧૮
'પશ્ચિમ છોડી દક્ષિણભણી, જાયે હમણાં પોતાતણી[૩];'
'બીજી[૪] વળતી ઉત્તરથકી, પૂરવમાં જાવાને નકી.' ૧૯
રાજા કહે 'સાંભળજ્યો ચાર[૫], દક્ષિણગમ જાવું નિરધાર;'
'કરો ચારના[૬] ત્રણ રે ભાગ, ત્હારે ફાવે સારો લાગ.' ૨૦
'થોડે થોડે છેટે ખસો, મ્હારી પછવાડે સહુ ધસો;'
'પણ સંતાયા રહેજ્યો બહુ, પાર પડે કામો તો સહૂ.' ૨૧
'ત્રણજણ આવો મ્હારીસાથ, મ્હારીસાથે કરવા વાત;'
'પછવાડેથી આવો સહૂં, ચોકસાઇ રાખીને બહૂ.' ૨૨
તીજે દહાડે ટુકડી મળી, ગોળ વાંકમાં ચાલે ભલી;
પછી ત્રણ ને ચોથો રાય, સહુથી બ્હાર ધસીને જાય. ૨૩
અર્ધ ગાઉને છેટે રેહ, રાજાનૂં લશ્કર જે તેહ;
પોતે ચારે ચાલે વળી, ગપ્પાંઓ ચલવે છે ભલી. ૨૪
તડકો તો કેહ મારૂં કામ, શરીરમાં ગંધાયે ધામ[૭];
મ્હોટા વડની છાયા તળે, વીસામો ખાયે તે ભલે. ૨૫
એવે ત્હાં આવ્યો છે ઠગી, પૂછે 'અહિં જાવું કહાંલગી;'
'કોણ તમે ને શો વીચાર, વજેસંગના શૂં છો ચાર[૮].'? ૨૬
વટેમારગૂ બોલ્યો એક, રાખીને પોતાનો ટેક;
'ઠગીતણા માણસ છો તમે, પુછવાપરથી લહિયે હમે.' ૨૭
'વજેસંગના છઇયે ચાર, એમાં તો નહિં સંદે ધાર;'
'તેને કામે ફરિયે આજ, ઠગી મળે તો થાયે કાજ.' ૨૮
ચાર[૯] જોઇને બીધો ઠગી, ચારે સરખેસરખા ઠગી;
સજેલ સહુએ ખુબ હથિયાર, પણ પગઊપર તે અસવાર. ૨૯

---

૩ જેમાં ઠગી બ્હારવટિયો પોતે છે તે. ૪ બ્હારવટિયાની બીજી ટુકડી. ૫ સંદેશા લાવનાર; જાસુસ; દુત. ૬ ચાર ટુકડીના. ૭ પરસેવો. ૮ જાસૂસો. ૯ ચાર જણા.

ઠગી મંનમાં કરે વિચાર, 'આતો હું સપડાયો યાર;'
'ચારનિ[૧૦] આગળ ચાલે નહીં, હાસૂં તો મરિજાઉં સહી.' ૩૦
ઠગી વિચાર કરે છે મને[૧૧], પણ હોડેથી ઉત્તર ભણે;
'હું તો છૂં સોદાગર એક, વજેસંગ રાજાનો નેક.' ૩૧
'વજેસંગ છે મ્હારો બાપ, કમાઉં તે તેનો પરતાપ;'
'ઇચ્છા મ્હારી આજે ઘણી, કરું સેવા રૂડી તમતણી.' ૩૨
'ચલો પધારો ભાઈ આમ, થોડે છેટે છે મુજ ગામ;'
'જરા વિસામો લઇને ફરો, ઠગી આવશે એવે ખરો.' ૩૩
'ચારે જણને છે સંદેહ, પણ નક્કી નહિં કે એ તેહ;
તોએ સાવધ ઝાઝા રેહ, રખે ઠગી કો કરતો છેહ. ૩૪
ચારે જણ ના કહે છે ખરે, પેલો[૧૨] કાલાવાલા કરે;
અંતે વજે[૧૩] કહ્યું કે 'ભાઇ, ચાલો જરે કહે છે ચ્હાઈ.' ૩૫

(દોહરો.)

ઘોડીથી ઠગિ ઊતરી, ચાલે પેલા સાથ;
એવામાં કૌતક[૧૪] બન્યું, તે સાંભળવી વાત. ૩૬
ઠગિયે ઘોડીને કહ્યું, 'જા તૂં વ્હેલી ઘેર;'
ત્હારે તે ખંખારતી, દોડીગઇ સુરભેર. ૩૭
તે ઘોડી જઈને મળી, જ્હાં ઠગીનો સાથ;
જોણે[૧૫] ઘોડી જોઇને, 'જણ્યું બગડી વાત.' ૩૮
ઘોડી પાછી આવિ ને, ઠગીપાસ તે જાય[૧૬];
ચારે જણ કહે તોયપણ, ઠગી અસવાર ન થાય. ૩૯
ઠગીતણા માણસ સહૂ, કરે ઝડપથી કૂચ;
તે જોતાં નૃપસેન તે, આવ્યૂં ત્હાં ઉચમૂચ[૧૭]. ૪૦
ઠગીમાણસો ન્હાસતાં, અહિં તહિં ઝટ સંતાય;
પણ રાજાની વ્હાર તે, ખૂણામાં[૧૮] પણ જાય. ૪૧

---

૧૦ ચાર જણાની. ૧૧ મનમાં.
૧૨ ખ્હારવટિયો. ૧૩ રાજાએ.
૧૪ નવાઈનો બનાવ. ૧૫ ઠગીના સાથીઓએ.
૧૬ ઘોડી, ઠગીની સોડમાં અથડાય એવી મતલબથી કે ઠગી તેપર સ્વાર થાય ને હું વ્હેલી વ્હેલી લઇજાઉં.
૧૭ એકાએક; અચબૂચ. ૧૮ ખુણામાંથી પણ શોધી કહાડે.

એવે પાંચે આવતા, દુરથી જોય બનાવ;
ઠગી મંન ગભરાય ને, જડે ન તેને દાવ. ૪૨
'જરા હું આગળ જાઉંછું,' ઠગી કરીને એમ;
ઘોડીપર થઇ સ્વાર તે, ન્હાસીજાયે ક્ષેમ. ૪૩
રાયે તાકી મારિયું, ઘોડીને કસિ તીર;
જેથી તે પડિ ઝટ્ટ લઈ, સવાર તોએ ધીર. ૪૪
ઝાડીમાં સંતાયલો, રહ્યો ઠગી કંઈવાર;
એવે લશ્કર રાયનું, આવિ મળ્યું તે ઠાર. ૪૫
લશ્કર કહે રાજા 'હમે, મારી પકડયો સાથ;'
'પણ તેમાં દીઠો નહીં, ઠગી ન લાગ્યો હાથ.' ૪૬
ચારે મંન વિચારિયૂ, 'તેજ ઠગી નિરધાર;'
'ચલો પકડિયે તેહને, હવે નહીં કંઈ વાર.' ૪૭
સેને ઝાડી ઘેરિને, ભારે ભેળા જાય;
કરે બ્હાર પિસ્તોલના, અંદર જઇને ત્હાંય. ૪૮
અંતે ઝુમમાં ઊઠિને, થઈ મરણિયો છેક;
ઠગી ચલાવે તીર બહુ, ધરી શૂરનો ટેક. ૪૯
ઠગિયે નિજ તીરે કર્યા, દશ પંદર ધાએલ;
એવો ફક્કડ શૂર ને, રૂપે પણ તે છેલ. ૫૦
રાજાની આજ્ઞા સખત, તેથી લાગે વાર;
'જિવતો એને ઝાલવો, તેમાં કિરતી સાર.' ૫૧
એવે ગોળી રાયની, ઠગીનળામાં જાય;
પડયો ઝટ્ટ તે તેટલે, હરખાયો બહુ રાય. ૫૨

(ચોપાઇ.)

ગોળિ કહડાવી માણુસપાસ, હથિયારો લેવાડયાં ખાસ;
'ડોળીમાં સૂવાડી કરી,' કહે રાજા 'લઇ આવો અરી[૧૯].' ૫૩
રાજાએ કીધો હોકંમ, ઘોડી તે ઊંચે તોખંમ;'
ચિત્ર લઈને રાખો પાસ, મને ઘણી છે તેની હાંસ.' ૫૪
'દટાવિ દો ઘોડીને તહીં, કબર ચણાવો ઊપર સહી;'
'પછી પડાવો ઊપર ચિત્ર, વળી લખાવો તે મુજ મિત્ર.' ૫૫

---

૧૯ શત્રુને.

એવું કહેતાં કીધો શોક, તે સંઘા જૂએ છે લોક;
'ફોકટ ઘોડી મારી અરે, પણ ઊપાય ન બીજો ખરે.' ૫૬
'ધન્ય ધન્ય ઘોડી છે તને, કેમ મળી નહિં તું રે મ્હને;'
'ભલી[૨૦] બુરાની[૨૧] કરતી સેવ, હુકમ બજાવી દે તતખેવ.' ૫૭
'બૂરે[૨૨] વાત શિખાડી ભલી, તે પરમાણે ચાલી ભલી[૨૩];'
'બૂરે નિજ બૂરૂં[૨૪] ના તજ્યૂં, સદ્‌ગુણમાં પશુ[૨૫] જનથી વધ્યૂં!' ૫૮
પછી ચહડ્યો ઘોડીપર રાય, સહૂ સેન તે પાછળ જાય;
મજલો મ્હોટી કાપે રોજ, ઠગી જોઇને માણે મોજ. ૫૯
વળી ઠગીનો સંઘો સાથ, જેના છે બાંધેલા હાથ;
મ્હામેરાંમાં તે પણ ખરા, તોએ ના શરમાએ જરા. ૬૦

(દોહરો.)

રંગપૂર સહુ આવિયા, પ્રજા હરખથી જોય;
શૂરવીર રાજા કુડો, વજેસંગ તે સ્હોય. ૬૧

(ચોપાઇ.)

પછી રાજ ઝટ મંદિર ગયો, રાણી નિરખી દૂઃખી થયો;
બોલ્યો 'પ્યારી કાં મૂઝાય, હવે સંધુ તુજ ગમતૂં થાય.' ૬૨
ઉમંગમાં તે વળગ્યાં બેય, ચુંમીઓ લઇ છૂટયાં તેહ;
રાણીનો તો હરખ ન માય, બકરી તે ઘોડી દેખાય. ૬૩
ચોથે દહાડે ચુકવ્યો ન્યાય, દયાળુ બહુ દેખાયો રાય;
'મરણદંડને લાયક ઠગી, રહે કેદી તે મરતાલગી.' ૬૪
સાથીઓને ઘટતી સજા, આપી કો કોને તો રજા[૨૬];
વજેસંગના જસની ધજા, ગામે ગામ ઉડીરહિ મઝા. ૬૫

(દોહરા.)

બંદોબસ્ત કરયા બહુ, બિજો ઠગી ના થાય;
રાજા રૈયતલાભમાં,બહુ બહુ કરવું ન્હાય. ૬૬

---

૨૦ તું ભલી ઘોડી. ૨૧ બુરા ઠગીની. ૨૨ દુર્ગુણી માણસે.
૨૩ ઊંચ કુળની. ૨૪ દુર્ગુણ; બુરાપણું.
૨૫ જનાવર માણસથી વધારે સારૂં. ઘોડીએ તો પોતાના ઠગી ધણીને નિમકહલાલી બતાવી, પણ ઠગી પોતાના રાજા ધણીની સામે થયો. એ બધી તોખમની અસર છે. ૨૬ કેટલાકને છોડી મુકયા.

રોજ રોજ રમતાં રહે, નાનાવિધ શૃંગાર;
વજેસંગ ને ચાંદબા, કામદેવ રતિ ધાર [૨૭]. ૬૭
એમ પછી તે ચાંદબા, બે તેને [૨૮] બહુ સ્હોય;
હરખે આશભર્યાં સહુ, નગર જંન તે જોય. ૬૮
(૧-૨)

નર્મટેકરી* અને તેપર કરેલા વિચારોમાંના કેટલાક.

(ચોપાઈ.)

મુંબઇલગતૂં ન્હાનૂં ગામ, પરેલ મધુરૂં કોમળ નામ;
વસતી ગરીબ ત્હાંની ઘણી, સંખ્યા નહિં ઝાઝી તેતણી. ૧
ગામ નથી જોવા લાએક, (પણ) આસપાસની રચના નેક;
હવા પાણિ સારાં બહુ ત્યાંહ, કુદરતના દેખાવો જ્યાંહ. ૨
ખેતર મેદાનો ને બાગ, શોભેછે ત્યાં જગોજગ [૧];
અનેક ઝાડો પંખી ઘણાં, રચનામાં હોયે શી મણા! ૩
શ્રીમંતોની વાડી બહૂ, ખુલ્લામાં ખૂલે તે સહૂ;
ઝાડ પાન ફૂવારા હોજ! વળી બંગલાકેરી મોજ! ૪
પણ જોવાને તો લાએક, ધામ [૨] ગવરનરનૂં છે એક;

---

૨૭ જાણે કામદેવ ને તેની સ્ત્રી રતિ હોયની.
૨૮ એકતો પોતાનું ને બીજું પેટમાંના ગર્ભનું તેજ.
* પ્રીતીદુઃખથી હું એકાંત શોધતો હતો–તેમાં ૧૮૬૨ ના જુનમાં ઉપલી ટેકરી જોઇ. અહીં હું ઘણી વેળા જતો ને એકલો બેસી કુદરત ઉપર વિચાર કરવાં કરતો. ૧૮૬૩ની આખેરીમાં બેંકોના શેરની ઘેલાઇ ચાલવા લાગી તેમાં જેઓ મ્હારા પોતીકા કેહેવડાવતા તેઓજ મ્હારેવિષે બેદરકાર રેહેવા લાગ્યા –તેથી હું ઘણો ચ્હિડાતો કે દુનિયાંમાં શું કોઈ કોઈનું નથીજ? ને એ રીતે પ્રીતિ દુઃખમાં વધારો થતો ને મ્હારી નાણાંસંબંધી હાલત પણ નબળી હતી તેથી તે દુઃખ મને વધારે લાગતું.–એવી સ્થિતિમાં એ સઘળી કવિતા રચાઈ. 'સુખિયો નર્મદ પૂરો અહીં' એ કવિતા જોકે અભિમાનની દેખાશે તોપણ દુઃખમાં દિલાસો દેવાને બીજાઓની સાથે મ્હારી હાલત સરખાવી છે—જોકે એમાં 'નર્મદ સુખિયો' એવું છે તોપણ તે હરકોઈ ખરા સુખિયાને લાગુ પડે છે. તેમ મને ઘણા મિત્રે કહ્યું કે તમે તમારા શ્રીમંત સ્નેહીઓને કોહો કે રળાવે–માગ્યા વનાં મા પણ ના પિરસે. મેં કહ્યું કે સ્નેહી હશે તો તે મ્હારા કેહેવાની વાટજ નહિં જોય, હું તો નહિજ કહું. એ ઉપરથી 'ધીરાં થઇને રહેવું પડે તે' એ કહ્યું છે. વાવટાકાઠીની ટેકરી અને બોટાનિકલ ગાર્ડન, ૧૮૬૨ના જુનની પેહેલાં ઘણીવાર જોયલી.
૧ ઠેકાણે ઠેકાણે. ૨ રેહેવાનું રૂડું ઠેકાણું.

જેની શોભાનો નહિં પાર, કરિશ બિજે ટાણે વિસ્તાર. ૫
તળાવ મોટું સુંદર બ્હાર,ચાંદનિમાં શોભે સુખકાર;
પવન લ્હેરથી પાણીમાંહ્ય,લ્હેર મનોહર રમતી થાય. ૬
આ[૩] કોરેથી ઊંચે વળે[૪], વાધ–ઈશ્વરી માતા મળે;
ત્યાંથી ચ્હડતાં ઊંચે બહુ, નિશાણુકાઠી[૫] આવે કહું. ૭
પેલિ[૬]પાસથી જાતાં વળી, ચ્હડતાં ઊંચે દીસે ભલી;
તે ટેકરિ મારો વિશ્રામ, દુખિયાને તે સુખનું ધામ. ૮
કાઠિવાળિનું ચ્હોડું નેક, હમણાં ઉતરી ગયું છે છેક;
સણગારો તો બંધજ થયા,સગાં સ્નેહિ સહુ આધાં ગયાં. ૯
એ બે ટેકરિયો શોભાય, એક ઉદરની[૭]બેનો થાય;
કાઠીવાળી મોટી બ્હરી, મારાવાળી બ્હાની જરી. ૧૦
બેવચને હું દુખિયો હતો,તેથી અહિં તહિં ફરવા જતો;
ઘણી જગાઓ જોઈ વળ્યો,પણ કોઇસાથે ના હળ્યો[૮]. ૧૧
પણ જરે હું આવ્યો અહીં,જોતામાં સુખ પામ્યો સહી;
પછી વિચાર કરું છું જેમ, સરખે સરખાં જોઉં તેમ. ૧૨
કાઠીવાળી ટેકરિ એક, બીજી નીચે વાડી[૯] નેક;
બંનેની છે પડતી દશા, ચ્હડે નહીં પાછાં સોવશા. ૧૩
દુનિયાંની હું સમજ્યો પેર[૧૦],શીખામણ મેં લીધી ઘેર[૧૧];
ચ્હડતી પડતી સહુની બ્હરે,પ્રીતિકળી બ્હીલી તે બ્હરે. ૧૪
વાંક તમારો[૧૨]લેશે નહીં,બેનો નવ ગભરાશો કંઈ;
આથમતા રવિકેરું તેજ, જોઈ ધીરજ રાખો સ્હેજ. ૧૫

---

૩ તળાવની આ કોરેથી. ૪ વળતાં–જતાં.
૫ સિગનલ–બબરનેસારૂ વાવટાકાઠી.
૬ તળાવની બાજુએ થઇને તળાવને પેલે છેડે જમણા હાથતરફ ગલી છે તેમાં થઈને ઉપર જતાં સામે ડાબા હાથતરફ જે ટેકરી આવે છે તે.
૭ પેટની (એક માની છોકરીયો.)
૮ દીલ મળ્યું એવો થયો.
૯ બોટાનિકલ ગારડન–(ટેકરીઓની પછવાડે નીચાણમાં.)–એની પડતી વિશે ન૦ ક૦ પુ૦ ૧ પા૦ ૩૫૯મું જોવું. સરકારે એ વાડી વેચી છે અને પરેલની કાઠીથી સિગનલ કરવી કહાડી નાખી છે.
૧૦ રીત; ભેદ. ૧૧ પોતાની જાત ઉપર.
૧૨ એ ટેકરિયો તમારો.

તમારિ તો સંધે છે ખ્યાત[૧૩],(તેમાં વળી)કવી કરે વિસ્તારે વાત;
તમે દિલાસો આપ્યો તેમ,વળે પાડ મારાથી કેમ ?. ૧૬
હવે ટેકરી મારી જેહ, કેવી રૂપે ગૂણે તેહ;
વર્ણન વાંચી જાજો લોક, દર્શન કરતાં મુકજો શોક. ૧૭
આમ કરી દુરથી દેખાય,ઉતાવળાં પગલાં થઈ જાય;
ચ્હડતાં એવો[૧૪]હરખ ન માય,ચ્હડયા પછી ક્યમ ના સુખ થાય ?૧૮
વિસ્મયવાળી થાયે આંખ,શોભામાં ઊણું નહિં કાંક[૧૫];
પછી બેસતાં ખજુરી પાસ, મ્હોડેથી બોલાએ હાસ! ૧૯
આહા આ કેવું એકાંત! ચાર પાસ કેવું આ શાંત!
જમિન પવન પાણી આકાશ,બહુ ગંભીર[૧૬]કરે મનઆશ. ૨૦
પંખી દુર બોલે જે કોઇ,કોઈ વાર સાંભળિયે મોહિ[૧૭];
(વળી) વચ્ચે ગાડિ[૧૮]કરે ગગડાટ, તેનો પણ ગંભીરજ થાટ. ૨૧
દિવસે તો લાગે લગરીક, અંધારી રાતે બહુ બ્હીક;
(તોપણ) તારા જોઇ માણે મોજ,કવિ અંતરમાં કરતો ખોજ. ૨૨
દુનિયાંમાં આફતની રાત, તેમાં આશાનો[૧૯]ચળકાટ;
એ આશાથી ઇશ્વરતણી, કૃપાપ્રસાદી મળતી ઘણી. ૨૩
પણ જ્યારે ચાંદનિ સોહાય, ટેકરિપર ચાદર પથરાય;
પૂર્વ દિશાએ દરિયો જેહ, રંગ રંગ દેખાડે તેહ. ૨૪
મોજાંઓમાં થાતાં ક્ષીણ,વચ્ચે તે ચળકે જ્યમ ચીણ[૨૦];
દુરથી આવે ધૂ ધૂ સાદ,ખરે મધુર તેમાં શો વાદ ? ૨૫
પવન વળી આવે જે મંદ,ડુબે ડુબે પસરે સુખકંદ;
કિયો ચિતારો ચિતરે જોઉં !કવિ[૨૧]વરણે પણ હૂંતો રોઉં. ૨૬

---

૧૩ પ્રસિદ્ધ; વખાણ; સ્તુતિ. ૧૪ 'ઊતાવળાં પગલાં થઇ જાય' એવો.
૧૫ કંઈપણ. ૧૬ એ ચાર તત્વ ગંભીર છે તે મનની આશાને પણ ગંભીર કરે છે—આશા પુકત અને ઊંચા દરજ્જાની થાય છે.
૧૭ આશ્ચર્યથી.—સુનકારમાં પંખીનો શબ્દ તે કહાંથી!
૧૮ આગની ગાડી.
૧૯ જેમ રાતે તારા તેમ આફતમાં આશા. જેમ રાતે તારા જોતાં ઈશ્વર તરફ મન જાય છે તેમ આફત અને તેમાં જે આશા થાય છે તે એ બે ઉપર વિચાર કરતાં ઇશ્વર તરફ વિચાર જાય છે અને પછી તેની કૃપા થાય છે.
૨૦ એક જાતનું કોટનું સ્ત્રીનું ઘરેણું—દરિયાનાં મોજાં એક બિજાની સાથે અફળાયાથી એક જાતનો ચળકાટ પેદા થાય છે. ૨૧ કેટલીક શોભા

મધુર ચાંદની શી ગંભીર, હૂં તો રાખૂં ઊંચૂં શીર;
ખૂબ જોઈ શિર નીચૂં કરૂં, ધ્યાન કુડું અંતરમાં ધરૂં. ૨૭
જ્ઞાનચંદ્ર ને મનઆકાશ, જોઈ કરૂં કર્ત્તામાં[૨૨]વાસ;
જીવનમુક્ત થાઉં ખરો, પછી હોય શેનો ખખેરો? ૨૮
(પણ) સર્વકાળ એવો હું નહીં, હોઉં હૂં તો પછિ દુનિયાં કહીં;
જોગી અનુભવ સાચો લેય, તજિ દુનિયાં જંગલમાં રેહ. ૨૯
દરિયો લાંબે પશ્ચિમભણી, મળે કોર તેને નભતણી[૨૩];
સૂરજ આથમતાં ને પછે, શોભા ત્હાંતો અચ્છી મચે. ૩૦
દરિયો દીસે પૂરવભણી, તેમાં ડુંગરિ રમતી ઘણી;
સૂરજ ઊગે ધૂમર ગળે, આનંદે દલગીરી ખળે[૨૪]. ૩૧
ટેકરિ નીચે પૂરવ પાસ, વાડી જોઈ થાઉં ઉદાસ;
થોડાં થોડાં ઝાડો હજી, પૂર્વદશા[૨૫] દેખાડે લજી[૨૬]. ૩૨
ટેકરિ નીચે પશ્ચિમકોર, ઝાડ ઝૂમખા રાખે તોર;
ઘટા ઘણી તેથી રહે સ્થીર, ઘણો વાય તો હિલવે શીર[૨૭]. ૩૩
ચોમાસામાં કેવી મજે, ટેકરિ લીલી સાડી સજે;
લિલોતરીનો ચારો ચરે, તે જન પછિ ઉરમાં બહુ ઠરે. ૩૪
ઋત ઋતના જૂદા ખ્હાર, સમજાવે છે સારાસાર;
ગભરાયાંને ધીરાં કરે, ધીરાં આગળ સમજણ ધરે. ૩૫
સાદિ સલૂણી સમજૂ[૨૮] છમી, પણ થોડાંજણ સમજે ખુબી;
ડુંગર દરિયા ને આકાશ, એમાં શૂં જોવાનૂં ખાસ? ૩૬
કુકડા આગળ હીરો જેમ, અજ્ઞાનીને મન તે[૨૯] તેમ;
જેને બીજા પથરા કેહ, તેને કવિજન હીરા લેહ. ૩૭
બલિહારી છે કુદરતતણી, કવી જુએછે ખૂબી ઘણી;
બીજાં પણ સંસ્કારી જેહ, પીએ એ પ્રેમામૃત તેહ. ૩૮

ચિતારાથી ચિતરાતીજ નથી–કવીજ વરણી શકે છેપણ તેવો કવી હું નથી.
૨૨ ઇશ્વરમાં.
૨૩ આકાશની. (આસમાન ને દરિયો મળેલાં દેખાય છે.)
૨૪ જાય; ખસે. ૨૫ પાછલી હાલત. ૨૬ લજવાઇને.
૨૭ ઘટાવાળાં ઝાડ ઘણો વા વાય છે તોએ તે માત્ર માથું ધુણવેછ ને તાડ જેવાં લાંબા ઝાડ, મૂળથી તે માથાંસુધી નમે છે. પુક્તપણાંની નિશાની.
૨૮ સમજણ–બોધ આપનાર. ૨૯ ડુંગર દરિયો ને આકાશ.

એ પ્રેમામૃત નિંદે કોય, તે તો જાતે અંધો હોય;
જારે તે દેખાયે નહીં, તારે નિંદા કરતો સહી. ૩૯
(પણ) જનમથકી સંસ્કારી હોય,ગરુડતણી આંખે દુર જોય;
દુંકીનજરનો[૩૦] દેખે નહીં,ચસ્માથી વળિ પેખે કંઈ. ૪૦
જોવું[૩૧]વાંચવું સુણવું અને, એકાંતે રેહેવાનું બને;
પંડિતમૈત્રી કરવી એહ,જાત જાતનાં ચસ્મા છેય. ૪૧
રડયાથિ ને જાગ્યાથી બહુ,દુંકીનજર કંઇ મારી લહું;
ચસ્માવણ ચાલેછે ખરું,પણ પેરું તો જોઉં ખરું[૩૨]. ૪૨
(પણ) દુંકીનજર[૩૩]અંદર નહિં જરા,છુપા જોઉં કુદરતના ઝરા;
દુંકીનજરનો[૩૪]હું તો નહીં, ચખાડું છું બીજાને સહી. ૪૩
મૈત્રી મારે કુદરતતણી, લેણાદેણી મારે ધણી;
કુદરત મારી છે માશૂક, એથી પૂરું પામું સૂખ. ૪૪
બહુ ગભરાઉં દુનિયાંથકી, એકાંતે જઇ બેસું નકી;
કુદરતકેરા કરું વિચાર, વિસરી જાઉં દુખને યાર. ૪૫
ટેકરિપરથી નીચે જતાં, કુંજગલીની જોઉં છટા;
ચકલીયો સંધ્યાને સમે, ગાએ બહુ મીઠું તે ગમે. ૪૬
ખરે ટેકરી વ્હાલી સહી, ભરવરસાદે ભેટું જઈ;
દૂર જતાં લાગે બહુ થાક, જોતાં થાએ ટહાડી આંખ. ૪૭
તહારાથી દુઃખ વિસર્યો છેક,વળિ પામૂછું સુખડું નેક;
એ મોટો તારો ઉપકાર, પાડ શું વાળું છઉં લાચાર. ૪૮
જો હું હોતે તાલેવાન, બંધાવત મીનારો માન;
વળી બંગલો તેની પાસ,જેથી સમરણ રહેતે ખાસ. ૪૯
પણ નર્મદ તું ભૂલે કેમ, એ[૩૫] સમરણ સારું નહિં ક્ષેમ;
સમરણ સાચું મોટું એહ, કવિતામાંહિ લખાયે જેહ. ૫૦
અઠ્ઠાવીસ તેંસટ ઇસવી સંન,સોળમિ જૂને કરી દરશંન;
મહિમા ગાઈ પૂરો કર્યો, નર્મદ ડુબતો પાછો તર્યો. ૫૧

---

૩૦ (પછી ઘરડો હોય કે જુવાન હોય.) આંખની દુંકી નજર અથવા સૃષ્ટિ સૌંદર્યથી ઉત્પન્ન થતા આનંદનો અનુભવ કરી જોવાની અંતરની આંખની દુંકી નજર. ૩૧ સૃષ્ટિનું સૌંદર્ય. ૩૨ સાચું; આબેહુબ. ૩૩ (મારી) બગલાની પેઠે ભીતર જોવાની શક્તિ છે. ૩૪ કંજુસ. ૩૫ એ યાદદાસ્ત.

મિત્રાઈ.

સુખ સંપતમાં શોધે જેહ, ચાર પાસ વિટલાતા રેહ;
દુખ આફતમાં છોડી દેય, એવા અહિં સ્નેહીયેા છેય ! ૧
સંકટ સમયે રહેતા સાથ, વાંસાપર ફેરવતા હાથ;
ખરા પ્રેમથી રડતા ખરે, તેપણ છોડી જાતા અરે ! ૨
સુખદુખની કરતા બહુ વાત, એકબિજામાં જે દિન રાત;
બેમાંનેા છોડીદે એક, સ્હેજ મુકે મૈત્રીનેા ટેક! ૩
જે મૈત્રી જગમાં ચરચાય, એક મિત્ર લાજી બ્હીજાય;
બીજાને હડસેલે દૂર, એમ ખેાય પેાતાનૂં નૂર! ૪
મરણ થયે છોડેથી કંઈ, અપરાધી તે થાયે નહીં;
(પણ) કંટાળાનૂં જોઈ કામ, છોડીદે પ્રીતીનૂં ઠામ!. ૫
એકમેકનેસારૂ રડે, એકમેકની વ્હારે[1] ચ્હડે;
ટળી દોસ્ત તે દુશ્મન થાય, એકકને વળિ હણવા જાય!. ૬
દુખી ટળીને સુખિયા થાય, તેઓ તેા બદલાઈ જાય;
દુખની વેળાના જે ખાસ, તેને ના બેાલાવે પાસ!. ૭
બેાળ કરંતાં મળતા નહીં, મળતા તેા તે ટકતા નહીં;
મિત્ર વીરલા સુખ દે અહીં, મુઆ પછી સંભારે સહી!. ૮
સ્વારથસારૂમૈત્રી કરે, ગરજ સરી કે ઝટ પરહરે[2];
પ્રથમ પ્રાણ આપંતા જેહ, પછવાડેથી લેતા તેહ!. ૯
કેાના મિત્રેા કેાની વાત, દહાડાને અંતે છે રાત;
નામનિસાથે લાગી દશા, દશા પછી છે એકાદશા[3]!. ૧૦
દુખિયેા નર્મદ સાચેા મિત્ર, કર્તાકેરૂં ધ્યાન પવિત્ર,
સગાં સ્નેહિ જે વ્હાલેા કરે, વ્હેલાં મેાડાં ખેાટાં ઠરે!. ૧૧

આપત્કાળ.

સુખની હેાયે સહુને આશ, દુખ ના ધ્યછે આવ્વૂં પાસ;
(પણ) દુખસુખથી બાંધ્યેા પ્રાણ, માટે દુખ થાવૂં પરમાણ. ૧
સગાં સ્નેહિનાં મરણ ન હેાત, ધંધામાં તેાટા નવ હેાત;
શરીરને રેાગેા નવ હેાત, મદ-અભિમાને સંધા જેત. ૨

---

૧ મદદે; ઉપરાણે. ૨ છોડીદે. ૩ અગિયારમું.

ભુલવાનો છે સંપતકાળ[૧] દુરગુણનો હોરાયે માલ;
શિખવાનો છે આપતકાળ[૨], સદ્‌ગુણનો હોરાયે માલ. ૩
સ્નેહ બાંધવો કહાં ને કેમ, શિખાય જેમ પડે દુખ તેમ;
સ્નેહીયેાના સ્નેહ કસાય, પારકું પોતીકૂં પરખાય. ૪
દુખનો અનુભવ જરે થાય, ઘણી ઘણી ચૂકો સમજાય;
બીજાંપર રહેમે જોવાય, દયાથકી શુભ દાન કરાય. ૫
મદમાતા મૂકે અહમેવ[૩], પ્રુલાસની મૂકીદે ટેવ;
થાય બંધ[૪] હસતા નાદાન, થાય બંધ કરતા અપમાન. ૬
દુખિયા નર્મદ મા ચ્હીડીશ, ભીડ ભાંજશે ભડ[૫] જગદીશ;
ધીરજ રાખી રહેજે ભાઇ, નીતીને ધરિ રાખી સ્હાઈ. ૭

તૃષ્ણા.

પૈસાથી માનોથી કોય, નથી ધરાતા જો કે હોય[૧];
વધતામાં માને જન સૂખ, પણ અંતે છે તેમાં દૂખ. ૧
તૃષ્ણા[૨] સારી થોડેલગી, વધીગયે ચ્હેકાવે નકી;
સદ્‌ગુણને ભૂલાવી દેય, દુકીનજરના કરતીરેહ. ૨
વળે નહીં તૃષ્ણાથી કાંઇ, કરે એકલી શૂંતે બાઇ!
દેશ કાળ અનુકુળ[૩] જો હોય, નસીબથી જન સુખદૂંજોય. ૩
તૃષ્ણાવાળા રાજા ગયા, તૃષ્ણાવાળા રંકો ગયા;
તૃષ્ણાવાળા પંડિત ગયા, તૃષ્ણાવાળા મૂરખ ગયા. ૪
તૃષ્ણાથી કો અંમર નહીં, જન્યું[૪] તે જાવાનૂં સહી;
કિરતી પણ મૂવેલાંતણી, વ્હેલી મોડી રહે નહિં કણી. ૫
તૃષ્ણા દુગધા મોટી છેય, મરણુસમે રોવાડે તેહ;
તૃષ્ણા રાખે ચંતાતૂર, માણુસનૂં ઊતારે નૂર. ૬
દુખિયેા નર્મદ તૃષ્ણાથકી, ગભરાઈ ચ્હીડે કાં છકી;
તૃષ્ણા મારી ચ્હેનત કરે, સાંધ[૫] મળેથી સુખિયેા ઠરે. ૭

---

૧ સુખ–આબાદીનો વખત. ૨ દુખ–પડતી હાલતનો વખત. ૩ અહંકાર. ૪ જે નાદાન અહંકારી લોકો દુખમાં આવી પડેલાંને હસે છે અને અપમાન આપે છે તેઓ પોતે જરે પડતી દશામાં આવે છે તારે તેથી શિખામણ લઇને પછી બીજાને હસતા ને અપમાન આપતા બંધ પડેછે.
૫ મોટી. ઝટ લઈને. ૧ (પૈસો.) ૨ તરસ; પૈસાનો અને માનનો લોભ. ૩ માફક; મદદ કરે તેવાં. ૪ જન્મ્યુ. ૫ જોગવાઈ.

સુખ.

સુખિયો નર્મદ પૂરો અહીં, ઉદ્યમ ધટતો કરતો સહી;
જરૂરનો પૈસો તે રળે, સંતોષે દહાડા નિર્ગમે[૧]. ૧
કુદરત વાડી સારી ઘણી, તન ગાડી બે ઘોડાતણી;
કવિતા લાડી નર્મદ રાજ, ખરી મોજ કરતો તે આજ. ૨
કોઈ હોયે હાલે મસ્ત, કોઈ હોયે ભાલે મસ્ત;
કોઈ હોયે ધરકે મસ્ત, સુખિયો નર્મદ ખ્યાલે મસ્ત. ૩
નહીં કોઇનો તાબેદાર, વચની પ્યારીનો જે યાર;
ઇંદ્રિજીત[૨] ને સાચો બહૂ, તે નર્મદ હૂં સુખિયો લહૂં. ૪
ખૂશામતિયા જેને નહીં, દુશ્મન ખોટા મિત્રો નહીં;
રોગી ને લોભી જે નહીં, નર્મદ તે સુખિયો છે સહી. ૫
વિદ્યાસાથે જેને પ્રીત, રસજ્ઞાન[૩] નિર્મળ છે નીત;
એકાંતે સાદો જે રેહ, સુખિયો નર્મદ તેને કેહ. ૬
પસ્તાવો જેને ના હોય, નીતીધર્મે નિશદિન[૪] જોય;
મોતસું મળવા જે તૈયાર, ધીરો નર્મદ સુખિયો ધાર. ૭
દાન દયાથી રાજી રેહ, ફરજ બજાવે નિત્યે તેહ;
અદેખાઈ જેને નહિં કાંઇ, સંસારે સુખિ નર્મદભાઇ. ૮
દગલબાજ દુનિયાંને જોઇ, મિથ્યા વાદ કરે નહિં કોઈ;
બ્રહ્મનું ચિંતન ભાવે કરે, સાચો સુખિયો નર્મદ ઠરે. ૯

મિથ્યાગર્વ.

સદા જોબનિયું કોનું અહીં, રૂપરંગ નિત કોનાં અહીં;
કોનિ ચપળતા રોજે રહી, કોનિ મધુરતા રોજે રહી. ૧
ફુટહૂં થાયેછે કદરૂપ[૧], ગમરૂ ગાલે પડતા ફૂપ[૨];
રૂપ રંગનાં શાં અભિમાન, ખરે ખિલેલાં[૩] સાચે માન. ૨
વસ્ત્રાભૂષણવાળી[૪] દેહ, તેને બાળી નાખે ચેહ[૫];
આરસિમાં જોયો મુખચંદ, તે ચાડૂ થાયે દુખકંદ[૬]. ૩

---

૧ ગુજરે. ૨ ઇંદ્રીઓને જીતનાર ૩ હરેક વાતનો રસ સમજી રાખવાની શક્તિ. ૪ રાત દાહાડો. ૧ બદસુરત. ૨ કુવા; ખાડા. ૩ ખીલેલાં ફુલ ખરી પડે છે. ૪ લુગડાં ઘરેણાં. ૫ ચિતા. ૬ દુખનું મૂળ.

મારા સરખો ડાહ્યો નહીં, મારા સરખો પંડિત નહીં,
એમ ગુમાન ધરીને ફરે, તે અંતે પસ્તાવો કરે. ૪
પૈસાદાર થવાના કોડ, હાર જીત રમવાની હોડ[૭];
ઇચ્છે વળી રાંડોની રહોડ, શાલજોડ ઘોડાની દોડ. ૫
પ્રથમઘડી તે શેવટલગી, રહેશે એવું નક્કી નથી;
પુલાસમાં ઊડાવે જેહ, અંતે હાથ ઘસીને રેહ. ૬
ભલા ભલા જગમાં છે ભાઈ, તેનીસાથે શી સરસાઈ;
શરમાઈ તૂં નીચું જોય, એમાં તારૂં માનજ હોય. ૭
ઝાડ જનાવર સુંદર વધૂ[૮], તોએ ડોળ કરે ઘરવધૂ[૯];
એ તેજી ઝાઝી ના રેહ, અધવચ મૂકી જાતી રેહ. ૮
સોનૂં જાતે માટી છેય, માન વળી ભણુકારો છેય;
દેહ કાવલી[૧૦] નલિકા છેય, નેહ[૧૧] ખરં તોતારો[૧૨] છેય. ૯
હવેલિ મોટી જાયે પડી, કિલ્લાઓની ખરતી ખડી;
ફળો પાકતાં જાયે સડી, રાજા જોદ્ધા મરતા રડી. ૧૦
લૂલા પાયાપર શૂં રેહ, દુનિયામાં શૂં સ્થાયી[૧૩] કેહ;
(માટે) ડોળ ધાલવૂં છોડી દેય, દાખત્ર નર્મદ જેવૂં છેય. ૧૧

ઇશ્વરશક્તિ.

(નિયમ.)

નિયમ જણાયે દુનિયામાંહ્ય, સૂર્ય ઉગે નહિ પશ્ચિમ[૧] ત્યાંહ;
ભરતિઓટતેનિમસર થાય, જલચર[૨] તે ભૂપર મરિજાય. ૧

(પરસ્પર સંબંધ.)

ઉદ્ભિજ[૩] ઊપર પ્રાણી રેહ, પ્રાણીપર ઉદ્ભીજ્જે લેહ;
પ્રાણી પ્રાણીને સંબંધ, પંચ તત્વના એ બહુ બંધ[૪]. ૨

---

૭ સરત. ૮ વધારે. ૯ ઘરની જુવાન વહુ.
૧૦ તકલદી; ઝટ ભાંગી જાય તેવી.–(નલિકા–નળી)
૧૧ સ્નેહ; પ્યાર. ૧૨ આકાશમાંથી તારો પડેછે–ખરી જાય છે તે.
૧૩ હંમેશનું; નિત્ય. ૧ જેને હાલ આપણે પશ્ચિમ કહિયેછ ત્યાંહ.
૨ દરિઆઈ જનવર. ૩ ઝાડ છોડવા વગેરે.
૪ પૃથ્વિ, પાણી, તેજ, વાયુ ને આકાશ એ જે પાંચ તત્વો તેના અનેક સંબંધો.

(કંઈ નિત્ય નથી.)

સૂર્ય ઉગે તે પામે અસ્ત, ફિકૂ પડે જે થાયે મસ્ત;
ખિલ્યું ખરે ને જન્યું મરે, ચહડ્યું પડે ને હસ્યું તે રડે. ૩

(મનુષ્યને બધે બધું અનુકુળ છે.)

ઉદ્ભિજ પ્રાણી અહિંના જેહ, બિજે દેશ ના ઉછરે તેહ,
માણસ સંઘે ફરતો ફરે, બધી જગા તેને અનુસરે[૫]. ૪

(ઠેકાણે ઠેકાણે ચમત્કાર છે ને તે શીખામણ આપે છે)

ચમત્કાર દુનિયામાં ઘણા, વિચાર ના થાયે તેતણા;
અનેક લીલા અંતર ભ્હાર, જે સમજાવે સારાસાર[૬]. ૫

(સંધું મનુષ્યને માટે છે)

કુદરતપર હું રોજે મ્હોઉં[૭], બુદ્ધિ મતલબ તેમાં ખુબ જોઉં;
માણસમાટે સંધૂ હોય, એવું જ્ઞાનીજન સહુ જોય. ૬

(પૂજા અને સ્તવન)

એ કુદરતને પૂજૂં છઉં, અદબથકી હું ચાહું છઉં;
વિચાર કરતાં હારું છઉં, વખાણ કરતાં ભૂલું છઉં. ૭

(મુક્તિ.)

નર્મદ ભાયગશાલી હોય, કુદરતસામું નિત્યે જોય:
વિચાર કરતાં એનો મરે, વિલંબ[૮]શો મુક્તી[૯]ને ખરે[૧૦]! ૮

પૈસાદારનો મોટો ભાગ સુખી નથી.

પૈસાથી છે સર્વે સૂખ, એ વીના છે સર્વે દૂખ;
એમઘણાજણ કહે છે ખરા, પણ તેમાં નથિ તેઓ ખરા. ૧
પૈસાવાળા દુઃખી રોજ, ઉપાધિનો માથે બહુ બોજ;
શરીર તો રોગે પીડાય, ચંતાએ પણ નીત તવાય. ૨
કુટુંબમાં નવ હોયે સંપ, પૈસાદારોને નહિં ઝંપ;
બનાવ નહિં બૈરીની સાથ, ભાંડૂમાં કજિયાની વાત. ૩

---

૫ માફક આવે. ૬ સાર ને અસાર. ૭ મોહ પામું; લોભાઉં ૮ વખત; ઢીલ; વાર. ૯ પાપ-કર્મથી મુકવું તે; ઇશ્વરનામાં મળી જવું તે. ૧૦ વાર.

પૈસાની તેજી છે બ્હાર, ઠાઠમાઠ તો અપરમપાર;
માનવંત કહેવાયે તેહ, વગો ધરાવે મોટા જેહ. ૪
બાગ બંગલા તો વણ ખોડ, ગાડીયોની દોડાદોડ;
કપડાંઓની ઊંચી જોડ, સાબૂએ ન્હાવાનાં ક્રોડ. ૫
ઠાઠમાઠમાં માણે સૂખ, બાકી બહુ તેઓને દૂખ;
ઘરમાં કજિયે ધૂવડ બને, બ્હાર હસે રંગી થઇ અને. ૬
બાદાંને સણગાર્યાથકી, સુખ તેને કંઇ થાતું નથી;
પૈસો સુખનૂં કારણ હોય, તારે તે શૂં કરવા રોય. ૭
નબ્વાણૂંના ધક્કાથકી, થાય બ્હાવરા પૂરા નકી;
લોહિ ઉછળતૂં રાખે રોજ, ચંતાથી ઊપાડે બોજ. ૮
બોટી રીતે પેદા કરે, ભોગ કર્યા વણ પોતે મરે;
મરતી વેળા દુખ બહુ સહે, તે વેળા તે કોને કહે ? ૯
સંતતિ જે કરતી ઉપભોગ,તે પણ બોટો દીસે જોગ;
બોટી રીતે વેરીદ્યિે, સંઘેથી તે અપજસ લિયે. ૧૦
જોઇ બ્હાલતા ચાકર બહૂ,બળ્યા બળ્યા થાયે તે સહૂ;
પણ તે કહેને ના કહેવાય, કહેતાં નીજ કજેતી થાય. ૧૧

પૈસાદારને ગરીબ જેવૂં સુખ નથી.

ખરૂં સૂખ તેઓને નહીં, ખરૂં સૂખ ગરિબોને સહી;
એક ઇચ્છે બાહરનો ઠાઠ, એક ઇચ્છે કુદરતનો ઘાટ. ૧
નિરધનને પૈસાનુંજ દૂખ, ધનિને બીજૂં સંધૂ દૂખ;
ગરીબને શૂં ઓછૂં સૂખ,ધનિને શૂં છે વધતૂં સૂખ.? ૨
તાલેવનને છૂટ ન હોય, તાલેવનને ચંતા હોય;
તા લેવનને રોગો હોય, તાલેવનને પ્રીતિ ન હોય. ૩
ઇંદ્ર સ્વર્ગમાં માણે સૂખ, ભૂંડ ઉકરડે માણે સૂખ;
બ્હેલા જેવૂં નિરધનતણૂં, બીજાં જેવૂં ધનિયોતણૂં. ૪

પૈસાદારનો મોટો ભાગ નીતિમાન નથી૰

મદભરપૂર થઈને ફરે, કોનિ કંઈ દરકાર ન કરે;
બધી વાતમાં ડાહ્યા લહે, નીતીથી તે આધા રહે. ૧
પરોપકારો પૈસે કરે, એવા સજ્જન થોડા ખરે;
ભણેલડાહ્યાજો ના હોય,(તોપણ)પૈસાથી ભભકામાં જોય. ૨
ખૂશામતિયાઓને દેય, પ્યારીના ઘણિયોને દેય;
માન મળે તેસારૂ દેય, ખરા દુખી તેને ના દેય. ૩
પૈસે લોભ વધેછે બહૂ, પૈસે વ્યસની થાયે સહૂ;
કેફ અને કામિનિયો સંગ,રોજ રોજ તે રમતા રંગ. ૪
ઠાઠમાઠ કરવે તે શૂર, પતરાજી કરવે બ્હાદૂર;
ભણવાપર તેને નહિં ધ્યાન,દુનિયાંનાં શાં હોયે ભાન.? ૫
જુવાનિમાં તો ભણતા નહીં,ધડપણમાં તે સમજે સહી;
ભાવીની શિક્ષાથી ડરે, પસ્તાઈ રીબાઈ મરે. ૬

આશા.

(પદ.)

ધાર્યું ન થાયે થવાનૂં તે થાયે,
આશાયે ફોગટ જીવ ઠગાયે. ટેક.
જોગી જોષી સ્વરોદય [૧] ગ્રહ જોયે,
તેમાંએ નક્કી નહીં કાંઈ હોયે. ધા૰ ૨
ભક્ત ને સાધૂની પડતીજ [૨] વાચા,
તત્વવેત્તાના [૩] સિદ્ધાંતો [૪] ન સાચા. ધા૰ ૩
ચહડતી [૫] તો ચહડતી ને પડતી તો પડતી,
ચહડતી ઉતરતી ઉતરતી ને ચહડતી. ધા૰ ૪

---

૧ નાકની વાટે જે શ્વાસ–નાડી ચાલેછે તે–ડાબો છે કે જમણો છે કે સીધો છે એ જે જોવું તે (ભવિષ્ય જાણવાનેસારૂ). ઈંગલા, પિંગલા, સુષુમણા.
૨ નબળી; ખોટી પડતી. ૩ શાસ્ત્રીઓ; ફિલસુફો.
૪ વાદ–તકરારોથી નક્કી કરેલાં અનુમાનો–વિચારો.
૫ ચડતી દશા હોય તો ચડયાંજ કરે (પડેજ નહીં) અને પડતી દશા હોય તો વધારે પડતીજ થાય (ચડેજ નહીં.) અથવા ચડતી દશા પછી ઉત-

પડતીમાં આશાકળી સુખ દેછે,
ચ્હડતીમાં [૬] આશા તે લોભ બને છે. ધા૦ ૫
પડતીમાં આશાકળી સુખ દેછે,
ફળશે નકી તે એવું કોણ કહેછે? ધા૦ ૬
ફળતી[૭] જવલ્લે ઘણીવાર બળતી,
એવી ઠગારી પળેપળ મળતી. ધા૦ ૭
જ્યારે ઠગારી થઈ તે જણાયે,
એવડાં [૮] દુઃખથી જીવ મુઝાએ. ધા૦ ૮
જોતાં કળી નરમદ [૯] સૂખ માણે,
ફળશે [૯] નકી એ જુઠી વાત જાણે. ધા૦ ૯

ધીરજ.

(પદ.)

ધીરાં થઇને સેહેવૂં પડે તે,
એ ન પરાક્રમ જાણવૂં જેતે [૧]. ધીરાં૦ ૧
ધાએલ લાંબાં ચતાં પડી રેહેવૂં,
ટકટક જોવૂં મ્હોડે નવ કહેવૂં. ધીરાં૦ ૨
છાતીઉપર કો પગ મૂકી ભાંડે,
કો વળિ પાણીનૂં પૂછી ઊઠાડે. ધીરાં૦ ૩

રતીજ આવે અથવા ઉતરતી દશા પછી પાછી ચડતીજ આવે એમ કંઈ નિમ નથી. દશાનું ચક્કર નિયમસર ફરતું નથી પણ આડું અવળું ગમે તેમ ફરેછે.

૬ ચડતીમાં જે આશા તેનું નામ લોભ. **આશા** શબ્દ દુઃખીને દિલાસો દેવાને કહાડયો છે.

૭ આશારૂપી ફુલકળી કોઈવાર ફળેછે પણ ઘણીવારતો બળી જાયછે. એવી તે આશાકળી આપણને ઠગનારી છે.

૮ એકતો પ્રથમનું દુઃખ ને બીજું ઠગાયાનું-આશાભંગ થયાંનું દુઃખ

૯ આશાની કળી જોઇને નરમદ સુખ માનેછે ખરો પણ ઠગાતો નથી તે નકી જાણેછે કે આશા ભાએગે ફળે. આશા રાખી તેનું સુખ તો લેવું પણ એમ સમજીને કે તે પછી ફળો અથવા ન ફળો.

૧ જેવું તેવું. લડાઇ જીતવાની બાહાદુરી કરતાં દુખમાં ધીરજ રાખવી એ વધારે મોટી બાહાદુરી છે.

દુઃખ થયે ન બબડવૂં રે ભાઈ,
હોય એવૂં કહી ભણવી ભલાઈ. ધીરાં૦ ૪
સૂખ થયે પાડ માનવો ભારે,
એમાં નવાઈ નહીં કોઈ ધારે. ધીરાં૦ ૫
દુઃખથકી વળી જિવ જો રિબાયે,
ઊંચૂં જોવૂં કે વ્હેલૂં મોત થાયે. ધીરાં૦ ૬
ભવરણમાં નરમદસિંહ સિપાઈ,
જોયે ધીરજથી હસીને ભવાઈ. ધીરાં૦ ૭
(૨–૧)

---

*દેાશયેાને સંકટમાં મદદ કરવા વિષે.

(સખી.)

ભુંડે ત્રંણુ તાપે [૧], ભુંડે ત્રંણુ તાપે
ભુંડે ત્રંણ તાપે, દેશીજન પિડાએ;
શ્રીમંત પંડિતોએ કરવી સહાએ. ૧
વળી આસમાની [૨], વળી સૂલતાની [૩],
વળી કાળીકાધી [૪] આપતો રિબાવે;
શ્રીમંત પંડિતોએ કરવી સહાએ. ૨

(ધોસો.)

થશે [૫] કયમ આપણૂં કાલે, ગરિબ કહે કર મૂકી ભાળે [૬],
દુખે દિલ દળદરને ભાલે, અરે ટકટક ભુડકસ [૭] ભાળે,

---

* સને ૧૮૬૩ ના વરસમાં એક પ્રસંગે કવિ દલપતરામ બુ૦ વ૦ સભામાં ઉપલા વિષય ઉપર ભાષણ કરવાના હતા; ને મ્હારે ખેતીવાડીમાં ભાષણ કરવું હતું. ત્યારે મેં પણ એ વિષય ઉપર કવિતા કરવા માંડી હતી પણ તે સમય ઉપર પૂરી ન લખાયાથી મેં એ વિષય બંધ રાખી બીજી કવિતા વાંચી હતી. બુ૦ વ૦ સભા મધ્યે એ વિષયમાં દલપતરામે દરજીની અરજી ને જમસેદજી જીજીભાઇનું મૃત્યુ એ બે વાંચ્યાં હતાં–કંઈ નવું વાંચ્યું નહોતું. અધુરી કવિતા મેં પછી બીજે ત્રીજે દાહાડે પુરી કરી હતી.

૧ આધિ, વ્યાધિ, ને ઉપાધિ. (નિત્યના.)

૨ દૈવી; કુદરતી, ૩ રાજસંબંધી. ૪ ધરમગુરૂ સંબંધી.–એ ત્રણ, ઉપર લખેલા ત્રણ તાપમાં આવી જાય છે તોપણ, વિશેષ અસર કરે છે માટે જુદી લખી છે. ૫ એ ધોસામાં આધિનુ વર્ણન છે. ૬ કપાળે. ૭ છોકરાં.

પેટ કયમ ભરયાવિના ચાલે, પડીએ લોભતણી જાળે,
પછી બહુ સપડાઇયે આળે, અરે જ્હાં જઇયે ત્હાં ખાળે,
હરી ના ટેકમાં પાળે, (એમ) વિચાર મન બહુ બાળેજી—
કંઈ જુઓ જુઓ. ૩

(સખી.)

ગરિબ[૮] જનને ઘણા રોગ તે, ઘણીવાર બહુ સપડાવેજી;
ગરિબ જનને દવા આપવા, વૈદ્ય.ઉમંગે નવ આવેજી;
ઘણા જણાંઓ યોગ્ય વૈદ્યવણ, ઘણો કાળ બહુ રીબાએજી;
ઘણાં જણાંઓ યોગ્ય દવાવણ, જોતાં જોતાં મરિ જાએજી;
શરીર નબળાં ખાનપાનવણ, ઉદ્યમ કરવે અળસાએજી;
શરીર નબળાં ધણૂકરીને, મનબળને પણ વણસાડેજી— ૪

(સખી.)

બગડે[૯] બહુ સંસાર, બાળકપણુમાં પરણે;
પરણે નવ કો નાર, ઊંચમાં વરને મરણે;
જાય ન જન પરદેશ, જાય નવ સુખને શરણે,
રાખિ ધર્મનો વેશ,થાય નત્ર એકજ વરણે[૧૦];
ભણે ન આળસુ રેહ,રાહુને સત લ્હેણે[૧૧] ધરણે,
સુધરેલો જે કેહ, તેહ ના સૂણે કરણે[૧૨]. ૫

(ધોસો.)

સખત [૧૩]બહુ દુકાળની લ્હાએ,મરે જન તનમનધનધાએ,
ઘણી બિજી મરકીની હાએ, હાણ બહુ તોફાની વાએ
અગનથી ગામ બળીજાએ, ખરાખી રેલથકી થાએ;
દુખી જન અહીં તહીં ધાએ,ન્હાંસતાં મથી બહુ સપડાએજી—
કંઇ જુઓ જુઓ. ૬

---

૮ એ સખીમાં **વ્યાધિનું** વર્ણન છે.
૯ એમાં દેશીજનને દુખ દેતા **ઉપાધિનું** વર્ણન છે.
૧૦ એકજ વરણના–કોમના; જાતિભેદ ન રાખે એવા.
૧૧ ધરણ સમે રાહુ દૈત નડે છે એમ અલંકારરૂપે નહીં પણ ખરેખરૂં સમજેછે. ૧૨ કાને.
૧૩ એમાં **આસમાની** આફતનું બયાન છે.

(સખી.)

જુલમી[૧૪] રાજા ધણી રીતના, કરો મુકીને દુખ દેતાજી;
જુલમી રાજા સ્હેજ વાતમાં, રૈયતધન બહુ લુટિલેતાજી;
જુલમી રાજા પક્ષપાતથી, ન્યાય કરે બહુ બહુ એઠાજી[૧૪];
જુલમી રાજા ઇચ્છે તેમ તે ચલવે ધારા જે ઠીઠાંજી. ૭

(સખી.)

પરધન[૧૫] પરત્રિય[૧૬] રોજ, લુટેછે હરતાંફરતાં,
માણે મોટી મોજ, વેશ સાધૂનો ધરતાં;
જીવ્યાંમુવાનૂં[૧૭] ખાય, મદે જૂઠું આચરતાં,
કહે કંઈ કંઈ કરે, ડરે નહિં પાપો કરતાં. ૮

(લાવણી.)

સહુ[૧૮] સજન શેઠિયા લોક,ધરમ નિજ જાણી,
નિરધનને આપો દાન, કિરત પરમાણી. ટેક.
કરો મળી સહૂ ભંડોળ, અપંગો[૧૯] કાજે
જે સગાંવિનાનાં હોય, કુલિન[૨૦] જે લાજે;
કરો અન્નવસ્ત્રતજવીજ, ખરી દિલદાજે
રેહવાને દો મૂકામ, જેને જયમ છાજે;
ધરિવિવેક અંતર જુઓ, દયા મન આણી–નિર૦સહુ૦નિ૦ ૧
કરો મુસાફરોનેકાજ, ધર્મશાળાઓ
બહુ કુવા તળાવો વાવ, કુડાં બંધાવો;
કરો ઇસ્પિતાલ જહાં જઈ, પડે માંદાઓ
દઈ દવા મફત ગુણકારિ, જખમ રૂઝાવો;
ઉધમે લગાડો તરુણ[૨૧] ભાંડુઓ[૨૨] કાંણી–નિર૦સહુ૦નિ૦ ૨

---

૧૪ એમાં **મુલતાની** આફતનું બયાન છે.
૧૪ બીનઓ ઈનસાફમાં જે જે ખામીયો રાખી ગયલા તે તે ખામીઓને મુખ્ય આધાર કેરવી ફેસલા કરવા તે એઠા ન્યાય–એટું–છાંડેલું–બગડેલું ચું-થાયલું. ૧૫ એમાં **કાઝી–ધરમગુરૂ**ના જુલમનું બયાન છે.
૧૬ પારકી સ્ત્રી. ૧૭ ધરમગુરૂનો હક શુભ ને અશુભ બંને અવસરે ગણાય છે. ૧૮ એમાં પૈસાદારોએ શી શી મદદ કરવી તે વિષય છે.
૧૯ આંધળાં લુલાં વગેરે. ૨૦ ઊંચ કુળનાં પણ પડતીમાં આવેલાં.
૨૧ જુવાન માણસો. ૨૨ ભાંડુઓનીપેઠે; ભાંડુઓ જણી.

કરો નિશાળ જેમાં ભણે છોકરા છોડી
ભાષણ સાંભળવાકાજ જાય સહુ દોડી;
વળિ કિતાબખાનાં મોટ નામથી[૨૩] જોડી,
કરો બનાવનારાકાજ પુંજી ના થોડી;
સમજુને સોપવું કામ વ્હેંચાએ લ્હાણી[૨૪]–નિર૦સહુ૦નિ૦ ૩

ઘણી રીતભાત ઘરતણી સુધારો જાતે,
પછી ધર્મસુધારો કરો વિચારો સાથે;
તજો વ્હેમ અનીતી જેહ દમે બહુ વાતે
પરબળની છોડી આશ કરો સહુ હાથે;
જન જોઈ શ્રેષ્ટનું[૨૫] કરે ઘણુંજ વખાણી–નિર૦સહુ૦નિ૦ ૪

વળી રાજકાજમાં મંન, ઉલટથી ધાલો
ઉપરીને કહેવા દૂખ, અરજ બહુ આલો;
રૈયતના માંગો હક્ક, દેશ સંભાળો
જુલમી ધારા બંધાય, પસરતા ખાળો[૨૬];
થઈ સુખી દેશને કરો, ખરી કવિ વાણી–નિર૦સહુ૦નિ૦ ૫

(લાવણી.)

પંડિત[૨૭] જન સહુ તન મન ખરચી, દુખિયા જિવને સાહ્ય કરો
નીતિમાન ઉદ્યોગી થાએ, તેવા શુભ ઉપાય કરો. ૧
આધિ કહાડવા ધીરજ આપો, રસ્તો સૂઝે તેમ કરો
હિંમત દઈને કામો સોંપો, કો દી ના તુછકાર કરો. ૨
વ્યાધિ જોઈને વૈદ સ્વરૂપે, દવા દેઈ આરામ કરો
દિલોજાનથી કરો ચાકરી, માંદાને ના દૂર કરો. ૩
ઉપાધિમાંથી[૨૮] બ્હાર કહાડવા, લાભાલાભનિ[૨૯] વાત કરો
કહો–'દીલથી હિંમત રાખો, સંપે સાહસ કામે કરો.' ૪

---

૨૩ તમારાં નામથી. ૨૪ ફંડતો મોટાં હોય પણ કારભારી સારા ન હોય તો તે ફંડનો ઉપયોગ સારો ને બ્હોળો થાય નહીં–લાહાણી બધે ઠેકાણે વેંહેંચાય નહીં. ૨૫ મોટાનું જોઇને સહુ કરે; ગરીબ પેહેલ કરે તે નિંદાય પણ પૈસાદાર પેહેલ કરે તે વખણાય. ૨૬ અટકાવો.

૨૭ એમાં પંડિતોએ શી રીતે મદદ કરવી તે વિષય છે.

૨૮ એ ઉપાધિ–પરદેશ જવું, પુનર્વિવાહ કરવો, જાતિભેદ તોડવો વ-ગેરેમાં જે હરકતો આવી નડે છે તે. તે દુર કરવાને સંપ કરી સાહસથી બાહાર પડવું. ૨૯ આમાં ફાયદો છે ને આમાં ગેરફાયદો છે એવી;સારાસાર

'દૈવકોપમાં[૩૦] ધીરજ રાખી, લાવે ભૂધરભક્તિજ[૩૧] કરો,'
'ઉપાય સુઝે તે ઝટ ઝડપી, તન મન ધન સંભાળ કરો.' ૫
'રાજકોપમાં પ્રથમ ખમો ને, પછિ ઘટતી ફરિયાદ કરો'
'જો ફાવો તો ઠીક નહીં તો, બિજે દેશ જઈ વાસ કરો.' ૬
'ગુરૂકોપને[૩૨] સામાદિકથી,[૩૩] મર્મ ઉઘાડિ થંડ કરો'
'છંદી ગર્ભગુરૂને[૩૪] છંડી, નીતિમાનને માન્ય કરો.' ૭
દુઃખ ટાળવા દેશી જનનાં, સુંદર ભાષણ ગ્રંથ કરો;
કહે નર્મદા બને તેટલી, તનથી પણ મ્હેનત્ત કરો. ૮
(૩-૧)

---

*શિકારી ને હરણીની વાત.

(ચોપાઈ.)

એક શિકારી જે રણમાંહ્ય, એક હરિણિની વાંસે ધાય;
તેણે તિર તાગ્યું કસિ જેહ, સ્હોરિ ચાંદલો[૧] ઊડ્યું તેહ.
બચારિ હરણી ચમકી તહીં, જરા વાર તે ઊભી રહી;
એવે કુતરો દોડી ધરે, કુમળીને[૨] લઇ પાછો ફરે.
નાજુકાઈ ખુબસુરતી જોઈ, રહ્યો શિકારી ઝાઝો મોહિ;
પછી જીવતી રાખી તેહ[૩], 'દેશું ઘેર છૈયાંને' કેહ.

સમજવે તેવી. ૩૦ આસમાની આફત. ૩૧ ઈશ્વર. ૩૨ વ્યસની ધરમગુરૂના જુલમને. ૩૩ સામ દામ ભેદ દંડ એ ઉપાયોથી. ૩૪ જેને જન્મથકી વંશપરંપરા ગુરૂપદું મળે છે (વિદ્યાનીતિ ઉપરથી નહીં) એવા.

* ખુ૦ વ૦ સભામાં વાંચવાસારૂ એકાદો વિષય શોધતો હતો ને બે મહિના થયા તોપણ તે જડ્યો નોહોતો પણ એક દિવસ હું સાંજ પોહોરનો હુંગરપર ફરવા ગયો હતો ત્યાંહાં ઉપરના મેદાનમાં લીલીચાર જોઈને મને હરણનો વિચાર આવ્યો હતો. તારપછી ઉપલી વાત લખવી સુઝી. જર, જોરૂ, ને જમીન એમાંની એક અથવા એ બધી વાતથી દુઃખી થયલા માણસને ધીરજ આપવાને અને મોટા શૂરવીર-મોટા ઉદ્યોગીનું કુદરતી બનાવ આગળ કંઈજ ચાલતું નથી એ તથા ઊંચ કુળના મોટા વીરપુરૂષો પડતી હાલતમાં પણ કેવા જોસ્સા ને નીતી રાખે છે તે બતાવવાને ઉપલી વાત છે.
(માર્ચ્ય ૧૮૬૪) ડિસેમ્બર.) ૧ (હરણીના કપાળઉપરનો.)-
૨ હરણીને.—કુતરાઓ જીવતા શિકાર મ્હોંડાંમાં ધરે છે તેથી તે મરી જતા નથી; અલબત જરા ઘાએલ થાય ખરા.
૩ શિકારી—એમ કેહે છે કે ઘેર છોકરાં રમવાને આપશું.

શિકારિ ત્યાંથી પાછો વળ્યો, ગામ હતૂં પાસે ત્યાં ગયો;
પટેલકેરો વાડો જાંહ, કસ્યો ઉતારો તેણે તાંહ
સુએ ઢોલિયે જારે રાત, બાંધે હરણી પાયાસાથ;
તિજે મળસકે બનિ આ વાત, નાઠી હરણી મારી લાત.
ઉઠયો જાગિ શીકારી શૂર, ઘોડે બેઠો જોરસે પૂર;
લઈ કૂતરા દોડયો ખૂબ, લાલ લાલ સહુનાં મુખરૂપ.
ગુસ્સો કે શૂં જાશે ટેક ધૂપ, ઉપર[૪] એ બીજૂં એક;
શ્રમ ઝાઝે તે થાકયા છેક, પડયા હાંપતા કુતરા નેક.
ધુજવા માંડયૂં ઘોડે જોઇ, ફિકૂં પડીગયું તેનૂં[૫] લોહિ;
પડી ઊતરી કહે નિસ્વાસ[૬], બેસી મરતા ઘોડાપાસ.

(સખી.

'ગઈ હાથમાંથી, ગઇ હાથમાંથી, ગઇ હાથમાંથી,'
'મૃગી પ્યારી મ્હારી'
'મથી ભારી બેઠો શિકારી હૂં હારી.'
'પડયા શ્વાન[૭] ઘોડા,પડયા શ્વાન ઘોડા, પડયા શ્વાન ઘોડા,'
'પડયો હૂંએ લામ્બો'
'ભુંડૂ ઘોર રાને નહીં એકુ આંબો.'
'પ્હણે પ્હાડ સિંહો, પ્હણે પ્હાડ સિંહો,પ્હણે પ્હાડ સિંહો,'
'ગાજે[૮] એકસાથે'
'તપે ભૂરૂં ઊપેર આકાશ માથે.'
'દિસે દૂર ઝાડી, દિસે દૂર ઝાડી, દિસે દૂર ઝાડી,'
'જાણે કેમ થાકયો'
'મુઆં હાય આ સહુ મને દોષ લાગ્યો.'
'નથી પાણી અ્હાંતો, નથી પાણી અ્હાંતો, નથી પાણી અ્હાંતો,'
'નથી વાયુ વાતો'
'નથી નર્મદાજીવડો કેમ જાતો ?'

---

૪ આકાશમાં–સખત તડકો. ૫ શીકારીનું. ૬ ઘોડથી ઉતરી પડીને મરતા ઘોડાપાસે બેસીને નીસાસો કહ્યો–મુકયો તે આ પરમાણે. ૭ કુતરા.
૮ પ્હાડની ગુફાઓમાં સહીં પોકારે છે એટલે જાણે પાહાડ ને સહીં સાથે ગર્જના કરતા હોયની. જેમ કેટલાક દેવળમાં આપણા શબ્દની સાથે દેવળમાંથી ધ્વનિ શબ્દ પણ સંભળાય છે તેમ.

(ઘોસો.)

'જવડો નથી કેમ જાતો, થાય છે દુઃખ ઘણું આતો'
'થઈગઈ ઉલટી સહુ વાતો,અરે ઝટ ઘેર જવું ન્હાતો'
'ઉભંગે ગીતો બહુ ગાતો, પ્યારિને પ્રેમ ઘણો પાતો'
'ખવાડી તેને હું ખાતો, સ્નેહથી દૂર નહીં જાતો'
'રાતમાં ગઈ મારિ લાતો,સન્યો[૯] હું બીજીવાર ત્હાંતો'
'દોડશે શું વધતું વા[૧૦] તો, તોય નર્મદ ધસું હાતો જી—શું કરૂં હવે.'

(સખી.)

'કરૂં હવે શું શૂરવીર પણ કુદરત આગળ નવ ચાલેજી'
'કરૂં હવે શું નસીબ રૂઠ્યું હિંમતમંદિરા કુણ આલેજી'
'કરૂં હવે શું સુતો હતો કહાં લઈ સ્નેહમાં ગઈ કાલેજી'
'કરૂં હવે શું ગઈ પ્યારિ ને ગઈ મ્હેનતો બહુ સાલેજી'
'કરૂં હવે શું પ્રેમઘેલ્છા ગફલતહિણુપત ખુણે[૧૧] ધાલેજી'
'કરૂં હવે શું મર્દ નર્મદો દર્દગર્દ છું કુણ ઝાલેજી'—
'કરૂં હવે શું લુચ્ચિ આશ તૂં ખૂશ કરિ કાં પછિ બાળેજી'
'કરૂં હવે શું મથે જીવ પણ જુઠી[૧૨]દેહ આ બહુ ખાળેજી'
'કરૂં હવે શું વળું ઘેર તો કેવિ રીતથી જન ભાળેજી'
'કરૂં હવે શું મરૂં[૧૩] આજ તો ખપું કાયરો ત્રણુ[૧૪] કાળેજી'
'કરૂં હવે શું ગઈ હશે કહાં પિઊ પાણિ કહાંસિઝું ઝાળેજી'
'કરૂં હવે શું સૂ તું નર્મદા હરીભરોંસો દુખ ટાળેજી'—

(ઘોસો.)

હરી દુખ ટાળે છે ભારી, શિકારી ઊંધ લિયે સારી
સ્વપનમાં જમના તટ[૧૫] વારી,રૂડી ચંદનીની બલિહારી

---

૯ પાછળ દોડવા તૈયાર થયો.

૧૦ પવન શું વધારે દોડશે તેમ હું ઘોડે બેસી દોડયો.

૧૧ પ્યારની ગાંડાઇ અને ગફલતથી જે મને શરમ લાગીછ તેથી ઢબુંકરવું પડે છે— કે એવો તે શું બોલિયો હતો કે બરોબર તેને સાચવી શકયો નહીં?!

૧૨ થાકેલું શરીર. ૧૩ આત્મઘાત કરૂં તો. ૧૪ હમણાં ને આવતા કાળમાં. આવતા કાળમાં પણ વર્તમાન ભૂત ને ભવિષ્ય એમ ત્રણ ભાગ થવાના માટે ત્રણ કાળ. હમણાં ને હવે પછી—હમેશ હું કાયર—હીચકારો ગણાઉં.

૧૫ કાંઠો ને વારી—પાણી. જમનાનદીનો કાંઠો અને પાણી જોય છે.

ઘટા કુંજેની સુખકારી, સાધુએ કર્યું કહેવું જારી
"ઉઠી ઊભો થા સંસારી, શૂર તૂં કાં જાયે હારી"
"ફળો ખા પી જળ પછિ ધારી,ઝાડિમાં જે હરણી પ્યારી"
"બિજો દીસે તેને મારી, લઇ લે નર્મદા ત્હારી ઓ–થા ઉભો ઉભો."

(સખી.)

"ઉભો થઈ જા શૂર ઊરમાં હિંમત રાખી"
"થા ઉદ્યમ[૧૬] ચકચૂર નેનથી કરતો ઝાંખી"
"લગાડવો શો ડાઘ ટેકની વાણી ભાખી"
"જોઈ પ્રાવતો લાગ મારૂ તૂં તીરો તાકી"
"કરતા યશ[૧૭] ઉદ્યોગ મરે તૂં હારી થાકી"
"ચિરંજીવો કહે લોક મુઓ કાયર તે બાકી"
"નામે[૧૮] માણસ જેમ કર્મથી થા દુખ સાંખી"
"રણયશ લઈ વળ ક્ષેમ સુસ્તિને પટકી નાખી"
"નિર્ભય જોધ્ધો વીર થઈ કરિ છાતી પાકી"
"ફેંક દોડિ ઝટ તીર કમર[૧૯] રથ ચાંપી હાંકી"
"પૂર્વ[૨૦] શૌર્યની તૂજ પ્રશંસા લોકે આંકી"
"તેવિ રાખજે બૂજ કરિશ મા ખુદ્ધી વાંકી"
"પાછું ફરંતાં થાય જીંદગાની રદ આખી"
"શરમે જીવડો જાય વેશ લેવો રે ખાખી[૨૧]"
"મરણલગી કર યત્ન જઈશ મા વચમાં છાકી"
"સાવધ થઈ લે રત્ન થયો ગંડૂ જે પાખી"
"ઊઠ ઊઠ નરમદ્દ સુતો શું મ્હોડું ઢાંકી"
રાનતણી સરહદ ઢૂંઢિ લે હરણી બાંકી"

---

૧૬ ઉદ્યમથી આંખે ગરમી ચડેલી એવી ચકચુર આંખે જોવાની ટેવ રાખતો એવો થા. ૧૭ જસ મળે તેવો ઉદ્યોગ કરતાં તું થાકી મરે તોપણ તું અમર છે. બાકી કાયર માણસ તો, જીવતો છતે મુએલો કેહેવાય છે.

૧૮ નામથી માણસ છે તેમ બહાદુરીના કામો કરીને માણસ છે એમ પ્રખ્યાત થા.

૧૯ ઘોડો તો મરી ગયલો છે. બે પગ એ બે ઘોડા ને કંમરનુ ઠાઠું એ રથ.

૨૦ તારાં અગાઉના શૂરની તારીફ લોકે આંકેલી છે તેવો તું ભારોભાર રાખજે.

૨૧ કેટલાકને અતિશરમ લાગ્યાથી તેઓ બાવા થઇ જાય છે તેમ થાવું પડે–બાખીનો વેશ લેવાની જરૂર પડે.

(લાવણી.)

સુણી સ્વપ્નના છેલ્લા બોલો, ઝબકી જાગ્યો શીકારી;
ઉઠી ઉભો તે થયો ઝટ્ટ ને લિધી હાથ ચાપુક સારી. ૧
લિધાં તીર ને ભાથો તેણે પૂનમ ચંદ્ર ઉદય જારે;
દિશા ઝાડિની[૨૨] જોઈ લઈને માંડયું ચાલવા તેવારે. ૨
ભૂખ તરસ થાક ન કંઈ દીસે જોમ ઘણો તેને અંગે;
શરૂરાતની[૨૩] શોભા રૂડી પૃથ્વી નભ[૨૪] શોભે રંગે. ૩
વિચારમાં તે ચાલ્યો આડો ગાઉ એક ચાલ્યો હોશે;
જુએ પછી ત્હાં સુંદર વાડી ફળ ફુલ ઝૂમે જ્હાં હોંસે[૨૫]. ૪
મનગમતાં ફળ તોડી ખાધાં કુંડતણું પાણી પીધું;
સ્વપ્નવાત પડિ ખરી જોઈને ઈશ્વરનું સમરણ કીધું. ૫
પછી નીકળી બ્હાર વાડિની જમણો તે જવા લાગ્યો;
ઘણું ચાલતાં દશેક વાગે ઝાડિપાસ આવી પ્હોંચ્યો. ૬
જુએછ તો ત્હાં એક શિકારી ઘોડીપર તે અસવારે;
પાસ કૂતરા રમ્યાં કરે ને વિચારમાં પોતે ભારે. ૭
એક બિજાએ જુહાર કીધા વાતચીત કરવામાંડી;
જણાયું કે હરણી પાસે છે ઝાડીમાં ચંદાવાળી. ૮
એક કહે જે 'શિકાર મ્હારો' બીજો કહે 'મ્હારો તે રે';
તાકિ તીર બંને મારે પણ શિકાર હાથ ન આવે રે. ૯
શિકારિ બોલ્યો પછી આપણો 'હરણી તો નક્કી મ્હારી';
'રહોરાઈ છે મૂજ તીરથી થાશે તે કહાંથી તહારી?' ૧૦
એમ બોલતાં બિજો શિકારી ચહીડીને ઠોકે ધરણી[૨૬];
બોલ્યો 'ચાપુકબાજી રમિએ જે જીતે તેની હરણી. ૧૧
એ રીતે સામાંએ[૨૭] માંગ્યું શૂરો[૨૮] તે કયમ ના પાડે;
પછી સડાસડ ચાપુક ચાલે પોતે પણ બૂમો પાડે. ૧૨
ઘણીવાર તે બાજી[૨૯] ચાલી લોહિયાળા બંને દીસે;
કુતરાઓને મના કરીતી ભરાય નહિં તેઓ રીસે. ૧૩

---

૨૨ આગળ જે કહી હતી તે. ૨૩ રાત થતી. ૨૪ આકાશ.
૨૫ ફળ ફુલ હોંસે ઝુમતાં. ૨૬ ધરતી. ૨૭ ઘોડીવાળા શીકારીયે.
૨૮ આપણો શીકારી. ૨૯ ચાપુકબાજી.

એમ કરંતાં બિજો શિકારી તંબરથી નીચે આવ્યો;
પડયો ચતો તે શ્વાસ મૂકતો બાજીમાં તે ના પ્રાવ્યો. ૧૪
બેસિ ઘોડિયે જય આપણો શીકારી ઝાડીમાંહે;
અર્ધ કોશ ચાલ્યા પછિ દીઠી ચંદાવાળીને[૩૦] તાંહે. ૧૫
તીર તાકિ આબાદાજ મારયું હરણી પગમાં પેઠું તે;
મૃગી દોડતી પડીગઈ ને શિકારિ આવી પોંચ્યો તે. ૧૬
એ રીતે હરણી પોતાની શિકારિયે પાછી લીધી;
ચાંદરણાંમાં રમતાં રમતાં અઘોર વનમાં ખુબ કીધી. ૧૭
હરણીને લઈ બાંધિ ઝાડસું મક્કમ કે તે ના જાએ;
ઘોડિ બાંધિને સુઈ રહ્યો કહિ, જશું ઘેર વ્હાણેવાએ. ૧૮
વ્હાણું વાતાં ઉઠયો શિકારી હરણીને પ્હેલી છોડી;
ઘોડીપર નાખી બાંધીને પોતે દોરંતો ઘોડી. ૧૯
મળ્યા વાટમાં કણબીઓ બે જતા હતા ખેતર કામે;
મજૂરિ પટ્ટી તેને ઝાઝી મૃગિ ઉપડાવી તે હામે. ૨૦
પોતે પાછો સવાર થઇને સંધાસાથે જાએ તે;
થોડિવારમાં પટેલને ત્હાં જઈ ઉતારો લેછે તે. ૨૧
કરી શિરામણ[૩૧] પાછો ઊઠયો માણસ બહુ સાથે રાખી;
મુઆં જનાવર તેનેઅરથે ઘણી ઘણી તજવિજ ભાખી. ૨૨
કરી કરાવી ખોળ ઝાઝિ ને મુઓ શિકારી જે તેની;
સગાંને સોંપ્યું સબ જસવંતૂં વાત કહી સાચી એની. ૨૩
કામ આટપી રાન-ગામનું ઘેર ગયો તે ઉલ્હાસે;
જઈ હરણ છૈયાંને સોંપ્યૂં વાત[૩૨] વધારી કહિ હાંસે. ૨૪
હરણીકેરી વાત કહી પણ પ્યારી પૃથ્વીપર લેવી;
ચાર ઉપાય[૩૩] લગાડી કામે ગુમાવિ પાછી લઈ લેવી. ૨૫
નહીં હારવી હિંમત કોઇ ફરી ફરી મેહેનત કરવી;
રામનામનું સમરણ કરિને એ શિક્ષા મોટી ધરવી. ૨૬

(૧-૨)

૩૦ (હરણી.) ૩૧ રાતનું રાખેલું ટહાડું ખાવું તે; સવારમાં થોડું ઘણું ખાઇ લેવું તે; નાસતો. ૩૨ માણસનો સ્વભાવ છે કે સંકટ ગયા પછી પોતાની ગઇ ગુજરી ધાસ્તીનું વધારી વધારીને બીજાની આગળ વરણન કરવું.
૩૩ સામ, દામ, ભેદ ને દંડ.-એ ચારમાંથી ગમે તે ને ગમે તેટલા.

*હિંદુઓની પડતી.

* હિંદુઓની હાલની પડતી હાલત–તે કેમ થઇ–અને તેઓની પાછી ચઢતી કેમ થાય એવિષે મારે ગ્રંથ રચવાનો વિચાર હતો પણ મોટો ગ્રંથ રચવામાં નિરાંત તથા એકચિત્તવૃત્તિ જોઇયે તે અત્રે મુંબઇમાં ન મળવાથી અને વળી લોકની તરફથી ઊત્તેજન પણ નહીં તેથી એ ગ્રંથને લંબાવવાની વાત છોડી દઇ માત્ર હિંદુઓની હાલની પડતી હાલતસંબંધી લખવાનો વિચાર રાખી મેં મારી કુરસદે છુટક છુટક કંઈ કંઈ લખ્યું છે અને એ ખોવાઈ ન જાય માટે આ છપાવ્યું છે.

મારો અસલથીજ વિચાર કે એક મોટો ગ્રંથ કરવો અને બને તો જેને અંગ્રેજીમાં 'એપિક' કેહે છે તેવો કરવો. પણ 'એપિક' લખવામાં નિરાંત, એક ચિત્તવૃત્તિ તથા ઉલ્લાસની સાથે આ દેશના ઇતિહાસમાંથી લિધેલી એક સુરસ વાતમાંનો યોગ્ય નાયક જોઈયે અને પછી એ લાંબો વિષય આડકથાઓથી સણગારીને એકજ વૃત્તમાં લખવો જોઇયે.

રામાયણ, મહાભારત, ભાગવત સિવાયે અને કેટલાએક રજપુતોની વાતો સિવાયે આપણામાં એવું બીજું કંઇ નથી કે જેમાંથી લંબાવવા જેવું સારૂં પ્રકરણ મળી આવે. તેમ, હાલના લોકોને રામાયણ મહાભારત ભાગવત જેવા ધર્મસંબંધી પુસ્તકોમાંથી લિધેલી વાત ઘણી ખરી જાણીતી તેથી પસંદ ના પડે અને કેટલાએક એમ પણ કેહે કે સારો પાયો હોય તો સહુ ઈમારત ચણે તેમાં વધારે શું ? વળી, એવી રીતના ઘણા ગ્રંથો, સંસ્કૃત પ્રાકૃત ભાષાઓમાં છે–એ બધાં કારણોને ઉપરથી મેં ધાર્યું કે કોઈમાંથી કંઈ ન લેતાં એક કલ્પિત નાયક રાખી કામ ચલાવવું.

મોટા ગ્રંથ કરવાના વિચારમાં મેં ચાર પાંચ વિષયો શોધી કાઢયા છે અને ખરેખર તે એવા છે કે મારાથી અથવા કોઈનાથી પણ જો તે લખાય તો તે ઘણા સરસ બની લોકોપયોગી થઇ પડે. હાલમાં કંઈ તે મારાથી લખાય તેમ નથી માટે જેનાથી લખાય તેણે બેલાશક લખવા:—

એક સુધારાદિત્ય નામના, હિંદુસ્તાનનો રાજા કલ્પવો અને પછી નીચે પ્રમાણે પ્રકરણો બાંધી તે ઉપર લખવું:

૧ મંગળાચરણ વીરરસમાં (મેં લખ્યું છે.—'બાહ્યાંતરે ઘાટ વિચિત્ર ચિત્ર' ની ચાર કડી તો છાપી છે ને પાંચમીની ઉપલી બે આ રીતની કરી રાખી છે: 'સુધાર આદિત્ય પરાક્રમીનૂં, ચરિત્ર વર્ણું રસવાળું ભીનૂં.)—૨ હિંદુસ્તાન તથા તેની પૂર્વ સ્થિતિ (મેં કઇએક લખ્યું છે—'હિંદુસ્તાન જેવું બીજું કોણ' એ મથાળાં નીચેની ચોપાઇયો.) ૩ ત્યાંહાં સુધારાદિત્ય નામે રાજા. ૪ સુધારાદિત્યનું રૂડું રાજ. ૫ વેહેમજવનનો ઉદય. ૬ વેહેમજવનનું જોર. ૭ સુધારાદિત્ય અને વેહેમજવનની લડાઈ. ૮ સુધારાદિત્યની જીત. ૯ પછી વેહેમજવનની જીત. ૧૦ વહેમજવનનું રાજ અને તેનો જુલમ. ૧૧ તેથી દેશની નઠારી હાલત. ૧૨ સુધારાદિત્યનું યુરોપખંડમાં નાસી જવું–વસવું–પ્રસિદ્ધ થવું. ૧૩ તાંહાંથી પાછું આ દેશમાં આવવું. ૧૪ હાલ તે કેવી સ્થિતિમાં છે. ૧૫ હાલમાં સુધારાદિત્ય અને વેહેમજવન વચ્ચે ચાલેલી લડાઇ. ૧૬ ભવિષ્ય.—મોટી લડાઇ–સુધારાની હાર. ૧૭ વેહેમજવનનું જોરથી લડવું પણ આખરે સુધારાની જીત. ૧૮ દેશની સારી સ્થિતિ. ૧૯ હે ઇશ્વર એ દાહાડો કયારે આવશે ?

બિજો વિષય એવો કે કોઈ જીવરાજ નામનો રજપુત રાજા કલ્પવો અને પછી તેની પાસે છ મોટાં સાહસિક કામ કરાવવાં.—એ પરાક્રમો ઉપરથી કોઇ કીર્તિબા નામની કન્યા તેની સાથે પરણશે. એ એક ભાગ. પરણ્યા પછી રાજા થોડી મુદ્દત લગી તો રાજકાજમાં ગફલત નહીં કરે, પણ પછી અરીણ નાચ રંગમાં અને બઇરાંઓમાં મચ્યો રેહેશે—રાજકારભારમાં સુસ્ત કરશે—રાજ્યની પડતી આવશે. વેહેમ કુસંપનું જોર વધી જવાથી રાજારાણીને રાજ મુકી નાશી જવું પડશે અને પછી તે બે ઈંગ્લંડ સરખા દેશમાં જઈ વસશે. એ બીજો ભાગ. તાંહાં તેનું કેટલેક દાહાડે દેશાભિમાન પાછું જાગશે અને તાંહાંથી પછી નવી નવી સુધરેલી તજવીજોથી હિંદુસ્તાન તરફ પાછો આવી પોતાનું ખોયલું રાજ્ય મેળવી કીર્તિબાસાથે સુખેથી ધર્મરાજ કરશે. (અર્થાત્ પ્રથમ આપણોજ પણ હાલ પશ્ચિમનો કેહેવાતો સુધારો પાછો આ દેશમાં દાખલ થશે) એ ત્રીજો ભાગ. આગળ રજપુત રાજા કેવા હતા, હમણાં કેવા છે અને શા શા ઉપાયોથી તે પાછા ઠેકાણે આવે અથવા હિંદુઓ કેવા હતા, કેવા છે ને કેમ સારા થાય અથવા કોઈ પણ માણસ પ્રથમ સારો હોય, પછી બગડી જાય તો તે પાછો ઠેકાણે કેમ આવે—એમ ત્રણ મતલબને, જીવરાજનો વિષય લાગુ પડે તેવો છે.

એ વિષય આરંભીને જીવરાજની મૂળપીઠિકા લખી છાપી છે ને તેની પાસે કરાવવાનાં જે છ સાહસ—(ધર્મ સંબંધી, નીતિસંબંધી, વિદ્યાસંબંધી, ઘરસંસારસંબંધી, પ્રીતિસંબંધી અને રાજ્યસંબંધી) તેમાંનું ધર્મસંબંધી સાહસ મેં ગીતિ તથા અનુષ્ટુપ વૃત્તમાં લખ્યું હતું પણ નજરમાં ન આવેથી રદ કરી ફાડી નાંખ્યું છે.

બીજા વિષયો, જે લખવા ધાર્યા છે તે આ છે:

૧. હિંદુસ્તાનનાં ભૂત વર્તમાન અને ભવિષ્ય વિષે.
૨. કોઇ રજપુત રાજાનું વર્ણન.
૩. મનુષ્ય અને સંસાર.
૪. સઘલા દેશના અને વિશેષે કરીને આ દેશના નામાંકિત સ્વદેશાભિમાની પુરુષોનું વર્ણન.
૫. 'ઈલિયડ અવ હોમર'નું ગુજરાતી ભાષાંતર.
૬. રામાયણમાંથી કોઈ વિષય.
૭. મહાભારતમાંથી કોઈ વિષય.
૮. ભાગવતમાંથી કોઈ વિષય.

'એપિક' કવિતામાં વીર કરુણા ને શૃંગાર એ ત્રણ રસનું પ્રાધાન્ય જોઈયે—વીરનું તો પ્રથમજ અને વળી ઘણું એક.

'એપિક'માં અનુકુળ આવતાં વૃત્તો મારી નજરમાં આવ્યાં છે તે આ: દોહરા, ચોપાઇ, રોલા એ માત્રાવૃત્ત; ગીતિ એ માત્રાગણવૃત્ત; ઇંદ્રવજ્રા, ભુજંગપ્રયાત, મોતિદામ એ અક્ષરવૃત્ત. માત્રાવૃત્તમાં છેલ્લા અનુપ્રાસ મળતા આવવા જોઇયે ને અક્ષરવૃત્તમાં આવે તો સારૂં ને ન આવે તો કંઇ ચિંતા નહીં.

એલફિન્સ્ટન કોલેજના માજી પ્રિન્સિપાલ ડાક્ટર હારકનેસે, (જ્યારે મને સને ૧૮૬૧ ની ૨૪મી જુનની રાતે સાડે નવ વાગતે ગવરનરને બંગલે મળ્યા તારે) અંગ્રેજીમાં મિલટન કવીનો 'કોમસ' કરીને એક નાહનો ગ્રંથ છે તેવું કંઈ ગુજરાતીમાં કરવાની અને આસેસર મિ. ફાકનરે, અંગ્રેજીમાં બૈરન કવિનો 'ડાનજુવન' કરીને મોટો ગ્રંથ છે તેવું કંઈ ગુજરાતીમાં કરવાની ભલામણ કરી

(રોલાવૃત્ત.)

સરસ્વતીની આરાધના.

સરસ્વતી વરદાઈ, આઈ હૂં આવ્યો પાસે;
ભુંડો[૧] પડયો છૂં માત, વાત હૂંથી કયમ થાશે?
બાળક ભરઉલ્હાસ, આશ રાખી છૂં આવ્યો,
વિવેકનૂં નથિ ભાન, માન પૂજ્ય નથિ લાવ્યો.
તવ[૨] પ્રસાદે થયાં, કુડાં રામાયણ[૩] ભારત;
તેવૂં કરવે કાંઇ, આંહિ હૂં છૂં બહુ આરત[૪].
ઐં[૫] બીજથી સાધ્ય, આદ્યશક્તી વાગીશા[૬];
પડે પાસ તવ પાય, થાય પ્હાણા[૭] પણ લીસા.
નજર મીઠિ તવ જોઉં, સ્હોંઉ હૂં રણમાં શૂરો;
કૃપા પ્રસાદી પાઉ[૮], થાઉં હૂં પંડિત પૂરો.
(આ) જીભ[૯] કહાડું છૂં બ્હાર, સાર મંતરનો લેવા;
ખડ્ગ ખમાશે કેમ, અરે ભૂલૂંછૂં સેવા!

છે માટે એ ભલામણો પણ અમલમાં લાવવાનો વિચાર છે.—પણ દલગીર છઉં કે ગ્રંથો લખવાને લોકની તરફથી મદદ જોઇયે તે મળતી નથી એટલે મનની હોંસ પુરી પડી શકતી નથી.

હિંદુઓની પડતીનો મેં ગયા અકટોબરમાં પ્રારંભ કર્યો હતો પણ વચમાં મારા પિતાના મંદવાડ–મોતથી મારે ચાર પાંચ વાર સુરત જઈ રેહેવું પડયું તેથી અને તાંહાથી આવ્યા પછી કોશનું કામ કરવું પડયું તેથી વચગાળે વચગાળે તુટક તુટક કંઈ કંઈ લખ્યું છે ને એ લખતાં જે વખત ગયો છે તે બે મહિનાથી વધારે નહીં હોય. (આગસ્ટ. ૧૮૬૪.)

૧ શરમથી શીકો. ૨ તારે પ્રસાદે.

૩ (જે વારે આ ગ્રંથ પ્રારંભ્યો તેવારે મારે 'એપિક' લખવાનો વિચાર હતો પણ પછી ગમે તેમ થઇ ગયું છે.)

૪ આતુર; ગરજાઉ.

૫ ઐં, હ્રીં ને ક્લીં એ બીજમંત્ર કેહેવાય છે, તેમાં ઐંથી સરસ્વતિ, હ્રીંથી લક્ષ્મી અને ક્લીંથી કામદેવ સંધાય છે. ૬ વાણી આપનારી દેવી.

૭ પથરાઓ તારા પગ પાસે–તારે પગે પડે તો તેઓ પણ લીસા થઇ જાય–મંદમતિ તે તિવ્રમતિ થઇ જાય. ૮ પામું.

૯ એવું કેહેવાય છે કે ગુરુઓ, મૂરખ–જડભરતની જીભો ઉપર ખડ્ગેવતી 'સરસ્વતિ પ્રસન્નોસ્તુ' એવું કંઇ લખે છે તેથી પછી એ મોટા વિદ્વાન બને છે તે પ્રમાણે–જીભ આપું છું. પરંતુ હિંમત ચાલતી નથી, પણ ઓ ભુલ્યો ભુલ્યો મા; આ લે.

હાથ મસ્તકે થાપ, જપ તારો જપું ખોજે[૧૦];
દેાપ માવડી કાપ, આપ વર જ્યૂં રોજે.
વિચાર તારા આલ, ચાલ તારાં વાહનની[૧૧];
નર્મદપર કર વ્હાલ, તાલ આવે ગાયનની.

પ્રવેશક.

હિંદુદેશના હાલ, થયા છે ભૂંડા આજે;
સત્તા મોટી ખોઈ, નીચું તે જોએ લાજે.
ઉડાવતો જે બ્હાર, થયો છે તે લાચારે;
ખાને જે આબાદ, ખરાબીમાં તે ભારે.
બ્રાહ્મણ પંડિત જેહ, ખપેછે મૂરખમાં તે;
ક્ષત્રી શૂરા જેહ, ખપેછે કાયરમાં તે.
વળી ઘણા નહિં એહ[૧૨],રહી છે થોડી જાતો;
વૈશ્ય થયા નિર્વંશ, હશે સંકર[૧૩] કો ન્યાતો.
શૂદ્ર થયા છે વૈશ્ય, કમાઈને વેપારે;
પણ વિદ્યાવણ મૂઢ, દુઃખિ છે ગુરુને મારે.
રહ્યા એમ બે વર્ગ, શૂદ્ર ને બ્રાહ્મણકેરા;
મૂરખ બંને તોય, રેહ જયમ ગુરુ ને ચેલા.
રહ્યા એમ બે વર્ગ, તેહમાં પણ થઇ ન્યાતો;
પ્રાંત કર્મ અભિમાન, મૂર્ખતા કારણમાં[૧૪] તો.
પરસ્પરે[૧૫] નહિં સંપ, અદેખા મદથી પૂરા;
ઊંચ નીચના ભેદ, પાળવે રહે તે શૂરા.
વિપ્ર આળસુ રેહ, બાઇને ખોરું કરતા;
જન્મથિ પામી માન, નથી કોથી તે ડરતા.
ભાવિક ભોળા લોક, મૂર્ખ તે માને સાચું;
જે જે વિપ્રો કેહ, કામ જેનું નહિં કાચું.

---

૧૦ શોધથી; ખંતથી. ૧૧ વિચાર તારા અને કવિની ચાલ–છટા, તારા વાહન–મોર–હંસની. ૧૨ ક્ષત્રિયો. ૧૩ બીજી વર્ણો સાથે ભેળસેળ થઇ ગયલી એવી.
૧૪ જુદા જુદા પ્રાંતો–ધંધા–આચારવિચાર–મમત–મૂરખાઈ અથવા પ્રાંત અને કર્મના અભિમાન અને મૂરખાઇ અથવા એ બધી વાત જે મૂર્ખતા તે–એ બધાં, ખાવા પીવાનો તથા લગનનો વેહેવાર નથી રખાતો તેવી જુદી જુદી ન્યાતો બંધાવવાનાં કારણ છે. ૧૫ જુદા જુદા નાતીલાઓમાં.

ભમાવિ ધુતવાકાજ, શાસ્ત્રનાં જ્હાનાં આપે;
ગુરૂતણૂં લઈ માન, રોપમાં પાપો કાપે.
પરંપરાથી માન, શૂદ્ર તો દેતા આવ્યા;
પરંપરાથી માન, વિપ્ર તો લેતા આવ્યા.
બંને વ્હેમી મૂર્ખ, પરંતુ શૂદ્રો ઝાજા;
શૂદ્ર ખવાડે રોજ, ખાય ખાંતે મ્હારાજા.
ભોળા ભાવિક એક[૧૬], બિજા[૧૭] તો લુચ્ચા લોભી;
એક વળી ધનવાન, બિજા જુજ[૧૮] ભણુતાંરોપી.
ભણિ નામાં હીસાબ, શૂદ્ર તો રહે સંતોષી;
કરતા કુળઉદ્યોગ, બાયલા જાણે ડોસી.
નહિં બીજો અભ્યાસ, કામ વેપારનું જોએ;
તેમાં પણ સાહસીક, કદી કોઇકજ હોએ.
લખે ન વાંચે તેહ, શુદ્ધ પૂરૂં ના કોઈ;
ડાહ્યા પણ નહિં ચતુર, ઠગાઈ રેહ તે રોઈ.
વરા કરીને મોટ, ધંનને ખરચી નાખે;
ભોળા આપી દાન, તૃપ્ત વિપ્રોને રાખે.
વિપ્રતણો તૃતિયાંશ, [૧૯]ભણેલો જો જોવાએ;
ભણ્યો ખરો નવગણ્યો, વ્હેમિ ધર્માંધજ થાએ.
કરે આત્મવીચાર[૨૦] ધર્મની વાતો ભાખે;
દેશલાભમાં કાંઈ, કાળ શ્રમ તે ના નાખે.
'ભક્તુંપેટું બહું જ્યાંહ,રહેજ ઘર તો બહુ વંઠ્યું;
કેહેવતછે તે ખરી, એથિ સુખ પૂરૂં ન ગંઠ્યું;

---

૧૬ શૂદ્ર.

૧૭ બ્રાહ્મણો શૂદ્રનો ભાવ–બ્રાહ્મણ કેહ તે ખરૂં, પછી ખોટું કેહ કે ખરૂં કેહ; અને એ વગરભણેલા એટલે ખોટુંજ કેહ ને ભાવિક લોભી તે સાચુંજ માને–લોભી હોય તાંહાં ધુતારો ભૂખે ના મરે.

૧૮ થોડું ભણીને પંડિત છૈયે એવો ભભકો કરનારા.

૧૯ જેટલા બ્રાહ્મણો છે તેમાં બે ભાગ ભણ્યાવનાના ને એક ભાગ ભણેલો છે ને એ ભણેલો છે તોપણ ગણેલો નથી–વેહેવારમાં કુશળ નથી–ભણીને તે ઉપર નિઃપક્ષપાતે વિચાર કરે તેવો નથી; વ્હેમી છે અને ધર્માંધ છે–ધર્મ સંબંધી કોઈ પણ વાતને આંધળાની લાકડીની પેઠે વળગી રેહે છે.

૨૦ કેટલાકજણ, જીવાત્મા અને પરમાત્મા સંબંધી–વેદાંતનીજ વાતો રાત દાહાડો કરે છે.

મુકી પૃથ્વિની[૨૧]વાત, સ્વર્ગની કરવા માંડી;
થઈ બપોરે રાત, જુવાનીમાં વહુ રાંડી.
પરસ્પરે[૨૨]કરિ વાદ, શૂદ્રને બહુ ભૂલાવ્યા;
અજ્ઞાની નિજ ભાઇ, સાથ લઇ ઊંચા થાપ્યા.
નહીં દેશની કોઇ, વાત જાણે નિજ ઘરની;
ગામ બ્હાર નવજાય, સુણે નહિં સાચી પરની[૨૩].
એ રીતે સંબંધ, ગોર જજમાનતણો છે;
નવ તૂટે ઝટ બંધ, જુનો તે સખ્ત ઘણો છે.
વિપ્રશૂદ્રની રીત, દિસે નહિં આગળ જેવી;
નવી ન લે તે રીત, ખરી હિતકારી તેવી.
કારણ તેનું આમ, ભણે નહિં પૂરા કોઈ;
જોય ન સારાસાર, ઘણા જણ રહે છે મોહી.
ધર્મશાસ્ત્રનો વાંક, વાંક આગળના દ્વિજનો;
દેશકાળનો વાંક, વાંક હમણાના જનનો.
શિખ્યા[૨૪]શકે શું શૂદ્ર, શિખે અંતર શો એમાં?
કરશે સેવા કોણ, વધે શકતી તેઓમાં?
મના કરી કે શૂદ્ર, ભણે નહિં વિદ્યા કોઈ;
વેદશાસ્ત્રમાં ગંમ, હોય શી શું લે જોઈ?
રંક બચારા મૂર્ખ, થાય શી રીતે સામાં?
વૈશ્ય[૨૫]ક્ષત્રિયે લીધ, હકો સમજી પોતામાં.

---

૨૧ આ સંસારસંબંધી પ્રથમ પોતાનું કલ્યાણ કરવું મુકી દઇને સ્વર્ગ સંબંધી–ધરમસંબંધી વાતો રાત દાહાડો કરવા માંડી તેથી પોતાની ને દેશની ખરાબી થઈ ને એ, ખરે બપોરે રાત અને ભરજુવાનીમાં વહુ રાંડી હોયની તેવું થયું છે.

૨૨ વિદ્યાથી પુછપાછ વધે છે અને તેથી બ્રાહ્મણોએ પોતપોતામાં સામસામાં વાદ કર્યા અને શૂદ્રને ભુલાવામાં નાખ્યા–શાસ્ત્રમાં આમ પણ નિકળે ને આમ પણ નિકળે. તેમાં વળી અજ્ઞાની બ્રાહ્મણો તે પણ કંઈ શૂદ્રની તરફના થવાના હતા? તે પણ ભણેલાની પછવાડે પછવાડે ચાલનારા.

૨૩ પારકાની વાત ખરી હોય તો પણ નજ સાંભળે.

૨૪ એવી બ્રાહ્મણોની તકરાર. અને એ ઉપરથી શૂદ્રને વેદ શાસ્ત્ર ભણવાની મના લખી ગયા.

૨૫ વૈશ્ય અને ક્ષત્રીયે હક લીધા. શૂદ્ર બચારા શી રીતે સામાં થાય?

વૈશ્ય ક્ષત્રિ બે જાત, રાજસંબંધે રહેતી;
થઈ જવનથી લોપ, પ્હાડની થઇગઇ રેતી.
ગયા એમ જજમાન, કોણ પૂછે ગોરોને?
વૃત્તિ ગયેથી રોય, આપવૂં શું પ્હોડાંને?
પેટ ફિકરથી રોજ, જવનની સેવા શોધી;
કસ્યો ન વિદ્યાભ્યાસ, થયા વ્હેમી ને ક્રોધી.
પછી ધણાકે ખૂબ, શૂદ્રપર૨૬જોર ચલાવ્યૂં;
બનાવી દઈ જજમાન, કામ પોતાનૂં કાઢયૂં.
દેશ કાળને જોઈ, માણસો વરતે જે જે;
પામે સુખ સંપત્ત, માન ધન વિદ્યા રહેજે.
કેટલાક વિદ્વાન, હાલ સંસ્કૃતમાં છે તે;
દળદરમાં રીબાય, ક્રોય પૂછે નહિં તેને.
નથી લોકનો વાંક, વાંક તે વિદ્વાનોનો;
જાય ન કાં પરદેશ, જહાં બહુ ખપ તેઓનો?
મુકી ધર્મનૂં મીષ,૨૭જાય પંડીતો અહિંના;
બિજા દેશનીમાંહિ, માન ધન પામે બહુ ત્હાં.
જહાં જેનૂં છે કામ, તહાં તે સૂખી રહોએ;
'ધોબી તે શું કરે, જહાં જન નાગાં હોએ.'
સંસ્કૃતની સાથ, ભણે બીજી ભાષાઓ;
એક દેશિ૨૮ ના રેહ, સૂખડૂં પામે તેઓ.
ભણ્યો કમાએ જૂજ,ઘણૂં અભણ્યો ડાહ્યો નર;
પ્રસંગપર આધાર, ભણીને ગણવા ઊપર.

---

૨૬ વાણિયા અને બીજા કેટલાક, વૈશ્ય છેયે એવું મનાવેછે પણ એ અસલ વૈશ્ય કેહેવાતા તેના વંશના નથી પણ શૂદ્રજ છે–કારણ વૈશ્યને જનોઈ જોઇયે તે તેઓને નથી; વળી વૈશ્ય ક્ષત્રી ન રહ્યા તારે બ્રાહ્મણોએ શૂદ્રને જજમાન કર્યા અને ધરમના ઉપાધિયાઓએ પોતાની રોજીનેમાટે તેઓને ઊંચા કર્યા. એ રીતે વાણિયા આદિ લઈ, પ્રથમ શૂદ્ર પણ હાલ સચ્છદ્ર–વૈશ્યમાં ખપે છે. વૈશ્યો ભણેલા બુદ્ધિમાનને હિંમતવાન હતા ને વાણિઆઓ અક્ષરશૂન્ય, મંદમતિ ને પોચા છે. ૨૭ બાહાનું.

૨૮ શાસ્ત્રીઓએ સંસ્કૃતની સાથે બીજી ભાષાઓ પણ ભણવી અને એક દેશી એટલે જથુ એકજ વાત–વિચારની ધુંનમાં રેહેવું ને બીજું સાંભળવુજ નહીં એમ ન કરવું–પણ, ઘણી ભાષા ને ઘણા વિચાર જોઈ તેમાંથી સાર ખેંચવો.

કુટે શાસ્ત્રિયો[૨૯] પેટ, પુરાણી મોજે મારે;
પુરાણિનો બહુ ખપ, શૂદ્રમાં જારે તારે.
એ રીતે બે મૂર્ખ, વિપ્ર ને શૂદ્ર જણાએ;
ધરે અસલની રીત, નવું તે લે નહિં કાંએ.
વળગી રહેછે લોક, જુની વાતોને જારે;
કેમ દુઃખિ ના હોય, સમો બદલાયો તારે?
પૂર્વ લોક અજ્ઞાન, થયા ગ્રંથો તે યોગ્યજ;
પૃચ્છક જન છે હાલ,હવા ગ્રંથોએ[૩૦] યોગ્યજ.
કરી પૂર્વને વર્જ, નવું રચવું અનુકુળ તે;
તોડિનાખિ સહુ બંધ, છુટો લેવી ઘટતી તે.
છુટ બહુ લેવાકાજ, જરુર ભણવાની જાણું;
એક વગરનું શૂન્ય[૩૧], ભણ્યાવણ નર્મદ માનું.–૧૧૨

વિદ્યાસંબંધી પડતી.

કરે ન કો અભ્યાસ, પૂરતો તન મન દઇને;
કામ જેટલું લેઇ, બેસિ રેહ સંતોષે તે.
કરે ન કો અભ્યાસ, કારખાનાં કયમ લાવે?
વિના હુનર વેપાર, દ્રવ્ય તે કયાંથી આવે?
વિના દ્રવ્ય તે કેમ, શાસ્ત્રનાં શોધન થાયે?
વધેજ વિદ્યા કેમ, કેમ જિજ્ઞાસા[૩૨] વાધે?
વધે પુસ્તકો કેમ, થાય વિદ્વાનો ભેગા;
બતાવતા ઉપાય, વ્હેમપર મારી છેકા?
વળી ભણેલા કોક, હોય તે ખલાએછે,
ભુલી ફરજ નિત તેહ, મૂર્ખને ભટકાવેછે.

---

૨૯ શાસ્ત્રીં કર્તાં પુરાણી ઘણું કમાય છે ને પુરાણીના કર્તાં ગાગરીયાભટ ઘણું કમાય છે તોપણ કંઇ શાસ્ત્રીને તોલે ગાગરિયાને કોઇ મુકતું નથી. શાસ્ત્રીયો નથી કમાતા તેનાં કારણો ઉપર કહેલાં છે.

૩૦ હાલના લોકને અનુકુળ પડતા (ગ્રંથો) ૩૧ એકડા વગરનુ મીંડું નકામું; એકડાપર મીંડું આવે છે તારે કિંમત ગણાય છે.

અજ્ઞાની ને અંધ, જંન બે સરખાં ચાલે;
જેમ દોરવે અન્ય[૩૩],તેમ તે અહિતહિં હાલે.
ઘણો છેહ દે ચતુર,ભણ્યો નિજ લાભજ જોયે;
પડે ખાડમાં અંધ, બાપડાં જખમી રોયે.
પડે નહીં વિશ્વાસ[૩૪],પરંતૂ કરવો પડતો;
અપંગડાં શૂં કરે, વાટમાં નડતાં દડ તો.
શ્હેર[૩૫] શેરની પઠે, ગામને ખાઈજાયે;
ગામ ખવાડે રોજ, નહીં કંઈ તે મન આણે.
અભણ્યાકેરૂં ધંન, ભણ્યો તે લૂટીલેતો;
જેમ ભમાવે એહ[૩૬],તેમ તે[૩૭]મનમાં લ્હેતો.
મનુએ[૩૮]શિક્ષા દીધ, પક્ષપાતેજ ન ન્યાયે;
સરે વિપ્રનાં કાજ, બિજાંપર સપ્રી થાયે.
કરે મસ્કરી ખૂબ, ભણ્યો મૂરખની રોજે;
ધિક્કારીને પડે, તૂટિને તે પર ફ્રોજે.
અભણ્યો રહે ગૂલામ, ભણેલાનો થઇ તાબે;
જેનામાં નહિં રામ, જંન તે ધક્કા ખાયે.
ધનમાનને કાજ, ભણ્યાએ પંથ ચલાવ્યા;
અભણ્યા ભોળા જંન, તેમણે માનજ[૩૯]આપ્યાં.–૧૪૦

---

૩૨ નવું નવું જાણવાની ઇચ્છા; હોંસ; પુછપાછ.

૩૩ બીજા. અજ્ઞાની ને જ્ઞાની, અને આંધને દેખતાં માણસો દોરે છે.

૩૪ આંધળાઓને, દેખતાઓ પોતાની મતલબનેસારૂ ખાડામાં નાખેછે તે આંધળાઓ જાણે છે–દેખતાઓનો વિશ્વાસ કરવો નહીં–તો પણ તેઓને કરવો પડે છે કેમકે વખતે રસ્તામાં દડ–પેસી જાય તેવી પોચી જમીન હોય.

૩૫ શેહેરના લોકો સહીં–વાધની પેઠે ગામડાના રાંક લોકો જે બચારા હરણો જેવા છે તેઓને આડું અવળું સમજવી લુટીખાય છે.–વેપારિયો અનાજ ખરીદ કરતાં તેમ કરેછે, સરકારી ઓધેદારો કણબી કોરટમાં આવે છે તારે તેમ કરેછે. બચારા હોળખેડુ કણબાને શેહેરની લુચ્ચાઈની શી ખબર હોય? ગામવડે શેહેર છે. શેહેરનાં લોકોને ખાવાનું ગામના ખેતરો પુરૂં પાડેછે તે ઉપકારના બદલામાં ભણેલા લોકો અભણેલાને અપકાર કરેછે.

૩૬ ભણ્યો. ૩૭ અભણ્યો. ૩૮ મનુએ બ્રાહ્મણોને વધારે હક આપ્યાછે ને બીજાઓને થોડા. (કાયદો સહુને માટે એક સરખો જોઇયે.)

૩૯ (પંથોને.)

ધર્મસંબંધી પડતી.

ચમત્કાર અદ્‌ભૂત, કર્ય જે જે જગનાથે;
તે તે સંધા વેદ, તત્વને[૪૦] નામે ગાયે.
શુદ્ધ કર્મની[૪૧] રીત, રીત પૂજનની રૂડી;
મુકીદઈને લોક, કરે છે પૂજા કૂડી,
કરવા દૃઢ નિજ ભાવ, ઉપાસન[૪૨]કરતા લોકો;
તે પણ નહિ સત આજ, કરંતા દીસે કો કો.
ઘણા ભણી વેદાન્ત, જ્ઞાનથી[૪૩] ઈશ્વર જ્હેતા;
જીવનમુક્ત થઇ તેહ, સચ્ચિદાનંદજ થાતા.
જ્ઞાન ભક્તિ[૪૪] વૈરાગ્ય[૪૫],ત્રંણુથી તે ઉળખાયે:
એજ મુક્તિ દેનાર, એજ સત્યધર્મ કહાવે.
જ્ઞાનમાર્ગને તજી, ઢોંગને ઝડપીલીધા;
નહીં ખરા ભાવીક, અનીતીનાં જળ પીધાં.
એ રીતે ત્રણ માર્ગ, મૂકિને ભૂલ્યા ભટકે;
જહાં સપડાવે કોક, તહાં ભોળા ઝટ અટકે.
નિર્ગુણ સાચૂં બ્રહ્મ, તેહને શક્તી કલ્પી;
કલ્પી વિધવિધ રૂપ, સગુણ ભક્તીને ઝડપી.
સગુણ ભક્તિના ભેદ, ઘણાએ દીસે પાછા;
રે એમાં પણ ભક્ત, કદી કોઈકજ સાચા.

---

૪૦ પંચતત્વ. ૪૧ કર્મ, ઉપાસના ને જ્ઞાન એ ત્રણ, વેદના કાંડ છે–કર્મનું ફળ, ચિત્તનિશુદ્ધિ અને ભક્તિ.

૪૨ ઉપાસનાનું ફળ, દૃઢભક્તિ. ને દૃઢ વિશ્વાસ.

૪૩ જ્ઞાનનું ફળ, ભ્રાંતિ રહિત થવું

૪૪ દૃઢ ભક્તિ. ૪૫ પ્રવૃત્તિ ઉપરથી પ્રીતિ ખસેડી નિવૃત્ત થવું તે. જ્ઞાન ભક્તિ ને વૈરાગ્ય એ ત્રણથી ઈશ્વર ઓળખાય છે. ધર્મમાં એ ત્રણ વાત જોઇયે. એકલી ભક્તિ ખોટી.–એથી–ગાંડો ભાવ રાખેથી આજકાલ લોકની હાલત કેવી છે તે આપણે જાણિયેછ. લુચ્ચા ધરમ ગુરૂઓ ઠગે છે ને ભોળા સેવકો ઠગાય છે. મૂર્તિપૂજાદિકથી પણ ઘણું નુકસાન કરિલઇયેછ.–વગેરે. એકલો વેરાગ ખોટો.–જુઓ જોગી અને સ્વામીનારાયણના મુંડિયાઓની હાલત. વેરાગજ ખરો તો પછી સંસારનું કામ શું? વિરાગથી દુનીયાંની તેજ જતી રેહે છે; માણસમાંથી હોંસ ઉમેદ જઇને તે મોળું પડી ગાંડું બની જાય છે. એકલું જ્ઞાન ખોટું. માણસને શઠ કરી નાખે.—નાસ્તિક તથા નાસ્થિક કરી નાખે. જુઓ શઠ વેદાન્તીયો કેવા અનાચારો કરે છે તે. ભક્તિથી હૃદય કુમળું રેહેછે.

વાત ઠસવવાકાજ, અલંકારો દેખાડયા;
નિર્જિવને જિવ દીધ, નવાં રૂપક બહુ કહાડયાં.
મૂરતી કહાડી એમ, વળી અવતારો[૪૬] કલ્પ્યા;
ભટે શૂદ્રને એમ, ભુલાવામાં બહુ હિલ્યા.
ખરેખરૂં નહિં એહ, તોય સર્વે સત માને;
જેમ ન્યૂનિ[૪૭] જે વાત, તેમ તે ખરી પ્રમાણે.
બ્રાહ્મણ જોગી જંન, તેમણે મૂર્તી માંડી;
શ્રમવણ રળવાકાજ, એવિ ભડતી તો ગાંડી.
અજ્ઞાની સહુ લોક, બચારા ભોળા શું લ્હે[૪૮];
હર હર જે જે કહી, મુઠી કણ પૈસો મ્હેલે.
લગાડિ સિંધુર ફોક, પુજવે હનમાનોને;
એ રીતે ઘેલાઇ, હાલ લોકોમાં તો છે.
અજ્ઞાની સહુ લોક, ભાવ તે રાખે ગાંડો;
પથ્થરને કહે દેવ, વળી પૂજે છે પાડો.
વૈશ્યક્ષત્રિને શાસ્ત્ર, શૂદ્ર સારૂ પૂરાણો;
બ્રાહ્મણને વેદાન્ત, મૂર્તિ નહિ પૂર્વે માનો.
મૂર્તિ માર્ગ નહિ સત્ય, જ્ઞાનનો સાચો તેને;
યોગે[૪૯] કરિ મિશ્રિત, કર્યો બહુ અધરો જેને.
સહુને દુર્લભ તેહ, તેથિ ના ચાલ્યો કાંઈ;
મૂર્તી પસરી ખૂબ, ભુલાવો જેમાં ભાઈ.
મૂર્તી માનવ જહાં, પુજાયે ઇશ્વિર જેવાં;
માનવ ત્હાં અજ્ઞાન, ઢોર હોયે છે તેવાં.
જહાંલગી અજ્ઞાન, તહાંલગિ મૂર્તિપૂજા;
જ્ઞાનિ પુજે નિર્ગુણ, પુજે નહિ પુતળાં બીજાં.

---

૪૬ (**સાકાર** વિષે મારાં ભાષણો જોવાં.)

૪૭ સ્વામીનારાયણવાળા અને બીજા નવાં મત ચલાવનારાઓ, નવા ગ્રંથો કરી પેટારામાં રાખી મુકે છે ને પછી ૫૦-૬૦-૧૦૦ વરસે બાહાર કાહાડી લોકમાં ફેલાવે છે. ૪૮ સમજે.

૪૯ વેદાન્તમાં યોગ મારગ ભેળ્યો એટલે તે સંસારીને નકામો થયો. તે વેદાન્ત કામનો જે સંસારીને પણ અનુકુળ આવે. પંચીકરણાદિકમાં સંસારી શું સમજે?

રાખે ગાંડો ભાવ, ગુરૂ બ્રાહ્મણ છકિન્યયે;
હરામનૂં તે ખાય, દુરાચારી તે થાયે.
રાખે ખોટો ભાવ, ઈશ્વરી રૂપ ને જોયે;
સાર ન પામે જંન, ઘણા દુખિયારા હોયે.
વિદ્યાના[૫૦] જે વાદ, ધર્મના વાદો કીધા;
મુકી સરળ સહુ બોધ, મોહથી પ્રસવી દીધા.
બ્રાહ્મધર્મ અદ્વૈત, તેહને મૂકી દીધો;
દ્વૈત નાટકી ધર્મ, સ્વિકારી સરવે લીધો.
મુકી સરળ સહુ બોધ, ઘણી ગુચવણમાં નાખ્યા;
મમત મદેથી પંથ, કરી જૂજૂ બહુ ભાખ્યા.
ધર્મહગોએ એમ, રચ્યા કહું ફંદો ઝાળ;
પોતપોતિકા શિષ્ય કરી વગડાવ્યાં વાજાં.
અજ્ઞાનીને યોગ્ય, રચ્યાં કહું શાસ્ત્રો મોટાં;
મેળવિ રોસીશાસ્ત્ર, કર્યાં બહુ કામો ખોટાં.
જેમ રહે સ્ત્રી[૫૧] શિષ્ય, ભાવમાં ને કંઈ લેહે;
તેમ ઘડે ગુરુ ગ્રંથ, પુરુષ પણ વળગી રેહે.
પુસ્તકમાં સહુ શાસ્ત્ર, તેમ ના ગુરુઓ ચાલે;
બીજા સેવક તેહ, કેમ નીતીમાં મ્હાલે.
હા હા કહીને લોક, શાસ્ત્રને પૂજે પાને;
મર્મ ન જાણે લેશ, કેમકે તે અજ્ઞાને.

---

૫૦ વિદ્યાસંબંધી વાદમાં બે મત પડયાં તો તે મતને ધર્મમત કરી નવા ધર્મ ચલાવ્યા. **તત્વમસિ** એ વાકયની વ્યુત્પત્તિ બે રીતે થાય છેઃ—તત્ ત્વ અસિ—તે (ઇશ્વર) તું (આત્મા) છે.–એમ શંકરાચાર્યે પદો પાડી અર્થ કરી જીવાત્મા પરમાત્માનું અભેદત્વ–એકત્વ બતાવી અદ્વૈત માર્ગ પ્રતિપાદન કીધો. મધ્વાચાર્યે (નૈયાયિક મતે) તસ્ય ત્વં અસિ–તેનો (ઇશ્વરનો) તું (આત્મા) છે એમ પદો પાડી અર્થ કરી જીવાત્મા પરમાત્માનું ભેદત્વ–દ્વિધાપણું બતાવ્યું ને દ્વૈતમાર્ગ પ્રતિપાદન કીધો. ખરૂં જોતાં એ વિદ્યાના વાદ છે પણ તે મોટાં ધર્મમત–માર્ગના બીજવાદ થઈ રહ્યા છે. (શી સંસ્કૃત ભાષાની બલિહારી?)

૫૧ સ્ત્રીયો ભાવમાં દોડતી આવે અને જરાતરા સમજે એવા ગ્રંથો રચ્યા (વલ્લભે, સ્વામીનારાયણે વગેરે) કે તેઓને લીધે તેઓની પાછળ પુરુષ પણ દોડતા આવે.

ભણે વેદ બહુ વિપ્ર, પરંતુ ન સમજે કાંઈ;
ખરેખરા તે ઢોર, બચારા ઘેલા ભાઈ.
કર્મ કરાવે ગોર, ઠગે બહુ જજમાનોને;
હોમાવી ઘી દર્ભ, દક્ષણા માંગી લે તે.
તરુણ વિપ્ર તે ન્હાય, નાકને ઝઢલઈ ઝાલે;
વૃદ્ધો પણ કહું ઘણા, ત્રિકાળ ન સંધ્યા બાંધે.
સ્નાન તિલક કરિ શૂદ્ર, બેસિજમયે જંબાને;
એ તેઓના ધર્મ, ભક્તિ ભાવજ છે બ્હાને.
જૈનધર્મના લોક, વિશેષે વ્રત્તો પાળે;
રહી મલિનતામાંહિ, કર્મ[૫૨] સૂં જીવ અફાળે.
પુરાણુકેરી વાત, જાણુતા ખરી બનેલી;
અભણ્યા માને સાચ, કલ્પના ઘેલી ઘેલી.
શ્રાદ્ધ સ્મરણુનેકાજ, લોક ના સમજે કાંઈ;
બ્રહ્મ ભોજમાં જોય, પિતૃની ગતી ઠગાઈ.
નદી તીર્થ શુભ ક્ષેત્ર, જાતરા ભલી ભરાયે;
હેતુ હાલ ના જોય, ઉલટા પાપી થાયે.
અજ્ઞાનીને કાજ, શાસ્ત્રને બહુ સંકોચ્યું[૫૩];
ભટે લાકડું એમ, વ્હેમનું જ્યાં ત્યાં ઘોચ્યું.
ઝટલઇ માને લોક, વળી તે ડર બહુ પામે;
માટે મારી છાપ, ધર્મની[૫૪] સંઘે કામે.

---

૫૨ સારાં નરસાં કર્મજ ઉપર જીવની મુક્તિનો આધાર છે. ઇશ્વર સરખી વસ્તુ છેજ નહીં એમ કેહે છે.

૫૩ શાસ્ત્ર એવાં જોઇયે કે જેમાં બાધ ન આવે–સઘળા દેશના લોકો કબૂલ રાખે–ભણ્યા ને અભણ્યા બંનેને સરખી રીતે લાગુ પડે. તેવાં શાસ્ત્ર જંગલી હાલતની નિશાની બતાવે છે કે અસલ ભણેલા શોડા ને અભણેલા ઘણા હતા. –અભણ્યામાં એવાં શાસ્ત્રો ચાલે પણ ભણેલાઓ એવાં ટુંકી નજરનાં અને એક દેશી લખાણનો ધિક્કાર કરે છે.

૫૪ ધર્મ શબ્દના અર્થ ઘણા છે. તેમાં મુખ્ય તો આ કે ઇશ્વરને ઓળખવા ભજવા સંબંધી જે આપણી કરણે તથા રીતભાત તે; બીજો અર્થ આ કે નીતિ પાળવી—લોકોએ એક બીજની સાથે શી રીતે વરતવું તે સંબંધી જે આપણી કરણે તથા રીતભાત તે; ત્રીજો અર્થ કે સુધરતા વગેરે રાખવાસારૂ જે કર્મો કરવાં તે–આચાર વિચાર; એ પ્રમાણે બીજા અર્થો પણ. બ્રાહ્મણોએ ખરેખરો તો નીતિ આચારને માટે ધર્મ શબ્દ વાપરેલો પણ મોધમ રાખ્યો તેથી લોકો ધર્મ શબ્દને મુખ્ય અર્થમાંજ જોય છે; અને પછી ઈશ્વરથી ઘણું બીહેછે.

હેતૂ[૫૫] સારો તોય, અસત વસ્તૂ બહુ ભાખી;
પોતપોતિકામાંહિ, મિષોથી[૫૬] સાચી રાખી.
મદ્ય માંસ[૫૭] વ્યવહાર, કહ્યાં પાતક મોટાં છે;
નથિ વપરાતાં તેમ, શક્તિ ને શૂર કહાં છે?

ઘરસંસારસંબંધી અથવા છોકરાં સમજાવવાની વાત હોય ને તે ધર્મમાં લખીછ એમ કહ્યું કે અજ્ઞાની તે તરત કબૂલ રાખેછે. બામણાઓ અનંગરંગ–કોક શાસ્ત્રના શ્લોક બોલે–કંઈપણ સંસ્કૃત બોલે કે અજ્ઞાની તેને ધર્મની વાત છે એવું સમજે છે. ૫૫ કારણ; મતલબ.

૫૬ બ્રાહ્મણો અભણ્યાને બાનાં બતાવીને પોતપોતામાં તો સાચી વસ્તુ રાખી રહ્યા. વિચારની છુટ એટલે કોઇ કોઇને પત ન કરે.

૫૭ મદ્યમાંસ વાપરવાવિષે શાસ્ત્રમાં મના લખી છે તે આટલા માટે કે એ વસ્તુઓ મૂરખ લોકોમાં ઝાઝી વપરાયાથી (વપરાયજ) તેઓની હાલત ખરાબ થઇ જાય; વારૂ અભણ્યાને મના કરે ને ભણ્યાને છુટ આપે તો તેવી છુટ ગ્રંથમાં શોભે નહીં અને વળી અભણ્યા સામાં થાય; 'महाजनो येन गतः स पंथः' જે વાટે મોટા પુરુષો ગયા હોય તેજ રસ્તો (લેવો)–ભણેલાનું જોઇને અભણેલા કરે, પણ એ એમ ન સમજે કે ભણેલા તો ડાહ્યા રહેછે અને આપણે તો ગાંડા બની ખરાબે હાલ થઇયે છૈયે.—એટલા વાસ્તે ભણેલાને અભણેલા બધાંને સારૂં મદ્યમાંસની મના કરી. પણ ભણેલા પોતાના વિચારની છુટથી ખરૂં ખોટું સમજી છુટથી રહેવાને ઈચ્છેછે માટે તેઓ છુપી રીતે અથવા જાહેરમાં બાનાં બતાવી મદ્યમાંસ વાપરે છે. આજકાલ મદ્યવિશે લોકને ઘણો અનાદર નથી પણ માંસ વિષે ઘણો છે. મદ્ય વસ્તુ નઠારી હોત તો દેવી જે બધા દેવોની અંશરૂપ શક્તિ તેને તે કેમ જરૂરની છે? ટેવ નહીં તેથી માંસ ન ખાવું એ જુદી વાત છે પણ માંસ ખાધાથી ઇશ્વરના ચોર થઈયે છૈયે એ વાત ખોટી–આપણો જીવ તેવો બધાં પ્રાણીનો જીવ અને આપણા જીવને દુઃખ તેવું બીજા જીવને દુઃખ માટે જીવ હિંસા ન કરવી, અને જીવ હિંસા થાય માટે માંસ ન ખાવું એવી સાધારણ લોકમાં સમજુતી છે. અલબત વગર કારણે અને રિબાય તેવી રીતે નિરપરાધી પશુપક્ષીની હિંસા કરવી એ મોટો દોષ છે પણ ખોરાકને માટે નિરપરાધી પશુપક્ષીની અને દુષ્ટ ઝેરી પશુપક્ષીની હિંસા કરવી એમાં દોષ નથી. (વાઘ સાપ માકણ ચાંચણ વગેરેની હિંસા કરતાં થોડાંજણજ પાપ સમજે છે). અગર માણસ તો સારાસાર સમજવાની શક્તિ ધરાવે છે અને પોતાનાં ભલાં ભુંડાં કામની જવાબદારી પોતાને શીર રાખે છે પણ જનાવરોને તો તેમ નથી?–જેવી ઈશ્વરે પ્રેરણા કીધી છે તેમ તેઓ વરતે છે. ખોરાકનેમાટે જે હિંસા તે ઈશ્વરને ગમતી નથી તો ઘણાખરાં પશુ પક્ષી માછલાં કીડા વગેરેને માંસઆહારી કેમ કર્યાં? વળી, માણસ જાતમાં પણ પૃથ્વી ઉપરના ઘણા ખરા લોક માંસનો આહાર કરે છે એઓને માટે ખેતી થાય તેવી જમીન બધે ઠેકાણે કેમ ન રાખી? હિંદુઓમાં અસલ ચાર જાત તેમાં ક્ષત્રીઓ માંસ ખાતા, રાજાઓ મૃગો મારતા, બ્રાહ્મણો યજ્ઞમાં પશુવધ કરતા. સોમયાગાદિક યજ્ઞમાં બ્રાહ્મણો બકરાનાં મોડાંમાં જવ ભરીને તેને દાભથી મકમ બાંધી લઇ તેનાં વૃષણો ઉપર વજ્ર મુઠ્ઠીનો પ્રહાર કરી તે બચારાં પ્રાણીને જીવથી મારતા; એવી વાત છે કે એક ઋષી એક હાથીનું માંસ વરસ દાહાડાસુધી ચલાવતો. (લોકો કહેછે કે પશુ વધ કરતા, પણ તે વખતના બ્રાહ્મણોમાં પાછાં જીવતાં

બુદ્ધ જૈનનો [૫૮] ત્રાસ, કરવવામારૂ ઝાઝી;
ધણી તેમની રીત, કરી દાખલ બહુ પાજી.
રજસ્વળાનો[૫૯]હેમ, ગણાએ ધર્મઉપરથી;
વળી શ્વપચનો [૬૦]સ્પર્શ,તેહ પણ તેજઉપરથી.
ગોપુચ્છ ગોમય–મૂત્ર મૃત્તિકા દર્ભ પવિત્રજ;
પંચગવ્યથી પાપ, જાય ને શુદ્ધી તતંજ.

કરવાની શક્તિ હતી એ બીલકુલ ખોટું સમજવું). શ્રાદ્ધમાં માંસના પિંડ આપવાનું કહ્યું છે. ને એક મારા વિદ્વાન સગાએ બૃહદારણ્ય ઉપનિષદ સાંભળ્યું છે તેણે મને કહ્યું છે કે તેમાં માતેલા બળદનું માંસ બાળકને ખવાડવાનું લખ્યું છે. એ ઉપરથી જોતાં માલમ પડે છે કે વિધીથી બ્રાહ્મણોને માંસ ખાવાની—છુટ હતી. (પણ એને ઉપર બતાવ્યા પ્રમાણે બાનાં સમજવાં). હિંદુ ધર્મમાં માંસ ખાવું નિષેધ હોય તો ક્ષત્રીયોને કેમ છુટ ને બ્રાહ્મણોને પ્રસંગે કેમ છુટ ? વારૂ બંગાલાના બ્રાહ્મણો મચ્છ ખાયછેજ. જો માંસ ખાવાનો નિષેધ છે અને એ નિષેધ ઈશ્વરથી છે તો જીવ જાય તોપણ કોઈ દાહાડો કોઈપણ હાલતમાં આવ્યા છતાં કોઈપણ રીતે કોઈપણ બાને માંસ નજ ખાવું જોઈએ. પણ તેમ નથી. ક્ષત્રીને માંસ ખાધા વના કેમ ચાલે ? ભાજીખાઉઓ, કિયા કૈવતથી માંસખાનારા દુશ્મન લડવૈયાની સામે ટકી શકે ? ને એજ ક્ષત્રીયો સાથે બ્રાહ્મણોને ખાવા પીવાનો અને કન્યા આપવા લેવાનો વેહેવાર હતો. રામ જે અવતાર તે પણ ક્ષત્રીજ. વળી લોકમાં આમ પણ ચાલે છે કે 'અન્નણ્યાનો દોષ નહીં ને ખપ તેનો છોજ નહીં.'

એ બધી વાતો તકરારને માટે લખી છે. ઇશ્વરે જરે આપણા દેશમાં ધાન્ય ભરપુર મુકયું છે તારે માંસ ખાવાની જરૂર નથી, તોપણ ખાધાથી કોઈ ઈશ્વરનો ચોર થતો નથી. અસલ મના કરી હતી પણ ચતુરને ચેતવી ગયા છે કે ડાહી રીતે વાપરજો. અસલ મના હતી તે ઠીક હતી પણ હવે જરે વિપ્ર શૂદ્રમાં પણ વિદ્યા વધે છે અને એઓ ભણેલાની સંગતમાં રેહે છે તારે તેઓ અગર મદ્ય માંસ ઘટતી રીતે વાપરે તો તેમાં કંઈ પાપ નથી. ટેવ ન હોવાથી કંટાળો આણવો અને પાપ લાગશે એની ધાસ્તીથી કંટાળો આણવો એ બે જુદી જુદીજ વાતો છે.

૫૮ બુદ્ધજૈનનું જોર વધ્યું ને લોકોએ તે મતતરફ વલણ કીધું તારે તેઓને ઠેકાણે રાખવાસારૂ તે મતોની કેટલીક વાત દાખલ કરી–વ્રત્તો પાળવાની જીવહિંસા ન કરવાની વગેરેની રીતભાતો.

૫૯ અળગાં બેસવાની વાત. અળગીની સાથે સોબત કરવાથી રોગ વગેરે ઘણા ગેરફાયદા છે માટે અને અજ્ઞાની જડસા, સ્ત્રીસાથે સુતા પછી સોબત કર્યા વગર રેહે નહીં માટે, ધર્મમાં–ઈશ્વરે ના કહીછે એવું ચલાવ્યું. એ ઠીક કીધું–પણ એ કારણ ન સમજતાં લોકો મોટું પાપ સમજે છે. ઇશ્વરની આજ્ઞા તોડવી એ જુદું પાપ ને નીતિથી ઉલટું ચાલવું એ જુદું પાપ, અને ન્યાતની રીત વગેરેથી ઉલટું ચાલવું એ જુદું પાપ. હવે જુઓ અડકાવમાંજ (ધર્મના મુખ્ય અર્થમાં) અપવિત્રતા છે તારે જાંહાંસુધી દેખાય તાંહાંસુધી અળગું પાળવું જોઇયે (જેમ પારસીયો કરે છે તેમ) પણ ડાહ્યા બ્રાહ્મણોએ, ત્રણ દાહાડાની ને જરૂર પડે તો અપવાસ કરતાં બે દાહાડાની બંધી કરી છે. જરૂરની વખતે (છોકરાં છોકરીના લગન સમે વગેરે) તરત નાહી ગયેથી સ્ત્રી શુદ્ધ થાય છે. ૬૦ ઘેડાને અડકવું તે.

વાઘહરણનૂં ચર્મ, હીર તો ખપે અમોટે;
આર્ય વાપરે તેહ, મોધું તે ચોખ ગણાએ.
નથી કોઈ વેહવાર, સાથ જંબા ખાવાનો;
શુદ્રવિપ્રનીમાંહિ, પર્ણિને પર્ણાવ્વાનો.
જાતિભેદને હાય, દેશ તો ખોએ ભારી;
ઊંચો આવે કેમ, રિબાતાં જખમે કારી?
કોનું ખાવું[૬૧] કંઈ નહીં, નહીં ન્હાયાવણ ખાવું;
એને કેહ સહુ ધર્મ, ધર્મ તો જાણે બાવું.[૬૨]
એ પ્રતિબંધે હાય, પ્રદેશે નાજ જવાયે;
પ્રદેશથી જે લાભ, ઘણા તે નાજ ચખાયે.
એ પ્રતિબંધે હાય, સગાઈ તો નવ થાયે;
પુરુષ કુંવારા[૬૩] રેહ, મૂર્ખસૂં કન્યા જાયે.
એ પ્રતિબંધે હાય, દાઝ ને સંપ ન જનમાં;
મમતથકી નહિં જસ, અરીસ્યા જુજવાં મનમાં.
એ પ્રતિબંધે હાય, કરે નહિં સાહ્ય પરસ્પર;
અદેખાઇથી જંન, પાડુ મારે છે થઇ ખર.
એ પ્રતિબંધે હાય, દેશિરાજ્યેની પડતી;
મળે ફરી નવ રાજ, થાય કો થી નહિં ચડતી.
કેટલાક જે ભેદ, થયા ગુણ કર્મઉપરથી;
ખરેખરા હિતકારિ, કામ બહુ થાતાં દલથી.
ભેદ હાલ જે તેહ, જાતિનીતીરૂઢીના;
દેશનું સત્યાનાશ, વાળિ નાખે શી બીના!
સ્વાભાવિક એ ભેદ, થોડિ વાતોમાં ઘટતો;
ઘણો લડાવ્યો તેહ, ઘણી વાતોમાં નડતો.

---

૬૧ છિનાળી કરો, ખુન કરો, ધર્મની ક્રિયા ન કરો, ઈશ્વરને ન માનો તોપણ ન્યાતમાં રેહેવાય, પણ કોઈનું કંઈ ખાધું કે પતિત–ન્યાત બાહાર થવાય.

૬૨ (કરોળિયાનું). ૬૩ ન્યાતમાં કન્યા થોડી હોય ને બીજી ન્યાત સાથે ખાવાનો વેહેવાર નહોય તો તેથી કેટલાક પુરુષ કુંવારા રેહેછે અને કન્યા ઓને, વ્યસની અભણેલા લુચ્ચા નીચ કુળનાની સાથે પરણવું પડે છે.

અડકિ શકે નવ શૂદ્ર[૬૪],શકે કયમ બાળી દ્વિજને;
રઝળે મુડદું તોય, કોય આવે નહિં મદદે.
અડકે નહિં કદિ વિપ્ર, શૂદ્રનાં શબને કોએ;
રહે કેમ મિત્રાઈ[૬૫], દાઝ એકકની હોએ?
અશુભ કામમાં જરુર, વિપ્રને ભોજન જોયે;
સારે નહિં તે પતિત, ન્યાતબ્હારો થઈ રોયે.
લગ્નકાર્યમાં કાંઇ, કદી કરિ વધઘટ ચાલે;
મર્ણકાર્યમાં વિપ્ર, ન્યાત પણ કર ઝટ ઝાલે.
જરુર પડે નવ જમે, શૂદ્રનું રાંધેલું તે;
બ્રાહ્મણ ભુખથી મરે, ન્યાતના દોરથકી તે.
એમાંનું નહિં પ્રથમ, પરંતુ હમણાં ચાલે;
સુતર[૬૬] અડકે ફરી, ન્હાવું તે ચોંટે ભાળે.
સ્ત્રીને[૬૭] દીધી છૂટ, કેશ ના ભીંજવવાની;
નહીં પુરુષને તેહ, વળી જમતાં અડવાની.
દક્ષણિયોમાં નહીં, પરંતુ ગુર્જરમાં છે;
ઘણી ન્યાત ને રીત, જૂલમી સાચે તે છે.–૨૭૨

રૂઢીસંબંધી પડતી.

જવાય નહિં પરદેશ, ભ્રષ્ટ થાવાને બ્હાને;
કર્યાં સ્વારથી શાસ્ત્ર, બીકણે ને નાદાને.
રખે કુવતની જાણ, થાય પરરાજાઓને;
રખે દોર નિજ જાય, ભમાવ્યા ક્ષત્રીઓને.

---

૬૪ સુધડને ને કુવેડને જજ બને–ખાવા પીવાનો દોસ્તી વગેરેનો વેહેવાર રાખવો જજ ગમે પણ જરૂર પડેથી કુવેડ સાથે પણ પ્રસંગ પાડવામાં શી હરકત? તેમાં પ્રથમ કુવડ પણ પછી સુધડ થયેલો એવાની સાથે વેહેવાર રાખવામાં શેનીજ? અસલ કંઈ એવી વાતનો અટકાવ નોહોતોજ.

૬૫ "આપવું લેવું, (છાનું) કેહેવું સાંભળવું અને જમવું જમાડવું એ છ જ્યાંહાંસુધી છે ત્યાંહાંસુધી મિત્રાઇ છે એમ જાણવું." હમણાં વાણિયાઓ, બ્રાહ્મણો, દક્ષણીયો, બંગાલીયો, કેળવણીથી એક વિચારના છે પણ ખાવા પીવાનો વેહેવાર ન હોવાથી તેઓ એક બીજની સાથે દેશને ફાયદો થાય તેવાં કામો કરવામાં એકઠા મળી શકતા નથી. ૬૬ (નાગરની ન્યાતમાં)

૬૭ બૈરાંના ચોટલા પલળ્યાથી તેઓ માદાં પડે, તેઓથી માથે તેલ ન ઘલાય માટે છુટ્ટી. પુરુષના વાળ કોરા હોય તો ફરીથી નાહે. (શો જુલમ?)

જુલમગાર બહુ જવન, સ્વારિયો કરતા તેથી;
જાળવવા કુળ ધંન, કચ્છું ફરવું બંધ ભેથી.
રસ્તાનાં દુખ મોટ, ઘણાં મોટાં દરિયાનાં;
પ્રવાસ કીધા બંધ, કરે શૂં બીકણુ માના. ?
સુખિયાના શા ભોગ, દૂર પરદેશે જાયે;
વિચાર ટૂંકા એમ, પછી ફળ કયાંથી થાયે ?
(એમ) અટકે[૬૮] અટકી રહી, જ્ઞાન સંપત ન વધાર્‍યા;
દેશાટનથી લાભ, થતા ઝાઝા અટકાવ્યા.
પરરાજ્યોની રીત, રીત લોકોની સારી;
ધંધા ને વેપાર, હુંનરો બ્હોળા ભારી.
નવ જોયાં નવ જોય, દેશ કયમ તાજે થાયે;
દર્પણ વણ કયમ કરી,ખોડ ખાંપણ તે જાયે.
નવી ચીજ જોવાય, મોહ બહુ લાગે તેનો;
લેવાનૂં મન થાય, ફાયદો જોથી બેનો.
આપનાર લેનાર, થાય છે બંને રાજી;
લેનારો વીશેષ, કેમકે જોયે તાજી.
પોતા જેવા જોહ, તેહને દેખાડે છે;
જોઓ પણ લલચાય, બનેથી હોરી લે છે.
લાભકારિ જો હોય, કારખાનાના જેવી;
રળે તેથિ બહુ દેશ, વાત ઝાઝી શી કહેવી.
વધે ઘણો ઉદ્યોગ, ગરિબડાં સૂખી થાયે;
પ્રવાસનાં ફળ મોટ, ગર્વ આળસ તે જાયે.
નવૂં નવૂં જોવાય, સાર સહુનો લેવાયે;
ચરે ફરે જે જીવ, ઘણૂં સારૂં કહેવાયે.
પ્રવાસ કરતાં દૂખ, કિધેથી સૂખો વાધે;
સ્વાર્થ અને પરમાર્થ, દેશનૂં કારજ સાધે.
જગત નીમ જોવાય, સંધુ નહિં એક જગોએ;
પરસ્પરે વેહેવાર, કરી લઇ લેવી જોયે.

---

૬૮ સિંધુનદિ.

ભણે નહીં તો રહ્યું, ફરી[૬૯] બહુ દેશ ગણે જો;
રે અહિંયાના અહિં, દેશિરાજા સુધરેજો!
કોળી કણબી લોક, વળી અભણ્યા ભાટેલા;
ફરે ઘડાયા તેહ, જાય નહિં ગાંજ્યા ઘેલા.
વિક્રમકેરી રીત, સ્વિકારે દેશીરાજા;
સણગારી દે દેશ, થાય પોતે પણ તાજા.
પ્રવાસમાં જોવાય, ઘાટ અદ્‌ભુત ઈશ્વરના;
પાહાડ નદી ને રાન, ઘોધ રંગો તરવરના[૭૦].
સમુદ્ર સરવર તીર, જનાવર બહુ જાતોના;
ધન્ય ધન્ય પ્રભુ જંન, સુખી થાયે જોતાંમાં.
બ્હિકણુ કાયરા હોય, વળી રેહ સંતોષી તે;
પ્રવાસથી બહુ ડરે, રણે શૂરા શૂં જીતે?
'જીવ્યા કરતાં જોયું, ભલું' કેહવાએ જનમાં;
જોવાની નહિ હોંસ, મુવેલો જિવતો જગમાં.
ઘણા વરસનો શ્રંમ, ઘણી મુદ્દીનો કીધો;
ફળો ચખાયે રહેજ, ઘરંતાં રસ્તો સીધો.
દેશાટનથી થાય, દેશમાં પુણ્યકળ માયો[૭૧];
ચણો નર્મદા ક્ષેમ, નવો ને મઝકમ પાયો.–૩૨૨
પુનર્વિવાહ ના થાય, ઘણું દુખ રહેછે વિધવા;
મ્હેણાંથી વીંધાય, ઘણી ઈઝરાએ[૭૨] મનમાં.
કામથકી પીડીત, ઘણી તે આતુર થાયે;
અજ્ઞાની બહુ તેથિ, રહેજમાં વંઠી જાયે.
કરે છિનાળાં તેહ, પ્રથમ તો છાના છપનાં;
મોટપણે ના ડરે, કામ કરવે સાહસનાં.
કરે બિજાં પણ પાપ, પેટના ગર્ભો પાડે;
બાળકહત્યા કરે, જન પોતાના કહાડે.

---

૬૯ ભણે નહીં તો રહ્યું પણ ફરી–દેશાટન કરી ગણે–દુનિયાદારીથી વાકફ થાય તો. ૭૦ ઝાડોના. ૭૧ પુંજી; દોલત.
૭૨ સંકોચ પામી પામીને–ઓછું આણી આણીને બજ્યાં કરે.

બાળરાંડને જોઇ; દયા બહુ આવે મનમાં;
દીનહીન તે દીન, કેમરે કહાડે બળતાં!
વસ્ત્ર ધરેણાં સર્વ, મુકી દે તે મૂંડાએ;
હાય હાય એ રીત, ધણી વ્હરવી તે થાયે.
પુરુષ કાઢતાં મૂછ, સુતકથી જો અકળાએ;
કરે કાં ન કલ્પાંત, બાયડી તે ખોડાવે?
અબળાના એ હાલ, હિંદુમાં દુઃખી બાઈ;
જીવતી મૂઇ તેહ, મઝા તો મારે ભાઈ.
પોતે બીજી વાર, પરણતા વહુ મરિજ્જતે;
વહુથી ના પરણાય, બિજ્જસું વર મરિજ્જતે.
પ્રજા વધે નહિં એમ, અનીતી ભારી થાયે;
દુખિયો ઘર સંસાર, કેમ દળદર ના આવે?—૩૪૨
બાળપણામાં લગ્ન, થાય છૈયાછોડીનાં;
જન્મ્યાં પેહેલાં કોઈ, કરે સાટાં વીવાનાં.
અભણ્યાં નર ને નાર, ચૈાદ બારે ઘર માંડે;
ભણ્યો હોય નર ધૂળ, કમાઈ શું ઊકાળે?
થાય છોકરાં સ્હેજ, કૃતાર્થી[૭૩] બંને માણે;
માંધકાંકલાં રોગિ, વ્હેંતિયાં કદમાં હોયે.
મા જાણે પડિ પાર, બાકિ જો વંધ્યા[૭૪] રહેતે;
કહેણી તો રહિજ્જત, ચારમાં નીચૂં જોતે.
એ રીતે નરનાર, બાપ મા થઇને રહે તે;
શેનાં નર ને નાર, ઢીંગલા ઢીંગલી રે તે.
ધણે ઘેર નહિં સંપ, દિસે કહું નરનારીમાં;
જોર જુલમનાં લગ્ન, પ્રીત કેવી રેહ તેમાં?
પ્રેમ પરસ્પર હોય, પરણતાં હોયે બંને;
એકદિલીથી[૭૫] રેહ, ટેકમાં સમજૂ થઇને.

---

૭૩ સંસારમાં આવવાની મતલબ છોકરાં કાઢવાનીજ તે પાર પાડી મએ માણે છે—સમજે છે. ૭૪ વાંઝણી. ૭૫ સલાહસંપથી.

જોડાંમાં કો હોય, રોગિ ને ખોડભરેલું;
વિવા[૭૬] ન થાયે ફોક, એમ રહે લગ્ન સળેલું.
જોડાંમાંનો મરદ, છિઃ એ બોલ વગોવું[૭૭];
મરે ન પરણે નાર, ભુંડે વેશે હું જોઉં.
બાળલગ્નને બાળ, રૂપ જાયે માણસનાં;
જાયે રે મરદાઇ, પ્રીત રેહે નહિં જનમાં.
બાળલગ્નની પ્રીત, પ્રીત એને શી કહેવી?
જનાવરોની રીત, જંતને ભેગી કરવી.
એ રીતે નુકસાન, થાય છે બાળલગ્નથી;
ભણે ન સ્ત્રીનો સાથ, છૂટવું કયમ દળદરથી?—૩૬૬
ભણે પુરુષ નહિં જ્યાંહ, કેમ સ્ત્રી ભણતી દીસે;
મૂર્ખ પુરુષ ના દેય, શીખવા સ્ત્રીને રીસે.
ભણવે બગડે નાર, એમ કેહે મૂરખ તે;
મૂરખ બગડે કેમ, તેહનો ઉત્તર ના દે.
ભણ્યાવિના ના થાય, નારિયો સૂધડ ડાહી;
મૂર્ખીને નર ચતુર, સ્હેજમાં છળતા વાહી[૭૮].
ભણેલિ હોયે માત, છોકરાં ડાહ્યાં થાયે;
સારિ સંગતે રેહ, આડિ વાટે ના જાયે.
ભણેલિ હોયે નાર, ઘણા ગ્રંથો તે વાંચે;
હોરે ઈચ્છિત જ્ઞાન, વ્હાણુ ઘર તરતું રાખે.
ભણી ગણી જે નાર, વ્હેમનો મૂકે છરં તે;
શુભા[૭૯] શુભમાં રીત, હોય નરસી તે વરજે.
આજકાલની નાર, ભણ્યાવીનાના જે તે;
રાખી ગાંડો ભાવ, પુજે પાખંડીયોને.
ભણ્યા વિનાની નાર, સ્હેજમાં છક્કડ ખાયે;
ખોઈ બેસતી ધંન, બધી રીતે દુખિ થાયે;

---

૭૬ વાણિયાઓમાં વિવાહ ફોક થતો નથી.

૭૭ એવા નાકૌવત પરણેલા છોકરાને મરદ કેહેવો—છીઃ એથી તો મરદ શબ્દ ને મારે વગોવવો પડે છે—મરદના અરથ વિષે મને હલકો વિચાર આવેછે.

૭૮ ફોસલાવીને ઠગે છે.

૭૯ લગન વગેરેના રૂડા કારજમાં અને અશુભ—મુઆંના કારજમાં.

વિધાતો છે આંખ, પુરુષને કે કાં સ્ત્રીને;
સમજે સારાસાર, કરે કામો તે રીતે.
ઉત્તેજન દે નાર, તોજ રહે નરની પ્રૌઢી[૮૦];
સુધરે નહિં સ્ત્રીજાત, દેશ ના સુધરે કો દી.–૩૮૬
વાંસદોરિની રીત, રીત શબ્દ લઈજાવાની;
બીજો જંગલી રીત, રીત ટાંગા[૮૧] ટોળીની.
દોડદોડની રીત, રીત ઓઓની કૂડી;
ડાધુવેશની રીત, રીત સૂતકની ભૂંડી.
ધિક્ક સ્ત્રીયની રીત, રીત છાતી કૂટયાની;
ધિક્ક રાજિયા રીત, રીત મ્હોડું વાળ્યાની.
ધિક્ક કાણુની રીત, રીત ખાણું પાળ્યાની;
ધિક્ક ચૂડિની રીત, રીત ખૂણા પાળ્યાની.–૩૯૪
કેટલીક છે રીત, શુભાશુભ કારજમાં જે;
શરમ આણતી મ્હેસ, ઘણી દુખ દેતી છે તે.
જ્ઞાતવરાની રીત, ખરેખર જુલમી ક્રૂર છે;
મરે બચારા રંક, કાઢતાં નાણૂં કરજે.
જનમૃત્યુનૂં એક, બિજૂં દુખ નાણાંકેરૂં;
તેમાં વળિ કરદેઈ, કરજનો ઝિલવો મેરૂ.
વરઘોડાના હાઠ, હાઠ સાજન મળવાના;
નાચ રંગના હાઠ, વૃથા આતસબાજીના.
ધુમટાની મરજાદ, જનાનાની પણ તોએ;
સ્ત્રી સહુ બેમરજાદ, ફટાણાં ગાતી હોયે.
નહિં સ્ત્રિયોનૂં માન, હિંદુના ઘરમાં ઝાઝૂં;
મિત્ર ગણે છે કોક, ઘણા કહે મારો પાટૂ.
(તેમ સ્ત્રી) ખાઈ ખવાડી સુએ, રહેજ ઘર કામ કરે તે;
લડે રડે ને પડે, ભૂંડણો જેવી રહે તે.
જુલમગાર બહુ રીત, પરસ્પર પણિયત હકમાં;
ગ્રંથ વધી બહુ જાય, વાત કરતાં વીગતમાં.–૪૧૦

---

૮૦ પુરુષના વિચારને સ્ત્રી સંમત્ત થાય તોજ પુરુષનો–ઘરનો ભાર બોજ રહે. ૮૧ કેટલાક, એકજવાંસપર લબડતું લઇ જાય છે (મુડદું.)

વેહેમ[૮૨] સંબંધી પડતી.

રહી જાય જો જીવ, મરે તેનો કોઈમાં;
ભૂતયોનિ[૮૩] તે લેય, એમ કહે છે લોકોમાં.
મરે એમ જો વિપ્ર, બ્રહ્મરાક્ષસ તે થાયે;
ઘણી જાતનાં ભૂત, ઘણું તો ચૂસી ખાયે.
મરે મલીનતામાંહિ, પિશાચાદિકમાં જાયે;
અસત વસ્તુ તે રહેજ, મૂર્ખમાં સાચ મનાયે.
સુવાવડી મરનાર, વળી જે અડકાએલી;
ચુડેલ તે વિકરાળ, ડાકિણી જે મઉ[૮૪] ઘેલી.
ઘણા ઘણા આજાર, વાયુના થાયે તેને;
ભૂત ભૂત કહે લોક, ગુણી બોલાવે જેને.
સાહિ ચોટલો ખૂબ, ઉપરથી મારો મારે;
કરી ગુગળનો ધૂપ, આંખમાં અંજન આંજે.
કરાવિ ચંડીપાઠ, મોટિ બાધા[૮૫] લેવાડે;
ઘણું કરીને ભૂત, નારિયેાને સપડાવે.
ભ્રમણ ભ્રાંતિ તે ભૂત, ભુવાઓ ભૂતો કહાડે;
ફિતુર ફેલ કરનાર, નાર ઝટ ધુણવા માંડે.
કરે મસાણે વાસ, રહે કાળીની પાસે;
અંધારામાં ભૂત, પીપળા વડની માંહે.
કરે ન કો પીશાબ, કહ્યાં તે તે ઠેકાણે;
વળી આમલી ઝાડ, લીમડા બાવળ નીચે.
ઘણા ઘણા આકાર, ભૂતને ભૂંડાં કલ્પ્યાં;
બિહામણાં વિકરાળ, ચાલમાં જે નહિં સખણાં.
પિતૃસમંધી દોષ, ભોળિયા બળિ દઈ કહાડે;
નિકળે ઘરમાં સાપ, શાક દે વિપ્ર જમાડે.

---

૮૨ નઠારી રૂઢી તે વેહેમ–જેટલો બગાડો તેટલો વેહેમ–સુધારાનું ઉલટું તે વેહેમ. પણ આ ઠેકાણે વિશેષ અર્થ લેવો.–ભૂત નહુ જોતિશ વગેરેના વેહેમ.

૮૩ ભૂતની જાત; ભૂતની જાતમાં અવતાર.

૮૪ જે ઘેલી ને મઉડી હોય તે ડાકણ થાય.

૮૫ (નારાયણબલી, ત્રિપંડી વગેરે કરવાની.)

જોગણિયોના વ્હેમ, સ્ત્રિયોમાં ઝાઝા મ્હાલે;
કરે ધણી સંભાળ, બાળકોની નવરાતે.
રખે શીર[૮૬] પર રથ્થ, ફરે માતાનો ફરતો;
નવરાતરમાં રોગ, લહે માતાથી નડતો.
ગામ ગામડાંમાંહિ, ડાકલાં વાગે ભાવે;
ધુણી બોલતી એમ, મેલડી માતા આવે.
ઘણી સાધના થાય, બટુક કાળી ભૈરવની;
ગ્રહણ ઘડી પૂજાય, તિથી કાળીચૌદસની.
મારણ જારણ મોહ, જાદુ તે ખરાં મનાયે;
નજરબંધિ તે મંત્ર, ચાતુરીથી જે થાયે[૮૭].
રાઇમિઠેથી નજર, ઉતારે ભૂતો જાયે[૮૮];
ચોટલિ જો પકડાય, ભૂતની ન્યાલ થવાયે.
ઉતરે વીંછૂ સાપ, વળી હડખાયું હોયે;
મંત્ર કરે બહુ કામ, એમ ભાવે જન જોયે.
મંત્રતંત્રના ઢોંગ, સિદ્ધિ આપે છે મોટી;
અખંડ બળતો દીપ, કાપતો વિઘનો કોટી.
માદળિયાં તાવીજ, લીંબુ ને ચપ્પુથી તો;
નડે મેલું નહિં કોય, શત્રુ જિતવાની રીતો.
ઘણાક તન મન રોગ, ભૂત પિત્ર દેવોથી;
કરે ન ઓસડ એમ, રોગ જાયે પછિ કોથી?
આવે સૈયડ રોગ, કરે નહિં ઓસડ લોકો;
બાધાથી પણ મરે, રિબાતું[૮૯] મૂકી પોકો.
ઓળા અળગી[૯૦] તણા, વગર નાહેલાંઓના;
બગાડિ નાખે સ્હેજ, અથાણાં પાપડ સહુના.

---

૮૬ છોકરાંને અગાસી વગેરેમાં ઉઘાડે માથે ન ફેરવે.

૮૭ હાથ ચાલાકી વગેરેની ચતુરાઈથી નજર છેતરાય તેને મંત્ર સમજે છે.

૮૮ રાઈ મીઠથી નજર જાય-બંધાય અને ચપ્પલે ઉતારો મુકયાથી ખવીસ ઝાંપડા જાય.

૮૯ આકરી બધાઓ લેવાય-માથે સગડી, મ્હોડામાં ખાસડું, લીમડાની સાડી, નાકલીટી વગેરે, તોપણ સૈયડથી રીબાતું પોક મુકતું—રડતું જન મરી જાય છે ને આસપાસના સહુ હાથ ઘસીને રેહે છે. ૯૦ આળગાં બૈરાંઓના.

ઓળા કલ્પિત ભૂત, કરી નાખે જન[૯૧] માદું;
વ્હેમનું ફાટું આભ, હવે કહાં કહાં હું સાંધું.
જોષિ જોષિના વ્હેમ, ત્રંણ કાળોસંબંધી;
જન્મપત્રિકા વર્ષ[૯૨], વાત જૂઠી રે સંધી.
મુહુર્ત પ્રશ્ન જો સાચ, જોષિ દુઃખી કયમ થાયે?
જોકે વાધે હોંસ[૯૩], દુઃખ જોકે વિસરાયે.
સુકન ખાડિમાં લોક, ખાય છે ઝાઝાં હેલાં;
છિંક[૯૪] બિલાડી જોઇ હઠેછે પાછા ઘેલા.
જતે બીકણ ખૂબ, ભણેલા નહિં તે કાંઈ;
ચાતુરિમાં અણજાણ, ઠગાએ ભાઈ બાઈ.
વિદ્યા હુંનર રીત, અજાયબ જેવી જુકતી;
તંત્રજંત્રના ભેદ, એવિ અજ્ઞાની ઉકતી[૯૫].
માને મૂરખ ઝટ, કરે તકરાર ન સાંમી;
માટે દેહેશત દીધ, ભણ્યાએ વ્હેમો આપી.
ભૂત પિત્ર ને દેવ, ગ્રહોઆદી કર્મોમાં;
ધર્મ નીતિ ને રીત, બોળિનાખી વ્હેમોમાં.
સ્વાર્થ સાધવાકાજ, ભણ્યાએ ભુલવ્યા ભોળા;
ધિક્ક હિંદુના વ્હેમ, થયાં જૂદાં બહુ ટોળાં.-૪૭૬

દેશીરાજસંબંધી પડતી.

રાજ રેહ ગુલતાન, ખુશાલીમાં દરરોજે;
રતી[૯૬] રાગના રંગ, કેફમાં લ્હેકે મોજે.
ભણ્યાંગણ્યાંની વાત, ગમે નહિં તેઓને તે;
ખરેખરા મસ્તાન, લાડમાં ઉછરેલા તે.

---

૯૧ જનને. ૯૨ વરસફળ.

૯૩ જોષીએ કહ્યું કે ફતેહ છે તો કામ કરવાની હોંસ થાય છે ને કહ્યું કે ગ્રહો નડે છે માટે ફલાણાં ફલાણાં દાન કરો તો તેથી દીલાસો મળે છે એટલો ફાયદો, પણ જોષીને ભરોસે જે વખત જાય છે ને કામ બગડે છે ને બુદ્ધિ વેહેમાઈ જાય છે એ બધા સુમાર વનાના ગેરફાયદા સમજવા.

૯૪ છીંક સાંભળીને અને બિલાડીને આડી ઉતરતી જોઇને. ૯૫ એવું અજ્ઞાનીઓનું બોલવું છે.

૯૬ ઇરફાન.

શ્રી ના કહાડે તેહ, સહી શું કરતાં જાણે?
નામ કેાતરી મ્હેાર, વીટિ સંમત પરમાણે.
દિવાન જે કંઇ કેહ, દાખવે જે કંઇ લેખેા;
કહ્યાથિ મારે મ્હેાર, રાજ ઢનેા[૯૭] એ લહેકેા.
વિષ્ણુઅંશ[૯૮] કેહેવાય, પ્રજા પાળે નહિં તેાયે;
બૂબક ને નામદૂ, મીણના માટી[૯૯] હેાયે.
મૂળપીઠિકા ઊંચ, પરંતુ વંશજ નીચા;
ભરવાડેાનાં બીજ, નૂરમાં શેનાં ઊંચાં.
બવાસ ગેાલા નીચ, તેહની સંગતમાં રહે;
સંગે અંગે, રંગ ભુંડેા ચિકણેા લાગીરહે.
અભણ્યા વ્યસની રેહ, કારભારીને તાબે;
કુળ સંગત છે એમ, કુડા ગુણ કયાંથી લાવે?
બવાસ માણે મેાજ, રાજને નામે[૧૦૦] રેાજે;
દિવાન તે પણ જાય, જનાનામાં નિજ બેાજે.
નાજર હિજડા જેહ, જનાનાના રખવાલેા,
દે ધમકીનેા માર, અદબમાં રાખે નારે[૧૦૧].
પણિયત તેા પચ્ચીસ, સેંકડેા બીજ્યેા પણ;
કેાક[૧૦૨] બચારી હેાય, ધણી તેા બાઝંડી પણ.
ધણી પુકત જે નાર, કારભારી લઇ સાથે;
કરે ખટપટેા ખૂબ, રાજમાં સ્વારથમાટે.
(કેટલીક) વધારિ બેાટાં પેટ, પ્રસવતી વેળા આણે;
કેાળિનાળિના પુત્ર, ગુપ્ત કે કેા ના જાણે.

---

૯૭ જેને કંઈજ આવડતું ન હેાય ને સાંઢના જેવેા હેાય તે–(ઢ અક્ષર જાડેા ને તેમાં મીડું છે તેઉપરથી.)

૯૮ રાજા, પ્રજાની સંભાળ લેછે માટે તે વિષ્ણુઅંશ કેહેવાય છે–(વિષ્ણુ, પાલન કરનારી શક્તિ છે.)

૯૯ ચૈતન–સમજ વનાના માટીડા.

૧૦૦ રાજાનાં નામ પરતાપથી. (રાજાને માને એમ હેાય તેાપણ ઠીક છે. રાજાએ માંનેલા માટે.)

૧૦૧ રાજાની રાણીયેાને.

૧૦૨ કેટલીક થેાડીયેા.

રાણીજાયા એહ, રાજના વારસ થાયે;
દિવાન પૂરે સાખ, એટલે સાચ મનાયે.
છુપાં ખૂન બહુ થાય, રંગ મ્હોલોમાં પાજી;
કેક ધણા ગંધાય, છિનાળાં રંડીબાજી.
ખરે ઉકરડા નીક, નર્ક જાણો તે મ્હોલો;
જેમાં ડુક્કર કીટ, રહે મસ્તાની ટોળો.
ચામ ચોરિના[૧૦૩] દંડ, ચક્ષુત્રાવાળા કરતા;
પુરુષ હોય નિર્દોષ, બચારા સ્હેજે મરતા.
ધણી તરકટી તોય, નાર તે તો બચિજાયે;
છતે ધણી તજવીજ, છિનાળાં ઝાઝાં થાયે.
ગંડૂવ્યસની રાજ, જાનવરસાથે રમતા;
અધમ ધુતારાસાથ, એક થાળીમાં જમતા.
પોતે ગંડૂ તેમ, લોકને કરતા ગંડૂ;
બગાડિનાખી દેશ, કાળજૂં કરતા થંડૂ.
ખરે વંન વિકરાળ, રાજને જાણો ભાઈ;
ડરે જેહમાં હરણ, વાઘ તે મારે ધાઈ.
લુટી છેતરી જન, વળી બહુ ધમકાવીને;
ધરો ભરે ખુબ નીજ, રાજને સમજાવીને.
રડાવિ રૈયત રોજ, કારભારી બહુ જમતા;
ભરે ડોઝરૂં જેમ, ગાયને મારી ચિત્તા.
ઇજારે આપ્યાં ગામ, કારભારી લે પાછાં;
મળી હોય કો લાંચ, બિજાને દેવા વચમાં[૧૦૪].
જમિન કેળવી ખૂબ, પાક જો સારો કીધો;
લુટીજાય ને ખાય, રાજનાં ગોલાં તીડો.
ઉંચી જમિન તો એમ, રેહછે પડતર ઝાઝી;
શ્રમનાં ફલ લૂટાય, હોય તેમાં કુણ રાજી?
પ્રજા રડીને રેહ, દાદ તેની ના લાગે;
ઉત્તેજન શૂં મળે, જુલમની હાકો વાગે.

---

૧૦૩ છિનાળું. ૧૦૪ બાંધેલી મુદતની વચમાં.

કુવા વાડિના લાભ, ખેડુતોને ના હોયે;
લેવા ઇચ્છે કોય, લુટાઈજાય તે રોયે.
રસ્તાઓ નહિં સાર, ગન્દકી ગલિયે ગલિયે;
પોસ્ટઆફિસો અને,હરિપતાલો પણ કહાંઇયે[૧૦૫].
વાધવરની બ્હીક, કાપતાં મજલો વાટે;
લૂટ ચોરિનો ધાક, ભિખે[૧૦૬] સીપાઈ માટે.
જુદા જુદા છે ન્યાય, જુદે જૂદે સંસ્થાને;
એકસંપ નહિં એહ, કોઇ કોઈનું ન માને.
કવાયતની શી વાત, અશીણી ફોજોમાંહે;
નીમિત જહાં ન પગાર,સુસ્તિ હોય ન કાં તાંહે?
સંકટમાં તે હઠ્ઠ, લેઇ લે નાણૂં જાશે;
કુવો ખોદવા જાય, આગ ફેલાયે તાશે.
રાજધાનિના લોક, ઠગાઈ માનો આપે;
જોઈ ઊપલાં કામ, તારિફો ઝાઝી છાપે.
એવા છે ઉસ્તાદ, કારભારીયો જેઓ;
ઘણી જાતનાં ખૂન, ખુણામાં કરતા તેઓ.
વગર કાયદે ન્યાય, થાય દેશીરાજોમાં;
કારભારિ દે દુઃખ, લોકને બહુ મ્હાલોમાં.
રાજકાજમાં મંન[૧૦૭], ધાલવા ના દે કો દી;
મગન નાયિકામાંહિં, રાખતા જે બહુ સોદી.
ચાલે બહુ અંધેર, પડે હાલતમાં લોકો;
વેરા ને કર ઘણા, તેથિ તે મૂકે પોકો.
પ્હોંચિ ન જેની દાદ, ઝનૂની અપટ્ટ જેઓ;
બ્હારવટૂં કરિ ત્રાસ, રાજને દેતા તેઓ.
મરે બચારા જંન, જંનાની રાજો છે જહાં;
મદ્ય કસુંબા રાંડ, ધાતકી રમણો બહુ ત્હાં.

---

૧૦૫ કાંહાં. ૧૦૬ બરાબર પગાર નહીં ને પેટને તો. જોઇયે–ઘણા જણની પાસથી ઉછીના વ્યાજે લઈ (ભીખ માંગી કામ ચલાવે.)
૧૦૭ કારભારીયો રાજાઓને રાજકાજમાં મન ધાલવા દેતા નથી.

રખે ઓછું નિજ થાય, ભણાવે નહિં રાજાને;
અંધારામાં[૧૦૮] અંધ, રાખિ સમજાવે કાને.
ભણ્યો રાજ તો હમે, કારભારી શું કરશું?
મઝા કરોજી રાજ, હમે નહિં કોથી ડરશું.
શિખવાનું શું કામ, હોય રે શ્રીમંતોને?
રળ્યાવિના શું ખાય, રંક તે શિખતા છોને.
એમ કહે દીવાન, દિવાના રાજા માને;
મૂરખને તો કાન, કરે નહિં કામો સાને.
રખે જુલમની જાણ, થાય કો અંગ્રેજોને;
કારભાર ઝટ જાય, વાસતે સીવે મ્હોને.
માને નહિં એજંટ, અને જોવાને આવે;
હારી પાછા જાય, જુક્તિમાં તે ના ફાવે.
કરી મુકે તજવીજ, કારભારીયો એવી;
ભણાવિ રાખે રાજ, વાત હોયે જે કહેવી.
અરે રાજ એજંટ, પટાવી પુછશે તમને;
ખોઈ બેસશો રાજ, પછી નવ કહેશો હમને.
તબિયત બગડી કહી, વાત કરતાં ઉઠિજાજો;
ખરચુ[૧૦૯] જવું કહિ ત્રાસ, તેહને દેજો ઝાઝો.
માને નહિં સાહેબ, જાય તે[૧૧૦] ઉપરી પાસે;
વગે આપિદે લાંચ, પછી કહાં સાહિબ જાસે.
ઉપરી સાહિબ જોહ, લખે નીચાને જ્યારે;
ધાર્યું પાડતા પાર, કારભારીયો ત્યારે.
રંડિ આણિ દે એહ, બજાર પરની ધરની;
પુત્રિ બેન ને સ્ત્રીય, કમી શી હોયે જરની.
ધિઃક ધિઃક વેપાર, કરે તે સ્વારથમાટે;
ધિઃક ધિઃક મરદાઇ, ગવાયે વાટે ઘાટે.

---

૧૦૮ અંધારામાં એટલામાટે કે બીજા કોઈ ન જાણે. આંધળા રાજાઓને અંધારામાં રાખી કેહેવું–બીજાનાં દેખતાં ન કેહેવું. ૧૦૯ ગાડે ફરવા જવું. ૧૧૦ કારભારીઓ.

ઘોડાઓ બક્ષીસ, કરે છે એજંટોને;
સંભળાવે છે ગાન, ખવાડે મીઠું મ્હોને.
જુદું જૂગતું હોય, એટલે ધાર્યું થાયે;
ચલવે નીતી એમ, કારભારી બહુ ખાયે.
પાંચેમાંની[૧૧૧] એક, થાય વશ કોઈ પણ રે;
ઇંદરી કરવી તૃપ્ત, નવીસંઘો કહે પણ રેહ.
મનમાન્યું સહુ લેય, કરે નહિં કામો કાં તે?
'મધુર કરેછે ધ્વનિ[૧૧૨], મૃદંગ કણુ ચૂસી ખાતે.'
રાજતણા ભાયાત, ગરાસો સારૂ લડતા;
ચડી મમતથી ખૂબ, કરજથી ઝાઝા પડતા.
હોય ખાનગી વાત, હોય ઘરનો કબુ ટંટો;
તોય પડે વચમાંહિ, સ્વાર્થ સારૂ એજંટો.
અપાવિ નાણાં કાંઇ, ખુની પાસે માથાનાં;
માંડિવાળતા ખૂન, કરેલા તે માથાના;
ઢાંકપિછોડો એમ, ખૂન જેવા ગૂન્હાનો;
હવે બીજું શું ગાઊં, બિહૂંછું કે નહિં માનો.
સર્વ દેશિસંસ્થાન વિષે જે જે છૂં બોલ્યો;
અતિશયોક્તિ નહિ તેહ, ખરો પડદો[૧૧૩] છે બોલ્યો.
છાપજંત્ર ને ન્યૂસ, આણવા ના દે મૂખી[૧૧૪];
એકલપેટા એમ, લોકને કરતા દુઃખી.
પ્રજા બાપડી રાંક, કાંક બોલે નહિં વચમાં;
બોલે ખાયે માર, સાર શૂં કહાડે તેમાં?
ગણાય ઘેલા કોક[૧૧૫], કોક તો શત્રૂ સરખા;
તનમનધનબળહીન, ફેરવે શૂં તે ચરખા?

---

૧૧૧ પાંચ ઈંદરીમાંની કોઈપણ વશ થયા વગર રેહેજ નહીં માટે બે અથવા બધી **તૃપ્ત** કરવી કે પણ–ટેક રેહ એવા વિચારો છે–(નવીસંઘાઓના). જીહ્વાઓમાં એમ છે કે જેને બોલવે લખવે લુંચ્ચાઈ રમતાં આવડે તે કાબેલ.–

૧૧૨ મૃદંગની ઉપર કણેક આવેછ તારે તે મધુરો અવાજ કાઢેછ તો ખાવાનું મળ્યા પછી કોણ કામ ન કરી આપે? ૧૧૩ પડદામાં–છુપો રહેલો જે સંગ્રહ તે ઉઘાડો કર્યો છે. ૧૧૪ કારભારીયો.

૧૧૫ રૈયતમાંના કેટલાક ઘેલા ગણાય છે (કારભારીયોના મંડળમાં).

જૂજ વણજ વેપાર, મજૂરી ખેતી કરિને;
ચલાવતા સંસાર, જેમત્યમ સંતોષે તે.[૧૧૬]
રૈયત સાંખી રેહ, કારભારી દુખ દે તે;
દેશિરાજમાં ત્રાસ, દૂબળાં વેઠો વેઠે. ૬૧૦

પરદેશી રાજસંબંધી.

સ્વદેશમાં રહિ રાજ, મોકલે અહિં બીજાને;
જેનાં ચિત નહિં સ્થીર, રહે તે ઊંચે[૧૧૭] જીવે.
રળે દેશમાં જેહ, અહીં શું કરવા આવે?
કુળવંતા અહિં કોક, પગારો મ્હોટા લે તે.
(પણ) ઘણા નહીં લાએક, નહીં કુળવંતા તેઓ;
નહીં ભણેલા ખૂબ, ગણેલા પણ નહિં જેઓ.
પગાર મોટા લેય, કરે નહિં કામો દીલે;
કમાઈ થઈ કે ઝટ્ટ, દેશમાં જાયેછે તે.
રહે નહીં અહિં રાજ, તેથિ ધન અહિનું જાયે;
રાજ હોય ત્હાં રંગ,[૧૧૮] કારખાનાં સોહાએ.
વધે દેશઉત્કર્ષ,[૧૧૯] રહે લક્ષ્મી ઠરિ આંહીં;
ચળકે તન[૧૨૦] મન ધન,કોઇને દુખ નહિં કાંઈ.
કસ્યૂં મહમ્મુદે[૧૨૧] જેમ,કસ્યૂ હોતે પછિનાએ;[૧૨૨]
થઈ ભિખારી ભરત, દેશ આ જુલમી ધાએ.
રહ્યા લહી[૧૨૩] નિજ દેશ,અહીંયાં મૂસલમાનો;
રહ્યો તેથી છે દંભ, બાકિ તે જાતે માનો.

અરે તનબળ વગરના (પેહેલવાન નહીં એવા) મનબળ વગરના (બુદ્ધિમાન નહીં એવા) અને ધનબળ વગરના (પૈસાદાર ને વગવાળા નહીં એવા) લોકો હોય તે રાજના ચરખા શી રીતે ફેરવી શકે—રાજમાં શું ઉથલ પાથલ કરી શકે?

૧૧૬ રૈયતલોક.

૧૧૭ (કહારે ઘેર જઇને છોકરાંને મળીયે વગેરે.)

૧૧૮ બાદશાહ તાંહાં બન્નર. ૧૧૯ ચઢતી.

૧૨૦ જાંહાં રાજધાની હોય તાંહાંજ કસેલાં શરીર બુદ્ધી અને ધનની કદર હોય છે.

૧૨૧ સુલતાન મહમુદે હિંદુસ્તાન લુટીને પોતાની ગીજની સણગારી હતી.

૧૨૨ મહમુદની પછી દીલ્હીના જે બાદશાહ થયા તેઓએ.

૧૨૩ પોતાનો દેશ જાણી આ દેશમાં સ્થાયી રહ્યા.

છે તેની છે રીત, ઉંદરના જેવી ડાહી;
કરડી ચૂસી લેય, ધુંકી ધૂંકી તે વાહી.
મહમ્મદકેરી રીત ધેલિ—ડાહી છે તેની;
પરિણામે તે એક, વ્હેલિ મોડી લૂટવાની.
ગામ શ્હેર[૧૨૪]ને પ્રાંત,દેશ પરમૂલખ આધા;
રાજધાનિથી હોય, તેમ ત્હાં છુટના વાંધા. ૬૩૨

સ્વદેશનૂં અભિમાન, હોય છે સહુ કોઈને;
પરદેશીથી લાભ, થાય તેના દેશીને.
(તેમાં વળી)ભણેલ ઝાઝા તેથિ, જાસ્ત જોસ્સો તેનામાં;
સ્વાભાવિક[૧૨૫] તે વધે, સંપ રાખે પોતામાં.
પ્રથમ પોતિકૂં જોય, પછી તે બીજાઓનૂં;
પક્ષ ઉઘાડો કરે, કરે નિજ જનનૂં સારૂં.
વિપ્ર શાસ્ત્ર કરનાર, તેમણે હક બહુ લીધા;
આધિન રાખી શૂદ્ર, એમને હક ના દીધા.
જાત ધર્મનો ફેર, ફેર ગોરા કાળાનો;
જોયે ન્યાયાધીશ, ન્યાય સાચો તે શાનો ?
ધની કુલિનનો ન્યાય, ચૂકવે નીચી કોરટ;
ગોરા નિચનો ન્યાય, ચૂકવે ઊંચી કોરટ.
નીચકૂળનો મૂર્ખ, નવો અણુવાકફ ગોરો;
ઉંચે પદે જઈ રેહ, ઉંચો કરતો તે ડોળો.
ઊંચકૂળનો ભણ્યો, જુનો બહુવાકફ કાળો;
પામે નહિં અધિકાર, કેમકે તે છે કાળો.
ગોરાઓને મળે, પગારો મોટા મોટા;
કેટલાક રહે સુસ્ત, કામ કરવે એ ખોટા.
રહી ભરોસે કોક, બિલાડાં[૧૨૬] ખેંચે ગોરા;
આફત આવી પડે, તાહરે મરતા કાળા.

---

૧૨૪ જેટલી છુટ વિલાતમાં તેટલી મુંબઇમાં નહીં; મુંબઈમાં તેટલી જીલ્લાના શેહેર કસબામાં નહીં; ને એટલી ગામોમાં નહીં.
૧૨૫ સ્વદેશનું અભિમાન સહુનેજ હોય. ૧૨૬ સહી.

બતાવિ દુપ ને દોર, કામપર રહે છે મૂખી[૧૨૭];
ખરેખરૂં સહુ કામ, કરે કાળા થઈ દુઃખી. ૬૫૪

અનેકાર્થ લેવાય, તેહવા ચાલે ધારા;
ઉપરી કરતા અર્થ, તેહવા ન્યાય[૧૨૮] પસારા.
ખરૂં ખોટું થઈ જાય, દુખી થાયે જન સૌએ;
ધારાકેરો અર્થ, થવો એકજ રે જોઇયે.
થયો કાયદો આજ, કાલ તે જો બદલાયે;
તેમાં બહુ નુકસાન, રાંક રૈયતને થાયે.
કરો જૂલમી જોહ, પ્રજાથી કેમ અપાયે;
ખરાં માણસો તેહ, જુલમથી જૂદાં થાયે. ૬૬૨

નામ ઠામ અભિમાન, કાં ન રાખે રાજાઓ;
કેમ સહે નુકસાન, બંધ થાતે સિક્કાઓ?
રાજઅંગના હક્ક, પ્રદેશીયે લુટિ લેવા;
દેશકોષની સાથ, જુલમ નહિં જેવા તેવા! ૬૬૬

વગો લગાડી ખૂબ, પોત પોતામાં ગોરા;
ઊંચાં આસન લિયે, ચ્હઢે ઊંચે કયમ કાળા?
ભણેલ ડાહ્યા કોક, ઘણા તો મૂરખ ઝાઉસ;
કાળાઊપર ડાઢ, રાખતા ગોરા લહિ તુછ.
પોતે નીચા તેમ, કુલિનને સમજે નીચા;
રાખે નહિં તે રહેમ, રંકના કહાડે કૂચા.
પ્રજાતણી રિતભાત, તેહ ના સમજે સારી;
સમજે તો કહું ઉંધી, ભૂંડિ લહિ નિંદે ભારી.
કરે જુદા તે ન્યાય, સ્વચ્છંદી રીતે ગોરા;
પક્ષપાત બહુ કરે, સાંખતા જન થઈ ભોળા.
ઉઠાવણી ના કરે, સાંભિ તે ધાકે ભાઈ;
હાકમનૂં જહાં જોર, તહાં નહિં જાવૂં ધાઈ. ૬૭૮

---

૧૨૭ ગોરા ઉપરીયો ભભકોજ બતાવી રહે છે બાકી બધું કામ કાળાઓ કરે છે.

૧૨૮ ઇનસાફ થાય.

નીતિસંબંધી પડતી.

આળસ ને સંતોષ[૧૨૯], બહુ એ તો ઘરઘાલે;
ભણવાપર નહિં મંન, ઉદ્યમો પાછા વાળે.
મળે ગામમાં શેર, ઘણું તે સારૂં કહેવું;
પરદેશે નવ શેર, તેહને ખોટું લ્હેવું!
કુટુંબમાં રહેવાય, સ્હાય સંબંધી કરતાં;
મરણ સમો સચવાય, એમ અજ્ઞાની ડરતાં.
એમ ધરી સંતોષ, બાયલા બેસી રહેતા;
કરે ન ઉદ્યમ બ્હાર, ભિખારી રોજે રહેતા.
ભાગ્ય ઉપર આધાર, રાખિને રમતા રેહે;
ખાંતે શૂં તે કામ, કરે આરંભીને તે?
ખાંતે કરવૂં કામ, ગૂણ મોટો હિતકારી;
નહીં લેશ દેખાય[૧૩૦], નિયમ શો પાળે ધારી;
કરે ન નિયમિત કામ, આળસૂ નિયમિત કાળે;
નિયમ વિના અંધેર, તાલ શૂં આવે ફાળે[૧૩૧]!
દશા ભિખારી હોય, તોય બહુ ભમતે ચડતા;
વરા કરે ઘોતાળ, કરજ લાલાઓ કરતા;
ધનવંતા જે હોય, શરાફી ધંધા ચલવે;
વધારિ મોટાં પેટ, બેસિ રહે ઘરમાં સરવે.
દુકાનની તે વાત, વાત જાણે નિજઘરની;
બિજૂં ન જાણે કાંઇ, કેમ ચાલેછે ધરતી[૧૩૨].
નહીં ઉલટ નહિં હોંસ, ભણી જ્ઞાની થાવામાં;
નહીં શૂર ઉદ્યોગ, દેશનૂં હિત જોવામાં.
ઉલટ હોંસ જોવાય, અનીતીમાં દરરોજે;
પછી બહૂ પસ્તાય, પિંડાઈ સુળને સોજે,

---

૧૨૯ ઉદ્યમ ન કરવો, નઠારી હાલતમાં રેહેવું અને સંતોષ છે એમ કેહેવું એનું નામ સંતોષ નહીં.—એવો સંતોષ રાખેથી નુકસાન છે.

૧૩૦ લોકમાં ખાંતે—પછવાડે લાગુ રહીને કામ કરવાની ટેવ નહીં તારે નિયમ ધારી પણ શું શકે ને પાળી પણ શું શકે?

૧૩૧ અડીવેળાએ ફાળ—ધાસ્તીમાં જરે કામ થાય તારે તેમાં તાલ—મન શું આવે? ૧૩૨ દુનિયાંના કારભાર કેમ ચાલે છે તે.

મત્સરથી ભરપૂર, ભાંડુનૂં ભૂંડૂં ઇચ્છે;
કુસંપ ઘરમાં બ્હાર, પછી આંસૂ કુણ લૂછે?
પોત પોતિકી વાત, ભમતથી સાચી કરતા;
સાંભાનૂં સત લેહ, તોય તે પત નવ કરતા.
સાંભો સાચૂં કેહ, તેહ ના પૂરૂં સૂણે;
હારિખાય તે તોય, નીજ ફાટેલૂં તૂણે.
ચાલ્યું આવતૂં તેજ ખરૂં,—બાકી સહુ ખોટૂં;
અસલ ખરી તે નકલ, જુઠી જોકે હિત મોટૂં[૧૩૩].
ચિડાઇ જઇને છેક, બિજાને ભાંડે ઝાઝૂ;
હસીનાખિને ખૂબ, કહે 'સુધરેલામાં તૂં.'
દુરાચારમાં રમે, રમે બહુ જુગટૂં ખંતે;
પ્રગટ ગુપ્ત બહુ જાર, જેહમાં દુખડાં અંતે.
લેણ દેણ લુચ્ચાઈ, તેહના કજિયા મોટા;
દગા ચોરિને ખૂન, ઘણી પોલીસે ટોટા.
ઘણે લશ્કરે ખર્ચ, દેશને થાયે મોટા;
લોકે ભરવા તેહ, કરોના[૧૩૪] ખાઇ સોટા.—૭૧૮

અરે કહાં તે પ્રેમ, ભક્તિ ને પણ પ્રેમીમાં[૧૩૫];
શક્તિ શૌર્ય ને યશ, હતાં પૂર્વે દેશીમાં?
ખરો મૈત્રિનો ટેક, સમજતાં ભાઈ બાઈ;
પ્રેમ એજ કુઈ સ્વાર્થ, બિજે નહિં તેઓમાંહીં.
પ્રેમનીતિ દુર્લભ[૧૩૬], સમજતા લોકો પૂર્વે;
પ્રેમધિરજથી તેહ, ખરૂં સુખ જમતા સર્વે.
પ્રેમવડે તો સંપ, સાહ્ય બહુ હોય પરસ્પર;
શૌર્ય કહાડતાં બ્હાર, ઉભંગે નાર અને નર.

---

૧૩૩ જો કે નકલમાં કલ્યાણ ને અસલમાં અકલ્યાણ હોય તોપણ.
૧૩૪ કર વેરા આપવા એ સોટા બાધા બરાબર છે. કર એજ કોઈ સોટા. કરરૂપ સોટા તેના ગુજરાતી પ્રયોગ પ્રમાણે કરોના સોટા.
૧૩૫ પ્રેમીયોમાં જે પરસ્પર ભક્તિ ને ટેક (એકને માટે બીજે જન કાઢે જોઈયે તે ક્હાં છે. ૧૩૬ દુઃખે પ્રાપ્ત થાય તેવી.

ધરે ન પ્રેમી બ્હીક, પ્રેમિનેસારૂ મરતાં;
ઈશ્વર દેતો યશ, અમર નામો તે કરતાં.
આજકાલ છે થઈ, પ્રીતગંગા ગૂમાડી;
કુળી રસિકતા નહીં, દિસેછે શઠતા જાડી.
પૂર્વજંન પ્રેમાળ, કૂમળા તોપણ મોટા;
પ્રેમટેકથી શૂર, હતા લવવેશ ન ખોટા[૧૩૭].
આજકાલના સર્વ, દિસે છે કુમળા બાહર;
ખરે ભિતર બહુ રોગિ, ફદફદે પોચાં વહુવર.
સમજે નહિં રસવાત, પ્રેમ ને શૌર્યતણી તે;
ખાન પાન ને થાન, ઝાલતા બૂસા નીતે[૧૩૮].
એજ વસ્તુ ઉપભોગ, પૂર્વનાએ શો કીધો?!
હાલ ઢોરનો માર્ગ, જનોએ તો છે લીધો.
વિના પ્રેમ ને શૌર્ય, વિના હિંમત ને સાહસ;
વિના ખંત ધેઊાગ, મળે નહિં કામોમાં જસ.
દુઃખખમી થઈ ખરાં[૧૩૯], ખરા થઈ સાહસ કરતાં;
વિવેકિ રહેતાં રોજ, હઠે દુર વિઘનો નડતાં.
વિચારની જહાં છૂટ, ઉદ્યમો જહાં મનગમતા;
સાહિત જહાં અનુકૂળ, જનો ત્હાં સુખમાં રમતાં.
લોક મારથી ડરે, કરે પરબળની આશા;
સરે કામ નહિં ખરે, પડે સવળા નહિં પાશા.
દેશપ્રીત હુંકાર, છુપાં સૂતાં કહાં આજે?
જાગિ ઊઠશે તોજ, શોભશે દેશી સાજે.
વિના દેશઅભિમાન, દેશઉત્કર્ષ ન થાયે;
દેશ રાન સમશાન, જેહવો ખાવા ધાયે.
રાજસમંધી ઐક્ય, નથી અહિંના લોકોમાં;
જાતિબંધનો ખૂબ, જનો વાધોનાં મ્હોમાં.
વિના સદ્‌ગુણો ઊંચ, પ્રેમ ને શૌર્ય પ્રથમ લઈ;
થવાય નહિં કદિ ઊંચ, માત્ર ધને ફૂલઇ જઈ.

---

૧૩૭ હાડકાના ખોટા.

૧૩૮ કોઈ વાતને કેળવી–ચોખ્ખી કરી–તજવીજે રસ લેઈ ન જાણે તેવા; વિલાસ વૈભવ સમજે નહીં તેવા. ૧૩૯ પાકાં; ઘડાયલાં; હાડી.

વિના સદ્‌ગુણો ઊંચ, કહ્યા નીતીપેટાંમાં;
રાજ્યમંડળોમાંહિ, ખપે હિંદૂ હિજડામાં.
ખરેખરી છે વાત, રાત છે હિંદૂઓને;
કહારે રે પ્રભાત, થશે નર્મદ૧૪૦ તેઓને?!
થઈ ફરી પરભાત, પછી મધ્યાહ્ન થઈ રહે;
એ માગ્યૂં પ્રભુ આપ, દેશઅર્થે નર્મદ કહે.–૭૬૦

(૧–૨)

હિંદુઓની પડતી—ભાગ ૨ જો.

પ્રેમશૌર્ય.*

(રોલાવૃત્ત.)

નિર્ગુણને લહિ સગુણ, સ્મરી શ્રીરામતણા જય;
પ્રેમશૌર્ય યશ ગાઉં, ભગાડી મનમાંથી ભય.
ઓગણિસ્સેં તેવીસ, કારતક સૂદ પ્રતીપદ;
પ્રેમશૌર્ય સભરસ, લાહું હૂં અહીં પદેપદ.
પ્રેમશૌર્યગુણ ગાઉં, અહીં તહિં યશદેનારા;
દેશીજનનેકાજ, દિસે જે થંડાગારા.
થંડા મોળા એહ, દિસે બહુ કાયર કહીકણુ;
માર ખાય બહુ તેહ, મુકીદઈ પૂરવનૂં પણ.

---

૧૪૦ નર્મદ–સુખ આપનારૂં પ્રભાત ક્યારે થશે?

* મારાં નવાં ઘરના દરવાજા ઉપર મેં **પ્રેમ શૌર્ય** એ શબ્દો લખાવી તેની નીચે ગુલાબનું ફુલ ને કલમ કહેડાવ્યાં છે. એ ઉપરથી મેં એ વિષય ઉપર લખ્યું.–૨૦ અકટોબ્રે પ્રારંભ ને ૩૧ મીએ સમાપ્તિ–નવંબરની ૮ મીએ બેસતે વરસે મારાં નવાં મકાનમાં એ વિષય વાંચ્યો. **સભરસ** એટલે સુકનનું મીઠું. મળસકાંમાંથી તે છેક સાત વાગતા સુધી **સભરસ સભરસ** એમ રસ્તામાં પુકાર થયાં કરે છે–એ મેં સુતાં સુતાં સાંભળ્યું ને તે ઉપરથી ત્રીજી ચોથી લીટીઓ ભાષણને દાહાડેજ નવી બનાવી છે.એ વિષય હિંદુની પડતીને લગતો છે માટે એને તેનો ૨ જો ભાગ કહ્યો છે. એ વિષય તૈયાર કરવામાં મેં ટાડનું રાજસ્થાન, ફારબસની રાસમાળા, ડફની મરાઠાની બખર, એલફીન્સ્ટન ને માર્શમનનું હિંદુસ્તાન વગેરે પુસ્તકો રાત દાહાડો બેસીને ઉપરઉપરથી વાંચ્યાં હતાં.

તન મન રોગી જંન, સનેપાતે બકતા બહુ;
ખોઇ દેશ ને ધંન, રાંડવા ગંડૂ થઈ સહુ.
ધણા ઘાથિ ઘાએલ, થયાછો પૂરા ભાઈ;
હજિ કરવૂં છે જુદ્ધ. વ્હેમની સામાં ધાઈ.
ધણૂં કહેવું ના જોગ, ગમે તેવા પણ મ્હારા;
ઉપાય કરવા જોગ, બને તેવા જે સારા.
હારિ બેસવૂં એજ, રીત છે ધણી નકારી;
દુખમાં ધીરજ આશ, પ્રથમ ધરવી છે સારી.
થવાનું તે તો થાય, તોયપણ ઉદ્યમ કરવો;
એ છે જંનસ્વભાવ, એથિ ભવસાગર તરવો.
મરો જિવો કે ખમો, તોયપણ ઉદ્યમ કરવા;
અપાય થાએ એહ, તોય એ કરવા ગરવા.
વૈદ્યરાજ બહુ મથી, 'સાચવો' એવૂં કહે જ્હાં;
દુબળો બુટ્ટી દિયે, ઉઠે સ્હેજે મરતૂં ત્હાં.
તેમ હું પામર રંક, સુધારું સ્હેજે મનને;
પ્રેમ શૌર્ય સદગૂણ, જિવાડે મરતા જનને.
માત્ર જિવાડે એમ, નહીં પણ પુષ્ટ કરે છે;
પછિ હિંમત દે તેહ, જેથિ જન રણે લડે છે.
લડતાં પડતા કોક, ઘણા લે જસનો લ્હાવો;
પ્રેમશૌર્યમાં સત્વ, ઘણૂં છે પીઓ કહાવો.
કહાવો કહો કહો સુરા, સુરા પણ સુધા સમોવડ;
પિઓ પિઓ એ રસ, કસે લઈલો જસ તડભડ.—૩૦

પ્રેમવનાં શૂં અહીં, તહીં શૂં પ્રેમવનાંનૂં;
પ્રેમ પ્રેમમય જગત, પ્રેમથી મુક્તી માનૂં.
ઉત્પતિ સ્થિતિ તેહ, પ્રેમથી થયાં કરે છે;
પ્રેમ જગતનૂં તેજ, એથિ સહુ ચળકી રહે છે.
ઇચ્છા આકર્ષણ, મૂળ વેદાન્ત કહે છે;
હું કહું એ બે તત્વ પ્રેમમાં નિત્ય રહે છે.

સાધુ સંત કવિ ભક્ત, જ્ઞાનિ તપકરતો જોગી,
પ્રેમશૌર્યથી થાય, ચિદાનંદકેરો ભોગી.
ધર્મ અર્થ ને કામ, મોક્ષ એ મળતાં પ્રેમે;
મનવચકર્મે એહ, ખરો દાખવવો નેમે.
તુજ મુજ પ્રેમે જાય, થાય મ્હારૂં ને મ્હારૂં;
પછી સાહ્ય ને શૌર્ય, કહૂં શત્રૂને મારૂં.
પ્રેમથકી છે શૌર્ય, શૌર્યથી પ્રેમ મચે છે;
સ્વર્ગ મૃત્યુ પાતાળ, પ્રેમશૈર્યે દીપે છે.
પ્રેમ શૌર્ય ના હોત, જગત ના તેજી મારત;
સ્વાભાવિકને કેમ, પુષ્ટ ના કરવાં આરત?–૪૬

મનુશાદેહમાં પ્રેમ, દેશનો સહુથી ઊંચો;
સમજિ દાખવે જેહ, તેજ નર જાણો ઊંચો.
ગયૂં ગમે ત્હાં હોય, ઘેર આવ્વું જન તાકે;
એવો ઘરપર પ્રેમ, મ્હારૂ મ્હારૂં સહુ ભાખે.
એમ ન કહે જે જંન, માતબર હોએ ઝાઝૂં;
પશુ પણ નહિં પાષાણ, હુનાથી હૂં તો દાઝૂં.
એવાંને ધિઃકાર, માન આપે ત્હેને પણ;
પલીત રાખસ તેહ, વસે નહિં કોઈને મન.
નીજ ભૂમિ છે માત, પ્રેમ તેસૂં સ્વાભાવિક;
થોડા જાણે હોય, ન જાણે ત્હેને તો ધિક.
દેશ–ભક્તિ–અભિમાન, જેહ રાખે તે માણસ;
ઢોર ન જાણે કાંઇ, ભણે માણસ શૂં જસ જસ?
છે સઘળા નિજ ભાઇ, દેશ ભૂમી સહુની મા;
હોય જહાં એ સમજ, થાય ત્હાં જસની સીમા.
સુખી દેશ કહેવાય, હોય જો સુખિયાં ઘર જન;
સુખિયાં ઘર જન તહાં, જહાં પ્રેમી શૂરાં મન.–૬૨

'અસ્થિર કાયા કનક, કામિની અસ્થિર કહિયે';
'કીર્તિ એક છે સ્થીર,' કીર્તિને મ્હોટી લહિયે.

કીર્તિ કીર્તિમાં ફેર, કીર્તિ છે ઝાઝાં ધનની;
પંડિતાઇની કીર્તિ, કીર્તિ મ્હોટા સદ્‌ગુણની.
કીર્તિ પદવિની વળી, કીર્તિ છે ઉદારતાની;
સહુથી મ્હોટી એહ, જગતમાં સહુએ માની.
એક જનનૂં હીત, કરે મન થાએ રાજી;
ઘણાં જનનૂં કરે, કેમ નવ ઝાઝૂં રાજી?
ઘણાં જણાંનૂં કામ,—કહૂં હૂં સગાંતણૂં જે;
નીજ દેશનૂં કરયૂં, શૂં ન સુખ દે ઘણૂં તે?
શૂં નવ કીર્તિ થાય, તેહની જેણે કીધૂં?
શૂં નવ ઊંચી તેહ, દાન જ્હાં સહુને દીધૂં?
જે ધનિએ ધન દીધ, દેશકલ્યાણઅરથમાં;
જે પંડીતે કીધ, બોધ નિજ દેશી જનમાં.
જેણે સુચવી કીધ, રાજ રૈયતનૂં સારૂં;
કૃતાર્થ તે જન અહીં, કોણ ગાએ નહિં વારૂ?
જે અર્પી નિજ પ્રાણ, જનના પ્રાણ બચાવે;
ધન માલ ને સૂખ, કેમ ના કીર્તી પાવે?
અમર અમર જન તેહ, મથે જે દેશઅરથમાં;
પ્રેમ શૌર્ય તે તેજ, ખરૂં લહું આ ભવરણમાં.—૮૨

ધન્ય અયોધ્યા નગર, જન્મ શ્રીરામતણો જ્હાં;
ધન્ય સૃષ્ટિસૌંદર્ય, ધન્ય પ્રેમી શૂરા ત્હાં.
ધન્ય ભરતનો પ્રેમ, ધન્ય સીતા લક્ષ્મણનો;
ધન્ય રામનૂં પણ, તાપ વેઠયો બહુ રણનો.
રામ લક્ષ્મણે જુદ્ધ, અલૌકિક કીધૂં જગમાં;
કવિ વાલ્મિકને ધન્ય, સવિસ્તર વરણ્યૂં જનમાં.
સીતાઉપર પ્રેમ, શૌર્ય તેથી બહુ જગ્યૂં;
દુઃખ દુઃખને સહી, માથું રાવણનૂં કાપ્યૂં.
પાંડવ કૌરવ જુદ્ધ, સગાં સંબંધી માંહે;
નહીં દેશનેકાજ, સંપ વણસાડયો તાંહે.

તોપણ જોદ્ધા તહાં, લડયા શુરવીરપણે જે;
વરણ્યા વ્યાસે તેહ, દાખવે સદ્‌ગુણ જય તે.
ભીષ્મ દ્રોણ ને કરણ, આદિ[૧] કૌરવમાં પડિયા;
કપટ ભેદથી નહીં, ધર્મજુધ્ધે તે લડિયા.
પાંડવકેરૂં હીત, કેટલાકોનાં મનમાં;
(તોપણ) રાજભક્તિથી ખરા, લડયા તે જોદ્ધા રણમાં.
જોદ્ધા અરજુન ભીમ, કરે અભિન્યુ[૨] પરાક્રમ;
સાથિ સારથી કૃષ્ણ, ભાંગતો વચમાં સહુ ભ્રમ.
કૃષ્ણતણા સહુ યસ, ભાગવતમાં છે ગાયા;
પ્રેમશૌર્યનાં કિરણ, દાખવે મુક્તિ અમાયા.
પાંડવનો જયકાર, થયો છે અંતે જાણો;
ધર્મરાજથી થયૂં, પ્રજાનૂં હિત બહુ માનો.
શંકરસ્વામી તેહ, દયા જેને નિજ જનની;
શિખવીને વેદાન્ત, મટાડી શંકા મનની.
બુદ્ધ જૈન મત નાશ, નાશ બીજાં મતકેરા;
પ્રેમશૌર્યથી કર્યા, તાણિ દિગવિજયી ઉેરા.
બીજો શંકર કોઇ, જોઇયે સમયે આ રે;
ધર્મસમંધી વ્હેમ, જાય પાખંડો ત્હારે.
શક્કર્તા વિક્રમ, ખરો હિતકારી જનનો;
દુઃખ ખમ્યાં પરકાજ, એહવો સાચો પણનો.–૧૧૨

(હિંદુઓએ એક નિશ્ચય ને એક સંપથી મોટા સમુદાયમાં મોટાં જુધ્ધો કરેલાં એવા ૭ પ્રસંગ ઇતિહાસાંમથી મેં તારવી કહાડયા છે તે નીચે પ્રમાણે):—

૧ શિકંદર જારે પ્રથમ, સિંધુ ઓળંગી આવ્યો;
દોર તોરની સાથ, વિણી લશ્કર બહુ લાવ્યો.
પોરસ[૩] હિંદૂરાજ, લડયો કેવાં શૂરે જહાં?
દેશતણી સરહદ, ટકાવી તેણે તે ત્હાં.

૧ ભગદત્ત, ભુરિશ્રવા, કૃતવર્મા આદિલઇ.
૨ પ્રદ્યુમ્ન, સાત્યકી આદિલઈ. ૩ જહલમ નદીના પૂર્વ કાંઠાનો રાજા– ૪૦ સ૦ની પેહેલાં ૩૨૬ વરસ ઉપર લડયો હતો.

શૌર્ય પરાક્રમ ટેક, મૈત્રિ વિશ્વાસ વખાણૂં;
(વળી) સાહ્ય રાજની ભક્તિ, સાચિ હૂં કેમ ન માનૂં?
૨ ગયા હિંદુઓ કહાં, શુરા મહમુદની સાંમે;
સંપ રાખિને લડયા, ગવાયા ગામે ગામે.
બ્રાહ્મણ જે કહેવાય, નથી બ્રાહ્મણ વિદ્યાથી;
ગોત્રઋષીનૂં બીજ, હશે રહ્યું સાચૂં કયાંથી?
ક્ષત્રી જે કહેવાય, નથી ક્ષત્રી નિજ કરમે;
વ્યસની કાયર તેહ, રેહ કેમે નિજ ધરમે?
સોમનાથનેકાજ, પણે હર હર એ ભાખી;
લડી પડી થઇ મુક્ત, જગતમાં કીર્તી રાખી.
બે દહાડા હિંદુએ, બ્હાદુરી કરી ઘણી છે;
માર ચલાવ્યો ખૂબ, રાખિ વટ ધર્મતણી છે.
ત્રીજે દહાડે જુદ્ધ, મચ્યૂં ઝાઝૂં વિકરાળૂં;
ભીમદેવ[૪] તે કરે, કુડું ભાષણ પણવાળૂં.
ઉસકેરાયાં સેન, લજ્યાં થઈ છેક મરણિયાં;
અંતે મૂઆં તોય, રહ્યાં તે અંબર અહિંયાં.
૩ હિંદુઐઅ એ બિજુ, ત્રીજુ પાણીપત[૫] આગળ;
લજ્યો જહાં પ્રથિરાજ[૬], ગવાયૂં જેનૂં બહુ બળ.
ગાયું તેહુને ધંન, ધંન કવિ ચંદ તને છે;
ધંન શૂરવિર રાય, પડ્યા જે લડી રણે છે.
૪ ચોથુ[૭] ઐઅય પણ ત્હાંજ, મુસલમાનોની સામે;
ખૂબ મચાવ્યૂં તેહ, મરેઠાઓએ હામે.

---

૪ ગુજરાતનો.

૫ એ ગામ દિલ્હીની પાસે છે. (સોનપતપાનપત કહેવાય છે.)

૬ દિલ્હીનો ચોહાણ જાતિનો પેહેલો ને છેલ્લો રાજા– એનું ચંદ કવિએ મોટું કાવ્ય રચ્યું છે જે પ્રથિરાજરાસાને નામે ઓળખાય છે. એ કાવ્ય છપાયલું જોવાની હું બહુ આશા રાખું છું. એ પ્રથિરાજનો સામો શત્રુ શાહબુદીન ગોરી હતો. પ્રથમ જુદ્ધમાં રજપુતોએ તેની ખાતરનીશાં કરી આપીહતી ને ભગાડેયો હતો ૧૧૯૨માં; પણ ૧૧૯૩માં બીજું જુદ્ધ થયું તેમાં રજપુતોએ હાર ખાધી–પ્રથિરાજ અને તેનો બનેવી ચિતોડવાળો શૂરવીર સામારસી માર્યા ગયા. એ સમરસીંગની ચંદ કવિએ બહુ તારીફ કરી છે.

૭ એ મોટી લડાઈ પેહલા બાલાજી બાજીરાવના વખતમાં ઇ૰ સ૰ ૧૭૬૧ ની ૭ મી જનેવારીએ પાણીપત આગળ મરેઠા અને મુસલમાન વચે થઈ હતી.

ખરી બ્હાદુરી કીધ, ખરા લડવૈયાઓએ;
નામ તવારીખમાંય, રુડું રાખ્યું તેઓએ.
પડયો રાવ વિશ્વાસ[૮], ઉઠયો વિશ્વાસબ[૯] તેવો;
સુભટ સદાશિવભાઉ, આજ કુણ તેના જેવો.
જંકોજી સિંદિયા, રાવ યશવંત લડ્યા બહુ;
ભણિ હર હર મ્હાદેવ, આખરે પડ્યા જસે લહું.
દામાજિ ને વિઠ્ઠલ, વળી નારશંકર જેહ;
એ આદિક શુરવીર, કીર્તિથી અંમરછે તેહ.
ભગવો ઝૂંડો તેહ, જરીપટકાઓ સાથે;
પડયો પડયો તે હાય, હિંદુની રાખિ ન નાથે!!
થયાં ચાર એ ઐકય, હાર ચારેમાં જોકે!;
શૂરપણાંમાં નામ, હિંદુએ રાખ્યૂં નોકે.

(સને ૧૮૪૫–૪૮ ની પંજાબની લડાઈમાં.)

૫ એકધર્મ ને દેશ, એક નિશ્ચયના જેઓ;
એકસંપથી લડે, કેમ યશ ના લે તેઓ?
સ્વદેશનૂં અભિમાન, વળી ધર્માંધપણૂં તે;
ઉસકેરે નહિં કેમ, જંનને શૂરપણૂં તે?
કવાયતે કાબેલ, રીત જાણે સહુ રણની;
શ્રમે ન થાકે જેહ, કરે કયમ ભૂલ તે પણની.
ડગે નહીં તે જરા, મેરુ જો તૂટી પડતો;
એપરમાણે સીક, ટોપિની[૧૦]સાથે લડતો.

મરેઠાઓની તરફથી ઉપર લખેલા હિંદુ જોદ્ધાઓ શિવાય એક મ્હોટો સરદાર ઇબ્રાહિમખાન ગાડદી હતો. સામી બાજુએ અહંમદશાહ નામનો આફ્ગાન સરદાર જે પોતાને રાજા કહેવડાવતો તે તથા તેનો શાહવલ્લી વજીર વગેરે ઘણા-એક હતા. મલ્હારાવ હોલકર પણ જોદ્ધો હતો પણ તે લડાઈમાં સામેલ થયો નહીં. દામાજી ગાયકવાડ, વિઠ્ઠલ વિંચ્યુરકર અને નારશંકર માત્ર હાર થયા પછી સ્વદેશ આવ્યા હતા. એ જુદ્ધ પછી પેશવાની પડતી દશા વેહેલીજ આવી. એ જુદ્ધનું વરણન ખરેખર વાંચવા જેવું છે.(મરાઠાની બખર).

૮ વિશ્વાસરાવ, સદાશિવભાઉનો ભતરીજો.

૯ લશ્કરનો જીત થવા ઉપર જે વિશ્વાસ હતો તે ગયો.

૧૦ અંગ્રેજ. (અંગ્રેજ લોકો સીકનાં ઘણાંજ વખાણ કરે છે–કહેછે કે લડાઈમાં સઘળી રીતે તેઓ આપણા બરોબરીઆ છે.)

લાલસિંગ ગૂલાબસિંગ, સૂચતસિંગ શૂરા;
શામ-તેજ-શિરસિંગ, રણે રણુજિતસિંગ પૂરા.

(સને ૧૮૫૭-૫૮ માં[૧૧])

૬ રાજવંશિ તે ખરો, ખરો ખટપટિયો ન્હાનો;
ગુપ્ત રહીને કર્યાં, જીવસટ્ટાનાં કામો.
રણશૂરો નહિં તેહ, વળી બહુ દુષ્ટ લખાયો;
હૂં ના માનૂં વાત, ધણે વેશે દેખાયો!
રણજોધ્ધો પ્રખ્યાત, તાતિયા ટોપી ટેડો;
ગભરાવ્યા અંગ્રેજ, લઈ એઓનો કેડો.
બલિહારી છે ગાઉં, ઝાંસિની રાણી તૂંને;
કર્યૂં પરાક્રમ વીર, તૂંથિ છે જસ હિંદૂને.-૧૬૮

(રજવાડાના શૂરવીરો.)

તેજ ભૂમિ રિતભાત, પરંતૂ તે નહિં માણસ;
ધમ ધમ કરતી ભાંય,થાક ખાએ છે શૂં મ્હસ?
નામ રજપુતસ્થાન, શૂરવીરોનાં ધામો;
જીવવનાનાં જંન, કરે શૂં આજે કામો?
યશમંદિરમાં આજ, પડયા છે કાયર વ્યસની;
સિંહ તહાં શીયાળ, વાત હોએ શી જસની?
અક્ષિણ કસુંબે જહાં, કરાવ્યાં જસનાં કરમો;
અક્ષિણ કસુંબા આજ, ભુલાવે રજપુત ધરમો.
ભાટ કવીએ જહાં, રાજગુણ સાચા ગાયા;
ભાટ કવી ત્હાં હાલ, ગાય ખોટા શૂં ડાહ્યા?
સતાર સરણઇ ખીન, મધ મદન મૃધ[૧૨]ગાતી;
પૂર્વે તે કહાં હાલ, ભરઇ આવેછે છાતી.
ઢં ઢં ઢોલો થાય, ભુકાએ ભણણુણ ભાલા;
ચળક ચળક તલવાર, એથિ શોભંતા પાળા.

---

૧૧ (એ વેળા તો હિંદુ ને તેના હાડવેરી જે મુસલમાન તે બંને સાથે મળી ગયા હતા.) ૧૨ લડાઇ.

સિંહ અને હનુમાન, અને બળદેવ ધનાપર;
સૂર્ય અને મ્હાદેવ, આજ કહાં કહાં તે હર હર.
ગાજે સિંધૂ રાગ, રાજ રાજે કેસરિયો[૧૩];
ચાંગિ[૧૪]માણુકી હુંહૂં, કરંતી રણમાં ધસિયો.
એ સહુ સ્વપનૂં આજ, હશે તે રંગો કેવા?
થયા કેસરી રાજ, મેસરીઓના જેવા.—૧૮૮

(મેવાડના શુરવીરો.)

ચિતોડકેરૂં રાજ, પ્રથમ લીધૂં બાપાએ;[૧૫]
રહારપછી ખૂમાણ,[૧૬] એહના જસો ગવાએ.
સમરસિંગ[૧૭] શુરવીર. મુગટમણિ રજપૂતોનો;
સાળાસારૂ લડયો, પ્રેમ એવો છે કોનો?
જુદ્ધકુશળ રણધીર, હઠાવ્યો શાહબુદ્દિનને;
ત્રીજે દહાડે પડયો, શોક પણ ધંન મરણને.
ઊંચું બીજ તે કહાં, આજ રસકસજસવાળૂં?
કોહ્યું કોહ્યું પણ છેજ, કરો રજપૂતો સારૂં.
ચિતોડકેરી રાણિ, કરમદેવી[૧૮] બહુ બહીડી;
દોરી રજપુતસેન, કુતુબુદ્દિન સામાં ભીડી.

---

૧૩ (રજપુતો, મરવું જ છે એવો નિશ્ચય કરીને જ્યારે રણમાં જાયછ ત્યારે કેસરીયા વાગા પ્હેરીને જાયછે.)

૧૪ એ, ઘોડીઓની ઉત્તમ જાતિનાં નામ છે.

૧૫ બાપારાવળ એ ઝેલોટ રજપુત હતો. એણે ચિતોડમાં કોઇ પ્રમાર જાતનો મોરી નામનો રાજા હતો તેને મારીને ચિતોડ લીધું. એણે સિલીમ નામના મુસલમાનને મારી કહાડયો હતો. એ મેવાડ અથવા ઉદેપૂરના સૂર્યવંશી રાજનો મૂળ પુરૂષ ૭૨૮માં હતો. (ટાડનું રાજસ્થાન.)

૧૬ એણે કોઇ મહંમદની સામાં મોટું પરાક્રમ કરીને મેવાડના કિરમજી વાવટાનું રક્ષણ કર્યું. એ ૮૧૨ થી તે ૮૩૬ સુધી હતો. (ટા૦ રા૦)

૧૭ એ પ્રથિરાજના બનેવીએ ઘણાં ઘણાં જુદ્ધ કર્યાંછે. એ પાણીપતની લડાઈમાં મોટો લડવઈયો હતો. એને ટાડ ગ્રંથકાર ગ્રીસના યુલિસીઝની ઉપમા આપેછે. સાળા બનેવીને પરસ્પર ઘણોજ પ્રેમ હતો ને સમરસીંગ ઘણી વખત પ્રથિરાજને બોધરૂપ કડવાં વચન પણ કહેતો. (ટા૦ રા૦)

૧૮ સમરસીંગની પછી ચિતોડમાં તેનો છોકરો કરણ ગાદીપર બેઠો હતો પણ એ નાહનો હોવાને લીધે તેની વતીનો કારભાર તેની મા કરમદેવી કરતી હતી. કુતુબુદ્દીને જ્યારે ચિતોડ ઉપર હુમલો કર્યો હતો ત્યારે તે સેનાની થઈને સારી પેઠે લડી હતી. (ટા૦ રા૦)

મારિ હઠાવી ખૂબ, હટાવ્યો જખમી કરિને;
પ્રેમ–શૂર સુંદરી, આજ જ્હાં દિસે અહીંરે.
હમિર[૧૯] તને હૂં ગાઉં, ખરી ત્હારી સરદારી;
ચિતોડ પાછૂં લીધ, વસાવી દીધૂં ભારી.
કુંભારાણો[૨૦] શૂર, લડયેા મહંમદની સામે;
કેદિ રાખિ છ માસ, મેાકલ્યેા પાછેા ધામે.
બાંધ્યા છે બત્રીસ, કુડા કિલ્લા કવિરાજે;
કર્યાં પરાક્રમ બિજાં, કેાણ તેવેા છે આજે?
રાણા સાંગા[૨૧] તેહ, પડયેા પૂરેા બાબરને;
ખટપટિ ને શુરવીર, ધણેા રાચે ધીંગાણે.
જુદ્ધ કારમૂં થયૂં, જિત્યેા દેખાયેા રાણેા;
ગયેા એક સરદાર, મળ્યેા મેાગલને જાણેા.
જખમાયેા પછિ તેહ, કપાયા બહુ સરદારેા;
તેણિવાર તે હઠ્યેા, હતેાશત્રૂનેા મારેા.
ચિતેાડ મ્હેલી રહ્યેા, તળેટીમાં તે જઇને;
'કૂતે વિના કૂરિ નાવુ', બેાલતેા પણે કરીને.
પણ ન ફળ્યૂં તે હાય, મુએા તે અકળાએલેા;
રાણેા બહુ બ્હાદૂર, રણે રાચે અલબેલેા.

---

૧૯ ઇ૦ સ૦ ૧૨૦૩માં દિલ્હીના રાજા અલ્લાઉદ્દીને ચિતોડ લીધું ત્યારે ત્હાંના રાજાના વંશજ રાણા અજયસિંગે કેલવાડામાં ગાદી રાખી હતી. એની પછી એના ભાઇનેા છોકરેા હમીર એણે ચિતોડ પાછું લીધું. ઇ૦ સ૦ ૧૩૬૫. એના વખતમાં એજ એક પ્રતાપી રાજા હતેા–મારવાડ, બુંદી, ગ્વાલિએર, ચદેરી, કાલપી વગેરેના રાજા એને માન આપતા ને એના બેાલાવ્યા હાજર થતા. (ટા૦ રા૦)

૨૦ એ વખત ગુજરાત ને માળવા એ બે મુસલમાનેાનાં જોરાવર રાજ હતાં તે બંને સંપ કરીને મેવાડ ઉપર તુટી પડયાં. ઇ૦સ૦ ૧૪૪૦ કુંભેા સામેા જઈ લડયેાને જય પામ્યેા. એણે માળવાના મહમદને ચિતોડમાં છ મહિના કેદ રાખ્યેા ને પછી માન માન સાથે વિદાય કર્યો. મેવાડને ૮૪ કિલ્લા છે તેમાં ૩૨ કુંભાએ બાંધ્યાછ. એ કવિપણ હતેા–એણે અષ્ટપદીની ટીકા કરીછ. એ પ્રખ્યાત મિરાંબાઈ સાથે પરણ્યેા હતેા. એણે પેાતાના દેશને સારીપેઠે સણગાર્યો હતેા. (ટા૦ રા૦)

૨૧ એણે બાબર સામાં ઘણીવાર ટક્કર લીધી–માળવાના મુજફરને કેદ રાખ્યેા–રણથંભોરનેા જબરેા કિલ્લેા લીધેા વગેરે વગેરે. મુએા૧૫૩૦. (ટા૦ રા૦)

જેમલપટ્ટા[૨૨] તેહ, ઉદેસંગના સરદારો;
અકબર સાથે લડ્યા, લિંધો માથે જુધભારો.
ધન પટ્ટાની માત, પડી રણમાં વહુ સાથે;
લડે કેમ નવ સેન, રાજધાનીને માટે?
ચિતોડ લેવા મથ્યો, પ્રતાપી પ્રતાપ[૨૩] રાણો;
નાયક ગાવાજોગ, દેશઅભિમાની જાણો.
હલદિઘાટ છે તહાં, શૂરવીર ધીર મેવાડી;
સિલીમ[૨૪] સાથે જંગ, મચાવી ખૂબજ ધાડી.
સાથીએ પણ કીધ, સાહ્ય ઝાઝી જસવંતી;
પડ્યા સર્વ એ તહાં, ખસ્યા નહિં એવા ખંતી.
નીલો ઘોડો ચતક, સ્વારના જેવો તેનો,
ચબૂતરો છે આજ, ગયો જિવ રણમાં જેનો.
હાર થયેથી રાય, ખિન્ન તે થઇ બહુ મનમાં;
છતો મ્હોલ તોપણ, રહ્યો ઝુપડામાં પણમાં.
મરતીવેળા ભણ્યો, 'પુત્ર તૂં ચિતોડ લેજે';
'મથજ્યે દેશીજંન, થજ્યે પાછા નિજ તેજે'.
ખરૂં દેશઅભિમાન, હતૂં રાણાને જેને;
હજી ગાય સહુ જંન, ચીતરે સધળે એને.
દેવર[૨૫] આગળ લડ્યો, જિત્યો ત્હાં અંમરરાણો;
કાકો કાનો તેહ, ખરો મોતીનો દાણો.

---

૨૨ જેમલ એ મારવાડના બદનોરનો રાઠોડ રજપુત હતો, અને પટ્ટે કેલવાનો હતો. એ બેના નામથી મેવાડમાં કોઈ અજાણ્યું નથી. પટ્ટાનો બાપ લડાઈમાં કપાઈ મુઓ ત્યારે પટ્ટાની માએ ૧૬ વરસના પટ્ટાને કેસરિયાં કરાવ્યાં અને પટ્ટાની બાળક વહુને તરવાર આપી તેની સાથે પોતે પણ રણમાં પડી. લડાઈમાં રજપુત હાર્યા ને અકબરે ચિતોડ લીધું. પછી કેટલેક વરસે ઉદેસિંગરાણાએ ઉદેપુર વસાવી ત્યાં પોતાની રાજધાની કરી. (ટા૦ રા૦)

૨૩ એની તારીફો ટાડે ઘણી કરી છે—એને લિઆનિડાસ અને હલદીઘાટને થરમાપલી કહ્યાં છે. હલદીઘાટની લઢાઇ થઇ ૧૫૭૬ની જુલાઇમાં. એ લડાઇથી મેવાડનું સરસમાં સરસ લોહી જતું રહ્યું. પ્રતાપ મુઓ ૧૫૯૭માં. (ટા૦ રા૦)

૨૪ અકબરનો છોકરો જેણે પછવાડેથી જાંહાંગીર નામ ધારણ કીધું.

૨૫ એ લડાઇને ટાડ, મારેથનની કહે છે—એ થઈ જાંગીરની વખતમાં ૧૬૦૮માં.

પછી જુદ્ધ બહુ થાયાં, થયૂં તેમાં એક મ્હાટૂં;
અજમેર આગળ તહાં, બાદશાહનૂં થયું ખોટૂં.
પછી લડયો શાહજહાં, તેહમા રજપુત હાર્યા;
થયા છેક પરતંત્ર[૨૬], પડયા પાસા નહિં ધાર્યા.
એરીતે મેવાડ, થયૂં તાબે મોગલને;
વરશ આહસેં છૂટ, ભોગવી ધન તે બળને.
સૂર્યવંશિ મેવાડ[૨૭], સૂર્ય તપતો બહુ હારો;
અસ્ત થયો તે છેક, હાલ નીશાનો વારો.
ઊગી તપશે ફરી, કાળનો નીયમ એવો;
સ્મરણ રાખજે સૂર, હતો દહાડો તુજ કેવો?
એહ સ્મરણની સાથ, દેશ ને કાળ વિચારી;
કરી યોગ ઉદ્યોગ, દશા ફેરવ તૂં હારી.
થયા પૂરવે જેહ, તેહનાં કૃત્યો જોઈ;
લેજો ઉત્તેજન, રહિશ ના એસી ફાઈ.
ઊઠ ઊઠ મેવાડ, ઘોર બોલાવે કાં તૂં?
તોડિ વ્યસનની આડ, હતો તેવો થઇ જા તૂં.
છતરિસમાંના મુખ્ય, હિંદુસૂરજ શોભીતા;
પ્રેમશૌર્યનાં કિરણ, કરીદે પાછા તપતા—૨૫૪

(મારવાડના શૂરવીરો.)

અજિત પાળનું કનોજ, નેનપાળે[૨૮] લઇ લીધૂં.
કામધજ ઉપનામ, નીજ રાઠોડે કીધૂં.
કનોજનો જેચંદ,[૨૯] ઉભો ઘોરીની સામાં;
હાય ન ફાવ્યો તેહ, જોર સઘળૂં મિથ્યામાં.

---

૨૬ ઇ૦ સ૦ ૧૬૨૧માં.

૨૭ મેવાડ અથવા ઉદેપુરનું રાજ એ આદિ બિજાં સંસ્થાનો જાંહાંસુધી સ્વતંત્ર હતાં તાંસુધીના દરમીઆનમાં જે કુલીન શુરવીર થઇ ગયા છે તેમાંના કેટલાકનાં આ ગ્રથમાં નામ છે. બાદશાહને ખંડણી આપતા ને બાદશાહની નોકરી કરતા થયા (જેમાંના પણ કેટલાક લખવા જેવા છે) તેઓનાં નામ આ ટુંકા ગ્રંથમાં લખવાનું ઘટતું ધાર્યું નથી.

૨૮ ઈ૦ સ૦ ૪૭૦.

૨૯ ઈ૦ સ૦ ૧૧૯૩.

જસભૂખ્યા રાઠોડ, સિઓજી ને ચંદા ને;
જોધ[૩૦] ને માલદેવ,[૩૧] એ ધનં કહું એ સંધાંને.

(બિકાનેરના શૂરવીરો.)

બિકાનેરનૂં નામ, પડયૂં છે બીકાપરથી[૩૨];
બીડો તેનો ભાઈ, જણાયો છે શુરપણુથી.
જાટ ભટ્ટિ વશ કર્યા, વળી બીજી જાતોને;
એ સાહસ કહાં આજ, બતાવ્યૂં પાણી કોણે?

(જેસલમેરના શૂરવીરો.)

જેસલ[૩૩] ને સાલભાન, ગયા નામાંકિત થઈને;
મૂળરાજ ને રતન, મુઆ શૂરા બહુ લડિને.

(જેપૂરના શૂરવીરો.)

પજૂન[૩૪] જોધ્ધો જેહ, લડયો જેચંદનિ સામાં;
ચંદ ગાય છે તેહ, ગણી મ્હોટા રાજામાં.
માલેસી પણ ખરો, બાપના જેવો શૂરો;
ક્ષત્રિ પાણિપર આજ, દિસે છે તરતો પૂડો.

(બુંદીના શૂરવીરો.)

ચક્રવર્તિ અજિપાળ, રાજ અજમેરમાં થાપ્યૂં;
વંશજ માણકરાય,[૩૫] ખ્યાતિમાં નામ લખાવ્યૂં.
વિસલદેવ[૩૬] પ્રખ્યાત, વંશમાં થયો પ્રતાપી;
ઘણૂં વધાર્યૂ રાજ, જગતમાં કીર્ત્તી થાપી.
સ્વતંત્રતાને કાજ, હામુ[૩૭] તે ઘણો હઠીલો;
ખોટી બુંદી કાજ, પડ્યો કુંભો ખંતીલો.

---

૩૦ એણે ૧૪૫૯માં મંદોરથી ગાદી ખસેડીને જોધપૂરમાં કરી.

૩૧ ૧૬૨૫માં અકબરને તાબે થયો.

૩૨ એ ને એનો ભાઈ બીડા એ બેએ રાઠોડનું રાજ વધારવાને મારવાડનાં રેતીનાં મેદાનમાં જઇને બિકાનેર વસાવ્યું–૧૪૮૯.

૩૩ એણે જેસલમેરની ગાદી સ્થાપી.

૩૪ એ પણ દિલ્હીના પ્રથિરાજનો એક બનેવી હતો. પ્રથિરાજની સાથે લડવામાં ૧૦૮ રાજા હતા તેમાંના મોટાઓમાંનો એ એક હતો. એ બબ્બે હાથે તલવાર વાપરી રણમાં લડતો. (ટા૦ રા૦)

૩૫ ઈ૦ સ૦ ૬૮૫. ૩૬ દિલ્હીના તુવાર વંશના જેપાળની વખતમાં.

૩૭ એ બુંદીનો રાજા ચિતોડના રાણાને માન આપતો પણ તેના તાબામાં

હાય હાય એ ગયા, કેમ દી વળસે ભાઈ?
છે છે તેનો અંશ, કેમ જઓ ગભરાઇ?
વૃક્ષથકી છે બીજ, બીજથી વૃક્ષ ઉગે છે;
બીજ સમારો ભાઈ, ભાંય તો ત્વરા કરે છે.
પ્રેમ શૌર્ય ઉપયોગ, કરો વિદ્યામાં આજે;
પાયો જસનો એહ, કવી કહેતાં બહુ લાજે.-૨૮૨

(ગુજરાતના શૂરવીરો.)

પંચાસરનો રાજ, ચાવડાઓનૂં ભૂષણ;
જયશેખર[૨૮] કહાં આજ, વળી તેનો સાળો પણ?
સૂરપાળ રણસિંહ, ભુવરથી લલચાયો નહિં;
કુલીનજાયો તેહ, મરે પણ દે દગો નહિં.
મુકે મિત્રને જેહ, અડી વેળાએ જે નર;
લુંડીજાયો તેહ, જગતમાં તેજ ખરો ખર.

પોતે છે એમ કહેવડાવતો નહીં. એ ઉપરથી લડાઈ થઈ તેમાં તેણે ચિતોડનાં રાણાનું ફાવવા દીધું નહીં. રાણાએ ખોટી બુંદી બનાવી ને ત્હાં લશ્કર મોકલ્યું હતું; તે કોઈ કુંભાબેરસી નામનો સરદાર જે રાણાની નોકરીમાં હતો તેણે જોયું ને ખિજવાઇ જઈ રાણાને કહેવડાવ્યું કે એ મટોડીની બુંદીની પણ આબરૂ નહીં લેવાદઉં, પછી લડાઇ થઇ ને તેમાં કુંભોબેરસી વગેરે ઘણા કપાઇ ગયા. રાણાએ જોયું કે એ રજપુતો આપણે ઘણા કામના છે ને પછી બુંદી તાબે કરવાનો વિચાર છોડી દીધો. બુંદી કોટાના રજપુતો હાડાનાં નામથી ઓળખાય છે. તેઓ વિષે કહેવાય છે કે 'ખસે ખડા પણ ન ખસે હાડા.' (ટા૦ રા૦)

૩૮ કચ્છના રણની પાસે પંચાસરમાં જયશેખર નામનો ચાવડો રજપુત રાજ કરતો હતો તેના ઉપર સોરઠમાંના કલ્યાણીના રાજા ભુવરસોલંકીએ સ્વારી કરી હતી ને તેવેળા જયશેખર ને તેનો સાળો સૂરપાળ બહા રજપુત પ્રમાણે લડ્યા હતા. (ઇ૦ સ૦ ૬૯૬.) એ સૂરપાળને પોતાની તરફનો કરીલેવાને ભુવરે ઘણી તજવીજ કરી હતી તે વખત તે બોલ્યો હતો કે એ મુરખ હું ઊંચ કુળનો છઉં, તું મને લલચાવવાની આશા શું કરવા કરે છે? ત્રણ ભુવનનું રાજ મળતું હોય તોપણ તે કોઈ કુલીન તો નહીં કબુલ કરે–નીચા તોખમનો હશે તેજ કબુલ કરશે. જયશેખરને મારી ભુવરે મ્હેલમાં પેસવા માંડયું તે વખત મ્હેલમાંની દાસી લોંડીઓએ બારણાંબારીનાં ગજ ભૂંગળ વગેરે જે કંઇ હાથમાં આવ્યું તે લઇ શત્રૂની ફોજને દરવાન બ્હાર હઠાવી મુકી ને એમ કરીને પોતાના રાજાનું રાખ રાત્રૂને હાથ જતું અટકાવ્યું; ને પછી તે સઘળીઓ તથા નગરના કેટલાક લોકને રાજાની ચાર રાણીઓ રાજાની સાથે ચિતામાં બળી મુઆં. (રાસમાળા.)

"ધસ્યા પછી જે ખસે, ધિઃક જિવવું છે તહેનું;"
"છેલ્લો છઉં હું રાજ, પરાક્રમ કરી મરૂં ".હૂ
એમ કહીને રાય, જુદ્ધમાં ધુમ્યો ધસીને;
ગાંડા ગજની પેર, આખરે પડ્યો લડીને.
જયશેખરનૂં સેન, કુલિન રજપૂતોકેરૂં;
મુઉં રાજને કાજ, નથી એ કરવૂં સ્હેલૂં.
સ્ત્રિઓ મ્હેલની તેહ, લડી લઇ ભૂંગળ ને ગજ;
મારિ હઠાવી સેન, બચાવ્યૂં રાજનૂં શબ.
ધન્ય પ્રેમ ને શૌર્ય, અરે તે કહાં છે આજે?
ધિઃક ધિઃક નરનાર, જતાં રણમાં જે લાજે.
સોલંકી મુળરાજ, વીર નાયક નહિં તોએ;
રણે બતાવ્યૂં શૂર, કર્યાં કામો તે સ્હોએ.
અનલવાડનૂં[૩૯] રાજ, વધાર્યૂં ઝાઝૂં તેણે;
કહાં છે રજપુત આજ, શૂર દરસાવ્યૂં જેણે?
ભીમદેવ[૪૦] હંમેશ, પ્રતાપી મ્હોટો જોધ્ધો;
ઘણાંક બીજાં રાજ, રાખતાં જેનો મોભ્ભો.
સિદ્ધરાજ[૪૧] શુરવીર, થયો નામાંકિત રાજા;
પ્રજાહીતમાં કામ, કર્યાં છે જેણે ઝાજાં.
રાજા રાહખેંગાર, જુનાધડવાળો જેણે;
કર્યાં પરાક્રમ બહૂ, માર્યિો સિદ્ધે તેને.
સિદ્ધરાજ જયસિંગ, નથી દેખાતો આજે;
જોદ્ધા તે જગદેવ,[૪૨] આજ કાંહાં બીરાજે?
શૂરો ભોળોભીમ,[૪૩] ભીમના જેવો જોદ્ધો;
શૂરાઓમાં જેહ, ધરે ઉંચો બહુ ઓદ્ધો.
દિલ્હિપતી પ્રથિરાજ, તેહ પણ જેથી ડરતો;
ભીમ તેહવો આજ, કોણ છે રણમાં લડતો?

---

૩૯ પાટણ. ૪૦ સુલતાન મહમુદની સામે સોમનાથ આગળ લડ્યો હતો. ૪૧ એણે ઈ૦ સ૦ ૧૦૯૪થી તે ૧૧૪૩ સુધી રાજ કર્યું.
૪૨ એ થોડાં વરસ સિદ્ધરાજનાં સેનના સરદારોમાંનો એક હતો. એનો તો કિસ્સો જોડાયલો છે. (રાસમાળા જોવી.) ૪૩ ઈ૦ સ૦ ૧૧૯૦માં.

કહાં કહાં કહાં તે શૂર, ઊર ઉંચૂં રણુતુરથી;
ગયૂં જંનનૂં નૂર, જુદ્ધ જોએ નહિં દુરથી.
ક્ષત્રીકેરૂં બીજ, કોહિ ગયલૂં છે સાચે;
અરિણી કાયર રાજ, જનાનાથી બહુ રાચે–૩૧૮

(દક્ષણના શૂરવીરો.)

હિંદુઉપર બહુ જુલમ, ચલાવ્યો ઔરંગજેબે;
મુસલમાનનૂં જોર, વધી ગયું છેકજ તેવે.
એકઉપર છે એક, નીમ કુદરતનો એવો;
છકી ન જાએ કોઇ, રેહ હદમાં સહુ તેવો.
ધંન શિવાજી[૪૪]શૂર, ગમે તેવો પણ હિંદૂ;
જંન ગમે તે કેહ, તોય હૂં તો નહિં નિંદૂં.
પ્રતાપ તેનો મોટ, બાદશાહ ડબતો રહેતો;
જબરૂં હિંદૂંરાજ, હાય છેલ્લૂં થયું તે તો.
ભૂખણ કવીને ધંન, કવિત બહુ કહાડયાં કડખે;
ચઢે શિવાજી તેમ, બાદશાહ તો બહુ ભડકે.
રે બાલાજી[૪૫] પ્રથમ, પેશવા સત્તાધારી;
પ્હેલો બાજીરાવ,[૪૬] જુદ્ધમાં જબરો ભારી.
રાજકાજમાં કુશળ, ચતુર નાનાફડનવિસ[૪૭];
રામશાસ્ત્રિ[૪૮] સહુ ગયા, કાળની કેવી છે રિસ?
બાપુ[૪૯] ગોખલો શૂર, એકલો શું શૂં રાખે?
નહીં ધણીમાં[૫૦] ઢંગ, ધિક્ક જન જોને ભાખે.
મહાદાજી સીંદિયો, દૌલતરાવ બિજો એ;
શૂરા એ સરદાર, ભુંડા ખટપટિયા તોએ.

---

૪૪ ૧૬૨૭માં જન્મ્યો ને ૧૬૮૦માં મુઓ
૪૫ ૧૭૧૪—૧૭૨૦. ૪૬ ૧૭૨૦—૧૭૪૦
૪૭ ૧૭૭૨—૧૮૦૦ (કારભાર.)
૪૮ રાઘોબા દાદા ખુન કર્યાના અપવાદનું પ્રાયશ્ચિત પુછવા ગયો હતો ત્યારે શાસ્ત્રીએ બેધડક કહ્યું હતું કે–બળી મરવું એજ પ્રાયશ્ચિત છે–તમે અહીં રહેશો તો હું પુનામાં નહીં રહું.
૪૯ ૧૮૧૭ની ૫ મી નવેંબરની લડાઈમાં. ૫૦ છેલ્લો બાજીરાવ.

દામાજી[૫૧] સહુથી શ્રેષ્ઠ, પિલાજીકેરો કાકો;
ગાયકવાડોમાંહ્ય, જુહ્વમાં મ્હોટો શાખો.
પિલાજિને[૫૨] પણ ગણો, વળી તેના દિકરાને;
દામાજી[૫૩] જે કહેવાય, લેખવે જે નહિં ધાને–૩૪૦

(નાગર શૂરવીરો.)

રાજા છબિલારામ,[૫૪] જીનિયો માફ કરાવ્યો;
જનહિતઇચ્છૂ તેહ, પ્રજાને મન બહુ ભાવ્યો.
સુખા માળવામાંહ્ય, અમલ રાજા ગિરધરનો[૫૫];
શૂરો નાગર આજ, કહાં છે ઊંચાં ધરનો?
જુહ્વ મરાઠા સાથ, દયાએ[૫૬] ખૂબ મચાવ્યૂં;
નામ તવારિખમાંહ્ય, શૂરવીરોમાં રાખ્યૂં.
અંમરજી[૫૭] દીવાન, રાજ જૂનાગઢવાળો;
સંસ્થાનોમાં કસ્યો, જોરતલ્બીનો દાવો.
પુત્રનામ રણછોડ,[૫૮] શસ્ત્રઅક્ષરમાં પૂરો;
કાળિકોટિમાં લડયો, ધણીની સામાં શૂરો.

---

૫૧ એ દામાજી શાહુરાજાના સેનાપતિ ખંડેરાવ દાભાડેનો પ્રથમ ચાકર હતો પણ તેણે લડાઈઓમાં એવાં એવાં પરાક્રમ કર્યાં હતાં કે દાભાડાએ શાહુની આગળ તેનાં પરાક્રમ કહી સંભળાવીને તેને સમશેરબાહાદુરના ખિતાબ સાથે પોતાથીજ માત્ર ઉતરતો એટલે દરજ્જે ચઢાવ્યો હતો.–એ મુઓ ૧૭૨૧માં.

૫૨ એ વડોદરાની ગાદીનો મૂળપુરુષ ૧૭૩૧–૧૭૩૨.

૫૩ ૧૭૩૨–૧૭૬૯.

૫૪ વડગનગરાઓ એમ કહેછે ખરા; પણ સુરતના ચોર્યાસી પ્રગણાંના મામલતદાર જે વિસલનગરા છે તે કહે છે કે એણે મૈસોરમાં પરાક્રમ કર્યું છે ને એના વંશને હજી ત્હાં છે ને એ વિસલનગરા હતા. પપ ૧૭૨૪.

૫૬ એ, રાજા ગીરધર બાહાદુરનો કાકો; એને પણ બાહાદુરનો ખીતાબ હતો. સને ૧૭૨૪.

૫૭ દેશી સંસ્થાનો જેઓને પેશવાને પેશકશી ને ગાયકવાડને ચોથાઈ આપવી પડતી એમ તેઓએ જુનાગઢના નવાબને પણ જોરતલબી આપવી એવું, લડાઇઓ કરીને જબરદસ્તીથી તેઓ પાસે કબુલ કરાવ્યું.

૫૮ એ રણછોડજી દીવાન પોતાના આરબોને સાથે લઇને જુનાગઢ તાબાના કાળીકોટી કિલ્લામાં જઇ રહીને નવાબના લશ્કર સાથે ઘણીવાર લડયા હતા. એઓ ફારસી તથા સંસ્કૃત જાણતા; અને એઓએ હિંદુસ્તાનીમાં કવિતા પણ સારી કરી છે.

કાઠીઓના કાળ, પ્રભાશંકર[૫૯] શૂરો ને;
લક્ષ્મિદાસ[૬૦] બહુ નિડર, મુસદ્દી લહું પૂરો તે.
ભાવનગરનૂં રાજ, વધાર્યું જોડી મ્હાલો;
રૂપજી[૬૧] નામ દેસાઇ, માન લ્હેને પણ આલો.
કિરપાશંકર[૬૨] એક, સુરતના નવાબ સાથે;
બીજો[૬૩] પણ કહેવાય, પ્રતેસંગ રાજા સાથે.
પુરોભલ્લ હોડિયો,[૬૪] અમલદારી કરી સારી;
નગારૂં સુણતાં ભીલ, કાંપતા થરથર ભારી.–
રાજપીપળામાંહી, થયો શુર વચ્છ ત્રવાડી[૬૫];
કુલીન નાગર આજ, પ્હેરી બેઠા છે સાડી.–૩૬૦

(બ્રહ્મક્ષત્રી શૂરવીરો.)

રાજા તોડરમલ,[૬૫] થયો નામાંકિત મોટો;
રાજ્ય ગોઠવણ કીધ, વસુલમાં નાવે ખોટો.
ક્ષત્રિ લલ્લુ જગધંન[૬૫], ભાઈ બે અકબર સાંમે;
થયા તેહવો દોર, કોણ દાખવશે આજે?

---

૫૯ જુનાગઢનો. ૬૦ ભૂજનો.

૬૧ આતાભાઇ ઠાકોરના વખતમાં. એ વખત જોગીદાસ ખુમાણ બ્હારવટિયો રાજને બહુ સતાવતો હતો તેને ગરાસો આપી રૂપજીએ વશ કર્યો હતો. એ બ્હારવટિયાએ ૧૨ વરસ બ્હારવટિયું કીધું.

૬૨ રૂસ્તમ અલ્લીખાનનો જોધ્ધો.

૬૩ એનાથી અમદાવાદનો બાબી નવાબ બહુ ડરતો.

૬૪ એ સાઠોદરો નાગર અમદાવાદ જિલ્લામાં અમલ કરતો.

૬૫ "રાજ ગયો પીપળ રહ્યો, ગયો ઉડાવન હસ્ત; દધિમેંસેં માખન ગયો, ગયો ત્રવાડી વચ્છ."

૬૫ ક્ષત્રીયો કહેછ કે તે ક્ષત્રી હતો પણ કેટલાક કહે છે કે તે કુંભારનો છોકરો હતો ને બાદશાહના મ્હેલની બ્હાર દરવાજાની પાસે બેસી રહી મ્હેલમાં જનાર આવનારનો હિસાબ રાખ્યાં કરતો (પોતાનીજ ઇચ્છાથી.) એક દહાડો એવું બન્યું કે એક ખુની મ્હેલમાં જઈ ભરાઈ રહેલો તે પાછો આવેલો નહીં ને દરવાજા બંધ કરવા માંડયાં ત્યારે તોડરે કહ્યું કે સબુર–મારો હિસાબ મળતો નથી–એક માણસ આવવું બાકી છે. તે ઉપરથી શોધ થઇ ને ખુની જડયો–એટલા ઉપરથી બાદશાહે તેને રાજનો ખિતાબ આપી મોટે દરજ્જે ચડાવી દીધો.

૬૫ અકબરે પુનર્વિવાહનો ચાલ કહડાવાને કહ્યું હતું–તેઉપરથી એ બે ભાઇની મા ઘણી ખિજવાઇ હતી ને તેઉપરથી રાજાને ને એ બે ભાઇઓને ટંટા વધી ગયા હતા.

એવચંની નીજામ, હેદરાબાદતણો કહું;
દિવાન મહિપત[૬૬] તેહ, થયો સામો તેની બહુ.
લડયો ટોપિની સાથ, પરાક્રમ કર્યૂ ઘણૂં છે;
કેદી કીધી તેહ, નામ હજિ તેહતણૂં છે.–૩૬૮

પ્રેમશૌર્યની વાત, સૂણવી કરવી ભાવે;
(પણ) બ્હાર કહાડતાં તેહ, જનો ઝાઝા અળસાએ;
કાયર બ્હીકણ થાય, પછી ઝાઝા રીબાએ;
એવી હાલત હાલ, લોકમાં તો દેખાએ.
કરડે માકણ જૂ, વળી કાંટો બહુ સાલે;
તોય કરે ન ઉપાય, મરે વ્હેમોને ભાલે.
ઈશ્વરથી નવ ડરે, શાસ્ત્રશિક્ષાથી પણ તે;
વ્હેમ લાજથી ડરે, એહવાં જનનાં મન છે.
સુધારવી સ્થિતિ નીજ, એહ આજ્ઞા ઈશ્વરની;
સ્વભાવ સહુનો તેમ, તેવિ ઈચ્છા મુનિવરની.
એમ છતે દુખ ખમે, વ્હેમનાં બંધનથી જે;
કાં ન ગણાએ તુચ્છ, દાસ નીચા પશુથી તે?
તજતાં વ્હેમી વર્ગ, લહો જનમોતજ આવ્યૂં;
ધિઃક ધિઃક નર નાર, રિઆવ્વું જો છે ભાવ્યૂં.
ઇશે આપ્યૂ શૌર્ય, દુઃખમાંથી નીકળવા;
નીકળતાં ખમિ દુઃખ, નીકળે સુખમાં ફરવા.
મરવાથી જે બિહે, જાય નહિં રણમાં કોઈ;
લોકમારથી ડરે, રહે જન રોજજ રોઈ.

---

૬૬ દિવાન તો મુસલમાન હતો પણ કામ કાજ સધળું મહિપત કરતો –મુસલમાન દિવાનના ઉપર ઇતરાજી થયેથી નવાબે મહિપતને દિવાનગીરી આપવાનું વચન આપ્યું પણ પછી પેલા મુસલમાને અંગ્રેજની મદદ લઈ નવાબને ધારતી આપી કે મહિપતને દિવાન બનાવશે તો તારાં રાજને જોખમ લાગશે. મહિપતને ધુસ્સો આવ્યો ને નવાબના મ્હાલ લુટીને મોટું લશ્કર જમાવ્યું–ને એક બે વખત અંગ્રેજની પલટનો સાથે લડયો તેમાં તેના મુખીને ડોળીમાં ઘાલી નવાબ પાસે મોકલી દીધો એવો તે રણશૂરો હતો. પછી કેટલેક વરસે તે દગાથી મરાયો છે.

ખમો શરીરે દુઃખ, રિઆએા ધન વણુ વાર;
ખપો ધેલમાં તોય, મરો સદ્કીર્તી સાર.
મૂર્ખ હતા શૂં તેહ, ટહાડ તડકો બહુ વેડી;
તજી ધન પ્રિય જન, નાખિ રણમાં દેહ હેડી.
ઉપદેશક શૂં મૂર્ખ, ખમ્યાં દુખ ઝાઝાં જેણે;
કહ્યો જનને બોધ, નહિં, ધન છે બહુ તેને.
તજતાં વ્હેમો જન, વેઠશે દુખ દારુણ પણુ;
પ્હેલ કરંતાં તેહ, સૂણુશે સંઘેથી 'ધન'.
સમજુક શૂરો તેહ, દુઃખને લેસ ગણે નહિં ;
દુઃખ ખમે તે શૂર, માન પામે અંતે સહિ.
સમજે નહિં જન તેહ, દોષ સાહસનો બોલે;
પણ ફળ જવ શુભ જોય, વાહ કહિ આંખો બોલે.
જસમાં જીવવૂં ઠીક, ઘણા એવા મળિઆવે;
જસમાં મરવૂં તેહ, અંશિ થોડાંને ભાવે.
મરણ મનુશને છેજ, ગમે ત્યારે પણ ભાઈ;
મરવું ન યશમાં કેમ, બતાવીને મર્દાઇ ?—૪૦૨

મર્દ તેહનૂં નામ, સમો આવ્યો કે ચાલે;
કનક કામિની તજી, સજી રણમાં જઇ મ્હાલે.
મર્દ તેહનૂં નામ, ડરે નહિં રણે જવાથી;
હોંસે ચ્હડે તોખાર, ડગે નહિં રિપૂ મળ્યાથી.
મર્દ તેહનૂં નામ, મરે પણ પણ નવ મૂકે;
ધીર ધરી શૂરભેર, તાક્યું નીશાન ન ચૂકે.
મર્દ તેહનૂં નામ, સિંગથી શૂર વધારે;
તોપ ભડાકા કરે, તેમ તે ધસે પુકારે;
મર્દ તેહનૂં નામ, ચળકતાં શસ્ત્રો જોઇ;
ઉછળી કરતો હાથ, કીર્તિ ઉજળીપર મ્હોઈ.
મર્દ તેહનૂં નામ, લોહિની નદિયો દેખી ;
ધડ માથાં ને હાડ, કાંપતો નહિં જે ટેકી.

મર્દ તેહનૂં નામ, સાથિ સામૂં નવ જોએ;
જુક્તિ સાથ બળથકી, લડંતો રૂડો સ્હોએ.
મર્દ તેહનૂં નામ, રડે નહિં ઘાવ લિધાથી;
પડ્યો પડ્યો પણ કહે, કહાડ શત્રૂને અહાંથી.
મર્દ તેહનૂં નામ, ભોગવે શ્રમે રળેલૂં;
સિંહ સરીખો તેહ, ખાય નહિં ઘાસ પડેલૂં.
મર્દ તેહનૂં નામ, દેશિસારૂ લડિ મરતો;
જુગ જુગ જાગે જાગ, નામ પોતાનૂં કરતો.–૪૨૨

ઉઠો ઉઠો રે ભાઇ, હરો નહિ વ્હેમ મમતથી;
મારીને લપડાક, છુટા પડિ રહો ગમતથી.
એક એક પછિ એક, એમ મંડળ વધિજાએ;
પ્રથમ એ પામે દુઃખ, કોઇ સાથી નવ થાએ.
એક વીરનૂં કામ, સાથિ સહુ સ્હેજે મળતા;
પણ તે કહાં છે રામ, હાય વ્હેમો બહુ નડતા.
કદી મળ્યો નહિં સાથ, તો શું બ્હી જોયાં કરવૂં;
પ્રભુ સમરી ને હામ, ભિડી સહુનૂં દુખ હરવૂં.
સૂધૂં કરતાં ઉંધૂં, કદી વેળાએ થાએ;
જ્ઞાનિ ન કહાડે વાંક, દૈવનો વાંક મનાએ.
ઉપરા ઉપરી હાર, તમે ખાધી છે ભારે;
થયાછ બહુ કમજોર, કારિ લાગ્યા છે ઘા રે.
વાત ખરી છે તોય, બેસિ શું રોયાં કરવૂં;
શૂરવીરનૂં કામ, ફરીથી લડતાં મરવૂં.
મળે જો લડતાં યશ, સફળ સઘળો શ્રમ થાએ;
મરણ થાય તોપણ, જગત સહુ કીર્તી ગાએ.
હાર જીત છે બાજિ, જાણિ એ મરદો રાચે;
રણ શોધંતા રેહ, મરણ જેને તુછ સાચે.
સુઘડ સુંદરી નાર, મર્દપર થાય ફિદા બહુ;
જંગગઇ જે મર્દ, તેહસૂં પરણે તે સહુ.

જેણે લીધા ધાવ, તેહને જન બહુ ગાએ;
ગુલામડા કાએર, ધિઃકથી મુઆ ગણાએ.-૪૪૪

ધિઃક ન થાએ ભાઇ, જગતમાં તમને માટે;
જુઓ જુઓ નિજ હાલ, કહું છું સારાંમાટે.
રોજ રિબાઓ છોજ, સ્વદેશી પરદેશીથી;
છુટની વાતોમાંય, કેમ રહોછો સુસ્તીથી?
બાળક બૈરાં વૃદ્ધ, ગણાએ જે લાચારે;
દાસપણાંમાં તેહ, પિડાએછે રે ભારે.
ભાંય ધનની સાથ, સહુ સુખસાતા ગઇ ને;
જોયાં કરવૂ જોગ, આપણે મરદે બ્હીને?
સ્વતંત્રતા ને હક્ક, નાજ ખોવાં હૂંપણથી;
એ માણુસનો ધર્મ, લહો સાચૂં દૃઢ મનથી.
'નહીં ખોઇશૂં હમે, હમારા હક જિવ જાતે;'
'લડી રાખશૂં તેહ, છોકરાંઓને માટે.'
'સાચવશૂં ધરિ ટેક, મરીશૂં સાચવતાં કે;'
'લડે છોકરાં તેમ, લડી તે હક લઈ રાખે.'
હામ હામ હરદમ, ભણાશે એવૂં જ્યારે?
દરબારોની વાત, ઝાઝિ ચરચાશે ત્યારે.
વધશે બહુ વેપાર, ભણ્યા જન થાશે જ્યારે;
તન મન થાશે પુષ્ટ, મુકાશે વ્હેમો ત્યારે.
સ્વતંત્રતાનેકાજ, શૌર્ય ના કહાડે જે કો;
પામે નહિં કદિ સૂખ, અહીં તહિં સાચૂં તે કો.
વિના શૌર્ય નહિં તુટે, જાતિનાં બંધન મ્હોટાં;
વિના શૌર્ય નહિં ઘટે, પુજ્યના ઠાઠો ખોટા.
વિના શૌર્ય નહિં વધે, સ્નેહ સાચા દેશીમાં;
વિના શૌર્ય નહિં ઐક્ય, થાય કોદી દેશીમાં.
વિના વાણિનૂં ઐક્ય, વિના કહું ઐક્ય ધરમનૂં;
રાજઐક્ય વણ જોર, નકામૂં દેશીજનનૂં.

કરવાસારૂ ઐક્ય, પ્રેમ ને શૌર્ય ગજાવો;
ફેરપ્યાર કરિદઈ, પછી સ્થિરતામાં આવો.
પ્હેલે વિદ્યાભ્યાસ, કરો શ્રમ લઈને ભાઈ;
સમજી સારાસાર, સારને લેજો સ્હાઈ.
સદ્વસ્તૂનું ગ્રહણ, કરંતાં વિઘનો નડશે;
પ્રેમિ શૂર ત્હાં થજો, એટલે રસ્તો જડશે.
સત્ય વાતપર પ્રેમ, રાખિને રહેશો દૃઢ થઈ;
સત્સુખકેરા ભોગ, ભલા ભોગવશો સહુ સહિ.—૪૭૮

વ્હેમયવનની સાથ, સુધારાદિત્ય લડેછે;
ભર્તખંડમાં જુદ્ધ, કહૂં ચોમેર મચેછે.
વ્હેમી બહુ ગુજરાત, તહાં સૂધારા પક્ષી;
સેનાનીમાં એક, કવી નર્મદ છે લક્ષી.
પ્રેમશૌર્યમાં મગ્ન, હાલ કડખેદ બન્યોછે;
ઝંપલાવવા રણે, વાટ તે જોઈ રહ્યોછે.
દાખવવાને હાથ, નથી રણરંગભુમી કોઇ;
દેશ—સમય—જનરંગ, જોઉંછૂં મૂળે ફીકો.
નથી સેન તૈયાર, એક પણ વાતે હમણાં;
નથી પ્રેમ ને નેમ, શૌર્યનાં તો છે સમણાં.
તો પછિ હોએ કેમ, ભલાં હિમત ને સાહસ?
એમ રહૂંછૂં હાલ, લજ્યા વણ હોએ શો જસ?—૪૮૦

અરે ઓમકારેશ, દેશ ડૂડચોછે પૂરો;
નથી હમારે કોઈ, આજ વિક્રમ નૃપ શૂરો.
મળે રાજની સાથ, જનો ભીડે બહુ હામો;
ઉત્તેજનથી નીત, કરે સહુ મોટાં કામો.
નથી હમારે કોઇ, આજ શંકર વેદાંતી;
થાય ધર્મનૂં ઐક્ય, રહે નહિં કાંઈ ભ્રાંતી.
નથી હમારામાંહ્ય, દેશની એકજ ભાષા;
નથી હમારે કોઈ, પંડિતો પુરતા આશા.

નીચ બુદ્ધિને કહાડ, કહાડ સઘળા વ્હેમોને;
ઊંચિ સુબુદ્ધી આલ, દશા છે કેવી જોને.
દેશપ્રીતિનૂં ભાન, કરવ તૂં વ્હેલો હાવાં;
કે ઉપજે અભિમાન, જેથિ લઇયે સુખલ્હાવા.
ઇંગલંડનો દેશ, જેહવો આજે સ્હોએ;
કર તેવો આ દેશ, લાજ સંધે એ ખોએ.
પ્રથમ તાહરો એહ, હતો માનીતો જાનો;
કેમ રુઠ્યો તૂં છેક, રિબાતા છૈયે આ જો!
શા કીધા અપરાધ, એટલા કે તૂં રૂઠે?
માફ કરીદે દેવ,, હવે તૂં કયારે તૂઠે?
ઉપરાઉપરી માર, ખાઇયે છૈયે ભારી;
થયાં સેંકડો વરસ, દશા તૂં કરને સારી.
દેશી જન સહુ કહે, કવીનર્મદને નામે;
પ્રેમશૌર્યને પ્રેર, ઉંચાં સુખ વ્હેલાં જામે.–૫૧૨

સુરત–૩૧ અકટોબર ૧૮૫૬.

અર્પણ.

પરમમિત્ર મુજ કિસન બુવા ઉપનામ તહારૂં;
નાનકગુરુ ગોવિંદ, ઉદાસી પંથી ચારૂ–૧
પંથ ઉદાસી તેમ મંનપણ લહૂં ઉદાસી;
પ્રેમશૌર્ય ધાએલ, તોયકહું રંગનિવાસી–૨
પ્રેમશૌર્યથી સ્હોય, સૂર્યવંશી રજપુતકુળ;
તેમાં તારો જન્મ હવે શું કરવૂં મેં મુલ–૩
મૂલ વનાનો સ્નેહ થયો સ્હેજે જોતાંમાં;
શોભંતો નિત રેહ લખૂંછૂં અહિં થોડાંમાં–૪
પ્રેમશૌર્યસૂજાણ એહવા મારા સજ્જન;
તેમાં હિંદૂમાંહિ એક તૂં પણ મુજ પ્રિયજન–૫
આઠ વરસનો સ્નેહ, તેનિ નીશાનીમાં આ;
પ્રેમશૌર્ય લઘુગ્રંથ કરૂં અર્પણ તૂને અહાં–૬

હિંદુઓની પડતી-ભાગ ૩ જો.

આશા.

(રોલાવૃત્ત.)

પ્રેમશૌર્યથી લડી, રળો સદકીર્તી સ્થાઈ;
પૂર્વ કાંડમાં કહ્યું, ઉઠો વ્હેલા સહુ ભાઈ.
ભલો ઉંચો ઉદ્દેશ, કીર્તિ કિલ્લો લેવાનો;
કૃતાર્થ જેથી અહીં, પછી થઇયે ઝટ માનો.
હતો તમારો દેશ, નથી તે આજ તમારો;
દાસપણાંમાં સૂખ, કુલીનો શું વિચારો.
ગમે તેહવો ત્રાસ, દેશિ રાજ્યોથી હોઐ;
નીજ વડિલનો લહી, ઝાઝું તો જન નવ રોઐ.
કુસંપ ઘરમાં હોય, તોય સહુ ભેગા થાઐ;
જરે ઘર હક સૂખ, લૂટવા પરજન આવે.
એ સ્વાભાવિક તોય, અંગબળ મળે ન તેથી;
કુસંપ નિકળ્યો જ્હાર, ફાવ્યું ત્રીજાનું જેથી.
દેશિરાજથી સૂખ, દેશિ પરજાને હોઐ;
તનમનધનબળ તેહ, સર્વના સંધે સ્હોઐ.
પ્રેમ શૌર્ય છે શસ્ત્ર કીર્તિ કિલ્લો લેવાનાં;
ગાતાં ગુણ બળ તેહ, ભર્યાં છે ઝાઝાં પાનાં.
રામબાણ એ શસ્ત્ર, કીર્તિ અર્થે વાપરતાં;
આશાને લહિ વાધ, જીતો ઉસકેરે લડતાં.
અમર અમર છે આશ, મનુષપ્રાણીને જરે;
હારિ બેસવું કેમ, કેમ ના લડવું ત્યારે.
નથી લોભ ઉદ્દેશ, ભલો છે બેાયું લેવે;
આશ ફળે નવ કેમ, મુકી મિથ્યા શું દેવે?
કદી ફળી નહિ તોય, લાભ શું નથી બિજારે;
એથી જીવે જંન, કરે છે કામો ભારે.
ફળે ન જનને તોય, ફળે તેના વારસને;
ફળે ન એને તોય, ફળે એના વારસને.

સદઉદ્દેશે આશ, ફળે કોદી સિદ્ધાંતે;
કાં નવ કરવો શ્રંમ, મોત થાતાંલગિ ખાંતે.
એ આ આવ્યો યશ, એમ ભણુકારા થાએ;
એથી ચડતૂં શૂર, લડંતાં યશો સુહાએ.
હાર થાય તેથકી, મળે નહિ ઝટ સુખ સાજે;
તોપણ મોટો લાભ, જગતમાં કીર્તિ ગાજે–૩૨

ધન્ય ધન્ય એ ગ્રીસ, ધન્ય તારા પુત્રોને;
ધન્ય આશ યશ ધન્ય, ધન્ય સાચાં સૂખોને.
શાસ્ત્ર કળા વિધવીધ, તુંથી પશ્ચિમમાં પસર્યાં;
હજી વખણાએ તેહ, કામ તારાં દિપિ નિસર્યાં.
તને રક્ષવાકાજ, મુકાવ્વા મદ લોભીનો;
ખૂબ લડયા તુજ જંન, રાખિ છાતીનો સીનો.
હતો ભલો ઉદ્દેશ, આશ ફળશે નક્કી લહિ.
જને જણાવ્યૂં જોર, જેથિ કહું લાજ કુડી રહિ;
તુજ જન કરવાદાસં, લોભમાં કરિને કોટૂં;
ડરાયસે[1] દુરથકી, મોકલ્યૂં લસ્કર મોટૂં.
ખાધિ ન એબક તેંહ, ધસી લડિ સામાં તેની;
મારિ હરાવ્યું તેહ, લાજ ગઈ રહેજે જેની.
સ્વતંત્રતાનેકાજ, ધન્ય છે થયલાં જુધને;
મારેથનને[2] ધન્ય, ધન્ય મિલટાઇડિસને[3].
સવાલાખસૂં લડયા, જનો દશહજાર તોપણ;
કીધૂ એણે નામ, રાખિ નિજ દેશતણૂં પણ.
તનુજ ડરાયસતણો, ઝેરક્સિઝ[4]જ્યારે આવ્યો;
ઠાઠમાઠની સાથ, તોય પણ કાંઈ ન ફાવ્યો.
ખાડી સાલેમીસ, વહાણમાં જુધ્ધ થયૂં જ્હાં;
તેમાં જીત્યા ગ્રીક, પરાક્રમ કરી બહૂ ત્હાં.

---

૧ ઈરાનનો બાદશાહ. ૨ એ નામનું મેદાન જ્હાં ઈ૦ સ૦ પૂ૦ ૪૯૦ મે વરસે લડાઇ થઇ હતી.
૩ એ નામનો ગ્રીક સરદાર જેણે મારેથનની લડાઈ જીતી.
૪ ડરાયસનો છોકરો.

ધન્ય થમિસ્ટોકલીસ [૫], ધન્ય આરિસટાઈડિસ [૬];
થોડે વ્હાણે લડયા, હજારોસૂં સ્મરી યશ.
જોતાં જોતાંમાંહિ, ધરાની બહુ ગભરાયા;
થાકયા હારયા તેહ, દેશભણિ વ્હાણ ચલાવ્યાં.
પણ ગાવાદો ભાઇ, સ્પારટન ગ્રીક લડયા જે;
થરમાપલિની [૭] પાસ, ત્રંણસે કપઇગયા તે!
ધંન લિઆનીડાસ, [૮] ડગ્યો નહિ ડગલૂં મૂકી;
શૂરવીરનૂં વીર્ય જરો શૂં પણમાં ચૂકી?
શૂરવીર વર્ણવ્યા, કવીશ્વર હોમર [૯] ગ્રીકે;
તેના વંશજ તેહ, શત્રુને કેમ ન ઝીકે?
સુધડ સુંદરીતણાં, ઉંચાં દુધ પીનારાઓ;
કેમ મુકે પણ લિધૂં, પછી કાં ના જિવ જાઓ?
ગુફા બ્હાર જ્યમ સિંહ, ઉભો રહિ ચોકી કરતો;
નીજ બાળની તેમ, લિઆનીડાસ લડંતો.—
શિકારિયોસૂં ખૂબ, પડયો અંતે રુધિરાળો;
એવા માના પૂત, પૃથ્વિપર વિરલા ભાળો.
ચાર હજારે જુધ્ધ, તીસ લાખોસૂં મચવ્યું;
ચારવાર સ્પાર્ટને [૧૦], સેન ઝેરક્સિઝનૂં હઠવ્યું.

---

૫ ગ્રીસના આથેન્સના રાજનો મુખી અને સેનનો સરદાર.

૬ એને થમિસ્ટોકલીસે રાજમાંથી કઢાવ્યો હતો તોપણ એ, રાતે, છુપે વેશે આવીને પોતાના પ્રતીસ્પર્ધી થમિસ્ટોકલીસને કહી ગયો કે ધરાનીએ સાલેમીસની ખાડી પોતાના વ્હાણોથી ભરી નાખીછે અને તમે ત્યારે કયેરીમાં મનસુબા કરયાં કરોછો; ને હવે દુશમનના કાફલાને કાપી રસ્તો કહાડચાવના ગ્રીકો બચવાના નથી. દેશની સ્વતંત્રતા બળવવાને એણે પોતાના દુશમનસાથે પણ રહલા કરી. એણે વગર અધિકારે પણ પોતાનાં થોડાં માણસોની મદદે એક ઠેકાણે ધરાનીની એક હુકડીને કાપીનાખી હતી.

૭ એ જગા, પ્હાડની સાંકડી ખીંડનું નાકું છે. અહીં જે લડાઈ થઈ તે સાલેમીસની વ્હાણની લડાઈની પ્રથમ.

૮ સ્પારટન સેનનો સરદાર—એ માત્ર ત્રણસો માણસસાથે હજારો ધરાનીની સામે એ નાકાંઆગળ ઉભો રહ્યો હતો.

૯ એ આદિકવિ કેહેવાયછે. એણે ઈલિયડ ને આડીસી એ નામનાં પુસ્તકો કરયાં છે. વીરરસ કાવ્ય ઇલિઅડમાં ગ્રીક અને ટ્રોજનની વચ્ચે ચાલેલાં જુધ્ધનું વર્ણન છે.

૧૦ લીયાનીડાસ ને તેના ત્રણસે સાથી પડચા પછી ઈરાનીઓએ આગળ બસારો કરયો પણ પછી જુધ્ધ થયાં તેમાં સ્પાર્ટને ઝેરક્સિઝને હંફવ્યો.—પણ

જમિનઉપર થઈ હાર, તોય જીત્યા દરિયામાં[૧૧];
ઇરાની નાઠા દેશ, ટક્યા નહિ કંઈ પણ સામાં.
કરવૂં પડતૂં જુદ્ધ, જહાં નિજ દેશ બચાવ્વે;
પ્રળે નક્કિ ત્હાં આશ, પ્રેમ ને શૂર બતાવ્વે–૭૪

વીર નાયકો ઘણા, ઘણા મેં વાંચ્યા તેમાં;
પ્રથમ વર્ગમાં સ્હોય, હેક્ટર[૧૨] રંગ સમરમાં[૧૩].
જુદ્ધકુશળતા સાથ, ધૈર્ય બળ પરાક્રમો બહુ;
ભૂમિ કુટુંબપર પ્રેમ, નીતિની જાણ વળિ સહુ.
જુદ્ધ કરવું[૧૪] ના ગમ્યૂં, તોય તે દેશ બચાવ્વે;
એકીલિઝસૂં[૧૫] લડયો, પડયો પણ ગવાય ભાવે.
ધન ધન હેક્ટર નામ, ગાય શત્રુકવિ[૧૬] જ્હેને;
કવિતાકણિકારૂપ, ગાય નર્મદ શું ત્હેને!–૮૨

સામ્નિયંમના[૧૭] જંન, લડયા જે રોમન સાથે;
વરસ તીસએ[૧૮] જુદ્ધ, કર્યૂં મરદાની હાથે.
કૅન્ફર્સની[૧૯] વાટ, જહાં ધન પાનશિયસને[૨૦];
રિપૂ હરાવ્યા તહાં, ક્ષમા દરસાવી જનને.

આખરે હાર્યા. એ હાર થયા પછી તરતજ સાલેમીસની લડાઇમાં ગ્રીક જીત્યા ને ઇરાની હાર્યા–ઇ૦ સ૦ પૂ૦ ૪૮૦ મે વર્ષે.

૧૧ સાલેમીસની લડાઇમાં.

૧૨ ટ્રાયની લડાઇમાં ટ્રાયના રાજની તરફનો મ્હોટો સરદાર હતો.

૧૩ જુદ્ધમાં. ૧૪ હેક્ટરનો ભાઇ પારીસ, ગ્રીસના મેનેલેઅસની બૈરીને ચોરી લાવ્યો હતો તે ઉપરથી ગ્રીક લોકો ટ્રોજન સાથે લડવા આવ્યા હતા; પોતાના ભાઇનો વાંક હતો તેથી હેક્ટરને લડવૂં ગમ્યૂં નહીં ને એણે સમાધાની આણવાને ઘણી યુક્તિઓ કીધી પણ જરે તે તેમાં ફાવ્યો નહીં ને દેશ ખોવાનો વખત આવ્યો ત્યારે તે સારી પેઠે લડયો.

૧૫ ગ્રીસની તરફનો મોટો કુટુંબકુપ જોધ્ધો. ૧૬ હોમર.

૧૭ એ નામનો ઇટલી દેશમાં પ્રાંત હતો.

૧૮ બતરીસ. તણવાર લડાઇ થઇ હતી; પેહેલી ઇ૦ સ૦ પૂ૦ ૩૪૩ થી તે ૩૪૧ સુધી, બીજી ૩૨૬ થી તે ૩૦૪ સુધી ને તીજી ૨૯૮ થી તે ૨૯૦ સુધી. ૧૯ એ નામનું ખીંડનું નાકું.

૨૦ એ સરદારે પોતાના દેશને માટે બહુ બાહાદુરી કીધી હતી.

ઝુસરીમાંથી[૨૧] જવું, એમ ૫૨ભાવ્યું જેણે;
રોમે[૨૨] માન્યું તેહ, હતું મદમાતું તેણે.–૮૮

મદમાતા રોમન, કાર્થેજને[૨૩] તકાવે;
લડયા એહના જંન, વરસ તેંતાળિસ[૨૪] ભાવે.
પ્રેમશૌર્યની સાથ, જીતવે બચવે આશા;
વળી કીર્તિની ન્હોત, ખાત પેહેલેથિજ ઝાંસા.
હાંમિલકર શૂરવીર, પુત્ર હાનીબલ વચની;
દેશભક્તિમાં પડયા, કીર્તિ સંપાદી રણુની–૯૪

શૂરવીર સ્વિસ ટેલ, નમ્યો નહિં પરટોપીને[૨૫];
કરચો સ્વતંત્ર સ્વદેશ, દેશિને ઉસ્કેરીને–૯૬

સ્કાટલંડનો ચૂસ, હતું પાણી ખરું જેથી;
ઈંગલંડસૂં લડયો, દેશ છોડાવ્યો[૨૬] તેથી–૯૮

રાજ જુલમથી જેહ, વસ્યા જઈ અમેરિકા રે;
ઇંગલંડને માન, આપતા ત્હાં પણ ભારે.
અહિંયાં પણ બહુ ત્રાસ, દિધો ઇંગલંડે જારે;
સામાં ઊઠયા તેહ, લડયા છુટ માટે ત્યારે.

---

૨૧ પાન્શિયસના બાપે તેને કહ્યું હતું કે એકે એક રોમનને કાપી નાખજે પણ દિકરાએ તેમ ન કરતાં બેપાસ ઉભાં લાકડાં દટાવી તેના ઉપર એક આડું લાકડું મુકાવી—એ ઝુસરીમાંથી હારેલા રોમન શત્રુને જવા દીધા.

૨૨ રોમનો રાજનું લશ્કર. ૨૩ એ નામનું રાજ આફ્રિકાની ઉત્તરે હતું.

૨૪ ઇ૦ સ૦ પૂ૦ ૨૬૪–૨૪૧ લગી પ્હેલી લડાઇ–એમાં હાંમિલકર, કાર્થેજની તરફનો મુખ્ય સેનાની હતો. એ જરે ઇ૦ સ૦ પૂ૦ ૨૩૫માં સ્પેનમાં હતો તારે તેણે પોતાના નવ વરસના છોકરા હાનીબલને દેવળમાં લઇ જઇને સોગન ખવાડયા હતા કે "હું રોમના રાજ સાથે મરતાંલગી દુશમનાઇજ રાખીશ." ૨૧૮–૨૦૧ સુધી જે બીજી લડાઇ ચાલી તેમાં હાનીબલે ઘણાંજ પરાક્રમ કર્યાં છે. એણે રોમન લોકને ઘણીવાર હંફાવ્યા હતા.

૨૫ આસ્ત્રિઆનાં રાજે સ્વીટઝરલંડ ઉપર હલ્લો કરી તેના ઉપર સત્તા ચલાવા માંડી હતી–એક વખત ગવરનરે પોતાની ટોપી બજારમાં ટાંગીને લોકો ફરમાવ્યું કે એને નમો–વિલયમ ટેલે કહ્યું કે નહીં નમું. ત્યારે ગવરનરે તેને કહ્યું કે તું તારા છોકરાનાં માથાપરનું આપલ (એક જાતનું ફળ) તીરથી ઉડાવે તો જીવતો રાખું–ટેલે તે ઉડાવ્યું. પછી ટેલે ગામડાંઓમાં જઇ લોકને ઉસ્કેર્યા ને પાછી લડાઇ કરી પોતાના દેશનું સ્વતંત્રપણું પાછું મેળવ્યું. ઇ૦ સ૦ ૧૩૦૮માં.

૨૬ ઇ૦ સ૦ ૧૩૧૪માં.

સાત વરસ[૨૭]તે લડ્યા, સ્વતંત્રજ થયા પ્રતાપી;
ભૂમિ યુનાઇટેડસ્ટેટ્સ,ધંન કીર્તિ તુજ વ્યાપી. ૧૦૪

ધંન તને પોલાંડ, ધંન કુશિયસકો[૨૮] તૂને;
વાંચિ[૨૯] પરાક્રમ તુજ, ચડ્યું શૂર ઝાઝું મૂને.
મોટાં ત્રંણે[૩૦] રાજ, એકદમ તુટી પડ્યા જ્હાં;
બતાવી બાનાં ખૂબ, એકનૂં શૂં ચાલે ત્હાં.
છેલ્લો તૂં સરદાર, નાશને જોઇ ફાટ્યો;
દેશીઓ શું જુઓ, એમ કહિ રસને[૩૧]વાટ્યો.
ગયા મ્હોલ સહુ તોય, રાજ આ હજી રહ્યૂંછે;
હાય જાય જો એહ, ધિઃક ધિઃક આ જિવ્યૂં છે.
અંદર થયલો રાંક, તોય હામો બહુ ભીડે;
આશાપ્રેરચો તેહ, કરમઉપર ના ચ્હીડે.
મરવૂ એકજવાર, ભક્તિ દરસાવી લેવી;
લાગ્યું તો છે તીર, નહીંતર ટુચકી કહેવી.
વાગ્યું તો રણસીંગ, નહીંતર વાનો ફુક્કો;
છેલ્લું પરાક્રમ એજ, મારવો છેલ્લો મુક્કો.
જીત કરો વા મરો, શપત લો એમ સરવજને;
તર્ત ભણ્યૂ ત્હાં સેન, મરીશૂં તને ધણૂં ધન.
સિંહગર્જના કરી, પડ્યો લડિ થઇ મરણિયો;
મુઓ[૩૨] તોય તે છુટ આશનો છે સ્મરણિયો. ૧૨૨

પ્હેલ્લો જોસ્સો આશ, ટકંતો મરતાંસૂધી;
પછિ પણ કહેછે ધર્મ, મુક્તિચ્હોથી[૩૩] ત્હાંસુધી.

---

૨૭ ઈ૦ સ૦ ૧૭૭૫ થી તે ૧૭૮૨ લગી.
૨૮ પોલંડનાં રાજતરફનો સેનાની.
૨૯ જરે હું સ્કુલમાં કોર્સ આવ રિડિંગ શિખતો તારે.
૩૦ આસ્ત્રિયા પ્રુશિયા ને રૂશિયા.
૩૧ વીર રસની પોતાનાં સેનમાં લ્હાંણી કરી–ભાષણથી સેનને ઉસ્કેર્યું.
૩૨ ઇ૦ સ૦ ૧૭૯૫.
૩૩ સલોકતા, સમીપતા, સરૂપતા ને સાયુન્યતા એ ચારમાંની છલ્લી જે બ્રહ્મમાં સમાઈ જવું તે.

અસત્ય ફાવીજાય, સત્ય તો અહિં રીબાએ;
તોપણ જીવે એહ, ભાવિ સુખની આશાએ.
સુખિ સંતોષે રેહ, ધર્મિ તે મોટી આશે;
થશે કલ્કિ[૩૪] અવતાર, પાપિને શાસન થાશે.
ગામ નજીક છે સુણી, પ્હોંચશું એવી આશે;
પગલાં મોટાં ભરે, પંથિ થાકેલ પ્રવાસે.
અમેરિકા તો જડી, કોલમ્બસને આશાથી;
આશે બહુ બહુ શોધ, એથિ થાએ સુખસાથી.
પ્રિયજન કયારે મળે, એવિ મનમાં જેને લત;
ભાંયે નાખ્યો તેહ, મરે નહિં આશથકી ઝટ.
આશે હિંમત રેહ, આશથી રહે છે શુદ્ધી;
આશે જાયે શોક, બુદ્ધ થાએ છે બૂંધી.
દુખિયાંની છે ધિરજ, સુખીનો ઉમંગ આશા;
યશકીર્તી દેનાર, હોય ઉદ્દેશો ખાસા.–૧૩૮

કોનું મ્હોડું મેં જોયું, અંગમાં રંગ રમે છે;
ઉછળી ઉછળી લોહિ, ડોકિયાં[૩૫] ખૂબ કરે છે!
શું થાશે કંઇ લાભ, આજ થાએ આ શું રે;
કયારે થાશે યાર, જોષિને જઈ પુછું રે,
નથિ હસવાનું[૩૬] કાંઈ, રહેજમાં હસઇજવાએ;
પંખી ઉડતું[૩૭] કોઇ, આવતું અહીં જણાએ.
ધિમે આવતું તેહ, ચળકતું ઝીણું ટેકું;
લજવાતું લાડતું, થાય મન કયારે છેકું.
દોરો[૩૮] જરનો દિસે, જેહના કિરણો ઝીણા;
ફીકીમાં હું પ્રોઉં, કાળજાં થાએ ભીનાં.

---

૩૪ સાધારણ સમજના ભાવિક લોકને માટે ૧૦ અવતાર કલ્પ્યા છે તેમાંનો છેલ્લો.

૩૫ ખુશીની હાલતમાં ચ્હેરાપર ઝાંખી લાલાસ આવે છે. એ શું જાણે લોહી બ્હાર આવવાને ડોકિયાં કરતું હોયની?

૩૬ કેટલીક વેળા સહજજ આનંદ સ્થીતિ થાય છે–બ્હારના કોઈ કારણવના.

૩૭ ઉગતા બીજના ચંદ્રનું રૂપક. ૩૮ ઉગતા બીજના ચંદ્રનું રૂપક.

મળ્યાં જંન સહુ અહીં, જેહને જોવા તલ્પે;
જોઈ જોઇ હરખાય, પરસ્પર શુભ બહુ જલ્પે ૩૯.
લક્ષ્મીના દરશંન, કરી પછિ કિરપા માંગે;
શકુન સરસ સુખદાઇ, હવે ઝટ ફળશે રાગે.
કારતકસુદી બીજ, વરસની પ્હેલી બીજે;
થાય ચંદ્રદર્શન, વરસ જાશે બહુ રીઝે.
સાકંબરિ જગદંબ, અંનપૂર્ણા વાગીશા;
લક્ષિમ કાળિકા માત, પૂરશે આશ સદીશા.
સપનામાં૪૦ મેં દિઠો, 'ન્હાસતો મથિને એવો;
કાળો મ્હોટો સાપ, કિડી વળગેલી તેવો.
અનેક કિડિયો મળી, ધસડેછે ધસડાઈ;
ઝિણા જીવ પણ કરે, વડાસૂં મચી લડાઇ.
અંતે હાર્યો સાપ, ચતો થઇ પડયો મુંઓ તે;
શૂં ન કરે મળિ સાથ, પ્રાણિયો નબળાં તોએ.
હિંદુતનુજથી તેમ, સંપમાં જો રહેવાએ;
સાપ પઠે રિપુ બ્હેમ, કાળકંટક મરિ જાએ.'
એમ થયું કે પછી, દેશ કેવો સોહાશે;
થોડાંમાં કહું ભાઇ, યશસ્વી સૂખી થાશે.
આશા રાખે મ્હોટ, કરે ઉદ્યમ અનુકુળ તો;
બ્હેલો મોડો યશ, સાંધ્યે સ્હેજે મળતો.—૧૬૮.

દિવસ હતો છે રાત, વળી પાછો દી ઉગશે;
તનમનધનબળ તેહ, ફરીથી બ્હાર નિકળશે.
કસરત કરશે પુરુષ, નિરોગી પુષ્ટ થશે બહુ;
સ્ત્રિયો તેમની સાથ, હવા રૂડી લેશે સહુ.
વિદ્યા કળા અનેક, ઉદ્યમે વધતાં જાશે;
ધંન આવશે તેમ, દેશિઓ સૂખી થાશે.
કરવો વિદ્યાભ્યાસ, ઉંચી સંગતિમાં રહેવું;
ચડવાના ઉપાય, જેથિ સુખ ઊંચું લેવું.

---

૩૯ બોલે. ૪૦ આશાનો વિષય લખતાં એક દાહાડો તે વિચારમાંજ હું બપોરે સુતો હતો ને સ્વપ્ન થયું હતું.

કુટુંબ ઉજળું રહેાય, કલેશ કંકાસ દિસે નહિ;
પ્રેમી નર ને નાર, સુખે બહુ કામ કરે સહિ.
બાળલગ્ન નહિં થાય, સ્વયંવરથી પરણાશે;
સમજી સ્ત્રીથી બાળ, સુઘડ રીતે ઉછરાશે.
મૈત્રી વધશે તેમ, સંપથી બહુ રહેવાશે.
જશે જંન પરદેશ, નવું ત્હાં જઇને જોશે;
આવિને નિજ દેશ, શેાભતેા કરશે હોંસે.
જાતિભેદ ટળિ જશે, પંથ પાખંડી ઘટશે;
એક ધર્મના સર્વ, હિંદુઓ તારે બનશે.
નિરાકાર જગનાથ, તેહને ધ્યાને પુજશે;
ગાશે શક્તિ અગાધ, જંન ઠાઠોને તજશે.
ભય બહુ રાખી રેાજ, જગતના નીમેા જોઈ;
સત્સંગી જન થશે, ભૂલશે નહિ તે મોહી.
ગ્રંથેા વધશે તેમ, કુલીન થઇ યશ લેવાશે;
ઊંચાં સુખમાં પછી આપણાથી રહેવાશે.
કમાવવા આવિયા, અંગરેજો અંહિંયાં જે;
હાલ કરેછે રાજ, આપણાં તે નીરાંતે.
હિતૂ આપણા તેહ, ખાંતથી શિખવેછે તે;
કયારે થઇયે સર્વ, સમજતા છુટશું છે તે!
નથી આપણે યેાગ્ય, રાજ કરવે હમણાં રે;
સુખે કરે તે રાજ, આપિ હક પ્રજાતણા રે.
ખરૂં કહેવું તેા એજ, પ્રદેશી દેશી બદલે;
કારભારી[૪૧] થઈ હાલ, રાજ દેશીનૂં ચલવે.
નથી હરામી તેહ, આખરે રડાવશે કે;
સહુ સમજે છે તેહ, આપણેા હક દઈ દેશે.
એમ કરંતાં કદી, લેાભમાં હક નહિ દેશે;
સામા થઇશૂં તેાય, ખેાટું ઈશ્વર નહિં કહેશે.

---

૪૧ જ્હાં રાજા બાળક હેાયછે અથવા જ્હાં પ્રજાસત્તાક રાજ્ય હેાયછે ત્હાં જેમ કારભારી રાજ ચલાવેછે તેવી રીતે.

ફાવ્યા તો છે ઠીક, સોંપ્યું તે પાછું મળશે;
નવ ફાવ્યા તોપણ, કંઈ પણ તેમાં વળશે.
ઇંગ્લંડથી છુટી, અહીં૪૨ નિત રાજ ચલવશે;
રાણિવંશનો તેથિ, આપણી સંપત વધશે.
મોગલાઈની પેઠે, અંગરેજી અહિં રેશે;
તેથી તન મન ધંન, દેશિના દીપી રહેશે.
એ આશા મુજ ફળો, આશ છે સદઉદ્દેશે;
ઇશ્વર કરજે સાચ્ચ, ફરી ફરીએ શુભ વેશે!
જડી ખુટ્ટી છે આશ, બને મૂર્છાત સજીવન;
ઉદ્યમ છે અનુપાન, તાજું કરિદેવું તનમન.
પછિ અનુભવવાં શસ્ત્ર, પ્રેમ ને શૌર્યતણાં તે;
કીર્તી કિલ્લે ધજા, ઉડવવી નીત નીરાંતે.
જંન ગમે તે કહો, લાગ્યું તેવું દરસાવ્યું;
નર્મદ જોયે પ્રશ્ન, ટાણું તો હુંકડે આવ્યું.–૨૧૮

સુરત તા૦ ૯ મીથી તે ૧૭ મી ડીસંબર ૧૮૬૬ સુધી.

*અનુભવલહરી.

(ચોપાઇ.)

રે નર્મદ અંધારી રાત, તેને મળતી તારી જાત!
ત્રિવિધ તાપથી તંભર[૧] જેહ, રાતતણાં તમમાં સમિરેહ. ૧

---

૪૨ રાણીના કોઈ વંશરાજની ગાદી અહીંયાજ વંશપરંપરા જાયુ રહેવી જોઈએ–જેમ મોગલે કીધી હતી તેમ. એમ નથી થયું ત્હાંસુધી દેશની દોલત ઇંગ્લંડ જવાની ને અંહિના લોકનો ઉત્તેજન વના ઉત્કર્ષ થવાનો નહીં.

* મોડી રાતે અંધારામાં અગાસીમાં કોચપર જરે હું પડતો તારે મને બાહારની અને અંદરની કુદરત સંબંધી વિચાર થતા તારે તે હું લખી રાખતો ને એમ છુટક છુટક થયલી કવિતાને સાથે મુકીને અનુભવલેહેરી નામ રાખ્યું છે–(૧૮૬૪–સપટેમ્બર.)

૧ આધિ વ્યાધિ ને ઉપાધિ એ ત્રણની ગભરામણથી દલગીરીનાં જે અંધારાં આવ્યાં છે તે રાતનાં અંધારાંમાં સમીલાય છે. એ બે અંધારાંને ઠીક બને છે (દીલાસો મળે છે.)

ચાંદનિનો જોકે છે બ્હાર, તેને મળતી બ્હડતી ધાર;
પડતીને અંધારી[૨] ગમે, રડતાં રડતાં બંને રમે. ૨
રે નર્મદ આ વેળા તને, ચંદી[૩] કરતાં અંધી[૪] ગમે;
(તારે) આકૃતનો પણ લેવો લ્હાવ, એમાં જ્ઞાનતણો સુખભાવ. ૩
એક બાગમાં ઝાડો ઘણાં, (પણ) જુદા જુદા હાલો તેતણા;
વાયુ એકને લાગે બહુ, મસ્તીમાં ડોલે શું કહું! ૪
બેહોડી તરતી રે જાય, વાયુ એકને રહડે ભરાય;
એક દોડતી જાયે ઝટ, બિજી કદાપી ફૂએ ભટ. ૫
એક રડે ને બીજું હસે, રડતું[૫]જુજનાં મનમાં વસે;
પવન પાણિપર ચાલે વ્હાણ, [૬]ગભરામણથી ઉલટી હાણ. ૬
ચોમાસે ભરદરિયે વ્હાણ, તોફાને ડગમગતું જાણ;
પવન પાણિનો મ્હોટો સ્હોર, ગભરામણનું એવું જોર. ૭
ધણી ફૂટડી બૈરી હોય, માંદી તો કોયે ના જોય;
જુએ એક સાચો આશક, વહૂ બ્હાય તે તો બેશક. ૮
સહુ સગું સારાનું ભાઇ, સુંધે ન કો કરમાઈ જાઇ[૭];
દુખને જોતાં આણે વાઇ, જંબાવેળા આવે ધાઇ. ૯
મિત્રતણું કો નવ લે નામ, પિવે સરીગત સ્વારથજામ[૮];
જેનું ખાયે તેનું ગાય, ખરા હિતૂપાસે ના જાય. ૧૦
આઇ વ્હાલિ નહિં વ્હાલી ખાઇ,(પણ)અંતે ખાઇ[૯]થાયે ખાઇ[૧૦];
બિજી ખાઇ[૧૧]જરે દેખાઇ, રઝળે પેલી ખાઇ આઇ. ૧૧
તું ખોટી ને ખોટો હૂંજ, દુનિયામાં તો ખોટું સહૂજ;
વચન ધાત પૈસાનો નાશ,મરણ રોગ શું સાચી આશ?!. ૧૨

---

૨ પડતી હાલતવાળું માણસ રડતું હોય છે ને અંધારી રાત પણ રડતી દેખાય છે. થોડીવાર ઉભરા કાઢાડયા પછી બંને એક બીજાની સાથે હળીભળી જાય છે.

૩ ચંદની રાત. ૪ અંધારી રાત.

૫ રડતાંની દાઝ થોડાનેજ આવે. હસતાંની સાંમે સહુ જોય છે.

૬ જોસ્સો ને જોગવાઇ એ બેના ઉપર માણસની હાલતનો આધાર છે

૭ કરમાઇ ગયલું જાઈનું ફુલ.

૮ સ્વારથ રસનો કટોરો પીવાને એકઠા મળે છે.

૯ ખવાડનારી. ૧૦ ખાડી; ચર.

૧૧ ખવાડનારી (બીજી ખવાડનારી મળી કે પેહેલીને છોડી દે.)

લડાલડી જ્હાં રોજે જોય, રડારડી જ્હાં રોજે કહોય;
પડાપડી ધનની ત્હાં હોય, તોય ન સુખ પામે ત્હાં કોય. ૧૩
સ્હલાસંપ સારો સંસાર, કજિયાને દવ[૧૨]વનનો ધાર;
અણબનાવ બૂરો જંજાળ, વાઘ વરૂ સરખો વિકરાળ. ૧૪
જ્હાંલગી તનમનધનજોર, તહાંલગી કૂંહાંનો સ્હોર;
લ્હેજ્જામાં તે છળતા[૧૩] ચોર, નર્મદ કાં રાખે તૂં તોર? ૧૫
પારિજાત કરમાયાં કેમ? ટૂંકું જિવતર માટે તેમ?
નામતણો કોદીએ નાસ, ધન્ય મરોછો દઈ સુવાસ. ૧૬
સ્ત્રીનો શો કરવો વિશ્વાસ, કાલ દૂર જો આજે પાસ;
બેવચનીપણું છળ ને ઘાત, લોભ અને અપકારનિ વાત! ૧૭
ટકટકટક થાયે ઘડિયાળ, 'જો હું ચાલ્યો' કહેછે કાળ;
'જનમતણો હેતૂ જન ભાળ, જ્ઞાનવડે ઓળખ જગપાળ' ૧૮
અંધારી ઝાડી સંસાર, રસ્તો ના સૂઝે કંઇ યાર;
ખાઉં ખાઉં શબ્દો બહુ થાય, બચવાનો ઉપાય ન કાંય. ૧૯
આમ તેમ ફરતાં ભૂલાય, પગમાં બહુ કાંટા ભોકાય;
બ્હીકે છાતી ધબધબ થાય, આંખો નહિંસરખી થઇ જાય. ૨૦
ઠોકરખાતાં પડતાં હેઠ, કળ સ્હડિ આવે જબ્બર નેટ;
એવો છે આ જગનો તાલ, દુખદાયક જો કે નહિં માલ. ૨૧
પડિ રહેવૂં રે મીચી આંખ, અંદેશો કરવો નહિં કાંક;
હોનારૂં મિથ્યા નવ થાય, નર્મદ શાસારૂ ગભરાય? ૨૨
આળભરી માયાની જાળ, ત્રિવિધ તાપની મ્હોટી ઝાળ;
ધીરજ ટેકે મન સંભાળ,સચ્ચિતથી[૧૪]બધિ દુગધા બાળ. ૨૩
જ્ઞાનતણા વીવેકે જોય, સુખ દુખ તો માન્યાનૂં હોય;
ઘાયલ થઇને મરવૂં તેહ, બહુ મોટૂં પુરુષારથ છેય. ૨૪
અંધારાંમાં તારા જેમ, ગભરામણમાં આશા તેમ;
વળી ગ્રહો અંધારે જેમ, ગભરામણમાં ધીરજ તેમ. ૨૫
ટૂંકી લાંબી રાતજ હોય, તોપણ વ્હાણૂં વાયૂં જોય;
દુખને અંતે નક્કી સૂખ, વ્હેલૂં મોડૂં પણ નહિં ચૂક. ૨૬

---

૧૨ જેમ દવ વનને બાળે છે તેમ કજિયો ઘરરૂપી બાગને બાળી નાખેછે. ૧૩ ધન, મન, ધન એ ચોર. ૧૪ નિત્ય એવું જે જ્ઞાન તેથી (બ્રહ્મને ઓળખીને).

ફેરફાર છે જગનો નીમ, વધઘટ ચ્હડતી પડતી નીમ.
અકળ કળાનો નાવે પાર, એ અનુભવ ઊતારે પાર. ૨૭
સંધે રે સ્વારથ જોવાય, સ્વારથ વણ જગમાં નહિં કાંય;
સ્વારથ જગની તેજી જાણ, સ્વારથ મોટી માયા માન. ૨૮
તપનાં ફળને જોગી જોય, ચિદાનંદને જ્ઞાની જોય;
ફકીર અલ્લા અલ્લા કેહ, કે કયામતમાં[૧૫]સુખ લેય. ૨૯
અહિંના સ્વારથમાં છે હાય, આનંદો ખંડિત[૧૬]થઈ જાય;
સ્વારથ સાચો મ્હોટો તેહ, બ્રહ્મસાથ લાગી જે લેહ. ૩૦
વસ્તુ માત્રનો થાયે નાશ, પરબ્રહ્મ તો છે અવિનાશ;
ઉત્પત્તિ સ્થિતિ લય જગમાંહ્ય, તેનૂં તે કારણ કહેવાય. ૩૧
સુખદુખનો અનુભવ બહુ લેય, બધી ઇંદ્રિથી કુદરત લેહ;
વિચારમાં ત્રિપુટીને [૧૭]ખોય, સત્ય વસ્તુ તો તે જન જોય. ૩૨
સાગર નિજ લ્હેરોમાં રમે, નિજ ઘૂઘૂમાં તેને ગમે;
(તેમ) જ્ઞાનલ્હેર ને અનહદ નાદ, એમાં નર્મદ બ્રહ્મ અનાદ. ૩૩
પૃથ્વિ અંશ નક્કર કહેવાય, જ્ઞાનથકી નર્મદ દૃઢ થાય;
માયામાં જે જન લપટાય, પોચૂં તે હંમેશ ઠગાય. ૩૪
દરિયો કરતો ઘૂ ઘૂ સાદ, ગાયેછે તે બ્રહ્મ અનાદ;
એજ જગતમાં સાચો વાદ, બાકી સહુ છે મિથ્યા વાદ. ૩૫
લાલ ચોળ અગ્નીને જોઇ, કેવો તૂં રેહે છે મોહિ;
જ્ઞાન[૧૮] જોત આપે આનંદ, પાપો બાળી કરતી થંડ. ૩૬
પવનતણી આવે જે લ્હેર, તેમાં બ્રહ્મતણી છે મ્હેર;
એજ અમૃત બાકી સહુ ઝેર, ક્ષમા રાખ નર્મદ તજિ વેર. ૩૭
જો જો આ સુંદર આકાશ, જ્ઞાનતણાંમાં[૧૯] કર તૂં વાસ;
કોહંનો સોહં[૨૦] થઈ રેહ, ચિદાનંદ સાર્થક આ દેહ. ૩૮

---

૧૫ બધાં મુવેલાંનો ઇનસાફ થવાનો તે અથવા તે પછીનો વખત.
૧૬ તુટક, થોડીવારનો; અનિત્ય (નિત્ય આનંદ નહીં.)
૧૭ વિષય, ઈંદ્રી ને જ્ઞાન. દૃશ્ય, દૃષ્ટા, દર્શન. જ્ઞેય, જ્ઞાતા, જ્ઞાન. વિચારમાં એટલું ધૂમ થઈ રેહેવું કે હું છઉં કે નહીં, હું શું કરૂંછ, હું કોને જોઉંછ એનું કંઈજ ભાન ન રેહે. જરે એ ત્રણ વાતનું જુદું જુદું ભાન ન રેહ તારે. ૧૮ જ્ઞાનજોતમાં, સૂર્યજોત અને ચંદ્રજોત બંનેનો ગુણ રહેલો છે.– પાપને બાળેછે અને વળી થંડક કરે છે. ૧૯ જ્ઞાનના આકાશમાં. ૨૦ હું કોણ? તો કે તે હું, અહમ્ બ્રહ્માસ્મિ, જીવાત્મા પરમાત્મા એકજ એવી જે

વિશાળ મોટું હોયે રાન, પંખિયો કરતાં રે ગાન;
નિર્મળ નદિ ને મધુરો વાત, સૂર્યોદય થાતો સાક્ષાત. ૩૯
એ શોભા તો કંઈ નહિં જાણુ, જ્ઞાનપ્રભાતનિ મોટી માન;
રહે ઠરયૂં સુખનૂં મધ્યાન્હ, તે અનુભવિ લે નર્મદ પ્રાણુ. ૪૦
(૧-૨)

---

*રે નર્મદ રેહ રાખી ધીર, એથિજ ત્હારૂં રહેશે હીર;
અકળાવાથી વાધે પીડ, ઠરવે ઓછી થાએ ભીડ. ૧
પણ નર્મદ શૂં ખાવૂં કાલ, કુટુંબના એવા જ્હાં હાલ;
જ્ઞાન શું આવે આડે તહાં, શૂર ન થાય શું કાયર તહાં? ૨
જોઇ રહેવું શૂં જ્ઞાને ઠરી, શૂરપણે શૂં જાવું મરી?
કુટુંબ રોયાં કરતૂં રોજ, માણુવિ શૂં તેમાં રે મોજ? ૩
જશાળ ઉદ્યમ ફળે ન કોય, વસુવણ જ્યમ જન પશુ નવ હોય?
માંદગિમાં રીબાતાં જંન, જોઇ હારવૂં શૂં રે મંન? ૪
ઉમંગ ભંગ સહૂ સંખાય, પોતાથી ભૂખ્યાં રહેવાય;
નિજજનનૂં દુખ જ્યમ જોવાય, જ્ઞાન શૂર પણ ખોટાં થાય. ૫
ધીરજ એ ટાણે શી રેહ, શૂર થઈ શૂં ભીખે કેહ?
ભીખે પણ ના પેટ ભરાય, મુકયો ટેક પણ મિથ્યા જાય. ૬
ઘરનાં જન બેવચની થાય, નિમકહરામ વળી થઇ જાય;
છુટાય નહિ તેથી છૂટવૂં, એ દુખમાં જ્યમ ધીરાં થવૂં? ૭
ઊછેરે છોરને માત, બગાડિ દઈ પોતાની જાત;
દુખ દઇ છોરૂ પામે મોત, મોટપણે વિકરે મુકિ પોત. ૮
તન માંદૂ ઘરમાં નહિં કાંઈ, ઓસડ પણ પૈસાથી ભાઈ;
કુટુંબનો મોટો આધાર, મરી જાય વા રેહ લાચાર. ૯
મનની ઉમેદ મનમાં રેહ, દુનિયાં તો વળી ગાંડૂ કેહ;
ચંતાથી ચિત બુદ્ધિ ઘટે, ધીરજથી ફરિ દુખ જ્યમ મટે. ૧૦
બળ્યૂં જ્ઞાન ને શૂરાપણૂં, બળ્યૂં સૂખ આ દુનિયાતણૂં;
હવે આણુ તારો વેદાંત, સમાધાનની મોટી ખાંત. ૧૧

સ્થિતિ તે. એ સ્થિતિને-ચિદાનંદને પામ્યા એટલે આ દેહનું સાર્થક થયું સમજવું.
* સને ૧૮૬૭ની ૬ઠ્ઠી અપ્રેલે શરૂ ને ૧૦મીએ પુરી કરી.

રે નર્મદ તૂં પૂરો નહીં, માટે શોચ કરે છે સહી;
કોનું કોણ છે અહિયાં સગૂં, કોનું નસિબ કોસંગે લગ્યૂં. ૧૨
નથિ થાતૂં કંઇ તૂંથી મથે,હવે શું ઇછે જ્ઞાની છતે;
નસિબ તેનું ને તારૂં લહી, જોયાં કર થાયે તે સહી. ૧૩
રત બદલાએ એ છે નીમ,આમ તેમ પણ આખર સીમ;
કુદરતને જોયાં કર ભાઈ,નિજ ડહાપણ મા ડહોળિશ કાંઈ. ૧૪
જાણ નથી કાલે શૂં થશે, કાં નથિ કહેતો કંઇપણ થશે;
તેનું તેજ કંઇ પણ નવ રેહ,નીમ નાણ સાચો તૂં એહ. ૧૫
સૂરજ પણ તે થાએ અસ્ત, ચંદ્ર ઘટે થઇ પૂરો મસ્ત;
ભરતી પછિ થાએછે ઓટ, વેપારીને કેમ ન ખોટ. ૧૬
તણઇ ગયે શેનો વીચાર, પવન પાણીનો ખા તૂં માર;
નીચે જઈ ધર ભૂની ઓથ, વા કાંઠે પડ થાકયો લોથ. ૧૭
ચીત થયા કે પરવશ પડયા, પછી લાગ તે શેના રહ્યા;
છાતીપર મૂકાવ્વો પાગ, જોયાં કરવો પાછો લાગ. ૧૮
નીશો કરિને રહેવૂં પડી, નક્કિ માનવું દેહજ પડી;
સંધિ મળે લ્હે સંધ્ યૂં સૂખ, નહિતર સૂ મરડીને કૂખ. ૧૯
શબ જ્હેવાં થઇ રહેવું જાણુ,સમાધિ લીધી લ્હેવૂં માન;
દુર્ઘટ ધીરજનો જે જોગ,* તેજ કરેથી સુખનો જોગ. ૨૦
વચ્ચે કર કહું સૂઝે જેહ, થશે થવાનૂં હોશે તેહ;
ઉભરો પડશે થંડો જેમ, ભૂલિશ તૂં દુખ દારૂણ તેમ. ૨૧
જ્યમ ધીરજ ત્યમ મ્હોટૂં માન,જ્યમ ધીરજ ત્યમ મ્હોટૂં જ્ઞાન;
જ્યમ ધીરજ ત્યમ શૂરાપણૂં,જ્યમ ધીરજ ત્યમ સુખ ભવતણૂં. ૨૨
રે નર્મદ એમ ધીરાં થતે, પછી ન ઉધમ થાએ રતે;
છેક નિરાશી ને શી આશ, ખમ્યાં કરે દળદરનો પાશ. ૨૩
મેળા થયલા ને શી હાંસ, કેમ સુધારે તે ઘરવાસ;
પરમારથ શૂં મેળો કરે, શૂં તે જીવતો મૂઓ અરે. ૨૪
રે નર્મદ તૂં ભૂલે કેમ, ભીડ ગઈ કે પાછૂં તેમ;
ગરમ કરી દેવાં તનમંન, ધીરજને મુકવી સજ્જંન. ૨૫

---

* યોગાભ્યાસ.

સમોસાધું તે નર શુરવીર, લાગે મારે ઝટલઈ તીર;
ફાવ્યૂં તો ખાવી રે ખીર, નહિં તો પાછી ધરવી ધીર. ૨૬
કામ કાજ દુનિયાનાં કરી, સાચવટે જગથી નવ ડરી;
દુખમાં ધિર બાકી ઉદ્યમ, રાખી નિશદિન હોંસે રંમ. ૨૭
અરણ્યરૂપી છે સંસાર, પ્રાણિ માત્ર શીકારી ધાર;
બહુ બહુ અર્થે રણમાં ફરે, કોઈ ચરે કો ભૂખ્યાં મરે. ૨૮
શીળાંમાં તો કોકજ રમે, ઘણાક તો તડકામાં ભમે;
હસે કોઇ ઘણા રહે રોઇ, કનક કામિની ઉપર મ્હોઇ. ૨૯
શિકાર કરતાં દુખ બહુ થાય, તોપણ તે કોડે કહેવાય;
હવે શું રે અકળાવ્વૂં ભાઇ, રણના તડકા ખાવા ધાઇ. ૩૦
રણમાં જખમી થાતાં અરે, કાયરપણ શૂં ધરવૂં ખરે;
સમયે ધીરજ ધરવી અને, સમયે હિંમત ભિડવી રણે. ૩૧
રીબાયા તો ધાડા થયા, મરીગયા તો પારજં પડયા;
ફાવ્યા તારે તો સહુ ઠીક, ઝારિનાખ જ્ઞાને મન ચીક. ૩૨
તન મન ધનથી હારે છેક, અંત લગી ધર ધીરજ ટેક;
માયાપરથી ભાવ ઉઠાડ, નિવૃત્તિને રોજ રમાડ. ૩૩
મન વેરાગી કરવાથકી, પાછું થશે તે રાગી નકી;
પ્રેમાનંદસું વધશે પ્રીત, પછી અખંડાનંદ તું નીત. ૩૪
કનક કામિનીથી આનંદ, તેમાં વ્હેલેા મેાડેા પૂંદ;
ધાયલપણુથી આત્માનંદ, કાયરપણુનાં સુખનૂં કંદ. ૩૫
યેાગાનંદ ને બ્રહ્માનંદ, હરી સ્થિતીના પૂર્ણાનંદ;
સંસારીને કયાંથી તેહ, એક સ્થિતીના રંગેા જેહ. ૩૬
વિદ્યાનંદ છે સહુથી મેાટ, જેમાં નાવે કોદી ખેાટ;
બહૂ તરંગેા તેમાં રહેાય, સંસારીને અનુકુળ હેાય. ૩૭
વિદ્યાનંદથિ બીજા ચાર, આનંદેાના અનુભવ ધાર;
એ આનંદે રેહ રળિયાત, મુક્તિ મુક્ત સુખ લે દિનરાત. ૩૮
જગ પ્રપંચના જૂહા ખેલ, તેમાં શૂં મન રાખે ઘેલ;
અનુભવ આનંદ વિદ્યાનંદ, હોંસે પી પ્યાલા સુખકંદ. ૩૯
મરી જજે પણ મૂકિશ નહીં,સત્ય ટેક પરમારથ કહીં;
ધંન માન સુત દારા અહીં, વ્હેલાં મેાડાં શૂન્યજ સહી. ૪૦

તન મન પણ સહુ ખોટાં થાય,હું ને મારૂં મિથ્યા જાય;
હું મ્હારાંને જૂઠાં લહી, જિવને લવ અકલાવિશ નહીં. ૪૧
થવાનું મોડૂં વ્હેલૂં થાય, જ્ઞાની શૂં કરવા ગભરાય;
ચાલે ત્હાંલગિ કુમળો રેહ, નવ ફાંવે કર કઠણ દેહ. ૪૨
ભૂત ભાવિ ના જોઇશ કાંઇ, વર્તમાનને ધરજે સ્હાઇ;
દુખ સંકટને હસતાં મળી, હાર જીતથી શિખ લે રળી. ૪૩
નર્મદ કંઇ શંકા છે હવે, કહિદે કે હૂં બાળૂં દવે;
ના નર્મદ હું સમજ્યો સમૂં, અભિરિ પ્રકારી રંગે રમૂં. ૪૪

કુમુદચંદ્ર—પ્રેમપત્રિકા.*

એક દાહાડો કુમુદે પોતાની બનાવેલી કેટલીક કવિતા ચંદ્રને જોવા મોકલી હતી તેમાં એક કુંડળિયો આ હતો :–

"રસિક કવીને જાણવો, ખરો અમર જગમાંહિ,"
"જેની યશકુપ કાયને, જરાતણૂં ભય નાંહિ;"

---

* મુંબઇમાં એક દહાડો કુવાપર નહવાઇતાં મારા કારકુન નરભેરામે કહ્યું કે ભાઈ તમારી શૃંગારરસની છુટક કવિતામાં સ્ત્રીનું બોલવું થોડીકમાં છે ને પુરૂષનું બોલવું ઘણીકમાં છે તેનું કારણ શું? મેં કહ્યું કે કવિતા બનાવનાર હું પુરૂષ છઉં માટે. ફારસીમાં ઇશ્ક બાબત ઘણીજ અને ઉમદા કવિતા છે તેમાં પણ ઔરતનાં બોલવાવાળી કવિતા, મરદના બોલવાવાળી કવિતા કર્તાં મુકાબલે થોડી છે:–કારણ કે બનાવનારા મરદો હોય છે. પછી તેણે કહ્યું કે ભાઈ એક કવિતા એવી બનાવો કે જેમાં આશુકમાશુકનાં સામસામાં બોલવાં આવે. વળી એવી કવિતા જોડવાને મને મારા દોસ્ત કિસનદાસ બાવાએ પણ ઘણીવાર કહ્યું હતું એ ઉપરથી એ ઉપલી કવિતા મેં જોડી છે. (૧૮૬૫.)

બાળલગ્નની રીત છે ત્હાં પ્રેમપત્રિકા હોય નહીં માટે રાંડેલીને નાયિકા રાખી છે, તેમ વ્યભિચાર દોષ ન આવે માટે નાયકને પણ રાંડેલો રાખ્યો છે. બંનેને કુંવારા રાખતાં અનુભવી શૃંગારની મઝા આવે નહીં અને પરણીને રસ અનુભવેલો એવાંના વિયોગ વર્ણનમાં તેટલો જોરસો હોય નહીં.—માટે, રાંડેલાંને નાયક નાયિકા રાખ્યાં છે–કે તેઓ નીતિકોશથી ઘણા દાહાડાનાં આંકળાં થઈ રહેલાં એટલે અને વળી પાછાં અનુભવી એટલે પોત પોતાના ઉભરા પૂરા જોરથી કાઢાડે.

ગુજરાતની કોઇ કુમુદ નામની રાજકન્યા ને ચંદ્ર અથવા ચંદ્ર નામનો પ્રધાનપુત્ર એવી કલ્પના કરી છે. એ ચંદ્ર મ્હાલના કારભારીઓની ઉપરી દાખલ તપાસ રાખતો. રાજકન્યા ભણેલી ને કંઈ કંઈ કવિતા કરતાં શિખેલી

"જરાતણૂં ભય નાંહિ, નાંહિ આધી ને વ્યાધી,'
"અચળ કીર્તિ જગમાંહિ,સકળ થળમાં રહે ગાજી;"
"કહે કુમુદ કરજોડ, કદી શંકા નવ આણો,"
"રસિક કવીની કાય, અમર આ જગમાં જાણો." ૧†

ચંદ્રે, કુમુદની કવિતામાં ઝાઝો દમ જોયો નહીં પણ મનમાં એવું ધાર્યું કે એણે કટલીક શૃંગારની કવિતા કરી હશે ખરી પણ તે બતાવવાને તે શરમાતી હશે. પછી ચંદ્રે ઉપલા કુંડળિયા ઉપર સ્હેજ‡ આટલુંજ લખ્યું કે 'રસિક કવિ તે કોણ'? એના ઉત્તરમાં, કુમુદે દોહરો લખી મોકલ્યો.—

"કિર શૃંગારી વનતણો, ચંદ્રહૃદયનો જેહ;"
"ચિત્ર ખરૂં આપે વળી, રસિક કવી તે તેહ."‖
ચંદ્ર 'સ્વભાવગુણ ચિતર્યા જહાં, વિદ્યા ને રિતભાત;'
'જગલીલા જોસ્સા તહાં, ઉત્તમ કવિતા જાત.' ૧૧
(અથવા)'લાડિ લડાઈ લાવિને, કરિ કવિતા જો હોય;'
'તો તો સઘળૂં શોભતૂં, રંગ રસે જન જોય'. ૨૨
(માટે) 'કુમુદ તું જો કવિતા કરે, દીલ દરદ દરસાવ';
'ઇશ્વરને નામે અને, વર્ણી જ'ન સ્વભાવ'. ૩
'ચંદ્રદીલથી કર કરમ, ધરમ ભગતિસૂં લાડ;'
'શરમ મૂકિને મુક ભરમ, મરમ મંનના કહાડ.' ૪

પણ ચંદ્રે તો ઘણીએક કવિતા કરીને નામ મેળવેલું. એમાં મ્હોડેનું ભાષણ નથીજ–પત્રવ્યવહારજ છે.

† એ વેળા કુમુદનામાં પૂરો પ્રેમ જાગ્યો નોહોતો પણ ચંદ્રની કવિતામાં દરદ જોઇને તે ચંદ્રની દયા ખાતી હતી–એના સહવાસમાં રેહેવાને ઈછતી હતી–પ્રેમ તો ખરો પણ પ્રેમ ભજવવા ઉપર વિચાર નહીંજ.

‡ ચંદ્રનાં મનમાં પણ કંઈજ વિકાર નહોતો.

‖ એ દોહરાથી ચંદ્રે જાણ્યું કે તે ચતુર છે અને શૃંગારમાં સમજે છે માટે એણે તેની પાસેથી તેવી કવિતા કહડાવવાનો વિચાર કર્યો–ફક્ત ચાતુરીજ જોવાને–પ્રેમ બાંધવાને નહીં. કિર–પોપટ. ચંદ્રહૃદય–પ્રકાશિત અથવા ચંદ જે રસનો દાતા તેનાં જેવાં અથવા રસઝરતાં હૃદયનો.

૧ સ્વભાવ, ગુણ, વિદ્યા, રિતભાત, જગતની લીલા અને તરેહ તરેહવાર જોસ્સા એઓનાં જાહાં ચિત્રો હોય છે તાંહાં ઉત્તમ કવિતાની જાત છે–ઉત્તમ કવિતા તેવે ઠેકાણે વાસ કરે છે. ૨ જેમાં સ્ત્રીસંબંધી ને જુદ્ધસંબંધી વાતો હોય તે કવિતા ઘણો બ્હાર આપે છે.

કુમુદ "કવન વિષે દરસાવિયા, આપે યોગ્ય વિચાર;"
"માનૂંછૂં આ અવસરે, હૂં આભાર અપાર." ૧
"પાઠવિ કવિતા સર્વ મેં, જેહ લખિ હતિ જેમ;"
"ભરમ નથી રાખ્યેા કશેા, ચંદ ન આણેા વ્હેમ." ૨

ચંદ્ર 'પુરુષ કવીયેા બહુ દિસે, સ્ત્રી કવિ થેાડીએક;'
'કુમુદ કવી કહારે બને, એ મુજ મરજી નેક.' ૧
'હૂં ચ્હાઉંછૂં દીલથી, ઝટ તૂં સાથી થાય;'
'પછિ. તેા મરજી તાહરી, ચતુરા ચેતી જાય.' ૨
'કવન કરે તૂં સરળ પણુ, રસતેા ના ઉભરાય;'
'શરમ મુકાવ્વા બહુ મથૂં, તૂંથિ ન રસ ઝીલાય.' ૩
'હૈશ કેતકી જાણતેા, ચંપા તૂં દેખાય;'
'આપે અચ્છેા વાસ પણુ, પાસ ન ભમરેા જાય.' ૪

કુમુદ "સ્ત્રી કવિમાં ગણુના થવા, મુજ મન મેાટી આશ;"
"ઈશકૃપાથી તેહમાં, નહિંજ થાઉં નીરાસ." ૧
"ઝટ સાથી કરવાતણી, છે તમ મરજી તેાય;"
"જલદી તે થાવા વિષે, મારી કેમ ન હેાય?" ૨

ચંદ્ર 'લુચ્ચે લુચ્ચાં જહાં મળે, પડે રમુજ બહુ ત્યાંહ;'
'સમય નહીં જહાં પૂરતેા, લંબાવૂં કયમ આંહ.' ૧*
(પણ) 'કહેવા દે લુચ્ચી મને, વ્હાલ વધ્યૂં છે યાર;'
'સાથિ ન્હેન સાથી પ્રિયા, કહિદે કેવેા પ્યાર?' ૨
(કે) 'અક્ષરનૂં અંમૃત પિઈ, સંતેાષે હૂં જાઉં;'
'ચતુરાથી ઠરિ ચિત્તમાં, સાથીથી સેાહાઉં.' ૩

કુમુદ "ઇચ્છૂંછૂ અંતરથકી, હેાય ખરેખર વ્હાલ;"
"પ્રીય ચંદ સાથી કરે, ન્હેન પઠે તૂં વ્હાલ." ૧†

---

*ચંદ્રને કામ ઘણું ને મ્હાલમાં ફરવા જવાની તાકીદ તેથી તેણે પેલીનુ મન તાકીદથી જાણવાને વધારે છૂટ લીધી.

†એ દેાહરાથી ચંદ્રને ક્રેાધ ચઢયેા કે એનાં બીજાં લખાણુથી તેનું વ્હાલ જુદી રીતનું તેણે બતાવ્યું ને અહીં ન્હેન જેવું લખેછ માટે હવે એને કંઈ લખવું નહીં પણ જવાબ માગ્યેા હતેા તેથી નીચેના પંદર દેાહરા લખી કાહાડ્યા; પણ શું કરવા કેાઈનું મન દુખાવવું એ વિચારથી તેણે તે મેાકલ્યા નહીં ને કુમુદ સંબંધી વિચાર મનમાંથી કાહાડી નાખીને તે મ્હાલમાં ફરવા

ચંદ્ર 'મારી ઉંમરમાં કદી, કરી નથી મેં પ્હેલ;'
'ઊંચિ જાતનો છઉ રસિક, જોકે ખપું હું છેલ.' ૧
'છટા જોઈ લખવાતણી, મન ઉપન્યો સંદેહ;'
'દર્દી ધારી દૂરથી, ખરી વાત છે એહ.' ૨
'એમ ભૂલિ કે રસભરી, પ્રિયપેરે તૂં ચ્હાય;'
'દાઝ દયાથી રે વસી, પ્રિયારૂપ મનમાંહ્ય.' ૩
'દર્દ જાણુવા કહાડવા, વર્ણ્યો રસ મેં જાણ;'
'લખતાં વ્હાલ વધીગયું, માન સાચ પરમાણુ.' ૪
'ન્હોતૂં ને નથિ માહરૂં, જેવું તારૂં છેય;'
'પ્રિયારૂપ ઉપન્યું હતું, તેનો આજે છેહ.' ૫
'હૂં સરખાને ખાધવા, રૂડી ભીડે હામ;'
'રસહીણી દેખાય ને, મંદજ તારો કામ.' ૬
'એમ જાણિને ઠેરવી, ચંપા તૂંને કાલ,'
'તોય થંડિ સમજી નહીં, ધન્ય નીતિસૂં વ્હાલ?.' ૭
'વ્હાલ તારૂ હૂં જોઈને, માનૂંછૂં બહુ પાડ;'
(પણ) 'રસે હવે મારાથકી, લડાવાય નહિં લાડ.' ૮
'આવેશી રસ તો.ઉડયો,ચ્હાઉં ન ચ્હાયે જેમ;'
(તોપણ) 'સાધારણ સાથી ખરી, હતી પૂરવે તેમ.' ૯
'જેમ સાચિ તેં તુજ કહી,મેં કહિ સાચી મૂજ;'
'ઈશ્વરની ઇચ્છા હશે, બનીશ ઇચ્છિત તૂજ.' ૧૦
'શોક ક્રોધ છે એટલો, ચૂકયો ચતુરો આજ;'
'માઠૂં લાગ્યૂં હોય તો, સમાલિ કરજે કાજ.' ૧૧
'ધન ધન થંડી જાતને, ધન ધન નીતી તૂજ,'
'ધન ધન ચાતુરિ તાહરી,ધિક ધિક ચાતુરિ મૂજ.' ૧૨
'ભેંસનિ આગળ ભાગવત, પાવૈ આગળ ફોક;'
'કાયર આગળ ભારતો, તૂં આગળ હૂં ફોક.' ૧૩
'રસહીણાં આગળ કવન, રસે ભરેલાં તોય;'
'નર્ક ભરેલાં થાય તે, મૂર્ખકવી જ્હાં હોય.' ૧૪

ગયો. એ દોહરા કુમુદના ચાર પાંચ બીજા કાગળો આવ્યા પછી તેને વાંચવા મોકલ્યા હતા

'જેવી હમણાં દાખવે, તેવી સદા નિભાવ;'
'થયો છઊં રસભંગ પણ,દઉં આશિષ સહભાવ.' ૧૫

એ દોહરા મોકલ્યા નહોતા. જારે ચંદ્ર મહાલમાં ફરીને પાછો આવ્યો ત્યારે કુમુદે નીચે પ્રમાણે ગરબી લખી મોકલી—

"ધંન ધંન ધંન તોરી પ્રીતડી"
"હાંરે કીધી તેં મને છેતરવાની રીતડી–હોજીરે–ધંન૦૧"
"હાંરે દિધો ના જવાબ બેસિ રહ્યા ત્હાં જઇ"
"હાંરે ખરા પ્યારની નિશાણી નહીં એ કંઈ.–હોજીરે–ધંન૦૨"
"હાંરે સાચી પ્રીત તે ઘટાડી કદી ના ઘટે"
"હાંરે તેતો બ્હેનડી લખ્યાથી પણ ના લટે–હોજીરે–ધંન૦૩"
"હાંરે મુને ઘાયલ કરીને ઝાલી વાટડી"
"હાંરે કહું નિર્દય કે ધંન તારી છાતડી–હોજીરે–ધંન૦૪"
"હાંરે રૂકારૂપ* તીર તાકિને તેં મારિયૂં"
"હાંરે તેણે જોરથી કાળજ મારૂં ફોરિયૂં–હોજીરે–ધંન૦૫"
"હાંરે તારા મનમાં હોયે તે કહી દે હવે"
"હાંરે હૂં તો જીવતી બળૂંછ દુખને દવે.–હોજીરે–ધંન૦૬"
"હાંરે ચતુર ભ્રમર ચેતજે તું તારાં ચિત્તથી"
"હાંરે ચંપા ન્હાય તે આખર જાત કેતકી.–હોજીરે–ધંન૦૭"
"હાંરે પ્રીતી દુઃખથી બોલીછું અઘટીત જે"
"હાંરે પ્યારા એટલૂં જાચૂછું કર માફ તે.–હોજીરે–ધંન૦૮"

(દોહરા.)

ચંદ્ર 'ઉત્તર પંદર દોહરે, લખ્યો હતો મેં ખાસ;'
'હામ ન ઝાલી તેથકી, રાખી મૂક્યો પાસ.' ૧
'રાત ન્હાનિ ને રંગ બહુ, ગમી ન ચાંપાચીપ;'
'દીલાસો દિલમાં દિધો, આગળ પડે નસીબ.' ૨
'શરમ સામટી મૂકિને, **ચંદ્ર પ્રિતમ** તૂં બોલ;'
'હૂં બોલૂં પ્યારી તને, તો રહે પ્રીતીતોલ.' ૩

---

* સંદેશાની ચિઠ્ઠી; ટુંકુ લખાણ.

'આગળ કરવાનૂં ઘણૂં, તે હૂં પછી લખીશ;'
'પણ હમણાં તૂં કહે મ્હને, **પ્રિતમ!** પણ પાળીશ.' ૪

(ગરબી.)

'પ્યારિ મારિ સાચી તૂં તો આજથી'
'હાંરે કહૂ **આવરે બોલ્યૂં** તે પાછૂં લાજથી. હોજીરે. પ્યારી' ૧
'હાંરે પ્રેમ ભારથી પૂરી તું હારી નમી'
'હાંરે પ્યારી રીસ મારી છેક આજે સમી. હોજીરે. પ્યારી' ૨
'હાંરે અધર અમૃત હવે તે કયારે મળે'
'હાંરે બળૂંછૂં બળીશ આજથી વ્રેહાનળે. હોજીરે. પ્યારી' ૩
'હાંરે હવે ચાતુરી ચલાવ પ્યારી તાહરી'
'હાંરે સૂખ આપ બહૂ લેતું પ્રિયા માહરી. હોજીરે. પ્યારી' ૪

(દોહરા.)

કુમુદ "પ્રીતમ પ્યારા માહારા, **ચંદ્ર** તું સૂણ સુજાણ"
"સાચો સાથી એક તૂં, આ ભવમાં મુજ પ્રાણ." ૧
"વ્રેહાગ્નીથી નિત બળૂં, તાવથકી* પીડાઉં"
"એક વખત તુજ કરગ્રહી, ચુંબન કરવા ચ્હાઉં." ૨
"હિણા વેશથી દુખ બહૂ, સૂખ ન જાણૂં નામ"
"સમજે છે પ્રિય તૂં સહૂ, કઠિણ દિસે એ કામ." ૩
"થઇ રહિ છૂં હૂં તાહરી, સાંખિશ જેહ કહિશ"
"પ્રીતમધ તુજ પિઇ કરી, **પ્રીતમ પણ પાળીશ.**" ૪

ચંદ્ર 'ગરબી દોહોરા વાંચિને, ગયો છઊં શરમાઈ'
'પ્યારી કરજે માફ તૂં, લખ્યું આકું અકળાઈ.' ૧
'ગઇ રાતે મેં નવ વખત, ઝબકી પ્રેમીજનત!'
'અક્ષરનૂં ચુંબન કરયૂં, ડાબ્યા હૈડા સાથ.' ૨
'કાલલગી સુખિયો હતો, કાલથકી દુખિ જાણ'
'તુજ દુઃખે દાઝૂં બહૂ, કહી શકે નહિ વાણ.' ૩
'ઓ પ્યારી ભમરા પડે, વાંસ કોતરૂં બ્હાર;'
'કમળકોશના પાશમાં, ઝટ સપડાઊં યાર.' ૪

---

* ખરેખરો તનનો તાવ.

'માન મ્હને નવ સૂખિયો, જાણુ દૂખિયો ઝાજ'
'મસ્ત દિવાનો પરગજૂ, કરૂં પ્રેમિનાં કાજ.' ૫
'હૂં છઉં તહારો જહાંલગી, તૂં થઇ મારી રેહ'
'અને તેટલી સેવવા, અર્પૂંછૂં આ દેહ.' ૬
'પણ કહેવાદે લાગિ તૂં, બહૂ મધૂરી કાલ'
'દુખ તારૂં દિલમાં વસ્યૂં, અદકૂં વાધ્યૂં વ્હાલ.' ૭
'અધરામૃત મેં ના પિધૂં, ચુંબન તેં ના લીધ'
'તોપણ સારાં ભાગ્ય કે, નયને તે સહુ કીધ.' ૮
'ગભરાઇશ માં પ્યારિ તૂં, ઈશ્વર કરશે સહાય'
'સમયસંધિ દરસાવશે, હતૂં આટલૂં કયાંહ.' ૯
'નથિ ભૂખ્યો હૂં ભોગનો, પ્રીતભુખ્યો છૂં સાર'
'ઘેટો ઘેટી સ્હોડમાં, તે સુખ ઇચ્છૂં ધાર.' ૧૦
'હિણા વેશથી માનિ તૂં, મનમાં ઓછું મ આણુ'
'ચાતુરિ હિંમત પ્રેરશે, પ્રભુ તૂંને ઓ પ્રાણ.' ૧૧
'તનમનકેરાં દુઃખડાં જો સપડાવે નાર'
'ધીરજ હિંમત રાખજે, જાણિ મને સરદાર.' ૧૨
'પણ કહે પ્યારી ઠેહની, કે વળિ થોડી વાર'
(કેમકે) 'અબળા સબળી તોડવો, કરી પ્રીત વ્હેવાર. ૧૨
'પ્રેમસિધુ તરવો કઠણ, મચ્છ ઘણા દુખ દેય'
'કેંટાળી ડુબિજૈશ કે, તરિને તારિશ કેહ.' ૧૪
'જાણુ પડે કદિ જગતને, રૂઠે ઘર ને બ્હાર'
'છે તેવો રાખીશ કે, દૈશ ઉતારીશ પ્યાર.' ૧૫
'પણ રે હમણાં પ્યાર તુજ, સાથી ઉપજ્યો કેહ'
'સંસ્કારી કે સ્વાર્થની, મિઠિ કે ખારી દેહ.' ૧૬
'હૂં લુચ્ચાનો પીર ને, તૂં તો ભોળી નાર'
'હૂં બ્હરવો તૂં પૂટડી, બડછટ ને સકુમાર. ૧૭
'તૂં જાણે કે પ્રીતમાં, સૂખ હશે. કંઇ મોટ'
'પણ અનુભવથી બોલું છૂં, એમાં પૂરી ખોટ.' ૧૮
'હજી ચેતિ તૂં થા ધિરી, નહિં તો ખાઇશ માર'
'પ્રીતી સાકર હાલ પણ, પછી એળિયો ધાર.' ૧૯

'પાળ ઇયા મા પાળ તૂં, વચંન આપે જેહ'
'મેં તો કીધી જન્મની, પરવશ મારી દેહ.' ૨૦
'મુઇ* સજીવન થઇ અમર, મુજ અંમૃતથી જાણ'
'છોડિશ પણ તૂં છે અમર, સ્ત્રીનૂં શૂં પરમાણ?' ૨૧
'ચતુરો અદકો જોઇને, કરીશ તેસૂં પ્રીત'
'કોણ રહ્યૂંછે નિત્ય રે, પણ શૂં સારી રીત?' ૨૨
'શૂં મુજ પ્યારી નહિ લખે, મુઆ પછી આ પ્યાર?'
'શૂં તે ડરિ હારી જશે, ખાઇ મૂર્ખનો માર?' ૨૩
'હવે કહિશ હૂં માહરી, છૂપી સંધી વાત'
'મળ્યો વજિર લાયક બહુ, ચતુરા ઊંચી જાત.' ૨૪
'પૂર્વે કવિ લખતા હતા, એસી પ્યારી સ્હોડ'
'તેમ નહીં શૂં હૂં લખૂં, એવૂં તો છે કોડ.' ૨૫
'કોઇ દિવસ પણ પ્રગટમાં, શૂં નહિં જોએ લોક;'
'સાચી સાચો નહિ કહે, થશે શું આ સહુ ફોક?' ૨૬
'વાદળ ના આવે ચ્હડી, એવિ રાખશૂં રીત'
'એમ કરંતાં જો ફસ્યાં, પછી શું હણવી પ્રીત?' ૨૭
'મોટી મોટી વાત શી, હમણાં કરવી હોય'
'હાલ વાતતો એટલી, સાચી પ્રીતી જોય.' ૨૮
'હશે ભાવ જો તાહરો, મળવા આવિશ યાર'
'એકવાર પણ મ્હાલથી, કહિદે સાચ વિચાર.' ૨૯
'પણ પ્યારી દુખ થાય છે, છુટતાં તૂંથી કાલ'
'ચકવી ચકવાની પઠે, રોઇશ મા મુજ વ્હાલ.' ૩૦
'બની શકે તો લખ મને, કાગળમાં સંકેત'
'હજિતો કરવૂં છે ઘણૂં, રોઇશ મા કરિ હેત.' ૩૧
'હૂં જેવી પ્રેમી અને, હૂં જેવી વળિ વીર'
'પાજે પ્યારી માહરી, નિત્ય નિરોગી નીર†.' ૩૨

'પ્યારી તું મને ઘણી વ્હાલી લાગેછ; હું તને લાગુંછ વારૂં?'

---

* જ્યાંસુધી પ્રેમમાં સમજતી નહીં ત્યાંસુધી તે જીવતી મુઇજ હતી.
† શુદ્ધ પ્રેમ.

કુમુદ "ઓ પ્યારા ન ઘટે મ્હને, આપે જે તૂં માન;"
"હૂં મૂરખ નાદાન ને, તૂં સમજૂ વિદ્વાન." ૧
"કરિ[૧] આગળ પીપાલિકા[૨],નિધિસૂં[૩] ખાબડું જેમ"
"મેરૂ આગળ તૃણ વળી, તૂં આગળ હૂં તેમ." ૨
"પ્રૂઢાંપણુ ઈછૂં નહીં, નવ ઇછૂં સંભોગ"
"ભણેલ પ્રેમી રસિકનો, ચાહું પ્રેમ સંજોગ." ૩
"મંન મળે નહિ અવરસૂં, તુજ વિણ પ્રીતમ જાણ"
"ચતુરો હોયે ચોગણો, તોપણ નિશ્ચે માન." ૪
"ઓ પ્યારા બીજો કહે, મન મારૂં દૂખાય"
"સ્ત્રી ચરિત્ર કહેવાય પણ, પુરૂષ તણૂ દેખાય." ૫
"હૂંતો તારી થઈચુકી, મન માને ત્યમ માન"
"વચન નહીં તોડૂં કણે, જો જાયે આ જાન." ૬
"પ્રેમસિંધુ તરતાં ખરે, અડચણ પડે અપાર"
"તોપણ નવ હારૂં કદી, દિલથી કહું આવાર." ૭
"જો કે અનુભવ નથિ મ્હને, તોપણ વાચ્યૂં જેહ"
"તેથી જાણ્યૂં એટલૂં, સાચિ પ્રીત દુખ દેય." ૮
"જૂજ માસપર તાહરો, વાંચ્યો દર્દી રાગ"
"થોડૂં સમજી તોયપણ, ઉપની અંતર આગ." ૯
"ટેક તજીને બોલતાં, શરમ અતીસેં થાય"
"દિનદિન સાલે અતિઘણૂં, પ્રિયતુજ દુખ મનમાંહ્ય." ૧૦
"દર્દીસૂં દર્દી મળે, એકરૂપ દેખાય"
"એક જાતની વસ્તુઓ, શુદ્ધ મળેથી થાય." ૧૧
"ઓ પ્યારા તૂં ઝટ જશે, શા થાશે મુજ હાલ"
"ચિતમાં ચિંતા એટલી, રખે વિસરતો વ્હાલ." ૧૨
"જનમ સાથિ તૂં મુજતણો, એ પણ લીધૂં ખાસ"
"એ નવ મૂકૂં આ ભવે, ચમક લોહ બે પાસ." ૧૩
"લંબાવી લખતી નથી, કાંકે નથી કરાર"
"થોડાંમાં ઘણું માનિને, વ્હેલો વળજે માર." ૧૪

---

૧ હાથી. ૨ કીડી. ૩ દરિયો.

"પ્યારા ચાંદા તાહરી, શોભા શી વર્ણાય"
"પૂર્ણ કળા તુજ પેખતાં, જન મન રંજન થાય." ૧૫
"હીણુ નસીબ ચકોરણી, રસ તે નાજ ચખાય"
"તોપણ ફરિઝટ નિરખવા, આતુર રહેશે અહાંય." ૧૬

"અરે પ્યારા હું કદી દગો દેવાની નથી પણ તારી મને ધાસ્તી લાગે છે-હશે. વારેવારે એવું બોલવામાં કંઇ માલ નહીં -અગાડી માલમ પડશે. હું તને પારકો ધારતી નથી પણ પોતાનોજ જાણું છઉં. હું ધારૂંછ કે તું પણ એમજ જાણતો હશે. એમ છતાં તું વધારે વ્હાલો લાગેછ એમ મારા લખવાથી તને ઘણો સંતોષ થશે એવું હું ધારતી નથી. તારી સૂચના પ્રમાણે ચાલવાને બનતી કોશેષ કરીશ. ઇશ્વર કરશે તો તારા જે જે વિચારો છે તે આગળ પાર પડશે."

કેટલાક દાહાડા વિત્યા પછી ચંદ્રને મ્હાલમાં એક મુકામે કુમુદની ચિઠ્ઠી આવી તેમાં આ પ્રમાણે હતું.—

"હું હવાફેરનેસારૂ કરિયા કાંઠાનાં ગામોતરફ જાઉંછું."

"તનનૂં દુખ તો ઝટ ટળે, મન દુખ નજ સંખાય"
"નિશદિન દુખમાં જાયછે, પ્રિય મળવા ચિત ચ્હાય." ૧

પણ એ સંદેસો આવ્યા પેહેલાં, ચંદ્રે પોતાના ઉભરા નીચે પ્રમાણે લખી રાખ્યા હતા તે આ—

(ગરબી.)

'ઓ પ્યારી કેવો હરખાયો હૂં હતો':—
'જ્યારે બોલી "પ્રીતમ" પ્યારી પ્હેલ જો,'
'સૃષ્ટીને આરંભે પ્હેલો જંન જેમ'—
'જોઇ સૂરજ ઉગતો રમતો છેલ જો, ઓ પ્યારી૦' ૧
'પણ દુઃખી તે* કેવો અસ્તસમે અને—
'રાતે ખાતો ડુસકાં ઝાઝાં જેમ જો,'
'હૂતો પ્યારી રડતો આવ્યો તે છઉંઃ—
'જૂદાં પડતાં પ્હાણે કરવૂં કેમ જો, ઓ પ્યારી૦' ૨

* પ્હેલો જન.

'સમય ઔષધી મંન દુઃખ વિસરાવતૂં':
'જ્યમ જ્યમ દહાડા વિજોગમાં વહિજાય જો.'
'ત્યમ ત્યમ દુઃખ વિસારો થાયેછે ખરેઃ'
'વળિ સહવાસે પણ દુખડૂં વિસરાય જો, ઓ પ્યારી૦'† ૩
'એવી રિતનાં સૂખી તૂં ને હૂં હતાં':
'પણ આ પાછો તાજો લાગ્યો ઘાવ જો,'
'એતો બહુ ઘટકા મારેછે પાકતાં':
'એક મ્હને ને બે તૂને છે તાવ જો, ઓ પ્યારી૦'‡ ૪
'તહારા બે પણ મારો મોટો એક છેઃ'
'હમણાંનૂં ને થવાનું મૂને દૂખ જો,'
'વળિ ગદ્યગુજરી તેપણ સાલેછે બહૂઃ'
'અરે ઝુરે કાં છેટે પ્યારૂં મૂખ જો, ઓ પ્યારી૦' ૫
'કાગળથી પણ જોઉં નહિ હૂં તુજને':
'ગુજારવા શૂં આવી રીતે દીન જો',
'ધિક ભણતર ધિક ચાતુરિ ધિક છે જીવવૂંઃ'
'પ્રેમિસ્નેહ નિર વણ કયમ જીવૂં મીન જો, ઓ પ્યારી૦' ૬
'રડતાં તો લાજેછે જોદ્ધો માટે રેઃ'
'વળિ ગભરાવે તુને આમુજ બાફ*જજો,'
'પણ છાતી ઉભરાતી છૂટા થાય છેઃ'
'દુખ થાયે તો પ્યારી કરજે માફ જો, ઓ પ્યારી૦' ૭

(દોહરા.)

'ઓ પ્યારી પૂલૈશ મા, વખાણું તૂને ઝાજ;
'છટાઉપર બહુ ખુશ છઉં, તૂ રાણી હૂં રાજ.' ૧
'હૂં સરખૂં કો દિઁ છે?, એમ જાણવાકજ'
'લખ્યોહતો મેં ધાવ તે, થયાં વરસ બે આજ.' ૨

† ઘણો કાળ ગુજરવાથી અને નિત્યના સહવાસથી દુખ વિસરી જવાયછે. એ રીતે તેં તારૂં ને મેં મારૂં દુખ (ગયા વખતમાં થયલું) વિસારૂં હતું.

‡ એવી રીતે દુખવિસરેલાં એવાં સુખી હતાં. મ્હને તારી જુદાઇનુંજ એક દુખ છે પણ તને મારી જુદાઈનું અને તારા હીણા વેશનું એવાં બે દુઃખ છે.

* મારી મુઝવણ–મારૂં કુદન (તને ગભરાવશે).

'પુરુષ મળ્યો નહિ કોઇ તો, સ્ત્રીની શી પછિ આશ;'
'સાંમો ધાવ. મળ્યો નહીં, પૂરો થયો નિરાસ.' ૩
'સ્વપ્નામાં નહિ ત્યાંથકી, ખૂણાંમાંથી હાસ!;'
(તું) 'નિકળી આવી ઝટ લઈ, ફળી મારી આશ.' ૪
'પડોસની રહેનાર ને, મેં ના જાણ્યૂં કાંઇ;'
'નવાઈ લાગેછે મ્હને, વાત ન જાય મનાઈ.' ૫
'કહે પ્યારી સમખાઇને, મળ્યો તુજને કોણ?;'
'કોણે શિખવ્યૂં રહેજમાં, પીતાં રસના દોણ?' ૬
'મ્હારી લાંખી કહૂં પછી, ત્હારી કહિદે વાત'
'વીસ વરસની વય થઇ, કર્યા કોહના સાથ?' ૭
'જૂઠા તે વળિ કેટલા, વળી કેટલા સાચ!'
'કહિદે મારા સમ તને, કાંઈ ન આવે આંચ.' ૮
'મા ગભરા તું માહરી, હૂં ન ઉતારૂં પ્યાર;'
'પડદો રાખે તો વળી, હૂં નહિ ત્હારો ધાર.' ૯
'નથિ ઘટતૂં પુછવૂં મ્હને, પૂછૂં હિતનેકાજ;'
'ગમે ન ઉત્તર આપવો, રાખ તાહરી લાજ.' ૧૦
'પૂછૂંછૂં હૂં આજ તે, ફરી ન પૂછૂં જાણ;'
'પ્યારી ત્હારો પ્યાર તે, કહે તું કેટલો પ્રાણ?' ૧૧
'સંબંધી જે તાહરો, હૂતો તેસૂં પ્યાર;'
'ડૂંટિ ઉમળકાનો હતો, જેવો મુજસૂં યાર?' ૧૨
'નથી આજ તેસારુ તૂં, ભૂખી મૂને ચ્હાય?;'
'કી દહાડાથી પ્યાર તુજ, કે તૂં મુજને વ્હાય?.' ૧૩
'હૂંતો કંટાળ્યો છઊં, પ્રેમ પીડથી પ્યારિ?'
'તૂં તહિં હૂં અહિં હાયરે, કેમ ન વ્હેરે આરિ?.' ૧૪
'ઘણે વિજોગે તૂં તજિશ, કરિશ વચનનો ભંગ'
'અરે નામની પ્રીતમાં, કેમ જામશે રંગ.?' ૧૫
'વળી બ્હિકણ જનડરથકી,થઈશ સ્હેજમાં પ્રાણ;'
'પતરાજી રહેશે જતિ, મ્હારી થાશે હાણ.' ૧૬
'સાચા બોલો હૂં છઊં, સાચે સાચૂં બોલ'
'પ્યારી શૂં સૂઝે તને, કેમ રાખશૂં તોલ?' ૧૭

"પ્રીતમદ્ય હૂં પિઇ કરી, પ્રીતમ પણ પાળીશ"

'પ્યારી એ તૂં શું લવે, કેમ મને ઝાલીશ ?' ૧૮
'ઓ પ્યારી તુજ માવડી, લાગે મૂને ડાહિ'
'તે તૂંને તલપાવશે, કરવા નહિ દે કાંઇ ?.' ૧૯
'આહા તે સાંખી રહે, છાનું આપણૂં કામ'
'તો પછિ શું બાકી રહ્યૂં, સૂખી આઠે જામ.' ૨૦
'પ્યારી તૂં શું કેહ છે, કેમ ગાળવા દીન'
'જુગતી તેં શી ધારિ છે, કે નિત રહેવૂં ખિન્ન.' ૨૧
'ઓ પ્યારી હિણવેશથી, તું શું દુઃખી રેહ'
'પ્યાર કરી તૂં મૂજસૂં, ઓ સકુમારી દેહ.' ૨૨
'હિણેવેશ તો છુટ બહૂ, સમજી ભૂલે કેમ ?'
'હિંમત હારી જોઈયે, નહિતો જેમનું તેમ.' ૨૩

"સ્ત્રી કવિ હૂં થાવા વિષે, નહીં થાઉં નીરાસ"

'હિંમતવણ કયમ થાય તૂં, જૂઠી રાખે આશ.' ૨૪
'હૂં નથિ કહેતો સાહસે,કર કંઇ વિપરિત વાત'
'પણ ચતુરા તૂં ચિત્તમાં, શું ધારે દિનરાત.' ૨૫
'આમજ દહાડા કહાડવા,નહિ તૂં રહે મુજસાથ;?'
'સાથે નહિ લખિયે કદી, કહારે ચૂમિશ હાથ.?' ૨૬
'ઓ પ્યારી તુજ માવડી, પુષ્પ સમજતી નાર'
'ખરી પ્રીત તોડાવશે, મારી મ્હોટો માર.' ૨૭
'ઓ પ્યારી હૂં તો લહૂં, થાય તેથિ કલ્યાણ'
'ત્રંણે ડાહ્યાં આપણે, કેમ કરીશું હાણ.' ૨૮
'ઓ પ્યારી તજવીજ એ,નથી રામનૂં બાણ ?'
'છાણમાંહિ શું મારવી, કટારિ કારી પ્રાણ ?' ૨૯
'દેશ અને વીદેશની, હિંમતવાળી નાર;'
'ચતૂરાઇ ને શૌર્યથી, શોભે સુંદરિ સાર.' ૩૦
'અરે રુકમણી કહાં ગઈ, દમયંતી સકુમાર'
'અરે પ્રેમદા પ્યારિ પડ, પ્રીતક્ષેત્રમાં બ્હાર,' ૩૧
'જહાંલગિ સ્ત્રીયો છૂટને, નવ સમજે વળિ પ્રેમ;'
'ત્હાંલગિ થાવાનૂં નહીં, ખરૂં દેશનૂં ક્ષેમ.' ૩૨

'મ્હારી તો છે હોંસ કે, લખ તૂં મ્હારી સાથ;'
'ગવાઇયે મૂઆં પછી, આપણુ પ્રેમી જાત.' ૩૩
'હૂંતો સમજૂં એમ કે, ધન્ય ગવાઊ તૂજ;'
(પણ) 'ધન્ય ગવાયે મૂજસૂં, એવી કહાં તુજ સૂજ?' ૩૪
'મેં તો કીધી ચોપડી, પ્રેમપત્રિકા નામ;'
'જેમાં તુજમુજ પત્ર છે, રૂડૂં થાયે કામ.' ૩૫
'હૂં તો આજે બહુ બકયો, અવળૂં સવળૂં ખૂબ;'
'તોપણ તે પ્રિતમઘથી, બોલ ધ્યા રહે ચૂપ.' ૩૬
'હૂં આશક તુજ લેખનો, ચંદ્ર હૃદયનો જાણુ;'
'દુખ હ્યારૂં દિલમાં વસ્યૂં,તૂં થઈ મ્હારી પ્રાણુ.' ૩૭
'થાય થવાનૂં હોય તે, કંઈ કરિશ મા શોક;'
'સનેપાતનૂં ચિન્હ મુજ, તેથી મૂકૂં પોક.' ૩૮
'અંતે પડવૂં જૂદું ને, અંતે ધૂળજ છેય;'
'પણ ઓ પ્યારી આ સમે,આશિષ મ્હારો લેય.' ૩૯
'પરાક્રમે સૂરજસમી, રસમાં સમાન ચંદ;'
'ચંદતણી તૂં કુમુદની, બન ઝટ સુખનૂં કંદ.' ૪૦
'વાડામાં વરસાદમાં, પારિજાતની પાસ;'
'ન્હાતાં તૂંતો સાંભરી, ભારી થયો નિરાસ.' ૪૧
'કાળી સાડી રેશમી, તૂંતો ગોરે તંન;'
'ચોંટેલે ચીરે કને, એવૂં થયું મુજ મંન.' ૪૨
'ભીને મ્હોડે જોઉં નહિં, ભેટું ન ટહાડૂં તંન;'
'પછી સ્હોડનો મધ પી, ગરમ કરૂં હૂં મંન.' ૪૩
'પ્રેમ પીધને પાઉં હૂં, એ નહિં દહાડો યાર;'
'ચોમાસાના બ્હારમાં, લૂટું ન જોબનબ્હાર.' ૪૪
'ઓ પ્યારી ઉત્તર મ્હને,લખિ લાંબો તૂં આપ;'
'જેવો ઉભરો નીકળે, તેમ કહાડિ દુખ કાપ.' ૪૫
'તાલમેલથી મા લખિશ, જો જે હૂં વંકેશ;'
'હૂં છઉં ચ્હિડિયો દુઃખથી, કહારે થંડો થૈશ.' ૪૬
'હાય હાય હૂં શૂં લખૂં, જે જે મૂને થાય;'
'પુરો ચંદ્ર તો ભાગ્યહિણુ, કેમ મરી નવ જાય.' ૪૭

'મેઘ ભલો પડિ હા કહે, ઝાડ ડોલિ ના કેહ;'
'વાટ જોઉં શૂં લાવતો, વર્તમાન વા તેહ.' ૪૮
'ગરક ગયો હૂં શોકમાં, પછિ ઉભરાયૂં દીલ;'
'ઓકી કહાડયૂં આખરે, ખોટૂં નહિં કંઇ તીલ.' ૪૯
'હડી ઘડીમાં દોહરા, કીધા પૂર્ણ પચાસ;'
'ઘેલા તોપણ કુદરતી, લખિ પામ્યો હુલ્લાસ.' ૫૦*

'કોઇ કોઇનૂં રે નથી, તૂં કયમ મ્હારી થાય;'
'દુખિયેા તે દુખિયેા સદા,સુખતેા સ્વપ્ને વ્હાય.' ૧
'હમણાં તૂને લાગશે, કડવા મ્હારા બેાલ;'
'સમજ્શે અનુભવથકી, સાચ જૂઠનૂં તેાલ.' ૨
'હા મેં જાણ્યૂં વ્હાય તૂં, તેં જાણ્યૂં હૂં વ્હાઉં;'
'વાક ચાતુરી સારિ પણ, સત્ય કેમ હૂં પાઉં.' ૩
'હૂંતેા જાણૂં એમ કે, ચેારાયૂં મુજ ચીત;'
'પણ મ્હારૂં એવૂં હતું, કેાસું ન બાંધૂં પ્રીત.' ૪
'પ્રીતી લાગી તૂજસૂં, તૂં નહિ મ્હારી પાસ;'
'જિવતરની બળિ આશ રે, હૂંતેા છઉં નિરાસ.' ૫
'ચંદ્ર હું ઘાયલ પ્રેમથી, થયેા મરણિયેા છેક;'
'બહુ વીતેલૂં તેાય પણ, કેમ મૂકું છૂં ટેક.' ૬
'હૂંતેા તૂંથી રે બન્યેા, ફરી દિવાનેા જાણ;'
'એા દાની તૂં માહરી, કરવી ધારે હાણ.'? ૭
'ખરૂં પુછાવે તેા કહૂં, તૂં તેા ધણી સ્વતંત્ર;'
'કેમ રચાયે નવ તુંથી, મળવાકેરેા તંત્ર.'? ૮
'હિણા વેશથી ઓછું તૂં, આણે કંઇપણ યાર;'
'તહારા જેવી મૂરખી, ખરે ન બીજી ધાર.' ૯
'જારે મૂને થાય દુખ, તૂંને કેમ ન થાય;'
'હૂં જીવે તૂં શૂં દુખી, વીરે કયમ સંખાય.'? ૧૦
'લિમડાકેરાં ઝાડને, પીપળ વડ ને આંબ;'
'કેવાં લીલાંછમ તર, દેખાયેછે સાંબ.' ૧૧

---

* એ વાંચ્યા પછી તેા કુમુદનેા પ્રેમ પૂરેા જગ્યેા ને તેણે સર્વ રીતે ચંદ્રની પ્રિયા થઈ રેહેવાનેા નિશ્ચય કર્યેા.

'રાતે ગાજે ઘોર ઘન, વીજ ચમક બહુ થાય;'
'ચોંકિ ચોંકિને ઊઠું હું, પાસ ન પ્યારી હાય.' ૧૨
'દાઘેલો છૂં પ્રેમથી, જૂઠો જાણૂં નેમ;'
'દાઘેલો જે દૂધથી, ડરે છાસથી જેમ.' ૧૩
'કામો મોટાં બહુ કરૂં, પછિ મૂકૂં નિસ્વાસ;'
'હાય થાક ઊતારવા, કેમ ન પ્યારી પાસ.'? ૧૪
'સાચ ભાવથી જો પુજે, અધવચ મા રઝળાવ;'
'કંટાળે મુજ લેખથી, છોડિ કહાડ તૂં તાવ.' ૧૫
'પ્રેમ સ્વારથી માહરો, પરમાર્થી રે તૂંજ !' (?)
'ઘેલી મ્હારી પ્રીતડી, ડાહી તારી સૂજ.' ૧૬
'ગભરા મા હૂં નહિં લખૂં, હવેથિ ઝાઝૂં કાંઇ;'
'ગભરાયો છૂં તેથિ આ, લવારિ ચલવૂં આંહિ.' ૧૭
'નથી બિજો જોસ્સો અહીં, મોટો પ્રેમ સમાન;'
'કેહવાયે ખૂણાતણો, વીરક્ષેત્રનો માન.' ૧૮
'હોય ન ઇચ્છા તાહરી, ત્હાઉં નહી સંભોગ;'
'પણ પૂજારારૂપ હૂં, પામું ન દર્શન જોગ.'? ૧૯
'એમાંથી જો જાઉ હૂં, આજજ બળજો પ્રેમ;'
'આ હૂતૂં પેટે થયૂં, બળો માનવીનેમ.' ૨૦
'હૂં ગભરાઉં જાહરે, તૂં દીલાસો દેય;'
'તૂં ગભરાયે હૂં દઊ, ખરી પ્રિત રિત તેહ.' ૨૧
'ઉપાય મળવાનો કહ્યો, પાછળનામાં જેહ;'
'પુષ્પ વિચાર કરી મ્હને, પૂછી કરજે તેહ. ૨૨
'સાહસ વિપરિત મા કરિશ,બળ્યું વિપરિતનું નામ;'
'રંગભોગ વીલાસનૂં, માત્ર નામ નહિ કામ.' ૨૩
'પ્રેમતપસ્વી હૂં છઊં, નથી બડાઇ એહ;'
'આશિષ મ્હારો સાચ છે, પણ શૂં ફળશે તેહ? ૨૪
'ફળો થયા તે ના ફળો, વિચારમાં થા પુષ્પ;
'થઇ રેહ પ્રેમાનંદમય, ત્રિવિધતાપથી મુકત.' ૨૫

"પ્રિય મળવા ચિત ચ્હાય" 'તો,નહીં લગાડું વાર;
'પણ પ્યારી શા કામનું, તુજ હિંમત વણ યાર.' ૧
'નવ ચ્હાયે તું ભિતરનું, ઉપર ઉપરનું ચ્હાય;'
'કહિદે કયમ કે કેટલિક, મંદકામિની થાય.' ૨
'ઘેલી ઘેલાં કહાડશું, એ દહાડો રે કયાંહ;'
'સુરતચતુર હું તો છઉં, નહીં ચતુર તું ત્યાંહ.' ૩
'એ હું લખું છું ભણવા, પ્રેમપ્રકૃતી તૂજ;'
'મને લાગતી મંદ તુજ, ઉષ્ણ ઘણી છે મૂજ.' ૪
'સ્વાભાવિક જે મંદ તે, ઘણી ટકે નહિં યાર;'
'મોટે ભય લાગે બહૂ, સમજી કરવો પ્યાર.' ૫
(કેમકે) 'વચનભંગનું દુઃખ તો, મને પીડતું ઝાજ;'
(અને) 'ચૂસી ફેંકી દેવું એ, અધમ રસિકનું કાજ.' ૬
'કરવું તો નીભાવવું, નહિં તો કરવું કાંય;'
'હમણાં સમજી ચાલતાં, પાછળથી સુખ થાય.' ૭
'એમ સમજ કે જીન્યિે, જાણી આ સહુ વાત;'
'એમ સમજ કે લોકમાં, ચરચાયાં દિન રાત.' ૮
'કરીશ હિંમત કેટલી, તેની કર તું જાણ;'
'એની મુજને છે જરુર, હવે ન ઈચ્છું હાણ.' ૯
'હમણાં તું મળતી નથી, પછી મળિશ તે કેમ;'
'મુઝાઇશું મનમાં બહૂ, રીબાઈશું તેમ.' ? ૧૦
'એ ભાવીનાં દુઃખથી, કેમ ન ડરવું યાર;'
'હજી ચેતિ તું કહે મુને, "**નહીં ટકે મુજ પ્યાર.**' ૧૧
'અમી પિવાતી રે નથી, તેથી બહુ હેરાન;'
'અમી પિધા પછિતો વધૂ, જશે જુદાઇથી જાન.' ૧૨
'જો ન ચલાવે ચાતુરી, વળિ હિંમત જે જોગ;'
'મ્હારિ તરફની પ્રીતડી, થંડી થાશે ભોગ.' ૧૩
'હૂં તો કહું છું સાફ કે, જો ન રખાયે રીત;'
'ચાતુરિ હિંમત વણ ખરે, મઝો ન આપે પ્રીત.' ૧૪
'બ્હેન જેવિ ચાહી નથી, હવેથિ હૂં ચાહીશ;'
'તૂં ચ્હાજે ભાઈપઠે, કદી ન રાખૂં રીસ.' ૧૫

'એ લખવાથી તાહરૂં, દીલ દુખારો યાર;'
'સમજુક તૂં છે તે થકી, કરૂં ખુલાસા સાર.' ૧૬
'પ્રિયા સુખી છે પ્રિયથકી, પ્રિયાથિ પ્રિય સુખિ છેય;'
'પ્રીત કરે જે સુખ નહીં, તો કાં કરવી તેહ.' ૧૭
'પરણેલાં વરવહુ વિષે, ખરી પ્રીત ના હોય;'
'જોર જુલમનાં લગ્નમાં, કેમ ઉમળકો જોય.' ૧૮
'મેં તો દુઃખજ દીહું રે, તેથી બીહૂં પ્રાણ;'
'ઓ પ્યારી હારી જશે, વાળિશ મ્હારો ધાણ.' ૧૯
'નહિ નહિ તૂં છે માહરી, વીર પુરૂષની પ્યારિ;'
'તૂં કયમ હિંમત હારશે, સ્હોડ દાખવે હ્હારિ.' ૨૦
'પ્યારી પ્યારી પ્યારી રે, પ્યારો હ્હારો રોય;"
'ધેલો ધાના ધેનમાં, તૂંને તૂંને જોય.' ૨૧
'છ માસ* વાટ હું જોઉં રે, (પણ) પછિ કરશે નીરાસ?'
'ઓ પ્યારી તરસાવ મા, તૂંછે મ્હારી આશ.' ૨૨

કુમુદની ચિઠ્ઠીઉપરથી હરવેલે મુકામે જવાને ચંદ્ર નિકળ્યો. તેણે નવ કલ્લાક ઘોડાપર સ્વારી કરી પણ તે બધો વખત તે પ્યારીનાજ વિચારમાં હતો. રસ્તે સમી સાંજે માત્ર તે થાકયો કીધો, સૃષ્ટિ સૌંદર્ય જોઇને આનંદ પામ્યો. તેણે લીલીચારનાં મોટાં મેદાનો જોયાં–તેમાં છેટે છેટેનાં બે ત્રણ ઝાડઉપર તરત માળામાં ગયલાં પક્ષીયો કંઈ કંઈ બોલતાં હતાં–પાણીનો ઝાંખો પીળો તડકો ચારઉપર પથરાઈ રહ્યો હતો ને સૂર્યાસ્ત પણ ઝાંખો સિંધુરિયા દિગંદે ખાતો હતો. એ વેળા ચંદ્રને વિચાર આવતા કે 'આ સૌંદર્યનું પાન હું ને મારી પ્રિયા સાથે કરતાં હોઇયે તો તે સુખમાં પછી શું બાકી ? એની લ્હેર આગળ મધુપાનની ને અમૃતપાનની લ્હેર કિસગણતીમાં ! એ લીલા પાનના સુખથી સ્વર્ગ સુખ શું વિશેષ છે ! પણ હાય પાસે નથી તે ! !'

પછી ચંદ્ર કુમુદને મળ્યો ને બોલ્યો કે 'પ્યારી હું હજાર કામ

---

* કેટલીક જુની વાતમાં સ્ત્રીઓએ જુલમીઓના જુલમમાંથી બચવાને–પોતાનું પતિવ્રત રાખવાને છ છ મહિનાનાં વ્રત પાળ્યાં એવું લખ્યું છે.

છોડી તારે માટે આવ્યો છઊં કે સાથે રડીતો લઊં. ગમે તેમ કરીને હું મુઉં તારે ભેંટીજજે.' ઘરમાં કુમુદનાં દુરના સગાં હતાં તેથી બંનેથી ઝાઝો વાત થતી નહીં. ચંદ્ર બબડયાં કરતો કે 'હાયરે ન આવ્યો હતતો સારૂં–પાસે છે ને નથી મળાતું એ દુખતો જીવને આકુળ વ્યાકુળ કરીનાખે છે.' વળી સહુની નજર ચોરવીને તે કુમુદ પાસ જઇ બોલ્યો—'પ્યારી પેટમાં હુનુ હુનુ થઈ જાયછજે. શું તને કોટી કીધાવના મારે એમનું એમ પાછું જવું પડશે?' કુમુદ બોલી "પ્યારા આ સઘળાં છે તે કેમ કરૂં? મને શું નથી થતું? પ્યારા મને વચન આપ કે નહીં છોડું" એમ કહીને તેણે હાથ લાંબો કીધો ને પછી તે હથેલીમાં ચંદ્રે ચુંબન કીધું. રાતે બંને જુદા જુદા ઓરડામાં સુતાં. ચંદ્ર સુતો હતો તેજ ઓરડામાં કુમુદનાં સગાં પણ સુતાં હતાં. બંને જાગતાં સુધ રહ્યાં. પાછલી રાતે કુમુદ, ચંદ્રકને જઇને ભેટી પડી. પછી ધીમે ધીમે કેટલીક વાત કરી. કુમુદે કહ્યું કે "પ્યારા તું જાણેજછ! હું લાચાર છઊં–આપણે સુખ ભોગવવાનો દાહાડો કેમ આવશે" એ વચન ચંદ્રને તીર જેવું લાગ્યું ને રૂવાં ઉભાં થઇ રહ્યાં. ચંદ્ર બોલ્યો 'પ્યારી મારૂં લોહી ઘણું ગરમ છે ને તું જો કંઇ ઉપાય નહીં કરે તો મારૂં મોત થશે. સુખતો મળવાનું નહીંજ કે?' એટલામાં કેટલાક જાગી ઉઠયા ને કુમુદ વ્હેલી વ્હેલી પોતાના ઓરડામાં જઈ સુઈગઇ. ચંદ્ર બીજે દાહાડે પાછો પોતાનાં કામ કરવાને મુકામે ગયો. થોડે દાહાડે કુમુદ ને ચંદ્ર પાછાં રાજધાનીમાં એકઠાં મળ્યાં. ત્યાંહાં કુમુદે નીચે પ્રમાણે લખી મોકલ્યું–

(ગરબી.)

"ઓ ભમરા તૂં દંખ દઈ કેમ રે પળે;"
"સર્વાંગે મુજ પસરીરહી છે લહાય જો,"
"વારે વારે રૂવાં ઉભાં ઝટ થાય છે;"
"હાય હાય રે એ દુખ કેમ ખમાય જો." ઓ ભમરા૦ ૧
"જોર નથી રહ્યું રે કાંઇ મ્હરાં તંનમાં;"
"આવાં દુખમાં દહાડા કેમ કહાડાયજો,"
"પેલાં ઠેકાણાંની પેલી રાતડી;"
"એતો ભૂંડી નાજ ભુલાએ હાય જો. ઓ ભમરા૦ ૨

"રજનીમાં પ્રિય ઝબકીને હું જાગું રે;"
"પાસ ન પ્યારો કોને ભેટું હાય જો,"
"આખર રડિ થાકી મૂકું નિસ્વાસ રે;"
"ગુજરી તે વળિ પાછી તાજી થાય જો." ઓ ભમરા૦ ૩
"મારૂં દુખ મૂકું કોરે હું જો કદી;"
"તોપણ ત્હારૂં હૂંથી ના વિસરાય જો,"
"ઓ પ્યારા હું હીણી તુજને કયાં મળી;"
"સૂખ નહી પણ અદકૂં દૂખ અપાય જો." ઓ ભમરા૦ ૪
"દુરથી પણ દેખૂં નહી પ્યારા તુજને;"
"દૂખ અતીસેં કેમ ન મૂને થાયજો,"
"ઓ પ્યારા તૂં પ્યાર ઉતારિશ મા અરે;"
"તૂં વણ ત્હારી રાત દિવસ ઇઝરાય જો." ઓ ભમરા૦ ૫
"ઓ પ્યારા તન મન સોંપ્યૂં મ્હે તૂંજને;"
"મને તજે તો તજ્યૂં જિવ્યાની વાત જો,"
"મંન મજ્યૂં મ્હારૂં રે ત્હારાં મંનસૂં;"
"તે તો કરવૂં જૂદું નથી કો હાથ જો." ઓ ભમરા. ૬

ચંદ્ર 'નથી વ્યસન સ્ત્રીવિષયનું, લોક ગમે તે કેહ;'
'સાચી પ્રીતી પૂજવે, મંન મારું ના રેહ.' ૧
'હું છઉં પ્રેમી જન્મનો, નવ ન્હાઉં સંભોગ';
'સુધડ પ્રીતને કારણે, કરૂં પ્રાણનો ભોગ.' ૨
'અંશી પ્રીતી આપણી, તોપણ નિંદે લોક;'
'પસ્તાવો હૂં ના કરૂં, ગણૂં ન ખોટા ઠોક'. ૩
'બીહૂં છૂં ઈશ્વરથકી. બીહૂં સાચા સારું';
'લોકલાજથી ના બિહૂં, પણ તૂં કેવી વારું ?. ૪
'સબળી પ્યારી હારિ રે, હતો જાણતો એહ';
'માન્યૂં નહિં તેં જોશમાં, હજી હઠીને રેહ'. ૫
'પ્યારી પીડા પ્રીતમાં, અંતલગીની જાણ';
'મારા પ્રેહને લોકનો, ચૂસે નિત્યે પ્રાણ'. ૬
'જ્ઞાની જન જે હોય તે, ધરે કોનું નવ કાન';
'મોર પઠે ઘન ગાજતે, કરે પ્રેમરસપાન'. ૭

'હૂંતો દૃઢ જ્ઞાની છઊં, તૂંતો હજી શિખાઉ';
'હિંમત નહિં રે તૂંજમાં, કેમ પિઊં ને પાઉં? ૮
'ગિરિ ગિરિધારીયે ધર્યો, તે ન પરાક્રમ કાંઇ';
'પ્રીતપીડ જે જન સહે, ખરૂં વીર તે આંહિં'; ૯
'ઉત્તર દેજે પ્રશ્નનાં, ખરેખરો તુજ પ્યાર; ?
'નિભાવવા કે તોડવા, કર બેનો વિસ્તાર'. ૧૦
'હિંમત તારી કેટલી, જિવવૂં મરવૂં ચ્હાય'?
'જાણિ જોઇ દુઃખી થશે?, કેમે કરી મળાય?' ૧૧
'ભણી ગણી ને ડાહિ તૂં, સાવધ ચતુરા ચ્હાય;'
'તોય ભમાવી મેં હશે, એ મકાન કહેવાય?' ૧૨
'જે સાચો તુજ પ્યારને, તૂં મળવા આતૂર.'
'ખરી વાતમાં બ્હીક શી, ગાંડિ પ્રેમચકચૂર.' ૧૩
'જ્હાંસૂધી સમજે નહીં, રૂડી તારી માત;'
'ત્હાંસૂધી હૂં ના મળૂં, ખરેખરૂં છે વાત.' ૧૪
'પ્રથમ જોઇ મેં જાહરે, ડાહી તારી માત;'
'હશે થયાં દસ વરસ કહું, તે વેળાની વાત.' ૧૫
'કહું છૂં તેને રોજ હૂં, 'તમેજ જાતીમાંહિ,'
'પણ મનમાં તે વખતની, તૂને કહું છૂં આંહિ.' ૧૬
'તુજ માજેવી માહરે, કહારે પ્યારી થાય,'
'અથવા તુજ મા જેવિ મા, મને કેમ નવ હાય! ૧૭
'લોહિ મીઠું લાગે મને, હૂંતો બહુ પ્રેમાળ;'
'તુજ મા કેરા ગોદમાં, થઈ ન મુજ સંભાળ.' ૧૮
'પ્રેમી માની બેટડી, પણ નહિ પ્રેમી બાપ;'
'કહિ દે તારી માતને,' "**માડી સુખડૂં આપ.**" ૧૯
'પ્રેમી માનો બેટડો, ઝાઝો પ્રેમી બાપ;'
'વાંચ્યાં પત્રો પ્રેમનાં, શુદ્ધ પ્રેમની છાપ.' ૨૦
'અરે દિવસ તે કાહરે, બંને જમશૂં સાથ;'
'નિશો કરીને રંગમાં, કહારે કરશૂં વાત?' ૨૧
'જે નવ મા સુવિચારની, કદી બોલું ના બોલ;'
'બુદ્ધીયે દુનિયાંતણૂં, કુડૂં કરયૂં છે તોલ.' ૨૨

'અરે પ્યારિ તૂં કેહિ દે, પછી આમ કે તેમ;'
'હા કહેશો તો ઠીક છે, પછિ તો થાયે જેમ.' ૨૩
'મારે તો ખા માર ને, ઝેર દેય પી ઝેર;'
'મા મ્હોરાથી નહિં મ્હડે, રાજનેનને ઝેર.' ૨૪
'તૂં મ્હાયે જો મૂજને, કર કહ્યું મારૂં એહ;'
'પડી ગોદમાં કહે સહૂ, નથી ક્રૂર કંઇ તેહ.' ૨૫
'લુચ્ચાંને સુખ ક્યારનાં, કર્યા વિલાસો હોય;'
'સાચાંને દુખ ક્યારનાં, રાત્ર દિવસ બે રોય.' ૨૬
'ગાથાઓમાં વાંચિયે, તેવિ આપણી વાત;'
'આજ બને પણ કાલ તે, કેમ રેહશે હાથ?' ૨૭
'જો કદિ રાણી હા કહે, સંધિ વાતનૂં સૂખ;'
'તે હૂં તૂં કાચાં નથી, હવે પછી શૂં દૂખ?' ૨૮
"તૂં જાણે પ્યારા સહૂ, **ભાવીકેરી વાત;**"
'કહી ખસેડયો હાથ તે, સાલે છે દિનરાત.' ૨૯
'મળી સુચડ બહુ પ્યારિયો, પણ તુજ ન્યારી વાત;'
'ભણી ગણી ડાહી ચતુર, ગાતી કવિતા સાથ.' ૩૦
'પ્રીતીમાં હું નિરાસ પણ, જોઇ તાહરી પ્રીત;'
'પન્યો દિવાનો રે ખરે, ગમી તાહરી રીત.' ૩૨
'અરે ભુંડી તૂં ના લખે, કાગળકેરો જવાબ';
'ગયો પ્યાર હિંમત ગઈ, મેં તેં જોયો ખ્વાબ* ?' ૩૨
'હવે નથી લખનાર હૂં, નથી કાંઇ અવકાશ;'
'દુઃખીને કરવા સુખી, મથૂંછ મ્હારી આશ'. ૩૩
જો બોલાય ન તૂં થકી, હૂં બોલૂં બે બોલ';
'થવાનું તેતો થાય પણ, શૂં ના કરવૂં તોલ' ? ૩૪
'તે રાત્રીનૂં રોતું સુખ, વ્હાણાંનૂં ભય દૂખ;'
'તેનૂં વર્ણન નહિ કરે?, નહિ દેખાડે મૂખ.?' ૩૫

'નજરમાં આવે તો લાંબે લખાણે મારા લાંબા કાગળોનો જવાબ ફુરસદે લખજો'

---

* સ્વપ્નુ.

એ કાગળ વાંચીને કુમુદે, ચંદ્રને પુછ્યાવનાજ એકદમ જોસ્સામાં આવી જઈ ચંદ્રની કેટલાક ચિઠ્ઠીઓ રાણીને વંચાવી. એ તો બંનેના ઉપર ઘણીજ ગુસ્સે થઇ ગઈ. એ વાત બીજે દાહાડે ચંદ્રના જાણ્યામાં આવી એટલે ચંદ્રે રાણીને કાગળ* લખ્યો તે આ પ્રમાણે:—

'તમારા મ્હોલ સાથે મારે મહીના બેએક થયા એક રીતનો નવો વેહેવાર ચાલે છે. હમે નઠારા, ગવાંર, કુવડ, લુચ્ચા હોત તો તમને પુછવાની વાટજ જોત નહીં.—હમે કાચા નથી પાકા છૈયે પણ તેમ લુચ્ચા, જુઠા, મીઠા બોલા નથી પણ નિખાલસ, સાચા ને કડવા બોલા છૈયે તેથી અને તમે સારા વિચારનાં, દુનિયાદારી સમજનારાં અને દુઃખીનાં દુઃખ જાણનાર છો માટે હમે તમનેજ સાચે સાચું કહિયેછ. હમે હમારૂં હિત તો નથી વિચારતા પણ તમારૂં હિત વિચારિયેછ—અલબત હમારૂં તો છેજ. તમે હમારાપર જુલમ ગુજારશો તો તેમાં તમારીજ ગેર-આબરૂ છે. હમે તો સાચા, સુધડ ને ઇશ્વરી પ્રેરણાનાં કામને માટે લોકથી ડરવાના નથી. ઇશ્વરી પ્રેરણા એટલાસારૂ કે હમારા સપનામાં નહીં તેવી વાત સેહેજ બની ગઇ છે—ઘણીવાર અટકાવ કર્યા છતાં. તમને જણાવવાનું કારણ એ કે તમારા ન જાણે-કેમકે તેને જાણ પડવાથી અને તે વળી તમારા જેવા પ્રેમીઅંશ નથી તેથી વધારે કલેશ ને વધારે નુકસાન સધળાં રાજ કુટુંબને ને સધળી રાજપ્રજાને છે. માટે તમે ને હમે બેજ જાણીયે એવું રાખવું. ને આપણે એવા પુખ્ત છૈયે કે કોઈ પણ રીતની આંચ લાગી શકનાર નથી. તમે મારા સાથીને ઝેર પાશો તો હું એમ સમજીશ કે તમે રીબાતા પ્રાણીનો વેહેલો છુટકો કર્યો પણ તેથી તમને ને મને શું નુકસાન થશે તે કંઇ હાલ મારાથી કેહેવાઇ શકાતું નથી. તમારાથી હમને ધનસાફ નહીં મળે તો પણ સજ્જનો પાસથી અને સાચાનો બેલી જે ઈશ્વર તેનીપાસથી અહીં નહીં તો તહીં પણ ઘટતો ધનસાફ મળશેજ મળશે. તમે પ્રેમી અને

*ચંદ્રની કાગળ લખવાની હિંમત તો નહીં પણ કુમુદના ઉપર સખ્તી થશે તેવી ધારણાથી ચંદ્રનો જોસ્સો વધી ગયો હતો.

જ્ઞાની થઇને હમારાપર ગુસ્સે ભરાઓ એ તો નવાઈ! રે જેટલો વેહેવાર હમારા બે વચ્ચે ચાલ્યો છે તેટલો હું જો તમારી આગળ બોલી દઉં (મારા સાથીને તો શરમ ને ભય છે) તો હમે કેવા સાચા ને સુધડ છૈયે તે સેહેજ જાણ્યામાં આવે. રે શાસ્ત્રની વાત કલ્પિત ન હોય તો હમારાં તપને બળે હમે સૂરજને પણ થોભાવી શકિયે; પણ નાચાર. મારા સાથીનો કંઇજ વાંક નથી. મેંજ તમને આપણાં સારાંનેસારૂ કેહેવડાવ્યું છે. તમે સમજુક થઇને હમારાપર ગુસ્સે ભરાશો તેમાં મને કંઇ નુકસાન નથી, મારા સાથીને કંઈ નુકસાન નથી કેમકે તે તો મોત માગેછેજ પણ નુકસાન તમનેજ છે. હમારી વાત હજી કોઇએ જાણી નથી. મારાજ કહ્યાથી મારા સાથીએ તમને જણાવી છે–દુનિયાં જુઠાંનીજ છે. હમે જુઠું આચરણ કીધું હત ને તેની તમને પછવાડેથી ખબર પડીહત તો તમને કેવું લાગત? હમારી સાચવટનેસારૂ હમારી તો તમારે તારીફ કરવી ઘટે છે.–હોય! મારી પાસે ખુશામત ને જુગતીની વાત નથી. તડ ને ભડ છે. તમે જો તમારી પોતાની ખાતર, તમારા ઘરની ખાતર ને હમે જે તમારે ખોળે પડિયેછ તેની ખાતર સમજશો તો ઠીકજ છે નહીં તો દુખમાં દિલાસો દેવાને શાં શાં સાહસ કરવાં પડશે તે કોણ જાણેછ? તમે મારો સાથી જે જનમનો કેદી છે તેના ઉપર સખતી કરશો તો તે દુખ તેને શું વધારે લાગવાનું છે? મારો સાથી જે મરવા બેઠોછ તેણે વેહેલું મોત આણવાને ને મેં અણાવવાને આ છેલ્લો ઉપાય કીધોછ. તમારે તેનો જીવ લેવાનો વિચાર હોય તો ઝેરનું પ્યાલું મારીજ પાસે અપાવજો એટલો મારાપર ઉપકાર કરજો. ઇશ્વર તમને રૂડી બુદ્ધિ આપે! રે તમે ડાહ્યા થઇને હમને દુ:ખી કરશો? હમારે વિષે હલકો વિચાર આણતાં પેહેલાં હમારી સુધડતા, હમારી ચતુરાઇ ને હમારી સાચવટનો કંઇજ વિચાર નહીં કરો? હું કોઇને નમતો નથી પણ આ પ્રસંગે તમને મારા વડીલ જાણી બોળે માથું મુકું છઉં કે મારા સાથીને છુટ્ટી આપો'.

એ લખાણથી રાણી ગભરાઇ ને તેણે ચંદ્રને તેડવા મોકલ્યું પણ તરત ગયો નહીં તેથી તેપણ જરા બીજા કામમાં રોકાઇ—

પછી ચંદ્ર ગયો તો રાણી મળે નહીં પણ કુમુદ હતી તેણે ચંદ્રને જોતાંવારને હાથ ઉપર ચુંબન કીધું ને તે બોલી કે "પ્યારા ગભરાઇશ મા હું તને નથી મુકવાની" પછી ચંદ્ર રાણીને મળ્યો તો તેણે પુછયું કે આ બધી શી ગરબડ છે? ચંદ્રે અથથી તે ઇતિસુધી માંડીને કહી—પછી રાણી બોલી કે 'તમે ગભરાઓ નહીં આપણે એ વાતનો વિચાર કરીશું' આખરે ચંદ્રે કહ્યું કે ખબરદાર જો મારાં રત્નને કોઇ વાતે દુખ દીધું છ તો? એ મારે બધાંમાં છે. રાણી બોલી 'એ તમે શું બોલોછ? મેં કદી દુખ દીધું જ નથી.'

ચંદ્રને તો એવું ભાસ્યું કે રાણી મદદમાં રહેશે પણ તેણે મ્હોડેથીજ મીઠો જવાબ દીધો હતો. તેના મનમાં એમ કે હરકોઇ રીતે કુમુદનામાંથો તે જોસ્સો નરમ પાડી દેવો.

દોહરા.

કુમુદ "ઓછું દુખ કરતાં અરે, અદકું વાધ્યું હાય";
"રડતાં કહાડે રાતદિન, મનમાં માત મુઝાય". ૧
"ઓ પ્યારા થઇ તાહરી, હવે તજ્યું શું પ્રીત";?
"બેવચની નહિ થાઉરે, રહેજે પ્રીય નચીંત". ૨
"દુખની વેળા પણ અરે, નાજ તજ્યું ઓ પ્રાણુ";
"હૂંતો તારી તારિ રે, જન્મલગીની જાણ". ૩
"શું હિંમત પ્રિય તાહરી, ગઇ સામટી હાય?"
"ધીરજ દેતો મૂજને, તે તું શું ગભરાય!" ૪
"ઓ પ્યારા વીજોગ જ્યે, ઘણા દિવસનો થાય";
"તો તો શું થંડો થશે? તજશે મૂને હાય!." ૫
"ઉત્તર તારા પત્રનો, આગળ આપિશ જાણ";
"ગભરાઈ છું આ સમે, નથી સૂઝતું પ્રાણ." ૬
"હાય હાય દુખ માહરૂં, વરણું શું આવાર";
"તેમાં પણ ઊપરથકી, તારાં દુખનો માર". ૭
"ઓ પ્યારા તુજ કારણે, ગાળ્યું મારૂં તંન;"
(તોપણ) "માનું હું સંતોષ રે, દેખી તૂજ વંદન". ૮

"ઓ પ્યારા તૂં આકળો, થોડામાં શૂં થાય";
"ધીરજ રાખી રેહતાં, કો દી પણ સુખ થાય" ૯
"પ્યારા તૂં સમજૂક છે, હૂંતો છેક અજાણ";
"માટે સંતોષે રહી, શોક તજી દે પ્રાણ." ૧૦
"પણ પ્યારા તૂં કહે મને, કેવો તારો પ્યાર";
"શૂં અધવચ રઝળાવવી કે, શૂં ઠેઠ વિચાર". ૧૧
"હજી ચેતિને હૂં રહિશ, પણ તૂં ચેત સુજાણ";
"દાઝયાઊપર લૂણ તે છાંટે કેમ નિદાન". ૧૨

ચંદ્ર 'પ્યારી શૂં ધાર્યૂં હવે, મિથ્યા પ્રથમ પ્રયોગ';
'કેમ કરી કરવો અરે, મળવાકેરો યોગ'. ૧
'લખે ન ઉત્તર પ્રશ્નના, વિસ્તારે ઓ પ્યારિ';
'મર્મ ન ધીરે તાહરાં, શેની પ્રીતી તારિ?'. ૨
"અંતલગી છૂં તાહરી" 'એમ લખે તૂં પ્યારી';
'રહેલૂં લખવૂં દૂરથી, ગયાંજ તૂં હૂં હારિ'. ૩
'મનસા વાચા પ્રીત પણ, નહી કર્મણા પ્રીત';
'એના કરતાં તો ભલી, હોય નહીં તે રીત'. ૪
'આપણ જ્ઞાની હોઇને, કરિયે દુઃખ વિચાર';
'શેનાં જ્ઞાની આપણે, દુખને મા સંભાર'. ૫
'લઈ વિસામો રે જરા, કરવો દ્વિતિય પ્રયોગ';
'પછી ત્રિજો ચોથો પછી, મથી આણવો યોગ'. ૬
'મરવૂં વ્હેતે લોહિયે, એમાં મોટૂં માન';
'દુખ માની રીબાતું તે, કાયરકેરી સાન'. ૭
'દુઃખ દુઃખ તૂં શૂં રડે, રડયાં આપણે ખૂબ';
'થવૂં મરણિયાં રે હવે, નહિ તો રહેવૂં ચૂપ'. ૮
'સગાં લોકના મારથી, હવે શું ડરવૂં પ્યારિ';
'ડરવૂં તો કરવૂં નહીં, એજ નીતિછે સારિ'. ૯
'હોતી શૂં મીરાં દુખી, હોતિ રૂકમણી યાર?'
'હોતી ગોપીયો વળી, અભિમન્યૂની નાર?'. ૧૦
'સાહસ મોટૂં પ્રીતમાં, પછી આમ કે તેમ;'
'સમજે શૂં મૂરખ જનો, હિંમત છે કે કેમ?'. ૧૧

'હૂં હિંમત નથિ હારતો, હૂં નહિ પાણી ખોઉં';
'પંખિ પડયૂં જે પાંજરે, કરેછ શૂં તે જોઉં'. ૧૨
'લોક કહેછ કે સાચને, આંચ નથી રે કોઇ';
'કેવિ આંચ છે આપણે, પણ શૂં રહેવૂં રોઇ ૧૩
'અરે હિતૂ હૂં રાણિનો, વસ્યો ન તેને મંન';
'વાંક કરમના આંકનો, કહૂં રાણિને ધંન (?).' ૧૪
'તારાથી જો થાય તો, કર આખાદ ઉપાય';
'નહિતો બેસી વાટ જો, થવાનું તેતો થાય'. ૧૫
'પ્યારિ વગર હૂં કોઈસૂં, વધો નથી થઇ દીન';
'દીન વચન તુજ માતસૂં, તેથી હૂં બહુ ખીન'. ૧૬
'એમ છતે નથિ માનતી, બહુ બહુ હૂં ખિજવાઉં";
'હોય નસિબનો વાંક ત્યાં, શાસારૂ પસ્તાઉં'. ૧૭

'પ્યારી ઉભરા કહાડિને, દીલ ખુશીમાં રાખ';
'જેમ જુદાઈ લાંબિ રે, વધૂ સૂખડૂં ચાખ'. ૧
'સીતા દમયંતી અને, શકુંતલા સંભાર;'
'દુઃખ નિવાર તું જ્ઞાનથી, એમાં સત્સુખ સાર'. ૨
'ગભરામણ મૂકી દઈ, ધર તૂં હિંમત ધીર';
'જુગતી ઝાઝી વાપરી, તાકિ માર દે તીર.' ૩

'બળ્યૂં આવવૂં નગ્રમાં, મ્હોડૂં ના દેખાય';
'અહિથી તહિં તહિંથી અહીં, અથડામણ બહુ થાય' ૧
'સાચો હોયે પ્યાર ને, મળવૂં થાતૂં હોય';
'ઠરીઠામ હૂંતો રહૂં, હાય ભાગ્ય તો રોય'. ૨
'નથી સ્વારથી ભ્રમર પણ, પરમાર્થી નાજૂક';
'રડે કેતકીકારણે, પડી ગઈ રે ચૂક'. ૩
'સલામ છેલ્લી માહરી, પ્યારી આજે વાંચ';
(પણ) 'તૂં હૂં ચતુરો હોઇને, કંઇ નહિ કરિયે સાચ?.' ૪
'જેવિ બતાવી તેવિ તૂં, હિંમત રાખી રેહ';
'જિવતી કર પાઈ સુધા, મુએલિ આ મુજ દેહ'. ૪

'કામકુંડલા– લેલિને, જ્યમ માધવ–મજનૂન';
'કુમુદચંદ્રનૂં તેવું કે, તેનાથી કંઈ નૂન'? ૬

(ગરબી.)

કુમુદ "ઓ પ્યારા આ તે દુખ સ્હેવૂં કેમ રે";
"મળવાને જિવડો તલપાપડ થાય જો",
નિશો કરીને રમશૂં આપણ રંગમાં";
"એ દહાડો તે કયારે દેખિશ હાય જો." ઓ પ્યારા૦ ૧
"દીવાની થઈ છૂં રે હૂં તુજ કારણે";
"ઓ પ્રીતમ તેં ચોરયૂં મારૂં ચિત્ત જો";
"તૂં વિણ સૂઝે અવર નહીં કંઈ મૂજને";
"પ્યારા પ્યારા નામ જપૂછૂં નીત જો." ઓ પ્યારા. ૨
"ઓ પ્યારા સપનામાં હૂં તુજ ઘેર રે";
"જણે બેહાં આપણ બંને સાથ જો",
"રસની વાતો કરતાં અતિ આનંદમાં";
"ઘેલે મૂખે ચુમિયે એકક હાથ જો". ઓ પ્યારા. ૩
"પણ તે ઝાઝીવાર રહ્યૂં નહિ આખરે";
"જરે ભીંડી તેં નિજ ભુજની બાથ જો",
"એવામાં તો ઝબકી જાગી હૂં અરે";
"જોતાં દીસે એકલડી મુજ જાતજો. ઓ પ્યારા. ૪
"કાસૂં નવ બાંધૂ કદિ છાના પ્રીતડી";
"એવો હૂંતો અસલથકી મુજ ટેકજો",
"ઓ પ્યારા તેં તજ્યો મારો આખરે;"
"લપેટિ લીધી પ્રેમજાળમાં છેક જો." ઓ પ્યારા૦ ૫
"હોય દયા તો ઉગારજે તૂં મૂજને"
"નીકર સ્વારથ સાધી લેજે પ્રાણ જો,"
"હવે રહ્યૂં આયુષ છે તારા હાથમાં"
"થઇ રહિ હૂં પૂરી તુજ તાબે જાણજો"–ઓ પ્યારા૦ ૬

(દોહરા.)

"તુજસમ વ્હાલૂં મૂજને, અવર નથીરે પ્રાણ;"
"કહું તારા સમ ખાઇને, ખરી હકીકત જાણ." ૧
"પ્યારા શૂં પૂછે મ્હને, હીણા આમ સવાલ,"
"કહે કયમ તુજને ઊપજ્યો, મુજવીશે આ ખ્યાલ." ૨
"ખરો પ્રેમિ પ્યારો છતે, અન્યસું બાધું પ્રીત,"
"હૂં સમજ્યૂછૂં એમ કે, અધમતણી એ રીત". ૩
"એકજ સાથી માહરો, બિજો ન કોઈ ધાર",
"તેમાં પણ હૂં દુઃખિરે, આખરથઈ લાચાર." ૪
"સાથે રેહતાં તેહને, વર્ષ વીત્યૂં કે ભોગ;"
"ઓસડ ગુણ લાગ્યો નહીં, દિન દિન વાધ્યો રોગ." ૫
"પ્યાર પરસ્પર અતિઘણો,પણ બહુ દુખિયો સાચ;"
"જેતાં ને રોતાં અરે, વર્ષ ગુજરયાં પાંચ." ૬
"છઠ્ઠામાં મૂકી મ્હને, દુખ દરિયામોઝાર;"
"આશા દઇ ઊડયો અરે, ફરિ ન મળ્યો આ ઠાર." ૭
"ઓ પ્યારા જયમ તૂં દુખી,તેમજ મુજને જાણ;"
"તે કરતાં પણ અધિક રે, માર્રું દુખ પરમાણ." ૮
"લોક ગણે બહુ સૂખિયાં, હોળી અંતરમાંહ્ય;"
"જોઇ જોઇ બળવૂં અરે, કોને ના કહેવાય." ૯
"જો કે તે જ્ઞતે હતો, સાધારણ વિદ્વાન;"
"તોપણ અદકો પ્રેમિ ને, વળી સદ્‌ગુણી માન." ૧૦
"આવાં દુખમાં પણ મ્હને, સુધારવાનેકાજ;"
"મ્હેનત લેતો અતિઘણી, તે કયમ ભૂલૂં આજ." ૧૧
"ટૂંકી આ મુજ વાતમાં, શક નવ આણ લગાર;"
"દુઃખીને દુઃખી મળ્યો, હવે થશે સુખ ધાર." ૧૨

"હિંમત કરતાં નવ હઠૂં, પણ મોટો સંતાપ;"
"ધડપણની વેળા અરે, રઝળે મા ને બાપ." ૧
"ધીરજ રાખી જુગતિથી, કામ કહાડશૂં જાણ;"
"જેથી થાયે નહિ કદી, કોઇ રીતની હાણ." ૨

"ઓ પ્યારા કયમ ડાણુ હૂં, સાચો મારો પ્યાર;"
"પ્રીત કરીને તોડતી, અધમ જાતની નાર." ૩
"મા ગભરા પ્રીતમ હવે, નથી નામની પ્રીત;"
"આખર થઇછે કામની, એ તૂં જાણુ ખચીત." ૪
"સમજૂ મારી માત પણ, લોકતણો ભય મ્હોટ;"
"તેમજ વળિ રાજા તણો, તેથી સુખની ખોટ." ૫
"રોઇશ મા પ્યારા હવે, દુખનો આવ્યો અંત;"
"જૂજ માસ પાછ આપણે, રહેશૂં પ્રીય નર્ચીત." ૬
"ચંદ્ર કવી ઓ માહરા, લખજે બેસી સાથ."
"પ્યારી તારી ચૂમિ લે, શોભીતો તુજ હાથ." ૭
"રસ દેનારા ચંદ્ર તૂં, પાજે જેમ પવાય;"
"પીનારી તુજ પોયણી, કદી થાકિ નવ જાય." ૮
"અરે હું દેખિશ કાહરે, પ્યારૂં હસતૂં મૂખ;"
"ઓ પ્યારા હૂં તૂજને, ક્હારે આપિશ સૂખ" ૯
"હીણુ ભાગ્યથી જો રહે, ઘણા દિવસ વીજોગ;"
"તો તુજને કરવા દુખી, નથી ઈછતી ભોગ." ૧૦
"આપ્યૂં દુખ ઇશે મ્હને, પ્રહાણે કયમ સુખ હોય;"
"મને તજી સુખિ તૂં થશે, સંતોષી રહું તોય.?" ૧૧
"થઇ ચૂકી હૂં તાહરી, તે મિથ્યા નવ થાય;"
"દુરથી દેખી પ્રિય તને, માનિશ સુખડૂં હાય!" ૧૨
"વિજોગ દુખ તો આખરે, સર્વ પ્રાણિને છેજ;"
(તોપણ) "આ જગમાં સુખ મનુષ્યને, નિજસમ મિત્ર મળેજ." ૧૩
"ઓ પ્યારા ધન ગાજતો, વીજ ચમક બહુ થાય;"
"તેવી વેળા આપણે, રમિયે એ દિન કહાંય." ૧૪
"સ્વપ્નામાં દેખૂં તને, ઝબકી જાગૂં હાય;"
"ઓ પ્યારા મુજ મંનમાં, ઝાંખો તૂં નવ થાય." ૧૫
"પ્યારા રહે ધીરજ ધરી, નીકર દ્વિતિય ઉપાય;"
"કરશૂં પણ તૂં હાલમાં, જોયાં કર શૂં થાય." ૧૬
"તૂં તો પ્યારા જ્ઞાની ને, હૂં તો છઉં અજ્ઞાન;"
"નિભાવિલેજે તાહરી, જેવિ તેવિ નાદાન." ૧૭

"માલતિના માધવ પઠે, કુમુદતણો છે ચંદ"
"તે કરતાં પણ અધિકરે, પ્રિય તૂં સુખનૂં કંદ." ૧૮
"કુપગુણમાં પ્રીતમ હવે, જો તૂં ઉતરી જાય;"
"તોપણ મારો પ્યાર તે, કદી ન ઓછો થાય." ૧૯
"સુરતચતુર તૂં તો છતે, તારી કેમ ન રહેમ?"
"મેળ મળે કયમ આપણો, ગુણ નવ જોયા હોય." ૨૦
"પ્રહેન પઠે સાથી થવા, તેં પૂછ્યૂં જેવાર;"
"સમજી હૂં તુજ ચાતુરી, હા કહિ મેં તે વાર." ૨૧
"દૂરથી કહેવૂં સહેલ પણ, કરતાં લાગે વાર;"
"પ્યારા એમાં શક નહીં, સાચે તૂંજ વિચાર." ૨૨
"વાંક ન કહાડૂં માતનો, કર્મ આંકનો વાંક;"
"એ પ્યારા જે થાય તે, મારી ખાતર સાંખ." ૨૩

"ભાઈના જાણવામાં એ વાત આવી છે. જે બને તે બરી."

ચંદ્રે કુમુદનો ભાઈ જે તેનો દીલોજાન હતો તેને લખ્યું તે આ પ્રમાણે—

'મારા વ્હાલા પદ્મસેન',

'મને લાગેછ કે કેટલીક વાત મારા સંબંધી તેં નવી જાણી હશે ને તેથી તું ગભરાતો હૈશ પણ એ ગભરામણથી તું નુકસાન ન કરી લે માટે કહુંછું કે હાલ તમારે ઘેરથી બીજે કાને વાત જવા માંડીછે તે નજાય તો સારૂં-મેં મારો ઉભરો હજીતો ડાબી રાખ્યો છે.'

'ગુન્હેગારે ગુન્હો કબુલ કરે છે તો તેને તરત સજા મળે છે ને નથી કરતો તો સજા થવાની વાત લાંબી જાય છે ને ગુન્હેગાર વેળાએ બચે છે. હમે ગુન્હો નથી કીધો-તમને સમજુક જાણી હમારી ઈચ્છા દેખાડી છે. નજરમાં આવે તો સમજો ને નજરમાં ન આવે તો ન સમજો. હોનાર મિથ્યા થનાર નથી.

'આપણા લોકના અજ્ઞાન વિચાર પ્રમાણે તને મારે વિષે હલકા વિચાર આવ્યા હશે એવું હું ધારતો નથી. તું બીજાઓની પેઠે એમ નહીંજ કેહે કે બગડ્યું તારૂં જ્ઞાન. મારે એ સંબંધી કેટલીક વાત કરવાની છે તે પછી કરીશ.

લા૦ તારો સાચો ચંદ્ર

(ભુજંગી.)

ચંદ્ર કુમુદને——

"જતાં આવતાં તાહરે મંદિરેથી,'
'રૂડાઈજવાયે મિઠી પ્યારી મ્હેથી';
'ઘણા શોકથી ક્રોધિ જેવો હું કહેાઉં',
'નિચૂં મ્હેાડું મ્હારું ન ત્હારું હું જોઉં'. ૧
'વળિ મ્હારું તૂંતેા જરા જોતિહેશ',
'રૂડા કીર્ણથી હું કદી સૂખિ થૈશ ?';
'તયારી કરી આપણે પ્રેમપાને',
'થશૂં થંડ ભેટ્યા વિના ભાગ્ય જ્હાને'. ૨
'અરે સાયને આંચ લાગી ઘણી રે',
'બનાવે સગાં હૂં બન્યેા તૂં બની રે';
'તુને વાહિ વાહી જુદી ના કરે રે',
'મિઠી જીવ મ્હારેા પછી કહાં ઠરે રે', ૩
'સરેા નેનથી, સામ સામાંજ ચાલે',
'કટેારા પવાયે પિવાયે વહાલે',
'પડે તાળિ ને રંગ જામે ઉભે જ્હાં',
'રડે તૂં તહાં ને રડૂં હૂં ખરે અ્હાં' ? ૪

(દેાહરા.)

'પ્રેમચતુર તૂં બહુ દિસે, તેથી ઉપજ્યેા ખ્યાલ;'
'પ્રશ્ન કર્યેા કસવા તને, પડદેા કે ખરું વ્હાલ'. ૧
'હવે એવું હૂં નહિં પુછૂં, રાખી રેહ નિરાંત';
'પ્રીત સાચિ જહાં હેાય ત્યાં, થાયે છાની વાત.' ૨
'તુંને ઘણૂં રાણી ઉપર, વ્હાલ મને પણ ધાર';
(વારૂ) 'તે સરખેા વ્હાલેા લહે, પાડ માનુંછૂં યાર.' ૩
'સ્વારથ સાધી મારવા, વિચાર મ્હારેા હેાત';
'ઉપાય હીણા દાખવત, જેથી તૂં પછિ રેાત.' ૪
'હજિયે પતિજ ન હેાય તેા, રહેજે મુજથી દૂર';
'પતિજ કરી પત કર મ્હને, નહિં તેા ખેાઇશ નૂર'. ૫

'મુજ કવિતા દરસાવશે, છઉં કેવો આશક';
(પણ) 'મારી તૂં હંમેશની, એમાં મુજને શક'. ૬
'સર્વ વસ્તુ જગમાં ફરે, ભાવિ હોય તે થાય',
'તૂં સાચી છે ત્યાંસુધી, ચંદ કદી નવ વ્હાય'. ૭
'ખંચાયો હૂં બહુ હતો, વચન આપતાં હાથ';
'તોપણ મેં આપ્યૂં હતૂં, ઓ મુજ સુંદર જાત'! ૮
'થઈ ખાતરી માહરી, તૂંતો સાચી પ્યારિ';
'આફતમાં ધીરજ ધરી, હિંમત તેં ના હારિ.' ૯
'હિંમત ચાતુરિ તેં કરી, મેં પણ થોડી કીધ;'
'કોટ તુટો છે રે હવે, કિલ્લો લેશૂં સિદ્ધ.' ૧૦
'શૂં કિલ્લો લેશૂં હવે, કહારે પ્યારી કેહ!;'
'હા કહિને ઊડાવશે, સગાં તાહરાં તેહ.' ૧૧
'વાતોમાં બહુ વાંચિયે, સ્ત્રીયે મુદ્દત લીધ;'
'છછ્ઠ માસની તેમ શૂં, મેં તેં મુદ્દત કીધ?' ૧૨
'મુદ્દત પ્હેલાં આપણે, નહિ મળિયે મિઠિ પ્યારિ?'
'પણ તે સહુ તુજ હાથમાં, ધન્ય જાત છે હ્યારિ!.' ૧૩
'ખુલ્લી રીતે કાગળો, મોકલતાં હરકત્ત,'
'હવે શું કરવા તે હવી, જો જો કેવી મત્ત!' ૧૪
'તારૂં મારૂં નક્કિ છે, સંધી જોતી રેહ;'
'હૂતો બેઠો ચૂપ છઉં, કર કરવાનૂં તેહ.' ૧૫

'મારા કાગળ કોઇને વંચાવિશ નહીં.'

કુમુદના ઉપર રાણીની સખતી બહુ થવા માંડી તે વાત ચંદ્રને કાને પડતાં તે જોસ્સામાં આવી ગયો અને પછી કંટાળાથી તેણે નીચે પ્રમાણે લખ્યું પણ પછી પ્યારી ગભરાઇ જાય માટે કાગળ મોકલ્યો નહીં.

'પ્રેમ નાવ આજ ડુબેછ! ને સહુ છોળમાં કોઇ કહીં ને કોઇ કહીં ધસડાયછ ને ધસડાવાનાં! સહુ સહુનું નસીબ! સરંગ તો આખરે તરવાનો છે પણ જોજે બીજાના શા હાલ થાયછ તે!'

'તું મારે શરણે છે એ વાત ખરી–પણ કાગળથી. કબજો છે બીજાનો એટલે મારૂં ચલણ નથી. જુદી પડયા પછી હું તને ન પાળું તો ગુન્હેગાર ખરો. પ્રેમપાશથી શિખામણથી રાણી તને વાહ્યાં કરેછ તેથી તું પણ લાચાર છે. તું કેહેછ કે "હું મારી તજવીજમાં રહીશ" હવે હું શું કરૂં? આ હું તને ઇશ્વરને સોંપુંછ–પછી તે તને તરાવી કાંઠે આણે કે ડુબાડી નીચે બેસાડે.!'

'લા. પ્રેમરડતાના આ છેલ્લા ઉભરાને તારાં હૈડાંમાં સમાવી રાખજે.'

ચંદ્ર 'આ શરદીમાં કયમ નથી, લુચ્ચી લુચ્ચાપાસ!'
'રાખે નહિ લુચ્ચો અરે, સ્નેહ ઊંફની આશ!' ૧
'આમજ શૂં મરિ જઇશું રે, બળ્યા હિણા એ બોલ;'
'એ દહાડો કયારે અરે, કહૂં ગાંઠ ઝટ ખોલ.' ૨
'નિશો કરી જમિ ઊઠિને, લખૂંછ આણી વ્હાલ;'
'અરે પ્રેમદા શૂં જુએ, બગડી જાયે તાલ.' ૩
'નથી ભરોસો કાલનો, કાં ના લુટવૂં સૂખ;'
'રડવાનૂં તો રોજનૂં, જ્ઞાનીને શૂં દૂખ.' ૪
'પ્યારી કરજે માફ તૂં, છઊં રંગમાં આજ;'
'હસજે રડવૂં મૂકિને, મૂકૂછૂં હૂં લાજ.' ૫
'લવવાદે પ્યારી મ્હને, જોવાદે તુજ નેન;'
'અરે કિરણથી ઠાર તૂં, છૂં હોલેદિલ એન.' ૬
'તે તે ગામનિ કેરિયો, ઘોળી રડતાં જેહ;'
'ચાખ્યો નહિ રસ તે સમે, ચખાડ વ્હેલી તેહ.' ૭
'બે બૂરજ વચમાંનિ તે, ખિંડ ચૂમવા દેય;'
'ગુફા ગુફાપરની ઘટા, એ શોભા કહાં છેય!' ૮
'તૂં ચૂમિશ આ ચિઠ્ઠિને, પણ હૂં કોને પ્યારિ?'
'બે લીટી પણ હોંસથી, લખિ મોકલજે સારિ.' ૯
'વર્ષાની મસ્તી ઘણી, કાં ન આપણી તેવિ;'
'જા જા શોક તું આ સમે, રોજ કરીશૂં તેવિ.' ૧૦
'અરે કટોરા કેમ દુર, અરે કટોરા કયાંહ?;'
'અરે સ્નેહ તે ગઇ કહાં, અરે હોઠ તે કયાંહ?.' ૧૧

'થાકયાં નહિ મસ્તી કરી, ભેટિ ન સૂતાં હાય!;'
'અરે હાય તૂં દૂર જા, હાસ હવે તો થાય!.' ૧૨
'જોઉં હૂં રતિક્ષેત્રનો, તૂં મારી અર્દ્ધાંગ;'
'ડરિયે શૂં કુંગરથકી, વજ્ર આપણાં આંગ.' ૧૩
'પ્યારી તૂંતો લુચ્ચિ છે, નથી તાહરૂં વ્હાલ;'
'મા કરતાં ઓછો છઊં, ખરૂં મર્મ તૂં આલ.' ૧૪
'બૈરિજાત તો બેવફા, વ્હેલી મોડી થાય;'
'પણ રે તૂં તેવી નથી, તૂં તો અંમૃત પાય.' ૧૫
'ચતુર ડાહિ પણ થંડિ તૂં, મૂર્ખ હું ઘેલો ઉષ્ણ;'
'તરે પ્રેમમાં બેહુએ, કરે સાહ્ય જો કૃષ્ણ.' ૧૬

'આપણે લખીનેજ વિલાસ કરીયેછ!'

એ વાંચીને કુમુદે બીજે દાહાડે પોતાની તસવીર ચંદ્રને મોકલી તેના ઉપકારમાં ચંદ્રે લખ્યું તે આ—

'ધન્ય ધન્ય પ્યારી તને, સાચો તારો પ્યાર;'
'ચિત્રરુપે તૂં આવિ રે, લાડ લડાવ્વા યાર.' ૧
'જોતાં મેં ચુંબન કરયૂં, ડાબી હૈડાં સાથ;'
'ધારિ ધારિને નીરખી, ધન્યજ પ્રેમી જાત!' ૨
'મોટો તેં ઉપકાર કિધ, થંડો પાડયો તેંહ;'
'પાડ વળાય ન મૂજથી, હ્વેણદાર થઈ રેહ.' ૩
'દેણદાર હૂં થઇ રહ્યો, એમાં માનૂં સૂખ;'
'નામૂકર નવ જાઉ રે, વાળિશ જોઈ રૂખ.' ૪
'ધન્ય વ્હાણું તે અજનૂં, દીઠૂં વ્હાલૂં મૂખ';
'ખુશી ખુશી હૂં થઇ ગયો, ગયો ભૂલિ સહુ દૂખ'; ૫
'પણ પછિ પાછૂં દુખ થયૂં, સુણિ તનથી હેરાન';
'વ્રેહ વ્હેમના તાવમાં, તનનો પીડે પ્રાણ!' ૬
'અરે મને તારી ફિકર, ઘણી રીતથી થાય';
'ધિક્ક ચંદ્ર હૂં વીર પણ, કરૂં કો ન ઉપાય'. ૭
'પણ પ્યારી લાચાર છઉ, ખાતર રાખૂં ખૂબ';
'પ્યારિ રિબાતી કયમ ખમૂં, મને કહ્યો તેં ચૂપ'. ૮

'બધી વાત વિસરૂં ખરે, ફિકર તાવથી થાય';
'પાસે હોયે પ્યારિ તો, પળેકમાં તે જાય.' ૯
'ગભરામણથી દુખ વધે, મા ગભરા પ્રિય નાર'!;
'પ્રિય મળવાની આશથી, તન દુખને નીવાર'. ૧૦
'કર ઓસડ ખંતે મિઠી, તૂ છાં મુજ જીવંન;'
'રાખ ખુશીમાં મંન તુજ, સાચિ પ્રીતને ધંન.' ૧૧
'છ સાત દીમાં હૂં જઇશ, હવે લખાશે એક';
'તે પણ ફરિ આવ્વા પછી, જો તુજ દાનત નેક.' ૧૨
'કામ ઘણૂં તેથી કરી, થશે માસ ત્હાં એક;'
'તૈયારી કરિ રાખજે, ધરજે પ્રીતી ટેક.' ૧૩
'રણમાં શૂં ગભરાવું રે, રણમાં ધીરજ હોય;'
'હોય યત્ન ઊમંગમાં, ઘણૂં કરી જસ રહોય.' ૧૪
'રણમાં મરવૂં ધન્ય છે, હાર થાય કે જીત;'
'પ્યારિ ચંદ્રની છે અમર, ધન્ય પ્રીતની રીત!' ૧૫

(ભુજંગી.)

કુમુદ "અહો પ્રાણપ્યારા જતો દેખિ તૂંને, ન જોવાય પૂરૂં બહૂ દુઃખ મૂને"
"ભુંડી ભાવડી મ્હારિ દેખિ તુને રે, જુવે સામું તારી અને મારિ તે રે." ૧
"વિના કારણે તોલ બેનૂં ઘટ્યૂં રે, પરંતૂં ખરૂં દુઃખ તે ના મટ્યૂં રે"
"હજી રાખવી ધીર બે માસ છે રે, ભુડાં દુઃખના દીન કેમે જસે રે." ૨
"છઊં નારિ જાતી બળે હીણુ હૂંતો, ન જીતાય પ્રીતી ખરો વીર તૂંતો"
"અરે છેલ પ્યારા કહૂં ધન્ય તૂંને, પ્રિતી માંડિવાળી કરે સૂખિ મૂને!" ૪

(દોહરા.)

"ઓ પ્યારા મુજ ભાવડી, તુજ સમ વ્હાલી હોત;"
"દુખી કરત નહિં તેહને, બેવચની થઇ જોત." ૧
"નુર બેવૂં નથિ માહરે, તે છે તારે જાણ;"
"હમણાં પતિજ ન હોય રે, આગળ થશે પ્રમાણ." ૨
"હવે દૂર હૂં ક્યમ રહૂં, થયો તું મ્હારો પ્રાણ;"
"તે જો જૂદો થાય તો, વળે શરિરનો ધાણ." ૩

"નથી ગૂણ મુજમાં કંઈ, નથી રૂપ ને રંગ";
"તેમ ચતુર પણ હું નથી, પ્યારા જાણ નિશંક"; ૪
"એ પ્રીતમ કયમ નીભશે, અંતલગી તુજ પ્યાર;"
"લખ તૂં ઝટલઇ મૂજને, સાચો તૂજ વિચાર". ૫
"પણ પ્યારા તૂં કહે મને, પૂછું આ વાર";
"કેમ કયારથી ઊપજ્યો, મુજપર તૂને પ્યાર?". ૬
"છ માસની છુટી મ્હને, આપીછે તેં પ્રાણ";
"તેની પ્હેલાં આપણે, કિલ્લો લેશૂં જાણ". ૭
"પ્યારો મારો પૂછવે, અતીઘણો ઊદાર";
"પણ કહેવામાં કૃપણ તે, દીસે વારંવાર". ૮
"અવલ પત્રમાં તેં લખ્યૂં, 'કહિશ લાંબિ મુજ વાત';"
"માટે પૂછૂં તૂજને, પ્રસંગ કો કોસાથ?". ૯
"એ પ્રીતમ કહેજે ખરૂં, ગણે મને જો ખાસ";
"વચનભંગ કોણે કર્યૂં, જેથી થયો ઉદાસ." ૧૦
"જેમ લખૂંછૂં તૂજને, ખરા ભાવથી જાણ;"
"તેમ લખે તૂં મૂજને, એમ ચાહું છૂં પ્રાણ!" ૧૧

"ઉત્તર ત્રંણે પત્રનો, આપૂછૂં હૂં હાલ";
"તેથી જાણિશ મા કદી, ઓછૂં મ્હારૂં વ્હાલ." ૧
"ઘણા તાવથી છે થઈ, મંદ પ્રકૃતી જેહ;"
"એ પ્રીતમ તુજ ઊંપ વિણ, ઉષ્ણ થાય કયમ તેહ." ૨
"હૂં તારી અર્ધાંગના, તૂં મુજ વ્હાલો નાથ";
"તો એમાં શો ભેદ રે, લાજ તજૂં તુજ સાથ". ૩
"એ પ્યારા તે ગામમાં, ગ્રહી કેરિ તેં હાથ";
"હેતે દંખ દિધો વળી, તે સાલે દિન રાત". ૪
"એ પ્યારા તૂં મૂજને, લુચ્ચી જાણે હાલ;"
'પણ પાછળથી દેખશે, કેવૂં મ્હારૂં વ્હાલ". ૫

"ચિત્ર* તાહરૂં દેખતાં, દુઃખ સરવ વિસરાય";
"રસિકચંદ તૂંને હવે, રાખિશ ચોળીમાંહ્ય.' ૧

---

* કુમુદે પોતાનું ચિત્ર મોકલ્યું ત્યારે પછી ચંદ્રે પોતાનું મોકલ્યું હતું.

"દુરથી પણ ના દેખતી, તે આવ્યો મુજ પાસ";
"ચુંબન કરિ ચાંપૂં હૃદે, પ્યારા પ્રીતમ હાસ!". ૨
"પ્યારા પાડ ન માન રે, તુજ મુજ એક સ્વરૂપ";
"પાડ માહરો તૂં લહે, એમાં મોટી ચૂક". ૩
"લ્હેણુદાર તુજ પ્યારની, થવા બહૂ આતૂર";
"જ્યમ જ્યમ આપિશ પ્રીય તૂં, ત્યમ ત્યમ વધશે નૂર." ૪
"ખંત રાખિ ઓસડ કરૂં, પણ આરામ ન થાય;"
"તૂજ દવા વણુ માહરો, તાવ કદી નવ જાય". ૫
"ફિકર ન કર તૂં માહરી, પ્રીય ચંદ્ર તજ શોક";
"મળિશ તૂજને તાહરે, જશે માહરો રોગ." ૬
"પાછો વળતો જોઇને, દુઃખ મને બહુ થાય";
"સ્થીર સ્થાયિ તૂં રેહ અહીં, તેહ દિવસ તે ક્યાંહ?" ૭
"ઝાઝે દિવસે પત્રનો, આપૂં આજ જવાબ";
"પ્યારા જાણી તાહરી, કરજે મૂને માફ". ૮

ચંદ્ર 'શૂં મ્હારે નુર ખોવું છે?, વાત એ તું કર બંધ';
'વ્હાલ લ્હાવું છે લ્હાંલગી, હૂં છઉ તુજ સુખકંદ'. ૧
'દુઃખીને દુઃખી મળી, ડાહિ ચાતુરી ખાણ';
'સાચાં સુખની આશથી, વ્હાલ ઊપજ્યૂં જાણ.' ૨
'નથી કૃપણ ઓ પ્યારિ હૂં, બહુ ભોળો પ્રિતમાંહિ';
'નથી રાખવૂં તૂંથકી, છાનૂં મારે કાંઇ.' ૩
'મારિ વાત લાંબી ઘણી, મોટો ગ્રંથ લખાય';
'મળ્યા પછી લખિ રાખજે, મુખથી જે કહેવાય'. ૪
'મને કોડ છે એટલૂં, લખ કવિતા મુજ સાથ';
'સરસ લખિશ નિશ્ચે કહૂં, રસભરિ તારી જાત.' ૫
'બિજૂં કોડ તો માહરે, જગમાં જાહિર કેહ;'
'વિવેકથી કે ચંદ્ર તો, મારો પ્રીતમ છેય.' ૬
'સંક્ષેપે સઘળૂં કહૂં, સાચે સાચૂં જાણ';
'મળ્યા પછી કહું વિગતથી, લેખ બતાવો માન.' ૭
'એક હોંસ છે હાલમાં, જાતાં પ્હેલાં જોઉં?;
'પ્રેમમસ્તિનો લેખ હૂં, કે બહુ હસતો સ્હોઉં'. ૮

(ગરબી.)

'પ્યારી વ્હેલી થા રે હવે, ઓ તરુણી મા તરસાવ';
'બહુ બહુ કસિ જોયેા તેં મને; વણ સ્હોડ ન રૂઝે ઘાવ'. પ્યારી૦ ૧
'કદિ બે મહિના કેડે મળ્યાં, મળતાંમાં ખોયેા પ્રાણ';
'અથવા આકૃત જો આવિ તેા, મનમાંની મનમાં જાણ'. પ્યારી૦ ૨
'કાલે લાગી બહૂ બ્હીક* રે, અરે પ્યારી કાંપ્યેા ખૂબ,'
'રસ એમાં પણ મેં લૂટિયેા; પા પૂરેા ઓ રસકૂપ'. પ્યારી૦ ૩
'કંઈ ગભરાઇશ મા પ્યારિ રે, તૂં ડાહી ચતુર સુજાણ,'
'તારા જેવી મેં વાંચિ છે; છોડિશ મા મૂને પ્રાણ.' પ્યારી૦ ૪
'રુકમણિયે છોડ્યેા નહી કૃષ્ણને, દમયંતીયે નળરાજ,'
'વેશ્યાયે પણ રે ના તજ્યેા; રે કાળિદાસ કવિરાજ.' પ્યારી૦ ૫
'ચારક દીમાં હૂ તેા જઇશ, આરંભ્યૂં કરજે પૂર્ણ;'
'તૂંને કહેવૂં નહી કઈ પડે; મને બાળિ કરિશ મા ચૂર્ણ.' પ્યારી૦ ૬
'શિખવિશ હૂં ક્યારે સ્હોડમાં, નાયક નાયીકા ભેદ,'
'ચંદ્ર તું હમણા કંઈ બેાલમાં; બહુ બેાલે થાયે ખેદ.' પ્યારી૦ ૭

"'પ્રીત રીત અદ્ભુ ચાતુરી, દેખતહી સરસાય;
બિન દેખે બિન મિલનસેાં, ઘટત ઘટત ઘટજાય.'" ૧

(દોહરા.)

'ચેારી ના કહેવાય એ, દેખે ત્યમ કરિ લૂટ;'
'સ્હોડ મૂકવી ના ગમે, થાય વિજોગે તૂટ.' ૧
'પ્યારી મુખડૂં નિરખતાં, પેટે હૂંનૂં થાય,'
'દૂર રેહતાં તાહરૂં, વ્હાલ ઊતરી જાય.' ૨
'છાતિ ભરાઈછે હવે, આંખ ઘણી મીચાય;'
'હાથ નથી રે ચાલતેા, દંખ થયા ત્રણ હાય.' ૩
'હવે ગમે તે કર મ્હને, મૂકીદે કે રાખ;'
'જાતાં પ્હેલ પ્યારિ ઓ, નહિ આપે કંઈ સાખ.'? ૪
'દુઃખ કરિશ મા હૂં ગયે, રેહજે રે હુશિયાર;'
'તૈયારી કરિ રાખજે, ઈશ પાડશે પાર.' ૫

---

*રાતે સ્હેજ મળવું થયું હતું તે–રાણીના જણ્યામાં હતું.

'કંઈ ગભરાઇશ મા. કામ પડે તો બોલાવજે. જોતીજ પ્રીત કરાવી કેવી સ્હેલ છે તે?'

કુમુદ "ઓ પ્યારા મેં તૂજને, સાંપ્યૂં સર્વ શરીર;"
"તોપણ પતિજ ન આવતી, કેમ ન રાખે ધીર." ૧
"વાંક નથી તુજ કહાડતી, હૂંજ છઉં લાચાર;"
"નથી હાલમાં આપણે, મળવાનો કો હાર." ૨
"સુખને માટે તૂજને, આપૂં દુઃખ અપાર;"
"ઓ પ્યારા કર માફ તે, ઓ જાણી ગૂન્હેગાર." ૩
"ત્રણ દંખ તેં મારિયા, શૂં ઓછી દુખિ હાય;"
"ઓ પ્યારા નિરખૂં તને, વાધે અમણી લ્હાય." ૪
"ટકટક જોવૂં દૂરથી, મુખથી ના બોલાય;"
"વિજ સર વાગે નેનનાં, એ તે કેમ ખમાય." ૫
"દુખને અંતે સૂખ છે, પ્યારા એમ વિચાર;"
"ઈશ કૃપાથી આપણે, આગળ પડશૂં પાર." ૬
"પણ હમણાં દુખ બહુ મને, ઓ પ્યારા તૂં જાય;"
"લાંબા દી વીજોગમાં, કેમ ગુજારિશ હાય." ૭
"ચિત્ર તાહરૂં જોઈને, વાળિશ મ્હારૂં મંન;"
"તોપણ દેજે મૂજને, પત્રથકી દરશંન." ૮
"પ્યારા રહેજે ખૂશિમાં, શોક તજીને પ્રાણ;"
"તૈયારી કરિ તૂજને, લખિશ પત્ર હૂં જાણ." ૯

(માલિની.)

"બહુ ખુશિથકિ બેસી, સાથ કયારે જમીશૂં,"
"ચુમિ લઇ લઈ કયારે, પ્રીતબાજી રમીશૂં;"
"નિરખિ વદન કોડે, કોટિ કયારે કરીશૂં,"
"રસ પિઇ કરિ જોડે, બેહુ કયારે ઠરીશૂં." ૧

એ વાંચી ચંદ્ર મ્હાલમાં ગયો ત્યાંથી કેટલેક દાહાડે તેણે કુમુદને કાગળ લખ્યો તે આ—(પણ ગેરવલ્લે પડયો તેથી કુમુદનાં વાંચવામાં આવ્યો નહીં.)

'આશિષ લઇને વાંચજો, લખૂંછ ઘેલૂં જેહ;'
'કહારે તેડિશ તૂં મ્હને, પ્યારી સાચૂં કેહ.' ૧
'તૂંથી રેહવાયછ કયમ, મોટો છે સંદેહ;'
'પ્યાર મરત જો તાહરો, તૂં કયમ ડાહી રેહ.' ૨
'શકને પુષ્ટી બહુ મળી, ઉડાવિ ઉત્તર દીધ;'
'નથી શું છાતી કેહવે' "હા હા પ્રીતમ કીધ."' ૩
'તૂં કયાં હૂં કયાં પ્યારિ ઓ,વિજોગ આડો આંક;'
'નરમાદા સહિ આપણે, બન્યાંછ બકરાં રાંક.' ૪
'જાતી વેળા નેનથી, તાકયૂં તેં જે તીર;'
'સાલે છે તે રે હજી, તલપૂછૂં વણુ નીર.' ૫
'લખવાથી મૂઝેશ મા, મને ઘણી તુજ દાઝ;'
'સમે ન ઉભરો માહરો, માટે બોલૂં આજ.' ૬
'એપણ દહાડા વહિ જશે,લખાય નહિ કંઈ નીત;'
'જિલાય ઉભરો જ્હાં નહીં, તહાં ટકે શી પ્રીત?' ૭
'અવકાશે લખજો મ્હને, વાંચી ચૂમિ લેઉં;'
'પ્યારી ડાહી છે કહી, સંતોષે હૂં રહેઉં.' ૮
'સંક્ષેપે બહુ સમજજો, તૂં છે ચતુર સુજાણ;'
'પા અંમૃત કે ઝેર મેં, પરવશ કીધો પ્રાણ.' ૯
'શરીર સાચવજો કહૂં, નહિંતો પાછો શોક;'
'કલેશ કરિશ જો કામિની, રહેશે નહિ પ્રિતનોક.' ૧૦
'સમજાવ્યાં સમજ્યાં નહીં,નથી આપણો વાંક;'
'હવે શું કરિયે આપણે, જોઈ મ્હોડાં રાંક.' ૧૧
'તૂં છે ડાહી પુખ્ત બહુ, સુઝતૂં કરજો તૂજ;'
'કામ પડે બોલાવિને, થઇ રહેજો મિઠિ મૂજ.' ૧૨

બિજો કાગળ લખ્યો તે આ—

'કેમ છે એટલા બધા મોધા છો? વિસરી ગયા કે શું? સદ્દીસા કહી દેજો. તમે દુખમાં છો તે જાણિયેછ પણ ખુબ સમજો હુમે પણ દુખમાંજ છૈયે. વારૂ,શરીર તો સારૂં છે? શા તડાકા ચાલેછ? કકડો કાગળ પણ નહીં?-હોય! જેમ ઇચ્છા. હું છઉં અહીં પણ જીવ છે તમારામાં-હોં કે?'

(દુહા.)

'ગેલ કરંતાં ફેલથી, છેલ વેઠતો જેલ;'
'સ્હેલ તરવું નહિ રેલમાં, છેલ! મ્હેલમાં મ્હેલ.' ૧

એનો જવાબ, ત્રિજો કાગળ લખ્યા પછી ચંદ્રનાં વાંચવામાં આવ્યો હતો પણ તે અહીંજ દાખલ કર્યો છે.

"હરેક વસ્તુ સોંધી અથવા મોંધી કરવી એ તેના માલીકના હાથમાં છે. વારૂ! આટલે દાહાડે પણ સંભારી પત્રદ્વારે દરશન આપ્યું તેથી ઉપકાર માનીયેછ. 'હું છઉં અહીં પણ જીવ છે તમારામાં' માટેજ 'સદ્દીસા' કેહેવડાવવાની ઇચ્છા થઈ હશે! પણ ખાતરી રાખવી કે મને મારીજ ફીકર છે–તું ગભરાઇશ મા. હાલમાં બધું છે તેમનું તેમજ ચાલે છે."

(પદ.)

"આવ વ્હેલો તું આણી દાઝરે, રસીયા પ્રાણ પ્યારા;"
"મૂકી મેંતો તું કારણ લાજરે, જીવડા એ મ્હારા." ટેક.
"મંદ હસંતૂં મૂખડૂંરે, કયારે નિહાળિશ હાય;"
"જળવિણ મીન હું ટળવળૂંરે, જીવ આ કુળવ્યાકુળ થાયરે." ૧
"શદ્દ નિશા સોહામણીરે, ચાંદરણૂં ચોપાસ;"
"ગંગા આકાશે શોભી રહેરે, દેખી કેમ ન થાઉં ઊદાસરે." ૨
"તાપથકી બળું પોયણીરે, ચંદ્ર મારા વળ વ્હેલ;"
"અધર સુધારસ પાઇકરી, મને પાડ ટહાડી પ્રિય છેલરે." ૩
"દૂર રહે દુખડૂં વધેરે, પાસેથી સુખડૂં થાય;"
"પ્રીતીતણૂં દુખ અતીઘણૂંરે, મેંતો અનુભવે જાણ્યૂં હાયરે." ૪

(દોહરા.)

ચંદ્ર 'છેલ્લો છેલ્લો જાણજે, હવે લખૂં નવ પ્રાણ;'
'ધાયલ ધૂમ થઈ રહ્યો, કારિ પ્રીતનાં બાણ.' ૧
'મેંતો પણ લીધૂં હતૂં, કરૂં ન કોસ્યું પ્રીત;'
'જે રીબાઉંછૂં હવે, ભલી તાહરી રીત.!' ૨

'પ્રેમ શુદ્ધ નહિં શ્હેરમાં, ગામોમાં તે હોય;'
'ગોકુળ તો સાચૂં અને, મથુરાં જૂઠૂં રોય.' ૩
'બાર વરસ તો એકસૂં, થયાં પ્રેમમાં જાણ;'
'માસ પાંચમાં આપણા, પ્રેમતણી છે હાણ.' ૪
'સાચાં પ્રેમી આપણે, સાચ આપણો પ્રેમ'(?)
'ખૂબ આપણી રહેમ ને, ખૂબ આપણો નેમ'(?) ૫
'ભણ્યાંગણ્યાંની ચાતુરી, ટકે ન સ્વારથ જેહ;'
'સહજ ચાતુરી મૂર્ખની, ટકે પરગજૂ તેહ.' ૬
'પૂરા પંદર રે થયા, નથી જાણતો કાંઇ;'
'ઠીક ઠીક સહુ ઠીક છે, તૂં ત્હાં ને હૂં અહાંઈ.' ૭
'તેંજ મને કહ્યું રે હતૂં, "હૂંતો પત્ર લખીશ;"'
'કામ છતે મેં ત્રણ લખ્યા, તેંતો નહિ હરગીસ.' ૮
'નક્કી હોયે તાહરૂં, હૂં રહું તારી પાસ;'
'નહિ તો કરું પછિ સૂઝતૂં, શેની તૂં મુજ આશ.' ૯
'ઘણૂં નહીં રોઉં હવે, કામે વળગી જૈશ?;
'તૂં તારૂં પછિ ફોડિ લે, હૂં મારૂં રે લૈશ.' ૧૦
'હવે લખિશ નહિ મૂજને, હવે ન અહિં હૂં હોઉં;'
'આવીને નક્કી કરૂં, હસૂં ધ્યા કે રોઉં.' ૧૧
'હવે લખૂં નહિ હૂં તને, એપણ નિશ્ચે થાય;'
'લખ્યૂં મળ્યા પછિ જોઇને, સાચી જૂઠી ચ્હાય.' ૧૨
'નથી વાંક તારો કંઈ, નથીજ મારો વાંક;'
'બૈરિ માત્ર છે બેવફા, તોબા આડો આંક.' ૧૩
'કુદરતિ જારે એ ઠરે, જ્ઞાનિ કરે શૂં શોક;'
'મને હાસ્ય બહુ આવશે, તૂંતો મૂકિશ પોક.' ૧૪
'પ્રભૂ તુને સૂખી કરે, એજ ખરો આશીષ;'
'ધન્ય ધન્ય પ્યારી તને, પ્યારાને નથિ રીસ.' ૧૫

એ કાગળ પણ ગેરવલ્લે પડયો.

ચંદ્ર, રાજધાનીમાં આવીને જુએછ તો કુમુદના ઉપર ઘણી સખતી ને ઘણી તાકીદ. પણ પછી તેણે તજવીજથી કાગળ મોકલાવ્યો તે આ—

'તેઓ તને વીહીલી નથી મુકવાનાં–વાયદા કરીને વાહ્યાં કરેછ ને કરશે. ઢુંકામાં કાંતો મને છોડ કે તેમને છોડ. એક પગ દુધમાં ને એક પગ દહીમાં કાંહાંસુધી રાખવોછ? સાફ કહી દે કે ત્રણ દાહાડાની અંદર મારો ખુલાસો નહીં કરો તો હું મારે ગમે તે કરીશ. પ્યારી આપણો વાંક નથી. આપણે ઈશ્વરના ચોર નથી. હું તારી ફિકરમાં ધણો કાળ મિથ્યા ગુમાવું છઉં ને શરીર બગાડું છઉં. તેઓનો જવાબ લઈ મને લખ કે પ્યારા મારાથી તમને કોઇ દાહાડો મળાવાનું નથી–પેલી દુનિયામાં મળીશું અથવા લખ કે પ્યારા તહારે ગમે તહાં તેડી જા. તેઓ હવે તારો અંત આણવાની તજવીજ કરશે. માટે કાંતો આમ કે કાંતો આમ. મારો જીવ દુખાશે તેની તારે કાળજી રાખવી નહીં. પણ હવે તું વિકરીને કામ કર. જવાબ જલદીથી લખ— હું ખોટી થાઉંછ'

(મંદાક્રાંત.)

કુમુદ "જેવા હૂતી, પ્રિતમ મુખડૂં,કેવિ આતૂર હૂં રે,"
"એવે આવ્યો,પ્રિય ઝટ લઈ,એ ખુશી શૂં કહૂ રે;"
"સાચી પ્રીતી' ઉલટથકિ તેં, દાખવી મૂજસંગે,"
"પ્યારા તૂને,ધન ધન કહૂં,આજ મોટે ઉમંગે." ૧

(દોહરા.)

"શૂં હૂં છોડૂં તૂજને, મને છોડિ તૂં જાય;"
"ઓ પ્યારા તૂં શૂં લખે, દુઃખ મ્હને બહુ થાય." ૧
"આ દુનિયામાં આપણે, સાચ છતે ન મળાય;"
"તો તેમાં કયમ રાખું રે, આશ મળ્યાની હાય!" ૨
"હોય ખાતરી માહરી, નક્કિ મળીંશૂં ત્યાંહ;"
"તો છોડૂંછૂં હાલમાં, વ્હેલો વળજે હાય." ૩
"બાકી ના છોડાય રે, જો કદિ જાયે જાન;"
"વચન આપિને કેમ તૂં, ધરે આટલૂં માન." ૪
"વિપરિત સાહસ કામમાં, સ્ત્રી જાતી નિંદાય;"
"તેમ ન ઈછૂં પણ છઉં, પ્રેમઘેલડી હાય." ૫

"કઠણ છાતિ રાણીતણી, કહ્યું સુણે નહિ મૂજ;"
(હવે) "નથિ ડરતી હું કોઇથી, કરજે ધારયું તૂજ." ૬
"સાચ ભાવથી પૂજુછું, રાખી તુજ વિસ્વાસ;"
"ફિટફિટ બહુ બહુ થાય તે, ગણું ન ઓ મુજ આશ." ૭

એ વાંચી ચંદ્રને જોસ્સો થઇ આવ્યો કે એ બચારીનો કાલનોકાલ નિકાલ કરવો. પ્રથમ તે મળ્યો પદ્મસેનને. એણે કહ્યું કે તમે બંને અપરાધી નથી ને હુંતો એમજ ઈછું છું કે તું મારો દીલોજાન પ્રીતીનાં દુખથી દબાયોછ તે પાછો ક્યારે ઉંચો આવે ને મારી બેહનને આટલી ભણેલી, ચતુર, ને વિવેકી-સર્વ રીતે લાયક જોઈને હું ખુરા છઉં ને વધારે ક્યારે થઇશ કે જ્યારે પરણીને રેહેશો તારે. હજી રાજાએ વાત જાણી નથી. રાણીએ પણ તેને કરી નથી કેમકે તે તાતા સ્વભાવનો છે તે ગમે તે કરી મુકે. પણ રાણીની હઠ ઘણી છે ને મારાથી પણ ઘણું બોલાતું નથી. ચંદ્રે કહ્યું કે હવે તું પણ તારી બેહનની પડે માથું ફેરવ ને એનો નિકાળ કરી આપ. જુદી રાખ્યા પછી બિજો વિચાર કરશું. એ ઉપરથી પદ્મસેને માને સમજાવી કે જુદું મકાન આપવામાં અડચણ નથી ને વચમાં હું છઉં એટલે કોઈ વાતની આંચ નહીં આવે—પછી મા હારી ગઇ-કે દીકરો પણ આમ બોલેછ ને પછી થોડીવાર વિચાર કરીને બોલી કે જાઓ નજરમાં આવે તે કરો. પછી પદ્મસેને રાજાને સમજાવી કુમુદને મોહોલથી થોડેક દુર અલાહિદું મકાન કાહાડી આપ્યું ત્યાંહાં કુમુદ અને બે દાસીયોને થોડાક સિપાઈ જઈ રહ્યા. એ વાત બન્યા પછી ચંદ્રે લખ્યું તે આ રીતે-

'આટલે મહિને આટલે લગી વાત આવી છે. ધન્ય છે તને! તારૂં (મારી પ્યારીનું) વિવેક પૂર્વક સાહસ જોઇને મારી છાતી ઉંચી આવીને તસતસ થઇ રહી છે.-રખેને તારી છાતી મારી પાસ આવી હોય! જો જો, તારી, તારી પાસ છે ખરી?!'

'મારે મ્હાલમાં જવું છે માટે લખેતો હું આવી જાઉં.' એનો જવાબ આવતાં વાર લાગી એટલે બીજો લખ્યો તે આ-

(૫૬.)

'ઘેલો તેં કાં કરિ મ્હેલ્યો રે–લુચ્ચિ ઓ પ્યારી' ટેક.
'ઘેલો તેં કાં કરિ મ્હેલ્યો, લલચાવી આધો ઠેલ્યો'
'રહે દેવાનો રંગ ખેલ્યો રે—લુચ્ચિ ઓ પ્યારી' ૧
'રહે દઇ દઇ મ્હાતજ કરશે, કારજ મ્હોટું શું સરશે'
'સહુના જેવું તે ઠરશે રે—લુચ્ચિ ઓ પ્યારી' ૨
'કરશે સહુનાથી જૂદું, પ્રીતીપણુ ધરશે રૂડું'
'તો તો જસ જો નવ બૂડું રે—લુચ્ચિ ઓ પ્યારી' ૩
'કહાં છે તે મ્હારી પ્યારી, પકડું નાસીકા સારી'
'રૂઝવવા ઘાને કારી રે—લુચ્ચિ ઓ પ્યારી' ૪

કુમુદ "પ્યારા બધી વાત પછી કરીશું; પણ હાલ બની શકે તો એક વખત મળવાની ઇચ્છા રાખું છઊં; આહા તે ઘડી ક્યારે આવશે."

"પ્રીતમ આવો ઝટ લઇ, હવે ધિરજ રહે નાજ;"
"અધર સુધારસ પાઇ પી,કરો સિદ્ધ પ્રિત આજ" ૧

પછી તે બે મળ્યાં ને પરસપર ધન્ય ધન્ય કહ્યાં.

પંદરેક દહાડા વીત્યા પછી ચંદ્રે સભામાં એક દિવસ મ્હાલની વાતો કરતાં લાગ જોઇને વિધવાનાં દુખની વાતો કરી–તે પદ્મસેને ઉપાડી લીધી–ને પછી નિત્યના પ્રસંગથી સભાના સર્વે જણાએ એ વાતથી રાજાની ખાતરી કરી અને પછી બાળવિધવાનાં પુનર્વિવાહ કરાવવા વિષે રાજ સભામાંથી આખા નગરમાં ને પછી બધા મ્હાલોમાં વાત ફેલાઈ ને પછી કેટલેક મહિને પદ્મસેને પોતાના પિતાને સમજાવી સમજાવીને કુમુદને અને ચંદ્રને મોટી ધામધુમથી પરણાવ્યાં ને એ દાખલો જોઇને સર્વ ઠેકાણે બાળવિધવાઓનાં પુનર્લગ્ન થવા માંડ્યાં.

સુરત.*

(રોલાવૃત્ત.)

આ તે શા તુજ હાલ, 'સુરત સૂનાની મૂરત;'[૧]
થયા પુરા બેહાલ, સુરત તુજ રડતી સૂરત!
રે હસી હસીને રડી, ચ્હડી ચ્હડિ પડી તું બાંકી;
દિપી કુંદનમાં જડી, પડી રે કથિરે ઝાંખી.
કંચનમણિનો દેવ,[૨] જેમ વેચાયો કડકે;
સકુમારો તુજ દેહ, તેમ વ્હેંચાયો ભડકે.
ઊર[૩] ઉપર બે ખુરજ, શોભતા ઉડતા રંગે;
ઢળી પડયા નહિં નુર જ, ક્ષોભ પામે છે ઢંગે.
નેનતણા ચળકાટ, પડયાં પૂલાં કહાં[૪] આજે!
ભર્યા ગાલના ઠાઠ, પડયા કૂવા કહાં લાજે!

---

* સુરતની હકીકત ગદ્યમાં લખી રહ્યા પછી સુરતની દશા ઉપર કવિતા કરવાનો મારો વિચાર હતો પણ એક દાહાડો એવું બન્યું કે હું લખતો હતો ને મારી પ્રિયા એકાએક મારી પાસે આવી દયામણે મ્હોડે કેહેવા લાગી કે 'તમારો પ્યાર આજકાલ મારાપરથી છેક ઉતરી ગયોછ.' મેં કહ્યું કે 'એવા એવા ગાંડા વિચારથીજ તારી સુરત ફીકી પડી ગઈછે.'–એ કહેતામાંજ મને સુરત (શેહેર) ઉપર લખવાનો જેસ્સો થયો ને પેહેલી ચાર લીટી સ્હેજ નિકળી પડી–તા૦ ૧૨મી નવેમબર સને ૧૮૬૫. પછી બે દાહાડામાં એ કવિતા પુરી કરીને તા૦ ૧૪મી નવેમબરે જરે મેં એંદ્રુલ લાઈબ્રેરીમાં કવિતા–અલંકાર–રસ ઉપર ભાષણ કર્યું તેને અંતે તે વાંચી હતી.

એમાં શેહેરની સ્ત્રી કલ્પી છે. એ વર્ણન શેહેરની જગાને અને શેહેરના લોકને બંનેને લાગુ પડે છે.

૧ એ લોકોમાં બોલાતું વાકય છે.

૨ છેલા બાજીરાવને વિષે એવી એક વાત ચાલે છે કે 'તેનો એક નંગ જડિત સુનાનો ગણપતી હતો; તે ગણપતી અંગ્રેજને હાથ આવેથી તેને જરે વેચવા કહાડયો તારે કોઇ એક જણથી તેનું મૂલ અપાઈ શકાયું નોતું પણ પછી તેના કકડા કકડા કરી એ કકડાઓને જુદા જુદા ગૃહસ્થોને વેચાતા આપ્યા હતા.' તેમ આ સુરત તારો દેહ ભડકે (આફતે–આફતથી લાગેલી લ્હાએ) ઠેકાણે ઠેકાણે વેહેંચાઈ ગયો–કોઈ કહીં ને કોઈ કહીં જઇ વસ્યું.

૩ કિલ્લો (શેહેરની છાતી) એને બે મોટા બુરજ છે જે ઉપર અગાઉ મોગલનો ને અંગ્રેજનો એમ બે વાવટા ચ્હડતા. ઉડતા રંગ એટલે વાવટા (અથવા કાંચળીનો) રંગ એવો કે જાણે ઉડી ઉડીને આંખે આવતો હોયની. ક્ષોભ એટલે દલગીરી અને શરમથી નીચું જોવું તે.

૪ કહાં તે ચળકાટ ને કહાં આજ ફૂલાં એ પ્રમાણે.

હસ્યા હોઠ જે લાલ, ધુજે તે ફીકા કાળા;
દાંત તણાતા હાલ, સુઝે મરવાના ચાળા.
રુડું અણિયાળું નાક[૫], બેહું ચાઠાંથી ભાસે;
ગયું હાય રે નાક[૬], નીચું મ્હોડું નીરાસે.
તેજસ્વી મુખ જેહ, સુરતનું સૂરજ જેવું;
ડરામણું ફિક્કું તેહ, સુરત તુજ ધૂવડ તેવું.
ગોરું કારમું રૂપ, ખમાં[૭] પૂનેમે જેવું;
થયું વેઠતાં ધૂપ[૮], અમાવાસ્યાયે[૯] તેવું.
તનપર સુરખી[૧૦] લાલ, ઉડી રહેતી ચ્હડતીમાં;
ધૂળ ઉડે છે હાલ, ભુંડી દુખદા[૧૧] પડતીમાં—૨૦

ચકચકતું તુજ રૂપ, સોળશેં[૧૨] સત્તરશેંમાં;
કિલ્લા લાતી કોટ, મચેલા રંગો જેમાં.
રંગ રંગ નીશાણ, યુરપ વેપારી ધામે;
બંદર પુરજ્નમાંહિ, ધામધૂમો બહુ જામે.
જ્નત જાતના જંન, જૂજવા રંગો માથે;
ભાત ભાતના વેશ, રસાળામાં મુખિ સાથે.
દેશ દેશનો માલ, વળી અહિંનાં[૧૪] બંદરનો;
રહે આવે ને જાય, બ્હાર[૧૫] લક્ષ્મી મંદિરનો.
બંદરમાં જુથ વ્હાણ, જેહને જોતાં રાચો;
દોલતની તે ખાણ, મણીપારસ[૧૬] તે સાચો.

---

૫ નાક એ ચેહેરાંની ખુબસુરતીનું એક કારણ છે. આજકાલ લોકના નાક છે તો સારાં પણ નુર વગર જાણે ચાઠાંથી બેઠાં હોયની તેવાં દુરથી દેખાય છે.
૬ ટેક; પણ; આબરૂ. નવાબે રાજ ગુમાવ્યાં, વેપારીઓએ દેવાળાં કાઢયાં, ને લોકે ભુખહુમાં ને લુચ્ચામાં ખપવા માંડયું.
૭ પુનેમે આકાશમાં જેવું ચાંદરણું હોય છે તેના સરખું ગોરું.
૮ આફત, તડકા, દુખ.
૯ અમાસે આકાશમાં અંધારૂ હોય છે તે અંધારા સરખું કાળું.
૧૦ ગુલાલ ઉડી રહ્યું હેય તેવું અથવા શિયાળાના તડકા જેવું નુર હતું.
૧૧ દુખ દેનારી (આંખમાં કાંકરી ભરાય.) ૧૨ (એ ઈસવી સન જાણવા)
૧૦ જુદી જુદી કોઠી ઉપર જુદા જુદા રંગના વાવટાઓ ઉડતા.
૧૪ આ દેશ—હિંદુસ્તાનનાં બંદરનો.
૧૫ શોભા લક્ષ્મી મંદિરની હોય તેવી શોભા સુરતની.
૧૬ વેપાર છે તેજ સાચો પારસમણિ છે.

ધંધાધારી લોક, વળી કારીગર ઝાઝા;
ઊંચ નીચ સહુ કોય, થયેલા ધનથી તાજા.
નવાબ બક્ષી મીર, વળી બીજા સરદારો;
સોદાગર ને શેઠ, જાતરે[૧૭] જતાં હજારો.
વખાર ને દૂકાન, મ્હેલ હવેલી ને ઘર;
વાડિ વજીફા બાગ, ઝગ્ગઝગ કરી રહ્યો **જર.**
હાથ્થી ઘોડા ઊંટ, પાલખી રથનાં વાહન;
દોડા દોડી ખૂબ, તકતકે તન મન ને ધન.
સુરત તું લંકાંરૂપ, સુનું ઊછળતું સંઘે;
રાય રંક સહુ ભાઈ, સંપમાં રહેતા બંધે.
તેહવારોના ઠાઠ, જુદા જૂદા લોકોમાં;
શોભાનો નહિ પાર, વસ્તુઓના થોકોમાં.
જુદાં જુદાં સહુ સેન, જુદાં જૂદાં રાજ્યોનાં;
જુદાં જુદાં હથિયાર, વખાણું કોનાં કોનાં?
અસવારી સોહાય, પુલો સૂતાં રૂપાનાં;
વેરાતાં લૂટાય, ગવાયે જસ હાકમના.
બંદર કેરો બ્હાર, અહા તાપી તટ કેવું?
વ્હાણોનો શો ઠાઠ, જોઈને ખુશ થઇ રહેવું!
દુરથી જોવાં તેહ, રૂડાં તડકે ચાંદરણે;
વળિ કાંઠાનાં ઝાડ, નવાઈ પાયે નયણે[૧૮].
મછવે કરવી સ્હેલ, રૂડી દોસ્તો સંગાતે;
તારા[૧૯] પાણીમાંહ્ય, જોઇ કહેવૂ શું આ તે!
કિલ્લા ડક્કા સ્હોય, વળી ઓવારા કેવા!
ખરે બપોરે તોય, ઘાટ નહિ જેવાતેવા—૫૪

સુરત તારિ શી સુરત, જનો ક્યાંના લલચાવ્યા!
ફિરંગિ ને **અંગ્રેજ, વલંદા ફ્રાંસિસ** આવ્યા.

---

૧૭ વિશેષે કરીને મક્કે હજ કરવા જતા મુસલમાનો.

૧૮ આંખની મારફતે નવાઈનો રસ પાએછ—આંખ વિસ્મે પામી ટકટક જોયાં કરેછ.

૧૯ આકાશના તારા જે નીચે સ્થિર પાણીમાં દેખાઈ શોભા આપેછે તે.

મત્સર જાગે તેહ, ભુડું એકકનું ધારે;
થયો પ્રથમ તો લાભ, તાહરાં જનને ભારે-
ધૂસ્યા જ્યમ અંગ્રેજ, વલંદા ત્યમ બહુ બ્હેકયા;
પછિ વંઠ્યૂં બહુ કામ, સંપને આધે ફેંકયા.
ખટપટનો લઇ લાભ, **શિવાજીયે** ભડ ભાળી;
ચોંસટ ને સિત્તેર, સોળનામાં કરિ ખાલી.
પછિ પાછી તૈયાર, થઈને ચ્હડી ચ્હડી બહુ;
માત્ર સેંકડો એક, પછી પાછી પડતી કહું.
ઉપરા ઉપરી માર, સૂલતાની અસમાની;
પડવા માંડયો ખૂબ, નિશાણી છે બહુ ધાની.
નવાબ બેદરકાર, કારભારી જાલમ સહુ;
ટોપીની ખટપટ્ટ, લોક ને લશ્કરમાં બહુ.
સત્તર સત્તાવીસ, સનેમાં રેલ જણાઈ;
બીજી મોટી તેહ, જાણ છોત્તેરે ભાઈ.
એનિ સાથ વટોળ, દશા બેઠી બહુ રાસી,
દૈવ કોપનૂં ચિહ્ન, સુરત તૂં થઈ નિરાસી.
સુડતાળો રે કાળ, સને સત્તર એકાણૂં;
સત્તાણૂંમાં રેલ, બળ્યૂં મારૂ આ ગાણૂં.
સાડો બીજો કાળ, ચારમાં સને અઢારે;
બારે મોટી આગ, એકવીસે પણ ભારે.
બાવિસમાં વળિ રેલ, આગ મોટી સડતીસે;
એજ વરસમાં રેલ, ખરાબી થઈ અતીસે.
દસેક બીજી આગ, ઉપરનીથી જો ન્હાની;
તોપણ બહુ નુકસાન, વાત જાએ નહિ માની.
સન પાંસઠમાં પ્રેમ, ખૂબ ફાટયો શેરોમાં;
માયાવાળો ચંદ, પ્રકાસ્યો બહુ સ્ટેરોમાં.
હાય હાય ઓ સુરત, શેરશેરે[૨૦] ચુસિલીધી;
હવે શુ ઊદિશ હાય, સુવાડી કરમે દીધી—૮૪

---

૨૦ વાધ; ચિત્તો.

પડયાં ન ઊઠયાં ભાઇ, રાજ મોટાં મોટાંઓ;
આસિરિયા ને **મિસર,ગ્રીસ** ને **રોમ** ગયાં ઓ!
કહાં **હસ્તીનાપૂર,** અરે કહું **દિલ્હી** કહાં છે?;
સિદ્ધપોર પાટણ, અરે તે **પૂણા** કહાં છે?
હતા **ફિરંગી** અહીં, **ફરાંસિસ** અને **વલંદા;**
તારા ખરતા તેમ, ગયા આજે કહાં સંધા?
સિદ્દી[૨૧] તરસ્યો એક, **પેશ્વા** તરસ્યો બીજો;
તરસ્યો **ગાયકવાડ,** મનોરથ કોનો સીઝયો?
નથી કોઇનું ચલણ, વલણ બહુ જનો કરે રે;
સમયે ચ્હડતું કોઇ, સમયથી ઢળી પડે રે.
હતી જેવિ ઓ **સુરત,** તેવિ શું ફરી થવાની?
નથી લાગતું હાય, હવે તું મરીજવાની.—૯૬

(પણ) શ્વાસલગી છે આશ, આશથી હામ ભિડાએ;
એથી ઉદ્યમખંત, મળે સંધી ફળ થાએ.
જોકે થોડાં તોય, પડયાં પાછાં ઊઠયાં છે;
પુનરજિવન અંમૃત ધીર ને ઉદ્યમમાં છે.
કુમળી કાયા નાર, રાંક હૈડાંની જાણું;
ધનમદનો કંઇ તોર, હસે વળિ સ્હેજ પ્રમાણું.
ખૂબ કરી ઓ **સુરત,** નાર થઈ જખમો લીધાં;
ખૂશ મિજાજે તેંહ, દુઃખ વીસારી દીધાં.
અહા **સુરતને** ધંન, હજી ધીરી સંતોષી,
દુખમાં પણ મીઠાસ, જ્ઞાનિ જાણે નિર્દોષી.
વાંક નથી કંઇ તૂજ, વાંક તો દશાતણો રે;
અસમાની આફત, તેથિ આ રોળ બન્યો રે.
મુંબઇથી અંજાઇ, લોક તો વસ્યા જઈ તહિં;
અસ્ત થયો તુજ સુરજ, રાતતો પડીગઈ અહિં.

---

૨૧ રાજપોર (જંજીરા) નો જેણે થોડાં વરસ સુરતની કિલ્લેદારી ભોગવી હતી તે.

તાપી દક્ષિણ તટ, **સુરત** મુજ ધાયલ ભૂમી;
મને ઘણું અભિમાન, ભાંય તારી મેં ચૂમી.[૨૨]
સંતતિયે કંઈ શૂર, જુદ્ધમાં નથી જણાવ્યું;
પણ વેપારે પૂર, ઇલમમાં ખૂબ બતાવ્યું.
ગોપી[૨૩] કેરો વખત, ખરી છુટનો સુખિ જાણું;
મુગલ વખત વેપાર, આજ બંનેનું સાણું.
આઠ લાખ[૨૪] જે વખત, સર્વને રોજ દિવાળી;
પુણા લાખમાં હાલ, હોળિ સળગેછે ભારી. ૧૧૮

અરે **સુરત** એ તૂજ, છઉં સાચો હું બંદો;
ઇલમ જંગ સીપાઈ, ગણાઊંછું નવિસંધો.
બહુ મોટું ગુજરાત, શ્હેર ઝાઝાં વિખ્યાતાં;
સુરત તૂજ સંતાન, જન્મબુદ્ધીમાં ભાતાં.
બુદ્ધિ સુધડતામાંહિ, વધુ તે પ્રેમ સમજવે;
શુરપણાંનું ચિન્હ, સમયવણ કયમ રે જણવે.?
કઠણ[૨૫] **અમદાવાદ**, બડાઈ કર તૂં તારી;
નાણાંનો છે તોર, લિધાં નથિ જખમો[૨૬] કારી.
સુરત જેવું નહિ હતું, નથી તૂં આજે તેવું;
નથી ગર્વનો બોલ, હોય તેવું સત કહેવું.
નાંણાંથી જે નૂર, નથી તે આજ **સુરત**નું;
ચકચકતું ભરપૂર, હજૂએ છે કુદરતનું.
શરિર ઘસાયું તોય, તેટલું મંન નથી રે;
પડી પડી પણ હજી, દિપે તન મંનથકી રે.
પેટ પેઠમાં નીત, પછી દીપી કયમ આવે;
તોપણ છે સાબાશ, બિજાંથી ચ્હડતી થાયે.

---

૨૨ (બચપણમાં છોકરાં ભાંય ચાટેછ, પોપડા ખાયછ)
૨૩ સુરત શેહેર વસાવ્યાનું માન એને છે—(સુરતની હકીકત જોવી).
૨૪ (વસ્તી.) ૨૫ શરીર કઠણ (એતો સારી વાત છે). બુદ્ધિ કઠણ (સ્વાભાવિક તીક્ષ્ણ બુદ્ધિ નહિ), જીવ કઠણ (પૈસો ખરચવે કંજુસ. વળી દયાળુ નહીં. જનાવરપર દયા, માણસપર નહીં.)
૨૬ જેટલાં જખમો સુરતે લિધાં છે તેટલાં અમદાવાદ લે ને પછી સુરતની સાથે સરસાઈ કરી ચ્હડે તારે તે વાત ખરી.

અમદાવાદી જંન, ટેક ને માન ન જાણે;
સારા બહુ કહેવાય, કેમટ્ટે ગબ્બર નાણે.
ઉઘમિ ખંતી રોજ, સ્વાર્થને સાધે વ્હેલા;
બ્હાર વિવેકી તોય, માંહ્ય મિંઢા ને મેલા.
હજિ પણ ત્હાંના શેઠ, ગામના જેવા રહેાંચા;
રહેાંચા પેાચા[૨૭] હેાય, શેઠ હૈયે નહિ પેાચા.
જાણે નહિ રસ રંગ, એક દેશી તે હેાયે;
કરે એકડૂં તોય, ભેાગવીધી ના જોયે. ૧૪૨

સુરત તારિ લાલાઇ, દુઃખમાં સૂખ કરે છે;
પણ તે છે ચરચાઇ, ગરિબ તેા એમ[૨૮] મરેછે.
મૂકિદે લાલાઇ, છાજતી નથીજ હમણાં;
છાજે ધનથી તેહ, થયાંછે તેનાં સમણાં.
મૂકિદે સહુ દેાષ, [૨૯]ભૂખડૂને જે વળગે;
સુરતીગત કહેવાય, એથિ મારેા જિવ સળગે.
મારીને લપડાક, ગાલ તૂં રાખે રાતા;
એમાં શેા રે માલ, ઉઘમે કરિ દે માતા.
કરજ કરી કર દિયે, ન્યાત ને વરઘેાડાનેા;
એમાં શી તુજ શાખ, જોસ વાધેછે ધાનેા.[૩૦]
(માટે) વિચારથી લહિ[૩૧]છૂટ, તેાડિ દે બંધન જૂનાં;
ભર્યાં ભાદર્યાં કર, ધરેા ત્હારાં જે સૂનાં.[૩૨] ૧૫૪

સુરતતણા એ તનુજ, વિશેષે નાગર બચ્ચા;
અનાવળા કાએચ, તમે હઠમાં નહિ કચ્ચા.

---

૨૭ ગામના રેાંચા તેા ભેાળા ને હૈયાના કુમળા હેાય પણ શેઠ તેા શેહેરી એટલે મ્હેાડાંના મિઠ્ઠા પણ હૈયાંના કઠણ છે.

૨૮ ખુશ મિજાજમાં રેહેવું એ સુરતના લેાકને સ્વાભાવિક છે ને એથી તેઓનાં દુખનેા વિસારેા થાયછે પણ જગત નરસું કેહેછે કે ગરીબાઈમાં લાલાઈ કેવી?

૨૯ ભુખડુને માથે ચેારી લાંચ દગા વગેરેના આળ ચેાંટ્યા હેાયછે ને તું છે ભુખડુ માટે કુળના ટેકમાં મરીજજે પણ બટ્ટેા લાગે તેવાં કામ ન કરતી.

૩૦ જખમનાં દુઃખનેા જોશ.

૩૧ સમજી. ૩૨ સમૃદ્ધિવનાનાં.

રૂડીવાતમાં હઠ્ઠ, રાખશો રૂડી રીતે;
સ્વાર્થ અને પરમાર્થ, સાધિ રહેશો સુખિ નીતે.
રાજકાજમાં નજર, તમારિ સારી પ્હોંચે;
ઘટતી છુટને લેઇ, ચ્હડી બેસો સુખ ટોંચે.
વ્યવહારી વેદાન્ત, સર્વથી સ્હેજ પળાએ;
જાતિભેદ મૂકાય, ઐકયથી શૂં ના થાએ.
ઉદ્યમ ખંતે રોજ, ભણી ગુણિ વ્હેમો કાઢો;
રણે બતાવી શૂર, સુધારા સાથે લાઢો.
નર્મદે હું કડખેદ, ગાઇને શૂર ચ્હડાવૂં;
ઉઠી ચલો સહુ શૂર, ફરી ટાણું નહિ આવૂં!

(૨-૧)

---

*કુદનરસક.

* મને ઘણાક જણ કેહેતા હતા કે સામળભટની પેઠે એકાદ મોહોટી વાત બનાવો. હું કેહેતો કે મોહોટું કવન કરતાં મારે નિરાંત જોઇયે–નાહાના કકડાઓ જોડવા સારૂ પ્રસંગોની વાટ જોવી પડે છે, પણ મ્હોટાં કવનમાં તો આરંભ થયો એટલે એકપછી એક એમ ઉપરા ઉપરી વિચારો આવ્યાંજ કરે; અલબત આરંભ પણ નવું સુઝે ત્યારે થાય. પ્રેમાનંદે, દશમસ્કંધ, ઓખાહરણ, નળદમયંતી વગેરે કીધાં, તેમાં તેને વિષય શોધવાની કંઇજ મેહેનત પડી નથી, અને ઘણા દહાડા ખોટી પણ રેહેવું પડ્યું નથી. સામળભટે થોડી વાતો જે પોતાની કલ્પનાથી નવીજ જોડી હશે, તે શિવાએ તેની બીજી બધી વાતો વિશે પણ ઉપર પ્રમાણે સમજવું. વળી સામળભટના જેવી વાતો મ્હારાથી લખાવવાની નહીં–મ્હારે તો સ્વભાવનું બરાબર ચિત્ર આપવું જોઇયે, એ સહુ કારણને લીધે મેં હજી કોઇ મોટું કવન કરયું નથી. સાધારણ ભણેલાની મરજી એવી કે માહારે એક બરાસ કસ્તુરી જેવી લાંબી વાત કરવી, ને ઘણા ભણેલાની મરજી એવી કે,એક મોટી વીરરસની કવિતા "એપિક" કરવી. પણ એ બન્નેનેસારૂ નિરાંત જોઇયે તે મને નથી. તોપણ મિત્રોનો ઘણો આગ્રહ તેથી અને દશમું વર્ષ પુરૂં કરવાને કવિતા લખવી તો જોઇયે, તેથી અને વળી છુટક કવિતા તો ઘણી લખાઈ છે, તેથી દોહરા ચોપાઇમાં કંઈ લાંબુ લખી કહાડી પાનાં ભરવા સારૂ આ વાત લખવા માંડી હતી પણ એ વરસમાં બીજાં પુસ્તકો છપાવવાં પડ્યાં તેથી માત્ર આરંભજ થઈ શક્યો છે ને માહરૂં મન બીજાં કામોમાં રોકાયાથી તે જલદીથી પુરી થઈ શકે તેમ નથી. (આરંભ પ્રમાણે અંતલગી ચલાવવું તો જોઈયે માટે), અને લખેલું ખોવાઈ ન જાય માટે તે અધુરીજ કેટલુંક કાહાડી નાખીને છાપી રાખી છે.

મને પડતી હાલતમાં આવેલો નાયક લેવો ઘણો ગમે છે, માટે મેં મારા

(દોહરા.

કુદનનગર રળિયામણૂં, કુદનરસિક રાજન;
રાજપુત્ર પણ પડતીમાં, કરું તેનૂં વર્ણન. ૧
વર્ણન કરતાં એહનૂં, વર્ણું જન સ્વભાવ;
પુરુષ અને સ્ત્રીયોતણા, સારા નરતા ભાવ. ૨
વળી પ્રેમ શી વસ્તુ છે, છે અમૃત કે ઝેર;
છે રાખસ કે દેવ તે, ઉલટો સુલટો ફેર[૧]. ૩
કર્યૂં જોયું ને સાંભળ્યૂં, નહિં થોડૂં પણ ખૂબ;
અનુભવનૂં દરસાવું તે, માનો આમેહૂબ. ૪
અનુભવ સાથે મેળવ્યા, ઉંડા ઘણા વિચાર;
નિપજ્યા ભણતર બુદ્ધિથી, કરું તેથી વિસ્તાર. ૫
જરાક જૂઠો તર્ક તે, કવિતા સજવાકાજ;
ઘણું મારે શૂં કેહવૂં, આગળથી અહિં આજ. ૬
નથિ પરિયો ને ભૂતની, નથિ રાખસની વાત;
પ્રેમદેવ રાખસતણી, વરણુવવી છે જાત. ૭
બને ન તેવી વાતથી, પડે વ્હેમની રાત;
મુકી દઈ ગપ્પાં અહીં, રહૂં સાચ સંગાત. ૮
ઉપર ઉપરનો રસ નહીં, રુદન, હાસ્ય, આશ્ચર્ય;
હૃદયવેધુ[૨] જે સ્થાયિ[૩]તે, દરસાવે કવિ વર્ય[૪] ૯

નાયકનું નામ કુદનરસિક રાખ્યું છે. એ નામ પ્રથમ તો સંસ્કાર વનાનું હતુ પણ વાત લખતાં ફેાઈ પાસે એ નામ પડાવી દીધું તેથી સંસ્કારી થયું છે.

ખુબી કરતાં ડાધ વધારે બતાવવા, કે તેને કહાડી નાખવામાં આવે, એ માહારો ઉદ્દેશ ગ્રંથ લખવાનો છે. કેાઈ કહેશે કે સુધડનાયકની પાસે નઠારાં કામ ન કરાવવાં, પણ મારો વિચાર એ કે જો સુધડ નાયકથી પ્રસંગોપાત નઠારાં કામ થઇ જતાં હોય, તો તેપણ બતાવવાં–સ્વભાવ વર્ણન કરવું. કેટલાએક લોક નાટક ને વારતામાં વિયોગ પછી છેલીવારે સંયોગજ આણે છે, પણ એમજ ન જોઇયે–કેટલીકવાર જુદાઈમાંજ મરણ થાય છે, માટે જે બનતું હોય અથવા બની શકે તેવું હોય, તેવું બતાવવું પણ નજ બની શકે તેવું હોય તો તેનું વર્ણન કરવું નહીં–લોકને આનંદ પમાડવાને, ગ્રંથને શોભાવવાને અને પોતાની પ્રતિષ્ઠા વધારવાને ગ્રંથકારે સારૂં સારૂંજ લખવું એ મારી નજરમાં દુરસ્ત નથી આવતું.

૧ વળ; આમળો. ૨ કાળજું કોરનાર. ૩ સ્થાયી ભાવ (રસપ્રવેશમાં જોવું). ૪ શ્રેષ્ઠ; મોટા.

ઉપર ઉપરનૂં સહુ જુએ, જુએ ભિતરનૂં કોઇ;
સામળ સરખા કવિયકી, ગામડિયા રેહ મોહિ. ૧૦
વડોદરાનો તો વડો, થયલામાં કહેવાય;
સામળ તે પછિ આવતો, ત્રીજો દયો ગણાય. ૧૧
વલ્લભ, નરસંઇ ને મિરાં, પ્રીતમ પ્રેમાનંદ[૫];
પ્રેમિ કવીમાં આગલા[૬], મુક્તિમુક્ત સુખકંદ[૭]. ૧૨
શક્તિ[૮] શાસ્ત્ર[૯] અનુભવ[૧૦] મળે, કવિપદ ધારણ થાય;
શૂન્ય વિચારી[૧૧] ચોર તે, દલપત પ્રાસે વ્હાય[૧૨]. ૧૩
કવિ વરણુન કારણ મને, પ્રેમીઅંશ કવિ કોણ;
પ્રેમ ગ્રંથ કોણે રચ્યા, વળિ લાહ્યા રસદ્રોણ[૧૩]. ૧૪
સદ્‌વાક સરસ્વતિને સ્મરી, રડતો હસતો ગાઉં;
સ્વભાવલીલા કે પછી, પ્રેમ પરમપદ પાઉં. ૧૫
લોકતણા વીચારમાં, છુપી રાખવા જોગ;
તેપણ અહિં બોલી દઉં, કહાડિ નાખવા રોગ.[૧૪] ૧૬
નાગો કે ફક્કડ કહો, કહો અનીતીમાન;
હોય તેવું હૂં દાખવૂં, નથિ શૂં મુજમાં સાન?[૧૫] ૧૭
બિગાડ સામળવાતથી, ઓખા'રણથી જોય;
વળી દયાનાં પદથકી, તોપણ અહિં નહિં કોય. ૧૮
ચિત્ર ખરૂં દરસાવતાં, ડાઘ દાખવૂં જેહ;
લહુ અનીતી બોધ જન, પોતે સોદા તેહ. ૧૯

---

૫ સ્વામી નારાયણવાળો. ૬ આગળ પડતા; મુખી.
૭ મુક્તિ સુખ એટલે તૈયારીની વખતનું ઉસકેરાયલી હાલતનું સુખ અને મુક્ત સુખ એટલે પાર પડ્યા પછીના વખતનું થંડી પડેલી હાલતનું સુખ– ઉત્કંઠિત ઈચ્છાનું સુખ અને નિવૃત્તિ પામ્યાનું સુખ એ બે સુખનાં મૂળ છે પેલા કવિયોનાં કવન. ૮ પ્રાસાદિકી–સ્વાભાવિક કવિત્વશક્તિ.
૯ રસાલંકાર, કાવ્ય વિવેચન આદિલઈ.
૧૦ સંસારનો અનુભવ.
૧૧ જેનામાં કવિતારૂપ નવો વિચાર નહિ તેવો.
૧૨ તેના તેજ શબ્દ–અક્ષર ફરી ફરી લખી એમાં ચતુરાઇ છે એમ બતાવી લોકને ફોસલાવેછે કે મને મોટો કવિ કોહો.
૧૩ રસના દડિયાનું કોણે લહાણું કર્યું છે?
૧૪ નઠારી ચાલ; અનાચાર.
૧૫ હું શું વિવેક નથી સમજતો કે આ લખવું ને આ ન લખવું?

જુવાનિમાં જેણે ઘણું, કર્યાં છિનાળાં હોય;
તે સાસૂ વહુની તરફ, ઘણી ખાંતથી જોય. ૨૦
હૂં નહિં હૂં નહિં જે કહે, તેજ ઠરેછે ચોર;
હૈયાનૂં હોઠે વસે, કરે અધૂરૂં સ્હોર. ૨૧
સમજ્યૂનૂં લક્ષણ ભલૂં, કદી જોય કો દોષ;
હંસ પઠે લે સાર પણ, કરે નહીં તે રોષ. ૨૨
બનાવવી આ વાત તો, ગમતી નથી લગાર;
સંભાર્યાથી દુઃખ બહુ, થઇ પ્હોંચે બહુવાર. ૨૩
રડતો રડતો હૂં લખૂં, કુદનરસિક જે રોય;
બળ્યોઢંગ દુનિયાતણો, લહૂં રંગ હૂં તોય. ૨૪

વર્ણન કુળ માબાપનૂં, ઝાઝૂં તે શૂં કામ?
કહૂં ટુંકામાં એટલૂં, હતૂં ખ્યાતિમાં નામ. ૨૫
રાજા જુધ કરતાં મુવો, લેતાં શત્રૂ ભેટ;
કુદનરસિક તો તે સમે, હતો રાણિને પેટ. ૨૬
શત્રૂ જોર બહુ પ્રાવિયૂં, નગ્રને વીટી લીધ;
પ્રધાન માજી રાજનો, ટકાવ તેણે કીધ. ૨૭
એ પણ રે લડતાં પડયો, થયો ન લૂણહરામ;
પડેછ તારે સામટી, શી લીલા છે રામ. ૨૮
નસ્યૂં ઇંદ્રપૂરી નગર, થયૂં ખાખ ખંડેર;
બળી જીત તે શત્રૂની, કરે એમ જે કહેર ૨૯
રાજવંશ ને નગ્રજન, લઇ લેવાતૂં હોય;
નાઠા પડિ પડિ ફાળમાં, કહિં કહિં કહિ કહિ ત્રાહ્ય. ૩૦
પણ હતિ વળિ બેજીવ જે, જિવતી મૂઈ જેહ;
નીજ મ્હાલનાં ગામમાં, રહી હતી કંહિં તેહ. ૩૧
રાજાના દશ દિવસમાં, રાણિ પ્રસવતાં પુત્ર;
મરણ પામિ શૂં સતિ[૧૬] થઈ, તૂટ્યૂં છે ધરસૂત્ર. ૩૨

---

૧૬ રાજાની પછવાડે રાણીયે સતિ થવું જોઇયે પણ બેજીવે તેથી તે ન થઈ. પણ પુત્ર પ્રસવતાં તે મરી ગઈ એ કેવું થયું તો કે જાણે તે સતિ થઈ હોયની શું. (ઉત્પ્રેક્ષા.)

ધાવે છઠ્ઠે દાહડે, ધવાડતાં તે બાળ;
નિહાળતાં આંખો ભરી, કહ્યું 'શા આ તુજ હાલ'! ૩૩
કુમળી ફુટડી દેહ ને, હસતું મુખડું જોઇ;
'નામ પાડું છું બેટડા, કુદનરસિક[૧૭] હું ફોઇ.' ૩૪
વળી થયા દશ દિવસ કે, પડી ગામમાં ફાળ;
ધાવ અને લુંડી બિજી, નાહાં લઇને બાળ. ૩૫
ભુલી જુદી પડિ બાઇયો, લુંડિ હાથ છે બાળ;
ફરી મળી નહિ ધાવ તે, હાય કાળની ઝાળ. ૩૬
લુંડી લઇગઇ બાળને, નીજ યારને ત્યાંહ;
થયો ઘણો રળિયાત જે, કહે 'રત્ન અહિં ક્યાંહ.' ૩૭
લુંડી જતને બાળવે, રત્ન ઊંચુ તે નીત;
પાળે પોષે મા પઠે, પ્રસંન રાખે ચીત. ૩૮
એ રીતે તે રત્ન તો, ઉછરે નીચે ઘેર,
ઘટતું જેને કનક[૧૮] તે, કથિરે રમતું ખેર! ૩૯
આઠ વરસનો બાહરે, રમતો સ્નેહી સાથ;
કરવામાંડી હોંસથી, નહિ કરવાની વાત. ૪૦
સંગતથી રસ વાધતો, ભુંડી વાત છે હાય;
ઊંચ[૧૯] વછેરો આચરે, ખચ્ચરસમ એ મ્હાંય. ૪૧
ઘણાક એવા છોકરા, બૂણામાં જોવાય;
ઊકરડામાં ભૂંડ જયમ, મ્હાલે ઝાઝા લ્હાય. ૪૨
વળી છોકરા છોકરી, સાથે રમતાં જોહ;
'વહુ થા તું હું વર બનું,' કહી ભેટિ તે રોહ. ૪૩
કેટલાંક માબાપ તે, પાસ બાળકો જોય;
તોપણ 'શું સમજે' કહી, શેજે[૨૦] રમતાં હોય. ૪૪

---

૧૭ અરે તને તારી પડતી હાલતનું કંઈ ભાન નથી તું તો તારે હસ્યા કરેછ માટે હું તારી ફોઈ બનીને તારૂં નામ કુદનરસિક પાડું છું–તું રડતી હાલતમાં પણ રંગીલ દેખાય છે.

૧૮ હીરો સુનાનીજ વીટીમાં શોભે– કથીરનીમાં નહીં. હોય!

૧૯ ખચ્ચરના ટોળામાં, ઊંચો ઘોડો હોય તોએ પણ ખચ્ચર જેવું આચરણ રાખે–'સોબતે અસર.' ૨૦ શૈયા, સુવાનું બીછાનું.

અરે માત્ર નહિ છોકરા, મોટા પણ છે કોક;
ગંડુ રાંડવા બાયલા, જેને કહે છે લોક. ૪૫
બૈરાં જેવૂં બોલવૂં, બૈરાં જેવી ચાલ;
તેપણ બહુ ફૂવડ ખરે, હસે જોઈ નરનાર. ૪૬
ધીમે ધીમે આવતા, ભોગિપાસ એકાંત;
મુખ રાખી બહુ હાવકૂં, કહાડે કંઇ કંઇ વાત. ૪૭
કેટલાક છોડે નહીં, કેટલાક દે માર;
એ રીતે ધિક ધિક કહૂં ચાલે છે વ્હેવાર. ૪૮
એવાઓને બાયડી, પરણેલી દેખાઇ;
જેને થયલાં છોકરાં, શૂં એ નથી નવાઇ? ૪૯
વરે બધરિસૂં બાયલા, બિજા પુરુષનેકાજ;
તેમાં શૂં વળિ બાપ તો, કહેશે તેને આજ. ૫૦
જિવતામૂઆ બાયલા, જિવતી મોઇ નાર;
હાય હાય છે એવડી, બિચારિને લાચાર. ૫૧
એમાંની ઘણિએક તો, થાયે બહુ ફાટેલ;
જોવા જેવૂં હોયછે, એવાઓને ઘેર. ૫૨
હાસ્ય વળી ધિક્કાર ને, દયા ઊપજે એમ;
અરે પ્રભૂ ઉપજાવવે, કંટાળ્યો નહિ કેમ? ૫૩

આઠ વરસઊપર થયા, જ્યારે આઠક માસ;
એક દિવસ રસિકે દિઠી, પુત્રિ એક માપાસ. ૫૪
કન્યા ઉત્તમવર્ણની, સુવર્ણ સરખી દેહ;
સુવર્જુ વાણી બોલતી, સાત વરસની તેહ. ૫૫
નિજ મા સાથે આવતી, મળવા કો કો વાર;
કુદનરસિકની માતને, પડોસની રહેનાર. ૫૬
હતો રસિક ઘરમાં વળી, એવે આવી તેહ;
ખૂણામાંથિ નિહાળતો, પુત્ર પુત્રિની દેહ. ૫૭
બે વરશે પેલીથકી, હતો છોકરો મોટ;
સરખે સરખાં લક્ષણે, કોનામાં નહિં ખોટ. ૫૮

નજર મળી બન્નેતણી, હસ્યાં જોઇ તે સ્હેજ;
સાથે રમવા મન કરે, એવાં મુખપર તેજ. ૫૯
બેહુ બિહે માંહોથકી, પાળે તે મરજાદ;
'તૂં ઉઠ તૂં ઉઠ' એમ તે, કરે નેનથી વાદ. ૬૦
બાળપણાંની પ્રીત ને, તરુણપણાંની પ્રીત;
બન્નેમાં છે લાજ પણ, જુદી અસરની રીત. ૬૧
સંસ્કારી એ પ્રીત છે, બીજ[૨૧] ઉગે તરુ થાય;
અંમૃત ફળ આપે ઘણાં, દુખનૂં નામજ જાય. ૬૨
નથી જાણતો પુત્ર તે, નથી પુત્રિને જાણ;
નરનારીની પ્રીત શૂં, શૂં છે નેનાંબાણ. ૬૩
ઓ પ્રભુ શૂં આ થાયછે, નિર્વિકાર સ્નેહભાવ;
ઉત્તેજનવણ સ્વપ્નવત, મોટ પણે તે ધાવ[૨૨]. ૬૪
ગોરાણી લોંડીપ્રતી, વાત કરંતી જેહ;
એકાએકી પુત્રિને, જોઇ 'ઊઠ રમ' કેહ. ૬૫
એ રીતે છુટ્ટી મળી, રમ્યાં સાથ બે બાળ;
થઈ પરસ્પર મૈત્રિ તો, નહિં જેમાં કંઈ આળ. ૬૬
તે દિવસે તો તેટલુંજ, પુત્રિ ગઈ નિજ ઘેર;
જવૂં ગમ્યૂં નહિં તેહને, લાગ્યૂં કડવૂં ઝેર. ૬૭
પણ પછિ ઘણું ખરું આવંતી, કમળી લોંડીપાસ;
દુદનરસિકને કારણે, બન્ને સૂધડ જાત. ૬૮
એક દિવસ તે એકલી, આવિ રસિકને ઘેર;
જ્યાં લોંડી પણ ના મળે, રસિક એકલો ઘેર. ૬૯
જેવી કમળી આવિ કે, રસિકે દીધૂં દ્વાર;
તેડિગયો વાડાવિષે, જ્યાં બહુ ફુલનાં ઝાડ. ૭૦
રખે કોઈ જોયે મને, એવી તેને લાજ;
પેલિ જુએછે ટકટકે, 'કરે રસિક શૂં આજ.' ૭૧

---

૨૧ નાનપણથી જે છોકરા છોકરીની નજર એકમેકથી ઠરતી હોય તે જો મોટપણે પરણે તો તેમાં પછી કલેશ કવચિતજ થાય.

૨૨ એ જે બાળપણની પ્રીત તે ઉત્તેજન વના સપના જેવી થાયછે. પણ તે વાત મોટપણે સાંભરવાથી સખત ઘાના સરખું દુખ કરે છે.

થોડિ વાર વાતો કરી, પછી ઉઘાડ્યૂં દ્વાર;
વિદાય કીધી છોકરી, કરી પ્રીત વ્હેવાર. ૭૨
બાળપણાંની પ્રીતડી, આવી જ્યાં જોવાય;
શુદ્ધ બીજ સંસ્કારિ તે, શાણાથી સમજાય. ૭૩
બીજ શુદ્ધ નિર્દોષ પણ, સિંચનવિધિમાં[૨૩] દોષ;
કુસંગનાં ફળ જાણવાં, કરો જ્ઞાનિ ના રોષ; ૭૪
એ દૃષ્ટાંતે સમજવાં, કુદનરસિકનાં પાપ;
જેનો પસ્તાવો કરે, મોટપણે તે આપ. ૭૫
આવી રીતે રમતમાં, ઘણાં છોકરાં હોય;
વડિલો ના સંભાળ લે, પછિ પાછળથી રોય. ૭૬

ચોપાઈ.

વરસ થયાં જ્યારે દસ ચાર, નિશાળ ભણતર કીધૂં પાર;
એવામાં બનિ મોટી વાત, જણાઇપડી રાજાની જાત. ૭૭
પંડિત જેનૂં કાશી ધામ, આવ્યો મ્હેતાજીને ઠામ;
રહી દિવસ ત્રણ ચરચા જોઇ, શિષ્ય વિચિક્ષણ એવૂં કોઇ. ૭૮
કુદનરસિક જોઈ તે ઠર્યો, લક્ષણપર વીચારજ કર્યો;
રાજવંશ સમજ્યો મનમાંહ્ય, મ્હેતાને કહિદીધૂં તાંહ્ય. ૭૯
પંડિત પારખ કરતો જેહ, રાજપુત્ર લખ દેતો તેહ;
નયન, શ્રવણ, મન તેમાં ધરે, મનને પૂછે આ શૂં ખરે?! ૮૦
'છઉં શૂં હૂં રાજાનો તંન,' એમ મુઝાયે તે નિજ મંન;
નિશાળમાં ચરચી નહિં વાત, ઘેર જઇને પૂછી જાત. ૮૧
વિચારમાં પડતાં માબાપ, એકાએક શું પૂછે આમ;
'બેટા તુજને કહેશૂં કાલ, ઘર ધીરજ હઠ મૂકી હાલ.' ૮૨
કુદનરસિક ના મૂંકે હઠ, ત્યારે માડી ભણતી ભઠ;
'રાજવંશ છે તારી જાત,' માડીને કહિ સઘળી વાત. ૮૩
મા બોલી 'બેટા રે કેમ, પડ્યૂં પૂછવૂં તારે એમ;'
રસિકે નિશાળકેરી વાત, કહિદીધી બનિ જે સાક્ષાત. ૮૪

---

૨૩ એવી બાળપણની છોકરા છોકરીની પ્રીત નિરદોષ છે પણ તે બીજને પાણી સીંચવાની રીત નઠારી છે—જે કામ જે વેળા ન બનવું જોઈયે તે બને છે.

વાત સાંભળી લાગ્યું ઘણું, ભેદાયું મનડું તેતણું;
દુખ ન જણાવ્યું કોને તોય, પણ ખુણામાં જઈ તે રોય. ૮૫
'આ તો રે ખોટાં માબાપ, સાચાં સ્વર્ગ સિધાવ્યાં આપ;'
'શું હું ઉછરું દાસી ઘેર, કહારે લઊં પિતાનું વેર.' ૮૬
'આ ઘરમાં આવુંજ હરામ, શો અન્યાય કર્યો મેં રામ;'
'શું મ્હારૂં વાલી નહિં કોય, રામ ન શું મુજ સ્હામું જોય.' ૮૭
'આણે પણ કીધો ઉપકાર, મ્હારે માથે મોટો ભાર;'
'પણ હું બાળક રે લાચાર, કેમ કરી થાઉં સરદાર.' ૮૮
'બ્હાર જવાનું જો હું કહું, ઘરનાં ના પાડે તે સહુ;'
'જખમ થયું તે કેમે સહું, જવું એજ નક્કી હું લહું.' ૮૯
'અહિંથી તો જાવુંજ જરૂર, રેહવાના વીચારજ દૂર;'
'પણ ન્હાસીને જાઉં કહાં,? જાજે રસિક જવાયે જહાં.' ૯૦
'ઘરમાનું કંઈ લેવું નહી, એમનું એમ નિકળવું સહી;'
એ રીતે વીચારો કરે, કહાડી નાખે મનથી અરે૨૪. ૯૧
કોને કહિ નહિં મનની વાત, વાટ જોય કે કયારે રાત;
એવે વળી પડી છે સાંજ, તૈયારીમાં પોતે રાજ. ૯૨
સાંજે વાળૂ કરતાં તેહ, ઘરનાંને આ રીતે કેહ;
'બહુ સંભાળ કરીછે તમે, લાડ લડાવ્યાં અદકાં તમે.' ૯૩
'કાળજડે મેં તમ ઉપકાર, કોરી રાખ્યાછે નિરધાર;'
એમ બોલતાં આંખે નીર, આણે તે જો કે છે વીર. ૯૪
વત્સરસે૨૫ભીનાયો તેહ, અદકૂં શું ગદગદિયો કેહ;
'શું હું ઉછરું દાસી ઘેર,' વચન૨૬વીસર્યો એણી પેર. ૯૫
'કહિ મેં જેને મારી માત, દુધ પીધૂં જેનું સાક્ષાત;'
'તેને દગો નહીં હું દઉં, દાસી તોપણ માતા લહું.' ૯૬
'જો કે એ દાસી કહેવાય, બાપ હશે એનો કો રાય;'
'મારા સરખૂં રાજ રતન, વળગિ ન ધાવે નીચું૨૭ સ્તંન.' ૯૭

---

૨૪ કાળજી; હાય. ૨૫ માબાપનું છોકરાંપ્રતિ અને છોકરાંનું માબાપપ્રતિ જે હેત તે. એ રસને સાહિત્યદર્પણવાળાએ શૃંગાર રસથી જુદો એવો દ્રશમો રસ કહ્યોછે. ૨૬ ઉપલી લીટીમાં જે વચન છે તે.
૨૭ દાસી કોઇરાજાના તુકમની હશે કેમેકે હું રાજપુત્ર તે દાસીને ધાવું એવું ઇશ્વર કરેજ નહી.

ભણેલ ડાહ્યું જે સંતાન, અંદરથી જો કે મસ્તાન;
બને નહીં સોટ્ટું સેતાન, મન મારે સાચું ધનસાન. ૯૮
રસિક નેનથી મોતી[૨૮] ખસ્યાં, મુખથી મિષ્ટ રવાઓ[૨૯] પડયા;
તે જોઇ વિસ્મે પામી માત, અરે કેમ આ આવી વાત. ૯૯
જોઇ રાયને વદતો રાંક, થઈ સજળ માતાની આંખ;
જેવી ઝિલવા સામી જાય, રસિક પડયો બોળામાં ત્યાંય. ૧૦૦
કહાડી નાખે ઉભરે જેમ, ડુસકાં ખાઈ ખાઈ તેમ;
ચાંપે માંડી હૈડા સાથ, રત્ન જતું અટકીરહ્યું હાથ ૧૦૧
પછી શિખામણ માયે દીધ, રસિકે શીર ચડાવી લીધ;
પછી કદી ના દુભવ્યું મંન, રાજપુત્રને તો છે ધંન. ૧૦૨

(દોહરા.)

એમ વરસ બે વહિગયાં, દુભવ્યું ન માનું મંન,
કરમ ઉપર કર રાખિને, રાખે મન પરસંન. ૧૦૩
એ મુદ્દતમાં જે બની, તેમાં મોટી એક;
માબાપે ભાવી[૩૦] ભયે, કારજ કીધું નેક. ૧૦૪
કુલીન કન્યા કારમી, પાટિદારની સિદ્ધ,
નામે **જમની** તેહસું, લગ્ન રસિકનું કીધ. ૧૦૫
પરણીને ઘર માંડવે, બહુ અધિર તે થાય;
એક વરસની વાર પણ, નિશાળમાં નવ જાય. ૧૦૬
વાંચે ગાથા કોક બહુ, ચરિત્ર ત્રિયનાં જોય,
વશીકરણના મંત્ર જપ, કરવે ભુલે ન કોય. ૧૦૭
જાદૂ ટોણાં બહુ કરે, શોધે બહુ ઉપાય;
વણ બોલાવે સ્ત્રીય કયમ, સામિ બોલતી થાય. ૧૦૮
નાગો ઉભો તે જપે, કરે વિવિધ તે ધૂપ;
વળે નહીં કંઇ તોયપણ, બેસી ના રેહ ચૂપ. ૧૦૯
કહું[૩૧] કરિ હાથે ઘાલવા, વેલ બોળતો જેહ;
ઘણી રીતનાં ચંદનો, મ્હોવા કરતો તેહ. ૧૧૦

---

૨૮ આંસુ. ૨૯ ગદ્દગદિત મધુરા બોલ. ૩૦ રખેને તે નાસી જાય એવાં ભવિષ્યના ભયથી. ૩૧ એ કહું હાથે ઉંચુ ચઢાવે તેમ બઈરાનું મુગહું ઉંચુ થતું જાય ને વળી તે નાચારીથી વશ થઇ રેહ એવુ કેહેવાયછે.

એમ રસિક તો બહુ કરે, તોય મળે નહિં કોય,
મનમાં બહુ મૂઝાય પણ, બ્હાર ઠાવકો હોય. ૧૧૧
હતો ઘણો શરમાળ તે, કોસું ન બોલે જેહ;
બૈરાં જોઈ જાય દુર, છાનો તાકે તેહ. ૧૧૨
પ્રીતલડીની રીત તે, ખરી ન જાણે કોઇ;
તોયે સત્તરનો રસિક, બળેજ સ્ત્રીને જોઇ. ૧૧૩
ઘેલો નહિ સંભોગનો, ત્રિયઉંફ્ઘેલો જાણ;
જન્મથકી પ્રેમાળ તે, ઊંચ કૂળ પરમાણ ૧૧૪
સકુમારીની ઊંફમાં, રહેવા આડો પંથ
લે તે જોસ્સાને લિધે, વાંચે રસના ગ્રંથ. ૧૧૫

આવ રસિક તૂં માહરા, પાછી ચલવૂં વાત;
પ્રેમે તો પ્રેર્યો મ્હને, ઊંચી તારી જાત ૧૧૬
ગમે તેમ લવશે જનો, પણ નવ સજ્જન જેહ;
એહ વિચારી પેખશે, ખરૂં ચિત્ર છે તેહ. ૧૧૭
કુલીનને પણ લાગતાં, મોટાં મોટાં આળ;
એવી ભૂંડી જગતમાં, જોગવાઇની જાળ ૧૧૮
હવે વાત કહું જોરની, રસિકે માર્યું જેહ;
ઉગતૂં જોબન તોયપણ, સંહિનો બચ્ચો તેહ. ૧૧૯

(ચોપાઇ.)

એક પાસથી સ્ત્રીનો ઘેલ, બિજી પાસથી રણનો છેલઃ
લાગ ઝડપિ લેતો તે વ્હેલ, સંધે કરવા જાએ પ્હેલ. ૧૨૦
એક સમે તે મિત્રો સાથ, વગડા કેરી લેતો વાટ;
એવે દીઠો સામે વાઘ, ગભરાયા મિત્રો તે જાગ. ૧૨૧
ચિત્તા સામો શૂરો રાય, બેસ કરે વીટાળી જાય;
દાતરડૂં ચકચકતૂં હોય, જઇ ઊભો રહિ ટકટક જોય. ૧૨૨
રહ્યો ઉભો ચિત્તો પણ તેહ, ત્યારે રસિક તેને કેહ;
આવ આવ કુત્તા મુજ પાસ, હવે મૂક જીવ્યાની આશ. ૧૨૩
ધસે તેનિપર રસીક જેમ, ફાળ મારતો ચિત્તો તેમ;
રાયે દાતરડૂં તે વાર, ઘોંચી દીધૂં પેટ મુઝાર. ૧૨૪

વાધ પડ્યો ને સહુજણ બચ્યા, પણ આગળ તેઓ ના વધ્યા.
પુરુષારથની કહેવા વાત, વળ્યા ઘેર સહુ થઇ રળિયાત. ૧૨૫
ઘેર આવતાં પાદર જ્યાંહ, બેઠા સંધા થાઇ ત્યાંહ;
એવે રસિકે દીઠી નાર, એક મિત્રને કહ્યું બોલાવ.—૧૨૬
પનઘટપરથી પાણી ભરી, ચાલી આવેછે સુંદરી;
હસતી વાતો કરતી તેહ, ગોરે ગબરૂ ચ્હેરે જેહ. ૧૨૭
સરવ ઝાડ સરખી બે રહોય, માથે બ્હેડાં તકતક મ્હોય;
બે છેડા દોહ્યાંના હાથ, ઘસી ચાલતી આવે સાથ. ૧૨૮
'રે બૈરાં ઊભાં રહો અહીં, મિત્ર એક બોલ્યો છે તહીં;
એક બોલિ તેવારે એમ, 'રસ્તો આ રોકાયે કેમ'? ૧૨૯
બીજી બોલી 'ગબરૂ જવાન, હમને દરશાવે શૂં માન;'
'નિશાન મારૂં હૂં તે જોય, તો તો તારૂં પોતજ ખોય.' ૧૩૦
માથે બ્હેડૂં તો પણ તેહ, તીરકામઠું હાથે લેય
ચાપ ચડાવી થઇ રળિયાત, તીર ટેકવ્યું છાતી સાથ. ૧૩૧
તિરછી આંખે મારવું જ્યાંહ, નિશાન પાસાં પાછળ ત્યાંહ;
ટકટક જોયાં કરતો રાય, તેણે આંગળિ કરડી હાય. ૧૩૨
બૈરી બોલી 'વાધો માર, પણ આજે તૂં માન ઉતાર;'
'બિજી વાત જે છાની બહૂ, તેમાં પણ હૂં જીતૂં સહૂ.' ૧૩૩
'છઊં ઉંમરે સત્તર તોય, મને જિતે એવો નહિં કોય;'
'હોય શીખવૂં તો મુજપાસ, કહૂં આવજે થાશે હાસ.' ૧૩૪

(દોહરા.)

એમ બોલી થઇ ચાલતી, લટકે હસતી તેહ;
'વાઘમારુની આબરૂ, ગઈ રહેજમાં' કેહ. ૧૩૫
પણ મનમાં જીતેલિ તે, જોય રાયની કાય;
'ગમે તેમ લેવો ખરો, એ કો સૂધડ રાય.' ૧૩૬
હતો ફુલાયો રાય જે, વાધ મારિને ખૂબ;
હાર ખાધિ બૈરીથકી, રહ્યો તેથિ તે ચૂપ. ૧૩૭
ધીમે પગલે ગામમાં, ગયો થઈ ઊદાસ;
'સ્ત્રિયે હરાવ્યો મૂજને,' એમ મુકે નિશ્વાસ. ૧૩૮

વળી લાગિ જે કાળજે, પ્રીત કટારી તેહ;
સોસ પડાવે પાણિનો, ત્રિય પાણી કયાં છેય. ૧૩૯
એવી રીતે રાય તો, આવ્યોછે નિજ ઘેર;
હસવામાં ખસવૂં થયું, પ્રિતનૂ પસવ્યૂં ઝેર. ૧૪૦

(ચોપાઇ.)

જમી કરી બેઠો એકાંત, દંશ ઉતારની કરતો ખાંત;
કેમ જવાએ તેને ઘેર, તેને લેવાની શી પેર. ૧૪૧
વળી કોઇ નવ જાણે વાત, એકજ તેની જાણે જાત;
રખે કોઇ કંઇ નરસું કહે, વળી શરમ પણ સામી રહે. ૧૪૨
બીજે દી ઊઠી પરભાત, જાય બિજા મિત્રોની સાથ;
પનઘટ પર તે ઉદ્યમ ભેર, કહે અરે નવ આવી છેલ. ૧૪૩
કુવાની સામે વડ છે જ્યાંહ, મિત્રો બેઠા જોયે ત્યાં;
એકમેકસૂં વાતો કરે, રસીક તો મનમાં નવ ઠરે. ૧૪૪
કરે વાત પણ વચમાં જોય, દૂર થકી આવે જે કોય;
દિઠી આવતી એવે તેહ, સખી નવી સંગાતે છેય ૧૪૫
સાન કરી એ સખિને કેહ, 'જમણેા બેઠોછે તે તેહ;'
નજર કરે સાહેલી જેમ, પેલી નીચું ઘાલે તેમ. ૧૪૬
રસિકે પણ ત્યાં નીચું જોયું, બેસથકી તેણે મુખ લ્હોયું;
મિત્ર ન જાણે કાંઇ જેહ, બની હતી શી કાલે તેહ. ૧૪૭
પાણિ ભરીને પેલી ગઈ, પછિ બ્હાનું કંઈ રસિકે કહી;
ચલો હવે જાશૂંરે ઘેર, પાછળ જાવા કીધી પેર. ૧૪૮
એ રીતે પાછળ તે ગયો,ઘર જોઇને મનમાં ઠર્યો;
સાંજે તે એકેલો ફરે, મિત્ર ન લીધો તેણે ખરે. ૧૪૯
જુવેછ તો તે સખિયો સાથ, કરેછ ડાહી ડાહી વાત;
સાને સમજ્યો ચાલ્યો જાય, મનમાં તો બહુ રાજી થાય. ૧૫૦

(દોહરા.)

બીજે દી પરભાતમાં, કુવે એકલો જાય;
પેલી પણ વણ સાથ ત્યાં, વાટે ભેગી થાય. ૧૫૧
આમ તેમ જોઈ કરી, ચુંબન લેતાં રહોય;
કરે વાત સંકેતની, શરમ સાથ હસિ જોય. ૧૫૨

એકમેકના ડાબિ કર, છૂટાં પડતાં તેહ;
કર્યો પ્રેમ સંસ્કાર તે, આગળ નીહ્યો રેહ. ૧૫૩
વરણી નારી તેહની, બ્રાહ્મણકેરી જાત;
નામ કુહું રળિયાત કહું, રસિક જેથિ રળિયાત. ૧૫૪
એનપણી જમની તણી, રસીકની વહુ જેહ;
હતાં પડોસી પ્રથમ પણ, હાલ જુદાં રહે તેહ. ૧૫૫
પ્રીત થઇને માસમાં, જમની આવી ઘેર;
મંડાયો સંસાર ને, રૂડી રાખી પેર. ૧૫૬

(ચોપાઇ.)

આણાંને બે મહિના થયા, જમનીને તો દહાડા રહ્યા;
પંચમ માસે થઈ રાખડી, તરૂણીને ખૂશાલી વડી. ૧૫૭
એ અવસરમાં તો રળિયાત, રહેતી બહુ જમનીની સાથ;
પ્રીતમ સારૂ આવે જાય, બ્હેનપણીનું બ્હાનું થાય. ૧૫૮
પૂરે મહીને પ્રસવ્યો પુત્ર, શોભી રહ્યું તેનું ઘરસૂત્ર;
તો પણ પ્રીતમનું સહુ ધ્યાન, પ્રિયા ઉપર પુરૂં કહું માન. ૧૫૯
બીજે વરસે લોંડીતણો, યાર મુએ ગભરાણો ઘણો;
રસિક પડ્યો ખટલામાં ખરે, કેમ છુટો તે થાયે અરે. ૧૬૦
વળી માસ બે કેડે થયૂં, જમનિ મોત તેથી દિલ વહ્યૂં;
બહુ ગભરાયો ત્યારે તેહ, પુત્રતણું થાશે કયમ કેહ. ૧૬૧
લોંડી પણ શોકાતુર હોય, પરણાવ્વાનું ફરિથિ જોય;
રસીક નાની ના રે કેહ, તેમ શોકમાં પેલી રેહ. ૧૬૨
એક પાસથી પ્રેમે ઘેલ, નવ રેહવાએ તેથી છેલ;
ઘરનિ તરફથી દુઃખિયો તેહ, કમાવવૂં શી રીતે કેહ. ૧૬૩

દોહરા.)

પ્હોર પાછલે એક દી, ઉદાસિમાં તે ઘૂમ;
અફિણ ખાઇને નીસર્યો, વધી ગઈછે ઝૂમ. ૧૬૪
ગયો પાદરે દૂર તે, ઉંચી આમલી જ્યાંહ;
થડપાસે સુકિ પાંતરી, તેપર બેઠો ત્યાંહ. ૧૬૫

કિરણ કોક વચમાં પડ્યાં, ચાર પાસ મેદાન;
સુરજ સુંવાળો પસરતો, શ્વેત સુનેરી જાણુ. ૧૬૬

(ચોપાઈ.)

'અરે પ્રભુ શા મારા હાલ, હવે હાથ તારો કંઈ આલ;
શું હું જઊંરે પરદેશ, મારિ પ્રિયાને મોટી ઠેસ. ૧૬૭
બાળક કયમ ઊછરશે દેવ, પ્રિયાપાસ રહેવે મુજ ટેવ;
હોત ન બાળક મારી પાસ, સુખે કરત પરદેશેવાસ.' ૧૬૮
વિમાસતો એવું તે ઉંઘ્યો, સ્હાંજ લ્હેરમાં સુખિયો થયો;
સ્વપ્નું લાધ્યું તેમાં જોહ, પિતા મરણ રણ જોયે તેહ. ૧૬૯

(દોહરા.)

ઝબકી ઊઠી બોલિયો, 'વેર કયારે હું લેઉં;'
'રાજ લઊં હું કયાહરે, જન્મભૂમિ જઈ રહેઉં' ૧૭૦
'પ્રદેશ તો જાવું ખરે, એથી સંધૂં થાય,'
'મળી કહૂં રળિયાતને, અરે કેમ કહેવાય.' ૧૭૧
'કહ્યા વના છુટકો નથી, કહેતાં જીવડો જાય;'
'દુઃખ નસિબમાં જે લખ્યું, તે કેમ મિથ્યા થાય.' ૧૭૨

(ચોપાઇ.)

મનમાં નક્કી કરી વિચાર, મળ્યો પ્યારિને તે નિરધાર;
માંડીને કહિ સઘળી વાત, સુણતાં સૂમ થઇ રળિયાત. ૧૭૩
'ના ના પ્યારા નાજ જવાય, તમવણ હૂંથી ના રહેવાય;'
'બાળ જોઇ દુખ ઝાઝું થાય,' એમ કહી વળગી તે ત્હાંય. ૧૭૪
પછી રડી કહે ત્યાં રળિયાત, 'ઊતાવળની મૂકો વાત;'
'હૂંતો આવું તમારી સાથ, મારાની છે ભોળી જાત.' ૧૭૫
'ના ના એમ કરિશ મા યાર, બૈરાંનો ગાંડો વીચાર;'
'ગામ વિષે હો હો થઈ રેહ, વળી વણશશે ઘર તુજ તેહ.' ૧૭૬
'પ્રવાસમાં દુખ થાયે મોટ, તેની મારાં મનમાં ચોટ;'
'વળિ વાટે દુખ પામે જંન, તે નવ સાંખેરે મુજ મંન.' ૧૭૭
'પડીશ જ્યારે હૂં ઠરિઠામ, આવિ જઇશ પાછો આ ઠામ,'
'પછે કરીશું કરવું તેહ, હાલ રડિશ મા મારા નેહ.' ૧૭૮

'વડિઆઇ પાસે રહેછે બાળ, તેની તું કરજે સંભાળ;'
'મારો તે તારો લહિ સાચ, કરજે જતન ન આવે આંચ.' ૧૭૯
હતાં બેહુએ બહુ ઉદાસ, તેથી જ્યમ ત્યમ કર્યો વિલાસ;
એકમેકને ધીરજ આશ, આપીને આવ્યાં નિજવાસ. ૧૮૦

(દોહરા.)

બીજે દી નિકળ્યો રસિક, સમરી હરિની મ્હેર;
જમી સાસરે બાળને, સોંપી રૂડી પેર. ૧૮૧
બાળક જોતાં આંખમાં, પાણિ ભરાયાં ઝાઝ;
મનમાં શુભ ઇચ્છ્યું બહૂ, પ્રભૂ રાખજે લાજ. ૧૮૨
મળી સર્વને નીકળ્યો, વાટે દીઠી જાન;
સલામ કીધી નેનથી, છુપી પ્રીતની સાન ૧૮૩
ગગળી ગયલો ફરિ જુએ, પ્યારિ નેનમાં નીર;
તોપણ પગલાં ભરિ બહૂ, થયો ચાલતો વીર. ૧૮૪

(ચોપાઈ.)

રંગપૂર જઈ જોવું તેહ, એવું તે સાથીને કેહ;
ભાગ્યું પડ્યું પણ જોવું યાર, પછિ બીજે કરવો વીચાર. ૧૭૫
મુકામ છઠ્ઠો કરવો જ્યાંહ, બાડિ ઉતરવી પડતી ત્યાંહ;
બપોર નમતે વાગે ત્રંણ, રેતીપર બેઠા બે જંણ ૧૮૬
નવૂં નવૂં લાગ્યું ત્યાં બહૂ, નવ દીઠાનું દીઠું કહૂં;
દરિયો દેખી વાયુ લઇ, ઘણી અચરતી તેને થઇ. ૧૮૭
સાંભરિ આવી ત્યાં રળિયાત, પછી પડી ગઇ મનમાં રાત;
પ્યારિ સંબંધી ખ્યાલોમાંહિ, અંધારૂં ચાંદરણું જ્યાંહિ. ૧૮૮
કંઇ કંઇ જુવે ને કંઇ કંઇ કેહ, ગાંસડિ ટેકી બેઠો તેહ.
થાકે કાયા દીસે રાંક, અડધી મીચેલીછે આંખ. ૧૮૯
એવે તરની વેળા થઈ, સાથી ઊઠયા ઊઠો કહી;
પછિ ઉતરી તર શાળામાંહિં, વ્હેલા જઇ ઉતર્યા તે ત્યાંહિ. ૧૯૦
જમી કરી સાથીને કહી, પોતે નિકળ્યો ફરવા કહીં;
ચાંદનિ છટકિ ઝગારે જાય, દુરની ઝાડી જોતો જાય. ૧૯૧*

---

* એ કાવ્ય કવિના મરણને લીધે અપૂર્ણજ રેહેશે.

*કમાઇના કરવિષે.

(સવૈયા.)

શું જુઓ સહુ લોક હવે બહુ બાવડું છાપડું ઝટ તુટી પડવાનૂં
શું કુઓ મુકિ પોક હવે પસતાઇ તવાઈ ગયાજ તનૂ પડવાનૂં
રહ્યું જોર હવે અતિ ફાટિજ આંખથિ દાંત પિસી નિચલો[૧] કડવાનૂં
કહ્યું જો પત રે જિદથી ન કરો નિજ સંતતિનૂં નથિ ઉધડવાનૂં. ૧
બહુ દુઃખ પડયાં સઘળાંજ કહ્યાં સુખડાંજ લહ્યાં પણ રે હમણાંતો
ખુબ માર પડે ઉપરા ઉપરી નહિં રે હસતો અતિ જુલ્મિ જણાતો
નિજ જનતણી કદિ હાણ થઈ ગણુકારિ નહીં પણ દેશહણાતો
કયમ સાંખિ રહો કંઈ ઝાંખિ કરો મથતાં ઘણું એ નથિ નાશ ગણાતો. ૨
કુદશા થઈ તે ફળ ઉદ્યમ હિંમતસંપ વિનાજ રહ્યા ઘણું તેનાં
ધનિ નિર્ધનિમાં કજિયા પ્રગટયા ન ન ઘટયાં ખુનિ મત્સર વેર તહરેનાં
ઘરમાં[૨] લડતાં પડતાં સડતાં રડતાં કડતાં નિજને દિન રેનાં
પરલોકતણો ન ધર્યો ભય કો પડશે ખમવા જુલમો બહુ જેના. ૩
પરલોકતણો[૩] બહુ વાંક કહે સધરે નહિં કાજ જરા અહિંયાંનૂં
ન્યમ નીતિતણો અહિં ભંગ થયો ત્યમ જોર વધ્યૂં અતિસેં તહિયાંનૂં
અભિમાન ધરી નિજ દેશતણૂં હતું મેળવ્યું નામ જગે નહિં છાનૂં
ગયું શૂર કહાં ઉર હૂંજ કહાં શુભ સંપ કહાં કુહું હિંમત પાનૂં. ૪
ધનિ લોક ગણાય જુદા જનનાયક લાયકિ તો લવ લેશ ન દીસે
હિણ તેજ ખરાબ કરે સઘળૂં કુળ બાંધવને દમતાજ અતીસેં
દુખદાયક લોક વિરુદ્ધ ભુંડાં કરમે થઈ અગ્રસરો[૪] કંઈ મીશે
જુલમી જન પાસથિ મેળવવા બહુ માન ખિતાબ છુંદે કુળ શીસે. ૫

---

* એ ૧૮૬૦ ના વરસની કવિતાઓ સાથે મુકવી જોઈતી હતી પણ રહિ ગયેથી અહીં દાખલ કરી છે.

૧ હોઠ. (મરણ વેળાની તાણનું વર્ણન.)

૨ માંહોમાંહે (લડીને પડતી હાલતમાં આવવું પછી એમાં રિબાયાં-સડયાં કરવું એની સાથે રડયાં કરવું ને મોઢ કરડયાં કરવો.)

૩ પારકાદેશના લોક અથવા મુઆ પછી ઈનસાફ કરનારા લોક. અહીં-આ દેશમાં સંપરૂપી નીતિ વંઠી તેમ પારકા દેશનું ફાવ્યું. અહીં-આ દેહે અનીતિ કરી એટલે મુવા પછી ઈનસાફ કરનારાઓની તરફથી શિક્ષા વધી (શ્લેષાલંકાર.) ૪ મુખી (કમિશનરો.)

છુટને અરથે લડનાર થઈ નિચનોકરિ[૫] તો કરતાં નવ લાજે
છુટને હરિક્ષેતિજ બાબતમાં મિશથી પદ માન અને ધનકાજે
'ઠગ મૂરખના કરતાં સુધરેલ ભણેલ ન યોગ્ય શું નોકરિમાં જે'
સુધરેલ અને ધનવાન વહ્યા સહુરંક કિયા શુભ થંભસું બાઝે. ૬
કરવાનું ઘણું નિજ દેશિતણું પણ નાજ વિચાર કરો કંઇ કોઈ
ભરવાનું ભલું ટિપમાં પરની સમજે શરમે લલચાઈજ મોહી
ચરવાનું ગયું સુખચેનથકી બહુ બંધનમાં રહ્યું રેવુંજ રોઈ,
સરવાનું નથી નિજ જોરવિના પરજોરથિ રેવું હવે સહુ ખોઈ. ૭
નુકસાન થયાંજ ઘણાં કહું શું શરમે સઘળાં નથિ હૂંથિ લખાતાં
કંઇ સાન કરી સમજાવું છઊં વટ જાય મુખે મરવૂં જુતિ ખાતાં
ચિતનો ઉભરો ન દબે મનથી નિકળી પડતેજ વળે સુખ સાતા
વિનવી તમને ફરિને કહું છું સજિલો તજિ દુર્ગુણ જે મદમાતા. ૮
નજદીક દિસે શુભ સંધિ હવે સજિ સાવધ સંપથિ શૂરજ રેજો
ભણુવે ગણુવે શ્રમ મોટ કરી અભિમાન ધરી યશ મેળવિ લેજો
બહુ ઊંડિજ પોંચથકી ઠગ લોકસું યુકિતથકી સત ઉત્તર દેજો
મળશે મનવાંછિત નર્મદને નકિ ધંન પછી નહિતો ધિક કેજો. ૯
સરકાર કરે દુખવે મનને અતિ મોંઘિ કરી વણિકો ચિજ વેચે
દરકાર કરે નહિં કો કુઇની સહુ નીજભણી અતીસેં વળિ ખેંચે
વધશે ઝટ જોગ અનીતિતણો રમશે સઘળી પરજા બહુ પેચે
નબળો દિસતો વળિ દેશ રહ્યું વિત ખોઇ મિઠે મરસે ખુબ રેચે[૬] ૧૦
વટ જાય રખે ઉધડૂંજ થતે ધિરનાર ઘટે ગરિબાઇ સતાવે
ભયને ભભુકે ભમિને ભભકે બહુ મ્હોટિજ આવક જૂઠિ બતાવે
ધરિ દાઢિ અને સમજાવિ જનો અધિકારિસું તે લલચાવિ ખટાવે
ધનવાન ઘણી જુગતી કરિને ઉચકો દઈને સરકાર પટાવે. ૧૧
બધું પાછલું નામું તયાર કરી સરવાયું ભરી જલદી બતલાવ્વું
જમ પાડું હરાયું અને વળિ માંદું ઘણે દુરથી ઉંચકી ઝટ લાવ્વું
અધરૂં ને ઘણું સમયે ન બને કંઈ તેવુંજ મારગમાં દુખિ થાવું
કદિ દુશ્મનની તજવીજથકી સતવાદિ છતાં પણ ભારિ ચુંથાવ્વું. ૧૨

---

૫ (ભણેલાઓ નીચ નોકરી (આસેસરપણાંની) કરવા ઉભા થયાછ એવે બ્હાને કે સરકાર ઠગ મૂરખને રાખશે તેના કરતાં હમે શું ખોટા છઈયે ?)
૬ કરરૂપી જે મોઢો રેચ–જુલાબ તેથી.

બહુ લોક અહીં નહિં રોકડિયા પણ ધીરથકી કરતા ખુબધંધા
ખુબ પાડિ મરે ભુખથી સહુ તે સમજી સટ બંધ થયે કહું સંધા
વહિવાટ રુડી બદલાઈ જશે ભુલ થાપ થશે મતિના જન અંધા
સ્થિતિ૭ પાટડિ છેકજ છોલિ દઈ ચિરશે બહુ નાજુકડા કર રંધા. ૧૩
ખુન ચોરિ લબાડિ કરે જિવ ઉપર કોરટમાં વધિ જાયજ ટંટા
શું કરે ગરિબો ઘરમાં હ હંહણ વાગતિ હોય નકાર કુધંટા
સરકાર અને પરજા વચમાં વધશે પછિ અંટસના ખુબ અંટા
નુકસાન થશે બહુ બેજણને ઉગિ નીકળશે સઘળે વિપકંટા. ૧૪
(૧-૧)

*જીવરાજ.

(બેસતા રાજાની પેહેલી ફરજ)

(ગીતિવૃત્ત.)

યશમૂર્તીનૂં દર્શન, થતેજ મનમાં મુહૂર્ત નવ જોઈ;
શુભ મહિમા હૂં ગાઉં, જીવરાજનો રસે ભર્યો હોઈ. ૧
કાયાદેશવિષે શિર રજવાડામાં કુડૂંજ મનપૂર;
તેમાં રાજ કરંતો, જીવરાજ તે સુજાણ ને શૂર. ૨
કૂળવિષે શૂં પુછવૂં, માતા માયા પિતા જગતરાજ;
જેનૂં ચરિત્ર મ્હોટૂં, પવિત્ર સંઘે પ્રસિદ્ધ સહલાજ. ૩
બાળકપણુમાં જીવો, આશ્ચર્યે બધું અહીં તહીં જોતો;
સમજણસારુ અધીરો, થતો ઘણો ને મુઝાઇ તે રોતો. ૪
બુદ્ધી હોંસ પરિશ્રમ, જોઈ જિવનાં પ્રસન્ન છે બાપ;
કૂળઋષીને જેણે, સોંપ્યો તેડી સુપુત્રને આપ. ૫
વિદ્યાસાગર રહોડે, ભણવાનૂં શરુ જિવે કર્યૂં કામ;
જેથી થાતો તે તો, સુપાત્ર પુત્ર જ સવારનૂં નામ. ૬
પુટડો કુમળો રંગી, બ્હાર ભિતર જે હતો જનમથી તે;
તર્તજ ઊંડી છાપે, વિચારકેરી થયો સુદૃઢ રીતે. ૭

---

૭ દેશની સ્થિતિ રૂપી જે પાટડી તેને દેખાઈતા નાનુકડા એવા કરરૂપી જે રંધાઓ તે (પોતાની ધારથી) છેકજ છોલી નાખીને પછી ફાડી નાખશે. દેશની હાલત ખરાબ કરી નાખશે. *સને ૧૮૬૨ માં એ નામની એપિક કવિતા કરવી શરૂ કીધી હતી તેમાંનો ઉપલો ભાગ પ્રવેશકરૂપે છે.

હોંસે હોંસે હોંસે

વળિ છળ કપટો બંડો, જે કો કરશે વંચનનો ભંગ;
તેને શિક્ષા કરવા, રજપુત પુત આ ધરે બહુ ઉમંગ. ૨૩
એ મુજ વડીલ ભાખ્યો, હું તો રાજા ખરે નિમિત માત્ર;
સહુથી ન્હાનો જાણી, વાંક ખમીને કરો બહુ સુપાત્ર. ૨૪
મેં ને તમે સહૂએ, ખાધું ભાઈ પિતાનું લુણ માટે;
કદિ ન હરામી કરિયે, કરિયે ન્હડતી કમાન રહિ સાથે. ૨૫
એ રીતે વશ કરિને, પ્રધાન સહુને જુવાન જિવરાજ;
દેશ સમો સ્થિતિ જોઇ, શાસ્ત્રો બાંધે કુડાં ધરમકાજ. ૨૬
ભંડારતણું નાણું, તપાસિ જોયું જમાખરચ આણી;
પણ એ વેળા તેણે, થોડા જણની કુવૃત્તિયો જાણી. ૨૭
બાપતણા ત્રાસે તો, ઊદરથી ના લગાર ચોરાતું;
તેમજ પુત્ર ત્રાસે, ઊદરથી ના લગાર જોવાતું. ૨૮
(પણ) રાજ્યાભિષેકકેરી, ધામધુમો જોઇ કોઇ હીણાઓ;
ગરબડ કંઇ કરિ બેઠા,પણ સપડાયા પછી સહુ જણાઓ. ૨૯
રૈયત આગળ રાજા, અપરાધીને રજૂ કરી બોલે;
મારા ચોર નથી એ, ચોર તમારા સજા કરો તોલે. ૩૦
એ ન ખજાનો મ્હારો, છેજ તમારો ખરેખરૂં ભાખું;
મુખ્ય દરોગો થઇને, તમમાટે હું તપાસિને રાખું. ૩૧
જન રાજાને કેહે, તમેજ કરશો ખરેખરો ન્યાય;
ધન ભાયગ કે હમને, આપ સરીખા મળ્યા પિતારાય. ૩૨
રાજા પ્રધાન સાથે, વિચાર કરિને કરે હુકુમ એમ;
કો દી હરામખોરે, આ ભૂમીમાં અવાય નહિં ખેમ. ૩૩
એ પછિ રાજા જઇને, લશ્કરવૃત્તી તપાસિને જોયે;
મનમાંની હોવેથી, ઉત્તેજનમાં ઘણું ઘણું બોલે. ૩૪
એક બિજામાં સંપે, વળિ ઉપરીના હુકૂમમાં રાજે;
ઘરમાં ગાય સરીખા, રણમાં રહેજો થઇ સહીં મોજે. ૩૫
ખૂબ કવાયદ પડકી, હથિયારો વાપરી બધાં જાણે;
હિંમત શૌર્યે શત્રૂ, જીતી બાંધી સ્વદેશમાં આણે. ૩૬
રાજયપ્રીતીઅર્થે, જન જતે ના ડરો કદી લેશ;
જમથી નામ અમર છે, મરણે સ્વર્ગે જવામછે બેશ. ૩૭

કાધી ઉપરીઓને, તાકિદ કે દે પગાર વખતે રે;
લસ્કરને ખુશ રાખે, અડિ વેળાએ જરૂરના તે રે. ૩૮
પછિ તો ફરતાં ફરતાં, પ્રગણાં તેમાં સ્વરાજકેરાં જે;
વિસ્તારો સ્થિતિજનની, વિસ્તારે સહુ લિધું સમજિ રાજે. ૩૯
અંશો આપે તેવાં, ન્હાનાં રાજ્યો હતાં વળી જેનાં;
તે ભાય્યોને મળતાં, ખેંચી લીધાં દિલો જુદાં તેનાં. ૪૦
છાની રીતે જોતો, નગરોકેરી જુદી જુદી ચર્યા;
નિજ દરબારોકેરા, ઉપરીની કે કિયાં મરી મર્યા. ૪૧
બંદીખાનાની ને, તેમાંનાની દશા કુડી તાજી;
કિલ્લા કોટો જબરા,, તપાસિ જોતાં પુલ્યો થઈ રાજી. ૪૨
વિદ્યાનાં સહુ ધામો, ઉદ્યમકેરાં અનેક તે જોએ;
ઉત્તેજન આશ્રય દે, ઇચ્છે ઉત્કર્ષ દેશનો રહોએ. ૪૩
વેપારી હુંનરિને, વિદ્વાનોને દિયે ઘણી હામ;
એથી જમે ભરાએ, એથી શોભે સ્વદેશ સુરધામ. ૪૪
બંદોબસ્તો પક્કા, સંધા કરિને ફરે જન નિરખવા;
પરમાર્થે તે ઇચ્છે, સાહસિક કૃત્યો અધીર થઇ કરવા. ૪૫

*ચોપાટીની ટેકરીપરથી જાયલો દેખાવ.

(દોહરા.)

ચ્હડિને ઊંચે બેસતાં, વદતાં મ્હોડે હાસ!
પામ્યો હું આનંદ બહુ, જોતાં ચારે પાસ. ૧
ખાડીના[૧] ઘોડા[૨] સદૂ, ધુધુવૂ કરતા જેહ;
એકક પાછળ ચાલતા, લાંબી હારે તેહ. ૨
કાંઠાભણિ[૩] તેઓ ઘસે, ઘણી ઝડપથી તોય;
ઊંચેથી[૪] ગંભીર બહુ, ધીમે પગલે રહોય. ૩

---

*સને ૧૮૬૩ ની ૨૮ મી જુને.
૧ ચોપાટી બંદરની ખાડી જેને અંગ્રેજ લોકો બે આકબે કહે છે.
૨ મોજા. ૩ ભરતી થતી હતી. ૪ ટેકરીપરથી જોતાં.

ચાલી નિજપાછળ કરે, રુડા શેરડા શ્વેત[૫]।
ધૂમકેતુની પૂછડી, રૂપાકારે[૬] ચેત[૭]. ૪

વાદળથી ઢંકાયલું, ઝાંખું બહુ આકાશ;
થંડો વાયૂ આવતો, જરા જરા લઇ વાસ[૮]. ૫

ધોળો[૯] કાંઠો વાંકડો, કોટ કુલાબો ઠેઠ;
ઇમારતો પથ્થર ચુને, શોભે છે સહુ શ્રેષ્ટ[૧૦]. ૬

ડાબિ પાસ દુર જાઉં તો, ખિચોખીચ દેખાય;
તાડ ખજૂરી મ્હાડ[૧૧]ને, ઝાડ બિજાં સોહાય. ૭

પેલિ પાસ એની વળી, ઊચાં ઘરો જણાય;
ટેકરિયો ભૂરી ઘણી, ધાડિ[૧૨]હવાએ થાય. ૮

પાસે નીચે જોઉં તો, ચારતણો શો ખ્હાર;
વિધવિધ લીલા રંગની, શોભાનો નહિં પાર. ૯

નથી ચિતારો જગતમાં, મેળવિ જાણે રંગ;
નથી કવી કો જગતમાં, કહેવે ધરે ઉમંગ. ૧૦

વેંત વેંતની કૂમળી, ચાર–બિછાનૂં સ્હોય;
ખુખી પિછાને એહની, જે અંશીજન[૧૩]હોય. ૧૧

દરિયાનૂં ધૂ ધૂ થવૂં, ઘંટીનૂં[૧૪] ધમધંમ;
વાયૂનૂં ફરફર થવૂં, વસ્તીનૂં ધમધંમ. ૧૨

એ સહુ દુરના નાદ તે, ધિમાપડી ભેળાય;
મધુરા લાગે કાનને, તે તે કયમ વરણાય. ૧૩

કાક[૧૫]શબ્દ પણ લાગતો, મધુરો કાને યાર;
મઝો ઘણી એકાંતમાં, દુગધા નહીં લગાર. ૧૪

---

૫ સફેત. ૬ રૂપ અને આકારમાં. ૭ (વાંચનાર) ચેત–જણ.–મોજુ ચાલી ગયા પછી પછવાડે એક સરડો પડેછે તે પુછડિયા તારાની પુછડી જેવો રૂપમાં સફેત અને આકારમાં પતાસાના પડા જેવો દેખાય છે. ૮ સુંગધ લઈને–સાથે. ૯ રેતીથી. ૧૦ મોટી; સરસ. ૧૧ નાળિએરી.

૧૨ જાડી (ઉનાળામાં હવા પાતળી થઈ ઊચે જાયછે ને ચોમાસામાં નીચેની નીચે જાડી થાયછે તેથી ભુરો રંગ પકડે છે.) ૧૩ ઈશ્વરની જેનાપર વિશેષે કૃપા હોય તેવા; કુદરતી બક્ષેસવાળા.

૧૪ સૂતર કાપડ વગેરેનાં સાંચાઓ ૧૫ કાગડાનો.

કુદરત ને કુદરતતણા કરતાતણા વિચાર;
સ્હેજ વસેછે મંનમાં, ચમત્કાર છે સાર. ૧૫
ઘણી જગોએ મેં લખ્યા, એવા બહૂ વિચાર;
માટે તેના તે ફરી,નથિ લખતો આ હાર૧૬. ૧૬
(૧-૨)

શેરની ચડતી પડતી.૧

(રોલાવૃત્ત.)

અઢાર ત્રેંસટ સંન, કમાણી રૂમાં થઈ બહુ;
આવી ધનની છોળ, થયા મદમાતા જન સહુ.
પછી વધાર્યો લોભ, તુરંગી ઉદ્યમ માંડ્યા;
ખાડા પુરવામાંદ્ય, શેર કરિ નાણાં કહાડ્યાં.
જમિન ખરીદી કિંમ, નવાં ઈસ્ટેટો બાંધ્યાં;
નહીં એટલે થયું, જુગારે નાણાં તાડ્યાં.
ચાલી લે ને આપ, ભાવ તો ઘણા વધાર્યા;
નહિં જેનો હીસાબ, રહ્યા નહિ કોના વાર્યા.
કહાડિ ખ્હેડિયો બહુ, સરાફો થઈને બેઠા;
બજાર જામ્યો છેક, લાજ્યું જૂગારી કહેતાં.
પ્રથમ પ્રમોટર બન્યા, પછી ડૈરેકટર ભાઇ;
રાખિ મનેજર હાથ, કરી બહુ એમ કમાઈ.
દલાલ વાધ્યા તેહ, ખાય વચમાંના ગાળા;
હો હો હો થઈ રહી, લક્ષ્મિએ માંડ્યા ચાળા.
જોઇ ધંનનું ઝાડ, તોડવા ફળ જંન ધાયા;
ધનિ નિરધનિ સહુ કોઈ,રહ્યા નહિ કંઈપિણ ડાહ્યા.
કિડિયારૂં ઉભરાય, તેમ લક્ષ્મી ઉભરાઈ;
તીડ પડે સહુ જંન, મુલકથી આવ્યા ધાઈ.
સરકારી જન જેહ, તેહ પણ સટ્ટામાંરે;
શેરવનાનો તેહ, આવિયો બટ્ટામાંરે.

---

૧૬ આ ઠેકાણે. ૧ ૧૦ મી આકટોબરે પ્રારંભ ને ૧૫ મીયે સમાપ્તિ.

સરકારી જે બેંક, તેહિયે બીજીઓને;
નાણું ધીચ્યું ખૂબ, દોષ દેવો રે કહોને?
હન્નમ ભડવા જેહ, વળી વેશ્યાઓ તે પણ;
ચાકર નફૂર તેહ, રાખતા સટ્ટામાં મન!
માંડિ રાંડિયે કીધ, છુપા છૂપા બહુ સટ્ટા;
એવી તો ગાંડાઈ, રહે આધા કયમ ભટ્ટા?
રોકડ નાણું દેઇ, વળી દાગીના વેચી;
ધરો વેચિને લીધ, શેરનાં ચિથરાં ખેંચી.
વડિલોકેરા ગરથ, વળી ઘરની સ્ત્રીઓના;
વેચી લીધા શેર, ઘણા ઊંચા ભાવોના.
રૂપિયા અંગઉધાર, લઇ લખિઆપી ચિઠ્ઠી;
ખરીદ કીધા શેર, એવિ લાલચ બહુ મિઠ્ઠી.
રોકડની ગઈ વાત, વાયદા ચાલ્યા જોશે;
અંતરિક્ષમાં ખૂબ, હવાઇયો બડી હોંસે.
ખરો નીજ ઉદ્યોગ, છોડિ સહુ શેરો રાખે;
ઊંચ નીચ સહુ કોય, રહ્યા નહિ શેરો પાખે.
શેર શેર ને શેર, રહ્યા ગાજી સ્હેરોમાં;
ફિનાન્સ ને ફીનાન્સ, બેંક બેંકો ભપકામાં.
ગુજરાતી દક્ષણી, પારસી ને અંગ્રેજ્ને;
ચડી ચડી આસમાન, મારતા મોટી મોજે.—૪૦

ચોસટમાં મુંબઈ, ચડી આબાદી ટોંચે;
ભર્તખંડમાં કોઇ, સ્હેર તેને ના પ્હોંચે.
ઘેર ઘેર ઓચ્છવ, થવા માંડયા બહુ ભાતે;
ગાડિ વાડિના હાઠ, વળી લાડીના રાતે.
સોનાં રૂપાં ખૂબ, ઘડાયાં ઊતાવળથી;
હીરા મોતી તેમ, સજ્યાં ઊમળકાથી.
ધર્મદાન બહુ થયાં, મળ્યું સૂધારાને પણ;
પડયું રઝળતું ધન, તમા નહિ કોઇને મન.

હતી સુનાની લંક, વાત સાચી કે ખોટી;
મુંબઈ તેવી સાચ, સુનાની નગરી મોટી.
ન્રુઠયો અનર્ગળ મેહ, ધનનો મુંબઇમાંરે;
કુબેરનગરી તેહ, બનીરહિ જોતામાં રે.–૫૨

અમેરિકામાં જુધ્ધ, પુરૂં થાતે દી બેઠો;
રૂનો પડતો ભાવ, જોઈ ગભરાયા શેઠો.
રૂની સાથે શેર, પડયા ધમ ઊંચેથી રે;
થયો કારમો કહેર, જનો જખમાયા તીરે.
ચડશે એવો લોભ, તહાં શું સંકેલાએ;
કોઈ ન ચેત્યું હાય, હવે ગભરાટો થાએ.
પજ્યા ધસીને ભાવ, હજારો ઓછા શેરે;
કેમ ખમાએ એહ, લાખનાં સાટાં છેરે.
હાય હાય શું થયું, સ્વપન જેવું સઘળૂં આ;
મૃગજલ સટ્ટામાંહ્ય, જનો લોભી થઈ મૂઆ.
પાંસટ છાસટ સંન, તવારિખમાં નોધાયો;
સઘળે ઘેરે ઘેર, પિટાએછે બહુ હાયો.
જુંઆળ ઠરતો કાંઇ, ઠર્યો નહિં સટ્ટાકેરો;
થયાં ઉતરતાં નીર, વાદળે ઘાલ્યો ઘેરો.
પવન પાણિનું જોર, ખલાસી બહુ ગભરાયા;
વ્હાણ ટકાવે ખૂબ, તોયપણ નહિ કંઈ ફાવ્યા.
ઠામઠામ તોફાન, વ્હાણ દોડી અથડાયાં;
ગયાં ગરડગપ તેહ, સરંગો ડૂબ્યા ડાહ્યા.
માલધણીઓ જોહ, તુટયા સંધાઓ પૂરા;
વીમાવાળા તેહ, જુએ ટકટક જે શૂરા.
સહુ સપડાયા તહાં, જાય કો કોની વ્હારે?
મુઆં તે છૂટયાં જન, રહ્યાં રીબાતાં ભારે.
ઉતર્યું પાણી છેક, જનોનું સટ્ટાથીરે;
જોદ્દા જબરા તેહ, બચ્યા નહિ જવાળાથીરે.

જ્વાળામૂખી જેમ, કરે હાણેા બહુ મેાટી;
રૂ ને શેરે તેમ, શાખ સહુની કરિ ખેાટી.
સાડતીસની આગ, સુરતમાં જેવી ભારી;
તેવિ શેરની આગ, જાગ જાગે રે લાગી.
થયા કેાડિના છેક, કેાટિ કિમતના શેરેા;
બકરાં જેવા છેક, થયા સટ્ટાના શેરેા.
ફિનાન્સ બેંકેા તેહ, થઇ ચળકી ગઇ ઊડી;
સિકરાઇ નહિ કહીં, મેાટમેાટાની ફૂંડી.
શેખચલ્લિની પઠે, હવામાં મેહેલેા બાંધ્યા;
તે કયમ ઊભા રેહ, કાગળેા ઉડવામાંડ્યા
લખમી ગઇ તે સાથ, ધીર તેા જતી રહીને;
કેા કેાને નવ દેય, વચન સહુ જૂઠાં કહીને.
આજ અમુક ને કાલ, અમુક એમ ભાગ્યા મેાટા;
કેાડપતી લખપતી, થયા સહુ રહેજે ખેાટા.
બેંક અને ફીનાન્સ, ઉઘાડી રેાજે રહેતી;
તાળાં દીસે ત્યાંહ, લ્હેણુદારેાના ભેથી.
મેળેા મળતેા ત્યાંહ, મળે નહિ કેાઇ આજે;
ખુશી થતાતા તેહ, શેરને નામે લાજે.
બેંકવાળા શેર, રાખિને નાણાં દેતા;
કરે હાલ ઉચ્ચાટ, નચિંતે જેએા રેહતા.
મ્હેલમાંહિ જે હસ્યા, રડે ઝુપડાંમાં આજે;
મ્હેનત કીધી તેહ, કંઈ નહિ આવી વાજે.
ઉપાડિયું બહુ ધંન, શેઠની પૂંજીમાંથી;
મ્હેતાએ તે પણુ, ગયાછે દુનિયામાંથી.
રડી ફૈટનેા ઘૂમ, અરબ્બી રડા ઘેાડા;
ગયું વેચઇ સહુ હાલ, ગયા કહાં ધનના તેાડા?
હાંડી ઝૂમર મૂન, ઝગ્ગઝગ કરીરહ્યાં જ્હાં;
દીવાળીના બ્હાર, મસિદ અંધારૂં છે રહ્યાં.
ટેબલ ખુરસી કાચ, પલંગેા હતા સુંવાળા;
ગંધા ભાત અનેક, વિજાતા વાળાવાળા.

રંગ રંગના વસ્ત્ર, રેશમી સુતરઊ સ્હોયાં;
સુના રૂપાંના ઘાટ, હિરા ને મોતી જોયાં.
ગયૂં સર્વ તે કયાંહ, ગમ્યો શૂં પરપોટો રે?
શૂં સપનાના ભોગ, જાગતાં લંગોટોરે?
ધામધૂમ બહુ કરી, મ્હાલતા વ્હીવા જન સહુ;
ચુપાચુપીમાં હાલ, રડંતા સમશાને લહું.
રૂએ રાય ને રંક, રૂએ ઘોડા ને બેલો;
એવો આવ્યો કાળ, કપાયો સુખનો વેલો.
સજિત સોળ સણગાર, સુંદરી હસતી જેઓ;
દિસે ચીથરેહાલ, વાંદરી રોતી તેઓ.
કરજ વાળવા કાજ, રડંતા ધણિઓએ કહ્યું;
'આપો કહાડી સાજ,' સ્ત્રિઓથી કેમ ગયૂં સહ્યું.
શેરે વાળ્યો દાટ, થયા નાદારો ઝાજા;
પડ્યા બંધ વેપાર, નરમ સહુના રે હાંજા.
ગયા તજીને ગામ, કોઇ ના દરસાવે મ્હોં;
હાય ગયા રે દામ, હવે બહુ લાગે છે ભોં.
પોલે પાને હોય, હિસાબો સટ્ટાકેરા;
નામાંમાં લુચ્ચાઈ, એહવા તેમાં શેરા.
કજિયા કોરટમાંહ્ય, ચાલતા ઘણા ચુંથારા;
લહા લેવા લુચ્ચાઈ, કરે જન સારા સારા.
વડોદરે દંમણ, કોક નવસારી ચાલ્યા;
કોક રહ્યા હુંમસ, એમ કરિ નાણાં ઘાલ્યાં.
મુંબઇ અમદાવાદ, સુરત ને ભરૂચ શ્હેરો;
પડી થયાં બેહાલ, કાળરૂપે લહું શેરો.
ધંન માન સંહાર, કર્યો છે સંઘે શેરે;
જીવન જનને મોટ, ગયાં છે સ્હેજે તેરે.—૧૩૨

જગતપાળ કિરપાળ, આળ સહુને બહુ આવ્યાં;
લોભાયા બહુ હમે, આખરે કાંઇ ન ફાવ્યા.

કુળવંતા ધનિ જેહ, થયા ભીખારી સ્હેજે;
નિરધન લુચ્ચા લાંઠ, વધ્યા છે તેઓ તેજે.
પડે બંધ વેપાર, લક્ષ્મિ જાવાથી તોટો;
થયો દેશને મોટ, પુરાશે કેમે ખોટો.
શેર પડયાથી બંધ, પડયાં સહુ સારાં કામો;
માટે ફરિ દે દેવ, દેશિઓને બહુ હામો.
અજબ તારિ કુદરત, હશે તેં ધારયું સારૂં;
હવે એટલું આપ, સમાધાની રે વારૂ.
માફ કરીને હરી, સ્થીરતા ફરિ દે સારી;
કર્યાં હશે કો પાપ, કિધી તે શિક્ષા ભારી.
જનો ધડાયા ખૂબ, હવે નહિં લોભી થાએ;
શિક્ષા લાગી મોટ, સહુ સંધે પસતાએ.
માયાના બહુ ઠાઠ, પુરાણોથી મેં જાણ્યા;
શેરથકી તે સાચ, આજ મેં જાતે નાણ્યાં.
ઘણું શું કહિયે બાપ, વિનંતી કરિયે સાચી;
ધંન માન ફરિ આપ, વળી સદ્કીર્તિ પાછી.
કવિ શું ગાશે રાજ, અકળ લીલા છે તારી;
લાવિ દીલમાં દાજ, અવસ્થા કરિ દે સારી.—૧૫૨

ગરબી.

ગાઓ ગાઓરે સટ્ટાનો રાજ થયો જે ગુજરાતે;
થાઓ થાઓરે સહુ સટ્ટાબાજ થયાં ફળ કેવાં તે!–ટેક.
જેમ અમાસે ચંદ દેખાડયો જૈને તે રાજાને રે;
તેમજ ચંદે લખમિ દેખાડી દેશીજનને સાને–થયાં૦ગા૦ ૧
જેમ મદારી ખેલ બતાવે લપટ ઝપટથી સ્હેજ રે;
તેમજ મેધજીભાઇયે કીધા કમાવવે બહુ પેજ–થયાં૦ગા૦ ૨
જેમ જુગારી પાસે આધો રહિ ફસવે બીજાને રે;
તેમ ભાઇયે ભરમેભુલાવ્યા જન મોટા નાનાને–થયાં૦ગા૦ ૩
જેમ શેઠને છળ દે મેહેતા કો ઠેકાણે કોક રે;
તેમ નહીં પણ શેઠે ફસવ્યા મેહેતા મિત્રો લોક–થયાં૦ગા૦ ૪

જેમ બતાવે ટેક ચંદ તે વધ્યા ઘટચાનો રોજ રે;
તેમ ટેકચંદે દેખાડી દામતણી બહુ મોજ–થયાં૦ગા૦ ૫
ખરો ખેલાડી શક નહિં તેમાં પણ શું તેને ડાધ રે;
ડાધ એટલો હત્યારો તે માણસ ચિત્તો વાધ–થયાં૦ગા૦ ૬

જુઓ જુઓરે સદ્દાખોર સિંહ પડયો થઈ લાંબો તે;
રૂઓ રૂઓરે રાણા ને રંક ચુસાયા સહુ છો તે.–ટેક.
કરી કારમી માયા સિંહે વશ કરી માલ્યાં જંન રે;
અજરણે તાવે તે મરતો નિર્દય તેનું મન–પડયો૦જુ. ૧
ચરખીથી તકતકતો જે તે ફીકા કાળો આજ રે;
થન થન કરતો ઘોડો તેનો થયું ખચરૂં વણ સાજ–પડયો૦જુ. ૨
પૂરણ ચંદ્રપઠે પરકાસ્યો થયો તે ઝાંખો ઝપ્પ રે;
કાળે ઘેરાયો તે પૂરો પડયો ઉંચેથી ધપ્પ–પડયો૦જુ. ૩
રત્નસમો પરકાશિત મોઘો ઝાંખું સસ્તું કથીર રે;
ભાવ ન પૂછે તેનો કોઈ જરે લાગ્યું તીર–પડયો૦જુ. ૪
હાક વાગતી જેને નામે જાણે કો મહારાજ રે;
કાળનિ·સામાં ફાવ્યો નહિ તે ગુમાવિ સહજે લાજ–પડયો૦જુ. ૫
શરિર સુગંધે બ્હેકે તે તો ગંધાએછે છારે રે;
પોબારા પાડંતો ધાસ્યા તે બહુ બાજી હારે–પડયો૦જુ. ૬
પિંખાવવાના ભોથી હાસે મથી મથી ખૂણામાં રે;
હજિ જુકતી બચવાની કરતો ના આવે થાણામાં–પડયો૦જુ. ૭
શેરને માથે સવાશેર છે સિંહને માથે પ્હાડ રે;
કાળ પ્હાડમાં ગાજી ધુજવે સિંહતણાં પણ હાડ–પડયો૦જુ. ૮
સિંહ પડયો અંતે તોયેપણ જાય ન તેનો પ્રાણ રે;
ઘણું સારૂં રીબાયે છે તે ઘણી કરી છે હાણ–પડયો૦જુ. ૯
મરતાંને મેહેણાં દેવાં તે વીરતણું નહીં કામ રે;
પણ ખારીલો સાપ ડંશતો માટે ધરવી હામ–પડયો૦જુ. ૧૦
હામ ધરીને પૂરો કરવો કે ન ઉઠે ફરિ પાછો રે;
ફિટ ફિટ તેને થાય તેટલે જનો તમે ના રાચો–પડયો૦જુ. ૧૧

હાય હાય વાળીનાખ્યું છે દેશનું સત્યાનાશરે;
હાય હાય માણસ રાખ્સ પશુ ભુંડો તેહનો પાશ–પડયો૦જુ. ૧૨
દલાભટે ને હીરા વણીકે,વળી વણિક તુળસી કો રે;
ગાયો તેને તેથી શારદ, ચ્હેરો રાખે ફીકો–પડયો૦જુ. ૧૩
રૂડું ભૂંડું નામ જગતમાં મેળવ્યું તેણે તેહ રે;
નામ તવારિખમાં રહેશે પણ ધિક ધિક સરવે કેહ–પડયો૦જુ. ૧૪
ધિક ધિક તેની બુદ્ધિને ને ધિક ધિક તેની જાત રે;
દેશ બીખારી કર્યો સ્હેજમાં કરી બપોરે રાત–પડયો૦જુ. ૧૫
કહે એકને લેવા સારા બીજાને કહે દેવા રે;
ભૂલ થાપ ત્રાહિત થઈ દઇને પોતે ખાધા મેવા–પડયો૦જુ. ૧૬
બ્હારથકી તે લેતા જાએ વેચે અંદરખાને રે;
કાવાદાવા ઘણી ભાતના લોભી સાચો માને–પડયો૦જુ. ૧૭
મિત્રોને બહુ ઠોર મારિયા દઈ દઈ વિશ્વાસ રે;
છાતીઉપર હાત મુકાવી કર્યા છેક નીરાશ–પડયો૦જુ. ૧૮
મોટામોટાઓને કીધા ગાંડાઘેલા છેક રે;
જોતાંજોતાંમાં બીખારી કરી મુકાવ્યા ટેક–પડયો૦જુ. ૧૯
છેલ્લી વારે જનમભુમી જે વેઠંતી રંડાપોરે;
જનુનીના જીવનગાળાપર માર્યો તેણે છાપો–પડયો૦જુ. ૨૦
કીર્તિધરમ વચમાં જે કીધા અવળા નિકળ્યા તેહરે;
માઠે કામે ફળ પણ માઠાં કીર્તિ તો નવ રેહ–પડયો૦જુ. ૨૧
જેણે ઉદ્યમ આપ્યા તેને દઈ ભરોંસો માર્યા રે;
સપૂત દીવો કુળમાં ઊંઠયો કોને કોને તાર્યા ?–પડયો૦છુ. ૨૨
ઘણું નથિ કેહેતો જાણે છે સહુ,કાષ્ટ વડીલે તોળ્યાંરે;
દિકરાએ સટ્ટાને તોળ્યો ખવાડિ સહુને ઝોલા–પડયો૦જુ. ૨૩
સગાં સમંધીઓને નામે ચ્હડાવિયાં ઘર દામ રે;
શી જુગતી કરી બેઠો છે તે કાળાં તેનાં કામ–પડયો૦જુ. ૨૪
દેશખરાબી જેણે કીધી તે પાપી ચંડાળ રે;
કવિતા કેહે ભૂંડો તેને નહિ તેમાં કંઈ આળ–પડયો૦જુ. ૨૫

ગરબી.

ભુંડી લાગ્યા છે ઉઠીરે મુંબઈ શેહેરમાં જો;
ઊંચું કોઈનું ન આવ્યું રૂ ને શેરમાં જો–ભુંડી૦ ૧
થઈ ધીરધાર બંધ સહુ બન્નારમાં જો;
ન દે રૂપીઓ ઉછીનો કોઈ ભારમાં જો–ભુંડી૦ ૨
અરે શેંકડો ઉછાળિયા ઊચકે જો;
તે તો દોડિઆંને કાજ જોજમ ઊંચકે જો–ભુંડી૦ ૩
રૂ ને શેરનાં જુઆંનીમાં બહુ મુઆ જો;
પડયા જે ન તેનાં પેટમાં પણ કુવા જો–ભુંડી૦ ૪
લાગી આંચ તો તે ઝાળની સરવને જો;
આપે રોકડું નાણું તે કયાંથી નવ કને જો–ભુંડી૦ ૫
અરે ધીરવના કામ કેમ ચાલતૂં જો;
ખરે એથિ જગત આમ તેમ હાલતૂં જો–ભુંડી૦ ૬
લહૂં આવિયો દુકાળ શું આકરો જો;
વર્ગ પેહેલા બિજનો આવ્યો મરો જો–ભુંડી૦ ૭
મુંબઇ ઈંદ્રપુરી જેવી જે સોહામણી જો;
કવી આંસુથી જુએ છે હાલ તેમણી જો–ભુંડી૦ ૮

શેરો લાગતા ઊંફાળાં લૂંગડાં જો;
લાગે હાલમાં તે આકરાં ગોદડાં જો–શેરો૦ ૧
શેરો લાગતા સાકેર જેવા મીઠડા જો;
લાગે હાલમાં તે એળિયા અજીઠડા જો–શેરો૦ ૨
શેરો લાગતા અમૂલ્ય પારસમણી જો;
લાગે હાલમાં તે છેક કથિરની કણી જો–શેરો૦ ૩
શેરો લગતા સહૂને અલબેલડા જો;
લાગે હાલમાં તે સાપનાં રાફડા જો–શેરો૦ ૪
શેરો લાગતા જે કલ્પવૃક્ષ વ્હાલનાં જો;
લાગે હાલ કાંટા ઝાડ કંટાળના જો–શેરો૦ ૫
શેરો લાગતા તે લાડકા દીકરા જો;
લાગે હાલમાં તે છેક કાચાં ઠીકરાં જો–શેરો૦ ૬

શેરો લાગતા તે ક્રીમીઆની જડી જો;
લાગે ધૂળ રે કવી કહે આલમ રડી જો–શેરો૦ ૭

(પ્રભાતિયું.)*

ધીર ધર ધીર ધર ધીર ધરસિંહ મુજ,ધીર ધરવાથકી હીર રહેશે;
તાપમાં દીશ દેખાય નહિં તે વળી,રહેજે દિસશે અને સૂખ દેશે.–ધીર૦ ૧
તીર કારી કુંળે કાળજે લાગિયું, લ્હાય ઉઠી રહી રોમ રોમે;
નીરસારૂ બહુ તરફડે પણ સમજ, નીર તો આણશે મોત જોમે.–ધીર૦ ૨
તીરની અગન તે નીરથી ના બુજે,રે બુજે જો છુટે અંગનોભા;
ધીર એ મુટ્ઠિથી સ્વેદ જમે અને,જખમ રૂઝાય ભૂલાય તોભા.–ધીર૦ ૩
જોમને ડાબિને સોમ થા શૂર તૂં, ફોમ ઝાઝી તને આવશેરે;
નેળની ગાલ્લિ તે નેળમાં નવ રહે, ભરતિ ને ઓટ એ નીમ છેરે.–ધીર૦ ૪
દેવનો કોપ ત્હાં જીવને કોપ શો, જીવના કોપથી અગન વાધે;
ધીરથી ઝટ સમે અગન ને ઝટ સુઝે,જુક્તિ કો જેથી તૂં હીત સાધે.–ધીર૦ ૫
મોટમોટા સહૂ સેનના અધિપતી, હાર ખાયેછ સંગ્રામમાં રે;
તારિ વિશાત શી સમજ સુલક્ષણા,લક્ષણામાં તું જો નીતિ ભારે.–ધીર૦ ૬
જાણ્યું કે ઓપજ્યો તે સમે ધીર ધર, જેટલી તે સમે રે ધરાએ;
કામ સંકેલિલે જેટલૂં બનિશકે, માન જાતે ન ગભરાઈ જાએ.–ધીર૦ ૭
દેવનો રંગ ત્હાં માનનો ભંગ શો, અંગમાં શોક શો રાખવોરે;
જંગના રંગમાં શૂરના સંગમાં, ઢંગ ઉચ્ચાટનો શો હવોરે.–ધીર૦ ૮
ગૂજરી વાતને સમજ ગઈ રાત તે, વાદળી કાળિ ગઈ ઊતરી તે;
મિત્ર સાચો લખે પત્ર તૂને કુંળો, વાંચજે તાણિને આંખ પ્રીતે.–ધીર૦ ૯

(લાવણી.)

ધંનલોભમાં અંગઉમંગે કર્યા તમે સટ્ટા;
ભંગ રંગમાં થયો ઘણો ને લાગ્યા બહુ બટ્ટા.–ટેક.
જીવનગાળા વેચીસાટી કરી તેસું યારી;
ઝંપલાવિયા પતંગપેરે જોખમમાં ભારી.

---

* એ મેં મારા મિત્ર કરસનદાસ માધવદાસને સારૂ બનાવી તેને મોકલ્યું હતું.

ઝુલ.

જ્યમ તૂર આકડાકેરું ઉડી ઝટ જાએ;
જ્યમ પાણી પંથો તેહ ચાલતો થાએ;
તેમ ચાલિગઈ ચટ્ટ ચંચળા ગયા ગરથ ગટ્ઠા–ભંગ૦ ૧
એકપાસથી કર્યાં કામ તે પસ્તાવો આણે;
બિજીપાસથી લ્હેણુદાર તે દમે કાળ જાણે.

ઝુલ.

ફળ પડયું ઊંચેથી જેમ છુંદઇ કહેાવાએ;
જ્યમ બરાડતો બહુ વાધ.જોરથી ધાએ;
તેમ રિબાએા ઊંચે ચડેલા પડી પદ્દ પટ્ઠા–ભંગ૦ ૨
એકપાસથી પેટખરચની ગભરામણ થાએ;
બિજીપાસથી સતાવતી વહુ જનસોની હાએ.

ઝુલ.

બહુ રડે બાળકેા જેમ ભુખે ટટળીને;
વર વહુ કલંઠથિ જેમ જાય ઇઝરઇને;
તેમ બાવરા દિસેા જનહરે થયા બંધ અટ્ઠા–ભંગ૦ ૩
જુગાર ખેલી હોંસથકી કાં રેાશ ધરેા હારે;
થવાનું તે તેા થયૂં હવે કાં દુઃખ કરેા ભારે.

ઝુલ.

જ્યમ સિપાઇ ઘાયલ રણે ઘિરેા બહુ થાએ;
જ્યમ ભણ્યેા જેહ વેદાંત કરે નહિં હાએ;
તેમ ઘિરાં પડિ ગઇ ગુજરીને મારીદેા દટ્ઠા–ભંગ૦ ૪

(હોળી.)

પ્યારી ખેલવી શી હવે હોળી; લાગી રહીછે આ શેરની હોળી. ટેક.
કેવાં સુખી હતાં રોજ દીવાળી, આવી અચાનક ગોળી–હાંરે૦
પ્યારી આવી૦ લા૦ પ્યા૦ ૧
સજિ સણગાર ને રંગ રમ્યાં શા, આજે છે રે છાર ચોળી–હાંરે૦
પ્યારી આજે૦ લા૦ પ્યા૦ ૨

સ્હેલ કરી બહુ ઝૂમમાં બેસી, આજે નસીબે આ ડોળી–હાંરે૦
પ્યારી આજે૦ લા૦ પ્યા૦ ૩
બાનપાન ગાનતાન સંભારી, કાં તું રડે ઘેલી ભોળી–હાંરે૦
પ્યારી કાં તુ૦ લા૦ પ્યા૦ ૪
શેરે ચડાવી દિધા છેક ઊંચા, અંતે પાડયા છેક ઢોળી–હાંરે૦
પ્યારી અંતે૦ લા૦ પ્યા૦ ૫
મોટમોટાની ગઈ આબરૂ ને, કાળી થઈ સાખ ધોળી–હાંરે૦
પ્યારી કાળી૦ લા૦ પ્યા૦ ૬
લેવાઈ થયા મદમાતા, બાળ કુવે બુદ્ધિ બોળી–હાંરે૦
પ્યારી બાળ૦ લા૦ પ્યા૦ ૭
ધીરાં પડી દુખ દઇયે વિસારી, ગાઇયે હરી જ્ઞાન બોળી–હાંરે૦
પ્યારી ગાઇ૦ લા૦ પ્યા૦
લાગે નહી પછી શેરની હોળી, પ્યારી બેલવી એ હવે હોળી.– ૮
નરમદ કેહ પ્યારી જો જિવંતાં તો, પોહોર રમિશું રંગ રોળી–હાંરે૦
પ્યારી પોહોર૦
લાગે પછી રસની ભરી હોળી, પ્યારી બેલવિ જ્ઞાનની હોળી.– ૯

*વીરસિંહ.

* જ્યારથી મને સમજાયુ કે હવે હું કોઇ પણ વિષયની કવિતા કરવામાં ફાવીશ ત્યારથી મને એવો ખુટ્ટો ઉકેલો કે જિંદગીમાં એક **મોટી વીરરસ કવિતા** તો કરવીજ; પણ વ્યવસાયને લીધે તે કામનો વિચાર પડતો મુકેલો. સને ૧૮૬૨માં **જિવરાજ** લખવા માંડયો પણ બે વિરામથીજ અટકયો–વૃત અનુકુળ ન પડવાથી વિચારોને કવિતામાં મુકતાં વાર લાગવા માંડી ને તેથી રસ ઓછો જણાયો. સને ૧૮૬૩ માં **હિંદુઓની પડતી** લખતી વેળા તે ખુટ્ટાનું પાછું સ્મરણ થયું, પણ એ વેળા પણ ફાવ્યું નહિ. સને ૧૮૬૬ ના ડિસમ્બરમાં એ ખુટ્ટો પાછો જાગ્યો ને મોટી વીરરસ કવિતા કોને કેહેવી એ વિષે મેં અંગ્રેજી પુસ્તકો ઉપરથી સારી પેઠે સમજી લીધું ને નક્કી કર્યું કે તે લખવીજ. હવે વિષય જોઇયે. નવા કલ્પિત વિષયકર્તા જુના ઈતિહાસમાંનો વિષય લોકને ઉત્સાહથી વાંચવો ગમેછે માટે તે લેવો.–પ્રેમશૌર્યાદિક ગુણો તેવા વિષયથી જેવી ભભકથી દેખડાવાય છે તેવી ભભકથી બીજામાં નથી દેખડાવાતા: માટે વિષય લેવો તો ઈતિહાસરૂપજ. એની ખોળમાં પડતાં કોઇ યશસ્વી

(ગીતિવૃત્ત)

રોતિરહી વાગીશા, ગા ગા ગા યશ તું યુદ્ધને સાજે;
કારાગૃહથી પીડિત, વીરસિંહ જે મથી ફરી રાજે.
રિદ્ધિખંડ નૃપ એજે, દંભરાજ સૂં સ્વદેશની દાજે;
ધાડૂં યુદ્ધ મચાવી, હણે શત્રુને સ્વતંત્રતાકાજે.

નાયક ન મળે. દિલ્હિના પૃથિરાજની ચંદે કવિતા કરી છે માટે એ લખાએલો વિષય ન લેવો ને વળી એ યશસ્વી નાયક નથી. તા૦ ૨૦મીએ સુઝયું કે વિક્રમનો શક ગુજરાતમાં ચાલેછે ને જો કે એ માળવાનો રાજા હતો તોપણ તેના વખતમાં ગુજરાત તેને તાબે હશેજ. એ વિક્રમે સ્કુથી લોકનો પરાભવ કરી શક ચલાવ્યો છે માટે એનું ને સ્કુથીઓનું જે યુદ્ધ થયું તે પ્રસંગ લઇ તેમાં વિક્રમનું શૌર્ય પરાક્રમ વર્ણવવું એવો વિચાર કરયો. એને સારૂ વિક્રમ ને સ્કુથી સંબંધી અંગ્રેજી ઘણાંક પુસ્તકો (જૂના ઈતિહાસનાં) જોયાં પણ યુદ્ધ પ્રસંગ તેમાં મળે નહિ. જ્યોતિર્વિદાભરણ નામના સંસ્કૃત ગ્રંથમાંથી કામને લગતું એટલું મળે છે કે તેણે લ્પ સ્કુથી સરદારો (રાજા) નો પરાભવ કર્યો. તેનાં સૈનમાં ૩ કરોડ પાયદલ, ૧૦ કરોડ ઘોડેસ્વાર, ૨૪૦૦૦ હાથી અને ૪૦૦૦૦૦ મછુવા હતા. સાહિત્ય નહિ તેથી નિરાશ થઈ એ વિષય છોડી દીધો. પછી મેવાડના પ્રતાપ વિષે લખવાનું ધાર્યું કે જેમાં અકબર જહાંગીર શાહજહાં અને કેટલાક નામાંકિત રજપુતોનાં ચરિત્ર વર્ણવવામાં આવે. પણ એ પણ યશસ્વી ને દેશ પ્રસિદ્ધનાયક નહિ તેથી તેને પણ મુકયો. મેં જોયું કે મારે માંહિ વીરરસ કવિતા લખવાનો ઉદ્દેશ દેશાભિમાન જગાડવાનો છે ને એ ઉપર મનના ઉભરા સારી પેઠે કાઢવા છે અને જ્યારે ઈતિહાસરૂપ કોઇ યશસ્વિ નાયક નથી ત્યારે કોઈ નવો કલ્પિતજ નાયક રાખવો ને નવીન વાર્તા યોજવી એ સારૂં છે ને પછી તેમજ કરવું નક્કી કર્યું. પછી વૃત્તના વિચારમાં પડયો. રોલાવૃત બિજા બધા કરતાં અનુકુળ પડે તેવું છે, પણ એમાં પણ જેટલી જોઈયે તેટલી પ્રૌઢતા નથી. અંગરેજી વીરરસ કવિતાના વૃતને ગુજરાતીમાં ઉતારવાને મથ્યો પણ તેમાં પણ મનમાનતી રીતે ફાવ્યો નહિ. અંતે સને ૧૮૬૭ ના મેની ૧૭મીએ કોઈ રાજા કોઈ બીજા રાજાએ તેનું રાજ્ય લઈને કેદ કરયો છે તે પાછો પોતાનું રાજ મેળવેછે એટલાજ વિચાર ઉપરથી મેં વીરસિંહ ને ફાકરજંગ (દંભરાજ) એવાં નામો આપી સરસ્વતીનું મંગળાચરણ કર્યું; ને પછી તા૦ ૨૫મી મેએ વીરસિંહનું અભિમાન કેમ જાગ્યું તે વિષે એકદમ જોશમાં આવી લખવા બેઠો. હું પણ હાલમાં મારી હાલતથી કેદી જેવો છઉં એ વિચારથી બોલાઈ ગયું કે 'હું કોણ કહાં હું૦' ને પછી એજ નવું વૃત્ત કાયમ રાખ્યું ને વૃત્તનું નામ પણ વીરવૃત્ત રાખ્યું–એ વેળા મારી આંખ કેવી હતી તે 'પુર્ણા૦' એ લિટીથી જણાશે.–તે દિવસે તો ૧૫ લીટી જોડી. પહેલી આઠ લિટી પછવાડેથી જોડી છે. પહેલો ને બીજો એ બે સર્ગો જુલાઇની આખરલગીમાં પુરા કર્યા. ને પછી કોશની તડામારમાં પડવાથી એ વિષય પડતો મુકયો છે–હવે જ્યારે લેવાય તારે ખરો. હજીલગી આગળ શું લખવું છે તેનો કંઈજ વિચાર નથી. જે વેળા જે સુઝે તે ખરૂં–નથી વિષયના પુરૂષોના ઠેકાણાં ને નથી વાર્તાનાં ઠેકાણાં. સરસ્વતી એ મારો મોટો ઉદ્દેશ પાર પાડે તારે ખરૂં. આગષ્ટ–૧૮૬૭.

યુક્તિશ્રમ બળ સાહસ, ધૈર્ય પરાક્રમ સુનીતિને ગાજે;
દંભરાજ શાણાને, વળી વજ્ર, જે ખટપટથી ગાજે.
ન્યાયદયા સત જન હિત, એના વાજાં પ્રસિદ્ધિમાં વાજે;
ભોળિ પ્રજાને છળવા, ડાબિ નાખવા ન શૂદ્ર તે લાજે.
ગાતે ઓ માવડિ વળિ, માયાપુરની કળા સુરસમાં જે;
ગા તુજ પ્રસાદ જેથી, દાસ ટળી નૃપ સ્વતંત્ર થઈ રાજે.
ઊંચિ ચપળતા તારી, વાહનની પણ સમાન છે ચારૂ;
રમરમ કાવ્ય ઉપર મમ, ભક્તવત્સલા પ્રસન્ન થા વારૂ.
લક્ષ્મી મોટિ મનાતી, જોઈ વ્હીલી પડી તું હૂં ધારૂં;
ચાંદરણામાં મુખડું, નદિ પનઘટ પર વિચારમાં હાર્યુ.
રે રોતા તુજ ભક્તો, તેથિ શું ઉતરયૂં વદનકમળ ત્હારૂં;
સ્મૃતિકર ઊંચા વરની, થાયે હમને ઉંચૂં સુખડું સારૂં.
શ્રમથી મળ્યું સુખ ઉંચૂં, આહા ઉંચા તરંગ સંભારૂં;
વિવેકશૌર્યજ યશ સુખ, અહિંને તહિં પણ સુમુક્તિનું બારૂં.
ચંચળથી દુખ અંતે, ઠરેલથી સુખ સદા નવલ ન્યારૂં;
શૌર્ય પ્રશંસા ગાયન, મમ મમ થા ઠરે કવન મ્હારૂં.

સર્ગ ૧ લો.

(વીરવૃત્ત.)

શુભપ્રભાત શ્રાવણમાસ । પાણિનો ભાસ । એવું આકાશ । દીપતૂ રહોય
મધિ પ્રકાશતો ત્હાં સૂર્ય । સ્વેત ને રક્ત । સૃષ્ટિ આસક્ત । થઈ રહિ જોય
બધિ ભીત લીસિ લબરઝક । ધુવાઈ બની । ઉપર કહિં દિસે । લીલ પથરાઇ
સ્થળ રૂડૂં શાંત એકાંત । તેહમાં થાય । દૂર કલ મધુર । પક્ષિના કાંઇ
લિલિચાર રંગથી મ્હોય । રેતિ ભિનિ હોય । એવું સૌંદર્ય । ઠરેલૂં જ્યાંહ— ૫
ગૃહ બ્હાર કોટની માંહિ । ખુલ્લિ જ્હાં ચાલ । બંદિ નૃપવીર । ફરે છે ત્યાંહ
ફરતાં ગઈ ચંચળ દૃષ્ટ । ખુણામાં એક । શિલા સુંદર । પડી તે ઠામ
ઊકેલી ઠરિને લેખ । પછી કંઇ વાર । જોઇ રહિ રાજ । વદે છે આમ—
'હૂ કોણ કહાં હૂં અહીં । કહાં મુજ રાજ । દશા શી હાય । જોઇ શૂં પૂઇ?'
'ચલ ચલ ઝટ્ટલઇ સજ્જ । શોધ નિજધ્વજ્જ । ધરિપદરજ્જ । શીરધરિ ઊઇ;' ૧૦

હર હરી શંભુ મહાદેવ । શૌર્ય તૂં પેર । વસ્યું મન ઝેર । ભક્તાપર ત્રૂહ !'
'લૂટાઇ રહ્યો જો છેક । ગયો મુજ ટેક । તપવ મુજ રેખ । શત્રુને લૂટ.'
'મ્હારૂં મ્હારૂં શુભરાજ । પ્રજા મુજ આજ । થયાંછે રાસ । નથી સંખાતૂં,'
'ધિક ધિક્ક દાસ એ શબ્દ । ઊંચકે ઝપ્પ । રોમ મુજ કરે । અંગ કંપાતૂ;'
'પૂર્ણાહુતિની ઊઠિ જ્વાળ । તરે મુજ આંખ । ગળાયૂં લોહ । જેમ થઇ રાતૂં,' ૧૯
'ઊઠ વીર હવે શી વાર । શત્રૂને માર । પિતૃને તાર । યશે હાવાં તૂં;'
'ધન ધંન શિલા તુજ લેખ । ફેરવ્યા ભેખ । હવે મુજ ટેક । મળે શૂં ધૂળ?'
'રે આ પરમાણે કેહ । તાત મુજ તે । અને હૂં તનુજ । કરૂ શું ભૂલ,'—
"કુણ વીર્યથકી તૂં થયો । વધ્યો કુણ દુધે । સ્મરણ રંગથકી । થઇ ચકચૂર,"
"ધસરણે ઉમંગે શૂર । પ્રફુલ કર ઊર । તણઇ રણપૂર । જા તૂં યશપૂર;" ૨૦
"મુજ વીર્યતણૂ જન હોય । સ્હામું મુજ જોય । તેજ લઈ સ્હોય । મદે ભરપૂર;"
"કરિને કેસરિયા રંગ । હઠે જે જંગ । ઢોરનો ઢંગ । નીચું લ્હે નૂર."
"રણજીત માહરૂં નામ । રિદ્ધિખંડ રાજ । મરૂછું આજ । ઝિતી રણબાજિ;"
"યશ ઉજ્વળપુષ્પ સુહાય । લ્હેનિ શુભ માળ । તેથિ વિટળાઇ । રેહ થઇ રાજિ,"
'શુદ્ધ પ્રેમશૌર્ય ને સત્ય । પાળજે તું નિત્ય । રંગ છે જંગ । ભલ્લ ને વાજિ," ૨૫
'હંમેશ ઉંચા વંશજૂ । જનહિત અર્થ । રાખ કુળ ઊંચ । રજપુતી તાજિ."
'ધન ધંન પિતાના તાત । રજપુતી જાત । તારિ હું જાત । રાખું રણ આશ;'
'કરતોતો શંકર જાપ । ગુહામાં રાત । ભાઇએ ઘાત । કરયો વિશ્વાસ,'
'શત્રૂએ મારી છાપ । ઝાલિ મુજ બાથ । કહાડિયો બ્હાર । થયો નીરાશ,'
'બળહીણ તોય હું મથત । સ્હેજમાં મરત । એટલે તરત । ધ્યાન થયું ખાસ.'—૩૦
"કરતો નહિં સાહસ કોઇ । રહે તૂં સહુ જોઇ । થજે તું દાસ । મરિશ મા ભાઇ,"
"જિવતો તો પાછું રાજ । મળે સઉ સાજ । મુને છે દાઝ । જા ન ગભરાઇ."
'ભણિ બ્હાં સાકંભરિ એમ । ધ્યાનમાં મૂજ । ધરી હૂં સાન । મથ્યો નહિં કાંઇ'
'નીરાંત કરિ મેં મંન । પાડયૂં નહિં તંન । નખાયો તાત । કારગૃહમાંહિ;'
'પછિ અહીં વિચારો ઘણા । દાર સુતતણા । થયું શૂં સ્વપ્ન । થયા દુખદાઇ!' ૩૫
'રે પડી હશે તે ક્યાંહ । મુઇ શૂં તેહ । દાસિ શું તેહ । ગઇ લોભાઇ?'
'રે કાર ગૃહે જ્હાં નાર । ધિક્ક નર ત્યાંહ । હાય શૂં બાળ । રહ્યા છૂપાઇ!'
'એવે ભ્રમણે ઊનમત્ત । થયો હૂં ઘેલ । જાણું નહિં ક્યાંહ । રહૂં મુઝાઈ!'
'જાંણુ થોડું થયું હાલ । નથિ હું જ્હાં । પડયોતો તહાં । હામ બદલાયું,'
'કહૂં હવાપાણિનો જોગ । તેથિ મુજ રોગ । ગયો ને હામ । નવૂં કંઇભાવ્યું;'

'સ્મૃતિ થઈ પૂર્વની ફરી । રાખ તૂં ધીર । રેહશે હીર । હેવું મેં ધાર્યું,'
'પણ આજ શકુનમાં થાય । પિતૃદર્શન । ટાંકણૂં શૂભ । હું કરૂં આવ્યું.'
'ઓ તાત તાહેરૂં તેજ । મૂજમાં પ્રેર । હવે શી વાર । પ્રતાપિ થાઉં !'
'કયમ કરી છુટો હૂં પડૂં । સ્નેહિને મળૂં । સેન સજ કરૂં । રણે સોહાઉં!'
'ઓ સાકંબરિ મુજ માત । ઝાલ મુજ હાથ । શંભુ સમઝાવ । થાય સઉ સારૂં!' ૪૫
'કહ્યું હતૂં કરી દે ઝટ । રાખ તુજ વટ । મુજ છેલ્લિ હટ । મરૂં કે મારૂં'–
'ઓ સ્વતંત્રતા જનદેવિ । રૂઠિ ગઇ કયાંહ । કોપનો તાપ । ખમે કયમ જંન?'
'તૂં વિના પ્રાણિ નવ જિવે । કદી જો જિવે । પ્રાણિ તે તને । બાકિ જડ મંન;'
'અતિ સખ્ત તાપથિ હિરો । કોયલો થયો । કોયલો લહે । નીજને રાંક,'
'રે લ્હેવું રાંક એથકી । ભલૂં થવું ખાખ । માવડી ભૂર । ક્ષમા કરિ વાંક.' ૫૦
'શૂં યુક્તિ વિનાનૂં શૌર્ય । નહીં જન ઐક્ય । તેયિ આ કોપ । કર્યો તેં માત?'
'મુજ જંન થયા પરતંત્ર । હું પણ પરતંત્ર । પ્રદેશીતણી । ખાઇયે લાત.'
'ઓ માત હમારો દેશ । તાહરૂં ધામ । તેહમાં અવર । કરે છે વાસ,'
'નહિં વાસ માત્ર પણ કરે । દેશિયોતણાં । તંનમનધંનતણો બહુ નાશ.'
'દેતો હૂં જનને હક્ક । ઉમંગે તેમ । રાખતા તેહ । મુજપર નેહ,' ૫૫
'નિજ જાત જંન ને માલ । નિત્ય રહે ક્ષેમ । એહને કાજ । આમ તે કેહ,'–
"બહુ જિવો બાપજી અને શત્રુથી સદા । રંગથી કરો । રાજ્ય રક્ષંણુ"
"તમવડે હમારો દેશ । હમારૂં સહૂ । હમે છે લિધું । ભક્તિનૂં પંણુ."
'જહાં થયા હમારા જન્મ । ઊછર્યા હમે । રમ્યા ને ભણ્યા । લિધા ઉદ્યોગ,'
'જહાં મચે કુંટુંબ પરિવાર । માલ મિલકત્ત । સગાં ને સ્નેહિ । સૂખનો યોગ,' ૬૦
'વિધ વિધ સંબંધે હમે । રહ્યા ગૂંથાઇ । તહાં શૂં ધસે । કરી છળભેદ,'
'પરજંન રંગમાં રમે । હમૂને દમે । તુચ્છ બહુ ગણે । થાય નવ ખેદ.?'
'જન મનુષ્ય રૂપે કોઇ । જુલમ નવ સહે । રાજિ થઇ કહીં । સર્જ્યું અવિનાશ,'
'તો જન્મ ભૂમિમાં જહાં । જન્મ હકથકી । છુટો જે તેહ । બને કયમ દાસ?'
'તે વળી પ્રદેશીતણો । તજવિજે જેહ । લુટીલઇ હક્ક । રિબાવે રોજ,' ૬૫
'મુજ જંનતણી એ દશા । ભુંડી છે હાલ । ઉપાડે તેહ । ગુલામી બોજ.'
'દેવી તેં શિક્ષા મોટ । કરી પણ હવે । જો તું હમભણી । પુરા લાચાર,'
'તહારાજ હમે તો છિયે । નઠારા તોય । ઝાલ તૂં હાથ । હવે આવાર;'
'નહિં ભૂલ કરીશૂં કોઇ । પુજનમાં હવે । માત જગદંબ । બાળ ઊઠાડ,'
'નહિં લજાવિએ તુજ કૂખ । મથીશૂં હમે । તૂં પણ થા તુષ્ટ । અભિમાન જગાડ!'

'નથિ હાય પાસ તરવાર । ઉછાળું યાર । શકુનમાં આજ । અરે હું કૂણ?'
'રે દાસપાસ પણ હોય । થાઉં નહિં ખિન્ન । દાસથી હીણ । પરવર્યૂ પુણ્ય?'
'શું શસ્ત્રમાંથિ પણ ગયો । જીવ મુજ રહ્યો । ધિ:ક કે એમ । ગણાઊં તુચ્છ,'
'જો જે દંભા શા હાલ । હવે તુજ થાય । થઈ છે ઊંચ । આજ મુજ મૂછ!'
'રે પ્રજા મ્હારિ પણ શસ્ત્ર । રાખતી પાસ । શસ્ત્ર છે નૂર । શૂરવીરોનૂં,' ૭૫
'રે લખ લિખાં તે હશે । હવે કયમ થશે । જનાનીજંન । કેવું તે જોણું?'
'નહિં મુકૂં હવે તુજ ખ્યાલ । જોઉછૂં લાગ । લાગિછે આગ । કાહરે છૂટું,'
'છળકપટથકી લેનાર । નીચ કુળતણા । જાણજે તેજ । હવે તુજ ખૂટયું.'
'ઓ જોઉં જોઉં શૂં નવૂં । ઉંચે આકાશ । ગરૂડ લઇજાય । કુરેા શીકાર!'
'શું બિજે શકુન દેખાય । નક્કિ ફળ થાય । મંનની હોંશ। પડે સઉ પાર!' ૮૦
'હિણ દંભો કહાડૂં બ્હાર । દેશ હદ પાર । હક્ક છે મૂજ । જનમ ભૂ મ્હારિ,'
'રણ જુદ્ધ કરવું નહિં લેશ । હાય તુજ વેશ । દગાથિ લીધ । જીત શી ત્હારિ!'
'રે વેપારી બકાલ । મુકી કુળ લાજ । કરે મુજ રાજ । એકચકવે શું?'
'નહિ નહિં મેં તો સંખાય । પ્રલય આ થાય । રજપુતી જાય । વીર બેઠે શું?'
'રે વર્ણશંકરો જોહ । ઊંચ કુળ તેહ । ઉંચે રહિ કાગ । મયુર થાશે શું ?' ૮૫
'જુઠ દૈત્યતણું બહુ જોર । રાખિ રહે તોર । તોય નવૂંજિતે । દંડ અંતે શું ?'
'રે પ્રજાકુલિન બેહાલ । હશે થઇ રાંક । થઈ પરતંત્ર । દયામણિ છેક!'
'તે કહેતિ હશે મનમાંહ્ય । આપણો રાય । બચારો હાય । હતો બહુ નેક.'
'રે રાંક મને સહુ કહે । ધિક્ક છે સિંહ । જીવવૂં મેંહ । લડી મરિજાઊં'
'દઇ સ્વતંત્રતાના યશ । કરૂં સુખિ જંન । તંન મન ધંન । એથિ સોભાઊં' ૯૦
'આ દરવાજાની માન । દિશે નિસ્તેજ । ભયંકર આજ । નથી દેખાતિ'
'આ દરવાનો પણ છેક । દિસેછે દીન । જોયછે કહાં । ખુલી મુજ છાતિ'
'રે તહાં જઈ દુરથકી । ખડૂં દરીન । કરિને આજ । શકુનથી રાચૂં'
'તૂં સૂરજ સાક્ષિ મૂજ । કિરણ દે તૂંજ । રાજપદ કાજ । કરૂ પણ સાચૂં'
'આ પૂજ્ય લેખ શૂં અહીં । રઝળતો પડ્યો । હશે ક્હાં પડી । તાતની રાખ!' ૯૫
'ઓ રાખ થંડિ તૂં તોય । શરની સ્હોય । સ્મરણથી બળે । ચલિક જ્યમ લાખ!'
'તું આવિ આંખમાં પછિ । પ્રગટ થા બ્હાર । અગન વરસાવ । દાખું નુર કાંક?'
'શું મુઆ પ્રાણિપર ધિક્ક । શત્રુહિણ કરે । વીર નૃપ જુએ । થઇને રાંક?'
'રે કીક્ષાકોટ કમાન । વળી રણસ્થંભ । રાખિ મન કૂડ । હશે તોડ્યા શું'
'અભિમાન ઉંચાજનતણૂં । જાગ તૂં રખે । દેખિતે કદી । એમ જાણી શું' ૧૦૦

'ઓ બ્હિકણ જાત તું દંભ । રહે સાવધ । હવે તુજ નહીં । પ્રાવશે કાંઇ'
'બહુ બહુ પરાક્રમ યશ । પૂર્વજોતણા । તેહના સ્મરણ । છેજ ઉર માંહિ'
'રજપૂત ખરો નવ ભુલે । ભુલ્યો ત્યમ દિસે । સમયને જુવે । ઉભો ઝટ થાય'
'જે વાતે સાવધ મ્હોટ । તેથિ લ્હે ખોટ । હિણા કાફર । હવે કહાં જાય'
'રે દૈવ હાથ સહુ કામ । લેખ આ જોઉં । માનથી રહોઉં । ઉર ફૂલાય' ૧૦૫
'રે શસ્ત્ર આવશે હાથ । પછિ જો હાથ । તાહરી કાય । ભુંડિ રોળાય.'
ઉભરો કહાડી નૃપ એમ । ભિતર જઇ જમ્યો । બપોરે સુતો । સ્વપ્નમાં કેહ
'હું કોણ પદચ્યુતરાજ । કારગૃહમાંહિ । મને કેહે રાજ । હવે કુણ તેહ!'
'રે જન્મ રાજપદ મૂજ । ગયું તે સ્હેજ । મૂખપર તેજ । હવે તો ક્યાંથિ'
'ગયું માન ડાઘ એ પડયો । અસાવધ રહ્યો । ભાઇએ હણ્યો । ધિક્ક કુળ ઘાતિ' ૧૧૦
'કુળ દેવિ કેમ કરિ છુટું । શત્રુને ઝિકું । ચોરિથી જાઉં । હિણું કરું કામ?'
'નિજ પરાક્રમે જે ખાય । આપ્યું તે ખાય । સિંહ થઇ ગાય । રહું આ ઠામ'
'પડિ પિંજરમાં હું રોઉં । હવે ક્યમ સ્હોઉં । લાગ ક્યમ મળે । ખ્હાર તો જાવું'
'પણ વિચાર રાજા ઉર । નીચ કે ઉંચ । કામ તુજ કેવું । સામું જે થાવું'
'રે રાજ કોશ લઇલિયે । પ્રદેશી દગે । જંનને છળી । થાય પછિ રાજ' ૧૧૫
'રે કરે પ્રજા કલ્યાણ । તોય તે ચાર । દેશિયોતણો । હિણો તે સાજ'
'તો જુલુમ કહેર જે કરે । કદર ના બુજે । છૂટ હક લુટે । સતાવા નેટ'
'ક્યમ સામુ થવામાં દોષ । દેશિને હોય । ઉંચકી ભરે । દાસ પણ વેઠ?'
'કહુ દેશ જાત ને ધર્મ । બોલિ ને રીત । લોહિથી જુદા । સ્વભાવે જ્હેહ'
'રે કોટી ઉપાયે કરી । પામવા કદી । પરસ્પર સૂખ । મળે ક્યમ તેહ' ૧૨૦
'દરશાવે વિધવિધ લાભ । ઊપલા તોય । તેહમાં કપટ । કેમ નવ હોય'
'ને તે આ જિવતો રાજ । થઇ કાયેર । નિરાંતે નીત । ટકટક જોય'
'શું સગાં સ્નેહિને પ્રજા । રાખતાં હશે । મૂજપર સાચ । પૂર્વની ભક્તિ'
'રે ખાય તેનું સહુ ગાય । એમ નહિં હશે । નિરાશી છેક । તેનિ શી શક્તિ'
'ધગધગતૂં નહીં શૂં હોય । ઊરમાં છુપું । દેશ કુળતણૂં । ચંડ અભિમાન' ૧૨૫
'શૂં છેક ડરી જઇ મ્હને । સહાય નહિં કરે । ગમે ત્યમ થાય । હૂં તો દઉં પ્રાણ'
'રે દ્રવ્ય હવે ક્યમ મળે । કોણ રે ધિરે । આપિ દે કોણ । થઈ ઊદાર'
'વિખરાઇ ગયા મુજ જંન । એકઠાં હવે । કેમ તે થાય । ડરે લાચાર'
'રણ સામગ્રી ક્યમ મળે । કહાં સજ થાય । સાથ પણ કેમ । ઉભાં રહેવાય'
'રે શંભુ મ્હોટ દાતાર । પાડશે પાર । નિદાને સત્ય । તરંતૂં થાય'

'પણ એકવાર અહિંથકી । નીકળૂં બ્હાર । પછી હોનાર । ગમે ત્યમ હોય'
'પણ હાય એજ દુર્લભ્ભ । દુર્ગ છે ધટ્ટ । સબલ રિપુ જટ્ટ । સાજથી રહોય'
'શિશુ જેમ પરાધિન છેક । રાખું શું ટેક । તોય શું નેક । મુકીદઉં હામ'
'રે પરાધીન જિવ તેજ । સ્વતંત્ર સુહાય । દૈવ રૂઠે । કરે તે નામ'
'રે એક પુરુષ શૂરવીર । વીર્યથી હોય । સાધને જગત । ધુજાવી રેહ' ૧૩૫
'પણ બીજ કહોયું જહાં હોય । જમિન ને હવા । રૂડાં બહુ તોય । વધે નહિ તેહ'
'કદિ ભુલ્યા મિત્ર સંગતે । પ્રેમના નેમ । શૌર્યના ટેક । થયૂં શૂં તોય'
'છે જો નર ઊંચ સુજાત । વંઠિ ગઈ વાત । પડી ગઇ રાત । નીચું ના જોય'
'ઓ પ્રભુ આટલૂં દુઃખ । કેમ તૂં દિયે । શુદ્ધ સદગૂણ ધર્યા મેં ઊંચ'
'રે સુધડથકી મુજ જન્મ । ઉછરયો સુધડ । જ્ઞાનથી સુધડ । ગણાઉં તુચ્છ'
'શું પરિક્ષા કારણ દેવ । દા ખવ્યો સમય । એટલું બધું । મૂજપર કેમ ?'
'પણ ઇચ્છા ત્હારી ત્યાંહ । કરૂં શૂં સોચ । ભૂતનો હવે । કરી દે રહેમ'
'વર્ષામાં સાગર થાય । ધણો ઉનમત્ત । તોય કહેવાય । સદા ગંભીર'
'બહુ બહુ પ્રપંચ મુઝાર । મચે બહુ તોય । જ્ઞાનિને શૂર । ભણાયે ધીર'
'અતિ દુષ્ટ રાહુને લિધે । મારતો ઝાંખ । તેહમાં સૂર્યતણો શો દોષ'–૧૪૫
'સીતા સરખી ચરચાઈ । તાહરે હવે । માહરે કેમ । રાખવો રોષ'
'અંતે છે સતનો યશ । વીરસિંહ ધસ । રણે રમ મસ્સ । કીર્તિ સંપાદ'
'જંગલમાં મંગલ થાય । રહાય જો ઇષ્ટ । હવે ઝટ થશે । શંખનો નાદ'
'વ્હારે માતા તૂં આવ । રાહ દરસાવ । કૃત્રિમી દુષ્ટ । શત્રુ છે મ્હોટ'
'જાઉં હૂં ધસિને બ્હાર । છીનવૂં શસ્ત્ર । મારુ કે મરૂં । એજ મુજ હોઠ–૧૫૦
'નથિ ઉપાય સુઝતો કાંઇ । મુઝાઉં છેક । ઊહું શું હાય । નથી ઉઠાતું'
'નથિ પાસ માહરી કોય । દેવિ દર્શન । દેઇ સાક્ષાત । મ્હને ઝટ રહા તું'
તત્તક્ષણ સાકંબરિ ત્યાંહ । થઇ સન્મુખ । વદે "પ્રીય વત્સ । રાખ તૂં ધીર"
"પડશે પારયૂં તુજ પાર । છઉં હૂં સ્હાય । શંભુને જઈ । મળું છું વીર"
"અકળાઇશ મા મુજ પુત્ર । નથીરે સમય । ટૂંકડે હજી । વીરૂ વાત'–૧૫૫
"સાહસ કરવાથી હાલ । થાય તુજ હાર । નિરાંતે રેહ । સર્વ મુજ હાથ'
થઇ તે પછિ અંતરધાન । વીરસિંહરાજ । ચોંકિને ઉઠયો । 'સ્વપ્ન શું આજ'
'દેવીના દર્શન એજ । લાભ લહું મ્હોટ' । ભણે છે રાજ । 'સીઝશે કાજ'
'રે સાંભલ્યૂં તો નહિં હોય । કોઇએ મૂજ । હશે શૂં હવે । ડરી ધબરાઉં'
'ઓ માત કહિશ ત્યમ કરિશ । વ્હેલિ કહઇ જજે । ફીદાડે કેમ । મુક્ત હૂં થાઉ.

સર્ગ ૨ જો.

જ્યાં કરયો કૂકડે શબ્દ । થયો શ્રુતિધોસ । નદીનિરભાસ । ઊજળો રહોય
હવે સાકંબરિ ઝટ્ટ । સ્નાનકરિ પટ્ટ । શુભ્ર સજી ધ્યાન । કરે તો જોય
આવીછે પોતે ત્યાંહ । હિમાળય જ્યાંહ । ઊંચ શૃગ જેહ । ભણ્યું કૈલાસ
પુરિ ત્યાંહ નહિં પણ જ્યાંહ । કરે વિશ્વેશ । યોગ ધ્યાનાર્થ । નિરાળો વાસ
ત્રણકૂટ ત્રિકોણે તોય । મધ્ય હિમભર્યું । તેથિ ત્યાં કોઇ । દિસે નહિ તેહ–૫
અતિ આરસ ઓપે જેમ । કઠિણ હિમથકી । સપાટી એક । થઈ દિપિ રેહ
વડ વિશાળ અતિ ગંભીર । ઘટાએ ભવ્ય । જટાની જુગત । અનૂપમ હોય
ધુણિ ધૂમ્રકોટ ચોપાસ । વિભૂતી ઉડે । કુસમસહવાસ । મંડપે મ્હોય
વિજયાના વિધવિધ વૃંદ । બિલીનાવૃંદ । આક ધંતૂર । નિંબ તાં જોય
તાંડવ નૃત કેરો સાજ । યોગનો રાચ । મચ્યો ગણુસાથ । સાંબશિવ રહોય ૧૦
કર્પૂરગૌર વડી કાય । કપોળ વિશાળ । નયન ત્રણ દિવ્ય । રંગ વિકરાળ
મસ્તકે જટા રહિ ઊર્ધ્વ । વિભૂતે સ્વેત । રહોય સર્વાંગ । મુંડની માળ
ભૈરવ સ્વરના અતિરમ્ય । ઘટા નભ તાંહિ । જુવે ને કરે । સ્વરૂપ વિલાસ
દિગ એજ જેહનું વસ્ત્ર । વ્યાઘ્ર આસંન । એહવો યોગિ । કરે અટહાસ્ય
જોઇને વદન પ્રસન્ન । સાકંબરિ મંન । લહે કે થશે । તરંતૂં વ્હાણુ ૧૫
સંકોચાતિ ઉભિ દૂર । કરી સાષ્ટાંગ । તાહરે વદે । સાંબ કલ્યાણ
પૂછે ગિરિજાને કોણ । પુત્રિ છે એહ । તાહરે તેહ । આપણી કેહ
રજપૂતોની છે ઇષ્ટ । હશે કો કષ્ટ । તેથિ હંઇ આજ । આવિ લહું જેહ
વદવદ શી ઇચ્છા તૂજ । ભણે છે સાંબ । દુઃખ વદ વત્સ । થઈ નિઃભ્રાંત
ત્હારે સાંકબરિ માત । કરી સાષ્ટાંગ । કરી આ કેહ । દુઃખની વાત ૨૦
। રણજીત રિદ્ધિનો રાજ । પ્રતાપી પૂર્ણ । હતો તે સમે । લોભ બક્કાલ'
'સોદાગર કાબિલસ્તાનિ । રિદ્ધિસિંહ કને । આવિને કહે । રાંકથઇ હાલ'
'કરમાન મળે અહિં રહું । દઉં ને લઉં । માલ બહુ જાત । કમાઇ ખાઉં'
'પ્રભુની સાક્ષી નવ ભુલું । કદી ઉપકાર । સદાવ્રત કદી । કૃતઘ્ન ન થાઉં'
'માગણુને દઇને રેહ । રોજ પરસંન । પ્રદેશે થાય । રૂડું નિજ નામ' ૨૫
'રજપૂત રાજ ઘોંતાળ । કહિ એ વાત । જગા બક્ષીસ । કરી સહમાન'
'એ રીતે રાચ્યો યવન । પછી વેપાર । કર્યા હદપાર । કમાયો ધંન'
'મિલકત્ત વધારી તેહ । હાઠથી રેહ । રાજને કરે । રહોય દઇ તંન'

'રાજે આપી તરવાર । ભરી દરબાર । સમજી કે સમે । લાગશે કામ'
'લાગ્યો તે સાચે કામ । યવન કો ભુંડો । આવિયો હદે । ભીડીને હામ' ૩૦
'દરશાવ્વાને નિજ જોર । બીડું લઇ લિધું । સહુથી પ્હેલ । થયો તૈયાર'
'ટુકડી આરબની લઈ । એકલો ગયો । લડીને જિત્યો । મેળવ્યો પ્યાર'
'પછિ બિજો યવન બળવાન । જણાયો એક । તેહસું જુદ્ધ । થયું જેવાર'
'રણજીત જોરથી લડયો । શત્રુ ઝટ હઠયો । રાજનો થયો । બધે જેકાર'
'મહિને તીજે તે મુંવો । સ્વર્ગમાં ગયો । મર્ણની વેળ । સહૂને કીધ' ૩૫
'રૂડો ધટતો બહુ બોધ । તેહમાં વળી । યવનને શીખ । ખાંતથી દીધ'
'પછે આણ રાજસિંહતણી । ફરી ચોમેર । બાપનું નામ । રાખતો તેહ'
'નહિં રાજવિષે અંધેર । ધંન છે રાજ । પિતાના પુત્ર । પ્રજા સહુ કેહ'
'અહેની વેળામાં થયો । લોભને પુત્ર । લોંડીથીનીજ । તેહનું નામ'
'દંભોજી બાપે ધરયું । ઉછરયો પછી । સિપાઇ માંહિ । ભૂડું થયું કામ' ૪૦
'લોભો મુંવો તે પછી । તેની પદ્વિએ । બિરાજ્યો પુત્ર । નામ કાદર્ર'
'થોડે દીએ તે પણ । મુંવો ને પછી । દરજ્જે ચ્હડયો । હીણ કાપર્ર'
'હેવાંમાં માંદો પડયો । રાજસિંહ તેહ । થવા માંડિયૂં । પછી અંધેર'
'સૂબાઓ બહુ અખ્તિયાર । ચલાવે અને । પ્રજાપર થાય । ઘણેરો કહેર'
'કાફર ત્યાં મનની માંહ્ય । વિચારે આમ । કાં ન હૂં પણ । કરૂં મુજ કાજ' ૪૫
'માડી કરવા તજવીજ । જુક્તિથી ઘણી । લટે ને લૂટે । હોય શી લાજ'
'સૂબાઓમાં અંટસ । પરસ્પર થાય । તેહવી રીત । ચલાવ્યો જાય'
'જેથી બહુ ગામેગામ । લડાઇ મચે । જેનું ફળ રૂડું । નીજને થાય'
'અહેવામાં પામ્યો મોત । રાજ સિંહરાજ । વધ્યૂં અંધેર । વીર નૃપ બાળ'
'કાફરે વધાર્યા જંન । નીજ દીનતણા । ટુકડી નીજ । હતી તે માંહ્ય' ૫૦
'લલચાવિ આકરે મુલે । જમીનો લીધ । અમીરોતણા । તોડિયા તોર'
'ટંટામાં ઘાલી હાથ । ફાવતી મદત । કરીને પછી । વધાંરયું જોર'
'નવ ડરયો તોડવે વચન । કામ જ્યાં સરયું । ભોળવ્યા મંત્રિ । આપિ બહુ લાંચ'
'નવ ટેકથકી કરિ સાહ્ય । મિત્રને વળિ । તજ્યા ઝટ જોઇ । નીજપર આંચ'
'જેણે કીધા ઉપકાર । તેહને ધૂત । કર્યા ઝટ જોઇ । ચુંસાયા છેક' ૫૫
'અહેવો હિણ કાફર તેહ । રાજમાં થયો । સ્હેજમાં મુખિ । મુકિ નિજટેક'
'પછિ નિમખહરામી કરે । ગાદિપર દહાડ । લોભથી અંધ । રાખતો તેહ'
'પ્રાપ્યૂં નહિં જ્યારે કાંઈ । શોધિયો ભાઇ । વિરસિંહતણો । મલ્લજી જેહ'

'પસરી દેશે મોહજાળ । મલ્લજી તેહ । ગાદિનો લોભ । રાખતો થાય'
'રાખ્યો તેને નિજપાસ । કાફરે પછી । છુપો જે કરે । યવનને સ્હાય' ૬૦
'પછિ રાજધાનિપર ધસ્યો । પરંતુ ભાર । વીરજનથકી । લિધો ત્યાં ઝાજ'
'તોપણ નૃપને ત્યાંથકી । ખસીજવું પડ્યું । વરસ છે સોળ । શુદ્ધ કુળલાજ'
'હિણુ મલ્લે દાખ્યો રાહ । રાનમાં ત્યાંહ । ધસ્યો કાફર । ધસ્યો નૃપ વીર'
'એ રીતે યવને રાજ । લિધૂં મ્હારાજ' । સાંભશૂં કહ્યું । 'કેમ રહે ધીર'
'નવ દિધૂં મલ્લને રાજ । પાળ્યું ના વચન । ઊલટો કરયો । સઘ શિર છેદ' ૬૫
'ખોળી ખોળી બહુ જાગ । જુલમથી ધરી । રાજકુળ જંન । કરયાં સહુ કેદ'
'પરદેશી મુસલ્લા નીચ । ફોજમાં અને । કચેરી માંહ્ય । રાખિયા પાસ'
'પરજા હિંદૂ તે બધી । દેશમાં બધે । હાકથી બદૂ । પામતી ત્રાસ'
'પછિ રાજ નિભાવ્વા કાજ । ફેરવી રીત । પ્રજા સૂં ભલી । દાખવી દાજ'
'જેથી કહું દેશ મુઝાર । વાગિ તે ભુંગળ । રહીને વધી । યવનની લાજ'–૭૦
'હિંદૂ અમિરો ને જૂજ । જાગિરો અને । વળી નોકરી । ઘણાને દીધ'
'બારાથી બંદોબસ્ત । કરયો લાયેક । પ્રજાને એમ । દમેલી કીધ'
'એ રીતે ચલાવ્યૂં રાજ । વરસ કહું સાત । પછી ફરિ ફરિ । યવનની આંખ'
'લોંડી કુખમાં જે થયો । છછરેયો ભુંડો । છકે નવ કેમ । પુરો નાપાક ?'
'એ સાંભસ્વયંભૂરાજ । પ્રદેશીથકી । ખરે નવ કદી । રાજ ચલવાય' ૭૫
'ભાષા બુદ્ધી રિતભાત । ધર્મમાં ફેર । ખ ને ભૂ વચ્ચે । તેટલો થાય'
'સહવાસ વિના કયમ લહે । પ્રજાનૂં દુઃખ । ધારયું નિજ કરે । પદે ગવિષ્ટ'
'નવ કરે સત્ય ને ન્યાય । તોરમાં પછી । પ્રજા કયમ કરી । જુએ નિજદૃષ્ટ ?'
'નિજ જંનતણો બહુ પક્ષ । છચોકે કરે । કરે ન ડરે । સ્વભાવે તેહ'
'ઊંચી પદવીનાં સૂખ । હરી લે ત્યાંહ । પ્રજા રાંકડી । રિબાતી રેહ' ૮૦
'જાગીર જુની ને વળી । નીજ આપેલ । મીશ બહુ કરી । છીનાવી લેય'
'રે જમિદારિ વાણુ કદી । કમેટી માંહ્ય । હક્કના લેય । પછિ સુખ કેય'
'નહિં કુલિન ભણ્યાની કદર । ઊંચ ને નીચ । સમાનજ લેહ । રાજ કાફરે'
'જુલમી કરના બહુ બોજ । પ્રજાને શીર । રહે શું ખાય । પામિ તે ડરે ?'
'બાળી નાખ્યાં દફતરે । રાજનાં એહ । નથી નુકસાન । દેશને સાંભ' ૮૫
'દેશી કયમ લખશે ગ્રંથ । દેશ અભિમાનતણા ઇતિહાસ । પ્રજાહિત કામ'
'ભાષા કાયરની બધે । પસરતી થાય । દેશીનાં માન । ઊતરે રહેજ'
'બધે પરજા અજ્ઞાન । કચેરી માંહ્ય । મદથઇ રાંડ । બને નિસ્તેજ'

—

'નૃપ વીર પદચ્યુત થયો । સમય તે વિષે । જોઇ ગરબડ । અમીરો જેહ'
'થઇ પડયા હતા બળવંત । સ્વતંત્રજ રાજ । ટકયાતા ખૂબ । રડે છે તેહ' ૯૦
'યવને કબૂલ્યું તૂં કદી । 'રાજમાં હાથ । ઘાલશું નહીં' । તોય તે હાલ'
'બ્હાના બહુ કહાડી તેહ । કરે નિર્બળ । છીનવે રાજ । લુટી લે માલ'
'એવું છે ત્હાં ઉંચ કહાં । વીરને હોય । કોસું તે મળે । કેમ લે રાજ'
'લસ્કરમાં પદવી ઊંચ । નથી કોઇને । કુલિનને દાસ । કરયા શી લાજ?'
'શું શસ્ત્ર ધારિ રજપૂત । ઊંચ કુળ તેહ । માંગતા ફરે । હાલમાં ભીખ' ૯૫
'બાલાની કરિદઇ છડી । પોળિયા બને । યવનને તહાં । એશું શિવ ઠીક?'
'તરવાર ભાંગિને છરી । શાકની કરે । એહવો ત્રાસ । દે શું કાયરે'
'ઓ સાંબ કૃપા ઝટ કરો । યવનને હણો । દેશીને કરો । કુડાં સુખતરૅ'
'ઓ તાત જગતના રાજ । દુઃખમાં દુખ । જંનને મોટ । પ્રદેશી રાજ'
'એથી તનમનધન હાણ । કદી ના ઉઠે । ફરીથી જંન । કરે શા કાજ'–૧૦૦
'સંધી શિક્ષામાં મોટ । પ્રદેશીરાજ । ભોગવી તેહ । હવે નીવાર'
'મારાં રજપુત સંતાન । સુખી કર રાજ । પુત્રિ હું રાંક । જાયું આ ઠાર'
તવ ભણે સદાશિવ સાંબ । 'સિદ્ધ છે વત્સ । મનોરથ તૂજ । છઊં હું રહાય'
'ઓ કાર્તિકેય સારદ । યુક્તિ કંઇ કરો । જેથિ નૃપતણી । જીત ઝટ થાય'
'સાકંબરિને લો સાથ । પછિ ભૈરવ । શક્તિ જોગણી । જોઇયે તેહ' ૧૦૫
'દો પાર પાડિ એ કામ । રચીને વ્યૂહ । યવનને હણો । ભુડા જન જેહ'
કહિ એમ ઉઠયા મ્હાદેવ । વિસર્જન થઈ । સભા કે થયાં । વીજ ગર્જન
નગ સહુ હરના ગુણ ગાય । અનુક્રમ માંહ્ય । સકળ કૈલાસ । ધુમે આનંદ
સાકંબરિ કાર્તીકેય । વળી સારદ । કરી પરણામ । ભણી હરનામ
આવી પૃથ્વિપર વાસ । કરી એકાંત । પછી વીચાર । કરે છે આમ ૧૧૦

સર્ગ ૩ જો.

જોવું કહાં કહાં અભિમાન । દેશમાં અને । વીરસિંહતણા । કેટલા ભક્ત
છે અગત્ય એની પ્રથમ । સાધનો મળે । સ્હેજ જો હોય । પ્રજા આસક્ત
જ્હાં જ્ઞાન ઉંચા ઊમંગ । વિના મનરિક્ત । પેટની વેઠ । કરે સહુ જંન
જ્હાં આર્જવ ને આળસ । મ્હાલતાં મ્હસ । તહાં શો જસ । હોય કદિ ધંન
સ્થિરતા કાયરની તેહ । હશે જો બધે । લાગશે વાર । થતાં તો કાર્ય ૫

એ ચલિત થયાવણ નહીં । ચાલશે કોઇ । પ્રસાદી રૂપ । ઉપાયો આર્ય
માટે જઇ જાગે જાગ । જોઇને પછી । કરી ઊપાય । કહાડવો રોગ
બળ આપી શિખવી જુગત । ઊંચપણ થકી । આણવો સ્હેજ । લાભનો યોગ
કરિ વિચાર એવો ફરે । દેશમાં બધે । ધરિ જન રૂપ । દેવતા તેહ
પછિ આ પરમાણે જુએ । લોકના હાલ । છેક લાચાર । થયારા જેહ ૧૦
પરદેશી રાજ્યો માંહિ । ઊપલું સૂખ । મળે જન રોજ । રાજિ થઇ રેહ
નર દેહે પશુથી નીચ । મુગાં ને રાંક । દાસપણતણો । માર નવ લેહ
જહાં અંન વસ્ત્ર છત વળી । ઉપરની પ્રીત । સ્વામિની જોઇ । રાચતા દાસ
જહાં નીચ મઝા સુખથકી । રાજિ ધનવાંન । ત્હાં શી હોય । ઊંચ વળિ આશ
નવ જાણે છૈયે દાસ । મૂર્ખ જડ ભરત । તહાં શૂં જંન । ભિતરના ભેદ
સત્તા ધારીના લહે । સ્વારથી જેહ । પ્રજાને નીત । રાખતા કેદ
રાખે બહુ રાજી રોજ । ઉપરથી તોય । દાસને મૂર્ખ । જંન સહુ હોય
વણ સમજ દાઝને છૂટ । રિદ્ધિ આ દેશ । ઉચાં સુખથકી । ઉંચો કયમ રહોય
દેશી રાજ્યોમાં છેક । પ્રજા બહુ દુખી । એહ પણ ઇછે । પ્રદેશી રાજ
જેના દાબ્યા નૃપ રહે । સદા ભયભીત । રખે લે લુટી । હમારૂં તાજ ૨૦
નવ જાણે નિજજન દાઝ । રહે ગુલતાંન । નીચ સુખ માંહિ । નીજ પણ ખોઇ
સ્વારથ છાજે પરધાન । પ્રજાને દમે । બની કંગાલ । રહેજે રોઇ
જહાં ત્હાં છે દુખ અજ્ઞાન । દિસે વેરાન । વળી સુનકાર । એહવાં રાજ
કો જન વળિ લહિ સમસાન । થઇ નીરાસ । વિરાગી બની । સમાવે દાઝ
ખીચોખિચ ઝાડીથકી । સૂર્યનાં કિરણ । પેસિ નવ શકે । અને જહાં કહોય ૨૫
જળ હવાથકી બહુ પત્ર । જેહમાં પડી । એવું કો નિચળ । જલાશય હોય
તેવૂં છે જનનૂં મંન । દેશમાં બધે । કાર્યની સિદ્ધિ । ઝટ કયમ થાય
પુતળાં મુડદાં શું કરે । વિના ચૈતન । બુધિરવણ કેમ । ઊર ઉંચકાય
ઉત્સુકતાવાળું જ્ઞાન । દિસે નહિં કહીં । અરે એ વિના । નિરર્થક યોગ
દાઝે તે આધું જાય । દાઝ છે કહાં । થંડ પાષાણ । ઠોઠ છે લોક ૩૦
આવ્યાં છે જનને શીત । ધટિત ઉષ્ણુતા । વિના કયમ જાય । પીડતો રોગ
ઉંચ સંગત ને ઉંચ જ્ઞાન । વિના ઉમંગ । ભિજા ઊપાય । સર્વથા ફોક
જે જંન યવનમાં હીણ । તેહના હુકમ । દેશિ કુળ ઉંચ । બજાવે રોજ
પછિ થાય ભાંડુંનું ભુડું । તોય તે વહે । વૃષભની પડે । રાજનો બોજ
જે કુલિન દેશિ જન તેહ । રડે હક ખોઇ । બચારા કોક । મુકી કુળ ટેક ૩૫

લઇ નોકરિ રાજી રેહ । નોકરિ તેથિ। ડરે તે હોય। દબેલા છેક ઉંચાં પદ થોડાનેજ। હવે તે કેમ। છૂટથી ભણે। નીજ વીચાર થોડા જે પાસે ધંન। ભણેલા નહી। નિર્ગમે દીન। કરી વેપાર વચલાં કુળ પણ ઉધોગ। રવડતાં ફરે। ધંનવણ કેમ। ભણે પરબોલિ માત્રે ખેડુત અજ્ઞાન। સુખી છે ખરા। બિજા જન દુખી જનાતી શોખિ ૪૦ જે જે શૌર્યાદિક ગૂણ। ઉંચ કુળ રીત। દિસે નહિ કહિં। દેશિ જંન માંહિ એ વણ નરપણ શું હોય। સર્વ કાબેર। ઠોર કુપ બની। રાજિ રેહ તાંહિ. ૪૨

(સદાજ અપૂર્ણ.)

અદ્‌ભુત યુદ્ધ.

શ્રીરામ મૂર્તિ દર્શન, ચરિત્રે થાય;
શ્રીરામ રમે રણરંગ, યશે સોહાય.
શ્રીરામ શારદા નામ, રસે ઉભરાઉં;
શ્રીરામ વીરશ્રીરામ, તણા જય ગાઉં.
શ્રીરામ રાવણારિને, જાનકી નાથ;
જય જય જય શ્રી રઘુવીર, સત્ય સંગાથ.
સ્મરિ લક્ષ્મણને હનુમાન, આદિ રણધીર;
સ્મરિ વાલ્મિક અંશી જેહ, વાણિમાં વીર.
રણ જુદ્ધ મચ્યું અદભુત, શોભતો સાજ;
નવ ગજું તોય પણ ભણું, કોડમાં આજ.
વિજયાદશમી મૂહુર્ત, સાધિ રઘુરાય;
કિષ્કિંધ્યાથકી પ્રયાણ, કરંતા થાય.
દક્ષિણનો કાપી માર્ગ, હરખિ સહુ વીર;
આવ્યા જ્યાં સાગર શબ્દ, કરે ગંભીર.
જોતાં તે સાગર ભવ્ય, વાંનરો સર્વ;
વિસ્મયે તટસ્થજ રહ્યા, મુકી દઇ ગર્વ.
એવે ત્યાં રાવણભ્રાત, વિભીષણ જેહ;
શરણે આવીને રહ્યા, ભક્તમાં તેહ.
રામે કીધો અભિષેક, કહી લંકેશ;
ચિરકાળ જીવો જ્યાં લગી, નિશેશ દિનેશ.

કેહ ભગત વિભીષણ રાજ, સિંધુદે ભાગ;
માટે પુજિ વિનવો તેહ, ધરી અનુરાગ.
પછિ રામ સિંધુને સ્તવે, વાળિઆસંન;
ત્રણ દિવસ રહ્યા નિરહાર, રાખિ દ્રઢમંન.
નથિ લેખવતો કંઇ લહી, ક્રોધમાં આપ;
બ્રહ્માસ્ત્ર મુકવાકાજ, ચડાવે ચાપ.
તો મૂર્તિમંત સમુદ્ર, પ્રગટ થઈ રેહ;
કર જોડિ ઈચ્છતો ક્ષમા, વળી તે કેહ.
વસ્ત્રાભૂષણ આ સર્વ, સજો શ્રી રાજ;
વલ્કલ નવ શોભે જહાં, શત્રુ સહસાજ.
નળવાંનર હાથે તરે, જળે પાષાણ;
નિર્ભય શુભ સેતુ રચાય, નિશંક પ્રમાણ.
આજ્ઞા લઈ સિંધુ અદર્શ, થયો કે ત્યાંય;
વાંનરો પર્વતો મોટ, આણતા થાય.
શ્રીરામ પ્રતાપે સેતુ, રચાયો પૂર;
તો નિવેશ ઉઠયો કહી, કરો અચિ ચૂર.
કુદિ કુદિ ચાલતું સૈન્ય, સેતુપર સ્હોય;
કિકિયાણ કરે ચોપાસ, અધીરૂં જોય.
હનુમાન સ્કંધની ઉપર, વિરાજે રામ;
લક્ષ્મણ અંગદને સ્કંધ, હાઠ અભિરામ.
આવીને કરચો પડાવ, સુવેળા પાંસ;
રાવણને જોવા સૈન્ય, રાખતું આશ.
દશકન્ધર લંકામાહિં, પ્રધાનો સાથ;
ઉર ભય સંતાડી કરે, વડાઈની વાત.
એવે ત્યાં આવ્યો દૈત્ય, જેનું શુકનામ;
બોલ્યો હે લંકાનાથ, નિકટ છે રામ.
તે અચળ સુવેળા દિસે, રમંતો લોલ;
બળિયા બહુ વાંનર સાથ, કરે કલ્લોલ.
છે સહાયમાં સુગ્રીવ, સુપગ્વ વિચાર;
નવ માન્યુ આપનું કહેણુ, કર્યો ધિક્કાર.

બાંધી રાખ્યો તો મને, મુકયો છે આજ;
વાનરતો ઉદ્ધત સર્વ, જાણશો રાજ.
શુક વચન સુણી લંકેશ, સભામાં કેહ;
અરિસેન કેટલું હશે, જાણવું તેહ.
પછિ સારણ શુક બે ગયા, રામદળમાહિં;
લઇ વાનર વેષ ગણંત, સેનને તાહિં.
તો વિભીષણે ઝટકરી, રામને જાણ;
એ વધા સુખે તે કરે, નથી કંઈ હાણ.
દૂતે લંકામાં જઇ, કહી સહુ વાત;
જોવા ઇચ્છે દશકંધ, શત્રુનો સાથ.
પછિ ચડી અટારી ઉપર, તબક છે સોળ;
રાવણતો જૂએ સૈન્ય, સિંધુની છોળ.
શુક સારણ ત્યાં દાખવે, સૈન્યનો ઠાઠ;
દશ યોજનનો વિસ્તાર, મચ્યો છે ગાઢ.
મધ્યે સુગ્રીવને અંક, સુતા છે રામ;
ને ચરણ તળાંસે તેહ, જુએ હનુમાન.
પાછળ છે સૌમિત્રેય, વાળિસુત પાસ;
પેલા નળ જાંબૂવાન, નીલ ભર આશ.
એવે લક્ષ્મણનું સાધ્યું, આવ્યું ત્યાં બાણ;
દશ છત્ર કપાયાં પડયું, મુગટનું માન.
અતિ લજ્જિત થઇ લંકેશ, સભામાં જાય;
સહુ પ્રધાનસું એકાંત, કરંતો થાય.
કયારે હણું લક્ષ્મણ રામ, જીતિ સંગ્રામ;
સીતા વશ કેમે થાય, શોભિ રેહ ધામ.
છે વિરંચિકેરો શાપ, થાય તન ચૂર્ણ;
નહીં તો બળથી હું કરૂં, ભોગ સંપૂર્ણ.
કો જુક્તિ દાખવો જેથિ, સહજ વશ હોય;
શું સભા મારિમાં નથી, ચતુરજન કોય.
તો વિદ્યુત્‌જિવ્હા જેહ, કપટની ખાણ;
કરૂં રામતણું શિર કમળ, ભણ્યો તે વાણ.

પછિ ગયો લંકપુરરાજ, જાનકી પાસ;
વિનવે બહુ વિધ વિધપેર, થઇને દાસ.
કહે ધૈર્ય ધરી તપ કર્યું, ફળ્યું નહીં તેહ;
મુકિ આશ રામની હવે, મારિ થઇ રેહ.
નિદ્રાવશ લક્ષ્મણ રામ, સૈન્યનો ભાર;
મુજ પ્રહસ્ત લઇને ખડ્ગ, ધસ્યો તે વાર.
પછિ રામતણું શિરકમળ, છેદ્યું ત્યાં જાણ;
લક્ષ્મણે પલાયન કર્યું, થઈ બહુ હાણ.
સૈન્યે વાનરનો કરચો, ઘણો સંહાર;
તોડયો છે સેતુ કેમ, જવાશે પાર.
જો આ આવ્યો શિર લઈ, સત્ય મુજ માન;
મંદોદરિથી હું અધિક, રાખું તુજ માન.
જોતાં પ્રિયપતિ શીરકમળ, રહે શી હામ;
મૂર્છિત પડિ સીતા તર્ત, ભણી પ્રિય નામ.
કંઇસાવધ થઇ તે કહે, અહો મુજ નાથ;
પહું ચિતા ગર્ભમાં હવે, કમળ શીર સાથ.
એ જોઇ જાનકી ચરિત, સત્ય ને સ્નેહ;
રાવણ નિજ મંદિરજઈ, દગ્ધ ચિત રેહ.
નહીં ઝંપ મંનમાં કંઈ, અધીરો હોય;
વળી વળી અટારીથકી, રામને જોય.
તો અહીં વિભીષણ કહે, જુઓ શ્રીરામ;
દશકંધર પેલો ત્યાંહ, નિહાળે આમ.
પછિ શિખરપર ચડયા, લઈ સહુ સાથ;
લસ લસતાં પીત વસંન, ધનુષ છે હાથ.
તો તર્ત કુદ્યો સુગ્રીવ, સીંહની પેર;
રાવણગજ ઉપર ફાળ, મારવા ઠેર.
લહું પહાડ ઉપર વિદ્યુત, પડી શું નેટ;
તે અર્કજ તો દશ છત્ર, પાડતો હેઠ.
બહુ મુષ્ટિ પ્રહારે તેહ, છૂંદતો મૂખ;
રાવણ ત્યાંતો ભયભીત, ફેરવે ફૂખ.

વળ જોઇ મારિ તે લાત, ગયો સંતાઈ;
તો પાછો ૪રયો સુગ્રીવ, રામ છે જ્યાંહિં.
ધન ધંન તને સુગ્રીવ, વદ્યા રઘુરાજ;
કર્યું સાહસ પણ આવીયો, જીવતો આજ.
પછિ ઉતરી પડયા દળસાથ, હતા તે ઠામ;
ને સભા ભરી ને શિઘ્ર, ભણે છે રામ.
નથી પ્રાપ્ત થવાની પ્રિયા, કરવાવણ જુદ્ધ;
માટે તત્પર સજ થવું વિચારો યુદ્ધ.
તો ભકત વિભીષણ ભણે, યોજવો સામ;
એ અફળ થયે માડવો, ગાઢ સંગ્રામ.
રઘુનંદન કહે હે ભ્રાત, સત્ય છે વાત;
કરિ શકે કોણ તે કામ, જોઇલો સાથ.
પછિ મંત્રિ અને સુગ્રીવ, વિચારી કેહ;
શિષ્ટાઇ કરવે છે નિપુણ, વાલિસુત તેહ.
રઘુરાય પ્રસન્નજ થઈ, વદ્યા ઉત્તમ;
ઉત્તમ શોધ્યું એ રત્ન, નથી કો અન્ય.
તવ અંગદ કરી પ્રણામ, દાખવે હાંસ;
આજ્ઞા દોજી રઘુરાય, આણુ અહીં પાસ.
રાવણને રાવણ ભ્રાત, તનુજ શક્રારિ;
કરૂં ૪રી વળે પુરમાહિં, સિંધુનું વારિ.
સુણિ ઉમંગના એ વેણ, ભણે ઘનશ્યામ;
કરિ તરૂણતણી બહુ ત્યાં, પ્રશંસા આમ.
જેણે નિજ કક્ષા માહિં, રાખિદશકંધ;
કર્યું ચતુઃસમુદ્રસ્નાન, તેહના તંન.
ધન ધંન તને બળવંત, બોધતું દેઇ;
રાવણને કહે થા શરણ, જનકી લેઈ.
તો મહેચ્છ અંગદવીર, વંદિને પાદ;
જય જય જયશ્રી રઘુરામ, કહાડિને સાદ.
લંકા ભણિ સીધો શિઘ્ર, ઉડયો આકાશ;
ઉતરિ ઉભો તે રહ્યો, દશાનન પાસ.

દશકંઠ આદિ સહુ સભા, વિસ્મયે જોય;
આ પ્રચંડ વાંનર અહીં, શું કરવા હોય.
આ આમ તેમ શો ફરે, વદે નહીં વેણ;
શું ચાર રામનો હશે, દૂત સહ કેહેણ.
પછિ રાવણ સનમુખ સ્તંભ, તેહની પાસ;
જઇ બેઠો અંગદ શિષ્ટ, પ્રૌઢ મુખ ભાસ.
બહુ ઊંચ સિંહાસનથકી, ઊંચ વધુ સ્હોય;
વળવાળું પુચ્છ આશન્ન, સર્વને મ્હોય.
મદભરી સભાની માહિં, એકલો તેહ;
રણ ધીર વાળિ સુત તરુણ, વિવેકે કેહ.
એહો લંકેશ એવિ શી વાત, વિચારો ગૂઢ;
વદતા નથિ કાંઈ કેમ, થયા દિગમૂઢ.
નથિ કોઇ સભામાંમેંહ, આવું તો જોયું;
શું આજ સભાયે છેક, વિનયપણુ ખોયું.
વિસ્મયકે પુછે ન કો હું, આવું શું કામ;
રે આવકાર પણ નહીં, કેવું આ ધામ.
અહો લંકેશ વેદતો સાર્થ, ભણ્યા છો આપ;
રે જટા અંગતો ધરે, આપની છાપ.
છો અસ્ત્ર શસ્ત્રમાં નિપુણ, તપસ્વિરાજ;
તન ધન બળ પ્રાપ્ત અતુળ, કરચાં સહસાજ.
વૈભવ સર્વોપરિ પૂર્ણ, કુટુંબ પરિવાર;
છે ઈંદ્રપુરીથી અધિક, લંકસણગાર.
તોપણ એ સહુ ધિક પાત્ર, દિસે નિસ્તેજ;
જોતાં જોતાંમાં થશે, અસ્ત તે સ્હેજ.
કારણ નથિ કરતા રાજ, વિવેક વિચાર;
નથિ જોતા નિત્ય અનિત્ય, શું સાર અસાર.
વિસ બાહુ કેહ હે કપી, લવે છે કેમ;
આજ્ઞા વણ બેઠો અહીં, સભ્ય શું નેમ.
ઉપદેશ કરેશું મને, એ વનચર રંક;
ભણ શું છે તારે કામ, મુકી શઠ ઢંગ.

ભણુ ભણુરે છે તું કોણુ, કોણુનો દૂત;
કે વેશ પશુનો ધરચો, બાકિ કો ભૂત.
વ્હેલો જન્ન અહીં થકી, મરિશ વણુમોત;
રક્ષકતારો જે હોય, તેતું ઝટ ગોત.
દશરથસુત જોતુજ હોય, સ્વામિ કઇ પેર;
કર તેને જઈને બોધ, જાય નિજ ઘેર.
કયાં ગયો હતો તે મૂર્ખ, રખડવા બ્હાર;
કે બોઇ સ્હેજમાં રૂપ સુંદરી નાર.
કહે કહે સીતાની હવે, મુકી દે આશ;
મિથ્યા છે ગતનો શોક, તદર્થ પ્રયાસ.
થયું ઉગ્ર લોહિ પણુ તર્ત, સમાવી ભાવ;
તારા સુત પંડિત ધીર, ભણે છે ધાવ.
અહો લંકેશ વળી કહું હું, ધરો વીવેક;
સહસા નવ વદવાં વેણુ, ભરયાં મદ છેક.
હિણાનો પણુ હિત બોધ, માનવો જોગ;
છે કામ ક્રોધને લોભ, હાંનિના જોગ.
પરધન પર દારા હરણુ, હું પદનો ભાવ;
અપજસ પ્રુલ તરુના મૂળ, બાળવાં રાવ.
રે વૈર બુદ્ધિથી રાજ, હૃદય ધુંધવાય;
સુખતો વૈભવ શ્રી છતે, ક્ષણુ નવ થાય.
શિવ પ્રસાદ જો અનુકૂળ, આપને હોય;
તો કરો પ્રજા કલ્યાણુ, જેથિ વશ સ્હોય.
ભૂપાળ અન્ય સહુ સાથ, સાચવી ટેક;
રેહવું રાખી દૃઢ સ્નેહ, સુખેજ વિશેક.
શ્રીરામ અયોધ્યા રામ, હૃદયના શુદ્ધ;
કેવલ સદગુણુ નિધિ ધર્મ, ક્ષમાળુ બુદ્ધ.
છે એક પત્નિવ્રત બાણુ, વચન ઉદાર;
છે સૂર્ય પ્રચંડ પ્રતાપ, ચંદ્ર સુખકાર.
કહું વળી રહસ્યજ રામ, આદ પરબ્રહ્મ;
માટે શરણે જઇ રહો, તજી સહુ ભ્રમ.

અહો લંકેશ સમાવી વૈર, જાનકી માત;
આપી દો પાછી શિઘ્ર, સ્નેહ સંગાત.
અગ્નિમાં ભડકો મોટ, ઘૃતે જ્યમ થાય;
અંગદના સુણતાં વેણ, ભૂપ કોપાય.
બોલ્યો હે મર્કટ કશું શું તેં મધુપાન;
બકબકાટ શો તું કરે, આણ કંઈ સાંન.
મોટા શું દેતાં બોધ, પાંમરા હીણ;
રે નથિ લજવાતો મુખે, આવશે રીણ.
કુણ વીર્યતણું અભિમાન, ધરીને બોલ;
ઉદ્ધત તું કહાડે આજ, મૂઢ કરતોલ.
શું સ્ત્રી માટે રડનાર, વયે નહીં પૂર;
વલ્કલ વેલીને ઉર્ફે, બન્યો તું શૂર.
તું તુચ્છ પશુ શું લહે, પુરુષનાં કર્મ;
નિર્બળ હણવામાં નહીં, માહરો ધર્મ.
મુજ સભા માંહિં તું ભણે, શત્રુનું નામ;
ઓ મચ્છર અહીંથી ઉડ, મરિશ આ ઠામ.
પછિ અંગદ કેહશું રાજ, નથી મુજ જાણ;
જેણેધરિને નિજ કાખ, લંક શ્રીમાન.
કર્યું ચાર સિંધુનું સ્નાન, પારણા સાથ;
બાંધી રાખ્યાતા કરો, સ્મરણ તે વાત.
જેણે વળિ વૃદ્ધનિદાજ, જાણિને મુકત;
કીધોતો તે મુજ પિતા, કથામાં ઉકત.
નામે તે વાલી પ્રૌઢ, ઇંદ્રનો પુત્ર;
માતા તારાની સાથ, માંડયું ઘરસૂત્ર.
હાહાહું તેનો દૂત, આણજે ભાન;
જેણે ઉઠાવ્યું ધનુષ, મેળવ્યું માન.
જાનકી સ્વયંવર માંહિ, ઉચ્ચોયો પ્રાણ;
શું અનુપકારિ થઇ જશો, કુલીનસુજાણ.
જેણે હણિ નાખ્યા સ્હેજ, રાક્ષસો મોટ;
મરીચી સુબાહુ સમા, જેહની ખોટ.

છે આજ રાજને વળિ, જોતામાં કીધ;
શલ્યાની જેણે નાર, અહલ્યા સિદ્ધ.
જેને નામે આ સેતુ, રચાયો રહોય;
તેનો આ અંગદ દૂત, સભાસહુ જોય.
શ્રીરામ પરાક્રમ પૂર્ણ, જાણિને રાવ;
રણમાં થાતો બહુ નાશ, કરો અટકાવ.
મિથ્યા મદ ગર્વે હાણુ, થાય નિરધાર;
આપી દઇ સીતામાત, રાખી રહોભાર.
લંકાધિપ કહે હે કપી, લાજ કંઇ લાજ;
કહોનો અનુચર તું મુર્ખ, ઠરે છે આજ.
જેણે સ્વારથને કાજ, હણ્યો તુજ તાત;
પરણાવી સુગ્રીવ સાથ, તાહરી માત.
તેનો જેણે વનમાંહિં, રાખિ નિજનાર;
તાટિકા માહારી બ્હેન, તણો હણનાર.
તે સ્ત્રી હત્યારો રામ, અધમ તુજનાથ;
નવ શુદ્ધ ક્ષત્રિ તો કદી, ઉપાડ હાથ.
જેણે નવ દાખ્યો પ્રેમ, સતીનો ધર્મ;
તેની કૂખે તુજઉપજ, જાણુનિજ મર્મ.
તેં નથી સાંભળ્યું બધિર, પરાક્રમ મૂજ;
જોજે રણમાં ઓ અંધ, જિતિસ પણ હૂંજ.
નવખંડ વિશે છે બધે, માહારો ત્રાસ;
બાળક છે હજી તુજ રામ, થશે મુજદાસ.
રે દાસબંધિ સહુ દેવ, કરચા મેં રહેજ;
જે સૂર્ય લાજતો રહે, જોઇ મુજ તેજ.
કૈલાશ ઉઠાવ્યો કર્યું, નંદિ શું જુદ્ધ;
બળિ અર્જુન ઝીતી થયો, ચક્રિ હું શુદ્ધ.
કરશે રણમાં જે જુદ્ધ, તાહરો રામ;
તમ સહુ વનચરની સાથ, આવિ આ ઠામ.
કહીં કહીં જશે અવટાઇ, સાચ પરમાણુ;
અતિ દયા આવતી મને, કહુંછું માન.

તે કુંભકર્ણ મુજ ભ્રાત, કોળીયો એક;
રે રામ આદિદળતણો, કરે એ ટેક.
અસ્તાચળ ઉગે સૂર, શંભુ સાક્ષાત;
પ્રેમે ઉભરાઈ વદે, તોય આ જાત.
આપું નહીં પાછી તૂજ, જાનકી માત;
જાણી લે મર્કટ મૂઢ, પ્રતિજ્ઞા વાત.
અરે લંકેશ, સમય છે નિકટ, અસત્ય ન બોલ;
થાશે શું નિર્લજ્જ છેક, ઉઘાડું પોલન!
નોતા ઉંચકાયા અક્ષ, બળીને ત્યાંહિં;
બાધો તો વિધ વિધ માર, ભુંડો મદમાંહિ.
અર્જુને નચાવ્યા કાખ, પિતાએ મૂજ;
કૈલાસે બહુબહુ કાળ, ગઈ શું સૂજ.
ભોળા થઇ ભુલશો તેહ, વીરહનુમાન;
જેણે બાળી આ લંક, કરી ધમસાણ.
મારચો બહુ રાક્ષસ ભાર, પુત્રનો સાથ;
ઝલ્લાયું છે શ્રી મુખ, કહું શી વાત.
રે અસત્યના ભંડાર, બનો સામાટ;
જમપુરી તણી તો વાટ, જોય છે વાટ.
લંકેશ થઇને કર્યું, ચોરનું કામ;
પુરુષાર્થ ધિક્ક કહેવાય, નિત્ય સહુ ઠામ.
આભરી સભાની માહિં, ઉંચે આંસન;
નીચત્વ દાખવો છેક, માનકુળ ધંન.
મદપી પઠે કાં કરો, પ્રતિજ્ઞા મોટ;
દશ વદન જુજવાં થશે, પામશો મોત.
છેલ્લું કહું કરો વિવેક, જાનકી માત;
આપીને પૂજો રામ, જગતના તાત.
તવ રાવણ થઈને રક્ત, પીસિને દાંત;
ગાજી કહે કહાડો કપી, મારિને લાત.
આવે જ્યાં રાક્ષસ ચાર, અંગદે પુચ્છ;
દશકંઠ હૃદયમા મારયું, કહી ઓ તુચ્છ.

વલી ચરણ અંગુઠે મુગટ, ઉરાડયો દૂર;
ચેષ્ટામુખ મરડી કીધ, પછી તે શૂર.
કાકિયારિ કારમી કરી, ઉઠાવી લીધ;
મંડપસંધું સહ ભૂપ, ઉડયો તે સિદ્ધ.
જઇ મુકયું રામની પાસ, પડયો તે પાય;
વિટલાઇ જુએ સહુ કપી, મને હરખાય.
કપિ ધરે રામને ચરણ, મુગટ અહમેવ;
રામે વિભીષણ શીર, મુકયો તતખેવ.
પાછો આજ્ઞાથી તેહ, ઉડી આકાશ;
મંડપ મુકિ આવ્યો તર્ત, રામનો દાશ.
એ વદે અહો શ્રીરામ, દિધો મેં બોધ;
શઠ નથી માનંતો કાંઇ, કરે બહુ ક્રોધ.
એ નહીં આપે મહારાજ, કરયા વણ જુદ્ધ;
માટે સજ થાવું સ્વામ, વિચારો બુદ્ધ.
એ સુણી અયોદ્ધારામ, ધનુ ળલઇ હાથ;
આકર્ણતાણિ પ્રત્યંચ, જુએ દમસાથ.
સહુસેન ચાલતુ થાય, ભણી જયરામ;
ધસ ધસી લંકગઢ ચઢે, ભારિ છે કામ.

શ્રી રામચંદ્ર રણધીર, જુદ્ધ અર્થેજ ઉઠયા;
લક્ષ્મણને બીજા વીર, સાંતરા સઘ થયા.
તે જહાં ધનુષ ટણકાર, પ્રભૂએ પ્રૌઢ કરયો;
તો મરુત ખળભળ્યા સર્વ, લંકધ્વજ તૂટિપડયો.
હરખે ડોલ્યાં નગ ધરા, મધુર ધન નાદ ભણ્યા;
છે વિજય વિજય નરસિંહ, ધનુર્ધર રામતણા.
લઇ વાનર પદ્મ હજાર, જુદ્ધને યોગ્ય વણી;
ગોળાંગુળ છપ્પન કોટિ, રુક્ષ બોતેર ગણી.
નિજ ચિંતન કરિ ચિત માહી, રામ સંગ્રામ ચઢ્યા;
સુગ્રીવાદી કપિ વીર, મારતા હાક થયા.
નળ અંગદ ને હનુમાન, નીળ સૂષેણ ધસ્યા;
બીજા પણ નિજ જુથ સાથ, લંકગઢ ઘેરિ વળ્યા.

તે ચડે દુર્ગ ઉપેર, સાહસે ધીટ બળે;
પાડંત અસુર ને ઢોળિ, ધરીને પુચ્છ વળે.
રાક્ષસ ઉપરથી માર, ચલાવે શસ્ત્રવડે;
કો દે હડસેલી હેઠ, કપીને કોટ તળે.
કો યંત્ર ઉલ્હાટે કામ, કરે છે ભારિ વળી;
કો ચલવે ભીંડીમાળ, હાણુતો થાય ઘણી.
વિધ વિધ યંત્રોને શસ્ત્ર, દુર્ગ ઉપેર રચ્યાં;
તેને વાપરવે સર્વ, અસુર છે ભારિ મચ્યા.
કપી વૃક્ષ પ્હાણુનો પ્રહાર, યંત્ર ઉપેર કરે;
રાક્ષસને ઝડપી ધરી, ફેંકિ દે દૂર બળે.
કો તોડે કરને ચરણ, ફોડતા પેટ ધસી;
કો ઉંચલી ઉંચલી પ્રેત, લંકમાં ફેંકે વળી.
રાક્ષસ જુથનો સંહાર, થયો દશવક્ત્ર જુએ;
નિજ મ્હેલ અગાસીથકી, ઊતરી તર્ત ભણે.
શું જુવો સુભટ મુજ જંન, સૈન્ય લઇ મ્હાર પડો;
હણિનાખી વાનર જૂથ, દુર્ગ સંભાળિ ધરો.
તોરંગ નીકળ્યા મ્હાર, પદાતી અસુર સહુ;
પર્વત સરખાજ પ્રચંડ, વદન વિકરાળ કહુ.
સિંદુરનો ભાળે લેપ, કેશ છે છેક છુટા;
તે મદ્યપાનથી રક્ત, ખુની છે નેત્ર ભુંડાં.
આરક્ત જીભ લળ લળે, લાંબિ છે દાઢ અને;
ગ્રાસસે કપીને એમ, ગાજતા ઘોર રણે.
અસિ શક્તિ શૂલ તોમર, પરિઘને ચક્ર ગદા;
ધરિ શસ્ત્ર ભયંકર હાથ, હિંડે ઉન્મત્ત બધા.
એ પદાતિ પાછળ અશ્વ, હસ્તિ રથ સેન ઘસે;
રણ વાદ્ય ગર્જંના સાથ, સમરની ભૂમિ ધ્રુજે.
રાક્ષસ સહુ કપીને હણે, હણે કપી રાક્ષસને;
રથ અરથ હસ્તિ સંહાર, અહીં તહીં ભારિ બને.
અતિ ઘોર થયું જ્યાં જૂદ્ધ, મારથી અસુર હઠે;
પણ ક્રોધાયો ધુમ્રાક્ષ, બાણથી ભારિ ધુમે.

ને વાનર ગણ ઉન્મત્ત, જોઇ નિજ હાર ઉડે;
લઈ આવી ફેંકે પ્હાડ, રથી ઉપેર બળે.
રથ અસ્વ સારથી સહજ, પડયા ત્યાં ચૂર્ણ થઈ;
પણ કુદિ પડયો ધૂમ્રાક્ષ, ધુમ્યો ફરિ સૂળ લઇ.
તો પવન સૂત બળવાન, મુષ્ટિના પ્રહારથકી;
ધૂમ્રાક્ષ કર્યો ગત પ્રાણ, ભગાડયૂં સેન વળી.
વળી વજ્રદૃષ્ટિ આવીયો, મારતો હાંક વડી;
તેનો પણ લીધો પ્રાણ, અંગદે વૃક્ષવતી.
જવ અંકે ચલવી વૃષ્ટિ, તીક્ષ્ણ બહુ બાણ મુકી;
હનુમાને પાડયો હેઠ, વૃક્ષના પ્રહારથકી.
એ પુત્ર મરણને સુણી, શોક લેંકશ કરે;
પણ ઇંદ્રજિત કેહ રાજ, રણે હું આજ ખરે.
હણિ પાડું અરિને તોજ, ઇંદ્રજિત નામ ખરૂં;
નહિંતર હૂ જંતૂ શૂદ્ર, માતને પેટ ઠરૂં.
કહી એમ પિતાને નમી, અતીસેં સૈન્ય લઇ;
રણમાં ધસિ આવ્યો તેહ, ધુમે જ્યાં વીરકપી.
મચ્યું જુદ્ધ ધાડુંને પડયા, અસુરથી ઝાઝ કપી;
ને અસુર અસંખ્યજ પડયા, કપીના મારથકી.
હનુમાને જાંબૂમાળ, હણ્યો ત્યાં પાગતળે;
સૂષેણે વિદ્યૂન્માળ, નીળે તો જંઘ બળે.
ભંગાણ અસુરદળ માહિં, જોઇ નિજ સેનલઇ;
શક્રારિ ઉડયો આકાશ, ભરાયો અભ્રમહીં.
વરસાવે તીક્ષ્ણજ બાણ, સર્પના ગુમ્ર રહી;
વિસ્મયે જોય ચોપાસ, રામશ્રી સ્તબ્ધ થઇ.
કેહ કયાંથિ બાણનો લક્ષ, આટલો થાય બહૂ;
તારાગણ દિસતા થાય, નિવારૂં રહેજ સહૂ.
કો ઉર્ધ્વ ઉડે કપી વીર, શોધિ આકાશ વળ્યા;
પણ જ્ઞાન વદન સહુ તેહ, આવિને ચૂપ રહ્યા.
ત્યાં ઉપરા ઉપરી બાણ, ભીડમાં આવી પડયાં;
ને કપી સહ લક્ષ્મણ રામ, રહેજ સિકડાઈ રહ્યા.

એ પડયા થઈ મૂર્છીત, એટલે આમ ભણે;
ઉપરથી રાવણસૂત, નિવારે કાંન હવે.
બહુ અસુર સુભટને હણ્યા, સિન્ધુનો બંધ રચ્યો;
કહેવાઇ ક્ષત્રિનો તનુજ, રતબ્ધ તૂં કેમ રહ્યો.
કપિ પ્રેત સમૂહ આરકત, સિંદુરી પહાડ પડયો;
જોઈ લંકાધિપસૂત, સદ્ય નીચે ઉતર્યો.
મુખિ રાક્ષસના લઇ પ્રેત, વાદ્ય જયનાદ મહીં;
ચાલ્યો લંકા પ્રતિ વીર, તાત હરખાય સહી.
એ ભણે ધંનનુજ નેમ, પરાક્રમ મોટ કર્યું;
એ પુત્ર ઈંદ્રજિતનામ, જગતમાં સત્ય ધર્યું.
ને અહીં સૂર્યસુત પ્રતી, વીભીષણ આમવદે;
રાક્ષસ આણીને પ્હાડ, છૂદસે જીત મદે.
તો કપી સાવધા તેહ, પુચ્છના છત્ર કરી;
એ સ્વરૂપને અંતરિક્ષ, રક્ષતા પીઠ ધરી.
કો કયાં કો કયાં સહુવીર, પડયા મૂર્છીત થઇ;
તેને વીભીષણ ધીટ, રણે શોધંત મથી.
મારૂતિને જાંબૂવાન, ઉઘાડી આંખ જરા;
છે ક્ષેમ અયોધ્યાધીશ, પુછે છે હેત ભર્યા.
એવે ઉઘાડી આંખ, ભણે સૂખેણ તહીં;
જો દ્રોણવલ્લી અહીં હોય, ઉડે દળ પાછું સહી.
પછિ એકકને તે સાહી, રામની પાસ ગયા;
જે પડયાછ મીચી આંખ, સર્વ વિટલાઇ વળ્યા.
ત્યાં સૂર્યસૂત સુગ્રીવ, ભણે છે વીર પ્રતે;
કિષ્કિન્ધ્યામાં જઈ મુકો, સ્વરૂપ એ ક્ષેમ રહે.
રાવણને સહપરિવાર, એકલો મારિ કરી;
જાનકી લઇને સાથ, સદ્ય આવીશ ફરી.
એ વિચાર થાયે ત્યાં, ગગનમાં વાણિ થઈ;
રઘુવીર ઉઠશે સદ્ય, ઉઘાડે નેત્ર તહીં.
શ્રીરામ અને કેહ વળી, સૂર્યના પુત્ર પ્રતિ;
કિષ્કિન્ધ્યા જા તૂં ભાઇ, સકળદળ ભાર લઈ.

એ ભ્રાત હમે અહીં રહી, જોઈ શું રંગ સહુ;
તમને શું કરવા દુઃખ, મારે દેવું બહુ.
ત્યાં ભણે વીર સુગ્રીવ, આંખમાં અશ્રુભરી;
બીજા પણ વાનર સર્વ, જોય ઉદાસ થઈ.
મહારાજ વદો શું આમ, પરીક્ષા કાજ ખરે;
મર્કટ પણ ઉંચું પીયે, મરણથી નાજ ડરે.
વળિ કહે વીભીષણ, ત્યાં અર્થને સાધ્ય કરો;
પછિ જાસે વાનર સર્વ, સઘતો ધીર ધરો.
એવે આવીને ગુપ્ત, રામના કર્ણ વિષે;
વાયુ સંભળાવી ગયો, ગરૂડનો મંત્ર અને.
રામે જપ કીધો ત્યાં, સર્પ સહુ નાસિ ગયા;
ને સુભટ કરી હોકાર, જુદ્ધને કાજ ઉઠયા.
સુગ્રીવ કહે મહારાજ, આજ અરિ નક્કિ મરે;
સીતા પતિ લઈ કોદંડ, શત્રુપથ લક્ષ કરે; ૧૧૬

શ્રીરામચંદ્રને જોઇ, ચમૂં સાગર ઉછાળ્યો;
વાનરની ગાજે હાક, મેઘ જાણે ગગડયો.
લંકા ઘડસૂધી સર્વ, સત્વરે આવિ રહ્યા;
શત્રુસેનાની વાટ, જુએ છે હોંસ ભર્યા.
તો પ્રહસ્ત પટ્ટ પ્રધાન ક્ષોહિણી વીરલઇ;
આવંત જુદ્ધને અર્થ, જણાયો દૂરતહીં.
છુટતો ભારી વંટોળ, ભરાયાં નેત્ર ધુળે;
તુટિ પડયો રથધ્વજ કહીં, તોય સન્મૂખ ધુસે.
ને આવ્યો રણમાં તેહ, ભયંકર જુદ્ધ મચ્યું;
વાનર ગણ સહે નમાર, સૈન્ય સહુ પાછું હઠ્યું.
રથ ધસ્યો આવતો જોઇ, રામ શ્રી ગુણ ચહડવે;
પણ નીળ કહે મહારાજ, આગન્યા દોજિ મને.
પછિ નીળ જુદ્ધમાં ધુમે, ફેંકતો લક્ષિવળી;
ઉપરા ઉપરી સો પહાડ, શત્રુલેખે ન જરી.
એ પ્રહસ્ત મારી બાણ, બહુ ચાતુર્યથકી;
નીવારે પર્વત સર્વ, નાખતો ચૂર્ણ કરી.

ને નીળ બાણથી પૂર્ણ, વિંધાયો નાજ હઠે;
શત યોજન લાંબું તાડ, ઉખેડી આણિ બળે.
ફેંકંત શત્રુ ઉપેર, જેથિએ ચૂર્ણ થયો.
રથ અસ્વ સારથી સાથ, કપીનો રંગ રહ્યો.
સુણિ પ્રધાન કેરૂં મર્ણ, શોક લંકેશ કરે;
વિલપે બલગુણ ચાતુર્ય, પછી વળિ હામ ધરે.
રે સિદ્ધ કરો સહુ સેન, આજ તો હુંજ રણે;
જઈ કરીશ અદ્‌ભૂત યુદ્ધ, શત્રુ જીતીશ ક્ષણે.
સજ ધાય સકળ દળ અને, રાજ પણ શસ્ત્રસજે;
એવે મંદોદરિ નાર, આવિ એકાંત મળે.
તો પુછે પ્રિયાને રાજ, અવસ્થશું એવું હવું;
કે સભામાહિં આગળ, અચાનક આજ થયું.
તો ભણે સતી પ્રિયનાથ, લક્ષિમ પરિવાર હણી;
ઇચ્છે જે નીજહિત ત્યાં, આશ શી જીતતણી.
નિજ લલના સુંદર છતે, પરસ્ત્રી જેહ ઇછે;
દુખવીને સહુના મંન, તેહ શું સૂખ પ્રિછે.
છે ઇષ્ટ સદાશિવ તોય, કાળ છે કાળતણો;
વળિ રામતણો છે મિત્ર, ક્ષોભસે તેહ ઘણો.
સીતા વલ્લભ પણ પૂર્ણ, પ્રતાપી સ્હોય અને;
બ્રહ્માએ પણ છે કહ્યૂં, એથિ તમકાળ ઘડે.
માટે વિનવું પ્રિયસ્વામ, શત્રુ શું વૈર તજે;
હું સાચિ વ્હાલિ જો હોઉં, રામને પૂર્ણ ભજે.
હે પ્રિયા મારૂં કલ્યાણ, ઇછોછો પ્રેમ થકી;
બહુ વિવેક દાખો એહ, પરમયશ વર્ણ નકી.
પણ રાજ પત્નિ થઇ ભણો, શત્રુને શરણ જવે;
એ કેમ મનાએ પ્રિયા, તજુ શું જુદ્ધ હવે.
પછિ સ્વભાવથી કે પછી, વિવેકે કામ થયૂં;
આરંભી તજવો સમર, હીણ પુરુષાર્થ ગણૂં.
દાખી મુજ બળ ચાતુર્ય, રણે હું મારૂં મરૂં;
તો હવે મંદીરે જઈ, સ્વચ્છ ઘર ચિત્ત કહૂં.

ભણિ એમ વળાવી સતી, વસ્ત્ર ને શસ્ત્ર સજી;
ચાતુરંગ દળ લઇ રાજ, નીકળ્યો લંક થકી.

લંકાનાં મોટાં દ્વાર, સર્વ સાથે ઉઘડે;
ને સૈન્ય સિંધુના તરંગ, નગરની બાર પડે
ડિંડિમને ઢિંગી ઢોલ, ભેરિ રણુસિંગ વજે;
આકાશ ગર્જને ભરે, સુભટ જયનાદ વદે.
છે અસંખ્ય વીર પ્રચંડ, પદાતિ સૈન્ય વિષે
ઝળકે તન ત્રાણ ટોપ, કવચને ઢાલ બધે.
અસિ શૂળ ખડ્ગ મુદ્ગલ, લોહ અર્ગળ ગદા;
ભિંડિમાલ પરશુ શક્તિ, ધરીને ધાય બધા.
એની પાછલ હય ભાર, અમૂલિક સુંદર તે;
છે શ્યામ કર્ણ તેજાલ, ગતી ત્રણલોક વિષે.
પુછ પીળાં ને ખરિલાલ, ચક્ષુમા અગ્નિ ઝળે;
ચંચળ ચાલેને હિસે, વાઘમા નાદ ભળે.
કો પીળાને કો નીલ, કાબરા શ્વેત વળી,
પદ ન્યાસ મનોહર સ્હોય, ડોકની લ્હેક ભલી.
અસિ પિંજર પાખર સ્હોય, શબ્દ નેપુર કરે,
ને બેજ પગે તે ઉભા, નાચતા જાય રણે.
રાવત પણ શસ્ત્ર સજેલ, શોભતો રંગદિસે;
એ સ્વાર સૈન્ય સૌંદર્ય, અમર ઉંચેથિ જુએ.
ને પછી સેનમાતંગ, ડોલતાં ઘંટ વજે;
અંબાડી રત્ન જડિત્ર, ગગન ભેદાય ધ્વજે.
દેખાય ત્યાંહા રથ દિવ્ય, ધનુષને શક્તિ ભર્યા.
વસ્ત્ર ભૂષિત સહુ વીર, સમર ઉત્સુક ઘણા.
આવી પહોંચ્યો દળભાર, સુવેળા પાસ અને,
રણવાદ્ય શંખ શૃંગભેર, કરે રવ ઘોર રણે.
ત્યાં દાખે રાવણ ભ્રાત, અયોધ્યાધીશ પ્રતિ;
જુદ્ધે આવ્યો દશકંઠ, પુત્ર પૌત્રાદિ લઈ.
છે લક્ષ પુત્ર સંતતિ, પૌત્ર છે લક્ષ સવા;
ધન રાવણનું ઐસ્વૈર્ય, કપી સહુ જોઇ રહ્યા.

રઘુરાય કરે આશ્ચર્ય, જુએ જ્યાં મધ્યવિષે;
લંકેશતણો રથ દિવ્ય, અનુપ તેજળ દિસે.
સારથી નચાવે અશ્વ, સમરને યોગ્ય ઘણા;
દશ છત્ર ચામરાધિક, વિવિધ છે રંગતણા.
વસ્ત્રાભરણે મંડીત, રચેલાં શસ્ત્ર વચે;
શોભે મંદોદરિ કાંત, ઉભો ટેકંત ધ્વજે.
વૈભવ શત્રુનો દેખિ, ક્રોધથી તપ્ત થઈ;
કિષ્કિન્ધ્યા પતિ સુગ્રીવ, ઉડયોજ અધર કરડી.
રાવણપર ફેંકયો પહાડ, પરમ આવેશથકી;
તો એણે છોડી બાણ, કસ્યો તે પિષ્ટ નકી.
ને તર્ત બીજાં દશથકી, કપીનું હૃદય ખણ્યું;
પણ પાછો એણે પ્હાડ, નાખીયો તેજ ક્ષણૂં.
એને પણ કીધો તર્ત, રાવણે ચૂર્ણ અને;
દશ બાણે કપિ મૂર્છિત, થઇને અવનિ પડે.
પછિ વાનર ક્ષોણી વીસ, સામટા તર્ત ઉઠયા;
પર્વત શીળા પાષાણ, ફેંકતા જોમ ભર્યા.
પણ એ સહુને દશકંઠ, એકલો પૂર્ણ પડે;
આક્રંદિત કીધા સર્વ, કપીને બાણ વડે.
અનિવાર મારથી કપી, હઠીને દૂર રહ્યા;
એ જોઇ રામ રણ ધીર, ચડાવે ચાપ તહાં.
આજ્ઞા લઈ લક્ષ્મણ વીર, શત્રુ સન્મૂખ ધસે;
કહે તરકર બુધ્ધિ મલિન, અહીંથી કયાંહ જસે.
આવી પહોંચ્યો તુજ કાળ, બળ્યૂં તુજ રાજ્ય પદ્દૂં;
શું ચંડાલ કર્મ તેં કીધ, ઝીલજે બાણ કહૂં.
એવુ બોલે લક્ષ્મણ, તેટલે દોડિ કરી;
મારુતિએ નાખ્યો પહાડ, શત્રુ ઉપેર વળી.
રાવણે કસ્યો તે પીષ્ટ, અધરનો અધર અને;
મારુતિને ઝાડી લાત, ચ્હડયો તો જોહ રથે.
મુઠીવળતાં તે ફરી, મુષ્ટનો પ્રહાર કરે;
રાવણને આવ્યાં તમર, ખેદપણ તર્ત પછે.

પ્રતિઘાત મુષ્ટિનો સબળ, કરે હનુમાન પ્રતિ;
એવે નળ આવ્યો ધાઈ, પહાડ વીશાળ લઈ.
નાખ્યો પણ ગયો અવર્થ, તાહરે મંત્ર જપે;
કપીયે નલ કીધ અનંત, બેહુદળ નવલ જુએ.
વરસાવે સીળા વૃક્ષ, સકળ નળ એકસરે;
એ ચાલ્યુ એક મૂહૂર્ત, પછી લંકેશ મુકે.
બ્રહ્માસ્ત્ર જેથી સહુ અસ્ત થયા નળ સ્હેજ બધે;
પણ લક્ષ્મણ આવ્યો ધાઇ, તે સું લંકેશ વદે.
વયનીલ તહારું છે હજી, નથી કંઇ વાન વળ્યૂં
રે કયાં કીધા સંગ્રામ, ધનુષ અમથું જ ધર્યૂં.
હઠ હઠ બાળક થા દૂર, પડીશ અમળાઇ કહી;
ઉદ્ધત શું બોલે વેણ, જાણ વિવેક કંઇ.
એ સુણતાં સૌમિત્રેય, વચન બહુ તિક્ષ્ણ ભણે;
રે મૂષક જોઇ લે જુદ્ધ, મારું આજ ક્ષણે.
કહી એમ એક પછિ એક, લક્ષ્મણે બાણ મુકયાં;
રાવણને અંગે તેહ, સપક્ષાં ખૂંચિ રહ્યાં.
પછિ એણે છોડયાં પાંચ, ચમકતાં એકસરે;
તેને કરિ નાખ્યાં ચુર્ણ, લક્ષ્મણે નિજ શરે.
તો ક્રોધ કરી દશકંઠ, છોડતો મંત્ર ભણી;
દિવ બ્રહ્મ શક્તિ અનિવાર,રામના અનુજ ભણી.
એણે મૂકીને બાણ, અર્ધ ખંડીત કરી;
પણ અર્ધ આવિને પડી, હૃદયપર જોર ભરી.
સૌમિત્ર પડયો નિઃચેષ્ટ, સ્વાસ ઉસ્વાસ રહ્યો;
એ જોઈ સઘ દશગ્રીવ, રથથી ઉતરી પડયો.
ધાઈ તે મુષ્ટિ ઘાત, શત્રુ ઉપર કરે,
પણ પવન પુત્ર તે જોઈ, અસુરને લાત ઝડે.
ને વાનર વળગ્યા સર્વ, ત્વચા ચૂંટી ઉઝડે,
કો તો પથ્થરથી મૂખ, અતીસેં છેક છુંદે.
પછિ રાવણ જોઈ લાગ, નાસિ ચડિ જાય રથે;
એવે સાવધ થઇ ત્યાંહ, સુમિત્ર બાણ મુકે.

પછિ જોઇ ભ્રાતની વ્યથા, રામ શ્રી ખ્હાર ધસે;
કો દંડ ચ્હડાવે સઘ, પ્રલયનો અગ્નિ ધસે.
હનુમાન સ્કંધ ઉપેર, ચ્હડીને રામ મુકે;
બહુ ક્રોધથકી નિર્વાણ, જેથિ દશ છત્ર પડે.
વળી એક શરે છેદીયાં, સૂર્ય મુખિ પત્ર અને;
ચામરો વળી સત્વરે, એકથી મુગટ હણે.
વલી એકે ભાથા અને ધનુષ દશ કકડી પડે;
બીભિત્સ કરીને એમ, પછી રઘુવીર ભણે;
દશ મૂખ છોડું છું આજ, શ્રમી બહુ છે તું રણે.
સમ્પતિ ભોગવી આવ, કુટુંબને પુછિ કરી;
પછિ વેદ કરિશ તુજ ખંડ,લઇશ તુજ પ્રાણુવળી.
આટલું સૈન્ય તુજ છતે, આવિયો મુર્ખ અહીં;
જા દુર્જન બુદ્ધિ હીન, વદન દાખીશ નહીં.
એ વેણ સાંભળ્યાં ક્રોધ, તટસ્થજ જોઇ રહ્યો;
તે દર્પ ભગ્ન દશકંઠ, લાજિ રણ છોડિ ગયો. ૧૫૧

રણ ચડયો હતો સહતેજ,લંકપતિ આગ્રહથકી;
લજ્જિત કેવળ નિસ્તેજ, વળ્યો નિજ ધામ પ્રતી.
અપમાન શૂળે તે વ્યાઘ્ર, પડયો પીડિત ખુણે;
ચિંતાર્ણવ બૂડયો છેક, ભયે અરિ શબ્દ સુણે.
નવ કુચે રાજને કાંઇ, ગળગળ્યો ભારિ દિસે;
ત્યાં પ્રધાન કહે મહારાજ, ભ્રાતથી જીત થશે.
વીર કુંભકર્ણ બળવાન, શત્રુને સૈન્ય સહૂ;
ક્ષણમાં ગળી જાસે સ્હેજ, કરો ન વિલંબ કહૂં.
દશકંઠતણૂં મન માન્યું, ઉઠી આજ્ઞાજ કરે;
ઝટ જગાડી આણો ભ્રાત, એથિ જય કાર્ય સરે.
તો વિરૂપાક્ષ તત્સમે, રાક્ષસો સાથ લઈ;
બહુ અન્ન પશુ ને મદ્ય, નાદમાં જાય જહીં.
અતિ પ્રચંડ પસર્યાં ગાત્ર, એમ ઘટ શ્રોત્ર પડયો;
ઘોરંત ઘોર નિશ્ચિંત, સુષુપ્તિમાંહિં ગડયો.
છે દીર્ઘ દેહ વિકરાળ, પર્વતો લાજિ રહે;

અતિ ઉણ્ડૂં સાગર નીર, નાભિયે માત્ર ચડે.
ગજ મહિષ તરસ ને સાંડ, નાસિકામાંહિ પડે;
પેસે નિકળે બહુવાર, સ્વાસ ઉસ્વાસ વડે.
જોઈ એ રાક્ષસ સાથ, થયો વિસ્મીત અને;
ભયભીતપણે તે સર્વ, અતી કંપીત બને.
પણ પછી ઠરીને તેહ, કર્ણમાં શબ્દ કરે;
દુંદુભિ ભેરિના તોય, ભાન તે નાજ ધરે.
ઉર ઉપર ચલાવે ગજ, દીર્ઘ દ્રુમ ધાલિ ડુંધે;
નાસિક કર્ણનાં દ્વાર, તોય નવ તેહ ઉઠે.
બહુ વ્રક્ષ પહાણના પ્રહાર, વર્મ ઉપેર કર્યા;
કટુ તીક્ષ્ણ ઔષધો સર્વ, નાસિકામાંહિં ભર્યાં.
તવ નવ જાગ્યો બહુ મથે, તેડિ કિન્નર કિન્નરી;
એસાડે કર્ણનિ માંહિં, ગાય સુર ટીપ ભરી.
તો બગાસું ખાએ મોટ, દશાનન ભ્રાત જહાં;
પશુ અન્ન મઘની સાથ, રેડીયાં શીઘ્ર તહાં.
ને ગળ્યા રાક્ષસો મોટ, પસારી હાથ પછી;
ઘટશ્રોત્ર ઉઘાડી નેત્ર, જુએ છે મંત્રિ ભણી.
તો એણે જોડી હાથ, માંડિને સર્વ કહ્યું;
લંકેશે કાલે ભારિ, પરાભવ દુઃખ સહ્યું.
છે ચિંતા ક્રાંતજ ભ્રાત, એથિ આવ્યાછ અહીં;
બહુ સૈન્ય પામ્યું છે નાશ, હવે શું કરવું તહીં.
તો ભણે વીરકુંભકર્ણ, આમનો આમ જઇ;
રણમાં અરિનો સંહાર, કરું ક્ષણમાંજ રહી.
કહે મંત્રિ કરી પ્રણિપાત, રાજ દર્શન લઇ;
પછીથી કરવો સંગ્રામ, વીર શ્રી આગ્રહ થકી.
પછી રાજ સભા પ્રતિ તેહ, જાયતો વાટવિષે;
દીસંત દુર્ગથી ઊંચ, શિરે આકાશ અડે.
ને કપી કોટ વેષ્ટીત, જોઇ તે નાસી ગયા;
કોતો મૂર્છિત થઇ પડયા, કોઈ તો સ્તબ્ધ રહ્યા.
રઘુપતિ પણ જોઇ દેહ, થયો વિસ્મીત બહૂ;

ત્યાં કહે વિભીષણ તેહ, જન્મ વૃત્તાંત સહુ.
રે જન્મ કાળને વિષે, પ્રલય વર્ત્યો શું કહું;
તિસ સસ્ત્ર સ્ત્રિયેાને ગળી, ઉદરમાંથી પડતાં ભૂ.
ઐરાવત પગથી ધસ્યેા, દંતને તેાડી ધરી;
કસ્યું ઇન્દ્રતણું તાડંન, વજ્રને તુચ્છ કરી.
નિદ્રાળુ નિત્યે તેહ, લેાક તેથી ઉગરે;
એવાને . કપિ દેખંત, કેમ કરિ હામ ધરે.
ભય ભીત કપીને જેઇ, જાણિ સહુ હૃદયતણી;
રણ ધીર વીર શ્રી રામ, જોય હનુમાન ભણી.
એ ઉડયેા લંકમાં જઈ, વાટમાં સઘ ધરે;
ઘટ શ્રેાત્રશું કટિથી અને, વારત્રણ ઉંચલી મુકે.
એમાંનું કંઇપણ તેહ, મદ્યપીનાજ લહે;
ત્યમ રામ અને કપિ સર્વે, તટસ્થજ જેઇ રહે.
હનુમાન કરે વીચાર, ફેકિને ચૂર્ણ કરૂં;
પણ થશે એથિ બહુ હાણ, સઘ પાછેાજ વળૂં.
લહી એમ ઉડયેા રઘુપ્રતિ, અંજની સૂત અને;
ઘટશ્રેાત્ર સભામાં જઈ, નમન કરી આમ ભણે.
હે બન્ધુ કાર્ય શું પડયું, જગાડયેા કેમ મુને;
શું કૃતાંત આવ્યેા અહીં, ગ્રાસવા સઘ તુને.
તેા રાવણ કહે વૃત્તાંત, અથેતિ જેહ ઘડયું;
અતિ પ્રભાવ પામ્યેા ભ્રાત,એથિતમ કાર્ય પડયૂં.
હેા કર્મ પ્રમાણે ભેાગ, એથિ છૂટાય નહી;
નવ મિટે ભાવિકેાથકી, કૂળક્ષય થાય સહી.
નવ કરવાનૂં કસ્યું રામ, જાનકી આંણિ અહીં;
પણ કહે કિધેા સંભેાગ, કે ન વશ તેહ થઈ.
દશકંધર કેહ નવ વસ્ય, જાનકી થાય મથે;
ત્યમ રણે જીત નવ થાય, ભ્રાત શું જેવું હવે.
ત્યાં ભણે વીર ઘટશ્રેાત્ર, ગર્જના ભારિ કરી;
ક્ષણમાં સંહારી સેન, રામને આણું ધરી.
લઈ અસંખ્ય દળ તે વીર, દશાનનને પ્રણમી;

નીકળ્યો લંકપુર બ્હાર, ઉરાગ્નિ ભારિ ધમી.
આરંભે રાક્ષસ સૈન્ય, કપી ઉપર ઉલટયૂં;
કપીયો પણ ઉલટયા સઇ, પૂર શ્રોણીત વહ્યૂ.
મુર્ગ્રલ લઈને તે ધસ્યો, રામ પ્રતિ એણિ સમે;
પર્વત પાષાણે વૃષ્ટિ, કપીએ કીધિ ક્ષણે.
નવ નવ લાગે તેહને, ફોડિને ચૂર્ણ કસ્યો;
હનુમાને ફેંકયો તેહ, શૃંગશત પહાડવડો.
બોલી મર્કટ ધરધીર નગર તું બાળિ ગયો;
ભોંકી શુળ પાડયો હેઠ, કપી મૂર્છિત પડયો.
કપિવીર નળાદિ તેહ, પડયાછે મૂર્ષિથકી;
જોઈ ઘટશ્રોત્રે હાસ્ય, ગન્જવ્યું અંડ મહીં.
મુખ પસારિને તે બહૂ, કપીને શિઘ્ર ગળે;
એ કર્ણમાંથિ નીસરી, નાસતા જાય બળે..
કો ગીરી કેદરમાં ગયા, કોક સુગ્રીવ પ્રતિ;
તો એ પર્વત લઇ ઉડયો, કુંભ ભણી દોડ થકી.
એ થયો ચૂર્ણ તે જોઈ, ભણે છે હાક દઈ;
હો દેહ અમંગળ મૂઢ, ચપળતા આણ કંઈ.
તવ જ્યેષ્ઠ બંધુ ધિક ચોર, તેહનો પક્ષ ધરે;
આવી નિર્લજ રણમાંહીં, અઘોરી હાણ કરે.
તવ કર્ણ નાસિકા સઘ, છેદું છૂં જો તું હવે;
તો ભણે ગાજિ કુંભકર્ણ, કંકરે શૂં તું લવે.
તું ઊર્ણનાભિનો એક, તંતુ જેવોજ દિસે;
ચાંચડ પેરે ચોળીશ, વૃથા કાં દાત પીસે.
દશકંધરને તુજ ભ્રાત, કક્ષમાં ઘાલિ ઉડયો;
શતખંડ કરી તુજ શીર, વેર લઉં તોજ ખરો.
તેવે સુગ્રીવે બ્હાડ, હૃદયને લક્ષી હડયો;
પણચૂર્ણ થયો રાક્ષસે, ક્રોધમાં ઝડપી લીધો.
કપીને ચરણેથી ધરી, પછાડે ભાંય તહીં;
મરડી રાક્ષસના હાથ, ગગનમાં જાય સહી.
તો ઉંચો કરીને હાથ, રાક્ષસે શત્રુ ધરયો;

ધાલી. ભચડયેા કખમાંહિં, ક્રોધી તે કંઇક હસ્યેા.
અહીં ગભરાયેા છે કપી, ડાબને ગંધથકી;
જોઈ આવ્યેા છે લાગ, ઉભેા સ્કંધે છટકી.
બે કરે તોડિ બે કાન, નાકને કરડી લીધાં;
ઉડિ ગગન વિષે તતકાળ, રામને ચરણ મુકયાં.
કપિ સેન ગર્જના કરે, જય જય શબ્દ ભણી;
નિજ રાજ અર્ક સુતતણી, પ્રશંસા કીધિ ઘણી.
છેદાઇ નાસિકા તેહ, અસુર નવ કાંઇ લહે;
પણ રાવણ તેા અતિ ખિન્ન, થાય પણ તર્ત પછે.
નાપીક મેાકલ્યેા તેહ, ગગન ચુંખીત ઉંચે;
વાંસડે બાંધિ દર્પણ, તેની સન્મૂખ ધરે.
જોએ તેમાં કુંભકર્ણ, નાસિકા કર્ણ નહીં;
તવ જાણ્યું સ્મરણથી સ્યાંહ, ઉડયેા કપિ કક્ષથકી.
ઝંખવાય સ્વરૂપને જોઈ, મંનમાં આમ કહે;
કયમ દેખાડીશ હું વદન, દશાનન બંધુ કને.
જીવવું મારૂં છે વૃથા, જો ન હૂં જીતિ વળૂં;
હમણા સહુ વાનર સેન, રામ સહભ્રાત ગળૂં.
સંધા દેવેાને છુંદું, પૃથ્વિપર નાખી કરી;
કહી એમ રામ પ્રતિ ધાય, અસુર સ્યાં હાક દઈ.
લક્ષ્મણે મારીયાં બાણ, ગણે તે લેશ નહીં;
એવે વીભીષણ કરે, આવિને હાસ્ય તહીં.
એા નાક વનાના રાંક, જુદ્ધ કર હું સું હવે;
કુળક્ષયકારીનેા પક્ષ, થઈ નિર્લજ્જ ધરે.
તેા ભણે સ્યાંહ કુંભકર્ણ, મૂર્ખ મુજ હાસ્ય કરે;
કુળ ક્ષય કારણ તૂં મળ્યેા, શત્રુને પ્રાણ ભયે.
આ કરૂં તને શતખંડ, પરંતુ દઉંછ મુકી;
કરવા તર્પણ કુળ વૃદ્ધિ, અહિંથિ જા દૂર હવી.
એ સુણી ભ્રાતના વેણ, વિભીષણ તર્ત ઉસ્યેા;
ને કુંભકર્ણ રઘુપ્રતિ, ધાય છે ક્રોધ ભર્યેા.
છે કરમાં મુર્ગલ એક, બીજું નહીં શસ્ત્ર કંઈ;

જડ બળે કરે સંહાર, અતીસેં વેરથકી.
આવંત ધસ્યો તે જોઈ, રામ સન્મૂખ ઉભા;
ક્ષણમાંહિ ચ્હડાવી ચાપ, શત્રુને આમ ભણ્યા.
ત્રણ ભુવન વાસિને દમ્યા, તમે બે બંધુ મળી;
થાજે ઝિલવા મુજ બાણ, સાવધો ભારિ વળી.
તેં ગળ્યા વાનરો તેહ, કહાડું હૂં બ્હાર ફરી;
અહીં મૃત્યુ પમાડી તને, દશાનન મારી કરી.
આસને થાપું વીભીષણ, એહ હૂં સઘ કરું;
સંભાર ઇષ્ટ તુજ હોય, તાહરો પ્રાણ હરું.
તો કુંભકર્ણ ત્યાં વદે, જાણીયે સર્વ હમે;
તૂંતો શત્રુ છે પૂર્ણ, હમારો પૂર્વ થકે.
સામર્થ વર્ણ્યું તેં તૂજ, પણ શું તે મૂજ કને?
સહુ સૈન્ય ગળીશ હૂં સઘ, દંતસું દંત ભીડે.
ખર દુષણને કપિ વાળી હણ્યા તેં કપટથકી;
અભિમાન મૂજ સનમૂખ, ચાલશે નાહીં કદી.
હું નિમગ્ન નિદ્રા માંહિં, નહીંતર ત્રિભુવનને;
કયારનૂં જિત્યૂં મેં હોત, હસે શું જોઈ મને.
તું કુંજર હૂં છઉં સિંહ, મુર્ખલે કાર્ય કરું;
રે છોડ છોડ નિર્વાણ, ગર્વ ક્ષણમાંહિં હણું.
મારી જ્યાં હાક પ્રચંડ, ધ્રુજ્યૂં બ્રહ્માણ્ડ બધૂં;
જળચર વનચર ઉદ્દંડ, થયો ગત પ્રાણ સહૂ.
ચક્રાકારે મુર્ખળ, ફેરવી રામ પ્રતિ;
મારે કે ત્યાં રઘુવીર, અસ્ત્ર સુપર્ણ લઇ.
થાપી અગ્રે પ્રલયાગ્નિ, છોડયું કે હસ્ત ઉડે;
વળી સૂર્ય મંત્ર જપી બિજે, બીજો પણ હસ્ત હણે.
પણ અસુરે પાડી હાક, કપીને પાગ વતે;
છુંદી નાખ્યા ને ગળ્યા, ઘણાને મૂખવડે.
વાનરો નાસતા ઉડે, રામ બે બાણ મુકે;
સામટાં તેથિ બે ચરણ, જંઘથી છિન્ન પડે.
પેટે ચાલંતો શર, પર્વતો ચૂર્ણ કરે;

મુખ વકાશી રાખ્યું તેહ, ગ્રાસની આશ કરે.
નાસિકા મૂખ લોચંન, માંહિથી જ્વાળ છુટે;
ને રામ અયોધ્યાધીશ, ભીમકાળાસ્ત્ર મુકે.
જ્યમ વજ્ર શૈલ્યનું શિખર, શરે તે શીર ઉડવ્યું;
ભેદી ગયું અંબર તેહ, પ્રલય ગર્જન કરતું.
ભયભીતં સૂર્ય ને ચંદ્ર, પલાયન સૂરે કરયું;
એવે તે શીર સત્વરે, લંકપર આવિ પડયું.
બહુ સદન તુટીને પડે, અસુર છુંદાઇ મરે;
સુર સકળ રામની ઉપર, પુષ્પ વરસાદ કરે.
ત્યાં થયોછ જયજ્યકાર, વજાડયાં વાદ્ય સુરે;
અંબરે ન આનંદ માય, રામ રણ રંગ ભરે.

તે કુંભકર્ણ રણ પડયો, ગતી ખીભત્સ થઇ;
સુણી ઢળ્યો દશાનનહેહ, સિંહાસન ઊંચથકી.
બળનિધાન ઓ પ્રિયબન્ધુ, દિશા છે શૂન્ય મને;
કહિ શોક સમુદ્રે બુડયો, લંકપતિ તેહ સમે.
શક્રારિ આવ્યો ત્યાંહ, શાંતવન ભારિ કરે;
પ્રિય પિતા મૃત્યૂ લોકમાં, ચિરંજીવ કો ન ઠરે.
માતંગ મોટ કુંભકર્ણ, પડયો વિપરીત થયું;
વિપરીત કાળ આપણો, ધૈર્યથી સ્હેવું સહૂ.
વિસનેત્ર માંહિંથી અશ્રુ, અતિસેં ભાંયઢલ્યાં;
એવે જણ ષડ મ્હાવીર, આવીને ત્યાંહ ઉભા.
એ સુભટ કરીને નમન, રાયની શીખ લઈ;
રણવાદ્ય વાગતે રણે, જય ઉમંગ ધરી.
બે સૈન્ય ધુમે બળથકી, કપીને અસુર હણે;
કપી હણે અસુરને એમ, જોરથી જુદ્ધ છણે.
ત્યાં વીર નરાંતક જેહ, કપીના પ્રાણ હરે;
તેના પર અંગદ પ્રહાર, મુષ્ટિએ સઘ કરે.
તો પડયો અસ્વસહ તેહ, ફરી તે નાજ ઉઠયો;
પણ સપડાયો કપી તેહ, જોઇને લાગ ઉડયો.
નીળે પર્વતથી હણ્યો, મહોદર વીર અને;

હનુમાને મારી લાત, હણ્યો દેવાંતકને.
ને વૃક્ષ વડે ત્રિશીરા, ઋષભ કપી પ્હાડ થકી;
ગત પ્રાણકરે પારશ્વ, જુદ્ધમાં ધૂમ મચી.
ત્યાં ચપળ બાહુ સ્થૂળ દેહ, કાય અતિ ક્રોધ થકી;
રથ હંકાવે છે શીઘ્ર, અયોધ્યાધીશ પ્રતિ.
કપી વીરપાંચ ગવાક્ષ, મેદને ગવય અને;
કૂમૂદ શરભ લઇ પ્હાડ, ફેંકતા ભારિ બળે.
અતિકાયે છોડી બાણ, પર્વતો ચૂર્ણ કરી;
શરથી વીંધ્યા કપીવીર, પડ્યા એ ધરણી ઢળી.
રઘુરાય વિભીષણ પ્રતી, પુછે એ કોણ અહીં;
તે વદે એ રાવણ સૂત, કરે પુરુષાર્થ સહી.
બ્રહ્માએ સ્યંદન દીધ, જેથિ એ શિઘ્ર ધસે;
આપે ઉઠો ભગવાન, નહીંતર હાણ થશે.
તો વિનવે સૌમિત્રેય, એસું હું જુદ્ધ કરું;
રઘુવીર ભણે નિઃશંક, વિજય તુજ થાય કહું.
ત્યા લક્ષ્મણ નિસરયો બ્હાર, શત્રુને વેણ ભણે;
તુજ સ્થૂળ સુક્ષ્મ બે દેહ, જુદી પાડીશ ક્ષણે.
અતિકાય કહે જે વીર, મુખેથી નાજ વદે;
જંબૂક હોઇ છો વ્યાઘ્ર, કેમ દાખોછ મને.
ગાજીને વરસો તોજ, ખરારે બાકી નહીં;
હમણાજ જણાશે વીર, કોણ છે સત્ય સહી.
સૌમિત્ર ભણે સંભાળ, બાણ મુજ ઝીલ હવે;
સુણતાં અતિકાયે રથ્થ, હડૂડ્યો તેહ ક્ષણે.
લક્ષ્મણે મુકયાં શરતેહ, સર્વ ખંડીત કર્યાં;
લંકેશ સુતે વળી લક્ષ, સાંમટાં છોડિદિધાં.
સૌમિત્ર છેદતો સર્વ, અસ્ત્રને શસ્ત્ર સહુ;
પણ નવ અટકે અતિકાય, યોજતો જાય બહુ.
વિદ્યુત અદ્‌ભુત ત્યાં થાય, ભયંકર શબ્દ અને;
શ્રોણીત રણે વ્હેપૂર, પ્રેતના ઢગ્ગ બને.
અંતે મંત્રિ લક્ષ્મણે, બાણ બ્રહ્માસ્ત્ર મુકયું;

તેથી અતિકાયા શીર, સદ્ય છેદાઇ પડયું.
એ સાંભળતાં દશગ્રીવ, શોકમાં ભારિ પડયો;
એવે આવ્યો ત્યાં ધાઈ, ઇન્દ્રજિત પુત્ર વડો.
કહે નાજ મટે હોનાર, હવે તો હૂંજ રણે;
શત્રૂવશ કરવા કાજ, સૈન્ય લઇ જાઉં પણે.
આજ્ઞા લઈ નિસર્યો વીર, વાધના ગજ્જર મહીં;
રણ ભૂમીએ ઝટ જઈ, સૈન્યનો દુર્ગ તહીં;
પોતાકેરી ચોપાસ, રચાવ્યો શીઘ્ર પછી.
શ્રોણિતે કરીને સ્નાન, શ્રોણીતાં વસ્ત્ર સજી;
રણમંડળમાં વિધિ યુક્ત, હવન તો મોટ કરી.
શક્રારિ સ્તવે તો ત્યાંહ, નીસર્યો માંહિથકી;
રથ દિવ્ય સારથી અશ્વ, ધનુષ સહ સદ્ય વળી.
તે રથારૂઢ એ થઇ, જઈને અભ્ર મહીં;
વરસાવા માંડયાં બાણ, વીજ સમ તીક્ષ્ણ સહી.
કપીકેરાં શિર ને ચરણ, તડાતડ તુટિ પડે;
વળી રામ અને લક્ષ્મણ, એહ પણ ધરણી ઢળે.
શત શત બાણે એ વીર, નેઉએ અંગદને;
સાઠે તો ગવય ગવાક્ષ, સોળથી અકંનને.
નળને ચૌદે સૂષેણ, અને કહું બારથકે;
કપી મદ ઋષભ એ પડયા, ઘણા કપી એક શરે.
ત્યાં અભ્રથકી શક્રારિ, આવિને ઘ્હાર કરે;
સુપ્રવેશ લંકામાંહિ, વાઘ સહુ ગજ્જર ભરે.
બહુ હર્ષ ભેર દશકંઠ, પુત્રને ભેટિ ભણે;
મુજ પ્રતાપ મોટો તેંહ, વધાસ્યો આજ રણે.
અહીં ચિરંજીવ હનુમાન, વિભીષણ બેન વળી;
સાવધ તે ગદ્‌ગદ કંઠ, પરસ્પર વેણ વદી.
રાત્રી તેથી સળગાવી, કરાંઠી શોધ કરે;
તો આરડતા અહીં તહીં, વીરપર દૃષ્ટિ પડે.
દેખાયો જાંબૂવાન, તેહને હાથ દઇ;
બેસાડયો તો એ પુછે, રામ સહભ્રાત સુખી ?

દશકંઠ ભ્રાત તવ કહે, નિચેષ્ટિત તેહ દિસે;
ને કપી થયા ગત પ્રાણ, ક્ષણે સહુવીર થશે.
ત્યાં બોલે છે ઋક્ષપાળ, પ્રભાત ન થાય અને;
દ્રોણાચળ આવે અહીં, વાસથી વીર ઉઠે.
એ સુણી વીર હનુમાન, ભણે વીભીષણને;
સહભ્રાત રામનું જતન, રાખજે રેહી કને.
ને ઉડયો ગગનમાં તેહ, ક્ષીરાબ્ધિ લક્ષી કરી;
દ્રોણાદિકને જઇ કેહ, યાચના વેણ વદી.
ગિરિ ઉદાર આપો મને, ઔષદી સઘ તમે;
કે ઉઠે અયોધ્યાધીશ, પ્રભાતે જુદ્ધ કરે.
ગિરિ ભણે કપી તૂં કયાંથી, આવીયો રાત્રિ વિષે;
છે કોણ રામ લક્ષ્મણ, ઔષધી નહિંજ મળે.
કપિવીર કહે એ મૂઢ, દરિદ્રી નિર્દય છે;
તો જો આ ભણીને તેહ, વધારી પુચ્છ પછે.
ગિરિ વિટાળી જકડી લેઇ, ઉખેડી અચમચવી;
ઉંચલી ને કાપી રાહ, કોટી સંખ્ય જોજનની.
આવ્યો સુવેળા માંહિં, દ્રોણને હેઠ મુકે;
ધંન ધંન પ્રતાપી ભક્ત, સમયને નાજ ચુકે.
તો થવા માંડયું પરભાત, પવન બહુ શીત છુટયો;
ઔષધિનો પસર્યો વાસ, સઘ ચમુભાર ઉઠયો.
શ્રીરામ સકળ દળ સાથ, નૂતન શુભ રંગ ધરે;
નવ લેશ ઘાવનું ચિન્હ, કોઇ ઉપેર દિસે.
તો ફરી ઉપાડી દ્રોણ, વીરહનુમાન ઉડે;
મૂકી તેને નિજ ઠામ, સુવેળે આવિ રહે.
રઘુવીર પ્રેમ રસ પૂર્ણ, ભક્તને ઉર ધરે;
કપિ સકળ કહે ધંન ધંન, ચિત્ત ઉત્સાહ ભરે.
ત્યાં અર્કજ કેહ સહુ કપી, હવે શું વિલંબ ધરો;
ચડિ દુર્ગ લંકના સદન, બાળિને ભસ્મ કરો.
તો વાયુ તન નળ નીળ, કપીદળ સાથ લઇ;
જય જય જય શ્રી રઘુવીર, એ હુહુઃકાર ભણી.

પ્રજ્વલિત કાષ્ટ ધરિ હાથ, કોટ ઓળંગિ કરી;
પડો લંકાપુરિ માંહિ, છુટયો છે વાયુવળી.
બળવા માંડયાં ત્યાં સદન, અગ્નિ તો ભારિ વધે;
ઉત્પાત દેખિને લોક, નાસતા રેહ બધે.
સ્ત્રિયો નિજ બાળક સાથ, દોડતી સર્વ ફરે;
રાક્ષસ ઉપર કપિ જૂથ, અગ્નિની વૃષ્ટી કરે.
એવે ત્યાં કુંભનિકુંભ, આવિ પર્જન્ય મુકે;
તો અગ્નિ સમાયો સઘ, કપી સહુ લંક તજે.
રણ ભૂમિ વિષે જઇ તેહ, મળીને સર્વ રહ્યા;
આવંત જોઇ દળ અસુર, જુદ્ધને સિદ્ધ થયા.
વળી જુદ્ધ મચ્યું છે ભારિ, અંગદે પહાડથકી;
ક્રોધન ને જંધ પ્રજંધ, એહને કીધ નકી.
મેઘે પર્વતથી મોટ, હણ્યો વિરુપાક્ષ અને;
શરભે વળી શ્રોણીતાક્ષ, અસુરને ધાવવળે.
કુંભકર્ણતણો કુંભક, આવિને બાણ મુકે;
તો મૈદ શરભ અંગદ, શરે વીંધાઇ રહે.
સુગ્રીવે હરિલઇ ચાપ, અસુરસું મલ્લ જુધે;
છાતીપર મુષ્ટિ પ્રહાર, કર્યો કે કુંભ પડે.
ને નિકુંભ ધણો ખિજવાઈ, ધાય સુગ્રીવ પ્રતિ;
તો વાયુ સુત અરિ ઉપર, નાખતો પહાડ વળી.
પણ કર્યો નિકુંભે ચૂર્ણ, પછી વળી પરિઘ તણો;
ધા કિધો છાતિ ઉપેર, અંજની સૂત હઠયો.
પણ પાછો એણે ધાવ, શૃંગશતનો સબળો;
કીધો તેથી નિકુંભ, છુંદાઈ ચૂર્ણ થયો.
પછી જોદ્ધા ત્રણ બળવાન, આવિયા ગાજિરણે;
બહુ અસ્ત્ર શસ્ત્રથી તેહ, નસાડે કપિ સહુને.
એ જોઇ અયોધ્યાધીશ, ચડાવે ચાપઉઠી;
છેદંત બાણની જાળ, રાક્ષસે જોહરચી.
પછી ઉડાવી દીધાં શીર, ત્રણનાં દિવ્ય શરે;
કે વર્ત્યો જય જયકાર, કપી ઉર હર્ષ ભરે.

ત્યાં તર્ત ઇંદ્રજિત વીર, સૈન્ય સહ આવિ રણે;
કારમો કરે છે હોમ, આગ્રહી મંત્ર ભણે.
તો નિસરિ કૃત્યા એક, લઇ તે બેસિ રથે;
ઉડયો તે એકાએક, સૈન્ય અચુંબ કથે.
કૃત્યાની આડે રહી, મૂકતો બાણ રસે;
કપિસેન વિષે હોકાર, થયો કયમ થાય હવે.
તો વાયુએ જઇ કહ્યું, રામને કર્ણ વિષે;
અંગિરાસ્ત્ર મુકી હણો, તેથિ જય કાર્ય થશે.
તત્કાળ જપીને મંત્ર, અસ્ત્ર રઘુવીર મુકે;
તો કૃત્યા થઈ ત્યાં ભસ્મ, વીર નવ સંધિ ચુકે.
પછિ છતો પડી શત્રારિ, શત્રુસું જુદ્ધ કરે;
તો શોભિત સહુ કપિવીર, ઉલટયા એક શરે.
લઇ ગદા અંજની સૂત, મૈદતો પરિધ લઇ;
લઇ શતઘ્ન કપીઋષભ, શરભતો ચક્ર લઈ.
લઇ શકિત ગંધમાદંન, અસી તો નીળલઇ;
નળ અંગદ જાંબૂવાન, ગીરી સૂગ્રીવ લઇ.
ઉપરા ઉપરી સહુ ધુમે, સુલક્ષ્મણ બાણ મુકે;
શત શર મુકે રઘુવીર, ઇંદ્રજિત નાજ ગણે.
સહુ શસ્ત્ર અસ્ત્રને છેદિ, વિશેષાં બાણથકી;
સહ ભ્રાત રામને સૈન્ય, સર્વને વિકળ કરી.
પુરુષાર્થ દાખિ તત્કાળ, વિજયના વાદ્ય મહીં;
લંકામાં કરે પ્રવેશ, ઇંદ્રજિત શૂર સહીં. ૧૬૧

શત્રારીયે વૃત્તાંત, જુદ્ધ જયકેરું કથ્યું;
સુણિ હેત હર્ષથી તેહ, રાવણે ધન્ય ભણ્યું.
પણ પછી કેહ હે ભાઈ, વાર ત્રણ જીત કરી;
પણ રહી ન સ્થાઈ તેહ, હવે તો રાખ ધરી.
તવ કરે પ્રતિજ્ઞા પુત્ર, રામસહ ભ્રાતવળી;
કપિસેન સર્વ નવ હણુ, દાખું નવ મોહુ ફરી.
ભણિ એમ ઇંદ્રજિત વીર,સકળ દળ સાથ લઇ;
સંગ્રામ પ્રતિ ધસિ ધાય, નદી પૂર સિંધુ ભણી.

અરિ સેન મુખે હનુમાન, જોઇને મંત્ર થકી;
નિપજાવિ જુઠિ જાનકી, રથે બેસાડિ પછી.
કહિ જો મર્કટ આ તુજ, સ્વામિની સ્ત્રી અહીં;
એણેજ હમારો કર્યો, કુળક્ષય નક્કી સહી.
માટે કૃત્યાનો આજ, કરૂં વધ જો તું હવે;
ને તર્ત છેદિયૂં શીર, કપી મૂર્છીત પડે.
પછિ નીકુંબળામાં જઇ, ઇન્દ્રજિત હોમ કરે;
ને વાયુજ થઇ સાવધ, જાય શ્રીરામ કને.
નવ ભણે મુખથી વેણુ, રુદન તે ભારિ કરે;
રઘુવીર પુછે હે ભ્રાત, બન્યું શું તે તું કહે.
ડસકાં ખાતો લાજીત, રુદ્ર અવતાર ભણે;
વાસવ અરિયે વધ કીધ, જાનકી આણિ રણે.
સાંભળતાં તો રઘુરાય તટસ્થજ જોઇ રહે;
ને લક્ષમણ ને કપિવીર, શોકથી અશ્રુભરે.
પણ પછી ત્યાં સૌમિત્રેય, ભણે ગર્જન કરી;
હમણાં જઇને સંહારું, દુષ્ટ અધમ અરી.
એવે લંકાથી આવિ, દૂત વિભીષણના;
કહે જનકનંદિની ક્ષેમ, સુખી છે ઉપવનમાં.
વીભીષણ કેહ મહારાજ, શત્રુએ કપટ કર્યું;
નિષ્કપટિ વાયુજે તેહ, જોઇને સત્ય લહ્યું.
શુભ વર્તમાન સાંભળી, સર્વનો રંગ ફરે;
અરુણોદયથી જેમ થાય, તિમિરનો નાશ ખરે.
એવામાં પરિમળ તેહ, હોમ આહૂતિતણી;
આવીને રાવણ ભ્રાત, વદે શ્રીરામ પ્રતિ.
માડયો ઇન્દ્રજિતે હોમ, અર્ધરથ ઓહાર દિસે;
પૂરો નિસર્યો કે પછી, પૂર્ણ જિતતેનિ થશે.
જો વિલંબ કરશૂં રાજ, અવશ્યે રથ નિસરે;
માટે જઇ કરવો તર્ત, હોમ વિધ્વંશ ખરે.
તો જુએ અયોધ્યાધીશ, ભ્રાત સૌમિત્રપ્રતિ;
ને ઉઠયો એ તત્કાળ, રામને નમન કરી.

રામે આલિંગન દેઇ, કર્ણમાં મંત્ર કહ્યા;
સમયોચિત ભણવા તેહ, પછી આશીષ વંદ્યા!
પછિ સૈન્યાપતિ લક્ષ્મણ, વાળિ સુત સ્કંધ ચ્હડી;
હનુમાનાદિ કપી સાથ, નિરાળો પંથ લઈ.
આવ્યો નિકુંબળ માંહિ. જુદ્ધ જય હોંસ ભર્યો;
જ્યાં હોમ રક્ષવા કાજ, અસુરદળ ભાર રહ્યો.
એ રક્ષકનો સંહાર, કપીયો સઘ કરી;
વીવરમાં થાએ હોમ, તહીં તે જાય વળી.
જુએતો છે શક્રારિ, રકતનો સ્નાન અને;
તળ સપ્ત પ્રેત ઉપેર, વજ્ર બેઠેલ અને–
પીંગટ છુટા છે કેશ, નેત્ર તો બંધ અને;
કંઠે અસ્થિની માળ, વિંટાળ્યા સર્પ.શીરે–
બ્રાહ્મણના મુંડ અસંખ્ય, માસને મદ્ય કને;
ઉપરા ઉપરી ભણિ મંત્ર, આહુતી તેહ દીયે.
એ જોઇ પર્વતે મોટ, કુંડ વિધ્વંશ કરયો;
હનુમાને અગ્ની સર્વ, અહીં તહીં વેરી દીધો.
જવ જણાય રથનું અર્ધ, સમાઈ સર્વ ગયું;
ને હોમ દ્રવ્ય સર્વત્ર, કપીઓએ ઉડવ્યું.
શક્રારિ ઉપર અપચિન્હ, ઘણા બીભત્સ કરી;
કપી સર્વે ચાલતા થાય, જોય નહીં પાછું ફરી.
ઉત્પાતતણો અતિ ગજર, પડંતો કર્ણ વિષે;
કે સાવધ થઇ શક્રારિ, અતિસે ખિન્ન દીસે.
દૈવત્ય પ્રબલ થયું સંધિ, વેરીએ સાધિ ખરે;
આયુષ્ય માહું થયું પૂર્ણ, આજથી એમ વદે.
બહુ કોપિજ તે શક્રારિ, મગાવી સ્યંદનને;
અદ્ભુત દળ લઇને જાય, નગરની બ્હાર રણે.
જ્યાં લક્ષ્મણ કપી સહુ સાથ, ઉભારહી વાટજુએ;
તો આવી રાક્ષસ સેન, કપી ઉપર ઉલટે.
ત્યાં કપી પર્વતથી અને, રાક્ષસો શસ્ત્રવડે;
ધમસાણ મચાવે ભારિ, પ્રેત બહુ ધરણી પડે.

નળ નીળ અંજની સૂત, વાળતા બાણ બહૂ;
દેખી તે ચડી છે ઝાંઝ, રુદ્રનું રૂપ લહૂં.
વિધ્વંસ થયો છે હોમ તેથિ છે ખાર ઉરે;
છે સ્મરણ પિતાનું વેણ, આપ પણ તેહ ખરે.
એવો આતે કોઈ વ્યાઘ્ર, મારતો ફાળ વડી;
જોગીન્દ્ર ઉપર ને એહ, ભેરવે ચૂડ ઉડી.
એકકના છેદે ઘાત, કરે વળિલક્ષ થકે;
છે વ્યાઘ્ર *સઇનું જુદ્ધ, કોઇ કોથી ન હઠે.
ઇન્દ્રજીત કહે કંઈ લાજ, વ્યાઘ્રને મૃગ ન હણે;
ગોવત્સ હણે નવ હસ્તિ, મક્ષિકા શૃંગ ન ખણે.
એ ઉપર સૌમિત્રેય ભણે, કયમ અંધ બને;
ભસ્મે ઢંકાયો તોય, અગ્નિ તો બાળિ મુકે.
કેસરી લઘુ પણ તેહ, મહા માતંગ હણે;
ને વજ્ર નાનું પણ તહ, છેદતું પ્હાડ ક્ષણે.
છે પૂર્ણ પ્રતાપી રાય, તેહનો દાસ છઉં;
પણ આજ તાકું હું શીર, ઉડાવી સઘ દઉં.
એ સાંભળતાં કરિ કોપ, ઇન્દ્રજીત બાણ મુકે;
ચપળા સરખાં અતિ તિવ્ર, સામટાં એક શરે.
ત્યાં લક્ષ્મણ મુકે બાણ, એકના થાય ઘણા;
એ છેદે ક્ષણમાં સર્વ, બાણ શક્રારિતણા.
એ મૂકે બીજાં તેહ, સુમિત્રાસૂત હણે;
લક્ષ્મણ તૂં જોહો ધીટ, ઇન્દ્રજિત ધન્ય ભણે.
શક્રારિ મુકે પર્જન્ય, હસ્તિ શુંડ • ધાર પડે;
લક્ષ્મણ મૂકે વાતાસ્ત્ર, શત્ર નગઅસ્ત્ર ઝડે.
પછી એક મુકે વજ્રાસ્ત્ર, બીજે અગ્નયસ્ત્ર મુકે;
સાગરાસ્ત્ર મુકે એક, અગસ્તિ મંત્ર વડે.
શક્રારિ શોષ તો તેહ, પછી પાપાસ્ત્ર મુકે;
નામાસ્ત્ર મુકે લક્ષ્મણ, મહેસ્વરિ શત્રુ મુકે.
બ્રહ્માસ્ત્ર સર્વમાં શ્રેષ્ઠ, રામનો અનુજ મુકે;
તો પંચ બાણ વિદ્યુત, શોધિ શક્રારિ મુકે.

* સઈ એટલે સિંહ.

માંદાર મેરુ થાય ચૂર્ણ, પ્રાણિ શું ઝીલી શકે;
ભોગિન્દ્રતણો અવતાર, તેજ તે દુઃખ સહે.
વાયૂજને જાંબૂવાન, તટસ્થજ જોઇ રહે.
ત્યાં સઘવીર લક્ષ્મણે, બાણ નવ તિવ્ર મુકયાં;
અરિ કપાળ ફોડી તર્ત, માંહિ તે પેસી ગયાં.
ત્યાં વિભીષણે ઝટ ધસી, ગદાને ફેંકી વળી;
શક્રારિયે છોડયું બાણ, તેથી તે આડિ પડી.
પછિ પાંચ બાણથી હૃદય, વિંધ્યૂં વિભીષણનું;
તો થયૂં ધસવાનું મંન, જાંબૂવાન તણું.
એણે પર્વતથી ચૂર્ણ, કર્યો રથ તેહ સમે;
ઇન્દ્રજિત કરતો જુદ્ધ, ઉભો રહી ભૂમિ પરે.
હનુમાનાદિ કપીવીર પ્હાડની વૃષ્ટિ કરે;
રણ ચતુર બહુ શક્રારિ, છેદતો બાણવડે.
પછી ઉડી અંબરે જઇ, બાણની વૃષ્ટિ કરે;
હનુમાન ઉઠાવી ઝટ, ઉંચલે લક્ષ્મણને.
કર્યું અંબરમાં બહુ જુદ્ધ, પછી બે ઉતરી પડયા;
ઋષિ દેવ અને ગણ સર્વ, જય સૌમિત્ર વદ્યા.
બહુ ગાઢ મચ્યો સંગ્રામ, ગાજિ બ્રહ્માણ્ડ રહ્યું;
બંને જોદ્ધા સોહાય, શરે વેષ્ટીત બહૂ.
એ પછી વીર સૌમિત્ર, તુણિરની માંહિથકે;
શર દિવ્ય કહાડતો બ્હાર, અગ્નિ છે અગ્ર વિષે.
એ બાણ ચાપસું યોજી, ચિંતો ચિત્તમહીં;
હું બ્રહ્મચારી સત હૈશ, થશે મુજ કાર્ય સહી—
જો ચૌદ વર્ષ નિરહાર, હૈશ જો સાધુ પુરો;
જો રામ ઉપાસક શુદ્ધ, હૈશ હૂં પ્રેમ ભર્યો—
જો હશે પ્રતાપી રામ, બ્રહ્મ તે પૂર્ણ હશે;
જો સત્ય દાસ હનુમાન, જાનકી શુદ્ધ હશે—
શિવકંઠતણું વિષતેહ, રામના સ્મરણ વડે;
શર અગ્રવિષે જઇ રેહ, સઘ અરિ શીર પડે.

સંકલ્પ કરી સૌમિત્ર, છોડતો બાણ અને;
તે તીવ્ર જોઇ શક્રારિ, યોજતો તેજ ક્ષણે.
પણ એવે લક્ષ્મણ બાણ, ધુણંતુ વાયુ ઝુડી;
શક્રારિ શીર ભુજ છેદિ, ગગનમાં જાય ઉડી.

ભુજ ઉછલી લંકમાં પડે, શીરને ઝડપી લીધું;
કપી ઋષભે ઉડતું તેહ, મુક્ત કેશ રક્ત ભર્યું.
કપી સેન વિષે જયકાર, થયોને દેવ કરે;
અંબરથી પુષ્પની વૃષ્ટિ, ધન્ય ધન શબ્દ વદે.
ત્યાં ઈન્દ્રતણો મુખ ચંદ્ર, પ્રકાશ્યો સોળ કળે;
ને એ આદી સહુ દેવ, સુભટના યશ વરણે.
પછી અંજની સુતને સ્કંધ, ધાવથી જર્જર તે;
લક્ષ્મણ બેશીને જાય, સુવેળા ગીરિ પ્રત્યે.
અહીં રામ અયોધ્યાધીશ, ભ્રાતની ચંત કરે;
સુગ્રીવ શું પુછતા વાત, જુદ્ધ કયાં થાતું હશે.
એવે વાનરનું સેન, ધાવતું આવી કહે;
અહીં આવ્યા લક્ષ્મણવીર, ઇન્દ્રજિત મારિ કરી.
સ્કંધેથી ઉતરે હેઠ, અર્કસુત હાથ ધરે;
નવ ચલાય તેથી તેહ, ધીમેધી પાગ ભરે.
પછી ઉઠી અયોધ્યાધીશ, ભ્રાતને છાતિ લઈ;
સપ્રેમ ગદ ગદ્યા તેહ, ભેંટતા હર્ષથકી.
ને ભણે ભ્રાત પુરુષાર્થ, કરી બ્રહ્માંડ ભર્યું;
નવ હણાય કોથી તેહ, હણીને નામ કરયું.
ને મુકયો મસ્તકે હાથ, જેથિ શ્રમ દૂર થયો;
સૂષેણેઔષધિથકી, પૂર્ણ નિર્ઘાવ કરયો.
વિભીષણે ત્યાં પછી, સર્વ વૃત્તાંત ભણ્યું;
ને વર્તો જય જયકાર, એજ જય વાધ ગણ્યું.

જય જય શબ્દે ગાજંત, કપી હરખાઇ ઘણું;
સાંભળતાં ચોંકયું ચિત્ત, ધીટ લંકેશ તણું.
ને સાંભરિ આવ્યો પુત્ર, ઇંદ્રજિત વીરજદા;
ભેદાઈ રહ્યું ઉર પૂર્ણ, પડયો નિસ્વાસ તદા.

દહાડો આવ્યો છે નિકટ, જાણિ દશકંઠ ઉઠયો;
મંત્રીને કહે મુજદૈવ–લંકનો આજ રુઠયો.
સજ સજ થાઓ શુરવીર,અમર યશ કીર્તિ વરો;
રથ અશ્વ પદાતિ હસ્તિ, શત્રુ સન્મૂખ કરો.
આજ્ઞા થાતાંની સાથ, તર્ત રણશિંગ થયાં;
મારગમાં સેના અંગ, બધે ઉભરાઇ રહ્યાં.
કોટ્યાનકોટિ સહુ સુભટ, રાક્ષસો હોંસ ધરચા;
માતંગ મહા ધંટાળ, ચાલતા શીઘ્ર થયા.
લંકાધિપનો રથમોટ, શસ્ત્ર મંડીત અને;
શોભંત રંગનું તેજ, અશ્વ ખુંખાર ભણે.
જોહાના દિંપતા રંગ, તત્પરાં શસ્ત્ર થકી;
વિકરાળ શૂરાતન હિંડે, હર્ષમાં ટેકું છકી.
વિધ વિધ વાદ્યોનો નાદ, મેઘપેરે ગરજે;
શિવ શકિત સ્વરૂપો સ્હોય, કસુંબી લાલ ધજે.
સજી વસ્ત્રાભૂષણ નવિન, રથે લંકેશ ચડે;
અતિ ઠાઠ રંગથી સ્હોય, શબ્દ જયકર્ણ પડે.
વાદળથી છાયો સૂર્ય, તેજમાં ન્યૂન ઘણો;
તોપણ તપતોજ પ્રચંડ, ખરોખર ગ્રીષ્મતણો.
ગડુડાવી રથરણમાંહિ, લંકનો નાથ ધસ્યો;
ઉદ્ધત અરિદળ સન્મૂખ, આવિને સ્હેજ ઠરયો.
તો ક્રોધ ભરચો કપિભાર, ઉડે કીકિયારી કરી;
વરસાવે પર્વત વૃક્ષ, દિવ્ય રથ તાકિ વળી.
પણ દક્ષ લક્ષ લંકેશ, નિમેષ ન શંક ધરે;
ઉપરા ઉપરી સંધાન, બાણનાં તીક્ષ્ણ કરે.
રથ ધુમે ધમર ચોપાસ, છુટે શર ચાપ ઝડે;
પર્વત મોટા થઈ ચૂર્ણ, સૈન્યની ખ્હાર પડે.
રણકુશળ ધીટ દશકંઠ, શુરાતન રંગ ચડે;
સંહાર કરી બહુ ધરા, ઢાંકતો શીર ધડે.
જોઇ કપિનાયક ધીર, ધનુષસું બાણ ધરે;
આકર્ષે પ્રગટી જ્વાળ, તેજથી શત્રુ ડરે.

જ્યાં ઉડાવ્યૂં રામે બાણ, શરો અગણિત નિસરે;
ને તિવ્ર વૃષ્ટિથી અસુર, વિંધાઇ સ્હેજ મરે.
ત્યાં રાવણ ચલવે મા૨, યોજિને શસ્ત્ર ઘણાં;
પણ રામવીર શ્રી કરે, નિવારણ તેહતણાં.
પછી ક્રોધ ભરચો લંકેશ, સાંમટાં પાંચ મુકે;
અભ્યાસ સધાયાં તેહ, લક્ષ્યને કેમ ચુકે.
પંચાગ્નિ રૂપતે બાણ, રામ તનુ ભેદિ પડયાં;
જોઈ હરખ્યો દશગ્રીવ, ગાત્ર ફૂલાઇ રહ્યાં.
એવે શ્રીરામે સાત, લક્ષિ લંકેશ ભણી;
મારચાં તે ભેદી હૃદય, જુએ હદ લંકતણી.
દશકંઠ મૂર્છના ખાઈ, ઢળ્યો રથમાંહિ જહાં;
લક્ષ્મણે ધસીને બ્હાર, સાધ્યું ચંદ્રાર્ધ તહાં.
છેદ્યો ક્ષણમાં સારથી, વળી દશ બાણથકી;
દશ શીર જુજવાં કરચાં, ક્રોધમાં ઉગ્ર નકી.
ને વિભીષણે મુકી અષ્ટ, અષ્ટ રથ અશ્વ હણ્યા;
વાનરો મારિ અરિ સુભટ, જયશ્રી રામ ભણ્યા.
તો સાવધ થઇ લંકેશ, ચડે રથ અન્ય અને;
બન્ધૂસન્મૂખ વિષશસ્ત્ર, મર્મના વેણ ભણે.
ઓ હીણ મૂર્ખ ભયભીત, શત્રુને શરણ ગયો;
ત્યાગી કુળનું અભિમાન, દુષ્ટ તું દ્રોહિ થયો.
હું વડિલ ભાઇનો ટેક, ધર્યો નહીં કાંઈ ઊરે;
પામર વેરીને મળ્યો, રક્ષવા પ્રાણ તું રે.
જોતો નથિ મિંઢા અંધ, શત્રુના અનુજ ભણી;
વર્તણુક જ્યેષ્ટની સાથ, વૃત્તિ તો ક્રોધિ ઘણી.
પાળી પોષીને મોટ ભણાવી યોગ્ય કરચો;
તે તૂં કરિ કુળ છળં ઘાત, રાજ્યનો ઘાતી ઠરચો.
મુજ મર્મ ભેદ બળ સર્વ, ઉઘાડી દીધ અરે;
રણમાં આવી અરિસાથ, રહીને સ્હાય કરે.
રે પુરુષ સિંહ કુળમાંહિં, દીનજંબૂક થયો;
રે રાક્ષસ ગજ જુથમાંહિ, ક્ષુદ્ર જિવ કીટ ઠરચો.

ઓ કિંકર અહીંથી ભાગ, ષંડ નવ રહોય રણે;
હું કાળતણો આ દંડ, પાડસે આજ ક્ષણે.
સુણિ વચન વિભીષણ ભણે, કપટ મળ ખાણ અરે;
રઘુનંદનસું જઇ શરણ, થયો છઉં મુક્ત ખરે.
નવ નવ રાખું કદિ સંગ, અધર્મી પાપિતણો;
પછિ પિતા ભ્રાત નૃપ હોય, દેવ બળવાન ઘણો.
હિત શીખ માનિ નહીં બળ્યું, વંશવન કલેશ દવે;
રે માન હજી રહે લાજ, રામને શરણ થવે.
નક્ષી આવ્યો તુજકાળ, વૃથા શું જુદ્ધ કરે;
રહી રાખ લંકને ક્ષેમ, વડો વીવેકિ ઠરે.
કહે તમ શ્વેત દશકંઠ, કહાડતાં સ્વાસ મથી;
તુજ રક્ષણ સૌમિત્રેય, કરે છે દીર્ઘ અતી.
માટે એનો લઉં પ્રાણ, પુત્ર એણેજ હણ્યા;
રે આજ ક્ષણે કરું ચૂર્ણ, સિદ્ધ લહે વેણ ભણ્યાં.
કહિ એમ કોશથી બ્હાર, પ્રચંડજ શકિત વળી;
મય શ્વસુરે આપી તેહ, કહાડતો તેજભરી.
લક્ષ્મણને લક્ષી શુદ્ધ, જ્યોતજીવ જાય સહી;
ઉડી ઘણુણુણ કરતી ગગન, અગ્નિની રેલવહી.
તડુકયાં ભૂ અંબર કડડ, સિંધુએ સીમ મુકી;
ડોલ્યા દીગ્ગજ નગસર્વ, તુટીપડિ ઝાડી ઝુકી.
શુર સુભટ થયા ભયભીત, પલાયન શિઘ્ર કરે;
વાનરો ઉડતા થઈ, ગુફામાં જાય ડરે.
એ સંકટમાં રણધીર, રુદ્ર અવતાર રહ્યો;
ઝિલિ નિવારવા તે શકિત, નહીં તે લેશ ડગ્યો.
જવ વામમુષ્ટિ ઉગામિ, ધાઇ સન્મૂખ ધસે;
તો શકિત ધરી સ્ત્રી રૂપ, બોલિ આ મર્મ રસે.
શું બ્રહ્મચારિ કહેવાઇ, આવતો સ્ત્રીનિકને;
રે બળ ઉદ્ધતથા દૂર, જવાદે ઝટ્ટ મને.
રાવણની કન્યા હૂંજ, આજ ક્ષણુમાંહિં નકી;
લક્ષ્મણ વર વરીશ રહેજ, છઉં જો પ્રેમ ધિકી.

એ સુણતાં ભાળકુપેર, અતીસેં ક્રોધ ઝરચેા;
ને જિતેંદ્રિય મુકિ દઈ, ત્રીયને પાછેા ૪૨ચેા.
તેા પૂર્વ રૂપ ધરિ તેહ, પ્રલય કરતી ધસતી;
એા આવિ આવિ કહી હઠે, પ્રાણિયેા બ્હીક થકી.
અતિ તીવ્ર તેજની વૃષ્ટિ, થતે સંહાર બને;
સુર અસુર સુભટ સહુ જોય, છેદશે શક્તિ કુને.
ત્યાં કપિવરને કહે રામ, સાવધા પૂર્ણ રહેા;
કરજો લક્ષ્મણને સ્હાય, શંક નવ લેશ લહેા.
જાણી મુજપર છે લક્ષ, રામનેા ભ્રાત ઉભેા;
ધ્રુવ મેરુ સરીખેા નિચળ, ચડાવી ચાપ રહ્યેા.
ધસિ આવિ જોઈ તે કાળ, હૃદયમાં ચેાકિ જરી;
જડરૂપ થઈ તે રહ્યેા, ધીટતા ઝાજી ધરી.
લહી આવિ સમીપે આમ,રામ સ્મરિ આંખ મિચી;
તેા શક્તિ પેઠિ તનમાંહિં, હૃદયને ચૂર્ણ કરી.
નિસરી જ્યાં પૃથ્વિ જ્હાર, તેજ ક્ષણ ધરણી ઢળ્યેા;
સુમિત્રા સુત સહ ચાપ, શક્તિએ શેષ ગજ્યેા.
એ અરિષ્ટ ઘટના જોઇ, વિભીષણ કપિ ગણ તે;
અતિ ફાળ ભરચા દઇ હાક, ધાઈ આવ્યાજ જથે.
ને રામ હૃદય પ્રેમાળ, શેાક કમ્પીત થયે;
નિશ્વાસ કારમે શબ્દ, મુકી તે પૃથ્વિ પડે.
થઇ રહ્યેાછ હાહાકાર, કારિએ મૃત્યુ થતે;
એવે રાવણનેા અનુજ, રામ પ્રતિ આમ કથે.
શું આમ અયેાધ્યાધીશ, ક્ષત્રિનેા ધર્મ નહીં;
લેા ધરેા ધનુષ ને ઉઠેા, ઉભેા છે શત્રુ અહીં.
એને હણવાનેા પ્રથમ, કરેાજી લક્ષ ઘણેા;
પછિ કરશું યેાગ્ય વિચાર, સુમિત્રે ભ્રાતતણેા.
ભય નથી એહને કાંઈ, સર્વથા એમ ભણી;
રાવણ ભ્રાતે કેાદંડ, ધર્યું શ્રી હસ્ત ભણી.
તત્કાળ ઉભા ત્યાં થઈ, ક્રોધથી આંખ ભરી;
રઘુવીરે ચડવ્યૂં ચાપ, તીક્ષ્ણ ટણુકાર કરી.

પ્રતિ શબ્દ થયો અતિ ઘોર, કોથિ નવ જાય સહ્યો;
શું સિંહ તડૂકયો રાન, મેઘ ગર્જિત થયો.
ને ધ્રુજ્યાં ધરા ને નભ, ઉપર નીચેજ થયાં;
ખળભળ્યાં સુભટનાં હૃદય, કાયરા ફાટિ પડયા.
રાવણને કેહ રઘુવીર, ડરે કાં ચાપ રવે;
લક્ષ્મણને પાડી આજ, જાઇશ કયાં દુષ્ટ હવે.
જો હમણા કરું છું ચૂર્ણ, પૂર્ણ સાવધ તું થજે;
રે ચોર મદે ભરપૂર, કાળ તુજ શીર ભમે.
પછિ મુકવા માડયાં જ્યાંહ, એકપર એક શરો;
તો એકેકમાંથી સહસ્ત્ર, છુટે બહુ ધાર ઝરો.
તુટી પડે તડાતડ મુંડ, રાક્ષસ ઝુંડતણા;
ને શસ્ત્ર સહિત નાચંત, કબંધો સ્હોય ઘણાં.
બહુ બળે મથે લંકેશ, ફાવતો લેશ નહીં;
રાક્ષસ દળનો સંહાર, થયો છે ભારિ સહી.
વળિ તમ હેમ રઘુવીર, પિંગ જ્યાં નેત્ર કરે;
તાણી ધુરકાવી તીક્ષ્ણ, લક્ષિને શત્રુ બળે.
છોડંત સહિત ટણુકાર, મહર્દ્ધય અસ્ત્ર જદા;
વ્યાપી રહી શરની જાળ, શત્રુ દળમાંહિં તદા.
દશકંઠ ચોંકતો જુએ, ધનુર્ધર રામ બધે;
સ્થિર થવા મથે બહુ તોય, નિકટ છે રામ વદે.
રાક્ષસ કપિને રથ અસ્વ, શસ્ત્રને રામ લહે;
ચિત વિચારમાં પણ રામ, મારવા આવિ રહે.
નવ રામ વિનાનો હામ, ધરણી પણ રામબની;
થઇ રહ્યો ભિતર ને બ્હાર,ભયાતુર લંક ઘણી.
ઓ રામ ધનુર્ધર કાળ, ગ્રાસસે આજ ક્ષણે;
કહે હવે નહીં પ્રતિકાળ, આવવા પામું રણે.
લહી એમ ભયે ભરમિષ્ટ, ચાપતજી શસ્ત્ર ધરી;
ઝટ કુદી પડી રથથકી, ભાગતો જાય મથી.
જ્યાં આવ્યો મંદિરમાંહિં, પ્રિયાને અંક પજ્યો;
પણ પછી ધીટ થઇ તેહ, ગર્વમાં આમ વદ્યો.

ઓ સુંદરિ મેંતો હણ્યો, શત્રુનો ભ્રાત સહી;
પણ રામે માયા ક્રોધ, તેથિ આવ્યો છ અહીં.
કરું અનુષ્ઠાન હું હવે, મૃત્યુંજય મંત્ર ભણી;
ગુરુ શુક્રે આપ્યો તેહ, સિદ્ધિતો થાય ઘણી.
તો સતી કહે હે નાથ, વૃથા શું આમ મથો;
શરણે જાઓ કે વળી, કરીને જુદ્ધ જીતો.
હિત વચન સતીનાં હઠી, હૃદયમાં કેમ ધરે;
મદઅંધ થયો અતિઘોર, કર્મના કેમ કરે.
પૃથ્વિમાં ખણાવી ગુફા, સર્વે સાહિત્ય ભરી;
બેઠો કરવાને હોમ, લંકપતિ આગ્રહ ધરી.

જવ તજ્યો શત્રુએ સમર, રામ નિસ્વાસ મુકી;
કોદંડ ફેંકિ દઇ દૂર, બેસતા ભાળ કુટી.
ને અશ્રુનેત્ર રઘુરાય, બંધુ શિર એક લઈ;
ગદ ગદ કંઠે વીલાપ, કરે અતિદીન થઈ.
ઓ લક્ષ્મણ સૌમિત્રેય, ચક્ષુ ઉઘાડ અરે;
રે બોલ કુંઈ મુજસાથ, કંઈ પણ મંન વળે.
ઓ સખા હવે જગવિષે, રહ્યું શું સુખ મને;
તું ગયો પિતાની પાસ, જાનકી શત્રુ કને.
શત્રુઘ્ન ભરત ને માત, ત્યાગશે પ્રાણ સુણી;
મુખ કેમ દાખું હું ભ્રાત, બાજુ થઈ મારિ ઉંણી.
દુખ ખમી ખમી મુજકાજ, પાડયું તેં તંન અહીં;
આજ્ઞા નથિ લોપી લેશ, પ્રેમદ્રઢ ભક્ત રહી.
મેં તો નવ પૂછ્યૂં કદી, ભુખ્યો તરસ્યો તું થયો;
કોકો વેળા કટુવેણ, કહ્યાં તે સાંખિ રહ્યો.
ભટકી ફળજળ તેં દીધ, ચતુર્દશ વર્ષ ભરયાં;
નવ જાણ્યું હમેરે તેંહ, દીર્ઘ ઉપવાસ કર્યા.
ઓ રણમંડપના રંગ, દિપ્યો તું પ્રતાપ યશે;
ઓ ભ્રાત જીતના રંગ, દિઠા ન ઉંમંગ રસે.
ઓ જન્મ સાથિ સકુમાર, મૂજને મૂકિ ગયો;
ઓ ઇંદ્રજિતના કાળ, કાળ શું તૂજ થયો.

મુજકને ઉભો તૂં છતાં, રક્ષિ હૂં નાજ શકયો;
શું પ્રતાપ મારો આજ, આજથી છેક ગળ્યો.
તુજ જન્મ કર્મ મુજ પછી, મરણ તુજ પ્હેલું ઠર્યૂં;
રે અવળું આ શૂં જોઉં, જ્યેષ્ઠ પણ મ્હારું પડયૂં.
રે હવે જીવવૂં વ્રથા, હવે શું જુદ્ધ કરું;
ઓ લક્ષ્મણ લક્ષ્મણ ભ્રાત, સઘ હું આવી મળું.
એવે લક્ષ્મણને જોઇ, વૈદ્ય સૂખેણ કહે;
સૂર્યોદય સુધી પ્રાણ, એહનો નક્કી રહે.
છે ચાર સહસ્ત્રયોજંન, અહીંથી દ્રોણગીરી;
કો ત્યાંથી અમૃત વેલ, આણિદ્દે હામ ભીડી.
તો તર્ત ઉઠે લક્ષ્મણ, ફરી રણ જુદ્ધ કરે;
પણ હવે અયોધ્યાધીશ, રાત્રિ છે થોડિ ખરે.
પછી રામ કપીયો ભણી, અહીં તહીં દ્રષ્ટિકરે;
તો તે સહુ નીચૂં જોય, પૂર્ણ લજ્જિત ઠરે.
પણ ભણે વીર હનુમાન, સ્વામિ નિશ્ચિંત રહો;
દ્રોણાચળ આવ્યો અહીં, પ્રહરમાં નક્કિ લહો.
ને નમી પ્રભુને ચરણ, ભણી જય રામ ઉઠે;
ઉત્તર પંથે આકાશ, કાપતો વીર ઉડે.
ઉહાણ પુત્રનું જોઈ, પિતા તો મોહિ રહ્યો;
ને ખગેશ થઇ લજ્જિત, સ્વામિ શું વાદિ થયો.
ઉહાણ ઉપર ઉહાણ, કરીને ચાલિ ગયો;
દ્વીપો ઓળંગી ક્ષીર, સિંધુપર આવિ રહ્યો.
પણ અહીં આવ્યાની પ્રથમ, વાટમાં વાત બની;
કે વીર કપીને શ્રમે, તૃષાતો લાગિ ઘણી.
એ આવ્યો આશ્રમ જ્યાંહ, વિપ્ર કર્મિષ્ઠ રહે;
વળી અન્નછત્રથી તર્ત, પ્રવાસી અર્થ સરે.
ધન ભાગ્ય મારું કેહ વિપ્ર, પુણ્ય દર્શન થયૂં;
અહીં રહો ઇચ્છો ત્યાંલગી, અન્ન જળ ઝાઝું ભર્યું.
તો ભણે રૂદ્ર અવતાર, કાર્ય છે મોટું મને;
આપો જળ કે ઝટ જાઉં, જવૂં છે દૂર ઘણે.

દાખવ્યું સરોવર ત્યાંહ, જઇને પાણિ પિયે;
ત્યાં ધસ્યો મગરિયે પાગ, પરંતુ તેજ ક્ષણે.
હનુમાને કહાડી બ્હાર, લાતથી તર્ત હણી;
તો સુરાંગના થઈ તેહ, વીરને આમ ભણી.
આશ્રમમાં બેઠો તેહ, નથી કંઇ વિપ્ર ખરો;
એ કાળનેમી છે જાણ, નિશાચર વેત ધરે.
દ્રોણાચળને લઇ જતાં, તને અટકાવ થવા;
રાવણે મોકલ્યો અહીં, રાક્ષસો સહ ગરવા.
કહી એમ ઉડી આકાશ, શાપથી મુક્ત થઈ;
હનુમાન જુએ ટકટક, અપ્સરા સ્વર્ગે ગઈ.
જવ ધૂર્ત વિપ્ર તે નેમિ, દક્ષણા કાજ વદે;
કપીવીરે મારી મુષ્ટિ, હૃદયમાં જેથી પડે.
તે દુષ્ટ પાંચ જોજન, પામી મૃત્યુ વળી;
ગંધર્વો ચૌદ હજાર, આવીયા ત્યાંહિં વળી.
લેવાને તેનું વેર, તેનિ પણ તેજ ગતી;
પુચ્છેથી ભારો બાંધિ, ઉરાડયા સિંધુ મહીં.
ને તર્ત પછી કપિવીર, આવિ દ્રોણાદ્રિ કને;
વંદી ને કરે સ્તવંન, ગિરી શ્રી ધન્ય તને.
પરમાર્થ વિષે તું પૂર્ણ, ઔષધી આપ મને;
લક્ષ્મણને અર્થે તુજ, વાધશે કીર્તિ અને—
બહુ પ્રસંન થશે રઘુરાય, જો તું આવીશ તહીં;
દેશે વરદાન અમૂલ્ય, કોન તુજ તુલ્ય કહીં.
દ્રોણાદ્રિ કહે હે કપી, શોધિ લે હોય અહીં;
હૂં તો નવ આવું કદી, જા તું પાછોજ તહીં.
સુણિ અંજનિ સુત ક્રોધાઇ, પસારી પુચ્છ બહૂ;
વીટાણી જકડી લીધ, દ્રોણને શિઘ્ર કહૂં.
ગગને ઉડયો ગડગડી, હોંસથી જોમ વધ્યૂં;
એવે આવ્યૂં ત્યાં બાણ, ભરતનું ઉર્ધ મુકયૂં.
પર્વત સાથે હનુમાન, સ્હેજ જકડાઈ રહ્યો;
ને રામ રામ ભણિ તેહ, પૃથ્વિપર ધમ્મ પડયો.

એ રામ શબ્દ સુણિ ભરત,જઈ ત્યાંહ જોય વળી;
તો પડયો પ્રચંડ એક, પહાડની સાથ કપી.
પછી થઈ પરસ્પર જાણ, ભરત લજ્જિત થયો;
ને કહે મુકયું મેં બાણ, જાણિ કો અસુર ગયો.
વળિ હનુમાને ત્યાં વાત, ભરતને સર્વ કહી;
ને કહ્યું જવા દો મને, વાટ સહુ જોય તહીં.
કૈકેયી સુત કહે વીર, ઉતાવળ કેમ કરે,
મુકું નિમિષમાં હું તોજ, રામનો ભક્ત ખરે.
સુણ ભરત કહે હનુમાન, મારું પુરુષાર્થ સહુ;
જાણે છે શ્રી રઘુવીર, મુખેથી શું શું કહું.
બ્રહ્માણ્ડ તોળુ હું સ્હેજ, ગણુ નહીં બાણ કદી;
પણ રામ નામ અંકિત, તેથિ મેં માન્યુ અહીં.
પછિ ભરતે આશિષ દીધ, વિજય છે તુજ કપી;
કહ્યું નંદીગ્રામ વૃતાંત, જણવજે ત્યાંહિ કથી.
જ્યાં ભરત બાણને સ્પર્શ, રામનો દાસ કરે;
અરુણોદય પેલાં તેહ, દ્રોણ સહ આવી ઠરે.
રણમંડપમાં જ્યાં રામ, વાટ જોતાજ હતા;
કહિ હજી ન આવ્યો ભક્ત, મળી નહિ શું સુલતા.
ગિરિદ્રોણ આવેથી સદ્ય, સુખેણે નમન કરી;
વલ્લી તોડી લઇ ચાર, કહાડિ રસ પાત્ર ભરી.
આવી લક્ષ્મણ મુખ માંહિ, રસામૃત રેડયું અને–
ઘામાં પણ તેથી તેહ, ઉઠીને તર્ત ભણે.
કયાં છે તે અરિ દશગ્રીવ, હણું હું આજ ક્ષણે;
એવો ધાએ રણ માંહિ, ધનુષ આકર્ષી બળે.
ધસીને રઘુનાથે ધર્યો, ચાંપિયો છાતિ થકી;
થઇ રહ્યોજ જય જયકાર, પુષ્પની વૃષ્ટિ થઈ.
વળિ વૈદ્ય સુખેણે કર્યા, સજીવન કપિ સહુને;
ને દેવ પ્રશંસાકરે, ધન્ય હનુમાન તુને.
ફરી પાછો શ્રી કપિવીર, ઊંચકી દ્રોણ ઉડે;
તો રાક્ષસ મોટા તેહ, વાટમાં આડ પડે.

પણ વીર સર્વને સ્હેજ, હણીને દ્રોણ મુકી;
પાછો આવ્યો નિજધામ, સાચવી કાળ વળી.
તો અરુણ કાંતિયે સર્વ, કાંતિયે સ્હોઈ રહ્યા;
ને સુણી ભરત વૃત્તાંત, રામ શ્રી રાજી થયા.

લક્ષ્મણ ઉઠયા કે પછી, વિભીષણ આમ કહે;
નવ આવે કરવા યુદ્ધ, શત્રુ તો ગુપ્ત રહે.
માંડયો છે તેણે હોમ, રહ્યો પ્રસરીજ ધુંઓ;
હુત દ્રવ્ય પીગળે બધે, સૂર્ય છે પિંગ જુઓ.
રથ અર્દ્ધ જણાયો બ્હાર, આહુતી પૂર્ણ થતે;
પૂરો નીકળશે પછી, ભરાશે જુદ્ધ હઠે.
માટે તે પ્હેલા રાજ, આણવો શત્રુ અહીં;
એ વિચારવાનું શિઘ્ર જીત ઝટ થાય સહી.
પછિ અંગદ અંજનિસૂત, જાંબુવાન શરભને;
નળનીળ ગંધમાદંન, કેસરી ગવય અને.
મળી ગવાક્ષ એ દશવીર, અયુત દશ સૈન્ય લઈ;
રઘુનંદનને વંદિને, શોધને જાય વળી.
લંકામાં ઘસિને જોય, સરવના મંદીરને;
દશકંઠ દાખવો કહી, પછાડે રાક્ષસને.
એવે વીભીષણુનાર, તેણિયે ભેદ કહ્યો;
તળ દુર્ગ વિવરે તેહ, ભરાઈ ગુપ્ત રહ્યો.
ધડ ધડ ઘસીને ત્યાં જાય, વાનરો એક જથે;
તો દ્વારે શીળા મોટ, સાચવે અસુર હઠે.
સંહારીને રખેવાળ, શિલાને તોડી કરી;
અંદરનું વિબ્હર જોય, રાખિને આંખ કરી.
શિવલિંગ પ્રચંડજ એક, હોમનો કુંડ કને;
વળિ રક્ત મઘના કુંભ, ઢગે આમીષ અને.
નરમુંડ અસંખ્યજ જ્યાંહ, વજ્ર આસંન રચી;
બેઠો છ રક્તનો સ્નાત, લંકનૃપ આંખ મિચી.
મન પૂર્ણ ભાવ વિશ્વાસ, સિદ્ધ જય આશ ઘણી;
એકાગ્ર ચિત્તથી તેહ, હોમતો મંત્ર ભણી.

એ ઘોર ભયંકર રંગ, જોઇ કપિશંક ધરે;
પણ સઘ થઈ ઉદ્ધત, હોમ વિધ્વંશ કરે.
શીળા નાખીને કુંડ, ઢાંકિ નાખ્યો સઘળો;
સામગ્રી ફેંકી દીધ, તોય ન જુએ સબળો.
દશમુખમાં ભરિને ધૂળ, વસ્ત્રને ફાડિ કરી;
કેવળ કીધો નૃપ નગ્ન, વદે નહીં તોય જરી.
મળમૂત્ર કર્યાં ઉપેર, ધૂળ અંબાર કર્યો;
અતિ પ્રહાર વક્ષ ઉપેર, સાવધો તો ન થયો.
ત્યારે હનુમાને જઈ, આણિ રણવાસ થકી;
મંદોદરી સુંદરનાર, સઘ ત્યાં નગ્ન કરી.
ગબડાવી અંગ ઉપેર, તોય નવ કાંઈ વદે;
એવો ઉપાસક દૃઢ, પાળતો વ્રત્ત મદે.
સકુમાર સતિ કહે નાથ, દશા શી મારિ ભુંડી;
બળ્યું અનુષ્ટાન કંઇ રાખ, લાજ તો મારિ કુડિ.
જવ કર્યું દારુણ કુદન, ઉઘાડયાં નેત્ર નૃપે;
જોયે તો જ્યાં ત્યાં નાશ, ક્રોધી થઇ ભારિ ધુમે.
કોને છૂંદે પગવતે, મુખીને મુષ્ટિ વડે;
પણ કપિ સહુ કરિ કીકિયાણ, પલાયન ઝટ કરે.
એ આવ્યા પાછા ઠામ, રામને જાણ કરી;
મ્હારાજ જગાડયો હમે, શત્રુને હામ ધરી.
તો તર્ત ઉઠયા રઘુરાય, ચડાવ્યું ચાપ અને;
કહ્યું કપિ વિરને સજ થઇ, ચલો સહુ સઘ રણે.
અહીં વીવરમાં લંકેશ, પ્રિયાને વસ્ત્ર દિયે;
ને ચાંપિ હૃદયની સાથ, ગદગદ્યો આમ વદે.
રે પ્રિયા આદિ ને અંત, એનિ ઘટમાળ વડી;
ધરિ સમાધાનનું જ્ઞાન, ગાળજે આયુ ઘડી.
સહુ વિવેક સમજ્યું સાર, સ્વભાવે કર્મ કરું;
છે કર્મ થકી ફળસિદ્ધિ, મુકિત એ જાણું ખરું.
પણ છેલ્લું કહું છું, જિત્યા વિના પાછો ન ફરું;
નંદો વંદો યુદ્ધ જથા, નહિં હું લેશ ડરું.

રે પ્રિયા જુઝિ રણમાહિં, શ તુને જીતિ વળું;
કાંતો આ છેલ્લી ભેટ, જાણજે ત્યાંજ પડું.
એમ કહી મોકલી દઈ, સતીને વ્હાલ કરી;
દશકંઠ નીસરચો બાર, રણે મથવાજ ફરી.
તો થયાં ભેરિ રણતૂર, સાંમટાં એક સરે;
રાક્ષસ દળ રહેલું શેષ, સમરનો માર્ગ ધરે.
છે પદાતિ પાછળ સ્વાર, પછી ગજ ભાર પછી;
રથ એમ અનુક્રમમાંહિં, ચાલતૂં સૈન્ય સજી.
થઇ રથારૂઢ નૃપ ધસ્યો, વાયુનો વેગ લઈ;
આવ્યો રણ ભૂમી જ્યાંહિં, કપી ઉન્મત્ત થઈ.
અતિ વિશાળ વૃક્ષો પહાડ, ફેંકતા સૈન્ય વિષે;
ને ચંડ રાક્ષસો સર્વ, ઘૂમતા શસ્ત્ર વડે.
રણ ચતુર લંકનો નાથ, નીજને રક્ષિ કરે;
પર્વત વૃક્ષો સહુ ચૂર્ણ, હૃદયમાં હોંસ ભરે.
રઘુવીર કહે દશ વદન, નિકંદન કૂળ કર્યું;
ને હજી કરે પ્રયાસ, તેજ બળ તારું ઘટયૂં.
રે કુટુંબ શોકથિ હૃદય, પામ્યું છે મૃત્યુ કહૂં
તું મૃતક સાથ હું જુધ્ધ, કરંતાં લાજું બહુ.
કંઇ સમજ સમજ દિગ્મૂઢ, વિવેકી થાતું હજી;
સીતા આપીદઇ મને, ક્ષેમ રેહે જુધ્ધ તજી.
હું પ્રસંન થઇને તૂજ, ગઈ સમૃદ્ધિ બધી;
કરિ આપિશ સ્હેજ સતેજ, વૈભવી થઇશ ફરી.
નહીંતર ઓ ચોર મલીન, તુને હું પ્રેત કરી;
વિરહીણી સુંદરી લઈ, અયોધ્યા જઇશ વળી.
એ વેણ સુણિ દશવક્ત્ર, ઉથલો આમ ભણે;
શું પ્રલાય છે લઘુ વેશ, વાનરો આણિ રણે.
રે તને મને સહુનેજ, કાળતો નક્કિ હણે;
તું શું હણવાનો મને, વ્રથાશું ગર્વ કરે.
જસ લેવાને જગમાંહિ, બોધ તૂં દેછ મને;
શું ઘટાડવા મુજ શૌર્ય, લાજ છે ભારિ તને.

આરંભ કરચો તો હવે, અંત પણ જોતું વળી;
રણ બાજિ હારને જીત, શકાય ન રહેજ કળી.
નરલીલ વયે નહીં કુશળ, તેસું શું જુદ્ધ કરું;
પણ આવ્યો લઈને સાથ, તાહરે પ્રાપ્ત થયું.
મર્કટ ઉદ્ધત નવ હોત, રથારૂઢ થાત નહીં;
ભણ વિશેષ શું ઓ ક્ષત્રિ, ડરે શું આવિ અહીં.
રે નથી લાજતો કાંઇ, જાચતાં મારિકને;
નવ નવ આપું શ્રમલબ્ધ, ચારફળ પાછું તને.
ધસ ધસ થઇ સાવધ પૂર્ણ,ઝીલ મુજ બાણ ખરે;
કરું ચૂર્ણ મેરુ માંદાર, જોઊં રણ કોણ તરે.
કહી એમ કડિને અધર, ગાજતો મેઘ પઠે;
શર વૃષ્ટિ કરે ચોમેર, રામ પણ નાજ હઠે.
રણ ભૂમિ છવાઈ રહે, ભેરિ રણતૂર વજે;
જોધ્ધા મારંતા હાક, ધારું ધમસાણ મચે.
ચકડોળ પૃથ્વિ આકાર, કાળ રથ ચક્ર ઘુમે;
ત્યાં રામ અને દશવક્ત્ર, સર્વમાં શ્રેષ્ઠ દિપે.
ને મુકયું રાવણે બાણ, સર્પ ઉભરાઇ પડયા;
કપિ દળ જકડાયું સર્વ, અતિ પીડીત થયા.
તો રામ અસ્ત્રથી ગરુડ, આવિને સર્પ હણે;
રાવણ વરસાવે અગન, રામ પછિ મેઘ ભરે.
રાવણ મુકે પવનાસ્ત્ર, રામ નગ અસ્ત્ર મુકે;
રાવણ લક્ષે વજ્રાસ્ત્ર, રામ તે સ્તંભ કરે.
પછિ અસંખ્ય શરની જાળ, પસારી દશવદને;
પણ એક બાણથી રામ, ઉછેદ્યાં શર સહુને.
તો રાવણ યોજે એક, શર રઘુવીરભણી;
એ સંભાળે પણ તેહ, છેદતું પાદ વળી.
એ જોઈ વાનર વીર, ખિજાઈ એક શુરે;
રણ પડયા શસ્ત્ર ધરિ હાથ, અસુરને કાપિ ઉડે.
એ જોઈ વળી વિસબાહુ, બાણની જાળ કરે;
રથ ઉંચતણો લે લાભ, આમ ને તેમ ફરે.

રઘુવીર પૃથ્વિ ઉપેર, છેજ દૃઢ મેરૂ સમો;
નવ કળાય જુદ્ધનો અંત, એહવો હોય સમો.
પણ એ વેળા કૌતૂક, સમયને યોગ્ય હવું;
સુરરાજ સચીપતિ પ્રતિ, ગુરૂએ આમ કહ્યું.
ભૂભાર ઉતારણ કાજ, જાનકી નિમિતથકી;
સુરગણુને કરવા મુક્ત, કરે જુધ રામ અહીં.
રણરંગ મચ્યો છે ભારિ, દિસે છે એક ઉણું;
સ્યંદન મોકલવો થાય, રામને સહાય ઘણું.
શત લોચન આજ્ઞા કરે, માતુલી સત્વર થા;
ભરિ શસ્ત્ર વિવિધ રથ માંહિ,રામને સહાય તું થા.
એ આવ્યો છે તત્કાળ, રામને વિનય કરે;
આ વસ્ત્ર આભરણ રથ, મોકલ્યાં સચિપતિયે.
સહુ કેહ માતુલિ મને, ફેરવું અશ્વ રણે;
આરૂઢો શ્રી રઘુવીર, છેજી સંતોષ મને.
કયાં વલ્કલ કયાં પટદિવ્ય,સહજ શી કાંતિ ભરે;
કયાં પદાતિને કયાં રથી, સહજ રણ રંગ ધરે.
ઉપકાર માનિને સઘ, પ્રદક્ષણા ત્રણ કરી;
સ્યંદને ચડયા રઘુવીર, કીર્તિ ઝળકીજ રહી.
અતિ વિસ્મિત થઇ કપી સર્વ, નાચતા હર્ષથકી;
ઉદયાચળ ઉપર સૂર્ય, તેમ રણ રહોયું નકી.
રઘુનાથ રથારૂઢ જોઇ, થયો દશવક્ત્ર તહીં;
પૂરણ ક્ષોભે, મુખગ્લાંન, દુઃખની સીમ નહીં.
રે ઇંદ્રજીતનું મરણ, સતીની હીણિ દશા;
એથી પણ દુઃખ વિશેષ, રથારૂઢ શત્રુ થતાં.
તોપણ કકડાવી દંત, તપીને દ્વેષથકી;
કહી સાવધ રહે સારથી, ભીંડયો અરિ રહોય નહીં.
માતુલી ધુમાવે રથ, ધસાવે અશ્વ વળી;
રઘુવીર રમે ચાતુર્ય, બાણનું વેગથકી.
પણ પછી લક્ષીને અરી, તીક્ષ્ણ સંધાન કરે;
રાવણ ક્રોધાયો સિંહ, લેશ નવ ધીર ધરે.

રણમંડપપર શર જાળ, છવાઇ પૂર્ણ રહી;
ભારે ગાજે બે સિંહ, વળી રથ ચક્ર તહીં.
શર છુટયાં અસંખ્યજ ત્યાંહ,રિક્ત આકાશ કશું;
અટકયા શશિ મિત્ર મરુત,અમર કહે આ શું થયું.
છે તીક્ષ્ણ અસ્ત્ર ચળકાટ, વિદ્યુતો લાજિ રહે;
ગજ શુંડા શોણિત મેઘ, કોણ એ જોઇ શકે.
જહાં કાળ અને મહા કાળ, ગાજતા એક શરે;
દાવા વડવાનળ બેહુ, સંપથી જ્યાં પ્રજળે.
કંપીત સપ્તપાતાળ, દિગ્ગજે સાથ મળ્યા;
દેખાય નહીં કાં ધરા, ઊડગણ લોપ થયા.
સહુ અમર વિમાનો મુકી, સત્વરે નાસિ ગયા;
રાક્ષસ ને વાનર વીર, કાંપિ મૂર્છિત રહ્યા.
રથ ધુમે ચક્રમાં ચપળ, પરસ્પર તે અથડયા;
સારથી સાથ સારથી, અસ્ત્ર શું અસ્ત્ર લડયા.
પણ એ બંને અહુ ચતુર, હઠાવી લીધ રથો;
પાછી પસરી શર જાળ, કોઇ કોથી ન હઠયો.
એ સાત દિવસ ને રાત, જુદ્ધ ઘન ચક્ર રહે;
નહીં રાવણ નહીં રઘુવીર, લેશ વિશ્રાંતિ ધરે.
પછિ ચાર બાણ શ્રીરામ, મુકે તેજાળ ઘણા;
રાવણ રથકેરા અસ્ત્ર, ચાર તો સઘ હણ્યા.
તો નવા તુરંગે રથ, સારથી સજ્જ કરે;
ને રાવણ છોડે બાણ, શ્રમે તે નાજ હઠે.
કહે કાં ન વધે તૂં મને, નવી છે સહાય મળી;
નથી નથી ક્ષત્રિ પુરુષાર્થ, કહું છૂં સત્ય વળી.
રઘુવીર ભણે શઠ મૂર્ખ, ઇષ્ટ સંભાર હવે;
મમદાઢ વિષે તૂં રહી, વ્રથા શું એમ લવે.
મુજ બાણતણો પરતાપ, સઘ જાણીશ સહુ;
તુજ રક્ષક બાણ અમૂલ, સત્વરે કહાડ કહૂં.
ને છોડયૂં જ્યાં ચંદ્રાર્ધ, જુજવાં શીર કર્યાં;
પણ તર્ત ફુટયાં દશ ફરી, રામશ્રી જોઇ રહ્યા.

રવિ ચક્ર બાણ દશ વંદન, યેાજીને શીર હણ્યા;
તેા પાછાં નિકળ્યાં તેમ, સર્વ વિસ્મિત થયા.
ચિંતાતુર શ્રી રઘુવીર, થયા છે એક ક્ષણૂં;
તેા માતુલિ કહે મહારાજ, આપ જાણેાજ સહુ.
છે હૃદય વિષે, રઘુરાય, કુપ્પિ અમૃતતણી;
બાણે લક્ષીને તેહ, ફેાડવી ઝટ કરી.
કહ્યું માતુલિનું કરિ ભારિ, અગસ્તી દત્ત મુખી;
કહાડયૂં તેજાળ સમર્થ, બાણ તૂણીરથકી.
જેમાં અદ્‌ભુત અતિ સત્વ,સપ્તસિંધૂ રવિ શશી;
શેષ કૂર્મ વારાહ, ધરણીનૂં હેાય વળી.
જેને અગ્રે જઇ રહે, ઇંદ્ર ઋષિ ત્રીદશને;
ચંડાંશુ વરુણ કૂબેર, અગ્નિ યમ વાયુ રણે.
એવૂં એ બાણ સમર્થ, થાપિ બ્રહ્માસ્ત્ર મુખે;
કેાદંડમું યેાજી રામ, ખેંચિ આકર્ણ મુકે.
તેા કલ્પતણેા ઉત્પાત, જણાયેા તેજ ક્ષણે;
બ્રહ્માંડ હળ મળ્યૂં સકળ, દટંડર સર્વ ભણે.
થઇ અસંખ્ય ચપળા એક, કડકડી જેમ પડે;
સંચર્યૂં રામ શ્રી બાણ, લંકપતિને હૃદયે.
કુપ્પી ફુટી ગઇ અને, મેાટું બાકેારું પડયૂં;
જઇ પાછૂં આવી તેહ, શીર ત્રણ છેદિ ઉડયૂં.
રહ્યું આવી તુણીરની માહિં, બાણ અદ્‌ભુત બહુ;
પછી અન્ય શરે શિર શેષ, રામ છેદંત સહુ.
ત્યાં ભણે ભ્રાત લક્ષ્મણ, યુદ્ધ તેા પુરું થયૂં;
દશકંઠે મુકયેા પ્રાણ, અલૈાકિક કાર્ય બન્યૂં.
તેા આપે શ્રી રઘુવીર, ભ્રાતને ધનુષ ભણી;
અવતાર કૃત્ય સંપૂર્ણ, કર્યાં મેં આજથકી.
છે વર્ત્યેા જય જયકાર, શબ્દ બ્રહ્માંડ ભરે;
દુંદુભિ આદિ જય વાદ્ય, વાજતાં મધુર સ્વરે

વિભાગ ૧ લેા સમાપ્ત.

નર્મ કવિતા.

(કવિ નર્મદાશંકર લાલશંકરની સંપૂર્ણ કવિતાનો સંગ્રહ.)

બે ગ્રંથમાં—ગ્રંથ ૨ જો.

જયશંકર નર્મદાશંકર લાલશંકરે
છપાવી પ્રસિદ્ધ કીધી.

આવૃત્તિ ત્રીજી.

મુંબઇ
"ગુજરાતી" પ્રેસ સીરીઝ.
૧૮૮૮

બંનો ભાગની કિમ્મત રૂ ૭.

સાંકળીયું.

વિભાગ ૨ જો.

વીર કવિતા.

	પૃ૪.		પૃ૪.
"ઉત્પત્તિ સ્થિતિ લયકર"..	૫૪૯	"નથી કિલ્લો નથી માણસ પૂરાં".....	૫૬૨
"ભણીએ પ્રારથના સુણુજો સ્નેહથી મા".....	,,	"સહાય કર પ્રભુ છૈયે થોડા"	૫૬૩
"પ્રભાત પહોરે લાભ ચોઘડીએ".....	૫૫૦	"રંગડ ઊંચા હો".....	૫૬૫
"ચાલો ભાઇયો ક્ષેત્ર વિશાળાં".....	૫૫૧	"પ્રથમજ જય તહાં નબળો રીપૂ લહે".....	૫૬૬
"ચલો ચલો જુદ્ધને".....	૫૫૨	"ધુમો રણમાં થઇ રંગી રહીડા".....	૫૬૭
"ઝટ ઝટ ચાલોજી".....	૫૫૩	"દેખી દારૂણ દેશીનાં દુઃખ"	૫૬૮
"ઉત્સાહે ઉત્સાહે".....	૫૫૪	"આ હમે જૈએરે".....	,,
"ઉઠો ઉઠો સજ્જો જુધ્ધ માંડો".....	૫૫૫	"ઝટ ડોળિ નાંખોરે".....	૫૬૯
"જુદ્ધ જુદ્ધ જુદ્ધ હવે"..	,,	"અહીં તહીં મથવું રે"...	૫૭૦
"શંખનાદ સંભળાયે ભૈયા"	૫૫૬	"ધિઃક ધિઃક દાસપણૂં દાસપણૂ".....	૫૭૧
"સ્નેહ શૌર્ય તો નથી દેશમાં"	,,	"રંગ શું જોવારે".....	,,
"વીર પુરૂષ તે કયાં છે ભાઇ"	૫૫૭	"સુણુજો સેનાની".....	૫૭૨
"સજ્જથાઓ કરી મનચંગા"	,,	"સ્થિતિ સંકડાયલજી"...	૫૭૩
"કૃતેહ કૃતેહ છે ઉદાસિ મૂકો.....	,,	"ભક્તિથિ થાશેરે".....	,,
"ધાયલ જંગી હો".....	૫૫૮	"દેશીયો ધુમો ધુમોરે ધુમો ધુમો".....	૫૭૪
"ચાલોજી ચાલોજી ભૈયા".	૫૫૯	"હોંસે હોંસેરે".....	૫૭૫
"નથી હાર ખાધી".....	૫૬૦	"ઉત્સાહ ન દેખૂંરે".....	૫૭૬
"સજ્જો સજ્જો સહુ શૂર"...	૫૬૧	"રડો રડો મુજ જંન"...	૫૭૭
"ઊઠ ઊઠ ઊઠ વ્હેલો"...	,,	'પ્રગટ થયો દીવોરે".....	૫૭૮

	પૃષ્ઠ.
"ભણે જય જય મંગળ કારી.".....	૫૭૯
"ધનીયેા સજ્જો સજ્જોરે સજ્જો સજ્જો".....	૫૮૨
"મેહેબુબની બગલ તજીને"	૫૮૩
"સમરપંથ સમરપંથ લક્ષવેા હવે".....	૫૮૪
"સ્થિતિ સ્પૃહા નવ રાખેા	

	પૃષ્ઠ.
લેાકેા".....	૫૮૫
"બ્રાહ્મણ ક્ષત્રી હેા".....	,,
"બહુ બહુરે ખમ્યું ધીર".	,,
"જતાં કેાઇડે કેવડેથી સહવારે".....	૫૮૬
"ધર્મ સ્થિતિ ને સ્થિતિ રાજ્યકેરી".....	૫૮૭
"એવું છે પણ આજ કાલ".	,,

ખંડ ૧લેા-ઈશ્વર સંબંધી.

૧. જ્ઞાન પૂર્વક ભક્તિ.

"તે ઇશ્વર તે દેવ જે"..	૫૮૮
"જેની શક્તિથી થયાં"...	,,
"સર્વ શક્તિ ધરિ તેં હરી"	૫૮૯
"જેણે આ દૂનિયા રચી"..	,,
"ઝાઝા જસ પરમાર્થમાં".	૫૯૦
"ઊપજવું રહેવું જવું"....	૫૯૧
"પ્રભૂ પ્રેરણા દેારવે".....	૫૯૨
"ઘણું કષ્ટ હું ભેાગવું"...	,,
"ધરતી દરિયેા ને આકાશ."	૫૯૩
"હરિ ઠામે ઠામે".....	,,
"રે બ્રહ્મ દેવ તુજ દયા".	૫૯૪
"શેા જુલમ આવડેા થાયછે"	૫૯૫
"સર્વથકી રસ મધુર"...	૫૯૬
"દુખહર્ત્તા સુખકર્ત્તા".....	૫૯૭
"સમર્થ વિશ્વનાથ રે"....	૫૯૮
"રાખિ ચાનકેા અતીસ."	૫૯૯
"જગત જીવના જીવ જળવ"	,,
"અખિલ વિશ્વમાં કૃત્ય તાહરાં".....	૬૦૦
"બાહ્યાંતરે ઘાટ વિચિત્ર ચિત્ર."	૬૦૨
"રળીયામણેા છે પ્રભાતી પ્રકાશ".....	,,
"અહેા વિશ્વના દેવ આનંદકારી."	૬૦૩
"દીનદયાળુ દયા કર હું પર"	,,
"ગણનાયક લાયક દેવ ધણેા"	૬૦૪
"જે જે અંબા શક્તિ તું સાચી".....	૬૦૫
"નવલ લલિત લીલા"....	,,
"આકાશે સહુ શેાભતાં"..	૬૦૬
"જે જે બ્રહ્મ અનંત ગેાળ કરતા."	૬૦૭
"ત્રણ તાપ સપડાવે"....	૬૦૮
"વિશ્વ સકળ છે આધિન હરિને".....	,,

	પૃષ્ઠ.
"હરિ એક ચિત્ત ભાવે ભ- જવો ખ્હેન"	૬૦૯
"સુણ સાહેલી ઈશ્વર કેરી માયા"	,,
"આવો સખિયો હરિનીતિ ગાઇયે".....	૬૧૦
"સમરણ સાચું રે બ્રહ્મનું"	૬૧૧
"ભાવે સમરો શ્રી દેવને"	૬૧૨
"સખીભાવે ભૂધરને ભ- જિયે".....	૬૧૩
"બ્રહ્મ તું બ્રહ્મ તું".....	,,
"સાચું એક બ્રહ્મ નામ".	૬૧૪
"પરબ્રહ્મ તું અંતરજામી".	,,
"દાના દીલ જોઇલે હો"...	૬૧૫
"પામરને મુક્તિ દીજે રે."	,,
"અજ્ઞાની ભુંડા બ્રહ્મ ભજન"	૬૧૬
"ધરમે આંધા સાચ મારગ નવ જોએ".....	,,
"જિવ તું મૂરખ સમજે રે."	૬૧૭
"પરબ્રહ્મ જગકર્ત્તારે."...	,,
"એક બ્રહ્મને મૂકી દઈને"	૬૧૮
"ચિદાનંદના ધ્યાનવિના કયમ"	,,
"જીવ શિવ કેમ થાએ કેમ થાએ"	૬૧૯
"જગતના નાથા પરબ્રહ્મ દેવા.....	૬૨૦
"જીવ સુધારસ બ્રહ્મપ્યાલો પી લે.".....	,,
"ખરી ભક્તિ તો સાયુજ્ય- મુક્તિ આપે".....	૬૨૨
"સારૂં જીવ નિજપદ જોઈ."	૬૨૪
"નીતિ તુંખી ભવસિંધુને તરાવે".....	૬૨૬
"ગાનિ જીવ વિશ્વનાથ"..	૬૨૮
"મૂઢ બ્રહ્મભજન નવ કીધું"	૬૨૯
"પીની પીની પ્રેમાનંદ પ્યાલો".....	,,
"કોની આગળ કહિયે"...	૬૩૦
"ઘટઘટમાં તું રામ".....	,,
"પ્રભુ ભવપાર ઉતારરે"..	,,
"કર કરૂણા જગપાળ"...	૬૩૧
"રે જગનાથા, કાજ તું સાર"	૬૩૨
"આદત માઠી તે આ- ટીકરી.".....	,,
"મચ્છ રૂપે થઈ વેદને લાવ્યા".....	૬૩૩
"રટ તું શ્રીહરી રસના."	,,
"ઓ પડી સાંજ.".....	૬૩૪
"બેહેરા શિખામણ સુણવા"	,,
"રોતો તવ શરણે આ- વિયોરે."	,,
"સાચે રાહે જા.".....	૬૩૫
"હું હારી હવેરે.".....	,,
"હરી બેવચની નહીં થા- ઊંજી."	૬૩૬
"હરી મ્હને તૂંતો છોડીશમા"	,,
"હરિતૂં મુકે મને હું ન મૂ- કૂંરે."	૬૩૭
"કુણ હરિ વણ ભુંડિ સુળ કહાડે"	,,

	પૃષ્ઠ.
"દયાળુ દેવ તુંતો દીનાનાથરે.".....	૬૩૮
"અંતલગી રાખજે તુંલાજરે."	૬૩૯
"દીનદયાળ જગતપાળ દેવા."	,,
"નમું નમું જગન્નાથ તુજ ચરણું".....	૬૪૦
"જય જય પરબ્રહ્મ જગકર્ત્તા.".....	૬૪૧
"શંકર શરણે જઇએ"...	,,
"તત્વ સદાશિવ"	,,
"સાંબ સાંબ સાંબ".....	૬૪૨
"તું ચંદ્રશેખર મહેશ.."	,,
"જય દેવી જય દેવી"...	,,
"જય આદિ શક્તિ	

	પૃષ્ઠ.
જનનિ".....	૬૪૩
"જયતિ જયતિ ગણપતિ."	,,
"જય ગુરુ જય ગુરુ".....	,,
"પ્રભુજી ભૂલ્યાની હવાં".	૬૪૪
"જયદેવ જયદેવ".....	,,
"દિશા શૂન્ય છું".....	૬૪૫
"તડકાના રંગો કેવારે"..	,,
"સર્વ શક્તિ ડહાપણ"...	૬૪૬
"રાજ બાંહ્ય ગ્રહ્યાની લાજ"	,,
"જય જય માત સરસ્વતી.".....	૬૪૭
"જય જય જય શ્રી ધીશા"	૬૪૮
"જય જય એકલિંગી"...	૬૪૯
"શક્તિ સરસ્વતી પારખું"	,,
"સ્નેહ શૌર્ય જયરંગ"...	૬૫૦
"જય જય જય શ્રીમાન"	૬૫૧

૨. જ્ઞાનપૂર્વક વૈરાગ્ય.

"મોહરૂપ સંસાર છે."...	૬૫૨
"નદિ દરિયો મેદાન ને"...	,,
"ઊઠતાં વારને ધંનઅર્થે બધે.".....	૬૫૩
"નર્મદ આખરે ધુળે ધુળ"	૬૫૫
લાલશંકર	
"ભાઇ તોફાનમાં છે વ્હાણ"	૬૫૬
"ભાઈ અંતે આ પિંજર જોઉં"	૬૫૭
"ભાઇ ભડ ભડ ચિતા શબ થાય."	૬૫૮
"ભાઇ જ્ઞાન વિવેક છે આમ.".....	૬૫૯

"પામર જીવડા સ્વરૂપ જોની વિચારી."	૬૫૯
"બાવર જીવડા.".....	૬૬૦
"પ્રીતી હરીકેરી સાચ"...	,,
"અરે તમે કાં ના રટોજી રામ નામ".....	,,
"સાચી એક પ્રીત પ્રેમાનંદની"	૬૬૧
"દુનિયાં જુહાંની જુહાંની"	,,
"દુનિયાં બઈરી તોબા હ્મારી સૂજથી".....	૬૬૨
"ઊંચાંપણના અભીમાન."	૬૬૩
"મનુવા સમજી લે દુનીજ નૂર."	,,

	પૃષ્ઠ.		પૃષ્ઠ.
"ધુમરરૂપ અકળતા ભાઇ"	૬૬૩	"પ્રભુજી ભૂલ્યાની હવાં"..	૬૬૫
"ધુમર રૂપ અકળતા ભાઈ"	૬૬૪	"ભવના રણસંગ્રામમાં"..	૬૬૬
"મારી બુદ્ધિયે નેટ કરાવ્યુ"	૬૬૫	"વછૂટી હરણી જૂથથી"	૬૬૭
"મારૂં અંતર બોલે આજ"	,,	"બડો બેલ દુનીઆ"....	,,

૩. જ્ઞાનપૂર્વક ઐકયતા.

"પામી ધર્મોના મર્મોને ભ્રમ ભાંજે"	૬૬૮	"આકાશમાં ચંદની છટકી"	૬૭૨
"જોજો વીજના ચમકારા"	,,	"લાગી, લગન સાહેબની"	,,
"મેં તો બ્રહ્મ જોયું રે"...	૬૬૯	"જડને તે કાં પૂજો"....	૬૭૩
"શાંતિ શાંતિ શાંતિઃ શાંતિઃ શાંતીઃ".....	,,	"સત્વ સત્વ સત્વ સત્વ"..	,,
"બ્રહ્મના ધ્યાનમાં રે બનૂં ચંગી ને રંગી હું"....	૬૭૦	"શાંતિનિ નીતિ દિયે પ્રભૂ-તાઇરે".....	૬૭૪
"જ્ઞાનપોકળીમાં પ્રેમ હોજે.".....	૬૭૧	"એક સ્વતઃ સિદ્ધ અતિ"	,,
		"સ્વેચ્છાએ પણ યુકત યુકત."	૬૭૬
		"કંટક ઝાડી આ ભવની"	૬૭૭

૪. ફારસી ઢબની કવિતા.

"ખુબ આતશ બાક હવા હું ભણું"	૬૭૭	"અહૂરમજદ અહૂરમજદ અહૂરમજદ ધણી".....	૬૭૮
"તું આલંમ બાવંદ પરવર દિગાર્".....	૬૭૮	"બલકનારે બુદા બાવંદ."	૬૭૯
		"બાવંદ ન થા બહુ કફા તૂ"	,,

બંડ રનો-નીતિ સંબંધી.

"ધન મ્હોટી મિલકત્તની."	૬૮૦	"આહા આ ઉદ્યમ કિયેા"	૬૮૨
"કરવૂં શૂં સરછ બહીં."	,,	"ભસવે કડવે કૂતરા"...	૬૮૩
"દયાતણેા ગુણ જગતમાં"	૬૮૧	"વળી મગરબી કેટલી."	૬૮૪
"જોને દેખી ના હરૂં"...	૬૮૨	"એક થકી બે તેતેા ભલા."	૬૮૫

	પૃષ્ઠ.
"દુનિયાં જેણે મિથ્યા જાણી"	૬૮૬
"સહુ માણસો બોલતાં બોલી બોટી".....	,,
"રહે ને વધે રોજ આરોગ્યતા"	૬૮૭
"અઘટિત રિતથી ના ઇચ્છવું લોભ રહાઈ"...	,,
"જે નિશાળ રીત કાયદે સદાય ચાલતો".....	૬૮૮
"મધુ ચંદુલભાંગ અફી-મથકી.".....	૬૮૯
"ધિક ધિક રે પ્રીતડી જાર."	૬૯૦
"શ્રી પ્રભુજીને આરાધીને કરૂં આત્માને બોધરે"...	૬૯૧
"સાને સોચ સળગાવે જીવડા".....	૬૯૪
"ઘેલો તજી શોક વિવેક	પૃષ્ઠ.
સાજરે.".....	૬૯૫
"શોક ત્હારે કરવો કેવોરે"	૬૯૬
"નવ કરશો કોઈ શોક"...	૬૯૭
"ટકટક જોયાં કરવું–બ-ળદિયા".....	,,
"જીવ તૂં, સમજીલે નિજ ભાસ".....	૬૯૮
"જિવડા, મા કર તૂં વ્ય-ભિચાર".....	,,
"આ જગતની રચના કેરી"	૬૯૯
"નાણો નીતી સહુ સારીરે"	,,
"તન મન ધન જન કહાં"	૭૦૦
"આ શા હાલ છે માહરા"	,,
"કોઈ નવ ધરશો ગર્વ"...	,,
"અભિમાન મૂકયું રે"....	૭૦૧
"શૌચ અહિંસા સત્યને"..	૭૦૧

ખંડ. ૩ જો—દેશાભિમાન સંબંધી.

"ધણુકની હિંમતથકી"..	૭૦૨
"એક ઉઠયો કે સહુએ ઝટ્ટ"	૭૦૩
"રે કહાંસુધી રહેવું".....	૭૦૪
"વળી કોણ છે વિશ્વમાં મૂઢ એવો"	૭૦૫
"અહીં કોઇ હિંદુ વિચારેજ નાંહી"	૭૦૬
"શ્રીમંત રંકની દશા નિર-	
ખીજ આંખે"	૭૦૬
"વિનંતિ દેશિને કરૂં".....	૭૦૮
"ઉઠોરે ગુજરાત પુત્ર"...	૭૦૯
"જય જય ગરવી ગુજરાત"	૭૧૧
"કોની કોની છે ગુજરાત?"	૭૧૨
"જુઓ જુઓ ગુજરાતી"	૭૧૪
"રાજ્યભક્તિ સૂચક ટાંણા"	,,

ખંડ ૪ થો—સ્ત્રી શિક્ષણ સંબંધી.

	પૃષ્ઠ.
"અલબેલીરે શારદમાત"	૭૧૭
"બ્હેની ભણવા ઉપર પ્રીત"	,,
"ભલાજન નાર ભણાવે ભાવરે"	૭૧૯
"સજ્જન શાણા, સમજીને સહુ.".	૭૨૦
"બ્હાલી બ્હેનીયો રૂડું કહું હું સાંભળોજો"	૭૨૧
"શુદ્ધિ આણી ફળ જાણી"	,,
"મોકલો નિશાળે પુત્રી સજ્જનો તમે"	૭૨૨
"બ્હેનો તમે જ્ઞાન વધારો"	૭૨૩
"કયારે શીખી સુઘડ થ્યાણી થાય."	,,
"ભણવાથી બ્હેની કશું એ	

	પૃષ્ઠ.
તને નુકસાન નહીં" ..	૭૨૪
"કરુણાસાગરા હારી રહ્યાં"	,,
"શીખીને સ્ત્રી શાણી થાએ"	૭૨૫
"સખી નીતિ મરજાદમાં રહીએ"	,,
"એનો નિત્યે કરવાનાં કામ"	,,
"ભણ્યા વિના નવ જાણ થાય."	૭૨૬
"સહીઅરો સ્નેહસું ગાશું"	,,
"ભણી વિવેકી ડાહ્યાં થઈને."	,,
"મૂરખ નારતણી હાંસી."	૭૨૭
"ભણી નારતણી શોભા."	૭૨૮
"એનો સૂણજો ઉમંગે"...	૭૨૯
"અમર રોહરે બેન"....	,,

ખંડ ૫ મો—ઘરસંસાર સંબંધી.

"પણવાસારૂ ધેલો થઇને."	૭૩૦
"મેં ના જાણ્યું આગળ આવું."	૭૩૧
"જે દીથી આવી હારી કને હું".....	૭૩૨
"(જન) એકપર બીજી નાર કોદિ નવ કરતો."	૭૩૩
"વીતી મુજને ભારી ભારી".	૭૩૪
"સૂણો સાહેલી તે વાત નીજ ધર્મની જો".....	૭૩૬
'માનની માનની માન-	

નીરે.".....	૭૩૭
"બ્હેરની બ્હેરની બ્હેરનીરે"	૭૩૮
"બોલું બોધ તે સુણજો રંગ."	૭૩૯
"પરણી સીતા સધાવતાં સાસરે".....	૭૪૦
"ચાલો સખી હિંમતથી જઇયે."	૭૪૧
"સહિયો સહુ ગાઓ ઉમંગે.".....	૭૪૨

ખંડ ૬–પ્રીતિ સંબંધી.

૧. મૈત્રી.

	પૃષ્ઠ.		પૃષ્ઠ.
"જ્યમ ઓળો દિન વાધતે"	૭૪૩	"સુંદર જેને નાર".....	૭૪૫
"દુનિયાં તો જાણે સુખી."	,,	"મૈત્રી મ્હોટી માની"....	૭૪૬
"સુખ દુઃખોની વાતો બને"	૭૪૪		

૨. પ્રિયાની વાણી.

"પ્યારા સાચી તું માન પ્રેમે ભરીજો".....	૭૪૭	સાચોરે".....	૭૫૭
"સખી રૂઠયો છે આજ રસિક સામળોજો".....	,,	"શું જુએ પારધી ચતુર."	૭૫૮
"પ્રીતડીની પીડ અતી પીડતી".....	૭૪૮	"શું વદે મીડી મુજ હરણી"	,,
"આપ્યું વચન નવ તોડું"	૭૪૯	"શું બન્યું પછી તે કહું."	૭૫૯
"પ્રિય રેહ નિરાંતે રોજ"	,,	"ઓ ચતુર ભ્રમર તું મુને"	,,
"વ્હાલા મુજને છોડી વ્હેલો કયાં ગયો".....	૭૫૦	"સજનડા શા સારૂ નાવે."	,,
"નંદકુમાર પૂરી હવે હું હારીરે".....	૭૫૧	"રસીયા સાથીડા".....	૭૬૦
"હઈડું હાર્યું તે પરિ ના જીતેરે".....	૭૫૨	"બહુ બહુ પાડ હું માનુંરે મા આવ આવ વ્હેલો પિયુ પ્યારા".....	૭૬૧
"સમજ સ્નેહી સજ્જન મ્હારા".....	,,	"પ્યારા કહાં જઊં".....	૭૬૨
"અરે પરોઢિયાંની લ્હેર."	૭૫૩	"એવી કેવી તેં આગ લગાડી".....	૭૬૩
"પ્યારા પ્યારા તું તો બહુ સાંભરે".....	,,	"આ વસંતડો વહી જાય-સખીરી".....	૭૬૪
"વ્હાલીડા વ્હેલા આવોરે"	૭૫૪	"આવો સખીગીતડાં ગાઇએ".....	,,
"મૂને શું છોડી દેશોરે"....	૭૫૫	"વળો રામ આમ સહવારા"	,,
"દૂખવ મા દિલડું હારૂંરે."	,,	"ઓ કાં ચંડિ મુજપર તું રૂડી રહી".....	૭૬૬
"હું તો છઉં હારી હારીરે"	૭૫૬	"પ્યાર બંધાયો કસાઇ તે કબૂ તુટનાર નહીં".....	,,
"દીવાની કાંધી પૂરી રે"...	,,	"પ્રીતક્ષેત્ર રણક્ષેત્રની"...	૭૬૭
"ધણી મ્હારે ધર્મગુરૂ		"મહા રેલની તાણમાં"...	૭૬૮
		"ઓ પ્યારી મુજપર જુલમ".....	૭૬૯

૩. પ્રિયની વાણી

	પૃષ્ઠ.
"કેતકિ રાત દિવસ ધૂમાય"	૭૭૧
"કાંટો કેતકિને કહે".....	,,
"અરર હાય રે સાચિ પ્રીતડી".....	૭૭૨
"દિલમાં દલગીર અને ખિન રે"..... ...	૭૭૩
"નર્મદ ઘાયલ દર્દિનું દર્દ તે"	૭૭૪
"સુંદરી દે મૂકિ લાજ"...	,,
"પ્રભુ કદિ પાઇશ મા પ્રીતડી"	૭૭૫
"પ્રભુ નિત પાજેરે પ્રીતડી"	૭૭૬
'ધીરજ દેજે રે બ્રહ્મ તૂં."	૭૭૭
"હવે તૂં લઇલેરે મૂજને"	,,
"આ શૂં જોએરે આંખ તૂં"	૭૭૮
"હાવાં શૂં કરવૂં માહરે"...	૭૭૯
"સજ્જન સાચૂં રે માનજો".....	૭૮૦
"વાહાલી તેં ઘેલો કયમ કીધો મૂજને".....	૭૮૧
"ઓ પૂનેમી ચંદા ઝટ દુર થાય કાં"	૭૮૨
"અમાસનો સૂરજ હૂં આજે જાઉંછું".....	૭૮૩
"પ્યારી તૂં મ્હારીપર કાંરીસાયરે".....	૭૮૪
"રીબાઈ રીબાઈ મરવૂં માહરે".....	૭૮૬
"રડતાં રડતાં જિવડા મરવૂં માહરે"	૭૮૭
"આ શી તહારી થઇ ગઇ પડતી રે દશા".....	૭૮૮
"આ જો વરસે ખુબ વરસાદ"	૭૯૦
"હાય તૂતી ઉડી ગઇ આજ"	૭૯૧
"નર્મદ આખરે જુદાઈજ"	૭૯૨
"પ્રીતી તીરે વીંધાયાં મંન"	૭૯૪
"વ્હાલી બ્હેનડી કહું તે સાચું માનજેજો ".....	૭૯૫
"હું તો જોઇને સંતોષ પામૂં છઊંજો".....	૭૯૬
"વ્હાલી શું કહૂં મને બહુ વિતી".....	૭૯૭
"જોઈરે મેં જોઈ રીત પ્રીતની".....	૭૯૮
"વ્હાલી તેં તો ઘાયલ ખુબ કીધો.....	,,
"કાં ઓ મુરખ આશક ઘેલા".....	૭૯૯
"જાત રંગ ને રૂપ ન મળતાં".....	૮૦૦
"મ્હારી પ્રીતી વિશે શક લાવે".....	૮૦૧
"પ્યારી આપણે બહુ બહુ કીધૂં".....	૮૦૨
"પ્રાણ પ્યારી હો પરવશ આ પિંડ".....	,,
"ગોપીયો ખેંચાઇ હરિની ભણી તે".....	૮૦૩
"જુદાઈ દર્દ એવું ભૂડું રે"	૮૦૪
"કેવો થંડો વાયે છે આ અંગે".....	,,
"મુને પ્યારી અધર ચખાડે".....	૮૦૫
"પ્યારી પૂતળી મીઠી	

	પૃ૪.
માશૂક”	૮૦૫
“શું જવાની જતાં સુધી રોજે ડરીશું.....	૮૦૬
“આતશ જગ્યોરે માશુકડી મારાં”.....	૮૦૭
“(પ્યારી) કેમ નથી આ વે ળા મારી સોડમાં રે”...	૮૦૮
“(પ્યારી) તૂં ત્યાં ને હૂં અ- હિંઆં ભૂંડી દૂખમાં રે”.	૮૦૯
“(પ્યારી) માન ધરે શાસારૂ ભુંડી સ્હેજમાં રે”.....	,,
“વ્હાલી તેં ઘેલો કીધો રે”	૮૧૦
“અરધાંગે છળ દીધો રે”	,,
“પ્રીતીમાં પાછો લે·ણી રે.”	૮૧૧
“વિજોગી બાણો વાગ્યાં રે”	,,
“અકુણોદય દીપે આજે રે”	૮૧૨
“હાવા શૂં જ્હીવૂં પ્યારી રે”	,,
“પ્રેમે શું છોડી દીધો રે.”	૮૧૩
“વર્ત્યૂં મેં મનડું તારૂં રે”	૮૧૪
“તૂં તો રહી સાચી સાચી રે”	૮૧૫
“અંધારી મુને પ્યારી રે”	૮૧૬
“પ્યારી કેમ ન હિંમત”	૮૧૭
“રસીલી રસ પાયે તું આજે”	૮૧૮
“ફાગણ તો બેની વ્હાય”	૮૧૯
“હાંરે પ્યારી એક વીટી મને આપ”	,,
“ચલો ચલો શૂં વાર લગાડો”.....	૮૨૦
“પ્યાર ગયો કે પ્યારી હિંમત ખોઇ”.....	૮૨૧
“કહાં ગયું કનેથી મ્હારૂં રમકડું પ્યારૂં”.....	૮૨૨
“કેમ માંડયું ભૂંડી તોફાન”	,,
“જોન હરણી ગેલી ત્યાંહ”	૮૨૩
“શી આ તગતગતી ત- સવીર”	૮૨૫
“પ્રભુ કુડા દિવસ દેખાડ”	૮૨૭
“શા હતા આપણા જ્હાર”	૮૨૯
“સલામ રે દિલદાર”....	૮૩૧
“પ્રેમ આનંદમાં હૂં ત- રતો રે”.....	૮૩૨
“આજ સખી મારો પીઉડો સધાવ્યો.”.....	૮૩૩
“ક્યાં રમીઆરે બાલમ રાતલડી”.....	૮૩૪
“મરતાં પણ નવ મૂકૂં”	,,
“રંગીલો ઝાઝો નરખીરે”	,,
“નિર્ભે નખરાળી તારોરે”	૮૩૫
“ખરાં દીલથી ચાહે મુ- જને”	૮૩૬
“મુખ જોઇ દયામણૂં વ્હીલું”.....	,,
“જૂઓ સૂણો ગાઓજી ઉમંગમાં”	૮૩૭
“હાંરે બના કયારે બનો મારા જન”.....	,,
“બની મતવાલી પ્યારીરે”	૮૩૮
“રંગ લાગ્યો તો ન્યુન હવે શી રહી રે”.....	,,
“તું તારી આંખલડીને વારરે.”.....	,,
“જોઇ જોઇરે મેં તારી પ્રીત.”	૮૩૯
“હતી શી સ્થિતિ તુજ નાર.”	૮૪૦

	પૃષ્ઠ.		પૃષ્ઠ.
"રેખ રૂઠિને ગઈ આશ ઉડીરે."	,,	"જાણી મેં તો પેર તારીરે"	૮૪૨
"વરણ્યૂં તેં ચિત્ર રૂડું રે"	૮૪૧	"હૂં અહિંયાં ને તૂં તહાં"	,,
		"દયા ખાઉં કે ધિક કહૂં"	૮૪૩

ખંડ ૭ મો-ગ્રામ અને સૃષ્ટિસૌંદર્ય સંબંધી.

વડ.		"ધંન છે ધંન છે ધંન છે રે હોળ દેવી"	,,
"ન તે જાતી જોનાં"	૮૪૪		

શરદપૂનમ

"ઉઠો બેહેની સાહેલડી રે".	૮૪૫	"દીયે ઋતુરાજના રંગો".	,,
"સાંજની શોભા તો રળિયામણી"	૮૪૬	"જુઓ હો સુંદર વસંતના."	૮૫૨
"સાથે તૂં લે વ્હાલીડા..."	,,	"સખી ઓ શરદ પુનેમની"	,,
"જાગની જીવડા ગાની તું ગીતડાં"	૮૪૮	**કુદરતી દેખાવ.**	
"ફૂલ્યો ફૂલથી ફાગ"....	૮૪૯	"આ તે શું દેખૂંછું તારા બાગમાંરે"	૮૫૩
"ઝલ્લખાલા ખુખી ખીલીરે"	૮૫૦	"પડે ઝડી ને કરે કડાકડી.	,,
"ખેલો ખેલો હોળી રે બેગૈયા"	૮૫૧	**મોગરો.**	
		"રૂડો છોડ મોગરાતણો"	૮૫૪

ખંડ ૮ મો-સ્ત્રીઓને ગાવાનાં ગીત.

"ઉઠી પ્રભાત ભણું પ્રભાત"	૮૫૬	પલીયો"	,,
"પ્રભૂ પરમેશ લીલા તારી."	,,	"મળે હાથ બેના જૂઓ"	,,
"શોભે શી સુંદર વાટિકા"	૮૫૭	"ધન ધન દહાડો આજનો કહિયે"	૮૫૯
"ઊઠ જોની બેનીરે".....	૮૫૮	"સ્નેહથી સ્વામિને સેવોરે"	,,
"મારા તે બાગમાં ચાં-		"રે મેઘાડંબર સોહે વ્હાલા"	૮૬૦

ખંડ ૯ મો–વિવિધ વિષય.

	પૃ૪.
દુનિયામાં પૈસો મોટો છે	
"દુનિયાં પૈસાની પૈસાની".	૮૬૧
બે ઉપર દુનિયા ચાલે છે	
"નર્મદ સંધું છે બેનાઊપેર"	,,
ગાયન	
"ગાયનથી આનંદ બહુ"	૮૬૨
કવિતા બનાવવા બાબદ કાગળ	
"કાગળ વાંચી તાહરો"...	૮૬૩
સુધરેલનું ડોળ ઘાલનાર	
"બહુ કેહેવાયે જે સુધરેલ".	૮૬૫
સત્ય વિષે–દોહરા, છપ્પા, સવૈયા.	૮૬૭
સલામ	
"સલામ સહુને હાલ"....	૮૬૮
ઇશ્વર પ્રાર્થના (બંડસંબંધી)	
"અહો જગતા દેવ"....	,,
"કૃપાવના સંકટ".....	૮૬૯
"સમરથ દેવા દયા".....	,,
"હિણુપુરૂષ તે હેતુ".....	૮૭૧
ઇશ્વરનું સ્તવન (બંડસંબંધી)	
"જય જય જય જગદીશ"..	૮૭૨
"રે જગદેવા સાહમું જોયું".	,,
"અસુર ત્રાસથી તું મુકાવવા"	,,
"હે પ્રભુ શું ગુણ ગાવા"	૮૭૩
"હરેહે હરેહે".....	,,
"જય જય જય તું".....	૮૭૪
ઇશ્વર સ્તુતિ (બંડસંબંધી)	
"આહા વિશ્વજનક હરી"	,,
"સર્વની વિનંતિ".....	૮૭૫
"રેબ્બલ જગનાથ".....	,,
"જગકર દેવા નામ રસાળ"	૮૭૬
"બાળ કુમળાં રત્ન જેવાં"	,,
ઇશ્વરસ્તુતિ (ભાટિયા કંસપીરસી કેસમાં સુધારાની ફતેહ)	૮૭૭
ઈશ્વર સ્તુતિ અને લાઇબ્બલ કેસના આગેવાનો.	
"એ ધ્રુવરાજ".....	૮૭૮
સુધારાની ફતેહ (લાઇબ્બલ કેસની).	
"જે જે જે થયો તે આજ સુધારાતણોજો".....	૮૭૯
લાલજીનાં ભોપાળાં.....	૮૮૦
વાયવ્ય પ્રાંતમાં પડેલા દુકાળ સંબંધી મુંબઈના લોકોને વિનંતિ.....	૮૮૨
ઇશ્વરપ્રાર્થના અને શેઠીયાઓને સૂચના (શેરમાં કમાયા માટે).....	૮૮૩
મહિપતરામ (મુંબઇ છોડી ગુજરાત ગયા તે વખત)...	૮૮૭
મહિપતરામ(વિલાત જઇ આવ્યા તે સંબંધી).....	૮૮૮
પ્રોટેસ્ટ પાટન	૮૮૯
પારસી છોકરીઓની નિશાળને મદદ આપનારા વિષે	૮૯૦
પેંગબર જરતોસ્ત.....	૮૯૧
મીઠ રાબર્ટ નાઈટ...	૮૯૩
દેશમેં આનંદ ભયો જે જે વિકટોરિયા–૧ લી નવંબર ૧૮૫૮.....	૮૯૫

	પૃષ્ઠ.
આલબર્ટનું મૃત્યુ.....	૮૯૮
રાણીના છોકરાનાં લગ-	
નની ખુશાલી.....	૮૯૯
વિલાત જઇ આવેલા ગૃ-	
હસ્થો સાથે જમવાનો	
વેહેવાર રાખવા વિષે..	૯૦૧
હિંદુસ્તાન જેવું બીજું	
કોણ?	૯૦૫
એક વખત આગબોટમાં	
થયલી હેરાનગતી.....	,,
બચુબાઇ.....	૯૦૬
ડાંડિયામાંની કવિતા.....	૯૦૭
આજકાલ.....	૯૦૮
સુખ	,,
હસવું રડવું.....	,,
બેંકબાઇનો વિલાપ.....	૯૦૯
૧૮૬૫ની ૧લી જુલાઇ...	,,
તવંગર રાંડબાજનું વર્ણન	૯૧૦
પૈસાદાર કહારે હેકાણે	
આવશે?.....	૯૧૧
દેશીઓને વિનંતી.....	૯૧૨
સાહસિક રજપુતનાં વ-	
ચન.....	,,
સોળ સણગાર.....	૯૧૩
બતરીશ લક્ષણ.....	૯૧૪
પુસ્તકરાળા.....	૯૧૫
જીવને શિક્ષા.....	,,
દેશાટનથી થતા લાભ...	૯૧૬
ઝીણા જીવજંત અને સૂ-	
ક્ષમદર્શક યંત્ર.....	૯૧૭
પરવાળું.....	,,
ત્રાજવું.....	,,
ભેટપોથીની સૂચના.....	૯૧૮
જીભ.....	,,

	પૃષ્ઠ.
દાંત-દાઢ.....	૯૧૯
સુધરેલ કોણ?.....	,,
હિંમત.....	૯૨૦
નાણું.....	,,
સમશ્યા.....	,,
બાહ્યાંતરલાપિકા.....	૯૨૨
મિતાહાર.....	૯૨૩
જન્મભુમીનો વિજોગ....	,,
બ્રાહ્મણની તપશ્ચર્યા અં-	
ગ્રેજને ફળી.....	,,
વિદુષક-રંગલાનું નામ....	,,
અઢાર પુરાણનાં નામ...	૯૨૪
બાર જ્યોતિર્લિંગ.....	,,
છ સવાદ.....	,,
કેટલાંક ફુલ જોવામાં	
આવતાંજ નથી.....	,,
ઉત્તમને ઉત્તમસાથેજ	
બને છે.....	,,
ત્રણ અનુપમ રત્ન.....	૯૨૫
કવિતા ચદ્રિકા.....	,,
હાસ્ય જનક નાટક વિષે	,,
બાળકોનો આનંદ.....	,,
"તેનું તે શું રડું".....	૯૨૬
પ્રિન્સ ઑફ વેલ્સની ભ-	
રતખંડમાં પધરામણી.	૯૨૭
જય શ્રી કેસરે હિંદ વિ-	
કટોરિયા (રાણી શ્રી કેસરે	
હિંદ થયાં તે સંબંધમાં.)	૯૨૯
ઇશ્વર સ્તવન (રાણીશ્રીના	
સંબંધમાં)	૯૩૦
કોનાટના ડ્યુક-રાણીજા-	
યાને આવકાર	૯૩૨
ઇલબર્ટ બીલ સંબંધી...	૯૩૩
શારદાસ્તવન (સુરત હાઇ	
સ્કૂલના સંબંધમાં).....	૯૩૪

	પૃષ્ઠ.
વિદ્યાર્થી	૯૩૬
કિસનદાસ	,,
ગિરધરલાલ	૯૩૭
ડા. ધિરજરામ	,,
થિયોસૉફી.....	૯૩૮
પ્રાર્થના (આર્યસમાજના સંબંધમાં)	૯૪૧
સારજન બાલેનટૈન.....	૯૪૩
કીર્ત્તિમંત લાર્ડ રીપનને માનપત્રિકા.....	,,
મહારાજા ગાયકવાડ શિયાજીરાવને આશિર્વાદ.	૯૪૫
"ગજનું વદન વળી એક દંત ખ્હાર".....	૯૪૭

	પૃષ્ઠ.
"સુંદર સલુણો શિશિર વસંત".....	૯૪૮
"સખી નાનકડીશું મોટેરો પરણાવો કે".....	,,
"વિદ્યા ભણીને વંઠી ન જઇએ".....	૯૪૯
"સલામ સહુને હાલ,"...	,,
"સાહેબ દુનીઆનો છે કરનાર"	૯૫૦
"મેઘેસ્નિગ્ધ ઘટા ભર્યું લસલસ્યુ".....	,,
"એવે ત્યાં વિજળી જ્યમ પડે"	,,
કરસનદાસ માધવદાસ...	૯૫૧

ખંડ ૧૦ મો-હિંદવી ભાખા કવિતા.

"હરિ સમરન કરના એ"	૯૫૨
"બ્રહ્મ કો ભજલેરે પ્રિય પ્રાન"	,,
"નીતિપનઘટ મોએ"...	,,
"રે સૈયાં મે સંગી રેહુંગી"	,,
"મૈયા નીતિ મે માનૂ"...	૯૫૩
"મૈયાં પ્રેમ મેં પીનો."	,,
"બ્રહ્મ ભજીલેરે નીતિ કો સંગકો લે".....	,,
"અંબે મોરી માત".....	,,
"બ્રહ્મ નીતિ જાની ન માની"	,,
"જવાની જીયરા હો રહી"	૯૫૪
"મેરે દીલો જાનરે".....	,,
"દીલોસેં પઢોજી વે"...	,,
"ઇસી સમા કયા સોના"..	૯૫૫
"બ્હોત આનંદ ભયો મોય,,	,,
"બાંકે બનીયે શેઠ તવગર"	,,

"ધિઃકસબાકો નામ".....	૯૫૬
"મનિમોહન ઘનસ્યામ સુરંગી".....	,,
"ગાવત બૈઠી સલુની પ્યારી".....	૯૫૭
"મંડલી સુજ્ઞાન દેત"...	૯૫૮
"સબ જગ પ્રાનીયોમે"...	,,
"સુન દેવ ઇષ્ટ મેરે".....	,,
"રસ પંકજકો નહિ દાદુર".	૯૫૯
"ગુનિ જિન ગુનિ જન કર ગહો".....	,,
"જય વિશ્વાધારી"	,,
"ડરત ડરત કરના નહિ"...	,,
"ધન બિદ્યા અધિકારપે".	,,
"ખુની હાથ તલવાર જ્યુ"	,,
"અંગ ભભૂત લગાલે જોગી"	૯૬૦

કાવ્યશાસ્ત્ર સંબંધી ગ્રંથો.

પિંગળપ્રવેશ	૯૬૧	રસપ્રવેશ	૧૦૫૯
અલંકારપ્રવેશ	૧૦૧૯	નાયિકાવિષયપ્રવેશ. ...	૧૦૮૩

પૂરવણી.

	પૃષ્ઠ.
જસ્ટીસ મી૦ બર્ડઉડ	
"પુરિ સુરતની જન મુરત".....	૧૧૦૬
"સાંભળો આશીષ હવાં વાત નથી નબળી"...	,,
"સલામ સૈાની લીએા બર્ડઉડ".....	,,
ગણપતિની આરતી.....	૧૧૦૭
"આર્ય સ્ત્રી પુરૂષો કેરા."	,,
"શ્રી માયાપતિને હૃદેધ્યાઇ".....	,,
"ભૂધરેાજ જાણે એનેા ભેદ".....	,,
"રૂપાળી વળી વય પંદરની".....	૧૧૦૮
"ઘરને માથે ધુવડ બેહું"	,,
"માલઝો પૂરી મજથી"	,,
"મેં તેા જાણ્યેા આ નવલ પ્રસંગ".....	,,
"સખી નીતિ મરજાદમાં રહીએ".....	,,
"મારે મેાહેાલે માણીગર આવેા".....	૧૧૦૯
"તહીં દીસંતી ડુંગરી"...	,,
"દુર્જનસું નવ કરવેા નેહ"	,,

નર્મ કવિતા.

વિભાગ બીજો.

વિરકવિતા.

(ગીતિ–૧.)

ઉત્પત્તિ સ્થિતિ લયકર, જય જગદીશ તું પ્રસિદ્ધ જગમાંહી;
કાળાન્તર રૂપાન્તર, ચક્રકળા નવ કળાય કંઇ કાંહી.
આર્યોત્કર્ષ યશસ્વી, પૂર્વે અંકિત બધે સકળ સાજે;
મધ્યે અસ્ત થયો રવિ, અરૂણોદયના સુરંગ છે આજે.
કોઈ પ્રાંત નથિ આજે જેમાં કિરણો દિશે નહી કોય;
પર્યંત તળેટિ ત્યાંહે, કંઇ કંઇ નવું નવું સુચિન્હ તો રહોય.
જૂના નવા વિચારો, જુદ્ધ પરસ્પર દિસે કરંતા તે;
તેમાં નવાતણા જય, આર્ય ઐકયને કરે સજીવન તે.
ઓ વિષ્ણુ સ્થિતિરૂપા, સત્વર કર તૂં ઊંચાં પ્રરી હમને;
દુઃખ સહ્યાંછ અતીસે, ઊંચી આશે સતેજ કર મનને.
દેશાભિમાન રૂડું, સ્વતંત્રતા રૂડિ લહે સકળ દેશી;
એ દહાડો જોવાને, ઉઠાડ વ્હેલો રહ્યાછિયે બેશી.
ગુજરાતી જન ભાવિક, ધનભરપુર પણ ઘણાજ અજ્ઞાન;
વીર પુરૂષ હર હર શિવ, નર્મદ વિનવે જગાડ અભિમાન.

(પદ–૨.)

ભણીએ પ્રારથના સુણજો સ્નેહથી મા—ટેક.
જયજય દેવી સારદ અંબે, નથી દીસતો આરો;
આર્યસંતતિ વીર્ય હીણીને, દાસ્યથકી ઉગારો–ભણીએ૦

ઠર્યો રંગ સ્થિતિનો તે આજે, વ્યસ્ત થતો દેખાયે;
નવા રંગનો ઉદય રહોયને, સુખથી આશા થાએ–ભણીએ૦
થાએ આશા પણ નથી થાતાં, કર્મ કોઇથી આજે;
જુદ્ધવિના રસ ઉમંગ કયાંથી, માત મ્હાલવા કાજે–ભણીએ૦
સારદ ચ્હડો અમારી વ્હારે, સેનાની લઈ સંગે;
કરો પ્રેરણા કર્મ કરંતા, થઇએ સંપ ઉમંગે–ભણીએ૦
ઘણો કાળ રીબાઇ દાસ્યે, પરદેશીને તંતે;
પ્રસિદ્ધ પુરાતન ગ્રીસ ઇટલીજન, છુટા થયા છે અંતે–ભણીએ૦
હવે રહ્યા છે આર્ય સનાતન, મુક્ત કરી દો વહેલા;
પ્રેમશૌર્યના સુરંગ દાખો, શીઘ્ર કરી સુધરેલા–ભણીએ૦
"કર્મભૂમિ" પણ કર્મ રહિતજન, અધિકારી ઉપજાવો;
જાઉય હરી જનને કરી ચંચળ, દેવી જય દરશાવો–ભણીએ૦
નવા વર્ષની પ્રતિપદતિથિયે, મંદિર માંહે કવતો;
શુદ્ધ તનમને પૂરણ ભાવે, નર્મદ જયજય સ્તવતો–ભણીએ૦

(પદ–૩.)

પ્રભાત પહોરે લાભ ચોઘડીએ, મંગળ વાજાં વાજે
ઉદાર યોદ્ધા રણમાં ઉતરે, સ્વદેશ કેરી દાજે
હાલ્યા જનનો હો, રણરંગ રાખવા હો–
નિરાશ થયલા સૈન્યજનો સૌ, થઈ સાંતરા સાજે
સમય શકુન શુભ ઝડપી ચાલો, શત્રુને હણવા કાજે
ઉજાજમ આણી હો, જયને ઝાંખવા હો–
સાંઝ શત્રુને વ્હાણું આપણે, પ્રભુ નિર્ભેત છે ભાઈ
કેમ ન ઝુઝવું કે મન ઘુમવું, રણે ઐક્યથી ધાઈ
આશા ફળશે હો, દુઃખ પછી સુખ છે હો–
એક માહિતો સકળ સ્હોયને, એક સકળથી સ્હોએ
એક માંહે છે અનેક રંગો, એક નીજ રંગ જોએ
દેશી બંધૂ હો, દ્રઢ કરે ઐકયને હો–
સંપચોકમાં રહી એકઠાં, એકહું ભોજન કરતાં
એક હૃદયથી એક લક્ષતાં, જોશું જયે સુખ ઠરતાં
સ્ત્રી ને પુરૂષો હો, ખંતે કામ કરો હો–

એકલક્ષી થૈ વધારી દેયે, શૌર્ય આપણું સાથે
નર્મદ વાણી ભાવ ભરી કહે, જય જય ગાશું વાધ્યે
તપશે દીપશે હો, રંગ આ દેશતણો–

(૫૬–૪.)

ચાલો ભાઇયો ક્ષેત્ર વિશાળાં,ત્યાંહ આપણે જઇને,
મધુરો વાયુ અંગે લેતાં, મનમાં રંગી થઇને,
ઉદ્યાચળથી કિરણ પસરતાં, તેની શોભા નિરખી,
હરનું ચિંતન કરીને શક્તિ, પ્રસાદ ઈચ્છિયે હરખી,
સજ સઘ થઇ,દૃઢ સંપ કરી,ધન સૈન્ય રચી ધૂમિયેઃ
જય રંગકેરૂં હો, સુખ સંપાદવા હો–

અનેક બંધનમાંથી છુટવા, દહાડો પાસે આવ્યો,
જયકીર્તિનો સ્તંભ દેશમાં, રચાય તેવો આવ્યો,
ઉદ્યમ સાહસ બળ બુદ્ધિ ને ધૈર્ય પરાક્રમ દાખો,
વહેમ શત્રુ જે સામાં ધુરકે, તે સંહારી નાખો;
સજ સઘ થઈ,દૃઢ સંપ કરી, ધન સૈન્ય રચી ધૂમિયેઃ
જય રંગકેરૂં હો, સુખ સંપાદવા હો–

ધર્મ જાત ને રૂઢિ સંબંધી, વિચાર દુઃખદ ભૂંડા,
કાળ સ્થિતિને અનુકુળ નહિં તે કેમ જાણુવા રૂડા,
દેશજંનને છુંદી નાંખવા, ને નિસ્તેજી કરવા,
ઉભા સામાં તેને હણુવા, અવશ્ય શસ્ત્રો ધરવાં,
સજ સઘ થઇ,દૃઢ સંપ કરી,ધન સૈન્ય રચી ધૂમિયેઃ
જય રંગકેરૂં હો, સુખ સંપાદવા હો–

એ મદમાતા જાલમ શત્રુ, રાજી રહે સહુ કોઈ,
દાસપણામાં આપંણુને બહુ, સૂખ માણુતા જોઈ,
નથી વેઠાતાં તે વેઠિયે, કારાગૃહ અંધારાં !
પરંતુ માનો પ્રભુ ઈચ્છા છે, હવે થશે અજવાળાં,
સજ સઘ થઇ,દૃઢ સંપ કરી, ધન સૈન્ય રચી ધૂમિયેઃ
જય રંગકેરૂં હો, સુખ સંપાદવા હો–

નીચી ડોકે કરજોડીને, કહીયે હાજી હાજી,
લાજી લાજી આજ્ઞા માની, રહ્યાછ રાજી રાજી,
આર્ય સંતતિ વિર્ય વિનાની, હીણી છેક ગણાઈ,
હવે રિબાવવું ધિક ધિક છે, હવે તો ઝુઝવું ધાઈ,
સજ્જ સઘ થઈ,દૃઢ સંપ કરી,ધન સૈન્ય રચી ધૂમિયેઃ
જય રંગકેરૂં હો, સુખ સંપાદવા હો–
આર્ય અહં તે ગાજે શોભે, તેવું કરશું પણથી,
વધારી દૈશું ઉર ઉમંગ ને મંનતંન બળ રણથી,
સ્નેહ શૌર્યને પ્રદીપ્ત કરીશું, સ્વતંત્ર નક્કી થઈશૂં,
એવા દહાડા ટુંકડે દીસે, જય રંગ લ્હાવા લઇશૂં,
સજ્જ સઘ થઇ,દૃઢ સંપ કરી,ધન સૈન્ય રચી ધૂમિયેઃ
જય રંગકેરૂં હો, સુખ સંપાદવા હો–

(પદ–૫.)

ચલો ચલો જુદ્ધને, જુધ્ધે છે જય ભાઈ–ટેક.
દીર્ઘસૂત્રીની છાપ પડીરે દાસ્યતણી તે સહીએ
રે બંધાયા રે બંધયા એમ બબડતા રહીએ
તજંતા હામ, થશે ક્યમ કામ–જુદ્ધે૦
દૂધ ઉંચ શું હરામ કરશું દ્રોહ માતશું કરશું
બીકણ બાયલા હિજડા પાવૈ દુનિયામાં શું ઠરશું
હજી છે આશ, સુખનો ભાસ–જુદ્ધે૦
નહીં નહીં ખમીએ રૂઢીતાપને કર્મ ભૂમિમાં વસતાં
નહીં નહીં જોઇયે સંતતિજનને દાસપણાથી સસતાં
મારતાં બાણ, આપશું પ્રાણ–જુદ્ધે૦
મરશું પણ વારશને માટે વૈર વારસું મૂકી
એ પણ પાછા મંથન કરશે, તનમનધનથી ઝુકી
વેઠિને દુઃખ, માણશું સૂખ–જુદ્ધે૦
આંખોમાંથી હીર ઘૂરકે સંઘા દેશીજનને
છાતિ ધમધમે પાગ ધસમસે, કોડ વાધતું મનને
શત્રુને બહાર, કરશું હદપાર–જુદ્ધે૦

ઢોળી પાડીએ મોહમ્લેચ્છ, તે મદમાતા જલમને
સ્વતંત્રતાના ઢોલ વજાડી દાખવીએ નિજ ધ્વજને
લઇયે ધાવ, કે જયના લ્હાવ–જુદ્ધે૦
કરો પ્રતિજ્ઞા નર્મદ સાથી, સંપ શૌર્યને ધરશું
સ્વતંત્રતાને અર્થે ઝુઝશું, સંકટ સિંધુ તરશું
સ્મરી શ્રીરંગ, જોશું જયરંગ–જુદ્ધે૦
(૫૬–૬.)

ઝટ ઝટ ચાલોજી—

સમરાંગણમાંજી, રંગ મચાવવાજી;
જશથી ઢળવાજી, જયને મહાલવાજી–ટેક.

હારથકી શું હઠી બેસવું, ઉપરથી વધુ સહેવું?
ભવિષ્યની સ્થિતિ નરસી માની, નિરાશ જોઈ રહેવું? ઝટ.
નીશો કરી શું ઊંઘ્યાં કરીશું, કહી કોડની કહાણી;
પડી રહી નિત કુટુંબમાં શું, બોવું પુરૂષનું પાણી? ઝટ.
આપત્કાળે શોક શું કરવો? મથતા આ તે કરવું?
માત્ર રામને યોગ સ્મરંતા, નિરાંતથી નવ ઠરવું. ઝટ,
પ્રાણ જતે પણ આશ ન મુકવી, કર્મ કરી ફળ જોવું;
મીઠું કે કડવું તોએ પણ, શૂરાતનથી સહેવું. ઝટ.
ધર્મશૂરના વ્યાસપિતાએ, ભણ્યા તે હૃદયે છાપો;
ઉમંગ સંપે ટેકી રહીને, રણે ઘુમી જય થાપો. ઝટ.
"શત્રૂ સન્મુખ ઉભો હણાયો, જે જન રણ અભિરામે;
સૂરજમંડળ ભેદી કરીને, ઉત્તમ પદને પામે." ઝટ.
"શત્રુથી વીંટાઈ શૂરો, પડે કહીં પણ તોએ;
નપુંસક ભાષણ કરે ન મરણે, તે અક્ષયને જોયે." ઝટ.
"મુદ્ગર યષ્ટિ શરે વિંધાઈ, મરે વીર જે મોતે;
તેસું ક્રિડા કરે હરી જઈ, સુરકન્યાઓ પોતે." ઝટ.
"સ્વર્ગ ઇચ્છતા વિપ્ર પામતા, ધામ યજ્ઞ તપ ઘણે;
ઉત્તમ યુધ્ધે પ્રાણ આપતાં, શૂર જાય ત્યાં ક્ષણે." ઝટ.
"રણમાં પડતા શૂરવીર પ્રતિ, સહસ્ત્ર સુરકન્યા એ;
દોડી આવતી કહી એ મ્હારો, મ્હારો ભર્તા થાએ." ઝટ.

"જયથી મળતી લક્ષ્મી-મરણે, સુરકન્યાઓ વરવે;
પૂર્ણ થનારૂં કર્મ સ્વલ્પમાં, રણે શી ચિન્તા મરવે." ઝટ.
"સમરયજ્ઞમાં ઘા વાગેથી, રૂધિર કપાળે વ્હેતું;
મુખમાં જય તે સોમપાનસમ, નથી દોષ કોઈ કહેતું." ઝટ.
શૂરવીર શું જુઓ તમો એ, વિચાર કીધા ગરવા;
હવે તો ઉપરા ઉપરી સાહસ, રે કેસરીયાં કરવાં. ઝટ.
ક્ષત્રી બ્રાહ્મણ વૈશ્ય શૂદ્ર, સંપ ઉમંગે ભીડો;
એક લક્ષથી રણે ઘુમો કે, હણાઇ જાએ ભીડો. ઝટ.
આપ બળવિના વિના ધીટતા, યુક્તિવણ ન કંઈ સીઝે;
નર્મદ કહે શૂરવીર સાહસે, જય કરી લાભે રીઝે. ઝટ.

(પદ–૭.)

ઉત્સાહે ઉત્સાહે,
શુભ સ્વતંત્રતાને ગાને
ઉર પ્રફુલ્લ કરિ અભિમાને, સમરરંગ રમવાને ધાએ
સુભટ સહુ ઉત્સાહે ઉત્સાહે.
ઉઠીને શસ્ત્ર સજે સહુ વીર,કરી કૂચ રણમાં જઇ રેહ ધીર;
અરીને દાખે તે નિજ નીર, દઈને થોડાં લે બહુ શીર;
પડે પણ સ્વતંત્રતાનું હીર, રાખજો વારસને કહે વીર
સુભટ સહુ ઉત્સાહે ઉત્સાહે
સ્ત્રિયો પણ ઉમંગમાં સોહાય, ટળીને દાસ છુટા રેવાય;
ઉંચાં સુખ ત્યારે સહુ લેવાય,ભણે એમ સર્વે માંહો માંય;
વિજોગે આપણને દુઃખ થાય, તોએ સુખ આશાનું સોહાય
સુભટ સહુ ઉત્સાહે ઉત્સાહે.
સકળજન બંધનથી રીબાય, વળી દુઃખ રણે પડયાનું થાય;
કહોજી કિયું ગમતું કહેવાય?થશે શું વીર અમર ન લખાય;
જીતે શું દાસપણું નવ જાય? શૂર નવ કાયર તે રીબાય
સુભટ સહુ ઉત્સાહે ઉત્સાહે.
જિતે નરનાર નુરે રંગાય, સહૂ જણ ઉદ્યમમાં દેખાય;
કળા વિદ્યા વિધવિધ દિપાય,નિતે સુખ જસાળ વધતાં થાય;
જગતમાં સ્નેહ શૌર્ય ઝળકાય, નર્મદા દેશ ઘણો વખણાય
સુભટ સહુ ઉત્સાહે ઉત્સાહે.

(પદ–૮.)

ઉઠો ઉઠો સજ્જે જુદ્ધ માંડો, હો ઉઠો ઉઠો.
આપણી શ્રીના પરજન ભોગી, સાંખી રહેવું શું એ દહાડો; હો ઉઠો૦
આપણે દાસ બીજા ધણીયાતા, ત્રાસ થકી છે આંક આડો; હો ઉઠો૦
આપણિ દાઝે નથી કોઈ રાજા, કરવો કયમ ન સંપ ધાડો; હો ઉઠો૦
સરવ મળી જે બંતથી ધુમો, નકી રણે રિપુ પાડો; હો ઉઠો૦
એક જશે ને આવશે બીજો, હવે સંતોષને છાંડો; હો ઉઠો૦
નત્ય બંધનથી થવા મુક્ત ઝૂઝો, જુક્તિ નવી નવી કહાડો; હો ઉઠો૦
નર્મદશંકર જય જય વાણી, સ્વતંત્રતાશું લાડ લાડો; હો ઉઠો૦

(પદ–૯.)

જુદ્ધ જુદ્ધ જુદ્ધ હવે, નથી ઉપાય બીજો;
જુદ્ધથીજ જયના રંગ, જોઈ માની રીજો–જુદ્ધ૦
જાતિ બંધને તમે ન દેશદાજ જાણી;
દાખવ્યું ન સંપ શૌર્ય લડી ન જીત આણી–જુદ્ધ૦
શત્રુ પરદેશી સામાં હાર મોટી ખાધી;
ખોયું નામ પાછું આણો ચાતુરીને સાધી–જુદ્ધ૦
સીક રજપુતોને ગૌડ દક્ષણી ગુજરાતી;
વીરશ્રીના રંગ જોવા બ્હાર કરો છાતી–જુદ્ધ૦
પોત પોતીકા ધ્વજોના રંગ દેખડાવો;
મોહદર્પ તોડવા રણવાદને વગડાવો–જુદ્ધ૦
હેતુ દાસ્ય ટાળવે છે નથીજ લોભ ભૂંડો;
નકી પ્રભુ સહાય થશે સમય સ્હાય રૂડો–જુદ્ધ૦
સુખ સ્વતંત્રતાનું મોધું મળે શીર સાટે;
રક્ત બલીદાન દેવું કાર્ય સિદ્ધિ માટે–જુદ્ધ૦
રૂધિરથી ધરાશે ધરા પછી વાયુ વાશે;
વાધશે ઉમંગ લક્ષ જુદ્ધ દીર્ઘ થાશે–જુદ્ધ૦
જો મથો રણે તમે ને સંતતિ સહુ બંતે;
નર્મદ પુરુષાર્થથકી વિજય થશે અંતે–જુદ્ધ૦

(૫૬–૧૦.)

શંખનાદ સંભળાયે ભૈયા, શૂર પુરુષને તેડું હો–ટેક.
શું એ કહે સાધુ દેહ છોડે, શું એ કહે દેવ જાગે હો,
કારી કારમો ઉગ્ર ઉછળતો, રણનો મુજને લાગે હો–શંખ૦
વળી સાંભળું આ રણશિંગું, હા હા રણનો નકકો હો,
રાહદારી ભૈયા કહાં દોડો, વાત કહી દો પક્કી હો–શંખ૦
એ બોલે શું બેસી રહ્યા છો, શત્રુએ કોટ પાડયો હો,
દેશ ભૂમિ કરી લોહી લોહિયાળી, પુત્રતણો ઘાણ કાડયો હો–શંખ૦
રક્ષણ કરવા ધાઈ વળો સહુ, હજી રહી છે આશા હો,
સ્નેહ શૌર્યને જુહકળાથી, પડશે સવળા પાસા હો–શંખ૦
રણમાં મૂઆ તોએ રહું, દાસપણાથી છુટશું હો,
ગત પ્રાણીને બંધનનું નથી, ભયકો રીતનું કશું હો–શંખ૦
સ્વતંત્રતા સુખ જો ન મળ્યું અહીં, નિશ્ચે ત્યાંતો મળશે હો,
પરમારથને માટે મથતાં, કીર્તિ ધ્રુવપદે ધરશે હો–શંખ૦
દેશજંનની સ્વતંત્રતાને, અર્થે વીર ઝુઝી મરશે હો,
રાહદારી કહે પ્રભુ સંધાની, જયસુખ આશા પુરશે હો–શંખ૦
હા ભૈયા હું તો આ ચાલ્યો, શંખનાદ હજુ થાએ હો,
નર્મદ કહે બીજા વીરોપણુ, કેસરિયાં કરી જાયે હો–શંખ૦

(૫૬–૧૧.)

સ્નેહ શૌર્ય તો નથી દેશમાં, સ્નેહ શૌર્યતો નથી–ટેક.
હતું હતું પણ નથી નથી રે, નથી લાજ રહી રતી–દેશ૦
બીજા દેશના લોક હસે છે, જોઇ આપણી ગતી–દેશ૦
જ્ઞાની કોઈ વળી દયા ખાય છે, જોઇ કીરતી જતી–દેશ૦
કુસંપ કરીને દેશ ગુમાવ્યો, હિણપત ભુંડી અતી–દેશ૦
મરણાંતે દુઃખથી છુટવું પણ રહે અપકીરતી છતી–દેશ૦
દાસ કાયરા સદા કહેવાસું, કવિજન લાજે કથી–દેશ૦
વીર પૂર્વજો નિરાશ જોએ, ભણિ ધિક ધિક સંતતી–દેશ૦
નર્મદ ઊંચ વીર્ય જણાવો, જય લઇ રણમાં મથી–દેશ૦

(૫૬–૧૨.)

વીર પુરુષ તે કયાં છે ભાઈ વીર પુરુષ તે કયાં છે?
મદમાતા ક્ષત્રી સંહાર્યા, પરશુરામ તે કયાં છે? ભાઈ–વીર૦
નિઃશંક પાપી રાક્ષસ રોળ્યા, રામચંદ્ર તે કયાં છે? ભાઈ–વીર૦
કંસ શિશુપાળ મુરાદિ માર્યા, વસુદેવસુત તે કયાં છે? ભાઈ–વીર૦
કપટી ખળીઆ કૌરવ છેદ્યા, કૃષ્ણાર્જુન ભીમ કયાં છે? ભાઈ–વીર૦
પરદેશી શક યવનને જીત્યા, નૃપ વિક્રમ તે કયાં છે? ભાઈ–વીર૦
છે તે સંધા અહીં પણ કહે છે, સંપ જનમાં કયાં છે? ભાઈ–વીર૦
સંપ શૌર્ય જ્યાં જનમાં સ્હોયે, વીર પુરુષ તો કયાં છે? ભાઈ–વીર૦

(ગરબી–૧૩.)

સજ થાઓ કરી મનચંગા, એતો વાજે છે રણ રંગાંરે–સજ૦
પૃથવીનો છે છેડો ઘર ને જનછે ઘરસુખ સંગાંરે–સજ૦
ઘરના સુખને સારૂ મથવું, કરવાને તે અભંગાંરે–સજ૦
વેરીતો મંડયા છે હણવા, આપણ ખમિયે તંગાંરે–સજ૦
કહીં ફુફવાડા કહીં દંખ મારો, માંડો જુદ્ધ વળી ધંગાંરે–સજ૦
ખાડામાંનું મળજળ પીયે, કાં ન પીયે જળ ગંગાંરે–સજ૦
નર્મદ વીરા જયસુખ અર્થે, થશું અમે ઓ ઉમંગાંરે–સજ૦

(*લાવણી–૧૪.)

કતેહ કતેહ છે ઉદાસિ મૂકો, સુકન થાય સારા,
ભલાજી ભલા સુકન થાય સારા,—
સુકન થાય સારા રે, ઉધમો ફળશે સહુ પ્યારા–૧
હોંસથકી બહુ ઉદ્યમ વધતા, ખંત ઘણી લાગે,
ભ૦ ખં૦–ખંત ઘણી લાગે રે,ઝટ લઈ ભાયગહું જાગે–૨
ધામધૂમના રંગતણી શી, વાત કરૂં ઝાજી,
ભ૦ વા૦–વાત કરૂં ઝાજીરે,સકળ જન રોજ રહે રાજી–૩
દેશ સમય જન રંગ ધુમે ત્હાં, રડે કોણ ભાઈ,
ભ૦ ૨૦–રડે કોણ ભાઇ રે, ઘરે નહીં આળસ કો કાંઈ–૪

*મુંબઈ જતી ટ્રેન હાથ નહોતી લાગવાની તે છતાં તે મોડી આવેથી હાથ લાગી તે ઉપરથી કે આ શકુન થાય છે–પણ શકુન મને ફળ્યા નોતા–તા૦ ૪ જુન ૧૮૬૭.

ઉઠો ઉઠો રે ઉઠો ઉમંગે, વાજાં બહુ વાજે,
ભ૦વા૦ વાજાં બહુ વાજે રે,ધણુણુણુણુ ગગંન તો ગાજે–૫
કૂચ કૂચ રે કરો ઝડપથી, થઇ ભેગા સાથી,
ભ૦ થ૦–થઇ ભેગા સાથી રે, ધસો લઇ ઘોડા ને હાથી–૬
તોપ ચલાવો ગડડડડડ ધુમ, ગગંનને છાઓ,
ભ૦ ગ૦–ગગંનને છાઓ રે, જમીનને રૂધિરે રંગાવો–૭
શસ્ત્ર ચલાવો કાળાં ચકચક, ઉજળો જસ લેવા,
ભ૦ ઉ૦–ઉજળો જસ લેવા રે,સદા સુખ ઊંચાંમાં રહેવા–૮
આપ ભુલીને મચો જુદ્ધમાં, પરમાર્થું ઊંચા,
ભ૦ ૫૦–પરમાર્થું ઊંચાં રે, નર્મદા જંનહિતુ તૂં છાં.–૯

(૫૬–૧૫).

ધાયલ જંગી હો, રણમાં જીત દિસેજી,
ઉઠિ સજિ લડિને હો, રંગી રોહો જસેજી–ટેક,
રાત વિતી ને વાયું વ્હાણું, અરુણોદય દીપતો આ;
પ્રકાશ કુમળો સુનું ઓપતું, શકુન સહૂ શુભ સોહ્યા–ધા૦ ૧
થયો ટકોરો ઘડીઆળનો, ફુટયો ટાચકો કરનો;
કરી ટણકારા ધનુષ બાણના, લો લ્હાવો જશ જરનો–ધા૦ ૨
જે જે જગમાં મોટાં સંકટ, તેના અનુભવ લીધા;
હરી કૃપાએ ધીર ધરીને, ટેક ન મૂકી દીધા–ધા૦ ૩
હરી કૃપાએ શકુન થાય આ, દુખનો બદલો વળશે;
કરો પરિશ્રમ થઇ મરણીઆ, છે સંધી તે ફળશે–ધા૦ ૪
શરૂ કરો ઝટ રણનાં વાધો, શસ્ત્ર રૂડાં ખખડાવો;
કૂચ કરો સહુ ઉપાડી પગલાં, મનમાં ઉમંગ લાવો–ધા૦ ૫
નથી રૂઝાયા ઘા તોએ પણ, પ્રાહાણે જોર જમાવો;
ટાંકા તૂટે મરો કદી પણ, હરિ સમરીને ધાઓ–ધા૦ ૬
કુલીનતાએ દુખડાં વેઠયાં, મરી ન ગઇ અદ્યાપી;
તેસામું શું હરી નહીં જોશે, દાઝ ભકિતની લાવી–ધા૦ ૭
નિરાશ છો તોપણ ઓ ભાઇ, સાચું શૌર્ય જો છે તો;
મરતાંસૂધી મથી મચી ધુમશો, શોક મુકીદઇ વ્હેતો–ધા૦ ૮

દેવ તુરંગી વિચિત્ર અંતે, કાં નવ યશ સુખ આપે;
નવ આપે તોપણ શ્રમ જોઇ, ઊંચ અમર કરિ થાપે–ગા૦ ૯
વીર્યથકી ને જન્મથકી છો, વિધ વિધ રણે ધડાયા;
છાતીજખમથી જશે કરી છે, કુંદન સરખી કાયા–ધા૦ ૧૦
એવા છો તોએ આખર શું, ઠરશો કાયર જાયા ?
પીઠજખમથી કહેવડાવશો, નિત્ય ધિઃક જીવ છાયા–ધા૦ ૧૧
નહીં નહીં ભાઇ મરવું રૂડું, પીંખાવું બહુ કૂડું;
જુઓ તમારું શૌર્ય તકતકે, થઇ રહ્યું ઊડું ઊડું–ધા૦ ૧૨
મ્યાનમાંહેની તરવારો તે, કહે છે હમને કહાડો;
ભણુકારા બહુ યશના કાને, પડે શું વાર લગાડો–ધા૦ ૧૩
ખોઇ ભાંય ને ખોયું ધન રે, રકતબીજ નવ ખોશો;
ખોશો જો અભિમાન દેશનું, સુખ કો કાળ ન જોશો–ધા૦ ૧૪
દેશદાઝ જાંલગી જીવતી, તાંલગી સઘળી આશા;
ભાંય ધન સહુ પાછાં મળતાં, પડંત સવળા પાસા–ધા૦ ૧૫
એ જોસ્સો જો ગયો સમૂળો, પડયા ન ઉઠશો કો દી;
ગુલામ થઇને નીચાં કરમો, સદૈવ કરશો શો દી–ધા૦ ૧૬
માટે કહે નર્મદ સામગ્રી, કરો ઠરીને વ્હેલા;
સમય જોઇને કરો ધસારો, આવે નકી સુખ વેળા–ધા૦–૧૭*

(પરભાતીઉં–૧૬.)†

ચાલોજી ચાલોજી ભૈયા, રણથંભને નિહાળો પેલો—
વાર શું લગાડો હાવાં રે—ચાલો૦ ટેક.
અરિદળ વાદળ ચડી આવશે, ત્યારે તમે શું કરશો રે–
ધન વ્યૂહ વજ્ર નહીં સજ રાખો, જહાં, ત્હાં રઝળી મરશો રે–ચા૦ ૧

---

* તા૦ ૮ સપટેંબર સન ૧૮૬૭ સંવત ૧૯૨૩ના ભાદરવા શુદ ૧૦ ગરેહ–જન્મ દિવસે—
પ્રાંતઃકાળે મારાં નવાં મકાનમાં પેસતાં કુમળો તડકો રમણીય લાગ્યો ને મને ખ્યાલ આવ્યો કે મારૂ મન આ પ્રકારા જેવુ ઉજળું શોભીતું કયારે થશે. આ શકુન છે માટે એમ થશેજ.
† સંવત ૧૯૨૪ ના કારતક શુદ ૧ વાર સોમે તા૦ ૨૮ મી અકટોબર સન ૧૮૬૭.

અરિદળ મ્હોટું તોપણ ઉદ્ધત, કવાયતના તાં વાંધા રે;
થોડું તમારૂં તોય ઠરેલું, જુક્તિદઢીભૂત સાંધારે—ચા૦ ૨
અક્કેક તુકડીતણો સેનાની, જે પડે સોને ભારી રે;
અચળ હરોળ રચીને તેની, અરિને કહાડો મારીરે—ચા૦ ૩
કાયર થઇ જીવતો રેહે ને દુખ સહે ન જે ધીર ધારી રે;
જનુની ભારે મારી તેણે, ઘા ન લીધા જે કારી રે—ચા૦ ૪
તનમનધનબળ તો ગયાં, રે નથિ પૃથ્વિ તમારી રે;
તોપણ છે હજી શક રાજાના, ભૂતતણી સ્મૃતિ સારી રે—ચા૦ ૫
નવાં વરસના પડમા કેરૂં, રઢીયાળું આ વ્હાણું રે;
કિરણ ફૂટતાં નિસર્યા વારા, રણરંગ ચિન્હ હું માણું રે—ચા૦ ૬
વાગે વાજાં તુર સરણાઇ, ભાણુ દિપાવે શસ્ત્રો રે;
મન ઉમંગે રંગી કરી દો, જ્યમ સ્હોયે રણવસ્ત્રો રે—ચા૦ ૭
તમ માનીતો નર્મદ ભણતો, ઉત્સાહ ધરી સજી ચાલોરે;
રણ રાખી યશ રંગ ચળકતા, તેમાં નિત પછી મ્હાલોરે—ચા૦ ૮

(સાખી—૧૭.)

નથી હાર ખાધી, નથી હાર ખાધી, નથી હાર ખાધી,—
જુઠી બ્હીક નાણો—રણે દીસતી જીત સાચું પ્રમાણો—૧.
જુઓ થંભ પેલો, જુઓ થંભ પેલો, જુઓ થંભ પેલો,—
રચો હાર વેહેલી—મુખી જીવતો છે થશે જીત સ્હેલી—૨.

(ધોસો—૧૮.)

થશે જીત સ્હેલથકી ભાઈ, ભરાઈ ખંતે જો ધાઈ,
ઠરીને રમશો રણ ચ્હાઈ, પડો તો રહે કીર્ત્ત આંહી,
વળી મુક્તીપદ સુખ ત્હાંઈ, જીતે યશ ભોગવશો સ્થાઈ,
તમારી એંધાણીને સ્હાઈ, રાખશે વંશજ વટ ગાઈ,
નામનાં ઓવારણ લેવાઈ, દેશિજન રેહશે સહુ હરખાઈ,
શૂરને હોય બ્હીક નવ કાંઈ, થાય નહીં કાયરની કદી વાઈ,
નર્મદે હામ સુરા છે પાઈ, સૂર શૂર રહે ન છાનો હો—
ઝટ સજો સજો.

(રોલા–૧૮.)

સજ્જો સજ્જો સહુ શૂર, દેશહિતકાજે સજતાં,
સાર્થક જીવ્યું થાય, જુદ્ધમાં રંગે મચતાં–૧
રણથી ભાગે તેહ, દૂધ બગડયું પીધેલો,
દેશદ્રોહ કરનાર, નીચ તૂકમનો મેલો–૨
સંકટથી જે બિહે, બાયલો કાયર બૂંડો,
પુરુષ છતે સ્ત્રી તેહ, એટલું કે નવ ચૂડો–૩
પુરુષજાત જન તોય, પુરુષ સાચો તો ત્યારે,
કર્મથકી તે થાય, છાતિપર ઘા લે જ્યારે–૪
પુરુષાતન તો તેનું, કહે જે મરૂં કે મારૂં,
દેશઅર્થમાં મગ્ન, થઇને જસ લે વારૂ–૫
રચો રચો ઝટ વ્યૂહ, રૂડો જસ લેવાસારૂ,
સંતતિનાં સુખકાજ, કરો કેસરિયાં ચારૂ–૬
શંકા ભય ને દુઃખ, એહના વિચાર ખોટા,
ગયા એથિ ને જશે, ઉંચાં સુખ અમૃત લોટા–૭
ચલો ચલો સહુ શૂર, ચલો શત્રુને મળવા,
લડો મચાવી રંગ, કીર્તિ ઉજ્વળ સુખ રળવા–૮
નર્મદ મદ ભરપૂર, તેહવા સહુકો થાઓ,
સકળ રાજ્યમાં આર્ય કીર્તિધ્વજ કળશ દિપાવો–૯

(પદ–૧૯.)

ઊઠ ઊઠ ઊઠ વ્હેલો, કૂચ કર સિપાઈ;
કુલીન શૂર થઇને હવે, મરિશ શું રિબાઈ–ઊ૦ ૧
દિગ્ગમૂઢ થઇગયોછ, અંધ તું ગભરાઈ;
નથી ખમાતું તેથકી શું, ખુણે રેહે ભરાઈ–ઊ૦ ૨
ટેક પાળવાની દાજ, દાજ રે પરાઈ;
ભાવી મીઠવાનું નથી, શોચ મૂક ભાઇ–ઊ૦ ૩
દ્વાર સર્વ બંધ થયાં, મરવું શું અકળાઈ;
સાહસ કરીને બ્હાર, પડ મેદાનમાંહી–ઊ૦ ૪
વાદળાં ચડીને આવ્યાં, નભ ગયું છવાઈ;
ડૂબવું તો સાચ ત્યારે, રેવું કેમ રહાઈ–ઊ૦ ૫

કાં ન જવા દેવું વ્હાણુ, જાય જ્યાં રે તાંઈ;
ડૂબતૂં તો કાં ન વીર, પડવું ઝંપલાઈ–ઊ૦ ૬
શત્રુએ ઘાલ્યોછ ઘેરો, નથિ ઉપાય કાંઈ;
કાં ન આગ સામું જવું, જોર કસી ધાઈ–ઊ૦ ૭
રાખી ધણી જ્ઞાનથકી, ધીર સુખદાઈ;
કાંઇ ન ફાવ્યું હોય હવે, છેલ્લી કર લડાઈ–ઊ૦ ૮
રટણ કરી શ્રી હરીનું, કાપીનાખ ધાઈ;
આમ થવા તેમ પછી, પડ કે કર નવાઈ–ઊ૦ ૯
બંધનો તને શાં હવાં, તૂં શું રહે બંધાઈ;
બાંધ બિન્દને તું શૂર, કીર્તિ રહે ફેલાઈ–ઊ૦ ૧૦
જીવવું છે થોડું માટે, ભવની રમ ભવાઈ;
ઊંચ હોહી ઊંચ મરણ, સંઘે રહે ગવાઈ–ઊ૦ ૧૧
સાજ વિના ગાન શું ને, ધન વણ રસિકતાઈ;
વણ પ્રસંગ શો ઉમંગ, રસ વણ કવીતાઈ–ઊ૦ ૧૨
વીજ ગાજ મેઘ વિના, લીલાં ક્ષેત્ર કાંહીં;
દુઃખ વિના સૂખ ઊંચ,મળે કો દિ નાંહીં.–ઊ૦ ૧૩
નર્મદ જવ આશ ઊંચ, તવ કહાં રહે ડબાઈ;
કિલ્લો તું સરકરીને, યશને પી ધરાઈ–ઊ૦ ૧૪

(પદ–૨૦.)

નથી કિલ્લો નથી માણુસ પૂરાં, નથી સંપ જસદાઈ;
નથી કવાયત નથી ઊંચ ગુણ, નામ માત્ર છે ભાઈ,
એ એક વાજું હો, રણમાં જીત દિસેજી.

સાખી.

હર હર નામ સ્મર્યાથકી, તૃણનો મેરૂ થાય;
જંગલમાં મંગળ બને, નહીં ત્યાં સંધુ સુહાય–એ૦ ૧

ઊંચ ગુણમાં હિંમત સાહસ, સંકટમાં ધીર ધરવી;
છાતી કરી ત્હાં પીઠ ન કરવી,હોંસથી છાતી ભરવી–એ૦

સાખી.

પૂર્વજ નામ સમર્યાથકી, વધે શરીરમાં જોમ;
શૌર્ય પરાક્રમ તેમના, ઘ્રુજાવી ખિલવે રોમ.–એ૦ ૨

શત્રુમારથી હઠવું પડતું, તો છાતીથી હઠજો;
જરા હઠી પછી કરી ધસારો, થઈ મરણિયા લડજો–એ૦

સાખી.

સર્વ મરે પણ નામ તો, અમર રહે જગમાંહી;
ધર્મ અર્થ ને કામ ને મુક્તિ નામમાં ભાઈ–એ૦ ૩

જે જે રાજ્યો મંડાયાં છે, તેના મૂળ વિચારો;
ઉદ્યમ ખંત અને બળ જુક્તિ,તેપર ભાવી ધારો–એ૦

સાખી.

નિડર થઈને રણ ઘુમો, રાખી ઊંચી આશ;
ઠરીને લડતાં જીતથી, સૂખ આવશે પાસ–એ૦ ૪

જનાની વાતો મુકો સીપાઇ, હમણાં છોડો માયા;
જીત કરીને પછી નિરાંતે, લો ઊંચા સુખ લ્હાવો–એ૦

સાખી.

સાચા શૂરા હોય તે, ઉઠે સૂણતાં સીંગ;
કનક કુટુંબ પડતાં મુકી, રૂપ ધરે નરસીંગ–એ૦ ૫

ભાટે કહે નરભદ સાથીને, પુરૂષાતન દરસાવો;
નામ વાધ ને હામ ખડગથી,રંગી રણમાં આવો.–એ૦

સાખી.

રણથી ભાગ્યો તેહને, સદા થાય ફીટકાર;
પડયો જીત્યો રણમાં લડી, સજે અમર સણગાર–એ૦ ૬

(લાવણી–૨૧.)

સહાય કર પ્રભુ છૈયે થોડા, સત્યનો જય ભણવા,
સુખદ કહું સત્યનો જય ભણવા,–
સત્યનો જય ભણવા રે, સત્વરે વ્હેમ યવન હણવા–૧.

રાક્ષસી માયા કરીને ચલવે, રાજ ઘણું મ્હોટું,
દુખદ તે રાજ ઘણું મ્હોટું,–
રાજ ઘણું મ્હોટું રે, દેશનું થયું છે જો ખોટું–૨.
પરાધીનતા માહીં ડબાઈ, સંતોષે રહીએ,–
સમજણ વણ સંતોષે રહીએ,–
સંતોષે રહિએ રે, ઢંગ સહુ કાયરના લહીએ–૩.
જ્હાં ત્હાં લાગે સુનું સુનું અતિ,રસ રંગ નવ સ્હોયે,
ઉત્તેજક રસરંગ નવ સ્હોયે,–
રસ રંગ નવસ્હોયે રે,સકળ જન જ્હાવરૂં તો જોએ–૪.
દેશી રાજ્યની સ્વતંત્રતા શું, લાભ રૂડા તેથી,
અતીશ વળી લાભ રૂડા તેથી,–
લાભ રૂડા તેથી રે, જાણીએ નહી કંઇ ભેથી–૫.
દેશતણું અભિમાન તે શું ને, ઉદ્યમ શા તેથી,
ઉમળકે ઉદ્યમ શા તેથી,–
ઉદ્યમ શા તેથી રે, જ્ઞાન વણ જૈયે શું ચેતી–૬.
સ્વતંત્રતા વણ ગુજારવા દી, મરણ તેથી સારૂં,
ખરેખર મરણ તેથી સારૂં,–
મરણ તેથી સારૂં રે, જુલમનો અંતાવે વારૂ–૭.
રીબાવાથી ભલું છે મરવું, રૂધિર રાખિ રાગી,
ગરમ ઉંચું રૂધિર રાખી રાગી,–
રૂધિર રાખી રાગી રે, પુવડતા કાયરની ત્યાગી–૮.
દેશદુઃખથી જે જન દાઝે, શંખ સુણી ઊઠે,–
જસદ શુભ શંખ સુણી ઊઠે,–
શંખ સુણી ઊઠે રે, તેહપર પ્રભુ પણ જટ તુઠે–૯.
હક્ક વિના જે લોભી શત્રુ, હક્ક હરે જનના,
દાસ કરી હક્ક હરે જનના,–
હક્ક હરે જનના રે, તર્ત ત્હાં ઉઠે ઉંચાં મનના,–૧૦
ઉંચાં મનના દેશહિતેચ્છુ, ઉંચાં શૌર્ય કહાડે,
સુઘડ સહુ ઊંચાં શૌર્ય કહાડે,–
ઊંચાં શૌર્ય કહાડે રે, અમર ઊંચી કીર્તિસું લાડે–૧૧

જોગ વિના જોધ્યો શું કરશે, હારી થાકી મરશે,
નિરર્થક હારી થાકી મરશે,–
હારી થાકી મરશે રે, વળી તે ઘેલામાં ઠરશે–૧૨.
જગંનાથ તું જોગનાથ છાં, જોગ રૂડો આલે,–
ત્વરાથી જોગ રૂડો આલે,–
જોગ રૂડો આલે રે, જોર પછી મનમાન્યું મ્હાલે–૧૩.
દેશી જનનાં દુઃખ મટે ને, સરવ સુખી થાએ,
હવે તો સરવ સુખી થાયે,–
સરવ સુખી થાએ રે, એવું કર પ્રભુ તું દિલ ચ્હાએ–૧૪.
શકુન ઉપરથી જોઇ વર્ષફળ, લાભકારી બોલે,
નર્મદો લાભકારી બોલે,–
લાભકારી બોલે રે, પરંતુ પ્રભુ બંધ બોલે–૧૫.

(પદ–૨૨.)*

†રંગડ ઊંચા હો, લડતાં ઊંચ રહેજી.
અતીધીરથી અકળાઇને, નીચિ રીત નવ ધરતો;
જીત થયે તે ઢંકારો કહી, સાહસડું નવ કરતો–રં૦ ૧
ધીરજ ધરીને હાર પામજે, છળથી જસ તે ખોટો;
ધીરજશસ્ત્રે ઊંચપણાંને, ટકાવવે જસ મોટો–રં૦ ૨
સમરાંગણમાં સુભટ સહુને, બે સાચવવાં પડતાં,–
લડવાનું બળ ઊણું ન થાયે,બીજું ઊંચપણ પડતાં–રં૦ ૩
દ્રોહ આર્જવ નિંદા કૂરતા, એથી ન જય મેળવતો;
ત્રણ તાપે રીબાઈ મરજે, રખે ઉંચપણ હણતો–રં૦ ૪
ઉપરી હક તુજ હરીલઇને, કરે અન્યનું રૂડું,
સીપાઇ છું તૂં ગમતું કર પણ, નહીંજ દેશનું ભુડું–રં૦ ૫

---

* તા૦ ૨૫મી ડિસંબર સને ૧૮૬૭.

† એ શબ્દ મેં વાગડ મેવાડમાં (નિશાના રંગ, ધજાના રંગ. કુળ અભિમાનના રંગ એમાં ગુલતાંન ને ટેડા) રજપૂતને માટે વપરાતો સાંભળ્યો. એ શબ્દાર્થમાં પ્રૌઢપણાનો ભાવ નથી. એ શીવાય એ શબ્દ મને બહુ ગમ્યો છે, માટે હું એ શબ્દ તરૂણ તરંગી સાહસીક રજપૂતને માટે વાપરૂં છઉં ને એની સાથે ઉંચા એ વિશેષણ જોડી કુળ પ્રૌઢીનો ભાવ પણ આણું છઉં.

સરવસ ખોજે લાંધણ કરજે, નાગો ભાંયે સૂજે;
નિજ પર મર્મ ન ખ્હાર કહાડતો, એ ધા કદી નવ રૂઝે–રં૦ ૬
કુલીનપણાંની ધીરજ મૂકતાં, ધા તો નિજપર થાએ;
નીચ તુકમને કંઇ નવ લાગે, ઉલટું ખ્હેકી જાએ–રં૦ ૭
ગરજુ થઇ જાચીશ નહિં કેથે,પાડ ન રાખિશ કહાંનો;
ધટિત ઉદાર તું થજે શત્રુપર, ટેક એ ઊંચપણાંનો–રં૦ ૮
રાખી ઊંચપણ લડ જુક્તિએ, સાધન કામ લગાડી;
રંગડતા ૫ક્કડ દરસાવી, જસ લે ઉજળો પ્હાડી–રં૦ ૯
નબળાનું રક્ષણ કરવાને, સબળાસું મળ ભાઈ;
હાર થયે જન હસે તેથિ તું, પામ ન ગ્લાનિ કાંઈ–રં૦ ૧૦
હાર થયે નવ હોંસ મૂક પણ, ખંતે મથિ મથિ લડજે;
જીત કરી શ્રમ સફળ તું જોજે, અથવા રણમાં પડજે–રં૦ ૧૧
જુની પ્રતિકુળ રીત રાખવે, કુળ મોટપ નવ ધારે;
દેશકાળની કુમક લઇને, નવી રીત સ્વીકારે–રં૦ ૧૨
ધાયલપણુ નિસ્તેજ ખ્હારથી, અંદર છે તેજાળું;
નર્મદ જ્હાં ઉજળી રજપૂતી, ત્હાંજ દેશહિત ભાળું–રં૦ ૧૩

(પદ–૨૩.)*

પ્રથમજ જય તહાં નબળો રીપૂ હોય,
કાં તો કેવળ રે ભાયગડું પ્રબળ કહે–૧
પામી પરાભવ ફરિ જ્હાં જીતાએ,
તહાં તો પુરૂષાતન સાચું મનાએ–૨
નીચી રીતે મળ્યો જય તે નકારો,
ઊંચી રીતે થયો પરાભવ સારો–૩
કુલીન પરાભવ સ્હોયે યશસ્વી,
જય તો છે ફળ ભાયગનું મનસ્વી–૪
નર્મદ જોહાતણી હાર થાએ,
તોએ તેના જસ સંઘે ગવાએ–૫

---

* તા. ૨૬ મી ડીસંબર સને ૧૮૬૭.

(૫૬–૨૪.)†

ધુમો રણમાં થઈ રંગી રહીડા, પરી કરવા જન પીડારે–ટેક.
દેશતણી પીડ પરી કરવાને, આર્જવ વૃત્તિ ન રાખોરે;
સ્વાર્થ સધાએ ત્વરાથી માટે, ખુએ ન ટેકી સાખોરે–ધુ૦ ૧
અધીરતા આર્જવ છે હીણુ ગુણ, જન નપુંસકકેરા રે;
જે હીણા હીણુ પશુ કરતાં કહું, ઊંચ પશુ રેહે ટેડા રે–ધુ૦ ૨
પુજવાં પદવી વિદ્યા ને ધન, રહી નિજ નરપણ ટેકે રે;
નરતનધરમ ન ભુલવો ભાવે, સ્વાર્થ અંધ થઈ એકેરે–ધુ૦ ૩
સ્થિતિ ન્યારી પણ નરપણ કેરો, ટેક ન વધતો ઘટતો રે;
એ વર ઇશ્વરદત્ત સકળને, મરતાં ન કરવો લટતો રે–ધુ૦ ૪
જ્ઞાનદર્પણે નિજ પણ જોવું, હાય પુટયું છે દરપણ રે;
અતિ ઝીણા ખંડિત અવયવ ત્હાં, નહીં પુરો એકેપણ રે–ધુ૦ ૫
વીર્ય સડયાં ને સડી કુલીનતા, રહી ન ઊંચી આશ રે;
જન ડર પરહરી કો નર કાપે, દાસપણાંનો પાશ રે–ધુ૦ ૬
માટે વિનવું દેશી ભાઈ, બોધથી બ્હાદુર થાઓ રે;
અંતર સાક્ષી કહે તે કરીને, દૃઢ થઈ રણમાં ધાઓ રે–ધુ૦ ૭
જ્ઞાન તે અણસમજુ હોએ, ગાડર સરખા ચાલે રે;
થોડા તે સમજુક હોઈને, નિજપર હિતમાં હાલે રે–ધુ૦ ૮
દુખથી ડરી કાયર નવ થાઓ, દુખ સહેવા સરજ્યાછો રે;
દુખ પછવાડે સુખ નક્કી છે,દુખમું લડી પછી રાચો રે–ધુ૦ ૯
શ્રમ તો ફળતો વેહેલો મોડો, તમને કાં સંતતિને રે;
પણ ધીરજ જે ગુણ જોહાનો, તે જસ આપે સહુને રે–ધુ૦ ૧૦
ધીરજસાથે સંધિ જોઈ, યુક્તિ બળે બહુ લડવું રે;
મથિમથિને લડિને સુખ કરવું, વા સુખ અરથે પડવું રે–ધુ૦ ૧૧
જનને પીડા શી છે તેની, જાણ નથી હજી કાંઈ રે;
બ્હેર મારિગઇ ઇંદ્રિ તમારી, ઓસડ કરવું ભાઇરે–ધુ૦ ૧૨
લખી કહેવું વિગતે સહુ તે તો, લઘુ પદમાં નથી બનતું રે;
પુછતો નર પંડિત થઇ રેહે, શ્રમથી ઈચ્છિત મળતું રે–ધુ૦ ૧૩

† તા૦ ૨ જી જનેવારી સને ૧૮૬૮.

નથિ મળતું વેળાએ કોને, યોગ પ્રબળ સહુ જાણે રે;
તોપણ મથતો ઉદ્યમ કોદી, યોગ સુખદ કે આણે રે-ધુ૰ ૧૪
નર્મદ રણુજોદ્ધાની નીતિ, કુલીન કરે સહુ જનને રે;
કામ કરાવે જશની ટેકે, દે સુખ ઊંચું મનને રે-ધુ૰ ૧૫

(પદ-૨૫.)*

દેખી દારૂણ દેશીનાં દુ:ખ, નર્મદ દીલ દાઝે છે,-
પેખી પરદેશીનાં ઊંચ સૂખ, નર્મદ દીલ દાઝે છે-ટેક.
એ એકલડો ઘેલો ગણાએ, વાત ન સૂણે કોય;
છાંય કુઆની કુઆમાં સમાએ, ઊંડી કોડીમાં કુકવો હોય-નર્મ૰ ૧.
નર્મદનું તેમ ઘણા જણકેરાં, દાઝશે દિલડાં ઝાઝ;
ત્યારે રે ત્યારે ઉપાય સુઝે ને, રહેજે સીઝશે સંધાં કાજ-નર્મ૰ ૨.
રૂઢી ધરમ ને રાજતણાં સહું, છૈયેજ નીચા દાસ;
વેઠવાં બંધન દુ:ખ ત્હાં લગી ઉંચાં સુખથી રહેવું નીરાસ-નર્મ૰ ૩.
જ્ઞાન અને ઊંચી સંગત જોગે, સત્ય વિચારી જોહ;
ભાવી સંકટથી ભય નવ પામી, કરે સ્વતંત્રતા સું નેહ-નર્મ૰ ૪.
પરદેશીકેરાં સુખ સહુ ઊંચાં, જોઇ ન ઇચ્છે તેહ;
નરતન પણ પાષાણ રૂપે, બૂસા જડભરતો શું લેહ-નર્મ૰ ૫.
સ્વતંત્રતાના સુખના લ્હાવા, જારે રૂડા સમજાય;
ઇતિહાસ વાંચી વિચાર કરેથી, કુળું કાણજ હુનું થાય-નર્મ૰ ૬
નિજ દેશી જનની દાઝ વધે ને, સંપે સદા વરતાય;
મારી ભૂમિ જન ભાંડું મારા, એવું સંઘે ભણે જશ થાય-નર્મ૰ ૭
નર્મદ કહે કવિ ભાઇઓ સંધા, જગવેાની આર્યાભિમાન;
દેશની ભક્તિ ને શૈર્ય વધારો, ગાઇ સ્વતંત્રતાનાં ગાન-નર્મ૰ ૮

(પદ-૨૬)†

આ હમે જૈએ રે, જનુની દૂર રણે જી;
વાજાં વાજે રે, દુખ ને રંગ ભણે જી. ટેક.
કુમળી પ્રીતનું બંધન કઠિણ તે, સહજે અશ્રુ પડાવે;
અતિસ મળણથી બળણ અતિસે, વછૂટવું ના૰ ભાવે-આ૰ ૧

* તા૰ ૩ જી જનેવારી. † તા૰ ૬ ઠી જનેવારી.

ફરી મળવાનું નક્કી શું રે, એથી દુખડું ભારી;
નમન હમારૂં જનુની માનીને, દીજે દોષ વિસારી–આ૦ ૨
દે આશિષ ઉમળકે માતા, રણજશ ઉજળા રળિયે;
જય કરી પાછા લાડ લાડવા, ઉમંગ રંગે મળિયે;
આ હમે જૈયે રે, જનુની આજ્ઞ રણે જી;
વાજાં વાજે રે, જય શ્રીરંગ ભણે જી—૩
ચલો જઈને અરિને મળિએ, જુકિત બળે બહુ લડિએ;
દેશભકિતમાં દાખી શૂરપણુ, કીર્તિ નામસૂં જડિએ–આ૦ ૪
પુરૂષપણું ને શૂરપણું ને, કુલીનપણું દરશાવે,
જુદ્ધકળા વળી જય શુભ જોવે, સમો સમીપે આવે–આ૦ ૫
લડતાં કીરતી પડતાં કીરતી, કીરતી જયથી હોએ;
પિતા પ્રમાણે કીરતી રળતાં, કીરતી માતની સોહે–આ૦ ૬
ચલો ચલોજી ભૈઆ જુદ્ધમાં, શકુન ઝડપિ શુભ લઇએ;
વાજાં વાજે ટીપ સૂરમાં, જોમ જમતું હઈએ–
રંગી રણમાં રે, ધુમિએ ખૂબ મચી જી;
રૂડાં કરિએ રે, જશનાં પાન પછી જી—૭

*(પદ–૨૭.)

ઝટ ડોળિનાંખો રે, મનજળ થંભ થયેલું. ટેક.
ઉત્સુકતા નથી જનનાં મનમાં, તાં લગિ સંધું કાચું;
સ્વપ્ને પણ ઉત્કર્ષ ન થાએ, કહું છઉં સાચે સાચું–ઝટ૦ ૧
ભણિ ડાહ્યા આનંદી થાશો, પણ તેમાં શું ઉધડયું;
પડી મોળા કાયર થઇ જાશો, ધિઃક સુખ એ સડયું–ઝટ૦ ૨
સ્વતંત્રતા અર્થે સાહસ તે, ઉમંગ વણુ નવ હોયે;
ધામધૂમથી આમ તેમ સુખ, ઊંચ હરખનું સોહે–ઝટ૦ ૩
ઊંચ વીર્યથી ઊંચ ગૂણ ને, ઊંચ વીર્ય ઊંચ ગૂણે;
વિના ઉષ્ણતા ઊંચપણું નહીં, ભરાઈ રેવું ખૂણે–ઝટ૦ ૪
ચૈતન વણુ શું સુખ દુખ લ્હેવું, તેજ રહ્યું ચૈતનમાં;
તેજ તમે ને તેજ તમે કહું, તેજ બનો સહુ મનમાં–ઝટ૦ ૫

* તા૦ ૯મી જનેવારી સને ૧૮૯૮.

તેજમાંહિ તમે તેજ બતાવો, એ લ્હાવાને લઇને;
તેજમાંહિ તમે તેજ સમાવો, એ સુખ પણ અનુભવીને–ઝટ૦ ૬
પ્રવાહ તેજનો નવ ચાલે ત્હાં, તેજ તિમિરના જેવું;
તરંગ તેના ચોમાસાના, જોઇ ન સુખ શું લેવું–ઝટ૦ ૭
થંભ સ્થિતિ જે હાલ તમારી, કરો ગતિમાં સારી;
ગતિવાળી સ્થિતિમાં પણ જુઓ, રંગ લ્હેર સહુ ન્યારી–ઝટ૦ ૮
રૂપાંતર ને ધામધૂમમાં, છે સૃષ્ટિ બહુ રંગે;
એમાં મ્હાલી ઊંચ હર્ષ તે, કાં નવ ધરવો અંગે–ઝટ૦ ૯
ચારપાસના રંગ જોઇને, ઉમંગ રંગને પી લો;
રણ રંગને દાખવતાં સુખ ને, દાખવિ સુખ જોઈ લો–ઝટ૦ ૧૦
રડવું તો હર ડગલે વખતે, પડિ રેહેવું પણ રોજે;
નર્મદ કાં નવ ધામધૂમનું, સુખ અનુભવવું ખોજે–ઝટ૦ ૧૧

*(પદ–૨૮.)

અહીં તહીં મથવું રે, મથતાં રંગ મચે જી.
ધુંધવાતી ધીરજથી તનડું, બગડીજાયે વ્હેલું;
મથવામાં મન જાય તેથિ કહું, શોકને આધે ઠેલું–૧
મથતાં મથતાં કોઇ સમે પણ, જુદ્ધ મચે બહુ જબરૂં;
જેમાં ધુમતાં હરી ઇચ્છાએ, કર્મ કપાએ કપરૂં–૨
ધામધૂમ બહુ જુદ્ધતણી તે, ગવાય ગામે ગામે;
ઉત્સુકતા ઉદ્યમ વાધેથી, શકુન આશ શુભ જામે–૩
સકળ જંન જ્હાં એક સંપમાં, એક ઉદ્દેશી થાએ;
સાહિત ત્હાં મળિ આવે સ્હેજે, થાય પ્રભુ પણ સાહે–૪
સ્વતંત્રતાનો માનતણો ને, ધર્મતણો જોરસો એ;
ત્રાંણુથી મોટા ફેરફાર થઇ, રંગ ઘણેરા સોહે–૫
હાય નથી એમાંનો એકે, હવે શી કરવી આશા;
ત્રણે થાએ પ્રદીપ્ત ત્હાં કેમ, પડે ન સવળા પાસા–૬
માટે કહે નર્મદ દેશીને, જોરસા ઊંચ વધારો;
મથો શોધવા પ્રસંગ જેથી, ફરિ પેખશો દહાડો–૭

---

* તા૦ ૧૨મી જનેવારી સને ૧૮૬૮

*(પદ–૨૯.)

ધિઃક ધિઃક દાસપણું દાસપણું;
બળ્યું તમારું સ્હાણપણું.—ધિઃક ધિઃક–ટેક.

જીવ વ્હાલો ને સ્થિરતા વ્હાલી, કરી શું જોયા કરવું;
કાયર થઈ અરિને નવ મળતાં, દાસપણામાં મરવું?–ધિઃક–૧
શૌર્ય કુલીનતા વિના આપણે, માણસ પુતળાં જેવાં;
જીવ છતે નિર્જીવમાં ખપવું, એ હીણ લક્ષણ કેવાં–ધિઃક–૨
રે સંતોષ અને ડહાપણ પણ, પરવશપણમાં રેહવું;
એ સ્થિતિ કેરૂં સુખ સાંધું તે, અસ્થિર નીચું લ્હેવું–ધિઃક–૩
સુખ ઊંચાંને સુખ નીચાંને, તોય શું બંને સરખાં?
સ્વતંત્રતા જળ હલકાં મીઠાં, દાસ્યનાં ભારી ચરકાં–ધિઃક–૪
બણી ઠણીને વેસ્યાચારજ, અધમ દાસ સુખ માણે;
બતક બગ સારસ હંસ જુથમાં, ભળે ન કાગ પ્રમાણે–ધિઃક–૫
નથી સ્હાણપણ ટકટક જોવે, પરજન હક લુટે તે;
મોટપ છે શરાતન દાખે, ઠગને કરવે છેટે–ધિઃક–૬
કહે નર્મદ શુભ ઈચ્છી જનનું, નરપણહક સાચવવા;
જીવજતાંલગી મથતાં રહેવું, સંતતિને બતલાવ્વા–ધિઃક–૭

†(પદ–૩૦.)

રંગ શું જોવા રે, નથી કંઇ ઢંગ જનોમાં–ટેક.
હીરા કરતાં પથ્થર આજે ગણાય કિમતી ભારી;
મોતી કરતાં સીપ વધારે એ છે સ્થિતિની વારી–રંગ૦–૧
પ્રેમ ગયો ને રહ્યો કામડો એ પણ નહિ મર્દાની;
સ્વતંત્રતા ગઇ, રહ્યું દાસપણ, મૈત્રિ સ્વાર્થની માની–રંગ૦–૨
ગયો રંગ રસ, વધ્યો અર્થ કહું ભુંડો શઠતાવાળો;
ઊંચ શૌર્ય તો ગયું, રહ્યો છે, ઠાઠ મમતનો ચાળો–રંગ૦–૩
જમીદારનાં માન ઘટયાં ને ઘટયા ઉદ્યમો અહિંના;
વધ્યાં માન સેવકનાં પદમાં ઘટયાંછ રજપુત સહિનાં–રંગ૦–૪

---

* તા૦ ૧૪મી જનેવારી સને ૧૮૬૮.
† (તા૦ ૨૮મી ફેબ્રવારી ૧૮૬૯)

એ સહુ ચિન્હો દાસપણાંનાં, વળી એક નવતરનૂં;
હાય શસ્ત્ર લઈ લીધાં રાજે; જડપણું ધિક જિવતરનૂં–રંગ૦–૫
ભાંય ધંન વિદ્યા ને ઉદ્યમ, સંધુ આપણે ખોયૂં;
દૈવ પ્રબળ લહી ધીરજ રાખી, સંતોષે સુખ જોયૂં–રંગ૦–૬
સર્વસ ખોયું છતે પણ આપણુ પુરૂષ વળી કહેવાતા;
શસ્ત્ર આપી દીધાથી વ્રંદલ બન્યાછ પાટૂ ખાતા–રંગ૦–૭
પુરૂષપણૂં હરીલીધું ભાઈ, સહુને વ્રંદળ કીધા;
યશસ્વી આર્યે આઠલે વર્ષે, દીસ્ય દામડા લીધા !–રંગ૦–૮
પ્રજાથી ડરતા રાજ વર્ગજન, તે બ્હીકણુ નામર્દા;
પણ સત્તા તે સત્તા ભાઇ આપણુ નહિ પાવર્ધા–રંગ૦–૯
કાંતો મરવૂં કાંતો લડવૂં, હવે જીવવૂં ભુંડૂં;
નર્મદ કહે છે નથી ઉછંકળ ભાપણુ મારૂં રૂડૂં–રંગ૦–૧૦

*(પદ–૩૧.)

સુણજો સેનાની, સૂચના સ્નેહીતણી જી. ટેક.
અનેક સ્વભાવે જન સરવે પણુ, એક આજ્ઞામાં વરતે;
સામાદિકથી તેવું કરવૂં, ગાય ગૂણુ તે ભરતે–સુ૦ ૧
લૂણહરામી પેટ બળ્યા કો, લોભી સ્વારથ અંધા;
લંપટ છંદી દ્રોહ કરનારા, હશે સેનમાં ખંધા–સુ૦ ૨
વળી કોઇ કાળાં કરનારા, હુલ્લડિયા મીજાજી;
કોઇનાં રેતતણી ઉત્પત્તિ, રહે દુર્ગધે રાજી–સુ૦ ૩
એવાથી સાવધ બહુ રહેવું, પરા તે કરવા મેલા;
બહુ બળવાન કદી તોએ પણ, લાગ જોઇને હેલા–સુ૦ ૪
રખે વધારે બળ શત્રૂનૂં, મળી ભેદ તે ભરડે;
ભયે ન રેહવા દેવા રહેડે, સાપ ઉછેસ્યા કરડે–સુ૦ ૫
એવા દુષ્ટતણી સાહાએ, કદી ન જશ તો રળતા;
પામી પરાભવ બન્દી થજો પણ, નીચસું કદી ન હળતા–સુ૦ ૬
જવાની દિવાનીતણા જોસસાએ, ટકે નહીં ઊછળતા;
જખમો ખાધે ઠરેલપણાંના, ઉદ્યમમાં જસ મળતા–સુ૦ ૭

* તા૦ ૩૧મી જનેવારી સને ૧૮૬૮.

આજ કાલ તો જન બહુ થોડા, ઊંચ વીર્યના ઠર્યા;
વળી ઘણા નીચી સંગતમાં, નીચપણે છે ઉછર્યા–સુ૦ ૮
એવાઓમાંથી રચ્યું હોરો, સેન તમોએ ભાઈ;
પ્રથમ શીખથી દો સમજાવી, ઊંચપણું સુખદાઇ–સુ૦ ૯
કુલીનતા શું મૈત્રિ ભક્તિ શું, પદવિ યોગ્યતા ન્યારી;
જુદ્ધ નીતિ ને રીતિ સુધડ શું, જસ ઉજળો સુખકારી–સુ૦ ૧૦
અધીર બ્હાવરાં થઇ નવ ઉંચકો, પરઆશાનો બોજો;
નિજ ઉદ્યમથી સ્વતંત્રતામાં, ઊંચું સુખડું જોજો–સુ૦ ૧૧
નર્મદ કહે સેનાની સાર્થક, મનખા દેહ અવતરવું;
દેશતણા ઉત્કર્ષને અર્થે, હોંસે મથતાં મરવું–સુ૦ ૧૨

(પદ.–૩૨.)

સ્થિતિ સંકડાયલજી, સમયનો લક્ષ કરેજી–ટેક૦
પ્રેમ વિજોગે પ્રેમ પાશથી, વિહ્વળ થઇ નથી હઠતો
રાજ્ય જંન સૌ દાસ થશે એ, ચિંતાથી કંઇક હઠતો–સ્થિ૦
બાકી નથી કો વાતે ડરતો, મરણથકી નથી ડરતો
ભીડંભીડા મચી ઘણી ત્યાં, વીર અવશ્ય ન ડરતો–સ્થિ૦
શુદ્ધ ચિત્તથી, શુદ્ધ કર્મથી, વરતું જગ માંહે રહું
સત્ય પૂજતાં સ્વદેશ શુભને, ઇચ્છું નથી કંઇ કૂડું–સ્થિ૦
એ સંતોષે ને રણશૌર્ય, હવેતો સાહસ કરવું
ઘણાક બળીઆ શત્રુ હણતાં, જય જોવો કે મરવું–સ્થિ૦
સહાસ એ મારો નિશ્ચય છે સ્નેહશૌર્ય ને કસવાં
ખરાંકે ખોટાં જોવા મ્હારે મહાકાળમાં સસવાં–સ્થિ૦
હરહર હરહર હરહર ભણતાં, ધુમું શસ્ત્રથી રણમાં
સહજ સ્વભાવે ને સંજોગે, નર્મદ રમતો પણમાં–સ્થિ૦

*(પદ–૩૩.)

ભક્તિથિ થાશે રે, જન ઉત્કર્ષ સવેળો–ટેક.
ગુણજ્ઞતા ને ભક્તિ તેથી તે, નથિ દેખાતી જાણી;
ગુણજ્ઞતા છે કપટ સ્વાંગની,ભક્તિ તો જડ પ્રતિમાની–ભક્તિ૦ ૧

* તા૦ ૧૯મી ફેબરવારી સને ૧૮૬૮.

શીઘ્ર સધાયે સ્વાર્થ આપણા, બાહ્યેન્દ્રિય સુખકેરા;
ગુણજ્ઞતા ને ભક્તિ દિસે ત્હાં, રંગ ન જેના ઘેરા–ભક્તિ૦ ૨
પરમાર્થૂ પંડિત દુર પેખી, દાખે જન નવ પેખે;
દેશ ભક્તિમાં ઊંચુ સુખ તે, શૌર્ય વિના શું દેખે–ભક્તિ૦ ૩
નથિ સેનાનીમાં શુભ ભક્તિ કે,જેથિ ઐક્યબળ રહોએ;
સેનતણી નથી સેનાની પર, કાર્ય સિદ્ધિ કયમ હોએ–ભક્તિ૦ ૪
ઈતિહાસો વાંચ્યાથી ઝાઝા, ભક્તિમર્મ સમજાંએ;
શૌર્ય પરાક્રમ પ્રગટ તાહરે, થયેથિ જસ લેવાએ–ભક્તિ૦ ૫
પંડિત શૂરા ધનવંતો એ, ઐક્ય શૌર્ય દરસાવે;
જન સહુ કો થઇ ગુણજ્ઞ હોંસે,જુદ્ધ જસાળું મચાવે–ભક્તિ૦ ૬
અરે શું મારા ગુજરાતીયો, પ્રથમથકી છે મેળા?
વ્યાઘ્ર સિંહના જસ નવ જાણે,ઠરે શું બ્હીકણુ કહોલાં–ભક્તિ૦ ૭
ઘણું એ મથતાં વેળુમાંથી, તેલ ન નિકળે કોદી;
પ્રેમીઅંશ વણુ પ્રેમ ન રહોએ,જાત ભલે બહુ જોડી–ભક્તિ૦ ૮
પણ શું વેળુ ચડિને યંત્રે, બિજાંનું તેલ ન કહાડે?
અપ્રેમી શું પ્રેમી સંગતે, વધુ કોડે ના લાડે?–ભક્તિ૦ ૯
ગુજરાતીમાં પણ છે દાણા, ઊંચ પાણિના મોટા;
દુઃખ વ્હેમ કચરાથી ઢાંકયા, ઠરેછ આજે ખોટા–ભક્તિ૦ ૧૦
દુઃખ વ્હેમનો કચરો ઉપડે, દાણા નજરે પડશે;
હીરા પણ દેખાશે જેથી, દેશ તેજમાં ચડશે–ભક્તિ૦ ૧૧
માટે કહે નર્મદ સહુ હોંસે, બંધન કાપી નાંખો;
પ્રેમ શૌર્ય તકતકતાં કરીને, ઊંચાં સુખને ચાખો–ભક્તિ૦ ૧૨

*(ગરબી–૩૪.)

દેશિયો ધુમો ધુમો રે ધુમો ધુમો–ટેક.
હાંરે તમે ખૂણે કયાંહાં સુધી રહેશો?
દાસ થઇને ગુમાવી બધું દેશો રે, દેશિ૦ ૧
હાંરે તમે પુરૂષ છતે હઠી જાશો;
કરે સ્ત્રિઓ શું રક્ત રણવાસો રે, દેશિ૦ ૨

* તા૦ ૧૫મી માર્ચ સને ૧૮૬૮.

હાંરે રજપુતાણીયે રણરંગ જોયા;
તમે પુરૂષપણે વટ ખોયા રે, દેશિ૦ ૩
હાંરે નવું જોઈ નથી હોંસ થાતી;
કેમ સારા થશો ભુંડા ઘાથી રે, દેશિ૦ ૪
હાંરે છતે ચેતન હરો કેમ પ્હાણા?
પ્રળો મીઠાં મુકી વીણો છાણાં રે, દેશિ૦ ૫
હાંરે હું ને મારૂં સ્વભાવથી માનો;
કાં ન પોતાનાનું હીત જાણો રે, દેશિ૦ ૬
હાંરે દેશભાંડુઓનું શુભ ઇચ્છો;
એમાં ધર્મીત્માનું પુણ્ય પ્રીછો રે, દેશિ૦ ૭
હાંરે ઉંચાં સુખને અર્થ શ્રમ માંડો;
પ્હેલે બંધન કંટક દૂર કહાડો રે, દેશિ૦ ૮
હાંરે બાંધેલાને કયાંથી સૂખ હોએ!
તે તો છૂટાપણાંમાં રૂડું રહોએ રે, દેશિ૦ ૯
હાંરે જુનાં બંધનસાટે નવું રાખો;
સંપે બંધાઇ છૂટસુખ ચાખો રે, દેશિ૦ ૧૦
હાંરે તમે સમો બદલાયો જાણો;
એને મળી ચાલી જશ આણો રે, દેશિ૦ ૧૧
હાંરે તમે નીચા ઠરોછો જગમાં;
કાં ન વધારો હુનું લોહી રગમાં રે, દેશિ૦ ૧૨
હાંરે એ તો વધે દેશાટન કરવે;
જાણે સ્વતંત્રતાની કથા ગરવે રે, દેશિ૦ ૧૩
હાંરે ટોપીવાળાના દેશ સહુ તાજા;
થયા પાઘડીવાળાના નરમ હાંજા રે, દેશિ૦ ૧૪
હાંરે ભણે નર્મદ દીલ બહુ દાઝે;
થાઓ સ્વતંત્રતા જશે રાજ રે, દેશિ૦ ૧૫

*(૫૬-૩૫.)

હોંસે હોંસે રે, છુટવા હામ ભિડોજી-ટેક.
હોંસ વનાનો પ્રાણી પ્હાણો, હોંસે માણસ હોએ;
ઊંચી હોંસથી સુઘડ બનીને,જશરંગે બહુ રહોએ-હોં૦ ૧

* તા૦ ૨૩ મી માર્ચ સને ૧૮૬૮.

ઉપરા ઉપરી કરી સરસાંઈ, સંપ વળી પોતામાં;
સરસાસરસી અવર લોકસું, કરતાં રહેવું મઝામાં–હોં૦ ૨
ધર્મ રીત ભાષા સંબંધી, ઐકય દેશિનું થાએ;
રાજકાજમાં એક ધોરણું, કેમ ન શ્રેષ્ઠ થવાએ–હોં૦ ૩
રાજભક્તિમાં એક એક જ્હાં,છુટથી હક ભોગવતા;
સ્વરાજ્યકીર્તિ વધારવાને, સંપ શૌર્યથી લડતા–હોં૦ ૪
પ્રથમ હોંસપછી ઉદ્યમ ખંતે,જુક્તિ સાથજ્હાં ચાલે;
હોંસે વધતા જાય નિરંતર, ત્હાં જન સુખમાં મ્હાલે–હોં૦ ૫
નથી રસ્તો કો છુટકારાનો, હોંસ હામ વણ બીજો;
હામવડે તો દામ ધામ ને, પ્રેમ શૌર્યમાં રીજો–હોં૦ ૬
હોંસ હીર નુર તેજ પાણી છે,કિંમતી નર હીરાનું;
નર્મદ જેથી જશ સામગ્રી, મળીઆવીરહી જાણું–હોં૦ ૭

*(પદ–૩૬.)

ઉત્સાહ ન દેખું રે, જનમાં કેમ થશેજી–ટેક.
વણ ચેતન વણ ઉત્સાહને વળી કર્મ વણ ન કાંઈ સીજે;
સ્વતંત્રતા યશ વણ કોઇ પણ દેશ કદાપી ન રીઝે–ઉ૦ ૧
કર્મસિંધુમાં ઉદ્યમરૂપી વ્હાણ ચલાવે નર જ્હાં;
યોગ વાયુ ને જુક્તિ યંત્રથી, બંદર ઝટ આવે ત્યાં–ઉ૦ ૨
બંદર કિલ્લો દેશસુધારો, ત્યાં પોંચાંએ વ્હેલું;
કર્મસિંધુ ખેડાયાથી તો, ધાર્યું પામવું રહેલું–ઉ૦ ૩
હોંસ ઉમંગે સાહસ ગૂણે, ઉદ્યમ ચલવે જન જો,
કર્મસિંધુ તોફાની તેમાં મચ્યો રહે નિશદિન જો,–ઉ૦ ૪
યોગ ન હોએ તોપણ જુગતે, ખંતે ઉદ્યમ હાંકે;
ઉત્સાહથી ભીડયો તે જાએ, દુઃખ ધીરજથી સાંખે–ઉ૦ ૫
આદિ ઉત્સાહ મધ્યે ઉત્સાહ, ઉત્સાહ અંતે હોએ;
ઉષ્ણ લોહીમાં રહે જંન ત્હાં, ઊંચું સુખડું રહોએ–ઉ૦ ૬
જે ઉત્સાહે દેશ આપણો, પૂર્વે બહુ વખણાયો;
લેશ નથી તેમાંનો આજે, ધસી ગયો છે પાયો–ઉ૦ ૭

---

*તા૦ ૧૭ મી અપ્રેલ સને ૧૮૬૮.

જે જે સુધરવા દીસે દેશો, તે ઉત્સાહથી જાણો;
ઉત્સાહથી તો યોગ આવતો, ખરખરૂં એ માનો–ઉ૦ ૮
ઉત્સાહ નિત ને ખંત કર્મની, એનો લહાવો મ્હોટો;
નર્મદ હઠતો તોપણ મથતો, ઉત્સાહે ફળ જોતો–ઉ૦ ૯

(રાગ–૩૭.)

રડો રડો મુજ જંન, રડો મુજને સહુ આજે;
થયો છઊં લાચાર, થતું નથિ કંઇ તમ કાજે—૧
જેમ જાણું હું દુઃખ, તમારૂં મારૂં વ્હાલાં;
તમે ન જાણો તેમ, ભરેલાં સંઘે નાળાં—૨
કેમે વટવાં તેહ, બળદતો બેહા થાકી;
ગાલ્લાંનો તો આંક, પડયો વચ્ચેથી ભાંગી—૩
ભિલડાંનો છે ત્રાસ, કરી ધા ને પછિ લુટતાં;
વાઘ રીંછનું રાન, કરાં ઉપરથી પડતાં—૪
ટક ટક રહીએ જોઇ, અવસ્થા ભુંડી આવી;
તમે રડો હું જોઉં, તણખલાં મુખમાં ચાવી—૫
તમે જીવો હું મરૂં, નથી મન થાતું તેવૂં;
પ્રેમ દયા છે ઊર, મરણ લગિ સરજ્યું સ્હેવૂં—૬
અહીં તહીં મથવું ફોક, તોય પણ મથું સ્વભાવે;
યોગ કર્મ સંબંધ, જ્ઞાનિ ગાયે છે ભાવે—૭
કર્મ કરતાં આશ, રિકત આકાશે ભાસે;
ઉત્તેજન લઇ મથું, પરંતુ ફળ શૂં થાશે ?!—૮
જ્ઞાનથકી છે સિદ્ધ, સંધું છે યોગાધારે;
થઈ રહી નિવૃત્ત, લહૂં સુખ દુઃખ વિસારે—૯
પણ પ્રવૃત્તિનિ માંહિં, જન્મિને ઉછર્યો જ્યારે;
કોમળ પ્રેમ સ્વભાવ, થવાયે શઠ કયમ ત્યારે—૧૦
નવ મૂકૂં હું હામ, પ્રાણ ત્યાંલગી ઘુંમૂરે;
(પણ) તમે રડો તે જોઈ, ગળગળ્યો છેક બનૂંરે—૧૧
મરણ સર્વને છેજ, તાહારે કાં અકળાઓ;
ધીરાં થઇને રહો, દીનને પણ પ્રભુ રહાયો—૧૨

હરો તમે સહુ અહીં, ઝાડને ઓથે વ્હાલાં;
હું જઇ ખોળું ગામ, એથી સહુ રડાંવાનાં—૧૩
ટળે ન સર્જિત લેશ, કાંતો અહિં પાછો આવું;
કાંતો છેલ્લી ભેટ, સજ્જનડાં નવ ગભરાવું—૧૪
કઠણ કરીને મંન, ઉધમી શીઘ્ર સિધાવે;
નર્મદ લઇ સાહિત્ય, સાંજરે પાછો આવે—૧૫

*(ગરબો–૩૮.)

પ્રગટ થયો દીવો રે, પ્રગટ ધીમેથી થતો;
ચળકીને ચળકતો રે, થઈ ઘટિ વધિ વધતો.
શારદને મંદીરે રે, પસરતૂં અજવાળું;
લાગ્યું સરસ સલૂણું રે, સુનાં ૩ ન તેજળું.
જેમ ઊગતો સૂરજ રે, વ્હાણે ગગને રાજે;
તેમ પ્રગટતો દીવો રે, શોભે ઘરમાં સાંજે,
નિત જોવામાં તેવું રે, તોય ન તેમાં રસ જાણું;
જોતાં આજે મંદીર રે, નવલ આનંદ માણું.
રળી રહી નહીં જરી રે, દ્રવ્યું હૈડું મ્હારું;
ફરી જોવું આ કયારે રે, મધુરું મંગળ ચારૂ.
પૂરા લ્હાવા ન લીધા રે, આવા ઊજેસતણા;
ધૂપવાસ ધૂમાડા રે, પસરતા ચળકે ઘણા.
ઘણા દીવા પ્રગટતા રે, દીસંતા હોય જહાં;
ઝહેક ઝહેકી રહ્યાં જો રે, બાગનાં ફૂળ તહાં.
ગગળી ગયો પ્રાણુતો રે, નયન જળ બિંદુ ઝુમે;
પણ પછી હૂં વિચારૂં રે, મિથ્યા શોક કોને દુમે.
વર્તમાન ને ભૂતનૂં રે, વિસાર તૂં દુઃખ હવાં;
પાડ માન શારદનો રે, શકુન થાયે આજ નવા.
શૂં હૂં માનૂં શકુનને રે, શકુન મૂને નાજ ફળે;
બહૂ વાહે શકુન તો રે, સંકટ મૂજ નાજ પળે.

---

* (તા૦ ૨૭મી આગષ્ટ ૧૮૬૮–ભાદરવા સુદ. ૧૦ વા૦ ગરેજી ૧૯૨૪)

પણ વારૂ શકુન તે રે, મંગળ દીસે જ્યારે;
વણ તેડે આવંતા રે, કયમ ન માણવા ત્યારે.
ઉદ્યમમાં ઉત્તેજન રે, કયમ ન લેવૂં પાડ લહી;
ભલે ભલેજી પધારો રે, શકુન આપૂં માન સહી.
આજે વરસનો દહાડો રે, જનમગાંઠ છતરીસમી;
વ્હાણાં કરતાં રૂડી રે, મને તો સાંજસમી.
હર્ષ શકુનમાં છૂટે રે, હતો શોક અબ્રે રૂંધ્યો;
ગુલબાસ કિત્તાનો રે, નવો ખીલ્યો આજ સુંધ્યો.
નવી શરદનો વાયરો રે, આજે પ્હેલો વાય મ્હને;
ખીલોરમાં દીવા રે, રળી રળી શબ્દ ભણે.
ભણે જય જય મંદીર રે, તુઠી મુજ શારદ શૂં;
લલકારૂં લળી લળી રે, પ્રસાદથી રણમાં ધસૂં.
નર્મદ થાઉં રાજી રે, તાજી સ્થિતિ મારી થશે;
જીતશે મુજ બાજી રે, ગાજી રહેશે નામ યશે.

(ઘાસા–૩૯.)

ભણો જયજય મંગળકારી, દિસે શુભ શકુનતણી વારી,
દેશની સ્થિતિ થશે સારી, યશસ્વી સુખિયા નરનારી,
રાખિ શ્રમ હોંસથકી ન્મરી, જુકિતઓ નવીનવી ધારી,
વૃત્તિને શૌર્યથિ સણગારી, કરો કૂચકેરી તૈયારી,
પ્રેમનું ઐક્ય વિઘ્નહારી, ઉંચાયશની છે બલિહારી,
શારદા કાર્તિકેય ભારી, સમરરંગ યોદ્ધા સંભારી,
નર્મદો શંખનાદ કારી, કરી કહે સ્વતંત્રતા સારજી,
રણ ધુમો ધુમો. ૧

જુઓ ઉજમાળાં શુભટાણાં, દિવસ એવા નિત નિત નાણ્યા,
ધુમ્યા ઉદ્યમ ઉછળ્યાં નાણાં, અરે તેનાતો છે સાંણાં,
ઉદરપોષણના પણ તાણા, કહેવાઇયે આંખ છતે કાંણા,
અરે ક્યાં તે રાજા રાણા, યશાળાં સુખ જેથી માણ્યાં,
અરે વંશજ તેના જાણ્યા, હોય જયમ વહુઓને આણાં,
તેમ પણ ઉઠો થઇ સ્યાણા, ચડાવો શૂર સુણી ગાણાં;
નર્મદો લાહિ ગોળ ધાણાં, દાખવે વાયાં શુભ વ્હાણાંજી,
રણ ધુમો ધુમો. ૨

ભલે વાયાં વ્હાણાં ભાઈ, દિશાતો રાતી રંગાઈ,
સૂર્યના કિરણ સિંધુ મ્હાંઇ, પડેથી લ્હેરો સોહાઈ,
જુઓ વન ઉપવનને ચ્હાઈ, રમે તરુ વેલી દીપાઈ,
વ્હાણુ ને ભાંય ઉપર ધાઈ, થશે કહું સૈન્યની યશદાઈ,
પનોતો જોગ ઝડપિ ધાઈ, ધન્ય ચ્હડવો જયજય ગાઈ,
રહે નહિં સૂખ ન્યૂન કાંઈ, દિવસ કયાં તે ભાઈબાઈ,
નર્મદો કહે ઇચ્છે સાંઇ, નિકટ છે જો મનમાં લેઇજી,

રણુ ધુમો ધુમો. ૩

મટોડીનાં પુતળાં નામે, કરી રાખ્યાં આવ્યાં કામે,
સજીવન થઈ ઘૂમ્યાં હામે, પુગ્યાં તે સહજે યશ ધામે,
ચલાવ્યો શક ગામે ગામે, વળી શૂં શૂં કીધું રામે!
એકલા પણ હામે હામે, રઝળતા તે બહુ દુખ પામે,
તોય સંકલ્પ ન કંઇ વામે, અરે ખંતેતો દળ જાંમે,
રાનિયો લઇ રાવણ સાંમે, ઉભા રહિ જીત્યા સંગ્રામે,
નર્મદો ગાય આઠ જામે, ઉતેજક યશ બહુ બહુ ઉજળાજી,

રણુ ધુમો ધુમો. ૪

શ્રીરામનિ સેના સજ્જાઈ, કવાયતમાં નવ સરખાઈ,
સહુ સાહિત્યે સોહાઈ, રણે વિધ વિધ જે હરખાઇ,
રાનિ જનથી તે ધબરાઈ, ગઈ જોતામાં અવટાઈ,
વળી દેશી રજપુતાઈ, ઉંણી સામગ્રી નહીં કાંઈ,
મુસલમાનોથી અંજાઈ, અરે શૂં છે કારણ ભાઈ,
ઉશેમંગ ખંતી નહિ સ્થાઈ, રમી બહુ કુસંપ મદમાંહી,
મુકો નર્મદ કહે થંડાઈ, દિલે દાઝી રહીને ધાઈજી,

રણુ ધુમો ધુમો. ૫

પડયો છે કેવો આ તડકો, વળી દાવાનળનો ભડકો,
રહ્યો નહિ ભૂમિનો કડકો, કે હિંમતનો લઈયે થડકો,
કે દઇયે છેલ્લો પણ ઝડકો, પડયા છે વચ્ચે તો ખડકો,
અરે મરવૂં પણ કાં સટકો, કરો કાં કાયરનો લટકો,
થઈને બ્હાવર કાં ભટકો, રણે ભિડતાં તો કાં અટકો,

ઉભો કરિ સંપ જરીપટકો, મરણીયા થઇ અરિને પટકો,
નર્મદા એ રાખો ખટકો, પછી આકે તે પણ રંગેજી,
રણ ધુમો ધુમો. ૬

રે છેક ગયું ઉતરી પાણી, કપાળે દીધો છે પાણી,
વદો છો રંક દીન વાણી, પિલોછો દળદરની ધાણી,
થઈ છે તન મન ધન હાણી, અરે સંતતિનું હિત નાણી,
વધેરો ઊંચ લોહિ પ્રાણી, રણે પડવાના રંગ માણી,
ઉછાળો મુંડ જેમ ધાણી, ભણી હરહર પાડો દાણી,
ત્રૂઠશે જગદંબા રાણી, પરાણે પણ કૈઅત આણી,
નર્મદા જય નક્કી જાણી, ભિંડો કે લ્હાઇયે ઝટ લ્હાણીજી,
રણ ધુમો ધુમો. ૭

કાદાહાડે જોઉં મંદિર પાસે, ઉભું સજસેન ભચ્યું હાંસે,
ઠરે નહીં પગતો ઉલ્હાસે, દિપે ચતરંગ કારી ભાસે,
લઈ આજ્ઞા રણમાં જાસે, ધિંગાણાંનાં ગીતાં ગાસે,
ભેરી રણતૂર ઢોલ તાંસે, પાંખરસે સાવજડાં થાસે,
ઉત્તેજક રણમાં કે સ્વાસે, ભચ્યા જોહા ધુમસે આશે,
ભુંડા શત્રુ જેથી નાસે, ધન્ન જયની પછી પરકાશે,
મધુર વારો નર્મદ વાસે, ઉત્સાહરંગ લાલ તે ઝળકેજી,
રણ ધુમો ધુમો. ૮

જને લીધી ભીખની ઝોળી, દિવાળી ખ્હાર ભિતર હોળી,
રહ્યા સહુ આંખોને ચોળી, રૂડી જસ કીર્તીતો બોળી,
જુઓ કંઈ ભાવીનૂં ખોળી, વિવેકે પૂર્વોત્તર તોળી,
નરાખો મતિ હીણી ભોળી, સતેજ કરો કાયા મોળી,
પિયો અમલી હિંમત ઘોળી, ફકીરી અબિલ અંગ ચોળી,
ભિડો સાંમે સાહસ હોરી, પછી પાલખી કે કાં ડોળી,
જીતો જો નર્મદ રિપુ રોળી,તોજ યશ સુખ ઊંચાં જોવાંજી,
રણ ધુમો ધુમો. ૯

સીઝાવ્વું જુલુમ તાપ તાતે, ચ્હેડાવ્વું હુકમ વાયુ વાતે,
વળી ધુમરાવ્વું દિનરાતે, શું રે નવ ઝુઝવું રણમાં તે,

હથિયાર? બહુ છે જો જાતે, ભિડો ધરિ હિંમત પણસાથે,
ઉઠી ગાજો સહુ સંગાતે, ધુમો સદઉદ્દેશે ખાંતે,
કરો ધમસાણ બહુ ભાતે, રુધિર રિપુના તરસ્યા થાતે,
ધરો સંકોચ ન કો વાતે, ભણે વૃદ્ધ બાળક અબળા તે,
નર્મદ નવ ઠરતો નીરાંતે, રડે સુરભા રણ રંગ ગાતોજી,
રણ ધુમો ધુમો. ૧૦

સ્મરણ કરી શ્રી મનુને ગાઉં, પ્રવર્તક શ્રુતિનાને ગાઉં,
પછી જય બુદ્ધ તણા ગાઉં, ફરી વળી શંકર રંગ ગાઉં,
ગુરુ ગોવિંદ સીક ગાઉં, શિવાજી કૃષ્ણને ગાઉં,
પ્રતાપી વિપ્ર ક્ષત્રી ગાઉં, પ્રતાપી વૈશ્ય શૂદ્ર ગાઉં,
ગાઉં ને અંશીજન ચ્હાઉં, કરંતા યશ કર્મો ચ્હાઉં,
ચલાવે રાજ્યચક્ર ચ્હાઉં, ચલાવે ધર્મચક્ર ચ્હાઉં,
નર્મદા આર્યદેશ કેરો, થવા ઉત્કર્ષ શીઘ્ર ચ્હાઉંજી,
રણ ધુમો ધુમો. ૧૧

હજીએ નથી કેમ ઉઠતા, ધરો શું દાસ તણી શઠતા,
દીસે દહાડા આવે પડતા, અરે રહેશો રોજે રડતા,
પરાધિનતામાં તો સડતા, ચિઢાઈને બહુ બડબડતા,
કાપશો નહીં બંધન નડતા, નહી જો ખસેડી દો જડતા,
થશો નહીં ખંતથકી લડતા, નહીં જો શત્રુ કરો ખડતા,
દાખવી સંપતણી ભડતા, કદી નહીં જોશો દી ચડતા,
કહે નર્મદ ગ્રામ્ય કહંતા, થશે વર્ષાના સુખ સહુ ગઠતાંજી,
રણ ધુમો ધુમો. ૧૨

(ગરબી–૪૦.)

બેનીયો સજો સજોરે સજો સજો—ટેક૦
હાંરે હવે જોયા શું કરવું ચાલો,
હાંરે પડો રણમાં કે જયસુખ મ્હાલો રે–બે૦
હાંરે હવે દહાડા ફર્યા છે જાણો,
હાંરે હક્ક માન તે પાછા નાણો રે–બે૦
હાંરે ભુંડાં બંધન તડાતડ કાપો;
હાંરે પ્રાણ અર્પી સ્વતંત્રતા થાપો રે–બે૦

હાંરે સ્મરો શક્તિ અનેકરૂપ ધાર્યાં;
હાંરે દેવીયોએ તે દૈત્ય સંહાર્યા રે–એ૦
હાંરે રજપુતાણીઓ રણમાં સોહી;
હાંરે ફ્રેન્ચ સ્ત્રીના જસે જગ મોહી રે–એ૦
હાંરે અમેરિકાની સ્ત્રી છૂટ જોએ;
હાંરે ધુમતી અક્ષરશસ્ત્રે સોહાએ–એ૦
હાંરે બની ધીટ ધુમો ઉંચી આશે;
હાંરે વીરો નર્મદ ભણે જય થાશે રે–એ૦

(પદ–૪૧.)

મેહેબુબની બગલ તજીને જંગસું કર યારી
વખત છે બારીક ને કારી કારી
હરીફને જીતી આવ મારી–
જૂદ્દે થવાની તેથી માશુક બહુ ગળગળી થાય
વધૂદિલ આશકનું ઉભરાય,ઉભરાય
જોઈ તે નેન નીર ઝળકાય–
ગગળી જઇ હથિયાર ન ધરવા એમાં શી મરદાઈ
સીપાઈ રે નથી આબરૂ કાંઈ, કાંઈ
સમજીને દુશમનપર જા ધાઈ–
જીતકરીને આવીશ પાછો ત્યારે તે જોશે
ઉમલકે મલકાતી હોંસે, હોંસે
ઇશકને મ્હલાવશે જોશે–
બહાદૂરીની વાતો સુણતાં બહુ તે હરખાશે
મુબારક શરાબને પારો, પારો
સતારે તારીફ બહુ ગાશે–
એ લ્હાવાની ઉમેદમાં તું તયારી કર ભાઈ
જોઉં કે તે શમશેરને તેં સાહી,સાહી
પીએ છે પ્યાર પ્યારી ને પાઈ–
લાયક માશુક કોટી કરીને દુવા દેઇ કહે 'જા'
ખૂદા પરી રાખવશે સહુ આ,સહુ આ
હાલતો જંગ મસ્ત તું થા–

ફૂચ ફૂચ કર સિપાઈ જબરી બ્યુગલ તે વાજે
સાથી સહુ મળેછ જ્યાં સાજે,સાજે
નર્મદા બડા બડા રાજે.

(પદ–૪૨.)

પિયુ–સમરપંથ સમરપંથ લક્ષવો હવે,
એજ છે નિર્માણપંથ લક્ષવો હવે–ટેક.
મરણ કાં તો જયના રંગ બીજુંના લહું,
બંધનનું દુઃખ પ્રિયા કેટલું સહું–સમર૦

પ્રિયા–જય જય જય થાઓ પિયુ પ્રેમદા ભણે,
કીર્તિ મેળવી રૂડી વળી મળો મને–સમર૦

પિયુ–વિષે નામને લગાડું ડાઘ નહિં પ્રિયા,
પંડદાસ નહિં ખપું હું કો કરે ક્રિયા–સમર૦

પ્રિયા–દુઃખ તો વિજોગનું થશે ઘણું પિયૂ,
જીત પછી મળશું તેથી સુખ અવર કિયૂ–સમર૦

પિયુ–રણ પડું તો નામ રૂડું મારૂં રહે પ્રિયે,
હીણું નામ કાયરૂં નીતે પિંખાયરે–સમર૦

પ્રિયા–દાસ ટળી કીર્તિ રળી પ્રેમ મ્હાલવો,
એની આશમાં પિયુ હું જોઉં રંગ નવો–સમર૦

પિયુ–નામ કરી મરણ પામું તેથી અંગના,
સાથી અને પુત્ર સહુ ઝુઝશે ઘણા–સમર૦

પ્રિયા–પુત્ર શિરે હાથ મુકી જઈ રણે ઘુમો,
વારતા કેહેવાને પિયુ જીતીને વળો–સમર૦

પિયુ–પ્રેમપાન આ ફરીથી કે દીરે પ્રિયે,
જો કદી આ છેલું તો તું ધીરથી રહે–સમર૦

પ્રિયા–તન નહીં પણ મન તમારી સાથ કંથરે,
નિત્ય વીનવીશ પ્રભૂ રહો નચિંત રે–સમર૦

પિયુ–સમય થયો રો નહીં તૂં મારી થઈ પ્રિયે,
જોજે હવે જય છે તુજ નર્મદો રણે–સમર૦

(પદ–૪૩.)

સ્થિતિસ્પૃહા નવ રાખો લોકો, જ્ઞાને નિશ્ચય દાખો—ટેક
જ્ઞાન સંશયી સ્થિતિ સંકોચિત, એથિ શું ડખાઇ રહેવું
ઉચ્ચ લક્ષ્યની આસક્તિમાં, ઉમંગથી દુખ સહેવું—લો૦ જ્ઞાને૦ ૧
ધીરજમાં ઈચ્છા દૃઢ ધરતાં જુક્તિ જણાયે ઝાઝી
સમય આવતાં સાહસ કરતાં, આર્ય થશે સહુ રાજી—લો૦ જ્ઞા૦ ૨
જડનું વળગણ ભારી તોએ જ્ઞાન હઠે રહેવાશે
હૃદય દ્રવ્ય ઉકળશે ત્યારે પર્વતતો ઉંચલાશે—લો૦ જ્ઞા૦ ૩
અંતર સબળું જમજમ થાશે બાહ્ય સબળ પણ થાશે
જ્ઞાન પામિને લક્ષ પાડતાં શ્રમથી કાર્ય સિઝાશે—લો૦ જ્ઞા૦ ૪
બુદ્ધી છે વિદ્યા ઇચ્છા પણ લક્ષ પરિશ્રમ કયાં છે
ભોગ લલૂતા વધી ગઈરે નીતિ પ્રાપ્તિની કયાં છે—લો૦ જ્ઞા૦ ૫
એક લક્ષના સહુકો થાઓ એ ઐકયે બળ વાધે
નર્મદ નડકી નિશ્ચય સાથે કાર્ય કરી જય સાધે—લો૦ જ્ઞા૦ ૬

(પદ–૪૪.)

બ્રાહ્મણ ક્ષત્રી હો, સમયનો લક્ષ્ય કરો હો—ટેક
એક ઐકયને જાણી જણાવો એની ભક્તિ પ્રબોધો
શુદ્ધ હૃદયમાં એકને ધ્યાઓ ઐકયની ઘટના શોધો—બ્રા૦ ૧
એજ જ્ઞાન પણ સ્નેહ કર્મસું વળી વાને દૃઢગરવા
ક્ષાત્ર કર્મના રહો અભ્યાસી રણે પરાક્રમ કરવા—બ્રા૦ ૨
એજ જ્ઞાન પણ સ્નેહ સમૃદ્ધિ તે પણ ઉદાર થાએ
ઠરી બુદ્ધિયે કરો મથન જન સેજે જય જોવાએ—બ્રા૦ ૩
ગ્રહણ થએલું ખગ્રાસે તે છુટશે સમયે દાને
રાજ્ય લક્ષ્મી ફરિ દર્શન દેશે નિશ્ચે નર્મદ માને—બ્રા૦ ૪

(પદ–હોળી–૪૫.)

બહુ બહુ રે ખમ્યું ધીર રાખી-હાવાં સહુએ ત્યાગની ખેલવી હોલી–બહુ–ટેક.
તન મન ધન બલ છેક ઘટયાં પણ હજી લહો ત્યા નીતી
થઇ છે દિશાઓ શૂન્ય ભયંકર ઊઠો તજીને ભીતિ–હાવાં૦ ૧

બ્રાહ્મણ બુદ્ધિ ને દેવયજ્ઞને ક્ષાત્ર ધરો રણ નીતિ
ભાગ્યને ભેટવા કરિ દો કેસરિયું રાખો નિશ્ચયપર પ્રીતિ–હાવાં૰ ૨
વૈશ્ય જનો લો દેશ દાજમાં, દાનશૂર તણી નીતિ
નર્મદ કહે સૌની ત્યાગ બુદ્ધી જીતાયું લેશે જીતી–હાવાં ૩

(ભુજંગી વૃત્ત–૪૬.)

જતાં [૧]કોટડે **કેવડેથી** સહવારે, ખુંધો ઘાટ હલ્લ્યુ થયો રાજિ ભારે;
થયું સ્મર્ણું **મેવાડની** છૂટ માટે, [૨]**પ્રતાપે** કર્યું જુદ્ધ [૩] **સીલીમ** સાથે.
દિઠો ઘાટ રાતી મટોડિથી રંગી, રવી કારણે તકતકયો જાણું જંગી;
ખરે લાગ્યું સંગ્રામ મેદાન મોટું, ઉણું એટલું ના દિઠું સૈન્ય ઓઠું.
અરે નર્મદા પ્હાડ ચોપાસ તે તો, ન લાગ્યા તુને ઊજળા ભવ્ય કહેતો ?
દિસે સંધુ જોકે અહીં સૂનકાર, પડે સ્મર્ણુથી કાનમાં ભંણુકાર.
પડ્યા **આર્ય આત્મા** અહીં દેશકાજે, ચિરંજીવ કો વર્ણુવો આવિ આજે!

રચાયાં હતાં સેન બે આમ ઠાઠે, લડયાતા હમે આમ **રાણાજિ** માટે,
હતો ઘૂમતો જુદ્ધમાં આમ બાપો, હતો મારતો શત્રુને આમ છાપો,
થઈ જીત જાણી હમે આમ ખંતે, યશસ્વી થઈ હાર તો આમ અંતે.
[૪]કુણે ભક્તિથી રાજને તો બચાવ્યો ? કુણે હોંસથી આપણો પ્રાણ આપ્યો ?
અરે ઘાટ ને જુદ્ધના રંગ વર્ણો, કરે ઊજળાં મંન તે ભૂત સ્મર્ણો!

અરે હાલ મેવાડિ નિસ્તેજ સંધા, દિસે નિર્ધની આળસૂ છેક મંદા;
કસુંબા અને તાન ટપ્પાનિ લેતા, રજ્યું બાપનું ખાઇ ટેડાજ રહેતા.

હવે પૂર્વના રંગ તે કયાંહ ભાળું ? યશસ્વી તણે દ્વાર દેવાયું તાળું;
દિસે ગામડું રાજધાની ચિતોડ, ઉદેપૂર કેરો નથી આજ તોર.
નથી દેશ ને કાળ કોઇજ જોતું, નથી વાંચતું હોંસનું કોઇ પોથું,
નથી રાજનો લક્ષ ઉત્કર્ષ અર્થે, શું થાયે પ્રજા રાજ સંપે સમર્થે ?

---

૧ એ–ભીલના કટક ગામો સલુમરથી ઉદેપુર જતાં વચમાં આવે છે. સલુમરથી ૨૧ ગાઉ કેવડા, કેવેડેથી ૪॥ ગાઉ કોટડા ને કોટડેથી ૪॥ ગાઉ ઉદેપુર.
૨ ઉદેસીંગ જેણે ઉદેપુર વસાવ્યું તેનો દીકરો.
૩ અકબરનો દીકરો જાંહાંગીર બાદશાહ.
૪ ઝાલાવાળો **માનો.**

ઉંચૂ શૌર્ય [૫]**જેમલ ફત્તે** પ્રકાશ્યું, ઉંચૂ કૂળ શૂરાં[૬]**સલૂમ્રે** દિપાવ્યું,
ગયું શૌર્ય કહાં તે પડ્યું કૂળ કહાં રે! જુઓ સ્વર્ગવાસી નિચે રાજમારે.
ખરો ભક્ત છું કેમ કો ન વદો રે? અરે દેશઅર્થે કંઈ સૂચવો રે;
નથી આજ કોને ખરી દેશદાઝ, સ્મશાનો દિસે છે સહૂ દેશિ રાજ!
ખરે સ્વપ્ન જેવા થયા પૂર્વ રંગ! ઉઠો રાજપુત્રો હવે દાઝિ અંગ.

વધે દેશમાં જ્ઞાન ઉદ્યોગ ઝાઝા, કરો તેવું થાએ ફરી સર્વ તાજા;
નવું જોઇ જોઈ વધારોજી હોંસ, ન કહાડો ભુંડા દૈવનો લેશ દોષ.
કહું જ્ઞાનથી જાણશો નીજ ટેક, ફરી ગાજિ રહેશે રહું નામ નેક;
સ્થળો જુદ્ધનાં છે હજી દેશમાંજી, રહ્યા ગ્રંથ છે શૌર્ય તે કૂળનાજી.
અસંતોષ રાખી કરો કર્મ ઊંચ, ખરે શોભિ રેહ તોજ તલ્વાર મૂછ.
રહો ધાટ [૭]ટાડે વખાણ્યો ઘણો છે, ભણે **ગ્રીસ-થર્મોપલી** જેહવો છે;
સુસંવત્ત તો **સોળશેં બત્તરીસે**, સુદી શ્રાવણે સાતમે જુદ્ધ દીસે.
ઊંચો **નર્મદો** ધાટને જોઇ ગાયે, કરી જાતરા ને ઉમંગે પુલાયે;—
થયું સ્મર્ણ મેવાડની છુટ માટે, પ્રતાપે કર્યું જુદ્ધ સીલીમ સાથે.

ધર્મ સ્થિતિ ને સ્થિતિ રાજ્ય કેરી, એથી નિપજતું સ્થિતિબિંબ હેરી
પ્રત્યેકજન ઝૂઝઈ દેશ અર્થે, સ્થાયી સુખ તણો રસ લાવ તે.

એવું છે પણ આજકાલ નથી કો જેણે પરાર્થે તજ્યો
પોતાનો ધન ધામ અર્થે, રણનો વાગો ઉમંગે સજ્યો
થોડાકે નવ નીકલે પણ ભણી તો લોક ક્યાંથી લહે
માટે હે જગદીશ પ્રેર મત્તિ તું શૂરા સુમાર્ગે વહે.

---

૫ ઉદેસીંગ રાણાના સરદારો.

૬ સલુમરવાળા અમીર—એ પોતાની કુલીનતા, શૌર્ય, ટેડાઇ, ઠાઠને માટે પ્રસિદ્ધ છે.

૭ કરનલ ટાડ જેણે રાજસ્થાન નામનું અંગ્રેજી પુસ્તક લખ્યું છે તે. રાજસ્થાનના પેહેલાં પુસ્તકમાંના ઇતિહાસનો સાર મેં ગુજરાતીમાં કર્યો છે તે છપાયેથી (છપાયો છે—રાજ્યરંગ ભાગ ૧લો.) પ્રતાપ તથા હલધુ ઘાટ સંબંધી વિશેષે જણવામાં આવશે. એ ઘાટ મે સને ૧૮૬૭ની પાંચમી ડીસેમ્બરે સવારે ૧૦ વાગતે ખુંદ્યો હતો.

ખંડ ૧ લો—ઈશ્વરસંબંધી.

૧. જ્ઞાનપૂર્વક ભક્તિ.

(દોહરા.)

તે ઈશ્વર તે દેવ જે, સરજ્યો સંસાર;
જે રચનામાં નહિં મણા, તે રચના રચનાર. ૧
ઘાટ ઘડ્યા અદ્‌ભુત સહુ, પણ કરનારો એક;
એજ ખુબી જગદીશની, મોટો જેનો ટેક. ૨
ઘાટ ઘડ્યા પણ ઘાટમાં, પોતે ના દેખાય;
વ્યાપક તે સઘળે રહી, અંતરજામી થાય. ૩
નિરાધાર પોતે છતે, સહુને તે આધાર;
ઈચ્છા આકર્ષણવડે[૧], કર્યૂ સર્વ તૈયાર. ૪
ન્યારી ન્યારી શક્તિયો, ન્યારા ન્યારા ગૂણ;
દેવ દેવિનાં નામથી, રૂપ રૂપની ખૂણ[૨]. ૫
રૂપ કવીની કલ્પના, સાચો નહીં વિચાર;
નિરાકાર જે સર્વદા, તે ના લે અવતાર. ૬
અદ્‌ભુત શક્તી તેહની, આહા શું વર્ણાય ?!
તર્કસિંધુતીરે જતાં, ધસી પડી ડૂબાય. ૭
જય જય જય જગદીશ જય, જય અવ્યય અવિનાશ;
જય વિશ્વંભર નાથ જય, જય ચિદ્‌ઘન આકાશ. ૮

(૨–૧)

જેની શક્તીથી થયાં, ભૂ જળ ગિરિ આકાશ;
જસ જેના બહુ બહુ વળી, વંદૂં તે અવિનાશ. ૧
સૂર્ય ચંદ્ર ગ્રહની ગતી, રાત્ર દિવસ ઋતુ સાર;
ધાતૂ ઝાડ જનાવરો, સહુને તુજ આધાર. ૨
તજવીજો સંસારમાં, કીધી શી ભગવંત !,
ચતૂરાઇ પરમાર્થમાં, ડૂંપણમાં તું અનંત. ૩

---

૧ ઈચ્છા અને ઈચ્છાથકી ઉત્પન્ન થયલી એવી જે આકર્ષણશક્તિ તે અથવા ઈચ્છારૂપ આકર્ષણશક્તિ તે. વિશ્વમાં રહેલી શક્તિ આકર્ષણજ છે.
૨ નિશાણી.

તુજ નીતીનાં રાજમાં, પાળ મને પરમેશ;
સદ્‌ગુણમાં હરઘડિ રમૂં, એજ કરવ ઉદ્દેશ[૧]. ૫
અપરાધી પાપી ઘણો, કરું હું નિર્લજ કામ;
તે સહુથી ઊગાર તૂં, કરગરિ કહું સતનામ[૨]. ૫
(૨-૧)

સર્વ શક્તિ ધરિ તેં હરી, તીક્ષ્ણ આંખથી જોય;
બને વાત બહુ ખૂણમાં[૧], દીલ ગુફામાં હોય. ૧
જેને જાણૂં ગુપ્ત હૂં, તેનો નહિં તું અજાણ;
છાનાં કામ નિહાળતો, જબરો જગનો ભાણ[૨]. ૨
જે જે પાપ કરૂં સહૂ, ભણું હૂં ભૂંડાં વેણ;
તેને રે નોધી કરી, કરે તું કરડાં નેણ. ૩
મુઆ પછી ઇનસાફમાં, વંચાયે સહુ જેહ;
જમે ઉધારો અહિં કર્યા, પુણ્ય પાપના તેહ. ૪
કર બાપા એ માફ તૂં, બેશરમાં મુજ કામ;
શૂં મ્હોડૂં લઇ આવું હૂં, પગપાસે શુભનામ[૩]. ૫
પાપ કરૂં હૂં નહિં કદી, એ મારો ઠેરાવ;
કાંકે પ્રભુ પળપળતણો, જોયે ગુપ્ત બનાવ. ૬
(મિશ્ર.) (૨-૨)

જેણે આ દુનિયા રચી, તે ન્હાનો કયમ હોય;
અગણિત ગુણ છે તેહના, રહેમથકી બહુ જોય. ૧
કુદરતિ સાદો ઘાટ કો, ઘડવા ભીડે હામ;
મથિ મથિ તજવિજ કરિ મરે, પણ ન સરે કંઇ કામ. ૨
પવન પાણિ ધરતી વળી, આતશ ને અસમાન;
કુદરત બહુ રંગે ભરી, ઘણું ઘણું તેનૂં માન. ૩

---

૧ મુખ્ય હેતુ; મ્હેલી મતલબ. ૨ ઓ સાચાં નામ. ૧ ખુણામાં.
૨ મોટો સૂરજ; ઈશ્વર. ૩ ઓ કલ્યાણ કરનારાં નામ.

આફત જો આવે ધણી, ઇલાજ ના દેખાય;
તે વેળા સંભારતાં, ઝટ તે મદદે થાય. ૪
ઉથાપવે ને થાપવે, તે સરખો નહિં કોઇ;
ઘડી ઘડીની છાનિ તે, જાણીલે સહુ જોઈ. ૫
પાપીને શિક્ષા કરે, ભક્તને રાખે પાસ;
ઝાડી ને કુંજરતણી, સહુની પૂરે આશ. ૬
નમૂં નમૂં તે દેવને, આવો મોટો જેહ;
નીતી પાળી રોજ હૂં, રાજી રાખૂં તેહ. ૭
(૩-૧)

ઝાઝા*જસ પરમાથમાં, દીનબંધુ જગરાય;
દયાતણા દરિયાવ તૂં, હોલવ મ્હારી લ્હાય. ૧
આ ભવસાગરમાં તરૂં, બળતો બળતો રોજ;
ખળખળતાં પાણી વિષે, ડુબિ જઈ નથિ મરતોજ. ૨
અંધારૂં બીહામણૂં, નહીં કોઇની ઊંફ;
તોપણ રે મ્હવાસથી, સુખ માન્યૂં મેં ઊંચ[૧]. ૩
દૈવજોગથી તો ઉગ્યો, પ્રેમચંદ્ર[૨] સુખકાર;
થયો નહીં રળિયાત હૂં, જાણ્યો માયાકાર. ૪
ધીમે ધીમે[૩] ચાંદની, આવી મારી પાસ;
જ્ઞાન છતે મેં ભોગવી, બાંધી સુખની આશ. ૫
તેને મન હૂં બહુ વસ્યો, મારે મન વસિ તેહ;
થોડા દિન મેં રંગમાં, કાઢ્યા બાંધી સ્નેહ. ૬

---

*પ્રીતિનાં દુઃખમાં એ કવિતા પ્રિયાના ઘરમાં સાંજે એકલો બેઠો હતો ત્હાં લખીછે. એ કવિતા પ્રેમપિડિતને અને આધિવ્યાધિ ઉપાધી પિડિતને બંનેને લાગેછે. એમાં પ્રકૃતિવર્ણન અને સૃષ્ટિસૌંદર્ય વર્ણન બંને છે.

૧ ઊંચા જનતું.

૨ સુખ થાય એવી વસ્તુ (સમુદ્રમાં અથવા મનસમુદ્રમાં અંધારૂં હતુ પણ એકાએક ચંદ્ર અથવા આશાચંદ્ર (કનકકામિની-વગેરે) ઉગ્યો તેથી હું જે જ્ઞાની-તે ખુશ ન થયો. મેં તે ચંદ્રને માયાનો આકાર એટલે થોડીવાર પછી છેતરી વધારે દુઃખી કરે તેવો જાણ્યો).

૩ હું તો તરીને ચાંદરણાંમાં ન ગયો પણ અંધારામાંજ રહ્યો પણ ચાંદરણું મારી પાસે આવ્યું. (જ્ઞાનિ દૃઢ હોય છે પણ તેનું કુદરત આગળ ચાલતું નથી).

એ દિવસોમાં પણ વળી, બહૂ દુદન[૪] થતું જાણ;
પણ પાસેની ઊંકથી, કંઇ ન જણાયે માન. ૭
છૂટયો બહુ વંટોળિયો, ચડિ આવ્યું આકાશ;
ગઈ ચાંદની સેજમાં, પાછો થયો નિરાશ. ૮
થોડિવાર જાણ્યું નહીં, શું થઇ ગયું આ ઠાર;
ધીરજથીજ વિચારતાં, સમજ્યો સઘળો ઠાઠ. ૯
સમજ્યું પણ દુખ પામું છું, અહિંથી તહિ હું જાઉં;
અકળાઉં કૂટાઉ ને, સિઝાઇ[૫] રાતો થાઉં. ૧૦
થાકે ઝોકૂં આવતું, પણ નહિં મંન નિરાંત;
છોળ પછાડે દૂર લૈ, અંધારૂં દિન રાત. ૧૧
દુઃખ મ્હને છે એહવું, કહેતાં ગળું ગુંગળાય;
વીતે તેવું તેટલું, કદી નાજ વરણાય. ૧૨
મને વીતતું જોય તું, કયમ તુજથી જોવાય;
નિર્દય કાંરે થાય છે, દયાળુ તો કહેવાય. ૧૩
પણ નથિ નિર્દય હું ચુકયો, સાચો ન્યાઇ છેજ;
વાંકથકી હું ભોગવું, શિક્ષા મોટી છેક. ૧૪
ભોગવ્યું રે મેં બહુ હવે, બાપા દીલ વિચાર;
ખ્હાર કહાડ દુખમાંથકી, એજ માંગું દિલદાર. ૧૫
(૧–૧)

ઊપજવું રેવું જવું, એ દુનિયાના નીમ;
જે શક્તી પરમેશ્વરી, જેની નહિં કંઇ સીમ. ૧
જગકર્ત્તા નિર્ગુણ છતે, કવિયે ત્રણ ગુણ દીધ;
બ્રહ્મા વિષ્ણુ મહેશ તે, નામ સગુણ એ સિદ્ધ. ૨
મૂરખ માને મૂરતી, જેને નહિં આધાર;
કવિ કલ્પિત સહુ વાત તે, નહિં કંઈ વિશ્વાધાર. ૩
નિર્જિવને જિવ આપતા, વાત ઠસાવવાકાજ;
પણ તેમાં નહિં સત્ય કંઈ, નિરંકૂશ કવિકાજ. ૪

---

૪ એ સુખ નથી રેહેવાનું એ વિચારથી રડવું આવતું.
૫ ખળખળતાં પાણી છે તેથી.

જ્ઞાન ઈશ્વરી હાંસવા, ધર્મ નીતિની વાત;
કવિયે કીધી જુક્તિ પણ, બગડયો ભોલો સાથ. ૫
આજ કાલ પ્રતિમાથકી, અનાચર જે થાય;
તેથી તો તોબા ખરે, સકળ સુકૃત ધોવાય. ૬
વગોવાય બહુ ભક્તિ ને, અનીતીજ ફેલાય;
તજિદો તે સહુ માનવી, હરિ વળિ રાજી થાય. ૭
જગલીલા ગાઓ બહુ, નીતીને સજિલોજ;
માનસીક પૂજા કરો, નિરાકારની રોજ. ૮
(૨-૧)

પ્રભૂ* પ્રેરણા દોરવે, ભવે મનુજને જાણ;
હોકા વાયૂ માપથી, દરિયો ખેડે વ્હાણ. ૧
જેને જયમ નિર્માણ કિધ, ત્યમ તેને દેખાય;
મરડી મચડી વાળતે, નહીં સુધારો થાય. ૨
પ્રભુ જાણી મારી દયા, પ્રેર બુદ્ધિ શુભકાજ;
પ્રભુ છે મ્હારી દુર્દશા, પ્રેર સૂચના આજ. ૩
તૂજથકી સહુ થાય છે, હમે નિમિત કુણ માત્ર;
ગર્વથકી અપજસ મળે, વળી દુઃખ દિન રાત્ર. ૪
(૨-૨)

ઘણું† કષ્ટ હું ભોગવું, સામું જો ભગવાન;
કામ તુંને તો છે ઘણાં, દયા ભક્તપર આણ. ૧
જ્યાં લગિ ભક્ત હું તાહરો,દાસ ગાઉં તુજ ગૂણ;
ત્યાંલગિ તૂં મુકીશ મા, દીન વાણિ એ સૂણ. ૨
તૂં હું ગવાયા જગતમાં, હરિ ને હરિનો દાસ;
જો દીસે મુજ વાંક તો, દે માફી ઓ આશ. ૩
ફરિ દરશન નવ દેવું જો, ફરિ ન થવૂં પરસંન;
તો તેપણ તૂં કેહ કે, દુઃખ તજૂં તજિ તંન. ૪

---

* ઉભરામાં લખી છે.
† પ્રેમ વિયોગનાં દુઃખ ઉપરથી લખી છે.

જ્ઞાન ભક્ત ઘેલો થઈ, તરસ્યો રઝળું રાન;
કૃપાસિંધુ કરુણા કરી, જો ફરિ છઉં નાદાન. ૫

(૨–૧)

(ચોપાઇ.)

ધરતી દરિયો ને આકાશ, તે હારી કિરતી પરકાશ;
જ્હાં દેખું હાં ભારી કામ, નહિં રે ફોકટ કંઇ પણ હામ. ૧
જસ છે મ્હોટા તારા બાપ, પ્રભુ મુજને તું ભક્તી આપ;
નીતીસંગ સદાયે થાપ, અહિંનાં સંકટ સરવે કાપ. ૨
જે જે કીધા તેં રે નીમ, જેની નહિં વળિ કાંઈ સીમ;
તે સહુ હુંપણના ભંડાર, ઉપયોગી મોટા આધાર. ૩
તારી આજ્ઞા સાચી વળી, પવિત્ર ને ઇનસાફી ભલી;
દીલ ઉલટથી પાળું સદા, પડે ભીડ કોઈ નહિ કદા. ૪
મોહજળમાં રોજે ફસું, પણ તારી કિરપાથી ખસું;
મરણદંડ તે સારો દીધ, જે ભોથી મેં શિક્ષા લીધ. ૫
મરણ ઝડપશે કોદી ખરૂં, તે ભોથી કેમે નીસરૂં;
નીતિ ભજનની સંગે રહું, તો તે ભો નડશે નહિં લહું. ૬
માણસ મરિ બે વાટે થાય, કાં નર્કે કાં સ્વર્ગે જાય;
પણ હું નહિં કંઈ નર્કે જાઉં, પુણ્ય કરી સ્વર્ગે સોહાઉં. ૭
માટે પ્રભુ જાચૂંછું તને, સત મારગ દરસાવે મને;
આ જિવ જસ ગુણ તારા ગાય, તો તું મુકતી દે જગરાય. ૮

(મિશ્ર.) (૨–૧)

(ત્રિભંગી વૃત્ત.)

હરિ ઠામે ઠામે, કામે કામે, આઠે જામે, જોઉંછું,
ઘટ ઘટ જોઇ સંપે, બહુ બહુ ઝંપે, હરખે કંપે, રોઉંછું;
નહિં કુસંપ લેશે, કંઇ પણ પેશે, નાસ્તિક વેશે, ખોઉંછું,
પણ પુણ્ય પ્રતાપે, સુબુદ્ધિ આપે, સુભક્તિ જાપે, સ્હોઉંછું. ૧
તનમનને ભરાતા, વિકાર માતા, કુસંપ થાતા, હરજે[૧] તું,
સહુને વરદાતા, કર સુખસાતા, નિરોગિ રાતા, હરજે[૨] તું;

---

૧ તું–ઓ ઈશ્વર હરજે–દુર કરી શુદ્ધ કરજે.
૨ તું જે હર–પાપ હરનારો અને વરદાતા તેં સહુને સુખસાતા કર અને સહુને નિરોગી રાતા એટલે શુદ્ધ શોભીતા કર. રોગ-પાપ. રાતા–આરોગ્યતાનો રંગ.

ના જાતા પાપે, થઇયે આપે[૩], નરતન આપે[૪], સરતે[૫] તૂં,
સંતોષે રેતા, જ્ઞાનજ ખાતા, જસ ગુણ ગાતા, કરજે તૂં. ૨
હરિશરણે ત્હારે, આવ્યો ત્હારે, ભૂલ્યો જ્યારે, સંસારે,
ભવપાર ઉતારે, મુકે ઉતારે[૬], વળેજ વ્હારે, સંભારે;
હૂં માગૂં લાડે, વિઘ્ન નસાડે, જુક્તિ સુઝાડે, બાપારે,
યશ કર્મ ખાડે, સંપ જગાડે, બહુજ રમાડે, સહુ સારે.[૭] ૩
જય જય જગદેવા, અનુપમ એવા, વાણી લેવા, કરું સેવા,
હરિ રંગ ફળ જેવા, અમૃત મેવા, અવર ન તેવા, રસ દેવા;
દે બ્રહ્મ તું આદી, કુડી પ્રસાદી, નિર્મળ સાદી આબાદી,
ન કરે એકાદી, વાદવિવાદી, વ્હેમનિ બાદી, મતિ માંદી. ૪

(૨–૨)

(ઝુલના વૃત્ત.)

રે બ્રહ્મદેવ તુજ, દયા સહુ દેખિ મુજ, જિવ વિચારે બહૂ ખૂબિ જ્યારે;
શૂં કરે કલ્પના, જગત લીલાતણી, જાયછે હારિ થઇ ઘૂમ ભારે;
આશ્ચર્ય સ્તુતી, ભક્તિની રેલની, તુરંગી[૧] તાણમાં જાય વ્હેતો;
શા શા શબ્દથી, પામરો ગાઉં હૂં, ઊપકારો કરયા તેં હવે તો;
તાહરા પાડ બહુ, જાણું હૂં મંનમાં, તેટલા ના શકૂં કહાડિ બ્હાર;
અંતરે સાક્ષિ તૂં, છાનિ જે મૂજ મન, જાણિતો છે સહૂ સર્વ વાર. ૧
જ્યારથી ગર્ભમાં પ્રગટ હૂં ને વળી; ધાવતો માતણી ધાઇ રહાઈ;
તજવિજો ત્યારથી, માહરા અર્થની, કીધિ તેં સારિ દેવા ભલાઈ.
સ્વલ્પ વીચાર નહિં ગીતરૂપે[૨] થયા, બાળકી તોતળી વાણિ જ્યારે;
દીન થઈ જે કંઇ, માંગતો રોઇને, કાન ત્હારી દયા દેતિ ત્યારે;
જાણતો હૂ નહીં સૂખ કયાંથી મળ્યાં, વય બહૂ ન્હાનું અજ્ઞાનવાળૂ;
અનંતાં સૂખડાં, પામતો હૂં પ્રભૂ, ત્હારિ સંભાળથી રે કૃપાળૂ. ૨

---

૩ પોતાની મેળે. ૪ આપે છે. ૫ કબુલાતે (હમે માનવી પોતાની મેળે પાપમાં ન જઈયે એવી સરતે તું હમને નરતન આપે છે.)
૬ છેલ્લે મુકામે; મુક્તિ સ્થળે. ૭ સાર વસ્તુમાં.

૧ જોસવાળી અથવા તર્કની.
૨ વાક્ય ન બોલાય તો સાર્થ ગીત કેમ ગવાય?

જુઠિ જુવાનીતણા, સરકણા રાહપર, બેફિકર દોડતો, આંહિં તાંહીં;
અદૃષ્ય[3] હાથ તુજ, ઝાલિ આણે મને, મોટિ સંભાળથી નીતિમાંહી;
અણચિંતવ્યાં સહૂ, સંકટો ને દુખો, મોતનાં ભય ધરે નીજ કખ્જે;
છે અનીતીતણી મોહિણી જાળ પણ,ભિતર ભયંકાર અધિક આઠ અબ્જે[4].
સર્વ એ વેદના, બહુ બહૂ પીડતી, નહીં અનુભવ વિના જાય માની;
તે સહૂથી લિધો, તેં ઉપાડી અધર, ઉગાર્યો આંચવણ હીણ પ્રાણી. ૩
મંદવાડથી રહ્યાં, હાડ ચામ માત્ર ને, ચાડિયારૂપ હૂં દીસતોરે;
તનદુરસ્તી મને બક્ષિ તેં વાર બહુ, મૂખપર નૂર ને તેજ જોરે;
પાપ ને શોકમાં ડૂબતો ને થતાં, પેટમાં ગૂંછળાં ભારિ જ્યારે;
કૃપાભાવે કરી, માફિ તૂં આપતો, સુખ, દિલાસા અને ધૈર્ય ત્યારે;
ઝાઝિ સંસારની, સૂખની વસ્તુઓ, હાથ ઉદારથી લાહિ તેંરે;
તે સહૂ ભોગવી હોંસ સંતોષથી, જિંદગી પૂરિ મેં કીધિ છેરે. ૪
ધીકું અહિ ધર્મને, સદ્‌ગુણી હૂં રહી, ચોગણૂં પામવા સ્વર્ગ જાંહે;
અહિં નહી મિત્ર રે, સિવાએ સંત કો, લખાવે જ્ઞાન જે મૂજમાંહે;
વિશ્વાસ ને દયા, અનુભવે જે પુરા, નીતિવસ્ત્રો સજી બ્રહ્મ તૂંને;
ગાય જે સાધુઓ, દેવ દરસાવ તે, દોરવે તાહરીપાસ હૂંને.
બ્રહ્મ રે બ્રહ્મ રે, બ્રહ્મ રે તાત તૂં, માત તૂં ભ્રાત તૂં, તૂં અમાયા;
સાથ રહિ દુઃખમાં, મોતની વેળમાં, નર્મદાને દિજે, મુક્તિ રાયા. ૫
(મિશ્ર) (૧–૨)

શો* જુલમ આવડો, થાય છે મૂજપર, સત્યથી ચાલતાં, રોજ રોજ;
નીતિનો ટેક હૂં, રાખી રોજે રહૂં, તોય વેહૂં બહૂ દુઃખ્ખોજ;
વર્ષ બહુ વહી ગયાં, એમનાં એમ ને, આધિનો જોશ તેં, ના ઘટાડયો;
મૃત્યુને મોકલી, દેવ તેં માહારા, મંનના રોગને, ના મટાડયો;
સૂખની આશથી, હામઠામે ફર્‌યો, સૂખડૂં સાચું મેં, નાજ દીઠૂં;
હાલ મ્હારા બુરા, કેફિ જેવા થયા, જગતને જાણું હૂં, મોટું પીઠૂં. ૧
વ્હાલિડાં તે થયાં, વેરિ કટ્ટાં અને, ચાકરી કીધી તે ના વિચારે;
વગર કારણ મને, છોડીદે સર્વ તે, રંકસામૂં જુએ, ના લગારે;

---

૩ ન દેખાય તેવો. ૪ અબજ એટલે ૧૦૦ કરોડની સંખ્યા.
* પ્રેમના દુઃખમાં લખાઇ છે.

ઢંગ એ જગતનો, જોઇને થાઉછું, બાવરો ગાંડિયો જીવ બાળું;
છાતિ મૂઝાય ને, લંમણાં સૂજતાં, આસુડાં વેહતાં, કેમ ખાળું;
હાય એ રહેજમાં, એકલો થઇ રહ્યો, ધારતો નહિં કદી, સ્વપ્નમાંહે;
એક પાસથી નહિં, ચારેમેરેથકી, અંગમાં ઊઠતી, ભારિ લાહે. ૨
નીતિથી ચાલતો, રોજ રીબાય ને, દુર્ગુણી તે સદા સૂખ માણે;
જૂજ કો સદ્‌ગુણી, સૂખિયા હોય ને, જૂજ કો દુર્ગુણી, દૂખ નાણે;
સદ્‌ગુણી જો ભુડું, આચરે રીસમાં, ઊલટા થાય હેરાન ભારે;
પાર કોઈ પડે, પણ ઘણા જૂજ જન, રોજ જોવું બધે એમ મ્હારે;
નિશ્ચયો જેવું કંઈ, જગતમાં નહિં કહીં, રાખિ ધોરણ કિયું ચાલવૂંરે;
જઇ સડી શોકથી, થઇ અવાચક રહી, ટકટકજ સંધું નીહાળવૂંરે. ૩
કામકાજો કરૂં, પણ નહીં હોંસથી, તનમને દૂં થયો, થંડ ગાર;
કોઇ વાતે મને, ના રહ્યો ઓરતો, ઝટ તૂં લેઇને પાડ પાર;
જીવવાનૂં નથી, ચાહતો લેશને, જગતનો ઢંગ જોવો ન ચાહૂં;
પ્રાર્થના માહરી, એટલિ માનિલે, મોતને આપ કે સૂખિ થાઉં;
હૂં નથી માગતો, આંહિનૂં સૂખડૂં, એ ન મ્હારે કદી જોઇયેરે;
જો પ્હરે હોય તો સાચું તૂં આપજે; હાલ તો અહિં મને મૃત્યુ દેરે. ૪
(૧-૨)

(ગીતિવૃત્ત.)

*સર્વથકી[1] રસ મધુર, બ્રહ્મભજન તે સદાજ સુખકાર;
મન તન ઝટ વીંધાયે,[2] શીત સુધાનદિ વહે શરિર સાર. ૧
ઘડિભર રાત્ર દિવસ પણ, ભાવે ભણિ સુણિ હરીકથા જેણે;
જય જય અહિં તહિં કીધો, દેહનું સાર્થક કરીલિધૂં તેણે. ૨
ગુણધન સુરંગના[3] તે, કહ્યા ન જાયે લહૂંછ મનમાંહ્ય;
તે છે અમળ અલૈકિક, તુર્ત હુલાઈ સમેછ ભવલાહ્ય. ૩

---

* ઉભરામાં લખેલી. ૧ નાના પ્રકારના વિષયરસનાં કર્તાં.
૨ ગભરાયલું માયાવૈ જડ મન ઝટ વિંધાઈ જાય છે-(મનને અસર થાય છે) ને પછી તન વિંધાય છે (મનથી તનને અસર થાય છે)-ગળપણનો સેરડો પડેછ તેમ જડ મન તન વિંધાયાથી તેજ વખત તે છિદ્રની વાટે થંડક કરે તેવી અને સારવસ્તુ એવી જે અમૃતની (અમૃતાનંદની) નદી તે શરીરમાં (મન તનમાં) વહ્યાં કરેછે—પસરી રહે છે. ૩ તે સુરંગ-તે સારા રંગ-(ભજન) ના ધન ગુણ—ઊંડી સમજવાળા ગુણ મારાથી ગવાતા નથી મનમાં કંઈ સમજુંછ ખરો.

આધી વ્યાધિ ઉપાધી, નડે ન એવું કરે ભજન નીતી;
સચ્ચિત્[૪] આનંદે રસ, ગુણ શું બોલું અગાધ ગાઇ ગીતી. ૪
(૨–૧)

---

*દુખહર્તા સુખકર્તા, દેવ અનુગ્રહ દયાનિધિ તું કરને;
રે પ્રભુ અશરણશરણે,[૧] લાંબો કરની ક્ષમા કરી કરને. ૧
ખાઇ ખતા હું ભારી, હારી આવ્યો છઉં શરણ તારી;
કોધિ દયા તેં સારી, મારી નાખ્યા મદમોહ માતારી[૨]. ૨
ધન વિદ્યા યશ સારૂ, રઝળી સૂંઘ્યો [૩]પ્રવાસફુલગોટો;
નાસુર રોગે માંદો, તેથી બળિ મેં ધસ્યોજ લંગોટો. ૩
હજિ મદ અદકો ધરતાં, લંગોટો પણ બળી જતે મરણે;
પણ હરિ બુદ્ધિ સુઝાડી, પશ્ચાત્તાપે થયો દાસ શરણે. ૪
આપદવસ્થાકાજે, રાત્ર દિવસ હું શ્રમે ભરૂં લોટા[૪];
પણ ભરું આખર લોટા[૫], તારે પાડે સહૂજ તાળોટા. ૫
આ સંસારી રણમાં, માણસનૂં કંઈ નહીં ચલણ લેશે[૬];
ઈશ્વરશક્તિ અગાધી, રેસરેસ સહુ નિરખ કરી લેશે. ૬
હું જાણું વણ ઈશ્વર, સાધ્ય કરૂં સહુજ વિશ્વના ભોગ;
પણ પ્રાવું નહિં તેમાં, થઇ રહું ઉલટો કરમતણો ભોગ[૭]. ૭
ઇંદ્રીજોર હરીને, હરિપદ લેવા ધરૂં બહૂ જોગ[૮];
પ્રહાણે પ્રીતિ ન હોયે, કમળ વદનને દઉં હું શિવજોગ[૯]. ૮
મનવાંછિત ફળ લેવા, તન મન ધનથી કરૂંજ અભ્યાસ;
પણ પાછો ઠેકાણે, આવી રહું હૂં નિરાસ આયાસ[૧૦]. ૯

---

૪ સચ્ચિત્ આનંદે એટલે સચ્ચિદાનંદને રૂપે (તે રસ છે). * વરોદરામાં ઉભરામાં લખી છે.

૧ અશરણશરણે એટલે ઓ અશરણશરણ. ૨ માતેલા અરિ–શત્રુ.

૩ પ્રવાસરૂપી લાડવો લુટાતો એમ કહ્યાને બદલે પ્રવાસરૂપી ફુલગોટો સુંઘવો રહી જતો તે સુંઘ્યો–એટલો તો જોરથી નાકને અરકાડી અરકાડી સુંઘ્યો કે નાકમાં નાસુર પડયુ ને તે રોગથી ભાંય નાખેલાને લંગોટો પેહેરાવેલો હોય તેવી હાલતમાં આવ્યો—સ્વદેશમાં ન વળ્યું તારે પ્રદેશમાં વળશે એ લોભે બહુ બહુ અટણ કીધું–જેથી વધારે દુઃખ પ્રાપ્ત થયું ને પાસેનું પણ સર્વસ ગયું–નામનું માત્ર રહ્યું. ૪ ધન એકઠું કરૂં. ૫ અધામણ ચાલે તે હાલતે પોહોંચું. ૬ જરાકે. ૭ શિકાર; ભખ. ૮ જોગનાં આસન. ૯ શિવપ્રત્યે. ૧૦ શ્રમ, મેહેનત તે નિરાસ થાય છે. (પછી મેહેનત કરવામાં હોંસ રેહતી નથી.)

તૂં જાણે મન મ્હારૂં, અંતરજામી જગકર સહુ કાળ;
દીનદયાળૂ દાતા, દે વર કે ના પિડે મને કાળ. ૧૦
છઉં હીણો ચંડાળ હું, ડાળ નથી ધરિ હરીકને જાઉં;
આળ ભર્યો ભવજાળે, બાળે ખાખજ કયમે હું રીઝાવૂં.[૧૧] ૧૧
રંકભણી જો દાતા, સુભક્તિ દે પ્રભુ જગપતિ ગોપાળ[૧૨];
કરુણા વૃષ્ટિથકારે, થંડક કરિ તૂં સદા કને પાળ. ૧૨
ભક્ત કવીશ્વર સાધૂ, મોટા મોટા સહુજન ભવઉતરે;
તે તુજ અનુગ્રહો છે, જેથી પથ્થર[૧૩] સમુદ્રમાંહ્ય[૧૪]તરે. ૧૩
હીણ હરામી લુચ્ચો, થઈ અપરાધી ખમૂં ઘણો તોટે;
થયું થયું કર હરિ કરુણા, પશ્ચાત્તાપે ધર્યોછ મુજ તોટો. ૧૪
ભટ્ટ[૧૫]સુભટ[૧૬]જગકર્ત્તા,ભવખટપટથી બળી રહી રાખ[૧૭];
ટહેલ ભણે નર્મદભટ, કટકટ ભાની કને તું ઝટ રાખ. ૧૫
(૧–૨)

(પ્રમાણિકાવૃત્ત.)

*સમર્થ વિશ્વનાથરે, સકૂનિ દોરિ હાથરે;
તું થાપવે ઉથાપવે, તું આપવે અપાવવે. ૧
દયાળુ દેવ દીનના, તું સામું જોય હીનના;
ભુલી પડી ખરેખરી, હું તો રહી ન પાંસરી. ૨
ઘણાં કિધાછ પાપરે, હવે કરૂં શું બાપરે;
નથી ઉપાય સૂઝતો, નથીજ ધાવ રૂઝતો. ૩
ઘણીજ દુઃખમાં છઊં,ન સંગિ કોઈ તો રહ્યૂ;
ખરે હું આવિ હારિરે, કહીં ન લેશ કાવિરે. ૪
હવે હું માફ માગું છૂં, કૃપા હું ત્હારિ ચાહુ છૂં;
પિડાથકી મુકાવજે, અનાથ જાણિ પાળજે. ૫
(૩–૧)

---

૧૧ પટને સાંસાં ને તેને માટે ફાંફાં મારવા પડે ત્યારે હરિને વિષે કેમ ચિત રેહ? ૧૨ ઇંદ્રીને જીતનાર; ૨કને પાળનાર. ૧૩ જડભરત;દૃઢ રદ્રી. ૧૪ ભવમાં. ૧૫ જ્ઞાનસ્વરૂપ. ૧૬ યશસ્વી જોદ્ધા રૂપ. ૧૭ રાખરૂપે થઈ રહ્યો છઊં. * એ અને એની પછીની એક કવિતા જરતોસ્તી છોકરીયોને માટે કરી હતી.

(મલ્લિકાવૃત્ત.)

રાખિ ચાનકો અતીસ,જીવ જો ભજે તું ઈશ;
કામજો કરે યથાર્થ[૧], થાય દેહ આ કૃતાર્થ[૨]. ૧
લાલચે ફસી જવાય, છૂટકો પછી ન થાય;
સાવચેતિ રાખિ રેહ, કોઈથી ન ખાય છેહ[૩]. ૨
સત્ય પાળવે તું હોંસ, રાખજે તજીજ રોસ;
કામનો સમાવિ જોશ, થા પછી તું નીરદોષ. ૩
માનવાથિ થોડિ શીખ, કામ તારું થાય ઠીક;
રાખતાં પ્રભૂનિ બ્હીક, સૂખ રેહછે નજીક. ૪
(૩-૨)

(લલિતવૃત્ત.)

*જગતજીવના[૧] જીવ જાળવ, કપટ કામમાં ડૂબતો લવ;
લવલવૂછું હું છાકિને બહૂ, મુકવ પાપથી રે હરી સહૂ. ૧
પવન વીજથી ગાજિ તે[૨] લિયે, ઘન ઘણો ઘુમે મધ્ય રાત્રિયે;
ઉથલ પાથલો જોરથી કરે, સરવ દીલને બ્હીકથી ભરે. ૨
પણ પછી સમી શાંત થાય છે, કિરણ ચંદ્રના ખીલિ રેહ છે;
રસિક તે સમે આસમાન છે, વિવિધ રંગથી સૂખકાર છે. ૩
ભવવિષે બહૂ ધામધૂમ રે, છળ અનીતિના તો જુલૂમ રે;
પડરિપૂતણૂં જોર ભારિ રે, ગરબડો સહૂ જૂઠ જારિ રે. ૪
દુખ ઘણૂં અહીં સૂખ નામનૂં, અપયશો અને મૃત્યુમારનૂં;
ધન સગૂં નહીં કોઇ કામનૂં, હરિ વિના સહૂ અંધકારનૂં. ૫
પણ સુરંગમાં[૩] વીરલૂં રમે, લત લગાડતાં લાજ્યા તે સમે;
અમળ શીત છે સૂખ નિત્ય રે, ભજુ ભજૂ તજી જે અનિત્ય રે. ૬

---

૧ જોઇયે તેવાં; ઘટતાં.
૨ આ દેહે જે કરવાનું તે કરી ચુકયા હોઈયે તેવી સફળ હાલત વાળી (દેહ). ૩ છક્કડ; છેતરાવું તે.
* એક રાતે હું સુતો ત્યારે આકાશ તોફાની હતું ને ઉઠયો ત્યારે આકાશ નિર્મળું હતું તે ઉપરથી એ કવિતા લખવી સુઝી-ઉભરામાં.
૧ ઓ જગતનાં જીવન! (મારા જીવને લવ-જરાકે કપટ ભર્યાં કામમાં ડૂબતો જાળવ-બચાવ.)
૨ ઘન-મેઘ. ૩ સૃષ્ટિસૌંદર્યમાં અને તેઉપરથી તેના કર્તાના વિચારમાં.

ધિરજ શાંતતા સ્વસ્થતા બહૂ, ફિકર લેશ તો ના કંઈ લહૂં;
વિધન ન્હાસિ તે જાય છે મથી, પ્રભુગુણોતણી શી કહું કથી! ૭
સરવ દેશનાં શુભ કામમાં, પ્રભુ તું સંપનાં રાખ ધામમાં;
સુમતિ આપ તૂં દેશ લાભમાં, જય સહૂ વસે બ્રહ્મનામમાં. ૮
(૨-૧)

---

*અખિલ વિશ્વમાં કૃત્ય તાહરાં, સુગુણ[૧] રૂપથી શોભિતાં ખરાં;
અઘનિકંદના[૨] ધર્મકંદના[૩], અનુપ બ્રહ્મરે તૂં કૃપાઘના[૪]. ૧
ઝગમગે બહૂ જ્યોતિ આદિરે, સરસ તેજિ તો શાંત સાદિરે;
રૂપ અચિંત્ય ને પૂજ્ય ભકતના[૫], અનુપ બ્રહ્મરે તૂં કૃપાઘના. ૨
ઘટઘટે કિધી તેં ઘણી લિલા, ઘણિજ દીપતી સાંધી સૂશિલા;
અમળ નંગ ઓ વિશ્વવંદના[૬], અનુપ બ્રહ્મરે તૂં કૃપાઘના. ૩
સઘળિ સૃષ્ટિમાં હે વિશંભરા[૭], તુજ જયો સહૂ તે ખરેખરા;
કુમતિ પૂજવે ત્હારિ છે મના, અનુપ બ્રહ્મરે તૂં કૃપાઘના. ૪
બહુજ રહેલથી પાપિને પિલ્યા, ઉલટભેર તેં ભકતને ઝિલ્યા;
રખવ શ્રી હરી સાચિ ભાવના, અનુપ બ્રહ્મરે તૂં કૃપાઘના. ૫
જગપ્રપંચમાં પાપ મેં કિધાં, ગરિબ જંનને દાન ના દિધાં;
નથિ ભણ્યો કંઈ નીમ નીતિના, અનુપ બ્રહ્મરે તૂં કૃપાઘના. ૬
વિષય રંગમાં ભારિરે રમ્યો, અતિસ અંગમાં લોભ હૂં જમ્યો;
છું અપરાધિ હેં દેવ દેવના, અનુપ બ્રહ્મરે તૂં કૃપાઘના. ૭
ભય અનેક ને સંકટો સહૂ, પ્રભુ તું રક્ષજે તેથકી બહૂ;
અમર રાય જે જે નિરંજના[૮], અનુપ બ્રહ્મરે તૂં કૃપાઘના. ૮
ત્રિવિધ તાપ તો તંનમાં તપે, જિવ ન તૂજને મંનમાં જપે;
દુર કરાવની ચિત્તવેદના, અનુપ બ્રહ્મરે તૂં કૃપાઘના. ૯

---

* ઉભરામાં લખીછે.
૧ (માંહેથી સારા ગુણ ને બાહારથી સારૂં રૂપ.)
૨ ઓ પાપને નિકંદન કરનારા.–અઘનિકંદન શબ્દનું સંબોધને અઘનિકંદના મરેઠી રીત પ્રમાણે. ૩ ધર્મનું કંદન–મૂળ એવા.
૪ ઘન એટલે નક્કર ગોળ.–કૃપાનોઘન–કૃપાનોગોલો. કૃપાળુ.
૫ ઓ ભક્તના પૂજ્ય. ૬ ઓ વિશ્વવંદન.–વિશ્વ જેનું વંદન કરે છે તે.
૭ ઓ વિશ્વંભર–વિશ્વનું પાલણ કરનાર.
૮ ઓ નિરંજન–કોઈ પણ રીતનો મળ–નુ અજ્ઞાન નથી જેમાં એવો. તારી જે જે–તારા જય જય સંઘે શોભી રહ્યા છે.

શરિર મંનની માંદગી બને, ભજનનો દિલાસો ખરે મ્હને;
હર દયાળુ હો પાપ પાપિનાં, અનુપ બ્રહ્મરે તૂં કૃપાધના. ૧૦
હરખ શોકના મોહમાં ફસ્યો, તજિ અનિત્ય મેં નિત્ય[૯] ના ધર્યો;
અચળ નિર્ગુણા નેતિ વેદના[૧૦], અનુપ બ્રહ્મરે તૂં કૃપાધના. ૧૧
નિયમ તાહરા પ્રૌઢ સર્વદા, ઘટિત જંનને રક્ષતો સદા;
મદિ પુરૂષને તો કરે ફના, અનુપ બ્રહ્મરે તૂં કૃપાધના. ૧૨
અવતર્યો છઊં ઊંચિ જાતિમાં, સમજિને રહું ધર્મનીતિમાં;
મધુર સ્વાદ છે ભક્તિપાનના, અનુપ બ્રહ્મરે તૂં કૃપાધના. ૧૩
નિજ શરીર ને નારિ છોકરાં, ધન ધરો સહૂ છે[૧૧] નથી ખરાં;
અજસું[૧૨] પ્રેમ તો નિત્યરંજના[૧૩], અનુપ બ્રહ્મરે તૂં કૃપાધના. ૧૪
તિરથ જાન્હવી[૧૪] નર્મદા જશે, મનથિ શુદ્ધ તો પાપિ ના થશે;
હુકમ માનું હૂં નીતિમાનના[૧૫], અનુપ બ્રહ્મરે તૂં કૃપાધના. ૧૫
ગુરુ ઘણા દિસે હીણ ધર્મના, બહુજ થાય છે બંધિ કર્મના[૧૬];
સદગુરૂ મને તારિ પ્રેરણા, અનુપ બ્રહ્મરે તૂં કૃપાધના. ૧૬
મુરખ માનવી બ્હેમને પુજે, સત સુપંથ ના તેમને સુઝે;
સુમતિ આપ તૂં વાલિ રંકના, અનુપ બ્રહ્મરે તૂ કૃપાધના. ૧૭
નથિજ ચિત્તડું મ્હારૂં ડાબમાં, નથિજ બેસતૂં દ્વૈત[૧૭] ભાવમાં;
મનડું ગાય છે ગૂણ એકના, અનુપ બ્રહ્મરે તૂં કૃપાધના. ૧૮
નિરખું જ્યે કળા પૂર્ણચંદ્રની[૧૮], ભવતણી સમે ઉણતા ધણી;
શરણ હૂં તને વિશ્વપાલના[૧૯] અનુપ બ્રહ્મરે તૂં કૃપાધના. ૧૯

---

૯ અનિત્ય પદાર્થને તજી નિત્યપદાર્થને ન ધરચો.

૧૦ વેદના નેતિ એટલે વેદમાં કહ્યું છે કે નેતિ નેતિ ન ઇતિ ન ઇતિ–આટલું આટલું ગાયું તોપણ પાર આવ્યો એમ લાગતું નથી એવો તું છે.

૧૧ છે પણ ખરાં ને નથી પણ ખરાં–છે ને ઘડીમાં નથી એ બંને વાત ખરી છે. ૧૨ જેને જન્મ નથી એવો જે ઈશ્વર તેની સાથે.

૧૩ મનનું રંજન કરનાર એવા પ્રેમ.—(પ્રેમ એટલે નાનાપ્રકારથી ઉત્પન્ન થતી ભક્તિયો.)

૧૪ ગંગા. ૧૫ નીતિમાન પુરુષના.

૧૬ કર્મના બંધી–પાપી.

૧૭ એકથી વધારે દેવને માનવામાં. મૂર્તિપૂજામાં.

૧૮ બ્રહ્મની.

૧૯ એ જગતનાં પાલન–પાલણ કરનારા.

ઘણું કહું શું હું ઊંધિ બુદ્ધિનો, પ્રભુ તું તો ઘણી રિદ્ધિ સિદ્ધિનો[૨૦];
ભજું હું ભાવથી કાપિ કામના[૨૧], અનુપ બ્રહ્મરે તૂં કૃપાધના. ૨૦
હરઘડી નમી વીનવું તને, દિનદયાળ તૂં તારની મ્હને;
અંતરજામિ હો ઈશ ભક્તિના, અનુપ બ્રહ્મરે તૂં કૃપાધના. ૨૧
(૧–૨)

(ઈંદ્રવજ્રાવૃત્ત.)

બાહ્યાંતરે[૧] ઘાટ વિચિત્ર ચિત્ર, નાના પ્રકારે વળિ શત્રુ[૨] ભિત્ર;
સૌંદર્ય લીલા રસિલી પવિત્ર, ગાઉં શું હું રે સવિતા[૩] ચરિત્ર. ૧
સાંજે સવારે રમણીય માયા, દેશે વિદેશે ખિલિ વિશ્વરાયા;
અજ્ઞાનરૂપી તમ નાશકર્ત્તા, કલ્યાણકારી મતિ દે તું કર્ત્તા. ૨
વ્હેમોતણાં આસુરિ[૪] રાજ જ્યાંએ, વીચારકેરાં સુરિ[૫] રાજ થાએ;
એસારુ વંદું પ્રભુ વિશ્વનાથ, મ્હોટો યશસ્વી સત તૂજ હાથ. ૩
વીના બળે હું બિહું હામ મ્હોટી, તારે બળે હું ધરું હાથ સોટી[૬];
કાર્યે સુબુદ્ધિ બહુ દે તું દેવ, માની લઈ પામર અલ્પ સેવ. ૪
(૨–૧)

(ભુજંગીવૃત્ત.)

*રળીઆમણો છે પ્રભાતી પ્રકાશ, સુરંગી બહૂ સાંજ આકાશ ભાસ;
ટકે તે ન માયામઝા ઝાઝિવાર, પ્રભૂ પાડ માનૂં મુને પાડ પાર. ૧
વળી વ્હાણ વિશ્વાસથી સિંધુ ખેડે, કદી તે[૧] કરી હાણ પાતાળ તેડે;
હશે તે હરે જૂહ નક્ષત્ર[૨] સાર, પ્રભૂ પાડ માનૂં મુને પાડ પાર. ૨
બહૂ વૃક્ષ મોટાં દગો[૩] દે અજાણે, દઈ માગ તે બીજને હેંઠ આણે;
ભરોંસે રહ્યો ખાય તે મૃત્યુમાર, પ્રભૂ પાડ માનૂં મુને પાડ પાર. ૩

---

૨૦ જીવને જરૂરની ને સુખ આપનારી નાનાપ્રકારની સામગ્રીયો. ૨૧ મનની ઈચ્છા. ૧ બાહાર ને અંદર. ૨ કેટલીક વસ્તુ આપણને મિત્ર જેવી ને કેટલીક શત્રુ જેવી થઈ રહે છે. ૩ સૂર્ય અથવા બ્રહ્મ. ૪ દૈતનાં. ૫ દેવનાં. ૬ શાસ્ત્ર, ખરેખરૂં અથવા કલમરૂપી ધરૂંછું.
* ઉભરામાં લખેલી. ૧ સિંધુ–દરિયો.
૨ નક્ષત્ર–ધ્રુનો તારો વગેરે તે પણ વેળાએ ઠગેછે ને તેથી તે જુઠાં ઠરેછ.
૩ રક્ષણને માટે ઝાડ તળે હોઇયે ને વીજલી પડે વગેરે.

અહીં સર્વ તો આપના સ્વાર્થ સાધે,કુડું ભૂંડું ના જોઈ તે કર્મ બાંધે;
કરે વ્હાલમાં વ્હેલ તે વેરખાર,પ્રભૂ પાડ માનૂં મુને પાડ પાર. ૪
ઘણા રોગ ચાલે શરીરે મનેરે, ઘણા વૈદ્ય ધ્ષ્ટો પડી દે મ્હનેરે;
કુઝે ધા નહીં હૂં બનૂં ઢીલિ ગાર,પ્રભૂ પાડ માનૂં મુને પાડ પાર. ૫
ખરે છે બધાં માનવી કામ જુઠ્ઠાં,નહીં તિત્ર રોજે વળી છેજ ખુટ્ટાં;
પરીવાર લક્ષ્મી સહૂ દુઃખકાર, પ્રભૂ પાડ માનૂં મુને પાડ પાર. ૬
અહીંની ઉમેદ્દો દમે રોજ રોજ, તહીંની ઉમેદ્દો રમે મોજ[૪] મોજ;
ઉતારે તું માથેથિ સંસારભાર, પ્રભૂ પાડ માનૂં મુને પાડ પાર. ૭
(મિશ્ર) (૨-૧)

અહો વિશ્વના દેવ આનંદકારી, કરી તાહરી સેવ તે લાભકારી;
ખરે રાખિયે જાચના રોજ જારી,સરે કાજ જો હોય તે ૩હું ભારી. ૧
હમે રાંક છૈયે વિના તૂં ન ચાલે,વિના તૂં હરી હાથ તે કોણ ઝાલે;
બહૂ ઇચ્છિયે તે વળી કોણ આલે,વિના તૂં બહૂ વિઘ્ન કો મોટ ખાળે. ૨
સુધારો વધારો બહુ હાલ થાયે,સદા રેહ તે જારિ ના હારીખાયે;
પ્રભૂ પ્રેર એવી મતી સર્વનામાં, કરીએજ ઉધોગને ધેર ધામાં. ૩
પ્રભૂ દે મતી લોકને મોકલે કે,નિશાળે સહૂ પુત્રિના બાપ છે તે;
થશે એમ ને બાળકી શીખશે તો,નકી દેશનો વ્હેમ જાશેજ વ્હેતો. ૪
(૩-૧)

(મોદકવૃત્ત.)

*દીનદયાળુ દયા કર હૂંપર, પાપ બહૂ કરવે છઉં તત્પર;
લાલચમાં લલચાઇ ખરેખર, ઠોકર માર ખમી ખપું છૂ ખર. ૧
હારિ રહી પસતાઈ રહૂંછઉં, આકુળવ્યાકુળ રોજ ખમૂંછઉં;
અંન વિના ટટળીજ મરૂંછઉં, દેવ ખરે બહુ દુઃખ સહૂંછઉં. ૨
માર ઉગાર અરે શરણે છઉં,પાળ ન પાળ ગળે વળગી છઉં;
દુષ્ટ દરિદ્રિ ગળેપડું હૂં છઉં, ઓથવિના વહિજાઉં હિણી છઉં. ૩
ધાર્યું હશે કંઈ તે કરિદે ઝટ, પામર રંકનિ જોઇશ મા હઠ;
સર્વે જગેથકિ થાય મને છટ,સામું તું જો હરિ રાખિ કુડી વટ[૧]. ૪
(૨-૧)

---

૪ તરેહ તરેહવારની રમત. મુઆ પછી મળવાના સુખના વિચારથી આનદમાં રેહેવાય છે. * જરતોસ્તી છોકરીઓને માટે.
૧ ભક્તનું સંકટ નિવારવું એ જે વટ–પણ તે.

(તોટકવૃત્ત.)

ગણનાયક લાયક દેવ ઘણો, વરદાયક ઘાયક દોષતણો;
સહુ દાનવ દેવ સુસેવ કરે, તું **ગણેશ**વિના કુણ કલેશ હરે. ૧
ગિરિજાસુતને સ્મરતા **સુત** ને, **સનકાદિક** ભક્ત કવીશ મને;
ગિરિરાજ સસાજ દિયે જસરે, તું **ગણેશ**વિના કુણ કલેશ હરે. ૨
સહુ વિઘ્ન સમૂળ નસાડિ દિયે, બહુ પ્હેલ પુજાઇ તું માન લિયે;
તવ **મંગળમૂરતિ** નામ ખરે, તું **ગણેશ**વિના કુણ કલેશ હરે. ૩
કુડિ **સિદ્ધિ સુબુદ્ધિ** ગૃહીણી[૧]ધણી,સહુ **લાભ સુલક્ષ** અહીશમણી[૨];
પરિવાર કુડોજ અનૂપમરે, તું **ગણેશ**વિના કુણ કલેશ હરે. ૪
તુજ મૂષક[૩]વાહન વ્હાલું બહૂ, કરિ દાખવતો તું પ્રભાવ સહૂ;
હિણ પાર પડે તવ નામ સ્મરે, તું **ગણેશ**વિના કુણ કલેશ હરે. ૫
તવ લાંબુ સુઊદર[૪] દાખવતૂં, ગુણ શાંતિ ક્ષમા કરુણાકર તૂં;
યશ કીર્ત્તિ ઘણી સચરાચરરે, તું **ગણેશ**વિના કુણ કલેશ હરે. ૬
ગણરાય વિના કુણ સાદ્ય કરે, **ગણનાથ** વિના કુણ હાથ ધરે;
ગણપત્ત વિના કુણ પત્ત[૫]ભરે, તું **ગણેશ**વિના કુણ કલેશ હરે. ૭
ગણબંધુ વિના જુદું સંધું અને,**ગણસેન** વિના નહિં ચ્હેન મ્હને;
ગણવીત વિના નહિં વિત્ત[૬]ઠરે[૭], તું **ગણેશ**વિના કુણ કલેશ હરે. ૮
ગજહેતુ વિના કયમ હેતુ સરે, **ગજકેતુ** વિના કયમ સેતુ[૮] તરે;
ગજદંત વિના કયમ ખંત ખરે, તું **ગણેશ**વિના કુણ કલેશ હરે. ૯
ભટ નર્મદ મંગળ નામ જપે, સત ભાવિકને નહિં બીજું ખપે;
યમ[૯] નામતણે રટણેજ ડરે, તું **ગણેશ**વિના કુણ કલેશ હરે.૧૦

(૨-૧)

---

૧ **સિદ્ધિ** ને **બુદ્ધિ** એ ગણપતીની સ્ત્રી. ગૃહીણી–ઘર ધણિયાણી.
૨ અહીશ એટલે મોટો નાગ અને તેને જે મણી હોય છે તે મણી જેવા **લાભ** ને **લક્ષ** બે છોકરા ૩ ઉંદર. ૪ પેટ.
૫ પત્તભરે. ટેક રાખે. ખાલી થયલાં સ્તુતિનાં પાત્રને પાછું ભરે.
૬ ધન–તન–મનનું કૈવત.
૭ રેહ; ટકે.
૮ પુલ કેમ ઉતરે–રેહ (પ્રભુવના).
૯ જમ દુતો ગણપતીના નામનાં માત્ર રટણથીજ બીહેછ તો તેનાં પૂજનથી જમ નજરેજ કાંથી પડવાના.

(ભક્તમયૂરવૃત્ત.)

*જે જે અંબા શક્તિ તું સાચી જગમાતા,
સંહારી રે દુષ્ટ હરામી મદમાતા;
મિથ્યા પીડે વેરિ કરીને બહુ જાદૂ,
તેથી માતા કક્ષ તું મ્હારું તન માદૂં. ૧
સર્વે જાદૂ જાદૂંજ છે આગળ માતા[૧];
દૈત્યો પામ્યા મૃત્યુજ ગોથાં બહુ ખાતા,
અંબા અંબા સાહ્યજ ઊણું નહિં મ્હારે,
પાપો મારાં ભારિ નિવારિ હિણુ[૨] તારે. ૨
કાળી ચંડી બહુચર અંબા બહુનામા,
શક્તીરૂપે વ્યાપિ રહી તૂં સહુનામાં;
પાપીઓને કારણ કીધી દશ લીલા,
શારે હ્મારી આગળ જાદૂગર ખીલા. ૩
વ્હારે અંબા ધાસ્તિ ન ધારૂં હઇડાંમાં,
શત્રૂથી શૂં બીહૂં નથિ હૂં વગડામાં;
સાચે ભાવે જો ભજું દેવી ત્રિપુરારી,
કોદી નાવે સંકટ ખાત્રી થઈ મ્હારી. ૪

(૨–૧)

(માલિની વૃત્ત.)

નવલ લલિત લીલા થાપિ ને તૂં ઉથાપે,
સતત[૧] સત સુનીમો લાભ દેતા બતાવે;
ભુવનપતિ તપાસી પાસ[૨] તૂં પાસ લેને,
પલિત પતિત પાપી દીનને માફિ દેને*. ૧

---

*એક મારો પટલાદી નાતીલો કોઇયે મુઠ મારીછ એવા વ્હેમથી માંદો પડયો હતો. તે માતાનો ભક્ત હતો તેથી મેં એ શ્લોકો લખી આપીને કહ્યું કે એનો પાઠ કરજે–એ કવચથી તું સારો થઈશ. પછી તેણે તેમ કીધું હતું ને તે સારો થયો હતો. ૧ માતા આગળ. ૨ હું હીનને તારે.

૧ હંમેશ કાયમ રેહે તેવા. ૨ પાશ–આ દુનિયાનાં ફાંસા.

* એ પેહેલી કડી માંહેના સઘળા અક્ષર હોઠથી તથા દાંતથી અને હોઠ દાંતથી બોલાય છે.

અવતરિ નર નારી ના ભજ્યૂં ને ખિલાડી[૩],
ધિક જિવતર મારૂં ધિઃક હું તો અનાડી;
સરવ પિંડ હરીને સૂખને આપતો છે,
અમળ સરસ રંગી રંગિનો રંગિ તે છે. ૨
જગતપતિ મુગાંને તૂં કરે બોલતાં ઓ,
જગતપતિ લુલાંને તૂં કરે ચાલતાં ઓ;
જગતપતિ કરે છે બ્હેરને સૂણતાં ઓ,
જગતપતિ કરે છે અંધને દેખતાં ઓ. ૩
જગતપતિદયાથી દુઃખિ તે સૂખિ થાએ,
જગતપતિદયાથી પાપિ તે મુક્ત થાએ;
જગતપતિદયાથી દૈતના દેવ થાએ,
જગતપતિદયાથી દેવના દેવ થાએ. ૪
કરગરિ તુજ પાસે જાચું છૂં ઓ હરી રે,
કર કર[૪] શુભ લાંબો રંકને દે ભરી રે;
સુમતિ સરસ પંથે પ્રેર તૂં બોજ[૫] બોજે,
કરવ કરવ કામો નીતિનાં રોજ રોજે. ૫

(૩-૧)

(શાર્દૂલવિક્રીડિત વૃત્ત.)

આકાશે સહુ શોભતાં નિરખતાં, નક્ષત્ર ગંભીર તે
સર્વે સંપથકી રહી જગ જગે, કામો કરેછે રતે[૧];
પામે પામર અંગમાં હરઘડી, ઉલ્હાસ ગર્વો ખરે[૨]
આહા બ્રહ્મ પરોપકાર કરતો, હંમેશ મોટો ખરે. ૧
તેની તેજ દશા વળી નવ રહે, સંસારમાં કોઈની
થાએ રૂપ કરૂપની છળતિ છે, માયાતણી મોહિની;

---

૩ ખેલાડી–નટ (વિશ્વનો); ઇશ્વર.
૪ હાથ. ૫ દરેક મારા શોધમાં.
૧ ઋતુ ઋતુ પરત્વે નાના પ્રકારનાં કામ કરે છે.
૨ પામર જન ઉલ્હાસ પામેછ ને તેના ગર્વ ખરી પડેછ.

એ નીમેા પ્રભુ તાહરા નહિં મણા, આપેજ શીખામણ
હાલ્યા માણસ તેા કસાઈ[૩] તજિદે, પાખંડ ભૂંડાંપણ. ૨
પરતાતા બહુ પાપિએા કરગરી, તૂં પાસ માફી લિયે;
દુઃખી જે સુખિ થાય તે ભજનની, જે તૂજ કાફી[૪] પિયે
માટે માનવિ નીતિને સમજિ જો, કાપટય છોડીદિયે
સત્યમેં બહુ ભોગવી સુખ સહૂ, મૂએ જશે મુક્તિયે. ૩
આવેા બ્રહ્મ દયાનિધી અનુપ જે, તે કેાણ વીસારશે
રૂડાં કાર્ય થતે સમે લવ નહીં, તેના વિના ચાલશે;
સર્વે વિઘ્ન નસાડતેા જગપતિ, પ્રેમેજ સંભારવેા
આરંભેલું પુરૂં થયે યશથકી, જે બ્રહ્મ પેાકારવેા. ૪
(૨-૧)

---

* જે જે બ્રહ્મ અનંત ગેાલ કરતા, દેવાધિદેવા હરે,
તારી આંખ વિના શું વિઘ્નહરતા થાતે હમેાથી અરે,
જે જે સર્વ ભર્યાંછ યેાગ્ય પગલાં, તે તે કૃપા તાહરી,
કર્ત્તવ્યેા બહુ છે હજી તું હમને, દેજે મતી એા હરી. ૧
સંપે રાખિ પરસ્પરે કરવ તૂં કામેા સુધારાતણાં,
દેશીઓતણિ થાય સ્નેહજ વ્હડતી, કાંઈ ન રેહે મણા,
જાતિબંધનકેાટ જે તુટિ પડે, રસ્તા બિજા મેાકળા,
તે તૂં તેાડવ બુદ્ધિસાહસબળે[૧], વ્હેમેાનિ જાએ બલા. ૨
મેાટાં સંકટમાં બહૂ ધિર ધરી, સાંમે ઉભૂં રેહતાં,
લાગે[૨] આગળ સાહસે વધિ જતાં, સાથી રૂડા જોઈતા,
સન્મિત્રેા ધરવેર તે વિસરિને, પ્રેમે કરે સાહ્યતા,
તેવી તૂં કર પ્રેરણા ઝટ થશે, દેશીનિ ઉત્કર્ષતા[૩]. ૩

---

૩ અનુભવ લઈ લઇને.

૪ તારાં ભજન રૂપી કાફી–બુન પીયે તેા જાગૃતિ આવી દુઃખની સુસ્તી જતી રેહ.

* એ પ્રાર્થના તા૦ ૧૬ મી નવેમ્બર ૧૮૬૩ એ મારા પેાતાના મકાનમાં સેાથી વધારે માણસેાની બેઠકમાં વાંચી હતી.

૧ હમારામાં બુદ્ધિબળ અને સાહસબળની પ્રેરણા કરીને.

૨ દાવ જોઇને ૩ ચઢતી; આબાદાની.

ઝાઝૂં શૂં પ્રભુ તૂજને વિનવિયે, થોડા હમે તો છિયે,
શત્રૂ તો બળવાન છે રણવિષે, ફેમેકરી જીતિયે,
દેશીનૂં હિત જાણિને હુંહું કરી, ઝુંડો કર્યો મોખરે,
હાવાં[૪] તો સરદાર[૫] તૂં જસતણો, ડંકો કરાવે ખરે. ૪
(૨-૧)

(અભંગ.)

ત્રણ તાપ સપડાવે મને ફેમ ના તેડાવે[૧]. ૧
અરે દુઃખે કાં રડાવે ચારે મેરે બીવડાવે. ૨
નર્ક[૨] વીખ ખવડાવે દુષ્ટ સાથે કાં લડાવે. ૩
અનીતિથી અભડાવે હડ હડ અથડાવે. ૪
કુળે લાજ લગડાવે ભક્તીને કાં બગડાવે. ૫
ભક્તના ક[૩] તું વ્હડાવે કાં ન રાહ દેખડાવે. ૬
મને દાસ ફેવડાવે તો તો હવે ઊઠડાવે. ૭
નર્મદાને તૂં લડાવે લઇ છાતી સાથે ડાબે. ૮
(૩-૨)

(ગરબી)

વિશ્વ સકળ છે આધિન હરિને, મૂરખ મન ઝટ માનરે;
નાસ્તિક બુદ્ધી ટાળી દઇ કરિ, હરિ જસ ગુણ ભરકાન.
સમજ મન મ્હારાં તૂં૰ ૧
પ્રગટ જગત સ્વેચ્છાએ કરીને, બાંધ્યા નીમ બહુ સારારે;
શાણપણૂં ને શીખ બતાવે, કામો લાગે પ્યારાં.-સમ૰ ૨
જનમ મરણ ને સુખ દુખ અહિયાં, શાનેશારૂ થાય રે;
કસવા ભક્તી માનવની સહુ, એ અનુમાન કરાય.-સમ૰ ૩
રચના જોઈ જગતતણી બહુ, નાસ્તિક કોણ ઉચ્ચારે રે;
નથી કર્તા કો જગનો મૂળે, ધર્મ નીતી નહિ સારે.-સમ૰ ૪

---

૪ હવે. ૫ હમે ઝુંડો તો રોપ્યો છે પણ જસનો ડંકો કરાવવો એ, એ સરદાર-ઈશ્વર તારે હાથ છે.
૧ (તારી કને). ૨ અનીતીરૂપી ઝેર.
૩ ભક્તને દુઃખ પડેછ-ભક્તનું નાક કપાવેછ (એમ નહીં).

તલ તલ અંતરે ક્ષણ ક્ષણ કાળે, દિસે ચમતકાર તોરીરે.
લીલા જગતની ભારી ગાયે, નરમદ હું હું છોડી. સમ૦ ૫
(૨–૨)

(ગરબી.)

હરિ એક ચિત્તભાવે ભજવો બેન, ભૂધર ભક્તી ભૂખ્યો છે. ૧
હરિ ભજવો તો નિષ્કામે બેન, ભૂધર૦ ૨
હરિ સંકટ કટક ના આણે બેન, ભૂધર૦ ૩
હરિ અદૃષ્ય રહી સાહ્ય કરશે બેન, ભૂધર૦ ૪
હરિ દરશનનો નહિં લોભી બેન, ભૂધર૦ ૫
હરિ ધ્યાન વિષે તમે જોશો બેન, ભૂધર૦ ૬
હરિ ભૂંડાં ગીતે રૂઠે બેન, ભૂધર૦ ૭
હરિ સમભાવે જન જોયે બેન, ભૂધર૦ ૮
હરિ દુરજનને તો દંડે બેન, ભૂધર૦ ૯
હરિ હાઠમાઠથી નવ રાજી બેન, ભૂધર૦ ૧૦
હરિ કુબજાને આધારી બેન, ભૂધર૦ ૧૧
હરિ અંતરની સહુ જાણે બેન, ભૂધર૦ ૧૨
હરિ નીતિ વિવેકે રહેજો બેન, ભૂધર૦ ૧૩
હરિ કિરપાને સંપાદો બેન, ભૂધર૦ ૧૪
હરિ નિર્ગુણ ભક્તિયે મુક્તી બેન, ભૂધર૦ ૧૫
હરિ એક વાર જોહરિ બોલો બેન, ભૂધર૦ ૧૬
(૨–૨)

(ગરબી.)

સુણ સાહેલી, ઇશ્વરકેરી માયા અપરમ પાર જો;
ગુણ શું ગાઊ, શીવ વિરંચી સહુએ ખાધી હાર જો. ટેક૦
જગ જગ રચના રૂડી દીસે, નાસ્તિક જોઈ રૂએ ચીસે,
પછી સમજી મંન કરે ધરશે. સુણ સા૦ ૧
સહુ જન સુખપુઠે ધાએછે, પણ તે તો બહુ બહુ વાહેછે,
હરિ રાચેથી સુખ થાયે છે. સુણ સા૦ ૨

કોઈ હસતૂં ને કોઈ રડતૂં છે, કોઈ ભણતૂં ને કોઈ ભૂલતૂંછે,
કોઈ આવતૂં ને કોઈ જાતૂં છે. સુણ સા૦ ૩
કોઈ જોતૂં ને કોઈ અંધૂં છે, કોઇ ભોળૂં ને કોઈ ખંધૂંછે,
કોઈ થોડૂં ને કોઈ સંધૂં છે. સુણ સા૦ ૪
કોઈ તપસી ને કોઈ પાપી છે, કોઇ સાચી ને કોઇ જૂઠીછે,
કોઈ ખાળકિ ને કોઈ ધરડી છે. સુણ સા૦ ૫
કોઈ મોળૂં ને કોઈ ખારૂં છે,કોઈ ગોરૂં ને કોઈ કાળૂં છે,
કોઈ નરસૂ ને કોઇ સારૂં છે. સુણ સા૦ ૬
સાર અસાર ભેગાં વેરયાં, મોહ જાળવિષે ભારે ઘેરયાં,
ભવ ભીતીમાં પ્રભુ ઊછેરયાં. સુણ સા૦ ૭
હરિ ભજ તૂં પૂરણ પ્રીતે, કે બુદ્ધિદેદે રડી રીતે,
પછિ સાર જુએ સાચો નીતે. સુણ સા૦ ૮
(૩-૧)

(ગરબી.)

આવો સખિયો હરિનીતિ ગાઇયે, કામ તો રોજનું જારીરે;
ફરી ફરી ટાણૂં, આવે નહીં કંઇ, ખૂબ સમજજો ધારીરે. ટેક.
વૈષ્ણવ મતમાં, દશમ લીલાનું, માહતમ મોટૂં ભારીરે;
રાધા કૃષ્ણ તે, માયા ઈશ્વર, મૂર્ખ લહે નર નારીરે. આ૦ સ૦ ૧
એટલેથી તે, આટપતાં નહિં, માતપિતારતિ ગાએરે:
ભૂંડાં ગીતો, ગાયાથી કંઈ, મુક્તિ કદાપિ ન થાએરે. આ૦ સ૦ ૨
અદ્યમ તજીને, શુદ્ધિ ખોઇને, કાં ભડતીને વગોવોરે;
કદાપિ ગાયાં, તેવૂં કરીને, કાં નીતી વણસાડોરે. આ૦ સ૦ ૩
ગુરૂ ગોસાંઇ, નહિં કંઈ ઈશ્વર, સમજો મંન વિવેકેરે;
ગુરૂ જારી તે, નહીં કાનુડો, અધમ પાપિ જે બ્હેકેરે. આ૦ સ૦ ૪
નિર્ગુણ હરીના, અકળ ચરિત્રો, નીતિ વિવેકે ગાવાં રે;
તેથી જસને,અહિં ને તહિં બહુ,શ્રમ ભાવે વળિ જોવા રે. આ૦ સ૦ ૫
તજી કામના, ભજવો હરીને, કૃષ્ણ ન જારી જાણો રે;
પંચ તત્વનાં, જ્ઞાનથકી સહુ, બ્રહ્મ કૃતીને વખાણો રે. આ૦ સ૦ ૬
(૨-૨)

(ઘોલ.)

*સમરણ સાચૂંરે બ્રહ્મનું; આવે અવર નહિં સંગ,
છાંડિ કુછંદી છાકને; સજીલે નીતીને અંગ, સ૦ ટેક.
પડવો મોતનો માર તે; વિષયી તજવે છે તાણુ,
કરે જન ગરવી ગંભીરરે; પ્રભુ નીમ ડાહ્યો તૂં જાણુ, સ૦ ૧
બિજ ભગતીનું જીવડા; નરતન ખેતરમાં સાર,
રોપ સુકાળે વ્હેલરે; પામીશ પાક અપાર, સ૦ ૨
ત્રિજ-ભી પાપ તૂં બાળજે; બ્રહ્મે રાખીને ભાવ,
ભવબંધનથી છૂટીને; સુખડાં અનંતાં લાવ, સ૦ ૩
ચોથ આવક હોરી રાખવી; આપદવસ્થાને કાજ,
જોર જુવાની નહિ રોજનાં;નિમસર ખરચે તૂં આજ, સ૦ ૪
પાંચમનિશની સંગતી;કદિ ન શોધીશ રે પીડ[૧],
જરી જુગારી જુઠ ચોર ને; ઋણી[૨] આણેછે ભીડ, સ૦ ૫
છટ તુછ કરવે સૂજાણને;જિવ તૂં ધારિશ નહિં ઊર,
સાહસ તે સહુ સામટાં; કરશે વીરો[૩] પણ દૂર, સ૦ ૬
સાતમણીથી શોભતો; વિરલો સંસારે કોય,
વપુ[૪] વિત વિદ્યા સ્ત્રી સૂતને; નીતી ધરમો જે જોય, સ૦ ૭
આઠમઠમાઠ તુજ જોબને; નહિ રેહ ઝાજીરે વાર,
ભાળી ભાવીને આજથી; કર તૂં રૂડા દેદાર. સ૦ ૮
નામ હરિનું સંભારતાં; વિઘનો સરવે રેહ દૂર,
લ્હેતો લાગે રે બ્રહ્મમાં; સુખ રંગ જામે ભરપૂર, સ૦ ૯
દશમસ્તકનો રાવણો; મદથી માતો બહુ રાય,
અંતે ઝડપાયો કાળથી; બચશે આપણી કયમ કાય, સ૦ ૧૦
અગિઆરસરૂપે રૂદ્ર છે[૫]; બહુ બહુ રૂપે બહુ દેવ,
અદભૂત લીલા છે બ્રહ્મની; કરિયે તેની સહુ સેવ, સ૦ ૧૧

---

* સોળ તીથીનાં નામ ઉપરથી એ કવિતા કરી છે.
૧ નઠારી સંગતરૂપી પીડા. ૨ દેણદાર.
૩ શૂરવીર પણ સ્હેજવાતમાં સાહસ કરતા નથી.
૪ શરીર (આરોગ્ય.) ૫ રૂદ્ર અગિયાર કેહવાય છે.

બાર સદા રેહ ઊઘડાં; બ્રહ્મ મંદિરનાં સાર,
પાપંધકારે ન દેખિયે, જ્ઞાને લાગેરે બાળ, સ૦ ૧૨
તે રસ મીઠો ભક્તીતણો; ઝારી નાખે સહુ પાપ,
કરિ નિરમળ દરસાવશે; બહુ બ્રહ્મ દયાળૂ બાપ, સ૦ ૧૩
ચૌદસકળ વિદ્યા ભણી; સારાસાર નહિ જ્ઞેહ,
ઈંદ્રી જીતી ન જાણી તો; પાપી હીણો છે તેહ, સ૦ ૧૪
પુનમરણાંતે તારશે; સ્વર્ગે જાશે લઈ વ્હેલ,
નીતી ધર્મનાં પાળવાં; ભવભાર કરે સહુ રહેલ, સ૦ ૧૫
અમસરવે પાપી છીયે; પ્રભુ દે નીતીનો ખાપ,
પુણ્ય કરી મળ ધોઈશું; દે દે ભક્તીરે બાપ, સ૦ ૧૬
અમાસ અંધારી જાણીને; નરસી લેહે બહુ લોક,
ભજ નર્મદ તૂં બ્રહ્મને; સમજી વ્હેમોને ફોક. સ૦ ૧૭

(૨–૧)

ભાવે સમરો શ્રી દેવને; સંકટ તેથી સહુ જાય,
ભણિયે નીતિ જો કામમાં;મંગળ મંગળ બહુ થાય. ભાવે૦ ૧
ચાંદો સૂરજ જે શોભતા; સઘળાં નક્ષત્રો સાર,
જસ દરસાવે દેવના; શકતી કેરો નહિં પાર. ભાવે૦ ૨
ઝાડ જનાવર ને માનવી; રૂપરૂપકેરા ભંડાર,
ગુણ ગુણના પણ છે ખરા;સહુને તેનો આધાર. ભાવે૦ ૩
રચના ધરતી નીચે ધણી; સોનાં રૂપાની ખાણ,
હરિની માયામાં નહિં મણા;શાંશાં ગાઇયે વખાણ. ભાવે૦ ૪
હરિ દરીયો દયાતણો; ધુધવે નીતી બહુ ધાર,
શોભા શી રળિઆમણી; વાદળ રંગો અપાર. ભાવે૦ ૫
ભરિયે હઇયે સદગૂણને; ઝરિયે અનીતી તાપ,
ફરિયે હરિયે સુખ રહેનમાં;સરિયે ભગતીએ આપ. ભાવે૦ ૬
ઝૂલાઇયે સુખમાં નહીં; દુખમાં કરિયે જો રીસ,
ધરમ કરમ ભૂલીજીએ; પછિ પંડે પાડવી ચીસ. ભાવે૦ ૭
હરિ સમરણ સહુથી ખરૂં; દુખમાં થાએ વિશ્રામ,
માટે ભજજો બેનીઓ; હરિ હરિ આઠેરે જામ ભાવે૦ ૮

(૨–૧)

(ઢોળ.)

સખી ભાવે ભૂધરને ભજીયે, અંગે નીતી ધરેણાં સજીયે. ૧
ફળને કારણ ભગતી ન કરવી, હર કો કારણ નીતિ દીલ ભરવી. ૨
મ્હોડે માંડો લીલાજળલોટી[૧], સાચી સંગત વણ વાત ખોટી. ૩
ગુણો ગોવીંદના ખૂબ ગજવો, દિલથી લોભને ચોંપે તજવો. ૪
હરિને ભજવો સ્વભાવિક ધરમે, કો દી બાંધ્યાજવૂં નહીં કરમે. ૫
હરિનું નામ મહીમા મોટો, છળ ને કપટનો ધંધો ખોટો. ૬
ગુણની ખાણને નાતે ખોદો, કરવો ઘર બ્હાર સાચો સોદો. ૭
સખી ભૂધર ભગતિનો ભૂખ્યો, નીતી ધી વીના આદમી લૂખો. ૮
હરિનાં કામને રોજ વખાણો, નીતે નીતીને પાળી જાણો. ૯

(૩-૧)

(પ્રભાતિયું.)

બ્રહ્મ તૂં બ્રહ્મ તૂં, આપ ભક્તી મુને, માગું હૂં દીલમાં પ્રેમ આણી;
અનુભવજ્ઞાનથી, લહું છું ખોટૂં સહૂ, ધર્મનીતી નિયમ સાચ જાણી,
બ્રહ્મ તૂં૦ ટેક.

પળ પછી જીવની વૃત્તિ કેવી થશે, તે તણૂં સાણું નહિં લેશ લાધે;
તે છતાં હૂં હિણો, વિષયમાં[૧] ગરકિને, વીસરૂં ગૂણ ગાવા અગાધે. ૨
કો ચ્હડે ઊતરે, કો ધની નિરધની, છે કોઈ હાસ ને હાય ખોલે;
એ નિયમ તાહરો, ડાહ્યો દીસે બહૂ, આણે વંઠેલ ને ભક્તિ ઓળે[૨]. ૩
ઘટઘટાનેક[૩] તે, આપની આંખમાં, બહુબહુ બ્રહ્મના ગુણ ધોળે;
અલેકી ચાતુરી, જાણવાજોગ પણ, જ્ઞાનવણ નર્મદો કેમ ખોળે. ૪
પવંતે ઊગતૂં, ફૂલ બ્હાદૂર છે, વાયુ વંટોળસૂં જુદ્ધ માંડે;
ભક્તનાં ઊરમાં, બ્રહ્મરંગ ફૂલ તે, ભવતણા વાયુને શાંત પાડે. ૫

---

૧ ભક્તી તરફ જઇયે–ભક્તી કરીયે.
૨ જગતની લીલાથી થતા આનંદરૂપી જળની લોટી.
૧ નાના પ્રકારના પ્રપંચો.
૨ હારમાં–જાંહાં ભક્તિના રંગ હોય તાંહાં.
૩ અનેક ઘટઘટ. આશક માશુક સામસામે બેઠાં હોય, ને તે ઠેકાણુ એવું હોય કે ત્રાંહિતને તેમાંનું એક જણ દેખાય–એ ત્રાહિત, એકની આંખનો ચળકાટ જોઈને મનમાં સમજેછ કે એ કોઈ બીજ સ્નેહી સાથે વાત કરેછ. તેમ, અલેક ઘાટ જોયાથી તેના બનાવનારનું ભાન થાય છે.

આરબ્બી આફ્રિકી, રેત તાતી મધે, ઊંટ ધીરૂં જ્યમે માર્ગ માપે;
ભક્તજન તે રિતે, ભવપિડાઝાળમાં, ધર્મધીરજ ધરી મોહ કાપે. ૬
રેહિ સંસારમાં પાળિ નીતી સહૂ, મંન ભજવે હરિ સ્થીર રાખે;
વિઘ્ન સહુ દુર કરી, હર્ષ હૈડે ભરી, જીવને શિવ કરે સાધુ ભાખે. ૭
(૧-૨)

(પ્રભાતિયું.)

સાચૂં એક બ્રહ્મ નામ, અવર સહૂ કાચૂં;
ગૂણ ગાવા ભક્તિ સજી નિરભે થઇ નાચૂં. સાચૂં૦ ૧
કોઇ કોઇનૂં નથીજ, સાનૂં સગૂં સાચૂં;
અટપટિ ખટપટ્ટ દેખિ, કેમેકરી રાચૂં. સાચૂં૦ ૨
હામ હામ છે બિગાડ, વિષયીરસ કાલૂં[૧];
જૂહાણૂં કપટ્ટ ભાળિ, કેમ મનડું વાળૂં. સાચૂં૦ ૩
એકલપેટ શેઠ લોક, ભરે નીજ ડાચૂં;
દીનહીન પાળ પ્રભૂ, એટલું હૂં જાચૂં. સાચૂં૦ ૪
ધટે ધટે માયા મચી, કીયે ખુણે લાધૂં[૨];
નિત્ય સાર દેખું હું જો, સેવૂં સંત સાધૂ. સાચૂં૦ ૫
ધ્રુજી મીરાં તુક કબીર, રોહિદાસ દાદૂ;
પ્રભૂલીલાદયા ગાય, નૃસિંહ પ્રલ્હાદૂ. સાચૂં૦ ૬
કરે દયા દયાળજી તો, ભકિતબીજ પામૂં;
સીધ પંથે વેહેલ વળૂં, મુકિતધામ સામૂં. સાચૂ૦ ૭
જીવવૂં છે ચાર દીન, પાપ નહીં બાંધૂં;
બ્રહ્મનીતિ જીવપ્રીતિ, પ્રેમે સિવિ સાંધૂં. સાચૂં૦ ૮
(૨-૧)

(પદ.)

પરબ્રહ્મ તૂં અંતરજામીરે. ટેક.
છાની ધણી મારે મંન તે તૂં સમજેરે;
દરસાવજે આપી બુદ્ધ, મારી ખામીરે. પરબ્રહ્મ૦ ૧

---

૧ દરિયાને કાંઠે હોય છે તે. ૨ હું વ્હાણુ, માયાના ઊંડા દરિયામાં કહાં લાધું? કીયે ઠેકાણે જઈ મનમાં ઠરૂં?

જીણાં ન દેખાતા જીવ, તૂં સંભાળેરે;
ચંતા સંસારનિ કેમ, ધરૂં હૂં કામીરે. પરબ્રહ્મ૦ ૨
લાલચ ફાંદા પાપ, આંહી પીડેરે;
રોપનિ સર્વનિમાંહિ, ભક્તી નામીરે. પરબ્રહ્મ૦ ૩
(૩–૧)

(પદ.)

દાના દીલ જોઇ લે હો, નારાયણ નીતીને હો;
ગાની ગાનીરે ગોવિંદજી પ્રેમથી હો. ટેક.
જગેજગે જસ ગૂણ બતાવે,રાય રંકમાં સંપ સરાવે,
પ્રભુ નીમ નાણને તૂં. નારા૦ દાના૦, ગાની૦ ૧
મૂરખ જનને ખૂબ નચાવે,ભક્તોનેબહુ જ્ઞાન લખાવે,
જે ગુણખાણને તૂં. નારા૦ દાના૦ ગાની૦ ૨
અનેક ગુણને નામ કહાવે,શક્તી પાર ન પામર પાવે,
જિવડા જાણને તૂં. નારા૦, દાના૦ ગાની૦ ૩
(૨–૨)

(પદ.)

પામરને મુક્તી દીજેરે બ્રહ્મ સાનતન. ટેક.
નહિં નહિં કંઈ નીતી માની, જારીતો થઈ જુવાની,
જૂઠી મ્હેં કીધી વાણી રે. બ્રહ્મ૦ ૧
હરખ શોક માયા, પીડેછે મારી કાયા,
ઓધાર જગરાયારે. બ્રહ્મ૦ ૨
જે જે પાપો નામે, ઘાલ્યો મ્હેં કર કામે,
રાખ્યૂં ન ધીર રામેરે. બ્રહ્મ૦ ૩
કાયા છે ભરી નર્કે, મંન તો પાપે ગર્કે,
પુણ્યે ન જીવ સર્કેરે. બ્રહ્મ૦ ૪
હું તો છઉં હીણ પાપી, માફી તું બધી આપી,
રાખજે જમણો થાપીરે. બ્રહ્મ૦ ૫
(૨–૩)

(૫૬.)

અજ્ઞાની ભૂંડા, બ્રહ્મ ભજન નવ કીધૂં-
સંધિ ખોઇ તેં સ્વર્ગે જવાની નુકસાન હોરીલીધૂંરે–અજ્ઞાની. ક૮. ૧
ક્ષણુભંગુર આ દેહ ધરીને, કરેછે મારૂં તારૂં;
તરુણપણાંના મદમાં બહુ, જુવતીસૂં ખેલ્યૂં જારૂંરે.–અજ્ઞાની. ૨
આ ભવનું મરણાંતે કાંઈ, સાથ ન આવે તારૂં;
જે કાયાએ આ રૂપે તૂં, તેપણ સાથ ન વારૂ રે.–અજ્ઞાની. ૩
લઈ જવાનું અહિંથી તારે, પાપ પુણ્ય વળાવૂં;
એક લૂટી દમશે પ્રાણી, સુખધામ બિન્નથી જાવૂંરે.–અજ્ઞાની. ૪
(૨–૨)

ધરમે આંધા, સાચ મારગ નવ જોએ;
ધોરી રાહે જાવું છોડિ દઈ, ગલિકુંચિયે વટ ખોયેરે–ધરમે. ટેક. ૧
મલીનતાથી થતા રોગને, હણવા નાહે ધોએ;
એ આચારને ધર્મજ જાણે, મૂઢ કપટિ દિલ દોએરે.–ધ. ૨
પુજા દેવની પિત્તૃની વળિ આદિક કરમે મ્હોએ;
પેટ પાળિ ધરિ કરે ધામધુમ,તેથી ન ધરમી હોએરે.–ધ. ૩
લોક ભુરકવા બાવો થાએ, તપજપ માંડે કોએ;
ભક્તિ કરંતાં પાપ બેવડું, હોરી આખર રોએરે.–ધ. ૪
કો બટૂક ભેરવ કાળી સાધે, પીર વીર ભુત ધાએ;
મારણ જારણ ઉચાટન વિદ્યા, વ્હેમે ગોતાં ખાએરે.–ધ. ૫
મંત્રજંત્રથી સિદ્ધ કેહેવાઈ, ભલો ભલો પૂજાએ;
અંતરમાં હગવાની વાતે, ખરે તે નર્કે જાએરે.–ધ. ૬
નીતિસ્નાનથી શુદ્ધ મંનથી, ગાયૂં બ્રહ્મ જનોએ;
ધ્યાનમારગે ખરા ભાવથી, લિધિ મુક્તી ભક્તોએરે.–ધ. ૭
ધરી ધ્યાન તૂં રહિત કામના,સહિત ભાવ હરિ ગાએ;
કહે બુહ્મિ સજિ નીતિ વિભૂતિ[૧],સત મુક્તીતો થાએરે.–ધ. ૮
(૨–૧)

---

૧ બ્રાહ્મણો કપાળે લગાવે છે તે નહિ પણ નીતિનું કવચ.

(પદ.)

જિવ તૂં મૂરખ સમજેરે, કહું છું ઘેલા ફરી ફરી;
પારધી તને તાકેરે, સાવધ થાની વ્હેલો વળી--ટેક.
હમીઆણી હું પદાની કીધી એકડી બહુ સંસાર;
ગલ્લાસંચા સિંચિભર્યા ભુંડા ઘણાં પાપથી પેટાર,
જમ દેખાડી દેખાડીરે છૂંદે તને મારી મારી. જિવતૂં૦ ૧
પુછયું નહીં તેં કયમ હું ધરી આવ્યો અહીં અવતાર;
ન નાખ્યો પાયો પુણ્યતણો અહિં[૧] તહિં[૨]આંધવા ઘરબાર,
ન જાણ ખેલ મિથ્યારે જવાબ દેવા ભારી ડરી. જિ૦ ૨
ન હઠવ્યા અસત્ય કામ એ પાપી નાયકો[૩] લેશ;
ન જાણ્યા તેં ધર્મ અવશ્યે આપ કુટુંબ ન્યાત દેશ,
ગાભરો તું થઈનેરે કુટીશ છાતી છેવાઇ[૪] મરી. જિ૦ ૩
સદશિક્ષા તપખિરને આંજી ઉરાડી દે તૂં ઊંધ;
ભકતીરૂપી દિવ્ય કમળ જે બ્રહ્મને વ્હાલું તે સૂંઘ,
પવિત્ર મન થાશેરે, સર્વનાં પાપ હરે હરી. ૪

(૨-૧)

પરબ્રહ્મ* જગકર્ત્તારે, સ્મરોની ભાઈ હર ઘડી;
જાણો અવર મિથ્યારે, હરકતો અહીં આવી નડી.-ટેક.
રવિ ચંદ્ર તારા ગ્રહો સમુદ્ર અવનિ ને આકાશ;
ઝાડ પર્વત નદી સરોવર એ સહુ તારી કૃતીના પ્રકાશ,
નાસ્તિક બુદ્ધિ પાપીરે તત્ક્ષણે તે છાંડે રડી. પરબ્ર૦ ૧
નાનાવિધના જિવજંતૂ ને પશુ પક્ષી મનષ્ય જાત;
નાનાવિધે કરે સંસારમાં હાય કલ્લોલ અહોરાત,
એ ભેદ તૂંજ જાણેરે ઋષિ યોગીયો મરે લડી. પરબ્ર૦ ૨
કામ ક્રોધ મદ મોહથી વીટી કસી લે જન દેહ;
નીતી સદાચરણે ચાલતા એવા ભકતને નહિ ભેહ,
તૂં દયાનો સિંધૂરે સાહે થાયે વેળા આડી. પરબ્ર૦ ૩

---

૧ આ મૃત્યુ લોકમાં. ૨ સ્વર્ગમાં.
૩ જુઠાણું અને છિનાળું એ બે મોટાં પાપ છે.
૪ ઘણે મોડેથી વિચાર કરતાં.
* એ મ્હારી સહજ નિકળેલી ઘ્હેલ-ઘ્હેલીજ કવિતા છે.

ન લુબ્ધાઇ પ્રપંચમાં ન પીધું દુર્વિકાર રૂપી ઝેર;
પામે તે ભજિ નિરંજનને અહિં તહીં લીલા લેહેર,
ઓળખ સારી તારીરે નર્મદો લહે ખુટ્ટી[૧] જડી. પરબ્ર૦ ૪
(૨–૧)

(પદ.)

એક બ્રહ્મને મૂકી દઇનેં ભ્રમ કાં ભજિયે બેના[૧];
બ્રહ્મ ધામના રંગજ ન્યારા પાપ અરણ્યે[૨] શેના. ટેક.
સગાં સંબંધી સ્નેહી સાથે, ફોકટ કટકટ કરવી;
કાળ ધસારે મારે તારે, નાકલિસોટી ભરવી હો. એક બ્ર૦ ૧
કામ ક્રોધ ને બીજા અવગુણ, તે કચરામાં ચરવૂં;
અંદરથી તે કચરી નાખે, તારે શું રહ્યું તરવૂં હો. એક બ્ર૦ ૨
પાખંડી મત વિવિધ અહીં સહુ, ખટપટ ખટકે ખારી[૩];
ધાતુ માટિને માનવ મૂર્તિ, હરઘડી દમતાં ભારી હો. એક બ્ર૦ ૩
ભુવનપતીછે અચિંત્યરૂપો, ઝગઝગ જ્યોતિ સારી;
બ્રહ્મનામને નીતીના જય, બહુ બહુ પાપનિવારી હો. એક બ્ર૦ ૪
(૨–૧)

ચિદાનંદના ધ્યાનવિના કયમ આનંદી થવું બોજે[૧];
સત્ય પ્રેમરસ જો ન પિઉં તો રોજ રિબાઉં સોજે[૨]. ટેક.
ગઈ રાતની ઘણી ઝંખના તેથી ઊઠી વ્હેલો;
ખટપટ ખટલાતણો ખાટલો[૩], શિરલઇ ભમુ હું ઘેલો હો. ચિ૦ ૧
સાઠ ઘડીમાં અડધિ ઘડી પણ, ઠરી ઠામ ન હું બેસું;
સ્વાર્થે સાધવા મારૂં ઉછાળા, કહું પરમારથ તે શું હો. ચિ૦ ૨

---

૧ ઈશ્વરની ઓળખ એ મોટી ગુણ કરનારી જડી ખુટ્ટી છે. (પ્હેલીજ કવિતામાં ખુટ્ટી જડી એમ નિકળ્યું છે તેને હું એમ સમજું છું કે કવિતા એજ મારી જડી ખુટ્ટી છે–એથી હું અખંડાનંદમાં રહું છઉં. એ શબ્દની ખુબી મેં પાછળથી જાણી છે.)

૧ બે, ત્રણ તેંત્રિસ કરોડ વગેરેના.
૨ પાપના અરણ્યમાં બ્રહ્મધામના રંગ શેના દેખાય.
૩ ખારીલાં; કપટ ભરેલાં.
૧ પાલવે (આનંદી થવાય.) ૨ દુઃખે.
૩ ભવાઈમાં તરકડિયો કરેછે તેમ.

આ ખરૂં કે તે ખરૂં કહી, વ્હેમી કંઇ ના ઝાલૂં;
અતો ભ્રષ્ટ ને તતો ભ્રષ્ટ થઇ; મ્હસ કીચલમાં મ્હાલૂં હો. ચિ૦ ૩
બ્રહ્મનીતિનો માર્ગ સુધો તે, જોઉં નહીં હું આંધો;
ક્ષમા કરી અજ[૪] મૂક રાહપર, નર્મદ જીવડો ખંધો હો. ચિ૦ ૪

(૨–૧)

(પદ.)

* જીવ શિવ કેમ થાએ કેમ થાએ,
તુજ અંતરમળ ન ધુવાય,
તુંથિ બાહ્ય ભેખ ન તજાય, જીવ૦--ટેક.
નીજ ધર્મનો મર્મ ન જાણ્યો, પરધર્મી રીત જોઈ;
કરી કલ્પના નીજ વખોડી, પરધર્મે રહ્યો મોહી. જીવ૦ ૧
રહ્યો મોહી પણ નાજ સ્વીકારે સ્વારથિયો ઠરી રહેશે;
લોક મારથી ડરે ઘણો પણ, દીલથકી નહિં લેશે. જીવ૦ ૨
થોડી વારતો ભણેલ તેથી, ખુબ પસ્તાવો કરશે;
પછી હૈડાંપર રાખિ હાથને, ઈશ્વરથી નહિં ડરશે. જીવ૦ ૩
બ્હારથકી તો આસ્થિક થાએ, અંદર નાસ્તિક હોએ;
અજ્ઞાનીને કરે આંધળા, પણ ઇશ્વર તો જોએ. જી૦ ૪
દેવ અને નીતીની વાતો, લૌકિક સારૂ ભાખે;
શત્રુમિત્ર છે સમાન કહિને, ગળાંજ કાપી નાખે. જી૦ ૫
કેહેવાનું કરવાનું જુદું, ગજદાંતોના ધર્મો[૧];
પંથ[૨] નામ એ મોટિ સૂંડમાં, છૂપાવે નિજ કર્મો. જી૦ ૬
જાતિભેદ તો નાજ પાળવો, એમ ખરૂં પોકારે;
કહ્યા પ્રમાણે જાહેરમાં તો, નાજ કરે કો વારે. જી૦ ૭
વિપ્ર શૂદ્ર ને યવન મળી સહુ, છૂપા છૂપા ખાએ;
પરમાટી મધુ ભાત ભાતના, અંગ ઉમંગે ન્હાએ. જી૦ ૮
વળિ બીકણ થઇ ઓસડનામે, ન્યાતવિરુધબહુપીએ;
કાયર તે શુરને શિખ દેછે, છેકજ દૂર ન જઇએ. જી૦ ૯

---

૪ બ્રહ્મ. * એ કવિતા કેટલાક સુધરેલા કહેવાતા પણ નાસ્તિક, મતલબીયા ને બીકણ જુવાનીઆઓને માટે લખી છે.

૧ હાથીને બે રીતના દાંત હોય છે એક બતાવવાના ને એક ખાવાના.

૨ સુધારાવાળો, સ્વામીનારાયણના પંથનો એમ કેહેવડાવે એટલે લોકો તેની અનીતિ વિશે શક લાવે નહીં.

લુચ્ચાઈ નહીં જેવી તેવી, પાપ નહીં એ જ્હાનું;
રહું ભાવિક અજ્ઞાની મન, માહું પંડિત જ્હાનું. જી૦ ૧૦
સત કારણને માટે શૂરાં, થયેથિ સ્વર્ગ પમાએ;
દિલમાનું હિંમતે કરંતાં, જીવ ધર્મા કેવાએ. જી૦ ૧૧
સાધુ સંત ને પંડિત જ્ઞાની, ઊંચ નીચ નવ માને;
કર્મ પરત્વે જાતી ઇચ્છે, ગીતા વેદ પ્રમાણે. જી૦ ૧૨
જે જે સાધૂ થયા જગતમાં, તે જગથી નહીં બીતા;
ગૃહસ્થ છતે સાધૂ થઈ રેવૂં, મુખ્ય ધર્મ કેહ ગીતા. જી૦ ૧૩
ખરો ધર્મ તો એજ સહૂનો એક બ્રહ્મને ગાવૂં;
ભિતર બ્હાર નીતીને પાળી, મુક્તી ધામે જાવૂં. જી૦ ૧૪
ડરી હરીથી ડરી ન જગથી, બુદ્ધી કેહ તે કરવૂં;
સંધા સંકટ સંશય સમવી, નર્મદ શિવ થઈ ઠરવૂં;
જીવ શિવ એમ થાએ એમ થાએ. ૧૫

(૨–૧)

(પદ.)

જગતના નાથા પરબ્રહ્મ દેવા,
ભક્તીના ભૂખ્યા કરૂં તુજ સેવા. જ૦ ૧
સમજુ દેહ ધારી પ્રભુ ભજું ન ભારી;
ધિક ધિક જીવડા કઠણ તુજ વારી. જ૦ ૨
ભજનતણું વ્હાલું કલ્પવૃક્ષ ઝાલૂં,
કામદુહા લહી તુજસૂં હૂં મ્હાલૂં. જ૦ ૩
હરીનામ જાણૂ કવચ[૧] અભે આણૂં,
નર્મદા કેહછે અવર સહુ સાણૂં. જ૦ ૪

(૨–૨)

(પદ.)

જિવ[૧] સુધારસ બ્રહ્મપ્યાલો પીલે,
પ્રભુ તહારો કારક[૨] કહેવાએ,

---

૧ ભય ન રેહ તેવુ બખતર.
૧ એ જીવ તું અમૃત રસ જે બ્રહ્મ–સચ્ચિદાનંદ તે રૂપી પ્યાલો પીલે.
૨ કરનાર; ઉત્પન્ન કરનાર.

ત્હારો પાળક કહેવાએ,
ત્હારો મારક કહેવાએ,
રસિક રંગ ખીલે ખીલે,–પ્યાલો પીલે–જિવ૦–ટેક.
ન કંઈ બાકિ કૃત્યમાંહિ વિશ્વરામ[૩];
સકળ ચાતુરિ ભરપૂર ત્હેનું કામ;
સુંદર જગજગ રચના પ્રતાપી નામ[૪];
ત્હેની તૂલના, ? તેજ[૫] રૂપ, તેજ રૂપ,
તે અરૂપ[૬], ત્રિગુણ[૭] રૂપ, યશ અનૂપ[૮],
ભુવન[૯] ભૂપ, અમૃત કૂપ[૧૦],
ગુણ અખીલે[૧૧] ખીલે પ્યાલો પીલે.–જિવ૦–૧
મનુષ્યદેહ ધરી શુકર[૧૨] શ્વાન[૧૩] થાએ;
તજિ તું બીક બધી પાપ પુઠે ધાએ;
મુકી સુકૃત[૧૪] અમૃત દુષ્કૃત[૧૫] શકૃત ખાએ;
ઉત્તમ જન્મનો, હેતુ જાણુ, આણિ ભાન,
મુકી માન[૧૬], ધરીસાન, કરનિ[૧૭] દાન,
કથા ગાન, નીતિ ધ્યાન, ભકિતમાન,
શિખ મદી[૧૮] લે દીલે પ્યાલો પીલે–જિવ૦–૨

---

૩ (એવો તે વિશ્વનો રામ છે.)
૪ (અનેક જગતની અનેક અનેક સુંદર રચના છે–એથી તેનું નામ પણ પ્રતાપી છે.)
૫ (તે બ્રહ્મ જે તેજ–પ્રકાશ રૂપ છે તે તેજ રૂપ–પોતાનેજ રૂપે હોય –તેજને કંઈ રૂપ હોય નહીં.)
૬ રૂપ–આકાર વગરનું,
૭ (ઉત્પન્ન કરનારૂં, પાલણ કરનારૂં, સંહાર કરનારૂં, એ જે ત્રણ ગુણ તે રૂપે તે છે.) ૮ જેના જસનો જોડો નથી.
૯ અનેક ભુવનનો ભૂપ–રાજા.
૧૦ તેજ રૂપ પણ વળી અમૃતનો કુવો.
૧૧ સઘળાજ સારા ગુણ–અખંડિત અદ્‌ભુત શક્તિ જે તે ખીલેછે–પ્રફુલ્લિત થઈ શોભી રેહે છે.
૧૨ ભુંડ. ૧૩ કુતરો.
૧૪ નીતિનાં કામથી થતા લાભ રૂપી અમૃત.
૧૫ અનીતિનાં કામથી થતી હાનિ રૂપી વિષ્ટા–નરક.
૧૬ અભિમાન.
૧૭ દાન–કથાનું ગાન–નીતિનું ધ્યાન–ભક્તિનું માન કર.
૧૮ એ મદી–મદમાતા ત્હારા દીલમાં શિખામણ લે–ઉતાર.

કપટ જૂઠ વ્હેમ વેરાથ ભરપૂરો;
માયારૂપ નદીનીરનો વિષપૂડો[૧૯];
મહારૌરવે[૨૦] જિવ જાય પાપિ પૂરો;
વેદ નેતિ[૨૧] કહે, ઓમકાર, દિલવિચાર,
વાર વાર, તજી ખાર, ખાઈ હાર,
ધરી ભાર[૨૨], નીતિ સજીલે જી[૨૩]લે.–પ્યાલો પીલે–૩
મુએ સાથિ નહીં કોઇ તૂજ જાણુ;
નહીં કામદામ ધામની એધાણુ;[૨૪]
ડરી પાપથી તું પુણ્યને બહુ નાણુ;[૨૫]
ભુંડા નર્મદા, આઠ જામ, ઠરી ઠામ,
રાખરામ[૨૬], ભિડીહામ, તું નિષ્કામ,[૨૭]
મુકિત ધામ, નિત્ય નામ,
બ્રહ્મ ભજી લે જી લે–પ્યાલો પીલે–જિવ૦–૪

(પદ.)

* ખરી ભકિત જો સાયુજ્ય મુકિત[૧] આપે.
બિજાં જે સાધન[૨] બહુએ,
વિરસ તે દે દુખ સહુએ,

---

૧૯ (સંસારની માયા એ તો ઠગાઇ ભરેલી છે પણ એને જો નદી સમજીએ તો તું તેનાં પાણી ઉપરનો ઝેરી પુડો છે–એટલે તું પાપ રૂપજ છે ને જે કોઈ તહારી સંગત કરેછ તેને તું પાપી કરેછ.) ૨૦ (પણ સમજ–અધોર પાપ કરનાર જીવ મ્હોટાં નરકમાં જાય છે). રૌરવ–નરક.

૨૧ વેદ જે બ્રહ્મને વિષે બોલતાં **નેતિ** કહે છે તે, (વળી જે ઓમ્કારે–**અ, ઉ, મ**ને એકઠે રૂપે–ઉત્પન્ન પાલન સંહાર શક્તિ રૂપે છે તેને દિલમાં વિચાર). ૨૨ ટેક. ૨૩ (ઓ જી–જીવ તું લે સજીલે.)

૨૪ એધાણ–નિશાની (કામ એટલે પ્યારસંબંધી, દામ–પૈસાસંબંધી, ધામ–ઘર વગેરે સંબંધી કોઈ નિશાની તહારી સાથે આવવાની નથી).

૨૫ અનુભવ કર. ૨૬ રામ–આત્મા (તહારા આત્માને ઠરી ઠામ–સ્થિર રાખી.) ૨૭ (કોઈ વાતની ઇચ્છા રાખ્યા વગર.)

* એક વખત મ્હારે ને મ્હારી પ્રિયાને ઘણા કાળનો વિજોગ હતો–ને તેથી હું બહુ અકળાતો એવામાં એકાએક પ્રિયાનું મળવું થયું–એ ઉપરથી મેં જણ્યું કે ખરી ભકિત હોય તો કોઈ દહાડો પણ તે ફળે–ને પછી ઉપલી કવિતા જોડી. ૧ ચાર પ્રકારની મુકિતમાં છેલ્લા દરજ્જાની જે મુકિત તે.

૨ યોગાદિક.

(પણ) કરિ રસમય મનહું એ[૩],
સંકટ સર્વ કાપે કાપે–મુક્તિ આપે–ખરી૦–ટેક.
આજન્માંત[૪] સ્થિતિ અનંત બ્હાર[૫] થાએ:
આજન્માંત સ્થિતિ અનંત માંહ્ય[૬] થાએ;
જન્મિ જન્મિને તે[૭] સર્વ મરીજાએ;
ચોર્યાસી લાખથિ[૮] શું,નથી વધ્‌તા,ફેરા થતા, ?
જિવને છતા, એમ છતાં, ખાવિ ખતા,
ખોવિ મતા, આનંદલતા,
જ્ઞાન વિના પાપે પાપે–મુક્તિ આપે–ખરી૦–૧
શું ના મનતણા વિકાર અનેક હોએ;
શું ના દેવ[૯] દાનવ મનુશ શુકર હોએ;
શું ના સૂખ દુઃખ થતાં જીવ જોએ;
શેનું સૂખહું અહિં[૧૦],છે દુખજોગ, જાગ્યા ભોગ,
હરિવિયોગ, આણે રોગ, તજવે ભોગ,
કરવે શોક, સુકૃત ફોક, બચે કોક,
જ્ઞાને જોગ,ધિરજ ઉરે થાપે થાપે–મુક્તિ આપે–ખરી૦–૨

---

૩ ખરી ભક્તિ ; પ્રેમ ભક્તિ.

૪ જન્મથકી માંડીને તે મરણ લગીમાં.

૫ બ્હાર એટલે દેખાઇથી બ્હારની પડતી આદિલઈ સંબંધી–માન દ્રવ્યાદિક મળવું–જવું, શરિર સારૂં રહેવું–બગડવું આદિલઈ (અનેક સ્થિતિ થાયછે.)

૬ માંહ્ય એટલે મનના જોસ્સાઓ સંબંધી–કોઈ વેળા ક્રોધ, કોઈ વેળા દયા, કોઇ વેળા પ્રેમ, કોઇ વેળા આનંદ, કોઇ વેળા શોક, આદિલઇ (અનેક સ્થિતિ થાયછે.)

૭ સ્થિતિ–(થઈ કે તે થોડી વાર રહી મરીજાયછ ને ફરી બીજી થાયછે.)

૮ (ચોરચાસી લાખ અવતાર જીવને ધરવા પડેછ એમ પુરાણોમાં કહેલું છે તે તો કલ્પિત છે પણ જન્મથી તે મરણપર્યંતમાં ક્ષણે ક્ષણે એમ જે અનેક સ્થિતિઓ થાયછ તેનાજ ઉપર વિચાર કરિયે તો પ્રત્યક્ષ જણાય છે કે જીવને ચોર્યાસી લાખના કરતાં વધારે ફેરા થાય છે–અનેક સ્થિતિ રૂપાન્તર થાય છે–ફેરા થતા છતા–ફેરા થાયછ એમ છે તે છતાં માણસે જ્ઞાન વનાં–જ્ઞાનબોધ ન લઇને પાપો કરી કરીને ખતા–છક્કડ ખાયાં કરવી ને આનંદની લતા જે વેલી તે રૂપી જે મ્હોટી મતા–દોલત તેને શું ખોઈ દેવી?)

૯ (જીવનાં દેવ, દાનવ, મનુષ, ભુંડ વગેરેના અવતાર–રૂપાન્તરો કહેવાય છે પણ મનુષ્ય રૂપેજ ઉપરની ટીપમાં કહ્યા પ્રમાણે જે બ્હારની ને માંહ્યની સ્થિતિઓ થાયછે તેમાંની કેટલીક દેવ, કેટલીક દાનવ–રાક્ષસ, કેટલીક ભુંડ વગેરે જેવી શું ન સમજવી?) ૧૦ આ દુનિયામાં.

હિણા જીવનો ન નીમ નિત્ય રેહે;
હિણી ઇંદ્રિઓ બગાડે સંધું દેહે;
જેની ના કહેલિ તેજ પાછું લેએ;
ભુલે જીવડો, ન ધરે ટેક, વહે છેક,
કરમ નેક, જે અનેક, નહીં એક,
કરે[૧૧] ભેખ,
રિબાયે તે[૧૨] તાપે[૧૩] તાપે–મુક્તિ આપે–ખરી૦ ૩
ભય ને દુઃખ ઘણાં જીવને સપડાવે;
ટટળાવિને તે જોરથકી ડાબે
જેની ઓથ તે ન સાહ્ય કદી આવે
સત્યજ રાખતાં, હોય ભાવ, થાય લ્હાવ,[૧૪]
જાય તાવ[૧૫], ઝુકે ધાવ, તરે નાવ,
આ દરિઆવ[૧૬],
પ્હોંચે ધામ ક્ષેમ આપે આપે–મુક્તિઆપે–ખરી૦ ૪

પદ.

સાકું[૧] જીવ નિજપદ જોઇ જો વિચારે.
કિડા ત્રાસદાયમાંથિ,
પરૂ રુધિર માંસમાંથિ,
હુના હુના જહેરમાંથિ,
આવ્યો ખ્હાર જ્હારે જ્હારે.–જો વિચારે–સાકું જીવ૦–ટેક.
થોડા રોજ[૨] તૂં ખરોજ રોઝ[૩] જેમ;
કરી માત ને પિતાએ રહેમ તેમ;
માંડયું પૂછવા આશ્ચર્યે[૪] પછી કેમ;

---

૧૧ (જીવ, નેક–સારાં કર્મમાંનું એક નહિં કરે–નથી કરતો પણ કરે છે. ખ જુઠા ઢોંગ કરેછે). ૧૨ જીવ. ૧૩ ત્રણ તાપે. ૧૪ લાભ. ૧૫ અવિદ્યા–માયાથી થતું દુઃખ.
૧૬ ભવસાગરમાં (નાવ તરે ને પછી ક્ષેમ કુશળ મુક્તિ–ધામે આપે–પો તાનેજ બળે–આપ આપને ઓળખે તેથી).
૧ (જીવ, તું કેટલો ઉંચો દરજ્જો ધરાવે છે તેનો તું જો વિચાર કરે તો કેવું સારૂં! ૨ દાહાડા. ૩ એક જાતનો પશુ. (તેના સરખો).
૪ (આનું શું કારણ–આનું કેમ, એવી રીતે).

ખરે જોઈ તેં, આસપાસ, ભેદો ખાસ[૫],
ના નિરાસ, રાખિ આસ, હણવા પાશ,
કરવા હાસ, સુખમાં વાસ, પ્રભૂ પાસ,
રેહવા દાસ,
ધાર્યું સવારે વારે.–જો વિચારે–સાડું જીવ–૧
જુવાની મદે ફર્યો તું હાટહાટે[૬];
વિસરિ નીતિને સર્યોજ[૭] ગેરવાટે;
મૈાડાની પઠે ઠાલાં[૮] તું ઠામ ચાટે;
નંદવ્યું નૂરનંગ[૯], ત્રિયા સંગ, ધરિ ઉમંગ,
કસી તંગ[૧૦] રમ્યો રંગ, બળ્યો ઢંગ,
હિણ અપંગ[૧૧], નીતિગંગ[૧૨], ધોઈ અંગ,
ભજન ચંગ ને મૃદંગ,
બજાવ્યાં ન વારે[૧૩]વારે.–જો વિચારે–સાડું જીવ૦–૨
આવી સાઠિ કુડી બુદ્ધિ તહારી નહાઠી;
લલૂતા અને લવારી વધી માઠી;
વધ્યું જોર રસેન્દ્રીનું લિધે કાઠી;
વંઠયો ભારી ઓ, બહુ નકારિ, ખુની જરિ[૧૪],
ને જુગારિ, નાખિ ઝારિ[૧૫], સુખાકારિ,
મુક્તિ બારિ, નીતિ ધારિ, લિલા સારિ,
ગાઈ તેં ન ભારે ભારે.–જો વિચારે–સાડું જીવ૦–૩

---

૫ અક્કેકા પદાર્થના જે ખાસ–પોતાના વિશેષ ગુણો તે. (નિરાસ ન થતાં, માયાનો પાશ હણવાનું, હાસ–સંતોષનો શબ્દ બોલી સુખમાં વાસ કરવાનું અને પ્રભુની પાસ દાસ થઇ રહેવાનું તેં સવારે–બાળપણમાં ધાર્યું. વાઃ રે એટલે એ તેં ઠીક કીધું.)

૬ ઠેકાણે ઠેકાણે–આ દુનિયારૂપી બજારની દુકાંને દુકાંને. ૭ ગયો.

૮ ખાલી. ઠામ–વાસણ–(જેમાં કંઈ સાર નહિં તેવી બોટી વસ્તુ જે થોડી ઘણી હાથ લાગી તેનો ઉપભોગ કરવામાં ફસાયો).

૯ માણસનું નુર અને એ રૂપી જે અમુલ્ય નંગ તે તેં ભાગ્યું. ૧૦ બલાત્કારે; મથી મથીને. ૧૧ ઓ હીણા અપંગ–(નીતિ ધર્મવનાનું માણસ અપંગજ સમજવું.) ૧૨ નીતિરૂપી ગંગામાં તેં તહારૂં અંગ ન ધોયું.

૧૩ વારેઘડિએ; હંમેશ. ૧૪ છિનાળું.

૧૫ (જરી જુગારી આદિ દુર્ગુણને ઝારી નાખી મુક્તિની બારી એવી જે નીતિ તેનો વિચાર ન કરયો અને ઇશ્વરની લીલાને તેં સારી પઠે ન ગાઈ.)

છે સંસાર સારાસારનો સંહાર[૧૬];
સિકારિ સાર બહુ અસારને સંહાર[૧૭];
અહમેવ તજી સેવ અધમંહાર[૧૮];
સત્ય શાલજોડિ[૧૯], ગર્વ તોડિ, ખેડું હોડિ,
જિંદગિ હોડિ, ખોઉં ન કોડિ,
ઉતરૂં ઉતારે તારે.–જો વિચારે–સાદં જીવ૦–૪

(૨–૧)

(પદ.)

*નીતિતુંબી[૧] ભવસિંધુને તરાવે.
તુફાનિ તુરંગમાંથિ[૨],
વાયુ ભયંકારમાંથિ,
ધારવાળા ખડકમાંથિ,
ક્ષેમ તિરે લાવે લાવે.–તે તરાવે–નીતિ૦–ટેક.
વિંટલાઇ વળી લાલચો ચોપાસે;
નથી ધૈર્ય અને સત્યનું બળ પાસે;
અરે રેહવું બંધાઇ જંમપાશે[૩];
પ્રભૂ પ્રેર તૂં ઉપાય, લાગું પાય, હે જગરાય,
તું સમરાય, સુખડું થાય, મનનિ લાહ્ય,
બહુ બહુ હાય, સહુ સમાય,
સંકટો નાવે નાવે.–તે તરાવે–નીતિ૦–૧

---

૧૬ ઢગ; ભેળસેળ થયલો જથો. (આ સંસારમાં સાર ને અસાર ભેળાયલાં હોંય છે પણ.) ૧૭ તજ; નાશ કર. ૧૮ પાપનો નાશ કરનાર જે ઈશ્વર તે.
૧૯ (સત્યરૂપી શાલજોડી હોડીને જીંદગીરૂપી હોડી ખેડુ ત્યારે તો હું છેલ્લે ઉતારે–મુકામે સલામત ઉતરૂં ખરો.)

* 'જીવ સુધારસનું પદ એક મ્હારા નાતીલાએ સાંભળીને તેવું બીજું કરવાની ઈચ્છા દેખાડી હતી ને તેથી તે રોજ ઉધરાણી કરતો–મ્હારૂં પણ મનખરૂં પણ ટેકની કડીમાં કોઇ સારો વિચાર મુકવાની વાટ જોતો હતો–છ એક મહિને મેં સ્વપ્નમાં ડુબતાં જ્હાણુનો દેખાવ જોયો. ને તે ઉપરથી મને લખવાનું સુઝી આવ્યું ને પછી બીજે દાહાડે પદ પુરૂં કીધું. એમાંનું વર્ણન સાગરને ને ભાવસાગરને બંનેને સરખી રીતે લાગુ પડે છે.

૧ તુમડી. ૨ દરિયાનાં મોજાં.
૩ મુઆ પછી શિક્ષા કરનારાઓની બેડીથી.

આશા લોભ આદિ આધિ ફિકર મ્હોટી;
કરે તાવ વ્યાધિ શરિરતણી સોટી;
બિજી અડચણો ઉપાધિ પીડ મ્હોટી;
અરે દુઃખડાં ના ગણાય,ના જણાય,પણ હણાય[૪],
ગુણ ઘણાય[૫], ઝટ તણાય, હરિ ભણાય,
સુખ અણાય,
ધરું સત ભાવે[૬] ભાવે.–તે તરાવે–નીતિ૦–૨
ભયંકાર[૭] અંધકાર સહુ ચિકાર;
ન બોલાય ગભરાયે કંઈ ચકાર[૮];
બિહું દેખિને વિચિત્ર રે આકાર;
ખરે અપ્રળાતો[૯] ફરું,અધજળ ખરું,પેટે ભરું,
કાં ના મરું, કેમે તરું, થાકે ઝરું,
લોહી નરું, કાંહાં ઠરું, રે શું કરું,
જળચર ચાવે[૧૦] ચાવે.–તે તરાવે–નીતિ૦–૩
દયાસાગરા તું નાગરા[૧૧] પરબ્રહ્મ;
ભ્રમો ભાંજિને શિખાડ શુદ્ધ ધર્મ;
સમજું મર્મ પછી બાંધુ[૧૨] નહીં કર્મ;
છું રંક હું નર્મદશંકર,હિણો કિંકર[૧૩],મતિ બહુ સંકર[૧૪],
આવે તંમર[૧૫]ફરું હું ધંમર, પડું જ દંભર[૧૬],
(પણ) રહેવા અંમર, બાંધું કંમર,નટવરશંકર,
નીતિ[૧૭] ગાવે ગાવે.–તે તરાવે—નીતિ૦–૪

(૧–૨)

---

૪ દુઃખ હણાય; દુઃખને દુર કરાય. ૫ ઘણાએક. ૬ જો ખરા ભાવથી સતને પત કરૂ તો. ૭ (આસમાની રાતે અથવા તોફાનનાં અંધારામાં દરિયામાં.) ૮ ચકાર શબ્દ એટલે કંઈપણ. ૯ (મોજાં ઉપર.) ૧૦ (સાગરમાં તેમ ભવસાગરમાં નાનાપ્રકારના ફાંદાઓ પાપ વગેરે કરડી ખાય–દુઃખ દે.

૧૧ ચતુર. ૧૨ કર્મ બાંધું એટલે પાપ કરું. ૧૩ ચાકર. ૧૪ (મ્હારી મતિ સંકર એટલે ભેળસેળ થયલી–આ કરું કે તે કરું એવી.) ૧૫ (તેથી હું ધુંધવાઉંછ ને તંમર આવેછ.) ૧૬ (મૂર્છા આવેછે.) ૧૭ નટવરશંકર–કલ્યાણ કરનાર એવો જે નાટક કરનારો તેની નીતિ ગાયાથી હું અમર રહેવાને માટે કમર બાંધુછ.

(પદ.)

ગાનિ જીવ વિશ્વનાથ હાઠ પરહરી;
હાઠ પરહરીરે ભુંડા, હાઠ પરહરીરે ભુંડા
હાઠ પરહરીરે–ગાની જીવ૦ ટેક.
કલ્પનાથકી બનેલ દેવલાં પુજે,
નમણ[૧] સ્પર્શ પ્રાશને ના ધા કદીકુજે,
કોટિ સાધને અજાગળ[૨] લેશ ના દુજે,
હાઠમાઠ પૂજવાથી પૂજ્ય ના[૩] સુજે,
ઓળખ આપરૂપને તું, સત્યને ધરીરે–ગાની૦ ૧
ચટ સ્વરૂપ પિતૃ પોષે પિંડદાનથી,
ગતિયે પોંચશે તે માન સત્ય ના કથી,
કરે ઉપવાસ મંત્રોપાસના[૪] મથી[૫],
ખેંચે દોરડાં બહૂ ને તીર્થસ્નાનથી,
સરે અર્થ એક નહીં અલ્યા કહું ખરીરે–ગાની૦ ૨
યંત્ર તંત્ર યુક્તિ છે બિજા ન વ્હેમ[૬] કંઈ,
ભૂત પ્રેતના વિકાર કલ્પના સહી,
સર્વ શાસ્ત્ર[૭] ને પુરાણ બ્રહ્મકૃત નહીં,
કાવ્ય અલંકારથી ગયું સહૂ વહી,
સત્ય સાર માત્ર લઈ, ગોષ્ટ[૮] કર પરીરે–ગાની૦ ૩

---

૧ દેવને નવાડયાનું પાણી (એનો શરીરે સ્પર્શ કરવાથી અથવા એનું પ્રાશન કીધાથી–એને પિધાથી કેટલાક ભોળાભાવિકો સમજે છે કે રોગ કુમતિ આદિક વિકારો જતા રહેછે પણ ખરૂં જોતાં એ રીતે કંઇજ દુઃખ ઓછું થતું નથી–ઇશ્વરે જે ઓસડ કરવાંછે તેજ કામ લાગેછ બાકી ગાંડોભાવ રાખેકંઈજ સરતું નથી.).

૨ (બકરીનાં ગળાંના આંચણમાંથી ઘણીયે જુકતી કરીયે તોપણ કંઈ દુધ નિકળતું નથી તેમ.) ૩ ખરેખરી પૂજવાલાયક વસ્તુ. ૪ મંત્રથી ઉપાસના કરેથી ૫ મથી મથી–બળાત્કારે.

૬ તું જેવા ધારે છે તેવા વ્હેમ નથી–યંત્ર ને તંત્ર એ જુક્તિ છે બાકી કંઇ મંત્રસિદ્ધિ નથી.

૭ શાસ્ત્ર ઇશ્વરે બનાવ્યાં નથી પણ મોટા વિદ્વાન ઋષીયોએ દેશકાળ સ્થિતિ જોઇને બનાવ્યાં છે.

૮ પુરાણાદિકનો નીતિભક્તિસંબંધી સાર લેવો પણ તેમાંની વાત ખરેખરી બનેલી છે એમ ન જાણવું. પરી–દુર.

કર્મમાર્ગ[૯] એ નહિ પણ, નીતિ એજ કર્મ,
પૂજવા પાખંડ એ નહિં શુદ્ધ સત્ય ધર્મ,
બ્રહ્મલિલા[૧૦] જ્ઞાન લહી લહી દેહ ભર્મ,
પામનિ સાયુજ્ય મુક્તિ બ્રહ્મ નિત્ય શર્મ,
જેની આશ સર્વને છે નીતિયે કરીરે–ગાની૦ ૪
(૨–૧)

(પદ.)

મૂઢ બ્રહ્મભજન નવ કીધૂં, કોદી નીતીનું કામ નવ ચિંત્યૂંરે, મૂઢ૦ ટેક ૧
ભક્તીના રસનું પ્યાલું ન પીધૂં, નિત કંચનનૂં નામ લીધૂંરે. મૂઢ૦ ૨
દૈવીશિક્ષાથી[૧] મન ન બીધૂં, કહ્યું કામિનિનૂં મનન[૨] સીધૂંરે. મૂઢ૦ ૩
હજી ચિત ચેતી સ્મર ચિદાનંદને, નર્મદાએ સુબોધ દાન દીધૂંરે. મૂઢ૦ ૪
(૩–૧)

પીની પીની પ્રેમાનંદ* પ્યાલો,
મટીજાશે કળંતો[૧] ભાલો[૨] રે. પીની૦ ટેક. ૧
અહિંયાં બન્યો જે આવડો ઘેલો[૩],
તે તું ડાહ્યો થઇશ કહું વ્હેલો રે. પીની૦ ૨
કડવો[૪] તે લાગશે ખરો તે પ્હેલો,
પછી માગીશ કહાં છે પેલો રે. પીની૦ ૩
પીધા પછી તો મુકવો ન સ્હેલો,

---

૯ મૂર્તિ પૂજાદિક એનું નામ કર્મમાર્ગ નહિ પણ નીતિનાં કામ કરવાં તેનુંજ નામ કર્મ–કર્મમાર્ગ.

૧૦ ઇશ્વરે પોતાના દરેક કામમાં જે લીલા દરસાવીછ તેના જ્ઞાનથી તેને ઓળખી અને આ દેહ ધરી આપણે પોતાની તરફ, જનતાઇ તરફ ને ઇશ્વર તરફ શી શી ફરજ અદા કરવી જોઇયે તે સમજી સાયુજ્યમુક્તિ–બ્રહ્મ–નિત્ય શાંતરસ સુખ તેને પામ.–જેની સહુ અંતે આશા રાખે છે.

૧ ઇશ્વરથી થવાની જે શિક્ષા તેથી. ૨ ધ્યાન; વિચાર.

* સ્ત્રી પુરૂષનો પ્રેમાનંદ અને સચ્ચિદાનંદ. ૧ કજીયા કરતો; ગટકા મારતો.

૨ સંસારમાં નાના પ્રકારની જે આપદા ભોગવવી પડેછ તે રૂપી ભાલો.

૩ આપદાથી થતાં ભ્રમણથી ઘેલો. ૪ સાકરની પેઠે તે પ્યાલો પોતાને ગુણે કડવો નથી– મીઠોજ છે પણ તાવવાળાને જેમ સાકર કડવી તેમ માયાવીને તે પ્યાલો કડવો લાગે છે. ખરી ભક્તિ થવી પ્રથમ બહુ દોહેલી છે.

કરે શુદ્ધ રસિક નહિં મેલો[૫] રે. પીની૦ ૪
નર્મદ કહે હું લવું ન ઠાલોહું[૬],
ખરે ખ્યાલો લાગે મને વ્હાલો રે. પીની૦ ૫
(૨–૧)

(પદ.)*

કોની આગળ કહીયે–પ્રભૂ પીડ કોની આગળ કહીયે. ટેક.
મેહેનત કરતાં ધન ન મળે કંઇ, પેટડું ડાબી રહીયે. પ્રભૂ૦ ૧
સાચવતાં વળી તન બગડે ને, બહુ બહુ રોગી બનીયે. પ્રભૂ૦ ૨
વિદ્યા બુદ્ધિયે મન છે તાજું પણ, ઉલટા મૂરખ ઠરીયે. પ્રભૂ૦ ૩
દુખ ભુલાવવા સુજન મળે પણ, નવછાજે[૧] કેમ સહીયે[૨]. પ્રભૂ૦ ૪
બધી રીતથી હારિ રહ્યાં તુજ નામે સુખડું લહીયે. પ્રભૂ૦ ૫
(૧–૨)

(પદ.)

ઘટ ઘટમાં તૂં રામ. ટેક.
રામ ઉપજાવે, રામ બચાવે,
મારે તેપણ રામ–રામરામરે ઘટ ઘટ૦ ૧
રામ સુમતિ દે, રામ કિરતી દે,
દે મુકતી પણ રામ–રામરામરે ઘટ ઘટ૦ ૨
રામ ભિતરમાં, રામ બહિરમાં,
સહુનો સાક્ષી રામ–રામરામરે ઘટ ઘટ૦ ૩
(૩–૨)

(પદ–રાગ કાફી.)*

પ્રભુ ભવપાર ઉતાર રે કીધાં ખરે પાપ અપાર મેં. ટેક.
ત્રિવિધ તાપથી બળી હું રહ્યોછું,
કદિ ન ધર્યો નીતિસાર રે. કીધાં ખરે૦ પ્રભુ૦ ૧

---

૫ હૈયામેલો; પાપી. ૬ ફોગટ.
* પ્રીતિનાં દુઃખથી સુઝેલી પણ એ વખત હું એ કવિતામાં લખેલાં સઘળાં દુઃખથી પિડિત હતો.
૧ ઘણીવાર ન રેહે. ૨ (એ દુઃખ) કેમ ખમાય. * ઉભરામાં લખેલી

ધન જોબનપર બની મદમાતો,
ન કરયો દૂર વિચારરે. કીધાં૰ પ્રભુ૰ ૨
જોતાં જોતાં સહુ પરવારચ્યું,
ધન સુત યૂવા નારરે. કીધાં૰ પ્રભુ૰ ૩
હવે અકળાએ લવ ન સરે કંઇ,
સ્થિર થઈ હરીને ધારરે. કીધાં૰ પ્રભુ૰ ૪
શોધે ઉપાયો થાય અપાયો[૧],
ફોગટ હાહોકાર રે. કીધાં૰ પ્રભુ૰ ૫
નર્મદ ભૂંડા કર વિસ્વાસ,
આશ પૂરે નિરાકારરે. કીધાં૰ પ્રભુ૰ ૬
(૧–૨)

કર કરૂણા જગપાળરે, આલ પ્રભૂ સારી તું સાહ્યતા. ટેક.
ચૌદભુવનનો અંતરજ્ઞામી,
સ્વામી શ્રી તું કૃપાળ રે–આલ૰ કર૰ ૧
મોહિની લીલા[૧] પ્રેમને પાતી,
ગાતી મધુર સતાળ રે–આલ૰ કર૰ ૨
આકળ કળા સહૂ અંહિ દરસાવી,
આવી શી શી રસાળ રે–આલ૰ કર૰ ૩
સનમારગમાં સંતતિ તારી,
સારી રહે વણુ આળ રે–આલ૰ કર૰ ૪
તનમનધનથી ભરપૂર થઈયે,
રહિયે ભગત બહુ કાળ રે–આલ૰ કર૰ ૫
શુભ દેશ કામમાં પ્રેર મતી બહૂ,
સહૂ થઈયે બહુ ન્હાલરે–આલ૰ કર૰ ૬

---

૧ (ઉપાય તે સુખને માટે છે) અપાયો–એવી તજ્વીજો કે જેથી દુખ નિપજે.
૧ ઓ ઇશ્વર તારી લીલા શક્તિરૂપી મોહિની જે તાલ સાથે મધુર ગાય છે–તારી લીલા જોયાથી–સાંભળ્યાથી તે તું ગાતો હોય એવા જે હમને ભણકારા પડે છે એવી જે તારી લીલા તે તારી તરફ જે હમારો પ્રેમ તેને પાય છે–પોષે છે–વધારે છે.

એટલો વર દે હરિવર ચડપે,
ઝડપે ભવની ઝાળ રે–આલ૦ ક૨૦ ૭

(૧–૨)

(પદ—રાગ સોરઠ મ્હલા૨.)

રે જગનાથા, કાજ તું સાર. ટેક.
લાલનપાલન સહુનું કરતો, દેવ દયાળૂ મોટો. રે જગ૦ ૧
લીલા લાડી અદ્‌ભુત પ્રેમી, ધડવામાં નહિં ખોટો. રે જગ૦ ૨
સુનીતિ વાધે વિશ્વ વિષે બહુ, તુજ ઉદ્દેશ ન છોટો. રે જગ૦ ૩
દેશહિત કરવે સાથ થજે તૂં, કાંઇ ન ખાઇયે તોટો. રે જગ૦ ૪
એવું હમે સહૂ જાચીયે છૈયે, પાડિયે વિઘ્નના કોટો. રે જગ૦ ૫

(૧–૨)

(પદ–રાગ ધનાસરી.)

આદત માઠી તે આટી કરી હરી, શુભ વહિવાટ બાતાવ તૂંરે;
તારી સહાએ જગતને જીતૂં, પાખંડમાં પૂરોજ હૂંરે. ૧
સોમ[૧] સ્વભાવ રખાવ રોજે હરી, ટેકમાં મૂને ટકાવ તૂંરે;
તારી કૃપાએ ભાવ પુછે કોઈ, અવિવેકમાં પૂરોજ હૂંરે. ૨
મંગળ[૨] થાય સેવંતાં સદા હરી, પૂજન[૩] ભયથી બચાવ તૂંરે;
તારી નજરથી જીવ સંતોષી, લોભમાં તો પૂરોજ હૂંરે ૩
બુદ્ધ[૪] તું તીક્ષણ બક્ષિને શ્રીહરી, સારાસાર સમજાવ તૂરે;
તારી રોશનીથી દુનીયાને દેખૂં, અજ્ઞાનમાં પૂરોજ હૂંરે. ૪
ગુરૂઓએ સર્વસલાહને હરી[૫] હરી[૬], શીખવ્યું છે કરતાં વતૂં[૭] રે;
તારી ઇચ્છાએ સદ્‌ગુરૂ પામૂં, મૂર્ખાઈમાં પૂરોજ હૂંરે ૫
શૂકર[૮] માનુછૂં જગકર શ્રીહરી, સમરણ સૂખડું આપ તૂંરે;
તારી તજવીજને શી શી ગણૂં હૂં, કૃતઘ્નતામાં પૂરોજ હૂરે. ૬
શનિશ્ચર[૯] કરીને નીતિ પળવ હરી, મુકતીપદ દરસાવ તૂંરે;
તારી ઊંફે હૂં નર્મદ જીવૂં, ભવભય મૂઓ પૂરોજ હૂંરે. ૭

(૨–૧)

---

૧ શાંત, ધીરો. ૨ કલ્યાણ. ૩ તારૂં પૂજન ૪ બુદ્ધિ. ૫ હરી લઇને. ૬ ઓ હરી. ૭ હુન્નમત. ૮ ધન ભાએગ સમજુંછું (એ શબ્દ ફારસી છે.) ૯ ધીમો (અનુભવથી)

(પદ–રાગ ધનાસરી.)

મચ્છ રૂપે થઈ વેદને લાવ્યો, સંખાસુર મારી કરીરે;
જ્ઞાન ક્ષય અટકાવી વધાર્‌યું[૧], નમું નમું હું તે શ્રી હરીરે. ૧
કચ્છ રૂપે તેં સિંધુ વહલોવ્યો, ચૌદ રત્ન કાઢયાં પીઠધરીરે;
સુરા[૨] આપિ દૈતને દેવને અંમૃત, નમું નમું હું તે શ્રી હરીરે. ૨
વરાહ થઈ પાછી પૃથ્વીને આણી, હિરણ્યાક્ષે જે હૂતી હરીરે;
દુષ્ટ દળીને ધર્મ વધાર્‌યો, નમું નમું હું તે શ્રી હરીરે. ૩
નૃસિંહ થઈ માર્‌યો હિરણ્યકશીપૂને, પ્રલ્હાદ રક્ષા કરી ખરીરે;
ત્રિભુવનનાથ અનાથનો બંધુ, નમું નમું હું તે શ્રી હરીરે. ૪
વામન થઈ બળીનો છળ કીધો, ત્રણ ડગલાં મોટાં ભરીરે
ભક્તીને અર્થે દાસ થયો તેનો, નમું નમું હું તે શ્રીહરીરે. ૫
પરશુરામે કરી પૃથ્વી નક્ષત્રી, એકવીસ વાર ફરી ફરીરે;
સસ્ત્રકાર્જુન મદાંધને માર્‌યો, નમું નમું હું તે શ્રી હરીરે. ૬
રામે વિદાર્‌યો દશ મુખ રાવણ, અસહ્ય જે શીલનો[૩]અરીરે[૪];
અદ્‌ભુત કાર્ય કર્‌યાં તે પ્રસંગે, નમું નમું હું તે શ્રી હરીરે. ૭
કૃષ્ણે પછાડયો કંસ મામાને, વીચારી સગપણ ના જરીરે;
શૃંગારલીલા રમીને રમાડી, નમું નમું હું તે શ્રી હરીરે. ૮
બોદ્ધ જુએ ખળ પાપ કરે જે, દેવથિ લેશ નહીં ડરીરે;
મદી મમતીને ચુપ થઇ ચ્હડાવે, નમુ નમું હું તે શ્રી હરીરે. ૯
કલ્કી અશેષ સંસાર સંહારે, મ્લેચ્છ મરે સહુ થરથરીરે;
ધર્મનું સ્થાપન કરે ફરી પાછું, નમું નમું હું તે શ્રી હરીરે. ૧૦
નીતિ સહિત ભગત રહેવા સદાએ, નર્મદ જાચું છું કરગરીરે;
દશ અવતારી લીલા કરી ભારી, નમું નમું હું તે શ્રી હરીરે. ૧૧

(૧–૨)

(પદ–રાગ કલ્યાણ.)

૨૮ તું શ્રીહરિ રસના[૧]:
રસાળું એ[૨], જો ન રટે, ભસના તુજ, નામ ખરૂં, ૨૮૦ ટેક.

---

૧ જ્ઞાનનો ક્ષય થતો અટકાવી તે વધાર્‌યું. ૨ દારૂ.
૩ સુવૃતિનો.–પણ એ ઠેકાણે સ્ત્રીની સુવૃત્તિ–પતિવ્રત. ૪ શત્રુ.
૧ ઓ જીભ તું શ્રીહરિ રટ. ૨ એ નામ રસ ભર્‌યું છે તે જો તું ન રટે

ધરી આ નરતનૂ, ભડતી રસ,જે ન પીધો, જીવ્યું વૃથા. ૨૮૦ ૧
સાચો તે[૩] અનુપમ, મિષ્ટ લ્હેરી, બીજા[૪]જુઠા, કટુ ઝેરી. ૨૮૦ ૨
અશરણ કેહવાને, નર્મદા હું, અનુભવે, તે તો જાણે. ૨૮૦ ૩
(૨-૧)

(પદ–રાગ કલ્યાણ.)

ઓ પડી સાંજ[૧]: ફૂલ ચટ્ટ ચૂંટી ચલો, ઓ પડી૦ ટેક.
ભવ વાડીમાં **સુકૃત** ફૂલો, વીણે સરે સહુ કાજ. ફૂ૦ ૧
મોહ મોયામાં વિસરી ગયાં તે, કહ્યું તૂ[૨]જે, ગઈ આજ[૩]. ફૂ૦ ૨
રખડી રખડી બિજાં ફૂલ વીણ્યાં, પણ તે વિના નથિ લાજ. ફૂલ ૩
ઝટ નરમદા તે ફૂલ વીણો, જેથી રીઝે જગરાજ. ફૂલ ૪
(૧-૨)

(ટપ્પો–રાગ કલ્યાણ.)

એહેરા શિખામણ સુણવા સહુજન મા થાઓ એહેરા
મા થાઓ એહેરારી, મા થાઓ એહેરારી
મા થાઓ એહેરા એહેરા એહેરા શિખામણ૦ ટેક.
નીત નીતિ વસ્ત્રો પેહેરી, ગાઓ હરી રંગે,
જેથી ટળતા આફતફેરારે[૧] એહેરા શિખામણ૦ ૧.
(૩-૧)

(પદ–રાગ દેશ.)

રોતો તવ શરણે આવિયોરે. ટેક.
નાસ્તિક હૂંરે રહ્યો, પાપમાં પૂરો વહ્યો;
પીડાબલાએ ચાવિયોરે.[૧] રોતો૦ ૧.
બહૂ જગાએ ફર્યો, કહીંએ હું ના ઠર્યો[૨];
ઘણૂં મથે ના પ્રાવિયોરે. રોતો૦ ૨.

તો તું રસના નહીં પણ બસના–બસનારી કુતરી. ૩ તે નામનો રસ ઉપમાવનાનો સાચો મિઠ્ઠો ને લ્હેરી–આનંદ આપે તેવો છે.
૪ બીજા રસ જુઠ્ઠા, કડવા ને ઝેરી છે. ૧ ઘડપણ. ૨ ઇશ્વરે અહિં મોકલતી વેળા કહ્યું હતું કે સુકૃતના ફુલ વીણી લાવજો.
૩ આજનો દાહાડો–જીંદગીનો વખત.
૧ ઘણી ઘણી આફતો. ૧ મને ચાવ્યો, ૨ સુખી થયો.

નર્મદ હારી ગયેા, નમ્ર તેા ભારી થયેા;
બ્રહ્મ નીતીયેા ભાવિયેારે. રેતેા૰ ૩.

(૨-૧)

(પદ–રાગ કલ્યાણ.)

સાચે રાહે જા, હરી ગૂણ ગા ગા,
દુખેા જાશે, સુખેા થાશે, વ્હેલૂં વ્હેલૂં માની લઇને–સાચે૰ ટેક.
ગલીકૂંચી ઘણી અંહીંયાં, ખડીયાં ને કાંટા;
નીતીને, પણે[૧] તૂં, જા પેાંચે, ઉતારે રે–સાચે રાહે૰ ૧

(૨-૨)

(પદ–રાગ ભૂપ કલ્યાણ.)

*હું હારિ હવે રે;
ન બાકી કંઇ, થાકી પડી માખી[૧] તેલેરે. ટેક.
બહુ લાલચે ફસાઈ, ગઇ તન મને ધસાઈ,
નહીં સાચ વસ્તુ સાહી. હું હારિ૰ ૧
બધી પાસથી ધડાઈ, હીણી[૨] નહીં કરૂં ચઢાઇ,
કરી નાખીજ તેં ડાહી. હું હારી૰ ૨
નહીં કને કેાઈ ખાસ[૩], થયેા સૂનેા જ અવાસ[૪],
અરી[૫] ડેાકાવે ચેાપાસ. હું હારી૰ ૩
(માટે પ્રભુ) લઈ રાખ તારી પાસ, નથી બીજી કાંઈ આસ,
છઉં છેકજ નીરાસ. હું હારી૰ ૪
સુણી નર્મદા અરજ, કહાડ સામટેા મરજ[૬],
પડી તારી બહુ ગરજ, હું હારી૰ ૫

(૧-૨)

---

૧ નીતિ પાળવાનું અભિમાન રાખેથી.
* મારી પ્યારી બહુ દુઃખમાં હતી તે ઉપરથી એ લખવું સુઝ્યું–મારી પ્રિયા તે હું જ એમ ભાવ રાખીને લખ્યું છે.
૧ હું થાકીને જેમ માખી તેલમાં પડી હેાય તેવી થઈ રહી છઉં.
૨ અનીતિનાં કામ કરવા ઉપર મનની વૃત્તિ નહીં રાખું. ૩ પેાતીકું.
૪ રેહવાનું ઠેકાણું. ૫ શત્રુ. ૬ રેાગ.

(પદ–રાગ કાહારવો.)

* હરી એવચની નહિં થાઉંજી;
નહિં થાઉંજી નહિં થાઉંજી. હરિ૦ ટેક.
ભક્તિથી ગાવા ગૂણ ઘણા તુજ;
એહીકે નહિં ભુલિજાઉંજી. હરિ૦ ૧
ધાર્યું સુખ તે કદિ ન મળે ને;
દુખ પડે તોએ ગાઉંજી. હરિ૦ ૨
વચનજ આપ્યું નીતિ પાળવે;
ભક્ત રહેવા તે નિત રહાઉંજી. હરિ૦ ૩
કહું છું નર્મદા ગરવી૧નથી પણ,
પણ૨ મુકતાં મરી જાઉંજી. હરિ૦ ૪
(૧-)

(પદ–રાગ કાલિંગડો.)

† હરિ મ્હને તૂં તો છોડિશ મા. ટેક.
બીજાં બધાંવણ ચાલ્યું ચાલશે;
નહિં નહિં ચાલે તું વના. હરિ૦ ૧
કદી જણાએ વાંક માહરો;
ઝટ ઝટ આડો નવ થા. હરિ૦ ૨
ઘેર કરી સજા બ્હાર લાજમાં;
બહુ બહુ રાખી જસ પા૧. હરિ૦ ૩
નર્મ હરી વણ કોણ દુઝાવે;
તનમનતણા સહુ ઘા. હરિ૦ ૪
(૧-૨)

---

* પ્રિયાને શિક્ષા મળે એ હેતુથી લખી છે. એમાં જીવ ઈશ્વરને અથવા પ્રિયા પ્રિયને કેહે છે. ૧ અભિમાની. ૨ ટેક; વચન.

† એક મિત્રથી વ્યભિચાર થયો હતો ને તે તેને સારૂ ઘણો પસ્તાતો હતો તોપણ તેને તેના મિત્રોએ દુર કર્યો હતો–એથી તે બહુજ નિરાસ થયો હતો. પછી તે મ્હારી પાસે આવ્યો ત્યારે મેં તેને ધીરજ આપી ઉપલું પદ કરી આપ્યું.–એ ઈશ્વરને અને મિત્રને બંનેને લાગુ પડે છે.

૧ જસ પીવાડ–જસ મળે તેમ કર.

(પદ–હુમરી.)

*હરી તું મૂકે મ્હને, હું ન મૂકું રે;
કદિ જાએ આ જાન, હું ન મૂકું રે. ટેક.
પ્હેલાં હસાવી હમણાં રડાવે;
કરીનાખે દિલ સૂકું રે. કદિ૦ હરિ૦ ૧
હું છું દીવાનો જોઇ ખેતમા તુજ;
ગહ્લાપેરે સંધે ભૂંકું રે. કદિ૦ હરિ૦ ૨
નર્મ કહું તું મારે ઉગારે;
ગુણ ગાવે ના હું ચૂકું રે. કદિ૦ હરિ૦ ૩
(૨–૨)

(પદ–રાગ વાધેસરી કાનડો.)

† કુણ હરિ વણ ભુંડિ સુળ કહાડે ?
તુંજ હરિ ભુંડિ સુળ કહાડે.
પામર ગરિબપર નજર તું મિઠિ કર. તુંજ હરિ૦ ટેક.
સાચવટે હું દુનિયાં સેવું, જસમાં જૂતી પામું રે
ભલું ઈચ્છું તે વાંકું પડે ને,ઝટ બિન તકશિર છાંડે. ૧
લાડ લડાવી ઉંચે ચ્હડાવે, પછી તે ઢોળીપાડેરે;
દઈ ભરોસો ઘાત કરે ને, અધવચ રણ લૂંટાડે. ૨
ગઈ ગુજરીને ભુલવી દે તૂં,એજ હું દુખિયો માગું રે;
તૂં વણ અહિં બીજૂં શું આવે,નર્મદ અરથે આડે. ૩
(૧–૨)

---

* પ્રિયાને શિક્ષા આપવાના હેતુથી સુઝચું છે. એ ઈશ્વરને ને પ્રિયાને બંનેને લાગે છે.

† પ્યારીનાં બેવચનથી મને બે ત્રણ વરસ લગી દુઃખ થયાં કિધું હતું; હું સાચાને સામું પણ પ્રથમ સાચું હોવા છતાં પછી એ થંડું કયમ થઈ જાય–ઈશ્વર શું સાચાનો નથી એવા જ્ઞાનનાં ઘરનાં દુખમાં રિબાતો–એ જોસ્સો ઘણો હતો તેમાં એક દિવસ એ દુખ વિસરી જાઉં તેવું કંઈ ઇશ્વર કરે માટે તેની પ્રાર્થના કરી હતી.

(પદ–રાગ કાફી.)

*દયાળૂ દેવ તું તો દિનાનાથરે,
પણ[૧] જાય આજ કોડિનો[૨] હરૂં–છે દયા૦ ટેક.
પ્રીતિમાં રહ્યો હું સાચો,તોએ બહુ લાગિ આંચો;
પ્રેમ લિધા[૩] દિધા વિના ન રહેવાયરે,
કેમ તોય[૪] વિના મચ્છ ના મરૂં–છે દયા૦ ૧
શ્રમથકિ તજવીજ મેં સો,કિધિ તોએ નવ લાભ કેશો;
વસુ[૫] વણ મુજથકિ ન નિભાયરે,
કેમ તોય[૬] વિના વ્હાણ હું તરૂં–છે દયા૦ ૨
આર્જવો[૭]નથી મેં કીધા,હવે કરવાના સીધા;
પડું પાર[૮] કે ન પડું પરાધીનરે,
કેમ રાજ[૯] મુકી નોકરી કરૂં–છે દયા૦ ૩
નર્મદો અકળાઈ ભારી,કહે બાંહ્ય સાહજે મ્હારી;
પ્રભુ ભિડભંજન હું કહાં જાઉંરે,
તું વિના તે કોનો આસરો ધરૂં–છે દયા૦ ૪

(૧–૧)

---

* નાણાંના ગભરાટમાં મેં મારા મિત્રોને કહ્યું હતું કે કોઇ ચાકરી અપાવો, પણ તેઓ ઉડાવ્યાં કરતા હતા–એક રાતે બેસ્સો થઈ આવ્યો ને મેં કવિતા જોડી. (૧૮૬૩)

૧ નોકરી ન કરવી એ પણ.

૨ પણ જશે તેથી અને વળી માગવું પડેછ તેથી.

૩ (જન્મ થકીજ એવી તબિએત કે કોઈ મને ચાહે ને હું તેને ચાહું–એવું છતાં હું ચાહું ને સામો ધણી ન ચાહે અથવા ચાહીને પછવાડેથી ખસતો કરે તારે કેવું લાગે.)

૪ પાણી (પ્રેમરૂપી પાણીવના હું માછલું કેમ ન મરી જાઉં).

૫ નાણું.

૬ પાણી (સંસારમાં ને મારા સરખા છુટા હાથવાળાને નાણાંની ઘણી ગરજ હોય છે માટે–નાણાં રૂપી જે પાણી તેવના હું વ્હાણ આ સંસારમાં કેમ તરૂં–છઉં તો મોટું વાહાણ પણ પાણીવના શું કરૂં. તરૂં–કામ મોટાં કેમ કરૂં.)

૭ કાલાવાલા; ખુશામત.

૮ (ખુશામત કરતાં પારજ પડીશ એવું કંઈ નક્કી પણ થતું નથી).

૯ કવિરાજપણું.

(પદ—રાગ કાફી.)

*અંતલગી રાખજે તૂં લાજ રે,
ગભરાઉં છઉં ટેકમાં હરી–રાખજે૦
જ્યાંસુધિ પ્રપંચમાં[૧] રે, ત્યાંસુધિ માયા તો મારે,
કોઠી સદાવ્રત્તની આ મ્હારી રે,
ભુખ્યા[૨] ભક્તિના તું રાખજે ભરી–રાખજે૦ ૧
હજીલગી તેં તો છે રાખી, કહું શું હું તે લાંબિ ભાખી,
કરે નિત અંત્રમાં તૂં ઝાંખિ રે,
કરજે એવું કદી ના હસે અરી[૩]–રાખજે૦ ૨
દુનિયાને દોરંગી જોઈ, પ્યાર અને પૈસાને જોઈ,
રૂડી ચિત્તવૃત્તિ નથી ખોઈ રે,
ખુશામત્ત નથી ટેકમાં કરી–રાખજે૦ ૩
જાણે જારે તૂં વાત સહુની, જરૂર તો કહેવાનિ શેની,
દિલમાં લાગ્યાથી કહેવાઇ જાય રે,
રમે નર્મદો તલવારપર ખરી–રાખજે૦ ૪
(૧–૧)

(પદ.)

દીનદયાળ જગતપાળ દેવા,
સાચે ભાવે કરીયે તૂજ સેવા. દીન૦ ૧
એમ છતે ખમીયે બહૂ રોજે,
દેવી પરીક્ષા[૧] તે કાંહાંસૂધી ખોજે. દીન૦ ૨
વંઠેલ લુચ્ચા ધણી મોજ મારે,
જો કે અનીતિ કરે રોજ ભારે. દીન૦ ૩

---

* પરેલમાં વાઘેશ્વરી માતા છે તાંહાં મિત્રો દરશણ કરવા ગયા હતા તારે હું બ્હાર એકલો સૃષ્ટિસૌંદર્યના વિચારમાં બેઠો હતો ને તે વિચારમાં બ્હેલી કડી સ્હેજ નિકલી પડી હતી.

૧ પ્રપંચથી ભરેલો સંસાર. ૨ ભુખ્યો શું ભરે પણ ભક્તીનો ભુખ્યો ભરી શકે. ૩ દુશ્મન.

૧ હમને કસવાને માટે દુખ દેતો હઇશ પણ પરીક્ષા તે કેટલી ને કાંહાં સુધી તારે લયાં કરવી ને હમારે આપ્યાં કરવી ? શું છેક મરતાંલગી પણ હમારી દશા ના ફરે ? ને એ ઉપરથી મુવે પણ ફરશે એનીએ શી ખાતરી ?

સૂધાને સાલસ પીડાજ પામે.
એ તે શૂ અધેર રે તૂજ કામે. દીન૦ ૪
હારે ગમે તેમ કરજે કૃપાળૂ,
ભેદ ન લહીયે એવું તૂજ તાળૂં[૨]. દીન૦ ૫
કરજે રે માફ આ દિલ ઉભરાએ,
નર્મદ તૂં વણ કો કને[૩] જાએ. દીન૦ ૬
(૧-૧)

(પદ.)

નમું નમું જગન્નાથ તુજ ચરણું,જે છે ભવસાગર જલ તરણું[૧]; ટેક.
આદ્ય[૨] અગોચર[૩] અજરામર[૪] અજ[૫], અનંત અંડનું[૬] ધરણું;
નિરાકાર નિરંજન[૭] નિર્ગુણ[૮], સરૂપમાં[૯] શુભ સ્મરણું. ન૦ ૧
ભવોદ્ભવ[૧૦] સ્થિતિ[૧૧] લયનું[૧૨]કારણ, સઘળે અભરાભરણું[૧૩];
જગદોદ્ધારક[૧૪] કરૂણાસાગર, પતીત પાવનકરણું[૧૫]. ન૦ ૨
કામદુધા[૧૬] ને કલ્પવૃક્ષ[૧૭] તે, પુષ્કળ અમૃત ઝરણું;
જ્ઞાન મારગે પ્રાપ્ત થાય તો, ફરી ન જનનં મરણું. ન૦ ૩
નેતિ[૧૮] નેતિ કહિ વેદ થાકતા, ત્રિવિધતાપભયહરણું;
રંક નર્મદો શૂં શૂં વખાણે, પદ છે અશરણ શરણું[૧૯]. ન૦ ૪
(૨-૨)

---

૨ તારી કુદરતનું તાળું એવી કરામતનું છે કે હમે તારો ભેદ-છુપી કારીગિરી કંઈજ સમજી શકતા નથી. ૩ કોની પાસે.

૧ જેથી તરાય તે; હોડકું નાવ. ૨ આદિ; પેહેલું. ૩ ઈંદ્રીઓને ન માલમ પડે તેવું. ૪ ઘરડું ન થાય તેવું અને અમર. ૫ જન્મ વગરનું.
૬ ગોળ; સૃષ્ટિ. ૭ કલંક વગરનું, શુદ્ધ; સર્વજ્ઞ; સર્વોત્કૃષ્ટ.
૮ રજ, તમ, અને સત્વ એ ત્રણ ગુણ રહિત. ૯ ઈશ્વર નિરાકાર છે તોપણ તેને સાકારે કલ્પ્યાથી તેનું સ્મરણ સારૂં થાય છે.
૧૦ જગતની ઉત્પતિ. ૧૧ રેહેવું તે. ૧૨ નાશ.
૧૩ જેઓ ભીડમાં છે તેઓની ભીડ મટાડી સર્વ વાતથી અનુકૂળ કરનાર.
૧૪ જગતનો ઓદ્ધાર કરનાર. ૧૫ વટલેલ-ભ્રષ્ટને શુદ્ધ કરનાર.
૧૬ ઈચ્છા પુરી પાડનારી ગાય. ૧૭ ઈચ્છા પુરી પાડનારૂં ઝાડ.
૧૮ વેદમાં આટલું બધું ગાયું તોપણ તે પૂરો સમજતો નથી.
૧૯ જેને કોઈ આસરો ન આપે તેને આસરો આપનારૂં-એવું ચરણ.

(પદ.)

જય જય પરબ્રહ્મ જગકર્ત્તા,તૂં છે સકળ વિઘ્ન દુખ હર્ત્તા. ટેક.
બ્રહ્મ નામનો મહિમા મોટો, શત્રૂ સઘળા ખર્તા;
આરંભેલૂં પાર પડે સહુ, યશ સુખનો તું ભર્તા. જય૦ ૧
જે મદમાતા આગળ દોડે, જે ના કોથી ડર્તા;
તે સંધાએ અધવચ રઝળે, બંધા મૂરખ ઠર્તા. જય૦ ૨
જેને ઊર સ્મરણની છે તે, પામર સીધા પ્રર્તા;
કરતાં કરીને સૂખ પામતા, રહજે સાગર[૨૦] તર્તા. જય૦ ૩
માટે ભિડભંજન આ ટાણે, થાજે અમૃત ઝર્તા;
નર્મદ વાણી રસ મીઠો કર, કે ગાએ તુજ પર્તા[૨૧]. જય૦ ૪
(૨–૧)

(પદ.)

શંકર શરણે જઇએ, ભાઈ, શંકર શરણે રહીએ–ટેક.
મોહ મેરુ દે ઉપાડિ ફેંકી, જ્ઞાન ધીર હર લહીએ–ભાઈ, શંકર૦ ૧
અભાગ્યને વહું ભાગ્ય કરી દે,મહા સિદ્ધ શિવ કહીએ–ભાઈ, શંકર૦ ૨
અહં છાંડતાં દાન આપતાં, ભક્તી ભરીએ હઇએ–ભાઈ, શંકર૦ ૩
ચિત્ત ગુહામાં લિંગ પૂજિયે, સ્થુરેથી દર્શન લઈએ–ભાઈ, શંકર૦ ૪
નર્મદ કહે નિર્બંધ નિર્મળા, નિર્ભય નિત્યે થઇએ–ભાઈ, શંકર૦ ૫

(પદ.)

તત્વ સદાશિવ પુરુષ સદાશિવ સાંબસદાશિવને ભજરે
વિશ્વરૂપ હર એ વિશ્વંભર એ વિશ્વેશ્વરને ભજરે–તત્વ૦ ટેક.
ભજવાને શિવ પાત્ર થજે જીવ, અંતરમળ પરહરજેરે.
ગર્વ હણી જનનું શુભ ચિંતી સત્ય વેવાર તું કરજેરે–તત્વ૦ ૧
કર્મ કર્મફલ સ્થિતી ભાગ્યને વિચાર અક્ષર ક્ષર જે રે
નિયમ ન્યાયપર પ્રભુ પ્રસાદી ભાવ તું ઉરમાં ધરજેરે–તત્વ૦ ૨
નિરિચ્છ રહે શમ દમને સાધી વિશ્વાસે રહી હરજેરે
ટળી ન ઇચ્છા વધી ઘણી તો જાય પ્રભુને ગરજેરે–તત્વ૦ ૩

---

૨૦ ભવસાગર. ૨૧ પ્રતાપ; મહીમા; વખાણ.

ધ્યાન ધારણા સ્તોત્ર પાઠજપ કીર્તનમાં સંચરજોરે
નર્મદ સેજે પુણ્ય પ્રકાશે સાંબ ભજે ભવતરજોરે-તત્વ૦ ૪

(પદ.)

સાંબ સાંબ સાંબ સાંબ સાંબ સ્તવન કીજે
આત્મા તત્વ ચિદાનંદ તેસું ભકિત દીજે–સાંબ૦ ૧
મહાસમાધિ તાંડવકે એથિ નિત્ય રીજે
મહા દૈત્ય ત્રિપુર સામા સઘ હણે ખીજે–સાંબ૦ ૨
વિપમ આપદાનિ માંહિ ધૈર્યશું ધરીજે
મહાકાળ મહાદેવ હરનું શરણ લીજે–સાંબ૦ ૩
કરુણશાંતની કૃપાથી ભુકિત મુકિત સીજે
નર્મદ નિર્મળ થવા તું નામ સુધા પીજે–સાંબ૦ ૪

(શ્લોક.)

તૂં ચંદ્ર શેખર મહેશ કૃપાનિધાન, તૂં વિશ્વનાથ કરુણાકર શૂલપાણુ;
તૂં ભીમ ભર્ગ ભગવન્ભવ ભવ્ય રૂપ, તૂં શંભુ શંકર સદા શિવ છે અનૂપ.–૧
તૂં વિશ્વ વંદ્ય વિષ્ણુધોત્તમ વિશ્વબંધુ, તૂં સર્ગ રક્ષણ કરે લય વિશ્વ સંધું;
તૂં સોમ મંગલ નિધાન નિધાન હેતુ, તૂં ભુક્તિ મુક્તિ વર દે ભવસિંધુ સેતુ–૨
તૂં નીલ લોહિત નિરીશ્વર નિઃપ્રપંચ, તૂં કાલ કાલપુર સૂદન પુણ્યસંચ;
તૂં દીન વત્સલ પરાપર દેવ દેવ, તૂં સાંબને અરપતા ગણ કોટિ સેવ.–૩
તૂં યોગનાથ ચિતમાંહિ રમે સમાધિ, તૂં ભોગ રોગ તણિ સૌ મિટવે ઉપાધિ;
તૂં સહાય નિત્ય અબ્ધુતપણે પવિત્ર, તૂં રૂપ જીવ બનતા સ્મરતાં ચરિત્ર.–૪

(પદ–આરતી.)

જય દેવી જય દેવી જય શારદ દેવી
દાનવ દેવે સેવી વરદાલી દેવી–
અંબે જાણે છે તું સંધું, જાણે છે તું સંધું,–અંબે૦ ટેક.
સત્ય ભક્તિ ભણી નિરિચ્છ મનની પણ એ વડૂં અધીરૂં
સ્થિતિ સમય સંબંધ પરત્વે, પડયું છે ઢીલું વ્હીલું–અંબે૦ ૧

ઠરી ઠામ શુભ ભજન ન થાએ, નડતર ઉપાધિનું છે
પણ સંકલ્પ વિકલ્પ માહરા, તેમાં ધ્રુવ તો તું છે–અંબે૦ ૨
કરયો શિથિલ સ્થિતિયે પણ જ્ઞાને, કરયોછ દૃઢ બળ આણે
પ્રસાદ એ છે તારો મા પણ, કર કરુણા આ ટાણે–અંબે૦ ૩
અરિ વિદારણી પાપ મોચની, ભુક્તિ મુક્તિ દે એવી
નમે નર્મદો અનેક ઋણની, ભીડ ભાંજિ દે દેવી–અંબે૦ ૪

(છપય.)

જય આદિ શક્તિ જનનિ, જય જોગ સિદ્ધિ કપર્દિનિ
જય મધુ કૈટભ મથિનિ, જયતિ મહિષાસુર મર્દિનિ
જય ચંડમુંડ હનિનિ, જય રક્ત બીજ વિદારિણિ
જય ભૂભાર ભંજિનિ, જયતિ નિશુંભ શુંભ દલિનિ
જય દેવિ દેહિ દુર્ગે વિજય, જય ભવાનિ જય સુખ કરણિ
જય જય જયંતિ ભગવતિ પરમ,જય સમય ધર્મ અવતરણિ–૧

(પદ–આરતિ ગણપતિની.)

જયતિ જયતિ ગણપતિ શ્રીમતિ ગતિ બલ વર્ધન
વિઘ્નહંત્રિ શુભકર્ત્રિ જય, સિદ્ધિ સર્વ દર્શન–જયદેવ ટેક.
ચંદ્ર ભાળ ગજવદન જય, જય ગિરજાનંદન
ચર્ચિત સિંદુર તનુ સકલ, જગત કરે વંદન–જયદેવ૦ ૧
લંબોદરપર અહિ સૂત્ર, રાજે પદ્માસન
મૂષકનું વાહન વહાલું, વળિ મોદક ભોજન–જયદેવ૦ ૨
આયુધ પરશુ ત્રિશૂલ ભડ, સંકટ ભીડ દલન
કમંડલૂ કર ધર કમળ, નવનિધિતણું સદન–જયદેવ૦ ૩
બ્રહ્મવિચાર પ્રસંન નિત, શાંતિજ સુખ વર્ષણ
કર્મકુશળ ગુણ ગ્રામ જય, જય મંગળ હર્ષણ–જયદેવ૦ ૪

(પદ–આરતી દત્તાત્રેયની.)

જય ગુરુ જય ગુરુ જય શ્રી ગુરુ દેવા
સમર્થ સિદ્ધ કૃપાળ ઉદાર વર દેવા–જયદેવ ગુરુદેવ.ટેક.

બ્રહ્મા હરિ હર અંશે ત્રિમૂર્ત્તિ ગુરુ હોએ
કર્મ જ્ઞાન ને યોગ ત્રિપુટીએ સ્હોએ–જયદેવ૦ ૧
સંગરહિત સહસંગ પ્રસન્ન ગુરુ રાજે
ઉભે દૈત્ય ઉન્મત્ત દેવનમ્ર કાજે–જયદેવ૦ ૨
વડોજ તેજ પ્રતાપ પ્રાણી દ્વેષ ટળે
મૂષક ને માર્જર મૃગને વ્યાઘ્ર હળે–જયદેવ૦ ૩
દિવ્ય દિગંબર કાય કષ્ટ સકળ કાપે
સદ્‌ગુરુ તીર્થની ભક્તિ ભુક્તિ મુક્તિ આપે–જયદેવ૦ ૪
ગુરુતવ ચરણનું સેવન દહન કરે પાપો
વધારીને વૈરાગ્ય દિયે જ્ઞાન ત્રાપો–જયદેવ૦ ૫
સુખદુખની કરી શાંતિ ભવસાગર તરિયે
પરહરિ માયાકંચુક બ્રહ્માનંદ હરિયે–જયદેવ૦ ૬
જય જય જય વિખ્યાત ગુરુ અંતરજામી
ચિત્તાર્પણ સ્વીકાર જોગતણા સ્વામી–જયદેવ૦ ૭
સમરું અનસૂયામાત અત્રિ પિતા બળિયા
પુત્ર દત્ત ભગવાન્ જગતને ગુરુ મળિયા–જયદેવ૦ ૮

(પદ.)

પ્રભુજી ભૂલ્યાની હવાં સાહે કરે—ટેક.
વિધવિધ સંકટ તણી છે પડાપડ, ચિતડું નાજ ઠરે–પ્રભુજી. ૧
નામ વિધન હર ને વિશ્વંભર, સઘળે સાચ ઠરે–પ્રભુજી. ૨
હારી રહી સઉ તુજને જુએ કે, ઝટ લઈ ભીડ હરે–પ્રભુજી. ૩
નર્મદ નમતો બરદ સમરતો, અછત ત્યાં છત તું ભરે–પ્રભુજી. ૪

(પદ–ગણપતિની આરતી.)

જયદેવ જયદેવ જય મંગળમૂર્ત્તિ
વિઘ્ન અશુભ ભય હર્ત્તા કર્ત્તા શુભ પૂર્ત્તિ–જય૦ ૧
સિદ્ધિ બુદ્ધિ સૌભાગ્ય તૂંથી ભવ તરવો
શિવગણનાયક ગુણનિધિ ગિરિન્દસુત ગરવો–જય૦ ૨

વરદ અભય અંકૂશ પરશૂ ભુજ સોહે
વેષ્ટિત પરિવારે પણ શાંતી નિત જોએ–જય૦ ૩
વિચિત્ર દર્શન સુંદર સિંદુરને સાજે
ગજમુખ લંબોદર ને ફણી સુત્ર રાજે–જય૦ ૪
પશુઆનન આનંદ ચિદઘન દરસાવે
સ્વલ્પ પૂજને પ્રસન્ન વરને વરસાવે–જય૦ ૫
જય જય જય શ્રીરાજ ઉત્સવ આ થાએ
ભક્તની આર્તિ જાએ દીપારતી ગાએ–જય૦ ૬

(છંદ ભુજંગી.)

દશા શૂન્ય છું બુદ્ધિ ચાલે ન કાંઈ, હવે આસરો તાહરો લેઉં માઈ;
ભરાયે ભયે મીચિને આંખ જેમ, શિશૂમાતની ગોદમાં દીન તેમ.–૧
વિના ભોગવે ના છુટે ભાગ્યદોષ, કરાવે નવાં કર્મ કૂડાં સદોષ;
ઉપાધિની જળે મતી ગુંચવાએ, ધરૂં ધીરતા તેહમાં સત્ય જાએ–૨
સ્મરૂં તૂજને તે નહી નીમ પાળી, લવૂં ઘેલછાએ તું છે એક વાલી,
કટાક્ષે કરે જીતમાં સુખ હેલી, નથી કેમ તું ભાંજતી ભીડ વ્હેલી–૩
તુને કહેવું શૂં દેવિ તૂં સર્વ જાણે, કૃપા તાહરી દુઃખનો અંત આણે;
ગતી માહરી કર્મથી કોઈ દેજો, મતી માહરી તું વિષે નિત્ય રહેજો–૪

(પદ.)

તડકાના રંગો કેવારે, નર્મદ જંગી;
તડકાના રંગો કેવા, જેવા જોઇયે રે તેવા,
અંશીને લેવા જેવારે.–નર્મદ. ૧
વાદળથી રંગો થાએ, આછા ને ભર દેખાએ,
આછા તે પસરી જાએરે.–નર્મદ. ૨
તેજે ઝિણુ ઝીણી કડીયો, જાણે ધાતુની ઘડિયો,
કુંળી શેર ઊંચી ચરિયોરે.–નર્મદ. ૩
ઊંચે કડિયો જયમ ચડતી, નીચેની ત્યમ પીગળતી,
ઝીણી પરપોટી સમજતીરે.–નર્મદ. ૪

કુદરતથી હાર્યો જરે, રાખે શો સીનો તારે,
તોપણ ટેકી રેહ ભારે રે–નર્મદ. ૫
જરે ના દીસે રસ્તો, કુદરતને જોઈ હસ્તો,
અટક્યો ત્યાંથી ના ખસ્તોરે–નર્મદ. ૬
શીળાંને સહુ જન ચ્હાએ,તડકાથી આધા ધાએ,
શૂરો તડકામાં જાએરે–નર્મદ. ૭
દુનિયામાં બહુ બહુ જંગો,એમાં વિધ વિધ છે રંગો,
હારે પણ કરતો ડંકોરે–નર્મદ. ૮

(દોહરા.)*

સર્વ શક્તિ ડહાપણ અને, સર્વજ્ઞાન તું બ્રહ્મ;
દીન હીન જાણી મને, મુકાવજે સહુ ભ્રમ–૧
સ્થિતિ સારીમાં હું છઉં, તે તારો ઉપકાર;
તન મન ધન જસ આપ તું, સાચ મોટ દાતાર–૨
તને ન ગમતાં કાજમાં, ધાલું ન કોદી મંન;
તેવિ સુબુધ્ધિ આલજે, રોજ રહું પરસંન–૩
કર્યાં પાપ તું માફ કર, થતાં પાપ અટકાવ;
સ્વાર્થ વિના જનહિત કરૂં, પ્રસંગ એવા લાવ–૪
આવી પડતાં દુખથકી, રાત્ર દિવસ સંભાળ;
નિત્ય પ્રાર્થના માહરી, નામ પવિત્ર રસાળ–૫

(સાખીની ગરબી.)

રાજ બાંહ્ય ગ્રહ્યાની લાજ! એટલું હું જાચૂં
છઉં અપરાધી પણ રાજ! પણ મારૂં સાચૂં—ટેક.

(સાખી.)

પરાધીનતા કારણે, ઐક્ય સૂખ નવ હોય;
ઐક્ય સૂખને કારણે, પ્રેમરંગ સહુ જોય—
એ સમજ્યાં સાચૂં—રાજ બાંહ્ય૦ ૧

---

* કેટલાએક સુધરેલા ગૃહસ્થોના કેરવા ઉપરથી તેઓને બનાવી આપવામાં આવી હતી.

છે મારામાં કળ બહૂ, ગણું નહીં અપવાદ;
પ્રેમસત્ય ત્યાં ભય કશું, એ મુજ મનનો નાદ—
મેં તન મન સાંપ્યું—રાજ બાંહ્ય૦ ૨
શત્રુબુદ્ધિથી જે લડે, તેની સામાં થાઉં;
પણ કરગરિને જે રડે, તેથી હું ભીંજાઉં—
વ્હાલ દયાથીરે—રાજ બાંહ્ય૦ ૩
કળે વળે સમજાવતાં, કદિ નવ માને તેહ;
સંધિ સાધિ આવી મળું, નિશ્ચય મારો એહ—
પ્રાણ તમારામાં—રાજ બાંહ્ય. ૪
વળિ મુજથી છોજી અધિક,અધિક ચતૂર સુજાણ;
સુઘડ ઉપાય કો દાખવો,છઉં આધિન ઓ પ્રાણ—
મન વચ કરમે રે—રાજ બાંહ્ય૦ ૫
દૂખી હશો પણ પુરુષ છો,હું છઉં અબળા જાત;
ધીરજ તપ ફળશે નકી,નમદ જપું દિન રાત—
કહો 'તૂં છે મારી'—રાજ બાંહ્ય૦ ૬

(દેશી.)

જય જય માત સરસ્વતી, છે હૃદય ભાવિક મ્હારૂં;
અપશકુનમાં શકુન માણું, નામ સ્મરતાં ત્હારૂં.
વિઘ્ન સંધાં ત્રિવિધ તાપે, પ્રપંચે અતિ પીડતાં;
ભક્ત તારો પ્રસન્ન રેહે, શત્રુસામાં ભીડતાં.
જય પરાજય હાથ ત્હારે,નિમિત માત્ર હું તો રહું;
જ્ઞાન ભક્તિ નિત્ય ત્હારી,સુખ હું પૂર્ણ એમાં લહું.
દેહ ધર્મે થાય દુખ તે, લેખું નહીં વળિ જ્ઞાનથી;
તદપિ હું તત્કાળ થાઉં, હૃદયભગ્ન સંતાપથી.
એહ હણવા કરચો જોહો, ત્રિવિધ તાપ રણમાં રમું;
એહમાં પણ નિત્ય અપયશ, પામિ વિસ્મય ને નમું.
પાડ માનું માત ત્હારો,કૃપા દૃષ્ટિ મુજભણિ ભેલી;
શુદ્ધ મન ને સત્ય વૃત્તિ, પણ રખાવેછે વળી.

જાણું ખોટું વિષયસૂખ સહુ, તદપિ બાળક હું થવા;
ઇચ્છું જોવા રંગ તેના, વૃત્તિને સંતોખવા.
માત જાણે વૃત્તિ મારી, ભણું છું મિથ્યા અહીં;
કરિ ક્ષમા વર આપ કે હું, પામું પદ નિશ્ચળ સહી.
રહું નિશ્ચળ સર્વ રતમાં, જોઉં રંગ રતરતતણા;
રહું ગાતો પ્રણવ લીલા, ધન્ય એમાં શી મણા.
રહું ગાતો પ્રણવ લીલા, તવ પ્રસાદે શારદા;
તુંહિ ગુરુ મધ્યસ્થ વરદા, પ્રણવ તવ હારદ સદા.
તુંહિ બ્રહ્મા તુંહિ વિષ્ણુ, તુંહિ શિવ નારાયણ;
ધ્યાન ભક્તિ યોગ જ્ઞાને, વિવિધ રૂપે દર્શન.
આજ ઇચ્છા માહરી છે, વરણું રૂપ સાકાર કંઇ;
આપ દર્શન આપ શક્તિ, સ્મરણ જન્મફેરૂં અહીં.

(મત્તમયુર.)*

જય જય જય શ્રી ધીશા, નમું નમું સકુમારી;
વિઘ્નહરા વાગીશા, આદિ વરદાળી.
ગૌર ગૌર તવ રૂપ, કાંતિ શુભ મોહે;
સૂર્ય ચંદ્રનાં બિંબ, તેજ વિષે રહોયે.
અંકુશ ધનુષ ને પાશ, એ આયુધ તારાં;
પ્રણવ મંત્રથી અસ્ત્ર, શીઘ્રે ફળવાળાં.
આનંદદાતા નીત, કાંતો સંહારી;
તોપણ ક્ષમા સ્વરૂપ, જય જગઉદ્ધારી.
ચંચળ નયન સુરેખાં, નિર્મળ આનંદી;
નિજ યશના મદમાં તે, પ્રસંગથી છંદી.
મયુર વાહને સુંદર, સુંદરી તું રાજે;
સિંદુર રંગે વસ્ત્ર, કંચન મણિ સાજે.
એક કરે આયૂધ, પુષ્પ કમળ બીજે,
ત્રીજે પુસ્તક ચોથે નિધિ એથી રીજે.

---

* તા૦ ૨૫ મી સપ્ટેંબર ૧૮૬૯.

ગાયન મધુરી વાણી, જ્ઞાન કળા દાખે;
દેવસભા તવ મહિમા, ભાવે બહુ ભાખે.
બાળા દેવી લલિતા, શસ્ત્રાક્ષર નિપુણા;
અદ્‌ભુત યશ છે તહારા, ઉજવળ જગદંબા.

(પદ–આરતી.)

જય જય એકલિંગી એકલિંગી–ટેક.
આદિ નિરંજન નિર્ગુણ લિંગ સ્વયંભૂવં;
સચ્ચિદ આનંદ રૂપં, અતુપં રસપૂર્ણું–
હર ઓમ્ એકલિંગી.
સ્વેચ્છાકર્ષણથી તૂં, માયાને ગાત્રે;
ત્રિગુણી બ્રહ્મા વિષ્ણુ, શિવ શિવ અહો રાત્રે—હર૦
સૂક્ષ્મ અકળ લિંગ મિથ્યા ભણૂં સૂક્ષ્મં;
વ્યષ્ટિ સમષ્ટિ બીજં, ત્રિપુટી પર લક્ષ્યં—હર૦
અનંત ગોલનું સર્વસ, તેથી પર શૂન્યં;
ચિદ ઘન જ્યોતિ અખંડિત, જડચૈતન મૂલં—હર૦
અનંત શક્તિ કેન્દ્ર સૂક્ષ્મ પર,નિજાનંદ બિંબં;
નર્મદ શર્મદ બ્રહ્મ પરમ તે, તર્કાતિત ચિત્રં—હર૦

(પદ.)

શક્તિ સરસ્વતી પારખું મ્હારૂં, હજુ ન શું જોયું માતરે;
હારૂં જ્યાં ત્યાં પણ તુજને ન મુકું,વંદી રંગી રહું માતરે.
ભૂલ્યો ભૂલ્યો મા કરજે ક્ષમારે, એ છે બોલ્યું અભિમાનરે;
પણ ગયે પછી ધીર શી ધારૂં, બનું હું પૂરો બેભાનરે.
શુદ્ધ રહી હું પૂજું છું પ્રેમે, કદી કરૂં અપરાધરે;
લાલન કરજે બાળક જાણી, રાખજે મૂને અબાધરે.
ક્રોધ શુભેચ્છા આનંદ લેવા, વિપરીત આવ્યો કાળરે;
સાધન રાચની તાણ પડી છે, કૃપા પ્રસાદી તું આલરે.
માત તું તો છે પ્રણવ આદ્યે, સદ ચિદ આનંદ રૂપરે;
સ્વતંત્ર કેવળ શક્તિ ને ઈચ્છા, લીલા છે તારી અનૂપરે.

જય જય જ્યાં ત્યાં દીસે અનેતા, કેમે નહીં વરણાયરે;
બ્રહ્મા વિષ્ણુ શંકર ગાવે, નિત્ય તહારો મહિમાયરે.
ગમે તેવો પણ તહારો ગણાયો, હવે તો કષ્ટને કાપરે;
માત્ર ભક્તિને આશથકી રહું, રંગીને રંગ તું આપરે,
કોઇએ તો મારૂં નામજ પાડયું, આશાનંદાચાર્યરે;
અંબે કયારે સ્નેહે ને શૌર્યે, મહાલીશ જયના કાર્યરે.
સર્વ શક્તિ ને સર્વજ્ઞ તું છે, સહુની તું અંતરજ્ઞામરે;
નર્મદ વિનવે દે વર માડી, રંગે કરૂં શુભ કામરે,

(૫૬.)

સ્નેહ શૌર્ય જયરંગ દેવી શ્રી શારદ તહારો;
નર્મદ હું ભક્ત સાચો હોઉં રંગ રાખ મહારો–
અદ્યાપિ તેં રાખ્યો હાવાં જુદ્ધ તો પચંડ દીસે;
એકલડો હું જગતસામાં શત્રુએ ભરાયું રીસે–
આશાકેરો તારો અસ્તજ બુદ્ધિ લાગે મંદ મહારી;
વિના હોંસે વિના દ્રવ્યે વિના સાથી જાઉં હારી–
ધૈર્ય મોટું રહે કેમે શૌર્ય વણશું જુદ્ધ થાશે;
સાહસથી દેહપાડું અંગીજન તે કયાં જાશે–
સંબંધી મુજ ભક્ત તારા બન્દી થઇ શું મેણાં ખાશે;
ચિંતામાં સોસાઉ નીતે કામ કીયું કરૂં આશે–
હીણો મૂરખ મમતી મૂને બચારો રે કહેશે સંઘે;
જ્ઞાનથી વિચારી માનું ખોટું સહુ જે વંદે નંદે–
જ્યાં ત્યાં લાગે મ્રુતું મ્રુતું કહીએતેજી નથી માતા;
સ્નેહ શૌર્ય મોટું થાપ્યું પ્રેરણા તારીરે માતા–
એનો છેહ થાએ મૂજથી એમાં તો છે લાજ મોટી;
માટે રે તું વ્હારે આવે જાયું છું છે વેળા ખોટી–
સ્નેહ શૌર્ય જયરંગ દેવી શ્રી શારદ તહારો;
નર્મદ હું ભક્ત સાચો હોઉં રંગ રાખ મહારો–

(પદ.)

જય જય જય શ્રીમાન, શારદ રંગાલી
સંકટ સાંકડ સાથ, વાર તું પ્રભુ તાલી
તું ભક્તતણી વાલી, છે સ્થિતિ તો નિર્મલી,
કર કટાક્ષ કરુણાલી;
પ્રેર હામ કે ધસું ધડધડી નામ સ્મરણ કરી હારૂં
રણજય પામું ઓચ્છવ આપું લોભીપણું પણ વારૂ.
આશા, અમર ભણી છે રે જગદંબા !

મ્લેચ્છ પતિત હીણ જાત મથતા શાય કાજે
ભક્ત સકલ એક ન્યાત પ્રવાહમાં રાજે
જસ કીર્તિ રૂડી છાજે, નિત પ્રેમ લ્હેર સાજે,
ભક્ત દુખે દાજે;
આનંદ મ્હારો પરાર્થમાંહે ઈચ્છામાં નવ ફાવું
દૂત દૈવના હેઠે ડાબે કેમ હું ઉપર આવું
તલપું, જયને માટે રે જગદંબા !

કર્ત્રી ખડ્ગ કપાળ કમળથી કર સોહે
શત્રૂ સૈન્યનો કાળ તારા નીલ મોહે
છે જોગ પ્રબળ તોએ, જોગીણી જોગ પ્રોયે,
તુજ પ્રતાપ જો હોયે;
નિરાશ થાઉ જ્યારે ત્યારે પણ આશા નવ જાએ
શ્રદ્ધા મારી થાય ન ખંડિત અંતર સબળું થાએ.
ઇચ્છું, બાલ્ય સતેજૂંરે જગદંબા !

દાખવ પરતો માત કરગરૂં છઉં ભાવે
સંશયની કર ઘાત સિદ્ધિ રંગ લાવે
અરિ ઘેરી સપડાવે, વણસાજ શું રસ ગાવે,
કરી માફ વાંક હાવે;
ઘેરામાંથી કાઢ બ્હાર કે ધૂમી રીઝી રીઝાવું
સત્ય સ્નેહ જો શૌર્યતણું ફળ યજ્ઞાનંદે પાવું
નર્મદ, જય તુજ ગાએરે જગદંબા !

૨ જ્ઞાનપૂર્વક વૈરાગ્ય.

(દોહરા.)

મોહરૂપ સંસાર છે, ક્ષણુભંગુર વણુસાર;
માણુસ નિત્ય ઠગાય ને, પાપો કરે અનાડ[૧]. ૧
હર્ષહાસ્ય દુઃખઅશ્રુ તે[૨], ખોટાં ચળકે વેહ;
સાચ વસ્તુ નહિં અહિં કંઈ, સાચ હરીનો નેહ. ૨
કીર્તીની કલગીતણી, તેજી જૂઠી થાય;
વાદળરંગો સાંજરે, જોતાંમાં ઝટ જાય. ૩
પ્રીતી આશા રૂપના, ખરેછ ખિલતા[૩] મોર;
ભૂખર વાયૂ મોતનો, તેનૂં મ્હોટૂં જોર. ૪
ભવના ભવ[૪] દરિયા વિષે, તોફાનો બહુ થાય;
તેમાં પામર પ્રાણિયા, ધસડાતા સહુ જાય. ૫
દુખિયારી મૂસાફરી, ઘોરંધારી રાત;
અહિંથી તહિં મોજાંવતી, ખાય પછાડી જાત. ૬
બુદ્ધિ કીર્ણ રળિયામણો, તર્કતણો ચળકાટ;
એજ[૫] કંઈ દરસાવતા, ભૂલિ પડેલી વાટ. ૭
બ્રહ્મ નીતિ ને ધર્મ તે, શાંત ધીર નિરધાર;
નહીં કોઈ પણ તે વગર, સ્થિર મનનૂં જન ધાર. ૮
માટે બાવર માનવી, રાખી રહે સત્સંગ;
નિશદિન હરિની લેહમાં, રમ તૂં રૂડો રંગ. ૯
(મિશ્ર) (૧-૨)

(દોહરા.)

નદિ દરિયો મેદાન ને, છે ગંભિર આકાશ;
દસ દિશ ખાવાધાય છે, શોક બ્હીકનો વાસ. ૧

---

૧ અનાડી–જંગલી–જ્ઞાન વગરનું (માણુસ).
૨ હરખની વખતનાં હસવાં જે ચળકતાં દેખાયછ તે ખોટાં છે, ને દુઃખ વખતનાં આંસુ જે વેહેછ તે ખોટાં છે.
૩ પ્રીતના ખિલતા મોર ખરી પડેછ–આશાના ખિલતા મોર ખરી પડેછ–રૂપના ખિલતા મોર ખરી પડેછ. ૪ મ્હોટા.
૫ બુદ્ધિનો કીર્ણ અને તર્કનો ચળકાટ.

મસાણ દખમૂં નામ છે, ત્રીજૂં કબરસ્તાન;
જોતાં શોકાતુર કરે, ભુલાવિ દે સહુ તાન. ૨
ઘોર ચિંતાથી ગ્હોર હૂં, કરુંછૂં જારે લોક;
અથાક ગુણ વીચારતાં, થાકી પામૂં શોક. ૩
રાતા પીળા રંગના, ભડકા ત્યાં દેખાય;
ધૂમાડો સિંદુરસમો, ગગનભણી તે જાય. ૪
ચોપાસે જોતાં મળે, જોતાં તો આકાશ;
શિક્ષા બુદ્ધિ વળિ મૂજને, કર કર પુણ્ય પ્રકાશ. ૫
ભલા ભલા જાતા રહ્યા, જાશૂં આપણ કાળ;
પવન લ્હેરપર આવતો, ફુલે ભમતો કાલ. ૬
ભરુંસો નહિં ઘડિ એકનો, ઝડપે જોતાંમાંહ્ય;
ઘણિ ઘણિ રીતે બાળતી, મોતતણી તો લાહ્ય. ૭
ગુલ્લાલાસમ છોકરુઓ, ગાલલાલિ તજિદેઅ;
તરુણ વાટિકા[1] થાય છે, જંગલ સરખી તેહ.
સમજ સમજ મન માનવી, મોતતણૂંભય રાખ;
કાળ વિષે કર કાળજી, થવૂં બ'ીને ખાખ. ૮
થશે આમ કે દી ખરૂં, મરવૂં નક્કી જાણુ;
પાપ તજી કરુ પુણ્ય હૂં, નહિં તો મ્હોટી હાણ. ૧૦
શરિર મરે નહિં જીવ રે, સમજી રહું હુશિયાર;
પુણ્યથકી નહિ આપદા, ભય પાપીને ધાર. ૧૧
(મિશ્ર.)(૧-૨)

(ઝુલના વૃત્ત.)

(કનક) *ઉઠતાંવારને, ધંનઅર્થે બધે, આમ ને તેમ તૂં દોડતો રે.—
ટહાડ તડકો બહૂ સેવતો રોજ ને, જોર તૂં કંમરે આણતો રે;
જેમ જન મૂર્ખ તે, ધંનના લોભિયા, થઇ અતીસેં ભુંડાં કર્મ બાંધે.—
તેમ તેં ના કર્યૂં, નીતિ અંકોશથી, ઊંચકયાં મોટિયાં નીજ ખાંધે;
મેળવી ધંન ને, ભોગ કીધા ઘણા, રાખીને ખૂબ તેં દાન[1] કીધૂં.—
એવું એ ધંન તે, સેજમાં ગયું અને, રંક તેં કોડિયૂં હાથલીધૂં. ૧

---

૧ વાડી. (તરુણ-ખિલેલી.) * ઉભરામાં લખેલી.
૧ એટલા માટે કે ધર્મથી રાખેલું જતું ન રહે.

(કામિની)પ્યાર પ્યારીતણી,ઝંખના હરઘડી,રાખિ તે પ્યારઘેલા જ મોજે—
પ્યારિ પ્યારી કહી પ્યારિની ચાકરી, આકરી તેં કરી ખૂબ રોજે;
રખે ઊણૂં પડે, તેહને કોઈમાં, સમજિને કાળજી રાખિ ભારે—
ભોગઅર્થે નહીં, પ્રેમના જોશમાં, કામ ધંધો તજી સર્વથા રે;
જેહનેસારુ તૂં, રોજ ગાંડો રડ્યો, બાવરો છેક ભટકયો બહૂ રે—
તે વળી રાંકડી, રત્ન રૂપે છતે, છાજિ[૨] નહીં રંક તૂંને કહું રે. ૨
(કાયા) જે વડે થાય છે, હૂં અને માહરૂં,એવિ તારી દિસે દેહ અમોલી—
જેહને જોઇયે, ધંન સૂખ પદવિ ને, મંન મોટું ને વિદ્યા બહોળી;
જે વળી ઘાટમાં, રૂપ રંગે બહૂ, બ્હારથી પૂલપેરે જ ખીલી—
નીતિધર્મે કરી, માંહ્યથી જીવને, અમર કરી રાખતી જે રસીલી;
તે પિડા પામિને, આધિવ્યાધીથકી, આખરે થઈજ બીહામણી રે—
ઝટ સમશાનમાં જાય પૂંકાઇ ને, કહાં ઓ તે[૩] અને તૂં[૪] ધણી રે. ૩
એમ રે તૂં દુખી, એક પાસથી ખરે, જીવની ઘાત કરવીજ ધારે—
બીજી પાસથી વળી, જીવતો પામશે, બોલિને એવું ભૂડું વિચારે—
દુર્ગુણી તે સુખી, સદ્‌ગુણી તે દુખી, છે પ્રકાર એજ સંસારકેરો—
માટે હૂં તો કરૂં, રોજ લુચ્ચાઇ કે, ઝટ થાઉં ફરી સૂખિ વ્હેલેરો;
એમ તૂં તરપડી, રાત દીન નીંદ ખોઇ,ધન ધન માન માન ઝંખ જાયે—
કાળતણો ડંમકો, ગાજિ માથે રહ્યો, નવ તજી તરસ તૂં શક્તિ ગાયે. ૪
બહૂ ભવ દુઃખના, દરિયા દરિઆફ્રત[૫]તૂં, દિલ્લમાં ડાહ્યો કર જીવભાઈ—
થયું થશે થાયછે, જોઈ વિચારી સહૂ,પ્રિછવ[૬]તૂં નીજને નીતિ સ્હાઈ;
દુર્ગુણી લોકના, દાખલા આપિને, પાપમાં રાજિ થા ના લગારે—
માર ખાસે સહૂ, પાપિયો તહિં બહૂ, નક્કિ છે દેવતો ન્યાયી ભારે;
માટે ઓ દુઃખિયા ના જઈ આકું ને, ઈશ્વિરેચ્છા લહી, પડ તું ધીરો—
સમજે કે બાવરા, પરીક્ષા કારણે, થૂલું હંમણા પછી રોજ સ્હીરો. ૫
હવે તો તાહરે, ફકીરી રાખવી, બોધ બોલૂં કુડો માનિલેરે—
ધણે પૂલતો નહીં, ઉણે ચીડતો નહીં, જે મળે તેથિસંતોષિ રેહ રે;
સૂખિને શીખ દે, દૂખિને દીલ દે, નીતિ પરમાર્થમાં દેહ દેરે—

---

૨ ઘણો કાળ જીવી. ૩ કાયા. ૪ જીવ.
૫ સંસારના દુખનો જે દરિયો તેનો વિચાર. ૬ દિલાસો દે.

રોજના અનુભવે, બોધિને આતમા, ગૂણ ગા બ્રહ્મના, છોડિ ભે૭રે;
રહી પ્રવૃત્તિમાં, રાખિ નિવૃત્તિને, ભાવથી ફૂમળૂં, દિલ કરીરે—
જ્ઞાન વીચારથી દુઃખને વીસરી, નર્મદાનંદમાં રેહ ઠરી રે. ૬
(૧-૧)

(ગરબી.)

નર્મદ આખરે ધૂળેધૂળ, શાને થાયે આકળો;
સાચૂં નિત્યનૂં અહિયાં ન કાંઇ, અંતે સંઘેછે સળો. ૧
વસા માન નવાણું અહિં દૂખ,વસો એક સૂખનો;
વળિ એ પણ શુદ્ધ ન હોય, ઘણો ભેગ દૂખનો. ૨
ગાઢ અજ્ઞાનથી ન જણાય[૧], મારે[૨]બ્હેર મંનરે;
તારે જાણીયે પામીયે સૂખ, બાકી[૩]હોયે દૂખરે. ૩
સુખનું બંધ થવૂં નહી દૂખ,નહીં પ્હેલૂં[૪]સૂખરે;
દુખનું ભાન ન હોવૂં તે સૂખ, સદાકાળ દૂખરે. ૪
કાયા આખર થાયેછે ખાખ, ધોવાઇ વેરઈ જાયરે;
પછી કદરૂપી પ્રુટડી તે હોય, પાપી ધરમી હોયરે. ૫
રુપગુણવંતી કુલિન પિયાસાથ,રેહેવાસારૂ શોધતો,
શ્રમ કરતાં મળે નહિં તેહ,ત્હારે શોક તો થતો. ૬
નર્મદ આખરે ધૂળેધૂળ, જુનૂં થાએ વ્હાલરે;
મરતાંસૂધી પ્હેલૂં[૫] નવ રેહ, વંઠીજાએ તાલરે. ૭
કદી વેળાએ મળતી તોય, વચની તે ન રેહરે;
રોગે રીબાઈ મરતી તેહ, શેનૂં સૂખ કેહરે? ૮
દ્રવ્યસારૂ ફાંફાં મારે રોજ, આશાભેર રેહતો;
કાવાદાવા કરે બહુ ભાત, તોયે નહીં ફાવતો. ૯
કદી ફાવ્યો તોયે પણ કેમ, કહેવાયે રેહેશે તે ઠરી;
લક્ષ્મી છોડે[૬]તૂને અથવા, તેને છોડે તૂં મરી. ૧૦

---

૭ ભય. ૧ (દુખ). ૨ (અને રોજના અભ્યાસથી મંન બ્હેર મારી જાય છે તેથી). ૩ (બાકી હંમેશ દુઃખજ છે.) ૪ સુખ ને દુઃખ એ બેમાં પ્હેલુ દુઃખ છે, ને હંમેશ દુઃખજ છે. સંસારમાં સુખ છેજ નહીં. દુઃખનું ભાન ન હોવું (અજ્ઞાનથી અથવા અભ્યાસથી) તેનું નામ સુખ.
૫ પેહેલું વ્હાલ તેવું ને તેવું અંતસુધી રહેતું નથી. ૬ જીવતાં લક્ષ્મી જાય એટલે લક્ષ્મીએ તને છોડયો એમ સમજવું, ને લક્ષ્મી મુકીને તું મરે તારે તેં લક્ષ્મીને મુકી એમ સમજવું.

માનકાજ મથે ઘણૂં ભાઈ, મળે ધ્યા ના મળે;
મળે તોપણ અંતે ચૂપ, વ્હેલું મોડું તે ગળે[૭]. ૧૧
ભણ્યા મૂરખ રાજા ને રંક, અંતે ધૂળ થાયરે;
બ્રહ્મદેવ તપસ્વી જંન, થાયે કો દી શૂન્યરે. ૧૨
નર્મદ આખરે ધૂળેધૂળ, તોયે લોભ હોયરે;
બળો લોભ બળો સહુ આશ,બળો જાત આ અરે? ૧૩
જ્ઞાની નર્મદ હારી ન જાય, ધૂળો સંધી વીણવી;
રાખી ધીરજ રેહવૂં પ્રસંન, ધણી શીખ નાણવી[૮]. ૧૪
નર્મદ આખરે ધૂળેધૂળ, એનો[૯]એ નહી પારરે;
એજ[૧૦]અકળ લીલા ગા નીત,એમાં સાચ સારરે. ૧૫
(૧-૧)

---

*લાલશંકર (મંદવાડ.)

ભાઈ તોફાનમાં છે વ્હાણ, ઉપાયો નથી હાથરે;
તારી જુગતી તેં કીધી ખૂબ, પડીગઈ રાતરે. ૧
પારો[૧] માંડયો ઉતરવા હેઠ, જાણ્યું સદીસા[૨] તાહરે;
મથે[૩] ઝાઝૂં ફાવ્યો નહીં લેશ, ઘેરો ઘાલ્યો વાદળે. ૨
સ્હડો કહાં કહાં ચ્હડી ગયા દૂર, ફડફડ થઈ ચીથરાં;
છુટયો ભારી ભુંડો વંટોળ, કરે જન કયમ ખરાં[૪]. ૩
વ્હાણ ડોલમ ડોલાં થાયે, પાણિ ભરાવ્વા માંડતૂં;
ભાંગ્યું પૂરેપૂરૂં સૂકાન, ચક્કર ભંમર દોડતૂં. ૪

---

૭ ગેબ-બંધ થઇ જાય. ૮ અનુભવ લેવો.
૯ (ધુળનો). ૧૦ (એ ધુળનો પણ પાર નથી, એ જે અકળ લીલા તે તું ગા.)
* એ કવિતા, હરકોઇ લાલશંકરના જેવાં માણસને અને લાલશંકરની રીતે મરતાંને લાગુ પડે છે. ખરેખર આ કવિતામાં મેં આબેહુબ સાદું ચિત્ર આપેલું છે. જો કે રંગેલું લાગશે તોપણ જેઓ લાલશંકરને ઓળખતા હશે તેઓ કેહેશે કે એ કવિતામાં કવિએ અલંકાર રસથી પોતાનો ખરો કિસબ દેખાડયો છે. તોપણ કંઈજ ખોટું લખ્યું નથી બલકે ઘણું ઓછું છે.
૧ જેમ વાહાણમાં રાખેલા 'બરામીટર'–વાયુ માપક યંત્રમાં પારો ઉતરવા માંડે છે તારે તોફાન થશે એવું આગળથી જાણવામાં આવે છે તેમ શરીરમાં પારો–ધાતુ ઘટવા માંડયો તારે તેં આગળથીજ જાણ્યું હતું કે હવે હું થોડા દાહાડાનો છઊં. ૨ આગળથી; જેટલું વેહેલું જાણવું જોઈયે તેટલું વેહેલું.
૩ જેમ કપતાન સડ વગેરે ઉતારીને પોતાનાં વાહાણને ટકાવવાની તજવીજ કરેછે તેમ તેં પણ કીધું. ૪ માણસો ખરાં કેમ કરે–સલામત કેમ રેહે?

માલ વામી[૫] નાખ્યો જો કે ખૂબ, તોયે ન પૂરૂં તે તરે;
ઘણા તણાયા ખલાસી લોક, ઉતારું તે કાં ના મરે? ૫
અંધકારમાં ધ્રૂવ[૬] ના દેખાયે, દેખાયે હોકોએ[૭] નહીં;
ઉભો[૮] ઠકઠક જુએ ટંડેલ, ડુબું છ કહારે ને કંહીં. ૬
જેમ ઝાઝો કીધો હોય કેફ, કેફીને નહીં હોંસ રે;
થાકે ધૂમ થયો ટંડેલ, ધીમે કાહાડે શ્વાસરે. ૭
લાલશંકર[૯] ટંડેલ–વ્હાણુ, ચઢી ખરાબે ભાંગિયું;
નર્મદ વારસ તે રહ્યો રોઈ, ખાલીએ ખોખું ના રહ્યું. ૮
(૧–૨)

લાલશંકર(ભાએ પડવું.)

ભાઈ અંતે આ પિંજર જોઉં, લાંબું પડયું આમ[૧] રે;
છો[૨] ના હૂતા થયા ગુણગ્રામ[૩], જોતાં જોતાંમાં અરે. ૧
અન્ન મૂકી દઈ ગાળ્યું તંન, નિર્મળ કોઠો કીધરે;
દિવ્ય[૪] ચક્ષુ કર્યા પુણ્યવાન, પરંતુ વ્હેલાં શીદ રે? ૨
હેતે છાયા કરંતા છત્ર, ઉડિ તૂં વ્હેલૂં કાં ગયૂં?
પડયો ડાંડો ઢળી આ આજ, વેઠિશ તડકો કેમ હૂં? ૩
સંવત વીસ ને સુદ પોશમાસ, દસ્સેમ[૫] અઢી વાગતે;
દીવો ઘેર ગયો ખૂટે તેલ, પડી રહી વાટ તે. ૪

---

૫ ઓસડથકી કેટલોક જડ વિકાર કાહાડી નાખ્યો તોપણ.
૬ ધ્રૂવનો તારો. ૭ હોકાયંત્ર–કંપાસ પણ.
૮ હવે કંઇજ ઉપાય રહ્યો નથી એમ જણાયું તારે બાહાદુર કપતાન નથી ઉભો રેહેવાતું તોપણ બલાત્કારે ખરા મરદ દાખલ ઉભો રહીને જોયછે કે જોઉં વારૂ હું કહારે ને કહાં ડુબું છ—એવે સમે ખરો મરદ ગભરાતો નથી પણ નીર્ભયપણે મોતને મળેછે તે પ્રમાણેજ હતુ. પણ તેમ ઘણી વાર રેહેવાયું નહીં ને અવાચક પડયો.–ને પછી ધીમે ધીમે ભાન વનાનો ધુમ થઈ જઇ તેણે શ્વાસ કાહાડવા માંડયો.
૯ લાલશંકર ટંડેલ પણ ખરો ને ટંડેલ સહિત વાહાણ પણ ખરૂં–(જીવ ને શરીર.) ૧ આ રીતે.
૨ **લાલશંકર છો** એમ કેહેવાતા તે આજ **હતા** એમ કેહેવાએછો.
૩ સારા ગુણોનો સંગ્રહ રાખનાર.
૪ દેવતાઓનાં જેવાં–સદા ઊંઘડેલાંજ રેહે તેવાં ચક્ષુ. મરતા પેહેલાં દસ દિવસ અન્ન મુકયું હતું–(એ સન્યસ્ત લીધા બરાબર ગણાય છે,)
૫ તારીખ ૧૮ મી જનેવારી ૧૮૬૪.–દિવસના અઢી વાગતે.

પરમ દાહાડે આવી રાતે જોઇ, બોલ્યો 'આવ્યો હૂં છઊં;'
'ભાઈ ભાઈ' તારે ઉચ્ચૂં જોઈ, ઉઘાડિ આંખ 'હૂં' કહ્યું. ૫
મરતાં પેહેલાં થોડે લગી એમ, પછી ન ભાંન કાંઇરે;
ચિત્ર એ તે ભૂલાએ કેમ, ઊંચે ડોળે ભાઇ રે. ૬
ચોખ્ખ વેહેવાર ઉદ્યોગ ટેક, સુજનતા ને પ્રેમમાં;
સારા કહેવાયા કહેવાએોછોજ, ચુકયા ન કોદી નીમમાં. ૭
લાલશંકર નામ શૂં જાય, નર્મદ બેઠે નેકરે;
એના આશિશથી સુખી નીત, છઉને રાંખૂં ટેકરે ૮
(૧-૧)

લાલશંકર (ચિતાં.)

ભાઇ ભડ ભડ ચિતા શબ થાય, બોખુંએ રહે નહિં પાસરે;
દેહનાં તત્વ ભળે તત્વમાંહિ, જુઠી જનની આશરે. ૧
પૃથ્વી પાણી વાયૂ આકાશ, અગ્ની તમને ધન્ય છે?
ઘડી ઘાટો ભાંગી પાછા લોછ, પોતાના હોયે અંશ તે. ૨
પાણી ટહાડાં મીઠાં ધીમે વેહ, ઊપેર તરતી ચંદની;
તાપીતટ બહુ સોયે ગંભીર, ઘટા પીપળ વડતણી. ૩
રાતે ઝાઝો ટાહાડો મુંગો શુદ્ધ, પસર્યો વાયૂ વાયરે;
એવા એકાંતમાં સંસ્કાર, દહનક્રિયા થાયરે. ૪
બ્હાર કાષ્ટતણો રાતો રંગ, સિંદુર સરખો આંચનો;
લીલો કાળો માંહે દેખાય, તે તો હાડચામનો. ૫
ફુલ ઊગે ખીલે ચીમળાય, તેવુંજ દેહફુલ આ અરે;
ચણચણ કરતૂં બળી તે જાય, કહેવાયે હૂતું ફૂલ રે. ૬
રાખ નાખી દીધી પાણીમાંહ્ય, દાટી કકડી ખોપરી;
ઘટસ્ફોટ[૧] કરી કર્યું સ્નાન, ઉણું ન રાખ્યૂં મેં જરી. ૭
લાલશંકર આવી ગયાજ, જગત નીમ એટલો;
નર્મદ ઘેર વળ્યો મૂકી શ્વાસ[૨], કરે શોક કેટલો? ૮
(૧-૧)

---

૧ તોહી ફોડવી તે. ૨ નિશ્વાસ, નિસાસો.

લાલશંકર (શિક્ષા.)

ભાઈ જ્ઞાન વિવેક છે આમ, ગીતાઓનો સારરે;
મુઆં જીવતાંના આ આ ધર્મ, તરાએ સિંધુ પારરે. ૧
જ્ઞાની હોયે મરીજનાર, તપસ્વી ને સાધુરે;
નીર અબ્જ પેરે[૧] રહ્યો હોય, જીવન્મુક્ત[૨] તે ખરે. ૨
હોય મુક્ત જીવંતો જેહ, મુએ ન મુક્ત કેમરે;
કાં ન સાયુજ્ય[૩] બ્રહ્મજ હોય, હવે શી તેની વાતરે. ૩
છાયારૂપ ઉજ્વળ[૪] કીર્તી પિંડ, જેથી તે અંમર રેહરે;
પાત્ર આપ્તજનેપ[૫] નીત નીત, પોષ્યાં[૬] કરવો તેહરે. ૪
નીતિ પાળી પળાવી સહુપાસ, વડીલ નામ રાખવૂં;
જેવી રીતે આવે ન કલંક, તેવી રીતે વર્તવૂં. ૫
કરવાં દાન રહાં શક્તિ જોઈ, જોઈ દાન પાત્ર[૭] ને;
કરવા સ્થાયી[૮] ખરા પરમાર્થ, જેવાં ખંતે આર્ત્તને[૯]. ૬
મૂર્તી દરશનથી અઘ[૧૦] જાય, સ્મરણે હાસે સંકટો;
સ્તુતી ગાયે થાયે આનંદ, રસિક થાએ સહુ શહો. ૭
લાલશંકર શંકર નામ, રહૂં પુણ્યશ્લોક[૧૧] છે;
રડવું સ્વારથનું કરી બંધ, નર્મદ મૂકે શોક છે. ૮
(૧-૧)

(પદ.)*

પામર જીવડા, સ્વરૂપ જોની વીચારી, ટેક.
ગંદિ દેહની ગરૂરિ જરૂર તૂં, છાંડિ દે વીવેક ધારીરે. પામર ૧
વાત પીત ને કફની કાયા, કૃદકૃદતીજ નકારી;
રૂધિર માંસ ને પરૂમળ મૂતર, ગંદવાડે ભરિ ભારીરે. પામર ૨

---

૧ પાણી અને કમળની પેઠે એટલે જેમ કમળકુલ પાણીમાં છતે પાણીથી ભીજતું નથી તેમ સંસારની માયાથી સાધુ લપટાતો નથી.
૨ જીવતો છતે મુક્ત અથવા જીવતાંજ મુક્ત—(પાપથકી છુટેલો.)
૩ ચાર જાતની મુક્તિ કહેવાય છે તેમાંની છેલ્લી ઈશ્વરમાં મળી જવાની તે.
૪ ઉજળો. ૫ સગાંએ. ૬ પીંડને પોષવો–કીર્તિ વધારવી. ૭ દાન આપવાને લાયક હોય તેવા. ૮ હંમેશ રેહે તેવા. ૯ દુઃખી નિરાશ્રિત; રિબાતા. ૧૦ પાપ. ૧૧ પવિત્ર.
* મારે પગે બહુ દરદ હતું તેથી બે મહીના સુધી રીબાયો હતો તે વખતમાં એ જોડી છે.

અનેક રિતના રોગ સરી કરે, કાયા જરજર ખારી;
ઘડી પલક કે પ્હોર દિવસમાં, અચેત થવાની વારીરે. પામર ૩
જુઠી દેહનો તજી ગર્વ જિવ, મૂકજ વાતો જારી;
ત્વચા ઉપરની ભુરકે ભૂડા, એમ સમજ નર નારીરે. પામર ૪
(૨-૧)

બાવર જીવડા, જો અંજન જ્ઞાન આંજી, ટેક.
કામ ક્રોધ લોભે ભરમાણો, ભમે નીતીને ભાંજીરે. બાવર. ૧
છે ને નથી એવી જે માયા, ધન દારા સુત માજી;
આશા તૃષ્ણા માંહે તણાણો, રોજ વિષયમાં રાજીરે. બાવર. ૨
આ સંસારે ભુરકી નાખી, બુદ્ધી તારી ગાંજી;
પારકું ધનને પારકી બૈરી, કૂડ કપટ તુજ હાજીરે. બાવર. ૩
મનુષ્ય દેહ ફરિફરિ નહિં આવે, નીતિ સમજ તૂં પાજી;
વિચાર કર હૂં કુણ છું એનો, દેહ ભક્તીએ સાજીરે. બાવર ૪
(૨-૨)

(ઠુમરી–રાગ ઝીંઝોટી.)

પ્રીતી હરીકેરી સાચ,
માયાવૈ[1] મૂર્ખા માનવી રે. પ્રીતી૦ ટેક.
અહીંની તો પ્રીતી બહુ દુખ દેછે;
થોડી ટકેછે તે કાચ. માયા૦ પ્રીતી૦ ૧
(૨-૧)

(દાદરો–રાગ ખમાચી.)

અરે તમે કાં ના રટોજી રામનામ. ટેક.
એના વના માનો સરવસ મિથ્યા;
એજ આવશે કામ. હો તમે કાં નાં૦ ૧
(૩-૨)

---

૧ દુનિયાંની ખુશનુમા ઠગાઈમાં ફસાયલા માનવી. (આ દુનિયાંમાં જે-ની જેની સાથે પ્યાર બંધાય છે તે, ખરૂં કહુંછું કે બહુ દુખ દેછે કેમકે તે કાચની પેઠે થોડીવાર ટકેછે.–જુદાઇ, બેવફાઈ, મરણ વગેરે કારણથી. ઇશ્વર સાથે જે પ્યાર બંધાય તેજ સાચો–તેજ હંમેશ સુખ આપેછે.–)

(ગરબી.)

*સાચી એક પ્રીત પ્રેમાનંદની;
હાંરે બીજી[૧] જાણુવી અહોંની બધી ફૂંદની[૨]. હોજીરે. ટેક.
હાંરે એક ટેક ને સુખોમાં નિત્ય રાખતી;
હાંરે બીજી અધવચે લુટીને નિચે નાખતી. હોજીરે. ૧
હાંરે એક નેક[૩] કામમાં સદાય આવતી,
હાંરે બીજી મૂખમાં લઇને પછી ચાવતી. હોજીરે. ૨
હાંરે એક નિર્મળી નરીજ નર્મ ચંદની;
હાંરે બીજી આણિ તાપ થાય સુખનિકંદની[૪]. હોજીરે. ૩

(૧–૨)

(પદ.)

*દુનિયાં જૂઠાંની જૂઠાંની, એ અનુભવ[૧] વાત પ્રમાણી[૨]. ટેક.
સ્વારથિયાને પાસે રાખે, પરમાર્થીને કહાડે;
ખરા સ્નેહિને નીત રડાવે, કપટીને તો હસાડે. દુનિયાં૦ ૧
જેને ખોળે માથું હોએ, તે તેને ઝટ કાપે;
જેને વચને છાની[૩] સોંપી, તે નિજ વચન ઉથાપે. દુનિયાં૦ ૨
જેની સેવામાં જે તત્પર[૪], તે તેને હડસેલે;
કાધી ચાકરી મંન ન આણે, ખૂની બાજી ખેલે. દુનિયાં૦ ૩
જેનું લે તેને નવ આપે, ઉલટી વાણી બોલે;
હકદારોને હાંકી મેલે, ચોર શાહને[૫] તોલે. દુનિયાં૦ ૪
પ્રપંચથી[૬] જે હક્ક હરી લે, તે જન વ્હાલું લાગે;
ધમકાવે તે પારપડે ને, રડે પડે જે પાગે. દુનિયાં૦ ૫
સાચું ટેકી પીડજ પામે, જૂઠું સૂખી થાએ;
પાપ કરંતૂં બહૂ જિવે ને, ધર્મી ઝટ મરી જાએ. દુનિયાં૦ ૬

---

* પ્રીતિનાં દુખના ઉભરામાં લખેલી.
૧ બીજી પ્રીત. (આ દુનિયાની.) ૨ ઠગાઇની; જળ કપટની.
૩ સારાં; શુભ; ઘટતાં. ૪ સુખની નિકંદની–સુખનું મૂળ કાઢનારી.
* થંડા થઈ ગયલા પ્યારથી થતાં દુખના ઉભરામાં લખેલી.
૧ વીતેલું તે. ૨ સાબીત કરી. (એ વાત અનુભવથી સાબીત કરી.)
૩ ખુપી .વાત ૪ તૈયાર: હાજર. ૫ સાહુકાર.
૬ ફોસલાવી; આડું અવળું સમજાવી; ભુલથાપ આપી.

કોઈ વસ્તુ નહિં નિત્ય અહીં રે, સહુએ જૂઠી સરખી;
ખરે નર્મદા શોક કરે પણ,[૭] ખેલ લહીને હરખી. દુનિયાં૰ ૭
(૧–૧)

(ગરબી.

†દુનિયાં બઇરી તોબા તારી સૂરજથી;
ઢંગો જોતાં દૂર થવા હું ચાહું જો,
ચાહું છું પણ તેમ થવાય ન મૂરજથી;
ઘડી ઘડી હું નવો બળંતો થાઉં જો,–દુનિયાં૰ ૧
તારી સાથે હું તો રહું છું નીતરે;
પણ નવનેજાં આંસૂ પાડી રેહું જો,
હડહડ કરતી બઇરી તારી રીત રે;
મથે ન છૂટો થાઉં શું શું કેવું જો,–દુનિયાં૰ ૨
લુચ્ચીની સાથે લુચ્ચાં થવું જોઇએ;
નથી થતો તેથી દુખ પામું રોજ જો,
ભાઇબંધ પણ આંસુ ન લૂછે કોઈએ;
સ્વારથ ત્યાં શો સ્નેહ દયાનો બોજ[૧] જો?–દુનિયાં૰ ૩
કંટાળી કાયર થઈ વેરાગી બનું;
(પણ) તે હાલતમાં પણ હું દુનિયાસાથ જો;
દુનિયાં દુનિયાં જહાંલગી પડતું આ તનૂ[૨],
તહાંલગી હું છું નિત તારે હાથ જો,–દુનિયાં૰ ૪
ખરો મરદ છઉં પણ શું કરવું માહરે;
કહિ પોતાની વગોવું તેને કેમ જો,
વળિ છોડીદઉં લુચ્ચી જોઇ તેહ રે;
ના કરવા દે છૂટાછેડા તેમ જો,–દુનિયાં૰ ૫
કહું નર્મદ હું નક્કી મૂકી શોક રે;
ધીરજથી ખમવું એપણ મર્દાઈ જો,

---

૭ દુનીઆમાં જુઠાનું ફાવેછે એથી નર્મદા (સ્ત્રી) દલગીર છે પણ આહા! પ્રભુ એ શો ખેલ રચ્યો છે એમ વિચારીને તે પાછી હરખાય છે.

† ઉભરામાં લખેલી, દુનિયાને અને દુખદેતી બઈરીને બંનેને સરખી રીતે લાગુ પડે છે.

વળિ એપણ છે લ્હાવો લેવાજોગ રે;
કરશે છુટકો મ્હારો વ્હેલો સાંઇ જો,–દુનિયાં૦ ૬
(૧-૨)

(*પદ.)

ઊંચાંપણના અભીમાનકેરા, ઊંચા આનંદના રંગ ઘેરા–૧
ઝાઝા છે જગમાં દુરગુણીયો,માન તેથીજ લે સદગુણીયો–૨
જોકે રીબાએ સદગુણી ઝાઝા, પણ એથીજ છે માન ઝાઝાં–૩
વસ્તુમ્હોળી સુલભ હોએ સોંધી,વસ્તુ થોડી દુર્લભ હોએ મોધી–૪
વૃક્ષ ચંદન જેમ કપાએ, રૂડે વાસે તે સંઘે ગવાએ–૫
પ્રેમી શૂરા ઘાયલ દુખી હોએ, તોએ ટેકમાં સૂખને જોએ–૬
દુખ પામે તેની છે રે કીરતી, કીરતી સૂખ લે વીરલા ધીરથી–૭
સાચું કાવે થોડું જગમાંહી,તોએ સાચું તે સાચુંજ ભાઈ–૮
વિના શ્રમ દુખ ચહાએ ન ઊંચાં, ઊંચા નર્મદ મુક્તીમાં તૂં છાં–૯

(†પદ–રાગ કાફી.)

મનુવા સમજી લે નીજ નૂર—ટેક.
ભિતર બાગની લિધી ન મઝા તેં, રીઝયો મ્હાર તું દૂર. મ–૧
લિલોતરી સહુ ખીલી ભીતર તે, રંગે રસે ચકચૂર. મ–૨
પુલ ફળ ભોગ કરી લે લ્હાવો, રંગ નદી વહે પૂર. મ–૩
મ્હાર કરંતાં ભિતર મઝા બહુ, મ્હારની લ્હે આકતૂર. મ–૪
નિજ આનંદે પરમાનંદ તું, થા નર્મદ ભરપૂર. મ–૫

(‡પદ.)

ધુમરરૂપ અકળાતા ભાઈ, મિથ્યા માણસ મથતો રે—ટેક.
અનુભવબીજે તર્કતરૂફળ, એથિ તું કહાં દુર જાએ રે,
નેતિ નેતિ કહિ સચ્ચિદ્ વરણ્યું, તે કયમ સાચ લહાએ રે, ધુમર–૧
જડ આદિ વળી ચૈતન આદિ, એમાં તું અકળાએ રે
શઠ સાંખ્યે વેદાંતે કોમળ, નક્કી ન એપણ થાએ રે, ધુમર–૨

---

* તા૦ ૧૪ મી ફેબરવારી.
† તા૦ ૧૭ મી જુન.
‡ આગષ્ટ ૧૮૬૭.

સારૂં નરસું સાચું જુઠું, એની મારામારી રે;
સાચું તરશે અંતે નક્કી, એ તું દે વીસારી રે, ધુમર–૩
જનનિયમથી સૃષ્ટિનિયમ તે, વધુ સાચા દેખાએ રે;
તેમાં પણ શું સાચું હોશે, નક્કી શું કહેવાએ રે, ધુમર–૪
જ્ઞાની દુઃખી સુખી અજ્ઞાની, અંતે એહુ સમાને રે;
સત્ય મર્મ કોઇ ના જાણે, ભાવ જુદો તે માનેરે, ધુમર–૫
સત્ય પ્રેમ ને શૌર્ય પ્રશંસા, જનમાં ઝાઝી થાએ રે;
પણ એ માની લીધી ભાઇ, અનુભવ યશ સુખ કહાં છે રે, ધુમર–૬
પ્રાપ્યું ગમતું સાચું માન્યું, માટે શું તે સાચું રે?
જનમંડળમાં રેહેવું તો તો, જુઠું તે લ્હેવું સાચું રે, ધુમર–૭
પુરૂષપ્રકૃતિથી સહુ થાએ, એવું ડહાપણ ડોળ્યું રે;
પણ એનું શું મૂળ હશે તે, કોણે નક્કી છે ખોળ્યું રે , ધુમર–૮
સ્વભાવ લીલા વળી યોગની, જ્ઞાનલીલા વળી ભાળું રે;
ભેદ ન પામું નર્મદ તોએ, અકળિત રસમાં મ્હાલું રે; ધુમર–૯

(પદ.)

ધુમર રૂપ અકળતા ભાઈ, જ્યાં લગી પૂરૂં ન જાણ્યું રે–ધુ૦ ટેક.
જ્ઞાન તત્વના આશ્રયથી તો, જ્ઞાનાજ્ઞાન જગ ભાસે રે;
અકથ અનંત તેથિ નેતિ પણ, સદચિદ બ્રહ્મ પ્રકાશે રે–ધુ૦ ૧
ચિત ને ભૂત એ તો છે વ્યક્તિ, એક અવ્યક્તની લ્હેરી રે;
રૂપ ગૂણ ને નામ બુદ્ધિયે, પણ અલગજ સત્તા ઘેરીરે–ધુ૦ ૨
તેજ છે પ્રજ્ઞાન પરબ્રહ્મ, સંકલ્પે જીવ સૃષ્ટી રે;
તત્વ જ્ઞાન સંધા વીરામે, શઠ કોમળની દૃષ્ટી રે–ધુ૦ ૩
શાંત જ્ઞાનનું કોમલ સ્ફુરણું, પણ ઐશ્વર્યજ ખોલે રે;
અનંત સૃષ્ટિતણી ઉત્પત્તિ, સ્થિતિ લય અદ્‌ભુત તોલે રે–ધુ૦ ૪
સારૂં નરસું સાચું જૂઠું, બુદ્ધિ ફાંફાં મારે રે;
એહતણા પણ ભેદ ઘણેરા, શુદ્ધ સાત્વિકી તારે રે–ધુ૦ ૫
ધર્મ નિયમ ને સૃષ્ટિ નિયમ તે, સરખા સાચા સોહે રે;
પહેલા સાચા સમય સમયના, નિત્ય ઓમ્ એ હોયે રે–ધુ૦ ૬
અજ્ઞાની સુખી થોડી વારજ, જ્ઞાની તો નવ દુઃખી રે;
ઇચ્છા ત્યાંલગી દુઃખ જીવને, નિરિચ્છ જીવ છે સુખી રે–ધુ૦ ૭

સત્ય પ્રેમ ને શૌર્ય પ્રશંસા, જનમાં ઝાઝી થાએ રે
સ્વધર્મ બલ સાથે તે ઘૂમે, તોજ ખરાં વખણાએ રે–ધુ૦ ૮
પ્રાપ્યું ગમતું સાચૂં માન્યું, પણ કંઈ તે નથી સાચૂં રે
નીર કમળ ત્યમ જનમાં રહેતું, જૂઠ સાચમાં સાચૂં રે–ધુ૦ ૯
પુરુષ પ્રકૃતિથી સહુ થાએ, મન બે રૂપ વિચારે રે
પણ એનું છે મૂલ પરબ્રહ્મ, જ્ઞાનિ જોગિ અવધારે રે–ધુ૦૧૦
સ્વભાવ લીલા વળી યોગની, જ્ઞાન લીલા વળિ જોએ રે
ભેદ ત્રિપૂટી લય નર્મદ, બ્રહ્મ નિજાનંદ હોએ રે–ધુ૦૧૧

(હોળી.)

મારી બુદ્ધિયે નેટ કરાવ્યું હવાં રૂડી રીતથી ખેલું હું હોલી–ટેક.
ભિતર હોળી ને બહાર હોળી, વળી રચવી રત હોળી
એ સંકોચનું વાદળ ઉડવી, રંગમાં રાખ્યો તોળી–હવાં૦ ૧
ધર્મ અર્થ ને કામની નીતિ, સ્વાર્થની તજવી ઝોળી
પરાર્થમાં પરમાર્થમાં દેવું, સર્વસ્વ ળીલી ખોળી–હવાં૦ ૨
સંસારી પ્રેમી રાગી વિરાગી, મતિની થઇ ચોળા ચોળી
સ્થિતિમાં રહ્યોછું હજુએ જે ધર્મે,તેણે મટી ધોળા ધોળી–હવાં૦ ૩
નંદો કે વંદો સ્વભાવે ને જ્ઞાને, મતિ જનહીતમાં રોળી
નર્મદ એ રંગ રમતાં દે ફગુવો, વાણિ કટૂ મીઠી મોલી–હવાં૦ ૪

(હોળી.)

મારૂં અંતર બોલે આજ, આજ હો, વૈરાગ જ્ઞાનનું સૂખ ખરૂં છે–ટેક.
સ્થિતિ તો જગતની ક્ષણ ક્ષણ જોઉ, દુખ રડતાં નીત પામું લાજ–આજહો. ૧
ભાગ્ય કઠિણ જે ના રહી આશા, અતિ ઉપાધીએ આવું વાજ–આજહો. ૨
શ્રદ્ધા સહિત નવ રહે મન ધીરૂં, કોડ પૂરવાની રાખિ દાજ–આજહો. ૩
સ્નેહ અર્થ તે સત્ય અહીં નહિ, સત્ય છે સ્વધર્મના કાજ–આજહો; ૪
ઇચ્છા રહિત કર ધર્મકાજ કે, જ્ઞાન સ્વરૂપનું દિએ જગરાજ–આજહો. ૫

(૫૬.)

પ્રભુજી ભૂલ્યાની હવાં સાહ્ય કરે–ટેક.
વિધ વિધ સંકટ તણિ છે પડાપડ; ચિતડું નાજ ઠરે–પ્રભુજી.

દેવ વિઘ્નહર ને વિશ્વંભર, વરદે નામ ખરે–પ્રભુજી.
હારી રહી સૌ તુજને જૂવે બહુ, ઝટ લઈ ભીડ હરે–પ્રભુજી.
નર્મદ નમતો સભાવિશે અહિં, સત્વ શ્રી દેશ ભરે–પ્રભુજી.

(દોહરા.)

ભવના રણસંગ્રામમાં, ત્રિવિધ તાપ અરિ મોટ;
થઈ સન્મુખ લડવૂં બળે, કળે મારવી ચોટ.
જુદ્ધ રામ રાવણ અને પાંડવ કૌરવ તેહ;
ત્રિવિધ તાપ આત્માતણૂં, એથી ઓછું લેહ.
એવાં ભવરણ જુદ્ધમાં, મચ્યો રહું છું જાણ;
નવ ફાવૂં પણ રહું ટકયો, ઊંચો મારો પ્રાણ.
ધાયલપણમાં રાચતો, પ્રસંગ ખોળૂં નીત;
જીતૂં કે પડું જુદ્ધમાં, એવી દૃઢ મુજ રીત.
અંગીયો મૂઝાય બહુ, તેથી હું મૂઝાઉં;
સૂખ પાછલૂં સાંભરે, પણ કોને હું રહાઉં.
હું તો રણમાં છું પડયો, હવે શી બીજી વાત;
રણ જીતૂં કે રણ પડું, રણ રણ દિન ને રાત.
માટે ઓ જન માહરા, તમે માહરા સાચ;
મારા જેવા થઈ રહો, લહો ન કાંઈ આંચ.
શોક શત્રૂ સામાં વ્હડો, લઇ ઉદ્યમની ફોજ;
પ્રાહણે પણ લો સાહ્યતા, હર્ષ રંગની રોજ.
ધીરજ હિંમત ઉદ્યમે, દરસાવો ઉમંગ;
નચિંત રેહ મુજ જીવ જો, જોય તમારા રંગ.
મથતાં મથતાં તો વળી, રણબાજી જીતાય;
કદી પડયો તોપણ લહૂં, જસવંતી મુજ કાય.
સત્ય ટેક પરમારથે, પ્રેમે ઊંચો તેહ;
હાર્યો પણ જસમાં પડયો, એમ વળી જન કેહ.
કદી ન કેહે જન સહૂ, અંતરસાક્ષી કેહ;
વળિ કહે અનુભવ નીતિને, ઊંચ હૃદય મન તેહ.
ઓ મુજ વ્હાલા ભક્ત સહૂ, ધરી માહરો ગર્વ;
ધીરજથી ઉદ્યમ કરો, કાર્ય સીઝશે સર્વ.

દો ઉત્તેજન રંગથી, પ્રેમ કુમળ નવ રોહ;
સમય જુઓ સંગ્રામનો, એ સંબંધી કોહ,
જીત કરી હરી ઠામ થઇ, પ્રેમ મ્હાલશું ભાઇ;
સંકોચિત તે શોભશે, જશે બહુ ઉભરાઇ.
પરી કરો મુઝવણ અને, મચો કામમાં મ્હસ્સ;
લઇને દો આશીષ કે, નર્મદ લે રણ જસ્સ.

વિછૂટી હરણી થઇથી, બ્હાવરિ ભટકે હાય;
નદી પૂર વ્હે તેહમાં, પડી તણાઈ જાય.
દયા વ્હાલ મૂજ મંનમાં, કયારે કાઢું બ્હાર;
ભાવી સંકટ ધારતાં, પડે ઘણોજ વિચાર.
જાઉં કહાડવા તો કદી, હૂં પણ ડૂબી જાઉં;
કદી ડુબાડે વળગિ તે, એમ વળી ગભરાઉં.
પણ જારે હૂં જોઉં કે, તે આતુર બહુ જોય;
આશા રાખે માહરી, ટળવળતી તે સ્હોય.
કેમ ન ત્યારે હૂં પડું, રક્ષણ કરવા કાજ;
પ્રેમ શૌર્ય જાંખાં પડે, તેમાં શી મુજ લાજ!
નક્કી હૂં ઝંપલાવું રે, થવાનું તેતો થાય;
લોક ગમે ત્યમ બોલજો, ચિત્ત શુધ્ધ સોહાય.
આભ પડો પૃથ્વી ગડો, લય પામો સંસાર;
પ્રેમ શૌર્યને કારણે, વિપ્ર ક્ષત્રિ અવતાર.
નર્મદ તૂં ચિત શુદ્ધ છે, અબળાની પુર આશ;
પ્રભુ યશ દેશે ઉભયને, રાખ મૃગીને પાસ.

(પદ.)

બડો ખેલ દુનીઆં જેણે જે કર્યો
ખુશીનો ગમીનો ખુબીનો ભર્યો—કરો યાદ તેને.
બદીને ગમીથી નશીહત મળે
ને બંદગી નેકીસું ભાયગ ભળે—કરો૦
ગમીને ખુશીને ઇનાયત ખુજે
તે માનવી નૂરમાં ઊંચો રીજે—કરો૦

ખુશીમાં મળ્યા અહીં વધુ ખુશ થવા
કો જસને ઇચ્છે ને કો ખેલો નવા–કરો૦
કરી યાદ તેની કે હરકત વિના
ઉતરીએ અખાડે બતાવા બિના–કરો૦

---

૩. જ્ઞાનપૂર્વક ઐક્યતા.

(પદ.)

પામી ધર્મોના મર્મોને ભ્રમ ભાંજે,
પછી કોહંનો[૧] સોહં[૨] તું બ્રહ્મ થાજે, ટેક.
આદ નિરંજન અદ્વૈત[૩] નીરગુણ,
નિર્ગુણરે આત્મા નિર્ગુણ નિત્ય તું ગાજે. પામી૦ ૧
કર્મ[૪] ઉપાસન[૫] સાચાંજ સાધન[૬],
સાધનરે આત્મા સાધનથી સહુ છાજે. પામી૦ ૨
તત્વવિજ્ઞાને[૭] સચ્ચિદાનંદમાં,
નર્મદરે આત્મા નર્મદ મુક્ત[૮] થઈ જાજે. પામી૦ ૩

(૨–૨)

(પદ–રાગ કલ્યાણ.)

*જો જો વિજના ચમકારા,ગાજે આ શો મેહુલો ઓચાવ્યો, જો જો૦ ટેક.
સૂકું હેતૂં બહુ આજલગી તો, જિવડો અતિ તરસાવ્યો. જો જો૦ ૧
મ્હેર કરી ખરી મેઘ રાજાએ,જીવાડયાં અંનજળ લાવ્યો. જો જો૦ ૨
નર્મ કહે પ્રભૂ ધન્ય ઓચીંતો, જ્ઞાન મારગ દરસાવ્યો. જો જો૦ ૩

(૨–૧)

---

૧ ભારખોજ. ૨ શરિર.
૧ હું કોણ છઉં એવી શંકાવાળો તેનો.
૨. હુ બ્રહ્મ છઉં એટલે બ્રહ્મ સાથે લેહુ લાગેલી એવો છઉં એવા નિશ્ચયવાળો.
૩ બેપણું નહીં–એકજ એવું બ્રહ્મ–એવો પ્રભુ. ૪ નીતિનાં કામો,
૫ આસ્થાવાળી ભક્તિ. ૬ ઉપાયો.
૭ ઇશ્વરની લીલાનો જે છુપો ભેદ–મરમ તેનું બારીકજ્ઞાન.
૮ પાપથકી મુકાયલો; ઇશ્વરને મળેલો.
* એમાં બ્રહ્માનંદ થવાની લગભગમાં જે મનની વૃત્તિ થાય છે તેનું વર્ણન મેઘના ચિન્હથી કહ્યું છે.

(પદ–રાગ જિલ્લો.)

†મેં તો બ્રહ્મ જોયું રે, જ્ઞાનપ્રકાશે. ટેક.
જ્ઞાનપ્રકાશે માયાશીતકેરૂં, કળતર ભૂડું ખોયું રે. જ્ઞાન૦ ૧
જ્ઞાનપ્રકાશે નીતિનદિમાંહે, પાપી દિલધોયું રે. જ્ઞાન૦ ૨
જ્ઞાનપ્રકાશે નર્મદ અભેદે, નુરમાં નૂર પ્રોયું રે. જ્ઞાન૦ ૩
(૨–૧)

(પદ–રાગ જોગી.)

શાંતિ શાંતિ શાંતિઃ શાંતિ શાંતિ : ;
જાંહા સદચિદ આનંદકાંતી. ટેક.
જાંહાં મુકતોએ[૧] ચિદશક્તિ ગાઈ;
જાંહાં મૂમુક્ષુએ[૨] સ્થિતિ ન્હાઈ. શાંતિ૦ ૧
જાંહાં નિર્મળ નિત્ય નવાઈ,
જાંહાં જોતાં જાઉં ન ધરાઈ. શાંતિ૦ ૨
જાંહાં માયા ત્રિગુણિ[૩] ન મનાઈ;
જાંહાં વ્યષ્ટિ[૪] સમષ્ટિ[૫] સમાઈ. શાંતિ૦ ૩

---

† ટીકા–બ્રહ્મ શબ્દ નપુસકલિંગે છે ને વેદાંતમાં તેમજ વપરાય છે. (વ્યવહારમાં પુલ્લિંગે.) ૧ સુરજના પ્રકાશથી ટહાડ જાય છે તેમ બ્રહ્મજ્ઞાનના પ્રકાશથી (ઈશ્વરસંબંધી ખરૂં જ્ઞાન થાવાથી)–(લૌકિક અર્થમાં), સંસાર–પપંચની જે માયા અને એ માયાનું જે શીત (માયાની ટાહાડ) અને એ શીતથી થતું જે કળતર તે મેં ખોયું–(માયાના પાશના દુઃખથી છુટયો–જેમ પાણીમાં કમળ છતે કમળને પાણી સ્પર્શ કરી શકતું નથી તેમ). ૨ ટહાડમાં સુરજનો પ્રકાશ પડયા પછી નાહવા ધોવાનું સહુ કરેછે તેમ બ્રહ્મજ્ઞાનનો પ્રકાશ પડયા પછી નીતિ નદીમાં મેં મારૂં પાપી દીલ ધોયું–પાપ કરવાં છોડી દીધાં ને નીતિ પાળવા માંડી. (કેટલાક વેદાંતીયો શઠ થઈ અનીતિ કરે છે તેમ નહીં). ૩ અંધારામાં સોયમાં દોરો પ્રોવાતો નથી–પ્રકાશમાં પ્રોવાય છે–તેમ જ્ઞાનપ્રકાશથી અતિ સુક્ષ્મ જે નુર–બ્રહ્મ તેમાં, ભેદ એટલે જુદાઈ ન રેહે– એકજ થઈ રેહે તેવી રીતે મેં નર્મદે મારૂં નુર પ્રોયું–સોહં થઈ રહ્યો (હું સાયુજ્ય મુક્તિ પામ્યો).—એવો જ્ઞાનપ્રકાશનો મહિમાં છે.

૧ મોક્ષ પામેલાઓએ. ૨ મોક્ષ ઈચ્છનારાઓએ.

૩ ઉત્પન્ન કરનારી શક્તિ–બ્રહ્મા–રજો ગુણ, પાલન કરનારી શક્તિ–વિષ્ણુ–સાત્વિક ગુણ, સંહાર કરનારી શક્તિ શિવ–તમો ગુણ એ ત્રણ ગુણની જે માયા તે.

૪ બ્રહ્મ અને તેનો પૃથક પૃથક ઘટ સાથે જે પૃથક પૃથક સંબંધ તે અથવા એ સંબંધરૂપ જે શક્તિ તે; જીવ. ૫ બ્રહ્મ અને તેના ઘટઘટાનેકના

જાંહાં સૃષ્ટિ અનંત તવાઈ;
જાંહાં સૂક્ષ્મ બની તે સોહાઈ. શાંતિ૦ ૪
જાંહાં વૃક્ષ સમાયું બીજમાંઈ;
જાંહાં બિંબ નિજાનંદ સાંઈ. શાંતિ૦ ૫
જાંહાં ત્રિપુટિ ટળી એકી[૭] છાઈ;
જાંહાં તત્વમસિ ન એકીધાઈ[૮]. શાંતિ૦ ૬
જાંહાં મૂર્છા ન લેશ જણાઈ;
જાંહાં શૂન્ય તોયે જ્ઞાન ભાઈ. શાંતિ૦ ૭
જાંહાં વસ્તુ સમય સ્થળ ન્હાંઈ;
જાંહાં કર્મ જાતી નહીં કાંઈ. શાંતિ૦ ૮
જાંહાં નહિં રે આ ભવની ભવાઈ;
જાંહાં સંખ્યાકૃતી[૯] તો લોપાઈ[૧૦]. શાંતિ૦ ૯
જાંહાં અંતે પ્રાણીઓની ક્રાંતી[૧૧];
તાંહાં મુકત નર્મદ મૂકિ ભ્રાંતી. શાંતિ૦ ૧૦
(૧-૧)

(પદ–ઢાળ ગોવાળિયાનો.)

*બ્રહ્મના ધ્યાનમાં રે, બનૂં ચંગી ને રંગી હૂં. ટેક.
ત્રિપુટી જતાં ને એકી થતાંમાં, બહુ બહુ રંગો જોઉં;
ચિદ આકાશના ચાંદરણાંમાં, હરખે રમતી રહોઉં. બ્રહ્મના૦ ૧
(૨-૧)

સમૂહ સાથે જે સામટો ભેળો સંબંધ તે અથવા એ સંબંધ રૂપ જે શક્તિ તે; ઇશ્વર (એ બંને જાંહાં નથી તે ધામ.)

૬ ધણી; ઈશ; બ્રહ્મ. ૭ (ત્રિપુટી મટી જઈને) ઐક્યતા છાઈ રહીછ; ઐક્યતાનું આકાશ ચારે પાસ શોભી રહ્યુંછ; અહં બ્રહ્માસ્મિ. તત્વમસિ, સોહં બની રહ્યુંછ. ૮ એકીની ભીડાભીડ; (જીવાત્મા ને પરમાત્મા એ બે જુદા નથી હોતા; દ્વૈતમાર્ગ–દ્વૈતમાર્ગનું નાટક જ્હાં નથી).

૯ સંખ્યા તે આકૃતિ–રૂપરંગ. ૧૦ જતી રહી; ન દેખાઈ.

૧૧ ધસારો; આગળ વધવું તે; પોંહોંચવું તે (છેલ્લે મુકામે); તારણ; મુક્તિ (લાક્ષણિક).

* ટીકા–ચંગી–શુદ્ધ. રંગી–રંગીલી–આનંદી. ત્રિપુટી–ત્રણ ભેદ–જાણનાર.

(પદ–રાગ હોળી.)

†જ્ઞાન પોકળીમાં પ્રેમ હોજે, રંગે તરતો રહું રોજ રોજે. ટેક.
ઘટ ઘટ લીલા લીલી સુકી તે, જુદી જણાય ન ખોજે;
પ્રીત વિજોગી ને સંજોગી, જોગી ભોગી એક જોજે. જ્ઞાન૦ ૧
બેહેન બઇરી દીકરી માતા, પુત્ર પિતા ભાઇયો જે;
સ્નેહીનાં અહીંનાં ન્યારાં હેતો, ત્હાંતો અભિન્નજ મોજે. જ્ઞાન૦ ૨
રસમય બ્રહ્મસું લગ્ન લગાડી, બનું રસમગ્ન અખો જે;
તે હું નર્મદ કદી ન પીડાઊ, દુખદ અનીતીને સોજે. જ્ઞાન૦ ૩
(૧–૨)

જોને જાણવું તે અને જાણ–જાણવું તે. (ઈશ્વરની પૂરી લેહ લાગે તારે એ ત્રણ વાતનું ભાન રેહેતું નથી). ચિદ–જ્ઞાનના આકાશનાં ચાંદરણાંમાં ઘણીવારે પ્રથમ તો બીજા માયાવિ વિચારો જતા રહીને ત્રિપુટી બંધાય છે. હું ઇશ્વરને જોઉંછ એટલુંજ ભાન રેહે છે પણ તેમાંને તેમાં રહ્યાથી કેટલીવારે હું એ ત્રિપુટી પણ જતી રેહે છે પણ એ ત્રિપુટી ધીમે ધીમે જતી રેહે છે ને એકી થવાનો વખત આવે છે એ દરમિયાનમાં હું બહુ બહુ રંગ જોઉંછ–નાના પ્રકારના આનંદનો અનુભવ લઉંછ અને જાણે હરખમાં રમતી ને કુદતી હોઉં એવું લાગે છે–એ પદમાં કોઈ સ્ત્રી બોલતી હોય એવું છે.

† ટીકા–જ્ઞાનનાં આકાશમાં પ્યારનો હોજ છે તેમાં હું રોજ ખુશીથી તર્યા કરૂંછ.

જે જે બધી વસ્તુઓ ઈશ્વરે બનાવી છે તેમાં તેની કુદરત કોઈમાં લીલી ને કોઈમાં સુકી દેખાય છે એટલે કોઇ વસ્તુની ખુબી સ્હેજ માલમ પડી આવે છે ને કોઈની ઘણી વારે માલમ પડે છે અથવા માંહે છતે આપણને બીલકુલ માલમ નથી પડતી તે લીલી સુકી ખુબીઓ જ્ઞાનના બોજે–શોધથી જુદી નથી પણ એકજ છે, એકજ શક્તીથી બનેલી છે અને તેમજ વિજોગ–જુદાઇનો પ્યાર ને સંજોગ મેલાપની વખતનો પ્યાર, જોગી લોકનો પ્યાર ને ભોગી લોકનો પ્યાર એકજ છે–એ બધી રીતના પ્યારનું મુળ એકજ છે એમ જોવામાં આવે છે. (તું જોજે)

૨ આ દુનીઆંનાં જે બધાં સગાંઓ તે અને સ્નેહીઓ તે સંબંધના પ્યાર જુદા જુદા છે–માનું હેત જુદું, બઈરીનું જુદું, સ્ત્રીનું જુદુ વગેરે–પણ ત્હાંતો–ઈશ્વરને ઘેર–જ્ઞાનનાં આકાશમાંના પ્યારના હોજમાં જુદું નથી એકજ છે એમ તું મોજે–જાણજે.

૩ (કોઇ તકરાર ઉઠાવશે કે એવા વિચારથી માણસ અનીતિમાન થઈ જાય તો તે વિશે સમજવું કે) રસથકી ભરેલા ઈશ્વર સાથે લગન લગાડીને રસમાં મગ્ન—ડુબેલો અખો–નાશ ન પામે તેવો થયલો એવો જે નર્મદ–સુખ આપનારો હું તે હું, દુખ દેતો એવો જે અનીતિનો સોજો તેથકી કદી પીડા પામનાર નથી.

(પદ–રાગ હોળી.)

*આકાશમાં ચંદની છટકી, હુંતો ચકોર પડે ઝટ અટકી. આકા૦ ટેક.
વાદળું નામે નજરે પડે નહીં, નજરે પડે પ્રેમ-મટકી. હું તો૦ આકા૦ ૧
અદ્ધર પણ ધીરે રસ પીને, આનંદથી રહી લટકી. હું તો૦ આકા૦ ૨
મનમાં નર્મદ જ્ઞાનથકી રે, ત્રિપુટી ગઈ સટ સટકી. હું તો૦ આકા૦ ૩

(૨–૧)

(પદ–રાગ હમીર કલ્યાણ.)

લાગી,
†લગન સાહેબની;લગન સાહેબની એ લાગી
લગન સાહેબની; લાગી, શું હવે બાકી:

---

*ટીકા–જ્યારે મનરૂપી આકાશમાં બ્રહ્મજ્ઞાનની ચંદની છટકી તારે હું ચકોર પંખીની પેઠે હાલતી ચાલતી ને વિચાર કરતી બંધ થઈ ગઈ—વિચારમાં ઘુમ થઈ ગઈ. (એવું કેહેવાય છે. કે ચકોર પંખી ઘણું ચંચળ છે તોપણ ચંદ્રને જોય છે તારે તે એક ઠેકાણે ઠરી ઠામ મોહું ઉઘાડી બેસી રેહે છે ને ચંદ્રનાં કિરણો પીયાં કરે છે.)

૧ જ્યારે જ્ઞાન થયું તારે કોઇ વાતનો મને નામ માત્રે સંદેહ–વિકાર રહ્યો નહીં,ને મેં માત્ર પ્યારની મટકીને એટલે જ્ઞાનચંદ્રને–ઇશ્વરને જોયાં કીધો. ૨ (તરનારની પેઠે) પંખી પોતાની મેળે ઊંચે રેહેવાની દેખાઈતી અથવા છુપી તજવીજ ન કરે અને પરવશ–રસલીન હોય તો તે નીચે પડી જાય પણ હું તો નીચે ન પડી પણ મનનાં આકાશમાં અદ્ધર છતે ધીમે ધીમે જ્ઞાનની ચંદ્રનીનો રસ પીને આનંદમાં લટકી રહી. ૩ (રે ઉતાવળને આશ્ચર્ય બતાવે છે) રે મન આકાશમાં નર્મદ–સુખ આપનારૂં એવું જે જ્ઞાન–ચાંદની તેથકી મારી ત્રિપુટી ઝટ જતી રહી. ત્રિપુટી એટલે ત્રણ વાનાં: જેને જાણવું તે, જે જાણવું તે. જેણે જાણવું તે; ઈશ્વર, જ્ઞાન ને હું એ ત્રણ વાત જતી રહી. લગન લાગી તારે મે કંઇજ જાણ્યું નહી કે હું કોણ છું, હું કોને જોઉંછું ને હું શું કરૂંછ. જેમ કેફમાં ચક્ચુર ભાન વગરની તેમ ઇશ્વરમાં ગરક થઇ ગઈ.–એ પ્રમાણે અર્થ છે. તોપણ એનો રસતો જેને અનુભવ હશે તેનેજ પુરો સમજાશે. વળી જે સમજુક માણસ કેફમાં–વિષયમાં પુર ચક્ચુર થયલું હશે તેને કોઈક વેળા ઉપલા રસના જેવો તો નહીં પણ તેને કંઇક મળતો એવો અનુભવ–આનંદ થતો હશે ખરો. એ હોળી શૃંગારમાં પણ ઉતરે છે: માશુક પોતાના આશકને અને આશકનાં પ્યારને જોય છે. વાદળું દુખ દેતી વસ્તુ અથવા કલ્પના. એ હોળીમાં ચાંદ, ચાંદની, આકાશ, વાદળાં, ચકોર વગેરેનું વર્ણન છે. એ પરમાણે એ હોળીમાં ચંદનીનું ચિત્ર, આશક માશુકના પ્યારનું ચિત્ર અને જ્ઞાન થયા પછીની હાલતનું ચિત્ર એ ત્રણ ચિત્રો છે. †ટીકા–લાગી, શું લાગી ? આગ લાગી ? ભુખ લાગી ? ના ના.–સાહેબ સાથે લગન લાગી. લગન એટલે જ્ઞાનપૂર્વક પૂર્ણ ભક્તિથી ઈશ્વરનાજ વિચારમાં રેહેવું તે અથવા એવી જે મનની સ્થિતિ તે. હવે મારે શી વાતની કમી રહી ? કંઇજ નહી. અહિની–આ પ્રપંચી સંસાર માયાની–આ ફાની દુનિયાની. આધી–દૂર.(આસમાનમાં તરેહ તરેહવાર રંગ જોવાથી ખુશી થાય છે તેમ લગન એજ જે કોઈ આસમાન અને એ આસમાનના સઘળા ભંગ ને

(કે) અહીંની બધી ખટપટ ગઈ,
(કે) અહીંની બધી હરકત ગઈ આધી–એ લાગી૦
આનંદમાં બહુ નર્મદ રાગી રહ્યો,
મગ્ન મગ્ન લગન ગગન સકલ ભંગ સરસ રંગ જોઇ,–એ લગન૦
(૧–૨)

(પદ.)

જડને તે કાં પૂજો, લોકો જડને તો કાં પૂજો,
આર્યજનોએ મૂર્ત્તિ ન પૂજી, અનાર્ય લોકે પૂજી;
આર્ય તુટ્યાને મળ્યા અનાર્યો, મૂર્ત્તિ સ્થાપવી સૂજી. લો૦ ૧
સમય સમય જ્ઞાન ધર્મમાં, કનિષ્ઠ જડ પ્રતિમા કહી;
એ પૂજન પણ શ્રદ્ધા ભાવે, થતું તેથી તેજી રહી. લો૦ ૨
મંત્રમૂર્ત્તમાં દેવત પૂજી, સ્થિતિયે પૂર્વજ રાચ્યા;
દીન હીન જન આજ પ્રજાએ, જડ પાસે વર જાચ્યા. લો૦ ૩
મૂર્ત્તિ મંત્રના અદભુત કાર્યો, નથી મનાતાં આજે;
ભીરૂપઠે શું બાઝી રહેવું, જડ શું દુઃખને ભાંજે. લો૦ ૪
ઠાઠ બાહ્યજ બહુ પુજાએ, સત્ય વસ્તુ વિસરાઈ;
જડનું પૂજન જડ સામગ્રી, જડ પૂજક જડસાઈ. લો૦ ૫
સજીવ થવાનો ઉપાય આ કે જડ મૂર્ત્તિને ટાળો;
મનમંદિરમાં ગુણમૂર્ત્તિને, અભ્યાસી થઇ ભાળો. લો૦ ૬
મોડેથી પણ મુકવાના છો, કાં ન સદીસા મૂકો;
પ્રતિમા પૂજન અતિ નિંદાયું, સમય લક્ષ નવ ચૂકો. લો૦ ૭
જડ દેવતા જડ મોહ પ્રવૃત્તિ, એ શું સંકટ કાપે;
નર્મદ કહે તે જસ નિવૃત્તિ, જ્ઞાન ઇચ્છયું ફળ આપે. લો૦ ૮

(પદ.)

સત્વ સત્વ સત્વ સત્વ, સત્વ પૂજો ભાઈ;
એહનો પ્રસાદ વડો, પરમ સૂખદાઈ. સત્વ૦
કૂળદેવી સત્વ શક્તિ, પ્રથમથી મનાઈ;
શ્રદ્ધાળિ સક્રિયાથી, ઇષ્ટ રહે સિઝાઈ. સત્વ૦

સારા સારા રંગ જોઇને,રાગી–પ્રેમી–પ્રેમરસ સમજનારો હું નર્મદ બહુ–ઊંડા આનંદમાં મગ્ન મગ્ન–ડુબ્યો ડુબ્યો રહ્યો–મચ્યો રહ્યો)–(આનંદમાં ઘૂમ થઈ ગયો).

દેવ દૈત્ય ભાઇ તેમાં, ગુણથિ છે જુદાઈ;
જય પરાજય કાળથિ પણ, થાય બહુ લડાઈ. સત્વ૦
મોહપાશ તોડિ હડે, નીતિ તો પરાઈ;
નર્મદ નાણુંત નિયમ, ફળ જૂવે ત્વરાઈ. સત્વ૦

(પદ.)

શાંતિનિ નીતિ દિયે પ્રભૂતાઇરે—ટેક.
લોભ મમતમાં છેક વહીને; ખટપટો જૂઠિ વખાણી ગાઇરે. શાંતિ૦
સંતોષ નમ્રતા ને મરજાદા; સુચિ રૂચિ બળિષ્ઠ સાચી સાહીરે. શાંતિ૦
નર્મદ ભણુતો સત્વ વધેથી; સુખ ઉંચે રહે ન ઉણૂં કાંઇરે. શાંતિ૦

(પદ.)

એક સ્વત સિદ્ધ અતિ સૂક્ષ્મ વ્યાપક બધે
તત્વછે કાળ થળથી અછેદ્યું,
જ્ઞાનિ યોગીજનને પુરેપૂરૂં અનુભવ્યું
જ્ઞાન આનંદ સ્વરૂપ લેખ્યૂં;
જેહની શક્તિમાં જગતનો ભાસ લય
પણ વળી જે સદા છે અલેખ્યૂં,
જેહને જાણવું જોવું ને પામવું
બ્રહ્મ તે ઇંદ્રિયોએ અપેખ્યૂં.-૧
ઉચ શ્રી ઓંકારમાં અર્ધમાત્રા પરમ
તેહના લિય વષે જે ઉરે છે,
તેહનું તેજ પ્રતિબિંબ રૂપે થઇ
જૂજવી દેહ ઝાઝી ધરે છે;
જીવ એ નીજ સંકલ્પ વીકલ્પના
કર્મના પાસમાં નવ ફસાએ,
તપ કરી સાક્ષિને લક્ષતા થાય તો
બની વિદેહી મળે મૂળ માંહે.-૨
તત્વ એ શાંત તેજસ સઘન જ્ઞાન પણ
સ્ફુરણ ઉપડે પ્રતિબિંબ ભાવે,

અંતરાકાશમાં સૃષ્ટિ સંકલ્પની
અર્થ રસ ધર્મ મુક્તી બતાવે;
સ્ફુરણ સંકલ્પમાં જ્ઞાન હંકાર તે
પુરુષ ઈશ્વર થઇને પ્રકાશે,
એજ ઉત્પત્તિ ને સ્થિતિ વળી લય કરે
એજ પુનિ તત્વ રૂપેજ થાશે.–૩
જગતનો ઈશ પણ પ્રગટ પાડે વળી
પ્રકૃત્તિ જેવી એ આપ હોએ,
એ વળી સત્વ રજ તમ ગુણે દીસતી
ત્રણ મળી એક એવીજ સોહે,
જગત મિથ્યા છતે થયું રહ્યું ધર્મથી
ધર્મથી શુદ્ધ થઇ જીવ જાગે,
ધર્મ બ્રહ્મા મુખે વેદ રૂપે ભણ્યા
કર્મ ઉપાસના જ્ઞાન ભાગે.–૪
ધ્યાન એકાગ્ર કો એમ સોહંમનું,
કો કરે ભક્તિ નિર્ગૂણ કેરી,
કો જુવે જાચતા પુરુષકર્ત્તા પ્રતી
કો સ્તવે શક્તિને સાથ ભેળી;
કોઈ બ્રહ્મા યજે વિષ્ણુ શિવકો ભજે
ઈષ્ટ દૈવત ઉપર ભાવ ઠેવે,
કો પુજે કો જપે આપ અર્પણ કરે
કો વળી દાન બલિદાન દેવે–૫
મૂળગું જ્ઞાન ને એજ જ્યોતી અને
દેવતા સૂર્ય એ સુપ્રતાપે,
એજ જડતા હણે એજ બુદ્ધી દિયે
એજ અહીંને બધે ઉચ્ચ થાપે;
શુદ્ધ થઇ એહને અર્ધું શ્રદ્ધા થકી
મંત્રના પ્રણવમાં લક્ષ્ય હેરૂં,
એજ બ્રાહ્મણતણું ધર્મ દૈવત ઉચું
એજ દોહંન છે વેદ કેરૂં.–૬

પણ વળી ભક્તિ મુજ જ્ઞેય સાકારને
પુણ્ય મૂર્તી મહાદેવને રે,
યોગ શુભ આણતો સિદ્ધિને આપતો,
બાળતો પૂર્વના પાપને રે;
સમયનો દેવ બે રૂપ ધારણ કરે
નાશ ઉત્પત્તિના રંગ દાખે,
નિઃપ્રપંચી રહી તત્વ નિજ ચિંત તો
કર્મ મોટાં કરી વિશ્વ રાખે.–૭
નિત્ય છે શાંત કલ્યાણ કર દેવ તે
કો સમે તો મહારુદ્ર કોપે,
આર્ય નિવૃત્તિ પ્રવૃત્તિનો વૈભવી
યોગ ને ભોગ અદ્‌ભૂત ઓપે;
ભક્તિ નિષ્કામ મુજ દૃઢ થજો તેહસું
જે વળી સાંબ રૂપે વિરાજે,
જગત જનુની તણા હેતમાં રેહતાં
તાતના બોધથી જ્ઞાન ભાંજે.–૮
વળી કરું ભાવથી સેજ ઉપાસના
શારદા જ્ઞાન શક્તીની નિત્યે,
એજ ધીરે રહી કાપશે જાળને
આપશે દિવ્ય વરસાદ પ્રીતે;
એજ દેવી મને ભક્તિ વૈરાગ્ય ને
જ્ઞાનમાં કરિ કૃપા દોરશે રે,
નર્મદા જીવ તે શિવ સદાશિવ બની,
મૂળ આનંદ રૂપે થશે રે.–૯

(શ્લોક.)

સ્વેચ્છાએ પણ યુક્ત યુક્ત નિયમે આ વિશ્વ જેણે રચ્યું.
જેને વ્યાપક તત્વ રૂપ સગળે યોગી જને ઓલખ્યું;
જે બોધી વળિ જીવને અવધિયે પોતાપણું આપતું.
નિત્યે જ્ઞાન વિરાજતું શુચિપણે તે એકને ચિંતવું–૧

(*પદ.)

કંટક ઝાડી આ ભવનીરે ભાઇ, તેમાં ઘુસી ઘૂસી કરવી લડાઇ–૧
કરવી લડાઈ તે ત્રણ તાપ સામે, જીતીને પ્હોચવું સૂખને ધામે. કં–૨
હું છું સિપાઈ સમજીને એવું, દુઃખ શી વસ્તુ છે એમજ કહેવું. કં–૩
દુખને તો મળવાની ઝુમમાં ફરવું, ધાયલસિંહ એ ઉપનામ ધરવું. કં–૪
ધાર્યું તો થાએ પરબ્રહ્મકેરૂં, કાં ન બંધાવું હું શૂરનું દેહરૂં. કં–૫
મનમાં ધીરજ બ્હાર ઉદ્યોગ ચલવી, લાગ જોઈ કેમ કીરતી ન રળવી. કં–૬
સાહસ ને બળ જુક્તિ પરાક્રમ, કાં ન ધરૂં હું રૂડો તેઅનુક્રમ. કં–૭
કાડીને કણ મણ હાથીને આપે, બેલી વગરનાંને નિજ કરી થાપે. કં–૮
તે પ્રભુ કેમ ન તારાંને જોયે, પુરુષ કઠણ થઈ એમ કાં રોએ. કં–૯
રણમાં પડયા પછી પ્રેમાળ થાવું, ચેતન તોપણ જડમાં ખપાવું. કં–૧૦
કાયર થાતાં ન કાં મરીજાવું, જાવું તો કાંરે ખુણાંમાં રિબાવ્વું. કં–૧૧
મથિ મથિ મથિ ભાઈ શસ્ત્ર ફેરવવાં, મરતાં લગી પણ શિર ન નમાવ્વાં.કં–૧૨
જીત થઈ તો સુખ લ્હાવો લેવો, ગર્વનો બોલ કોને નવ કહેવો. કં–૧૩
હાર થયે રણભૂમિએ પડતાં, અહીં યશ તહીં મુક્તિ સુખ મળતાં. કં–૧૪
સિંહ હરે વીજ ગરજનથી પણ,જ્ઞાની નર્મદસિંહ નિડર થઈ રમે રણ.કં–૧૫

---

૪. ફારસી શબ્દ–બ્યવાળી કવિતા.

(તોટક વૃત્ત.)

ખુબ આતશ ખાક હવા હું ભણું, વળિ આબ[૧]અનાસર[૨] ચાર ગણું
બિજિ જે ચિજ એથિજ થઇજ ઘણી, સહુનો સત આહુરમજ્દ[૩] ધણી ૧
અમશાસ્પંદ[૪] આદિ બન્યાં તુંથકી, નદિ પ્હાડ સરોવર સિંધુ નકી
ખુબિ ભારિ દિસે સુરચાંદતણી, સહુનો સત આહુરમજ્દ ધણી ૨
હસતી[૫] નિસતી[૬] સહુ તૂંજ જુએ, હસતાં રડતાં તું જિવે જ મુએ
દર ચાતુરિ ત્હારિ ન જાય ગણી, સહુનો સત આહુરમજ્દ ધણી ૩
રચના બધિ ખાકિ[૭] મિનોઇ[૮] વળી, રસ રંગથિ એકસું એક મળી
મુજ આંખ રખાવ નિતે તુંભણી, સહુનો સત આહુરમજ્દ ધણી ૪

---

* તા૦ ૮ મી ફેબ્રુવારી સન ૧૮૬૭, સવારે.
૧ પાણી. ૨ તત્વ. ૩ ઈશ્વર. ૪ ફરેસ્તાનું નામ.
૫ હૈયાતી. ૬ નાશ. ૭ આ દુનિયા સંબંધી. ૮ પેલી દુનિયા સંબંધી.

જગનો નિમ સુંદર જોઉ ખરે, ખુદ એક ખુદા વિદવાન ઠરે
કરું બંદગિ રે બદિ કહાડ ખણી, સહુનો સત આહુરમજદ ધણી ૫
ઇનસાનતણા દિલના ઉભરા, બતલાવિ દિએ તુજ ગૂણ ખરા
જિવ પાપ વચે તું દે ભીંત ચણી, સહુનો સત આહુરમજદ ધણી ૬
ન ખુદા વણ સાચું અહીં કંઇરે, ન ખુદા વણ સ્હાણું અહીં કંઇરે
બહુ છૂંદ કહૂં બદકારિ[૯] ફણી,[૧૦] સહુનો સત આહુરમજદ ધણી ૭
ન ખુદા વણ પ્હેલું ખરે કંઇરે, ન ખુદા વણ મ્હોટું ખરે કંઇરે
બહુ મ્હેર કરે પુજવાથિ મણી, સહુનો સત આહુરમજદ ધણી ૮
(૩-૧)

(બેત.)

તું આલંમ ખાવંદ પરવરદિગાર્, અજબ લ્હારિ કુદરત કુલે અખ્તિયાર્. ૧
ખુબીઓ ખુદાની શું ગાઉં ન પાર્, પ્હરાણે પુછંતા હું ખાઉંજ હાર્. ૨
જગાએ જગાએ જસોની વખાર્, ગુણોથી ભરેલીજ આનંદકાર્. ૩
દુનીયાં ધણીનો કરે કારબાર્, તું કામે છતે છે ખરો દીલદાર્. ૪
અહીં કોઇ સાચૂં ન સાચો તું યાર્, તું સંકટ સમે થાય છે સાહ્યકાર્. ૫
બદી તો ફસાવી મરાવેછ મારૂ, બચીજાઉંછૂં હૂં જપે નામ સાર્. ૬
અરજ મારિ એવી ખરી દિલ વિચાર્, બદીમાં ફસંતો તું રોજે ઉગાર્. ૭
(૨-૨)

(પદ.)

અહૂરમજદ અહૂરમજદ અહૂરમજદ ધણી,શું ગાઉં સરેહ[૧] હું તું સાહેબતણી. ૧
અહીંયાં તરેહવાર ચીજો જણાય્, ઇનસાનનાં સૂખસારૂ ગણાય્. અહૂ૦ ૨
ખરાં સૂખકેરો વધારોજ થાય્, અહૂરમજદ ફરમાન નીતે મનાય્. અહૂ૦ ૩
ખુદા ખૂબિ ખુબ તૂજ જરતોસ્ત[૨] ગાય્,જેની દુવાએજ નેકી ભણાય્. અહૂ૦ ૪
અસલ બહૂ ખુદાની પરસ્તિસ[૩] કરાય્,પુતળાં સતારા ને ભૂવા પૂજાય્. અહૂ૦ ૫
કરી ખુબ અમપર તે જરતોસ્ત સાહ્ય,દિનને[૪] સુધારી ધણી તે સુહાય્. અહૂ૦ ૬
ખરા એક ખુદાની પરસ્તિસ ચહાય્,લોકો કદી નાજ જ્હેમે મરાય્. અહૂ૦ ૭
ન સેતાન જોરે બદીમાં ફસાય્, ન આફત વેળા ઉકે દીલ લાહ્ય્. અહૂ૦ ૮
કરેલાં ધણાં તૂજ નાના વળાય્, કરૂં અર્જ દુખમાં મદદ કર તું રાય્. અહૂ૦ ૯
(ભાષાંતર.) (૩-૧)

---

૯ બદી–અનીતિનાં કામરૂપી. ૧૦ સાપ.
૧ તારીફ. ૨ પારસીઓનો પેગંબર. ૩ પૂજા. ૪ ધરમને.

(ત્રજનો બંદ.)

ખલકના[૧] રે ખુદા ખાવંદ, ખમા કર ખો ખુરી તું ખુલંદ[૨]. ખલ૦ ૧
જુવાનીનો તખ્યો આફતાબ,[૩] ન પીધો તૂજ ઇશક શરાબ[૪]. ખલ૦ ૨
ખોયૂં ખુબ આ આદમિયત[૫] આબ,[૬] છે લીધો સંઘેથીજ સરાપ. ખલ૦ ૩
દુસ્મન મંડયાજ કરવા કબાબ,[૭] કરી દે મેહેર પુરા મ્હાતાબ[૮]. ખલ૦ ૪
જુવાની રંગ રમ્યો તે ખ્વાબ,[૯] કરૂં અફસોસ ન રાખ્યો દાબ. ખલ૦ ૫
પઢયો નહીં નીતિની કીતાબ, મળે સાનો કો નેક ખતાબ. ખલ૦ ૬
કર્યાં બદી કામ ન થાએ હિસાબ, મળ્યો ન ફકીર મુલ્યાં જવાબ. ખલ૦ ૭
ભરી વીવેકની[૧૦] ફુલ છાબ, પછી પૂજૂં હું તુજ અલકાબ[૧૧]. ખલ૦ ૮
કરૂં રોજે જો કામ સવાબ,[૧૨] રહૂં તારી હજુર જનાબ. ખલ૦ ૯
(૨-૧)

(ગઝલ.)

ખાવંદ ન થા બહુ કફા તું, રે હવે પસ્તાઇ.
રે હવે પસ્તાઈ સાહેબ, રે હવે જોની ખુદા;
રે હવે માફી ખુદા, રે હવે પસ્તાઇ. ખાવંદ. ટેક.
હું તો કહેતીહતી રોજે, બદી નહિં કરૂં કો દી;
ગન્બ તેં શો કર્યો મેં ભુંડી, કેવી રે લલચાઇ. ખાવંદ૦ ૧
ચાલી બ્હીતી બ્હીતી રોજે, રખે કંઈ આળો ચોંટે;
તે હૂં આ મોહબ્બળે પડી, રહેજમાં ભુરકાઈ. ખાવંદ૦ ૨
અબળા સામું તું જોઇ, ગુન્હાની માફી દેને;
નમંદા ખુબ સાચે રડી, પાસ લઈલે સાંઇ. ખાવંદ૦ ૨
(૩-૧)

---

૧ દુનિયા. ૨ ઉંચી પદવીના મોટા. ૩ સૂરજ. ૪ તારો ઈશક અને એ રૂપી જે દારૂ તે. ૫ આદમીપણું. ૬ પાણી; નુર. ૭ માંસની કબુમર. ૮ પૂર્ણચંદ્ર.૯ સપનું.
૧૦ વિવેકરૂપી ફુલની છાબડી. ૧૧ મોટાદરજ્જાનું નામ. ૧૨ ધરમ નીતિનાં કામ.

ખંડ ૨ જો-નીતિસંબંધી.

(દોહરા.)

ધન મેટી ભિલકત્તની, કરે બડાઈ જેહ;
સમજ નહીં સુખિ કંઇ કહીં, દારુણ[1] દુખિયો તેહ. ૧
કંચનની રેતીસહિત, મોટી નદિયો વેહ;
તેને વાડે[2] ખેતરે, કંચન વરસે મેહ. ૨
પશ્ચિમની[3] લક્ષ્મી સહૂ, તેપર ત્રૂડી હોય;
જમીન જર ને જોરુથી, જુવાન તે જો સ્હોય. ૩
છતે એવિ સમૃદ્ધિયો, કોટી ધનની ફાલ;
મન મોટું નહિં જેહનું, તે તુજ શઠ કંગાલ. ૪
જો ધ્રુવમંડળને અડું, એવો ઊંચો હોઉં;
રતનાગરને મુઠ્ઠિમાં, સહૂ સમાવી જોઉં. ૫
એમ સર્વને માપું પણ, મૂને માપે મંન;
મારી તુલના મનથકી, સર્વથિ મોટું મંન. ૬
પરખાયે જન મંનથી, કંજુસ વા[4] ઊદાર;
પરખાયે જન મંનથી, સજ્જન દુર્જન ધાર. ૭
(ભાષાંતર.) **(૩-૧)**

કરવું શું સરજી અહીં, કરવી પુણ્યે[1] ગંમ[2];
સાદું કરી કરવું અધિક, સાદું સાદું ઉત્તંમ. ૧
પૂરે ભાવે માનિને, પરમેશ્વરનો પાડ;
આવરદા[2]પી સુધા, પ્યાલો મ્હોડે માંડ. ૨
સંસારી વસ્તૂતણો, કર રૂડો ઉપભોગ;
પછિ બડબડ કીધા વગર, મોતતણો સંજોગ. ૩
પુણ્ય ફૂલ શુભ તોડવાં, ઊગે જે ચોપાસ;
જ્યમ જઇયે આગળ બહૂ, પસરે ખૂબ સુવાસ. ૪
આ ભવ કરિયે પુણ્ય તો, સ્વર્ગ મળે શુભ ધામ;
મુઆં પછી કીર્તી બહૂ, રેહ અહિં આઠે જામ. ૫

---

૧ ઘણોજ. ૨ વાડામાં. ૩ અમેરિકાની (એ ખંડમા સુનાની ખાણો બહુ છે.) ૪ અથવા. ૧ પુણ્યની તરફ. ૨ વલણ.

જે પરમારથખીજ અહિં, વેચ્યાં ચારે પાસ;
શતગુણ ફળને[૩] આપશે, રૂપ ગુણ જેના ખાસ. ૬
(ભાષાંતર.) (૩-૧)

દયાતણો ગુણ જગતમાં, રૂડો જે દેખાય;
જોર કરે નવ આવતો, ધાર્યો ના લેવાય. ૧
વરસે જેમ જમીનપર, ઝુમઝુમ ઝુમઝુમ મેઘ;
ધીમે રહિ આવે દયા, પછી ભરે દિલડેધ[૧]. ૨
શુભ મહિમા બે રીતનો, દયાતણો જાહેર;
લે તેને સુખ થાય છે, દે તેને પણ ઘેર. ૩
મોટામાં મોટી દયા, અતિશ કિંમતી જાણ;
રાજાને છાજે અધિક, તાજ કરંતાં માન[૨]. ૪
રાજદંડ દરસાવતો, રાજકેરૂં જોર;
પૃથ્વી ઉપરનૂં વળી, જ્હાં કરે તે સ્હોર. ૫
હાક દોરનૂં ચિન્હ તે, કરે ગુન્હાની ખોજ;
ભય ધાસ્તી જેમાં રહે, રાજકેરાં રોજ. ૬
(એવા) રાજદંડના રાજથી, ઉપર[૩] દયા સુહાય;
(કાંકે) રાજાઓના ઉરમાં, આસન તેનૂં થાય. ૭
ગુણ ખુદ ઇશ્વરનો દયા, ખરે નહીં સંદેહ;
વચમાં પડિ પાડે નરમ, ન્યાયનિ સખ્તી તેહ. ૮
દયાથિ જરે થાય છે, દરબારોમાં એમ;
શોભે અહિંનૂં રાજ તે, હોય દેવનૂં જેમ. ૯
માટે ભાઈ જે વળી, ન્યાયસું ઇચ્છે તોય;
ફકત ન્યાયથી કોઇનૂં, તારણ કદિ ના હોય. ૧૦
ભજિયે છૈયે દેવને, દયાસાગુ નિરધાર;
(અને) તેથિજ કરવા શીખિયે, દયાળુ કૃત્યો સાર. ૧૧
(ભાષાંતર.) (૨-૨)

---

૩ સોગણાં ફળ.
૧ દીલરૂપી દેગડો. ૨ સમજ કબૂલ રાખ. ૩ વધારે.

જેને દેખી ના ઠરું, સાથ રમું હું કેમ?
જે નિંદેછે હરઘડી, જેમ બનેછે તેમ. ૧
જે વળિ જૂઠા સમ લવે, ભસેજ ભૂંડી ગાળ;
મારા મારી બહુ કરે, ભજે ન દીનદયાળ. ૨
એવાની વાણી સુણી, ત્રાસ ઉપજેછે મંન;
ધિક્ક જિભલડી જે ભણી, ભાષા અતિ દુર્જંન ૨
લુચ્ચા વ્યાસની મૂર્ખને, ઓળે ના હું જાઉં;
દેખૂંતો પાછો ફરું, રખે વળી ભોળવાઉં. ૪
સંગ નઠારો જાણવો, ઉડતો ચેપી રોગ;
સેજ વધીને ખઈ કરે, હડ હડ થાએ ભોગ. ૫
એક સપુત કુળ નીપજે, દીપાવે સહુ સાથ;
એક કપુત કુળ નીપજે, બંધાવે બહુ[૧] હાથ. ૬
એક સળો પેસે વળી, પસરી જાએ ફાલ[૨];
મંડળ સહુ સળિજાય ને, બૂરા થાએ હાલ. ૭
પાપીની સંગતથકી, થાએ નર્કનિવાસ;
માટે પ્રભુ વર આપ તું, નીતિ ધર્મ ઘરવાસ. ૮
(મિશ્ર.) (૨–૨)

આહા આ ઉદ્યમ કિયો?, ધન્ય માતની કૂખ;
ધન્ય જાત લૂહારની, શી કહું કહાણી મૂખ. ૧
ભર ઊન્હાળે ચૈત્રમાં, ખરે બપોરે જાણ;
ભડ ભડ બળતી ભઠ્ઠિની, નજિક રેહ નિર્માણ[૧]. ૨
અથેાડો ધડ થડ પડે, એરણ ઉપર રહેલ;
અંગે પરસેવો મચે, પાણિતણી વ્હે રેલ. ૩
બહૂ મળસકે ઊઠતી, ઉદ્યોગી મધમાંખ;
સેાળ તાસ[૨] ઉદ્યમ કરે, રાખે થિર નવ પાંખ. ૪
વન ઉપવનમાં[૩] ભમિ, ભમી ફુલ ફળ ચૂસી લેઅ;
મધ મિણ બહુ ભેગાં કરે, સફળ દિવસ તે તેહ, ૫

---

૧ બહુ જાણના. ૨ સઘળામાં–આખામાં.
૧ સરજીત; ખરેખર. ૨ ફલાફ. ૩ વાડી.

કેવી તે ચતુરાઇથી, બાંધેછે મધપૂડ;
કેવી સારિ સફાઇથી, મીણ પાથરે પૂડ[૪]. ૬
જ્હાં જાઉં ત્હાં દેખું છું, ઉદ્યમ ઉદ્યમ જાણ;
ઊંચો હાથ થયે થકે, ધાન જાય મુખ માત. ૭
માટે ઉદ્યમ તો દિસે, આ સંસારી નૂર;
ઉદ્યમ વણ મરવું ભલું, ઉદ્યમ જયનું મૂળ. ૮
વિદ્યા હુન્નર કામમાં, ઉદ્યોગી હું થાઉં;
નહિં તો મસ્તિ ઉછાંછળી, કરેથકી વહિ જાઉં. ૯
આળસથી અપરાધ તો, દુખદાયક બહુ થાય;
શ્રમથી તન મન ધન સહુ, સુખદાયક સોહાય. ૧૦
બાળપણે મ્હેનત કરી, કસી વળી બહુ દેહ;
ટેવ પડી ધણિ કામની, મોટપણે છે તેહ. ૧૧
ગ્રંથો વિધ વિધ વાંચું ને, કરું હું હુન્નર કામ;
દુઃખદાઇ ના રમું રમત, દિવસ ગુજરું આમ. ૧૨
રાત પડે ગઇ કાલનું, કામ વિચારું રોજ;
કિયાં પાપ ને પુણ્યમાં, શી મારી મેં મોજ. ૧૩
ઉઠી પ્રભાતે કામની, યાદિ કરું હંમેશ;
કામ પુણ્યનાં કરિ બહુ, સંતોખું **પરમેશ.** ૧૪
(મિશ્ર) (૧–૨)

ભસવે કડવે કૂતરા, રોજ રાજિ અણજાણ;
કાંકે પ્રભુજીયે કર્યા, હીણ યોનિ[૧] નિર્માણ. ૧
વાઘ વરૂ રિંછ સિંહ પણ, જન્મથિ બહુ વિકરાળ;
મારે ફાડે આરડે, કરે કાજ બેતાલ. ૨
પણ મનુખાળક[૨] હેતથી, માન શીખ બહુ ડાહિ;
ઉપજાવિશ નહિં રે કદી, લવ તામસ તનમાંહિ. ૩
તજી દઈ રિસ વેર ને, ભૂંડી ગાળાગાળ;

---

૪ મધપૂડો. ૧ જાતિ. ૨ માણસનાં બાળક.

સહુ સાથે સંપે રહે, દુર કરિ મારામાર. ૪
જીભ જમણ રસ ચાખવા, વળિ ગાવા હરિ ગૂણ;
નહી પ્રટાણાં બોલવા, વિવેક વાણી સૂણ. ૫
કર[૩], નિજ પર રક્ષણ થવા, દાન કાજ પ્રભુ દીધ;
નહીં મારવા કોઇને, સમજ બાળકા સિદ્ધ. ૬
કાયિક વાચિક માનસિક, કરે કર્મ તૂં સર્વ;
નીતીને નિત તેમની, કર સંગી તજિ ગર્વ. ૭
ભાઇ બેન ભાંડૂ અવર, રમત ભિલ્લુની સંગ;
કન્યિા કરવા છોડિ દઇ, વરત હરખથી અંગ. ૮
માતપિતા બીજાં વડિલ, સગાં સ્નેહિ ગુરુ રાજ;
અદબ ધરીને માન સહુ, તુજ સ્વારથનાં કાજ. ૯
ભણવાપર પ્રીતી અધિક, રમવા કરતાં રાખ;
'બચપણ બાપ જુવાનિનો[૪],' ભણેલ પૂરે શાખ. ૧૦
પાયાના આધારપર, ઘર બંધાએ જાણ;
કેળવાય શિશુ[૫] તેવું તે, માણસ નિપજે માન. ૧૧
માટે બાળક બાપુ તૂં, ઉર ધર શિખ હિતકાર;
બોલ ન સામૂં કોઈ દિન, જૂઠૂં લેશ ન ધાર. ૧૨
પાપ કરંતાં ડર બહુ, જગપતિ નિત સંભાર;
દુખહારી સુખકારિ તો, પરબ્રહ્મ કિરતાર. ૧૩
(મિશ્ર.) (૨–૨)

વળિ મગરૂબી કેટલી, ધરિયેરે ઓ ભાઈ?
આભૂષણ[૧] ને વસ્ત્રની, નાથ નથિ કંઇ નવાઇ. ૧
મૂલવાન ઉમદા સહુ, નવાં દીસતાં જેહ;
તેથી ગર્વ ન માનવો, જૂઠ ભુલાવો તેહ. ૨
રેશમ ક્રીડા તો દિસે, મેંઢા બહુ રઢિયાળ;
આપણથી અદકાં સરસ, ગરુરી હેઠે ઢાળ. ૩

---

૩ હાથ (પોતાનું ને પારકાનું રક્ષણ કરવાને માટે અને દાન કરવાને માટે.) ૪ (બાળપણ ઉપરથી જુવાનીમાં માણસ કેવું નિપજશે તે જણાય છે) 'પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય' એ કહેવતને મળતી ઉપરની અંગ્રેજી કહેવત છે. ૫ બાળક. ૧ ઘરેણાં.

મનમાન્યા સણગારની, ટાપ ટીપ કરું ધાર;
પતંગિયાં ગૂલાબથી, જાઉં હારિ બહુ વાર ૪
માખી ક્રીડા ધૂલ તો, ચડિઆતા તૂં જાણુ;
બ્હારનિ શોભા આપણી, તે તો તુચ્છજ માન. ૫
પંણ સજ્યું ભૂષણુ[૨] અંતરે, ગુણથી જો દીપાઉં;
તો તો પછિ વળિ કોઈથી, હૂં ના ઓછો થાઉં. ૬
જ્ઞાન ભલાઈ સત્ય ને સદાચાર સણગાર;
એની આગળ પોઇસજ,[૩] બીજાં સંધાં ધાર. ૭
એ આભૂષણ વસ્ત્રતો, દૈવી[૪] જનનાં હોય;
જૂના જીર્ણ[૫] ન થાય પણુ, વપરાએ બહુ સ્હોય. ૮
શોભાની શોભા અને, કવચ મુકાવે પાપ;
અહિં પેરૂં હંમેશ તો, મુએ હઠાવૂં તાપ. ૯
મ્હાલું સ્વર્ગ સુહામણૂં, સજી નીતિનાં વસ્ત્ર;
પરમેશ્વરને રીઝવૂં, ખેલિ ભક્તિનાં શસ્ત્ર. ૧૦

(ભાષાંતર.) (૨–૨)

(ચોપાઈ.)

એકથકી બે તે તો ભલા, સાચૂં બોલે લોક સઘળા;
બે જણ એક વિચારે કરે, સ્હેજે સારી શોભા ભરે. ૧
સંપ કરેથી સસતૂં પડે, ધંધામાં લાભો બહુ જડે;
બે જણ સમજી જો ના લડે, તેઓને તીજો ના નડે. ૨
બે જણ જુજવા કરે વિચાર, તો થાએ બંનેની હાર;
પાસે કંઇ રેહે ના ધાર, થાએ લોકતણો ફિટકાર. ૩
જે છોરૂઓ સાથે ભણે, જલદી ભણતર ભીંતજ ચણે;
જલદી ધંધે લાગે કહૂં, જલદી સૂખી થયલાં લહૂં ૪
માત તાત ભાંડૂની સાથ, હળી મળી રેહે દિન રાત;
તેને કંઇ વીઘન ના થાય, ઈશ્વર છે હંમેશ સહાય. ૫
સંપવડે નીભે સંસાર, સંપવડે રેહેછે ભાર;
સંપવડે સુખ અપરમપાર, સંપવડે જગમાં જેકાર. ૬

(૨–૨)

૨ સણગાર. ૩ તુચ્છ; કંઈ નહીં. ૪ ઈશ્વરી. ૫ ઘસાયલાં; ફાટી ભાંગી ગયલાં.

(ચરણાકુલક વૃત્ત.)

દુનિયાં જેણે મિથ્યા[૧] જાણી, તેને માનો પહેલો જ્ઞાની. ૧
જગમાં જેની નીતી રાણી, તેને માનો બીજો જ્ઞાની. ૨
વેહવારમાં રાખી વાણી, તેને માનો તીજો જ્ઞાની. ૩
કુછંદ જેણે પીલ્યા ધાણી, તેને માનો ચોથો જ્ઞાની. ૪
પ્રપંચ જેણે બાંધ્યા તાણી, તેને માનો પાંચમો જ્ઞાની. ૫
સેવે સારદ માતા રહાણી, તેને માનો છઠ્ઠો જ્ઞાની. ૬
દાઝ નીજ સંસારનિ આણી, તેને માનો સાતમો જ્ઞાની. ૭

(૨-૩)

(ભુજંગી વૃત્ત.)

સહૂ માણસો બોલતાં બોલિ બોટી, મુખે તાળું દેજો જિભે ચાંપ મોટી.
વદો છોકરાંઓ ન જૂહૂં જરૂર, અસત્યે થશો પાપિ ક્રોધી કરૂર. ૧
અરે કેવું સારૂં સહૂ નીતિ નાણે, કુડાં છોકુઓ વાટ ડાહીજ જાણે;
સુણી જોઇ જૂહૂં બહુ ત્રાસ પામે, ભણે સત્ય વિશ્વાસ ને દેવ કામે.[૧] ૨
જુઠો જે ઠર્યો લોકમાં એકવાર, ઠગારો જુગારી અને નિંદ્ય જાર;
ભરોંસો કરે કોઇ નાહીંજ તેનો, સદા દૂર રાખે ભુંડો સંગ જેનો. ૩
પછી જો કદી ઓચરે સાચું તે રે, નહીં લેશ કોઈ વળી કાન દેરે;
કરી વાંક જે એક ટાણે છુપાવે, ગુન્હો બેવડો તે શિરે નીજ લાવે. ૪
સજ્જની બિહકે છોકરાં છાવરો[૨] ના, ગુન્હા કોઇ બ્હાને તમો રે કરો ના;
વળી સાધવા સ્વાર્થને જૂઠિ રીતે, ધરો કામના[૨] હામ ના નીજ ચિત્તે. ૫
અદેખાઇના વેશમાં જૂઠ કાંઇ, લવો લેશ ના સંગ પાડોસિ ભાઇ;
અરે મશ્કરીમાં અસત્યે ન બોલો, રિઝવ્વા બિજાને નહીં સત્ય બોળો. ૬
હતો ચાલતો અંતરિક્ષેજ રથ, જુધિષ્ઠીરનો તે પડ્યો ભૂમિપથ્થ[૪];
કહ્યું જે પ્રસંગે "નરો[૫] કુંજરો વા", બની હાનિ તે ભાળિ લાગ્યોજ રોવા. ૭

---

૧ મીથ્યા—અનિત્યછે એમ સમજી જે નીતિથી રેહેછે તે.
૧ દરેક કામમાં.
૨ ગુન્હા ના છાવરો. ૩ ઇચ્છા. ૪ ભૂમીના માર્ગપર. ૫ અશ્વત્થામા એ નામનો પુરુષ અથવા એ નામનો હાથ્થી એવું શંકાવાળું ખરૂં બોલવાથી યુધીષ્ઠીરનો રથ નીચે પડયો. વધારે વાત ભારતમાંથી જાણી લેવી.

સહૂ પાપમાં નાયકો જૂઠ જાણુ, થશે તેહની જંમને દ્વાર હાણુ ;
જુઠા બોલને ધિક્કારિ દેછે, હસી સત્યની વાત દીલે ધરે છે. ૮
તજો માનવી માનિને સાચિ વાત, જુઠાણૂં સહૂ દીલથી દીન રાત ;
વિના સત્ય લો જાણિ સંધૂજ ખોટૂં, સજો સત્ય રૂડૂં સરે કાજ મોટૂં. ૯
(મિશ્ર.) (૨–૨)

રહે ને વધે રોજ આરોગ્યતા ને, રહે ને વધે રોજ શેજોર સાને ;
ધરી હામ કામો કરે જોરવાળો, કરી જુક્તિયે જોર સૌ અંગ વાળો. ૧
વધી હાડકાં માંસ ને લોહિ ઝળકે, બધી આકૃતી કાંતિ તે પૂરિ ચળકે ;
ઠરી આંખથી જોય સૌ અંગચાળો, કરી જુક્તિયે જોર સૌ અંગ વાળો. ૨
ભલે તંનસૂં મંન સંબંધ હોએ, સળે એક તો બીજું તેવૂંજ જોએ ;
બરી તંનથી મંનની શક્તિ ભાળો, કરી જુક્તિયે જોર સૌ અંગ વાળો. ૩
ચ્હડે થાક તે ઊતરી જાય વ્હેલો, નડે રાહ તેતો કપાયેજ સેલો ;
ટળી કાયરા ને બન્યા શૂર ન્હાળો, કરી જુક્તિયે જોર સૌ અંગ વાળો. ૪
ભરે વીર્ય તો સંતતી સારિ થાએ, બરે દોરિ તો વ્હેલિ ના તૂટિ જાએ ;
નરી ચ્હેનમાં રે' નિરોગી સુખાળો, કરી જુક્તિયે જોર સૌ અંગ વાળો. ૫
રુડી રીતની તાલિમો ખેલવાથી, ઉડી જાયછે શોક તો દીલમાંથી ;
રળીમાં[૧] રહ્યો જંન લાગેજ વ્હાલો, કરી જુક્તિયે જોર સૌ અંગ વાળો. ૬
કરે જોર આબાળવૃદ્ધો તમાથી, હરે ને ફરે રંગમાં ખેતમાથી ;
ભલી વાતમાં સજ્જનો ધ્યાન આલો, કરી જુક્તિયે જોર સૌ અંગ વાળો. ૭
(૨–૨)

(માલિનિ વૃત્ત.)

અધટિત રિતથી ના ઇચ્છવૂં લોભ સ્હાઈ
શ્રમ નિજ વળિ થાશે જાણજે ફોક ભાઈ
અવર સવળ ધંધો સૂઝશે નાહિં કાંઈ
તન મન જળિ જાશે જાચતાં ધાઇ ધાઈ. ૧
હરઘડિ લલુતા ને ઝંખનાથી કરેછે
કુકરમ હિણુ પાપી બ્હાવરો રોજ રહેછે

---

૧ આનંદમાં ; ખુશીમાં.

સુખથિ સુવું નિરાંતે રાત દીને તજેછે
ફરજ રુડી બગાડી ગાંડિ વાતો ભજેછે. ૩
ધન જશ સુખ પૂઠે દોડજે રે વિચારી
જપશ મુરખ લોભી સેજમાં થાકિ હારી
વગર હકથિ લેવા પારકી વસ્તુ તારી
કરિશ મતિ ન નીચી ખૂંચશે તે કટારી. ૩
તુછ અળસિયું તાકે ભાંયથીરે અટારી
ઉછળિ ઉછળિ થાકે મોતની જોય સ્વારી
બહુ ન બનતિ વાતો બોલવી નાખ ઝારી
શ્રમ કર પરિણામો પામવા સાર ભારી. ૪
તજિ કુતરસ લોભી બેસ ભૂંડા ઠરીરે
શ્રમથકિ નિપજે તે ખા તું ચ્હેને કરીરે
જપશ સરવ ચિંતા ચેહથી તો મરીરે
ભવ ભય હણુવાને લે ભજી તૂં હરીરે. ૫

(૨-૨)

(ચામર વૃત્ત.)

જે નિશાળરીતકાયદે સદાય ચાલતો,
જે ગુરૂતણું સુહીતનાં વચંન પાળતો ;
જે વિશેષ ભાવથી નિતે નિતીથિ આચરે,
તેજ શિષ્ય જાણુવો ભણ્યો ગણ્યો ભલો ખરે. ૧
જે નિશાળનો સમો કદાપિ નાજ ચૂકવે,
જે કરે ન ધાંધલો સુસાહિતોજ મૂકવે ;
જે વળી રમે નહીં કુસંગમાં કદી ફરે,
તેજ શિષ્ય જાણુવો ભણ્યો ગણ્યો ભલો ખરે. ૨
જે ઘડા વિષે ગુરૂભણીજ ધ્યાન આલતો,
જે કુજોડિયાનિ વાતમાં ન મંન ધાલતો ;
જે ભણાવનારને શ્રમીત ભારિ ના કરે,
તેજ શિષ્ય જાણુવો ભણ્યો ગણ્યો ભલો ખરે. ૩
જે ઘડો કદીણુ જોઇ ચ્હીડવાઇ ના જતો,
જે ન આકળો થતોક પુસ્તકો પછાડતો ;

જે ભણાવનારની ઉપેર ભાવ તો ધરે,
તેજ શિષ્ય જાણુવો ભણ્યો ગણ્યો ભલો ખરે. ૪
જે ન આળસૂ થઈ જુઠાં નિમીત કહાડતો,
જે દિસે દુખો છતાં સુસત્યસાથ લાડતો;
જે લગાડતો ન ડાઘ કુળજાતને અરે,
તેજ શિષ્ય જાણુવો ભણ્યો ગણ્યો ભલો ખરે. ૫
જે ન ખીજવાય માન અન્યને મળેથકી,
જે ઇચ્છે શરીર મંન ધંન ઉદ્યમે નકી;
જે સદા સુધી વડીલ વાતને અનૂસરે,
તેજ શિષ્ય જાણુવો ભણ્યો ગણ્યો ભલો ખરે. ૬
જે હમેશ રીસ વેર ખાર ધાસ વ્હાડતો,
જે સમાર સાકુ કાપતો કુવ્હેમ વાડ તો;
જે અનીતિમાં જતો પ્રભૂથકી ઘણો ડરે,
તેજ શિષ્ય જાણુવો ભણ્યો ગણ્યો ભલો ખરે. ૭
જે વિવેક સૃષ્ટિજ્ઞાનગ્રંથ વાંચતો રહે,
જે નિરંતરેજ અંતરે કૃપાધના લહે;
જે ધિરેથી સાચિ સંગતે ત્રિતાપને હરે,
તેજ શિષ્ય જાણુવો ભણ્યો ગણ્યો ભલો ખરે. ૮
જે કુગર્વને હણી સુવર્ગમાં ઠરે ઠરે,
દુઃખખર્વજંગ જીતિ વર્ખ સૂખનાં કરે;
નિત્ય નર્મગીત ગાઇ મર્ણુપીડ પરહરે,
તેજ શિષ્ય જાણુવો ભણ્યો ગણ્યો ભલો ખરે. ૯
(મિશ્ર.) (૨–૨)

(તોટક વૃત્ત.)

મધુ ચંકુલ ભાંગ અફૂીમથકી, તનની ભુંડિ હાલત થાય નકી;
બહુ માંસ સુહાડકિ[૧] જાય સડી, ઘર મા કરમાં કંઇ કેફ કદી. ૧
મગજે નુકસાન અતીસ થશે, તુજ પાંસળિ[૨] સર્વ ખસીજ જશે;
નહિં તૂં કહિ ઝંપિશ કોઇ ઘડી, ઘર મા કરમાં કંઇ કેફ કદી. ૨

---

૧ કુમળી હાડકી. ૨ પાંસળી ખસવી એટલે ઘેલાં થવું.

બહુ કેફથિ ચોરિનિ ટેવ પડે, સઘળીજ જગેથકિ થાય હડે ;
રસ્તે રખડે અથડાઇ પડી, ઘર મા કરમાં કંઇ કેફ કદી. ૩
વ્યસને જગમાં બહુ લાજ ઘટે, ગુજરાનનિ ફીકર નાજ મટે ;
દુખ વાદળિ જાણુવિ આવિ ચ્હડી, ઘર મા કરમાં કંઇ કેફ કદી. ૪
પરઘેર જવા નહિં લેશ લટે, ચિથરે છુપવી નિજ જાત અટે[૩] ;
છકિ સવૈનિસાથ પડેજ લડી, ઘર મા કરમાં કંઇ કેફ કદી. ૫
ઘરમાં વહુ સંતતિ રોઇ મરે, મુરખો ઘરદાઝ ન મંન ધરે ;
બળતે હિણુ કેફિ મરે ફફડી, ઘર મા કરમાં કંઇ કેફ કદી. ૬
હિણુ કેફિ મરેજ કમોતથકી, વળિ જાણુવિ મોતનિ વ્હેલિ વકી ;
ફિણુ કહાડિ મુખે પડતો લથડી, ઘર મા કરમાં કંઇ કેફ કદી, ૭
વ્યસનો કરવાં ગમશેજ ખરાં, પણ જોરવવાં બહુ છે કપરાં ;
ભરશે તન ચાંચ તને સમડી,[૪] ઘર મા કરમાં કંઈ કેફ કદી. ૮
દિસતા બહુ દોષ કુકેફ વિષે, સમજી તસકો કર ઝટ રિશે ;
ભુલવે અડિ[૫] વેળ રહેજ રડી, ઘર મા કરમાં કંઈ કેફ કદી. ૯

(૨-૨)

(ગરબી.)

ધીક ધીકરે પ્રીતડી જાર, વંઠી દેહ ગવાંર ;
હાય હાય રે વચની નાર, વંઠી દેહ ગવાંર. ટેક.
કામિનિ અગની આગળ ટકવા, મેં ભીડી બહુ હામરે ;
મધુરારસની ને મૃગયાનયની, જૂ ચોંટી મુજ ચામ. વંઠી૦ ૧
પ્રીત પતંગ દીપકસું કરતો, ઝંપલાવે તે અજાણુરે ;
ત્યમ મેં નારીનેહ ન જાણ્યો, કરિ કાટે તનહાણુ. વંઠી૦ ૨
ભ્રમર મીન તે સ્વારથે અંધા, ગંધરસે ખોય પ્રાણુરે;
શબ્દ સ્પર્શ મારે મૃગ ગજને, ત્રિય પાંચેથી જાણુ. વંઠી૦ ૩
મોહિનિના બહુ કોલ કરારે, ભરુસે રહિ આઠ જામરે;
રતિ વિલાસના ભોગ કરંતાં, ભૂલ્યો ભૂધર રામ. વંઠી૦ ૪
તન મન ધન તે રૂપ ગુણ પૈસો, લોભાવે નરનારરે;
રમે પરસ્પર સરખાં ભાળી, તનમનધનથી જાર. વંઠી૦ ૫

૩ ભટકે ; રખડે. ૪ (કેફરૂપી સમડી તમારા તનમાં ચાંચ ભરી લોહી માંસ ચુસી લેશે. ૫ (અડિ વેળાએ તે કામમાં ગફલત કરાવે અને આપણે રડી રહીયે.)

જાર આણુતો તનમનધનનો, વ્હેલ વળી અંતકાળરે;
અંતનિ સાથે જમના દૂતો, જીવ નાખે નર્કનાળ. વંઠી૦ ૬
ક્ષણભંગુર આ દેહ ધરીને, કર્યું વિષયવિષપાનરે;
ખોટાં થોડાં મોહી સુખમાં, નીતિતણું નહિં ભાન. વંઠી૦ ૭
જરતણાં બહુ અધમ પાપથી, થાય સુકૃતનો નાશરે;
અહિં તહિં સુખ નહિં પામેપ્રાણી,કહે નર્મદ હરિદાસ. વંઠી૦ ૮
(૨–૨)

શ્રી પ્રભુજીને આરાધીને, કરૂં આત્માને બોધ રે;
સદ્‌ગુણ શિક્ષા સુણતાં સારી, નીતિતણો થાય શોધ.

સમજ આતમ વ્હાલા.

દેશાટન મૈત્રી પંડિતની, ગુણિકા રાજદ્વાર રે;
અનેક શાસ્ત્રે માથું મ્હાલે, ચતુરાઈ મુળ એક ચાર. સ૦
પ્રાચિન કાળે ચતૂર ગુણીકા, ગુણ સંપતમાં સારી રે;
ચોસટ કળા ને બત્રિસ લક્ષણ, સહુ સાહિતે દિપિ ભારી. સ૦
વધુ વિદ્યાએ ચારુ આચરણ, કરે તે ગુણિજન સંગરે;
હસકે તસકે ધનનેસારૂ, નહિં બેશરમી રંગ સ૦
અસ્ત્રિ ચરીતર બહુ દરસાવી, રાજ્યનિ નીતિ પઢાવેરે;
રૂડી શિખામણ સંભળાવીને, પણિયતપ્રીત બઢાવે. સ૦
હમણાંની તો વાતજ ન્યારી, મૂરખ ને બેશરમીરે;
સાપ રૂપ દોરી અંધારે, નામ નવસારી ભરમી. સ૦
ગૂણ કળે આચરણે તે છે, નહિં કંઈ પણ માહેર રે;
ગુણિકા તાયફા રામજનીઓ, નામ જૂઠ કાબેર. સ૦
તાલ તાન સુર ગાયન ભેદો, નાચન વિધિ અતિ ભારીરે;
નેનઅદા ને અવયવચાળા ધુધરિતણી ઠણકારી. સ૦
આજ વાત મુળ ગાનનિ તેમાં, દીસે તેઓ ઠોઠરે;
અવર હવે શું તેથી ઇચ્છવું, કોકતણી નહિં ગોટ. સ૦
નીચું નામજ વેશ્યા પૂર્વે, સમજીને તે ભારીરે;
ગૂણ કળાએ ચાતુર થઇને, થઇયો ગુણિકા પ્યારી. સ૦

હમણાંની સમજે છે ઉલટું, કપટ કર્મ નિત્ય હોરેરે;
અધમ પ્રકારે પૈસો હરવા, કાળજ મૂઢનું કોરે. સ૦
ધન આપો તો પાન ખવાડી, દેહ રેંટિયો ઉલ્લાવેરે;
રંડી નિજ છાકેલ જબાંથી, તુજને મૂર્ખ રિઝાવે. સ૦
નીચાં કુળની નિરધન નારી, વેસ્યા દાસીથાયરે;
થન થન આ આ કિંચિત શીખી, તાયફામાંજ ગણાય. સ૦
જ્યમ જળ છલકે અધુરે કુંભે, ત્યમ રંડી ફૂલાયરે;
માને મૂરખ તેવીને તો, મનથિ અપછરા થાય. સ૦
મૂર્ખ ફુલાઇ શોખી જિવડા, ગર્વ ધરે મન ભારીરે;
રંડિયેર તો જાય પ્રાકમી, કૂડ લવે ઘણું જારી. સ૦
કેવળ છિછલ્લી રંડી લાગે, મુઢ આત્માને પ્યારીરે;
મ્હોને ચાડે ભૂત તું ભૂલ્યો, જોઈ ન ચતૂરાઈ સારી. સ૦
કુલીન લાયક લાયકિ પામી, નાલાયક કયમ થાયરે;
અવર સહુને વશ કરતાં જાણી, પોતે કાં અંજાય. સ૦
વેસ્યા ગવાંરી મુખડાં ઉપર, કેમ ગયો તૂં વારીરે;
મમત બડાઈ કામજોશથી, તન મન ધન જઈ હારી. સ૦
પાતર પ્રીતે મમત ધરાવે, મૂરખનો સરદારરે;
અમિર ઉમરાવ પડે કરવી શી, આપણને દરકાર. સ૦
ખરી મેનતે ધન કમાઈ, આડે રસ્તે વ્હેંચેરે;
મૂરખમાં મોટો થાવાને, જર તું ઝવેરમાં ખરચે. સ૦
જર ઝવેર કંઈ કામ ન આવે, જારે મૂંઢ રૂંધાશેરે;
નારી પ્યારી સુત ધન એથી, મુક્ત નહીં તૂં થાશે. સ૦
જાણુવિ વેશ્યા જરની જૂતી, તેજી લિલામે વેચાયરે;
કૃતજ્ઞતા શઠ કાંઈ ન રાખે, સહજ કૃતઘ્ની થાય. સ૦
જર જોરૂ ને જમીન ત્રીજી, મુળ કજિયાનાં ભારીરે;
દ્વેષ દંશ ને મમત કુબુદ્ધિ, નાખે કાળજ સારી. સ૦
નીચી નારતણી જે પ્રીતી, જાણુજ ખોટો સટ્ટોરે;
ખોટે કામે ફળ પણ ખોટું, નિશ્ચે લાગે બટ્ટો. સ૦
ધંન ગુમાવી ગંડિયાં બનવું, નહીં ચતુરનું હ્યેનરે;
જોબન જાશે મુખડું મળશે, સહુને લાગિશ ખેન. સ૦

છતું ડહાપણ પણ થવું ડાંડિયા, નહિં નીતીનો જોગ રે;
બાળક ને મૂરખજન જે તે, વર્ત્તે જોઈ અજોગ. સ૦
વેશ્યાકેરી નોકરી કરવે, થયોછ તું કાચેરરે;
આધિ વ્યાધિ ઉપાધીથી પીડિત, રાત્ર દિવસ ધાએલ. સ૦
વેશ્યા નામ ને ગણિકા માળા, જપે તું આઠે પ્હોરરે;
હરિ હર પારસને છોડી તૂં, હોરે કથિર ગવાંર. સ૦
મુક્તીકેરાં સુખ ના માની, આ દેહહેતુ વિસારે રે;
સગાં સ્નેહિને લહે ઓળિયો, સાકર વેશ્યા ખ્યાલે. સ૦
જ્યાંલગિ જરના જતા ઝરાતું, પાણી પી પલટાયરે;
વાંકડિ મૂંછે ઠરે લિંબૂ ને, હું હું ને હૂં હૂં કરાય. સ૦
જોબન રંગ પતંગ ઉડે ને, ચાર દિવસની તેજી રે;
કાળ સિચાણ રહ્યો છે તાકી, વ્હેલ ઝડપશે પાજી. સ૦
પાતર પ્રીતી ભાયાતમને, આત્મવિવેકે જોનીરે;
બુદ્ધિતણા પરકાશે ભાઈ, છાંડ તું વેશ્યાજોની. સ૦
જગમાં ફિટ ફિટ તેથી થાયે, નહિં કંઇ તુજને ઝંપરે;
મુઆ પછી તો જમનાં શાસન, આણે ચિસ ને કંપ. સ૦
તે વેળાનો બહુ પસ્તાવો, પણ તે સમજણ મોડી રે;
માટે આત્મા વ્હેલો ચેતે, નાખ તે પ્રીત તું તોડી. સ૦
કપટિ ક્રૂર વેશ્યાની પ્રીતી, નહિં બોલીની બાંધીરે;
સોસૂં ગમન કરે પણ સાચી, કસમે અકેક સાંધી. સ૦
ભોગે જોગે માલમ પડતાં, માંગે યારો દાણુરે;
ખુની માગણી ભારિ દુષ્ટ તે, જીવની કરતી હાણ. સ૦
વેશ્યાની પ્રિત વલેણ સરખી, કાળી કાલી ને કપટીરે;
ગુણિજનકેરી સંગતથી પણ, છળવે તે ન લટી. સ૦
કોચેલાને દુધથી ધોવો, નહિં કદિ ઉજળો થાયરે;
તદવત જાણ તું વેશ્યા નારી, ન્હેસજ તેની કાય. સ૦
ગાંઠથકી બહુ ગરથ ગમાવી, દેહને પરવશ કરવીરે;
સમજી પાવૂં દૂધ સાપને, ધુળ લઈ માથે ભરવી. શ૦
નીજ દેહને કુટુંબતણો તૂં, સ્વારથ નાહીં બૂજેરે;
આગળ જે રડવડશે તેની, લેશ ફિકર ના સૂઝે. સ૦

પગરણ ટાણે વાહવા ઊડે, જો જરની હોય હામરે ;
તે જર રંડી છિનવી લેશે, મુખ થાશે તુજ શ્યામ. સ૦
નામ રાખવા તાતતણું તૂં, કરિશ કરજ વ્હિલે મોહેરે ;
તે તૂંથી પાછું ન અપાએ, તે ટાણે થાય પોહે. સ૦
જુદો જુગારી વેસ્યાલંપટ, બહૂ અમર્યાદ હોયરે ;
અહિં ને તહિં સઘળેથી હડહડ કાયા ભીતર રોય. સ૦
રોગતણી તો વાત ન કરવી, બિજા ઘણા ગેરફાયદારે ;
થોડું ભણાવે ઘણું સમજે તૂં, જાણે નીતી કાયદા. સ૦
અમુલિક દેહનું કલ્યાણ ઇચ્છે, વેસ્યાઘેર ન જાયરે ;
આડો મારગ વ્હેલો છોડી, વિવેકરાહી થાય. સ૦
આત્મા સમજી પાળે નીતી, નહિં કોદી નીરાશરે ;
નર્મદશંકર સાચું કેહે, પ્રભુ કાપે ભવપાશ. સ૦
(૨–૨)

(પદ અથવા લાવણી.)

સાને સોચ સળગાવે જીવડા, ભેદ પામર નવ પાવેરે,
જાણે તારૂં નરસૂં થાયે, દાજ હરીની હિત કરાવેરે. ટેક.
મૃતકમાટે કલપાંત કરે તું, સ્વાર્થી સમજ સહુ દીસેરે,
ઇશ્વરી ધારણ સમજીક કારણ, ભરાય તેપર કાં રીસેરે. સા૦ ૨
ચ્હડતિ પડતીને જગ આધિન છે, મદ રીસ કેમ તું આણેરે,
દેવ દાનવ રાય રંક કરેછે, હાય કલોલ હર ટાણેરે. સા૦ ૩
સાંજ પડે ને વાહાણું વાએ, પ્રુલ કો ખીલે બિડાએરે,
ઋતઋતના ફેરફાર હોએ, સુખદુઃખના તેમ થાએરે. સા૦ ૪
દરએક ઘટ ઘટ નાશને જોએ, જગ આ ઘટમાળ જાણેરે,
એક ભરાએ બિજો ઠલવાએ, શિખામણ ડાહી માનેરે. સા૦ ૫
આવો દેખે નીમ તું ભાઈ, શોક શો કરવો સારોરે,
કો દી દેવો જરૂર જરૂર છે, વિચાર એવો મન ધરવોરે. સા૦ ૬
સદાય માયામજામાં માહાલે, ધર્મ નીતિ ન હીણો માનેરે;
દુઃખનો માર પ્રસંગે મારી, પાધરો કરે કસી તૂંનેરે. સા૦ ૭

થએલી વાતે દિલાસો માને, પ્રભુ બ્રહ્મ ગુણ જાણેરે;
આ ભવબંધન લેશ ન પીડે, નર્મદને સુખ આણેરે. સા૦ ૮
(૧–૨)

(રાજીઓ.)

ઘેલો તજી શોક વિવેક સાજરે,જીવડા ગાનીરે તું બ્રહ્મને. ટેક.
જીવડે ભારી કૂટણાં ગજવ્યાંરે;હાય લાડા રાજવી મ્હલાવ્યાંરે,
છોડી મરજાદ તે સંસારની; પાછું મુએલું નહી દેખાયરે,
(તું) સહી અતી પીડ મરીજાયરે. ઘેલો૦ ૧
જીવડે એનું પ્રીતમું ઢંઢેળ્યું રે;એ અચેતું જોઈ સીસ કૂટયું રે,
ફૂટયું તે કરમ બોલ્યો પોકથી; શોકે આંસુ લાળ લીંટ જાઝરે,
મળો થશે પ્રેતતણાં ખાજરે. ઘેલો૦ ૨
મુકે નીસાસા બહુ મુએલરે;રે તે જમના મારથી પીડાયરે,
કાં તું સગા થાય તેનો વેરિરે; ઘેલા નવ આરડી કૂટાવરે,
ધાને દિલાસો દઈ રઝાવરે. ઘેલો૦ ૩
શોકથકી રોગ ધરો ઘાલતા; તંનમંન રેહ નહીં હાથ રે,
ફરે હિણો બ્હાવરો સંસારમાં; નહી પરીવારનો વીચાર રે,
પરદેશી હસે છે ધણી વારરે. ઘેલો૦ ૪
શાસ્ત્ર ને પૂરાણ ના કેહ રે; બુદ્ધિ અને મંનથી તું ધારરે,
જન્મ્યા જાવાના જરૂર રે; બ્રહ્મતણી આજ્ઞા નહી તોડરે,
શોક ઘેલઈ પાપ નહી જોડ રે. ઘેલો૦ ૫
વાયુ જેવો છૂટતો તે ઝટ્ટરે; ભારી ઊતપાત નાશકારિરે,
કાળ તાણે સાંધી તીર જીવરે; બાળ તરૂણ વૃદ્ધને કવેળરે,
તમા નહી ઝાલશે તે વ્હેલરે. ઘેલો૦ ૬
ફુટે સડાસડ તડીત વાંસરે; એાય વને ભારી ભયો લાગેરે,
રખે દેહે વાંસ ઘુશી મારતો; ઝટોઝટ્ટ છુટે કાળ વાંસગાંઠરે,
ઘટઘટે પેસે છે સટ્ટ સાંઠરે. ઘેલો૦ ૭
નામ તે તો નાશને આધીનરે; મુઆં તેને રોઈ હવે શું કરે,
કો દી તારે જાવું છે જરૂરરે; મરવું તેને જાણ નીજ હક્કરે,
સુખ દુખ સમાન માન તક્કરે. ઘેલો૦ ૮

જાણુ નદીનાવના સંજોગરે; ઓંય ભેગાં આપણે દિન ચારરે,
માયાકેરી પ્રીત નહીં નિત્યરે; સ્વારથે સરી રડે સહુ સંગરે,
કારજ કરી તાર માણીગર અંગરે. ધેલો૦ ૯
સમરથ સારા દેવ ને દાનવરે, ઓય ગયા ઋષિ રાવણ રાયરે,
શી ગણુતી પામર આપણુ પ્રાણિયા; દેહ આ દુરલભ દીસે રૂડીરે,
સંત શોધી વાત છોડ કૂડીરે. ધેલો૦ ૧૦
ન કહે ભવભોગ ન ભોગવાયરે; રોઇ કુટી ધેલડો નવ થાયરે,
મિથ્યા માન શોક ને વિલાપરે; કરે કામ જામ આઠ પુણ્યરે,
ભજનથકી જાય ત્રિવિધ તાપરે. ધેલો૦ ૧૧
(૨-૨)

(પદ.)

શોક તહારે કરવો કેવોરે, ઓ પ્રાણિયા, છે જગનો નિમજ એવોરે. ટેક.
તહારે કરવો શોક કેવો, વહેલો મોડો દી છે દેવો,
પડે મ્હોટા દાનવ દેવોરે. ઓ પ્રા૦ ૧
નથિ કંઇ આ જગે ચહેવું, સદા રહે કુપ રંગ તહેવું,
અંતે છે જૂહાં થઈ રહેવૂંરે. ઓ પ્રા૦ ૨
વારાફરતું ચહડવું પડવું, વારા ફરતું હસવું રડવું,
વારા ફરતું ચહાવું લડવૂંરે. ઓ પ્રા૦ ૩
જો તે કીધે દુઃખ જાએ, તો કીધાનું સાર્થક થાએ,
આ તો ઉલટો રોગ સહાએરે. ઓ પ્રા૦ ૪
જોઇ નિમ સંતોષ ન માને, ન ગાએ હરિગુણ સાને,
તે તો પાપી રઝળે રાનેરે. ઓ પ્રા૦ ૫
ધીર ધર હિંમત આશે, જેથી સૂખ આવે પાસે,
જિવતાંને સુખ ફરિ થાસેરે. ઓ પ્રા૦ ૬
થતૂં આવ્યૂં તે ન ચૂકે, શોક નર્મદ હવે મૂકે,
આવશે રૂડા દિ ટૂંકેરે. ઓ પ્રા૦ ૭
(૨-૧)

(પદ.)

* નવ કરશો કોઈ શોક–રસિકડાં, નવ કરશો કોઈ શોક. ટેક.
યથાશક્તિ રસપાન કરાવ્યું, સેવા કીધી બનતી. રસિકડાં૦ ૧
પ્રેમિઅંશને દુઃદન આવશે, શઠ હરખાશે મનથી. રસિ૦ ૨
મર્મ ન સમજે બકે શંખશઠ,વાંકું ભણે બહુ પણથી[૧]. રસિ૦ ૩
એક પીડમાં[૨]બીજી ચ્હીડથી[૩], જળશે જીવ અગનથી. રસિ૦ ૪
હતો દૂખિયો થયો સૂખિયો, સમજે છૂટ્યો રણથી[૪]. રસિ૦ ૫
મુંઓ હું તમે પણ વળિ મરશો,મુક્ત થશો જગતમથી[૫]. રસિ૦ ૬
હરિકૃપાથિ મમ લેખચિત્રથી, જીવતો છઊં હું દમથી. રસિ૦ ૭
વીર સત્ય ને રસિક ટેકિપણું, અરિ[૬]પણ ગાશે દિલથી. રસિ૦ ૮
જુદાઇ દુઃખ તે નથિજ જવાનું, જાયે માત્ર મરણથી. રસિ૦ ૯
મરણ પ્રેમિને ખચિત મોહું છે, દુઃખ વધેજ રૂદનથી. રસિ૦ ૧૦
જગતનીમ છે જનન મરણનો,દૃઢ રહેજો હીંમતથી. રસિ૦ ૧૧
મને વિસારી રામ સમરજો, સુખિ થાશો તે લતથી. રસિ૦ ૧૨

(૧–૧)

*ટકટક જોમાં કરવું–બળદિયા, ટકટક જોયાં કરવું. ટેક.
શક્તિ વગર ત્હેં બેસિ જવાયે, ભાગિ ગયા પગ ત્હારા. બળ૦ ૧
મથી ઊઠતાં વલ્લું ચાલતાં, ફસકિજવાયે તૂંથી. બળ૦ ૨
ફાટિ આંખ ને મ્હોડે ફીણ બહુ, દાંતો તો બીડેલા. બળ૦ ૩
કુવા પેટમાં હાડ જણાતાં, શી આ ત્હારી વેલા. બળ૦ ૪

* એક વખત હું એવાતો મનના ગભરાટમાં હતો કે મેં જાણ્યું કે હવે મ્હારૂં મોત વ્હેલું થશે ને હું મરીશ ત્યારે મ્હારાં પ્યારા–પ્યારીઓને બહુ દુઃખ થશે–એ ઉપરથી મેં એ કવિતા જોડી છે.

૧ આગ્રહથી; દાઢ રાખી રાખીને. ૨ મ્હારાં મરણથી થતી પીડ.
૩ (શઠ શત્રુ મ્હારૂં ભુંડું બોલશે તેથી તમે ચ્હીડાશો.) ૪ ભવરણ–સંસારરૂપી જે જુદ્ધનું ઠેકાણું–જ્યાંહાં ત્રિવિધતાપની સાથે લડતાં મ્હોટા ગભરાટમાં રહેવું પડેછે તે. ૫ (જગતનાં અંધારાંમાંથી–જગતમાં અનેક ગભરાટો હોયછે તે ગંભરાટરૂપી જે અંધકાર તેમાંથી તમે છુટશો.) ૬ શત્રુ પણ મ્હારૂં વીરપણું, સત્યપણું, રસિકપણું ને ટેકીપણું વખાણશે.

* એક વખત ભારની ગાડીમાં જોડાયલો બળદિયો રસ્તામાં બેસીગયલો મારા જોવામાં આવ્યો તે ઉપરથી જીવરૂપી બળદિયો સંસારરૂપી ભાર વેહે છે ને રીબાય છે એ સુઝયું–હું તે વખત એક બે વાતથી બહુ દુઃખી હતો માટે મારા પોતાના દીલાસાને માટે મેં એ લખી છે.

એવિ હાલતે ગાંડું ખેંચવું, સરજત તૂંને એવું. બળ૦ ૫
ગાડિવાન તે મરડે પૂછડું, જે દુખ દે તે સ્હેવું. બળ૦ ૬
મારે ચાબખા ભોંકે પરાણા, મુક્કા દે બહુ પેટે. બળ૦ ૭
ખેંચે નાથ ને ડાબે ગોળિયો, મુખથી ગાળો દેતે. બળ૦ ૮
વળી મંનમાં ધણિક મૂઝણો, વાચા વણ શું જાણું. બળ૦ ૯
ધિક્ક મને આ દેખું તૂજને, ચલણ નથી કંઇ મારું. બળ૦ ૧૦
મોતથકી તૂં છુટિશ બાપડા, ઉપાય નહિં કો એકે. બળ૦ ૧૧
તૂં જેવાને ઝટ મરણ નહિં, ઇશ્વર નિર્દય છે કે? બળ૦ ૧૨
નહિં નહિં ઇશ્વર શુભ કો કારણે, જોયે તૂંને આવો. બળ૦ ૧૩
માત્ર તેહના સામું જો તું કે, છોડે દીનદયાળો. બળ૦ ૧૪
અવધ આવિ કે ઊંચું જોઇને, નાખી દીધું ડોકું-બળદિયે,
બળદિયો એમ મુઓ રીબાઇ. ૧૫
(૧-૨)

(પદ રાગ કાફી.)

જીવ તૂં, સમજી લે નીજ ભાસ. ટેક.
ગંદાં ઉદરમાં રહી અકળાયો, નવમાસી ગર્ભવાસ. જી૦ ૧
બ્હાર આવી તેં બચપણ ખેલ્યું, જુવાની જુવંતી પાસ. જી૦ ૨
સટરપટરકરી ધન માન હોસ્યાં, વૃદ્ધપણે સાલે ફાંસ. જી૦ ૩
જન્મથિમાંડી મોતલગી તેં, જોયો ન જ્ઞાનપ્રકાશ. જી૦ ૪
પશુ પક્ષિ હીણી યેાનિ પડે તૂં, ફર્યો અણજાણ પ્રવાસ. જી૦ ૫
માનવી દેહનો હેતુ ન બૂઝયો, બંધાઇ રહ્યા ભવપાશ. જી૦ ૬
સદાચરણ સજી દાન ન દીધાં, પ્રભુ ન ભજ્યો નીચે શ્વાસ. જી૦ ૭
સમજ સમજ મૂઢ હજિ તું સમજ કંઇ, તારી પૂરે બ્રહ્મ આશ. જી૦ ૮
(૨-૧)

જિવડા, મા કર તૂં વ્યભિચાર. ટેક.
લપટઝપટથી પકડે પિશાચા, નાખી દે નર્કખાડ. જિ૦ ૧
ધંન ધાત ને ચિત ચતુરાઇ, ચૂસી લેતે ગવાંર. જિ૦ ૨
શોક કરીશ જ્યારે સંધું જશે કો, થાય ન સંગી ધાર. જિ૦ ૩
ઝટઝટ ગટગટ પી બ્રહ્મરસ તૂં, નર્મદ તજીને જાર. જિ૦ ૪
(૩-૧)

(પ્રભાતિયું.)

આ જગતની રચનાકેરો, નારાયણ નિમ ભારેરે;
એક બિન્દને આસરે રહી છે, વસતુ સરવ સંસારેરે. ટેક.
ઝાડ જનાવર અવર જીવો, એક બિન્દને આધારે;
અમિરિ તવંગિરિ ઘેલિ ગરીબાઇ, માંહો માંહ્યઅનુસારેરે. આ૦ ૧
સમરથ શેઠ દિનદાજ નલાવે, મંગળામુખી[૧] સ્વિકારેરે;
વડિલ ભાઇ છોટાને ન પાળે તો, પ્રભુ બ્રહ્મ કેમ ઠારેરે. આ૦ ૨
આ નરદેહ ધરીને પ્રાણી, પરમારથ ન જાણે રે;
કહે નરમદ બની બળદિયો, જીવતર ભાર તું તાણેરે. આ૦ ૩
(૧-૨)

(પદ.)

નાણો નીતી સહુ સારીરે, માનવિ પ્યારા–ટેક.
નીતી તે રૂડી રીતી, રીતી સર્વે નહીં નીતી,
નીતીથી ભક્તિ ગીતીરે. માનવિ૦ ૧
નીતીથી માણસ છઇયે, પશૂથી નહીતર જઇયે,
માટે નીતી મન ધરીયેરે. માનવિ૦ ૨
નીતીથી કન્યિા જાયે, સર્વેને સારૂં થાયે,
બ્હીકો કો દી ન રહાયે રે. માનવિ૦ ૩
નીતીથી દયા વ્હાલ, વિવેક વાણી ભાળ,
પરનું[૧] તે શિવનિર્માલરે[૨]. માનવિ૦ ૪
નીતીથી પરોપકાર, વેહવારે ધીર ધાર,
ઇંદ્રીની જીત સારરે. માનવિ૦ ૫
નીતીથી ભક્તિ રહોયે, બાકી નહિં ભક્તિ હોયે,
નીતીથી ધર્મ જોયે રે. માનવિ૦ ૬
નીતીથી ગુન્હા જાસે, લોકો સહુ સંપી થાસે,
નારાયણ બ્રહ્મ ભાસેરે. માનવિ૦ ૭

---

૧ રામજની; વેશ્યા. (મંગળ–શુભ કારજમાં તેને બોલાવવામાં આવે છે માટે મંગળામુખી.)
૧ પારકાનું (લેવું). ૨ મોટું પાપ (મહાદેવના ઉપરથી કુલ ઉપાડયાનું બહુ પાપ છે.)

નીતીથી નુર બહુ સારૂં, ધણૂં શું કહું વારૂ,
નીતી મુક્તિનું બારૂંરે. માનવિ૦ ૮
સાચી દુનિયાને સાચી, જૂઠી સહુને નહીં સાચી,
સાચી તે સાચી સાચીરે. માનવિ૦ ૯
માટે નીતી જે સાચી, ધરવી હૈયે બહુ રાચી,
જગજીવન જાચી જાચીરે. માનવિ૦ ૧૦
(૨–૧)

(પદ.)

તન મન ધન જન કહાં, નર્મદા તન મન ધન જન કહાં
નીશો કરીને દીન ગમાવૂં હવે સદૂ ફાંફાં–નર્મ૦ ૧
અહીં તહીં આ તે લેવા ધાઉં, વળી તેફા આફા–નર્મ૦ ૨
કુદતો કુદતો નાચી હસી કહું, મિથ્યા છે ડાફાં–નર્મ૦ ૩
ભણ્યો અનુભવી બોલૂં સાચૂં, લઈ જખમ ઝાઝાં–નર્મ૦ ૪
ઉમંગ ઉધમ કેવળ મિથ્યા, સમો સફળ જહાં તહાં–નર્મ૦ ૫
એ સત નિમને નાણી હર તૂં, શોચ તજી રહાણા–નર્મ૦ ૬
દુરતર ભવસાર તરવાને, ચિદઘન રંગ ત્રાપા–નર્મદા,
સતસુખ નિત લે તહાં–૭

(હોળી.)

આ શા હાલ છે માહરા, નથી આશ ફળતી કહીં–ટેક.
આસમાનના રંગ બદલાએ, નસીબતણા આ નહીં–આ શા. ૧
કાળતણી પણ રત બદલાએ, નસીબતણી આ નહીં–આ શા. ૨
માનવીદેહમાં ધરી અવતાર, સુખ ઉંચું જાઉં નહીં–આ શા. ૩
ભુંડે નસીબે રોજ રીબાઉં, આશ મુકી હરિ કાં અહીં–આ શા. ૪
ફાગ વસંતનો બ્હાર ઉંચો તે, નવ નવ જોઉં અહીં–આ શા. ૫
પશુ પંખી સૂખી જ્ઞાન વગરનાં, જ્ઞાને હું દુખિયો અહીં–આ શા. ૬
થાય મરણ નહીં નર્મદ છૂટૂં, થાઉં ઊંચો સુખી તહીં–આ શા. ૭

(પદ.)

કોઈ નવ ધરશો ગર્વ ભુંડોરે, એથી થાતી વહેલીજ હાનિ;
ગર્વ ગલિતને સૂખ સદાએ, શિક્ષાએ વાત પ્રમાણી–કોઇ૦ ૧

તપતો ગરજતો મોહિત કરતો, દેતો દુખ આભિમાની;
આંકડે કૂદતો પણ તે વિછૂડો, ખ્યાતિયે ક્ષુદ્રજ પ્રાણી–કોઇ૦ ૨
કૃણ હન્નર ને ઝેર અતુલ પણ, વાસુકીએ ભાર તોળ્યો;
ગર્વ વિનાના દશરથ પુત્રે, ગર્વી રાવણને રોળ્યો–કોઇ૦ ૩
ગર્વી શ્રીમંતથી નમ્રનિર્ધન, નીતિયે ઊંચ ગણાયો;
પ્રલ્હાદ રાખ્યો પ્રભુ નરસિંહે, હિરણ્યકશીપુ હણાયો–કોઇ૦ ૪
હું મારૂં ટાળી સત્યને પાળી, ધર્મથી કર્મ કરીએ;
નર્મદ નમતો કેહે નારાયણ, દે પદ ત્યાં જઇ ઠરીએ–કોઇ૦ ૫

(પદ.)

અભિમાન મૂકયુંરે, મૂકયું આર્ય સમસ્તે—ટેક.
આશા બાંધી નિયમિત ગાંઠી, વિચારી ધંધો કીધો
જ્ઞાન મળ્યું કાંઇ ઘણો વધ્યો રસ ડહાપ પણ લીધો–અભિ૦ ૧
સત્તા માન ને દ્રવ્ય ગયાંરે, ધંધા નહિ સચવાણા
સ્નેહ અર્થ ને ધર્મ ટૂંઢતાં, સાંકડમાં સપડાણા–અભિ૦ ૨
વિવેક રાખી મથન કર્યાં પણ, કેશામાં નવ ફાવ્યા
નિવૃત્તિના તપન પ્રયોગો, લેશ ન કરવા ભાવ્યા–અભિ૦ ૩
વિલાસમાં બનિ બીકણ કાતર, કપટ કોરડા ખાઈ
ખંત ધરી રાખી નહિ એકી, રહ્યા પુરા ચંપાઈ–અભિ૦ ૪
હારી બેઠા નિરાશ થઇ સહુ, કાળનું માતમ ગાએ
લોક રુચે તેમ કહેા નર્મદો, શંકર શરણે જાએ–અભિ૦ ૫

(દુહા.)

શૌચ અહિંસા સત્યને બ્રહ્મચર્ય અસ્તેય
ક્ષમા દયા આર્જવ ધૃતી મિતાહાર **યમ** કેહ.
નિયમ શ્રવણ સિદ્ધાંતનું આસ્તિકપણું પ્રમાણ
સંતોષીપણું પ્રભુ યજન, તપજપ વ્રત ને દાન.
સ્વસ્તિક ગોમુખ પદ્મ ને વીરસિંહ ને મુક્તિ
ભદ્ર મયુર એ આસને રોગ નિકંદન યુક્તિ.

ખંડ ૩જો.—દેશાભિમાનસંબંધી.

(દોહરા.)

ઘણાકની હિંમતથકી, દેશ સુધારો થાય;
પણ પ્હેલે અક્કેકની, સ્વતંત્ર જો જોવાય. ૧
એવું છે માટે થવું, અક્કેકે તૈયાર;
સ્વાનુકૂળ[૧] શુભ કાર્યમાં, યશ લેવા સુખકાર. ૨
'આગળથી અમકો[૨] ઉઠે, તો પછિ ઊઠું જાણ';
'હું તો તૈયારજ છઊં, પ્હેલાની બહુ તાણ'; ૩
'એકથકી શું ફળ થશે, ઘણા જોઇયે સાથ';
'એક મરે રીબાય રે, બગડીજાયે વાત.' ૪
એ વચનો નહિં શૂરનાં, કાયર જનનાં હોય;
એ વચને સંગ્રામ તે, કો કોળે ના જોય. ૫
સાથિ મળે કૂમક મળે, મળે શૂર જો એક;
અને કદી જો એ મરે, શું ખોટો તે ટેક? ૬
હરેક મોટાં કામમાં, જનની બ્હોકણ વાત;
સારું થયેથિ વખાણતાં, નરશે નિંદે જાત; ૭
સમજુકની તારીફથી, શૂર મંનમાં રાચ;
અણસમજુકના સામું તૂં, જો મા કદિ કહું સાચ. ૮
ખરો શૂર તારીફને, પછી વિચારે મંન;
ફરજ પ્હેલિ તે જાણશે, દેશતરફ સજ્જંન. ૯
પુષ્ત વિચાર કરી ખરે, ઝંપળાય સૂજાણ;
કદિ નરસૂં ફળ નીપજે, તોપણ તેને માન. ૧૦
લોકથિ શૂર ડરે નહીં, ગણે પુષ્પસમ ગાળ;
જુલુમ કરે તે સાંખતો, પણ પસ્તાય ન ધાર. ૧૧
ટેક રાખિને દીલથી, સાચે રાહે રેહ;
તેને પાછળથી મળે, લોક ઝલટા તેહ. ૧૨
જો સંગી ના થાય કો, ઇશ્વર થાય ખચીત;

---

૧ પોતાની શક્તિ, રૂચિહોય તેવાં–પોતાને માફક હોય તેવાં.
૨ અમુક; ફલાણો.

આંચ ન દે તે આવવા, જીતાડે નિશ્ચીંત. ૧૩
માટે મિત્ર તું શૂર થઇ, હૃદયે રાખી રામ;
છોડી પરબળઆશને, નિજ બળથી કર કામ. ૧૪
ઝટ ધરી ઊમંગથી, સત્યતણી શુભ મૂઠ;
હિંમતની તલવારથી, વ્હેમ કાપવા ઊઠ. ૧૫

(૨-૧)

(ચોપાઈ.)

એક ઉઠ્યો કે સહુએ ઝટ્ટ, મૂકીદઇ પોતાની હઠ્ઠ;
સહાય મોટી કરવી સહી, ગાંગાંતલાં કરવાં નહીં. ૧
વગર વિચારે ઊઠયો હોય, ફળ ઇચ્છેલું જો ના જોય;
તોએ સહુએ ધરવો ટેક, દેવો મ્હોટો ટેકો નેક. ૨
એક હોય તો દુખ દે લોક, કરે શું એ જો હોયે થોક;[૧]
માટે સમજી ભેળા ધસો, મેળવિ યશ ને સુખમાં વસો. ૩
પ્રથમ દાખલે અપજસ મળે, તો બધિ મ્હેનત મોડી ફળે;
એ સાચૂં કાયરમાં હોય, શૂર જનોમાં ઉલટૂં જોય. ૪
જો વળિ સાચૂં હોયે એમ, શાણાનૂં જુથ હારે કેમ ?
સાચૂં આ કે હાસ્યાથકી, બીજિવાર જીતાએ નકી. ૫
વધતાં શૂરા સાવધ થઈ, વેર તમારું વધારી દઇ;
સંપે કરિદ્યો ખૂબ ચઢાઇ, પુલાયલા જાશે વિખરાઇ. ૬
ભલા ભલા હારેછે શૂર, હિંમતને કરશો નહિં દૂર;
હારે એક ન હારો સહૂ, માટે કંમર બાંધો બહૂ. ૭
ઇશ્વર વચમાં વ્હારે વળે, પાર પડે ઝટ કામજ ફળે;[૨]
સાચાના સાથીયો થઈ, હિંમત આગળ કહાડો સહી. ૮
ખરૂં ધરો દેશાભીમાન, તોતો મૂકી બીજાં માન ;–
એકનિ પાછળ સંધા ધસો, અથવા સાથે કંમર કસો. ૯

(૨-૧)

---

૧ જથો. ૨ જુક્તીથી.

(ત્રિભંગી વૃત્ત.)

રે કહાં સુધિ રહેવૂં, શૂં મેં કહેવૂં, જેવૂં તેવૂં, નથિ કંઇ આ,[૧]
જાતીનૂં બન્ધન, ધુમાતું ઇન્ધન,[૨] કર તૂં કુન્ધન, છૂટતું અહાં;
છૂટજ છે જનનુર, લઘુ[૩] ગુરુ સહુ ઉર, સમજી ઓ શુર, પ્રગટ કરો,
એ પ્રગટ મનેથી, ધુમ્ર ગયેથી, થશેજ જેથી, રંગિ ફરો. ૧
નહિ તમા ધરાવી, રાઢ મચાવી, ધન વરસાવી, એમ કરી,
ઇન્ધન ઈ ખસેડી, બાળી છેડી, પાણી રેડી, હામ ધરી;
આંચ ન મન લાવી, જુકતી ફાવી, ખૂબ લગાવી, કરિ જોસ્સો,
ભારે ધૂમાડો, છેકજ કહાડો, સુખનો દહાડો, ઝટ જોશો. ૨[૪]
ઓ હિંદૂભાઈ, આવિ તવાઈ, થશે ભવાઈ, કેમ ભમો?
થઇ પશ્ચિમપુહ્વી; છતે સુશુહ્વી, દુખની વૃહ્વી, કેમ ખમો!
વાદળિ ચઢિ આવી, ધુળ બહુ ખાવી, જોઇ ભાવી,[૫] કમર કસો,
અવસર લડવાનો, ખૂણો છાંનો, શોધો શાનો, બ્હાર ધસો. ૩
ભેદો બહુ જારે, સંપ ન તારે, કામો ભારે, કેમ થશે?
ભય હૈયે ચોટૂં, ધર્મનું ખોટૂં, દળદર મોટૂં, કેમ જશે?
પૂર્વે કો ન્હોતૂં, હરકત જોતૂં, ઘણું હૂં ગોતૂં,[૬] ગોત્યૂં મેં,
કંઇ હવે ન ભાખો, તમા ન રાખો, કાપી નાખો, બંધ ઝુમે. ૪
બંધનથી તોટો, છુટથી મોટો, લાભ ન ખોટો, બતાવવો,
એ નિબંધરૂપે, લખાય ખૂબે, આયેહૂબે, વાદ થવો;

---

૧ જતીનું બંધન. ૨ લાકડું (જેમ ધુમાતું લાકડું ગભરાવી નાખેછે તેમ જતિનું બંધન અહાં–આ દુનિયાંમાં માણસની છુટ—સ્વતંત્રતાને રૂંધેછ—ગભરાવી અટકાવેછ). ૩ થોડીઘણી સ્વતંત્રતા માણસનું નુર છે અને તે થોડી સહુનામાં છે માટે ઓ શુરાએ સમજીને હવેને બ્હાર પાડો, પણ એ બ્હાર કહારે પડે કે જ્યારે જતિબન્ધનરૂપી ધુમાતાં ઈંધણાંનો ધુમ્ર–ધુમાડો જાય). ૪ ધુમાડો કહાડવાના ત્રણ ઉપાય છે:—એકતો દાઝયાંની બ્હીક ન રાખતાં લાકડાને ઉંચકીને ફેંકી દેવું. બીજું આ કે ફુંકીફુંકીને બળતું કરવું ને ત્રીજું આ કે પાણી રેડવું; તેમ જતિનું બન્ધન કહાડવાને એક તો કેટલાએક શૂરવીર પુરૂષોએ લોકમાં નઠારૂં કહેવાશે અને પોતાને નુકસાન થશે એનો વિચાર ન કરતાં પોતે બ્હાર પડી બીજાને દાખલો બતાવવો–બીજું આકે કેટલાએક પુરૂષોએ જતીમાં રહીનેજ કુસંપ કરાવી–તડો પડાવી થોડે થોડે છાનાંછપના બીજાંઓને પોતાનાં મંડળમાં લેતાં જવાં અને ત્રીજું આકે દ્રવ્યની લાંચ આપી પોતાનાં મતનાં કરવાં. એ ત્રણે વાતથકી આંચ લાગશે–નુકસાન તો થોડુંઘણું થશેજ પણ હવેની દરકાર ન રાખવી. ઈ ઇન્ધન–એ ઈંધણું. ૫ ભવિષ્યમાં થવાનું તે. ૬ શોધું.

જાણે સહુ સંધૂં, કો નથી આંધૂં, કામજ ખંધૂં ભટકેરૂં,
બોલૂં સંક્ષેપે, કાપો ખેપે, હિંમત વજ્જે, તે મેરૂ. ૫
જાતો ના તૂટે, પંથ ન ખૂટે, પરજન[૭] લૂટે, ફેર નહીં,
બોશો નિજ હકને, તન મન ધનને, રાજકાજને, યોગ્ય નહીં;
ઝટ કાપો તોડો, નડતો ટોડો, કિરતી જોડો, એજ ખરૂં,
ખુબ લડતાં મરવૂં, એતો તરવૂં, ઘરમાં ભરવૂં, સૂખ ભલૂં. ૬
વેઠયાં દુખ જેણે, કિરતી તેણે, ભોગવિ ચ્હેને, નહિં બીજે,
જન થોડાએ પણ, લઈ મોટૂં પણ, દેખાડયાં વણ, નવ સીઝે;
ભેદો રેહ યારો, દેશ સુધારો, કદી ન ધારો, બધું કાચૂં,
માટે ઊઠો સહુ, હામ ભિડો બહુ, બ્હાર પડો કહું, એ સાચૂં. ૭
(૧–૧)

(ભુજંગી વૃત્ત.)

વળી કોણ છે વિશ્વમાં મૂઢ એવો, બળી હોસનો કાયરો પાવિ જેવો;
નહીં વેણ કો દી ભણ્યાં શૂર હાં હાં, ભુમી હારિ છે આ લિધો જન્મ જાંહાં. ૧
પ્રદેશી ભુમીમાં અટેણેથિ થાકી, જવૂં જન્મવાસે કુડી સંધિ તાકી;
મુમૂહુર્ત્ત સાંચી પડયો બ્હાર જ્યારે, ઉમંગો ન હૈયે કુને ઊંચ ત્યારે. ૨
વસે જીવ એવો બહુ ધાર ધાઈ, ન ચારણ ભાટે સ્તુતી તેનિ ગાઈ;
ખિતાબો ઘણા ને બડો નામજાદો, સ્વઈચ્છીત નાખૂટ દોલત્તદાદો. ૩
બળ્યાં ઊપનામો અને ધિઃક સત્તા, કરો હાય ને તુચ્છ તે સર્વ મત્તા;
દરિદ્રી લહે સર્વ આ આપઅર્થે, ન તે જીવતાં આચરે કીર્ત્તિઅર્થે. ૪
મુઓ જીવતે ખોય સન્માન મોટૂં, ન જાણે સુખો પ્રીતિનાં સ્વાંગ[૧] ખોટૂં;
બિજું મોત બાળે ચિતાઅગ્નિ લાહે, હતો ખાખનો તે હિણી ખાખમાંહે. ૫
ન તેને રુસે કોઈ નાહીંજ ગાશે, વિના માન તેહેનિ હાંસીજ થાશે;
કવી સ્કાટ વાલ્ટેર ગાયે સુરીતે, કહે નર્મદો પ્રાકૃતે તેહ પ્રીતે. ૬
(ભાષાંતર.) (૩–૧)

---

૭ પારકા દેશના લોક. ૧ પોતાનું અંગ.

અહીં કોઇ હિંદૂ વિચારેજ નાહીં, સ્વદેશી કુડું તે વળી શૂજ ભાઈ;
શુભેચ્છીત મર્દો પ્રતિષ્ઠાજ પામે, મુએ જાય સ્વર્ગે સુભક્તીનિ હામે. ૭
નથી જન્મ આલસ્યમાં ગાળવાને, નથી કાયરોના ખુણા શોધવાને;
નથી દાંડગી દુર્ગુણો ખેલવાને, નથી ટાપટીપોથિ શોભાવવાને. ૮
તુને મોકલ્યો સત્ય આચારકાજે, શ્રમેથીજ પેદા કરી રોજ ખાજે;
સગાં ઈષ્ટ પાડોશિ દેશી જનોને, યથાશક્તિ દેજે ઋણો[૧] સૂમનોને[૨]. ૯
અભીમાન તૂં દેશિયોનૂં ધરાવે, ધને બુદ્ધિ વિદ્યા શરીરે હલાવે[૩];
કરે દેશ તાજો સુખો યોગ્ય આણે, બહૂ રેઢિઆળોતણી[૪] ઊંધ હાણે. ૧૦
જગાએ જગા ઉદ્યમોની સવારી, ફળો નીપજે જેમ દાણા જુવારી;
સુ રૈયેત માંગે હકો રાજ્યકામે, પછી રાજ્યનીતી હવી યોગ્ય નામે. ૧૧
વધે જ્ઞાન વિદ્યાતણૂં ખેડુતોને, ભુમી સૂધરે લાવિ દે પૂછિ મોને;
રળે દેશ જો હોય યંત્રોનિ સાહે, થવૂં તે વળી શૌર્ય વેપારિમાંહે. ૧૨
જઈ મંડળીએ સુણી ભાષણોને, અસારો તજી સાર કાઢાડવોને;
સુવીચારની ફાકિ લેવીજ હોંસે, કુસંપી કુવીચારિ તે રોગ ધોસે. ૧૩
ભણે લોક સંધા ગરીબો ધનાઢ્યો, દિસે નાસતા દુર્ગુણો પાડિ રાઢ્યો;
પછી ધર્મનું જ્ઞાન લેએછ સાચે, ખરે નીજ આત્મા અને દેવ રાચે. ૧૪
ફરી વીનવૂં દેશિ વ્હાલા તને જો, હિતો આદરે દેશિનાં ઊલટે જો;
મળે આબરૂ દેશિ સૂધારવે જો, તુને મુક્તિ છે દેશિ આશીષ દેજો. ૧૫

(૨-૨)

(વસંતતલિકા વૃત્ત.)

શ્રીમંત રંકનિ દશા નિરખીજ આંખે,
ભારે પડે નવ જરા, ભલું તેવું ભાખે;
દેશિતણો પ્રતિનિધી, થઈ યોગ્ય રેહજે,
સાચે તું નિર્ભયપણે નિજ મત્ત દેજે. ૧

---

૧ દેણું; ફરજો. ૨ બુદ્ધિમંતોને.
૩ સ્વદેશાભિમાનરૂપી ઠીજેલો ગઠ્ઠો જે છાતીમાં છે તેને હલાવે-પૈસો હોય તો તેથી-બુદ્ધિ હોય તો તેથી-વિદ્યા હોય તો તેથી અને શરીરમાં જોર હોય તો તેથી-કોઇપણરીતે દેશને અર્થે કામ કર. ૪ આલસુ.

જાણી જશે પદવિ રે, ભયથી ન બોલે,
તો તો બને શુર ગયે, હિંજડાનિ તોલે;
હૈયે વસે જુગતિ તે, પ્રકટી કરે જે,
સાચે તું નિર્ભયપણે, નિજ મત્ત દેજે. ૨

હાજીજ હાનિ ન ઘટે, કરવી મુખીની,
ત્હારે ન વાત સુણવી, ફકતે સુખીની;
તે મૂર્ખ પોપટ પઠે, શિખવ્યૂં લવે જે,
સાચે તું નિર્ભયપણે, નિજ મત્ત દેજે. ૩

વિદ્યા સુબુદ્ધિથિ બહૂ, કસ કાઢિ જોઈ,
આપે જવાબ ખુબ કે, જન રેહ મોહી;
મર્મો બધા હૃદયના, સમજીજ લેજે,
સાચે તું નિર્ભયપણે, નિજ મત્ત દેજે. ૪

સર્કાર ના હનિ પુરૂં, જનદુઃખ જાણે,
શ્રીમંત જે કંઈ ભણે, ખરું તેજ માને;
સ્વાર્થો તજી કર બધૂં, પરમાર્થ કહે જે,
સાચે તું નિર્ભય પણે, નિજ મત્ત દેજે. ૫

જેથી થશે હિત ઘણૂં, સત દેશિયોનૂં,
તેવા વિચાર જણવે, ભલિ સંધિ જો તૂં;
(પણ) આડૂં ન ઉદ્ધતપણે, વદ તેમ સ્હેજે,
સાચે તું નિર્ભયપણે, નિજ મત્ત દેજે. ૬

રાજા પ્રજાભણિ જુએ, સમદૃષ્ટિયે જે,
બંનેતણો હિતુ રહી યશ મેળવે તે;
ડાહ્યો ન કોનું દુખવે, મન હોય તે જે,
સાચે તું નિર્ભયપણે, નિજ મત્ત દેજે. ૭

(તોપણ) સૂણે ન તૂં મતલબી, ભુંડિ વાત કોઈ,
થાજેજ સાવંધ ઉભો, તિણું છેક જોઈ;
અંજાઈ મા જઇશ રે, કદિ મુખ્યતેજે,
સાચે તું નિર્ભયપણે, નિજ મત્ત દેજે. ૮

જેથી પ્રજા સરવ તે, ખુશ રેહ રાજી,
જેથી ન દેશ સઘળો બળિ રેહ લાજી;
(તેવા) ધારા રુડા કરવતો, હિતુ વીર તે જે,
સાચે તું નિર્ભયપણે નિજ મત્ત દેજે. ૯
(૨–૨)

(નર્મવૃત્ત.)

વિનંતિ દેશિને કરું, હું દાજ દીલમાં ધરું,
કહું વળી ખરેખરું, જુહું ન લેશ ધાર રે;
કુસંપથી તુટી સહુ, ગયાં સુરાજ તો બહુ,
કહું શું દૈવવાત હું, નહીંજ દુઃખ પાર રે;
કુલ્હેમ મત્સરેકરી, દશા થઈજ આકરી,
વિના પ્હરેજી તેમની, જશે ન રોગ ભાર રે;
નસાડવા કુસંપને, જગાડવા સુસંપને,
વધારવાજ ઝંપને, તું ઝટ લૈ વિચાર રે. ૧
શરીર મંન જોરમાં, કમી છતાંજ તોરમાં,
ભુંડા કુશબ્દહ્હોરમાં, રમ્યો ઘણો અપાર રે;
ઘણાં હિણાં કર્યાં અરે, મદોથિ પાપ તેં ખરે,
સુબુદ્ધિ શુદ્ધિ તો ખરે,[1] પડયા નહીં સકાર[2] રે.
ગરીબ દેશ તો થયો, સુટેક દેશિનો ગયો,
અધર્મ તે વસી રહ્યો, ઉપાય એક સાર રે,
નસાડવા કુસંપને, જગાડવા સુસંપને,
વધારવાજ ઝંપને, તું ઝટ લૈ વિચાર રે. ૨
સુધી સભાવિષે જઈ, સુણીજ કાનને દઈ,
શિખામણો દિલે લઈ, તજે તું વેર ખાર રે;
ઉમંગ અંગમાં ધરી, સુનીતિ મંનમાં ભરી,
હણે કુબુદ્ધિ જે અરી, દિસે ઘણી હજાર રે;
કરે સુ ઉદ્યમે વળી, વિચાર એકઠા મળી,
વધેજ કીર્તિ જે ભલી, દશો દિશે હુકાર રે,

---

૧ ખરી પડે. ૨ સકાર ન પડયા–માન ન રહ્યું.

નસાડવા કુસંપને, જગાડવા સુસંપને,
વધારવાજ ઝંપને, તું ઝટ લે વિચાર રે. ૩
તું ઊઠ ઊઠ રે હવે, પથારિમાં કયમે લવે,
સિઝાઇ તો રહ્યો તવે, હું હું કહી ખંખારરે;
પ્રવીણ રાજકાજમાં સુસભ્ય રે સમાજમાં,
રહીજ લોકલાજમાં, કરે સહુ સમાર રે;
સમાવિ દેઈ રોષને, દિલે ધરી તું હોંષને,
ભરાવવા સુકોષને[૩], રિવાજને સુધાર રે,
નસાડવા કુસંપને, જગાડવા સુસંપને.
વધારવાજ ઝંપને, તું ઝટ લે વિચારરે. ૪
(૨-૧)

---

*ઉઠોરે ગુજરાત પુત્ર સજો જુદ્ધ કાજે,
પૂર્વ રંગ પેખવાને રણ ધુમો સસાજે,
દેશ કરો રણક્ષેત્રદિવ્ય ને વેપાર બ્હોળો,
(તેહ) કીર્તિ રંગ માણવાને રણે શૌર્ય તોળો,
સિદ્ધરાજ ભીમભોળો એનું જાણી ઝૂઝો,
દુઃખથકી મુક્ત થવા નથી ઉપાય દૂજો.

(ઝીલ.)

હાં હાં રડાં રણશૌર્ય દાખીશું,
હાં હાં ભુંડા શત્રુ આટી નાખીશું,
જય જય થતાં લગી જરી ન ઝંપીશું,
કનક કુટુંબ પ્રાણ સંધુ અર્પીશું–
આપણે ગુજરાતી, આપણે ગુજરાતી,
આપણે ગુજરાતી. ૧

---

૩ દેશનો ભંડાર.

* ગુજરાતી બાયલા છે, ગાંડી ગુજરાત આગુસે લાત પીછુસે બાત એવું છે, પણ જ્યારે જગતમાં શૂરવીર તે કાળે કરીને વૃંદલ બન્યા છે ને ગુલામ થાય છે તો વૃંદલ ને ગુલામ કાળે કરીને મોટા શૂરવીર કેમ ન થાય? માટે પુરૂષ પ્રયત્ન મોટી વાત છે. દાખલોજ કે હિંદુ રાજ્યમાં ને મુસલમાની રાજ્યમાં ગુજરાતીઓએ શું નામ નથી કીધાં?

એડીએ જડાઈ અવટાઈ જશો કયાંરે,
છેક થશો દુર્દશા તો ફાવશો કયમ ત્યાંરે,
ભારમાંતો છો હજૂએ સહાય કોઇ દેશે,
સાધનો પણ છે હજૂએ હામ પુરી રેશે,
આજ છે સમો ખરો સહુ ઢીલ કરવી છાંડો,
ઊરના ઉમંગ થકી જુદ્ધ બાજી માંડો.

(ઝીલ.)

હાં હાં રૂડાં રણ શૌર્ય દાખીશું,
હાં હાં ભુંડા વ્હેમ આટી નાખીશું,
જય જય થતાં લગી જરીન ઝંપીશું,
કનક કુટુંબ પ્રાણ સંધૂ અર્પીશું–
આપણે ગુજરાતી, આપણે ગુજરાતી,
આપણે ગુજરાતી. ૨

સુઃખ થકી શક્તિ ધુમે સુખ યશાળ સ્હોએ,
પેટને મળે ન ત્યારે રક્ત કયાંથી હોએ,
આપી દીધે સંધુ ભયે હાડ ચામ રેશે,
સંતતી રઝળતી થશે મહ ગુલામ વેશે,
આજ કાલ દેશ સર્વ સુખ સ્વતંત્ર સારૂં,
કીર્તિ થકી દાખવાને નીજરંધ ચારૂ,

(ઝીલ.

હાં હાં રૂડાં રણ શૌર્ય દાખીશું,
હાં હાં ભુંડા શત્રુ આટી નાંખીશું,
જય જય થતાં લગી જરી ન ઝંપીશું,
કનક કુટુંબ પ્રાણ સંધું અર્પીશું–
આપણે ગુજરાતી, આપણે ગુજરાતી,
આપણે ગુજરાતી. ૩

ઊતરી રણે ને રક્ત પુત્રતણું આપે,
હારી જીતી કોઈ રીતે નામ ઊંચું થાપે,
કાં ન શત્રૂ કહાડવાને જુદ્ધે ઝંપલાવો,
નર્મદ છે હોંસ ભલ્યો રણનો લેવે લ્હાવો.

ઝીલ.

હાં હાં રૂડાં રણ શૌર્ય દાખીશું,
હાં હાં ભુંડા શત્રુ આટી નાખીશું,
જય જય થતાં લગી જરી ન ઝંપીશું,
કનક કુટુંબ પ્રાણ સંધુ અર્પીશું–
આપણે ગુજરાતી, આપણે ગુજરાતી,
આપણે ગુજરાતી. ૪

જય જય ગરવી **ગુજરાત!**
જય જય ગરવી ગુજરાત,
દીપે અરુણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળળ કસુમ્બી, પ્રેમશૌર્યઅંકીત,
તું ભણુવ ભણુવ નિજ સન્તતિ સઉને, પ્રેમ ભક્તિની રીત–
ઉંચી તુજ સુન્દર જાત,
જય જય ગરવી ગુજરાત.–૧

ઉત્તરમાં અમ્બા માત,
પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરન્ત રક્ષા, કુન્તેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ, પશ્ચિમ કેરા દેવ–
છે સહાયમાં સાક્ષાત,
જય જય ગરવી ગુજરાત.–૨

નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટના જુહારમણને, રત્નાગર સાગર,
પર્વત ઉપરથી વીર પૂર્વજો, દે આશિસ્ જયકર–
સમ્પે સોયે સઉ જાત,
જય જય ગરવી ગુજરાત.–૩

તે અન્હિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ,
તે રંગથકી પણ અધિક સરસ રંગ, થશે સત્વરે માત,
શુભ શકુન દીસે મધ્યાન્હ શોભશે, વીતી ગઈ છે રાત–
જન ધૂમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત.–૪

કોની કોની છે ગુજરાત?

ઉગ્રસેન રામ કૃષ્ણ સાત્યકી યાદવ જ્યાં સહુ વિરાજતા,
જ્યાં બ્રાહ્મણ ને રજપુત ઝાઝા ઈશને અર્થે ઝૂઝયા હતા,
ત્યાંના લોકતણી શું કેવી?
નાના નારે નથી તેની.
ત્યારે કોની છે ગુજરાત?

બુદ્ધ જૈનના ધુમ્યા વાદ જ્યાં મ્લેચ્છેસું શિલાદિત્ય લડયો,
ભૂવડસું વળી જયશિખરી જ્યાં જુદ્ધ પરાક્રમ દાખી પડયો,
ત્યાંના૦ નાના૦ ત્યારે૦

વળી રાજ્યનો રણ્ગધ્વજ જ્યાં છશેંક વર્ષલગી ઊડયો,–
સરસ્વતી ને સેનાનીએ રણ્ગ દાખવ્યો છે રૂડો,
ત્યાંના૦ નાના૦ ત્યારે૦

કર્યું ધામ જ્યાં મૂસલમાને નીજ રાજ્યનું વળી વહું,–
મધ્યે આવ્યાને બાને તે માનીલે છે માન વહું,
ત્યાંના૦ નાના૦ ત્યારે૦

રે જ્યાં કીધો કોપ કાળીએ રાજ્ય થયું ખણ્ડેર ભુંડું,
વળી રાજ્ય જ્યાં દખણીકેરું હાડે દીપે કંકાલ કુડું,
ત્યાંના૦ નાના૦ ત્યારે૦

વળી પુરાતન પ્રસિદ્ધ જગમાં ભૃગુનો આશ્રમ જ્યાં જોયો,
વળી રણ્ગ જ્યાં જનવસ્તુનો બન્દરને નાકે સોયો,
ત્યાંના૦ નાના૦ ત્યારે૦

છે અંગ્રેજી રાજ્યતણું જે ધામ મુખ્ય પશ્ચિમભણી–
જ્યાં ગુજરાતતણા જન વસિયા કો રે વેળા થોડી ઘણી,
ત્યાંના૦ નાના૦ ત્યારે૦
જ્યાં રેવામહીકાંઠા શોભે હિન્દુ મુસલમાન રાજથકે,
વળી રાજ્ય રણની પેલીગમ જેય સિંધની લગોલગે,
ત્યાંના૦ નાના૦ ત્યારે૦
વૃદ્ધનગર જેણે જોયાં સઉ ચડતાં પડતાં રાજ્ય ઠરી,
હજી જીવે છે શું જોવાને પ્રજાતણા ઢંગ રંગ વળી,
ત્યાંના૦ નાના૦ ત્યારે૦
શું બ્રાહ્મણ ને વાણિયાકેરી શ્રાવક ને ભાટિયાકેરી,
ક્ષત્રી રજપુત કણબીકેરી ભીલ અને કોળીકેરી,
બીજા શૂદ્રતણી શું કેવી?
નાના નારે નથી તેની
ત્યારે કોની છે ગુજરાત?
પૂર્વજ જેના જે વળી આજે જન્મથકી ગુજરાતી વધા,
કોઇ રીતની તોપણ ને વળી આર્યધર્મને રાખી રયા.
તેની તેની છે ગુજરાત.
પછી હોય ગમે તે જાત.
તેની તેની છે ગુજરાત.
વળી પરદેશી બીજા જેને ભૂમિયે પાળી મોટ કર્યા,
પરધર્મી પણ હિત ઇચ્છનારા માતતણું તે ભાઇ ઠર્યા,
તેની તેની છે ગુજરાત,
પછી હોય ગમે તે જાત.
તેની તેની છે ગુજરાત.
નર્મદ કે' ગુજરાતી ભાઇયો માતને અર્થે સમ્પ ધરે,
બન્તે બન્ધન તોડી રણે સઉ ઝૂઝી જયસુખ જમે ભરે,
પ્રેમ શૌર્યને કરી પ્રખ્યાત,
તે તે સઉની છે ગુજરાત.
તે તે સઉની છે ગુજરાત.

(લાવણી.)

જુઓ જુઓ ગુજરાતી લોકો ટાણાંના દહાડા;
જુઓ તમારૂં ઐક્ય તેહમાં થાઓ કયમ આડા.
આડા થાઓ નથી સમજતા ઐક્ય લાભ મોટા;
દેશભક્તિમાં ઐક્ય રાખતાં થાઓછો ખોટા.
કાળ રાજ્ય ને સ્થિતિ બદલાયાં ટક ટક શું જૂઓ;
બંધન કંટકથી રીબાઈ પુરુષ છતે રૂઓ!
ટાણાં ઉપર વિચાર કરશો ઐક્ય તમે ચ્હાશો;
મૂર્છિત થયલા માનસિંહને ઉઠાડતા થાશો.
પ્રજા ઐક્યથી લાભ સર્વને એકેકને જાણો;
કહે નર્મદો નિત્ય નિત્ય શું ઐક્ય કરી નાણો.

(ચોપાઇ.)

રાજ્યભક્તિ સૂચક ટાણાં બે છે–દસેરા ને વરસ નવું બે છે.
રામે રાવણ રોળ્યો જે દીને, ત્રેતાયુગને અંતે લડીને;
તેનો ઓછવ કરિયે હજીએ, વિજયા દશમીએ સાજ સજીયે.
રામ લક્ષ્મણ હનુમંત વીર, જેનાં નામ યશદ રણધીર;
ધન્ય દહાડો અક્ષય બે કહીયે, શૂરવીરનાં સમરણ લહીયે.
શસ્ત્ર પાંડવે ફરિથકી લીધાં, સમી શસ્ત્રનાં પૂજન કીધાં;
જુદ્ધ માંડી કૌરવને હંફાવ્યા, જીતી હસ્તિનાપૂરમાં આવ્યા.
જોદ્ધા ઊંચા જે જુધ્ધે રીઝયા, તેને સ્મરણે જીતે જન બીજા.
ધન્ય વીર શ્રી અર્જુન ભીષ્મ, જેનાં સ્તુત્ય કુલીનતા નીમ.
દેશી રાજ્યોમાં ઓચ્છવ થાયે, રાજસ્વારી હજીયે સોહાયે;
રાજ શસ્ત્ર પુજેછે ઉમંગે, અજ મહીશ વધકરે છે રંગે;
કરે રૂધીરનું ટીલક ભાળે, રણેકીર્તિ ઉજ્વળ ચિત્ત ભાળે;
ઠાઠમાઠ ઘણેરો દીયે છે, જન જયજયકાર વદે છે;
ઘણાં વાજાં વાજે રણ રંગી, રણયશનાં મંગળ ગીત ચંગી.
સર્વ જાયે છે સીમમાં હરખે, નવાં ધાન્ય ને હોંસે નિરખે;
તડકો સિંદુરી લાલ ને પીળો, લીલાં ક્ષેત્રવિષે તે રસીલો.

જન શરદનો વાયરો લેછે, શકુન જોઇને ઘેર વળે છે;
રમે રાતે શૃંગારની બાજી, દસેરાથી છે સંધા રાજી.
નવે વર્ષે ઓચ્છવ જન કરતા, આશાપૂરીની આશા ધરતા;
રાજા વિક્રમને માન આપે, જેણે શકને સંહાર્યા તાપે;
શકને ચલવ્યો તે હજીયે રાજે, ઓગણિસ્સે ને પચ્ચિસ આજે.
જેણે પરમારથ બહુ કીધા, જેના દાખલા બીજે લીધા;
નવે વર્ષે આનંદ ઘણેરો, ભાવી તર્કની ઊછળે લ્હેરો;
માન દ્રવ્ય સુખાકારીકેરા, પ્રેમ શૌર્ય તણા રંગ ઘેરા.
કો તો પરમારથ જુદ્ધ ઈછે, કો તો આપતણૂં હિત પ્રીછે;
કો તો સ્નેહીનૂં રૂડૂં વાંચે, કો તો દાન્ય કરી પુણ્ય સાંચે;
કો તો લક્ષ્મીભગત થાય પૂરા, કો તો પંડિત ને કો શૂરા;
કો તો ભોજનનું સુખ નાણે, કો તો રાગ રતીરસ માણે;
ક્ષત્રી મદ્ય અપ્રુ ને વિપ્ર ભંગ, જોગી મુદ્રિથી રમતા રંગ;
ઢોલ તાસાં વાજાં બહુ વાજે, ધામધૂમ ઘણી બ્હોણીકાજે;
કોઠી કોડિયાં નળી ને હવાઈ, છુટે ફૂલકર ફટાકા અવાજી;
દીવા તકતાની દીપે ઝોક, લોક જોવા મળે ત્યાં થોક;
ધન્ય વિક્રમ તૂં બહુ રાજે, નથી વિક્રમ કો અહિં આજે!
અભિમાન સ્વદેશનૂં જ્યાં છે, માંગ્યો વિક્રમ બીજો ત્યાં છે.
રાજ્યભક્તિ સ્વદેશાભિમાને, તે તો ગુજરાતી નવ જાણે;
એક દહાડો ટાણાં મેં તપાસ્યાં, તેમાં મર્મ રૂડા વળી ભાળ્યા.
જો કે જાણે ન જંન તોએ તે, પાળે ટાણાં બે સાચે હેતે.
ભાઈ સ્વભાવિક છે સહુને, વળી છે આપણામાં લહુ તે;-
રૂડું દેશતણૂં અભિમાન, જેનું ટાણાંથી છે પરમાણ.
જ્યારે છે ત્યારે કાં ન સમજવૂં? કાં ન ઉત્તેજન લઈ સજવૂં?
એને સમજ્યાથી યશ બહુ થાયે, માટે અનુભવવૂં ઉત્સાહે.
બીજાં ટાણાં છે ધર્મ સંબંધી, કેટલાંએક મેળા સંબંધી;
તેમાંએ છે ઐકય જનોનૂં, કેવૂં મંગળ ઐકયનૂં જોણૂં!
જેવા રંગી ઉજમાળા દહાડા, સ્નેહ પ્રીત સુધડતાવાળા;
દીવાળીના, તેવા નિત થાયે–તે તો દેશાભિમાનેસુહાયે.

મળો મંડળીયોમાં ભાઈ, કરો વાત રૂડી જસદાઈ.
ખરા મિત્ર થઈ ખરા થાઓ, હિત દેશનું કરવા ધાઓ.
નિજ દેશનું અભિમાન તે શું, નિજ સ્વતંત્રતા યશ તે શું,
એને જાણી ઉઘમી થાઓ ખંતે, જુદ્ધે થાયે નક્કી જય અંતે.
મૂકો સંતોષ રોહ ઊંચી આશે, માગો હક્ક સત્તાધારીપાસે;
નડતાં બંધન કાપો રોષે, એજ ઇચ્છતો નર્મદ હોંસે.

ખંડ ૪ થો—સ્ત્રીશિક્ષણ સંબંધી.

(ગરબી.)

અલબેલીરે શારદમાત પૂજવાને જઇએ;
વરદાલીરે વિદ્યામાત પૂજવાને જઇયે;
બલિહારીરે શક્તિ સાર પૂજવાને જઇયે.

(મા) પૂજવા જઇએ દુરગુણ હણિયે, સદગુણ સણગાર સજીયેરે;
તજીદઈ નરસી રમત ગમત સહુ, નીતી ભાવે ભજીયે.પૂ૦અ૦૧

(મા) ઘણી કરી મ્હેનત ભણિયે ગણિયે, જણિયે[1] સાર વિચારરે;
જ્ઞાન ચતૂરાઈ ડાહાપણ લહિયે, ભક્તિ આનંદકાર.પૂ૦અ૦૨

(મા) પિયુ સસરા ઘરનાં જન જોડે, સંપ સલૂકે રહીયેરે;
સહુની સાથે સ્નેહ વધારી, ઘરની[2] બ્હાર ન કહીયે. પૂ૦અ૦

(મા) આળસ કહાડી ઉદ્યોગ માંડી, કાળ ક્ષણું નવ ખોઇયેરે;
બાળક હૈયે નીતી ભરીયે, જગમાં સારાં સોહિયે.પૂ૦અ૦૪

(મા) સજ્જન સંગતિ કરીયે રોજે, વિવેક વાણી વદીયેરે;
જૂના વેરી વંઠેલ બ્હેમો, સાન ધરીને તજીયે.પૂ૦અ૦૫

(મા) અનેક અટપટી અડચણ[3] આટી, સત્યની રાહે રમીયેરે;
ધંન માન ને મૈત્રી મંગળ, સુખડાં[4] ઝાઝાં જમીયે.પૂ૦અ૦૬

(મા) દમયંતિ દ્રૌપદી રૂકમણી સીતા, મિરાં અલ્યા ને તારારે;
સૂખ સંસારનાં શારદ સેવે, પામી સ્ત્રીઓ[5] સારાં.પૂ૦અ૦૭

(મા) જગના નીમો નિરખી ન્યારા, ગોવિંદ ગૂણો ગાઇયેરે;
સંકટ વિઘન ભય હણવા સારૂ, શારદ શરણે જઈયે.પૂ૦અ૦૮

(મા) અબળા જાતી સુધરે બ્હેલી, અનપૂરણાવર[6] લઇયેરે;
કુળના ઘરમો અદકા જાણી, નર્મદ બ્રહ્મને ભજીયે.પૂ૦અ૦૯

(૨–૧)

(ગરબી.)

બ્હેની ભણવા ઊપર પ્રીત, નિત નવી રાખો રે;
તજીદઈ નરસી રીત, નિતિરસ ચાખો રે. ૧

---

૧ બ્હાર કહાડિયે. ૨ (વાત.) ૩ સંસાર સંબંધી. ૪ ધન–માન–ને દોસ્તી એ ત્રણથી થતાં સુખડાંરૂપી ખાજાં. ૫ (ઉપર કહેલી.)
૬ શારદા જે અન્નપૂર્ણા–જે જોઈયે તે આપનાર દેવી તેનું વરદાન.

૨હું ભણવાથી થાય, તે ન ગણાએ રે;
તન મન દુખડાં જાય, સૂખ જણાએ રે. ૨
પુત્રિ વધૂ[૧] ને માત, એના ધરમો રે;
સહિયરતણા સહુ સાથ, જાણો મરમો રે. ૩
ધરનો ઉપાડો ભાર, જુગતિ ચલાવી રે;
વણસાડો ન લગાર, ધરદાઝ લાવી રે. ૪
મળિ બેહાં જો ચાર, મરમ ન કહાડો રે;
સંગત પિયુની સાર, તેથી લાડો રે. ૫
ભૂત ભમાડા વ્હેમ, કહાડી નાખો રે;
નરસાં ઊપર રહેમ, કદિ ના રાખો રે. ૬
પીહર સાસર વાસ, સંપે કરજો રે;
પસરે કીર્તિસુવાસ, સરસે ગરજો રે. ૭
જો ભુલવે દુરીજંન, કાન ન દેજો રે;
પ્રભુભય ધારી મંન, ઘરમે રહેજો રે. ૮
સ્વારથ કરવાકાજ, નવ ગભરાશો રે;
રસ્તો રાખી લાજ, લેજો ખાસો રે. ૯
રસિક બની ચતુરાઈ, ઘરમાં રમજો રે;
વિદ્યાથી ન ઘરાઈ, રસ ખુબ જમજો રે. ૧૦
પામો જો વીરામ, ઘરકામોથી રે;
ગાઓ શ્રી પ્રભુરામ, ડાહે મ્હોથી રે. ૧૧
ચમત્કાર સહુ સાર, આ સંસારે રે;
જાણો વિશ્વાધાર, જ્ઞાન વિચારે રે. ૧૨
ફરિ ફરિ કહું છું બ્હેન, વિદ્યા ભણજો રે;
લાજ વધારી એન[૨], લાભો ગણજો રે. ૧૩
વિદ્યાથી સંતોષ, છે વળિ ન્યારો રે;
બહુ સમશે સહુ રોષ, સાચૂં ધારો રે. ૧૪

---

૧ વહુ. (પુત્રિ અવસ્થામાં–વધુ અવસ્થામાં–છોકરાંની માતાની અવસ્થામાં પાળવાના ધર્મ). ૨ ચોખ્ખી; સારી પેઠે.

વિદ્યાથી લઈ જ્ઞાન, ભવના પાશો રે;
ઝટ તોડી સહમાન[૩], સ્વર્ગે જાશો રે. ૧૫

(૨–૧)

(ગરબી.)

ભલા જનનાર ભણાવો ભાવેરે, વિદ્યા સાચ સરસ લાભ લાવે.–ભલા૦ ટેક.

શીખી સ્ત્રી ઘર તરતૂં[૧] રાખેરે, કો દી ભૂલી ખરાબે[૨] ન નાખેરે,
નિર્ભે થઇને રૂડાં ફળ ચાખે.—ભલા૦ ૧

ઘરનાં જનજોડે સંપે રહેશેરે, જેને જેવું તેને તેવું દેશેરે,
રેશરેશ હીસાબજ કહેશે.—ભલા૦ ૨

કોઇનાં રૂપગુણથી ના મોહેરે, કોદી પાપિ વિચારે ન જોએરે,
નીતે ઉદ્યમમાં ચીત પ્રોએ.—ભલા૦ ૩

જૂહા વ્હેમ હણેજ ધિક્કારીરે, રૂડી રીતને લેછે સ્વીકારી રે,
આપે બાળકને શીખ સારી.—ભલા૦ ૪

જેવી મા તેવાં છોરૂ જોવાએરે, જ્ઞાની હોએ તો જ્ઞાની સુહાએરે,
મુરખી હોએ તો મુરખ તે થાએ.—ભલા૦ ૫

ઉછરે છોરૂઓ માનિ સંભાળે રે, કુમળી ઉંમર મા રહોડે ગાળેરે,
જેવા બોધો તેવાં તેઓ ભાળે.—ભલા૦ ૬

વિદ્યા ભણવાથિ મા જ્ઞાની હોએરે, નિતિભક્તિથી થઈ ડાહી સ્હોએરે,
જેની છાપો છોરૂમાં જોએ.—ભલા૦ ૭

સહુ સુધારાનું મૂળ તો નારીરે, સહુ સુધારાનાં ઘરની તે બારીરે,
શીખી નારી તેની બલીહારી.—ભલા૦ ૮

સ્ત્રીના હક છે પુરૂષ પ્રમાણેરે, માણસ ભગનિ તે બે ફાડ જાણેરે,
નહીં ઓછૂં વત્તૂં મન આણે.—ભલા૦ ૯

કોઈ એકથિ દુનિયાં ન ચાલેરે, સંધે સરખે સરખાં બેહુ હ્મહાલેરે,
સ્ત્રીને મારો નહીં કોઈ આજે.—ભલા૦૧૦

તજી હઠને શીખાડો નારીરે, રૂડી વાતને દો ન વિસારી રે,
નર્મદાનું કહ્યૂં ચીત ધારી.—ભલા૦૧૧

(૨–૧)

૩ ટેકમાં રહીને. ૧ ઘરરૂપી હોડી તરતી રાખે. ૨ ખરાબા ઉપર.

(ગરબી.)

સજ્જન શાણા, સમજીને સહુ પ્રીતે પુત્રી શીખવો ;
સ્વારથ ઇચ્છો, મૂકિ નિશાળે વ્હેમ શત્રુને પીંખવો. ટેક.

શીખે પુત્રી ખંધીજ થશે, શીખે પુત્રી કુળ લાજ જશે,
પણ એવું અજ્ઞાનજ બકશે.–સજ્જન૦ ૧

શીખે પુત્રી તો રંડાશે, શીખે પુત્રી વંધ્યા થાશે,
પણ એવું તો વ્હેમો પાશે[૧].–સજ્જન૦ ૨

સહુ શાસ્ત્રો ઓળંગાશે, વડિલ રૂઢી તે ભંગાશે,
પણ એવું સ્વારથીયા ગાશે.–સજ્જન૦ ૩

આવાં જે હોય લુલાં કારણ, સહુ તે અજ્ઞાનતણાં ધારણ[૨],
છોડી દો તે આરણકારણ.–સજ્જન૦ ૪

શીખેથી બગડે જો નારી, વિદ્યા શેની હોએ સારી,
શા સારૂ એ[૩] કરવી ભારી.–સજ્જન૦ ૫

વિદ્યા જો દુર્ગૂણને લાવે, પુરૂષ કાં ધાએ ભાવે,
વિદ્યા તો રૂડી કહેવડાવે.–સજ્જન૦ ૬

વિદ્યા પરિણામ ન નઠારો, વિદ્યાથિ ઠઠારો મઠારો,
ભમતોને એકદમે ઠારો.–સજ્જન૦ ૭

સ્ત્રી જન્મથકી નિંદીત ભણાય, પણ એમ કહે જૂલૂમ ગણાય,
શીખેથી તો દુર્ગૂણ હણાય.–સજ્જન૦ ૮

વિદ્યામાં છે ગુણ જો સારો, મૂર્ખા થાએ ડાહ્યા ધારો,
સ્ત્રીઓને ના વ્હેમે મારો.–સજ્જન૦ ૯

ભણે સ્ત્રી વંધ્યા રાંડિ રહે, મૂરખ કેમ તારે તેવિ રહે,
પણ એતો સહુ ફાંફાંજ કહે.–સજ્જન૦ ૧૦

શાસ્ત્રે જો કહિ ના તે વાત, ભણ્યો કેમ મોટો સ્ત્રીસાથ,
તેથી પરિણામ ભુંડો થાત.–સજ્જન૦ ૧૧

વિચાર એવા ન કરો ખોટા, વિદ્યાથી લાભ ઘણા મોટા,
કો વાતે ના રેહે તોટા.–સજ્જન૦ ૧૨

(૩-૧)

---

૧ વ્હેમને બંધને. ૨ ઊંધથી અજાણ રહીયેછ તે હાલત. ૩ વિદ્યા.

*(ગરબી)

વ્હાલી બ્હેનીયો રૂડું કહું હું સાંભળો જો;
મને ઊપજ્યો આનંદ દેખી ભલો જો. વ્હાલી૦ ટેક.
તમને ભણતાં ગણતાંને વળીવાંચતાં જો;
વા:વા વાધેછ વ્હાલ ભરતાં ભાળતા જો. વ્હાલી૦ ૧
વિદ્યા એજ કલ્પવૃક્ષ જાણ્યું તમે જો;
ધન ધન રમવા કરતાં વધુ ભણવું ગમે જો. વ્હાલી૦ ૨
ન સમજો કંઈ એ વાત ન્હાનીસુની જો;
બહૂ કાળજિ કરિયેછ હમે તમતણી જો. વ્હાલી૦ ૩
હમે આજ અહીંયાં મળ્યા દેખાડવા જો,
ફળો[૧] પાડવાની રીત તે ચખાડવા જો. વ્હાલી૦ ૫
સમય શીખવાનો નહિ આ ચૂકવો જો;
ભાવીરૂપતણો ભાર તેપર મૂકવો જો. વ્હાલી૦ ૬
નિર્મળ નીતિકૂપ પાણિ ન્હેમી પીઓ જો,
સુખ સંસારનાં નીરોગિ સહુ ભોગવો જો. વ્હાલી૦ ૭
તજી રોષ વળી હોંપથી સહુ ભણો જો;
હરી દોષ ને સંતોષ પામો ઘણો જો. વ્હાલી૦ ૮
ભલી ભાઉતણી વાત દિલે ગોખવી જો;
અહોનીશ કથા બ્રહ્મનિ તે પોખવી જો. વ્હાલી૦ ૯
(૩-૧)

(પદ.)

શુદ્ધિ આણી ફળ જાણી નરનારી ભણોરે,
વિદ્યા બહુ છે શુભકારી–ભણો. શુદ્ધિ૦ ટેક.
વિદ્યાથકી જો, બ્રહ્મ નકીજો;
હાંરે લીલા જોઈ કરજો ખુબયારી[૧]–ભણોરે, વિદ્યા૦ શુદ્ધિ૦ ૧
વિદ્યાથકી તો, દુખને મટાડો,
હાંરે ધરી નીતિ સ્વીકારો રીતિ સારી–ભણોરે. વિદ્યા૦ શુદ્ધિ૦ ૨

---

*ગળદાસની છોકરિયોની નિશાળમાં ડા૦ ભાઉએ ભાષણ કર્યું હતું તે પ્રસંગે વાંચી હતી. ૧ વિદ્યારૂપી કલ્પવૃક્ષનાં ફળ. ૧ ઈશ્વર સાથે પ્રીતિ.

વિદ્યાવિના જંન, પશુતણૂં તંન;
હાંરે કરે મસ્તી કુજરી[૨] મારામારી–ભણેારે. વિદ્યા૦ શુદ્ધિ૦ ૩
વિદ્યાવિના તેા, ન વ્હેમ જાતેા;
હાંરે તે તેા રેાજે રીબાવે ખુની ભારી-ભણેારે. વિદ્યા૦ શુદ્ધિ૦ ૪
વિદ્યાવડે તેા, જન સુખ લેતેા;
હાંરે રીસ લાલચેા લલુતા ભુંડી મારી–ભણેારે. વિદ્યા૦ શુદ્ધિ૦ ૫
વિદ્યાવડે રેહ, નૂર હકેા તેહ;
હાંરે પડે શત્રૂ આપીદે દેાલત હારી–ભણેારે. વિદ્યા૦ શુદ્ધિ૦ ૬
વિદ્યાભાવે[૩] તેા, થાય ફજેતેા;
હાંરે વારે વારે સંઘેથી ફિટકારી–ભણેારે. વિદ્યા૦ શુદ્ધિ૦ ૭
વિદ્યા ભાવેથી, અનીતિભેથી;
હાંરે બચીજાએા નહીંતેા વ્હેરે આરી–ભણેારે. વિદ્યા૦ શુદ્ધિ૦ ૮
નર્મદ વાણી, સહુએ પ્રમાણી,
હાંરે તજી આળસ કરીને શ્રમ જરી–ભણેારે. વિદ્યા૦ શુદ્ધિ૦ ૯
(૨–૧)

(પદ.)

મેાકલેા નિશાળે પુત્રિ સજ્જનેા તમે
સજ્જનેા તમેરે સહુ,સજ્જનેા તમેરે સહુ,સજ્જનેા તમે રે. મેા૦ ટેક.
બાળપણમાં શિખાડયું વ્હેલું આવડે,
જેમ ઝાડ ફૂમળૂં અડે નમી પડે,
મેાટપંણમાં વિઘ્ન તેા ઘણાં નડે,
મંનમાન્યું ના કદાપિ પૂરં સાંપડે[૧],
ઊંમરે પેાંચીને ભણે, શરમ શ્રમ ખમેરે. મેા૦ ૧
પુત્રિ ઘેર ના ભણે પણ રેાજ રડવડે,
બની લાડકી છકી તે સર્વસૂં લડે,
સાસરે પીહેર પછી ભારિ તે પડે,
તે સમે પિતા ને માત તે વળી રડે,
રહી પુત્રિ મૂર્ખ તેતેા, બહુ બહૂ દમે રે. મેા૦ ૨

---

૨ ધિક્કારવા જેવી રીતનું છિનાળું. ૩ વિદ્યાને અભાવે. ૧ મળે.

જે નિશાળમાં શિખાય ઘેર ના શિખાય,
સાથિઓનું દેખિ દેખિ ચાનકો રખાય,
ન્યારિ ન્યારિ રીતિ પેખિ સાર ચિત લખાય,
દુઃસ્વભાવ સ્હેલથિ સહૂ કહાડિ રે નખાય,
અને પચવિ હૃષ્ટ પુષ્ટ, નિશાળે જમે રે. મો૦ ૩
ઘરનું ભણ્યું બાંધ્યું ઢોર બ્હાર ન સંખાય,
કાં તો બને સૂમ કાં તો ભસી કરડિ ખાય,
સ્હેજ વાતમાં સદા તે સર્વથિ ઝંખાય,
જ્ઞાનના રસો પુરા તેથિ ના ચખાય,
નર્મદા ઘણું શું કેહે, કરો મન ગમે રે. મો૦ ૪
(૨–૨)

(હોળી–રાગ કાફી).

બ્હેનો તમે જ્ઞાન વધારો, ભૂંડી રીતી સુધારો.
શીખેથી સારાસાર સમજાયે, છંડાયે છંદ નઠારો;
હાંરે બ્હેની છંડાયે છંદ નઠારો;
ઉદ્યોગી મધમાખી પઠે નીત, સંધેથિ સાર સ્વીકારો. બ્હેનો૦ ૧
ઋત વસંત[૧] તો પૂરી થશે ને, ઝૂલશે મદનો ઉન્હાળો[૨];
હાંરે બ્હેની ઝૂલશે મદનો ઉન્હાળો;
ગભરાતાં નીકમાંજ પડાયે, નીતિયે લાગે તે[૩] વ્હાલો. બ્હેનો૦ ૨
વેરી[૪]તે વ્હેમી વીચારોને વ્હાડી[૫], વ્હેરી[૬] વેરી[૭] દીલ ઠારો[૮];
હાંરે બ્હેની વ્હેરી વેરી દીલ ઠારો;
નીતી ધરમ જે પાળે નર્મદ, તેજ ઉગરશે ધારો[૯]. બ્હેનો૦ ૩
(૧–૨)

(ઠુમરી.)

કયારે શીખી સુધડ સ્યાણી થાય સલુણી પ્યારી સુંદરી–કયારે૦ ટેક.
રૂપસાથે ગૂણ તો મળે, સુગંધ સુનાની માંહ્ય;
નીતિરસે ભરી જો બને–રૂડું જોબન ઝળક સોહાય–સલુ. કયારે૦ ૧

---

૧ બાળપણ. ૨ જુવાની (જોબનનો હાથી મદે ઝૂલશે.) ૩ તે ઉન્હાળો–જુવાનીનો વખત. ૪ ખારીલા. ૫ કાપી. ૬ (કરવતથી.) ૭ ફેકી દઈને. ૮ સંતોષ પામો. ૯ સમજો; માનો.

સૂણ મા તૂં વ્હેમનૂં, લવવાથી આપણું શૂં જાય;
પ્યાર મ્હારો તો વધે, ભણ્યું નર્મદનૂં જો મનાય–સલુ. કયારે૦ ૨
(૨–૨)

(મુસતેનદ–રાગ મુલતાની–ગત ગજલની.)

*ભણવાથી વ્હેની કસૂંએ તને નુકસાન નહીં,
ભણની તૂં સારૂં કહૂં;
નીતિ સમજી તે તું પાળ્યાવિના ઈનસાન નહીં,
એવું હૂં સાચૂં લહૂં. ભણ૦ ટેક.
જો ઘરસંસારે આવી વિઘન દુખ દે દુખ દે,
નહીં કો મદદે મદદે;
તો ભણ્યું ગણ્યું આડે આવી કરી ધિર દે ધિર દે,
નિરમળ સુખ દે બહૂ. ભણ૦ ૧
જો છ દુશ્મન ઝેરી તીરે તને મારે મારે,
ખૂબ વારે વારે;
નીતિ ચિલખત[૧] ઝિલિ કાઢે ઘાને ભારે ભારે,
વારે ઘડિયે સહૂં. ભણ૦ ૨
સારૂં નરસું સમજી તું લાભ લિયે હામે હામે,
દરએક કામે કામે;
આત્મજ્ઞાને સાચી જો તું ઓળખ કરે રામે રામે,
સદા ગુણ ગાતો રહૂં. ભણ૦ ૩

(૨–૧)

(પદ.)

કરુણા સાગરા હારી રહ્યાં પ્રસાદ તું દે–અમે તો હારી રહ્યાં પ્રસાદ તું દે-કરુણા૦ ટેક
વર્ષ થયાં છે તીસજ પૂરાં
સર્વ વાતે રે છૈયે અધૂરાં–અમે તો૦ કરુણા૦ ૧
ધર્મ નીતિમાં નથી કાંઈ ઠેકાણું
કાજ સંસારી તે નવ જાણું–અમે તો૦ કરુણા૦ ૨

---

* એ અને એની આગલી સઘળી કવિતા છોકરીયોની નિશાળનિમિત કરેલી છે.
૧ બખતર.

વધી ઘણી છે કોડ ઘેલાઇ
ને મરજાદા બહુ છે લેવાઈ–અમે તો૰ કરુણા૰ ૩
અમે અમારા દુર્ગુણ હરીએ
સ્ત્રીપદ ઊંચે આવી ઠરીએ–એવો તું વહેલો અમને પ્રસાદ તું દે
કરુણા સાગરા વહેલો અમને પ્રસાદ તું દે.

(પદ.)

શીખીને સ્ત્રી શાણી થાએ,
તેનાં બંને કૂલ સોહાએરે–શીખીને૰ ટેક.
ભણિ તો ઘણી કંઈ ને ગણી તે વહેલી પડી વહી જાએ–રે શીખી૰ ૧
હઠથી હઠીને રહેતી નમંતી પામતી સૂખ સદાએ–રે શીખી૰ ૨
નર્મદ કહે સૌ નાની મોટીઓ વિવેકથી વખણાએ–રે શીખી૰ ૩

(પદ.)

સખી નીતિ મરજાદમાં રહીએ
ટળશે સરવ દુખ, મળશે સરસ સુખ–સખી ની૰ ટેક.
લોભ તજી સંતોષે રહેવું, ચલાવવું ઘર નિયમેરે
સ્વજન સાથસું વિવેક રાખી, ગુણથી વહાલી થઇએ–સખી૰
પરજન કેરા સ્નેહ મોહમાં, ચિત્ત ચલિત નવ કરીએરે
ધરી ધીરજ ને સત્ય પાળતાં, નિજ કામે તન દઇએ–સખી૰
ભક્તિ હરીની ભીડને ભાંજે, ઇચ્છિત અર્થને આપેરે
નારાયણ તો વસુ નીતિયે, નર્મદ સાચું લહીએ–સખી૰

સાખી.

એનો નિત્યે કરવાનાં કામ, કહુછું તે સુણજો તમેરે
નીમ પાળતાં રાખજો હામ, કહુંછું તે સુણજો તમેરે.
વહાણે વહેલું ઊઠવું, ખંતે કરવું સ્નાન
ઠરી બેસિ ચોખે ચિત્તે ધરવું શ્રી હરિનું ધ્યાન–કહુંછું. ૧
ભણવો લખવો પાઠ ને જવું નિશાળે નીત
આવીને રમવું વળી હાવકી રાખી રીત–કહુંછું. ૨

રાતે સુણવી વારતા જ્ઞાનનીતિની તેહ
વડીલનું માન્યા થકી સૂખમાં નહીં સંદેહ–કહું છું. ૩

(પદ.)

ભણ્યા વિના નવ જાણ થાય, ને ડહાપણ તો નવ આવેરે–ટેક
ઝાઝી જાણ તે ભણવાથી થાએ બુદ્ધિ બહુ કેળવાતીરે
આમ કરવું ને તેમ ન કરવું, સમજે નીતિ લેવીરે–ભણ્યા૦ ૧
દુર્ગુણવંતીઓનું વાંચી દેખી દુખ તો થાતૂંરે
સદ્‌ગુણવંતીઓતું વાંચી દેખી મન સંતોખાતૂંરે–ભણ્યા૦ ૨
બાળકપણમાં શ્રમથી ભણવું, મોટપણે અનુભવવુંરે
ઈશ્વરનું ભય નિત્યે ધરતાં, સુખ ઊંચું ભોગવવુંરે–ભણ્યા૦ ૩

(પદ)

સહીઅરો સ્નેહસું ગાશું, હરિગુણ લય તાળીરી–ટેક
ધણેજ દહાડે આપણે મળ્યાંરીહાંરે ઇચ્છા હરિની હેતાળીરી–સહી૦ ૧
વીજોગ દુખમાં સુમતિ દઈરી,હાંરે રાખ્યાં હરીએ સંભાળીરી–સહી૦ ૨
રટે નર્મદા નામ બલિહારી, હાંરે હરી જગનો છે વાલીરી–સહી૦ ૩

(ગરબી.)

ભણી વિવેકી ડાહ્યાં થઇને, સહુમાં હળી મળી ચાલો રે,
પ્રભુથી બ્હીતાં નીતિથી રહેતાં, કદિ નવ વળગે આળો રે–ભણી૦૧
આવડતથી ને ચાલાકીથી, ઘરસંસાર ચલાવો રે;
સુઘડ રહીને ચતૂરાઇથી, લો પિયુસું સુખ લ્હાવો રે–ભણી૦૨
ભલું ઉપાડી લીધું ઘર ને, વળી તરાવ્યું કહાવો રે;
કુટુંબ વધેથી પ્રૌઢપણાંથી, વધુ જસ રંગ દરસાવો રે–ભણી૦૩
પુસ્તકવાચન કરી પરવારે, મનમાં નીતિ જમાવો રે;
નર્મદ ભણેલું સફળ તમારું, જો જગકર્તા ગાવો રે–ભણી૦૪

(ગરબી—ગોવાળીયાની ચાલ.)

મૂરખ નારતણી હાંસી, એનો જુઓ શી થાય. ટેક
ગમ પડે નહીં ઘર ધંધામાં, બહુ બહુ તે ગભરાય;
આળસમાં પરવારી ન લેને, પછી વળી ચ્હીડાય—મૂરખ૦ ૧
ઘેર બીજી મળવાને આવે ત્યારે, કેશ હોળંતી હોય;
અંબોડો મારો વાળોની વ્હેલાં, કહીને ભોહું જોય—મૂરખ૦ ૨
બાઈ કરૂં શૂં ઘાડજ વળગી, કેમ હું નવરી થાઉં;
એમ બ્હાનાં કહાડે વળી કહે, છટું હું જો મરીજાઉં—મૂરખ૦ ૩
બ્હાવરપણમાં લુગડાં ઘરેણાં, પ્હેરીને નિસરે બ્હાર;
લજ્જા પામેથી વેવલી ચાલે, હસે સાહેલી નાર—મૂરખ૦ ૪
ચારમાં તે બોલી નવ જાણે, બોલે વધીને ધૂમ;
વીવાહનું તો બારમું કરતી, વેળાએ બનતી સૂમ—મૂરખ૦ ૫
વેળાએતો વળી મોહું મરડે, ત્રિશુળ ચડવે ભાળ;
નસકોરાંમાં ઊંટડાં પેસે, વેળાએ દેતી ગાળ—મૂરખ૦ ૬
કંકાસ કરતી સહુની સાથે, રીંસે રહે ધુંધવાઇ;
હઠે ભરાઇ વગાડતી ભૂંગળ, જુઓ હમારી ભવાઇ—મૂરખ૦ ૭
થોડાબોલું ને થાબલાકોરૂ, એવી કો દેખાય;
મીંઢી મ્હેણાં ભૂંકે છકીને, કૂળ નીચૂં કહેવાય—મૂરખ૦ ૮
કોઇસૂં રૂડો બનાવ ન રાખે, વર્ચસે મારે બાળ;
ધર્મ નીતિ વૃત મુકી દઇને, ઘરે હીણી તે ચાલ—મૂરખ૦ ૯
ઘરની તો કાંઇ સંભાળ નહીં ને, બ્હારજ ભમતું મંન;
મેલી ગંધાતી જાતે ને કર્મે, ધિક્કારે સહુ જંન—મૂરખ૦ ૧૦
જાદૂ ટોણાં ને ભૂત ભમાડા, લોભે પસા રે જાળ;
ડાકેણ જેવી ચોટલે છૂટે, દૃષ્ટિ જેવી વિકરાળ—મૂરખ૦ ૧૧
નફટ નારી ગાય ફટાણાં, મૂકી સુધડ સહુ રીત;
એ ટાણે ઊજમાળી રંગીલી, બુસી બળેલી નીત—મૂરખ૦ ૧૨
માનવી દેહે તોપણ ભૂંડી, રાક્ષસણી તે હોય;
માત પિતા પિયુ ભ્રાત સહુને, કાળ રૂપે તે જોય—મૂરખ૦ ૧૩
જેને નિંદે જેનીજ જાતી, તે કેમ સ્ત્રીમાં ગણાય;
ભોગ પુરૂષના ભાગ્યહિણા કે, બાળપણે તે ફસાય—મૂરખ૦ ૧૪

હળીમળીને વાત ન કરતી, ફૂવડતીના ઢંગ;
નર્મદ કહે શો વાંક બિચારાનો વિધાતણા નહીં રંગ.—મૂરખ૰ ૧૫

ભણી નારતણી શોભા, એનો કહી નવજાય.—ટેક.
ભણ્યો પરાક્રમી સદ્‌ગુણી રંગી, જોઇને અર્પે પ્રાણ;
પિયૂતણૂં માન રાખી વધારે, પામે પોતે પણ માન—ભણી૰ ૧
ઊમળકાથી તે પેખે પીયૂને, આજ્ઞામાં રહે નીત;
પુછી સ્હલામાં જુક્તિ બતાવે, મંત્રી ચતુરની રીત.—ભણી૰ ૨
નીચાં ઘરની નિર્લજ નારી, તેવા વળી નર જોહ;
તેવાની સંગત. છાંડે ધિક્કારી, છેટે સદા તે રેહ—ભણી૰ ૩
હીણી સ્થિતિમાં ઉછરેલાંને, બોધીને કરતી હીત;
કાદવમાં પણ નિર્મળ રહોયે, કમળ સરીખૂં ચિત્ત—ભણી૰ ૪
પરજનસું વીચારીને બોલે, લજ્જામાં રહીને જોગ;
ઊંચા ઘરનું તોલજ રાખે, સદા વખાણે લોક.—ભણી૰ ૫
વધી વદ્દે નહી મૂરખી પેરે, રોષ ન કહાડે ખ્હાર;
ફટાણાંની તો વાત શી જાણે, લાજ જેનો સણગાર.—ભણી૰ ૬
લોકની લાજે ને ધાકે નહી પણ, વીવેકે કરતી કામ;
પ્રેમ ને નેમ ને સત્યની ખુદ્ધી, એથી યશસ્વી નામ.—ભણી૰ ૭
સગાં સંબંધી જંનજોડે પણ, મર્યાદપણુથી વાત,
લંપટ છળમાં નવ લપટાએ, પાકી તે સૂત્રડ જાત.—ભણી૰ ૮
જારે તારે નવ ફરતી ફરે પણ, હરી ખુદ્ધીએ સ્હોય;
ઘરનું કામ અટોપી કરીને, નવું વિચારી જોય—ભણી૰ ૯
બાળક ઉપર લક્ષજ રાખે, વાતમાં આપે શીખ;
વાંચે લખે ગણે સીવે ભરે ને, ચીતરે સહુના ચિત્ત—ભણી૰ ૧૦
ઘરનાં વડીલોસું હળિમળિ ચાલે, રાખે સખીશું હેત;
હાવકી રહીને વિનોદ કરે પણ, દાંત ન કહાડે છેક.—ભણી૰ ૧૧
ઘરની ને વરની હૈયાંમાંની, કદી ન આણે ઓઠ;
ભૂત પિતર ને સાધન મંત્રની, સાચી ન માને ગોઠ—ભણી૰ ૧૨
ખંધાઈ જાણી રહે બહુ સાવધ, પોતે ન ખંધી થાય;
પ્રેમ દયા ને ઉદારતાથી, સંતોષે સોહાય—ભણી૰ ૧૩

સુંદર રૂપમાં સુંદર ગુણો, ભળ્યા વિધાએ જ્યાંહ;
સુંદરતાની પસરતી સુગંધી, કસ્તુરી તે શી ત્યાંહ—ભણી૰ ૧૪
સૂરજ પેરે તિમીરને કહાડે, બાળે પુવડના ઢંગ;
ચંદ્રપેરે આનંદ દે નર્મદ, નારી સુધડના રંગ—ભણી૰ ૧૫

(ગીત.)

બેનો સૂણજો ઉમંગેરે, મુરખ ભણીનિ વાત;
દુંખી દૂકમાં સમજવૂં, સૂધડ ને પુવડ જાત–૧
ભણી માતતણી બેટિરે, તે હીરાનું હીર;
નાવલો હૈડામાં હરખાએ, ઘરમાંથિ ન્હાસે પીડ–૨
મુરખ માતતણી બેટિરે, તે ખચ્ચરની જાત;
નાવલો નિત્ય ધૂધવાએ, ઘરમાં દે મ્હેણાં લાત–૩
ભણી માતતણી બેટિરે, તે તરાવે નાવ;
નાવલો પામે જશ મોટા, નારીનો રૂડો ભાવ–૪
મુરખ માતતણી બેટિરે, તે ડુબાડે નાવ;
નાવલો અણધડ ગણાએ, નારીનિ કરે રાવ–૫
ભણી માતતણી બેટિરે, તે સ્વરગનો સાથ;
નાવલો નર્મદ આનંદે, હેતેથિ ઝાલે હાથ–૬

(ગીત.)

અમર રેાહરે બેન અમર રેાહ.—ટેક.

પરણ્યાના પ્રેમમાં અમર રેાહ, નીતિ ધરમના નેમમાં અમર રેાહ;
અમર રેાહરે બેન અમર રેાહ.–૧
જસ મેળવી સુપંથમાં અમર રેાહ; ભણી વિદ્યા ને ગ્રંથમાં અમર રેાહ;
અમર રેાહરે બેન અમર રેાહ.–૨
મન મોટે ત્રણ તાપમાં અમર રેાહ; સત નર્મદ અલાપમાં અમર રેાહ;
અમર રેાહરે બેન અમર રેાહ.–૩

ખંડ ૪ મો—ઘરસંસાર સંબંધી.

(ગરબી.)

*પણવાસારૂ ઘેલો થઇને, વહુ વહુ મુખથી બોલ્યોરે;
રાત્ર દિવસ તન મંન બિગાડી,હામ હામ પૈસો બોળ્યો,
સમજ મૂઢ સ્વામી તૂં. ૧
ધણે ધણે કોડે પરણ્યો હૂંને, નહિં ગુણ મારા જોયારે;
પરણ્યો પરણ્યો કહેવડાવ્વાને, ગેરવાટે[૧] ધન બોયાં. સ૦ ૨
ચાર દિવસનૂં માન જે જાૂંદૂં, તેમાં બહુ મકલાણોરે;
આણે તેડૂં ઝટ કરાવી, પછી ભારે અકળાણો. સ૦ ૩
થોડા દિન તો રહ્યો મોહ મુજપર,પછી હૂં લાગી કડવીરે;
પુરૂષારથથી ગળી કર કડવી, શિખામણ મુજમાં ગડબી. સ૦ ૪
પણ તું તો પીટયો મૂરખ હૂંથી, મૂઢ ને વ્હેમી ભારીરે;
સ્હેજ વાતમાં આડું લઈ કરી, કરે બહુ મારામારી. સ૦ ૫
જખ મારવાને પરણ્યો ઘેલા, દુખ દેવાનેકાજેરે;
આગળથી ન વિચારયું ભૂંડા, વઢતાં કેમ ન લાજે. સ૦ ૬
ઘેર આવ્યો કે કાળના જેવો, તામસી તૂં વિકરાળરે;
અક્કરમી વર વહુપ્રતિ શૂરો, સ્હેજ સ્હડાવે આળ. સ૦
તૂં પોતાના દુરગુણ છોડી, ફેરવજે શિખ[૨] પૈડુંરે;
પ્રથમ નાડિ નિજની નિરખે તે, કરે બીજાનૂં વૈદું. સ૦ ૮
ગવાંરપણાં તારાં છે ભારી, દોષ ન મુજમાં લેશરે;
હિંદુમતે છે નારી નીચી, વાંક કહે મુજ દેશ. સ૦ ૯
શરિરે દુખ જો તૂને પીડે, ઝટ ડાકતર બોલાવેરે;
મરતી હોઊં મંદવાડે હૂં તો, નહીં કંઈ મનમાં લાવે. સ૦ ૧૦
આળસ ને અજ્ઞાને ઘેરયો, વ્હેમનું જાળૂં થાયરે;
ઘડી પ્હોર જાયે બ્હાર ઘેરથી, ધાન નિરાંતે જમાય. સ૦ ૧૧
આમકરી ચૌટેથી આવે, સ્ત્રીસુતને ભડકાવેરે;
ન ગમે મુખ મારૂં તૂને તો, ઝેર દઈ વ્હેલ મુકાવે. સ૦ ૧૨

---

*એક મારા નાતીલા પાડોસીનાં ઘરનો ઢંગ જોઇને લખેલી.
૧ ન્યાતવરા, વરઘોડા, ને નાચરંગમાં. ૨ કડવી શિખામણરૂપી પૈડું-પૈડુ ફરી જાય છે તારે દુખ થાય છે; તેમ શિખામણ સાંભળતાં માઠું લાગે છે.

બાળકપણના સદગુણી ભાઇયો, તુજ ખપ્પરમાં આવેરે;
ધિકધિક ભાયડા આણ શરમ કંઇ,કંઇપણ માણસાઈ લાવે. સ૦ ૧૩
ધણીના ધરમો જોનિ વિચારી, વેઠ મને ન હું છોડૂંરે;
કુસંપ ઘરથી તજી કરીને, દાખવ ઝંપનું મ્હોડું. સ૦ ૧૪
ઘણું શું કહું ઓ તૂને ભુંડા, કહેતાં બહુ લજવાઉંરે;
મારી શીખને માને નેહથી, પતિપ્રિત ખાજું ખાઉં. સ૦ ૧૫
(૨-૧)

મેં ના જાણ્યું આગળ આવું, બાકી ન પરણત તૂનેરે;
જાણીને કો કુવામાં પડે નહિ, નથિ કંઈ ઝંપજ મૂને.
સમજ હિણુ નારી તૂં. ૧
ડુંગરા તો દુરથી રઢીઆળા, તેવુંજ ત્હારૂં રૂપરે;
રહોડમાં જોઉં તો પ્રુએડ ભારી, કેમ રહ્યો જાઉં ચૂપ. સ૦ ૨
ધપધપ ચાલે મદથી પ્રુલી, પાવધ્યો દેખાયરે;
ટપટપ વળગે કામે જોઇ વર, ખરી લુચ્ચાઇ જણાય. સ૦ ૩
બાષ્કળ ચસકા દેખૂં ત્હારા, કાં લજવાવે કૂળરે;
પટપટ બોલે સામૂં મ્હારી, તૂં ન ગણે નિજ ભૂલ. સ૦ ૪
ઘરધંધો વણસાડે નારી, ન સ્થિર કંઈ ચિત ચાલરે;
ભાંગે ફોડે તે સહુ સહું હૂં, તે થાય ખરાબ ઘરમાલ. સ૦ ૫
ધણી મ્હેનતથી રળું હું પૈસો, તેમતેમ તૂં બહુ બોયરે;
કરવા આગળ ટાણે ખરચ સહુ, તે તૂં કેમ ન જોય. સ૦ ૬
ચાકરિ મેં બોઇ વાંકે ત્હારે, રેઢિઆળી તું ન સારીરે;
બઇરી આણે લખમી પણ તું, ન્હેસપગી બહુ ભારી. સ૦ ૭
ગુણ ચતુરાઇએ નહીં તું માહેર, લાહેર કરવે નખરાંરે;
"બાઈ બાઈ બોભલે ધાણી કરવે," ઘેર ઘેર તૂં સંચરાં. સ૦ ૮
મ્હારાપરથી પ્રીત ઉઠાવે, કારણ શૂં છે ત્હેનૂંરે;
સઘળી મરજી રાખૂં તોપણ, પરપર[1] કાં પાડે નેનૂ. સ૦ ૯
નઠારી થઇને કરે બિજાને, કાં તું ચઢાવે આળરે;
ઉલટો ચોર કુટવાલને દંડે, નહિં સમજીશ થઇ ન્યાલ. સ૦ ૧૦

---

૧ બીજા પુરૂષના ઉપર.

તૂં અબળાને શીખવવાને, કાળ ઘણો મેં ખોયોરે;
કૂસંગતથી સબળી થઈ બહુ, ખોટો મારગ જોયો. સ૦ ૧૧
હું નથી મૂરખ જાણું નીતિ, સમજાવીને કહું છું રે;
હવે નહિં માને છેલ્લી શિક્ષા, પ્રારગતી હું દઉં છું. સ૦ ૧૨
ઘણી ઘણી હોંસો મ્હારે હૂતી, થઇને તારો પ્રીતભરે;
આખર તેં પસ્તાવ કરાવ્યો, તૂં ઉધ્ધત નહિં કંમ. સ૦ ૧૩
છતિ બૈરી ખાવે દુઃખી, સુખ તો કાંથી હોયરે;
ધિકધિક બૈરીએ લજવા કંઈ તું, શા સારૂ હવે રોય[૨]. સ૦ ૧૪
આ સહુ ભુંડી ટેવ જે હ્મારી, છોડી દે તૂં વ્હેલરે;
પ્રીત સંપથી રહેતાં નારી, ઘર નીભ્યૂં જાય રહેલ. સ૦ ૧૫
(૨-૧)

(હાલરડાંનો ઢાળ.)

જે દીથી આવી તારી કને હૂં, તે દીથી આ દેદાર;
કમાવવાની બુદ્ધિ બૂંધીને, સાચે નહીં લગાર—
મુઆનું અળખામણું રે મ્હોડૂં;
પ્હેરૂં શૂં હૂં, રાંધું શૂં ખાઊં,
દેખી નીત બળી બળી થાઊં રે,
અક્કરમી હીણુ, બાળ તારૂં અળખામણું રે મ્હોડૂં. ૧
સીવી ભરીને દળી કાંતીને, ભરૂં હૂં તારૂં પેટ;
પેટે પડ્યાછે છોરૂ બાંડીમણુ, દૈવતણી તૂં વેઠ— મુ૦;
પેટમાં કુવા, ઘરમાં તો જુઆ,
પ્હેરૂં શૂં લૂગડાં ઘરેણાંરે
મરતી હૂં નથ્થ[૧]—બાળ૦ ૨
આયવિનાનો[૨] ધણી થઇ કરી, કહાડે જુઠાં તૂં નેણ;
ચલરે ઢોઆ શૂં તેથી બીહીજઈશ, સામાં કહાડૂં સો વેણ.—મુ૦;
પાધડી શૂં પેરૂં, કમાવવા જાઊં,
પંછી તુને ચૂડલો પેરાવું રે
સાંપી દઊં ચૂલ, બાળ૦ ૩

---

૨ સ્ત્રીનો સ્વભાવ છે કે રોઈદેવું. ૧ નથી. ૨ કૈવત-પુરૂષાતન વગરનો.

કોઈ દહાડો હું ઠરી ન તૂંથી, એવા ભુંડા છે ઢંગ;
કિયાં જનમનાં પાપે કરીને, પાતું પડયૂં તુજસંગ.–મુ૦;
ઝંપ નહીં કહીં, ભણ્યો તું નહીં,
કરમે મૂકી રહૂં હાથ રે
પાસેથી જા, બાળ૦ ૪

(૨–૧)

(ગરબી.)

* (જન) એકપર બીજી નાર, કોદી નવ કરતો;
(જન) એકને રડાવી યાર, બીજી નવ વરતો[૧]. ૧
(જન) રાખી બળતી એક, સુખ દે બીજીને;
(જન) મૂકે મરદનો ટેક, અબળા દુખવીને. ૨
(જન) મેલું નીચું કામ, ભંગિયાથી ભૂંડું;
(જન) નિર્દય તેથી નામ, કસાઈથી કૂડું. ૩
(જન) પ્રજા થતી પડે બંધ, પ્હેલી બૈરીને;
(જન) તે હત્યારો અંધ, બને ગભરાઇને. ૪
(જન) નીસાસા બહુ લેજ, તેથી પીડાયે;
(જન) ફિટ[૨] બૈરામાં રહેજ, વાતોમાં થાયે. ૫
(જન) નીત લડે બે નાર, એકકને ધુરકે[૩];
(જન) તેથી દુઃખિ અપાર, ખૂણાંમાં સરકે[૪]. ૬
(જન) ભમતે ચ્હડી દુખ દેય, પ્હેલી[૫] ના માને;
(જન) ઘર ધુંધવાતું રેહ, ટંટા તોફાને. ૭
(જન) લડતી જીવાઇકાજ, પ્હેલી[૬] અકળાઈ;
(જન) જગમાં ખોયે લાજ, ભાઈ ને બાઈ. ૮
(જન) ચ્હડે પછી દરબાર, હસતા મ્હાજનિયા[૭];
(જન) સગા મ્હાલતા ધાર, ઘિસના[૮] સાજનિયા. ૯
(જન) પ્હેલી મૂકે પોક, જિવતે ધણિયે ને;
(જન) વર કરતો દિલશોક, પછી તે કહે કેને. ૧૦

---

* એક મારા સગાની ફરમાસ ઉપરથી.
૧ પરણતો. ૨ બૈરાંઓ તેને ફિટફિટ કરે. ૩ એક બીજાની સામે ડોળા કાઢાડે. ૪ જાય; ભરાય. ૫ પેહેલી વારની બઇરી. ૬ પેહેલી વારની બઇરી.
૭ નાતીલા; લોકો. ૮ હોળીના પડવાનો વરઘોડો.–તેમાં બીજી પરણે તે

(જન) હોય ખરે જો ભોગ, બીજી કરવી રે;
(જન) વધી પડે પછિ રોગ, પડીને શી પીવી રે. ૧૧
(જન) દુઃખિ એકથી હોય, તો દુખ સાંખી લે;
(જન) બીજી પરણી રોય, તેવું ના કરિ લે. ૧૨
(જન) ગુજરાતે છે રીત, બીજી કરવાની;
(જન) બન્ને રડતી નીત, ચંતા ખાવાની. ૧૩
(જન) રાજા રાણિ અનેક, કરતાતા જે તે;
(જન) મૂકી બેઠા ટેક, દુનિયાંથી છેટે. ૧૪
(જન) ઘરનિ ખરાબી થાય, બહુ બહુ રીતે રે;
(જન) સમજી શીખ લેવાય, તો સુખ નીતે રે. ૧૫
(૨-૧)

(ગરબી.)

વીતી મુજને ભારી મારી, સજની સૂણો રીતેજી;
રૂડિ શિખામણ સાધૂજનની, સમજી પાળો પ્રીતે. સાચૂં કહુછું જી. ૧
બાવરી ભટકતી ઘેલી ભોળી, વલવલતી હું હૂતીજી;
છોકરાં છોકરાં કરતી ફરતી, રડતી પૂરિ ન સૂતી. સાચૂં૰ ૨
જમનામૈયા કરસન રાધા, અંબા મોટી રામજી;
સેવે ન ગણપતિ[૧] પધારયા, પેટબળી આઠે જામ. સાચૂં૰ ૩
શંભુ ભવાનીમાની[૨] માની, માનતા મોટી મોટીજી;
દેવ ન રીઝયા લાલચથી મુજ, અબળા અકલ ખોટી. સાચૂં૰ ૪
વૈદ સોયાણી અદકાં સેવ્યાં, ગોર ગોરજી ને જોગીજી;
વળિ ધન ખરચી તન કીધૂં રોગી, હું નટળી મન રોગી. સાચૂં૰ ૫
સ્વામી ખુંધી ને નબળો તેથી, રમી ગોરસંગે જારૂંજી;
દઇ લાડૂ ને હું લાડી લાડી, અદકાં લાડે સારૂં. સાચૂં૰ ૬
આખર મેં બહુ પઢા જોયા, જાણતીઓના સ્વામીજી;
તન મન ધન સહુ ખોટાં કીધાં, પૂરાઈ નહિં મુજ ખામી. સાચૂં૰ ૭

ચઘેડાપર બેઠેલો વર જાણવો ને તેના સગાઓ તે, તે વરઘોડાના સાજનિયા જાણવા. ૯ ઓસડની. ૧ ગણપતિ પધાર્યા–એટલે ગર્ભ ન રહ્યો–હુંડાલું પેઠ ન થયું. ૨ માતાની.

બીજીનાં ઉંચાં પેટો પેટો[૩],જોઇ રોઈ રોઈ હું રે'તીજી;
પથારીમાં પતિ રમતો ન ગમતો, એમ હું મૂરખ કેતી. સાચું૦ ૮
આટલાં મ્હારાં દુખડાં તેમાં, લોક વળી બહુ બાળેજી;
આ તો વંધ્યા જોશો નહિં મુખ, વાગ્યામાં સૂળ સાલે. સાચું૦ ૯
વાંઝણી છિનાળ તે કહેતા મૂને, પક્કી સોદી ખંધીજી;
કુવે પડું કે નદિ વાવે બૂડું, એમ વિચારૂં હું અંધી. સાચું૦ ૧૦
ભુંડી હાલત લત ભુંડી મ્હારી, કહેતાં નાવે આરો જી;
થોડું કહે તમે ઘણું સમજજો, વંધ્યાપણનો મારો. સાચું૦ ૧૧
એ રીતે મેં દુઃખમાં કાહાડયાં, તીસ વરસ રે છેકજી;
પણ એક દિવસ મેં મંદિર જાતાં, દીઠો સાધૂ એક. સાચું૦ ૧૨
વંધ્યાપણની વાતો કરતો, પડખે સ્ત્રીનો સાથજી;
ત્હાં તો હું પણ જઇને બેઠી, સાંભળવાને વાત. સાચું૦ ૧૩
એમ મેં તો દશ વીસ દહાડા, સાધુની શિક્ષા લીધીજી;
દિક્ષા દીધી તે મેં પાળી, તર્તજ દીઠી સિદ્ધી. સાચું૦ ૧૪
તે શિક્ષા તમને આપું છું, પૂરણ પ્રીતે પાળોજી;
તમને પણ સુખ અદકૂં થાશે, થાશે મનોરથ વ્હાલો. સાચું૦ ૧૫
રે ઉપર કહેલી સર્વે રીતો, ફાંફાંભામા જાણોજી;
કોનાં છોરૂ અમર છે અહિયાં, કોણ તમે મન આણો. સાચું૦ ૧૬
છોકરાં જણેથી શું વધતૂં છે,શું ઓછૂં ન જણેથીજી;
અંતકાળે પિડ મ્હોટી પડશે, બ્રહ્મનીતી ન ભણેથી. સાચું૦ ૧૭
ચાર દિવસનાં સુખડાસારૂ, ન કરો મ્હારૂં મ્હારૂંજી;
છોકરાં થયેથી વધશે માયા, માયામાં નહીં સારૂં. સાચું૦ ૧૮
છોકરાં રૂડાં ભૂંડાં નિપજે, તે પણ ચિંતા પડતીજી;
તમ્હારે મન છોકરાં છોકરાં, છોકરાંને નહીં જણતી. સાચું૦ ૧૯
જણતાં ખ્હેલાં દુઃખ ઘણૂં છે,જણતાં પણ દુખ થાએજી;
જણીને વળિ પાળતાં દુખ છે, દુઃખ ઘણૂં મરીજાએ. સાચું૦ ૨૦
છોકરાં કારણ પણવાનાં છે, એમ વિચારો ન મંનજી;
છોકરાંથી નહિં સ્વર્ગ મળેરે, સ્વર્ગ તો બ્રહ્મભજંન. સાચું૦ ૨૧

---

૩ છોકરાં.

છોકરાંનાં નામેા દુર ખસેડી, તજિદેા દુર્ગુણ સખીજી;
નીતિ ભજન ને પરણેલાની, કરજો ભાવે ભક્તી. સાચું૦ ૨૨
સત મરમ સમજીને તજજો, જર કરમનાં પાપેાજી,
તન મન ધન નિજ પતિ કરિ થાપેા, થાય મગન બહુ બાપેા[૪]. સાચું૦ ૨૩
વિધ વિધ રીતે પતિસંગ લાડેા, મુક્તિની જાણી બારીજી;
ઇશ્વર કૃપાથી આપેા આપજ, સંતતિ થાશે સારી. સાચું૦ ૨૪
તમે જાણેા હમને સુખ હોયે, પણ સુખ તેા સંરકારેજી;
ફાંફાં મારે દુર્ગુણ હોરે, પ્રભુ પાપી ન સકારે. સાચું૦ ૨૫
છોકરાં થાવાં ઇશ્વર મરજી, નહિં માણસનૂં ચાલેજી;
અનેક ઉપાય કરી દુઃખ વેઠેા, તેાપણ ગેાવિંદ ખાળે. સાચું૦ ૨૬
કેાઈએ ચાળીશે ગર્ભ ધર્યા છે, કેાઇએ તેા પંચાશેજી;
અકળાઇને ઉતાવળમાં અધ[૫], સંચિ ન રેાહેા નીરાશે. સાચું૦ ૨૭
તમને કસવા તલપાવે છે, ચૈાદભુવનનેા સ્વામીજી;
તમે તમારે ઘરમે રેહશેા, જણશેા સુત બહુ નામી. સાચું૦ ૨૮
માટે બ્હેની સારી શીખામણ, સાધૂજીની કહેલીજી;
જો આચરેા ઊમળકે ભૂધર, વરસાવે સુખહેલી. સાચું૦ ૨૯
કરેા કામ સંસારી રીતનાં, લેાભ મદ મત્સર છેાડીજી;
લાલચકેરી જાળ પડી અહિં, તેમાં ન જાશેા દેાડી. સાચું૦ ૩૦
મ્હારે મ્હારેા ધણી છે દુર્લભ, દુર્લભ બ્રહ્મભજંનજી;
ગાઈ ગરબી સફળ સહુ થાશે, જો તે લેશેા મંન. સાચું૦ ૩૧
(૧-૨)

(ગરબી.)

સુણેા સાહેલી તે વાત નીજ ધર્મની જો;
કદી કહાડશેા નહીંજ બાહાર મર્મની જો. સુ૦ ૧
સદા જોજો પીયૂને ઉમળકાથકી જો.
વધે સંપ થાએ સૂખ જાણેા નકી જો. સુ૦ ૨
જેથી નીપજે કંકાસ તે ના આદરેા જો;
સદા સદ્‌ગુણેા સહૂજ દીલમાં ધરેા જો. સુ૦ ૩

---

૪ ઈશ્વર. ૫ પાપ.

હરેક કામમાં લેજો સ્વામીની સંમતી જો;
તેનું ધારશો નહીંજ ખોટું રતી જો. સુ૦ ૪
વગર પૂછે છેડો ન તેની વાતને[૧] જો;
ધમકાવશો ન નિત્ય તેના સાથને[૨] જો. સુ૦ ૫
વિદ્યા નીતિની તે જાણ સારી લહો જો;
થઈ પ્રધાન ને વીચાર રૂડા કહો જો. સુ૦ ૬
નિજ સંસારનું ભલું તે નેહમી કરો જો;
બૈરેબૈરાંમાં કુસંપ નાહીં ધરો જો. સુ૦ ૭
ઘરકાજ આટપીને બાળકો શીખવો જો;
નર્મદ બ્રહ્મને સદૈવ મંન ધારવો જો. સુ૦ ૮
(૨-૨)

(ગરબી.)

માનની માનની માનનીરે,
સખી સાચી શીખામણ માનની. ટેક.
વરના ઉપર બહુ વ્હાલ વધારી;
થાજે વિવેકી માનનીરે[૧], સખી૦ માનની૦ ૧
કદી ન ખિજવિશ ઘરનાં જનોને;
માનિશ ન જૂઠિ સુણી કાનનીરે, સખી૦ માનની૦ ૨
વરનું કહેલું તર્ત કરી દે;
સાથે તું ખા ખીડી પાનનીરે, સખી૦ માનની૦ ૩
કજીયા ટંટાનું મ્હોડું બાળીને;
લેહેરો તું લે સંપપાનની[૨] રે, સખી૦ માનની૦ ૪
જતન છૈયાનાં નીતે તું રાખે;
વાતો તું કેહ સહૂ સાનની રે, સખી૦ માનની૦ ૫
કુછંદ્યાંધળી બની રહીને;
ખરાબિ કર ના જાનની રે, સખી૦ માનની૦ ૬

---

૧ ખાનગી વાત. ૨ જેમ કેટલાંક બૈરાંને પોતાના ધણીનું મ્હોડું ગમતું નથી તેમ તમે એમ ન મનમાં આણશો કે કયારે તે આવો જાય.
૧ સ્ત્રી (લાડમાં થોડીવાર રીસાતી એવી) ૨ સંપરૂપી શરબત પીવું તે.

નઠારી સંગત કદી ન સેવે;
થજે ઉદાર ધાનદાનની રે, સખી૦ માનની૦ ૭
ધીરજ ધરીને થજે સંતોષી;
ભૂલીજજે વાત તાનની[૩] રે, સખી૦ માનની૦ ૮
નીતીધર્મોને ભાવે ભજીને;
મઝા તું લે બ્રહ્મગાનની રે, સખી૦ માનની૦ ૯
(૨-૧)

(ગરબી.)

પ્હેરની પ્હેરની પ્હેરની રે,
બ્હેની નીતીની સાડી પ્હેરની. ટેક.
ખરા કસબ ને ખરા કસબની[૧];
ભાતો ખિલી અખ્ખેરની રે, બ્હેની. પ્હેરની. ૧
સાડીની શોભા સાચી ટકે છે;
જુઠી આ લૂગડાં જવેરની રે, બ્હેની. પ્હેરની. ૨
સાડી રૂડી ઘટ હીરે ઘણે છે;
ભારે વજનમાં શેરની[૨] રે, બ્હેની. પ્હેરની. ૩
સાડીની થંડક સુધા[૩] સરીખી;
નહીંજ લાજ્ય કંઈ ઝેરની રે, બ્હેની. પ્હેરની. ૪
સાડી શીતળથી આંખો મિચાએ;
કહું શી વાત હું લ્હેરની રે, બ્હેની. પ્હેરની. ૫
સાડી તે સારૂં નરસૂં સુઝાડે;
વિના તે વાત અંધેરની રે, બ્હેની. પ્હેરની. ૬
એ સાડીનૂં મૂલ ન થાએ;
પ્હેરે ખસે વાત વેરની રે, બ્હેની. પેરની. ૭
નીતીની સાડી આપે વરોને[૪];
પ્હેરી પાલવ[૫] ખંખેરની રે, બ્હેની. પેરની. ૮
(૧-૨)

---

૩ મિનજની. ૧ કારીગરીની. ૨ ઘટ છે તોપણ પેરવામાં એક શેરની એટલે હલકી. ૩ અમરત. ૪ વરદાનો. ૫ પાલવ ખંખેર એટલે જે નેઇશે

(સાખી.)

બોલું બોધ તે સુણજો રંગ, સહિયર સહુ સ્નેહ ધરોરે,
ગાંઠો પ્રીત તે વિદ્યાસંગ, સુચ્હેનથી ચ્હેન કરોરે. ટેક.
વિવેક વધારી વ્હાલ પ્રીત, સજો અંગે બહુ વાર;
બાળક તરુણ ને વૃદ્ધસંગ, નિજ વર્તન વાંચો[૧]નાર. સહિ૦ ૧
મિત્ર શત્રુ વિદ્વાન મૂર્ખ, કરિ પારખ લો પાર;
વિચારિ સાવધ થઇ સમે, કરો જસ જેજેકાર. સહિ૦ ૨
કરો વિનોદ ગુણિજનસંગ, સતસંગથી છે સાર;
દુરિજન ઉંદર ના પાળવો, વિષ ફૂંકસે વારંવાર. સહિ૦ ૩
બુદ્ધિ ખિલવે વિદ્યા વળી, શોભાવે અંગ શીલ;
કુમુદ દીપાવે રજનિરાજ[૨], રાત એ લે શીખ દીલ. સહિ૦ ૪
ભણિ ગણિ વિદ્યા જાણજો, સારાસારનો ભેદ;
જો નીતી નીર ને જીવ મીન, કદિ કોથી ન પામો ખેદ. સુચ્હે૦ ૫
આળસ તજી ઉદ્યોગને, ભેંટી રહેજો ચ્હેન;
એ શસ્ત્રે જગ જીતવું, ઘણું ખેન થશે તે ચ્હેન. સુચ્હે૦ ૬
ઉડી વ્હેલાં કામો આટપો, સહુ સાથે ધરો પ્રીત;
ઘરખરચ ભુખહારરીત, રાખજો બહુ નીયમીત. સુચ્હે૦ ૭
સેવા સત્ય સ્વતંત્રતા, ક્ષમા શૌર્ય સંતોષ;
નિરવિકાર ભૂષણ પ્હેરજો, ઝવેર કંચન લે હેંષ. સુચ્હે૦ ૮
વિદ્યાથી સહુ પ્રાપ્ત છે, અમૂલ રત્ન તે એજ,
શ્રમ ભાવે તપ માંડીએ, કલ્પતરુ તે ફળે સ્હેજ. સુચ્હે૦ ૯
સુખદુખદાસ થશો નહીં, કરો તેમને દાસ;
કાળસું લડવા સુકૃતનું, કવચ પ્હેરો બહુ ભાસ. સુચ્હે૦ ૧૦
ધણી સસરા ને સાસુજી, દિયર દેરાણી જેઠ;
જેઠાણી નણદી ચ્હેનીઓ, કદિ જાણે નહીં રે વેઠ. સુચ્હે૦ ૧૧
પ્રીતે પતિસંગ લાડજો, પતિવ્રત પાળી ધર્મ;
નવરાસે ગ્રંથ વાંચીને, જન્મનો લેહેજો મર્મ. સુચ્હે૦ ૧૨

તે મળશે. ૧ સમજો (બાળક–જુવાન–ઘરડાં સાથે તમારે કેમ વર્તવુ તે.)
૨ ચંદ્ર (જેમ કુમુદને ખીલવેછ ને રાત્રીને દીપાવેછ તેમ વિદ્યા બુદ્ધિને ખિલવેછ અને શરીરના શીલ–સ્વભાવને શોભાવેછ)

ભાવે ભજજો બ્રહ્મને, જગલીલા નહીં પાર;
અહિં તહિં સુખ બહુ જામશે, રંક નર્મદ શિક્ષા સાર. સુચ્હે૦ ૧૩
(૨-૧)

(ધોળ.)

પરણી સીતા સધાવતાં સાસરે;
આવ્યાં જનકરાજાતણી પાસ,રાખી મન આશ, લેવાશિષ[૧] વેણુરે. ૧
તારે જોતા સીતામૂખચંદ્રને;
પ્રેમે બાપથી ગગળીજવાય,મૂખે ન બોલાય,મંગળ[૨] કરો બ્હેનરે. ૨
કરજો સ્વામીની સેવા ઊમંગથી,
કોઈ વાતે ન દુઃખવો મંન, રાખી રોહ પ્રસંન. મંગળ૦ ૩
કોદી જગના જંજાળને કારણે;
કોપે ઘરમાં આવી ભલા રામ, પીજો ક્ષમાજામ. મંગળ૦ ૪
સાસૂ સસરાનાં માન તો રાખજો,
જાણી માતપિતાસમ તેહ, કરો ઝટ જે કેહ. મંગળ૦ ૫
વૃદ્ધાવસ્થામાં ચાકરી તેમની;
કરી રાખો રાજી બહુ નીત, ભલૂં છે ખચીત. મંગળ૦ ૬
જેઠ જેઠાણી દીયર દેરાણીને;
વળી નણંદ ભાંડૂસમ જાણો, પછી પ્રેમ તાણો. મંગળ૦ ૭
ઘરના દાસ દાસી જન સર્વને;
રાજી રાખતાં કરવજે કામ, શોભી રેહેશે ધામ. મંગળ૦ ૮
આવે પરવાર જો ઘરકામથી;
કરજો રામને થાતી સહાય, દંપત[૩] બહુ સોહાય. મંગળ૦ ૯
નિજ અભ્યાસ જારીજ રાખજો;
એ છે સ્વચ્છ સૂખોનું નિધાન,[૪] બિજૂં ન સમાન. મંગળ૦ ૧૦
ઘણાં દુઃખો આવી પડે જો કદી;
દીલ ડાબી રાખો રૂડી ધીર, મટી જશે ભીડ. મંગળ૦ ૧૧
તમે કહેશો શેની બ્હીક સાચને;
પણ સાચને શત્રૂ ઘણાક, તમે વળી રાંક. મંગળ૦ ૧૩

---

૧ આશિષનું વચન લેવાને.
૨ મંગળ કરો બેન એ આશીષ વચન બાપથી ન બોલાયું.
૩ સ્ત્રીપતિનું જોડું. ૪ ઠેકાણું.

કરજો લાજ વધે બંને કૂળની;
અભિમાન ધરો નહિં ઊર, છે નમ્રતા[૫] નૂર. મંગળ૦ ૧૩
સ્વામી કેહે તારે અહિંયાં પધારજો;
બાકી રેહજો સદા સ્વામીસંગ, એમાં શુભ રંગ. મંગળ૦ ૧૪
દેજો પત્રથી દરશન બાપને;
રડતાં રોહ બ્હેન હવે નહિં ઢીલ, ભરાયું મુજ દીલ. મંગળ૦ ૧૫
(૧–૨)

(ગરબી.)

ચાલો સખી હિંમતથી જઈયે; ચાલો સખી હિંમતથી જઇયે;
(કે) સુધારામાં સુખીયાં સહુ થઇયે. ટેક.
જાણીકરી નર્કે કેમ રહીયે; જાણીકરી બળતાં કેમ સહીયે;
જાણીકરી ફાંસી કેમ લઇયે–ચા૦ ચા૦ સુધા૦ ૧
જાણીકરી નીચાં કેમ ઠરીયે; જાણીકરી ઊંધૂ કેમ કરીયે;
જાણી દીલ ડહામો શીદ દઇયે,–ચા૦ ચા૦ સુધા૦ ૨
પુરૂષપઠે ના કેમ ભણીયે; જ્ઞાનનિ ખાણ ન કેમ ખણીયે;
રિબાઇયે કાં અજ્ઞાન ખઇયે, ચા૦ ચા૦ સુધા૦ ૩
ભુત જાદુ મંત્ર ન કેમ હણીયે; જુઠું જોતિષફળ તે કેમ ગણીયે;
વ્હેમો તજતાં ના બ્હિવું હઇયે, ચા૦ ચા૦ સુધા૦ ૪
નાતના જુલુમને કેમ ખમીયે; ધર્મબ્હાને વિષયમાં શીદ રમીયે;
મંદિરોમાં ધક્કા કાં ખાઇયે, ચા૦ ચા૦ સુધા૦ ૫
બાળપણે મૂરખ કેમ પણીયે; વર મૂએ ફરી ના કેમ પણીયે;
હાઠમાઠ પાછળ કાં ધાઈયે; ચા૦ ચા૦ સુધા૦ ૬
વરની સાથે સહુમાં કાં ન ફરીયે; વરસું સહુદિઠ ભાષણ કાં ન કરીયે;
સારૂં કરતાં શીદ લજવાઇયે, ચા૦ ચા૦ સુધા૦ ૭
છતરીઓ માથે કાં ન ધરીયે; પગે મોજડી ને કાં ન ફરીયે;
ભૂંડાં ભૂંડાં ગીતો શીદ ગાઇયે, ચા૦ ચા૦ સુધા૦ ૮
સમજીને ટેકે કાં ન રહીયે; સમજીને સંપે કાં ન રહીયે;
સુખ આવતાંને શીદ વ્હાઇયે, ચા૦ ચા૦ સુધા૦ ૯
(૨–૨)

---

૫ નમ્રતા એજ સ્ત્રીનું નૂર ભૂષણ છે.

(હોળી.)

સહીઓ સહુ ગાઓ ઉમંગે. ટેક.

ધન ધન દાહાડો આજનો, ભેગાં અહીઆં થયાં ઘણીસંગે;
હાંરે બ્હેની અહીંયાં થયાં ઘણીસંગે;
પાડ પ્રભૂતણો માનીયે પૂરો, કે છૂટ મળી શુભ રંગે,
જંગે[૧] જસ લીધો સુરંગે[૨]. સહી૦ ૧

વેહેમી જનોનૂં કાંઈ ન ચાલ્યૂં, જારે તુઠ્યો દેવ ખંગે[૩];
હાંરે બ્હેની જારે તુઠ્યો દેવ ખંગે;
બહુ બહુ રિબાયાં આજલગી તો, અજ્ઞાનતણે કહું દંગે,
અંગે જમ્યું શુર નીતિતંગે[૪]. સહી૦ ૨

હવે જગદર્શન મેળો જોવાશે, શોભીરહ્યો બહુ બંગે;
હાંરે બ્હેની શોભી રહ્યો બહુબંગે;
નર્મદ સાર અસારજ સમજી, ગાય હરીગુણ ચંગે,
ભંગે નહીં તાન લવંગે[૫]. સહી૦ ૩

(૨–૧)

---

૧ બ્હેમને સુધારાની વડાઈમાં. ૨ વિદ્યા ભણવાથી ને સારી સંગતથી (એ જે છુપી સુરંગ ખોદેલી તેવડે) ૩ ચાનકે. ૪ જેમ ઘોડાને તંગથી જોસ્સે આવે છે. તેમ હમને નીતિ સમજવાથી જોર આવ્યું છે. ૫ (ગાતાં તાન ભા: તો લવેંગ ખાવાં)

ખંડ ૬—પ્રીતિસંબંધ.

૧ મૈત્રી.

(દોહરા.)

જ્યમ ઓળો દિન વાધતે, ઓછો થાતો જાય;
ત્યમ મિત્રાઈ ખળતણી, વ્હેલી કડવાધાય. ૧
જ્યમ ઓળો દિન ઊતરે, મોટો થાતો જાય;
ત્યમ મૈત્રી સજ્જનતણી, દહાડી વધતી થાય. ૨
ખળ સજ્જન એ આઠ નવ, અંકસમાન વિચાર;
બે ત્રણ ચારે ગૂણતાં, ન ઘટે નવે[૧] લગાર. ૩
ગુણી ધનીની પ્રીતમાં, વ્હેલી[૨] સૂખ કરંત;
કારણ[૩] ધન બીજીવિષે, લાવે દુખની ખંત. ૪

(મિશ્ર)(૨–૨)

દુનિયાં તો જાણે સુખી, પણ દુખિયો છું અપાર;
તે નવ જાણે કો બિજૂં, તૂં જાણેછે યાર. ૧
જેનેકાજે હૂં દુખી, તે તૂં જાણે ભાઈ;
કેવી રીતે રાત દિન, કહાડૂંછૂં હૂં આંહિ. ૨
બહુ નરનારીસાથ મેં, પ્રસંગ પાઝ્યો જાણ;
પણ તારા સમ[૧]ના દિઠો, તારા સમ[૨] સત માન. ૩
સરખા અનુભવનો મળ્યો, ઘણી વાતમાં પ્રાણ;
તારા વણ કો સમજશે, મારાં દુખની તાણ. ૪
દુઃખ પડ્યૂં તે સમયમાં, રાખી તારી આશ;
(પણ) તારાં તારાં પત્રનાં, અદર્શને[૩] નીરાશ. ૫

---

૧ ખળ એ આઠ અથવા બીજા કોઈ આંકડા જેવો છે ને સજ્જન એ નવ જેવો છે. ૮×૨=૧૬,૮×૩=૨૪,૮×૪=૩૨, એ પ્રમાણે આગળ પણ; એમાં ૧૬ માંના ૧ ને ૬ મળી ૭, ૨૪ માંના ૨ ને ૪ મળી ૬, ૩૨ માંના ૩ ને ૨ મળી ૫ વગેરે થાય છે. પણ, ૯×૨=૧૮, ૯×૩=૨૭, ૯×૪=૩૬ એ પ્રમાણે આગળ પણ; એમાં ૧૮ માંના ૧ ને ૮ મળી ૯, ૨૭ માંના ૨ ને ૭ મળી ૯, ૩૬ માંના ૩ ને ૬ મળી ૯ વગેરે થાય છે. સજ્જન વિચારમાં ફરતો નથી ને ખળ ઘડી ઘડીમાં ફરીનય છે.

૨ ગુણીજનની પ્રીત. ૩ મેલું, આડું (ભૂત પિશાચનો સ્વભાવ રાખનારી વસ્તુ)

૧ તારા સરખો. ૨ તારા જોગન. ૩ ગેરહાજરીથી (તારી ને તારા

મેં જાણ્યૂં તૂં પણ વહ્યો, રહી ન એકો આશ;
શૂં રહેવૂં અહિયાં હવે, જ્યાં નહિ પ્યારો પાસ. ૬
પાછ મેં ધીરજ આણિને, મનમાં કર્યો વિચાર;
જંગલમાં જઇ પીવું રે, લીલામૃત[૪] સુખકાર. ૭
એવામાં તૂં આવિયો, મંગળ દરશન દીધ;
એ મોટો ઉપકાર તેં, મારાઊપર કીધ. ૮
એ દરશનથી વીસર્યો, સઘળૂં મારૂં દૂખ;
કો જાણે તે કહાં ગયૂં, હમણાં તો છે સૂખ. ૯
પરવારે મળજે મ્હને, કરશૂં આપણુ વાત;
રડશૂ વળગી કાહરે, ડાખી એકક હાથ. ૧૦

(૨–૨)

(ચોપાઈ.)

સુખ દુઃખોની વાતો બને, નહિ છાનૂં કંઈ કોની કને;
કોઈનું દિલ જ્હાં ના કહેવાય, મિત્રાચારી ત્હાં કહેવાય. ૧
જાત રંગથી જે જે ભેદ, તેથી નહિ કો કોને ખેદ;
જીવ એક ને જુજવી કાય, મિત્રાચારી ત્હાં કહેવાય. ૨
સ્વાર્થ ન બીજે પ્રીતીવનાં, પ્રીતીવણુ છે સહુ અનમનાં[૧];
રાત્ર દિવસ પ્રીતીજ જમાય, મિત્રાચારી ત્હાં કહેવાય. ૩
સુખમાં દુર પણ દુખમાં પાસ, એકબિજની પૂરે આશ;
તનમનધનથી મદદો થાય, મિત્રાચારી ત્હાં કહેવાય. ૪
એક વિચારે થાયે કામ, મન વળગેલાં આઠે જામ;
વાએકર[૨] જ્હાં નહિ ઊથાપાય, મિત્રાચારી ત્હાં કહેવાય. ૫
કર્યૂં એકનૂં સહુને ગમે, કોના નહીં ભમાવ્યા ભમે;
મિત્રનું ભૂંડૂં ના સંખાય, મિત્રાચારી ત્હાં કહેવાય. ૬
ચ્હડતો સહુ વાતે ભરપૂર, પડતાને ના મૂકે દૂર;
દેખેથી સમિજાયે લ્હાય, મિત્રાચારી ત્હાં કહેવાય. ૭

હાગળની.) ૪ સૃષ્ટિસૌંદર્યરસરૂપી અમૃત. (કુદરતની ખુબી જોઉં)
૧ અળખામણાં. ૨ વાકય, બોલ્યુ.

લાલચમાં લપટાએ નહીં, જીવ જતે ના જૂદા સહી;
અડિ વેળાએ પ્રાણુ અપાય, મિત્રાચારી ત્હાં કહેવાય. ૮
દુશ્મન દોડે ચારે પાસ, ના તોડે પ્રીતીનો પાશ;
પ્રેમરસે પણુ નીતિ રખાય, મિત્રાચારી ત્હાં કહેવાય. ૯
જે મ્હોડે ચાવેલાં પાન, કાળાં થાય ન જાતે જાન;
મરણુસુધી સાચા સોહાય, મિત્રાચારી ત્હાં કહેવાય. ૧૦
નર્મદ કહે છે સાચે સાચ, સાચી પ્રીતીને નહિ આંચ;
સાચે ભાવે ઈશ ભજાય, મિત્રાચારી ત્હાં કહેવાય. ૧૧

(૨–૨)

(છપય.)

સુંદર જેને નાર, મૈત્રિ તેની સહુ કરતા,
ડાહી જેને નાર, મૈત્રિ તેની સહુ કરતા,
ભણેલિ જેને નાર, મૈત્રિ તેની સહુ કરતા,
ચતુરા જેને નાર, મૈત્રિ તેની સહુ કરતા,
રૂપગુણવંતી નાર જેને, મૈત્રિ તેની સહુ જન કરે,
નર્મદ થોડા સજ્જનો પણુ, આખર ખળ જન બહુ ઠરે. ૧

જેને છે અધિકાર, મૈત્રિ તેની સહુ કરતા,
જે આપે અધિકાર, મૈત્રિ તેની સહુ કરતા,
દેવાડે અધિકાર, મૈત્રિ તેની સહુ કરતા,
દેખાડે અધિકાર, મૈત્રિ તેની સહુ કરતા,
અધિકારી કહેવાય જે કો, મૈત્રિ તેનિ સહુ જન કરે;
નર્મદ થોડા સજ્જનો પણુ, આખર ખળ જન બહુ ઠરે. ૨

જેની પાસે ધંન, મૈત્રિ તેની સહુ કરતા,
જે આપે બહુ ધંન, મૈત્રિ તેની સહુ કરતા,
જે સંચે બહુ ધંન, મૈત્રિ તેની સહુ કરતા,
જે દેખાડે ધંન, મૈત્રિ તેની સહુ કરતા,
કહેવાયો ધનવંત જે કો, મૈત્રિ તેની સહુ જન કરે;
નર્મદ થોડા સજ્જનો પણુ, આખર ખળ જન બહુ ઠરે. ૩

ખરો ભણ્યો નર હોય, થોડા જણ મૈત્રી કરતા,
ખરો હિતૂ નર હોય, થોડા જણ મૈત્રી કરતા,
ખરો ચતુર નર હોય, થોડા જણ મૈત્રી કરતા,
ખરો પ્રેમિ નર હોય, થોડા જણ મૈત્રી કરતા,
અધિકાર ધંન ને નારવણ, મૈત્રિ તેની થોડા કરે;
નર્મદ થોડા સજ્જનો તે, આખર પણ સજ્જન ઠરે. ૪

(૨–૨)

(ગીતિ.)

* મૈત્રી મોટી માની, સુખદાયક જે સદા રહે સાચી;
એક બિજાને વળગી[૧], હલકે પાગે ખિલે બહુ નાચી. ૧
પ્રીતિવિના કંઈ બીજી, ચિજ એકે જો બિજાકને જાચી;
દાનત ખોટી છે તો, નિજ બેઠકની હણી[૨]હગે માચી. ૨
સારૂં સારૂં કાલૂં, ભણિ ખૂશામત પુલાવવા રાચી;
અધવચ રણ રઝળાવે, ઝરિજાયે જળ હશે મટુકિ કાચી. ૩
સમજૂક સ્નેહી હોયે, સાંખે વચનો ક્ષમા ધરી અંગે;
ચતુરો નજ પૂલાયે, સમજી મનમાં તજે ફરવું સંગે. ૪
મોટો ખૂશામતિયો, ઘણિ ગળિ રીતે પુલાવતો હોય;
પણ સામો ખેલાડી, થકવે તેથી હિણો બહૂ રોય. ૫
જ્હાં પ્રીતી છે ત્હાંતો, ધનિ નિરધનિ સહુ સમાન સહમાન[૩];
થઈ જે ઊંચા નીચી , મૈત્રી જાશે મરી જરૂર જાણ. ૬
રાઈ ભરાઈ આંખે, પરસ્પરે ત્હાં ટકે ન મિત્રાઈ;
ચોમાસે મરિજાયે, વસંતઋતુનાં પુલો જુઇ જાઈ. ૭
રાખિ પરસ્પર ટેકો, મિત્રો ઈચ્છે પરસ્પરે પ્રેમ;
મૈત્રી નીભે જેમે, પુલાવવૂં ને કુલાસ નહિ તેમ. ૮

(૨–૧)

---

* એક પારસી શ્રીમંતની ફરમાસ ઉપરથી. ૧ પોલકા નામના અંગ્રેજી નાચમાં વળગીને નચાયછે તેમ. ૨ ખસેડી નાખી; નાશ કીધો. ૩ ટેક–મર્યાદા–પોતપોતાનાં માન સાથે.

૨ પ્રિયાની વાણી.

(ગરબી.)

*પ્યારા સાચી તું માન પ્રેમેભરી જો;
પ્યારા જંજિરે[૧] જકડયોછ જાન ખુબ કરી જો. પ્યારા૦ ૧
પ્યારા એમ શું બિહેછ[૨] મ્હારાથકી જો;
પ્યારા જીવડો જતે ન છાંડું નકી જો. પ્યારા૦ ૨
પ્યારા ખાતરી થવી શું બાકી હજી જો;
પ્યારા તું વિના મેં મોજ સંધી તજી જો. પ્યારા૦ ૩
પ્યારા નજરે પડે ને વળી સાંભરે જો;
પ્યારા પેટમાં કંઈ થાયછે તાહરે જો. પ્યારા૦ ૪
પ્યારા ઝાઝું[૩] અગાડિથકી જાણ તું જો;
પ્યારા માહરૂં નથી તે કોઈ માનતું જો. પ્યારા૦ ૫
પ્યારા સાચો[૪] તું મ્હારો નહીં માનતો જો;
પ્યારા પૂટયું છે માહરૂં ભાએગ તો જો. પ્યારા૦ ૬
પ્યારા ત્હારા દિલમાં કે મ્હારો[૫] નથી જો;
પ્યારા કેટલી પતીજ કરૂં હું મથી જો. પ્યારા૦ ૭
પ્યારા બીજા જેવો બેવચની નહીં જો;
પ્યારા ત્હારે સારૂ હું તલપૂં સહી જો. પ્યારા૦ ૮
પ્યારા નર્મદા કદી ન શંકા કરે જો;
પ્યારા જાણુ ખરે તું વિનાં ત્હારી મરે જો. પ્યારા૦ ૯
(૨-૧)

સખી રૂઠયો છે આજ રસિક સામળો જો;
હશે પોતળાના પેટમાં શો આમળો જો. સખી૦ ૧
સખી ખાવાધાયે છે ચંદનખાટલો જો;
નથી કોદિ રિસાયો તે સુંદર આટલો જો. સખી૦ ૨

---

* બેવફાઇથી થતાં દુઃખના ઉભરામાં લખેલી, એવી મતલબથી કે બારતો પોતાના પ્યારાને બેવફા ન થાય.

૧ બેડી. ૨ (હું તને મુકીદઇશ એવા ખ્યાલથી.) ૩ (હેત; વ્હાલ.)
૪ (તું મારો સાચો પ્યારો છતે મારૂં નથી માનતો.) ૫ (પ્યાર.)

સખી ચંદ્ર મને આજ બાળે છે બહૂ જો;
સજન સાથ સહિયર મ્હાલતી હશે સહૂ જો. સખી૦ ૩
સખી વાળા વીજણુ વા તે લૂ લહૂં જો;
ભભૂકા ઉઠે છે ભીતરે શું શૂં કહૂં જો. સખી૦ ૪
સખી બોલી ન ચાલિ રિસાવ્વાસમૂં[૧] જો;
વિના કારણે આ વેદના કેમે ખમૂં જો. સખી૦ ૫
સખી પાણી મૂકયું ન હૂં પીઉં જમૂં જો;
અરે લાવ મનાવી તુને પાયે નમૂં જો. સખી૦ ૬
સખી નર્મદાને[૨] દૂખ કેમ આલતો જો;
કહેજે આવિ જરા ઓ ભુંડા તું હાલ તો જો[૩]. સખી૦ ૭
કહેજે નર્મદા મુકી તું કાંહાં મ્હાલતો જો;
લઈ ગાલ રે દરસાવ જુહૂં વ્હાલતો જો. સખી૦ ૮
(૧–૨)

(ગરબી.)

પ્રીતડીની પીડ અતી પીડતી,સાહેલિ આ તો,
પ્રીતડીની પીડ અતી પીડતી. ટેક.
થાવી સહેલી એમ જગત કહે છે;
નથી તે તેમ રહૂં ચ્હીડતી. સાહે૦ પ્રીત૦ ૧
ચેટક વળગ્યાંને ઘણા મહિના થયા પણુ;
પ્રીતમ મળે નહીં દીલથી. સાહે૦ પ્રીત૦ ૧
(પ્રીતમ) કહે છે 'સ્ત્રીયો સહુ સ્વારથ વિચારે;
પૂછે પડયાને ન ભીડથી.' સાહે૦ પ્રીત૦ ૩
કહે છે 'ચંચળ તે જુએ બીજાને;
પાડી તે પ્હેલડાને[૧] તીરથી[૨].' સાહે૦ પ્રીત૦ ૪
જોતાં ચતુરાઇ નવી નવી નિત;
અટકી અંતે છઊં હીંડતી. સાહે૦ પ્રીત૦ ૫

---

૧ રીસાવા સરખું. ૨ હું સુખ આપનારીને.
૩ (મારા કેવા હાલ થઈ ગયાછ તે તું જોઈ જા.)
૧ આગલા આશકને. ૨ બેવફાઈનાં તીરથી.

સખી ઉપાય કંઈ નથીજ સૂઝતો;
કહારે થઈશ બાથ ભીડતી. સાહે૦ પ્રીત૦ ૬
સોગન ખાઇ ખાઈ કરૂં પતીજ પણ;
નથી નથીજ ખૂલતી રતી[૩]. સાહે૦ પ્રીત૦ ૭
મ્હારો નર્મદ ના માને રતીભાર[૪];
કહારે હું નર્મદા જોઉં રતી[૫]. સાહે૦ પ્રીત૦ ૮

(૨–૧)

*આપ્યૂં વચંન નવ તોડૂં, પ્યારા હુંતો, આપ્યૂં વચન નવ તોડૂં. ટેક.
પ્યાર કરીને પછી પાડતી તે તો, નીચાં તોખંમનૂં ધોહુ. પ્યા૦ ૧
પ્યાર જણીને પછી ખૂન કરિ ચાવે, બળો તે મીનડીનૂં મ્હોહુ. પ્યા૦ ૨
કદી પ્રસંગે મંન ઊંચૂં થાએ, તોએ રે જળમીનજોહુ[૧]. પ્યા૦ ૩
કદી સખ્ખી તૂં કરે મ્હારાપર, તોએ લુહાર ને લ્હોહુ. પ્યા૦ ૪
ખરૂં તૂં માન મ્હારા પ્યારા નર્મદ, મરી જતે નવ છોડું. પ્યા૦ ૫

(૨–૨)

(ગરબી.)

*પ્રિય રેહ નિરાંતે રોજ, વચને છઉં બાંધી. ટેક.
જેમ બીજીઓ બાંધી પ્રિતને, પછી તજે પ્યારાનેરે;
તેમ ધાતકી બેવચની, કદિ થાઉં નહીં મ્હારાને[૧]. વચ૦ પ્રિય૦ ૧
જેમ બીજીઓ હસે રડાવી[૨], હસે રડે[૩] તે જોઇરે;
બેશરમી નિરદે છાતીની, થાઉં નહીં દી કોઇ. વચ૦ પ્રિય૦ ૨
દુનિયામાં સહુ છે જો ફરતૂં, હૂં ફરતી સ્થીતીમાં[૪]રે;
ઘટમાં પ્રાણ વસે ત્યાંસૂધી, નાજ ફરૂં નીતીમાં. વચ૦ પ્રિય૦ ૩
જ્હીકલાજ આપ્રત બુરી તબિયત, જ્યે સપડાવે[૫] ભારીરે;
ઘટમાં પ્રાણ વસે ત્યાંસૂધી, રહોડ મુકૂં નહિં તારી. વચ૦ પ્રિય૦ ૪
બૈરી વીફરી તે ના આવે, કો કાળે ઠેકાણે[૬]રે;
પણ હૂં બૈરી ડાબૂં સાહસ, બુદ્ધિ[૭] વિવેક પ્રમાણે. વચ૦ પ્રિય૦ ૫

૩ નસીબ. ૪ જરાકે. ૫ સંભોગ સુખ.
* જે મતલબે "પ્યારા સાચા તું માન૦" તેજ મતલબે. ૧ પાણી ને માછલું.
* જે મતલબે "પ્યારા સાચી તું માન૦" તેજ મતલબે. ૧ મારા પ્યારાને.
૨ (પોતાના પ્યારાને.) ૩ (પ્યારો રડે તે.) ૪ હાલતમાં (હૂં બદલાઉંછ.)
૫ હરકત કરે (તને ને મને.) ૬ (ઘણું કરીને એવું છે ખરૂં.)
૭ જોરસાની સાથે વિચાર–વિવેક હોય ત્યાંહાં કદી આંચ ન લાગે.

નર્મદ માગીલઉંછૂં પ્યારા, તૂં ન ઉતારીશ પ્યારરે;
બહૂ ઉપકારી છઊં હૂં તારી, તૂં મુજ[૮] જીવનહાર. વચ૦ પ્રિય૦ ૬
(૧–૨)

(ગરબી.)

વ્હાલા મુજને છોડી વ્હેલો કહાં ગયો;
આંખોમાંથી જળની ધારા જાય જો,
ટહાડો વાઈ અંગે તાવ ધિકી રહ્યો;
લખ્યો આંક તે કેમ કર્યો ન ટળાય જો. વ્હાલા૦ ૧
મ્હારૂં કહેલૂં સંધૂં મિથ્યા થાય રે;
એક ઘડી પણ હ્યો ન તૂં મુજપાસ જો,
દિલમાંથી પળભર પણ ના વિસરાય રે;
હૂં તો રાખૂં દીલાસાની આશ જો. વ્હાલા૦ ૨
નિદરામાંથી ઝબકી 'પ્યારા' હૂં વદી;
આવી તૂને ઝટ વળિ ભેંટીજાઉ જો,
મુજ દિલમાં ના ઝાંખો થાએ તૂં કદી;
રાત્રદિવસ હૂં વીજોગે મૂઝાઉં જો, વ્હાલા૦ ૩
હૈડાંમાંની ભઠ્ઠી બાળે મૂજને;
તેથી દાઝી જીવડો ઊડી[૧] જાય જો,
કહાં જઈને જડપૂં હૂં જીવડા[૨] તૂજને;
હાથપગો તો પાછા બહુ ખેંચાય જો. વ્હાલા૦ ૪
જોર હવે રહ્યું નહિં રે મારાં તંનમાં;
પ્રેમભારથી આંખો ખૂબ ડબાય જો,
કોનૂં કહ્યું લાવૂં નહિં કંઈ હૂં મંનમાં;
સાંજ મુને તો બસૂસ ખાવા ધાય જો. વ્હાલા૦ ૫
(૨–૧)

---

૮ જેથકી જીવ રેહે તે–આધાર અને વળી હૈડાંનો હાર.
૧ (પારાની પેઠે) ૨ (એ તું મારા જીવડા.)

* (ગરબી.)

નંદકુમાર, પૂરી હવે હું હારિરે. ટેક.

ભલાભલાને માર્‌યાં મેં મોહબાણ જો,
જોબન[૧] ઝાડ મદમદને બહુ ઝૂંમતૂં;
રૂપગુણમાં વળિ ઝાંખા પડે શશિ[૨]ભાણ જો. નંદકુમાર. ૧
ધણાધણાની લેશ ન ચાલી હામ જો,
ફુલ[૩] ફળ તોડી હલકી કરવા મૂજને;
મુખડું જ જોતાં મુરછા ખાએ ગામ જો, નંદકુમાર. ૨
પણિયત પીટયો રહેજ તૃપત બહુ થાય જો,
ચાખ્યૂં નહીં કો સંસારી સૂખડૂં;
યોગ્ય પુરુષને[૪] તન મન ધાવાજાય જો, નંદકુમાર. ૩
બળિ બળિ રહીને દઊંછું વડિલને ગાળ જો,
જેનૂં કાજ રૂડું તે તેથીજ થાયરે;
ઘણું શું કહું એ પ્રભુજી સુખડું આલજો, નંદકુમાર. ૪
જાણું છૂં જે મુજ વ્યભિચારી કાજ જો,
(પણ) પારસસંગ કેમે કથિર નહીં છાજશે;
પૂરવ જનમનાં પુણ્યથી નિરખ્યા આજ જો, નંદકુમાર. ૫
કામણગારાં કારમાં કામી બાણ જો,
ભેદ્યાં તેં હૈયે મારે કાનુડે;
રોમ[૫]રોમ પીડે પ્રેમી અનંગ[૬]અંગ જાણ જો, નંદકુમાર. ૬
સુરત[૭]ચતુરના પ્રેમી ઘણા વીલાસ જો,
શું ગાઉં ગૂણ મુરલીધર મોહનના;
અનેક રંગે મારી ઘણી પુરી આસ જો, નંદકુમાર. ૭

---

* એમાં કન્હૈડાની ફજેતીનું બયાન છે. ૧ જોબનનું ઝાડ પોતાના મદથી ને મદન-સંભોગના જોસ્સાથી ઝુમી રહેલું. ૨ ચંદ્ર ને સૂરજ. ૩ ઝાડને ફુલ-ફળ હોય છે તેમ જોબનનાં ઝાડને ફુલફળ નીચેઉપર હોય છે. (કેટલાંક મોટાં ઝાડ ને કેટલીક ખુબસુરત ઓરત એવી હોય છે કે સંભોગના વિચાર જતા રહીને આપણે ઈશ્વરની ખુબીતરફ ડંગ બનીને જોયાંજ કરીયેછ.) ૪ (એવી કુદરતીજ ઇચ્છા થાય છે-નીતિનો અંકોશ પછી આડે આવે છે) ૫ રૂવેરૂવે. ૬ કામદેવ. ૭ સંભોગ ક્રીડાને વિષે ચતુર.

જારી પ્રીત પણ સેવું છું પ્રભુ કહાન જો,
અવર પુરૂષ મારે મંન ભાઈ બાપરે;
અવિચળ સંગે ધરતું મને વ્રજભાણુ જો, નંદકુમાર. ૮
(૧-૨)

(ગરબી.)

હઈડું હારયું તે ફરિ ના જીતે રે, પ્રીતમ લાલ રસીકડા-ટેક.
ચિતડું ચોંટયું તે ફરિ ના ઉખડે રે, પ્રીતમ લાલ રસીકડા
દિલડું ડાબ્યું તે નાજ ડબાય રે, પ્રીતમ લાલ રસીકડા
મનડું મારયું તે નાજ મરાય રે, પ્રીતમ લાલ રસીકડા

દોરી પ્રોઈ પછી વિંધી[૧] કાળજડું
તાણી લઇ રાખે પાસે નિતે રે. પ્રીતમ૦ ૧
જેમ નચાવતો તેમ હું નાચતી રે
જાણે પુતળી હોઉં તેવી રીતે રે. પ્રીતમ૦ ૨
એટલું છતાંએ વ્હાલો તૂં લાગતો
નર્મદ[૨] રસ ચાખ્યું તારો પ્રીતે રે. પ્રીતમ૦ ૩
(૨-૨)

(સાખી.)

*સમજ સ્નેહી સજ્જન મારા. ટેક

પ્રીતીદુખ ધનવંતમાં, ઝાઝું તો નવ હોય
મનને રોક્યું રાખવા, સામગરી[૧] બહુ જોય. સમજ૦ ૧
પ્રીતીદુખ નિર્ધનમાં ઘણું ખરેખર યાર
દ્રવ્યતણું[૨] તેમાં મળે, તારે તો નહીં પાર. સમજ૦ ૨
છતે ધણી ધનવંત હું, પીડા પામું મોટ
પ્રેમઘેલી હું જ-મથી, તેથી સુખની ખોટ. સમજ૦ ૩
ઠાઠ બાહારનો જોઇને, લોક ભુલાવો ખાય

---

૧ (કાળજડું વિંધી પછી તેમાં દોરી પ્રોઇ.) ૨ ઓ નર્મદ (તારો રસ પ્રીતે ચાખું.)

* જે મતલબે "પ્યારા સાચી તું માન૦" તેજ મતલબે. ૧ મોહ પમાડના-૨-દુખ વિસરાવનાર-સુખ આપનાર ચીજો-બનાવો-માણસો. ૨ ગરીબને પ્રીતિનું દુખ હોય ને તેમાં જો દ્રવ્યતરફનું થાય તો તે પ્રીતિનું દુખ વધારે થઈ જાય છે.

ભીતર ભડકો બાળતો, તે નવ જાણે કાંય. સમજ૦ ૪
હું માનું મોટાઇ જો, કદિ ચરચાએ વાત
ખરો સ્નેહ ત્યાં બ્હીક શી, હું તો તારીસાથ. સમજ૦ ૫
આવીને સુખ આપ તું, પ્રાણતણા આધાર
હું તલપું છઉં તું વિના, પાણીવિના મીન ધાર. સમજ૦ ૬
નર્મદ તુંને પૂજું છું, દેહેરાસરના દેવ
દરશન દે ઝટ મુજને, કે કરું તારી સેવ. સમજ૦ ૭

(૨-૧)

(ઓખા હરણનો ચાલતો ઢાળ.)

અરે પરોઢિયાંની લેહેર, કેમ અડકિ[૧] દોડે તેમેર;
તું દૂતી થઇ શરમાએ, હારે કામ હવે કેમ થાએ? ૧
અલી કહેની શો લાવી જબાપ, કેમ બ્હાસે છે ધીરજ આપ;
કેમ રીસાઈ તું મ્હારાથી, મ્હારે મરવું શું બે જવાળાથી[૨]? ૨
શું પીયુ નથી આવવાના? શું પાણી સદીગયાં[૩] ત્યાંના?
શું પીયુ થયા છે માંદા? શું કંઈ મ્હારી[૪] તરફના વાંધા?. ૩
'હું[૫] લાવિશ નક્કી શેઠાણી,' એમ બોલી હતી તું વાણી;
શું તેમાં નહીં કંઈ ફાવી? માટે લાજે છે[૬] તું અહાવી. ૪
અલી વ્હેલી પાછી વળ બ્હેની, લાજ મૂકીને કર વાત હેની;
પછી કરવાનું મ્હારૂં કરું હું, મળું નર્મદને[૭] કે મરું હું. ૫

(૧-૨)

(કેરબાની ચાલ.)

*પ્યારા પ્યારા તૂંતો બહુ સાંભરે
તૂંતો બહુ સાંભરે
કેમ નથી આવેળા પાસ. પ્યારા, પ્યારા પ્યારા૦ ૧

---

૧ મળસકામાં પવનની લ્હેર નાજુકડાં શરીરને અડકી જતી રહી.
૨ બળતરા—એક પિયુની જુદાઇની ને બીજી તારી (દૂતીની) રીસની.
૩ (ત્યાં કોઇ બીજી મળી કે શું?) ૪ (શું મ્હારાથી કંઈ અઘટિત કર્મ થયું છ ને એથી તે રિસાન્યાછ?) ૫ (ગઈ કાલે જરે તું સવારે આવી હતી તારે તેં કહ્યું હતું કે હું ખબર લાવીશ.) ૬ (નથી આવવાના તેથી મને માઠું લાગશે એમ સમજીને તું શરમાઇને જતી રેહે છે?) ૭ સુખ આપનારા પ્યારાને
* નિશામાં ચાંદાને જોતાં.

ચાંદા ચાંદા ચાંદાંને[૧] રૂઝાડ તૂં
ચાંદાંને રૂઝાડ તૂં
ધરૂં કહોની તે હવે આશ. પ્યારા, પ્યારા પ્યારા૦ ૨
પાસા પાસા અવળા પડે માહરા
અવળા પડે માહરા
બહૂ રિબાવે પ્રિત પાશ. પ્યારા, પ્યારા પ્યારા૦ ૩
પૂરાં પૂરાં નર્મદાનાં કોડ કર
નર્મદાના કોડ કર
હુંૂ હું ફૂલ ને તૂં વાસ. પ્યારા, પ્યારા પ્યારા૦ ૪

(૨–૨)

(પદ–રાગ કાફી.)

વ્હાલીડા વ્હેલા આવોરે, પ્રીતમ પ્યારા. ટેક.
દુખ વીજોગી વિનતા કેવૂં, ઘણું શું મારે કહેવું,
જાણોછો દેવૂં લેવૂંરે. પ્રીતમ. ૧
જાણીતો વ્રેહ દુખ જાણે, પીળ નહીં પાસે ટાણે,
સ્વામી તું સંજોગ આણેરે. પ્રીતમ૦ ૨
ચમક લોહને જોએ, મળેથી બંને સ્હોએ,
શોભા શી ગાઉ મ્હોએરે. પ્રીતમ૦ ૩
સંસારી કામ ન સૂઝે, અનંગ અંગ મૂઝે,
પીળવણ કો દુખ બૂજેરે. પ્રીતમ૦ ૪
રૂપાળા ગૂણી સ્વામી, સુકાએ છોડ કામી,
પાણી તું સીપની નામીરે. પ્રીતમ૦ ૫
અવસર આ જો ખોએ, પ્રીતી નહીં મારી જોએ,
પછી તું ભારી રોએરે. પ્રીતમ૦ ૬
વિનવેછે ડાહી વિનતા, પામીશ નહીં ખીનતા,
વાણી છે પ્રીતી દીનતારે. પ્રીતમ૦ ૭
પીવા પાણી ન રેહેજે, પાવા પાણી તું વળજે,
વિશ્વાસ ભોગ કરજેરે. પ્રીતમ૦ ૮

(૨–૧)

---

૧ વિજોગથી હૈયે પડેલું ચાંદું.

*મૂને શૂં છોડી દેશે રે. પ્રીતમ પ્યારા. ટેક.
મૂને તૂં છોડી દેશે, બંનેની લાજ ન રેહશે,
સજ્જન સહુ નરસૂં કહેશે રે. પ્રીતમ૦ મૂ૦
રેહશે ઠપકો તુજ માથે, ઝાલી શૂં કરવા હાથે,
ધાલી શૂંકરવા બાથે રે. પ્રીતમ૦ મૂ૦
હૈડૂં સડશે મુજ શોકે, આંખો ચડશે બહુ ઝોકે,[૧]
પડશે ગળું ઝાઝૂં પોકે રે. પ્રીતમ૦ મૂ૦
દુખિયારી હૂં જેવારે, આધો શૂં તૂં તેવારે?
દયા નહીં લાવે પ્યારે રે? પ્રીતમ૦ મૂ૦
નર્મદ ઈશ્વરનેસારૂ, પ્રીતીમાં રાખે વારૂ,
તૂંવણુ કો દુઝવે ધારૂં રે. પ્રીતમ૦ મૂ૦

(૨-૧)

*દૂખવ મા દિલડૂં તહારૂં રે, પ્રીતમ પ્યારા. દુખ૦ ટેક.
તહારાં દિલને દુખ આણે, તહારીને દીધૂં જાણે[૧],
માટે પ્યારા તે નાણે[૨] રે. પ્રીતમ૦ દૂ૦ ૧
પ્યારા તૂં દુઃખી થાએ, હુંથી તે કયમ જોવાએ,
વાધે બમણી મુજ લ્હાએ[૩] રે. પ્રીતમ૦ દૂ૦ ૨
પાસે છે સંપત ખાસી, તોએ હૂં તહારી દાસી,
પ્રીતી નહિં મ્હારી વાસી રે. પ્રીતમ૦ દૂ૦ ૩
દેખી હૂં થરથર કાંપૂં[૪] કયારે હૂં સુખડૂં આપૂં,
કયારે હૂં તૂંને ચાંપૂં રે. પ્રીતમ૦ દૂ૦ ૪
હૂં તો અપરાધી ભારી, વણુસાડૂં કાયા તહારી,
સામૂં તૂં જોની મ્હારી રે. પ્રીતમ૦ દૂ૦ ૫
નર્મદા ધીરજ રાખે, કો દી પણુ સુખડૂં ચાખે,
પ્યારી તો સાચૂં ભાખે રે. પ્રીતમ૦ દૂ૦ ૬

(૨-૨)

* જે મતલબે "પ્યારા સાચી તું માન૦" તેજ મતલબે.
૧ છોડી દેવી એ ઝોક. * જે મતલબે "પ્યારા સાચી તું માન૦" તેજ મતલબે. ૧ તું તારી જાતને દુઃખ કરેછ પણ તે તું તારી પ્યારીને કરેછ એમ જાણજે—તને દુઃખી જોઈ હું દુઃખી થાઉંછ. ૨ ન આણું. ૩ દલગીરી.
૪ બીકથી નહી પણ પ્રેમના આવેશમાં આકળી થઈને.

હૂં તો છઉં ત્હારી ત્હારીરે, પ્રીતમ પ્યારા૦ હૂં૦ ટેક.
હૂં તો છઉં ત્હારી ત્હારી, બીજાની નહિં હું નારી,
બોલી છે સાચી મ્હારી રે. પ્રીત૦ ૧
રોગે વ્હરવો[૧] તૂં થાયે, દળદરથી તૂં પીડાયે,
તોએ આ પ્યારી ચ્હાએ રે. પ્રીત૦ ૨
દીલડું ઊઠે જે વાતે, હોયે તે તારી વાટે,
તોએ હૂં તારી સાથે રે. પ્રીત૦ ૩
થંડી[૨] જો થાવા લાગૂં, વિચારી પાછી જાગૂં,
મારી હૂં તારી માગૂં રે. પ્રીત૦ ૪
છોડી ખુન[૩] કરવા ધારૂં, એમાં શૂં થાયે સારૂં,
જળો આ જીવતર મારૂં રે. પ્રીત૦ ૫
કરવૂં ખુન[૪] તો કંઈ સારૂં, માણસ તો છુટવૂં વારૂ,
એવચને તો રીબાતૂં રે. પ્રીત૦ ૬
તૂંને મુખ્તયારી[૫] આપૂં, હૂં તો નહિં પ્રીતી કાપૂં,
મેં તો તનમનધન સાંપ્યૂં રે. પ્રીત૦ ૭
ભરોશે રહે તૂં પ્યારે, બીજી[૬] જેવી ના ધારે,
નર્મદ[૭] કહું વારે વારે રે. પ્રીત૦ ૮
(૧-૨)

દીવાની કીધી પૂરી રે, પ્રીતમ પ્યારા. દી૦ ટેક૦
દીવાની કીધી પૂરી, ધાલી પિંજરમાં નૂરી,
કેફે[૧] નેનો ચકચૂરી રે. પ્રી૦ ૧
હૂતી પણ[૨] ઘરવે શૂરી, થઇ જો હાલત આ બૂરી,
ઈશકની એવી છૂરી રે. પ્રી૦ ૨
જાદૂગર જાણૂં તૂને, કીધૂં જાદૂ તેં મૂને,
ચાંપી તૂં ધાલે ખૂણે રે. પ્રી૦ ૩

---

૧ બદસુરત. ૨ તારે વિશે મારો જે પ્યારનો જેસ્સો તે નરમ પડતો દેખાય તો. ૩ થંડા થવું અથવા બેવફા થવું તે. ૪ ખરેખર ખુન. ૫ તારે ગમે તો તું મને છોડ. ૬ બીજી કેટલીક નિર્દય સ્ત્રીયો બેવફાઈ કરેછે તેવી મને ન ધારતો. ૭ એ પ્યારા નર્મદ. ૧ ઈશ્કને કેફે. ૨ કદી પ્યાર નહીં બાંધું એવો ટેક રાખવામાં જબરી હતી તોપણ.

જોગી તેં ભુરકી નાંખી, મેંતો તુજ ખુટ્ટી ચાખી,
જડિએ[૩] જડિ તૂંસૂં રાખીરે. પ્રી૦૪
જારે તેં કીધી આવી[૪], તારે તૂં લે નીભાવી,
પ્રીતી તુજ મુને ભાવી રે. પ્રી૦ ૫
મત્સરિયા[૫] નાએ ચાવી, તેની નથિ રાવો લાવી,[૬]
ડાહી કર વ્હેલો આવીરે. પ્રી૦ ૬
નર્મદા તારી પ્યારી, રીબાએ છે આન્નરી,
આવીને કરની સારી રે. પ્રી૦ ૭
(૧-૨)

---

*(લાવણી.)

ધણી મારે ધર્મગુરૂ સાચો રે, ધણી૦ સાચો;
ધરનો જાણૂં ઘડો હોયની માટીનો કાચો. ૧
ધણી મારે ધર્મગુરૂ બાંકો રે, ધણી૦ બાંકો;
ધરનો જાણૂં લોકલાજનો તોબાનો આંકો. ૨
ધણી મારે ધર્મગુરૂ વ્હાલો રે, ધણી૦ વ્હાલો;
ધરનો જાણૂં નામનો તે કહેવાનો ઠાલો. ૩
ધણી મારે ધર્મગુરૂ આંખો રે, ધણી૦ આંખો;
ધરનો જાણૂં રાહૂ હોયની એવો તે ઝાંખો. ૪
ધણી મારે ધર્મગુરૂ ભોગી રે, ધણી૦ ભોગી;
ધરનો જાણૂં અણુગમતો તે સદાયનો રોગી. ૫
ધણી મારે ધર્મગુરૂ લાલો રે, ધણી૦ લાલો;
ધરનો જાણૂં હોય ભુંડો તે દુખ દેતો ભાલો. ૬
ધણી મારે ધર્મગુરૂ ચતુરો રે, ધણી૦ ચતુરો;
ધરનો જાણૂં બૂંધી તે નહિં કો વાતે પૂરો. ૭

---

૩ (તારી) જડીબુટીએ તેં મને તારી સાથે—જડી વલગાડી રાખી. ૪ દીવાની. ૫ અદેખા લોકો. ૬ તેની હું તારી આગળ ફરિઆદ નથી લાવી (તેની મને કંઇ દરકાર નથી. પણ તારી જુદાઈથી જે હું દીવાની ને આન્નરી બની છઉં તેને તું આવીને ડાહી ને સારી કર.)

* એમાં ન્હાના વરની મોટી બઈરીનું અને જે બઇરીને બીજા પુરુષ સાથે પ્યાર હોય છે ને જેને પોતાના પણીયતનું ન્હોહું ગમતું નથી તે બઇરીનું બોલવું છે.

ધણી મારે ધર્મગુરૂ ડાહ્યો રે, ધણી૰ ડાહ્યો;
ઘરનો જાણૂં માથું ફોડતો મૂરખનો જાયો[૧]. ૮
ધણી મારે ધર્મગુરૂ કહાંનો[૨] રે, ધણી૰ કહાંનો;
ઘરનો જાણૂં પાપ તે આણ્યો માબાપે કહાંનો[૩]. ૯
ધણી મારે ધર્મગુરૂ રાજે રે, ધણી૰ રાજે;
ઘરનો જાણૂં ગંડુઓ તે મુજને કયમ છાજે. ૧૦
ધણી મારો ધર્મગુરૂ પુટડો રે, ધણી૰ પુટડો;
ઘરનો જાણૂં કાળો ભૂત ને કાંણો ને કુબડો. ૧૧
ધણી મારે ધર્મગુરૂ તોરો રે, ધણી૰ તોરો;
ઘરનો જાણૂં ચાકર જેપર મારો બહુ જોરો. ૧૨
ધણી મારે ધર્મગુરૂ હસતો રે, ધણી૰ હસતો;
ઘરનો જાણૂં રડતો જેને સ્હેજ કરૂં ખસતો. ૧૩
ધણી મારે ધર્મગુરૂ મોંઘો રે, ધણી૰ મોંઘો;
ઘરનો જાણૂં વેચાએ તો વેચીદઉં સોંઘો. ૧૪
ધણી મારે ધર્મગુરૂ રસિયોરે, ધણી૰ રસિયો;
કુબુદ્ધિ કહેછે ઘરનો ભોળો સેવામાં ફસિયો. ૧૫

(૨–૧)

(લાવણી–દક્ષણી.)

હરણી અથવા માશુકનું બોલવું.–

શું જુએ પારધી ચતુર હવે તીર મારી
આવિને કહાડી લે તીર જખમ છે કારી
લઈ જઈ દવા[૧] દે નિકર[૨] સેકિખા મૂને
રાખવી ટટળતી અહીં ઘટે નહીં તૂને
હું અબળા હરણી છઉં બની લાચારે
પ્રિયપ્રાણ નર્મ થઈ તાબે તું મારે ઊગારે.

પારધી અથવા આશકનું બોલવું.–

શું વદે મીઠી મુજ હરણી વાંક નહીં મારો
આવિને મારિગઈ સ્હોડ મુકીને ચારો

---

૧ છોકરો. ૨ કોંહાંનુડો. ૩ કિયાં ઠેકાણાંનો. ૧ જો ગમતને સારૂ મને તીર માર્યું હોય તો તારે ઘેર લઇ જઈ મને દવા કર. ૨ નહીં તો.

ગઇ ચડી સિરે ખુબ ઝૂંમ ગયો કર ભાથે
કામઠી તણાઈ તીર છુટી ગયું હાથે
હું સબળ મુસાફર છઉં બન્યો દીવાનો
દિલદાર પાઈ રસ નર્મ મને કર દાનો.[૩]

જોનાર અથવા કવીનું બોલવું.–

શું બન્યું પછી તે કહું સુણો! સહુ પ્રેમી[૪]
આવીને ઉભો તે કને નજર બહુ રહેમી
તિર ધિમે કહાડિ કરિ દૂર ચુમીઓ લીધી
તજવિજે સમારી જખમ ઉઠાડી દીધી
લઇ ગયો પછી નિજ ઘેર થઈ ખુબ રાજી
રસ નીત પાય જ્હાં નર્મ બની તે સાજી.

(૧–૧)

(લાવણી–દક્ષણી.)

ઓ ચતુર ભ્રમર તું મુને, દંખ દઇ જાએ
આ ઝેર પસરિ ખુબ રહ્યું, મરણ તો થાએ
શું બીજાસારુ તું જાય, કનેથી ઊડી
શું હજી ઠર્યો નહિ કરી રતીરસ[૧] બૂડી
નહિ મળે કેતકી[૨] કેમ છોડિ દે મૂને
બહુ ચંપા[૩] કોદિ નહિ કરે સુખી કંઇ તૂને. ૧

(૧–૨)

(લાવણી–દક્ષણી.)

સજનડા શા સારૂ નાવે[૧] ?
પિઉડા, દયા નવ લાવે ? સજનડા૦ ટેક.
આવડું માન[૨] તો ધરવું નવ કોદી મેં
રસિયા, બહૂ તલપાવે. સજનડા૦ ૧

---

૩ ડાહ્યો.

૪ પ્યારને સમજનારા; રસિકજનો. ૧ (મને રતિરસમાં ડુબેલી કરી નાખી–હજી તું કેમ ઘેર ઘેર કુતરાં ભસાવેછ) ૨ જોજે મારા જેવી કેતકી–રસ ભોગ સમજનારી નહી મળે–અરે તું મને કેમ છોડી દેછ ? ૩ બીજી જે મળશે તે ચંપા મળશે–તને સુખી નહીં કરે. ચંપામાં રંગ રૂપ ને વાસ છે, પણ કોઈ ભોગી ભમરાને તે ભાવે એવો તેનામાં પ્રેમી ગુણ નથી. ૧ ન આવે. ૨ માન એટલે લાડમાં રીસાયું તે. (તારા જેટલું આવું માન મેંતો કોઇ

આવડૂં માન[૩] તો બિજિ કો ન રાખે
રસિયા, પુછે નવ ભાવે[૪]. સજનડા૦ ૨
ખરે તૂં જિત્યો ને પ્યારા હારી હૂં
રસિયા, ગુમાન સમાવે. સજનડા૦ ૩
તારા વગર હૂં પૂરી અંધી છૂં
રસિયા, રિબાઊંછું તાવે. સજનડા૦ ૪
આતૂરને તૂં ચતુરો હોઇને
રસિયા, કેમ તરસાવે. સજનડા૦ ૫
ઓ પ્રાણેશ્વર સામૂં મારી જો
રસિયા, બિજાં જન ચાવે. સજનડા૦ ૬
વિનવે નર્મદા રોઇ રોઇને
પિઉડા, હવે ઝટ આવે. સજનડા૦ ૭

(૨-૧)

(ઠુમરી.)

રસીયા સાથીડા, મૂને અધવચ લુટાવી કાં દે,
વ્હાલીડા મૂને અધવચ લુટાવી કાં દે,
ભલા તું મૂને અધવચ લુટાવી કાં દે. રસી૦—ટેક.

તારૂં હસવૂં મારૂં રડવૂંજ થાએ, વ્હા૦ ભ૦ ૨૦
તારે ભરોસે મેં કર્મ આરંભ્યું. વ્હા૦ ભ૦ ૨૦
તારૂં કહેલૂં મેં સંધૂં કર્યૂં રે. વ્હા૦ ભ૦ ૨૦
ભૂલીપડી હવે કહાંરે હું જાઊં. વ્હા૦ ભ૦ ૨૦
આ જંગલમાં જો પડિછૂં એકેલી. વ્હા૦ ભ૦ ૨૦
વાઘવરૂકેરો ભો છે ઘણો અહીં. વ્હા૦ ભ૦ ૨૦
પાણીની સાથે તારી[૧] તરસી છું. વ્હા૦ ભ૦ ૨૦
રે તૂં કહાં છે તે કહેની કરી ઝટ. વ્હા૦ ભ૦ ૨૦
આવ આવ અહાવૂં કરવું ઘટે નહિં. વ્હા૦ ભ૦ ૨૦

દાહાડો ધર્યું નથી). ૩ માન એટલે અદબ, આબરૂ. (બીજી સ્ત્રી ન રાખે; હૂંજ રાખુ છઊં.) ૪ તારો ભાવ પણ ન પુછે. ૧ એક તો પાણીની તરસ

માફ કરી મને દરશન દે તું. વ્હા૦ ભ૦ ૨૦
છેક હારીગઈ એકીછૂં તૂપર. વ્હા૦ ભ૦ ૨૦
નંમ ગરીબાઇ દિલમાં વસી ને, વ્હાલીડા તુર્ત આવી ઉભો રહ્યોરે,
ભલો તે તુર્ત આવી ઉભો રહ્યોરે, દયાળુ સાંયીડે લાજ રાખી વધારિ કહું રે.
(૨–૧)

(પદ–રાગ સોરઠ)

બહુ બહુ પાડ હું માનું રે મા૧–જો ઝટ થાયે મરણ રે મ્હારૂં.
પિયુને હું ચ્હાઉં, જખમે રીબાઉં
તેવણ કો પૂરે ધારૂં રે–મા, જો૦ ૧
કયમ કહાં હું જાઉં, અગની સમાવૂં
તેવણ શૂં જીવ્યૂં સારૂં રે–મા, જો૦ ૨
વિજોગે તણાઉં, નર્મદા મુઝાઉં
કયમ કરી હું મન મારૂં રે–મા, જો ૩
(૩–૧)

હોળી–રાગકારી.

આવ આવ વ્હેલો પીયુ પ્યારા,
તારાવિના પ્રાણ જાયે આ મ્હારા–આવ૦ ટેક.
ઋત વસંત વહીજાય એળે૧
શૃંગાર લાગે અંગારા–હાંરે પ્યારા શૃં૦ તા૦ આ૦
પરનારીસું હોળી ૨ ખેલે તે
પણીયતથી રેહે ન્યારા, હાંરે પ્યારા પ૦ તા૦ આ૦
પરનારી અંતે છે હોળી૩
હોંશ ઉડીજાય તારા–હાંરે પ્યારા હોં૦ તા૦ આ૦
પીયુ વિનાની નારીને નિત્યે
મ્હેણા દે લોક નઠારા–હાંરે પ્યારા મ્હે૦ તા૦ આ૦
અકળામણથી હોળી૫ લખીછે
વહીગયા શૂં સુખવારા–હાંરે પ્યારા વ૦ તા૦ આ૦

લાગીછે ને બીજી તારી તરસ લાગીછે એટલે તારારૂપી અથવા તારાં દર્શનરૂપી પાણીની ઘણી તરસ લાગીછે. ૧ દેવી.

૧ એળે–ફોગટ. ૨ હોળી–રંગબાજી. જેઓ પારકાની બઇરીસાથે રંગબાજી રમે તે પણીએતથી દુર રેહે છે. ૩ હોળી–ચકલાનો સળગેલો ભડકો.

૫ હોળી–હોળીરાગ અથવા હૈયાંની બળતરા. અરે શું સુખના વારા–દા.

વાંકું[૬] લહી તું રહીશ ન છેટે
એ પ્રેમજ્વેશના ધારા–હાંરે પ્યારા એ૦ તા૦ આ૦
નર્મદ નારી હવે રહી હારી
કહાંછે તું નેનનાં તારા–હારે પ્યારા કહાં૦ તા૦ આ૦
(૨–૧)

(હોળી–રાગ કાફી.)

*પ્યારા કહાં જાઉં, મને એક આસરો હારો. ટેક.
ઘણું લખતાં લજ્વાઉં હું નારી,
પ્યાર ઘણો જાણુ મ્હારો, હાંરે પ્યારા પ્યા૦
પ્યારા પ્યારા કરછું રાત દાહાડો,
તોએ તું રહે હુંથી ન્યારો, મને એક૦ પ્યા૦ ૧
પીહર ને સાસરામાં ન કોઈ,
ઊતારૂં કહાં દુખભારો, હાંરે પ્યારા ઉ૦
કહું હું કહેાને જો કહૂં નવ તુને,
મ્હારે તું નેનનો તારો, મને એક૦ પ્યા૦ ૨
તનમન અર્પણ તુને કર્યાંછે,
મ્હારાથી કેમ રહે આડો, હાંરે પ્યા૦
જેમ ગમે તું હસાવે રડાવે,
હુંપર હારો ઇજારો, મને૦ પ્યા૦ ૩
જેમાં ગણું તેમાં તૂં મ્હારે,
મ્હારે તો એકજ ધારો, હાંરે૦ પ્યા૦
પ્રીત કરી મરતાં નવ તોડું,
લઉં હું નિભાવી નઠારો,[૧] મને૦ પ્યા૦ ૪
નથી પસતાતી કરી પ્રીતડી હું,
કરૂં પસતાવો અહાવો[૨], હાંરે૦ પ્યારા૦

હાડા જતા રહ્યા ? વારો (વખત–એ શબ્દનું અનેકવચન વારા.) ૬ મેંતો તને હસવામાં મેણાં માર્યાં છે તે બધું વાંકું પાડીને અથવા એ જ્હાને મારાથી દુર ન રેહેતો એતો પ્યારના ઉભરામાં મારાથી કેહેવાઇ ગયું છે.

* જો મતલબે "પ્યારા સાચી તું માન૦" તે મતલબે.

૧ (કદી મારો પ્યારો નઠારો નિકળે તોપણ હું તેને નિભાવી લઉં.)

૨ પ્યાર કરીને પસતાતી નથી આટલીજ પસતાઊછ કે પ્યારા મેં તને

સુખ ન આપ્યું તુને મેંતો પ્યારા,
તહારો આવે કહાંથી વારો, મને એક૦ પ્યા૦ ૫
પ્યારાની ઊંપ વિનાં સીસીમાંનો,
હૈડે બેઠો હોંશપારો[૩], હાંરે પ્યા૦
તહારા વિનાં કો તરાવી રમાડે,
તૂં પ્રેમસીંધુનો તારો,[૪] મને૦ પ્યા૦ ૬
(૧-૨)

(હોળી.)

*એવી કેવી તેં આગ લગાડી, તારાવણ કોણુસું ખેલું હું હોળી. ટેક. ૧[૧]
આગે બળી તેં આગ લગાડી, આડી બધાથી હું લાડી, હાંરે પ્યારા આ૦
વાડી બળે થઇ પાડી હું લાડી, સાડી તજી રહું દહાડી–તારા૦ એવી૦ ૨[૨]
તાડી પાઇને બનાવી તેં ગાંડી, ગાડી નાખી રૂડી વ્હાડી–હાંરે પ્યારા ગાડી૦
નાડી થઇ જો આ છેકજ ટહાડી, માંડી કરી કેમ છાંડી.–તારા૦ એવી૦ ૩[૩]
ફાડી કલેજું ન ઠેઠ પોંચાડી, આંડી રહૂં બુમ પાડી–હાંરે પ્યારા આ૦
જાડી મતી કર મા સુણી ચાડી, ઓ નર્મદ લે તું ઉપાડી.–તારા૦ એવી૦ ૪[૪]
(૨-૨)

સુખ ન આપ્યું તો પછી તારો વારો કાંથી આવે? ૩ જેમ થરમામીટર–ઉષ્ણતામાપકયંત્રમાંના પારાને ગરમી ઓછી લાગતી જાય છે તેમ તે નીચે બેસે છે તે પરમાણે મારા પ્યારાની ઊષ્ણના મારા શરીરમાં કોઈ વાતની ઉલટ –હોંશછેજ નહી–દલગીરીથી ડબાઈ ગઈછું. ૪ પ્યારના દરીયામાં તું જબરો તર નારો છે ને એવો જે તું તે દુર છે હવે મને તારા વના કોણ તરાવશે ને રમાડશે? * નિશામાં લખેલી. ૧ અરે તારો એવો તે ઇરક કેવો કે જેથી હું બળ્યા કરૂંછ–અરે જુદાઈમાં તું એવો તો સાંભરેછ કે તારા વના બીજા કોની સાથે હું હોળી ખેલું? ૨ પેહેલે તો તું બળ્યો (મારેથી)ને પછી તેં મારામાં આગ લગાડી અને એથી હું બધાં માણસની રીતથી આડી રીતે લાડીવાડી (જુવાનીની) બળેથી (મારૂં ચરવાનું ગયું તેથી) હું લાડી– મોટી લાડકાવાઈ શેઠાણી છતે દુબળી પડી–બની ગઇ છઉં અને સાડી બદલીને (ચિથરાં પેહેરી.) દરરોજ રડ્યાં કરૂં છઉં. ૩ અરે ઓ તેં ઇરકની તાડી પાઈ ને મને ગાંડી બનાવીછ અને દુનિયાના ઘોરી રાહપર ચાલતી ગાડી (મારી રૂડી ચાલ ચલગત) તેં કાપી નાખીછે, અરે આ મારી નાડી છેકજ ટહાડી થઈ ગઈછે (દુઃખે) અરે તેં માંડેલી કરીને પછવાડેથી કેમ છોડી દીધી?

૪ ઇરકને તીરે મારૂં કલેજું ફાડ્યું–વાર ફાડ્યું પણ હવે પુરૂં સુખ કેમ નથી આપતો. હું આરડીને બુમ પાડ્યા કરૂંછ તે સાંભળતો કેમ નથી? લોકો જે ચાડી કરે–મારે વિશે નઠારૂં બોલે તે સાંભળીને તારી બુદ્ધી જાડી ન કરીશ (મને અળખામણી ન કરીશ) નર્મદ–સુખ આપનારા હવે ગાઝું ન ટટળાવતાં મને ઉપાડી લે.

(હોળી.)

આ વસંતડો વહીજાય–સખીરી,
પીઉડો તો આમ વાહેછે મુજને, અ૦ ટેક.
ભણી ગણી પૂરી ચતુર રસીક ને,
રસીલી રસીએણ થાયે; હાંરે તું જો રસીલી૦;
પ્રીતડી રૂપ મરમ ખુબ સમજે,
બહુ રંગ ધૂમ મચાંએ.–સખીરી, પીઉડો૦ ૧*

(૨–૧)

(હોળી.)

આવો સખી ગીતડાં ગાઇએ, રૂતનો રસ લઇએ–ટેક.
ખીલ્યો આ બ્હાર વસંતરૂતુનો,બાગમાં ફુલડાં શોભે; હાંરે જુઓ બાગમાં૦
રંગ પરાગ[૧]ઉડી આંખે વળગે,કો ન જુએ ઊડી લોભે[૨]–આવો૦ ૧
સાંજ સમે પંખીડાં ગાએ, કુંજ મનોહર લાગે; હાંરે સુણો કુંજ૦
વાદળની શોભા સહુ જોતાં,બહુ પ્રેમ–આનંદ જાગે–આવો૦ ૨
નર્મદનારી પીઉ અને પ્યારી, રંગ રમે સુખદાઈ; હાંરે બેની રંગ૦
પાડ પ્રભુનો માનીયે બ્હેનો,કે આજ નથીજ જુદાઈ–આવો૦ ૩

(૨–૧)

(હોળી.)

વળો રામ આમ[૧]સ્હવારા,[૨]સ્હવારા! વળો સ્વામ આમ સ્હવારા. ટેક.
સહુની ઇચ્છા ઉપરાંત હું સાથે, કે ન રહો તમે ન્યારા–હાંરે પ્યારા કે૦
મેહેલ તજી વન સેવ્યું ને ત્યાંથી, અહીંયાં સહું દુખભારા;
એવા સુખ–આશના ધારા–વળો રા૦ ૧.[૩]

---

* (આ વસંત રૂત ને આ મારી જુવાની વહીજાયછે ને ધણીતો મને તેડતો નથી પણ આ રીતે ઉડાવ્યાં કરેછે: તું પુરી ભણી ગણીને ચતુર રસિક (રસને સમજનારી) રસીલી (રસ વાળી–ખુશ મીજાજ હોઇને ખુશ મીજાજ કરાવતી) અને રસીએણ–ચારમાં રસ ઉપજાવી જાણનારી થાય અને પ્યારનું શું રૂપ છે–પ્યાર શું છે–એનો મરમ શું છે એ તું જો સારીપઠે સમજે તો પછી આપણાં બેની વચમાં રંગ ધુમ મચે.)

૧ પરાગ–ફુલની અંદરની સુગંધી આપતી રજ. ૨ ગમે તેટલું ધારો કે ફુલઝાડના રંગ નથી જોવા તોપણ તે તરફ આંખ ગયા વગર રેહેતીજ નથી.

૧ આમ–લંકાં તરફ. ૨ સ્હવારા–વેહેલા વેહેલા. ૩ મેં તમારી સાથે

માહારૂં તો દુઃખ નથી તમ સરખૂં, પરણ્યા થયારે કુંવારા–હાંરે પ્યારા પર૦
હુંગર રાન અને ટહાડ તડકા, ભૂખે પીડાતા બચારા;
પડયાપર પાટુના ધારા–વળો રા૦ ૨.૪
પ્રીતી અને પણ રાખ્યાં હશે કે, ભોગ કરાવ્યા શું સારા–હાંરે પ્યારા ભો૦
એવા વિચાર થતા હશે ઝાઝા, ઝાઝા તમે દુખીયારા;
એવા પ્રેમપાશના ધારા–વળો રા૦ ૩.૫
કટંક દેશ ને કંટક રાજ્ન, તેથી દુખી રામદારા–હાંરે પ્યારા તે૦
લંકા બળો ને બળો તેની વાડી, હૈડે ઉડે છે અંગારા;
કહાં છો જી ચંદનગારા–વળો રા૦ ૪.૬
રહું અજ્યેધ્યા લીલાભરપૂરૂં, ઊડે વસંતે પ્રુવારા–હાંરે પ્યારા ઊ૦
બ્હાર ગુલાલ અખીલતણા શા, રંગ નદીના ઓવારા;
કહાં છે તે સુખદ વારા–વળો રા૦ ૫.૭
રામ સ્વીકારી પ્રણામ સીતાના, જુગતી બતાવી છે પ્યારા–હાંરે પ્યારા જુ૦
ચતુરસુજ્ઞન કરી સજ્જ સેના, સંહારો દૈત નઠારા;
નર્મદ પ્રાણ રાખોજી મ્હારા–વળો રા૦ ૬.૮

(૧–૧)

વનમાં આવવા માંડયું તારે સહુએ ના કહી હતી કે અબળાએ રાનમાં ન જવું, તે સહુની મરજી તોડીને માત્ર એટલાજ કારણથી કે હુ ને તમે જુદાં ન પડીએ અને તમો છો એટલે મને રાન શું કરવાનું છે એવા વિચારથી મંદીર તજીને વનમાં આવી પણ નસીબને જોરે–રાવણને કપટે વનમાંથી પણ મારે અહીંઆં લંકામાં આવવું પડયું અને અહીંઆં દુખના ભારા ઉપાડું છું પણ હોય સુખના અને આશાના ધારા એવાજ હોય છે–કે જ્હાંથી સુખ ઈછીએ ત્હાંથી સુખ આધું જાય છે અને ઉલટું વધારે થાય છે.

૪ હું આટલી દુઃખમાં છઉં પણ તમારા દુઃખની આગળ મારૂં દુઃખ કંઈ નથી. પરણ્યા તે ન પરણ્યા જેવા થયા–૧૨ વરસની જુદાઈ. પણ હોય પડયા ઉપર લાત–દાઝયાપર ડામ તેવી તમારી હાલત છે. ૫ શું મારી પ્યારી મા-રાપર પ્યાર રાખતી હશે. તે પોતાનું વચન પાળતી હશે, તે જુલમગારના જુલમને તાબે થતી હશે એવા વિચાર ધણીને જુદાઇમાં થાયછે. પણ હોય પ્યારના ફાંસાની એવીજ રીત હોયછે કે દુઃખજ પામવું. ૬ કાંટા સરખો લાગતો દેશ ને કાંટા સરખો લાગતો રાજ (રાવણ) તેથી હું રામની બઈરી દુઃખી છઉં–અરે મારા થંડા ચંદનના ગારા તમે કાંહાં છો? ૭ અજ્યેધ્યા–આપણા દેશની શી વાત થાય? અજ્યેધ્યાના સુખ આપનારા વારા–પવન કાંહાં છે? માત્ર ત્હાંના પવનવડે પણ સુખ માની લઉં.

૮ મેં જુગતી બતાવીછે (હરમાનને તે પરમાણે) આશકથી માશુક દુર પડી હોયછે તારે ખરી માશુક કોઈ પણ તજવીજે કરીને પોતાના આશકને

(રેખતો.)

ઓ કાં ચંડિ મુજપર તું રૂઠીરહી, કારે સિદ્ધિ દેખિશ તૂહીરહી. ઓ૦ ટેક.
મ્હારી ચાર મેરે દેહેશત ફરે, અગન રૂવે રૂવેન્ જોઠીરહી. ઓ૦ ૧
દીસેજાનસંગે ગયો જાન હો, ખરે ભૂંડિ આ દેહ જૂઠી રહી. ઓ૦ ૨
હું ભટકૂં દીવાનીજ ફીકી પડી, ન લાજેભરી બાંધિ મૂહી રહી. ઓ૦ ૩
રસિકનર્મ[૧]મ જીવી[૨]પોથી ગઈ, પડી ભૂઠિ[૩]હિણુદૈવિ[૪]પૂઠી[૫]રહી. ઓ૦ ૪

(મુસતેનદ–રાગ મુલતાની–ગત ગજલની.)

*પ્યાર બંધાયો કસાઇ[૧] તે કબુ તુટનાર નહીં,
દિલડું તો તુંમાં દઈ;
તું પ્યારા વગર બીજું કાંઈ મ્હને ગમનાર નહીં,
સંધું મેં કુરબાન કર્યું. ટેક.
બેવફાઇ ઓરતોની ગાજી રહી રોજે રોજે,
જગોએ જગોએ;
બેફિકર રહે પ્યારા મ્હારા હું ન કરૂં સાચે સાચે,
દિલ મ્હારૂં નરેનજ્યૂં. પ્યારા૦ ૧[૨].
બેવફાઇ ઓરતોની એબો કરે ખુલ્લી ખુલ્લી,
જળો ત્હાં પુળી પુળી;
ઇલ્મ તુકમ ખુબસુરતી ને દાનાઇ મુજ તોફે તોફે,
તે ન એબીએલ કરૂં. પ્યારા૦ ૨[૩].

પોતાની પાસ તેડે છે. લશ્કરને સજ તૈયાર કરીને અહીં આવી રાખસને મારી ઓ નર્મદ–સુખ આપનારા (રામ) મારા જતા પ્રાણને રાખો. (સીતા–પૃથ્વી, રામ–ખરો ધણી, અને રાવણ–જુલમી જવન એમ પણ અર્થ માંહેથી નિકળે છે.)

* વિરહિણી, દેવીને કેહે છે. ૧ રસિક જનનું સુખ (અને વળી)

૨ મુઆને જીવાડનાર (એવી પોથી વચમાંથી ઉડી ગઇ ને ઉપર તળેનાં પુંઠાં રહી ગયાં–એ પૂઠાંરૂપ હું છઊં.) ૩ ઓશિયાળી પડી ગઈ–શરમાઈ ગઇ હોઊં તેવી. ૪ નઠારાં ભાએગની. ૫ પોથીનું નાનું સરખું પુઠું.

* જે મતલબે "પ્યારા સાચી તું માન૦" તે મતલબે. ૧ (બઈરી કહે છે કે કસાઈ કસાઇને જે ઘણે દાહાડે પ્યાર બંધાયો તે કદી તુટનાર નથી.)

૨ (જોકે ઓરતની બેવફાઈ ઠેકાણે ઠેકાણે ને રોજ રોજ જાહેર છે તોપણ ઓ મ્હારા પ્યારા મ્હારી તરફથી તું બેફિકર રહેજે, નક્કી સમજજે કે હું બેવફાઇ નહિં કરૂં.) નરેનજ્યું–ચોખ્ખું સાફ.

૩ જરે ઓરતો બેવફા થાયછે, તારે દુખી ને ચ્હીડાયલા મરદો ઓરત-

હું તું કોણ અને કેવાં કયાંથી આવી મળ્યાં જોનીજોની,
વાત કહું કોની કોની;
રડિ રડિ આંખ કરી ઝાંખી કહિ પ્યારા પ્યારા,
મેંતો પણ તહારૂં ધર્યૂં. પ્યારા૦ ૩૪.

---

૩. પ્રિયની વાણી.

(દોહરા–રાગ સિંધુડો.)

* પ્રીતક્ષેત્ર રણક્ષેત્રની, કુડી સૂણવી વાત;
પ્યારી તે તેં સાંભળી, જાત કરી રળિયાત. ૧
પણ નવ સંતોખાઇ તૂં, ઉરઠિ વધારી હોંસ;
જઈ પડી સંગ્રામમાં, જિતનો રાખ્યો સોસ. ૨
જિત તો આડી નીકળી, જખમો લાગ્યાં ખૂબ;
મથી બહૂ પણ રે પડી, પણ વિરલૂં તુજ રૂપ. ૩
સાહસને જન નિંદતા, પણ તૂં નવ પસ્તાય;
કુદરત પુજતાં તપથકી,[૧] પુન ને સારું જ થાય. ૪
ધન ધન ધન છે તૂજને, પાળે બોલ્યો બોલ;
પ્રેમમસ્ત ઘાયલ ગળી,[૨] ખરૂં કર્યૂં મેં તોલ. ૫
ચકોર ને ચતુરા છતે, કદી ન ચંચળ થાય;
દુખમાં પણ તૂં માનિ સુખ, રણસિંગડાંને ન્હાય. ૬
રણસિંગડાંને સૂણતાં, જોમે ઉઠવા જાય;
ટાંકા તૂટે જખમના, પાછી પડી રિબાય. ૭

જાતની એબો ખુલ્લી કરેછ માટે હું તો કહું છ કે જાંહાં બેવફાઇ છે તાંહાં ઘાસની પુળી બળો. હું તો મ્હારાં તોફે–સરસ ભણતર. કુળ, ખુબસુરતી અને ડાહાપણ એ બધાંને, બેવફા થઈ એબીએલ–એબવાળાં નહિં કરૂં. એબ–ડાઘ–બટ્ટો નહિ લગાડું.) ૪ પણ–ટેક–વચન (મ્હારે તો એક તુંજ એવું જે હું બોલેલી તે હું મરતાંસુધી પાળીશ, તહારેવિષે મગરૂબ રહીશ.)

* નિશામાં પ્યારીને વિષે બાંધેલું મત.

૧ લોકમાં ક્વચિત બનતું તેથી તેઓ કેટલાંક સાહસને નિંદેછે પણ મારો વિચાર આ છે કે બહુ બહુ રીતના વિવેકે પણ ડબાતો નથી એવો જે કુદરતી જોસ્સો તેને ઘટતો બ્હાર કહાડવામાં પુણ્ય છે અને અંતે તેમાં આપણું કલ્યાણજ છે. ૨ (ઘાયલ છતે ગળી– મીઠી લાગેછ.)

તાવે ધીકે હાડ ને, દિલમાં બહુ મૂઝાય;
જોભો છૂટે પ્રેમનો, ત્હારે થંડક થાય. ૮
ધન ધન ઊંચી જાતને, ધન ધન ઊંચો ટેક;
ધન ધન બ્હાદુરિ તાહરી, ધન ધન પ્રીતી નેક. ૯
રણમાં મરવું ધીટ થઇ, અંમર કરવી કાય;
એ દુર્લભ છે જંનને, જગત કીરતી ગાય. ૧૦
જગત ગાયતો પીયુ તુજ, કેમ ન ગાયે પ્રાણ?,
રડી ભેરવીસૂરમાં, મરે એવિ પ્રિતઆણ[૩]. ૧૧
ઉત્તમ નાયક નાયિકા, પ્રેમાનંદ સ્વરૂપ;
શીવ શક્તિ સમજી જગત[૪], નિત્ય કરેછે ધૂપ. ૧૨
(૧-૨)

---

*મહા રેલની તાણમાં, ગયો તણાઈ છેક;
તરતાં પૂરું ન આવડે, ત્યારે શો રહે ટેક. ૧
પ્હેલુંજ તરતાં શીખતાં, સમજ્યો શીખ્યો સર્વ;
હામ ભિડી બહું દૂર તું, ગયો ધરી મન ગર્વ. ૨
જતાંમાંજ થાકી ગયો, આવ્વાની શી વાત;
આવ્વું છે અધરૂં ઘણું, થઈ અંધારી રાત. ૩
હાર[૧] કાપિ આવ્વું ઘણું, સાચવિ વંમળ રોળ;
થાકેલેજ શરીરથી, અધરૂં છે નથિ ટોળ. ૪
ગભરાયો દીસે ઘણો, ડુબવાઊપર જાણ;
જો મુજ કહ્યું માને નહીં, નક્કી થાશે હાણ. ૫
જોઈ હું ડુબતો ત્હને, તું જે તે રીબાય;
કહું સાનમાં દૂરથી, રામબાણ ઊપાય. ૬

---

૩ પ્રીતદેવીની એવી આણ છે કે બેમાંથી એક મરે તો બીજું પણ મરેજ–એક ખુશી તો બીજું ખુશી, એક દલગીર તો બીજું દલગીર. ૪ જગત, ઉત્તમ નાયકનાયિકાને શિવ શક્તિ–પ્રેમાનંદ સ્વરૂપ સમજી નિત્ય ધૂપ કરેછે એટલે સેવેછે–પૂજેછે–માનપૂર્વક સ્તુતિ કરે છે.

* એક મારો તવંગર દોસ્ત ઈશ્કખાજીમાં ગવાતો હતો તેને એ કવિતા નસીયત દાખલ મોકલી હતી. એની ખુબી જે રેલમાં તણ્યો હશે અને ઈશ્કખાજી સમજતો હશે તેનેજ લાગશે.

૧ પાણીનો ન્હો (એની સામે જવું કઠણ હોય છે.)

ઉપાય જે હું બોલું છું, તે અનુભવના જાણ;
સૂખી થાવું હોય તો, દેજે આદરમાન. ૭
ધીરો થઈજા સામટો, ખા ખા બહુ ખામોશ;
મનમાં અજવાળું કરી, ઓછો કર તુજ જોશ. ૮
છેક હારની સન્મુખે, આવ્યું છોડી દેજ;
અડકતરાતો થઈજઈ, ખૂબજ વ્હાતો રેહ. ૯
વળિ જે લટકી ગુંચવે, હૈડાંકેરો હાર[૨],
કરી ચોવડો પીઠસું, રાખ ન છૂટો યાર. ૧૦
હવડાં તો વ્હાલો છતે, રાખ ઉંચો તું તેહ;
તટ[૩] આવ્યા પછી કોટમાં, રમતો રાખી રેહ. ૧૧
એમ કરે સુખ ઓછું નહિં, ઉલટું વધતું થાય;
વળિ ઈશ્વરની મ્હેરથી, કાંઠે તરી અવાય. ૧૨
(૧–૨)

---

*ઓ પ્યારી મુજપર જુલુમ, શો કીધો આ હાય!
ગનબ કર્યો તેં રંકપર, કયમ મેંથી સંખાય? ૧
પ્રીત પરપસ્પર બહુ છતે, જૂદું પડવું થાય;
તે દુખ તો આની[૧] કને, છેક ડબાઈ જાય. ૨
આગળથી પ્રીતી કરી, પછી ખસેડીદેજ;
સાચા આશકને વળી, એ દુખ તે કયમ સેહ? ૩
જે પ્યારી ઊમંગ થી, મૂને દેતી ગાલ;
પાસે લેતી ગાલ તે, દે હમણાં બહુ ગાળ. ૪
જે પ્યારી ઊમંગથી, જોતી મૂને સાચ;
તે ફેંકીદે મૂજને, જાણી ફૂટયો કાચ. ૫
જે પ્યારી ઊમંગથી, મ્હોમાં ઘાલી પાન;
રાતું મ્હોડું કરાવતી, 'કાળું કર,' કહે જાણ. ૬
જે પ્યારી ઊમંગથી, કરાવતી રસ પાન;
રીબાવે હડ હડ કરી, દઈ મોટું અપમાન. ૭

---

૨ પ્યારો સણગાર. ૩ કાંઠો. બેવફા થયલી પ્યારીને. ૧ બેવફા. ઈના દુઃખની આગળ.

જે પ્યારી ઊમંગથી, કહેતી સુણતી વાત;
તે ન કહે ન સુણે કંઈ, બાળે મ્હારી જાત. ૮
જે પ્યારી ઊમંગથી, લખતી ઝાઝાં પત્ર;
પ્રેમજોશમાં આવિને, તે ન વદે કંઇ અત્ર[૨]. ૯
જે પ્યારી ઊમંગથી, ગણતી મૂતેં છત્ર,
ફાટ્યું ખયડું ખાસડું, જાણી ફેંકે તત્ર[૩]. ૧૦
જે પ્યારી ઊમંગથી, ભેટે આણી વ્હાલ;
હડસેલે ઘસું ભેંટવા, એ મારા છે હાલ. ૧૧
જે પ્યારી મૂઝાય બહુ, જો મુજને નવ જોય;
તે ન જુએ મારીભણી, કહે છે 'છોને રોય'. ૧૨
જે પ્યારી ઊમંગથી, દેતી ધીરજ રોજ;
તે રાજી મુજ રીસથી, વધી પડે દુખ ખોજ. ૧૩
જે પ્યારી રેહતી ગરમ, પ્રીતમઘથી રોજ;
તે પ્યારી થંડી ઘણી, કહાં બળિગઈ તે મોજ. ૧૪
જે પ્યારી કરતી મને, પ્રીતમઘથી ઊષ્ણ[૪];
તેણે આણ્યાં શીત રે, પણ ન મરૂં હે કૃષ્ણ. ૧૫
જાતી વેળાએ અરે, જ્યારે બોલ્યો વેણ;
પ્રીત વનાના ખોળિયા, તૂં પણ વ્હાલૂં છોજ. ૧૬
જારે કીધી બોકિ મેં, રડતાં રડતાં પ્યારિ;
તારે પણ ના વાળિ તેં, શૂં છાતી છે તારિ? ૧૭
ઓ પ્યારી આગળ થકી, કાં પાડી ના તાજ;
કે ન પ્રજેતી આવડી, થાત વળી મુજ આજ. ૧૮
ઓ પ્યારી આવૂં કરી, પત પોતાનૂં ખોય;
ધીરી થઇને સમજિજા, પછિ પસ્તાઇ તું રોય. ૧૯
ઓ પ્યારી છોડે મને, મેંથી ના છોડાય;
હિંમત કરતાં છોડવા, દીલ વધૂ દૂખાય. ૨૦
કારણ નથિ કંઇ છોડવા, રે ટળાવે કેમ;
કહાં જઊં તૂંને તજી, દવા આપ તું ક્ષેમ. ૨૧

(૧-૧)

૨ જહાં આશક માશુકનું મળવુ થતું ત્હાં. ૩ દૂર. ૪ ગરમ.

(ચોપાઈ).

* કેતકિ રાત દિવસ ધૂમાય[૧], ભમરો તે વળિ નાજ મનાય;
રાત દિવસ ચિત ચિન્તા ભરે, કયારે ભમરો તરપત કરે. ૧
ગભરાતાં મન આવ્યું એમ, વચમાં કાંટો[૨] નડતો કેમ;
ખરે કનેથી કાંટો ખરે, તો તો મારૂં કારજ સરે. ૨
બ્હાર રહે કાંટો દિન રાત, ભમરાસાથ કરે છે વાત;
બ્હાર થકી એ પાછો વળે, ભીતરમાં મૂને ના મળે. ૩
મનમાં છે કાંટાપર વેર, પણ સમજાવે ઉલટી પેર;
રહેજે સાવધ કાંટા ભાઈ, ભમરો સહુને દંખે સ્હાઇ. ૪
કાંટો ખાઇ ગયો તે વાત, મંનથકી ના મૂકે ખાંત;
ભમરો ભૂંડો કયમ કહેવાય, કેતકિ ચિત બીજી કંઇ લાવ્ય. ૫
ચતુરો કાંટો ચેતી ગયો, ભમરાને પૂછંતો થયો;
નીતી સમજાવી બહુ પેર, આખર તેને આણ્યો ઘેર. ૬
કેતકિ ભમરો ભેગાં થયાં, એક બિજાથી સુખિયાં લહ્યાં;
વીજોગી સંજોગે સ્હોય, તે કાંટાને લીધે હોય. ૭

(દોહરા.)

કાંટો કેતકિને કહે, દુશ્મન જાણ્યો તેંહ;
રખેવાળ છૂં શાહદી, હૂંથી નચિન્ત રેહ. ૧
બ્હેન બન્ધુને ના ઇછે, બન્ધૂ ઇછિ બ્હેન;
પરવશ જનને લાગતૂં, બીજૂં સન્ધૂં બેન. ૨
બ્હેન બ્હનેવી રેહજે, રંગ રંગમાં રોજ;
ડાહી રીતે ચાલજે, રહે ભાર ને બોજ. ૩
કાંટો મન સમજી કરી, બરીપજ્યો સૂકાઇ;
ગુણ કરતાં અવગુણિ કહે, ત્હાં શૂં રહેવૂં ભાઈ. ૪

(૨–૧)

---

* દોસ્તની માશુકને લખેલી. ૧ કેતકીમાંથી પરાગ ઉડે તે ધુમાડા સરખો દેખાયછે–માશુક પોતાના આશકની બેપરવાઇથી મનમાં ધુધવાયાં કરેછ.
૨ આશકનો દોસ્ત.

(લલિત વૃત્ત.)

*અરર હાયરે સાચિ પ્રીતડી, મગન નંદિમાં શોભતી જડી;
અરર હાયરે છૂટિ કાં પડી, ઘણિ કવેળ રે કાળની ઘડી. ૧
પ્રિતડિ વાત તો પ્રીતમો કહે, રસ ખુમી ગળી તે જનો લહે;
પ્રિતડિ લ્હેજતો જાણિતા ચહે, પ્રિતડિ માર તો ભાવથી સહે. ૨
અટપટી રિતો પ્રીતની વળી, ભિતરમાં ઘણી મ્હાલતી ભલી;
અવર પૂજ્ય દેવી[૧] દિસે નહીં, તનમનો ધનો અર્પિયે જહીં. ૩
પ્રિતડિ બ્હેન મા સ્ત્રી પ્રિયા ખરી,પ્રિતડિ શક્તિમા[૨] પ્યારિ છોકરી;
પ્રિતડિ નાગરી[૩] બીજિ જાતની,પ્રિતડિ જગતમાં ભાત ભાતની. ૪
સરવ જાતની પ્રીતડી ભલી, (પણ) સમવયી ગુણી રૂપની ગળી;
તરુણ નારિની પ્રીત ઊમદા, ઉભળકાથિ જે જોય પ્રેમદા. ૫
પ્રિતડિ પેટમાં ઊનું આણતી, પ્રિતડિ અંગમાં જોર જાણતી;
પ્રિતડિ કેશને ઊંચકાવતી, પ્રિતડિ ખંજવાળે પિડાવતી. ૬
પ્રિતડિ દેહને તો પુલાવતી, પ્રિતડિ નેનથી હૈડું ઠારતી;
પ્રિતડિ જીભમાં સ્વાદ સંચતી, પ્રિતડિ જીવને સૂખ આલતી. ૭
પ્રિતડિ જગતની[૪] રીત નાણતી, પ્રિતડિ સદ્‌ગુણો નીતિ માનતી;
પ્રિતડિ સાચિ તે ભક્તિ જાણતી,પ્રિતડિ સાચિ તે મુક્તિ આણતી. ૮
પ્રિતડિભેંટ તો સારિ દીપતી, પ્રિતડિની છટા માર મારતી;
પ્રિતડિ સાહસો ભારિ લાવતી, પ્રિતડિ તો અદેખાઇ આણતી. ૯
દુખિ પિહેરની કેદિ સાસરે, ભર જવાનિમાં નંદિ લાસ[૫] રે;
ઉલટ મૂજમાં તૂજમાં ભર્યા, મધુરિ હાયરે કાંઈ ના સર્યા. ૧૦
સનય માંદગી મોતનો વળી, નિકટ[૬] હૂં નહીં તારિરે ભલી;
બહુજ તૂં મુઝાઈ હશે ખરી, પ્રિયા ન મ્હેં કયમે પ્રીછ્વી[૭] કરી. ૧૧
ગરિબ બાપડો બાપ તૂજરે, અરર શૂં થશે તેનિ સૂજરે;
નથિ કને હવે કોઈ નામરે, ખબર• દીનની લે તું રામરે. ૧૨
રતન જેહવા દીકરા ગુણી, વહુ રુડીજ છોડી સલક્ષણી;
બહુ કુટુંબ મોટૂં થતૂંગયૂં, સરવ ખોટું કાળે કરી થયૂં. ૧૩

---

* નંદી નામની પ્યારીનાં મોતઉપર મગન નામના પ્યારાનો વિલાપ.
૧ પ્રીતિરૂપી દેવી. ૨ દેવી (ની) ૩ શહેરીજન (ની)–ચતુરજન (ની)
૪ પ્રીતિનો પૂરો અનુભવ મળ્યો કે સઘળી દુનિયાદારી જણયામાં આવે છે.
૫ મુઆદું. ૬ પાસે. ૭ પ્રીછ્વી ન કરી–દીલાસો ન દીધો.

ધણિતણાં નહીં સૂખડાં મળ્યાં, વગર વાંકથી વેણ સાંભળ્યાં;
ધિરજ રાખિને પીડ સાંખિયે,ઘરનિ છાનિ તે ખ્હાર નાલિયે. ૧૪
અસલિ વ્હેમિ વીચારના બહૂ, ધણિ કુટૂંબિ મૂખેં હતાં સહૂ;
ન મળતી છુટો કોઇ રીતની, અહરનીશ તૂં કેદિ સવેની. ૧૫
અરર દીકરી રાંક તાહરી, કઈ સગી કને લાડશે વળી;
નયન પ્રેમિ ને જીભ માધુરી, તુજ સમાન ના દેખું રે ખરી. ૧૬
ધણિજ સાધવી દીકિ મેં તને, પરપુરૂષ ના ધારતી મને;
ખરિજ પ્રીતથી શોભતી બહૂ, સદ્‌ગુણો ધણા કેટલા લહું. ૧૭
પ્રિતડિ ઉપકારી ધણી તું રે, બદલમાં ન કાંઈ વળાયું રે;
ચતુર ડાહિ વ્હાલી તું બાપડી, પ્રથમ વેળમાં કેમ ના લડી. ૧૮
જણતિ માતણો શોક ટાળવે, પ્રિતડિ તાહરી બાંધિ પાલવે;
બહુ બહૂ રિતે પ્રીછવ્યો મ્હને, નહિ ભુલું કદી પ્રીતડી તને. ૧૯
સુખદુખો તણી વારતા કરી, મુખડું જોઇને રેહતો ઠરી;
શરિર મંનની છાનિ કેહતો, સમજણો કુડી તૂંથિ લેહતો. ૨૦
કઈ ગુણી કુપાળી તરૂણિરે, નિરખિ નારિ હારીશ જીવરે;
પ્રિતડિમોત તો ભારિ સાલશે, પ્રિતડિસૂખ તો યાદ આવશે. ૨૧
અરર હાયરે સાંભળી મુઈ, અતિસ ખ્હાવરી દેહ છે થઈ;
ઊલટ હાંસ તો હારિછે દવે, હર ધડી તપે જંખના હવે. ૨૨
અરર હાયરે હાય નંદિરે, અરર હાયરે સ્નેહબંદિ રે;
પ્રિતડિ હાસ તૂં સ્વર્ગવાસિરે, પ્રિતડિ મ્હારિ તૂં નિત્ય સૂખિરે. ૨૩
પ્રભુતણી ન જાયે કળા કળી, ચલણ કોઇનૂં ના દિસે વળી;
મરણ પ્રીતનૂં લાગતૂં બહૂ, દલગિરી વૃથા જાણવી સહૂ. ૨૪
નિર ઉપાય વસ્તૂ ધણી દિસે, મરણમાર તો કારણે હશે;
કરગરી કહૂં બ્રહ્મ બાપરે, પ્રિતડિ નંદિને મુક્તિ આપરે. ૨૫

(૧–૧)

(તોટક.)

* દિલમાં દલગીર અને ખિન રે, મળવૂં નવ થાય થયા દિન રે;
લખતી નથિ કાંઈ મ્હને કયમ રે, મનમાંથિ ગયો ઉતરી શું હું રે? ૧

* એમાં થવાની પ્યારી પોતાના દીલની વાત પ્યારાને કેહેતાં શરમાય છે પણ વાર લાગેથી મનમાં અકળાયછ તેની પાસે 'હું તને ચાહું છ' એમ બોલાવવાને પ્યારો તજવીજ કરેછે.

ચકમાં[૧] ચિતની કયમ રાખિ મુકે, ચકવીનિ[૨] પડે તું ઉદાસ દુખે;
ધુંધવાઇ રહે નહિં કાજ સરે, સુખડૂંજ થશે ઉભરો નિસરે. ૨
ચતુરા તજવીજ કરી છુપવે, ચતુરો નવ આળસુ રહે ઢુંઢવે;
શરમો કયમ નાજ મુકાય તુંથી,થયું છે જ થશે તુજ કાજ હુંથી. ૩
મનની કહિ[૩]વાત ખુલે દિલથી, મનની ન કહે તું ખુલે દિલથી;
નહિં બોલું હવે હું તું જોને ભણે, ચતુરા ચુક મા ચિત ચોળિ[૪]અરે. ૪
(૨-૨)

(સવૈયો.)

*નર્મદ ધાયલ દર્દિનું દર્દ તે નર્મદજેવુંજ દર્દિ પિછાને
નર્મદ સજ્જન એવું તે કોક રસે ઝુઝવે ઝુઝવી દીલધાને
નર્મદ સો જનમાં કદિ એક રહે વળાગ્યું ન બ્હિએ પડ્યું રાને
નર્મદ ભાયગ કહાંથિ મરે વળગી જનને લવતો પ્રેમ પાને!
(૧-૧)

(કવિત.)

સુંદરી દે મૂકિ લાજ કાંઈ તો તુ આણ દાઝ,
ભોગવ્યું ખરૂં તે આજ કાલની શી વાત રે!
અતી લાજ થાય માન અતિ માન કોપ માન,
કોપ તો ન પ્રેમસાન થાય પ્રેમઘાત રે!
પ્રીતમ ખમ ન ઢીલ વ્હેલિ વ્હેલિ રંગ ઝીલ,
ઝાઝું ઉભરાયું દીલ વાત રહે ન હાથ રે!
નર્મદ રંગીલ લાલ લાજમાં પડે ન તાલ,
ઊઠ પ્યારિ હાથ ઝાલ હોય જો સુજાત રે! ૧
(૨-૧)

---

૧ પડદામાં. ૨ એક જાતનું પક્ષી
'ચકવા ચકવી ચતુર નર, નિતપત રહત ઉદાસ';
૩ મેં મારી કહી. ૪ ચિતમાં ચોળ્યાં શું કરેછ—એમ કરવામાં તું ચુકેછ—દાહડા જતા રેહેછ—માટે ઓ ચતુર તું ચુકનહિ.
* બેવફાઈના દરદના ઉભરામાં.
ટીકા—જે દરદ જે રીતે નર્મદને થયું હોય તે દરદ તેજ રીતે જે માણસને

(ગરબી.)

*પ્રભુ કદિ પાઇશ મા પ્રીતડી; એ ભાંગ પિવે નહિં ચ્હેન,
ડોળાઈ જાયરે ચીતડું; નથિ નથિ સુખ કંઇ દિન રેન, પ્રભુ૰ ૧
બગ જેવો રે હું થઈરહ્યો; જળો લોહી પીએછે જેમ,
પ્રેમ પીઉંછુ હું ઘૂંટડે; સુખ પાંચ મિનિટ નહિં એમ, પ્રભુ૰ ૨
જૂદું પડવું રે ના ગમે; હાય નીચોવાઇ જાઉં છેક,
સ્વપના સરખું રે થાય છે; ના ટેક[૨] રહે મુજ એક, પ્રભુ૰ ૩
ઉપરા ઉપરીરે આંકડી[૩]; ઝટ પેટે પ્રગટે લાહ્ય,
ઉલટી કરવાનું થાય છે; ખરે મુજ દુખણું ના વરણાય, પ્રભુ૰ ૪
લોહી બળિજાયે સામટું; બનું કાળો કાળો ભૂત,
પીળા ડોળારે વાધના; કહે જન ગાંડો અમધૂત, પ્રભુ૰ ૫
કરવાનું હું તે ના કરું; શીર[૪] કામતણો છે પ્હાડ,
રાખૂ સહુની હું બેતમા, ધગધગતાં કામે[૫] હાડ, પ્રભુ૰ ૬
સઘળી અનીતિયો એથકી; બહુ કરું તારો અપરાધ,
ઊંચુ[૬] આવે કેમ માંહરૂં; અરે ફોગટ પાડું સાદ; પ્રભુ૰ ૭
સુખનો શીતળ જણ્યો ઝરો; હવે દુખનો ઊન્હો કુંડ,
માણૂં ખળખળતો બાળતો;વળી ભમરાનું[૭] બહુ ઝુંડ, પ્રભુ૰ ૮

થયું હોય તેજ માણસ, નર્મદનાં દરદને પીછાની શકે—એવાં થોડાંક માણસો હોય છે. (પણ પીછાન્યું તેમાં શું વલ્યું ? દરદીનું દરદ શું ઓછું થયું ?) એ થોડાંક માણસોમાંથી ઘણાંજ જુજ મળી આવવાનાં કે દરદીનું દરદ પીછાન્યા પછી ઉલટથકી તે દરદીપાસે જઇને તેનાં દીલનો ઘા રૂઝાડી (ઓસડ વેસડ કરી) પોતાનો પણ રૂઝવે. (એવાં જુજ મળ્યાં ને પછવાડેથી તેઓ બેવચની થયાં તારે તે શા કામનું?) એ જુજ માણસોમાં જાણે કે ૧૦૦ હોય તો તેમાંનું એકાદું વળી રાનમાં–આફતે ખુબ બીચેલું છતાં પેલા દરદીને મરતાંસુધી ને પછી પણ વળગી રેહેછે. નર્મદ કેહેછે કે જે દરદીજનની, બીજાં દરદીજનનીને કોટે વળગીને અને તું મને તારો પ્યાર પાની એમ બકતો મરીજાય તે દરદીજનની મોટું નસીબવાળું પુત્ર કરીને અવતરેલું સમજવું.

* ઉભરામાં લખીછ–એમાં પ્રીતિનું દુઃખ વર્ણવું છે.

૧ જળોને દરદની જગોએથી અને પ્યારાને પ્યારી પાસથી જુદું પડવું નથી ગમતું. ૨ પ્રીતિ ન બાંધવાનો ટેક. ૩ જુદું પડતી વખત ખરેખર પેટમાં ગુંછળાં વળે છે. ૪ દુનિયાદારીનાં. ૫ કામના જોરથી. ૬ (કલ્યાણ કેમ થાય.)

૭ અદેખા દુરજન (કેટલેક ઠેકાણે ઉન્હા કુંડ ને ગુફાઓમાં ભમરા હોય છે.)

સઘળૂં સમજે છે સાહ્યબા; હવે ઝાઝૂં મા રીઆવ,
માફ કરીને તૂં વાંકને; સતસુખચંદન વરસાવ, પ્રભુ૦ ૯
(૧-૨

---

* પ્રભુ નીત પાજેરે પ્રીતડી;મેં તો કીધું નક્કી એમ;
મરવૂં ચીકણા થઈ તેથકી;બહુ ખમીર થયો નથી વ્હેમ, પ્રભુ ની૦ ૧
કરમે લખાવ્યૂં રે એહવૂં; થાય મિથ્યા તે વળી કેમ,
પીવો પીવો રે પ્રેમડો; એ લાગે અંમૃત જેમ, પ્રભુ ની૦ ૨
પરથમ કેહેતોતો લેમડો; મને લાગ્યો કડવો જાણ,
પણ પછી ગુણકારી થઇ પડયો;ખુબ થંડક થંડક માન, પ્રભુ ની૦ ૩
ખટપટ દુનિયાની જાણવે; છઉં બેહેરો અંધો છેક,
કર[૧] પદ[૨] જીભ નથી તેહમાં; હુંતો સમજૂં પ્રીતીટેક, પ્રભુ ની૦ ૪
ત્રંણે તાપથકી મોકળો; અતિ કેફ કર્યો હોય તેમ,
ભાન વગરનો હૂં થઇ રહ્યો; પછી પાછો પ્રેમે ક્ષેમ, પ્રભુ ની૦ ૫
મને લેહ લાગીછે તૂજસૂં; મારે મંન વસે તૂં એક,
આંખે દેખું એક તૂજને; મુખે ગાઉં તૂને એક, પ્રભુ ની૦ ૬
પ્રેમ વિનાનૂં અહીં કંઇ નથી;જે સમજી ન પીયે તેહ,
ફોગટ જન્મ્યો તે જાણવો; કેમ બાંધૂં હરીસૂં નેહ, પ્રભુ ની૦ ૭
પ્રેમ મટોડીની[૩] દેહડી; વળી પ્રેમરૂપ આ જીવ,
પ્રેમ જમીને[૪] રોજે ટકે; શુદ્ધ પ્રેમથકી બનું શીવ, પ્રભુ ની૦ ૮
સઘળૂં સમજેછે સાહ્યબા; સત પ્રેમે રોજ રીઆવ,
માની લઇને રે વીનંતી;કે લઉં પછિ સતસુખલ્હાવ[૫]. પ્રભુ૦ ૯
(૧-૨)

---

* એમાં અનેકની પ્રીતિથી જખમી. થયલાં અને પછી એકની પ્રીતિઉપર અને પછી ઈશ્વરનીજ પ્રીતિઉપર આસક્તિ લાગેલી એવાં જનનું બોલવું છે.
૧ હાથ. ૨ પગ. ૩ સ્ત્રી પુરૂષનાં રેતરૂપી મટોડી.
૪ માબાપના પ્રેમથી છોકરૂં ઉછરેછે વગેરે. ૫ લ્હાવા; ઓરિયા.

*ધીરજ દેજે રે બ્રહ્મ તૂં; મારી પ્યારી ઇઝરાઈનાય,
દુઃખ ઘણું છે રે તેહને; તે કોને ના કેહેવાય. ધીરજ૦ ૧
હૂં તે ને ત્રીજો એક તૂં; એ માત્ર જાણિતા સર્વ,
ચોથૂં અન્ય નથી જાણતૂં; ખરે રડતાં જાય સુપર્વ.[૧] ધીરજ૦ ૨
રડવા દેઈશ નહીં દેવરે; એના નિર્દોષી સહુ કર્મ,
જોઈ લાવ દયા ઊરમાં; તૂં સમજેછે સહુ મર્મ. ધીરજ૦ ૩
મારાં દુઃખથકી તે દુખી; નિજ દુઃખ ગણે નહિં લેશ,
એવી ધરમી તે બાપડી; ખરી હિંમત દે પરમેશ. ધીરજ૦ ૪
ચિંતા ચેણ વસે ચિત્તમાં; તે ભિતર કોતરી ખાય,
ચૂં ચૂં બોલીને ચીઢવે; નાજુકથી કયમ સંખાય. ધીરજ૦ ૫
તેની દેહ ઘણી આળિરે; લાંહાં લાગી જબ્બર સૂળ,
ગટકા મારે છે જોરમાં; હૂં એ રીબાવાનું મૂળ. ધીરજ૦ ૬
મારૂં અંગ ઉડે તેમણી; વળિ પાછૂં પડિ પડિ જાય,
મથુંછૂં ભારી તોય મૂજથી; નવ દીલાસા દેવાય. ધીરજ૦ ૭
ઓ પ્રભુ સાંપી છે તૂજને; તૂં મોટો સત રખવાળ,
દરદીઓની તૂં છે દવા; અરે મુજ પ્યારીને સંભાળ. ધીરજ૦ ૮
મારિ તરફની તે ફીકરે; બહુ લેવાઈ ગઇ છે યાર,
કરજે સુખસાતા તેહને; નથિ કહેતો જુદું રતિભાર. ધીરજ૦ ૯
ઘણી ઘણી રીતે છે તે દુખી; નથિ કેહેવાનો કો હાર[૨],
મન તો રાન થયૂં ઘોર રે; એક તારો છે આધાર. ધીરજ૦ ૧૦
તેને સૂખ થયે હૂં સૂખી; તેને કામકાજમાં રોક,
અથવા મેળવિદે હંમને; કોઈ રીતે મૂકવ શોક. ધીરજ૦ ૧૧
(૨–૧)

---

†હવે તૂં લઇલેરે મૂજને; નથી જોવાતૂં મેં દૂખ,
પ્યારી મારીનૂં આવડૂં; રે કહાં સંતાયું તે સૂખ. હવે૦ ૧

---

* ઉભરામાં. એમાં પ્યારીને દુઃખ થયુંછ તેનું કારણ હું છઊં એમ કહીને પ્યારો પોતાની ભલાઈમાં પોતાનોજ વાંક કાઢાડે છે. ૧ ટાંણાના દાહાડા.
૨ ઠેકાણું. †ઉભરામાં.

સુખની પાછળ રે દુઃખ છે; એ મેં જાણ્યું હૂતું દેવ,
પણ વળિ સર્જિત તે ના ટળે;છઊં સપડાયો કરુ સેવ. હવે૦ ૨
હૂં તો અપરાધી છઊં ખરે; પણ તે તો નિરદોષીજ,
સામું જોઈ દયા લાવ રે; થઈ તારી ખૂબ પતીજ[૧]. હવે૦ ૩
મર્દાઈ મારીને ધીક છે; હૂં રહું તે પાસે રોજ,
ઊપાયોમાં રે ફાવું ના; ઠિક કાયર મરિજાઉં તોજ. હવે૦ ૪
ડાહાપણ ચાતુરિને ધીક છે; મતિશૂન્ય થયોછૂં રામ,
પણ વળિ લાગે છે દુઃખ તો; છૂં ટટળૂં આઠે જામ. હવે૦ ૫
દુખ તો તેને છે ભારિ રે; સત કહૂં મેં ના સંખાય,
પ્રેમતણાં એવાં ઝાંખરાં; ના બ્હાર જરા નિકળાય. હવે૦ ૬
પણ રે બાપલિયા આમ જો; મુજ મોતથિ તેને પીડ;
ઝાઝી ઝાઝી થાશે કહૂં; ઝટ ભાંગી દે ભુંડી ભીડ. હવે૦ ૭
વિનતિ કરૂછૂં તે આપ તૂં; કાં વિઘ્ન કરી દે દૂર,
તારી ઇચ્છાથી સેજ છે; બહુ હાથ ઘસે સહુ શૂર;
વિઘ્ન કરી દે રે દૂર તું. ૮
અથવા બે જણને લેઈ લે; કે છુટિએ રાખી ટેક,
કામી છતે નહિ રે આંધળાં; બહુ કરિએ કામો નેક;
બે જણને તૂં રે લેઈ લે. ૯

(૨–૧)

*આ શૂં જોએરે આંખ[૧]તૂં;અરે નુરિ હૂતી ધડિ ઉપેર,
આ શો મારો રે દૈવનો; હાય આ તે શો કહું કહેર[૨]. આ શૂં૦ ૧
નજર ચોરાવી રે તેં નુરી; અરે કઇ વાટે કહાં ગઈ કેમ,
છાની મારી રે ચાંચ[૩] તે; ઉડયું તીર કરે ધા જેમ. આ શૂં૦ ૨

---

૧ (હમારી પ્રીતિની.)
* એક મારા દોસ્તની બ્હેન અધોકથી જોતાં જોતાંમાં મરી ગઇ હતી તે ઉપરથી મેં ધાર્યું કે કોઇની પ્યારી એકાએક મરી જાય તો તેને કેવું લાગે–ને પછી એ લખી. એમાં એવી કલ્પના કરી છે કે કોઇ ફકીર બ્હાર ફરવા ગયો હતો તે પાછો આવીને જોયછ તો પાંજરામાં નુરી નહીં–પછી તેણે વિલાપ કીધો ને છેલ્લી વારે તે પાંજરૂં કપાળ સાથે અફાળી મરી ગયો.
૧ (પોતાની આંખને કેહેછે) ૨ જુલમ; ત્રાસ. ૩ (તારાં મોતથી મને દુઃખ થાયછે–જાણે તું ચાંચ મારીને જતી રહી હોયની.)

સાજીસમી સમી[૪] રે સાંજમાં; થયું પાજરું ઝાંખૂં ઝપ્પ,
સુનું સુનું લાગે રે તૂં વિના; અરે રહેજે ખાલી ખપ્પ. આ શૂં૦ ૩
ફકિર હું એકલડો રે રહ્યો; આ જંગલ[૫] મ્હોટૂં ઘોર,
સ્હોર કરેછે રે સીંહડા, થયું ગ્રીષ્મ[૬] તણૂં બપોર. આ શૂં૦ ૪
અંદર જઇને રે શૂં કરૂં; મ્હારી રમત ગમત થઇ અસ્ત,
સર્વસ ગયુંછે રે સામટૂં; થયાં રૂવાં છે અલમસ્ત[૭]. આ શૂં૦ ૫
ગગળિગયોછૂં રે ડૂબિયો; આ બેસૂં મરવાકાજ,
ડાબી છાતીએ પાંજરૂં; હૂં બ્હાર ગયો કયમ આજ. આ શૂં૦ ૬
અરે નૂરી છૂરી રે લાવિદે; અરે વગર છુરિએ છુરિ દીધ,
બસ હવે મળિશૂં રે ત્હાં ખરે; પાઇ અંમૃત તેં વિષ દીધ. આ શૂં૦ ૭
જળવણુ[૮] આકુળ રે હૂં છઊં; અરે નૂરી મન મેહેરંમ,
જાતી દીઠી રે ના ત્હને; હવે રાખૂં શૂં હૂં દંમ?. આ શૂં૦ ૮
ખોળામાંનૂં રે પાંજરૂં; સુરભેર અપ્રાળ્યું ભાળ[૯],
લોહીઆળો રે બાપડો; પડયો મૂએલો તે ભાળ[૧૦].
સાચો આશક રે મ્હોબતે. ૯

(૧-૧)

*હાવાં શૂં કરવૂં માહરે; પ્રીતી દેવીની સેવ,
તન મન ધન અરપી મેં કરી; રાખી ભક્તીની ટેવ. હાવાં૦ ૧
સ્વારથ મ્હારે રે કો નહીં; આતુરની પુરવા આશ,
દુઃખ ખમ્યૂં મેં તો ઝાઝૂં રે; તૂટે નહિં પ્રીતીપાશ. હાવાં૦ ૨
મ્હારી પૂજવાની રીતથી; દેવી પામી સંતોષ,
સાચાં[૧] પેહેલે તો રાખિયાં; અંતે રૂઠી વણ દોષ[૨]. હાવાં૦ ૩
વ્હાલાં માણસને માહરાં; થંડાં કરિ નાખ્યાં જેમ,
જખમી ઝાઝો રે હૂં બન્યો; થંડો[૩] ના કીધો કેમ. હાવાં૦ ૪

---

૪ સમાઇ ગઈ (સાંજના અંધારામાં.)
૫ ખરેખરૂં અથવા સંસારરૂપી અથવા જીવતરરૂપી જંગલ.
૬ વૈશાખ જેઠના બપોરના તડકાથી જેવું દુઃખ તેવું દુખ તારાં મરણથી મને થાયછે. અથવા જેવું તે બપોર દેખાયછે તેવું મારૂં મન સુનકાર છે.
૭ દલગીરીના ઉભરાથી. ૮ મરતી વેળા પાણીનો સોસ પડેછ માટે ખરેખરૂં તેણે પાણી સંભાર્યું અથવા તું જળ ને હું માછલું એમ અર્થ લેવો.
૯ કપાળમાં. ૧૦ જુઓ; જાણો. * ઉભરામાં.
૧ હમને-પ્રિયપ્રિયાને. ૨ (મારો દોષ નથી.) ૩ (જેમ વ્હાલાં

લક્ષ્મીબાઇ પણ રડિયાં; એસૂં નહિં હૂં કરિ કામ,
લાગે કેમ નહીં મૂજને; આધી ઊપાધી આમ. હાવાં૦ ૫
બિન જોસ્સાનૂં જે જંન તે; સાચે સુખિયૂં કહેવાય,
જોસ્સાવાળૂં તે પણ વળી; જરે તે ફાવી જાય. હાવાં૦ ૬
પણ હૂં જોસ્સાવાળો બહૂ; જરે ધક્કા બહુ ખાઉં,
તહારે મ્હારી શી વાત રે; પણ રડિ રડિને ત્હાં જાઉં. હાવાં૦ ૭
તોએ ડાબૂંછૂં નીતિથી; આશા ને આશાભંગ,
એ બે જોસ્સાઓ મ્હોટ તે; અ્હેમાં પણ જોઉં રંગ.
હાવાં એજ કરૂં રોજ હૂં. ૮
ચઢતી પડતીની લ્હેજતો; જોઈ આનંદી થાઉં,
ધન ધન ઇશ્વર રે તાહરી; કુદરત શી શી હૂં ગાઉં.
ગાઉં ગવાયે રે તેટલી. ૯
સઘળા રંગોમાં શ્રેષ્ઠ ને સાચી લ્હેજતનો શુદ્ધ,
કુદરતના દેખાવોતણો; નર્મદ રંગીલો બુદ્ધ.
ગાયે કુદરતને રોજ તે. ૧૦

(૨–૧)

*સજ્જન સાચૂં રે માનજ્યો; આ અનુભવની છે વાત,
ફસશો મા કોદી પ્રીતમાં; ખરે બગડીજ્શે જાત. સજ્જન૦ ૧
જોસ્સો પેહેલેથિજ ડાબજ્યો; કે ન પિડે આફ્રત રાત,
પરવશ થાયે નહીં પ્રાણ તે; પેહેલેથી મારો લાત. સજ્જન૦ ૨
એમ કરંતાં જો કે ફસો; તો સમજ્જે નઝકી આમ,
પ્રીતી નિભશે નહિં રોજ તે; ફોગટ જાશે કચ્ચું કામ. સજ્જન૦ ૩
તેમાં પ્યારીની પ્રીતમાં; ત્રણુસેંમાં વચની એક,
બાકી બેવચની તો બધી; મૂકી મૂકાવે ટેક[૧]. સજ્જન૦ ૪
પણ જો એમ છતે રે ફસો; લેજ્જે લેવાતો લ્હાવ,
પણ જો આફ્રત આવે પછે; તો કરશો નહિં પરતાવ. સજ્જન૦ ૫

થંડા થયાં તેથી મને દુઃખ થાયછે તેમ મને કેમ ન થંડો કીધો કે વારૂ હું સુખી તો થતે–જેમ તેઓ સુખી થયાં તેમ. પ્રીતીમાં દુઃખજ છે.)

૪ સમજ્જુક; જ્ઞાની. * ઉભરામાં. એમાં પ્રીતિનું જોર બતલાવ્યું છે.

૧ પ્યારી બેવચની થાય તારે તે તો પ્રીતીનો ટેક મુકે છેજ પણ તેથી પ્યા-

ધીરજ રાખીને રેહજો; સમજીને અબળા જાત,
દોષ નહીં તેહનો બોલશો; કોને નવ કહેશો વાત. સજ્જન૦ ૬
દુનિયાંનો એહવો ઢંગ રે, તારે કરવો શો શોક,
નર્મદ વિસરીજા પાછલી; જાને ઈશ્વર આલોક[૨]. સજ્જન૦ ૭
(૧-૨)

(ગરબી.)

*વાહાલી તેં ઘેલો કયમ કીધો મૂજને;નેન અને વાણીરસ પાયો ખૂબ જો,
ભાન નથી મૂને કંઈ કહું છું તૂજને; સપનામાં દેખૂં હું આબેહૂબ જો, વા૦ ૧
દૂર રહે દુખડું તો થાએ છે ઘણું; સ્હોડે રેતાં પેટે ઊનું થાય જો,
ગદગદ કંઠે વાચા વ્હાલી શી ભણું;તારા સામું મુજથી ના જોવાય[૧] જો, વા૦ ૨
આંખડલી ચકચકતી પ્રેમ ઝરે બહુ;ઘેલે મ્હોડે ટપકાં ઝીલું પાસ જો,
પ્રેમકસુંબો રૂંધે પછિ શુદ્ધી સહુ; કર ઉપાય ભૂંડી કો હોએ પાસ જો, વા૦ ૩
વાંસોમાં કાંણાં મોટાં હું[૨] પાડું છું;તૂંને દેખૂં ત્યાંથી ગગળી જાઉં જો,
રસમય થઇને તારી સાથે લાડુછું;નથી ડરવાનો જનથી કદિ ચરચાઉં જો, વા૦ ૪
પ્રેમકમળ[૩] તુજ ગંધે મૂને તાણિયો;બીડાયું તૂં શરમરાતથી[૪] કાલ જો,
આખી રાતજ બેસી સ્હોડે જાગિયો;દિવસ ઉગ્યો છે સુખડું મૂને આલ જો, વા૦ ૫
હિંમતને[૫] પરકાશે અંગઉમંગથી; જારે પૂરી ખીલેલી દેખાય જો,
તારે હૂં આવૂંરે ભીતર રંગથી; તહાંલગી છે મનમાં ભારી લ્હાય જો, વા૦ ૬
હવે માગું છઉં તારી પાસે એટલું; પ્રીતી તારી કેવી કહિ બતલાવ જો,
ચાતુરને કહેવું મારે રે કેટલું; પછિ મૂને તો તારા માંહિ[૬] સમાવ જો, વા૦ ૭
ભાએગશાલી અંશીજન તે જાણુવો; જેણે પીધું શુદ્ધ પ્રેમરસપાન જો,
ઈશ્વર તેને પરસન થયલો માનવો;દુખ દેખાય તે સુખ છે એવું નાણ જો, વા૦ ૮
(૧-૧)

રાનો ટેક જાય છે.–કે જે પ્યારીને તે વખાણતો તેને નિંદવા તરફ તેનું મન દોડે છે. ૨ ઓળખ–સમજ.

* ઉભરામાં. ૧ પ્રેમમાં ગગળી ગયલી હાલતમાં. ૨ ભમરો. (આશક દુનિયામાં મોટાં મોટાં કામ કરે તેવો છે.) ૩ પ્યારી. ૪ (રાતે કમળ બીડાય તેમ શરમથી તું બોલી શકી નહીં.) ૫ (સૂર્યના પ્રકાશથી કમળ ખીલે તેમ તુ હિંમત રાખી ને મને કહિદે કે હું ચાહું છું) ૬ (કમળમાં ભમરો સમાય.)

*ઓ પૂનેમી ચંદા ઝટ દુર થાય કાં;
ખટ[૧] મહિને પૂરણ પરકાશી આમ જો,
વેહેલી વેહેલી ઝાંખી થઇને જાય કહાં;
ઝટ જાવૂં તો ઉગવાનૂં શૂં કામ જો, ઓ૦ ૧
ઓ ચંદા પણ વાંક નથી કંઇ તાહરો;
જાવૂં ગમતૂં નથિ તુજને વળિ લેશ જો,
આંક નડેછે વચમાં આવી માહરો;
પૂરેપૂરો ભજ્યો નથી કો વેશ જો, ઓ૦ ૨
જાતી વેળાએ પણ મુખ જોઉં નહી;
દુષ્ટ રાહુએ[૨] રાખી નહિ મુજ લાજ જો,
હાવાં હૂં નીરાંતે જઇ સૂઉં કહીં;
ઘેરાએલી અસ્ત થશે તું આજ જો, ઓ૦ ૩
આખો દાહાડો ભૂખ્યાં[૩] રહેવું માહરે;
કાયા નિર્બળ હુસકાં ખાતી છેક જો,
તેમાં તર્કો[૪] ઝાઝા દમતા રેહ રે;
પાછી ઊગે તોય કળા[૫] કમિ એક જો, ઓ૦ ૪
તહારાથી થાય છે ભરતી[૬] ઓટ રે;
ખૂબ બ્હિવાડે વાયૂ જારે ઓટ જો[૭],
ધસડાઈ જાઉંછૂં અંદર ઠેઠ રે;
પાછો આવૂં સૂખ લઉં પણ ખોટ[૮] જો, ઓ૦ ૫

---

* ઉભરામાં. એમાં ચંદ્રને સ્ત્રીલિંગે ચંદા લખી છે. પાછલી રાતનુ ધરણ હોય ને ચંદ્ર ઘેરાયલો અસ્ત પામે તેમ કેટલાક બનાવથી જુદાં પડતી વેળા પ્યારાથી પ્યારીને મળાયું ન્હોતું ને પ્યારી ગેરહાજરીમાંજ જુદી પડી હતી. ૧ ચૈત્રની ચંદની સારી ને માણેકઠારી પુનેમની સારી. એ છ મહિનાનું અંતર–(છ મહિને બરાબર પ્રીતિ બંધાઇ.) ૨ બનાવ; ગેરહાજરી. ૩ એવો ધારો છે કે ચંદ્ર ઘેરાયલો આથમે છે તારે લોક બીજે દાહાડે સાંજે જમે છે. ૪ (પ્યારીને શી શી અડચણો નડશે એવા ખ્યાલો.) ૫ (ચંદ્ર પાછો ઉગે છે પણ તે વદ પડવાનો–એકકળા ઓછીનો થાય છે–પ્યારી પાછી મળશે પણ જે સુખભોગનો વખત ગયો તે ફરી આવનાર નથી.) ૬ (ચંદ્રથી ભરતી ઓટ થાય છે. પ્યારી પાસે હોય છે તારે સુખની ભરતી ને દુર હોય છે તારે સુખની ઓટ થાય છે.) ૭ ઓટની વેળા પવન ઘણોજ નિકળેછ તેમ જારે દુખ આવેછ તારે ઉપરા ઉપરી.) ૮ (દુખ સુખ થયાં કરશે પણ ગયો દાહાડો નથી આવવાનો માટે ખોટજ છે.)

વધઘટ તારી માત્રે થાય ન એકલી;
સંધી વસ્તૂ જગમાં રે બદલાય જો,
ચડતી પડતી સહુની જોતાં તો વળી;
દાધ્યાં દીલને દીલાસા દેવાય જો, ઓ૦ ૬
દઉં દીલાસા પણ ના દિલ સમજે કંઈ;
પ્રેમે દાધ્યો પ્રેમી મળે સુખી હોય જો,
માટે પ્રેમી ચંદા દરશન દે અહીં;
મુકતી પામૂં મારિભણી ફરિ જોય જો, ઓ૦ ૭

(૧-૧)

*અમાસનો[૧] સૂરજ હૂં આજે જાઉં છૂ;
આ માગસરના[૨] દીબહુ ટૂંકા હોય જો,
વરસ થયૂં પૂરૂં પણ રેહવા ચાહું છૂ;
અહીંથી જાતાં જીવડો હુસકે રોય જો, અમાસ૦ ૧
બ્હાર[૩] તણી તેજી તો જાયે સાભટી;
અંદર[૪] થાએ વધતી વધતી લાહ્ય જો,
લૂલી થઇગઇ છેક તવાઇ આ કટી;[૫]
દુનિયાં કરજે માફ તું દુખડૂં થાય જો, અમાસ૦ ૨
હવે તૂને ભોગવશે[૬] ચાંદો ખૂબ રે;
એ કેહેતાં તો ચમકી પડિ હૂં જાઉં જો,
પણ પછી દીલાસો દેઉંછું એમ રે;
ચંદ્ર ભોગવે પણ રસ[૭] તો હું પાઉં જો, અમાસ૦ ૩

---

* ઉભરામાં–એમાં સુરજ–આશક, દુનિયાં–માશુકને કહે છે.

૧ (જુદાઈ થતી એવો) ૨ (પોષમાસમાં ઘણું ખરૂં સંક્રાત આવે છે માટે માગસરની અમાસનો દાહાડો ઘણોજ ટુંકો સમજવો.) ૩ (અસ્ત પામતીવેળા સુરજની બ્હારની તેજી જાય છે–જુદાં પડતી વખત આશકનાં મ્હોડાંપરનું નુર ઘટે છ ને દુનિયાદારીમાં પણ તે આશક જુદાઇ દુખનાં બ્હાવરાંપણાને લીધે જરા મેળવી શકતો નથી.) ૪ (સુરજ એક ઠેકાણે અસ્ત પામેછ પણ બીજે કોઈ ઠેકાણે તે પ્રકાશવા માંડેછ–આશકના દિલમાં તો લાહ્ય ઉઠી રહી હોય છે) ૫ (દ્રિગંત લીટી–સુરજની અથવા આશકની કંમર) ૬ (આશકને ફિકર થાયછ કે હવે મારી પ્યારીના ઉપર બીજો કોઈ નજર કરશે–સુરજ દુનિયાને કહે છે કે હું જાઉછ ને હવે ચંદ્ર તુને ભોગવશે.) ૭ (ચંદ્ર પ્રકાશેછ તે સૂર્યના પરાવર્તન પામેલા કીરણવડે–આશક કહેછ–પ્યારી! બીજો ભોગવશે પણ તને રસિક મેં કીધીછ–પહેલે રસ મેં પાયોછ જો!)

અરે ગાંડો હું ભૂલું છઉં બહુ બ્હાવરો;
નથિ આ પૂનમ[૮] પણ છે ખૂનિ અમાસ જો;
તારો આવ્યો પ્યારી ભૂંડો આ મરો;
નહિં સૂરજ નહિં ચાંદો કો તુજ પાસ જો, અમાસ૦ ૪
ઓરડીઆળે મ્હોડે પાછો આવું રે;
દૂર રહેલી જોતાં જીવ ખેંચાય જો,
વાચા ગદગદ થાતે શું હું ભાખું રે;
વળિ બીહું કે રખે કોથિ સમજાય જો, અમાસ૦ ૫
આગળથી જાણ્યું તું છૂટાં રે થવું;
તે આજે હું છેલ્લો છૂટો થાઉં જો,
રડતાં રડતાં અહીંથી દુર મારે જવું;
જિભ ખેંચાયે મનની કહેવા જાઉં જો, અમાસ૦ ૬
ઓ પ્યારી તું ધીરજ ધરજે ઊરમાં;
બા મારા સમ[૯] નહિ કરું જાજો શોક જો,
ઇશ્વર પાછાં મેળવશે નિજ નૂરમાં[૧૦];
ગભરાઇશમા પ્યારી છાની રેહ જો, અમાસ૦ ૭

(૧-૨)

*પ્યારી તું મ્હારીપર કાં રીસાય રે;
નથિ કીધો મેં ભૂંડો કો અપરાધ જો,
દેવ[૧] ઉપર શાસારૂ ચંડી થાય રે;
હોઉં દાનવ તો ખૂબ કસીને બાંધ જો, પ્યારી૦ ૧
આંખોમાંથી કહાડે ભાલા[૨] દોહ્યલા;
કહાડે મુખથી કડવાં કડવાં વેણ જો,
હાથેથી ઊછાળે ઊંના કોયલા[૩];
સર્વાંગેથી ઊડિગઈ તુજ ચ્હેન જો, પ્યારી૦ ૨

૮ (પણ રે કોઈ બીજો હોયતો સારૂં કે તું દલગીર તો ન રેહે પણ હવેતો હું પણ નથી ને બીજો કોઇ ગમત કરનારો સાથી પણ તારીપાસે નથી રેહવાનો એ વિચારથી હું બહુ દુખી થાઊંછ?) ૯ (હું જે તારો પ્યારો તેના સમ ખા) ૧૦ (અસલનાં નુરમાં) ૧ ઉભરામાં. ૧ (હું જે દેવના ગુણ ધરાવનારો તેના ઉપર તુ ચંડી-ગુસ્સે કેમ થાયછ?) ૨ ગુસ્સાને દેખડાવતા કીરણ. ૩ (તું તારે ગુસ્સાવાળે હાથે તરછોડી નાખેછ-હું તારે શરીરે મારો હાથ અરકાવું છું તેને તું ખસેડી દેછ.)

મારી પૂજા આજે કાં લેતી નથી;
વારે વારે તરછોડે મુજ હાથ જો,
થંડે મારે[૪] તૂં તો મારે જાનથી;
પ્રસંન થઇ ઝટ આપીદે તુજ બાથ જો, પ્યારી૦ ૩
મૂએલાંને[૫] ફ્રોગટ કાં મારે અલી;
નિકળ પાસથી રીસ કરી બોલાય જો,
બંદોબસ્ત[૬] કરીને અહિ વળજે વળી;
સુણતાં આંસૂ કેમ વહ્યાં નવ જાય જો, પ્યારી૦ ૪
પ્રેમે શૂં છોડી દીધીછે તૂજને ? ;
એ[૭] છે ચંચળ લખમીપેઠે છેક જો,
પછી પસ્તાઈ સંભારિશ તૂં મૂજને;
માન[૮] પ્રેમને ધરી રાખ ધરિ ટેક જો. પ્યારી૦ ૫
ખરો પ્રેમ તો આમ નહીં દેખાય રે;
હોઉં અપરાધી કદિ તોય ન રીસાય જો,
વગર કારણે આવું થાયે જાણ્યરે;
પ્રેમવિશે[૯] બહુ શક તો લેઈજવાય જો, પ્યારી૦ ૬
વારે ઘડિએ માફો માગૂં તાહરી;
તેમ તેમ તૂં ધુસ્સાથી ઉભરાય જો,
ઇશ્વરવણ સમજાવે તૂને કો વળી;
ઓ અધિરા થા ધીરા ધીર ધરાય જો, પ્યારી૦ ૭
ના જાણૂં હૂં દુખવ્યું મેં તુજ મંનરે;
વગર કારણે આજે આટલું થાય જો,
કાં બાળેછે તારૂં મારૂં તંન રે;
તારૂં ગુસ્સે મારૂં શોકે હાય જો, પ્યારી૦ ૮
ઇશ્વરના ને તારા સમ હૂં ખાઉંછૂં;
અધિક પ્યારું તો મુને નથી અહિં માન જો,

---

૪ મ્હેણાં–કહોયું કહોયું બોલવું. ૫ પ્રીતીમાં મરી રહેલો. ૬ (બીજી સાથે પ્યાર ન કરવો વગેરેના બંદોબસ્ત (મોટા ટાઈપ પેલીનું બોલવું બતાવેછે.) ૭ પ્રેમ. ૮ સમજ. ૯ (તારા પ્યાર વિશે મને શક જાયછ.)

પ્રીતડી નીભે તેવૂં નિત્યે ચાહુંછૂં;
રીસતજી કહિં પ્યારા કરવતું પાન જો, પ્યારી૦ ૯
(૧-૨)

---

*રીબાઈ રીબાઈ મરવૂં માહરે;
નથી વાંક કંઇ પ્યારીનો વળિ જાણુ જો,
બ્હીકથકી આવે નહિ પાસે તે અરે;
એ ઘી[૧] પડવે ઝાઝો જળતો જાન જો, રીબા૦ ૧
નોતો જોતો આવૂં આગળ હૂં કંઇ;
કહિ કહિ વાતો હિંમત શિખવી ખૂબ જો,
હિંમતને ઠેકાણે બ્હીક વસી રહી;
જે રેવંચી[૨] રેચે પડતો આમ જો, રીબા૦ ૨
જે વેળા જોઇયે હિંમત પ્યારિની;
દેવા પ્રિયને દીલાસા ઘણિ રીત જો,
તે વેળા થાયેછે બ્હીકણ કામિની;
છેકજ સ્હાણી[૩] જોઉં તેની પ્રીત જો, રીબા૦ ૩
ટેક[૪] તજી ચઢિ મ્હોડે માંગી લેઉંછૂં;
દેઈ દવા તૂં રઝળ મારો ધાવ જો,
મ્હોડાંના બે બોલો સુણવા ચાહુંછૂં;
એસારૂ તૂં બેપરવા કાં થાય જો, રીબા૦ ૪
પણ ભૂંડા બેભાન થયો કાં જીવડા;
છઉ સાચે હૂં એવો મૂરખ અંધ જો,
સમજૂંછૂં પણ હાથ રહે નહીં રે ધડા;
પ્રીતીના તો સપ્ત ઘણા છે બંધ જો, રીબા૦ ૫
ધિક્ક મને છે સ્વાર્થિયો જિવ દીસતો;
નિજ સુખસારૂ રડતો ભૂંડા રોજ જો,

---

* પ્યારીનાં થંડાંપણાંથી દુખ થયલું એવા પ્યારાનો ઉભરો.
૧ લોકની બ્હીક એ રૂપી ઘી પડવાથી મારો જાન વધારે બળેછ.
૨ બ્હીકરૂપી રેવંચીના સીરાથી મને આમ પડેછ—હું છેકજ દલગીરીમાં ડુબી જાઉંછ. ૩ એવી ડાહી કે ગધેડીનો પાછલો પગ.
૪ મારો ટેક કે મારેજ નિત્ય માનમાં રેહેવું તે.

પ્યારીને પીડે અંદરની પીડ તો;
(ત હૂં) જાણું તોયે કાં ન મટાડું રોગ જો, રીબા૦ ૬
આ શીખામણ લેવી આજે માહરે;
મરવું તોપણ બ્હાર ન કહેવું લેશ જો,
માશી માગું મંનથકી પ્યારી બરે;
સૂળ ઉપજાવ્યું મિથ્યા મારી ઠેશ જો, રીબા૦ ૭
(૨–૨)

---

*રડતાં રડતાં જિવડા મરવું માહરે;
રે સારું જો મરી હું વેલો જાઉં જો,
પણ ન મરાએ રીબાઊંછું હાયરે;
રે ઊંધમાં પણ હુસકાં બાતો થાઉં જો, રડતાં૦ ૧
હું નથી મૂરખ સમજુક ધીરો છું ઘણો;
પણ દુખનો ઢગ દમતો એવો છેય જો,
મથીમથીને ઊપાયો કરું હું તેતણો;
તોપણ નવ વિસરાએ હૂંથી તેય જો, રડતાં૦ ૨
બે જણ તો બેવચની તેનું કંઇ નહીં;
સેવા કીધી કહિ સઘળી મેં વાત જો,
જાત બગાડી રડિ રડીને પીડા સહી;
તે સાલેછે મુજ હૈડે દિનરાત જો, રડતાં૦ ૩
એકતણી જૂદાઈ તલપાવે મને;
એ તો હજી કંઇ મારી છે વળી આશ જો,
પણ કો જાણે બ્હીકે બેવચની બને;
તે પણ મારા જેવું છે નીરાસ જો, રડતાં૦ ૪
એકઉપર કરુણા તો આવેછે બહૂ;
ધિક મુજથી કંઇ સુખ તેને ન અપાય જો,
નથી તેને કો ધીરજ દેનારું કહૂં;
દુખિયે કરિ દુર તેથી તે દુખી થાય જો, રડતાં૦ ૫

---

* ઉભરામાં.

એક ઉપર ધિઃકાર દયા બે ઊપજે;
કર્મ જોઉ તો દુષ્ટ પાપિ છે છેક જો,
હાલતને જોતાં જિવ રિસ વ્હેલો તજે;
ધણી દયા ને ક્ષમા કરૂંછૂ નેક જો, રડતાં૦ ૬

મીઠાં જળમાં જન્મ્યૂં માછલડૂં ભલૂં;
તે જળ થઈ ગયું હમણાં ખારૂંઊસ જો,
તે ખારૂં પણ સૂંકાઈ ગયું હૂં બળૂં;
તરફડ તરફડ તડકે નિકળે પ્રૂસ જો, રડતાં૦ ૭

પ્રેમ વિના મારાથી પળ રેહેવાય નહીં;
એ નીર જો વળી બગડે કો દી લેશ જો,
જીવડો તો તલપાપડ થઇ જાયે સહી;
તે નિર ગયું ને આ છે માહારા વેશ જો, રડતાં૦ ૮

વળિ નાણાંની તાણ બહૂ મોટી પડી;
નબળે કોઠે ઘર ઘાલેછે રોગ જો,
બુદ્ધિ પણ થઇજાએ મંદ જ રે સડી;
તન મન ધન જન સંધૂં ગયું છે ભોગ જો. રડતાં૦ ૯

ઓ ઇશ્વર તૂં કેમ જોયાં કરતો હવે;
સાચો ટેકી વીર રડેછે આમ જો,
એ દૃષ્ટાંતથિ ફળ માહાં થાશે ભવે[૧];
લઇલે કે દુખ ભુલવી કરવ તું કામ જો, રડતાં૦ ૧૦

(૨–૧)

*આ શી હારી થઈગઈ પડતી રે દશા;
હૂતી કેવી કેવી છે તૂં આજ જો,

---

૧ (સંસારમાં.–સાચા ટેકી વીરને દુઃખ પડેછ–સુખ થવું જોઈયે તે થતું નથી તારે દુનિયામાં એ સદ્‌ગુણ લેવાની કાળજી કોણ રાખશે ?

* બેવફાઈનાં દુઃખથી હેરાન એવી હાલતમાં હું વાલકેશ્વર, મહાલક્ષ્મી, પરેલ વગેરે એકાંત ઠેકાણે ફરતો–એક દિવસ પરેલમાં 'બોટાનિકલ ગારડન' આગળ જઈ પોંચ્યો તાંહાં જોઉંછ તો આગળની કંઈ શોભા મળે નહીં–જોતા-માંજ મને એકદમ ઝળઝળિયાં આવ્યાં કે શું કુદરત છે ? એ બાગના ઉપર પણ શું સરકાર બેવફા થઇ ? હોય ! ને પછી સમદુખીને ભાવે મને દીલાસો મળ્યો–તે ઉભરામાં એ કવિતા જોડી.

લાગે મુજને હરશ લુટાઈ સૌ વસા;
કહે બ્હેની તૂં વાત મને મુકી લાજ જો, આ શી૦ ૧
પ્રેમ ચિકાસે ચકચકતી દીપતી હતી;
તહેને ફીકી મેલીઘેલી જોઉં જો,
પ્રેમ વિના બાહ્યાંતર તેજી તો જતી;
તૂં રડતી છે જેમ વળી હૂં રોઉં જો, આ શી૦ ૨
" બાપે [1]મૂને અળખામણી કરિછે અરે; "
" કારણ વણ છોડી દીધીછે છેક જો, "
" દી દુખમાં પૂરા કરવા તે કેમ રે? ; "
" હરી મુકાવે સાચાનો શુભ ટેક જો, "
" એથી મ્હારી પડતી થઇ ગઈ રે દશા. " ૩
" દેશ દેશની ચીજે સણગારી સહૂ; "
" પણ કરિનાખી છેકજ ચિથરે હાલજો, "
" એમ કરી તેનૂં તો દુખ થોડૂં કહૂં; "
" પણ વેચી ધનસારૂ પાછી હાલ જો, " એથી મ્હારી૦ ૩
" બાવાને ન્હોતો બાપો બેસી રહ્યો; "
" એમ છતે પણ વેચી મૂને હાય જો, "
" મનને ખુટ્ટે બાપ ધરમ ભૂલીગયો; "
" એને કો કહે એ તો બળિયો રાય જો, " એથી મ્હારી૦ ૫
" વેચવિ હૂતી જ્યારે રાયે મૂજને; "
" શૂંકરવાને લાડ લડાવ્યાં મ્હોટ જો, "
" બહુ બહુ નાણું ખરચ્યું મ્હારેકાજ ને; "
" ખમા ખમા કરિરાખી બહુ જન [2]પાસ જો, " એથી મ્હારી૦ ૬
" બીજે એવું કદાપી જો કચ્યું હોય રે; "
" રાય કરે ખુબ શિક્ષા જોઇ ન્યાય જો, "
" પોતાની વેળાએ જૂદૂં જોય રે; "
" પોતાનૂં ફરજન તે કયમ વેચાય જો. " એથી મ્હારી૦ ૭

---

૧ સરકાર.
૨ માળી, માણસો વગેરે.

બ્હેન હવે દોષો બોલેથી શું થશે;
વાંક કર્મના આંકતણો તું જાણજો,
જે થાએ તે જોઈ ખમ્યાં કરવું હવે;
એમ કરંતાં ક્રોદી છુટશું માન જો, આ શી૦ ૮
પ્યાર અને પૈસો એ બે શું ના કરે;
સ્વર્ગ દેખાડે ઘડિમાં નર્કે લેય જો,
ધર્મ કરે ને ઘડિમાં ખુન આંખે ભરે;
ભડકુસો એનો સમજિ ન કરવો લેશજો, આ શી૦ ૯
પ્હેરામણિસાથે પરણાવી હોત રે;
તો સાસરિયે સુખ પાછું તું જેત જો,
પણ આ તો થઇ છેક નવી બહુ વાત રે;
કામ કરીશ તું દાસીપેરે કેમ જો, આ શી૦ ૧૦
ઓ સકુમારિ કુમારી પ્યારી જાણુરે;
માલક બીજો છે તે પારસિજાત જો,
લેશ ડરિશ નહિં નહિં પડવાદે તાણુ રે;
દયા ન લાવે કોણુ જોઈ તુજ જાત જો, આ શી૦ ૧૧
દરદીને દરદી મળતાં બે જાહરે;
એક એકને ઉભરે દૂખ દબાય જો,
હિંમત ને ધીરજ હંમેશ તું રાખ રે;
સુખના દાહાડા પણ દેશે જગરાય જો, આ શી૦ ૧૨
સાંજ થઈ બ્હેની નર્મદ હું જાઉંછું;
નથિ ગમતું જાવું પાસેથી તોય જો,
શિર જંજાળ ઘણો તેથી ગભરાઉંછું;
બ્હેન રડિશ મા તું તો જાને જોય જો, આ શી૦ ૧૩
(૧-૨)

(ગરબી.)

* આ જો વરસે ખુબ વરસાદ, પ્યારી નહી પાસ રે;
થાય હેલી૧ તેમાં સુણું સાદ, ભેટું ક્યારે હાસ રે. ૧

* એક મ્હારો દોસ્ત નિશો કરચા પછી પ્યારીસંબંધી દલગીરીના વિચારમાં ઘુમ થઈ જઈ હેરાન થયો હતો–તે મ્હારા જોવામાં આવ્યું હતું.
૧ વરસાદની હેલીમાં પ્યારીનો સાદ સાંભળું છું–ભણકારો પડેછ.

પ્યાલો ચકચકતો આ સ્હોય, પીવો મ્હારે એકલાં;
તેમાં[૨] જીવ હેનું નૂર જોય, પછી રોએ મંનમાં. ૨
અંતે પીઉં પછી લાચાર, દુવા દેઈ તેહને;
પાછો દલગીર કરું હું વિચાર, ચૂમી કરૂં કોહને. ૩
ડાબે હાથે ભીડી વળી બાથ, ગાલે ચૂમી લેઇને;
પ્યાલો પીધો ન પ્યારીની સાથ, જીયો[૩] જીયો કેહિને. ૪
ઝાંખો કેમ બળે તું ચરાગ,[૪] પ્યારી થઈ બેવફા;
હેને ને મૂને લાગશે ડાગ, થાએ કેમ તે કફા.[૫] ૫
શું હું સાંભરતો નહી હોઉં, પીતી હશે પ્યારીરે;
શું તે હસતી હશે જ્યારે રોઉં, નથી એવી મ્હારી રે. ૬
નક્કી જાણ્યા વિના લવું દોષ, તેમાં દોષી હું ઘણો;
કરજે માફ પ્યારી નીરદોષ, ખરો તે[૬] વીજોગનો. ૭
કાળી ફીકી ધોળી કોડીમાંહ્ય, જોને[૭] કારણે ઠરૂં;
પ્યારી તે આ સમોયે જ્યાંહ, ઓઠે ઓઠે મેળવું. ૮
પ્યારી સંભારી થાઉં હેરાન, ઉલટી[૮] કરૂં કણુકણે;[૯]
નથી નર્મદને કંઈ ભાન, પ્યારી પ્યારી તે ભણે. ૯
(૧—૧)

---

* હાય તૂતી ઉડીગઈ આજ, સુનૂં થયૂં પાંજરૂં;
હાય ઝાઝી રૂએ તેની માત, કેહે 'કેમ ના મરૂં.' ૧
તૂતી કરતાં વધૂ તેની માત, મારા દીલમાં વસે;
હાય જોઉં રડંતી તેહ, દયાં કેમ ના ધસે ? ૨
વણ ઓળખ કેમ હૂ જાઉં, તેની પાસ હું અરે;
વસી પ્રીત દયા દીલમાંહ્ય, કહેવા તેને તે ખરે. ૩

---

૨ પ્યાલામાં પેલીની છબી દેખાય છે. ૩ ઘણું જીવો એહેવી દુવા.
૪ દીવો. અરે દીવા તું ઝાંખો કેમ દેખાય છે? મ્હારી પ્યારી બેવચની થઈ તેની તું શું નિશાની બતાવેછ ? (અમલમાં દીવો ઝાંખો દેખાય છે—હેતૂત્પ્રેક્ષા.) ૫ ગુસ્સે. ૬ દોષ. ૭ જે આંખને કારણે હું ઠરૂંછ.
૮ ઓકુંછ; પાછું નાખુંછ. ૯ ધુન્દરીથી.
* પ્રીતિનાં દુઃખથી બ્હાવરો બ્હાવરો ગામમાં ફરતો એવામાં એક દિવસ એક બુઢ્ઢી વેશ્યાને પોતાની જુવાન છોકરીનાં મરણથી રડતી જોઈ એહ પરથી

મોટી તૂતી મૂકી દે તું શોક, ગઇ તે નહીં આવશે;
નહીં નીતનૂં અહિંઆં કાંઈ, વ્હેલૂં મોડૂં સૌ જશે. ૪
હતો જાણતો એમ કે શોક, લાંબો નહીં તંમમાં;[૧]
પણ જોઉં નજરથી આજ, અચંબ છે દીલમાં. ૫
ઊંચાં તોંખમની તૂં જણાએ, મોટી[૨] મને ખેંચતી;
અરે તરુણ તણાઉં હૂં સ્હેજ, નથી તે તૂં જાણતી. ૬
તૂં તો જાણે મરી છૂટૂં વ્હેલ, આવે નહીં મોતરે;
લખ્યા લેખ ફરે નહીં જાણ,મથી મથી કાં મરે. ૭
જાણ પાર પડ્યૂં જન જેહ, છુટ્યૂં ભવદુઃખથી;
તારે તેની તરફનો શોક, કરે કેમ જોરથી. ૮
વળી સ્વારથસારૂ મૂઝાય, તેમાં નહિં તું એકલી;
કોના[૩] સધર્યા છે પૂરા આંહિં, ખરી પડેછે કળી. ૯
વાંચી જોઈ જગતનાં દુઃખ, ઝાઝાં તારાં દુઃખથી;
દિલમાં લે રે દિલાસો સાચ, ઘણૂં કહૂં શૂં કથી. ૧૦
મારે સ્વાર્થ નથી તૂતીબાઇ, નકકી મન ધારરે;
દરદી જાણે દરદની વાત, માટે આ વિચાર રે. ૧૧
તનમનધનજનથી જે[૪] હેરાન, તેનૂં કેમ રે હશે;
માટે સમજીને મૂકી દે શોક, નર્મદ નીજ મૂકશે. ૧૨
(૧-૨)

---

* નર્મદ આખરે જૂદાઇજ,કહાં તે[૧] અને તૂં[૨] અરે;
હાય કેમકરી રહેવાય, દહાડા કેમ જાયરે. ૧

મેં ઉપલી કવિતા જોડી છે. ૧ તમારી જાતમાં-પંખીમાં ને વેશ્યામાં શોક ઘણા દાહાડા નજ હોય, ને એમાટેજ અલંકાર શાસ્ત્રીઓ તમારા રસને **રસ** નથી કેહેતા પણ **રસાભાસ** કેહેછે. ઉત્તમ રસિક નાયક નાયિકાના શોક ઘણા કાળસુધી રહેછે. ૨ શું એ કુદરત છે કે જુવાન તુતીઓ તરફ મારૂં મન નથી જતું પણ ઘરડી તરફ જાયછે. દુઃખીને દુઃખીજ તરફ જવું ગમે.

૩ કોના સ્વારથ. ૪ જે શરીરે અકલે પૈસે માણસે એ ચારે વાતની તંગીમાં છે તેને કેટલું દુઃખ હશે અને એવા પણ દુનિયામાં ઘણા છે-નથી એમ નથી.

* પ્યારીની જુદાઇ થવાની હતી તે પ્રસંગે પ્યારીએ મારી તસવીર માંગી તે ઉપરથી જરે હું તસવીર પડાવા બેઠો. તારે એકદમ દલગીર થઇ ગયો કે હાય જુદાઇનેજ બ્હાને તસવીર પડેછ-આંખમાં ઝળઝળિયાં પણ હતાં. તે વખતને યાદ રાખવાસારૂ ઉપલી કવિતા જોડી છે.

૧ પ્યારી-પૈસો-ચ્હડતી દશા-ઈશ્વર. ૨ આત્મા-માણસ.

માંદાંગોડે[૩] પડી રહેવું રોજ, લવી સનેપાતમાં;
એવા હાલ જૂદાઈમાંહ્ય, નહીં જોર તંનમાં. ૨
એમ કરતાં દેખાય જે દીપ,[૪] ઉઠે પાછો જોમમાં;
મથે કરવાને ઝંપાપાત, પતંગ[૫] તે જોશમાં. ૩
દુખથી છુટવા[૬] ભમે ચોપાસ, સુવા તેની સ્હોડમાં,
ધન ભાએગ સ્હેની જાત, મરે પ્યારીગોદમાં.[૭] ૪
ખરો આશક અહિંયાં[૮] પતંગ, દેવા ભોગ[૯] ધારતો;
(પણ) જીવ અવધ[૧૦] વના નવ જાય, ફાંફાં બહૂ મારતો. ૫
કોના[૧૧] કુદકા થાયે વળી ત્રંણ, કોના વળી સાત રે;
કો તો એક થતાંનીમાંહ્ય, ખાલી[૧૨] કરે જાતરે. ૬
કો તો ઝાઝા મારે વળી તોય, ઘરે નહીં આંચને[૧૩];
થાકી પાછા પડી રીબાય, શૂં શૂં દુઃખ સાચને[૧૪]. ૭
કરે મરવાને જંન ઉપાય, તેમાં પણ વાર[૧૫] રે;
સૂખ મેળવતાં નહિં કેમ, એ તો નીતિસાર રે. ૮
માટે અવધ લખી ન ટળેજ, કરે દોડાદોડ રે;
મળે સ્હેજ દયા ન મળેજ, કરે શ્રમ કોડરે[૧૬]. ૯
કદિ બહુ બહુ મથે વળિ તોય, ચખાય ન તેથકી;
ભાંયે નાખ્યો[૧૭] મરે ઈછ્યું લેઇ, દીસે તેવો તે નકી. ૧૦
કોઇ વખતે રીબાયે તે ખૂબ, ચાખે પછિ કોહને ?
માટે તરસ મટાડી તું દેય, પીતાં સંતોષને. ૧૧
નર્મદ આખરે જૂદાઈજ, મળો સુખ યા નહીં;
તારે કરવો શો ત્હારે શોક, જવું એક દી સહી. ૧૨

---

૩ આળસુ માણસની પેઠે. ૪ દીવો–આશા–ધારેલી પ્યારી વસ્તુ. ૫ જીવ (પતંગને દીપ તેમ જીવને તેની પ્યારી.) ૬ પતંગ કંઈ દુખથી છુટવાને કંટાળાથી જાન નથી આપતો તાપણ દુઃખી માણસ જે પોતાના અતિ દુખમાં પોતાની પ્યારીનું એકવાર મ્હોં જોઈ તરત મરી જવું ઇછેછે તે માણસ પતંગને વિશે પણ પોતાના જેવીજ કલ્પના કરે છે.) ૭ ખોળામાં. ૮ આ દુનિયામાં.
૯ પોતાના પ્રાણનો ભોગ આપવા–બળી મરવા. ૧૦ પોતાની આખેરીનો વખત (ઈશ્વરે જે ઠેરવેલો તે.)
૧૧ કોઇ પતંગીયાના. ૧૨ ખોળીયાંમાંથી નિકળી જાય. ૧૩ દીવાની આંચની પાસે જઇ શકતા નથી. ૧૪ દુનિયામાં સાચા આશક–પ્રેમીજન–ભક્તને દુઃખજ છે. ૧૫ (જે પોતાનો પ્રાણ ત્યાગ કરવાને મથેછ તે પણ વ્હેલો મરતો નથી) ૧૬ કરોડો ઉપાય. ૧૭ (જેમ મરનાર કંઈ માગે ને તે તેને

નર્મદ આખરે જૂદાઈજ[૧૮], તોયે શોક થાયરે;
એવો દેહીનો[૧૯] ધરમજ હોય, માટે થઈ જાયરે[૨૦]. ૧૩
પણ જ્ઞાની સમાવે તેહ, શ્રમે બને તેટલો;
દુખમાં પણ માણતો[૨૧] સૂખ, આશા ફળો ના ફળો. ૧૪
નર્મદ આખરે જૂદાઈજ, માટે રાખી ટેકને;
ધન ભાએગ પામે તું મોત, દુવા દેઇ તેહને[૨૨]. ૧૫
(૧-૧)

---

*પ્રીતી તીરે વીંધાયાં મંન, ઓ દરદી દૂખીઆં;
રૂઝે ઘા નહીં ખરચે ધંન, થવાએ ન સૂખીઆં. ૧
ઘા તે પૂરો રૂઝાએ વ્હેલ, પ્રેમી મળે તાહરે;
તોએ ઓસડ દાખવૂં સ્હેલ, થોડૂં દૂખ વીસરે. ૨
પરતંત્ર હોએ જે કામ, તેમાં હાથ ઘાલવો;
રહી એકાંતે નિજ ધામ, નહીં કાળ ગાળવો. ૩
રહેવૂં એકાંતમાં મન થાય, વાંચે દરદી[૧] ગ્રંથને;
પછી બીજા જે વંચાય, વાંચો રાખી ખંતને. ૪
મિત્ર પાસ કરો વળી વાત, રડી છાતી ખોલવી;
કથા વેરાગની નીત રાત, સૂતી વેળા સૂણવી. ૫
કરો મુસાફરી ધન હોય, નહિં તો ગામ પાદરે;
જુઓ વન તરૂ પર્વત સ્હોય, નદી દરીઓ ખરે. ૬
વળી આકાશ ગંભીરમાંહે, મેળાવી દો મંનને;
જુઓ પંખી બોલંતાં જાંહે, સુણો મીઠાં ગાનને. ૭
જગનો જાણીને નીમજ એમ, ધીરાં પડો સમજણે;
હોય સરજીત તે ટળે કેમ, માટે મૂકો શોકને. ૮

મળ્યું કે તરતજ તેના રામ રમી જાય છે તેમ.) ૧૮ (બધી ચીજ મુકીને જવું છે ને અહીંનું સુખ અનિત્ય છે એમ જણ્યામાં છે તોપણ.) ૧૯ દેહ ધારણ કરનાર-જીવનો. ૨૦ શોક એની મેળે થઈજાય છે. ૨૧ ભોગવતો. ૨૨ આ દુનિયાંની પ્યારી વસ્તુને અથવા ઇશ્વરને.

* જે જે ઈલાજે હું મારૂં પ્રીતિનું દુખ થોડું ઘણું વિસર્યો છઊં તે તે ત્રણ વરસના અનુભવના એમાં લખ્યા છે.

૧ જેને જે વાતનું દરદ હોય તેણે તેવા ગ્રંથો વાંચવા કે દિલાસો મળે.

મ્હારી વાત કહૂં હૂં નમેં, વ્હાલાવીનાનો દુખી;
ઉભરે કહાડી દિલના મર્મ, મથૂંછૂં થવા સુખી. ૯
(૧-૧)

(ગરબી.)

*વ્હાલી બ્હેનડી કહૂં તે સાચૂં માનજે જો;
સાચો વીશવાસૂ ભાઈ મ્હને જાણજે જો. વ્હાલી૦ ૧
જે જે જાણતો હતો તે સંધૂં કહ્યૂં જો;
મ્હારી તરફનું કાંઈ ન બાકી રહ્યું જો. વ્હાલી૦ ૨
મ્હારાં મનની મેં વાત તું આગળ કરી જો;
તૂં માન વા ન માન મુજને ખરી જો. વ્હાલી૦ ૩
સંધી વાતમાં સફાઇથી તૂં ના ભણે જો;
મન કહે કેમ ચિત્તમાં[૧] ન ચણુચણે જો. વ્હલી૦ ૪
એ તો કૂદરતી વાત નહીં ગાંઠની[૨] જો;
નહીં જાણતી લગાર તે લાંઠની[૩] જો. વ્હાલી૦ ૫
નથી આવતો જરાએ ક્રોધ તૂંવિશે જો;
જેને ક્રોધ તૂં કહે તે ભુંડો શોક છે જો. વ્હાલી૦ ૬
ત્હારૂં વ્હાલતો લાગેછ ઝાઝૂં મને જો;
ત્હારૂં મ્હોહું કરમાય દેખિ દુઃખિને જો, વ્હાલી૦ ૭
મ્હને ધિઃક કે હું દેખું મ્હોહૂં આકરૂં જો;
કર માફ હવે ત્હેવું કદી ના કરૂં જો. વ્હાલી૦ ૮
નથી વ્હાલ ત્હારૂં એમ વળી ના કહૂં જો;
બોલિશ તેટલૂં હૂં સંધું ધીમે સહૂં જો. વ્હાલી૦ ૯
ગણે જો તું મુને ભાઈ ત્હારો ભલે જો;
તો તો આપ ઉત્તર મૂજને મન મોકળે જો. વ્હાલી૦ ૧૦

---

* જેને જે બ્હેન જેવી ચાહાતો તે તેને અંદરથી આશકની પેઠે ચાહાતી–બ્હારથી ચાહાતી એટલુંજ બતાવતી–પેલી પેલાનું હેત પોતાના જેવું કરાવવાને ઘણી તજવીજ કરતી. એવામાં એક વખત પેલાએ જે ખાતરી કરેલી તે ઉપલી કવિતામાં છે. પછવાડેથી તે બેજણાં આશક માશુક થઈરહ્યાંહતાં

૧ મારા દિલમાં. ૨ પોતાની તરફની–મતલબી. ૩ લુચ્ચાની.

કઈ વાતમાં દિલાસો ત્હારે જોઈયે જો;
કર એહેવું માગિલેઉં કે ના રોઇયે જો. વ્હાલી૦ ૧૧
(૨-૨)

---

*હું તો જોઇને સંતોષ પામું છઉં જો;
સદા સૂખિ રહેજે પ્યારિ આશિષ એ દઉં જો. હું૦ ૧
રહ્યું જોવાનું જ તે વળિ કેદી અરે જો!,
હવે માનવું એમાંજ સૂખ તો ખરે જો. હું૦ ૨
બીજી સર્વ વાત પ્રેમની બોટી હવે જો;
ઉગ્યો છોડવો ગયો બળી પૂરો દવે જો. હું૦ ૩
હજી રાખ તે ગઇ ગૂજરી સંભારિદે જો;
પરંતૂ કહું હૂં રાખ તે તો રાખછે જો. હું૦ ૪
નથી વાંક તારો લેશ વાંક દૈવનો જો;
અભિલાષ[૧] હતો માહરે રે પુત્રનો જો. હું૦ ૫
અભીલાષ હતો રેહવા ઉંફે રૂડી જો;
તે આ ટહાડ જુદાઇકેરિ દમેછે ભુંડી જો. હું૦ ૬
અભીલાષ મારા જેવિ ભણેલી બને જો;
હશે વાત ગઈ ઘેર કરંછૂં મને જો. હું૦ ૭
બરે દુઃખસૂખ દૈવને આધીન છે જો;
ઘણા ઘાવથી તે બે[૨] મ્હને સંમાન છે જો. હું૦ ૮
જેવી દાખવેછ તેવિ તૂં નીભાવજે જો,
હવે એજ નથી બીજી અર્જ માનજે જો. હું૦ ૯
જેવા ચંદ્ર સૂર્ય અસ્ત ધિમે થાયછે જો,
તેવો આપણો આ પ્રેમ સમી[૩] જાયછે જો. હું૦ ૧૦
હવે સારૂં જો ઉપાડિલે વ્હેલો હરી જો,
રિબાતો છુટૂં હૂં નર્મદો કહૂં બરી જો. હું૦ ૧૧
(૨-૧)

---

* ઉભરામાં.
૧ ઈચ્છા. ૨ સુખ ને દુઃખ. ૩ (ઘણી જુદાઈ થયેથી શરીર છેકજ ઘસાઇ ગયેથી.)

(ગરબી.)

*વ્હાલી શું કહું મને બહુ વિતી, હે કામિની;
થોડૂં ભણીને આણૂં ઈતી[1], હે કામિની. ૧
જ્યારથી ડૂબ્યો હૂં વિજોગમાં, હે કામિની;
ત્યારથી પીડાયો રોગમાં, હે કામિની. ૨
ભીતર ખોલૂં હૂં જઈ કરી, હે કામિની;
રહેવૂં મળે નહી કો વળી, હે કામિની. ૩
સાંભરે દીસે[2] સહૂં કણુકણુા, હે કામિની;
રાતે તો તાવમાં નહિં મણા, હે કામિની. ૪
સાંણાં કરે બહુ પડાપડી, હે કામિની;
રંગે રમતી નજરે પડી, હે કામિની. ૫
જાગે ઉદાસ મન સામટૂં, હે કામિની;
રોજે રંગીલી તૂંને રટૂં, હે કામિની. ૬
કર્યા શત્રૂ બહૂ લોકને, હે કામિની;
ભચડ ભચડ ચાવે મ્હને, હે કામિની. ૭
ભોગવ્યાં સુખો સહૂ સાંભરે, હે કામિની;
રૂવાં ઊભાં ને આંખો ભરે, હે કામિની. ૮
વાતો કહેવાય નહી કો કને, હે કામિની;
કહેતાં ઘેલામાં સહુ ગણે, હે કામિની. ૯
(તેમ) મ્હને મ્હોટાઇ[3] ના મળે, હે કામિની;
(કે) કહેતો ફરૂં સહૂઆગળે, હે કામિની. ૧૦
મનમાં ને મનમાં બળીજતો, હે કામિની;
બ્હાવરો બ્હાવરો ફરતો હતો, હે કામિની. ૧૧
કપરી દશા મેં ભોગવી, હે કામિની;
તોએ અનીતિ ના જોગવી, હે કામિની. ૧૨
રૂઠયો અતીશ જગરાજ છે, હે કામિની;
ફળ્યૂં કર્યૂં તપ આજ છે, હે કામિની. ૧૩

---

* ઉભરામાં. ૧ છેડો. ૨ દિવસે (જરે તું મને સાંભરે)
૩ બડાઈ કરવાની ટેવ.

આજે આનંદનો ધન થયો, હે કામિની.
અગની સમાઈ સટ ગયો, હે કામિની. ૧૪
વ્હેશે હવે રંગરેલડી, હે કામિની;
કહેજે ઘેલા કહિશ ઘેલડી, હે કામિની. ૧૫
વ્હેલી વળગ વ્હાલી મ્હને, હે કામિની;
તન મન ધને પૂજું છું તુને, હે કામિની. ૧૬

(૧-૨)

(ગરબી.)

*જોયરે મેં જોઈ રીત પ્રીતની;
હાંરે દીસે વૃત્તિ તો ચળેલી તારાં ચિત્તની. હોજીરે. જોયરે.
હાંરે મ્હારેકાજ જે હમેશ ઝાઝી ઝૂરતી[૧];
હાંરે તે તૂં બ્હારથીજ ચોક હવે પૂરતી. હોજીરે. જોયરે,
હાંરે કહેની સાચું કે કરૂં હૂં મારૂં સૂઝતૂં;
હાંરે બાળીનાખની હોંએ કદી રમૂઝ તૂં. હોજીરે. જોઈરે.
હાંરે શાંણી તૂજને એ ઘેલું કામ ના ઘટે;
હાંરે જાય વચન ઘટે માન દુઃખ ના મટે. હોજીરે. જોયરે.
હાંરે પ્રીતીટેકની એ નહિં રે ભલી વાતડી;
હાંરે કહેછે નર્મદો કે ધંન તારી છાતડી. હોજીરે. જોયરે.

(૧-૨)

(ગરબી.)

*વ્હાલી તેં તો ઘાએલ ખુબ કીધો;
ભાલો પેઠો કાળજડે સીધો.—વ્હાલી તેં૦
પ્હેલી ઘાએલ બની પ્યારી,દવા[૧] દીધી મેં તો સારી,
દેતાં તો ઘાએલ હૂં ભારી —વ્હાલી તેં૦
બન્યાં ઘાએલ ઘેટો ઘેટી, પવન ઊંફનો[૨] દેલે ભેંટી,

---

* જુદાઈમાં પ્યારીને લખેલી. ૧ રડતી; શોક કરતી.
* જુદાઈમાં પ્યારીને લખેલી. ૧ (પ્યાર બાંધવાથી ઘણાં નુકસાન છે એમ સમજ્યું પણ એમ સમજવતાં પ્યાર બંધાઇ ગયો.)
૨ એક બિજાને વળગી રહ્યાથી ગરમીની વરાળ પેદા થાય છે. એ ઉના પવનથી દુખ નહીં પણ બહુ સુખ થાય છે (આશક માશુકને.)

હવે જઈ કહાં બેઠી છેટા?—વ્હાલી તેં૦
છેટી બેઠી મોજે મારે, મને તું શેની સંભારે,
શિઆળો[3] માફક રે તારે.—વ્હાલી તેં૦
હૈડું તે કો આગળ બોલું? પીડા તે કો આગળ બોલું?
રે કહાં સંતાયું સુખ બોલું[4]?.—વ્હાલી તેં૦
વિજોગી રોગે પીડાઊં, લખી વાંચીને ચીડાઊં,
છુટું જો વ્હેલો મરીજાઊં.—વ્હાલી૦ તેં૦
નથી હું દ્રવ્યથકી તાજે, કુલીન ને ટેકી છઊં ઝાજે,
હવે કહે કેમ રહું સાજે?—વ્હાલી તેં૦
વિચારો એકાંતે થાએ, માંદી તૂંપાસ ન બેસાએ,
દીવાનો જીવ બનીજાએ.—વ્હાલી તેં૦
કાલાવાલા તેં કીધા મારા,હવે મારે કરવા આ તારા,
એ તો પ્રેમપાશતણા[5] ધારા.—વ્હાલી તેં૦
વદે[6] કાં ના તું મને જોઈ,કાં હિંમત કાં પ્રીતી બોઈ,
નસીબ એ નર્મદ રેહ રોઈ.—વ્હાલી તેં૦

(૧-૨)

(એખા હરણનો ચાલતો ઢાળ.)

* કાં ઓ મૂરખ આશક ઘેલા,મ્હારી પ્યારીને પાડે વેલા;
તહારાઊપર તેનો પ્યાર, નથિ અંદર બ્હાર લગાર. ૧
કરે વાત તું તેની સંગે, જે જે તજવીજે ઊમંગે;
મ્હારી પ્યારી કહે સહુ મૂને,તેની જાણુ નથી કંઈ તૂને. ૨
મ્હને આવે છે હસવું ભારે, કેવી મુરખાઈ તે છે આ રે;
કરે ફોગટ કાં ઘેલાઈ, અંધ કાંહાં ગઈ ચતુરાઈ. ૩
ખરાપ્યારનિ એ ન નિશાની,તારો રુપિયો ને તેની ન આની;
પ્રીત એકતરફી ના હોએ, બેની હોયજ તારે સ્હોએ. ૪

---

3 કોઇ બીજા સાથે મોજમારતી હઈશ. ૪ પેલું; આગળ જે ભોગવેલુ તે. ૫ પ્યારનો ફાંસો. ૬ બોલે.
* ઉજરામાં. પ્યારાનો દોસ્ત જે, પ્યારાની પ્યારીને સતાવતો હતો તેને વિષે પ્યારાના વિચાર.

કરે મ્હોટાઇસારૂ પ્રીત, પણ એ નહિં સાચી રીત;
હસવાને સારૂ નથી પ્રીત, તે છે રડવાસારૂ ખચીત. ૫
તું તો બહૂ બકે હેત તારૂં, નથી જોતો તેનું કેવૂં વારૂ;
કરે જોર જુલુમ તૂં ભારી, તેમાં હાર્યોછ ને જૈશ હારી. ૬
મીઠું મીઠું બોલી ફોસલાવે, દ્રવ્ય આપે પરંતુ ન ફાવે;
તું તો તેને જરા નવ ભાવે, દયા સાચે મને તો આવે. ૭
જેમ તારિ વધે તજવીજ, તૂં આતુર થાય અતીસ;
પેલી ઊપરથી સહૂં સાંખે, દીલ રીસે ધિક્કાર જ નાખે. ૮
તૂંથી આડું જે જોતૂં હોએ,તેના સામું જરૂર તું જોએ;
હાથ તરછોડે જે તારો, તેનો જોરે તું પકડે ગાંડો. ૯
મળ્યું મન તે કેમ કહેવાએ,જરે એકલું તારૂં જણાએ;
મરજી ઊપર થઇને વળગે, મ્હારી પ્યારીનું પેટજ સળગે. ૧૦
લુચ્ચા બ્હેન કહી જરૂં જાચે, મને સમજાવી તૂં રાચે;
વ્રત્તવાળીનું વ્રત તોડાવે, ઝાઝું કરગરતાં ના ધ્રાવે. ૧૧
ફરતું બંધ જ જોતૂં લોહી, ઝટ થાએરે તૂને જોઈ;
થાએ સડક જ હૈયકથી જે, જાએ ઘોળીપડી કુમળી જે. ૧૨
એવી સાથે ધ્રુછે જુલમી જારૂં, કેમ પાકી ન જાએ મ્હારૂં;
તારે ભાએગે હૂં નથી જોતો, બાકી વ્હેલો કરૂં તુને રોતો. ૧૩
તારી સગલીની મરજી ન હોયે,અરિસ્યાએ તે જોએ તોએ;
મુજ પ્યારીને બહુ તું સતાવે, કેમ મોત ન તારૂં આવે. ૧૪
હજી સમજીને પીછો છોડ, શોધ પાછી નીતીની સ્હોડ;
નહિં તો અંતે થશે પસતાવો, રેચ લાવી હણે તે[૨] કહાવો. ૧૫

(૨-૧)

* જાત રંગ ને રૂપ ન ભળતાં, તારે શેના ઉડે અંગ બળતાં;
નથી મ્હારામાં કંઈ એવૂં, પ્યારી લલચાઈ આવે તેવૂં. ૧

છઉં જેરી હૂં કાળો સાપ, માટે સમજીને કરજે માફ;
શુદ્ધ કોઠો હૂં કેમ ભગાડું, કેમ લાગ્યું તૂને બહૂ ગાંડૂ. ૨

---

૧ સ્ત્રી. ૨ તે–પસ્તાવારૂપી કહાવો રેચ આણી તારો જીવ લેશે.
* ઉલટરામાં.

ઘણી હમણાં ખરે હરખાશે, પછી પસ્તાવો નકિ થાશે.
કદી અંમૃત લાગ્યું હું તૂને, પછી જાણીશ ઝેરજ મૂંને. ૩
તૂં લાયેક હું નથી રંક, ખરૂં કહૂંછું તું માન નિશંક;
હૂં કાગડો ને તૂં હંસા[૧], કરે જીવની કાં વળી હંસા[૨]. ૪
કરવું કામ તે જોઈ વિચારી, જેથી થાય ટોટો નહીં ભારી;
થતાં સાહસ કરવે પ્રીત, બેને મરવું પડેજ ખચીત. ૫
તુંતો ડાહપણમાં છે પૂરી, ધાલ મ્યાનમાં તારી છૂરી[૩];
બહૂ પાપ થાએ જે એથી, અણવાકેફ તૂં નહીં તેથી. ૬
કટુ લાગસે મારો બોલ, સારાસાર વિવેકથી તોળ;
હવે સમજી સાવધ થારે, પાડિ જુસ્સો નરમ થઇજા રે. ૭
(૨–૨)

---

* મ્હારી પ્રીતીવિશે શક લાવે, તેમાં તારી કેવી તે બતાવે;
શૂં વસ્તું તારીમાં હોયે, શૂં ઓછું મારીમાં જોયે. ૧
ઘેલી વ્હેલી કહીદે સાચૂં, વ્હાલ મારૂં દેખે કેમ કાચૂં;
ગમે તૂને નહીં મુજ ડાચૂં, તોયે તુને દેખી હૂં રાચૂં. ૨
દુઃખિ દેખી દયાએ મોહી? કે તેં મારી ચતૂરાઇ જોઈ?
ભુંડી ડાહપણથી લલચાઈ? યશ વિદ્યા ગુણે ભોળવાઈ? ૩
શૂં રૂપથકી થઇ રાજી? દ્રવ્યભૂખ્યથી માંડતી બાજી[૧]?
ઇચ્છે સંભોગને તૂં ચરસે,? કે સંતાન સારૂ તરસે.? ૪
માત્ર સંભોગ હોયે પ્યારો, તો થાઉં કદી નહીં તારો;
હોયે મીનજ તારો બ્હારો, પ્રેમમૂળિયૂં આજ જ બાળો. ૫
પ્રીતિ કરતાં જે થાયે ઘેલી, તે તો થાકીજાયે વળી વ્હેલી;
પ્રીતી જમતાં જે નહીં ધીરી, તેને લેવીપડે કાળીજીરી. ૬
મેંતો હઈઆમાં તૂને રાખી, કરૂં ઘડી ઘડી તારી ઝાંખી;
રહી ઘેલાઈમાં નહી બાકી, મેંતો મતી મુજ કીધી ઝાંખી. ૭
તારૂં હેત કદી સાચું હોયે, મારી આંખ ન તેવૂં જોયે;
થયે મરજી પતીજ તૂં કરજે, નહિંતો મનમાંથિ ઈચ્છા તજજે. ૮
(૨–૧)

---

૧ હંસની માદા. ૨ હિંસા. ૩ ધરકનો જોરસો.
* ઉભરામાં–એમાં પ્રીતિથવાનાં કારણો છે. ૧ (પ્રીતની.)

*પ્યારી આપણે બહુ બહુ કીધૂં, કહિયે સાચૂં કે સંધૂંજ સીધૂં;
તોએ મૂરખોએ લઘું ઊંધૂં, મારવાને વળી લિધૂં બૂધૂં. ૧
જેમ પ્રેમામૃતલ્હાવ લીધા, તેમ પ્રેમવિષોપણ પીધાં;
ધન્ય ધન્ય નહીં કંહી બીધાં, વ્હાલ ઝાઝાં વધારી રે દીધાં. ૨
રહ્યો ઓરિયો નહિં કોઇ વાતે,વળિ તૃપ્તિ તો છે મન સાથે;
થયાં કરવૂં બનાવને તાબે, ગમે તેટલું તે પછિ ડાબે. ૩
જેમ કેરી પડે કેફ કરીને, જન સૂએ થાકી રંગ રમીને;
રહ્યાં પીગળી પ્રેમ પીઇને, સુખ દુઃખ નથી રે કોઇને. ૪
પ્રેમસાગરમાં સૂઈ તરવૂં, ઉંચે ટકટક જોયાંજ કરવૂં;
હૈડે ધ્યાન હરીનૂં ધરવૂં, પ્યારી નર્મદ અવધે મરવૂં. ૫
(૧-૨)

(સાખી.)

પ્રાણ પ્યારી હો પરવશ આ પિંડ, પિડિત પ્રેમ પાશથી;
ધર્મલજ્જાની વચમાં ખિંડ, પુરાઈ દીસે ધાસથી. ટેક.
પુરાઈ દીસે ધાસથી, પણ ઊપરથી જાણ;
નીચે ઊંડી ખાઇ તે, પ્યારી ભુલવીને વાળે ધાણ. પિડિત૦ પ્રા૦ ૧
ડર ભર ભાદરવે ધને, વીજ ગર્જને જેહ;
માંજમ રાતે રાનમાં, પ્યારી પ્રેમ લગીમાં તેહ. પિડિત૦ પ્રા૦ ૨
ભરદરિયે તોફાનમાં, પવન પાણીનો સ્હોર;
ડુબાડેછે નાવને, પ્યારી હ્હેવો પ્રીતીનો દોર. પિડિત૦ પ્રા૦ ૩
ધીરજ હિંમત ખંતથી, થઈ રહેતાં સ્વાધીન;
કરી પ્રતિજ્ઞા પાળતાં, પ્યારી પ્રેમી ન દીસે દીન[1]. મંડિત[2]પ્રેમ૦
પ્રાણપ્યારી હો સ્વવશ[3]આ પિંડ, મંડિત પ્રેમપાશથી. ૪
દીન નહીં કો વાતથી, પૂરૂં સૂખી રહોય;
પૂરૂં સૂખી જે હુબ્બૂં, પ્યારી પૂરૂં પ્રીતીમાં હોય. મંડિત૦ ૫
પ્રાતઃસાંજતણે સમે, ઝરમર વરસે મેહ;
લીલા કાંહાને લઈ, પ્યારી નદીઓ ભારેખમ વેહ. મંડિત૦ ૬

---

* ઉભરામાં પ્યારીને દિલાસો. ૧ રાંક; ગરીબ. ૨ શુશોભિત.
૩ (પરવશ નહી પણ પોતાને વશ.)

એ સમયે કાંઠા ઉપર, હોય જહાં એકાંત;
જોતાં લીલા બ્રહ્મની, પ્યારી તલ્લીન[૪] થાયે જ્ઞત. મંડિત૦ ૭
પ્રેમસિંધુમાં ખેલતાં, અનુભવિ થાયે જેહ;
ડગે નહીં તોફાનમાં,પ્યારી તરતાં તલ્લીન સુખ લેય. મંડિત૦ ૮
નર્મદ પ્યારી પ્રેમની, લ્હેરે લ્હેરી થાય;
એકમેકને ભેટિ રહે, પ્યારી ચીરંજિવી કહેવાય. મંડિત૦ ૯
(૧-૧)

(પદ–કટાવ.)

ગોપીયો ખેંચાઇ હરિનીભણી તે; વાંસલડી સુણી તે. ટેક.
શરદ પૂનેમી, રુડી રાત્રિયે, મનમોહન શ્રીકૃષ્ણચંદની, કામણગારી, કામોદયની, કલીંબીજની[૧], સુણી વાંસળી, ખસી પાંસળી, ખુલી કાંચળી, દ્રવી[૨] ગલી છે, ભુલી ભલી છે, બુદ્ધી જારી, વ્રજવન નારી, ગોપસુંદરી, તને પરી છે, મને હરી છે, તજી ટેકને, ગઈ છેક છે, પ્રેમે ઘૂની[૩], ગ્રેહે પૂરી, તેથી શૂરી, બની બ્હાવરી, થઈ ગાભરી, વળી આકળી, કેટલીક તો, છતી દોહતી, મુકી દોહવૂં, કેટલીક તો, ચુલે મુકેલાં, દૂધ ધેંસ તે, વણ ઉતારે, કેટલીક તો, પીરસવાનૂં, વાળૂ કરવૂં, રહેવા દઇને, કેટલીક તો, ધવાડવાનૂં, બાળક સહુને, રડતાં મ્હેલી, કેટલીક તો, સ્વામી સેવા, પડતી મૂકી, કેટલીક તો, તજી લીપવૂં, વળી સાજવૂં, પાથરવાનૂં, કેટલીક તો, અડધી નાહી, અડધી કોરી, કેટલીક તો, આંખ આંજતી, અધવચ ઊઠી, કેટલીક તો, વસ્ત્ર ધરેણાં, કહીંનાં કહીં ને, આડાં ઊભાં, અવળાં સવળાં, લ્હેરી કરીને, કેટલીક તો, ભર ઉંઘમાંથી, ઊઠી જાગી, અડધી નાગી, એ પરમાણે, સહૂ જુવંતી, ઘર ઘરઘંઘો, નિશનો સંઘો, પિતા પુત્ર પતિ, બ્હેન માતને, કુટંબ ઠેલી, પડતાં મ્હેલી, પડતી પડતી, ધસી દોડતી, ચીર[૪] ઓઢતી, ચંદ મ્હોડતી, વાટે મળતાં જન તરછોડી[૫], વાડો તોડી, જાણે દોડી, ગ્રેહી ઘોડી, રાગમસ્ત તે, હરિણી ગેરે, જઇ પ્હોંચી ને, છક થઈ રહિ જ્હાં,–મધુવન શોભિત, ચાંદરણે તે, થયૂં ઘણૂં છે, મુરલી ધુન તે,

---

૪ (એક વાતની લગન લાગેલી હોય તેવી–ઈશ્વરની લેહ લાગી હોય તેવી.)
૧ (કામદેવને જગાડવાનો કલીં બીજ મંત્ર તે વગાડયો.)
૨ વિહ્વળ થયેથી પાણી ઝરવા માંડયું (ગલી–ગુહ્યેન્દ્રિમાં.)
૩ આગળ પડતી. ૪ (રસ્તામાં.) ૫ (હમણાં મારે કામ છે એવે બ્હાને.)

મચી રહી છે, મૂળપુરુષની, મુરલીધરની, ઉભો રહ્યો જે, નટવર વેશે, બની ઠનીને, બહુ ફાંકડો, ઘણી વાંકડો, રસિયો નાગર, ગુણનો સાગર, મદનજ જાતે, મનનો મેહેરમ, સામળિયો શ્રીકૃષ્ણ ખરો ધણી તે; વાંસલડી સુણી તે; ગોપીયો ખેંચાઈ હરિનીભણી તે. ૧

(૧-૧)

(પદ-રાગ કાફી.)

* જુદાઈ દર્દ એવૂં ભૂંડૂં રે,
મરવાથી છુટૂં કેમ આ[૧] સહુ.—છે જુદાઇ દર્દ એવૂં.
વજ્રની છાતીના શૂરા, તેઓ ઓગળેલાં પૂરા,
એવી અતી સખ્ત જુદાઇઆગરે,
તો હવે હું મારી વાત શી કહૂં.—છે જુ૦
દીપકનેર[૨] જયમ મીણ હોએ, તડકામાં જયમ મીન જોએ,
જેમ તાપઊપર માખણ હોયરે,
જેમ તાવ ખૂબ ટહાડીઓ લહૂં.—છે જુ૦
દવથકી વન[૩] ખાખ થાએ, પણ નહી મુજ જીવ જાએ,
ફરી ફરી નીત બળૂંછ ધૂમાઇરે,
ઊપચાર શીત શોધું હું બહૂ.—છે જુ૦
મર્યુંતણા મેં ઇલાજ કીધા, તોએ નહીં કંઈ લાભ લીધા,
લાગી આગ માશુકથીજ હુલાયરે,
નરમદ કેહ હું દાઝતો રહૂં.—છે જુ૦

(૧-૨)

(પદ-રાગ જોગી.)

* કેવો થંડો વાયે છે આ અંગે, પ્યારી ઊંફ દેતી નથી સંગે. ૧
કેવો વરસે ગરજન વીજ બંગે; જુદાઈથી જણાઉં આ ઢંગે.[૧] ૨

---

* ઉભરામાં. ૧ આ—જુદાઈનું દુખ. ૨ દીપ—દીવા આગળ.
૩ (વનતો દવે બળીને ખાખ થાય છે તેમ હું બળું છું પણ મરતો નથી.)
* બારીયે બેઠો હતો એવામાં થંડા પવનની લ્હેર શરીરને અડકી તેટલા ઉપરથી એ જોડી કહાડી. ૧ હાલતમાં.

કેવા મૂન[૨] બળેછ ઉભંગે, પેલું મૂન બાળેછ અનંગે.[૩] ૩
કેવાં જમણુ જમે સહુ ખંગે, મ્હારી આશ પળે પળ ભંગે.[૪] ૪
કેવો ચળકે શરાબ આ રંગે, પ્યારો હરીફ નથી ઈશ્ક જંગે.[૫] ૫
કેવૂં ગાણૂં જામ્યૂં મૂરચંગે, મારૂં હૈડું રડેછ અપંગે.[૬] ૬
કેવાં સાથી રહોયે સહૂ રંગે, મને ઝાંખો પાડયો મારે નંગે.[૭] ૭
હોય એ પણ દાહાડા જશે ને, રોતા નર્મદ જોઈશ તેને. ૮

(૨–૧)

(પદ. ફેરણાની ચાલનું)

*મુને પ્યારી અધર[૧] ચખાડે.—તું અમૃત ચખાડે
મુખણી લલના[૨] હું તારો લાલ,—મુને પ્યારી૦ ટેક.
પૂરેપૂરી પ્રીતડી દરસાવે; તું પ્રીતડી દરસાવે
કહેછે[૩] 'આવિશ પ્યારા કાલ'.—મુને પ્યારી૦ ૧
નર્મ વચંન[૪] રસ પી ધરાયેા; હું રસ પી ધરાયેા
ઉભાથયા જો પ્યારી બાલ.—મુને પ્યારી૦

(૨–૨)

(ત્રન્યનો બંદ.)

*પ્યારી પૂતળી મીઠી માશૂક,હાયો મારૂં[૧] ગયૂં કહાં સૂખ. પ્યારી૦ ૧
અમી[૨] પાઈ તી દહાડેથી, ખરે મ્હાતાબ[૩] વાધી ભૂખ. પ્યારી૦ ૨
સનમ[૪] **લેલી** હું છૂં **મજનુન્**, જિગરમાં છે જખમનૂં દૂખ. પ્યારી૦ ૩

---

૨ દીવો બળેછ તે. ૩ કામદેવના જોસ્સાથી (પેલું મુન–પ્યારી.)
૪ ભાંગી પડેછ. ૫ ઈશ્કનીજંગ- લડાઈમાં હરીફ નથી–પ્યારો હરીફ–પ્યારી (મસ્તી કરવાને.) ૬ પ્યારી એ જે કોઈ મારૂં અડધું અંગ તે પાસે ન હોવાથી. ૭ મારે નંગે–નંગ જેવી શોભતી ને મોધી એવી પ્યારીયે.
* પ્રિયાએ પ્રેમમાં ગગળી ગયલી સ્થિતિમાં તટસ્થ ઉભાં રહી ચુંબનાદિ કરાવ્યાં કીધું તે ઉપરથી, ૧ નીચલો ઓઠ. ૨ લાડનારી સ્ત્રી (પિયુ સાથે.)
૩ (તું.) ૪ શૃંગાર રસથકી ઉત્પન્ન થયો એવો જે આનંદ અને એ રૂપી જે વચન (કે કાલે હું મળીશ) અને એ રૂપી જે રસ તે પીને હું ધરાયો –તેની નિશાનીમાં રૂવાં ઊભાં થઈ ગયાં.–(રસનો અનુભવ થયો.)
* ઉભરામાં.
૧ અફસોસ કરૂંછ–રહુંછ. ૨ અમી–અમરત.
૩ ચાંદ (અમરતથી તો ભૂખ મટે પણ એ ચાંદ–પ્યારી તહારાં અમૃતથી મ્હારી ભુખ વધીછે, રસ પીધા પેહેલાંની જુદાઇમાં જોસ્સાનું જે જોર હોય છે તેના કરતાં રસ પીધા પછીની જુદાઇમાં જોસ્સાનું જોર ઘણુંજ વધારે હોયછે.)
૪ અરે ઓ દોસ્ત (તું લેલીછે ને હું મજનુન–દીવાનો છઊં.)

જુદાઇથી બળું બુલબુલ્, કને ઓ ગુલ[૫] તું રાખી મૂક. પ્યારી૦ ૪
રહી સ્હોડે ખુબી[૬] ગાઉં, કરીદે મ્હેર વિસારી ચૂક. પ્યારી૦ ૫
ત્હારી તસવીર નથી ખસતી, નર્મદ કહે ખૂબ[૭] માની કૂખ. પ્યારી૦ ૬
(૧–૨)

(રેખતો.)

*શું જવાની જતાંસુધી રોજે ડરીશું
શું જૈફીમાં[૧] વાતો ઇશકની કરીશું. શું૦ ટેક ૧
ઓ પ્યારી જો હોયે ત્હારો પ્યાર હૂંપર
રે ખોળે ન જુકતી તું કેમેકરી શું. શું૦ ૨
જો બોલેલું મ્હારૂં કરે તૂંને નાખુશ
તો ખામોશ ખાએ નહીં તૂં જરી શું. શું૦ ૩
ઈશકમાં નરમ[૨] મર્દ વધુ ઓરતોથી
કદાપી બકે તો બને આકરી શું. શું૦ ૪
ખરેખાત થંડી[૩] જો હોયે તું પ્યારી
કહીદે વચનમાં[૪] તું આજે ફરી શું. શું૦ ૫
તું દુઃખી મ્હારેથી તે સુખી[૫] થયેથી
હું વાળીશ મન પણ વૃથા ચાકરી શું. શું૦ ૬

---

૫ ઓ ગુલ–ગુલાબનાં ફુલ (હું બુલબુલ ત્હારે માટે બળું છું માટે તું ત્હારી નજર આગળ–પાસે તેડી રાખ.)

૬ (તું ફુલની હું બુબી ગાઉં, બુલબુલ ગાયછે ને કવિ પણ ગાયછે)–(બુલબુલ, ગુલાબની સામે જોઇને ગાયછે એટલે જાણે એમ કે તે પોતાની માશુક ગુલાબનીજ બુબી ગાતો હોયની શું ? તેમ ઓ પ્યારી ત્હારી સ્હોડે–તારેથી દુર નહીં–નજર આગળ રહી અથવા સ્હોડમાં ભરાઈ ત્હને વળગી પછી વાંકું વળીને ત્હારી સામાં જોતો જાઉં ને ત્હારી બુબી ગાતો જાઉં એવો દાહાડો આવે તેવી તું મ્હેરબાની કરીદે.)

૭ ત્હારી જણતીની કુખને સાબાશ છે.

* ઉભરામાં.

૧ ઘડપણમાં.

૨ પ્યારની વાતમાં ઓરતના કરતાં મરદ વધારે નરમ હોયછે–જલદીથી પિગળી જાયછે. એથી હું કદાપી કંઈ બકું તો શું ત્હારે ગુસ્સે થવું ?

૩ (પ્યારનો જોસ્સો નરમ પડી ગયલો હોય એવી.)

૪ આપેલું વચન કે કદી પ્યાર નહીં ઉતારૂં.

૫ તું હમણાં મારેથી દુખી છે તે મને છોડીને સુખી થઇશ એમ જાણી હું મન વાળીશ પણ શું મ્હારી કીધેલી ચાકરી વૃથા–ફોકટ જશે ?

ન લહેજત જવાનીની જૈસીમાં પ્યારી
શું વાતો કરીનેજ આપણ મરીશું. શું૦ ૭
કહું શું હું નર્મદ તું ડાહી ચતુર છે
રે સાથે પીને કહારે હૈડે ઠરીશું. શું૦ ૮
(૧–૨)

(પદ–રાગ દેશ.)

*આતશ[૧] જાગ્યોરે માશુકડી મારાં અંગમાંરે
પાછો રંગમાંરે–આતશ.
વિજોગડે તો એવૂં ધારયૂં
થંડુંગારજ દીલડું ત્હારૂં
બેવફાઈ નિરખી મેં અમુલખ નંગમાંરે[૨]–આતશ. ૧
જોતાં ચેહેરો પ્યારી કાલે
ફીકો રંગ ઝૂજંતો[૩] ગાલે
લહ્યું[૪] આશ હજી ચળકેછ ઈશકની જંગમાંરે–આતશ. ૨
'અબળા હૂં લાચાર છું ભારી,'
એ ગદગદ વાણી સુણિ ત્હારી
જઈ ઊંફે રેહેવા ઊઠ્યો હું પ્યારી સંગમાંરે[૫]–આતશ. ૩

---

* ઉભરામાં.

૧ ઈશકનો આતશ જુદાઇથી બુજાઈ જવા આવ્યો હતો તે પાછો જાગતો થયો.

૨ જેમ રમળના પાસામાં તેમ મારી વીટીનાં નંગમાં અથવા તું જે મારૂં અમુલખ નંગ તેમાં મેં તારી બેવફાઈ જોઈ. જો વફાદાર હોત તો કોઈ પણ રીતે તું મળત જ આટલી લાંબી જુદાઈ નહીં થાત.

૩ પણ કાલે તારો ચેહેરો જોતાં તારા ગાલનો ફીકો રંગ ધુજતો–જતો માલમ પડયો. મારી જુદાઇથી તું દુખી હતી ને મારા મેલાપથી ખુશ થતી હતી.

૪ એ ઉપરથી મેં લહ્યું–જાણ્યું કે ઈશકની જંગમાં–લડાઇમાં હજી આશાનો તારો ચળકેછે–તું બેવફા થઈ નથી; તારી પાસથી મને હજી સુખ થવાનું છે.

૫ મેં પુછ્યું કે આટલા દાહાડા મને કેમ સંભાર્યો નહીં તારે તે બોલી કે હું લાચાર છું મારાથી તજવીજ ન થઈ શકી–એ વચન સાંભળતાં તો મને જોરસો થઈ આવ્યો ને સોડમાં જઈ બેસી રેહેવાને હું એકદમ ઉઠ્યો.

દરસાવે દેદાર તું પ્યારી
અર્જ એટલી માની મ્હારી
પ્યારી જો નર્મદ છે આશઉમંગમાંરે[૬] !–આતશ. ૪
(૧–૨)

---

*(પ્યારી) કેમ નથી આ વેળા મારી સોડમાંરે
હું છું કોડમાંરે. પ્યારી૦
નીશામાં ચકચૂર થઇને,
ગાનધને[૧] ગુલતાન બનીને,
ચાહું છું રમવા હું હ્યારી ગોદમાંરે[૨]. પ્યારી૦ ૧
પડી ગોદમાં આંખ મીચીરે,
ગાન સુણું મૃદુ મૂખથકીરે,
હાથ રમે મુજ શીરપર બહુ તુજ મોદમાંરે[૩]. પ્યારી૦ ૨
મસ્ત દેશ[૪] શો ધુમી રહ્યોછે,
સર્વ રંગ અહીં ખૂબ જમ્યોછે,
પણ કહાં તે જોતો જે ચક્ષુજોડમાંરે[૫]. પ્યારી૦ ૩
ગયો નર્મદો છેક વહી જો,
હાય અરે ઘડિ જતી રહી જો!
પ્યારી મા તરસાવ તું માનમરોડમાંરે[૬]. પ્યારી૦ ૪
(૧–૨)

---

૬ હવે એજ માંગું છ કે તુ તારૂં મોહું દેખાડયાં કરજે. અરે પ્યારી જો જો તારો નર્મદ કેવો આશાના ઊમંગમાં આવ્યોછ તે !.

* હમે કેટલાક દોસ્ત નિશાપાણી કરી ઉજાણી જમ્યા હતા ને પછી ગાન સાંભળતા હતા એ પ્રસંગે એક મારો દોસ્ત મને વળગતો હતો તે પછી મારા ખોળામાં સુઈ ગયો હતો તે ઉપરથી ઉપલી કવીતા લખી.

૧ ધુમી રહેલું એવું જે ગાયન તેણેકરીને તેમાં ગુલતાન.

૨ ખોળામાં.

૩ કે હું ખોળામાં પડયો હોઉં ને તું તારે કુમળે મોઢે સુસ્વર ગાતી હોય ને હું આંખ મીચીને સાંભળતો હોઉં અને તારા હાથના આંગળાં મોદ–આનંદમાં મારાં માથાંપર રમતાં હોય તેવી રીતે.

૪ દેશ રાગ. ૫ નીશો કર્યોછ, ગાયન સાંભળું છ, મિત્ર બેઠેલા છે–એ સઘળો રંગ છે પણ જે રંગ તારી આંખનાં જોડકલાંમાં જોતો તે રંગ કહાં છે ? નથી. ૬ લાડમાં રીસાવું તે.

*(પ્યારી) તૂં ત્યાં ને હૂં અહિંઆં ભૂંડી દૂખમાંરે
જીવું[૧] ભૂખમાંરે–પ્યારી તું ત્યાં ને૦
વિચાર મારા કરતી હશે તૂં
વળિ તારા કરૂં રોજ રસે હૂં
થાતું હશે શૂં તેને જે તુજ કૂખમાંરે–પ્યારી તું ત્યાં૦ ૧
બનાવ વચમાં બન્યા ઓચિંતા
કયમ તારે રેહેવાય નચિંતાં
થાય નહીં ચિંતા કયમ પ્રીતીભૂખમાંરે–પ્યારી તું ત્યાં૦ ૨
એ પણ દાહાડા જશે પ્યારી ને
ભોગવશૂં સુખ પાછું ફરીને
માશુકછાં નર્મદની ધીરજ મૂક મા રે–પ્યારી તું ત્યાં૦ ૩
(૨–૨

---

*(પ્યારી) માન ધરે શાસારૂ ભુંડી રહેજમાં રે,
છેયે સેજમાં રે–(પ્યારી)૦ ટેક.
જુદાં જુદાં બહુ આળ ચઢાવે,
વળિ મેણાં મારે બહુ દાવે;
(પણ) ખૂબ સમજ અંજાઉં નહિં તુજ તેજમાં રે. (પ્યારી)૦ ૧
બીતરમાં આતૂર સહી જો,
બ્હારથકી અતિ રૂડી રહી જો;
રે આમ ઘટે શૂં કરવું પ્રીત અવેજમાં રે. (પ્યારી)૦ ૨
માન ધરે આ કેફ કરીને,
પાછળથી ગરજાઉ ફરીને;
આવિશ ઝટ મુજ પાસે હારી પેજમાં[૧] રે. (પ્યારી)૦ ૩

---

* ઉભરામાં. ૧ મુખ જોઈને જીવું છું; તારૂં મુખ છે તાંસુધી હું જીવુ છ મુખમાં આવવું એટલે કચરાઈને મરી જવું પણ–તારા ઓઠને મારા ઓઠ મેળવું છ તારે જીવું છ–રંગમાં આવું છ.

* ચાલતી ગાડીમાંથી એક ગૃહસ્થની એક સ્ત્રી બારિયે દીઠી–તેણે મને નિરખતો જોઈ લાજથી મ્હોડું અંદર લઈ લીધું તે ઉપરથી ઉપલી જોડી.

૧ પેચ; જુકતી.

વચન સાંભળી પ્રીતમકેરાં,
માનવતી ફરિયાં રે એરાં[૨];
કરી રાખ્યૂં ફળ ખાતે પીયૂને જમા[૩] રે,
(પ્યારી) માન મૂકી વળગેલાં શોભે સ્હેજમાંરે, બંને સેજમાંરે. ૪

(૨-૧)

(પદ–રાગ કાફી.)

*વાહાલી તેં ઘેલો કીધોરે, પ્રીત જુવંતી. ટેક.
ભણવું ગણવું રળવું સીધૂં,છોડી મેં તો સહુ દીધૂં,
તારંજ નામ લીધૂંરે. પ્રીત જુ૦ ૧
સંસાર હૂં ભૂલ્યો, પ્રીતડી રસે ઝૂલ્યો,
નીહાળી મુખડું ઝૂલ્યોરે. પ્રીત જુ૦ ૨
આ હરિ સમરણનું ટાણૂં, વિચારો ન હૂં આણૂં,
પ્રીતિનુંજ સુખ દુખ જાણૂંરે. પ્રીત જુ૦ ૩
નારી પ્રીતીનો પરસો, સ્વામી ઘર છાતી સરસો,
નથી કંઇ મારગ નરસોરે. પ્રીત જુ૦ ૪
પ્રીતીની આવે લ્હેરી, નરમ અંબ કેરી,
ગુલાબી જાયા ઘેરીરે. પ્રીત જુ૦ ૫

(૨-૨)

અરધાંગે છળ દીધોરે, કામિનિ મારી. ટેક.
શાસારૂ પ્રીતી છોડી, રહ્યોછૂં હાથ જોડી,
નથી કંઈ મરજી તોડીરે. કામિનિ૦ ૧
જે જે ઈછ્યૂં તે આપ્યૂં,તન મન ધન સરવે સાંપ્યૂં,
તોએ તેં હેત કાપ્યૂંરે. કામિનિ૦ ૨
કેહેની કેમ લાગ્યો કડવો, પ્રીતીવના છૂં અડવો,
ધાર્યૂં શું કરવા ગંડવોરે. કામિનિ૦ ૩
તું સમજે છે સારી નીતી, તજદે નારી રીતી,
વરસાવજે મુજપર પ્રીતીરે. કામિનિ૦ ૪

(૨-૨)

---

૨ આણીગમ–ધણી તરફ કરોઠ ફેરવી.
૩ પીયુને ખાતે ફળ જમે કરી રાખ્યું. (ગર્લ રહ્યો.) * ઉભરામાં.

પ્રીતીમાં પાછો લેનીરે, નારિ તું ઘેલી. ટેક.
નથી મેં કીધી ડાખી,[૧] નથીજ કોઈની ડાખી[૨],
રડી છે કાં તું બાખી[૩]રે. નારી૦ ૧
મિથ્યા જિવ સોચે બાળે, પીડે કાં મુજને આળે,
ધાલીને પ્રીતે પાળેરે. નારી૦ ૨
સાચી છે પ્રીતી તારી, હાંસી રાખ હૈયે ભારી,
બોલું છું વાચા સારીરે. નારી૦ ૩
મુખને માન મનવે, નરમ સ્વામી વિનવે,
પ્રીતમ પાછો બનવેરે. નારી૦ ૪

(૨–૨)

* વિજોગી બાણો વાગ્યાંરે, રંગિલી પ્યારી. ટેક.
દરસાવ્યું નહિ કદી આલી[૧], ચડેલું મુખડું વ્હાલી,
હસતી મ્હેં નિત નીહાળીરે. રંગિલી૦ ૧
ચાતૂરી રૂપ રસ ખાજૂં, દેખી હું અદકો દાઝૂં,
પ્રીતી દુખ દોહ્યલું ઝાઝૂંરે. રંગિલી૦ ૨
નિત નિત જોઇને ઠરતો, ગુણનો તો એવો પરતો,
તારૂંજ ધ્યાન ધરતોરે. રંગિલી૦ ૩
કી પ્રીતીની બાજી માંડું, બોળે કોને જઈ લાડું,
કાંહાં હું ઉભરો કાડૂંરે. રંગિલી૦ ૪
મૃત્યૂ આવે તે ગાંઠું[૨], પ્રીતીથી છુટવું માઠું,
પાસેથી સુખડું નાઠુંરે. રંગિલી૦ ૫
રડિરડિને આંસૂ પોઊં, દીલાસા કાંહાં જોઊં,
શરીરનું નૂર ખોઊંરે. રંગિલી૦ ૬
આવ આવ હું તને ચાંપૂ, રસાળી સુંદર બાપૂ[૩],
જિવને શા ઝંપ આપૂંરે. રંગિલી૦ ૭
પ્યારી તું વેહેલી વળજે, હૈડે સ્વામી દુખ ધરજે,
નમેદને સુખડું કરજેરે. રંગિલી૦ ૮

(૨–૧)

---

૧ અળખામણી. ૨ (છાતી.) ૩ પ્યારી.
* ઉભરામાં. ૧ અલી. ૨ કબુલ કરૂં; માથે ચડાવું. ૩ ગરીબડી પ્યારી.

* અરુણોદય[૧] દીપે આજેરે. રંગિલી પ્યારી. ટેક.
વિધ વિધ રંગોને સાજે, ચકચકતી તૂં તો રાજે[૨],
ઝાઝી લ્હેમાં કંઈ લાજેરે[૩]. રંગિલી૰ ૧
મુગરા ગૂલાબો વાસે, ગાલે[૪] પથરાયાં ભાસે,
આપ્યૂં ફળ મ્હારી આશેરે. રંગિલી૰ ૨
ચોઘડિયું લાભનું વાગે, રૂવાં ઊભાં અનુરાગે,
બોલૂંછૂં જે જે લાગેરે. રંગિલી૰ ૩
ભટકી ભટકીને થાકયો, રાતોની રાત હું જાગ્યો,
અ્હેવો કાંટો[૫]તુજ વાગ્યોરે. રંગિલી૰ ૪
હસવૂં અ્હાવૂં છે લ્હારૂં, બીજાનૂં[૬] શૂં કહું વારૂ,
ભાગ્યેજ છે મ્હારે સારૂંરે. રંગિલી૰ ૫
રાખજે નેનો વારી[૭], ચૂમી કરવાદે પ્યારી,
કોટી કરવાદે ભારી રે. રંગિલી૰ ૬
પ્રેમે તકતકતી થાજે, ઝીલી લેજે રે દાઝે,
નર્મદ દીવાનો આજેરે. રંગિલી૰ ૭

(૧–૨)

---

* હાવાં શૂં બ્હીવૂં પ્યારીરે?. હાવાં શૂં બ્હીવૂં?. ટેક.
હાવાં શૂં બ્હીવૂં પ્યારી? વંચાઈ[૧] પ્રીતી ભારી,
કોકે કહિ નરસી સારીરે. હાવાં૰ ૧

---

* એક મંડળીમાં એક દોસ્તે ફરમાસ કીધી કે આવું કંઈ હમણાનું હમણાં જોડો કે કોઇ સ્ત્રીની પાછળ કોઈ પુરૂષ ભટકતો હોય–પેલી દાદ લેતી ન હોય–પણ એક દાહાડો તે હસીદે–એ વખતનું ચિત્ર. એ ઉપરથી મેં તેનાં હસવાં ઉપરજ તરત કવિતા કરી. ૧ ઉગતો સૂરજ–ઉગતા સૂરજનો રંગ.
૨ શોભે. ૩ (હસવાથી તું શોભેછ પણ તેમાં જરા પ્રીતિની લાજ રાખેછ તેથી તું ઝાઝી શોભેછ.) ૪ મોગરા ને ગુલાબો વાસે–સુગંધી સાથે પથરાયા હોય ને ઉપર સુરજનો પ્રકાશ પડતો હોય એ જે શોભા તે તારા ગાલ ઉપર આવી રહીછ–સફેત ને ગુલાબી રંગ એકઠા મળ્યો હોય એવો પ્રકાશિત રંગ તારા હસવાથી, તારા ચ્હેરાપર બિરાજી રહ્યો છે.
૫ તારી તરફ જે મારૂં ખેંચાઇ આવવું તે. ૬ (તારા વિલાસની મારા ઉપર શી અસર થશે તે હું શું કહું.)
૭ (આંખને ફેરવીશ મા–ગુસ્સેમા થઈશ.)
* ઉભરામાં. ૧ ગવાયાં; ચરચાયાં.

લુચ્ચાં ઝાઝાં જોવાએ, સાચાં લ્હેમાં નિંદાએ,
અંતે એને[૨] સહુ ચ્હાએરે. હાવાં૦ ૨
રહિયે વીવેકે ભારે, તોએ જન નરસૂં ધારે,
માટે શૂં સાચાં હારેરે? હાવાં૦ ૩
વખાણે સજ્જન પ્રીતી, મ્હોટાંમાં મ્હોટી નીતી,
ત્યારે શૂં ધરવી ભીતીરે? હાવાં૦ ૪
કટારી લાગી કારી, સાલે લાવી લાચારી[૩],
તોએ તે[૪] લાગે પ્યારીરે. હાવાં૦ ૫
તરછોડી જે ના તૂટે, પળિયે[૫] તોપણ તે[૬] લૂટે,
વળગી તે ના કદિ છૂટેરે. હાવાં૦ ૬
કુદરતથી જે બંધાઈ, લ્હેમાં અન્યાય ન કાંઈ,
માટે તૂ ધરજે સ્હાઈ રે. હાવાં૦ ૭
પસ્તાવો જ્હાં દેખાએ, પ્રીતી કયમ ત્હાં કહેવાએ,
માટે તૂં ખુલ્લી[૭] થાએરે. હાવાં૦ ૮
બાંધી શૂં દુઃખી થાવા?, ના ના લેવાને લ્હાવા!
પ્યાલા પીવા ને પાવારે. હાવાં૦ ૯
માટે પ્યારી થા ધાડી, લૂટીલે પ્રીતીવાડી,
તોડીને જનની આડીરે[૮]. હાવાં૦ ૧૦
નર્મદ ને નર્મદનારી, પૂરે પૂરાં સંસ્કારી,
નીડર થઇ રમતાં જ્યારે. હાવાં૦ ૧૧

(૧-૧)

* પ્રેમે શું છોડીદીધીરે, માશુક મીઠી. ટેક.
મારો[૧] છે કૂતો તેવો, તારો ન આગળ જેવો,
હવે શો લ્હાવો લેવોરે. માશુક૦
કદી તૂં સાચે ચાહે, મૂને ન તે દેખાએ,
વીચાર કહે જે થાએરે. માશુક૦

---

૨ (સાચાંને) ૩ તરેહ તરેહવાર ઇશ્કબાબતના દુઃખથી લાચારી આવીને દુખદેછ. ૪ પ્રીતી. ૫ ન્હાસિયે; આઘે જઇયે. ૬ પ્રીતિ. ૭ લોકનો ડર ન રાખે તેવી. ૮ હરકત.

* (બેવફાઈના દુખથી ઉભરામાં–કેહેવી તો જોઈયે માશુક ખુની પણ આશક એવો તો કુલીન ને જ્ઞાની છે કે તેને મીઠી કહેછે.) ૧ મારો પ્યાર.

પતીજ થાએ મારી, સહૂ વીજોગ ભારી,
આ૨ તો છે તોખાકારીરે. ભાશુક૦
જારે તૂં મૂને છોડે, બાંધૂ૩ હું બીજીજોડે,
બાકી નહિં લુચ્ચા૪ ગોડેરે. ભાશુક૦
નર્મદો પાળે કોડે, બોલ્યૂં જે હોએ મ્હોડે,
ટેકી ન ટેક તોડેરે. ભાશુક૦

(૨-૧)

* વર્ત્યૂં મેં મનડૂં તારૂં રે, ભાશુક મીઠી૦ ટેક
વર્ત્યૂં મેં મનડૂં તારૂં, આવૂં નોતૂં મેં ધાર્યૂ,
દાઝેછે હૈડૂં મારૂં રે. ભાશુક૦
મન૧ વચને૨ કર્મે૩ પ્યારી;પ્રીતી દરસાવી સારી,
ઉપકારી કીધો ભારી રે. ભાશુક૦
થઈ રે બેવચની અંતે, ચૂસે છે કરડી દંતે,
સેવી૪ છે મેં તો ખંતે રે. ભાશુક૦
મૂને કુળવંતી નારી, વછોડી૫ તેં કટારી,
મારી૬ તે સાલે કારી રે. ભાશુક૦
પ્રીતી ખૂની કહું તારી, હશે તેં નાખ્યા મારી,
માટે આ મારી વારી રે. ભાશુક૦
વ્હેરી નાખે એ૭ આરી, ગુજરી વાતો સંભારી,
કરશો મા કોઇ યારી રે. ભાશુક૦
નરમદો દુખથી છુટશે, દુખથી રે જારે મરશે,
મરતાં પણ દૂવા કરશે રે. ભાશુક૦

(૧-૧)

---

૨ આગળ લાડતી હતી ને હવે કંઈજ બોલતી નથી એ બેવફાઈની જે નિશાની તેથી થતું દુઃખ. ૩ પ્યાર બાંધું. ૪ જેમ બીજા લુચ્ચાઓ એકજ વખતે બે ત્રણ સાથે પ્યાર (ખોટો) બાંધે છે તેમ નહીં. ગોડે એટલે પડે.

* બેવફાઇના દુઃખના ઉભરામાં નીરાસપણું. ૧ દીલથી. ૨ વાણીથી, બોલીને. ૩ કામો કરીને (મોડે બકીને નહીં પણ ખરેખર કરી બતાવીને.) તું કદાપી એમ કહીશ કે અસલથીજ મારો પ્યાર ન્હોતો પણ નહી હું નથી ઠગાયો. એવો વખત હતો કે જેવારે તું મને મન કર્મથી ખરેખર ચાહાતી.)

૪ ચાકરી કીધી છે. ૫ દૂર કરી (મને.) ૬ દૂર કરવું તે; બેવફાઈ. (એ કટારી મને તેં મારી.) ૭ બેવફાઇનું દુઃખ.

* તૂંતો રહી સાચી સાચીરે, રંગિલી પ્યારી. ટેક.
તૂં તો રહી સાચી સાચી, પણ જાળવે નહીં કાચી,
રોજે રહી હૂંથી રાચી[૧] રે. રંગિલી૦ ૧
લાંબા દસકાની પ્રીતી, જેવીતેવી નહીં નીતી,
ડાહી છે તારી રીતી રે. રંગિલી૦ ૨
અબળા જાતી તૂંકહાવે, સબળી બેવચની થાવે,
તોએ રહી વચની ભાવે રે. રંગિલી૦ ૩
પ્રીતીનો આધિ[૨] મોટો, ભીતરમાં સાલે સોટો,
તોએ તુજ પ્રેમ ન ખોટોરે. રંગિલી૦ ૪
સહિયર સહુ હુચ્ચી સોદી, જાતે શીખેલી થોડી,
તોએ નહિં ભૂલી કોદી રે. રંગિલી૦ ૫
વગોવી નાખી લોકે, મારી સગાંએ જો કે,
તોએ રહી પ્રીતી નોકે રે. રંગિલી૦ ૬
આપ્યું ઝાઝું નહિં તૂને, રડાવી ઝાઝી ખૂણે,
તોએ રહી વળગી મૂને રે. રંગિલી૦ ૭
બીજીસું વદતાં જોઈ, બળિબળિને બહુ બહુ રોઈ,
તોએ નહિ પ્રીતી મોઈ રે. રંગિલી૦ ૮
અનીતી જોતાં મારી, રીસાતી તૂં તો ભારી,
તોએ શિખ દેતી સારી રે. રંગિલી૦ ૯
પ્રીતી પ્રીતીને સાટે,[૩] દેવાને મારે માટે,
રઝળી તૂં વાટે ઘાટે રે. રંગિલી૦ ૧૦
દીવાની થઈને ભટકી, મૂને જોતાં તૂં અટકી,
સેવા કરતાં ના ખટકી[૪] રે. રંગિલી૦ ૧૧
અડધાં વેણો તેં ઝીલ્યાં,કીધાં કામો જે ચીંધ્યાં
મોટાં મર્મો તેં ધીર્યાં રે. રંગિલી૦ ૧૨
ઊંચાં કુળની તૂં નારી, એમાં નહી સંદેહ પ્યારી,
પારખ છે મારી સારી રે. રંગિલી૦ ૧૩

---

* ઉભરામાં. ૧ રાજી ૨ મનનો રોગ.
૩ બદલે. ૪ ખંચાઇ-આચકો ખાતો.

તેં જે ઉપકારો કીધા, તનમનથી સુખડાં દીધાં,
નર્મદ મેં માનીલીધાં રે. રંગિલી૦ ૧૪
પ્રીતીનો પારો[૫] ખાધો, સચ્ચાઇમાં નહીં વાંધો,
નર્મદ પ્રેમીનો બાંધ્યો રે. રંગિલી૦ ૧૫
ધનધન છે વચની પ્યારી, સ્તુતી ગાઉં આ તારી,
નર્મદ ના દે વીસારી રે. રંગિલી૦ ૧૬
જીનેં[૬] વિસરાવી જેણે, તીને[૭] વિસરાવી જેણે,
નર્મદ કહે ધન છે બેને રે. રંગિલી૦ ૧૭
ગુલાબી ચ્હેરો પ્યારો, રેહેજો રાજે સુખિયારો,
નર્મદ કહું સાચો તારો રે. રંગિલી૦ ૧૮

(૧-૧)

* અંધારી મુને પ્યારીરે, અંધારી પ્યારી. ટેક.
અંધારી મુને પ્યારી, જોકે સહુને નકારી,
સાચે તેની બલિહારી રે. અંધારી૦ ૧
પ્રેમીજનને બહુ ભાવે, દુરિજન ના આડે આવે,
નિર્ભય સુખ સ્હેજે લાવેરે. અંધારી૦ ૨
જેને સહુ કહે અંધારી, પ્રેમીને તે અજવાળી,
દીપે[૧] શાં વ્હાલો વ્હાલીરે. અંધારી૦ ૩
અહીં ને તહિંયાંની પ્રીતી, શિખવે મુકતીની રીતી.
શ્રદ્ધા ઉપાસન નીતીરે. અંધારી૦ ૪
અંધારી શિખવે સારી, સુખકરતી દુનિયાંદારી,
અજવાળી ભુલવે ભારીરે. અંધારી૦ ૫
ઝાઝા તર્કો સૂઝાડે, લ્હેરે ચ્હડવી રમાડે,
મનના કિલ્બિશ[૨] સહુ કહાડે રે. અંધારી. ૬

---

૫ કેહેવાય છે કે મારેલો પારો ખાધેથી ને તે જો માફક આવ્યો તો તેથી માણસમાં કૈવત ઘણું આવે છે તે પરમાણે મેં પ્રીતીનોપારો ખાધો છે એટલે પ્રીતી નિભાવી રાખવામાં હું ઘણો બળિયો છઉં. ૬ જી–માનું દુઃખ જેણે વિસરાવ્યું તેને ધન છે. ૭ તી–ત્રિયાનું દુઃખ જેણે વિસરાવ્યું તેને ધન છે.

* અંધારાંની પણ મઝા છે એવું એક હહાડો એક મિત્રનાં મ્હોડાંમાથી નિકળ્યું–તે ઉપરથી તેજ વખત ત્હાં લખી. ૧ અંધારામાં આશક માશુકની આંખો કેવી ચળકેછ? ૨ પાપ.

અંધારી[૩] રાખે તાણી, થાએ નહિં કો દી હાની,
સૂએ પીલૂં ભવધાણીરે[૪]. અંધારી૦ ૭
અંધારીમાં[૫] પય પડતૂં, સુંદર ફળ શૂં ત્હાં બનતૂં,
ઇશ્વરનૂં થાતૂં ગમતૂં[૬] રે. અંધારી૦ ૮
અંધારીમાં[૭] તારાઓ, તમ તમ કરતાં તમરાંઓ,
મધ મધ કરતાં પુલડાંઓ રે. અંધારી૦ ૯
ચકચકતી આશા[૮] રહેાએ, શબ્દો[૯] કુમળા ત્હાં હેાએ,
સુગંધી ત્હાંની[૧૦] મ્હેાએરે. અંધારી૦ ૧૦
અંધારી ને અજવાળી, જ્ઞાનીને સરખી વ્હાલી,
નર્મદને લાગી તાળીરે. અંધારી૦ ૧૧
(૧–૨)

(હેાળી)

* પ્યારી કેમ ન હીંમત, નથી કેમ મળતી મને? ટેક.
ફાગ વસંત આ[૧] જોબન જાએ
દુખ મને ના શું તને? પ્યારી૦ ૧
ચેહેરો ચુંધાઈ ચાડું થાય છે
કહારે રહેશું રોજે કને? પ્યારી૦ ૨
ઇશ્કમઝો શી જૈફીમાં લેવી?
દીલની ધારી ના રે બને. પ્યારી૦ ૩
પ્યાર હોય તો જુગતી કરીને
ધરે ઉરે લઇ લે નને. પ્યારી૦ ૪
(૧–૨)

---

૩ (ઘોડાની.) (જેમ તે ઘોડાને તાણી રાખે છે તેમ દુખનો વખત માણસને અનીતિ કરતાં અટકાવેછ.) ૪ (ધાંચીના બળદની પેઠે.) ૫ (અંધારી કોટડી) ૬ (સૃષ્ટિની વૃદ્ધિ.) ૭ (રાત) ૮ (દુખમાં) ૯ (પ્યારી વસ્તુના ભણકારા) ૧૦ (પ્યારી વસ્તુવિષે થતા તરફના બાગની.)
* ઉભરામાં. ૧ આ ફાગ, આ વસંત, આ જોબન.

(હોળી)

*રસીલી રસ પાયે તું આજે. ટેક.

મારૂં અને તારૂં મીઠડું લોહી, ઠારયું ધણૂં ખુની લાજે. હાંરે પ્યારી ઠા૦

કેમેકરી લખી અવધ ન ખૂટે, લીલી કુંજ રોજજ દાઝે

આજે પ્યારી વરસાદ ગાજે. રસી૦ ૧

ડાહાપણથી ચતુરાઈ ચલાવી, મુને કસી જોવા કાજે. હાંરે પ્યારી મુ૦

અધીરી ઉતાવળી તોપણ પૂરી, પોંચેલી ખરી નીજ કાજે

આજે વાજાં હરખનાં વાજે. રસી૦ ૨

ધીરી પડી હવે હારી હરાવી, મંદ હસંતી તું રાજે. હાંરે પ્યારી મં૦

મારૂં સુણે પણ તારૂં ન કેહે, ન ટેક પોતાતણો ભાંજે

આજે સ્વારી કરી રસરાજે. રસી૦ ૩

નરમદ ધન્ય હવે નક્કી છે, ડાહી ધીરી થઈ ઘરાજે. હાંરે પ્યારી ડા૦

ટાળી જુદાઇ સગાઇ કરી તેં, સદા સુખી રંગીલી થાજે

આજે મ્હેર કરી જગરાજે. રસી૦ ૪

(૧-૨)

---

* ઉભરામાં.

ટીકા—ખુન ભરેલી શરમથી મારૂં ને તારૂં મીઠું લોહી ઠરી જતું—એક બીજાના દીલમાં ઈશકની ગરમી થતી હતી પણ શરમને લીધે (કે એક બીજાને કેમ કેવાય એની ધાસ્તીથી) પાછો આચકો આવી જતો હતો; જરે જે વાતનો છેડો આવવાનો હોય તારેજ આવે—અરે રોજ આપણી લીલી વાડી—જુવા ની દાઝયાં કરતી હતી પણ હવે પ્યારી, આજ તો વરસાદે ગાજવા માંડયું છે—એક બીજાનાં દીલના ખુલાસા થવાનો વખત આવ્યો છે.

૨ તેં મને ખુબ કસી જોયો કે મારો પ્યાર કેવો છે અને હું પેહેલ કરૂંછ કે નહી. મારા કરતાં તારો જોસ્સો વધારે બહાર પડતો તોપણ તું પોંચેલી કે પુરતો ખુલાશો તારે મોઢે તેં ન કીધો પણ આજતો હરખના વાજાં વાગે છે—તું ખુલાસો કરે છે.

૩ મને હરાવ્યો–ધણી વાર તલપાવ્યો અને તું પોતે પણ તલપી પણ આખરે તું ધીરી પડીને ગાલમાં હસી પડી અને એથી તું બહુ શોભે છે. રોજ મારી વાત સાંભલ્યાં કરે પણ તારી ન કેહે પોતાને પેહેલ ન કરવી માટે થોડું બોલે તોપણ આજે તો તારા ઉપર કામદેવે સ્વારી કરી છે તેથી તું તારો ટેક મુકી પ્યાર કબુલ કરે છે.

૪ ભાગ્યેજશાલી નરમદ હવે નક્કી થયું છે ઓ પ્યારી, ડાહી ને ધીરી થઈને સારી પેઠે સંતાષ પામજે.

(હોળી)

*ફાગણ તો બની વ્હાય;રસીલી સમજી કેમ ન મળતી સજનને; ફાગણ૦ ટેક.
અબીલ ગુલાલ ને કેસુડી કેસર, વાટ જોઈ પડયાં રોએ;
કંકાસકેરા ધૂમાડાની ધૂળે, આંખાં થયાં નૂર જોએ. રસી૦ ફા૦ ૧
પ્રીતડી તો કાં વસંતિયું માગે,કાં તું અધીરી જણાએ;
પ્રીતભુખ્યાકને પ્રીત ભીખે તો, બંને ખુશી ખૂબ થાએ. રસી૦ ફા૦ ૨
પ્રીતડી સાચી સુધડ રીત રાખી,રંગીલી રંગે રોળાએ;
પ્રેમતણા મદ સ્વેદે[1] ભીનેલો, નર્મદ તે કેમ વ્હાએ. રસી૦ ફા૦ ૩
(૨–૧)

---

* હાંરે પ્યારી એક વીટી મને આપ
ઉદાસીન તસવીર તારી. એક વીટી૦ ટેક.
હાંરે પ્યારી મનડું દીધું તેં સાર;
હવે ધન તન સુખકારી, કે હું બળૂ ત્રણુસાથ
હાંરે પ્યારી કે હું બળૂં ત્રણુ સાથ;
અંતે પણ રહું સાથ નારી. એક વીટી૦ ૧
હાંરે પ્યારી મેં તો આપ્યાં ત્રણ તેહ;
કરે શું તું લાચાર ભારી,વાંક નથી કંઇ તુજ;
હાંરે પ્યારી વાંક નથી કંઈ તુજ;
મારી મનલેહેર નકારી. એક વીટી૦ ૨

---

* ઉભરામાં. ૧ પ્રેમના મદના પરસેવાથી ભીંનઇ ગયલો એવો તારો પ્યારો તે તને કેમ વ્હાશે–ઉઠાવશે.

* ઉભરામાં. **ટીકા**—એક વીટી અને એક ઉદાસીન તસવીર એ બે વાનાં આપ ઉદાસીન તસવીરમાંજ ખરી લેહેજત મને લાગે છે. તન મન ધન તેમ મન–દીલહુ આપ્યુંછ હવે ધનને બદલે વીટી ને તનને બદલે તસવીર આપ જારે હું મરૂં ને બળું તારે તારાં તનમનધન સાથે રાખીને બળું એટલે એટલ સંતોષે મરૂં કે મરતાં ને બળી રેહેતાં સુધી પણ તું મારી સાથેજ રેહે. ૨ તુ પરવશછે એટલે તારાથી વીટીને તસવીર અપાતાં નથી–તારો વાંક નથી રે મારા મનનો ખુટો નઠારો છે કે એ હું માગુંછ. દીલના પ્યાર કરતાં શું વધારે સારૂ છે કે તે મારે જોઇયે–રે મારે તે નહીં જોઇયે. ૩ તું ને હું એકજ છૈયે.

હાંરે પ્યારી હું તો ધેલો છઉં જાણુ;
ખરાં દીલથી વધુ સારી,બીજી નથી કંઇ ચીજ.
હાંરે પ્યારી બીજી નથી કંઈ ચીજ;
હું નર્મદ તારો તું મારી, મારે ન જોઇએ કંઈ;
હાંરે પ્યારી મારે ન જોઇએ કંઇ;
અભેદછે પ્યારોને પ્યારી. મારે ન જોઇએ કંઈ. ૩

(૨–૧)

(લાવણી.)

* ચલો ચલો શું વાર લગાડો, ચલો પીવા માંડો,
ચાંદની આતો ખૂબ ખીલીરહી, મસ્ત બની લાડો.
અગાસી સુંદર ચાંદનિ સુખકર, ભર્યા જામ રંગે,
રહોડે માશૂક ખરૂં એ મહાસુખ, સતાર છે સંગે;
સમો ન આવે ફરી ફરી આ, ધરો ઉલટ અંગે,
બજાવો ગાઓ મુખડાં નિરખી[૧], તાલ લઈ ચંગે.

ઝુલ.

કેવું સ્વચ્છ ઊંચે આકાશ,દીપે આ ટાણે;
જુઓ હિરા[૨] ચળકતા નિચે,રતનની ખાણે[૩];
કેવી લેહેર પવનની રમે, મઝો શી આણે;
(હવે) રંગ જોઇને રમો રસિકડાં, શોક સમૂળ કહાડો,—ચાંદની૦ ૧
કામકાજ તો સર્વ દિવસનાં, વળી સર્વને છે,
ફિકર રોગને ખટલૂં લફરૂં, સકળ સ્નેહિને છે;
નદી નાવ સંજોગ સમાણી, સજ્જનભેટ તો છે,
માટે લ્હાવો લઈલો સહુજન, ફરો ઓરતો છે;

ઝુલ.

પીઓ દુવા દેઈ તેહને, સજ્જન જે સાચૂં;
પીઓ દુવા સજ્જનની લઇ, તંન છે કાચૂં;

---

* એક રાતે મિત્રને ત્હાં નિશા સાથે જમી આવ્યા પછી બાકીએ દરિઆના કાંઠા ઉપર ચાંદનીમાં સુતો હતો ત્હાં સ્વપ્નામાં બે ચોક જોડયા હતા.

૧ કેફ કીધા પછી એક બીજાનાં દીપતાં મોડાં જોવાં.

૨ મોજાનાં ફીણનો ચળકાટ. ૩ રતનની ખાણ–દરીઓ–રત્નાકર.

પીએો માડયું વાગવા સુણેા,સુકનમાં વાન્યું;
રે પીએો પીએો ખુબ આજ ચુમા લેા, સૂર મધુર કહાડેા,—ચાંદની૦ ૨
પીઇ કરીને જુએો ચાંદની, મ્હેા હસતૂં રાખી,
પછી જુએો માશુકની સામાં, ખભે હાથ નાખી;
ખસેડી જમણેા હાથ ધિમે રહિ, રમેા પ્રીતબાજી,
જુએો પેલિ જે તન સંકેાચે,નિચૂં હસી લાજી;

ઝુલ.

જુએો કાન ઘણાં કરડાય, પરસ્પર પાસે;
જુએો આંખ ઘણી ઘેાળાય,પરસ્પર સામે;
જુએો હાથ ઘણા ચંપાય, પરસ્પર હાંસે;
કરે સતાર તનનન તુંમ, ધુમે છે નર્મગીત કહાડેા.—ચાંદની૦ ૩
(૧-૨)

(લાવણી.)

*પ્યાર ગયેા કે પ્યારી હિંમત ખેાઈ કહિદેની સાચૂં
ભુંડિ તું મ્હને કહિદેની સાચૂં
કહિદેની સાચૂં રે, મીઠડી એટલું હૂં જાચૂં. પ્યાર૦ ૧
પ્યાર ગયેા તેા પ્યારી તે કહિદે ઝટ ફરિ મ્હેનત નાપૂં
ભુંડિ ન તને ફરિ મ્હેનત આપૂં
ફરિ મ્હેનત નાપું રે,મીઠડી નથી મ્હારૂં દાપૂં૧. પ્યાર૦ ૨
બ્હીક બહુ તેા પ્યારી કહાડી નાખ તે અ્હેવિ ન બ્હિક હેાએ
ભુંડિ ન કંઇ અ્હેવી બ્હીક હેાએ
અ્હેવિ ન બ્હિક હેાએ રે, મીઠડી છેક નાજ જોએ. પ્યાર૦ ૩
ભેદ લહૂં ન પ્યારી મૂઝાઉં નહિં કાં થઈ હઇશ થંડી૨
ભુંડિ તું બહૂ થઇ હઇશ થંડી
થઈ હઇશ થંડી રે, મીઠડી અકારણે૩ ચંડી.૪ પ્યાર૦ ૪

---

* ઉભરામાં ૧ દાવેા.
૨ પ્યારનેા જોસ્સેા નરમ પડી ગયલેા એવી. ૩ વગર કારણે ૪ ગુસ્સે

નીરમાલ[૫] પ્યારી મુખને દેખી પેટ ઉનૂં થાએ
ભુંડી મુજ પેટ ઉનૂં થાએ
પેટ ઉનૂં થાએ રે, મીઠડી પૂકું ન રોવાએ. પ્યાર૦ ૫
ખુબ ખિદમત પ્યારિ કરું હું ત્હારી પણ નહિં બીજ્જની
ભુંડી નહિં કદી બીજ્જની
કદી ન બીજ્જનીરે, મીઠડી ખબર ન લે ધાની[૬]. પ્યાર૦ ૬
કહું છું સાચ પ્યારી નહિં તુજ તકશિર૨ત્ન[૭] મ્હને ન છાજે
ભુંડી નહિં રત્ન મ્હને છાજે
રત્ન મ્હને ન છાજે રે, મીઠડી હા ના કહે[૮] આજે. પ્યાર૦ ૭

(૧-૨)

(લાવણી-દક્ષણી.)

કહાં ગયું કનેથી મ્હારૂં રમકડું પ્યારૂં
શૂં થયૂં હતૂં શૂં ધાર્યું હવે દિલ હારયૂં
રસ પૂર્ણ પૂનેમે પાઈ બનાવ્યો કેરી
પછિ ધિમે ખસેડી દિધો કરેખી અહેવી
થઇ અમાસ મ્હારે આજ અરે વરસોની
મિઠિ ચંદ્રિ નર્મ હું પ્રીત બિજી કરું કહોની. ૧

(૧-૧)

(લાવણી.)

* કેમ માંડયું ભૂંડિ તોફાન, સલૂણી પ્યારી;
ગદગદાં કુદનનાં માન, ધરયાં કેમ નારી. ટેક.
જેમ બિજી સ્ત્રીયો સહુ કરે, ખરૂં યા ખોટૂં;
નવ ઘટે સુઘડને તેમ, દુષણ એ મોટૂં;
દુખ થાય જાહેરે અવર, ઘણૂં એકાંતે;
કયમ ઢોળિ પાડતી થાય, માહરે માથે;
અરે આંસુ ચાટું દે ઝટ, રીસ ઊતારી. ગદ૦ ૧

નથિ કિધો કોસુ મેં પ્યાર, નથી હું ત્હાતો;
રે તેવિ જાતનૂં કાંઈ, નથી મનમાં તો;

---

૫ ફીકું ૬ જરે તું મારાં દુખની ખબર લેતી નથી તારે. ૭ તું રત્ન
૮ તારો પ્યાર છે કે નહીં-હા કે ના કહી દે.
* ઉભરામાં.

કદિ દિસે તેવું જો તોય, ખરીકરિ વાતો;
રડિ રિસે જુકિત કરિ રુડિ, બંધકર જાતો;
તજ તુરંગકેરા ઢંગ, નથી કરી જારી. ગદ૦ ૨

હું બ્હાર કામનેકાજ, જાહરે જાઉં;
કયમ મુકે મૂજપર આળ, બિજીને બ્હાઉં;
નથિ સુધડ મોહિની કોઈ, તાહરા જેવી;
કે કરે મને વશ તેહ, સ્નેહજમાં તેવી;
કાં મિઠી મૂજને કરે, કટૂં તૂં ભારી. ગદ૦ ૩

ઓ મધુરિ રંગિલી દેહ, ફિકી કાં થાએ;
ધરિ ધીર થઈજા ડાહિ, સમય શુભ જાએ;
તૂં ભણીગણી છે પુખ્ત, રડે શૂં હાએ;
શૂં પ્રીત કરી પસ્તાય, મુઓ છઉં ધાએ;
હવે હસી ગાલઘર પાસ, ગરિબડી મારી. ગદ૦ ૪

જહાં પ્રીત તહાં શી રીસ, રાખવી હોએ;
તું દુખી થયે હૂં દુખી, આંસુ કુણ લ્હોએ;
તુજ વધે મમત ત્યમ પિયુ, બ્હીડથી જાએ;
પ્રિત બાંધિ સૂખને કાજ, તોય શૂં રોએ;
ઉઠ ભેટ નર્મદા હોય, ખરી દિલદારી. ગદ૦ ૫

(૧-૨)

(લાવણી.)

* જોનિ હરણી પેલી ત્યાંહ, ઊંટ બહુ જ્યાંહ, એકલી ઝૂરે;-
નવ ખાય ઝાંખરાં તેહ, ઉંચી તે નૂરે. ટેક.

---

* પૈસાનેસારૂ છિનાળું કરનારીઓના સાથમાં છતે એક કુંવારીનો એક જુવાન સાથે ખરો પ્યાર બંધાયો તે વખત પેલો જુવાન શક લાવેછ કે તું તારૂં ગુજરાન ચલાવવાને મારીસાથે પ્યાર બાંધેછ-તારો પ્યાર મતલબી છે માટે હું તારી સાથે નહીં પરણું. ઊંટના ટોળામાં એક હરણી છે તે એક બહુ જોની પાસે ચારનો ભારો છે તેઉપર નજર કરેછ.

તેનિ ડોકિતણી શી વાત, ઊંચિ બહુ જાત, કપોતી[૧] જેવી;–
ઉંચિ નિચી લ્હેકતી સ્હોય, વેલ શું તેવી?
પણ સહુ તે મ્હારેકાજ, કેમકે ખાજ, માહરી પાસે;–
બહુ ઉંચી જાતની ચાર, લેનિ રે આશે.
શી કાનલાળી તે સ્હોય!
મુખ રાંક ડાહ્યું શું હોય!
શી આંખ આંખને જોય!
મુને જોઇ ઝટ જઈ માંહ્ય[૨], હસી શરમાય, હરખ છે ઊરે.–નવ ખાય૦૧
કિકિ કાળી ચકચક તેહ, ફરી બહુ જેહ, તાકિ ભખ જોયે;–
પછિ ડાહિ પાછિ થઇરેહ, ટેકમાં હોયે.
બહુ ચપળ ભૂંખિ તે તોય, કદી ના જોય, ઝાંખરાંસામૂં;–
પણ મને દીન થઈ કેહ, ચાર કયમ પામૂં.
વદ રાતે તારા જેમ
વરસાદે વિજળી જેમ
ઝાડિયે આગિયા જેમ
ત્યમ ઝમુકે નેનો ખૂબ, શ્યામ છે રૂપ, ઘણી આતૂરે.–નવ ખાય૦૨
મુજ દીલ દયાયે સ્હાય, સુખે તે ખાય, વાડિનો ચારો;–
મુકિ લોભ ચારનો તેહ, કરે જો મ્હારો.
મને હોંસ એટલી એક, મૂકિ તે ટેક, ખાય મુજ સાથે;–
વળી ખરા ભાવથી નીત, રમે જો સાથે.
કેવી નાચે રમણી તેહ!
કેવી જોયે પ્રેમે તેહ!
કેવી માથું[૩] મારે તેહ!
ખરે એમ નર્મદા નીત, વધે બહુ પ્રીત, બને ચકચૂરે.–નવ ખાય૦૩
(૧–૨)

---

૧ ખબુતરની માદા.
૨ ઝાડીમાં–ઘરમાં. ૩ વાછરડીને–નાહાની હરણીને પાસે ઉભી રાખીને પંપાળતી ખવાડતી વખત તે જોયે છે, નાચે છે ને માથું મારે છે તેમ (માશુક.)

* શી આ તગતગતી તસવીર, તાકતાં તીર, તીરવાં[૧] રંગે
મલકાતાં ઘસતાં વીર,[૨] ઇશકને જંગે–શી આ તગ૦
બનિ પંદરની ખુબ નાર, સજી સણગાર, ગોરિ રંગીલી
મદભરી છતે સરમાળ, છતે રસ[૩] ઝીલી. ૧
શશિમુખ[૪] નિરમળ આકાર, નેનનો ભાર, રંગ ગાલોનો
જો અધરતણો આ બ્હાર, બ્હાર બાલોનો. ૨

લહું દહાહું પાંચમૂં[૫] હોય,
છુટિ કાળિ લાંબિ લટ સ્હોય,
કરિ કેફ જમી ઉઠિ હોય,
પિતઅંબર[૬] લસ લસ જોય,
વચે પિયુને જોતી હોય,
પછી લાજે જોઈ કોય[૭],
મુખે બપોર[૮] રમતૂં હોય,
કહું બપોરિયું જ્યમ સ્હોય,
રસ દેતિ કેરિ ખુબ હોય,
રસ છુટો પડયો નહિ તોય,

શો દિપે સુરતનો[૯] રંગ, સુરતનું[૧૦] અંગ, સુરત[૧૧] ત્રમંગે–મલ૦ શી આ૦ ૧

---

* એક વખત મહાલક્ષ્મીમાં ઉનાળીમાં એક મારા ક્ષત્રી મિત્રે મને પુછ્યું કે જે વેળા સ્ત્રીપુરુષ વિલાસ કરે છે તે વેળા તેઓનાં મ્હોડાંપર કેવો રંગ બિરાજે છે તેનું તમારી કવિતામાં વર્ણન છે? મેં કહું કે એ વર્ણન કરવું ચિતારાનું કામ છે–કવિનું નથી. પણ પછી ખંત લાગી કે એવું બનાવવું તો ખરૂં–એટલામાં કંઈક તેવું જોવામાં પણ આવ્યું–એટલે તર્કના ઘોડા દોડાવી એ કવિતા કરી. એમાં છોકરી, તેની મા, તેનો બાપ, ને છોકરીનો વર ઘર જમાઈ એઓનો પ્રસંગ છે. ટેકની મતલબ આ છે કે સ્ત્રીપુરૂષ એ બે કોઈ લડવૈયા ઇશકની લડાઇમાં હસતાં હસતાં ઘસેછ. ૧ તીરછાં, કતરાતાં ૨ બ્હાદુર માણસો. ૩ જુવાનીના મદમાં છે તોપણ શરમાળ છે ને શરમાળ છે તોપણ રસ ઝીલનારી–આશકની નેનને જવાબ આપે તેવી છે.

૪ ચંદ્રમુખી, ૫ (અળગી બેડાને.) ૬ પીળું પીતાંબર. ૭ (સાસુ કે સસરાને.) ૮ બપોરે ઘરમાંની સ્વચ્છ ભાંયઉપર જે ચળકાટ આવે છે ને જે ચળકાટનો અભાસ તેના ગોરાં મુખપર પડતો હોય ને જેથી તે, આતશ બાજીના બપોરિયાની પઠે મોહ પમાડતું હોય. ૯ બ્હેરાનો ૧૦ સારી રતનું–જુવાનીનું ૧૧ સુરત–વિલાસ ક્રીડા.

બન્યો બાવિસનો નર ખૂબ, સામગૂં રૂપ, દીપતો વાને[૧૨]
બહુ જોર તોય નાજૂક, રૂડો છે સાને. ૧
ઘણું ચકચકતૂં છે ભાળ,[૧૩] ભવાં ભર ભાળ,[૧૪] કાળુડે વાંકે
કહું ચપળ નેન મૂછાળ, શોભતો નાકે. ૨

છુટિ ભરી ચોટલી હોય,
ભુજ વખાણુતા સહુ કોય,
કરિ કેફ જમેલો હોય,
મુખે બપોર રમતૂં સ્હોય,
જોતિ રંગ સાસુ દુર હોય,
કરે વાત શ્વશુરસું તોય,
મુખેરંગ[૧૫] પ્રસર જે હોય,
મુખ વાંકું કરીને લ્હોય,
મિષ એમ કરંતો હોય,
કંઈ હસી પ્યારિને મ્હોય,
કહે નેનથકી મિહિ ઊઠ, મઝા ઝટ લૂટ, આવિ ઓછંગે–[૧૬] મલ૦ શી૦૨

પછિ સાસુ સ્વામિને કેહ, કરવું છે તેહ, કરીને આવો
અહિં જમાઇ બેસે છેય, રૂડો બહુ લ્હાવો. ૧
રે ગયો શ્વશુર તો એમ, સાસુ ગઈ તેમ, જમાઈ ચાલ્યો
જ્હાં ગઈ હતી વહુ પ્હેલ, રંગ બહુ મ્હાલ્યો. ૨

ઝટ વળગિ પડયાં તે હોય,
મુખ લાલ પાનથી સ્હોય,
જુધ એવું ચાલતૂં હોય,
નહિં મઝો તેવિ કંહિ જોય,
ઉરકોટ ચ્હડયો કર હોય,
નર કિલ્લામાં કયમ જ્હોય ?

---

૧૨ શરીરને બાંધે-ઘાટે આકારે. ૧૩ કપાળ. ૧૪ જો (ભવાં ભરેલાં)
૧૫ (પાનનો રંગ જે પસરીને બ્હાર પડેલો તેને લોહી નાખવાને બ્હાને આહું જોઇને નેન મારી.) ૧૬ બોળે.

જુધ ધણી જાતનૂં હોય,
લહું ભિના ગાલ શૂં રોય ?
તિર કારિ જોશમાં હોય,
શૂં કમાન ઊંચૂં મ્હોય !

દ્રવિ[૧૭] સાથ જેમ રસ દિયે, અધર રસ પિયે, નર્મદા બંગે–મ૦ શી૦૩
(૧-૧)

---

*પ્રભુ કુડા દિવસ દેખાડ, માનું હૂં પાડ, નાડ ફરિ ચાલે;
ધમ ધમ ધમ લોહી વેહ, ઈશકડો મ્હાલે. પ્રભુ૦ ટેક.

હેનું[૧] ખુણે બેસવૂં યાર, રોવું લાચાર, જોવું નરમાસે;
ગાલોપર ચાલે ધાર,[૨] પ્રિતમ નહિં પાસે !
જુએ લિલોતરીનો બ્હાર,[૩] ખિલ્યો જે બ્હાર,[૪] કુડો ચોમાસે;
ઝરમર ઝરમર ધન[૫] ધાર, ધુમર આકાશે !
જેમ સાચિ કળી ગૂલાબ, ઊંચું બહુ આબ,[૬] ઉઘડતી આશે;
ધન બુંદથકી ભીનાઈ, હેવિ[૭] તે ભાસે !

શી ચપળ કાળિ તે આંખ !
શૂં સીધું વાંકું[૮] કંઈ નાક !
શો ઓઠ રંગ ને વાંક[૯] !

મને[૧૦] દેખિ ધરે ઊમંગ, રમે બહુ રંગ, અંગમાં ફાલે;
ધમ ધમ ધમ લોહી વેહ, ઇશકડો મ્હાલે ! પ્રભુ૦ ૧

---

૧૭ (બંનેથી સાથે ખલિત થવાતું જાય ને અધર રસ પીવાતો જાય.)
* એમાં આશક પોતાના આગલાં સુખને યાદ કરે છે.
૧ માશુકનું (બારીઆગળ પિયુની વાટ જોતાં.) ૨ આંસુની. ૩ શોભા.
૪ બાગમાં. ૫ વરસાદની ધાર. ૬ નુર; પાણી; તેજ. (ખરૂં ગુલાબ.)
૭ કુદરતને જોતી ને રડતી તે વખત તેની સુરત કેવી દેખાતી ?–તો કે ખરા ગુલાબની ઉઘડતી કળી–)કળી નહીં તેમ પુરૂં ખીલેલું નહીં. (સ્ત્રીની સુખ ભોગવવાની જે આશા તે કળી) વરસાદની છાંટે ભીનાઇ હોય તેવી.) (ગુલાબી ગાલ ઉપર આંસુની ઝીણી ધાર પડી હોય તેવી દેખાતી.)
૮ સીધું પણ નીચેથી જરા વાંકું. ૯ ઓઠનો વાંક એટલે કમાન જેવો ઉપલો ઓઠ. ૧૦ (એવી તે બેઠેલી છતે હું ત્હાં જઇ પોંચતો તારે તે અંગમાં કેવી ફુલાતી–એ દાહાડા કહાં ગયા ?

સુતિ ચતીપાટ નાજૂક, કહું શું સૂખ, સુંવાળી રહેજે;
આરસ ચકચકતો શ્વેત[૧૧], લાજતો તેજે!
બહુ ખ્હેકિ રહ્યો આ ચૂપ,[૧૨] મોગરો ખૂબ, કુરતની[૧૩] પર જે;
ચાંદરણૂં પેસી[૧૪] રમે, કુમુદ[૧૫] મુખપર જે!
મ્હોઉપર ઝુલે ગૂલાબ, છત્રિમાં ખાપ,[૧૬] કવી શું કહે જે;
વળિ હસે જોઇ તે ખ્વાબ,[૧૭] ગાલમાં રહેજે[૧૮]!
શો છાતિતણો કહું ખ્હાર!
શી પેટકુવાંટી હાર!
શી ઝાંઘ ભરેલી સાર!
કરું ખોકિ ધિમે રહિ જોઇ, વળી રહું મોહિ,[૧૯] રખે તે હાલે;
ધિમૂં[૨૦] ધિમૂં મીઠું લોહિ વેહ, ઈશક મુજ મ્હાલે! પ્રભુ૦ ૨
કરિ નિરાંત ને તે નાર, વળગિ દલદાર, ચાલતી સાથે;
જઈ જોય આયના[૨૧] માંહ્ય, ઉઘાડે માથે!
સબિ જોય સામિ બે ત્યાંહ, દિવા છે જ્યાંહ, ધાલતી બાથે;
લઈ મુકે છાતિપર[૨૨] હાથ, માહરો હાથે!
બહુ હસે ઘેલું મુજ વ્હાલ,[૨૩] લુછે તે ગાલ, ચુમેલો નાથે;
મુખથી ગાએ કંઇ ગીત, સજન સંગાથે!

---

૧૧ સફેત (આરસપણ પેલીના તેજથી શરમાઈ જાય.)
૧૨ જ્હાં કંઇજ ગરબડ નહીં તેવે ઠેકાણે માટે ચુપ.
૧૩ પડદો; જાળી. મચ્છરદાનીને ઠેકાણે મોગરાની કળીયો ગુંથીને જાળી બનાવેલી તે. ૧૪ જાળીનાં કાણાંમાંથી મ્હોડાંપર પસરતું (બારીમાંથી આવતું ચાંદરણું.) ૧૫ કુમુદ જાતનાં કમળ જેવાં મ્હોડાંપર (કુમુદ ચંદ્રથી ખિલેછે. કુમુદ ફુલ સફેત ને ઘણુંજ નાજુક હોય છે તેમ ચંદ્રની સામાં છાતી ફુલવીને શોભા રેહેછે–એ ફુલ મેં ડા૦ વિલસનને બંગલે જોયું છે.)
૧૬ પલંગની છતરીને ઠેકાણે કપડું નહીં પણ કાચ કે સુતાં પણ મ્હો દેખાય. ૧૭ સપનું ૧૮ જરા જરા; (મંદ હાસ્ય–ગાલમાં હસતી જે ઉપરથી માલમ પડે કે તેને કંઈ રમુજી સપનું થયું છે.)
૧૯ આશ્ચર્યથી ટકટક જોયાં કરૂં કે આ તે શી કુદરત!
૨૦ (પ્યારીનું લોહી ઊંઘમાં ધિમુ ધિમું વ્હેતું)–એ શોભા જે હું બ્હાર ભવાઈ–નાટક–રાસ જોઇ આવી પાછલી રાતે ઘેર આવી જોતો–તે દાહાડા કહાં ગયા? ૨૧ આરસો.
૨૨ આશકનો હાથ માશુક પોતાની છાતીપર મુકતી જાય ને આરસામાં જોતી જાય. ૨૩ મારૂં વ્હાલ; મ્હારી વ્હાલી–પ્યારી. એમાં સુરતાંત વર્ણન છે–એવા એવા જે વિલાસ થયા છે તે દાહાડા કહાં ગયા?

શા છુટા રમે શિરબાલ!
શા દિસે વસ્ત્રના હાલ!
શી ઝડપ લટકતી ચાલ!
શી રમે રમાડી તેહ, મઝો શી કેહ, નર્મદા બ્યાલે;
ધમ ધમ ધમ લોહી વેહ, ઇશકડો મ્હાલે! પ્રભુ૦ ૩

(૧–૧)

---

*શા હતા આપણા બ્હાર, પ્યારિ સંભાર, પાસ બેઉ જ્યારે;
શા થયાછ જો બેહાલ, જુદાઈમાં રે. ટેક.
તહારી સુરતતણો ચળકાટ, દીપતો ઘાટ, ગયો બદલાઈ;
તોએ મધુરૂં તુજ રૂપ, પીઉં હૂં ચ્હાઈ. ૧
નવ દિસે ઝરંતો બ્હાર, તાહરો પ્યાર, બ્હીક[૧] ને લાજે;
અંદર છે ઝરતો સાચ, માહરે કાજે. ૨
જ્યમ વસ્ત્ર[૨] નવૂં ખુબ ધોય,
જ્યમ ચાંપુ[૩] સુકાયૂં હોય,
જ્યમ વ્હાણે[૪] ચાંદની જોય,
તેમ છેક ગઈ ધોવાઇ, દુખે ગભરાઈ, બની લાચારે;
શા થયાછ જો બેહાલ, જુદાઈમાં રે. ૧
અરે હરણી તહારી આંખ, મારતી ઝાંખ, થઈ પીડાથી;
તોએ ચળકે આવાર[૫], પ્રેમિ જોયાથી. ૨

---

* ઉભરામાં.–એમાં પ્યારો પોતાની પ્યારીની સંજોગના વખતની હાલત જે વિજોગથી બદલાઈ ગઈ હતી તેનું બયાન કરેછે.

૧ (ઘણે દાહાડે પિઉ આવેછ તારે પેલીને બ્હીક રેહ છે કે રખેને તેનો મિજાજ બદલાયો હોય ને મારાથી વાંક થયો હોય એવું તેને લાગે અને લાજ રેહછ કે બધા દેખતાં કેમ બોલાવાય–એથી તારૂં હેત બ્હાર નથી જણાઈ પડતું પણ દિલમાં તો તે બરફની પેઠે ઝર્યા કરેછે ને તે મારેજ માટે.)

૨ (નવું કોરૂં કકડતું કપડું હોય તેના જેવું નહીં પણ સારીપેઠે નિખારાઇને ધોવાયલાં કપડાં જેવું–મ્હોડું. પ્રથમ મેલાપમાં ચ્હેરો નવાં રેશમી કોરના ધોતીયાં જેવો તકતકતો ને હાલ દક્ષણી લોકનાં જેવાં ધોવાઇને લીસાં પડી ગયલાં ધોતીયાના રંગ જેવોછે.) ૩ ચિમળાયલું ચાંપાનું ફુલ.

૪ સવારનું ચાંદરણું ફીકું હોયછે તેવું (મ્હોડું.)

૫ આ વખત; હમણાં (પ્રેમી–આશક જોયેછે તારે.)

ખરે અમૃતકુપ્પી[૬] સાર, પ્યારિ ઊદાર, ઉંચાં કુળવાળી;
જીવાડે મુજને પાઇ, વાંકિ તે વાળી. ૩

જ્યમ ધને[૭] કમળની પાંખ,
જ્યમ મીન[૮] સુકામાં રાંક,
જ્યમ તારો[૯] શશીથી ઝાંખ,

તેમ ડખાઈ કુમળી આંખ, નથી કંઈ વાંક, દુખને ભારે;
શા થયાછ જો બેહાલ, જુદાઈમાં રે. ૨

ખભે વાંકિ પડેલી ડોક, નાકની નોક, ગરિબડું મ્હોડું;
ડાહાપણમાં ત્હારા જેવું, જોઉં ના જોડું. ૧

ધણિ ચતુર તું નાજુક નાર, સલૂણી યાર, ચપળ દેખાતી;
થઇ મંદ હવે જુગતી, નથી શોધાતી. ૨

નથિ કાંઇ ત્હારી તકસીર,
કારિ[૧૦] છે ઇશકનૂં તીર,
ધમ ધમાવિ નાખે શીર,

ઓ પ્યારિ પ્યારિ વણુ નીર,[૧૧] બચૂં કયમ મીન, છુટૂં હું કયારે;
શા થયાછ જો બેહાલ, જુદાઈમાં રે. ૩

બહુ ધીમિ પડી ગઈ ચાલ, તોય પણ હાલ, મનોહર[૧૩] લાગે;
પગલાં ઊપડતાં જોઈ, બળૂં હું આગે. ૧

કેમ જીભ થઈ તુજ બંધ, સૂખના કંદ,[૧૨] બોલ મુજ સાથે;
કહિયે એકકને હાય,[૧૪] પડી જે માથે. ૨

---

૬ (ઓ હરણી તારી આંખ જે અમરતની સીસી છે તેને તું વાંકીવાળી (મારી તરફ રહેમ ભરેલી તિરછી આંખે જોઇ) મને અમરત પાયછે તેથી હું જીવું છઊં–તારા પ્યાર વડે જીવું છઊં. (નેનની અદા બેરીતની–એક ઝડપની ને એકદમ અસર કરી બંધ પડી જાય તેવી અને બીજી ધીમે ધીમે ઘણીવાર સુધી ચાલ્યાં કરે તેવી ને રહેમભરેલી હોય છે.)

૭ વરસાદથી કમળની પાંખડી ચુંથાઇ જાય છે (આંખને કમળની પાંખડીની ઉપમા આપે છે–આકાર ને રંગમાં. ૮ પાણી ન હોય તેવી સુકી જગામાં માછલી (આંખને માછલીની ચપળતાની વિશેષે ઉપમા આપવામાં આવે છે.) ૯ તારો અંધારામાં ઘણો ને ચાંદરણામાં ઝાંખો ચળકે છે (આંખનો તારો કહેવાય છે) ૧૦ સખ્ત, જુલમી. ૧૧ પાણી. ૧૨ મનને હરીલે તેવી. ૧૩ મૂળ. ૧૪ દુઃખ.

રે ધણો થયો વીજોગ,
શા કહું કરમના ભોગ,
ના થાય ફરી[૧૫] સંજોગ,
દુખિ નર્મદની દિલદાર, મળી એકવાર, વાત કર પ્યારે;
શા થયાછ જો બેહાલ, જુદાઈમાં રે. ૪

(૧-૧)

(રોલાવૃત્ત.)

*સલામ રે દિલદાર, યારની કબૂલ કરજે;
રાખિશ મા દરકાર[૧], સાર સમજી ઉર ધરજે.
ઘણા ઘણા લઈ ઘાવ, તાવથી ખૂબ તવાયાં;
નહીં ભોગપર ભાવ, નાવમાં નીર ભરાયાં.
સરખે સરખી જોડ, કોડના[૨] બંને માર્યાં;
છુટી પડી ગઈ રહોડ, હોડમાં બંને હાર્યાં.
રાખિ પરસ્પર બોજ, રોજ સંગાતે રમતાં;
ગયો ખાલિ થઈ હોજ,[૩] મોજશી શી રજમતાં!
એક અંગિનાં અંગ, નંગ કુંદન બન્યોછે;
છાજ્યો નહિંરે સંગ, રંગમાં ભંગ થયોછે.
ઝુરે તું કહાં પડિ દૂર, ઝૂરતો હું અહિં રોજે;
ઉતરિ ગયાંછે નૂર, ઊર[૪] ફાટેછે સોજે.
પરસ્પરે છે પ્રીત, રીત રાખીછે સારી;
ખરેખરાં દુખિ નીત, ચીતમાં ચિંતા ભારી.
મળવાની શી વાત, રાતની[૫] રહા બહુ પાજી;
ખાઇયે ઠોકર લાત, જાત રીબાએ ઝાજી.

---

૧૫ એવોજ કંઈ ઇત્તેફાક કે ફરીથી મળવું નજ થવાનું–અથવા કારે થવાનું તેનું નક્કી નહીં અને વેળાએ કોઇનું મોત થાય તો એવા ખ્યાલથી થતી નાઉમેદીમાં બોલાયછે કે 'હવે નહીંજ મળાય.'

* ઉભરામાં. ફરી કદી નજ મળાય એવી હાલતમાં આવેલો આશક, માશુકને લખેછે. ૧ માહરી તરફની કાળજી.

૨ બંને કોડના માર્યાં–મારેલાં–કોડીલાં. ૩ પ્રેમનો હોજ. ઘણા વિજોગથી એક બીજાની તરફથી ઝરણો આવતાં બંધ થયાં તેથી. ૪ હૈડું, સોજાથી ફાટફાટ કરેછે. ૫ વિજોગની રાતે (બિલછામાં) બલાત્કારે સંજોગ કરવાને ઊપાયો શોધતાં ઘણી હરકતો આવી નડેછે.

રોયાં કરવૂં આમ, કામ તેથી શૂં સરતૂં;
(૨) હજિયે બાળે કામ, [૬] જામ આઠે શિર ફરતૂં.
લવિયે પ્યારૂં નામ, રામનૂં નામ ન લઇયે;
ઇશ્ક[૭] કેફનાં જામ, આમ દુર કેમ જિરવિયે.
પ્રેમતણી ભલિ નાવ, આવજાવો કરિ તેથી;
મોટો લીધો લ્હાવ, રાવ[૮] નીભાયું ન એથી.
ચાલ્યૂં થોડીવાર, માર વિધ વિધ બહુ ખાધો;
ડરી હઠ્યાં ન લગાર, પ્યાર તસતસ વધુ[૯] બાંધ્યો.
જિભે રહેલો સ્વાદ, આદ ગળકો જે લાગ્યો;
આપણને તે યાદ, નાદથી ઝાઝો માંગ્યો.
મળ્યો ન માંગ્યો તેહ, કેહ શૂં બાકી[૧૦] રાખી;
ભાયગમાં નહિં જેહ, રેહ ચાલૂ કયમ આખી.[૧૧]
હવે રહ્યું છે એજ, સહેજ જો છુટવૂં મોતે;
જો ઊંચે ચિદ[૧૨] તેજ, તેજ સુખ દેશે પોતે.

(૧-૧)

(૫૬.)

*પ્રેમઆનંદમાં હૂં તરતોરે, સચ્ચિદાનંદ;
પ્રેમઝરણને ઝાઝાં ઝરતો રે, સચ્ચિદાનંદ. ટેક.
તરતાં તરતાં હૂં થાકિયો રે, સૂતો ચતો રે પાટ;
હાલું ન ચાલું ન કાંઈ તોએ, કેવો ચકચકતો મુજ ઘાટરે. સ૦ ૧

૬ કામદેવ. ૭ ઇશ્કનો કેફ સંજોગમાંજ જેરવાય. આટલા ને આવા વિજોગમાં કેમ જેરવાય ?
૮ રાવ-ફરિયાદ એટલીજ છે કે સુખનો લાવ લીધો ખરો પણ તેમ ઘણા દાહાડા ન ચાલ્યું.
૯ ડરથી જેમ આશક માશુક એકમેકપરથી દીલ ઊઠાવે છે તેમ ન કીધૂં પણ પ્યારને વધારે મક્કમ બાંધી રાખ્યો.
૧૦ ઊપાયો કરવામાં શું કસર રાખી ?
૧૧ ભાએગમાં આખી–અખંડ ચાલુ રેહેવાની નહીં લખેલી તે ચાલુ કેમ રેહે ? (સંજોગી પ્રીત.) ૧૨ જ્ઞાન. (ઈશ્વર.)
* નિશામાં જોડીને પછી લખેલી. એમાં કોઈ શખસ કેફ કરી જમી રાતે ચાંદરણામાં આંખ મીચીને ચતો તરતો હોય ને તે પોતાનાં સુખડાંપરના નવા નવા રંગને મનમાં જોતો હોય તેવું છે. એ મુક્ત શૃંગાર અથવા વેદા-

ચંદ્રખિલ્યૂં[૧] ખિલે મૂખડું રે, સાજ્યૂં[૨] રુપૂં સોહાય;
ઓપાતૂં[૩] વાયુની લ્હેરથીરે, રૂડિ અબરખિ રેખા માહ્યરે. સ૦ ૨
ભાળ ભલૂં ભભકે ભમ્યુંરે, જેવું નવું કર્પૂર;
કેશ રહ્યા ઠરી કાળુડારે, કેવું શાંત સલૂંણું નૂરરે. સ૦ ૩
શુક[૪] શોભે કુંળે પોપચેરે, જેવું મોતીમાં હીર;
નાકતણી ડાંડી દીપતીરે, જેવી ચંદ્રલિટી સ્હોયે નીરરે. સ૦ ૪
ગાલો ભર્યા ખિલ્યા કૂમળારે, જેવાં સાચાં ગૂલાબ;
ઓઠ લાલ તે સીંદૂરડારે,[૫] ઊભિ રેખામાં[૬] શું આબરે. સ૦ ૫
એ બિંબ અમૃત અંશી પીએરે, જેથીજ રંગ જોવાય;
બ્હાર જડ બિંબરૂપમાં પણ, સૂધા[૭] અંદરથી પીવાયરે. સ૦ ૬
નર્મદ કવિ નિત ઊડતોરે, જરે નીશામાં ચૂર;
કહું બલિહારી નીશાતણીરે, બનું સાત્વિકગુણનૂં પૂરરે. સ૦ ૭
(૧-૨)

(પદ.)

આજ સખી મારો પીઉડો સધાવ્યો-ટેક.
નથીજ ગમ્યું જવું મુજને મુકીને;
પ્રેમગગળેલો મારો પીઉડો સધાવ્યો-આ૦ ૧
દિવસ જશે હવે વરસ સરીખા;
દુર અલખેલો મારો પીઉડો સધાવ્યો-આ૦ ૨
ઠર્યું અણચિંત્યું ગયો છે એકલો;
સાથ નથી ભેળો મારો પીઉડો સધાવ્યો-આ૦ ૩
આવી મળીજજે દુઃખી છું વિજોગે;
એ છે દોહેલો મારો પીઉડો સધાવ્યો-આ૦ ૪
નિરખશે કેદિ હું રસિક સલૂણો;
નર્મદ દીપેલો મારો પીઉડો સધાવ્યો-આ૦ ૫

ન્તનુ પદછે. ૧ ચંદ્રથી ખિલેલું. ૨ રૂપાનું પતરૂં રાખથી માંજેલું હોય તેવાજ કંઈક ફીકા લીસા રંગનું.
૩ (પાણીવાળાં ચકચકતાં મ્હોડાંપર પવનની કુમલી લ્હેર આવેથી ગાલની રેખા અબરખના જેવી કંઇ કાલી ને ઘણી ઘોલી ચળકતી.) ૪ મોચેલાં પોપચાં ઊપરનો વચલો ભાગ તકતકતો. ૫ (ચાંદરણાંથી.) ૬ (ઓઠની) ૭ અમૃત.

(પદ.)

કયાં રમીઆરે બાલમ રાતડલી—ટેક.
લડથડતા હીંડો છેલ છબીલા; મળી મળીજાએ રે આંખડલી–૧
વસ્ત્ર દિસે વિખરાણાં રે અંગે; ભાંગી તુટી વદતા રે વાતડલી–૨
પ્રેમનો પ્યાલો તે કોણે રે પાયો; કોને તમે સાંપી રે જાતડલી–૩
એવી તે ચતુરા કોણ મળી જે, નર્મદાની ડહાપો છાતડલી–૪

(પદ.)

મરતાં પણ નવ મૂકું, પણ મુજ જાણજે રે–ટેક
મન મળે કેમ બીજા સાથે, ચતુર છતે પણ તુજ વિના તે;
કેમ ભુલું બોલીછું મુખથી વાણ જે રે–મરતાં૦ ૧
પ્રેમિ ચતુર કૃપાળો રસિયો, સાચો તું અંતરમાં વસિયો;
કેમ મુકી જીવન હું હોરૂં હાણ જે રે–મરતાં૦ ૨
થઈને રહું દાસી જો તારી, તોપણ નાજ શકું તે વાળી;
રે પ્યારા હું પર તુજ છે એહસાન જે રે–મરતાં૦ ૩
ભળ્યું પાણી પયમાં થયું રૂડું, થાય ન કોટી ઉપાયે જુદું;
આખર બળી છુટે તોપણ, પરમાણ જે રે–મરતાં૦ ૪
પુજું હું તુજને સાચે ભાવે, અવર નહીં કો મનમાં આવે;
નર્મદ તુજ આધારે છે મુજ પ્રાણ જે રે–મરતાં૦ ૫

(પદ.)

રંગીલો જાઓ નરખી રે, પ્રીતમ પ્યારા–ટેક.
રંગીલો જાઓ નરખી, અંતરમાં અદકી હરખી;
લીધો મેં હીરો પરખી રે,–પ્રીત૦ ૧
હું રોજ રહી મદમાતી, પ્રીતી કરી નથી પસતાતી;
બીજાને પણ નથી ચ્હાતી રે,–પ્રીત૦ ૨
વ્હાલા કયમ મુકી વ્હેતી, સાચી છે મારી પ્રીતી;
ભુલી નહીં કોદી નીતી રે,–પ્રીત૦ ૩
ચાતુર થઇ ચુકે તેં કીધી, મૂને પણ શીખ ન દીધી,
મુરખીને કહે કયમ લીધીરે,–પ્રીત૦ ૪

જેથી આવી આ વેળા, પ્યારા મારા અલબેલા;–
બીજી કરવાની વેળા રે,–પ્રીત૦ ૫
સાચું તુજ હેત જણાણું, હજીએ તું રાખે છાનું;
મેં તો એ સંધું જાણ્યું રે,–પ્રીત૦ ૬
ભીતરથી તૂં ના વ્હાએ, ઊપર ઊપરથી વ્હાએ;
નર્મદથી એ કયમ થાએ રે,–પ્રીત૦ ૭

(૫૬૦)

નિર્ભે નખરાળી તારો રે, રંગ ઉડંતો–ટેક.
સલુણી સુરતે ને નેને, મ્હેલીદઇ લજ્જા ભેને
વળગે ઉડી જેને તેને રે–રંગ૦ ૧
અડધી છાતી ઉઘાડી, કુખને દરસાવે સાડી
જોબન મતવાળી વાડી રે–રંગ૦ ૨
શકરી જેવી તુજ મસ્તી, કમળની જેવી હસ્તી
કહું ધિક કે તૂં સસ્તી રે–રંગ૦ ૩
લલુતાથી તીરો મારે, લલુતાવાળા રડાં ધારે
ધાયલ જન તો ધિક્કારે રે–રંગ૦ ૫
તુજને મળતા તુજ જેવા, ઉપલકિયા રંગી તેવા
કાચા કસુંબા કેવા રે–રંગ૦ ૫
ઓચિંતી નેનો મળતી, ધાયલ કરી થાતી ગળતી
વ્હાં તો શોભે બહુ બળથી રે,–રંગ ઠરંતો–૬
અભ્યાસે ગુણો હળતા, વિપત્તિમાં નહીં ચળતા
ઊંડી ચાતુરી કળ વ્હાં રે,–રંગ૦ ૭
લજ્જાળુ રહીને જારે, પ્રેમે ઉભરાયે ભારે
થાયે પીડાતી વ્હારે રે,–રંગ૦ ૮
પાકી બંધાયા પૂઠે, નિર્ભે નખરાંથી રૂઠે
વ્હારે લૂટયો ના ખૂટે રે,–રંગ૦ ૯
જેવી તૂં બ્હાર જણાયે, તેવી ભીતરમાં થાએ
સૂધડ ગુણથી સોહાએ રે,–રંગ૦ ૧૦
જોવો જો નર્મદ તોતો, રડીને કર તેને રોતો
નિર્ભે થઇ લખિલાખોટો રે.–રંગઠરંતો–૧૧

(૫૬.)

ખરાં દીલથી ચાહે મુજને, કાં ન મળે એ નારી,
હાંરે તારે કાં ન મળે એ નારી—ખરાં૦ ટેક.
બિજાની સાથે વાતો કરતાં, કરે તું નિંદા મ્હારી, હાં૦
પ્રીત છુપાવે તે તો સારૂં, પણ શું રીતે નકારી? હાં૦
મ્હાર થકી પણ ભુંડું ભણવું, એ ન સુધડતા સારી, હાં૦
કુલીનતાને શોભે નહીં તે, પ્રુવડપણાંની યારી, હાં૦
મુકી પ્રેમવટ પ્રેમી રહે ત્હાં, પ્રેમઉપર છે છારી, હાં૦
છુપાવવા જુક્તિ જણાવે, કેમ જાય તું હારી, હાં૦
ચતુર છતે ચુકિ જાય તેહમાં, પુરી ન ચાતુરી તારી, હાં૦
છુપાવી રાખે સાચી રહીને, પાળી પ્રેમવટ ભારી, હાં૦
શુદ્ધ પ્રીત ને ઊંચી સુધડતા, હોય હામ થવા પ્યારી, હાં૦
સંકેતે સંદેશો જણવ કે, આવે પછી ભુજ વારી, હાં૦
ઉંચા પ્રેમની નર્મદની જોજે, ખરેખરી દિલદારી. હાં૦

(ગરબી.)

મુખ જોઇ દયામણૂં વ્હીલું, વિહ્વલો પડું હું અરે,
પ્યારી ગભરાયે તૂં કેમ, દહાડો આવ્યો આખરે.
પ્યારી કહાં રે પજ્યા છૈયે, જોની મુસાફરખાનું આ;
ટહાડે થરથર કંપે કાય, નથી ઓઢવાનૂં અહાં.
કેવી શીતળ માધુરી ચૂપ, પસરી ઠરી ચાંદની;
હાય સુખના દિવસ તે કયાંહ, સાલે ધૂન નાદની.
ઊંચ ટેકમાં પામિયે દૂખ, આધિ ને ઉપાધીથકી;
ઊંચા રસને ઝીલી ધરનાર, મળે ન પાત્ર રે નકી.
પ્રેમગગળી ઝુરંતી નાર, રડે શું સરસે કામરે;
લૂટાયાં રે હવે શી બ્હીક, હવે તો ધરવી હામ રે.
સરજ્યું દુખમાં રીબાવ્વું તેહ, મથે તે મટશે કેમ રે,
માટે અહેમાંજ કરવી ચ્હેન, કરેછ ભૂંડ જેમ રે.
હાય ભૂંડ થવું કહેવાય, નથી તૂં કેમ બોલતી;
મરશૂં ભૂંડ ન થઇશૂં કેહ, મરીશૂં ઊંચાં તોલથી.
પણ ધાર્યું કરાય ન યાર, હવે શું કરવું વ્હાલિરે;
આશ હામથી કરવાં કામ, મથી મથી વ્હાલિ રે.

લોક લાજે તૂટી જાય હામ, જુઠીને શીદ ભાળવી;
ઊંચા સ્વારથસારૂ રીત, મરણિયાંની પાળવી.
ઊંચે લોહિયે મરવું એજ, સંતોષ ઊંચાં જનનો;
જુઠાં જગમાં દુર્લભ એ મોક્ષ, નર્મદ ઉંચાં મનનો.

(હોળી.)

જૂઓ સૂણો ગાઓજી ઉમંગમાં,
રૂડા રસિકજન રતનાં રમણમાં–ટેક.
નવલ કુપલિયાં વેલી સુરંગી, રંગ રંગ પ્રુલડાં પિમળતાં;
રંગ રંગ પતંગિયાં અહિંતહિં ઉડતાં,ભ્રમર ભ્રમરી રમે મળતાં,–
ઘેટાંબાળ ચરેછે રસળતાં, મેદાન લીલાંમાંહી કુદંતાં,
કુંળો રવી દિપતો હસંતાં, હરખવા ભરાયેછે અંગમાં–જૂઓ૦૧
વિધ વિધ રૂપ તે રંગનાં પંખી, મૂકીને ઠાવકું ગાણું;
મસ્ત અલાપે ટીપે બેસૂરૂં, બ્હાવરૂં બ્હાવરૂં જાણું–
જુવે નહીં કહાં ચરવાનું, સંભોગનું દુર્લભ ટાણું,
પડાપડ ઉડાઉડ વખાણું, માદા લાડે માનના રંગમાં–જૂઓ૦૨
કેસુડી કેસર રંગ પિચકારી, વસ્ત્ર ઉજવળપર છુટતી,
રંગ ગુલાલ ઊડી રેહે ચોમેરે, થાપ મૃદંગ ડફે ઉડતી;–
હોરી લાવણીઓ વગડતી—અંધાધુંધી કેફ રગડથી,
પખી નાચે ધુધરે ઠણુકથી, અદાસાથ ગાતી બહુ બંગે–જૂઓ૦૩
પીળાં કસુંબળ ચીર ચળકતાં, સજી ધરેણાં બહુ રમતી;
કેસર રંગ ગુલાલ અબીલે, હાથણી ઘેલી તે ઘુમતી,
કેંસો કમખાકેરી તુટતી, લટો શીરની ઝટ છુટતી,
છુપી મરજાદને લુટતી, નર્મદ જોતાં બ્હેકયો અનંગે–જૂઓ૦૪

(બનડો.)

હાંરે બના કયારે બનો મારા જાન, છેલા લાલ બના;
ઘુંઘટ છતાં કહું સાનમાં, હાંરે બના સાનમાં, પ્રેમગાનમાં–ટેક
હાંરે પ્યારા અબળાથી કેમ કાજ સીઝતૂં
હાંરે પ્યારા તમો વના ન મન રીઝતૂં
હાંરે પ્યારા રૂંધાયછે મારો પ્રાણ–છેલા૦ ૧

હાંરે પ્યારા થાકી નથી હજી પ્રેાઉછૂં
હાંરેા પ્યાર પતીજનું જન હૂં જોઉંછૂં
હાંરે પ્યારા ક્યારે કરીશું અધરપાન–છેલા૦ ૨
હાંરે પ્યારા લખ્યાને માન કાંઇ આલજો
હાંરે પ્યારા હેાંસે મારી સાથ મ્હાલજો
હારે પ્યારા નર્મદ લાગીછે તાન–છેલા૦ ૩

(બનડી.)

બની મતવાલી પ્યારી રે, બનીશ તું ક્યારે મારી રે–ટેક
સુધડ પ્રીત મ્હાલજે રે, જામ મ્હને તું આલજે રે
નેનમાં નીર નિહાળજે રે, ધાયલ વપ્ર ગાળજે રે–બની મત૦ ૧
આશક દીલથી ચાહે રે, માશુક તૂંપણુ માંહે રે
બ્હાર લાજથી ગભરાયે રે, મળે ખુલાસેા થાયે રે–બની મત૦ ૨
રૂડી વાણીયે મધૂરી રે, રસીલી તું દીસતી પૂરી રે
બની રંગમાં ચકચૂરી રે, થા તું નર્મદની નૂરી રે–બની મત૦ ૩

(પદ.)

રંગ લાગ્યેા તેા ન્યૂન હવે શી રહીરે,
પીની પીની પ્રેમાનંદ રંગેથી—રંગ લાગ્યેા૦ ટેક.
ભાગી ભાગી ભવની ભીડ ભ્રાંતિ અને
ભય ભાગ્યું સરવથા અંગેથી—રંગ લાગ્યેા૦
વાગી વાગી અનહદ ધુન વાંસલડી,
એક રાગે વિવિધ બહૂ બંગેથી—રંગ લાગ્યેા૦
રાગી રાગી નર્મદ તદલીન રસે,
રસ બિંબ સ્હેાયે ચિદ સંગેથી—રંગ લાગ્યેા૦

(પદ.)

તું તારી આંખલડીને વાર રે—તિર તીણાં લાગેછે. ટેક.
રણ રમતાં રૂધીરે માતીરે,
નિગળંતે કસુંબે રાતીરે,
રણમંથનથી થઇ તાતીરે,
ઉભરાય છે ઉર પ્યાર રે—તિર તીણાં૦ તું તારી૦ ૧

તિર તીણાં તે ચંદ્રના કીર્ણુરે,
રણુસિંહ તે વ્હાલું હર્ણુરે,
રહી સંગે તળાંસું ચર્ણુરે,
મન માન્યું છે સરદાર રે—તિર તીણાં૦ તું તારી૦ ૨
હતી કોમળડી હું વેલીરે,
વહી વન્હીતણી તો રેલીરે,
બળી કાળજડી બની ઘેલીરે,
પીવા ઊડું ઊડું રસ સારરે—તિર તીણાં૦ તું તારી૦ ૩
નીજ નીર રહું મેં ખોયુંરે,
મુખ મોહન જ્યારે જોયુંરે,
શરાતન તે પ્રેમથી સ્હોયુંરે,
ચડયો ઊરે અનંગ સવારરે—તિર તીણાં૦ તું તારી૦ ૪
બહુ તેજી છે તારૂં બાણુરે,
ભર અંક તું મારા પ્રાણુરે,
ભેરજોબન પ્રેમ તું માણુરે,
પ્રિય નમેદ જાઉં બલીહારરે—તિર તીણાં૦ તું તારી૦ ૫

(ગરબી.)

જોઈજોઈરે મેંતારી પ્રીત, ચીત ચંચળ નારી!
કરે પિયુને પિડિત તું નીત, રીતતો બહુ સારી! ટેક.
રણ જોવાનું કોડ કર્યું ને, થઈ તું મારી સંગરે;
રણુસિંગડું શત્રૂનું સુણતાં, કેમ ધુજાવે અંગ-રીત૦ ૧
સિંધુ તરવા હામ ધરીને, માંહ્ય પડી ઉલ્હાસેરે;
પવન પાણી ખડકોને જોતાં, કેમ રહે નીરાસે-રીત૦ ૨
રંગ પીધોતો લેની લ્હાવો, ખૂણે કેમ ભરાયરે;
ભયને લીધે સુધડ ટળીને,ફૂવડ તું કયમ થાય-રીત૦ ૩
રાત્રદિવસ ધુધવાતાં રેવું, વચમાં વચમાં રોવું રે;
એમ કરંતાં મરણ ભલું કે,ભલું જીતનું સુખ જોવું-રીત૦ ૪
ધર હિંમત કર સાહસ જાણી, પ્રીતડી શીરને સાટેરે;
સાધ અરથ કે પાડ દેહ તું, નામ અમર રેહ માટે-રીત૦ ૫

વિજોગ ભુંડો કેમ સંખાયે, વળી તરંગો ભારીરે;
વચની સાધવી કેમ રહે તું, અબળા બુદ્ધિ તારી–રીત૦ ૬
દિવસ કાઢવા બળ્યાં કરીને, આશતણું છે એહુંરે;
નર્મદ પ્યારી જો ન મળી તો, થાશે વિપરિત મોહું–રીત૦ ૭

(ગરબી.)

હતી શી સ્થિતિ તુજ નાર, ભુંડી કેવિ દીસે રે. ટેક.
જોબનમાતી ને રંગે રાતી, થન થન કરતી સોહિ;
તેવામાં તે પ્રેમ ન પ્રીછ્યો, લક્ષ્મી રતિપર મોહિ—હ૦
ભુંડી વેળામાં ભાગ લેવાને, કોણ છે તારો આજ;
ધિક ધિક તે નર નારીને જેણે,રાખી ન સાથીની લાજ—હ૦
શુદ્ધ પ્રેમીને હોંસ ઘણી કે, પ્રેમથી તું સોહાય;
પણ અભિમાને મ્હાલી ઘણી તું, પ્રુવડતામાં હાય—હ૦
અંતરમાં મુજ એવું કરું કે, પ્રેમરંગી તું થાય;
તારી જ દાસીકને મેં પુછાવ્યું, પત્ર લખીને ત્યાંય—હ૦
તેં મદમાં મને નાજ કેહવાડી, તેથી મને નહિં ક્રોધ;
અંશી નથી એમ જાણી કરીને, કર્યો વધુ નવ બોધ—હ૦
જોતામાં કાલે મૂખડું તારું, દયા વસી મુજ મંન;
વળી મેં જાણ્યું મારી વાતોમાં,તું તો ઘણી છે મગંન—હ૦
શુદ્ધજ સ્નેહની બુદ્ધિ ઉપની, ઉપની સ્હેજે દાઝ;
તારી મતિ જાણી લેવાને ઈચ્છું, વર્ષ ઘણેરે આજ—હ૦
પ્રિયપ્રિયાતણો પ્રેમ નહીં પણ, મૈત્રિ ઈચ્છું પરમાણુ;
સંગતિ લાભે આનંદ લે તું, એજ હેતુ મુજ જાણ—હ૦
આશા નહીં ત્યાં સ્નેહીયો સોહે, ધન્ય દહાડો તે સાચ;
જોઉં તારી વળી કેવી ચતુરાઈ, છે તું હીરો કે કાચ—હ૦
નારી સુધડ કે પ્રુવડ તેતો, ભાગ્ય પ્રમાણે થાય;
તોપણ નર્મદ, સંગત ઈચ્છાં, કારણમાં કહેવાય—હ૦

(લાવણી.)

રેખ રૂઠિ ને ગઇ આશ ઉડીરે, કેમ હવે જીવું;
અરરર કેમ૦; કેમ૦ રે, જખમને કેમ કરી સીવું–૧

જેની ઊંડમાં તનમનધનની, આશ હતી મોટી;
અરરર આશ૦; આશ રે, સહજમાં થઈ ગઇ ખોટી–૨
જેને જોતાં તનમનધન દુખ, સરવ સહજ વામે;
અરરર સર૦; સર૦ રે. હવે શો ઉડયો રંગ જામે–૩
રત્ન અમૂલિક કંચનમાં મેં, જડવાનૂ કીધૂં;
અરરર જડ૦; જડ૦રે, કાજ તો કંઇ પણ નવ સીધ્યૂં–૪
કંચન રહ્યું તે કથીર રૂપે, રત્ન વના રડતૂં;
અરરર રત્ન૦ રત્ન૦ રે, દુઃખતો સદાવડું પડતૂં–૫
હીર ઉડયૂં ને હિરો કોયલો, તે પણ નહિં પાસે;
અરરર તેપ૦ તેપણ૦ રે, મથ્યો શું સ્વપ્નતણે ભાસે–૬

---

(૫૬)

વરણ્યું તેં ચિત્ર રૂડું રે, રંગીલી પ્યારી. ટેક.
વરણ્યું તે ચિત્ર રૂડું, પણ તેમાં એક ઊણું,
પિયુને હું રસે ભેટું રે–રંગીલી૦
વિવાહ કેરી ધુમ ધ્હોળી, જ્યાં ત્યાં દીસે રંગરોળી,
રસિક પીયે રસ ઘોળી રે–રંગીલી૦
સુશોભીત સણગારે, ગોરૂં મુખ તેજ મારે,
આંખડી તો ચમકારે રે–રંગીલી૦
સામો પીયુ જોઇ રાચે, સાનમાં તું સમજાવે,
ચતુર તે ચેતી જાયે રે–રંગીલી૦
પછી બે મળતાં એકાંતે, રસ પીયે કોડમાં તે,
ચુંબન અખંડ સાથે રે–રંગીલી૦
છુટાં પડે ભેંટી હાંસે, પીયુ પ્યારી નીચે શ્વાસે,
ચાતુરીનો રંગ થાસે રે–રંગીલી૦
આશ છે અમર પ્યારી, પ્રભુ આણે સંધી સારી,
હશે સાચી તારી મારી રે–રંગીલી૦
પ્રેમ રંગ પુલ ગોટો, અજાણને મન ખોટો,
સુજાણને લાવો મોટો રે–રંગીલી૦

નર્મદ કોડીલો તોએ, ખ્હારથી તે બૂસો જોયે,
ભીતરે તો ઉંચો રહોયેરે–રંગીલી૦

જાણી મેં તો પેર તારીરે, રસીલી પ્યારી. ટેક.
જાણી મેંતો પેર તારી, દુખી થાયે કરે ભારી;
દરસાવે શી લાચારીરે–રસીલી૦ ૧
ઉલટથી આવી પાસે, ભયથી તૂં પાછી નાસે;
હવે કેવી હાંસી થાસેરે–રસીલી૦ ૨
જાણી હોંસભરી પ્યારી, પણ બેઠી થાકી હારી;
પ્રીતડી ન સાચી તારીરે–રસીલી૦ ૩
હીણુ અર્થી કાયરૂં તે, વળી મોળું કોડીલૂં તે;
પ્રિછે નવ પ્રેમ શૂં તેરે–રસીલી૦ ૪
સંબંધીની પ્રીતે બાંધી, ત્યારે મારી શાને સાંધી;
પીડતા ઉપાધી આધીરે–રસીલી૦ ૫
સાચો જ્યારે રંગ લાગે, શૂરાતન ઉર જાગે;
મનથકી ભય ભાગેરે–રસીલી૦ ૬
પ્રેમમાં ચીકાસ આવે, સાહસે ઝુઝાયે ભાવે;
પિઉસું રંગે સુહાયેરે–રસીલી૦ ૭
કેટલી ધીરજ રાખૂં, કેટલી ચાતુરી દાખૂં;
કેટલી વિપત્તિ સાંખૂંરે–રસીલી૦ ૮
નર્મદ હું રણુરંગી, મન મારૂં પ્રેમે ચંગી;
હવે હૂં ન તારો સંગીરે–રસીલી૦ ૯

પત્રિકા.[૪]

(દોહરા)

હૂં અહિંયાં ને તૂં તહાં, કેમ કહાડવા દીન;
તરફડવૂં વીજોગમાં, જેમ તાપમાં મીન—૧

---

૪ તા૦ ૧૧. નવેંબર. ૧૮૬૬.

જૂઠાં જન સુખ ભોગવે, સાચાં જન રહે દુખ
તોપણ સાચાં ટેકથી, દુખને માને સૂખ--૨
નથી કસર મુજ પ્રેમમાં, હશે તૂજમાં ક્યાંઈ;
નથી મળાતૂં તેથકી, ગયોછઊં ગભરાઈ--૩
તોપણ ધીરો થઇ કહૂં, હશે તાહરો પ્રેમ;
નક્કિ મળીશૂં જો પ્રભૂ, દેહ રાખશે ક્ષેમ--૪
પાન બ્હોણિ શુભ મોકલી, પ્રેમ દાખવ્યો તેંહ;
મારિ તરફની ભેટમાં, આ લીટીયો લેહ--૫
જેને કહયું મેં માહરૂં, તે મારૂં હંમેશ;
એવચની તે થાય પણ, હૂં નવ થાઊં રેશ--૬
ધન છે પ્યારી તૂજને, નિભાવિ રાખે પ્રીત;
ઘાયલપણામાં રહે સુખી, એ મુજ આશિષ નીત--૭

દયા ખાઉ કે ધિક કહૂં, ગાઉ ગુણ કે દોષ
નિજને કે નિજ જનને, સહિત પ્રેમ કે રોષ-૧
ક્ષમા વદું કરૂં દંડ કે, દઉં આશિષ કે શાપ
પ્રેમ ચરિત ચિતરૂં અહીં, રહે સ્મરણમાં છાપ-૨
જ્ઞાન કર્મ લીલા લખૂં, ભાગ્ય યોગ સંસાર
ધર્મ અર્થ ને કામની, નીતિતણો પ્રકાર-૩
ન્યાય નિપુણ રસ પૂર્ણ ને કુલિન સજ્જનો હોય
પ્રસંગ આ વાંચી કરી, બહુ વિધ મુદમાં સોય-૪
પુરુષ અને સ્ત્રી જાતિનો, ભેદાભેદ વિચાર
નર્મદ નર્મદ નર્મનાં, ચિત્ર જુઓ આ દ્વાર-૫

ખંડ ૭ મો–ગ્રામ અને સૃષ્ટિસૌંદર્ય સંબંધી.

(શિખરિણી વૃત્ત.)

ન તે જાતી જેનાં, ફળ બહુજ નામી જગવિષે,
પરંતૂ વૃક્ષો આ, ઉળખ ધણિ જેની હિંદુવિષે;
વળી જે આ કાળે, ફળદરુપ તે ગુર્જરતણા,
કુડાં સૌ પ્રાંતોમાં, નિજ ભુજ પસારેછ ટકતા. ૧
ફુટી લાંબાં ખ્હોળાં, અતિશયજ ડાળાં વિટિ વળે,
જટા પૃથ્વી ફોડી, અસલ મુળિયાં સાથ હળિલે;
અને બેટીઓ તો, જનુનિ તરુને ભેંટિ ઉછરે,
દિસે છાંયો જાણે, બહુજ કદવાન્ સ્થંભ નગરે. ૨
ઘટા ઊંચી આવી, વળિ દિસતિ મ્હેરાખ સરખી,
વિચો વીચે વાટો, ખડ ખડ કરે નાદ હરખી;
વળી થંડા વાયે, સુપવન કુંધાઈ પસરતા,
સુએ થાકયા ભાથૂ, જમિ જળ પિ મૂસાફર જતા. ૩
વસાવે ચોપાસે, પિપળ બહુ આંબા વડતરૂ,
સિમાડા તેમધ્યે, જળ ભરિત ખાડા નિરમળૂ;
પશૂ પક્ષીની તે, તરસજ મટાડે હર ઘડી,
વળી ભેંસો ત્હેમાં, ઉલટથકી નાહે પડિ પડી. ૪
છુટે ગાડાં ગાડી, બળદ વિશરાંતી સહુ લિયે,
નિચા શ્વાસો મ્હેલી, ખડ જમિ હવાડે જળ પિયે;
ટ ટં ટં ટં ઘંટા, કદિ ઘણુણ ઘંઘં કરતિ છે,
જેના નાદે ડોલી, બળદ બહુ કાપે મજલને. ૫

(મિશ્ર) (૨–૨)

(ગરબી.)

ધંન છે ધંન છે ધંન છે રે, હોળદેવી તુને તો ધંન છે. ટેક.
તારાઉપર તો જગત જીવેછે, આધાર તાહરો તદંન છે રે, હોળ૦ ૧
લીલોતરી સહુ તુંથી ખીલેછે, નૂરે શૂરે ભર્યાં જંન છે રે, હોળ૦ ૨
થોડી સેવાએ ઘણો આપે વર, મૂહી લધને દે ટંન[૧] છે રે, હોળ૦ ૩
સાદી રંગીલી ઉદાર મેહેનતૂ, કરે જમીનનૂં પીજંન છે રે, હોળ૦ ૪

૧ હેંસીમણ.

તારા પુન્નરી સુખી સંતોષી, સદા નિરોગી મગંન છે રે, હોળ૦ ૫
તારા દેહરાંની શોભાથી સીમા, ઋત ઋત રંગમાં પ્રસંન છે રે, હોળ૦ ૬
આકાશ ધૂમટ રંગિત સુશોભિત, તેવૂંજ રૂડું આસંન છે રે, હોળ૦ ૭
પંખીની[૨] હાર તે તોરણ રૂપે,ગાને ગાજી રેહ ગગંન છે રે, હોળ૦ ૮
તોફાની વાયુ ને વીજ ચમકારા,ગર્ગડાટે શોભતૂં વંન છે રે, હોળ૦ ૯
દુનીયામાં દોલત તરેતરેની, મોટી સાચી રૂડી અંન છે રે, હોળ૦ ૧૦
દેવી દેખંતાં દીલ તો ડોલે, જાય પડી લેહેરમાં મંન છે રે, હોળ૦ ૧૧
ગુણો નર્મદ તે શા શા ગાએ, દેવી તો ભીડભંજંન છે રે, હોળ૦ ૧૨

(૧–૨)

(ગરબી.)

ઉઠો બેહેની સાહેલડીરે સહુ ગરબા ગાઈયે,
હાં હાં રે સહુ ગરબા ગાઈયે. ૧
વળી હરીચરિત અલબેલડીરે સખિ પ્રેમે ગાઇયે,
હાં હાં રે સખિ પ્રેમે ગાઈયે. ૨
ખુબ ખીલી શરદની રાતડી રે રંગભરી ભીની છે,
હાં હાં રે રંગભરી ભીની છે. ૩
જોવો ગભિર ગગનની ભાતડીરે ભલી ભૂરી ખીલી છે,
હાં હાં રે ભલી ભૂરી ખીલી છે. ૪
જોઈ ચંદ્ર નખેતર છાતડીરે ઠરી સુખે પ્રુલેછે,
હાં હાં રે ઠરી રસે પ્રુલેછે. ૫
નદિ નિર પરવતની વાતડીરે શી હરખ હસેછે,
હાં હાં રે કેવી હરખ હસેછે. ૬
કુમુદાદિક પ્રુલ જાતડીરે ખુલિ રત્ત રહેછે,
હાં હાં રે ખુલી રત્ત રહેછે. ૭
સખી રાગમસ્ત બની ઘેલડીરે ગુણી ગોવિંદ ગાઇયે,
હાં હાં રે સખિ ગોવિંદ ગાઇયે. ૮
થઈ નિરમળ રંગની રેલડીરે હવે લાહણી લાહીએ,
હાં હાં રે હવે લાહણી લાહિયે. ૯

(૧–૨)

૨ વિશેષ કરીને વહીલાં નામના પક્ષી જે હારબંધ ઉડેછે તે.

(ગરબી.)

સાંજની શોભા તો રળીયામણી;
હાંરે હીંગલોકિયાં તરતાં તેજ બીંબની–હોજીરે–સાંજની૦ ૧
હાંરે બાવળ ઝાડિમાંથી સૂર્ય–અસ્ત જોઇને;
હાંરે સિંદુર રંગથી ન કેમ રહૂં મોહિને–હોજીરે–સાંજની૦ ૨
હાંરે રડાં ખેતરો ખુલ્લાં તે પાસ[૧] તેડતાં;
હાંરે રંગિન બાવળો તે આંખમાં રંગ ખેલતાં–હોજીરે–સાંજની૦ ૩
હાંરે ગયો સૂર્ય કે વધ્યોજ ચંદ્ર તેજમાં;
હાંરે સાથ દીસતો તે શુક્ર વળી રહેજમાં–હોજીરે–સાંજની૦ ૪
હાંરે વરસ બેનું બાળક એક ભરવાડનૂં;
હાંરે બેસી ફૂંકતૂં હતૂં તે ધાસ વાડનૂં–હોજીરે–સાંજની૦ ૫
હાંરે ભરવાડણી આવી પછી જ્હાં ઝોકડૂં;[૨]
હાંરે માથે માટિના વાસણ ખાંધે બોકડૂં–હોજીરે–સાંજની૦ ૬
હાંરે લીલા બહુ મચી વિશાળ ગામ ગોંદરે;
હાંરે જોયૂં નર્મદે ટકારમૂં[૩] નભૂવડે[૪]–હોજીરે–સાંજની૦ ૭
(૧–૨)

(રાસડો.)

સાથે તૂં લે વ્હાલીડા સાથે તૂં લે મને,
નહીં તો આ જીવડો જાયરે નાહોલીયા. ૧
ચોરણો કડલગ વ્હાલીડા માથે તો ફાળિયૂં,
દીલે કડીયૂં ને પગે જોડા નાહોલીયા. ૨
ધાભળો ઓઢયોવ્હાલીડા સૂંઆળો ધાભળો,
ધાભળો ઓઢીને આવૂં સાથરે નાહોલીયા. ૩
કૂવાડી તેં વ્હાલીડા લાંબા હાથાનિ ખભે,
રાખી બહુ કાપવા ડાળાં નાહોલીયા. ૪

---

૧ એવાંતો મનોહર કે ત્હાં જવાનું મન થાય–પોતાની પાસે તેડે.
૨ ઝોક–ગામને પાદરે જ્હાં ભરવાડો પોતાના બકરાં ઘેટાં રાખેછે તે ઠેકાણું.
૩ ઓરપાડ તાલુકાનું એક ગામ છે.
૪ (નભુલાલ કવી જે ટકારવામાં રેહેતો તેને મળવાને હું મારા કારકુન નરભેરામના કેહવાથી ગયો હતો.)

પાવોને ખોખ વ્હાલીડા ડોહવાને હાંડલું,
ખભે ટંગાવ્યાં ભલાં દીપતાં નાહોલીયા. ૫
લોટૂં ચકમક વ્હાલીડા ગૂંન્નમાં બીલડાં,
સામેરનું રૂ તમાકુ ફુંકવા નાહોલીયા. ૬
ચીપીઆ સોયા વ્હાલીડા કાંટાને કાઢવા,
પીળા ડોળાના કાળા રંગના નાહોલીયા. ૭
લીધી તેં ડાંગ વ્હાલીડા લીધી કરડાંગ જે,
કરતી ખડંગ કહૂં ચાલતાં નાહોલીયા. ૮
છેડલે બાંધ્યા વ્હાલીડા ડુંગળી ને રોટલા,
ચપટીએો ભાંગ્યની સૂંઘે નાહોલીયા. ૯
બચ્ચાં ખભે વ્હાલીડા બ્યાણુલ નવાં તે વળી,
ચાલે આગળ સહૂ ટોળૂં નાહોલીયા. ૧૦
સંધાંએોને વ્હાલીડા સાથે તૂં રાખતો,
વાંકો કસ્યા શા મને નાલે નાહોલીયા. ૧૧
ડુંગરાપર તૂં વ્હાલીડા ઘરમાં હૂં એકલી,
એએને ન્હાવાં રેવૂં એ ખોટૂં નાહોલીયા. ૧૨
મેહુલો વરસે વ્હાલીડા ગાજે ને ગડગડે,
વીજળી ચોપાસ ભે લાગે નાહોલીયા. ૧૩
એકલો બનરે વ્હાલીડા દુઃખી તૂં થાય ને;
ઊંચા રેહ આપણા જીવડા નાહોલીયા. ૧૪
ઘોલકી રૂડી વ્હાલીડા ડાંગો ઘાભળાથિ કરી,
માંહે રમીશૂં ઉંફે રંગમાં નાહોલીયા. ૧૫
હમણાં તો નથ વ્હાલીડા છોરૂ કો આપણે,
છોરૂ થયેથી રેવૂં ઘરમાં નાહોલીયા. ૧૬
અબળાની હાંસ વ્હાલીડા પૂરી તૂં પાડની,
ફરી ચોમાસું આવૂં નાવે નાહોલીયા. ૧૭
ધણીએ ઝોક વ્હાલીડા ગામોને ગોંદરે,
દીઠી પણ હુંગરા ન દીઠા નાહોલીયા. ૧૮
જોવૂં રૂડૂં વ્હાલીડા કુડૂં તુજ બોલવૂં,
ભમવૂં રૂડૂં ને કુડૂં ખાવૂં નાહોલીયા. ૧૯

હાંકવૂં રૂડૂં વ્હાલીડા રૂડૂં તે કાપવૂં,
રૂડૂં દોવૂં ને રૂડૂં પાવૂં નાહોલીયા. ૨૦
રાનો રૂડાં વ્હાલીડા રૂડા તે હુંગરા,
કે દી હું દેખૂં પછી કેહની નાહોલીયા. ૨૧
પાણી બહુ વેહ વ્હાલીડા માટી ધોવાયરે,
લીલા ચારા ને ચરે બકરાં નાહોલીયા. ૨૨
સાથે ખાવા વ્હાલીડા બેસીને રોટલા,
વચ્ચે તે દૂધ દોહી પીવાં નાહોલીયા. ૨૩
લાગૂં તુજ પાય વ્હાલીડા લાગૂં તુજપાયરે,
રાખો ચોમાસે મને સાથરે નાહોલીયા. ૨૪
નરમદલ્લમાં વ્હાલિડા આવે જો આંકડી,
સાથે લે રાંકડી છે, આખડી નાહોલીયા. ૨૫

(૧-૧)

(પ્રભાતિયું.)

જાગની જીવડા, ગાનિ તૂં ગીતડાં, બ્રહ્મકેરાં હવે વ્હાણું વાસે;
રાગ પરભાતપર રાખ અનુરાગ બહુ, સકળ આનંદમાં .દીન જાસે. જા૦ટેક.
કૂકડે કૂક કો, કૂકડાં બોલતાં, ચકલીયો ચકચકચ કાક કા કા;
મધુરી મેનામુખે હરિગુણો સૂણતાં, પાધરા થાય ગ્રહ હોય વાંકા. જા૦૧
ઘંટિના ઘોરમાં, મેળવી સૂરને, સ્ત્રી વળી ઘરડીઓ ગીત ગાયે;
જેથિ સહુ બાળકો, સ્ત્રી પુરષો નવાં, લ્હેર આનંદમાં ઊંઘિ જાએ. જા૦૨
તરૂણ મહિયારિયો, મારીને કાછડા, નેતરૂં તાણિને મહી વ્હલોવે;
ધંમધંમ ધમક ધમક,ધમ્ ધમ્ધમ્નાદતે, રંગ પરભાતમાં ખૂબ સ્હોવે. જા૦૩
દેવને આરતી, થાય છે ઊહતાં, ઘંટ ઘણુણુણુ ઘડિ ટંટ વાજે;
દેવ આરાધના, ઘોષ વિઘાતણા, થાય તેથી બહૂ વાયુ ગાજે. જા૦૪
જોત જાંખી થઈ, કુમુદની કળી થઈ, કમળ તો ખીલવા માંડશે જો;
ભક્ત સહુ દર્શણે, દોડતાં જાય ને, સકળજન હાટ નિજ માંડશે જો. જા૦૫
અરુણ ઊદે થશે, ધુમર પિગળી જશે, જગત પેરે સુનેરી સુવસ્ત્રો;
ચળકતાં ચળકતાં, ઓપતાં શોભતાં, ધાતુઓ તે બહૂ કાચ શસ્ત્રો. જા૦૬
નદિ કુવા વાવથી, સ્નાન કરી આવતી, જળભરી સુંદરી શીર બ્હેડાં;
થંડ મુખચંદ્રનાં પ્રેમદરશનથકી, ખરે બપોરે થશે લાભ તેડાં. જા૦૭

ચાલતી લટકતી, જોતિ તો ચમકતી, ઝબકતી વીજસમ અરુણ તેજે;
મિશે મિશે અટકતી, પાગને ઠમકતી, ટબકતી પ્રેમની મટુકી રહેજે. જા૦ ૮
નાહિને દેવને, ભાવથી સેવિને, નીતિથી રેહવા માંગી લેશે;
નર્મદા બ્રહ્મ તે, ભાંજી સહુ ભ્રંમને, રસિક થાવા બહુ જ્ઞાન દેશે. જા૦ ૯

(૧-૧)

(હોળી.)

*ફૂલ્યો ફૂલથી ફાગ–ગીતડાં ગાની રસાળાં.—

ફૂલ્યો ફૂલથી ફાગ, ખુલ્યો ખૂબ સુભાગ,
રચ્યો રંગથી માગ, મચ્યો મસ્ત સુરાગ,
ખસ્યો શોક અથાગ, વસ્યો બહુ અનુરાગ,
બીજો આવો ન લાગ, ગીતડાં૦ ટેક.

વેશ વિષે નવ લેશ ઉણું રે, વેશ વિષે નવ લેશ ઉણું
નવરંગી ઉમંગી બાલા. ફૂલ્યો. ગીતડાં૦ ૧

નીચે ફૂલો ને ઉંચે પંખીયો તે, મનોહર લાગે કાલાં;
આંખે જોઉં ને કાને સુણું રે, આંખે જોઉં ને કાને સુણું
ગુણ ગોવીંદના ધન વાહાલા. ફૂલ્યો. ગીતડાં૦ ૨

બ્હાર આનંદ માંહે પણ આનંદ, થયાં બ્હસી તમ અજવાળાં;
માટી અધાર સહૂ સલુણું રે, માટી અધાર સહૂ સલુણું
સમીસાંજ સમે ગોવાળાં. ફૂલ્યો. ગીતડાં૦ ૩

---

* **ટીકા**–ફાગણ મહીનો ફુલથી ફુલી રહ્યો છે ઈશ્વરની ખુબી ગાઓ. બાગનાં મારગો લાલ મટોડીથી શોભે છે. અનુરાગ–પ્રીતીનો જોસ્સો. વસ્યો–રમી રહ્યો છે. ફરી ફરીને ઈશ્વરની સ્તુતી કરવાનો આવો વખત આવવાનો નથી માટે ગાઓ.

૧ વસંત રૂતુના—એ છોકરીના વેશમાં—લેબાશમાં કંઈ કસર નથી—ન વરંગી ચીર પેહેરેલાં છે (તરેહ તરેહવાર રંગનાં ફુલ ને પાનડાં) ને ઉમંગવાળી—નાચતી ને હસતી (સુસ્ત ઉદાસીન નહી) બાળા–છોકરી દેખાય છે.

૨ નીચે–પૃથ્વી ઉપર ફુલો અને ઉંચે—આકાશમાં પંખીયો છે તે કાલાં અને મનોહર લાગે છે, ગોવીંદના સમજણથી ભરેલા અને પ્યારા લાગે તેવા ગુણો—ફુલો આંખે જોઉંછ ને ગુણો–પંખીયો ઈશ્વરનાં ગીત ગાયછે તે કાને સાંભળું છ.

૩ બાહાર—દુનીયાનાં દેખાવમાં અને માંહે શરીરમાં આનંદ ફેલાઈ રહ્યો છે. તમ—અંધારૂ—દલગીરી બ્હસી જઇને હરખનાં અજવાળાં થયાં છે, રે બાગની મટોડી અને પંખીઓની રંગીન અધાર પણ સલુણી—લેહેજતદાર લાગેછે; વળી સાંજની વખતે ગોવાળું ઘેર આવે છે તે પણ.

શોભે નારી ધણીજ કુંવારી, વળી નવ પલ્લવ ડાળાં,
વસંત લીલાની લ્હેરે ધુણું રે, વસંત લીલાની લ્હેરે ધુણું
થયા ઊભાજ નરમ નિમાળા. ફૂલ્યો. ગીતડાં૦ ૪
(૧-૧)

(હોળી.)

*બ્રહ્મબાલા ખુબી ખીલીરે, ફાગે ફુલતી રૂત રમી. બ્રહ્મ૦ ટેક.
નવલ લલીત વેલી ફૂલો રંગીનં, ભાત ઘાટડી ઘાલીરે;
ગોરી ગુણધારી ધણી ઉપકારી, છે તનુ પીમળવાળીરે. ફાગે૦ બ્ર૦ ૧
ભ્રમર કુએલ પીકસહ માલીણી, મોહીની સૂરની શૂરીરે;
રાગરસદૂલી આનંદથી ઝૂલી, સર્વ જગે સુખનૂરી રે. ફાગે૦ બ્ર૦ ૨
નરમદ બાલા છે સલુણી સાધવી, નીતી હયે અસવારી રે;
સજીવનકારી વસંતની નારી, રેલડી રંગની ભારીરે. ફાગે૦ બ્ર૦ ૩
(૧-૧)

---

૪ વસંત રૂતુમાં સ્ત્રીઓ અને વિશેશે કુંવારીઓ ઘણી શોભે છે, વળી નવાં ફુટેલાં છે પાતરાં જેને એવાં ડાળાંઓ પણ—એ પરમાણે વસંતની લીલા છે ને એ લીલાની લેહેરથી આનંદમાં પ્રથમ એકાએક જોરથી અને પછી ધીમે ધીમે ધુણુંછ રે નરમ નિમાળા પણ ઉભા થઇ રેહેછે.

* **ટીકા**—બ્રહ્મબાલા—ઈશ્વરની છોકરી—વસંતકુંવરી, ફાગણમાં ફુલી રહેલી રૂતમાં રમે છે તારે તેની ખુલી રેહેતી ખુબીની શી વાત! તે છોકરીએ ભાત ભાતનાં નવાં કુમળાં ફુલો અને ભાત ભાતની નવી કુમળી વેલીઓ એવી તો ઘાટડી પેહેરી છે. (પૃથ્વી, ફુલ વેલી પાતરાંથી ભરપુર શોભી રહી છે) એ ગોરી ઘણી ગુણવંતી ઉપકારી છે અને તેનું તનુ—શરીર પીમળ—સુગંધીથી બેકબેક થઈ રહ્યું છે.

૨ એ વસંતકુંવરી—માલણની છોકરી—મોહીની, ભમરા કોએલ પીક એ બધાંની સાથે પોતે પણ સુર કાહાડવે શૂરી થઈ છે. (પંખીયો સુસ્વરાં ગાન કરે છે;) એ છોકરી રાગરસમાં દુલી—ઓલીએણ—ગરક થઇને આનંદમાં ઝુલે છે, એ છોકરી સર્વ જગતને નુર—સુખ આપનારી અથવા નુરી પંખીની પેઠે આનંદ પમાડનારી છે.

૩ નરમદ—સુખ આપનારી છોકરી સલુણી, પવિત્ર છે અને નીતિને હુયે—ઘોડે બેસી વાડી બાગોમાં ફરે છે; વસંત કુંવરી—વસંતમાં સ્ત્રીઓ તો મુઆને સજીવન કરનારી—જુદાઈથી રીબાયલાંને સુખ આપનારી—ઉદાસીઓની ઉદાસી કાહાડી નાખનારી છેઃ ખરે વસંતમાં રંગની મોટી રેલડી (પ્યારી લાગતી રેલ) બાહાર ને ભીતર બધે ફરીવળી ઉભરાય છે.

(હોળી.)

ખેલો ખેલો હોળી રે ખેલૈયા
રંગે રોળાએો રસીયા ઘેરૈયા–ખેલો૦ ૧
ઘોળી કસુંબા કેસરસાથે
પીએો પીએો ખૂબ લૈયા–હાંરે લાલા પીએો૦ રંગે૦ ૨
વસ્ત્ર પલાળો કેસુડી રંગે
અબીલ ગુલાલે છવૈયા–હાંરે લાલા અબી૦ રંગે૦ ૩
ધામધુમમાં બહુ ધૂમ મચાવો
ગાઈ બજાવી ગવૈયા–હાંરે લાલા ગાઈ૦ રંગે ૪
ડાહ્યા તોયે ઘેલાં સહુ કહાડો
રહો ન આજે રે લજૈયા–હાંરે લાલા રહો૦ રંગે૦ ૫
નર્મદ કવિ પણ આજે બન્યા છે
રંગીલા બાળ કનૈયા–હાંરે લાલા રંગી૦ રંગે૦ ૬

(હોળી.)

દીપે ઋતુરાજનાના રંગો ટેક.
હોંસ વધારો કનક ચંપાવરણી, હોંસે મંડળમાં સુહાવો;
હાંરે શૂરા હોંસે મંડળમાં સુહાવોઃ
કેસરી વાગે કરીને કેસરિયાં, હોંસથી રણમાં સિધાવો–
દીપે ઋતુરાજના૦ ૧
રંગ શૂરાતન સિંદુરી ગુલાલે, રણ રંગ મંડપ છાએો;
હાંરે શૂરા રણરંગ૦
અગ્નિ અસ્ત્રતણી ગેંદ ચલાવી, લાલ પીળાં દરસાવો–
દીપે ઋતુરાજના૦ ૨
રણરંગ ફાગ રમો રણધીરા, જયધ્વજ શ્રીને ઉડાવો;
હાંરે શૂરા જયધ્વજ૦
દિનકર રંગ મધ્યાન્હનો દાખી, દુંદુભીયો વગડાવો–
દીપે ઋતુરાજના૦ ૩

દુષ્ટ દુખદ અરિજનના વિચારો, હણી પ્રેમ શૌર્ય ગજાવો;
હાંરે શૂરા હણી૦
નર્મદ ફાગ સુણીને દે ફગુવો, વેશ ભલેરા ભજાવો–
દીપે ઋતુરાજના૦ ૪

(હોળી.)

જુઓ હો સુંદર વસંતના સુંદર મંદિરના,–
જુઓ સરસ રમણના રંગ૦ ટેક.
નવ પલ્લવતરુ વિધવિધ છબિમાં, દીપી રહ્યાં સહ ઉમંગ. જુઓ૦
મોર મોગરો કેસુડી કેસર, ચંપા ચંપેલી સંગ. જુઓ૦
મોર કોકિલા પીક હંસ શુક, અલપતાં ફુલવી અંગ. જુઓ૦
સુરખી ગુલાલી ગગનમાં ઝળકે, દૂર વજતાં મરદંગ. જુઓ૦
જુઓ જુઓ રસિયો ઉપવનપતિતે, શુકવાહન રતિસંગ. જુઓ૦
દ્રો કુમળી લીલી લસલસી ચંદ્રથી, એ પર રમતાં રંગ. જુઓ૦
નર્મદ ચંદ્ર ચકોર એકરસ, પૂર્ણ પ્રેમાનંદ રંગ. જુઓ૦

સખી ઓ શરદ પૂનેમની રંગભરી રજની,–
કયાં તે પીયુ મનમોહન ચંદ. ટેક.
વૃંદાવન ઉપવન પર સંધે, શીત ઠર્યો નભ ચંદ. સખી૦
લ્હેર કાલિંદીની ચંદ્રથી દીપતી, વાયુ વહે મંદમંદ. સખી૦
શ્યામ ભૂમીપર તરુ વેલ લીલાં, ઉજળાં કુસુમ સ સુગંધ. સખી૦
શ્યામ મૂરત મધુરી ચકચકતી, પ્રેમ પૂરણ રસકંદ. સખી૦
છેલ છોગાળો રંગી ત્રિભંગી, ઉભો ચડીને કદંબ. સખી૦
દીપ સુરે વેણુ વાઇ રસીલે, મળીયાં આપણ સહઉમંગ. સખી૦
એક મંડળમાં સમ પ્રેમ દાખી, રાસ રમણ કર્યું સંગ. સખી૦
એકેકને રતિ રસથી સંતોખી, વિવ્હળ કરી અંગ અંગ. સખી૦
નર્મદ પ્રીતમ દેખુંતો થાયે, સાચા તે સ્વપનના રંગ. સખી૦

કુદરતી દેખાવ.[૧]

(પદ–રાગદેશ.)

આ તે શું દેખું છું તારા બાગમાં રે–ગાઉં રાગમાં રે–પ્યારી આ તે શું૰
સહાંજસાજમાં બાવળ નીચે, બેસીને જોતોતો ઊંચે
ચલિયાં શા ગાતાંતાં મધુરા રાગમાંરે–ગાઉં૰ પ્યારી૰ ૧
હવે જોઉં અંધારૂં સંધે, ભાન મને તેમાં થયું ગંધે
બાવળિયાનાં ફુલનું ખેતર બાગમાંરે–ગાઉં૰ પ્યારી૰ ૨
તારાઓ તગમગતા જોઉં, અંધારી કુદરતથી મ્હોઉં
પાણિ પડયૂં ઝાઝું પછિ મુજ મન આગમાંરે–ગાઉં૰ પ્યારી૰ ૩
દિશા જતાં મેં એમ ભણાયૂં, કુદરત તુજ બંદો હું ગણાઉં
કેમ પડૂં પૂજતાં હૂં દુઃખ અથાગમાંરે–ગાઉં૰ પ્યારી૰ ૪
'પડ ધીરો નર્મદ દિલ ખોલી', એમ તહાં કુદરત તો બોલી
'થશે કુડાં વાનાં સહુ મુજ અનુરાગમાંરે'–ગાઉં૰ પ્યારી૰ ૫

કુદરતી દેખાવ.[૨]

(લાવણી.)

પડે ઝડી ને કરે કડાકડી તે હવા પી પા રસ પ્યારી
સલુણી તૂં પી પા રસ પ્યારી—પી પા રસ પ્યારીરે
લગિરહે તડાતડી ભારી—૧
કુમળી ચારપર લીસોલબરક પાણીનો તડકો
પસરતો પાણીનો તડકો—પાણીનો તડકો રે
સુરતપર સમીગયે ભડકો—૨
ટ્રેન હાંથણી સણુણુણ ખણુણુણ ડોલિ ડોલિ દોડે
ઘેલિ આ ડોલિ ડોલિ દોડે—ડોલિ ડોલિ દોડે રે
પ્યારિ તૂં આવિ ભેંટ કોડે—૩

---

૧ સુરતની પાસે કાંકરા ખાડી છે ત્હાંના એક ખેતરનો દેખાવ. પદ કર્યું તા૰ ૧૧ મી જુલાઈ સને ૧૮૬૬.

૨ તા૰ ૧૫ મી જુલાઈયે દંમણથી તે દેહણું સુધીનો કુદરતી દેખાવ તરતનો તરત ચાલતી ટ્રેને કવિતામાં મુકેલો.

અંધરાયલું આસમાન આ—ધુમરાયો પ્યારો
જોનિ આ ધુમરાયો પ્યારો—ધુમરાયો પ્યારોરે
પ્યારિ જો જોગ જાય સારો—૪
ધટા ઝાડિની ગામપાદરે જોવાએ રંગી
મનોહર જોવાએ રંગી—જોવાએ રંગીરે
મંદિરની કેવી ઊભંગી—૫
લીલી ચારને ભર્યાં પાણિ તે—ચકચકતાં જોએ
હર્યાં તે ચકચકતાં જોએ—ચકચકતાં જોએરે
ગોકુ તન લીલી સાડી સ્હોએ—૬

મોગરો[૩].

(દોહરા.)

રડો છોડ મોગરાતણો, રોપાયો મુજ ઘેર;
જડ બાઝી ગઈ સ્હેજમાં, જેમ પ્રીતની પેર—૧
દેખાઈ બેત્રણ દિને, કળી ઝીણિ ત્હાં એક;
માંજરમાં ઢંકાયલી, શું કહું તેનો ટેક—૨
પછિ બીજે દીને દિઠી, પુલકળિ ઝીણી છેક;
પીળાસવાળી ઘોળિ તે, લહું ગૂટિકા નેક—૩
વજ્ર તંતુ બાજૂ ઉપર, કુમળા તોંય ટટાર;
વચમાં નીચે કળિ દિપે, ઉપર ખુલ્લું સાર—૪
એવી રીતે રાજતી, પુલકળિ એકજ જોહ;
મોટા લીલા છોડપર, આશામદમાં તેહ—૫
લહું મુગ્ધાસ્તન દીઠિ તે, જોઉં વારંવાર;
રમાડવું નવું બાળકું, ગમે ન કોને યાર?—૬
અરે કળી તું પુલ બની, આપિશ ખૂબ સુવાસ;
ધન્ય ધન્ય તુજ જન્મને, રખે કરે નીરાસ—૭
કુદરતનું કહેવાય નહિં, બને સ્હેજ નિસ્તેજ;
તેજ પાણિ વાયૂ ભુમી, એપર સહુનો પેજ—૮

---

૩ તા૦ ૭ જુલાઇ ૧૮૬૬.

તોપણ આશા સર્વને,કળી તું ફૂલિશ કાલ;
વાસ લઇશ હું તાહરો,હશે અંશિ જો વ્હાલ— ૯
ધન્ય ફૂલ તૂં અમર છે,તુજ આકાર સુહાય;
ઘાટ ઘાટના ભાગને, તારૂં નામ અપાય—૧૦
કોઇ બાગ પણ તૂં વિના,બીલ્યેા નવ કહેવાય.
તૂં જ્હાં પસર્યો ત્હાં ખરે,વાડી નામ ભણાય—૧૧
બાળકને વાડી ભરે, માથાઉપર જેહ;
કેવાં શોભે તુજ વડે, બ્હેક બ્હેક થઇરેહ—૧૨
ચંપેા શોભીતેા ઘણેા, પણ ન વાસ સંખાય;
ગુલાબ રંગે રાજતેા, વાસ ન પૂરેા વાય—૧૩
બટ્ટહજારી તૂજમાં, રંગ ગંધ બે રહેાય;
ઊનાળામાં ને વળી, ચેામાસાંમાં હેાય—૧૪
અંધારાંમાં તુજ કળી, તારાસમ શોભાય;
પ્રવાસમાં ફુલવાસથી, રસ્તેા સહેજ કપાય—૧૫
વિલાસમાં જે ફૂલડાં, ઉદ્દીપન કહેવાય;
તેમાં મુખિ તૂં મોગરેા, શૈયાપર પથરાય—૧૬
જોગી જંગલમાં અને,ફકીર વસ્તી બ્હાર
મઠ તકિયાનિ પડેાસમાં, ઊછેરેછે થાર—૧૭

ખંડ ૮ મો–સ્ત્રીયોને ગાવાનાં ગીત.

(પ્રભાતિયું.)

ઉઠિ પ્રભાત ભણું પ્રભાત, પ્રભુના ગુણ ગાઉં;
એકતાર ચિત્ત કરી, નિર્મળું સુખ પાઉં.–ઉઠિ૦ ૧
જય જય જગદીશ જય, પૃથ્વિ પાણી વાયૂ.
તેજ ને આકાશ તત્વ, એથી સહુ સોહાયં.–ઉઠિ૦ ૨
જન્મું રહું–કર્મ કરૂં, વળી હું મરણ પામૂં;
નિયમ નાણી ઠામ ઠામ, જોઉં તારી સામૂં.–ઉઠિ૦ ૩
કૃતિ અનંત ગુણ અનંત, આદિ રાજ તારૂં;
ઠાઠ જોઈ થાય ચિત્ત, ભયતટસ્થ મારૂં.–ઉઠિ૦ ૪
આદિ તાત જાણિ વળી, તારી સાથ લાડૂં;
તૂજને ગમે ન તેવું, કરૂં ન કર્મ આડૂં.–ઉઠિ૦ ૫
પાપ પુણ્ય શિક્ષા પ્રીતિ, એને બહુ વિચારૂં;
પામર રંકનૂં શું ગજું, જોઇ નિત્ય હારૂં.–ઉઠિ૦ ૬
સાચવટે ઉઘમમાં, રહિ રૂડા જસ જોઉં;
તેવિ બુદ્ધિ પ્રેર મને, સદગુણે હું રહોઉં–ઉઠિ૦ ૭
જેમ સૂર્ય ઊગતાને, જોઈ હેડે રાચૂં;
ધર્મ જ્ઞાનમાં પ્રસંન, નિત્ય રાખ જાચૂં.–ઉઠિ૦ ૮
જય જય જગદીશ જય, પ્રેમ મૂજ ગાઉં;
જેથિ નર્મદા હું નીતિ–ભક્તિમાન થાઉં.–ઉઠિ૦ ૯

(રેખતો)

પ્રભૂ પરમેશ લીલા તારી,
અકળ અદભૂતાનંદકારી.–પ્રભૂ૦ ૧
ત્રિગુણ માયા રંગે ન્યારી,
વિવિધ વિસ્તાર નાટક ભારી.–પ્રભૂ૦ ૨
સહજ નવ કેમ સાત્વિક સારી,
ઊઠી રેહ લ્હેર? શી પ્રેમાળી!–પ્રભૂ૦ ૩

પામરની બુધ્ધ વિસરનારી,
માટે જગતાત રાખે વારી.–પ્રભૂ૦ ૪
તારી ઇચ્છા છે કરૂણાળી,
પાપીજનને પણ વરદાળી.–પ્રભૂ૦ ૫
સદા રહિએજ સદાચારી,
સદા રહિએજ ઉપકારી;–પ્રભૂ૦ ૬
સદા ગાઇયે કૃતિ જસાળી;
તેવી મતિ દે તું જનોધ્ધારી.–પ્રભૂ૦ ૭
ધર્મે રાજે ગઇ છે હમારી,
લજ્જા સંધી, છે લાચારી.–પ્રભૂ૦ ૮
પ્રભૂ મોટો તું દાતારી,
તારાધીજ થાય સુખાકારી.–પ્રભૂ૦ ૯
પ્રભૂ પરમેશ લીલા ભાળી,
સ્મરણ કરીએ જયજયકારી.–પ્રભૂ ૧૦

(ગરબી–બોળીની ચાલ)

શોભે શી સુંદર વાટિકા;
બ્હેકે જાઈ જુઈ મલ્લિકા;
શીત વહે વાયરા મંદા–રંગીરે. ટેક
શરદ નિશાનો શશી નિર્મળો, રંગીરે
ચંદની જાય છે ઝગારે–રંગીરે.
ફુટે ફુવારા ઝીણી ધારે–રંગીરે.–શોભે. શી૦ ૧
કુમુદ ખીલ્યાંછે સરોવરે, રંગીરે.
વાંસળી માધુરી શી વાજે–રંગીરે.
શાંત સલૂણું સહુ રાજે–રંગીરે. શોભે. શી૦ ૨
રસીલી લીલાતણા પ્રેમના, રંગીરે,
ધીરે તરંગમાં તરાએ–રંગીરે.
નર્મ ચિદાનંદ થાએ–રંગીરે. શોભે શી૦ ૩

(પ્રભાતિયૂ.)

ઊઠ જોની બેનીરે, વ્હાણેલૂં વાય તેરે;
કુંજે પંખી કરતાં કલ્લોલઃ
છુટતી સુગંધી રે, કુલને માંડવેરે;
પેલી ડાળે હુકેરે છે મોર.–ઊઠ૦ ૧
પરવારી લે જઈયે રે, વેહેલાં કુંજમાંરે;
જોઈયે રાતું સુનેરી બિંબ;
તેજે થતું ધોળું રે, ગાઈયે ઊમંગમાં રે;
તેતો પ્રભુયશનું એક ચિન્હ.–ઊઠ૦ ૨
પછી પાઠ ભણિયેરે. વેહેલું આવડે રે;
ગોખી લહીયે તેના અર્થઃ
સંકાને સમજિયેરે, અઘરૂં તો ના પડે રે;
થાશે નર્મદ બુદ્ધી સમર્થ.–ઊઠ૦ ૩

(ગીત.)

મારા તે બાગમાં ચાંપલિયેા; ચાંપલિયે તેા મેારરે, સુનેરી૦ ૧
કરે કળા તે રૂડી રાજતી; હુંનાળે નમતે પ્હેારરે, સુનેરી૦ ૨
ભર્યા નિર્મળ શા કયારડા; લીલા-દીપે છેાડરે, સુનેરી૦ ૩
થંડી સુગંધી ધીરી માધુરી; વધે ત્યાં મનના કેાડરે, સુનેરી૦ ૪
રંગ રંગ જોઇ થાઉં રંગિલી; આવજો ત્યાં સહુ બેનરે, સુનેરી૦ ૫
આપણુ કરીશું નેહ ગેાઠડી; ગાશું નર્મદ વેણરે, સુનેરી૦ ૬

(બનડાની ચાલ.)

મળે હાથ બેના જૂએાઃ કેાડીલેા આમ ભણેછેરે,
રૂપાળેા આમ ભણેછેરે, ગુણવંત આમ ભણેછેરે,
જીવૂં ત્યાંલગી વ્હાલ તુજપર રાખું સાચેરે.
જીવૂં ત્યાંલગી માન તારૂં રાખું સાચેરે.—
મળે હાથ બેના જૂએાઃ કેાડીલી આમ ભણેછેરે,
રૂપાળી આમ ભણેછેરે, ગુણવંતી આમ ભણેછેરે,

જીવું ત્યાંલગી વ્હાલ તુજપર રાખું સાચેરે.
જીવું ત્યાંલગી રહું કહ્યામાં નીત સાચેરે.
મળ્યા હાથ બેના જૂઓઃ ગુરૂની સાખ ધરીને રે,
સગાંની સાખ ધરીને રે, સ્નેહીની સાખ ધરીને રે,
પરણ્યાં રંગીલા આજ, વહુવર વાજું વાગેરે.
કર્યાં તે મંગળ કાજ, વહુવર વાજું વાગેરે.

(બનડાની બીજી ચાલ.)

ધન ધન દહાડો આજનો કહિયે,શુભ કારજમાં ભેગાં અહીં રહીયે,
લગનનો ઓચ્છવ રૂડી પેર લહિયે,હાંરે બેનો ગીતો ઉમંગે ગાઈયેઃ
ગીતો ગાઈયે આશીર્વાદ ગાઇયે,હાંરે બેનો જોડું જોઈ હરખાઈયે–૧
વહુવર મેળવો જશ બહુ ઉજળા, વધારો કુટુંબતણાં સુખમાન સબળાં,
ગૃહસ્થાઈના રૂડા લેા લ્હાવા સધળા,હાંરે બેનો ગીતો ઉમંગે ગાઇયેઃ
ગીતો ગાઇયે આશીર્વાદ ગાંઇયે;હાંરે બેનો જોડું જોઇ હરખાઈયે.–૨
બહુ બહુ જીવો ને એકેકને ભાવો, એકજ વિચારથી ઘરને ચલાવો,
સંકટમાં સંગી રહી રંગ દરશાવો, હાંરે બેનો ગીતો ઉમંગે ગાઇયેઃ
ગીતો ગાઈયે આશીર્વાદ ગાઈયે; હાંરે બેનો જોડું જોઈ હરખાઇયે.–૩
દુધ જળ જળ મીન કમળ ભ્રમર રહે, સારસાંનું જોડું વળી નંદકુંદન રહે,
ઝાડ વેલ સમ સ્નેહ તમારો અખંડ રહે, હાંરે બેનો ગીતો ઉમંગે ગાઇયેઃ
ગીતો ગાઇયે આશીર્વાદ ગાઇયે, હાંરે બેનો જોડું જોઈ હરખાઇયે.–૪

(પદ.)

સ્નેહથી સ્વામીને સેવોરે, સાહેલી શાણી–ટેક.
સેવેથી ઉત્તમ પ્રેમી, થશો પતિવ્રતા નેમી;
સતી જસવંતી ક્ષેમીરેઃ—સાહેલી૦ ૧
પત્ની પતિવ્રત રાખે, પતિ પત્નીવ્રત દાખે;
ચાંદા સૂરજકેરી સાખેરેઃ—સાહેલી૦ ૨
પ્રધાન સેવક તોયે,રાજનો તે સ્તંભ હોયે;
નરપાસ નારી સ્હોયેરેઃ—સાહેલી૦ ૩

ધરરાજ રૂડૂં ચાલે, સંપ શૌર્ય સદા મ્હાલે;
કલેશ નવ લેશ ભાળેરેઃ—સાહેલી૦ ૪
લજ્જા સણગાર જેને, સુધડતા માન તેને;
જસ પતિવ્રત એનેરેઃ—સાહેલી૦ ૫
બેહુ કુળનો દીપ કહિયે,બેહુ કુલની લાજ લહિયે;
નારી પતિવ્રતે રહિએરેઃ—સાહેલી૦ ૬
ઘણા ઘણા મોહ દેખે, વ્રતથી ન લેશ લેખે;
સદા પતિનેજ પેખેરેઃ—સાહેલી૦ ૭
ઈચ્છા વર કરો પરખી,પછી રહો ભાગ્ય નરખી;
નર્મવ્રત પાળી હરખીરેઃ—સાહેલી૦ ૮

(પદ–રાગ સોરઠ.)

રે મેઘાડંબર સોહે વ્હાલા પીયુજી કયાં પ્રેમાળા–રે મેઘાડંબર૦ ટેક.
ઉમડ ઘૂમડ ગડ ગડગડ થાયે, વીજતણા ચમકારા–રે મેઘાડંબર૦ ૧
રૂમઝુમ રૂમઝુમ મેહુલો વરસે, દીપે તરૂ હરીયાળાં,–રે મેઘાડંબર૦ ૨
રંગીત મંદિરમાં પાથરણાં, ઊનતણાં ચિતરાળાં,–રે મેઘાડંબર૦ ૩
કાચનાં બાર ને ચળકતા તકતા,વિધ.વિધ આસનવાળા,–રે મેઘાડંબર૦ ૪
મેઘ મલ્હાર સોરઠ દેશ ધૂમે,તાલ સહિત તાનાળા,–રે મેઘાડંબર૦ ૫
સ્વચ્છ સુંવાળી સેજ ઉંચાળી, દ્રાક્ષાસવના પ્યાલા,–રે મેઘાડંબર૦ ૬
રંગ લ્હાવા ઋતુના વહી જાયે,જાયે જોબનરંગ કાલા,–રે મેઘાડંબર૦ ૭
અરસ પરસ પ્રેમ માનથી લાડી,રસ ન પીવાયે વ્હાલા,–રે મેઘાડંબર૦ ૮
નર્મદ નારી આતુર તરસે, ભુંડા વિજોગી ભાલા,–રે મેઘાડંબર૦ ૯

ખંડ ૯—વિવિધ વિષય.

દુનિયામાં પૈસો મોટો છે.

(૫૬.)

દુનિયાં પૈસાની પૈસાની, ખરે બાકી નહિં કેસાની. દુનિયાં૦ ટેક.
મૂરખ પાસે પૈસો હોયે, તો ડાહ્યો કહેવાયે;
ડાહ્યા પાસે જો નહિં પૈસો, તો તે મૂર્ખ લખાયે. દુનિયાં૦ ૧
અભણ્યા પાસે પૈસો હોયે, પંડિતસમ પૂજાયે;
પંડિત પાસે જો નહિં પૈસો, અભણ્યામાં અથડાયે. દુનિયાં૦ ૨
નીચા પાસે પૈસો થાયે, ઊંચાં કુળમાં ખપતો;
ઊંચા પાસે જો નવ પૈસો, નીચાંમાંજ ગણાતો. દુનિયાં૦ ૩
દોષી પાસે પૈસો હોયે, તો તે છૂટી જાયે;
ગરીબ બચારો નિર્દોષિ તે, જોતામાં બંધાયે. દુનિયાં૦ ૪
લુચ્ચા વ્યસની પાસે પૈસો, તો તે નીતીવાળો;
નીતીવાળા ગરીબડાને, માથે હોયે આળો. દુનિયાં૦ ૫
પૈસાવાળો સઠ સુમ્હ હોએ, દાતા મોટ મનાયે;
ખમા ખમા કરતા રહે ફોગટ,સેવક બહુ જન થાયે. દુનિયાં૦ ૬
સહુ સગૂં પૈસાનૂં નક્કી, લક્ષ્મી માતા મ્હોટી;
ગરીબનો નવ ભાવ પુછે કો,વાત નથી એ ખોટી. દુનિયાં૦ ૭
પૈસે દુનિયાં થઈ દિવાની,પૈસે સત થયું નબળૂં;
અરે પ્રભુની શી માયા કે, પૈસે સધળૂં સબળૂં. દુનિયાં૦ ૮

(૨–૧)

બે ઉપર દુનિયાં ચાલેછ.

(ગરબી.)

નર્મદ સંધુ છે બેના ઉપેર, બેથીજ સંધૂં થાયરે;
પ્રાણી ઉદ્ભીજમાં[1] બે જાત, પુરૂષ સ્ત્રી દેખાયરે. ૧

---

૧ ઝાડપાન.

જોની શાસ્ત્રવિષે પણ કેહ, શરિર અને જીવરે;
તૂં ને તે બ્રહ્મ તો કહેવાય, વળી જીવ શીવરે. ૨
સાચ જૂઠ વળી પુણ્ય પાપ, સ્વર્ગ ને નર્ક નાણરે;
શીળૂં તડકો લેવૂં દેવૂં અહીં, પૃથ્વી પાણી જાણરે. ૩
દીન રાત સૂરજ અને ચંદ્ર, જન્મ મૃત્યુ હોયરે;
પડે તાળી મળે બેહુ હાથ, જોડી એમ સ્હોયરે. ૪
ખરે જોસ્સો અને જોગવાઈ, બેથી દુનિયા ચાલતી;
બાકી સઘરે નહી કો કામ,જેવી ને તેવી રેહ ગતી[૨]. ૫
પ્હેલે જોસ્સો ધણાકને હોય, થઇને સમીજાયરે;
મળે જોગ જેઓને જેમ, તેઓ તેમ ધાયરે. ૬
હોય જોગ ને જોસ્સો ન હોય,એવા પણ કાયર દીસતા;
પ્હેલાં સંતોષી થઈ પછી રોય,બીજી ઓઠ પીસતા. ૭
જોસ્સાથી કદિ આવે કો જોગ, જોગે જોસ્સા થાયરે;
ફળ થાયે મળે જો બેય, બાકી માલ જાયરે. ૮
નર્મદ જગમાં છે સાર અસાર, રૂડૂં ભૂંડૂં નામરે;
બને જેવૂં જ્યારે જેહ, જોયાં કરવૂં કામરે. ૯

(૨-૧)

* ગાયન વિશે.

(દોહરા.)

ગાયનથી આનંદ બહુ, સહુ પ્રાણીને થાય;
શોક બ્હીક સંતાપ ને, થાક ઊતરી જાય. ૧

---

૨ હાલત. [અમકું-ફલાણું કરવાનો જોસ્સો હોય અને તે પરમાણે તેને માફક આવે તેવી જોગવાઈ ન હોય તો જોસ્સો થંડો પડી જાય. જોગવાઈ હોય તો તે જોગવાઈ જોસ્સાને ઊસકેરેછે-જોગવાઈથી જોસ્સા બાહાર પડે છે-કેટલાક જુજ કાયરોના નથી પડતા. જોસ્સો હોય અને તે વખત જોગવાઈ પણ મળી આવે એવું તો કોઈજ વખત. જોગ-જોગવાઇ અને જોસ્સો એ બે હોય-સાથે મળે તારેજ ધાર્યું કામ પાર પડે.] [એ નર્મદ-માણસ, તારો જોસ્સો તો ઘણોજ છે પણ તે પરમાણે જોગવાઈ નથી માટે હવે જેવારે જે બને તે તું થંડો પડી જોયાં કર-તું મથીને મરે પણ તારૂં સધરે નહીં. સધરવાનું હોય તોજ સધરે. રૂડું ઈયા ભુંડું નામ મેળવવું તારે હાથ નથી જોગવાઈને હાથ છે.]

* નર્મગીતગાયકમંડળીને માટે જોડેલા.

ગાયનથી રસ વાધતો, રસ શૃંગાર સુહાય;
વીર ધસે રિપુની તરફ, કરુણા પણ ઉભરાય. ૨
ગાયનથી થઈ શાંત જન, લ્હેરે ડોલાં ખાય;
કુમળાં બાલક લ્હેરમાં, વ્હેલાં ઊંઘી જાય. ૩
ગાયન અદ્‌ભુતથી સભા, ચિત્રામણ દેખાય;
પ્રવાસ ને એકાંતમાં, ગાયન મિત્ર ગણાય. ૪
બન્નવવા ગાવાથકી, નિપજે જે સુર રાગ;
નાચતણા તે તાલમાં, ઉપજાવે અનુરાગ. ૫
હરણ હાથિ હય ઊંટ ને, ધણી જાતના નાગ;
એનાપર તેની અસર, થાયે જાગોજાગ. ૬
બુલબુલ મેના ચીડિયાં, કોયલ ગાયે ફાગ;
રીઝંતાં રીઝાવતાં, શોભાવે બહુ બાગ. ૭
ખટરાગી સુખ પામતો, સાંભળતાં વેરાગ;
પ્રેમી ઈછતો ભોગને, એવો રાગ સુહાગ. ૮
મૂરખ અજ્ઞાની કહે, કોયલને તો કાગ;
સારાંને નરસૂં લહે, ખૂબીને કહે ડાઘ. ૯
તોડિ તાલ સુર તાનને, બગાડિ નાખે રાગ;
લોકો, હારે તેહમાં, વાંક કરે શૂં રાગ? ૧૦
રાગ જગતનૂં વશિકરણ, ઓળખાણનો ભાગ;
જીવ શરિર રસ રૂપ તે, મધુર વાદ્ય ને વાગ. ૧૧
નાદબ્રહ્મકેરો કદી, લાગે નહિં કંઇ થાગ;
સર્વોપરિ આનંદ એ, સમીજાય સહુ આગ. ૧૨

(૧-૨)

---

*કવિતા બનાવવા બાબત.

(દોહરો.)

કાગળ વાંચી તાહરો, થયો છઉં રળિયાત;
નિર્ભે થઇ નિત પૂછજે, આંદેશાની વાત. ૧

---

*એક સ્ત્રીને લખેલું.

(ઓખાહરણનો ઢાળ.)

કવિતા કરવાનું મન બહુ થાએ,પણ તેમ કરી ન શકાએ;
માટે આજિજીથી રે લખાએ,હૂંથી જલદીથી કેમ શીખાએ. ૧
જોઈ કાગળે નમ્રતા સારી, તેથી શરમીંદો છઉં ભારી;
જેવી ઊલટ શીખવે તારી, તેવી શીખવવે છે મારી. ૨
હાલ વાત કહૂંછૂં ચાર, પણ તેને તૂં ખૂબ વિચાર;
રૂડી શીખ જો અમલમાં લાવે,દિલ જોસ્સા ખરે બ્હાર આવે. ૩

(દોહરા.)

શરમ મૂકવી સામટી, શિખતાં ગુરુની પાસ;
દિલની તબિયત કેહતાં, પૂરી પડશે આશ. ૧
ધીરજને ધરિ રાખવી, નહીં છોડવી લેશ;
શરુઆતે સહુ સોસતાં, કામ થશે ઝટ બેશ. ૨
જેવો જોસ્સો જે સમે, તે લખવો તેવાર;
જોસ્સો કંઇ લખવૂં કંઈ, કાજ ન સધરે ધાર. ૩
જોવી ઝીણી આંખથી, વસ્તૂ ભીતર બ્હાર;
જેણે કરિને થાય છે, ખરેખરૂં ચીતાર. ૪

(ઓખાહરણનો ઢાળ.)

કવિતા તૂંથી થડકતી થાએ,એવૂં કાગળપરથી જણાએ;
કહૂં તેવીષે પણ ચાર, તુંને શીખામણ શુભ યાર. ૧
રખે કાંઇ ઉતાવળ કરતી, રખે મેહેનત કરતાં ડરતી;
આંબા રાયણ ના ફળે બ્હેલાં,કામો કવિતાનાં નવ સ્હેલાં. ૨

(દોહરા.)

જે સાદે ઉતરે તુરત, તેમાં પદ ઊતાર;
ફરી ફરી લખ્યું વાંચતાં, સૂઝે નવા વિચાર. ૧
જેવો અક્ષર બોલવો, લખવો શુદ્ધ સહાય;
લાંબો ટૂંકો વાંચતાં, કાને તે અથડાય. ૨
ધીમે ધીમે વાંચિને, તાળીનો નિમ રાખ;
કવિતા કરતાં રાગને, દિલથી કહાડી નાખ. ૩

ભરણી કરવા શબ્દની, બીજી કવિતા વાંચ;
સમજી જે રસ પી જશે, ઓછી કાડિશ સાચ. ૪
(૨–૧)

સુધરેલનું ડાળ ઘાલનારાઓ વિષે.

(ઓખાહરણનો ઢાળ.)

બહુ કેહેવાએ જે સુધરેલ, માથે ભાર ઘણોજ ધરેલ;
ગર્વ પારાવયકી ઘેરેલ, નહીં દેશ પ્રદેશ ફરેલ. ૧
માન ભારે દબેલજ દીસે, ડાખીનાખશે સહુ જન રીસે;
છે ભારે દબેલ અતીસેં, કેહશે લેશ દબેલ ન મીશે. ૨
કરે વાત તેતો એક દેશી, વ્યર્થ ગપ્પ મારે બહુ બેસી;
મૂઢ મંડળમાં બહુ વેશી, થઇ દાખવતા સહુ ફેસી. ૩
ભણે બ્હાર ન અંતર બોલી,ગણે દીલમાં ચોળી ચોળી;
કહે વાત તો લાંબી પોહોળી, કરે તારે જણાએ પોલી. ૪
મીઠાબોલા વદે મીઠી બોલી, લઈ પેચમાં મારે બોલી;
બાળકૂવે ચતૂરાઈ બોળી, ભોળા ભાવિકને મારે બોળી. ૫
રખે આડૂ લવાઈ જાએ, અને પૂંજી ઉધાડી થાએ;
માટે સમજી ના આગળ ધાએ,જેથી થોડું ઘણું સમજાએ. ૬
જેવી કસબણની છે રીત, રીત તેમની તેવી બચીત;
સાધે સ્વાર્થ પોતાના નીત, ભરમાવી ભોળાનાં ચીત. ૭
કોનું સારૂં સંખાય ન લેશ, બળીએલ અદેખા બ્હેશ;
બ્હોડે મોઢૂં ભણી મારે ઠેશ, એમ ભૂંડૂ કરેજ હમેશ. ૮
કોઈ રસીકતા ના રાખે, શઠ સુંમ થઈ સહુ ચાખે;
બગધૂર્ત થઇ ચાંખ નાખે, બારી રાખી રાખીને ભાખે. ૯
જે વાત નહીં પૂરી જાણે, તેતો શેખી સાથેજ પ્રમાણે;
સહુ શારીરની મોજ માણે, નહિં મંનને કંઇ પણ છાણે. ૧૦
સહુ સુધારાની વાતો બોલે, કરતી વેળા રહે નહીં ઓળે;
કરે તેઓ શું લોહી મોળે ? બ્હીકે ઘરમાં ભાજીઓ મોળે. ૧૧
તાડે ત્રાહીતનેજ ચડાવે, બિજા બેને તો ખૂબ લડાવે;
આપે આધા રહીને કડાવે, નાણાં જોરથી ફાવતે દાવે. ૧૨

સુણે લોકની વાત હજાર, કરી બટકબોલ્યાનો વધાર;
કહે આપની નાજ લગાર, જેનાં કૃત્ય છે તીરની ધાર. ૧૩
ધન માન અધીકારકાજે, પાડે હોકારા બહુ આજે;
સ્વાર્થ સાધ્યા પછી તો લાજે,દીન દુઃખથકી નહિં દાજે. ૧૪
માંહો માંહે સંપે નહીં ચાલે,સારા કોકા સજી કરી ચાલે;
રાખે ઘેર ઘણો પટ ચાળો, આવે ઓળખાઇ ઝટ ચાળો. ૧૫
બુધ્ધીહીણા રચે ગ્રંથ એહા, જેનાં ખુલી ગયાં છે પેટાં;
દીસે કૂદતાં બાળક ઘેટાં, ના જાણે પડીશું હેઠાં. ૧૬
કરે ઉદ્ધતાઇનાં કામ, રૂડું મેળવવા પ્હેલું નામ;
ધન લોભી થઈ આઠ જામ, બકે કરશું સુધારા આમ. ૧૭
વિદ્યા બુધ્ધી વીના બહુ દોડે, વિના શક્તી ઝુંમે ચડે ઘોડે;
જેવા ધીસતણા વર ઘોડે, બને હાવકા તેવા કોડે. ૧૮
વળી ફ્રેસલાવી કામ કહાડે, કરી મૈત્રી રૂડી બહુ લાડે;
ભૂંડું બોલે બહૂ પછવાડે, હડશેલી દીએ પછી ખાડે. ૧૯
મિત્રદ્રોહી કૃતઘ્ની થાએ, લોભી એવા કે નાજ ધરાએ;
થઈ બેવચની ફરી જાએ, મ્હોડે નીતીને ખૂબજ ગાએ. ૨૦
બધ્ધે હૂં હૂં અને હૂંજ શાણો,બધ્ધે ગબડું હૂં ગોળ વટાણો;
મનમેલા ગંધાતા જાણો, પગ આંખે સુધારા નાણો. ૨૧
પૈસાદાર થવૂં સહુ ધારે, તેથી ખૂશામતીઆ ભારે;
પૈસાથીજ સુધારા ધારે, જેમાં આખર તેઓ હારે. ૨૨
ધની લોક તો આળસુ બેસે, ગપ નીંદા બીજાની કેશે;
શૂં બખીલ બકાલો દેશે ?, બીસે હાથ તો રાખી રહેશે. ૨૩
જેઓ અડધા છે સુધરેલ, તે તો કપટના કૂપ ભરેલ;
સર્વ વાતથી હીણા ઠરેલ, વિદ્યા એક અધૂરી કરેલ. ૨૪
નહીં વેર ભાવે કંઈ ભાખૂં, આતો થોડું કહૂં બહુ રાખૂં;
બધી વાતને જો કદી ભાખૂં, ઝાડ થડથીરે કાપી નાખૂં. ૨૫

(૧-૨)

સત્યવિષે.

(દોહરા.)

સત્યદીપકે નાસશે, અંધારૂં અજ્ઞાન;
સાર તત્વ મળિ આવશે,જેથી સૂખ નિદાન. ૧
સત્ય દીપકે સૂઝશે, સેઝે સારાસાર;
સારથકી સંપત વધે, બધે દેશ જયકાર. ૨
સત્યદીપકે મરિજશે, પતંગ રૂપી વ્હેમ;
તમ અજ્ઞાન વળી ખશે, થશે જ્ઞાનથી ક્ષેમ. ૩

(ગીતિ વૃત્ત.)

વર્તે જે કો સત્યે, પામે તે સુખ યશાદિ ઇહિ લોકે;
સદ્વાણી સત્કર્મો, થશેજ એથી સુમુક્તિ પરલોકે. ૧

(છપય વૃત્ત.)

સત્ય આચરો સહૂ, સત્ય પ્રીતનૂં મૂળ છે;
સત્ય આચરો સહૂ, સત્ય સધલે અનુકૂળ છે;
સત્ય આચરો સહૂ, સત્ય અહીં યશયુક્ત છે;
સત્ય આચરો સહૂ, સત્ય પરલોકે મુક્ત છે;
સત્ય વિના પરિણામ માઠા,અસત્ય કદી તારે નહીં;
સારાસાર સમજવા કાજ, બીજૂં શું શોધો કંહીં. ૧

(ઈદ્રવ વૃત્ત.)

જેમ શરદ્ ઋતુ ચંદ્ર દિસે ઉગતો રમણીય નદીતિર સાંજે,
લીટિદિગંત ધિમે રહિ કાપિ ઉપેર ચઢી ગ્રહ શોભિત ગાંજે;
તેમ હમેશ રહેગુણિ સત્યનિ કાંતિ દીપે બહુ સૂમનમાં જે,
જ્ઞાનભણી અજવાળું કરી સુઝદાખવિ દુઃખ અચાનક ભાંજે. ૧

(હુમિલા વૃત્ત.)

વળિ સત્યતણો શિત ચંદ્ર ઠરી, મનરૂપિ ખના સમ મધ્ય વિષે,
જગજ્જળતણા બહુ પાશથકી, છુટકો કરવા રૂડું નેહરશે;
બધિ દૂંનિ પિડા ભવસાગરની, કિરણો શિત હીમથિ ઠારવશે,
વ્યવહાર નિતી ધરમો સહુ ચાંદરણૂં ખિલિ પૂરણ દાખવશે. ૨

(કીરીટ વૃત્ત.)

એ શુભ સત્યપ્રકાશથકી અધ દૂર ખસી મનસ્વચ્છ થશે સહુ,
શ્રી પ્રભુને જિવ પૂર્ણ પવિત્રજ હોઈ સમાધ લઈ ભજશે બહુ;
ભાનુતણા અતિ તેજથકી અણુજાણુપ્રભાત સમે શશિ અસ્તજ,
તેમ ધિમેજ ધિમે પછિ એકદમે હરિમાંહિ સરીસત સ્વસ્થજ. ૩

(૨–૧)

*સલામ.

(પદ.)

સલામ સહુને હાલ, સાહેબો સલામ સહુને હાલ. ટેક.
બોદા મેહેર ને મેહેર તમારી, હશે તો મળશું કાલ. સાહે૦ ૧
રમત ગમતમાં નીતિ શીખતાં, સુધરે નરસી ચાલ. સાહે૦ ૨
આજકાલ તો કાચ લાલ તે, મનાય સાચી લાલ. સાહે૦ ૩
'પગે મણી ને શિરે કાચ પણ, આખર મણિમાં માલ.' સાહે૦ ૪
મદદ આલશો રોજ આમ તો, વધૂ આણુશું તાલ. સાહે૦ ૫
વતી હમારી કહે નર્મદા, ખુશીને આવો ફાલ. સાહે૦ ૬

(૨–૧)

†ઇશ્વરપ્રાર્થના–બ્રંડસંબંધી.

(ભુજંગી વૃત્ત.)

અહો જાગતા દેવ તૂં સ્વામી સાચા, ભિડે હામ ગાવા કયમે બાલવાચા;
કૃપાકારિ ન્યારી અપારી રસાળી, લિલા લાહિ ડાહી સહૂ કીર્તિવાળી. ૧
બહૂ તારિ શક્તી વસે હામ હામે, દયાની કૃતી તો દિસે કામ કામે;
ગુણો બારિ ભેદો વિચારો હજારો, નથી જાણતા માનવી મૂઢ આરો. ૨
શશી સૂર્ય તારા ગ્રહો ધૂમકેતૂ, મહાભારતી કામ છે સાથ હેતૂ;
હવા પ્હાડ ને નીર નાના વિધીનાં, સહૂ જીવ દીસે અનેકી મતીના. ૩
ઘણા ભક્ત તો જાણવે તારિ છાની, ગયા હારિ ને શક્તિને મોટિ માની;
સહૂ પામરે પાળવી તારિ શિક્ષા, ભણી ભક્તિનીતીજ દેવી પરીક્ષા. ૪

* નર્મગીતગાયક મડંલીને વાસ્તે.

† એ પ્રાર્થના ઇસવી સન ૧૮૫૭ ની ૪ થી ઑક્ટોબરે સંવત ૧૯૧૩ ના આશો વદ ૧ વાર રવેહને દીને મામાદેવીમધ્યે વાંચવામાં આવી હતી.

જગન્નાથ તૂં સિંધુ છે નીતિકેરો, કરે નાદ જેવો વળી રાગ ભેરો;
ભયંકાર ગંભીર આશ્ચર્યકારી, કૃતી શોભતી સારતી સૂખ ભારી. ૫
સહૂ સારમાં સાર છે તાહરું નામ, જગાએ જગાએ જપૂં આઠ જામ;
શિખો આપતી સાદિ ગંભીર રૂપે, ખુબી ખાસિ ભાળી લહૂંહૂં અનૂપે. ૬
બહૂ દુઃખની વેળમાં કોઈ નાહીં, સગાં ઈષ્ટ તો મંદને જોય આહીં;
ભરોસે રહી બ્રહ્મને દીન ગાળૂં, દિલાસો ખરો જીવને તૂં કૃપાળૂ. ૭
ઘણૂં શું કહૂં તૂજને જગતરાયા, કહે થોહુ જાણે ઘણૂં તૂં અમાયા;
બહૂ નીતિ ભક્તોતણૂં જ્ઞાન આલ, ભવીપાશથી છોડવી પાસ પાળ. ૮

(પદ–રાગ કારી.)

કૃપાધના સંકટ જાણીને આવ. ટેક.
ભક્ત તારા ગુણ ગાય સદાએ, ધ્યાન ધરી જગરાવ. કૃપા૦ ૧
બંડખોરોએ ત્રાસ પમાડી, કીધો સુખ અટકાવ. કૃપા૦ ૨
ભક્તને કાજે દુરિજન દંડ્યા, જુગ જુગ સાધી દાવ. કૃપા૦ ૩
શેષ વેદ થાક્યા, ગાઈ તૂનેરે, પામરનો શો ટકાવ. કૃપા૦ ૪

(પદ.)

સમરથ દેવા દયા બહુ તારી,
પ્રભૂ તૂં આવને વ્હારે હમારી. ટેક.
જગતના સ્વામી અંતરજામી, કીરત નામી ને ન્યારી;
સંકટ સમયમાં સાહ્ય કરે તૂં, દીલે દયા અતિ ધારી. પ્રભૂ૦ ૧
અભિમાની પાપી દુષ્ટ હરામી, બહુ તેં વિદાર્યા ભારી,
ભક્ત ને રંકનું પાલણ તારણ, કીધૂં તેં વ્હાલ વધારી. પ્રભૂ૦ ૨
હમે પાપી છૈએ શરણ તુજ દેવ, ધર કર ગયા હવે હારી;
સુખકર રાજ અવીચળ કર તૂં, સ્થિરતા સુમતિ દઈ સારી. પ્રભૂ૦ ૩
દુષ્ટ અમર્યાદ બંડખોરોની, વ્હેલી ઉતારી ખુમારી;
જયજયકાર અંગ્રેજી ધજનો, નાદ ભણુવ જઇએ વારી. પ્રભૂ૦ ૪

(દોહરા.)

અંગ્રેજી જહાં રાજ છે, જૂલુમ ના દેખાય;
ઉઘમ ઠામો ઠામ બહુ, ધરણી ધમધમ થાય. ૧

અનેક ધનવંતા ગરિબ, સમન્યાયે તોળાય;
વરુ ને બકરી બે જણાં, પાસ પાસ જોવાય. ૨
ધણું ધન ખેંચાતૂં ફરે, વિદ્યા નિતિનૂં માન;
રાંક નેન રાયે ઠરે, પરસ્પરે સુખતાન. ૩
દેશબઢતિને કારણે, નિત્ય સાધનો થાય;
પ્રજા સરવ સુખથી રહે, કારણ એ જોવાય. ૪
અંગ્રેજી જહાં રાજ ત્હાં, સરે સંપ સુખ જોય;
ભાઈબંધની પ્રીતડી, રાય રંકમાં હોય. ૫
અહા દયાળૂ રાજને, સંકટ આ શી પેર;
સંકટ મોટૂં જાણિને, હરિ વળ ખ્હારે ખ્હેલ. ૧
વિનતિ હમારી માનિને, સાહ્ય તું થા જગબાપ;
રાજ્યનું રક્ષણ કર સદા, દંડ દુષ્ટને આપ. ૨
બંડદગાને દાબિને, શાંતિ દેશમોઝાર;
દીનદયાળૂ નાથ કર, સંપ રહે સહુ સાર. ૩

(ચોપાઇ.)

જે ભગત કિરપા હરિ જોય, તેને કંઇ નહિં ઊણું હોય,
મસ્તક તુજ ખોળે કિરતાર, કર સુખ–સંકટને નીવાર. ૧

(ઓવી.)

સર્વજ્ઞ એવો પ્રભુ એક, ભક્તને આપેછે સુખ;
તેમ રાજા પ્રજાપાળક, નથી એ સરખો અવર. ૧
રાજા મોટો નીતીમાન, કોઇ નહીં એના સમાન;
માટે ઇશ દેઈ કાન, જય જય કર સર્વદા. ૨

(દોહરા.)

ભક્તીઅર્થે એકઠા, થયા સર્વ આ હામ;
સંકટ વિઘ્ન ન કોઇને, ભજિયે જગપતિ નામ. ૧
ઉતપનકરતા સૃષ્ટિનો, પાળક નાશકરંત;
સમરથ દેવા સાહ્ય થા, કલ્પતરૂ તું ફળંત. ૨

(ભુજંગી વૃત્ત.)

દયાસાગરા માનિ લેરે હમારી, વિનંતી બહૂ સ્વલ્પ જે ભાવવાળી;
તજી રીસ ભક્તોનિ સંભાળ લેને, કરે માત જે રીતથી બાળકોને. ૧
ખળો નાશકર્તા અને સાધુપાળા, મિઠી દૃષ્ટિથી બાળકો જે તું વ્હાલાં;
બહૂ હેતથી શર્ણું આવ્યા હમોરે, સહૂ રીતનાં આલજે રક્ષણોરે. ૨

(ગીતિ વૃત્ત.)

આ રાજાને સર્વે, માને રાજા બિજા બહૂ નામી;
કીર્તી દેશ વિદેશે, ગાજી રહિછે ધણીજ રુડિ રામી. ૧
શૂર દયા તે કરવે, શોભે ગૂણે બહૂ કરણરાજા;
રાજા ધિર ગંભીરો, જયજય કર હરિ વધાવિયે લાજા. ૨
ભક્તનિ સંકટ વેળા, ભગત તરફનો સદાય તૂં દેવા;
વ્હેલો આવનિ આંહી, સ્ત્રી બાળક સહુ ઉગારિ રે દેવા. ૩
રાજ્ય રહે રાણીનૂં, સદૈવ કેહ બાળ ને તરુણ વૃદ્ધ;
વર માગેછે એવો, પ્રારથના કરિ હરીતણી સિદ્ધ. ૪
હે પ્રભુ દીન દયાળૂ, આ રાજાને ઘણા યશો હોય;
દીન વિનંતી માને, સંકટ નાવે ફરી કદી કોય. ૫

(લલિત વૃત્ત.)

હિણ પુરૂષ તે હેતુ ના લહે, મુરખ ઝૂમમાં રહું ના સહે;
સુધરવૂં નહીં તેમને ગમે, અવરને વળી મારથી દમે. ૧
સલુક સંપ ને સ્થીરતા ભલી, લુણહરામિને હુલ્લડે પળી;
દિનદયાળ તૂં પુણ્યનૂં પણ, સહુ કુયત્ન તે ઝટ તૂં હણ. ૨
ફરિથિ સ્વસ્થતા વ્હેલિ આણરે, સરવ જંતનાં દુઃખ જાણરે;
વિઘન સર્વને હાંકિ દે દુર, રૈયત લોકને ઝંપતા કર. ૩
કરમ રહું જે સૂબરાઇનૂં, કર તું પાછુંરે જારિ ચાલતૂં;
દગલબાજને શાસનો કરી, વિજય દે તું અંગ્રેજને ફરી. ૪
નરમ પ્રાર્થના દીલમાં ધરી, જલદિ આવિને સાદ્ય થા હરી;
ગજવ ચો દિશે આજ રાજની, જય જયો જયંકારની ધ્વની. ૫

(૧–૨)

* ઇંધરનું સ્તવન–બંડસંબંધી.

(સોરઠા.)

જય જય જય જગદીશ, વીષ વશા સંપૂર્ણ અહ;
બહુજ પડાવી ચીશ, રીશ તજાવી દુષ્ટની. ૧
જગતનાથ હરિ રામ, નામજ સાચું તાહરૂં;
જપિયે આઠે જામ, કામ કરીયે પાર સહૂ. ૨
નિષ્કલંક સજિ ભકિત, શકિત ગાઈ તે સાંભળી;
કીધા તેં પ્રભુ મુકત, બંડખોરના ત્રાસથી. ૩

(પદ–રાગ સોરઠ.)

રે જગદેવા, સાહમૂં જોયૂં. ટેક.
કાજ કરંતો સમરથ વાલી, તુજ સમોવડ નોતો. રે જ૦ ૧
જીવ્યાની આશા મેહલી સહૂયે, કાળ તે તાકી જોતો. રે જ૦ ૨
બાવરાં બનીને ભટકી કેહેતાં, ઊપાયો કોઇ ગોતો. રે જ૦ ૩
ગોતતાં ગોત્યૂં ભજનજ જેણે, કાળને કાહડયો રોતો. રે જ૦ ૪

(લલિત વૃત્ત.)

અસુર ત્રાસથી તૂં મુકાવવા, વિનતિ સાંભળી રંક પાળવા;
જલદિ આસરો રાણિને દિધો, પછિ સુરૈયતે સંપને પિધો. ૧
સકળ કામમાં ચિત્ત નોહતૂં, કુધિર લોકનૂં તો બળી જતૂં;
કલકલાણ તો ખૂબ રે થતૂં, ભિતરમાં નહીં બ્હાર દોડતૂં. ૨
ગરિબ સામું રે જોયું દેવ તેં, મરણથી સહૂ મૂકવ્યાજ તેં;
ધણિજ મોંઘવારી હતી અરે, ફરિથિ સોંઘવારી કરી ખરે. ૩
સરવ કાર્ય જે સૂધરાઇનૂં, શિરુ થયૂં ખરૂં રૂડિ રીતનૂં;
સકળ વિઘ્ન જે દેશને નડે, હણિ કરી કિધૂં કોઈ ના લડે. ૪
બહુ બની હતી બાવરી વળી, રૈયત બાપડી સદગુણી ભલી;
(તોપણ) શરિર સાહ્યતા આપિ કોઇયે, ધનતણી ધણી જેનિ જોઇયે. ૫

---

* એ સ્તવન મામાદેવીમાં વાંચવાસારૂ રાજમાન્ય રાજશ્રી જગન્નાથ શંકરશેઠની વિનંતિ ઉપરથી બનાવવામાં આવ્યું હતું તે તા૦ ૨૮ મી જુલાઇ સને ૧૮૫૯ (૫૮)ને દીને ત્રણ કલાકે મામાદેવીમાં દવે લાલશંકર પુરુષોત્તમે વાંચ્યું હતું.

વિનતિ તાહરી જે હમે કિધી,બહુ અનાથની ઝીલિ તેં લિધી;
અહરનીશ રે માગતા વર, તરત આપતો તેં કસ્યો કર. ૬
જય કસ્યો કુડો ઇંગિલશો તણો, નહિં વળાયરે પાડ તે ઘણો;
ગજવિ હાક તે રાણિની ખરી, ફરિથિ ચો દિશે ધન્યરે હરી. ૭

(ગીતિ વૃત્ત).

હે પ્રભુ શું ગુણ ગાવા, ઉદાર મનથી ઘણી ગરજ સારી;
રાણીનો જય કીધો, ચોળી નાંખી સહજ અરિ કસારી. ૧
દિનહિનના પ્રતિપાળૂ, સ્થિરતા સઘળે ફરીથકિ પસારી;
બળતામાં તેં પાઈ, હમને શીતળ સુધા ગળી સારી. ૨
બંડકરૂ મદમાતા, તાતા જેના સ્વભાવ તો ભારી;
મારિ કસ્યા ચકચૂરા, હમે અનાથો થયાજ આભારી. ૩
માન્ય વિનંતિ કરી તેં, ભૂલ્યો નહિં પણ તું રાખિ સંભારી;
ઠોકયા કટાક્ષ લટ્ઠે, લહા જહા હતા બહુ સભારી. ૪
થઈ હરિ પ્રસાદ શકતી, રાણીઃળબળતણી સુસહચારી;
થકવિ હરાવિ નસાડી, બંડકરને છુંધા દુરાચારી. ૫
લૂણહરામી બંડો, કીધાથી જે થયા ખરે ખર તે;
સંહાર્યા હરિ દુષ્ટો, કીધી હમપર દયા ખરેખર તેં. ૬
રાણી વિજયી કીધી, સુખસાતા તે પ્રજા-સરવ જનમાં;
પાડ ન કાં તોળીયે, ભજનમનનનાં ગજાસર વજનમાં. ૭

(ભુજંગી વૃત્ત.)

હરે હે હરે હે હરે હે હરે રે, સહૂ લોક કહેતા અનાથો ખરે રે;
પ્રભૂ કેમ થાશે હવે રે અરે રે, હમે શર્ણ છૈયે તુને રે હરે રે. ૧
સુણી પ્રાર્થના દાઝ તેં જાણિને રે, ઝિંતાડી દયાળૂ કુડી રાણિને રે,
કિધાં કાજ તેની સ્તુતી ગાઇયે રે, પ્રભૂ ઊપકારો ઘણા માંનિયે રે. ૨
હિરણ્યાક્ષ શંખાસુરો કંસ માર્યા, હરામી મધૂકૈટભોને પછાડ્યા;
વળી ચંડ મુંડો અને કુંભકર્ણ, શિશૂપાળ ચાણૂર જે નીચ વર્ણ. ૩
બહૂ ભગત અક્રૂર ને અંબરીષ, ગયોરે તું પ્રલ્હાદ વ્હારેજ ઈશ;
સુદામા અને દ્રૌપદી સામું જોયૂં, પછી દુષ્ટ દુર્યોધને પોત ખોયૂં. ૪

કરે ભક્તનાં કાર્ય તૂં ઊલટે રે, કૃપાસંધુ લેશે નહીં તૂં લટે રે;
વિના તૂં નહીં શત્રુ સંખ્યા ઘટે રે, વિના તૂં નહીં દીલ દુઃખો મટે રે. ૫

(દોહરા.)

જય જય જય તૂં બ્રહ્મ એ, જગના રે વિશ્રામ;
સહુ સમરથ સરવજ્ઞ છે, ભિડભંજન તુજ નામ. ૧
હવે એટલું માગિયે, ખરા ભાવથી જાણુ;
નિર્વિઘ્ને રાણી કરે, રાજ રૂડું નિર્વાણુ. ૨
યશની આણુ ફરે ઘણી, જ્યારે રૈયત રાજિ;
તેવી અક્ષય કીર્તિ સહુ, રહે સર્વથા ગાજિ. ૩
દેશતણી સંપત વધે, વધે પ્રજાનાં નૂર;
ધમ ધમ ઉધમ તો કરે, કરે કર્મ સહુ શૂર. ૪
વિદ્યા હુન્નર તો વધે, વધે નીતિનાં જ્ઞાન;
સતસુખ શોધો સહુ કરે, કરે બ્રહ્મનાં ગાન. ૫

(૨-૧)

---

* ઇશ્વરસ્તુતિ–બંડ સંબંધી.

(ગીતિ વૃત્ત.)

આહા વિશ્વજનક હરિ, અરિને માર્યા કરવાજ સરતા તે;
જોવે અનાથ આંખે, કાંકે પણ ના કરી કસર તાતે. ૧
તારૂં કામજ એ જો, દુષ્ટ હણીને ઉગારવા રંક;
વંકાયા વણ કાંઇ, વ્હારે આવ્યો પ્રભૂ તું નિઃશંક. ૨
તત્પર હરી નિરંતર, દિન આર્જવ તે કર્યા અહહ માન્ય;
જ્યારે જાતે આવ્યો, લાભો થાશે હવે અસામાન્ય. ૩
ગજબ થયો જે મોટો, જિવમાત્રોનો ઘણો ઘણો નાશ;
વધતો જાતજ તે રે, અટકાવ્યો તેં ખરેજ અવિનાશ. ૪
રંકભણી તેં જોયું, અનાથજનની લિધી સુસંભાળ;
એ ઉપકાર જ મોટો, હણ્યો હરીયે ભુંડોજ દુષ્કાળ. ૫

---

*આ સ્તુતિ ડાકટર ભાઉ દાજીના ઘરમાં વાંચવા સારૂ બનાવવામાં આવી હતી તાંહાં એ તથા મામાદેવીમાં વાંચવાસારૂ બનાવેલું સ્તવન વાંચી સંભળાવ્યામાં આવ્યાં હતાં.

થાતી દેશ ખરાબી, તેથી તેં હરિ ઉગારિ રે લીધા;
ઇંગ્લિશ જય હોવાથી, સ્થિરતાનદ્રિજળ હમે કુડાં પીધાં. ૬
બંડ દગા છળ દાખી, સંકટકટક જ કર્યું સકળ ચૂર;
સૂધારાને નડતાં, વિઘ્નો સઘળાં કર્યાં વળી દૂર. ૭
એ સઘળાંને સારૂ, તારો મોટો હમપર ઉપકાર;
વિનતિ હવે છે એ કે, દેશ બઢતિ તે કરવિ જરૂર ધાર. ૮

(ચામર વૃત્ત.)

સર્વની વિનંતિ દીન સૂણુ ભક્તવત્સલ,
ભૂલિ રે ગયાજ વાટ દેખતા નથી ફળ;
કામમાંથિ લાવિ વેળ સામું જો પ્રભૂ પળ,
દેશમાંહિ ફેરવાવ રે સુસંપની હળ. ૧
બુદ્ધિ દે તું રાણિને દયાથિ રાજ કે કરે,
જેથિ રૈયતો સહૂ સુરાજભક્તિ આદરે;
એકમેકની વધેજ પ્રીતિ તે પરસ્પરે,
ઉદ્યમો વધે અને સ્વદેશકોશને ભરે. ૨
હુંનરો હજારના સુલાભ દેશિયે જમે,
દુર્ગુણી કુવાટમાંહિ લેશ કોઇ ના ભમે;
સિદ્ધ ને રસાયની પદાર્થ અર્થમાં લિયે,
કાવ્યશાસ્ત્રના રસો ઘણીજ હાંસથી પિયે. ૩
નીતિ ને સ્વધર્મપક્ષ રોજ રાખિ તે રહે,
પાસ નિર્મળાં અનેક સૂખસાધનો લહે;
બ્રહ્મ તૂજ પાસ એટલોજ માગિયે વર,;
આપ તે પ્રસન્નતાથિ ઝાલિ દીનના કર. ૪

(દોહરા.)

રે બ્રહ્મ જગનાથ તૂં, રિદ્ધિસિદ્ધિના સ્વામિ,
દીન ઊપર કરતો દયા, સઘળે અંતરજ્ઞામિ. ૧
કીધેલા ઉપકાર તે, કયમ ભુલિયે જગબાપ,
પાપ તણી માફી કરી, મનવાંછિત વર આપ. ૨

રાણી રાજ્ય કરો બહૂ. પસરો અક્ષય કીર્તિ,
રાયરંકની નિત વધો, સુખદ પરસ્પર પ્રીતિ. ૩
દ્વિવેદિ નર્મદશંકરે, કર્યૂં સ્તવન આ હાર,
શ્રોતા સહુ જન બ્રહ્મનો, બોલો જયજયકાર. ૪

(પદ.)

જગકર દેવા નામ રસાળ, માનીજ સેવા દીનદયાળ. ટેક.
ભય મોટું જોઇ પ્રજા તે રોઇ, શત્રુની સેના કીધી તે જોઈ. જગ૦ ૧
તું સર્વજ્ઞ એક,ખીજ્યો છેક,તજવ્યો તેં વ્હેલ શત્રુનો ટેક. જગ૦ ૨
બગડયો આચાર,નોતો આધાર,ખરે ખર કીધો મોટ ઊપકાર. જગ૦ ૩

(હરિગીત વૃત્ત.)

બાળ કુમળાં રત્ન જેવાં, ફેંકિ દીધાં ચીરિરે;
જોઈ રહે માબાપ ટકટક, દાંત દુઃખે પીસિરે. ૧
નારિ નાજુક રૂડિ સુંદર, ગોંધિ ખુણમાં મૂકિરે;
કતલ કરિ તલવાર બેયેાનેટથી ઓ સૂકિરે. ૨
અંગના કરિ ચુરેચૂરા, કૂપમાં તે પૂરિરે;
એ રિતે હિણ મોતથી મુઈ, શીલ રહાણી શૂરિરે. ૩
રુધિરનદિયેા ભારિ વ્હે ને, માંસ હાડેા હેાડિરે;
હાંકવામાં ખૂનિયેા સહુ, મ્હેાટિ માને ગેાડિરે. ૪
કુમળિ જાતી જુલુમ વેઠે,આંખ કયમ રહે જોઇરે;
કુમળિ છાતી ફાટિ જાતી, ત્રાહ્ય ત્રાહ્યજ બેાલિરે. ૫
પ્રજા સઘળી નિરપરાધી, કીધિ તુરમાં ઝાંખિરે;
બ્હીક બહુ વરસાવિ કેદીબેડિ તેાડી નાખિરે. ૬
આજ અહાં ને કાલ ત્હાં ખુમ એમ બદ્દે ભારિરે;
મારકુટ ને લૂટફાટો, થાય હરઘડિ જારિરે. ૭
ચળકતાં પાકેલ ખેતર, નગર ગંમતકારિરે;
કેાટ કિલ્લા બહુ વિશાળેા, હવેલી સુઅટારિરે. ૮
એ સહૂ કરિ ભૂ બરેાબર, બાળિ તેાડી ભાંગિરે;
સહૂ જિવ ને જિવનગાળા, ન ખાતરમાં કાંઇરે. ૯

નહિ કોઈ કોઈનું નહિં, પુત્ર જોય ન જીનિરે;
ભાંડુસહ માબાપ રઝળે, સૂત્ર વંઠે ખીનિરે. ૧૦
જુલમ બહુ વરસી રહ્યો ને, જનો ઊંચાં જોઇરે;
કેમ જિવિયે કાંહ જઈયે, વદે હુસકે રોઇરે. ૧૧
દૈત્ય પૂર્વે હતા તે ફરિ, અવતર્યા શું આંહિરે; ?
કર્મ ખુનિનાં ન વર્ણાય ન મળે જોડો કાંહિરે. ૧૨
દુષ્ટ પાપી દૈત્ય સહુથી, કોણ લે ઊગારિરે;
હામ ભીડે ઇંદ્ર રાજા, એકલો શું વિચારિરે ? ૧૩
બ્રહ્મ વિનવ્યો પ્રજા દેવે, ઇંદ્રને થા સાહિરે;
દયાસિંધૂ સુણિ તું આવ્યો, વ્હેલ વ્હારે ધાઇરે. ૧૪
બંડખોરતણો કર્યો ક્ષય, પકડિ લૂલી બાંહિરે;
રંકનૂં તેં કર્યૂં રક્ષણ, પાર મ્હોટો આંહિરે. ૧૫

(૨–૨)

*ઈશ્વરસ્તુતિ.

(ગરબી.)

ચલો ચિંતન કરિયે આજ, વિશ્વેશ્વરતણું રે
રાખીછે એણે લાજ, હતું સંકટ ઘણું રે. ચલો૦ ૧
વળિ ઘણા જણે તે પાસ, બહુ બહુ બળિયે રે
નાખ્યો તો ભૂંડો પાશ, છુંદવા તળિયે રે. ચલો૦ ૨
ન એ વ્હારે આવ્યો હોત, આફત પડતેરે
સુધારો ખૂણે રોત, રોગે સડતે રે. ચલો૦ ૩
ન એ વ્હારે આવ્યો હોત, રિપુ દુખ દેતેરે
સુધારો ખોઇ પોત, ખૂણે રેહેતે રે. ચલો૦ ૪
પણ સત્યવાત શુભકાજ, હરિને ગમતાં રે
તેથી તેણે લાજ, રાખી રમતાં રે. ચલો૦ ૫
શત્રૂને શિક્ષા ક્રોધ, હાક વગાડી રે
લુચ્ચાઈ ચાંપી દીધ, પડદો ફાડી રે. ચલો૦ ૬

* બાટિયા કંસ્પિરસી કેસમાં સુધારાવાળાની ફતેહ થઈ તે ઉપરથી.

હવે જ્ઞાતિ તણો તો દોર, તૂટયો ઝાઝો રે
કોઈ નહિં કરશે કહોર, આપણિ સાંમો રે. ચલો૰ ૭
હવે સમજી જ્ઞાતી જંન, ડગલૂં ભરશે રે
પ્રંદો બીહીને મંન, કદિ ના રચશે રે. ચલો૰ ૮
નથિ પુલાઈ જવાનૂં કામ, ભાઇઓ કમજોરે
અભિમાન મુકાવે રામ, સહુનૂં સમજોરે. ચલો૰ ૯
સહુ સોંપી તેને હાથ, સત્યને કાજેરે
કરિયે મેહેનત દિન રાત, તો સહુ છાજેરે. ચલો૰ ૧૦
માટે બોલો જેજેકાર, હરીનો આજેરે
અજ્ઞાન ખસે ઝટ બ્હાર, સુધારો ગાજેરે. ચલો૰ ૧૧
(૩-૧)

ઈશ્વરસ્તુતિ અને લાઇબ્રેલ કેસના આગેવાનો.

(પદ–રાગ કલ્યાણ.)

ઓ ધ્રુવરાજ–કેમ પાડ વાળીશું રે, ઓ ધ્રુવરાજ. ટેક.
નિરવિઘને તેં પાર ઉતાર્યું, સીંધુમાંથી રૂડું ઝાઝ. કે૰ ૧
તોફાનમાં બહૂ દુર ખડકોથી રાખી રાખી ઘણી લાજ. કે૰ ૨
દુષ્ટ ભુંડો પૂરો ડુબાડયો તેં, ચાંચિયો તે મહારાજ. કે૰ ૩
ન્યાય કર્યો ખરો સુધારાની જાણી પ્રભુ બહુ દાજ. કે૰ ૪

(ઓખાહરણનો ઢાળ.)

પત્ર વગર પલાશ[1] શીઆળે, રે પ્રવાસી બપોરે હુનાળે;
ફૂલ કમળનું તે ચોમાસે, પ્રાણ ઘૂંટાયો નીરાશે. ૧
વીમા વગરનું વ્હાણ તોફાને, બકરૂં આરડે સિંહને રાને;
નૃપ સૈન્યવના સંગ્રામે, હરિ વિના કેમે આવે હામે. ૨
શ્રમનો બદલો આપ્યો વાળી, થયો આગેવાન તે[2] વાલી;
કૃષ્ણદાસને[3] લીધો સંભાળી; પ્રતિનીધી સુધારાનો ભાળી. ૩
તેને હિંમત પ્રેરણા કીધી, રૂડા સાથીની મદદજ દીધી;
જેથી સહુએ સુકીરતી પીધી, નાખી ભૂંડી અનીતી વીંધી. ૪

---

૧ બાબરનું ઝાડ. ૨ ઇશ્વર. ૩ કરસનદાસ મુલજી.

લક્ષ્મીદાસ મથુરાદાસ, ભાઉ ધીરજરામ એ ખાસ;
એક બીજો અને **કૃષ્ણદાસ**[૪], એ તો મીર ખરા સાબાશ. ૫
(વળી) કોકે દ્રવ્યે મદદ કીધી પૂરી, કોકે સાક્ષી જુક્તીસર પૂરી;
કોકે દેવની પ્રાર્થના કીધી, કોકે જાહેરલેખણી લીધી. ૬
પ્રભુ પાડ વળાશે ન મોટો, બુદ્ધિ શબ્દનો છે ઘણો તોટો;
માર્યો શત્રુ શિરે બુબ સોટો, હુતો ડાંડગો જે વળી લોંઠો. ૭
હરિ તેં રંકનાં સામૂં જોયું, જેથી વિશ્વ સંઘું બહુ મોહ્યું;
કીધો પાખંડ ખંડિત પૂરો, યશ તારો પછી શેં અધૂરો? ૮

વાલકેશ્વર; તા૦ ૧૩ મી જુલાઈ ૧૮૬૨. (૨–૧)

સુધારાની ફતેહ.

(ગરબી.)

જે જે જે થયો તે આજ સુધારાતણો જો;
ખે ખે ખે થયો તે આજ વલ્લભમત્તનો જો—જે૦ ૧
સૂરજ તાપતો થયો તે સુધારાતણો જો;
ચંદ્ર અસ્ત થયો છેક વલ્લભમત્તનો જો—જે૦ ૨
ચડવા માંડયું પાણી આજ સુધારાતણું જો;
ભરાઈચૂકાં પાણી છેક વલ્લભમત્તને જો—જે૦ ૩
ધજા ફરફરે સુધારાકેરી ચઢી જો;
વલ્લભમત્તની તો છેક તૂટીપડી જો—જે૦ ૪
ગડગડ ગર્જના થઇ તે સુધારાતણી જો;
ખડીયા ખડખડ ગઈ તે વલ્લભમત્તની જો—જે૦ ૫
સુધારાતણો તે પાયો નખાઈ રહ્યો જો;
વલ્લભમત્તનો તો છેક ખોદાઈ ગયો જો—જે૦ ૬
ડંકો વાગ્યો આજ ખૂબ સુધારાતણો જો;
ધડો ફૂટી ગયો કપ વલ્લભમત્તનો જો—જે૦ ૭
જગતનાથ સુધારાતણી રક્ષા કરે જો;
કરી નાખી વલ્લભમત્તની રક્ષા ખરે જો—જે૦ ૮

---

૪ કરસનદાસ માધવદાસ.

અઢાર* ચૈત્રવદી નોમ વાર મંગળે જો;
બાસટ† એપરેલની બાવિસમિએ જો—જો૦ ૯
(૨–૨)

લાલજીનાં ભોપાળાં.

(ચાબકા.)

સાહે સતી સ્ત્રીયેાના સાળૂ રે,
નીકળ્યૂં લાલજીનૂં ભોપાળૂં. ટેક.
રૂડી નારીને ભીતર બોલાવી, ભોળવે થઈ માયાળૂ;
જેમ સાધે તેમ પાપી પરાણે, ભાંજેજ વ્રતનૂં તાળૂં રે. ની૦ ૧
રાધાકીસનનાં જ્હાનાં બતાવી,જ્ઞરૂં રમેછે કાલૂં;
માયામઝામાં મચીરહ્યા છે, નીતી તે શી ભાળૂં રે. ની૦ ૨
ધર્મગુરૂ થઈ કર્મ બાંધે તે, શેના રે હોય દયાળૂ;
બુદ્ધી કેહેછે સેવો ન લોકો, ધર્મઠગો કરે કાળૂં રે. ની૦ ૩
(૨–૨)

જોઇને ચેલીતણૂં મુખ રૂડૂં રે,
કીધૂં લાલજીએ બહુ કૂડૂં. ટેક.
સ્નાનથકી દેહશુદ્ધી કરીને, સંધ્યાપુન્નમાં બેશે;
દરશનનું ટાણૂં ગાળે નહીં તે, તાકે ત્રીયા બગવેશે રે. કી૦ ૧
ગુરૂચાડાંને ચેલી નિહાળી, ત્રુડો કનૈયો કહેશે;
સાને સમજીને જશે ભીતર તો, પાછળ પોતે પેશે રે. કી૦ ૨
તન મન ધનને લૂટે જમે ને, મૂકે ન બાકી લેશે;
બુદ્ધી કેહેછે હીણા ગુરૂ કાં, આપ્યા તેં પરમેશે રે. કી૦ ૩
(૨–૨)

લાલજી દુઃખોને ના ટાળે રે,
તે તો પૂરાજ પાપી આળે. ટેક.
સન્યાસી થઇ ગૃહસ્થ થયો મૂળ,મૂકાયો નાત બ્હારે;
નાતીલા ફીટ ફીટ કરી કેહેતા,ગોંસઈ ગોંસઈ તારે રે. તે૦ ૧

* સંવત ૧૯૧૮. † સને ૧૮૬૨.

ગોંસઈનું મ્હેણું ભુલાવી દેવા, ગોસ્વામી પદ ધારે;
લોભી મદીએ જુદાં ચલાવ્યાં, ભોળામાં મત ભારે રે. તે૦ ૨
પઈસાવાળાને પાસે બેસાડે, નસાડે નિરધન બારે;
ખુદ્દી કેહેછે ધક્કાધક્કીમાં, સતીતણું વ્રત હારે રે. તે૦ ૩
(૧-૨)

આવે લાલજી તો ધામધૂમે રે,
ભોળાં ચેલા ચેલી ઘૂમે. ટેક.
સદગુરૂ સન્યાસી આવે નગરમાં, ઠામો નહિં કહિં પામે;
લાલજીકેરે સામૈયે જવા, ઘેર ઘેર ઉદ્યમ જામેરે. ભો૦ ૧
બાળકને રોતાં મ્હેલી સ્ત્રીઓ સહુ, રગડોલાય ઠામ ઠામે;
લાલજીકારણ કો, યારોકારણ કો, હોકારા સામસામે રે, ભો૦ ૨
લોભી ગુરૂપર રાખે લલૂતા, ભવ પીડા નવ વામે;
ખુદ્દી કેહેછે સેવો નીતીને, એણે જવું હરી ધામે રે. ભો૦ ૩
(૨-૧)

---

* તેના ધોતીઆં લેવાયાં ભાઈ રે,
હવે ઝહાં નાસી ભરાશે ધાઈ. ટેક.
લાડૂ લુટાતો હતો તે લાલો, કચેરી ચૌટે ચાલ્યો;
પોતે લૂટાયો ભરયા ચૌટામાં, સાથીએ હાથ ન ઝાલ્યોરે. હવે૦ ૧
તન મન ધન ખુબ લૂટયાંતાં તેણે, તન મન ધન નિજ ખોયું;
તિરસકારને તીરે ટૂંપાતાં, રડીને નીચે જોયું રે. હવે૦ ૨
સહુથી મોટી રૂડી પ્રતિષ્ઠા, લુટાવી સેજે દીધી;
અબળાને દમતો સબળોપછાડયો,શિક્ષા શ્રીકૃષ્ણે કીધીરે. હવે૦ ૩
(૩-૧)

(ગરબી.)

આવ્યો આવ્યો રે સુરતીલાલ, મુંબઈ ઠગવાને;
લાવ્યો લાવ્યો રે સુરતી ચાલ, ગજવું ભરવાને. ટેક.
સુરતીલાલો એમ લવે છે, પથ્થરને શું પૂજો રે;
મૂને કાં ના ઈશ્વર માનો, હું જ પ્રભૂ નહીં દૂજો. મું૦ ૧

---

*એ અને નીચલી ગરબી એક સુરતી લાલાને વિષે છે.

મૂળપુરૂષનૂં નામજ બોળ્યું, ધણૂં રમીને જાડું રે;
સેવક વહુ બેટીને બાઝે, લાલ બની કરે કાળૂં. મું૰ ૨
પોતે ના સમજે કંઇ શાસ્તર, તોપણ કે હૂં સમજૂં રે;
ભોળાને ભોંસી બીવડાવે, જેનૂં કાંઇ ન ગજૂં. મું૰ ૩
અજ્ઞાનીની આગળ છાંટે, હૂં વરસાદો આણૂં રે;
કછ માંડવીમાં સુકાળ કરવૂં, જો દો મૂને નાણૂં. મું૰ ૪
વળી સુથ માંડી જુગાર ખેલવે, મણા નહીં ઊપદેશે રે;
કીઆં શાસ્ત્રમાં એમ કહ્યું છે, જમ તો ઊના દેશે. મું૰ ૫
સહુને તે સમજાવેછે કે, હૂં તો લંગોટબંધ રે;
પણ ભૂલી તે ગયો હશેરે, કૂડો કામે અંધ. મું૰ ૬
ચંદરવાસી કરીને કાહાડયો, માંડવીમાંથી બાહાર રે;
ધીક પડો એવા લાલાને, મારો ખૂબજ માર. મું૰ ૭

(૩-૧)

* વાયવ્ય પ્રાંતમાં પડેલા દુકાળ સંબંધી મુંબઇના લોકનેવિનંતિ.

(દોહરા.)

ધરમ ધુરંધર સકલ જન, ભિડભંજન શ્રીમાન;
કલકલતાં મરનારને, આપો જીવતદાન. ૧
ઉત્તર પશ્ચિમ મુલખપર, રહ્યું છે અસમાન;
જુલમ જુલમ વરસી રહ્યો, આપો જીવતદાન. ૨
તીસ લાખ ભૂખે મરે, સુવું શૂં સુણિને કાન?
ધિઃક થવૂં શઠ જિવ છતે, આપો જીવતદાન. ૩
બાપો વેચે છોકરાં, ના દેખાયે નાન;
માણસમાંસ ખપે ધણૂં, આપો જીવતદાન. ૪
થાયે નાસાનાસ ને જાયે જનના જાન;
દીનહીનને જોઇને, આપો જીવતદાન. ૫
અબળા બાળક ટળવળે, કપાય તે બેભાન;
દયાળુ સરવે શેઠિયા, આપો જીવતદાન. ૬

* એ અરજી ડાકટર ભાઉ દાજીની વિનંતિ ઉપરથી તા૰ ૨૯મી જનેવારી ૧૮૬૧ એ બનાવી આપવામાં આવી હતી.

અંગ્રેજો નહિ જાત પણ, દે દખણા મુકિ માન;
દેશ જાત છે આપણાં, આપો જીવતદાન. ૭
ભરતામાં ભરતો રખે, એમ કહે ભગવાન;
અરજુન દેજે પિડિતને, આપો જીવતદાન. ૮
રીબાતાં ખાતાં કરો, દાન ન દયા સમાન;
ચડતિ પડતિ સહુની ખરી, આપો જીવતદાન. ૯
ઈશ્વર તમતણિ આ સમે, સમજો ચતુર સુજાન;
કસી જુવે ઊદારતા, આપો જીવતદાન. ૧૦
જાત જાત ને દેશનૂં, ધરમી શુભ અભિમાન;
રાખો તો ઊમંગથી, આપો જીવતદાન. ૧૧
ઉગારવા મરતાં ભુખે, કરો રંક સનમાન;
આવી આજ સભાવિષે, આપો જીવતદાન. ૧૨
નર્મદશંકર પ્રરિ કહે, અરજી ધરવી કાન;
લેખણ નવ અચકાવવી, આપો જીવતદાન. ૧૩

——— (૨–૧)

ઇશ્વરપ્રાર્થના અને શેઠીયાઓને સૂચના. †

(પદ–રાગ કાફી.)

પ્રભુ દીનાનાથ દયાળ રે, પાડયા ખરે અંતેએ પાર તેં
પ્રભુ દીનાનાથ દયાળ—ટેક.
દરિદ્રતાની રેલતાણમાં, તણઈ ગયા નાચાર રે
પાડયા ખરે અંતેએ પાર તેં. પ્ર૦ ૧
થાકી બેઠા જઇ તળીએ પૂરા, નહિજ કોનો આધાર રે
પાડયા ખરે અંતેએ પાર તેં. પ્ર૦ ૨
ટહાડું[૧] જાડું જળ ડાબે ધણું ને, ઊંચું[૨] થતાં લાગે વાર રે
પાડયા ખરે અંતેએ પાર તેં. પ્ર૦ ૩

---

† એ તા૦ ૩જી સપટેંબર ૧૮૬૩એ, રા૦ ભોગીલાલ પ્રાણવલ્લભદાસને મળવાસારૂ સા. વીરચંદ દીપચંદે વરલીમાં ભેગી કરેલી મોટી પારટીમાં–ત્રણસેંથી વધારે ગૃહસ્થોની બેઠકમાં ગાવામાં આવી હતી. ૧ રેલનું પાણી ટહાડું અને રગડો હોયછે. ૨ નીચે ગયલાં અશકત માણસને તરતાં આવડતું હોય તોપણ ઊંચે

તારી ઇચ્છાએ સ્વપ્ન પ્રમાણે, ઝટ તરી આવ્યા હાર[૩] રે
પાડયા ખરે અંતેએ પાર તેં. પ્ર૦ ૪
નર્મદ માનૂં સહુની વતીનો, બહુ બહુ તુજ આભાર રે
પાડયા ખરે અંતેએ પાર તેં. પ્ર૦ ૫

(માલિની વૃત્ત.)

હરિતણિ કિરપાથી દેશિઓ છો કમાયા
શ્રમ વગર ખજનના રે તમારા ભરાયા
સપનું નહિંજ તેવા રે બન્યા જો બનાવો
સમય સરસ નોતો દેશને કોઈ આવો. ૧
ઘણું ઘણું દુખ વેઠયું આટલા દી અહીં જો
દુખ પછિ સુખ આપ્યું ઇશ્વરે સર્વને જો
અમિરિકન જનોને આપશે સૂખ પાછું
નરહરિતણું સંધું કામ તો ન્યાયિ સાચું. ૨
અમિરિકન જનોમાં ચાલિયું જુદ્ધ જ્યારે
થયું જતું કુ વિલાતે સામટું બંધ તારે
અહિંનું ગયું અતીસેં સૂખ ને રોજિ દેવા[૪]
અગર નહિં જતે તો લોકના હાલ કેવા? ૩
અતિસ દુખ કરૂંછું જુદ્ધમાંના મુઆનૂં
સ્થિતિ ફરિ ગઈ જોઈ ભાંડુની ખૂશિ માનૂં
પ્રથમ ધણુંજ લાગે પોતિકાનૂં ખરે જો
(પણ) ધન સુખ મદમાતા ના થશો ઓ ધનીઓ! ૪
ચડતિ પડતિ સંધે ઠામ ઠામે જણાએ
સહજ હરિ કરે ને જુદ્ધ તે બંધ થાએ!
સુખકર પ્રભુ પાસે એટલું માંગતા રહો
'હરિ દુખિજનવ્હારે આવજે રોજ તૂં ઓ'! ૫

આવતાં વાર લાગેજ. ૩ રેલ-વોહનો સામો હાર નજ તરાએ પણ ઇશ્વરની ઈચ્છાથી શું ન થાય? તેમ લડાઈ જગી ને એકદમ નાણું પાછું આવ્યું ને દેશ તાજો થયો. ૪ ઈંગ્લંડના ગરીબ લોકને રોજી ને સુખ આપવા સારૂ મહીનું રૂ વિલાત ગયું.

(રોલા વૃત્ત.)

હિંદુ દેશ ચોમેર, કોણ જાણે શાં પાપે
તન મન ધન જન ખોઇ, પિડાતોતો ત્રણ તાપે. ૧
(પણ) દીન દયાળૂ દેવ, રંકની સામે જોએ
તેણે કરિ બહુ મ્હેર, ઘેર ઘેર ઓચ્છવ હોએ. ૨
વધ્યો અધિક વેપાર, દેશની જમે ભરાઇ
રિસાઇ ગઇતી તેહ, આવિ લક્ષ્મી ફરિ આંહી. ૩
એ ધનથી[૫] તન મંન, ખૂલશે પાછાં વ્હેલાં
વળિ વધશે બહુ જંન, થશે ડાહ્યાં જે ઘેલાં. ૪
બહુ સુધરેલા દેશ, તેહમાં ગણતી થાશે
રાજ્યમંડળોમાંહિ, દેશપદવી વધિ જાશે. ૫
ઈંગલંડ સરકાર, ધ્યાન દેશે અહિં ખાંતે
સુખી થશે સહુ લોક, ઉણૂં નહિં રહે કો વાતે. ૬
ધણિ વધશે દોલત્ત, દેશની ઉદ્યમથી તે
રહેશે મોટી પત્ત, પૂર્વની રૂડી રીતે. ૭
જગે જગે ધમ ધંમ, સુધારો ગાજી રહેશે
વાવરવૂં ધન કેમ, હવે નર્મદ તે કહેશે. ૮
ધંન વગર સુધરાઈ, ચાલતી નહિં બહુ વાતે
વ્હેમ ધુન્નવી ખૂબ, પીડતો દહાડે રાતે. ૯
ઉઠો હવે સરદાર, શસ્ત્ર તે[૬] આવ્યાં પાસે
વધારિને રસજ્ઞાન, વ્હેમની લાગો વાંસે ૧૦
પારસિઓથી થયાં, નવાં ધનથી બહુ કામો
હિંદૂઓમાં જૂજ, પડયાં છે આગળ નામો. ૧૧
સ્વાર્થ થયા બહુ શેઠ, હવે પરમારથ વારો
ખબર રંકની લેઈ, કરો ઓછો દુખ ભારો. ૧૨

---

૫ પૈસાથી સઘળું સવળું થાય છે. તનદુરસ્તી ને કૈવત વધે છે; લોકોને નિરાંતે વિદ્યા ઉપર મન લાગે છે ને તેથી ઘણી ઘણી બુદ્ધી બાહાર પડે છે; અને જેમ પૈસાથી તનદુરસતી વધારે તેમ માણસો પણ વધારે અને પૈસાવના જે ઘેલાં ગાંડાં હતાં અથવા કેહેવાતાં તે પાછાં ડાહ્યાં થઇ ફરે છે અને કેહેવાય છે. ૬ ધન અને તેથી સરળ પડતા ઉપાયો.

જા હેર કામોમાંહિ, દેશની દોલત ધારો
કહે નર્મદા નામ૭, ડુબેલું પાછું તારો. ૧૩

(દોહરા.)

અભિમાની જન દેશના, અને દાનમાં શૂર
સુજનગૃહસ્થો આ સમે, બતાવિદો નિજ નૂર. ૧
એકસંપ થાવા સહુ, સ્થાપો મંદિર એક
એક દેવ આરાધવા, ધરવા નીતીટેક. ૨
એકસંપ થાવા સહુ, ભરો મંડળી મોટ
રાજસમંધી કામમાં, કે આવે નહિ ખોટ. ૩
ભણેલ ડાહ્યા ચતુર જે, હિંદુ પારસી જંન
મુસલમાનને સાથ લઈ, કરો એકઠાં મંન. ૪
ઈમારતો રસ્તા પુલો, એથી શોભા હોય
પુતળાં સંગ્રહધામ ને દીવા વાડી સોય. ૫
વિદ્યા ઔષધ દાન ને, વળી ગરિબનાં કામ
એમાં થાપણ વાવરો, જુગ જુગ રેહે નામ. ૬
પુસ્તકશાળાઓ રચો, જરુર જરુર ધનવાન
ઘણી ખોટ છે એહની, આપો એપર ધ્યાન. ૭
મફત વેંચવાં હાલમાં, પુસ્તક નિરધનમાંહિ
શોખ વધે વાચનતણો, વ્હેમ જાય દુર કાંહિ. ૮
ઘરસુધરાઈ ઝટ કરો, ટાળો વિધવા દુખ
જાતજુદાઈ રાખવી, એમાં મોટી ચૂક. ૯
થયા દ્રવ્ય અનુકૂળ છો, કરો સુધારા ઝાજ
હવે ન બાનાં૮ ચાલશે, ખૂબ સમજજો આજ. ૧૦
કીધું તે તો સાચું ને, કરવું ખોટું જંન
ખરાં દીલથી વાવરો, પરમારથમાં ધંન. ૧૧

---

૭ દેશનું નામ. ૮ આગળ લોક એમ કેહેતા કે હમારીપાસ પૈસો નથી એટલે સુધારો કેમ કરીયે પણ હવે તો તમારી પાસ ખુબ આવ્યું છે માટે બાના ચાલવાનાં નથી.

વારે વારે કેહતાં, નરમદ[૯] પામે લાજ
માટે ધનિ સહુ શેઠિયા, કરો ધરમનાં કાજ. ૧૨
(૧-૨)

મહિપતરામ.

(દોહરા.)

પ્રીતીમય સહુ જગતમાં, જાત જાતનાં ક્ષેત્ર;
ફુલ ફળ તરુ અદકાં ઘણું, ભાત ભાતનાં વેત્ર. ૧
કો અંમૃત કો ઝેરિ કો, વિધ વિધ ભેળી સોય;
પ્રીત બીજ ઇશ્વરથકી, કેળવણી અહિં હોય. ૨
અમૃત પ્રીતી વર્ગમાં, ઘણી જાતની પ્રીત;
પણ તેમાં વિદવાનની, તેની ન્યારી રીત. ૩
એકજ શાળામાં ભણ્યા, એક વૃત્તિના સાજ;
એક સંપમાં મિત્ર સહુ, દેશહીતને કાજ. ૪
દેશ જાત પણ એક ને, એક રિવાજી રોજ;
તેમાં ઘડિ જે જોખને, તે મૈત્રીનો બોજ. ૫
સરખા ગુણના બહુ દિસે, પણ મૈત્રી નહિં સોય;
અંતર મૈત્રી કારણે, વિરલું બી બહુ હોય. ૬
સજ્જન મૈત્રી પ્રીતમાં, સાંભળતાં વીજોગ;
અંતર દુખડાં નીપજે, કહારે રે સંજોગ. ૭
તન મન ધન નિશ દિન વહે, શૂભ કાજનો ભાર;
ઉલટભેર બહુ દાજથી, કરે યત્ન સહુ સાર. ૮
એવા પ્રિય સજ્જન જતે, કોને નહિરે શોક;
દલગીરી ઉરમાં ઘણી, શું કહિયે ઓ લોક. ૯

(ભુજંગી.)

વળી જે કુડા મિત્ર જાવાથકીરે,
ઘણી લોકને ઊણ આંહી નકીરે;

---

૯ નરમદ તો વારેવારે કેહેતાં શરમાએછ પણ તમે તેની વાત વારેવારે ઉડાવી દેતાં શરમાતા નથી.

પરંતૂ નહીં ઊણુ તો દેશનેરે,
જશે જહાં થશે ત્હાં સહૂ શૂભ જેરે. ૧૦

(દોહરા.)

સજ્જન મહિપત સૂણજે, દિલોજાનની વાણુ;
જહાં જાયે ત્યાં ખોઇજે, સૂધારાની ખાણુ. ૧૧
જેમ થાય અંતર અધિક, પ્રીત વધાર વધાર;
ભૂમિતિ શ્રેઢિ અનંતમાં, ગુણ ઉત્તર બહુ ધાર. ૧૨
અમને પ્રિય સંભારજે, કરજે શુભની જાણ;
અવકાશે કાગળ લખી, ભણજે મધુરી વાણુ. ૧૩
ઇશ્વર તુજ રક્ષણ કરો, ધનયશથી ભરપૂર;
એ આશિષ અમ સર્વનો, જયજય કર તૂં શૂર. ૧૪

(૨–૨)

રસ્તો કર્યો પ્રથમ તેં ગુજરાતિકાજે
મૂર્ખોનું બોલ્યું સુણિ તૂં નવ લેશ લાજે
છાતી કરી દુર જવે ન રહ્યોજ ખૂણે
સાબાશ છે બહુ મહીપતિરામ તૂને. ૧
હેતૂ વિના કપડું ઊંદર જેમ કર્યું
નાતીજનો મમત રીસથિ મ્હોડું ભર્યું
(પણ) ફાટેલું વસ્ત્ર ફરિ તું ટેકથિ જે ન તૂણે
સાબાશ છે બહુ મહીપતિરામ તૂને. ૨
ભારી લવારિ કરિ ના કરિ જે બતાવે
રહેજે ખરે અવરની રિતને સુધારે
ખ્યાતી થઇ ધિરજ હિંમત મુખ્ય ગૂણે
સાબાશ છે બહુ મહીપતિરામ તૂને. ૩
જેવી બતાવિ ખરિ તેવિ તું જે નિભાવે
નાતીજનો હરખમાં રિસને સમાવે
સાચો કદી નવ ડગે બહુ શત્રૂ ઘૂમે
સાબાશ છે બહુ મહીપતિરામ તુને. ૪

આઘે જઈ ચમતકાર તું જોઈ આવે
દેખી બિજા મન કરે મુકિ બ્હીક જાવે
સારૂં થશે સરવનૂં શુભ આ શકૂને
સાબાશ છે બહુ મહીપતિરામ તૂને. ૫
જેવૂં સિઝે નિજ બળે ન સિઝે બિજાથી
એવી રિતે છુટ લિધી ખુબ તેં મઝાથી
શીખાડતો તું પરદેશતણે નમૂને
સાબાશ છે બહુ મહીપતિરામ તૂને. ૬
તારૂં કર્યૂં મુરખ જે હમણાં વખોડે
વીચારિ તેજ કરશે સુવખાણ કોડે
સાચો દિસે તું સુધરેલ સુમિત્ર મૂને
સાબાશ છે બહુ મહીપતિરામ તૂને. ૭
તેં નામ સાર્થક મહીપતિ વાહ કીધૂં
બીડૂં કુબ્હેમ હણવા ઝટ ઝડ્વિ લીધૂં
સંતોષ થાય નિરખી શુરને સહૂને
સાબાશ છે બહુ મહીપતિરામ તૂને. ૮

(૨-૧)

પ્રોફેસર પાટન.

(ગરબી.)

જોસફ પાટન હિતૂ હમારા, કર્યું પરમારથ કાજ જો;
સ્ત્રી કેળવણીનૂં બીજ રોપ્યૂં, જાણી અબળાદાજ.
ધન પાટન મહારાજ. ૧
બીજા જનને મેનત લઈને, સમજાવ્યા બહુ પેર જો;
લાજ ટેક સહૂ દૂર ખસેડી, ફર્યા જ ઘેરે ઘેર. ધન૦ ૨
નીજ વિચારતણા કરિ સહુને, પછી કડાવ્યૂં ધંન જો;
ધંન કડાવી નિશાળ થાપી, કર્યું અરપણ તન મંન. ધન૦ ૩
કર્યા ઉપકારો નાજ વળાએ, ખરૂં કહિયે મહારાજ જો;
ન્હાની ગરબીમાં મુખ ન્હાને, ગાતાં આવે લાજ. ધન૦ ૪

સ્ત્રીને શિખવી દેવી છૂટો, એ અહીં નોતી ચાલ જો;
એ વર રૂડો મોટો આલ્યો, દૂર કર્યાં સહુ આળ. ધન૦ ૫
સ્ત્રીથી સૂધારા છે સઘળા, એનું કરાવ્યું જ્ઞાન જો;
પશ્ચિમ હિંદુસ્તાન જનો સહુ, દેછે તમને માન. ધન૦ ૬
રોપેલાં ખી ને ફળ આવ્યાં, જોવા ન રહ્યા આજ જો;
એ મોટી દલગીરી હમને, રહ્યાં હમે વણુ તાજ. ધન૦ ૭
મંદહસતૂં મનહર મુખડું, ઠરતાં જોને જોઈ જો;
અણુચીંત્યું તે ગયું કરમાઈ, રહ્યાં હમે તો રોઈ. ધન૦ ૮
જો જીવંતા હત તો આજે, અંગે હરખ ન માત જો;
દેખી ઉદ્યમ વાધત સહુને, વેલી સુધરત જાત. ધન૦ ૯
રહો નિરંતર સ્વર્ગે રૂડા, સ્ત્રીકેળવણીતાત જો;
એ આશિષ હમઅબળા સહુનો, ખરે ખરો દિનરાત. ધન૦ ૧૦
સમરણ કરતાં નામ તમારું, મળેજ ઉત્તેજંન જો;
ઉદ્યમ કરિ સુધરીશું વેલા, યશ તમને સજ્જંન. ધન૦ ૧૧

(૨–૨)

પારસી છોકરીઓની નિશાળને મદદ આપનારા વિષે.

જરતોસ્તી જેજેકાર, જગતમાં જાણીતો;
કારજ બહુ કીધાં સાર, રીઝે રાણી તો. ટેક.
કોમ સુધારે ધનવંતા બહુ, ધરમ ધુરંધર હોયરે;
નિરધન પામે સુખડાં ભારી, ઘેર ઘેર આનંદ જોય. જગ૦ ૧
નાત અભીમાન અદકૂં જાણે, નિરધનની પુરે આસરે;
પારસી શેઠો ધરમી સારા, કરે સુધારા ખાસ. જગ૦ ૨
નિજ હસ્તક કરિ લીધી સઘળી, છોકરીઓ નીશાળરે;
કેળવણી રૂડી આપવા સારૂ, કાઢી નાણાની થાળ. જગ૦ ૩
પટેલ ફરામજી* નોશરવાને, આગેવાની લીધી રે;
મોટી રકમો ઘરમે કાઢી, રૂડી પટેલાઈ કીધી. જગ૦ ૪
નામીચા કામાવાળાઓ, તે પણ નહિં પછવાડે રે;
ઝટ ઝટ કોથળી આગળ કીધી, વાહાવા તે તો ઊરાડે. જગ૦ ૫

---

*ફરમાસ ઉપરથી–મતલબ જાણી.

ખરસેદજી ને ધનજીભાઇએ, વળી સુનાબાઈ માતરે;
ઉદારપણું ઘણું ઘણું સહુ કીધૂં,નામ રહે દિનરાત. જગ૦ ૬
બેરામજી જીજીભાઇ મોટા, પીટી માણેકજીયરે;
એ આદીલઈ બીજા શેઠો, સખી ઘણા તે જીવ. જગ૦ ૭
પંદર હજાર તો પેલે મળવે, થયા ઝડપથી વેલરે;
શું છાતી તેઓની કહિયે, સરવ સખાવત સેલ. જગ૦ ૮
અબળા જાતી સૂધરશે ને ઘણિ ઘણિ દૂવા દેશેરે;
વિદ્યાદાન તો સહુથી ચઢતું, રહેા સદા રૂડે વેશ. જગ૦ ૯
નવરોજજી સોરાબજી બેહુ, રૂડો કરે કારભારરે;
એ બેની મોટી મેનતપર, સઘળો છે આધાર. જગ૦ ૧૦
ધન ધનછે સખિ તમને શેઠો,નામ અમર સહુ એમરે;
પરમારથ પુન ઝાઝાં કરજો, સૂખી અહીં તહીં તેમ. જગ૦ ૧૧

(૩-૧)

---

*પેગંબર જરતોસ્ત.

(દોહરા.)

ખુદ હજરત જરતોસ્ત જે,પેગંબર કહેવાય;
ટૂંકિ તવારિખ તેહની, હોંસે અહિં શીખાય–૧

(ચોપાઈ.)

પારસિ કોમે ઈજત દીધ, પાદશાહ જમશિદ પરસીધ;
ધરમ સુધારો ધાર્યો ખરો, પણ પૂરો તેથી ના થયો. ૨
પૂરો તો જરતોસ્તે કીધ, શુભ રસ્તો દેખાડી દીધ;
અહુરમજદે ફરમાવ્યૂં જેમ, જરતોસ્તે સમજાવ્યૂં તેમ. ૩
બાપ નામ પૈતુશસ્પ જાણ, ફરદુનની ઓલાદે માન;
માતનું દોગ્દો નામ વખાણ, ધન ભાયગ બેનાં પરમાણ. ૪
૨ એ શ્હેર તિહરાનનિ પાસ,જન્મ્યો ત્યાં જરતોસ્ત સુવાસ;
સાલ ન નક્કી કોઇયે ભણ્યૂં,(તોબી) ચાર હજારનિ ઉપર ગણ્યૂં. ૫

ફરમાસ ૭ પરથી. મતલબ જાણી.

ખોરદાદ સાલજ પરસીધ, જનમ દિવસ સાચો તે સીધ;
પરવરદિન ખોરદાદરોજ, સહુને યાદ રહે તે રોજ. ૬
થયો સમજતો જારે તેહ, તકરારો કરતો બહુ રેહ;
મુરતી પૂજા જાદૂ હણે, દુશમનની સંખ્યા નવ ગણે. ૭
એક દિવસ કંટાળી ગયો, વ્હેમિ વતનથી દૂરજ થયો;
અલખ જતાં નદિ આવી જેમ, તરી પાર તે ઉતર્યો તેમ. ૮
પ્રતેથિ ખૂશી અંગે ભરે, ખુદાતણી બંદેગી કરે;
માંગી અક્કલની બખશેશ, તેથી જાણ્યું રેસે રેસ. ૯
નજર દોડવી ચારે પાસ, એકાંતે બાંધ્યું મત ખાસ;
મુખ્ય ખ્યાલ ત્રણ નક્કી કર્યા, જેમાંથી બીજા નીસર્યા. ૧૦
"ખુદા સહૂથી ઊંચો રેહ, અને સહૂથી પ્હેલેા એહ;"
"સચ્ચાઈને ચાહે જેહ, કુદરતને વધારે તેહ." ૧૧
અલખમાં નામાંકિત થયો, સૂરજ તે ના છૂપો રહ્યો;
ગુસ્તાસ્પે પણ જાણી વાત, "ભીડે દાનાવેસૂં બાથ." ૧૨
એકવાર મોટી તકરાર, થઈ કચેરીમાં નિરધાર;
હરિફેા હાર્યા જેવા થયા, તેજી પ્હોડા ઉતરી ગયાં. ૧૩
ઘણિ બદગોઈ છૂપા કરે, "**જરતોસ્તો** હલકો કયમ ઠરે;"
જુદૂં ભેરવ્યું પાદ્શા કને, જેણે કેદી કીધો અને. ૧૪
એક સમે પાદ્શા પીડાય,* તેના ઉપાયો ના થાય;
વજીરને દાનાવો બહૂ, થાકયા જુક્તી શોધી સહૂ. ૧૫
બંદીખાને પ્હોંચી વાત, ખુશી થયો **જરતોસ્ત** સુજાત;
ખબર કરાવી મારફતથી, તે સાંભળજો કહુછું કથી. ૧૬
ચાર વાતની દે કબુલાત, ઉપાયોની કહું પછિ વાત;
"મૂને પેગંબર સત માન, તો પીડા વળિ જાએ જાણ." ૧૭
"તારો પુત જે અસપંદિયાર, તે પણ મુજને માને યાર"
"રાણી પણ વળિ તારી તેહ, મુજને પેગંબર કરિ કેહ." ૧૮
"વ્હેમી જાદુગર જે લેાક, જેઓના આ દેશે થેાક"
"જેઓએ મૂકયું તોહમત્ત, બેલાવી પૂછી જો સત્ત." ૧૯

---

* શરીરના આજારે નહીં પણ ચિંતાથી.

"કબુલ કરે વાંકો જો તેહ, છોડી દે કે સૂખી રેહ"
"નવ માને તો ધટતી સજા, થાએ તેવી દઇદે રજા." ૨૦
ચાર વાત પછિ મંજુર કીધ, તેથી પાદ્શાએ સુખ લીધ;
યેગંબરને કીધી સાહ્ય, જેથી મત ફેલાવો થાય. ૨૧
"દેનામાજદિયશનિમ" એમ, નામ દીનનૂં રાખ્યૂં એમ;
એ રીતે જરતોસ્તનું માન, ગાજી રહ્યું પછિ ઠામે ઠામ. ૨૨
યેગંબર ઉંમર ચાળીસ, પાદ્શે દિન માની તજિ રીસ;
ઉંમર સાઠી સિત્તોત્તેર, યેગંબર મૂએો કહું ફેર. ૨૩
તુર્કસ્તાન તણેા પાચ્છાય, કરિ હલ્લેા ઇરાને જાય;
હાર થઇ ગુસ્તાસ્પનિ બહુ, યેગંબર ગભરાયેા કહું. ૨૪
બંદગિ કરવા બેઠેા હતેા, દુસ્મન ધા ભૂંડેા કરતેા;
દઐે મહા બેારસેદ રેાજ, જરતોસ્તી દીસાની મેાજ. ૨૫
(ભાષાંતર.) (૩-૧)

મી૦ રાબર્ટ નાઇટ.

(પદ.)

જસ જન[1] ગાએોજી, નાઇટે ખૂબ કરીજી. ટેક.
અબળારૂપ થયેલા લેાકેા, જેપર જૂલમ પડતેા;
નાઇટે નાઈટપણુ[2] ખરૂં બજાવ્યૂં, છટાથિ શસ્ત્રે લડતેા. જસ૦ ૧
બહુ બહુ રીતે કલમ ચલાવી, રૈયતને દરસાવ્યૂં;
આમ માંગજો હકેા તમે સહુ, લ્હેણું ખરૂં સમજાવ્યૂં. જસ૦ ૨
જેમ ઘણા ગેારાએો જોએે, આ દેશીને દ્વેશે;
તેમ નહીં પણ પ્રજા લાભમાં, સંધે આગળ પેશે. જસ૦ ૩
ગેારાને ગેારાનૂં પરતૂં[3] હેાએે એ નિમ તેાએે;
ખરી વાતમાં કાળાકેરૂં, પરતું કરી દૃઢ[4] જોએે. જસ૦ ૪

---

૧ (એો) લેાકેા. ૨ જેમ યુરપખંડમાં શિવલરીના વખતમાં નાઇટો અબળાનાં દુઃખને મટાડતા, તેમ અબળા જેવા થયલા લેાકેા ઉપર પડતા જુલમમાંથી બચાવવાને રાબર્ટ નાઈટ કલમ હથિયારે લડતેા. ને એ રીતે નાઈટે, નાઈટપણનું પણ એટલે પત રાખ્યું.—નાઈટપણું બજાવ્યું. ૩ તરફદારી; ૪ પરાણું. ૪ પુકતપણે–પાકી રીતે, હિંમતથી.

ગોરાઓ ભૂંડું બહુ બોલે, નાઇટ નથી અભિમાની[૫];
કરી નહીં દરકાર તેમની, કાળાને દુખિ જાણી. જસ૦ ૫
સરકારી ધારા ને કામો, જેથી રૈયત રોએ;
તેહની સામાં ખરી હિંમતે, રોજે લખતો હોએ. જસ૦ ૬
બાબૂ લોકો બંગાલામાં, સાહિબ સામાં બોલે;
નથી પૂત[૬] કો આ ઇલાકે, જે પડદાને ખોલે. જસ૦ ૭
બાબૂઓને ધન છે સાચે, દુખ જાહેરમાં આણે;
અધિક[૭] ધન્ય તે પરદેશી જે, દાઝ આપણી જાણે. જસ૦ ૮
બળવા વેળા બહુ અંગ્રેજે, નિંદ્યા દેશીઓને;
તે વેળાએ ખરો પક્ષ લઈ, સમજાવ્યા ભાઇઓને[૮]. જસ૦ ૯
બિજાં ન્યૂસ બહુ ભૂંડું ભાખ્યાં[૯], 'ટાઇમ્સ' વિશે જેવારે;
દેશ ઘૂંટડો ગળી ગયો ને, મારી બક્ષી તારે. જસ૦ ૧૦
વાજબિ રાહે તજવીજેથી, ઝાઝી વાતો છાપી;
દેશી ને પરદેશી વચમાં, સલાહ કરાવી આપી. જસ૦ ૧૧
નીજ જાત સાંમે તારે કયમ, ચાલે હિંમત પાખી[૧૦]!
બધી કોમ રૈયતની ભાખી, રાજની પણ રાખી[૧૧]. જસ૦ ૧૨
રેહેમ કરીને માનપુરઃસર[૧૨] દેશીને હક દેતાં;
રાજનૂં ઘણું હીત થાય છે, એમ ન થાકયો કહેતાં. જસ૦ ૧૩
આ દેશીના હક દેખાડયા, વિશેષ વારસ બાબે[૧૩];
વતન જાગીર જમીન બાબત, થયો ન વગને[૧૪] તાબે. જસ૦ ૧૪
ધરમસમંધી બિજી કેટલિક, વાતોમાં બહુ જૂદો;
(તોપણ)સહુને લગતાં દેશ કામમાં, ખરોહિતૂ[૧૫] તૂંરડો. જસ૦ ૧૫
વરસ સાત અધિપતિપણું કીધું, જાણ કર્યા બહુ રીતે;
ખરી હિંમતે અપક્ષપાતે, વિચારથી ને પ્રીતે. જસ૦ ૧૬

---

૫ પોતાના દેશિઓ–ગોરાઓનો અભિમાની. ૬ જુવાન છોકરો; ખરો મરદ. ૭ નાઇટ સરખો જે પરદેશી આપણી દાઝ જાણે તેને વધારે સાબાશી ઘટે છે. ૮ અંગ્રેજોને. ૯ બોલ્યાં. ૧૦ વગર. ૧૧ રૈયતની વાત બોલ્યો અને રાજની પણ કેટલીક વાત કબૂલ રાખી. ૧૨ માન સાથે. ૧૩ વારસા બાબત. ૧૪ હાજીયો, ખુશામતિઓ, ભાડુતી. ૧૫ ખરો દોસ્ત, કલ્યાણ ઈચ્છનારો.

રાખ્યું નાઇટતણા ઉપકારો, આ દેશીપર મોટા;
આજ કાલતો નાઈટ સરીખા, જનના તો છે તોટા. જસ૦ ૧૭
જોઇ નાઇટનું બીજાઓ પણ, જાહેર હિંમત પદરે[૧૬];
(ભાટે) મળી એકઠા પાડ માનતાં, રકમદેવિ ના ખખરે. જસ૦ ૧૮
નથી સ્વાર્થ મારે કરી લેવો, ધન વગ માનતણો કો;
નથી સ્નેહ જાતે તોએ પણ, વખાણું છું ઓ લોકો. જસ૦ ૧૯
તારિ જાતના દેશ જઈ જે, પાછળથી વહીજાતા;
વીર નાઇટ તું તેમ કરિશ મા, રેહેજે સાચો ભ્રાત.[૧૭] જસ૦ ૨૦
નર્મદગીતે કબૂલ કરજે, સલામ રૈયતકેરી;[૧૮]
ધન્ય નાઇટ છે વિના તું હેલો, ડંખ[૧૯] ન ઉતરત ઝેરી. જસ૦ ૨૧
(૧-૨)

દેસમેં અનંદ ભયો, જે જે વિકટોરિયા.

તા૦ ૧ નવેંબર સને ૧૮૫૮.

(દોહરા.)

ધન્ય જન્મ વિકટોરિયા, ધન્ય ઘડી પળ વાર;
ધન્ય અઢાર ઉગણીસ મે, તારિખ વિસ નોચાર. ૧
ધન્ય રાણિ પદ પામિ સન, મુનિ[૭] વિક્રમ[૩] વસુ[૮] ચંદ્ર;[૧]
ધન્ય જૂનની વીસમી, બેઠી આસન ઇંદ્ર. ૨
ધન્ય મુહૂર્ત જ લાભનું, રાજ્ય પદાભીષેક;
ધનવસુ[૮] બલી[૩] વસુ[૮] શશિ[૧] સને, જૂન આડત્રિસ નેક. ૩
ધન્ય ધન્ય વિકટોરિયા, ધન્ય રાજ દિન આજ;
જય જય દેશ સુધારમાં, માંગલીક શુભ કાજ. ૪
રાણી ગુણ બહુ વરણુતાં, કવિ જન હારી જાય;
માન ઉપમાન[૧] મળે નહીં, તે તે તેજ ભણાય; ૫

---

૧૬ રાખે, ધરે, પકડે.
૧૭ ભાઇ. ૧૮ ની. ૧૯ અંગ્રેજ અને નેટીવ વચ્ચે અદાવત વધી જતે.
૧ જેની સાથે સરખાવાય તે.

એમ આટપી નાખતાં, સંતોખે નહિં મંન;
ઉલટ ઉલટ રસ તો વધ્યો, ઝરણુ ઝિલો સજ્જંન. ૬
આજ કાલ પૃથ્વી વિષે, ઈંગલીશનૂં રાજ;
વિજય વિજય સહુ દેશમાં, નહિં નબળાનૂં કાજ. ૭
શરદ કમળ જ્યમ શોભતૂં, સ્વચ્છ નીર સહસાજ;
સુધરેલા સહુ રાજ્યમાં, ઇંગલીશનૂં રાજ. ૮
કમળ ગર્ભ સમ રાણિ છે, જગમાં બહુ વિખ્યાત;
પરદુખ ભંજન બુદ્ધિ તે, કરે સૂખ દિન રાત. ૯
દિગવિજયી વિકટોરિયા, તે સમ નહિં કો આજ;
સુખ સંપત વરસાવતી, જગત ઇંદ્રની[૨] લાજ. ૧૦
રાજ કાજ વેહવારમાં, નિપુણ ડાહિ શુભ વેશ;
સંપથકી તે ફેરવે, આણ રૂડિ બહુ દેશ. ૧૧
બાળપણે વિદ્યા ભણી, સબળ અબળના ધર્મ;
રાજપાટને યોગ્ય તે, સમજે સઘળા મર્મ. ૧૨
પંચતંત્ર નીતી ભણી, ક્ષમા શૌર્ય ઔદાર્ય;
આર્ય[૩] કૂળમાં જન્મ પણ, ભણી ગૂણુ આચાર્ય[૪]. ૧૩
કરે કષ્ટ દેહે ઘણૂં, વેઠે તડકો છાંડ;
સૈન્ય વાદ્યના નાદથી, ધ્રૂજવે નહિં હાડ. ૧૪
વચન પ્રમાણે ચાલતી, પાપ થકી પસ્તાય;
પ્રજા મિત્ર કૂટુંબને, યોગ્ય માન બહુ થાય. ૧૫
અવગુણિ ગુણિ રિપુ સ્નેહિને, કરિ પારખ તે પાર;
કદર ગૂણિની જાણતી, ફરજ બજાવે સાર. ૧૬
વિદ્યા હુન્નર કામ ને, સત્ય વાત અનુકૂળ;
હક સહુનો સંભાળતી, દીપાવે તે કૂળ. ૧૭
વળિ ઘરમાં રૂડી ઘણી, સંપ બહુ વરવેર;
વરવહુ પ્રીતી ધર્મને, સમજી કરે ન વેર. ૧૮
સંતતિ સારી રાખતી, સંપ મચાવે ઘેર;
કૂળ ધર્મ આચારને, શીખવતી બહુ પેર. ૧૯

---

૨ જાણે ઈંદ્રની લાજ રાખતી હોયની (સુખ સંપત વરસાવીને.)
૩ શ્રેષ્ઠ. ૪ ધરમગુરૂના (ધરમ)

અબળા બળ નહિં ઓછું કંઇ, કરે સબળ નિર્બળળા;
અમળા[૫] કમળા[૬] કળ બહુ, વિચારમાં અવિચળળા. ૨૦
ધન્ય દેશ ને ધન્ય જન, ધન્ય રાણિની દેહ;
ધન્ય રાણિના ગૂણને, અચળ રાજ શુભ રેહ! ૨૧

(સોરઠા.)

બ્રહ્મ દયાથી આજ, અવસર રૂડો આવિયો;
રહેશે સહુની લાજ, થયું રાજ શુભ રાણિનું. ૨૨
હોય હરીની મ્હેર, થાયે લીલાલેર સહુ;
ઓચ્છવ ઘેરે ઘેર, લાભ લક્ષ આ દેશિને. ૨૩
સર્વ ગૂણ તે પાસ, પ્રજા પાળતી પ્રીતથી;
પાડે પૂરી આશ, રાણી તે વિકટોરિયા, ૨૪

(ત્રિભંગી વૃત્ત.)

વિકટોરિયા રાણી, જગમાં જાણી, સહૂ વખાણી, ખરૂં પાણી;
રૈમત દુખ નાણી, ન ગર્વ આણી, કરશે લ્હાણી, ધણી શાણી;
છુટ દે મ્હારાણી, દમે ન દાણી, ખુશિ સહુ પ્રાણી, શી કહાણી;
બોલો શુભ વાણી, અવાજ તાણી, વધાવો ધાણી, જય રાણી. ૨૫

(માલિની વૃત્ત.)

બહુ બહુ ઉપમાથી, શોભતી રૂડિ રાણી,
હણિ દલદર જોશે, દીલમાં પ્રેમ આણી;
વળિ ઘટિત ઉપાયે, દેશ સૂધારવાની,
તજવિજ કરશે તે, બોલજો શૂભ વાણી. ૨૬
જય જય જય થાઓ, રાણિ તારા રુડા ઓ,
ભય ભય ભય જાઓ, હિંદુના નાસતા ઓ;
ડમ ડમ ડમ વાગો, રાણિ ડંકા સવારા,
ઝટ ઝટ ઝટ જાગો, દેશના ઓ સુધારા. ૨૭

---

૫ દોષવનાની. ૬ લક્ષ્મી. (લક્ષ્મી સદોષ છે પણ રાણીરૂપી લક્ષ્મી અદોષ છે.)

(દોહરો.)

બુદ્ધીવર્ધક સર્વને, વિનતિ કરે આ હાર;
રાણીશ્રીનો આ સમે, બોલો જેજેકાર. ૨૮

ઈશ્વર રાણીનું રક્ષણ કરો.
(૧-૨)

આલબર્ટનું મૃત્યુ—રાણીને દિલાસો.

(દોહરા.)

દેશદિવો ધરછત્ર ને રાણીનો ભરથાર;
ગયો ઊડિ અલબર્ટ તે, જસવંતો સરદાર. ૧
દેશલાભમાં બહુ કર્યું કરવું ધાર્યું સાર;
ગયો ઊડિ અલબર્ટ તે, ઉત્તેજન દેનાર. ૨
"ન્યુઝિયંમ*"નાં કામમાં,ઘણિમ્હેનત લેનાર;
ગયો ઊડિ અલબર્ટ તે, તનમન ધને ઉદાર. ૩
જુવાનિની સમિ સાંજરે, રડતી રાખી નાર;
ગયો ઊડિ અલબર્ટ તે રાણીનો દિલદાર. ૪
એકસેટ ડીસેંબરે, તારિખ દશ ને ચાર;
ગયો ઊડિ અલબર્ટ તે, રાજમ્હેલ સણગાર. ૫

(લલિત વૃત્ત.)

દુખડું રાણિ ઓ તૂજને થયું, હઇડું તાહરું રે તુટી ગયું;
જખમ તો નહીં ન્હાનિસૂનિ રે, કદિ ન જાય તે વીસરાઇ રે. ૬
શિર ઉપેર છે દેશભાર રે, ધરતણો બિજો તે થયો અરે;
સરવ સૂખમાં સૂખ મોટું રે, પતિતણું ખરૂં બીજું છોટું રે. ૭
બહુજ થાય છે શોક હંમને, અતિસ થાય ના કેમ તૂજને;
કરતિ સૂણિ છે તેનિ સાથ રે, કરતિ સૂણિશું એકલી અરે. ૮
બળતરા બહૂ દેખિ દીલની, દિલગિરી વધે દેશદીલની;
પરમ પ્રીય તે મૂકિને ગયો, મનસુબો બધો મંનમાં રહ્યો. ૯
સહુ કુટુંબનો બાપ બાપડો, સહજ ખાટલે તાવથી પડ્યો;
જિવ જતાલગી ઓળખી તુને, સ્મરણ સાલશે હવેંડી તુને. ૧૦

* સંગ્રહસ્થાન.

(દોહરા.)

ઓ રાણી દુખ તો ઘણું, પણ શું કરિયે બાઇ;
ઇશ્વર ઇચ્છા એવિ હતાં, રેહવું ધીરજ રહાઇ. ૧૧
સર્વ વાતની અનુભવી, સુખ દુખ વેઠયું છેજ;
ઢંગ જોઇ સંસારનો, દીલાસો દઇ રેહ. ૧૨
શોકથિ તંન બગાડતાં, બગડે કારોબાર;
પરીવાર દુખિ થાય ને, રૈયત વળી અપાર. ૧૩
તું સમજે છે માવડી, પણ સૂચવિયે આજ;
રાંકડિ રૈયતસારુ તું, સમજી શોક સમાવ. ૧૪
પ્રિયપતિ મૃત્યુ નિમિત્તનાં, ધર્મકૃત્યથી રાચ;
એજ વિનંતી સર્વની, દિલથી નિકળે સાચ. ૧૫

(માલિની.)

કર કર કર રાણી, કાજ તું દેશઅર્થ;
ભર ભર ભર પેટો, રંકનાં હે સમર્થ;
સકલજ હક આપી, તું પ્રજાના ખરા તે;
અહિં તહિં સુખ લે રે, સાચું તું દીન રાતે. ૧૬

(દોહરો.)

દેશીઓની તરફથી કહે નર્મદો ક્ષેમ;
બાસટ જાનેવારિની ચોવિસમીએ એમ. ૧૭

(૨–૧)

મહારાણી વિકટોરિયાના મોટા છોકરાનાં લગનની ખુશાલીનાં ગીત.*

તા૦ ૧લી મે સને ૧૮૫૩.

(ગરબી.)

ધન ધન દહાડો સહિએર તે આજનો જો,
મોટો ઓચ્છવ કરિએ તે લગ્નકાજનો જો. ધન૦ ૧

* એ ગીત, સ્ટુડેંટસ લીટરરી અને સાએનટીફીક સોસૈટીની નિશાળની છોકરીઓ પાસે ગવડાવવાને સારૂ સોસૈટીના પ્રમુખ ડાકટર ભાઉ દાજીની વિનતી ઉપરથી જોડવામાં આવ્યાં હતાં.

રૂડાં **રાણીજીના** કુંવેર કોડામણાજો,
તેના લગ્નસમારંભમાં શી મણા જો. ધન૦ ૨
થયાં દસમિએ તે માર્ચ ત્રેંસેટમાં જો,
જોડૂ સૂખ પામો બહુ એને ખમા જો. ધન૦ ૩
પ્રિન્સ એડવર્ડ આપણો રાજા થશે જો,
અલેક્ઝાંદરા તે રાણી માન પામશે જો. ધન૦ ૪
રૂડાં **રાણીજી**નૂં રાજ ઓહોળૂં બહૂ જો,
તેમાં હામ હામ હર્ષ નાચે કહૂં જો. ધન૦ ૫
અમિર ઊમરાવ ગૃહસ્થ આદિ પ્રજા જો,
જુએ લગ્નને સંતોષથી શી મજા જો. ધન૦ ૬
પ્રજા પ્રીત અને ભક્તિ દેખાડતી જો,
બધે હર્ષમાં તે રોસની કરાવતી જો. ધન૦ ૭
ઘણું જીવી કરો રાજ રહી પ્રેમમાં જો,
ભણે નર્મદો વચંન આશિરવાદમાં જો. ધન૦ ૮

(ઘોળ.)

ધન ધન દહાડો રે આજનો; વાગે વાજાં સુરભેર,
મહિમા ગાએ આ રાજનો; હરખે ગાજી રહે શહેર. ધન૦ ૧
કિલ્લા કોટો ને વ્હાણ તે; ૪૨૬૨ ઉડવી નીશાણ,
જસના રંગો દરસાવતાં; બહુ બહુ **રાણીનાં** માન. ધન૦ ૨
દીવા દીવા સંધે બળે; બીજી દીવાળી આંજ,
લોકોકેરી ઠઠ તો મળે; ચકલે મ્હોલ્લે ગલિમાંજ. ધન૦ ૩
સજ્જન મળતા દેખાડવા; ભક્તી **રાણીને** આપ,
દુઃખ છતે ભેગા મળે, કે તે ટાલે સંતાપ. ધન૦ ૪
રાણીજાયો પ્રીતે કરી, પરણ્યો કુળવંતી નાર,
પુટડી ને ડાહી ધણી; જુગતે જુગતો સણગાર. ધન૦ ૫
ભણતી છોડી નીશાળમાં; તે સહુ મળિઓ આ ઠાર,
અવસરને દે માન રે; ગાઇ ગીતો બહુવાર, ધન૦ ૬
રચના રૂડી મેદાનમાં; આતશબાજીના રંગ,
ઠાઠ મચ્યો છે જોઇતો; છે નરનારી ઊમંગ. ધન૦ ૭

મુંબઇ દીસે રળિઆમણી; સહુ જન આનંદી રેહ,
વધુવરને સંભારતાં; નર્મદ ઝાઝું શું કેહ, ધન૦ ૮

(૫૬.)

ધન્ય ધન્ય ધન્ય ધન્ય, ધન્ય દીન આજે;
લોક થોકમાં થયા ને, કેવું સહુ બિરાજે. ધન્ય૦ ૧
રાણીપુત્ર લગ્નઅર્થે, હર્ષ તે દેખાડે;
પ્રીતિ ભક્તિ રાજ્યઉપર, કેવી રીતે લાડે. ધન્ય૦ ૨
જગે જગે ઝળઝળાટ, દીપ દીપ શોભે;
જોવા ક્રીડા અનેક, જંન મચે લોભે. ધન્ય૦ ૩
સંધા સરદાર લોક, તે મળે સમાજે;
ભાષણો પ્રસંગવિષે, **મુખ્ય** કરે સાંજે. ધન્ય૦ ૪
વાજાં વીલાતી મધુર, સર્વ ક્રમે વાગે;
જેથી ઉમંગ વધી, ભક્તિ ઉર જાગે. ધન્ય૦ ૫
રૂપગૂણુવંતિ તિહાં, સુંદરી પધારે;
હરખે હસંતી થયે, રંગ જમે ભારે. ધન્ય૦ ૬
અમળ પ્રેમમાં રહીને, સાચું સૂખ પામે;
જોડું જીવે બહુને, વંશવધે નામે. ધન્ય૦ ૭
પ્રજાની ઉપેર નીત, પ્રેમ બહુ રાખે;
નર્મદો સહુની વતી, એમ વચન ભાખે. ધન્ય૦ ૮
(૨-૧)

વિલાત જઈ આવેલા ગૃહસ્થો સાથે જંખાનો વેહેવાર રાખવા વિશે.

(લાવણી.)

ઝટ લઈ જમો સૌહુ સાથ સુધારા સાથી
નહિં સમો સરસ કો ફરી આવશે આથી—ટેક.
બહુ વ્હેમ ન્યાતનો દોર તોડવાકાજે
દેશીને કરવા લાભ વ્હેમિ જે આજે

કુડિ રામબ્બાણ કરિ જુક્તિ જોયિસહુ સમજો
રસ્તો ઉઘડે દુર જાય અવિદ્યાતમ[૧] જો
કહું કહાડિ પ્હેડિ વીલાત ભલી ઇચ્છાથી
નહિં સમો૦ ઝટ લઇ૦ નહિં સમો૦ ૧

એ ગૃહસ્થ નાગરી ન્યાત વાણિયા વીસા
માધવસુત કરસનદાસ લેશ નહીં ચીસા[૨]
બહુ ઉદાર તન મન ધને સ્નેહના સાચા
પરમારથમાં સાહસીક કપટમાં કાચા
કરે કામ દેશહીતાર્થ ભલે પૈસાથી
નહિં સમો૦ ઝટ લઇ૦ નહિં સમો૦ ૨

નવ ભિડે જવાને હામ દુર વીલાતે
ગુજરાતીમાં કો ભાઇ, રામની[૩] સાથે
નહિં નિરાશ કરસનદાસ, શોધતો ખાંતે
(એવામાં) મુળજી સુત કરસનદાસ બીડું લે હાથે
જઈ વિલાત આવ્યો એહ જુહ્નો હાથી
નહિં સમો૦ ઝટ લઈ૦ નહિં સમો૦ ૩

નવ થાઓ બીકણા તમે પડો મેદાને
હિંમતથી કરશો નામ રુઝવશો ધાને
નવ મુકો મિત્રને સજ્જન એકલો રાને
જઇને દો મોટી સાહ્ય લખાશે પાને
અગ્રે[૪] એ કરસનદાસ ઠરોછો શાથી
નહિં સમો૦ ઝટ લઈ૦ નહિં સમો૦ ૪

વળિ સગાં ન્યાત નહિ કરે હરકતો કોઈ
તે તો આ વેળા સર્વ રહ્યાં છે મોહી
શું ખરે સુધારે આજ હામ નિજ ખોઈ?
શું કીરતી ઉજળી આજ કાળી થઇ મોઈ?
નહિં નહિં ઉઠો સહુ ભાઈ કરી દો છાતી
નહિં સમો૦ ઝટ લઇ૦ નહિં સમો૦ ૫

---

૧ અજ્ઞાનરૂપી અંધારૂં. ૨ હાથે છુટે નહીં તેવા. ૩ રા. રામચંદ્ર બાળકૃષ્ણ. ૪ મોખરે; આગળ પડનારા.

ગયુ ટાણું[૫] એક ને બિજું હવે જો જાશે
તો પછી સુધારાતણું કામ કયમ થાશે
જન કોઈ નિંદશે તેહ પછી બહુ ગાશે
માટે થાઓ તૈયાર સમો છે પાસે
હરિ સાહ્ય કરેછે રોજ આપણી વ્હાથી[૬]
નહિં સમો૰ ઝટ લઈ૰ નહિં સમો૰ ૬

હવે ધચૂપચૂ ના રહો કરો યાહોમે
સાહસથી જેજેકાર થશે ધુમધોમે
નવ ડરો ભાવિથી[૭] કોઈ સજો જન જોમે
સહુ સંપિ એકઠા જમો તોજ બહુ શોભે
શક નવો સુધારામાંહિ ચાલશે ત્યાંથી
નહિં સમો૰ ઝટ લઈ૰ નહિં સમો૰ ૭

કહાં ગયા શેઠિયા લોક અડી વેળારે
પ્રેમાભાઇ મોટા શેઠ સમજતા ભારે
વળિ પ્રેમચંદ પ્રખ્યાત જુગત બહુ ધારે
વિરચંદશાહ કહે ઠીક ઢીલ શી ત્હારે
શું બિહેછ મંગળદાસ અરે જમવાથી
નહિં સમો૰ ઝટ લઈ૰ નહિં સમો૰ ૮

વળિ તેજ ન્યાતનો એક રહે કયમ આધો
દુધ ને જળમાં બે પાસ ભીંજવે વાગો
ધણી ધણી કરે પતરાજ બોલવે હાલો
અંગ્રેજોમાં લે માન બોટું થઈ કાલો
નવ ડરે જુનો બક્કાલ કપટ કરવાથી
નહિં સમો૰ ઝટ લઈ૰ નહિં સમો૰ ૯

બધું છતે ઝાઝું અનુકૂળ ડરે રણ જોઈ
પુરુષાતનમાં તે નહિ ધુજે જે રોઈ

---

૫ મહિપતરામ વાળું.
૬ હરિ પોતાના વ્હાલથી આપણી સાહ્ય કરેછે.
૭ ભવિષ્યમાં બનવાની વાતોથી.

નથી તંન મંનનૂં જોર કરે મુખ ઓઈ
ધનનુંછે તેને ધિઃક્ કરે સહુ કોઈ
નહિ ભક્ત[૮] શૂર ઊદાર પળે[૯] રણમાંથી
નહિં સમો૦ ઝટ લઈ૦ નહિં સમો૦ ૧૦
અરે કલીભાઈ છો પુક્ત કરી દો સ્હાએ
ભાવિક વરજીવનશાહ વળો જી ચ્હાએ
જઇ ભુલી ભૂતની[૧૦] વાત બિડું લો ઝડપી
નવ જુઓ સુસ્તની વાટ કરે શૂં કરમી
જસ મળે રણે ગોપાળદાસ પડવાથી
નહિં સમો૦ ઝટ લઈ૦ નહિં સમો૦ ૧૧
શું સભા બુદ્ધિવર્ધકી ગઈ સંતાઈ
કહાં છે તે ગંગાદાસ મોખરે ભાઈ
શું કહાનદાસ પરમૂખ જમે નહિ ચ્હાઈ
તૈયારજ નારણદાસ બિજા કહાં ભાઈ
નવ હઠો શૂર છો તમે હવે ધસવાથી
નહિં સમો૦ ઝટ લઇ૦ નહિં સમો૦ ૧૨
ધન પ્રાણજીવન છે તને, સ્નેહિ તૂં સાચો
ધન માધવસુત તૂંથકી, ચાલશે સાંચો
બહુ જણા દિશો છો સાથ ધરો કાં ખાંચો
દુખને અંતે છે માન જમીને રાચો
કરૂં ખંધ સૂચના હાલ નર્મ અહિંયાંથી.
નહિં સમો૦ ઝટ લઇ૦ નહિં સામો૦ ૧૩*

તા૦ ૪ થી અકટોબર સને ૧૮૬૮.

(૨-૧)

---

૮ દુહો–"જનુની જણ તો હરિ-ભગત, કાં દાતા કાં શૂર, નહિં તો રેહજે વાંઝણી, મા ગૂમાવિશ નૂર"–૧

૯ નાસી જાય. ૧૦ ગઈ ગુજરી; પાછલી.

* આ લખાયા પછી કરસનદાસ મુળજીની સાથે જમનાર પ્રાણજીવનદાસ વાધજી તથા કરસનદાસ માધવદાસ–તેમાં કરસનદાસ માધવદાસની સાથે શેઠ પ્રેમાભાઇ, શેઠ પ્રેમચંદ ને શેઠ વીરચંદ જમ્યા ને હમણાં થોડુંક થયું કરસનદાસ માધવદાસ પોતાની ન્યાતમાં વગર હરકતે જંખા જાય છે.

હિંદુસ્તાન જેવું બીજું કોણ ?

(ચોપાઇ.)

ભર્તખંડ નામે આ દેશ, જેની કીરતિ દેશ વિદેશ
બિજા સર્વથી રૂડે વેશ, ના જાએ કો એથી પેશ. ૧
છેલ છબીલો તન મન ઘને, સંમૃદ્ધી નામે તે કને
વીધે ભર્યો શુભ વીરજ ઘને,જગ જેને જોતાં તો ઘને. ૨
બિજા દેશ સહુ નારી રૂપ, ચમકે દેખી ભવ્ય જ ભૂપ
ટકટક જોયાં કરતી ચૂપ, નરનો કામણગારો ખૂંપ. ૩
પરસ્પરે સરસાઈ કરે, એ નર વરવો મનમાં ધરે
સજી કરી જુકતી આદરે, મથી મથીને બાથ જ ભરે. ૪
દૂરથકી પણવાને કાજ, મોહિનિ આવે જે સહસાજ
ગમે નહીં પણવાનું કાજ,(પણ) જાણે શરણાગતની દાજ. ૫
નબળીનૂં તો પ્રાવે નહીં, સબળી ઘેરે આવે સહી
મદમાતી મરિજાએ વહી, ડાહી હરખે જીવે નહીં. ૬
રૂપવંતો ગુણવંતો રાય, તે કોને ના છાજે હાય
તોપણ સહુકો પણવા જાય,એવો વર તો નહિ જગમાંય. ૭

(૨–૧)

એક વખત આગબોટમાં થયલી હેરાનગતિ.

(દોહરા.)

સામે પવને બોટ[૧] તો, ધિમે ચાલતી જાણ;
ચઢિ આવી વળિ વાદળી, પુરિ કમ્બખ્ત્રી માન. ૧
વા વાયો શીતળ ઘણો, થયો વીજ ગગડાટ;
કાળુ પાણિ ને કાળું નભ[૨], દેખી ધ્રૂજ્યાં હાડ. ૨
પડ્યો પછી ધબડાવિને, છતરીના શા ભાર;
તૂતકપર પડદાતણા, શા ગણવા આધાર. ૩
શરીર સબળૂં ધ્રૂજતૂં, દાંતો કડકડ થાય;
પડિ રહેવૂં એ હાલતે, બિના ગોદડાંમાંહ્ય. ૪
બનાત ભીની ઓઢિને, વાળિ ટૂંટિયાં ખૂબ;
રાત્રી એવી કાઢતાં, નરમ પડે મગરૂબ. ૫

૧ આગબોટ. ૨ આકાશ.

બીજે દિવસે પછિ થયો, સારીપઠે ઉઘાડ;
બની બપોરે વાત તે, આવે છે અહિં યાદ. ૬
શરદઋતૂનો સૂર્ય તે, ઘણો તાપતો ધાર;
માંહે ભડભડ ભઠ્ઠિ ને, ઉતાકુનો નહિં પાર. ૭
વળી વિલાતી કોયલા, બળતાં બદબો દેય;
યંત્રોપરની ચરબિ ને, બૈરાં બોકે તેહ. ૮
બબ્બરચી ખાનાતણો, વળી બોકનો વાસ,
સ્નેહોડાંની બોખારની, સૂકે દીલ ઉદાસ. ૯
લીલાં પિત બોકે સદૂ, સ્નેહજે ના બોકાય;
આંખે પાણી આવતાં, ઊભાં નવ રહેવાય. ૧૦
જેવા ફરતા યંત્ર ત્હાં, તેમ પેટમાં થાય;
ભોળ ચઢે પડિ રેહતાં, વાંસો બહુ તપિજાય. ૧૧
ઉઠાય ને બેસાય નહિં, ખવાય નહિં પીવાય;
પિશાબ ઝાડો બંધ રે, એ હાલત વરણાય. ૧૨
લુગડાંનાં નહિં ભાન કંઇ, નિર્દે હસતા જોય;
અબળા બાળક બાપડાં, ઓ ઓ કહિને રોય. ૧૩
અતિશયઉકતી નથિ કરી, ગયું રહી બહુ હાલ;
ઘણાં જનોને વીતતું, વળી વીતશે કાલ. ૧૪
એમ છતે પણ હર વખત, આગબોટનું કામ;
એમ છતે કો ના મરે, જિવતાં રાખે રામ. ૧૫
(૨-૧)

બચુબાઇ.*

(ગરબી.)

બેનિઓ ભૂલો મા રડાં ડોળથી;
હાંરે કળી ખીલતી ખરીપડી વંટોળથી. હોજી રે બેનિ૦ ૧
હાંરે કેવી હાવકી દેખાતી હતી બોલવે
હાંરે કેવી વાજબી હતી તે વાત તોળવે. હોજી૦ બેનિ૦ ૨
હાંરે કેવી તાન સાથ ગાતી મધુર ગીતડાં

---

* જરતોસતી છોકરિયોની બાહારકોટની નિશાળની છોકરી.

હાંરે સુણી ખુશીથી થતાં ફિદા જન ચિત્તડાં. હોજી૦ એનિ૦ ૩
હાંરે બીજાં કામમાં માહીતી તેને ઘણી
હાંરે ગળી શી વખાણું તેની કોકિલ કંઠની. હોજી૦ એનિ૦ ૪
હાંરે રૂડી મેળવી શીખીને પદવી† ઉંચી
હાંરે મુકી કીરતી અહીંને તહિં ગઇ ઉંચી. હોજી૦ એનિ૦ ૫
હાંરે તેનાં મંનની તે મંનમાં રહીગઈ
હાંરે તેની સહુ મુરાદ તે પડો પૂરી તહીં. હોજી૦ એનિ૦ ૬
હાંરે પુરી ખીલતાં સુગંધ કેવી આપતે
હાંરે રૂડો દાખલો બીજીને બતલાવતે. હોજી૦ એનિ૦ ૭
હાંરે એની લોનિ શીખ સાચી કહું આથકી
હાંરે ભણી કીરતી વધારો જવું ઝટ નકી. હોજી૦ એનિ૦ ૮
હાંરે ગાયન કામમાં તે સાતશેંમાં‡ એકલી
હાંરે ભુલે નર્મદો તે કેમ બચૂને ભલી. હોજી૦ એનિ૦ ૯
(૨-૧)

ડાંડિયામાંની કવિતા.

ડાંડિયો.–(દોહરા.)

અમાસ નિશ ઘનઘોરમાં, ચોરિ ધાડનો ભોય,
ઘરમાં વસ્તી દીપની, બ્હાર ડાંડિની હોય. ૧
ડાંડિ વગાડે ડાંડિયે, હોય ડાંડિયો જેહ;
મુકે ડાંડપણ ડાંડિયો, મસ્તી કરતો રેહ. ૨
નહીં ડાંડિયા સ્હાંડિયા, પણ વળી લોક અજ્ઞાણ;
ન્હાનાં મ્હોટાં નાર નર, સરવે થાય સુજ્ઞાણ. ૩
ડાંડિની મ્હેનત થકી, ધન્યડાંડિ સોહાય;
દેશતણો ડંકો વળી, બધે ગાજતો થાય. ૪
(૨-૨)

---

† સ્કોલરશિપ.
‡ એ ખાતાની ચારે નિશાળની તમામ છોકરીઓમાં પેહેલો દરજ્જો ધરાવનારી. ગુજરી ગઈ તા૦ ૧૦ જુલાઇએ કોલેરાથી ૧૩ ની ઉંમરે.

આજકાલ.

આજકાલ જન મોહના, મ્હોમાં જઈ હરખાય;
નથી જાણુતા બાપડા, ચૂસઈ મરી જવાય. ૧
આજકાલ જનગાલ તે, લાલ બ્હાર દેખાય,
સનેપાતની ચાલ તે, પછી આણુતી હાય. ૨
આજકાલ લક્ષ્મીતણા, સેવક સહુ જન થાય
ચંચળ કરિને ચંચળા, પછી છેતરી જાય. ૩
આજકાલના તાલથી, આળ ચ્હડે બહુ ભાત,
કાળઝાળથી ખાળમાં, પડેજ સાચી વાત. ૪
આજકાલ તો ભાળમાં, રાતૂં શોભે જેહ;
લીલૂં છમ તે આખરે, ખરે થઇને રેહ. ૫
આજકાલ છે માલમાં, મોટી લક્ષ્મી નાર;
ભક્તિ નીતિ તો તુચ્છ છે, એમ કહે નર નાર. ૬
આજકાલ જન ભાળશે, ભાવે ભાવી તોજ;
ઊગરશે ત્રણ તાપથી, સતસુખ લેશે રોજ. ૭
(૨–૨)

સુખ.

જેણે જે માંની લિધૂં, તે તેને છે સૂખ;
સૂખ મળ્યૂં ત્હાં જાણવૂં, મટીગઈ જહાં ભૂખ. ૧
સૂખ માન્યું કદિ સર્વને, વજને સર ખૂં હોય;
જાતિ વિષે અંતર ઘણો, જ્ઞાની જન તે જોય. ૨
સૂખ ઊંચું સદજ્ઞાનનૂં, દુર્લભ ભવમાં જાણ;
ભણે ગણે માયા હણે, થાયે પ્રાપ્ત પ્રમાણ. ૩
(૧–૨)

હસવું રડવું.

હસવૂં વ્હાલૂં સર્વને, રડવૂં થોડાનેજ;
રડવામાં હસવાતણો, રસ વિરલા જન લેજ. ૧

હસવે જે સુખ ઊપજે, લ્હેર પઠે વહિન્જાય;
ખસિયાણાં ખસવૂં પડે, વસવૂં વસમૂં થાય. ૨
રડવામાં રસ ગૂણ બહુ, હસવામાં છે હાનિ;
હસવે રીઝે મૂર્ખ પણ, રડવે રીઝે જ્ઞાનિ. ૩
(૧–૨)

એક બાઇનો વિલાપ.

હાય હાય રે તાયકાં તીર લાગ્યા.
હાય હાય રે વજ્જર બાણ વાગ્યાં.
હાય હાય રે ઘરને હાટ ભાગ્યાં.
હાય હાય રે ભાઇના ભોગ જાગ્યા.
સવામણ જે પાનશેર બાવળિયો કે એન ખેર
વીહીલે મ્હોડે બેઠો ઘેર હાય હાય આ શો કહેર. મારી નાખ્યાંરે.
હાય હાય કહેર થયો હાય હાય ગરથ ગયો
હાય હાય ટેક ગયો હાય હાય સ્નેહ ગયો
હાય હાય કંથ ગયો. દુખ દુરિયામાં ડુબાડયાંરે.
હાય હાય દૈવ રૂઠયો હાય હાય પ્રાણ લૂટયો
હાય હાય શ્હોર ઊઠયો હાય હાય બાપ પૂટા
હાય હાય આવરકુટો રાંકડાઓનો આવી રહ્યોરે.
(૩–૧)

થેલીકા મુહ ખુલ્લા
(તો) રાજ કરે ગુલ્લા (ગોલા)

૧૮૬૫ ની ૧લી જુલાઈ.

હાય જુલાઈ આવિરે, વરસીરહી છે લ્હાય
રાય રંક સીઝાય જે, કટકટ નાક કપાય. ૧
કાળાં મ્હોડાં થઇગયાં, નહી લોહિ ને માંસ
ખરેખરા તે ચાડિયા, પૂરા થયા નિરાસ. ૨
(૨–૨)

તવંગર રાંડ્યાજનું વર્ણન.

(ચોપાઈ.)

ધનવંત ઘેરે જન્મે પુત્ર, શોભે બહુ તેનૂં ઘરસૂત્ર;
દુંદુભિ વાજાં વાગે ઘણાં, કામ સરે સોયાણીતણાં. ૧
છઠ્ઠિ પુજાવે હાડે ગોર, ભવિષ્ય જોઇ વખાણે દોર;
નૃત્યકરી માનીતી બહૂ, ખબર પુછે શેઠાણી વહૂ, ૨
જણી વહૂ ઇચ્છે વર પ્રેમ, વળે શેઠ પણ કરવા તેમ;
રાખેલીના તેજનિ સાંમ, ઢંકઇ જાય સુબુદ્ધી કામ. ૩
ન્હાની વય સુત રમતે ખોય, બૈરાનૂં શીખે બહુ તોય;
ભણવૂં ગણવૂં થકવી દઈ, ખાય પિયે અતિહારી થઈ. ૪

(દોહરા.)

અપશબ્દોના સિંધુમાં, તરવા પડે કુમાર;
મદઉન્મત્ત મગર થઈ, કર્મો કરે ગવાર.
તરુણ વયે ફાટો ફરે, ઘરને દેખે કાળ;
મુનીમ મેતા ચાકરો, કરેજ ખોટા રાળ.

(ચરણાકુલક વૃત્ત.)

નવે ઊઠિને દાતણ ચાવે, દશે ચાહ તે પીએ ભાવે,
વહુ ધૂજી પૂછે ઘરકાજે, શેઠ વદે રાંડોની દાઝે.
સોદો આણૂ બહુ ભિન્નજી, કામ કરે ત્રણ ઘરનૂં પાજી;
નીજ શેઠ રંડી કારભારો, તે શ્રમનો કયમ આવે આરો?

(દોહરો.)

શેઠ લવે ગપ્પાં બહૂ, વેઠે હોયે નાર;
રસોડું અબલા સાચવે, રાખ લાજ કિરતાર!

(સાખી.)

(સ્ત્રીનો વિલાપ.)

સખી શું માનો તમે. ટેક.
જોબન જાએ માહરૂં, કંથડો ખેલે બ્હાર;
મારૂં કહ્યું માને નહીં, હૈયું એરણ લૂહાર. સખી૦

એના જેવું હું કરું, પાપ કલંક શિર જાર;
નથી સમાતો કામડો, પિઉ પિઉ કરું આંસૂધાર. સખી૦
તમે જાણો હું છું સુખી, મનડે દુઃખ અપાર;
છાની વાતો કેમ કરું, અપરાધ થાય દાતાર. સખી૦

(દોહરા.)

સ્નાન કરી ભોજન સમે, જપે રંડિનું નામ;
જમી પ્રસાદ ઘિ ભાતનો, કરે સેન આરામ.
ત્રણ ચાગે બેશે સહુ, વળી ઓટલે શેઠ;
ગપાં સપાં મારે ઘણી, કરે પાક છે વેઠ.
પાંચ થએ ફરવા જશે, બદ સાથીની સાથ;
આઠે તે પાછો ફરે, વાળૂ કરવા નાથ.
પછી જાય મુકિત સ્થળે, સૂવા વેસ્યાવેર;
રાત્ર ગુમાવી તે સ્થળે, વ્હાણે આવે ઘેર.

(નારાચ વૃત્ત.)

હરામ કર્મ આદરી રમે ઘણા કુછંદમાં,
ન લક્ષિ સાર ગ્રંથમાં લવેજ આપ ઝૂમમાં;
પિતાતણૂં ન માન રાખિ ઓળવે બહૂ મતાં,
સદાય હોય આળસૂ પ્રભૂતણી ભિતી છતાં. ૧
ભણે ન શેઠ બુદ્ધિ લાવિ શાસ્ત્ર બોલિ પારકી,
પિછે ન સૂખવૃદ્ધિ શાથિ રૂઢિ પાળિ લાડકી;
પઢે ન આપ શાસ્ત્ર હેત લાવિ ઉઘમોથકી,
ન સાંખિ દોષ હોય તો લવારિયે જશે છકી. ૨

(૩-૧)

પૈસાદાર કહારે હેકાણે આવશે ?

(ચોપાઈ.)

ખુટશે કોથળિમાનૂં ધન, કરશે વિચાર રૂડો મન;
ધન તન માણસથી હેરાન, બનશે તારે ઘરશે સાન. ૧
લક્ષ્મીનો મદ અપરમ પાર, બહુ બોધે સમજે નહિં યાર;
સર્વે વાતથી હૂં હૂં કરે, પણ તે તો સહુ હોએ જરે. ૨

સંગતશરમે સમરે જાણુ, પણ નાંહ તેથી પૂરો માન;
ગરીબાઇને પૈડે પડે, જખમારી કહિને તે રડે. ૩

(૨–૨)

દેશીઓને વિનંતિ.

(ભુજંગી.)

સદા સજ્જનો માન આપેછ ભારે, દિસે જે રળીઆમણો સૂવિચારે
ગુલાબી ફૂલો ઉગતાં મોગરામાં, ઘણી બ્હારથી ખીલિ રેહે ઘટામાં. ૧

(શાલિની.)

રૂડા દેશી, સજ્જનો માનવી જે,
શિક્ષા ડાહી, નીજ લાભોતણી જે;
ગારૂડીઓ છંદ વીસારવાને,
વિદ્યા જ્ઞાનો પિંડમાં આદરોને. ૧
ભાષામધ્યે યોગ્યતા આણતાં કે,
લેઈ દોડો શાસ્ત્રની બાબતો કે;
જ્ઞાની હોઈ વેહવારી થવું જો,
અંતે પામો મોક્ષધામી સુખો જો. ૨
શિક્ષામાળા બુદ્ધિગ્રંથો વિશે છે,
હેતે જે કો પાઠ રૂચી કરે છે;
લેહે છે અત્યંત લાભો રૂડા જો,
પૂરા તેને જાણવા સૂધસ્યા જો. ૩

(૨–૨)

સાહસિક રજપુતનાં વચન.

(દોહરા.)

ગુણી પુરુષ પાષાણ તે, વજ્રને ના વેચાય;
જાય દૂર નિજ ભૂમિથી, અધિક કિંમતી થાય. ૧
રાશિ ચંદ્ર ગ્રહ જોતિષે, છળે નહી સિંહરાજ;
સુકન મુરતની વાત સહુ, તજી કરે તે કાજ. ૨
પાસ દ્રવ્ય સાહિત્ય વણુ, આરંભે તે કામ;
સાહસ કરવું સાકું રે, ત્વરા તહાં યશધામ. ૩

(ભુજંગી.)

ધનો નીજ હસ્તે તરૂણી અવસ્થે,ન હોરે પ્રદેશે પ્રવાસી અવસ્થે;
ગુમાવે હિણો જીંદગી રત યૂવા, નહી સ્હેનમાં કાળ તો જાય મૂવા. ૧
કદાપી સદા સુજ્ઞ જો ઘેર રેહે, અમૂલી નફા ખોઇને ખોટ સેહે;
થશે જીર્ણ વસ્ત્રો બહૂ કર્જ વાધે, જગે નામ નાહીજ સૂકીર્તિ સાધે. ૨

(અંગ્રેજી ઉપરથી ભાષાંતર.) (૨–૨)

સોળ સણગાર (બ્હારના,)

(કવિત.)

કેશને સમારી રહી અંગ મુખ ધોઈ કરી,
પેરી લે સુકંચુકી જે હોય તસતસતી;
પગ હાથ કાન કોટ એ તણાં ભુષણથોક,
જુગતીથી સજી લેતી નહીં ઠસઠસતી;
કાજળ સુરેખ હિંગળોક તે કપાળ સેંતે,
ચણીઓ ને સાડી પેરે નહીં મ્હસ સસતી;
અંગ મુખ વાસવાળી ભલી ચાલે છટાથકી,
મૃદુ જોતી બોલતી ને પીતી રસ હસતી. ૧

સોળ સણગાર (અંતરના.)

સુઘડતા આવડત ડાહપણ ચતુરાઈ,
ચપળતા પતિવ્રત ઉદારતા સાત છે;
ક્ષમા સત્ય સંતોષ ને ઉદ્યોગ દયા સુવિદ્યા,
સર્વજનપ્રીતિ પ્રભુભક્તિ દિન રાત છે;
ધૈર્યસહ સોળ ગુણ સજી એવી નારી તે તો,
ઘર નાત જાત દેશ વિદેશ વિખ્યાત છે;
સોળ સલખણી નારી સોળ સણગારવાળી,
મળે જેને હાસ વ્હાલી તેની તો શી વાત છે ! ૨

(૨–૧)

બતરીસ લક્ષણેા.

ન્હાનું અને મેાટું કામ કરવે સમર્થ ધણેા,
પરાક્રમિ સિંહ ગુણ લેવાને લાયેક છે;
ઇંદ્રિજીત થઈ કરી દેશ સમેા જોઈ કરી,
સવારય સાધે બગ ધ્યાન ગૂણ છેક છે.
સર્વથકી પેલ ઊઠે, મરતાં લગી ન હઠે,
પરીવાર પેટ પેાષી પછે જમે ટેક છે;
સ્ત્રીપર પલટે પ્રીત, ચાર કુકડાની રીત,
પાળે તે પંડીત નીત, ચતુરાઇ નેક છે. ૧
અવાસનિવાસ ઊંચેા, રિપૂ મારી કરે કૂંચેા,
બેાલતેા મધુરી વાણી, સ્વરૂપે સુંદરતા;
સારી કળાવાળેા કાલેા, ગર્વહીન હ્યાલે વ્હાલેા,
થન થન નાચે મેાર, છ ગુણેાનેા ધરતા.
થેાડે ધણે સંતેાષી જે, ઊંઘ બહુ થેાડી રાખે,
લઘુ ચિત્તે જાણે વ્હેલૂં, સ્વામીભક્તી કરતા;
શૌર્યતા શીકારી સહુ, લેાકે છે વખાણી ધણી,
છગુણ ધારણ સ્વાન, પુર્ષ વ્હાલે સરતા. ૨
ભાર તેા અત્યંત વેહે, દંડ નહીં લેશે લેહે,
સંતેાષથી સદા રેહે, ધણેા ગૂણી ખર છે;
ભરૂંસેા કરે ન કહીં, રમે રતિ છાનેા રહી,
અગર્વિષ્ઠ સમેાસાધુ, કાગડેા ચંચળ છે.
યુદ્ધે પરાક્રમ કરે, વિપતે ધીરજ ધરે,
ચડતીએ ક્ષમા સજે, પુરૂષ ચતુર છે;
સભામાં વાચાળ બહુ, જશનેા ભૂખ્યેા તે સહુ,
છ ગુણ સહિત સાર, સલખણેા નર છે. ૩

(ભાપાંતર.)

(દોહરા.)

અકેકેા સહિં બગતણેા, કુકડાના તેા ચાર
ત્રણ વળિ ગધ્ધાના કહ્યા, પાંચ કાગના ધાર. ૧

પુરુષ મોર કુતરાતણા, ષડગુણ લેતાં થાય
પૂરાં બતરિસ લક્ષણો, જેથી જન શોભાય. ૨

પુસ્તકશાળા.

(ત્રિભંગી વૃત્ત.)

કુડિ પુસ્તકશાળા, જ્ઞાનનિ ડાળા, ફુલ ફળ ફાળા, ભાતી છે
વિદ્યાનાં ધામો, અગત્ય કામો, સુખની હામો, તાતી છે
પુસ્તકો પથારી, દોષ નિવારી, આનંદકારી, રાતી છે
બહુ અખબર ધારી, મીલનસારી, ઉદ્યમી ભારી, લાતી છે.

(છપય વૃત્ત.)

કરે સુપુસ્તકાલય લય સહુ અજ્ઞાન તિમિરનો,
કરે સુપુસ્તકાલય લય કંટક કુવિચારનો;
કહે સુપુસ્તકાલય વિદ્યા શ્રમ બહુ લોકનો,
કહે સુપુસ્તકાલય રિવાજ નાના દેશનો;
નામી સુરત કાળ કાળની, તે મંદિર દરસાવતું,
સુવિચાર પ્રસાદિ સુકાળની, આપીને હરખાવતું.

જિવને શિક્ષા.

(દોહરા.)

મનથી માને મોટપણ, કરિ બીજાને બોધ;
પોતે ત્યમ વરતે નહીં, તે બોધક નવ શોધ.
અથાક ભવજલને વિષે, નીતિ ધર્મ બે નાવ;
નાવકશ ભણ જ્ઞાનને, સત હોકો દિગ્દાવ.
ભવસાગર વરસે ઘુમર, કો નહિં તારે આપ;
આપ સુકરિતે મુક્તિ છે, અવર ન બાળે પાપ.

(ચોપાઈ.)

વણ પૂછે જે બોલે પ્હેલ, જાણો તેને અડબો ઘેલ;
બકે બોલવે બહુ જેફેલ, જાણો તેને પૂરો ઘેલ.
ભણિ વિદ્યા ને સમજ્યો નીતિ, તેણે દુનિયાં અડબી જીતિ;
સમજી જેણે પાળી નીતિ, તેણે દુનિયાં પૂરી જીતી.

(દોહરા.)

નર્મદ ચિત ધર બ્રહ્મને, જર આણુસે માર;
ભેટ કામિની પાપિણી, ભેટ પ્રભૂની સાર.
કાળું કામ કાલેા કરી, નાખે નર્કે નામ;
સુકરિત સંધા સાચવી, રાખ હૃદેમાં રામ.
ભજે જંન જે કામને,જપે ન નામ અમૂલ્ય;
જાય જલદિ જખ મારવા,નર્કે અધમ અતૂલ્ય.
નર્મદ શત્રૂ કામને, નહીં જીતવેા સેલ;
નરસંહિ લેહ જેને ધણી,તે ન ચળે કંઇ સેલ.
વણસાડે જે કામને, જોઈ તરુણૂં રૂપ;
હેમ પડે વ્હાલાં પ્રથમ પછિ ટાઢાં હિમ કૂપ.
એક અંશ તેા રૂપ ને, જ્ઞેય અંશ બે ગૂણ;
તે નર નારી ભેાગવે, અમળ સૂખ સદગૂણ.

(માલનિ વૃત્ત.)

ભગભગત ભગેાને સેવવી છેાડિ દેરે,
નથિ નથિ જસ તેમાં હાનિ નાહેારિ લેરે;
થઇ ગરક અનિત્યે નિત્ય દે છે વિસારી,
સમજ સમજ ગંડૂ જન્મનેા હેતુ ભારી.

દેશાટનથી થતા લાભ.

(છપય વૃત્ત.)

રીત ભાત પરદેશિ, ભણુતર બુદ્ધી ચાતુરી,
જાત જાત પેદાશ, જાણિ પ્રવાસી આતુરી;
મુકાબલેા નિજ સાથ, કરીને સરસ સ્વીકારે,
સાર વસ્તુના લાભથી, દેશ દેશી સણગારેઃ
શત વર્ષ શત શ્રમથકિ બની; વસ્તુ આણે સહેજમાં,
દેશાટન આનંદકારિ, સ્વદેશ લાવે તેજમાં.

ઝીણા જીવજંત અને સૂક્ષ્મદર્શક યંત્ર.

(દોહરા.)

કહિયે કચરો ડાધ જે,ફળ કે જળમાં હોય;
એ અતિ ઝીણા જીવ છે,અવયવ સંધા સ્હોય. ૧
કો ગુંછળૂ કો સાપ છે, ઘણા ઘણા આકાર;
સૂક્ષ્મદર્શકે દીસતી, જડ વસ્તૂ જિવ યાર. ૨
એ બહુ સુંદર યંત્રમાં, કાચ ગોઠવ્યા સાર;
ઝીણિ વસ્તુ મોટી દિસે, ખૂબી મ્હોટી ધાર. ૩
સૂક્ષ્મદર્શકે બહુ નવા, ચમત્કાર જોવાય;
ઝાડપાન જિવજંતુમાં, પ્રભુની કળા સુહાય. ૪

પરવાળું.

ખડકો પરવાળાંતણા, દરિયામાં દેખાય;
લાલ ચળકતા હોઇને, ઘણા ઘણા શોભાય. ૧
ઝાડ છોડવા દીસતા, જિવ જાણે ફુલ હોય;
જીવડાંઓનાં પેટની, તે પેદાશ તું જોય. ૨
પરવાળાંની માળ તે, કોટે ધાલે કોય;
રમે છોકરાં એ થકી, દોરીમાં તે પ્રોય. ૩

ત્રાજવું.

જો આ સુંદર ત્રાજવાં, મુકે કાટલાં સ્હોય;
વસ્તાં ઓછાં વજનનું, માપ બરાબર હોય. ૧
નીચું વસ્તૂં વજનમાં, ઊંચું ઓછું જાણ;
સમજી સાર અસારને, સાર લઈ સુખ માણ. ૨
ઘણી જુક્તિનાં ત્રાજવાં, આ દેશે વપરાય;
સ્હેલું પડે બહુ જોખતાં, ફેર પડે નહિં કાંય. ૩
કેવો ચાલે ત્રાજવે, દુનિયાનો વેપાર;
ખરા અદલ ઇનસાફની, નીશાણી એ ધાર. ૪

ભેટ પોથીની સૂચના.

(દોહરા.)

ભેટ પોથિ જોવાથકી, થાયે લાભ અનંત;
મળે રસિકતા રહેજમાં, રાખે દિલથી ખંત. ૧
ત્હરે ત્હરેનાં ચિત્ર ને, ત્હરે ત્હરેના રંગ;
જોઈ બાળક સમજશે, રસને ધરી ઉમંગ. ૨
ખુબસુરતી ને ખોડનું, થશે શુદ્ધ બહુ ભાન;
નકલશક્તિ વધશે ખુશી, થશે સારનું જ્ઞાન. ૩
કવિતાનાં ગાયનથકી, થશે જીવ પરસંન;
મળશે સારી શીખ ને, કરશે જન સજંન. ૪
જૂદા જૂદા બાગનાં, ઝાડોકેરી ડાળ;
તેની ડાંખળિ પાંખડી, અહિં આણેલી ભાળ. ૫
કવિતાની પોથી ઘણી, છપાયલી પરસીધ;
તેમાંથી મતલબતણી, ચૂંટી અહિં લખિ લીધ. ૬
તજવિજે કરયું એકઠું, કવિતા રંગ સુચિત્ર;
છપાવિ સુંદર કાગળે, કસર ન રાખિ મિત્ર. ૭
જ્ઞાન મળે આનંદમાં, રહેજે સરતી ગર્જ;
કરો સહૂ ઉપયોગ શુભ, અજ અમારી અર્જ. ૮

જીભ.

(ચોપાઈ.)

માણસના વીચારો વળી, તેને તૂં સમજાવે ભલી;
પવિત્ર નામજ તૂં કહેવાય, એમાં શો સંદે લેવાય. ૧
ખરે ઘટારત છે વળિ જેમ, કોક[૧] વાપરે તૂને તેમ;
કોક માન દે તૂંને ખરૂં, સત્યધર્મી કો હોએ કહૂં. ૨
ખોટૂં વર્ણન કરવા સહૂ, તૈયારજ થાશે જન બહૂ;
જુઓ કેવિ એ આડી રીત, ભલું[૨] વપરાએ બૂરે નીત. ૩

---

૧ થોડા જણાજ તને ઘટતી રીતે વાપરે છે. ૨ ભલી જીભ નઠારા કામમાં વપરાય એ કેવી આડી રીત?

કરશે હિંમત કોની સાન[૩], જે આપે જિભને અપમાન;
કરશે હિંમત કોની સાન, જિભને ભ્રષ્ટ[૪] કરે હેવાન. ૪

કોણ દુષ્ટ છે જે આ ઠામ, વાપરશે જિભ ભૂંડે કામ;
કોણ વેચશે[૫] કિરતી આપ, બજારુ ભાવે ભૂંડું પાપ. ૫

(તરજુમો.)

દાંત—દાઢ.

(દોહરા.)

(દાઢ) મોતિ જડિત બે પંક્તિયો, સુંદર ને બળવાન;
શોભીતી આવી રહી, આહા કેવી સાન! ૧

(ચાવતાં) ખૂબ મચીને ટકિ રહે, બહૂ સખ્ત સંગ્રામ;
તેમાં જોદ્ધા સરખિ છે, પરાક્રમી તે નામ. ૨

(ચવાયલું પાચન ન થાય)
જઠરતણી તે સ્નેહિયો, જાતે દુખ ખમનાર;
ખરેખરીજ ડગે નહીં, ઘણું રક્ષણ કરનાર. ૩

પણ જારે ભુંડિ ટેવ* તે, બહુ દુખ દેતી હોય;
તારે તે કમજોર છે, અમથી ટકટક જોય. ૪

(શાર્દૂલવિક્રડિત.)

મોતીકેરિ સુપંક્તિ બે બળ અને સૌંદર્યથી શોભતી,
મોટાં ને ટકતાં મચી જુધવિષે જોદ્ધા પઠે વર્તતી;
સ્નેહી તે જઠરાગ્નિની ખરિ થઈ સંભાળ લેતી ઘણી,
એવી ને દુખ જો દિયે વ્યસન તો શક્તી ઘટે તે તણી. ૧

(તરજુમો.)

સુધરેલ કોણ?

(કુંડલિયો.)

મામલો સુધરેલનો લેવા રાખે આશ;
ભણ તેના રસજ્ઞાનને, એજ કસોટી ભાશ;

---

૩ કોનું શાણપણ—કોણ હિંમત કરશે? ૪ અપવિત્ર; નાપાક. ૫ એવું કોણ છે—કિયું ભુંડું પાપછે કે જે પોતાની જીભને અઘટિત રીતે વાપરી પોતાની આ બરને ધક્કો પોંચાડશે.

* દાંત સાફ ન રાખવા, ઘણાં પાનસોપારી ખાવાં, દારૂ પીવો વગેરે.

ચેજ કસોટી ભાશ, દાખવે જસ ગુણ ધૂમી;
સૂધડતાનું સ્વરૂપ, જણુવે વજન કુળ ભૂમી;
કહે નર્મ કર જોડ, ધરે દીલ નહિં આમળો;
પાળે નીતી ધર્મ, તે સુધરેલો માનલો. ૧

હિંમતવિષે.

(તોટક વૃત્ત.)

ધર હિંમત અંગ ઉમંગથકી, કર કારજમાં પછિ રંગ નકી;
મસ હિંમતથી જસ લાભ વકી, નહિં તો અમથી મતિ જીભ બકી–૧
વળિ અર્જુને હિંમત ભારિ ધરી, બડિ કૌરવ ફોજ હરાડિ ભરી;
વળિ કેલને કારતિ ભારિ કરી, કુડિ આમિરિકા નવિ શોધિ ખરી–૨

નાણું.

(ભુજંગી.)

તમે કેમ જાણો સહૂ નાણું સારૂં?
નહીં પાસ જેની ન તે ધૈર્ય વાળૂં;
દિસે પાસ જેની હશે દુઃખિ ભારી,
હતૂં પાસ જેની થયૂં છે ભિખારી. ૧

(ભાષાંતર.)

સમશ્યા.

(દોહરા.)

સર્વ જગતને વશ કરે, સૂખી કરવાકાજ!
(પણ) બહૂ લાડ તે નારિનૂં, લાવે દળદર લાજ. ૧

ઉત્તર–ઊંધ.

કામ જગતનૂં જેવડે, નીભ્યૂં જાએ સહેલ;
આપીને વળિ રાખવિ, સાચ વસ્તુઓ છેલ. ૨


ઉત્તર. ૧ વચન. ૨ વિદ્યા.

સમશ્યા-પ્રશ્નોત્તર.

શેણેકરી સારી પઠે, દેશની દોલત વધે,
લગનમાં મોજ મારે, તેને તો શું કહિયે;
બાંયથકી ઉંચાં કાંહાં, રહે પંખિ માનવી તે,
બાળક સંભાળ કો લે, જેના વેણ સહિયે;
કોટે ને મંદિર પાસે, પુલ દીપ શેમાં શોભે,
વડિલ કહે શું ચીજ અઘટિત લઇયે;
રૂડા છ સવાલ કહ્યા, તેના તો જવાબ લહ્યા,
માલે શબ્દે આવી રહ્યા, ખુશી ખુશી થઇયે. ૧

સમશ્યા--પ્રશ્નોત્તર.

અભાગિયો કિયો પશુ, અધમ કહેજ સહુ,
કરીને જે ઘોળીએ તો, માંહેથી શું નીસરે;
ખેડુત ખેડે શું કિયો રોગ આણે ઊધરસ,
કો બાળક નીરખતાં નીર નયણે ભરે;
આજ કાલ આ દેશમાં રાણીનો માનીતો મીર,
ખુરસેદ સમ શોભી, દુખ વ્હાડ કો હરે;
પારસીમાં શૂર કોણ, જવાબ ઉભી લીટીએ,
નામ ખરસેદજી ને રસતમ તો કરે. ૧



સમશ્યા.

પંખીમાં નૈાતમગુણી જેનાપર ચડે દેવી,
તે દેવી છે સુતા જેની એવો જેને ગાયછે;
પશૂતણેા રાજા જાણી વાહન ગણે જે દેવી,
તે દેવીનેા પતી જેની આરાધના કરે છેઃ
ખગના શિકારતણી શૈયા વ્હાલી જેને ઘણી,
તે વળી રિદ્ધિ સહિત જપ જેનેા માંડેછે;
બિજાં વિશેષણેા જેનં એથી અધિક આપવા,
અશક્ત કંગાળ નમે એવેા બ્રહ્મ વંદેછે. ૧

વિદ્યા વિષે.*

(બાહ્યાંતરલાપિકા.—છપ્પય.)

સરવદાનમાં શ્રેષ્ઠ, નરનૂં ભૂષણ હોએ;
રસ વિલાસ સુખદાઇ, રમત શી સુંદર સોએ;
માન થકી નહિં ગર્વ, મણિ મોવૂં બહુ સાચૂં;
થિર સહુ સંકટમાં, દાનું કામ નવ કાચૂં;
ઉરમાં સંતોષી સદા તે, શાંકાનહિં કંઇ જનરે;
સાસ તે માન પામે ઘણૂં, કર વિદ્યામાં મંનરે. ૧

દોહરા—બાહ્યાંતરલાપિકા.

*આ પુસ્તક વાંચી કરી, જુઓ ઉઘાડી નેન;
અંતે સૂધારો ખરે, ઠીક ફળે એ વેણ. ૧
તમે વૈષ્ણવો માનજો, બહૂ વિચારી મંન;
કાળ ઘણો વિપરીત થયો, કરો ધર્મ સજ્જંન. ૨
લખવૂં શૂં બહુ ચતુરને, વાદ કરો દિલમાંહ્ય;
નીત નીત સુખ પામવું, છેલ્લે જવૂં તાંહ્ય. ૩

---

*એક પંડિતનું વર્ણન—(કવિત્ત.)

તેજરૂપ સાન સારાં, બાંધો ચપળતા કાલાં,
નખશીખ મૂરત છે, અવયવે અખંડિત;

---

* એક વખત ગોકળદાસ તેજપાળ વિદ્યાલયમાં સુપ્રીમ કોરટના સર માથીયુ સાસ આવવાના હતા તે પ્રસંગને સારૂ સ્હેજ એ કવિતા બનાવી હતી પણ પછી તે આવ્યા નહોતા.

* કેટલાક વૈષ્ણવોએ રઘુનાથ બાબાજીને ત્હાં એક નહાની ચોપડી છપાવી હતી તેનાં પુઠાંપર કંઇ લખવાને રઘુનાથે મને કહ્યું હતું—મેં કહ્યું કે એ મહારાજવાળાની ચોપડી ઉપર હું નહી—લખું ને સુધારાની તરફનું લખું તારે તે કહે કે હા તેમ કરો પણ છુપું ભેદમાં લખો. પછી મેં ઉપર પ્રમાણે લખી આપ્યું તે રઘુનાથે ચોપડી છપાવનારને વાંચી સંભળાવ્યું તેણે જાણ્યું કે સુધારાની નિંદા છે અને તેથી તેણે છાપવા દીધું.—એ વાત કેટલેક દાહાડે રાસ્ત ગોફતારમાં ખુલ્લી થઇ હતી. વૈષ્ણવો આમ સમજ્યા કે આખરે સુધારો ખરે ખરી પડવાનો છે. પણ મારી મતલબ આમ કે આખરે ખરે—નક્કી—સારો સુધારો છે ને એ વેણ ફળે.

* પિંગળ બનાવવાની પેહેલા જે વાત બનાવવી શરૂ કરી હતી તેમાં એક લાલ નામનો પંડિત કલ્પેલો હતો.

પ્હોંચ તર્ક બુદ્ધિ બહુ, વ્હેવરે કુશળ સહુ,
ગુણ વિદ્યા સહન તે, નમ્રતા થકી મંડિત;
ભણતાં ભણાવી જાણે, મૂરખને રાહે આણે,
કોઈ વાતે કોઈવાર, કોઇથી નહીં દંડિત;
બતરીસ સુલક્ષણ, ચોંસટ કળા પુરણ,
લાડકો લલિત **લાલ** અભિધાને છે પંડિત. ૧

મિતાહાર.

નિમેલીજ વેળે મિતાહાર લેછે, કરી મ્હેનતો આછિ આનંદિ રેછે;
કરી આ વળિ પાળિ જેણે ઉમંગે, સરે રોગ તેની નહીં કોઈ અંગે. ૧
(ભાષાંતર.)

જન્મભૂમીનો વિજોગ.

(શિખરિણિ વૃત્ત.)

સ્વજન્મી જે ભૂમી, નરસિજ છતે તેજ મધુરી,
છુટાં થાતે તેથી, દલગિરિ દમે દીલનિ પુરી;
વિજોગી દીનેરે, દિન કળકળાટે સહુ રડે,
અરે બ્રહ્મન્ દેવા, શું શું સુચવિયે દુઃખભ્રમરે. ૧
(ભાષાંતર.)

બ્રાહ્મણની તપશ્ચર્યા અંગ્રેજને ફળી.

સુવર્ણયુગના દ્વીજ, ભણી પ્રણવ ને બીજ,
સેવ્યો અગ્રી ગોર, હોમી ઘી બહુ ઢોર;
ફળ્યોજ તે કદિ હોય, તે નહિં જાણે કોય,
વર પામ્યા ઇંગલીશ, જે તૂઠા જગદીશ. ૧

વિદુશક અથવા રંગલાનું નામ.

હું બની બનાવું, રંગ ઉપજાવું, હસવું લાવું, ખડ ખડ ખડ,
બહુ ફરેબ લગાવું, ક્રોધ જગાવું, આંસુ પડાવું, દડ દડ દડ;

વળિ સહુને નચાવૂં, તોબા કરાવૂં, બહુ વરસાવૂં, ભય ભય ભય,
સહુ ખોડ છુપાવૂં,બહુ જસપાવૂં, સહુને અપાવૂં, જય જય જય. ૧

અઢાર પુરાણનાં નામ.

(દોહરા.)

બ્રહ્મવ્યાપિ બ્રહ્માંડમાં, ભવિષ્યન્ન ભગવંત;
અગ્ની નારદ વિષ્ણુ શિવ, અકળ ગૂણ સેવંત. ૧
બ્રહ્મવૈવર્તક લિંગ શિવ, મુકતીદાયક દેવ;
સ્કંદ ગરુડ માર્કંડ તે, કરે પરમપદ સેવ. ૨
વરાહ વામન મત્સ્ય કૂર્મ, રુપધારી રૂપેશ;
નમન નર્મનૂં માનિલે, પદ્મરૂપ પરમેશ. ૩

(ભાષાંતર.)

બાર જયોતિલિંગ.

નાના શિવલિંગોવિશે, જયોતિલિંગ તે બાર;
મહાકાલ મલકારજુન, વૈજનાથ ઓંકાર. ૧
વિશ્વેશ્વર ધુષ્મેશ ને, સોમેશ્વર કેદાર;
ભિમશંકર નાગેશ ને, રામેશ ત્યંબકસાર: ૨

(ભાષાંતર.)

છ સવાદ.

કટૂ કટાણો ને તિખો, ખાટો ખારો પાંચ;
છઠ્ઠો વ્હાલો સર્વને, સ્વાદ ગળ્યો તે સાંચ. ૧

(ભાષાંતર.)

કેટલાંક સુગંધીદાર ફૂલ લોકનાં જોવામાં આવતાંજ નથી.

ઉગે પુષ્પ સોહામણાં, નજરે ના દેખાય;
વન સઘળૂં વાસિત કરે, મિથ્યા ખિલિ ખરિજાય. ૧

(ભાષાંતર.)

ઉત્તમને ઉત્તમ સાથેજ બને છે.

ઉત્તમ નર સહુકો જપે, ઉત્તમ જપે જ એક;
ઉત્તમ ઉત્તમમણિ જપે, જઈ હાથથી છેક. ૧

ત્રણ અનુપમ રત્ન.

સ્ત્રી કવિતા ગાયન વિના, મને ન ભાવે કાંઇ
આ જગમાં ત્રણ મોહિની, અનુપમ રત્ન સુહાઇ. ૧

કવિતાચંદ્રિકા.

મૂળ–પ્રેમ–સુજ્ઞાનની, સરસ ચંદ્રિકા હોય
તોપણ કવિતા ચંદ્રિકા, શ્રેષ્ઠ સર્વથી સ્હોય. ૧

(ગિતિ.)

હાસ્યજનક નાટકથી, હસી કહડાએ અનીતિ મૂર્ખાઇ;
ફ્રજેતિ જોઈ લોકો, તજે પ્રુવડતા બહૂજ શરમાઈ.
નકલ બરાબર કરવે, ચાળા પાડે ખિજાય છે દોષી;
મૂકી દે નિજ દોષો, જેથી બોધક બનેછ સંતોષી.
કઠોર શિક્ષા કરતાં, કોમળ શિખવે બણુંજ દૃષ્ટાંતે;
વળિ તે સ્હેજે સ્હેજે, હસતાં હસતાં શિખાડિદે ખાંતે.
રમુજી નાટક કરવે, ફ્રેંચ મોલિયર દિપે બહૂ તેજી;
તરજૂમો આ ત્હેનો, ફીલ્ડિંગે તો કર્યોછ અંગ્રેજી.
દેશ કાળ જન જોઇ, ઘટવધ કરિ અહિં રચ્યોછ ગુજરાતી;
ભવાઈ ભોળા ભટની, ભટ્ટાઓની જણાવિ દે જાતી.
વૈદ ભુવા ભટ જોશી, ભોળા જનને છળેછ જે ભારી;
અભણ્યા ઘરના ઢંગો, એ સહુકેરી નકલ અહીં સારી.
નાંણા વાળો ડોસો, પણવાસારૂ મથેછ તે ઢંગો;
બાપ વળી બેટીને, જર જોઈને દિયેછ તે રંગો.
કર્તાએ ચ્હડિ રંગે, દર્સાવ્યા છે સુબોધને માટે;
માટે સભાસદો સહુ, શિક્ષા લેજો ફ્રજેતિને ઠાઠે.

(ભટના ભોપાળાં માટે)

બાળકોનો આનંદ

(લાવણીની ચાલ)

એકે મૂકયું ઝિણું તણખલું, બીજાને માથે;
છુપું તે બીજાને માથે,

બીજાને માથેરે, પછી તે હસે સૌ સહુ સાથે–
કુદતે અંગે કુદતી આંખે, પેલાને જોયે;
રહી રહી પેલાને જોયે–
પેલાને જોયેરે, હિલંતા હોઠો બહુ સ્હોયે.
આ પરમાણે કુદતું બોલે, હાવકપણમાં તે;
છળંતાં હાવક પણમાં તે–
હાવક પણમાં તેરે, કહે કઇ નાચે છે માથે:–
"કોઈને માથે, અગલું નાચે, બગલું નાચે,
ગામનું ગધેડું નાચે, પાડાની પડોસણ નાચે,
ખેતરનો તિર ધોડો નાચે."–
પેલો ત્યારે ઝંખવાઇ જઈ, ફાંફાં બહુ મારે;
બિચારો ફાંફાં બહુ મારે,
ફાંફાં બહુ મારેરે, તેમ તેમ હસે ત્યારે.
બોળી કહાડે જ્યારે પેલો, તાળી સહુ પાડે;
એકદમ તાળી સહુ પાડે–
તાળી સહુ પાડેરે, હસંતાં ખડખડ તે લાડે.

(ઝુલણા.)

તેનું તે શું રડું તેનું તે શું બકું તેનું તે શું લવું રોજ તેવું;
દુઃખ છે દુઃખ છે દુઃખ સંસારમાં સૂખ તો દિવસના સ્વપ્ન જેવું.
સૂખ મેં એહવાં ભોગવ્યાં રે ઘણાં સૂખ નહિં મોહ તે જાણું સાચે;
મોહ તે ભો થયા ને બિજાં દુઃખ તો છેજ હાવાં જ્યમે જીવ રાચે.
દુઃખનો જીવડો દુઃખમાં રાચું પણ ઘા પડે તે સમે ઝાઝું લાગે;
સદ્‌ગુણીને વળી દુઃખ શાસારુ એ જોઇ એવું બધે દાઝું આગે. ૧
કુલિનને ટેકિ છું ઊંચ જોસ્સા ધરું દેશિજનકેરું હું દુઃખ જોઉં;
ઉઘમો બહુ કરું ઓળખાઉં બધે માન પામું અને ઠીક સ્હોઉં.
એમ સંધૂ કુડું નથિ કર્યૂં કંઈકકુડું નીમ પાળું નિતે નીતિ દોહું;
વણ વસૂ આ સમે મૂઝવાઉં ઘણો શું કરું ના સુઝે રોજ રોઉં.
છઉં રસિક તેથિ બહુ લાગતૂં કાળજે સાધનો યોગ્યવણ કેમ ફાવું;
સારું થઇ જાઉં જો શઇ દિવાનો હવાં કે છુટું મોતથી એજ ચ્હાવું. ૨

સ્નેહિ સંબંધિની દાઝ ઝાઝી મુને થાય નહિં મૂજથી હીત હેનૂં;
ધિઃક છે મૂજને એમ હૂં જાણું ને ધન્ય છે તોયપણ હેત જેનૂં.
જ્ઞાનથી જોઉં તો થાઉં ધીરો અને તેહના કર્મનો વાંક કાઢું;
જ્ઞાનમાં સ્વાર્થસુખ જાણિ ચીડાઉં રે સૃષ્ટિના ઢંગમાં સર્વ આડું.
બહુ ચિડું તોયપણ ફાવું ના લેશ લવ તાહરે થાકિને ગૂણ ગાઉં;
અકળ લીલા અહીં વાહવા નહિં મણા નર્મદો ખ્યાલમાં મસ્ત થાઉં. ૩

* પ્રિન્સ ઑફ વેલ્સની ભરતખંડમાં પધરામણી.

(પદ–રાગ હુમરી.)

†ભલે ભલે પધાર્યાજી આજ, ગુણિયલ રૂડા રાજવી–ભલે૦ ટેક.
દેશ વિદેશે તો દિપે, તેજ વાળું માહારાણીજીનું તાજ–ગુણિ૦
કુંવર તેના પાટવી, થશો આગળ અમારા રાજ–ગુણિ૦
હિંદુસ્થાને આવીયા, થાયે સંધે હરખના અવાજ–ગુણિ૦
રાજ પરોણા આપ છો, નથી સેવા સરીખો કંઈ સાજ–ગુણિ૦
હેતે આશિષ આપિયે, જસવંતા કરોજી રાજકાજ–ગુણિ૦

(પદ.)

‡ધન્ય ધન્ય ધન્ય ધન્ય, આજરે દિવાળી;
રાજવંશી પાટવિયે, આ ભૂમિ નિહાળી–ધન્ય૦

---

* રાણીનયેા મુંબઇ આવનાર હતેા તે ટાંકણે પાટવીકુંવરને સનમાન આપવા જે કમીટી નિમાઈ હતી તેને માટે આ રચવામાં આવી હતી જેનું ૩૧૦૦ નું ઇનામ મળ્યું છે. નિચેની અંગ્રેજી કવિતા પણ કવિનીજ રચેલી છે.

† I.

All hail to thee! Most noble Prince, this day
To thee in song we would our homage pay:
Though far away thy mother's splendour streams,
These distant realms are gladdened by the beams;
When thou, her empire's heir, our Prince art found
Here, in our midst, upon the Indian ground,
While all the nation rises up to greet
Our royal guest: but for a welcome meet
What can we render, but our loyal love,
And hope that all thy life may noble prove!

‡ II.

O day of mirth, O day of glee,
O day of boundless Jubilee,
And happiness in store!

Our guest of royal pedigree
With foot auspicious comes to see
Our native India's shore.

પશ્ચિમ હિંદુસ્થાન કેરાં, રાજ્યનગર માંહે;
મહારાણીનો પૂત વડો, સપગલે સુહાયે–ધન્ય૦
ઓચ્છવની ધામધૂમ, લોક ઉભરાયે;
બ્રિટિસતાજ પેહેરનારો, કેવો તે જણાયે–ધન્ય૦
ઘેર ઘેર વારતામાં, પ્રિન્સને વખાણે;
હરખમાં વધારો કરે, ખાન પાન ગાણે–ધન્ય૦

(ગરબી.)

ઈસુણો પ્રિન્સ રૂડા, હક્ક દીધા અમને અંગ્રેજી રાજે–ટેક.
સહુ લોકોમાં સ્ત્રી કેળવણી
પૂર્વે નોતી તે ચાલી ઘણી
ખૂબી એ અંગ્રેજ રાજતણી–સુણો૦
રૂડી છૂટ સહુ સ્ત્રીનેજ મળી
આજ શોભે પુરૂષની સાથ ભળી
જ્ઞાન માન સુખો વધીઆંજ વળી–સુણો૦
એ સહુ ઉપકાર અમો લહીએ
ટાણે તે આપ આગળ કહીએ
હરખીને આશિષ તો દઈએ–સુણો૦

All o'er the place what do we hear
Save shouts of joy and heartfelt cheer?
The people flock in throngs :
The Prince is talked of every where
In words of praise with love sincere,
With festive rites and songs.

§ III.

Come let us seize this happy hour to sing
With one accord the rights we here enjoy ;
For these are blessings of the British rule ;
Lo! Female Education, once not known,
Has taken root and speeds with rapid strides
By favour of the gracious British rule ;
Now see the female by her husband's side
Share his concerns, increase the bliss of home
And bless in happiness the British rule ;
Once more then shall we seize this happy hour
To sing before thee, worthy Prince, our rights,
And bless, and bless again the British rule.

(રેખતો.)

* મળી મીજલસ શાહજાદા કાજ,
બ્રિટન ઇંડિયા મુબારક આજ–મળી૦
ખુદાની મેહેર બક્ષીસની લેહેર,
થઇ મોહોબ્બત રઇયતની, રાજ!–મળી૦
મુંબઇનો બહાર રહેશે યાદગાર,
રહો ખુશ હાલ વધારો લાજ–મળી૦

(ગરબી.)

કુવારીકાવો સજ સૈા થાએા, પ્રીન્સ પનોતો પધારેરે–હાંરે પ્રીન્સ૦
વિધ વિધ રંગી ફુલડાં લાવો, સુગંધવાળાં વધારે રે–હાંરે સુગંધ૦
ગજરા તોરા હાર ધણેરા ગુંથી, કળા રૂડી દાખોરે–હાંરે કળા૦
સોહ્યામણો છે વિશાળ મંડપ, જુગતી વડી એ રચાયોરે–હાંરે જુગતી૦
એા આ આવ્યાં વાજાંવાગે, કલોલ મોટો મચાયોરે–હાંરે કલોલ૦
ઉઠો સખીએો રાજકુંવરપર, ખોબે ફુલ વધાવોરે–કુવારીકાવો ખોબે૦
વનગુંથેલાં વનસુંઘેલાં, ફુલ છાબે ભરી રાખોરે–કુવારીકાવો ફુલ૦
રાજકુંવર શ્રી એડવર્ડ આલબર્ટ, પ્રીન્સ ઑફ વેલ્સ પધારેરે–કુંવારીકાવો પ્રીન્સ૦

---

† જયશ્રી કૈસરેહિંદ વિક્ટોરિયા.

(દોહરા.)

બ્રિટિશરાણિ વિક્ટોરિયા, કરે હિંદનું રાજ;
માન ગરવું લઇ દાખવે, પૂર્ણ જયશ્રી આજ.–૧
બ્રિટિશરાજ્યની નીતિનો, સર્વોપરિ જય હોય;
રાણિ કૈસરેહિંદ થઇ, પ્રસન્ન વદને સોય–૨

---

*IV.

We are all met with one acclaim
Our guest of royal birth and name
To welcome to our shore.
First may O Prince, grace from above,
And next thy subjects steadfast love
Remain for thee in store!

Long will this day remembered be
This day of mirth and revelry,
All o'er this little isle.
All Bombay greets with one accord
And wishes thee her future lord,
Much happiness the while!

† (તા૦ ૧ લી જનેવારી, ૧૮૭૭)

બ્રિટિશ કેસરીકેરું બહુ, પ્રૌઢું પરાક્રમ પેખિ;
ભરે હિંદગજરાજ સૌ, મુજરો વડા વિવેકિ–૩
હિંદરંગ ઉપટેલ પણ, ચડયો કેસરી તાંહિ;
આતુર જગતે જાણિયો, ઓચ્છવ દિલ્હીમાંહિ–૪
હર્ષ ભર્યા મંડપવિષે, રાજા લોક સુજાણ;
જય ઢંઢેરો સાંભળી, શિરે ચડાવી આણ–૫
પ્રતિનિધિ **લીટન** સાહિબે, જુહાર સૌના લીધ;
ભલૂં ભાખ્યું હિત હિંદનું, લાણું માનનું કીધ–૬
થયા નાદ ત્યાં તોપના, આતશબાજી ગાન;
મોટા વચલા રાંક જન, પામ્યાં ઘટતાં દાન–૭
ભણે **કૈસરેહિંદ** જય, હિંદજન સહ ઉમંગ;
નવી આશમાં ભક્તિ દૃઢ, કરી વધારો રંગ–૮

(ભુજંગી.)

જયશ્રી જયશ્રી જયશ્રી ભણીજી, બપોરે ખરે **કૈસરેહિંદનીજી**;
ખરો સ્નેહ રાજા પ્રજાનો તપોજી, જયી રાજ્ય રૂડું પ્રકાશી દિપોજી–૯
પ્રજા ન્યાય ચોખ્ખો અને હક્ક પામે, ધણી થાય તે ઉદ્યમી હામહામે;
સ્તવે નીતિ નિત્યે **વિક્ટોરિયા**ની,સ્મરે શૌર્ય પછી **અકબ્બરશા**ની–૧૦
મહારાજ નીજમ રાજા નવાબ, વધે મંડલે સૌ તણું માન માપ;
અસંતોષ છાંડી ગુણજ્ઞો થઇ તે, ઉંચી હોંસમાં સેવતા **રાણિજી**ને–૧૧

(સોરઠો.)

એમ સુરંગે રાજ, ચક્રવર્ત્તિ અંગ્રેજિ આ;
ભિતર, બાર સહસાજ, પ્રભૂ કૃપાએ બહુ તપો–૧૨

બહુ જીવો કૈસરેહિંદ વિક્ટોરિયા.

ઇશ્વર સ્તવન.*

(ગીતિ.)

નિયમ રચ્યા ને રાખે, દાખે લીલા નવી નવી સાચે;
પૂર્ણ સ્વતંત્રજ પોતે, તે ઇશ્વરને સ્તવે જપે જાચે-

---

* આ સ્તવન શ્રી વાલકેશ્વરમાં, મહારાણીશ્રીને મારવામાં આવેલી ગો-

મનુષ્ય સર્વે; પણ વળિ, સ્વભાવ લીધે જુદી જુદી રીતે;
એકાંતે મંડળમાં; નિત્યે ટાણે, ઇચ્છે રૂડું પ્રીતે.

(દોહરો.)

શા માટે અહિયાં મળ્યો, સજ્જન તણો સમાજ ?
ઘાત ગઈ રાણી તણી, પ્રભુને સ્તવિયે આજ.

(હરિગીત.)

કોઈ હરામે ઊનિ ગોળી તાકિ મારી ખૂનમાં,
એ કહેવું સાવધ રક્ષકોનું ભરભસ્યું ત્યાં સૂણતાં;
શું કષ્ટ! મોટે ધાસકે ધબધબ્યું પ્રૌઢું ઊર તે,
શું કષ્ટ! ક્ષણમાં કેટલું ઊડી ગયું મુખ નૂર તે.
ધિક તેહને સ્ત્રીજાતનો વળિ વૃદ્ધનો વળિ રાણીનો,
બ્રીટિશ પ્રજાની પ્યારિનો આ દેશની મહારાણીનો;
વધ ધારિ જેણે દ્વેષથી સાહસ ભુંડું અતિ ક્રોધ રે,
હીણો ઘણો તે ક્રૂર કાતર જગતમાં નિંદિત ખરે.

(ગરબી.)

દૈવી કરણી માનુષિથી નોખી
પ્રભુતાઈ પ્રભુની અલોકી—દૈ૦
દુષ્ટે દારણ શસ્ત્ર ચલાવ્યું,
મોટો શબ્દ કરી ઉડી આવ્યું,
પણ લક્ષ્યસું મળતાં ચુકાવ્યું—દૈ૦
રાજદ્વેષ કેરે બહુ તંતે
કૂડું કીધું ખૂનીએ ખંતે
હણનારો હણાશે અંતે—દૈ૦

(શ્લોક–ઉપજાતી.)

ઝઝૂમતી આપદ વાદળી જે, ઝાઝેભરી સંકટ શૌકની તે
કૃપાકટાક્ષે પવને વિદારી, નિર્દોષ રાણી સહજે ઉગારી.

ળથી પ્રભૂએ બચાવ્યાં તે માટે સર મંગળદાસ નાઇટની સૂચનાપરથી રચવામાં આવ્યું હતું. તા૦ ૧૯ મી માર્ચ ૧૮૮૨.

(પદ–રાગ કાફી.)

પ્રભુ જાણી અમારી દાઝ રે, રાખી બેઉ રાજની લાજ તેં—પ્રભુ૦ ટેક.
રાજદ્રોહી તે મુગટ પડંતાં, કરત ઘણો ઉત્પાતરે. રાખી૦ પ્રભુ૦
પ્રજા ભક્તિની વ્હારે ધાઈ, દીધી નિવારી ઘાતરે. રાખી૦ પ્રભુ૦

(પદ–રાગ કલ્યાણ.)

કીજે સ્તવન શાંતિ પાળે પાળે પાળે
મોટું ઐશ્વર્ય છે જગરાજ્ય
પ્રભુ પરમેશ્વર અસાધ્ય સાધે
થતે કૃપાળ વિઘ્ન ટાળે ટાળે ટાળે.

(સાખી.)

સર્વવ્યાપિ ને અંતરજામિ પાપ પુણ્ય જોનારો,
અધર્મને દુખ સુધર્મને સુખ નિયમે કરિ દેનારો;
વળી પ્રસાદે અભાગિને પણ સુભાગિમાં તું થાપે,
અનળ પવન જળ ભૂમિ કોપમાં જીવને શાંતિ આપે.

(શ્લોક–વસંત તિલકા.)

હે દેવ દેવ કરૂણાકર ભક્ત વ્હાર!
નાવે કંઈ ફરિથી સંકટ બીજીવાર,
એ માગિયે વળિ રહો સુખિ સર્વ વાતે,
સામ્રાજ્યની અધિપ શ્રી વિકટોરિયા તે.

(સોરઠો.)

મહારાણિને ક્ષેમ ક્ષેમ ક્ષેમ રહેજો બહુ;
ઘણું ઘણું જીવો એમ, દેશ વિદેશ કહે સહુ.

---

* કોનાટના ડ્યૂક–રાણીજાયાને આવકાર.

પદ.–('બીગરી કોન સુધારે નાથ બીન,' એ રાહે.)

ગાઓ બેનિયો ઉમંગમાં સહુ અવસર આજે સારેરે;
રાણીજીનો કુંવર તીજો એ ડ્યૂક કોનાટ પધારેરે–ગા૦ ૧

---

* ધોળીતલાવની પારસી કન્યાશાળામાં ગાવા માટે, કન્યાશાળાના ગાયન શિક્ષક ગણપતરામ હેમજીના કેહેવાથી રચી હતી.

પત્ની પણ છે સાથે એથી જોડું જુગતે વિરાજેરે;
રાજકૂળની કીરતીમાં વળી નિજ ગુણશીલે સાજેરે–ગા૦ ૨
અહીં રહીને સૈન્યભાગની સરદારી એ લેશેરે;
સરદારોમાં રાજવંશી એ શોભા રાજસું દેશેરે–ગા૦ ૩
એને માટે રાજનગરમાં, મોટું હાટ ભરાએરે;
ધામધૂમ બહુ સવારી ફેરી આતશબાજી થાએરે–ગા૦ ૪
સિત્તેરે તો ડયૂક એડીંબર, પાટવી પંચોતેરેરે;
ત્યાસીએ કોનાટને કાજે, દીવાળી મોટિ નગરેરે–ગા૦ ૫
વાજાં વાજે મંગળ ઉજળે ફુલની માળ વધાવોરે;
મહારાણીનો જય બોલતાં નર્મદગીત ગજાવોરે–ગા૦ ૬

ઈલબર્ટ બીલ સંબંધી.

(રોલા.)

બ્રિટિશ રાજ્ય ચિરકાળ, રહે અહીં તેને સારૂ
ન્યાયનીતિ નિર્મળી, થજો **સત્તાની** વારૂ !—૧
ભૂખતરસની તાણ, પ્રજા ધીરજથી ખમશે
ભેદ ભજવતો ન્યાય, હૃદયને ક્રોધે ધમશે—૨
શિષ્ટવચન વિશ્વાસ, નમનતા ન્યાયનું પાલણ
ધર્મતત્વ લહિ પુજે, દેશિ સર્વે આજે પણ—૩
પક્ષ ન્યાયથી નકી, બંડ ખુણગાં બહુ મચશે
ધર્મઅર્થની હાનિ, જોઇ જન ઉપાય રચશે—૪
ન્યાયસમાને રહોય, રાજ્યભકતી દૃઢતાએ
વિષમ સમે બલ અધિક, પ્રકાશે કીર્તિ થાએ—૫
જયી જીતનો ભેદ, ભેદથી ગોરો કાલો
હવે રાખવો કેમ, સમયનો જોઇ ચાલો ?—૬
જાતપક્ષ સામર્થ્ય, પ્રજાભકતીનું એમાં
ખરૂં હિતકારી શ્રેષ્ટ, સમજવૂં સાચૂં શેમાં ?—૭
પાર્લમેંટને વિનય, ઠરીને ઠરાવ દેજે
વાધે બેનો સ્નેહ, પ્રજા સત્તાનો તેજે—૮

એ દાખવવા આજ, દેશની સભા ભરાશે
રીપન વડો સરદાર, તેના જસ બોલાશે—૯

(સોરઠો)

મહારાણિનું રાજ, ક્ષેમ રહો આ દેશમાં
સત્તા પ્રજાસમાજ, ઐક્ય બળે નર્મદ તપો—૧૦

(વસંતતિલકા.)

"નિંદ્રાજ નીતિનિપુણો અથવા સરાવો
ઇચ્છાનુસાર લછમી વસિ રહો સિધાવો
આજેજ કે યુગ વિતે વળિ મૃત્યુ થાઓ
કાઢે ન ન્યાય વટથી પગ બ્હાર ધીરો"—૧૧

શારદા સ્તવન.*

(ગરબી.)

જય જય જય શારદરંગ, જગતમાં ઝળકે છે,
સેવકનાં સૂખ અભંગ, વિલાસે ચળકે છે–ટેક.
અસંખ્ય મંદીરમાંહિ વિરાજે, વિવિધ સ્વરૂપે માતા એ,
બાળ તરૂણ વૃદ્ધ પુરૂષ સ્ત્રીજન, વિધવિધ સ્તવને ગાતા–જગત૦ ૧
સકળ શાસ્ત્ર ને કળા સકળ ને, શબ્દ અર્થ રસ લ્હેરા એ;
મન વાણી ને કર્મતણા જય, પ્રસાદ શારદ કેરા–જગત૦ ૨
જ્ઞાન વધે સમૃદ્ધિ વધે ને, સદ્‌ગુણ વધે પ્રતાપે એ;
બ્હાર ભિતરનાં સાંત સુખ વધતાં, કીર્તી અખંડિત થાપે–જગત૦ ૩
દીન હીન ધનિ માનિ તે સ્હોએ, રંગપાશ જવ લાગે એ;
ઘરમાં રણમાં ધર્મે કર્મે, યશનાં વાજાં વાગે–જગત૦ ૪
અશુદ્ધિ જાએ સુવૃદ્ધિ થાએ, સ્વચ્છ પ્રકાશે સારી એ;
અશુભનું ભંજન શુભતણું રંજન, સ્મરણ સદા જયકારી–જગત૦ ૫

---

* આ સ્તવન સૂરત હાઇસ્કુલના વાસમૂહૂર્ત વખતને માટે રચવામાં આવ્યું હતું; ને તે હાઈસ્કુલમાં ગાવામાં આવ્યા હતું. તા૦ ૮ મી જનેવારી ૧૮૭૨.

(શિખરિણિ.)

અહો વિદ્યા માતા, શ્રવણ કર્યું તેં મંગળ ભણ્યૂં;
પ્રતિષ્ઠા પૂજ્ય આ, ઉરથિકર અંગી કરણ તૂં;
અધિષ્ઠાતા થૈ રેહ, અભિનવ સુમંદીરમહિં આ;
મહેચ્છૂ ભક્તોનો, શુભ પઠનઉત્સાહ વધવા.

(સોરઠો.)

તેજતણો ચળકાટ, વેગતણો ભણકાર તે,
જય જય જય શ્રી માત, શારદ શધ વિરાજ્યાં !
જય જય શ્રી ધીશા,જય વાગીશા,જય જગદીશા—જય જય જય.

(નારાચવૃત્ત.)

શ્રી સરસ્વતિ નિવાસ, થાય આ સુમંદિરે,
આજ હર્ષ ઓચ્છવે, મળી સમાજ સંધિરે,
રાજ કામદાર ને બિજા ગૃહસ્થ રાજતા,
ભાષણો રૂડાં થતાં, સુણી પ્રસંન સૌ થતા.

(દોહરા.)

આખા ગુર્જર દેશમાં, અંગ્રેજી નીશાળ;
સૌથી પ્રથમ સ્થપાઇ છે, સૂરતમાં નિર્ધાર.
ત્રીસ વરસ ઉપેર જ્યાં, ભણનારા છત્રીસ;
અવર નિશાળો તોય ત્યાં, આજ બસે ને વીસ.
ભણેલ એ નીશાળના, પ્રસિદ્ધિ પામ્યા જંન;
મોટી પદવી માણતા, ભણે માતને ધંન
હાઇ સ્કૂલ ઉપનામથી, સંસ્કારી થઈ એહ;
પ્રતિ વર્ષે વિદ્યારથી, નામ કરંતા રેહ
ગુરુ ઉપગુરુ પણ યોગ્ય સૌ, સર્વ વાત અનુકૂળ;
પણ નિજ મંદિરવણ રહી, નિસ્તેજી આ સ્કૂલ.
ઇશ્વર નવ રાખે ઉણું, સદ્‌ગુણ તે ફળ જોય;
કુળ પરમાણે ઘર મળ્યું, મણિ કંચનમાં સ્હોય.
નામાંકિત જમસેદજી, બારોનેટ લખાય;
તેના સુત સોરાબજી, સ્કુલથી રાજી થાય.

એણે સરકારે મળી, બંધાવ્યું આ ધામ;
શ્હેરતણા સણગારમાં, મંદીર કેરૂં નામ.
કેળવણી ખાતે વડા, સાહેબ છે પીલ જેહ;
ગુજરાતે ડાકટર ભ્યુલર, ઉપર સાહેબ તેહ.
એએોથી આ સ્કૂલનું, વધ્યો રૂડૂં માન;
શ્હેરતણા જન એહનું,રાખેા બહુ અભિમાન.
નવા કલેકટર આપણા, સ્ટુઅર્ડ સાહિબ તેહ;
સમાજના થઈ પ્રમુખ આ, ઉત્તેજનમાં કેહ.

વિદ્યારથી!

ભણેા ભણેા રે ભણેા ભણેા!
હાંરે ભણવાથી અનીતિ વ્હેમ જાશે;
હાંરે સદ્‌ગુણ વાધે તે કામ મેાટ થાશેરે–ભાઇઓ ભણેા૦
હાંરે ભણવાથી ઘણું ઘણું જાણેા;
હાંરે ઉદ્યમ ખંતે તે યશ સુખ માણેારે–ભાઈઓ ભણેા૦
હાંરે નવાં મંદરનું માન વધારેા;
હાંરે હોંસે હોંસે અભ્યાસ કરેા સારેા રે–ભાઇઓ ભણેા૦

(દોહરેા.)

મંદીરનાં વાસ્તૂ તણું, પૂર્ણ થયું શુભકાજ;
નર્મદ કહે જય જય ભણેા, સરસ્વતીનું આજ!

કિસનદાસ.

(રોલા.)

કિસનદાસ તું ગયેા! જવાને જન્મે પ્રાણી;
કીર્તિ રાખિને ગયેા! જિવે તું એ જન વાણી. ૧
શિષ્ય મિત્ર સંબંધ, જ્ઞાતિ જ્ઞાતિના બહુ જણ;
સંભારી ગુણગાય, વખાણે શત્રુ તે પણ. ૨
શક્તિ નીતિનું કથન, ઘણાં મંડળમાં થાસે;
એ જશમાં સદ્‌ગતિ, તાહરી તે તેા ભાસે. ૩

સત્ય ભજ્યું રહિ નિડર,ક્ષમાનું વટ વળિ રાખ્યું;
સહે શુદ્ધ વણ કપટ, હૃદય તેં ઉદાર દાખ્યું. ૪
હજુ તું છે મુજ મિત્ર,નથી આઘો ને ન્યારો;
નર્મદ જોઉં તુને, પુરૂષ ગુણવંતો સારો. ૫

ગિરધરલાલ.

(રોલા.)

પડયોજ ગિરિધરલાલ, નેટ જોઉ ગુજરાતે;
તેતરીસ તણું સાલ, જેઠશુદિ બીજ રાતે–૧
હઠે ભરાઈ ઝુઝયો, ઘાવ લીધા કારી બહુ;
નિજ નિશ્ચયમાં ઘુમ્યો,લાવ જિતના લેવા સહુ–૨
જયનવ પામ્યો તોય, ભારમાં રહ્યો મનસ્વી;
માંદો પણ સિંહ સોય, હારમાં દિપ્યો યશસ્વી–૩
ટેક તથા ટેડાઇ, નિડરપણું સાહસ સમયે;
ધીરજ ને ઘિટતાઇ, મનનને આશા નિત્યે–૪
બળ વિદ્યાએ દીધ, ધન્ન ખ્યાતી થઇ જગમાં;
લખાણ ભાષણ કીધ, પ્રજા કલ્યાણ વિષયમાં–૫
સ્થિતિ જ્ઞાનનું જુદ્દ, જેહનો અનુભવ કરતાં;
સ્થિતિયે હારી બુદ્ધ, એહ વિસ્મયમાં પડતાં–૬
પામ્યો વેલું મોત, લોક સુણી વિસ્મય પામે;
ખરેખરી છે ખોટ, શોક સાક્ષરને થાએ–૭
લોક મંડલો માંહિ, બોધ દે શિક્ષક પેરે;
મિત્ર મંડલો તાંહિ, નોધવા સ્વભવ્ય હેરે–૮
રે પ્રિય ગિરિધરલાલ, અમર છે કીર્તી તારી;
નર્મદ મિત્રનું વાલ, ઇચ્છે ગતિ થાજો સારી–૯

ડાહ્યા ધિરજરામ.

(રોલા.)

મિત્ર દેશહિત માંહિ, કિધાં છે તેં પણ કામો,
નિજ ધંધામાં રઈ, ઘસ્યો તું વેમની સામો–૧

વરત્યો નિસ્પૃહ થઈ, રયો વળિ નિસ્પૃહ ઝાઝો,
વડો ટેક વહું ધૈર્ય, ફાવ્યું નહિ પણ નવ ગાંજ્યો,-૨
લૈબલ કેસ પ્રસંગ, સુધારા કેરે પક્ષે,
મુખ્ય કાર્યમાં ખરી, યુક્તિયો દાખી દક્ષે-૩
ગુજરાતી તેં પ્રથમ, નવાં વૈદ્યકને જોયું,
એપર જે તુજ ધ્યાન, સિદ્ધ થઈ કુલમાં સોયું-૪
ભાષણ લખાણ કીધ, વિષય વૈદ્યક સંસારી,
સ્ત્રી ઉપયોગી ગ્રંથ, રાખિયે તે સંભારી-૫
પુરુષાર્થી તું ખરો, શૂન્યથી આંકે ચડીયો,
સમય થતે પ્રતિકૂળ, ડાપણે હેઠ ન પડિયો-૬
પણ સંતોષે મરણ, એજ ગતિ ઊંચી આણે,
અર્થ સ્નેહ નવ મળે, પરસ્પર હિતુ રયા બે-૭
સ્થિતિયે તો કહું સુખી, પણ નવ ઇચ્છયા પ્રમાણે,
ધીરજ ને નર્મદ, એક નગરીના થાએ-૮

---

* થિયોસાફિ.

(સોરઠો.)

રૂડો મળ્યો સમાજ, મિત્ર કવણને હામમાં!
કવણ પ્રસંગે આજ, કરવા કવણ વિચારને!-૧

(દોહરા.)

અમેરિકાથિ આવિઆ, ભરતખંડ મોઝાર
સ્થાયી કરવા વાસતે, મિત્રતણા હિતકાર-૨
બહુ જાણે વિદ્યા કળા, શોધક વળી સમર્થ
જડ ચૈતનના ધર્મમાં, વિશેષ દાખે અર્થ-૩
આર્ય તણી વિદ્યા પરમ, તેપર મોટો ભાવ;
કરવા જીર્ણોદ્ધારને, શ્રમે કરે પ્રસ્તાવ-૪

---

* થિયોસોફિકલ સોસૈટીનો પેહેલો વાર્ષિક મિલાવડો ગીરગામના એ મંડલીના મકાનમાં થયો ત્યારે પાનાચંદ આનંદજીની સૂચનાથી આ કવતા બનાવી હતી.

દેહ માંહિનાં તત્વનો, ઝાઝો કરવે શોધ;
સભા સ્થાપિ ન્યુયાર્કમાં, લેવા દેવા બોધ–૫
મુંબઈમાં શાખા કરી, જણી ઘણી અગત્ય;
પ્રતિ માસે તે દાખવે, આર્ય શાસ્ત્રનાં સત્ય–૬

(ગિતિ.)

તે મિત્રોને ત્યાં સઉ, છિયે મળ્યા આપણે અહીં આજે;
બહુ જીવો એ રોહો, પ્રસન્ન ઉદ્યમ સદાય સત્કાજે.–૭
યોદ્ધા ઉભે યશસ્વી, બ્લાવટ્સ્કી આલકાટ એ ધુમતા
શોધ ભૂમિપર નિશ્ચળ, પ્રતિ પક્ષી તે ભમત મુકી હઠતા.–૮

(પદ.)

ઓચ્છવ છે આજ સર્વે હર્ષે મિત્ર માણે,
સભા સ્થાપિએહ દિવસ, કીર્તિકરે ગાણે. ૯
શાખા ત્યાં ત્યાં મળે જન, સમારંભ ટાણે,
સાક્ષરો તો રાજી થઇ, શ્રમ યશાળ જાણે. ૧૦
સર્વે સંબંધિ અવે, સુપ્રતીતિ આણે,
ચિત્ત ધર્મ ગૂઢ તોય, સત્ય તે પ્રમાણે. ૧૧
સત્ય સત્ય સત્ય જ્ઞાન, આદિવેદ ખાણે,
બ્રાહ્મ બૌદ્ધ જૈન શાસ્ત્ર, યોગને વખાણે. ૧૨

(રોલા.)

બાહ્ય ઇંદ્રિયે લહ્યું, તેજ સાચૂં બીજૂં નહિ
આ શૈકામાં એમ, જગતમાં ચાલ્યૂં જહિ તહિ. ૧૩
જેનો બહુ દૃઢભાવ, પૂર્વના સિદ્ધાંતોપર
આર્ય તેહ પણ ભુલ્યા, બાઝતાં મોહતણો થર. ૧૪
યોગ સિદ્ધિના સત્વ, અતીસે રે વિગુવાયાં
તાણ્યા તૂણ્યા તર્ક, તૂત છળ વહેમ મનાયાં. ૧૫
પિતૃ દેવ ને ભૂત, વસ્તુતઃ નહિજ કોએ
કલ્પિત રૂપક નામ, બોધ દેવાયાં સોએ. ૧૬
મંત્ર તંત્ર એ જુક્તિ, જુઠાં પાખંડ ગણાએ
ધૂર્ત વર્ગનાં કૃત્ય, રાંક અણજાણ ઠગાએ. ૧૭

ફેરફાર એ થયો, ધર્મની પાળ ખણાઈ
ચૈતન વિદ્યા વડી, છેક નિસ્તેજ જણાઈ. ૧૮
અહિયાં તેમજ બધે, જગતતો સ્થૂલજ જોએ
પદાર્થ વિદ્યાતણું, તેજ બળ ઝળકી મોહે. ૧૯
વળી આમ જૂઓ (૩) બોલો કેમ જણાએ
જુદું જાણ્યું તેહ, હવે તો સાચું થાએ. ૨૦
વર્ષ અઢાર ઉપેર, અમેરિકાના લોકે
ભૂતયોનિ ભણિ સત્ય, દાખલાઓને થોકે. ૨૧
વર્ષ થયાં છે ચાર, સભા થઈ થિઓસફીની
તે માને છે સત્ય, વિભૂતિયો સિદ્ધીની. ૨૨
પશ્ચિમવાસી બિજા, અમુક મોટા વિદ્વાનો
પરોક્ષ વિદ્યા વિષે, કહે છે સાચી માનો. ૨૩
વર્ષ થયાં છે વીસ, લખ્યું વિષ્ણુ બાવાએ
દર્શ દિધું પ્રત્યક્ષ, સપ્તશૃંગી માતાએ. ૨૪
પાંચ વર્ષમાં વળી, હતા જે વિચારવંતા
સંશય ટાળી થયા, સિદ્ધિઓને માનંતા. ૨૫
પંડિતને પ્રખ્યાત, દયાનંદ સ્વામીએ પણ
આ વર્ષે સર્વત્ર, સ્પષ્ટ ભાખ્યૂં શંકાહણ. ૨૬
યોગ ક્રિયા બે કરે, કર્મ અદ્‌ભુત આત્માએ
સંયોજી દે તત્વ, ભિતરનાં નિજ ઈચ્છાએ. ૨૭
સભા સ્થપાઇ અહી, આર્ય પણ થયા છ સાથી
અહિના જન તો થશે, મુક્ત વેલા શંકાથી. ૨૮
નથી લોકને અર્થ, જાણવે શાસ્ત્રજ કાંએ
માનિ સિદ્ધિને સત્ય, ક્રિયા કરશે દૃઢતાએ. ૨૯
સિદ્ધિ વિષય છે તુચ્છ, મહાત્મા જ્ઞાની ભાખે
તત્વ જ્ઞાનને ધર્મ, એહને અવશ્ય રાખે. ૩૦
પણ સાંપ્રતમાં વિષય, અવશ્યે જો ચરચાએ
સર્વજગતને લાભ, ખરો ને મોટો થાએ. ૩૧
મરણ પછીની જાણ, અર્થ સંસારી કેરી
ધર્મ નીતિની જાણ, વ્યાપિ આત્મા પ્રભુ તેની. ૩૨

થાય વધી વિદ્વાન, ધર્મ ચૈતન ના જાણે
ભેદ લહી બહુ ભાત, સુખદ ઉપયોગે આણે. ૩૩
થયો દિઠો આરંભ, ફરંતા વિચાર કેરો
ચાલે છે ઉદ્યોગ, સમયને જોશું વેલો. ૩૪
સમય સૂચના કરે, ફરીથી સિદ્ધિ મનાશે
ચૈતન વિઘાતણું, તેજ બળ વિશેષ થાશે. ૩૫

(પદ.)

પ્રભુ તણું ચિંતન ધરિયે, હૃદયમાં, પ્રભુ તણું ચિંતન ધરિયે. ટેક.
સિદ્ધિ સ્વભાવ સમયે સિદ્ધિ, મતે વિવિધ કહેવાય–હૃદય૦ ૧
પૂર્વ કર્મથી ને ક્રિયમાણે, ભેદે એમ મનાયે–હૃદય૦ ૨
મંત્ર જપે વળી યોગ ક્રિયાએ, સાધન એ લેવાય–હૃદય૦ ૩
અહં છોડતાં નિયમ પાળતાં, વિધિયે કર્મ કરાય–હૃદય૦ ૪
સિદ્ધેશ્વર અનુકૂળ તોજ તપ, સિદ્ધિ સરૂપ સોહાય–હૃદય૦ ૫

(સોરઠા.)

જય જય નિત્ય પ્રકાશ, અસ્ત ઉદય લીલા રમે,
અસ્ત જાગ્યનો નાશ, ઉદય ઉદય થીઓસરી.

પ્રાર્થના.

*(દોહરો.)

પ્રણમી પરમાત્મા પ્રભૂ, સહસામર્થ્ય પ્રકાશ
ઇચ્છિયે આર્ય સમસ્તનાં, જાડય તિમિરનો નાશ–૧

(હરીગીત.)

એ તિમિર નાસે ઉદે પામે સૂર્ય જો શિવજ્ઞાનનો
કિંવા વળી સંકલ્પ ધરિયે ચિત્તમાં નવ ધ્યાનનો
કિંવા વળી નિયમે રહી સતકર્મને અભ્યાસિયે
રે એકને શ્રદ્ધાવડે પરિપૂર્ણ જો દરસાવિયે–૨

---

* શાકે ૧૮૦૦ ચૈત્ર શુદ ૧ બુધે તા૦ ૩ અપ્રેલ ૧૮૭૮ સંવત ૧૯૪૩ આર્ય સમાજના ઉત્સવને અર્થે.

(નારાચ.)

તોજ આજ આપણે પ્રમાણ આર્ય માણવું
તોજ મોહ મોડશે બળે વધીશું જાણવું
બીકને વિલાસને દરિદ્રને અનૂભવ્યાં
આર્ય શૌર્ય કીરતી સમૃદ્ધિ જોવિ છે હવાં–૩

(ગીતી.)

ધર્મે કાંતો સ્નેહે કાંતો અર્થે કરીશું આરંભ
જય જય જોશું વેલો સત્ય વધારી હણીશું જે દંભ–૪

(દોહરા.)

શાંતિતણા જય શોભતા, અંતરમાંને બહાર
એજ દુર્ગ ભડ આર્યનો, ધ્વજ ઓંકારજ સાર–૫

---

*જય જય જય જગરાજ, જય અનંતલીલા કારિ
ઉત્પત્તિ નાશ વાળા, ભણ ભક્તણી બલિહારિ.

ભુજંગી.

નવૂં થાય જૂનૂં વળી એહ જાય
બિજૂં આવતૂં તે નવૂં કેહવાય
નવૂં પેલું દેખી વધે મોહ માન
પછે હાનિ લાભે હસે બોધજ્ઞાન

(હરીગીત)

જોઈ નવૂં સુવિવેકથી ધરિ ધીર આશા રાખિયે;
અનુચિત સહુ તજિ યત્ન જે સત્યધર્મમાં ચિત નાખિયે;
પ્રભુ દેવ પરમદયાળ જગના તાતને આરાધિયે;
ધન ધાન્ય છત પશુ પુત્રની વળી દીર્ઘ આયુ લાભિયે.

(માલીની.)

પ્રલય પછિ ફરી આ વિશ્વ ઊઠયુંજ જાણ્યૂં
નવું નવું નવું દેખી બ્રહ્મદેવે વખાણ્યૂં

---

* સંવત ૧૯૪૩ના કારતક શુદિ ૧. આર્યસમાજને માટે.

પણ વળિ નહિં માંહે શુદ્ધ વિજ્ઞાન ધ[૧]
જન યશ સુખ અર્થે બોધ દીધો સુમર્મે.

(દોહરો.)

એહ નીતિયે વર્ત્તવું, નવાં વર્ષને કાજ
શુભ ઈચ્છા સૌની ફળો, બોલે આર્ય સમાજ.

સારજન બાલેનટૈન.

(પદ.)

સલામ લેઇને સુણો, સારજન સલામ લેઇને સુણો,
વડોદરાના નૃપ મલ્હારરાવ, ધાઓ એની વહારે–સાર૦ ૧
સ્વપ્ન થયું શું રંગી રસીઓ, કારાગૃહમાં, હાયે ! સાર૦ ૨
ઓચિંતો દાવાનળ ફાટચો, ગાયકવાડી માહે–સાર૦ ૩
તેની ને અંગ્રેજી પ્રજા પણ, તેનું જોઇ પીડાએ–સાર૦ ૪
સરદારો સહુ વિસ્મય પામી, તર્ક વિતર્કે મુઝાએ–સાર૦ ૫
પ્રસંગ પ્રમાણે સૂક્ષ્મ દ્રષ્ટિથી, સમજી કામ ચલવાયે–સાર૦ ૬
નિર્મળ ન્યાય મળે રાજાને, તેવું વાદ વદાયે–સાર૦ ૭
તેવું કરો, હિંદુસ્થાન આખું, બાલનટૈન જસ ગ્હાએ–સાર૦ ૮
નર્મદ કહે પ્રભુ કૃપાએ, દોષ મુક્ત નૃપ થાએ–સાર૦ ૯

કીર્તિમંત લાર્ડ રીપનને માનપત્રિકા.*

(સાખી:–'મોહોલે પધારો મારા રાજ' એ રાગ.)

રાજપુરૂષ રીપન સરદાર, સાહેબા આ માળ સ્વીકારો;
રાજનીતિ ઊંચીએ ઉદાર, સાહેબા આ માળ સ્વીકારો.—ટેક.
એકેક કૃત્ય તમારૂં તે, એકેક પુષ્પ સુહાય;
નવાં સુવાસિત નિત રહે, જોઈ સુજન હરખાય. સાહે૦–૧
પ્રજાહિતે મતિ આગલી, ન્યાયતણી પરનાળ;
તે સૂત્રે ગૂંથી અમે, હેત ઉમંગે માળ. સાહે૦–૨

---

* તા૦ ૨૦ ડીસેંબર ૧૮૮૪.

પરદેશી સત્તા વિષે, સમતા દયા લખાય;
એજ પવિત્રાઈ તપે, રાજ પ્રજાનું શુભ થાય. સાહે૦–૩
અમે કુમારીકા સહુ, આશિષ દઇએ સાર;
તમને લેડી રિપનને, અર્પણ કરીએ હાર. સાહે૦–૪
ઈચ્છિયે કે અહિં આવજો, તમ સરખા હાકેમ,
જેનિ નીતિયે રાજ તે, ઝાજું ઝાજું રહે ક્ષેમ. સાહે૦–૫
વિજોગ ભૂંડો પણ વળી, સ્મરણે રહે સંજોગ;
મહારાણિને કહેજો, ભક્તિયે રહે છે લોક. સાહે૦–૬
જિવો જિવો વિક્ટોરિયા, મહારાણિ કિરપાળ;
માગે નર્મદ તેહને, રાખ સુખી કિરતાર. સાહે૦–૭

(વૃત્ત ભુજંગપ્રયાત.)

બિગાડો બહૂ વર્ધનો રાજયમાંહે
હતો ટાળવાને નવી યોજનાએ
સુબો થાપિ રીપંનને મોકલ્યો તેં
યથાયોગ્ય કીધૂં મહારાણિજીએ—૧

(વૃત્ત શાર્દૂલવિક્રીડિત.)

સેવા રાણિતણીકરી, કરિ વળી જેણે મહારાજ્યની
સર્વે જાત પ્રજા સમાન ગણિને દાખી ગતી ન્યાયની
જેની નીતિ વડેજ રાજ્ય વિષયે વૃત્તિ વધી દેશિની
સંઘે વ્યાપિ રહી ધ્વની અમિર તે રિપંનની કીર્તિની—૨

(વૃત્ત વંસતતિલકા.)

તેની વિરૂદ્ધ જન જે બહુ વાદકર્તા
તે તો સ્વરાજ્યનું ખરે શુભ સર્વ હર્તા
ટાણે મમત્વ તજિ સદ્ય કૃતજ્ઞતાએ
દેશેજ માન ભળિને ભલિ એકતાએ—૩

(દોહરો.)

ધીરવીરજશ ગાઇએ, નર્મદ ધરી ઉમંગ
રંગ રંગ રીપન તુંને, હિન્દને આ્યો રંગ—૪

મહારાજા ગાયકવાડ શિયાજીરાવને આશિર્વાદ.

(રોલા વિશેષ.)

વિઘ્ન હરણ જય કરણ, સ્મરણ જગદીશ પ્રભૂતણું રાજે!
ગ્રીષ્મ તપનનું શમન, રાજ્ય શિયાજિ પ્રભૂતણું થાજે!
શક્તિ વ્યવસ્થાતણું, સ્તવન ભણિ શબ્દે જયજયકારી!
રાજ્ય ઇચ્છે જન સકળ, રાવ શિયાજિનું મંગળકારી!
ગુર્જર રૂડો દેશ, રાજ્ય વડોદરૂં ગાયકવાડી!
વધી શોભિ નિત રહે, રાવ શિયાજિ સુવંશનિ વાડી!

(ગીતિ.)

રાત્ર પછી છે વ્હાણું, અરુણોદય આ સુરંગથી રહોય!
સત્સુખ આશા એ જન, શિયાજિ નૃપ નિતિ પ્રકાશને જોય!
તાપથિ શુદ્ધ સુશોભિત, કાંચનકાંતી વધે ઘણી મૂલે!
તાપ અનુભવે જ્ઞાની, નૃપ તે શોભે પ્રજાહિતુ અતૂલે!
તાપજ મેઘ ઉદાર તે, તપ્ત જનોનૂં કરેજ શાંતવન!
તાપસ નરેશ વર દે, દુઃખિ પ્રજાનાં કરેજ પૂર્ણ મન!
પ્રભુ ઇચ્છા છે એવી, શિયાજિ નૃપ ઉત્સવે વડો આજે!
મારણ પ્રયોગ પીડા, એને જીતી સિંહાસને રાજે!

(પદ.)

જય જય જય જય ધિરાજ, આપ શ્રીનો થાએ;
રાજ્ય સુવ્યવસ્થા વડે, દેશમાં દિપાએ! જય૦
કાળ વર્તમાન જોએ, જનની જોએ;
બ્રિટિશ રાજ્ય નીતિ જોએ, રાજ્ય રંગ સ્હોએ! જય૦
જનહિતુને સ્વામિ ભક્ત, રાજ્ય ભાર કાજે;
રાજનિતિ નિપુણ દક્ષ, મંત્રિઓ બિરાજે! જય૦
વિદ્યા ને ન્યાએથી, પ્રજા સંતોખાએ;
ધારા ને કારભારી, સત્ય સબળ રહાએ! જય૦
વિસ્તરે ઉદ્યમ કૃષિનો, વ્યય ન વ્યર્થ હોએ;
વિધ વિધ સંમૃદ્ધિ વધે, રાજી રે સહુકોએ! જય૦

સૈન્યભાર યુદ્ધ કળા, યુરપ તણી જાણે;
રાજ શૌર્ય શોભતું તે, યશ પ્રસંગ આણે! જય૦
ભુંડી ખટપટો ઉપેર, દૃષ્ટિ ચાર સાધે;
દુષ્ટ દ્રોહિ દંડવાથી, બહુ પ્રતાપ વાધે! જય૦
બુદ્ધિમંતનો સમાજ, રાજ્ય ભૂષણ કહાવે;
અનેક યોજનાથિ કરે, યશના કર્મ ભાવે! જય૦
રાજભક્ત શાહુકાર, જનની પીડ દાખે;
ધીરધાર પતિજથકી, રાજ્ય લાજ રાખે! જય૦
સ્થાપિ રાજનામ કર્યાં, પૂર્વજ શૂરવીરે;
કીર્તિ અવસ્થાથી કરી, શિયાજિરાવ ધીરે! જય૦
દેશમાં વડોદરા શ્રી, એહના જય ગાજે;
રાજ શિયાજીરાવતણું, ધર્મરાજ થાજે! જય૦

(ચામર.)

આજકાલ દેશિ રાજ્ય મુખ્ય જે ગણાય છે,
તેહમાંહિ એક આ વડોદરું મનાય છે;
રંગ ગુર્જરી પ્રજા સુદક્ષણીનિ લાજનો,
દેશમાં વધો કુડા શિયાજિરાવ રાજનો.
ધન્ય આજનું મુહુર્ત દુષ્ટ મતિ ક્ષોભતી,
સિદ્ધિ બુદ્ધિ ને સમૃદ્ધિ વૃદ્ધિ પૂર્ણ શોભતી;
નિત્ય નિત્ય સુપ્રતાપ આ સમાજ સાજનો,
દેશમાં વધો કુડા શિયાજિરાવ રાજનો.
શીત કાળ તો ગયો વસંત રાજ આવતો,
પુષ્પરંગ ને સુવાસ સર્વ મંન ભાવતો;
નાદ તે યશસ્વી પ્રૌઢ પ્રેમશૌર્ય કાજનો,
દેશમાં વધો કુડા શિયાજિરાવ રાજનો.

(કવિત.)

ધર્મ નીતિ ચાતુરીથી કાર્યની વ્યવસ્થા દીપે
રાજમાંહિ બ્હાર બધે ભાર રે' હજૂરના;

કુટુંબના કલેશ બહુ થાય તે નિર્મૂળ સહૂ
પ્રસંન સંબંધી જન પ્રેમ વડે ઊરના;
પ્રજાનું કલ્યાણ કરે શત્રુનો સંહાર કરે
રાજ્ય સમૃદ્ધિ વધારે કરી કામ શૂરનાં;
વિરાજે વિરાજે જસ શિયાજીરાવ ગાયકવાડ
સેના ખાસખેલ સમશેર બાહાદુરના.

ગાયકવાડ શિયાજિ, નરપતિ ગો રક્ષણ અરથે
સમશેર નિત્ય નિત્ય રસભરી ઝુઓ.

(છત્ર બંધ.)

પ્રતિ કાળ રહો શિર છત્ર રાજનૂ, પ્રજાપર છાયા કરતૂં;
જસ રંગ જગતમાં દાખવતૂં, તે પ્રકાશિ નૂર ઝળકતૂં.

(સોરઠો)

ધીર વીર છે રાજ, ધીર વીર સહુ મંત્રિયો;
યશનાં કરશે કાજ, નર્મદશંકર શુભ ભણે.

(મંગલ.)

ગજનું વદન વળી એકદંત બ્હાર
સુપડાશા કાન અને આંખમાં તાર–પધારો ગણેશ. ૧
ટુંકા ચરણ અને દુંદનો ભાર,
પલાંઠી વાળી થાઓ મૂષક સ્વાર–પધારો૦ ૨
કાયા સિંદુરી બે સુંદર નાર
પુત્ર બે સાથે એવો પરિવાર–પધારો૦ ૩
પિતાતણા ગણમાં તો નાયક સાર,
તાંડવે કુદી દો તાલ સાર–પધારો૦ ૪
સુંડવતી લઈ લઈ સત્તર ચાર,
મોદીક મૂકો મ્હોંમાં વારંવાર–પધારો૦ ૫
આનંદે રમતા ને મંગલકાર,
વિઘન હરી પાડો કામને પાર–પધારો૦ ૬
ઈચ્છું પ્રસાદ તે આપનો દેવ,
દુર્વા સેવંત્રાથી કરૂં તમ સેવ–પધારો૦ ૭

જય જય ગણપતિ જય સુખદાતા,
ગ્રંથ આરંભે કરો થેઈ તાતા–પધારો૦ ૮

સુંદર સલૂણો શિશિર વસંત ગાન કરો નર નારી
હાંરે સહુ ગાન કરો નર નારી–ટેક.
ટાઢ મધુરી વ્હાણે વાએ, ધુમર ઠરી રહે ભારી
હાંરે જુઓ ધુમર ઠરી રહે ભારી–સુંદર૦ ૧
કુટુંબ મેળાવો વન્હાં સમીપે, કરે ગોઠડી સારી
હાંરે રસ ભરી ગોઠડી સારી–સુંદર૦ ૨
મંદ વ્હેતિ કંઈશીત લાગતી, સુગંધ સેહેર રસાળી
હાંરે આવે સુગંધ સ્હેર રસાળી–સુંદર૦ ૩
વન ઉપવન સહુ ફુલ્યાં ફૂલડે, વેલ નવી પત્રાળી
હાંરે દિપિ વેલ નવી પત્રાળી–સુંદર૦ ૪
કલોલ કરતાં અનેક પંખી, હરખિ હરખિ દે તાળી
હાંરે ધુમિ હરખિ હરખિ દે તાળી–સુંદર૦ ૫
નગર વિષે હોળીના રંગો, ઊડે અબિલ ગુલાલી
હાંરે રંગ ઊડે અબિલ ગુલાલી–સુંદર૦ ૬
ઘરમાંહે ધુમ ધામ વિવાની, ઉમંગ કોડ સવારી
હાંરે સ્હોએ ઉમંગ કોડ સવારી–સુંદર૦ ૭
નર્મદ કહે મ્હાલો વીવાને, રતની છે બલિહારી
હાંરે છે દિપિ રતની બલિહારી–સુંદર૦ ૮

સખી નાનકડીશું મોટેરો પરણાવો કે
"સખી નાનકડીશું મોટેરો પરણાવો કે"
સખી ગૌર વરણીશું કાળુડો જોડાવો કે
"સખી ગૌર વરણીશું કાળુડો જોડાવો કે"
સખી રૂડાં રતનને કથીરે મ્હડાવો કે
શોભતું શું જોડું રે લગનને મ્હાલિએ જો૦
"સખી રૂડાં રતનને કથીરે મ્હડાવો કે"
"શોભતું શું જોડું રે૦" ૧

સખી રાંડી માંડી તે વ્હેવણોના ઢંગ કે
"સખી રાંડી માંડી તે વ્હેવણોના ઢંગ કે"
સખી શઠ કોડીલા કુટુંબના ઉમંગ કે
"સખી શઠ કોડીલા કુટુંબના ઉમંગ કે"
સખી જોઈએ સ્ત્રીજિત પુરુષના રંગ કે
શોભતું શું જોડું રે લગનને મ્હાલિએ જો૦
"સખી જોઇએ સ્ત્રીજિત પુરુષના રંગ કે"
"શોભતું શું જોડું રે૦" ૨

સખી વીવા આનંદની ઘેલાઇ કે
"સખી વીવા આનંદની ઘેલાઈ કે"
સખી કેવી સુઘડની પુરવડતાઈ કે
"સખી કેવી સુઘડની પુરવડતાઇ કે"
સખી કહે નરમદ શી વેવલાઈ કે
શોભતું શું જોડું રે લગનને મ્હાલિએ જો૦
"સખી કહે નરમદ શી વેવલાઈ કે"
"શોભતું શું જોડું રે૦" ૩

વિદ્યા ભણીને વંઠી ન જઈએ,
સઘળી વાતોમાં વિવેકીજ થઇએ–વિદ્યા૦ ૧
મ્હેણાનું વેણ કોને નવ કહીએ,
કંકાસથી વળી દૂરજ રહીએ–વિદ્યા૦ ૨
મૂકી ગરૂરી સાલસાઇ ધરીએ,
સંતોષે સુખ પણ ઉદ્યોગ કરીએ–વિદ્યા૦ ૩

સલામ સહુને હાલ, સાહેબો સલામ સહુને હાલ.–ટેક.
નિશાળની છે રીતી સારી, ભણિએ આણી વ્હાલ–સાહેબો૦ ૧
ગીત ગમતમાં નીતિ શીખતાં, સુધરે નરસી ચાલ–સાહેબો૦ ૨
મેહેર ખુદાની હશે વળી તો, મળશૂં બીજે સાલ–સાહેબો૦ ૩

સાહેબ દુનીઆનો છે કરનાર, એનો તેની યાદ કરો રે
તે છે મોટો પાક પરવરદેગાર, નીતી તેની દીલ ધરો રે–એનો તેની૦
જમીન પાણી અસમાનને, એની વસ્તી અપાર
રચના પણ વળી નિયમમાં, સરવેનો મૂળ આધાર–એનો તેની૦
જીવતણી ગણતી નથી, નિભાવ તેનો થાય
કુદરત ને જોતાં બધે, કરનારો ઓળખાય–એનો તેની૦
માનવીમાં ઉંચાં જનો, પામિ ધરમની જાણ
પાળિ નીતિ વહેવારમાં નીત, નમતાને કરતા વખાણ–એનો તેની૦

(શ્લોક.)

મેઘે સ્નિગ્ધ ઘટા ભર્યું લસલસ્યું, આકાશ દીસે અતિ;
ઝાઝા વૃક્ષ તમાલથી વન ભુમી, શ્યામા વળી રાત્રિ છે;
આ છે બ્હીકણ તેહને તુંજ અરે, રાધા લઈ જા ગૃહે;
આજ્ઞા એમ થતાંજ નંદનિ હવાં, ચાલ્યાં જતાં મારગે;
કાલિંદી–પ્રતિ કુંજમાં દ્રુમ તળે, રાધા હરી તેહના;
સોહે ઉત્તમ રંગમાં જય સહુ, એકાંત ક્રીડા તણા.

(ચોપાઇ.)

એવે ત્યાં વિજળી જ્યમ પડે, આકૃતિ દીઠી ઉભી કને;
વરણિશ તોય સમજશે તેહ, તર્ક રંગમાં રમતો જેહ.
મુખડું માનવ સ્ત્રીનું સહોય, બિજું અંગ ગર્ધવનું હોય;
બે બાજૂ પાંખોની બાપ, પુછ હુમસું પણ મોર કલાપ.
કંઇ લાંબું પણ પ્હોળું બહૂ, ગોરું પણ ધરડું મુખ લહું;
જાડિ ત્વચા નિસ્તેજ ગાલ, નાકજ લોંકડિ જેવું ધાર.
તેજસ્વી પણ માંજરિ આંખ, ચંડ કિરણથી આડો આંક;
મોહિનીથી જન જડ થઈ રેહ, અતિથી ભાર વાળી તે રેહ.
ચંદ્રવદનમાં અધર પ્રવાળ, દાંતભિતર હીરાની હાર;
બે ભાગે છૂટા રહી વાળ, રમે સ્કંધપર તે તેજાળ
પવન પાવડી પેરે ઉડે, નાચંતી તે વેશે રુડે;
વાણિ મિઠી કુમળી મર્માળ, ચંચળતાનું રૂપ રસાળ.

એવું પ્રાણી જોઇ તે ઠર્યો, ચિત દૃઢ રાખી ઊભો રહ્યો;
તે બોલી માનવ કયમ ડરે, ના આવું દુખ દેવા ખરે.
કરું એક હરિહરથી જાણ, નહિ બીજાથી સાચું માન;
કામ શું છે તે ઝટ લઈ કેહ, વદે રસિક ત્હાં વિસ્મિત જોહ.*

કરસનદાસ માધવદાસ.

કુળચંદન મંડન અને, દીપક કીર્તિપ્રકાશ;
સુપુત્ર માધવદાસના, ધન ધન **કરસનદાસ.**—૧
શૂર વણજ વ્યાપારમાં, શૂર દાનસહવાસ;
શૂર દેશઉત્કર્ષમાં, ધન ધન **કરસનદાસ.**—૨
શ્રીમંતો અધિકારિયો, વિદ્વજ્જન ચોપાસ;
દેશ વિદેશે મિત્ર બહુ ધન ધન **કરસનદાસ.**—૩
વધ્યોજાય શ્રીમંત પણ, શ્રીમદનો નહિં ભાસ;
નમ્ર દિસે તરુવર પઠે, ધન ધન **કરસનદાસ.**—૪
કવિ કવિતા ગુણ રસ લહે, રસાનુભવ હરિદાસ;
કવિવત્સલ સન્મિત્ર તે, ધન ધન **કરસનદાસ.**—૫
ધાન્ય ધંન પશુ પુત્ર ને, શત્સંવત્સર વાસ;
શ્રી—પાંચે વળગી રહો, તૂને **કરસનદાસ.**—૬
ત્રિવિધતાપથી મુક્ત ને, વળી મુક્ત અઘપાશ;
સદાનંદ નર્મદ અમર, થાજે **કરસનદાસ.**—૭

(તા૦ ૩જી અક્ટોબર ૧૮૬૩.)

---

* કુદનરસીકમાંનો કોઈક છુટક કક્કો.

ખંડ ૧૦ મો—હિંદવી ભાખા કવિતા.

(પદ.)

હરિ સમરન કરના એ જલદીસેં મરજીના. ટેક.
પ્રપંચ મોહકી જાલ પસારી, અંદર નહિં લપટાના;
પતંગ રંગ સબ બસ્તૂ ઝાંકી, વામે નહિ ભુલ ખાના. હરિ૦ ૧
તેરા મેરા માલ ખજીના, સબી કુટુંબ પરિવાર;
દેખ દેખતેં એહ જાયગા, તુંહી પાપ ભરમાયા. હરિ૦ ૨
સાચ જૂઠ સબ દીલ પિછાની, સાચસોબતસેં ફિરના;
બ્હોત આફતસેં બ્હોત દુખાવે, જૂઠેસેં નહિં ડિરના. હરિ૦ ૩
જગકારન જો સાહિબ સબકા, ઉસકા નામ પુકારી;
દેશીકૂં સત રાહ દિખાના, અભીમાન દુર ડારી. હરિ૦ ૪

(પદ—રાગ કારી.)

બ્રહ્મકો ભજ લે રે પ્રીય પ્રાન. ટેક.
ખટપટ સગરી દૂરહી કીજે, ઝટપટ જાના જાન. બ્રહ્મ૦ ૧
અટઅટ કીની લટપટ અટપટ, અંતે ખટપટ માન. બ્રહ્મ૦ ૨
પટપટ પ્રાનરૂ સટસટ સંગી, ટકટક દૃગ અજાન. બ્રહ્મ૦ ૩
કટકટ નર્મદકી હૈ સાચી, ઝટઝટ ધરલે કાન. બ્રહ્મ૦ ૪

(પદ—રાગ ભૈરવી.)

નીતિ પનઘટ મોએ જનેદે મૈયા. ટેક.
યા પનઘટ ગયે લોક નગરકે, ચરચા નહીં કબહૂ કરવૈયા. ૧
યા પનઘટપર બ્હોત ભગતહૈં, હરિસેં સખીહી લગન લગૈયા. ૨
યા પનઘટકો નીર પીબનસેં, જન હોતહૈં ભવરોગ હરૈયા. ૩
પનઘટ લીલા દેખહી નરમદ, નિશદિન રહત બ્રહ્મ પૂજૈયા. ૪

(ઠુમરી—રાગ ભૈરવી.)

રે સૈયાં મેં સંગી રેહૂંગી, તોકૂં કબહુ ના છોડૂં;
ખૂબ બની મનરંગી, રે મે સંગી સૈયાં. ટેક.
નીતી સુધા પીલાઇરે ઔર પીલાઈ બ્રહ્મધરમકી;
કરમકી તો ગત ન્યારી રે.ન્યારી કીસીકી નહિં કુછ રહે તંગી.
રે મેં સંગી રેહૂંગી. સૈયાં. ૧

(હુમરી–રાગ ભૈરવી.)

મૈયાં નીતી મેં માનૂંરે, દીલસેં ઔર કુછના બખાનૂં; મૈયા૦ ટેક.
મેરી તરફકા ડર મત રખના, કબહુ ના પાની જાઉં. મૈયાં૦ ૧

(હુમરી–રાગ ભોરવી.)

મૈયાં પ્રેમ મેં પીનો રે, જીયરો બહોત રસમગ્ન કીનો; મૈયાં૦ ટેક.
અદભુત સકતી સબ ઘટઘટમેં, રસતો દેવે ગ્યાની. મૈયાં૦ ૧

(ખ્યાલ–રાગ કાલિંગડો.)

બ્રહ્મ ભજીલે રે નીતિકો સંગ લે. ટેક.
જીંદેગી કી બત્તી અબ તો આચુકી સમજી લે લે,
નીતિકો૦ બ્રહ્મ. ૧

(ખ્યાલ–રાગ કાલિંગડો.)

અંબે મોરી માત, અંબે મોરી માત રે. અંબે મોરી૦
ધરોજી લૂલી મોરી બઈયાં, અંબે મોરી. ટેક.
દુસ્મન તો ભારી ભારી સતાવત મુજે,
બંદગી કરૂં કૈસી જી જાનહો–અંબે મોરી માત. ૧

(હોરી.)

બ્રહ્મનીતી જાની ન માની, ઐસી રીતી પીછાની. ટેક.
નીરલજ હોકર માન ગુમાવે, કૈસી તેરી બુધ કુબાની;
મોહ ફાગકી મન્ન જુટ ખેલત, નર્કબાસકી નીસાની–બ્રહ્મ૦ ૧
કેફ કરર ત્રીયા રસ માતો, બાનીતાન સાન કટાની;
જાર કેલી પાપી તું છેલ ઢુંઢત, કામીની છેલ છેલાની.–બ્રહ્મ૦ ૨
રંડીકી સંગ જો પીયુ કુસંગી, જાર સંગ મસતાની;
ધીક ધીક જીય જો ભંગી અશ્રીની, છોડ રીતી સ્વાન રાની.–બ્રહ્મ૦ ૩
માનુખ દેહ તું પાઈ અમુલી, નાહી શીખ હીતકી માની;
સાંડ ઊંટ બ્હેત જ્યોં ભાર ચંદન, બાસકી લેશ ન જાની.–બ્રહ્મ૦ ૪
રૂત બસંત બસંત પુજાકી, સુબાસીત બ્રહ્મકી ગાની;
મહ સુચેન બીસરે જો નરમદ, હોયેગી તેરી રે હાની.–બ્રહ્મ૦ ૫

(હોરી.)

જવાનીજીયરા હો રહી,
અબ તું બૂઢાપનમેં રી. ટેક.
ઈરકે મીજી તુને બહોત કીની,
ઈરકે હકીકી તું કરલે રી;
અબ તું ઇસ્કે હકીકી૦ જવાની૦ ૧

(પદ.)

મેરે દીલોજાન રે, અબ જાતાહે જી જાન રે,
ભેજદે તેરે નેનકું પ્રીતંમ–ઓ દીલોજાન રે. ટેક.
મૂરત તેરી માધુરી, ઔર પ્રેમ ઝરંતે નેન;
મંદ મુસકાતા મુહકે કારન,જલતીહૈં દિનરેનરે પ્રીતંમ–ઓ૦ ૧
બાહર વેસોઈ અંતરે, તૂં અચ્છી બડી ગુનખાન;
જાન જીગર મુસેંદૂર રહત કયૌં,તૂંખીન હૈં હેરાનરે પ્રીતંમ–ઓ૦ ૨
દર્દ જુદાઇ જાલમી, કુછ ઓખદ લગત ન ઔર;
માશુક મીલન ધનકે પ્યાસે,પ્રેમી ચાતક મોરરે પ્રીતંમ–ઓ૦ ૩
કમલ ચહતહૈ સૂરકું, ઔર ચન્દા ચહતહૈ ચકોર;
જલ બિન તલપત મીન મેં,મંત તોડ કલેજેકી કોરરે પ્રીતંમ–ઓ૦૪
નર્મદાપર ધર્મદ કયૌં, તૂં લાલ બનત મેરે લાલ;
સ્યામતલક આયા ન કબૂતૂં,મુહ ન દેખેગા કલરે પ્રીતંમ–ઓ૦ ૫

(પદ.)

દીલોસેં પઢોજી વે કન્યા નાર,
દાનાઈ દીલ ભરનાજી વે. દીલો૦ ટેક.
ઘરકે સમાલો કાજ, કૂલકીહી રખો લાજ,
અનાથનકે બનો તાજ,ગુમાન દુર કરનાજી વે. દીલો૦ ૧
ભ્રાંતી ઔર બ્હેમ તોડ, સદા સદાચાર જોડ,
જ્યાનહીકી ઓર દોડ, કુસંગસે ડરનાજી વે. દીલો૦ ૨
પતીસેં અનુકૂલ હોય, દીલકપટ મેલ ધોય,
શીલસે સદાહી સોય, સતસંગ સુમરનાજી વે. દીલો૦ ૩

નીતી સિનગાર સજ, પાક દીલ કરકે ભજ,
જગન્નાથ બ્રહ્મ અજ, સંસારસેં તરનાજી વે. દીલો૦ ૪

(પદ.)

ઈસી સભા કયા સોના ભૈયા, પઢકે દાવા કરના વે. ઇસી૦ ટેક.
કયેાં કી સખી ગુમાયા તુમને, કયા કુછભી નહિ કરના વે;
દીન રાત કયા સો રેહેના કયા, કાયર હોકે મરના વે. ઇસી૦ ૧
બડી કિપા સરકાર કરે જબ, કયેાં નહિ પઢના કરના વે.
પઢકે હિમત કયેાં નહિ કરના, શત્રૂપેં કયા ડરના વે. ઇસી૦ ૨
ઔર ખેલ સબ પિછે દેખના, ખેલ જુહકા કરના વે;
ઈસી ખેલમેં સબકુછ બાતાં, ઇસી ખેલમેં તરના વે. ઇસી૦ ૩
બેર બેર નમેદ કયા કહેવે, નિસદિન મેહેનત કરના વે;
મિલાયકે સુખ સંપત ફિરસેં, બ્હોત રંગસેં ફિરના વે. ઇસી૦ ૪

(પદ.)

બોહોત આનંદ ભયેા મોય મૈયા દેખ પઢત સબ બાલારે. ટેક
સદ ઉપદેસ નરમુદને કીનેા, મેહેનત કરકે પઢના રે;
નીતિગ્યાન પતિપ્રેમ પાવકે, સુખ સંપતમે બઢનારે. બ્હોત૦ ૧
તુમ અબલા પરમારથ ખાતર, ધનપેં આસ્રય દીનેા રે;
બડે બડે પારસી સેઠોને, શિક્ષન સંબંધ કીનેા રે. બ્હોત૦ ૨
ઔર અવર સબ રંક પઢેલે, નિશદિન મેહનત કરતે રે;
કી કીસી રીતસેં લડકીયાંસબ, ગ્યાની માત બન ઠરતેરે. બ્હોત૦ ૩
ઇસ બિનલસ તૂમેરી હીતૂ, મનમેં ખૂબ સમજલેા રે;
મેહનત પૂજાકર ફલ પાવેા, સરસતિ માતકુંબજલેારે. બ્હોત૦ ૪

(લાવણી.)

બાંકે બનીયે શેઠ તવંગર, એકદીલપેં દીનકાજ કરેા,
લૂલે અંધ અપંગી રેાગી, નિરધનકી બરદાસ્ત કરેા. ૧
બહુ જર જોરકેં સોહી જોરતેં, રંડિસંગ કબહૂ ન ફરેા;
દીયા પ્રભૂને કરકે પ્રીતી, તાહીતેં દીનકાજ કરેા. ૨

જિયકી સંગ ન આવે જોકુ જર, ઓહત ગોર સબ શેઠ કરો;
દીન દાન પુન બિન હૈ હાની, પાપી પંથમે નાહિ હરો. ૩
ઔર પુન ફલકી જાન ન હોવે, જોલેાં દેહ યહ નાહિ ગરો;
દીન અનાથકું દિયો દાન તિન, યહાં જાહર આનંદ કરો. ૪
ખીન જર જોગી સવારથ ઢૂંઢત, તુમ પરમારથ પાર કરો;
ઐસી મ્હેર જબ કીની પ્રભુને, શિક્ષા સાર અમલ્લ કરો. ૫
આગે તૂં હો પીછે મેં હોઉં, જિકર કરી તુમ મત્ત લરો;
ધરમ કાજમે જલદી કરનાં, દુઃખી જનકે દુઃખ હરો. ૬
રંક ગરિબકે દુઃખ નિવારન, બિચાર દયાકે ઉર ભરો;
દુલે દાનતેં મુકતી પાવકે, તુમ બિસ્નૂ ઓછંગ સરો. ૭
યહી મતલબ સટ સમજી ભાઈ, કટકટ નરમકી માન કરો;
ઝટ ઝટ હાતેાં લંબે કરકે, હિતકી કથા કહી દાન કરો. ૮

(છપય.)

ધિઃક સભાકેા નામ, ગુનિ અગુની સમ લેહે
ધિઃક સભાકેા નામ, નિકેાકેાં બૂરેા કેહે
ધિઃક સભાકેા નામ, સૂન્ન મનૂના બૂઝેા
ધિઃક સભાકેા નામ, ગુનિખંડન જબ સૂઝેા
દ્વિજ નર્મદાશંકર યેાં કહે, અંગ દેાખ તેા ભાખિજે
ભઈ સભા અપકારિ જબ, તાસૂં ઝુર ન મનાઇ જે.

(ચેાપાઈ.)

"મનમેાહન ઘનશ્યામ સુરંગી, હમ સબ કબતક રેવે નંગી;
બાલા બિનતી કરકે અંગી, લાલા ચીર દિજે ત્રીભંગી. ૧
સુનકે બેાલે નંદ દુલારા; નહિં દેઊંગા ચીર તુમારા;
જલસેં જો તુમ બાહાર આવેા, તેા તુમ કપડે સબહી પાવેા. ૨
ગેાપિ કહે રીસાય કન્હાઈ, ઇસબિધ કયા તુમ કરત ભલાઈ.
પિતા ભાઈસેં જો હમ કેવે, ચેાર ચેાર કર આય ધરે વે. ૩
ઔર કબૂ હમ સબમિલ જાવે, નંદજસેાદાકૂં સબજ્જાવે;
વેાભી ગુસ્સા કર બેાલાવે, ભલી ભાંતિસેં સીખ સિખાવે. ૪

સુનત ક્રોધ કર કહે કિસનજી, જદ તો ચીર મિલા સમજોજી;
જદ મેં સીખ અચ્છી સીખૂંગા,તદ સબચીર તુમારે દેઊંગા. ૫
હમ ભૂલે સબ નંદકિસોરે, બચન કહે બૂરે તમસોં રે;
હમ કિસકૂં લાવે મોરારી, જખમારી અબલા હમ હારી. ૬
તૂમલિયે હમ અગહન ન્હાતે, કાલિંદીતટ રોજહી આતે;
દિનદયાલ પતિ સૂધ લિવૈયા, કૃપા કરી દીજે બલભૈયા. ૭
ક્રોધ ઉતાર કહે બ્રજરાજ, મેરે ખાતર કરતે કાજ;
લાજ કપટ તજ મોપેં આવો, ચીર તુમારે સબ લે જાવો. ૮
લગિ બિચાર કરને બ્રિજનારિ, તનમનકી જાને ગિરધારી;
ચલો સખી મોહનપે જાવે,લજ્જા કયોં નિજ પતિકી લાવે. ૯
છુપાય કે કુચ દેહ કરોસેં, નિરસેં નિકલી સખી ભરોસેં;
સિર નિવડાય તીરપેં જાય, ખડી હુઈ દિલમેં ગભરાય. ૧૦
હસ હસ કૃષ્ણ કહે બ્રિજનારિ, તુમ હો પ્રેમકિ જાનનહારિ;
જોરિ જોરિ કર આગેં આવો, બસ્ત્ર તુમારે તબહી પાવો. ૧૧
કાહે અભી તુમ નાહિ મનાએ, છોડ કપટ દો પટ બ્રજરાએ;
હમ ભોરી સૂધી બ્રિજબાલા, તુમ તો ઢોંગી કૃષ્ણ લાલા. ૧૨
જદ એક એકને જોરે હાથ, ગોપીકોં ચિર દીનો નાથ;
કહે કૃષ્ણ સમજાકે ભેદ, દિલમેં કૂછ રખો મત ભેદ. ૧૩
નગ્ન હો જલમેં જો નાવે, ઉસકા સુકરિત સબહી જાવે;
બરુણ દેવતા જલમે બસે, પાપી જનકૂં જલચર ડસે. ૧૪
અબ સબ જાઓ તુમારે ડેરે, પ્રેમ બાત રખો દીલમેં રે;
આતે કાતિક મિલકર આવો, ખેલે રાસ સખી સુખ પાવો." ૧૫

(ભાષાંતર–ગદ્ય ઉપરથી પદ્યમાં.)

(ચરણાકુલ વૃત્ત.)

ગાવત બૈઠી સલુની પ્યારી, લસતરહી ગૂલાબી સારી,
શ્યામ તનૂ અચ્છી સિનગારી, ચમક રહી હરિની દગ કારી;
કૈસિ કાંધપર બીના ડારી, અંગુરિ રમતી કામનગારી,
ગુરુ સન્મુખ ગાતી વહ નારી, સૂર તાલ સબ ચિતમેં ધારી;

તબભી બિચમેં મુજકો મારી, યોં ત્યોં હિલકે નેન કટારી,
મુસકાતી હોઠોમેં ભારી, કહતી પ્રીતમ મેં ગઈ હારી;
પીછે તનુ સંકોચિ બિચારી, ગુરુ આગે હૈં ચિત્ત બિચારી,
ઇસ બિધિસેં મુજસે કરિ યારી, કહે કબી કયોં લગે ન આરી ?

મંડલી સુજ્ઞાન દેત, બિકાર હટાઈ દેત,
જેસો ભાન તમકોંહિ, દૂર હિ કરતુ હૈ;
સજ્જનસોં સ્નેહ હોત, નીતીસોંહી નેહ હોત,
સંસારકી પ્રબીનતા, મંડલીપેં હોતુ હૈ;
ભીન ભીન સુભાવકે, શિવજીકે પરિવાર,
કલેસકું છાંડકર, સંપતે રહતુ હૈ;
ન્યારે ન્યારે જન સબ, એહવાર ચલાનેકું,
મંડલી મિલાય પિછુ, એકદીલ હોતુ હૈ. ૧

સબ જગ પ્રાનીયોમેં, સારાસાર ઢુંઢનેકું,
બુદ્ધિ દીઇ મનુસકું, શ્રેષ્ટ કિયો પ્રભુને;
સારાસાર ભેલ રૂપ, બરસે બહોત ધૂર,
પિગાલ દેનો જરૂર, સત દીપ જોતુને;
જેસો યહી સંસારમેં, ગૂનનેં સૂરજ નિજ,
છુપત ન રહતુ હૈ, ઔરતેં પિછાનુને;
તેસો જ્ઞાનો સત્ત ભાઈ, સત્તકી પીછાન ઓઈ,
સત બડા આધાર તેં, જગતમેં ચલુને. ૧

સુન દેવ ઇષ્ટિ મેરે, આયો મો સરન તેરે,
પ્યાસતેં પીરીત હોઈ, કાવ્યસુધા દેખકે ;
બિદ્યા અય ધંધ ઔર, આપ અરૂ સ્નેહી ઔર,
ભૂલો મોં સબનિકોંહી, કાબ્ય બાની સૂનકે ;
ન્યારે ન્યારે અલંકારૂ, ચાલ ભેદ રસ ચારૂ,
કબીત પઢાવ મોકું, બડે કબિજંનકે ;

જેસી પ્યાસ આસ મેરી, સીકસાહી હોવે તેરી,
સુલભ પ્રકારસુજુ, કૃપા ભાવ લાવકેં. ૧

(હુમિલા વૃત્ત.)

રસ પંકજકો નહિ દાદુર જાનત જાનતજૂ અલિ ધાવતહૈ,
નહિ બૌચરબાહન જાનત રત્ન અમૂલ મનુ ગુનિ ચાહતહૈ;
કબિ પંડિતકે રસગૂન બડે ગુનિ સજ્જન થોરહિ માનતહૈ,
ભગતી પરબ્રહ્મ પિછાનતહૈ રસ સો બિષયીકું ન ભાવતહૈ. ૧

(દોહરા.)

ગુનિ જિન ગુનિ જન કર ગહો, દિનો જોગ સનમાન;
પીનો ફલ રસ ચાકુ તિન, પંકજસૂં અલિ રાન. ૧
ગુનિકદર ગુનિજન લહે, ન લહે ગુનહિન તૂત;
ભગત ભગતિ રસ ખુબ ચહે, નહિ ભગભોગી ભૂત. ૨

(ત્રિભંગી વૃત્ત.)

જય બિસ્વાધારી, કરુનાકારી, મંગલકારી ભગતિ દિજે,
ભકતિનકો સામી, ઔચલધામી, અંતરજામી સકતિકિ જે;
સકતી સત ભારી, લીલા ન્યારી, નિતિકી યારી તૂં અજ જે,
તું સુબુદ્ધિ દાતા, સબહી જ્ઞાતા, કીજે ગાતા જય સ્તુતિ જે. ૧

ડરત ડરત કરના નહીં, કરના તો નિઃશંક;
ડરત ડરત કરને લગે, હોત કાજ દોરંગ. ૧

ધન બિદ્યા અધિકારપેં, હોત મનોરથ સિદ્ધ;
નર્મદ સબ જગ સબ કરત, જય જયકાર પ્રસિદ્ધ. ૧

ખુનીહાથ તલવાર જ્યું, નહી મ્યાનમેં કુચ્છ;
કામછલ તુ યૂં બૂજિજે, પાપિ કહાવે તુચ્છ. ૧
ભટક ફિરે સંસારમેં, નહિ રહેવે નિજ ઠામ;
સત્સુખ અંમૃત છાંરિકે, પિવે હલાહલ ચામ. ૨

ખીજા કુત્તા અંધ લિન, કાટે અપની કાય;
ઔરનકી બૂરી કરે, કબૂ ન રાચે રાય. ૩
દાવાનલતેં દેહકું, જ્વલે જરી જવાન;
સુધ બુધ ઘૃતકૂં હોમિકે, ફારે પાછી પ્રાન. ૪
કામાધિન સબ હોય કે, ખુયા મુગલને રાજ;
શ્રીમંતહિ પીછે ચલે, છોડિ રાજકે કાજ. ૫
ભ્રષ્ટ હુએ આચારસેં, દેવ દૈત ઋષિ ધ્યાનિ;
કામવાસના દુષ્ટ હૈ, સમજ છોડદો જ્ઞાનિ. ૬
જોગ રીતસે રતિ કરો, બિલાસીન નરનારિ;
પઢો નીતિ બિધા બહૂ, દે ઔછંગ મુરારિ. ૭

(સાખી–દક્ષણી.)

અંગ ભભૂત લગાલે જોગી ઉપર કંથા રખદેતજૂ
કરમે કમંડલૂ બેણુ બગલમેં કુબરિ અજિન સંગ લેતજૂ;
અષ્ટાંગ જોગ રૂ સાધન સબહી લગિરહિ હરસૂં લગંનજૂ,
માયા રગડપી બંભોલા કરકે અલક જગાવે નિશદંનજૂ. ૧

કાવ્યશાસ્ત્રસંબંધી ગ્રંથો.

પિંગળ પ્રવેશ.*

પૂજ્ય તીર્થરૂપ દવે. લાલશંકર પુરુષોત્તમ

એમ્એને

એમનો અપર્વ પ્રેમ તથા કવિતાપ્રકરણસંબંધી પ્રથમ આવો ગ્રંથ કરવાની એમ્એનીજ શુભ આજ્ઞા-એ આદિક કારણો ઊપરથી આ નહાનો ગ્રંથ એમના આજ્ઞાંકિત પુત્ર નર્મદાશંકરે પ્રણામપૂર્વક અર્પણ કર્યો છે.

પ્રસ્તાવના.

આ બિજી આવૃત્તિમાં કેટલોએક જરૂરનો ફેરફાર કર્યો છે.—કેટલુંક કાઢાડી નાખ્યું છે અને ઘણુંએક નવું વધાર્યું છે. સહુ મળીને ૧૦૧ કવિતા કરવાની રીતીયો બતાવી છે અને વચન આપ્યા પ્રમાણે પ્રસ્તારાદિક ગણિત ટુંકામાં જણાવેલું છે. મારો વિચાર, બિજી આવૃત્તિ સમયે આ ગ્રંથમાં ઘણો વધારો કરવાનો અને કવિતા કરવાની રીતી સંબધી

---

* એ કવિતા બનાવવાની રીતીયો સમજાવનારો ગ્રંથ ૫૦૦ નકલમાં પ્રથમ મેં ૧૮૫૭ માં ને બીજીવાર વધારીને તેટલીજ નકલમાં ૧૮૬૦ માં કહાડયો હતો. અને આ તીજીવાર છપાય છે પણ તેને સુધારવાની ફુરસુદ નથી તેથી તેવોને તેવોજ રાખ્યો છે-અલબત પુરૂફ તપાસતાં જે કંઈ ખોટું લાગ્યું હશે તેતો સુધારવામાં આવ્યું હશે ખરૂં. બંધારણની કવિતા તો પિંગળના મૂળગ્રંથો ઉપરથી છે. પણ તેમાં માત્રા કવિતાનાં બંધારણ જે હિંદુસ્થાની ગ્રંથોપરથી લીધેલાં છે તે કવિતા કોઈને મ્હોડે સાંભળેલી નહી માટે તેમાં તાલનો નીમ બદલાઇ ગયો હશે. મેં બધામાં આદિમાત્રાથી સમ અંતરે તાલ રાખી છે. હરિગીતનાં બંધારણમાંનો નિયમ મારો નવો રાખેલો છે. દૃષ્ટાંતરૂપ કવિતા ઘણી ખરી મારી છે-જ્હાં નથી ત્હાં તેવું જણાવ્યું છે.

એક નિબંધ જોડવાનો હતો પણ કેટલાંક કારણને લીધે તે વાત બંધ રહી છે. આ બિજી આવૃત્તિ ઘણી ઉતાવળથી કરવામાં આવી છે માટે તેમાં જોઇયે તેટલું ધ્યાન અપાયું નથી. તોપણ પ્રથમ આવૃત્તિ કરતાં આ બિજી આવૃત્તિ વધારે શુદ્ધ, વધારે જ્ઞાન આપતી અને ઢુંકામાં વધારે સારી થઈછે એમ મારી તો ખાતરી છે.

તા૦ ૬ ઠી જનેવારી
સને ૧૮૬૦. } ન૦ લા૦

પેહેલી આવૃત્તિની પ્રસ્તાવના.

કવિતા એટલે શું? તેની જાતિ કેટલી? ઉત્તમ કવિતા તે કઈ? આપણા ગુજરાતમાં કોણ કોણ અને કેવા કેવા કવિયો થઇ ગયા છે? તેઓના વિષયો શા હતા? વગેરે કવિતા સંબંધી વાતથી આપણા ગુજરાતી ભાઇઓને જાણીતા કરવાનું મને ઘણા દિવસ થયાં મન છે. પણ તે વાત તેઓ સમજે તેને સારૂ કવિતા વાંચવા તથા કરવા સંબંધી તેઓને થોડું ઘણું પણ જ્ઞાન જોઇયેજ. એવું છે માટે, તે મોટો વિષય હાલ પડતો મુકીને જે રીતથી આપણા વર્ગીયોને કવિતામાં થોડું પણ જ્ઞાન થાય તેવી રીતનું પુસ્તક આગળથી જરૂરનું છે એમ મેં ધાર્યું, એ ધારણાયે આ પિંગળપ્રવેશને જન્મ આપ્યો છે. એ વિષે મારે પોતે બોલવું એ વિવેકના ઘરમાંથી બાહાર જવા સરખું છે તોપણ ગ્રંથમાં શું છે એ વિષેની થોડામાં જાણ કરવાને ઘટતું જાણી તેમ કરંછું.

હાલમાં લોકોમાં કવિતા વાંચવા, સમજવા અને બનાવવાને લગારેક રુચી થઇ હોય એવું લાગે છે; પણ તેઓ પોતાની રુચી વધારવાને શક્તિમાન્ થાય તેવાં પુસ્તકો થોડાં છે તેથી તેઓ બાળકની પેઠે કવિતારૂપી ચંદ્રને પાસે જાણી તેને પકડવાને આતુર થાય છે પણ તે હાથમાં ન આવેથી પાછા તેઓ ખીજવાઈ જાય છે.

કવિતા વાંચવી, કવિતાનો અર્થ અને કવિતાનો રસ સમજવો એ ત્રંણે જુદી વાત છે. પણ આ ત્રંણે વાત, કવિતા બનાવવાના નીમ અને ધારા જાણવાથકી કેટલીએક રીતે સિદ્ધ થાય છે. આ મૂળ નીમો જાણુ કરનારાં જે પુસ્તક તેને પિંગળ કરીને કેહે છે. એ પુસ્તકો મૂળ સંસ્કૃતમાં છે. તે ઉપરથી કેટલીએક વાત વધારીને કેટલાએક કવિયોએ હિંદુસ્તાની

ભાષામાં પિંગળના ગ્રંથો કર્યા છે. એ ગ્રંથો મળવા ઘણા મુશકેલ છે. મને એ પ્રાકૃત ગ્રંથો મેળવતાં જે મુસીબત પડી છે તે કંઈ લખી શકતો નથી. જેને એ ગ્રંથો મળે છે તેને શિખવનાર મળવો પણ મુશકેલ.

ગુજરાતી ભાષામાં કોઈ પણ કવિયે કોઈ પણ રીતનું પિંગળ બાબતનું પુસ્તક બનાવ્યું નથી; ને હિંદુસ્તાની ભાષાના ગ્રંથોઉપરથી શિખવાને ઘણું કહણ પડે છે; ને એમ થવેથી કવિતા તરફ થયલું વલણ પાછું હઠી જાય છે અને તેથકી કાવ્યવિદ્યાનો ઘટાડો થાય છે. આ ઉપર લખેલી અડચણો દુર થવા સારૂ અને લોકોનો કવિતામાં પ્રવેશ થવા સારૂ આ ગ્રંથ મેં મારી અલ્પબુદ્ધિ પ્રમાણે બનાવ્યો છે.

આ ગ્રંથમાં જુદી જુદી રીતનાં બંધારણ કવિતામાં આપ્યાં છે ને તેના અર્થ સાદી ભાષામાં કીધેલા છે. તે અર્થના ખુલાસા કરવાને ઉદાહરણો મુકયાં છે ને તેઓને પણ પાછાં સારી રીતે સમજાવ્યાં છે. થોડીએક શોધક બુદ્ધિનું માણસ ગુરુની સહાયતાવના આ ગ્રંથ અવલોકન કરવાને તથા નવી કવિતા જોડવાને શક્તિમાન્ થશે. પિંગળના મોટા ગ્રંથોની ઘણી બાબતોથી એટલે મોટા કોળિયાથી બાળકને બગડાવવામાં કંઈ લાભ થવાનો નહીં; ઉલટું નુકસાન થવાનું એમ સમજીને હમણાની વખતને માફક આવે તેવી અને તેટલી રીતીયો સવિસ્તર સમજણથી બતાવી છે. દાખલાના વિષયો જુદી જુદી જાતના રાખેલા છે.—આવી રીતના કે—વિદ્યા, નીતિ, શૃંગાર, ઈશ્વરી પદાર્થવર્ણન, વૈરાગ્ય, ભક્તિ આદિ લઈ. જેમ બને તેમ ભાષા સેહેલી રાખી છે પરંતુ અર્થગૌરવ અને અલંકારની તસવીર ચિતરવાને આપણી ભાષામાં શબ્દો નથી મળ્યા તે ઠેકાણે સંસ્કૃત શબ્દ વાપર્યા છે. કવિતા જાણવાની ખાએશ રાખનારે થોડું એક પણ સંસ્કૃત શિખવું જોઇયે. સારી રચનાથી ફકત કવિતા કીધી એટલે કવિ અને કવીશ્વર થયા એમ ન સમજવું. પ્રથમ વિચાર શક્તિ જરૂરની છે. અર્થગૌરવને તેના ખરાં સ્વરૂપ પ્રમાણે સારી રચનાથી ચિતરી બતાવવું તેનું નામ સાચી અને સારી કવિતા.

પારસી લોકો જેમ આવે છે તેમ કવિતાના વિચાર કાહાડે છે પણ તેઓને પિંગળની રીત માલમ નહી તેથી તેઓથી કવિતાની રચના બરાબર કરી શકાતી નથી.—તેઓને પણ આ ગ્રંથ કામનો થઈ પડશે.

ખુબસુરતી અને ખોડ આરસીવના જણાતાં નથી. વિદ્વાનો મારી આરસી છે. તેઓએ મારા ગુણ દોષ જણાવવાને મને માઠું લાગશે એ વિચારથી પોતાના ઉપર મેલ ન રાખવો. પરોપકાર અને વિવેકથી જેઓ મારી ખોડ જણાવશે તેઓનો હું મોટો ઉપકાર માનીશ.

આ ગ્રંથ ઘણા લોકમાં ફેલાય તેનેમાટે કિંમત ઉપર વિચાર રાખ્યોજ નથી. જે જે વાત ઉપરથી હરેક વસ્તુની કીંમત મુકરર થાય છે તે તે સર્વે આ બાબતમાં મોંધી છે.

કવિતાવિષે ઘણું બોલવાનું છે પણ તે આગળ કોઈ બિજે પ્રસંગે બોલીશ.

તા૦ ૬ ઠી અપરેલ
સન ૧૮૫૭. } ન૦ લા૦

પિંગળપ્રવેશ.

મંગળાચરણ.

(ત્રિભંગિ વૃત્ત.)

હે ત્રિભુવન કર્ત્તા, પાપો હર્ત્તા, ભકતી ભર્ત્તા, નમન તુંને ।
વિશ્વેરાજ સાચા, જાણે ખાંચા, તારે વાચા, એવાને ॥
તૂં સર્વ જ્ઞાની, સમજાં છાની, તૂં વણ હાની, સમજૂં હૂં ।
મુજબુદ્ધી થોડી, હિંમત જોડી, કર જિભ ગોડી, ગ્રંથ લખૂં ॥૧॥

(દોહરા.)

બ્રહ્મ પરમપદ વંદિને, નમૂં સહુ કવિરાજ ॥
લઘુ ગ્રંથ પિંગળવિષે, રચૂં સરળ વણ સાજ ॥ ૨ ॥
પ્રથમ હું નર્મદ સાંચરૂં, પિંગળદેશમુઝાર ॥
વાણી વિપરિત ઓચરૂં, ક્ષમા કરી લો સાર ॥ ૩ ॥

હ્રસ્વદીર્ઘાક્ષર.

(દોહરા.)

અ થકી ળ લગી જાણવા, અક્ષર છેંતાળીસ ॥
વદવૂં લખવૂં તેવતી, કૃતિ અદ્‌ભુત વર્ણીશ ॥ ૪ ॥

ટીકા—ગુજરાતી ભાષાના મૂળાક્ષરો છેંતાળીસ નીચે પ્રમાણે છેઃ અ આ ઇ ઈ ઉ ઊ એ ઐ ઓ ઔ અં અઃ ક ખ ગ ઘ ઙ ચ છ જ ઝ ઞ ટ ઠ ડ ઢ ણ ત થ દ ધ ન પ ફ બ ભ મ ય ર લ વ શ ષ સ હ ળ. ઋ ૠ ઌ ૡ એ ચારપણ મૂળાક્ષરમાં ગણાય છે ને એને ગણતાં ૫૦ થાય પણ તે ઘણે થોડેજ પ્રસંગે વપરાય છે માટે મેં ગુજરાતી મૂળાક્ષરની સંખ્યામાં દાખલ કરયા નથી.

પ્રથમ બારને સ્વર કહી, -હ્રસ્વ અ ઇ ઉને લેહ ॥
આ ઈ ઊ એ દીર્ઘ ઐ, ઓ ઔ અં અઃ કેહ ॥ ૫ ॥

ટીકા—પેહેલા બાર અક્ષરને સ્વર કેહેવા—તે મધ્યે અ ઇ ઉ એને -હ્રસ્વ એટલે ટુંકા અવાજના અને બાકીના દીર્ઘ એટલે લાંબા અવાજના સમજવા. માથેનાં મીડાંને અનુસ્વાર અને પાસેનાં બે મીડાંને વિસર્ગ કહેછે– જેમ અં અઃ તેમ કોઇ પણ બીજા સ્વરો ઇં ઇઃ ઉં ઊઃ એં એઃ વગેરે. અનુસ્વાર અને વિસર્ગવાળા સ્વરો દીર્ઘ ગણાયછે.

કઆદિ લઇ ચોત્રીસ તે, નહિં નિજ રૂપે જાણ ॥
અ, રૂપ વ્યંજનમાં ભળે, કચટતપયશહ વાણ ॥ ૬ ॥

ટીકા–કઆદિ લઈ ચોત્રીસ અક્ષરો તે કંઈ પોતાને અસલને રૂપે નથી. તેઓનાં અસલ રૂપ તો વ્યંજન હોયછે-એટલે, તેઓના ઉચ્ચાર પૂરા સ્પષ્ટ થઇ શકતા નથી. વ્યંજન વર્ણ આ રીતે લખાયછેઃ ક્ ખ્ ગ્ ઘ્ ઙ્ ચ્ વગેરે. આ અક્કેકા વ્યંજનમાં અ એ સ્વર જરે ભળે છે તારે ક ખ ગ ઘ વગેરે અક્ષર થાયછે. ને એઓનું ઉચ્ચારણ સાફ થાયછે. સ્વરોનો અવાજ સ્વાભાવિક સ્પષ્ટ છે; વ્યંજનોનો નથી.

-હ્રસ્વસ્વર વ્યંજન ભળે, -હ્રસ્વાક્ષર બોલાય ॥
દીર્ઘસ્વર વ્યંજન ભળે, દીર્ઘાક્ષર તોળાય ॥ ૭ ॥

ટીકા—વ્યંજનમાં -હ્રસ્વ સ્વર ભળે તો -હ્રસ્વાક્ષર ને દીર્ઘ સ્વર ભળે તો દીર્ઘક્ષર થાયછે.

-હ્રસ્વાક્ષરો.

ક્ ને અ = ક. ક્ ને ઇ = કિ. ક્ ને ઉ = કુ વગેરે.

દીર્ઘાક્ષરો.

ક્ ને આ =કા. ક્ ને ઈ = કી. ક્ ને ઊ = કૂ.
ક્ ને એ = કે. ક્ ને ઐ = કૈ. ક્ ને ઓ = કો.
ક્ ને ઔ = કૌ. ક્ ને અં =કં. ક્ ને અઃ = કઃ

એ પ્રમાણે ખ્ ગ્ ધ્ વગેરે વ્યંજનોનું જુદા જુદા સ્વરોમાં મળવું થયેથી હ્રસ્વઅક્ષર તથા દીર્ઘઅક્ષર એવાં રૂપો થાયછે.

સરે સ્વરે વ્યંજન બહૂ, જોડાક્ષર કેહવાય ॥
ભણે અર્થ અક્ષરજથો, શબ્દ નામ લેવાય ॥ ૮ ॥

ટીકા–બે ત્રણ અથવા વધારે વ્યંજનો કોઈ પણ સ્વરમાં મળ્યાથકી જોડઅક્ષર થાયછે. અને જ્યારે એક અક્ષરથી અથવા ઘણા અક્ષરોના જથાથી કંઇ પણ અર્થ સમજાયછે તારે તે અક્ષરને અથવા તે અક્ષરોના સમુદાયને શબ્દ કેહેવો. જેમકેઃ

હ્રસ્વ જોડાક્ષર.	દીર્ઘ જોડાક્ષર.
ક્ ષ્ ને અ = ક્ષ	ત્ સ્ ય્ ને ઐ = ત્સ્યૈ
જ્ ઞ્ ને અ = જ્ઞ	ષ્ ણ્ ને આ = ષ્ણા
ત્ ર્ ને અ = ત્ર	દ્ ભ્ ને ઈં = દ્ભીં
બ્ લ્ ને ઇ = બ્લિ	ત્ ક્ ને અઃ = ત્કઃ
સ્ ન્ ને ઉ = સ્નુ	સ્ ત્ ર્ ને ઈ = સ્ત્રી

શબ્દો.

ઘો. હું. બાપ. ઇશ્વર. અકસ્માત્. વિવેકયુક્ત. વગેરે.

લઘુ ગુરુ અક્ષર.

(દોહરા.)

હ્રસ્વાક્ષરને લઘુ સહી, દીર્ઘાક્ષર ગુરુ જાણ ॥
જોડાક્ષરપર થડકતો, ગુરુજ વિશેષે વાણ ॥ ૯ ॥

ટીકા–જેટલા હ્રસ્વ અક્ષર ને હ્રસ્વ જોડાક્ષર તેને છંદ શાસ્ત્રમાં લઘુ કેહેછે અને જેટલા દીર્ઘ અક્ષર તથા દીર્ઘ જોડાક્ષર તેઓને ગુરુ

એવે નામે બોલેછે. જોડાક્ષરપર એટલે જોડાક્ષર છે પર જેને એટલે જોડાક્ષર છે પછી જેને એવો જે અક્ષર તે જો થડકાતો બોલાતો હોય તો તેને પણ ગુરુ માનવો. કર્મ એ ઠેકાણે **ર્મ** એ જોડાક્ષર છે અને એ જોડાક્ષર છે પછી જેને એવો અક્ષર **ક** છે પણ એ બોલતાં થડકાયછે માટે **ક** લઘુ છે તોપણ તેને ગુરુ કેહેવો. તેમજ સ્પષ્ટ માંનો સ્પ, ક્ષત્રીમાંનો **ક્ષ** અને પદ્મ માંનો **પ** એ લઘુ છતાં ગુરુ જાણવા. ભણ્યો અને કહ્યો એ શબ્દોમાં **ભ** અને **ક** એ ગુરુ નહીં કેમકે તે થડકાતા નથી. જોડાક્ષર તો, -હ્રસ્વ હોયતો લઘુ ને દીર્ઘ હોયતો ગુરુ છેજ. પાદનો છેવટનો જે અક્ષર તેને કામસરે તે રીતે લઘુ ગુરુ સમજવો. વળી પાદને અંતે વ્યંજન હોય તો તેની પૂર્વનો અક્ષરપણ ગુરુ જાણવો. વચમા વ્યંજન હોય તો તે પાસેનાને મળીને જોડાક્ષર થાય ને એ જોડાક્ષરને લીધે તેની પૂર્વનો ઉપર કહ્યા પ્રમાણે ગુરુ થાયજ. લઘુ એટલે હ્રાનો અને ગુરૂ એટલે મોટો.

લઘુની માત્રા એક તો, ગુરુની બમણી થાય ॥
ગુરુને લઘુસમ બોલતાં, લઘુમાં તે વપરાય ॥ ૧૦ ॥

ટીકા–અક્ષરનો ઉચ્ચાર કરવામાં જેટલો વખત લાગે તેની ગણતરીને માત્રા કેહેછે. હવે કંઈપણ ધોરણ ઠેરવવું જોઈએ જેને યોગે સહુનું માપ થાય. લઘુઅક્ષરને ઉચ્ચારતાં જેટલો કાળ જાય તેને એક માત્રા થઈ એમ કેહેવાય છે. લઘુને બોલતાં જો એક પળ લાગે તો ગુરુને બોલતાં બે પળ લાગે અને પ્લુત એટલે ઘણુંજ લાંબું બોલતાં ત્રણ પળ લાગે. લઘુની એક માત્રા ગણીયે તો ગુરુની બમણી એટલે બે ગણવી જોઈયે. પણ કોઇસમે ગુરુઅક્ષરને લઘુજ સરખો માનીને તેની એક માત્રા ગણવી. ગુરુ લઘુ અક્ષરને ઓળખવા તથા યાદ રાખવાસારૂ નીચે લખેલાં ચિન્હો અને અક્ષરો ઉપયોગમાં આણ્યાં છે.

ુ, લ એટલે લઘુ અક્ષર અને—, ગૂ એટલે ગુરુ અક્ષર.

–ુ ુ– – – ુ – ુુ ુુ ુુ – – ુ

પાપ હરં તો તો હરી, ઘટ ઘટ રમતો રામ ॥

ુ ુ ુુ– ુુ –ુ – ુ ુ ુ – – – ુ

શુભ કરતો શિવ દેવ તે, જપ જિવ આઠે જામ ॥ ૧૧ ॥

ટીકા–પેહેલા અર્ધમાં અક્ષેકી માત્રાના એવા ૧૦ લઘુ અને બબ્બે માત્રાના એવા ૭ ગુરુ અક્ષરો છે. તેમ, બીજા અર્ધમાં અક્ષેકી માત્રાના ૧૨ લઘુ અને બબ્બે માત્રાના ૬ ગુરુ અક્ષરો છે.

ગણભેદ.

(દોહરા.)

ત્રણ અક્ષરનો ગણ ધર્યો, ગણની જાતી આઠ ॥
છંદશાસ્ત્રનાં મૂળ તે, વાણિતણો છે ઠાઠ ॥ ૧૨ ॥

ટીકા–ત્રણ ત્રણ અક્ષરના સમુદાયને અથવા જથાને ગણ કેહેછે. લઘુ ગુરુ અક્ષરોની જોડણીથી ગણ પેદા થાયછે.

ભ જ સ ય ર ત મ ન આઠ ગણ, ગુરુ લઘુ ત્રણ મ ન જાણ ॥
આદિમધ્યઅવસાનમાં, ગુરુલઘુતણું પ્રમાણ ॥ ૧૩ ॥

ટીકા—ભ, જ, સ, ય, ર, ત, મ, ન એ નામના આઠ જાતના ગણ છે. તેમાં ગુરુ ત્રણ અથવા સર્વ ગુરુ તે ભગણ; લઘુ ત્રણ અથવા સર્વ લઘુ તે નગણ; આદિ ગુરુ તે ભગણ; મધ્ય ગુરુ તે જગણ; અવસાન એટલે અંત ગુરુ તે સગણ; આદિ લઘુ તે યગણ, મધ્ય લઘુ તે રગણ અને અંત્ય લઘુ તે તગણ અથવા.—

(કુંડળિયો.)

લ લ ગૂ સમજી સગણને, જગણે જાણ લ ગૂ લ
ગૂ લ લ ભણ તૂં ભગણને, તગણે લખ ગૂ ગૂ લ
તગણે લખ ગૂ ગૂ લ, ગૂ લ ગૂ રાખી રગણે
યગણ લ ગૂ ગૂ આણ, ગણી ગૂ ગૂ ગૂ મગણે
નર્મદશંકર એમ, નગણ ન્હાળિ લઈ લ લ લ
ચાકુ ચાલ ગણ આઠ, લડાવરે લોલે લલલ ॥ ૧૪ ॥

(છપય.)

અંબાજી એ મગણ, ભગણ તેભૂંધર કહિયે
ગણેશ સમજી જગણ, સગણ સવિતાને લહિયે
યગણ યશોદા જાણ, રામજી રગણ લહાવે
તગણે કહી ગોવિંદ, નિગમ નગણે સૂહાવે

એણિ પેર સમજી આઠ ગણુ, આનંદી જન થાયરે
નર્મદ પ્રેમ ઉરમાં ધરી, શિવ બ્રહ્મ ગુણ ગાયરે ॥ ૧૫ ॥

લ લ ગૂ, ૦ ૦ —એ, સગણુ. જેમ, સવિતા.
લ ગૂ લ, ૦ — ૦ એ, જગણુ. જેમ, ગણેશ.
ગૂ લ લ,— ૦ ૦ એ, ભગણુ. જેમ, ભૂધર.
ગૂ ગૂ લ, — — ૦ એ, તગણુ. જેમ, ગોવિંદ.
ગૂ લ ગૂ, — ૦ — એ, રગણુ. જેમ, રામજી.
લ ગૂ ગૂ, ૦ — — એ, યગણુ. જેમ, યશોદા.
ગૂ ગૂ ગૂ, — — — એ,મગણુ. જેમ, અંબાજી.
લ લ લ, ૦ ૦ ૦ એ, નગણુ. જેમ, નિગમ.

અક્ષરવૃત્તોમાં આ ગણોનો જરૂર ઉપયોગ થાયછે.

આર્યાદિક વૃત્તોવિષે, પાંચય ગણો ગણાય ॥
ચાર ચાર માત્રા મળી, ગણ એકેકો થાય ॥ ૧૬ ॥

ટીકા—આર્યા અને બીજાં કેટલાંએક એવાં વૃત્તો છે તેમાં ઉપર લખેલા આઠ ગણો કામમાં આવતા નથી, માત્ર પાંચજ આવેછે. આર્યાદિવૃત્તોમાં ચાર માત્રાનો એક ગણ એવા પાંચજ ગણ આવેછે. તે કિયા કિયા તો જુઓઃ

(ચોપાઈ.)

આદિ મધ્ય અંત્યે ગુરુ હોય। વળી સર્વને ગુરુ લઘુ જોય ॥
રા ખ ભ જ સ મ ન તેનાં નામ। ય ર ત માત્ર ના આવે કામ ॥ ૧૭ ॥

(ગીતિ.)

શંકર ગણેશ ગિરિજા વિષ્ણુઃ દિનકર સદા હૃદે રાખૂં ॥
નાખૂં મારી મમતા, સ્વર્ગ સુખામૃત અહીંજ હૂં ચાખૂં ॥ ૧૮ ॥

ટીકા—માત્રા ચાર પણ આદિ અક્ષર ગુરુ જેમ કે શંકર, એ ભગણુ. માત્રા ચાર પણ મધ્ય અક્ષર ગુરુ જેમકે ગણેશ, એ જગણુ. માત્રા ચાર પણ અંત્ય અક્ષર ગુરુ જેમકે ગિરિજા, એ, સગણુ. માત્રા ચાર પણ સઘળાજ ગુરુ અક્ષર જેમકે વિષ્ણુઃ, એ, મગણુ. માત્રા ચાર પણ સઘળાજ લઘુ અક્ષર જેમકે દિનકર, એ, નગણુ. ભગણુ,

જગણ ને સગણ એ નામતો ઠીકજ છે પણ બે અક્ષરને ભગણ કહ્યો તેનું કારણ એ કે જેમ અક્ષરવૃત્તોમાં સર્વ ગુરુ અક્ષર એવાને ભગણ કહે છે તે ઉપરથી જરે માત્રા વૃત્તમાં સર્વ ગુરુ અક્ષર આવ્યા છે તારે તેને ભગણ કહિયે તો તેમાં હરકત જેવું નહીં. કેટલાક પિંગળકારોએ માત્રા ગણોનાં ટ ઠ ડ ઢ ણ એ નામ રાખ્યાં છે. પણ જરે અક્ષર ગણ અને માત્રા ગણની સરખી વ્યાખ્યા થઇ શકે છે તારે જુદા નામ રાખવાની જરૂર નહીં. ય, ર, ત, એ ગણોમાં પાંચ પાંચ માત્રા આવે છે માટે તે નકામા થઇ પડ્યા.

અંકસંજ્ઞા.

(દોહરા.)

ભૂ શશિ આદિક નામને, આત્મા એકજ જાણ ॥
સંજ્ઞા ગજમુખદંત પણ, ફરી એકમાં આણ ॥૧૯॥

ટીકા—ભૂ, અવનિ વગેરે પૃથ્વીનાં નામથી અને તેમજ શશિ, ઇંદુ, ચંદ્ર વગેરે ચંદ્રનાં નામથી એકની સંજ્ઞા સમજવી; આત્મા અને ગજમુખદંત (ગણપતીનો દાંત) એથી પણ એક અંકનો સંકેત સમજવો. એક એમ કેહેવું હોય તો ઉપર લખેલા શબ્દો મધ્યેનો કોઈ પણ શબ્દ ભણવો.

પાદ પક્ષ ભુજ કર નયન, સર્પજીભ ગજદંત ॥
બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય તે, દ્વગુણ એક લહંત ॥ ૨૦ ॥

ટીકા—નયન, ભુજ, કર, પાદ, પક્ષ, સર્પજીભ, ગજદંત, બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય એ સઘળા શબ્દોથી બે સમજવા.

અગ્નિ લોક ને ગુણ ભુવન, વિક્રમનાં જે નામ ॥
ત્રણ અંકે વળિ જાણવાં, કાળ બળી ને રામ ॥ ૨૧ ॥

ટીકા—અગ્નિ, લોક, ગુણ, ભુવન, વિક્રમ, કાળ, બળી અને રામ એ શબ્દો ત્રણની સંજ્ઞા છે.

ચરણ વર્ણ યુગ મુક્તિ ને, બ્રહ્મામુખ ઉપાય ॥
આશ્રમ સેના વેદ તે, તૂર્ય ચાર કેવાય ॥ ૨૨ ॥

ટીકા—ચરણ, વર્ણ, યુગ અથવા જુગ, મુક્તિ, વેદ, ઉપાય, આશ્રમ, સેના, બ્રહ્મામુખ, અને તૂર્ય એ ચારની સંજ્ઞા છે.

ઇંદ્રિ યજ્ઞ ને દેવ તે, વળિ પાંડવ શર ભૂત ॥
અંક પાંચના અર્થમાં, સાહિત શિખે સપૂત ॥ ૨૩ ॥

ટીકા—ઇંદ્રિ, યજ્ઞ, દેવ, પાંડવ, શર, ભુત એ પાંચ જાણવાને માટે છે.

ઋતુ દર્શન ષડ્ શાસ્ત્રને, ચક્ર રાગરસસંગ ॥
સમજ છ વેદાંગો કહે, વિધા વધ પિંગળ રંગ ॥ ૨૪ ॥

ટીકા—ઋતુ, દર્શન, ષડ્, શાસ્ત્ર, ચક્ર, રાગ, રસ, અને વેદાંગ એટલાથી છ જાણવા.

(ભુજંગપ્રયાતવૃત્ત.)

મુની વાર તૂરંગ લોકો હયો જે ।
દ્વિપો સપ્ત તે સાતના અર્થ ભોજે ॥
વસૂ સિદ્ધિ ગીરી દિશા દિગ્ગજોને ।
સુસંકેત અષ્ટે વળી આઠ જોને ॥ ૨૫ ॥

ટીકા—મુનિ, વાર, તુરંગ, લોક, હય, દ્વિપ, સપ્ત એ સાત અને વસુ, સિદ્ધિ, ગિરી, દિશા, દિગ્ગજ, અષ્ટ એ આઠ સમજવાસારૂ છે.

નવે નાડિકા નીધિ ખંડો રસો લે ।
ગ્રહો દ્વાર ગૂણીજનો જેમ બોલે ॥
દશે દીશ ને રુદ્ર એકદશે છે ।
રવી બાર યક્ષો સહુ તેર લેછે ॥ ૨૬ ॥

ટીકા—નાડિ, નીધિ, ખંડ, રસ, (શૃંગારાદિ) ગ્રહ, દ્વાર, એ નવ સમજવા. દિશ એને પાછા દશ પણ કેહેવા. રુદ્ર, હર, શિવ વગેરે શબ્દથી અગીયાર અને રવી વગેરે સૂર્યના નામથી દ્વાદશ એટલે બારની સંજ્ઞા જાણવી.

ચૌદ જાણ વિદ્યા કહે, રત્ન ઇંદ્ર પણ તેજ ॥
તિથિ પંદર શૃંગાર ને, કળા સોળ ધર સેજ ॥ ૨૭ ॥

ટીકા—વિદ્યા, રત્ન, ઇંદ્ર એથકી ચૌદ જાણવા. તિથિ કહે પંદર અને શૃંગાર, કળા કહે સોળ.

મુનિ શશિ વામે ઊલટા, અંકે સત્તર કહાડ ॥
જાણ અઢાર પુરાણને, ખ કહે મીંડું માંડ ॥ ૨૮ ॥

ટીકા—મુનિ એટલે સાત તથા શશિ એટલે એક ત્યારે એકોતેર થયા. પણ હવે એને ઉલટાવવા એટલે સત્તર આવે. પુરાણ એટલે અઢાર અને ખ, નભ, આકાશ કહે મીંડું સમજવું.

ગ્રહ વસુ વસુ શશિ સંવતે, પ્રથમ ભાદ્રપદ માસ ॥
તિથિ દશમી મમજન્મ દિન, સ્મરણે કરે સમાસ ॥ ૨૯ ॥

ટીકા—ગ્રહ એટલે ૯, વસુ, ૮; વસુ, ૮;અને શશિ, ૧; એટલે ૯ ૮ ૮ ૧ આ પ્રમાણે અંક આવ્યા. પણ એને ઊલટાવી નાખ્યાથી ૧૮૮૯ આવે છે.

અંક તણી સંજ્ઞા ભણી, ગણ યતિ ગણવાકાજ ॥
છંદ રૂપ મણમાં રમે, રાચે જો જગરાજ ॥ ૩૦ ॥

ટીકા—અક્ષર તથા માત્રાને ગણવાસારૂ, અને યતિ અથવા જતિ એટલે વિસામો કાંહાં લેવો તેનેસારૂ ઉપર પ્રમાણે અંક સંજ્ઞા લખી છે.

છંદાદિક વિષય.

(દોહરા.)

અક્ષર માત્રા નિમ ગણી, રચવો શબ્દ સમાસ ॥
તે કવિતા નર્મદ કહે, છંદ-વૃત્ત સુખ આશ ॥ ૩૧ ॥

ટીકા—અક્ષર ને માત્રા એ બેના નીમથી થતી ગણના ઉપરથી જે શબ્દનો સમાસ (એકઠું થવું) થાય છે તે રચનાને કવિતા, છંદ અથવા વૃત્ત કહિયે. અક્કેકા છંદમાં ઘણાં વૃત્તો હોય છે. તોપણ ગુજરાતીમાં છંદને વૃત્ત કેહે છે. હરકોઈ કવિતાના નહાના નહાના પણ સરખા ભાગને શ્લોક કેહે છે; વેળાએ છંદ અને વેળાએ વૃત્ત પણ કેહે છે.

ચતુર્થાંશ તે પાદ પદ, ચરણ તૂક ઉળખાય ॥
યતિ વિરતી વિશ્રામથી, દમ લેવો સમજાય ॥ ૩૨ ॥

ટીકા—શ્લોકના ચોથા ભાગને પાદ, પદ, ચરણ, અને તૂક કહિયે; યતિ (જતિ) વિરતિ, વિરામ, વિશ્રામ એટલે અટકીને મુકવાની ઠાંપ.

છંદઅર્ધને દળ લહે, શ્લોક-અર્ધ કહે કોય ॥
પિંગળ પાર ન પામશે,ભણ્યો કવી બહુ હોય ॥૩૩॥

ટીકા—અરધા છંદને દળ અથવા શ્લોકાર્ધ કેહે છે.

મત્તા મત્ત કળા અને, કળ માત્રાનાં નામ ॥
યોજ પ્રસંગે યોગ્ય તે, જેમ સરે તુજ કામ ॥૩૪॥

ટીકા—માત્રાને મત્તા, મત્ત, કળા અને કળ કેહે છે.

માત્ર મત્ત સૂમારથી, રચાય જે પદબંદ ॥
માત્રાવૃત્તો જાણ તે, સુખાનંદનાં કંદ ॥૩૫॥

ટીકા—છંદ રચના બે પ્રકારની હોય છે. ફકત માત્રાનાજ સુમાર ઉપરથી જે રચના થાય તેને માત્રાવૃત્ત કહિયે. જેમકે, દોહરા, ચોપાઇ, છપ્પા વગેરે.

અક્ષરગણુને નીયમે, મત્ત સહિત શોભાય ॥
અક્ષરવૃત્તો જાણવાં, અધિક રસાળાં થાય ॥૩૬॥

ટીકા—અક્ષરનીજ ગણુતરી અને પછવાડે જે આઠ ગણ કહ્યા છે તેને આસરે જે રચના થાય તેને અક્ષરવૃત્ત કેહે છે. એમાં માત્રાનો ભેળ હોયજ. જેમકે, ભુજંગી, તોટક, લલિત વગેરે.

જ ય ર લ ડ લ શ સ મ ન દિસે, અનુપ્રાસમાં ટેક ॥
સરખા સમજિ અવાજમાં, કાવ્યે યોજે નેક ॥૩૭॥

ટીકા—જય, રલ, ડલ, શસ, મન એ અક્ષરો, અનુપ્રાસમાં એટલે બે તુકને છેડે સરખા અવાજે હોય છે તેવે ઠેકાણે ઉપર હેઠળ આવે તો તેઓને પરસ્પર સરખા સમજીને વાપરવા.

સમ પદ સંજ્ઞા બેકિની, એકિ વિષમ પદ હોય ॥
બે દશ બાર છ સમ લહી, ત્રણ નવ વિષમે જોય ॥૩૮॥
પદો બરાબર ચાર તો, સમપદવૃત્ત ગણાય ॥
પૂર્વોત્તર દળ સમ દિસે, અર્ધસમપદ ભણાય ॥૩૯॥
ચાર ચરણ ઓછાં અધિક, વજને જો તોળાય ॥
નામ વિષમપદ છંદથી, કવિતા તો ઉળખાય । ૪૦॥

માત્રાવૃત્તો.

માત્ર માત્રાના નીમ ઉપરથી જે કવિતા રચના થાય તેને માત્રા-વૃત્તો કેહે છે. પછી અક્ષર ગમે તેટલા આવો. થોડા અથવા ઘણા અક્ષરો લાવીને કહેલી માત્રા સંખ્યા પુરી કરવી. પણ એ માત્રા લાવી મુકવામાં અક્ષરોની ગોઠવણ કાનને નહારી ન લાગવી જોઇયે. માત્રાતો જ્યાંહાં તાંહાંથી પુરી થઈ શકે પણ તેની જોડે રચના કાનને ગમતી તથા પાણીના રેલાની પઠે વેહેતી હોવી કઠણ છે માટે એનેસારૂ કોઈ પણ તાળ ધરવો જરૂર છે.

તાળ એટલે કાળની ક્રિયાનું માપ. અમુક અમુક માત્રા પૂરી થયે કંઈ દમ ખાવો ને તે ઠેકાણે અવાજને જોર આપવું.—તાળનો ઠેકો મારવો.

૧ દોહરા.

વિષમ પદે કળ તેર ને, કળ શિવ સમમાં જોય ॥
લઘુઅક્ષર દશ કળ થયે, દુહા દોહરા હોય ॥ ૪૧ ॥

ટીકા—વિષમ પદમાં એટલે પેહેલા તથા ત્રીજા પાદમાં તેર કળ-માત્રા આણવી અને સમપદમાં એટલે બીજા તથા ચોથા પાદમાં અગિઆર અગિઆર માત્રા આણવી. પેહેલામાં ૧૦, બીજામાં ૯, ત્રીજામાં ૧૧, અને ચોથામાં ૭, એ પ્રમાણે અક્ષરો છે ને તે-હ્રસ્વ દીર્ઘ જોતાં ગમે તેમ મુકેલા છે માટે દોહરામાં અક્ષર ઉપર કંઇજ સુમાર નથી. એક લઘુ અક્ષરને તેરવાર બોલતાં જેટલો કાળ જાય તેટલો કાળ દોહરાની પેહેલી અને ત્રીજી કડી બોલતાં જવો જોઇયે. ક ક ક ક ક ક ક ક ક ક ક ક ક એ બોલતાં જેટલો વખત લાગે તેટલો વખત 'વિષમ પદે કળ તેર ને' અને 'લઘુ અક્ષર દશ કળ થયે' એ બોલતાં લાગવો જોઈયે. તેમ, ક ક ક ક ક ક ક ક ક ક ક એ બોલતાં જેટલો વખત જોઈએ તેટલો વખત 'કળ શિવ સમમાં જોય' અને 'દુહા દોહરા હોય' એ બોલતાં જવો જોઇયે.

પાદે પાદે દમ ખાવો અને અડધે સ્લોકે વધારે ખાવો, એવું છે તો-પણ ચારે પાદમાં આઠમી માત્રા પૂરી થઈ કે તાંહાં જરા દમ લેવાની જરૂર પડે છે; ને તારેજ એ વૃત્ત કાનને સારૂં લાગે છે માટે આઠમી ને નવમી માત્રા કદાપી એકઠી ન આણવીઃ ને આઠ માત્રાના અક્ષરો એવા આણવા કે અવાજ કાને જરાપણ થડકાય નહીં. પેહેલો લઘુ, પછી ત્રણ

ગુરૂ ને પાછો લઘુ અથવા પેહેલા ત્રણ લઘુ ને પછી બે ગુરૂ ને વળી લઘુ એમ અક્ષરોની રચના થયેથી અવાજ ઠોકર ખાય છે માટે તેમ અક્ષરો ન આણવા.

એમાં બીજે અને ચોથે પદે અનુપ્રાસ લાવવો. બીજા અને ચોથા ઉપાંત્ય (છેલ્લાથકી પ્રથમનો) ગુરૂજ આવવો જોઇએ એમ કંઈ જરૂરનું નથી. કવિતા વાંચવા સંબંધી એટલી ભલામણ કરી શકુંછું કે લઘુ અક્ષરને જલદીથી વાંચવો અને ગુરૂને લાંબો કરીને વાંચવો. કોઈને બોલતાં સાંભળીને ઢાળ લેવો એ તો મુખ્ય રીત છેજ પણ કદાપિ કોઈ નવી કવિતા વાંચવી હોય તો તેને સારૂ લઘુને ટુંકો અને ગુરૂને લાંબો વાંચવો.

૧૧૧૧૨ ૧૧ ૨૧ ૧૧=૧૩ ૧૧ ૨ ૨ ૧૧૨૧=૧૧
નિશદિનમાં ઘડિ અર્ધ પણ, સ્થિર રાખી ચિતચાલ॥
૧૧૧૧ ૨ ૧૧૨ ૧૨=૧૩ ૨ ૧ ૧૧ ૧૨ ૨ ૧=૧૧
ભજ જિવ તૂં ભગવાનને, કાળ ઝડ પશે કાલ॥૪૨॥

૨ સોરઠા.

દુહો ઊલટો જાણ, કળનિમ તો હર યક્ષ છે॥
વિષમ પદે તૂં આણ, અનુપ્રાસ સુરઠા વિષે॥૪૩॥

ટીકા—ઊલટો દોહરો તે સોરઠો—૧૧ તથા ૧૩ એમ નીમ જાણવો. પેહેલી અને ત્રીજી તૂકમાં છેલ્લા અક્ષરો સરખા આવે.

ગટક રામરસપાન, કરિલે ઝટ તૂં પ્રાણિયા॥
નીતિધર્મનૂં જ્ઞાન, હરાવિદે પિડ ફોજને॥૪૪॥

૩ હરિગીત.

વિષમ ચરણે ચૌદ કળ ને, બાર સમમાં આણવી॥
રગણ રાખે અંતમાં નિત, ગતી હરિગિત જાણવી॥૪૫॥

ટીકા—પેહેલે અને ત્રીજે પાદે ૧૪, ૧૪ માત્રા અને બીજે અને ચોથે ૧૨, ૧૨ માત્રા આણવી. બીજા અને ચોથા પદમાં છેલ્લે રગણ (ગૂલગૂ) આણવો જોઈયે. એમાં સાત સાત સાત ને પાંચ એમ વિરામ લેવાનું છે. સાતમી ને આઠમી માત્રા એકઠી આવે તેમ ન કરવું.

જાણિ મૃગજલ વિષય રસને, તેણિગમ ના જાયરે ॥
નીતિ નદિનાં નિર્મળાં નિર, પીપિ હોલવ લ્હાયરે ॥ ૪૬ ॥

ટીકા—જેમ ખારવાળી રેતિ ઉપર સૂર્યનો પ્રકાશ પડેથી તે પાણીવાળી દેખાય છે અને વનપશુઓને ભોળવી દુઃખ દેછે તેવોજ સ્ત્રીછંદ સમજવો.

૪ ચોપાય.

કળા કળા કરિ વિષમ ચરણમાં, બારજ સમમાં આણે ॥
ગુરુ અક્ષર અંતે જો બોલે, તો ચોપાયા જાણે ॥ ૪૭ ॥
સાન નહીં ને કાન ઘણા તો, માન ઘટે સહુ સટમાં ॥
ધ્યાન નહીં ને તાન ઘણાં તો, જાત પડે ખટખટમાં ॥ ૪૮ ॥

૫ ચુડિયાલા.

વિષમ ચરણ દોહાતણાં, તેજ અહીં પણ આણી મૂકે ॥
સમમાં સોળ સમાય તો, ચુડિયાલા કેતાં ના ચૂકે ॥ ૪૯ ॥
કવિને જાણ કરોળિયો, વળિ કવિતા જાળું વ્હાલું ઘર ॥
વિચાર લાળે બાંધતો, બહુ ઊંચે અજવાળે તે નર ॥ ૫૦ ॥

૬ વૈતાલિય.

પ્રથમ છ કળ આણિ એકિમાં, કરિ કળ આહજરોજબેકિમાં ॥
રગણ લગૂમેરિ તેહુમાં, પછિ વૈતાલિયને કરે ખમા ॥ ૫૧ ॥

ટીકા—પેહેલા અને ત્રીજા પાદમાં પ્રથમ ૬ માત્રા કરીને પછી રગણ તથા લઘુ ગુરૂ ઉમેરવા અને એમ ૧૪ માત્રા કરવી. બીજા અને ચોથા પાદમાં પ્રથમ આઠ માત્રા કરવી ને પછી રગણ તથા લઘુ ગુરૂ ઉમેરવા અને એમ ૧૬ માત્રા કરવી. બીજી ત્રીજી, ચોથી પાંચમી, અને છઠ્ઠી સાતમી એકઠી કરીને ગુરૂ અક્ષર ન આણવો.

કુડિસંધિ ન બોવિ આપણે, હિતશિક્ષામૃત હાંસવું પણ ॥
સુવિચારતણી વિભૂતિથી, અતિદુષ્ટા મતિ નાસશે મથી ॥ ૫૨ ॥

ટીકા—સારી જોગવાઈ આપણે બોવી નહીં અને આપણું કલ્યાણ થાય એવી જે શિખામણ અને તેરૂપી જે અમૃત તે, પણ એટલે અભિમાન રાખીને હાંસી પીવું. સારા વિચારનું બખતર પેરવાથી, ઘણી દુષ્ટ એવી જે બુધ્ધિ તે મથી એટલે બલાત્કારે નાસશે.

૭ ચોપાઈ.

ભત્ત ચરણમાં, પંદર હોય ॥
યતિ કંઇ આઠે સાતે જોય ॥
જ ત ર સ ગણને અંતે ધરે ॥
વૃત્ત ચાલ ચોપાઇ કરે ॥

ટીકા—અકેકા ચરણમાં ૧૫, ૧૫ માત્રા આવે તેમાં આઠે જરાએક વિશ્રામ આવે એટલે પેહેલી અને નવમી ઉપર ઠેકો પડે. એ ચારે પાદને અંતે જગણ, તગણ, રગણ અને સગણ એ ગણોમાંનોજ કોઇપણ આવવો જોઇયે. અનુપ્રાસનો વિચાર આણીને ગણો વાપરવા.

શરદ રતે નિર નિર્મળ થાય—છેલ્લે જગણ છે.
કમળ કુમુદ ફુલ હસતાં જાય " તગણ છે.
તારા મંડળ દીપે સાર " તગણ છે.
શીત ચંદ્ર છે બહુ સુખકાર ॥ ૫૪ ॥ જગણ છે.
ઉનમત સાગર સમજી કરી—છેલ્લે રગણ છે.
ગર્વ તજી લે સ્થિરતા ફરી " " "
અન્ન નવે ભૂ શોભતિ થવી " સગણ "
પ્રાણિજનોને સુખકર હવી ॥ ૫૫ ॥ " "

૮ ચરણાકુલક.

ચરણ ચરણમાં માત્રા સોળે ॥
અંતે બે ગુરુ અક્ષર બોલે ॥
નવમી માત્રા થડકે વારૂ ॥
ચરણકુલક વૃતો બહુ ચારૂ ॥ ૫૬ ॥
શ્રમ સાધનથી સારહ સાધે ॥
આપે વર તે દેવિ અગાધે ॥
સિદ્ધિ આઠ નવ નિદ્ધી હાલે ॥
જ્ઞાનિ કરીને મુક્તી આલે ॥ ૫૭ ॥

૯ અલક.

ચરણ ચરણમાં હોય કળા કળ
અંતે બે લઘુ બાંધ્યા સાંકળ

પ્હેલી નવમી થડકાવી કર
અલકવૃત્ત બોલાતૂં સુંદર ॥ ૫૮ ॥
કાં તો હોયજ પૂરો પંડિત
હોય નમ્રતાથી વળિ મંડિત
જેની લક્ષ્મી હોય અખંડિત
તે સઘળેથી રેહુ અછંડિત ॥ ૫૯ ॥

૧૦ પદ્ધરી.

પ્રતિ પાદ કળા કળ, નિત્ય આણ
દિશા ને રસ કળે, વિપરિત વાણ
નિરંતર અંતમાં, જગણ તાણ
થયૂં પછી પદ્ધરી વૃત જાણ ॥ ૬૦ ॥

ટીકા—અક્કેકા પાદમાં સોળ સોળ માત્રા પણ અંતમાં એક જગણ આણવો. વિશ્રામ લેવાની જરૂર હોય તો દશ અને છયે લેવો. જેમ:

કર ઉદ્યમ ઉદ્યમ રોજ ભાઈ
ઉદ્યમે આવતૂં સુખડું ધાઈ
ઉદ્યમ તું જાણ સંસાર નૂર
ઉદ્યમે જાય જન સ્વર્ગપૂર ॥ ૬૧ ॥

૧૧ અરીલ.

કળ સઘળી વિસએક, ચરણમાં જાણિયે
પ્રથમ રૂદ્ર પછિ દીરા, એમ યતિ આણિયે
યમક તપાસી અંત, રગણને રાખિયે
(પરહાં) ગભીર ગાયન ગાય, અરિલ તે ભાખિયે ॥ ૬૨ ॥

ટીકા—અક્કેકા ચરણમાં ૨૧, ૨૧, માત્રા, ૧૧ અને ૧૦ એમ વિરામ લેવો. પાદની અંતે હમેશાં એક રગણ રાખવો. છેલી તૂક બોલવાની અગાઉ (પરહાં) એમ બોલીને તેને ટેકો આપવો.

ગગન ધનુષ સમ જીવ, તું જીવતર જોય રે
નટવિ વસ્ત્રના રંગ, જોમને હોય રે

માયામાં લપટાઈ, વિકાર ન હોર રે
(પરહાં) નીતિ વિવેકે બ્રહ્મ, ભજ તજી તોર રે ॥ ૬૩ ॥

ટીકા—આકાશમાં ધનુષ જેમ થોડીવાર ટકે છે તે પ્રમાણે હે જીવ! તારૂં જીવતર છે. નટવાઓનાં લુગડાં ઉપર ખોટા કસબ વગેરેની શોભા થોડીવાર ટકે છે તેમ તારી જુવાનીનો રંગ પણ તેવોજ છે.—કાચો છે પાકો નથી.

૧૨ મહિદીપ.

બાવિસ સર્વે મળિ,મત્ત,કર તું ચરણ ચરણે
મહીદીપ વૃત્ત, નામ, સૂખ કરણ કરણે
નાડિ લોક દીશા,એમ,જાણ જતિ રોજે
ગુરૂ એક બે તું, અંત, નાદકાર જોજે ॥ ૬૪ ॥

ટીકા—ચરણમાં બાવીસ માત્ર તેમાં નવેં, ત્રણે અને દશે એમ વિરામ લેવો. અંતે એક અથવા બે ગુરૂ આણવા

રાત્રિયે અજાણ, જેમ, ફૂંકિ ઉંદર કરડે
જારિનિ ખૂંવારિ, તેમ, ચૂસિ અંગ મરડે
પછિ થયે દીન, નાજ, ફેર પડે હરડે
સમજિ રખે અંધ, દેહ, ગંદવાડે ખરડે ॥ ૬૫ ॥

૧૩ રોલા.

ચોવિસ પાદે મત્ત, એક ગુરુ અંતે આણે
કવિ જેમાં અનુરત્ત, હરે જક્ષે જતિ જાણે
નામે રોલા વૃત્ત, સૂણતાં સેજ વખાણે
માને નહિ સત મત્ત, જઈ તે ગાડી તાણે ॥ ૬૬ ॥

ટીકા–પાદમાં ૧૧ ને ૧૩ એ પ્રમાણે ૨૪ માત્રા અને અંતે ઓછામાં ઓછો એક ગુરૂ જોઇયે.

ખુબ ખિલતો મન બાગ, સદ્‌ગુણો ફૂલ ખરાં છે
જાવાનો નહિ લાગ, રાહ લાંબા અધરા છે
જો જોવા અનુરાગ, થાય તૂને તો લેજે
વળાવું સારદકેરું ક્ષેમ જઈ સુખમાં રેજે ॥ ૬૭ ॥

૧૪ કુચિરા.

ચરણ ચરણ કળ,તિસ તિસ અવિચળ,આઠ આઠ વિશ્રામ કરે॥
કુચિરા નામે, આવે કામે, વૃત પદ્દે ગુરૂ અંતરે॥
યતિયે પ્રાસા, કરજે ખાસા, નહિ તો તેનૂં નામ ફરે॥
ગાયે રીતે, જે જે નીતે, તેનું તો તે દુઃખ હરે॥ ૬૮॥

ટીકા–પાદમાં આઠ, આઠ, અને ચૌદ એ રીતે માત્રાઓ કરવી. એકજ ગુરૂ અંતે આવવો જોઇયે.

રૂડા સજ્જન, નીત્તી ભજ્જન, નિત્ય કરી ત્રણ તાપહરે॥
તાવ ગયેથી, ભક્તી જેથી, સૂઝે તે ઊપાય ધરે॥
ભક્તિ કરીને ઘરમાં રહિને,વિધ વિધ સુખની જમે ભરે॥
અંતે પામે, તે નિષ્કામે, અવિચળ મુક્તી ધામ ખરે॥ ૬૯॥

૧૫ સવૈયા.

એકતીસ કર ચરણ ચરણ કળ,લઘુ ગુરૂનો નિયમ નહિ કંઈ ધાર॥
જતિ જો સોળે પંદર પૂરે, અંતે ગુરૂલઘુને લલકાર॥
પેલી નવમી સત્તરમી ને, પચ્ચિસમી કળ ઠેકી ચાલ॥
વૃત્ત સવૈયા કહે કવીજન, અલંકાર રસ ભરે સુમાલ॥ ૭૦॥

ટીકા—અક્કેકા ચરણમાં ૩૧, ૩૧ માત્રા હોવી. તેમાં ૧૬મી અને ૧૫મી એ વિરામ લેવાનાં ઠેકાણાં પણ પેલી, નવમી, સત્તરમી અને પચ્ચિસમીએ તાલનો ઠેકો આપવો.

ચળક ઝળક સુક્ષેત્ર સુધારા, હોય તેને કુવિચાર આડ॥
વિદ્યા જ્ઞાન અગ્નીના ભડકા, બાળે તે કાંટાની વાડ॥
નીત નિર્મળૂં આનંદકારા, એવૂં છે પરબ્રહ્મનું ધામ॥
માયા રૂપી કંટવાડનું તૂં, બાળ લઈ હરિ બ્રહ્મનું નામ॥ ૭૧॥

૧૬ ત્રિભંગી.

અક્કેકી તુકમાં, તિસ બે મતમાં, વાણિ કવિતમાં, રંગદિસે॥
આદ્દા દશ કળથી, વસુ વસુ બળથી,રસના વળથી,વિરતિ ખિસે॥

ગણ અંતે આવે, જયમ જયમ ફાવે, સગણ લાહાવે, ખૂબ સજે ॥
વૃત્તો ત્રીભંગી, કાવ્ય સુરંગી, કરેજ અંગી, રસ નિપજે ॥ ૭૨ ॥

ટીકા—દરએક તુકમાં ૩૨ માત્રા લાવવી. તેમાં પ્રથમ દશમી પુરી થતે દમ ખાવો. પછી આઠે આઠે અને છેલ્લો છએ દમ ખાવો. પાદની અંતે જે ગણ આવે તે ખરો, પણ ચાલતા સુધી સગણ આવે તો સારૂં જેમ.

જય જય જગરાયા, તારી માયા આ સહુ કાયા, અદ્‌ભુત છે ॥
ગુણઅવગુણકારી,સારિ નકારી,શી શી તારી, સમજીત છે ॥
કેા પેદા થાએ, કેા મરિજાએ, એ સહુ ગાએ, ભક્ત ઘણૂં ॥
બહુ બહુ નિમ જોઇ,શુદ્ધી ખોઇ, હરખે રોઇ, ધૂમ ધનૂં ॥ ૭૩ ॥

૧૭ ઝૂલના.

તીસ ને સાતકળ, આણિને પાદમાં, ગુરૂ બે અક્ષરેા અંત આણે ॥
પાંચ દૂ પાંચ દૂ, પાંચ દૂ સાત કળ પાદ પાદે યતિ રૂડિ જાણે ॥
ચાલ એ નર્મદા, જાણતૂં ઝૂલના, ઝૂલતેા છંદતેા, ચારૂ થાએ ॥
કવિતા જોગિયેા, જોગના જ્ઞાનમાં,મંનને મારિને બ્રહ્મ ગાયે ॥ ૭૪ ॥

ટીકા—દર ચરણમાં ૩૭ ૩૭ માત્રા આણવી તેમાં ૧૦, ૧૦ અને ૧૭ રે વિરામ આવે. પાદ પાદે અંતે ગુરૂ આણવેા જેમ:

અદ્‌ભૂત નીમની, દેતિ શિક્ષા પ્રભૂ, સાદિ સૂણી લિલા લાહિ ભારી ॥
કેાટિ લક્ષ વર્ષ પણ,શ્રમ તર્ક બુદ્ધીયે, ભેદ ભાળે નહીં એવિ ન્યારી ॥
બ્રહ્માદિ દેવને, ભેાટ કવિ તપસિયેા, ગાઇ ધન વેદ નહિં પાર લેરે ॥
અધમ હૂં કિંકરેા,કયમ કરી રીઝવૂં,બ્રહ્મ તૂં મૂજમાં ભક્તિ દેરે ॥ ૭૫ ॥

૧૮ કુંડલિયા.

પ્હેલે એક દુહેા કરી, ચરણ ચેાથ ઉલટાવ
રુદ્ર યક્ષ એ કળ ભરી, ચાર એવિ તુક લાવ
ચાર એવિ તુક લાવ, લેંક ઉલટાવી જાણી
યુગ યુગ શશિ સહુ મત્ત, વૃત્ત કુંડલિયે આણી
સરળ યતી રામ શબ્દ, આણુવા પ્હેલે છેલે
જોસ્સાદાર કવિત્ત, કવિયેા ગાતાતા પ્હેલે ॥ ૭૬ ॥

ટીકા—આગળથી એક દોહરો કરવો પછી તેના ચોથા પાદને ઉલટાવવો ને પછી ૧૧, ૧૩; ૧૧, ૧૩; ૧૧ ૧૩; ૧૧, ૧૩; એવી ચાર તુક કરવી. એ વૃત્તને સરૂ કરતા અક્ષરો, સમાપ્ત કરતા અક્ષરોના જોવાજ આણવા.

ભણિ વિદ્યા પંડિત બની, ખેલે પ્રપંચ રેલ
અટણ અંધ તે અહિં કરે, જેમ ધાંચિનો બેલ
જેમ ધાંચિનો બેલ, પિલે તે જિવતર ધાણી
કર્મો પાત્ર અપાત્ર, લહે સરખાંજ અજાણી
કહે નર્મદા રંક, સુખ નવ પામે તે ધણી
રહે રિબાતો રોજ, નહિ જેણે નીતી ભણી ॥ ૭૭ ॥

૧૯ છપય.

શુભ મત્તા હર યક્ષ, તૂક ચારેમાં લેવી
આણિ ઝમક તે માંહિ, વળી રસ ઉપજે તેવી
તિથી તેર એ મત્ત, તૂક છેલ્લીમાં જોએ
ભુજ ભુજ ભૂમી સહૂ, છપયમાં માત્રા હોએ
સાર નીતિને દાખવે દિલ, સંચે ગુણતો ભારિ રે
કહે નર્મદા બ્રહ્મ વણ નહિં, જગમાં મંગળકારિ રે ॥૭૮॥

ટીકા—૧૧ ને ૧૩ એવી ૨૪ માત્રા એક તુકમાં આણવી અને એવી ચાર તુકો કરવી ને પછી પંદર ને તેર એ પ્રમાણેની ૨૮ માત્રાની બે તુકો કરવી. જેમ.

દઇદીનને દાન, ચડજે ઝટ સ્વર્ગ નિસંડી
દઇ દીનને દાન, પાપ ને નાખ તું ખંડી
દઇ દીનને દાન, અહીં સંતોષી થાજે
દઇ દીનને દાન, અહીં તહિં માન કમાજે
શુભ દીનદાન ગો પૂંછ છે, વૈતરણી ઊતારતૂં
શુભ દીનદાન તો કવચ છે, જમદુતથી ઊગારતૂં ॥ ૭૯ ॥

એક અજર અજ અમર,અમળ બળ અકળ અચળ હરિ ॥
અનાદિ અંત અરૂપ, અનુપ અગમ નિગમ અધ અરિ ॥

અવ્યય અગાધ ગૂણ ધન, જન મન સકળ સુખદાયક ॥
દાયક નિતિ ભક્તિ પ્રભુ, ગુણાતિત સહુ જસ લાયક ॥
નેતિ કૃતિ મતિ અતિ દયાળુ રસ,નર્મદ હિણ ભવભય હરણ ॥
જય જય સત ચિત નિત આનંદ બ્રહ્મ,પરમ અશરણ શરણ ॥૮૦॥

૨૦ ચરચરી.

કરી મત્ત બાર બાર, બાર દશ સુચરણ ચાર,
વિરતિ વળી તેજ ચાર, ચાલતે ચરચરી ॥
એક બે ગુરૂ તું અંત,રાખવે તું રાખ ખંત,
યૂગ સિદ્ધિ શશી મત્ત, નહીં કંઇ ખરખરી ॥
વિવિધ ભાત અલંકાર,કરકરી નહીં વિકાર,
કરે કવી પ્રીતિ સાર, ગતી ધણિ સરસરી ॥
મોહ ભો પ્રસંગ કરિ, ઝરમરી ને ઘરઘરી,
ચાલ લહી નર્મદા તું, બ્રહ્મ ભજ હરહરી ॥ ૮૧ ॥

ટીકા--અકેક પાદમાં ૪૬, માત્રાઓ. તે મધ્યે ૧૨, ૧૨, ૧૨ અને ૧૦ એમ વિરામ લેવો. અંતે એક અથવા બે ગુરૂ અક્ષર આવવા જોઇયે. ભયનું અથવા મોહનું વર્ણન ભભકમાં કરતી વેળા આ વૃત્ત ઉપયોગમાં આવે છે. જેમ:

તડતડિત સણગાર સજિ, ખડખડિત આયૂધ ધરી,
હણણણણણણ શબ્દ કરિ, મુખથકિ ઝેર ઝરે ॥
ભડ ભડ ભડ નેન ઝાળ, ચકરરર ચક્ર ફાલ,
કામો કરર કાળ, ઘાણ ભારી ભરે ॥
હૂં હૂં વિકરાળ અંત, ગરરરર ધં ગજંત,
કરરરરર કરડિ દંત, ચિરિ ચકચૂર કરે ॥
મરરરર મચેડિ દેહ, ઝરરરર સર્વ કેહ,
ત્રાહ્ય ત્રાહ્ય લાહ્ય લહે, ઝટ જીવને ધરે ॥ ૮૨ ॥

માત્રા ગણવૃત્ત.

૨૧ આર્યા.

માત્રા દ્વાદશ વિષમે, અઢાર પંદર કરે તું સમ પાદે
નવમિ મતે પદ ચોથે, આર્યા અક્ષર લઘુજ લાદે ॥ ૮૨॥

ટીકા—પેહેલે અને ત્રીજે પાદે ૧૨, ૧૨ માત્રા; બીજામાં ૧૮ અને ચોથામાં ૧૫, પણ ચોથી પાદમાં ૯મી માત્રા એ લઘુ અક્ષર આવવો જોઇયે—નવમી તથા દશમી માત્રા એકઠી ન આવે.

ચાર માત્રાનો એક ગણ એવા પેહેલાં દળમાં ૭ા ગણ છે અને તે ગણની રચના આ પ્રમાણે છે;—પેહેલો, ત્રિજો, પાંચમો અને સાતમો ગણ તે કદાપી જગણ નજ આવવો જોઈયે. છઠ્ઠો ગણ તે જગણ અથવા નગણ જરૂર આવવોજ જોઇયે. બીજો અને ચોથો એ ગણોનો કાંઈ નિયમ નથી. બીજાં દળની રચના તેવીજ છે પણ છઠ્ઠે ગણે ૧ લઘુ અક્ષર આવવો જોઇયે.

પેહેલા પાદમાં છઠ્ઠે ગણે જગણ હોય તો તે ગણનો બીજો અક્ષર પૂરો થયે દમ ખાવો. છઠ્ઠો ગણ નગણ હોય તો તેનો પ્હેલો અક્ષર પૂરો થયે દમ ખાવો. અને સાતમો પણ નગણ હોય તો છઠ્ઠો ગણ પૂરો થયે દમ લેવો. બીજા દળમાં પાંચમે ગણે નગણ હોય તો ચોથો ગણ પૂરો થયે દમ ખાવો.

ખીલી ચંદનિ ચારૂ, ગભિર ગગન જસ જરૂર જિવ જોરે ॥
ગર્વ તજી ભજ હરિને, સમર્થ તે સમ નહિંજ કો રે ॥ ૮૩ ॥

૨૨ ગીતિ.

ત્રીસ કળા દળ બેમાં, ગીતી ભણ રવિ પુરાણ જતિ જાણી ॥
નીમો ભેદો ભારી, આર્યા ખટપટ અહીં નહીં આણી ॥ ૮૪ ॥

ટીકા—અડધાં અડધાં જે બે દળ તે બંન્નેમાં ત્રીસ ત્રીસ માત્રા આણવી. વિશ્રામ, ૧૨ અને ૧૮ ઃ

શીતળ સુગંધ વાયૂ, કલોલિ પંખી લતા નવલ ફૂલો ॥
રાગ વસંત હિંડોળો, સહુ એ આણે વસંત ઋતુ ફૂલો ॥૮૫॥

૨૩ ઉપગીતિ.

આર્યા ઉત્તર દળવતૂ, પ્હેલૂં દળ સુરીતે ॥
વૃત્ત ઉપગીતિ ન્હાનૂં નાજુકડૂં તે સરસ જોયે ॥ ૮૬ ॥
જ્હાં અજ્ઞાન વસે ત્હાં, ભોળો ભાવજ ધુમે શૂરો ॥
જૂહો કટુ અધુરો તે, મનાય સાચો મધુર પૂરો ॥ ૮૭ ॥

૨૪ ઊદ્ગીતિ.

આર્યા ઉત્તર દળ તે,થાએ પ્હેલૂં દળ પણ રચિત હોયે ॥
પ્હેલૂં દળ તે બીજૂં, ઉદ્ગીતીમાં ગણાય છે નીતે ॥ ૮૮ ॥
કવિતા ગાયન એ બે, રસીકતાના ઝરા હોય ॥
જે ન પિયે નિર તેનાં,ધુંધવાતાં તે શબ્દો ફિક્કાં જોય ॥ ૮૯ ॥

૨૫ આર્યાગીતિ.

ગીતીનાં દળ બેઓ, ઊમેરાએ વળિ ગુરુ એકે અંતે ॥
બીજો ભેદ ન કોઈ, આર્યા ગીતી રચવિ ભરાઇ ખંતે ॥ ૯૦ ॥
પ્રેમે હંસિત હોએ, પ્રેમી મળવે કુઝાય ઘા ઝેરી તે ॥
જો ન મળે તે મ્હોરો, તરફડિ તરફડિ મરેજ બૂંડી રીતે ॥ ૯૧ ॥

અક્ષરવૃત્ત.

હવે જે વૃત્તો હેઠળ લખેલાં છે તેનામાં લઘુ ગુરૂ અક્ષરોનોજ નિયમ આવેછે. દરેક પાદમાં આટલાજ અક્ષર આવવા જોઇયે અને તે આવી રીતેજ મુકવા જોઇયે. પ્રથમ જે આઠ ગણ કહ્યા છે તેઓનું આ વૃત્તોમાં જરૂર કામ પડેછે. હરેક વૃત્તનાં ચારે પાદમાં સરખી જાતના અને સરખી સંખ્યાના અક્ષર હોયછે માટે એક પાદમાં જેટલા અક્ષર હોયછે તેટલા અક્ષરોનું તે વૃત્ત કેહેવાયછે. ગુ એટલે ગુરુ તેને ઠેકાણે ગ લખ્યો છે.

૧ શ્રી વૃત્ત.

ચરણમાં એક ગુરૂ અક્ષર. જેમકે :
તૂં । તાં ॥ હૂં । હાં ॥ ૯૨ ॥

૨ કામ.

ચરણમાં બે ગુરૂ અક્ષરો. જેમકે :
કાયા । માયા ॥ જીવા । શીવા ॥ ૯૩ ॥

૩ શશિ.

ચરણમાં અક્ષર, ૩—એક યગણનો (લગગ)
નિતીને । સજીને ॥ ભજીલે । અખીલે ॥ ૯૪

૪ નગણિકા.

ચરણમાં અક્ષર, ૪—(જ, ગ)
અનાદ્ય છે । અનંત છે ॥ અરૂપ છે । અનૂપ છે ॥ ૯૫ ।

૫ અક્ષરપંક્તિ.

ચરણમાં અક્ષર ૫—(ભ, ગગ)
વિશ્વકૃપાળૂ । સંતતિપાળૂ ॥ દીનદયાળૂ । કર્મનિહાળૂ ॥ ૯૬ ॥

૬ તિલકા.

ચરણમાં અક્ષર ૬—(સસ)
જિવ તૂં ન પુછે । જનમે કયમ છે ॥
જન વિશ્વવિશે । જિવવૂં છળશે ॥ ૯૭ ॥

૭ શેષરાજ.

ચરણમાં અક્ષર ૬—(ભમ)
લીલા વ્હાલી તારી । લાગે મૂને સારી ॥
પાપો નાંખી ઝારિ । ગૂણો ગાઉં ભારી ॥ ૯૮ ॥

૮ વિમોહા.

ચરણમાં અક્ષર ૬—(૨૨)
સંત સંગે સરે । જ્ઞાન અંગે ધરે ॥
નીતિ નંગે નમે । રામ રંગે રમે ॥ ૯૯ ॥

૯ શશિવદના.

ચરણમાં અક્ષર ૬—(નય)

જગકર દેવા । અનુપમ એવા ॥
બહુ રસ મેવા । કરું તુજ સેવા ॥૧૦૦॥

૧૦ શંખનારી.

ચરણમાં અક્ષર ૬—(યય)

કુછંદો તજીને । ભજીલે હરીને ॥
અહીં સર્વ માયા । કહે ભક્ત રાયા ॥ ૧૦૧ ॥

૧૧ માલતી.

ચરણમાં અક્ષર ૬—(જજ)

ગુલાબ અબાધ । સુગંધ અગાધ ॥
વિવેક અછેદ । અખંડ અભેદ ॥ ૨ ॥

૧૨ સમાનિકા.

ચરણમાં અક્ષર ૭—(રજ, ગ)

લોભ મોહ છાંડિરે । પાપકોટ પાડિરે ॥
નીતિ ધર્મ પાળિલે । રામરંગ તાળિ લે ॥ ૩ ॥

૧૩ મદલેખા

ચરણમાં અક્ષર ૭—(મસ, ગ)

વિદ્યાએ સહુ શોભે । જાતે દુર્ગુણ જોભે ॥
જોયેરે જસ મોભે । નીતી લે જન લોભે ॥ ૪ ॥

૧૪ શીર્ષા.

ચરણમાં અક્ષર ૭—(ભમ, ગ)

દામો ચામો કાચાં છે । નીતી કર્મો સાચાં છે ॥
માયા રંગો ખોટા છે । ભક્તી રંગો મોટા છે ॥ ૫ ॥

૧૫ અનુષ્ટુપ્.

ચરણમાં અક્ષર ૮—આ છંદમાં ગણોનો નિયમ.
પાંચમો, છઠ્ઠો અને સાતમો એ અક્ષરોનેજ છે તે આ પ્રમાણેઃ

પેહેલાં ચરણમાં યગણ અથવા નગણ.
બીજાં ચરણમાં જગણ.
ત્રીજાં ચરણમાં યગણ અથવા નગણ.
ચોથાં ચરણમાં જગણ,

બ્રહ્મરૂલ ખિલે રાને । વિરલા જન જોયરે ॥
નીતિકુંજે વળે ભાવે । ગંધ દુર્લભ લેયરે ॥ ૬ ॥
સ્વલ્પ સા તપસિતો । તપભંગ ભ્રમી થયો ॥
અપ્સરાને નિરખતો । દેવને વિસરી ગયો ॥ ૭ ॥

૧૬ વિદ્યુન્માળા.

ચ૦ અ૦ ૮ (ભમ)

વ્હેમો છોડી દેજો વ્હેલા । ના તો કેહેવાશો ઘેલા ॥
તેઓ હોએ જે પાળેલા । સાપોપેરે કેડે ખ્હેલા ॥ ૮ ॥

૧૭ અભંગ.

ટીકા—દક્ષણી ભાષામાં એ વૃત્ત ઘણું સાધારણ છે. એની જાત ઘણી છે પણ તેમાં બે મુખ્યછે. બે ચરણી અભંગ અને ચાર ચરણી અભંગ.

બે ચરણી અભંગ—એમાં, અકેકા ચરણમાં આઠ આઠ અક્ષરો જોઇયે. સઘળા ગુરૂ આવે તો સારૂં; ને ન આવે તોપણ જે લઘુ હોય તેને ગુરૂ જેવા વાંચવા. જેમ:

દયાસિંધુ જગરાયા । સર્વઠામ તૂજ માયા ॥ ૯ ॥
દૂર નાખી મૂકયો કેમ । ઉરે આણ કાંઈ રેમ ॥ ૧૦ ॥
આ સંસારથી તો તોબ્યા । તને મને પડયા ઘોબ્યા ॥૧૧॥
હવે લઇ લે તારી પાસ । છોડવી દે નાગપાશ ॥૧૨॥

ચાર ચરણી અભંગ—એમાં, પેહેલા ત્રણ ચરણમાં ૭ ૭ અક્ષર ને ચોથામાં ચાર આવવા જોઇયે. અને તે સઘળા ગુરૂ ન હોય તો તેમ જાણી વાંચવા. જેમ:

સર્વ ઠામ દીસે । મત મત વાદ ।
કીયો ધર્મ માનૂ । જાણી શુદ્ધ ॥ ૧૩ ॥

કહ્યો મેં નિશ્ચય । જગકર એક ।
નીતીમય બ્રહ્મ । મમ દેવ ॥ ૧૪ ॥
કૃતિ કીર્તિ ગાવી । થઇ નીતીમન ।
નિષ્કામે તે નીતે । રૂડી પૂજા ॥ ૧૫ ॥

એવી કરીને એક વૃત્તછે પણ તે અનુષ્ટૂપ્ વૃત્તનો ભ્રષ્ટ થયલો આકાર છે.

૧૮ પ્રમાણિકા.

ચ૦ અ૦ ૮ (જર, લગ)
અનિત્ય નિત્ય જાણિને । રમે કુછંદ તાણિને ॥
ભજે ન નીતિ ધર્મને । કયમે મળે ન બ્રહ્મને ॥ ૧૬ ॥

૧૯ મલ્લિકા.

ચ૦ અ૦ ૮ (રજ, ગલ)
સર્વે વાત સાનકૂળ । ઇશ્વરી કૃપાથિ મૂળ ॥
થાય શિષ્ય હીત તૂજ । નીતિ ધર્મ દેવ પૂજ ॥ ૧૭ ॥

૨૦ માણવકાક્રીડ.

ચ૦ અ૦ ૮ (ભત, લગ)
સંતજનો સેવિ રહો । સંગતથી જ્ઞાન લહો ॥
નીતિ સુવીવેક સજો । ધ્યાન કરી બ્રહ્મ ભજો ॥ ૧૮ ॥

૨૧ મહાલક્ષ્મી.

ચ૦ અ૦ ૯ (૨૨૨)
જાર જૂગાર જૂઠાણ છે । નર્કનાં તે અધીકારિ છે ॥
સાધુજીતી કરી ઇંદ્રિને । જ્ઞાનથી ઓળખે બ્રહ્મને ॥ ૧૯ ॥

૨૨ મણિબંધ.

ચ૦ અ૦ ૯ (ભમસ)
મેળવિ નાણાં જોબનમાં । ભોગવરે વૃદ્ધાપણમાં ॥
દ્રવ્યથિ કો ભાવે પુછશે । દ્રવ્ય વના પીડા પડશે ॥ ૨૦ ॥

૨૩ પવિત્રા.

ચ૦ અ૦ ૯ (ભભસ)

ઉન્મત્તાઇ દુર કર રે । વીવેકાને ઉર ધરરે ॥
દૂરાચારો ઝટ તજિલે । નીતી વસ્ત્રો સટ સજિલે ॥ ૨૧ ॥

૨૪ રૂપમાળ.

ચ૦ અ૦ ૯ (ભસમ)

દાતારો દે દાનો દીનોને । રાજા ડાહ્યા દંડે ભીલોને ॥
ન્હાના મોટા જાણે નીતીને । રાજ્યો એવાં હોરે કીર્ત્તીને ॥ ૨૨ ॥

૨૫ ચંપકમાળા.

ચ૦ અ૦ ૧૦ (ભમસ, ગ)

સુંદર નારી નીરખિ રીજે । સાધુજનોના બોધથિ ખીજે ॥
તે સઠ સોદો મૂરખ જાણો । સંગત તેની વેલિજ હુણો ॥ ૨૩ ॥

૨૬ સંજુત.

ચ૦ અ૦ ૧૦ (સજજ, ગ)

મમતા મદો ભ્રમ મારિરે, । સમતા વરે સહુ પ્યારિરે ॥
રમતા હરી બહુ જાણિલે । જમતો નહીં પછી તાણિલે ॥ ૨૪ ॥

૨૭ શાલિની.

ચ૦ અ૦ ૧૧ (મતત, ગગ) ચોથે અક્ષરે વિરામ લેવો.

વ્હાલાં કાલાં, કોકિલો મીહિમેનાં ।
લાગે સારાં, કામિની કામિ નેનાં ॥
વૃક્ષે બાગે, ફાલ ફૂંવાર ફૂટે
મૂની માસે, માધવી મંત્ર ધૂટે ॥ ૨૫ ॥

૨૮ અનુકૂલા.

ચ૦ અ૦ ૧૧ (ભતન, ગગ)

નાર થઈ ને ઘર નવ જોયે ।
જાર થઈ ને સુખ નવ જોયે ॥

શૂર થઈ ને રણ નવ જોયે ।
જીવત મૂઆ હિણ બહુ હોયે ॥

૨૯ દોધક.

ચ૦ અ૦ ૧૧ (ભભભ, ગગ)

રાત ગયે દિન ઊગિ રહેછે । આથમતે દિન રાત પડેછે ॥
દૂખ અને સુખ એમ ફરેછે । રે કિરતાર તું ઠીક કરેછે ॥૨૭॥

૩૦ રથોદ્ધતા.

ચ૦ અ૦ ૧૧ (રનર, લગ)

કામની કલમ કામિની પુરી । મોહિની જગ સુધારવે શુરી ॥
જે ન બેનિ તલવારથી બને । તે શિકાર મિઠિ સાહિલે કને ॥૨૮॥

૩૧ સેનિકા.

ચ૦ અ૦ ૧૧ (રજર, લગ)

ક્રોધ કામ લોભ મોહ છોડજે । રામનામ દીનદાન જોડજે ॥
કાળ ઝાળ પુણ્યને ન બાળશે । બ્રહ્મધામ સૂખ સાર આલશે ॥૨૯॥

૩૨ ઇંદ્રવજ્રા.

ચ૦ અ૦ ૧૧ (તતજ, ગગ)

નીરાંત નિદ્રે, શિશુ સ્વપ્ન મ્હાલે ।
આનંદિ હોઈ હરખાય ગાલે ॥
ગંભીર ભક્તો હરિ કીર્તિ ગાયે ।
મુક્તી વિશે તે સુખિ નિત્ય થાયે ॥ ૩૦ ॥

૩૩ ઉપેંદ્રવજ્રા.

ચ૦ અ૦ ૧૧ (જતજ, ગગ)

મહાધિરાજા જુગતી જણાવો ।
મલીન રીતો જલદી હણાવો ॥
સ્વધર્મ નીતી બહુરે બતાવો ॥
કૃપાળુ બ્રહ્મે મુક્તી બલાવો ॥ ૩૧ ॥

૩૪ ઉપજાતિ.

ચ૦ અ૦ ૧૧—ઈંદ્રવજ્જ અને ઉપેંદ્રવજ્જ છંદોના ભેગથી બનેલો. કોઇ ચરણ ઈંદ્રવજ્જનું હોય ને કોઇ ઉપેંદ્ર વજ્જનું પણ હોય.

શૃંગાર ભાળી સટ ચિત્ત ભૂલ્યું । ઇંદ્રવજ્જનું
વિકાર આવેશથિ મંન ઝૂલ્યું ॥ ઉપેંદ્રવજ્જનું
લેવા જતાં તો ફરયું તીર ભાથે । ઇંદ્રવજ્જનું
વળી રહ્યો હું જડ નીતિ સાથે ॥ ઉપેંદ્રવજ્જનું ॥ ૩૨ ॥

૩૫ સ્વાગતા.

ચ૦ અ૦ ૧૧ (રનભ, ગગ)

ભાંગ ગાંજ મધુ આફ્રિમ સેવા । આત્મઘાતથિ નહીં ખુશ દેવા ॥
મૂર્ખ જાણિ તન તાપથિ મારે । પાપ જોડિ બહુ નર્ક સધારે ॥

૩૬ લલિત.

ચ૦ અ૦ ૧૧ (નરર,લગ. છટ્ટે અક્ષરે વિરામ લેવો.)

કવિત રાગમાં, વીષયી રમે । વટ ખરો તજી, નર્કમાં ભમે ॥
કવિ ગવે ખરો,નર્મદા કહે । ભગતિ ભાવથી,બ્રહ્મ જે લહે ॥ ૩૪ ॥

૩૭ હરિણિપ્લુતા.

ચ૦ અ૦ ૧૧ પેહેલા અને ત્રીજા ચરણમાં (સસસ, લગ)
ચ૦ અ૦ ૧૨ બીજા અને ચોથા ચરણમાં (નભભર)

સમજૂક થઈ મતવાદને ।
કદિ ન મૂકિ દિયે હરગીસ જે ॥
ગુણિને નિંતો વળિ હોય તો ।
કદિ ન તે કિરતી કલગી સજે ॥ ૩૫ ॥

૩૮ તોટક.

ચ૦ અ૦ ૧૨ (સસસસ)

મનવા ભજ તૂં હર નામ સદા ।
વિષયા રસમાં ગરકી ન કદા ॥

મન શુદ્ધ કરી કર કામ સદા ।
વિષ પાપથિ ના ભર દેહુ કદા ॥ ૩૬ ॥

૩૯ મોદક.

ચ૦ અ૦ ૧૨ (ભભભભ)

રોય કુટે બહુ શોક કરે જન ।
કારજ ના કરિ દૂખ વશે મન ॥
પાપિ થઈ પિડ ભોગવશે બહુ ।
મૂરખ મૂરખ લોક લહે સહુ ॥ ૩૭ ॥

૪૦ ભુજંગપ્રયાત.

ચ૦ અ૦ ૧૨ (યયયય)

અજારંગહીના નિજાનંદ દેવા ।
નિરાકાર એકા પરબ્રહ્મ એવા ॥
બહૂ ભક્ત પાળા સહૂ સાર મેવા ।
લિલા ભારી ગાઈ કરૂં તારિ સેવા ॥ ૩૮ ॥

૪૧ સ્રગ્વિણી.

ચ૦ અ૦ ૧૨ (૨૨૨૨)

શાસ્ત્રના લાભતો જાણવા સારરે ।
સૂખ સંપજના મૂળ આધારરે ॥
વાંજળી આગના યંત્રથી આ સમે ।
લાભ થાતો સહૂ જોય ને રે જમે ॥ ૩૯ ॥

૪૨ મોતિદામ.

ચ૦ અ૦ ૧૨ (જજજજ)

નહીં કદિ તૂં કરરે વ્યભિચાર ।
કરોધથિ સાહસ ઊર વિચાર ॥
વિવેક સુનીતિ સદા મન ધાર ।
ગુણો બહુ ગા પ્રભુ મંગળકાર ॥ ૪૦ ॥

૪૩ કુતવિલંબિત.

ચ૦ અ૦ ૧૨ (નભભર)

જગતમાં નથિ કાંઇજ ઊણુ રે ।
સકળ ઠામ લખ્યે ભરપૂર રે ॥
ભણિ ગણી સત જાણ વધાર રે ॥
નિયમ ચાતુરિ જો અદ્‌ભુત રે ॥ ૪૧ ॥

૪૪ વંશસ્થ.

ચ૦ અ૦ ૧૨ (જતજર)

વરાળ વાયૂ ધન ગુણધારિ છે ।
મનુષ્ય સૂખે અધિકે અગાડી છે ॥
શ્રમેથિ વિદ્યા બહુ શોધ સાર છે ।
શ્રમેથિ જ્ઞાનો મુકતી લહાયછે ॥ ૪૨ ॥

૪૫ વૈશ્વદેવી.

ચ૦ અ૦ ૧૨ (ભમયય)

કન્યા સ્ત્રી માતા, જાણિયે એકજાતે ।
નિત્યેછે પાસે ભિન્ન તે વ્હાલ વાતે ॥
ત્રંણેરે વ્હાલાં છે બહૂ વ્હાલ ન્યારાં ।
આહાહા કેવાં બ્રહ્મનાં કામ પ્યારાં ॥ ૪૩ ॥

૪૬ ઇંદ્રવંશા.

ચ૦ અ૦ ૧૨ (તતજર)

સુપ્રાસ કાવ્યે, રસ અર્થ જો નહી ।
ચૈતન્ય વીના શબ સાકું તે સહી ॥
સદ્‌ગૂણ હીણી કુપવંતિ નારિ તે ।
મીઠાસ વીના ફળ ઇંદ્રવાણિ તે ॥ ૪૪ ॥

૪૭ મત્તમયૂર.

ચ૦ અ૦ ૧૩ (મ ત ય સ, ગ)

સંસારે આ, ઊલટિ દેખૂં, રિત નીતે ।
માનો પામેછે ધનવંતો બહુ રીતે ॥

લુચ્ચા મૂર્ખા હોયજ ભૂંડા વ્યભિચારી ॥
ભટ્ટોથી પૂજાય સભામાં વધુ ભારી ॥ ૪૫ ॥

૪૮ પ્રહર્ષણીય.

ચ૦ અ૦ ૧૩ (મ ન જ ૨, ગ)

રીતીછે, વિકટ કવીત જોડણીની ।
રે શબ્દે નહિ રસ અર્થથીજ ભીંની ॥
શોધેછે કવિ સુવિચારના શિકાર ।
ના ઝંપે હરગિસ સાંજ ને સવાર ॥ ૪૬ ॥

૪૯ તારક.

ચ૦ અ૦ ૧૩ (સ સ સ સ, ગ)

ભણુવે ગતિ રાખ શનિશ્ચર સારી ।
નહિ આગળ દોડ પછાત વિસારી ॥
પ્રથમે ધિરજે કર કામ કુપાળૂં ।
અભિઆસથકી પછિ વ્હેલું જસાળૂં ॥ ૪૭ ॥

૫૦ પ્રભાવતી.

ચ૦ અ૦ ૧૩ (ત ભ સ જ, ગ)

કર્ત્તા ગુણો ધન હરદાસ ગાજવે ।
ગાઈ દયા જસ કરતાળ વાજવે ॥
કે તે લગાર પણ નહીંજ છાજવે ।
તોળે જનો સહુ ધરમીજ તાજવે ॥ ૪૮ ॥

૫૧ કંદુક.

ચ૦ અ૦ ૧૩ (ય ય ય ય, લ)

નદી નીર આકાશ સાંજે દિસે રંગ ।
તરૂ તારૂ ને પંખિ ધમારતો સંગ ॥
ઉઆરે સુધારે હસે માનવી અંગ ।
બહૂ બ્રહ્મને રીઝવે ભક્તની ચંગ ॥ ૪૯ ॥

૫૨ વસંતતિલકા.

ચ૦ અ૦ ૧૪ (ત ભ જ જ, ગ ગ)

અભ્યાસથી સરળ છંદ રચે અનાડી ।
અર્થોવના નહિજ સાચ કવી ખીલાડી ॥
દેવો પુજે અડિ ધુમેથિ સહૂ હરામી ।
ભાવો ખરા વગર બ્રહ્મ ન લેહ કામી ॥ ૫૦ ॥

૫૩ નિશિપાલિકા.

ચ૦ અ૦ ૧૫ (ભ જ સ ન ૨)

સજ્જન સમાગમ નિરંતરજ રાખજે ।
કૂટિલ કપોળ કદિ વાણિ મત ભાખજે ॥
નીતિ કબજે ધરિ તું મોહ મદ કામ જે ।
જ્ઞાનથકિ ભક્તિ લહિ બ્રહ્મપદ પામજે ॥૫૧॥

૫૪ સારંગી.

ચ૦ અ૦ ૧૫ (મ મ મ મ મ)

જાયા તે જાવાના જાણે, રાજા રંકા કોઇરે ।
એવો આહીં નાહીં જેને, ના લે મૃત્યૂ જોઇરે ॥
માટે પ્રાણી પાપો પાળી, છાકેલો ના થાયેરે ।
નીતી ધર્મો રાખી ૦હાલાં, મુકતી ધામે જાયેરે ॥ ૫૨ ॥

૫૫ ચામર.

ચ૦ અ૦ ૧૫ (૨જ૨૨)

જાત જાત ધાન્ય ને કલોલિ પંખિ જોઉંરે ।
વીવિધા જળેસ્થળે સુરંગ જોઇ મોહુંરે ॥
ઉદ્યમી નિરોગિ નિષ્કલંકિ જીવ ધારિરે ।
ગામવાસની મઝા લહૂંછુ સૂખકારિરે ॥ ૫૩ ॥

૫૬ માલિની.

ચ૦ અ૦ ૧૫ (નનમયય)

સરળજ વિષયોનો, દુઃખકારી વિયોગ ।
અતિસ વિકટ જાણે બ્રહ્મનીતીસું યોગ ॥

અગમ નિગમ ગાયે વેદ ચારે અગાધે ॥
ભજિ ભજિ ભજિ તેને સૂખ અત્યંત સાધે ॥ ૫૪ ॥
(મિશ્ર)

૫૭ નલની.

ચ૦ અ૦ ૧૫ (સ સ સ સ સ)

ક્ષણુભંગુર વિશ્વવિષે ટુડિ દેહ સહૂ ।
પડિ એા પડિ ટેકરિ ખંડિત જેમ બહૂ ॥
જળનેા પરપેાટજ પાતળ કાચ કહૂં ।
સમજી મન એમ ભજી નિત બ્રહ્મ લહૂં ॥ ૫૫ ॥

૫૮ ચંચલા.

ચ૦ અ૦ ૧૬ (૨ જ ૨ જ ૨, લ)

મંત્ર યંત્ર તંત્ર ગેલ જાણુ ફેલ અંત્રમાંહિ ।
પેટકાજ ઢોંગ સોંગ માન ના કદીજ કાંહિ ॥
ભાનુના પ્રકાશવાથિ થાય દૂર અંધકાર ।
જ્ઞાન નીતી વાંચિને નસાડિ દે તું કૂવિચાર ॥ ૫૬ ॥

૫૯ નારાચ.

ચ૦ અ૦ ૧૬ (જ ૨ જ ૨ જ, ગ)

બળ્યેા ઝળ્યેા રહૂં સદા સુઝે ન કાંઇ ચિત્તમાં ।
અનીતિનેા વિકાર જોઇ ઠામ ઠામ પત્તમાં ॥
છિનાળિ ચેારિ દાંડગી જુગાર જૂઠ મત્તમાં ।
દિસે દયા વિવેક ધર્મ નીતિ નાહિં સત્તમાં ॥ ૫૭ ॥

૬૦ પૃથ્વી.

ચ૦ અ૦ ૧૭ (જ સ જ સ ય, લ ગ)

કરે ધુ ધુ ધુ ધૂ સમુદ્ર લલકાર ગંભીર રે ।
ખિલે છટકિ ચંદની, ઝગઝગાટ ઊજાર રે ॥
ખએ તગમગે ગ્રહેા, રસિક રમ્ય ચેા દીશ રે ।
દિલે હરખિ તે સમે, નરમ ગા પ્રભુ ઈશરે ॥ ૫૮ ॥

૬૧ મંદાક્રાંતા.

ચ૦ અ૦ ૧૭ (મ ભ ન ત ત, ગ ગ)

વાયૂ વીજે, ગરજનથકી, મેઘ ઝાઝો ઝુમેરે ।
પ્હાડે વાવે, હરખિ મયુરો, ઢેડકાઓ ધુમે રે ॥
તે વેળાએ, તલપિ તલપે, કામિ દુઃખી બને રે ।
ભકતો દેવો, સમરિ ભજને, થાય સૂખી મને રે ॥ ૫૯ ॥

૬૨ શિખરિણી.

ચ૦ અ૦ ૧૭ (ય મ ન સ ભ, લ ગ)

વિના વિદ્યા ૦હાલી, બહુ ગુણ વિવેકો નહિ સજે ।
વિના જુકતી ઝાઝી, જસ સહુ જણાવે નહિ ધજે ॥
વિના નીતી સારી, ખટપટ કુછંદો નહિ તજે ।
વિના ભકતી સાચી, સહજ સરિજાયે નહિ અજે ॥ ૬૦ ॥

૬૩ હરિણી.

ચ૦ અ૦ ૧૭ (ન સ મ ર સ, લ ગ)

ગુણિ સુજન વાંસે, નિંદાળુ, હિણા બહુ હોય રે ।
દ્વિપનિ પછવાડે અંધારૂં નિરંતર જોય રે ॥
રિપુતણું ન ફાવે જહાંસૂધી ઉતેજન તેલ રે ।
પણ વળિ જિતેછે જહારે તે ખુએ નિજ જીવ રે ॥ ૬૧ ॥

૬૪ ક્રીડાચક્ર.

ચ૦ અ૦ ૧૮ (ય ય ય ય ય ય)

ઘણી રીતનાં દુઃખ આવી નડે આંહિ સંસારમાંરે ।
સહૂ મોહ માયા ભમાવે સદા હર્ષ વીષાદમાં રે ॥
બહૂ બાવરો પામરો કિંકરો નર્મદો હીણ તેને ।
દયાળુ યશસ્વી પ્રભુ બ્રહ્મ તૂં નીતિ ને ભકિત દેને ॥ ૬૨ ॥

૬૫ શાર્દૂલવિક્રીડિત.

ચ૦ અ૦ ૧૯ (મ સ જ સ ત ત, ગ)

દીનાનાથ ભજૂં સદા ઉરથકી, સંતોષ રાખી કને ।
ના લાવી હરગીસ સંકટ સમે, વેરીતણા ભાવને ॥

તૂં નાખી ભવજાલમાં હરઘડી, હૂં રાંકને કાં છળે ।
આપી બુદ્ધિ વિવેકની બહુમને, હે નાથ સંભાળ લે ॥ ૬૩॥

૬૬ ગીતક.

ચ૦ અ૦ ૨૦ (સ જ જ ભ ૨ સ, લ ગ)

યહ દેહ જીવ જડી અમલિક, હેતુને ઉર ધાર રે ।
પશુ પંખિ માનવ ભેદ નીરખિ, નૂર નીજ વિચાર રે ॥
મદ મોહ આદ વિકારથી નિતિ,ભક્તિ તો વગવાય રે ।
સત સંત સંગતિ સેવિ નર્મદ,બ્રહ્મના ગુણ ગાય રે ॥ ૬૪ ॥

૬૭ સ્રગ્ધરા.

ચ૦ અ૦ ૨૧ (મ ૨ ભ ન ય ય ય)

માયામાં મ્હાલિરાચે, વિષયવિષ પિયે, હીણ જે વામિ કામી ।
નીચોની સંગતીએ ભમિ ભમિ જગતે ઢોંગ પૂજે હરામી ॥
ભાતી ભાતી વિકારે, વિધ વિધ પડદે, મુક્તિ અંધો ન દેખે ।
માટે ચેતે મનૂ તૂં, મદ મદન દહી, સંતથી બ્રહ્મ લેખે ॥ ૬૫ ॥

૬૮ હંસી.

ચ૦ અ૦ ૨૨ (મ મ ત ન ન સ, ગ)

ભેદાયાંરે તીરો હૈયે, હસિતકમળવદનનયનવાળી ।
ડૂબ્યો નેહે તારે નારી, પ્રિતડિ ગુણ મધુર વચન નિહાળી ॥
સંગે મારી લગ્ને મ્હાલી, અતિ અધર રસ ગળિ ચખવ ઠહાલી ॥
માંહો માંહે પ્રીતે પીયે,સત ગુરુ અકળ હરિરસનિ પ્યાલી ॥ ૬૬ ॥

૬૯ મદિરા.

ચ૦ અ૦ ૨૨ (ભ ભ ભ ભ ભ ભ ભ, ગ)

એ કો કવિ કીરતિ શોભિ રહે જયમ, ધાસનિ પૂળી બળે ઝટરે ॥
કો કવિ કીરતિ શોભિ રહે જયમ, બાવળ ગાંઠ બળે લઠરે ॥
કો કવિ કીરતિ શોભિ રહે જયમ, ચંદ્રનિ સૂર્યનિ કાંતિ ઠરે ॥
આખર એક દિ આવિ રહે, ગુલ તે થઇ જાય અજાણ ખરે॥ ૬૭ ॥

૭૦ ધ્રુવ

ચ૦ અ૦ ૨૩ (ભ ભ ભ ભ ભ ભ,ગ ગ)

તૂં સત કારણ સૃષ્ટિનું પાલણ ભક્તિનું ધારણ ભૂવનરાયા ॥
આરણ કારણ વજ્ર ન ઝાલણ જાણવિ ધારણ દિવ્યજ કાયા ॥
વર્જક ધારણ દુઃખનું ટાલણ મારણ જારણ તારક માયા ॥
જેજય નારણ કર્મ નિહાલણ જગત ઉધારણ નામિ સુછાયા ॥ ૬૮॥
ઝાંખિ સુનેરિ પિળા પટવાળિ રૂપાળિ મહા મદમાંહિ નિહાળી ।
ગોરસની મટુકી શિર મકિ કરે જમણે પટ પાલવ ઝાલી ॥
નેન અદા કરતી હસતી મિઠિ કામઠિ પાંપણ આંખ અણ્યાળી ।
ભાદરવા વદ આઠમ સાંજ સજી સણગાર ગઈ સટ ચાલી ॥ ૬૯ ॥

૭૧ ડુમિલા.

ચ૦ અ૦ ૨૪ (સ સ સ સ સ સ સ સ)

રતનાગરની બલિહારિ અતી કૃતિથી નિરા દીન મનો હરતો ।
ભરતી વળિ ઓટની ભારિ ખુબી શશિ સૂર્યનિ શકિત લઈ ફરતો ॥
દુર ભૂમિનિ સાથ સમંધ કરાવિ વધારિ વ્યપાર કરે ચરતો ।
નદિ નાળ સરોવર પાણિ લઈ સમતા શિખ રૂડિ દિલે ભરતો ॥ ૭૦ ॥

૭૨ કીરિટ.

ચ૦ અ૦ ૨૪ (ભ ભ ભ ભ ભ ભ ભ)

તે કવિતા રસતીરથિ જે ઉર વીધિ કરે બહુ ઘાયલ ધૂમજ ।
પ્રેમ દયા હસવૂં ઉપજાવતિ બીક પમાડી પડાવતિ ભૂમજ ॥
ક્રોધ કંટાળ સુશૂર જગાવિ અજબ્બ પમાડિ બનાવતિ સૂમજ ॥
ટેકિ ઉપેર નિચે દઈ ઢોળિ દિયે રિત દૈવિ દરાખનિ લૂમજ ॥ ૭૧ ॥

૭૩ કવિત્ત.

ટીકા—કવિત અથવા ઘનાક્ષરી વૃત્ત અથવા મનહર વૃત્ત એ ત્રણે એકજ છે. એમાં ગણનો નિયમ બીલકુલ છેજ નહીં. માત્ર અક્ષરની અવધિ બતાવીછે. કવિતના અક્કેકા પાદમાં ૩૧—૩૨ અક્ષરો આવવા જોઇયે તથા છેલ્લો અક્ષર ગુરૂ જોઇયે. એમાં સોળે અને પંદરે દમ બાવો અથવા આઠ આઠ આઠ અને સાતે દમ બાવો.

ખટપટી સંસારમાં, રહે મચી હરખમાં,
કરે કળા કારી મોર મેઘ તો તડીત છે ।
વિદ્યા ગુણ અલંકાર શોભતો પ્રકારાકાર,
કામણ કહાન કોટ કૌસ્તુભ જડીત છે ॥
નીતિ ધર્મ રામ રંગ વ્યવહાર ધરે અંગ,
સરોવર માન હંસ કાયાયે મંડીત છે ।
જ્ઞાન લહેરે પ્રફુલિત નિત્યાનંદી અચળિત,
સુરંગી સુવાસિ સભ્ય સાગર પંડીત છે ॥ ૭૨ ॥

ટીકા–એ કવિતમાં એક પંડીતનું ઉપમા અલંકારથી વર્ણન કીધેલું છે.

૭૪ રંગિકા.

ચરણમાં અક્ષર. ૩૨ લઘુ ગુરૂનો નીમ નહી. ૧૦,૮,૮ અને ૬ એ વિરામ લેવો. પાદાંતે ગુરૂ લઘુ અક્ષરો આણવા.

રસિક પ્રિયા કીવત કોક, વાંચિને મૂરખ લોક,
સુકરૂત કરે ફોક, આદરી અનીતિ ।
પંડીત ગ્રંથ રસાળ સાર, સુજ્ઞને ભૂષણ હાર,
સ્ત્રીપતિ વિલાસ તણી, જાણવે સુરીતી ॥
સમજી હેતુ ગ્રંથ ભણી, ધર્મ નીતિ માન ગણી,
રાજવંશી રાખે વળી, જમકેરી ભીતિ ।
નર નારી જ્ઞાની બનિ સહુ, એકમેકે વ્હાલાં બહુ,
સંસારે નીતિથી રહી, કરે પ્રભુ પ્રીતિ ॥ ૭૩ ॥

૭૫ નર્મ.

ચરણમાં અક્ષર. ૩૨. નારાચ વૃત્તનો બમણો.

સુરંગ જંબુ દ્વીપમાં, સુરંગ ભરતખંડમાં,
સુરંગ ઉષ્ણ થંડમાં, સુરંગ આઠ જામ છે ।
તરૂ ફુલો ફલો લતા, સુધાન્યથી ઘણી મતા,
વનસ્પતીતણી છતા, રસાળ ભૂમિ ધામ છે ॥
ગિરી નદી સરોવરાં, સુધાતુ ખાણ દહુરાં,
ગુફા ઘણી મઠો ઘરાં, રસીક રમ્ય કામ છે ।

મનૂ સહૂ સુસંગના, સુપંખિ પંચ રંગના,
પશૂ અહુજ બંગના,સુરંગ બ્રહ્મ નામ છે ॥ ૭૪ ॥

સ્ફુટ ગીતિપ્રકરણ.

માત્રામેળ અને અક્ષરમેળ વૃત્તોનો કંઈ સુમાર નથી. તે સઘળાં તો પ્રસંગમાં આવતાંજ નથી. કેટલાંક આવે છે. ઘણેખરે પ્રસંગે તો કેટલાંક થોડાંજ આવે છે. જેટલાં હાલને સમે મેં આપણા લોકને ઉપયોગી જાણ્યાં તેટલાં અહિ લખ્યાં છે. પણ એ શિવાએ કવિતા બનાવવાની ઘણી એક દેશી રીતીઓ છે–જેમ કેઃ દેશીઢાળો, ગરબી, ગરબા, ધોળ, સાખી, પરભાતીઆં, પદ, પ્રબંધ, કટાવ, આખ્યાન, લાવણી, બેહેત, ખ્યાલ, ટપ્પા વગેરે.

એમાં અક્ષરનીમ બીલકુલ નથી. માત્રા નીમ છે ખરો. શંકા ઉઠશે કે એમાં, માત્રા નીમ છતાં એઓને માત્રામેળ વૃત્તોની સંખ્યામાં કેમ ન ઉમેર્યાં? પણ એવું છે કે એ ગાવાની રીતો, વૃત્તોની રીતથી બનાવટમાં અને બોલવામાં ઘણીજ જુદી પડે છે. રાગમાં અથવા રાગભ્રષ્ટ ઢાળમાં ગાયાથીજ એ રીતીઓ શોભે છે અને બનાવટમાં સુરતાલના ઉપર જરૂર આધાર રાખે છે. માટે, એ રીતીઓને જુદી પાડી. ગરબીઓ પણ શેંકડો તરેહની છે પણ તે સહુની સાધારણ ધપ ચાલ ઘણી ખરી સરખી આવ્યાથી સઘળી જાત ગરબીને નામે ઓળખાય છે–બીજી બાબતો વિષે પણ તેમજ જાણવું.

જે જાતની ગરબી બનાવવી હોય તે જાતની ગરબીનો રાગ અથવા ઢાળ કોઈ નમુના ઉપરથી મોઢે પક્કો અને રમતો બેસાડવો અને પછી તાલનું ધોરણ રાખીને કવન કરવું. તાલનું ધોરણ ન રાખ્યું તો તે કવન સારૂં થનાર નહી. જેણે એવી રીતનાં સારાં કવન કરવાં હોય તેણે તો રાગ ગાવાની અને વિશેષે સમજવાની શકતી ધરાવવી જોઇએ. એ બાબત લાંબો ખુલાસો હવે પછી કરીશ.

પ્રથમ કવિતા કરનારને સૂચના.

૧ તેણે સહુથી પહેલાં કવિતા ગાતાં શિખવી જોઈયે. દશ, પંદર રીતી તો મોઢે રમાડી રાખીને પોતાની કરી મુકવી જોઇયે.

૨ પોતાના વિચારને જે રમી રહેલી રીતમાં જલદી ઉતરે તે રીતમાં ઉતારવો.

૩ જેમ બને તેમ કવિતા મોઢેને મોઢે જોડી રાખવાની ટેવ રાખવી. કેટલુંક મોઢે જોડયા પછી કાગળ ઉપર લખવું. પ્રથમ કાગળ ઉપર જોડતાં જવું નહીં.

૪ પછી માત્રા અથવા અક્ષર ગણતરી પિંગળની રીત પ્રમાણે કરી જઈ અશુદ્ધ કાહાડી કવિતાને શુદ્ધ કરવી.

૫ કવિતા જોડવાની ખટપટમાં રેહેતાં વિચાર જો ભુલી જવાતો હોય તો અને તેથી વાદ્યયુક્ત સારૂં લખાતું ન હોય તો કવિતા કરનારે પોતાનો વિચાર સાદી ભાષામાં લખી જવો અને પછી તેમાંથી થોડો થોડો વિચાર લઈને કવિતામાં મુકવો.

૬ ઉતાવળે કવિતા કરવાની પેહેલે તજવીજ ન કરવી. જેમ બને તેમ પેહેલે તો સારૂં કરવાની ચોંપ રાખવી એટલે અભ્યાસથી ઉતાવળે કરતાં આવડશે. ઉતાવળે કર્યાનું માન મેળવવા સારૂ નજીવા વિચાર ગોઠવવા નહીં.

૭ કવિતામાં શબ્દ ચાતુરી અને એવાં બીજાં બંધનની દરકાર રાખી પોતાના વિચારને ખોવો નહીં. જેમ બને તેમ વિચાર પોતાને ખરે રૂપે અને ખરી ભભકમાં કવિતામાં ઉતરે તેમ કરવું. પ્રાસ વગેરેની બીલકુલ દરકાર રાખવી નહીં.

૮ બિજાના શબ્દ અને બિજાના વિચાર ચોરીને કવિતા ન કરવી પણ જેમ બને તેમ પોતાના વિચાર પોતાની જનમની ધપથી બાહાર કાઢવા.

૯ સારા સારા કવિઓના ગ્રંથો વાંચવા અને તેઓની તરેહ જોઇને તેમાં વધ ઘટ કરી પોતાનાં ઉમેરણ સાથે કવિતા બનાવવી. વાંચવાથી શબ્દની ભરણી, વિચાર અને તર્કશક્તિ વધે છે.

સંખ્યા પ્રસ્તારાદિક વિષય.

આ વિષય, કવિતા કરવાનાં કામમાં જરૂર આવતો નથી પણ જેણે કવિતાશાસ્ત્ર જાણવું હોય તેને તો જરૂરનો છે ખરો. આ વિષયના મુખ્ય આઠ પ્રકાર છે. તેઓનાં નામઃ સંખ્યા, પ્રસ્તાર, શુચિ, નષ્ટ, ઉદ્દિષ્ટ, મેરુ, પતાકા અને મર્કટી.

૧ સંખ્યા.

કોઈ પૂછે કે અમુક માત્રાનાં અથવા અમુક અક્ષરનાં સહુ મળીને કેટલાં વૃત્તો બની શકે? તો, તે વૃત્તોની ગણતરી કરવી તેનું નામ સંખ્યા.

માત્રાવૃત્ત સંખ્યા કાઢવાની રીત.

૧, ૨, એમ અંક લખી તે બંનેની બેરીજ લઈને ૩, એ અંક લખવો. પછી છેલ્લા બે અંકોનો સરવાળો કરીને ચોથો અંક ૫, એ ઉપજાવવો અને એ પ્રમાણે આગળ પણ દાખલોઃ

સાત માત્રાના છંદમાં લઘુ ગુરુની જગા ફેર બદલ કરવાથકી સહુ મળીને કેટલાં વૃત્તો બની શકશે?

૧	માત્રાના છંદનું	૧ વૃત્ત
૨	માત્રાના છંદનાં	૨ વૃત્તો
૩	,,	૧+૨=૩ ,,
૪	,,	૨+૩=૫ ,,
૫	,,	૩+૫=૮ ,,
૬	,,	૫+૮=૧૩ ,,
૭	,,	૮+૧૩=૨૧ ,,

સાત માત્રાના છંદની ૨૧ જુદી જુદી રીતીઓ કવિતા કરવાની ઉત્પન્ન થાય. પણ, એ સઘળાં વૃત્તોમાં માત્રા તો સાતની સાતજ રહે.

અક્ષરવૃતસંખ્યા કહાડવાની રીત.

૨, એ અંક લખી તેનું બમણું કરીને અંક ઉપજાવવો. જે આવે તેને બેએ ગુણીને ત્રીજો અંક ઉપજાવવો. ને એ રીતે આગળ પણ. અથવા, જેટલા અક્ષરના છંદની વૃત્તસંખ્યા માંગી હોય તેટલે અંકે, ૨, એ મૂળ સંખ્યાનો ઘાત કરવો. દાખલોઃ

સાત અક્ષરના છંદમાં લઘુગુરુની જગા ફેરબદલ કરવાથી સહુ મળીને કેટલાં વૃત્તો બની શકશે ?

છંદમાં અક્ષર		નિપજતાં વૃતો
૧	, $૨^{૧}$=	૨=૨
૨	, $૨^{૨}$=	૨×૨=૪
૩	, $૨^{૩}$=	૨×૨×૨=૮
૪	, $૨^{૪}$=	૨×૨×૨×૨=૧૬
૫	, $૨^{૫}$=	૨×૨×૨×૨ ×૨=૩૨
૬	, $૨^{૬}$=	૨×૨×૨×૨×૨ ×૨=૬૪
૭	, $૨^{૭}$=	૨×૨×૨×૨×૨×૨×૨=૧૨૮

૭ અક્ષરના છંદની ૧૨૮ રીતીઓ કવિતા કરવાની બની શકે પણ અક્ષર તો સાતના સાતજ રહે.


૨ પ્રસ્તાર.

સહુ મળી આટલાં વૃત્તો થઈ શકે છે એમ માલમ પડયા પછી તે કિયાં કિયાં અથવા કેવે કેવે રૂપે છે તે બતાવવાની રીતીને અથવા રૂપભેદકથનવિધિને પ્રસ્તાર કેહે છે.

માત્રાવૃત્તપ્રસ્તાર.

જેટલી માત્રાનો પ્રસ્તાર માંગ્યો હોય તેટલી માત્રાનાં, બે માત્રાનો એક ગુરુ એ પ્રમાણે કરીને ગુરુચિન્હ લખવાં; અને જો શેષ માત્રા રેહે તો તેને લઘુચિન્હે લખવી. લઘુ ચિન્હ પ્રથમ લખવું ને ગુરૂચિન્હો પછી લખવાં. એ જે રૂપ પ્રગટ થશે તે પ્રથમ રૂપ જાણવું. પછી તે પ્રથમ રૂપમાં પેહેલું જે ગુરુચિન્હ હોય તેની નીચે લઘુ ચિન્હ લખવું ને એને પર, (આપણી જમણી તરફ) પોતાથી પેહેલાં ઉપરનાં રૂપમાં જેટલાં ને જેવાં હોય તેટલાં ને તેવાંજ ચિન્હ લખવાં; ને એની પૂર્વે, (આપણી ડાબી તરફ) જેટલી માત્રા ખુટતી હોય તેટલી, લઘુ અથવા ગુરુચિન્હે પુરી કરવી; એ રીતે બીજું રૂપ પેદા થશે. બીજાથકી ત્રીજું થશે. ને એ પ્રમાણે જાંહાંસુધી છેલ્લે સઘળાં લઘુચિન્હ આવી રેહે તાંહાં સુધી બિજાં રૂપ ઉપજાવ્યાં કરવાં. દાખલો,

સાત માત્રાના છંદનાં વૃત્તો કિયાં કિયાં ને કેવાં કેવાં છે?




આઠ માત્રા હોય તો તેનું પ્રથમ રૂપ આવું ----થાય.

અક્ષરવૃત્તપ્રસ્તાર.

જેટલા અક્ષરનો પ્રસ્તાર માંગ્યો હોય તેટલા અક્ષરો પણ, ગુરુચિન્હે પ્રથમ લખવા અને તે સર્વ ગુરુનું પ્રથમ રૂપ જાણવું. પછી પેહેલ્લા ગુરુની નીચે લઘુ ચિન્હ લખવું; એને પર, ઉપરનામાં હોય તે પ્રમાણે અને એને પૂર્વ, ખુટે તેટલા અક્ષર પ્રમાણે ગુરુ ચિન્હજ કરવાં. આ રીતે જાંહાં સુધી છેલ્લે તમામ લઘુચિન્હો આવે તાંહાંસુધી કર્યાં જવું.

ચાર અક્ષરના છંદનો પ્રસ્તાર નીચે પ્રમાણેઃ



૩ શુચિ.

કોઇ પૂછે કે એ સઘળા ૨૫ભેદોમાં (સઘળા પ્રસ્તારમાં) પેહેલ્લો લઘુ અક્ષર (લાદિ) એવા કેટલા ભેદ છે?

છેલ્લો ,, (લાંતિ) ,,
પેહેલ્લો ગુરુ અક્ષર (લાદિ) ,,
છેલ્લો ,, (ગાંતિ) ,,
પેહેલ્લો અને છેલ્લો લઘુ (લાદિ લાંતિ) ,,
પેહેલ્લો લઘુ ને છેલ્લો ગુરુ (લાદિ ગાંતિ) ,,
પેહેલ્લો ગુરુ ને છેલ્લો લઘુ (ગાદિ લાંતિ) ,,
પેહેલ્લો ને છેલ્લો ગુરુ (ગાદિ ગાંતિ) ,,

એ સહુ કેહેવાની જે રીતી તેનું નામ શુચિ.

માત્રાવૃત્તશુચિ.

જેટલી માત્રા હોય તેટલે લગીની સંખ્યાવિધિ કરી જવી; એટલે, છેલ્લા અંકથી પ્રથમ પૂર્વઅંક, લાદિ અને લાંતિ બતાવશે.

,, બીજો ,, , ગાદિ અને ગાંતિ ,,
,, ,, ,, , લાદિ લાંતિ ભેદો ,,
,, ત્રીજો ,, , લાદિ ગાંતિ અને ગાદિ લાંતિ
,, ચોથો ,, , ગાદિ ગાંતિ ભેદો બતાવશે.

જેમકે સાત માત્રાના પ્રસ્તારમાં:

૧, ૨, ૩, ૫, ૮, ૧૩ ૨૧

૧૩ ભેદો લાદિના અને તેટલાજ લાંતિના છે.
૮ ભેદો ગાદિના અને તેટલાજ ગાંતિના છે.
૮ ભેદો લાદિલાંતિના છે.
૫ ભેદો લાદિગાંતિના અને તેટલાજ ગાદિલાંતિના છે.
૩ ભેદો ગાદિગાંતિના છે.

અક્ષરવૃત્તશુચિ.

અક્ષર સંખ્યાવિધિ લખી જવી; એટલે,
છેલ્લા અંકથી પ્રથમ પૂર્વઅંક લાદિ અને લાંતિ બતાવશે.

,, ,, ગાદિ અને ગાંતિ ,,
,, બીજો પૂર્વઅંક, લાદિલાંતિ
,, ,, લાદિગાંતિ અને ગાદિલાંતિ
,, ,, ગાદિગાંતિ

જેમકે સાત અક્ષરના પ્રસ્તારમાં:

૨, ૪, ૮, ૧૬, ૩૨, ૬૪, ૧૨૮

૬૪, એ, લાદિના તથા લાંતિના અને ગાદિના તથા ગાંતિના ભેદ બતાવેછે અને ૩૨, એ, બાકીના તમામ ભેદ બતાવેછે.

૪ નષ્ટ.

પુછેલું ૩૫ બતાવવાની રીતીને નષ્ટ કેહે છે.

માત્રાનષ્ટ.

જેટલી માત્રા હોય તેટલીનાં લઘુચિન્હ લખવાં પછી તે લઘુચિન્હોની ઉપેર ૧, ૨, ૩, ૫ વગેરે ગરજ હોય તેટલી સંખ્યા લખવી. જે છેલ્લો અંક આવે તેમાંથી પુછેલા ભેદનો અંક બાદ કરવો ને તે બાદબાકીમાંથી, રહેલા જે ઉપેરના અંકો તે બાદ કરવા. જ્યાં જ્યાં બાદબાકી થઇ શકતી હોય તે તે ઠેકાણાંની અક્કેકી માત્રા તેની અક્કેકી પરમાત્રા સાથે મેળવવી અને તે બંનેને એકઠી ગુરુચિન્હે લખવી. દાખલાઃ ૧ લો, સાત માત્રાના ૨૧ પ્રસ્તાર થાય છે તેમાંથી ૯ મો ભેદ કેવે રૂપે છે?

૧, ૨, ૩, ૫, ૮, ૧૩, ૨૧

ᴗ ᴗ ᴗ ᴗ ᴗ ᴗ ᴗ

⌊ ⌊ ⌊

– – – આમાંનો છેલ્લો અંક ૨૧ છે તેમાંથી ૯ નો પુછેલો અંક બાદ કરવો. બાદ કીધા તારે ૧૨ બાકી રહ્યા. હવે એ બારમાંથી તેર બાદ થઈ શકતા નથી; આઠ બાદ થઈ શકે છે માટે, ૮ ની નીચેની એક માત્રા, ૧૩ ની નીચેની એક માત્રા (૫૨ માત્રા) સાથે મળી, તે બંને ગુરુચિન્હે થઇ શકે છે. ૧૨ માંથી ૮ જતાં ૪ રેહે છે. તે ચાર માંથી પાંચ બાદ થતા નથી; ૩ બાદ થાય છે માટે, ૩ ની નીચેની અને ૫ ની નીચેની એકઠી મળીને ગુરુચિન્હે થાય છે. ૪ માંથી ૩ જતાં ૧ રેહે છે. તે અંકમાંથી ૨ બાદ થતા નથી; ૧ બાદ થાય છે માટે ૧ ની નીચેની અને ૨ ની નીચેની માત્રા એકઠી મળીને ગુરુચિન્હે થાય છે. તારે નવમો રૂપભેદ – – – ᴗ આ રીતનો છે. ૨ જો, સત્તરમો ભેદકિયો?

૧ ૨ ૩ ૫ ૮ ૧૩ ૨૧

ᴗ ᴗ ᴗ ᴗ ᴗ ᴗ ᴗ

⌊ ⌊

– – અહીં ૨૧–૧૭=૪. ૪ માંથી ૧૩, ૮, ૫ કોઇ બાદ થઇ શકતા નથી માત્ર ૩ થઇ શકે છે વાસ્તે, ૩ અને ૫ ની તળેની માત્રા ગુરુચિન્હે થઈ. બાકી ૧ રહ્યો તેમાંથી ૨ જતા નથી; ૧ જાય છે માટે ૧ ને ૨ એની તળેની ગુરુચિન્હે થઈ. તારે સત્તરમો ભેદ – – ᴗ ᴗ ᴗ એ છે. ૩ જો, નવ માત્રાના ૫૫ પ્રસ્તાર થાય છે તો તેઓનો આઠમો ભેદ કિયો?

૧, ૨, ૩, ૫, ૮, ૧૩, ૨૧, ૩૪, ૫૫

ᴗ ᴗ ᴗ ᴗ ᴗ ᴗ ᴗ ᴗ ᴗ

ᴗ ᴗ ᴗ ᴗ ᴗ – – આ આઠમો ભેદ છે.

અક્ષરનષ્ટ.

જેટલા અક્ષર હોય તેટલા ગુરુચિન્હો લખી જવા. પછી પુછેલા અંકનું અર્ધ કરવું. ભાજ્ય બેકીનો આંકડો હોય તો ઠીક; નહી તો, ૧ ઉમેરીને પછી તેનું અર્ધ કરવું. જે ભાગાકાર આવે તેને ભાજ્ય ગણીને તેનું પણ ઉપર પ્રમાણે અર્ધ કરવું. એ રીતે નાંહાં સુધી નિઃશેષ ભાગ જાય તાંહાંસુધી કર્યાં જવું. આ કરવામાં જે ભાજ્યો ૧ ઉમેર્યા પેહેલા એકિના અંકો હોય તો તે ઠેકાણે ગુરુનાં ચિન્હો લખવાં ને બેકીના અંકો હોય તો, તે તે ઠેકાણે લઘુ ચિન્હો લખવાં ને એમ કરતાં અક્ષરો ખુટે તો ખુટતા અક્ષરો પ્રમાણે ગુરુ ચિન્હો પાસે મુકી દેવાં.

૧ લો, ચાર અક્ષરના પ્રસ્તારમાં નવમો ભેદ કિયો?

– – – – $\frac{૯+૧}{૨}=૫.\ \frac{૫+૧}{૨}=૩.\ \frac{૩+૧}{૨}=૨\ \frac{૨}{૨}=૧.$

– – – ᴗ

૯, ૫, ૩ એ બેકીના અંક છે માટે ગુરુ ચિન્હો લખવાં અને ૨ એ બેકીનો અંક છે માટે લઘુ ચિન્હ લખવું.

૨ જો, ચાર અક્ષરના પ્રસ્તારમાં બારમો કિયો?

$\frac{૧૨}{૨}=૬.\ \frac{૬}{૨}=૩.\ \frac{૩+૧}{૨}=૨.\ \frac{૨}{૨}=૧.$

ᴗ ᴗ – ᴗ

૩ જો, પાંચ અક્ષરના પ્રસ્તારમાં ૩ જો કિયો?

– – – – – $\frac{૩+૧}{૨}=૨.\ \frac{૨}{૨}=૧$

– ᴗ, – – – ૩ ૨

– ᴗ આ તો બે ચિન્હો થયાં ને અક્ષરો તો પાંચ

જોઈએ માટે એ ખુટ, ઉપરનાં ગુરુ ચિન્હ તેમનાં તેમ લખીને પુરી પાડવી. ૪ થો, સાત અક્ષરના પ્રસ્તારમાં ૨૩ મો કિયો?

$$-\frac{૨૩+૧}{૨}=૧૨.\frac{૧૨}{૨}=૬.\frac{૬}{૨}=૩.\frac{૩+૧}{૨}=૨.\frac{૨}{૨}=૧.$$

–ᴗᴗ–ᴗ,– –૨૩, ૧૨, ૬, ૩, ૨
– ᴗ ᴗ – ᴗ

૫. ઉદ્દિષ્ટ.

બતાવેલું રૂપ કેટલામું છે તે કેહેવાની રીતને ઉદ્દિષ્ટ કેહે છે.

માત્રાઉદ્દિષ્ટ.

બતાવેલાં રૂપની ઉપર તળે સંખ્યા લખી જવી—એવી રીતે કે બતાવેલાં રૂપમાં જે જે ઠેકાણે ગુરુ ચિન્હો છે તેની ઉપર ને હેઠળ બંને ઠેકાણે અંક લખવા; લઘુચિન્હોની તો ઉપરજ લખવા. પછી છેલ્લા અંકમાંથી ગુરુ ચિન્હોની ઉપરના આંકડાઓનો સર્વાળો બાદ કરવો. જે બાદબાકી આવે તેટલામો તે રૂપ ભેદ જાણવો.

૧ લો; – – ᴗ ᴗ ᴗ આ કેટલામો છે?
૧ ૩ ૮ ૧૩ ૨૧
– – ᴗ ᴗ ᴗ ૨૧ – (૧+૩=) ૧૭ મો.
૨ ૫

૨ જો; – – – ᴗ આ કેટલામો છે?
૧ ૩ ૮ ૨૧
– – – ᴗ ૨૧ – (૧+૩+૮)=૬ મો.
૨ ૫ ૧૩

૩ જો; – – ᴗ – આ કેટલામો છે?
૧ ૩ ૮ ૧૩
– – ᴗ — ૨૧ – (૧+૩+૧૩) = ૪ થો.
૨ ૫ ૨૧

અક્ષરઉદ્દિષ્ટ.

૧, ૨, ૪, ૮, એમ બતાવેલાં રૂપની ઉપર અંકો લખી જવા. લઘુના ઉપર જેટલા અંકો છે તેનો સર્વાળો લઇ તેમાં ૧ ઉમેરવો એટલે ઉદ્દિષ્ટ અંક સમજાશે.

ગ ગ – ગ આ કેટલામું રૂપ છે?

૧ ૨ ૪ ૮

ગ ગ – ગ (૧+૨+૮) +૧=૧૨ મું.

ગ ગ – ગ ગ – – આ કેટલામું?

૧ ૨ ૪ ૮ ૧૬ ૩૨ ૬૪

ગ ગ – ગ ગ — —

(૧+૨+૮+૧૬)+૧=૨૮ મું.

૬. મેરૂ.

કોઈ પુછે કે પ્રસ્તારમાં, સઘળા ગુરુ અક્ષર એવા કેટલા ભેદ છે? વળી અક્કેકો ગુરુ અક્ષર ઓછો એવા કેટલા કેટલા ભેદ છે? તેમ સઘળા લઘુના કેટલા અને અક્કેકો ઓછો એવા લઘુના કેટલા કેટલા ભેદ છે? એ સઘળું બતાવવા સારૂ મેરૂ રચવો.

માત્રામેરૂ.

પ્રથમ એક કોઠો કરવો અને પછી અક્કેકા વધતા એવા બબ્બે કોઠાના અક્કેકા **જોડકોઠા** કરવા. જેટલી માત્રાનો મેરૂ રચવો હોય તેટલ-કોઠા થવા જોઇએ (જોડકોઠા નહીં.) બેક્કીની માત્રા હોય તો છેલ્લે જોડકોઠો ન આવે.

પ્રથમ, પેહેલા કોઠામાં ૧ એ, અંક લખવો. પછી આપણી જમણી તરફનાં જે છેલ્લાં બે ખાનાં છે તેમાં ૧, ૧, ૧, એમ સઘળે લખી જવું. ડાબી તરફ ૧, ૨; ૧, ૩; ૧, ૪; એમ લખી જવું. હવે મધ્યના બે ખાનાં ભરવાં રહ્યાં તે આ પ્રમાણેઃ ભરવાનાં બે ખાનાંને લગતું સિદ્ધિ ઉત્તર દિશા-એ જો બરોબર બે ખાનું હોય તો તેમાંનો અંક અથવા ન હોય તો તેની વાયવ્ય દિશાના બે ખાનાનો અંક અને એ ઉત્તર અથવા એ વાયવ્ય બે-

નાની, ઈશાન દિશાએ જે ખાનું છે તેમાંનો અંક એ બંનેનો સર્વાળો લઈને ભરવાનું ખાનું ભરવું. ઉત્તર દિશા એટલે ખાનાની ઉપરનો ભાગ.

સાત માત્રાનો મેરૂયંત્ર.

			૧	૧		=૧
		૨	૧	૧		=૨
		૩	૨	૧		=૩
	૪	૧	૩	૧		=૫
	૫	૩	૪	૧		=૮
૬	૧	૬	૫	૧		=૧૩
૭	૪	૧૦	૬	૧		=૨૧
	૩	૨	૧	૦		
	ગુ	ગુ	ગુ	ગુ		

સાત માત્રા એટલે ત્રણ ગુરૂ ને એક લઘુ. તારે,
ત્રણ ગુરૂ અથવા એક લઘુ એવા ૪ ભેદ છે
બે ગુરૂ અથવા ત્રણ લઘુ એવા ૧૦ ભેદ છે
એક ગુરૂ અથવા પાંચ લઘુ એવા ૬ ભેદ છે
શુન ગુરૂ અથવા સાત લઘુ એવો ૧ ભેદ છે

૨૧

મેરૂની બાહાર ડાબી તરફના અંકો માત્રાની સંખ્યા બતાવેછે અને જમણી તરફના અંકો પ્રસ્તાર સંખ્યા બતાવે છે.

અક્ષરમેરૂ.

૨, ૩, ૪, ૫, એ પ્રમાણે જેટલા અક્ષરનો મેરૂ કરવો હોય તેટલા કોઠા કરવા. પછી સઘળા કોઠાના પેહેલ્લાં અને છેલ્લાં ખાનામાં ૧, ૧, ૧ એમ ભરી જવા. પછી દરએક ઉપરના કોઠાનાં ડાબી જમણી તરફના બબ્બે બબ્બે આંકડાનો સર્વાળો લેતાં જવું અને તેની નીચેનાં ખાનાં ભરતાં જવું. ડાબી જમણી તરફ માત્ર ખાનું અેકેક હોય તો અેકેક અંકનો સર્વાળો લેવો. કોઈ ઠેકાણે ડાબી જમણી તરફ બબ્બેમાં એક ખાનું તેનું તેજ હોય તો, તે તેમાંનો અંક બંન્યો પાસ મેળવીને બે બેરીજ કરવી.

પાંચ અક્ષરનો મેરૂયંત્ર.

			૧	૧	૧	= ૨
		૨	૧	૨	૧	= ૪
	૩	૧	૩	૩	૧	= ૮
૪	૧	૪	૬	૪	૧	= ૧૬
૫	૧	૫	૧૦	૧૦	૫	૧ = ૩૨
૫	૪	૩	૨	૧	૦	
ગુ	ગુ	ગુ	ગુ	ગુ	ગુ	

૪ અક્ષરના મેરૂમાં, ૪ ગુરૂ અથવા ૦ લઘુ એવો ૧ ભેદ
૩ ,, ,, ૧ ,, એવા ૪ ,,
૨ ,, ,, ૨ ,, ,, ૬ ,,
૧ ,, ,, ૩ ,, ,, ૪ ,,
૦ ,, ,, ૪ ,, એવો ૧ ,,
૫ અક્ષરના મેરૂમાં, ૫ ,, ,, ૦ ,, ,, ૧ ,,
૪ ,, ,, ૧ ,, એવા ૫ ,,
૩ ,, ,, ૨ ,, ,, ૧૦ ,,
૨ ,, ,, ૩ ,, ,, ૧૦ ,,
૧ ,, ,, ૪ ,, ,, ૫ ,,
૦ ,, ,, ૫ ,, ,, ૧ ,,

૭ પતાકા.

મેરૂમાં એમ કહ્યું કે આટલા આટલા ગુરૂના આટલા આટલા ભેદ છે અને આટલા આટલા લઘુના આટલા આટલા ભેદ છે પણ તે કિયા કિયા અથવા તે પ્રસ્તારના કેટલામા કેટલામા ભેદમાં એમ જો સવાલ હોય તો પતાકા કરવી.

માત્રાપતાકા.

જેટલી માત્રાની પતાકા કરવી હોય તેટલાં એક પછી એક એમ ઉભી લીટીએ ખાનાં કરી જવાં. ને તેમાં નીચેથી સંખ્યા લખી જવી. ઉપરનાં બે ખાના મુકીને ત્રીજા ખાનાની જોડે આડી લીટીમાં ૧ ગુરૂના જેટલા ભેદ થતા હોય (મેરૂથી જણાય) તેટલાં ખાનાં કરવાં, પછી એક

ખાનું મુકીને આડી લીટીમાં ૨ ગુરૂના જેટલા ભેદ થતા હોય તેટલાં ખાનાં કરવાં પછી એક ખાનું મુકીને આડી લીટીમાં ૩ ગુરૂના જેટલા ભેદ થતા હોય તેટલાં ખાનાં કરવાં. એમ આગળ પણ ચલાવવું. આડી લીટીનાં ખાનાં ભરવાં તે નીચે પ્રમાણેઃ

૧. સહુથી છેલ્લાં ઉપરનાં ખાનાંમાંથી તેની હડોહડ જોડનું નીચલું સિવાયે બીજાં સઘળાં નીચેનાં ખાનાં એકપછી એક એમ બાદ કરવાં ને તે બાદબાકીઓથી એક ગુરૂવાળાં ખાનાં ભરી કાઢવાં.

૨. ભરાયલી આડી લીટીનાં પેહેલાં અને બીજાં ખાનાંમાંથી, ઉભી લીટીનાં ઉપરનાં ચાર ખાનાં મુકી દઇને નીચેનાં સઘળાં ખાનાં અનુક્રમે બાદ કરવાં. પછી આડી લીટીનાં ત્રીજાં, ચોથાં, પાંચમાં ખાનાંમાંથી (જેટલાંની ગરજ પડે તેટલાંમાંથી) ઉભી લીટીનાં ઉપરથી પાંચ, છ, સાત એમ અનુક્રમે મુકી દઇને નીચેનાં સઘળાં ખાનાં અનુક્રમે બાદ કરવાં. એ રીતે બે ગુરુવાળાં ખાનાં ભરી નાખવાં.

૩ બે ગુરૂવાળી ભરાયલી આડી લીટીમાંથી ઉભી લીટીના અંકો ઉપલી રીત પ્રમાણે પણ ઘટતો નિયમ અને જરૂરનો ફેરફાર ધ્યાનમાં રાખીને બાદ કરવા ને એ બાદબાકીઓથી ત્રણ ગુરુવાળી આડી લીટી ભરવી. એ પ્રમાણે આગળ પણ જાણવું.

સાત માત્રાની પતાકા નીચે પ્રમાણે.

૦ગુરુનોભેદ	૨૧		૨૧–૮=૧૩
	૧૩		૨૧–૫=૧૬
૧ગુરુનાભેદ	૮	૧૩ ૧૬ ૧૮ ૧૯ ૨૦	૨૧–૩=૧૮
	૫		૨૧–૨=૧૯
૨ગુરુનાભેદ	૩	૫ ૬ ૭ ૧૦ ૧૧ ૧૨ ૧૪ ૧૫ ૧૭	૨૧–૧=૨૦
	૨		૮–૩= ૫
૩ગુરુનાભેદ	૧	૨ ૪ ૯	૮–૨= ૬
			૮–૧= ૭
			૧૩–૩=૧૦
			૧૩–૨=૧૧
			૧૩–૧=૧૨
			૧૬–=૧૪
			૧૬–૧=૧૫
			૧૮–૧=૧૭

સાત માત્રાના પ્રસ્તારમાં ૦ ગુરુનો એક, ૧ ગુરુના છ, ૨ગુરુના દસ, અને ૩ ગુરુના ચાર ભેદો છે એમ મેરૂથી માલમ પડે છે પણ તે કિયા કિયા તો તે હવે આ પતાકાથી જણાશે.

૦ ગુરૂવાળો તો ૨૧ મો જ; ૧ ગુરૂવાળા–૮ મો, ૧૩ મો, ૧૬ મો, ૧૮ મો. ૧૯ મો અને ૨૦ મો. ૨ ગુરૂવાળા–૩ જો, ૫ મો, ૬ ઠ્ઠો, ૭ મો, ૧૦ મો, ૧૧ મો, ૧૨ મો, ૧૪ મો, ૧૫ મો, અને ૧૭ મો. ૩ ગુરૂવાળા–૧ લો, ૨ જો, ૪ થો, અને ૯ મો.

૩–૧=૨
૫–૧=૪
૧૦–૧=૯

અક્ષરપતાકા.

જેટલા અક્ષર હોય તેથી એક વધારે એવા ઉભા કોઠા કરી જઈ તેમાં ૧, ૨, ૪, ૮ એમ સંખ્યા લખી જવી. ઉપરનો એક મુકીને બીજે કોઠેથી આડી લીટીઓમાં (એક ગુરૂ, બે ગુરૂ, ત્રણ ગુરૂ વગેરેને મેરૂમાં હોય તેટલા) એકની નીચે એક એમ ખાનાં કરીજવાં.

પછી નીચેથી ભરવા માંડવાં. સહુથી ઉપરનો છેલ્લો ગણવામાં લેવોજ નહીં. સહુથી નીચલાનાંમાં તેનાથી ઉપરના અંકો અનુક્રમે મેળવતાં જઇને ત્રણ ગુરૂવાળાં ખાનાં ભરવાં.

ભરાયલા આડા કોઠાના અંકોનો ઉભા કોઠાના અંકો સાથે અનુક્રમે સર્વાળો લઇને બે ગુરૂવાળો આડો કોઠો ભરવો.

પછી એ ભરાયલા કોઠાના અંકોનો અને ઉભા કોઠાના અંકોનો સર્વાળો જરૂરનો ફેરફાર ધ્યાનમાં રાખીને લેવો અને તેથી એક ગુરૂવાળાં ખાનાં ભરી નાખવાં. એ પ્રમાણે આગળ પણ.

ચાર અક્ષરની પતાકા નીચે પ્રમાણે.

શુન ગુરૂનો ભેદ	૧૬						
એક ગુરૂના ભેદ	૮	૧૨	૧૪	૧૫			
બે ગુરૂના ભેદ	૪	૬	૧૦	૭	૧૧	૧૩	
ત્રણ ગુરૂના ભેદ	૨	૩	૫	૯			
ચાર ગુરૂનો ભેદ	૧						

૧+૨= ૩
૧+૪= ૫
૧+૮= ૯
૨+૪= ૬
૨+૮=૧૦
૩+૪= ૭
૩+૮=૧૧
૫+૮=૧૩
૪+૮=૧૨
૬+૮=૧૪
૭+૮=૧૫

૮ મર્કટી.

અમુક અક્ષરના છંદમાં, બધાં કેટલાં વૃત્ત થાય, બધાં વૃત્તોની સહુ મળીને કેટલી માત્રા, બધાં વૃત્તોના સહુ મળીને કેટલા અક્ષર, બધાં વૃત્તોના સહુ મળીને કેટલા ગુરુ ને કેટલા લઘુ અક્ષર એ જાણવું હોય તો મર્કટી કરવી.

માત્રામર્કટી.

પ્રથમ છ ઉભા કોઠા કરવા; ને તેમાંના દરએકને, જેટલી માત્રાની મર્કટી કરવી હોય તેટલા પણ એક ઓછો એવા આડા કોઠા જોડવા.

પેહેલી હારમાં માત્રાની સંખ્યા લખી જવી.

બીજી ,, ૧, ૨, ૩, ૫, ૮ એમ અંક લખવા.

ત્રીજી ,, પેહેલી હારના અને બીજી હારના આંકડાઓના ગુણાકાર લખવા.

છઠ્ઠી હારમાં પ્રથમ ૧ લખવો પછી તેનું બમણું કરીને ત્રીજી હારમાંના બીજા કોઠામાંથી બાદ કરીને તે છઠ્ઠી હારના બીજા કોઠામાં લખવો. પછી જે આવે તેનું બમણું કરીને ત્રીજી હારના ત્રીજા કોઠાના આંકડામાંથી બાદ કરીને લખવો. એ પ્રમાણે આગળ ચલાવીને છઠ્ઠી હાર ભરવી.

પાંચમી હારમાં—પેહેલું શુન મુકવું ને પછી છઠ્ઠી હારના આંકડા ભરી જવા.

ચોથી હાર બનાવવા સારૂ પાંચમી અને છઠ્ઠી હારના આંકડાઓના સર્વાળા લેવા.

નવ માત્રાની મર્કટી:

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧	૨	૩	૫	૮	૧૩	૨૧	૩૪	૫૫
૧	૪	૯	૨૦	૪૦	૭૮	૧૪૭	૨૭૨	૪૯૫
૧	૩	૭	૧૫	૩૦	૫૮	૧૦૯	૨૦૧	૩૬૫
૦	૧	૨	૫	૧૦	૨૦	૩૮	૭૧	૧૩૦
૧	૨	૫	૧૦	૨૦	૩૮	૭૧	૧૩૦	૨૩૫

માત્રા સંખ્યા.
વૃત્તો.
માત્રાઓ.
અક્ષરો.
ગુરુ અક્ષરો.
લઘુ અક્ષરો.

અક્ષર મર્કટી.

પેહેલી હારમાં અક્ષરની સંખ્યા લખી જવી.

બીજી હારમાં ૨, ૪, ૮, ૧૬ એમ લખી જવા.

પેહેલીને બીજી ગુણીને ચોથી ભરવી. ચોથીનું અડધું કરીને તેથી પાંચમી અને છઠ્ઠી ભરવી. ચોથી અને પાંચમી અથવા છઠ્ઠી એકઠી મેળવીને ત્રીજી કરવી.

આઠ અક્ષરની મર્કટી:

૧	૨	૩	૪	૫	૬	૭	૮	અક્ષર સંખ્યા.
૨	૪	૮	૧૬	૩૨	૬૪	૧૨૮	૨૫૬	વૃત્તો.
૩	૧૨	૩૬	૯૬	૨૪૦	૫૭૬	૧૩૪૪	૩૦૭૨	માત્રાઓ.
૨	૮	૨૪	૬૪	૧૬૦	૩૮૪	૮૯૬	૨૦૪૮	અક્ષરો.
૧	૪	૧૨	૩૨	૮૦	૧૯૨	૪૪૮	૧૦૨૪	ગુરુ અક્ષરો.
૧	૪	૧૨	૩૨	૮૦	૧૯૨	૪૪૮	૧૦૨૪	લઘુ અક્ષરો.

આર્યાદિક માત્રાગણુછંદોનું પ્રસ્તારાદિક ગણિત જુદી રીતનું છે તે અને કાવ્યરચનાના ગુણ દોષ ઇત્યાદિ વિષય હું હવે પછી લખીશ.

અલંકારપ્રવેશ.*

સૂચના.

સને ૧૮૪૭ના ૨૦મા આકટ પ્રમાણે આ પુસ્તક સરકારમાં નોંધાવેલું છે માટે એના બનાવનારની રજા લીધાવના કોઇએ એ છાપવું છપાવવું નહીં. **ન૦ લા૦**

બિજી આવૃત્તિની પ્રસ્તાવના.

ચંદ્રાલોક અને તેની **કુવલયાનંદકારિકા** એ બે અલંકાર સંબંધી સંસ્કૃતગ્રંથો શાસ્ત્રીઓપાસથી શિખીને અને એ વિષયસંબંધી **કોર્સ આવ રીડીંગ** તથા એક ઘણા જુના ગ્રંથમાં (નામ યાદ નથી) જે લખ્યું હતું તે જોઈને મેં પેહેલી આવૃત્તિ રચી હતીઃ પણ તેજ વખત મેં જોયું હતું કે સંસ્કૃત લખનારાઓએ અલંકારના ઘટતા વર્ગ કર્યા નથી. એકના પેટાંમાં બીજા ઘણા આવી જવા છતાં, અને એક બીજામાં જુજ ભેદ છતાં, તેઓનાં જુદાં જુદાં નામ આપી તેઓને મોટા અલંકારરૂપે દેખડાવ્યા

---

* પ્રથમ આવૃત્તિ સને ૧૮૫૮ માં ૫૦૦ નકલમાં અને બીજી આવૃત્તિ ૨૦૦ નકલમાં સને ૧૮૬૩ના એપ્રિલમાં કહાડી હતી. આજે તેજ અહીં ફરીથી છપાવું છઊં.

TO

BHĀU DĀJI ESQUIRE, G.G.M.C.

FELLOW OF THE BOMBAY UNIVERSITY &c. &c. &c.

This little work is with feelings of high admiration and esteem of his genuine, benevolence and enlightened public spirit, dedicated by his most obedient servant,—THE AUTHOR.

રા જે શ્રી ભા ઉ દા જી

ગ્રાંટ મેડિકલ કાલેજના ગ્રાજ્યુએટ અને
બોંબે યુનિવર્સિટિના ફેલો.

એઓને, એઓની નિર્મળ પરોપકાર બુદ્ધિ અને એઓનું દેશ સુધારામાં આગેવાનપણું એણે કરીને ઉપજેલા એવા આશ્ચર્ય તથા સ્તુતિપૂર્વક જે ભાવ તે ભાવસહિત આ ન્હાનું પુસ્તક એના બનાવનારે નમ્રતાપૂર્વક અર્પણ કર્યું છે.

છે. અલબત, અલંકારોનો પાસે પાસે સંબંધ છેજ, તેમાં વળી જરા જરામાં જુદા પાડવાથી શિખનાર ગભરાઇ જાય. તેમ, બતાવ્યું પણ નથી કે આ મુખ્ય અને આ પેટાં. એવી રીતના ગોંધળથી અને પાછી અંગ-રેજીની સાથે મેળવવાની ખટપટમાં રહ્યાથી હું પેહેલો તો ઘણો ગભરાયો હતો. પણ પછી બની તેટલી તજવીજથી મેં મારૂં સમાધાન કર્યું હતું. નવો વિષય પેહેલવેહેલો ગુજરાતી ભાઇઓને આપવો એની આતુરતાથી અને પેહેલી આવૃત્તિ તે પ્રુફશીટ છે એમ સમજી મેં મારો ગ્રંથ જલદીથી બાહાર કાહાડયો હતો.

પછી હું જરે પુને ગયો હતો તારે કાવ્યશાસ્ત્રમાં નિપુણ એવા બા-ળશાસ્ત્રી દેવ પાસે મેં પેહેલી આવૃત્તિ શુદ્ધ કરાવી હતી પણ વર્ગ અને તેના પેટાં પડાવવાં વિસરી ગયો હતો.

જેમ જેમ મને પુરસદ મળતી ગઇ તેમ તેમ વર્ગ અને તેના પેટાં પાડવાની ખટપટ મેંજ કીધી અને પછી સંસ્કૃત તથા અંગરેજી સાથે મેળવીને અલંકાર સંબંધી થોડામાં પણ સેહેલથી ચોખ્ખું ને સારૂં જ્ઞાન થાય તેવા આકારમાં મેં આ બિજી આવૃત્તિ રચી છે.

આ આવૃત્તિ રચતી વેળા નીચે લખેલી ચોપડીઓ ઉપયોગમાં આણીછે.

ક્લેર્સ એસેઝ, કોર્સ આવ રીડીંગ (અંગરેજી ગ્રંથો) **ચંદ્રાલોક, કુવલયાનંદકારિકા, સાહિત્યદર્પણ,** (સંસ્કૃત ગ્રંથો) **અલંકારવિવેક** (મરેઠી ગ્રંથ), **ભાષાભૂષણ** (હિંદુસ્તાની ગ્રંથ) અને (દાખલા સારૂ) **નર્મ કવિતા, પિંગળ પ્રવેશ, અલંકાર પ્રવેશ** પેહેલી આવૃત્તિ. **નળદમ-યંતી, ઓખાહરણ, હુંનરખાન, સંપલક્ષ્મી, સભાવિલાસ** (હિંદુ-સ્તાની ગ્રંથ).

આ ગ્રંથનો અભ્યાસ એવી રીતે કરવો કે પ્રથમ તો નીચેની ટીપ અને (ક) (ખ) વગેરે પેટાં બીલકુલ વાંચવાંજ નહીં, ૧, ૨, ૩, એ નં-બરવાળા અલંકારોની વ્યાખ્યાઓ અને તેના દાખલાઓ બે ત્રણ ચાર પાંચ વાર સમજી સમજીને વાંચવા ને એ સારી પેઠે સમજ્યા પછી જે-ઓને વધારે જ્ઞાન મેળવવું હોય તેઓએ બાકી રહેલો ગ્રંથ વાંચવો.

તા૦ ક૦

અંગરેજીમાં દૃષ્ટાંતરૂપકને (Allegory) કેટલાક ગ્રંથકારો (Extended metaphor) કહીને રૂપકમાં મુકેછે ને કેટલાક એને જુદોજ અલંકાર ગણે છે. સજીવારોપણરૂપકને (Personification)જુદોજ અલંકાર ગણે છે. સંસ્કૃતમાં ઉત્પ્રેક્ષાને જુદોજ અલંકાર ગણે છે. મારા વિચારમાં Allegory, Personification અને ઉત્પ્રેક્ષા એ રૂપકનાં પેટાં છે. તેનાં કારણો, રૂપકની અને એ અલંકારોની વ્યાખ્યાઓ સારીપઠે મેળવી જોતાં સ્પષ્ટ માલમ પડીઆવે છે.

ન૦ લા૦

અલંકારપ્રવેશ.

મંગલાચરણ.

અજયનામ છપયવૃત્ત.

પૃથ્વી પાણી તેજ, વાયુ આકાશે આદી,
એ સર્વેથી જેહુ, વ્યાપિ તેમા તૂં સાદી,
કોટી કોટી રૂપ, સારિ શોભા છે સિદ્ધી,
ગૂણે તો ભંડાર, ભારિ રિદ્ધી ને નિદ્ધી,
પાપીસંહારી ભક્તની, વ્હાલિ તૂં સત્યે ભરી,
દેવી વંદી ઊભંગથી, ગ્રંથે મેં હામી ધરી—૧

અલંકાર.

* **અલંકાર** એટલે **શોભા** અથવા **શોભા આપનારી વસ્તુ.** ઘરેણાં એ અલંકાર છે. જેમ ઘરેણાં શરીરને શોભિતાં કરે છે, જેમ સદ્‌ગુણો માણસને આબરૂ અપાવે છે; તેમ બોલવા લખવાની કેટલીક ચમત્કારિક રીતિ-છટા, ભાષણ-લખાણને શોભિતાં—ખુશી અને અસર ઉપજાવનારાં કરેછે.

---

* "અસ્થિર પણ શોભા આપનારા અને રસાદિકને મદદ કરનારા એવા શબ્દ અર્થના જે ધર્મ તે અલંકાર." આ વ્યાખ્યા સાહિત્યદર્પણ નામના સંસ્કૃત ગ્રંથની છે. અસ્થિર એટલે હંમેશના-જરૂરના નહી તેવા. વાક્ય રૂપી શરીરમાં રસ રૂપી જીવની જરૂર છે, તેમ અલંકારની જરૂર નથી. શરીરે ઘરેણાં ન પ્હેરિયે તોપણ ચાલે, તેમ અલંકાર ન હોય તોપણ ચાલે; હોય તારે તો વધારે શોભા છેજ. એટલા માટે **અસ્થિર** એ વિશેષણ જોડયું છે.

એક વિચાર સાદી સાધારણ ભાષામાં બોલવાના કરતાં અલંકારની ભાષામાં બોલિયે છૈયે તો આપણે આનંદ પામિયે છૈયે, એટલુંજ નહી, પણ સામા ધણીને આનંદ પમાડી તેના ઉપર સારી પ્રેમ અસર કરી શકિયે છૈયે.

સાદાં વાક્ય.	અલંકૃત વાક્ય.
તે બહુ ભણેલો છે.	તેને સરસ્વતિ પ્રસન્ન છે.
આખા કુળમાં તે એક સારો છે.	આખા કુળમાં તે એક દીવો ઉઠયો છે.
આ ગાનાર ઘણો સારો છે.	આ બીજો તાનસેન કયાંથી પે-દા થયો?
તેની જે મોટી આબરૂ હતી તે હવે ગઈ.	તેની કીર્તિનો સૂર્ય હવે અસ્ત પામ્યો.
તે મિજાસી, કરી કરીને શું કરશે?	તે શું બે માથાં ધરાવે છે?
તૂં એવો માન આપવા યોગ્ય નથી કે, હમારૂં કામ છોડી તારૂંજ કહ્યું કરિયે.	જુઓ ભાઈ આ નવલસા હી-રજી આવ્યાકેની કે એનુંજ કામ કરિયે.
આ સ્ત્રીનું ગોળ ગોરૂં મ્હોડું કેવું શોભે છે?	આહા! આ સ્ત્રીનું મુખ પુનમના ચંદ્ર જેવું કેવું શોભેછે!
તે મને જરેતારે નડયાં કરે છે.	તે રાહુ મારો ખ્યાલ મુકતોજ નથી.
તેના વંશમાં હવે કોઇ ના રહ્યું.	આજ તેનું ઘર સામટું બેઠું.
વ્હેલો આવજે.	વાને વેગે આવજે.

વગેરે વગેરે વગેરે

જેમ વ્યાકરણ શિખ્યાવના પણ આપણે આપણી ભાષા શુદ્ધ બો-લીયે છૈયે, તેમ અલંકારનાં નામ ભેદ જાણ્યા વગર પણ આપણાં બોલવાં લખવાંમાં ઘણા અલંકાર વાપરિયે છૈયે. અર્થાત્ એ કે અલંકારવાળું ભા-ષણ કરવું એ સ્વાભાવિક છે. એ કંઇ શિખવું પડતું નથી. દિલના જોસ્સા અને તુરંગોથકી અલંકાર આપોઆપ ઉત્પન્ન થાયછે. તોપણ જેમ વ્યાકરણ શિખ્યાથી વિશેષ લાભ, તેમ અલંકારશાસ્ત્ર શિખ્યાથી પણ

વિશેષ લાભ થાયછે. અલંકારયુક્ત બોલવાની રીત મરડે મચરડે આવતી નથી, તેની તેજી મંદી બોલનારની પ્રકૃતિ તથા જ્ઞાન ઉપર આધાર રાખે છે. ગદ્યના કરતાં પદ્યમાં વધારે અલંકાર આવેછે ને શોભેછે.

"ગગન ધનુષમ જીવ, તું જિવતર જોયરે."

અર્થ.—હે જીવ આકાશમાં ધનુષ જેમ થોડીવાર ટકે છે તેમ તારૂં જિવતર થોડીવારનું જાણુ–એ ઉપમા અલંકાર છે.

"જાણિ મૃગ જલ વિષયરસને, તેણિગમ ના જાયરે;
નીતિ નદિનાં નિર્મળાં નિર પિપિ હોલવ લાહ્યરે "

અર્થ.—એ માણસ તું, વિષયરસને (છીનાળું રંડીબાજી વગેરે) મૃગતૃષ્ણાજલ (જે ખારવાળી તપેલી જમીન પાણી રૂપે દેખાઇને પશુઓને લલચાવી તરફડિયાં મરાવે તે) જેવો જાણીને તેતરફ ના જતો, પણ નીતિનદીનું નિર્મળું ને થંડું પાણી પીને તારી તરસ હોલવ. એ રૂપક અલંકાર છે.

"કળિ ગુલાબ ને મોગરાતણી,
ખરિપડી તુટી વાયુએ હણી;"

અર્થ.—લલિતા નામની છોકરીનું અકાળ મૃત્યુ થયું તે વિષે રૂપક-અતિશયોક્તિ અલંકારે વર્ણન કરેલું છે.

"મૂછા વળી ને ઊઠિ બેઠિ બાઇ,
દેખાઈ જાણે કરમાઈ જાઇ;"

અર્થ.—જાણે કરમાઇ ગયલું જાઇનું ફુલ હોયની તેવી દેખાઈ. એ ઉત્પ્રેક્ષા અલંકાર છે.

"થઈ નિરાશ ભમશે જશે, કેતકિ ચતુર સુજાણ;
મનમાંની મનમાં રહી, શરમે વાળી ધાણ—૧."
"પ્રેમવાત તો સમજશે, હશે કેતકી જેહ;
લવ નવ સમજે રે કદી, ચંપા સુંદરિ તેહ—૨."

અર્થ—એમાં કેવડાનાં ફુલને ભમરો કેહે છે. પણ એ દૃષ્ટાંતની અંદર કોઈ આશક પોતાની માશુકને કેહે છે એવો ભાવ નિકળે છે. એ દૃષ્ટાંતરૂપક અથવા સમાસોક્તિ અલંકાર છે.

એ ભાષાલંકારના બે ભાગ કરવા છે–**અર્થાલંકાર** ને **શબ્દાલંકાર.** વિશેષે કરીને વાકયના અર્થની અથવા વાકયમાંહેલા વિચારની ચમત્કૃતિ જ્યાંહાં જોવામાં આવે ત્યાંહાં અર્થાલંકાર જાણવો. એમાં શબ્દોનો ફેરફાર કરિએ અથવા વાકયનો એક ભાષામાંથી બીજી ભાષામાં તરજુમો કરીએ તોએ અલંકારની ખુબી જતી રેહેતી નથી. વિશેષે કરીને જ્યાંહાં શબ્દની ચમત્કૃતિ જોવામાં આવે ત્યાંહાં શબ્દાલંકાર જાણવો. એમાં શબ્દોનો ફેરફાર કરવાથી અલંકારની ખુબી જતી રેહે છે. અર્થાલંકાર ને શબ્દાલંકાર એવા બે ભાગ કરવા છે ખરા; તોપણ એ બેનો પરસ્પર ઘણો સંબંધ છે, માટે ઘણી વેળાએ તેઓ એકબીજામાં ભળી ગયલા જોવામાં આવે છે.

અર્થાલંકાર.

૧ ઉપમા.

જ્યાંહાં બે વસ્તુનું અથવા બે વિચારનું સરખાપણું મનને આનંદ પમાડતું હોય ત્યાંહાં ઉપમા અલંકાર જાણવો. દાખલા:

૧. આ સરોવરનું **પાણી, અમરત** સરખું મીઠું છે.

૨. આ હું, **વાઘ** જેવો બેઠોછ ને તું કેમ બીહેછ?

૩. "**હેડું, ભઠ્ઠી** પેરે ભારી ધમધમે,"
"ઉન્હાકુંડ પેરે, **નેન** વેહ–જીવણ વ્હેલા આવજ્યે."
"ઝાડ ડાળી, પેરે **હાથ** થરથરે,"
"**ચિત્ત, ચોર** પેરે છુપું રેહ–જીવણ વ્હેલા આવજ્યે."
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૩૦૫.)

૪. "**જે કમાન**ની પેઠે દબાયલી રહે નહીં"
"**સોય**ની પેઠે બ્હીજાને ધ્રુવ દાખવે સહી"
"**શ્વાનપુચ્છ**ની પેઠે ન તાણિ સીધિ થાય જે"
"તેજ જાણવી સ્વતંત્રતાનિ શક્તિ ને મજે"
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૨૧૬.)

૫. "**વાદળ** સરખા **કેશો**, લટકામાં તે ખસેડતાં દૂર;
"**ઝતાળ મુખડું** શોભ્યું, જેવો માધવિ બપોરનો **સૂર.**"
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૩૧૨.)

૬ "છોડા નમેલા કણથી ભરેલા"
"ગર્ભે પુરે કષ્ટિત જેમ બાલા"
"જોએછ તે વાટજ દાઈ કેરી"
"જેઓ થઇછે હરખાઇ લ્હેરી."
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૪૩૦.")

૭. "મોટાં વનોમાં ધુળકોટ થાએ"
"પક્ષી પશૂઓ ધસડાઈ જાએ"
"સમુદ્ર મોજાં ગગને ચઢાવે"
"થઈ ધણો મરતજ ઝાઝ ડાએ"
"રે તે પ્રમાણે સ્મૃતિવાયુ વાએ"
"ડોળાઇ જાએ દિલ ના સમાએ"
"સંકલ્પ સંતાય વિકલ્પ હાકે"
"મારી ઉછાળા જિવ ચાંપિ નાખે"
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૩૯૦.")

અર્થ,–૧ લામાં પાણી અને અમરત અને ૨ જામાં દૂં અને વાધ એ બેને સરખાવ્યાં છે; ૩ જામાં હૈડાંને ભઠ્ઠી સાથે, આંખને ગરમ ઝરા સાથે, હાથને ડાળી સાથે, ચિત્તને ચોર સાથે, સરખાવ્યાં છે. ૪ થામાં જેને (સ્વતંત્રતાના જોસ્સાને), કમાન સાથે, હોકાયંત્રની સોય સાથે અને કુતરાની પુંછડી સાથે સરખાવી છે. ૫ માંમાં વાળ–બાલને વાદળ સાથે અને હોંસીલાં આતુર મોડાંને, વૈશાખ મહિનાના બપોરના સુરજ સાથે સરખાવ્યાં છે. ૬ ઠામાં છોડને ને છોકરીને અને ૭ માંમાં ઉપલી ચાર લીટીના વિચારને નીચલી ચાર લીટીના વિચાર સાથે સરખાવ્યા છે.

હવે એ દાખલા ઉપરથી માલમ પડશે કે સરખાપણું જે શબ્દોથી જણાઇ પડે છે તે આ છેઃ જેમ, તેમ, જેવું, તેવું, પ્રમાણે, પેઠે, પેરે, ગોડે, કાણી, સમ, સરખું, તુલ્ય, જે રીતે, જે માફક, વગેરે.

ઉપમામાં, ઉપમા દેખાડનારા–વાચક*શબ્દ જરૂર જોઇએ.

---

* ઉપમા અલંકારમાં ચાર વસ્તુ જોઇએ–જે વસ્તુને સરખાવવી હોય તે (ઉપમેય), જેની સાથે સરખાવવી હોય તે (ઉપમાન), જે વાત–ધરમમાં તે બે વસ્તુ સરખી આવતી હોય તે (સાધારણધર્મ) અને સરખાપણાનું જે

એકજ જાતની બે વસ્તુઓના સરખાવ્યાથી ઘણી સારી અસર થતી નથી માટે તે બેને સરખાવવી નહીં. જેમકે 'બે ગામડીઆ લડતા હોય તેમ તે બે પિત્રાઇ ભાઈ લડે છે.'

---

(૬) અનન્વય.

જ્યારે કોઇ વસ્તુને તેની પોતાનીજ સાથે સરખાવામાં આવે છે ત્યારે અનન્વય† અલંકાર થાય છે-દાખલા.

વિક્રમ સરખો પરદુખભંજન તે **એક વિક્રમજ.**

તમારા બેના જેવું જોડું કેયે મળવાનું નહીં; તમે તે તમેજ.

(૭) ઉપમેયોપમા.

જ્યારે બે વસ્તુઓ એક બીજી સાથે અરસપરસ સરખાવવામાં આવેછે, ત્યારે ઉપમેયોપમા* અલંકાર થાયછે-દાખલા.

બીજ તેવું ફળ ને ફળ તેવું **બીજ.**

તારા સરખો તે ને તેના સરખો **તું.** (તું તે તે ને તે તે તું) તું ને તે કંઈ જુદા છો?

શબ્દથી જ્ઞાન થાય છે તે શબ્દ (વાચક), ઉપમાન કરતાં ઉપમેયમાં જરા ઓછાંપણું હોય છે અને એ ઓછાંપણાંને વધતાંપણાં સાથે સરખાવિએ તારેજ ચમત્કૃતિ લાગે. જ્યાંહાં ઉપલાં ચારે વાનાં ખુલ્લાં લખેલાં હોય ત્યાંહાં **પૂર્ણોપમા** છે એમ કેહેવાય છે. પણ જ્યાંહાં એ ચાર વાનાંમાંથી એક અથવા વધારે કમતી હોય તારે તેને **લુપ્તઉપમા** કેહે છે. એ લુપ્તઉપમાના જુદાં જુદાં નામ છે. **જેહેર જેવું કડવું, વિદ્યા સરખું ભૂષણ** એ બેમાં ઉપમેય નથી; **ચંદ્રમુખી,** ચંદ્રના જેવું છે મ્હોડું જેનું એવી (સ્ત્રી). **મૃગલોચની,** હરણના જેવી છે આંખ જેની એવી (સ્ત્રી). એ ઠેકાણે **ચંદ્રમુખી** તે **મૃગલોચની** એ શબ્દોમાં જેવું, સરખું ખુલ્લું નથી માટે એમાં વાચક નથી; પણ કોઈ કહેશે કે, **તે મારે હૈયાનો હાર છે, સોપારી ઊજળી દુધ છે.** એ ઠેકાણે પણ વાચક નથી માટે એને પણ લુપ્તઉપમા કેહેવી પણ એમ નહી. સમાસ હોય તોજ લુપ્તઉપમા થાય છે. માટે તે મારે હૈયાનો હાર છે ને સોપારી ઉજળી ઉજળી દુધ એ બે દાખલા રૂપકના છે.

ઉપમા વળી બે રીતની છે—**શાબ્દીને આર્થી.** જ્યાંહાં સરખાપણાંનું પ્રાધાન્ય-મુખ્યપણું હોય ત્યાંહાં શાબ્દી. **તે મને રાહુની પઠે નડે છે,** એમાં નડવા ઉપર પ્રાધાન્ય છે. ને જ્યાંહાં સરખી વસ્તુનું પ્રાધાન્ય—મુખ્યપણું હોય ત્યાંહાં આર્થી. **કમળ સરખું મોહું.** એમાં કમળ ને મોહું એ બેના ઉપર પ્રાધાન્ય છે. શોભવા ઉપર નથી. † એમાં ઉપમેય તેજ ઉપમાન.

* એમાં ઉપમાન તે ઉપમેય થાય, અને ઉપમેય તે ઉપમાન થાય.

(ગ) પ્રતીપ.

૧ જ્યાંહાં લોકમાં પ્રસિદ્ધ એવાં ઉપમાનને ઉપમેય જેવું ગણ્યું હોય ત્યાંહાં પ્રતીપ અલંકાર.

દાખલો—સ્ત્રીના વિરહથી પિડાતો એવો કોઈ પુરૂષ વર્ષા ઋતુના દિવસમાં એકાંત સ્થળે બેસીને બબડેછે.

"અરે મારી પરમપ્રિય, તારો વિયોગ મારાથી સહન થઈ શકતો નહિં માટે તારા અવયવ સરખા પદાર્થો જોઇને આટલા દાહાડા તો મે મન વાળ્યું, પણ હવે તો (વરસાદના દાહાડામાં એ વસ્તુઓ ક્વચિત ન-જરે પડેછે)-તારાં નેત્ર સરખાં કમળ હતાં તે પાણીનાં પૂરમાં ડુબી ગયાં; તારાં મુખ સરખો ચંદ્ર તે વાદળથી ઢંકાઈ ગયો; તારી ચાલ સરખી જેની ચાલ, એવા જે હંસ તે પણ જતા રહ્યા,—સારાંશ જે જે પદાર્થ ઉપર તારૂં સાદૃસ્ય, તે તે જોઇને હું મન વાળતો તો તેટલું પણ દૈવથી સંખાયું નહીં, એવું મારૂં કમનસીબ છે"—એ દાખલામાં કમળ, ચંદ્ર, હંસની ચાલ એ લોક પ્રસિદ્ધ ઉપમાન છે તેને ઉપમેય ગણ્યાં છે.

(અલંકારવિવેક-મરેઠી પુસ્તક)

૨ જ્યાંહાં ઉપમેયથી ઉપમાનનું માન ઘટતું હોય, ત્યાંહાં પણ પ્રતીપ.

દાખલા-"દમયંતીનો ચોટલો દેખી, અતી છે સોભાગ"
"અભિમાન મુકી લાજ આણી, પાતાળે પેઠા નાગ."
"નાસિકાના વેસર દેખી, નાઠા કળાકર ને કીર,"
"તેણે અરણ્ય પરવત સેવિયાં, ના રાખ્યું ચિતમાં ધીર."

(નળાખ્યાન)

એ દાખલામાં ઉપમેય, જે ચોટલો અને વેસર એનું વર્ણન કરતાં નાગ અને મોર તથા પોપટ એ ઉપમાનોને હલકાં પાડી નાખ્યાંછે.

૩ જ્યાંહાં ઉપમાનથી ઉપમેયનું માન ઘટતું હોય ત્યાંહાં પણ પ્રતીપ.

દાખલો—અરે! "ઓ કામિની તું તારાં મુખની કાંતિનો ગર્વ મુકિ દે; ચંદ્ર પણ તારા સરખો છે."

(ચંદ્રાલોક-સંસ્કૃત ગ્રંથ.)

(ધ) દૃષ્ટાંત.

જ્યાંહાં બે વાક્યોના જુદા જુદા અર્થનું સાદૃશ્ય-સરખાપણું હોય ત્યાંહાં દૃષ્ટાંત* અલંકાર. દાખલોઃ-

(દોહરા.)

સિંહણ ભુખથી જો મરે, તોય ઘાસ નવ ખાય;
પતિવ્રતા મદને મરે, પરપાસે નવ જાય-૧.
મેઘવીજ વાયૂથકી, ડોલે નહિ ગિરિરાય;
આધિ વ્યાધ ઉપાધિથી, વ્રતાળિ ચલિત ન થાય-૨.

(ન૦ ક૦ પુ૦ ૧ પા૦ ૪૨૬.)

અર્થ—સહીંની માદા ભુખે મરી જશે પણ ઘાસ નહિં ખાય, ને પતિવ્રતા કામના જોશથી અતિસેં દુખી થશે તો પણ છીનાળું નહીં કરે. વરસાદ વિજળીથી ડુંગર ધ્રુજતો નથી, તેમ વ્રત-પતિવ્રત પાળનારી-ટેકી સ્ત્રી ફીકર ચીંતાથી,-રોગથી,-ઘર ખટપટથી કોઇ પણ રીતે ગભરાયાથી પોતાનું પણ છોડતી નથી.

પ્રીત થવી તો સ્હેલ છે, નિભાવવી નહિ સ્હેલ;
પીતાં કેફ પડે ભઠ્ઠો, જેરવતાં મુશકેલ-૩.
બિલોર વાપરવો ભલો, પણ ટકવે નહિ ઠીક;
નિર્મળ નદિ તે પ્રીતની, થાએ ગંદી નીક-૪.

(ન૦ ક૦ પુ૦ ૧ પા૦ ૩૨૧.)

(ઝ) નિદર્શના.

જ્યાંહાં સરખા વાક્યાર્થનું ઐક્ય—એકપણું વર્ણાયછે ત્યાંહાં નિદર્શના.

દાખલા—તલવારની ધાર ઉપર મુવું અને સ્ત્રીની પ્રીતિમાં નિભવું એ બે બરાબર છે. પ્રીત કરીને પછી વછોડવું ને દઝાડી ને લુણ લગાડવું એ બરાબર છે. મૂરખને ઉપદેશ કરવો એ પથ્થર ઉપર પાણી રેડવું છે.

---

*એમાં, સરખા ધર્મથી એક-બાકી ખરેખર જુદાં એવાં ઉપમાન ઉપમેયના જે ધર્મો તે ધર્મોનું જુદે જુદે શબ્દે વર્ણન કર્યું હોય છે. એક વાતને બીજીનો દાખલો આપે છે. ને ઉપમાનો વાચક શબ્દ જેમ ગુપ્ત રાખે છે.

(ચ) વ્યતિરેક.

જ્યાંહાં ઉપમાનથી ઉપમેય વસ્તુ ઓછું વર્ણાતું હોય ત્યાંહાં વ્યતિરેક. દાખલા:

(દોહરો.)

સાધુ સંત ઊંચા ઘણા, મોટા પર્વત જેમ
પણ પ્રકૃતીના કૂમળા, હોય કુંપળિયાં તેમ—૧

(ચંદ્રાલોક)

એમાં સાધુ સંત એ ઉપમેયનું, પર્વત જે ઉપમાન તેના કરતાં વધારે સારૂં વર્ણન કરેલું છે.

'ધનના કરતાં વિદ્યા મોટી છે, કેમકે **ધનની પેઠે વિદ્યા** નાશ પામતી નથી અથવા ઓછી થતી નથી; ધન, ધણીના આપ્યા વગર પણ બીજાને હાથ જાય છે, તેમ વિદ્યા જતી નથી અને જેમ જેમ વિદ્યા બિજાને આપવામાં આવે છે તેમ તેમ તે વધે છે. એમાં ધન ઉપમાનના કરતાં વિદ્યા ઉપમેયનું વધતાપણું વર્ણ્યું છે.'

(અલંકારવિવેક)

'સ્ત્રીનું મુખ કમળ સરખું છે પણ મધુર વાણી એટલુ વિશેષ છે.'

(ભાષાભૂષણ—હિંદુસ્તાની ગ્રંથ.)

એમાં ઉપમેયનું વધારે પણું છે.

આ સ્ત્રીનું મુખ, ચંદ્ર સરખું શોભે છે પણ બિજાસી એટલું દેખાય છે કે રસિકજનને પ્રિય લાગતું નથી.

એમાં, ઉપમેયને ઉપમાન સાથે સરખાવીને પછી હલકું પાડ્યું છે

(છ) પરિણામ.

જ્યાંહાં ઉપમેય જે છે તે ઉપમાન થઇને ઉપમાનની ક્રિયા કરે છે ત્યાંહાં પરિણામ અલંકાર.

(વસંતતિલકા.)

વક્ત્રારવિંદ કરમાઇ ગયું જળે છે,
આ જીવહંસ વણ ઓથર ડીમરે છે;

આ દેહ હાડિ નબળી પવને હુબે છે;
ઓ મેનિ વ્હાલિ પિયુને ધણિ ધીર દેજે-૧

(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૪૦૬.)

એમાં વક્ત્ર જે મોહું તે કમળની ક્રિયા પાળે છે. જીવ જે છે તે હંસની ક્રિયા કરે છે, અને દેહ જે છે તે હોડીની ક્રિયા કરે છે.

---

૨ રૂપક.

જારે એક વસ્તુનું વર્ણન, બીજી વસ્તુના નામથી અથવા ધર્મથી અથવા નામ ધર્મ બંનેથી થાય છે તારે રૂપક* અલંકાર.

(માલિનિવૃત્ત.)

ન ખિલિ પુરિ જુવાની, રાયની એટલે રે,
યશ યશ યશના તે **સિંહ** શીકાર લે રે;

---

* જ્હાં ઉપમાન અને ઉપમેય અભેદે (એકજ થઇને) અથવા તદ્રૂપે (સરખે રૂપે થઇને) સાથે શોભી રેહેછે તહાં રૂપક અલંકાર.

અભેદ રૂપકનું ઉદાહરણ:

મધમાખિન્જસંત તું ચૂસિ લિયે મધને સુનીતિ ફુલમાંથી નિતે
મધમાખિન્જ સંત તું દંશ દિયે મધપૂડ હરી રિપુને અનિતે.

અર્થ—હે સંત તું મધમાખીન્જ છે—માખી તે ફુલમાંથી મધ ચૂસી લેછ ને તું નીતિ અથવા નીતિ ફુલમાંથી [મુક્તિજ્ઞાન] ચૂસી લેછે. ધન્ય છે તને!

હે સંત તું મધમાખીન્જ છે—અનિતે-અનીતિયે—વગર હકે મધપુડાને જે હરણ કરે છે તેને માખી દંશ દેછે અને તું તારા મધપુડાના હરણ કરનારને (તપ ભંગ કરનારને) દંશ (શાપ) દેછે એ તું સાધુને યોગ્ય નહીં. તારે તો ક્ષમા ગુણ રાખવો ઘટેછે. અભેદ રૂપકના ત્રણ ભેદ છે. સમગુણ અભેદરૂપક, ન્યૂનગુણ અભેદરૂપક અને અધિકગુણ અભેદ રૂપક.

પાયરથી સણગાર સજી કરિ સાંજ સમે લલિતા વહુ આવી,
નીરખિ તો વળિ ચંદ્રજ તે તરુણી ઉજળી ચપળા મન ભાવી,
ચંદ્ર ખરી પણ સુંદરિ તે ન વિલાસ વિષે સમને સમનવી,
ચંદ્રજ ફેર નહીં બલકે વધતી રુપ તે નિજ જન્મથિ લાવી-૧

અર્થ—પેહેલાં બે ચરણમાં સમગુણ, ત્રીજા ચરણમાં ન્યુનગુણ અને ચોથાં ચરણમાં અધિકગુણ અભેદ રૂપકનો દાખલો છે. ચોથાં ચરણનો અર્થ એ કે ચંદ્રનું ઉજળાપણું પોતાનું નથી પણ સ્ત્રીને પોતાનું છે.

તદ્રૂપ રૂપકનું ઉદાહરણ.

શાળારૂપી માતને, ન સંતાનનો પાર;
પુત્ર પુત્રિ ને પાવિયો, એવો છે સંસાર-૧
તેને વ્હાલાં સહુ ખરાં, સહુને નહિં કંઈ વ્હાલ;
જેને વ્હાલી તેમનો, નહિં સરખો હેવાલ-૨

પ્રથમ તલપ ફાળે જુક્તિથી જોઈ લે રે,
પછિ બહુ ગજ મોટા સેજમાં મારિલે રે—૧.

અર્થ—એમાં રાજાનું વર્ણન સિંહના નામ ધર્મથી કર્યું છે. સિંહ પરાક્રમી છે માટે ભાષણમાં જોર ને ચમત્કાર આણવા સારૂ રાજાને સિંહ કલ્પ્યો, અને સિંહ, હાથીના શિકાર કરે છે તેમ રાજા સિંહે જસ એજ કોઈ હાથી તેના શિકાર કરવા માંડયા—મતલબ એટલી કે રાજા ભર જુવાનીમાં તો આવ્યો નથી એટલામાં જસ ભરેલા કામો કરવા મંડયો—(તો ભર જુવાનીમાં આવશે તારે શું શું મોટું પરાક્રમ કરશે?!) એમાં એક બીજું રૂપક છે તે એ કે જુવાનીનું ફુલનાં **ખીલવાંના** ધર્મથી વર્ણન કરેલું છે.

(ચામરવૃત્ત)

'ચ્હેનમાં છુટા ફર્યા અગાઉ **પોપટો** પણ,'
'હાલમાં પજાછ **પાંજરે** ગુમાવિને પણ;'
'વર્ષ તો વહી ગયાં ગયા પગો બંધાઈ રે,'
ના ગમે છુટૂં થવૂં ગયૂંજ વીર્ય ભાઇ રે—૧.'
(ન૦ ક૦ પુ૦ ૧, પા૦ ૨૧૪.)

એમાં હિંદુઓનું પોપટનાં નામ ધર્મથી વર્ણન કરેલું છે.

(ગીતિવૃત્ત.)

"ઘરમાળો રે ભાંગ્યો, પેટીઓએ પડયાં હવે તાળાં;"
"પોપટજી કહાં ઊડયા,એક્કો બચ્ચું કને નહીં વ્હાલા"–૧
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૨૭૯.)

વિરલાં તેને ઠારતાં, ભણી સજ્જ સદ્‌ગૂણ;
ઘણાંએક તો ભાંડતાં, જનુનીના અવગૂણ–૩

તદ્‌રૂપરૂપકના પણ અભેદરૂપકની પેઠેજ ત્રણ ભેદ છે,

'કામિનિ મુખરુપચંદ્રથી, આંખો ઠહાડી થાય;
'ચંદ્ર નિહાળે શું અધિક, નાયકમંન મનાય-૧'
'તૂં છે મોટી સાધવી, બીજી લક્ષ્મી જાણ;'
'પણ નથિ ઉપજી સાગરે, એટલિ ઓછી માન–૨'
'ચંદ્ર કલંકીથી અધિક, મુખરુપ ચંદ્ર સુહાય;'
રૂપી બીજાં શબ્દ એ, રૂપક વાચક થાય–૩'
(ચંદ્રાલોક.)

એમાં કોઈ વિધવા (પોપટીરૂપે) પોતાના વરને પોપટના નામ ધર્મથી બોલાવી વિલાપ કરે છે.

(દોહરા.)

જિવતર વ્હાણૂં વહિ જશે, ભણુવે કંઇ ચિત રાખ;
ખરે **બપોરે** તલપિને, થઇશ બળીને ખાખ—૧.
સ્વતંત્રતા **વેચી** કરી, કરવી પરવશ દેહ,
ગર્દભિ નરકટ નોકરી, નામ **બાળ** તૂં તેહ—૧.

વળી, **રૂપ, રૂપી** અને **બીજો, બીજી, બીજું**, એ વાચક શબ્દથી પણ રૂપક ઓળખાય છે. એ રૂપકો, ઉપરના અભેદ રૂપકોથી જરા કમી જોર રાખે છે. અસર કરવામાં ૧ લે દરજ્જે અભેદરૂપક, બીજે દરજ્જે ઉપમા અને ત્રીજે દરજ્જે રૂપીવાચક રૂપક છે.

૧ 'અજ્ઞાનરૂપી તમનાશકર્ત્તા'
'કલ્યાણકારી મતિ દે **તું કર્ત્તા**'—
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૩૮.)

અર્થ—અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરનારો (ઈશ્વર)

૨ પ્રયાણરૂપી વિશદંશ સાલે
કેહવાય શત્રૂ પ્રિય વ્હાલ આવે
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૩૬૦)

અર્થ–જુદું પડવું એરૂપી જે ઝેરી દંખ તે સાલે છે.

૩ રોયાં કર્યાથી ગયું પાણિ આલી
આંખોરૂપી વાવડીયોજ ખાલી
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૩૯૧)

૪ આ ગવૈયો તો **બીજો તાનસેન** છે, વગેરે.

---

૩. સજીવારોપણરૂપક.

જે ચીજમાં જીવ નથી તેનામાં જીવ છે એવી કલ્પના કરી તેને સંજીવન બનાવી તેની પાસ સ્ત્રીપુરૂષનાં કામો કરાવવાં તે સજીવારોપણ.

(માલિનીવૃત્ત)

અરર ધરતિ મોટી, માવડી માગ આલ,
ઝટ ઝટ ઝટ વ્હેલી, પેટમાં પાસ પાળ,
નથિ નથિ સમ ખાવે, રે હવે કોઇ વ્હાલૂં,
પ્રિય પતિ સુત ભૂવે, ઘેર દેવાયું તાળૂં—૧

એમાં ધરતી જે નિર્જીવ છે તેને મા કહી છે.

(ઈદવવૃત્ત.)

'ઝાંખિ ચુનેરિ પિળા પટવાળિ કુપાળિ મહા મદમાંહિંનિહાળિ,
ગોરસની મટુકી શિર મૂકિ કરે જમણે પટ પાલવ ઝાલી;
નેન અદા કરતી હસતી મિઠિ કામિઠિ પાંપણ આંખ અણયાળી,
ભાદરવા વદ આઠમ સાંજ સજી સણગાર ગઈ સટ ચાલી.

(પિં૦ પ્ર૦)

અર્થ—એ ત્રણ વરસ ઉપર ભાદરવા વદ આઠમની સાંજે વાદળના રંગથી સઘળો દેખાવ ઝાંખો પીળો થઇ ગયો હતો, ને આકાશમાં ઊંચે એક વાદળી કાળી દેખાતી હતી એટલા ઉપરથી તે સાંજનું ઉપર પ્રમાણે વર્ણન કરેલું છે. સાંજને સ્ત્રી કલ્પી ને વાદળિને ગોરસની મટુકી કલ્પી છે. સાંજનું વર્ણન સ્ત્રીના નામ ધર્મથી કર્યું છે.

(મંદાક્રાંત વૃત્ત.)

'આકાશે તો ચકચક થતો શ્વેત વાગો સજ્યો રે,'
'તારાઓ જે મુઝઇ રડતા, શોક તેણે તજ્યો રે;'
'પીડાતો તે અતિસ કમળે, ચંદ્ર સારો થયો ને,'
'પાવા માંડી ફરિ મિઠિ સુધા, ધન્ય તેણે સહૂને."

(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૪૩૬)

એમાં શરદઋતુનું વર્ણન છે. (વર્ષાઋતુ જતે આકાશ સ્વચ્છ થાયછે) આકાશને સફેત લુગડું પેરાવ્યુંછે. તારાઓ જે રડતા (ઝાંખા હતા) તે-ઓએ શોક મુક્યો (સારી પેઠે ચળકવા માંડયું,) ને કમળાના રોગથી ચંદ્ર દુઃખી હતો (ચોમાસાંમાં ચાંદની પીળી ઝિકી હોયછે) તે સારો થયો

ને તેણે ફરીથકી મિઠું અમૃત સહુને પાવા માંડયું (ચાંદનીની લહેજત આપી) તેને ધન્ય છે.

---

૪. ઉત્પ્રેક્ષારૂપક.

જ્યાંહાં એક વસ્તુનું વર્ણન, બીજી વસ્તુને નામે અથવા ધર્મે, શંકા અથવા કલ્પનાસાથે થાયછે ત્યાંહાં ઉત્પ્રેક્ષા*

શંકા છે—કરૂંછ, ધારૂંછ, લાગેછ, જણાયછે, કલ્પના કરૂંછ, માનુંછ, જાણે, આમ હશે, એમ હોયની શું વગેરે શબ્દો, ઉત્પ્રેક્ષાવાચક છે.

(મંદાક્રાંતવૃત્ત.)

'આડો જાતો બહુ પવનથી મેઘ ઉંચેથી જોવો,'
'એ તો લાગે ધુળ ઉડિરહી વા દિસે ધુમ્ર ગોટો,'

(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૪૦૫)

અર્થ—ધુળ ઉડી રહી હોયની શું અથવા ધુમાડાનો ગોટો ચાલતો હોયની એવું લાગે છે. એમાં આડા વરસાદનું વર્ણન, ઉડતી ધુળ અથવા ધુમાડાના ગોટાનાં નામ ધર્મથી કલ્પના કરી કરેલું છે.—એ બન્નેનાં સરખાપણાંને લીધે શંકા ઉઠી તેથી.

(ઈંદ્રવજ્રાવૃત્ત.)

'લીલી દ્રાક્ષો ફાળસાં રાયણો જ, જાંબૂ ખડબૂચાં અનેનાસ પૂટ'
'ચાંપાં સેતૂરો પપૈયા સુમૈાડાં, લેઈ ફેંકી દેઉં દૂં જાણિ રોડાં'

(ન૦ પુ૦ ૧. પા૦ ૩૯૪.)

અર્થ—ધણીની જુદાઇમાં સ્ત્રીને સારો મેવો ખાવો ગમ્યો નથી, માટે તે રોડાં હોયની એમ જાણી ફેંકી દે છે; એમાં ફળોનું વર્ણન રોડાંનાં નામથી કરેલું છે. એ બન્નેમાં અભાવ એ સરખાંપણાને લીધે શંકા ઉઠી તેથી–પથરા અણગમતા છે ને ફળો પણ અણગમતાં છે–

---

* ઉપમાનનો ધર્મસંબંધ મનમાં રાખી ઉપમેય ઉપર, ઉપમાનનાં સરખાંપણાંનો તર્ક અથવા સંશય હોય છે ત્યાંહાં ઉત્પ્રેક્ષા.

"ચપળ નેત્ર ઝીણું અંજન, **જાણે જળે પડયાં ખંજન**"
"મોહ્યો મોહ્યો મૂખને મોડે, મોહ્યો મોહ્યો ભૃગુટીને જોડે."
(ઓખાહરણ)

અર્થ—એમાં આંખો કાજળને લીધે, જાણે પક્ષી જળમાં પડયાં હોયની એવી લાગે છે.

ઉત્પ્રેક્ષાના પ્રકાર બે છે. એક **હેતૂત્પ્રેક્ષા** અને બીજી **વસ્તૂત્પ્રેક્ષા.** વસ્તૂત્પ્રેક્ષામાં વસ્તુને નામે-ધર્મે તર્ક કર્યો હોય છે અને હેતૂત્પ્રેક્ષામાં કારણ બતાવવામાં તર્ક કર્યો હોય છે. વસ્તૂત્પ્રેક્ષાના દાખલા ઉપર કહ્યા, હવે હેતૂત્પ્રેક્ષાના દાખલા નીચે પ્રમાણે-

(શાર્દૂલવિક્રીડીતવૃત્ત)

"મૂર્છા તર્ત્તજ આવિને ઢળિગયૂં ઘોળે સુવસ્ત્રે વિષ,"
"આહા તૂં વણ કો કરે પિડિતની સંભાળ તો ઓ ઇશ,"
"એવામાં પતિ દૂર દેશ ગયલો આવીજ પોંચ્યો વળી,"
"**જાણે આંખથકી પતીજ કરવા સ્ત્રીવ્રત્ત-પીડા તણી,**"
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૪૨૦)

અર્થ—તેણે સમે એકાએક ઘણી આવી પોંહોંચ્યો, તેનું કારણ એવું કલ્પ્યું કે પોતાની સ્ત્રીએ કેવી રીતે પતિવ્રત પાળ્યું, અને કેટલું કેટલું દુખ સહ્યું તેની પોતાની આંખે ખાતરી કરી લેવાસારૂ તેજ વખતે આવ્યો હોયની શું?

"**નૈરાદપતીનાં રૂપ આગળ, દેવને થૈ ચંતાય,**"
"**રખે આપણી સ્ત્રી નળને વરે, સરવે માંડી રક્ષાય,**"
"**લક્ષ્મીનું મન ચંચલ જાણી, વિષ્ણુ મનથી વિમાસે,**"
"**પ્રેમદાને લઈ પાણીમાં પેઠા, બેઠા શેષને વાંસે,**"
(નળાખ્યાન)

અર્થ—એમાં વિષ્ણુને શેષશાયી થવાનું કારણ એમ કલ્પ્યું કે રખેને લક્ષ્મી નળરાજાને પરણે.

(શિખરિણીવૃત્ત.)

"**જટાની શોભાથી અતિશ શરમાઇ શિવ ઉઠયા**"
"**જટાને સંકેલી વડ તજિ ગિરીયે જઇ રહ્યા**"
(ન૦ ક૦ પુ૦ ૨. પા૦ ૫૮)

એમાં કબીરવડની જટા જોઈને શિવ શરમાઇ ગયા કે મારી જટા એની આગળ કંઈજ નથી–એ કલ્પિત કારણ છે.

"ગિરિજાગંગાદ્વેશ, કલેશ તેનો નિત થાએ"
"મુંદરિ વાહન સિંહ, નંદિને ખાવા ધાએ"
"ગુહવાહન જે મોર, વેર રાખે અહિસંગે"
"ચંદ્ર અગ્નિને દ્વેષ, વસે બંને શિવ અંગે"
"શિવ સેવક દાનવ દેવ બહુ, લડાલડી આવી મરે"
"જોઇ કલેશ વિશેષ મહેશ ધર,દુખથી વિષ મુખમાં ધરે" ૧.

(સંપલક્ષ્મી)

એમાં શિવે હલાહલ ઝેર પીધું તેનું કારણ કુટુંબ કલેશ કલ્પ્યું છે.

---

૫. દૃષ્ટાંતરૂપક.

જ્યાંહાં વર્ણન કરવાની વસ્તુનું, તેનું પોતાનું છતું નામ ન લેતાં હરકોઈ બીજાના દાખલાથી ભેદમાં વર્ણન કરેલું હોય ત્યાંહાં દૃષ્ટાંતરૂપક*

એ રીતનાં વર્ણનમાં અર્થ બ્હારથી લાગે કોઇને અને અંદરથી બ-રેખરો લાગુ પડતો હોય કોઇને. પુરાણોમાં આખ્યાનો છે તે ઘણુંખરાં દૃષ્ટાંતરૂપક છે–પંચોપાખ્યાન, હસપનીતિ વગેરે વારતાઓ દૃષ્ટાંતરૂપક છે. વારતા જનાવરની હોય પણ લાગુ પડે માણસને. એ દૃષ્ટાંતરૂપકનો હેતુ ઘણું કરીને સારો બોધ કરવાનો હોય છે.

(દોહરો.)

નવી બ્હોરનૂં ચલણ બહુ, ચાલ્યૂં થોડીવાર
પણ પછિ તે ખોટી ઠરી, જૂનીનો વ્હેવાર—૧.

અંદરનો અર્થ—નવા કારભારીએ થોડીવાર તો અમલ ચલાવ્યો પણ પછી તેનું ગાડું અગાડી ચાલ્યું નહીં ને પાછું જુના કારભારીનું જોર અસલ પ્રમાણે ચાલતું થયું.

---

*અપ્રસ્તુત પ્રશંસા, અન્યોક્તિ એવા બીજાં નામો પણ છે.

(રાગ કાફી.)

'મસ્તાની તૂતી રાધે કૃષ્ણ રામ કૃષ્ણ બોલ'—ટેક.
'દાના બે ખાતી તૂતી પાની બે પીતી'
'પિંજરેમેં કરતિ કલોલ રે—મસ્તાની૦' ૧

અંદરનો અર્થ—હે પામર માણસ તું ખાઈ પીને આ સંસારમાં મદમાતો ભમે છે પણ ઈશ્વરનો ડર નથી રાખતો એ કંઈ સારૂં નહીં. સમજીને તું સ્મરણ કર.

(કવિત.)

બહુ જાતવાન મસતાન ખાન પાન ભાન
સાન માન થાંન થાંન ઘોડી એક રંગ છે,
રોગી નિરબળ કળે તલભર ન ચપળ
ન સવાર સરદારખાન મન અંગ છે,
ઘોડી ખાસિએત જાણ ગુણિ તેપઠાણ માન
બુદ્ધિનું ચકોરતાન રાવતતો નંગ છે,
ખાં તો ઘેર બેલ ધરે રાવત સવારી કરે
નીજ હીતે ભારે ફરે જોવા જેવો બંગ છે.

અર્થ—એ દાખલામાં દેખેતું ઘોડીનું વર્ણન છે, પણ અંદરથી રાજ્યને અથવા સ્ત્રીને લાગુ પડે છે. ઘોડી ઉંચા તોખમની છે, મસ્તાની છે, ખાન પાન સારૂં છે, એને ભાન સારૂં છે, એની સાન સારી છે, અને એનું માન પણ ઠીક છે, ટુંકામાં ઘોડી થાંન થાંન કરી રહેલી છે—જેવી જોઈએ તેવી છે; પણ ઉપર બેસનારા સરદારખાંનનાં તન મન, રોગી નિરબળ, તલ જેટલી પણ ચતુરાઇ નહિં એવાં, ચપળ નહિં એવાં છે; રાવત—ચરવાદાર છે તે ઘોડીની ખાસિયેત જાણનારો ગુણી બુદ્ધિવાળો છે. હવે થાય છે શું કે ખાંસાહેબ તો ઘરમાં બેલ્યાં કરે છે, રાવતભાઇ ઘોડી ઉપર બેસીને પોતાને જ્યાંહાં ફેરવવી હોયછે ત્યાંહાં ફેરવે છે. એ કવિતમાં સારી ઘોડી (સારૂં રાજ્ય) નબળો સવાર (મૂર્ખ રાજા) અને રાવત (ચતુર પ્રધાન) એમોનું વર્ણન કરેલું છે. મતલબ, મૂર્ખ રાજા હોય ત્યાં કારભારીઓ મજા કરે છે.

(ચામરવૃત્ત.)

"નિત્ય નિત્ય મ્હેનતો હમે ઘણીજ લીધિરે,"
"પેટ તેં મુખેથી ખાઇ ચેનબાજિ કીધિરે;"
"હાથ પાગ સંપ સંપિ એમ ખીજિ ખિન્નરે,"
"પેટ સાથ રીસ રાખિ ભારિ ચાર દીનરે.—૧."
"પેટને ન આપવાથિ શકિત નીજ ખોઇરે,"
"જખ્ખ મારિ હારિ ને ઉતારી રીસ રોઇરે;"
"ઝપ્પ ઝપ્પ લીધું કામ પાછું શૂર આણિરે,"
"પેટથી જિવે સહુ વિચાર સાર નાણિરે.—૨."
(ઇસપનીતિ)

અર્થ—"મોટા મોટા લશ્કરી સરદારોની તેમણુકી વગેરેનો જે ખરચ થાય, તે નાણું રાજાએ રોમનલોકના ઉપર મોટા મોટા કરો વધારિને કઢાવવા માડયું, ત્યારે શેહેરના સઘળા લોક રીસાવિને ગામ બ્હાર જૈ બેહે તે વખત કોઇ કવિરાજે તેઓની પાસે જઇને તેઓને ઉપર પ્રમાણે કહ્યું, અને તેથી તેઓ શરમાઇને ગામમાં પાછા આવ્યા," પેટ તે (સરદાર લોક) હાથ પગ વગેરે તે (રૈયત) એવો અંદરનો અર્થ છે.

એ દૃષ્ટાંતરૂપક, **સમાસોક્તિ**થી ઉલટું છે. દૃષ્ટાંતરૂપકમાં અવર્ણ્યને ભણુતાં વર્ણ્યનું અને સમાસોક્તિમાં વર્ણ્યને ભણુતાં અવર્ણ્યનું ભાન થાયછે.

---

(૬) અપન્હુતિ.

૧ એકના સરખી બીજી વસ્તુ જોઇને પેહેલીનો નિષેધ કરી બીજીને નામે વરણન કરવું તે અપન્હુતિ. દાખલો.

ચંદ્રને જોઈને કોઇ કેહે છે કે "એ ચંદ્ર નથી--એ તો **આકાશ ગંગાનું કમળ છે.**" (ચંદ્રાલોક)

જ્યાંહાં વસ્તુઓનો એક પછી એક, કારણ સાથે નિષેધ કર્યો હોય ત્યાંહાં પણ અપન્હુતિ. દાખલો.

કોઈ વિરહિણી સ્ત્રી પોતાની સખીને કેહે છે કે "સખી! આકાશમાં જે ગોળ ચળકતો દેખાય છે તેને ચંદ્ર કહિએછ તો **ચંદ્રે થંડક કરવા જોઇએ તે નથી કરતો ને ઊલટું વધારે દુખ કરે છે માટે તે ચંદ્ર**

નથી. વારૂ વધારે તપાવે છે એમ કહીયે તો તે સૂર્ય કહેવો જોઇએ, પણ રાત છે એટલે સૂર્ય શેનો હોય માટે એ સૂર્ય પણ નથી ને ચંદ્ર પણ નથી. એ તો સમુદ્રમાંથી નિકળેલો વડવાગ્નિ (એક જાતનું તેજ) આકાશમાં જઇને રહ્યો છે.

૩ જ્યાંહાં સંદેહ ઊપજયો હોય અને પછી તેનો નિષેધ કર્યો હોય ત્યાંહાં પણ અપન્હુતિ. દાખલો.

(માલિનિવૃત્ત.)

વિરસ વદન ગાલે આંસુના ઓઘ ચાલે
થર થર બહુ કાંપી શુષ્ક તૂં શોક પાળે
મરણ કંઇ થયું કે બેનિ અન્યાય કીધો
સજનિ નહિં પ્રદેશે પીયુએ પંથ લીધો

અર્થ—એ ઉદાહરણમાં બેનપણીના સંદેહનું નિવારણ કર્યું છે.

૪ કોઇ, પોતાના મિત્ર આગળ પોતાની છાની વાત કરતું હોય ને તેમાં એવો શક પડે કે એ વાત કોઈ તીજાં આદમીએ સાંભળીછ તો, કહેલી વાત બીજી વસ્તુને લાગુ પાડી ઉડાવી દેવી ત્યાંહાં પણ અપન્હુતિ.

એને ગ્વાલી ભાષામાં મુકરી અને સંસ્કૃતમાં છેકાપન્હુતિ કહે છે.

(ચોપાઈ.)

શીત રૂતે તે વગર ન ચાલે,
મુજ અંગે લપટાઈ મ્હાલે,
પિઉ કરતાં અદકો છે વ્હાલો,
કાં સખિ પ્રીતમ ના ચોફાળો,

અર્થ—સખીને પુછ્યું–શું તું યારની વાત સમજે છે તેમ ન સમજતી હું તો ઓઢવાના ચોફાળની વાત કરૂં છઉં.

વ્હાલથકી હૂં રોજે જોઉં,
પછિ હરખાઊં કેવી સોઉં,
મારે તે મુજ ઇચ્છિત છાપ,
શૂં સખિ સજ્જન ના સખિ ખાપ,

અર્થ—સખીને પુછ્યું કે તું ધણીની વાત ન સમજશ હું તે આરસી વિશે બોલું છઉં.

'આખિરાત છાતીપર રાખ્યો'
'રસ કસ તો મેં ખુબજ ચાખ્યો'
'વ્હાણે તો ઊતારી નાખ્યો'
'સખિ સજ્જન નહિં હારજ ભાખ્યો.' ૧
'લાંબે લાંબે પગલે આવે,'
'આખા દીની હોંસ બુઝાવે'
'ઉડી ચાલતાં પકડે ખૂંટ'
'શું સખિ સજ્જન નહિ સખિ ઊંટ.' ૨

(સભાવિલાસ–હિંદુસ્તાની ગ્રંથ.)

(ખ) સમાસોક્તિ.

જ્યાંહાં વર્ણન કરવાની વસ્તુનું વર્ણન કરતાં તે વર્ણન બીજાને પણ અંદરથીજ લાગુ પડતું હોય ત્યાંહાં સમાસોક્તિ.

જો નદી નિરમળી નીલ અંબર સજી
ગંભિરાઇ ધરી જ્હાર નેટે
ચોરિથી દોડતી વાટ ટુંકિ શોધતી
સંગ સખિ લેઇ સિંધૂમું ભેટે

(ન૦ ક૦ પુ૦ ૨. પા૦ ૫૪.)

એ નદીનું વર્ણન, અંદરથી વ્યભિચારિણી સ્ત્રીને પણ લાગુ પાડીયે તો પડી શકે.

(ગ) ઉલ્લેખ.

જ્યાંહાં એક વસ્તુનું ઘણી રીતે વર્ણન થતાં તે ઘણે રૂપે દેખાતી હોય ત્યાંહાં ઉલ્લેખ. દાખલો.

(છપયવૃત્ત.)

દેવે દાન ઉદાર, કર્ણ બળિ રાજા માણૂં
વિદ્યા શ્રમ સમજૂક, ભોજ વિક્રમ તે જાણૂં

શૂરવીર બહુ રણે, ઇંદ્રજિત અરજુન આણૂં
વચની સતભરપૂર, ગુરૂ હરિશ્ચંદ્ર વખાણૂં
ધર્મે પ્રેમે પાળે પ્રજા, રામ ધર્મરાજાજ જયમ
કીર્તિ મુકુટની કાંતિએ ભુપ, શોભે છે રવિચંદ્ર ત્યમ.

(ધ) સંબોધન.

જ્યાંહાં ગેરહાજર અથવા ગુજરી ગયલી અથવા નિર્જીવને સજીવન કલ્પેલી એવી વસ્તુને બોલાવવાનું થાય છે ત્યાંહાં સંબોધન.

(લલિતવૃત્ત.)

'જઈ તું કહાં વળી બેઠિ છેટિરે, 'પ્રિતડિ બાપને ના તું ભેટિરે,
'સ્વરગમાં મળીશે સુતા અરે, 'અકર કાળિ લૈ લે હવે ખરે.

(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૩૮૨)

(ઙ) સ્વપ્ન.

જ્યાંહાં કોઇનું વર્ણન કરતાં વચમાંથી વર્ણન કરનાર પોતાની તરફનું બોલવું બંધ પાડી દઈ વરણન કરવાની વસ્તુના બોલ બોલે છે ત્યાંહાં સ્વપ્ન—

(ભુજંગપ્રયાતવૃત્ત.)

"પછી ધર્મ અર્જૂન આકાશ જોએ"
"બહૂ બ્રહ્મની કીર્તિથી ભારિ મ્હોએ"
"પ્રભૂ ધન્ય તૂને કિધી શર્દ રાત્રી"
"દયા મોટિ તારી થઇ પૂરિ ખાત્રી"

છેલ્લાં બે ચરણમાં જે બોલવું થયું છે તે વર્ણન કરનારનું નથી પણ ધર્મ અર્જુનનું છે.

---

૬. અતિશયોક્તિ.

જ્યાંહાં વસ્તુનું ખરેખરૂં હોય તેના કરતાં ઘણું વધારીને વર્ણન કરેલું હોય ત્યાંહાં અતિશયોક્તિ.*

પછી વધારે સારૂં કીધું હોય કે વધારે નરસું કીધું હોય. સાધારણ વાતમાં છેકજ મોટી અતિશયોક્તિ વાપરવી નહીં; કેમકે તેમાં પછી ચમત્કૃતિ રેહેતી નથી.

"ધ્રુજ્યો ધ્રુવ ને મેરૂ ડગિયો, ખળભળિયાં પાતાળ
"સાગરે મરજાદ મૂકી, ડોલ્યા દશ દીગપાળ"—૧
"અષ્ટ પર્વત ગળ્યા ભૂમીએ, થઈ સુકી વનસ્પતિ સર્વ
"જક્ષ કીનર વિદ્યાધર કાંપ્યા, અપ્સરા ને ગંધર્વ"—૨

---

* ૧ જ્યાંહાં રૂપક ને અતિશયોક્તિ બંને હોય ત્યાંહાં રૂપકાતિશયોક્તિ કેહેવાય.

એમાં વર્ણ્ય—ઉપમેયનું નામ દીધેલું ન હોય.

'કૃષ્ણ કમળમાંથી કહાડિ બે સપ્ત તીર'
મધુરિ ચપળ ચાલી ચોકવી તે અમીર
ચતુર પુરુષ ચેતી તેજ વેળા ઠર્યો રે
ધરણિપર ધ્રુજીને નેહ પીડ પડયો રે

(મિશ્ર સંસ્કૃત સાથે.)

કાળાં કમળમાંથી—કાળી આંખોમાંથી, બે સપ્ત તીર કહાડતી કે તે ચપળ મધુરી (સ્ત્રી) પેલા અમીરને ચોકાવીને ચાલી ગઈ. એમા આખનું નામ ન લેતાં કમળને નામે વર્ણન કરેલું છે માટે રૂપક અને કટાક્ષને ઠેકાણે તીર એ અતિશયોક્તિ.

૨ જ્યાંહાં કારણની સાથે કાર્ય જોડયું હોય ત્યાંહાં ચપલાતિશયોક્તિ.

અને 'ચતુર પુરુષ ચેતી'૦ એ ઠેકાણે ચપલાતિશયોક્તિ છે.

૩ જ્યાંહાં કોઈ એક વસ્તુનો સંબંધ છતાં અસંબંધ વર્ણ્યો હોય ત્યાંહાં અસંબંધાતિષયોક્તિ.

'હે રાજા તું જારે મોટો દાતાર છે તારે અમે કલ્પવૃક્ષને પણ માનતા નથી.'

એમાં કલ્પવૃક્ષને માનવાનો સંબંધ છતાં અસંબંધ વર્ણ્યો છે.

(અલંકારવિવેક)

શૂરવીર તે હિંમત કરી તે આભ પડે પણ નવ હારેજી.

(ન૦ ક૦ પુ૦ ૨. પા૦ ૨.)

એમાં બીહીને હારવાનો સંબંધ છતાં અસંબંધ વર્ણ્યો છે.

"ત્રૈલોક્યમાં ખુંખાણ વરત્યું, થાય ગર્ભનો પાત
"વાયુ રૂંધાયો વિશ્વનો, થઈ કોટી જીવની ઘાત"—૩

(ઓખાહરણ)

એમાં શિવ અને કૃષ્ણનાં યુદ્ધનું વર્ણન છે.

"રણમાં ખરે બપોરે, પંચાગ્નીથી બળી બળી થાઉં
કહે વ્હાલા કહાં જાઉં, ધુળ ફાકું હું વિરામ કહાં પાઉં"

(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૨૭૯.)

એમાં વિધવાના દુઃખનું વર્ણન છે.

'અંધારું કોઠે વિરહાગ્નિ ધૂમે'
'ચારે ખુણે વાધ કુતર્ક ધૂમે'

(ન૦ ક૦ પુ૦ ૧ પા૦ ૪૦૧.)

વિરહના અગ્નિના ધુમાડાથી કોઠામાં અંધારૂં અંધારૂં થઇ ગયું છે અને ત્યાંહાં ચારે ખુણે કુતર્ક રૂપી વાઘો બહુ ધૂમે છે.

બહુ કીર્તિ ઇંદ્રે સભામાં ભણી રે
હવે ગાઉં શૂં રાજ ખૂબી ઘણીરે
સુણી નામ મોટા મરે શત્રુઓ રે
સુણી નામ હૈયે ઠરે જાચકો રે—૧

હે રાજા તારી કીર્તિ તો ઇંદ્રે પોતાની સભામાં ગાઇ છે. હું શું ગાઉં? તારૂં નામ સાંભળીને મોટા શત્રુઓ મરી જાય છે અને નામ સાંભળતાંજ જાચક પોતાના દીલમાં સંતોખાયા એમ સમજે છે.

૭. અન્યોક્તિ.

જ્યાંહાં ઊપરથી નિંદા કરીને અંદરથી સ્તુતિ કરી હોય અથવા ઊપરથી સ્તુતિ કરીને અંદરથી નિંદા કરી હોય ત્યાંહાં અન્યોક્તિ.*

---

*એને વ્યાજસ્તુતિ પણ કેહે છે. જ્યાંહાં એકની નિંદાથી બીજાની પણ નિંદા જણાતી હોય ત્યાંહાં પણ અન્યોક્તિ-એ અન્યોક્તિને વ્યાજનિંદા પણ કેહેછે. દાખલો: હુંજ ગાંડો કે મે. તને કામ સોંપ્યું.

(દોહરા.)

ડાપણમાં તુજ નહિં મણા, માણે મોટી મોજ
વા:વા ભઇ વા:વા તને, અખળા મારે રોજ–૧.

એમાં ઉપરથી વખાણ છે અને અંદરથી ઠપકા જેવું છે.

સાચવટે પરો બહૂ, તારી શી કહું ધીર
લિધું પાછું આપે નહીં,બહુ ભટકે પણ ભીડ

એમાં પણ અંદરથી નિંદા છે.

'વા:વા ભાભીજી, આ ચોળિ તમે ઠીક પેરીજી'

એમાં પણ અંદરથી નિંદા છે,

કોઈ પ્રભુને કહે છે. "એ પ્રભુ કેવો તારો અવિચાર કે પાપીઓને પણ મોક્ષ આપે છે."

એમાં ઉપરથી નિંદા ને અંદરથી સ્તુતિ છે.

ભાઇ તમે ડાહ્યા ને હમે ઘેલા હવે કંઈ કેહેવાનું છે?

એમાં ડાહ્યા તે ઘેલાના અર્થમાં ને ઘેલા ડાહ્યાના અર્થમાં છે.

---

(૬) કાકુસ્વર અથવા પૃચ્છા

જ્યાંહાં સ્વરના (અવાજના) ભેદથી ઊલટા અર્થની કલ્પનાનું ડોળ દેખાતું હોય અથવા જ્યાંહાં સામાને પ્રશ્ન કરીને તેમાં પોતાનો નિશ્ચય બતાવ્યો હોય ત્યાંહાં કાકુસ્વર અથવા પૃચ્છા.

આ બહરીને પોતાના ધણીના વિજોગનું કંઇ દુખ લાગતું નથી એમ કોઈ કેહેછે તારે બીજો કેહે છે કે, શું નથી લાગતું? લાગેછે જોની મુકાઈ ગઇ છે.

(ચોપાઈ.)

સમજાવ્યો સમજે નહિં એહ,
ઉઠ ભઇ ચલ આવેછે મેહ;
થશે મધુર એળીયો વળી,
રાખ્યો ભેળો સાકર ગળી? ૧.

મૂર્ખે મૂર્ખે માને નહિં વાદ,
શું કહું કાડી ભારી સાદ;
ધૂળ ઉપર શું લીપણ થાય,
થુએરિયો કુમળો કેવાય? ૨.

૮ વિરોધ.

જ્યાંહાં બે વસ્તુઓ, એક બીજાની સાંમે (ઉલટી રીતે) મુકાબલે આવ્યાથી ખુબ ભભકમાં દેખાયછે ત્યાંહાં વિરોધ અલંકાર.

આ તે કંઇ મનાય કે સંવત ૧૯૧૧ માં ભૂલેશ્વરના છપ્પન ભોગની ખટપટમાં જે શાસ્ત્રીઓએ એકપાસથી બ્રાહ્મણોની તરફના શાસ્ત્રાર્થ આપ્યા હતા તેજ શાસ્ત્રીઓએ બીજી પાસથી પોતાનાં કુળ વિદ્યા ધર્મને બટ્ટો લગાડી બ્રાહ્મણની સામાં એટલે વાણીઆ ભાટીઆના મહારાજોની તરફના પણ શાસ્ત્રાર્થો આપ્યા?

(મંદાક્રાંત.)

"જો જો બેની, પૃથવિપર આ, મેહુલે મ્હેર કીધી"
"હું માંદીની ખબર કંઇએ, નાવલે નાજ લીધી"
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૩૯૭)

અર્થ—વિરહિણી, સખીને કેહેછે—વરસાદે તો હુંનાળાની તપેલી પૃથ્વીપર મેહેર કરી પણ જુદાઇનાં દરદથી તવાઇ ગયલી એવી જે હું તેની ખબર મારે નાવલે નાજ લીધી.

ઋતુવર્ણનમાં ચોમાસાનાં અને શરદ ઋતુનાં વર્ણનમાં એ અલંકાર ઘણે ખરે ઠેકાણે છે.

"આકાશ આ સુંદર સ્વચ્છ શોભે"
"ધોળાં રૂપેરી લક વાદળાંએ"
"અંધારું કોઠે વિરહાગ્નિ ધૂમે"
"ચારે ખુણે વાધ કુતર્ક ધૂમે"
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૪૦૭)

અર્થ—આકાશ તો સુંદર ને સ્વચ્છ છે ને ભાર। કોઠામાં જુદાઇના આતશના ધુમાડાથી અંધારૂં છે વગેરે.

નર્મકવિતા પુ૦ ૧ તું પાનું ૩૩૦ મું અને ૪૦૯ મું જોવું.

(૬) વિરોધાભાસ.

જ્યાંહાં પ્રથમ તો અર્થનો વિરોધ દેખાય છે પણ પછી કોઇ કારણને લીધે તે વિરોધ જતો રેહે છે ત્યાંહાં વિરોધાભાસ અલંકાર–દાખલો.

'જે સુશીલ પુરુષ છે જેને પોતાનું પારકું નથી તેને અગ્નિ જળરૂપ, વિષ અમૃત જેવું, સમુદ્ર નદિનાળાં સરખો અને સાપ માળા સરખો થાય છે!"

(અલંકારવિવેક)

એમાં અગ્નિ પાણીનો વિરોધ દેખાય છે પણ પછી સુશીલ મનુષ્યને કોઇ દુખ દેનાર નથી એવો જે સ્વભાવ તેથી તે વિરોધ જતો રેહેછે.

(મંદાક્રાંત.)

" ટહાડેકી તો થઇ ન મુજને ટહાડિયો તાવ આવ્યો."
" અગ્નિ મેઘે અતિસ પવને સ્નેહરૂપે વધારયો."

(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૩૪૭)

એમાં વિરહિણી કેહેછે કે આટલો આટલો વરસાદ પડેછે પણ મને ટહાડેક થતી નથી પણ ટહાડીઓ તાવ આવ્યાં કરેછે અને જરે ઘણા પવનની સાથે વરસાદ તેલરૂપે પડે છે ત્યારે દીલની બળતરા ઘણી વધે છે. એમાં મેઘને અને અગ્નીને વેર છે પણ અહિયાં **મિત્ર** કર્યા છે.

---

(૭) કાવ્યાર્થાપત્તિ.

ફલાણું થાય છે તો પછી ફલાણું કેમ થશે એવી બોલવાની રીત જ્યાંહાં હોય ત્યાંહાં કાવ્યાર્થાપત્તિ અલંકાર.

ખલાઃ

૧. એની આગળ સહીંનું ચાલતું નથી તો પછી કુતરાનું શું ચાલે ?

૨. અહીંયાં જરાકે પવન આવે તેવું નથી તો માણસ નહાંજ આવી શકે એમાં શું પુછવું ?

૯ અનુક્રમ.

જ્યાંહાં એક વસ્તુ—કર્મને લગતી સઘળી બાબતો એક એકથી ચઢીઆતા જોશમાં ગોઠવેલી જોવામાં આવે ત્યાંહાં અનુક્રમ અલંકાર. દાખલા.

(કટાવ.)

સહૂ સેનને, રાજાઓને, હારી ગયલા, નિરાસ થયલા, જોઇ કરીને, પ્રગટ સભામાં, સહુની સામાં, કરે પ્રતિજ્ઞા, જો ન અરીને, ચોર હરીને મારૂં ધરીને, નાવું ફરીને, પુરમાં પાછો, એવું પણ લૈ, નીજ સેનને, જાદવ સામાં, લડવાનું કહિ, બહૂ ક્રોધમાં, બહૂ શૂરમાં, સકળ સેનથી, જુદો થઇને, આડી વાટે, જલદી માટે, કૃષ્ણ પુઠે તો, પડયો ધસીને, જઇ સામો તે, બોલ્યો જોરે, કપટી કૂડા, ઢોરૂચારૂ એ, ભીખારૂ એ, કાયર થઇને, કહાં નાસે છે, બાળકપણમાં, દહીં દૂધની, ચોરિ કરિ તેં, તેપરમાણે, આ અબળાને, મમભગિનીને, હું દેખૂં ને, હરિ લઇ જવા, મનમાં ધારે, શરમજ ભારે, નક્કિ રાખતું, લવ નવ ફાવે, એમ કહીને, મુક્યાં તીર ત્રણ,

(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૩૧૫.)

ધાશીરામ કોટવાળ વિશે કેહેવાય છે કે "અરે એ શેહેરનો કોટવાલ, એણે તો કોઇને દેહાંત દંડ કરવો નહી તેમાં તેણે બ્રાહ્મણોને રે નિરપરાધી બ્રાહ્મણોને માર્યા, તે વળી ગોંધીને માર્યા એ તેણે ઘણુંજ નઠારૂં કીધું"

(૬) સમુચ્ચય.

જ્યાંહાં અનેક ક્રિયા-સ્થિતિ એકજ વખતે બને એવો સંભવ હોય ત્યાંહાં સમુચ્ચય.

"હે રાજા, તારા શત્રુ હારો, નાહાસો, ફિટફિટ થાઓ, દુર્દશામાં આવી પડો, મરો અને તેઓના મુંડદાં ચુંથાઓ, અને રઝળો."

અરે ભાઇ તારૂં મોટું નસીબ કે આવી તને મળી—એક તો પૈસાદાર, વળી ઊંચ કુળની, વળી રૂપે રંભા સરખી, વળી ભણેલી વળી ડાહી અને વળી રસિક.

(ખ) સાર.

જ્યાંહાં એક એકથી ચડતો સરસ અર્થ હોય ત્યાંહાં સાર. દાખલોઃ

"મીઠું મધ, વધારે મીઠું અમૃત અને સહુથી મીઠી કવિતા.
(ચંદ્રાલોક)

(ગ) કારણમાલા.

જ્યાંહાં એક પછી એક એમ વસ્તુઓ કારણ ને ફળ રૂપે દેખાય ત્યાંહાં કારણમાલા.

"નીતીથી ધન, ધનથી દાન ને દાનથી યશ."
(ચંદ્રાલોક)

"દુઃખ પાપથકી, પાપ દળદરથકી, અને દળદર આળસથકી."
(અલંકારવિવેક)

એક વાક્યમાં ઘણા અલંકાર આવે છે પણ તેમાં એકનું પ્રાધાન્ય હોય છે ને બાકીનાનું ગૌણત્વ હોય છે; પણ જેનું પ્રાધાન્ય હોય તેને નામે તે અલંકાર ઓળખાય છે.

શબ્દાલંકાર.

૧. અનુપ્રાસ.

સરખા સ્વર અથવા સરખાં વ્યંજન અથવા સરખા શબ્દનું જે સ્થાપન તે અનુપ્રાસ. સ્વરનું સરખાપણું તો જોઇયે પણ કદાપિ સ્વર જુદા હોય તોપણ શબ્દનું જે કંઈક સરખાપણું હોવું તે અનુપ્રાસ. એની પાંચ જાતી છે.

(ક) છેકાનુપ્રાસ.

જ્યાંહાં અનેક વ્યંજનોનું સરખાપણું એકજ વેળા અનુક્રમે અથવા વ્યુત્ક્રમે આવ્યું હોય ત્યાંહાં છેકાનુપ્રાસ.

તે વ્યંજનોની વચમાં એકજ સ્વરનું અંતર જોઇયે, વધારે નહીં; અર્થાત્ છેકજ પાસે હોવા જોઇયે. વ્યુત્ક્રમે એટલે **રસ સર** એમ હોય તોપણ ચાલે. દાખલા:

"અનીતી પીઠે તેં, નિરખિ નરિ નારી જગ જગે"

"કરી જ્યારી જ્યારી, વિખ બહુ પસાર્યૂં રગ રગે"

(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૪૫૯)

"સહૂ મંત્રી, તંત્રી, છળ વિવિધ વિસ્વાસથિ ભણી"

"કલંઠી કંઠીમાં, અતિસ મન ગંઠી ભ્રમતણી"

(ન૦ ક૦ પુ૦ ૧, પા૦ ૪૬૧)

(ખ) વૃત્યનુપ્રાસ.

જ્યાંહાં અનેક વ્યંજનોનું ક્રમથી અથવા ક્રમભેદથી ઘણીવાર આવવું થાય ત્હાંહાં વૃત્યનુપ્રાસ.

"તજિ દુરગુણ ભણિ ગણિ લઈ, કદર ફરજ સહુ જાણ"
"ભજિ ભગવત સદ્‌ગુણ સજી, સ્વરગસરવ સુખ આણ"–૧

(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૩૭૬)

એમાં પાંચ વખત **ર** છે, ૭ વખત **ણ** છે, ૭ વખત **સ** છે, પાંચ વખત **જ** છે, ત્રણ વખત **ભ** છે, પાંચ વખત **ગ** છે અને ત્રણ વખત **દ** છે.

"કરવાનું ઘણું નિજ દેશિતણું પણ નાજ વિચાર કરો કંઇ કોઇ"
"ભરવાનું ભલું ટિપમાં પરની સમજો શરમે લલચાઇજ મોહી"
"ચરવાનું ગયું સુખ ચેનથકી બહુ બંધનમાં રહ્યું રહેવુંજ રોઇ"
"સરવાનું નથી નિજ જોરવિના પરજોરથિ રેહવું હવે સહુ ખોઇ."

(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૨૦૬)

(ગ) શ્રુત્યનુપ્રાસ.

વર્ણ જુદા હોય પણ એકજ સ્થાનના હોય (જેમકે દંત, તાલુ, ઓષ્ઠ વગેરેના) એટલે જ્યાંહાં સ્થાનનું સરખાપણું આવતું હોય ત્હાંયાં શ્રુત્યનુપ્રાસ.

"નવલ લલિત લીલા થાપિને તૂં ઉથાપે"
"સતત સત સુનીમો લાભ દેતા બતાવે"
"ભુવનપતિ તપાસી પાસ તૂં પાસ લેને"
"પલિત પતિત પાપી દીનને માફિ દેને-૧.

(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૨૩)

એમાં કેટલાક અક્ષરો ઓઠથીજ, કેટલાક દાંતથીજ અને કેટલાક ઓઠદાંતથીજ બોલાય છે.

(ઘ) અંત્યાનુપ્રાસ.

અંત્યસ્વરસાથે વ્યંજનનું એક સરખું જ્યાંહાં મળવું થાય ત્યાંહાં અંત્યાનુપ્રાસ.

એમાં કદાચિત સ્વરની આગળનાં વ્યંજનો, વિસર્ગને લીધે મળતાં ન હોય તોપણ ચાલે. જેમકે (દુઃખ) સહૂં ને બહૂ. ચરણને અંતે અથવા અર્ધને અંતે અથવા યતિઆગળ અનુપ્રાસનો ઉપયોગ કરવો.

"વિનંતિ દેશિને કરૂં, હું દાજ દીલમાં ધરૂં"
"કહૂં વળી ખરે ખરૂં, જુદૂં ન લેશ ધાર રે"
"કુસંપથી તુટી સહૂ, ગયાં સુરાજ્ય તો બહૂ"
"કહૂં શું દૈવ વાત હૂં, નહીંજ દુઃખ આર રે"
"કુહેમ મત્સરે કરી, દશા થઇજ આકરી"
"વિના જ સુસ્તિની કરી, જશે ન રોગ ભાર રે"
"નસાડવા કુસંપને, જગાડવા સુસંપને"
વધારવાજ ઝંપને, તું ઝટ લે વિચાર રે."

(ન૦ ક૦ પુ૦ ૧ પા૦ ૨૦૩.)

(૬.) લાટાનુપ્રાસ.

જ્યાંહાં એક અથવા વધારે શબ્દોની તેજ અથવા જુદા જુદા અર્થમાં પુનરુક્તિ હોય ત્યાંહાં લાટાનુપ્રાસ. જુદા જુદા અર્થમાં પુનરુક્તિ હોય તેવા લાટાનુપ્રાસને યમક પણ કેહ છે.

"ધંન છે ધંન છે ધંન છેરે"
"હોળદેવી તુને તો ધંન છે"
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૪૪૦)

"જય જય જય થાએ રાણિ તારા રૂડા એ"
"ભય ભય ભય જાએ હિંદુના નાસતાં એ"
"ડમ ડમ ડમ વાગે રાણિડંકા સવારા"
"ઝટ ઝટ ઝટ જાગે દેશના એ સુધારા"
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૪૪૬)

"ધનિ નિરધનિને આપ, એજ પુણ્ય કર હાથે"
"ધનિ નિરધનિને આપ, એજ ધરમ છે સાથે"
"ધનિ નિરધનિને આપ,એજ વાત મન ગોખે"
"ધનિ નિરધનિને આપ, એજ તુને સંતોખે"
"જાઇ નાગાં નાગૂં જવૂં, જીવ એવૂં વીમાસરે"
"કૃપણતા લોભ આધો કરી,નીરાશની પુર આશરે."
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૧૬૪)

યમકના દાખલા:

"હોળી ન ખેલી સહિ સ્વામિ સંગે"
"હોળી ન ગાઈ સુરમાં ઉમંગે"
"હોળી ન મેં ચંતનિ ચોટલી રે"
"લાવૂં ન કાં એ ઘડિ અંતની રે."
"હોળી ગઈ ને પિઉડો ન આવ્યો"
"હોળીતણા રંગ ન સાથ લાવ્યો"
"હોળી હુલાઈ પણ આ ન હોળી"
"સૂઉં ન કાં પી અપુ તેલ ધોળી?"
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૪૧૯.)

" જો વાવડિયો સર ને તળાવ " "પાણી ભરાએ ઉભરાઇ જાય "
"પાણી ભરાવ્યૂં મુજને અનંગે " "પાણી ભરાયાં નથિ લોહિ અંગે."
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૪૦૫.)

વળી નર્મકવિતાના પુસ્તક ૧ લાને પાને ૧૯ મે અને ૮૬ મે આર્યાયો છે તેમાં છેલ્લા યમકો છે તે જોવા.

જારે ચરણોના છેલ્લા ને પેહેલ્લા શબ્દો યમકરૂપે આવે છે તારે તે શ્લોકને સિંહાવલોકી કરીને કેહે છે.

(સિંહાવલોકી સ્રગ્ધરાવૃત્ત)

"જોતી તૂને હું રોજે રસિક મધુરિરે આજ કાં તૂં ઉદાસી "
"દાસી કીધી ધણીએ નવી વહુતણિરે ભારિ હૂં છૂં નિરાસી "
"રાસી એની નહીં તૂં સરસ રુપગુણે એહિ કોઈ પનાતી "
"નાતી ખોટી હું મોટી સજનિ લઇલિયે સાતું જો દિવ્યજોતી. "
(રસપ્રવેશ)

---

૨. શ્લેષ.

અનેક અર્થના પદવડે અનેક અર્થનું વર્ણન કરવું તે શ્લેષ-અલંકાર.

વર્ણ્ય ને અવર્ણ્ય એવા શબ્દમાં ને પછી વાક્યમાં નાના પ્રકારના અર્થ થતા હોય ત્યાંહાં **શ્લેષ.** એ બે રીતનો છે: **અભંગ શ્લેષ** ને **સભંગ શ્લેષ.** જ્યાંહાં અનેકાર્થ બોધક વાક્યમાં અર્થભેદને સારૂ પદભંગ કરવો પડતો નથી ત્યાંહાં અભંગ અને જ્યાંહાં પદભંગ કરવો પડે છે ત્યાંહાં સભંગ.

(દોહરો)

ફુંકે શંખ પણ નવ કંઇ, ઉતરે તેનો નાદ (અંભગ)
કરનાટકમાં કવિ ઘણા, મંત્ર જંત્રના વાદ (સભંગ)

ટીકા–પેલો માણસ શંખ ફુંકેછ પણ તેનો અવાજ ઉતરતો નથી–તેનાથી શંખ વગાડાતો નથી. એ એક અર્થ. તેણે શંખ ફુંક્યો એટલે તે પોતાના કામમાં પાર ન પડયો–તેણે હાથ ધોયા દેવાળું કાઢયું એવા અર્થ

થાય છે. તે દેવાળું કાઢે છ તો પણ તેનો મિજાજ-અહંકાર ઉતરતો-ઓછો થતો નથી. એ બીજો અર્થ.

કરનાટક દેશમાં કવિયો અને મંત્ર જંત્રના વાદ ઘણા હોય છે-એક અર્થ. હે કવિ, તું નાટકમાં મંત્રજંત્રના વાદ ઘણા કરજે હો. એ બીજો અર્થ.

કળ આવેથી કળિ ગયો, તીરે પામ્યો મોત. (અભંગ)

એમાં ચાલતાં ચાલતાં કળ-કાદવ આવ્યો તેમાં પગ મુકાયાથી કળિ ગયો-ટાઢો થઈ ગયો અને કાંઠેજ મરી ગયો. એ એક અર્થ. તીરે-તીર લાગવાથી તેને પેટ વગેરેમાં કળ આવી-ચઢી અને તેથી અમળાઇ ટાઢો થઈ જઇ મરી ગયો. એ બીજો અર્થ.

જલજ હંસ ધર્મથિ વળી, તેજસ્વી સહુ સોય

એમાં-જલજ-કમળ, હંસધર્મથી-સૂરજના ધર્મથી-પ્રકાશથી તેજસ્વી થાય છે. એ એક અર્થ. જલજ-શંખ અને હંસ-જીવ-આત્મા, ધર્મથી (એક, ધર્મ- શાસ્ત્રમાં) લખ્યા પ્રમાણે અને બીજો, ધર્મ-સદ્ધર્મ પ્રમાણે વર્ત્યાથી તેજસ્વી શોભે છે.

"ઘરમાં. લડતાં પડતાં .સડતાં રડતાં કડતાં નિજને દિનરેનાં,
પર લોકતણો ન ધર્યો ભય કો પડશે ખમવા જુલમો બહુ જેના;
પરલોકતણો બહુ વાંક કહે સધરે નહિં કાજ જરા અહિંયાનું,
જ્યમ નીતિતણો અહિં ભંગ થયો ત્યમ જોર વધ્યું અતિસેં
તહિંયાનું"-૧.

(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૨૦૫)

"દેશ પ્રજા દિલને દહનાર ઉઠ્યો ઉતપાત સમુદ્રથિ ગાજી"
"લક્ષ્મિ હરી પરલોક ગયા લઇ કોણ હલાહલ લે થઇ રાજી"
આજ ધુરંધરતા ધરિલે કુણ આ જગનો બનિ માત પિતાજી"
"રક્ષણ વિશ્વ વિચક્ષણ તે કંહિં આજ ગયા મહરાજ શિવાજી."

(હુંનરખાન)

---

૩. ચિત્ર

જે અક્ષરોથી જે પ્રશ્ન થયો હોય તેજ અક્ષરોથી તે પ્રશ્નનું ઉત્તર મળે ત્યાંહાં ચિત્ર

કોઠારે અન રેહે, આ તે મુરતી શિકોતરી ભાઇ?
"કાકાલી કામધુરા, કમ્બલવન્તં ન બાધતે શીત" ?—૧.

અર્થ—કો-કિયે હારે-ઠેકાણે અંન રેહે છે? તોકે, કોઠારે. ભાઈ, આતે મૂર્તિ તેં શી કોતરી, ? તોકે શીકોતરી (ભાતાની). કાકાલી એટલે કાલી એટલે કાળી કોણ? તોકે કાકાલી-કાગડાઓની હાર. કામધુરા એટલે મધુરી કોણ? તોકે કામધુરા-કામાતુર સ્ત્રી. કંબલવંત-કિયા બળવાનને ટાઢ નથી વાતી? તોકે કંબલવંત-જેણે કામળો ઓઢયો હોય છે તેને. ગીતીનું ઉત્તરાર્ધ સંસ્કૃતભાષાનું છે.

૪. એકાનેકોત્તર.

જ્યાંહાં એક ઉત્તરમાં બીજા ઘણા ઉત્તર આવી જાય ત્યાંહાં એકાનેકોત્તર.

નર્મકવિતા પુસ્તક ૧ લે પાને ૪૮૩ મે અને ૪૮૪ મેં **શેણે કરી૦** અને **અભાગિયો૦** એ કવિતો જોવાં.

૫. બાહ્યાંતરલાપિકા.

જ્યાંહાં એક લખેલા વિષયમાં બ્હારના પેહેલા અક્ષરોની અથવા અંદરના અમુક અમુક ઠેકાણાના અક્ષરોની એવી રચના થઇ હોય કે જેમાંથી કંઇ નવો અર્થ નિકળે ત્યાંહાં બાહ્યાંતરલાપિકા.

નર્મકવિતા પુસ્તક ૧ લે પાને ૪૮૧ મેં વિદ્યાવિષે છપ્પો જોવો-**સરમાથિઉસાસ** એ નામ બહિર્લાપિકાથી અને **નરમદાશંકર** એ નામ અંતર્લાપિકાથી નિકળે છે.

૬. ચિત્રકાવ્યબંધ.

ચિત્રના આકારમાં અક્ષરો આવી રેહે તેવિ કવિતા રચવી તે ચિત્રકાવ્યબંધ.

નર્મકવિતાના પુસ્તક ૧લાના છેલ્લાં ૧૧ પાનાના ચિત્રો જોવાં.

એ પ્રમાણે બીજી ઘણીએક અક્ષરરચનાની જુક્તીઓ છે પણ તે બધી આ લઘુ ગ્રંથમાં આણી નથી.

પૂરવણી.

૧. લક્ષણા પ્રકરણ.

લક્ષણા.

પદમાં તેના મુખ્ય અર્થનો બાધ આવતો હોય તો, તે મુખ્યઅર્થ જોડે સંબંધ રાખતો હોય એવા બીજા અર્થનો બોધ જે શક્તિવડે થાય છે તે **લક્ષણા.**—પછી તે બીજા અર્થનો બોધ રૂઢીથી થાઓ અથવા પ્રયોજનથી થાઓ.

૧. રૂઢીથી લક્ષણા—દાખલા:

કાશી બહુ લુચ્ચું શેહેર છે.

એમાં લુચ્ચું એ શબ્દ કાશીને લગાડયાથી કાશીનો (મુખ્યઅર્થને) નહીં પણ કાશીના લોકનો (મુખ્યઅર્થ જોડે સંબંધ રાખનાર એવા બીજા અર્થનો) બોધ થાય છે.

ગાંડી ગુજરાત.

એમાં ગાંડી એ શબ્દ ગુજરાતને નહીં પણ ખરેખર જોતાં ગુજરાતના લોકને અથવા તેની રીતભાતને લાગુ પડેછે.

૨. પ્રયોજનથી લક્ષણા—દાખલા:

"ગંગાઉપર આહીરોનાં ઝુપડાં છે."

એમાં ગંગા શબ્દનો મુખ્યઅર્થ પ્રવાહ રૂપે જે છે તે ઉપર કંઈ ઝુપડાં હોય નહીં, માટે તેના તટ—કાંઠાનો અર્થ લેવો ને ગંગા ઉપરનાં ઝુપડાં એમ કેહેવામાં પવિત્ર અને શીતળ સ્થળ એ હેતુનો અર્થ રાખ્યો છે તેથી પ્રયોજન.

તમે પુછોછ તે રસ્તો તો પેલા કુવાપરથી જાયછે.

એમાં કુવાની ઉપરથી જાયછે એટલે કુવાની પડોશમાંથી જતાં તે રસ્તે નિકળાય છે.

લક્ષણાના ભેદ ઘણા છે તેમાંના બે નિચે પ્રમાણે:

(ક) **અજહલ્લક્ષણા-**

વાક્યમાં મુખ્ય અર્થ રહે છતે બીજા અર્થનું જે ખેંચવું—આણવું થાય તે.

રૂઢી અજહલ્લક્ષણા-(ધોળો દોડે છે) એમાં ગુણ ઉપરથી ગુણીને બોધ થાય છે. ધોળા રંગનો છોકરો ધોડો બળદ વગેરે.

પ્રયોજન અજહલ્લક્ષણા-**તે ગામ લુટાયું ત્યારે ૨૫ કામડી હતી. ખેતરમાં આજ કેટલી દાતરડી હતી?**

એમાં એક અર્થ રહે છતે તેના બીજા સંબંધી અર્થ પણ લેવાય છે. ૨૫ કામઠીવાળા ભીલો અને દાતરડીવાળાં મજુરો.

(૫) જહલ્લક્ષણા.

વાક્યમાં મુખ્યઅર્થનું ગ્રહણ નજ કરવું. તેના બાહારના સંબંધીનોજ અર્થ લેવો.

રૂઢી જહલ્લક્ષણા-**ગાણું તે હિંદુસ્તાનીજ.** એમાં હિંદુસ્તાન એ દેશને ગાણું લાગુ પાડવું નહીં. પણ ભાષાનેજ લાગુ પાડવું.

પ્રયોજન જહલ્લક્ષણા—**"ગંગાપરના ઝુપડાં."**

એમાં ગંગાના જળરૂપ આકારને અર્થ ન લગાડતાં તટનેજ લગાડવો.

(૬) લક્ષણાના બીજા દાખલા.

૧ **ક્રિયાનું સાધન—કરણ તે કર્તા થાયછે:**-હરમાનની **પુછડીએ** આખી લંકા સળગાવી મુકી.

૨ **કારણનું વિશેષણ તે કાર્યનું વિશેષણ થાયછે:**-તેણે **જબરો** ઘા કર્યો છે.

૩ **કાર્યનું વિશેષણ તે કારણનું વિશેષણ થાયછે:**-તેણે પોતાની **ખુની આંખ** મારીતરફ કીધી.

૪ **કર્તાનું વિશેષણ તે કરણનું વિશેષણ થાયછે:**-તેણે પોતાની **ધુજતી તલવારે** પણ એક છેલ્લો ઘા કીધો.

૫ **કર્તાનું વિશેષણ તે કર્મનું વિશેષણ થાયછે:**-તેણે **ચઢતી પદવી** મેળવી.

---

૧ **કાર્યને બદલે કારણ મુકવામાં આવેછે:**-ચૈતર,વૈશાખમાં સૂરજના **કીણ** બહુ સખ્ત હોય છે.

૨ **કારણને બદલે કાર્ય મુકવામાં આવે છે:**-તેને હવે **પળિયાં** આવ્યાં.

૩ આધેયને બદલે આધાર મુકવામાં આવે છેઃ–મેં આજ ચાર કટોરા પીધા.

૪ ગુણીને બદલે ગુણ મુકવામાં આવે છેઃ–ઓ મીઠી ખુબસુરતી તું મારી સામે કેમ જોતી નથી.

એ ચાર અજહલ્લક્ષણાના પેટામાં આવી જાય છે. અજહલ્લક્ષણાને અંગરેજીમાં Metonymy કેહે છે.

---

૧ આખાને બદલે તેનો ભાગ–અંશ મુકવામાં આવે છે. તેને શ્રી કાઢતાં આવડતી નથી. એ મારાં કાલજડાંઃ

૨ અનેક વચનને બદલે એક વચન મુકવામાં આવે છેઃ કાફલો આવ્યો. સંઘ ગયો. ટોળું દોડયું.

૩ એક વચનને બદલે અનેક વચન મુકવામાં આવે છેઃ–મોજાં ઘણાં ઉછળે છે.

૪ રાખસને માટે તેની જાત મુકવામાં આવે છેઃ–તમે લોભી છો એમ કેહેવાને બદલે બ્રાહ્મણ બહુ લોભી હોય છે.

એ ચારને ઉપલક્ષણ અથવા અંગરેજીમાં Synecdoche કરીને કેહે છે.

---

૨ વ્યંજના—ધ્વનિપ્રકરણ.

લક્ષણાથકી પણ આગળના–ઘણા દૂરના સંકેતનો બોધ જે શક્તિવડે થાય છે તે વ્યંજના અથવા ધ્વનિ.

એ ત્રણ પ્રકારની છેઃ વસ્તુ ઉપરથી દૂરનો સંકેત કરવામાં આવે ત્યાંહાં **વસ્તુવ્યંજના**, અલંકાર ઉપરથી દૂરનો સંકેત કરવામાં આવે ત્યાંહાં **અલંકાર વ્યંજના** અને રસ ઊપરથી દૂરનો સંકેત કરવામાં આવે ત્યાંહાં **રસવ્યંજના.**

(ક) **વસ્તુવ્યંજનાનો** દાખલોઃ

"બાગો બગીચા ફુલ વાસવાળા, વાડી વજીફા ફળથી રસાળાં"
"દેખી અદેખી બહુ થાઉ આલી, ફૂટે નસીબે નહિં આહિ માળી."

(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૩૬૧.)

એમાં બાગ અને માળીનાં વર્ણનથી પોતાનો ધણી પોતાની પાસે નથી એમ બતાવ્યું.

(ખ) **અલંકારવ્યંજનાનો** દાખલોઃ

"લીલાજ આંબા વડ પીપળારે, શોભી રહ્યા આ જિવ બાળવાને"
"મ્હોરો ખર્યા ને પસરી અળાઈ,કેરી ભરાતી રસથી સુકાઇ"
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૨૯૪.)

એમાં આંબાના દૃષ્ટાંતે બતાવ્યું કે મારા મોરો ખરી પડયા અને મારી કેરી જે રસથી ભરાતી તે અધવચ સુકાઈ ગઈ (સ્તનવિશે છે.)

(ગ) **રસવ્યંજનાનો** દાખલોઃ

"અત્યંત વૃષ્ટિથિ વધ્યો વિરહાગ્નિ જાણૂં"
"અત્યંત અગ્નિ વધવે બિજિ વૃષ્ટિ માણૂં"
"અત્યંત વૃષ્ટિથકિ છેક તણાઇ જાઉં"
"એો પ્રાણનાથ તુજસૂં નહિરે મળાયૂં."
(ન૦ ક૦ પુ૦ ૧. પા૦ ૪૦૬.)

અર્થ.–અત્યંત વરસાદ પડવાથી મારો વિરહાગ્નિ વધી ગયો અને અગ્નિ વધે ત્યારે બાફને લીધે બીજી વૃષ્ટિ થાય. (અતિસે વિરહાનિથી બફાયાથી જેભો છુટયો) જારે ઘણો વરસાદ પડયો તારે હું પાણીમાં તણાઇ ગઇ (જેભો છુટવાની સાથે મને તાણ ચાલી છે આ હું તણાઉંછું–મરૂંછું) અરે એો પ્રાણનાથ તને ન મળાયૂં જે !

રસપ્રવેશ.*

અર્પણપત્ર.

પરમપ્રિય નભુલાલ દાનતરામ,

મુ૰ મોજે ટકારમાં જિલ્લે સુરત.

જે દિવસથી તમારી કાવ્યશક્તિ તથા રસિકતા વિષે સાંભળ્યું છે અને જે દિવસથી (એક વાર સાક્ષાત દર્શન થયા પછી) તમારી મૂર્તિ મારાં નેત્ર આગળ સ્થાયી થઇ રહી છે તે તે દિવસોથી તમે મારાં મનમાં સારીપઠે વસી રહ્યા છો.

રસનું પુસ્તક રસિકનેજ અર્પણ હોવું જોઇયે. જ્યાંહાંસુધી રસ અર્પણ કરવા જોગ રસિક ન જણાયો ત્યાંહાંસુધી તો રસ સંસ્કાર વગરનો રહ્યો, પણ હવે તો તમે મને જડ્યા છો માટે તમારૂં **રસરૂપ લાલ** નામ મારા રસપ્રવેશને જોડીને એ ગ્રંથ સંસ્કારી કરૂં છઉં.

તમે મારી ન્યાતના છો, મારા મોટા કવિભાઇ છો, મારીપઠે **રસોવૈસઃ** એ શ્રુત્યર્થને અનુસરતા છો અને ઘણીએક વાતમાં મારા સ્વભાવને મળતા છો–અર્થાત્ ગ્રંથાર્પણ તમનેજ થવું જોઇયે.

સંસ્કારી ને ભાગ્યશાળી પ્રીતિ આ કે પ્રેમીજનોએ વિયોગપીડાનો સારો અનુભવ લઈ અંતે સંયોગસુખોપભોગ કરવો. આપણે હમણાં વિયોગમાં છૈયે તથાપિ એમાં, થવાના સંયોગમાં અને મુવા પછી પણ, આપણાં નામો નિત્યના સંયોગમાં રહે એટલાસારૂ,

આ **રસપ્રવેશગ્રંથ**, અર્પણ કરૂં છઉં તમે–**નભુલાલને**, હું–

નર્મદાશંકર.

---

* પહેલી આવૃત્તિ પ્રતાપરુદ્ર નામના સંસ્કૃત ગ્રંથ ઉપરથી અને **રસશા**-સ્ત્રના સંસ્કૃત ગ્રંથોના હારેસહેમન વિલ્સનના કરેલા તરજુમા ઉપરથી કરીને ૫૦૦ નકલમાં સને ૧૮૫૮માં શીલાછાપથી છપાવી હતી. પછી એ ગ્રંથ પુનાના બાળશાસ્ત્રી દેવ પાસે સુધરાવ્યો. તેમ, સાહિત્યદર્પણ નામના અમૂલ્ય ગ્રંથમાંથી મેં રસપ્રકરણ તથા નાયિકાપ્રકરણ આ વિદ્વાના પ્રખ્યાત શાસ્ત્રી યજ્ઞેશ્વર પાસે શિખી લીધાં. વળી, હિંદુસ્તાની ગ્રંથો સુંદરશૃંગાર ને રસિકપ્રિયામાંથી પણ એ પ્રકરણો જોઈ લીધાં. એ સઘળા ગ્રંથોનું અવલોકન અને એ વિષે મારો પોતાનો અનુભવ તથા મારી બુદ્ધિ એ ઉપરથી આ બીજી આવૃતિ કરી છે.

(કવિત્ત–ધનાક્ષરી.)

"પ્રાનકે સમાન પ્રિયે જનકે કરૂં બિનંતી,
જો જો ગ્રંથ અરપે સો હમારે ઉપયોગ હે;
પુનર્કૃપાયુક્તાર્પન ઇચ્છા ભઈ ગ્રંથનકી,
રસિક હમે જાનો તો હમારે ઉપભોગ હે;
કબિરાજ રાજા નર્મદાશંકર લાલશંકર,
મીલે ચાહે મંન અબ દર્સકો બિયોગ હે;
નભુલાલ દાનતરામકો પ્રનામ પ્રેમયુક્ત,
જાનલેહુ જીયો સદા સર્વદા સંયોગ હે."—૧

રસપ્રવેશ.

મંગળાચરણ.

(ચામરવૃત્ત.)

મચ્છ કચ્છ ને વરાહ છે નૃસિંહ વામનં;
પર્શુરામ રામ કૃષ્ણ બુદ્ધ કલ્કિ નામનં;
શક્તિ શુદ્ધિ બુદ્ધિ ભારિ ભૂમિભાર ભંજનં;
વંદું વંદું તેહને હું, થાય ગ્રંથ રંજનં.—૧

રસ.

(દોહરો.)

અર્થે ચમત્કૃતિજ્ઞાનથી, હૈડું ભેદાઈ જાય;
આનંદી સ્થિતિ થાય તે,રસ* નામે કહેવાય.—૧

અર્થ—રસ એટલે પાણી જેવો પદાર્થ અને રસ એટલે મિઠાસ-ખુબી એ પ્રમાણે સાધારણ લોકના જાણ્યામાં છે. એ અર્થો બોલવાં લખવાં

---

* એક સંસ્કૃત ગ્રંથમાં એમ છે કે કેટલીએક મનની વૃત્તિનાં સમુદાયનું કેવે પ્રકારે શોભી રહેલું તે રસ.

બીજો ગ્રંથકાર કહે છે કે કેટલાંએક કારણોની સહાયતાથી આવી રહેલું જે સ્વાદુત્વ તે રસ.

ત્રીજો ગ્રંથકાર કહે છે કે અત્યાનંદથકી ઉત્પન થયલો જે ચિત્તનો દ્રાવ તે રસ.

ચોથો ગ્રંથકાર કહે છે કે જેમાં ચમત્કૃતિ રહેલી છે તે વિષયનું નામ રસ.

નાચવાં વગેરેને પણ લાગુ પડે છે. બોલવાં લખવાં સાંભળવાં ઉપરથી આપણી સ્થિતિ બદલાઇને જે આનંદરૂપ સ્થિતિ થાય છે તેનું નામ રસ. (હૈયું પિગળી પાણી જેવું થઈ જે સ્વાદ આપે છે તે.)

કાવ્યનાટકાદી વિષે, જે જે રસ સોહાય;
તે મ્હોટા નવ વર્ગમાં, શાસ્ત્રવિષે વર્ણાય.—૨

અર્થ—ઉપર કહેલી આનંદી સ્થિતિ જુદે જુદે પ્રસંગે જુદે જુદે રૂપે દેખાય છે; ને એના નવ વર્ગ પાડયા છે. (સંસ્કૃતમાં કાવ્યપ્રકાશ

ઉપલી ત્રણ વ્યાખ્યા ઘણુંકરીને મળતી છે પણ એથી જુદી દેખાય છે. રસસંબંધી મારા પોતાના વિચાર આ પ્રમાણે છેઃ—મધમાં રહ્યો છે તે રસ કે મધ ખાધા પછી આપણને જે લાગ્યો તે રસ ?; જ્યાંસુધી મધ પહેલવહેલું પણ કોઈના ચાખ્યામાં આવેલું નહીં ત્યાંસુધી કોઈયે મધને મીઠું નહીંજ કહ્યું હોય–વસ્તુ અને તેનો ભોક્તા એ બેના સંબંધ ઉપરથી વસ્તુનો ગુણ વર્ણવામાં આવે છે; માટે મિઠાસ પ્રથમ તો મધમાં નહીં પણ મધ ખાનારામાં ને પછી તે મધમાં છે એમ કહેવાનો વેહેવાર ચાલેલો. વળી આ કવિતામાં રસ છે એટલે તે કવિતા જેથી નિકળી છે તેનામાં પ્રથમ રસ હતો તે કવિતા રૂપે બ્હાર નિકળ્યો છે. અર્થાત્ મારો વિચાર તો આ કે રસ શબ્દ ભોક્તાનેજ લગાડવો.

રસનો અર્થ આનંદી સ્થિતિ એવો કહ્યો પણ એમાં બાધક આવે છે–નવ રસમાંના જે કરુણ, રૌદ્ર, ભયાનક, બીભત્સ રસ તે રસનો અનુભવ લેનારાઓને આનંદ થતો નથી—માટે હું જાણું છું કે રસની વ્યાખ્યા આમ થઈ હોય તો વધારે સારૂં–કે મનના જોરસા જુદે જુદે પ્રસંગે જુદે જુદે રૂપે જુદી જુદી અસર કરનારા હોય છે–ને એ જુદી જુદી અસરના નવ વર્ગ છે; એમાંના અક્કેકા વર્ગનું–એકજ જાતની જે અસર તેનું નામ રસઃ—

પણ પાછું એમ જોઈયે કે એવી વ્યાખ્યાને રસ શબ્દ લગાડવો એ સારૂં નથી. સંસ્કૃત ગ્રંથકારોએ આનંદી સ્થિતિને રસ કહ્યો છે તેમારા ધાર્યા પ્રમાણે કાવ્યનાટકનાં વાંચવાં સાંભળવાંથી (ખરેખરો અનુભવ કર્યાથી નહીં) જે આનંદી સ્થિતિ થાય છે તે ઉપરથી–હા, કાવ્ય નાટકોમાંના કરુણ, રૌદ્ર, ભયાનક, બીભત્સ રસથી પણ આનંદ થાય છે ખરો–પ્રસંગ પ્રમાણે શોભતાં વર્ણનથી આનંદ થાયજ. કાવ્ય નાટકનો ઉદ્દેશ રમુજ સાથે શિખામણ આપવાનો છે ને તેમાં એ રસો જાત અનુભવે દુખકર્તા છે તોપણ શિક્ષારૂપે સુખકર્તા છે ને પ્રસંગોપાત તે એવી અસર કરે છે કે કંઈ કહ્યાનીજ વાત નહીં. મોટા સતવાદીઓને અને ખરા પ્રેમીને સંસારમાં કેટલું સોસવું પડેછે એ વાત જોયાથી આપણને તેઓની દયા ઉપજી રડવું આવેછે–પણ એ રડવું અંદરથી કેવું સુખ કરતું છે તે અનુભવિયો જાણેજ છે–એ રીતે કરુણરસમાં આનંદ છેજ. કરુણારસમાં દુખ હોય તો તે સમજવાને કોઈ યત્ન ન કરે–કરૂણારસવિષે તો રસિક પુરુષોનો આગ્રહ છે. દુષ્ટના ક્રોધ ભયથી કેટલા અલાભ છે એ વાત શબ્દાર્થ ચમત્કૃતિમાં જાણવાથી આનંદ થાય છે. જુદ્ધમાં લોહીની નદી, ધડ માથાંનાં ચકદાવાં એવાં કંટાળા ઉપજાવે તેવાં વર્ણન પણ શિક્ષારૂપે આનંદ આપે છે–અર્થાત્ દોહરામાં જે રસ વર્ણ્યો છે તે કાવ્યનાટકસંબંધી છે (જાત અનુભવ સંબંધી નથી); અને સઘળા રસ, આનંદે ચિત્તનો દ્રાવ કરે છે.

નામનો ગ્રંથ થયો તેની પેહેલાં શાંતરસ રહિત આઠ રસ ગણાતા. સાહિત્યદર્પણવાળાએ માબાપ અને છોકરાં વચ્ચેની પ્રીતિને વત્સરસ એ નામ આપી દશ રસ કહ્યા છે.)

(છપય વૃત્ત.)

રતિભાવે શૃંગાર, હાસ્યરસ હાસે હોયે;
કરુણા શોકે થાય, રૌદ્રરસ ક્રોધે જોયે;
ઉત્સાહે છે વીર, ભયાનક તો ભયથી તે;
જુગુપ્સથી બીભત્સ,વિસ્મયે અદ્‌ભુત વીતે;
શમભાવે રસ શાંત નવ નવ,હેતુ કાર્ય હે નાર નર;
ભણિભાવ નામ સ્થાયી વળી,નવરસ જસ મ્હસ પાન કર. ૩

ટીકા–રસ પરીપૂર્ણ થવાની આગમજ થયલી ને પછી રસ રહે ત્હાંસુધી રહેતી જે સ્થિતિ તે સ્થાયીભાવ કહેવાય છે–સ્થાયીભાવ એ અંકુરાવસ્થા ને રસ એ પલ્લવાવસ્થા જાણવી. ઉપલા છપ્પામાં સ્થાયીભાવને કારણ ને રસને કાર્ય કહ્યું છે એટલે એમ ન સમજવું કે રસ કોઇ કાર્ય છે–રસ કંઇ જાણવાનો વિષય નથી, થયલું કાર્ય નથી, ને તે નિત્ય નથી; તેમ વાચ્ય એટલે સ્પષ્ટ બોલાય તેવો નથી, લક્ષ્ય એટલે લક્ષણા કરી શકાય તેવો નથી પણ આર્થીવ્યંગ છે એટલે અર્થસંકેતનાં જ્ઞાનનો અનુભવ છે. સ્થાયીભાવ એ અંકુર ને એ અંકુર પછી પલ્લવ એ ક્રમ દેખાડવાને કાર્યકારણ સંબંધ કલ્પ્યો છે. અક્કેકા રસના જે સ્થાયીભાવો તે બિજા રસમાં સહાયકારી–વ્યભિચારી ભાવો થાય છે કેમકે તેઓ, રસ રહે ત્હાંસુધી ટકતા નથી. જેમકે, શૃંગાર ને વીરમાં હાસ, વીરમાં ક્રોધ અને શાંતમાં જુગુપ્સતા એ વ્યભિચારીભાવો થાય છે. એ સ્થાયીભાવને ઉત્પન્ન કરનાર ને સહાય કરનાર જે ભાવો તેવિષે નવરસ સમજાવ્યા પછી બોલીશ.

સ્થાયીભાવ.	રસ.	સ્થાયીભાવ.	રસ.
૧ રતિ.	શૃંગાર.	૬ ભય.	ભયાનક.
૨ હાસ.	હાસ્ય.	૭ જુગુપ્સતા.	બીભત્સ.
૩ શોક.	કરુણા.	૮ વિસ્મય.	અદ્‌ભુત.
૪ ક્રોધ.	રૌદ્ર.	૯ શમ	શાંત.
૫ ઉત્સાહ	વીર.		

શૃંગારરસ.

(દોહરો.)

પ્રતિ મતિ રિતિ રતિ જાણવી, જાણતી રસ શૃંગાર;
જોયે સૂણે સાંભરે, પ્રીતિબીજ પડનાર.—૧.

અર્થ—પ્રીતિ કરવાની બુદ્ધિ અને રીતિ તે રતિ. મનને પ્રિય એવી જે વસ્તુ તેની તરફ મન ખેંચાવું તે રતિ.

ટીકા—સ્ત્રીપુરૂષની પ્રીતિનું પરિપુષ્ટ થવું તે શૃંગારરસ. શૃંગારરસ મનુષ્ય સ્ત્રીપુરુષમાંજ હોય છે. પશુપક્ષ્યાદિના સંભોગને રસ નથી કહેતા પણ રસાભાસ કહે છે. તેમ, ઇશ્વરઉપર જે પ્રીતિ–ભક્તિ તેને પણ રસ નથી કહેતા;–તે સ્થાયીભાવજ છે. કામનો જે અંકુર તે શૃંગ અને એ જેનો હેતુ તે શૃંગાર. શૃંગારરસનો રંગ સ્યામ કલ્પ્યો છે. શૃંગાર બે પ્રકારનોઃ–સંયોગ–સંભોગ શૃંગાર અને વિયોગ–વિપ્રલંભ શૃંગાર. વિપ્રલંભમાં રતિ સ્થાયીભાવ પ્રકૃષ્ટ છે તથાપિ નાયક અથવા નાયિકાનો સંબંધ થતો નથી. વિપ્રલંભ ચાર પ્રકારનોઃ–૧ પૂર્વરાગ એટલે સાંભળે* જોયેથી પ્રીતિ ઉપજેલી એવાં સ્ત્રીપુરુષની જે પ્રથમ અવસ્થા તે; [એકેાવાર મિલાપ ન થયો હોય તેવી]; (એ ત્રણ રીતનોઃ–ગળીના રંગ જેવો એટલે જેમાં ઘણી શોભા નથી પણ એકવાર જે થયો તે કોઇ દાહાડો જાય નહીં તેવો, કસુંબાના રંગ જેવો એટલે શોભે તેવો પણ ઉડીજાય તેવો અને મજીઠના રંગ જેવો એટલે જાય નહીં ને ઘણો શોભે); ૨ માન (એ બે રીતનુંઃ–લાડવાથી ને ધર્યાથી); ૩ પ્રવાસ [થોડાક મિલાપ થયા હોય ને પછી અડચણથી ન મળાતું હોય તે પ્રસંગ પણ] અને ૪ કરુણાત્મક એટલે બેમાંનું એક પરલોક ગયેસતે+ [અથવા બેવશ થયુંસતે] ફરીથી તે પાછું મળશે એવી આશા હોય તેવે પ્રસંગે કરુણવિપ્રલંભ થાયછે–પુનર્જન્મ થઇને મળશે એવી આશા હોય ત્હાં નહીં. [કેટલાક લોક વિપ્રલંભ

---

* સાંભળ્યાથી પ્રેમ બંધાય ને તે વળી ટકે એવું તો બને નહીં–પણ પુરાણોમાં લખેલું હોય છે કે ઈશ્વરે બંનેનો સંબંધ નિર્માણ કરી રાખ્યો હોય છે ને એ થવાના સંબંધની (નારદ વગેરેથી) જાણ પડેથી કેટલાંક સ્ત્રી પુરુષ પોતાની પ્રીતને ટકાવી રાખે છે. (રામસીતા–નળદમયંતીની પેઠે.)

+ આ દેહે પરલોક જઈ આ દેહેજ પાછાં આવેલાં એવી વાતો પુરાણોમાં છે. બાકી બને તેવી તો નથી.

શૃંગારને કરુણારસ સાથે મેળવી દેછે તે ખોટું છે–વિપ્રલંભમાં આશા હોય છે પણ કરુણારસમાં આશા નહીંજ–ઇષ્ટનાશથકી જે અનિષ્ટ થાય ને ઇષ્ટ ફરી કદી મળે નહી ત્હાં કરુણારસ જાણવો]. શૃંગારરસના દાખલા—

(માલિની.)

વહુ બહુ અનુરાગી જે વસંતી વિલાસે
પ્રિય પિઉ પરદેશે તેથિ રહેતી નિસાસે
પણ પિઉ અણચીત્યો આવિ પોંતો સવેળે
ઉલટથિ ઝિલિ રંગે ખૂબ તે ખીલિ ખેલે—૨.

એમાં વિયોગ ને સંયોગ બંને છે.

(કવિત.)

પુલ બાગ ચાંદનિયે સુવાસે ફરી રહ્યાં ને
ઠૂમરી હમકી ઉડે ફરે નહિ માન રે
પિવાએ પવાએ પ્યાલા નેનતણા ભ્હાલે ભાલા
મદ ને મદનચાળા ભાળે છુટે ધામરે
ગાયન કરાવી બંધ ઉઠયાં ત્યાંથી કામઅંધ
ઘોડાએ દોડાવી ખૂબ જાએ નીજ ધામ રે
વિલાસીન નરનારી રંગીલાં રસીલાં ભારી
કીધાં વના રહ્યાં હશે કોકતણાં કામ રે?—૩.

એમાં સંયોગ શૃંગાર છે.—

નવાં નવાં રંગતણાં નવાં નવાં પૂલ રાજે
માજરઉપર ઘુમે ભ્રમર ભ્રમરી સંગ
પંખીઓ જોડામાં બની કરતાં કલ્લોલ ભારી
દિવસ રંગીલો જોતાં થવાઈ જવાએ દંગ
રડો છે રચીલો રાચ રડંતો લાગે છે સાચ
સુનું અણમાન્યું ઘર સુનું છે વિના પ્રસંગ
હાયરે ઉમંગથકી નંગ ને મોતીઓ સજી
અંગમાં ઉમંગ આણી રમી ન પીઉસું રંગ—૪.

એમાં વિયોગ શૃંગાર છે.

સ્થાયીભાવનો દાખલો.

(માલિની.)

બહુ બહુ જસ લીલા જોઇને આંખથીરે
બહુ બહુ જસ લીલા સૂણિને કાનથીરે
હરિ હરિ હરિ તુને શોધુ છૂં ખંતથીરે
હરિ હરિ હરિ મૂને છોડવે પાપથીરે—૫.

હાસ્યરસ.

(દોહરો.)

નિકળે હૈડાંનો હરખ, નયન વદનથી બ્હાર
રુપ ભાષણ ને વેશ ગુણ, એથિ હાસ છે સાર—૧.

ટીકા—રંગ સ્વેત કલ્પ્યો છે. હસવું છ પ્રકારનું—સ્મિત (એમાં નેત્રનો વિકાસ અને ઓઠનું સ્ફુરણ થાય), હસિતં (ઉપલાં બે ને વળી થોડાક દાંત જણાય), વિહસિતં (જેમાં મધુર સ્વર નિકળે), અવહસિતં (જેમાં માથું પણ હાલે), અપહસિતં (આંસુ સાથે હસવું), અતિહસિતં (હસતાં પડી જવું)—પહેલાં બે ઉત્તમ, બીજાં બે મધ્યમ ને ત્રીજાં બે કનિષ્ઠ કહ્યાંછે.

હાસ્યરસનો દાખલો—

(માલિની.)

ત્રણજ દિવસ મેં તો ચાકરી કીધિ યાર
મુજ ગુણ જસ સંધા નીકળ્યા શોભિ બ્હાર
શકુન શુભ થયેલા કે મળ્યું નાળિએર
ફિટ ફિટ ફિટ થાયે તોય છૂં સૂખિ ઘેર—૨.

કરુણારસ.

(દોહરો)

ઇષ્ટવસ્તુના નાશથી, શોક ભાવ ઉપજાય
મોતતણી પીડાથકી, દીન વાણિ બોલાય—૧.

એ રસને કપોતવર્ણ કલ્પ્યો છે.

દાખલો—

(માલિની.)

અરરર૨ વ્હાલા વ્હેતિ તેં કેમ મૂકી
કુમળિ રસિક દેહે ભોંકિ તેં સૂળ સૂકી
ઝળળળળળ પેટે થાય છે ગૂંછળેરે
ઝટ ઝટ પ્રભુ તારી પાસ તું લેઇ લેરે—૨.

રૌદ્રરસ.

(દોહરો)

કીધેલા અપકારપર, ખાર વેર મનમાંહિ
જ્હાં ના મનમાન્યૂં બને, ક્રોધ ઉગ્ર છે તાંહિ—૧.

ટીકા—ક્રોધ એ સ્થાયી ભાવથી રૌદ્રરસ થાય છે—એને રક્તવર્ણ કલપ્યો છે.

(માલિની.)

રણસિંગ સુણતાંમાં જોશથી ઊઠતો કે
મુછપર દઈ તાવો બાહુને ખૂબ હોકે
મુખથિ બહુ બરાડે નેનથી જ્વાળ કહાડે
ધસિજઈ રણમાં તે કારમૂં જુદ્ધ માડે—૨

(ચરચરી વૃત્ત.)

'તડતડિત સણગાર સજિ ખડખડિત આયૂધ ધરિ
હણુણુણુણુ શબ્દ કરિ મુખથકિ ઝેર ઝરે;
ભડભડભડ નેન ઝાળ ચકરરરર ચક્ર ફાળ
કારમો કરર કાળ ઘાણ ભારી ભરે;
હૂં હૂં વિકરાળ અંત ગરરરરર ધં ગર્જંત
કરરરરર કરડિ દંત ચિરિ ચકચૂર કરે;
મરરરમચેડિ દેહ અરરરરર સર્વ કેહ
ત્રાહ ત્રાહ ત્રાહ ત્રાહ ઝટ્ટ જીવને ધરે.

(પિં૦ પ્ર૦)

વીરરસ

(દોહરો)

યુદ્ધપરાક્રમ થાય ને, દયા વળી ઔદાર્ય
મન મોટું પરમાર્થમાં, જ્હાં ઉત્સાહનું કાર્ય—૧.

દયા બતાવવામાં, ઉદારતા બતાવવામાં, ને જુદ્ધમાં પરાક્રમ બતાવવામાં જે ઉમંગ તે ઉત્સાહ—એથી વીરરસ થાયછે. એને હેમવર્ણું કલ્પ્યોછે—

રૌદ્રમાં ક્રોધથી જોદ્ધા રાતોપીળો થઇ જાય છે ને વીરરસમાં જોદ્ધા ઉમંગથી (ગંભીરતા ને હાસ્ય સાથે) પરાક્રમ કરવો જાય છે.

દાખલો—

'ન ખિલિ પુરિ જુવાની રાયની એટલે રે
યશ યશ યશના તે સિંહ શીકાર લેરે
પ્રથમ તલપ ફાલે જુક્તિથી જોઇ લેરે
પછિ બહુ ગજ મોટા સ્હેજમાં મારિ લેરે.'

અલંકાર પ્રવેશ

પરશુરામ એ દાનવીર, યુધિષ્ટિર એ ધર્મવીર, રામચંદ્ર એ યુદ્ધવીર અને જીમૂતવાહન એ દયાવીર કહેવાય છે.

ભયાનકરસ.

(દોહરો)

બહુ બનાવ બીહામણો, શત્રુકોપ દરશંન
અનર્થની શંકાથકી, ભય ઉપજે છે મંન—૧.

ભયથકી ભયાનકરસ—એને કૃષ્ણવર્ણું કલ્પ્યો છે.

(માલિની,)

નવિ વહુ જણનારી વ્હેમિ ચૂકેલ જોઇ
ડચક ડચકથી તે સ્વપ્નમાં ખૂબ રોઇ
મુઇ મુઇ કહિને તે ફાળમાં ખ્હાર દોડી
હતિ નિરબળ તેથી સ્હેજમાં દેહ છોડી—૨

બીભત્સરસ.

(દોહરો.)

અણગમતી વસ્તૂ દિકે, અર્થદોષથી ત્રાસ
ઉદાસિ નિંદા નીપજે, જુગુપ્સતાનો ભાસ–૧

ટીકા–મેલી વસ્તુ, ભુંડી ગાળાગાળ, વગેરે જેથી કંટાળો ઉપજે તે જુગુપ્સતા ને તેથી બીભત્સ રસ–એને નીલવર્ણ કલ્પ્યોછે.

દાખલો—

(માલિની.)

કદલિગરભ છોરૂ જોરથી ખૂંચિ લીધાં
જનક જનુની જોએ ચીરિ ઊરાડિ દીધાં
કુલિન કુંળિ સ્ત્રિઓને ખૂનિયે વીંધિ રીસે
રુધિરતણિ નદી ને માંસ ચકદાતું દીસે–૧

અદ્‌ભુતરસ.

(દોહરો.)

અસામાન્ય સુણિ જોઇને, મનને વિસ્મય થાય
આંખો ટકટક જોય ને, તટસ્થ તન થઈ જાય–૧

વિસ્મય ભાવથી અદ્‌ભુત રસ. એનો પીતવર્ણ છે.

(માલિની.)

સરસરુપ જુવાની સુંદરી કારમીરે
મદ મદન ભરી શૃંગાર કાવ્યે રમીરે
વિરહ પિડિત જારે હૂં પ્રવાસે તું ત્હારે
ધન ધન પણ પાળ્યૂં પ્રેમનૂં સાધુ ભારે.

શાંતરસ.

(દોહરો.)

વિષયતણો અનુરાગ જહાં, નથી દીસતો લેશ
આત્માનંદ નિમગ્નતા, શમે હોય હંમેશ–૧

શમ–સંસારી વિષયઉપરથી ભાવ ઉઠી જવો તે. એમાં સુખને કંઈ અભાવ નથી—પરમાનંદ એ મોટું સુખ છે. શાંતરસમાં અહંકારનું પ્રશમન છે. એની કાંતિ કુંદ પુષ્પ અથવા ઇંદુના જેવી ધોળી છે.

(માલિની.)

નથિ નથિ નથિ રહેતૂં તેનું તે જગતમાંરે
દુખ દુખ દુખ દે છે રાખિને મોહમાંરે
જુદું જુદું જુદું સંધૂં એમ સંધેજ જારે
સત સત સુખ નાણૂં જ્ઞાનવીવેકમાંરે.

રસને ઉત્પન્ન કરનાર તથા સહાય કરનાર ભાવો.

વિભાવ.

(દોહરા.)

સ્થાયિભાવ જેથી બને, નામ વિભાવ ભણાય
બીજ અને સિંચનથકી, એ રીતે જોવાય–૧
મૂળબીજ કારણ દિસે, જેઊપર મંડાણ
આલંબન વસ્તૂ પ્રથમ, કહે છે જંન સુજાણ–૨
ઉદ્દીપન પુષ્ટી કરે, દઇ દઇ શોભા નીજ
પછી ધડાયે સ્થાયિ તે, રસ રૂપે દે રીજ–૩

ટીકા—જે કારણથી—જે બીજ તથા જે સીંચનથી સ્થાયીભાવ અંકુરાવસ્થાને પહોંચે છે તેનું નામ વિભાવ. એમાં એ ભાગઃ મૂળવસ્તુ–બીજ અથવા આલંબન વિભાવ અને બીજને સીંચનરૂપે પુષ્ટી કરતી વસ્તુ અથવા ઉદ્દીપન વિભાવ. શૃંગારરસમાં નાયક અથવા નાયિકા તે આલંબન અને ભાવહાવાદિ ચેષ્ટા રૂપગુણ જોબન (આલંબન ગુણ), ધરેણાં લુગડાં (અલંકૃતિ) અને વાયુ ચંદ્ર આકાશ વગેરે (તટસ્થ) એ સહુ મળીને ઉદ્દીપન વિભાવ.

(દોહરો.)

સખિ તે પરદેશે છતાં, સ્વપ્ને દીઠો સાર
રતિ વિલાસ અદકા કર્યા, પસ્તાવાનાં ઠાર—૪

એ આલંબન વિભાવ છે.

(ચોપાઈ.)

શ્રાવણ ઝરઝર કરતો હોય,મેઘ ધનુષ બહુ સાંજે રહોય
તે વેળા નાગરની નાર, ઉજળી ચંદ્રવદનસમ સાર

કટી પાતળી કાળી આંખ, ઠમક ઠમક ચાલે પણ રાંક
પેરિ પિતાંબર ઊભી રહેાય, દેખી કેા તેને નવ મ્હેાય ?—૫

એમાં ઉદ્દીપન વિભાવ છે.

અનુભાવ.

વિભાવકેરૂં ભાન તે, પ્રકટિત જેથી થાય
રેામાંચાદિક ચિન્હ તે, અનુભાવેા કહેવાય—૧
પ્રીતમ દેખી પ્યારિનાં, રૂવાં ઊભાં થાય
પરસેવે ગભરાટમાં, થર થર ધ્રુજતી ધાય—૨

ટીકા—મનમાંનેા કેાઇપણ ભાવ જે ચિન્હથી બ્હાર જણાયેા તે અનુભાવ—પણ (ઘણા ભાવથી થયલા) સ્થાયી ભાવરસનેા જે અનુભાવ, પ્રાણી શરીરને વિષે ઉત્પન્ન થયલા તેને સાત્વિકભાવ પણ કહે છે. એ આઠ છે—સ્તંભ એટલે સડક થઇ રહેવું તે; પ્રલય એટલે મૂર્ચ્છા; રેામાંચ — રૂંવાં ઊભાં થવાંતે; વેપથુ–કંપારી; અશ્રુ—આંસુ; સ્વેદ–પરસેવેા; વૈસ્વર્ય–ધાં ટેા અથવા સાદ બગડવેા તે અને વૈવર્ણ્ય એટલે શરીરના રંગનું બદલાવું તે.

વ્યભિચારી.

રસને સહાય કરે અને, રંગે રસતસવીર
વિભાવ ને અનુભાવથી, પણ નહિ ટકવે ધીર—૧

એ ભાવ, રસને પુષ્ટિ આપે છે—એ કંઈ સ્થાયીભાવની પેઠે પ્રથમથી નથી હેાતા—એ વ્યભિચારી ભાવને પણ પેાતાના વિભાવ ને અનુભાવ હેાય છે. એ તેંતરીસ છે.

(કવિત્ત.)

આલસ્ય આસૂયા હર્ષ અમર્ષ વિષાદ ગર્વ
સ્મૃતિ ધૃતિ મતિ સુપ્તિ ગ્લાનિ નિર્વેદ ગણુ
શ્રમ શંકા નિદ્રા વ્યાધિ વિબેાધ વિતર્ક વ્રીડા
આવેગ મરણ મેાહ મદ ઉન્માદ ભણુ
અવહિત્થ અપસ્માર ઉગ્રતા ઔત્સુક્ય ત્રાસ
દૈન્ય ચિંતા ચપળતા જડતા ત્રીસ ત્રણુ
ભાવ વ્યભીચારી વાણુ મનમાં રમાડી જાણુ
સુખને આનંદ આણુ એજ રસીકપણુ—૧

આલસ્ય.

જે કંઈ કરવાનું તેને વિશે ઉદ્યમ ન કરવો તે. વિભાવ–થાક, મોજીપણું, ગર્ભધરી અવસ્થા, વિચાર વગેરે. અનુભાવ–ધણીજ ધીમી અને વગર ખુશીની હાલ ચાલ કરવી, નીચું વળવું, બગાસાં ખાવાં, મોહોડું ચડવું, દીલ ભારે થવું વગેરે.

શરદ નિશાયે કરી નિશા જે નીશાથી થયા
બનિ ઠનિ સામ સામા બેસતાં અગાસિમાં
ધણીઆણી ધણી નામ ચંદા ચંદુ રતિ કામ
ચંદની ચિકાર ચાહિ એકજ તે રાસીમાં
પ્રીતિજ પ્રમદથકી થઈ કામાતુર નકી
કરિ રતિ વીરલીજ નહી રંગમાં સીમા
રતિ શ્રમ આનંદ ને વિચાર પ્રીતિના તેથી
ગયાં નહિ ઘરમાં તે સૂવા સેજ ખાસીમાં—૨

આસૂયા.

બીજાની મોટાઇ, તેનાં સારાં કામ વગેરે ન સહન થયેથી જે અદેખાઈ ઉત્પન્ન થાય છે તે. અદેખાઈથી બીજાને નીચો પાડવાની તજવીજ કરવી તે પણ આસૂયા. વિભાવ–પિત્તળ સ્વભાવ, ચીડીઆપણું, શીઘ્ર કોપ, હલકાપણું વગેરે. અનુભાવ—ગુસ્સાવાળું ડોળ, ખોડ ઉઘાડી કરવી.

(દોહોરો.)

શિશુ કવિ ઉગતો જોઇને, તરુણે ટપલી દીધ
મનમાં બળિ બહુ ક્રોધથી,કવિતા ખોટી કીધ—૩

હર્ષ.

ખુશી આનંદ વિભાવ–દોસ્તનું મળવું; છોકરાનો જનમ વગેરે. અનુભાવ–ડચકાં ખાવાં, આંસૂ, ધાંટો બદલાવો, રૂવાં ઉભાં થવાં વગેરે.

વસંત લીલા જોઇને, વર વહુ બહુ હરખાય
વળિ માંને પ્રભુપાડ કે, સંયોગે રેહવાય—૪

અમર્ષ.

સામે થવાની, બરાબરી કરવાની અધિરાઇ–ઉતાવળ. ગુનેગારને વિષે મનમાં ગુસ્સે થઈ કહારે તેને મારૂં એમ મનમાં જે અધીરાઇ થાય છે

તે. વિભાવ–એમ્બાઅરૂ, પરાભવ વગેરે. અનુભાવ–પરસેવો, આંખની રાતાસ, માથું હલાવવું, ગાળ દેવી, મુઠ્ઠી મારવી વગેરે.

પરપુરૂષ સંગે સુતી, પતિ જોઈ નિજ નારિ
મારું મારું કરું ઠોર હું, કહે આકળો ખારિ—૫

વિષાદ.

નાઉમેદી, આશા ભંગ, પડવાનાં દુખનો આગળથી વિચાર કરવો ને દલગીર થવું, દુઃખનાં ચિંતને કરીને ચિત્તનો જે ભંગ તે. વિભાવ–દોલત, આબરૂ અને છોકરાં અથવા હરકોઈ વસ્તૂનું સુખ મેળવવામાં નિરાસ થવું તે. અનુભાવ–રડવું, છાતીનું ધડક ધડક થવું, બાવરાં બાવરાં ફરવું વગેરે.

(લલિતવૃત્ત.)

ભર જુવાનિમાં પાપ મેં કિધાં, અરર રામનાં નામ નાં દિધાં
મરિગયા પછી શી વલે થશે, અરર બ્રહ્મનો ક્રોધ શો હશે.–૬

ગર્વ.

બીજાનો ધિક્કાર કરી પોતાનું સારૂં અને બહુ બોલવું તે. વિભાવ–કુટુંબ, ખુબસુરતી, ગુણ, પદવી, અને જોર વિષે મગરૂબી તે. અનુભાવ–એબાઅરૂ, ચડેલું મુખ, હસવું, બાહાદુરીનાં કામ.

(દોહોરો.)

હું બાંધું હથિયાર જહાં, કોણ ટકે તે હાર;
જે કંઇ મુજથી ના બને, ન બને કોથી–વાર.–૭

સ્મૃતિ.

પૂર્વના અનુભવવાળું જે જ્ઞાન તે સ્મૃતિ; સ્મરણ, યાદ આણવું. વિભાવ–યાદ કરવાની અથવા લાવવાની મેહેનત; વિચારોનો સંયોગ. અનુભાવ–આંખનાં ભવાંનો સંકોચ થવો.

વાંસતણાં વનમાં જતાં, જોઈ જાનવર એક
વાઘ હશે રે વાઘ તે, કહિ ગભરાયો છેક.–૮

વાંસના વનમાં વાઘ હોય છે એ વાત યાદ આવી.

ધૃતિ.

નાનાપ્રકારની વાહાલી વસ્તૂ વિષે પણ ચિત્તની બેતમા તે. મનને એક ઠેકાણે આણવું, આરામ પમાડવો, હીંમત પકડવી. વિભાવ–જ્ઞાન; શક્તિ. અનુભાવ–શાંતિ, નિશ્ચિંતરીતે ભોગવવું, ધીમેધીમે સહનકરવું.

(ચોપાઈ.)

તમે મગન ધનમાં છો સહૂ, હમે મગન ગરિબીમાં બહૂ
તમ સરખા છૈયેરે સુખી, ગરિબ અસંતોષી તે દુખી.—૯

મતિ.

શાસ્ત્રના શોધથી કોઇ પણ વાત મનમાં ધરવી તે. વિભાવ–શાસ્ત્રનું શીખવું. અનુભાવ–માથું હલાવવું; શીખામણ અથવા સલાહ આપવી.

'નીતિ ભજનની સંગે રહૂં, તો તે ભો નડશે નહિલહૂં'
'આ જિવ જસ ગુણ તારા ગાય, ફરી જનમ કો દી નવ થાય.'—૧૦

સુપ્તિ.

વિભાવ–ભરઉંઘ (જેમાં કંઈજ માલમ નહી) આવવી. અનુભાવ–આંખમીચાવવી, હાલચાલ બંધ થવી ને ઘોર બોલાવવી.

(માલિનીવૃત્ત.)

ગદગદિત જિભેથી બોલતી પ્રીતિ પ્યારી
સરસ રતિજથાકે ઉંઘિ તે પૂરિ નારી
વર નિરખિ ચરિત્રો પ્રેમથી જે વિચિત્ર
વિટિ લઇ લિધિ ધીમે આંગળીની પવિત્ર—૧૧

ગ્લાનિ.

સહન કરવાની અશક્તિ, કમજોરી, નાકૌતી. વિભાવ–ઘણી દલગીરી, અતિશે કસરત કરવી, અતિશે મોજ મારવી, ભૂખ.તરસ વગેરે. અનુભાવ–મંદતા, શરીરના રંગનું બદલાવવું, ફીકું પડવું, ધુજારી.

(ઈંદ્રવજ્રાછંદ.)

કુકર્મ કર્તા સુખ ભોગિ હોયે, સુકર્મ કર્તા દુખ જોગિ જોયે,
વિચારિ થાઉં નબળો શરીરે, કૃપાથિ સામૂં મુજ જો હરીરે.–૧૨

નિર્વેદ.

દુખ, ઇર્ષા અને તત્વબોધ એથકી કોઇનો તિરસ્કાર કરવો તે. વિભાવ–એક પોતાને ગમતી વસ્તૂ શિવાય બીજી સર્વ ઉપર અરૂચિ, વિરાગ, જ્ઞાન. અનુભાવ–આંસૂ, હુસકાંખાવાં, કેવળ ઉદાસીપણું.

(સિંહાવલોકી સવૈયો.)

ભારિ કરી બહુ પાપ ભરી પ્રભુથી ન ડરી જરિરે સુનકારી
કારિ બનાવટ કૂંદતણી વિખ કર્મ કથા કરવે ખુન ખારી
ખારિ ખરેખરિ જારિ જુગારિ ઠગારિ જુવાનિ અને ધન નારી
ના, રિઝ્યો હરિઅમૃતદાયિ રહ્યો નિત ધિઃક હું સાધુ સભારી. ૧૩

શ્રમ.

થાક. વિભાવ–શરીર અથવા મનની મેહેનત; કોઇ વાતમાં અતિશે ગરકથવું. અનુભાવ–નબળાઇ, પરસેવો.

(કવિત્ત.)

સાડાદશથી તે પાંચલગી કાહુ કાહુ થાય
કરવી સકત તેમાં નોકરી નિશાળની
જોવી ઉઠબેઠ બહુ સહુ ભણુનારતણી
સાંભળવી વાત વળી માર ગાળ આળની
સારી રીતે શીખવતાં પૂરતો પગાર નહી
ફેફસાં બગાડી લેવી માંદગી અકાળની
થાકી લોય ભારી થએ બીજાં કામ થાયે નહી
બીજાં જોવું માન નહી માથાફોડ બાળની.–૧૪

શંકા.

જે ઇચ્છ્યૂં નથી તે એકાએક આવી નડે છે તારે તેની સામે થવાની જે બીહીક તે અથવા જે ઇચ્છ્યૂં હોય તે મળવાને શક હોય છે તે. વિભાવ–કોઇ બીજાનું મોહો ન ગમવું; ધિઃકાર; કોઇની નઠારી વર્તણૂક. અનુભાવ–કંપારી, ગાભરો ચેહેરો, ગાભરૂં જોવું, છુપાવવું.

(ચોપાઈ.)

'એ જણ વાતો કરતી જોય, જાણે ત્રીજી મારી હોય
એ જણ હસતી દીસે અને, જાણે ત્રીજી તે તો મને.—૧૫
ગાભરિ ગાભરિ ફરફર કરે, હેતુ વગર મન શંકા ધરે
હાય વાત મુજ જાણી હશે, હવે ફજેતી ભારી થશે.'—૧૬
(સંસ્કૃત ગ્રંથ)

નિદ્રા.

ઉંઘવું; ઘેન. ઉંઘમાં સ્વપ્ન આવે છે તે. વિભાવ–શરીર અથવા મનનો થાક. અનુભાવ–નસોનું ઢીલું પડવું, બગાસાં ખાવાં, આંખના પલકારા થવા.

(લલિતવૃત્ત.)

નિરખિ નાથને સ્વપ્નમાં વળી, કર પસારતી ભેંટવા ભલી
રતિવિષે થઈ બાવરી બહૂ, પિઉ તું આવની બોલિ તે વહૂ—૧૭

વ્યાધિ.

રોગ–આજાર. વિભાવ–ગરમી અથવા સરદીની અસર, કામ વિકાર, શરીર અથવા મનની વિક્રિયા. અનુભાવ–તેનાં સરખાં ચિન્હો.

(દોહારો.)

રાત્ર દિવસ પિઉપિઉ લવે, તાવે તે સીઝાય
રસજ્ઞાન અદકૂં ઘણું, તેથી બહુ મૂઝાય.—૧૮

વિબોધ.

જાગૃત થવું. વિભાવ–ઉંઘઉડી જવી. અનુભાવ–આંખ ચોળવી, ટાચકા ફોડવા, હાથ પગ પસારવા–

(ચોપાઈ.)

હતી જંખના તેને રોજ, દમતી મંન તુરંગી ફોજ;
સ્વર સૂણી સ્વામીના વળી, ઝપ જાગી ઊઠી તે ભલી.—૧૯

વિતર્ક.

સંદેહે કરીને નાના પ્રકારના મનમાં તુરંગ ઉપજાવવા તે. વિભાવ–શકવાળી બાબતોનું સમજવું. અનુભાવ માથું હલાવવું, આંખનાં ભંભર ચડાવવાં.

(દોહરા.)

મહિના બે પૂરા થયા, વર નિકળ્યા ને જાણ,
વાટે મંદવાડે પડ્યા, કે પડિ આફત તાણ.—૨૦

ગોરી ગર્ભવતી ત્રિયા, સણગારે ભરપૂર;
સાથ વગર ગઇ એકલી, રસ્તે ભીલો શૂર.
મન માર્‌ માને નહી, શી ગત તેની ભાઇ;
લૂટાશે જણશે જશે, થશે મંદ ગભરાઇ.—૨૧

વ્રીડા.

શરમ, લાજ, ઓશીઆળાં પડી જવું, વખાણ અથવા ઠપકાથી પાછું હઠવું. ઝંખવાઇ જવું. વિભાવ–બે આબરૂ, હારવું, ફજેતી, લોક જાણશે એ દેહેશત. અનુભાવ–નીચી નજર કરવી, મોહો બંધ કરવું.

ગુરુશિક્ષાને સાંભળી, શરમાયો તે ભાઈ;
પોથીથી મુખ ઢાંકતો, છેક ગયો લેવાઈ.—૨૨

વરના ગુણની વારતા, સુણિ સહિયરમાં સાર;
વહુ મુગ્ધા મનમાં મગન, પણ ન જણાવે બ્હાર.—૨૩

આવેગ.

જેની આશા ન રાખી હોય, તેવું બન્યાથી અથવા નાખુશ કરે તેવી બીનાઓથી જે ગભરાટ થાયછે તે. વિભાવ–દોસ્તદાર અથવા દુશમનનું એકાએક આવવું. કુદરતી અદ્‌ભુત ચમત્કાર બનવો, ભય સંકટનું ઝુમી રહેવું વગેરે. અનુભાવ–પગલાં ચુકવાં, પડી જવું, ઠોકર ખાવી, હાલચાલની અશક્તિ.

દુશમનપાસે જોઇને, બોલ્યો તે ગભરાઇ;
લાવ લાવ ઘોડો અહીં, જસે મૂજ ઠકરાઈ.—૨૪
બરછિ જમૈયો કહાં ગયાં, પિસ્ટલ કહાં સંતાઇ;
માર્‌ શત્રૂ આ ઘડી, પણ સાધન કહાં ભાઇ.—૨૫

મરણ.

મોત, મરણને અરથે જે પ્રયત્ન તે. વિભાવ–દમ નિકળી જવો, ધા, દુખ. અનુભાવ–જમીન ઉપર પડી જવું, હાલચાલ બંધ થવી.

હૈયા શોકે રોજના, થઇ તે નાજુક નાર;
ગાત્ર શિથળ રે શીત છે, પાણિ ભરાયાં ધાર.—૨૬

મોહ.

બીહીક, દુખ અને આવેશ એઓના અનુચિંતને કરીને જે મૂર્છા તે. વિભાવ–ભય, જોસ્સો, દુખદાયક વાતનું સ્મરણ. અનુભાવ–પડી જવું મૂર્છા, બેશુદ્ધી.

(માલિની છંદ.)

સમજતિ નથિ હું તો સૂખિ કે દૂખી છૂંરે;
સમજતિ નથિ હું તો જાગું કે સૂતિ છૂંરે,
પિઉ પિઉ પિઉ હું તો ભાન ભૂલી ખરેરે;
હુબિ હુબિ હુબિ હુંતો પ્રેમરત્નાકરેરે.—૨૭

(સંસ્કૃત ગ્રંથ.)

વર વિરહ વિજોગી સ્વપ્નથી ઝપ્પ જાગી,
વળિ ઝટ થઇ લાંબી ચંદ્રને પાય લાગી
ગદગદિત રિતે તે ચંદ્રને બોલિ બાધા;
પિઉ પિઉ જપિ મૂર્છા બાધિ તેણે ન વાંધા.—૨૮

(સંસ્કૃત ગ્રંથ.)

મદ.

મદિરાએ કરીને મોહ હર્ષનું નિપજવું તે. છાકટાપણું, હરખવા વગેરે. વિભાવ–પીવું વગેરે. અનુભાવ–હાલચાલમાં સ્થિરતા નહીં, અડબડિયાં ખાવાં, ગફલત વગેરે.

(દોહરા)

પ્રિય ચિંતા મદિરા પિઈ, તુહું તુહું ભણતી પ્યાર;
હસતી રડતી લથડતી, બાવરિ પરવસ નાર.—૨૯

ઉન્માદ.

ચેતના ને અચેતનાને વિષે સરખું વર્તવું તે જોરસો. વિભાવ–પ્યારી વસ્તૂનો નાશ, દુર્દશા વગેરે. અનુભાવ–વગર કારણની વાત કરવી, મિથ્યા-રોવું હસવું વગેરે.

કાગળ વાંચી કામિની, શોકાંધે તે વાર;
ઝટ બાઝીપડિ થાંભલે, પિઉ જાણી તે હાર.—૩૦

અવહિત્થ.

કર્મે કરીને મનની વાત છુપાવી રાખવાની તજવીજ; ચેહેરાથી વાણી-થી વગેરે. વિભાવ–નમ્રતા, મનનું કપટ, અગત્ય. અનુભાવ–કામ કરવું, જોવું, મનમાં હોય કંઈ ને જણવવું કંઈ.

વેદાંતી વેશ્યા જપે, એવા લોકો જોઈ;
ઊંડાં પાણીમાં રહે, લેશ કળે નહિ કોઈ.—૩૧
પ્યારી દેખી દૂરથી, નેન સમરયા ક્રોધ;
જોઈ નીચું સંકોચથી, પુસ્તક કરમાં લીધ.—૩૨

અપસ્માર.

આવેશ. ભૂત અથવા ગ્રહની પીડા, કોઇ કામમાં છેકજ આંધળા થઈ જવું. વિભાવ–મલીનતા, એકાંતવાસ, અતિશે બીહીક અથવા કામ કિંવા શોક. અનુભાવ–ફેફરૂં, રડવું, મોના ફિસોટા, જીભ બાહાર કાહાડવી.

કામાંધે વિપરિત કરી, સ્ત્રીને માર્યો માર;
ધ્રુજિ રડિને સીસી હિહી,ભણિ થાકી તે નાર.—૩૩

એમાં શ્લેષાલંકાર છે.

ઉગ્રતા.

નિર્દયતા, ધીટપણું. વિભાવ–ગુન્હો કરવો, ચોરી કરવી, નઠારો સ્વભા-વ. અનુભાવ–ઠપકો દેવો, ગાળ દેવી, મારવું.

કહાં ગઇતી તૂં શંખણી, હૂં છૂં તીખૂં તીર
રંડા હવે તું કંઇ કરિશ, વીંધિસ તારૂં સીર—૩૪

ઔત્સુક્ય.

અધિરાઇ. વિભાવ–કોઈની વાટ જોવી. અનુભાવ–બેચેનેહેન, રડવું, થાક.

વાટ જોઇને થાકિ બહુ, પણ નાવ્યો શુભ કંથ
ગઈ રાત સખિ શોધ કર, વ્યાકુળ છું હું અનંત—૩૫

ત્રાસ.

કોઈ ભયના આવ્યાથી ચિત્તને ક્ષોભ (ભય ને ક્રોધ) થાય છે તે. કારણવના બીહીવું. વિભાવ–બીહામણો અવાજ સાંભળવો, બીહામણી વસ્તુ જોવી. અનુભાવ–મૂર્છા, કંપારી, પરસેવો, ગાત્રશિથિળ.

(માલિની છંદ.)

ચમક ચમક વીજે વૃક્ષને બાળિમુકયાં
ઘન ગરજન સાથે સિંહ ભારી તડૂકયા
ચપળ ચતુર મુગ્ધા માનિની મૂકિ રીસ
વળગિ પાડિ પિઉને જોરથી પાડિ ચીસ—૩૬

દૈન્ય.

ગરીબાઈ. ખાવા પીવાની તંગાસથી નબળાઈ, આશા ભંગ, દીનતા. વિભાવ–ત્યાગ, બેપરવાઈ, ધિક્કાર. અનુભાવ–ભૂખ, તરસ, ચિથરેહાલ, કંગાલ દેખાવ વગેરે.

અરર સખિ શું બોલું પીડ તે પેટનીરે
નિશદિન છું બળાપે બાવરી ઠેઠનીરે
નથિ નથિ જમવાને પેરવા ધાન્ય વસ્ત્ર
હરઘડિ ખુંચતાં છે છોકરાંરૂપિ શસ્ત્ર—૩૭
કુતનિ સકતિ તો સામટી સૂળ મારે
સરવ તરફથી હેરાન હેરાન ભારે
વર બહુ ઘરડો ને આંધલો રે નસીબે
દિકરિ વળિ જણી છે દીકરીએ નસીબે—૩૮

ચિંતા.

વિભાવ–પ્યારી વસ્તુની ગેરહાજરી અથવા નાશ, વગેરે. અનુભાવ–આંસુ, ડુસકાં ખાવાં, શરીરનું હુંતું થવું વગેરે.

(સિંહાવલોકી સ્રગ્ધરાનામકછંદ.)

જોતી તું ને હું રોજે, રસિક મધુરિરે, આજ કાં તું ઉદાસી
દાસી કીધી ધણીયે, નવિ વહુતણિરે, ભારી દૂ છું નિરાસી
રાસી એની નહી તું, સરસ રૂપ ગુણે, એહિ કોઈ પનોતી
નોતી ખોટી હું મોટી,સજનિ લઇ લિયે, સારૂં તો દિવ્ય જોતી.—૩૯

ચપળતા.

અસ્થિરતા, ઉતાવળ, એક વિચાર ઉપરથી બીજા ઉપર જવું, ચિત્તની વ્યગ્રતા. વિભાવ–ખુશી, કામ વિકાર, અદેખાઈ વગેરે. અનુભાવ–હસવું; દોડાદોડ, ગાળાગાલી, મારામારી, પોતાની નજરમાં આવે તેમ કરવું વગેરે.

(દોહરા.)

ગુજરાતે જરે ગયા, ગુણી ગવરનર આપ
સામગ્રી તે કારણે, થઈ થાપ ઊથાપ—૪૦

ચપળ મન સહુ કોઇનાં, સ્થિરતા નહિ લવ લેશ
કો જોવા કો કેહવા, ધામધૂમ બહુ બેશ—૪૧

હરખ હરખ વરસી રહ્યો, નરનારીને સાર;
સહુ ધનિ નિરધનિયે લિધાં, ઓવારણ બહુવાર—૪૨

જડતા.

કાળજૂં ફટકી જવું, કંઇજ સુઝે નહી તેવાં થવું. કોઇ પણ કામ કરવાને અશક્તપણું, ચિત્રામણ સરખાં થઈ રેહેવું. વિભાવ–અતીશે સારી અથવા નરસી વસ્તુ જોવી અથવા સાંભળવી. અનુભાવ–એક ઠેકાણે બેસાડેલી નજર, ચુપ ચુપ, વિચાર શૂન્યતા, પથરાની પેઠે જડ બેસી રેહેવું.

(માલિની છંદ.)

કહ્યું વળિ હનુમાને વાનરાઓ પ્રતી રે
બહુ વિકટજ છે ઓળંગવો સિંધુ તે રે
પ્રથમ હસિ પડ્યા તે મૂર્ખ શી વાત છેરે
પણ પછિ જળ જોતાં ચિત્ર બેઠાજ તીરે—૪૩

(સંસ્કૃત ગ્રંથ.)

રસ ને વ્યભિચારી ભાવ.

શૃંગાર રસમાં ઘણુંકરીને સઘળા વ્યભિચારી ભાવ ઉપયોગમાં આવે છે ને બિન્ન રસમાં તો અમુક અમુકજ આવી શકે છે.

રસનો પરસ્પર વિરોધ.

એક રસમાં બીજો રસ ભેળાય તો વખતે તે અનુકુળને વખતે પ્રતિકુળ થઈ પડે છે.

શૃંગારમાં–કરુણા, બીભત્સ, રૌદ્ર, વીર ને ભયાનક એ નજ ભળવા જોઇયે–

હાસ્યમાં—ભયાનક, કરુણા, એ નજ જોઇયે.
કરુણમાં—શૃંગાર, હાસ્ય નજ જોઈયે.
રૌદ્રમાં—હાસ્ય, શૃંગાર, ભયાનક નજ જોઇયે.
વીરમાં—ભયાનક ને શાંત નજ જોઇયે.
ભયાનકમાં—શૃંગાર, વીર, હાસ્ય, રૌદ્ર, શાંત એ નજ જોઇયે.
શાંતમાં—વીર, શૃંગાર, રૌદ્ર, હાસ્ય, ભયાનક એ નજ જોઇયે.
બીભત્સમાં—શૃંગાર તો નજ આવવો જોઇયે.

વૃત્તિ.

શૃંગાર, ને હાસ્ય મળ્યા હોય ત્હાં કૈશિકી વૃત્તિ.

(કવિત.)

અલી ભલી અલબેલી બેલી વગરની ઘેલી
કુંજગલીમાં તો હેલી એકલી તું વાડિમાં
વિચારમાં ધૂમ ભારી સણગાર સજી સારી
રતિરંગીલી તું પ્યારી રોગ નહીં નાડિમાં
ખિજવ્યો શું લાડતાં શું ભંગ રંગ માડતાં શું
પશુ પુમ પાડતાં શું પંપીડાંએ ઝાડિમાં
સજનીનું વેણ સુણી માનિની કંઈક ધુણી
પછી મેલી દીધું માન હસી જોઈ સાડિમાં–૧

વીર, અદ્‌ભુત ને હાસ્ય ત્હાં ભારતી વૃત્તિ.

(માલિની.)

સરવ દુશમનોએ ઘેરિ જ્યે ચાર પાસ
પણ પછિ છટકી તે રાણિ તો તોડિ પાશ
ફરિ ઉભિ હસતી તે આવિ મેદાન ધીર
ચકચુર દળ કીધૂં શત્રુનું મારિ તીર–૧

ઇંદ્રવજ્રા.

નિર્મળ પિંગળપાણિથકી કવિતાતરુણી દિલ સ્વચ્છ કરેછે
ભાષણભૂષણઘાટથકી વળિ સુંદરિ તે સણગાર ધરેછે
અંગ ઉમંગિ છટારસથી કુમળી મળિને હળિ મંન હરેછે
બ્રહ્મ સુધારસ પાઈ પછી ભલિ નર્મદને સુખથીજ ભરેછે–૧

નાયિકાવિષયપ્રવેશ.*

(દોહરા.)

કુળ ગુણ વિદ્યા ચાતુરી, પ્રીતરતીની રીત;
એ સહુથી સલુણી બની, શોભા સુંદર નીત–૧
સજ્જનાદને સુખડતા, વિનોદવાળી નાર;
તાપહરણિ રમણી પ્રિયા, છાં નર્મદ સણગાર–૨
ડાહી ઉત્તમ નાયિકા, હું નાયક ઉત્તંમ;
ગ્રંથાર્પણ શોભે તને, સદા રંગમાં રંમ–૩

નાયિકાવિષયપ્રવેશ.

નાયકવર્ણન.

(દોહરા.)

જેનાં અવલંબનથકી, રસ પ્રકટિત સોહાય;
તે બે નાયક નાયિકા, શાસ્ત્રવિષે વર્ણાય–૧
નાયક કોપણ વાતથી, પ્રસિદ્ધિ પામ્યો હોય;
કુળ ગુણ ધન આદીથકી, શિક્ષારૂપે રહોય–૨

ટીકા–શિક્ષારૂપ એટલે જેના ઉપરથી બિજાઓ દાખલો લઈ શકે તેવો. સાહિત્યદર્પણમાં નાયકને આવો વર્ણ્યોછે. "પરાક્રમી, પ્રતાપી, કુલીન, ધર્મીત્મા, શ્રીમંત, રૂપ જોબન હોંસવાળો, ચતુર અને સારી રેહેણીવાળો."

---

* પ્રેહેલા રસપ્રવેશમાં લખ્યું હતું કે "અધિક જ્ઞાન રસને વિષે, નાટક રીત રસાળ; બિજિ આવૃત્તિયે કહિશ, કાવ્ય દોષ ગુણ માલ;"–પણ અહેમાંનું પ્રેહેલું (રસનેવિષે અધિકજ્ઞાન) આપવાનું બન્યુંછે ને બીજી બે વાતવિષે બોલવું બન્યું નથી. સને ૧૮૫૮માં રસપ્રવેશ કહાડયા પછી સહુમળીને સાત પ્રવેશ કરવાનો મને ખુટ્ટો ઉઠયો હતો ને તે હજી છે.—પિંગળપ્રવેશ, અલંકારપ્રવેશ, રસપ્રવેશ, નાયિકાવિષયપ્રવેશ, નાટકપ્રવેશ, કાવ્યવિવેચનપ્રવેશ, અને ગાયનપ્રવેશ. એ સાતમાંનો ઉપલો જે ચોથો તે, સંસ્કૃત સાહિત્યદર્પણ, રસમંજરીનું મરેઠી ભાષાન્તર અને હિંદુસ્તાની સુંદર શૃંગાર એ ત્રણ ગ્રંથઉપરથી સંક્ષેપમાં તેમાંના ક્રમને ઓળંગી મારી મતિ પ્રમાણે ક્રમભેદ પાડી રચ્યોછે. અહેમાં ઉદાહરણો મારાં પોતાનાં છે. એ લઘુગ્રંથ મેં સુરતમાં સને ૧૮૬૬ના આગષ્ટમાં ગુમડાંથી થયલા મન્દવાડમાં દશ દાહાડામાં કરેલોછે.

નાયક અનુકુળ દક્ષ ને, શઠ વળિ ધૃષ્ટ ભણાય;
ભિન્ન ભેદ તે કયમ અહીં, લઘુગ્રંથે લેવાય ?-૩
સ્વીયા કે પરકીયસું, રમે એકસું પ્રીત;
રામસરીખા નાયકો, તે અનુકુળની રીત-૪
સ્વીયા કે પરકીયસું, રમે ઘણીસું પ્રીત;
સહુ સમદૃષ્ટીયે જુએ, કૃષ્ણ દક્ષ તે નીત-૫
એકસું રાખે શુદ્ધ ને, બિજીસું ઉપલી રીત;
શઠ નાયક શિવજી રમે, ભેદયુક્ત તે પ્રીત-૬
તુછકારે લજ્જિત નહીં, અપરાધે નિઃશંક;
દોષ દિઠે જૂહું ભણે, રાવણ ધૃષ્ટ કલંક-૭

ટીકા—અનુકુલ, દક્ષ, શઠ ને ધૃષ્ટ એ ચાર પ્રકારના નાયક. સ્વીયા-પરણેલી. પરકીયા-પારકી. એ અક્કેકો નાયક ચાર પ્રકારનોઃ-ધીરોદાત્ત, ધીરોદ્ધત, ધીરલલિત ને ધીરપ્રશાન્ત. આત્મ પ્રશંસા ન કરે તેવો, ક્ષમાવાન, ગંભીર, હર્ષશોકથી જેની વૃત્તિનો પરાભવ થતો નથી તેવો, ગુપ્તમાનવાળો ને દૃઢવ્રત્તવાળો તે ધીરોદાત્ત-(રામયુધિષ્ટિરાદિક.) માયા-અદ્‌ભુત રચનાને વિષે તત્પર, ભયંકારાકૃતિ, ચપળ, હુંપદવાળો, આત્મસ્તુતિમાં તત્પર તે ધીરોદ્ધત-(ભીમસેનાદિક.) ચિંતાવગરનો, શાંત સ્વભાવનો, ને કળાકુશળ તે ધીરલલિત-(વત્સરાજાદિક.) સામાન્ય ગુણથી અદકો, બ્રાહ્મણમાં મોટો મનાયલો તે ધીરપ્રશાન્ત (માલતિના માધવ આદિલઇ).—એ રીતે સોળ પ્રકાર; ને પાછા ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ એમ લેતાં સહુ મળીને નાયકના ૪૮ ભેદ કહ્યાછે.

સ્વકીયાના નાયકને પતિ, પરકીયાના નાયકને ઉપપતિ અને વેસ્યાના નાયકને વેશિક કહેછે.

કેટલાએક નાયક પોતાનાં રૂપના ને કેટલાએક ગુણના ગર્વિષ્ટ હોય છે-તેઓનાં રૂપગર્વમાની અને ગુણગર્વમાની એવાં નામ છે.

કેટલાએક નાયક વચનચતુર ને કેટલાએક ક્રિયાચતુર કહેવાય છે.

જે નાયકો પોતાની પ્રિયાના વિયોગથી દુઃખી હોય તેને પ્રોષિત એવું નામછે.

જે નાયક દેખાવડો છતે રસની વાતમાં કંઇજ સમજતો નથી તે અનભિજ્ઞ કહેવાયછે.

વળિ જે નાયક, પોતાની નાયિકાસાથે જેટલીવાર રીસાયલો રહે તે તેટલીવાર માનવંત કહેવાયછે.

નાયકના સ્નેહી તે સખા અને સહાય કરનારા તે પીઠમર્દ કહેવાય છે. શૃંગારરસમાં પીઠમર્દનાં વિટ, ચેટ ને વિદુષક એવાં નામ છે.—એ દૂતનું કામ નથી કરતા પણ સમક્ષ રહી રમુજ આપેછે. વિટ–સંભોગહીન સંપત્ત, ધૂર્ત, થોડી કળા જાણનારો હોયછે; ચેટ–ખવાસનું કામ કરી સ્ત્રીપુરુષ વચ્ચે પ્રીતિ વધ્યાં કરે તેવી કળા જાણનારો હોયછે; અને વિદુષક–શરીરથી, કર્મથી, વેશથી, ભાષણથી હાસ્ય ઉપજાવનાર, સ્હેજમાં લડી પડનાર અને કુથલી કરવાનું કામ સારૂં જાણનારો હોયછે.

નાયકના બિજા સહાયોમાં, અર્થચિંતનસહાય–દેશનું ઉત્પન્ન વધે તેમ કરનારો, દંડસહાય–દુષ્ટને શિક્ષા કરનારો, ધર્મસહાય–ધર્મવૃદ્ધિ કરનારો, અંતઃપુર સહાય એ મુખ્ય છે.

દૂત––નાયક નાયિકાને મેળવનાર ત્રણ પ્રકારના હોયછે. નિસૃષ્ટાર્થ–ઉભયતાનો ભાવ જાણી પોતે વચમાં પડેછે ને કાર્ય જેમ સારૂં બને તેમ કરેછે; મિતાર્થ થોડું બોલીને કાર્ય સિદ્ધિ કરેછે; અને સંદેશહારક–જેટલું કહેલું હોય તેટલુંજ બોલેછે–ઓછું વધતું નહીં.

નાયિકાવર્ણન.

(દોહરો.)

પ્રકૃતિ વિકૃતિ રિત ચાતુરી,પ્રીતસ્થીતિમાં જેહ;
વિશેષ દરસાવે સુધડ, નારિ નાયિકા તેહ–૧

સ્વીયાદિ ભેદ.

સ્વીયા નિજ પરણેલિ તે, પરાઇ તે પરકીય;
પ્રેમસાધ્ય દુર્લભતણો, પ્રીતમમાં છે જીવ–૧

ટીકા––પરકીયા–પારકી સ્ત્રી અથવા કન્યા. દોહરાની બીજી લીટી પરકીયાને વિષે છે.

સામાન્યા તે સર્વની, જે નર પાસે ધંન;
છળપ્રપંચની ખાણ તે, નહિ જેસમ કો અન્ય–૨

સ્વીયા.

(કવિત.)

ગૃહરાજ જગરાજ જાણિને કરે તે કાજ
શીલ સરળતા લાજ રાખિ રહે પ્રસન્ન જે;
પ્રસંગે પ્રધાન અને પ્રસંગે દાસી તે બને
નીજરૂપે સેજે રમે મૂગધાભંજન જે;
નીત નીત સંગ સતે ઉમંગવનાની છતે
પતિઅંગ જુએ મદે કરે ન પીજન જે;
રાખતી ન રીસ નારી ચતુર સુધડ ભારી,
પતિ લહે પ્રાણપ્યારી સ્વીયા તે સજ્જન જે,—૩

(મિશ્ર)

ટીકા—ગૃહરાજ–સ્વામી. ઉમંગવનાની છતે–નવા નવા ઉમંગની છ- તથકી.

પરકીયા.

(કવિત.)

છુપી કરી છુપી રાખે કરીને નજરબંધી
પરનરસંગ પ્રીત રીત ચતુરાઇથી;
ખંજનની ઊડ દઈ નેનથી ખંજર મારે
ઝિલિલે ખંજર સામું હરી રહે ભલાઇથી;
પ્રીતમ વગર તમ મનમાંહિ છાંઇ રહે
પ્રીતમ સૂરજ દેખે રમે ઉજળાઇથી;
પ્રથમ ઉમંગી ખંધી પછી તો દિવાની અંધી
ભીડમાંહી રીઝે પ્યારી પ્રીતચિકણાઇથી–૪

ટીકા–ખંજન–દિવાળીનો ધોલ્લો (એની ચપળતા બહુ હોય છે) ઉડ–ઉડવાની ગતિ (એ ગતિ નેનને આપીને ખંજર મારે છે.)

(ચોપાઈ.)

ગુપ્તા બીજિ વિદગ્ધા હોય, વળી લક્ષિતા મુદિતા સ્હોય;
કુલટા અનુશયના સહુ એહ, પરકીયાંના ભેદો તેહ.–૫

ગુપ્તા.

(દોહરો.)

થયાં થવાનાં સુરતને, ગુપ્ત રાખતી જેહ;
ઉડાવતી સખિ સર્વને, ગુપ્તા તેને કેહ–૬

ટીકા–સુરત–સંભોગ. [ઉપર જે છ ભેદ કહ્યા તેમાંના પ્હેલા ચાર સ્વીયાના પણ થઇ શકે પણ તેમાં પરકીયાના જેટલો રસ નહીં માટે ગ્રંથકર્તાઓએ સ્વીયાને લાગુ પાડયું નહીં હોય એમ હું ધારૂં છઊં.]

પ્હેરા લુગડાંના ઢંગઉપરથી સખિયે વાત જાણીછ એમ સમજીને નાયિકાયે જે પોતાનો બચાવ કર્યો તે આ પ્રમાણે. (બપોરનો સમો હતો ને પતિ બ્હાર ગયો હતો.)

(સવૈયો.)

પાઇતિ ભાંગ મને પિઉએ સખિ ઊંધિતિ બારણું બંધ કરીને
પીઉતણા કુઇ સજ્જને ઠોકિયું પાણિ પિવા બહુ હામ ધરીને,
ઝબ્કિઉઠી પટ પ્હેરયું ગમેત્યમ કેશ કર્યા નહિ ઠીક કરીને
બ્હાવરિ આંખથિ બાર ઉઘાડિયું કોણ લિધૂં પુછિ તોય ડરીને–૭

ટીકા–એમાં થયલાં સુરતને ગુપ્ત રાખ્યું છે.

વિદગ્ધા.

(દોહરો.)

ચાતુરિ ચલવે વાણિમાં, વળી ક્રિયામાં જેહ;
મર્મ ન સમજે કો અવર, નારિ વિદગ્ધા તેહ–૮

ટીકા–વાણિમાં ચાતુરી ચલાવે તે વાકવિદગ્ધા ને ક્રિયામાં–ચાળા કરવામાં ચાતુરી ચલવે તે ક્રિયાવિદગ્ધા.

વાકવિદગ્ધા.

એક સ્ત્રી પોતાના બાગના દરવાજા આગળ ફુલનાં છોડવા જોતી સખી સાથે વાત કરતી ઉભી છે ને ત્હાં બીજા લોકપણ છે એવામાં પ્રીતમ રસ્તે ચાલ્યો જતે. બાગ જોવાને બ્હાને દરવાજા આગળ આવી ઉભો છે, તે પ્રસંગે પેલી સ્ત્રી પેલાને સંભળાવાને પોતાની સખીને જે સઘળીવાત જાણે છે તેને નીચે પ્રમાણે કહે છે.–

(સવૈયા.)

જો સખિ સુંદર કેવિ દિસે કળિ કાલ બરોબર એ ખિલવાની,
આવિશ શું તું બપોર સમે ભુંડિ છે ધણિ વાત છુપી કરવાની;
આવ પછી રમિશું ફરિશું ફુલ મંડપમાં વળિ લ્હેર હવાની,
હેરા હું એકલિ નો ઘરતી બ્હિક બ્હેન જરા કંઈ આવિજવાની–૯

ક્રિયાવિદગ્ધા.

એક સમે શુભ વાડિ વિષે ફરતાં સજ્નિને નરનારિ સજ્નેડે
પ્રીતમ આવિ પડયો કંઈ ત્હાં મિશથી પુછતી વરને વહુ કેડે
ફૂલ ગુલાબ ખિલ્યૂં બહુ સુંદર કંટક આ કયમ તેહનિ રહેાડે
ઊડતું માંખ કહી ઉંચકયો કર પાછિ ફરી વળિ બ્હીલેજ મ્હેાડે–૧૦

ટીકા–કેાડે–લાડમાં બેાલતી હેાય તેમ. (ગુલાબને કાંટા કેમ એમ પુછી પ્રીતમને જણાવવું કે મારેા વર કાંટેા નડેછ અને ઘણી ચતુર હેાય તેા તે પણ એમ સમજે કે આપણે ઘણી ઘણીઆણી સાથે છૈયે ત્હાં આ તીજે શખસ કાંટેા કયાંથી આવી નડ્યેા) (ગુલાબના ફૂલ ઉપર માખી બેઠી હતી તેને ઉરાડવાને હાથ ઉગામ્યેા અને બે ડગલાં પાછી ફરી–એમ ચાળા કરી પ્રીતમને જણાવ્યું કે તું જતેા રેહ.)

લક્ષિતા.

(દેાહરેા.)

કરી પ્રીત ને રમિ રતી, શકે ન છુપવી જેહ;
સખિ સ્હેજે સમજી જતી, કહી લક્ષિતા તેહ–૧૧

સખી નાયિકાને કેહ છે.–

(કવિત.)

કાંતેા તું શરમથકી, કે કાંતેા તું ડરથકી
રાખે છાનું છાનું હુંથી, ગઈ શું પતીજરે;
થયું અને થવાનું તે બ્હેલું મેાડું જાણુ પડે
કહે તેા કહું કાલતણી હવે તું મા ખીજરે;
નથી શું રિઝી હું કહેની સુધડ પ્રીતી છે તહેની
સખીને કહ્યાથી બ્હેની બીજ બને રીજરે;
હું તેા હિતુ પ્રથમથી ઘણું રે કહું શું કથી
રૂડી રૂડી રમી રતી તરૂ કરેા બીજરે–૧૨

મુદિતા.

(દોહારો.)

જનમંડળમાં વારતા, સુણી પ્રિતમની જેહ;
મનમાં મલકાતી બહૂ, મુદિતા તેને કેહ—૧૩

(કવિત.)

જુઓ જુઓ અલબેલો ટેડી પાઘવાળો પેલો
વરષાદે રંગાએલો ઘોડેસ્વાર આવતો;
મદભરી આંખ ઘોળે ઘોડો તો રવાલે દોડે
કંઠો તો બિરાજે કંઠે છેલાઇ બતાવતો;
સુણી સખી બોલતી તે જોઇ ચંત એક ચિત્તે
વધી નાર કદે પ્રીતે એવો મન ભાવતો;
કંચુકીની કેસ તુટી જાણી તે હસીને ઊઠી
લજવાઇ જતી રહી જારે થયો દ્રાવ તો—૧૪

કુલટા.

(દોહરો.)

કુલટા નાર છિનાળ તે, રહે ભટકતી રોજ;
ચરસ ઘણો સંભોગનો, ધિક ધિક તેની મોજ.—૧૫

(કવિત.)

ટુંપેલ કપાળ અને પટિયાં પાડેલ ખૂબ,
તસતસ્યો કમખો ને કંઠિ તો હિરાકણી;
કત્રાતી કત્રાતી ચાલે હાથણી જેવી તે મ્હાલે,
નેનમાંથી સર મારે બીનકી મારકણી;
મંદ મંદ હાસ્ય કરે કાલું કાલું કાલું વદે,
ઘણી ઘણી લાજ ધરે રંગિલી સુહામણી;
ઘેર ઘેર સંચરે ને નવા નવા પિયુ કરે,
ઠોકુ લહે પદમની પ્રેમીને તે નાગણી.—૧૬

અનુશયના.

(દોહરો.)

સંકેતી સ્થળ શોભતી, નથી મળાતું હાય;
કાં ન મળી હું તેહને, અનુશયના કહેવાય.–૧૭

ટીકા.–જે ઠેકાણે મિલાપનું રાખ્યું હોય તે ઠેકાણું નાશ પામ્યું હોય તેનેસારૂ દુઃખી અથવા હવે કહાં મળીશું તેને સારૂ દુઃખી એ એક ભેદ અને મળવાને ઠેકાણે પ્રિતમ ગયો હોય ને પોતાથી ન જવાયું હોય તો એથી જે પેલી દુઃખી તે બીજો ભેદ.

પ્રથમ ભેદ.

નાયિકા પોતાનેજ કહે છઃ–

(કવિત્ત.)

હાય અમરાઇમાંહિ, મોટા તે મેદાનમાંહિ,
નાના ફુલબાગમાંહિ, રંક શો શો જમતો;
આરસ જેવી તે ભાંય, સાદો ખેસ બિછાવાય,
ઝ્હેક ઝ્હેક વાયુ વાય, વહીજાય જામ તો;
કસુંબો તહાં ઘોળાય, વાતો ભલી ભલી થાય,
ઉપર દુધો પીવાય, જાગી લડે કામ તો;
ચાંદો શાખ દેશે હજી, હવે કહાં મળીશું સજી,
હારીછું પામુંછું પીડા, અરે પ્યારો પામતો.–૧૮

બીજો ભેદ.

નાયિકા પોતાનેજ કેહે છેઃ–

(કવિત.)

ગયો હૈશ કામ છોડી કેવો તું આતુર દોડી
હૈશ રે ચ્હિડાયો ભારી પગને અફાળતો;
જેમ તેમ કરી સાધ્યું તારૂં ને મારૂં ન ફાવ્યું
નસીબ આગળ આવ્યું રડયાં પુરાં હાલતો;
પ્યારા તું ગયો હું જાણી નીકળી ઉમંગ આણી
પીઉ પીટયો સાંમો મળ્યો ધૂરફીને ભાળતો;
પ્યારા હું પસ્તાઉંછઉં વ્હેલી કેમ ગઇ ન હું
ક્યારે દેખું માંડવો ને તુને પાછો મ્હાલતો–૧૯

કન્યકા પરકીયા.

ચંદ્રવદની ગોરી જાણે મુદ્રા નવી કોરી
ખભે રમે લટ છુટી તે તો નાગણી લહી;
ધનુશ ભવાં બે અને અધર પ્રવાળ બને
દાંત તો ડાડમ કળી આંખે હરણી કહી;
નાજુકડી આંગળિયે નાનકડી અંગુઠિએ
હીરાકણી તારાકણી ચળક ચળકી રહી;
દિવાનખાનાંમાં સુતો એકલો બાલમ જોઇ
શ્રીમંત વણિકકન્યા ચુંબન કરીગઈ—૨૦.

સામાન્યા.

બારિમાંથી જોઇ નર તાકતો જે આવવાને
મ્હોડું મલકાવી જરા નેનને નચાવતી;
ઉપર આવ્યો કે ઉઠી આવોજી આવોજી કહે
રહોડમાં બેસાડી પછી પાન ખવડાવતી;
કોટે રાજે કંઠી તેને હાથથી રમાડી કહી
મૂલ ઝાઝું એનું હશે કૂચને બતાવતી;
મોહિની તે મોહિનીની જાળમાં લપેટી કરી
રમાડી પટાવી બહુ દામને કહેડાવતી—૨૧.

મુગ્ધાદિ ભેદ.

(દોહરો.)

ઉગતૂં જોબન જેહને, મુગ્ધા તેને કેહ;
કો જાણે ને કો નહીં, બારચૌદની તેહ—૧.

ટીકા—જે પોતાને જોબન આવ્યું જાણતી નથી તે અજ્ઞાતયૌવના ને જાણેછે તે જ્ઞાતયૌવના કહેવાયછે. મુગ્ધાને રીસ થોડી, લુગડાં ઘરેણાંનુ કોડ અને લાજ વધારે હોયછે–તેમાં મુગ્ધાવસ્થામાં નવી પરણેલી જેને રતિનું ભય* વિશેષ હોયછે ને જે રતિની આનાકાની કરેછે તે નવોઢા

* કેટલીક આણું વાળ્યાને બીજે દહાડેથી આવતી નથીને કેટલીક છોકરીઓને તેઓની મા, વચમાં દાહાડા ગળાવીને સાસરે મોકલે છે.

અને ભર્થારથકી રતિઃદુખ થવાનું છે એમ જાણેછ તોપણ તેનાપર ભરોસો રાખી રતિની આનાકાની કરતી નથી પણ પોતાથી બનતી તજવીજમાં રહે છે તે વિશ્રબ્ધ નવોઢા કહેવાય છે. મુગ્ધાવસ્થામાં જોબનનો ને મદનનો વિકાર દેખાવા માંડે છે. [હું કહું છ કે મુગ્ધાનો રતિવિલાસ સ્વકીયાનો ઉત્તમ, નવી મિસ્સી લગાવેલી એવી સામાન્યાનો મધ્યમ અને પરકીયાનો કનિષ્ટ છે. મુગ્ધાપણાંમાં વસંતનો રંગ હોય છે.]

મુગ્ધા (જ્ઞાતયૌવના.)

બેરાંમાં એક જણ નવી સાસરે રહેલીનું વર્ણન કરે છે.

(કવિત.)

મીનની ચપળતા ને તારાની તેજી તો નેને,
ઉંચી નીચી થતી ભ્રુવો કમાન હિલી લહું;
ઉરે બટમુગરાની ઉત્તંગ કળીયો ભરી,
ઉદરે રવાંટી ઝીણી ઉભી રમતી કહું;
કટિતળ ભર્યું અને ગમન ચપળ પણ,
સંકુચતું શરમથી દીઠું મેં નવું સહુ;
લુગડાં ધરેણાંતણી ચાંપાચીપ કરતી ને,
નિરખતી ઊરભણી હોંસીલી દીસે બહુ.—૨

મુગ્ધા (વિશ્રબ્ધાનવોઢા.)

નાયક પ્રથમ રાત્રીની વાત સખાને કહે છેઃ—

(સવૈયા.)

માતનિ મોકલિ આવિ ઉભી રહિ જહાં હું પલંગ પડયો હરખાતો
ઊઠિ સુવાડિ દિધી પછિ તે પગ ભીડિ રહી ડરથી મનમાં તો,
કૂચ ગ્રહી કરથી સરસાં પછિ જોતિ કરે શું પિયૂ મદમાતો,
માન્યું ન માકું ઘણું મન તોપણ લાજ ડરે હઠિલીથિ*રિઝાતો. ૩

(દોહરો.)

ખિલેલ પૂરાં જોબને, મદને મધ્યા સ્હોય;
વાકપ્રૌઢિ ઓછી અને, મધ્યમ લજ્જા હોય.—૩

---

* લાજથી ને ડરથી જે હઠીલી તેવાથી.

ટીકા—જેનું જોબન પુરૂં ખીલ્યું છ, જેને કામનું જોર ઘણું છે. જેનું સુરત વિચિત્ર છે, પણ ભાષણમાં જેની પ્રૌઢી ઓછી ને જેને લજ્જા મધ્યમ છે તે મધ્યા. [ઘણું કરીને ૧૪થી તે ૨૦ લગીની છોકરાં વનાની અથવા છોકરાંવાળી મધ્યા હોય છે; રતિકેલીની મઝા પુરુષને હંમેશ ઘણી અને સ્ત્રીને વેળાએ વેળાએ ઘણી હોય છે. મધ્યા પ્રીતિમાં સમજતાં શિખે છે. મધ્યાપણમાં ગ્રીષ્મઋતુનો પ્રફુલ્લિત રંગ હોય છે. પ્રૌઢાની પઠે પ્રીતિમાં સમજતી ને વાક્‌પ્રૌઢી રાખતી હોય પણ લાજ વિશેષે અને જોબનથી મદમાતી હોય તો તેને હું સુમધ્યા કહું છું-ઋતુવર્ણનની નાયિકા સુમધ્યા છે. પ્રીતિવિલાસમાં અને રતિ વિલાસમાં પૂરૂં સમજી સુખ પામી પમાડનાર તે તો પ્રગલ્ભા અથવા સુમધ્યા.]

મધ્યા. (પરકીયા.)

(કવિત.)

કોઈ ન મંદીરમાંહિ જોઇને સખિને કહેતી,
પ્રીતમને આણુ વ્હેલી થયા બહુ દંનરે;
આવીને પ્રીતમ રંગી જોયે તે પ્રિયા ઉમંગી,
હાસ્યને છુપાવી રાખે કારમૂં બદંનરે;
જઈ સુતી સેજપર ભેંટી પીયૂ સૂરભર,
રંગ તો રમે છે નર વ્હેકતૂં ચંદનરે;
અનંગઅનળથકી શ્યામતા વદને તોયે,
મૂરત કંચન બની સૂરતે કુંદન રે.—૪

(દોહરો.)

પ્રીતરીત રતિરીતમાં, અતી ચતુર જે રહોય;
ઠરી અવસ્થા જેહની, નાર પ્રગલ્ભા હોય.—૫

ટીકા—એને લાજ થોડી, ભાષામાં પ્રૌઢિ વધારે અને રતિસુખથી મોહપ્રાપ્તિ હોય છે; નાયક જેને થોડો ઘણો વશ, હાવભાવને વિષે ઉન્નત અને બધી જાતની રતિકળામાં પ્રવીણ તે એવી હોય છે. [પ્રૌઢાવસ્થામાં વર્ષા અને શરદનો રંગ હોય છે.]

પ્રગલ્ભા. (સ્વીયા.)

(કવિત.)

નીશામાં ચાંદરણાંમાં બેહુ બેહાં સામસામાં,
સતાર બન્નવે પ્યારી હરખાતી અંગમાં;
પીયૂ માન વાળે તેમ હાવભાવ પૂરા કરે,
નેનથી પછી તે કેહે મળ તૂં ઉમંગમાં;
કરડ્યું શું એમ કહી સતાર કરીને પરી,
પરી પૂતળી તે પડી પીયૂના ઓછંગમાં;
રમાડી જગાડી કામ અગાસીમાં કરે કામ,
હુંથી ન વર્ણાય નામ વિપરીત રંગમાં.—૬

ધીરાદિભેદ.

(ચોપાઈ.)

મધ્યા પ્રૌઢા પામે બેદ, પ્રીતમથી ત્હારે ત્રણ ભેદ;
ધીરા બીજી અધીરા કેહ, ધીરાધીરા ત્રીજી તેહ.—૧

ટીકા.—મધ્યા તથા પ્રૌઢાની માન અવસ્થામાં ધીરા, અધીરા અને ધીરાધીરા (ધીરા ને અધીરા) એવા ત્રણ ત્રણ ભેદ હોય છે. અપ્રગટ કોપવાળી તે ધીરા, પ્રગટ કોપવાળી તે અધીરા અને કંઈ પ્રગટ ને કંઈ અપ્રગટ એવા કોપવાળી તે ધીરાઅધીરા.

(દોહરો.)

રીસ સમાવી ના સમે, ત્યારે વળી લગાર;
વાંકુ બોલિ દરસાવતી, મધ્યાધીરા બ્હાર.—૨

ટીકા—વક્રોક્તિથી-વાંકું બોલીને ઠપકો આપે તે.

મધ્યાધીરા. (પરકીયા.)

(કવિત.)

પ્રીતમ અસુરો આવ્યો જોઇ નથી બોલતી તે,
પેલો ગભરાયો બોલે કામ તો આવી પડ્યું;
તમને ન કામ કેમ હોય બધે ફરવાનું,
બોલી એમ ધીમે રહી કરમ મારૂં નડ્યું;

શાનેસારૂ મારે કહેવું તોપણ કહેવાઈ જાય,
હું તો કાંટા જેવી લાગું ઘર તો ભલું જડ્યું;
બ્હાવરી મુરત દેખી હું તો બની બાપડી છું,
તેનાં રે વેચાશે બોર ભાગ્યેગ મારૂં રડ્યું.—૩

(દોહરો.)

પિયુ અપરાધી જોઇને, ભાપણ કરે કઠોર;
મધ્યાધીરા તોયપણ, છેકજ નહીં નઠોર.—૪

મધ્યાઅધીરા. (પરકીયા.)

(કવિત.)

મારૂં નથી કામ તહારે આવે કેમ બાળવાને,
જુઠા કાલાવાલા કરે દાઝ્યાપર ડામરે;
તારૂં હેત જાણ્યું મેં તો કહું રે કાલની કહેતો,
વાડીમાં નથી તેં કહાડ્યો તેની સાથે જામરે;
મારે મન પ્યારો પ્યારો પ્યારાને પ્યારી હજારો,
બળ્યું તારૂં વચન ને બળો પ્યાર નામરે;
રોજ રોજ જોઇ દાઝું રોજ રોજ કહેતાં લાજું,
જા હવે તું કનેથકી મારે નથી કામ રે.—૫

(દોહરો.)

મિશથી રિસ દેખાડતી, વળી કુદનથી જેહ;
મધ્યા ધીર અધીર તે, કાવ્યરસિક જન કેહ.—૬

મધ્યા ધીરાઅધીરા. (પરકીયા.)

(કવિત.)

સખિ જોની કેવું લાલચોળ કરી મ્હોડું લાલ,
આવ્યા છે ઉમંગથકી મળવાને પ્યારીને;
આજ હવે મારે પાન આપવાનું શું રે કામ,
મ્હોડાંપર મરે ધામ મને પૂરી મારીને;

મારૂં રે નસીબ કેવું જોવું વારે વારે એવું,
હાય હું તો કાંના મરૂં બેઠિછૂં હું હારીને;
એમ કહી રીસમાં તે આડું જોઇ રડીપડી,
સખિ સમજાવે પછી બળેલી બિચારીને.—૭

(દોહરો.)

આકૃતિથી નહિં પણ મિશે,વાણિથિ જણવે કોપ;
ઉદાસિ રાખે રતિવિષે, પ્રૌઢાધીરા ગોપ.—૮

ટીકા.—કોપ–ગુમ (ઉદાસી રાખે.)

પ્રૌઢાધીરા. (પરકીયા.)

(કવિત્ત.)

પ્રીતમ આવંતો દેખી સેજમાં સુતીતી ત્યાંથી,
દીવો સમકોરવાને ઉઠાને તે ઉઠીગઇ;
પાછી આવી ત્યારે પેલો વળગવા આવ્યો ત્યારે,
પાન લાવું એમ કહી પાસેથી ખસીગઇ;
હાથે કરી દેવું પડે માટે સખીને બોલાવી,
કહ્યું 'તજવીજ આવી આજ શું ચળીગઇ';
પછી વળી દુર જઈ સખીને તેડીને કહે,
હું તો બેઠી અળગી છું એવી તે રઠીરહી—૯

(દોહરો.)

પ્રૌઢઅધીરા ખીજમાં, ભાષણ કરે કઠોર;
સમયે હાથ ઉગામતી, એવી છેક નઠોર.—૧૦

પ્રગલ્ભા અધીરા. (પરકીયા.)

(કવિત.)

આવતાં તું પાસ મારી કેમ લજવાતો નથી,
જા જા મારી પાસથી તૂં કાળું કર ચ્હાંયકી;
નથી સંતોખાતો ત્હારે આવે કાં મંદીર મારે,
નવી નવી કરવે તું છેક છે ગયો છકી;

હાય રે મઝા શી તેમાં ગધાબળ વાવરવે,
પ્રીત ને રતિની મઝા એકથી પડે નકી;
ગગળી શું બોલે હવે હું તો બળી જાઉં દવે,
નિર્લજ, જોઉં હું કેમ રેહછે તેસું ટકી ?-૧૧

(દોહરો.)

નાયકને જેનાં વચન, લાગે ઝેરી તીર;
છૂપાં ખુલ્લાં તે વળી, પ્રૌઢા ધીર અધીક.-૧૨

પ્રગલ્ભાધીરાઅધીરા. (પરકીયા.)

(કવિત.)

નીરમાલ સણગાર દીસે તારો તોએ યાર,
દાંત બે બિરાજે ગાલે તેથી સહુ શોભતૂં;
સજિત સણગાર હું તોએ નીરમાલ છઊં,
ઉરમાં વાગીછે સૂળ મુખ મારૂં કોપતૂં;
આંખ મારી લાલ લાલ દીસતી હશેરે લાલ,
તું નો ગભરાતો હાલ કેમકે પડયૂં છતૂં;
પ્યારા બીજી વાર આવ હાલ તો લઇલે હવાવ,
જહાં જઈ લેવોછે ત્હાં સંધું મનમાનતૂં-૧૩

પ્રોષિત પતિકાદિ ભેદ.

(કવિત.)

પ્રીતમ પ્રદેશ તેથી પ્રોષિતપતિકા દુઃખી,
કલહાંતરિતા તો રિસાઈ પસ્તાયછે;
પ્રીત રૂપ ગુણે વશ થયોછે પ્રીતમ તેવી,
સ્વાધીનપતિકાથી તો વિલાસ સુહાયછે;
પ્રીતમ બીજીસું રમ્યો જોઇ જોઇ ચિન્હ અંગ,
બળી બળી થઈ બહુ ખંડિતા ખિજ્જયછે;
રતિસારૂ તેડે પાસ જાય પોતે પિયુ પાસ,
તે તો અભિસારિકા રે કામાંધ કહેવાયછે.-૧

સંકેત કરેલ તોયે આવ્યો ન પ્રીતમ તેથી,
આશભંગ નાયિકા તે વિપ્રલબ્ધા કહીછે;
સણગાર સજી કરી સેજને સમારી કરી,
વાસકસજ્જી તે નારી વાટ જોઇ રહીછે;
કેમ હજી આવ્યો નહીં નક્કી આવવાનો હતો,
નારી ઉત્કંઠિતા તે ચિંતાતુર થઇ છે;
પ્રદેશ જવાનો અને જતોછે પ્રીતમ જેનો,
પ્રોષ્યતપતિકા નારી સૂમ બની ગઇ છે.–૨

ટીકા.–પ્રોષિતપતિકા અથવા વિરહિણીને દેહમાં દશ અવસ્થા થાયછેઃ—અભિલાષ એટલે મળવાની ઈચ્છા તે; સ્મૃતિ એટલે પ્રિતમનું અથવા સંયોગમાં પ્રીતમથી મળેલાં સુખનું સાંભરવું તે, ગુણકથન એટલે પ્રીતમના ગુણો સંભારી સંભારી સખીયોમાં કહેવા તે; ચિંતા એટલે પ્રીતમનો મેલાપ કહારે કેમ ને કેવો થશે અને પ્રીતમ સુખમાં કે દુખમાં હશે એવા એવા ખ્યાલોથી થતી અકલામણ તે; જડતા એટલે દુખથી ધૂમ ને સૂમ થઇ જવું તે; ઉદ્વેગ એટલે દુખમાં બીજું કંઇ ન ગમવું તે; પ્રલાપ એટલે અર્થ અથવા સંબંધવનાનું ગમે તે બકવું તે; વ્યાધિ એટલે મનનાં દુખથી તનને દુખ થવું તે; ઉન્માદ એટલે ચિત્તની ભ્રમણતા અને મૂર્છા એટલે અતિ દુઃખથી મરણ જેવી અવસ્થા થવી તે. એ દશ અવસ્થા પ્રોષિતનાયકને પણ થાયછે. મુગ્ધા વિરહિણીનો વિરહ બ્હાર દેખાતો નથી. અભિસારિકાના સમય પરત્વે વળી ત્રણ ભેદ કહ્યા છેઃ—દિવસે પ્રીતમ પાસે જાય તે દિવાભિસારીકા, અંધારી રાતે કાળો સણગાર સજી જાય તે કૃષ્ણાભિસારિકા અને ચાંદરણી રાતે તેને અનુકુલ સણગાર સજી જાય તે ચંદ્રાભિસારિકા.

પ્રોષિતપતિકા. (સ્વીયામધ્યા.)

(કવિત.)

ગડડડડડધુમ્ સુણતામાં પાડિ ધૂમ,
સુતિ ઉઠિ બેઠી સૂમ ઓ મારા પ્રીતમરે;
નથિ કને તું તો હાય છાતડી મૂઝાઇ જાય,
નથિ સખી વાત થાય પડે કેમ ગમરે;

ઘો ઘો ઘો ઘો થાય બ્હાર પપૈયાને મળ્યું વાર,
મારે કરવો પોકાર આવ્યાં આંખે તમરે;
દીવા વના દીવો બળે ઝાંખા જની ઘેર હવે,
દીવાની તે શું ન લવે જ્યારે વ્રેહ ભ્રમરે.—૩

(પરકીયા સુમધ્યા.)

સુણતાં પ્રીતમવાત સંકોચાઈ ગઇ જાત,
વાત તો રહી ન હાથ ડીબો ચ્હડી આવતો;
ચ્હરાણે સખીને જુએ લાજે પછી આંખ ઢહુએ,
નિશાસા વચ્ચે તે મુકે દિસે દુબે નાવ તો;
ઉભરો ડાબીને વદે રસ તો મને ન સદે,
ઘણીવાર થાય એમ વળી આવે તાવ તો;
રતમાં તો મન થાય તોએ કાંઇ ન ખવાય,
કોણે દીઠી કાલ હાય મને તે છે ભાવતો.—૪

કલહાંતરિતા. (સ્વીયામધ્યા.)

સખી શું કહું હું મ્હારી બેહીછે દશા નકારી,
આખો દહાડો ત્હાંના ત્હાંજ કેમ એ સંખાયરે?
જોઇ જોઇ બળી જાઉં ક્રોધને બહુ સમાવું,
આખર કહેવાઈ જાય ક્રોધે તે ભરાયરે;
રહેવાય ન કહ્યા વનાં કહ્યાથી પસ્તાઉં બહુ,
સુડી વચ્ચે સોપારી હું ઝંપે ન રહેવાય રે;
ભોગ મ્હારા ચ્હાંઉં ત્હેને તે ન ચાહે જરા મને,
મનાવું મથીને તોયે તે તો ન મનાયરે.—૫

સ્વાધીનપતિકા. (પરકીયા પ્રગલ્ભા.)

જોનેસારૂ ભલી ભલી પ્રીતરતિકાજ બળી,
ભટકતિ ગલી ગલી તે મ્હારે ત્હાં મ્હાલતો;
ચંચળ થયાં જે નેણ સમજી જાયછે કહેણ,
અડધાં ઝીલીલે વેણ એવું ધ્યાન આલતો;

રખે કંઈ ઓછું પડે માટે ઝંપલાવી પડે,
કેમ ન ગુમાન ધરૂં વધે મ્હારૂં વ્હાલતો;
સાચાની હું સાચી નારી રતિકેલી રમું સારી,
ધન તેની જાતને કે પ્રીત પણ પાળતો.—૬

ખંડિતા. (સ્વીયા મધ્યા ધીરાધીરા.)

જાણ્યું મેં ગયાતા કહાં તે રાસધારી જોવામાં તે,
આખી રાત કેમ વળી જાય ન ઉમંગમાં;
ખરા રાસધારી વ્હેમે છતા તો પડયાછો હવે,
ચિત્રાયા દિસોછો ભલા પણ કીયા રંગમાં;
એક ગાલે કાજળ ને એક ગાલે દાંત અને,
કપાળે તો હિંગળોક શું ન હોયે સંગમાં;
જાઓ વાટ જોશે પ્યારી હવેથી હું ન વ્હમારી,
ધિઃક કે દેખું પરોઢે એમ મ્હોટી નંગમાં.—૭.

અભિસારિકા. (પરકીયા પ્રગલ્ભા.)

પિયુ બ્હાર ગયોતોને એકલી બેહીતી ત્યાંથી,
સોરઠની તાન સુણી ઝટ તે ઉભી થઇ;
સણગાર સજી કરી પઠાણનો વેશ લઈ,
ઘરમાંથી નિકળી તે નહિં પકરાઉં કહી;
ચાંદની ઝગારે જાય લોક ટોળેટોળાંમાંઇ,
તોએ ઉતાવળી ચાલે પ્રીતમ કને ગઇ;
અતીસે આતુરતાથી મઝા બહુ પડી નહી,
પાછી આવતાંમાં વાટે સ્હેજ પકડાઇ રહી.

વિપ્રલબ્ધા. (પરકીયા સુમધ્યા,)

જઇને જુએછ તો ત્યાં પ્રીતમ તો મળે નહીં,
દુતિને પુછ્યું તો કેહે આવશે તે લાગમાં,
આંખને સજળ કરી નિશાસા મુકીને ફરી,
ધુંધવાતી ઘેર આવી બેહી તે વેરાગમાં;

હું તો વળગતી જાઉં વેળાએ છેડોએ સ્હાઉં,
અતડો તે તરછોડે ન સિઝાઉં આગમાં ? ;
કેટલી મ્હેનતથકી રાખી મેં પ્રીતમવકી,
હાય મરૂં કેમ ન શું બ્હીક હતી બાગમાં ?—૯

વાસકસજ્જી. (પરકીયા પ્રગલ્ભા.)

પુલની ચાદરવાળી સમારેલી સેજ સારી,
પાન ને અત્તર સહુ ટમટમી રહ્યાંછે;
કહારે કામ આવિયે ને વિલાસ સુહાઈ રહે,
રસતણા ઉદ્દીપન આપણને કહ્યાંછે;
સહુતણો જોઈ રંગ ઈર્ષાથી વાધ્યો ઉમંગ,
કહારે આવે લાલ ભેટું ઘણા દહાડા થયાછે;
વારે વારે બારિયે તે જઈ જઇ જુએ અરે,
કેમ ન આવ્યા હજીયે વિસરી શું ગયાછે ?—૧૦

ઉત્કંઠિતા. (પરકીયા સુમધ્યા.)

વેળા તો વટીગઇ ને પ્રીતમ તો આવ્યો નહીં,
હવે કેમ કરૂં દુતિ મદન ઘોડે ચ્હડયો;
કોઇ દીન થયું આવું જા જા ફરી એક વાર,
આખી રાત જાગીશ હું નથી તે કંઇ લડયો;
શું રહેને કંઈ દુઃખ હશે હાય આશા ભંગ થશે,
મ્હોટી મદમાતીતણો મદ તો આજે પડયો;
ઉઠ દોડ બ્હેન વ્હેલી કહારે થાશે સૂખહેલી,
કાળજ કપાય પિટો કોણ વચમાં નડયો ?—૧૧

પ્રોષ્યતપતિકા. (પરકીયા સુમધ્યા.)

પ્રદેશ જવાનો જાણી મળી તે ઉમંગ આણી,
રડતાં વિલાસ કરી જુદાં પડયાં દુઃખથી;
નિકળ્યો જોઇને છુપી દુરથકી નિહાળતી,
પ્રીતમ સલામ કરે નેનથી તે વાળતી;

ગયો કે નિશાસો મુખી ભારે પગે પાછી ફરી,
છાતી ઉભરાઈ બહુ તેજી ઘટી મૂખથી;
એવી દુઃખી જોઈ નારી કવિ કહે મુજ બિચારી,
નથી પીડ એના જેવી થતી બીજી જ્વાળથી.—૧૨

સ્વીયાના, સામાન્યાના અને પરકીયાના પણ બીજા ત્રણ પ્રકાર છે.—અન્યસંભોગદુઃખિતા, વક્રોક્તિગર્વિતા અને માનિની અથવા માનવતી. પ્રીતમ બીજીની પાસ જઇ આવ્યોછ એમ જાણી જે દુઃખી થાય છે તે અન્યસંભોગદુઃખિતા. વક્રોક્તિગર્વિતા બે પ્રકારની–પ્રેમગર્વિતા ને રૂપગર્વિતા; –પોતાના ઉપર પ્રીતમનો ઘણો પ્રેમ છે એમ જાણીને જે ગર્વ રાખે છે તે પ્રેમગર્વિતા અને જે પોતાનાં રૂપ જોબનપર ગર્વ રાખે છે તે રૂપગર્વિતા. માનવતી ત્રણ પ્રકારની:લઘુ–થોડું માન રાખનારી, મધ્યમ માન રાખનારી અને ગુરૂ–મ્હોટું માન રાખનારી.–પ્રીતમે અપરાધ કીધો એમ જાણીને પ્રિયા જે રીસ રાખે તે માન કહેવાય. સ્હેજ સમજાવ્યાથી રીસ ઉતરે તે લઘુમાન, સમજાવતાં મ્હેનત પડે તે મધ્યમમાન અને ઘણીજ મ્હેનત પડે તે ગુરૂમાન. પ્રીતમને કોઈ બીજી સ્ત્રીના સામું જોતો જોયાથી પ્રિયાને જે રીસ ચ્હડે તે લઘુમાન; વાતમાં પ્રીતમને એકાએક કોઇ બીજી સ્ત્રીનું નામ દેતો સાંભળ્યાથી પ્રિયાને જે રીસ ચ્હડે તે મધ્યમ માન અને પ્રીતમને કોઇ સાથે સુઇ આવેલો જોયાથી પ્રિયાને જે રીસ ચ્હડે તે ગુરૂમાન.

વળી ઉત્તમા, મધ્યમા ને અધમા એવાં નાયિકાઓનાં નામ છે.–પ્રીતમ પ્રિયાને દુઃખ દે–તેનું ભુંડું કરે તોપણ જે પ્રિયા પ્રીતમના ઉપર પ્રેમ રાખ્યાંજ કરે તે ઉત્તમા. પ્રીતમ હિત કરે તો સામું હિત કરે ને અનહિત તો સામું અનહિત કરે તે મધ્યમા. પ્રિય, પ્રિયાપર પ્રેમ રાખે, હિત ઇચ્છે તોપણ જે પ્રિયા રીસાયાં કરે ને ઉલટું તેનું અનહિત કરે તે અધમા.

વળી પ્રીતમની જેના ઉપર વિશેષ પ્રીતિ તે જ્યેષ્ઠા ને જેનાપર કંઈક ઓછી તે કનિષ્ઠા કહેવાય છે.

નાયિકા, જેને પોતાની છુપી વાત કહે ને જેની સાંભળે–જેને પોતાનો વિશ્રામ સમજે–જેને પોતાની પાસ રાખે–જેનો પૂર્ણ વિશ્વાસ કરે તેનું

નામ સખી–સહી–સજની–બ્હેનપણી. કેટલેક પ્રસંગે ઘરની દાસી પણ સખી હોય છે–સખીનું કામ એ કે નાયિકાને સારી સલાહ બતાવવી, પ્રસંગે શિખામણ પણ દેવી, હસાડવી રમાડવી અને તેને લુગડાં ઘરેણાં પેહેરાવવાં.

નાયિકાના અભિપ્રાય જણાવનારાં સાધન લેખ, સ્નિગ્ધદૃષ્ટિ, મૃદુ ભાષણ અને દૂતિસંદેશ એ ચાર છે.

દૂતિ એટલે સંદેશો લઈ જનાર સ્ત્રી–એનું મુખ્ય કર્મ એ કે નાયક નાયિકાને મેળવવાં અને તેને અર્થે વિરહનું વર્ણન કરવું. દૂતિનામાં આ ગુણ મુખ્ય જોઇયે–ભક્તિ, હોંસ, વિશ્વાસ, સ્મૃતિ, માધુર્ય, વાકચાતુરી, હિમ્મત, સાહસ અને દૃઢતા.

દૂતિના પ્રકાર–સખી, નટી, દાસી, ધાવ, પડોસણ, બાવી, ભાલેણ–વેળાએ નાયક નાયિકા પોતે પણ દૂતિનું કામ કરે છે,

નાયિકા સ્વભાવ.

સઘળી નાયિકાઓને પ્રિયની પાસે રહેવું ગમે છે. તેઓ કદરૂપે વેશે પ્રિયને મ્હોં દેખડાવતાં લજવાય છે.–નાના પ્રકારની શરીર ચેષ્ટા કરી પ્રીતમની દૃષ્ટિ પોતાની તરફ ખેંચે છે અને નાના પ્રકારની યુક્તિઓથી પ્રીતમનું મન હરણ કરેછે.–પ્રીતમના મિત્રને માન આપેછ ને તેઓના ઉપર વિશ્વાસ રાખે છે.–પ્રીતમના સેવકને પણ પ્રસન્ન રાખે છે.–સખી મંડલમાં પોતાના પ્રિયનાં ગુણ કથન કરે છે.–ઘરમાં ગમે તેવું અગત્યનું કામ હોય તોપણ કંઈ કંઈ બ્હાને પ્રિયને મળવાની યુક્તિઓ કરેછ.—પ્રિયના સંયોગથી સુખી ને વિયોગથી દુઃખી રહે છે.

એમાં મુગ્ધા ને કન્યકા એ બેમાં લાજ વિશેષ હોય છે.

નાયિકાલંકાર.

નાયિકાને યુવાવસ્થામાં નીચે લખેલા ૨૮ પ્રકારના સ્વાભાવિક (યત્ન વિના પ્રાપ્ત થયલા) અલંકારો પેદા થાય છે.–એમાંના પેહેલા ૧૦ નાયકને વિષે પણ હોય છેઃ–

૧ હાવ–પ્રથમ વિકાર થયો નથી એવાં ચિત્તને વિષે બ્હાર ન જણાય એવો પ્રથમ જે ઉત્પન થયલો વિકાર તે.

૨ ભાવ–હાવનો બ્હાર પ્રકાશ તે–ભ્રૂ નેત્રાદિકથી જણાતો વિકાર.

૩ હેલા–ભાવનો અત્યંત પ્રકાશ.

૪ શોભા–રૂપ, યૌવન, નાજુકાઈ, સુંદરતા, વૈભવ, એઓએ કરીને જે અંગભૂષણ તે.
૫ કાંતિ–કામદેવે પરિપુષ્ટ કરેલી એવી જે શોભા તે.
૬ દીપ્તિ–કાંતિનો અતિશયિત જે વિસ્તાર તે.
૭ માધુર્ય–સંપૂર્ણ અવસ્થાને વિષે જે રમણીયતા તે.
૮ પ્રગલ્ભતા–સ્થિરતા; ગરબડીયો ઉતાવળિયો સ્વભાવ નહિ તે.
૯ ઔદાર્ય–સદૈવ નમ્રતા.
૧૦ ધૈર્ય–જેમાં આત્મસ્તુતિ નથી એવી જે મનોવૃત્તિ તે; અચંચળતા.
૧૧ લીલા–પ્રિયની જે અનુકૃતિ તે; અંગે, વેશે, અલંકારે, પ્રેમે, વચને, (પ્રીતિએ કરીને) પ્રિયના જેવું આચરણ કરવું તે.
૧૨ વિલાસ–પ્રિયનાં દર્શનથકી પ્રિયાની, ગતિ સ્થિતિ આસનમાં–મુખ નેત્ર વગેરેની કૃતિમાં જે વિશેષ થાય છે તે.
૧૩ વિચ્છત્તિ–કાંતિની પુષ્ટિ કરનારી એવી અને નાયક નાયિકાની પ્રિતિ રહે છે ત્હાંસુધી ઘણીવાર રહેનારી એવી જે શરીરની સ્થિતિ તે.–પછી તે થોડી હોય તોપણ ચંતા નહી.
૧૪ વિબ્બોક–ઈષ્ટ વસ્તુને વિષે પણ ગર્વથી જે અનાદર કરવો તે.
૧૫ કિલકિંચિત–થોડું હસવું, ઘણું હસવું, ખોટું રડવું, કંટાળો, ત્રાસ, ક્રોધ એ બધાનું જે સાંકર્ય તે. (પ્રિયતમ વસ્તુની પ્રાપ્તિ થકી થયલા હર્ષથી.)
૧૬ મોટ્ટાયિત–પ્રિયની કથા વારતા વગેરે ચિત્તમાં આવેથી કાન ખંજવાળવો, બગાસાં ખાવાં, ટાચકા ફોડવા, વગેરે ચિન્હ કરવાં તે.
૧૭ કુટ્ટમિત–કેશ,સ્તન,અધર વગેરેનું ગ્રહણ કરેછતે નાયિકાએ જે હર્ષ છતે ઊતાવળથી માથું ધુણાવવું, ના ના કહેવું, હાથ હલાવવો તે.
૧૮ વિભ્રમ–પ્રિયના આગમનાદિક થયેથી હર્ષમાં ઉતાવળમાં વસ્ત્રાભૂષણનો જે વિપર્યાસ્ત તે.
૧૯ લલિત–નાજુકાઈ, કોમળતાથી અંગની જે રચના તે.
૨૦ મદ–સૌંદર્ય અને તારુણ્ય ઇત્યાદિથી જે ચિત્તવિકાર–મસ્તિ તે.
૨૧ વિકૃતં—બોલવાના સમય ઊપર પણ લજ્જાથકી ભાષણ ન કરવું તે.
૨૨ તપન–પ્રિયનો વિયોગ થયો છતે કામદેવના આવેશથી થયલી જે ચેષ્ટા તે.

૨૩ મુગ્ધતા–સ્પષ્ટ વસ્તુ છતે તેને વિષે અજ્ઞાન થઇને પ્રિયની આગળ પ્રશ્ન કરવો તે–કાલું થવું તે.

૨૪ વિક્ષેપ–પ્રિયના સમીપ અંગભૂષણ ધારણવાં, અમથું આણીગમ પેલીગમ જોવું, થોડું ઘણું રહસ્ય કહેવું તે.

૨૫ કુતૂહલ–રમ્ય વસ્તુનાં અવલોકનને વિષે જે ચાંચલ્ય તે.

૨૬ હસિત–તારુણ્યની વૃદ્ધીથી ઉત્પન્ન થયલું જે વૃથા હાસ્ય તે–રહેજ રહેજ હસવું તે.

૨૭ ચકિત–પ્રિયના અગ્રભાગને વિષે કયાંથી પણ ભયનો સંભ્રમ બતાવવો તે.

૨૮ કેલી–વિશ્વાસને વિષે કાંતને જે લજ્જા બતાવવી તે.

અનુરાગ.

નાયક નાયિકાને પરસ્પર મૂળ જે પ્રીત ઉપજે છે તે અનુરાગ–એ બે રીતનો.–જોયાથી ઉપજે છે તે **દૃષ્ટાનુરાગ** ને સાંભળ્યાથી ઉપજે છે તે **શ્રુતાનુરાગ.**

દર્શન.

એ ત્રણ પ્રકારનાં–**સ્વપ્નદર્શન, ચિત્રદર્શન** અને **સાક્ષાત્દર્શન.**

શૃંગારરસ.

નાયક નાયિકાની પ્રીતિ સંબંધી જે વર્ણનચમત્કાર તે શૃંગારરસ. એ બે રીતના.—**સંયોગ** ને **વિયોગ** અથવા **વિપ્રલંભ.**

સંયોગ.

એટલે નાયકનાયિકા સાથે રહીને જે વિલાસ કરતાં હોય તે.

વિયોગ.

એટલે જુદાઇમાં પ્રીતિ સંબંધી જે દુઃખ થાય છે તે–એ વિયોગ પાછો ત્રણ પ્રકારનો.–એકજ ઠેકાણે છતાં નથી મળાતું તેવી રીતનો, નાયક અથવા નાયિકા પ્રદેશ હોય તેવો અને બેમાંથી એક બેવફા થયું હોય તેવો.

પૂરવણી.

જસ્ટીસ મી૦ બર્ડવુડ.

પુરિ સુરતની જનમુરત અહિ જે સુરત જોવાને મળી
તે પુરિ વિવેકિ મધુર હસતી જનહિત શુભ ઇચ્છા ભરી
જિલ્લા જડજ છે બઅડઉડ સાહેબ એ નામે વળી
હેબર્ટ પછિ વખણાયલામાં એહ પણ જન કહે ખરી–૧

બહુ ધૈર્ય રાખી સત્ય શોધ્યું સાંભળી કહેનારનૂં
નવ ભેદ દાખ્યો કામમાં પછિ લોક કે સરકારનૂં
એ વૃત્તિનીતી નગરજનને એટલી એવી ગમી
કે આવિ આવી મિજલસે સૌ સ્નેહની પીએ અમી–૨

કે ન્યાય ને સ્વભાવ જેનો નગરમાં વખણાય છે
તે જડજ સાહેબ દેશ જાએ લોક દલગિર થાય છે
પણ આવશે પાછા વળી એ જાણિને હરખાય છે
સંભારણું આ જોણું રૂડું રળીથી કવિ ગાય છે–૩

સાંભળો આશીષ હવાં વાત નથી નબળી
પ્રભુ કૃપાએ ન્યાયનીતિ નિત્ય રહો સબળી–સાં૦ ૧

કે આરોગ્ય ને કુટુંબ–સુખ વધો વધોજી
ગૃહસ્થાઈ પદવિ માન પરમ લખ વધોજી–સાં૦ ૨

સલામ સૌની લીઓ બઅડઉડ સાહેબ સલામવારી–સલામ૦
વેલા વળશો પાછા વેલા એ છે આશા અમારી–હાંરે ભલી એ છે૦
શ્રીમંતોએ ભલી કીધી છે કદર જણાવી સારી–હાંરે ખરી કદર૦
કહે નર્મદ આ રંગ રાત્રિયો દેશે કોણ વિસારી–હાંરે રૂડી દેશે૦

જયદેવ જયદેવ જય મંગળ મૂર્ત્તિ;
વિઘ્ન અશુભ ભય હર્તા કર્તા શુભ પૂર્તિ–જય૦ ૧
સિદ્ધિ બુદ્ધિ સૌભાગ્ય તુંથી ભવ તરવો;
શિવ ગણનાયક ગુણનિધિ ગિરિજાસુત ગરવો–જય૦ ૨
વરદ અભય અંકૂશ પરશૂ ભૂજ સોહે;
વેષ્ટિત પરિવારે પણ શાંતિ સદા જોએ–જય૦ ૩
વિચિત્ર દર્શન સુંદર સિંદુરને સાજે;
ગજ મુખ લંબોદરને ફણી સૂત્ર રાજે–જય૦ ૪
પશુ આનન આનંદ ચિદઘન દરસાવે;
સ્વલ્પ પૂજને પ્રસન્ન વરને વરસાવે–જય૦ ૫
જય જય જય શ્રીરાજ ઉત્સવ આ થાએ;
ભક્તની આરતી જાએ દીપારતી ગાએ–જય૦ ૬

આર્ય સ્ત્રી પૂરુષોકેરા રાખજો ધર્મ નિશ્ચલ;
સુખ સઘળાના દાતા પાર્વતી પરમેશ્વર.

શ્રી માયા પતિને હૃદે ધ્યાઈ
વાણી દેવિનો પ્રસાદ પાઈ
વર્ણવવા જન દંપતીને
સંગીત નાટિકા કરીએ.

ભૂધરરાજ જાણે એનો ભેદ, ભેદ અધધધધધધ–ટેક.
જોડું જુગતું તો કંઇકજ હોશે, દેખી અજુગતાંને થાયે ખેદ,
ખેદ અરરરરર–ભૂ૦
સુઘડ પ્રુવડ વહુવરના સંબંધમાં, દીસતા ચારણીકેરા છેદ,
છેદ, અછછછછછ–ભૂ૦
પુણ્યશાળી સ્નેહશાળી બન્ને ત્યાંહ, સુખ ઉત્તમ વસે બોધે વેદ,
વેદ, અહહહહહહ–ભૂ૦

રૂપાળિ વળી વય પંદરની;
નવ જોબનથી રતિ જેમ બની;
ગુણ ભણતરથી જેવી રૂકમણી;
તો એને રે વશ માધવ ધણી.

ઘરને માથે ધુવડ બેહું;
કુવામાંહી કબુતર બેહું;
ચોખ આભમાં કાળું પેહું;
મેલામાં વળી ભૂતડું પેહું;
ઝાડ ઉપર તો બગલું દીહું;
ફુલડામાં સાપોલીયું દીહું–
એવું કાંઈ હું જોઉંછું.

માલ જો પૂરી મનથી, સાચે છે સૌએ રાજી–માલ૦
કળી કહે છે ભ્રમરને હવે નથી કંઈ વાર
હું ખીલું દઈ દંખ તું રસ મુજ લેઈ વધાર–માલ૦

મેંતો જાણ્યો આ નવલ પ્રસંગ, હઈડું મારૂં કાંપે છે.
એથી ભલું ભલું રહેવું નિઃસંગ, ભાયગ મુને ચાંપે છે–ટેક.
રે આશ ભરી બહુ સુખ ઉદે જોવા, આવી ત્યાં જોઉં અસ્ત,
મનના મનોરથ તૂટી પડયા, ફૂટયું દર્પણ લીધું હસ્ત–ભાયગ૦મેંતો૦
રે મમત ભુંડો આ ઘર વણસાડે, વાંક રસે જન જોય,
મારો એનો તેનો નહીં, કાં પુરવ કરમનો હોય–ભાયગ૦મેંતો૦
રે જોબન ખીલતું હીમાઇ જાઓ, હું તો ન મૂકું શીળ,
લખી અવધીએ મળીઆ ધણીને, સાંખીશ થાતી ઢીલ–ભાયગ૦મેંતો૦

સખી નીતિ ભરનદમાં રહીએ;
ટળશે સરવ દુઃખ, મળશે સરસ સુખ,–સખી૦
લોભ તજી સંતોષે રહેવું, સમાવવું ઘર નીયમેરે;
સંબંધી જનસું વિવેક રાખીં, ગુણથી વાલાં થઇએ–સખી૦

પરજન કેરા સ્નેહ મોહમાં, ચિત્ત ચલિત નવ કરીએરે;
ધીર ધરીને સત્ય પાળતાં, ઉઘોગે તન દઇએ-સખી૦
ભક્તિ હરીની ભીડને ભાજે, ઇચ્છિત અર્થને આપે રે;
નારાયણ તો વસે નીતિએ, જ્હેણી સાચી લહીએ-સખી૦

મારે મોહોલે માણીગર આવો, વાલા શાને લોચન લલચાવો-મારે.
ઘણા દિવસની ગવાઉં છું જૂહી, તે આજ લઇએ લાવો-મારે.
ના નવ કોહો ક્યાં મળશે કેશો, ફરી અવસર આવો-મારે.
મન માણી મોજે માણીશે, ફરીતો નહીં ફાવો-મારે.
જ્યારે ત્યારે પણ હું છું તમારી, સીદને તરસાવો-મારે.
અધર સુધારસ સુખનો સાગર, આજ પીયેાને પાવો-મારે.

તહીં દીસંતી ડુંગરી, અહીં ઝાડની હાર;
આ પ્રુલવાડી બેકતી, તે મંદિરનું બાર.

દુર્જનસું નવ કરવો નેહ, વંઠેો મિત્ર ન તજવો તેહ,
એહ તજે નવ ધરવું વેર, શોક મોહની તજવી પેર.



"ગુજરાતી" પ્રકાશિત ગ્રંથ.

મુંબઇ, કોટ, દ્વારકાદાસ સ્ટ્રીટ.

બૃહત્ કાવ્યદોહન–ભાગ ૧ લો. પ્રાચિન કવિઓની કવિતાના સંગ્રહમાંથી ઉત્તમોત્તમ કવિતાનો એક ઘણો સારો જથ્થો એકઠો કીધો છે. ૧૨ મોટાં આખ્યાન, ૨૦ આખ્યાયિકા, ને ૫૦૦ પદોનો સરસ સંગ્રહ. પૃષ્ટ ૧૦૦૦, પાકાં પુઠાં, કિમ્મત ૩ ૩), ટપાલ ખર્ચ ૬ આના. આટલું સસ્તું પુસ્તક બીજું એકે નથી.

બૃહત્ કાવ્યદોહન–ભાગ ૨ જો. નરસિંહ મેહેતા, પ્રેમાનંદ, સામળભટ, અખોભક્ત, મુક્તાનંદ વ. ઘણા કવિઓની કવિતાના સંગ્રહનો આ જથ્થો છે. એમાં નવિન ઘણાં આખ્યાનો તથા જુનામાં જુના કવિઓની કવિતાનો સંગ્રહ પણ છે. ઉપલા બંનો ગ્રંથો માટે વર્તમાન પત્રોએ સરસમાં સરસ અભિપ્રાયો આપ્યાછે. પૃષ્ટ ૧૦૦૦, પાકાં પુઠાં, કિમ્મત ૩ ૩), ટપાલ ૭ આના.

અરેબિયન નાઈટ્સ–પુસ્તક ૧ લું. જગપ્રસિદ્ધ વાર્ત્તાસંગ્રહમાં એના જેવું એકપણ નથી. એમાં ૬૫ મોટાં ને સારાં ચિત્રો આપ્યાં છે. ભાષા ઘણી સરળ, સરસ ને રસભરિત છે. પૃષ્ટ (ચિત્રો સાથે) ૧૦૦૦, પાકાં પુઠાં, કિમ્મત ૩ ૩), ટપાલ ૬ આના.

અરેબિયન નાઈટ્સ–પુસ્તક ૨ જું. જગપ્રસિદ્ધ વાર્ત્તાસંગ્રહનો આ બાકીનો ભાગ છે. ચિત્ર ૭૦ છે. પેહેલા ભાગ કર્તાં વધારે રસભરિત છે. [છપાય છે.

દયારામકૃત કાવ્યસંગ્રહ–કવિ નર્મદાશંકરે ૩ ૧૦વાળું જે દયારામકૃત છપાવ્યું હતું તેની આ ત્રીજી આવૃત્તિ છે. ગિલીટના નામ સાથનાં પુઠાં છે. વધારામાં સતસૈયા, જે કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કરનારાઓને ઘણા ઉપયોગી છે તેની સંપૂર્ણ ટીકા આપીછે. કિમ્મત ઘણી સસ્તી, ૩૨–૮–૦. ટપાલ ૪ આના.

રાજતેજોમયી મહારાણી શ્રી વિક્ટોરિયાનું જીવનચરિત્ર–જુખીલી પ્રસંગ માટેજ નહિ, પણ સદાકાળ યાદ રાખવા યોગ્ય એક ઉચ્ચ સદ્‌ગુણોથી ભરેલું સંસારી જીવનચરિત્ર, લૈબ્રેરીઓમાં રાખવાલાયક, છ સુંદર

ચિત્રો સાથે. મુખપૃષ્ઠનું ચિત્ર કોઈપણ ગુજરાતી ગ્રંથમાં આપવામાં આવ્યું હોય તેથી ઘણું સરસ. સઘળા વર્તમાનપત્રોએ ભળામણ કીધીછે કે કન્યાઓને માટે તે ઘણું ઉપયોગી છે. કિમ્મત ૩ ૪). ટપાલ ૪ આના.

ઈરાવતી–શેહેનશાહ અકબર, પ્રતાપિ મોગલ મહારાજાની જીંદગીનું, રાજકાજનું અત્યુત્તમ ચરિત્ર. સાથે એક સદ્‌ગુણ સંપન્ન સ્ત્રીના પતિવ્રતપણાની વાર્ત્તા છે. ગુજરાતી ભાષામાં ઘણી વાર્ત્તાઓ નિકળી છે, પરંતુ આ એક જે વાર્ત્તા છે કે તેમાંથી ધર્મ, જ્ઞાન, ઈતિહાસ, આનંદ ને સંતોષ એકે સ... મળે છે. શેહેનશાહ અકબરે કેવા પ્રકારે પોતાનું આયુષ્ય ગાળ્યું છે ... આના કર્તાં કોઈ રીતે વધારે હકીકત મળી શકે તેમ નથી. વાર્ત્તાનો મુખ્ય પાયો ખરી હકીકતપર રચાયો છે. પૃષ્ટ ૩૦૦. કિમ્મત ૩ ૧–૧૨–૦.

બહારવટિયાની સ્ત્રી–એક સરસ વાર્ત્તા. કિમ્મત આના ચાર. ટપાલ છ પૈ.

યમસ્મૃતિ–મૂળ સંસ્કૃત તથા ભાષાંતર સહિત. કિમ્મત આના બે. ટપાલ છ પૈ.

ધર્મવિચાર–કવિ નર્મદાશંકરના છેલ્લા નિબંધોનો સંગ્રહ. કિમ્મત ૩ ૦–૧૦–૦ ટપાલ ૧ આનો. [ઘણી થોડી નકલ બાકી છે.

બાળકૃષ્ણ વિજયનાટક–કવિ નર્મદાશંકર લાલશંકરનો છેલ્લો પ્રાસાદિક નાટક. કિમ્મત ૩ ૦–૮–૦. ટપાલ છ પૈ.

રાસેલાસની કથા–ડા. જૉનસનના એક સરસમાં સરસ નિબંધ તથા વાર્ત્તાનું ભાષાંતર, ચિત્રો તથા સુધારા વધારા સાથે. એ ગ્રંથ સુખમાં છકી જતાં તરૂણને બોધ દેનારો, ને દુઃખમાં ધીરજ આપનારો છે. ઇહલોક ને પરલોક એ શું છે તેનું ઉત્તમ શિક્ષણ આપે છે. કિમ્મત ૩ ૧). ટપાલ એક આનો.

હિન્દ અને બ્રિટાનિયા–અપૂર્વ રાજકીય કાદમ્બરી. એ વાર્ત્તાપર ઇંગ્લંડનાં ઘોરિંધર પત્રો "ધિ ટાઈમ્સ", "સ્ટાન્ડર્ડ", "સેંટ જેમ્સીસ ગેઝીટ", "પેાલમેાલ ગેઝીટ", "ટેલીગ્રાફ", "સ્કાટસમેન", "ધ ક્વિન" "સેટરડે રિવ્યુ", (તથા "ધી સ્ટાન્ડર્ડ"પરથી જણાયછે કે રૂશ્યિાનું "નોવોવરમિયા", "મોસ્કો ગેઝિટ" ને ફ્રાન્સનું "ટેમ્પેસ") અને અમેરિકાના "નોર્થ અમેરિકન રિવ્યુ" વિ. વિ.એ ટીકા કીધી છે; અને હિંદુસ્તાનના એકેએક પત્રોએ તેની તપાસ લીધી છે; જેવી તપાસ કોઈપણ ગ્રંથની અદ્યાપિ પર્યંત લેવાયલી જણાઈ નથી. ત્રીજી આવૃત્તિ પુષ્કળ ટિપ્પણ ને સુધારા વધારા સાથે કિમ્મત ૩ ૧–૮–૦; ટપાલ બે આના.